Hindi / English / Gujarati

# ऋग्वेद

## महर्षि वेद व्यास



महाकाव्य

॥ ओ३म् ॥

# ऋग्वेदः

## अथर्ग्वेदभाष्यारम्भः ॥

विश्वा॑नि देव सवितर्दुरि॒तानि॒ परा॑ सुव । यद्भ॒द्रं तन्न॒ आ सु॑व ॥

— ऋग्वेद ५/८२/५ ॥

विद्यानन्दं समवति चतुर्वेदसंस्तावना या,
सम्पूर्येशं निगमनिलयं सम्प्रणम्याय कुर्वे ।
वेदत्र्यङ्के विधुयुतसरे मार्गशुक्लेऽङ्गभौमे,
ऋग्वेदस्याखिलगुणगुणिज्ञानदातुर्हि भाष्यम् ॥ १ ॥

ऋग्भिः स्तुवन्तीत्युक्तत्वाद्विद्वांस उक्तपूर्वं वेदार्थज्ञानसाहित्यपठनपुरःसरमृग्वेदमधीत्य तत्रस्थैर्मन्त्रैरीश्वरमारभ्य भूमिपर्यन्तानां पदार्थानां गुणान् यथावद्विदित्वैते कार्येषूपकृतये मतिं जनयन्ति । ऋचन्ति स्तुवन्ति पदार्थानां गुणकर्मस्वभावाननया सा ऋक्, ऋक् चासौ वेदश्चर्ग्वेदः ।

एतस्मिन्नग्निमीड इत्यारभ्य यथा वः सुसहासतिपर्यन्तेऽष्टावष्टकाः सन्ति । तत्रैकैकस्मिन्नष्टावष्टावध्यायाः सन्ति, तेषामेकैकस्य प्रत्यध्यायं वर्गाः संख्यायन्ते ।

| प्रथमाष्टके | | द्वितीयाष्टके | | तृतीयाष्टके | | चतुर्थाष्टके | | पञ्चमाष्टके | | षष्ठाष्टके | | सप्तमाष्टके | | अष्टमाष्टके | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| अ० | व० | अ० | व० | अ० | व० | अ० | व० | अ० | व० | अ० | व० | अ० | व० | अ० | व० | |
| १ | ३७ | १ | २६ | १ | ३४ | १ | ३३ | १ | २७ | १ | ४० | १ | ४१ | १ | ३० | |
| २ | ३८ | २ | २७ | २ | २६ | २ | २८ | २ | ३० | २ | ४० | २ | ३३ | २ | २४ | |
| ३ | ३५ | ३ | २६ | ३ | ३१ | ३ | ३१ | ३ | ३० | ३ | ४९ | ३ | २६ | ३ | २८ | |
| ४ | २९ | ४ | २९ | ४ | २५ | ४ | ३६ | ४ | ३० | ४ | ५४ | ४ | २८ | ४ | ३१ | |
| ५ | ३१ | ५ | २९ | ५ | २६ | ५ | ३० | ५ | २७ | ५ | ३८ | ५ | ३३ | ५ | २७ | |
| ६ | ३२ | ६ | ३२ | ६ | ३० | ६ | २५ | ६ | २५ | ६ | ३८ | ६ | २८ | ६ | २७ | |
| ७ | ३७ | ७ | २५ | ७ | २७ | ७ | ३५ | ७ | ३३ | ७ | ३९ | ९ | ३० | ७ | ३० | |
| ८ | २६ | ८ | २७ | ८ | २६ | ८ | ३२ | ८ | ३६ | ८ | ३३ | ८ | २९ | ८ | ४९ | |
| इ | २६५ | यं | २२१ | सं | २२५ | ख्या | २५० | प्रत्य | २३८ | ष्टकं | ३३१ | वेदि | २४८ | त | २४६ | व्या, |

स्वोष्वष्टकेषु सर्वे वर्गाः संयुक्ताः २०२४ चतुर्विंशत्यधिके द्वे सहस्रे सन्ति ।

तथास्मिन्नृग्वेदे दश मण्डलानि सन्ति, तत्र प्रथमे मण्डले चतुर्विंशतिरनुवाका एकनवतिशतं सूक्तानि । तत्रैकैकस्मिन् सूक्ते मन्त्राश्च संख्यायन्ते -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ९ | २५ | २१ | ४९ | ४ | ७३ | १० | ९७ | ८ | १२१ | १५ | १४५ | ५ | १६९ | ८ |
| २ | ९ | २६ | १० | ५० | १३ | ७४ | ९ | ९८ | ३ | १२२ | १५ | १४६ | ५ | १७० | ५ |
| ३ | १२ | २७ | १३ | ५१ | १५ | ७५ | ५ | ९९ | १ | १२३ | १३ | १४७ | ५ | १७१ | ६ |
| ४ | १० | २८ | ९ | ५२ | १५ | ७६ | ५ | १०० | १९ | १२४ | १३ | १४८ | ५ | १७२ | ३ |
| ५ | १० | २९ | ७ | ५३ | ११ | ७७ | ५ | १०१ | ११ | १२५ | ७ | १४९ | ५ | १७३ | १३ |
| ६ | १० | ३० | २२ | ५४ | ११ | ७८ | ५ | १०२ | ११ | १२६ | ७ | १५० | ३ | १७४ | १० |
| ७ | १० | ३१ | १८ | ५५ | ८ | ७९ | १२ | १०३ | ८ | १२७ | ११ | १५१ | ९ | १७५ | ६ |
| ८ | १० | ३२ | १५ | ५६ | ६ | ८० | १६ | १०४ | ९ | १२८ | ८ | १५२ | ७ | १७६ | ६ |
| ९ | १० | ३३ | १५ | ५७ | ६ | ८१ | ९ | १०५ | १९ | १२९ | ११ | १५३ | ४ | १७७ | ५ |
| १० | १२ | ३४ | १२ | ५८ | ९ | ८२ | ६ | १०६ | ७ | १३० | १० | १५४ | ६ | १७८ | ५ |
| ११ | ८ | ३५ | ११ | ५९ | ७ | ८३ | ६ | १०७ | ३ | १३१ | ७ | १५५ | ६ | १७९ | ६ |
| १२ | १२ | ३६ | २० | ६० | ५ | ८४ | २० | १०८ | १३ | १३२ | ६ | १५६ | ५ | १८० | १० |
| १३ | १२ | ३७ | १५ | ६१ | १६ | ८५ | १२ | १०९ | ८ | १३३ | ७ | १५७ | ६ | १८१ | ९ |
| १४ | १२ | ३८ | १५ | ६२ | १३ | ८६ | १० | ११० | ९ | १३४ | ६ | १५८ | ६ | १८२ | ८ |
| १५ | १२ | ३९ | १० | ६३ | ९ | ८७ | ६ | १११ | ५ | १३५ | ९ | १५९ | ५ | १८३ | ६ |
| १६ | ९ | ४० | ८ | ६४ | १५ | ८८ | ६ | ११२ | २५ | १३६ | ७ | १६० | ५ | १८४ | ६ |
| १७ | ९ | ४१ | ९ | ६५ | ५ | ८९ | १० | ११३ | २० | १३७ | ३ | १६१ | १४ | १८५ | ११ |
| १८ | ९ | ४२ | १० | ६६ | ५ | ९० | ९ | ११४ | ११ | १३८ | ४ | १६२ | २२ | १८६ | ११ |
| १९ | ९ | ४३ | ९ | ६७ | ५ | ९१ | २३ | ११५ | ६ | १३९ | ११ | १६३ | १३ | १८७ | ११ |
| २० | ८ | ४४ | १४ | ६८ | ५ | ९२ | १८ | ११६ | २५ | १४० | १३ | १६४ | ५२ | १८८ | ११ |
| २१ | ६ | ४५ | १० | ६९ | ५ | ९३ | १२ | ११७ | २५ | १४१ | १३ | १६५ | १५ | १८९ | ८ |
| २२ | २१ | ४६ | १५ | ७० | ६ | ९४ | १६ | ११८ | ११ | १४२ | १३ | १६६ | १५ | १९० | ८ |
| २३ | २४ | ४७ | १० | ७१ | १० | ९५ | ११ | ११९ | १० | १४३ | ८ | १६७ | ११ | १९१ | १६ |
| २४ | १५ | ४८ | १६ | ७२ | १० | ९६ | ९ | १२० | १२ | १४४ | ७ | १६८ | १० | — | — |

अस्मिन्मण्डले सर्वे मन्त्रा मिलित्वा १९७६ षट्सप्तत्यधिकान्येकोनविंशतिः शतानि सन्तीति वेद्यम् ।

अथ द्वितीयमण्डले चत्वारोऽनुवाकास्त्रयश्चत्वारिंशत् सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या ज्ञातव्या -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | १६ | ७ | ६ | १३ | १३ | १९ | ९ | २५ | ५ | ३१ | ७ | ३७ | ६ | ४३ | ३ |
| २ | १३ | ८ | ६ | १४ | १२ | २० | ९ | २६ | ४ | ३२ | ८ | ३८ | ११ | — | — |
| ३ | ११ | ९ | ६ | १५ | १० | २१ | ६ | २७ | १७ | ३३ | १५ | ३९ | ८ | | |
| ४ | ९ | १० | ६ | १६ | ९ | २२ | ४ | २८ | ११ | ३४ | १५ | ४० | ६ | | |
| ५ | ८ | ११ | २१ | १७ | ९ | २३ | १९ | २९ | ७ | ३५ | १५ | ४१ | २१ | | |
| ६ | ८ | १२ | १५ | १८ | ९ | २४ | १६ | ३० | ११ | ३६ | ६ | ४२ | ३ | | |

अस्मिन्मण्डले सर्वे मन्त्रा मिलित्वा ४२९ एकोनत्रिंशदधिकानि चत्वारिशतानि सन्ति ।

अथ तृतीयमण्डले पञ्चानुवाका, द्विषष्टिश्च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या वेद्या -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | २३ | ९ | ९ | १७ | ५ | २५ | ५ | ३३ | १३ | ४१ | ९ | ४९ | ५ | ५७ | ६ |
| २ | १५ | १० | ९ | १८ | ५ | २६ | ९ | ३४ | ११ | ४२ | ९ | ५० | ५ | ५८ | ९ |
| ३ | ११ | ११ | ९ | १९ | ५ | २७ | १५ | ३५ | ११ | ४३ | ८ | ५१ | १२ | ५९ | ९ |
| ४ | ११ | १२ | ९ | २० | ५ | २८ | ६ | ३६ | ११ | ४४ | ५ | ५२ | ८ | ६० | ७ |
| ५ | ११ | १३ | ७ | २१ | ५ | २९ | १६ | ३७ | ११ | ४५ | ५ | ५३ | २४ | ६१ | ७ |
| ६ | ११ | १४ | ७ | २२ | ५ | ३० | २२ | ३८ | १० | ४६ | ५ | ५४ | २२ | ६२ | १८ |
| ७ | ११ | १५ | ७ | २३ | ५ | ३१ | २२ | ३९ | ९ | ४७ | ५ | ५५ | २२ | — | — |
| ८ | ११ | १६ | ६ | २४ | ५ | ३२ | १७ | ४० | ९ | ४८ | ५ | ५६ | ८ | | |

अस्मिन् मण्डले सर्वे मन्त्रा मिलित्वा ६१७ सप्तदशोत्तरषटशतानि सन्ति ।

अथ चतुर्थे मण्डले पञ्चानुवाका अष्टपञ्चाशच्च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या वेद्या-

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | २० | ९ | ८ | १७ | २१ | २५ | ८ | ३३ | ११ | ४१ | ११ | ४९ | ६ | ५७ | ८ |
| २ | २० | १० | ८ | १८ | १३ | २६ | ७ | ३४ | ११ | ४२ | १० | ५० | ११ | ५८ | ११ |
| ३ | १६ | ११ | ६ | १९ | ११ | २७ | ५ | ३५ | ९ | ४३ | ७ | ५१ | ११ | — | — |
| ४ | १५ | १२ | ६ | २० | ११ | २८ | ५ | ३६ | ९ | ४४ | ७ | ५२ | ७ | | |
| ५ | १५ | १३ | ५ | २१ | ११ | २९ | ५ | ३७ | ८ | ४५ | ७ | ५३ | ७ | | |
| ६ | ११ | १४ | ५ | २२ | ११ | ३० | २४ | ३८ | १० | ४६ | ७ | ५४ | ६ | | |
| ७ | ११ | १५ | १० | २३ | ११ | ३१ | १५ | ३९ | ६ | ४७ | ४ | ५५ | १० | | |
| ८ | ८ | १६ | २१ | २४ | ११ | ३२ | २४ | ४० | ५ | ४८ | ५ | ५६ | ७ | | |

अस्मिन् मण्डले सर्वे मन्त्रा मिलित्वा ५८९ एकोननवति पञ्चशतानि सन्ति ।

अथ पञ्चमण्डले षडनुवाकाः, सप्ताशीतिः सूक्तानि च सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्यास्तीति वेद्यम् -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | १२ | १२ | ६ | २३ | ४ | ३४ | ९ | ४५ | ११ | ५६ | ९ | ६७ | ५ | ७८ | ९ |
| २ | १२ | १३ | ६ | २४ | ४ | ३५ | ८ | ४६ | ८ | ५७ | ८ | ६८ | ५ | ७९ | १० |
| ३ | १२ | १४ | ६ | २५ | ९ | ३६ | ६ | ४७ | ७ | ५८ | ८ | ६९ | ४ | ८० | ६ |
| ४ | ११ | १५ | ५ | २६ | ९ | ३७ | ५ | ४८ | ५ | ५९ | ८ | ७० | ४ | ८१ | ५ |
| ५ | ११ | १६ | ५ | २७ | ६ | ३८ | ५ | ४९ | ५ | ६० | ८ | ७१ | ३ | ८२ | ९ |
| ६ | १० | १७ | ५ | २८ | ६ | ३९ | ५ | ५० | ५ | ६१ | १९ | ७२ | ३ | ८३ | १० |
| ७ | १० | १८ | ५ | २९ | १५ | ४० | ९ | ५१ | १५ | ६२ | ९ | ७३ | १० | ८४ | ३ |
| ८ | ७ | १९ | ५ | ३० | १५ | ४१ | २० | ५२ | १७ | ६३ | ७ | ७४ | १० | ८५ | ८ |
| ९ | ७ | २० | ४ | ३१ | १३ | ४२ | १८ | ५३ | १६ | ६४ | ७ | ७५ | ९ | ८६ | ६ |
| १० | ७ | २१ | ४ | ३२ | १२ | ४३ | १७ | ५४ | १५ | ६५ | ६ | ७६ | ५ | ८७ | ९ |
| ११ | ६ | २२ | ४ | ३३ | १० | ४४ | १५ | ५५ | १० | ६६ | ६ | ७७ | ५ | — | — |

अस्मिन् मण्डले सर्वे मन्त्रा मिलित्वा ७२७ सप्तविंशति सप्तशतानि सन्ति ।

अथ षष्ठे मण्डले षडनुवाकाः पञ्चसप्ततिश्च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या बोध्या -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | १३ | ११ | ६ | २१ | १२ | ३१ | ५ | ४१ | ५ | ५१ | १६ | ६१ | १४ | ७१ | ६ |
| २ | ११ | १२ | ६ | २२ | ११ | ३२ | ५ | ४२ | ४ | ५२ | १७ | ६२ | ११ | ७२ | ५ |
| ३ | ८ | १३ | ६ | २३ | १० | ३३ | ५ | ४३ | ४ | ५३ | १० | ६३ | ११ | ७३ | ३ |
| ४ | ८ | १४ | ६ | २४ | १० | ३४ | ५ | ४४ | २४ | ५४ | १० | ६४ | ६ | ७४ | ४ |
| ५ | ७ | १५ | १९ | २५ | ९ | ३५ | ५ | ४५ | ३३ | ५५ | ६ | ६५ | ६ | ७५ | १९ |
| ६ | ७ | १६ | ४८ | २६ | ८ | ३६ | ५ | ४६ | १४ | ५६ | ६ | ६६ | ११ | — | — |
| ७ | ७ | १७ | १५ | २७ | ८ | ३७ | ५ | ४७ | ३१ | ५७ | ६ | ६७ | ११ | | |
| ८ | ७ | १८ | १५ | २८ | ८ | ३८ | ५ | ४८ | २२ | ५८ | ४ | ६८ | ११ | | |
| ९ | ७ | १९ | १३ | २९ | ६ | ३९ | ५ | ४९ | १५ | ५९ | १० | ६९ | ८ | | |
| १० | ७ | २० | १३ | ३० | ५ | ४० | ५ | ५० | १५ | ६० | १५ | ७० | ६ | | |

अस्मिन् मण्डले सर्वे मन्त्रा मिलित्वा ७६५ पञ्चषष्टि सप्तशतानि सन्ति ।

अथ सप्तमे मण्डले षडनुवाकाः चतुःशतं च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्यास्तीति वेदितव्यम् -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | २५ | १४ | ३ | २७ | ५ | ४० | ७ | ५३ | ३ | ६६ | १९ | ७९ | ५ | ९२ | ५ |
| २ | ११ | १५ | १५ | २८ | ५ | ४१ | ७ | ५४ | ३ | ६७ | १० | ८० | ३ | ९३ | ८ |
| ३ | १० | १६ | १२ | २९ | ५ | ४२ | ६ | ५५ | ८ | ६८ | ९ | ८१ | ६ | ९४ | १२ |
| ४ | १० | १७ | ७ | ३० | ५ | ४३ | ५ | ५६ | २५ | ६९ | ८ | ८२ | १० | ९५ | ६ |
| ५ | ९ | १८ | २५ | ३१ | १२ | ४४ | ५ | ५७ | ७ | ७० | ७ | ८३ | १० | ९६ | ६ |
| ६ | ७ | १९ | ११ | ३२ | २७ | ४५ | ४ | ५८ | ६ | ७१ | ६ | ८४ | ५ | ९७ | १० |
| ७ | ७ | २० | १० | ३३ | १४ | ४६ | ४ | ५९ | १२ | ७२ | ५ | ८५ | ५ | ९८ | ७ |
| ८ | ७ | २१ | १० | ३४ | २५ | ४७ | ४ | ६० | १२ | ७३ | ५ | ८६ | ८ | ९९ | ७ |
| ९ | ६ | २२ | ९ | ३५ | १५ | ४८ | ४ | ६१ | ७ | ७४ | ६ | ८७ | ७ | १०० | ७ |
| १० | ५ | २३ | ६ | ३६ | ९ | ४९ | ४ | ६२ | ६ | ७५ | ८ | ८८ | ७ | १०१ | ६ |
| ११ | ५ | २४ | ६ | ३७ | ८ | ५० | ४ | ६३ | ६ | ७६ | ७ | ९८ | ५ | १०२ | ३ |
| १२ | ३ | २५ | ६ | ३८ | ८ | ५१ | ३ | ६४ | ५ | ७७ | ६ | ९० | ७ | १०३ | १० |
| १३ | ३ | २६ | ५ | ३९ | ७ | ५२ | ३ | ६५ | ५ | ७८ | ५ | ९१ | ७ | १०४ | २५ |

अस्मिन् मण्डले सर्वे मन्त्र मिलित्वा ८४१ एकचत्वारिंशदष्टौ शतानि सन्ति ।

अथाष्टमे मण्डले दशानुवाकास्त्रिशतं च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या ज्ञेया-

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ३४ | १४ | १५ | २७ | २२ | ४० | १२ | ५३ | ८ | ६६ | १५ | ७९ | ९ | ९२ | ३३ |
| २ | ४२ | १५ | १३ | २८ | ५ | ४१ | १० | ५४ | ८ | ६७ | २१ | ८० | १० | ९३ | ३४ |
| ३ | २४ | १६ | १२ | २९ | १० | ४२ | ६ | ५५ | ५ | ६८ | १९ | ८१ | ९ | ९४ | १२ |
| ४ | २१ | १७ | १५ | ३० | ४ | ४३ | ३३ | ५६ | ५ | ६९ | १८ | ८२ | ९ | ९५ | ९ |
| ५ | ३९ | १८ | २२ | ३१ | १८ | ४४ | ३० | ५७ | ४ | ७० | १५ | ८३ | ९ | ९६ | २१ |
| ६ | ४८ | १९ | ३७ | ३२ | ३० | ४५ | ४२ | ५८ | ३ | ७१ | १५ | ८४ | ९ | ९७ | १५ |
| ७ | ३६ | २० | २६ | ३३ | १९ | ४६ | ३३ | ५९ | ७ | ७२ | १८ | ८५ | ९ | ९८ | १२ |
| ८ | २३ | २१ | १८ | ३४ | १८ | ४७ | १८ | ६० | २० | ७३ | १८ | ८६ | ५ | ९९ | ८ |
| ९ | २१ | २२ | १८ | ३५ | २४ | ४८ | १५ | ६१ | १८ | ७४ | १५ | ८७ | ६ | १०० | १२ |
| १० | ६ | २३ | ३० | ३६ | ७ | ४९ | १० | ६२ | १२ | ७५ | १६ | ८८ | ६ | १०१ | १६ |
| ११ | १० | २४ | ३० | ३७ | ७ | ५० | १० | ६३ | १२ | ७६ | १२ | ८९ | ७ | १०२ | २२ |
| १२ | ३३ | २५ | २४ | ३८ | १० | ५१ | १० | ६४ | १२ | ७७ | ११ | ९० | ६ | १०३ | १४ |
| १३ | ३३ | २६ | २५ | ३९ | १० | ५२ | १० | ६५ | १२ | ७८ | १० | ९१ | ७ | — | — |

अस्मिन् मण्डले सर्वे मन्त्रा मिलित्वा १७२६ षड्विंशति सप्तदशशतानि सन्ति ।

अथ नवमे मण्डले सप्तानुवाकाश्चतुर्दशोत्तरं शतं च सूक्तानि सन्ति । तत्र प्रति सूक्तमियं मन्त्रसंख्या वेद्या -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | १० | १५ | ८ | २९ | ६ | ४३ | ६ | ५७ | ४ | ७१ | ९ | ८५ | १२ | ९९ | ८ |
| २ | १० | १६ | ८ | ३० | ६ | ४४ | ६ | ५८ | ४ | ७२ | ९ | ८६ | ४८ | १०० | ९ |
| ३ | १० | १७ | ८ | ३१ | ६ | ४५ | ६ | ५९ | ४ | ७३ | ९ | ८७ | ९ | १०१ | १६ |
| ४ | १० | १८ | ७ | ३२ | ६ | ४६ | ६ | ६० | ४ | ७४ | ९ | ८८ | ८ | १०२ | ८ |
| ५ | ११ | १९ | ७ | ३३ | ६ | ४७ | ५ | ६१ | ३० | ७५ | ५ | ८९ | ७ | १०३ | ६ |
| ६ | ९ | २० | ७ | ३४ | ६ | ४८ | ५ | ६२ | ३० | ७६ | ५ | ९० | ६ | १०४ | ६ |
| ७ | ९ | २१ | ७ | ३५ | ६ | ४९ | ५ | ६३ | ३० | ७७ | ५ | ९१ | ६ | १०५ | ६ |
| ८ | ९ | २२ | ७ | ३६ | ६ | ५० | ५ | ६४ | ३० | ७८ | ५ | ९२ | ६ | १०६ | १४ |
| ९ | ९ | २३ | ७ | ३७ | ६ | ५१ | ५ | ६५ | ३० | ७९ | ५ | ९३ | ५ | १०७ | २६ |
| १० | ९ | २४ | ७ | ३८ | ६ | ५२ | ५ | ६६ | ३० | ८० | ५ | ९४ | ५ | १०८ | १६ |
| ११ | ९ | २५ | ६ | ३९ | ६ | ५३ | ४ | ६७ | ३२ | ८१ | ५ | ९५ | ५ | १०९ | २२ |
| १२ | ९ | २६ | ६ | ४० | ६ | ५४ | ४ | ६८ | १० | ८२ | ५ | ९६ | २४ | ११० | १२ |
| १३ | ९ | २७ | ६ | ४१ | ६ | ५५ | ४ | ६९ | १० | ८३ | ५ | ९७ | ५८ | १११ | ३ |
| १४ | ८ | २८ | ६ | ४२ | ६ | ५६ | ४ | ७० | १० | ८४ | ५ | ९८ | १२ | ११२ | ४ |
| | | | | | | | | | | | | | | ११३ | ११ |
| | | | | | | | | | | | | | | ११४ | ४ |

अस्मिन् मण्डले सर्वे मन्त्रा मिलित्वा १०९७ सप्तनवत्येकसहस्त्रं सन्ति ।

अथ दशमे मण्डले द्वादशानुवाकाएकनवतिशतं च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या ज्ञेया -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ७ | २५ | ११ | ४९ | ११ | ७३ | ११ | ९७ | २३ | १२१ | १० | १४५ | ६ | १६९ | ४ |
| २ | ७ | २६ | ९ | ५० | ७ | ७४ | ६ | ९८ | १२ | १२२ | ८ | १४६ | ६ | १७० | ४ |
| ३ | ७ | २७ | २४ | ५१ | ९ | ७५ | ९ | ९९ | १२ | १२३ | ८ | १४७ | ५ | १७१ | ४ |
| ४ | ७ | २८ | १२ | ५२ | ६ | ७६ | ८ | १०० | १२ | १२४ | ९ | १४८ | ५ | १७२ | ४ |
| ५ | ७ | २९ | ८ | ५३ | ११ | ७७ | ८ | १०१ | १२ | १२५ | ८ | १४९ | ५ | १७३ | ६ |
| ६ | ७ | ३० | १५ | ५४ | ६ | ७८ | ८ | १०२ | १२ | १२६ | ८ | १५० | ५ | १७४ | ५ |
| ७ | ७ | ३१ | ११ | ५५ | ८ | ७९ | ७ | १०३ | १३ | १२७ | ८ | १५१ | ५ | १७५ | ४ |
| ८ | ९ | ३२ | ९ | ५६ | ७ | ८० | ७ | १०४ | ११ | १२८ | ९ | १५२ | ५ | १७६ | ४ |
| ९ | ९ | ३३ | ९ | ५७ | ६ | ८१ | ७ | १०५ | ११ | १२९ | ७ | १५३ | ५ | १७७ | ३ |
| १० | १४ | ३४ | १४ | ५८ | १२ | ८२ | ७ | १०६ | ११ | १३० | ७ | १५४ | ५ | १७८ | ३ |
| ११ | ९ | ३५ | १४ | ५९ | १० | ८३ | ७ | १०७ | ११ | १३१ | ७ | १५५ | ५ | १७९ | ३ |
| १२ | ९ | ३६ | १४ | ६० | १२ | ८४ | ७ | १०८ | ११ | १३२ | ७ | १५६ | ५ | १८० | ३ |
| १३ | ५ | ३७ | १२ | ६१ | २७ | ८५ | ४७ | १०९ | ७ | १३३ | ७ | १५७ | ५ | १८१ | ३ |
| १४ | १६ | ३८ | ५ | ६२ | ११ | ८६ | २३ | ११० | ११ | १३४ | ७ | १५८ | ५ | १८२ | ३ |
| १५ | १४ | ३९ | १४ | ६३ | १७ | ८७ | २५ | १११ | १० | १३५ | ७ | १५९ | ६ | १८३ | ३ |
| १६ | १४ | ४० | १४ | ६४ | १७ | ८८ | १९ | ११२ | १० | १३६ | ७ | १६० | ५ | १८४ | ३ |
| १७ | १४ | ४१ | ३ | ६५ | १५ | ८९ | १८ | ११३ | १० | १३७ | ७ | १६१ | ५ | १८५ | ३ |
| १८ | १४ | ४२ | ११ | ६६ | १५ | ९० | १६ | ११४ | १० | १३८ | ६ | १६२ | ६ | १८६ | ३ |
| १९ | ८ | ४३ | ११ | ६७ | १२ | ९१ | १५ | ११५ | ९ | १३९ | ६ | १६३ | ६ | १८७ | ५ |
| २० | १० | ४४ | ११ | ६८ | १२ | ९२ | १५ | ११६ | ९ | १४० | ६ | १६४ | ५ | १८८ | ३ |
| २१ | ८ | ४५ | १२ | ६९ | १२ | ९३ | १५ | ११७ | ९ | १४१ | ६ | १६५ | ५ | १८९ | ३ |
| २२ | १५ | ४६ | १० | ७० | ११ | ९४ | १४ | ११८ | ९ | १४२ | ८ | १६६ | ५ | १९० | ५ |
| २३ | ७ | ४७ | ८ | ७१ | ११ | ९५ | १८ | ११९ | १३ | १४३ | ६ | १६७ | ४ | १९१ | ४ |
| २४ | ६ | ४८ | ११ | ७२ | ९ | ९६ | १३ | १२० | ९ | १४४ | ६ | १६८ | ४ | - | - |

अस्मिन्मण्डले सर्वे मन्त्रा मिलित्वा १७५४ चतु:पञ्चाशत् सप्तदशशतानि सन्ति ।

अस्य ऋग्वेदस्य दशसु मण्डलेषु ८५ पञ्चाशीतिरनुवाका:, १०२८ अष्टाविंशतिसहस्त्रं सूक्तानि १०५८९ दशसहस्त्राणि पञ्चशतानि एकोननवतिश्च मन्त्रा: सन्तीति वेद्यम् । स एतै: पूर्वोक्ताष्टकाध्यायवर्गमण्डलानुवाकसूक्तमन्त्रैर्भूषितोऽयमृग्वेदोऽस्तीति वेदितव्यम् ॥

अथ दशमे मण्डले द्वादशानुवाकाएकनवतिशतं च सूक्तानि सन्ति । तत्र प्रतिसूक्तमियं मन्त्रसंख्या ज्ञेया -

| सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० | सू० | मं० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ७ | २५ | ११ | ४९ | ११ | ७३ | ११ | ९७ | २३ | १२१ | १० | १४५ | ६ | १६९ | ४ |
| २ | ७ | २६ | ९ | ५० | ७ | ७४ | ६ | ९८ | १२ | १२२ | ८ | १४६ | ६ | १७० | ४ |
| ३ | ७ | २७ | २४ | ५१ | ९ | ७५ | ९ | ९९ | १२ | १२३ | ८ | १४७ | ५ | १७१ | ४ |
| ४ | ७ | २८ | १२ | ५२ | ६ | ७६ | ८ | १०० | १२ | १२४ | ९ | १४८ | ५ | १७२ | ४ |
| ५ | ७ | २९ | ८ | ५३ | ११ | ७७ | ८ | १०१ | १२ | १२५ | ८ | १४९ | ५ | १७३ | ६ |
| ६ | ७ | ३० | १५ | ५४ | ६ | ७८ | ८ | १०२ | १२ | १२६ | ८ | १५० | ५ | १७४ | ५ |
| ७ | ७ | ३१ | ११ | ५५ | ८ | ७९ | ७ | १०३ | १३ | १२७ | ८ | १५१ | ५ | १७५ | ४ |
| ८ | ९ | ३२ | ९ | ५६ | ७ | ८० | ७ | १०४ | ११ | १२८ | ९ | १५२ | ५ | १७६ | ४ |
| ९ | ९ | ३३ | ९ | ५७ | ६ | ८१ | ७ | १०५ | ११ | १२९ | ७ | १५३ | ५ | १७७ | ३ |
| १० | १४ | ३४ | १४ | ५८ | १२ | ८२ | ७ | १०६ | ११ | १३० | ७ | १५४ | ५ | १७८ | ३ |
| ११ | ९ | ३५ | १४ | ५९ | १० | ८३ | ७ | १०७ | ११ | १३१ | ७ | १५५ | ५ | १७९ | ३ |
| १२ | ९ | ३६ | १४ | ६० | १२ | ८४ | ७ | १०८ | ११ | १३२ | ७ | १५६ | ५ | १८० | ३ |
| १३ | ५ | ३७ | १२ | ६१ | २७ | ८५ | ४७ | १०९ | ७ | १३३ | ७ | १५७ | ५ | १८१ | ३ |
| १४ | १६ | ३८ | ५ | ६२ | ११ | ८६ | २३ | ११० | ११ | १३४ | ७ | १५८ | ५ | १८२ | ३ |
| १५ | १४ | ३९ | १४ | ६३ | १७ | ८७ | २५ | १११ | १० | १३५ | ७ | १५९ | ६ | १८३ | ३ |
| १६ | १४ | ४० | १४ | ६४ | १७ | ८८ | १९ | ११२ | १० | १३६ | ७ | १६० | ५ | १८४ | ३ |
| १७ | १४ | ४१ | ३ | ६५ | १५ | ८९ | १८ | ११३ | १० | १३७ | ७ | १६१ | ५ | १८५ | ३ |
| १८ | १४ | ४२ | ११ | ६६ | १५ | ९० | १६ | ११४ | १० | १३८ | ६ | १६२ | ६ | १८६ | ३ |
| १९ | ८ | ४३ | ११ | ६७ | १२ | ९१ | १५ | ११५ | ९ | १३९ | ६ | १६३ | ६ | १८७ | ५ |
| २० | १० | ४४ | ११ | ६८ | १२ | ९२ | १५ | ११६ | ९ | १४० | ६ | १६४ | ५ | १८८ | ३ |
| २१ | ८ | ४५ | १२ | ६९ | १२ | ९३ | १५ | ११७ | ९ | १४१ | ६ | १६५ | ५ | १८९ | ३ |
| २२ | १५ | ४६ | १० | ७० | ११ | ९४ | १४ | ११८ | ९ | १४२ | ८ | १६६ | ५ | १९० | ५ |
| २३ | ७ | ४७ | ८ | ७१ | ११ | ९५ | १८ | ११९ | १३ | १४३ | ६ | १६७ | ४ | १९१ | ४ |
| २४ | ६ | ४८ | ११ | ७२ | ९ | ९६ | १३ | १२० | ९ | १४४ | ६ | १६८ | ४ | - | - |

अस्मिन्मण्डले सर्वे मन्त्रा मिलित्वा १७५४ चतुःपञ्चाशत् सप्तदशशतानि सन्ति ।

अस्य ऋग्वेदस्य दशसु मण्डलेषु ८५ पञ्चाशीतिरनुवाकाः, १०२८ अष्टाविंशतिसहस्रं सूक्तानि १०५८९ दशसहस्राणि पञ्चशतानि एकोननवतिश्च मन्त्राः सन्तीति वेद्यम् । स एतैः पूर्वोक्ताष्टकाध्यायवर्गमण्डलानुवाकसूक्तमन्त्रैर्भूषितोऽयमृग्वेदोऽस्तीति वेदितव्यम् ॥

# ઋગ્વેદ ભાષ્ય

## ભાગ–૧



# अथ प्रथम मण्डलम्

॥ ओ३म् ॥

# ऋग्वेद भाष्य

## अथ प्रथम मण्डलम्

### સૂક્ત-૧

**અગ્નિ શબ્દથી ઈશ્વર અને ભૌતિક અગ્નિ.**

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम्। होतारं रत्नधातमम्॥ १ ॥

**[ઈશ્વર]**

પદાર્થ : यज्ञस्य-અમે વિદ્વાનોના સત્કાર, સંગતિ, મહિમા અને કર્મના होतारम्-દાતા-આપનાર તથા ગ્રહણ કરનાર-લેનાર पुरोहितम्-સૃષ્ટિની ઉત્પત્તિના સમય પૂર્વે પરમાણુ આદિને ધારણ કરનાર તથા ऋत्विजम्-પ્રત્યેક ઉત્પત્તિ કાળમાં સ્થૂળ સૃષ્ટિના સર્જક તથા ઋતુ-ઋતુ (પ્રત્યેક ઉત્પત્તિ કાળમાં) ઉપાસના કરવા યોગ્ય रत्नधातमम्-સુંદર પૃથ્વી અને સુવર્ણ આદિ રત્નોને નિશ્ચય ધારણ કરનાર देवम्-દાતા અને સર્વ પદાર્થોના પ્રકાશક ( अग्निम् ) પરમેશ્વરની ईळे-સ્તુતિ કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ.

**[ભૌતિક અગ્નિ]**

यज्ञस्य-અમે વિદ્યાદિ દાન તથા શિલ્પવિદ્યાથી ઉત્પન્ન થનાર યોગ્ય પદાર્થોના होतारम्-દાતા (અને ગ્રહીતા) તથા पुरोहितम्-તે પદાર્થોની ઉત્પત્તિ પૂર્વે પણ છેદન, ધારણ, આકર્ષણ આદિ ગુણોને ધારણ કરનાર ऋत्विजम्-શિલ્પવિદ્યાના સાધનો માટે रत्नधातमम्-શ્રેષ્ઠ સુવર્ણ આદિ રત્નોને ધારણ કરાવનાર તથા देवम्-યુદ્ધ આદિમાં કળાયુક્ત શાસ્ત્રોમાં વિજય કરાવનાર ( अग्निम् ) ईळे ભૌતિક અગ્નિની વારંવાર ઈચ્છા-કામના કરીએ છીએ.

**પ્રમાણના અર્થ : (પરમેશ્વર પરક પ્રમાણોના અર્થ) :**

अग्निम्-અગ્નિ શબ્દના ઈશ્વર અને ભૌતિક અગ્નિ એમ બે અર્થોનું થાય છે, તેમાં પરમેશ્વર પરક અર્થમાં નિમ્ન પ્રમાણો છે.

ઋગ્વેદના इन्द्रं मित्रः ( १/१६४/४६ ) આ પ્રમાણથી પરબ્રહ્મના ઈન્દ્ર આદિ અનેક નામો છે, એમ જાણવું જોઈએ. યજુર્વેદના तदेवाग्नि० ( ३२/१ ) મંત્રના પ્રમાણથી જે સચ્ચિદાનંદ આદિ લક્ષણ યુક્ત બ્રહ્મ છે, તેને અત્રે અગ્નિ આદિ નામોથી કહેવામાં આવેલ છે, તેમ જાણવું જોઈએ. શતપથ બ્રાહ્મણના 'ब्रह्म ह्यग्नि०' ( १/४/२/११ ) તથા 'आत्मा वा अग्निः०' ( १/२/३/४ ) આ

પ્રમાણથી અગ્નિ શબ્દથી બ્રહ્મ અને આત્માનું ગ્રહણ થાય છે. શતપથ બ્રાહ્મણના अयं वा अग्नि० (૯/૧/૨/૪૨) પ્રમાણથી અગ્નિ શબ્દથી પ્રજા અર્થાત્ ભૌતિક અગ્નિ અને પ્રજાપતિ અર્થાત્ ઈશ્વરનું ગ્રહણ થાય છે. શતપથ બ્રાહ્મણના अग्निर्वै देवानां व्रतपति० (૧/૧/૧/૨, ૫) પ્રમાણથી સત્યાચરણરૂપ નિયમનું પાલન કરવું તે વ્રત કહેવાય છે અને તેના પતિ (વ્રતપતિ) ઈશ્વર છે. અત્રે અગ્નિને વ્રતપતિ કહેવામાં આવેલ છે.

ઋગ્વેદના त्रिभिः पवित्रेः० (૩/૨૬/૮) આ મંત્રમાં અગ્નિ શબ્દની અનુવૃત્તિ છે. અત્રે અગ્નિને જ્ઞાનવાન હોવાથી 'प्रजानन्' કહેલ છે. અને સર્વજ્ઞ હોવાથી 'पर्यपश्यत्' ક્રિયાનો પ્રયોગ કરેલ છે. તેથી અહીં અગ્નિ શબ્દથી ઈશ્વરનું ગ્રહણ કરવામાં આવેલ છે.

યાસ્ક મુનિએ પણ સ્થૌલાષ્ઠીવિ ઋષિના મતે ઈશ્વર અને ભૌતિક અર્થ કરવા માટે 'अग्नि' શબ્દપૂર્વક આ મંત્રની વ્યાખ્યા अग्निः कस्मादग्रणीर्भवति० (નિરુક્ત ૭/૧૪-૧૫) કરતા અગ્નિ = અગ્રણી કહેલ છે. જેનો અર્થ સર્વોત્તમ ઈશ્વર છે, કારણ કે યજ્ઞોમાં પ્રથમ ઈશ્વરનું જ પ્રતિપાદન થાય છે, તેથી અગ્નિ શબ્દથી ઈશ્વરનું ગ્રહણ કરવામાં આવે છે. 'दग्धात्' વિશેષણ હોવાથી ભૌતિક અગ્નિનું પણ ગ્રહણ થાય છે.

મનુસ્મૃતિના 'प्रशासितारं सर्वेषाम०' તથા 'एतमेके वदन्त्यग्निं०' (૧૨/૧૨૨, ૧૨૩) આ પ્રમાણોથી પણ પરમેશ્વરના નામ છે. ઋગ્વેદના ईळे० (૩/૨૭/૨) આ પ્રમાણથી 'विपश्चित्' અગ્નિનું વિશેષણ હોવાથી 'अग्नि' શબ્દથી ઈશ્વરનું ગ્રહણ થાય છે. કારણ કે ઈશ્વર 'विपश्चित्' અર્થાત્ અનંત વિદ્યાવાન અને ચેતન સ્વરૂપ છે.

(ભૌતિક અગ્નિપરક પ્રમાણોના અર્થ :) હવે અગ્નિ શબ્દથી માત્ર ભૌતિક અર્થ ગ્રહણના પ્રમાણ કહેવામાં આવે છે. શતપથ બ્રાહ્મણના 'यदस्वं तं०' (૨/૧/૪/૧૬) તથા 'वृषो अग्निः । अश्वो ह वा०' (૧/૩/૩/૨૯-૩૦) આ પ્રમાણોમાં અગ્નિને 'વૃષ' કહેવામાં આવેલ છે. કારણ કે અગ્નિ વૃષ = બળદની સમાન યાનો-વાહનોને વોઢા-દેશદેશાન્તરમાં પહોંચાડનાર છે. તેમજ અગ્નિ આશુગામી-અત્યંત ઝડપી હોવાથી 'અશ્વ' બનીને કળાયંત્રોને પ્રેરિત કરીને શીઘ્ર ચલાવનાર હોવાથી દેવ અર્થાત્ શિલ્પવિદ્યા જ્ઞાતા વિદ્વાનોના વિમાન આદિ યાનો-વાહનોને વેગથી દૂર-દૂર દેશોમાં પહોંચાડે છે.

શતપથ બ્રાહ્મણના तूर्णिर्हव्यवाट् (૧/૩/૪/૧૨) આ પ્રમાણથી હવ્ય અર્થાત્ યાનોના પ્રાપક હોવાથી અગ્નિને 'હવ્યવાટ્' કહે છે અને યાનોને શીઘ્રતાથી ચલાવનાર હોવાથી 'તૂર્ણિ' કહે છે. તથા 'अग्निर्वै योनियज्ञस्य' (૧/૪/૩/૧૧) વગેરે અન્ય અનેક પ્રમાણો દ્વારા 'અશ્વ' નામથી અત્રે ભૌતિક અગ્નિનું ગ્રહણ કરવામાં આવેલ છે. શીઘ્રગમનના કારણે અગ્નિને 'અશ્વ' કહેવામાં આવે છે.

ઋગ્વેદના 'वृषो अग्नि०' (૩/૨૭/૧૪) આ પ્રમાણથી અગ્નિ શબ્દથી ભૌતિક અગ્નિનું ગ્રહણ થાય છે. જ્યારે શિલ્પવિદ્યાના વિદ્વાનો એ અગ્નિને યંત્રકળાઓ દ્વારા યાનો-વાહનોમાં પ્રદીપ્ત કરે છે; ત્યારે તે देववाहन કહેવાય છે અર્થાત્ યાનમાં બેઠેલા વિદ્વાનોને અશ્વ અને બળદની સમાન શીઘ્ર દેશાન્તરમાં પહોંચાડે છે.

હે મનુષ્યો ! તમે हविष्यमन्तम्-વેગાદિ ગુણયુક્ત અશ્વરૂપ અગ્નિના ગુણોની ईळते શોધ કરો.

અર્થાત્ અગ્નિની કાર્યસિદ્ધિની કામના કરો.

[આ મંત્રમાં અગ્નિ શબ્દના ઈશ્વર અને ભૌતિક અગ્નિ બે અર્થ પરક જે સંસ્કૃત પ્રમાણોના પ્રથમ પદ-શબ્દ આ અનુવાદમાં આપેલ છે. તેમજ અન્ય पुरोहितम्-વગેરે પદોના પ્રમાણોનો વિસ્તાર સ્વામી દયાનંદના સંસ્કૃત ભાષ્યમાં દ્રષ્ટવ્ય છે. - અનુવાદક] (૧)

*ભાવાર્થ : આ મંત્રમાં અગ્નિ શબ્દથી ઈશ્વર અને ભૌતિક અગ્નિ એ બન્નેનું ગ્રહણ થાય છે, એમ સમજવું જોઈએ. આથી આગળ પણ જ્યાં-જ્યાં મંત્ર ભૂમિકામાં 'उपदिश्यते' એ ક્રિયાપદનો પ્રયોગ કરેલ છે, ત્યાં સર્વ સ્થળે તેના કર્તા ઈશ્વર જ જાણવા જોઈએ, કારણ કે-વેદોનો તેણે જ ઉપદેશ કરેલ છે.*

*પિતા સમાન કૃપાકારક ઈશ્વરે સમસ્ત વિદ્યાઓની પ્રાપ્તિ માટે સર્વ જીવોના હિત માટે વેદોનો (પ્રત્યેક કલ્પની આદિમાં) ઉપદેશ આપેલ છે. જેમ પિતા અથવા અધ્યાપક પોતાના પુત્ર અથવા શિષ્યને ઉપદેશ આપે છે કે-તું આમ વચન બોલ, આમ કર, સત્ય બોલ, પિતા અને આચાર્યની સેવા કર, મિથ્યા આચરણ ન કર, તેમ અત્રે પણ સમજવું જોઈએ.*

*વેદ સર્વ જીવોના કલ્યાણ માટે-ઉત્તમ સુખ માટે પ્રકટ કરેલ છે. કારણ કે અત્રે ઉત્તમ પુરુષ 'इळे'નો પ્રયોગ છે. વેદનો ઉપદેશ પરોપકાર માટે (કરવામાં આવેલ) છે.*

*અત્રે અગ્નિ શબ્દથી પરમાર્થવિદ્યા અને વ્યવહારવિદ્યાની સિદ્ધિ માટે પરમેશ્વર અને ભૌતિક 'અગ્નિ' બે અર્થ કરવામાં આવેલ છે. પૂર્વકાળમાં આર્યોએ જે 'અશ્વવિદ્યા' નામની શીઘ્ર ગમન માટે શિલ્પવિદ્યા સિદ્ધ કરેલ હતી, તેમ સાંભળવામાં આવે છે, તે અગ્નિવિદ્યા જ (ઉન્નત) હતી.*

*કારણ કે પરમેશ્વર સ્વયં પ્રકાશ સ્વરૂપ અને સર્વપ્રકાશક હોવાથી અનંત જ્ઞાનવાન છે.*

*ભૌતિક અગ્નિ રૂપ, દાહ, પ્રકાશ, વેગ તથા છેદન વગેરે ગુણયુક્ત હોવાથી શિલ્પ વિદ્યાનું મુખ્ય કારણ છે; તેથી તેનું અત્રે પ્રથમ મંત્રમાં ગ્રહણ કરવામાં આવેલ છે, તેમ જાણવું જોઈએ. (૧)*

**अ॒ग्निः पूर्वे॑भि॒र्ऋषि॑भि॒रीड्यो॒ नूत॑नैरु॒त। स दे॒वाँ एह व॑क्षति॥ २॥**

**[ઈશ્વર]**

પદાર્થ : જે એ अग्निः-પરમેશ્વર पूर्वेभिः-વિદ્યાનું અધ્યયન કરેલ વર્તમાન અથવા પ્રાચીન વિદ્વાનો દ્વારા उत-અને नूतनैः-વેદાર્થનું અધ્યયન કરનારા બ્રહ્મચારીઓ તથા તર્કો દ્વારા ईड्यः-નિત્ય સ્તુતિ કરવા યોગ્ય તથા અન્વેષણ-શોધને યોગ્ય છે. सः-તે પૂર્વોક્ત ઈશ્વર एह-આ વર્તમાન સંસારમાં સર્વત્ર અથવા આ જન્મમાં देवान्-દિવ્ય ઈન્દ્રિયો, વિદ્યાદિ દિવ્ય ગુણોને आ + वक्षति-સર્વત્રથી પ્રાપ્ત કરાવે.

**[ભૌતિક અગ્નિ]**

જે એ अग्निः-ભૌતિક અગ્નિ पूर्वेभिः-વિદ્યાનું અધ્યયન કરેલ વર્તમાન અથવા પ્રાચીન વિદ્વાનો

દ્વારા उत-અને नूतनैः-કાર્યમાં સ્થિત વિદ્યમાન પ્રાણો, ऋषिभिः-કારણસ્થ પ્રાણોના દ્વારા ઈડયઃ-નિત્ય શોધ કરવા યોગ્ય છે. इह-આ સંસારમાં અથવા આ જન્મમાં देवान्-દિવ્ય ઋતુ અર્થાત્ દિવ્ય ભોગોને आ + वक्षति-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે.

**પ્રમાણના અર્થ :** પ્રાચીન અને નવીન ઋષિઓમાં એ પ્રમાણ છે કે -

ऋषिभिः-ऋषिप्रशंसा ( निरु० १/२० ) તે ઋષિઓ ગૂઢ અને અલ્પ અભિપ્રાય-યુક્ત મંત્રોના અર્થોને યથાવત્ જાણવાથી પ્રશંસાને યોગ્ય બને છે, તે ઋષિઓની મંત્રોમાં दृष्टि-અર્થાત્ તેના અર્થોના વિચારમાં પુરુષાર્થ દ્વારા યથાર્થ જ્ઞાન અને વિજ્ઞાનની પ્રવૃત્તિ હોવાથી તેઓ સત્કારને પણ યોગ્ય છે.

साक्षात्कृत ( निरु० १/२० ) જે ધર્મ અને અધર્મની સમ્યક્ પરીક્ષા કરનારા ધર્માત્મા અને યથાર્થ વક્તા હતા, જેઓએ સર્વ વિદ્યાનું યથાવત્ જ્ઞાન પ્રાપ્ત કરેલ હતું અને જે અવર અર્થાત્ જેઓએ વેદોનો સાક્ષાત્ નથી કર્યો, એવા મનુષ્યો માટે ઉપદેશ દ્વારા વેદ મંત્રો અને મંત્રોના અર્થને પ્રકાશિત કરતાં હતાં, તેથી તેઓ ઋષિ કહેવાયા હતાં. તેઓએ એટલા માટે મંત્રોનું અધ્યાપન અને તેના અર્થોનો પ્રકાશ કર્યો કે, ઉત્તરોત્તર-પેઢી-દર પેઢી વેદાર્થનો પ્રચાર આગળ પણ ઉન્નતિ સાથે ચાલુ રાખે.

વળી જે મનુષ્યો અવર અર્થાત્ અલ્પબુદ્ધિવાળા છે, તેઓ અધ્યયન અને ઉપદેશમાં ગ્લાનિ કે અણગમો કરે, તેઓને વેદના અર્થોમાં સરળતા અને સુગમતાપૂર્વક જ્ઞાન થાય તે માટે નિઘંટુ અને નિરુક્તની રચના કરી જેથી સર્વ મનુષ્યો વેદ વેદાંગોને યથાર્થ રૂપમાં જાણી શકે; એથી ઋષિઓને કૃપાળુ માનવામાં આવે છે.

'पुरस्तान्मनुष्याः'-( निरु० १३/१२ ) આ પ્રમાણથી ઋષિ શબ્દનો અર્થ તર્ક સિદ્ધ થાય છે. અર્થાત્ તર્કને ઋષિ કહેવામાં આવેલ છે. ગૌતમમુનિએ अविज्ञाततत्त्वेऽर्थे० ( न्याय० १/१/४० ) આ પ્રમાણથી તત્ત્વજ્ઞાન માટે જે ઊંહા કરવામાં આવે છે તેને જ તર્ક કહેલ છે, અર્થાત્ જે સિદ્ધાન્તના જ્ઞાન માટે વિચાર કરવામાં આવે છે તેને તર્ક કહે છે.

શતપથના 'प्राणा ऋषयः' ( ૭/૨/૧/૫ ) આ પ્રમાણથી ઋષિ શબ્દથી પ્રાણનું ગ્રહણ થાય છે. એ જ રીતે देवान्-'ऋतवो वै देवा' ( ૭/૨/૨/૨૬ ) આ પ્રમાણથી ઋતુઓને દેવ કહે છે.

યાસ્કમુનિએ આ મંત્રની વ્યાખ્યા-अग्निर्यः पूर्वे० ( निरु० ७/१६/२ ) માં જે અગ્નિ પૂર્વ ઋષિઓ અને નવીન ઋષિઓ દ્વારા પણ વંદનીય છે, તે અગ્નિ આ લોકમાં દિવ્ય ગુણોને પ્રાપ્ત કરાવે છે. અગ્નિ શબ્દનો અર્થ અહીં રસોડામાં પકાવવવાનો અગ્નિ નથી, પરંતુ તે ઉત્તર જ્યોતિ અર્થાત્ ઈશ્વર અને વિદ્યુત્ છે તે અગ્નિ કહેવાય છે. (૨)

*ભાવાર્થ : જે સમસ્ત વિદ્યાઓનું અધ્યયન કરીને સત્ય ઉપદેશ દ્વારા સર્વનો ઉપકાર કરનારા અધ્યાપક લોકો છે અને જે પહેલા પણ થઈ ગયા છે, તેનું પૂર્વ पूर्वेभिः-શબ્દથી ગ્રહણ કરવામાં આવે છે; અને જે અધ્યયન કરનાર વિદ્યા ગ્રહણ માટે અભ્યાસ કરે છે, તેને 'नूतनै' નૂતન શબ્દથી ગ્રહણ કરવામાં આવે છે.*

જે મંત્રોના અર્થોને विदितवन्तो-જાણી ચૂક્યા છે, જે ધર્મ અને વિદ્યાનો પ્રચાર કરનાર, સત્યોપદેશથી સર્વ પર કૃપા કરનાર, છલ-રહિત, પુરુષાર્થી, મોક્ષ અને ધર્મની સિદ્ધિને માટે ઈશ્વરના જ ઉપાસક, કામ અને અર્થની સિદ્ધિ માટે ભૌતિક અગ્નિના ગુણોના જ્ઞાન દ્વારા કાર્ય સિદ્ધ કરનારા મનુષ્યો છે, તેઓનું ઋષિ શબ્દથી ગ્રહણ કરવામાં આવે છે.

પૂર્વકાલીન અને નવીન વિદ્વાનોનો જે યુક્તિ પ્રમાણથી સિદ્ધ તત્ત્વ-જ્ઞાન માટે તર્ક છે અને જે કારણ-જગત અને કાર્યજગતમાં સ્થિત પ્રાણ છે, તેની સાથે યોગાભ્યાસ દ્વારા ઈશ્વરની વંદના કરવી અને ભૌતિક અગ્નિના ગુણોનું અન્વેષણ-શોધ કરવી જોઈએ.

સર્વજ્ઞ ઈશ્વરના દ્વારા પોતાના જ્ઞાનથી મનુષ્ય-જ્ઞાનની અપેક્ષાથી ભૂતકાલીન અને વર્તમાનકાલીન ઋષિઓને જાણીને આ મંત્રમાં (તત્સંબંધી) ઉપદેશ કરવાથી કોઈ દોષ લાગી શકતો નથી, કારણ કે વેદ સર્વજ્ઞ પરમેશ્વરનું વચન છે. તે આ રીતે ઉપાસના કરવામાં આવેલ એ (પરમેશ્વર) અને વ્યવહાર કાર્યો પ્રયુક્ત (ભૌતિક અગ્નિ) સર્વોત્તમ ગુણો અને ભોગોને પ્રાપ્ત કરાવે છે. આ મંત્રમાં પ્રાચીનની અપેક્ષાથી નવીન અને નવીનની અપેક્ષાથી પ્રાચીનતા જાણવામાં આવે છે.

આ મંત્રનો અર્થ નિરુક્તકાર યાસ્કમુનિએ કર્યો છે કે-જે પ્રાકૃત અથવા અજ્ઞાની લોકો દ્વારા પાક કાર્ય-રસોઈ વગેરે કામમાં જે પ્રસિદ્ધ અગ્નિનો પ્રયોગ કરવામાં આવે છે. તેનું અહીં આ મંત્રથી ગ્રહણ થતું નથી. પરંતુ સર્વના પ્રકાશક પરમેશ્વર અને સર્વ વિદ્યાઓનું કારણ, જેનું નામ 'વિદ્યુત્' છે. તેનું અગ્નિ શબ્દથી ગ્રહણ કરવામાં આવે છે. (૨)

अ॒ग्निना॑ र॒यिम॑श्नव॒त् पोष॑मे॒व दि॒वेदि॑वे। य॒शसं॑ वी॒रव॑त्तमम्॥ ३॥

## [પરમેશ્વર]

પદાર્થ : જે મનુષ્ય अग्निना-પરમેશ્વરની ઉપાસના દ્વારા एव-જ दिवे दिवे-પ્રતિદિન पोषम्-આત્મા અને શરીરની પુષ્ટિથી 'સુખદાયક' यशसम्-સર્વોત્તમ કીર્તિ વર્ધક, वीरवत्तमम्-સર્વથા વીર (વીર = વિદ્વાંસઃ શૂરાશ્ચ) = વિદ્વાન અને શૂરવીર જનોથી યુક્ત रयिम्-વિદ્યા અને સુવર્ણ આદિ ઉત્તમ ધનને अश्नवत्-પ્રાપ્ત કરે છે.

## [ભૌતિક અગ્નિ]

મનુષ્ય अग्निना-ભૌતિક અગ્નિની સારી રીતે યોજના કરવાથી एव-જ दिवे दिवे-પ્રતિદિન पोषम्-આત્મા અને શરીરની પુષ્ટિથી સુખદાયક यशसम्-સર્વોત્તમ કીર્તિવર્ધક वीरवत्तमम्-સર્વથા વીર = વિદ્વાન અને શૂરવીરજનોથી યુક્ત रयिम्-વિદ્યા અને સુવર્ણ આદિ ઉત્તમ ધનને अश्नवत्-પ્રાપ્ત કરે છે. (૩)

ભાવાર્થ : આ મંત્રમાં અગ્નિથી ઈશ્વર અને ભૌતિક અગ્નિનું ગ્રહણ થાય છે, ઈશ્વરની આજ્ઞામાં રહેનાર અર્થાત્ ચાલનાર તથા શિલ્પવિદ્યા આદિ કાર્યોની સિદ્ધિ માટે અગ્નિને સિદ્ધ કરેલ મનુષ્યને અક્ષય-નાશરહિત ધનની પ્રાપ્તિ થાય છે. જેથી સદા કીર્તિ, વૃદ્ધિ અને વીરપુરુષ બને છે. (સર્વે એ આ પ્રકારનું ધન પ્રાપ્ત કરવું જોઈએ.) (૩)

## अग्ने॒ यं य॒ज्ञम॑ध्व॒रं वि॒श्वत॑: परि॒भूरसि॑। स इद्दे॒वेषु॑ गच्छति॥४॥

**[પરમેશ્વર]**

પદાર્થ : હે अग्ने-પરમેશ્વર ! આપ यम-જે अध्वरम्-હિંસા, અધર્મ આદિ દોષોથી રહિત यज्ञम्-પ્રથમ મંત્રોક્ત-વિદ્યા આદિ પદાર્થોના દાનરૂપ યજ્ઞના परिभूः-વ્યાપ્ત થઈને પાલન કરનાર असि-છો, એ જ રીતે તે અગ્નિ પણ કાર્યોને સિદ્ધ કરનાર છે, स-તે યજ્ઞ इत्-જ देवेषु-વિદ્વાનોમાં गच्छति-પ્રાપ્ત થાય છે.

**[ભૌતિક અગ્નિ]**

अग्ने-ભૌતિક અગ્નિ यम्-જે अध्वरम्-હિંસા, અધર્મ આદિ દોષોથી રહિત यज्ञम्-પ્રથમ મંત્રોક્ત યજ્ઞના विश्वतः-સર્વ જળમય અને પૃથિવીમય પદાર્થોના વિવિધ આશ્રયથી परिभूः-સર્વત્ર પદાર્થોમાં વ્યાપ્ત કરનાર असि-બને છે, તેમ એ પરમેશ્વર પણ સુખને સિદ્ધ કરનાર છે स-તે યજ્ઞ इत्-જ देवेषु-દિવ્ય પદાર્થોમાં गच्छति-પ્રાપ્ત થાય છે. (૪)

*ભાવાર્થ : કારણ કે એ વ્યાપક પરમેશ્વર પોતાની સત્તાથી પૂર્વોક્ત યજ્ઞની સર્વત્રથી નિરંતર રક્ષા કરે છે, તેથી એ યજ્ઞ દિવ્ય ગુણોની પ્રાપ્તિનું કારણ બને છે. એ જ રીતે પરમેશ્વર દ્વારા જે દિવ્ય ગુણયુક્ત અગ્નિની રચના કરેલ છે, તેથી એ દિવ્ય શિલ્પવિદ્યાના કર્તા છે. જે ધાર્મિક ઉદ્યોગી વિદ્વાન મનુષ્ય છે, તે જ એ ગુણોને પ્રાપ્ત કરી શકે છે. (૪)*

## अ॒ग्निर्होता॑ क॒विक्र॑तुः स॒त्यश्चि॒त्रश्र॑वस्तमः। दे॒वो दे॒वेभि॒रा ग॑मत्॥ ५॥

**[પરમેશ્વર]**

પદાર્થ : જે सत्यः-શ્રેષ્ઠ જનોના હિતકારી અથવા તેમાં ઉત્તમ, चित्रश्रवस्तमः-અત્યંત અદ્‌ભૂત શ્રવણયુક્ત, कविक्रतुः-કવિ = સર્વજ્ઞ, કાન્તદર્શી અને સર્વના કર્તા, સમસ્ત વિદ્યાઓથી યુક્ત વેદશાસ્ત્રનો ઉપદેશ કરનાર, होता-દાતા અને ગ્રહીતા-ગ્રહણ કરનાર, देवः-સ્વ પ્રકાશ સ્વરૂપ अग्निः-પરમેશ્વર છે, તે देवेभिः-વિદ્વાનોની સહાયથી आगमत्-સર્વત્રથી પ્રાપ્ત થાય.

**[ભૌતિક અગ્નિ]**

જે सत्यः-સત્-પદાર્થો માટે હિતકારી અને તેમાં ઉત્તમ चित्रश्रवस्तमः-અત્યંત અદ્‌ભુત ગુણ-શ્રવણયુક્ત कविक्रतुः-સર્વ પદાર્થોના દર્શક, સમસ્ત પદાર્થોની રચનાના સાધનભૂત होता-પ્રકાશક देवः-પ્રકાશ કરનાર अग्निः-ભૌતિક અગ્નિ છે; તે देवेभिः-દિવ્ય ગુણો સહિત आगमत्-સર્વત્રથી પ્રાપ્ત થાય છે. (૫)

*ભાવાર્થ : 'અગ્નિ' શબ્દથી અત્રે પરમેશ્વરનું ગ્રહણ કરવામાં આવે છે, કારણ કે તે સર્વાધાર સર્વજ્ઞ, સર્વના રચયિતા, વિનાશ રહિત, આનંદમય અને અનંત શક્તિમાન આદિ ગુણોના કારણે*

*સર્વ પ્રકાશક છે; અને ભૌતિક અગ્નિના આકર્ષણ આદિ ગુણો તથા તેના મૂર્ત દ્રવ્યોનો ધારક હોવાથી તેનું પણ ગ્રહણ થાય છે. (૫)*

**यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि। तवेत्तत् सत्यमङ्गिरः॥६॥**

પદાર્થ : હે अङ्गिरः-બ્રહ્માંડના અંગ રૂપ પૃથિવી આદિ પદાર્થોના પ્રાણરૂપ તથા શરીરના અંગોના અન્તર્યામી રૂપથી રસ-રૂપ બનીને રક્ષા કરનાર હોવાથી અત્રે અંગિર શબ્દથી ઈશ્વરનું ગ્રહણ કરવામાં આવે છે. अङ्गः-સર્વના મિત્ર अग्ने-પરમેશ્વર त्वम्-મંગલમય તું ! यत् જેથી दाशुषे-નિર્લોભતાથી શ્રેષ્ઠ દાન દાતા મનુષ્ય (સર્વસ્વનું દાન કરનાર) भद्रम्-સર્વ શિષ્ટ વિદ્વાનોથી સેવનીય કલ્યાણ करिष्यसि-કરે છે, तत्-એટલા માટે तव-આપનું इत्-જ એ सत्यम्-સત્ય અર્થાત્ સત્-પદાર્થોમાં સુખનો વિસ્તાર કરનાર, સત્‌થી ઉત્પન્ન સદ્-ગુણોથી યુક્ત વ્રત છે. (૬)

*ભાવાર્થ : જે ન્યાયકારી, સર્વના મિત્ર બનતાં દયાળુ, કલ્યાણકારી, સર્વના સુખને ઈચ્છનાર-આપનાર, પરમેશ્વર છે, તેની ઉપાસનાથી જ જીવાત્મા સાંસારિક અને પરમાર્થિક સુખ પ્રાપ્ત કરે છે, અન્યની ઉપાસનાથી નહીં. કારણકે ઉક્ત સુખ આપવાનો સ્વભાવ અને સામર્થ્ય પરમેશ્વરમાં જ છે. (અન્યમાં નથી.)*

*જે જેવી રીતે શરીરધારી પોતાના શરીરને ધારણ કરે છે, તેવી રીતે જ તે (પરમેશ્વર) સમસ્ત સંસારમાં વ્યાપક બનીને સર્વ સંસારને ધારણ કરી રહેલ છે; તથા જેણે આ સંસારનું પાલન કરેલ છે અને યથાવત્ અવસ્થાપિત કરેલ છે તેથી તે અંગિરા કહેવાય છે. (૬)*

**उप त्वाग्ने दिवेदिवे दोषावस्तर्धिया वयम्। नमो भरन्त एमसि॥७॥**

પદાર્થ : હે अग्ने-સર્વને ઉપાસના કરવા યોગ્ય પરમેશ્વર ! वयम्-અમે ઉપાસક-લોકો धिया-અમારી પ્રજ્ઞા-બુદ્ધિ અને કર્મથી दिवे दिवे-વિજ્ઞાનના અત્યંત પ્રકાશને માટે दोषावस्तः-રાત અને દિવસમાં નિરંતર त्वा-આપને भरन्तः-ધારણ કરીને नमः-નમ્રતાપૂર્વક નમસ્કાર કરતા उप + आ + इमसि-(આપના શરણને) પ્રાપ્ત કરીએ છીએ.

*ભાવાર્થ : હે સર્વ દ્રષ્ટા-સર્વને જોનાર ! સર્વ વ્યાપક ! અને ઉપાસના યોગ્ય (પરમેશ્વર) ! અમે અમારા સર્વ કાર્યો કરતા આપને એક ક્ષણ પણ ભૂલતા નથી, તેથી અમારામાં અધર્મ કરવાની કદી પણ ઈચ્છા થતી નથી. કારણ કે અમને એ વાત જ્ઞાત (નિશ્ચય) છે કે સર્વજ્ઞ અને સર્વના સાક્ષી એવા આપ અમારા સર્વ કાર્યોને જોઈ રહ્યાં છો. (૭)*

**राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम्। वर्धमानं स्वे दमे॥८॥**

પદાર્થ : અમે स्वे-પોતાના दमे-જેમાં સર્વ મહાન દુઃખોથી છૂટીને પરમ આનંદ પદની-મોક્ષ સુખની પ્રાપ્તિ માટે वर्धमानम्-હ્રાસરહિત-સર્વથી મહાન राजन्तम्-પ્રકાશમાન अध्वराणाम्-પૂર્વોક્ત યજ્ઞાદિ શ્રેષ્ઠ

કર્મ અને ધાર્મિક મનુષ્યોના गोपाम्-પૃથિવી આદિ પદાર્થોના રક્ષક, ऋतस्य-સત્ય અર્થાત્ સમસ્ત વિદ્યાઓથી યુક્ત ચાર વેદ અથવા સનાતન જગતનું કારણ પ્રકૃતિ (કાર્ય જગત્ ના અનાદિ કારણ)ના दीदिविम्-પ્રકાશક પરમેશ્વરને અમે લોકો ઉપાસના યોગથી નિત્ય उपैमसि-પ્રાપ્ત કરીએ છીએ. (૮)

*ભાવાર્થ : જેવી રીતે પરમાત્મા પોતાની સત્તા અને આનંદ સ્વરૂપમાં-ક્ષય અને અજ્ઞાનથી રહિત, અન્તર્યામી રૂપથી સર્વ જીવોને સત્યનો ઉપદેશ, આપ્ત પુરુષો-શ્રેષ્ઠ વિદ્વાનો અને સંસારની સદા રક્ષા કરે છે; તેવી રીતે અમે તેના ઉપાસકો પણ આનંદિત, વૃદ્ધિ યુક્ત અને વિજ્ઞાનવાન બનીને અભ્યુદય = સાંસારિક ઉન્નતિ અને નિઃશ્રેયસ = મોક્ષને સદા પ્રાપ્ત કરતા રહીએ. (૮)*

**स नः॑ पि॒तेव॑ सू॒नवेऽग्ने॑ सू॒पा॒य॒नो भ॑व। सच॑स्वा नः स्व॒स्तये॑॥ ९ ॥**

પદાર્થ : હે सः-ઉક્ત ગુણયુક્ત अग्ने-જ્ઞાનસ્વરૂપ જગદીશ્વર ! पितेव-જેમ પિતા सूनवे-પોતાના પુત્રને આપનાર હોય છે, તેમ આપ नः-અમારા માટે सूपायनः-ઉત્તમ જ્ઞાન, સુખના સાધનો અને શ્રેષ્ઠ સાધનો પ્રાપ્ત કરાવનાર છો. તેના દાતા બનીને नः-અમને स्वस्तये-સર્વ સુખ અને કલ્યાણને માટે सचस्व-સંયુક્ત કરો. (૯)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ એવો પ્રયત્ન કરવો જોઈએ અને ઈશ્વરથી પ્રાર્થના કરવી જોઈએ કે- હે ભગવન્ ! આપ અમારી રક્ષા કરીને અમને સદા શુભ ગુણ-કર્મોમાં નિયુક્ત કરો. જેમ પિતા પોતાના સંતાનોનું સારી રીતે પાલન કરીને તથા ઉત્તમ શિક્ષા આપીને તેમને શુભ ગુણ-કર્મોમાં યુક્ત કરીને શ્રેષ્ઠ કર્મ કરનાર બનાવે છે, તેમ આપ પણ આપની કૃપાથી અમને બનાવો. (૯)*

## સૂક્ત-૨

**वाय॒वा या॑हि दर्श॒तेमे सोमा॒ अरं॑कृताः। तेषां॑ पाहि श्रु॒धी हव॑म्॥ १ ॥**

### [ઈશ્વર]

પદાર્થ : दर्शत-હે જ્ઞાન દૃષ્ટિથી દર્શન યોગ્ય वायो-અનંત બળયુક્ત, સર્વના પ્રાણરૂપ અન્તર્યામી જગદીશ્વર ! આપ અમારા હૃદયમાં आयाहि-આવો (પ્રકાશિત થાઓ) આપના દ્વારા इमे-આ પ્રત્યક્ષ सोमाः-સર્વ સંસારી-ઉત્પન્ન પદાર્થોને अरंकृताः-અલંકૃત અર્થાત્ સુશોભિત થયેલ છે. तेषाम्-આપ જ એ પદાર્થોના રક્ષક છો અને તેની पाहि-રક્ષા કરો તથા हवम्-અમારી સ્તુતિને श्रुधि-સાંભળો.

### [ભૌતિક વાયુ]

दर्शत-સ્પર્શ આદિ ગુણોથી દર્શન યોગ્ય वायो-સર્વ મૂર્તિમાન પદાર્થોના આધાર અને પ્રાણીઓના જીવનનું કારણ ભૌતિક વાયુ आयाहि-સર્વને પોતાની ગતિથી પ્રાપ્ત થાય છે અને જે ભૌતિક વાયુએ इमे-પ્રત્યક્ષ सोमाः-સંસારના પદાર્થોને अरंकृताः-સુશોભિત કરેલ છે, તે જ तेषाम्-તે પદાર્થોની पाहि-રક્ષાનું કારણ છે અને हवम्-જેથી સર્વ પ્રાણીઓ શબ્દ ઉચ્ચારણ અને શ્રવણ રૂપ વ્યવહારને श्रुधि-

સાંભળે-સંભળાવે છે. (૧)

*ભાવાર્થ : આ મંત્રમાં ઈશ્વર અને ભૌતિક (વાયુ) અર્થોને ગ્રહણ કરેલ છે. જેવી રીતે ઈશ્વરે પોતાના સામર્થ્યથી સર્વ પદાર્થોની રચના કરીને સુશોભિત કરેલ છે, તેવી રીતે તેના દ્વારા ઉત્પન્ન કરેલ વાયુ પણ છે. તેના ધારણ કર્યા વિના કોઈની પણ રક્ષા સંભવ નથી. જીવ દ્વારા પ્રેમપૂર્વક પ્રયુક્ત કરેલી સ્તુતિ અને વાણીને સર્વવ્યાપક ઈશ્વર પ્રતિ ક્ષણ સાંભળે છે અને જીવ વાયુના કારણે જ શબ્દોનું ઉચ્ચારણ અને શ્રવણ કરી શકે છે. (આ મંત્રમાં ઈશ્વર અને ભૌતિક વાયુના ગ્રહણમાં આપવામાં આવેલા પ્રમાણો સ્વામી દયાનંદ કૃત સંસ્કૃત ભાષ્યમાં દ્રષ્ટવ્ય છે. - અનુવાદક) (૧)*

**वाय उक्थेभिर्जरन्ते त्वामच्छा जरितारः। सुतसोमा अहर्विदः॥ २॥**

**[ઈશ્વર]**

પદાર્થ :-वायो-હે અનંત બળવાન ઈશ્વર ! જે જે अहर्विदः-વિજ્ઞાન રૂપ પ્રકાશને પ્રાપ્ત કરનાર सुतसोमाः-સોમ અર્થાત્ ઔષધિ આદિ પદાર્થોના રસોને વિદ્યા માટે ઉત્પન્ન કરનાર जरितारः-સ્તુતિ અને સત્કાર યોગ્ય વિદ્વાનો उक्थेभिः-વદોક્ત સ્તોત્રોના દ્વારા त्वाम्-આપનો अच्छ-સાક્ષાત્ કરવા માટે जरन्ते-સ્તુતિ કરે છે.

**[ભૌતિક વાયુ]**

જે वायो-ગમનશીલ, વિમાનાદિ શિલ્પવિદ્યાનો કારણ વાયુ છે, તેને अहर्विदः-વિજ્ઞાન-પ્રકાશને પ્રાપ્ત કરનાર, सुतसोमाः-સોમ અર્થાત્ ઔષધિ રસોને વિદ્યા માટે ઉત્પન્ન કરનાર जरितारः-વાયુ ગુણોની સ્તુતિ કરનાર વિદ્વાન હોય છે, તેની વિદ્યા પ્રકાશિત ગુણ, ફળવાળી બનીને સર્વની ઉપકારક બને તે વિદ્વાન उक्थेभिः-સ્તોત્રોના દ્વારા त्वाम्-તે વાયુની अच्छ-સાક્ષાત્ जरन्ते-સ્તુતિ કરે છે. (૨)

*ભાવાર્થ : આ મંત્ર દ્વારા વેદાદિ શાસ્ત્રોમાં કહેલ, સ્તુતિના સાધન સ્તોત્રોથી પરમાર્થ અને વ્યવહારની વિદ્યાની સિદ્ધિ માટે, વાયુ શબ્દથી ઈશ્વર અને ભૌતિક વાયુના ગુણોનો પ્રકાશ કરેલ છે, તેથી બન્ને વિદ્યાઓનો સાક્ષાત્ કરવો જોઈએ. (૨)*

**वायो तव प्रपृञ्चती धेना जिगाति दाशुषे। उरूची सोमपीतये॥ ३॥**

**[ઈશ્વર]**

પદાર્થ : वायो-હે વેદવિદ્યાનો પ્રકાશ કરનાર પરમેશ્વર ! આપની કૃપાથી જે तव-આપની प्रपृञ्चती-અર્થ-સંબંધથી સમસ્ત વિદ્યાઓથી સંપર્ક કરાવનારી, उरूची-અનેક પદાર્થ-વિદ્યાના પ્રયોજનને પ્રાપ્ત કરાવનારી धेना-ચાર વેદો રૂપ વાણી છે, તે-सोमपीतये-સોમ અર્થાત્ ઉત્પન્ન થયેલ પદાર્થોનું પાન કરનારા, दाशुषे-નિષ્કપટતાથી પ્રીતિપૂર્વક વિદ્યા-દાન કરનારા વિદ્વાન મનુષ્યોને जिगाती-પ્રાપ્ત થાય છે.

**[ભૌતિક વાયુ]**

वायो तव-એ ભૌતિક વાયુના યોગથી જ જે प्रपृञ्चती-શબ્દોચ્ચાર અને શ્રવણ કરાવનારી, उरूची-અનેક પદાર્થોની જ્ઞાપક-જણાવનારી धेना-વાણી છે, તે-सोमपीतये-સોમ-અર્થાત્ ઉત્પન્ન થયેલ સંસારી

પદાર્થોના યોગ્ય રસનું પાન કરનારા, दाशुषे-શબ્દોચ્ચારણ, શ્રવણ કરનારા પુરુષાર્થી વિદ્વાનોને-જીવને, जिगाति-પ્રાપ્ત થાય છે. (૩)

*ભાવાર્થ : દ્વિતીય મંત્રમાં જે વેદવાણી દ્વારા પરમેશ્વર અને ભૌતિક વાયુના ગુણ પ્રકાશિત કરેલ છે, તેનું ફળ અને પ્રાપ્તિ આ મંત્રમાં કહેલ છે. અર્થાત્ આ મંત્રના પ્રથમ અર્થમાં ઈશ્વર, વેદવિદ્યા અને બીજા અર્થમાં વાયુને વક્તા-જીવોની વાણીનું કારણ બતાવેલ છે. (૩)*

इन्द्रवायू इमे सुता उप प्रयोभिरागतम्। इन्दवो वामुशन्ति हि॥४॥

પદાર્થ : इमे सुताः-જેમાં એ પ્રત્યક્ષ પદાર્થ, इन्दवः-જળ, ક્રિયામય યજ્ઞ તથા પ્રાપ્ત કરવા યોગ્ય ભોગ અને हि-જેથી वाम्-તે સહચારી અર્થાત્ સૂર્ય અને વાયુના સંયોગથી इन्द्रवायू-સૂર્ય અને વાયુ પ્રકાશિત છે; અને તે બન્ને उपागतम्-સર્વ પદાર્થોને પ્રાપ્ત થાય છે. તેથી प्रयोभिः-તૃપ્તિકારક અન્નાદિ પદાર્થોથી સર્વ પ્રાણીઓ સુખોની उशन्ति-કામના કરે છે, પોતાના સુખને પ્રકાશિત કરે છે. (૪)

*ભાવાર્થ : આ મંત્રમાં પ્રાપ્ય = પ્રાપ્ત કરવા યોગ્ય પ્રાપક = પ્રાપ્ત કરાવનાર એ બે પદાર્થોનો પ્રકાશ કરેલ છે.*

*(આ મંત્રમાં ઈન્દુનો અર્થ સૂર્ય અને વાયુનો અર્થ પવન કરેલ છે. इन्दु-પદનો અર્થ સોમ નહિ પરંતુ જળ, યજ્ઞ અને પ્રાપ્તવ્ય ભોગ છે, આની પુષ્ટિમાં સ્વામીજીએ નિઘંટુના પ્રમાણો પ્રસ્તુત કરેલ છે. તેનો વિસ્તાર સંસ્કૃત ભાષ્યમાં દ્રષ્ટવ્ય છે. સંક્ષેપ્ત : મંત્રનો અર્થ-જ્યારે સૂર્ય અને પવન, જળ, યજ્ઞાદિ પદાર્થો પ્રાપ્ત કરે છે, ત્યારે સર્વ પ્રાણીઓ સુખની કામના કરે છે.-અનુ.) (૪)*

वायविन्द्रश्च चेतथः सुतानां वाजिनीवसू। तावा यातमुप द्रवत्॥५॥

પદાર્થ : હે वायो-જ્ઞાન સ્વરૂપ ઈશ્વર ! જેથી આપે રચેલ-ધારણ કરેલ वाजिनीवसू-ઉષા સમાન પ્રકાશમાન અને વેગમાં રહેનાર પદાર્થ, इन्द्रश्च-પૂર્વોક્ત ઈન્દ્ર = સૂર્ય અને વાયુ सुतानाम्-આપે રચેલા-ઉત્પન્ન કરેલા પદાર્થોને चेतथः-ધારણ અને પ્રકાશિત કરીને તે જીવોને દ્રષ્ટિગોચર કરે છે. તે કારણે તે બન્ને द्रवत्-શીઘ્રતાથી आयातमुप-તે પદાર્થોને પ્રાપ્ત થાય છે-સમીપ રહે છે. (૫)

*ભાવાર્થ : આ મંત્રમાં પરમેશ્વરની સત્તાના આધારે સૂર્ય અને વાયુ પોતાનું કાર્ય કરવામાં સમર્થ બને છે. કારણ કે જો ઈશ્વર એ સૂર્ય અને વાયુની રચના ન કરે, તો તે બન્ને પોતાનાં કાર્યમાં કેવી રીતે સમર્થ બની શકે ? (૫)*

वायविन्द्रश्च सुन्वत आ यातमुप निष्कृतम्। मक्ष्वि१त्था धिया नरा॥६॥

પદાર્થ : હે वायो-સર્વાન્તર્યામી ઈશ્વર ! नरा-સંસારના સર્વ પદાર્થોને પ્રાપ્ત કરાવનાર इन्द्रश्च-જેમ અન્તરિક્ષમાં સ્થિત સૂર્યનો પ્રકાશ અને પવન છે, તેમ એ-इन्द्रिय. આ વ્યાકરણ સૂત્રાનુસાર ઈન્દ્ર શબ્દથી જીવનું અને प्राणो०-એ પ્રમાણ વાયુ શબ્દથી પ્રાણનું ગ્રહણ થાય છે. સંક્ષેપ્ત-અન્તરિક્ષમાં સ્થિત સૂર્યપ્રકાશ અને વાયુ मक्षु-શીઘ્ર ગતિથી इत्था-ધારણ, પાલન, વૃદ્ધિ અને ક્ષય હેતુથી સોમ વગેરે સર્વ ઔષધિઓના રસને જેમ सुन्वतः-ઉત્પન્ન કરે છે; તેમ એ नरा-શરીરમાં રહેલ જીવ અને પ્રાણવાયુ તે શરીરમાં સર્વ ધાતુઓના રસને ઉત્પન્ન કરીને इत्था-ધારણ, પાલન, વૃદ્ધિ અને ક્ષય, હેતુથી मक्षु-

સર્વ અંગોમાં શીઘ્ર પ્રાપ્ત થઈને धिया-ધારણ કરનારી બુદ્ધિ અથવા કર્મોથી निष्कृतम्-કર્મો ફળોને आयातमुप-પ્રાપ્ત કરાવે છે. (૬)

*ભાવાર્થ : જેમ આ બ્રહ્માંડમાં સ્થિત સૂર્ય અને વાયુ સર્વના પ્રકાશક અને પોષક છે, તેમ જ શરીરમાં જીવ અને પ્રાણ પણ છે, પરન્તુ ઈશ્વરના આધારની અપેક્ષાથી જ સર્વ સ્થાનોમાં રહે છે. (૬)*

**मि॒त्रं हु॑वे पू॒तद॑क्षं॒ वरु॑णं च रि॒शाद॑सम्। धियं॑ घृ॒ताचीं॒ साध॑न्ता॥ ७॥**

પદાર્થ : શિલ્પવિદ્યાને સિદ્ધ કરનાર હું-જે घृताचीम्-જળ પ્રાપ્ત કરાવનારી ક્રિયાને, धियम्-કર્મ અથવા ધારણાવતી બુદ્ધિને (साधन्ता) સિદ્ધ કરનારા સૂર્ય અને વાયુ છે, તેને તથા पूतदक्षम्-પવિત્ર બળવાળા, मित्रम्-સર્વ વ્યવહાર સુખોના હેતુ બ્રહ્માંડમાં રહેલ સૂર્ય રોગ અથવા શરીરમાં રહેનાર પ્રાણ, रिशादसम्-રોગ અથવા શત્રુનાશક, वरुणम्-व-બાહ્યપ્રાણ અથવા શરીરસ્થ અપાનવાયુ च-અને તેના નિમિત્ત બાહ્ય અને આભ્યંતર પદાર્થ વિદ્યાને हुवे-ગ્રહણ કરું છું. અર્થાત્ બાહ્ય અને આભ્યન્તર પદાર્થ જે વિદ્યા માટે રચવામાં આવેલ છે, તે સર્વનો તેના માટે ઉપયોગ કરું છું. (૭)

*ભાવાર્થ : જેમ સૂર્ય અને વાયુના કારણે સમુદ્ર આદિથી જળ ઉપર જઈને (ફરી) તેની વર્ષા દ્વારા સર્વની વૃદ્ધિ અને રક્ષા થાય છે, તેમ પ્રાણ અને અપાન દ્વારા શરીરની વૃદ્ધિ અને રક્ષા થાય છે. તેથી સર્વ મનુષ્યોએ એ બન્નેને નિમિત્ત બનાવીને વ્યવહાર અને વિદ્યાની સિદ્ધિથી સર્વનો સદા ઉપકાર કરવો જોઈએ. (૭)*

**ऋ॒तेन॑ मित्रावरुणावृतावृधावृतस्पृशा। क्रतुं॑ बृ॒हन्त॑माशाथे॥ ८॥**

પદાર્થ : ऋतेन-સત્યસ્વરૂપ બ્રહ્મના દ્વારા ઉત્પન્ન થયેલ (તેના નિયમાધીન) ऋतावृधौ-બ્રહ્મજ્ઞાનના સામર્થ્યથી વધનાર, બ્રહ્મના જ્ઞાપક અથવા જળાકર્ષણ-ખેંચનાર અને વર્ષા કરાવનાર, ऋतस्पृशा-બ્રહ્મ અર્થાત્ વેદની પ્રાપ્તિમાં નિમિત્ત અથવા યોગ્ય સમયે જળની વૃષ્ટિ કરનાર मित्रावरुणौ-પૂર્વોક્ત મિત્ર = સૂર્ય અને વરુણ = વાયુ बृहन्तम्-મહાન क्रतुम्-જગત રૂપ યજ્ઞને आशाथे-વ્યાપ્ત કરી રહેલ છે. (૮)

*ભાવાર્થ : બ્રહ્મના આશ્રયથી એ બન્ને (સૂર્ય અને વાયુ) બ્રહ્મ જ્ઞાનના નિમિત્ત =કારણ તથા જળ અને વર્ષાના હેતુ બનીને, સર્વ અગ્નિ વગેરે મૂર્ત અને અમૂર્ત જગતને વ્યાપ્ત કરીને, વૃદ્ધિ અને ક્ષયકર્તા તથા વ્યવહાર અને વિદ્યાના સાધક બને છે. (૮)*

**क॒वी नो॑ मि॒त्रावरु॑णा तुविजा॒ता उ॑रु॒क्षया॑। दक्षं॑ दधाते अ॒पस॑म्॥ ९॥**

પદાર્થ : तुविजातो-જે અનેક કારણોથી ઉત્પન્ન અથવા અનેકોમાં પ્રસિદ્ધ उरुक्षया-જગતના અનેક પદાર્થોમાં નિવાસ કરનાર कवी-સર્વ વ્યવહાર દર્શનમાં કારણ मित्रावरुणा-પૂર્વોક્ત મિત્ર = સૂર્ય અને વરુણ = વાયુ नः-અમારા दक्षम्-બળ તથા अपसम्-સુખ અથવા દુઃખયુક્ત કર્મોને दधाते-ધારણ કરે છે. (૯)

*ભાવાર્થ : બ્રહ્માંડમાં રહેલ, બળ અને કર્મના નિમિત્ત ભૂત એ (સૂર્ય અને વાયુ) બન્ને દ્વારા સર્વ પદાર્થોની સમસ્ત ચેષ્ટાઓ અને વિદ્યાઓની પુષ્ટિ અને ધારણ થાય છે. (૯)*

સંગતિ : પ્રથમ સૂક્તમાં પ્રતિપાદિત, શિલ્પવિદ્યાદિનું મુખ્ય કારણ અગ્નિ પદાર્થની સાથે તેના સહચારી વાયુ, ઈન્દ્ર, મિત્ર, વરુણ એ દ્વિતીય સૂક્તમાં પ્રતિપાદિત પદાર્થોની સંગતિ છે. તેમ સમજવું જોઈએ. (૨)

## સૂક્ત-3

**अश्विना यज्वरीरिषो द्रवत्पाणी शुभस्पती। पुरुभुजा चनस्यतम्॥ १॥**

પદાર્થ : હે વિદ્વાનો વિદ્યા પ્રેમી મનુષ્યો ! તમે **द्रवत्पाणी**-જેનો પદાર્થ વિદ્યાનો વ્યવહાર શીઘ્ર વેગનો નિમિત્તયુક્ત છે, **शुभस्पती**-જે શિલ્પના કાર્ય પ્રકાશના પાલક છે, **पुरुभुजा**-જે અનેક ભોક્તવ્ય પદાર્થોનું કારણ છે, **अश्विना**-તેઓ અશ્વિનો = જળ તથા અગ્નિ **यज्वरीः**-શિલ્પ વિદ્યાનો સંબંધ કરાવનારી-સિદ્ધ કરનારી તથા **इषः**-વિદ્યા = હુન્નર વિદ્યાની ક્રિયાઓનું **चनस्यतम्**-અન્નાદિની સમાન અત્યંત પ્રીતિ પૂર્વક સેવન કર્યા કરો. (૧)

*ભાવાર્થ : આ મંત્રમાં ઈશ્વર શિલ્પવિદ્યાનાં સાધનોનો ઉપદેશ કરે છે. જેથી મનુષ્ય-કલાયંત્રોની રચના દ્વારા વિમાન આદિ વાહનોને સારી રીતે નિર્માણ કરીને જગતમાં પોતાનો ઉપકાર અને પરોપકાર સિદ્ધ કરીને સમસ્ત સુખોની પ્રાપ્તિ કરે.*

*(આ મંત્રના 'अश्विनौ' પદનો સ્વામી દયાનંદે જળ અને અગ્નિ અર્થ કરીને તેના પ્રમાણો આપેલા છે તેનો વિસ્તાર તેઓના સંસ્કૃત ભાષ્યમાં દ્રષ્ટવ્ય છે.-અનુ.) (૧)*

**अश्विना पुरुदंससा नरा शवीरया धिया। धिष्ण्या वनतं गिरः॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે **पुरुदंससा**-જેથી શિલ્પવિદ્યાને માટે અનેક કર્મ સિદ્ધ થાય છે, **धिष्ण्या**-જે યાનો-વાહનોમાં વેગાદિની તીવ્રતા ઉત્પન્ન કરવામાં **मे**-દૃઢ છે, **नरा**-શિલ્પવિદ્યાના ફળોને પ્રાપ્ત કરાવનાર છે, તે **अश्विनौ**-અગ્નિ અને જળ **शवीरया**-વેગવાન **धिया**-ક્રિયા અથવા પ્રજ્ઞા = બુદ્ધિથી **गिरः**-શિલ્પવિદ્યાની ગુણદર્શક વાણીઓનું **वनतम्**-સેવન કરનાર છે. તેનું સેવન કરો અર્થાત્ તેના દ્વારા સારી રીતે ઉપકાર લેતા રહો. (૨)

*ભાવાર્થ : આ મંત્રમાં પણ અગ્નિ અને જળના ગુણોને પ્રત્યક્ષ કરવા માટે મધ્યમ પુરુષનો પ્રયોગ કરેલ છે. તેથી સર્વ શિલ્પીજનો-કારીગરોએ તીવ્ર વેગયુક્ત મેધા = બુદ્ધિથી અને પુરુષાર્થથી શિલ્પવિદ્યાની સિદ્ધિ માટે (કાર્યોમાં) એ બન્નેનું સારી રીતે સેવન કરવું જોઈએ. જેઓ શિલ્પવિદ્યાની સિદ્ધિ કરવા ઈચ્છે છે, તેઓએ તેની વિદ્યા અને હસ્તક્રિયા-હાથની કારીગરી સારી રીતે પ્રકટ કરવાની સાથે તે*

*બન્ને (અગ્નિ તથા જળ રૂપ) અશ્વિઓનો ઉપયોગ કરવો જોઈએ. (૨)*

**दस्रा॑ युवाक॑वः सु॒ता नास॑त्या वृ॒क्तब॑र्हिषः। आ या॑तं रुद्रवर्त्तनी॥ ३॥**

પદાર્થ : હે सुताः-મુખ્ય રૂપથી પદાર્થ વિદ્યાના સારને સિદ્ધ કરીને પ્રકટ કરનારા, युवाकवः-પરસ્પર મળેલી અથવા પૃથક ક્રિયાઓને સિદ્ધ કરનારા-સંપાદન કરનારા, वृक्तबर्हिषः-શિલ્પવિદ્યાના જ્ઞાતા તથા શિલ્પના ફળના સાધક = બતાવનાર વિદ્વાન ઋત્વિક જનો ! આપ रुद्रवर्त्तनी-પ્રાણના માર્ગવાળાઓ, दस्रा-દુઃખોનો ક્ષય કે નાશ કરનારાઓ, नासत्या-પૂર્વોક્ત અશ્વિનૌ અર્થાત્ જળ અને અગ્નિ છે, જેમાં એક પણ ગુણ અને કર્મ મિથ્યા-અસત્ય નથી; તે आ + यातम्-સર્વત્રથી યાનોને ગતિ આપે છે-તે બન્નેને તમે જ્યારે સિદ્ધ કરી લેશો-ઉપકારમાં લેશો, ત્યારે તમે શ્રેષ્ઠ સુખોને પ્રાપ્ત કરશો. (૩)

*ભાવાર્થ : પરમેશ્વર મનુષ્યોને ઉપદેશ આપે છે કે-હે મનુષ્યો ! તમે સમસ્ત સુખોનું કારણ શિલ્પવિદ્યાની સિદ્ધિથી, દુઃખોના વિનાશ માટે અગ્નિ અને જળનો યથાવત્ ઉપયોગ કરો. (૩)*

**इन्द्रा या॑हि चित्रभानो सु॒ता इ॒मे त्वा॒यवः॑। अण्वी॑भि॒स्तना॑ पू॒तासः॑॥ ४॥**

**[ઈશ્વર]**

પદાર્થ : चित्रभानो-હે અદ્‌ભુત પ્રકાશયુક્ત इन्द्र-પરમેશ્વર ! આપ અમને કૃપા કરીને आयाहि-પ્રાપ્ત થાઓ. આપે इमे-એ अण्वीभिः-કારણોના અંશોથી तना-સર્વ સંસારમાં વિસ્તૃત (પુષ્કળ દ્રવ્ય અને ધન પ્રદાન કરનાર) पूतासः-પવિત્ર અને શોધિત त्वायवः-આપના ઉત્પન્ન કરેલા વ્યવહારોથી યુક્ત सुताः-મૂર્તિમાન પદાર્થ ઉત્પન્ન કરેલ-રચેલ છે. અમે જેનાથી ઉપકાર લેનાર છીએ, તેથી અમે આપને શરણાગત છીએ. (અર્થાત્ અમને તેનો ઉપકાર ગ્રહણ કરનારા બનાવો.)

**[સૂર્ય]**

જે સૂર્ય પોતાના ગુણોથી સર્વ પદાર્થોને आयाहि-સર્વત્રથી પ્રાપ્ત થઈ રહેલ છે तेन-તેનાથી કે પોતાના इमे-એ अण्वीभिः-પ્રકાશ અવયવરૂપ કિરણોથી तना-વિસ્તૃત પ્રાપ્તિને હેતુ અને વિસ્તૃત ધન પ્રદાન કરનાર त्वायव-સૂર્યના નિમિત્તથી આયુ પ્રાપ્ત કરનાર અને તેને પ્રાપ્ત થયેલ पुतासः-પવિત્ર અને શોધિત सुताः-સંસારના મૂર્તિમાન ઉત્પન્ન પદાર્થ પ્રકાશયુક્ત થાય છે, અમને તે પદાર્થોથી ઉપકાર ગ્રહણ કરનારા બનાવો. (૪)

*ભાવાર્થ : આ મંત્રમાં ઈન્દ્ર = ઈશ્વરના અથવા સૂર્યના જે કર્મો પ્રકાશિત કરવામાં આવેલ છે, તેનો પરમાર્થ અને વ્યવહારની સિદ્ધિ માટે મનુષ્યોએ સમ્યક્ ઉપયોગ કરવો જોઈએ. (૪)*

**इन्द्रा या॑हि धि॒येषि॒तो विप्र॑जूतः सु॒तावतः। उप॒ ब्रह्मा॑णि वा॒घतः॑॥ ५॥**

પદાર્થ : इन्द्र-હે પરમેશ્વર ! धिया-નિરંતર જ્ઞાનયુક્ત બુદ્ધિ અથવા ઉત્તમ કર્મથી इषितः-પ્રાપ્ત

કરવા યોગ્ય, विप्रजूतः-બુદ્ધિમાન-મેધાવી વિદ્વાનોથી જાણવા યોગ્ય આપ-ब्रह्माणि-બ્રાહ્મણ અર્થાત્ વેદોના અર્થના જ્ઞાતા, सुतावतः-પદાર્થ વિદ્યાના જ્ઞાતા તથા वाघतः-જે યજ્ઞ વિદ્યાના અનુષ્ઠાનથી સુખ ઉત્પન્ન કરનાર ઋત્વિક વિદ્વાનો છે. તે સર્વને કૃપાથી उपायाहि-પ્રાપ્ત થાઓ. (૫)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ જગતના મૂલ = નિમિત્ત કારણ ઈશ્વરની સંસ્કારયુક્ત બુદ્ધિ અને વિજ્ઞાનથી સાક્ષાત્ પ્રાપ્તિ કરવી જોઈએ. તે સિવાય કોઈ મનુષ્ય દ્વારા એ પ્રાપ્ત કરી શકાતો નથી. (૫)*

**इन्द्रा याहि तूतुजान उप ब्रह्माणि हरिवः। सुते दधिष्व नश्चनः॥६॥**

પદાર્થ : हरिवः-જે વેગવાન, વેગાદિ ગુણયુક્ત ઘોડાવાળો, હરણના નિમિત્ત પ્રશસ્ત કિરણવાળો, तूतुजानः-શીઘ્ર ચાલનાર इन्द्र-ભૌતિક વાયુ છે, તે सुते-પ્રત્યક્ષ અર્થાત્ મુખ્ય રૂપથી ઉત્પન્ન વાણીના વ્યવહારમાં नः-અમારા માટે ब्रह्माणि-વેદોના સ્તોત્રોને आयाहि-સર્વત્રથી-સારી રીતે પ્રાપ્ત કરાવે છે, स एव-તે જ नः-અમારા માટે चनः-અન્ન અને ભોજન આદિ વ્યવહારને दधिष्व-ધારણ કરે છે. (૬)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ એ જાણવું જોઈએ કે એ વાયુ અર્થાત્ શરીરમાં જે પ્રાણ સર્વ ચેષ્ટાઓનું કારણ બનીને ખાવું, પીવું, પાચન કરવું, ગ્રહણ કરવું, ત્યાગવું વગેરે ક્રિયાઓથી કર્મ કરાવવા અને શરીરમાં રક્ત વગેરે ધાતુઓના વિભાગોને વિભિન્ન સ્થાને પહોંચાડે છે. તેથી શરીર વગેરેની પુષ્ટિ અને ક્ષયનો હેતુ = કારણ છે. (૬)*

**ओमासश्चर्षणीधृतो विश्वे देवास आ गत। दाश्वांसो दाशुषः सुतम्॥७॥**

પદાર્થ : ओमासः-જે પોતાના ગુણોથી સંસારના જીવોની રક્ષા કરનાર, જ્ઞાનથી પરિપૂર્ણ, વિદ્યાની કામના કરનાર, ઉપદેશમાં પ્રીતિ રાખનાર, વિજ્ઞાનથી તૃપ્ત સત્યજ્ઞાનવાન, શુભગુણોમાં પ્રવેશ કરનાર, સમસ્ત વિદ્યાઓનું શ્રવણ કરાવનાર, પરમેશ્વરની પ્રાપ્તિ અને વ્યવહારમાં પુરુષાર્થી, શ્રેષ્ઠ વિદ્યાદિ ગુણોની ઈચ્છા રાખનાર-યાચના કરનાર, ક્રિયાવાન, સર્વના ઉપકારના ઈચ્છુક, વિજ્ઞાનમાં પ્રશસ્ત, આપ્ત, સર્વ શુભ લક્ષણો યુક્ત, દુષ્ટ ગુણોના નાશક, શુભગુણોનાં દાતા, સૌભાગ્યવાન, જ્ઞાન વૃદ્ધ चर्षणीधृतः-સત્ય ઉપદેશથી મનુષ્યોને સુખ ધારણ કરાવનાર दाश्वांसः-સર્વને નિર્ભય કરનાર, विश्वेदेवासः-સર્વ વિદ્વાનો ! તમે दाशुषः-દાતા ઈશ્વરના सुतम्-સોમ આદિ પદાર્થોને ગ્રહણ કરવા અને વિજ્ઞાનનો પ્રકાશ કરવા માટે વિદ્યારૂપ અભીષ્ટ વસ્તુને आ गत-સર્વત્રથી પ્રાપ્ત કરાવો. (૭)

*ભાવાર્થ : ઈશ્વર વિદ્વાનોને આજ્ઞા કરે છે કે-તમે એક સ્થાનમાં વિદ્યાલયમાં અથવા આજુ-બાજુના દેશાન્તરોમાં ભ્રમણ કરીને, અજ્ઞાની મનુષ્યોને વિદ્વાન બનાવો. જેથી સમસ્ત મનુષ્યો વિદ્યા, ઉત્તમ શિક્ષા અને શ્રેષ્ઠ કર્મ-આચરણથી યુક્ત બનીને સદા સુખી રહે. (૭)*

**विश्वे देवासो अप्तुरः सुतमा गन्त तूर्णयः। उस्रा इव स्वसराणि॥८॥**

પદાર્થ : હે अप्तुरः-મનુષ્યોને શરીર અને વિદ્યા આદિ બળ પ્રાપ્ત કરાવનાર, तूर्णयः-સર્વત્ર વિદ્યાને

પ્રકાશિત કરવા માટે શીઘ્રતા કરનાર, विश्वे देवासः-સર્વ વિદ્વાનો ! તમે જેમ स्वसराणि-દિવસે પ્રકાશ કરવા માટે उस्रा इव-સૂર્યના કિરણો આવા-ગમન કરે છે, તેમ તમે પણ મનુષ્યોની સમીપ सुतम्-કર્મ, ઉપાસના અને જ્ઞાન રૂપ વ્યવહારને પ્રકાશિત કરવા માટે અને વિજ્ઞાનને અન્તઃકરણ ગત કરવા માટે आगन्त-નિત્ય આવો, સર્વત્રથી પ્રાપ્ત થાઓ. (૮)

*ભાવાર્થ : ઈશ્વરે આ મંત્ર દ્વારા એ આજ્ઞા આપી છે કે-હે સર્વ વિદ્વાનો ! તમે કદીપણ વિદ્યાદિ શુભ ગુણોનો પ્રકાશ કરવામાં વિલંબ અને આળસ કરો નહિ. જેમ દિવસમાં (સૂર્ય) સર્વ સ્થૂલ-મૂર્તિમાન પદાર્થોને પ્રકાશિત કરે છે તેમ તમે પણ સર્વ વિદ્યા-વિષયોને સદા પ્રકાશિત કરો. (૮)*

विश्वे॑दे॒वासो॑ अ॒स्रिध॒ एहि॑मायासो अ॒द्रुहः॑। मेधं॑ जुषन्त॒ वह्न॑यः॥ ९॥

પદાર્થ : હે एहिमायासः-સર્વત્ર ક્રિયા-ચેષ્ટાઓમાં પ્રજ્ઞા = બુદ્ધિ રાખનાર, अस्त्रिधः-દૃઢ જ્ઞાનથી પરિપૂર્ણ-અક્ષય વિજ્ઞાનયુક્ત, अद्रुहः-દ્રોહરહિત, वह्नयः-સંસારને સુખ પ્રાપ્ત કરાવનાર, विश्वे-સર્વ देवासः વેદ પારંગત વિદ્વાનો ! તમે मेधम्-જ્ઞાન અને ક્રિયાથી સિદ્ધ કરવા યોગ્ય યજ્ઞને जुवन्त-પ્રીતિપૂર્વક યથાવત્ સેવન કરો. (૯)

*ભાવાર્થ : ઈશ્વર આજ્ઞા આપે છે કે-હે વિદ્વાનો તમે અન્યના વિનાશ અને દ્રોહથી રહિત તથા વિજ્ઞાન વિદ્યાથી ક્રિયાવાન બનીને સર્વ મનુષ્યોને સદા વિદ્યાથી સુખ આપતા રહો. (૯)*

पा॒व॒का नः॒ सर॑स्वती॒ वाजे॑भिर्वा॒जिनी॑वती। य॒ज्ञं व॑ष्टु धि॒याव॑सुः॥ १०॥

પદાર્થ : वाजेभिः-જે સર્વ વિદ્યાઓની પ્રાપ્તિને નિમિત્ત અન્નાદિની સાથેवाजिनीवती-સર્વ વિદ્યાઓને સિદ્ધ કરનારી ક્રિયાઓથી યુક્ત, અને ક્રિયા પ્રાપ્તિના હેતુભૂત વ્યવહારો યુક્ત धियावसुः-શુદ્ધ કર્મની સાથે વાસ પ્રાપ્ત કરાવનારી पावका-પવિત્ર-વિદ્યાકારક વ્યવહારોને બતાવનારી सरस्वती-પ્રશંસિત જ્ઞાન આદિ ગુણોથી યુક્ત સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત કરાવનારી વાણી છે,-તે, नः-અમારા यज्ञम्-શિલ્પવિદ્યાની મહિમા અને કર્મ રૂપ યજ્ઞને वष्टु-પ્રકાશ કરનારી બને, ઈચ્છા-સિદ્ધિની પ્રકાશિકા બને. (૧૦)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ આપે છે કે-સર્વ મનુષ્યોએ પોતાની વાણીને સત્યવિદ્યા અને સત્યભાષણથી યુક્ત, ક્રિયા કુશળ અને સર્વનો ઉપકાર કરનારી બનાવવી જોઈએ. (૧૦)*

चो॒द॒यि॒त्री सू॒नृता॑नां॒ चेत॑न्ती सुम॒ती॒नाम्। य॒ज्ञं द॑धे॒ सर॑स्वती॥ ११॥

પદાર્થ : सूनृतानाम्-જે અનૃત-અસત્ય વચનનો નાશ કરનાર અને સત્ય કર્મનું સદા સેવન કરનાર, सुमतीनाम्-અત્યંત શ્રેષ્ઠ બુદ્ધિ અને વિદ્યાવાન વિદ્વાનોની चेतन्ती-સમજનારી અર્થાત્ કાર્યોને સિદ્ધ કરનારી चोदयित्री-શુભ ગુણોને ગ્રહણ કરવાની પ્રેરણા કરનારી सरस्वती-વાણી છે, તે જ સર્વ મનુષ્યોના શુભ ગુણોનો પ્રકાશ કરનાર યજ્ઞ આદિ કર્મ ધારણ કરનારી હોય છે. (૧૧)

*ભાવાર્થ : જે નિશ્ચિત રૂપથી આપ્ત = વિદ્વાન છે તેની સત્યરૂપી લક્ષણ યુક્ત, પૂર્ણ વિદ્યાથી યુક્ત, છળકપટ વગેરે દોષોથી રહિત અને યથાર્થ વાણી છે, તે મનુયોને સત્ય જ્ઞાન માટે યોગ્ય છે. અવિદ્વાનો-*

*અયોગ્ય છે. (૧૧)*

**महो अर्णः सरस्वती प्रचेतयति केतुना। धियो विश्वा वि राजति॥१२॥**

પદાર્થ : જે સરસ્વતી-વાણી કેતુના-ઉત્તમ કર્મો અથવા શ્રેષ્ઠ પ્રજ્ઞા = બુદ્ધિથી મહઃ-મહાન કે અગાધ अर्णः શબ્દ રૂપી સમુદ્રનેप्रचेतयति-શ્રેષ્ઠ રીતે પ્રકાશિત કરનારી છે, તે જ પ્રાણીઓ-મનુષ્યોની विश्वाः धियः-સર્વ ધારણાવતી બુદ્ધિઓને विराजति-વિવિધ રૂપથી પ્રકાશિત કરનારી છે. (૧૨)

*ભાવાર્થ : જેમ વાયુ દ્વારા તરંગયુક્ત અને સૂર્ય દ્વારા પ્રકાશિત સમુદ્ર પોતાના જળતરંગો અને રત્નો રહિત અને રત્નોથી યુક્ત હોવાના કારણે શ્રેષ્ઠ વ્યવહાર અને રત્નાદિની પ્રાપ્તિના કારણે મહાન માનવામાં આવે છે, તેમ જ આકાશમાં રહેલ અને વેદોમાં રહેલ એ મહાન શબ્દ સમુદ્રના પ્રકાશના હેતુ જે વેદવાણી અને વિદ્વાનોનો ઉપદેશ છે. તે મનુષ્યોને યથાર્થરૂપમાં મેધા = બુદ્ધિ અને વિજ્ઞાન પ્રદાન કરનાર છે. (૧૨)*

સંગતિ : પ્રથમ બે સૂક્તોની વિદ્યાનો પ્રકાશ કરીને આ તૃતીય સૂક્તમાં ક્રિયાહેતુ 'अश्वि' શબ્દનો અર્થ અને તેને સિદ્ધિ કરનારા વિદ્વાનોનું લક્ષણ, વિદ્વાન બનવાના હેતુભૂત સરસ્વતી શબ્દથી સર્વ વિદ્યા પ્રાપ્તિની નિમિત્તવાણીનો પ્રકાશ કરવાથી સમજવું જોઈએ કે દ્વિતીય સૂક્તના અર્થની સાથે તૃતીય સૂક્તના અર્થની સંગતિ છે. (૩)

## સૂક્ત-૪

**सुरूपकृत्नुमूतये सुदुघामिव गोदुहे। जुहूमसि द्यविद्यवि॥१॥**

પદાર્થ : इव-જેમ દૂધનો ઈચ્છુક કોઈ મનુષ્ય गोदुहे-દૂધ દોહવા માટે सुदुधाम्-દોહવામાં સુલભ ગાયોને દોહીને પોતાની કામના-ઈચ્છા પૂર્ણ કરે છે, તેમ અમે द्यविद्यवि-પ્રતિદિન વિદ્યાથી યુક્ત અમારી નજીક મનુષ્યોની ऊतये-વિદ્યાની પ્રાપ્તિ માટે सुरूपकृत्नुम्-ઈન્દ્ર =પરમેશ્વર અને ઈન્દ્ર = સૂર્ય પોતાના પ્રકાશથી સર્વ પદાર્થોને સુરૂપ બનાવે છે. તેની जुहूमसि-સ્તુતિ કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : જેમ મનુષ્ય ગાયનું દૂધ પ્રાપ્ત કરીને પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે, તેમ ધાર્મિક વિદ્વાનજન ઈશ્વરની ઉપાસનાથી શ્રેષ્ઠ વિદ્યા આદિ ગુણોને પ્રાપ્ત કરીને પોતાનાં કાર્યોને પૂર્ણ કરે છે. (૧)*

**उप नः सवनागहि सोमस्य सोमपाः पिब। गोदा इद्रेवतो मदः॥२॥**

પદાર્થ : सोमपाः-જેથી તે સર્વ પદાર્થોનો રક્ષક સૂર્ય पिब-રસનું પાન કરાવે છે, गोदाः-નેત્ર ઈન્દ્રિયને વ્યવહાર પ્રદાન કરનાર इन्द्रः-સૂર્ય सोमस्य-ઉત્પન્ન થયેલ આ કાર્ય રૂપ જગતમાં પોતાનાં કિરણો દ્વારા सवना-ઐશ્વર્યયુક્ત પદાર્થોને પ્રકાશિત કરવા માટે उपागहि-સન્મુખ આવે છે-પ્રકટ થાય છે, એટલા માટે इत-જ नः-અમારા માટે તથા रेवतः-પુરુષાર્થથી શ્રેષ્ઠ પદાર્થ પ્રાપ્ત કરનારા જીવ-મનુષ્યો માટે मदः-આનંદદાયક બને છે. (૨)

*ભાવાર્થ : જેવી રીતે સૂર્યના પ્રકાશમાં સર્વ જીવ પોત-પોતાનું કાર્ય કરવામાં વિશેષરૂપથી પ્રવૃત્ત થાય છે, તેવી રીતે સુખપૂર્વક કાર્ય કરી શકતા નથી. (૨)*

**अथा॑ ते॒ अन्त॑मानां वि॒द्याम॑ सुमती॒नाम्। मा नो॒ अति॑ख्य॒ आग॑हि॥ ३॥**

પદાર્થ : હે પરમ ઐશ્વર્યયુક્ત ઈન્દ્ર = પરમેશ્વર ! અમે ते-આપની अन्तमानाम्-સમીપ અર્થાત્ આપને જાણીને, આપની પાસે અને આપની આજ્ઞામાં સ્થિત રહેનારા, सुमतीनाम्-વેદાદિશાસ્ત્ર, પરોપકાર અને ધર્માચરણમાં શ્રેષ્ઠ મતિ-બુદ્ધિમાન આપ્ત વિદ્વાનોના સમાગમથી विद्याम-જાણીએ. આપ नः-અમને आगहि-પ્રાપ્ત થાઓ અર્થાત્ અમારા આત્મામાં પ્રકાશિત થાઓ.

अथ-તદનન્તર કૃપા કરીને અન્તર્યામી રૂપમાં અમારા આત્માઓમાં સ્થિત થઈને સત્ય ઉપદેશને मातिख्यः-કદી રોકો નહિ, પરંતુ સદા તેની પ્રેરણા કરતા રહો. (૩)

*ભાવાર્થ : જ્યારે મનુષ્યો ધાર્મિક શ્રેષ્ઠ વિદ્વાનોના (સમાગમથી) શિક્ષા અને વિદ્યા પ્રાપ્ત કરે છે, ત્યારે પૃથિવીથી લઈને પરમેશ્વર સુધીના સર્વ પદાર્થોને જાણીને તથા સુખ પ્રાપ્ત કરીને ફરી તેઓ કદી પણ અન્તર્યામી ઈશ્વરના ઉપદેશને છોડીને જ્યા-ત્યાં ભટકતા નથી. (૩)*

**परे॑हि॒ विग्र॒मस्तृ॑त॒मिन्द्रं॑ पृच्छा विप॒श्चित॑म्। यस्ते॒ सखि॑भ्य॒ आ वर॑म्॥ ४॥**

પદાર્થ : હે વિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર મનુષ્ય ! તું यः-જે વિદ્વાન ते-તારા માટે તથા सखिभ्यः-મિત્ર સ્વભાવવાળા લોકો માટે અર્થાત્ મિત્રો માટે आ-સર્વત્રથી वरम्-પરમ શ્રેષ્ઠ વિજ્ઞાન ધન પ્રદાન કરે છે, તે विग्रम्-મેધાવી = શ્રેષ્ઠ બુદ્ધિમાન अस्तृतम्-હિંસાદિ અધર્મથી રહિત इन्द्रम्-વિદ્યાના કારણે પરમ ઐશ્વર્યયુક્ત विपश्चितम्-આપ્ત-યથાર્થ સત્ય કહેનાર વિદ્વાનની પાસે જઈને पृच्छ-પોતાની શંકા પૂછ. અને તેના યથાર્થ ઉત્તરોને ગ્રહણ કરીને અન્યોને પણ તું તેનો ઉપદેશ કર, સંદેહોને જોઈને ઉત્તરોને ગ્રહણ કર. પરંતુ જે અવિદ્વાન-મૂર્ખ, ઈર્ષાળુ, કપટી અને સ્વાર્થી હોય, તેનાથી સર્વદા परा + इहि-પૃથક રહે અર્થાત્ દૂર રહે. (૪)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોને એ યોગ્ય છે કે-પ્રથમ પરોપકારી, પંડિત, ઈશ્વર વિશ્વાસી, વેદોના જ્ઞાતા પુરુષને જાણીને, ત્યારપછી તેની સાથે પ્રશ્નોત્તર દ્વારા સર્વ શંકાઓનું નિવારણ કરવું જોઈએ. પરંતુ જે વિદ્યાહીન છે, તેની સાથે સંગ, પ્રશ્નોત્તર અને વિશ્વાસ કદીપણ કરવો જોઈએ નહિ. (૪)*

**उ॒त ब्रु॑वन्तु॒ नो॒ निदो॒ निर॒न्यत॑श्चिदारत। दधा॑ना॒ इन्द्र॒ इद्दुवः॥ ५॥**

પદાર્થ : જે इन्द्रै-પરમૈશ્વર્યયુક્ત પરમેશ્વરની दुवः-પરિચર્યા = ઉપાસનામાં મનને ધારણ કરનારા મનુષ્યો સર્વ વિદ્યાઓ, ધર્મ અને પુરુષાર્થમાં રત રહે છે, તેઓ उत-જ नः-અમને સર્વ વિદ્યાઓનો बुवन्तु-ઉપદેશ કરે.

તથા જે चित्-અન્ય નાસ્તિક, निदः-નિંદક, અવિદ્વાન અને ધૂર્ત મનુષ્યો છે, તેઓ સર્વ इत-આ દેશથી निर + आरत-દૂર ચાલ્યા જાય, उत-અને નિશ્ચય રૂપથી બીજા દેશોથી પણ દૂર ચાલ્યા જાય, અર્થાત્ અધાર્મિક લોકો કોઈ દેશમાં ન રહે. (૫)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ આપ્ત વિદ્વાનોના સંગથી અને મૂર્ખોના સંગના ત્યાગથી એવી રીતે પુરુષાર્થ કરવો જોઈએ કે, જેથી સર્વત્ર વિદ્યાની વૃદ્ધિ, અવિદ્યાની હાનિ, માનનીયોનો સત્કાર, દુષ્ટોનું તાડન, ઈશ્વરની ઉપાસના, પાપીઓનું નિવારણ અને ધાર્મિકોની નિત્ય વૃદ્ધિ થાય. (૫)*

**उत नः सुभगाँ अरिर्वोचेयुर्दस्म कृष्टयः। स्यामेदिन्द्रस्य शर्मणि॥ ६ ॥**

પદાર્થ : હે दस्म-વિનાશરહિત અને દુષ્ટોને દંડ આપનાર જગદીશ્વર ! અમે આપ इन्द्रस्य-પરમેશ્વરના પ્રદાન કરેલા शर्मणि-નિત્ય સુખ અને આજ્ઞા પાલન રૂપ વ્યવહારમાં इत्-જ નિત્ય પ્રવૃત્ત स्याम-રહીએ.

જે कृष्टयः-સર્વ મનુષ્યો-સર્વ જનોના પ્રત્યે પ્રીતિ પૂર્વક સર્વ વિદ્યાઓનો वोचेयुः-ઉપદેશ કરે, જેથી સત્ય ઉપદેશને પ્રાપ્ત કરેલ नः-અમને अरिः-શત્રુ उत-પણ सुभगान्-શ્રેષ્ઠ વિદ્યા-ઐશ્વર્યયુક્ત માને અને કહે. (૬)

*ભાવાર્થ : જ્યારે સર્વ મનુષ્યો વિરોધ છોડીને સર્વનો ઉપકાર કરવામાં પ્રયત્ન કરે છે, ત્યારે શત્રુ પણ મિત્ર-અવિરોધી બની જાય છે; માટે સર્વ મનુષ્યોને ઈશ્વરની કૃપા અને નિત્ય આનંદ પ્રાપ્ત થાય છે. (૬)*

**एमाशुमाशवे भर यज्ञश्रियं नृमादनम्। पतयन्मन्दयत्सखम्॥ ७ ॥**

પદાર્થ : હે इन्द्र-પરમેશ્વર ! આપની કૃપાથી અમે-आशवे-વાહનોમાં સર્વ સુખ અને શીઘ્ર વેગ આદિ ગુણોની પ્રાપ્તિ માટે आशुम्-વેગ આદિ ગુણવાળા અગ્નિ, વાયુ આદિ પદાર્થ यज्ञश्रियम्-ચક્રવર્તી રાજ્ય વગેરેની મહિમાની શોભા नृमादनम्-મનુષ્યોને અત્યંત આનંદ આપનાર पतयत्-પતિ = સ્વામી બનાવનાર, मन्दयत्सखम्-વિદ્યાનો ઉપદેશ કરનારા મિત્ર લોકો જેથી પ્રસન્ન થાય છે, તે વિજ્ઞાન આદિ ધનને તથા (ईम्) જળ અને પૃથિવીને आभर-સર્વત્રથી પ્રદાન કરો. (૭)

*ભાવાર્થ : ઈશ્વર પુરુષાર્થી મનુષ્ય પર કૃપા કરે છે. આળસુ પર નહિ, કારણ કે જ્યાં સુધી મનુષ્ય સ્વયં પૂર્ણ પુરુષાર્થ કરતો નથી, ત્યાં સુધી ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત પદાર્થોની રક્ષા કરવામાં પણ સમર્થ બની શકતો નથી. તેથી મનુષ્યે પુરુષાર્થી બનીને ઈશ્વર-કૃપાની કામના કરવી જોઈએ. (૭)*

**अस्य पीत्वा शतक्रतो घनो वृत्राणामभवः। प्रावो वाजेषु वाजिनम्॥ ८ ॥**

પદાર્થ : હે शतक्रतो-અસંખ્ય કર્મોયુક્ત શૂરવીર પુરુષોત્તમ ! જેમ घनः-મૂર્તિમાન દઢ આ સૂર્યલોક अस्य-આ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ સમસ્ત જગતના અથવા જળના રસનું पीत्वा-પાન કરીને वृत्राणाम्-મેઘ-વાદળાઓનાં અંગ રૂપ જળબિન્દુઓને વરસાવીને સર્વ ઔષધિ આદિ પદાર્થોને પુષ્ટ કરીને प्रावः-રક્ષા કરે છે, તેમ જ પોતાના પ્રકાશથી સર્વને પ્રકાશિત કરે છે, તેમજ તું પણ સર્વ રોગો, દુષ્ટ અને શત્રુજનોનો નાશ કરનાર બનીને अस्य-આ જગતની રક્ષા કરનાર अभवः-બન.

એજ રીતે જે वाजेषु-દુષ્ટોની સાથે યુદ્ધોમાં પ્રવર્તમાન ધાર્મિક वाजिनम्-શૂરવીર પુરુષની અથવા

સૂર્યલોકની પ્રાવઃ-સારી રીતે રક્ષા કર. (૮)

*ભાવાર્થ : જેમ જે મનુષ્ય દુષ્ટોની સાથે ધર્મપૂર્વક યુદ્ધ કરે છે, તેનો જ વિજય થાય છે અન્યનો નહિ, તેમ પરમેશ્વર પણ ધાર્મિક યોદ્ધા મનુષ્યોનો સહાયક બને છે; અન્યનો નહિ. (૮)*

**तं त्वा वाजेषु वाजिनं वाजयामः शतक्रतो। धनानामिन्द्र सातये॥ ९ ॥**

પદાર્થ : હે शतक्रतो-અસંખ્ય વસ્તુઓમાં પ્રજ્ઞા = બુદ્ધિ રાખનાર इन्द्र-પરમૈશ્વર્યવાન જગદીશ્વર ! અમે धनानाम्-પૂર્ણ વિદ્યા અને રાજ્ય સિદ્ધ કરનારા પદાર્થોના सातये-સુખ ભોગ અથવા સારી રીતે સેવન કરવા માટે वाजेषु-યુદ્ધાદિ વ્યવહારોમાં वाजिनम्-વિજય પ્રાપ્ત કરાવનાર तम्-પૂર્વોક્ત ગુણયુક્ત त्वा-આપ ઈન્દ્ર = પરમેશ્વરને જ वाजयामः-નિત્ય પ્રતિ જાણવા અને જણાવવાનો પ્રયત્ન કરીએ છીએ. (૯)

*ભાવાર્થ : જે મનુષ્ય દુષ્ટોને યુદ્ધ દ્વારા નિર્બળ કરીને, જિતેન્દ્રીય વિદ્વાન બનીને, જગદીશ્વરની આજ્ઞાનું પાલન કરે છે; તે જ મનુષ્ય ધન અને વિજયને પ્રાપ્ત કરે છે. (૯)*

**यो रायो३वनिर्महान्त्सुपारः सुन्वतः सखा। तस्मा इन्द्राय गायत॥ १० ॥**

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! यः-જે પરમેશ્વર કરુણામય, महान-સર્વથી મહાન, सुपारः-સારી રીતે સર્વ કામનાઓને પરિપૂર્ણ કરનાર, सुन्वतः-ધર્મ અને વિદ્યાને પ્રાપ્ત કરેલ મનુષ્યને सखा-મિત્ર ભાવે સુખ પ્રદાન કરનાર, रायः-વિદ્યા, સુવર્ણ આદિ ધનના अवनिः-રક્ષક, પ્રાપક = સંસારમાં ઉક્ત પદાર્થોને જીવોને પહોંચાડનાર અને દાતા છે. તમે લોકો तस्मै-તે इन्द्राय-પરમ ઐશ્વર્યવાન ઈન્દ્રની જ गायत-સ્તુતિ કરો. (૧૦)

*ભાવાર્થ : કોઈ મનુષ્યે માત્ર પરમેશ્વરની સ્તુતિ કરવાથી સંતુષ્ટ ન રહેવું જોઈએ, પરંતુ તેની આજ્ઞામાં રહેવાથી (પાલન કરવાથી સંતુષ્ટ રહેવું જોઈએ.) તે અમને સર્વત્ર જોઈ રહેલ છે (તેમ માનીને) અધર્મથી દૂર રહીને તે ઈશ્વરની સહાયના ઈચ્છુક મનુષ્યે સદા પુરુષાર્થમાં પ્રવૃત્ત રહેવું જોઈએ. (૧૦)*

સંગતિ : તૃતીય સૂક્તમાં કહેલ વિદ્યા દ્વારા પરમેશ્વર, જ્ઞાન, આત્મા, શરીર અને દઢતાની પ્રાપ્તિથી દુષ્ટોથી વિજય કરવાથી અને પુરુષાર્થથી ચક્રવર્તી રાજ્ય ધાર્મિક વિદ્વાનોએ પ્રાપ્ત કરવું જોઈએ વગેરે અર્થ કરીને આ ચોથા સૂક્તના અર્થની સંગતિ સમજવી જોઈએ. (૪)

## સૂક્ત-૫

**आ त्वेता निषीदतेन्द्रमभि प्रगायत। सखायः स्तोमवाहसः॥ १ ॥**

પદાર્થ : હે स्तोमवाहसः-પ્રશંસનીય ગુણયુક્ત અથવા પ્રશંસા કરવા યોગ્ય सखायः-પરસ્પર મિત્ર બનીને રહેનારા વિદ્વાનો ! તમે સર્વ મળીને પરસ્પર પ્રીતિપૂર્વક મુક્તિ અને શિલ્પવિદ્યાને સિદ્ધ કરવામાં

आनिषीदत-સર્વત્રથી સ્થિર થાઓ. અર્થાત્ તેની નિરંતર સારી રીતે યત્નપૂર્વક સાધના કરવા માટે इन्द्रम्-પરમેશ્વર અને વાયુના (ઇન્દ્ર શબ્દથી પરમેશ્વર અને શિલ્પવિદ્યા તથા પ્રાણીઓના જીવનના હેતુથી સ્પર્શગુણ વાળા વાયુનું ઋગ્વેદ૦ ૧/૧૪/૧૦ પ્રમાણથી ગ્રહણ થાય છે.) अभिप्रगायत-મુખ્ય રૂપ અને ઉત્તમ રીતે વિદ્યાની સિદ્ધિ માટે ગુણોનો ઉપદેશ કરો અને તેને સાંભળો, જેથી તે શ્રેષ્ઠ રીતે સિદ્ધ કરેલ વિદ્યા સર્વથી પ્રકાશિત થાય. तु-અને તેથી તમે સર્વજનો સર્વ સુખોને एत-પ્રાપ્ત કરો. (૧)

*ભાવાર્થ : જ્યાં સુધી મનુષ્યો હઠ, છળ-કપટ અને અભિમાનનો ત્યાગ કરીને સત્ય, પ્રીતિપૂર્વક પરસ્પર ઉપકાર માટે (તન, મન અને ધનથી) મિત્ર સમાન પ્રયત્ન કરતા નથી, ત્યાં સુધી તેઓના સુખ અને વિદ્યાદિ શ્રેષ્ઠ ગુણોની કદી પણ ઉન્નતિ થઈ શકતી નથી. (૧)*

**पुरूतमं पुरूणामीशानं वार्याणाम्। इन्द्रं सोमे सचा सुते॥ २॥**

### [પરમેશ્વર]

પદાર્થ : હે सखायः-પરસ્પર મિત્ર ભાવથી રહેનારા વિદ્વાનો ! તમે वार्याणाम्-વરણ કરવા યોગ્ય અર્થાત્ અત્યંત ઉત્તમ પદાર્થોમાં સ્વીકાર કરવા યોગ્ય, पुरुतमम्-બહુ દુષ્ટ સ્વભાવવાળા જીવોને પાપ કર્મોના ફળ આપીને ગ્લાનિ પ્રાપ્ત કરાવનાર, ईशानम्-સૃષ્ટિ-રચનામાં સમર્થ, पुरुणाम्-આકાશથી પૃથિવી સુધીના અસંખ્ય પદાર્થોના इन्द्रम्-સમસ્ત ઐશ્વર્યનું પ્રદાન કરનાર પરમેશ્વરના अभिप्रयागत-ગુણોના ઉપદેશ કરો અને સાંભળો ( तु ) અને જે सूते-અભિષવ-વિદ્યાથી પ્રાપ્ત सोमे-સેવન કરવા યોગ્ય સર્વ પદાર્થોમાં सचा-સચવેલ પદાર્થ છે, તે સર્વના ઉપકાર માટે યથાયોગ્ય તેનો अभिप्रगायत-શ્રેષ્ઠ રીતે વિદ્યાની વૃદ્ધિ માટે ગુણગાન કરો અને તેના ગુણોને સાંભળો.

### [ભૌતિક વાયુ]

હે सखायः-પરસ્પર મિત્રભાવથી રહેનારા વિદ્વાનો તમે वार्याणाम्-વરણ કરવા યોગ્ય અર્થાત્ અત્યંત ઉત્તમ પદાર્થોમાં સ્વીકાર કરવા યોગ્ય पुरुतमम्-પાપકર્મના ફળ-ભોગના હેતુ, इशानम्-પરમેશ્વરની મધ્યમાં સ્થિત વિદ્યાના સાધક, पुरुणाम्-આકાશથી પૃથિવી સુધીના અનેક પદાર્થોમાં इन्द्रम्-આત્માના સર્વ ભોગ હેતુભૂત વાયુના अभि + प्रयागत-મુખ્ય રૂપથી તથા શ્રેષ્ઠ રીતે વિદ્યાની સિદ્ધિને માટે ગુણોનો ઉપદેશ કરો અને સાંભળો. तु-અને જે सुते-અભિષવ-વિદ્યાથી યુક્ત सोमे-તે વિદ્યાથી પ્રાપ્ત થવા યોગ્ય सचा-જે સમવેત પદાર્થ છે; તેને સર્વના ઉપકારને માટે યથાયોગ્ય अभि + प्र + गायत-મુખરૂપથી અને ઉત્તમ રીતે વિદ્યા-સિદ્ધિ માટે તેના ગુણોનો ઉપદેશ કરો અને સાંભળો. (૨)

*ભાવાર્થ : પૂર્વ મંત્રમાંથી આ મંત્રમાં 'सखायः' तु अभिप्रणायत એ ત્રણ શબ્દોને અર્થ માટે લેવા જોઈએ. યથાયોગ્ય વ્યવસ્થાથી જીવોને તે-તે કર્મોના ફલદાતા હોવાથી ઈશ્વરનું તથા એ કર્મનો ભોગ કરાવનારને કારણે અને વિદ્યા તથા સર્વ ચેષ્ટા-ક્રિયાઓનો સાધક હોવાથી ભૌતિક અર્થાત્ સંસારી વાયુનું એમ બે અર્થનું ગ્રહણ થાય છે. (૨)*

**स घा नो योग आभुवत्स राये स पुरंन्ध्याम्। गमद्वाजेभिरा स नः॥ ३॥**

### [પરમેશ્વર]

પદાર્થ : સઃ-તે ઈન્દ્ર = પરમેશ્વર-ઘા-જ નઃ-અમારા યોગે-સર્વ સુખ-સાધનોની પ્રાપ્તિના સાધક યોગમાં સહાયક આ + ભુવત્-સર્વત્રથી થાય, તથા સઃ-તે પરમેશ્વર જ રાયે-પરમ ઉત્તમ ધનની પ્રાપ્તિ માટે, સઃ-અને તે પરમેશ્વર પુરન્ધ્યામ્-અનેક શાસ્ત્ર વિદ્યાથી યુક્ત બુદ્ધિમાં પ્રકાશ કરનાર થાય.

આ રીતે સઃ-તે પરમેશ્વર જ વાજેભિઃ-ઉત્તમ અન્નોની સાથે નઃ-અમને આ + ગમત્ આજ્ઞા પ્રદાન કરે.

### [ભૌતિક-વાયુ]

સઃ-તે ઈન્દ્ર = વાયુ ઘા-જ નઃ-અમારા યોગે-સહાયક અને વ્યવહાર-વિદ્યાના ઉપયોગ માટે આ + ભુવત્-સર્વત્રથી વર્તમાન; તથા સઃ-તે વાયુ જ રાયે-પરમ ઉત્તમ ધનની પ્રાપ્તિ માટે અને સઃ-તે વાયુ પુરન્ધ્યામ્-અનેક શાસ્ત્ર-વિદ્યાથી યુક્ત બુદ્ધિમાં પ્રકાશ કરનાર હોય છે.

એજ રીતે સઃ-તે વાયુ જ વાજેભિઃ-વિમાન આદિ યાનોથી અમને આગમત્-સર્વત્ર લઈ જાય છે. (૩)

*ભાવાર્થ : ઈશ્વર પુરુષાર્થી મનુષ્યને સહાય કરનાર હોય છે; આળસુને નહિ. વાયુ પણ પુરુષાર્થથી કાર્ય સિદ્ધિમાં ઉપયોગી બને છે, કોઈને પણ પુરુષાર્થ વિના ધન અને બુદ્ધિનો લાભ પ્રાપ્ત થતો નથી; અને તે બન્ને વિના કદી પણ ઉત્તમ સુખ પ્રાપ્ત થતું નથી. એટલા માટે સર્વ મનુષ્યોએ પુરુષાર્થી અને આશાવાન બનવું જોઈએ. (૩)*

**यस्य॑ सं॒स्थे न वृ॒ण्वते॒ हरी॑ स॒मत्सु॒ शत्र॑वः। तस्मा॒ इन्द्रा॑य गायत॥४॥**

### [પરમેશ્વર]

પદાર્થ : હે મનુષ્યો ! તમે યસ્ય-જે પરમેશ્વરના હરી-હરણશીલ બળ અને પરાક્રમ સંસ્થે-આ જગતમાં છે, યસ્ય-જે પરમાત્માની સહાયથી શત્રવઃ-શત્રુ સમત્સુ-યુદ્ધોમાં ન વૃણ્વતે-સારી રીતે બળ કરી શકતા નથી. તસ્મૈ-તે ગુણોથી યુક્ત તે ઇન્દ્રાય-પરમેશ્વરને નિત્ય ગાયત-ગુણોની સ્તુતિ અને શ્રવણથી જાણો.

### [સૂર્યલોક]

હે મનુષ્યો ! તમે યસ્ય-જે સૂર્યલોકના હરી-હરણશીલ પ્રકાશ અને આકર્ષણ નામક ગુણ સંસ્થે-આ જગતમાં છે; યસ્ય-જે સૂર્યલોકની સહાયથી શત્રવઃ-શત્રુ સમસ્તુ-યુદ્ધોમાં ન વૃણ્વતે સારી રીતે બળ કરી શકતા નથી; તસ્મૈ-ઉક્ત ગુણોથી યુક્ત તે ઇન્દ્રાય-સૂર્યની નિત્ય ગાયત-ગુણોથી સ્તુતિ અને શ્રવણ કરો. (૪)

*ભાવાર્થ : જ્યાં સુધી મનુષ્યો પરમેશ્વરને પોતાના ઈષ્ટદેવ માનનાર અને તેને પ્રિય તથા બળવાન બનતા નથી, ત્યાં સુધી તેમાં દુષ્ટ શત્રુઓને નિર્બળ કરવાની શક્તિ આવતી નથી. (૪)*

सु॒तपा॑व्ने सु॒ता इ॒मे शुच॑यो यन्ति वी॒तये॑। सोमा॑सो॒ दध्या॑शिरः॥५॥

પદાર્થ : ઈન્દ્ર અર્થાત્ પરમેશ્વર, વાયુ અને સૂર્યથી सुतपाव्ने-મુખ્ય રૂપથી ઉત્પન્ન કરેલ પદાર્થોના રક્ષક જીવને માટે, वीतये-જ્ઞાન અને ભોગ માટે, इमे-એ સર્વ दध्याशिरः-પુષ્ટિ કરનાર અને સર્વત્રથી નષ્ટ થનાર शुचयः-પવિત્ર, सोमासः-ઉત્તમ વ્યવહારોના ઉત્પત્તિ-સ્થાન સર્વ પદાર્થોને सुता-ઉત્પન્ન કરેલ છે, પવિત્ર કરેલ છે, તેથી તેને સર્વ જીવ यन्ति-પ્રાપ્ત કરે છે. (૫)

*ભાવાર્થ : ઈશ્વર દ્વારા સર્વ જીવો પર કૃપા કરીને કર્માનુસાર ફળ આપવા માટે સમસ્ત કાર્ય જગતની રચના કરવામાં આવેલ છે અને તેને પવિત્ર કરવામાં આવેલ છે, એજ રીતે પવિત્ર કરનાર સૂર્ય અને વાયુ છે. તેના કારણે જ સર્વ જડ પદાર્થ અને જીવ પવિત્ર છે, પરન્તુ જે મનુષ્ય પવિત્ર ગુણ-કર્મોને ગ્રહણ કરવામાં પુરુષાર્થી બનીને તેનો યથાવત્ ઉપયોગ સ્વયં ગ્રહણ કરીને અન્યોને ગ્રહણ કરાવે છે; તેઓજ 'પવિત્ર' બનીને સુખી થાય છે. (૫)*

त्वं सु॒तस्य॑ पी॒तये॑ स॒द्यो वृ॒द्धो अ॑जायथाः। इन्द्र॒ ज्यैष्ठ्या॑य सुक्रतो॥६॥

પદાર્થ : હે इन्द्र-વિદ્યાદિ પરમ ઐશ્વર્યથી યુક્ત, सुक्रतो-શ્રેષ્ઠ કર્મ અને બુદ્ધિથી યુક્ત વિદ્વાન્ મનુષ્ય ! त्वम्-તું सद्यः-શીઘ્ર सुतस्य-ઉત્પન્ન થયેલ આ જગતના પદાર્થ સમૂહના રસનું पीतये-પાન અથવા ગ્રહણ કરવા માટે ज्यैष्ठ्याय-અતિ શ્રેષ્ઠ કર્મોનું અનુષ્ઠાન કરવા માટે वृद्धः-વિદ્યાદિ શુભ ગુણોના જ્ઞાનને ગ્રહણ કરવા અને સર્વનો ઉપકાર કરવામાં શ્રેષ્ઠ अजायथाः-બન. (૬)

*ભાવાર્થ : ઈશ્વર જીવને ઉપદેશ આપે છે કે-હે મનુષ્ય ! તું જ્યાં સુધી વિદ્યામાં વૃદ્ધ બનીને સારી રીતે પુરુષાર્થ અને પરોપકાર નહિ કરે, ત્યાં સુધી તું માનવતા-મનુષ્યપણું અને સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરી શકીશ નહિ, તેથી તું ધાર્મિક બનીને પુરુષાર્થી બન. (૬)*

आ त्वा॑ विशन्त्वा॒शवः॒ सोमा॑स इन्द्र गिर्वणः। शन्ते॑ सन्तु॒ प्रचे॑तसे॥७॥

પદાર્થ : હે ધાર્મિક ! गिर्वणः-પ્રશંસા યોગ્ય કર્મ કરનાર અર્થાત્ વાણી દ્વારા સ્તુતિને યોગ્ય, इन्द्र-વિદ્વાન મનુષ્ય ! आशवः-વેગાદિ ગુણોથી યુક્ત, સર્વ ક્રિયાઓમાં વ્યાપ્ત सोमासः-સર્વ પદાર્થ त्वा-તને आ + विशन्तु-પ્રાપ્ત થાય તથા એ પ્રકારના ગુણોથી प्रचेतसे-શુદ્ધ જ્ઞાનવાળા ते-આપને માટે મારા અનુગ્રહથી એ સર્વ પદાર્થ शम्-સુખકારક सन्तु-થાય. (૭)

*ભાવાર્થ : ઈશ્વર એવા જીવને આશીર્વાદ આપે છે કે-જ્યારે જે મનુષ્ય વિદ્વાન્ પરોપકારી બનીને નિત્ય પુરુષાર્થ કરે છે, ત્યારે સર્વ પદાર્થોથી ઉપકાર ગ્રહણ કરીને સર્વ પ્રાણીઓને સુખી કરે છે, તે સર્વ સુખોને પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. (૭)*

त्वां स्तोमा॑ अवीवृधन् त्वामु॒क्था श॑तक्रतो। त्वां व॑र्धन्तु नो॒ गिरः॥८॥

પદાર્થ : હે शतक्रतो-અસંખ્ય કર્મો અનંત પ્રજ્ઞાયુક્ત ઈશ્વર ! જેમ स्तोमाः-વેદનો સ્તુતિ સમૂહ-સ્તોત્ર उक्था-પ્રશંસનીય સ્તોત્ર આપને अवीवृधन्-અત્યંત પ્રસિદ્ધ કરે છે, તેમ नः-અમારી गिरः-વિદ્યા અને સત્યભાષણ યુક્તવાણી પણ त्वाम्-આપને वर्धन्तु-સર્વથા પ્રકાશિત કરે. (૮)

*ભાવાર્થ : જેમ-જે સંસારમાં પૃથિવી અને સૂર્ય આદિ રચેલ પદાર્થ છે, તે સર્વ, સર્વના રચયિતા પરમેશ્વરનું જ્ઞાન કરાવીને, તેને પ્રકાશિત કરે છે; તેમ તે ઉપકારોને તથા પરમાત્માના ગુણોને સમ્યક્ રીતે જાણીને વિદ્વાનજનો પણ એવા જ કર્મમાં પ્રવૃત્ત થાય. (૮)*

**अक्षितोतिः सनेदिमं वाजमिन्द्रः सहस्रिणम्। यस्मिन् विश्वानि पौंस्या॥ ९ ॥**

પદાર્થ : अक्षितोतिः-ક્ષય રહિત જ્ઞાનવાન इन्द्रः સર્વ ઐશ્વર્યયુક્ત પરમેશ્વર છે, તે કૃપા કરીને અમારા માટે यस्मिन्-જેના વ્યવહારમાં विश्वानि-સર્વ पौंस्या-પુરુષ બળ છે, इमम्-એ सहस्रिणम्-સહસ્ર = અસંખ્ય સુખોના દાતા वाजम्-પદાર્થોના વિજ્ઞાનને सनेत्-સમ્યક્ સેવન કરાવે, જેથી અમે શ્રેષ્ઠતમ સુખોને પ્રાપ્ત કરીએ. (૯)

*ભાવાર્થ : અમે-જેની સત્તાથી સંસારમાં પદાર્થ બળવાન બનીને એ પોતાના વ્યવહારમાં રહે છે, તે બળ આદિ ગુણો માટે, સર્વના સુખ માટે, પુરુષાર્થ કરીએ, તે પરમેશ્વર તે વ્યવહારમાં અમારી સહાયતા કરે એવી પ્રાર્થના કરીએ છીએ. (૯)*

**मा नो मर्त्ता अभिद्रुहन् तनूनामिन्द्र गिर्वणः। ईशानो यवया वधम्॥ १० ॥**

પદાર્થ : હે गिर्वणः-વેદ અને શિક્ષાથી સંસ્કૃત વાણીઓ દ્વારા સેવન કરવા યોગ્ય સર્વશક્તિમાન્ ! इन्द्र-સર્વ રક્ષક પરમેશ્વર ! ईशानः-સમર્થ આપ नः-અમારા तनूनाम्-શરીરો અથવા વિસ્તૃત પદાર્થોનું वधम्-હનન मा, यवय-કદી ન કરો તથા આપના ઉપદેશથી मर्त्ताः-મરણધર્મા = મનુષ્ય અને સર્વ પ્રાણીઓ नः-અમારાથી माभिद्रुहन्-કદી દ્રોહ ન કરે. (૧૦)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય અન્યાયથી કોઈ પ્રાણીની હિંસા કરવાની ઈચ્છા ન કરે, પરંતુ સર્વની સાથે મિત્રભાવથી વર્તન કરે. જેમ ઈશ્વર કોઈથી પણ દ્રોહ કરતો નથી, તેમ જ સર્વ મનુષ્યોએ આચરણ કરવું જોઈએ. (૧૦)*

સંગતિ : આ પંચમ સૂક્તમાં મનુષ્યોએ વિદ્યા દ્વારા કેવી રીતે પુરુષાર્થ અને સર્વનો ઉપકાર કરવો જોઈએ, એ વિષયનો ઉપદેશ કરવામાં આવેલ હોવાથી ચોથા સૂક્ત સાથે તેની સંગતિ છે, તેમ જાણવું જોઈએ. (૫)

## સૂક્ત-૬

**युञ्जन्ति ब्रध्नमरुषं चरन्तं परि तस्थुषः। रोचन्ते रोचना दिवि॥ १ ॥**

### [પરમેશ્વર]

પદાર્થ : જે મનુષ્યો अरुषम्-સર્વ મર્મસ્થાનોમાં વિદ્યમાન, હિંસારહિત પરમેશ્વર અને પ્રાણવાયુને તથા ब्रध्नम्-મહાન પરમેશ્વરને परि-સર્વત્ર तस्थुषः-વિદ્યમાન સર્વ સ્થાવર પદાર્થો અથવા મનુષ્યોને તથા चरन्तम्-સર્વ જગતના જાણવા અને સર્વત્ર વ્યાપ્ત પરમાત્માને પોતાના આત્મામાં युञ्जन्ति-ઉપાસના યોગ દ્વારા યુક્ત કરે છે, તેઓ रोचनाः-સ્વયં પ્રકાશિત અને સર્વના પ્રકાશક બનીને दिवि-પ્રકાશ સ્વરૂપ

બ્રહ્મમાં रोचन्ते-પ્રકાશિત થાય છે, તેમાં રુચિ કરાવનાર બને છે.

**[સૂર્ય-વાયુ]**

જે મનુષ્ય अरुषम् બાહ્ય પ્રદેશમાં રૂપના પ્રકાશક અને લાલ ગુણયુક્ત સૂર્યને ब्रध्नम्-શિલ્પવિદ્યાની સિદ્ધિ માટે સૂર્ય, અગ્નિ અથવા પ્રાણને परितः-સર્વત્રથી तस्थुषः-સ્થાવર પદાર્થો અથવા મનુષ્યોને चरन्तम्-સર્વત્ર વ્યાપ્ત કરનાર બાહ્ય પ્રદેશમાં વિદ્યમાન સૂર્ય અથવા વાયુને युञ्जन्ति-યુક્ત કરે છે, તેઓ સ્વયં પ્રકાશિત અને પ્રકાશક બનીને दिवि-સૂર્ય વગેરેના પ્રકાશમાં પ્રકાશિત થાય છે, તેમાં રુચિ કરાવનાર બને છે. (૧)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ કરે છે કે-જે મનુષ્ય નિશ્ચય વિદ્યા ભણાવવામાં તત્પર રહે છે-પુરુષાર્થી હોય છે, તેને જ સર્વ સુખો પ્રાપ્ત થાય છે. તેથી વિદ્વાન લોકો પૃથિવી આદિ પદાર્થોથી સ્વયં ઉપયોગ ગ્રહણ કરીને તથા અન્યોને ગ્રહણ કરાવીને સર્વ પ્રાણીઓને સુખી કરે. (૧)*

**युञ्जन्त्यस्य काम्या हरी विपक्षसा रथे। शोणा धृष्णू नृवाहसा॥ २॥**

પદાર્થ : હે વિદ્વાનો ! આપ अस्य-એ સૂર્ય રૂપ અગ્નિની काम्या-કામના કરવા યોગ્ય शोणा-વર્ણનો પ્રકાશક અને ગતિનો હેતુ धृष्णू-દૃઢ, विपक्षसा-વિવિધ કલા અને જળના ચક્રમાં ભ્રમણથી પાંખો રૂપ યંત્રોથી યુક્ત नृवाहसा-નરો-મનુષ્યોને દેશાન્તરમાં લઈ જનાર हरी-આકર્ષણ તથા વેગ અથવા શુક્લ પક્ષ અને કૃષ્ણપક્ષ રૂપી બે ઘોડા જેનાથી સર્વનું હરણ કરવામાં આવે છે, એ શ્રેષ્ઠ ગુણોને પૃથિવી, જળ અને આકાશમાં ગતિ કરનાર रथे-રથ-યાનોમાં युञ्जन्ति-યુક્ત કરો-જોડો. (૨)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ કરે છે કે-જ્યાં સુધી મનુષ્ય પૃથિવી, જળ અને અગ્નિ આદિ પદાર્થોના ગુણ-જ્ઞાન તથા ઉપકાર ગ્રહણથી પૃથિવી, જળ અને આકાશમાં ગમન કરવા માટે યાન = વાહન બનાવતા નથી, ત્યાં સુધી તેને દૃઢ રાજ્ય અને ધન આદિ ઉત્તમ સુખદાયક થતા નથી. (૨)*

**केतुं कृण्वन्नकेतवे पेशो मर्या अपेशसे। समुषद्भिरजायथाः॥ ३॥**

પદાર્થ : मर्य्याः-હે મરણધર્મા મનુષ્યો ! જે જગદીશ્વર अकेतवे-અજ્ઞાનરૂપી અંધકારના વિનાશને માટે केतुम्-ઉત્તમ જ્ઞાનને, अपेशसे-નિર્ધનતા, દારિદ્ર્ય તથા કુરૂપતા આદિ દોષોના વિનાશને માટે पेशः-સુવર્ણ આદિ ધન અને શ્રેષ્ઠ રૂપને कृण्वन्-ઉત્પન્ન કરે છે, તે પરમેશ્વરને તથા સમસ્ત વિદ્યાઓને समुषद्भिः-સમ્યક્ રીતે ઈશ્વર આદિ પદાર્થ વિદ્યાઓની કામના કરનારા વિદ્વાનોથી સમાગમ કરીને તમે યથાવત્ જાણો. (૩)

अजायथाः-હે જિજ્ઞાસુ મનુષ્યો ! તમે પણ તે પરમેશ્વરના સમાગમથી अजायथाः-વિદ્યાને અવશ્ય પ્રાપ્ત કરો. (૩)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ રાતના ચોથા પ્રહરમાં આળસનો ત્યાગ કરીને, ઊઠીને, અજ્ઞાન અને દરિદ્રતાના વિનાશ માટે પ્રયત્નશીલ બનીને, પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ અને સર્વ પદાર્થોથી*

*ઉપકાર ગ્રહણ કરવો જોઈએ. (૩)*

**आदह स्वधामनु पुनर्गर्भत्वमेरिरे। दधाना नाम यज्ञियम्॥ ४॥**

પદાર્થ : જેમ मरुतः-વાયુ नाम-જળ તથા यज्ञियम्-યજ્ઞકર્મ યોગ્ય પ્રદેશને दधानाः-ધારણ કરનાર બનીને पुनः-ફરી-ફરી स्वधाम, अनु-પ્રત્યેક જળમાં જળને गर्भत्वम्-તેના સમૂહરૂપી ગર્ભને एरिरे-સર્વ પ્રકારથી પ્રાપ્ત થઈને કંપાવે છે, તેમ आत्-ફરી વર્ષા કરીને જળને વરસાવે છે; એ જ રીતે વારંવાર જળોને ચડાવીને વરસાવે છે.

*ભાવાર્થ : જે જળ સૂર્ય અને અગ્નિ દ્વારા લઘુત્વ-હલકુ કે સૂક્ષ્મને પ્રાપ્ત થઈને કણ રૂપ બની જાય છે, તેનું ધારણ કરીને અર્થાત્ ઘન બનાવીને કે વાદળાઓનો આકાર પ્રદાન કરીને વાયુ જ વરસાવે છે, તેથી સર્વનું પાલન અને સુખ ઉત્પન્ન થાય છે. (૪)*

**वीळु चिदारुजत्नुभिर्गुहा चिदिन्द्र वह्निभिः। अविन्द उस्रिया अनु॥ ५॥**

પદાર્થ : चित्-જેમ મનુષ્ય પોતાની નજીકના પદાર્થને ઊઠાવીને ધારણ કરે છે, તેમ चित्-જ इन्द्रः સૂર્ય પણ वीळु-બળ પૂર્વક उस्रियाः-પોતાનાં કિરણો દ્વારા સંસારી પદાર્થોને अविन्दः-પ્રાપ્ત થાય છે, અને अनु-તત્પશ્ચાત્ સૂર્ય તેનું ભેદન કરીને आरूजत्नुभिः-સર્વત્રથી ભંજન કરનાર वह्निभिः-વાહક પવનોની સહાયથી તેને તથા પદાર્થ-સમૂહને गुहा-અન્તરિક્ષ અર્થાત્ પોલમાં સ્થાપિત કરે છે. (૫)

*ભાવાર્થ : જેમ બળવાન પવન પોતાના દૃઢ વેગથી દૃઢ વૃક્ષ વગેરેને પણ તોડી નાખે છે, તેમ સૂર્ય તેને પોતાના કિરણોથી દિવસ અને રાત કાપે છે અને પવન તેને ઉપર-નીચે લઈ જાય છે. એ રીતે ઈશ્વરની વ્યવસ્થાથી-નિયમથી સર્વ પદાર્થો ઉત્પત્તિ અને વિનાશને પ્રાપ્ત થાય છે. (૫)*

**देवयन्तो यथा मतिमच्छा विदद्वसुं गिरः। महामनूषत श्रुतम्॥ ६॥**

પદાર્થ : જેમ देवयन्तः-સર્વ વિજ્ઞાનયુક્ત गिरः-વિદ્વાન મનુષ્યો विदद्वसुम्-સુખકારક પદાર્થ વિદ્યાથી યુક્ત महाम्-મહાન मतिम्-બુદ્ધિને श्रुतम्-સર્વ શાસ્ત્રોના શ્રવણ અને કથનને अनूषत-પ્રશસ્ત કરે છે, તેમ જ પવન પોતાના વેગ આદિ ગુણોથી યુક્ત બનીને વાણી અને શ્રોત સંબંધી ચેષ્ટાઓ અને શિલ્પવિદ્યાને अच्छ-ઉત્તમ રીતે સિદ્ધ કરે છે. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ વાયુના ઉત્તમ ગુણોનું જ્ઞાન, સર્વનો ઉપકાર, વિદ્યાની વૃદ્ધિ અને બુદ્ધિની પ્રાપ્તિ માટે સદા પ્રયત્ન કરવો જોઈએ. જેથી સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે. (સ્વામીજીએ મંત્રની મેક્ષમૂલરની વ્યાખ્યાની સમીક્ષા કરી છે.) (૬)*

**इन्द्रेण सं हि दृक्षसे संजग्मानो अबिभ्युषा। मन्दू समानवर्चसा॥ ७॥**

પદાર્થ : એ વાયુ अविभ्युषा-ભય દૂર કરનાર કિરણ સમૂહ અથવા વાયુગણ તથા इन्द्रेण-પરમેશ્વર અથવા સૂર્યની સાથે જ संजग्मानः-સારી રીતે સંગ થયેલ તથા વાયુની સાથે સૂર્ય संदृक्षसे-સંગત થયેલ

દૃષ્ટિગોચર થાય છે, हि-જેથી તે બન્ને समानवर्चसा-પદાર્થોમાં પ્રસિદ્ધ બળવાન છે, તેથી સર્વને मन्दू-આનંદ પ્રદાન કરનાર છે. (૭)

*ભાવાર્થ : ઈશ્વરે સર્વત્ર વ્યાપક થઈને પોતાની સત્તાથી સૂર્ય, વાયુ આદિ સમસ્ત પદાર્થો ઉત્પન્ન કરીને ધારણ કરેલ છે. તેના મધ્યમાં સૂર્ય અને વાયુનું ધારણ, આકર્ષણ અને પ્રકાશના યોગથી સર્વ પદાર્થો સુશોભિત થાય છે. મનુષ્યોએ તેની વિદ્યા અને ઉપકાર ગ્રહણ કરવામાં પ્રયોગ કરવો જોઈએ. (૭)*

**अनवद्यैरभिद्युभिर्मखः सहस्वदर्चति। गणैरिन्द्रस्य काम्यैः॥ ८॥**

પદાર્થ : જે એ मखः-સુખ અને પાલન કરવાનો હેતુ યજ્ઞ છે, તે इन्द्रस्य-સૂર્યની अनवद्यैः-નિર્દોષ अभिद्युभिः-સર્વત્રથી પ્રકાશમાન અને काम्यैः-પ્રાપ્તિની ઇચ્છા કરવા યોગ્ય गणैः-કિરણો અથવા પવનોની સાથે મળીને સર્વ પદાર્થોને सहस्वत्-જેમ દૃઢ થાય છે, તેમ अर्चति-શ્રેષ્ઠ ગુણ કરનાર બને છે. (૮)

*ભાવાર્થ : જે એ સુખ અને રક્ષા પ્રદાન કરનાર શુદ્ધ દ્રવ્યોનો અગ્નિમાં હોમ કરવાથી સિદ્ધ થનાર યજ્ઞ છે, તે વાયુ અને સૂર્ય-કિરણોની શુદ્ધિ દ્વારા રોગોનો નાશ કરીને સર્વ પ્રાણીઓને સુખ આપીને તેને બળવાન બનાવે છે. (૮)*

**अतः परिज्मन्नागहि दिवो वा रोचनादधि। समस्मिन्नृञ्जते गिरः॥ ९॥**

પદાર્થ : જે વાણીનો સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે; તે परिज्मन्-સર્વત્ર ગમનશીલ તથા સર્વ પદાર્થોને ઉપર-નીચે પહોંચાડનાર વાયુ છે, अतः-જે પૃથિવીથી જળકણોને ગ્રહણ કરીને अध्यागहि-ઉપર લઈ જઈને दिवः-સૂર્યના પ્રકાશથી वा-અથવા रोचनात्-રુચિવર્ધક મેઘમંડલથી જળને નીચે લાવે છે; अस्मिन्-એ બહાર અને અંદર રહેનાર પવનમાં સર્વ પદાર્થો સ્થિતિને પ્રાપ્ત કરે છે. (૯)

*ભાવાર્થ : એ બળવાન વાયુ ગમન-આગમન સ્વભાવવાળો હોવાથી સર્વ પદાર્થોનું ગમન-આગમન, ધારણ, શબ્દોચ્ચારણ અને શ્રવણનો હેતુ છે. (૯)*

**इतो वा सातिमीमहे दिवो वा पार्थिवादधि। इन्द्रं महो वा रजसः॥ १०॥**

પદાર્થ : वयम्-અમે इतः-આ पार्थिवात्-પૃથિવીનો સંયોગ वा-અને दिवः-એ પ્રત્યક્ષ અગ્નિનો પ્રકાશ वा-લોક લોકાન્તરો અર્થાત્ ચંદ્ર અને નક્ષત્રાદિ લોકોથી પણ सातिम्-સારી રીતે પદાર્થોના વિભાગ કરતા वा-અથવા रजसः-પૃથિવી આદિ લોકોથી महः-અતિ વિસ્તૃત इन्द्रम्-સૂર્યને ईमहे-જાણીએ છીએ. (૧૦)

*ભાવાર્થ : સૂર્યના કિરણો પૃથિવી પર રહેલ જળ આદિ પદાર્થોને છિન્ન-ભિન્ન કરીને સૂક્ષ્મ-હલકાં કરી દે છે. તેથી તે (જળાદિ પદાર્થ) વાયુની સાથે ઉપર જાય છે. પરંતુ તે સૂર્યલોક સર્વ લોકોથી સર્વથી મોટો છે. (૧૦)*

સંગતિ : સૂર્ય અને પવન-વાયુથી જેમ પુરુષાર્થની સિદ્ધિ કરવી જોઈએ. તે બન્ને જગતમાં કેવી રીતે વર્તે છે અને તેનાથી કેવી રીતે ઉપકારની સિદ્ધિ થાય છે, એ પાંચમા સૂક્તના અર્થની સાથે આ છટ્ઠા સૂક્તની સંગતિ જાણવી જોઈએ. (૬)

## સૂક્ત-૭

**इन्द्रमिद् गाथिनो बृहदिन्द्रमर्केभिरर्किणः। इन्द्रं वाणीरनूषत॥ १ ॥**

પદાર્થ : જે गाथिनः-ગાન કરનાર, अर्किणः-સત્ય ભાષણ આદિ કરનાર વિદ્વાનો છે, તેઓ अर्केभिः-સત્કાર કરવાના પદાર્થ, સત્યભાષણાદિ શિલ્પિવિદ્યાના સિદ્ધ કરેલા કર્મો અને મંત્રો = વિચારોથી वाणीः-ચારેય વેદોની વાણીઓને પ્રાપ્ત થવા માટે बृहत्-મહાન इन्द्रम्-પરમેશ્વર, इन्द्रम्-સૂર્ય એ इन्द्रम्-મહાબળવાન વાયુના ગુણોના જ્ઞાનથી ही-જ अनूषत-યથાવત્ સ્તુતિ કરે. (૧)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ કરે છે કે-મનુષ્યોએ વેદ મંત્રોનાં ચિંતનથી ઈશ્વર, સૂર્ય અને વાયુ આદિ પદાર્થોના ગુણોને સારી રીતે જાણીને (તેના દ્વારા) સર્વેના સુખ માટે નિત્ય પ્રયત્નપૂર્વક ઉપકાર ગ્રહણ કરવો જોઈએ. (૧)*

**इन्द्र इद्धर्योः सचा सम्मिश्ल आ वचोयुजा। इन्द्रो वज्री हिरण्ययः॥ २ ॥**

પદાર્થ : જેમ એ संमिश्लः-પદાર્થોમાં સમ્યક્ રીતે મળેલ इन्द्रः-ઐશ્વર્યના હેતુ સ્પર્શક ગુણયુક્ત વાયુ सचा-સંયુક્ત, वचोयुजा-વાણીઓથી યુક્ત કરનાર, हर्योः-આદાન-પ્રદાન ગુણોને જે ગમન-આગમનોને आ-સર્વત્રથી યુક્ત કરે છે; તેમ इत्-જ वज्री-વજ્ર અર્થાત્ સંવત્સર અથવા તાપગુણ યુક્ત हिरण्ययः-પ્રકાશ સ્વરૂપ इन्द्रः-સૂર્ય પણ પોતાના આદાન-પ્રદાન ગુણોથી સર્વ પદાર્થોમાં યુક્ત કરે છે. (૨)

*ભાવાર્થ : જેમ વાયુના યોગથી જ ઉચ્ચારણ અને શ્રવણરૂપ વ્યવહાર તથા સમસ્ત પદાર્થોનું ગમન આગમન, ધારણ કરવું અને સ્પર્શ રૂપ (વ્યવહાર) સંભવ બને છે, તેમ જ સૂર્યના યોગથી પદાર્થોનો પ્રકાશ અને છેદન રૂપ (વ્યવહાર) સંભવ બને છે. (૨)*

**इन्द्रो दीर्घाय चक्षस आ सूर्यं रोहयद् दिवि। वि गोभिरद्रिमैरयत्॥ ३ ॥**

પદાર્થ : इन्द्रः-જે સમસ્ત જગતના રચયિતા જગદીશ્વરે दीर्घाय-મહાન તથા નિરંતર चक्षसे દર્શન માટે दिवि-સર્વ પદાર્થોના પ્રકાશના નિમિત્ત सूर्यम्-પ્રસિદ્ધ સૂર્યલોક आ + रोहयत्-ઉપર સ્થાપિત કરેલ છે, તે गोभिः-પોતાના કિરણો દ્વારા अद्रिम्-મેઘ-વાદળોને व्यैरयत्-વિવિધ પ્રકારથી ઉપર-નીચે ગતિમાન કરીને વારંવાર વરસાવે છે. (૩)

*ભાવાર્થ : સૃષ્ટિ રચવાની ઈચ્છા કરનાર ઈશ્વરે લોકોની મધ્યમાં દર્શન, ધારણ, આકર્ષણ અને પ્રકાશરૂપી પ્રયોજન માટે પ્રકાશમય સૂર્યલોક સ્થાપિત કરેલ છે, એજ રીતે પ્રત્યેક બ્રહ્માંડ (=સૌર પરિવાર) નો નિયમ છે. તે પ્રતિક્ષણ જળને ઉપર ખેંચીને તથા વાયુ દ્વારા ઉપર રાખીને વારંવાર નીચે*

*પહોંચાડે છે, એ જ વરસાદનું કારણ છે. (૩)*

**इन्द्र वाजेषु नोऽव सहस्त्रप्रधनेषु च। उग्र उग्राभिरूतिभिः॥४॥**

પદાર્થ : इन्द्रः-હે પરમ ઐશ્વર્ય પ્રદાન કરનાર જગદીશ્વર ! उग्रः-સર્વ રીતે અનન્ત પરાક્રમવાન આપ-सहस्त्रप्रधनेषु-સહસ્ર =અસંખ્ય ઉત્તમ ધન આપનાર અને वाजेषु-મહાયુદ્ધોમાં उग्राभिः-અત્યંત ઉત્કૃષ્ટ ऊतिभिः-રક્ષા, પ્રાપ્તિ, વિજ્ઞાન, સુખ, પ્રવેશરૂપ સાધનોથી અર્થાત્ શ્રેષ્ઠતમ પદાર્થોની પ્રાપ્તિથી नः-આનંદમાં પ્રવેશ કરાવવાથી अव-રક્ષા કરો અને નિરંતર વિજયને પ્રાપ્ત કરાવો. (૪)

*ભાવાર્થ : પરમેશ્વર ધાર્મિક યોદ્ધાઓ પર કૃપા કરે છે; અન્યો પર નહિ. જે મનુષ્ય જિતેન્દ્રિય, વિદ્વાન, પક્ષપાત રહિત, શારીરિક અને આત્મિક બળના કારણે શ્રેષ્ઠ અને આળસરહિત બનીને ધર્મપૂર્વક મહાયુદ્ધોને જીતીને રાજ્યની નિત્ય રક્ષા કરે છે. તેઓ જ મહાભાગ્યશાળી બનીને સુખી થાય છે. (૪)*

**इन्द्रं वयं महाधन इन्द्रमर्भे हवामहे। युजं वृत्रेषु वज्रिणम्॥५॥**

પદાર્થ : वयम्-અમે महाधने-મહાધન માટે સંગ્રામમાં इन्द्रम्-સર્વજ્ઞ, સર્વશક્તિમાન પરમેશ્વરનું આહ્વાન અને સ્મરણ કરીએ છીએ. अर्भे-નાના યુદ્ધમાં એજ આહ્વાનથી वज्रिणम्-કિરણ અથવા જળ યુક્ત वृत्रेषु-મેઘમંડલ-વાદળોમાં युजम्-યુક્ત રહેનાર इन्द्रम्-સૂર્ય અથવા વાયુનું हवामहे આહ્વાન કરીએ છીએ. અર્થાત્ પ્રકાશ અને સર્વમાં ગમનાગમનાદિ ગુણોની સમાન ન્યાય, વિદ્યા પ્રકાશ અને દૂતો દ્વારા સર્વ રાજ્યમાં વિદ્યમાન વિદિત કરવા વગેરે ગુણોને સદા ધારણ કરતા રહીએ. (૫)

*ભાવાર્થ : જ્યાં-જ્યાં નાનું અથવા મોટું યુદ્ધ થાય છે, ત્યાં-ત્યાં સર્વત્ર વિદ્યમાન પરમેશ્વરને રક્ષક માનીને દુષ્ટોની સાથે ધર્મપૂર્વક ઉત્સાહથી યુદ્ધ કરવાથી સૂર્ય તથા વાયુના કારણે પણ તેની સિદ્ધિ થાય છે.*

*જેમ ઈશ્વર તે બન્નેને નિમિત્ત બનાવીને વરસાદથી સંસારનું મહાન સુખ સિદ્ધ કરી શકાય છે, તેમ મનુષ્યોએ (સૂર્ય અને વાયુ)નાં નિમિત્તથી કાર્ય સિદ્ધિ કરવી જોઈએ. (૫)*

**स नो वृषन्नमुं चरुं सत्रादावन्नपावृधि। अस्मभ्यमप्रतिष्कुतः॥६॥**

### [ઈશ્વર પ્રાર્થના]

પદાર્થ : હે वृषन्-સુખોની વર્ષા કરનાર, सत्रादावन्-સત્ય જ્ઞાન આપનાર પરમેશ્વર ! सः-આપ अस्मभ्यम्-આપની આજ્ઞા અને પુરુષાર્થમાં રહેનાર અમે લોકોને માટે अप्रतिष्कृतः-સ્થિર થઈને नः-અમારા આગામી આનંદ અર્થાત્ અમને આનંદ આપનાર પ્રત્યક્ષ મોક્ષનું દ્વાર અને चरुम्-જ્ઞાન લાભ ખોલી નાખો-ઉદ્‌ઘાટન કરો.

### [સૂર્યનું પ્રયોજન]

આપ દ્વારા રચિત सत्रादावा-સત્ર અર્થાત્ વૃષ્ટિ નામક યજ્ઞને સર્વત્રથી આપનાર, वृषा-જળ વરસાવનાર अप्रतिष्कुत-સ્મરણ કરેલ સૂર્ય, અર્થાત્ પોતાની કક્ષામાં સ્થિર રહેતા સૂર્ય, अस्मभ्यम्-

પુરુષાર્થમાં રહેલા અમે લોકોને માટે, अमुम्-અન્તરિક્ષમાં રહેલ चरुम्-મેઘને अपावृधि-ભૂમિ પર પાડે છે. આ મંત્રનો બીજો અર્થ છે. (૬)

*ભાવાર્થ : જે મનુષ્ય દૃઢતાથી સત્યવિદ્યા અને ઈશ્વરની આજ્ઞાનું પાલન કરે છે, અન્તર્યામી ઈશ્વર તેના અવિદ્યા-અંધકારનો અત્યંત નાશ કરી દે છે. જેથી તે મનુષ્ય પુરુષાર્થ અને ધર્મથી કદી પણ વિચલિત થતો નથી. (૬)*

**तुञ्जेतुञ्जे य उत्तरे स्तोमा इन्द्रस्य वज्रिणः। न विन्धे अस्य सुष्टुतिम्॥ ७॥**

પદાર્થ : ये-જે वज्रिणः-અનંત પરાક્રમવાન इन्द्रस्य-સર્વ દુઃખ વિનાશક, अस्य-એ પરમેશ્વર तुञ्जेतुञ्जे-પ્રત્યેક પદાર્થ આપવામાં उत्तरे-સિદ્ધાન્તથી નિશ્ચિત કરેલ स्तोमाः-સ્તુતિઓના સમૂહથી अस्य-એ પરમેશ્વરની सुष्टुतिम्-સુશોભિત સ્તુતિનો પાર હું (જીવ) न, विन्धे-પામી શકતો નથી. (૭)

*ભાવાર્થ : ઈશ્વરે આ સંસારમાં જીવોના સુખને માટે એ પદાર્થોમાં પોતાની શક્તિના જેટલા દૃષ્ટાન્તો, જેવી રચના અને જેવા ગુણ ઉપકારને માટે રાખેલ છે, તે સર્વને જાણવામાં હું =જીવ સમર્થ બની શકતો નથી. 'सम्पूर्णान् वेत्तुं नाहं समर्थोऽस्मि-'*

*કોઈ પણ ઈશ્વરના ગુણોની સમાપ્તિ = અન્ત સીમાને જાણી શકતા નથી. કારણ કે-તેના એ (ગુણો) અનંત છે. પરન્તુ મનુષ્યોએ એ પદાર્થોથી જેટલો ઉપકાર ગ્રહણ કરી શકાય, તેટલો પ્રયત્નપૂર્વક ગ્રહણ કરવો જોઈએ. (૭)*

**वृषा यूथेव वंसगः कृष्टीरियर्त्योजसा। ईशानो अप्रतिष्कुतः॥ ८॥**

### [ईश्वर]

પદાર્થ : वंसगः-ધર્મનું સેવન કરનાર પુરુષને પ્રાપ્ત થનાર वृषा-શુભ ગુણોની વર્ષા કરનાર यूथेव-ગાયના સમૂહ-ધણમાં વૃષભ-સાંઢ સમાન, अप्रतिष्कुतः સત્યભાવ અને નિશ્ચયથી પ્રાર્થના કરેલ, ईशानः-ઐશ્વર્યવાન, સૃષ્ટિના કર્તા वृषा-ઈશ્વર-ओजसा-બળ દ્વારા कृष्टीः-ધર્માત્મા મનુષ્યોને પ્રાપ્ત થાય છે.

### [सूर्य]

वंसगः-અલગ-અલગ પદાર્થોને પ્રાપ્ત થનાર, वृषा-શુભ ગુણોની વર્ષા કરનાર यूथेव-ગાયના સમૂહમાં વૃષભ સમાન अप्रतिष्कुतः-ગ્રહણ કરેલ પોતાની કક્ષામાં રહેનાર ईशानः-ઐશ્વર્યનો હેતુ, પ્રકાશક वृषा-સૂર્ય ओजसा-બળથી कृष्टीः-આકર્ષણ આદિ વ્યવહારોને इयर्त्ति-પ્રાપ્ત થાય છે. (૮)

*ભાવાર્થ : જ્ઞાન વિષયક ઉન્નતિ કરવાનો તેનો સ્વભાવ હોવાથી મનુષ્ય જ ઈશ્વરને પ્રાપ્ત કરવામાં સમર્થ છે કારણ કે ધાર્મિક મનુષ્યોને જ પ્રાપ્ત થવાનો ઈશ્વરનો સ્વભાવ હોવાથી (ધાર્મિક મનુષ્ય જ તેને પ્રાપ્ત કરી શકે છે.) જેમ એ મનુષ્યો જ પ્રાપ્ત કરી લે છે, તેમ ઈશ્વર દ્વારા નિયુક્ત હોવાથી સૂર્ય પણ પોતાની સમીપ રહેલા લોકોનું આકર્ષણ કરવામાં સમર્થ છે. (૮)*

**य एकश्चर्षणीनां वसूनामिरज्यति। इन्द्रः पञ्च क्षितीनाम्॥ ९॥**

પદાર્થ : यः-જે इन्द्रः-દુષ્ટ શત્રુઓના વિનાશક પરમેશ્વર चर्षणीनाम्-મનુષ્યોને, वसूनाम्-અગ્નિ

આદિ આઠ વસુ અર્થાત્ નિવાસના લોકો, તથા पञ्च-નીચે, મધ્યમ, ઉત્તમ ઉત્તમતર, ઉત્તમતમ એ પાંચ પ્રકારના क्षितीनाम्-પૃથિવીલોક છે, તેના મધ્યમાં इरज्यति-ઐશ્વર્યદાતા અને સર્વને સેવન કરવા યોગ્ય છે, તે પરમેશ્વર एकः-અદ્વિતીય અને સર્વના સહાયક છે. (૯)

*ભાવાર્થ : જે સર્વના અધિષ્ઠાતા, સર્વાન્તર્યામી, વ્યાપક, સર્વ ઐશ્વર્ય પ્રદાતા, અસહાય-અન્યની સહાયની ઈચ્છારહિત જગદીશ્વર જગતની રચના, ધારણ અને આકર્ષણ કરનાર છે, તે જ સર્વ મનુષ્યોને ઈષ્ટદેવ રૂપમાં સેવા કરવા યોગ્ય છે. જે કોઈ તેને છોડીને અન્યને ઈષ્ટદેવ માને છે, તે ભાગ્યહીન સદા (મહાન-ઘોર) દુઃખોને સદા પ્રાપ્ત કરે છે. (૯)*

इन्द्रं वो विश्वतस्परि हवामहे जनेभ्यः। अस्माकमस्तु केवलः॥१०॥

પદાર્થ : હે મનુષ્યો ! અમે विश्वतः-સર્વ પદાર્થો અથવા जनेभ्यः-સર્વ પ્રાણીઓ-જનોને માટે, સર્વ ગુણોથી ઉત્કૃષ્ટ इन्द्रम्-પૃથિવી પર રાજ્ય પ્રદાન કરનાર પરમેશ્વરની परि + हवामहे-વારંવાર-સર્વત્રથી સ્તુતિ કરીએ છીએ, તે જ वः-તમારા અને અમારા સર્વ મનુષ્યોના केवलः-એક, ચેતનસ્વરૂપ, પૂજ્ય ઈષ્ટદેવ ( अस्तु ) છે. (૧૦)

*ભાવાર્થ : ઈશ્વર આ મંત્રમાં સર્વ મનુષ્યોનાં કલ્યાણ માટે ઉપદેશ આપે છે કે-હે મનુષ્યો ! તમે કદી પણ મને છોડીને અન્યને ઉપાસ્ય દેવ ન માનો. કારણકે મારાથી જુદો બીજો કોઈ નથી. એમ હોવા છતાં (વેદમાં ઉપદેશ હોવા છતાં) જે કોઈ અનેક ઈશ્વર (અથવા તેના અવતાર) માને છે. તેને સર્વથી મોટો મૂઢ (મહામૂર્ખ) માનવો જોઈએ. (૧૦)*

સંગતિ : આ સાતમા સૂક્તમાં જે ઈશ્વરે વાયુ અને સૂર્યને રચીને અન્તરિક્ષમાં તેને કાર્ય અને ઉપકાર માટે સ્થાપિત કરેલ છે, તે જ એક સર્વશક્તિમાન, સર્વદોષરહિત, સર્વ મનુષ્યોના પૂજ્ય છે. તેથી આ સૂક્તના અર્થની સાથે છટ્ઠા સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૭)

## સૂક્ત-૮

ऐन्द्र सानसिं रयिं सजित्वानं सदासहम्। वर्षिष्ठमूतये भर॥१॥

પદાર્થ : હે इन्द्र-પરમ ધન પ્રદાન કરનાર ઈશ્વર ! આપ કૃપા કરીને અમારી ऊतये-રક્ષા, પુષ્ટિ અને સર્વ સુખોની પ્રાપ્તિ માટે वर्षिष्ठम्-અત્યંત વૃદ્ધિ કરનાર, सानसिम्-નિરંતર સેવન કરવા યોગ્ય, सदासहम्-સર્વદા દુષ્ટ શત્રુઓની હાનિ કરનાર અને દુઃખોને સહન કરવાના મુખ્ય હેતુ सजित्वानम्-સમાન શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરાવનાર रयिम्-ધનને आ + भर-સર્વત્રથી ધારણ કરાવો. (૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ સર્વશક્તિમાન, અન્તર્યામી ઈશ્વરનો આશ્રય લઈને તથા પરમ પુરુષાર્થથી સર્વના ઉપકાર માટે ચક્રવર્તી રાજ્યને ઉત્પન્ન કરાવનાર વિદ્યા રૂપી બળને તથા સર્વ શ્રેષ્ઠ સુવર્ણ અને સેના આદિના બળને સર્વ પ્રકારથી સારી રીતે પ્રાપ્ત કરવા જોઈએ, જેથી પોતાને અને સર્વ પ્રાણીઓને સુખ મળે. (૧)*

नि येन मुष्टिहत्यया नि वृत्रा रुणधामहै। त्वोतासो न्यर्वता॥ २॥

પદાર્થ : હે જગદીશ્વર ! આપ त्वोतासः-આપના દ્વારા રક્ષાને પ્રાપ્ત અમે લોકો येन-જે પૂર્વોક્ત ધનથી मुष्टिहत्यया-મુષ્ટીહત્યા-બાહુયુદ્ધ અને अर्वता-અશ્વ આદિ સેનાની સામગ્રીથી निवृत्रा-મેઘ સમાન સુખોનું આવરણ કરનાર નિશ્ચિત શત્રુઓને निरुणधामहै-સર્વદા રોકી શકીએ અર્થાત્ તેને નિર્બળ કરીએ, એવું શ્રેષ્ઠ ધન કૃપા કરીને પ્રદાન કરો. (૨)

*ભાવાર્થ : ઈશ્વરને ઈષ્ટ દેવ માનનાર અને તેનો પ્રિય-ઉપાસક મનુષ્યોએ શારીરિક અને આત્મિક બળ દ્વારા અને સંપૂર્ણ સામર્થ્યથી શ્રેષ્ઠોનું પાલન અને દુષ્ટોનો સદા નિગ્રહ કરવો જોઈએ, જેથી તે મુષ્ટિ (મુક્કા)ના પ્રહારોને સહન ન કરી શકવાથી પલાયન કરી જાય. (૨)*

इन्द्र त्वोतास आ वयं वज्रं घना ददीमहि। जयेम सं युधि स्पृधः॥ ३॥

પદાર્થ : હે इन्द्र-અનન્ત બળવાન ઈશ્વર ! त्वोतासः-આપના સાનિધ્યથી રક્ષા આદિ તથા બળને પ્રાપ્ત કરીને वयम्-અમે ધાર્મિક અને શૂરવીર બનીને અમારા વિજય માટે वज्रम्-શત્રુઓના બળનો નાશ કરવા માટે આગ્નેયાદિ શસ્ત્ર-અસ્ત્ર સમૂહ घना-તોપ, બંદૂક, તલવાર, ધનુષ્ય, બાણ વગેરે દૃઢ યુદ્ધ સાધનોને आ + ददीमहि-સર્વત્રથી ગ્રહણ કરીએ છીએ જેથી અમે આપના બળનો આશ્રય અને સેનાની સંપૂર્ણ સામગ્રી પ્રાપ્ત કરીને स्पृधः-ઈર્ષા કરનાર શત્રુઓને युधि-સંગ્રામમાં जयेम-જીતીએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ ધર્મ અને ઈશ્વરનો આશ્રય લઈને શરીરની પુષ્ટિ, વિદ્યાથી આત્મબળ, પૂર્ણ યુદ્ધ-સામગ્રી, પરસ્પર અવરોધ અને ઉત્સાહ આદિ ઉત્તમ ગુણોને ગ્રહણ કરીને, સદા દુષ્ટ શત્રુઓનો પરાજય કરવાથી સુખી થવું જોઈએ. (૩)*

वयं शूरेभिरस्तृभिरिन्द्र त्वया युजा वयम्। सासह्याम पृतन्यतः॥ ४॥

પદાર્થ : હે इन्द्र-યુદ્ધમાં ઉત્સાહ પ્રદાન કરનાર પરમેશ્વર ! त्वया-આપને અન્તર્યામી ઈષ્ટદેવ માનીને આપની કૃપાથી ધર્મયુક્ત વ્યવહારોમાં પોતાના સામર્થ્યના युजा-સંયોજનથી वयम्-સભાપતિ અને શ્રેષ્ઠ સેનાપતિજનો अस्तृभिः-સર્વ શસ્ત્ર-અસ્ત્ર ચલાવવામાં ચતુર शूरेभिः-સર્વોત્તમ યોદ્ધાઓની સહાયતાથી पृतन्यतः-સેના આદિ બળથી યુક્ત બનીને લડનારા શત્રુઓને सासह्याम-વારંવાર મર્ષણ કરીએ, નષ્ટ કરીએ. આ રીતે શત્રુઓને જીતીને ન્યાયપૂર્વક ચક્રવર્તી રાજા બનીને (वयम्) અમે નિત્ય પ્રજાઓનું પાલન કરીએ. (૪)

*ભાવાર્થ : શૂરવીરતા બે પ્રકારની હોય છે. એક પુષ્ટિ ઉત્પન્ન થનારી શારીરિક અને બીજી વિદ્યા અને ધર્મથી ઉત્પન્ન થનારી આત્મિક, આ બન્નેથી સંપન્ન મનુષ્યોએ પરમેશ્વરની સૃષ્ટિ રચનાના ક્રમને જાણીને તથા ન્યાય, ધર્મ, સૌજન્ય અને પુરુષાર્થ આદિ સદ્‌ગુણોને ધારણ કરીને સભાના પ્રબંધથી રાજ્યનું પાલન અને દુષ્ટ શત્રુઓને સદા નિરોધ કરવો જોઈએ. (૪)*

महाँ इन्द्रः परश्च नु महित्वमस्तु वज्रिणे। द्यौर्न प्रथिना शवः॥ ५॥

પદાર્થ : न-જેમ મૂર્તિમાન સંસારને પ્રકાશયુક્ત કરવા માટે द्यौः-સૂર્ય પ્રકાશ प्रथिना-વિસ્તારને પ્રાપ્ત થાય છે, તેમ महान्-સર્વ પ્રકારના અનંતગુણ, અત્યુત્તમ સ્વભાવ, અતુલ સામર્થ્યયુક્ત અને परः-અત્યંત શ્રેષ્ઠ इन्द्रः-સર્વ જગતના રાજા અર્થાત્ રક્ષક પરમેશ્વર છે; તે वज्रिणे-ન્યાય રૂપ દંડ આપનાર इन्द्राय-ઈન્દ્રાય नु-પોતાની સહાયતાથી અમને વિજય આપે છે, તેની જ આ महित्वम्-મહિમા च-અને शवः-બળ છે. (૫)

*ભાવાર્થ : ધાર્મિક, યુદ્ધપ્રિય અને શૂરવીર યોદ્ધા મનુષ્યોએ, દુષ્ટ શત્રુઓ પર સ્વયં પ્રાપ્ત કરેલ વિજયનો ધન્યવાદ અનન્ત શક્તિમાન પરમેશ્વરને જ આપવો જોઈએ. જેથી મનુષ્યોની નિરાભિમાનતાના કારણે રાજ્યની ઉન્નતિ સદા થતી રહે. (૫)*

समोहे वा य आशत नरस्तोकस्य सनितौ। विप्रासो वा धियायवः॥६॥

પદાર્થ : य-જે યોદ્ધા विप्रासः-મેધાવી-બુદ્ધિમાન नरः-મનુષ્ય છે તે समोहे-સંગ્રામમાં શત્રુઓને જીતવા માટે તથા आशत-યુદ્ધને વ્યાપ્ત કરે, वा-અને य-જેઓ धियायवः-વિજ્ઞાનની કામના કરનાર વિદ્વાનો છે, તેઓ तोकस्य-સંતાનોને सनितौ-વિદ્યાની શિક્ષામાં आशत-પુરુષાર્થ કરે અર્થાત્ તત્પર રહે. (૬)

*ભાવાર્થ : ઈન્દ્ર સ્વરૂપ પરમેશ્વર સર્વ મનુષ્યોને આજ્ઞા આપે છે કે-આ સંસારમાં સર્વ મનુષ્યોએ બે કાર્યો કરવા જોઈએ. જે વિદ્વાનો છે, તેઓએ વિદ્યા અને શારીરિક બળ પ્રાપ્ત કરીને એ બન્ને દ્વારા શત્રુઓના બળને દબાવીને તેનો સદા તિરસ્કાર કરવો જોઈએ. જ્યારે-જ્યારે શત્રુઓની સાથે લડવાની ઈચ્છા થાય, ત્યારે-ત્યારે સાવધાની પૂર્વક શત્રુઓના બળથી ન્યૂનાતિન્યૂન દ્વિગુણ-બે ગણું બળ તૈયાર કરીને તેના પરાજય દ્વારા પ્રજાઓની નિરંતર રક્ષા કરવી જોઈએ અને જે વિદ્યાદાન કરવા ઈચ્છતા હોય, તેઓએ કન્યાઓ અને પુત્રોની વિદ્યા અને શિક્ષાના કાર્યમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. જેથી શત્રુઓની હાર થતાં ઉત્તમ રાજ્ય-સુરાજ્ય અને વિદ્યાની વૃદ્ધિ સદા રહે. (૬)*

यः कुक्षिः सोमपातमः समुद्रइव पिन्वते। उर्वीरापो न काकुदः॥७॥

પદાર્થ : यः-જે कुक्षिः-સર્વ પદાર્થોથી રસને કર્ષણ = ખેંચનાર सोमपातमः-સોમ =સંસારના પદાર્થોના અત્યંત રક્ષક સૂર્યલોક છે, તે समुद्र इव-સમુદ્રની સમાન જળને તથા आपः काकुदः न-શબ્દોચ્ચારણ આદિ વ્યવહારોને પ્રાપ્ત કરાવનાર પ્રાણવાયુ, વાણીના શબ્દ સમૂહની ऊर्वीः-સમસ્ત પૃથિવીનું पिन्वते-સેચન અથવા સેવન કરે છે. (૭)

*ભાવાર્થ : ઈશ્વરે જેમ જળની સ્થિતિ અને વર્ષાનો હેતુ અને વાણીના વ્યવહારનો હેતુ પ્રાણ બનાવેલ છે, તેમ પૃથિવીમાં પ્રકાશ, આકર્ષણાદિ, રસવિભાગનો હેતુ સૂર્યલોક રચેલ છે. તે બન્ને દ્વારા સર્વ પ્રાણીઓના અનેક વ્યવહાર સિદ્ધ થાય છે. (૭)*

एवा ह्यस्य सूनृता विरप्शी गोमती मही। पक्वा शाखा न दाशुषे॥८॥

**[ઈશ્વર]**

પદાર્થ : જેમ આંબા વગેરે વૃક્ષ પક્વ ફળથી યુક્ત ડાળીઓ પ્રાણીઓને સુખદાયક હોય છે, अस्य हि-તેમ જ એ પરમેશ્વરની गोमती-જેનું અનેક વિદ્વાનો સેવન કરનારા છે. અર્થાત્ અનેક સ્તોતાઓ યુક્ત, सूनृता-પ્રિય સત્યવચનનો પ્રકાશ કરનારી, યથાર્થ જ્ઞાનયુક્ત विरप्शी-મહાવિદ્યાયુક્ત, मही-સર્વ પૂજ્યા-અર્થાત્ સર્વને સત્કાર કરવા યોગ્ય, ચારેય વેદોની વાણી છે, તે दाशुषे-અધ્યયનમાં ધ્યાન આપનાર મનુષ્યને સર્વ વિદ્યાઓનો પ્રકાશ-પ્રદાન કરનારી છે.

**[સૂર્ય]**

पक्वा शाखा न-જેમ આ સૂર્યલોકની गोमती-શ્રેષ્ઠ મનુષ્યોને સેવન કરવા યોગ્ય, सूनृता-પ્રીતિના ઉત્પાદક પદાર્થોનો પ્રકાશ કરનારી, विरप्शी-મહાન, मही-પૃથિવી-મહાન ગુણ યુક્તથી દીપ્ત છે; તેમ વેદવાણી दाशुषे-રાજ્યની પ્રાપ્તિ માટે, રાજ્ય કર્મોમાં ધ્યાન આપનારાઓને સુખ પ્રદાન કરે છે. (૮)

*ભાવાર્થ : જેમ વિવિધ ફૂલ અને ફળવાળા આંબા વગેરે વૃક્ષો અનેક પ્રકારના ફળો આપનાર છે, તેમ ઈશ્વરે વિવિધ વિદ્યાઓના આનંદ આપનારા વેદો પ્રકાશિત કરેલ છે અને અનેક સુખભોગ આપનાર પૃથિવી આદિ પ્રકટ કરેલ છે, તેનો (= વેદોનો) પ્રચાર-પ્રસાર અને (પૃથિવી પર) રાજ્ય વિદ્વાનો દ્વારા જ કરી શકાય છે. (૮)*

एवा हि ते विभूतय ऊतय इन्द्र मावते। सद्यश्चित् सन्ति दाशुषे॥९॥

પદાર્થ : હે इन्द्र-સર્વત્રથી રક્ષક જગદીશ્વર ! આપની કૃપાથી જેમ ते-આપની विभूतयः-વિવિધ ઉત્તમ ઐશ્વર્ય યુક્ત ऊतयः-રક્ષા વિજ્ઞાન, સુખ પ્રાપ્તિ આદિના પદાર્થ મને પ્રાપ્ત सन्ति-છે, તેમ मावते-મારા સમાન दाशुषे-ઉપકાર રૂપ ધર્મમાં આત્મદાન કરનાર चित्-પૂજ્ય જનોને एव-નિશ્ચય हि-જ सद्य-एव-શીઘ્ર પ્રાપ્ત થાય. (૯)

*ભાવાર્થ : ઈશ્વરની આજ્ઞા છે કે-જે લોકો પુરુષાર્થી બનીને ધાર્મિક અને પરોપકારી હોય છે, તેઓ જ ઐશ્વર્યની પૂર્ણ રક્ષા કરીને સર્વત્ર સન્માનને પાત્ર બને છે. (૯)*

एवा ह्यस्य काम्या स्तोम उक्थं च शंस्या। इन्द्राय सोमपीतये॥१०॥

પદાર્થ : अस्य-જે એ ચાર વેદોની काम्या-કામના કરવા યોગ્ય शंस्ये-પ્રશંસનીય કર્મ स्तोमः-સ્તોત્રો = સામગાન વિશેષ સ્તુતિ સમૂહ, उक्थम्-ઈશ્વરના ગુણોનું કીર્તન કરનાર ઋક્ સમૂહ, च-અને યજુર્વેદ તથા અથર્વવેદ છે, તે सोमपीतये-સોમ = સર્વ પદાર્થોની રક્ષા કરનાર इन्द्राय-ઐશ્વર્યવાન પરમાત્માની (एव) हि-જ સ્તુતિ કરે છે. (૧૦)

*ભાવાર્થ : જેમ સંસારમાં કોઈના બનાવેલા પદાર્થો જોઈને તેના બનાવનારની પ્રશંસા થાય છે, તેમ સર્વ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ સંસારમાં રહેલા સૂર્ય આદિ સર્વ ઉત્તમ પદાર્થોથી તથા તેની રચનાથી (રચનાના વર્ણનથી) વેદોમાં ઈશ્વરને જ ધન્યવાદ છે. તે ઈશ્વરની સમાન અથવા તેથી કોઈ અધિક*

*(અન્ય)ની સ્તુતિ કરવામાં આવતી નથી. (૧૦)*

સંગતિ : એ રીતે ઈશ્વરના ઉપાસકો, ક્રિયાવાન અને તેને આશ્રિત બનીને વિદ્યાના આત્મ-સુખને ક્રિયાથી શરીર સુખને પ્રાપ્ત કરીને, તે ઈશ્વરની સદા પ્રશંસા કરે, એ વિષયના પ્રતિપાદનથી આઠમા સૂક્તના ઉક્ત અર્થની સપ્તમા સૂક્તના પૂર્વોક્ત અર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૮)

## સૂક્ત-૯

**इन्द्रेहि मत्स्यन्धसो विश्वेभिः सोमपर्वभिः। महाँ अभिष्टिरोजसा॥ १॥**

### [ઈશ્વર]

પદાર્થ : હે इन्द्र-સર્વવ્યાપક ઈશ્વર ! આપ महान्-સર્વોત્કૃષ્ટ તથા પરિણામમાં મહત્તમ છો अभिष्टिः-સર્વજ્ઞ અને સમસ્ત જ્ઞાન પ્રદાન કરનાર છો विश्वेभिः-સર્વ सोमपर्वभिः-પદાર્થોના અવયવો સહિત વિદ્યમાન થઈને ओजसा-બળથી अन्धसः-અન્ન અર્થાત્ પૃથિવી આદિને आ + इहि-પ્રાપ્ત કરાવો છો અને मत्सि-પ્રાણીઓને આનંદિત કરો છો.

### [સૂર્ય]

જેમ એ इन्द्रः-સૂર્યલોક ओजसा-બળ અને महान्-પરિમાણથી મહત્તમ છે-પૃથિવી આદિથી મહાન છે. अभिष्टिः-સર્વત્રથી મૂર્ત દ્રવ્યોનો પ્રકાશક-પ્રકાશમાન છે. विश्वेभिः-સર્વ सोमपर्वभिः-પદાર્થોના અવયવોની સાથે अन्धसः-અન્ન અર્થાત્ પૃથિવી આદિના પ્રકાશથી इहि-પ્રાપ્ત થાય છે અને मत्सिहर्षित-આનંદિત કરે છે. (૧)

*ભાવાર્થ : જેમ ઈશ્વર સર્વ જગતના પ્રત્યેક પરમાણુમાં વ્યાપક થઈને નિરંતર સર્વ લોકોને નિયમમાં રાખીને રક્ષા કરે છે, તેમ સૂર્ય પણ સર્વ લોકથી મહાન હોવાથી પોતાના સન્મુખ પદાર્થોનું આકર્ષણ અને પ્રકાશ કરીને વ્યવસ્થિત કરે છે. નિયમમાં રાખે છે. (૧)*

**एमेनं सृजता सुते मन्दिमिन्द्राय मन्दिने। चक्रिं विश्वानि चक्रये॥ २॥**

પદાર્થ : હે વિદ્વાનો ! તમે सुते-ઉત્પન્ન થયેલ આ પદાર્થ-સમૂહ રૂપ જગતમાં विश्वानि-સર્વ સુખોને ઉત્પન્ન કરવા માટે मन्दिने-ઐશ્વર્ય પ્રાપ્તિની ઈચ્છા કરવા માટે मन्दिम्-આનંદની વૃદ્ધિ કરનાર, चक्रये-પુરુષાર્થ કરવાના સ્વભાવવાળા इन्द्राय-પરમ ઐશ્વર્યવાળા મનુષ્યને માટે चक्रिम्-શિલ્પવિદ્યાથી સિદ્ધ કરેલા સાધનોમાં एनम्-એ ईम्-જળ અને અગ્નિને आसृजत-અત્યંત પ્રકાશિત કરો. (૨)

*ભાવાર્થ : વિદ્વાનોને ઉચિત છે કે-આ સંસારમાં પૃથિવીથી લઈને ઈશ્વર સુધીના પદાર્થોનું વિશેષ જ્ઞાનના અર્થાત્ વિજ્ઞાનના પ્રચારથી સર્વ મનુષ્યોને વિદ્યાથી શ્રેષ્ઠ ક્રિયા શીખવીને સર્વ સુખોને સદા સિદ્ધ કરે. (૨)*

**मत्स्वा सुशिप्र मन्दिभिः स्तोमेभिर्विश्वचर्षणे। सचैषु सवनेष्वा॥ ३॥**

પદાર્થ : હે विश्वचर्षणे-સર્વ સંસારના દ્રષ્ટા, सुशिप्र-શ્રેષ્ઠ જ્ઞાનયુક્ત इन्द्र-પરમેશ્વર ! આપ मन्दिभिः-જે વિજ્ઞાન અને આનંદકારક ગુણોથી, स्तोमेभिः-વેદોક્ત સ્તુતિરૂપ અને આપના ગુણ-પ્રકાશ કરનાર સ્તોત્રથી સ્તુતિ કરેલ एषु-એ પ્રત્યક્ષ सवनेषु-ઐશ્વર્યદાયક પદાર્થોમાં અમને-(વિદ્વાનોને) सचा-યુક્ત કરીને मत्स्व-સર્વત્રથી આનંદિત કરો. (૩)

*ભાવાર્થ : જેણે સંસારના પ્રકાશક સૂર્યને ઉત્પન્ન કરેલ છે, તે (ઈશ્વર)ની સ્તુતિમાં જે ધાર્મિક મનુષ્ય નિષ્ઠાપૂર્વક રત રહે છે, તેઓ પુરુષાર્થી બનીને સર્વ રીતે સર્વના દ્રષ્ટા પરમેશ્વરને જાણીને, સર્વ ઐશ્વર્યના ઉત્પાદન અને રક્ષણમાં મળીને-તત્પર રહીને સુખકારી બને છે. (૩)*

**असृग्रमिन्द्र ते गिरः प्रति त्वामुदहासत। अजोषा वृषभं पतिम्॥ ४॥**

પદાર્થ : હે इन्द्र-સર્વથા સ્તુતિ કરવા યોગ્ય પરમેશ્વર ! તે ते-આપની गिरः-વેદરૂપ વાણી છે, તે वृषभम्-સર્વ શ્રેષ્ઠ સર્વની ઈચ્છા પૂર્ણ કરનાર पतिम्-રક્ષક-પાલક त्वाम्-વેદોના વક્તા આપ પરમેશ્વરને उद + अहासत-ઉત્તમ રીતે બતાવે છે. આપ જે વેદવાણી-વિદ્યાઓનું अजोषाः-સેવન કરો છો, તેના દ્વારા હું પણ प्रति-ઉક્ત ગુણયુક્ત આપને असृग्रम्-વિવિધ પ્રકારથી વર્ણન કરું છું. (૪)

*ભાવાર્થ : જે ઈશ્વરે પોતાના દ્વારા પ્રકાશિત વેદથી જેમ પોતાના સ્વભાવ, ગુણ અને કર્મને પ્રકાશિત કરેલ છે, તે અમારા માટે એ જ રૂપમાં જાણવા યોગ્ય છે કારણ કે-ઈશ્વરના સત્ય સ્વભાવની સાથે અનંત ગુણ અને કર્મ છે; તેને અમે અલ્પજ્ઞ મનુષ્ય પોતાના સામર્થ્યથી જાણવાને અસમર્થ છીએ. જેમ મનુષ્ય સ્વયં પોતાના સ્વભાવ, ગુણ, કર્મોને (અલ્પ) જાણે છે, તેમ અન્ય તેને યથાવત્ જાણી શકતા નથી. તેથી સર્વ વિદ્વાનોએ વેદવાણી દ્વારા જ ઈશ્વર આદિ પદાર્થોને પ્રેમપૂર્વક પુરુષાર્થથી જાણવા યોગ્ય છે અને તેના દ્વારા ઉપકાર ગ્રહણ કરે તથા તે ઈશ્વરને જ ઈષ્ટદેવ અને પાલનકર્તા માનવા જોઈએ. (૪)*

**सं चोदय चित्रमर्वाग्राध इन्द्र वरेण्यम्। असदित्ते विभु प्रभु॥ ५॥**

પદાર્થ : હે इन्द्र-કરુણામય સર્વ સુખોના સાધનો પ્રદાન કરનાર પરમેશ્વર ! ते-આપની સૃષ્ટિમાં જે-જે वरेण्यम्-અતિ શ્રેષ્ઠ અર્થાત્ વરણ કરવા યોગ્ય विभु-શ્રેષ્ઠ પદાર્થોથી પૂર્ણ, प्रभु-મહાન પ્રભાવ-કારક, चित्रम्-ચક્રવર્તી રાજ્યથી સિદ્ધ થનાર-શ્રી થી વિદ્યા મણિ-સુવર્ણ, હાથી, ઘોડા વગેરેના યોગથી અદ્ભુત राधः-સુખસાધક ધન असत्-છે, ते-તે આનંદ ઉત્પન્ન કરનાર તે ધનને અમારી તરફ सं + चोदय-પ્રેરિત કરીને, અમને પ્રાપ્ત કરાવો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ ઈશ્વરના અનુગ્રહ અને પોતાના પુરુષાર્થથી સર્વને આત્મા અને શરીરના સુખ માટે વિદ્યા તથા ઐશ્વર્યની પ્રાપ્તિ, રક્ષા, ઉન્નતિ, સન્માર્ગ અને દાન આદિનું સદા ઉત્તમ રીતે સેવન કરવું જોઈએ, જેથી દરિદ્રતા અને આળસથી ઉત્પન્ન થનારા દુઃખોનો નાશ થઈને દિવ્યભોગ કરવા યોગ્ય પદાર્થોની વૃદ્ધિ થતી રહે. (૫)*

**अस्मान्सु तत्र चोदयेन्द्र राये रभस्वतः। तुविद्युम्न यशस्वतः॥ ६॥**

પદાર્થ : હે तुविद्युम्न-અત્યંત વિદ્યા ધન યુક્ત इन्द्र-અન્તર્યામી ઈશ્વર ! रभस्वतः-જે આળસ છોડીને કાર્ય આરંભ કરનાર यशस्वतः-સત્કીર્તિ સહિત अस्मान्-અમે પુરુષાર્થી વિદ્યા, ધર્મ અને પરોપકારથી નિત્ય પ્રયત્ન કરનાર મનુષ્યોને तत्र-શ્રેષ્ઠ પુરુષાર્થમાં राये-શ્રેષ્ઠ ધનની પ્રાપ્તિ માટે सु + चोदय-ઉત્તમ રીતે યુક્ત-પ્રેરિત કરો. (૬)

*ભાવાર્થ : આ સંસારમાં સર્વ મનુષ્યોએ ઈશ્વરની આજ્ઞામાં રહીને પુરુષાર્થી અને યશસ્વી બનીને વિદ્યા, રાજ્ય, ધનની પ્રાપ્તિ માટે સદા પ્રયત્ન કરવો જોઈએ. એવા લોકો વિના એ લક્ષ્મી પ્રાપ્ત કરી શકાતી નથી. કારણ કે ઈશ્વરે પુરુષાર્થી મનુષ્યો માટે સમસ્ત પદાર્થની પ્રાપ્તિ માટે નિર્માણ કરેલ છે. (૬)*

**सं गोमदिन्द्र वाजवदस्मे पृथु श्रवो बृहत्। विश्वायुर्धेह्यक्षितम्॥ ७॥**

પદાર્થ : હે इन्द्र-અનંત વિદ્યા યુક્ત સર્વના ધારક જગદીશ્વર ! આપ अस्मे-અમારા માટે-गोमत-જે પ્રશસ્ત વાણી અને સ્તોતાઓ વાળા, वाजवत्-અનેક ભોકતવ્ય અન્નવાળા, पृथु-અનેક વિદ્યામાં વિસ્તૃત बृहत्-અનેક શુભગુણ અને ભોગોથી મહાન विश्वायुः-સો વર્ષ અથવા અધિક આયુના માટે अक्षितम्-પ્રતિદિન વૃદ્ધિ કારક-ક્ષીણ ન થનાર, श्रवः-જેમાં અનેક પ્રકારની વિદ્યાઓ અને સુવર્ણ આદિ સાંભળવામાં આવે છે, તે ધનને सं + धेहि-ઉત્તમ રીતે-નિત્ય માટે આપો. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ બ્રહ્મચર્ય ધારણ કરીને, વિષયોની લંપટતા ત્યાગીને, ભોજન-આચ્છાદન આદિ ઉત્તમ નિયમોથી વિદ્યા અને ચક્રવર્તી રાજ્યની લક્ષ્મીને પ્રાપ્ત કરવા માટે, સમગ્ર આયુ સુધી ભોગવવા માટે, ઉપરોક્ત ધન માટે પરસ્પર મેળ કરે, જેથી ઐહિક-આ સંસાર અને પરમાર્થિક-પરલોકનું દૃઢ અને વિસ્તૃત શ્રેષ્ઠ સુખ સદા વૃદ્ધિ પામતું રહે. પરંતુ આ સુખ માત્ર ઈશ્વરની પ્રાર્થના કરવાથી જ મળી શકતું નથી પરંતુ તેની પ્રાપ્તિ માટે વિવિધ પુરુષાર્થની અપેક્ષા રહે છે. (૭)*

**अस्मे धेहि श्रवो बृहद् द्युम्नं सहस्रसातमम्। इन्द्र ता रथिनीरिषः॥ ८॥**

પદાર્થ : હે इन्द्र-મહાન બળથી યુક્ત ઈશ્વર ! આપ अस्मे-અમારા માટે सहस्रसातमम्-અસંખ્ય સુખોનું મૂળ बृहत्-નિત્ય વૃદ્ધિકારક द्युम्नम्-પ્રકાશમય જ્ઞાન श्रवः-પૂર્વોક્ત ધન અને ( ताः ) તે रथिनीरिषः-અનેક રથ આદિ સાધનો સહિત સેનાઓ धेहि-સમ્યક્ રૂપમાં પ્રદાન કરો. (૮)

*ભાવાર્થ : હે જગદીશ્વર ! આપની કૃપા અને અત્યંત પુરુષાર્થથી જે ધન દ્વારા અનેક સુખોને સિદ્ધ કરનારી સેનાઓ પ્રાપ્ત કરી શકાય છે, તેને આપ અમારામાં નિત્ય સ્થાપિત કરો. (૮)*

**वसोरिन्द्रं वसुपतिं गीर्भिर्गृणन्त ऋग्मियम्। होम गन्तारमूतये॥ ९॥**

પદાર્થ : गीर्भि-વેદવાણીથી गृणन्तः-સ્તુતિ કરતા અમે લોકો वसुपतिम्-અગ્નિ, પૃથિવી, અન્તરિક્ષ, આદિત્યલોક દ્યો-પ્રકાશમાન લોક, ચંદ્રલોક, નક્ષત્ર અર્થાત્ તારાઓ વગેરે નિવાસ સ્થાનના પાલક =સ્વામી અને રક્ષક, ऋग्मियम्-વેદમંત્રોના પ્રકાશક, गन्तारम्-સર્વના અન્તર્યામી અર્થાત્ પોતાની વ્યાપ્તિથી સર્વત્ર પ્રાપ્ત થનાર, इन्द्रम्-સર્વને ધારણ કરનાર પરમેશ્વરને वसोः-સંસારમાં સુખવાસ માટે વિદ્યાદિ ધનની

ऊतये-પ્રાપ્તિ અને રક્ષા (અથવા ક્રિયા-ઉપયોગ) માટે होम-પ્રાર્થના કરીએ છીએ. (૯)

*ભાવાર્થ : મનુષ્યોને ઉચિત છે કે-તેઓ જગતના સ્વામી, વેદના પ્રકાશક, સર્વત્ર વ્યાપક ઈન્દ્ર = પરમેશ્વરની જ ઈશ્વર ભાવથી સ્તુતિ કરવી જોઈએ, તથા ઈશ્વરના ન્યાયકારિત્વ આદિ ગુણોની સ્પર્ધા અને પુરુષાર્થથી સર્વ શ્રેષ્ઠ વિદ્યા, રાજ્ય તથા લક્ષ્મી આદિ પદાર્થોને પ્રાપ્ત કરીને તેની સદા રક્ષા અને ઉન્નતિ કરવી જોઈએ. (૯)*

सुतेसुते न्योकसे बृहद् बृहत एदरिः। इन्द्राय शूषमर्चति॥ १०॥

પદાર્થ : જે अरिः-સર્વ શ્રેષ્ઠ ગુણો અને ઉત્તમ સુખોને પ્રાપ્ત કરનાર વિદ્વાન મનુષ્ય सुतेसुते-પ્રત્યેક ઉત્પન્ન પદાર્થોમાં बृहते-સંપૂર્ણ શ્રેષ્ઠ ગુણોમાં મહાન, સર્વમાં વ્યાપક न्योकसे-સ્થાનોને નિશ્ચિત કરનાર તે इन्द्राय-પરમેશ્વરને માટે પોતાના बृहत्-સર્વથી અધિક (મહાન) शुषम्-બળ અને સુખને आ-अर्चति-સર્વત્ર સમર્પણ ભાવથી અર્પણ કરી દે છે, તે ભાગ્યશાળી હોય છે. (૧૦)

*ભાવાર્થ : જે પ્રત્યેક વસ્તુમાં વ્યાપક, મંગલમય અને અનુપમ પરમેશ્વરના પ્રત્યે, કોઈ કોઈનો શત્રુ મનુષ્ય પોતાના અભિમાનનો ત્યાગ કરીને નમ્ર બની જાય છે, તો જે તે ઈશ્વરની આજ્ઞા રૂપ ધર્મ અને તેની ઉપાસના કરે છે, તે મહાન ગુણોથી મહાન બનીને સર્વના દ્વારા 'પૂજનીય' અને નમ્ર કેમ ન હોય ?*

*જે ઈશ્વરના ઉપાસક, પુરુષાર્થી અને સર્વનો ઉપકાર કરનાર વિદ્વાન મનુષ્યો હોય છે, તે જ વિદ્યાનું સુખ અને ચક્રવર્તી રાજ્યના આનંદને પ્રાપ્ત કરે છે, તેથી વિપરીત લોકો નહિ. (૧૦)*

*(સંગતિ :) આ સૂક્તમાં ઈન્દ્ર શબ્દના અર્થનું વર્ણન, ઉત્તમ ધન આદિની પ્રાપ્તિને માટે ઈશ્વર-પ્રાર્થના અને પુરુષાર્થ કરવા રૂપ આજ્ઞાનું પ્રતિપાદન કરેલ છે. તેથી આ નવમા સૂક્તની સંગતિ આઠમા સૂક્તના ઉક્ત અર્થની સાથે છે તેમ સમજવું જોઈએ. (૯)*

## સૂક્ત-૧૦

गायन्ति त्वा गायत्रिणोऽर्चन्त्यर्कमर्किणः।
ब्रह्माणस्त्वा शतक्रत उद्वंशमिव येमिरे॥ १॥

પદાર્થ : હે शतक्रतो-અસંખ્ય કર્મ અથવા શ્રેષ્ઠ જ્ઞાનયુક્ત પરમેશ્વર ! ब्रह्माणः-જેમ વેદોને જાણીને ઉત્તમ આચરણ કરનાર વિદ્વાન શ્રેષ્ઠ ઉપદેશ, ગુણ અને ઉત્તમ શિક્ષાઓથી वंशम्-પોતાના વંશને उद्येमिरे-પ્રશસ્ત ગુણયુક્ત પુરુષાર્થી બનાવે છે, તેમ गायत्रिणः-ગાયત્ર અર્થાત્ પ્રશંસિત છંદ, રાગ આદિનું અધ્યયન કરેલ ધાર્મિક અને ઈશ્વરની ઉપાસના કરનાર લોકો त्वा-આપની गायन्ति-સમાવેદ આદિના ગાનથી પ્રશંસા કરે છે. अर्किणः-અર્ક અર્થાત્ વેદના મંત્રોના નિત્ય અભ્યાસી છે. તેઓ अर्कम्-સર્વ લોકોમાં પૂજ્ય त्वा-જગતના સ્રષ્ટા આપની अर्चन्ति-નિત્ય પૂજા કરે છે. (૧)

*ભાવાર્થ : જેમ સર્વ મનુષ્યોએ પરમેશ્વરની પૂજા કરવી જોઈએ અર્થાત્ સદા તેની આજ્ઞામાં રહેવું જોઈએ તથા (જેમ તેના દ્વારા) વેદવિદ્યાને ભણીને, સમ્યક્ જાણીને, ઉપદેશ દ્વારા સમસ્ત મનુષ્ય-જાતિને શ્રેષ્ઠ ગુણોથી યુક્ત અને ઉદ્યમશીલ બનાવી શકાય છે, તેમ સ્વયંને પણ બનવું જોઈએ. આનું ફળ પરમેશ્વર સિવાય અન્ય કોઈની પૂજા કરવાથી પ્રાપ્ત થઈ શકતું નથી. કારણ કે ઈશ્વરની આજ્ઞાના ભાવની દૃષ્ટિએ તેના સમાન અન્ય વસ્તુ વિદ્યમાન નથી. એટલા માટે તે (ઈશ્વર)નું જ ગાન અને પૂજન કરવું જોઈએ. (૧)*

**यत्सानोः सानुमारुहद्भूर्यस्पष्ट कर्त्वम्।**

**तदिन्द्रो अर्थं चेतति यूथेन वृष्णिरेजति॥ २॥**

પદાર્થ : જેમ-यूथेन-સુખ આપનાર સાધન અથવા વાયુ ગણની સાથે वृष्णिः-સુખોની વર્ષા કરનાર સૂર્ય-કિરણ સમૂહ પોતાનો પ્રકાશ કરીને सानोः-પર્વતના એક શિખર પરથી सानुम्-બીજા શીખર પર भूरि-બહુ જ आरुहत्-ચઢે છે-પ્રાપ્ત થાય છે, अस्पष्ट-સ્પર્શ કરે છે-ચાલે છે. एजति-ક્રમથી પોતાની કક્ષામાં ગતિ કરતો ફરે છે; તેમ જે મનુષ્ય ક્રમશઃ એક કર્મને કરીને બીજું कर्त्वम्-કરવા भूरि-બહુ જ आरुहत्-આરંભ તથા अस्पष्ट-સ્પર્શ કરતા एजति-પ્રાપ્ત થાય છે, તે પુરુષ માટે इन्द्रः-સર્વજ્ઞ ઈશ્વર તે કર્મો કરવા सानोः-ક્રમશઃ अर्थम्-પ્રયોજનના વિભાગની સાથે भूरि-સારી રીતે चेतति-પ્રકાશિત કરે છે અથવા બતાવે છે. (૨)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાની સામેના રહેલા પદાર્થો (લોકો)ને વાયુની સાથે વારંવાર ક્રમશઃ અત્યંત આક્રાન્ત કરીને, આકૃષ્ટ કરીને, પ્રકાશિત કરીને ભ્રમણ કરાવે છે, તેમ જે મનુષ્ય વિદ્યાથી કરવા યોગ્ય અનેક-બહુ કર્મોને નિરંતર કરવા માટે પ્રવૃત્ત થાય છે, તે જ સાધન-સમૂહથી સર્વ કાર્ય સિદ્ધ કરી શકે છે. ઈશ્વરની આ સૃષ્ટિમાં તે જ મનુષ્ય સુખ પ્રાપ્ત કરે છે. ઈશ્વર પણ તેના પર જ અનુગ્રહ-કૃપા દૃષ્ટિ કરે છે. (૨)*

**युक्ष्वा हि केशिना हरी वृषणा कक्ष्यप्रा।**

**अथा न इन्द्र सोमपा गिरामुपश्रुतिं चर॥ ३॥**

પદાર્થ : હે सोमपाः-સોમ = ઉત્તમ પદાર્થોના રક્ષક इन्द्र-સર્વમાં વ્યાપક ઈશ્વર ! જેમ આપના રચેલા સૂર્યલોકના केशिना-પ્રકાશયુક્ત આકર્ષણ અને બળરૂપ સામર્થ્ય वृषणा-વૃષ્ટિના હેતુ कक्ष्यप्रा-જે પોતાની કક્ષામાં ઉત્પન્ન પદાર્થોનું પૂરણ કરનાર हरी-વ્યાપ્તિશીલ અને હરણશીલ ઘોડાઓની સમાન અને આકર્ષણ ગુણ છે. તેને પોતાના કાર્યમાં જોડે છે, તેમ જ આપ नः-અમને પણ સમસ્ત વિદ્યાના પ્રકાશ માટે તે વિદ્યાઓમાં युङ्क्ष्व-યુક્ત કરો. अथ-અને આપની સ્તુતિમાં પ્રવૃત્ત જે नः-અમારી गिराम्-વાણી છે, તેનું उपश्रुतिम्-શ્રવણનો चर-સ્વીકાર અથવા પ્રાપ્ત કરો. (૩)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ સમસ્ત વિદ્યાના અધ્યયન પછી ક્રિયાઓની કુશળતામાં પ્રવૃત્ત થવું જોઈએ. જેમ આ સંસારમાં સૂર્યનો વિશાળ પ્રકાશ છે, તેમ ઈશ્વરના ગુણોનો અને વિદ્યાના પ્રકાશનો સર્વત્ર*

*ઉપયોગ કરવો જોઈએ.-સર્વત્ર ફેલાવવો જોઈએ. (૩)*

**एहि स्तोमाँ अभि स्वराभि गृणीह्यारुव।**

**ब्रह्म च नो वसो सचेन्द्र यज्ञं च वर्धय॥४॥**

પદાર્થ : હે इन्द्र-સ્તુતિ કરવા યોગ્ય જગદીશ્વર ! જેમ કોઈ સમસ્ત વિદ્યાઓમા પરિપૂર્ણ જ્ઞાતા વિદ્વાન स्तोमान्-આપની સ્તુતિઓના અર્થોને अभिस्वर-યથાવત્ પ્રાપ્ત કરતા-કરાવતા અથવા ગાન કરે છે તેમ નઃ-અમને પ્રાપ્ત કરાવો.

હે वसो-સર્વ ભૂત-પ્રાણીઓ જેમાં વાસ કરે છે અથવા તેમાં વસનાર છે તે જગદીશ્વર ! કૃપા કરીને એ રીતે પ્રાપ્ત થઈને નઃ-અમને स्तोमान्-વેદની સ્તુતિ-સમૂહોના અર્થોને सचा-વિજ્ઞાન અને સત્કર્મોમાં સંયુક્ત કરીને अभिस्वर-સમ્યક્ રીતે ઉપદેશ આપો. ब्रह्म च-અને વેદાર્થ તથા વેદ વિદ્યાને अभिगृणीहि-પ્રકાશિત કરો-ઉપદેશ કરો. यज्ञं च-અમારા માટે હોમ જ્ઞાન અને શિલ્પવિદ્યારૂપ ક્રિયાઓની वर्धय-નિત્ય વૃદ્ધિ કરો. (૪)

*ભાવાર્થ : જે (મનુષ્ય) વેદવિદ્યાના સત્ય યોગથી પરમેશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરે છે, તેને ઈશ્વર અન્તર્યામી રૂપથી મંત્રોના અર્થ બતાવીને નિરંતર સુખ પ્રાપ્ત કરાવે છે. તેથી તે લોકોમાં વિદ્યા અને પુરુષાર્થનો કદી હ્રાસ થતો નથી. (૪)*

**उक्थमिन्द्राय शंस्यं वर्धनं पुरुनिष्षिधे।**

**शक्रो यथा सुतेषु णो रारणत् सख्येषु च॥५॥**

પદાર્થ : यथा-જેમ કોઈ મનુષ્ય પોતાના सुतेषु-સંતાનો અને सख्येषु-મિત્રોના કર્મ, ભાવ અથવા પુત્ર, સ્ત્રી, નોકર વર્ગ આદિ પર ઠपकार-ઉપકારી હોય છે, તેમ शक्रः-સર્વ શક્તિમાન જગદીશ્વર (नः) અમારા પર કૃપા કરતા पुरुनिष्षिधे-અનેક શાસ્ત્રો ભણવા-ભણાવવા તથા ધર્મયુક્ત કાર્યોમાં આચરણ કરનાર इन्द्राय-સર્વના મિત્ર અને ઐશ્વર્યની ઇચ્છા કરનાર ધાર્મિક-જીવનને માટે वर्धनम्-વિદ્યાદિ ગુણોના વર્ધક, शंस्यम्-પ્રશંસાના च-અને उक्थम्-ઉપદેશ કરવા યોગ્ય વેદોક્ત સ્તોત્રોના અર્થોનો रारणत्-યથાવત્ ઉપદેશ-પ્રકાશ કરીને સુખી બની રહે. (૫)

*ભાવાર્થ : આ સંસારમાં જે કંઈ શોભા, પ્રશંસા અને ધન્યવાદ છે, તે સર્વ ઈશ્વરને જ પ્રકાશિત કરે છે. કારણ કે જે કંઈ બનેલ પદાર્થોમાં પ્રશંસિત રચનાઓ અને ગુણ હોય છે, તે તે સર્વ નિર્માતાની પ્રશંસા કરે છે. તેમ જ ઈશ્વરની અનંત પ્રશંસા અને પ્રાર્થના (તેનાથી) પદાર્થોની પ્રાપ્તિ માટે જ કરવામાં આવે છે. પરંતુ જે કંઈ ઈશ્વરથી પ્રાર્થના-માંગવામાં આવે છે, તે સર્વ મનુષ્ય પોતાના અત્યંત પુરુષાર્થથી જ પ્રાપ્ત કરી શકે છે. (૫)*

**तमित् सखित्व ईमहे तं राये तं सुवीर्ये।**

स शक्र उत नः शकदिन्द्रो वसु दयमानः ॥ ६ ॥

પદાર્થ : જે नः-અમારા માટે दयमानः-સુખપૂર્વક રમણ કરવા યોગ્ય વિદ્યા, આરોગ્ય અને સુવર્ણાદિ ધનના દાતા, વિદ્યાદિ ગુણોના પ્રકાશક, નિરંતર રક્ષક, દુઃખ દોષ અને શત્રુઓનો વિનાશ પોતાના ધાર્મિક ભક્તજનોનો સ્વીકાર-ગ્રહણ કરનાર शक्रः-અનંત સામર્થ્યયુક્ત इन्द्रः-દુઃખ વિનાશક જગદીશ્વર છે, તે वसु-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યાદિ પરમ ધન આપવામાં शकत्-સમર્થ છે, तमित्-તેને અમે उत-વેદાદિ શાસ્ત્ર સર્વ વિદ્વાનો પ્રત્યાક્ષાદિ સારા કર્મો હોવાના કારણે तम्-તેને राये-પૂર્વોક્તિ વિદ્યાદિ ધનના માટે અને तम्-તેને सुवीर्ये-શ્રેષ્ઠ ગુણોથી યુક્ત, ઉત્તમ પરાક્રમની પ્રાપ્તિ માટે ईमहे-પ્રાર્થના કરીએ છીએ. (૬)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ, સમસ્ત શુભગુણોની પ્રાપ્તિ માટે પરમેશ્વરથી પ્રાર્થના કરવી જોઈએ, અન્યથી નહીં. કારણ કે તે અદ્વિતીય, સર્વના મિત્ર, પરમ ઐશ્વર્યયુક્ત અને અનંત શક્તિમાન ઈશ્વરમાં સર્વ કાંઈ આપવાનું સામર્થ્ય છે. (૬)*

सुविवृतं सुनिरजमिन्द्र त्वादातमिद् यशः ।

गवामप व्रजं वृधि कृणुष्व राधो अद्रिवः ॥ ७ ॥

**[સૂર્યલોક]**

પદાર્થ : જેમ એ अद्रिवः-ઉત્તમ પ્રકાશ આદિ ધનયુક્ત इन्द्रः-સૂર્યલોક सुनिरजम्-સુખથી પ્રાપ્ત થવા યોગ્ય त्वादातम्-તેનાથી સિદ્ધ થનાર यशः-જળને सुविवृतम्-સુવિસ્તૃત गवाम्-કિરણો व्रजं-સમૂહનો સંસારમાં પ્રકાશ કરવા માટે अपवृधि-ફેલાવે છે તથા राधः-ધનને પ્રકાશિત कृणुष्व-કરે છે.

**[ઈશ્વર]**

अद्रिवः-પ્રશંસા કરવા યોગ્ય इन्द्र-મહા યશસ્વી સર્વ પદાર્થોને યથા યોગ્ય ભાગ કરનાર પરમેશ્વર ! આપ મન આદિ ઈન્દ્રિયોના જ્ઞાન અને શ્રેષ્ઠ સુખદાયક પશુઓના व्रजम्-સમૂહને अपवृधि-પ્રાપ્ત કરીને તેના દ્વારા ખોલો, તથા सुविवृतम्-દેશ-દેશાન્તરમાં પ્રસિદ્ધ સુખ આપનાર અને વ્યવહારમાં યથાયોગ્ય પ્રતીત થવા યોગ્ય यशः-કીર્તિને વધારનાર અત્યુત્તમ त्वादातम्-આપના જ્ઞાનથી શુદ્ધ થયેલ राधः-જેનાથી અનેક સુખ સિદ્ધ થાય, એવી વિદ્યા અને સુવર્ણાદિ ધન અમારા માટે कृणुष्व-કૃપા કરીને પ્રાપ્ત કરાવો. (૭)

*ભાવાર્થ : હે પરમેશ્વર ! જેમ આપે સૂર્યાદિ જગત ઉત્પન્ન કરીને પોતાની કીર્તિ અને સર્વ પ્રાણીઓને માટે સુખ પ્રસિદ્ધ કરેલ છે, તેમ આપની કૃપાથી અમે પણ મન આદિ ઈન્દ્રિયોને સુખપૂર્વક શુદ્ધ અને વિદ્યા તથા ધર્મપ્રકાશ યુક્ત અમારી કીર્તિ, વિદ્યારૂપી ધન અને ચક્રવર્તી રાજ્ય નિરંતર પ્રકાશિત કરીને સર્વ મનુષ્યોને સુખી અને કીર્તિમાન બનાવીએ. (૭)*

नहि त्वा रोदसी उभे ऋघायमाणमिन्वतः।
जेषः स्वर्वतीरपः सं गा अस्मभ्यं धूनुहि॥८॥

પદાર્થ : હે પરમેશ્વર ! જે उभे-रोदसी-સૂર્ય અને પૃથિવી જે ऋघायमाणम्-પૂજા કરવા યોગ્ય આપ સર્વત્ર વ્યાપક જગદીશ્વરને नहि-નહિ इन्वतः-વ્યાપક કરી શકતા, તે આપ અમારા માટે स्वर्वतीः-સુખકારક अपः-કર્મોને जेषः-વિજય પૂર્વક પ્રાપ્ત કરવા માટે અમારી गाः-ઈન્દ્રિઓને संधूनुहि-ઉત્તમ કર્મોમાં પ્રેરિત કરો. (૮)

*ભાવાર્થ : જો કોઈ પૂછે કે, ઈશ્વર કેટલો મહાન છે, તો ઉત્તર એ છે કે જેને આકાશાદિ સર્વને વ્યાપ્ત કરેલ છે, તે અનંત ઈશ્વરને કોઈ પણ પદાર્થ વ્યાપ્ત કરી શકતો નથી. તેથી એ સર્વ મનુષ્યો દ્વારા સેવન-ઉપાસના કરવા યોગ્ય છે. ઉત્તમ કર્મ અને ઉત્તમ પદાર્થ પ્રાપ્ત કરવા માટે તેને જ પ્રાર્થના કરવી જોઈએ. જેના ગુણ અને કર્મ પરિમાણ રહિત છે, તેનો અન્ત = પાર પામવાને કોણ સમર્થ બની શકે તેમ છે ? (૮)*

आश्रुत्कर्ण श्रुधी हवं नू चिद्दधिष्व मे गिरः।
इन्द्र स्तोममिमं मम कृष्वा युजश्चिदन्तरम्॥९॥

પદાર્થ : आश्रुत्कर्ण-હે નિરંતર શ્રવણશક્તિ રૂપ કર્ણયુક્ત इन्द्र-સર્વ અન્તર્યામી જગદીશ્વર ! चित्-જેમ કોઈ પ્રિય મિત્ર युजः-સત્ય વિદ્યા અને શ્રેષ્ઠ ગુણોથી યુક્ત પોતાના મિત્રની गिरः-વાણીઓને પ્રીતિપૂર્વક સાંભળે છે, તેમ આપ नु-શીઘ્ર मे-મારી गिरः-સ્તોતાની વાણીઓ તથા हवम्-ગ્રહણ કરવા યોગ્ય સત્ય વચનોને श्रुधि-સાંભળો, मम-મારી स्तोमम्-સ્તુતિઓનો સમૂહ જે अन्तरम्-અન્તઃકરણને શુદ્ધ કરનાર છે, તેને આપના જ્ઞાનની અંદર दधिष्व-ધારણ કરો, युजः-પૂર્વોક્ત કાર્યોમાં ઉક્ત પ્રકારથી યુક્ત અમારી अन्तरम्-અંદરની શુદ્ધિ कृष्वा-કરો. (૯)

*ભાવાર્થ : મનુષ્યોને ઉચિત છે કે-ઈશ્વર સર્વજ્ઞ, જીવ દ્વારા પ્રયુક્ત વાણી વ્યવહારના યથાવત્ શ્રોતા, સર્વના આધાર, અન્તર્યામી, જીવ અને અન્તઃકરણની યથાવત્ શોધક-શુદ્ધિ કરનાર તથા સર્વના મિત્ર હોવાથી એ જ એક (પરમેશ્વર) સદા જાણવા અને પ્રાર્થના કરવા યોગ્ય છે. (૯)*

विद्मा हि त्वा वृषन्तमं वाजेषु हवनश्रुतम्।
वृषन्तमस्य हूमह ऊतिं सहस्रसातमाम्॥१०॥

પદાર્થ : હે इन्द्रः-ઈશ્વર ! અમે वाजेषु-સંગ્રામોમાં हवनश्रुतम्-પ્રાર્થનાને સાંભળનાર, वृषन्तमम्-ઈચ્છિત કામોની અત્યંત વર્ષા કરનાર અને જાણનાર त्वा-આપને विदम-જાણીએ છીએ, हि-જેથી वृषन्तमस्य-ઉત્તમ કામોમાં અત્યંત મેઘની સમાન વર્ષા કરનાર तव-આપની सहस्रसातमाम्-સારી રીતે

અનેક સુખોને આપનારી જે ऊतिम्-રક્ષા, પ્રાપ્તિ અને બુદ્ધિની हूमहे-કામના કરીએ છીએ. (૧૦)

*ભાવાર્થ : સર્વ મનુષ્યો સમસ્ત કામનાઓની સિદ્ધિ પ્રદાન કરનાર અને શત્રુઓની (સાથે) યુદ્ધોમાં વિજયનું કારણ પરમેશ્વરને જ જાણે. જેના દ્વારા આ સંસારમાં સર્વ પ્રાણીઓનાં સુખને માટે અગણિત પદાર્થો ઉત્પન્ન કરીને રાખેલા છે, તે પરમેશ્વરનો અને તેની આજ્ઞાનો આશ્રય કરીને સર્વ પ્રકારનાં પ્રયત્નપૂર્વક પોતાનું અને સર્વ મનુષ્યોનું સુખ સિદ્ધ કરવું જોઈએ. (૧૦)*

**आ तू न॑ इन्द्र कौशिक मन्दसा॒नः सु॒तं पिब।**

**नव्य॒मायुः॒ प्र सू ति॑र कृ॒धी स॑हस्र॒सामृषि॑म्॥ ११॥**

પદાર્થ : હે कौशिक-સર્વ વિદ્યાઓના ઉપદેશક અને પ્રકાશિત કરનાર અથવા અર્થોનો સમ્યક્ ઉપદેશ કરનાર इन्द्र-સર્વાનંદ સ્વરૂપ ઈશ્વર ! मन्दसानः-શ્રેષ્ઠ સ્તુતિઓને પ્રાપ્ત અને સર્વને યથાયોગ્ય જાણનાર नः-અમારા सुतम्-પ્રયત્નથી ઉત્પન્ન સોમ આદિ રસ અથવા પ્રિય શબ્દોની સ્તુતિઓને आ + पिव-સર્વત્રથી શ્રવણ શક્તિથી ગ્રહણ કરો-तु-અને કૃપા કરીને नः-અમારા नव्यम्-નવીન आयुः-નિરંતર જીવને प्र + सु + तिर-ઉત્તમ રીતે પાર કરાવો, તથા नः-અમારા મધ્યમાં सहस्त्रसाम्-અનેક વિદ્યા આપનાર ऋषिम्-વેદના મંત્રોના અર્થના દ્રષ્ટા, જિતેન્દ્રિય હોવાથી શુભ ગુણોના સદા ઉપદ્રષ્ટા, સમસ્ત વિદ્યાના પ્રત્યક્ષકર્તા ઋષિને कृधि-ઉત્પન્ન કરો.

*ભાવાર્થ : જે મનુષ્યો પ્રેમપૂર્વક વિદ્યાના ઉપદેશકર્તા, જીવોને માટે સત્યવિદ્યાના પ્રકાશક, સર્વજ્ઞ અને શુદ્ધ ઈશ્વરની સ્તુતિ કરીને (તે અન્યોને) શ્રવણ કરાવે છે, તેઓ સુખથી પરિપૂર્ણ અને વિદ્યાથી યુક્ત આયુને પ્રાપ્ત કરીને, ઋષિ બનીને, પછી સર્વ વિદ્યાયુક્ત મનુષ્યોને (પૂર્ણ) પ્રેમપૂર્વક વિદ્વાન બનાવે છે. (૧૧)*

**परि॑ त्वा गिर्वणो॒ गिर॑ इ॒मा भ॑वन्तु वि॒श्वतः॑।**

**वृ॒द्धायु॒मनु॒ वृद्ध॑यो॒ जुष्टा॑ भवन्तु॒ जुष्ट॑यः॥ १२॥**

પદાર્થ : હે गिर्वणः-વેદો અને વિદ્વાનોને વાણીથી સ્તુતિ કરવા યોગ્ય इन्द्र-ભગવન્ ! विश्वतः-આ સંસારમાં इमाः-જે વેદોક્ત અને વિદ્વાનો દ્વારા પ્રયુક્ત પ્રત્યક્ષ गिरः-સ્તુતિઓ છે, તે परि-સર્વત્રથી त्वा-સર્વ સ્તુતિઓથી સેવન કરવા યોગ્ય આપ ઈન્દ્ર = ઈશ્વરની भवन्तु-પ્રકાશ કરનારી થાઓ, અને એ જ રીતે જે वृद्धयः-વૃદ્ધિને પ્રાપ્ત કરવા યોગ્ય, जुष्टाः-પ્રીતિ પ્રદાન કરનારી સ્તુતિઓ, जुष्टयः-સેવનીય છે, તે वृद्धायुम्-જે નિરંતર સર્વ કાર્યોમાં અમારી ઉન્નતિને આપ વધારનારમાં આપનો अनुभवन्तु-અનુભવ કરીએ. (૧૨)

*ભાવાર્થ : "હે ભગવન્ ! જે કોઈ શ્રેષ્ઠ પ્રશંસા છે, તે સર્વ આપની જ છે અને જે કોઈ સુખ અને આનંદની વૃદ્ધિ છે, તે સર્વ આપની પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન કરે છે." આ રીતે જે ઈશ્વરના ગુણોનો તથા તેની સૃષ્ટિના ગુણોનો અનુભવ કરે છે, તે જ પ્રસન્ન અને વિદ્યાવૃદ્ધ બનીને સર્વમાં 'પૂજ્ય' બની*

જાય છે. (૧૨)

સંગતિ : આ સૂક્તમાં-જે ક્રમથી વિદ્યાદિ શુભ ગુણોને ગ્રહણ કરીને, ઈશ્વરને પ્રાર્થના કરીને, સારી રીતે પુરુષાર્થનો આશ્રય કરીને ધન્યવાદ પૂર્વક પરમેશ્વરની પ્રશંસા કરે છે, તેઓ જ અવિદ્યા આદિ દુષ્ટ ગુણોનું નિવારણ કરીને, શત્રુઓને જીતીને, દીર્ઘાયુ વિદ્વાન બનીને, સર્વના માટે સુખ ઉત્પન્ન કરીને સદા આનંદિત રહે છે, આથી દશમા સૂક્તના અર્થની નવમા સૂક્તના અર્થની સાથેની સંગતિ જાણવી જોઈએ. (૧૦)

## સૂક્ત-૧૧

इन्द्रं विश्वा अवीवृधन्त्समुद्रव्यचसं गिरः।
रथीतमं रथीनां वाजानां सत्पतिं पतिम्॥ १ ॥

**[ઈશ્વર]**

પદાર્થ : અમારી જે विश्वाः-સર્વ गिरः-સ્તુતિઓ જે समुद्रव्यचसम्-આકાશમાં વ્યાપ્ત = સર્વવ્યાપક रथीनाम्-નિત્ય યુક્ત રથવાળા યોદ્ધાઓની સમાન रथीतमम्-પૃથિવી, સૂર્યલોક આદિ રૂપ રથોવાળા, वाजानाम्-જય-પરાજયના પ્રાપ્તિ સ્થાનના તથા सत्पतिम्-સત્ = નાશ રહિત પ્રકૃતિ આદિ કારણ દ્રવ્યોના સ્વામી, पतिम्-ચરાચર જગતના રક્ષક, इन्द्रम्-વિજય પ્રદાતા પરમાત્માને अवीवृधन्-નિત્ય વૃદ્ધિ કરે છે-પ્રકાશિત કરે છે. તેમ મનુષ્ય પણ પ્રકાશિત કરે.

**[વિજેતા પુરુષ]**

અમારી જે विश्वाः-સર્વ गिरः સ્તુતિઓ समुद्रव्यचसम्-સમુદ્રમાં નૌકા આદિ વિજય કરાવનાર સાધનો વ્યાપક रथीनाम्-નિત્ય યુક્ત રથવાળા યોદ્ધાઓનાં रथीतमम्-રમણ, વિજયના માટે વિમાનાદિ રથોવાળા, वाजानाम्-જય-પરાજયના પ્રાપ્તિ સ્થાન યુદ્ધોના તથા सत्पतिम्-સદ્વ્યવહારો અથવા સત્પુરુષોના પાલક ન્યાયાધીશ રાજા पतिम्-સજ્જનોના રક્ષક इन्द्रम्-શત્રુઓના વિજેતા શૂરવીર પુરુષોની अवीवृधन्-નિત્ય વૃદ્ધિ કરે છે. તેની અમે મનુષ્યો વૃદ્ધિ કરીએ. (૧)

*ભાવાર્થ : સર્વ વેદવાણીઓ પરમ ઐશ્વર્યવાન, સર્વ વ્યાપક, સર્વત્ર રમણ કરનાર, ધાર્મિકોને વિજય પ્રદાન કરનાર પરમેશ્વરને પ્રકાશિત કરે છે અથવા ધર્મયુક્ત બળથી દુષ્ટ મનુષ્યોના વિજેતા, ધાર્મિકોના રક્ષક પુરુષોને પ્રકાશિત કરે છે, એવા ઈશ્વરને વેદવાણી સર્વને બતાવે છે. (૧)*

सख्ये त इन्द्र वाजिनो मा भेम शवसस्पते।
त्वामभि प्र णोनुमो जेतारमपराजितम्॥ २ ॥

**[ઈશ્વર]**

પદાર્થ : હે शवसः-અનંત બળના पते-સ્વામી જગદીશ્વર ! अभि-મુખ્ય રૂપથી जेतारम्-શત્રુઓ પર વિજય કરનાર, अपराजितम्-કોઈથી પરાજીત ન થનાર त्वाम्-આપ જગદીશ્વરને वाजिनः-પરમ ઉત્કૃષ્ટ વિદ્યા અને બળથી યુક્ત આત્માના પ્રશસ્ત બળસમૂહ વાળા વિજ્ઞાનવાન અમે प्रणोनुमः-વારંવાર પ્રણામ કરીએ છીએ, અત્યંત સ્તુતિ કરીએ છીએ. તથા હે इन्द्र-સર્વના સ્વામી ઈશ્વર ! ते-આપની सख्ये-મિત્રતા કરવાથી શત્રુઓથી કદી પણ मा + भेम-ડરીએ નહિ.

**[સેન્ધાચક્ષ]**

હે शवसः-પ્રમિત બળના पते-સ્વામી સેનાધ્યક્ષ તથા સમાધ્યક્ષ રાજન્ ! अभि-મુખ્યરૂપથી जेतारम्-શત્રુઓને જીતનાર, अपराजितम्-કોઈથી પરાજિત ન થનાર त्वा-આપ સભાધ્યક્ષને वाजिनः-પરમ ઉત્કૃષ્ટ વિદ્યા અને બળથી યુક્ત આત્માના પ્રશસ્ત બળસમૂહ યુક્ત વિજ્ઞાનવાન અમે प्र + णोनुमः-વારંવાર પ્રણામ કરીએ છીએ, અત્યંત સ્તુતિ કરીએ છીએ તથા-હે इन्द्र-સભાધ્યક્ષ રાજન્ ! ते-આપ ન્યાયશીલ સભાધ્યક્ષની सख्ये-મિત્રતાથી શત્રુઓથી કદી પણ मा + भेम-ડરીએ નહિ. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો પરમેશ્વર, તેની આજ્ઞાનું પાલન-આચરણ તથા શૂરવીર આદિની મિત્રતા કરે છે, તેઓ બળવાન બનીને શત્રુઓથી ભય અને પરાજયને પ્રાપ્ત થતા નથી. (૨)*

**पूर्वीरिन्द्रस्य रातयो न वि दस्यन्त्यूतयः।**
**यदि वाजस्य गोमतः स्तोतृभ्यो मंहते मघम्॥ ३ ॥**

**[ઈશ્વર]**

પદાર્થ : यदि-જે ઈન્દ્ર = ઈશ્વર स्तोतृभ्यः જગદીશ્વર અને સૃષ્ટિ-ગુણોની સ્તુતિ કરનાર ધાર્મિક વિદ્વાનોને वाजस्य-સુખ આપનાર વ્યવહાર અને गोमतः-પ્રશસ્ત પૃથિવી, ગાય આદિ પશુઓ તથા વાણી આદિ ઈન્દ્રિયોયુક્ત मधम्-ઉત્તમ વિદ્યા, સુવર્ણાદિ ધન मंहते-આપે છે, તો अस्य-એ इन्द्रस्य-નાશ ऊतयः-રક્ષા આદિ न + वि + दस्यन्ति-નાશ પામતા નથી.

**[સભાધ્યક્ષ રાજા]**

यदि-જે ઈન્દ્ર =સભાધ્યક્ષ રાજા स्तोतृभ्यः-જગદીશ્વર અને સૃષ્ટિ-ગુણોની સ્તુતિ કરનાર ધાર્મિક વિદ્વાનોને वाजस्य-સુખ આપનાર વ્યવહાર અને गोमतः-પ્રશસ્ત પૃથિવી, ગાય આદિ પશુઓ તથા વાણી આદિ ઈન્દ્રિયોયુક્ત मधम्-ઉત્તમ વિદ્યા, સુવર્ણાદિ ધન मंहते-આપે છે. તો अस्य-એ ( इन्द्रस्य ) રાજાના જે पूर्वीः-સનાતન रातयः-દાન અને ऊतयः-રક્ષાદિ न + वि + दस्यन्ति-નાશ પામતા નથી. (૩)

*ભાવાર્થ : જેમ ઈશ્વરના આ સંસારમાં દાન, રક્ષાદિ નિત્ય ન્યાયયુક્ત કર્મો છે, તેમ મનુષ્યોએ પણ પ્રજામાં વિદ્યા તથા નિર્ભયતાના દાન રૂપી કર્મો નિત્ય કરવા જોઈએ. જો ઈશ્વર ન હોય, તો સંસાર કેમ ઉત્પન્ન થઈ શકે ? જો ઈશ્વર ઉત્પન્ન કરીને ન આપે, તો મનુષ્ય કેવી રીતે જીવિત રહે*

*? તેથી સંપૂર્ણ કાર્ય (જગત)ના ઉત્પાદક, સર્વ સુખોના દાતા ઈશ્વર છે, અન્ય નહિ, એમ માનવું જોઈએ. (૩)*

पुरां भिन्दुर्युवा कविरमितौजा अजायत।

इन्द्रो विश्वस्य कर्मणो धर्ता वज्री पुरुष्टुतः॥४॥

**[સેનાપતિ]**

પદાર્થ : જે अमितौजाः-અનંત બળવાન वज्री-જેને પ્રાપ્તિ અને છેદન કરનાર અનેક શસ્ત્ર-સમૂહ યુક્ત, पुराम्-સંઘાત તથા શત્રુ નગરોના भिन्दुः-ભેદનાર, युवा-સંયોગ-વિભાગ કરનાર, कविः-ન્યાય-વિદ્યાનો ચાલક, पुरुष्टुतः-અનેક વિદ્વાનોથી સ્તુતિને યોગ્ય, इन्द्रः-સેનાપતિ વિદ્વાન, विश्वस्य-સર્વ જગત कर्मणः-કાર્યોને धर्ता-પરાક્રમ દ્વારા ધાર કરનાર अजायत-બને છે.

**[સૂર્ય]**

જો अमितौजाः-પરિમાણ રહિત જળયુક્ત, वज्री-કિરણયુક્ત, पुराम्-દ્રવ્યોનો भिन्दुः-ભેદક, युवा-સંયોગ-વિભાગ કરનાર, कविः-દર્શન શક્તિનો પ્રસારક, पुरुष्टुतः-અનેક ગુણોથી સ્તુતિને યોગ્ય, इन्द्रः-સૂર્યલોક विश्वस्य-સર્વ જગતની कर्मणः-ચેષ્ટા-ગતિનો धर्ता-આકર્ષણથી ધારણ કરનાર अजायत-હોય છે. (૪)

*ભાવાર્થ : જેમ ઈશ્વર દ્વારા રચીને ધારણ કરેલ એ સૂર્ય પોતાના વજ્ર સમાન છેદક કિરણોથી સર્વ મૂર્ત પદાર્થોનું ભેદન કરનાર અને આકર્ષણ દ્વારા પૃથિવી આદિ લોકોને ધારણ કરનાર છે, તેમ સેનાપતિએ પોતાના બળથી શત્રુના બળને છિન્ન-ભિન્ન કરીને સામ-દામ આદિ દ્વારા દુષ્ટ મનુષ્યોને ફોડીને તથા પોતાના શુભ ગુણોના કારણે આકર્ષણ બનીને, પૃથિવી પર પોતાના રાજ્યનું નિરંતર પાલન કરવું જોઈએ, (એવું સર્વએ) જાણવું જોઈએ. (૪)*

त्वं वलस्य गोमतोऽपावरद्रिवो बिलम्।

त्वां देवा अबिभ्युषस्तुज्यमानास आविषुः॥५॥

પદાર્થ : अद्रिवः-જેમાં-મેઘ = વાદળાઓ રહેલાં છે એવો જે સૂર્યલોક છે, તે गोमतः-જેમાં કિરણો રહેલાં છે, अविभ्युषः-ભય રહિત बलस्य-મેઘના बिलम्-જળસમૂહને अपावः-અલગ કરે છે, ખોલે છે, त्वाम्-તે સૂર્યને तुज्यमानासः-પોતપોતાની કક્ષાઓમાં ભ્રમણ કરતા देवाः-પૃથિવી આદિ લોક आविषुः-વિશેષ રૂપથી પ્રાપ્ત થાય છે. (૫)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાનાં કિરણો દ્વારા ઘટાટોપ વાદળાઓને છિન્ન-ભિન્ન કરીને તેને ભૂમિ પર પાડે-વરસાવે છે, કારણ કે વાદળાઓ તેના કિરણોમાં સ્થિર રહેલાં છે, જેના સર્વત્ર આકર્ષણથી પૃથિવી આદિ લોક પોત-પોતાની કક્ષામાં નિયમપૂર્વક ભ્રમણ કરે છે, તેથી અયન (ઉત્તરાયણ-દક્ષિણાયણ),*

*ઋતુ, દિવસ-રાત વગેરે બને છે, તેમ સેનાપતિ આદિએ પણ બનવું જોઈએ. (૫)*

तवाहं शूर रातिभिः प्रत्यायं सिन्धुमावदन्।
उपातिष्ठन्त गिर्वणो विदुष्टे तस्य कारवः॥ ६॥

પદાર્થ : હે शूर-ધાર્મિક, દુષ્ટોના નિવારક વિદ્યા, બળ, પરાક્રમયુક્ત સભાધ્યક્ષ ! तव-બળ, પરાક્રમયુક્ત આપના रातिभिः-નિર્ભયતા આદિ દાનોથી આપને सिन्धुम्-સમુદ્ર સમાન ગંભીર અને સુખદાતા આપને आवदन्-નિરંતર કહેતા હું प्रति + आयम्-પ્રતીતિપૂર્વક પ્રાપ્ત થવું છું.

હે गिर्वणः-મનુષ્યોની સ્તુતિઓનું સેવન કરવા યોગ્ય ! ते-આપના तस्य-રાજ્ય, યુદ્ધ અથવા શિલ્પવિદ્યાના સહાયક कारवः-કાર્યકર્તા = કારીગરો છે, તેઓ આપને શૂરવીર विदुः-જાણે છે, उपातिष्ठन्त-સમીપ બેસીને ઉત્તમ કામ કરે છે, ते-તેઓ સદા સુખી રહે છે. (૬)

*ભાવાર્થ : ઈશ્વર સર્વ મનુષ્યોને આજ્ઞા કરે છે કે-મનુષ્યોએ શૂરવીર પ્રશંસિત, સભાધ્યક્ષ અથવા સેનાધ્યક્ષ મનુષ્યોનો અભયદાનપૂર્વક સમુદ્રના જંતુઓની સમાન આશ્રય કરીને, રાજ્ય કાર્યોને સારી રીતે જાણીને ઉત્તમ રીતે સિદ્ધ કરે અને દુઃખ નિવારણપૂર્વક સુખની પ્રાપ્તિ માટે પરસ્પર ઉપસ્થિત = વિચારાદિ પણ કરે. (૬)*

मायाभिरिन्द्र मायिनं त्वं शुष्णमवातिरः।
विदुष्टे तस्य मेधिरास्तेषां श्रवांस्युत्तिर॥ ७॥

પદાર્થ : હે इन्द्र-પરમ ઐશ્વર્યને પ્રાપ્ત કરાવનાર, શત્રુ નિવારક સભા અને સેનાના પરમ અધ્યક્ષ શૂરવીર ! त्वम्-પ્રજ્ઞા = શ્રેષ્ઠ બુદ્ધિ, સેના તથા શરીર બળથી યુક્ત બનીને આપ-मायाभिः-પ્રજ્ઞાના વિશેષ વ્યવહારોથી शुष्णम्-ધાર્મિક જનોનું શોષણ કરનાર-તેના ચિત્તને વ્યાકુળ કરનાર मायिनम्-નિન્દિત પ્રજ્ઞા-દુર્બુદ્ધિ દુઃખ આપનાર દુષ્ટ શત્રુનો अवातिर-શાસનથી નિવારણ કરો-પરાજય કરો, तस्य-તેના હનન-મારવામાં જે मेधिराः-જે શસ્ત્રોને જાણનાર તથા દુષ્ટોનો મારવામાં અતિ મેધાવી લોકો છે, તેઓ ते-આપના સંગમથી સુખી થઈને श्रवांसि-અન્નાદિ પદાર્થોને પ્રાપ્ત કરે. तेषाम्-તે ધાર્મિક પુરુષોની સહાયતાથી શત્રુઓની સેના-બળને उत्तिर-સારી રીતે નિવારણ કરે. (૭)

*ભાવાર્થ : ઈશ્વર આજ્ઞા કરે છે કે-સામ, દામ, દંડ ભેદની યુક્તિથી દુષ્ટોનું નિવારણ કરીને વિદ્યાયુક્ત ચક્રવર્તી રાજ્યનો વિસ્તાર કરવો જોઈએ અને જે રીતે આ સંસારમાં કપટી (છલી, દુષ્ટ) મનુષ્ય વધે નહિ તેવો નિત્ય પ્રયત્ન કરવો જોઈએ. (૭)*

इन्द्रमीशानमोजसाभि स्तोमा अनूषत।
सहस्रं यस्य रातय उत वा सन्ति भूयसीः॥ ८॥

પદાર્થ : यस्य-જે જગદીશ્વરે આ સર્વ स्तोमाः-સ્તુતિઓનો સમૂહ सहस्त्रम्-અસંખ્ય છે, उत, वा-અથવા भूयसीः-અધિક रातयः-દાન सन्ति-છે, તે ओजसा-અનંત બળયુક્ત ईशानम्-સમસ્ત જગતનું કારણ (પ્રકૃતિથી) રચના કરનાર इन्द्रम्-સકળ ઐશ્વર્યયુક્ત જે જગદીશ્વરની अभि + अनूषत-સર્વત્રથી સ્તુતિ કરે છે તેની સર્વ મનુષ્યોએ સ્તુતિ-ગુણકીર્તન કરવા જોઈએ. (૮)

*ભાવાર્થ : જે દયાળુ ઈશ્વરે પ્રાણીઓના સુખ માટે અનેક પદાર્થો પોતાના અનંત બળથી (જીવોને માટે) આપેલ છે, જે બ્રહ્મનો સર્વ ધન્યવાદ છે, તેથી સર્વ મનુષ્યોએ તેનો આશ્રય ગ્રહણ કરવો જોઈએ. (૮)*

સંગતિ : આ સૂક્તમાં ઇન્દ્ર શબ્દથી ઈશ્વરની સ્તુતિ, નિર્ભયતા-સંપાદન, સૂર્ય લોકનું કાર્ય, શૂરવીરના ગુણોનું વર્ણન, દુષ્ટ શત્રુઓનું નિવારણ, પ્રજાની રક્ષા ઈશ્વરના અનંત સામર્થ્યથી જગતની ઉત્પત્તિ આદિ વિધાન કરે છે, તેથી આ અગિયારમાં સૂક્તની દશમા સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧)

## સૂક્ત-૧૨

**अग्निं दूतं वृणीमहे होतारं विश्ववेदसम्। अस्य यज्ञस्य सुक्रतुम्॥ १ ॥**

પદાર્થ : ક્રિયા કરવાની ઈચ્છાવાળા અમે મનુષ્યો अस्य-પ્રત્યક્ષ સિદ્ધ કરવા યોગ્ય यज्ञस्य-શિલ્પ-વિદ્યામય યજ્ઞની सुक्रतुम्-ઉત્તમ પ્રજ્ઞા = બુદ્ધિ અથવા ક્રિયાને માટે विश्ववेदसम्-શિલ્પીજનો-કારીગરોને સર્વ શિલ્પ આદિ સાધનોનો લાભ થાય છે, होतारम्-યાનોમાં વેગ આદિ ગુણોને આપવા दूतम्-સર્વ પદાર્થોને એકથી બીજા દેશમાં પ્રાપ્ત કરાવવા अग्निम्-સર્વ પદાર્થોને પોતાના તેજથી છિન્નભિન્ન કરનાર ભૌતિક અગ્નિનો वृणीमहे-સ્વીકાર કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : ઈશ્વર આજ્ઞા આપે છે કે-મનુષ્યોએ, આ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રૂપથી પ્રસિદ્ધ અથવા અપ્રસિદ્ધ ગુણોથી યુક્ત દ્રવ્યોને ઉપર-નીચે લઈ જનાર હોવાના કારણે દૂત સ્વભાવવાળા, શિલ્પવિદ્યાથી વાહનોમાં વેગ આદિ ક્રિયાઓના કારણભૂત અગ્નિનો, સમ્યક્ વિદ્યા દ્વારા સર્વના ઉપકાર માટે સંગ્રહ કરવો જોઈએ. જેથી સર્વ ઉત્તમ સુખ સંભવી શકે છે. (૧)*

**अग्निमग्निं हवीमभिः सदा हवन्त विश्पतिम्। हव्यवाहं पुरुप्रियम्॥ २ ॥**

પદાર્થ : જેમ અમે हवीमभिः-ગ્રહણ કરવા યોગ્ય ઉપાસનાદિને (ઈશ્વર) તથા શિલ્વવિદ્યાના સાધનોથી (વિદ્યુત્) पुरुप्रियम्-અત્યંત સુખદાયક विश्पतिम्-પ્રજાઓના પાલન માટે हव्यवाहम्-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોના દાતા (ઈશ્વર) તથા સ્થાનાન્તર પહોંચાડનાર (વિદ્યુત્) अग्निम्-પરમેશ્વરને તથા પ્રસિદ્ધ અગ્નિ અને વિદ્યુત્‌ને वृणीमहे-ગ્રહણ કરીએ છીએ, તેમ તમે લોકો પણ સદા हवन्त-ગ્રહણ કરો. (૨)

*ભાવાર્થ : ઈશ્વર સર્વને ઉપદેશ આપે છે કે-હે મનુષ્યો ! તમોએ વિદ્યુત્ નામક અગ્નિ તથા પ્રસિદ્ધ (સ્થૂળ) અગ્નિથી કળાકૌશલ આદિની સિદ્ધિ કરીને ઈચ્છિત સુખોને સદા ભોગવો તથા અન્યને ભોગ કરાવો. (૨)*

अग्ने देवाँ इहावह जज्ञानो वृक्तबर्हिषे। असि होता न ईड्यः॥ ३॥

**[ઈશ્વર]**

પદાર્થ : હે अग्ने-વંદનીય અને સ્તુતિને યોગ્ય ઈશ્વર ! આપ इह-આ સંસારમાં जज्ञानः-જગતને પ્રકટ કરનાર होता-હોમ કરેલ પદાર્થોને ગ્રહણ કરનાર इड्यः-સ્તુતિ કરવા યોગ્ય असि-છો, તે नः-અમારા માટે તથા वृक्तबर्हिषे-અન્તરિક્ષમાં હોમના પદાર્થોને છોડનાર ઋત્વિકને માટે देवान्-દિવ્યગુણયુક્ત પદાર્થોને आवह-સર્વત્રથી પ્રાપ્ત કરવો. આ મંત્રનો પ્રથમ અર્થ છે.

**[ભૌતિક અગ્નિ]**

જે होता० હવન કરેલ પદાર્થોને ગ્રહણ કરનાર जज्ञानः-તેની ઉત્પત્તિ કરનાર अग्ने-ભૌતિક અગ્નિ वृक्तबर्हिषे-જેના દ્વારા હવન કરવા યોગ્ય પદાર્થો અન્તરિક્ષમાં પહોંચાડવામાં આવે છે, તે ઋત્વિકને માટે नः-તથા અમારા માટે देवान्-દિવ્યગુણ પદાર્થોને इह-આ સ્થાનમાં आवह-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે, તેથી તે અમારા માટે ईड्यः-સ્તુતિ કરવા યોગ્ય असि-છે, આ મંત્રનો બીજા અર્થ છે. (૩)

*ભાવાર્થ : મનુષ્ય જે પ્રાદુર્ભૂત-પ્રગટ અગ્નિમાં સુગંધિત ગુણોથી યુક્ત દ્રવ્યોનો હોમ કરે છે, તે અગ્નિ દ્રવ્યો સહિત અન્તરિક્ષમાં વાયુ અને મેઘમંડળ-વાદળાઓના સમૂહને શુદ્ધ કરીને આ સંસારમાં દિવ્ય સુખોને ઉત્પન્ન કરે છે, તેથી આપણે એ અગ્નિના ગુણોનું નિત્ય અન્વેષણ-શોધ કરવું જોઈએ, તેને ઈશ્વરની આજ્ઞા અવશ્ય માનવી જોઈએ. (૩)*

ताँ उशतो वि बोधय यदग्ने यासि दूत्यम्। देवैरा सत्सि बर्हिषि॥ ४॥

પદાર્થ : જે अग्ने-અગ્નિ यत्-જે કારણે बर्हिषि-અન્તરિક્ષમાં देवैः-દિવ્ય પદાર્થોના સંયોગથી-સાથે दूत्यम्-દૂત કર્મને आ + यासि-સર્વત્રથી પ્રાપ્ત થાય છે, तान्-તે દિવ્યગુણોથી विबोधय-વિદિત-બોધ કરાવનાર અને તે પદાર્થોના सत्सि-દોષોનો વિનાશ કરે છે, તેથી સર્વ મનુષ્યો વિદ્યાની સિદ્ધિ માટે એ અગ્નિની સમ્યક્ પરીક્ષા કરીને તેનો પ્રયોગ કરવો જોઈએ. (૪)

*ભાવાર્થ : ઈશ્વર આજ્ઞા આપે છે કે-(હે મનુષ્યો !) એ અગ્નિ તમારો દૂત છે. કારણ કે તે હોમ કરેલા દિવ્ય પરમાણુ રૂપ પદાર્થોને અન્તરિક્ષમાં પહોંચાડે છે અને ઉત્તમ ભોગોને પ્રાપ્ત કરાવનાર છે, તેથી સર્વ મનુષ્યોએ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ અગ્નિના ગુણોને કાર્ય માટે પ્રકાશિત કરવા જોઈએ. (૪)*

घृताहवन दीदिवः प्रति ष्म रिषतो दह। अग्ने त्वं रक्षस्विनः॥ ५॥

પદાર્થ : घृताहवन-ઘૃતાદિ તથા જળનો જેમાં હોમ અને સેચન કરવામાં આવે છે અને दीदिवः-પોતાના શુભ ગુણોથી દ્રવ્યોને પ્રકાશિત કરનાર છે, त्वम्-તે अग्ने-ભૌતિક અગ્નિ रक्षस्विनः-જે સમૂહોમાં રાક્ષસ અર્થાત્ દુષ્ટ સ્વભાવવાળા તથા નિંદક મનુષ્યો રહેલા છે, જે रिषतः-હિંસા નિમિત્ત દોષો અને

શત્રુઓ છે, તેનો प्रति-दहस्मः-અનેક રીતે-વારંવાર વિનાશ કરે છે, તેનો અમે પોતાના કાર્યોમાં નિત્ય સંપ્રયોગ કરીએ. (૫)

*ભાવાર્થ : મંત્રોક્ત પ્રકારથી સુગંધિત આદિ ગુણોથી યુક્ત દ્રવ્યથી સંયુક્ત એ અગ્નિ સર્વ દુર્ગંધ આદિ દોષોનું નિવારણ કરી-દૂર કરી સર્વને સુખકારી બને છે, એમ ઈશ્વર ઉપદેશ કરે છે. (૫)*

**अ॒ग्निना॒ग्निः समि॑ध्यते क॒विर्गृ॒हप॑ति॒र्युवा॑। ह॒व्य॒वाड् जु॒ह्वा॑स्यः॥ ६॥**

પદાર્થ : મનુષ્ય-જે जुह्वास्यः-જ્વાળા રૂપ મુખ યુક્ત युवा-પદાર્થોની સાથે મિશ્રિત અથવા અમિશ્રિત કરનાર हव्यवाड्-હોમ કરેલ દ્રવ્યને દેશ-દેશાન્તરમાં પહોંચાડનાર कविः-કાન્તદર્શન અર્થાત્ જેમાં દૃષ્ટિ સ્થિર પડી શકતી નથી. गृहपतिः-સ્થાન = ઘર અથવા ઘરમાં રહેલાઓનું પાલન કરનાર છે, अग्निः-પ્રત્યક્ષ રૂપવાન પદાર્થોનો દહનશીલ, પૃથિવી અને સૂર્યલોકમાં રહેલ અગ્નિ अग्निना-વ્યાપક વિદ્યુત્ રૂપ અગ્નિથી समिध्यते-સમ્યક્ રીતે પ્રદીપ્ત કરવામાં આવે છે, તેનો અનેક કાર્યોને સિદ્ધ કરવામાં સદા ઉપયોગ કરવો જોઈએ. (૬)

*ભાવાર્થ : જે એ સર્વ પદાર્થોમાં મિશ્રિત વિદ્યુત્ નામક અગ્નિ છે, તેના દ્વારા પ્રસિદ્ધ થાય છે, પુનઃ અદ્રષ્ટ બનીને રૂપ સમાન બની જાય છે, મનુષ્યો દ્વારા જો એ બન્નેના ગુણોને તથા વિદ્યાને સમ્યક્ ગ્રહણ કરીને ઉપકાર લેવામાં આવે, તો અનેક વ્યવહાર સિદ્ધ થઈ શકે છે તથા વ્યવહારોથી અગણિત આનંદોની સર્વને પ્રાપ્તિ થાય છે, એમ જગદીશ્વર કહે છે. (અર્થાત્ ઈશ્વરનું વચન છે.) (૬)*

**क॒विम॒ग्निमुप॑स्तुहि स॒त्यध॑र्माणमध्व॒रे। दे॒वम॑मीव॒चात॑नम्॥ ७॥**

### [ઈશ્વર]

પદાર્થ : હે મનુષ્ય ! તું अध्वरे-ઉપાસના રૂપ યજ્ઞમાં सत्यधर्माणम्-સત્યધર્મ નિત્ય અને સનાતન છે, अमीरचातनम्-આજ્ઞાનાદિ તથા જ્વરાદિ રોગોના નાશક, देवम्-સર્વ સુખોના દાતા अग्निम्-સર્વજ્ઞ પરમેશ્વરને उप + स्तुहि મનુષ્યોની સમીપ પ્રકાશિત કર.

### [ભૌતિક અગ્નિ]

હે મનુષ્ય ! તું अध्वरे-શિલ્પવિદ્યારૂપ યજ્ઞમાં सत्यधर्माणम्-સત્ય ધર્મયુક્ત (અવિનાશી ગુણ) अमीवचातनम्-જ્વરાદિ રોગ નાશક कविम्-સર્વ સ્થૂળ પદાર્થોના દર્શક देवम्-સર્વ સુખદાતા अग्निम्-ભૌતિક અર્થાત્ દાહક અગ્નિને उप + स्तुहि-સર્વની સામે સદા પ્રકાશિત કર. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ, સત્યવિદ્યાથી ધર્મની પ્રાપ્તિ માટે અને સત્ય શિલ્પવિદ્યાની સિદ્ધિ માટે અગ્નિ = ઈશ્વર અથવા ભૌતિક અગ્નિને તેના ગુણોના દ્વારા પ્રકાશિત કરવા જોઈએ. જેથી રોગ નિવૃત્તિ દ્વારા પ્રાણીઓને સુખ પ્રાપ્ત થઈ શકે. (૭)*

यस्त्वाम॑ग्ने ह॒विष्प॑तिर्दू॒तं दे॑व स॒पर्य॑ति। तस्य॑ स्म प्रावि॒ता भ॑व॥८॥

**[ઈશ્વર]**

પદાર્થ : હે देव-સર્વ વ્યાપક (અથવા સર્વ પ્રકાશક) अग्ने-વિજ્ઞાન સ્વરૂપ જગદીશ્વર ! યઃ-જે મનુષ્ય हविष्पतिः-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થ અથવા ગુણોના પાલક, કર્મ કરનાર મનુષ્ય-दूतम्-સુખ અને જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર त्वाम्-આપની सपर्यति-સેવા કરે છે, तस्य-એ સેવકને આપ प्राविता-સમ્યક્ રીતે જાણનાર भव, स्म-છો.

**[ભૌતિક અગ્નિ]**

યઃ-જે हविष्पतिः-હવિ અર્થાત્ આઈન + પ્રદાન યોગ્ય દ્રવ્યો અથવા ગુણોના પાલક, કર્મ કરનાર મનુષ્ય-त्वाम्-તે देवम्-પ્રકાશ અને દાહગુણવાળા अग्ने-ભૌતિક અગ્નિનું सपर्यति-સેવન કરે છે, तस्य-તે સેવક-મનુષ્યનું તે અગ્નિ प्राविता-અનેક પ્રકારનાં સુખોથી રક્ષા કરનાર भव-થાય છે.

*ભાવાર્થ : આ મંત્રમાં દૂત શબ્દના બે અર્થમાં એક ઈશ્વર પક્ષમાં જ્ઞાન આપનાર અને ભૌતિક અગ્નિ પાપમાં દેશાન્તરમાં દ્રવ્યો તથા યાનોને પહોંચાડવાનો અર્થ ગ્રહણ થાય છે. જે મનુષ્યો આસ્તિક બનીને હૃદય પ્રદેશમાં સર્વ સાક્ષી પરમેશ્વરનું ધ્યાન કરે છે, તેઓજ ઈશ્વરની રક્ષા પ્રાપ્ત કરીને, પાપોનો ત્યાગ કરીને, ધર્માત્મા બનીને સુખને પ્રાપ્ત કરે છે.*

*જે યુક્તિપૂર્વક યાન-વાહન અને યન્ત્રાદિમાં અગ્નિનો પ્રયોગ કરે છે, તેઓ પણ યુદ્ધાદિ કાર્યોમાં (સ્વયં) રક્ષિત તથા (અન્યોના) રક્ષક બને છે. (૮)*

यो अ॒ग्निं दे॒ववी॑तये ह॒विष्माँ॑ आ॒विवा॑सति। तस्मै॑ पावक मृळय॥९॥

**[ઈશ્વર]**

પદાર્થ : હે पावक-પવિત્ર કરનાર ઈશ્વર ! યઃ-જે हविष्मान्-હવિ અર્થાત્ ઉત્તમ પદાર્થ અથવા કર્મો કરનાર મનુષ્યો देववीतये-દિવ્ય ગુણો તથા ભોગોની પરિપૂર્ણતા માટે अग्निम्-સર્વ સુખોના આપનાર આપ-ઈશ્વરનું आविवासति-સારી રીતે સેવન કરે છે, तस्मै-તેને-સેવકને આપ मृड्य-સુખ પ્રદાન કરો.

**[ભૌતિક અગ્નિ]**

યઃ-જે हविष्मान्-ઉત્તમ કર્મોવાળો મનુષ્ય देववीतये-દિવ્યગુણો તથા ભોગોની પ્રાપ્તિ માટે अग्निम्-સુખનું કારણ ભૌતિક અગ્નિ पावक-પવિત્ર કરનાર બનીને मृड्य-સુખી કરે છે. (૯)

*ભાવાર્થ : જે મનુષ્યો સત્ય ભાવ, કર્મ અને વિજ્ઞાનથી પરમેશ્વરનું સેવન કરે છે, તેઓ દિવ્ય ગુણ અને પવિત્ર કર્મ કરીને સુખ પ્રાપ્ત કરે છે. જે કારણે એ દિવ્ય ગુણોનો પ્રકાશક*

*અગ્નિ બનાવેલ છે, તેથી મનુષ્યોએ (તેનાથી) દિવ્ય ઉપકાર ગ્રહણ કરવો જોઈએ. એમ ઈશ્વરનો ઉપદેશ છે. (૯)*

**स नः पावक दीदिवोऽग्ने देवाँ इहावह। उप यज्ञं हविश्च नः॥१०॥**

### [ઈશ્વર]

પદાર્થ : હે दीदिवः-આપના સામર્થ્યથી પ્રકાશવાન पावक-પવિત્ર કરનાર अग्ने-સર્વ પદાર્થોનો પ્રાપ્ત કરાવનાર सः-જગદીશ્વર ! આપ नः-અમારા સુખને માટે इह-આ સંસારમાં देवान्-વિદ્વાનોને आ + वह-સર્વત્રથી પ્રાપ્ત કરાવો, नः-અમારા यज्ञम्-પૂર્વોક્ત ત્રણ પ્રકારના યજ્ઞ અને हविः-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોને उपावह-પ્રાપ્ત કરાવો.

### [ભૌતિક અગ્નિ]

यः-જે दीदिवः-પ્રકાશમાન पावक-શુદ્ધિનો હેતુ अग्ने-ભૌતિક અગ્નિ સારી રીતે કલા યંત્રોમાં પ્રયુક્ત કરેલ नः-અમારા સુખને માટે इह-અમારી સમીપ देवान्-દિવ્યગુણોને आ + वह-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે. सः-તે नः-અમારા यज्ञम्-પૂર્વોક્ત ત્રણ પ્રકારના યજ્ઞોને તથા हविः-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરીને સુખોને उपावह-અમારી સમીપ પ્રાપ્ત કરાવે છે. (૧૦)

*ભાવાર્થ : જે પ્રાણીને જે કોઈ પદાર્થ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય, તેની સિદ્ધિ માટે પરમેશ્વરથી પ્રાર્થના તથા પુરુષાર્થ કરવો જોઈએ. જેમ આ વેદમાં જગદીશ્વરના તથા અન્ય પદાર્થોના ગુણ અને સ્વભાવ પ્રતિપાદિત જોવામાં આવે છે; તેમ મનુષ્યોએ તેને અનુસાર કામ કરીને અગ્નિ આદિ પદાર્થોના ગુણોને જાણીને અનેક વિદ્યાઓ તથા વ્યવહારોને સિદ્ધ કરવા જોઈએ. (૧૦)*

**स नः स्तवान आ भर गायत्रेण नवीयसा। रयिं वीरवतीमिषम्॥११॥**

### [ઈશ્વર]

પદાર્થ : હે ભગવન્ ! सः-જગદીશ્વર ! આપ नवीयसा-અત્યંત નવીન મંત્રપાઠ અને ગાનથી યુક્ત સ્તુતિથી અને गायत्रेण-ગાયત્રી છંદવાળા પ્રગાથોથી स्तवानः-સ્તુતિ કરેલ नः-અમારા માટે रयिम्-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યથી ઉત્પન્ન થનાર ધન તથા જેમાં वीरवतीम्-પ્રશસ્ત વીરો તથા વિદ્વાનોયુક્ત इषम्-સજ્જનોને ઈચ્છા કરવા યોગ્ય ઉત્તમ ક્રિયાને आभर-સર્વત્રથી ધારણ કરો.

### [ભૌતિક અગ્નિ]

सः-પૂર્વોક્ત ભૌતિક અગ્નિ नवीयसा-અત્યંત નવીન મંત્રપાઠ અને ગાનથી યુક્ત સ્તુતિથી અને गायत्रेण-ગાયત્રી છંદવાળા પ્રગાથોથી स्तवानः-ગુણોની સાથે ગ્રહણ કરેલ नः-અમારા માટે रयिम्-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યની ઉત્પન્ન ધન તથા वीरवतीम्-इषम्-ઉક્ત ગુણવાળી ઉત્તમ ક્રિયાને आभर-સારી રીતે ધારણ કરે છે. (૧૧)

*ભાવાર્થ : જે ધર્માત્મા મનુષ્ય દ્વારા યથાવત્ શબ્દાર્થ-સંબંધ પૂર્વક વેદાધ્યયન દ્વારા અને વેદોક્ત કર્મ દ્વારા જગદીશ્વરને પ્રસન્ન કરવામાં આવેલ (હોય તેને તે) વિદ્યાદિ શ્રેષ્ઠ ધન શૂરવીરતાદિ ગુણ તથા ઉત્તમ ઈચ્છા પ્રદાન કરે છે. (૧૧)*

**अग्ने॑ शु॒क्रेण॑ शो॒चिषा॒ विश्वा॑भिर्दे॒वहू॑तिभिः। इ॒मं स्तोमं॑ जुषस्व नः॥ १२॥**

**[ઈશ્વર]**

પદાર્થ : હે अग्ने-પ્રકાશમય જગદીશ્વર ! આપ કૃપા કરીને शुक्रेण-અનંત બળ અને शोचिषा-શુદ્ધિકારક પ્રકાશથી તથા विश्वामिः-સર્વ देवहूतिमिः-વિદ્વાનોના આહ્વાનોથી नः-અમારા इमम्-એ પ્રત્યક્ષ स्तोमम्-સ્તુતિસમૂહનું जुषस्व-પ્રીતિપૂર્વક સેવન કરો.

**[ભૌતિક અગ્નિ]**

જે अग्ने-ભૌતિક અગ્નિ विश्वाभिः-સર્વ देवहूतिभिः-વેદવાણી રૂપ આહ્વાનોથી સમ્યક્ સિદ્ધ કરેલ शुक्रेण-પોતાની કાન્તિ-ચમકીલા शोचिषा-પવિત્ર કરનાર પ્રકાશથી नः-અમારા इमम्-એ स्तोमम्-પ્રશંસનીય કલા-કૌશલનું जुषस्व-સેવન કરે છે. (૧૨)

*ભાવાર્થ : દિવ્ય વિદ્યાઓનો પ્રકાશક હોવાથી 'દેવ' શબ્દથી વેદનું ગ્રહણ થાય છે. જ્યારે મનુષ્યો સત્ય પ્રેમથી વેદવાણી દ્વારા જગદીશ્વરની સ્તુતિ કરે છે, ત્યારે તે-પરમેશ્વર પ્રસન્ન થઈને તે મનુષ્યોને વિદ્યા-દાનથી તૃપ્ત કરે છે.*

*એ ભૌતિક અગ્નિનો પણ વિદ્યા અને કલા-કૌશલથી સમ્યક્ પ્રયોગ કરવાથી ઈન્ધન = બળતણ આદિ પદાર્થોમાં રહીને સમસ્ત ક્રિયા-કાંડને વ્યાપ્ત કરે છે. (૧૨)*

સંગતિ : આ બારમાં સૂક્તનાં અર્થની અગ્નિ શબ્દની યોજનાથી અગિયારમાં સૂક્તનાં અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨)

## સૂક્ત-૧૩

**सुस॑मिद्धो न॒ आ व॑ह दे॒वाँ अ॑ग्ने ह॒विष्म॑ते। होत॑: पावक॒ यक्षि॑ च॥ १॥**

**[ઈશ્વર]**

પદાર્થ : હે होतः-પદાર્થોના દાતા, पावक-પવિત્ર કરનાર अग्ने-વિશ્વના ઈશ્વર ! જેથી सुसमिद्धः-સારી રીતે પ્રકાશિત આપ કૃપા કરીને नः-અમારા માટે च-અને हविष्मते-પુષ્કળ હવિ અર્થાત્ પદાર્થોવાળા વિદ્વાનો માટે देवान्-દિવ્ય પદાર્થોને आवह-સર્વત્રથી પ્રાપ્ત કરાવો છો, તેથી હું આપનો નિત્ય यक्षि-સંગ કરું છું.-સત્કાર કરું છું.

**[ભૌતિક અગ્નિ]**

જેથી એ पावक-પવિત્રતાનો હેતુ होता-પદાર્થોને ગ્રહણ કરનાર सुसमिद्धः-સારી રીતે પ્રદીપ્ત अग्ने-

ભૌતિક અગ્નિ नः-અમારા च-તથા हविष्मते-પુષ્કળ હવિ-પદાર્થોવાળા વિદ્વાનો માટે देवान्-દિવ્ય પદાર્થોને आवह-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે, તેથી હું તે અગ્નિને નિત્ય यक्षि-કાર્ય સિદ્ધિ માટે તેનો સંગ-સમીપવર્તી કરુ છું. (૧)

*ભાવાર્થ : જે મનુષ્ય પુષ્કળ પ્રકારની સામગ્રીનો સંગ કરીને વાહન આદિનું વહન કરનાર અગ્નિનો પ્રયોગ કરે છે, તેના માટે તે અગ્નિ અનેક વિધ સુખોને સિદ્ધ કરનાર બને છે. (૧)*

**मधुमन्तं तनूनपाद् यज्ञं देवेषु नः कवे। अद्या कृणुहि वीतये॥ २ ॥**

પદાર્થ : જે तनूनपात्-શરીર અને ઔષધિ આદિ પદાર્થોના નાના-નાના ઉપાંગોની રક્ષા કરનાર कवे-માર્ગદર્શક અર્થાત્ સર્વ પદાર્થોનો દર્શક અગ્નિ છે, તે देवेषु-વિદ્વાનો અથવા દિવ્ય પદાર્થોથી સુખની वीतये-પ્રાપ્તિ માટે अद्य-આજ नः-અમારા मधुमन्तम्-શ્રેષ્ઠ રસયુક્ત यज्ञम्-યજ્ઞને कृणुहि-સિદ્ધ કરે છે. (૨)

*ભાવાર્થ : જ્યારે અગ્નિમા હવિ આપવામાં આવે છે, ત્યારે તે વાયુ આદિને શુદ્ધ કરીને, શરીર તથા ઔષધિ આદિની રક્ષા કરીને, અનેક પ્રકારના રસોને ઉત્પન્ન કરે છે. તે શુદ્ધ પદાર્થોના ઉપભોગથી પ્રાણીઓની વિદ્યા, જ્ઞાન અને બળની વૃદ્ધિ પણ થાય છે. (૨)*

**नराशंसमिह प्रियमस्मिन् यज्ञ उप ह्वये। मधुजिह्वं हविष्कृतम्॥ ३ ॥**

પદાર્થ : હું अस्मिन्-એ यज्ञे-અનુષ્ઠાન કરવા યોગ્ય યજ્ઞમાં इह-અમારા ભોગનું સ્થાન સંસારમાં-हविष्कृतम्-હવિ = હોમ પદાર્થોથી ઉત્પન્ન मधुजिह्वम्-જેની કાલી, કરાલી, મનોજ્વા, સુલોહિતા સુધૂમ્રવર્ણા, સ્ફુલિંગીની અને વિશ્વરૂપી એ સાત અતિ પ્રકાશમાન ચંચળ જ્વાળારૂપી જિહ્વા છે. प्रियम्-સર્વ પ્રાણીઓને તૃપ્ત કરનાર नराशंसम्-જેના સુખની મનુષ્ય પ્રશંસા કરે છે, તેનો પ્રકાશ કરનાર અગ્નિને उपह्वये-ઉપગત ભોગોને પ્રકાશિત કરવા માટે પ્રદીપ્ત કરું છું. (૩)

*ભાવાર્થ : જે એ ભૌતિક અગ્નિ આ સંસારમાં યુક્તિપૂર્વક સેવન કરવાથી પ્રાણીઓને પ્રિય = સુખકારી બને છે, તે અગ્નિની સાત જિહ્વા છે. (૧) 'કાલી' શ્વેતાદિ રંગોને પ્રકાશિત કરનારી, (૨) 'કરાલી'-દુ:ખોને નષ્ટ કરનારી, (૩) 'મનોજવા'-મન સમાન વેગવાળી, (૪) 'સુલોહિતા'-સુંદર રક્તવર્ણવાળી, (૫) 'સુધૂમ્રવર્ણા'-સુંદર ધૂમાડાના રંગવાળી, (૬) 'સ્ફુલિંગીની'-પુષ્કળ ચિનગારીઓના કણોવાળી અત્રે પુષ્કળ અર્થમાં ઈતિ પ્રત્યય છે. (૭) 'વિશ્વરૂપી' સંપૂર્ણ રૂપવાળી. આ રીતે તે સાત પ્રકારની છે. પુન: એ જિહ્વા કેવી છે-તે દેવી = પ્રકાશમયી, લેલાયમાના = સર્વત્ર પ્રકાશ કરનારી છે. ..... આ જિહ્વા = જોહુવા અર્થાત્ વારંવાર-ફરી-ફરી સર્વ પદાર્થોને ગ્રહણ કરનારી છે. (૩)*

**अग्ने सुखतमे रथे देवाँ ईळित आ वह। असि होता मनुर्हितः॥ ४॥**

પદાર્થ : જે अग्ने-ભૌતિક અગ્નિ मनुः-વિદ્વાનો દ્વારા ક્રિયા સિદ્ધ માટે સ્વીકાર્ય होता-સુખોના

દાતા, ईडितः-મનુષ્યોથી સ્તુતિ કરવા યોગ્ય असि-છે, તે सुखतमे-અત્યંત સુખોવાળા रथे-ગમન-વિહારના સાધન વિમાનાદિમાં हितः-સ્થાપિત કરેલ, હિતકારી બનીને देवान्-વિદ્વાનો અથવા ભોગોને आवह-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે, દેશાન્તરમાં પહોંચાડે છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ કે-અનેક કળાઓથી યુક્ત; પૃથિવી, જળ અને અન્તરિક્ષમાં ગમનનું સાધન અને અગ્નિ તથા જળ આદિની સાથે સંયુક્ત કરેલ ત્રણ પ્રકારના રથ = વાહન હિતકારી અને અત્યંત સુખદાયક બનીને અનેક કાર્યોમાં સિદ્ધિ કરાવનાર હોય છે. (૪)*

**स्तृणीत बर्हिरानुषग् घृतपृष्ठं मनीषिणः। यत्रामृतस्य चक्षणम्॥५॥**

પદાર્થ : मनीषिणः-હે મેધાવી = બુદ્ધિમાન વિદ્વાનો ! આપ यत्र-જે અન્તરિક્ષમાં अमृतस्य-જળ સમૂહનું चक्षणम्-દર્શન થાય છે, તેને आनुषक्-સર્વત્રથી ઘેરેલ घृतपृष्ठम्-જળની પીઠ અર્થાત્ જળથી ભરેલ बर्हिः-અન્તરિક્ષને स्तृणीत-હોમના ધૂમથી આચ્છાદિત કરો, તે અન્તરિક્ષમાં અન્ય અનેક જળ આદિ પદાર્થોને જાણો. (૫)

*ભાવાર્થ : વિદ્વાનો અગ્નિમાં જે ઘૃત વગેરે પદાર્થો નાખે છે, તે અન્તરિક્ષમાં પ્રાપ્ત થઈને, આકાશમાં રહેલા જળ-સમૂહની શુદ્ધિ કરે છે અને તે શુદ્ધ જળ-સુગંધાદિ ગુણોથી સર્વ પદાર્થોને આચ્છાદિત કરીને સર્વ પ્રાણીઓને તત્કાળ સુખયુક્ત કરે છે (૫)*

**वि श्रयन्तामृतावृधो द्वारो देवीरसश्चतः। अद्या नूनं च यष्टवे॥६॥**

પદાર્થ : હે मनीषिणः-બુદ્ધિમાન વિદ્વાનો ! આપ अद्यः-આજ यष्टवे-યજ્ઞ કરવાના ઘર આદિના असश्चतः-પૃથક્-પૃથક્ ऋतावृधः-સત્ય સુખ દ્વારના नूनम्-નિશ્ચયથી विश्रयन्ताम्-વિવિધ પ્રકારથી સેવન કરો અર્થાત્ સારી રીતે રચના કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોને ઉચિત છે કે-તેઓ અનેક દ્વાર વાળા ઘર, યજ્ઞશાલા અને વાહનોની રચના કરીને, ત્યાં નિવાસ હવન અને આવાગમન કરે. (૬)*

**नक्तोषसा सुपेशसास्मिन् यज्ञ उप ह्वये। इदं नो बर्हिरासदे॥७॥**

પદાર્થ : હું अस्मिन्-એ ઘરમાં તથા यज्ञे-સંગતિ કરવા યોગ્ય કર્મમાં सुपेशसा-સુખદ રૂપવાળા नक्तोषसा-દિવસ અને રાતને उपह्वये-ઉપકાર માટે કામના કરું છું. જેથી नः-અમારા बर्हिः-નિવાસ સ્થાન आसदे-સર્વત્રથી સુખની પ્રાપ્તિ રૂપ બને. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ એ જાણવું જોઈએ કે-આ સંસારમાં વિદ્યાથી ઉપકાર ગ્રહણ કરેલા દિવસ અને રાત સર્વ પ્રાણીઓના સુખનો હેતુ હોય છે. (૭)*

**ता सुजिह्वा उप ह्वये होतारा दैव्या कवी। यज्ञं नो यक्षतामिमम्॥८॥**

પદાર્થ : હું કર્મકાંડનું અનુષ્ઠાન કરનાર આ ઘરમાં-જે नः-અમારા इमम्-પ્રત્યક્ષ यज्ञम्-હવન અથવા

શિલ્પ વિદ્યામય યજ્ઞને यक्षताम्-પ્રાપ્ત કરે છે. ता-તેઓ सुजिह्वो-પૂર્વોક્ત સુંદર સાત જિહ્વાવાળા होतारा-પદાર્થોને ગ્રહણ કરનારા कवी-ક્રાન્ત દર્શનવાળા दैव्या-દિવ્ય પદાર્થોમાં રહેનાર પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ અગ્નિની उपह्वये-સમીપ જવાની કામના કરું છું. (૮)

*ભાવાર્થ : જેમ કેવલ એકલી વિદ્યુત્ વેગ આદિ અનેક ગુણોથી યુક્ત છે, તેમ પ્રસિદ્ધ (= સ્થૂળ) અગ્નિ પણ છે. સમસ્ત પદાર્થોના દર્શનની કારણભૂત એ બન્ને અગ્નિનો સમ્યક્ પ્રયોગ કરવાથી, શિલ્પ આદિ અનેક કાર્યોની સિદ્ધિમાં હેતુ બને છે. તેથી એ બન્ને દ્વારા મનુષ્યોએ સર્વ ઉપકારોને ગ્રહણ કરવા જોઈએ. (૮)*

**इळा सरस्वती मही तिस्रो देवीर्मयोभुवः। बर्हिः सीदन्त्वस्रिधः॥ ९॥**

પદાર્થ : હે વિદ્વાનો ! આપ इडा-સ્તુતિ રૂપ વાણી, सरस्वती-અનેક પ્રકારના વિજ્ઞાન યુક્ત વાણી, मही-મહાન પૂજ્ય નીતિ અથવા ભૂમિ છે, તે अस्रिधः-હિંસારહિત અને मयोभुवः-સુખને ઉત્પન્ન કરનારી, देवी-પ્રકાશમાન તથા દિવ્ય ગુણોને પ્રાપ્ત કરવામાં હેતુ છે, જે तिस्रः-ત્રણ પ્રકારની વાણી છે, તેને बर्हिः-પ્રત્યેક ઘરમાં सीदन्तु-સ્થાપિત કરો. (૯)

*ભાવાર્થ : વ્યક્તિઓને 'ઈડા' જે કે પઠન-પાઠનની પ્રેરણા આપનારી, સરસ્વતી જે ઉપદેશરૂપ જ્ઞાનનું પ્રકાશ કરવા અને 'મહી' જે સર્વ પ્રકારે પ્રશંસા કરવા યોગ્ય છે, આ ત્રણેય વાણી કુતર્કથી ખંડન કરવા યોગ્ય નથી તેમજ સર્વ સુખને માટે ત્રણેય પ્રકારની વાણી સદૈવ સ્વીકાર કરવી જોઈએ, જેથી નિશ્ચળતાથી અવિદ્યાનો નાશ થાય. (૯)*

**इह त्वष्टारमग्रियं विश्वरूपमुपह्वये। अस्माकमस्तु केवलः॥ १०॥**

**[પરમાત્મા]**

પદાર્થ : હું જે विश्वरूपम्-સર્વ વ્યાપક અથવા વિશ્વનું રૂપ अग्रियम्-સર્વ સાધનોમાં પ્રથમથી વિદ્યમાન, त्वष्टारम्-સર્વ દુઃખોનો નાશ કરનાર પરમાત્માને इह-આ ઘરમાં उपह्वये-સારી રીતે આહ્વાન કરુ છું-બોલાવું છું, તે જ अस्माकम्-અમારા ઉપાસકોના केवलः-કેવળ એક જ ઈષ્ટદેવ-સ્તુતિ કરવા યોગ્ય अस्तु-છે.

**[ભૌતિક અગ્નિ]**

હું જે विश्वरूपम्-સર્વ રૂપ-ગુણવાળા अग्रियम्-સર્વ સાધનોમાં અગ્રણી, त्वष्टारम्-સર્વ પદાર્થોનું પોતાના તેજથી વિભાજન કરનાર ભૌતિક અગ્નિની इह-એ શિલ્પ વિદ્યામાં उपह्वये-જેમાં યુક્ત કરું છું, તે अस्माकम्-અમારા હવન તથા શિલ્પવિદ્યાના સાધનોમાં केवलः-આત્યુત્તમ સાધન अस्तु-છે. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યને અનંત આનંદ પ્રદાન કરનાર ઈશ્વરની ઉપાસના કરવી જોઈએ, અને જે અગ્નિ સર્વ પદાર્થોનો છેદક, રૂપ ગુણ યુક્ત, સર્વ દ્રવ્યોનો પ્રકાશક, અત્યુત્તમ તથા શિલ્પવિદ્યાનું અનુપમ સાધન છે, તે અમારા માટે યથાવત્ ઉપયોગ કરવા યોગ્ય છે. તેમ સમજવું. (૧૦)*

**अव सृजा वनस्पते देव देवेभ्यो हविः। प्रदातुरस्तु चेतनम्॥ ११॥**

પદાર્થ : જે देव-ફળ આદિનો દાતા, वनस्पतिः-વન અર્થાત્ વૃક્ષ, ઔષધિ આદિના સમૂહોને વર્ષાના કારણે પાલન કરનાર છે, તે પુણ્ય રહિત ફળયુક્ત વનસ્પતિ देवेभ्यः-દિવ્યગુણોની પ્રાપ્તિ માટે તે हविः-હવન યોગ્ય પદાર્થોને अवसृज-ઉત્પન્ન કરે છે, તે प्रदातुः-સર્વ પદાર્થોની શુદ્ધિ કરનાર વિદ્વાનને चेतनम्-ચેતનાના સાધન વિજ્ઞાનને ઉત્પન્ન કરનાર अस्तु-હોય છે. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ પૃથિવી અને જળમય સર્વ પદાર્થોને યુક્તિપૂર્વક સંપ્રયોગ કરેલા, અગ્નિ પ્રદીપ્ત બની, રોગોને નિર્મૂલ કરીને, બુદ્ધિ અને બળ પ્રદાન કરનાર હોવાથી વિજ્ઞાન વૃદ્ધિના હેતુ બનીને દિવ્ય ગુણોને પ્રકાશિત કરે છે. (૧૧)*

**स्वाहा॑ य॒ज्ञं कृ॑णोत॒नेन्द्रा॑य॒ यज्व॑नो गृ॒हे। तत्र॑ दे॒वाँ उप॑ ह्वये॥ १२ ॥**

પદાર્થ : હે શિલ્પ વિદ્યાના સિદ્ધ યજ્ઞના ઋત્વિક જનો ! તમે જ્યાં यज्जनः-યજમાનના गृहे-નિવાસ સ્થાન, યજ્ઞશાલા પરમ ઐશ્વર્યની પ્રાપ્તિ માટે देवाः-પરમ વિદ્વાનોને બોલાવીને स्वाहा-શુભ કર્મ સમૂહ રૂપ यज्ञम्-ત્રણેય પ્રકારના યજ્ઞો कृणोतन-કરો છો તેમ तत्र-તે શુભ કર્મોમાં હું તેઓને (વિદ્વાનોને) उपह्वये-પ્રાર્થના સાથે મારી સમીપ બોલાવું છું. (૧૨)

*ભાવાર્થ : મનુષ્ય વિદ્યાવાન અને ક્રિયાવાન બનીને, ઉત્તમ વિચારપૂર્વક, ક્રિયાસમૂહથી યુક્ત કર્મ ઉત્પન્ન થનાર કર્મ કાન્ડને પ્રત્યેક ઘરમાં નિત્ય કરે, તેમાં વિદ્વાનોને નિમંત્રિત કરીને અથવા સ્વયં તેઓની પાસે જઈને તેની વિદ્યા અને કલા-કૌશલને ગ્રહણ કરે, તેમ વિદ્યા અને કલા-કૌશલની કદી ઉપેક્ષા ન કરો, એમ પરમેશ્વર ઉપદેશ આપે છે. (૧૨)*

સંગતિ : આ તેરમા સૂક્તના અર્થની અગ્નિ આદિ દિવ્ય પદાર્થોથી ઉપકાર ગ્રહણ કરવાની ઉક્ત પ્રકારથી બારમાં સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩)

## સૂક્ત-૧૪

**ऐभि॑रग्ने॒ दुवो॒ गिरो॒ विश्वे॑भिः॒ सोम॑पीतये। दे॒वेभि॑र्याहि॒ यक्षि॑ च॥ १ ॥**

### [ઈશ્વર]

પદાર્થ : હે अग्ने-સર્વત્ર વ્યાપ્ત જગદીશ્વર ! त्वम्-આપ एभिः-એ विश्वेभिः-સર્વ देवेभिः-દિવ્યગુણો અને વિદ્વાનોની સાથે सोमपीतये-સુખકારક પદાર્થોના પાન માટે दुवः-સત્કાર આદિ વ્યવહાર તથા गिरः-વેદવાણીઓને याहि-પ્રાપ્ત કરો.

### [ભૌતિક અગ્નિ]

જે એ अग्ने-ભૌતિક અગ્નિ एभिः-ઓ विश्वेभिः-સર્વ देवेभिः-દિવ્ય ગુણો અને પદાર્થોની સાથે सोमपीतये-જેમાં સુખકારક પદાર્થોનું પાન છે, તે યજ્ઞને માટે दुवः-સત્કારાદિ વ્યવહાર તથા गिरः-વેદવાણીઓને याहि-પ્રાપ્ત કરે છે, તેને एभिः-એ विश्वेभिः-સર્વ देवेभिः-વિદ્વાનોની સાથે सोमपीतये-ઉત્તમ સોમના પાન માટે यक्षि-સ્વીકાર કરું છું, તથા ઈશ્વરના दुवः-સત્કારાદિ વ્યવહાર અને વેદવાણીઓને यक्षि-સંગત અર્થાત્ મન અને કામોમાં સમ્યક્ રીતે સદા યથાશક્તિ ધારણ કરું છું. (૧)

*ભાવાર્થ : જે મનુષ્યોને જે-જે વ્યવહારિક અને આધ્યાત્મિક સુખોની અભિલાષા હોય (તેઓ*

*અને) જે મનુષ્યો દ્વારા વાયુ, જળ અને પૃથિવીમય યન્ત્રયુક્ત યાનોથી અગ્નિને સંગત કરીને ક્રિયા કરવામાં આવે છે અને ઈશ્વરની આજ્ઞાનું સેવન, વેદોનું અધ્યયન-અધ્યાપન અને તેમાં બતાવવામાં આવેલું અનુષ્ઠાન કરે છે, તેઓ જ સર્વત્રથી આનંદને પ્રાપ્ત કરે છે. (૧)*

आ त्वा कण्वा अहूषत गृणन्ति विप्र ते धियः। देवेभिरग्न आ गहि॥ २॥

**[ઈશ્વર]**

પદાર્થ : હે अग्ने-વિજ્ઞાન સ્વરૂપ ઈશ્વર ! જેમ कण्वाः-મેધાવી વિદ્વાન-त्वा-આપની गृणन्ति-પૂજા કરે છે, अहूषत-પ્રાર્થના કરે છે-બોલાવે છે, તેમ અમે પણ આપની પૂજા અને આહ્વાન કરીએ છીએ.

હે विप्र-વિવિધ જ્ઞાનથી પદાર્થોનું પૂરણ કરનાર મેધાવી વિદ્વાન્ ! જેમ ते-આપની धियः-બુદ્ધિ જે ઈશ્વરના गुणन्ति-ગુણોની સ્તુતિ અને પ્રાર્થના કરે છે, તેમ અમે સર્વ મળીને તેની જ નિત્ય ઉપાસના કરતા રહીએ. (૨)

હે મંગલમય પરમાત્મન્ ! આપ કૃપા કરીને देविभिः-દિવ્ય ગુણોવાળા પદાર્થો અથવા વિદ્વાનોની સાથે અમને आगहि-સર્વત્રથી પ્રાપ્ત થાઓ.

**[ભૈતિક અગ્નિ]**

હે विप्र-વિવિધ જ્ઞાનથી પદાર્થોનું પુરણ કરનાર વિદ્વાન્ ! જેમ कण्वाः-જેમ અન્ય મેધાવી વિદ્વાન अग्ने-અગ્નિની गृणन्ति-સ્તુતિ કરે છે. अहूषत-શિલ્પવિદ્યા માટે સ્પર્ધા કરે છે, તેમ તું પણ સ્તુતિ અને સ્પર્ધા કર.

જેમ अग्ने-એ અગ્નિ देवेभिः-વિદ્વાનોની સહાયતાથી आगहि-પોતાના ગુણોને સારી રીતે જણાવે છે અને જે અગ્નિનું ते-તારી धियः-બુદ્ધિ गृणन्ति-સ્તુતિ કરે છે, આહ્વાન કરે છે, એટલા માટે अहूषत-તું તેના દ્વારા પુષ્કળ કાર્યોને સિદ્ધ કર. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ આ સૃષ્ટિમાં ઈશ્વર રચિત પદાર્થોને જોઈને એમ કહેવું જોઈએ કે, એ સર્વ ધન્યવાદ અને સ્તુતિઓ ઈશ્વરને માટે જ સંગત થાય છે. (૨)*

इन्द्रवायू बृहस्पतिं मित्राग्निं पूषणं भगम्। आदित्यान् मारुतं गणम्॥ ३॥

પદાર્થ : હે कण्वाः-મેધાવી વિદ્વાનો ! આપ ક્રિયા તથા આનંદની સિદ્ધિને માટે इन्द्रवायू-ઈન્દ્ર = વિદ્યુત્, વાયુ = પવન, बृहस्पतिम्-મહાનતમ પદાર્થોના પાલનનો હેતુ સૂર્ય પ્રકાશ, मित्रा-પ્રાણ, अग्निम्-ભૌતિક અગ્નિ, पूषणम्-ઔષધિ આદિના સમૂહની પુષ્ટિ કરનાર, ચંદ્રલોક, भगम्-સુખોની પ્રાપ્તિ કરાવનાર ચક્રવર્તી આદિ રાજ્ય ધન, आदित्यान्-બાર મહિના, मारुतम्-વાયુ સંબંધી गणम्-સમૂહનું अहूषत-ગ્રહણ તથા गृणान्ति-સારી રીતે જાણીને સંયુક્ત કરો. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો ઈશ્વર રચિત એ ઈન્દ્ર આદિ પદાર્થોના ગુણોને જાણીને ક્રિયાઓમાં સમ્યક્ પ્રયોગ કરે છે, તેઓ સુખી બનીને સર્વ-પ્રાણીઓને સુખી કરે છે. (૩)*

प्र वो भ्रियन्त इन्दवो मत्सरा मादयिष्णवः। द्रप्सा मध्वश्चमूषदः॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ મેં ધારણ કરેલ, પૂર્વમંત્રોક્ત इन्द्र = વિદ્યુત્ આદિ પદાર્થો કહેલ છે. તેથી मध्वः-મધુર ગુણવાળા मत्सराः-ઉત્તમ આનંદના સાધન मादयिष्णवः-આનંદના નિમિત્ द्रप्साः-બળ અથવા સેનાને આનંદ કરાવનાર चमूषदः-વિકટ શત્રુઓની સેવામાં રહેનાર, इन्दवः-રસવાન સોમ વગેરે ઔષધિઓના સમૂહના સમૂહોને वः-તમારા માટે प्र भ्रियन्ते-મારા માટે એ પદાર્થોને ધારણ કરો. (૪)

*ભાવાર્થ : ઈશ્વર સર્વ મનુષ્યોને કહે છે કે-પૂર્વ મંત્રમાં પ્રતિપાદિત અને મારા દ્વારા રચવામા આવેલ વિદ્યુત્ આદિના દ્વારા જે પદાર્થો પુષ્ટ કરવામાં આવે છે, તેને જે મનુષ્યો વૈદ્યક અને શિલ્પશાસ્ત્રની રીતે ઉત્તમ રસ ઉત્પન્ન કરવા અને શિલ્પકર્મની સિદ્ધિ દ્વારા ઉત્તમ સેનાના નિર્માણથી, રોગોનો નાશ અને વિજય પ્રાપ્ત કરે છે, તેઓ અનેક રીતે આનંદ ભોગવે છે. (૪)*

ईळते त्वामवस्यवः कण्वासो वृक्तबर्हिषः। हविष्मन्तो अरङ्कृतः॥५॥

પદાર્થ : હે જગદીશ્વર ! અમે हविष्मन्तः-હવિ અર્થાત્ લેવા અને ભોજન કરવાના પદાર્થો વિદ્યમાન છે, अरंकृतः-જે સર્વ પદાર્થોને અલંકૃત કરનાર છે, अवस्यवः-જેનો પોતાની રક્ષાની ઈચ્છાનો સ્વભાવ છે, તેઓ कण्वासः-બુદ્ધિમાન અને वृक्तबर्हिषः-યથાકાળ યજ્ઞ કરનાર વિદ્વાન જે त्वाम्-સર્વ જગતના ઉત્પત્તિકર્તા, ધારક જગદીશ્વરની इडते-સ્તુતિ કરે છે, તેની સ્તુતિ કરે. (૫)

*ભાવાર્થ : હે સકળ સૃષ્ટિના ઉત્પાદક જગદીશ્વર ! જે કારણે આપે સર્વ પ્રાણીઓના સુખને માટે સર્વ પદાર્થો રચીને ધારણ કરેલા છે, તેથી આપની જ સ્તુતિ કરતાં અને સર્વની રક્ષાની ઈચ્છા કરતાં તથા શિક્ષા અને વિદ્યા દ્વારા સર્વ મનુષ્યોને સુભૂષિત કરતાં અમે નિત્ય પ્રયત્ન કરીએ છીએ. (૫)*

घृतपृष्ठा मनोयुजो ये त्वा वहन्ति वह्नयः। आ देवान्त्सोमपीतये॥६॥

પદાર્થ : હે વિદ્વાનો ! જે યુક્તિથી સંયુક્ત કરેલ ચતુર્થ મંત્રોક્ત घृतपृष्ठाः-જેનો પૃષ્ઠ અર્થાત્ આધાર જળ છે. मनोयुजः-વિજ્ઞાનથી યુક્ત અર્થાત્ શ્રેષ્ઠ જ્ઞાનથી રથોમાં યુક્ત કરેલ, वह्नयः-વાર્તા, પદાર્થ અને યાનોને દેશાન્તરમાં પહોંચાડનાર વિદ્યુત્ આદિ છે, જે सोमपीतये સોમ અર્થાત્ પદાર્થોના રક્ષા-સ્થાન યજ્ઞને માટે त्वात्-તે અલંકૃત કરવા યોગ્ય યજ્ઞને તથા देवान्-દિવ્યગુણ યુક્ત ભોગો અથવા વસંત આદિ ઋતુઓને आवहन्ति-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે, તેને સર્વ મનુષ્યોએ યથાવત્ જાણીને કાર્ય સિદ્ધિ માટે પ્રયુક્ત કરવા જોઈએ. (૬)

*ભાવાર્થ : જે વિદ્યુત્ આદિ પદાર્થો છે, તેઓજ જળને ઉપર-નીચે અર્થાત્ ઉપર-અન્તરિક્ષમાં પહોંચાડીને ત્યાંથી નીચે વરસાવે છે, તાર નામક યંત્રથી સંચાલિત વિદ્યુત્ મન સમાન વેગથી વાર્તાઓ-સંદેશોને દેશાન્તરમાં પહોંચાડે છે. એ જ રીતે સર્વ પદાર્થો અને સુખોને પ્રાપ્ત કરાવનાર એ વિદ્યુત્ આદિ છે. એવો ઈશ્વરનો ઉપદેશ છે. (૬)*

तान् यजत्राँ ऋतावृधोऽग्ने पत्नीवतस्कृधि। मध्वः सुजिह्व पायय॥७॥

### [ઈશ્વર]

પદાર્થ : હે अग्ने-જગદીશ્વર ! આપ यजत्रान्-જે કળા આદિ પદાર્થોમાં સંયુક્ત કરવા યોગ્ય ऋतावृधः-સત્યતા અને ઉત્તમ કર્મોની વૃદ્ધિ કરનાર છે, तान्-તે વિદ્યુત્ આદિ શ્રેષ્ઠ પદાર્થોને ઉત્પન્ન કરો છો, તેનાથી नः-અમને पत्नीवतः-પ્રશસ્ત પત્નીવાળા कृधि-બનાવો.

હે सुजिह्व-ઉત્તમ ધારણ શક્તિવાળા ઈશ્વર ! આપ मध्वः-ઉત્પન્ન કરેલ મધુરાદિ ગુણોથી યુક્ત પદાર્થ-સમૂહના રસનું કૃપા કરીને पायवः-પાન કરાવો.

### (ભૌતિક અગ્નિ)

सुजिह्व-જેની જ્વાળામાં ઉત્તમ રીતે પદાર્થોનો હોમ કરવામાં આવે છે, તે अग्नि-ભૌતિક અગ્નિ ऋतावृधः-ઋત અર્થાત્ જળ, સત્ય અને યજ્ઞના વર્ધક, यजत्रान्-કળાઓમાં સંયુક્ત કરવા યોગ્ય तान्-વિદ્યુત્ આદિ પદાર્થોને कृधि-બનાવે છે, मध्वः-મધુર પદાર્થોના રસનું पायय-પાન કરાવે છે. અર્થાત્ તેના પાનમાં હેતુ છે. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ ઈશ્વરની ઉપાસનાની સાથે સારી રીતે અગ્નિના પ્રયોગ દ્વારા રસો અને સારા પદાર્થોને તૈયાર કરીને તથા ઉપકાર-કાર્ય કરીને ગૃહાશ્રમમાં સર્વ કાર્યોને સિદ્ધ કરવા જોઈએ. (૭)*

**ये यजत्रा य ईड्यास्ते तै पिबन्तु जिह्वया। मधोरग्ने वषट्कृति॥८॥**

પદાર્થ : ये-જે મનુષ્યો વિદ્યુત્ આદિ પદાર્થો यजत्राः-કળાદિમાં સંયુક્ત કરે છે, ते-તેઓ અને ये-જે ગુણવાળા ईड्याः-સર્વત્ર પ્રકારથી શોધવા યોગ્ય છે ते-તેઓ जिह्वया-જ્વાળારૂપી શક્તિથી अग्ने-અગ્નિમાં वषट्कृति-યજ્ઞમાં વિશેષ કામ કરવાથી मधोः-મધુર ગુણોના અંશોને पिबन्तु-યથાવત્ પાન કરે છે. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ આ સંસારમાં સર્વ સંયુક્ત પદાર્થો (ના વિષય)માં બે પ્રકારનું કાર્ય કરવું જોઈએ. એક (તેના) ગુણોનું જ્ઞાન કરવું અને બીજું તેનાથી કાર્ય સિદ્ધિ કરવી જોઈએ.*

*જે વિદ્યુત્ આદિ પદાર્થો સર્વ મૂર્ત પદાર્થોની રસને સંગ્રહિત કરીને પુનઃ તેને છોડી દે છે, તેની શુદ્ધિ માટે સુગંધિત પદાર્થોનો (અગ્નિમાં) પ્રક્ષેપ (= હોમ) નિત્ય કરવો જોઈએ. જેથી સુખસાધક બને છે. (૮)*

**आकीं सूर्यस्य रोचनाद् विश्वान् देवाँ उषर्बुधः। विप्रो होतेह वक्षति॥९॥**

પદાર્થ : જે होता-હોમમાં નાખવા યોગ્ય પદાર્થોના દાતા विप्रः-મેધાવી વિદ્વાન-सूर्यस्य-ચરાચરના આત્મા પરમેશ્વર અથવા સૂર્યલોકના रोचनात्-પ્રકાશથી इह-આ જન્મ અથવા લોકમાં उषर्बुधः-પ્રાતઃ-કાળને પ્રાપ્ત કરીને સુખોનો બોધ કરાવનાર विश्वान्-સમસ્ત देवान्-શ્રેષ્ઠ ભોગોને वक्षति-પ્રાપ્ત થાય છે અથવા કરાવે છે, તે જ સર્વ વિદ્યાઓને પ્રાપ્ત કરીને આનંદયુક્ત બને છે. (૯)

*ભાવાર્થ : જો ઈશ્વર એ પદાર્થોને ઉત્પન્ન ન કરે, તો કોઈ પણ મનુષ્ય તેનાથી ઉપકાર ગ્રહણ*

*ન કરી શકે. જ્યારે મનુષ્યો નિદ્રાધીન બને છે, ત્યારે કોઈ પણ ભોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ જાગૃત થતાં ભોગ કરવામાં સમર્થ બને છે, તેથી (આ મંત્રમાં) 'ઉષર્બુધ' કહેલ છે. એ પદાર્થોથી બુદ્ધિમાન પુરુષ જ ક્રિયા સિદ્ધિ કરી શકે છે, અન્ય નહિ. (૯)*

**विश्वेभिः सोम्यं मध्वग्न इन्द्रेण वायुना। पिबा मित्रस्य धामभिः॥ १०॥**

પદાર્થ : अग्ने-જે અગ્નિ इन्द्रेण-પરમ ઐશ્વર્ય કરાવનાર वायुना-સ્પર્શ અને ગમન કરાવનાર પવનની સહાયતાથી मित्रस्य-સર્વમાં રહેલ તથા સર્વમાં પ્રાણભૂત વાયુના विश्वेभिः-સર્વ धामभिः સ્થાનોથી सोम्यम्-સોમનું નિર્માણ કરવા યોગ્ય मधु-મધુરાદિ ગુણોથી યુક્ત પદાર્થોનું पिब-પાન કરે છે, તેને ગ્રહણ કરે છે. (૧૦)

*ભાવાર્થ : એ વિદ્યુત્ નામક અગ્નિ બ્રહ્માંડમાં રહેલ વાયુ તથા શરીરમાં રહેલ પ્રાણોની સાથે રહીને સર્વ પદાર્થોથી રસને ગ્રહણ કરીને (ફરી પાછો) કાઢે છે. તેથી એ અગ્નિ શિલ્પનું મુખ્ય સાધન છે. (૧૦)*

**त्वं होता मनुर्हितोऽग्ने यज्ञेषु सीदसि। सेमं नो अध्वरं यज॥ ११॥**

પદાર્થ : હે अग्ने-જે આપ અત્યંત પૂજનીય જગદીશ્વર ! मनुर्हितः-મનુષ્ય આદિને ધારણ કરનાર, होता-સર્વ પદાર્થોના દાતા, त्वम्-જે यज्ञेषु-ક્રિયાકાંડથી લઈને વિજ્ઞાન સુધી ગ્રહણ કરવા યોગ્ય યજ્ઞોમાં सीदसि-વિદ્યમાન રહો છો, सः-તે આપ नः-અમારા इमम्-એ अध्वरम्-હિંસા રહિત સુખના હેતુ યજ્ઞને यज-સંગત કરો અર્થાત્ તેને સિદ્ધ કરો. (૧૧)

*ભાવાર્થ : જે ઈશ્વરે મનુષ્ય-વ્યક્તિ આદિને ઉત્પન્ન કરીને ધારણ કરેલ છે, જેથી એ કર્મ, ઉપાસના અને જ્ઞાનના સર્વ પ્રકરણોમાં પૂજ્યતમ છે, તેથી તે જ આ સંસારરૂપી યજ્ઞને સંગતિયુક્ત કરીને અમને સુખી કરે છે. (૧૧)*

**युक्ष्वा ह्यरुषी रथे हरितो देव रोहितः। ताभिर्देवाँ इहावह॥ १२॥**

પદાર્થ : હે देव-વિદ્વાન્ ! આપ रथे-પૃથિવી, સમુદ્ર અને અન્તરિક્ષમાં આવાગમન માટે વિમાનાદિ રથમાં रोहितः-ઊંચા-નીચા સ્થાનમાં ઉતારવા-ચઢાવવા हरितः-પદાર્થોને હરનારી अरुषीः-લાલ વર્ણયુક્ત તથા ગતિ કરાવનારી જ્વાળાઓને युक्ष्व-યુક્ત કરો, ताभिः-તેનાથી इह-આ સંસારમાં देवान्-ક્રિયાથી સિદ્ધ થનાર દિવ્ય વ્યવહારોને आवह-સર્વત્રથી પ્રાપ્ત કરાવો. (૧૨)

*ભાવાર્થ : વિદ્વાનોએ, અગ્નિ આદિ પદાર્થોનો કલાયંત્રો અને યાનોમાં સંયોગ કરીને, તેના દ્વારા આ સંસારમાં મનુષ્યોનાં સુખ માટે દિવ્ય પદાર્થો પ્રકાશિત કરવા જોઈએ. (૧૨)*

સંગતિ : આ ચૌદમા સૂક્તની સર્વ દોષોના ગુણોનો પ્રકાશ કરવાથી તથા ક્રિયા માટે સમુચ્ચયથી તેરમા સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪)

## સૂક્ત-૧૫

## इन्द्र सोमं पिब ऋतुना त्वा विशन्त्विन्दवः। मत्सरासस्तदोकसः॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! જે इन्द्र-સમયના વિભાગને કરનાર સૂર્યલોક ऋतुना-વસંત આદિ ઋતુઓની સાથે सोमम्-ઔષધિ આદિ પદાર્થોના રસને पिब-પાન કરે છે, तदोकसः-જેના અન્તરિક્ષ, વાયુ, આદિ નિવાસ સ્થાન છે, मत्सरासः-આનંદને ઉત્પન્ન કરનાર છે, તે इन्दवः-ઋતુઓની સાથે त्वा-પ્રાણી અથવા અપ્રાણી રૂપ પદાર્થ અથવા સૂર્યના કિરણ-સમૂહમાં પ્રતિક્ષણ आविशन्तु-સર્વત્રથી પ્રવેશ કરે છે. (૧)

*ભાવાર્થ : આ સૂર્યવર્ષ, ઉત્તરાયન, દક્ષિણાયાન, વસંતાદિ ઋતુઓ, (મહિનાઓ), શુક્લ અને કૃષ્ણપક્ષ, દિવસ અને રાત, કલા, કાષ્ઠા અને નિમેષ આદિ કાળ વિભાગોનું નિર્માણ કરે છે.*

*આ વિષયમાં મહારાજ મનુ કહે છે કે - અઢાર નિમેષની એક કાષ્ઠા, ત્રીસ કાષ્ઠાઓની એક કલા, ત્રીસ કલાઓનું એક મુહૂર્ત (= ૪૮ મિનિટ) ત્રીસ મુહૂર્તોના એક દિવસ અને રાત (= ૧૪૪૦ મિનિટ અર્થાત્ ૨૪ કલાક) (તે સૂર્ય) એ (કાળ વિભાગો)ની સાથે સર્વ ઔષધિઓના રસોને સર્વ સ્થાનોમાંથી જળનું આકર્ષણ કરે છે-ખેંચે છે. તે (જળ) કિરણોની સાથે આકાશમાં રહે છે અને વાયુની સાથે આવાગમન કરે છે. (૧)*

## मरुतः पिबत ऋतुना पोत्राद् यज्ञं पुनीतन। यूयं हि ष्ठा सुदानवः॥ २॥

પદાર્થ : જે मरुतः-પવન ऋतुना-ઋતુઓની સાથે સર્વ રસોનું पिबत-પાન કરે છે, તે જ पोत्रात्-પોતાના પવિત્રતાના ગુણથી यज्ञम्-ઉક્ત ત્રણ પ્રકારના યજ્ઞો पुनीतन-પવિત્ર કરે છે, हि-જે કારણે यूयम्-તે सुदानवः-પદાર્થોનું ઉત્તમ દાન આપનાર स्थ-છે, તેથી યુક્તિપૂર્વક યોજવામાં આવેલ કાર્યોને સિદ્ધ કરે છે. (૨)

*ભાવાર્થ : ઋતુઓના અનુક્રમથી વાયુમાં પણ ગુણ ઉત્પન્ન થાય છે, તે (ગુણો)થી સંપન્ન (એ વાયુ) સર્વ ત્રસરેણુ આદિની તથા ક્રિયા-ચેષ્ટાઓનો હેતુ બને છે; અગ્નિમાં સુગંધિત આદિ (પદાર્થોના) હોમના દ્વારા પવિત્ર બનીને સર્વને સુખયુક્ત કરીને તે (વાયુ) આદાન-પ્રદાન કરવામાં નિમિત્ત છે .(૨)*

## अभि यज्ञं गृणीहि नो ग्नावो नेष्टः पिब ऋतुना। त्वं हि रत्नधा असि॥ ३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! नेष्टः-શુદ્ધિ અને પુષ્ટિના હેતુથી સર્વ પદાર્થોને પ્રકાશિત કરનારી વિદ્યુત્ ऋतुना-ઋતુઓની સાથે રસોનું पिब-પાન કરે છે, हि-જેથી रत्नधाः-રત્ન અર્થાત્ રમણના માટે પૃથિવી આદિ પદાર્થોને ધારણ કરનારી असि-છે, त्वम्-તે ग्नावः-સર્વ પદાર્થોની પ્રાપ્તિ કરાવનારી नः-અમારા એ यज्ञम्-યજ્ઞને अभिगृणीहि-સર્વ રીતે ગ્રહણ કરે છે, તેથી તું તેનાથી સર્વ કાર્યો સિદ્ધ કર. (૩)

*ભાવાર્થ : જે વિદ્યુત્ અગ્નિ સૂક્ષ્મ અવસ્થા છે, તે સર્વ સ્થૂળ પદાર્થોના અવયવોમાં વ્યાપ્ત થઈને તેનું ધારણ અથવા છેદન કરે છે, તેથી જ પ્રત્યક્ષ અગ્નિ પ્રકટ થાય છે અને તેમાં વિલય પામે છે. (૩)*

## अग्ने॑ दे॒वाँ इ॒हाव॑ह सा॒दया॒ योनि॑षु त्रि॒षु। परि॑ भूष॒ पिब॑ ऋ॒तुना॑॥ ४॥

પદાર્થ : જે अग्ने-ભૌતિક વિદ્યુત્ અથવા પ્રસિદ્ધ અગ્નિ इव-આ સંસારમાં ऋतुना-ઋતુઓની સાથે त्रिषु-નામ, જન્મ અને સ્થાન એ ત્રણ પ્રકારના લોકમાં તથા योनिषु-કાર્યો અને કારણોમાં देवान्-સર્વ દિવ્યગુણ યુક્ત પદાર્થોને आ + वह-સર્વત્રથી પ્રાપ્ત કરાવે છે, सादय-સ્થાપિત કરે છે અથવા નષ્ટ કરે છે, परि + भूष-સર્વત્રથી અલંકૃત કરે છે. સર્વ પદાર્થોથી રસનું पिव-પાન કરે છે. (૪)

*ભાવાર્થ : દાહગુણ યુક્ત એ અગ્નિ, રૂપના પ્રકાશન દ્વારા ઉપર, નીચે અને મધ્યમાં રહેલાં સર્વ પદાર્થોને સુશોભિત કરે છે-તથા હવનમાં અને શિલ્પ વિદ્યામાં પ્રયુક્ત કરેલ દિવ્ય સુખોને પ્રકાશિત કરે છે. (૪)*

## ब्राह्म॑णादिन्द्र॒ राध॑सः॒ पिबा॒ सोम॑मृ॒तूँरनु॑। तवेद्धि स॒ख्यमस्तृ॑तम्॥ ५॥

પદાર્થ : જે इन्द्र-ઐશ્વર્ય અને જીવનનો હેતુ વાયુ, ब्राह्मणात्-મહાન બ્રહ્માંડના અવયવ राधसः-પૃથિવી આદિ લોકોના ધનથી अनुऋतून्-પોતાના પ્રભાવથી પદાર્થોના રસોને હરનાર વસંત આદિ ઋતુઓના અનુક્રમથી सोमम्-સર્વ પદાર્થોના રસોનું पिव-પાન કરે છે, ગ્રહણ કરે છે, તેથી हि-નિશ્ચયથી तव-તે વાયુની પદાર્થોની સાથે अस्तृतम्-અવિનાશી सख्यम्-મિત્રતા છે. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, સંસારના રચયિતા ઈશ્વરે જે-જે વાયુ આદિ પદાર્થોમાં જે-જે નિયમ સ્થાપિત કરેલ છે, તેને જાણીને કાર્યો સિદ્ધ કરવા જોઈએ અને તેની સિદ્ધિથી સર્વ ઋતુઓમાં સર્વ પ્રાણીઓના અનુકૂળ હિતનું સંપાદન કરવું જોઈએ. યુક્તિપૂર્વક સેવન કરેલ એ મિત્ર સમાન અને અયુક્તિપૂર્વક સેવન કરવાથી શત્રુ સમાન બને છે. એમ સમજવું જોઈએ. (૫)*

## यु॒वं दक्षं॑ धृतव्रत॒ मित्रा॑वरुण दू॒ळभ॑म्। ऋ॒तुना॑ य॒ज्ञमा॑शाथे॥ ६॥

પદાર્થ : युवम्-જે धृतव्रतौ-બળને ધારણ કરનાર मित्रावरुणौ-પ્રાણ અને ઉદાન ऋतुना-ઋતુઓની સાથે दूळभम्-શત્રુઓ દ્વારા દુઃખથી ઘર્ષણ કે દબાવવા યોગ્ય दक्षम्-બળને यज्ञम्-પૂર્વોક્ત ત્રણ પ્રકારના યજ્ઞને आशाथे-પ્રાપ્ત કરે છે. (૬)

*ભાવાર્થ : સર્વના મિત્ર, બાહ્ય ગતિવાળો પ્રાણ અને આભ્યન્તર ગતિવાળો વરુણ અર્થાત્ ઉદાન કહેવાય છે, એ બન્નેને પ્રાણીઓ દ્વારા સમસ્ત જગત નામક યજ્ઞ અને બળ ઋતુઓના યોગથી ધારણ કરીને વ્યાપ્ત કરવામાં આવે છે, જેથી સમસ્ત વ્યવહારો સિદ્ધ થાય છે. (૬)*

## द्र॒वि॒णो॒दा द्र॒विण॑सो॒ ग्राव॑हस्तासो अध्व॒रे। य॒ज्ञेषु॑ दे॒वमी॑ळते॥ ७॥

પદાર્થ : द्रविणोदाः-જે વિદ્યા, બળ, રાજ્ય અને ધનના દાતા તથા દિવ્યગુણયુક્ત પરમેશ્વર છે વળી ઉત્તમ ધન આદિ પદાર્થ આપનાર દિવ્યગુણયુક્ત ભૌતિક અગ્નિ છે, જે देवम्-દેવને ग्रावहस्तासः-ગ્રાવા અર્થાત્ સ્તુતિ, સમૂહ, ગ્રહણ અથવા હનન જે (પરમેશ્વર)ના હાથમાં છે. વળી, ગ્રાવા યજ્ઞ અને શિલ્પ વિદ્યાની સિદ્ધિ માટે પત્થર આદિ જે (અગ્નિ)ના હાથમાં છે. તે द्रविणसः-યજ્ઞ કરનાર ઋત્વિક્ અથવા દ્રવ્ય સંપાદક વિદ્વાન છે, તે अध्वरे-અનુષ્ઠાન કરવા યોગ્ય, ક્રિયા સાધ્ય હિંસાને અયોગ્ય

यज्ञेषु-અગ્નિહોત્ર આદિથી અશ્વમેઘ સુધી યજ્ઞ, અથવા શિલ્પવિદ્યામય યજ્ઞોમાં ईळते-પૂજા અથવા તે (અગ્નિ)ના ગુણોનું અન્વેષણ કરીને સંયુક્ત કરે છે, તે મનુષ્ય સદા આનંદિત રહે છે. (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ સર્વ કર્મ, ઉપાસના અને જ્ઞાનકાંડો દ્વારા સાધ્ય યજ્ઞોમાં પરમેશ્વરની પૂજા (ઉપાસના) કરવી જોઈએ.*

*એ જ રીતે અગ્નિહોત્ર તથા શિલ્પ યજ્ઞોમાં ભૌતિક અગ્નિને ઉત્તમ રીતે સંયુક્ત કરવો જોઈએ. (૭)*

**द्रविणोदा ददातु नो वसूनि यानि शृण्विरे। देवेषु ता वनामहे॥ ८॥**

**[ઈશ્વર]**

પદાર્થ : અમે देवेषु-દિવ્ય કર્મ, રાજ્ય અને વિદ્વાનોમાં જે वसूनि-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યથી પ્રાપ્ત કરવા યોગ્ય ઉત્તમ ધનોને शृण्विरे-સાંભળીએ છીએ, ता-તેનું અમે वनामाहे સેવન કરીએ, ता-તેને द्रविणोदाः-ઉત્તમ રીતે ઉપાસના કરેલ જગદીશ્વર नः-અમને ददातु-પ્રદાન કરે.

**[ભૌતિક અગ્નિ]**

અમે देवेषु-શિલ્પવિદ્યાથી સિદ્ધ કરેલ વિમાનાદિના હોવાથી અને દિવ્ય સૂર્યાદિ પદાર્થોમાં જે वसूनि-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યથી પ્રાપ્ત થનાર ઉત્તમ ધનોને श्रृण्विरे-સાંભળીએ છીએ, ता-તેનું અમે वनामहे-સેવન કરીએ, તેને द्रवीणोदाः-સમ્યક્ રીતે સંયુક્ત કરેલ ભૌતિક અગ્નિ नः-અમને ददातु-આપે છે.

*ભાવાર્થ : પરમેશ્વરે આ જગતમાં પ્રાણીઓને માટે જે પદાર્થ ઉત્પન્ન કરેલ છે, ઉપકારમાં યુક્ત કરેલ તે પદાર્થોથી પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ જેટલી પણ વસ્તુઓ ઉત્પન્ન થાય છે, તે વિદ્વાનોના સંગથી સુખદાયક બને છે. (૮)*

**द्रविणोदाः पिपीषति जुहोत प्र च तिष्ठत। नेष्ट्रादृतुभिरिष्यत॥ ९॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ द्रविणोदाः-યજ્ઞનું અનુષ્ઠાન કરનાર વિદ્વાન મનુષ્ય યજ્ઞોમાં સોમાદિ ઔષધિઓના રસને पिपीषति-પીવાની ઇચ્છા કરે છે, તેમ તમે પણ તે યજ્ઞોને नेष्ट्रात्-વિજ્ઞાનથી जुहोत-આદાન-પ્રદાનનો વ્યવહાર કરો, તે યજ્ઞોને વિધિ સાથે કરીને ऋतुभिः-વસંતાદિ ઋતુઓના સંયોગથી સુખોના સેવનથી प्रतिष्ठित-પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરીને, તે યજ્ઞની વિદ્યાને સદા इष्यत-જાણો. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ શ્રેષ્ઠ કર્મોનું અનુકરણ કરવું જોઈએ, દુષ્ટકર્મોનું નહિ, સર્વ ઋતુઓમાં યથાયોગ્ય કર્મ કરવા જોઈએ, જે ઋતુમાં જે દેશ નિવાસ કરવા યોગ્ય હોય, ત્યાં નિવાસ કરવો અને જવું જોઈએ. તે દેશ અનુસાર ભોજન આચ્છાન અને વિહાર કરવા જોઈએ. એ વ્યવહારોથી નિરંતર સુખોનું સેવન કરવું જોઈએ. (૯)*

**यत्त्वा तुरीयमृतुभिर्द्रविणोदो यजामहे। अध स्मा नो ददिर्भव॥ १०॥**

પદાર્થ : હે द्रविणोदः-દ્રવિણ અર્થાત્ આત્માની શુદ્ધિ કરનાર વિદ્યાદિ ધનના દાતા જગદીશ્વર ! અમે यत्-જે तुरीयम्-સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને પરમ કારણમાં ચોથા આપ त्वा-આપને ऋतुभिः-પદાર્થોને પ્રાપ્ત કરાવનારી ઋતુઓના યોગમાં यजामहे, स्म-સુખપૂર્વક પૂજા કરીએ છીએ. તે આપ

नः-અમારા માટે ધનાદિ પદાર્થોના ददिः-દાતા अध-નિશ્ચયથી भव-બનો. (૧)

*ભાવાર્થ : પરમેશ્વર ત્રણ પ્રકારના અર્થાત્ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ નામક ત્રણ પદાર્થોના જગતથી પૃથક્ વસ્તુ હોવાથી ચોથા છે. જે સર્વત્ર અભિવ્યાપક, સર્વાન્તર્યામી, સર્વાધાર. પરમેશ્વર સમસ્ત મનુષ્યો દ્વારા નિત્ય પૂજા (= ઉપાસના) કરવા યોગ્ય છે. તેના સિવાય કોઈ મનુષ્યોએ અન્ય પદાર્થોની 'ઈશ્વરબુદ્ધિ' થી ઉપાસના ન કરવી જોઈએ, તેનાથી ભિન્ન અન્ય કોઈ, કર્મોને અનુસાર જીવોને ફળ પ્રદાન કરનાર નથી. (૧૦)*

अश्विना पिबतं मधु दीद्यग्नी शुचिव्रता। ऋतुना यज्ञवाहसा॥ ११॥

પદાર્થ : હે વિદ્વાનો ! તમે-જે शुचिव्रता-પદાર્થોની શુદ્ધિ કરનાર यज्ञवाहसा-હોમ માટે દ્રવ્યોને પ્રાપ્ત કરનાર, दीद्यग्नी-જેની દીપ્તિનો હેતુ અગ્નિ છે, તે अश्विना-સૂર્ય અને ચંદ્રમા मधु-મધુર રસનું पिषतम्-પાન કરે છે, જે ऋतुना-ઋતુઓની સાથે રસોને પ્રાપ્ત કરાવે છે-તેને યથાવત્ જાણો. (૧૧)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ આપે છે કે મેં ઈશ્વરે જે સૂર્ય અને ચંદ્રમા આદિ સંયુક્ત બે-બે (જોડી) પદાર્થ કાર્ય સિદ્ધિ માટે સંયુક્ત રૂપે રચેલ છે,*

*હે મનુષ્યો ! એ બન્ને સર્વ ઋતુઓમાં પ્રાપ્ત થનાર સુખ અને વ્યવહારની સિદ્ધિ સમ્યક્ રૂપથી પ્રાપ્ત કરાવે છે. એમ તમારે જાણવું જોઈએ. (૧૧)*

गार्हपत्येन सन्त्य ऋतुना यज्ञनीरसि। देवान् देवयते यज॥ १२॥

પદાર્થ : જે सन्त्य-ક્રિયાઓના સંવિભાગમાં સારી રીતે રહેનાર-પ્રકાશિત થનાર ભૌતિક અગ્નિ गार्हपत्येन-ગૃહપતિના સંયુક્ત વ્યવહારથી તથા ऋतुना-ઋતુઓની સાથે यज्ञनीः-ત્રણ પ્રકારના યજ્ઞોને પ્રાપ્ત કરાવનાર असि-છે, તે-देवयते-યજ્ઞ કરનાર વિદ્વાનને માટે શિલ્પ વિદ્યામાં यज-સંગમ-પ્રાપ્ત કરાવે છે. (૧૨)

*ભાવાર્થ : જે વિદ્વાનો દ્વારા સર્વ વ્યવહાર-કાર્યોમાં પ્રત્યેક ઋતુમાં વિદ્યાપૂર્વક સમ્યક્ પ્રયોગ કરેલ જે અગ્નિ છે, તે મનુષ્ય આદિ પ્રાણીઓને દિવ્ય સુખ પહોંચાડે છે-પ્રાપ્ત કરાવે છે. (૧૨)*

સંગતિ : ચૌદમાં સૂક્તના અર્થની સાથે આ પંદરમાં સૂક્તના અર્થની વિશ્વદેવોના અનુયોગ્ય વસંત આદિ ઋતુઓનું યથા ક્રમ પ્રતિપાદન કરવાથી સંગતિ જાણવી જોઈએ. (૧૫)

## સૂક્ત-૧૬

आ त्वा वहन्तु हरयो वृषणं सोमपीतये। इन्द्र त्वा सूरचक्षसः॥ १॥

પદાર્થ : હે इन्द्र-વિદ્વાન્ ! જે वृषणम्-જળની વર્ષા કરનાર સૂર્યલોકને सोमपीतये-સોમ અર્થાત્ ઉત્પન્ન થયેલ પદાર્થોના રસપાન રૂપ વ્યવહાર માટે सूरचक्षसः-સૂર્યમાં જેનું દર્શન થાય છે, તે हरयः-કિરણો आ + वहन्तु-સર્વત્રથી પ્રાપ્ત થાય છે, त्वा-તે સૂર્યલોકને તું પણ પ્રાપ્ત કર, જેને સર્વ શિલ્પી-

કારીગરો પ્રાપ્ત કરે છે, તેને સર્વ મનુષ્ય પ્રાપ્ત કરે. હે મનુષ્યો ! અમે જાણીએ છીએ, त्वा-તે પૂર્વોક્ત સૂર્યને તમે પણ જાણો. (૧)

*ભાવાર્થ : જે સૂર્યનાં કિરણો છે, તે સર્વ પદાર્થોના રસનું આહરણ-ખેંચનાર છે, તે સર્વના પ્રકાશક તથા વર્ષા કરનાર છે, તે યથાયોગ્ય અનુકૂળતાથી મનુષ્યો દ્વારા સેવન કરવાથી ઉત્તમ સુખોને ઉત્પન્ન કરે છે-સુખ આપે છે. (૧)*

**इमा धाना घृतस्नुवो हरी इहोपवक्षतः। इन्द्रं सुखतमे रथे॥ २॥**

પદાર્થ : हरी-જે પદાર્થોને હરનાર સૂર્યના શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ છે, તે इह-આ લોકમાં = સંસારમાં इमाः-એ घृतस्नुवः-જળનું વહન કરનાર धानाः-કિરણો અર્થાત્ દીપ્તિઓ તથા इन्द्रम्-સૂર્યલોકને सुखतमे-અત્યંત સુખનો હેતુ रथे-રમણ કરવા યોગ્ય વિમાનાદિ રથોમાં उप-સમીપ वक्षतः-પ્રાપ્ત કરાવે છે. (૨)

*ભાવાર્થ : આ સંસારમાં જે રાત-દિવસ, શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ, દક્ષિણાયન અને ઉત્તરાયન છે, તે हरी-કહેવાય છે, તેના દ્વારા સૂર્ય સર્વ આનંદ-વ્યવહારોને પ્રાપ્ત કરાવે છે. (૨)*

**इन्द्रं प्रातर्हवामह इन्द्रं प्रयत्यध्वरे। इन्द्रं सोमस्य पीतये॥ ३॥**

પદાર્થ : અમે प्रातः-પ્રતિદિન इन्द्रम्-પરમ ઐશ્વર્યના દાતા ઈશ્વરને प्रयति-પ્રકૃષ્ટ દાન આપનાર अध्वरे-ઉપાસના યજ્ઞમાં हवामहे-આહ્વાન કરીએ છીએ.

અમે-प्रयति-પ્રકૃષ્ટ-શ્રેષ્ઠતમ જ્ઞાન આપનાર अध्वरे-ક્રિયાથી સાધ્ય યજ્ઞમાં प्रातः-પ્રતિદિન इन्द्रम्-પરમ ઐશ્વર્યની સાધક વિદ્યુત્ નામક અગ્નિનું हवामहे-ગ્રહણ કરીએ છીએ.-ક્રિયાઓમાં સંયુક્ત કરીએ.

અમે प्रयति-પ્રકૃષ્ટ જ્ઞાન આપનાર अध्वरे-ક્રિયાના સાધક યજ્ઞમાં सोमस्य-સર્વ પદાર્થોથી ઉત્પન્ન રસનું पीतये-પાન કરવા માટે प्रातः-પ્રતિદિન इन्द्रम्-બાહ્ય અને આભ્યન્તર વાયુ =પ્રાણને हवामहे-ગ્રહણ કરીએ છીએ.-તેને-સિદ્ધ કરીએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, પ્રતિદિન પરમેશ્વરની ઉપાસના કરવી જોઈએ અને તેની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. પ્રત્યેક યજ્ઞમાં વિદ્યુત્ નામક અગ્નિને કામમાં લેવો જોઈએ અને પ્રાણ વિદ્યા દ્વારા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ. (૩)*

**उप नः सुतमा गहि हरिभिरिन्द्र केशिभिः। सुते हि त्वा हवामहे॥ ४॥**

પદાર્થ : हि-જે કારણે એ इन्द्र-વાયુ केशिभिः-અગ્નિ, વિદ્યુત્ અને સૂર્યના हरिभिः-હરણ-આહરણ સ્વભાવવાળા વેગવાન કિરણોની સાથે नः-અમારા सुतम्-ઉત્પન્ન કરેલા પદાર્થોને उपागहि-સર્વત્રથી નિકટ પ્રાપ્ત થાય છે, એટલા માટે त्वा-તે વાયુ એ सुते-ઉત્પન્ન કરેલ હોમ, શિલ્પ આદિ વ્યવહારોનો અમે हवामहे-ગ્રહણ કરીએ છીએ. (૪)

*ભાવાર્થ : જે પદાર્થ અમારા દ્વારા શિલ્પ-વ્યવહારોમાં ઉપકાર ગ્રહણ કરવા યોગ્ય છે, તે અગ્નિ, વિદ્યુત, સૂર્ય અને વાયુના કારણે જ પ્રજ્વલિત થાય છે તથા આવાગમન કરે છે. (૪)*

सेमं नः स्तोममा गह्युपेदं सवनं सुतम्। गौरो न तृषितः पिब॥५॥

પદાર્થ : જે સૂર્ય नः-અમારા અનુષ્ઠાન કરેલ स्तोतम्-સ્તુતિ યોગ્ય યજ્ઞ તથા सवनम्-ઐશ્વર્ય પ્રાપ્ત કરાવનાર ક્રિયાકાંડને तृषितः-તરસ્યા = તૃષા લાગેલ गौरः-ગોરા રંગના હરણીને न-સમાન કે જેમ તે उपागहि-જળાશય સમીપ જઈને જળનું પાન કરે છે, તેમ सः-તે સૂર્ય इदम्-એ सुतम्-ઉત્પન્ન કરેલ ઔષધિ આદિનું पिब-પાન કરે છે. (૫)

*ભાવાર્થ : જેમ અત્યંત તૃષાતુર હરણ આદિ પશુ, પક્ષી તીવ્ર વેગથી દોડીને જળાશય પર પહોંચીને જળનું પાન કરે છે, તેવી રીતે સૂર્ય પોતાના વેગવાન કિરણોથી ઔષધિ આદિ સુધી પહોંચીને તેના રસનું પાન કરે છે. એ સૂર્યનો મનુષ્યોએ વિદ્યાની વૃદ્ધિ માટે સમ્યક્ ઉપયોગ કરવો જોઈએ. (૫)*

इमे सोमास इन्दवः सुतासो अधि बर्हिषि। ताँ इन्द्र सहसे पिब॥६॥

પદાર્થ : જે अधि-बर्हिषि-જેમાં સર્વ પદાર્થો વૃદ્ધિને પ્રાપ્ત થાય છે, તે અન્તરિક્ષમાં इमे-એ सोमासः-જેનાથી સુખ ઉત્પન્ન થાય છે, इन्दवः-અને જે સર્વ પદાર્થોને સ્નિગ્ધ કરનાર રસ છે, તે सहसे-બળ આદિ ગુણો માટે ઈશ્વરે सुतासः-ઉત્પન્ન કરેલ છે, ता-તેનું इन्द्र-વાયુ પ્રતિક્ષણ पिव-પાન કરે છે. (૬)

*ભાવાર્થ : ઈશ્વરે આ સંસારમાં પ્રાણીઓનાં બળ આદિની વૃદ્ધિ માટે જેટલા મૂર્તિમાન પદાર્થો ઉત્પન્ન કરેલ છે, સૂર્યથી છિન્ન-ભિન્ન કરેલ તે પદાર્થોને વાયુ પોતાની સમીપ લાવીને ધારણ કરે છે. તેના સંયોગથી પ્રાણી અને અપ્રાણી = જડ જગત બળ પ્રાપ્ત કરે છે. (૬)*

अयं ते स्तोमो अग्रियो हृदिस्पृगस्तु शंतमः। अथा सोमं सुतं पिब॥७॥

પદાર્થ : મનુષ્યોએ જેમ એ વાયુ પ્રથમ सुतम्-ઉત્પન્ન કરેલ सोमम्-સર્વ પદાર્થોના રસોનું पिब-પાન કરે છે, अथ-તદનન્તર ते-જે તે વાયુના अग्रियः-અત્યુત્તમ हृदिस्पृक्-અન્તઃ કરણમાં સુખનો સ્પર્શ કરાવનાર स्तोमः-તેના ગુણોથી પ્રકાશિત થઈને ક્રિયાઓનો સમૂહ જાણી શકાય, अस्तु-તેવા કામો કરવા જોઈએ. (૭)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા શુદ્ધ કરવામાં આવેલ ઉત્કૃષ્ટ ગુણવાળો વાયુ અત્યંત સુખદાયી બને છે. તેમ જાણવું જોઈએ. (૭)*

विश्वमित्सवनं सुतमिन्द्रो मदाय गच्छति। वृत्रहा सोमपीतये॥८॥

પદાર્થ : જે वृत्रहा-મેઘ = વાદળાઓનો નાશ કરનાર इन्द्रः-વાયુ सोमपीतये-ઉત્તમ પદાર્થોના રસોનું પાન જેમાં થાય છે તે मदाय-આનંદ માટે इत्-નિશ્ચય કરીને सवनम्-સર્વ સુખોના સાધન રૂપ सुतम्-ઉત્પન્ન થયેલ विश्वम्-જગતને गच्छति-પ્રાપ્ત થાય છે. (૮)

*ભાવાર્થ : વાયુ પોતાના આવાગમન દ્વારા સમસ્ત જગતમાં પહોંચીને વેગવાન અને મેઘો-વાદળાઓને વરસાવીને સર્વ પ્રાણીઓને સુખી કરે છે. તેના વિના કોઈ પણ મનુષ્ય કોઈ જાતના વ્યવહારને સિદ્ધ*

*કરવામાં સમર્થ બની શકતો નથી. (૮)*

**सेमं नः काममा पृण गोभिरश्वैः शतक्रतो। स्तवाम त्वा स्वाध्यः॥ ९॥**

પદાર્થ : હે शतक्रतो-શત્ =અસંખ્ય કર્મ અથવા અનંત પ્રજ્ઞાવાન અને સર્વ કામનાઓને પ્રદાન કરનાર જગદીશ્વર ! स्वाध्यः-સ્વાધ્યાય કરનાર અમે त्वा-આપની स्तवाम-સ્તુતિ કરીએ છીએ, सः-તે આપ गोभिः-ઇન્દ્રિય, પૃથિવી, વિદ્યાનો પ્રકાશ અને પશુ તથા अश्वैः-શીઘ્ર ગમનના હેતુ અગ્નિ આદિ અથવા ઘોડા, હાથી આદિના દ્વારા नः-અમારી इमम्-વેદમંત્રોના દ્વારા પ્રેમપૂર્વક સત્યભાવથી કરવામાં આવેલી कामम्-કામનાઓને आ + पृण-સર્વત્રથી પૂર્ણ કરો. (૯)

*ભાવાર્થ : ઈશ્વરનું એ સામર્થ્ય છે, કે તે સર્વ પુરુષાર્થી, ધાર્મિક મનુષ્યોની કામનાઓની તેના કર્માનુસાર પૂર્તિ કરે છે, જે સૃષ્ટિના અતિ શ્રેષ્ઠ ઉત્પાદન અને ધારણ દ્વારા સર્વ પ્રાણીઓને સુખી કરે છે, એટલા માટે સર્વ મનુષ્યોએ તે (પરમેશ્વર)ની નિત્ય ઉપાસના કરવી જોઈએ, અન્યની નહિ. (૯)*

સંગતિ : આ સોળમાં સૂક્તના અર્થની-ઋતુઓના સંપાદક સૂર્ય અને વાયુ આદિ પદાર્થના યથાયોગ્ય પ્રતિપાદનથી-પંદરમાં સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬)

## સૂક્ત-૧૭

**इन्द्रावरुणयोरहं सम्राजोरव आ वृणे। ता नो मृळात ईदृशे॥ १॥**

પદાર્થ : હું જે सम्राजोः-શ્રેષ્ઠ પ્રકાશમાન इन्द्रावरुणयोः-સૂર્ય અને ચંદ્રમાના ગુણોથી अवः-રક્ષાને आवृणे-સર્વત્રથી સ્વીકાર કરું છું, અને ता-તેઓ ईदृशे-ચક્રવર્તી રાજ્યના સુખ સ્વરૂપ વ્યવહારમાં नः-અમને मृळातः-સુખયુક્ત કરે છે.

*ભાવાર્થ : જેમ પ્રકાશમય, સંસારના ઉપકારક, સુખ વ્યવહારના હેતુ અને ચક્રવર્તી રાજ્યની સમાન રક્ષક સૂર્ય અને ચંદ્રમા છે, તેમ અમારે પણ બનવું જોઈએ. (૧)*

**गन्तारा हि स्थोऽवसे हवं विप्रस्य मावतः। धर्त्तारा चर्षणीनाम्॥ २॥**

પદાર્થ : જે સૂર્ય અને ચંદ્રમા-જે हि-નિશ્ચયથી જે એ અગ્નિ અને જળ સંપ્રયોગ કરેલ मावतः-મારા સમાન પંડિત તથા विप्रस्य-મેધાવી વિદ્વાનના हवम्-હોમ અને શિલ્પાદિ વ્યવહારના પદાર્થોના આદાન-પ્રદાન गन्तारा-કરનાર છે-પ્રાપ્ત કરનાર છે, चर्षणीनाम्-પદાર્થોને ઉઠાવનાર મનુષ્ય આદિ જીવોને धर्त्तारा-ધારણ કરનાર स्थः-છે. તેમાં હું તેનો પોતાના સર્વ કામોની अवसे-ક્રિયા સિદ્ધિને માટે आवृणे-સ્વીકાર કરું છું. (૨)

*ભાવાર્થ : વિદ્વાનો દ્વારા જ્યારે કલાયંત્રોમાં યુક્તિથી સંયુક્ત કરેલ અગ્નિ અને જળ પ્રેરિત કરવામાં આવે છે, ત્યારે એ બન્ને યાનો = વાહનો શીઘ્ર ગતિ કરનાર અને તેમાં રહેલા મનુષ્ય આદિ પ્રાણીઓ*

*તથા પદાર્થોના ભારના ધારણકર્તા અને સુખદાયી બને છે. (૨)*

अनुकामं तर्पयेथामिन्द्रावरुण राय आ। ता वां नेदिष्ठमीमहे॥ ३॥

પદાર્થ : इन्द्रावरुणा-અગ્નિ અને જળ अनुकामम्-પ્રત્યેક કાર્યમાં रायः-ધન પ્રદાન કરીને तर्पयेथाम्-તૃપ્ત કરે છે, ता-તે वाम्-બન્નેને અમે नेदिष्ठम्-અત્યંત સમીપ ईमहे-સર્વત્રથી પ્રાપ્ત કરીએ છીએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-એ રીતે અગ્નિ અને જળના ગુણોને જાણીને, જે એ બન્ને (અગ્નિ અને જળ) ક્રિયામાં સંયુક્ત કરેલા પુષ્કળ સુખો પ્રાપ્ત કરાવે છે. એ બન્નેનો યુક્તિપૂર્વક કાર્યોમાં સમ્યક્ પ્રયોગ કરવો જોઈએ. (૩)*

युवाकु हि शचीनां युवाकु सुमतीनाम्। भूयाम वाजदाव्नाम्॥ ४॥

પદાર્થ : અમે हि-જે કારણે शचीनाम्-ઉત્તમ વાણી અથવા શુભ કર્મોના युवाकु-મિશ્રણ સેવન, તથા वाजदाव्नाम्-વાજ = વિજ્ઞાન તથા અન્નના દાતા અથવા ઉપદેશક તથા सुमतीनाम्-શ્રેષ્ઠ બુદ્ધિમાન વિદ્વાનોને युवाकु-વિશ્લેષણ-પૃથકભાવ કરવામાં भूयाम-સમર્થ બનીએ, એ કારણે એ અગ્નિ અને જળને સિદ્ધ કરીએ. (૪)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-તેઓ સદા આળસનો ત્યાગ કરીને, શુભ કર્મોનું સેવન કરીને, વિદ્વાનોનો નિત્ય સંગ કરે, જેથી વિદ્યા અને દરિદ્રતા સમૂળ નાશ પામે. (૪)*

इन्द्रः सहस्रदाव्नां वरुणः शंस्यानाम्। क्रतुर्भवत्युक्थ्यः॥ ५॥

પદાર્થ : સર્વ મનુષ્યોને યોગ્ય છે કે તેઓ-इन्द्रः-અગ્નિ, વિદ્યુત્ અને સૂર્ય हि-જે કારણે सहस्रदाव्यनाम्-અસંખ્ય ધનના દાતાઓની મધ્યમાં क्रतुः-શ્રેષ્ઠતાથી કાર્ય સિદ્ધ કરનાર भवति થાય છે, તથા જે वरुणः-જળ, વાયુ અને ચંદ્રમા પણ शंस्यानाम्-પ્રશંસનીય પદાર્થોમાં શ્રેષ્ઠતાથી કાર્યોમાં સાધક છે, તેને જાણવા જોઈએ કે ઉક્ત વિદ્યુત્ આદિ પદાર્થો उक्थ्यः-વિદ્યા સિદ્ધિ માટે ઉપદેશ કરવા અથવા કરાવવામાં ઉત્તમ છે. (૫)

*ભાવાર્થ : અત્રે પૂર્વ મંત્રથી हि-પદની અનુવૃત્તિ છે. જેથી જેટલા પૃથિવી આદિ અન્ન આદિના દાનના સાધનોના નિમિત્ત છે, તેમાં અગ્નિ, વિદ્યુત્ અને સૂર્ય મુખ્ય છે અને તેમાં પણ જે જળ, વાયુ અને ચંદ્રમા છે, તે પોત-પોતાના ગુણોને કારણે પ્રશંસનીય અને જાણવા યોગ્ય છે, તેમ જાણીને કર્મોમાં સમ્યક્ પ્રયુક્ત કરવાથી એ ક્રિયા સિદ્ધિના હેતુ બને છે. (૫)*

तयोरिदवसा वयं सनेम नि च धीमहि। स्यादुत प्ररेचनम्॥ ६॥

પદાર્થ : वयम्-અમે વિદ્વાનો-અગ્નિ અને જળના ગુણોના अवसा-વિજ્ઞાન તથા તેના દ્વારા ઉપકાર ગ્રહણ કરવાથી इत्-જ જે સુખો ને ઉત્તમ ધનોનું सनेम સેવન કરીએ છીએ, तयोः-તે (ઇન્દ્ર અને વરુણ)ના નિમિત્તથી च-અને તેનાથી પ્રાપ્ત અસંખ્ય ધનને नि + धीमहि-સર્વથા ધારણ કરીએ, તેનાથી

કોશો આદિ ઉત્તમ સ્થાનમાં પૂરણ કરીએ, જે ધનોથી અમારા प्रेरेचनम्-પુષ્કળ વ્યય માટે उत-હિતકર स्यात्-બને. (૬)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-તેઓ અગ્નિ આદિ પદાર્થોના ઉપયોગથી પૂર્ણ ધનોને સંપાદન કરીને, તેની રક્ષા અને વૃદ્ધિ કરીને, તેની યથાયોગ્ય વ્યય કરીને રાજ્યની વૃદ્ધિથી સર્વના હિતની ઉન્નતિ કરવી જોઈએ. (૬)*

**इन्द्रा॑वरुण वा॒मह॑ं हुवे चि॒त्राय॑ राध॑से। अ॒स्मान्त्सु जि॒ग्युष॑स्कृतम्॥ ७॥**

પદાર્થ : જે સમ્યક્ પ્રયુક્ત કરેલ अस्मान्-અને सुजिग्युषः-ઉત્તમ વિજયથી યુક્ત कृतम्-કરે છે, वाम्-તે ઈન્દ્ર = અગ્નિ અને વરુણ = જળને चित्राय-જે અદ્ભૂત અર્થાત્ રાજ્ય, સેના, નોકર, પુત્ર, મિત્ર, સુવર્ણ, રત્ન, હાથી, ઘોડા આદિ પદાર્થોથી યુક્ત राधसे-સુખ સાધનોના હેતુ ધનની પ્રાપ્તિ માટે अहम्-હું મનુષ્ય તેને आहुवे-ગ્રહણ કરું છું. (૭)

*ભાવાર્થ : જે મનુષ્યો ઉત્તમ રીતે સિદ્ધ કરેલ અગ્નિ અને જળને કાર્યમાં યુક્ત કરે છે, તેઓ વિવિધ ધનો અને વિજયને પ્રાપ્ત કરીને સુખી થાય છે અને સર્વ પ્રાણીઓને સુખી કરે છે. (૭)*

**इन्द्रा॑वरुण॒ नू नु वां॒ सिषा॑सन्तीषु धी॒ष्वा। अ॒स्मभ्य॑ं शर्म॑ यच्छतम्॥ ८॥**

પદાર્થ : જે सिषासन्तीषु-ઉત્તમ કર્મ કરવાની ઈચ્છા અને धीषु-શુભ-શાસ્ત્રોને ધારણ કરનારી બુદ્ધિઓમાં नु-શીઘ્ર नु-જે કારણે अस्मभ्यम्-અમે પુરુષાર્થી વિદ્વાનો માટે शर्म-સર્વ દુઃખ રહિત અને દુઃખ વિનાશક ઉત્તમ સુખનો आयच्छतम्-સર્વત્રથી વિસ્તૃત કરીએ છીએ, તેથી वाम्-તે इन्द्रावरुणा-વાયુ અને જળના કાર્યોની સિદ્ધિ માટે હું નિરંતર हुवे-ગ્રહણ-સ્વીકાર કરું છું. (૮)

*ભાવાર્થ : જે મનુષ્યો શાસ્ત્રના સંસ્કાર અને પુરુષાર્થયુક્ત બુદ્ધિઓથી શિલ્પ આદિ સર્વ ઉત્તમ વ્યવહારોમાં ઈન્દ્ર અને વરુણ (વાયુ અને જળ)નો સમ્યક્ પ્રયોગ કરે છે; તેઓજ આ સંસારમાં સુખોનો વિસ્તાર કરે છે. (૮)*

**प्र वा॑मश्नोतु सुष्टु॒तिरिन्द्रा॑वरुण॒ यां हु॒वे। याम्॒ऋधाथे॑ स॒धस्तु॑तिम्॥ ९॥**

પદાર્થ : હું જેમ આ સંસારમાં सुष्टुतिः-ઈન્દ્ર અને વરુણની ઉત્તમ સ્તુતિ प्राश्नोतु-સારીરીતે વ્યપ્ત થાય, તેમ याम्-જે સ્તુતિને हुवे-સ્વીકાર-ગ્રહણ કરુ છું, તથા वाम्-તે ઈન્દ્ર અને વરુણ-પૂર્વોક્ત વાયુ અને જળ याम्-જે सधस्तुतिम्-સ્તુતિ-કીર્તિ સાથે શિલ્પક્રિયાની ऋधाथे-વૃદ્ધિ કરે છે. તે શિલ્પ વિદ્યાને હું हुवे-ગ્રહણ કરું છું. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ જે પદાર્થોના જેવા ગુણ છે, તેને એવા સુવિચારપૂર્વક જાણીને તેનાથી સદા ઉપકાર ગ્રહણ કરવો જોઈએ, એમ ઈશ્વરનો ઉપદેશ છે. (૯)*

સંગતિ : પૂર્વોક્ત સોળમાં સૂક્તના અનુયોગી ઈન્દ્ર અને વરુણના અર્થનું આ સૂક્તમાં પ્રતિપાદન કરવાથી આ સત્તરમાં સૂક્તના અર્થની તેની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭)

# सूक्त-१८

**सोमानं स्वरणं कृणुहि ब्रह्मणस्पते। कक्षीवन्तं य औशिजः॥ १॥**

પદાર્થ : હે ब्रह्मणस्पते-વેદના સ્વામી ઈશ્વર ! यः-જે હું औशिजः-વિદ્યાના પ્રકાશમાં સંસારને વિદિત થનાર અને વિદ્વાનોના પુત્ર સમાન છું, તે મને सोमानम्-ઐશ્વર્ય ઉત્પન્ન કરનાર યજ્ઞના કર્તા स्वरणम्-શબ્દ, અર્થ અને સંબંધના ઉપદેશક, कक्षीवन्तम्-કક્ષા અર્થાત્ હાથની આંગળીઓથી થનારી પ્રશંસનીય શિલ્પવિદ્યાનું કૃપાથી સંપાદન કરનાર कृणुहि-બનાવે. (૧)

*ભાવાર્થ : અહીં જે કોઈ વિદ્યાના પ્રકાશમાં ઉત્પન્ન મનુષ્ય છે, તે જ અધ્યાપક શિલ્પવિદ્યાના સંપાદક બની શકે છે. ઈશ્વર પણ એવા મનુષ્ય પર અનુગ્રહ કરે છે. (૧)*

**यो रेवान् यो अमीवहा वसुवित् पुष्टिवर्धनः। स नः सिषक्तु यस्तुरः॥ २॥**

પદાર્થ : यः-જે જગદીશ્વર ! रेवान्-વિદ્યાદિ અનંત ધનવાન, यः-જે पुष्टिवर्धनः-શરીર અને આત્માની પુષ્ટિવર્ધક, वसुवित्-સર્વ વસ્તુને જાણનાર, अमीवहा-અવિદ્યા આદિ રોગોના નાશક, यः-જે શીઘ્ર સુખકારક तुरः-શીઘ્રકારી બ્રહ્મણસ્પતિ = વેદના સ્વામી જગદીશ્વર છે, सः-તે नः-અમને વિદ્યા આદિ ધનોથી सिषक्तु-અત્યંત સંયુક્ત કરો. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો સત્ય ભાષણ આદિ લક્ષણોવાળી ઈશ્વરની આજ્ઞાનું પાલન કરે છે, તેઓ અવિદ્યા આદિ રોગોથી રહિત અને શરીર અને આત્માની પુષ્ટિથી યુક્ત બનીને ચક્રવર્તી રાજ્ય આદિ ધનોને તથા સર્વ રોગોનું હરણ કરનારી ઔષધિઓને પ્રાપ્ત કરે છે. (૨)*

**मा नः शंसो अररुषो धूर्तिः प्रणङ् मर्त्यस्य। रक्षा णो ब्रह्मणस्पते॥ ३॥**

પદાર્થ : હે ब्रह्मस्पते-વેદ અથવા બ્રહ્માંડના સ્વામી જગદીશ્વર ! આપ अररुषः-દાનરહિત मर्त्यस्य-મનુષ્યથી नः-અમારી रक्षा-રક્ષા કરો, જેથી नः-અમારી વચ્ચે કોઈ धूर्त्तिः-હિંસક મનુષ્ય ન હોય, આપની કૃપાથી જે અમારી शंसः-પ્રશંસનીય યજ્ઞ અર્થાત્ વ્યવહાર मा, प्रणङ्-કદી નાશ પામે નહિ. (૩)

*ભાવાર્થ : કોઈ મનુષ્યે કદી પણ ધૂર્ત મનુષ્યનો સંગ કરવો નહિ, તથા અન્યાયપૂર્વક કોઈની હિંસા કરવી નહિ, પરંતુ સર્વ મનુષ્યોએ સર્વની ન્યાયથી રક્ષા કરવી જોઈએ. (૩)*

**स घा वीरो न रिष्यति यमिन्द्रो ब्रह्मणस्पतिः। सोमो हिनोति मर्त्यम्॥ ४॥**

પદાર્થ : इन्द्र-વાયુ ब्रह्मणस्पतिः-બ્રહ્માંડના પાલક પરમેશ્વર सोमः-સોમલતા આદિ ઔષધિઓના સમૂહના રસ यम्-જે मर्त्यम्-મનુષ્ય આદિ પ્રાણીને हिनोति-ઉન્નત કરે છે सः-તે वीरः-શત્રુનો વિજેતા વીરપુરુષ न, घ, रिष्यति-નિશ્ચયથી તે વિનાશને કદી પ્રાપ્ત થતો નથી. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો વાયુ, વિદ્યુત્ સૂર્ય અને સોમ આદિ ઔષધિઓના ગુણોને ગ્રહણ કરીને પોતાના કાર્યો સિદ્ધ કરે છે, તેઓ કદી દુઃખી થતા નથી. (૪)*

**त्वं तं ब्रह्मणस्पते सोम इन्द्रश्च मर्त्यम्। दक्षिणा पात्वंहसः॥५॥**

પદાર્થ : હે **ब्रह्मणस्पते**-બ્રહ્માંડના પાલક પરમેશ્વર ! **त्वम्**-આપ-**अंहसः**-પાપોથી જેની રક્ષા કરો છો, **त्म**-તે ધર્માત્મા યજ્ઞ કરનાર **मर्त्यम्**-વિદ્વાન મનુષ્યની **सोम**-સોમલતા આદિ ઔષધિઓનો રસ, **इन्द्रः**-વાયુ અને **दक्षिणाः**-જેથી વૃદ્ધિને પ્રાપ્ત થાય છે એ સર્વ **यातु**-રક્ષા કરે છે. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો અધર્મથી દૂર રહીને પોતાના લોકોના સુખની વૃદ્ધિ ઈચ્છે છે, તેઓ પરમેશ્વરની ઉપાસના કરીને સોમ, ઈન્દ્ર અને દક્ષિણાનું યુક્તિથી સેવન કરે. (૫)*

**सदसस्पतिमद्भुतं प्रियमिन्द्रस्य काम्यम्। सनिं मेधामयासिषम्॥६॥**

પદાર્થ : હું **इन्द्रस्य**-જીવ **काम्यम्०** કામના કરવા યોગ્ય, **सनिम्**-પાપ અને પુણ્યોના વિભાગથી ફળ પ્રદાન કરનાર **प्रियम्**-સર્વ પ્રાણીઓને પ્રસન્ન કરનાર, **अद्भुतम्**-આશ્ચર્યયુક્ત ગુણ, કર્મ અને સ્વભાવ રૂપ **स्वस्पतिम्**-જેમાં વિદ્વાન ધાર્મિક ન્યાયાધીશ સ્થિત હોય, તે સભાના સ્વામી જગદીશ્વરની ઉપાસના અને સર્વ ઉત્તમ ગુણ, સ્વભાવ પરોપકારી સભાપતિને પ્રાપ્ત કરીને **मेधाम्**-ઉત્તમ જ્ઞાનને ધારણ કરનારી બુદ્ધિને **अयासिषम्**-પ્રાપ્ત કરું. (૬)

*ભાવાર્થ : જે મનુષ્યો સર્વશક્તિમાન, સર્વના અધિષ્ઠાતા અને સર્વના આનંદ પ્રદાતા પરમેશ્વરની અને સ્વભાવોથી યુક્ત અને પરોપકારી સભાપતિને પ્રાપ્ત કરે છે, તેઓ જ સમસ્ત શાસ્ત્રોનું જ્ઞાન અને ક્રિયાથી યુક્ત બુદ્ધિને પ્રાપ્ત કરીને પુરુષાર્થી તથા વિદ્વાન બનીને સુખી થાય છે. (૬)*

**यस्मादृते न सिध्यति यज्ञो विपश्चितश्चन। स धीनां योगमिन्वति॥७॥**

પદાર્થ : હે મનુષ્યો **यस्मात्**-જે **विपश्चितः**-અનંત વિદ્યાવાન અને સર્વ શક્તિમાન જગદીશ્વરના **ऋते**-વિના **यज्ञः**-દૃષ્ટિગોચર સંસાર **चना**-કદી **न** **सिध्यति**-સિદ્ધ = બની શકતો નથી, **सः**-તે જગદીશ્વર સર્વ પ્રાણીઓ અને મનુષ્યોની **धीनाम्**-બુદ્ધિ અને કર્મોના **योगम्**-સંયોગને **इन्वति**-પ્રાપ્ત કરે છે અથવા જાણે છે. (૭)

*ભાવાર્થ : વ્યાપક = સર્વમાં રહેનાર ઈશ્વર અને વ્યાપ્ય સંપૂર્ણ જગત એ બન્નેનો નિત્ય સંબંધ છે. તે જ સર્વ જગતને રચીને તથા ધારણ કરીને, સર્વની બુદ્ધિઓની ચેષ્ટાના જ્ઞાતા બનીને સર્વ પ્રાણીઓને તેના કર્માનુસાર સુખ-દુઃખ રૂપ ફળ પ્રદાન કરનાર છે.*

*ઈશ્વર વિના, પોતાના સ્વભાવથી સિદ્ધ અને જેનો કોઈ અધિષ્ઠાતા ન હોય એવું જગત કદી બની શકતું નથી, કારણકે જડ પદાર્થોમાં જ્ઞાનનો અભાવ હોવાથી યથોચિત્ નિયમથી તેની ઉત્પત્તિ થઈ શકતી નથી. (૭)*

**आदृध्नोति हविष्कृतिं प्राञ्चं कृणोत्यध्वरम्। होत्रा देवेषु गच्छति॥८॥**

પદાર્થ : જે સર્વજ્ઞ, સભાપતિ, દેવ પરમેશ્વર-प्राञ्चम्-સર્વમાં વ્યાપ્ત અને જેને પ્રાણીઓ સારી રીતે પ્રાપ્ત થાય છે, हविष्कृतिम्-હવિ અર્થાત્ આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોની રચનાવાળા अध्वरम्-ક્રિયા જગત અર્થાત્ ક્રિયાથી ઉત્પન્ન થનાર જગત રૂપ યજ્ઞમાં होत्राणि-હોમને સિદ્ધ કરાવનારી ક્રિયાઓને कृणोति-ઉત્પન્ન કરે છે. તથા आत्-સર્વત્રથી ऋध्नोति-સમ્યક્ વૃદ્ધિ કરે છે; ફરી તે યજ્ઞ देवेषु-દિવ્યગુણવાળા પદાર્થોમાં गच्छति-પ્રાપ્ત થાય છે. (૮)

*ભાવાર્થ : જેનાથી પરમેશ્વર સમસ્ત જગતની રચના કરે છે, એટલા માટે સર્વ પદાર્થો પરસ્પર સંયોગથી વૃદ્ધિ પામે છે, એ ક્રિયાત્મક યજ્ઞ અને શિલ્પવિદ્યામાં સમ્યક્ પ્રયુક્ત કરવાથી મહાન સુખોને ઉત્પન્ન કરે છે. (૮)*

**नराशंसं सुधृष्टममपश्यं सप्रथस्तमम्। दिवो न सद्ममखसम्॥ ९ ॥**

પદાર્થ : હું न-જેમ પ્રકાશમાન સૂર્યાદિના પ્રકાશથી सद् ममखसम्-જેમાં પ્રાણી સ્થિર રહે છે અને જેમાં જગત પ્રાપ્ત થાય છે, सप्रस्तमम्-વિસ્તૃત આકાશ આદિ પદાર્થોની સાથે અત્યંત વ્યાપ્ત सुघृष्टमम्-શ્રેષ્ઠ રીતે સમસ્ત જગતને ધારણ કરનાર नराशंसम्-સર્વ મનુષ્યોને અવશ્ય સ્તુતિ કરવા યોગ્ય सदस्पतिम्-પૂર્વોક્ત સભાપતિ પરમેશ્વરનાં अपश्यम्-જ્ઞાનદષ્ટિથી દર્શન કરું છું, તેમ તમે પણ સભાપતિને પ્રાપ્ત થઈને ન્યાયથી સર્વ પ્રજાનું પાલન કરીને નિત્ય દર્શન કરો. (૯)

*ભાવાર્થ : જેમ મનુષ્ય સર્વત્ર વિસ્તૃત સૂર્યાદિના પ્રકાશને નિહાળે છે, તેમ સર્વત્ર વ્યાપ્ત, જ્ઞાનના પ્રકાશને કરનાર-જ્ઞાન પ્રકાશરૂપ પરમેશ્વરને જાણીને વિસ્તાર સુખને પ્રાપ્ત કરે છે. (૯)*

સંગતિ : પૂર્વ સત્તરમાં સૂક્તના અર્થની સાથે इन्द्र = મિત્ર અને વરુણની સાથે અનુયોગી બૃહસ્પતિ આદિ અર્થોના પ્રતિપાદનથી આ અઢારમાં સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૧૮)

## સૂક્ત-૧૯

**प्रति त्यं चारुमध्वरं गोपीथाय प्र हूयसे। मरुद्भिरग्न आ गहि॥ १ ॥**

પદાર્થ : જે अग्ने-ભૌતિક અગ્નિ मरुद्भिः-વિશેષ વાયુની સાથે आगहि-સર્વત્ર જાય છે, તે વિદ્વાનોની ક્રિયાઓ દ્વારા त्वम्-તે चारुम्-શ્રેષ્ઠ अध्वरम्-યજ્ઞના प्रति-માટે તથા गोपीथाय-પૃથ્વી અને ઇન્દ્રિયો આદિની રક્ષા માટે प्र + हूयसे-શ્રેષ્ઠ રીતે ક્રિયામાં પ્રયુક્ત કરવામાં આવે છે. (અર્થાત્ ઉપદિષ્ટ કરવામાં આવે છે.) (૧)

*ભાવાર્થ : જે ભૌતિક અગ્નિ પ્રસિદ્ધ અને વિદ્યુત્ આદિ રૂપમાં વાયુથી પ્રદીપ્ત કરવામાં આવે છે, તે અગ્નિને, વિદ્વાનોએ પ્રશસ્ત બુદ્ધિ દ્વારા, પ્રત્યેક કાર્ય સિદ્ધમાં સર્વની રક્ષા માટે તેના ગુણોના જ્ઞાનની સાથે ઉપદેશ અને શ્રવણ કરવો જોઈએ. (૧)*

**नहि देवो न मर्त्यो महस्तव क्रतुं परः। मरुद्भिरग्न आ गहि॥ २ ॥**

**[ઈશ્વર]**

હે अग्ने-વિજ્ઞાન સ્વરૂપ ઈશ્વર ! આપ કૃપા કરીને मरुद्भिः-પ્રાણોની સાથે आ + गहि-વિજ્ઞાત થાઓ અને સર્વત્રથી આવો. તે त्व-પરમાત્માના परः-ઉત્તમ ગુણ અને महः-મહિમા છે, ऋतुम्-આપના સંપૂર્ણ કર્મના અન્તને नहि-નહિ કોઈ देवः-વિદ્વાન અને मर्त्यः-કોઈ અવિદ્વાન જાણી શકતો न-નથી.

**[ભૌતિક અગ્નિ]**

જે ભૌતિક અગ્નિના परः-અતિ શ્રેષ્ઠ ગુણ અને महः-મહિમા क्रतुम्-કર્મ અથવા બુદ્ધિને પ્રાપ્ત કરાવે છે, જેને नहि-નહિ, देवः-વિદ્વાન અને मर्त्यः-અવિદ્વાન મનુષ્ય જાણી શકતો न-નથી. अग्ने-તે ભૌતિક અગ્નિ मरुद्भिः-વાયુઓની સાથે आ + गहि-સર્વત્રથી પ્રાપ્ત થાય છે, જાય છે.

*ભાવાર્થ : પરમેશ્વરની સર્વોત્તમ મહિમા અને કર્મ અનંત હોવાથી કોઈ તેનો અન્ત-પાર પામી શકતા નથી, પરંતુ જેની જેટલી બુદ્ધિ અને વિદ્યા હોય છે, તે અનુસાર તે સમાધિયોગથી યુક્ત પ્રાણાયામથી અન્તર્યામી રૂપમાં રહેલ (ઈશ્વરને જાણી શકે છે.) વેદોમાં તથા સૃષ્ટિમાં ભૌતિક અગ્નિના તથા મરુત અર્થાત્ વાયુનાં જેટલા સ્વરૂપ અને ગુણો વર્ણિત કરેલ છે, તેટલા જ જાણી શકાય છે, તેનાથી અધિક જાણી શકાતા નથી. (૨)*

**ये महो रजसो विदुर्विश्वे देवासो अद्रुहः। मरुद्भिरग्न आ गहि॥ ३ ॥**

પદાર્થ : ये-જે મનુષ્ય अद्रुहः-દ્રોહથી રહિત विश्वे-સર્વ देवासः-વિદ્વાન છે. તે मरुद्भिः-પવન અને અગ્નિની સાથે સંયુક્ત महः-મહાન रजसः-લોકોને विदुः-જાણે છે, તેઓજ સુખી થાય છે.

હે अग्ने-સ્વયં પ્રકાશસ્વરૂપ તથા સર્વને પ્રકાશિત કરનાર ઈશ્વર ! આપ-मरुद्भिः-સર્વત્રથી પ્રાપ્ત થાઓ છો, તેથી આપે જે ( अग्ने ) પ્રકાશક અગ્નિ બનાવેલ છે, તે વાયુઓની સાથે જ કાર્યને માટે आगहि-આવે છે, પ્રાપ્ત થાય છે. (૩)

*ભાવાર્થ : જે વિદ્વાનો-અગ્નિથી આકૃષ્ટ, પ્રકાશિત અને વાયુના દ્વારા ચેષ્ટા કરીને ધારણ કરેલ લોક છે, તે સર્વને જાણીને તેનો કાર્યોમાં ઉપયોગ કરવો જાણે છે, તેઓ સુખી થાય છે. (૩)*

**य उग्रा अर्कमानृचुरनाधृष्टास ओजसा। मरुद्भिरग्न आ गहि॥ ४ ॥**

પદાર્થ : ये-જે उग्राः-તીવ્ર વેગાદિ ગુણયુક્ત તથા अनाधृष्टासः-કોઈથી રોકી ન શકાય, એવો પવન ओजसा-પોતાના બળ આદિ ગુણોની સાથે વિદ્યમાન થઈને अर्कम्-સૂર્યાદિ લોકોના आनृचुः-ગુણોને પ્રકાશિત કરે છે एतैः-એ मरुद्भिः-પવનોની સાથે अग्ने-વિદ્યુત્ અથવા પ્રસિદ્ધ અગ્નિ आगहि-સમસ્ત કાર્યોમાં સહકારી-સહાય કરનારા હોય છે, સર્વત્રથી પ્રાપ્ત થાય છે. (૪)

*ભાવાર્થ : જેટલું પણ બળ છે, તે વાયુ અને વિદ્યુત્ દ્વારા ઉત્પન્ન થાય છે. એ વાયુ સમસ્ત લોકોને ધારણ કરનાર છે, તેના યોગથી વિદ્યુત્ અને સૂર્ય આદિ પ્રકાશિત થઈને ધારણ કરવામાં આવે છે, તેથી વાયુના ગુણોના જ્ઞાન અને તેના ઉપકાર ગ્રહણ કરવાથી અનેક કાર્યો સિદ્ધ થાય છે. (૪)*

ये शु॒भ्रा घो॒रव॑र्पसः सुक्ष॒त्रासो॑ रि॒शाद॑सः। म॒रुद्भि॑रग्न॒ आ ग॑हि॥५॥

પદાર્થ : ये-જે घोरवर्पसः-ઘોર-હનનશીલ સ્વભાવવાળા रिसादसः-રોગોનું ભક્ષણ-નાશ કરનાર सुक्षत्रासः-અન્તરિક્ષમાં નિર્ભય રાજ્ય કરનાર शुभ्राः-પોતાના ગુણોથી સુશોભિત-વાયુ છે, તે मरुद्भिः-સુખ પ્રાપ્તિના હેતુ પવનોની સાથે अग्ने-એ ભૌતિક અગ્નિ आगहि-પ્રકટ થાય છે અર્થાત્ કાર્યોને પ્રાપ્ત કરાવે છે. (૫)

*ભાવાર્થ : જે યજ્ઞ દ્વારા શુદ્ધ કરેલ પવન ઉત્તમ રાજ્ય કરનાર બનીને રોગોનો નાશ કરે છે તથા જે અશુદ્ધ-દુર્ગંધિત છે તે સુખોનો નાશ કરે છે, તેથી મનુષ્ય અગ્નિ (માં હોમ) દ્વારા વાયુની શુદ્ધિ સુખોને સિદ્ધ કરે. (૫)*

ये नाक॒स्याधि॑ रोच॒ने दि॒वि दे॒वास॒ आस॑ते। म॒रुद्भि॑रग्न॒ आ ग॑हि॥६॥

પદાર્થ : ये-જે देवासः-દિવ્યગુણયુક્ત પૃથિવી અને ચન્દ્રાદિ લોક પ્રકાશિત થાય છે, તેઓ नाकस्य-સુખની સિદ્ધિ કરનાર સૂર્યલોકના रोचने-રુચિકારક दिवि-પ્રકાશમાં अधि + आसते-ઉપર વિદ્યમાન છે. मरुद्भिः-તેના ધારક અને પ્રકાશક દિવ્યગુણ વાયુ દેવોની સાથે अग्ने-એ પ્રસિદ્ધ અગ્નિ आ + गहि-સર્વત્રથી સુખને પ્રાપ્ત કરાવે છે. (૬)

*ભાવાર્થ : સર્વ લોક ઈશ્વરના પ્રકાશથી જ પ્રકાશિત છે, પરંતુ તેના રચેલા સૂર્યલોકના પ્રકાશથી પૃથિવી અને ચંદ્રલોક પ્રકાશિત થાય છે. તે દિવ્ય-ગુણોની સાથે વર્તમાન એ અગ્નિનો સર્વ કાર્યોમાં પ્રયોગ કરવો જોઈએ. (૬)*

य ई॒ङ्खय॑न्ति॒ पर्व॑तान् ति॒रः स॑मु॒द्रम॑र्ण॒वम्। म॒रुद्भि॑रग्न॒ आ ग॑हि॥७॥

પદાર્થ : ये-જે વાયુ पर्वतान्-મેઘો-વાદળોને ईङ्खयति-છિન્ન-ભિન્ન કરીને વરસાવે છે, अर्णवम्-પૃથિવીના સમુદ્રનો तिरः-તિરસ્કાર કરે છે, समुद्रम्-અન્તરિક્ષને જળથી પૂર્ણ કરે છે, તે मरुद्भिः-ઉપર-નીચે ગતિ કરનાર પવનોની સાથે अग्ने-એ વિદ્યુત્ નામક અગ્નિ आ + गहि-સર્વત્રથી પ્રાપ્ત થાય છે. (૭)

*ભાવાર્થ : વાયુના યોગથી જ વર્ષા થાય છે, જળ અને રેણુ અર્થાત્ પદાર્થોના સૂક્ષ્મ ટુકડા કે રજકણ ઉપર જઈને (નીચે) આવે છે. તે પવનોની સાથે અથવા તેના નિમિત્તથી વિદ્યુત્ ઉત્પન્ન થતા ગ્રહણ કરી શકાય છે. (૭)*

आ ये त॒न्वन्ति॑ र॒श्मिभि॑स्ति॒रः स॑मु॒द्रमोज॑सा। म॒रुद्भि॑रग्न॒ आ ग॑हि॥८॥

પદાર્થ : ये-જે વાયુ પોતાના ओजसा-બળ અથવા વેગથી समुद्रम्-અન્તરિક્ષના જળમય સમુદ્રને પ્રાપ્ત થાય છે, જળમય સમુદ્રને तिरः-તિરસ્કૃત કરે છે, તથા જે रश्मिभिः-સૂર્યના કિરણોની સાથે आ + तन्वन्ति-અનુગત થઈને પ્રકાશનો વિસ્તાર કરે છે, તે मरुद्भिः-ધનંજય આદિ સૂક્ષ્મ પ્રાણરૂપ

પવનોની સાથે अग्ने-ભૌતિક અગ્નિ आ + गहि-સર્વથી પ્રાપ્ત થાય છે, કાર્યની સિદ્ધિ કરે છે. (૮)

*ભાવાર્થ : એ પવનોની પ્રાપ્તિથી જ સર્વ પદાર્થો વૃદ્ધિ પામીને બળનું કારણ બને છે. તેથી મનુષ્યોએ વાયુ અને અગ્નિના યોગથી અનેક પ્રકારના કાર્યોને સિદ્ધ કરવા જોઈએ. (૮)*

**अ॒भि त्वा॑ पू॒र्वपी॑तये सृ॒जामि॑ सो॒म्यं मधु॑। म॒रुद्भि॑रग्न॒ आ ग॑हि॥ ९ ॥**

પદાર્થ : જે मरुद्भिः-પવનોથી अग्ने-ભૌતિક અગ્નિ आगहि-કાર્ય સાધક બને છે, તેમાં पूर्वपीतये-પ્રથમ જેમાં પ્રીતિ અર્થાત્ સુખનો ભોગ થાય છે તે ઉત્તમ આનંદની પ્રાપ્તિ માટે सोम्यम्-ઉત્પન્ન થનાર, સુખોના સમૂહ, રસગ્રહણને યોગ્ય मधु-મધુર આનંદ આપનાર પદાર્થ વિશેષને હું अभि + सृजामि-સર્વ રીતે ઉત્પન્ન કરું છું. (૯)

*ભાવાર્થ : વિદ્વાનજનો જે વાયુ, અગ્નિ આદિ પદાર્થો દ્વારા સંપૂર્ણ શિલ્પક્રિયા રૂપી યજ્ઞનું નિર્માણ કરે છે, તેઓના દ્વારા સર્વ મનુષ્યોએ સમસ્ત કાર્યો સિદ્ધ કરવા જોઈએ. (૯)*

સંગતિ : અઢારમાં સૂક્તમાં પ્રતિપાદિત બૃહસ્પતિ આદિ પદાર્થોની સાથે-આ સૂક્તમાં પ્રતિપાદિત અગ્નિ અને મરુતો (પવન) શેષ વિદ્યાના સાધન હોવાથી આ ઓગણીસમાં સૂક્તની સંગતિ જાણવી જોઈએ. (૧૯)

## સૂક્ત-૨૦

**अ॒यं दे॒वाय॒ जन्म॑ने॒ स्तोमो॒ विप्रे॑भिरास॒या। अका॑रि रत्न॒धात॑मः॥ १ ॥**

પદાર્થ : विप्रेभिः-ઋભુ અર્થાત્, મેધાવી વિદ્વાનો आसया-પોતાના મુખથી, देवाय-દિવ્યગુણ અને ભોગોથી યુક્ત जन्मने-વર્તમાન દેહના ઉપયોગ માટે અથવા પુનઃ શરીર ધારણથી પ્રકટ થવા જન્મના માટે रत्नधातमः-રમણીય સુખોને અત્યંત ધારણ કરનારી अयम्-એ વિદ્યાના વિચારથી પ્રત્યક્ષ કરેલી પરમેશ્વરની स्तोमः-સ્તુતિ-સમૂહને કરે છે, તે તેમ જન્મ અને ભોગને આપનારી છે. (૧)

*ભાવાર્થ : આ મંત્રમાં પુનર્જન્મનું વિધાન કરવામાં આવેલ છે. મનુષ્ય જેવા કર્મો કરે છે, તેવા તેને જન્મ અને ભોગ પ્રાપ્ત થાય છે. (૧)*

**य इन्द्रा॑य वचो॒युजा॑ तत॒क्षुर्मन॑सा॒ हरी॑। शमी॑भिर्य॒ज्ञमा॑शत॥ २ ॥**

પદાર્થ : ये-જે ઋભુ = મેધાવી વિદ્વાનો मनसा-પોતાના વિજ્ઞાનથી वचोयुजा-વાણીઓથી સિદ્ધ કરેલ हरी-ગમન અને ધારણ ગુણોને ततक्षुः-અત્યંત સૂક્ષ્મ બનાવે છે शमीभिः-વિવિધ સાધનો અર્થાત્ દંડાથી કલાયંત્રમાં ઘૂમાવીને इन्द्राय-ઐશ્વર્યની પ્રાપ્તિ માટે यज्ञम्-પુરુષાર્થથી સાધ્ય કરવા યોગ્ય શિલ્પયજ્ઞને आशत-પરિપૂર્ણ કરે છે અર્થાત્ પ્રાપ્ત કરે છે તેઓ સુખોની વૃદ્ધિ કરે છે. (૨)

*ભાવાર્થ : જે વિદ્વાનો પદાર્થોના સંયોગ-વિભાગ દ્વારા ધારણ, આકર્ષણ અને વેગ આદિ ગુણોને જાણીને, યંત્ર-દંડ વગેરે ચલાવીને ક્રિયાઓથી શિલ્પાદિ વ્યવહાર રૂપ યજ્ઞને સિદ્ધ કરે છે, તેઓ જ પરમ ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. (૨)*

तक्ष॒न्नास॑त्याभ्यां॒ परि॑ज्मानं सु॒खं रथ॑म्। तक्ष॑न्धे॒नुं स॑ब॒र्दुघा॑म्॥ ३॥

પદાર્થ : જે મેધાવી વિદ્વાનો नासत्याभ्याम्-નિત્ય અગ્નિ અને જળથી યુક્ત परिज्मानम्-સર્વત્ર માર્ગ પસાર કરવાના સાધન सुखम्-બેસવા માટે સુશોભિત વિસ્તૃત અવકાશ યુક્ત रथम्-રથ = રમણ કરવાના સાધન-વિમાન આદિ વાહનોની तक्षन्-છેદન આદિ ક્રિયાથી રચના કરે છે, તેઓ सबर्दुघाम्-સર્વ જ્ઞાનને પૂર્ણ કરનારી धेनुम्-ઉપદેશ-શ્રવણરૂપ વાણીને तक्षन्-સૂક્ષ્મ કરીને ધૈર્યપૂર્વક પ્રકાશિત કરે છે. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો-ઉપવેદો સહિત વેદોનું અધ્યયન કરીને, તેના દ્વારા પ્રાપ્ત વિજ્ઞાનથી અગ્નિ આદિ પદાર્થોના ગુણોને જાણીને, કલાયંત્ર = મશીનથી યુક્ત વાહનોમાં તેને સંયુક્ત કરીને વિમાનાદિ વાહનોને સિદ્ધ કરે છે, તેઓ કદી પણ દુઃખો અને દરિદ્રતાના દર્શન કરતા નથી. (૩)*

युवा॑ना पि॒तरा॒ पुन॑: स॒त्यम॑न्त्रा ऋजू॒यव॑:। ऋ॒भवो॑ वि॒ष्ट्य॑क्रत॥ ४॥

પદાર્થ : જે ऋजुयवः-કર્મો દ્વારા પોતાની સરળતાને ઈચ્છનારા सत्यमन्त्राः-સત્ય વિચારવાળા, ऋभवः-મેધાવી વિદ્વાનો છે, તેઓ નિશ્ચયથી विष्टी-વ્યાપ્તિશીલ युवाना-મિશ્રણ-અમિશ્રણ સ્વભાવવાળા पितराः-શરીર અને આત્માના પાલન હેતુ अश्विनौ-જળ અને અગ્નિની ક્રિયા સિદ્ધિ માટે पुनः-વારંવાર अक्रत-ઉત્તમ રીતે પ્રયુક્ત કરે છે. (૪)

*ભાવાર્થ : જે આળસનો ત્યાગ કરીને, સરળ, સત્યપ્રેમી મનુષ્ય છે, તે જ જળ અને અગ્નિ આદિ પદાર્થોથી ઉપકાર ગ્રહણ કરી શકે છે. (૪)*

सं वो॒ मदा॑सो अग्म॒तेन्द्रे॑ण च म॒रुत्व॑ता। आ॒दि॒त्येभि॑श्च॒ राज॑भिः॥ ५॥

પદાર્થ : હે મેધાવી વિદ્વાનો ! તમે પવન જેનો સંબંધી છે, તે इन्द्रेण-વિદ્યુત્‌થી અને राजभिः-પ્રકાશમાન आदित्येभिः-સૂર્યના કિરણોની સાથે યુક્ત કરો છો, તેથી मदासः-વિદ્યા સંબંધી આનંદ वः-તમે મેધાવી જનોને ( सम ) अग्मत-ઉત્તમ રીતે પ્રાપ્ત થાય છે, તેથી તમે તેનાથી ઐશ્વર્યવાન બનો. (૫)

*ભાવાર્થ : જે વિદ્વાનો જ્યારે વાયુવિદ્યા અને વિદ્યુત્ વિદ્યાનો આશ્રય લઈને સૂર્યકિરણોથી આગ્નેયાસ્ત્ર આદિ શસ્ત્રો તથા વાહનોને સિદ્ધ કરે છે, ત્યારે તે શત્રુઓને જીતીને, રાજા બનીને સુખી થાય છે. (૫)*

उ॒त त्यं च॑म॒सं नवं॒ त्वष्टु॑र्दे॒वस्य॒ निष्कृ॑तम्। अक॑र्त्त च॒तुर॒: पुन॑:॥ ६॥

પદાર્થ : જ્યારે વિદ્વાન લોકો જે त्वष्टुः-શીલ્પ = કારીગર देवस्य-વિદ્વાનોના निष्कृतम्-સિદ્ધ કરેલ સુખ આપનાર છે, त्वम्-તે नवम्-નવીન દષ્ટિગોચર કર્મ જોઈને उत-નિશ્ચયથી पुनः-તે અનુસાર ફરી चतुरः-પૃથિવી, જળ, અગ્નિ અને વાયુથી સિદ્ધ થયેલ ચાર પ્રકારના શિલ્પકર્મોને अकर्त्त-સમ્યક્ સિદ્ધ કરે છે, ત્યારે તેઓ આનંદિત થાય છે. (૬)

*ભાવાર્થ : મનુષ્યો કોઈ ક્રિયાનિપુણ શિલ્પીની સમીપ બેસીને (= રહીને) તેની ક્રિયાને પ્રત્યક્ષ જોઈને (કરીને), સુખથી શિલ્પ દ્વારા સિદ્ધ કરવા યોગ્ય કાર્યોને કરી શકે છે. (૬)*

ते नो॒ रत्ना॑नि धत्तन॒ त्रिरा साप्ता॑नि सुन्व॒ते। एक॑मेकं सुश॒स्तिभिः॑॥७॥

પદાર્થ : જે વિદ્વાન સુશસ્તિભિઃ-ઉત્તમ પ્રશંસાયુક્ત ક્રિયાઓથી સાપ્તાનિ-જે સાત વર્ગથી ઉત્પન્ન કર્મ યથા : (૧) બ્રહ્મચારી, (૨) ગૃહસ્થી, (૩) વાનપ્રસ્થી, (૪) સંન્યાસી જનોના કર્મ તથા પૂર્વોક્ત યજ્ઞનું અનુષ્ઠાન અર્થાત્ વિદ્વાનનો સત્કાર, (૬) વિદ્વાનોનો સંગ કરવો, (૭) દાન અર્થાત્ સર્વને ઉપકારને માટે વિદ્યાનું દાન એ પ્રકારે સાત કર્મો છે, તેમાંથી एकमेकम्-પ્રત્યેક કર્મ કરીને त्रिः-ત્રણ અર્થાત્ તેને મન, વચન અને કર્મથી सुन्वते-સિદ્ધ કરે છે, ते-મેધાવી વિદ્વાન नः-અમારા માટે रत्नानि-વિદ્યા અને સુવર્ણ આદિ રત્નોને धत्तन-સર્વત્રથી ધારણ કરે છે. (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ ચાર આશ્રમોના જે ચાર પ્રકારના કર્મો છે તથા જે યજ્ઞનું અનુષ્ઠાન આદિ ત્રણ-(દેવપૂજા, સંગતિકરણ અને દાન) છે, તેનું મન, વચન અને કર્મ (શરીર)થી આચરણ કરવું જોઈએ. આ રીતે તે મળીને સાત થાય છે.*

*જે મનુષ્યો તે (સાત કર્મો) કરે છે, તેઓને વિદ્વાનોનો સંગ, ઉપદેશની પ્રાપ્તિ, વિદ્યા અને રત્નોના લાભથી સુખ પ્રાપ્ત થાય છે. પરંતુ એક-એક કર્મને સમ્યક્ સિદ્ધ કરીને, તથા તેને સમાપ્ત કરીને બીજાનો આરંભ કરે, આ રીતે ક્રમથી શાન્તિ અને પુરુષાર્થથી તેનું (મંત્રોક્ત) કર્મોનું સેવન કરવું જોઈએ. (૭)*

अधा॑रयन्त॒ वह्न॒योऽभ॑जन्त सुकृ॒त्यया॑। भा॒गं दे॒वेषु॑ य॒ज्ञिय॑म्॥८॥

પદાર્થ : જે वह्नयः-સંસારમાં શુભ કર્મ અને ઉત્તમ ગુણોને પ્રાપ્ત કરાવનાર મેધાવી વિદ્વાન-सुकृत्यया-શ્રેષ્ઠ કર્મથી તથા देवेषु-વિદ્વાનો સાથે રહીને यज्ञियम्-યજ્ઞથી નિષ્પન્ન વ્યવહાર-સુખ અને મોક્ષને अधारयन्त-ધારણ કરે છે, તેઓ भागम्-નિરંતર આનંદનું अभजन्त-સેવન કરે છે.-પ્રાપ્ત કરે છે. (૮)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-તેઓ શુભ કર્મ અને વિદ્વાનોના સંગથી પૂર્વોક્ત યજ્ઞના અનુષ્ઠાનથી વ્યવહાર-સુખથી લઈને મોક્ષ સુધીના સુખની પ્રાપ્તિ કરવી જોઈએ. (૮)*

સંગતિ : ઓગણીસમાં સૂક્તમાં પ્રતિપાદિત પદાર્થોથી મેધાવી લોકો જ ઉપકાર ગ્રહણ કરી શકે છે, તેથી આ વીસમાં સૂક્તના અર્થની પૂર્વ સૂક્ત સાથે સંગતિ જાણવી જોઈએ. (૨૦)

## સૂક્ત-૨૧

इ॒हेन्द्रा॒ग्नी उप॑ ह्वये त॒योरित्स्तोम॑मुश्मसि। ता सोम॑ सोम॒पात॑मा॥१॥

પદાર્થ : इह-આ સંસારમાં હવન શિલ્પવિદ્યાદિ કર્મમાં सोमपातमा-પદાર્થોના અત્યંત પાલનના નિમિત્ત અને सोमम्-સંસારી પદાર્થોની નિરંતર રક્ષા કરનારા इन्द्राग्नी-ઈન્દ્ર = વાયુ અને અગ્નિ છે, ता-તેને હું उपह्वये-કામની સિદ્ધિ માટે મારી સમીપ ગ્રહણ કરું છું, तयोः-તે (વાયુ અને અગ્નિ)ની इत्-અને स्तोमम्-ગુણોનો પ્રકાશ કરવા અમે उश्मसि-કામના કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ આ સંસારમાં વાયુ અને અગ્નિના ગુણોની ઈચ્છા-કામના કરવી જોઈએ.*

*એ બન્નેના ગુણોના ઉપદેશ અને શ્રવણ વિના તેના દ્વારા ઉપકાર ગ્રહણ કરી શકાતો નથી. (૧)*

**ता यज्ञेषु प्र शंसतेन्द्राग्नी शुम्भता नरः। ता गायत्रेषु गायत॥ २॥**

પદાર્થ : હે नरः-યજ્ઞ કરનારા મનુષ્યો ! તમે જે પૂર્વોક્ત इन्द्राग्नी-વાયુ અને અગ્નિના प्रशंसत-ગુણોને પ્રકાશિત કરો તથા शुम्भत-સર્વત્ર યાનાદિ કાર્યોમાં તેને પ્રદીપ્ત કરો. ता-તે બન્નેના गायत्रेषु-ગાયત્રી છંદવાળા એ વેદોક્ત સ્તોત્રોમાં गायत-ષડ્જ આદિ સ્વરોથી ગાન કરો. (૨)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય અભ્યાસ વિના વાયુ અને અગ્નિના ગુણોનું (માત્ર) જ્ઞાન કરીને તેનાથી ઉપકાર ગ્રહણ કરી શકતા નથી.-સમર્થ બની શકતા નથી. (૨)*

**ता मित्रस्य प्रशस्तय इन्द्राग्नी ता हवामहे। सोमपा सोमपीतये॥ ३॥**

પદાર્થ : જેમ વિદ્વાનો વાયુ અને અગ્નિને જાણીને ઉપકાર ગ્રહણ કરે છે, તેમ અમે પણ ता-તે પૂર્વોક્ત (વાયુ અને અગ્નિ) मित्रस्य-સર્વનો ઉપકાર કરનાર અને સર્વના મિત્રના प्रशस्तये-પ્રશંસનીય સુખને માટે આહ્વાન કરીએ છીએ અને सोमपीतये-સોમ અર્થાત્ જે વ્યવહારમાં સંસારી પદાર્થોની સમ્યક્ રક્ષા થાય છે, તેને માટે ता-તે બન્ને सोमया-સર્વ પદાર્થોના રક્ષક इन्द्राग्नी-વાયુ અને અગ્નિનો हवामहे-સ્વીકાર કરીએ છીએ. (૩)

*ભાવાર્થ : જ્યારે મનુષ્યો મિત્રભાવનો આશ્રય કરીને પરસ્પરના ઉપકાર માટે વિદ્યાથી વાયુ અને અગ્નિનો કાર્યોમાં પ્રયોગ અને રક્ષણ કરીને પદાર્થોના વ્યવહારની શુદ્ધિ કરે છે, ત્યારે તેઓ સુખી થાય છે. (૩)*

**उग्रा सन्ता हवामह उपेदं सवनं सुतम्। इन्द्राग्नी एह गच्छताम्॥ ४॥**

પદાર્થ : અમે શિલ્પવિદ્યાની સિદ્ધિ માટે જે उग्रा-તીવ્ર સ્વભાવવાળા सन्ता-પ્રત્યક્ષ વર્તમાન इन्द्राग्नी-વાયુ અને અગ્નિના हवामहे-ઉપદેશ અને શ્રવણ કરીએ છીએ, તેઓ इदम्-એ પ્રત્યક્ષ सवनम्-જેથી પદાર્થો ઉત્પન્ન થાય છે અને सुतम्-ઉત્તમ શિલ્પક્રિયાથી સિદ્ધ કરેલ વ્યવહારને उपागच्छताम्-સમીપ કરીએ છીએ. (૪)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-જેથી એ (વાયુ અને અગ્નિ) પ્રત્યક્ષ રૂપથી, તીવ્ર વેગાદિગુણો વાળા તથા શિલ્પક્રિયા-સંબંધી વ્યવહારમાં સમસ્ત કાર્યોમાં ઉપયોગી છે, એટલા માટે એ બન્નેનો વિદ્યાની સિદ્ધિ માટે સદા ઉપયોગ કરવો જોઈએ. (૪)*

**ता महान्ता सदस्पती इन्द्राग्नी रक्ष उब्जतम्। अप्रजाः सन्त्वत्रिणः॥ ५॥**

પદાર્થો : મનુષ્યો દ્વારા જે ક્રિયા કુશલતામાં ઉત્તમ રીતે પ્રયુક્ત કરેલ, महान्ता-મહાન ગુણવાળા ता-પૂર્વોક્ત सदस्पती-જેમાં ગુણ વિદ્યમાન રહે છે તે દ્રવ્યોના પાલક इन्द्राग्नी-વાયુ અને અગ્નિ છે, જે रक्षः-દુષ્ટ અથવા કુટિલ વ્યવહારોને उब्जतम्-નાશ કરે છે, અને જેનાથી अत्रिणः-શત્રુઓ अप्रजाः-પ્રજારહિત सन्तु-થાય છે,-તે બન્નેનો સદુપયોગ સર્વ લોકો કેમ ન કરે. (૫)

*ભાવાર્થ : સર્વ પદાર્થોમાં સ્વરૂપથી ગુણોથી શ્રેષ્ઠ વાયુ અને અગ્નિ, સમ્યક્ જાણીને વિદ્વાનોના દ્વારા ઉત્તમ રીતે પ્રયોગ કરેલ, દુઃખોના નિવારણ દ્વારા ઉત્તમ રીતે પ્રયોગ કરેલ દુઃખોના નિવારણ દ્વારા રક્ષાના નિમિત્ત બને છે. (૫)*

तेन॑ स॒त्येन॑ जागृ॒तमधि॑ प्रचे॒तुने॑ प॒दे। इन्द्रा॑ग्नी॒ शर्म॑ यच्छतम्॥ ६॥

પદાર્થ : જે इन्द्राग्नी-પ્રાણ અને વિદ્યુત્ तेन-ઉક્ત ગુણ સમૂહના ધારણ તથા सत्येन-અવિનાશી સ્વભાવના કારણે प्रचेतुने-જેમાં આનંદથી ચિત્ત પ્રફુલ્લિત થાય છે, पदे-તે સુખ પ્રાપ્તના વ્યવહારમાં अधि + जागृतम्-સર્વોપરિ પ્રસિદ્ધ ગુણવાળા છે, તે બન્ને (પ્રાણ અને વિદ્યુત્) शर्म-ઉત્તમ સુખ यच्छतम्-પ્રદાન કરે છે. (૬)

*ભાવાર્થ : જે પદાર્થ નિત્ય છે, તેના ગુણ પણ નિત્ય હોય છે, જે શરીરમાં તથા શરીરની બહાર રહેલ પ્રાણ અને વિદ્યુત્ છે; તેનું ઉત્તમ રીતે સેવન કરવાથી ચેતનાના નિમિત્ત બનીને સુખદાયી બને છે. તેનો પ્રયોગ શા માટે ન કરવો ? (૬)*

સંગતિ : પૂર્વ સૂક્તમાં પ્રતિપાદિત મેધાવી લોકો-પદાર્થ વિદ્યાની સિદ્ધિના વાયુ અને અગ્નિ મુખ્ય હેતુ છે, એ અભિપ્રાયને જાણવાથી પૂર્વોક્ત વીસમાં સૂક્તના અર્થની સાથે આ એકવીસમાં સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૨૧)

## સૂક્ત-૨૨

प्रा॒त॒र्युजा॒ वि बो॑धया॒श्विना॒वेह ग॑च्छताम्। अ॒स्य सोम॑स्य पी॒तये॑॥ १॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જે प्रातर्युजा-પ્રાતઃ અર્થાત્ પ્રથમ શિલ્પ વિદ્યા સિદ્ધ કલાયંત્રોમાં બળ આપનાર अश्विनौ-અગ્નિ અને પૃથિવી इह-એ શિલ્પ વ્યવહારમાં गच्छताम्-સર્વત્રથી પ્રાપ્ત થાય છે, તેથી તે બન્ને अस्य-એ सोमस्य-ઉત્પન્ન કરવા યોગ્ય સુખ સમૂહની पीतये-પ્રાપ્તિ માટે તમે અમને विबोधय-સમજાવો. (૧)

*ભાવાર્થ : શિલ્પકાર્યો કરવાની ઈચ્છાવાળા મનુષ્યોએ ભૂમિ અને અગ્નિનું પ્રથમ ગ્રહણ કરવું જોઈએ. કારણ કે તે બન્ને વિના વાહન-વિમાનાદિનું નિર્માણ અને યાત્રા સંભવ નથી, એમ ઈશ્વરનો ઉપદેશ છે. (૧)*

या सु॒रथा॑ र॒थीत॑मो॒भा दे॒वा दि॑वि॒स्पृशा॑। अ॒श्विना॒ ता ह॑वामहे॥ २॥

પદાર્થ : અમે या-જે दिविस्पृशा-આકાશમાર્ગથી યાનો = વિમાનાદિને એકથી બીજા સ્થાનમાં શીઘ્ર પહોંચાડવા रथीतमा-નિરંતર પ્રશંસનીય રથોને સિદ્ધ કરનાર सुरथा-જેના યોગથી સુંદર રથો સિદ્ધ થાય છે देवा-પ્રકાશાદિ ગુણવાળા अश्विनौ-વ્યાપ્તિ ગુણવાળા પૂર્વોક્ત અગ્નિ અને જળ છે, ता-તે उभा-એક-બીજા સંયોગ કરવા યોગ્ય-(બન્ને અગ્નિ અને જળ)ને हवामहे-ગ્રહણ-સ્વીકાર કરીએ છીએ. (૨)

*ભાવાર્થ : જે શિલ્પ કાર્યોના સાક્ષાત્ સાધક અગ્નિ અને જળ (રૂપી પદાર્થ) છે, તે મનુષ્યો દ્વારા સમ્યક્ પ્રયોગ કરવાથી કાર્ય સિદ્ધિના કારણ બને છે. (૨)*

**या वां कशा मधुमत्यश्विना सूनृतावती। तया यज्ञं मिमिक्षतम्॥ ३॥**

પદાર્થ : હે ઉપદેશ કરનારા અધ્યાપકો અને ઉપદેશ સાંભળવા યોગ્ય શિષ્યો ! वाम्-તમારા अश्विना-ગુણ પ્રકાશિત કરનારા બન્ને અધ્વર્યુ-જનોની या-જે सूनृतावती-પ્રશંસનીય બુદ્ધિથી યુક્ત मधुमती-મધુર ગુણયુક્ત कशा-વાણી છે, तया-તેથી તમે બન્ને यज्ञम्-શ્રેષ્ઠ શિક્ષારૂપ અને ઉપદેશ રૂપ યજ્ઞને मिमिक्षतम्-સિંચવાની-પ્રકાશ કરવાની નિત્ય ઈચ્છા કરો. (૩)

*ભાવાર્થ : ઉપદેશ વિના કોઈ મનુષ્યના વિજ્ઞાનની કદી વૃદ્ધિ થતી નથી, તેથી સર્વ જિજ્ઞાસુ વિદ્વાને નિત્ય ઉપદેશ અને શ્રવણ કરવા જોઈએ. (૩)*

**नहि वामस्ति दूरके यत्रा रथेन गच्छथः। अश्विना सोमिनो गृहम्॥ ४॥**

પદાર્થ : હે રથોને રચનાર અને ચલાવનાર સજ્જન મનુષ્યો ! તમે यत्र-જ્યાં ઉક્ત अश्विना-અગ્નિ અને જળથી યુક્ત रथेन-વિમાન આદિ વાહનોથી सोमिनः-સોમ અર્થાત્ પ્રશસ્ત પદાર્થોવાળા પુરુષના गृहम्-ઘરે गच्छथः-જાવ છો-ત્યાં, તે દૂર સ્થાન પણ वाम्-તમારા માટે दूरके-દૂર नहि-નથી. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેથી અશ્વિનૌ અર્થાત્ અગ્નિ અને જળના વેગથી યુક્ત વાહન અતિ દૂર સ્થાનમાં પણ ત્વરિત પહોંચી જાય છે, તેથી આ મંત્રોક્ત (અગ્નિ-જળની શક્તિથી) એ (વાહન નિર્માણ) કાર્યોને નિત્ય કરવા જોઈએ. (૪)*

**हिरण्यपाणिमूतये सवितारमुप ह्वये। स चेत्ता देवता पदम्॥ ५॥**

પદાર્થ : હું ऊतये-પ્રીતિ માટે જે पदम्-સર્વ ચરાચર જગતને પ્રાપ્ત, हिरण्यपाणिम्-વ્યવહારમાં સુવર્ણ આદિ રત્નો પ્રાપ્ત કરાવનાર सवितारम्-સર્વ જગતના અન્તર્યામી ઈશ્વરનો उपह्वये-સારી રીતે સ્વીકાર કરું છું-ઉપાસના કરું છું, सः-તે પરમેશ્વર चेत्ता-જ્ઞાન સ્વરૂપ અને देवता-પૂજ્યતમ દેવ છે. (૫)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-જે ચિન્મય = વિજ્ઞાન સ્વરૂપ, સર્વત્ર વ્યાપક, પૂજ્યતમ, પ્રીતિ કરવા યોગ્ય અને સર્વ ઐશ્વર્ય પ્રદાન કરનાર પરમેશ્વર છે, તેની નિત્ય ઉપાસના કરવી જોઈએ. એ વિષયમાં એ પરમેશ્વર વિના અન્ય કોઈ પદાર્થ ઉપાસના કરવા યોગ્ય નથી, એમ માનો. (૫)*

**अपां नपातमवसे सवितारमुप स्तुहि। तस्य व्रतान्युश्मसि॥ ६॥**

પદાર્થ : હે ધાર્મિક વિદ્વાન્ ! જેમ હું अवसे-રક્ષા આદિને માટે જે अपाम्-સર્વ પદાર્થોને વ્યાપ્ત કરનાર અન્તરિક્ષ આદિના નિર્માતા, नपातम्-વિનાશ રહિત सवितारम्-સમસ્ત ઐશ્વર્યના પ્રદાતા પરમેશ્વરની સ્તુતિ કરું છું, તેમ આપ પણ उप + स्तुहि-સ્તુતિ કરો.

હે મનુષ્યો ! જેમ અમે જેના व्रतानि-નિરંતર ધર્મયુક્ત કર્મોને उश्मसि-પ્રાપ્ત થવાની કામના

કરીએ છીએ, તેમ तस्य-તમે પણ તેના ગુણ, કર્મ અને સ્વભાવને પ્રાપ્ત કરવાની કામના કરો. (૬)

*ભાવાર્થ : જેમ વિદ્વાન મનુષ્ય પરમેશ્વરની સ્તુતિ કરીને તેની આજ્ઞાનું પાલન કરે છે, તેમ જ તમે પણ અનુષ્ઠાન-આચરણ કરીને તેની રચેલી આ સૃષ્ટિમાંથી ઉપકારને ગ્રહણ કરો, (૬)*

**विभक्तारं हवामहे वसोश्चित्रस्य राधसः। सवितारं नृचक्षसम्॥ ७॥**

**[ઈશ્વર]**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે नृचक्षसम्-નરો = મનુષ્યોમાં અન્તર્યામી રૂપથી વિજ્ઞાનનો પ્રકાશ કરનાર वसोः-પદાર્થોથી તથા चित्रस्य-અદ્‌ભુત राधसः-વિદ્યા, સુવર્ણ, ચક્રવર્તી રાજ્ય આદિ ધનને યથા યોગ્ય विभक्तारम्-જીવોને તેના કર્માનુસાર વિભાગથી ફળ આપનાર અને सवितारम्-જગતના ઉત્પાદક પરમેશ્વરને ગ્રહણ કરીએ છીએ, તેમ તમે પણ ગ્રહણ કરો.

**[સૂર્ય]**

હે મનુષ્યો ! જેમ અમે-मृचक्षसम-મૂર્તિમાન દ્રવ્યોમાં પ્રકાશ કરનાર, वसो-चित्रस्य-राधसः-ઉક્ત ધન સંબંધી પદાર્થોને विभक्तारम्-વિવિધ પદાર્થોને વિભક્ત કરનાર सवितारम्-ઐશ્વર્યના હેતુ સૂર્યને हवामहे-સ્વીકાર-ગ્રહણ કરીએ છીએ, તેમ તમે પણ ગ્રહણ કરો. (૯)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે જે પરમેશ્વર સર્વશક્તિમાન અને સર્વજ્ઞ હોવાથી સમસ્ત સંસારની રચના કરીને સર્વ (જીવો)ને કર્મ (અનુસાર સુખ-દુઃખ રૂપ) નું ફળ પ્રદાન કરે છે.*

*જેમ સૂર્ય અગ્નિમય અને છેદનશક્તિથી મૂર્ત પદાર્થોનો વિભાગ અને પ્રકાશ કરે છે, તેમ તમે પણ તે બન્ને (ઈશ્વર અને સૂર્ય)નું યુક્તિપૂર્વક સેવન કરો. (૭)*

**सखाय आ नि षीदत सविता स्तोम्यो नु नः। दाता राधांसि शुम्भति॥ ८॥**

**[ઈશ્વર]**

પદાર્થ : હે મનુષ્યો ! તમે-સદા सखायः-મિત્ર અર્થાત્ પરસ્પર ઉપકારી બનીને आ + नि + षीदत-સર્વત્ર નિશ્ચયપૂર્વક વર્તાવ કરો. स्तोभ्यः-પ્રશંસાને યોગ્ય ઈશ્વર नः-અમારા માટે राधांसि-અનેક પ્રકારના ઉત્તમ ધનોને दाता-પ્રદાન કરનાર सविता-સમસ્ત ઐશ્વર્યયુક્ત જગદીશ્વર शुम्भति-સુશોભિત છે, તેની नु-શીઘ્રતાપૂર્વક નિત્ય પ્રશંસા કરો.

**[સૂર્ય]**

હે મનુષ્યો ! તમે-સદા મિત્ર અર્થાત્ પરસ્પર પરોપકારી બનીને आ + नि + षीदत-સર્વત્ર નિશ્ચયપૂર્વક વર્તાવ કરો અને જે स्तोभ्यः-પ્રશંસનીય સૂર્ય नः-અમારા માટે राधांसि-અનેક પ્રકારના ધનોને दाता-દાનનો હેતુ सविता-ઐશ્વર્ય આપવાને નિમિત્ત સૂર્ય-शुम्भति-સુશોભિત થઈ રહેલ છે, તેની नु-નિત્ય પ્રશંસા કરો. (૮)

*ભાવાર્થ : મિત્રતા વિના મનુષ્યોને પરસ્પરનું સુખ સંભવ નથી, તેથી સર્વ મનુષ્યોએ પરસ્પર મળીને પરમેશ્વરના અને અગ્નિમય સૂર્ય આદિના ગુણોનો ઉપદેશ કરીને અને શ્રવણ કરીને તેનાથી સુખને માટે સદા ઉપકાર ગ્રહણ કરવો જોઈએ. (૮)*

**अग्ने पत्नीरिहा वह देवानामुशतीरुप। त्वष्टारं सोमपीतये॥ ९॥**

પદાર્થ : જે એ अग्ने-ભૌતિક અગ્નિ सोमपीतये-સોમ અર્થાત્ પદાર્થોનું જેથી ગ્રહણ થાય છે તે વ્યવહારને માટે देवानाम्-એકત્રીસ જે પૃથ્વી આદિ દેવ = લોક છે, તેની उशतीः-પોત-પોતાના આધારના ગુણોને પ્રકાશિત કરનારી पत्नीः-પત્ની, વિદ્વાનોનું પાલન કરનાર અગ્નિ આદિ પદાર્થોની સ્થિતિને માટે એ પૃથિવી છે, તેથી તે 'देवपत्नी' કહેવાય છે, જે-જે પદાર્થોમાં જે-જે શક્તિઓ છે, તે-તે દ્રવ્યોની પત્ની સમાન કહેવાય છે-તે પત્નીઓનું त्वष्टारम्-છેદન કરનાર સૂર્ય અથવા શિલ્પી = કારીગરને (इह) એ શિલ્પયજ્ઞમાં उपावह-સમીપ પહોંચાડે છે, તે અગ્નિનો યથાવત્ પ્રયોગ કરવો જોઈએ. (૯)

*ભાવાર્થ : વિદ્વાનોને યોગ્ય છે કે-જે ભૌતિક અગ્નિ, વિદ્યુત્, પૃથ્વીસ્થ પ્રસિદ્ધ અગ્નિ અને સૂર્ય રૂપમાં ત્રણ પ્રકારનો છે, જે શિલ્પવિદ્યાની સિદ્ધિ માટે પૃથિવી આદિના સામર્થ્યના પ્રકાશક રૂપમાં મુખ્ય હેતુ છે, તેનો સ્વીકાર કરવો જોઈએ-જાણવો જોઈએ એ શિલ્પવિદ્યા રૂપ યજ્ઞમાં પૃથિવી આદિના સંયોજન માટે હોવાથી તેના તે-તે સામર્થ્યની 'પત્ની' સંજ્ઞા કરવામાં આવી છે. (૯)*

**आ ग्ना अग्न इहावसे होत्रां यविष्ठ भारतीम्। वरूत्रीं धिषणां वह॥ १०॥**

પદાર્થ : હે यविष्ठ-પદાર્થોને મિશ્ર અથવા જુદા કરનાર अग्ने-પદાર્થ વિદ્યાના જ્ઞાતા વિદ્વાન ! આપ इह-એ શિલ્પકાર્યોમાં अवसे-પ્રવેશ કરવા માટે ग्नाः-પૃથિવી, होत्राम्-હોમ કરેલ દ્રવ્યની ગતિ, भारतीम्-પૃથિવી આદિના પ્રાણીઓને શુભ ગુણોથી ભરપૂર કરનારી સૂર્યની દીપ્તિ = પ્રભા, वरूत्रीम्-સ્વીકાર કરવા યોગ્ય દિવસ અને રાત धिषणाम्-કાર્યોમાં ઘર્ષણ કરનારી, અગ્નિની જ્વાળાથી પ્રેરિત વાણીને आ + वह-સર્વત્રથી પ્રાપ્ત કર. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ આ સંસારમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને વેદ આદિ દ્વારા સર્વ વિદ્યાઓ પ્રત્યક્ષ પ્રાપ્ત કરવી જોઈએ. કોઈ દ્રવ્યના ગુણ, કર્મ અને સ્વભાવનું પ્રત્યક્ષ કર્યા વિના વિદ્યા સફળ થતી નથી, એમ જાણવું જોઈએ. (૧૦)*

**अभि नो देवीरवसा महः शर्मणा नृपत्नीः। अच्छिन्नपत्राः सचन्ताम्॥ ११॥**

પદાર્થ : જે अच्छिन्नपत्राः-અનષ્ટ પત્ર = અવિનિષ્ટ કર્મ સાધનવાળી देवीः-વિદ્વાનોની સ્ત્રીઓ नृपत्नीः-જે ક્રિયા કુશલ વિદ્વાન પુરુષોની સ્વસમાન પત્નીઓ છે, તે महः-મહાન शर्मणा-ગૃહ સંબંધી સુખ તથા अवसा-રક્ષા, વિદ્યા, પ્રવેશ આદિ કર્મની સાથે नः-અમારાથી अभि + सचन्ताम्-સર્વત્રથી

સંયુક્ત રહે. (૧૧)

*ભાવાર્થ : જે પ્રકારની વિદ્યા, ગુણ, સ્વભાવવાળા પુરુષ હોય, તેની સ્ત્રીઓ પણ એ પ્રકારની હોવી જોઈએ કારણકે સમાન વિદ્યા, ગુણ, સ્વભાવવાળાઓના વિવાહ-સંબંધમાં સુખ સંભવ છે, અન્યોના વિવાહ-સંબંધ નહિ. તેથી પોતાના સમાન ગુણોવાળા પુરુષોથઈ સ્ત્રીઓ અને પોતાના સમાન ગુણોવાળી સ્ત્રીઓની સાથે પુરુષે સ્વયંવર વિધિથી વિવાહ કરીને તથા સર્વ ગૃહસ્થ કાર્યોને સંપન્ન કરીને આનંદિત રહેવું જોઈએ. (૧૧)*

**इहेन्द्राणीमुप ह्वये वरुणानीं स्वस्तये। अग्नायीं सोमपीतये॥ १२॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું इह-આ વ્યવહારમાં स्वस्तये-અવિનાશી, પ્રશંસનીય સુખને માટે તથા सोमपीतये-સોમ = ઐશ્વર્યનો જેમાં पीति = ભોગ હોય છે એ ગૃહકર્મ માટે इन्द्राणीम्-સૂર્ય અને વાયુની શક્તિની સમાન વર્તમાન वरुणानीम्-વરુણ = જળની સમાન, શાન્તિ, માધુર્ય આદિ ગુણોથી યુક્ત શક્તિવાળા, अग्नायीम्-અગ્નિની જ્વાળા સમાન વિદ્યા પ્રકાશવાળી સ્ત્રીને उपह्वये-ઉપયોગ માટે સ્વીકાર કરું છું, તેમ આપ સર્વ પણ અનુષ્ઠાન કરો. (અર્થાત્ ગ્રહણ કરો.) (૧૨)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ ઈશ્વર રચિત પદાર્થો દ્વારા અવિનાશી સુખની પ્રાપ્તિ માટે, અતિ શ્રેષ્ઠ સ્ત્રીઓ પ્રાપ્ત કરવી જોઈએ. નિત્ય પુરુષાર્થથી પરસ્પર પ્રેમપૂર્વક વિવાહ કરવો જોઈએ. પોતાની સમાન સ્ત્રી અને પુરુષાર્થ વિના કોઈને જરા પણ યથાવત સુખની પ્રાપ્તિ સંભવ નથી. (૧૨)*

**मही द्यौः पृथिवी च न इमं यज्ञं मिमिक्षताम्। पिपृतां नो भरीमभिः॥ १३॥**

પદાર્થ : હે ઉપદેશ કરનાર અને શ્રવણ કરનાર મનુષ્યો ! તમે બન્ને-જે मही-મહાન ગુણોથી યુક્ત द्यौः-પ્રકાશમય પ્રસિદ્ધ અગ્નિ, વિદ્યુત્ અને સૂર્યાદિ લોક સમૂહ છે અને જે पृथिवी-અપ્રકાશ ગુણવાળા પૃથિવી આદિ લોક સમૂહ છે, તે भरीमभिः-ધારણ અને પોષણ કરનાર ગુણોથી नः-અમારા इमम्-એ यज्ञम्-શિલ્પ વિદ્યામય યજ્ઞને च-તથા नः-અમને पिपृताम्-યજ્ઞના અંગો અને સુખથી પરિપૂર્ણ કરો, તે દ્યુલોક અને પૃથિવીલોક બન્ને થી એ યજ્ઞને मिमिक्षताम्-સીંચવાની-સિદ્ધ કરવાની ઈચ્છા કરો અને એને पिपृताम्-સારી રીતે સુખોથી પરિપૂર્ણ કરો. (૧૩)

*ભાવાર્થ : અત્રે દ્યુલોક = પ્રકાશમાન લોકોનું અને પૃથિવી = અપ્રકાશમાન લોકોનું ઉપલક્ષણ છે અર્થાત્ જે નામ ઉચ્ચારણ કરેલ છે તેઓનું તથા તેની સમાન સર્વ પદાર્થોનું ગ્રહણ થાય છે.*

*મનુષ્યોને યોગ્ય છે કે દ્યુલોક અને પૃથિવીલોક એ બન્ને દ્વારા પ્રયત્નપૂર્વક સર્વ ઉપકારોને ગ્રહણ કરીને પૂર્ણ-ઉત્તમ સુખોની સિદ્ધિ કરવી જોઈએ. (૧૩)*

**तयोरिद् घृतवत्पयो विप्रा रिहन्ति धीतिभिः। गन्धर्वस्य ध्रुवे पदे॥ १४॥**

પદાર્થ : જે विप्राः-મેધાવી વિદ્વાન-જે બન્નેથી પ્રશંસા પ્રાપ્ત કરે છે, तयोः-તે અગ્નિ = પ્રકાશમય

અને પૃથ્વી = અપ્રકાશમય લોકોના (इत्) જ धीतिभिः-ધારણ અને આકર્ષણ આદિ ગુણોથી गन्धर्वस्य-પૃથિવીને ધારણ કરનાર વાયુના ध्रुवे-નિશ્ચલ पदे-સર્વત્ર પ્રાપ્ત અન્તરિક્ષ નામક સ્થાનમાં વિમાનાદિ વાહનોનું रिहन्ति-ગમનાગમન કરે છે, તેઓ પ્રશંસિત બને છે, ઉક્ત લોકોના આશ્રયથી घृतवत्-પ્રશસ્ત જળવાળા पयः-રસ આદિ પદાર્થોને પણ ગ્રહણ કરે છે. (૧૪)

*ભાવાર્થ : વિદ્વાનોને યોગ્ય છે કે-પૃથિવી આદિ પદાર્થોની (વિમાનાદિ) યાનો-વાહનોની રચના કરીને તથા તેની કળાઓમાં જળ અને અગ્નિનો પ્રયોગ કરવાથી ભૂમિ, સમુદ્ર અને આકાશમાં આવાગમન કરવું જોઈએ. (૧૪)*

**स्योना पृथिवि भवानृक्षरा निवेशनी। यच्छा नः शर्म सप्रथः॥ १५ ॥**

પદાર્થ : જે આ पृथिवी-અતિ વિસ્તારયુક્ત स्योना-સુખ આપનારી તથા अनृक्षरा-જેમાં દુઃખદાયક કાંટા વગેરે રહિત હોય निवेशनी-સુખથી પ્રવેશ કરવા યોગ્ય (भव) હોય; તે नः-અમારા માટે सप्रथः-વિસ્તૃત સુખકારક પદાર્થો સહિત शर्म-ઉત્તમ સુખ यच्छ-ફળાદિથી આપે છે. (૧૫)

*ભાવાર્થ : મનુષ્યોએ એ જાણવું જોઈએ કે-ભૂગર્ભવિદ્યા દ્વારા ગુણોથી જાણેલ એ ભૂમિ જ સર્વ મૂર્તિમાન પદાર્થોનું નિવાસ સ્થાન અને અનેક સુખોની હેતુ બનીને પુષ્કળ રત્નો પ્રદાન કરનારી હોય છે. (૧૫)*

**अतो देवा अवन्तु नो यतो विष्णुर्विचक्रमे। पृथिव्याः सप्त धामभिः॥ १६ ॥**

પદાર્થ : यतः-જે અનાદિ કારણથી એ विष्णुः-ચરાચર સંસારમાં વ્યાપક જગદીશ્વરે पृथिव्याः-પૃથિવીથી લઈને પ્રકૃતિ પર્યન્ત सप्त-સાત અર્થાત્ પૃથિવી, જળ, અગ્નિ, વાયુ, વિરાટ, પરમાણુ અને પ્રકૃતિ પર્યન્ત લોકોને धामभिः-જે સર્વ પદાર્થોને ધારણ કરે છે તેની સાથે विचक्रमे-વિવિધ પ્રકારથી રચેલ છે, अतः-તે કારણે देवाः-વિદ્વાન લોકો અથવા અગ્નિ આદિ દેવ नः-અમને अवन्तु-એ વિદ્યાને પ્રાપ્ત કરાવે અથવા પ્રાપ્ત કરાવે છે. અમારી રક્ષા કરે છે. (૧૬)

*ભાવાર્થ : વિદ્વાનોના ઉપદેશ વિના કોઈ પણ મનુષ્યને યથાવત્ સૃષ્ટિ વિદ્યાનું જ્ઞાન કદી સંભવ થઈ શકતું નથી. ઈશ્વરનાં ઉત્પાદન કર્યા વિના કોઈ પણ દ્રવ્ય સ્વયં મહત્ પરિમાણથી મૂર્તરૂપ-સાકાર બની શકતું નથી. વિદ્વાન અને ઈશ્વર એ બન્ને વિના મનુષ્ય (માત્ર) પદાર્થોથી ઉપકાર ગ્રહણ કરી શકતા નથી. તેમ જાણો. (૧૬)*

**इदं विष्णुर्वि चक्रमे त्रेधा नि दधे पदम्। समूढमस्य पांसुरे॥ १७ ॥**

પદાર્થ : જે विष्णुः-વ્યાપક ઈશ્વરે त्रेधा-ત્રણ પ્રકારના इदम्-આ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ पदम्-પ્રાપ્ત થનાર જગતને वि + चक्रमे-સર્વથા યથાયોગ્ય પ્રકૃતિના પરમાણુ આદિના પાદ = અંશોને ગ્રહણ કરીને-ફેલાવીને સાવયવ = મૂર્તિમાન બનાવેલ છે अस्य-એ ત્રણ પ્રકારના જગતમાંથી सम् + ऊढम्-ઉત્તમ તર્કથી જાણવા યોગ્ય મધ્યસ્થ જગતને पांसुरे-પ્રશસ્ત પાંસુ = રેણુ અર્થાત્ સૂક્ષ્મકણ જેમાં રહે છે તે અન્તરિક્ષમાં वि + दधे-બનાવેલ છે; (निदधे) વિવિધ પ્રકારથી ધારણ કરેલ છે, તે (વિષ્ણુ = સર્વ વ્યાપક ઈશ્વર) જ સર્વ મનુષ્યોના ઉપાસ્યનીય છે, તેમ જાણો. (૧૭)

*ભાવાર્થ : પરમેશ્વરે આ સંસારમાં ત્રણ પ્રકારના જગતની રચના કરી છે, એક પૃથિવીવાળું, બીજું અન્તરિક્ષમાં સ્થિત ત્રસરેણુ આદિવાળું અને ત્રીજું પ્રકાશમય છે. એ ત્રણેય જગતના એ ત્રણ જ આધાર છે. અને જે અન્તરિક્ષમાં સ્થિત છે, તે જ પૃથિવી અને સૂર્ય આદિની વૃદ્ધિ કરનાર છે. આ સંસારને ઈશ્વર સિવાય કોઈ જીવાત્મા બનાવી શકતો નથી. કારણકે તેમાં એવા સામર્થ્યનો અભાવ છે. (૧૭)*

**त्रीणि॑ प॒दा वि च॑क्रमे॒ विष्णु॑र्गो॒पा अदा॑भ्यः। अतो॒ धर्मा॑णि धा॒रय॑न्॥ १८ ॥**

પદાર્થ : જે કારણથી એ अदाभ्यः-અવિનાશી હોવાથી કોઈની હિંસિત થઈ શકતા નથી. તે गोपाः સમસ્ત સંસારનું રક્ષણ કરનાર, સર્વ જગતને धारयन्-ધારણ કરનાર विष्णुः-સંસારના અન્તર્યામી પરમેશ્વરે त्रीणि-ત્રણ પ્રકારના पदानि-જાણવા અથવા પ્રાપ્ત કરવા યોગ્ય પૃથિવી આદિ પદાર્થોને वि + चक्रमे-વિવિધ પ્રકારથી રચેલ છે, अतः-એ કારણથી ઉત્પન્ન થઈને સર્વ પદાર્થ धर्माणि-પોત-પોતાના ધર્મોને ધારણ કરે છે. (૧૮)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ કે-ઈશ્વરે ધારણ કર્યા વિના કોઈ પદાર્થની સ્થિતિ સંભવ નથી. એ ઈશ્વરની રક્ષા વિના કોઈનો વ્યવહાર સિદ્ધ થઈ શકતો નથી. (૧૮)*

**विष्णो॑ः कर्मा॑णि पश्यत॒ यतो॑ व्र॒तानि॑ पस्प॒शे। इन्द्र॑स्य॒ युज्य॒ः सखा॑॥ १९ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે ઈશ્વર इन्द्रस्य-જીવ માત્રના युज्यः-પોતાની વ્યાપ્તિથી સર્વ પદાર્થોમાં સંયોગ કરનાર દિશા, કાળ અને આકાશ આદિમાં વિદ્યમાન-વ્યાપક બનીને, सखा-સર્વ સુખોનું સંપાદન કરનાર હોવાથી સર્વના મિત્ર છે, यतः-જેથી જીવ व्रतानि-સત્યભાષણ અને ન્યાય કરવા વગેરે શુભ કર્મોને पस्पशे-કરી શકે છે, विष्णोः-અનંત સામર્થ્યયુક્ત પરમેશ્વરના कर्माणि-જગતની રચના, પાલન, ન્યાય અને પ્રલય કરવો આદિ કર્મો છે, તેને તમે पश्यत-સમ્યક્ રીતે જુઓ અને ઉત્તમ રીતે જાણો. (૧૯)

*ભાવાર્થ : જે કારણે સર્વના મિત્ર જગદીશ્વરે પૃથિવી આદિ લોક તથા જીવોના સાધન સહિત શરીર રચેલ છે, તેથી જ સર્વ પ્રાણીઓ પોત-પોતાના કાર્યો કરી શકે છે-સમર્થ બની શકે છે. (૧૯)*

**तद्विष्णो॑ः प॒र॒मं प॒दं सदा॑ पश्यन्ति सू॒रय॑ः। दि॒वी॑व॒ चक्षु॒रात॑तम्॥ २० ॥**

પદાર્થ : सूरयः-ધાર્મિક, મેધાવી, પુરુષાર્થી વિદ્વાનો-दिवि-સૂર્ય આદિ પ્રકાશમાં અથવા વિમળ જ્ઞાનથી પોતાના આત્મામાં, आ + ततम्-સર્વત્ર વિસ્તૃત चक्षुः-જોવાના સાધન નેત્ર इव-સમાન, જે विष्णोः-વ્યાપક, આનંદસ્વરૂપ પરમેશ્વરના आ + ततम्-સર્વત્ર વિસ્તૃત परमम्-સર્વોત્કૃષ્ટ पदम्-ઈચ્છવા, જાણવા અને પ્રાપ્ત કરવા યોગ્ય મોક્ષપદ છે, तत्-તેને પોતાના આત્મામાં सदा-સર્વ કાળમાં पश्यन्ति-દેખે છે-દર્શન કરે છે. (૨૦)

*ભાવાર્થ : જેમ પ્રાણી સૂર્યના પ્રકાશમાં શુદ્ધ નેત્રથી મૂર્ત પદાર્થોને નિહાળે-દેખે છે, તેમ વિદ્વાનજનો નિર્મળ-શુદ્ધ જ્ઞાનથી, વિદ્યા અને સુવિચારથી યુક્ત પોતાના શુદ્ધ આત્મામાં પરમેશ્વરના સંપૂર્ણ આનંદથી યુક્ત, પ્રાપ્ત કરવા યોગ્ય મોક્ષ નામક પાદ = અવસ્થાનો સાક્ષાત્ કરીને પ્રાપ્ત કરે છે. એ પદની પ્રાપ્તિ વિના કોઈ પણ સંપૂર્ણ સુખોને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી એ પદની પ્રાપ્તિ માટે સર્વ મનુષ્યોએ*

*સદા-નિરંતર પ્રયત્ન કરવો જોઈએ. (૨૦)*

**तद्विप्रा॑सो विप॒न्यवो॑ जागृ॒वांस॒: समि॑न्धते। विष्णो॒र्यत्प॑र॒मं प॒दम्॥ २१॥**

પદાર્થ : विष्णोः-વ્યાપક જગદીશ્વરના यत्-જે ઉક્ત परमम्-સર્વ ઉત્તમ ગુણોથી પ્રકાશિત पदम् પ્રાપ્ત કરવા યોગ્ય પદ છે, तत्-તેને विपन्यवः-જગદીશ્વરના અનેક પ્રકારના ગુણ-સમૂહની સ્તુતિ-પ્રશંસા કરનાર जागृवांसः-શુભકર્મ-સત્કર્મમાં જાગૃત विप्रासः-મેધાવી = બુદ્ધિમાન વિદ્વાન મનુષ્ય છે, તે જ समिन्धते-પ્રાપ્ત કરે છે.

*ભાવાર્થ : જે મનુષ્યો અવિદ્યા અને અધર્માચરણ રૂપી નિદ્રાનો ત્યાગ કરીને વિદ્યા અને ધર્માચરણમાં જાગૃત થાય છે, તેઓ જ સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વોત્તમ, સર્વ મનુષ્યોને પ્રાપ્ત કરવા યોગ્ય અને નિરંતર સર્વવ્યાપક વિષ્ણુ =જગદીશ્વરને પ્રાપ્ત કરે છે. (૨૧)*

સંગતિ : પૂર્વ સૂક્તમાં પ્રતિપાદિત ઈન્દ્ર અને અગ્નિ બે પદાર્થોના સહચારી અશ્વિનૌ, સવિતા, અગ્નિ, દેવી, ઈન્દ્રાણી, વરુણાની, અગ્નાયી, દ્યાવા પૃથિવી, ભૂમિ અને વિષ્ણુ એ પદાર્થોનું અર્થોને આ સૂક્તમાં પ્રકાશિત કરવાથી પૂર્વ સૂક્તની આ સૂક્ત સાથે સંગતિ જાણવી જોઈએ. (૨૨)

## સૂક્ત-૨૩

**ती॒व्राः सोमा॑स॒ आ ग॑ह्या॒शीर्व॑न्तः सु॒ता इ॒मे। वायो॒ तान्प्रस्थि॑तान्पिब॥ १॥**

પદાર્થ : જે इमे-એ પ્રત્યક્ષ તથા અપ્રત્યક્ષ तीव्राः-તીક્ષ્ણ વેગયુક્ત आशीर्वन्तः-પ્રશંસિત કામનાવાળા सुताः-ઉત્પન્ન થયેલ सोमासः-પદાર્થ છે, तान्-તે સર્વને वायो-વાયુ आ + गहि-સર્વત્રથી પ્રાપ્ત કરે છે, અને એ જ प्रस्थितान-તે, સર્વ પદાર્થોનું पिब-પાન કરે છે-પોતાની અંદર કરી લે છે. (૧)

*ભાવાર્થ : પ્રાણી જે પદાર્થોને પ્રાપ્ત કરવા ઈચ્છે છે અને જેને પ્રાપ્ત કરીને પૂર્ણ-ઉત્તમ કામના વાળા બને છે, તે સર્વ પદાર્થોને વાયુ જ પ્રાપ્ત કરાવીને તેને પોતાનામાં સ્થિર = સ્વસ્થ કરે છે.*

*જે પદાર્થોમાં તીક્ષ્ણ અને મૃદુ-કોમળ ગુણ છે, તેને સર્વે મનુષ્યોએ સમ્યક્ જાણીને તેના દ્વારા ઉપયોગ ગ્રહણ કરવો જોઈએ. (૧)*

**उ॒भा दे॒वा दि॑वि॒स्पृशे॑न्द्रवा॒यू ह॑वामहे। अ॒स्य सोम॑स्य पी॒तये॑॥ २॥**

પદાર્થ : અમે अस्य-એ પ્રત્યક્ષ તથા અપ્રત્યક્ષ, सोमस्य-જેમાં પદાર્થ ઉત્પન્ન થાય છે, તે સંસારના સુખને पीतये-ભોગવવા માટે दिविस्पृशा-જે પ્રકાશયુક્ત આકાશમાં વિમાનાદિ વાહનોને પહોંચાડવા અને देवा-દિવ્યગુણયુક્ત उभा-બન્ને इन्द्रवायू-અગ્નિ અને પવન हवामहे-સાધવાની જિજ્ઞાસા કરીએ છીએ. (૨)

*ભાવાર્થ : જે અગ્નિ વાયુ દ્વારા પ્રદીપ્ત કરવામાં આવે છે અને વાયુ અગ્નિ દ્વારા (પ્રબળ કરવામાં આવે છે.) આ રીતે પરસ્પર એ બન્ને આકાંક્ષા યુક્ત અને સહયોગી છે. મનુષ્યો યુક્તિપૂર્વક સદા તે (બન્ને)ને પ્રયુક્ત કરીને તથા સિદ્ધ કરીને પુષ્કળ સુખોને પ્રાપ્ત કરે છે, તે બન્ને જાણવાની ઈચ્છા શા માટે ન કરવી ? (૨)*

इ॒न्द्र॒वा॒यू म॑नो॒जुवा॒ विप्रा॑ हवन्त ऊ॒तये॑। स॒ह॒स्रा॒क्षा धि॒यस्पती॑॥ ३॥

પદાર્થ : विप्राः-વિદ્વાન લોકો-ऊतये-શિલ્પક્રિયા સિદ્ધિની ઇચ્છાને માટે જે सहस्राक्षा-સહસ્ર = અસંખ્ય અક્ષિ = સાધનોના હેતુ धियः-શિલ્પકર્મના पती-પાલક मनोजुवा-મનની સમાન ગતિ કરનાર इन्द्रवायू-વિદ્યુત્ અને પવનને हवन्ते-ગ્રહણ કરે છે, તે બન્નેને જાણવાની ઇચ્છા અન્ય મનુષ્યો કેમ ન કરે ? (૩)

*ભાવાર્થ : વિદ્વાનોને યોગ્ય છે કે તેઓએ શિલ્પવિદ્યાની સિદ્ધિ માટે અગણિત વ્યવહારોના હેતુભૂત અને વેગ આદિ ગુણોથી યુક્ત વિદ્યુત્ અને વાયુને સમ્યક્ સિદ્ધ કરવા જોઈએ. (૩)*

मि॒त्रं व॒यं ह॑वामहे॒ वरु॑णं॒ सोम॑पीतये। ज॒ज्ञा॒ना पू॒तद॑क्षसा॥ ४॥

પદાર્થ : वयम्-અમે પુરુષાર્થી મનુષ્યો-सोमपीतये સોમ = પોતાને અનુકૂળ સુખો આપનાર રસયુક્ત પદાર્થોનું જેમાં પાન થાય છે તે વ્યવહારને માટે જે पूतदक्षसा-પવિત્ર બળ કરનાર जज्ञाना-વિજ્ઞાનના હેતુ मित्रम्-જીવનના હેતુ બહાર અને અંદર રહેલ પ્રાણ અને वरुणम्-જે શ્વાસ રૂપ ઊર્ધ્વ ઉપર ગમન કરે છે, તે બળના હેતુ ઉદાન વાયુને हवामहे-ગ્રહણ કરીએ છીએ, તે બન્ને (પ્રાણ અને ઉદાન)ને તમે પણ કેમ ન જાણો ? (૪)

*ભાવાર્થ : મનુષ્યોને પ્રાણ અને ઉદાન વિના કદી સુખભોગ અને બળ સંભવ નથી, તેથી તે બન્નેના સેવનની વિધિ યથાવત્ જાણવી જોઈએ. (૪)*

ऋ॒तेन॑ यावृ॑तावृधा॒वृ॒तस्य॒ ज्योति॑ष॒स्पती॑। ता मि॒त्रावरु॑णा हुवे॥ ५॥

પદાર્થ : હું यौ-જે ऋतेन-જગદીશ્વરે ઉત્પન્ન કરીને ધારણ કરેલ અને સત્ય સ્વરૂપ બ્રહ્મના બનાવેલ ऋतावृधौ-સત્ય, કારણ અથવા જળની વૃદ્ધિ કરનાર, ऋतस्य-યથાર્થ સ્વરૂપવાળા ज्योतिषः-પ્રકાશના पती-પાલક मित्रावरुणौ-મિત્ર = સૂર્ય અને વરુણ = વાયુ છે, ता-તે (બન્ને)ને हुवे-ગ્રહણ કરું છું. (૫)

*ભાવાર્થ : સૂર્ય અને વાયુ વિના જળ અને પ્રકાશની ઉત્પત્તિ સંભવ નથી અને ઈશ્વરના દ્વારા ઉત્પન્ન કર્યા વિના સૂર્ય અને વાયુની ઉત્પત્તિ થઈ શકતી નથી અને તે બન્ને વિના મનુષ્યના વ્યવહારોની કોઈ સિદ્ધિ પણ થઈ શકતી નથી. (૫)*

वरु॑णः प्रावि॒ता भु॑व॒न्मि॒त्रो विश्वा॑भिरू॒तिभिः॑। कर॑तां नः सु॒राध॑सः॥ ६॥

પદાર્થ : જેમ એ ઉત્પન્ન યુક્તિથી સેવન કરેલ वरुणः-બહાર અને અંદર રહેનાર વાયુ विश्वाभिः સર્વ ऊतिभिः-રક્ષા આદિ કર્મોથી તથા સર્વ પદાર્થોથી प्राविता-સુખ પ્રાપ્ત કરાવનાર भुवत्-હોય છે અને मित्रश्च-સૂર્ય પણ. જે બન્ને नः-અમને सुराधसः-સુંદર વિદ્યા અને ચક્રવર્તી રાજ્ય સંબંધી ધનોથી યુક્ત करताम्-કરે છે, તેથી તે બન્નેનું અમે પણ સેવન કેમ ન કરીએ ? (૬)

*ભાવાર્થ : જેથી એ બન્ને (વાયુ અને સૂર્ય)થી સર્વ પદાર્થોની રક્ષા આદિ વ્યવહાર સંભવ થાય છે, તેથી વિદ્વાનો એ બન્નેથી અનેક કાર્યો સિદ્ધ કરીને શ્રેષ્ઠ ધનોને પ્રાપ્ત કરે છે. (૬)*

म॒रुत्व॑न्तं हवामह॒ इन्द्र॒मा सोम॑पीतये। स॒जूर्ग॒णेन॑ तृम्पतु॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ આ સંસારમાં અમે લોકો सोमपीतये-પ્રશસ્ત પદાર્થોના ભોગને માટે मरुत्वन्तम्-વાયુના સંબંધથી પ્રસિદ્ધ થનારી इन्द्रम्-વિદ્યુત્‌ને हवामहे-ગ્રહણ કરીએ છીએ, જે सजूः-સહચારી-સર્વ પદાર્થોમાં સમાન વર્તનારી गणेन-વાયુના સમૂહની સાથે नः-અમને आ + तृम्पतु-સર્વત્રથી તૃપ્ત કરે છે, તેમ તમે પણ તેનું સેવન કરો. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ કે-સહયોગી વાયુ વિના કદી પણ અગ્નિ પ્રદીપ્ત કરી શકાતો નથી અને ઉક્ત વિદ્યુત્ વિના કોઈ પદાર્થની વૃદ્ધિ સંભવ નથી. (૭)*

**इन्द्र॑ज्येष्ठा॒ मरु॑द्गणा॒ देवा॑सः॒ पूष॑रातयः। विश्वे॒ मम॑ श्रुता॒ हव॑म्॥ ८॥**

પદાર્થ : જે पूषरातयः-પૂષા = સૂર્યથી દાન લેનાર इन्द्रज्येष्ठाः-સૂર્યની પ્રશંસા કરનાર देवासः-દિવ્યગુણોથી યુક્ત विश्वे-સર્વ मरुद्गणाः-વાયુ સમૂહ मम-મારા हवम्-કરવા યોગ્ય શબ્દ વ્યવહારને श्रुत-સંભળાવે છે. તે આપના પણ શબ્દ વ્યવહારનું શ્રવણ કરાવે છે. (૮)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય વાયુ સમૂહ વિના ઉચ્ચારણ, શ્રવણ અને પુષ્ટિને પ્રાપ્ત કરી શકતો નથી. જે એ મહાન સૂર્યલોક છે, તે વાયુ સમૂહને પ્રદીપન કરનાર છે. જે સૂર્યલોક અગ્નિરૂપ જ છે. એ વાયુ સમૂહ અને વિદ્યુત્ વિના કોઈ પણ (પ્રાણી) વાણી (જિહ્વા)ને ચલાવી શકતા નથી. (૮)*

**ह॒त वृ॒त्रं सु॑दानव॒ इन्द्रे॑ण॒ सह॑सा यु॒जा। मा नो॑ दु॒ःशंस॑ ईशत॥ ९॥**

પદાર્થ : હે વિદ્વાનો આપ જે सुदानवः-ઉત્તમ દાનના હેતુ, सहसा-બળ અને युजा-પોતાના અનુસંગી અર્થાત્ મુહૂર્ત આદિ કાળના અવયવોની સાથે સંયુક્ત થઈને इन्द्रेण-સૂર્ય અથવા વિદ્યુત્‌ની સાથે સંયુક્ત થઈને वृत्रम्-મેઘ = વાદળાંઓનું हत-હનન અર્થાત્ છિન્ન-ભિન્ન કરે છે, તે વાયુ સમૂહ नः-અમને दुःशंसः-દુઃખ કરાવનાર मा, ईशत-કદી ન બનો.

*ભાવાર્થ : અમે સર્વ યથા યોગ્ય પુરુષાર્થ કરીને તથા ઈશ્વરની ઉપાસના કરીને આચાર્યોથી પ્રાર્થના કરીએ છીએ. જે વાયુ સમૂહ સૂર્યનાં કિરણો અથવા વિદ્યુત્‌ની સાથે મેઘમંડળમાં-વાદળાંઓમાં રહેલ જળને છિન્ન-ભિન્ન કરીને, તેને વરસાવીને, ત્યારપછી તેને પૃથિવીથી ઊઠાવીને ઉપર લઈ જાય છે, તે વિદ્યાને મનુષ્યો પ્રયત્ન પૂર્વક જાણે, એમ આપ પ્રયત્ન કરો. (૯)*

**विश्वा॒न्देवा॒न्हवामहे म॒रुतः॒ सोम॑पीतये। उ॒ग्रा हि पृश्नि॑मातरः॥ १०॥**

પદાર્થ : हि-જેથી વિદ્યાના ઈચ્છુક અમે-જે उग्राः-તીવ્ર સંવેદ આદિ ગુણોથી યુક્ત प्रश्निनमातरः-પૃશ્નિ = આકાશ જેની માતા = ઉત્પત્તિનું કારણ છે, તેથી એ विश्वान्-સર્વ देवान्-દિવ્યગુણો સહિત ઉત્તમ ગુણોના પ્રકાશક मरुतः-જ્ઞાન અને ક્રિયાના કારણે શિલ્પવ્યવહારને પ્રાપ્ત કરાવનાર વાયુ સમૂહની (सोमपीतये) પદાર્થોના યથાવત્ ભોગ માટે हवामहे-તથા શિલ્પ-વિદ્યાની સિદ્ધિ માટે સ્પર્ધા કરીએ છીએ, તેનો સ્વીકાર કરીએ (જાણવા ઈચ્છીએ) છીએ. (૧૦)

*ભાવાર્થ : જેથી એ આકાશથી ઉત્પન્ન થયેલ વાયુ સમૂહ અહીં-તહીં-ગમ-આગમન કરનાર અને*

*તીક્ષ્ણ સ્વભાવવાળો છે, તેથી વિદ્વાનો કાર્ય માટે તેનો સ્વીકાર કરે છે. (૧૦)*

जयतामिव तन्यतुर्मरुतामेति धृष्णुया। यच्छुभं याथना नरः॥ ११॥

પદાર્થ : હે नरः-ધર્મયુક્ત કર્મ અને શિલ્પવિદ્યાના વ્યવહારને પ્રાપ્ત કરનાર મનુષ્યો ! તમે जयतामिव-જેમ વિજય કરનારા યોદ્ધાઓની સહાયથી રાજા શત્રુઓ પર વિજય एति-પ્રાપ્ત કરે છે, તેમ मरुताम्-વાયુ સમૂહના સંગથી धृष्णुया-દઢતા આદિ ગુણોથી યુક્ત तन्यतुः-વિસ્તૃત વેગ સ્વભાવવાળી વિદ્યુત્ વેગને પ્રાપ્ત કરીને મેઘને તપાવે-જીતે છે. તેના સમ્યક્ પ્રયોગથી यत्-જેટલું शुभम्-કલ્યાણયુક્ત સુખ છે, તેટલું સર્વ याथना-પ્રાપ્ત કરો. (૧૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ વિદ્વાન લોકો શૂરવીરોની સેના દ્વારા શત્રુ પર વિજય (કરીને), તથા જેમ વાયુયુક્ત ઘર્ષણવિદ્યા દ્વારા વિદ્યુત્ યંત્ર (યુક્ત વાહન) ચલાવીને દૂરના દેશોમાં લઈ જઈને તથા આગ્નેય અસ્ત્ર આદિની સિદ્ધિ કરીને સુખની પ્રાપ્તિ કરે છે, તેમ તમારે પણ વિજ્ઞાન અને પુરુષાર્થ દ્વારા એ (સાધનો)થી સાંસારિક અને પારલૌકિક સુખની વૃદ્ધિ કરવી જોઈએ. (૧૧)*

हस्कारािद्वद्युतस्पर्यतो जाता अवन्तु नः। मरुतो मृळयन्तु नः॥ १२॥

પદાર્થ : અમે જે કારણે हस्कारात्-હસવાથી અથવા અતિ ચમકવા जाताः-પ્રકટ થયેલ विद्युतः-વીજળીઓ नः-અમને સુખોને अवन्तु-પ્રાપ્ત કરાવે છે. अतः-એટલા માટે परि-સર્વત્રથી ઉત્તમ રીતે સિદ્ધ કરીએ.

વળી જેથી मरुतः-વાયુ સમૂહ नः-અમને मृळयन्तु-સુખી કરે છે, એટલા માટે તેને પણ શિલ્પ આદિ કાર્યોમાં સારી રીતે પ્રયુક્ત કરીએ. (૧૨)

*ભાવાર્થ : મનુષ્યો જ્યારે પ્રથમ વાયુ વિદ્યા, પછી વિદ્યુત્ વિદ્યા, ત્યારબાદ જળ, પૃથિવી અને ઔષધિઓની વિદ્યા-એ (સર્વ વિદ્યાઓ) જાણે છે, ત્યારે જ ઉત્તમ રીતે સુખને પ્રાપ્ત કરે છે. (૧૨)*

आ पूषञ्चित्रबर्हिषमाघृणे धरुणं दिवः। आजा नष्टं यथा पशुम्॥ १३॥

પદાર્થ : यथा-જેમ કોઈ પશુપાલન = ગોવાળ नष्टम्-ખોવાયેલ पशुम्-ગાય આદિ પશુઓને શોધીને-પ્રાપ્ત કરીને પ્રકાશિત કરે છે, તેમ એ आघृणे-સર્વત્ર ધૃણિ = કિરણોવાળા पूषन्-પદાર્થોનું પોષણ કરનાર સૂર્યલોક दिवः-પોતાના પ્રકાશથી चित्रबर्हिषम्-વિચિત્ર-આશ્ચર્યકારક બનેલ અન્તરિક્ષને તથા धरुणम्-ધારણ કરનારી પૃથ્વીને પ્રાપ્ત કરીને आ + अज-સર્વત્ર પ્રકાશ કરે છે, પ્રકાશને ફેંકીને તેને ચમકાવે છે. (૧૩).

*ભાવાર્થ : જેમ પશુપાલક-ગોવાળ અનેક કાર્યોથી પશુઓનું પાલન-પોષણ કરીને દૂધ આદિથી મનુષ્યોને સુખી કરે છે, તેમ જ એ સૂર્યલોક ચિત્ર-વિચિત્ર લોકોથી યુક્ત આકાશને તથા આકાશમાં રહેલાં પદાર્થોને, પોતાનાં કિરણો અને આકર્ષણ શક્તિથી પુષ્ટ કરીને, સર્વ પ્રાણીઓને સુખ પ્રદાન કરે છે. (૧૩)*

पूषा राजानमाघृणिरपगूढं गुहा हितम्। अविन्ददिचत्रबर्हिषम्॥ १४॥

પદાર્થ : જેથી એ आघृणि-પૂર્ણ પ્રકાશમાન पूषा-પોતાની વ્યાપ્તિથી સમસ્ત પદાર્થોનું પોષણ કરનાર તે જગદીશ્વર-गुहा-ગુહા = અન્તરિક્ષ અથવા બુદ્ધિમાં हितम्-યથા યોગ્ય સ્થાપિત કે સ્થિત चित्रबर्हिषम्-ચિત્ર = અનેક પ્રકારના બર્હિ = ઉત્તમ કર્મો કરનાર अपगूढम्-અત્યંત ગુપ્ત राजानम्-પ્રકાશમાન, પ્રાણ અથવા જીવને अविन्दत्-જાણે છે, તેથી તે સર્વ શક્તિમાન છે. (૧૪)

*ભાવાર્થ : જેથી પૂષા = જગતના રચનાર ઈશ્વર પ્રકાશમાન તથા સર્વની પુષ્ટિ કરનાર હૃદયસ્થ પ્રાણને તથા જીવને જાણે છે, માટે તે સર્વજ્ઞ છે. (૧૪)*

उतो स मह्यमिन्दुभिः षड्युक्ताँ अनुसेषिधत्। गोभिर्यवं न चर्कृषत्॥ १५॥

પદાર્થ : (न) જેમ ખેડૂત चर्कृषत्-ધાન્ય આદિની પ્રાપ્તિ માટે વારંવાર ભૂમિમાં હળ હાંકે છે, તેમ જ सः-તે ઈશ્વર मह्यम्-જે હું ધર્માત્મા પુરુષાર્થી છું તેને માટે इन्दुभिः-સ્નિગ્ધ મનોહર પદાર્થો સહિત षट्-વસંત આદિ ऋतुन-છ ઋતુઓને युक्तान्-સુખથી યુક્ત उतो-અને गोभिः-ગાય, હાથી, ઘોડા આદિ સહિત यवम्-જવ આદિ અન્નને अनुसेषिधत्-વારંવાર અનુકૂળતાપૂર્વક પ્રાપ્ત કરાવે છે, તેથી હું તેને જ મારા ઈષ્ટ દેવ માનું છું. (૧૫)

*ભાવાર્થ : જેમ સૂર્ય કિરણોથી ભૂમિને આકર્ષીને અથવા ખેડૂત હળ આદિથી વારંવાર ભૂમિને ખેડીને, તેમાં બીજ વાવીને, ધાન્ય આદિને પ્રાપ્ત કરીને વસંત આદિ છ ઋતુઓને સુખથી સંયુક્ત કરે છે, તેમ ઈશ્વર પણ યથા સમય સર્વ જીવોને કર્માનુસાર રસોના ઉત્પન્ન અને વિભાગથી ઋતુઓને સુખદાયક બનાવે છે. (૧૫)*

अम्बयो यन्त्यध्वभिर्जामयो अध्वरीयताम्। पृञ्चतीर्मधुना पयः॥ १६॥

પદાર્થ : જેમ जामयः-ભાઈઓ પોતાના અનુકૂળ આચરણથી પોતાના ભાઈઓના સુખનું સંપાદન કરે છે, તેમ જ એ अम्बयः-રક્ષા કરનાર જળ अध्वरीयताम्-પોતાના માર્ગોથી मधुना-મધુર ગુણથી યુક્ત पयः સુખકારક રસનો पृञ्चतीः-સ્પર્શ કરાવતા-પહોંચાડતા यन्ति-પ્રાપ્ત થાય છે. (૧૬)

*ભાવાર્થ : જેમ બંધુજન-ભાઈઓ પોતાના ભાઈઓનું સમ્યક્ પોષણ કરીને તેને સીખી કરે છે, તેમ જ જળ ઉપર-નીચે જઈને મિત્રની સમાન પ્રાણીઓનાં સુખને ઉત્પન્ન કરે છે.*

*તે (જળના) વિના કોઈપણ પ્રાણીઓ અથવા અપ્રાણીઓની ઉન્નતિ સંભવ નથી. તેથી તેનો સમ્યક્ ઉપયોગ કરવો જોઈએ. (૧૬)*

अमूर्या उप सूर्ये याभिर्वा सूर्यः सह। ता नो हिन्वन्त्वध्वरम्॥ १७॥

પદાર્થ : याः-જે अमूः-જળ દૃષ્ટિગોચર થતું નથી અર્થાત્ પરોક્ષજળ सूर्ये-સૂર્યમાં અથવા તેના પ્રકાશમાં વિદ્યમાન છે, वा-અથવા याभिः-જેના सह-સંગમાં सूर्यः-સૂર્યલોક અથવા પ્રકાશ વિદ્યમાન છે

ताः-તેઓ नः-અમારી अध्वरम्-અહિંસાને યોગ્ય સુખરૂપ શિલ્પયજ્ઞની उप + हिन्वन्तु-વૃદ્ધિ કરે છે. (૧૭)

*ભાવાર્થ : જે જળ પૃથિવી આદિ સ્થૂળ પદાર્થથી, સૂર્યના કિરણો દ્વારા છિન્ન-ભિન્ન થઈને અર્થાત્ કણ-કણ રૂપ બનીને, લઘુતા-હલકાપણું પ્રાપ્ત કરીને, સૂર્યની તરફ જાય છે, તે જ વર્ષા દ્વારા (નીચે) આવેલ જળ વાહન આદિ વ્યવહારમાં અથવા વાહનોમાં ઉત્તમ રીતે યુક્ત કરવાથી સુખની વૃદ્ધિ કરે છે. (૧૭)*

**अपो देवीरुप ह्वये यत्र गावः पिबन्ति नः। सिन्धुभ्यः कर्त्वं हविः॥ १८॥**

પદાર્થ : यत्र-જે વ્યવહારમાં गावः-સૂર્યના કિરણો सिन्धुभ्यः-સમુદ્રો અને નદીઓથી देवीः-દિવ્યગુણોવાળા હોવાથી દિવ્યગુણોને પ્રાપ્ત કરાવનાર अपः-સર્વ પદાર્થોને વ્યાપ્ત કરનાર જળોનો पिबन्ति-સ્પર્શ કરે છે-પાન કરે છે. તે જળોને नः-અમારા हविः-ગ્રહણ કરવા યોગ્ય શિલ્પાદિ વ્યવહારોને कर्त्तुम्-ઉત્પન્ન કરવા માટે હું उप + हवये-વિદ્વાનો પાસે જઈને ગ્રહણ કરું છું. (૧૮)

*ભાવાર્થ : સૂર્યનાં કિરણો જેટલા જળને સૂક્ષ્મ કરીને વાયુ દ્વારા સર્વત્રથી ખેંચે છે, તેટલું જ જળ ત્યાં (સૂર્ય આકર્ષણ સ્થાન)થી નિવૃત્ત-પાછું ફરીને ભૂમિ તથા ઔષધિઓને પ્રાપ્ત થાય છે-પહોંચે છે. વિદ્વાનોએ તે જળના પાન, સ્નાન અને શિલ્પકાર્ય આદિમાં પ્રયોગ કરીને અનેક પ્રકારના સુખોને સંપાદન-સિદ્ધ કરવા જોઈએ. (૧૮)*

**अप्स्वन्तरमृतमप्सु भेषजमपामुत प्रशस्तये। देवा भवत वाजिनः॥ १९॥**

પદાર્થ : હે देवाः-વિદ્વાનો ! તમે प्रशस्तये-તમારી ઉત્કર્ષ = ઉન્નતિને માટે अप्सु-જળોની अन्तः-અંદર રહેલ अमृतम्-મૃત્યુકારક રોગોનું નિવારણ કરનાર અમૃતરૂપ રસને उत-તથા अप्सु-જળોમાં રહેલ भेषजम्-ઔષધિઓને જાણીને अपाम्-એ જળોની ક્રિયા કુશળતા-પ્રયોગથી वाजिनः-ઉત્તમ જ્ઞાનવાન भवत-બનો. (૧૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે અમૃતમય રસવાળા, ઔષધિઓના ગર્ભભૂત જળોથી શિલ્પવિદ્યા અને વૈદ્યકવિદ્યા દ્વારા (તેના) ગુણોને જાણીને શિલ્પકાર્યની સિદ્ધિ અને રોગોનું નિત્ય નિવારણ કરો. (૧૯)*

**अप्सु मे सोमो अब्रवीदन्तर्विश्वानि भेषजा ।**
**अग्निं च विश्वशंभुवमापश्च विश्वभेषजीः॥ २०॥**

પદાર્થ : જેમ એ सोमः-ઔષધિઓનો રાજા ચંદ્રમા અથવા સોમલતાનો રસ मे-મને अप्सु-જળોની अन्तः-અંદર विश्वानि-સર્વ भेषजा-ઔષધિ च-અને विश्वशम्भुवम्-સર્વ જગતનું સુખ કરનારી अग्निम्-વિદ્યુત્‌ને अब्रवीत्-પ્રસિદ્ધ કરે છે-બતાવે છે; તેમ विश्वभेशजीः-જેના કારણે સર્વ ઔષધિઓ હોય છે, તે आपः-જળ પોતાનામાં સોમ આદિ विश्वानि-સર્વ भेषजा-ઔષધિઓ અને विश्वशम्भुवम्-સર્વ જગતના

સુખને ઉત્પન્ન કરનારી अग्निम्-વિદ્યુત્‌ને अब्रुवत् = બતાવે છે. (૨૦)

*ભાવાર્થ : જેમ સર્વ પદાર્થો પોતાના ગુણોથી પોતાને સ્વયં પ્રકાશિત કરે છે, તેમ ઔષધિ-સમૂહની પુષ્ટિ કરનાર ચંદ્રમા અને ઔષધિ સમૂહમાં સોમલતા છે, એ બન્ને જળના કારણે અને ગ્રહણ કરવા યોગ્ય સર્વ ઔષધિઓનો પ્રકાશ કરે છે, તેમ સર્વ ઔષધિઓનો હેતુ જળ, પોતાની અંદર વિદ્યમાન, સમસ્ત કલ્યાણનું કારણ વિદ્યુત્‌ને પ્રકાશિત કરે છે. અર્થાત્ ઔષધોનું નિમિત્ત અગ્નિમાં છે; એમ સમજવું જોઈએ. (૨૦)*

**आपः॑ पृणी॒त भे॑ष॒जं वरू॑थं त॒न्वे॒३॑ मम॑। ज्योक् च॒ सूर्यं॑ दृ॒शे॥ २१॥**

પદાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-તેઓ જે आपः-સર્વ પદાર્થોને વ્યાપ્ત કરનાર પ્રાણ सूर्यम्-સૂર્યલોકને दृशे-નિહાળવા અને ज्योक्-દીર્ઘકાળ સુધી જીવવા માટે मम-મારા तन्वे-શરીરને માટે वरूथम्-શ્રેષ્ઠ भेषजम्-રોગનાશક વ્યવહારને पृणीत-પરિપૂર્ણતાથી પ્રકટ કરે છે, તેનું સેવન યુક્તિપૂર્વક કરવું જોઈએ. (૨૧)

*ભાવાર્થ : પ્રાણો વિના કોઈ પ્રાણી અથવા વૃક્ષ આદિ પદાર્થો શરીર ધારણ કરી શકતા નથી, તેથી ક્ષુધા, તૃષા આદિના તથા રોગોના નિવારણ માટે યુક્તિપૂર્વક પ્રાણ સેવન કરવું એ જ પરમ ઔષધ છે. (૨૧)*

**इ॒दमा॑पः॒ प्र व॑हत॒ यत्किं च॑ दुरि॒तं मयि॑।**
**यद्वा॒हम॑भिदु॒द्रोह॒ यद्वा॑ शे॒प उ॒तानृ॑तम्॥ २२॥**

પદાર્થ : अहम्-હું यत्-જે किम्-કંઈ मयि-મારામાં दुरितम्-દુષ્ટ સ્વભાવના અનુષ્ઠાનથી ઉત્પન્ન થાય છે, અથવા પુણ્ય છે, અને अहम्-મેં = કર્મકર્તા જીવે यत्-જે ઈર્ષાથી ભરપૂર अभिद्रोह-દ્રોહ કરેલ છે, અથવા મિત્રાતાનું આચરણ કરેલ છે, वा-અથવા यत्-જે અત્યંત ક્રોધથી शेपे-કોઈ સજ્જનને શાપ = ગેર શબ્દ કહેલ છે, અથવા અનુગ્રહ કરેલ છે, અથવા જે अनृतम्-અસત્ય આચરણ અથવા મિથ્યા ભાષણ કરેલ છે उत-અથવા સત્ય આચરણ કરેલ છે, તે સર્વ इदम्-એ આચરણને आपः-મારા પ્રાણ મારી સાથે રહીને प्रवहत-સમ્યક્ વહન કરે છે અર્થાત્ પ્રાપ્ત થાય છે. (૨૨)

*ભાવાર્થ : મનુષ્ય દ્વારા જેવા પાપ અને પુણ્ય કરવામાં આવે છે, તેવા જ ઈશ્વરની (ન્યાય) વ્યવસ્થાથી તેને (ફળ) પ્રાપ્ત થાય છે, તે નિશ્ચિત છે. (૨૨)*

**आपो॑ अ॒द्यान्व॑चारिषं॒ रसे॑न॒ सम॑गस्महि।**
**पय॑स्वानग्न॒ आ ग॑हि॒ तं मा॒ सं सृ॑ज॒ वर्च॑सा॥ २३॥**

પદાર્થ : અમે જે रसेन-સ્વાભિવ રસગુણથી યુક્ત आपः-જળ છે, તેને समगस्महि-સમ્યક્ રીતે પ્રાપ્ત કરીએ છીએ, જેનાથી હું पयस्वान्-રસયુક્ત શરીરવાળો બનીને જે કોઈ अन्वचारिषम्-વિદ્વાનોથી

અનુચરણ અર્થાત્ અનુકૂળ ઉત્તમ કામ કરું છું, તેને જ પ્રાપ્ત કરું છું.

જે अग्ने-ભૌતિક અગ્નિ જન્માન્તરમાં आगहि-પ્રાપ્ત થાય છે, તે પૂર્વ જન્મમાં तम्-કર્મનું અનુષ્ઠાન કરનાર તે मा-મને अद्य-આજ-વર્તમાનમાં वर्चसा-દીપ્તિ = પ્રકાશથી संसृज-સંયુક્ત કરે છે, તેથી જળ અને તે અગ્નિનો યુક્તિથી સમ્યક્ ઉપયોગ કરવો યોગ્ય છે. (૨૩)

*ભાવાર્થ : સર્વ પ્રાણીઓએ પ્રથમ કરેલ (કર્મ)નું ફળ વાયુ, જળ અને અગ્નિના દ્વારા આ વર્તમાન જન્મમાં અથવા પુનર્જન્મમાં પ્રાપ્ત થાય જ છે. (૨૩)*

**सं मा॑ग्ने॒ वर्च॑सा सृ॒ज सं प्र॒जया॑ स॒मायु॑षा।**

**वि॒द्युर्मे॑ अ॒स्य दे॒वा इन्द्रो॑ वि॒द्यात्स॒ह ऋषि॑भिः॥ २४॥**

પદાર્થ : ऋषिभिः-વિચારશીલ મંત્રાર્થના દ્રષ્ટા ઋષિઓના सह-સંગમાં देवाः-વિદ્વાનો તથા इन्द्रः-પરમાત્મા અને જે अग्ने-વિદ્યુત્ નામક અગ્નિ છે, તે वर्चसा-દીપ્તિ, प्रजया-સંતાન આદિ પ્રજા તથા आयुषा-જીવનથી मा-મને ( सं + सृज )-સંયુક્ત કરે છે, આને જે मे-મારા પાપ-પુણ્યાત્મક કર્મ છે તથા મારા अस्य-આ મનુષ્ય, પશુ અને વૃક્ષ આદિથી સંબંધને જન્મના કારણને विद्युः-(વિદ્વાનો) જાણે છે, અથવા (ઈશ્વર) विद्यात्-જાણે છે, તેથી મારે વિદ્વાનોનો સંગ અને પરમાત્માની નિત્ય ઉપાસના કરવી જોઈએ. (૨૪)

*ભાવાર્થ : જ્યારે જીવ પૂર્વ શરીરનો ત્યાગ કરીને અન્ય શરીરને પ્રાપ્ત કરે છે, ત્યારે તેની સાથે જે સ્વાભાવિક માનસ અગ્નિ જાય છે, તે જ પુનઃ શરીર આદિને પ્રકાશિત કરે છે, તેનો ઋષિઓ સહિત વિદ્વાન લોકો જાણે છે, અન્ય નહિ. પરમાત્મા તો નિશ્ચયથી જ યથાર્થ રૂપનાં સર્વ જાણીને જીવોને (તેના) પોત-પોતાના કર્માનુસાર શરીરથી સંયુક્ત કરીને ફળનો (સુખ-દુઃખનો) ભોગ કરાવે છે. (૨૪)*

સંગતિ : પૂર્વ સૂક્તમાં પ્રતિપાદિત 'અશ્વિનૌ' આદિના અનુષંગી વાયુ આદિ આ સૂક્તમાં પ્રતિપાદિત કરવાથી બાવીસમાં સૂક્તના અર્થની સાથે આ તેવીસમાં સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૨૩)

## સૂક્ત-૨૪

**कस्य॑ नू॒नं क॑त॒मस्या॒मृता॑नां॒ मना॑महे॒ चारु॑ दे॒वस्य॒ नाम॑।**

**को नो॑ म॒ह्या अदि॑तये॒ पुन॑र्दात्पि॒तरं॑ च दृ॒शेयं॑ मा॒तरं॑ च॥ १॥**

પદાર્થ : અમે कस्य-કેવા ગુણ, કર્મ, સ્વભાવયુક્ત कतमस्य-કોઈ અનેક अमृतानाम्-ઉત્પત્તિ અને વિનાશ રહિત અનાદિ મોક્ષ પ્રાપ્ત જીવો તથા જે જગતના કારણ નિત્યના મધ્યમાં વ્યાપક અમૃત સ્વરૂપ અનાદિ તથા એક પદાર્થ देवस्य-પ્રકાશમાન સર્વોત્તમ સુખોના દાતા દેવના નિશ્ચયપૂર્વક चारु-સુંદર नाम-પ્રસિદ્ધ નામને मनामहे-જાણીએ ? नूनम्-નિશ્ચય કરીને कः-કોણ સુખસ્વરૂપ દેવ नः-મોક્ષને

પ્રાપ્ત થયેલ અમને मह्या-મહાન अदितये-કારણરૂપથી નાશ રહિત પૃથિવી પર पुनः-પુનર્જન્મ दात्-આપે છે ? જેથી હું पितरम्-જ पिता च-અને मतारम्-જનક માતા च-અને સ્ત્રી, પુત્ર, બંધુ આદિને दृशेयं- જોવાની ઈચ્છા કરું. (૧)

*ભાવાર્થ : આ મંત્રમાં પ્રશ્ન છે-કોણ એવો પદાર્થ છે, કે જે સનાતન અર્થાત્ અનાદિ પદાર્થોમાં પણ સનાતન અર્થાત અવિનાશી છે, કે જેના અત્યંત ઉત્તમ નામનું સ્મરણ કરીએ, તેને જાણીએ ?*

*કોણ દેવ આ સંસારમાં અમારા માટે કયા કારણથી મોક્ષનું સુખ ભોગવ્યા પછી જન્માન્તરને સંપાદન = તૈયાર કરે છે ?*

*કોણ અમને અમૃત-આનંદ પ્રદાન કરનારી મુક્તિને પ્રાપ્ત કરાવીને પુનઃ માતા-પિતા દ્વારા પુનર્જન્મમાં શરીરને ધારણ કરાવે છે ? (૧)*

**अ॒ग्नेर्व॒यं प्र॑थ॒मस्या॒मृता॑नां मना॑मह॒े चारु॑ दे॒वस्य॒ नाम॑।**

**स नो॑ म॒ह्या अदि॑तये॒ पुन॑र्दात्पि॒तरं॑ च दृ॒शेयं॑ मा॒तरं॑ च॥ २॥**

वयम्-અમે વિદ્વાન સનાનત જીવ જે अग्नेः-જ્ઞાનસ્વરૂપ अमृतानाम्-વિનાશ ધર્મરહિત જગતનું કારણ અથવા મોક્ષને પ્રાપ્ત જીવોમાં प्रथमस्य-અનાદિ, વિસ્તૃત, અદ્વિતીય સ્વરૂપ, देवस्य-સર્વ જગતના પ્રકાશક, સંસારમાં સમસ્ત પદાર્થોના દાતા પરમેશ્વરના चारु-પવિત્ર नाम-નામનું-ગુણોનું ગાન કરવાનું मनामहे-જાણે છે ?

सः-તે જગદીશ્વર જ नः-અમને मह्या-મહાન ગુણથી યુક્ત अदितये-પૃથિવી પર पुनः-પુનર્જન્મ दात्-આપે છે અને જેમાં હું पुनः-ફરી पितरम्-પિતા मातरम्-ગર્ભ ધારણ કરનારી માતા च-અને સ્ત્રી, પુત્ર, બંધુ આદિને પણ दृशेयम्-દેખું છું. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! અમે વિદ્વાનો-જે અનાદિ, અમૃતસ્વરૂપ અને અમારા સર્વના પાપ અને પુણ્યોના અનુસાર ફળોના વ્યવસ્થાપક જગદીશ્વર દેવનો નિશ્ચય કરે =માનીએ છીએ. જેની ન્યાય વ્યવસ્થાની અમે પુનર્જન્મ પ્રાપ્ત કરીએ છીએ; તમે પણ તે જ પરમેશ્વર દેવને પુનર્જન્મના પ્રદાનકર્તા જાણો. એનાથી ભિન્ન અન્ય કોઈ પદાર્થ એ કર્મ કરી શકતો નથી. એ જ મુક્ત જીવોને પણ મહાકલ્પ (મુક્તિ અવધિ) ના અન્તમાં ફરીથી પાપપુણ્યોની સમાનતા થવાના કારણે પિતામાં અને માતામાં મનુષ્ય જન્મ (ધારણ) કરાવે છે. (૨)*

**अ॒भि त्वा॑ देव सवित॒रीशा॑नं॒ वार्या॑णाम्। सदा॑वन्भा॒गमी॑महे॥ ३॥**

પદાર્થ : હે सवितः-પૃથિવી આદિ વા ઉત્પાદક, अवन्-રક્ષા કરનાર, देव-સર્વ આનંદના પ્રદાતા જગદીશ્વર ! અમે वार्याणाम्-સ્વીકાર કરવા યોગ્ય પૃથિવી આદિ પદાર્થો તથા ईशानम्-વિવિધ જગતનું ઈક્ષણ કરનાર અર્થાત્ યથા યોગ્ય વ્યવસ્થા કરનાર भागम्-સર્વત્ર ઉપાસના કરવા યોગ્ય त्वा-આપની सदा-સદા-સર્વકાળમાં अभि + ईमहे-પ્રત્યક્ષ યાચના કરીએ છીએ અર્થાત્ પ્રાર્થના કરીએ છીએ-આપના દ્વારા જ સર્વ પદાર્થો પ્રાપ્ત કરીએ છીએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-તેઓ જે સર્વના પ્રકાશક, સમસ્ત જગતના ઉત્પાદક અને સર્વના રક્ષક જગદીશ્વર દેવ છે, તેની જ સદા ઉપાસના કરવી જોઈએ. તેનાથી ભિન્ન-બીજા કોઈની ઉપાસના કરીને મનુષ્ય ઈશ્વરોપાસનાનું ફળ પ્રાપ્ત કરી શકતો નથી. તેથી એ ઈશ્વરની ઉપાસનાના વિષયમાં તેના સ્થાનમાં કોઈ મનુષ્યે કોઈ અન્ય પદાર્થને સ્થાપિત અર્થાત્ વ્યવસ્થા ન કરવી જોઈએ. (૩)*

यश्चिद्धि तं इत्था भर्गः शशमानः पुरा निदः। अद्वेषो हस्तयोर्दधे॥ ४॥

પદાર્થ : હે જીવ ! જેમ अद्वेषः-સર્વની સાથે મિત્રતાપૂર્વક વર્તનાર દ્વેષાદિથી રહિત હું ઈશ્વર ! इत्था-એ પ્રકાર સુખને માટે यः-જે शशमानः-સ્તુતિ કરવા યોગ્ય, भगः-સેવન કરવા યોગ્ય ધન સમૂહ છે, તેને चित्-સત્કારપૂર્વક ઉત્તમ કર્મ કરનાર ते-તારા જીવને-ધર્માત્માને માટે हि-નિશ્ચયથી हस्तयोः-હસ્તામલક અર્થાત્ હાથમાં આમળાંના ફૂલની સમાન કર્મફળને दधे-ધારણ કરાવું છું, અને જે ( पुरः ) પ્રથમ निदः-સર્વની નિંદા કરનાર છે, તેના हस्तयोः-હાથોથી એ સુખને-ધનસમૂહનો વિનાશ કરું છું, તેમ તું પણ કર. (૪)

*ભાવાર્થ : જેમ હું ઈશ્વર સર્વના નિંદક મનુષ્યને દુઃખ આપું છું અને જે આ સૃષ્ટિમાં ધર્માનુસાર વર્તન-આચરણ કરે છે, તેને સુખ અને વિજ્ઞાન પ્રદાન કરું છું, તેમ તમે સર્વ મનુષ્યો પણ કરો. (૪)*

भर्गभक्तस्य ते वयमुदशेम तवावसा। मूर्द्धानं राय आरभे॥ ५॥

પદાર્થ : હે પરમાત્મન્ ! भगभक्तस्य-સર્વને સેવન કરવા યોગ્ય પદાર્થોને યથાયોગ્ય વિભક્ત કરનાર ते-આપ જગદીશ્વરની કીર્તિને वयम्-ઐશ્વર્યના ઈચ્છુક અમે उदशेम्-ઉત્તમ રીતે પ્રાપ્ત કરીએ, तव-તે માટે अवसा-રક્ષણ આદિ કૃપાદૃષ્ટિથી रायः-પુષ્કળ ધનના मुर्द्धानम्-શ્રેષ્ઠતમ ભાગને પ્રાપ્ત કરીને आरभे-આરંભ કરવા યોગ્ય વ્યવહારોમાં નિત્ય પ્રવૃત્ત થઈએ છીએ. અર્થાત્ તેની પ્રાપ્તિ માટે નિત્ય પ્રયત્ન કરીએ. (૫)

*ભાવાર્થ : મનુષ્યો ઈશ્વરની આજ્ઞાને પ્રાપ્ત કરે છે (પાલન કરે છે), તે જ ઈશ્વર દ્વારા સર્વત્રથી રક્ષણ પામીને, સમસ્ત મનુષ્યોમાં ઉત્તમ ઐશ્વર્યવાન બનીને, પ્રશંસા પ્રાપ્ત કરે છે. કારણ ? એટલા માટે કે તે ઈશ્વર જીવોને તેઓના કર્માનુસાર (ન્યાય વ્યવસ્થાથી) વિભાજન કરીને ફળ આપે છે. (૫)*

नहि ते क्षत्रं न सहो न मन्युं वयश्चनामी पतयन्त आपुः।
नेमा आपो अनिमिषं चरन्तीर्न ये वातस्य प्रमिनन्त्यभ्वम्॥ ६॥

પદાર્થ : હે જગદીશ્વર ! ते-આપ સર્વેશ્વરનાં क्षत्रम्-અખંડ રાજ્યને पतयन्तः-અહીં-તહીં ચલન્ત ઉડતા अमी-આ દશ્ય-અદશ્ય લોક-લોકાન્તર नहि-નહિ आपुः-વ્યાપ્ત થાય છે च-અને न-નહિ वयः-પક્ષીગણ, न-નહિ सहः-ન બળને, न, मन्युम्-ન દુષ્ટ પ્રાણીઓના પ્રત્યે ક્રોધને વ્યાપ્ત કરે છે અને न, इमाः-ન એ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રૂપ अनिमिषम्-નિરંતર चरन्ती-ગતિ કરનાર-વહેનાર आपः-જળ

અથવા પ્રાણ આપના સામર્થ્યને प्रमिनन्ति-પરિમાણ-માપી શકે છે, અને ये-જે वातस्य-વાયુનો વેગ છે, તે પણ આપની સત્તાને न-નહિ प्रमिनन्ति-એ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ પદાર્થ સર્વ આપની अभ्वम्-આપની સત્તાનો નિષેધ કરી શકતા નથી. (૬)

*ભાવાર્થ : ઈશ્વર અનંત સામર્થ્યવાન હોવાથી તેને કોઈ માપી-પરિમાણ કરી શકતા નથી અને કોઈ તેની હિંસા કરી શકતા નથી. આ સમસ્ત લોક ગતિ કરે છે, (પરંતુ) તે ગતિ કરવા છતાં જગદીશ્વર ગતિ-કરતોનથી-ચલાયમાન થતો નથી) કારણ કે તે સર્વત્ર પૂર્ણ છે.*

*એ ઈશ્વરથી ભિન્ન અન્ય કોઈ પદાર્થની ઉપાસના કરવાથી કોઈ જીવને પૂર્ણ = અખંડિત રાજ્ય (સુખ) પ્રાપ્ત થઈ શકતું નથી. તેથી સર્વ મનુષ્યોએ તે અપ્રમેય =અચિંત્ય અને અવિનાશી ઈશ્વરની સદા ઉપાસના કરવી યોગ્ય છે, એમ જાણવું જોઈએ. (૬)*

अबुध्ने राजा वरुणो वनस्योर्ध्वं स्तूपं ददते पूतदक्षः।
नीचीनाः स्थुरुपरि बुध्न एषामस्मे अन्तर्निहिताः केतवः स्युः॥७॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે पूतदक्षः-પવિત્ર બળવાળા राजा-પ્રકાશમાન वरुणः-શ્રેષ્ઠ જળસમૂહ અથવા સૂર્યલોક છે, તે अबुध्ने-અન્તરિક્ષથી અસમાન અર્થાત્ સ્થૂળ પદાર્થમાં वनस्य-સેવન કરવા યોગ્ય સંસારની ऊर्ध्वम्-ઉપર स्तूपम्-પોતાના કિરણ સમૂહને ददते-દે છે = છોડે છે, જેની नीचीनाः-નીચે આવનાર केतवः-કિરણો एषाम्-આ સંસારના પદાર્થો उपरि-ઉપર स्थुः-રોકાય છે = પડે છે, अन्तः-જેના મધ્યમાં निहिताः-વિદ્યમાન જળ स्युः-છે, અને જેની અંદર સ્થિત बुध्नः-મેઘ છે, તે केतवः-કિરણો વા પ્રજ્ઞાન अस्मे-અમારી અંદર સ્થિત થાય છે. તેને યથાવત્ જાણો. (૭)

*ભાવાર્થ : એ સૂર્ય-રૂપરહિત હોવાથી અન્તરિક્ષને પ્રકાશિત કરી શકતો નથી. એટલા માટે એ અન્તરિક્ષની ઉપર-નીચે રહેલ જ્યોતિ = કિરણો છે, તે પણ મેઘને શરણે છે. જે કિરણોમાં જળના પરમાણુઓ રહેલા છે, જેમ તે અતીન્દ્રિય હોવાના કારણે દૃષ્ટિગોચર થતાં નથી, તેમ વાયુ, અગ્નિ અને પૃથિવી આદિના સૂક્ષ્મ અવયવો અન્તરિક્ષમાં રહેલા હોવા છતાં દૃષ્ટિગોચર થતાં નથી-દેખાતાં નથી. (૭)*

उरुं हि राजा वरुणश्चकार सूर्याय पन्थामन्वेतवा उ।
अपदे पादा प्रतिधातवेऽकरुतापवक्ता हृदयाविधश्चित्॥८॥

પદાર્થ : चित्-જેમ अपवक्ता-મિથ્યાવાદી, છળ કરનાર, દુષ્ટ સ્વભાવયુક્ત, પારકાં પદાર્થો હરનાર, हृदयाविधः અન્યાય પૂર્વક પરપીડા કરનાર શત્રુને જેમ દઢ બંધનોથી વશમાં રાખવામાં આવે છે, તેમ वरुणः-અત્યંત શ્રેષ્ઠ પરમેશ્વર અથવા શ્રેષ્ઠતાનું કારણ વાયુ, राजा-જગતને ધારણ કરનાર જગદીશ્વર

અને પ્રકાશમાન પરમેશ્વર અથવા પ્રકાશનો હેતુ વાયુ છે, તેણે सूर्याय-સૂર્યની अन्वेतवै-અનુકૂળ ગતિ કરવા માટે ऊरुम्-વિસ્તારયુક્ત पन्थाम्-માર્ગ चकार-બનાવેલ છે, उत-અને अपदे-જેના કોઈ ચાક્ષુષ ચિન્હ નથી અર્થાત્ पद-ચિન્હ હોતા નથી તે અન્તરિક્ષમાં पादा-ગમના ગમનને प्रतिधातवे-ધારણ કરવા માટે સૂર્યને अकः-બનાવેલ છે. उ-અને એ જ્ઞાતવ્ય છે કે સર્વના ધર્તા એ બ્રહ્મ છે, हि-અને એ ઈશ્વર સર્વના ઉપાસનીય છે, વાયુ સર્વના ઉપયોગને યોગ્ય છે, એમ નિશ્ચય કરવો જોઈએ. (૮)

*ભાવાર્થ : જે પરમેશ્વરે નિશ્ચયથી જે વિશાળ સૂર્યલોકના ભ્રમણ માટે વિશાળ કક્ષાને બનાવી છે, જે વાયુ રૂપ ઈંધન = બળતણથી પ્રદીપ્ત થાય છે; જે એ સર્વ લોક અન્તરિક્ષમાં પોત-પોતાની પરિધિથી યુક્ત છે, કોઈ લોકનો લોકાન્તર = અન્ય કોઈ લોક સાથે સંગ નથી, પરંતુ સર્વ અન્તરિક્ષમાં રહીને પોત-પોતાની પરિધિમાં ભ્રમણ કરે છે.*

*એ સર્વ જે ઈશ્વરનાં તથા વાયુનાં આકર્ષણ તથા ધારણનાં કારણે પોત-પોતાની પરિધિનો ત્યાગ કરી જ્યાં-ત્યાં વિચલિત-ચાલી શકતા નથી. તેથી અન્ય કોઈ પદાર્થ તેને ધારણ કરતા નથી.*

*જેમ પરમેશ્વર અધાર્મિક વક્તા-બોલનાર મનુષ્યનાં હૃદયના વિદારક છે, તેમ રોગયુક્ત પ્રાણ પણ હૃદયને વિદીર્ણ કરનાર છે. તે પરમેશ્વરની સર્વ મનુષ્યોએ ઉપાસના કેમ ન કરવી ? અને પ્રાણનો ઉપયોગ શા માટે ન કરવો ? (અર્થાત્ પરમેશ્વરની ઉપાસના અને પ્રાણનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ.) એમ સર્વેએ જાણવું જોઈએ. (૮)*

**शतं ते राजन्भिषजः सहस्रमुर्वी गभीरा सुमतिष्टे अस्तु।**
**बाधस्व दूरे निर्ऋतिं पराचैः कृतं चिदेनः प्र मुमुग्ध्यस्मत्॥ ९ ॥**

પદાર્થ : राजन्-હે પ્રકાશમાન રાજન અથવા પ્રજાજન ! જે भिषजः-સમસ્ત રોગોનું નિવારણ કરનાર વૈદ્ય ते-આપ રાજા અને પ્રજાજનની शतम्-અસંખ્ય ઔષધ सहस्रम्-અસંખ્ય गभीरा-અગાધ उर्वी-વિસ્તૃત ભૂમિ છે, તું सुमतिः-ઉત્તમ મતિ = વિજ્ઞાનયુક્ત બનીને ( चित् ) જ-નિશ્ચયથી निर्ऋतिम्-તે ભૂમિની રક્ષા કર, દુષ્ટ સ્વભાવવાળા પ્રાણીને દુષ્ટકર્મથી प्रमुमुग्धि-મુક્ત કર-છોડાવ, જે पराचैः-ધર્મથી પરાંગમુખ-અલમ થયેલથી कृतम्-કરેલા एनः-પાપ છે, તેને अस्मत्-અમારાથી दूरे-દૂર રાખ, એ દુષ્ટજનોને તેના કર્માનુસાર ફળ આપીને बाधस्व-એનો દોષોનું નિવારણ કર, અમને શત્રુ, ચોર અને દસ્યુ લોકોના ભય રૂપ પાપથી प्रमुमुग्धि-સમ્યક્ રીતે મુક્ત કર. (૯)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-જે રાજા અને પ્રજાજન પાપ અને સર્વ રોગ નિવારક, પૃથિવીના ધારક, ઉત્તમ બુદ્ધિના પ્રદાતા, ધાર્મિક જનોને બળ પ્રદાન કરીને દુષ્ટજનોનું નિવારણ કરનાર છે, તેનો નિત્ય, સંગ કરવો જોઈએ.*

*કોઈનું (ભૂતકાળમાં કરેલ) પાપ ભોગવ્યા વિના નિવૃત્ત થતું નથી-છૂટતું નથી. તેના નિવારણ માટે પરમેશ્વરને પ્રાર્થના (માંગણી) અથવા પ્રયત્ન કરવો યોગ્ય નથી. (કારણ કે તે પાપ માફ થતું નથી ભોગવવું જ પડે છે.) પરંતુ વર્તમાન કાળમાં જે પાપ કરી રહ્યો છે અથવા ભવિષ્યમાં જે કરશે (તે*

*પાપ ન કરવામાં આવે) તેના નિવારણ માટે પ્રાર્થના, ઉપદેશ પુરુષાર્થ (આવશ્યક) હોય છે. તેમ જાણવું જોઈએ. (૯)*

**अमी य ऋक्षा निहितास उच्चा नक्तं ददृश्रे कुह चिद्दिवेयुः।**
**अदब्धानि वरुणस्य व्रतानि विचाकशच्चन्द्रमा नक्तमेति॥१०॥**

પદાર્થ : અમે પૂછીએ છીએ-अमी-પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ये-જે उच्चाः-ઉપર केन-કોના દ્વારા निहितासः-સ્થાપિત કરેલ-યથા યોગ્ય પોતાની કક્ષામાં રાખેલ ऋक्षाः-સૂર્ય, ચંદ્ર, નક્ષત્રાદિ લોક नक्तम्-રાત્રે ददृश्रे-જોવામાં આવે છે, તેઓ दिवा-દિવસના कुह, चित्-ક્યાં ईयुः-ચાલ્યા જાય છે ?

ઉત્તર : જે वरुणस्यः-જગદીશ્વર અથવા સૂર્યના अदब्धानि-હિંસા રહિત = નાશ ન પામનાર व्रतानि-કર્મ અથવા નિયમથી ઉપર સ્થિત-સ્થાપિત છે. नक्तम्-રાતે विचाकशत्-સારી રીતે પ્રકાશમાન-ચમકતા (ક્યાંય જતા નથી પરંતુ આકાશમાં રહે છે.) चन्द्रमाः-ચંદ્ર આદિ નક્ષત્ર સમૂહ एति-પ્રકાશને પ્રાપ્ત કરે છે, તે ઈશ્વર તેનો રચનાર છે અને તે સૂર્ય તેનો પ્રકાશક છે, એ ઉક્ત પ્રશ્નોના ઉત્તર છે. (૧૦)

*ભાવાર્થ : આ મંત્રમાં પૂર્વાર્ધ દ્વારા પ્રશ્ન અને ઉત્તરાર્ધમાં સમાધાન કરવામાં આવેલ છે. જ્યારે એમ પૂછે, કે એ નક્ષત્રલોક કોણે રચેલ છે અને કોણે ધારણ કરેલ છે ? એ રાતે દેખાય છે, દિવસે દેખાતા નથી અને ક્યાં ચાલ્યા જાય છે ? તો તેનો ઉત્તર નિમ્ન આપવો.-એ સર્વલોક વરુણ =ઈશ્વરે રચેલ અને ધારણ કરેલ છે, તેમાં પોતાનો પ્રકાશ નથી, પરંતુ સૂર્યના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે.*

*એ ક્યાંય ચાલ્યા જતા નથી પરંતુ દિવસે સૂર્યના પ્રકાશથી આચ્છાદિત-ઢંકાયેલા હોવાથી જોવામાં આવતા નથી, રાતે સૂર્યના કિરણોથી પ્રકાશમાન થઈને જોવામાં આવે છે. એ સર્વ ધન્યવાદ આપવા યોગ્ય કર્મ પરમેશ્વરનું જ છે, તેમ જાણવું જોઈએ. (૧૦)*

**तत्त्वा यामि ब्रह्मणा वन्दमानस्तदाशास्ते यजमानो हविर्भिः।**
**अहेळमानो वरुणेह बोध्युरुशंस मा न आयुः प्र मोषीः॥११॥**

**[ઈશ્વર]**

પદાર્થ : હે उरुशंस-સર્વથા પ્રશંસનીય वरुण-જગદીશ્વર ! જે त्वा-આપનો આશ્રય લઈને यजमानः-ત્રણ પ્રકારના યજ્ઞનું અનુષ્ઠાન કરનાર વિદ્વાન हविर्भिः-હવન આદિ સાધનોથી तत्-तत्-તે-તે અત્યંત સુખની आशास्ते-સર્વત્રથી આશા-ઈચ્છા કરે છે, તે-તે અત્યંત સુખની आशास्ते-સર્વત્રથી આશા-ઈચ્છા કરે છે, તે આપ વરુણને પ્રાપ્ત કરવા માટે ब्रह्मणा-વેદ દ્વારા वन्दमान સ્તુતિ-સ્મરણ કરતા તથા अहेडमानः-આપનો અનાદર કે અપમાન ન કરતા હું આપને यामि-પ્રાપ્ત થાઉં છું, કૃપા કરીને મને इह-આ સંસારમાં बोधि-વિદિત થાઓ અને नः-અમારી आयुः-આયુને मा, प्रमोषीः-નષ્ટ ન કરો અર્થાત્ શીઘ્ર મારા આત્મામાં પ્રકાશિત થાઓ. આ મંત્રનો એક અર્થ છે.

**[સૂર્ય]**

તત્-સુખની ઈચ્છા કરતા યજમાનઃ-ત્રણ પ્રકારના યજ્ઞનું અનુષ્ઠાન કરનાર વિદ્વાન જે ઉરુશંસ-અત્યંત પ્રશંસનીય વરુણ-પરમેશ્વરને હવિર્ભિઃ-હવન આદિ સાધનોથી આશાસ્તે-સર્વત્રથી ચાહે છે; જેની બ્રહ્મણા-વેદ દ્વારા વન્દમાનઃ-સ્તુતિ કરતા તથા અહેડમાનઃ-અનાદર ન કરતા ઇહ-આ સંસારમાં તત્-સુખની ઈચ્છા કરતા હું જેને યામિ-પ્રાપ્ત કરુ છું; જેથી એ ઉરુશંસ-અત્યંત પ્રશંસનીય (વરુણ) સૂર્ય અમને બોધિ-વિદિત ગુણવાળો થઈને નઃ-અમારી આયુ-આયુ મા; પ્રમોષીઃ-નષ્ટ ન કરે અર્થાત્ વૃદ્ધિ કરે. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ વેદોક્ત રીતિથી તે પરમેશ્વર અને સૂર્યને વિશેષ રૂપથી જાણીને સુખ પ્રાપ્ત કરવું જોઈએ. કોઈએ પણ પરમેશ્વરનો અને સૂર્યવિદ્યાનો અનાદર ન કરવો જોઈએ. સદા તેણે-(ઈશ્વરે) રચેલ સૂર્ય આદિ પદાર્થોના ગુણોને જાણીને તથા તેનાથી ઉપકાર ગ્રહણ કરીને નિત્ય આયુની વૃદ્ધિ કરવી જોઈએ. (૧૧)*

**तदिन्नक्तं तद्दिवा मह्यमाहुस्तदयं केतो हृद आविचष्टे।**
**शुनःशेपोयमह्वद्गृभीतः सो अस्मान् राजा वरुणो मुमोक्तु ॥१२॥**

પદાર્થ : વિદ્વાનો નક્તમ્-રાત દિવા-દિવસ જે જ્ઞાનનો આહુઃ-ઉપદેશ કરે છે, તત્-તે અને જે મહ્યમ્-વિદ્યા ધનની ઈચ્છા કરનાર મારા માટે હૃદઃ-મન સહિત આત્મામાં કેતઃ-પ્રજ્ઞા વિશેષ યુક્ત-ઉત્તમ બોધ આવિચષ્ટે-સર્વ પ્રકારે વિવિધ રૂપે સત્ય પ્રકાશિત થાય છે, તદિત્-તે વેદ બોધ અર્થાત્ વિજ્ઞાનને જ હું માનું છું, કહું છું અને કરુ છું યમ્-જેનો શુનઃ-શેષઃ-અત્યંત જ્ઞાનવાળા વિદ્યા વ્યવહારને માટે પ્રાપ્ત પરમેશ્વર અથવા સૂર્યનો અહ્વત્-ઉપદેશ કરે છે, જેથી વરુણઃ-શ્રેષ્ઠ રાજા-પ્રકાશમાન પરમેશ્વર અમારી ઉપાસનાને પ્રાપ્ત કરીને અસ્માન્-અમે પુરુષાર્થી અને ધર્માત્માઓને પાપ અને દુઃખોથી મુમોક્તુ-મુક્ત કરે છે. સારી રીતે વિદિત ઈશ્વર અને ઉપયુક્ત સૂર્ય પણ ત્યારે દરિદ્રતાને નષ્ટ કરે છે. સઃ-તે પૂર્વોક્ત વેદ વિદ્યાથી ઉત્પન્ન બોધ અમે ગૃભીતઃ-ગ્રહણ કરેલ છે, જેથી અમે યોગ્ય રીતે તે ઈશ્વરની ઉપાસના અને સૂર્યનો યથાવત્ ઉપયોગ કરીએ. (૧૨)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ એ પ્રકારનો ઉપદેશ કરવો જોઈએ અને માનવું જોઈએ કે વિદ્વાનો વેદ અને ઈશ્વર મને જે જ્ઞાનનો ઉપદેશ કરે છે અને જેનો હું શુદ્ધ બુદ્ધિથી નિશ્ચય કરું છું, તેનો જ મારે સર્વ મનુષ્યોએ સ્વીકાર કરીને પાપ આચરણથી દૂર રહેવું જોઈએ. (૧૨)*

**शुनःशेपो ह्यह्वद् गृभीतस्त्रिष्वादित्यं द्रुपदेषु बद्धः।**
**अवैनं राजा वरुणः ससृज्याद्विद्वाँ अदब्धो वि मुमोक्तु पाशान्॥१३॥**

પદાર્થ : જેમ શુનઃશેપઃ-ઉક્ત ગુણયુક્ત વિદ્વાન ત્રિષુ-કર્મ, ઉપાસના અને જ્ઞાનમાં આદિત્યમ્-

અવિનાશી પરમેશ્વરનું अह्वत्-આહ્વાન કરે છે. તે અને गृभीतः-સ્વીકાર કરેલ ઉક્ત ત્રણે કર્મ, ઉપાસના અને જ્ઞાનને પ્રકાશિત કરાવે છે અને જે द्रुपदेषु-ક્રિયાકુશળતાની સિદ્ધિ માટે વિમાન આદિ સ્તંભમાં बद्धः-નિયમથી યુક્ત કરેલ વાયુ ગ્રહણ કરેલ છે, તેમ તે લોકોએ પણ ગ્રહણ કરવા જોઈએ. જેમ-જેમ ગુણવાળા પદાર્થોને अदब्धः-અતિ પ્રશંસનીય वरुणः-અત્યંત શ્રેષ્ઠ અને राजा-પ્રકાશમાન પરમેશ્વર अवससृज्यात्-પૃથક-પૃથક્ બનાવીને સિદ્ધ કરે છે, તે અમને પણ તેવા ગુણયુક્ત કામોમાં સંયુક્ત કરે.

હે ભગવન્ ! આપ અમારા पाशान्-બંધનોને विमुमोक्तु-વારંવાર છોડાવો. એ જ રીતે અમારી ક્રિયાકુશળતામાં સંયુક્ત કરેલ પ્રાણ આદિ પદાર્થો पाशान्-સમસ્ત દરિદ્રતા રૂપી બન્ધનોને વારંવાર છોડાવી દો અથવા મુક્ત કરો. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ જેમ ઈશ્વરે જે પદાર્થને જે પ્રકારના ગુણયુક્ત બનાવેલ છે, તેમજ તેના ગુણોને જાણીને કર્મ, ઉપાસના અને જ્ઞાનને તેમાં નિયુક્ત કરવા જોઈએ. જેમ પરમેશ્વર ન્યાયયુક્ત કર્મ કરે છે, તેમ જ અમારે પણ આચરણ કરવું જોઈએ. જે પાપમય બંધન કરનારા કર્મો છે, તેનો દૂરથી ત્યાગ કરીને, સદા પુણ્યમય કર્મો કરવા જોઈએ. (૧૩)*

**अव॑ ते॒ हेळो॑ वरुण॒ नमो॑भि॒रव॑ य॒ज्ञेभि॑रीमहे ह॒विर्भिः॑।**

**क्षय॑न्न॒स्मभ्य॑मसुर प्रचेता॒ राज॒न्नेनां॑सि शिश्रथः॒ कृतानि॑॥ १४॥**

પદાર્થ : હે राजन्-પ્રકાશમાન प्रचेतः-અતિ ઉત્તમ વિજ્ઞાનયુક્ત असुर-પ્રાણોમાં રમણ કરનાર, वरुण-અત્યંત પ્રશંસનીય-વરણ કરવા યોગ્ય, अस्मभ्यम्-અમને વિજ્ઞાન પ્રદાન કરનાર ભગવન્ જગદીશ્વર જેથી અમે कृतानि-કરેલ एनांसि-પાપનો क्षयन्-વિનાશ કરતા अवशिश्रयः-પૃથક્ વિજ્ઞાન આદિ દાનથી શિથિલ કરો છો, તેથી અમે नमोभिः-નમસ્કાર, અન્ન અથવા જળ यज्ञेभिः-કર્મ, ઉપાસના અને જ્ઞાનના નિષ્પાદક કર્મ તથા हविभिः-હવન કરવા યોગ્ય શ્રેષ્ઠ પદાર્થોથી ते-આપનો हेडः-નિરાદર अव-ન કદી ईमहे-કરવા જાણીએ અને મુખ્ય પ્રાણની વિદ્યાને ઇચ્છીએ છીએ. (૧૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે રીતે ઈશ્વરરચિત સૃષ્ટિમાં વેદાદિ દ્વારા બતાવેલ જ્ઞાનથી, કરેલ પાપકર્મ ફળના ભોગથી શિથિલ બની જાય છે, તેવું (આચરણ) કરવું જોઈએ.*

*જેમ અજ્ઞાની મનુષ્યને કર્મફળ પીડા આપે છે, તેમ જ્ઞાની મનુષ્યને પીડા દુઃખ આપવામાં સમર્થ બનતું નથી, એમ જાણવું જોઈએ. (૧૪)*

**उदु॑त्त॒मं व॑रुण॒ पाश॑म॒स्मदवा॑ध॒मं वि म॑ध्य॒मं श्र॑थाय।**

**अथा॑ व॒यमा॑दित्य व्र॒ते तवाना॑गसो॒ अदि॑तये स्याम॥ १५॥**

પદાર્થ : હે वरुण-સ્વીકાર કરવા યોગ્ય ઈશ્વર ! આપ अस्मत्-અમારાથી अधमम्-નિકૃષ્ટ मध्यमम्-ઉત્તમ અને મધ્યમની વચ્ચેનું उत्-અને उत्तमम्-અતિ દૃઢ, અત્યંત દુઃખ દેનાર पाशम्-બંધનનો व्यवश्रथाय-દૂરથી વિનાશ કરો, વિશેષરૂપથી શિથિલ કરો, अथ-તદનન્તર-હે आदित्य-વિનાશ રહિત ઈશ્વર ! तव-સત્ય ઉપદેશ કરનાર તથા સર્વના ગુરુ આપના व्रते-સત્યાચરણરૂપી વ્રત કરીને अनागसः-અપરાધ રહિત બનીને वयम्-અમે મનુષ્ય આદિ પ્રાણીઓ अदितये-અખંડ અર્થાત્ વિનાશરહિત સુખને માટે स्याम्-પ્રયત્નશીલ બનીએ. (૧૫)

*ભાવાર્થ : જે મનુષ્ય ઈશ્વરની આજ્ઞાનું યથાવત્ પાલન કરે છે, તે પવિત્ર બનીને સમસ્ત દુઃખરૂપી બંધનથી પૃથક્ થઈને નિત્ય-સુખ પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. (૧૫)*

સંગતિ : તેવીસમાં સૂક્તમાં કહેલ વાયુ આદિ પદાર્થોના સંબંધી પ્રજાપતિ = ઈશ્વર આદિ પદાર્થોના અહીં કથનથી આ ચોવીસમાં સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૨૪)

## સૂક્ત-૨૫

**यच्चिद्धि ते विशो यथा प्र देव वरुण व्रतम्। मिनीमसि द्यविद्यवि॥ १॥**

પદાર્થ : હે देव-સુખ પ્રદાતા वरुण-સર્વોત્તમ જગદીશ્વર ! આપ यथा-જેમ અજ્ઞાનથી કોઈ રાજા અથવા મનુષ્યની विशः-પ્રજા અથવા સંતાનો આદિ द्यविद्यवि-પ્રતિદિન અપરાધ કરે છે, ક્યારેક કાર્યોનો નાશ કરી દે છે; જેમ તેને ન્યાયુક્ત દંડ અથવા તેના પર કરુણા કરે છે, તેમ અમે ते-આપના यत्-જે वृत्तम्-સત્ય આચરણ આદિ નિયમો છે, हि-તેને ક્યારેક प्रमिणीमसि-અજ્ઞાનતાથી ત્યાગ કરીએ છીએ. તેના અમને યથાયોગ્ય ન્યાય અથવા કરુણા चित्-પણ કરો છો. (૧)

*ભાવાર્થ : હે ભગવન્ ! જેમ પિતા આદિ, વિદ્વાન અને રાજા લોકો તુચ્છ બુદ્ધિવાળા તથા ઉન્મત-પાગલ લોકો પર અથવા બાળકો પર કરુણા કરે છે અને તેને ન્યાયયુક્ત શિક્ષા કરે છે, તેમ આપ પણ પ્રતિદિન અમારા ન્યાયાધીશ અને કરુણા કરનાર, શિક્ષક બનો. (૧)*

**मा नो वधाय हत्नवे जिहीळानस्य रीरधः। मा हृणानस्य मन्यवे॥ २॥**

પદાર્થ : હે वरुण-જગદીશ્વર ! આપ-जिहीळानस्य-અજ્ઞાનથી અમારો અનાદર કરનાર મનુષ્યથી हत्नवे-હિંસા-મારવા માટે તથા वधाय-વધ કરવા માટે नः-અમને કદી मा-, रीरधः-પ્રેરિત ન કરો. એજ રીતે हृणानस्य-અપરાધ કરીને અમારી સામે લજ્જિત થનાર ઉપર मन्यवे-ક્રોધ કરવા માટે मा, रीरधः-કદી પ્રવૃત્ત ન કરો. (૨)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ આપે છે કે-હે મનુષ્યો ! જે અલ્પબુદ્ધિ લોકોના અજ્ઞાનથી અપરાધ કરવાથી તેને મારવા-દંડ આપવા પ્રવૃત્તિ ન કરો. જો કોઈ અપરાધ કરીને લજ્જા-શરમ અનુભવે, તો તેના પર ક્રોધ ન કરો. (૨)*

**वि मृळीकाय ते मनो रथीरश्वं न सन्दितम्। गीर्भिर्वरुण सीमहि॥ ३॥**

પદાર્થ : હે वरुण-જગદીશ્વર ! અમે रथीः-રથના સ્વામી सन्दितम्-રથમાં જોડેલ अश्वम्-ઘોડાની

न-સમાન मृळीकाय-ઉત્તમ સુખ માટે ते-આપના मनः-જ્ઞાનને गीर्भिः-પવિત્ર વેદ વાણીઓથી विषीमहि-પોતાના હૃદયમાં પ્રેમપૂર્વક કારાગારમાં ચોર આદિની સમાન બાંધીએ છે. (૩)

*ભાવાર્થ : હે ભગવન્ ! જેમ રથના સ્વામીના નોકર ઘોડાઓને સર્વત્ર બાંધે છે, તેમજ અમે આપને વેદ વિજ્ઞાનને હૃદયમાં સ્થિર કરીએ છીએ. (૩)*

**परा॒हि॒मे॒ विम॑न्यव॒: पत॑न्ति॒ वस्य॑इष्टये। वयो॒ न व॑स॒तीरुप॑॥ ४॥**

પદાર્થ : હે જગદીશ્વર नः-જેમ આપની કૃપાથી वयः-પક્ષીઓ वसतीः-પોતાના માળાઓ છોડીને દૂર સ્થાનોમાં ઉડી જાય છે, તેમ मे-મારા નિવાસથી वस्यइष्टये-અત્યંત ધનની કામના માટે विमन्यवः-વિવિધ અનેક પ્રકારના મન્યુ = ક્રોધ કરનાર દુષ્ટ જનો हि-નિશ્ચયથી परापतन्ति-દૂર ચાલ્યા જાય. (૪)

*ભાવાર્થ : જેમ ઉડાડવામાં આવેલા પાપીઓ દૂર જઈને વાસ કરે છે, તેમજ ક્રોધ કરનાર પ્રાણી મારાથી દૂર વસે-રહે, હું પણ તેનાથી દૂર રહું. જેથી અમારા સ્વભાવમાં વિપરીતતા અને ધનની કદી પણ હાનિ થાય નહિ. (૪)*

**क॒दा क्ष॑त्र॒श्रियं॒ नर॒मा वरु॑णं करामहे। मृ॒ळी॒कायो॑रु॒चक्ष॑सम्॥ ५॥**

પદાર્થ : અમે कदा-ક્યારે मृळीकाय-અત્યંત સુખ માટે उरुचक्षसम्-જેનું વેદો અનેક પ્રકારથી વર્ણન કરે છે, તે नरम्-સર્વને સન્માર્ગ પર લઈ જનાર-ચલાવનાર वरुणम्-પરમેશ્વરનું સેવન-આજ્ઞાપાલન કરીને क्षत्रश्रियम्-ચક્રવર્તી રાજ્ય લક્ષ્મીને करामहे-સર્વત્ર સિદ્ધ કરીએ. (૫)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ પરમેશ્વરની આજ્ઞાનું યથાવત્ પાલન કરીને સર્વ માટે સુખદાયક ચક્રવર્તી રાજ્યનું ન્યાયથી સેવન કરવું જોઈએ. (૫)*

**तदित्स॑मा॒नमा॑शाते॒ वेन॑न्ता॒ न प्र यु॑च्छतः। धृ॒तव्र॑ताय दा॒शुषे॑॥ ६॥**

પદાર્થ : न-જેમ એ બન્ને वेनन्ता-વાદિત્ર = વાજા વગાડનારા प्रयुच्छतः-અત્યંત આનંદિત થાય છે, તેમ मित्रावरुणौ-વાયુ અને સૂર્ય धृतव्रताय-જેણે સત્યભાષણાદિ અને ક્રિયામય વ્રત ધારણ કરેલ છે, તે दाशुषे-દાતા પુરુષને માટે तत्-હવનમાં હોમેલ પદાર્થ = હવિ અથવા વિમાન આદિ રચનાની વિધિને इत्-નિશ્ચય જ समानम्-સમાન રૂપથી आशाते-વ્યાપ્ત કરે છે. (૬)

*ભાવાર્થ : જેમ હર્ષયુક્ત વાદિત્ર = વાજા વગાડવામાં કુશળ બે વ્યક્તિ-વાજાને ગ્રહણ કરીને તેને ચલાવીને-વગાડીને શબ્દ કરે છે-ઝંકૃત કરે છે, તેમ સિદ્ધ કરેલ હવિ = હવનના પદાર્થો વિદ્યાવાન મનુષ્ય દ્વારા તે હોમેલ હવિને તથા વિમાન આદિ વાહનોમાં યથાવત્ પ્રયોગ કરેલ વાયુ અને સૂર્ય ધારણ કરીને તથા ચલાવીને તેને શબ્દાયમાન કરે છે. (૬)*

**वेदा॒ यो वी॒नां प॒दम॒न्तरि॑क्षेण॒ पत॑ताम्। वेद॑ ना॒वः स॑मु॒द्रियः॑॥ ७॥**

પદાર્થ : यः-જે समुद्रियः-અન્તરિક્ષ અથવા જળમય પ્રસિદ્ધ સમુદ્રમાં રહેનાર અર્થાત્ પુરુષાર્થથી યુક્ત વિદ્વાન મનુષ્ય अन्तरिक्षेण-આકાશ માર્ગથી पतताम्-જનાર वीनाम्-વિમાન સર્વલોક, અથવા પક્ષીઓના पदम्-ગન્તવ્ય માર્ગને वेद-જાણે છે, અને સમુદ્રમાં ચાલનારી नावः-નૌકાના पदम्-ગન્તવ્ય માર્ગને वेद-જાણે છે, તે શિલ્પવિદ્યાની સિદ્ધિ કરવામાં સમર્થ બની શકે છે, અન્ય નહિ. (૭)

*ભાવાર્થ : ઈશ્વરે વેદોમાં અન્તરિક્ષ, ભૂમિ અને સમુદ્રમાં ગમન કરવા-જવા માટે જે યાન-વાહનોની વિદ્યાનો ઉપદેશ કરેલ છે, તેને સિદ્ધ કરવા માટે, જે પૂર્ણવિદ્યા, શિક્ષા તથા હસ્તક્રિયા કૌશલથી અતિ નિપુણ મનુષ્ય સિદ્ધ કરવા ઈચ્છે છે, તે જ એ કાર્ય સિદ્ધ કરવામાં સમર્થ બને છે. (૭)*

**वेद मासो धृतव्रतो द्वादश प्रजावतः। वेदा य उपजायते॥ ८॥**

પદાર્થ : यः-જે धृतव्रतः-વ્રત = સત્ય, નિયમ, વિદ્યા અને બળને ધારણ કરનાર વિદ્વાન છે, તે प्रजावतः-જેમાં અનેક પ્રજા અથવા સંસારી પદાર્થો ઉત્પન્ન થાય છે. તે द्वादशः-બાર मासः-ચૈત્ર આદિ મહિનાઓને તથા उपजायते-તેમાં તેરમો અધિક માસ ઉત્પન્ન થાય છે અને જે કંઈ અન્ય ઉત્પન્ન થાય છે તે સર્વને वेद-જાણે છે, તે કાળના સર્વ અવયવોને જાણીને ઉપકાર કરનાર હોય છે. (૮)

*ભાવાર્થ : જેમ ઈશ્વર સર્વજ્ઞ હોવાથી સર્વના આધાર રૂપ કાળચક્રને જાણે છે, તેમ (મનુષ્યોએ) સર્વ લોકો અને કાળની મહિમાને જાણીને, કદી એના એક કણ સમાન ક્ષણને પણ વ્યર્થ જવા દેવી નહિ. (૮)*

**वेद वातस्य वर्त्तनिमुरोर्ऋष्वस्य बृहतः। वेदा ये अध्यासते॥ ९॥**

પદાર્થ : જે મનુષ્ય ऋष्वस्य-સર્વત્ર ગતિશીલ उरोः-અત્યંત ગુણવાન बृहतः-મહાન બળવાન वातस्य-વાયુના वर्त्तनिम्-માર્ગને वेद-જાણે છે અને ये-જે પદાર્થ એમાં अध्यासते-એ વાયુના આધારથી સ્થિત છે, તે પણ वर्त्तनिम्-માર્ગને वेद-જાણે છે, તે નિશ્ચય રૂપથી ભૂગોળ અને ખગોળના ગુણોના જ્ઞાતા-જાણનાર બની જાય છે. (૯)

*ભાવાર્થ : જે મનુષ્ય અગ્નિ આદિ પદાર્થોના પરિમાણ = માપ તથા ગુણોથી મહાન અને સર્વનો આધાર (જે) વાયુ છે, તેના કારણને, ઉત્પત્તિને અને ગમન-આગમનના માર્ગને તથા જે તેમાં સ્થૂળ-સૂક્ષ્મ પદાર્થ છે, તેને પણ યથાર્થ રૂપમાં જાણીને, તેના દ્વારા ઉપકાર ગ્રહણ કરીને અને કરાવીને કૃતકૃત્ય થાય છે, તે આ સંસારમાં ગણનાપાત્ર વિદ્વાન બને છે. તેમ જાણવું જોઈએ. (૯)*

**नि षसाद धृतव्रतो वरुणः पस्त्या३स्वा। साम्राज्याय सुक्रतुः॥ १०॥**

પદાર્થ : જેમ જે धृतव्रतः-સત્યાચરણયુક્ત सुक्रतुः-ઉત્તમ ક્રતુ = કર્મ અથવા પ્રજ્ઞાવાન-બુદ્ધિયુક્ત. वरुणः-શ્રેષ્ઠ વિદ્વાન-સભા અને સોમનો સ્વામી पस्त्यासु-શ્રેષ્ઠતમ ઘર આદિ પદાર્થોથી યુક્ત પ્રજાઓમાં

साम्राज्याय-ચક્રવર્તી રાજ્યને કરવાની યોગ્યતાથી યુક્ત મનુષ્ય आनिषसाद-સારી રીતે સ્થિત બને છે, તેમ અમે પણ બનીએ. (૧૦)

*ભાવાર્થ : જેમ પરમેશ્વર સર્વ પ્રજાઓના સમ્રાટ છે, તેમ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરનાર અને ધાર્મિક વિદ્વાન શરીરબળ અને બુદ્ધિબળથી સંયુક્ત હોય છે, તેજ સામ્રાજ્ય કરી શકે છે. (૧૦)*

**अतो विश्वान्यद्भुता चिकित्वाँ अभि पश्यति। कृतानि या च कर्त्वा॥ ११॥**

પદાર્થ : જે કારણે જે चिकित्त्वान्-સર્વને ચેતાવનાર, ધાર્મિક, સમસ્ત વિદ્યાઓના જ્ઞાતા, ન્યાય કરનાર વિદ્વાન મનુષ્ય, या-જે विश्वानि-સર્વ कृतानि-પોતે કરેલા च-અને कर्त्त्वा-અને કરવા યોગ્ય કર્મો-કર્તવ્ય છે, અને अद्भुतानि-આશ્ચર્યરૂપ વસ્તુઓને अभिपश्यति-સર્વત્રથી દેખે છે, अतः-એ કારણે તે ન્યાયાધીશ બનવાને યોગ્ય હોય છે. (૧૧)

*ભાવાર્થ : જેમ ઈશ્વર સર્વ શક્તિમાન અને સર્વવ્યાપક હોવાથી સૃષ્ટિ રચના આદિ આશ્ચર્યરૂપ (કર્મ) કરીને, વસ્તુઓની રચના કરીને અને જીવોના ત્રણે કાળોનાં કર્મોને જાણીને, તેને તે-તે કર્માનુસાર ફળ આપી શકે છે; એ જ રીતે જે વિદ્વાન મનુષ્ય પૂર્વકાળ-ભૂતકાળના વિદ્વાનોના કર્મોને જાણીને, કરવા યોગ્ય કર્મો કરવામાંજ તત્પર થાય છે, તે સર્વના યથાર્થ દ્રષ્ટા બનીને, સર્વના ઉપકારક અત્યુત્તમ કર્મ કરીને સર્વને ન્યાય કરી શકે છે. (૧૧)*

**स नो विश्वाहा सुक्रतुरादित्यः सुपथा करत्। प्र ण आयूंषि तारिषत्॥ १२॥**

પદાર્થ : જેમ आदित्यः-અવિનાશી પરમેશ્વર, પ્રાણ અથવા સૂર્ય विश्वाहा-પ્રતિદિન-સર્વદિવસ नः-અમને सुपथा-ઉત્તમ માર્ગમાં ચલાવે છે, नः-અમારી आयूंषि-જીવનોને प्रतारिषत्-સુખની સાથે પરિપૂર્ણ करत्-કરે છે, તેમ જ सुक्रतुः-ઉત્તમ જ્ઞાન અને શ્રેષ્ઠ કર્મવાળા आदित्यः-વિદ્યા, ધર્મ પ્રકાશિત ન્યાયકારી મનુષ્ય विश्वाहा-સર્વ દિવસોમાં नः-અમને सुपथा-ઉત્તમ માર્ગ करत्-ચલાવે, नः-અમારી आयूंषि-આયુ-જીવનને प्रतारिषत्-સુખથી પરિપૂર્ણ કરે. (૧૨)

*ભાવાર્થ : જે મનુષ્ય બ્રહ્મચર્ય દ્વારા જિતેન્દ્રિયતા આદિથી આયુની વૃદ્ધિ કરીને, ધર્મ માર્ગ પર ચાલે છે, તેને જગદીશ્વર કૃપા કરીને, આનંદયુક્ત કરે છે. જેમ એ પ્રાણ અને સૂર્ય પોતાના બળ અને તેજથી ઊંચા-નીચા સ્થાનોને પ્રકાશિત કરીને, પ્રાણીઓને સુખી કરીને સમસ્ત દિવસ-રાત આદિ કાળ વિભાગોને વિભક્ત કરે છે, તેમ જ પોતાના આત્મા, શરીર અને સેનાના બળથી ધર્મયુક્ત સાધારણ, મધ્યમ અને ઉત્તમ કર્મોનો પ્રચાર કરીને, અધર્મયુક્ત કર્મોનું નિવારણ-દૂર કરીને, ઉત્તમજનોનો અને નીચ મનુષ્યોના સમૂહોનો વિભાગ કરે. (૧૨)*

**बिभ्रद्द्रापिं हिरण्ययं वरुणो वस्त निर्णिजम्। परि स्पशो नि षेदिरे॥ १३॥**

પદાર્થ : જે આ वरुणः-વાયુ અથવા સૂર્યમાં स्पशः-સ્પર્શવાન અર્થાત્ સ્થૂળ-સૂક્ષ્મ સર્વ પદાર્થો निषेदिरे-સ્થિત થાય છે, એ બન્ને निर्णिजम्-શુદ્ધ हिरण्ययम्-જ્યોતિર્મય પદાર્થોને बिभ्रत्-ધારણ કરીને द्रापिम्-બળ, તેજ અને નિદ્રાને परि + वस्त-સર્વત્રથી વ્યાપ્ત કરીને જીવોના જ્ઞાનને આચ્છાદિત કરે

છે-ઢાંકી દે છે, તેમ निर्णिजम्-શુદ્ધ हिरण्ययम्-જ્યોતિર્મય પ્રકાશયુક્તને बिभ्रत्-ધારણ કરીને द्रापिम्-નિદ્રા આદિના હેતુ રાત્રિનું परिवस्त-નિવારણ કરીને પોતાના તેજથી સર્વને આચ્છાદિત કરે છે-ઢાંકી દે છે. (૧૩)

*ભાવાર્થ : જેમ વાયુ બળકારી હોવાથી અગ્નિ આદિ સમસ્ત સ્થૂલ અને સૂક્ષ્મ પદાર્થોને ધારણ કરીને આકાશમાં ગમનાગમન કરાવીને (તેને) ચલાવે છે. (દેશાન્તરમાં પહોંચાડે છે.)*

*જેમ સૂર્યલોક પ્રકાશસ્વરૂપ હોવાથી રાત્રિના અંધકારનું નિવારણ કરીને પોતાના તેજથી પ્રકાશ કરે છે, તેમ જ સર્વ મનુષ્યો સુશિક્ષાના બળથી સર્વ મનુષ્યોને ધારણ કરીને (સ્વયં) ધર્મ માર્ગમાં આવાગમન કરીને અન્યોને પણ ધર્મમાં આવાગમન કરાવે છે. (૧૩)*

**न यं दिप्सन्ति दिप्सवो न द्रुह्वाणो जनानाम्। न देवमभिमातयः॥१४॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે जनानाम्-વિદ્વાન્, ધાર્મિક મનુષ્ય આદિ પ્રાણીઓના दिप्सवः-મિથ્યા અભિમાન અને મિથ્યા વ્યવહારને ઇચ્છનાર શત્રુ यम्-જે देवम्-દિવ્ય ગુણો પરમેશ્વર અથવા વિદ્વાનનો न, दिप्सन्ति-વિરોધ ન ઇચ્છે द्रुह्वाणः-દ્રોહ કરનાર જેનાથી દ્રોહ न-ઇચ્છે નહિ, તથા જેની સાથે अभिमातयः-અભિમાની મનુષ્ય न-અભિમાનથી વર્તે નહિ, તે દિવ્યગુણોથી, તથા ઉપાસના કરવા પરમેશ્વર અને સંગતિ કરવા યોગ્ય વિદ્વાનોને સર્વે જાણો. (૧૪)

*ભાવાર્થ : જે હિંસક, પરદ્રોહથી યુક્ત, અભિમાની લોકો છે, તેઓ વિદ્યાથી હીન હોવાના કારણે પરમેશ્વરના અથવા વિદ્વાનોના ગુણોને જાણીને (તેનાથી) ઉપકાર ગ્રહણ કરી શકતા નથી. તેથી સર્વ મનુષ્યોએ એ પરમેશ્વર અને વિદ્વાનોના ગુણ,કર્મ અને સ્વભાવોથી અનુરૂપ સદા વર્તવું કે રહેવું જોઈએ. (૧૪)*

**उत यो मानुषेष्वा यशश्चक्रे असाम्या। अस्माकमुदरेष्वा॥१५॥**

પદાર્થ : यः-જે અમારી उदरेषु-અંદર उत-અને બહાર પણ असामि-પૂર્ણ यशः-પ્રશંસા યોગ્ય કર્મને आचक्रे-સર્વ રીતે કરે છે, જે मानुषेषु-જીવો અને જડ પદાર્થોમાં સર્વથા કીર્તિને પ્રકાશિત કરે છે, તે વરુણ = જગદીશ્વર અથવા વિદ્વાન સર્વ મનુષ્યોને ઉપાસનીય અને સેવનીય કેમ ન હોય ? (૧૫)

*ભાવાર્થ : જે સૃષ્ટિકર્તા, અન્તર્યામી જગદીશ્વરના દ્વારા પરોપકાર માટે તથા જીવોને તેના કર્માનુસાર ફળોનો ભોગ કરાવવા માટે સમસ્ત સંસાર પ્રત્યેક કલ્પમાં રચવામાં આવે છે, જેની સૃષ્ટિમાં બહારનો અને અંદરનો વાયુ સંપૂર્ણ ચેષ્ટાનો હેતુ છે અને (જેના આશ્રયથી) વિદ્વાન લોકો વિદ્યાના પ્રકાશન અને અવિદ્યાના વિનાશન (ના રૂપમાં) પ્રયત્નશીલ રહે છે, જે સર્વ ધન્યવાદનું કર્મ, તે પરમેશ્વરનું જ છે, એમ સર્વ મનુષ્યોએ જાણવું જોઈએ. (૧૫)*

**परा मे यन्ति धीतयो गावो न गव्यूतीरनु। इच्छन्तीरुरुचक्षसम्॥१६॥**

પદાર્થ : જેમ गव्यूतिः-પોતાના સ્થાનમાં इच्छन्तीः-જવાની ઇચ્છા કરતી गावः-ગાય આદિ પશુ જાતિની न-સમાન मे-મારી धीतयः-કર્મની વૃત્તિઓ उरुचक्षसम्-અનેક વિજ્ઞાનયુક્ત મને परायन्ति-સારી રીતે પ્રાપ્ત થાય છે, તેમ સ્વ કર્તાઓને તેના કરેલા કર્મો પ્રાપ્ત થાય છે એમ જાણવું જોઈએ. (૧૬)

*ભાવાર્થ : મનુષ્યોએ એવો નિશ્ચય કરવો જોઈએ, કે જેમ ગાય આદિ પશુઓ પોતાના વેગ અનુસાર દોડીને અભીષ્ટ સ્થાન પર જઈને થાકી જાય છે, તેમ જ મનુષ્ય પોતાના બુદ્ધિ બળ અનુસાર પરમેશ્વરના અથવા સૂર્ય આદિના ગુણોનું અન્વેષણ કરીને તથા બુદ્ધિ અનુસાર તેને જાણીને થાકી જાય છે.*

*કોઈ પણ મનુષ્યથી બુદ્ધિનો અથવા શરીરનો વેગ અપરિમિત હોઈ શકતો નથી. જેમ પક્ષી પોતાના બળ અનુસાર આકાશમાં ઉડતા હોય છે, (છતાં પણ) તેનો અન્ત કોઈ પણ આવતો નથી, તેમ કોઈ પણ મનુષ્ય વિદ્યા વિષયના અન્તને પામી શકતો નથી. (૧૬)*

**सं नु वोचावहै पुनर्यतो मे मध्वाभृतम्। होतेव क्षदसे प्रियम्॥ १७॥**

પદાર્થ : यतः-જેથી અમે આચાર્ય અને શિષ્ય બન્ને होतेव-જેમ યજ્ઞ કરાવનાર વિદ્વાન नु-પરસ્પર क्षदसे-અવિદ્યા રૂપ રોગથી ઉત્પન્ન દુઃખ અંધકારના વિનાશક બળની પ્રાપ્તિ માટે आभृतम्-વિદ્વાનોના ઉપદેશથી જે ધારણ કરવામાં આવે છે, તે યજમાનને प्रियम्-પ્રિય સંપાદન કરવા સમાન मधु-મધુર ગુણ વિશેષ વિજ્ઞાનનો वोचावहै-નિત્ય ઉપદેશ કરે, તેથી मे-મારી અને તારી पुनः-ફરી-વારંવાર, વિદ્યાની વૃદ્ધિ થાય. (૧૭)

*ભાવાર્થ : જેમ હોતા અને યજમાન પ્રીતિપૂર્વક પરસ્પર મળીને હવન આદિ કાર્યને પૂર્ણ કરે છે, તેમ અધ્યાપક અને અધ્યેતા = શિષ્ય મળીને સર્વ વિદ્યાઓને પ્રકાશિત કરે. આ રીતે સર્વ મનુષ્યોએ નિત્ય પ્રયત્ન કરવો જોઈએ કે જેથી "અમારી વિદ્યાવૃદ્ધિ થઈને અમે સર્વ સુખોને પ્રાપ્ત કરી શકીએ." (૧૭)*

**दर्शं नु विश्वदर्शतं दर्शं रथमधि क्षमि। एता जुषत मे गिरः॥ १८॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે अधिक्षमि-જે ઉત્તમ અને નિકૃષ્ટ વાતોના ક્ષમા વ્યવહારમાં સ્થિત થઈને विश्वदर्शतम्-સર્વ વિદ્વાનોની જ્ઞાન દૃષ્ટિથી જોવા યોગ્ય પરમેશ્વરને दर्शम्-વારંવાર જોવા માટે रथम्-રમણીય વિમાન આદિ વાહનોને नु-પણ दर्शम्-પુનઃ પુનઃ જોઈને સિદ્ધ કરવા માટે मे-મારી (વેદ વિદ્યાની) गिरः-વાણીઓનું जुषत-નિત્ય સેવન કરો. (૧૮)

*ભાવાર્થ : જે કારણે ક્ષમા આદિ ગુણોથી યુક્ત મનુષ્યો-પ્રશ્ન-ઉત્તર વ્યવહારના અનુષ્ઠાન વિના ઈશ્વર અને શિલ્પવિદ્યાથી સિદ્ધ થનાર યાન-વિમાનાદિ વાહનોને જાણી શકતા નથી અને તેમાં જે ગુણો છે, તેને પણ (જાણી શકતા નથી.) તેથી તેને જાણવાનો સદા પ્રયત્ન કરવો જોઈએ. (૧૮)*

**इमं मे वरुण श्रुधी हवमद्या च मृळय। त्वामवस्युरा चके॥ १९॥**

પદાર્થ : હે वरुण-સર્વોત્કૃષ્ટ જગદીશ્વર અથવા વિદ્વાન્ ! अद्य-આજ अवस्युः-મારી રક્ષા અને વિજ્ઞાનનો ઇચ્છુક હું-त्वाम्-આપની आचके-સર્વત્રથી પ્રશંસા કરું છું. આપ मे-મારી કરવામાં આવેલી हवम्-ગ્રહણ કરવા યોગ્ય સ્તુતિ સમૂહને श्रुधि-સાંભળો, च-અને મને मृळय-વિદ્યાદાનથી સુખી કરો. (૧૯)

*ભાવાર્થ : જેમ પરમેશ્વર ઉપાસકો દ્વારા સાચા પ્રેમથી કરવામાં આવેલી સ્તુતિને પોતાના સર્વજ્ઞતાથી સુખ પ્રદાન કરે છે, તેમ જ (સ્તુતિવાળા) વિદ્વાનોએ પણ કરવું જોઈએ. (અર્થાત્ વિદ્વાનોએ પણ ધાર્મિક મનુષ્યોની યોગ્ય પ્રશંસાને સાંભળીને સુખપ્રદાન કરવું. જોઈએ. (૧૯)*

**त्वं विश्वस्य मेधिर दिवश्च ग्मश्च राजसि। स यामनि प्रति श्रुधि॥२०॥**

પદાર્થ : હે મેધિર-હે અત્યંત મેધાવી = બુદ્ધિમાન વરુણ-વિદ્વાન ત્વમ્-આપ જેમ જગદીશ્વર દિવઃ-પ્રકાશમાન સૂર્ય આદિ ચ-તથા અન્ય સર્વ લોક-લોકાન્તર ગ્મઃ-પ્રકાશરહિત પૃથિવી આદિ વિશ્વસ્ય-સર્વ જગત = લોકોની મધ્યમાં યામનિ-જે-જે કાળમાં જીવોનું આવાગમન થાય છે, તેમાં પ્રકાશિત થઈ રહેલ છે. સઃ-અમારી સ્તુતિઓને સાંભળીને આનંદ પ્રદાન કરે છે, તેમ આ સંસારના મધ્યમાં રાજસિ-પ્રકાશો અને અમારી સ્તુતિઓનું પ્રતિશ્રુધિ-પ્રેમથી શ્રવણ કરો. (૨૦)

*ભાવાર્થ : જેમ પરબ્રહ્મ-ઈશ્વરે સર્વ જગતના એક પ્રકાશમાન સૂર્ય આદિ અને બીજો પ્રકાશિત પૃથિવી આદિ બે ભેદ કરેલ છે. જે એ બન્નેની ઉત્પત્તિ અને વિનાશરહિત કાળ છે, તેમાં પણ વ્યાપ્ત રહેલ (ઈશ્વર) સર્વ પ્રાણીઓની સંકલ્પરૂપમાં ઉત્પન્ન થયેલી વાતોનું શ્રવણ કરે છે, તેથી કોઈએ કદી પણ અધર્મ કરવાની કલ્પના ન કરવી જોઈએ. આ રીતે સર્વ મનુષ્યોએ સમજીને તદનુસાર આચરણ કરવું જોઈએ. (૨૦)*

**उदुत्तमं मुमुग्धि नो वि पाशं मध्यमं चृत। अवाधमानि जीवसे॥२१॥**

પદાર્થ : હે અવિદ્યા-અંધકાર વિદારક-વિનાશક ઈશ્વર ! આપ કરુણા કરીને નઃ-અમારા જીવસે-ચિર જીવને માટે ઉત્તમમ્-શ્રેષ્ઠ મધ્યમમ્-મધ્યમ દુઃખરૂપી પાશમ્-બંધનોને ઉન્મુમુગ્ધિ-ઉત્તમ રીતે મુક્ત કરો, તથા અધમાનિ-જે અમારા દોષરૂપી નિકૃષ્ટ બંધનો છે, તેનો પણ વ્યવચૃત-વિનાશ કરો.-વિવિધ પ્રકારથી નષ્ટ કરો. (૨૧)

*ભાવાર્થ : જેમ (જે) ધાર્મિક, પરોપકારી વિદ્વાન લોકો પ્રાર્થના કરે છે, તેના સર્વ દુઃખરૂપી બંધનોનું નિવારણ કરીને-દૂર કરીને તેના સર્વ દુઃખરૂપી બંધનોનું નિવારણ કરીને-દૂર કરીને જગદીશ્વર તેને સુખી કરે છે, તેમ અમે પણ તેનું અનુકરણ કે આચરણ કેમ ન કરીએ ? (૨૧)*

સંગતિ : ચોવીસમાં સૂક્તમાં પ્રતિપાદિત પ્રાજાપત્ય આદિ અર્થોની મધ્યમાં જે 'વરુણ' શબ્દ છે, તેના અર્થના કથનની પૂર્વ સૂક્તના અર્થની સાથે આ પચ્ચીસમાં સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૨૫)

## સૂક્ત-૨૬

**वसिष्वा हि मियेध्य वस्त्राण्यूर्जां पते। सेमं नो अध्वरं यज॥१॥**

પદાર્થ : હે ऊर्जाम्-બળ, પરાક્રમ અને અન્ન આદિ પદાર્થોના पते-પાલક, मियेध्य-અગ્નિ દ્વારા અન્તરિક્ષમાં પદાર્થોનો પ્રક્ષેપ-ફેલાવનાર વિદ્વાન્ ! આપ वस्त्राणि-કપાસ, ઊન અને રેશમના વસ્ત્રોને वसिष्व-ધારણ કરો. सः-આપ हि-નિશ્ચયથી नः-અમને इमम्-એ પ્રત્યક્ષ अध्वरम्-ત્રણે પ્રકારના યજ્ઞોમાં यज-સંમિલિત થાઓ. (૧)

*ભાવાર્થ : યજમાન મનુષ્યે અનેક હસ્તક્રિયાઓને પ્રત્યક્ષ કરેલા વિદ્વાનોનું વરણ કરીને, તેનો સત્કાર કરીને અનેક કાર્યો સિદ્ધ કરીને, સુખને પ્રાપ્ત કરે અને કરાવે. કોઈ પણ મનુષ્ય ઉત્તમ-પુરુષોના સંપર્ક-સંગ વિના કોઈ પણ વ્યાવહારિક અને પારમાર્થિક કાર્ય સિદ્ધ કરી શકતો નથી. (૧)*

**नि नो होता वरेण्यः सदा यविष्ठ मन्मभिः। अग्ने दिवित्मता वचः ॥ २ ॥**

પદાર્થ : હે यविष्ठ-અત્યંત બળવાન अग्ने-વિજ્ઞાનાદિ પ્રસિદ્ધ સ્વરૂપવાળા યજમાન ! જે मन्मभिः-જેનાથી પદાર્થ જાણી શકાય છે, તે વિવિધ પુરુષાર્થથી યુક્ત वरेण्यः-વરણ-સ્વીકાર કરવા યોગ્ય होता-સુખના દાતા પુરુષ છે, તે नः-અમારી दिवित्मता-પ્રકાશને દીપ્ત કરનાર પોતાના પ્રશસ્ત ગુણોથી वचः-વાણીને यज-સિદ્ધ કરે છે તેનો सदा-નિત્ય સંગ કરવો જોઈએ. (૨)

*ભાવાર્થ : મનુષ્યે સજ્જનોના સંગથી સમસ્ત કામનાઓની સિદ્ધિ કરવી જોઈએ. તેના વિના કોઈપણ મનુષ્ય સુખી થઈ શકતો નથી. (૨)*

**आ हि ष्मा सूनवे पितापिर्यजत्यापये। सखा सख्ये वरेण्यः ॥ ३ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ पिता-પાલન કરનાર પિતા सूनवे-પોતાના સંતાનોને માટે, सखा-મિત્રને તથા आपिः-સુખ આપનાર વિદ્વાન आयये-શ્રેષ્ઠ ગુણોમાં વ્યાપક વિદ્યાર્થીને માટે आयजति-સારી રીતે યત્ન કરે છે, તેમ પરસ્પર ઉત્તમ પ્રીતિથી કાર્યોને સિદ્ધ કરીને हि-નિશ્ચયથી स्म-વર્તમાનમાં ઉપકાર માટે તમે સંઘટિત થાઓ. (૩)

*ભાવાર્થ : જેમ સંતાનોને સુખ આપનાર કૃપાલુ પિતા, મિત્રોને સુખ આપનાર મિત્ર અને વિદ્યાર્થીને વિદ્યા આપનાર વિદ્વાન અનુકૂળ વ્યવહાર કરે છે, તેમ જ સર્વ મનુષ્યોએ સર્વના ઉપકાર માટે નિરંતર પ્રયત્ન કરવો જોઈએ, એમ ઈશ્વરનો ઉપદેશ છે. (૩)*

**आ नो बर्हीरिशादसो वरुणो मित्रो अर्यमा। सीदन्तु मनुषो यथा ॥ ४ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! यथा-જેમ रिशादसः-દુષ્ટોને મારનાર, वरुणः-સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ मित्रः-સર્વના મિત્ર अर्यमा-ન્યાયકારી मनुषः-સભ્ય મનુષ્ય नः-અમને बर्हिः-સમસ્ત સુખોને આપનાર આસન પર બેસે છે, તેમ આપ પણ બેસો. (૪)

**पूर्व्य होतरस्य नो मन्दस्व सख्यस्य च। इमा उषु श्रुधी गिरः ॥ ५ ॥**

પદાર્થ : હે पूर्व्य-પૂર્ણ વિદ્વાનોના મિત્ર होतः-હોતા અથવા યજમાન = યજ્ઞ કરનાર અથવા કરાવનાર

વિદ્વાન્ ! આપ नः-અમારા अस्य-એ सख्यस्य-મિત્ર કર્મની मन्दस्व-ઈચ્છા કરો, उ-નિશ્ચય છે કે અમારી इमाः-એ જે પ્રત્યક્ષ गिरः-વેદ વિદ્યાથી સંસ્કાર = પવિત્ર કરેલી વાણી છે, તેને सुश्रुधि-ઉત્તમ રીતે શ્રવણ કરો અને શ્રવણ કરાવો. (૫)

*ભાવાર્થ : મનુષ્ય-સર્વ મનુષ્યોમાં મિત્રતા કરીને સુશિક્ષા અને વિદ્યાનું અધ્યયન કરીને-શ્રવણ કરીને, વિચારીને વિદ્વાન્ બને. (૫)*

**यच्चिद्धि शश्वता तना देवंदेवं यजामहे। त्वे इद्धूयते हविः॥६॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે यत्-જેથી એ शश्वाता-અનાદિ तना-વિસ્તૃત કારણથી इत-જ ઉત્પન્ન છે. એથી તે देवंदेवम्-પ્રત્યેક વિદ્વાન અથવા પૃથિવી આદિ દિવ્ય ગુણોથી યુક્ત પ્રત્યેક પદાર્થને चित्-પણ यजामहे-સંગ અર્થાત્ સિદ્ધ કરે છે, त्वे-તેમાં हि-જ हविः-હવન કરવા યોગ્ય દ્રવ્ય हूयते-નાખવામાં આવે છે,-તેમ તમે પણ કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-વિદ્વાનોનો સંગ કરીને, આ જગતમાં જેટલા દૃશ્ય અને અદૃશ્ય પદાર્થો છે, તે સર્વ અનાદિ અતિ વિસ્તૃત કારણથી ઉત્પન્ન થાય છે, એમ જાણવું જોઈએ. (૬)*

**प्रियो नो अस्तु विश्पतिर्होता मन्द्रो वरेण्यः। प्रियाः स्वग्नयो वयम्॥७॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ स्वग्नयः-ઉત્તમ સુખકારક અગ્નિનું સંપાદન કરનાર અમે प्रियाः-રાજાને પ્રિય છીએ, જેમ होता-યજ્ઞ-કરનાર, કરાવનાર, मन्द्रः-સ્તુતિને યોગ્ય ધર્માત્મા, वरेण्यः-સ્વીકાર કરવા યોગ્ય વિદ્વાન विश्पतिः-પ્રજાના પાલક અર્થાત્ સભાપતિ રાજા नः-અમને प्रियाः-પ્રિય છે, તેમ અન્ય મનુષ્ય પણ પ્રિય બને. (૭)

*ભાવાર્થ : જેમ અમે સર્વની સાથે સૌહાર્દ = મિત્રતાપૂર્વક વ્યવહાર કરીએ છીએ અને અમારી સાથે સર્વ મિત્રતાપૂર્વક કરે છે, તેમ તમે પણ વ્યવહાર કરો. (૭)*

**स्वग्नयो हि वार्यं देवासो दधिरे च नः। स्वग्नयो मनामहे॥८॥**

પદાર્થ : જેમ स्वग्नयः-ઉત્તમ અગ્નિયુક્ત, देवासः-દિવ્યગુણયુક્ત વિદ્વાન च-અથવા પૃથિવી આદિ પદાર્થો नः-અમારા માટે वार्यम्-સ્વીકાર કરવા યોગ્ય પદાર્થોને दधिरे-ધારણ કરે છે, તેમ અમે પણ स्वग्न्यः-અગ્નિના ઉત્તમ અનુષ્ઠાન-તેજથી યુક્ત થઈને તેથી સમૂહને मनामहे-જાણીએ છીએ, તેમ તમે પણ જાણો. (૮)

*ભાવાર્થ : મનુષ્યને યોગ્ય છે કે-આ સંસારમાં ઈશ્વરે જેટલા પદાર્થો ઉત્પન્ન કરેલ છે-રચેલ છે, તેના વિશિષ્ટ જ્ઞાનને માટે વિદ્યા પ્રાપ્ત કરીને કાર્યની સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. (૮)*

**अथा न उभयेषाममृत मर्त्यानाम्। मिथः सन्तु प्रशस्तयः॥९॥**

પદાર્થ : હે अमृत-અવિનાશી સ્વરૂપ જગદીશ્વર ! આપની કૃપાથી જેમ ઉત્તમ ગુણ, કર્મના ગ્રહણ

કરવાથી अथ-અનન્તર नः-અમે લોકોમાં જે વિદ્વાન અને મૂર્ખ છે उभयेषाम्-તે બન્ને પ્રકારના मर्त्यानाम्-મનુષ્યોની मिथः-પરસ્પર સંસારમાં प्रशस्तयः-પ્રશંસા सन्तु-થાય, તેમ સર્વ મનુષ્યોની પણ થાય, તેવી અમે પ્રાર્થના કરીએ છીએ. (૯)

*ભાવાર્થ : જ્યાં સુધી મનુષ્યો રાગ, દ્વેષને છોડીને પરસ્પરને માટે વિદ્યા, શિક્ષા અને પુરુષાર્થ દ્વારા પ્રશસ્ત = ઉત્તમ કર્મ કરતા નથી, ત્યાં સુધી તેઓને સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. તેથી સર્વ મનુષ્યોએ પરમેશ્વરની આજ્ઞામાં રહીને-આજ્ઞાનું પાલન કરીને સર્વેનું નિત્ય હિત સિદ્ધ કરવું જોઈએ. (૯)*

विश्वेभिरग्ने अग्निभिरिमं यज्ञमिदं वचः। चनो धाः सहसो यहो॥ १०॥

પદાર્થ : હે यहो-શિલ્પકાર્યમાં કુશળના સંતાન કાર્યરૂપ અગ્નિને ઉત્પન્ન કરનાર अग्ने-વિદ્વાન ! જેમ આપ સર્વ સુખોને માટે सहसः-પોતાના બળસ્વરૂપથી विश्वेभिः-સર્વ अग्निभिः-વિદ્યુત્, સૂર્ય અને પ્રસિદ્ધ કાર્યરૂપ એ ત્રણે અગ્નિઓથી इमम्-એ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ यज्ञम्-સંસારના વ્યવહારરૂપ યજ્ઞ અને इदम्-અમે કહેલા वचः-વિદ્યાયુક્ત પ્રશંસાના વાક્ય-વચન चनः-ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય-ચાર પ્રકારના અન્નને धाः-ધારણ કરેલ છે, તેમ તું પણ સદા ધારણ કર. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ પોતાના સંતાનોને એ રીતે નિત્ય સચેત-જ્ઞાન કાર્યમાં યુક્ત કરવા જોઈએ, કે જે કારણરૂપ અગ્નિ નિત્ય છે, તેના દ્વારા ઈશ્વરીય રચનાનુસાર વિદ્યુત્ આદિ રૂપવાળા કાર્યો ઉત્પન્ન થાય છે, ફરી તેના દ્વારા જઠર = ઉદરના અગ્નિ રૂપ અનેક કાર્ય (સંપન્ન) થાય છે.*

*એ સર્વ અગ્નિઓને કારણરૂપ (અગ્નિ) જ ધારણ કરે છે, જેટલા પણ અગ્નિના કાર્યો છે, તે વાયુના કારણે થાય છે અને સમસ્ત સંસાર તથા ત્યાં રહેલા પદાર્થોને ધારણ કરે છે. અગ્નિ અને વાયુ વિના કદી કોઈ પણ વસ્તુનું ધારણ થવું સંભવ નથી. (૧૦)*

સંગતિ : પૂર્વ સૂક્તો 'વરુણ' અર્થનો આ સૂક્તમાં પ્રતિપાદિત અગ્નિનો અનુસંગી = સહાયક હોવાથી પૂર્વ સૂક્તના અર્થની સાથે આ છવીસમાં સૂક્તની સંગતિ જાણવી જોઈએ. (૨૬)

## સૂક્ત-૨૭

अश्वं न त्वा वारवन्तं वन्दध्या अग्निं नमोभिः। सम्राजन्तमध्वराणाम्॥ १॥

પદાર્થ : અમે नमोभिः-નમસ્કાર, સ્તુતિ અને અન્ન આદિ પદાર્થોની સાથે वारवन्तम्-ઉત્તમ કેશ વાળી યુક્ત अश्वम्-વેગવાન ઘોડાઓની न-સમાન अध्वराणम्-રાજ્યપાલન, અગ્નિહોત્રથી લઈને શિલ્પ પર્યન્ત યજ્ઞોમાં सम्राजन्तम्-પ્રકાશમાન त्वा-આપ વિદ્વાનની वन्दध्यै-સ્તુતિ કરવા માટે પ્રવૃત્ત થઈને સેવા કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : જેમ વિદ્વાન પોતાની વિદ્યા આદિ ગુણોથી પોતાના રાજ્યમાં પ્રકાશિત થાય છે, તેમ પરમેશ્વર પોતાના સર્વજ્ઞતા આદિ ગુણોથી સર્વત્ર પ્રકાશમાન છે. (૧)*

स घा नः सूनुः शर्वसा पृथुप्रगामा सुशेवः। मीढ्वाँ अस्माकं बभूयात्॥ २॥

પદાર્થ : જે सूनुः-ધર્માત્મા સુપુત્ર शवसा-પોતાના પુરુષાર્થ બળ આદિ ગુણથી पृथुप्रगामा-પૃથુ = અત્યંત વિસ્તૃત વિમાનાદિ રથો-વાહનોથી ઉત્તમ ગમન કરનાર मीढ्वान्-યોગ્ય સુખને સીંચનાર છે, તે नः-અમારા પુરુષાર્થીજનોના घ-જ ઉત્તમ કર્મથી ધર્મ અને શિલ્પ કાર્યોને કરનાર बभूयात्-થાય. (૨)

*ભાવાર્થ : જેમ વિદ્યા અને સુશિક્ષાથી ધાર્મિક વિદ્વાન પુત્ર અનેક અનુકૂળ કાર્ય કરીને પિતા આદિના સુખોને નિત્ય સિદ્ધ કરે છે, તેમજ અનેક ગુણોથી યુક્ત એ અગ્નિ વિદ્યા અનુસાર સમ્યક્ પ્રયોગ કરવાથી અમારા સમસ્ત સુખોને સિદ્ધ કરે છે. (૨)*

स नो दूराच्चासाच्च नि मर्त्यादघायोः। पाहि सदमिद्विश्वायुः॥ ३॥

પદાર્થ : विश्वायुः-જેના દ્વારા વિશ્વ = સંપૂર્ણ આયુ સુખથી પ્રાપ્ત થાય છે. सः-તે જગદીશ્વર અથવા ભૌતિક અગ્નિ अघायोः-જે પાપ કરવાની ઈચ્છા કરે છે, તે मर्त्यात्-મનુષ્ય-શત્રુજનોથી दूरात्-દૂર અને आसात्-સમીપથી नः-અમારી અને અમારું सदः-સર્વ સુખ રહેનાર શિલ્પ વ્યવહાર અથવા દેહ આદિની निपाहि-નિરંતર રક્ષા કરે છે. (૩)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા ઉપાસના કરેલ ઈશ્વર અથવા ઉત્તમ રીતે સેવા કરેલા વિદ્વાન યુદ્ધમાં શત્રુઓથી રક્ષા કરનાર અને રક્ષાનું કારણ બનીને, શરીર આદિ તથા વિમાનાદિની રક્ષા કરીને અમારા માટે સંપૂર્ણ આયુને સિદ્ધ કરે છે-આપે છે. (૩)*

इममू षु त्वमस्माकं सनिं गायत्रं नव्यांसम्। अग्ने देवेषु प्र वोचः॥ ४॥

પદાર્થ : હે अग्ने-અનંત વિદ્યામય જગદીશ્વર ! त्वम्-સર્વ વિદ્યાઓનો ઉપદેશ કરનાર અને સર્વ મંગલ પ્રદાન કરનાર આપ જેમ સૃષ્ટિની આદિમાં देवेषु-પુણ્યાત્મા અગ્નિ, વાયુ, આદિત્ય અંગિરા નામક મનુષ્યો (ઋષિઓ)ના આત્મામાં नव्यांसम्-અત્યંત નવીન કરાવનાર गायत्रम्-ગાયત્રી આદિ છંદોથી યુક્ત सुसनिम्-જેમાં સર્વ પ્રાણીઓ સુખોનું સેવન કરે છે તે ચાર વેદોનો प्रवोचः-ઉપદેશ કરેલ છે અને હવે પછીના કલ્પો-કલ્પોમાં ફરી (ઉપદેશ) કરશો તે (જ્ઞાન)નો વિવિધ પ્રકારથી अस्माकम्-અમારા આત્માઓમાં सु-સમ્યક્ રીતે (ઉપદેશ) કરો. (૪)

*ભાવાર્થ : હે જગદીશ્વર ! આપે જેમ બ્રહ્મા (અગ્નિ) આદિ મહર્ષિઓ અને ધાર્મિક વિદ્વાનોના આત્મામાં સત્ય જ્ઞાનને (વેદ દ્વારા) પ્રકાશિત કરીને તેઓને પરમ સુખ પ્રદાન કરેલ છે, તેમ અમારા આત્માઓમાં (એ પ્રકારનું) જ્ઞાન પ્રકાશિત કરો, જેથી અમે વિદ્વાન બનીને શ્રેષ્ઠ ધર્મ કાર્યોને સદા કરતા રહીએ.*

*મંત્રના મૂળ પદ देवेषु-ના ભાષ્યમાં સ્વામીજીએ સૃષ્ટિની આદિમાં અગ્નિ આદિ ચાર મહર્ષિઓના આત્મામાં વેદોનું જ્ઞાન પ્રકાશિત કરેલનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. પરંતુ ભાવાર્થમાં 'ब्रह्मादीनां महर्षीणाम्' પાઠાન્તર મળે છે. જ્યારે શ્રીસુદર્શનદેવકૃત 'ઋગ્વેદ ભાષ્ય-ભાસ્કર'માં 'यथाऽगन्यादीनां महर्षीणाम्'*

*પાઠ મળે છે. જેથી અગ્નિ આદિ મહર્ષિઓ એ પાઠ પદાર્થનાં ભાષ્યની સુસંગત જણાતા મેં અનુવાદમાં કૌંસમાં (अग्नि) પદ મૂકેલ છે. (૪)*

**आ नो॑ भज पर॒मेष्वा वाजे॑षु मध्य॒मेषु॑। शिक्षा॑ वस्वो॒ अन्त॑मस्य॥५॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ परमेषु-ઉત્તમ मध्यमेषु-મધ્યમ આનંદ પ્રદાન કરનાર वाजेषु-સુખ પ્રાપ્તિવાળા યુદ્ધોમાં અથવા ઉત્તમ અન્નાદિ તથા अन्तमस्य-જે સર્વ દુઃખોનો અન્ત કરનાર-પ્રત્યક્ષ સુખ પ્રાપ્તિવાળા યુદ્ધના મધ્યમાં नः-અમને आशिक्ष-સર્વ વિદ્યાઓનો ઉપદેશ કરો, એજ રીતે અમારા वस्वः-ધન આદિ શ્રેષ્ઠ પદાર્થોનો आभज-સારી રીતે સ્વીકાર કરો. (૫)

*ભાવાર્થ : એ રીતે જે ધાર્મિક અને પુરુષાર્થી મનુષ્યોના દ્વારા સેવન કરેલ વિદ્વાન (હોય, તે) સર્વ વિદ્યાઓને પ્રાપ્ત કરીને તે મનુષ્યોને નિમ્ન ભેદથી ત્રણ પ્રકારના ભોગ, લોક અને મનુષ્યો છે, તેમાંથી યથામતિ = બુદ્ધિ અનુસાર મનુષ્યોને વિદ્યા આપવી જોઈએ. (૫)*

**वि॒भ॒क्तासि॑ चित्रभानो॒ सिन्धो॑रू॒र्मा उ॑पा॒क आ। स॒द्यो दा॒शुषे॑ क्षरसि॥६॥**

પદાર્થ : જેમ હે चित्रभानो-અદ્‌ભુત વિજ્ઞાનાદિ દીપ્તિયુક્ત અર્થાત્ વિવિધ વિદ્યાયુક્ત વિદ્વાન્ ! આપ सिन्धोः-સમુદ્રના ऊर्मौ-તરંગોમાં જળના બિંદુકણોની સમાન સર્વ પદાર્થ વિદ્યાને विभकता-પૃથક્ પૃથક્ કરનાર असि-છો, दाशुषे-વિદ્યાનું ગ્રહણ અને અનુષ્ઠાન કરનાર મનુષ્યને માટે उपाके-સમીપ-સત્ય ઉપદેશથી બોધોની सद्यः-શીઘ્ર आक्षरसि-સર્વત્રથી વર્ષા કરો છો, તેથી આપ ભાગ્યશાળી વિદ્વાન અમારા દ્વારા સત્કાર કરવા યોગ્ય છો. (૬)

*ભાવાર્થ : જેમ સમુદ્રના જળકણ પૃથક્ થઈને આકાશમાં પહોંચીને (ફરી) એકત્રિત થઈને વરસે છે, તેમ વિદ્વાન વિદ્યાઓ દ્વારા સર્વ પદાર્થોને વિભક્ત કરીને, એને વારં-વાર મનુષ્યોના આત્માઓમાં પ્રકાશિત કરે છે; તેમ અમે પણ શા માટે ન કરીએ ? (૬)*

**यम॑ग्ने पृ॒त्सु मर्त्य॒मवा॒ वाजे॑षु॒ यं जु॒नाः। स यन्ता॒ शश्व॑ती॒रिषः॥७॥**

પદાર્થ : હે अग्ने-પોતાના બળ અને તેજથી પ્રકાશમાન જગદીશ્વર ! આપ यम्-જે ધાર્મિક શૂરવીર मर्त्यम्-મનુષ્યની पृत्सु-સેનાઓમાં अवाः-રક્ષા કરો છો; અને यम्-જે યોદ્ધાઓને वाजेषु-સંગ્રામોમાં जुनाः-પ્રેરિત કરો છો, જે આપ એ शास्वतीः-અનાદિ સ્વરૂપવાળી इषः-કર્મનીય પ્રજાની નિરંતર રક્ષા કરો છો, એ કારણે सः यन्ता-આપ અમારા શત્રુઓને વશ કરનારા બનો, એ રીતે અમે પ્રતિજ્ઞા કરીએ છીએ. (૭)

*ભાવાર્થ : જેમ જગદીશ્વર જ અનાદિકાળથી વર્તમાન (સુધીની) પ્રજાની રક્ષા, રચના અને વ્યવસ્થા કરનાર છે, તેમ જે મનુષ્ય એ સર્વવ્યાપક, સર્વત્રથી રક્ષક પરમેશ્વરની ઉપાસના કરીને તે અનુસાર આચરણ કરે છે, તેને કદીપણ પીડા (થતી નથી) અને પરાજય પામતા નથી. (૭)*

नकिरस्य सहन्त्य पर्येता कयस्य चित्। वाजो अस्ति श्रवाय्यः॥८॥

પદાર્થ : હે सहन्त्य-સહનશીલ વિદ્વાન ! नकिः-જે ધર્મની મર્યાદાનું ઉલંઘન ન કરનાર पर्येता-સર્વ પર કૃપા કરનાર આપ यस्य-એ સેનાધ્યક્ષ कयस्य-યુદ્ધ કરનાર અને શત્રુઓને પરાજિત કરનાર ધાર્મિક શૂરવીર પુરુષના श्रवाय्यः-શ્રવણ કરવા યોગ્ય वाजः-સંગ્રામ अस्ति-હોય છે તેને સર્વ અભીષ્ટ પદાર્થ આપો, એ કાર્યને માટે અમે આપને નિયુક્ત કરીએ છીએ.

*ભાવાર્થ : જેમ કોઈપણ વિદ્વાનો અનંત શુભ ગુણયુક્ત, પૂર્ણતયા ન જાણવા યોગ્ય, જેનું ઉલંઘન-અતિક્રમણ કરી શકાતું નથી, તે પરમેશ્વરનું ઉલંઘન અથવા તેનું પરિમાણ = માપ કરી શકતા નથી.*

*જેનું સમસ્ત વિજ્ઞાન ભ્રાન્તિરહિત છે, એવી જે મનુષ્યની પ્રવૃત્તિ છે, તેને સર્વ મનુષ્યોએ રાજ્ય કાર્યનો અધિપતિ = રાજા સ્થાપિત કરવો જોઈએ. (૮)*

स वाजं विश्वचर्षणिरर्वद्भिरस्तु तरुता। विप्रेभिरस्तु सनिता॥९॥

પદાર્થ : જે विश्वचर्षणिः-સર્વ મનુષ્યોના રક્ષક, वाजम्-સંગ્રામ અર્થાત્ શત્રુના કારણે દુઃખોને तरुता-પાર લઈ જનાર सनिता-જ્ઞાન અને સુખનો विप्रेभिः-બુદ્ધિ ચાતુર્યયુકત પુરુષ = મેધાવી નર अर्वद्भिः-સેનાના ઘોડા આદિ અંગો સહિત હોય અમને वाजम्-યુદ્ધમાં વિજયની પ્રાપ્તિ અને શત્રુઓનો પરાજય કરનાર સેનાપતિ હોય તેજ અમારી મધ્યમાં સેનાસ્વામી अस्तु-બને. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ (એવો નિશ્ચય કરવો જોઈએ કે-) જે સર્વ દુઃખોને પાર પહોંચાડનાર, યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરાવનાર, યુદ્ધમાં નિપુણ અને ધાર્મિક વિદ્વાન હોય, તે જ અમારો સેનાપતિ બની શકે. (૯)*

जराबोध तद्विविड्ढि विशेविशे यज्ञियाय। स्तोमं रुद्राय दृशीकम्॥१०॥

પદાર્થ : હે जराबोध-જરા = ગુણોની સ્તુતિથી જેનો બાધ થાય-પ્રકાશિત થાય, એવા સેનાપતિ ! આપ જેથી विशेविशे-પ્રાણી માત્રને માટે, यज्ञियाय-યજ્ઞ કર્મને યોગ્ય, रुद्राय-દુષ્ટોને રડાવનારને માટે સર્વ પદાર્થોને પ્રકાશિત કરનાર दृशीकम्-દર્શનીય स्तोतम्-સ્તુતિ સમૂહ-ગુણકીર્તનને विविड्ढि-વ્યાપ્ત કરે છે, तत्-એથી અમારા માનનીય છે. (૧૦)

*ભાવાર્થ : ધનુર્વેદને જાણનારના ગુણોનું શ્રવણ કર્યા વિના, એ ધનુર્વેદ = યુદ્ધ વિદ્યાનું જ્ઞાન સંભવ નથી. જે પ્રજાના સુખને માટે તીક્ષ્ણ સ્વભાવવાળા, શત્રુઓનાં બળનું હરણ કરનાર, ભૃત્યો-નોકરોને સુશિક્ષિત કરીને તેની રક્ષા કરે છે અર્થાત્ તેને રાખે છે, તે જ પ્રજાપાલક = રાજા બની શકે છે. (૧૦)*

स नो महां अनिमानो धूमकेतुः पुरुश्चन्द्रः। धिये वाजाय हिन्वतु॥११॥

પદાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-જે धूमकेतुः-જેનો ધૂમકેતુ = ધ્વજા સમાન છે, पुरुश्चन्द्रः-ઘણા જ પ્રાણીઓને આનંદ આપનાર છે, अनिमानः-જેનું નિમાન = પરિમાણ કે માપ નથી, महान्-જે મહાન

ગુણોથી યુક્ત ભૌતિક અગ્નિ છે, સઃ-તે ધિયે-ઉત્તમ કર્મ તથા વાજાય-વિજ્ઞાનરૂપ વેગની પ્રાપ્તિ માટે નઃ-અમને હિન્વતુ-તૃપ્ત કરે છે-એટલા માટે એને સિદ્ધ કરે. (૧૧)

*ભાવાર્થ : જે સર્વ શ્રેષ્ઠ અનિમાન = કોઈથી પણ માપ કરવા અયોગ્ય, સર્વાધાર, સર્વાનંદપ્રદ અને વિજ્ઞાન ધન જગદીશ્વર છે, જેણે મહાન ગુણોથી યુક્ત અગ્નિ બનાવેલ છે, તે (પરમેશ્વર) જ અમને સુકર્મ અને શુદ્ધ વિજ્ઞાનમાં પ્રેરિત કરો. (૧૧)*

**स रे॒वाँ इ॑व वि॒श्पति॒र्दैव्यः॑ के॒तुः शृ॑णोतु नः। उ॒क्थैर॒ग्निर्बृ॒हद्भा॑नुः॥१२॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ જે દૈવ્યઃ-દેવો અર્થાત્ વિદ્વાનોમાં કુશળ, કેતુઃ-રોગો દૂર કરવામાં કારણ વિશ્પતિઃ-પ્રજાનું પાલન કરનાર, બૃહદ્ભાનુઃ-મહાન પ્રકાશયુક્ત, રેવાન્ ઇવ-પુષ્કળ ધનવાનની સમાન અગ્નિઃ-સુખોને પ્રાપ્ત કરાવનાર અગ્નિ = ઈશ્વર છે, તેને ઉક્થૈઃ-વેદોક્ત સ્તોત્રોથી શૃણોતુ-શ્રવણ કરો તથા નઃ-અમને શ્રવણ કરાવો-સંભળાવો. (૧૨)

*ભાવાર્થ : જેમ પૂર્ણ ધનવાન વિદ્વાન-મનુષ્ય ધન અને ભોગોથી સર્વ મનુષ્યોને સુખયુક્ત કરે છે, સર્વની વાતો પ્રીતિપૂર્વક સાંભળે છે, તેમ જગદીશ્વર પણ પ્રેમથી કરેલી સ્તુતિને સાંભળીને તેને સદા સુખી કરે છે. (૧૨)*

**नमो॑ म॒हद्भ्यो॒ नमो॑ अर्भ॒केभ्यो॒ नमो॒ युव॑भ्यो॒ नम॑ आशि॒नेभ्यः॑।**
**यजा॑म दे॒वान्यदि॑ श॒क्नवा॑म॒ मा ज्याय॑सः॒ शंस॒मा वृ॑क्षि देवाः॥१३॥**

પદાર્થ : હે દેવાઃ-સર્વ વિદ્યાઓને પ્રકાશિત કરનારા વિદ્વાનો ! અમે મહદ્ભ્યઃ-પૂર્ણ વિદ્યાયુક્ત વિદ્વાનોને માટે નમઃ-સત્કાર અથવા અન્ન યજામ-કરીએ અથવા આપીએ; એ રીતે અર્ભકેભ્યઃ-અલ્પ ગુણવાળા વિદ્યાર્થીઓને નમઃ-પ્રીણન = તૃપ્તિ, યુવભ્યઃ-યુવાવસ્થાવાળા બળવાન વિદ્યાર્થીઓને નમઃ-સત્કાર અને આશિનેભ્યઃ-સમસ્ત વિદ્યાઓમાં વ્યાપક વૃદ્ધ વિદ્વાનોને નમઃ-સેવા આપતા અમે યદિ-સામર્થ્ય અનુકૂળ વિચારથી શક્નવામ્-સમર્થ હોય, તો જ્યાયસઃ-વિદ્યા આદિ ઉત્તમ ગુણોથી અત્યંત પ્રશંસનીય દેવાન્-વિદ્વાનોને આયજામ-સર્વત્રથી વિદ્યાવાન કરીએ, એ રીતે પ્રત્યેક જન શંસમ્-તેની સ્તુતિ-પ્રશંસાને મા, વૃક્ષિ-કદી ન છોડીએ, અર્થાત્ સદા સ્તુતિ કરીએ. (૧૩)

*ભાવાર્થ : આ સંસારમાં મનુષ્યોએ નમ્રતા પ્રાપ્ત કરીને સર્વનો અન્ન આદિથી સત્કાર કરવો જોઈએ, એવો ઈશ્વર ઉપદેશ આપે છે. પોતાનું જેટલું સામર્થ્ય હોય, તેટલો વિદ્વાનોનો સંગ અને સત્કાર નિત્ય કરવો જોઈએ. તેઓની નિંદા કદી પણ ન કરવી જોઈએ. (૧૩)*

સંગતિ : પૂર્વ સૂક્તમાં અગ્નિનું વર્ણન છે, વિદ્વાનો જ તેને જાણનારા હોય છે, એ વિષયનું આ સૂક્તમાં વર્ણન કરવાથી છવીસમાં સૂક્તના અર્થની સાથે આ સત્તાવીસમાં સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૨૭)

## સૂક્ત-૨૮

**यत्र ग्रावा॑ पृथुबु॑ध्न ऊ॒र्ध्वो भव॑ति॒ सोत॑वे।**

**उ॒लूख॑लसुताना॒मवे॒द्विन्द्र जल्गुलः॥ १॥**

પદાર્થ : હે इन्द्र-ઐશ્વર્યની પ્રાપ્તિ માટે યજ્ઞ કર્મ કરનાર મનુષ્ય ! તું यत्र-જે યજ્ઞાદિ વ્યવહારોમાં पृथुबुध्नः-જેનું મૂળ-જડ ભાગ મોટો છે તથા જે ऊर्ध्वः-ભૂમિથી થોડો ઊંચો રહેનાર ग्रावा-પથ્થર અને મુસળ सोतवे-અન્નાદિ ખાંડવા માટે भवति-યુક્ત કરે છે, તેમાં उलूखलसुतानाम्-ઉલૂખ = ખાંડણિયામાં મુશળ = સ્તંબલાથી ખાંડેલા પદાર્થોને ગ્રહણ કરીને તેની સદા ઉત્તમતાથી રક્ષા કર. उ-યુક્તિપૂર્વક તે ખાંડિયાણામાં ધાન્ય સિદ્ધ કરવા માટે जल्गुलः-તેને વારંવાર ખાંડ્યા કર. (૧)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ આપે છે કે-હે મનુષ્યો ! તમે લોકો જવ આદિ ઔષધિઓ = અન્નોના તુષ = ફોતરા આદિ સારહીન ભાગના નિવારણ અને સાર ભાગના ગ્રહણ માટે એક સ્થૂળ પથ્થરની વચ્ચે યથાયોગ્ય ખાડો કરીને અર્થાત્ ખાંડણિયો બનાવીને ભૂમિમાં સ્થાપિત કરો, તેને ભૂમિના તળિયાથી થોડો ઊંચો રાખો જેથી ધાન્યનો સાર ભાગ સારી રીતે કાઢી શકાય. તે (ખાંડણિયા)માં જવ આદિ નાખીને મુસળથી તેને ખાંડીને ધમાધમ શબ્દ કરો. (૧)*

**यत्र॑ द्वावि॑व ज॒घना॑धिषव॒ण्या॑ कृ॒ता। उ॒लूख॑लसुताना॒मवे॒द्विन्द्र जल्गुलः॥ २॥**

પદાર્થ : હે इन्द्र-અન્તઃકરણ અને બહિષ્કરણ રૂપ = અંદર અને બહારના શરીરાદિ સાધનોથી ઐશ્વર્યવાન વિદ્વાન્ ! તું यत्र-જે વ્યવહારમાં द्वौ-બે जघना-જાંઘોની इव-સમાન વિસ્તૃત अधिषवण्या-સારી રીતે અથવા અસાર ભાગ અલગ કરવાના પાત્ર અર્થાત્ પથ્થરની મોટી શિલા कृता-બનેલ હોય છે, તેને ઠીક કરીને उलूखलसुतानाम्-ખાંડણિઆથી શુદ્ધ કરેલ પદાર્થોના સારને अव-પ્રાપ્ત કર. उ-અને યુક્તિપૂર્વક इत्-તે ખાંડણિયાને જ जल्गुलः-વારંવાર ખાંડ્યા કર. (૨)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે કે-જેમ બે જાંઘોથી ચાલવાથી ક્રિયા કરવામાં આવે છે, તેમ પથ્થરની એક મોટી શિલા નીચે રાખવા માટે અને બીજો શિલાખંડ ઉપર, હાથથી પીસવા માટે બનાવવો જોઈએ. એ બન્ને શિલાઓથી ઔષધિઓ = અન્નોને પીસીને યથાયોગ્ય ભોજન પદાર્થોને તૈયાર કરીને અને મુસળ સમાન બીજું સાધન (યુક્તિથી-ચક્કી-ઘંટી) બનાવવું જોઈએ. (૨)*

**यत्र॒ नार्य॑पच्य॒वमु॑पच्य॒वं च॒ शिक्ष॑ते। उ॒लूख॑लसुताना॒मवे॒द्विन्द्र जल्गुलः॥ ३॥**

પદાર્થ : હે इन्द्र-ઇન્દ્રિયોના સ્વામી જીવ ! તું यत्र-જે કર્મમાં ઘરની મધ્યમાં नारी-સ્ત્રીઓ કામ કરનારી પોતાની સંગિની સ્ત્રીઓને માટે उलूखल-सुतानाम्-ઉક્ત ખાંડણિયાથી સિદ્ધ કરેલ પદાર્થોને अपच्यवम्-ત્યાગ = નાખવાની उपच्यवम्-પ્રાપ્તિ = કાઢવાની च-અને કાર્ય કરવાની શિક્ષા આદિને शिक्षते-શીખે છે, તે કર્મમાં એ સર્વ કાર્યને उ-જિજ્ઞાસાપૂર્વક इत्-જ अव-જાણ, जल्गुलः-સાંભળ અને

એ વિદ્યાઓનો ઉપદેશ કર. (૩)

*ભાવાર્થ : ભોજન આદિ કાર્ય સિદ્ધ કરનારી એ ખાંડણિયા-મુસળ આદિની વિદ્યા ગૃહ-સંબંધી કાર્યની સાધિકા છે, તેથી સ્ત્રીઓએ તેને સ્વયં ગ્રહણ કરવી જોઈએ, તથા અન્યોને ગ્રહણ કરાવવી જોઈએ. જ્યાં ભોજન-પાકક્રિયા કરવામાં આવે છે, ત્યાં એ સાધનો સ્થાપિત કરવા જોઈએ. તેના (ખાંડણિયા-ઘંટી) વિના ખાંડવું અને પીસવું વગેરે ક્રિયા સિદ્ધ થઈ શકતી નથી. (૩)*

**यत्र मन्थां विबध्नते रश्मीन्यमितवा इव।**

**उलूखलसुतानामवेद्विन्द्र जल्गुलः ॥ ४ ॥**

પદાર્થ : હે इन्द्र-સુખના અભિલાષી વિદ્વાન તથા રસનું સેવન કરનાર જીવ ! તું रश्मीन्-इव-જેમ यमितवै-સૂર્ય પોતાના કિરણોને અથવા સારથી જેમ ઘોડા આદિ પશુઓની રસીઓ-દોરીઓને यत्र-જે ક્રિયાથી સિદ્ધ થનાર વ્યવહારમાં मन्थाम्-ઘૃત આદિ પદાર્થોને કાઢવા માટે મન્થન (વલોણા)ને સારી રીતે બાંધે છે, ત્યાં उलूखलसुतानाम्-ખાંડણિયાથી સિદ્ધ કરેલ પદાર્થોને अव-તેવી રીતે સિદ્ધ કરવાની ઇચ્છા કર. च-અને इत्-એ વિદ્યાનો जल्गुलः-યુક્તિપૂર્વક ઉપદેશ કર. (૪)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ આપે છે કે-હે વિદ્વાનો ! જેમ સૂર્ય કિરણોથી ભૂમિને આકર્ષણ દ્વારા બાંધે છે અને જેમ સારથી લગામથી ઘોડાઓને નિયંત્રિત કરે છે; તેમ મંથન, બંધન અને ચાલનની વિદ્યાથી દૂધ આદિથી અને ઔષધિઓથી માખણ આદિને તથા રસોને યુક્તિપૂર્વક સિદ્ધ = તૈયાર કરો. (૪)*

**यच्चिद्धि त्वं गृहेगृह उलूखलक युज्यसे।**

**इह द्युमत्तमं वद जयतामिव दुन्दुभिः ॥ ५ ॥**

પદાર્થ : હે उलूखलक-ખાંડણિયાથી વ્યવહાર લેનાર વિદ્વાન્ ! તું यत्-જે કારણે हि-પ્રસિદ્ધ-નિશ્ચયપૂર્વક गृहेगृहे-પ્રત્યેક ઘરમાં युज्यसे-ઉક્ત = ખાંડણિયાની વિદ્યાને મુક્ત કરે છે, તે તું इह-આ સંસાર, ગૃહ અથવા સ્થાનમાં जयताम्-શત્રુઓને જીતનારના दुन्दुभिः-નગારાઓની इव-સમાન द्युमत्तमम्-જેમાં અત્યંત પ્રશસ્ત પ્રકાશવાળા શબ્દથી યુક્ત ખાંડણિયાને વગાડ અર્થાત્ તેના વ્યવહારનો वद-એ વિદ્યાનો ઉપદેશ કર. (૪)

*ભાવાર્થ : સર્વ ઘરોમાં ઉલૂખ = ખાંડણિયાની ક્રિયા સ્થાપિત કરવી જોઈએ-અર્થાત્ પ્રત્યેક ઘરમાં ખાંડણિયો અને સાંબેલાનું સ્થાપન કરવું જોઈએ. જેમ શત્રુઓને જીતનારા સૈનિકો નગારા વગાડીને યુદ્ધ કરે છે, તેમ રસ કાઢનાર મનુષ્યે ખાંડણિયામાં જવ આદિ અન્નોને નાખીને સાંબેલાથી ખાંડીને તથા ફોતરા કાઢી નાખીને સાર ભાગને ગ્રહણ કરવો જોઈએ. (૫)*

**उत स्म ते वनस्पते वातो विवात्यग्रमित्।**

**अथो इन्द्राय पातवे सुनु सोममुलूखल ॥ ६ ॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ वातः-વાયુ इत्-જ वनस्पते-વૃક્ષ આદિ પદાર્થોના अग्रम्-ઉપરના ભાગને

उत-પણ विवाति, स्म-ચલાવે છે अथो-ત્યારબાદ इन्द्राय-જીવ-પ્રાણીઓને માટે सोमम्-સમસ્ત ઔષધિઓના સારને पातवे-પાન કરીને સિદ્ધ કરે છે; તેમ उलूखल-ખાંડણિયામાં જવ આદિ ઔષધિગણના સારને सुनु-સિદ્ધ કર. (૬)

*ભાવાર્થ : જ્યારે વાયુ સમસ્ત વનસ્પતિ અને ઔષધિ આદિની વૃદ્ધિ કરે છે, ત્યારે પ્રાણી-મનુષ્ય તે પુષ્ટ થયેલ પદાર્થોને ખાંડણિયામાં રાખીને, તેનો સાર ગ્રહણ કરીને ખાય છે અને તેના રસનું પાન કરે છે. તેના વિના કોઈ પદાર્થની વૃદ્ધિ અને પુષ્ટિ સંભવ નથી. (૬)*

**आयजी वाजसातमा ता ह्यु१च्चा विजर्भृतः। हरीइवान्धांसि बप्सता॥७॥**

પદાર્થ : आयजी-સર્વત્ર પદાર્થોથી સંગમ કરનાર, वाजसातमा-યુદ્ધને સારી રીતે જીતનાર હોય છે, ता-તે તે બન્ને સ્ત્રી-પુરુષ हि-નિશ્ચયથી अन्धांसि-અન્નોને बप्सता-ખાતા हरी-इव-બન્ને ઘોડાઓની સમાન મુસળ અને ખાંડણિયા આદિથી उच्चा-ઉત્કૃષ્ટ કાર્યોને विजर्भृतः-વિવિધ પ્રકારથી સિદ્ધ કરીને ધારણ કરે છે. (૭)

*ભાવાર્થ : જેમ ભક્ષણ-ખાનાર બે ઘોડાઓ વાહન આદિનું વહન કરે છે, તેમ મુસળ અને ખાંડણિયો અનેક વિભાગ આદિ કાર્યોને નિર્વાહ કરે છે. (૭)*

**ता नो अद्य वनस्पती ऋष्वावृष्वेभिः सोतृभिः। इन्द्राय मधुमत्सुतम्॥८॥**

પદાર્થ : જે सोतृभिः-રસ કાઢવામાં કુશળ ऋष्वेभिः-મહાન વિદ્વાનોને ऋष्वौ-મહાન-અતિ સ્થૂળ वनस्पती-કાષ્ઠના સાંબેલું અને ખાંડણિયો બનાવેલ હોય, જે नः-અમારા इन्द्राय-ઐશ્વર્ય પ્રાપ્ત કરાવનાર વ્યવહારને માટે अद्य-આજ मधुमत्-મધુર આદિ પ્રશંસનીય ગુણવાળા પદાર્થોને सुतम्-સિદ્ધ કરવાના હેતુ હોય છે, ता-સાંબેલું-ખાંડણિયાને સર્વ મનુષ્યોએ સિદ્ધ કરવા યોગ્ય છે. (૮)

*ભાવાર્થ : જેમ પથ્થરના સાંબેલા અને ખાંડણિયા હોય છે, તેમ જ કાષ્ઠ, લોખંડ, પિત્તળ, ચાંદી અને સોના આદિના પણ બનાવી શકાય છે. તે સાધનોથી ઔષધિઓનો રસ કાઢવા આદિ કાર્યોને મનુષ્ય સિદ્ધ કરે. (૮)*

**उच्छिष्टं चम्वोर्भर सोमं पवित्र आसृज। निधेहि गोरधि त्वचि॥९॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! તું चम्वोः-પાયદળ અને હાથી, ઘોડા વગેરે પર આરૂઢ થયેલ બે પ્રકારની સેનાઓની સમાન शिष्टम्-વિશેષ सोमम्-સર્વ રોગ વિનાશક; બળ, પુષ્ટિ અને બુદ્ધિવર્ધક ઉત્તમ ઔષધિરૂપ રસને उत्भर-ઉત્તમ રીતે ધારણ કર અને તેનાથી બન્ને પ્રકારની સેનાઓને पवित्रे-શુદ્ધ आसृज-કર. गोः-પૃથિવીની अधि-ઉપર અર્થાત્ त्वचि-તેની પીઠ ઉપર તે સેનાઓને निधेहि-સર્વથા સંસ્થાપિત કર. (૯)

*ભાવાર્થ : રાજપુરુષ આદિએ બે પ્રકારની સેનાઓ રાખવી જોઈએ એક વાહનો પર સવાર અને બીજી પાયદળ. તેના માટે ઉત્તમ રસ અને શસ્ત્ર આદિ સામગ્રી તૈયાર કરવી જોઈએ. (બન્ને સેનાઓને)*

*ઉત્તમ શિક્ષા તથા ઔષધિપ્રદાન દ્વારા શુદ્ધ બળયુક્ત અને સર્વ રોગોથી રહિત કરીને, પૃથિવી પર ચક્રવર્તી રાજ્યનું નિત્ય સેવન કરવું જોઈએ. (૯)*

સંગતિ : સતાવીસમાં સૂક્તમાં અગ્નિ અને વિદ્વાનના જે-જે ગુણ કહેલ છે, તે સાંબેલું અને ખાંડણિયા આદિ સાધનોને ગ્રહણ કરી ઔષધિ આદિ પદાર્થોથી સંસારના પદાર્થોથી અનેક પ્રકારના ઉત્કૃષ્ટ પદાર્થો ઉત્પન્ન કરે. એ અર્થનું આ સૂક્તમાં સંપાદન કરવાથી સત્તાવીસમાં સૂક્તમાં કહેલ અર્થની સાથે આ અટ્ઠાવીસમાં સૂક્તની સંગતિ છે, તેમ જાણવું જોઈએ. (૨૮)

## સૂક્ત-૨૯

यच्चिद्धि सत्य सोमपा अनाशस्ता इव स्मसि।
आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ॥ १॥

પદાર્થ : હે सोमपाः-ઉત્પન્ન થયેલ સર્વ પદાર્થોની રક્ષા કરનાર तुविमघ-અનેક પ્રકારના પૂજ્યતમ ધનયુક્ત सत्य-અવિનાશી સ્વરૂપ, સજ્જનોમાં શ્રેષ્ઠ इन्द्र-પ્રશસ્ત ઐશ્વર્ય પ્રાપ્ત ન્યાયાધીશ ! આપ यच्चित्-જો અમે કદી પણ अनाशस्ताइव-અપ્રશંસનીય ગુણ સામર્થ્યવાળાની સમાન स्मसि-હોય तु-છતાં પણ नः-અમને सहस्रेषु-અસંખ્ય शुभ्रिषु-ઉત્તમ સુખદાયક गोषु-પશુ, ઇન્દ્રિય, પૃથિવી અને अश्वेषु-વેગ, અગ્નિ તથા ઘોડા આદિમાં हि-નિશ્ચયથી आ + शंसय-પ્રશસ્ત કરો. (૧)

*ભાવાર્થ : જેમ આળસથી મનુષ્ય શ્રેષ્ઠતા રહિત બને છે, તેમ અમે પણ જો કોઈવાર પ્રમાદી બનીએ, તો હે ન્યાયાધીશ ! અમને પ્રશંસનીય પુરુષાર્થ અને ગુણયુક્ત કરો, જેથી અમે પૃથિવી આદિ રાજ્ય અને ઉત્તમ હાથી, ઘોડા, બળદ અને ગાય આદિ પશુઓને પ્રાપ્ત કરીને, તેનું પાલન અને વૃદ્ધિ કરીને, તેનાથી ઉપકાર ગ્રહણ કરીને, પ્રશંસનીય બનીએ. (૧)*

शिप्रिन्वाजानां पते शचीवस्तव दंसना।
आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ॥ २॥

પદાર્થ : હે शिप्रिन्-પ્રાપ્ત કરવા યોગ્ય પ્રશંસનીય ઐહિક-વ્યાવહારિક અને પારમાર્થિક સુખ પ્રદાતા शचीवः-અનેક પ્રકારના કર્મ તથા પ્રજાયુક્ત-પ્રજ્ઞાયુક્ત वाजानाम्-સંગ્રામોની મધ્યમાં पते-પાલક, तुवीमघ-અનેક પ્રકારના પ્રશંસનીય વિદ્યા ધનયુક્ત इन्द्र-સર્વ રાજ્યના ઐશ્વર્યને ધારણ કરનાર ન્યાયાધીશ ! જે तव-આપની दंसना-વેદવાણી યુક્ત વિદ્યા સહિત ક્રિયા છે, તેથી આપ सहस्रेषु-અસંખ્ય शुभ्रिषु-ઉત્તમ વિમાન આદિ વાહનોમાં અથવા તેના સાધનોમાં गोषु-સત્યભાષણ, શાસ્ત્ર-શિક્ષાયુક્ત વાણી આદિ ઇન્દ્રિયો अश्वेषु-વેગ આદિ ગુણોવાળા અગ્નિ આદિ પદાર્થો સહિત ઘોડા આદિ વ્યવહારોમાં नः-અમને વિદ્વાનોને आ + शंसय-ઉત્તમ ગુણયુક્ત કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ જગદીશ્વરને એ રીતે પ્રાર્થના કરવી જોઈએ કે-હે ભગવન્ ! તું કૃપા કરીને જેવી રીતે ન્યાયાધીશતા, ઉત્તમ રાજ્ય આદિની પ્રાપ્તિ કરાવે છે, તેમ અમને પૃથિવીના રાજ્યની યુક્ત, સત્યભાષણશીલ, બ્રહ્મવિદ્યા અને શિલ્પવિદ્યા આદિની સિદ્ધિ કરનાર અને નિત્ય બુદ્ધિમાન બનાવ. (૨)*

**निष्वापया मिथूदृशा सुस्तामबुध्यमाने।**

**आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ॥ ३॥**

પદાર્થ : तुविमघ-અનેક પ્રકારના ધનયુક્ત इन्द्र-અવિદ્યારૂપી નિદ્રા અને દોષોને દૂર કરનાર વિદ્વાન્ ! જે मिथूदृशा-વિષયાસક્તિ, પ્રમાદ અને શ્રેષ્ઠ કર્મોના વિનાશને બતાવનાર अबुध्यमाने-બોધ નિવારક આલસ્યકર્મમાં રહેલા શરીર અને મન सस्ताम्-શયન કરે છે, પુરુષાર્થનો નાશ કરે છે, તેનું આપ निष्वापय-નિવારણ કરો, तु-અને सहस्त्रेषु-અનેક शुभ्रिषु-પ્રશસ્ત ગુણવાળા गोषु-પૃથિવી આદિ પદાર્થો તથા अश्वेषु-વ્યાપ્તિશીલ = પ્રત્યેક વસ્તુમાં રહેનાર અગ્નિ આદિ વિષયોમાં नः-અમને आ + शंसय આદરપૂર્વક ઉત્તમ ગુણવાન બનાવો. (૩)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ શરીર અને આત્માની આળસનો ત્યાગ કરીને શ્રેષ્ઠ કર્મોમાં નિત્ય પ્રયત્ન કરવો જોઈએ. (૩)*

**ससन्तु त्या अरातयो बोधन्तु शूर रातयः।**

**आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ॥ ४॥**

પદાર્થ : હે तुविमघ-વિદ્યા, સુવર્ણ, સેના આદિ ધનયુક્ત, शूर-શત્રુઓના બળનો નાશ કરનાર સેનાપતિ ! આપના अरातयः-જે દાન આદિ રહિત, ધર્મ રહિત શત્રુ છે, તેઓ ससन्तु-નિદ્રાને પ્રાપ્ત થાય-સૂઈ જાય અને જે रातयः-દાન આદિ ધર્મના દાતા છે, त्याः-તે સર્વ बोधन्तु-જાગૃત રહીને શત્રુ અને મિત્રને જાણે. तु-અને હે इन्द्र-પરમ ઐશ્વર્યવાન, સભાધ્યક્ષ, સેનાપતિ, વીર પુરુષ આપ सहस्त्रेषु-બહુ જ-અસંખ્ય शुभ्रिषु-પૃથિવી આદિ શ્રેષ્ઠ ગુણવાળા गोषु-સૂર્ય આદિ અને अश्वेषु-અગ્નિ આદિમાં नः-અમને आ + शंसय-સર્વત્રથી શત્રુવિજયથી પ્રશંસાયુક્ત કરો.

*ભાવાર્થ : અમોએ પોતાની સેનાઓમાં વીર મનુષ્યોને રાખીને આનંદિત-હર્ષિત કરવા જોઈએ, જેથી ભયથી દુષ્ટ શત્રુ સૂતા = નિશ્ચેષ્ટ રહે, કદી પણ જાગે નહિ. જેથી અમે નિષ્કંટક ચક્રવર્તી રાજ્યનું નિત્ય સેવન કરતા રહીએ. (૪)*

**समिन्द्र गर्दभं मृण नुवन्तं पापयामुया।**

**आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ॥ ५॥**

પદાર્થ : હે इन्द्र-ન્યાયાધીશ ! આપ गर्दभम्-ગધેડા સમાન સ્વભાવવાળા તથા अमुया-અમારી પાછળ पापया-પાપરૂપ મિથ્યા ભાષણથી યુક્ત સાક્ષી અને ભાષણ આદિ કપટથી અમારી नुवन्तम्-

સ્તુતિ કરતા શત્રુનું संमृण-હનન કરો-દંડ આપો.

હે तुविघ-અનેક પ્રકારની વિદ્યા અને ધર્મરૂપી ધનવાળા इन्द्र-સભાઅધ્યક્ષ અને ન્યાયાધીશ ! આપે પોતાના सहस्त्रेषु-અત્યધિક शुभ्रिषु-શુદ્ધ ભાવના અને ધર્મયુક્ત વ્યવહારોથી ગ્રહણ કરેલ गोषु-પૃથિવી આદિ પદાર્થોમાં તથા अश्वेषु-હાથી, ઘોડા આદિ પશુઓમાં नः-અમને आशंसय-સત્ય વ્યવહાર અને વર્તનવાળા અર્થાત્ અપરાધ રહિત કરો. (૫)

*ભાવાર્થ : જે સભાધ્યક્ષ ન્યાયના આસન પર બેસીને ગધેડાં સમાન સ્વભાવવાળા મૂર્ખને, ગંદા શબ્દ ઉચ્ચારણ કરનાર વ્યભિચારીને તથા અન્યાય અને મિથ્યા વચન રૂપ સાક્ષી થઈ (અન્યનો) તિરસ્કાર કરનારને યથોચિત રૂપમાં દંડ આપે, અને જે સત્યવાદી ધર્માત્મા છે, તેનો સત્કાર કરે.*

*જે અન્યાયપૂર્વક બીજાની વસ્તુ પચાવી પાડે છે, તેને દંડ આપીને, જેની જે વસ્તુ હોય, તેને તે અપાવે તથા જે એ ન્યાયાધીશોના સનાતન = શાશ્વત ધર્મનું સદા પાલન કરે, તેનો અમે નિરંતર સત્કાર કરીએ. (૫)*

**पताति कुण्डृणाच्या दूरं वातो वनादधि।**

**आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्त्रेषु तुवीमघ॥ ६॥**

પદાર્થ : હે तुविमघ-અનેક પ્રકારના ધનને સિદ્ધ કરનાર इन्द्र-સર્વોત્કૃષ્ટ વિદ્વાન ! આપ-જેમ वातः-વાયુ कृण्डृणाच्या-કુટિલ ગતિથી वनात्-જગત્ અથવા કિરણોથી दूरम्-દૂર अधिपताति-ચાલ્યો જાય તેમ કરો, અને सहस्त्रेषु-બહુ જ गोषु-પૃથિવી, ઈન્દ્રિય, કિરણ અને ચતુષ્પા-ચોપગા પ્રાણીઓમાં अश्वेषु-વેગ આદિ ગુણોમાં તથા शुभ्रिषु-શુદ્ધ વ્યવહારોમાં સર્વ પ્રાણીઓ અને અપ્રાણીઓને સુશોભિત કરે છે, તેમ नः-અમને आशंसय-સર્વત્રથી પ્રશંસિત કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ એમ જાણવું જોઈએ કે-આ જે વાયુ છે, તે જ સર્વત્ર ગતિ કરતો, અગ્નિ આદિથી અધિક તિર્યક્-કુટિલ ગતિ કરનારો, અત્યંત ઐશ્વર્ય પ્રાપ્ત કરાવનારો; પશુ, પક્ષી તથા વૃક્ષ આદિની ચેષ્ટા, વૃદ્ધિ અને ભંજન-નાશનો કરનારો તથા સમસ્ત વ્યવહારનું કારણ છે. (૬)*

**सर्वं परिक्रोशं जहि जम्भया कृकदाश्वम्।**

**आ तू न इन्द्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्त्रेषु तुवीमघ॥ ७॥**

પદાર્થ : હે तुवीमघ-અનન્ત બળરૂપ ધનયુક્ત इन्द्र-સર્વ શત્રુ નિવારક સેનાધ્યક્ષ ! આપ नः-અમારા सहस्त्रेषु-અનેક शुभ्रिषु-શુભ કર્મયુક્ત વ્યવહારમાં તથા अश्वेषु-હાથી, ઘોડા રૂપ અંગોમાં વિનાશ કરાવનાર વ્યવહારને परिक्रोशम्-સમસ્ત રડાવનાર વ્યવહારને-દુઃખસમૂહને जहि-વિનષ્ટ કરો. અને જે नः-અમારા શત્રુ હોય कृकदाश्वम्-દુઃખ આપનારનો પણ जम्भय-વિનાશ કરો, तु-અને તેનાથી नः-અમને आशंसय-શત્રુઓથી પૃથક્ કરી સર્વત્રથી સુખી કરો. (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ જગદીશ્વરને એ રીતે પ્રાર્થના કરવી જોઈએ કે-'હે પરમાત્મન્ ! આપ*

*જે અમારામાં દુષ્ટ વ્યવહાર રૂપ શત્રુ છે, તે સર્વને દૂર કરીને અમને સમસ્ત ઐશ્વર્ય પ્રદાન કરો. (૭)*

સંગતિ : પૂર્વ સૂક્તમાં પદાર્થ વિદ્યા અને તેના સાધન કહેલ છે અને તેના ઉપાદાન કારણ જગતના પદાર્થ છે. તે જગદીશ્વરથી ઉત્પન્ન થયેલ છે; અત્રે તેથી ઉપકાર ગ્રહણમાં સમર્થ સભાધ્યક્ષ સહિત સભાજનો હોય છે. એવું કથન હોવાથી અટ્ઠાવીસમાં સૂક્તના અર્થની સાથે આ ઓગણત્રીસમાં સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૨૯)

## સૂક્ત-30

**आ व इन्द्रं क्रिविं यथा वाजयन्तः शतक्रतुम्। मंहिष्ठं सिञ्च इन्दुभिः॥ १॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ यथा-જેમ ખેતી કરનાર ખેડૂત क्रिविम्-કુવાને ખોદીને-પ્રાપ્ત કરીને તેના જળથી ખેતરમાં सिञ्च-સિંચન કરે છે અને જેમ वाजयन्तः-વેગયુક્ત વાયુ इन्दुभिः-જળથી शतक्रतुम्-અસંખ્ય કર્મો થાય છે. मंहिष्ठम्-અતિ મહાન इन्द्रम्-પરમ ઐશ્વર્યના નિમિત્ત અગ્નિને-સૂર્યને સંયુક્ત કરે છે; તેમ આપ પણ પ્રજાઓને સુખોથી અભિષિક્ત કરો. (૧)

*ભાવાર્થ : જેમ મનુષ્ય પ્રથમ કુવાને ખોદીને તેના જળથી સ્નાન, પાન, ખેતી, બગીચામાં સિંચન આદિ વ્યવહાર કરીને સુખી બને છે, તેમજ વિદ્વાનો યથાયોગ્ય કળાયંત્રોમાં અગ્નિને યુક્ત કરીને, તેના સંબંધથી જળ સ્થાપિત કરીને, ચલાવવાથી અનેક કાર્યો કરીને સુખી થાય છે. (૧)*

**शतं वा यः शुचीनां सहस्रं वा समाशिराम्। एदु निम्नं न रीयते॥ २॥**

પદાર્થ : જે પવિત્ર અને બળવાન વિદ્વાન છે તે-જે એ ભૌતિક અગ્નિ છે, તે न-જેમ જળ निम्नम्-નીચેની-ઢાળની તરફ જાય છે, તેમ शुचीनाम्-શુદ્ધ કળાયંત્ર અને પ્રકાશયુક્ત પદાર્થોમાં शतम्-સોગણા અથવા समाशिराम्-જે સર્વ પ્રકારના પકવવામાં આવે તે પદાર્થોના सहस्रम्-હજારગણા आ, इत्-उ-આધાર અને દાહ ગુણવાળો અગ્નિ છે, તેને रीयते-જાણે છે. (૨)

*ભાવાર્થ : એ અગ્નિ, સૂર્ય વિદ્યુત્ અને પ્રસિદ્ધ રૂપથી સેંકડો પ્રકારથી શુદ્ધિ કરે છે, પાકવાવાળા પદાર્થોની મધ્યમાં વેગથી હજારો પદાર્થોને પકવે છે.*

*જેમ જળ નીચે તરફ વહે છે, તેમ અગ્નિ ઉપર ઉપર તરફ જાય છે, અગ્નિ અને જળના વિપર્યાસથી અગ્નિને નીચે રાખીને અને તેથી ઉપર જળનું સ્થાપન કરવાથી બન્નેના યોગથી અને વરાળ વેગ આદિ ગુણ ઉત્પન્ન થાય છે. (૨)*

**सं यन्मदाय शुष्मिण एना ह्यस्योदरे। समुद्रो न व्यचो दधे॥ ३॥**

પદાર્થ : હું हि-પોતાના નિશ્ચયથી मदाय-હર્ષ = આનંદ અને शुष्मिणे-પ્રશસ્ત બળયુક્ત વ્યવહાર માટે न-જેમ समुद्रः-સમુદ્ર व्यचः-અનેક વ્યવહાર અર્થાત્ વિવિધ જળ अस्य-એ ઇન્દ્ર નામક અગ્નિના

उदरे-મધ્યમાં एना-એ સેંકડો અને હજારો ગુણો સહિત વર્તમાન यत्-જે ક્રિયાઓ છે, તેને संदधे-સારી રીતે ધારણ કરું. (૩)

*ભાવાર્થ : જેમ સમુદ્રના ઉદર-મધ્યમાં અનેક ગુણો ને રત્નો છે અથવા અગાધ જળ છે, તેમ અગ્નિની મધ્યમાં અનેક ગુણો તથા અનેક ક્રિયાઓ છે. તેથી સર્વ મનુષ્યોએ અગ્નિ અને જળના પ્રયત્નથી અનેક પ્રકારના ઉપકારને ગ્રહણ કરવો જોઈએ. (૩)*

**अयमु ते समतसि कपोत इव गर्भधिम्। वचस्तच्चिन्न ओहसे॥४॥**

પદાર્થ : अयम्-જે ઈન્દ્ર નામક અગ્નિ પરમેશ્વરે રચેલ છે उ-નિશ્ચયથી અમે જાણીએ છીએ કે જેમ गर्भधिम्-ગર્ભ ધારણ કરનારી કબૂતરીને कपोत इव-કબૂતર પ્રાપ્ત થાય છે, તેમ नः-અમારી वचः-વાણીને समोहसे-પ્રાપ્ત થાય છે, चित्-અને તે સિદ્ધ કરેલ नः-અમને तत्-પૂર્વોક્ત બળ આદિ ગુણોના વર્ધક આનંદને अतसि-નિરંતર પ્રાપ્ત કરાવે છે. (૪)

*ભાવાર્થ : જેમ કબૂતર વેગથી કબૂતરીનો પીછો કરે છે, તેમ શિલ્પવિદ્યા દ્વારા સિદ્ધ કરેલ અગ્નિ અનુકૂળ ગતિને પ્રાપ્ત થાય છે. મનુષ્ય એ વિદ્યાને ઉપદેશ અને શ્રવણ દ્વારા પ્રાપ્ત કરી શકે છે. (૪)*

**स्तोत्रं राधानां पते गिर्वाहो वीर यस्य ते। विभूतिरस्तु सूनृता॥५॥**

પદાર્થ : હે गिर्वाहः-વેદવાણીથી પ્રાપ્ત થવા યોગ્ય, वीर-જાણવા યોગ્ય પદાર્થોના જ્ઞાતા અને સમસ્ત દુઃખોનો વિનાશ કરનાર, राधानाम्-જે પૃથિવી આદિ પદાર્થોમાં-ધનોમાં સર્વ સુખ સિદ્ધ થાય છે તેના पते-પાવક, સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ વિદ્વાન્ ! त-આપના सूनृता-શ્રેષ્ઠતાથી સર્વ ગુણોનો પ્રકાશ કરનાર विभूतिः-વિવિધ ઐશ્વર્ય છે; તે આપની પાસેથી અમારા ગ્રહણ કરેલ स्तोत्रम्-સ્તુતિ સમૂહ नः-અમારા પૂર્વોક્ત मदाय-આનંદ અને शुष्मिणे-બળ માટે अस्तु-થાય. (૫)

*ભાવાર્થ : આ મંત્રમાં પૂર્વ ત્રીજા મંત્રથી मदाय-शुष्मिणे અને नः આ ત્રણેય પદોની અનુવૃત્તિ આવેલી છે. અમે સર્વ મનુષ્યોએ જે સર્વના સ્વામી, વેદોક્ત ગુણોના પુંજ (= ધારણકર્તા) વિજ્ઞાનપ્રેમી સત્ય ઐશ્વર્યથી યુક્ત, યથાયોગ્ય ન્યાય કરનાર, સભાધ્યક્ષ અથવા સેનાપતિ વિદ્વાન છે, તેને જ ન્યાયાધીશ માનવા જોઈએ. (૫)*

**ऊर्ध्वस्तिष्ठा न ऊतयेऽस्मिन्वाजे शतक्रतो। समन्येषु ब्रवावहै॥६॥**

પદાર્થ : હે शतक्रतो-અનેક પ્રકારના કર્મ તથા અનેક પ્રકારની પ્રજ્ઞા-બુદ્ધિ યુક્ત સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ ! જે આપની સહાયને યોગ્ય છે, તે સર્વ કાર્યોમાં અમે संब्रवावहै-પરસ્પર મળીને ઉપદેશ અને શ્રવણમાં સંમતિથી ચાલીએ અને આપ नः-અમારી ऊतये-રક્ષા આદિને માટે ऊर्ध्वः-સર્વોપરિ तिष्ठ-વિરાજમાન થાઓ. આ રીતે (अस्मिन्) એ वाजे-યુદ્ધમાં તથા अन्येषु-યુદ્ધથી ભિન્ન સાધનીય કાર્યોમાં અર્થાત્ અન્ય કર્તવ્યોમાં આપ અને હું-પ્રતિજન અથવા બે-બે મળીને પરસ્પર ઉપદેશ અને શ્રવણ નિત્ય કર્યા કરીએ. (૬)

*ભાવાર્થ : સત્યાચરણવાળા, ધ્યાનાવસ્થિ મનુષ્યે આત્મસ્થિત, અન્તર્યામી જગદીશ્વરની આજ્ઞાથી, સેનાના અધિષ્ઠાતા અને સભાધ્યક્ષ દ્વારા સત્ય-અસત્ય તથા કર્તવ્ય-અકર્તવ્યનો સમ્યક નિશ્ચય કરવો જોઈએ. તેના વિના કદી કોઈનો વિજય અને સત્યનો બોધ થઈ શકતો નથી.*

*જે સર્વવ્યાપી જગદીશ્વરને ન્યાયાધીશ માનીને તથા ધાર્મિક, શૂરવીરને સેનાપતિ બનાવીને, શત્રુઓની સાથે યુદ્ધ કરે છે, તેનો નિશ્ચય વિજય થાય છે, અન્યનો નહિ. (૬)*

**योगेयोगे तवस्तरं वाजेवाजे हवामहे। सखाय इन्द्रमूतये॥ ७॥**

### [ઈશ્વર]

પદાર્થ : અમે सखायः-પરસ્પર મિત્ર બનીને અમારી ऊतये-રક્ષા આદિ માટે योगेयोगे-પ્રત્યેક અનુપલબ્ધ-કઠિનતાથી પ્રાપ્ત પદાર્થની પ્રાપ્તિમાં તથા वाजेवाजे-પ્રત્યેક યુદ્ધમાં तवस्तरम्-સર્વથા જાણવા યોગ્ય इन्द्रम्-સમસ્ત વિજય પ્રદાન કરાવનાર જગદીશ્વરનું हवामहे-આહ્વાન કરીએ છીએ.

### [સેનાધ્યક્ષ]

અમે सखायः-પરસ્પર મિત્ર બનીને અમારી ऊतये-વિજય સુખની પ્રાપ્તિ માટે योगेयोगे-પ્રત્યેક યુદ્ધમાં तवस्तरम्-સર્વથા જાણવા યોગ્ય इन्द्रम्-દુષ્ટ શત્રુના નિવારક, આત્મા અને શરીરથી બળવાન, ધાર્મિક, વીર સેનાપતિ તથા સભાધ્યક્ષનું हवामहे-આહ્વાન કરીએ છીએ. (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ પરસ્પર મિત્રતા કરીને, પ્રાપ્ત પદાર્થોની રક્ષા તથા સર્વત્ર વિજય કરવો જોઈએ. પરમેશ્વર અને સેનાપતિનો નિત્ય આશ્રય કરવો જોઈએ; કેવળ આટલું કરવા માત્રથી એ સિદ્ધિ થઈ શકતી નથી; પરંતુ વિદ્યા અને પુરુષાર્થથી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. (૭)*

**आ घा गमद्यदि श्रवत्सहस्त्रिणीभिरूतिभिः। वाजेभिरुप नो हवम्॥ ८॥**

પદાર્થ : यदि-જે તે इन्द्रः-સભા અને સેનાના અધ્યક્ષ नः-અમારા आ हवम्-આહ્વાન અને પ્રાર્થના આદિને श्रवत्-સાંભળે તો स ध-તે જ सहस्त्रिणीभिः-અનેક પ્રશસ્ત પદાર્થોને પ્રાપ્ત કરાવનારી ऊतिभिः-રક્ષા આદિ વ્યવહાર અને वाजेभिः-અન્ન, જ્ઞાન અને યુદ્ધ આદિની સાથે नः-અમારું हवम्-આહ્વાન-પ્રાર્થનાને उपागमत्-સારી રીતે પ્રાપ્ત કરે. (૮)

*ભાવાર્થ : જ્યાં મનુષ્ય-સત્ય ભાવથી જે સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષની સેવા કરે છે, ત્યાં રક્ષાને માટે તે સેનાના અંગો અને અન્નાદિ-રત્નાદિ પદાર્થોની સાથે તેની સમીપ સ્થિત થાય છે. તેની સહાયતા વિના કોઈને પણ સાચું સુખ અને વિજય પ્રાપ્ત થઈ શકતા નથી. (૮)*

**अनु प्रत्नस्यौकसो हुवे तुविप्रतिं नरम्। यं ते पूर्वं पिता हुवे॥ ९॥**

પદાર્થ : હે મનુષ્ય ! ते-તારા पिता-જનક = પિતા અથવા આચાર્ય यम्-જે જગદીશ્વર અથવા સભા અને સેનાના અધ્યક્ષનું प्रत्नस्य-સનાતન કારણ અને ओकसः-સર્વના નિવાસનું નિમિત આકાશનાં

કારણથી તુવિપ્રતિમ્-અનેક કાર્યોના જ્ઞાતા અને સમસ્ત જગતના નેતા પરમેશ્વર અથવા સભા અને સેનાના અધ્યક્ષનું પૂર્વમ્-પ્રથમ (અનુ) હુવે-આહ્‌વાન = ગ્રહણ કરે છે, તેની હું હુવે-યથાવત્ સ્તુતિ કરું છું. (૯)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ કરે છે કે-હે મનુષ્યો ! તમારે અન્યોને એ રીતે ઉપદેશ કરવો જોઈએ-જે અનાદિ કારણથી અનેક પ્રકારના કાર્ય પદાર્થોને ઉત્પન્ન કરે છે અને જેની ઉપાસના પૂર્વકાળમાં લોકો એ-પૂર્વજોએ કરી છે, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે, તેની ઉપાસના નિત્ય કરવી જોઈએ.*

*અત્રે કોઈ અન્યને પૂછે કે તું કોની ઉપાસના કરે છે ? તો તેને ઉત્તર આપવો, કે જેની ઉપાસના તારા પિતા અને સર્વ વિદ્વાન કરે છે; તથા જેનુ વેદ નિરાકાર, સર્વવ્યાપક, સર્વ શક્તિમાન, અજન્મા અને અનાદિ સ્વરૂપવાળા જગદીશ્વરનું પ્રતિપાદન કરે છે, તેની હું નિત્ય ઉપાસના કરું છું. (૯)*

**तं त्वा वयं विश्ववारा शास्महे पुरुहूत। सखे वसो जरितृभ्यः॥ १०॥**

પદાર્થ : હે વિશ્વવાર-વિશ્વના રચયિતા પુરુહૂત-અનેક જનોથી સ્તુતિ કરવા યોગ્ય વસો-જેમાં સર્વ ભૂત વાસ કરે છે અથવા જે સર્વ ભૂતોમાં વાસ કરનાર સખે-સર્વના મિત્ર જગદીશ્વર ! તમ્-તે પૂર્વોક્ત ત્વા-આપની વયમ્-ઉપાસનાને ઇચ્છુક અમે જરિતૃભ્યઃ-ધાર્મિક વિદ્વાન મનુષ્યોને માટે આ-સર્વત્રથી શાસ્મહે-આશા કરી એ પ્રકાશની અમારા સર્વમાં પ્રાપ્ત થવાની કામના કરીએ છીએ. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોના સમાગમથી જ એ સર્વના નિર્માતા, સર્વના પૂજ્ય, સર્વના મિત્ર, સર્વાધાર અને પૂર્વ મંત્રમાં વર્ણિત પરમેશ્વરના વિજ્ઞાન = વિશેષજ્ઞાન અને તેની ઉપાસનાની નિત્ય કામના = ઇચ્છા કરવી જોઈએ. કારણ કે વિદ્વાનોના ઉપદેશ વિના કોઈને પણ યથાર્થ રૂપમાં વિશેષ જ્ઞાન (પ્રાપ્ત) થઈ શકતું નથી. (૧૦)*

**अस्माकं शिप्रिणीनां सोमपाः सोमपाव्नाम्। सखे वज्रिन्त्सखीनाम्॥ ११॥**

પદાર્થ : સોમપાઃ ઉત્પન્ન કરેલ કાર્ય પદાર્થોના રક્ષક વજ્રિન્-સમસ્ત અવિદ્યારૂપી અંધકારના વિનાશક અને શ્રેષ્ઠ જ્ઞાનયુક્ત સખે-સમસ્ત સુખોના પ્રદાતા સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ ! સોમપાવ્નામ્-સાંસારિક પદાર્થોની રચના કરનાર સખીનામ્-સર્વના મિત્ર પુરુષો અને સખી સ્ત્રીઓ તથા અસ્માકમ્-અમારી શિપ્રિણીનામ્-આલોક અને પરલોકના વ્યવહાર-જ્ઞાનવાળી સ્ત્રીઓમાં સર્વ પ્રધાન ત્વા-આપને વયમ્-અમે આશાસ્માહે-પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ. (૧૧)

*ભાવાર્થ : આ મંત્રમાં પૂર્વ મંત્રથી ત્વા, વયમ્, આ, શાસ્મહે એ ચાર પદોની અનુવૃત્તિ છે. સર્વ પુરુષોએ અને સ્ત્રીઓએ પરસ્પર મિત્રતા કરીને, પરમેશ્વરની ઉપાસના, આર્યોની રાજસભા, વિદ્યાસભા, ધર્મસભા (રાજાર્યસભા, વિદ્યાર્થસભા, ધર્માપસભા) અને સમસ્ત વ્યવહારોની સિદ્ધિ સદા પ્રયત્નથી કરવી જોઈએ. (૧૧)*

तथा तदस्तु सोमपाः सखे वज्रिन्तथा कृणु। यथा त उश्मसीष्टये॥ १२॥

પદાર્થ : હે सोमपाः-જગતમાં ઉત્પન્ન પદાર્થોથી સર્વની રક્ષા કરનાર वज्रिन्-સભાધ્યક્ષ ! જેમ અમે इष्टये-પોતાના સુખ માટે ते-આપ શસ્ત્રાવિત્ सखे-મિત્રની મિત્રતાની અનુકૂળ જે મિત્રાચરણ કરવા उश्मसि-ઇચ્છીએ છીએ અને કરીએ છીએ तथा-એ જ રીતે આપની तत्-મિત્રતા અમારામાં अस्तु-થાય, આપ तथा-તેમ कृणु-કરો. (૧૨)

*ભાવાર્થ : જેમ સર્વના હિતૈષી અને સકળ વિદ્યાયુક્ત સભા અને સેનાના અધ્યક્ષ પ્રજાની નિરંતર રક્ષા કરે, તેમ જ પ્રજા અને સેનાના મનુષ્યો પણ તેની સદા રક્ષા કરે. (૧૨)*

रेवतीर्नः सधमाद इन्द्रे सन्तु तुविवाजाः। क्षुमन्तो याभिर्मदेम॥ १३॥

પદાર્થ : क्षुमन्तः-જેના અનેક પ્રકારના અન્ન વિદ્યમાન છે તે અમે-याभिः-જે પ્રજાઓની સાથે सधमादे-આનંદ યુક્ત સ્થાનમાં मदेम-આનંદને પ્રાપ્ત કરીએ (तथा) તેમ नः-અમારી तुविवाजाः-બહુ જ પ્રકારની વિદ્યા-બોધવાળી रेवतीः-પ્રશસ્ત શોભા અને ધનવાળી પ્રજા इन्द्रे-પરમ ઐશ્વર્યમાં નિયુક્ત सन्तु-થાય. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ સહિત સર્વ સભાસદો પર સર્વ રાજ્ય સંબંધ તથા વિદ્યા અને ધર્મના પ્રચાર સંબંધી કાર્યોનું ઉત્તર દાયિત્વ રાખીને પ્રશસ્ત સુખ સ્વયં ભોગવવું જોઈએ તથા અન્યોને ભોગ કરાવવો જોઈએ.*

*વેદની આજ્ઞાનુસાર વિદ્યા, રૂપ સ્વભાવયુક્ત યુવાવસ્થામાં સ્ત્રી-પુરુષોની પરસ્પર અનુમતિથી સ્વયંવર થવા યોગ્ય છે. તેઓ ગૃહકાર્યો અને પરસ્પર સત્કારમાં નિત્ય પ્રયત્ન કરે, એ સર્વ પરમેશ્વરની ઉપાસના, આજ્ઞા અને સત્પુરુષોની સભાની આજ્ઞા અનુસાર વર્તન કરે, તેથી ભિન્ન વ્યવહારમાં કદી કોઈ પુરુષે અને કોઈ સ્ત્રીએ ક્ષણ માત્ર પણ રહેવું યોગ્ય નથી. (૧૩)*

आ घ त्वावान्त्मनाप्तः स्तोतृभ्यो धृष्णवियानः। ऋणोरक्षं न चक्र्योः॥ १४॥

પદાર્થ : હે धृष्णो-અતિ પ્રગલ્ભ = ચતુર સભાધ્યક્ષ ! त्मना-આત્માથી-પોતાની કુશળતાથી आप्तः-સર્વ વિદ્યાયુક્ત, સત્યનો ઉપદેશ કરનાર इयानः-રાજ્યને જાણનાર રાજન્ त्वावान्-આપની સમાન घ-આપ જ છો જે આપ चक्रयोः-રથના બે પૈડાની अक्षम् ધૂરી = ધરો. न-સમાન स्तोतृभ्यः-સ્તુતિ કરનારા જનોને आऋणोः-પ્રાપ્ત થાઓ છો. (૧૪)

*ભાવાર્થ : જેમ રથને ધારણ કરનારી પૈડાની ધૂરી = ધરો, ઘૂમવા છતાં પણ પોતાના પર રથને સ્થિત રાખીને, તેને દેશદેશાન્તરમાં-અન્ય સ્થાનમાં પહોંચાડે છે, તેમ (હે રાજન્ !) સમસ્ત ગુણ, કર્મ, સ્વભાવથી સંપન્ન તમે એ સર્વ (રાજ કાર્ય)ને નિયંત્રિત કરો છો. (૧૪)*

आ यद्दुवः शतक्रतवा कामं जरितॄणाम्। ऋणोरक्षं न शचीभिः॥ १५॥

પદાર્થ : હે शतक्रतो-અનેકવિધ વિદ્યા, બુદ્ધિ અને કર્મથી યુક્ત રાજસભાના સ્વામિન્ ! (સભાધ્યક્ષ-રાજન્ !) આપ સ્તુતિ કરનારા ધાર્મિક જનોથી तत्-જે આપની दुवः-સેવા કરવામાં આવે છે તેને પ્રાપ્ત કરીને शचीभिः-રથના યોગ્ય કર્મોથી अक्षम्-તેની ધુરીથી = ધરોની न-સમાન તે जरितृणाम्-સ્તુતિ કરનારા ધાર્મિક જનોની સર્વ कामम्-કામના-ઇચ્છાઓને आत्रय्गोः-તેને અનુકૂળ-સારી રીતે પ્રાપ્ત કરાવો છો. (૧૫)

*ભાવાર્થ : જેમ વિદ્વાનોની સેવા વિદ્યાર્થિઓની અભીષ્ટની પૂર્તિ કરે છે. અર્થાત્ તેની ઇચ્છા અનુકૂળ કામોને પૂરા કરે છે, તેમ પરમેશ્વરનું સેવન (ભજન) કરાવે છે, તેથી સર્વ મનુષ્યોએ તેનું સેવન (ભજન) કરવું જોઈએ. (૧૫)*

शश्व॒दिन्द्रः॒ पोप्रु॑थद्भि॒र्जिगाय॒ नान॑दद्भिः॒ शाश्व॑सद्भि॒र्धना॑नि।
स नो॑ हिरण्यर॒थं दं॒सना॑वा॒न्त्स नः॑ सनि॒ता स॒नये॒ स नो॑ऽदात्॥ १६॥

પદાર્થ : इन्द्रः-સૃષ્ટિના કર્તા ઈશ્વર અને રાજ્યનું શાસન કરનાર સભાધ્યક્ષ शश्वत्-અનાદિ સનાતન કારણથી नानदद्भिः-અત્યંત અવ્યક્ત શબ્દ કરનાર જીવ અથવા વિદ્યુત્ આદિથી, शाश्वसद्भिः-અત્યંત પ્રશંસનીય પ્રાણવાળા ચર તથા प्रोप्रुथद्भिः-સ્થૂળ જે અચર છે તે કાર્યરૂપી પદાર્થોથી धनानि-પૃથિવી, સુવર્ણ આદિ ધનોને जिगाय-જીતે છે, પ્રાપ્ત કરે છે.

सः-તે दशनावान्-કર્મનું ફળ દેનાર તથા સાધનોની સંયુક્ત ઈશ્વરनः-અમારા માટે हिरण्यरथम्-જ્યોતિમાન સૂર્ય આદિ લોક તથા સુવર્ણ આદિ પદાર્થોના રથ અર્થાત્ દેશદેશાન્તરમાં ગમન કરાવનાર-પહોંચાડનાર વિમાન આદિ રથ-વાહન સમૂહને अदात्-આપે છે અથવા આપશે. सः-તે नः-અમને સુખોના सनये-ભોગને માટે सनिता-વિદ્યા, કર્મ અને ઉપદેશથી વિભાગ કરનાર બનીને સમસ્ત સુખોને अदात्-આપે છે, તેમ સભાપતિ, સેનાપતિ અને ન્યાયાધીશ પણ વર્તાવ કરે. (૧૬)

*ભાવાર્થ : જેમ જગદીશ્વર સનાતન જગતના કારણથી ચર-અચર અર્થાત્ ચલ શરીર અને અચલ પદાર્થ રૂપ કાર્યોને ઉત્પન્ન કરીને, તેથી સર્વ જીવોને સમસ્ત સુખ પ્રદાન કરે છે, તેમ સભાપતિ, સેનાપતિ અને ન્યાયાધીશ સભા, સેના અને ન્યાયના સર્વ અંગોની રચના કરીને, સર્વ પ્રજાઓને નિરંતર આનંદયુક્ત કરે.*

*જેમ ઈશ્વરથી ભિન્ન અન્ય કોઈ જગતના રચયિતા, કર્મફળદાતા અને રાજ્યના ઉત્તમ શાસક બની શકતા નથી, તેમ (સભાપતિ આદિએ) તે સર્વનું અનુષ્ઠાન કરવું જોઈએ. (૧૬)*

आश्वि॑ना॒वश्वा॑वत्ये॒षा या॑तं॒ शवी॑रया। गोम॑द्दस्रा॒ हिर॑ण्यवत्॥ १७॥

પદાર્થ : હે दस्रा-દારિદ્રય વિનાશક अश्विनौ-દ્યાવાપૃથિવી દ્વન્દ્વની સમાન વિદ્યા અને ક્રિયારૂપ દ્વન્દ્વમાં કુશળ શિલ્પી, સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ વિદ્વાનો ! તમે બન્ને इषा-અભીષ્ટ अश्वावत्या-વેગ

આદિ ગુણોથી યુક્ત शवीरया-દેશદેશાન્તરને પ્રાપ્ત કરાવનારી ગતિની સાથે हिरण्यवत्-સુવર્ણ આદિ અનેક પ્રકારના સાધનોથી તથા गोमत्-સુખને પ્રાપ્ત કરાવનારી અનેક વિધ ક્રિયાયુક્ત રથ-વાહનને आयातम्-સારી રીતે દેશદેશાન્તરમાં પહોંચાડો. (૧૭)

*ભાવાર્થ : પૂર્વોક્ત અશ્વિનો = દ્યૌ (સૂર્ય) અને પૃથિવી (પાર્થિવ પદાર્થો)ના ગુણોથી ચલાવેલ યાન-વાહન શીઘ્ર ગતિ દ્વારા ભૂમિ પર જળમાં અને આકાશમાં-અન્તરિક્ષમાં જાય છે, તેથી તેને શીઘ્ર સિદ્ધ કરવા જોઈએ. (૧૭)*

**स॒मा॒नयो॑जनो॒ हि वां॒ रथो॑ दस्रा॒वम॑र्त्यः। स॒मु॒द्रे अ॑श्वि॒नेय॑ते॥ १८॥**

પદાર્થ : હે दस्रौ-માર્ગ ચાલવાની પીડાને હરનાર-નષ્ટ કરનાર अश्विना-ઉક્ત અશ્વિ સમાન શિલ્પકારી વિદ્વાનો ! वाम्-તમારા સિદ્ધ કરેલા समयोजनः-તુલ્ય-સમાન યોજનાવાળા अमर्त्यः-ખેંચનાર મનુષ્ય આદિ પ્રાણીઓથી રહિત रथः-નૌકા આદિ વાહન समुद्रे-જળથી પૂર્ણ સમુદ્ર અથવા અન્તરિક્ષમાં ईयते-ચાલે છે, જેના વેગથી અને अश्ववत्या-વેગ આદિ ગુણોથી યુક્ત शवीरया-દેશદેશાન્તરમાં પહોંચાડનાર ગતિની સાથે સમુદ્રની આર અને પાર જઈ શકે છે. તમે બન્ને તેને સિદ્ધ કરો. (૧૮)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા જે વિશાળ, અગ્નિ, વરાળ, જળ અને કલાયંત્રોથી સંચાલિત થનાર નૌકા-યાન (બનાવવામાં આવે) છે, તે નિર્વિઘ્ન રૂપે સમુદ્રની પાર શીઘ્ર પહોંચાડી દે છે. એવા (નોકાયાનો) પહોંચી શકાતું નથી. (૧૮)*

**न्य॑१॒घ्न्यस्य॑ मू॒र्धनि॑ च॒क्रं रथ॑स्य येमथुः। परि॒ द्याम॒न्यदी॑यते॥ १९॥**

પદાર્થ : હે अश्विनौ-વિદ્યાયુક્ત શિલ્પી વિદ્વાનો ! તમે બન્ને-अघ्न्यस्य-વિનિષ્ટ ન કરવા યોગ્ય તે रथस्य-વિમાન આદિ વાહનમાં मूर्धनि-ઉત્તમ અંગ-અગ્ર ભાગમાં જે એક તથા अन्यत्-બીજું નીચેની તરફ કલાયંત્ર બનાવો, તો તે બે ચક્ર સમુદ્ર અથવા द्याम्-આકાશ પર પણ नियेमथुः-દેશ-દેશાન્તરમાં જવા માટે બહુ જ સુંદર છે. એ બન્ને ચક્રોથી યુક્ત રથ-યાન યથેષ્ટ માર્ગમાં ईयते-પહોંચાડે છે. (૧૯)

*ભાવાર્થ : સર્વ શિલ્પી વિદ્વાનોએ શીઘ્ર જવા માટે જે-જે વાહનની ઈચ્છા કરે, તે-તેના અગ્રભાગમાં એક કલાયંત્ર ચક્ર અને સર્વ કલાયંત્રોને ઘૂમાવવા માટે બીજું ચક્ર પાછળના ભાગમાં બનાવવું જોઈએ. તેની રચના દ્વારા જળ, અગ્નિ આદિનો પ્રયોગ કરીને, તે યાન-વાહનથી શિલ્પીલોક સમસ્ત સામાન-સામગ્રી સહિત ભૂમિ, સમુદ્ર અને અન્તરિક્ષ માર્ગથી સુખપૂર્વક જઈ શકે છે એ નિશ્ચિત છે. (૧૯)*

**कस्त॑ उषः कधप्रिये भु॒जे मर्तो॑ अमर्त्ये। कं न॑क्षसे विभावरि॥ २०॥**

પદાર્થ : હે વિદ્યાપ્રિયજન્ ! જે એ अमर्त्ये-કારણ પ્રવાહરૂપ નાશ રહિત, कधप्रिये-કથનપ્રિય विभावरि-વિવિધ જગતને પ્રકાશિત કરનારી उषाः-ઊષા = પ્રાતઃકાલીનવેળા भुजे-સુખ ભોગ કરાવવા માટે પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત કરીને આપ कम्-કયો મનુષ્ય नक्षसे-પ્રાપ્ત થતો નથી, અને कः-

કોણ मर्त्तः-भुजे-સુખભોગ માટે ते-તારી સમીપ પ્રાપ્ત થતો નથી ? (૨૦)

*ભાવાર્થ : આ મંત્રમાં કાકુ (ધ્વનિભેદ)થઈ અર્થ સમજવો જોઈએ. કોણ મનુષ્ય કાલની સૂક્ષ્મ અને વ્યર્થ નહિ ગુમાવવા યોગ્ય ગતિને જાણે છે ? સર્વ મનુષ્ય પુરુષાર્થના આરંભ સમય સુખનામક ઉષાવેળાને યથાર્થરૂપમાં નથી જાણતો ? તેથી સર્વ મનુષ્યોએ પ્રાતઃકાલ ઊઠીને જ્યાં સુધી ન સૂવે, ત્યાં સુધી સમયની એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવવી ન જોઈએ. આ રીતે જાણનાર મનુષ્યો સર્વ કાળમાં સુખ ભોગવી શકે છે, અન્ય આળસુ નહિ. (૨૦)*

**व॒यं हि ते॒ अम॑न्म॒ह्यान्ता॒दा प॑रा॒कात्। अश्वे॒ न चि॑त्रे अरुषि॥ २१॥**

પદાર્થ : હે કાળ વિદ્યાવિત્ જન ! જેમ वयम्-કાળનો મહિમા જાણનાર અમે જે चित्रे-આશ્ચર્યરૂપ अरुषि-લાલ ગુણ અને પ્રકાશયુક્ત ઊષા છે, તેને आ + अन्तात्-સમીપસ્થ દેશથી અને आ + पराकात्-દૂર દેશથી अश्वे-પ્રતિક્ષણ શિક્ષિત ઘોડા પર બેસીને જવા-આવવા न-સમાન अमन्महि-જાણે છે, તેમ તું પણ જાણ. (૨૧)

*ભાવાર્થ : જે મનુષ્ય ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનો યથાવત્ ઉપયોગ કરવાનું જાણે છે, તેના પુરુષાર્થથી દૂરના અને સમીપના સર્વ કાર્યો સિદ્ધ થાય છે. તેથી કોઈ પણ મનુષ્યે ક્ષણમાત્ર સમય વ્યર્થ ન ગુમાવવો જોઈએ. (૨૧)*

**त्वं त्येभि॒रा ग॑हि॒ वाजे॑भिर्दुहितर्दिवः। अ॒स्मे र॒यिं नि धा॑रय॥ २२॥**

પદાર્થ : હે કાળના માહાત્મ્યને જાણનાર વિદ્વાન્ ! त्वम्-આપ જે दिवः-સૂર્યના કિરણોથી ઉત્પન્ન થયેલી તેની दुहितः-પુત્રીની સમાન ઉષાવેળા त्येभिः-શોભન કાળ અવયવો અર્થાત્ દિવસ-મહિના વિભાગોથી તે અમારા માટે वाजेभिः-અન્ન આદિ પદાર્થોની સાથે આનંદ માટે સર્વત્રથી ધનાદિ પદાર્થોની પ્રાપ્તિની નિમિત્ત બને છે, તેથી अस्मे-અમારા માટે रयिम्-વિદ્યા, સુવર્ણ આદિ ધનને निधारय-નિત્ય ગ્રહણ કરવો, અને आगहि-સર્વથા તે વિદ્યાનો ઉપદેશ કરો તથા સર્વત્રથી તેને પ્રાપ્ત કરાવો, જેથી અમે વ્યર્થકાળ ગુમાવીએ નહિ. (૨૨)

*ભાવાર્થ : જે મનુષ્યો કાળને વ્યર્થ ગુમાવતા નથી, તેઓને સર્વ કાળ સર્વ કાર્યોની સિદ્ધિ આપનાર બને છે; અન્યને નહિ. (૨૨)*

સંગતિ : આ મંત્રમાં પૂર્વ સૂક્તના અનુષંગી इन्द्र, अश्वि-અને उषा-અર્થોના પ્રતિપાદનથી પૂર્વ સૂક્તના અર્થની સાથે આ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૩૦)

## સૂક્ત-૩૧

**त्वम॑ग्ने प्र॒थ॒मो अङ्गि॑रा॒ ऋषि॑र्दे॒वो दे॒वाना॑मभवः शि॒वः सखा॑।**

तव॑ व्र॒ते क॒वयो॑ विद्म॒नापसोऽजा॑यन्त म॒रुतो॒ भ्राज॑दृष्टयः॥ १॥

પદાર્થ : હે अग्ने-સ્વપ્રકાશ સ્વરૂપ અને વિજ્ઞાન સ્વરૂપ જગદીશ્વર ! જે કારણે त्वम्-આપ प्रथमः-અનાદિ સ્વરૂપ છો, જગતના કલ્પની આદિમાં સદા વિદ્યમાન છો, अङ्गिराः-બ્રહ્માંડમાં પૃથિવી આદિ, શરીરમાં હસ્ત, પાદ આદિ અંગોના રસ અર્થાત્ અન્તર્યામી રૂપમાં અવસ્થિત છો, ऋषिः-સર્વ વિદ્યાઓના જ્ઞાતા અને વેદના ઉપદેષ્ટા છો, देवानाम्-વિદ્વાનોના देवः-આનંદ ઉત્પાદક शिवः-મંગલમય અને સર્વ પ્રાણીઓના મંગલકારી તથા सखा-સર્વ દુઃખ વિનાશમાં સહાયક अभवः-છો, અને જે विद्मनापसः-વિજ્ઞાન નિમિત્ત કાર્ય કર્મ કરનાર मरुतः-ધર્મને પ્રાપ્ત મનુષ્ય तव-આપના व्रते-ધર્માચરણના પાલન રૂપ આજ્ઞા નિયમમાં રહે છે, તેથી તેઓ જ भ्राजदृष्टयः-પ્રકાશમાન વિદ્યા અને જ્ઞાનવાન कवयः-વિદ્વાન अजायन्त-બને છે. (૧)

*ભાવાર્થ : જે ઈશ્વરની આજ્ઞા, ધર્મ અને વિદ્વાનોનો સંગ સિવાય અન્ય કાંઈ કરતા નથી, તેઓની પરમેશ્વરની સાથે મિત્રતા થાય છે. પછી એ મિત્રતાથી તેઓના આત્મામાં સત્યવિદ્યાનો પ્રકાશ થાય છે અને તે વિદ્વાન બનીને શ્રેષ્ઠ કર્મોનું અનુષ્ઠાન કરીને સર્વ પ્રાણીઓને સુખ પ્રાપ્ત કરાવનાર હોવાથી પ્રસિદ્ધ થાય છે. (૧)*

त्वम॑ग्ने प्रथ॒मो अङ्गि॑रस्तमः क॒विर्दे॒वानां॒ परि॑ भूषसि व्र॒तम्।
वि॒भुर्विश्व॑स्मै॒ भुव॑नाय॒ मेधि॑रो द्विमा॒ता श॒युः क॑ति॒धा चि॑दा॒यवे॑॥ २॥

**[ઈશ્વર]**

પદાર્થ : હે अग्ने-સર્વ દુઃખોના વિનાશક ઈશ્વર ! જેથી त्वम्-આપ સર્વને અલંકૃત કરનાર, प्रथमः-અનાદિ સ્વરૂપ, शयुः-પ્રલયકાળમાં સર્વ ભૂતોને શયન કરાવનાર मेधिरः-સંગ્રામ કરાવનાર द्विमाता-બે-પ્રકાશ અને અપ્રકાશવાળા લોકના નિર્માતા अङ्गिरस्तमः-અત્યંત અન્તર્યામી विभुः-સર્વ વ્યાપક कविः-સર્વજ્ઞ છો, તેથી चित्-તેથી જ आयवे-મનુષ્ય અને विश्वस्मै-સર્વ भुवनाय-લોકો-સંસારને માટે देवानाम्-વિદ્વાનો અથવા પૃથિવી આદિ લોકોના व्रतम्-તે તે ધર્મયુક્ત નિયમોને कतिधा-કેટલાય પ્રકારોથી परि + भूषसि-સુશોભિત કરો છો. (૨)

**[વિદ્વાન્]**

હે अग्ने-સર્વ શત્રુઓના દાહક વિદ્વાન્ ! જેથી त्वम्-આપ સર્વને અલંકૃત કરનાર प्रथमः-પ્રથમ માનવા યોગ્ય शयुः-પ્રલયમાં સર્વ ભૂતોનું શયન કરાવનાર मेधिर-સંગમ કરાવનાર द्विमाता-પ્રકાશ અને અપ્રકાશવાળા બન્ને લોકોના નિર્માતા अङ्गिरस्तमः-અન્તર્યામી विभुः-સર્વ સભા અને સેનાના અંગોની શત્રુ સેનામાં વ્યાપક कविः-સર્વજ્ઞ છો, તેથી चित्-તે કારણે आयवे-મનુષ્ય તથા विश्वस्मै-સર્વ भुवनाय-લોક અર્થાત્ સંસારને માટે देवानाम्-વિદ્વાનોના व्रतम्-તે-તે ધર્મયુક્ત નિયમોને ( कतिधा ) કેટલાય પ્રકારથી परि + भूषसि-સુશોભિત કરો છો. (૨)

*ભાવાર્થ : પરમેશ્વર વેદ દ્વારા અને વિદ્વાનો તેના અધ્યયન દ્વારા મનુષ્યોના વિદ્યા તથા ધર્મરૂપ વ્રતોને અને લોકોના નિયમરૂપી વ્રતોને સુશોભિત કરે છે.*

*જેઓએ સૂર્ય આદિ પ્રકાશવાન અને વાયુ, પૃથિવી આદિ અપ્રકાશવાન અને વાયુ, પૃથિવી આદિ અપ્રકાશવાન લોક સમૂહની રચના કરેલ છે, તે સર્વવ્યાપક છે.*

*જેઓ ઈશ્વરની તથા તેની રચેલી સૃષ્ટિની વિદ્યાને પ્રકાશિત કરે છે, તેઓ વિદ્વાન બની શકે છે. વિભુ = વ્યાપક ઈશ્વર અને વિદ્વાનો વિના કોઈ પણ યથાર્થ વિદ્યાને તથા કારણથી કાર્યરૂપ બનેલ સમસ્ત લોકોની રચના, ધારણ કરવા અને તેનું જ્ઞાન કરાવવામાં સમર્થ બની શકતા નથી. (૨)*

**त्वमग्ने प्रथमो मातरिश्वन आविर्भव सुक्रतुया विवस्वते।**
**अरेजेतां रोदसी होतृवूर्येऽसघ्नोर्भारमयजो महो वसो॥ ३॥**

પદાર્થ : હે अग्ने-પરમાત્મન્ અથવા વિદ્વાન્ ! प्रथमः-અનાદિ સ્વરૂપ અથવા સમસ્ત કાર્યોમાં અગ્રણી, त्वम्-આપ જે सुक्रतुया-શ્રેષ્ઠ બુદ્ધિ અને કર્મોને સિદ્ધ કરાવનાર વાયુથી होतृवूर्ये-હોતાઓને ગ્રહણ કરવા યોગ્ય रोदसी-વિદ્યુત્ અને પૃથિવી अरेजेताम्-પોતાની કક્ષામાં ઘૂમે છે, તે मातरिश्वने-પોતાની આકાશરૂપ માત્રામાં શયન કરનાર વાયુ અને विवस्वते-સૂર્યલોક आविः, भव-એ બન્નેને પ્રકટ કરો.

હે वसो-સર્વને નિવાસ કરાવનાર ! આપ શત્રુનો असघ्नोः-વિનાશ કરો, જેથી महः-મહાન भारम्-ભારયુક્ત વાહનને अयजः-દેશ-દેશાન્તરમાં પહોંચાડો છો, તેનો અમને બોધ-જ્ઞાન કરાવો. (૩)

*ભાવાર્થ : (જે) કારણરૂપ અગ્નિ પોતાના કારણથી વાયુના દ્વારા સૂર્યરૂપ બનીને તથા અંધકારનો નાશ કરીને પૃથિવી તથા પ્રકાશને ધારણ કરે છે, તે યજ્ઞ અને શિલ્પના નિમિત્ત બનીને કલાયંત્ર-મશીનોમાં પ્રયુક્ત કરવામાં આવતા મહાન ભારયુક્ત વાહનોને શીઘ્ર ચલાવે છે. (દેશ-દેશાન્તરમાં પહોંચાડે છે.) (૩)*

**त्वमग्ने मनवे द्यामवाशयः पुरूरवसे सुकृते सुकृत्तरः।**
**श्वात्रेण यत्पित्रोर्मुच्यसे पर्या त्वा पूर्वमनयन्नापरं पुनः॥ ४॥**

પદાર્થ : હે अग्ने-જગદીશ્વર ! सुकृत्तरः-અત્યંત શ્રેષ્ઠકર્મ કરનાર त्वम्-સર્વના પ્રકાશક આપે पुरूरवसे-અનેક શબ્દોવાળા વિદ્વાન सुकृते-શ્રેષ્ઠ કર્મ કરનાર मनवे-વિદ્યાપ્રકાશથી સર્વ વ્યવહારને જાણનાર વિદ્વાનને માટે द्याम्-ઉત્તમ સૂર્યલોકને अवाशयः-પ્રકાશિત કરેલ છે, श्वात्रेण-ધન અથવા વિજ્ઞાનની સાથે વિદ્યમાન્ ( त्वा ) આપને વિદ્વાનો पूर्वम्-પૂર્વકલ્પમાં અથવા પૂર્વજન્મમાં पुनः-અને अपरम्-આ વર્તમાન કલ્પમાં અથવા આગળ જન્મ-મરણ આદિ પૃથક્ પ્રતીત થનાર આપને पुनः-વારંવાર अनयन्-પ્રાપ્ત કરે છે.

હે જીવ ! જે જીવ ! જે ઈશ્વર श्वात्रेण-ધન અને વિજ્ઞાનની સાથે ( त्वा ) તને पूर्वम्-પૂર્વજન્મમાં અને अपरम्-આ જન્મમાં દેહ પ્રદાન કરે છે; यत्-જેનાથી परि + मुच्यसे-સર્વત્રથી દુઃખથી મુક્ત

બની જાય છે, અને જેના નિયમથી તું पित्रोः-માતા-પિતાના પાસેથી મહાકલ્પના અન્તમાં पुनः-ફરી સંસારમાં આવે છે, તે ઈશ્વરનું સેવન उपासना-અને જ્ઞાન પ્રાપ્ત કર. (૪)

*ભાવાર્થ : જે જગદીશ્વરે સૂર્ય આદિ જગત રચેલ છે અને જે વિદ્વાનો દ્વારા સુશિક્ષા ગ્રહણ કરવામાં આવે છે, તેની પ્રાપ્તિ પુણ્ય કર્મોથી થાય છે અને ચક્રવર્તી રાજ્ય આદિ ધનની પ્રાપ્તિ પણ (તે પુણ્યકર્મોથી થાય છે.) (૪)*

**त्वमग्ने वृषभः पुष्टिवर्द्धन उद्यतस्रुचे भवसि श्रवाय्यः।**
**य आहुतिं परि वेदा वषट्कृतिमेकायुरग्रे विश आविवासति॥ ५॥**

પદાર્થ : હે अग्ने-યજ્ઞ ક્રિયા ફલવિત્ જગત્ગુરો પરેશ ! જે त्वम्-આપ अग्रे-પ્રથમ उद्यतस्रुचे-સારી રીતે સ્રુવો ગ્રહણ કરનાર યાજ્ઞિકને માટે श्रवाय्यः-સાંભળવા-સંભળાવવા યોગ્ય वृषभः-સુખોની વર્ષા કરનાર एकायुः-એક સત્ય ગુણ-કર્મ-સ્વભાવરૂપ આયુવાળા અને पुष्टिवर्द्धनः-પુષ્ટિવર્ધક भवसि-બને છે. यः-જે આપ वषट्कृतिम्-જેમાં વષટક્રિયા-ઉત્તમ ક્રિયા કરવામાં આવે તથા आहुतिम्-જેમાં ધર્મયુક્ત આચરણ કરવામાં આવે તેનું વિજ્ઞાન બતાવવામાં આવે છે, विशः-સર્વ પ્રજા પુષ્ટિની વૃદ્ધિથી તે આપના અને સુખોના परि + आविवासति-સારી રીતે સેવન કરે છે. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ સર્વ પ્રથમ જગતનું નિમિત્ત કારણ બ્રહ્મનું જ્ઞાન કરવું જોઈએ અને પછી યજ્ઞવિદ્યામાં જે ક્રિયાઓ છે તથા જે રીતે હોમવા યોગ્ય દ્રવ્યો છે, તે સર્વને સમ્યક્ રીતે જાણીને, તેના પ્રયોગ વિજ્ઞાનથી શુદ્ધ વાયુ, વર્ષા અને જળની શુદ્ધિના કારણભૂત દ્રવ્યોનો અગ્નિમાં હોમ કરીને, તેનું સેવન કરવાથી આ સંસારમાં મહાન સુખની વૃદ્ધિ થાય છે અને તેના દ્વારા સમસ્ત પ્રજા આનંદ પ્રાપ્ત કરે છે; એમ જાણવું જોઈએ. (૫)*

**त्वमग्ने वृजिनवर्त्तनिं नरं सक्मन्पिपर्षि विदथे विचर्षणे।**
**यः शूरसाता परितक्म्ये धने दभ्रेभिश्चित्समृता हंसि भूयसः॥ ६॥**

પદાર્થ : હે सक्मन्-સર્વ પદાર્થોથી સંબંધ રાખનાર विचर्षणे-અનેક પ્રકારના પદાર્થોના યથાર્થ દ્રષ્ટા = જોનાર अग्ने-રાજનીતિ વિદ્યાથી સુશોભિત સેનાપતિ ! यः-જે આપ विदथे-ધર્મયુક્ત યજ્ઞરૂપી शूरसातौ-સંગ્રામમાં दभ्रेभिः-અલ્પ સાધનોથી वृजिनवर्त्तनिम्-અધર્મ માર્ગમાં ચાલનાર नरम्-મનુષ્ય અને भूयसः-અનેક શત્રુઓના हंसि-હનન કરો છો, અને समृता-ઉત્તમ સત્યયુક્ત કર્મોના पिपर्षि-પાલનકર્તા છો, તે આપ ( परितक्म्ये ) જે ચોર પારકા પદાર્થોને હરવાની ઈચ્છાથી परितक्म्ये-સર્વ તરફથી જોવા યોગ્ય धने-સુવર્ણ, વિદ્યા અને ચક્રવર્તી રાજ્ય આદિ ધનની રક્ષાને નિમિત્ત આપ અમારા સેનાપતિ બનો. (૬)

*ભાવાર્થ : પરમેશ્વરનો એ સ્વભાવ છે, કે જે નિયમપૂર્વક અધર્મનો ત્યાગ કરે છે, ધર્મનું સેવન કરવા ઈચ્છે છે, તેને તે કૃપા કરીને ધર્મમાં સ્થિત કરે છે તથા જે ધર્મયુક્ત યુદ્ધ અને ધર્મયુક્ત ધનને*

*પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તેની રક્ષા કરીને તેના કર્માનુસાર તેને ધન પણ પ્રદાન કરે છે અને જે દુષ્ટાચારી છે, તેને તેના કર્માનુસાર ફળ પ્રદાન કરીને દંડ આપે છે.*

*જે ઈશ્વરની આજ્ઞામાં રહીને ધર્માત્મા યુદ્ધના અલ્પ સાધનોથી પણ યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે, તેને (તે) વિજય પ્રદાન કરે છે, અન્યને નહિ. (૬)*

**त्वं तम॑ग्ने अमृत॒त्व उ॑त्त॒मे मर्तं॑ दधासि॒ श्रव॑से दि॒वेदि॑वे।**

**यस्ता॑तृषा॒ण उ॒भया॑य॒ जन्म॑ने॒ मयः॑ कृ॒णोषि॒ प्रय॒ आ च॑ सू॒रये॑॥७॥**

પદાર્થ : હે अग्ने-મોક્ષ આદિ સુખ પ્રદાન કરનાર જગદીશ્વર ! આપ-यः-જે सूरिः-મેધાવી = બુદ્ધિમાન મનુષ્ય दिवेदिवे-પ્રતિદિન श्रवसे-શ્રવણને યોગ્ય આપની પ્રાપ્તિને માટે મોક્ષને ઈચ્છે છે. तम्-તે ધર્માત્મા मर्तम्-મનુષ્યને उत्तमे-સર્વોત્તમ अमृतत्वे-મોક્ષ પદમાં दधासि-ધારણ કરો છો-સ્થાપન કરો છો; અને જે મેધાવી મોક્ષ-અત્યંત સુખ અનુભવ કરીને-ભોગવીને ફરી उभयाय-પૂર્વ અને પર બન્ને जन्मने-જન્મના માટે तातृषाणः-વારંવાર તૃષ્ણા કરતા તે મોક્ષ પદથી નિવૃત્ત થાય છે; તે सूरये-મેધાવીને માટે मयः-સુખ અને प्रयः-પ્રસન્નતાને आकृणोषि-સિદ્ધ કરો છો-પ્રદાન કરો છો. (૭)

*ભાવાર્થ : જે જ્ઞાની ધર્માત્મા મનુષ્ય મોક્ષપદ પ્રાપ્ત કરે છે, તે સમયે તેનો આધાર ઈશ્વર જ (હોય) છે. જે જન્મ વીતિ ગયો તે પ્રથમ, જે આવનાર છે તે દ્વિતીય, જે વર્તમાનમાં છે તે તૃતીય અને જે વિદ્યા અને આચાર્યથી થાય છે તે ચતુર્થ, એ ચારેય મળીને એક જન્મ (ગણવામાં આવે) છે.*

*જ્યાં મનુષ્ય મુક્તિને પ્રાપ્ત કરીને તથા તેને ભોગવીને જન્મે છે, તે દ્વિતીય જન્મ (કહેવાય) છે, એ બન્નેને ધારણ કરવા માટે જીવાત્મા પ્રવૃત્ત રહે છે. આ રીતે આ વ્યવસ્થા ઈશ્વરને આધીન છે; તેમ સમજવું જોઈએ. (૭)*

**त्वं नो॑ अग्ने स॒नये॒ धना॑नां य॒शसं॑ का॒रुं कृ॑णुहि॒ स्तवा॑नः।**

**ऋ॒ध्याम॒ कर्मा॒पसा॒ नवे॑न दे॒वैर्द्या॑वापृथिवी॒ प्राव॑तं नः॥८॥**

પદાર્થ : હે अग्ने-કીર્તિ અને ઉત્સાહને પ્રાપ્ત કરાવનાર જગદીશ્વર અને પરમેશ્વરના ઉપાસક ! स्तवानः-સ્તુતિ કરનાર આપ-नः-અમારા धनानाम्-વિદ્યા, સુવર્ણ અને ચક્રવતી રાજ્ય રૂપમાં પ્રસિદ્ધ ધનના सनये-સેવનને માટે यशसम्-કીર્તિયુક્ત અને कारुम् ઉત્સાહથી ઉત્તમ કર્મ કરનાર શિલ્પી-ઉદ્યોગી મનુષ્યને નિયુક્ત कृणुहि-કરો, જેનાથી અમે પુરુષાર્થી બનીને नवीन-નવીન अपसा-પુરુષાર્થથી कर्म-કર્મ ऋध्याम-નિત્ય વૃદ્ધિને પ્રાપ્ત કરીએ, વિદ્યા પ્રાપ્તિ માટે देवैः-વિદ્વાનોથી-ઈશ્વર અને ઉપાસક તમે બન્ને नः-અમારી નિત્ય રક્ષા કરો, द्यावापृथिवी-સૂર્યનો પ્રકાશ અને ભૂમિ प्रावतम्-અમારી રક્ષા કરે. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ ઈશ્વરને એટલા માટે પ્રાર્થના કરે કે-હે જગદીશ્વર ! આપ કૃપા કરીને અમારી*

*મધ્યમાં સમસ્ત ઉત્તમ ધનને પ્રાપ્ત કરાવનારી શિલ્પ આદિ વિદ્યાને જાણનાર ઉત્તમ વિદ્વાનોને બનાવો. જેનાથી અમે તેની સાથે નવીન પુરુષાર્થ કરીને પૃથિવીનું રાજ્ય અને સમસ્ત પદાર્થોથી યથાયોગ્ય ઉપકાર ગ્રહણ કરીએ. (૮)*

त्वं नो॑ अग्ने पि॒त्रोरु॒पस्थ॒ आ दे॒वो दे॒वेष्व॑नवद्य॒ जागृ॑विः।
त॒नू॒कृद्बो॑धि॒ प्रम॑तिश्च का॒रवे॒ त्वं क॑ल्याण॒ वसु॒ विश्व॒मोपि॑षे॥ ९॥

પદાર્થ : હે अनवद्य-નિંદ્ય કર્મથી રહિત = ઉત્તમ કર્મયુક્ત अग्ने-વિજ્ઞાનસ્વરૂપ સભાધ્યક્ષ ! जागृविः-નિત્ય ધર્મ = પુરુષાર્થમાં જાગૃત, देवः-સર્વ ન્યાય અને વિનયના પ્રકાશક तनूकृद्-પૃથિવી આદિ વિસ્તૃતિ લોકોના વિષયમાં વિદ્યા રાખનાર છો, આપ देवेषु-વિદ્વાનો તેત્રીસ દિવ્યગુણવાળા દેવતાઓમાં पित्रोः-માતા-પિતાના उपस्थे-સમીપસ્થ વ્યવહારમાં नः-અમને ऊपिषे-પ્રસિદ્ધ કરો છો.

હે कल्याण-કલ્યાણકારક અર્થાત્ હે અત્યંત સુખપ્રદાતા રાજન્ ! प्रमतिः-ઉત્તમ જ્ઞાનવાળા, त्वम्-સમસ્ત વિદ્યાના દાતા આપ कारवे-શિલ્પકાર્યની સિદ્ધિને માટે મને विश्वम्-સર્વ वसु-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યથી સિદ્ધ થનાર ધનનો आ + बोधि-સારી રીતે બોધ કરાવો. (૯)

*ભાવાર્થ : પુનઃ જગદીશ્વરની આ રીતે પ્રાર્થના કરવી જોઈએ-હે ભગવન્ ! આપ અમને જ્યારે-જ્યારે જન્મ આપો, ત્યારે-ત્યારે શ્રેષ્ઠ વિદ્વાનોના સંપર્કમાં જન્મ આપો, ત્યાં અમને સર્વ વિદ્યાઓથી યુક્ત કરો. જેથી અમે સમસ્ત ધન પ્રાપ્ત કરીને સુખી રહીએ. (૯)*

त्वम॑ग्ने॒ प्रम॑तिस्त्वं पि॒तासि॑ न॒स्त्वं व॑य॒स्कृत्तव॑ जा॒मयो॑ व॒यम्।
सं त्वा॒ रायः॑ श॒तिनः॒ सं स॑ह॒स्रिणः॑ सु॒वीरं॑ यन्ति व्रत॒पाम॑दाभ्य॥ १०॥

પદાર્થ : હે अदाभ्यः-ઉત્તમ કર્મયુક્ત અર્થાત્ હિંસાદિ કર્મોથી રહિત अग्ने-યથાયોગ્ય રચનાકર્મ જાણનાર સભાધ્યક્ષ ! प्रमतिः-ઉત્તમ માનવાળા તથા त्वम्-સર્વ સુખને પ્રકટ કરનાર આપ नः-અમારા पिता-પાલક असि-છો, त्वम्-દયાળુ આપ नः-અમારા वयस्कृत्-વૃદ્ધાવસ્થા પર્યન્ત વિદ્યા અને સુખથી યુક્ત આયુને સિદ્ધ કરનાર असि-છો, तव-સુખના જનક આપની કૃપાથી जामयः-જ્ઞાનવાન સંતાન જેવા હોય તેમ કરો અને જેમ शतिनः-, सहस्त्रिणः-સેંકડો, હજારો = અસંખ્ય પ્રશંસિત પદાર્થ વિદ્યા અને કર્મયુક્ત વિદ્વાન મનુષ્ય-व्रतपाम्-વ્રત = સત્યના રક્ષક-પાલન કરનાર सुवीरम्-શ્રેષ્ઠ વીરો વાળા આપને પ્રાપ્ત કરીને रायः-ધનને सम्, यन्ति-સારી રીતે પ્રાપ્ત કરે છે, તેમ આપનો આશ્રય કરેલ અમે પણ તે ધનોને પ્રાપ્ત કરીએ. (૧૦)

*ભાવાર્થ : જેમ પિતા સંતાનો દ્વારા માન અને સત્કાર કરવા યોગ્ય છે-પૂજનીય છે, તેમ પ્રજાજનોના સભાપતિ રાજા માનનીય અને પૂજનીય છે. (૧૦)*

त्वाम॑ग्ने प्रथ॒ममा॒युमा॒यवे॑ दे॒वा अ॑कृण्व॒न्नहु॑षस्य वि॒श्पति॑म्।

इळा॑मकृण्वन्मनु॑षस्य॒ शास॑नीं पि॒तुर्यत्पु॒त्रो मम॑कस्य॒ जाय॑ते॥ ११ ॥

પદાર્થ : હે अग्ने-અમૃત સ્વરૂપ સભાપતે ! આપ જેમ देवाः-વિદ્વાન शासनीम्-સત્યાસત્યના નિર્ણયના નિમિત્ત इळाम्-ચારેય વેદોની વાણીને अकृण्वन्-વિશેષ જ્ઞાનને માટે शासनीम्-જેથી સર્વ વિદ્યા અને ધર્માચાર યુક્ત નીતિથી તેને ગ્રહણ કરીને प्रथमम्-અનાદિ સ્વરૂપ જે ન્યાયથી પ્રજા યોગ્ય आयुम्-પ્રાપ્ત થવા विश्वपतिम्-પ્રજા અને પુત્ર આદિની રક્ષા કરનાર સભાપતિ રાજાને ચારેય વેદોની વાણી અને સત્ય વ્યવસ્થાને अकृण्वन्-પ્રકાશિત કરે છે, તેમ ममकस्य-જ્ઞાનવાન नहुषस्य-મનુષ્યની જે વેદવાણી છે, તેને આપ પ્રકાશિત કરો. (૧૧)

*ભાવાર્થ : ઈશ્વર પ્રણીત વ્યવસ્થા આપનાર વેદશાસ્ત્ર વિના અને રાજનીતિ વિના પ્રજાપાલક રાજા પ્રજાનું પાલન કરી શકતો નથી. પ્રજા રાજાની અબોધ-મૂર્ખ સંતાન સમાન હોય છે, તેથી સભાપતિ રાજાએ પ્રજાને અબોધ પુત્રની સમાન માનીને શાસન કરવું જોઈએ. (૧૧)*

त्वं नो॑ अग्ने॒ तव॑ देव पा॒युभि॑र्म॒घोनो॑ रक्ष त॒न्व॑श्च वन्द्य।
त्रा॒ता तो॒कस्य॒ तन॑ये॒ गवा॑म॒स्यनि॑मेषं॒ रक्ष॑माण॒स्तव॑ व्र॒ते॥ १२ ॥

પદાર્થ : હે देव-સમસ્ત સુખોના દાતા वन्द्य-સ્તુતિને યોગ્ય अग्ने-યથોચિત સર્વની રક્ષા કરનાર પરમેશ્વર ! तव-સર્વના અધિપતિ આપના व्रते-સત્યપાલન આદિ નિયમમાં પ્રવૃત્ત मघोनः-પ્રશંસનીય ધનથી યુક્ત नः-અમને તથા અમારા तन्वः-શરીરોને पायुभिः-ઉત્તમ રક્ષાદિ વ્યવહારોથી अनिमेषम्-પ્રતિક્ષણ रक्ष-પાલન કરો, रक्षमाणः-રક્ષા કરતા આપ જે આપના ઉક્ત = સત્યપાલન આદિ નિયમમાં રહેનાર तोकस्य-સંતાન અને गवाम्-મન આદિ ઈન્દ્રિયો અથવા ચતુષ્પાદ પશુઓના તથા अस्य-સમસ્ત ચરાચર જગતના પ્રતિક્ષણ त्राता-રક્ષક અર્થાત્ અત્યંત આનંદદાયક બનો. (૧૨)

*ભાવાર્થ : સભાપતિ રાજાએ પરમેશ્વરના સંસારના કારણ, પાલન આદિ ગુણોની સમાન ઉત્તમ ગુણોથી રાજ્ય-નિયમોમાં પ્રવૃત્ત જનોની સદા રક્ષા કરવી જોઈએ. (૧૨)*

त्वम॑ग्ने॒ यज्य॑वे पा॒युरन्त॑रोऽनिष॒ङ्गाय॑ चतुर॒क्ष इ॑ध्यसे।
यो रा॒तह॑व्योऽवृ॒काय॒ धाय॑से की॒रेश्चि॒न्मन्त्रं॒ मन॑सा व॒नोषि॒ तम्॥ १३ ॥

પદાર્થ : હે अग्ने-અગ્નિ સમાન દેદીપ્યમાન સભાધ્યક્ષ ! તું मनसा-વિજ્ઞાનથી मन्त्रम्-વિચારતા અથવા વેદ મન્ત્રોનું સેવન કરનારની चित्-સમાન, रातहव्यः-હવ્ય પદાર્થોના દાતા, पायुः-પાલનના હેતુ, अन्तरः-મધ્યસ્થ चतुरक्षः-સેનાના ચાર અંગ અર્થાત્ હાથી, ઘોડા, રથના આશ્રયથી યુદ્ધ કરનાર અને પાયદળ યોદ્ધાઓમાં સારી રીતે ચિત્ આપતાં अनिषङ्गाय-સર્વથા પક્ષપાત રહિત ન્યાય યુક્ત अवृकाय-ચોરી આદિ દોષોથી સર્વથા પૃથક્ धायसे-ઉત્તમ ગુણો-કર્મોને ધારણ કરનાર यज्यवे-યજ્ઞ તથા શિલ્પવિદ્યાને સિદ્ધ કરનાર મનુષ્યને માટે इध्यसे-પ્રદીપ્ત = તેજસ્વી બનીને પોતાનો પ્રતાપ બતાવે છે, અને જેની

वनोषि-સેવા કરે છે, तम्-તે कीरेः-વિવિધ પ્રકારની વાણીથી પ્રેરણા કરનાર વિદ્વાનથી વિનયને પ્રાપ્ત કરીને પ્રજાનું પાલન કર. (૧૩)

*ભાવાર્થ : જેમ અધ્યાપકથી વિદ્યાર્થી મનથી વિદ્યાનું સેવન કરે છે, તેમ તું (સભાધ્યક્ષ) આપ્ત વિદ્વાનના ઉપદેશ અનુસાર રાજ્ય ધર્મનું સેવન કર. (૧૩)*

**त्वमग्न उरुशंसाय वाघते स्पार्हं यद्रेक्णः परमं वनोषि तत्।**

**आध्रस्य चित्प्रमतिरुच्यसे पिता प्र पाकं शास्सि प्र दिशो विदुष्टरः॥१४॥**

પદાર્થ : હે अग्ने-વિજ્ઞાનયુક્ત ન્યાયાધીશ ! यत्-જે કારણે प्रमतिः-ઉત્તમ જ્ઞાનયુક્ત विदुष्टरः-અનેક પ્રકારના દુઃખોથી પાર કરનાર આપ उरुशंसाय-અનેક પ્રકારની સ્તુતિ કરનાર वाघते-વિદ્વાન ઋત્વિક મનુષ્યને માટે स्पार्हम्-વાંછિત परमम्-અત્યુત્તમ रेक्णः-ધન पाकम्-પવિત્ર ધર્મ અને दिशः-ઉત્તમ વિદ્વાનોને वनोषि-સારી રીતે ચાહે છે અને રાજ્યને ધર્મથી आध्रस्य-ધારણ કરીને पिता-પિતાની चित्-સમાન સર્વને प्रशास्सि-શિક્ષા-ઉપદેશ કરો છો, तत्-તેથી આપ સર્વના માનનીય છો. (૧૪)

*ભાવાર્થ : જેમ પિતા પોતાના સંતાનોનું પાલન, ધન-દાન, ધારણ અને શિક્ષા આપે છે, તેમ રાજા સર્વ પ્રજાના પાલક હોવાથી જીવોને માટે સર્વ ધનનો યથાવત્ વિભાગ કરીને, તેઓના કર્માનુસાર સુખ અને દુઃખ આપવા જોઈએ. (૧૪)*

**त्वमग्ने प्रयतदक्षिणं नरं वर्म्मेव स्यूतं परि पासि विश्वतः।**

**स्वादुक्षद्मा यो वसतौ स्योनकृज्जीवयाजं यजते सोपमा दिवः॥१५॥**

પદાર્થ : હે अग्ने-સર્વને સારી રીતે જાણનાર સભાપતિ ! (અર્થાત્ રાજ્ય ધર્મ, સત્ય અને ન્યાયથી પ્રકાશમાન સભાપતિ !) આપ वर्म्मेव-કવચની સમાન-સર્વના રક્ષક यः-જે स्वादुक्षद्मा-શુદ્ધ અન્ન-જળના ભોક્તા स्योनकृत्-સર્વને સુખકારી મનુષ્ય वसतौ-નિવાસ સ્થાનમાં વિવિધ સાધનયુક્ત યજ્ઞોથી यजते-યજ્ઞ કરે છે, તે प्रयतदक्षिण्-ઉત્તમ પ્રકારથી વિદ્યા અને ધર્મોપદેશ કરનાર તથા जीवयाजम्-જીવનો યજ્ઞ-ધર્મથી સંગત કરાવનાર स्यूतम्-અનેક સાધનો શિલ્પકાર્ય-કારીગરીમાં કુશળ नरम्-નમ્ર અર્થાત્ વિનયી મનુષ્યને विश्वतः-સર્વ પ્રકારથી परिपासि-પાલન-રક્ષા કરો છો सः-તે ધર્માત્મા પરોપકારી વિદ્વાન આપ दिवः-સૂર્ય પ્રકાશની उपमा-ઉપમાને પ્રાપ્ત કરો છો. (૧૫)

*ભાવાર્થ : જે સર્વના સુખને સિદ્ધ કરનાર સૂર્ય સર્વને પ્રકાશિત કરીને સુખ આપે છે, તેની સમાન હોય છે.*

*જેમ યુદ્ધ પ્રવૃત્ત વીરોની શસ્ત્રોના પ્રહારથી કવચ રક્ષા કરે છે, તેમ રાજા આદિ રાજસભાના સભાસદ ધાર્મિક મનુષ્યોની સર્વ દુઃખોથી રક્ષા કરે. (૧૫)*

इ॒मामग्ने श॒रणिं मीमृषो न इ॒ममध्वा॑नं॒ यमगा॑म दू॒रात्।
आ॒पिः पि॒ता प्रम॑तिः सो॒म्याना॒ं भृमि॑रस्यृषि॒कृन्मर्त्या॑नाम्॥ १६॥

પદાર્થ : હે अग्ने-સહનશીલ અત્યુત્તમ વિદ્વન્-આપ सोम्यानाम्-શાન્તિ આદિ ગુણયુક્ત मर्त्यानाम्-મનુષ્યોને आपिः-પ્રીતિપૂર્વક પ્રાપ્ત पिता-સર્વ પાલક प्रमतिः-ઉત્તમ વિદ્યાયુક્ત भृमिः-નિત્ય ભ્રમણશીલ ऋषिकृत्-વેદાર્થ બોધ કરાવનાર છો તથા नः-અમારી इमाम्-એ शरणिम्-વિદ્યાદિનાશક અવિદ્યાને मीमृषः-અત્યંત નિવારણ કરો છો, તે આપ અને અમે यम्-જેને અમે दूरात्-દૂરથી ઉલ્લંઘન કરીને इमम्, ( वक्ष्यमाण ) अध्वानम्-ધર્મમાર્ગની अगाम्-સન્મુખ આવે તેનું સેવન કરીએ. (૧૬)

*ભાવાર્થ : જ્યારે મનુષ્ય સત્ય ભાવથી ઉત્તમ માર્ગને પ્રાપ્ત કરવા ઇચ્છે છે, ત્યારે ઈશ્વર (તેમાં) સત્પુરુષોના સંગ માટે પ્રેમ અને જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે, ત્યારે તે શ્રદ્ધાળુ બનીને બહુ દૂર રહેનાર આપ્ત યોગી વિદ્વાનોની પાસે જઈને તથા અભીષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરીને ધાર્મિક બની જાય છે. (૧૬)*

म॒नु॒ष्वद॑ग्ने अङ्गि॒र॒स्वद॑ङ्गिरो यया॒ति॒वत्सद॑ने पूर्व॒वच्छु॑चे।
अच्छ॑ या॒ह्या व॑हा॒ दैव्यं॒ जन॒मा सा॑दय ब॒र्हिषि॒ यक्षि॑ च प्रि॒यम्॥ १७॥

પદાર્થ : હે शुचे-પવિત્ર अङ्गिरः-પ્રાણની સમાન ધારણ કરનાર अग्ने-વિદ્યાઓથી સર્વત્ર વ્યાપ્ત સભાધ્યક્ષ ! આપ मनुष्यवत्-મનુષ્યના આવાગમન સમાન અને अङ्गिरस्वत्-શરીરમાં વ્યાપ્ત પ્રાણવાયુની સમાન રાજ્યકર્મ વ્યાપ્ત પુરુષની સમાન ययातिवत्-જેમ પુરુષ યજ્ઞની સાથે કામોને સિદ્ધ કરે અને કરાવે છે અને पूर्ववत्-જેમ શ્રેષ્ઠ પ્રતિષ્ઠાયુક્ત વિદ્વાનો વિદ્યાદાતા છે; તેમ प्रियम्-સર્વ જનોને પ્રસન્ન કરનાર दैव्यम्-વિદ્વાનોમાં અતિ કુશળ जनम्-મનુષ્યને अच्छ-સારી રીતે आयाहि-પ્રાપ્ત થાઓ, તે મનુષ્યને વિદ્યા અને ધર્મની તરફ वह-ચલાવો, તથા बर्हिषि, सदने-શ્રેષ્ઠ મોક્ષના સાધનોમાં आसादय-અવસ્થિત કરો અને यक्षि-ત્યાં તેને પ્રતિષ્ઠિત કરો. (૧૭)

*ભાવાર્થ : જે મનુષ્યોએ વિદ્યા, ધર્માનુષ્ઠાન અને પ્રેમથી સભાપતિની સેવા કરી છે, તે તેને ઉત્તમ ધર્મયુક્ત માર્ગમાં પ્રેરિત કરે છે. (૧૭)*

ए॒तेना॑ग्ने॒ ब्रह्म॑णा वावृधस्व॒ शक्ती॑ वा॒ यत्ते॑ चकृ॒मा वि॒दा वा॑।
उ॒त प्र णे॑ष्य॒भि वस्यो॑ अ॒स्मान्त्सं नः॑ सृज सु॒मत्या॒ वाज॑वत्या॥ १८॥

પદાર્થ : હે अग्ने-સર્વોત્કૃષ્ટ વિદ્વાન ! આપ ब्रह्मणा-વેદવિદ્યા वाजवत्या-ઉત્તમ અન્ન, યુદ્ધ અને વિજ્ઞાનથી યુક્ત सुमत्या-શ્રેષ્ઠ વિચારયુક્તથી नः-અમારા માટે वस्यः-અત્યંત ધન अभिसृज-સર્વ પ્રકારથી પ્રકટ કરો, उत-અને આપ विदा-આપના ઉત્તમ જ્ઞાનથી वावृधस्व-નિત્ય અત્યંત ઉન્નતિ કરો, ते-આપનો यत्-જે પ્રેમ છે, તેને અમે चकृम-કરીએ અને આપ अस्मान्-અમને प्रणेषि-શ્રેષ્ઠ બોધ પ્રાપ્ત કરાવો. (૧૮)

*ભાવાર્થ : જે મનુષ્ય વેદોક્ત રીતે વ્યવહાર કરે છે, તેઓ જ્ઞાનવાન, સુમતિયુક્ત અને ધાર્મિક બનીને જે ઉત્તમ વિદ્વાનની સેવા કરે છે, તે (વિદ્વાન) તેને શ્રેષ્ઠ સામર્થ્ય અને ઉત્તમ વિદ્યાથી યુક્ત કરે છે. (૧૮)*

સંગતિ : આ સૂક્તમાં ઈન્દ્ર આદિ અનુયોગી અગ્નિનું પ્રધાન રૂપથી ઈશ્વર અને ગૌણરૂપથી ભૌતિક અગ્નિ અર્થનો પ્રકાશ કરવાથી ગૌણ રૂપથી પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૩૧)

## સૂક્ત-૩૨

इन्द्र॑स्य॒ नु वी॒र्या॑णि॒ प्र वो॑चं॒ यानि॑ च॒कार॑ प्र॒थ॒मानि॑ व॒ज्री।
अह॒न्नहि॒मन्व॒पस्त॑तर्द॒ प्र व॒क्षणा॑ अभि॒न॒त्पर्व॑तानाम् ॥ १ ॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! તમે જેમ इन्द्रस्य-સર્વ પદાર્થોના વિદારક સૂર્યલોક સમાન સભાધ્યક્ષ રાજાનો यानि-જે प्रथमानि-પ્રસિદ્ધ वीर्याणि-પરાક્રમ અને આકર્ષણ આદિ સમાન કર્મ બતાવો છો. તેને હું नु-શીઘ્ર प्रवोचम्-સર્વથા ઉપદેશ કરું જેમ તે वज्री-સર્વ પદાર્થોનું છેદન કરનાર કિરણોયુક્ત સૂર્ય अहिम्-મેઘનું अहन्-હનન કરે છે, અને તેના અવયવ अपः-જળને નીચે, ઉપર અને अनु-પાછળ चकार-કરે છે, તેને प्र + ततर्द-નષ્ટ કરે છે- પૃથિવી પર પાડે છે, पर्वतानाम्-મેઘ અથવા પર્વતોથી प्रवक्षणाः-નદીઓને વિદારિત કરે છે, તેમ હું શત્રુઓનું હનન કરું, તેને નીચે, ઉપર અને પાછળ ફેકું, કિલ્લા આદિથી આવેલ યુદ્ધ માટેની સેનાઓનું ભેદન કરું. (૧)

*ભાવાર્થ : ઈશ્વર દ્વારા ઉત્પન્ન કરેલ તે અગ્નિમય સૂર્યલોક જેમ પોતાના પ્રકાશ, આકર્ષણ, દાહ, છેદન અને વર્ષાની ઉત્પત્તિ નિમિત્ત રૂપ સ્વાભાવિક ગુણ-યુક્ત અનાદિ કર્મોને દિવસ-રાત કરે છે, તેમ પ્રજાપાલનમાં તત્પર રાજપુરુષોએ પણ બનવું જોઈએ. (૧)*

अह॒न्नहिं॒ पर्व॑ते शिश्रिया॒णं त्वष्टा॑स्मै॒ वज्रं॑ स्व॒र्यं॑ ततक्ष।
वा॒श्रा इ॑व धे॒नवः॒ स्यन्द॑माना॒ अञ्जः॑ समु॒द्रमव॑ जग्मु॒रापः॑ ॥ २ ॥

પદાર્થ : જેમ એ त्वष्टा-પોતાના કિરણોથી પદાર્થોનું છેદન અને સૂક્ષ્મ કરનાર સૂર્ય पर्वते-મેઘમંડળમાં शिश्रियाणम्-રહેનારા स्वर्यम्-ગર્જનારા अहिम्-મેઘ-વાદળાઓનું अहन्-હનન કરે છે, अस्मै-એ મેઘને માટે वज्रम्-છેદન કરનાર કિરણ સમૂહને ततक्ष-તેજ કરે છે એ કર્મથી वाश्रा-વાછરડાની પ્રાપ્તિ માટે ઉત્કંઠિત શબ્દ કરતી धेनव-ગાયોની इव-સમાન स्यन्दमानाः-વહેતું अंजः-વ્યક્ત અથવા ગતિશીલ आपः-જળ समुद्रम्-જળથી પૂર્ણ સાગરની તરફ अवजग्मुः-નદીઓ દ્વારા જાય છે.

એ રીતે સભાધ્યક્ષ રાજા કિલ્લામાં રહેનાર શત્રુનું હનન કરે, अस्मै-એ દુષ્ટ શત્રુને માટે वज्रम्-છેદન કરનાર શસ્ત્ર સમૂહને ततक्ष-તીક્ષ્ણ કરે, તેથી वाश्रा-વાછરડાની પ્રાપ્તિ માટે ઉત્કંઠિત બનીને શબ્દ કરતી धेनवः-ગાયોની સમાન स्यन्दमानाः-વહેતા अञ्जः-વ્યક્ત અથવા ગતિશીલ आपः-શત્રુઓના પ્રાણોને समुद्रम्-અન્તરિક્ષમાં પહોંચાડે અને તે કાંટારૂપ શત્રુઓને મારીને પ્રજાને સુખ પ્રદાન કરે. (૨)

*ભાવાર્થ : જેમ સૂર્ય અન્તરિક્ષમાં રહેલ મેઘ = વાદળાંઓને ભૂમિ પર પાડીને જગતને જીવન પ્રદાન કરે છે, તેમ સેનાપતિ કિલ્લા તથા પર્વત આદિમાં આશ્રય કરેલા શત્રુઓને ભૂમિ પર પછાડીને પ્રજાઓને નિરંતર સુખી કરે છે. (૨)*

वृषायमाणोऽवृणीत सोमं त्रिकद्रुकेष्वपिबत्सुतस्य।
आ सायकं मघवादत्त वज्रमहन्नेनं प्रथमजामहीनाम्॥ ३॥

પદાર્થ : જેમ वृषायमाणः-વૃષભ = સાંઢની સમાન આચરણ કરતા इन्द्रः સૂર્યલોક, મેઘની સમાન सुतस्य-આ ઉત્પન્ન જગતની મધ્યમાં त्रिकद्रुकेषु-ત્રણ-ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય નામક વિવિધ કળાઓવાળા કાર્ય પદાર્થોમાં વિદ્યમાન सोमम्-રસને अवृणीत-સ્વીકાર કરે છે, अपिबत्-પોતાના પ્રકાશથી તેનું પાન કરે છે, અને मघवा-અનેક પ્રકારના શ્રેષ્ઠ ધનનો હેતુ સૂર્ય सायकम्-શસ્ત્રરૂપ वज्रम्-કિરણ સમૂહરૂપ અસ્ત્રને જેમ आदत्त-ગ્રહણ કરે છે, તે સમાન अहीनाम्-મેઘોમાં प्रथमजाम्-પ્રથમ ઉત્પન્ન થયેલ एनम्- મેઘનું अहन्-હનન કરે છે, આવા ગુણ, કર્મ, સ્વભાવયુક્ત પુરુષ સેનાપતિનો અધિકાર પ્રાપ્ત કરવા યોગ્ય બને છે. અર્થાત્ સેનાપતિ બની શકે છે. (૩)

*ભાવાર્થ : જેમ વૃષભ = સાંઢ વીર્ય કરીને તથા બળવાન બનીને, સુખી થાય છે; તેમ એ સેનાપતિ રસનું પાન કરીને બળવાન બનીને સુખી બને.*

*જેમ સૂર્ય પોતાના કિરણોથી જળને ખેંચીને તેને અન્તરિક્ષમાં રાખીને ફરી વરસાવે છે, તેમ સેનાપતિ શત્રુના બળને ક્ષીણ કરીને તથા પોતાના બળની વૃદ્ધિ કરીને પ્રજાને માટે સુખની વર્ષા કર. (૩)*

यदिन्द्राहन्प्रथमजामहीनामान्मायिनाममिनाः प्रोत मायाः।
आत्सूर्यं जनयन्द्यामुषासं तादीत्ना शत्रुं न किलाऽविवित्से॥ ४॥

પદાર્થ : હે સેનાપતે ! જેમ इन्द्रः-સર્વ પદાર્થોને વિદીર્ણ અર્થાત્ છિન્ન-ભિન્ન કરનાર સૂર્યલોક अहीनाम्-નાના-નાના વાદળાઓની મધ્યમાં प्रथमजाम्-સૃષ્ટિકાળમાં એક સાથે ઉત્પન્ન મેઘનું अहन्-હનન કરે છે, જેની मायिनाम्-સૂર્યના પ્રકાશનું આવરણ કરનારી મોટી છટા ઊઠે છે તે મેઘોની मायाः-તે અંધકાર રૂપ ઘટાઓનું प्रमिणाः-સારી રીતે નિવારણ-હરણ કરે છે, तादीत्ना-તે સમયે यत्-જે सूर्यम्-કિરણસમૂહ उषसम्-પ્રાતઃકાળ અને द्याम्-પ્રકાશમય દિવસને प्रजनन्-પ્રકટ કરતા દિવસને ઉત્પન્ન કરે છે. न તેમ તું શત્રુઓને विवित्से-પ્રાપ્ત થઈને તેની છળ-કપટ આદિ માયાઓનું હનન કર અને તે સમયે ન્યાયરૂપ સૂર્યને પ્રકટ કરીને સત્ય-વિદ્યાના વ્યવહાર રૂપ સૂર્યનો પ્રકાશ કર. (૪)

*ભાવાર્થ : જેમ કોઈ (રાજપુરુષ) શત્રુના બળ અને છળનું નિવારણ કરીને તથા તેને જીતીને સ્વરાજ્યમાં સુખ અને ન્યાયનો પ્રકાશ ફેલાવે છે, તેમ જ સૂર્ય પણ મેઘના, પ્રકાશને રોકનારી ઘટાઓનું નિવારણ કરીને તથા પોતના કિરણો ફેલાવીને, મેઘ-વાદળાંઓનો નાશ કરીને, અંધકારને દૂર કરીને પ્રકાશને પ્રકટ કરે છે. (૪)*

**अहन्वृत्रं वृत्रतरं व्यंसमिन्द्रो वज्रेण महता बधेन।**

**स्कन्धांसीव कुलिशेना विवृक्णाहिः शयत उपपृक्पृथिव्याः॥५॥**

પદાર્થ : હે મહારથી સેનાપતે ! આપ જેમ इन्द्रः-સૂર્ય અને વિદ્યુત્ महता-અતિ વિસ્તૃત कुलिशेन-અતિ તીક્ષ્ણ ધારદાર ખડ્ગ-તલવાર રૂપ वज्रेण-પદાર્થોના છેદક, ઉષ્મ-અતિ તાપયુક્ત કિરણ-સમૂહથી विवृक्णा-કપાયેલ स्कन्धासीव-સ્કંધોની-કાંધની સમાન व्यंसम्-અવયવ રહિત-છિન્ન-ભિન્ન અંગ જેમ બને છે, તેમ वृत्रतरम्-અત્યંત આવરક वृत्रम्-મેઘનું अहन्-હનન કરે છે અર્થાત્ છિન્ન-ભિન્ન કરીને પૃથિવી પર વરસાવે છે અને તે बधेन-સૂર્યના ગુણોથી મૃતક સમાન બનીને अहिः-મેઘ पृथिव्याः-પૃથિવીની उपपृक्-ઉપર शयते-શયન કરે છે, તેમ સર્વ શત્રુઓનું હનન કરો. (૫)

*ભાવાર્થ : જેમ કોઈ અતિ તીક્ષ્ણ ધારવાળા શસ્ત્ર દ્વારા શત્રુના શરીરના અવયવોને કાપીને ભૂમિ પર પાડે છે અને તે મરેલો શત્રુ ભૂમિ પર શયન કરે છે, તેમ એ સૂર્ય અને વિદ્યુત્, વાદળાંઓનાં અવયવોને કાપીને, ભૂમિ પર પાડે છે, તે ભૂમિ પર પડેલા શયન કરેલ સમાન પ્રતીત થાય છે. (૫)*

**अयोद्धेव दुर्मद आ हि जुह्वे महावीरं तुविबाधमृजीषम्।**

**नातारीदस्य समृतिं वधानां सं रुजानाः पिपिष इन्द्रशत्रुः॥६॥**

પદાર્થ : दुर्मदः-દુષ્ટ અભિમાનની अयोद्धेव-યુદ્ધની ઈચ્છા ન કરનાર પુરુષની સમાન મેઘ ऋजीषम्-પદાર્થોના રસને એકત્ર કરીને તથા तुविबाधम्-અનેક શત્રુઓને મારનારની સમાન महावीरम्-અત્યંત બળયુક્ત શૂરવીરની સમાન સૂર્યલોકને आजुह्वे-ઈર્ષાથી આહ્વાન કરવા સમાન વર્તે છે, જ્યારે સર્વત્ર શબ્દ કરવા સમાન વર્તે છે, જ્યારે સર્વત્ર શબ્દ કરવા સમાન સૂર્ય દ્વારા મારેલ એ इन्द्रशत्रुः-સૂર્યના શત્રુ મેઘને पिपिषे-સૂર્યથી સારી રીતે પીસી દેવામાં આવે છે, ત્યારે તે મેઘ अस्य-એ સૂર્યની बधानाम्-તાડનાઓના समृतिम्-સમૂહને नातारीत्-સહન કરી શકતો નથી, हि-નિશ્ચય છે કે એ મેઘના શરીરથી ઉત્પન્ન થયેલ रूजानाः-નદીઓ, પર્વત અને પૃથિવીના કૂલ = કિનારોને કાપીને વહે છે, તેમ સેનાઓમાં પ્રકાશમાન સેનાધ્યક્ષ શત્રુઓમાં ચેષ્ટા કરે. (૬)

*ભાવાર્થ : જેમ મેઘ = વાદળાંઓ જગતના પ્રકાશ માટે પ્રવર્તમાન સૂર્યના પ્રકાશને એકાએક ઊઠાવીને તેને રોકીને, તેની સામે યુદ્ધ કરવા સમાન પ્રવૃત્ત થાય છે, પરંતુ સૂર્યનું સામર્થ્ય અધિક*

*હોય છે. જ્યારે એ સૂર્ય મેઘનું હનન કરીને-મારીને પૃથિવી પર પાડે છે, ત્યારે તેના શરીરના અવયવ રૂપ જળથી નદીઓ પૂર્ણ ભરાઈને સમુદ્રમાં જઈને મળે છે, તેમ રાજા શત્રુઓને મારીને સમાપ્ત કરે. (૬)*

**अपादहस्तो अपृतन्यदिन्द्रमास्य वज्रमधि सानौ जघान।**
**वृष्णो बध्रिः प्रतिमानं बुभूषन्पुरुत्रा वृत्रो अशयद्व्यस्तः॥ ७॥**

પદાર્થ : હે સર્વ સેનાઓના અધ્યક્ષ ! આપ वृत्रः-જેમ મેઘ वृष्णः-વીર્ય સિંચન કરનાર પુરુષની प्रतिमानम्-સમાન बुभूषन्-બનાવની ઈચ્છા કરતા बध्रिः-એક નિર્બળ નપુંસકની સમાન-જે इन्द्रम्-સૂર્યના પ્રત્યે अपृतन्यत्-યુદ્ધ કરવાની ઈચ્છા કરે છે, તે अस्य-એ વૃત્ર = મેઘના सानौ-શિખર अधि-ઉપર इन्द्र-સૂર્ય वज्रम्-પોતાના કિરણ રૂપ વજ્રનો आजधान-પ્રહાર કરે છે, તેથી મરેલ वृत्रः-મેઘ अपाद हस्तः- પગ-હાથ કપાયેલા મનુષ્ય સમાન व्यस्तः-અનેક પ્રકારથી ફેંકાયેલ पुरुत्रा-અનેક સ્થાનોમાં પડેલ अशयत्-બહુ ભૂમિ પ્રદેશોમાં શયન સમાન જણાય છે, તેમ એ પ્રકારના શત્રુઓનું છિન્ન-ભિન્ન કરીને સદા વિજય પ્રાપ્ત કરો. (૭)

*ભાવાર્થ : જેમ કોઈ નિર્બળ, બળવાન સાથે યુદ્ધ કરવા પ્રવૃત્ત થાય છે, તેમ મેઘ = વાદળાંઓ રૂપ વૃત્ર, સૂર્યની સાથે યુદ્ધ કરનાર સમાન પ્રવૃત્ત થાય છે. જેમ તે અન્તમાં સૂર્ય દ્વાર છિન્ન-ભિન્ન થઈને પરાજય પામીને પૃથિવી પર પડી જાય છે, તેમ જે ધાર્મિક રાજાની સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે, તેની પણ એવી જ ગતિ-દશા થાય છે. (૭)*

**नदं न भिन्नममुया शयानं मनो रुहाणा अति यन्त्यापः।**
**याश्चिद्वृत्रो महिना पर्यतिष्ठत्तासामहिः पत्सुतःशीर्बभूव॥ ८॥**

પદાર્થ : હે રાજાધિરાજ ! આપ જેમ એ वृत्रः-મેઘ महिना-પોતાના મહિમાથી पर्यतिष्ठत्-સર્વત્ર એકતાથી પ્રાપ્ત अहिः-સૂર્યના તાપથી હનન કરેલ तासाम्-તે જળોની મધ્યમાં સ્થિત पत्सुतःशीः-પગની નીચે શયન કરનાર बभूव-હોય છે, તે મેઘનું શરીર मनः-મનનશીલ અન્તઃકરણ સમાન रुहाणाः-ઉત્પન્ન થઈને વહેનારી નદી જે અન્તરિક્ષમાં विद्यमान चित्-જ याः-જે અન્તરિક્ષમાં તથા ભૂમિમાં રહેનાર आपः-જળ भिन्नम्-વિદીર્ણ તટવાળા शयानम्-શયન ભાવની न-સમાન नवम्-મહા પ્રવાહયુક્ત નદને यन्ति-પ્રાપ્ત થતા અને તે જળ न अमुया-પૃથિવીની સાથે પ્રાપ્ત થાય છે-રહે છે, તેમ સર્વ શત્રુઓને બાંધીને વશમાં કરો. (૮)

*ભાવાર્થ : જેટલું જળ સૂર્ય દ્વારા છિન્ન-ભિન્ન થઈને વાયુની સાથે મેઘમંડળમાં જાય છે, તે સર્વ જળ મેઘ-વાદળાંઓ જ બની જાય છે. જ્યારે (મેઘ રૂપ) જળોનો ભંડાર અત્યધિક વધી જાય છે, ત્યારે તે ઘટ્ટ સૈન્ય સમૂહ સમાન બનીને પોતાના વિસ્તારથી સૂર્યના પ્રકાશને રોકે છે. તેને જ્યારે સૂર્ય*

*પોતાના કિરણોથી તોડે છે-છેદે છે, ત્યારે (એ) જળ (રૂપમાં) વિભિન્ન સ્થળે (વર્ષીને) મોટી નદીઓ તળાવ અને સમુદ્રમાં પહોંચીને શયન કરે છે-સૂવે છે.*

*(આ રીતે) તે (મેઘ) પૃથિવી પર વિભિન્ન સ્થળે મનુષ્યોના પગની નીચે શયન કરેલ-સૂતેલ સમાન પ્રતીત થાય છે, એ જ રીતે અધાર્મિક પણ (પ્રથમ) વધીને (પછી) શીઘ્ર નાશ પામે છે. (૮)*

**नी॒चाव॑या अभवद् वृ॒त्रपु॒त्रेन्द्रो॑ अस्या॒ अव॒ वध॒र्जभार।**

**उत्त॑रा॒ सूर॑धरः॒ पु॒त्र आ॑सी॒द्दानुः॑ शये स॒हव॑त्सा॒ न धे॒नुः॥ ९॥**

પદાર્થ : હે સભાપતે ! वृत्रपुत्रा-મેઘ જેના પુત્ર સમાન છે, તે મેઘની માતા नीचावयाः-નીચ = અલ્પ આયુને પ્રાપ્ત થયેલી सूः-પૃથિવી = ભૂમિમાતા उत्तरा-અથવા અન્તરિક્ષ નામવાળી अभवत्-છે, अस्याः-તેના પુત્ર મેઘના वधः-વધ અર્થાત્ તાડન इन्द्रः-સૂર્ય अवजभार-કરે છે.

એથી એના नीचावयाः-અલ્પ આયુવાળા पुत्रः-પુત્ર મેઘ अधरः-નીચે आसीत्-નીચે પડે છે અને જે दानुः-સર્વ પદાર્થોને આપનારી ભૂમિ જેમ सहवत्सा-વાછરડા સહિત धेनुः-ગાય હોય, नः જેમ પોતાના પુત્રની સાથે शये-સૂવા સમાન જણાય છે-તેમ પોતાના શત્રુઓને ભૂમિની સાથે શયન કરનારની સમાન કરો, અર્થાત્ તેઓનું હનન કરો. (૯)

*ભાવાર્થ : મેઘની બે માતાઓ છે, એક પૃથિવી અને બીજી અન્તરિક્ષ, કારણ કે તે બન્નેથી મેઘની ઉત્પત્તિ થાય છે. જેમ કોઈ ગાય પોતાના વાછરડા સાથે રહે છે, તેમ જ્યારે જળ સમૂહ રૂપ મેઘ ઉપર જાય છે, ત્યારે અન્તરિક્ષ નામક માતા પોતાના પુત્રની સાથે સૂતેલી સમાન જણાય છે. જ્યારે વરસાદ દ્વારા (તે) ભૂમિ પર આવી જાય છે, ત્યારે ભૂમિ પોતાના પુત્રની સાથે સૂતેલી સમાન જણાય છે.*

*એ મેઘનો પિતા સૂર્ય છે, કારણ કે તેનો ઉત્પાદક છે. એ (સૂર્ય)ની ભૂમિ અને અન્તરિક્ષ જાણે બે સ્ત્રીઓ છે. જ્યારે તે જળને ખેંચીને વાયુ દ્વારા અન્તરિક્ષમાં ફેંકે છે, ત્યારે તે મેઘરૂપી પુત્ર વૃદ્ધિ પામીને પ્રમત = પાગલની સમાન ઉન્નત (નિયંત્રણ રહિત) બની જાય છે.*

*સૂર્ય તે (મેઘ)ને મારીને ભૂમિ પર પાડે છે. એ રીતે એ મેઘ ક્યારેક ઉપર તો ક્યારેક નીચે રહે છે. એ જ રીતે રાજપુરુષોએ પ્રજાના કાંટા સમાન શત્રુઓને ઈતસ્તતઃ જ્યાં-ત્યાં ફેંકીને પ્રજાઓનું પાલન કરવું જોઈએ. (૯)*

**अति॑ष्ठन्तीनामनिवेश॒नानां॒ काष्ठा॑नां॒ मध्ये॒ निहि॑तं॒ शरी॑रम्।**

**वृ॒त्रस्य॑ नि॒ण्यं वि च॑र॒न्त्यापो॑ दी॒र्घं तम॒ आश॑य॒दिन्द्र॑शत्रुः॥ १०॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ ! આપ જેમ જે वृत्रस्य-મેઘના अनिवेशनानाम्-એકત્ર-સ્થિર ન રહેનાર अतिष्ठन्तीनाम्-સદા વહેનાર તે જળની મધ્ય निण्यम्-નિશ્ચય કરીને સ્થિર शरीरम्-જેનુ છેદન થાય એવું શરીર છે તે काष्ठानाम्-સર્વ દિશાઓની મધ્યમાં निहितम्-સ્થિત હોય છે તથા જેના શરીરરૂપ अपः-જળ दीर्घम्-મહાન तमः-અંધકારરૂપ ઘટાઓમાં विचरन्ति-વિચરણ કરે છે, તે इन्द्रशत्रुः-મેઘ તથા તે જળમાં સમુદાયી-એકત્ર અથવા અવયવી-નાના વાદળાઓરૂપ બનીને अशयत्-સર્વત્ર શયન કરે છે,

તેમ પ્રજાના દ્રોહી શત્રુઓ તથા તેના સહાયકો સહિતને બાંધીને काष्ठानाम्-સર્વ દિશાઓની મધ્યમાં સૂવડાવવા જોઈએ. (૧૦)

*ભાવાર્થ : સભાપતિને યોગ્ય છે, કે તે જેમ એ મેઘ-વાદળાંઓ અન્તરિક્ષમાં સ્થિત જળમાં સૂક્ષ્મ હોવાના કારણે દેખાતા નથી, ફરી જ્યારે વરસાદ દ્વારા જળ સમુદાયરૂપ ઘટ્ટ બને છે, ત્યારે જોવામાં આવે છે.*

*પરંતુ એ સદા ઉપર અને નીચે આવન-જાવન કરે છે અને ક્ષણ માત્ર સ્થિર રહેતાં નથી અને જે વૃત્ર = મેઘનું શરીરરૂપ છે, તે (જળ) અન્તરિક્ષમાં રહેવા છતાં અતિ સૂક્ષ્મ (હોવાના કારણે) દેખાતું નથી, તેમ મહા બળવાન શત્રુઓને અલ્પબળ બનાવીને વશમાં કરવા જોઈએ. (૧૦)*

दासपत्नीरहिगोपा अतिष्ठन्निरुद्धा आपः पणिनेव गावः।
अपां बिलमपिहितं यदासीद् वृत्रं जघन्वाँ अप तद्ववार॥ ११॥

પદાર્થ : હે સભાપતે ! જેમ पणिनेव-ગાય આદિ પશુઓના પાલક અને गावः-ગાયોને અભીષ્ટ સ્થાન પર રાખવા સમાન दासपत्नीः-અતિ બળ આપનાર મેઘ જેના પતિની સમાન અને अहिगोपाः-રક્ષા કરનાર છે, તે निरुद्धाः-રોકેલ आपः-જળ अतिष्ठन्-સ્થિત રહે છે, તે अपाम्-જળનું यत्-જે बिलम्-ગર્ત-ખાડા સમાન સ્થાન अपिहितम्-આચ્છાદિત અર્થાત્ ઢાંકી રાખેલ आसीत्-છે, તે वृत्रम्-મેઘનું સૂર્ય जघन्वान्-હનન કરીને तत्-તે જળની अपववार-અવરોધને તોડી નાખે છે-ખોલી નાખે છે, તેમ આપ દુષ્ટાચારી શત્રુઓને રોકીને ન્યાય અર્થાત્ ધર્મમાર્ગને પ્રકાશિત રાખો. (૧૧)

*ભાવાર્થ : જે ગોપાળ પોતાની ગાયોને પોતાના અનુકૂળ સ્થાન પર રોકે છે અને પછી દ્વાર ખોલીને તેને મુક્ત કરે છે.*

*જેમ મેઘરૂપી વૃત્રના દ્વાર પોતાના મંડળમાં જળનું દ્વાર બંધ કરીને તે જળને વશ કરવામાં આવે છે.*

*જેમ સૂર્ય તે મેઘને તાડિત કરે છે અને તે જળના દ્વારને ખોલીને જળને મુક્ત કરે છે, તેમ રાજપુરુષોએ શત્રુઓને રોકીને નિરંતર પ્રજાઓનું પાલન કરવું જોઈએ. (૧૧)*

अश्व्यो वारो अभवस्तदिन्द्र सृके यत्त्वा प्रत्यहन्देव एकः।
अजयो गा अजयः शूर सोममवासृजः सर्त्तवे सप्त सिन्धून्॥ १२॥

પદાર્થ : હે शूर-વીરના સમાન નિર્ભય इन्द्र-શત્રુઓને વિદીર્ણ કરનાર સેનાધ્યક્ષ રાજન્ ! આપ જેમ यत्-તે अश्व्यः-વેગ આદિ ગુણોમાં શ્રેષ્ઠ वारः-વરણ-સ્વીકારવા યોગ્ય एकः-એક देवः-દાન આદિ ગુણોથી યુક્ત મેઘ સૂર્યની સાથે યોદ્ધા अभवः-હોય છે सृके-વજ્રની સમાન કિરણ સમૂહમાં પોતાના મેઘ જાલને-દળને प्रति + अहन्-છોડે છે અર્થાત્ મેઘદળથી કિરણોને રોકે છે, સૂર્ય તે મેઘને જીતીને गाः-તેથી પોતાના કિરણોને अजयः-પૃથક્ કરીને અર્થાત્ એક સ્થાનથી બીજા સ્થાનમાં પહોંચાડે છે, અને सोमम्-પદાર્થોના રસને अजयः-જીતે છે એ રીતે કરતાં તે સૂર્યલોક જળને सर्त्तवे-ઉપર, નીચે

જવા માટે સર્વ લોકમાં સ્થિર થનાર सप्त, सिन्धून्-ભૂમિ પર મહાન જળાશય, નદી, કુવો અને તળાવ એ ચાર જળના સ્થાન અને સમીપ, મધ્ય અને દૂર સ્થાનમાં રહેલ ત્રણ જળાશય એ સાત જળાશયોને आवासृज-ઉત્પન્ન = નિર્માણ કરે છે, તેમ શત્રુઓમાં ચેષ્ટા કરે છો, तत्-તેથી त्वा-આપને યુદ્ધોમાં અમે અધિકૃત કરીએ છીએ. (૧૨)

*ભાવાર્થ : જેમ એ મેઘ સૂર્યના પ્રકાશને (જ્યારે) રોકે છે, ત્યારે સૂર્ય પોતાના કિરણોથી તેને છિન્ન-ભિન્ન કરીને ભૂમિ પર જળને પાડે છે, તેથી જ એ જળના આવાગમન સમુદ્રોના નિર્માણનો હેતુ હોય છે; તેમ પ્રજાપાલક રાજા શત્રુઓને રોકીને, શસ્ત્રથી તેને કાપીને, નીચે પછાડીને, પ્રજાને ધર્મયુક્ત માર્ગમાં ચલાવવામાં હેતુ બને. (૧૨)*

**नास्मै॑ वि॒द्युन्न त॑न्य॒तुः सि॑षेध॒ न यां मिह॒मकि॑रद्ध्रा॒दुनिं॑ च।**

**इन्द्र॑श्च॒ यद्यु॑यु॒धाते॒ अहि॑श्चो॒ताप॒रीभ्यो॑ म॒घवा॒ वि जि॑ग्ये॥१३॥**

પદાર્થ : હે સેનાપતે ! આપ જેમ મેઘ દ્વારા अस्मै-સૂર્યને માટે પ્રયુક્ત કરેલી विद्युत्-વિદ્યુત્ न, सिषेध-એની કોઈ રૂકાવટ-અવરોધ કરી શકતી નથી, तन्यतुः-તે મેઘની ગર્જના પણ તે સૂર્યને न, सिषेध-રોકી શકતી નથી, અને તે अहिः-મેઘ याम्-જે हादुनिम्-ગર્જના આદિ ગુણવાળી मिहम्-વર્ષાને च-પણ अकिरत्-ફેંકે છે-છોડે છે, તે પણ સૂર્યની न, सिषेध-હાનિ કરી શકતી નથી.

એ इन्द्र-સૂર્ય પોતાની કિરણરૂપી પૂર્ણ સેનાથી યુક્ત उत-અને પોતાની अपरीभ्यः-અપૂર્ણ સેનાથી યુક્ત अहि-મેઘ च-પણ એ બન્ને युयुधाते-પરસ્પર યુદ્ધ કરે છે, यत्-અધિક બળવાન હોવાના કારણે मधवा-અત્યંત પ્રકાશમાન સૂર્ય તે મેઘને च-પણ विजिग्ये-સારી રીતે જીતે છે; તેમ ધર્મયુક્ત પૂર્ણબળને સિદ્ધ કરીને શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરો. (૧૩)

*ભાવાર્થ : જેમ વૃત્ર = મેઘના વિદ્યુત્ આદિ જેટલાં યુદ્ધનાં સાધનો છે, તે સૂર્યની અપેક્ષા નિર્બળ છે; અને સૂર્યના યુદ્ધ સાધન તેની અપેક્ષા વિશાળ છે, તેથી સદા સૂર્યનો વિજય અને મેઘનો પરાજય થાય છે.-તેમ રાજપુરુષોએ ધર્મથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. (૧૩)*

**अहे॑र्या॒तारं॒ कम॑पश्य इन्द्र हृ॒दि यत्ते॑ ज॒घ्नुषो॒ भीरग॑च्छत्।**

**नव॑ च॒ यन्न॑व॒तिं च॒ स्रव॑न्तीः श्ये॒नो न भी॒तो अत॑रो॒ रजां॑सि॥१४॥**

પદાર્થ : હે इन्द्रः-શત્રુ-દળના વિદારક ! યોદ્ધા શત્રુઓનું जहनुषः-હનન કરનાર ते-આપનો પ્રભાવ अहेः-મેઘની વિદ્યુત્-ગર્જના આદિ વિશેષથી પ્રાણીઓને यत्-જે भीः-ભય अगच्छत्-પ્રાપ્ત થાય છે, વિદ્વાન મનુષ્ય તે મેઘને यातारम्-દેશ-દેશાન્તરમાં પહોંચાડનાર સૂર્યથી અન્ય कम्-કોઈને પણ ન દેખે, જાણે.

તે સૂર્યની તાડના કરેલ-મારેલ મેઘ श्येनः-બાજથી भीतः-ડરેલ કબૂતરની न-સમાન ભૂમિ પર પડીને નવ, नवनवतिम्-અસંખ્ય स्रवन्तीः-નદીઓ અથવા નાલીઓને પૂરિત કરે છે.

यत्-જે કારણે સૂર્ય પોતાના પ્રકાશ, આકર્ષણ અને છેદન આદિ ગુણોથી મહાન છે; તેથી रजांसि-સર્વ લોકોને अतरः-તારે છે, પાર કરે છે; એના સમાન આપ છો, તે આપ हृदि-હૃદયમાં-મનમાં જે શત્રુને अपश्यः-દેખો, તેનું હનન કરો. (૧૪)

*ભાવાર્થ : રાજાના સેવક અને વીરપુરુષ,-જેમ કોઈ દ્વારા પ્રહાર કરેલ ભયભીત શ્યેન = બાજ પક્ષી ગમે ત્યાં પડે છે, તેમ સૂર્ય દ્વારા તાડિત અને આકર્ષિત જે મેઘ ગમે ત્યાં પડીને જાય છે. તે પોતાનાં શરીર નામક જળથી લોક-લોકાન્તરની મધ્યમાં અનેક નદીઓ અને નાળાઓને પરિપૂર્ણ કરે છે.*

*એ મેઘનું સૂર્યથી ભિન્ન અન્ય કોઈ નિમિત્ત નથી. જેમ અંધારામાં પ્રાણીઓને ભય લાગે છે, તેમ મેઘ અને વીજળીના કડાકાથી ભય લાગે છે, તે (ભય)નું નિવારણ કરનાર પણ સૂર્ય જ છે.*

*જેમ તે (સૂર્ય) સમસ્ત લોકોના પ્રકાશ અને આકર્ષણ આદિથી વ્યવહારનો હેતુ છે, તેમ (વીર રાજપુરુષ) શત્રુઓને જીતે. આ મંત્ર नवनवतिम्-નવાણુ શબ્દ ઉપલક્ષ હોવાથી અસંખ્ય અર્થમાં છે. (૧૪)*

**इन्द्रो॑ या॒तोऽव॑सितस्य॒ राजा॒ शम॑स्य च शृ॒ङ्गिणो॒ वज्र॑बाहुः।**
**सेदु॒ राजा॑ क्षयति चर्षणी॒नाम॒रान्न ने॒मिः परि॒ ता ब॑भूव॥ १५॥**

પદાર્થ : સૂર્યની સમાન वज्रबाहुः-ભુજામાં શસ્ત્ર-સમૂહને ધારણ કરનાર इन्द्रः-દુષ્ટોનું નિવારણ કરનાર यातः-ગમન આદિ વ્યવહારોને વર્તાવનાર સભાપતિ અને સેનાપતિ अवसितस्य-નિશ્ચિત ચરાચર જગતના शमस्य-શાન્તિયુક્ત મનુષ્ય આદિ પ્રાણીઓ श्रृङ्गिणः-શિંગડાવાળા ગાય આદિ પશુઓના તથા चर्षणीनाम्-સાધારણ મનુષ્યોની મધ્યમાં अरान्-પૈડાંને-આરાઓનો ધારણ કરનાર नेमिः-ધરોની न-સમાન राजा-પ્રકાશમાન બનીને ता-ઉત્તમ તથા અધમ કર્મોના કર્તાઓને સુખ અને દુઃખોને તથા रजांसि-ઉક્ત લોકોને परिक्षयति-પહોંચાડે છે અને નિવાસ કરાવે છે, उ, इत्-તેમ જ सः-તે સર્વના राजा-ન્યાયનો પ્રકાશ કરનાર बभूव-બને. (૧૫)

*ભાવાર્થ : જેમ રથના પૈડાં આરાને ધારણ કરીને ચલાવે છે, જેમ એ સૂર્ય ચેતન અને જડ, શાન્ત અને અશાન્ત જગતનાં મધ્યમાં પ્રકાશમાન થઈને, સર્વ લોકોને ધારણ કરીને, તેને પોતાની કક્ષામાં ચલાવે છે, એ સૂર્ય વિના કોઈપણ સમીપ સ્થિત મૂર્તિમાન લોકનું ધારણ, આકર્ષણ, પ્રકાશ અને વાદળાંઓની વર્ષા આદિ કર્મ સંભવ થઈ શકતા નથી, તેમ રાજા ધર્મપૂર્વક રાજ્યનું પાલન કરે. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈન્દ્ર = સૂર્ય અને વૃત્ર-મેઘના યુદ્ધનું અલંકારથી વર્ણન હોવાથી આ સૂક્તનો પૂર્વ સૂક્તમાં પ્રતિપાદિત અગ્નિ શબ્દના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૩૨)

## સૂક્ત-33

एतायामोप गव्यन्त इन्द्रमस्माकं सु प्रमतिं वावृधाति।
अनामृणः कुविदादस्य रायो गवां केतं परमावर्जते नः॥१॥

પદાર્થ : હે મનુષ્યો ! गव्यन्तः-અમારો આત્મા, ગાય આદિ પશુઓ અને શુદ્ધ ઈન્દ્રિયોની ઈચ્છા કરનાર અને જે अस्माकम्-અમે મનુષ્યો અને अस्य-આ જગત્‌ના कुवित्-અનેક પ્રકારના रायः-પ્રશસ્ત ધનોની वावृधाति-વૃદ્ધિ કરાવો, અને જે आत्-તદનન્તર नः-અમારા માટે अनामृणः-હિંસા અને પક્ષપાત રહિત બનીને गवाम्-મન આદિ ઈન્દ્રિયો, પૃથિવી આદિ લોક તથા ગાય આદિ પશુઓના परम्-શ્રેષ્ઠ केतम्-જ્ઞાનની वावृधाति-વૃદ્ધિ કરાવે અને અજ્ઞાનનો आवर्जते-નાશ કરાવે, તે सप्रमतिम्-ઉત્તમ વિજ્ઞાનવાળા इन्द्रम्-પરમેશ્વર અથવા ન્યાયાધીશની શરણને उपायाम-પ્રાપ્ત કરીએ છીએ, તેમ તમે પણ एत-તેને પ્રાપ્ત કરો. (૧)

*ભાવાર્થ : જેમ મનુષ્યો અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ દ્વારા જે ઉત્તમ ધનની વૃદ્ધિ કરે છે, તેમ ઈશ્વરની આજ્ઞાનું પાલન અને ઉપાસના દ્વારા શરીર અને આત્માના બળની નિત્ય વૃદ્ધિ કરવી જોઈએ. તે (ઈશ્વર)ની સહાયતા વિના કોઈ (પણ મનુષ્ય) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપી ફળને પ્રાપ્ત કરી શકતા નથી. (૧)*

उपेदहं धनदामप्रतीतं जुष्टां न श्येनो वसतिं पतामि।
इन्द्रं नमस्यन्नुपमेभिरर्कैर्यः स्तोतृभ्यो हव्यो अस्ति यामन्॥२॥

પદાર્થ : यः-જે પૂર્વોક્ત સૂર્યલોકના ઉત્પાદક हव्यः-ગ્રહણ કરવા યોગ્ય ઈશ્વર स्तोतृभ्यः-સ્તુતિ કરનારાઓને ધન પ્રદાન કરનાર अस्ति-છે, તે अप्रतीतम्-ચક્ષુ આદિ ઈન્દ્રિયોથી અગોચર = પ્રતીત ન થનાર धनदाम्-ધનના દાતા इन्द्रम्-અખંડ ઐશ્વર્ય પ્રદાન કરનાર જગદીશ્વરને नमस्यन्-નમસ્કાર કરતા अहम्-હું न-જેમ जुष्टाम्-પૂર્વકાળમાં સેવન કરેલ वसतिम्-નિવાસ સ્થાન = માળાને श्येनः-બાજ પક્ષી न-જે પ્રાપ્ત થાય છે, તેમ यामन्-ગમનશીલ = ચલાયમાન આ સંસારમાં उपमेभिः-ઉપમા આપવા યોગ્ય अर्कैः-અનેક સૂર્યલોકોથી इत्-જ उपपतामि-પ્રાપ્ત કરું છું-અર્થાત્ સંસારની રચના જોઈને ઈશ્વરને જાણું છું. (૨)

*ભાવાર્થ : જેમ શ્યેન = બાજ નામક પક્ષી પોતાના પૂર્વ સેવન કરેલા સુખદાયી નિવાસ સ્થાનને, અન્ય સ્થાનથી વેગથી આવીને પ્રાપ્ત કરી લે છે, એ જ રીતે મનુષ્યે પરમેશ્વરને નમસ્કાર કરતા દૃષ્ટાન્તોથી ઈશ્વરનો નિશ્ચય કરીને, તેની ઉપાસના કરવી જોઈએ.*

*આ સંસારમાં જેટલા રચેલા પદાર્થો છે, તે સર્વ તેના રચયિતા ઈશ્વરનો નિશ્ચય કરાવે છે, કારણ કે નિર્માતા વિના કોઈ પણ નિર્મિત સંભવ નથી.*

*જેમ મનુષ્યોના રચના-વ્યવહારમાં રચયિતા વિના સ્વયં કોઈ પણ બની શકતું નથી, એ જ રીતે ઈશ્વરીય સૃષ્ટિના વિષયમાં સમજવું જોઈએ.*

*અહો = આશ્ચર્ય છે, કે આવો નિશ્ચય હોવા છતાં (પણ) જે ઈશ્વરનો અનાદર કરીને નાસ્તિક બની જાય છે, તેઓનું એ મહાન અજ્ઞાન તેઓને ક્યાંથી પ્રાપ્ત થયું ? !! (૨)*

**नि सर्वसेन इषुधीँरसक्त समर्यो गा अजति यस्य वष्टि।**

**चोष्कूयमाण इन्द्र भूरि वामं मा पणिर्भूरस्मदधि प्रवृद्ध॥ ३॥**

પદાર્થ : હે अधि, प्रवृद्ध-સર્વોપરિ મહાન ગુણોથી યુક્ત, इन्द्र-શત્રુઓના વિદારક, सर्वसेनः-સર્વ સેનાઓવાળા पणिः-સત્ય વ્યવહારવાળા चोष्कूयमाणः-શત્રુઓને પલાયન કરનાર શૂરવીર આપ भूरि-બહુ જ પ્રકારથી इषुधीन्-ધનુષ્યોને ધારણ કરીને-જેમ अर्यः-વૈશ્ય गाः-પશુઓની भूरि-બહુ જ પ્રકારથી समजति-પ્રાપ્ત કરીને રક્ષા કરે છે इव-તેમ न्यसक्त-શત્રુઓને દઢબંધનોથી બાંધો અને अस्मत्-वामम्-અમારાથી અરુચિકર કર્મનો કર્તા मा भूः-ન બનો, જેથી यस्य આપનો પ્રતાપ वष्टि-પ્રકાશિત થાય અને આપ વિજયી બનો. (૩)

*ભાવાર્થ : જેમ વૈશ્ય ગાયોને પાળીને, ચરાવીને દૂધ આદિથી વ્યવહાર સિદ્ધ કર્યા કરે છે. જેમ ઈશ્વર દ્વારા રચિત મહાન સૂર્યલોકના કિરણો બાણ સમાન છેદક હોવાના કારણે સર્વ પદાર્થોમાં ઘૂસીને વાયુ દ્વારા તેને ઉપર નીચે પહોંચાડીને સર્વ પદાર્થોને રસયુક્ત કરીને સુખોને ઉત્પન્ન કરે છે, તેમ રાજા પ્રજાઓનું પાલન કરે. (૩)*

**वधीर्हि दस्युं धनिनं घनेनँ एकश्चरन्नुपशाकेभिरिन्द्र।**

**धनोरधि विषुणक्ते व्यायन्नयज्वानः सनकाः प्रेतिमीयुः॥ ४॥**

પદાર્થ : હે इन्द्र-ઐશ્વર્યથી યુક્ત શૂરવીર ! જેમ ઈશ્વર અને સૂર્ય उपशाकेभिः-સામર્થ્યરૂપી કર્મોથી एकः-એક-એકલા જ चरन्-જાણતા અથવા પ્રાપ્ત કરતા દુષ્ટો અથવા મેઘોનું હનન કરે છે, તેમ એકલા આપ धनेन-વજ્ર રૂપી શસ્ત્રથી दस्युम्-બળ તથા અન્યાયથી પરધન હરનાર દુષ્ટોનો वधीः-વધ કરો, વિનાશ કરો, विषुणक्-અધર્મથી ધર્માત્માઓને દુઃખ આપનારનો નાશ કરનાર આપ धनोः-ધનુષ્યથી દોરીની अधि-ઉપર બાણોને ચડાવીને દુષ્ટોનું નિવારણ કરીને धनीनम्-ધાર્મિક ધનાઢ્ય પુરુષોથી વૃદ્ધિ કરો.

જેમ ઈશ્વરના નિંદક અથવા સૂર્યલોકના શત્રુ મેઘ धनेन-સામર્થ્યથી અથવા કિરણ-સમૂહથી નાશને वि + आयन्-વિશેષ રૂપથી પ્રાપ્ત થાય છે, તેમ हि-નિશ્ચય ते-આપની अयज्वानः-યજ્ઞ અર્થાત્ પૂજા ન કરનાર, सनकाः-અધર્મથી પરપદાર્થોનું સેવન કરનાર મનુષ્ય प्रेतिम्-મૃત્યુને ईयुः-જેમ પ્રાપ્ત થાય, તેવો પ્રયત્ન કરો. (૪)

*ભાવાર્થ : જેમ ઈશ્વર અજાતશત્રુ = શત્રુઓથી રહિત છે, સૂર્યલોક પણ મેઘથી નિવૃત્ત બની જાય છે, તેમ સર્વ મનુષ્યોએ દસ્યુ = ચોર, ડાકુ અથવા શત્રુઓને મારીને તથા શ્રીમાનો-(ધનવાન, ધર્માત્મા)ની રક્ષા કરીને, અજાતશત્રુ-શત્રુઓથી રહિત બનવું જોઈએ. (૪)*

परा॑ चिच्छी॒र्षा व॑वृजु॒स्त इ॒न्द्राय॑ज्वानो॒ यज्व॑भिः॒ स्पर्ध॑मानाः।
प्र यद्दि॒वो ह॑रिवः स्थातरुग्र॒ निर॑व्र॒ताँ अ॑धमो॒ रोद॑स्योः॥५॥

પદાર્થ : હે हरिवः-ઘોડા, હાથી આદિ પ્રશંસિત સેના-સાધનોથી યુક્ત, યુદ્ધ માટે प्रस्थातः-પ્રસ્થાન કરનાર, उग्र-દુષ્ટો પ્રત્યે તીક્ષ્ણ વ્યવહારવાળા, इन्द्र-શત્રુઓના વિદારક સેનાપતિ चित्-જેમ હરણ, આકર્ષણ ગુણયુક્ત, કિરણયુક્ત યુદ્ધમાં સ્થિત થતાં અને દુષ્ટોને અત્યંત તાપ આપનાર સૂર્યલોક रोदस्योः-અન્તરિક્ષ અને પૃથિવીને પ્રકાશ તથા આકર્ષણ કરતા મેઘના અવયવોને છિન્ન-ભિન્ન કરીને તેનું નિવારણ કરે છે-દૂર ભગાડે છે; તેમ આપ यत्-જે अयज्वानः-યજ્ઞ ન કરનારા અને यज्वभिः-યજ્ઞ કરનારાની સાથે स्पर्द्धमानाः-ઈર્ષા કરનાર છે, ते-તેઓ જેમ शीर्षाः-પોતાના શિરોથી = માથાથી ववृजुः-રહિત થાય, તેમ તે अव्रतान्-વ્રત = સત્યાચરણથી રહિત, મિથ્યાવાદી દુષ્ટજનોને निरधमः-સર્વથા દંડ આપીને શિક્ષા કરો. (૫)

*ભાવાર્થ : જેમ સૂર્ય દ્યુલોકને, પૃથિવી આદિને તથા પ્રકાશને ધારણ કરીને તથા મેઘોના અંધકારને દૂર કરીને વર્ષાથી સર્વ પ્રાણીઓને સુખ પ્રદાન કરે છે, તેમ સર્વ મનુષ્યોએ સદ્‌ગુણ ધારણ કરીને, અધાર્મિકોને દંડિત કરીને તથા વિદ્યા, સુશિક્ષા અને ધર્મના ઉપદેશ રૂપ વર્ષાથી સર્વ પ્રાણીઓને સુખી કરીને સત્યરાજ્યનો પ્રચાર કરવો જોઈએ. (૫)*

अयु॑युत्सन्ननव॒द्यस्य॒ सेना॒मया॑तयन्त क्षि॒तयो॒ नव॑ग्वाः।
वृ॒षा॒यु॒धो॒ न वध्र॑यो॒ निर॑ष्टाः प्र॒वद्भि॒रिन्द्रा॑च्चि॒तय॑न्त आयन्॥६॥

પદાર્થ : હે नवग्वाः-નવીન શિક્ષા અને વિદ્યાને પ્રાપ્ત કરવા-કરાવનાર वृषायुधः-બળવાન શૂરવીર શત્રુથી યુદ્ધ કરનાર चितयन्तः-ધનુવિદ્યા-યુદ્ધવિદ્યાથી પ્રહારના જ્ઞાતા क्षितयः-નિવાસશીલ મનુષ્યો ! આપ જે अनवद्यस्य-સદ્‌ગુણોથી પ્રશંસનીય સેનાધ્યક્ષની सेनाम्-ચતુંરગિણિ સેનાને સિદ્ધ કરીને अयातयन्त-સુશિક્ષાથી પ્રયત્નવાળી કરો, દુષ્ટ શત્રુઓની સાથે अयुयुत्सन्-યુદ્ધની ઈચ્છા કરો, જે इन्द्रात्-શૂરવીર સેનાધ્યક્ષથી बध्रयः-નિર્વીર્ય, નપુંસકની न-સમાન શત્રુજન चितयन्तः-ધનિવિદ્યાના પ્રહાર આદિના જ્ઞાતા निरष्टाः-પ્રબળ સેનાથી ઘેરાયેલ प्रवद्भिः-પલાયન યોગ્ય નીચ માર્ગોથી आयन्-ભાગી-નીકળી જાય, તે પુરુષને સેનાપતિ સ્વીકાર કરો. (૬)

*ભાવાર્થ : જે મનુષ્ય શરીર તથા આત્માના બળથી યુક્ત, શૂરવીર અને ધાર્મિક મનુષ્યને સેનાપતિ બનાવીને તથા સેનાને સર્વ પ્રકારે શ્રેષ્ઠ બનાવીને દુષ્ટોની સાથે યુદ્ધ કરે છે, ત્યારે જેમ સિંહની સામેથી બકરી, વીરની સામેથી ડરપોક અને સૂર્યના તેજથી મેઘ ભાગી જાય છે, તેમ તેના શત્રુ પોતાનાં સુખથી રહિત બનીને તથા પીઠ દેખાડીને ગમે ત્યાં ભાગી જાય છે, તેથી સર્વએ એવું સામર્થ્ય સંપાદન કરીને રાજ્યનો સદા ઉપભોગ કરવો જોઈએ. (૬)*

त्वमेतान् रुदतो जक्षतश्चायोधयो रजस इन्द्र पारे।
अवादहो दिव आ दस्युमुच्चा प्र सुन्वतः स्तुवतः शंसमावः॥ ७॥

પદાર્થ : હે इन्द्र-સેના અને રાજ્યના ઐશ્વર્યથી યુક્ત સેનાધ્યક્ષ ! त्वम्-યુદ્ધવિદ્યામાં કુશળ આપ एतान्-બીજાઓને પીડા આપનાર, દુષ્ટકર્મ કરનાર, रुदतः-રડનાર, શત્રુ તથા જીવો-જંતુઓને च-અને दस्युम्-બળ તથા અન્યાયથી અન્યના પદાર્થોનું હરણ કરનારા દસ્યુઓને દંડ આપો, તથા પોતાના નોકરોને जक्षतः-અનેક પ્રકારના ભોજન આદિ આપીને આનંદ કરનાર મનુષ્યોને તેની સાથે अयोधयः-સારી રીતે યુદ્ધ કરવો, એ ધર્મના શત્રુઓને रजसः-પૃથિવી લોકના पारे-પર ભાગમા કરીને अवादहः-ભસ્મ કરો.

આ રીતે दिवः-ઉત્તમ શિક્ષાથી ઈશ્વર, ધર્મ, શિલ્પ યુદ્ધ વિદ્યા અને પરોપકાર આદિના પ્રકાશથી उच्चा-ઉત્કૃષ્ટ કર્મો અથવા સુખોથી प्रसुन्वतः-સારી રીતે સિદ્ધ કરનારાઓને તથા आस्तुवतः-સર્વત્રથી ગુણોની સ્તુતિ કરનારાઓને शंसम्-शास्त्र બોધની प्रावः-સારી રીતે રક્ષા કરો તથા તેને પ્રાપ્ત કરાવો. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ યુદ્ધને માટે અનેક પ્રકારના કર્મ કરવા જોઈએ, પ્રથમ પોતાના સૈનિકોની પુષ્ટિ અને હર્ષ, દુષ્ટોના બળ અને ઉત્સાહનો ભંગ કરવાનું કામ નિત્ય કરવા જોઈએ.*

*જેમ સૂર્ય પોતાનાં કિરણોથી સર્વને પ્રકાશિત કરીને મેઘ અને અંધકારના નિવારણ માટે પ્રવૃત્ત થાય છે, તેમ સદા ઉત્તમ કર્મો તથા ગુણોના પ્રકાશનને માટે અને દુષ્ટ કર્મો તથા દોષોના નિવારણ માટે નિત્ય પ્રયત્નો કરવા જોઈએ. (૭)*

चक्राणासः परीणहं पृथिव्या हिरण्येन मणिना शुम्भमानाः।
न हिन्वानासस्तितिरुस्त इन्द्रं परि स्पशो अदधात्सूर्येण॥ ८॥

પદાર્થ : જેમ સૂર્ય જેને पर्यदधात्-સર્વત્રથી ધારણ કરે છે ते-મેઘના અવયવ વાદળાંઓ સૂર્યનાં પ્રકાશને स्पशः-રોકનાર पृथिव्या-પૃથિવીનું परीणहम्-સર્વ તરફથી બંધન અથવા સુખના આચ્છાદક હોવાથી વ્યાપન કરીને चक्राणासः-અત્યંત યુદ્ધ કરતા हिरण्येन-પ્રકાશરૂપ मणिना-મણિ સમાન જેમ सूर्येण-સૂર્યના તેજથી शुम्भमानाः-શોભાયમાન हिन्वानासः-સુખોને સંપાદન કરતા, इन्द्रम्-સૂર્યલોકનું न, तितिरुः-ઉલ્લંઘન કરી શકતા નથી, તેમ સેનાધ્યક્ષ પોતાના ધાર્મિક, શૂરવીર આદિને શત્રુજન જેમ જીતવાને સમર્થ ન બને, તેમ પ્રયત્ન સર્વ લોકો કરે. (૮)

*ભાવાર્થ : જેમ પરમેશ્વરે સૂર્યની સાથે પ્રકાશ, આકર્ષણ આદિ કર્મો નિબદ્ધ કરેલ છે, તેમ વિદ્યા, ધર્મ, ન્યાય, શૂરવીર અને સેના આદિની સામગ્રીને પ્રાપ્ત પુરુષની સાથે પૃથિવીના રાજ્યનું નિયોજન કરેલ છે. (૮)*

परि यदिन्द्र रोदसी उभे अबुभोजीर्महिना विश्वतः सीम्।

अम॑न्यमानाँ अ॒भि मन्य॑मानै॒र्निर्ब्र॒ह्मभि॑रधमो॒ दस्यु॑मिन्द्र॥ ९ ॥

પદાર્થ : હે इन्द्र-ઐશ્વર્યના યોજક રાજન્ ! આપ જેમ ઈન્દ્ર = સૂર્ય महिना-પોતાના મહિમાથી उभे-બન્ને रोदसी-પ્રકાશ અને ભૂમિને सीम्-જીવોના સુખોની પ્રાપ્તિને માટે विश्वतः-સર્વ પ્રકારે આકર્ષણથી પાલન કરતા અને मन्यमानैः-જ્ઞાન સંપાદક ब्रह्मभिः-મહાન આકર્ષણ આદિ બળવાન કિરણોથી दस्युम्-મેઘ અને अमन्यमानान्-સૂર્યના પ્રકાશને રોકનારા મેઘના અવયવોને निरधमः સર્વથા પોતાના તાપરૂપ અગ્નિથી યુક્ત કરીને નિવારણ કરે છે, તેમ સર્વ પ્રકારે પોતાના મહિમાથી પ્રાણીઓના સુખને માટે उभे-બન્ને रोदसी-પ્રકાશ અને પૃથિવીનો परि + अबुभोजीः-ન્યાયથી પાલન કરો-ભોગ કરો.

એ રીતે હે इन्द्र-રાજ્યના ઐશ્વર્યથી યુક્ત સેનાધ્યક્ષ શૂરવીર પુરુષ ! આપ मन्यमानैः-વિદ્યા, સરલતાયુક્ત, દુરાગ્રહરહિત, જ્ઞાન-સાધક મનુષ્યો તથા ब्रह्मभिः-વેદના જાણનાર વિદ્વાનોથી अमन्मानान्-અજ્ઞાની, દુરાગ્રહી મનુષિયો તથા दस्युम्-દુષ્ટકર્મથી સંયુક્ત, પરદ્રોહી, પરધન હરનાર, ચોર અથવા શત્રુને अभि + निरधमः-સાક્ષાત્ શિક્ષા કરો. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્યલોક પૃથિવી આદિ સમસ્ત મૂર્તિમાન લોકોને પ્રકાશિત કરીને, આકર્ષણ દ્વારા તેને ધારણ કરીને, પાલક બનીને મેઘ = વાદળો અને રાત્રિના અંધકારનું નિવારણ કરે છે, તેમ હે મનુષ્યો ! આપ લોકો સુશિક્ષિત વિદ્વાનો દ્વારા મૂર્ખોની મૂર્ખતાનું નિવારણ કરીને, દુષ્ટ શત્રુઓને શિક્ષા કરીને મહાન રાજ્ય સુખનો નિત્ય ઉપભોગ કરો. (૯)*

न ये दि॒वः पृ॑थि॒व्या अन्त॑मा॒पुर्न मा॒याभि॑र्धन॒दां प॒र्यभू॑वन्।
यु॒जं वज्रं॑ वृष॒भश्च॑क्र॒ इन्द्रो॒ निर्ज्योति॑षा॒ तम॑सो॒ गा अ॑धुक्षत्॥ १० ॥

પદાર્થ : હે સભાધ્યક્ષ રાજન્ ! આપ જેમ મેઘના ये-જે વાદળાં આદિ અવયવો दिवः-સૂર્યના પ્રકાશની તથા पृथिव्याः-અન્તરિક્ષની अन्तम्-મર્યાદા-સીમાને नापुः-પ્રાપ્ત કરી શકતા નથી, मायाभिः-પોતાની ગર્જના, અંધકાર અને વીજળી આદિની માયાથી धनदाम्-પૃથિવીને न, पर्यभूवन्-સમ્યક્ આચ્છાદન કરી શકતા નથી, તેના પર वृषभः-વૃષ્ટિકર્તા इन्द्रः-છેદન કરનાર સૂર્ય युजम्-પ્રહાર કરવા યોગ્ય वज्रम्-કિરણ સમૂહને ફેંકીને ज्योतिषा પોતાના તેજ પ્રકાશથી तमसः-અંધકારને निचक्रे-દૂર કરે છે, અને गाः-પૃથિવી આદિ લોકોને વર્ષાથી अधुक्षत्-પૂર્ણ કરી દે છે, તેમ જે શત્રુજન ન્યાયના પ્રકાશને તથા ભૂમિના રાજ્યના અન્તને ન પ્રાપ્ત કરી શકે, ધન આપનારી રાજનીતિનો નાશ ન કરી શકે, તે શત્રુઓ પર પોતાની પ્રભુતા, વિદ્યાદાનથી અવિદ્યાની નિવૃત્તિ અને પ્રજાના સુખોને પૂર્ણ કરો. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ સૂર્યના પ્રકાશ અને સ્વભાવ સમાન કર્મો કરીને, સમસ્ત શત્રુઓને તથા અન્યાયરૂપી અંધકારને નષ્ટ કરીને, રાજ્યની ધર્મપૂર્વક સેવા કરવી જોઈએ.*

*માયાવી = કપટી લોકોનું રાજ્ય કદી સ્થિર રહેલું નથી, તેથી કપટને દૂર કરીને રાજ્ય કરવામાં તત્પર રહેવું જોઈએ. (૧૦)*

अनु स्वधामक्षरन्नापो अस्यावर्द्धत मध्य आ नाव्यानाम्।
सध्रीचीनेन मनसा तमिन्द्र ओजिष्ठेन हन्मनाहन्नभि द्यून्॥ ११॥

પદાર્થ : હે સેનાધ્યક્ષ ! આપ જેમ अस्य-એ મેઘના શરીર नाव्यानाम्-નદી, તળાવ અને સમુદ્રોમાં आवर्द्धत-જેમ એ મેઘમાં રહેલ आपः-જળ સૂર્યથી છિન્ન-ભિન્ન થઈને अनुस्वधाम्-પ્રત્યેક અન્નને अक्षरन्-પ્રાપ્ત થાય છે; અને જેમ એ મેઘ सध्रीचीनेन-સાથે વર્તમાન ओजिष्ठेन-અત્યંત બળયુક્ત हन्मना-હનન કરવાના સાધન मनसा-મન સમાન વેગથી એ સૂર્યના अभिद्यून्-પ્રકાશયુક્ત દિવસોને अहन्-અંધકારથી ઢાંકી લે છે, અને જેમ સૂર્ય પોતાની સાથેના વર્તમાન કિરણ સમૂહના બળ અને વેગથી तम्-તે મેઘનું अहन्-હનન કરે છે, અને પોતાના अभिद्यून्-પ્રકાશયુક્ત દિવસોને પ્રકાશ કરે છે, તેમ આપ નદી, તળાવ અને સમુદ્રની મધ્યમાં નૌકા આદિ સાધનો સહિત પોતાની સેનાની વૃદ્ધિ કરો, તથા એ યુદ્ધમાં પ્રાણ આદિ સર્વ ઇન્દ્રિયોને અન્નાદિ પદાર્થોથી પુષ્ટ કરીને પોતાની સેનાનાં બળથી तम्-તે શત્રુ સેનાનું अहन्-હનન કરો અને ન્યાય આદિને પ્રકાશિત કરો. (૧૧)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્ દ્વારા વૃત્ર = મેઘને મારીને પાડેલી, વર્ષા-જવ આદિ અન્ન તથા નદી, તળાવ અને સમુદ્રના જળની વૃદ્ધિ કરે છે, તેમ મનુષ્યોએ, સર્વના શુભ ગુણોની સર્વત્રથી કરેલી વર્ષા દ્વારા પ્રજાઓને સુખી કરીને, શત્રુઓનો નાસ કરીને તથા વિદ્યા અને સદ્‌ગુણોને પ્રકાશિત કરીને સદા ધર્મનું સેવન કરવું જોઈએ. (૧૧)*

न्यविध्यदिलीविशस्य दृढा वि शृङ्गिणमभिनच्छुष्णमिन्द्रः।
यावत्तरो मघवन्यावदोजो वज्रेण शत्रुमवधीः पृतन्युम्॥ १२॥

પદાર્થ : હે मघवन्-મહાધન પ્રદાન કરનાર અથવા મહાધનયુક્ત વીર ! આપ જેમ इन्द्रः-વિદ્યુત્ આદિ બળવાન સૂર્યલોક इलीविशस्य-પૃથિવીના ખાડાઓમાં શયન કરનાર મેઘ સંબંધી दृढा-સુદૃઢ વાદળાં આદિને अभिनत्-ભિન્ન કરે છે, અને પોતાના यावत्-જેટલા तरः-બળ અને यावत्-જેટલું ओजः-પરાક્રમ છે, તેથી યુક્ત वज्रेण-કિરણ સમૂહથી शृङ्गिणम्-શીંગડા સમાન ઉન્નત शुष्णम्-ઉપર ચડતા પદાર્થોને ખેતીને સૂકવી નાખનાર મેઘને न्यविध्यत्-નષ્ટ અને पृतन्युम्-સેનાના ઇચ્છુક शत्रुम्-શત્રુની સમાન મેઘનું अवधीः-હનન કરે છે, તેમ આપ શત્રુઓમાં ચેષ્ટા કરો. (૧૨)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્ મેઘના અવયવોને = વાદળાંઓનું ભેદન કરીને, જળ વરસાવીને સર્વને સુખી કરે છે, તેમ મનુષ્યોને ઉપદેશ આપીને તથા કઠોર દંડ અને અસ્ત્રોની વર્ષા દ્વારા શત્રુઓનું નિવારણ કરીને, પ્રજામાં નિરંતર સુખોની વર્ષા કરવી જોઈએ. (૧૨)*

अभि सिध्मो अजिगादस्य शत्रून्वि तिग्मेन वृषभेणा पुरोऽभेत्।
सं वज्रेणासृजद्वृत्रमिन्द्रः प्रस्वां मतिमतिरच्छाशदानः॥ १३॥

પદાર્થ : જેમ अस्य-એ વિદ્યુત્‌ના सिध्मः-વિજય પ્રાપ્ત કરાવનાર વેગ तिग्मेन-તીક્ષ્ણ वृषभेण-વૃષ્ટિ કરનાર ઉત્તમ ગુણથી शत्रून् મેઘના અવયવોને वि + अजीगात्-પ્રાપ્ત થાય છે અને એ મેઘને पुरः-નગરોની સમાન સમુદાયોનું व्यभेत्-ભેદન કરે છે, જેમ शाशदानः-અત્યંત કરનાર इन्द्रः-સૂર્ય वृत्रम्-મેઘને प्रातिरत्-સારી રીતે ફેલાવે છે, તેમ જ એ સેનાધ્યક્ષે બનવું જોઈએ. (૧૨)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્ પોતાના તેજ વેગથી મેઘના અવયવોને તથા ઘટાટોપ મેઘને છિન્ન-ભિન્ન કરીને, તેને ભૂમિ પર પાડીને, વશમાં કરે છે, (અર્થાત્ પોતાનું એ કર્મ સર્વને બતાવે છે,) તેમ જ સભાપતિ અને સેનાપતિ-બુદ્ધિ તથા શરીરના બળથી અને સેનાના વેગથી શત્રુઓને છિન્ન-ભિન્ન કરીને તથા શસ્ત્રોના પ્રહારોથી તેને પછાડીને પોતાની સંમતિમાં લાવે. (૧૩)*

**आवः कुत्समिन्द्र यस्मिञ्चाकन्प्रावो युध्यन्तं वृषभं दशद्युम्।**
**शफच्युतो रेणुर्नक्षत द्यामुच्छ्वैत्रेयो नृषाह्याय तस्थौ॥ १४॥**

પદાર્થ : હે इन्द्र-સુશીલ સભાધ્યક્ષ ! જેમ સૂર્ય यस्मिन्-જે યુદ્ધમાં युध्यन्तम्-યુદ્ધ કરતા वृषभम्-વૃષ્ટિ કરાવનાર दशद्युम्-દશેય દિશાઓમાં પ્રકાશમાન અર્થાત્ ચારે દિશાઓમાં વિદ્યમાન મેઘના પ્રત્યે कुत्सम्-વજ્ર મારીને જગત્‌ની प्रावः-રક્ષા કરે છે; અને श्वैत्रेयः-ભૂમિનો પુત્ર મેઘ शफच्युतः-ગાય આદિ પશુઓની ખરીના ચિન્હોમાં પડેલી रेणुः-ધૂળ-રજ द्याम्-પ્રકાશયુક્ત લોકને नक्षत-પ્રાપ્ત થાય છે, તેને नृषाह्याय-મનુષ્યોને માટે चाकन्-તે કાન્તિમાન મેઘ उत्तस्थौ-ઊઠાવે છે અને સુખોને આપે છે, તેમ સભાસહિત આપે-સભાધ્યક્ષ રાજાએ પ્રજાના પાલનમાં પ્રયત્ન કરવો જોઈએ. (૧૪)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાનાં કિરણોથી મેઘને ભૂમિ પર પાડીને સર્વ પ્રાણીઓને સુખી કરે છે, તેમ હે સેનાધ્યક્ષ ! તું પણ સેનાના શિક્ષણ અને શસ્ત્રબળથી શત્રુઓને અસ્ત-વ્યસ્ત કરીને તેને નીચે પછાડીને પ્રજાની નિરંતર રક્ષા કર. (૧૪)*

**आवः शमं वृषभं तुग्र्यासु क्षेत्रजेषे मघवञ्छ्वित्र्यं गाम्।**
**ज्योक् चिदत्र तस्थिवांसो अक्रञ्छत्रूयतामधरा वेदनाकः॥ १५॥**

પદાર્થ : હે मघवन्-મહા ધનવાન સભાધ્યક્ષ ! આપ જેમ સૂર્ય क्षेत्रजेषे-ક્ષેત્ર = અનાદિ સહિત પૃથિવીના રાજ્યને પ્રાપ્ત કરવા માટે श्वित्र्यम्-ભૂમિના આવરણ-ઢાંકવામાં કુશળ वृषभम्-વર્ષા કરવાના સ્વભાવવાળા મેઘને तुग्र्यासु-જળોમાં गाम्-કિરણ સમૂહને आवः-કિરણ સમૂહનો પ્રવેશ કરતા शत्रूयताम्-શત્રુની સમાન આચરણ કરનારા તે મેઘના અવયવોને अधरा-નીચ वेदना-દુષ્ટોને પાપ-ફળ રૂપ વેદના-દુઃખોમાં तस्थिवांसः-અવસ્થિત કિરણો તેનું છેદન ज्योक्-નિરંતર अक्रन्-કરે છે, अत्र-અને પછી એ ભૂમિમાં તે મેઘ अकः-ગમન કરે છે, તેની चित्-સમાન (આપ) શત્રુઓનું નિવારણ કરીને પ્રજાને સદા સુખી કરો. (૧૫)

*ભાવાર્થ : જેમ સૂર્ય, અન્તરિક્ષથી મેઘના જળને ભૂમિ પર પાડીને-વરસાવીને પ્રાણીઓને શાન્તિ*

*અને સુખ પ્રદાન કરે છે, તેમ સેનાપતિ આદિ મનુષ્યો દુષ્ટ શત્રુઓને બાંધીને તથા ધાર્મિકોનું પાલન કરીને નિરંતર સુખનો ઉપભોગ કરે અને કરાવે. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં ઉપમાન-ઉપમેય અલંકારથી સૂર્ય અને મેઘરૂપ અર્થના વર્ણન દ્વારા મનુષ્યોને યુદ્ધ વિદ્યાનો ઉપદેશ કરેલ છે. તેથી પૂર્વ સૂક્તના અર્થની સાથે આ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૩૩)

## સૂક્ત-૩૪

**त्रिश्चिन्नो अद्या भवतं नवेदसा विभुर्वां याम उत रातिरश्विना।**
**युवोर्हि यन्त्रं हिम्येव वाससोऽभ्यायं सेन्या भवतं मनीषिभिः॥ १ ॥**

પદાર્થ : હે પરસ્પર ઉપકારક મિત્ર अभ्यायं सेन्या-સાક્ષાત્ કાર્ય સિદ્ધિને માટે મળેલા, नवदेसा-સર્વ વિદ્યાઓના જ્ઞાતા, अश्विना-પોતાના પ્રકાશથી વ્યાપ્ત સૂર્ય અને ચંદ્રમા સમાન સર્વ વિદ્યાઓમાં વ્યાપ્ત શિલ્પી = કારીગર જનો ! તમે બન્ને मनीषिभिः-મેધાવી વિદ્વાન શિલ્પીજનો તથા દિવસોની સહાયથી પરસ્પર મિત્ર બનીને हिम्या इव-હેમન્ત ઋતુની મહાશીતથી યુક્ત રાત્રિઓની સમાન नः-અમારા अद्य-આ વર્તમાન દિવસમાં શિલ્પકાર્યના સાધક भवतम्-બનો, हि-જેથી युवोः-તમારા બન્નેથી यन्त्रम्-કલાયંત્રને સિદ્ધ કરીને यान-સમૂહને ચલાવીએ; જેથી नः-અમોને वाससः-રાત, દિવસના મધ્યમાં रातिः-વેગાદિ ગુણોથી દૂર દેશમાં પ્રાપ્ત થાય; उत-અને वाम्-તમારા બન્નેથી विभुः-સર્વ માર્ગોને વ્યાપ્ત કરનારા यामः-રથ પ્રાપ્ત થતાં અમને દેશ-દેશાન્તરમાં સુખથી त्रिः-ત્રણવાર પહોંચાડે, એટલા માટે અમે આપનો સંગ કરીએ. (૧)

*ભાવાર્થ : જેમ રાત અને દિવસની ક્રમથી સંગતિ થાય છે, તેમ મનુષ્યોએ યંત્ર અને કલાઓની ક્રમથી સંગતિ કરવી જોઈએ. પ્રત્યેક મનુષ્યે એવો સંકલ્પ કરવો જોઈએ, કે જેમ વિદ્વાનો પાર્થિવ વસ્તુઓના યાન-કલા, કીલ અને યંત્ર આદિને રચીને તેને ફેરવવા તથા તેમાં જળ-અગ્નિ આદિના સમ્યક્ પ્રયોગથી ભૂમિ, સમુદ્ર અને આકાશમાં જનાર યાનો-વાહનોને સિદ્ધ-તૈયાર કરે છે, તેમ મારે પણ સિદ્ધ કરવા જોઈએ.*

*એ (શિલ્પ) વિદ્યા વિના કોઈની પણ દરિદ્રતાનો નાશ અને સંપત્તિની વૃદ્ધિ થવી સંભવ નથી. તેથી સર્વ મનુષ્યોએ અત્યંત પ્રયત્ન કરવો જોઈએ.*

*જેમ મનુષ્ય હેમન્ત ઋતુમાં (શીતથી રક્ષણ માટે) શરીર પર સારી રીતે વસ્ત્ર ધારણ કરે છે, તેમ સર્વ રીતે કીલ-યંત્ર-કલા આદિથી યાનોને સંયુક્ત કરવા જોઈએ. (૧)*

**त्रयः पवयो मधुवाहने रथे सोमस्य वेनामनु विश्व इद्विदुः।**
**त्रयः स्कम्भासः स्कभितास आरभे त्रिर्नक्तं याथस्त्रिर्वश्विना दिवा॥ २ ॥**

પદાર્થ : હે अश्विना-અગ્નિ અને જળની સમાન સંપૂર્ણ શિલ્પ વિદ્યાઓને વ્યાપ્ત કરનારા પુરુષો ! આપ = તમે બન્ને જે मधुवाहने-મધુર ગુણયુક્ત દ્રવ્યો અથવા વેગોની પ્રાપ્તિ માટે रथे-રથ = વિમાનમાં त्रयः-ત્રણ पवयः-વજ્ર સમાન ચલાવવા માટે કલા ચક્ર त्रयः-ત્રણ स्कम्भासः-બાંધવા કે ધારણ કરવા માટે સ્તંભ स्कभितासः-સ્થાપિત કરવામાં આવે છે, તેમાં સ્થિત અગ્નિ અને જળની સમાન કાર્ય સિદ્ધિ કરીને त्रिः-ત્રણ વાર नक्तम्-રાત્રિ અને त्रिः-ત્રણવાર दिवाः-દિવસમાં ઇચ્છિત સ્થાનને उपयाथः-પ્રાપ્ત કરો છો, કારણ કે ત્યાં પણ તમારા બન્ને વિના કાર્ય સિદ્ધિ કદાપિ થતી નથી.

મનુષ્યો જેમાં બેસીને सोमस्य-ઐશ્વર્ય અથવા ચંદ્રલોકની वेनाम्-કામના અથવા યાત્રાને શીઘ્ર પ્રાપ્ત કરે છે, અને જેને आरभे-આરંભ કરવા યોગ્ય આવાગમનમાં विश्वे-સર્વ વિદ્વાનો इत्-જ विदुः-જાણે છે. તે उ-અદ્‌ભુત રથને વિચારપૂર્વક-ઠીક સિદ્ધ કરીને અભીષ્ટ સ્થાનોમાં શીઘ્ર આવાગમન કરો. (૨)

*ભાવાર્થ : ભૂમિ, સમુદ્ર અને અન્તરિક્ષમાં જવાની ઇચ્છા કરનાર મનુષ્યોએ, (એવો પ્રયત્ન કરવો જોઈએ કે તેઓ) ત્રણ ચક્ર, અગ્નિ ઘર અને સ્તંભયુક્ત વિમાન આદિ યાન બનાવીને તથા તેમાં બેસીને, એક દિવસ અને એક રાતમાં ભૂગોળ (ની આર-પાર), સમુદ્ર અને અન્તરિક્ષ માર્ગથી ત્રણવાર જઈ શકે.*

*તે (યાન)માં ત્રણ એવી રીતના સ્તંભ બનાવવા જોઈએ, જેમાં સમસ્ત કલા-ઉપકરણોના અવયવો, અથવા કાષ્ઠ-લૌહ આદિના થાંભલાઓમાં અવયવો રહી શકે. તેમાં અગ્નિ અને જળનો સારી રીતે પ્રયોગ કરીને તે (વિમાનાદિ)ને ચલાવવા જોઈએ. એના વિના કોઈ પણ ભૂમિ, સમુદ્ર અને અન્તરિક્ષમાં શીઘ્રતાપૂર્વક ગમનાગમન કરી શકતા નથી. તેથી તેની સિદ્ધિ = તૈયાર કરવા માટે વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. (૨)*

समाने अहन्त्रिरवद्यगोहना त्रिरद्य यज्ञं मधुना मिमिक्षतम्।
त्रिर्वाजवतीरिषो अश्विना युवं दोषा अस्मभ्यमुषसश्च पिन्वतम्॥ ३ ॥

પદાર્થ : હે अश्विना-અગ્નિ અને જળયુક્ત યાનોની સિદ્ધિ કરીને તેના પ્રેરક અને ચાલક अवद्यगोहना-દુઃખોને દૂર કરનારા વિદ્વાન મનુષ્યો ! युवम्-તમે બન્ને समाने-એક अहन्-દિવસમાં मधुना-જળથી यज्ञम्-ગ્રહણ કરવા યોગ્ય શિલ્પાદિ વિદ્યા સિદ્ધ કરનાર યજ્ઞને त्रिः-ત્રણ વાર मिमिक्षतम्-સીંચવાની ઇચ્છા કરો.

अद्य-આજ अस्मभ्यम्-શિલ્પ ક્રિયાઓને સિદ્ધ કરનાર અને કરાવનાર અમારા માટે दोषाः-રાત્રીઓમાં તથા उषसः-પ્રકાશને પ્રાપ્ત થયેલ દિવસોમાં त्रिः-ત્રણ વાર યાનોનું पिन्वतम्-પ્રીતિપૂર્વક સેવન કરો, અને वाजवतीः-પ્રશસ્ત વેગ આદિ ગુણોથી યુક્ત-શ્રેષ્ઠ સુખદાયક इषः-ઇચ્છા સિદ્ધિ કરનાર નૌકા આદિ યાનોને त्रिः-ત્રણવાર पिन्वतम्-પ્રીતિપૂર્વક સેવન કરો. (૩)

*ભાવાર્થ : શિલ્પ વિદ્યાના જ્ઞાતા વિદ્વાન લોક તથા યંત્રોથી યાન-વાહન ચલાવનાર લોક પ્રતિદિન*

*શિલ્પવિદ્યા દ્વારા યાનોને તૈયાર કરીને, ત્રણ પ્રકારથી શરીર, આત્મા અને મનના સુખને માટે ધન આદિ અનેક પદાર્થોનું ઉપાર્જન કરીને સર્વ પ્રાણીઓને સુખ કરે, જેથી રાત-દિવસમાં સર્વ લોકો પોતાના પુરુષાર્થ દ્વારા એ વિદ્યાની વૃદ્ધિ કરીને, આળસનો ત્યાગ કરીને, ઉત્સાહપૂર્વક તેની રક્ષામાં નિરંતર પ્રયત્ન કરે. (૩)*

**त्रिर्व॒र्तिर्या॑तं॒ त्रिरनु॑व्रते॒ जने॒ त्रिः सु॑प्रा॒व्ये॑ त्रे॒धेव॑ शिक्षतम्।**

**त्रिर्ना॒न्द्यं॑ वहतमश्विना यु॒वं त्रिः पृक्षो॑ अ॒स्मे अ॒क्षरे॑व पिन्वतम्॥ ४॥**

પદાર્થ : હે अश्विना-વિદ્યા આપનાર અને ગ્રહણ કરનાર વિદ્વાનો ! युवम्-તમે બન્ને अस्मे અમારા वर्त्तिः-વ્યવહાર માર્ગને त्रिः-ત્રણ વાર यातम्-પ્રાપ્ત કરો, તથા सुप्राव्ये-સારી રીતે પ્રવેશ કરવા યોગ્ય अनुव्रते-અનુકૂળ સત્યાચારરૂપ વ્રતવાળા जने-બુદ્ધિના ઉત્પાદક મનુષ્યના નિમિત્ત त्रिः-ત્રણ વાર यातम्-પ્રાપ્ત થાવો, અને શિષ્યને માટે त्रेधेव-ત્રણ પ્રકાર અર્થાત્ હસ્તક્રિયા, રક્ષા અને ચલાવવના જ્ઞાનથી યુક્ત શિક્ષા કરતા એક અધ્યાપકની સમાન अस्मे-અમને त्रिः-ત્રણવાર शिक्षतम्-શિક્ષા આપ્યા કરો, અમને नान्द्यम्-સમૃદ્ધિને યોગ્ય શિલ્પ-જ્ઞાનને त्रिः-ત્રણવાર वहतम्-પ્રાપ્ત કરાવો; અને अक्षरेव-જેમ નદી, તળાવ અને સમુદ્ર આદિ જળાશય મેઘના अक्षरा-અવિનાશી જળોને પ્રાપ્ત કરે છે, તેમ અમને पृक्षः-વિદ્યા સંપર્કથી त्रिः-ત્રણવાર पिन्वतम्-પ્રાપ્ત કરો. (૪)

*ભાવાર્થ : શિલ્પ વિદ્યાના જ્ઞાતા વિદ્વાનોને યોગ્ય છે કે વિદ્યા (પ્રાપ્ત કરવા)ના ઈચ્છુક, અનુકૂળ સ્વભાવવાળા, બુદ્ધિમાન મનુષ્યોને હાથ-કામની વિદ્યા ભણાવીને, વારંવાર તેની ઉત્તમ શિક્ષા આપીને, કાર્ય કરવામાં સમર્થ બનાવે. વળી તે લોકો એ વિદ્યાને ગ્રહણ કરીને યથાવત્ નિપુણતા અને પુરુષાર્થથી અનેક ઉપકાર ગ્રહણ કરીને સુખી બને. (૪)*

**त्रिर्नो॑ र॒यिं व॑हतमश्विना यु॒वं त्रिर्दे॒वता॑ता॒ त्रिरु॒ताव॑तं॒ धियः॑।**

**त्रिः सौ॑भग॒त्वं त्रिरु॒त श्रवां॑सि नस्त्रि॒ष्ठं वां॒ सूरे॑ दुहि॒ता रु॑ह॒द्रथ॑म्॥ ५॥**

પદાર્થ : હે देवताता-શિલ્પ વિદ્યામય યજ્ઞની સિદ્ધિને હેતુ અથવા વિદ્વાનો અર્થાત્ દિવ્યગુણોનો વિસ્તાર કરનારા अश्विना-આકાશ અને પૃથિવીની સમાન સુખદાયક વિદ્વાનો ! युवम्-આપ-બન્ને नः-અમને रयिम्-શ્રેષ્ઠ ધન તથા त्रिः-ત્રણ વિદ્યા-રાજ્યરૂપ ઐશ્વર્યને वहतम्-પ્રાપ્ત કરાવો; नः-અમારી धियः-ધારણાવતી બુદ્ધિઓને उत-અને બળને त्रिः-ત્રણવાર પ્રવેશ કરાવો नः-અમારા માટે त्रिष्ठम्-ત્રણ અર્થાત્ શરીર, આત્મા અને મનને સુખોમાં રાખનાર सौभगत्वम्-ઉત્તમ ઐશ્વર્યને પ્રાપ્ત કરાવનાર પુરુષાર્થને त्रिः-ત્રણ અર્થઆત્ નોકર, સંતાન અને સ્વાત્મ-પોતાની પત્ની આદિને શિક્ષણ वहतम्-પ્રાપ્ત કરાવો; उत-અને श्रवांसि-વેદ, શાસ્ત્ર આદિનું શ્રવણ અથવા ધનને त्रिः-શરીર, પ્રાણ અને મનની રક્ષા સહિત (અર્થાત્-શ્રવણ, મનન, નિદિધ્યાસન પૂર્વક) वहतम्-પ્રાપ્ત કરાવો; वाम्-જે અશ્વિનૌ-વિદ્વાનોથી-

सूरे-સૂર્યની दुहिता-પુત્રી ઊષાની સમાન-ઉત્તમ વિદ્યાથી સિદ્ધ કરેલ नः-અમારા रथम्-વિમાનાદિ યાન સમૂહ त्रिः-ત્રણ અર્થાત્ પ્રેરક, સાધક અને ચાલન ક્રિયાથી आस्हत्-આરોહણ કરીએ. એ બન્ને વિદ્વાનોને અમે શિલ્પ-કાર્યોમાં સારી રીતે યુક્ત કરીએ. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ અશ્વિનો (= અગ્નિ અને ભૂમિના) વિદ્વાનો પાસેથી શિલ્પ કાર્યોને સિદ્ધ કરીને, બુદ્ધિની વૃદ્ધિ કરીને, સૌભાગ્ય અને ઉત્તમ અન્ન આદિને પ્રાપ્ત કરવા જોઈએ. તેઓના બનાવેલ યાનોમાં બેસીને દેશ-દેશાન્તરોમાં જઈને વેપારથી-વ્યવહારથી ધન પ્રાપ્ત કરીને, સદા આનંદિત રહેવું જોઈએ. (૫)*

**त्रिर्नो॑ अश्विना दि॒व्यानि॑ भेष॒जा त्रिः पार्थि॑वानि॒ त्रिरु॑ दत्तम॒द्भ्यः।**
**ओ॒मान॑ शं॒योर्मम॑काय सू॒नवे॑ त्रि॒धातु॒ शर्म॑ वहतं शुभस्पती॥ ६॥**

પદાર્થ : હે शुभस्पती-મનુષ્યોના કલ્યાણકારક કર્મોની રક્ષા-પાલન કરનાર अश्विना-વિદ્યાની જ્યોતિનો વિસ્તાર કરનારા વિદ્વાનો ! તમે બન્ને नः-અમારા માટે अद्भ्यः-સતત ગતિશીલ વાયુ અને વિદ્યુત્ આદિથી दिव्यानि-વિદ્યાદિ શુભ ગુણોના પ્રકાશક भेषजा-રસમય સોમ આદિ ઔષધિઓને त्रिः-ત્રિવિધ તાપના નિવારણ માટે दत्तम्-પ્રદાન કરો. उ-અને पार्थिवानि-પૃથ્વિના વિકારયુક્ત ઔષધિ त्रिः-ત્રણ-વાર અર્થાત્ ત્રણ પ્રકારથી પ્રદાન કરો.

ममकाय-મારા सूनवे-ઔરસી પુત્ર અથવા વિદ્યાપુત્રને માટે शंयोः-કલ્યાણમય સુખનું દાન અને ओमानम्-રક્ષક, વિદ્યા-પ્રવેશક અને ક્રિયાજ્ઞાપક વ્યવહારને त्रिः-ત્રણવાર પ્રદાન કરો, त्रिधातु-લોખંડ, તાંબુ અને પીતળ એ ત્રણ ધાતુઓથી યુક્ત ભૂમિ, જળ-સમુદ્ર અને અન્તરિક્ષમાં ગતિ કરનાર शर्म-ગૃહસ્થ અથવા સુખકારક યાનને મારા (ઔરસ અથવા વિદ્યા) પુત્રને માટે त्रिः-ત્રણવાર वहतम्-પ્રાપ્ત કરાવો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ જળ અને ભૂમિમાં જે રોગનાશક ઔષધ છે, તેનું ત્રણ પ્રકારના દુઃખોના નિવારણ માટે સેવન કરવું જોઈએ.*

*અનેક ધાતુઓ અને કાષ્ઠોથી યુક્ત ઘરના આકારનું યાન નિર્માણ કરીને, તેમાં જવ આદિ શ્રેષ્ઠ અન્નોને-ઔષધોને રાખીને, અગ્નિ ઘર-પ્રકોષ્ઠમાં અગ્નિને પાર્થિવ બળતણ (કોલસા) આદિથી પ્રજ્વલિત કરીને, (ઉપર) જળ રાખીને, વરાળના બળથી યાનોને ચલાવીને, વ્યવહાર માટે દેશ-દેશાન્તરોમાં જઈને તથા ત્યાંથી આવીને શીઘ્ર પોતાના દેશમાં પહોંચવું જોઈએ. આ રીતે કરવાથી મહાન સુખ પ્રાપ્ત થાય છે. (૬)*

**त्रिर्नो॑ अश्विना यज॒ता दि॒वेदि॑वे॒ परि॑ त्रि॒धातु॑ पृथि॒वी म॑शायतम्।**
**ति॒स्रो ना॑सत्या रथ्या परा॒वत॑ आ॒त्मेव॒ वातः॒ स्वस॑राणि गच्छतम्॥ ७॥**

પદાર્થ : હે नासत्या-અસત્ય વ્યવહારથી રહિત, यजता-સાથે ચાલનાર रथ्या-વિમાનાદિ રથોને પ્રાપ્ત કરનાર-(તેના ચાલક) अश्विना-જળ અને અગ્નિ સમાન શિલ્પીજનો-કારીગરો ! તમે બન્ને पृथिवी-ભૂમિ અથવા અન્તરિક્ષને પ્રાપ્ત કરીને त्रिः-ત્રણવાર परि + अशायतम्-સર્વત્ર શયન કરો.

आत्मेव-આત્માના શીઘ્ર ગમનની સમાન અને જેમ वातः-પ્રાણ અથવા કલા ભ્રમણથી ઉત્પન્ન વાયુ स्वसराणि-પોતાના કાર્યોમાં પ્રવૃત્ત કરાવનાર દિવસોને दिवेदिवे-પ્રતિદિન પ્રાપ્ત થાય છે, તેમ गच्छतम्-દેશદેશાન્તરોને પ્રાપ્ત કરો; नः-અમારા त्रिधातु-સોના, ચાંદી આદિ ધાતુઓથી બનાવેલ યાનને परावतः-માર્ગો અને દૂર સ્થાનોમાં तिस्रः-ઊંચી, નીચી અને સમ ત્રણ ગતિઓથી મનુષ્યાદિ પ્રાણીઓને પહોંચાડો છો, તેને કાર્ય સિદ્ધિને માટે અમારા માટે બનાવો. (૭)

*ભાવાર્થ : સાંસારિક સુખના ઈચ્છુક મનુષ્ય, જેમ જીવ અન્તરિક્ષ આદિ માર્ગોથી શીઘ્ર બીજા શરીરમાં જાય છે અને જેમ વાયુ શીઘ્ર ગતિ કરે છે-જાય છે, એજ રીતે પાર્થિવ પદાર્થો દ્વારા કલાયંત્રોથી યુક્ત યાનોને રચીને, તેમાં જળ, અગ્નિ આદિનો સમ્યક્ પ્રયોગ કરીને, ઈચ્છિત દૂર દેશો સુધી શીઘ્ર પહોંચો-પ્રાપ્ત કરો. આ કાર્ય વિના સાંસારિક સુખ બની શકતું નથી. (૭)*

त्रिरश्विना सिन्धुभिः सप्तमातृभिस्त्रय आहावास्त्रेधा हविष्कृतम्।
तिस्रः पृथिवीरुपरि प्रवा दिवो नाकं रक्षेथे द्युभिरक्तुभिर्हितम्॥ ८॥

પદાર્થ : હે प्रवा-ગમન કરાવનાર अश्विना-સૂર્ય અને વાયુની સમાન શિલ્પી વિદ્વાનો ! તમે બન્ને सप्तमातृभिः-પૃથિવી, અગ્નિ, સૂર્ય, વાયુ, વિદ્યુત્, જળ અને આકાશ એ સાત માતા સમાન ઉત્પન્ન કરનાર છે તે सिन्धुभिः નદિઓ द्युभिः-દિવસો અને अक्तुभिः-રાત્રિઓથી જેનો त्रयः-ઉપર, નીચે અને મધ્યમાં ચાલનાર आहावा-જળાધાર માર્ગ છે, તે त्रेधाः-ત્રણ પ્રકારથી हविष्कृतम्-હોમને યોગ્ય, શોધિત नाकम्-સર્વ દુઃખોથી રહિત हितम्-સુરક્ષિત દ્રવ્યોને उपरि-ઉપર પ્રક્ષેપ કરી-ચઢાવીને, તેને तिस्रः-ત્રણ સ્થૂલ, ત્રસરેણુ અને પરમાણુરૂપ पृथिवीः-વિસ્તૃત પૃથિવી અને दिवः-પ્રકાશયુક્ત કિરણોમાં પહોંચાડીને, તેને અત્ર-તત્ર ચલાવીને નીચે વરસાવીને, તેથી સર્વ જગતની त्रिः-ત્રણવાર रक्षेथे-રક્ષા કરો. (૮)

*ભાવાર્થ : વાયુ અને સૂર્યના છેદન, આકર્ષણ અને વર્ષા કરાવનાર ગુણોથી નદીઓ વહે છે (તથા) હવન કરેલ દ્રવ્ય, દુર્ગંધ આદિ દોષોનું નિવારણ કરીને, સર્વ દુઃખોથી રહિત, હિતકારી, સુખોને સિદ્ધ કરે છે. જેથી દિવસ-રાત સુખની વૃદ્ધિ થાય છે જેના વિના કોઈ પ્રાણી જીવી શકતા નથી, એટલા માટે તેની શુદ્ધિ માટે મનુષ્યોએ યજ્ઞ નામક કર્મો નિત્ય કરવા જોઈએ. (૮)*

क्व१ त्री चक्रा त्रिवृतो रथस्य क्व१ त्रयो बन्धुरो ये सनीळाः।
कदा योगो वाजिनो रासभस्य येन यज्ञं नासत्योपयाथः॥ ९॥

પદાર્થ : હે नासत्या-સત્યગુણ અને સ્વભાવવાળા શિલ્પી-કારીગરજનો ! તમે બન્ને यक्षम्-

દિવ્યગુણયુક્ત વિમાન આદિ યાનથી ગન્તવ્ય માર્ગને कदा-ક્યારે उपयाथ-દૂર દેશમાં રહેલ સ્થાનને સમીપની સમાન પ્રાપ્ત કરો છો ? અને येन-જેથી પ્રાપ્ત કરો છો, તે रासभस्य-શબ્દ કરનાર वाजिनः-પ્રશંસનીય વેગવાન त्रिवृतः-ત્રણ-રચના, ચાલન અને સામગ્રીથી પૂર્ણ रथस्य-ભૂમિ, જળ અને અન્તરિક્ષમાં રમણ કરાવનાર યાન-વિમાનમાં क्व-ક્યાં त्री-ત્રણ चक्रा-ચક્ર બનાવવા જોઈએ ? અને ક્યાં એ વિમાન આદિ યાનમાં ये-જે सनीडाः-સમાન બંધન-આધાર યુક્ત ઘર-સ્થાન વિશેષો અથવા અગ્નિ ઘર વિશેષોથી યુક્ત त्रय-ત્રણ જળ, અગ્નિ અને મનુષ્યોને રહેવાના સ્થાન તથા बन्धुरः-નિયમપૂર્વક ચલાવવાને હેતુ કોષ્ઠ હોય છે તેનો योगः-યોગ क्व-ક્યાં રહેવો જોઈએ ? એ ત્રણ પ્રશ્નો છે. (૯)

*ભાવાર્થ : અત્રે કહેલ ત્રણ પ્રશ્નોના ઉત્તર જાણવા જોઈએ-ઐશ્વર્યની ઈચ્છા રાખનાર મનુષ્યોએ, રથ (= વાહન) અગ્રભાગ, મધ્યભાગ અને અન્તભાગમાં સર્વ કલાઓના બંધનના આધાર માટે ત્રણ વિશેષ બંધન (= પ્રકોષ્ઠ) બનાવવા જોઈએ.*

*એક મનુષ્યોને બેસવા માટે બીજો અગ્નિ સ્થાપન માટે અને ત્રીજો જળ સ્થાપન માટે બનાવીને, જ્યારે-જ્યારે જવાની ઈચ્છા થાય, ત્યારે-ત્યારે ઉચિત માત્રામાં બળતણ રાખીને તેમાં અગ્નિ સંયોગ કરીને, કલાયંત્ર (= પંખા) થી વેગથી સંચાલિત યાનથી (મનુષ્ય) દૂરના સ્થાનને પણ નજીકના સ્થાન સમાન પહોંચી શકે છે.આ પ્રકારના યાન વિના કોઈ પણ નિર્વિઘ્ન રૂપે બીજા સ્થાનમાં જઈ શકતા નથી. (૯)*

**आ नासत्या गच्छतं हूयते हविर्मध्वः पिबतं मधुपेभिरासभिः।**
**युवोर्हि पूर्वं सवितोषसो रथमृताय चित्रं घृतवन्तमिष्यति॥ १०॥**

પદાર્થ : હે શિલ્પીજનો ! नासत्या-અસત્ય ગુણથી રહિત અગ્નિ અને જળની સમાન આપ બન્ને જે हविः-સામગ્રીનો हूयते-હવન કરો છો, તે હવિથી શુદ્ધ થયેલ मध्वः-મધુર જળનું मधुपेभिः-મધુર જળ-પાન કરનારા आसभिः-પોતાના મુખોથી पिबतम्-પાન કરો અને અમને આનંદ આપવા માટે घृतवन्तम्-પુષ્કળ જળની કલાઓથી યુક્ત चित्रम्-અદ્‌ભુત વેગ આદિથી યુક્ત रथम्-વિમાન આદિ યાનોથી દેશદેશાન્તરોમાં गच्छतम्-શીઘ્ર આવાગમન કરો; युवोः-તમારા બન્નેનું જે યાન उषसः-પ્રાતઃકાલથી पूर्वम्-પૂર્વ सविता-સૂર્યની સમાન પ્રકાશમાન છે-તે इष्यति-શીઘ્ર ચાલે છે; हि-તે જ ऋताय-સત્યગમન સુખ માટે સમર્થ બને છે-ગ્રહણ કરવા યોગ્ય છે. (૧૦)

*ભાવાર્થ : જ્યારે વાહનોમાં જળ તથા અગ્નિને પ્રદીપ્ત કરીને ચલાવવામાં આવે છે, ત્યારે તે યાન બીજા સ્થાનમાં શીઘ્ર પહોંચે છે. તેમાં જળની વરાળને કાઢવા માટે એક એવું સ્થાન બનાવવું જોઈએ, જેના દ્વારા વરાળને છોડવાથી વેગની વૃદ્ધિ થાય. આ વિદ્યાને પૂર્ણ જાણનાર જ શ્રેષ્ઠ સુખને પ્ર ા િ ત*
*કરે છે. (૧૦)*

**आ नासत्या त्रिभिरेकादशैरिह देवेभिर्यातं मधुपेयमश्विना।**

प्रायुस्तारिष्टं नी रपांसि मृक्षतं सेधतं द्वेषो भवतं सचाभुवा॥ ११॥

પદાર્થ : હે શિલ્પીજનો ! તમે બન્ને नासत्या-સત્ય ગુણ, સ્વભાવ યુક્ત अश्विना-દ્યાવાપૃથિવી સમાન सचाभुवा-સમવાય = સંબંધ રાખનાર देवेभिः-વિદ્વાનોની સાથે इह-એ ઉત્તમ યાનોમાં બેસીને त्रिभिः-ત્રણ રાત-દિવસમાં મહાસમુદ્રની પાર, અને एकादशभिः-અગિયાર રાત-દિવસમાં ભૂગોળના અન્તમાં यातम्-પહોંચો; અને द्वेषः-શત્રુ અને रपांसि-દુઃખપ્રદ પાપોને नि + मृक्षतम्-સર્વથા દૂર કરો; અને मधुपेयम्-મધુર ગુણયુક્ત પાન કરવા યોગ્ય દ્રવ્યને તથા आयुः-જીવનકાળની प्र + तारिष्टम्-ઉત્તમ રીતે વધારો; અને ઉત્તમ સુખને सेधतम्-પ્રાપ્ત કરો; અને શત્રુઓને જીતનાર भवतम्-બનો. (૧૧)

*ભાવાર્થ : જ્યારે મનુષ્ય એવા (યાનોમાં બેસીને તેને ચલાવે છે; ત્યારે ત્રણ રાત-દિવસમાં સુખપૂર્વક સમુદ્રને પાર અને અગિયાર રાત-દિવસમાં ભૂગોળની ચોતરફ જઈ શકે છે. આ રીતે કરનાર વિદ્વાન સુખપૂર્વક પૂર્ણ આયુને પ્રાપ્ત કરીને, દુઃખોને દૂર કરીને તથા શત્રુઓને જીતીને ચક્રવર્તી રાજ્યના ભાગી બને છે. (૧૧)*

आ नो अश्विना त्रिवृता रथेनार्वाञ्चं रयिं वहतं सुवीरम्।
शृण्वन्ता वामवसे जोहवीमि वृधे च नो भवतं वाजसातौ॥ १२॥

પદાર્થ : હે શિલ્પવિદ્યામાં કુશળ, शृण्वन्ता-શ્રવણ કરાવનાર अश्विना-દૃઢ, વિદ્યા અને બળયુક્ત આપ બન્ને જળ અને વાયુ સમાન त्रिवृता-ત્રણ-સ્થળ, જળ અને અન્તરિક્ષમાં પૂર્ણ ગતિથી જવા માટે વિદ્યમાન रथेन-વિમાન આદિ યાનથી नः-અમને अर्वाञ्चम्-ઉપરથી નીચે અભીષ્ટ સ્થાનને, सुवीरम्-ઉત્તમ વીરોથી-યુક્ત रयिम्-ચક્રવર્તી રાજ્યથી સિદ્ધ કરેલ ધનને आवहतम्-પ્રાપ્ત કરાવો; च-અને नः-અમારા वाजसातौ-સંગ્રામમાં वृधे-વૃદ્ધિ માટે વિજય પ્રાપ્ત કરાવનાર भवतम्-થાઓ. अवसे-રક્ષા દિને માટે वाम्-તમારું-બન્નેનું जोहवीमि-વારંવાર ગ્રહણ કરુ છું, તેમ આપ મને ગ્રહણ કરો. (૧૨)

*ભાવાર્થ : એ જળ અને વાયુ રૂપ અશ્વોથી સંયુક્ત કરેલ રથ (= યાન) વિના કોઈ પણ ભૂમિ, જળ અને અન્તરિક્ષના માર્ગોમાં શીઘ્ર જઈ શકતા નથી, તેથી રાજ્યલક્ષ્મી, ઉત્તમસેના અને વીરપુરુષોને પ્રાપ્ત કરીને લોકો એ પ્રકારના યાનથી યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી શકે છે, તેથી એ કાર્યમાં મનુષ્ય સદા સંલગ્ન બને. (૧૨)*

સંગતિ : પૂર્વ સૂક્તના એ શિલ્પવિદ્યાના સાધક 'ઈન્દ્ર'ના અર્થનું પ્રતિપાદન કરેલ છે, તથા આ સૂક્તમાં એ શિલ્પવિદ્યાના મુખ્ય સાધક 'અશ્વિનૌ' (શિલ્પીજન) અને દ્યાવાપૃથિવી (અગ્નિ, જળ આદિ)નું પ્રતિપાદન કરેલ છે તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૩૪)

## સૂક્ત-૩૫

ह्व॒याम्य॒ग्निं प्र॑थ॒मं स्व॒स्तये॒ ह्वया॑मि मि॒त्रावरु॑णावि॒हाव॑से।
ह्वया॑मि॒ रात्री॒ं जग॑तो नि॒वेश॑नी॒ं ह्वया॑मि दे॒वं स॑वि॒तार॑मू॒तये॑॥ १॥

પદાર્થ : હું इह-આ શરીર ધારણ આદિ વ્યવહારમાં स्वस्तये-ઉત્તમ સુખને માટે प्रथमम्-જીવન-શરીરધારણનું આદિ સાધન अग्निम्-રૂપ ગુણવાળા અગ્નિના ह्वयामि-ગ્રહણની ઈચ્છઆ કરું છું; अवसे-રક્ષા આદિને માટે मित्रावरुणौ-મિત્ર = પ્રાણ વરુણ = ઉદાન વાયુનો ह्वयामि-સ્વીકાર કરું છું.

जगतः-સંસારની निवेशनीम्-નિદ્રામાં નિવાસ કરાવનારી रात्रीम्-સૂર્યના અભાવમાં અંધકાર રાત્રિને ह्वयामि-પ્રાપ્ત કરું છું; ऊतये-ક્રિયા સિદ્ધિની ઈચ્છાને માટે देवम्-પ્રકાશાત્મક सवितारम्-સૂર્યલોકને ह्वयामि-ગ્રહણ કરું છું. (૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યો દિવસ-રાત સુખ માટે અગ્નિ, વાયુ અને સૂર્યનો ઉપયોગ ગ્રહણ કરીને, સમસ્ત સુખોને પ્રાપ્ત કરે, ગ્રહણ કરીને, કારણ કે એ વિદ્યા વિના કદી કોઈને સુખ સંભવ નથી. (૧)*

आ कृ॒ष्णेन॒ रज॑सा॒ वर्त॑मानो निवे॒शय॑न्न॒मृतं॒ मर्त्यं॑ च।
हि॒र॒ण्यये॑न सवि॒ता रथे॒ना दे॒वो या॑ति॒ भुव॑नानि॒ पश्य॑न्॥ २॥

**[પરમેશ્વર]**

પદાર્થ : જે सविता-સર્વને ઉત્પન્ન કરનાર देवः-સર્વના પ્રકાશક પરમેશ્વર आकृष्णेन-પોતાની આકર્ષણ શક્તિથી रजसा-સર્વ સૂર્યાદિ લોક સમૂહની સાથે વ્યાપક બનીને वर्त्तमानः-વર્તમાન, સમસ્ત જગતમાં, अमृतम्-અન્તર્યામી રૂપથી અને વેદ દ્વારા મોક્ષ સાધક સત્યજ્ઞાનથી च-અને मर्त्यम्-કર્મ અને પ્રલય-પ્રાપ્તિની વ્યવસ્થાથી મરણધર્મા પ્રાણીને निवेशयन्-સર્વથા પોતાના સામર્થ્યમાં સ્થાપન કરતા हिरण्ययेन-જ્યોતિર્મય અનન્ત યશથી યુક્ત रथेन-જ્ઞાન રૂપ રથથી યુક્ત થઈને भुवनानि-લોકોને पश्यन्-નિહાળતા आ + याति-સર્વત્રથી સર્વ પદાર્થોને પ્રાપ્ત થાય છે.

**[સૂર્યલોક]**

જે सविता-પ્રકાશ, વૃષ્ટિ અને રસોને ઉત્પન્ન કરનાર देवः-પ્રકાશક સૂર્ય कृष्णेन-કૃષ્ણ વર્ણયુક્ત = પ્રકાશ રહિત रजसा-પૃથિવી આદિ લોક-સમૂહની સાથે आवर्त्तमानः-પોતાની આકર્ષણ શક્તિથી વર્તમાન આ જગતમાં अमृतम्-વૃષ્ટિ દ્વારા અમૃતરૂપ રસને च-તથા मर्त्यम्-કાલ-અવસ્થાથી મરણધર્મા પ્રાણીને निवेशयन्-સર્વથા પોત-પોતાના સામર્થ્યમાં સ્થાપન કરતા हिरण्ययेन-તેજોમય रथेन-ગમનશક્તિથી भुवनानि-લોકોને पश्यन्-દેખાડતા आ + याति-સર્વત્રથી વર્ષા આદિ રૂપોની પૃથક્-પૃથક્ પ્રાપ્તિ કરાવે છે. (૨)

*ભાવાર્થ : જેમ પૃથિવી આદિ લોક સર્વ મનુષ્ય આદિને ધારણ કરે છે. સૂર્યલોક આકર્ષણથી પૃથિવી*

*આદિને ધારણ કરે છે. ઈશ્વર પોતાની સત્તાથી સૂર્ય આદિ લોકોને ધારણ કરે છે. એ રીતે ક્રમથી સર્વ લોકોનું ધારણ થાય છે. તેના વિના અન્તરિક્ષમાં કોઈ ભારયુક્ત લોકની પોતાની પરિધિમાં સ્થિતિ રહેવાની સંભાવના નથી. લોકોના ભ્રમણ વિના ક્ષણ, મુહૂર્ત, પ્રહર, દિવસ, રાત, પક્ષ, માસ, ઋતુ અને સંવત્સર = વર્ષ આદિ કાળના અવયવ ઉત્પન્ન થઈ શકતા નથી. (૨)*

**यार्ति देवः प्रवता यात्युद्वता यार्ति शुभ्राभ्यां यजतो हरिभ्याम्।**
**आ देवो यार्ति सविता पंरावतोऽप विश्वा दुरिता बार्धमानः॥ ३॥**

પદાર્થ : હે રાજપુરુષો ! આપ જેમ विश्वा-સર્વ दुरिता-દુષ્ટ દુઃખોને अपबाधमानः-દૂર કરતા यजतः-સંગ કરવા યોગ્ય देवः-શ્રવણ આદિ જ્ઞાન પ્રકાશક વાયુ प्रवता-અધો માર્ગથી याति-આગમન-ગમન કરે છે અને उद्वता-ઊર્ધ્વ માર્ગ याति-આવાગમન કરે છે અને જેમ સર્વ દુઃખ આપનાર અંધકાર આદિને દૂર કરતા यजतः-સંગ કરવા યોગ્ય सविता-પ્રકાશક સૂર્યલોક शुभ्राभ्याम्-શુદ્ધ हरिभ्याम्-હરણના સાધન દિવસ-રાત તથા કૃષ્ણ અને શુક્લ પક્ષોમાં परावतः-દૂર રહેલા પદાર્થોને પોતાના કિરણોથી પ્રાપ્ત કરીને પૃથિવી આદિ લોકોને आयाति-સર્વ પ્રકારથી પ્રાપ્ત થાય છે; તેમ શૂરવીર સેના-સામગ્રી સહિત ઊંચા-નીચા માર્ગમાં આવાગમન કરીને, શત્રુઓને જીતીને પ્રજાની નિરંતર રક્ષા-સુખી કરે. (૩)

*ભાવાર્થ : જેમ ઈશ્વરની રચેલી સૃષ્ટિમાં વાયુ ઉપર, નીચે અને સમાન ગતિથી ચાલતા નીચેના પદાર્થોને ઉપર અને ઉપરના પદાર્થોને નીચે લાવે છે, તેમ એ સૂર્યરૂપી દેવ હરણશીલ અને પોતાના કિરણોથી યુક્ત દિવસ-રાતના દ્વારા અંધકાર આદિના નિવારણથી દુઃખોનો નાશ કરીને (તથા) સુખોને પ્રકટ કરીને (તથા) ક્યારેક સુખોનો નાશ કરીને દુઃખોને પ્રકટ કરે છે, તેમ સભાપતિ આદિએ પણ સેના આદિની સાથે ગમન-આગમન કરીને તથા શત્રુઓને જીતીને પ્રજાનું પાલન કરવું જોઈએ. (૩)*

**अभीवृतं कृशनैर्विश्वरूपं हिरण्यशम्यं यजतो बृहन्तम्।**
**आस्थाद्रथं सविता चित्रभानुः कृष्णा रजांसि तविषीं दधानः॥ ४॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ રાજન ! આપ જેમ यजतः-સંગતિ અને પ્રકાશના દાતા चित्रभानुः-વિચિત્ર દીપ્તિ = પ્રકાશથી યુક્ત सविता-સૂર્ય અને વાયુ कृशनैः-સૂક્ષ્મતા કરનાર કિરણો અથવા વિવિધ રૂપોથી बृहन्तम्-મહાન हिरण्यशम्यम्-હિરણ્ય = સુવર્ણ અથવા અન્ય જ્યોતિઓને શાન્ત કરનાર अभीवृतम्-સર્વત્ર સાધનોથી પૂર્ણ विश्वरूपम्-વિવિધ રૂપવાળા પ્રકાશથી યુક્ત रथम्-રમણીય રથને कृष्णा-આકર્ષણ અને કૃષ્ણવર્ણથી યુક્ત रजांसि-પૃથિવી આદિ લોકો તથા तविषीम्-બળને दधानः-ધારણ કરતા आस्थात्-સર્વત્ર સ્થિતિ થાય છે, તેમ બનીને પોતાનો વર્તાવ કરો. (૪)

*ભાવાર્થ : જેમ સૂર્ય આદિની ઉત્પત્તિ નિમિત્ત, સૂર્ય આદિ લોકોના ધારણકર્તા, બળવાન અને સર્વ લોકોનાં આકર્ષણ નામક બળને ધારણ કરનાર વાયુ છે.*

*જેમ સૂર્યલોક પોતાની સમીપ રહેલા લોકોને ધારણ કરતા અને સમસ્ત રૂપને પ્રકટ કરતા બળ અને આકર્ષણ દ્વારા સર્વને ધારણ કરે છે.*

*જેમ એ બન્ને (વાયુ અને સૂર્ય) વિના કોઈ પરમાણુનું પણ ધારણ કરવું સંભવ નથી, તેમ રાજા શુભ ગુણોને ધારણ કરીને રાજ્યને ધારણ કરે. (૪)*

**वि जनाञ्छ्यावाः शितिपादो अख्यन्रथं हिरण्यप्रउगं वहन्तः।**
**शश्वद्विशः सवितुर्दैव्यस्योपस्थे विश्वा भुवनानि तस्थुः॥ ५॥**

પદાર્થ : હે સજ્જન પુરુષ ! જેમ એ दैव्यस्यः-વિદ્વાન અને દિવ્ય પદાર્થોમાં ઉત્પન્ન થનાર सवितुः-સૂર્યના उपस्थे-ઉપસ્થ = સાનિધ્યમાં (અર્થાત્ ગોદ અથવા આકર્ષણ શક્તિમાં) विश्वा-સર્વ भुवनानि-પૃથિવી આદિ લોક तस्थुः-સ્થિત રહે છે. તેના शितिपादः-પોતાના શ્વેત અવયવોથી યુક્ત श्यावाः-પ્રાપ્ત થનાર કિરણો जनान्-વિદ્વાનોના हिरण्यप्रउगम्-જેમાં જ્યોતિરૂપ અગ્નિના મુખની સમાન સ્થાન છે, તે रथम्-વિમાન આદિ યાન અને शश्वत्-અનાદિ રૂપ विशः-પ્રજાઓને वहन्तः-ધારણ તથા વૃદ્ધિ કરતા अख्यन्-અનેક પ્રકારથી પ્રકટ થાય છે, તેમ આપની સમીપ વિદ્વાન લોક રહે અને આપ વિદ્યા તથા ધર્મનો પ્રચાર કરો.-પ્રકાશિત કરો, (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ સૂર્યલોકના પ્રકાશ અને આકર્ષણ આદિ ગુણ છે, તે સમસ્ત જગતને ધારણ કરીને તેને પ્રકટ કરે છે.*

*જે સૂર્યની સમીપ લોક છે, તે સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે. જે અનાદિરૂપ પ્રજાઓ છે, તેને પણ વાયુ ધારણ કરે છે.*

*તેથી, સમસ્ત લોક પોત-પોતાની પરિધિમાં અવસ્થિત રહે છે, તેમ તમે લોકો પણ ગુણોને ધારણ કરો અને પોત-પોતાની વ્યવસ્થામાં સ્થિત રહીને 'अन्यान् स्थापयत्'-અન્યને સ્થાપિત કરો (પાઠાન્તર-'न्यायान् स्थापयत्') ન્યાયની સ્થાપના કરો. (૫)*

**तिस्रो द्यावः सवितुर्द्वा उपस्थाँ एका यमस्य भुवने विराषाट्।**
**आणिं न रथ्यममृताधितस्थुरिह ब्रवीतु य उ तच्चिकेतत्॥ ६॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ रथ्यम्-રથોના ચાલક आणिम्-સંગ્રામને જીતનાર તથા રાજ્યના નોકરોની न-સમાન એ सवितुः-સૂર્યના પ્રકાશમાં જે तिस्रः-ત્રણ અર્થાત્ द्यावः-સૂર્ય, અગ્નિ અને વિદ્યુત્ રૂપ દીપ્તિઓ अधि + तस्थुः-સ્થિત રહે છે, તેમાં द्वौ-બે સ્વપ્રકાશ અને ભૂગોળ સૂર્યમંડળની उपस्था-સમીપ રહે છે, અને एका-એક વિદ્યુત્ નામક દીપ્તિ જે विराषाट्-શૂરવીર, જ્ઞાનવાન, પ્રાપ્તિશીલ, જીવોનું મર્ષણ કરનારી છે, તે यमस्य-નિયંતા વાયુના भुवने-અન્તરિક્ષમાં हि-જ રહે છે અને જે अमृता-કારણ રૂપથી નાશ રહિત, ચન્દ્ર, તારા આદિ લોક છે, તે અન્તરિક્ષમાં અર્થાત્ સૂર્ય લોકનાં પ્રકાશથી પ્રકાશિત થઈને अधि + तस्थुः-સ્થિત રહે છે. यः જે મનુષ્ય ( उ ) વાદ-વિવાદથી અર્થાત્ વિચારપૂર્વક તેને चिकेतत्-જાણે અને તે જ્ઞાનને ( इह-આ સંસારમાં અથવા એ વિદ્યામાં) ब्रवीतु-સારી રીતે ઉપદેશ કરે, તેની સમાન બનીને અમને સદ્‌ગુણોનો-વિદ્યાનો ઉપદેશ કરો. (૬)

*ભાવાર્થ : ઈશ્વરે કારણરૂપ અગ્નિથી જે સૂર્ય, અગ્નિ અને વિદ્યુત્ રૂપ ત્રણ દીપ્તિઓ-જ્યોતિઓ*

રચેલ છે, તેના દ્વારા સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

(પ્રશ્ન :) જ્યારે કોઈ પ્રશ્ન કરે, કે જે જીવ શરીરોનો ત્યાગ કરીને જે યમના સ્થાનમાં જાય છે તે (યમ) કોણ છે ?

(ઉત્તર :) તેનો એ ઉત્તર છે, કે અન્તરિક્ષમાં રહેનાર 'યમ' નામક વાયુને પ્રાપ્ત થાય છે.

જેમ યુદ્ધમાં રથના નોકર આદિ અંગ (તેની) સમીપ રહે છે, તેમ જ મૃત તથા જીવિત પ્રાણી વાયુનો આશ્રય કરીને રહે છે.

પૃથિવી, ચન્દ્રમા અને તારા આદિ લોક સૂર્યના પ્રકાશને આશ્રિત રહે છે.

જે વિદ્વાન (હોય) છે, તે જ પ્રશ્નોના ઉત્તર આપી શકે છે, અન્ય મૂર્ખ નહિ. મનુષ્યોએ અવિદ્વાન-મૂર્ખોના કથનમાં વિશ્વાસ કરવો નહિ અને આપ્તોના વચન-કથનમાં અશ્રદ્ધા કરવી નહિ. (૬)

**वि सुपर्णो अन्तरिक्षाण्यख्यद् गभीरवेपा असुरः सुनीथः।**
**क्वेदानीं सूर्यः कश्चिकेत कतमां द्यां रश्मिरस्या ततान॥ ७॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ એ સૂર્ય જે असुरः-સર્વને પ્રાણ આપનાર અર્થાત્ રાત્રિમાં સૂતેલાને સૂર્યોદય સમયે ચેતનતા આપનાર છે અથવા પ્રાણોને રમણ કરાવનાર છે गभीरवेपाः-જેનું કંપન ગંભીર = સૂક્ષ્મ હોવાથી અવિદ્વાનો દ્વારા ન જાણવા યોગ્ય છે सुनीथः-ઉત્તમ પ્રકારથી પદાર્થોથી પ્રાપ્તિ કરાવનાર છે सुपर्णः-ઉત્તમ પતનશીલ કિરણોથી યુક્ત છે, अस्य-એ સૂર્યની रश्मिः-જ્યોતિ अन्तरिक्षाणि-અન્તરિક્ષમાં સ્થિત સર્વ લોકોને वि + अख्यत्-વિખ્યાત્ = પ્રકાશિત કરે છે; તે રશ્મિગણથી યુક્ત સૂર્ય इदानीम्-એ સમયે = રાતે क-ક્યાં છે ? એ વાતને कः-કોણ चिकेत-જાણે છે ? અને कतमाम्-અનેકોમાં કોણ द्याम्-પ્રકાશયુક્ત પૃથિવીને अस्य-એ સૂર્યના रश्मिः-કિરણો आततान-આચ્છાદિત કરી રહ્યા છે ? એ વાતને પણ કોણ જાણે છે ? અર્થાત્ કોઈ કોઈ જે વિદ્વાન છે, તે જ જાણે છે સર્વ સાધારણ મનુષ્ય જાણતા નથી. તેથી સૂર્યની ગતિ અને સ્વરૂપ આદિને આપ જાણો. (૭)

*ભાવાર્થ :* જ્યારે આ ભૂગોળ ભ્રમણ કરતા સૂર્ય પ્રકાશને ઢાંકીને અંધકાર ઉત્પન્ન કરે છે, ત્યારે અજ્ઞાની લોકો પૂછે છે, કે અત્યારે સૂર્ય ક્યાં ગયો છે ? એ પ્રશ્નનું એ રીતે ઉત્તર આપીને સમાધાન કરવું, કે પૃથિવીના બીજા ભાગમાં છે. જેનું ચાલવું અતિ સૂક્ષ્મ છે, જેથી સામાન્ય મનુષ્યો દ્વારા જાણી શકાતું નથી, એજ વિદ્વાનોના અભિપ્રાયને પણ (સામાન્ય મનુષ્ય જાણી શકતા નથી.) (૭)

**अष्टौ व्यख्यत्ककुभः पृथिव्यास्त्री धन्व योजना सप्त सिन्धून्।**
**हिरण्याक्षः सविता देव आगाद्दधद्रत्ना दाशुषे वार्याणि॥ ८॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ ! આપ જેમ જે हिरण्याक्षः-સુવર્ણ સમાન જ્યોતિયુક્ત તે सविता-વૃષ્ટિના ઉત્પાદક देवः-પ્રકાશાત્મક સૂર્યલોક पृथिव्याः-પૃથિવી સંબંધી अष्टौ-આઠ ककुभः-દિશા અર્થાત્ ચાર

દિશાઓ અને ચાર ઉપદિશાઓને त्री-ત્રણ-ભૂમિ, અન્તરિક્ષ અને પ્રકાશના અર્થાત્ ઉપર, નીચે અને મધ્યમાં સ્થિત धन्व-પ્રાપ્ત કરવા યોગ્ય योजना-સર્વ પદાર્થોના આધાર ત્રણ લોકો અને सप्त-સાત सिन्धून्-ભૂમિ અને અન્તરિક્ષના ઉપર-ઉપર રહેલ સાત સાગર = જળ સમુદાયોને व्यख्यत्-વિખ્યાત = પ્રકાશિત કરે છે, તે दाशुषे-સર્વોપકારક વિદ્યાદિ ઉત્તમ પદાર્થ આપનાર યજમાનને માટે वार्याणि-સ્વીકાર અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય रत्ना-સુવર્ણ આદિ રમણીય પદાર્થોને दधत्-ધારણ કરતા आ + अगात् સર્વત્રથી પ્રાપ્ત થાય છે, તેમ તમે પણ વર્તન કરો. (૮)

*ભાવાર્થ : જે એ સૂર્યલોક સર્વ મૂર્ત પદાર્થોને પ્રકાશિત અને છિન્ન-ભિન્ન કરીને, વાયુ દ્વારા અન્તરિક્ષમાં લઈ જઈને, ત્યાંથી નીચે પડીને, સર્વ રમણીય સુખોને જીવો માટે પ્રાપ્ત કરાવો છે, અને પૃથિવીના મધ્યમાં રહેલ ઓગણપચાસ ગાઉ સુધીના અન્તરિક્ષમાં સ્થૂળ, સૂક્ષ્મ, લઘુ અને ગુરુ રૂપમાં રહેલ જળોની જે સ્પતસિંધુ એ સંજ્ઞા છે, તે સર્વને આકર્ષણથી ધારણ કરે છે, તેમ સર્વ વિદ્વાનોએ વિદ્યા અને ધર્મ દ્વારા સમસ્ત મનુષ્યોને ધારણ કરીને, તેઓને આનંદિત કરવા જોઈએ. (૮)*

**हिरण्यपाणिः सविता विचर्षणिरुभे द्यावापृथिवी अन्तरीयते।**
**अपामीवां बाधते वेति सूर्यमभिकृष्णेन रजसा द्यामृणोति॥ ९॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ ! જેમ हिरण्यपाणिः-જ્યોતિઓ જેના હાથ સમાન ગ્રહણ-સાધન છે; જે विचर्षणिः-પદાર્થોને છિન્ન-ભિન્ન અને सविता-રસોને ઉત્પન્ન કરનાર સૂર્ય છે, તે उभे-બન્ને द्यावापृथिवी-પ્રકાશ-ભૂમિને अन्तः + ईयते-અન્તરિક્ષના મધ્યમાં પહોંચાડે છે; अमीवाम्-રોગ-પીડાને अप + बाधते-દૂર કરે છે; सूर्य-સર્વ પ્રાપ્ત થનાર પોતાના કિરણ સમૂહને अभिवेति-સર્વત્ર ઉત્પન્ન કરે છે; कृष्णेन-પ્રકાશરહિત પૃથિવી આદિ रजसा-લોક સમૂહની સાથે द्याम्-પ્રકાશને ऋणोति-પ્રાપ્ત કરે છે, તેમ તમે પણ બનો. (૯)

*ભાવાર્થ : હે સભાપતે ! જેમ સૂર્ય અનેક લોકોની સાથે આકર્ષણ સંબંધથી વર્તમાન રહીને તથા સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરતા પ્રકાશ (= દ્યુલોક) અને પૃથિવી (લોક)ની અંદર (= મધ્યમાં) (ગતિ) કરે છે, તેમ તમારે પણ કરવું જોઈએ. (૯)*

**हिरण्यहस्तो असुरः सुनीथः सुमृळीकः स्ववाँ यात्वर्वाङ्।**
**अपसेधन्रक्षसो यातुधानानस्थाद्देवः प्रतिदोषं गृणानः॥ १०॥**

પદાર્થ : હે સભાપતે ! આપ જેમ એ हिरण्यहस्तः-હાથોની સમાન સર્વત્ર ગતિમાન, असुरः-પ્રાણ આપનાર, રૂપ અને ગુણથી રહિત, सुनीथः-સુંદર રીતે સર્વને પ્રાપ્ત થનાર सुमृळीकः ઉત્તમ વ્યવહારોમાં સુખયુક્ત કરનાર स्ववाँ-પ્રશસ્ત સ્પર્શ આદિ ગુણથી યુક્ત अर्वाङ्-પોતાના નીચે, ઉપર અને તિર્યક્ જનાર વેગોને પ્રાપ્ત કરનાર વાયુ ( यातु- ) સર્વત્ર ચાલે છે, પ્રાપ્ત થાય છે; प्रतिदोषम्-

પ્રત્યેક રાત્રિમાં गृणानः-પોતાના ગુણોથી સ્તુતિને યોગ્ય देवः-સર્વ વ્યવહારોનો સાધક વાયુ દુઃખોનું નિવારણ કરીને તથા સુખોને પ્રાપ્ત કરાવીને अस्थात्-સ્થિત છે, તેમ यातुधानान्-યાતના-પીડાઓના આધાર દસ્યુઓ તથા रक्षसः-દુષ્ટ કર્મ કરનાર ચોર આદિનુ अपसेधन्-નિવારણ કરતા કરતા શ્રેષ્ઠ જનોને यातु-પ્રાપ્ત કરો. (૧૦)

*ભાવાર્થ : હે સભાપતે ! જેમ એ વાયુ પોતાના આકર્ષણ, બળ આદિ ગુણોથી સર્વ પદાર્થોને વ્યવસ્થિત રાખે છે, અને જેમ દિવસમાં ચોર પ્રબળ બની શકતા નથી, તેમ તમે પણ બનો.*

*જે જગદીશ્વરે અનેક ગુણ અને સુખોને પ્રાપ્ત કરાવનાર વાયુ આદિ પદાર્થ રચેલ છે, તેમનો સર્વ ધન્યવાદ કરો. (૧૦)*

ये ते पन्थाः सवितः पूर्व्यासोऽरेणवः सुकृता अन्तरिक्षे।
तेभिर्नो अद्य पथिभिः सुगेभी रक्षा च नो अधि च ब्रूहि देव॥ ११॥

પદાર્થ : હે सवितः-સકલ જગતના ઉત્પાદક देव સર્વ સુખોના દાતા જગદીશ્વર ! આપ-કૃપા કરીને ये-જે ते-આપના अरेणवः-જેમાં કિંચિત્ પણ રજ-ધૂળના અંશોની સમાન વિઘ્નરૂપ મલ નથી તથા पूर्व्यासः-જે અમારી અપેક્ષાથી પૂર્વજોથી સાધિત અને સેવન કરેલ सुकृताः-સારી રીતે નિર્મિત पन्थाः-ધર્મ-માર્ગ अन्तरिक्षे-પોતાની વ્યાપકતા રૂપ બ્રહ્માંડમાં છે; तेभिः-તે सुगेभीः-સુખ પૂર્વક સેવવા યોગ્ય पथिभिः-ધર્મ માર્ગોથી नः-અમારી अद्य-આજ रक्ष-રક્ષા કરો च-અને नः-અમને સર્વ વિદ્યાઓનો अधि + ब्रूहि-સર્વોપરિ ઈશ્વર ભાવથી ઉપદેશ च-પણ કરો. (૧૧)

*ભાવાર્થ : હે ઈશ્વર આપે જે સૂર્ય આદિ લોકોના ભ્રમણને માટે માર્ગ અને પ્રાણીઓના સુખના માટે ધર્મ-માર્ગ, આકાશ અને પોતાના મહિમાથી રચેલ છે, તેમાં એ નિયમ અનુસાર ભ્રમણ અને વિચરણ કરે છે, તે સર્વ પદાર્થોના માર્ગો તથા ગુણોનો આપ ઉપદેશ કરો. જેથી અમે લોકો જ્યાં-ત્યાં ચલાયમાન ન થઈએ અર્થાત્ ભટકીએ નહિ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્યલોક, ઈશ્વર અને વાયુના ગુણોનું પ્રતિપાદન કરવાથી ચોત્રીસમાં સૂક્તમાં પ્રતિપાદિત અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૩૫)

## સૂક્ત-૩૬

प्र वो यह्वं पुरूणां विशां देवयतीनाम्।
अग्निं सूक्तेभिर्वचोभिरीमहे यं सीमिदन्य ईळते॥ १॥

પદાર્થ : અમે જેમ अन्ये-અન્ય પરોપકારી, બુદ્ધિમાન, ધાર્મિક વિદ્વાન सूक्तेभिः-જેમાં સારી રીતે વિદ્યા ગ્રહણ પ્રકાર કહેલ છે, તે वचोभिः-વેદના અર્થ જ્ઞાનયુક્ત વચનોથી देवयतीनाम्-પોતાના માટે

દિવ્ય ભોગો અને દિવ્યગુણોની ઇચ્છા કરનારી પુરુણામ્-પુષ્કળ વઃ-તમારી પ્રજાની મધ્યમાં સુખને માટે યમ્-જે યહ્વમ્-ગુણોથી મહાન અગ્નિમ્-પરમેશ્વરની સીમ્-સર્વત્રથી ઈડતે-સ્તુતિ કરીએ છીએ, તેમ તેની ઇત્-જ પ્ર + ઈમહે-પ્રાર્થના કરીએ છીએ અને તેના ગુણોનો પ્રકાશ કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ વિદ્વાનજનો પ્રજાના સુખની સિદ્ધિ માટે સર્વવ્યાપક પરમેશ્વરનો નિશ્ચય કરીને તથા ઉપદેશ કરીને, તેના ગુણોને યત્નપૂર્વક બતાવે છે અને સ્તુતિ કરાવે છે, તેમ તમે અને અમે પણ (ગુણોને) પ્રકાશતિ કરીએ.*

*જેમ ઈશ્વર અગ્નિ આદિ પદાર્થોની રચના તથા રક્ષા દ્વારા જીવોમાં સમસ્ત સુખો સ્થાપિત કરે છે, તેમ અમે પણ સર્વ પ્રાણીઓના સુખોને સિદ્ધ કરીએ, એમ જાણો. (૧)*

**जनासो अग्निं दधिरे सहोवृधं हविष्मन्तो विधेम ते।**
**स त्वं नो अद्य सुमना इहाविता भवा वाजेषु सन्त्य॥ २॥**

પદાર્થ : હે સન્ત્ય-દાનમાં શ્રેષ્ઠ ઈશ્વર ! જેમ હવિષ્મન્તઃ-ઉત્તમ આદાન-પ્રદાન યોગ્ય વસ્તુઓ વાળા જનાસઃ-વિદ્યાઓમાં પ્રસિદ્ધ વિદ્વાન મનુષ્ય જે તે આપના આશ્રયને દધિરે-ધારણ કરે છે, તેમ તે સહોવૃધમ્-સહ = બળને વધારનાર અગ્નિમ્-સર્વ રક્ષક આપ ઈશ્વરનું અમે વિધેમ્-સેવન કરીએ; સઃ તે સુમનાઃ-ઉત્તમ જ્ઞાનવાન ત્વમ્-આપ અદ્ય-આજ નઃ-અમારા ઇહ-આ સંસારમાં અને વાજેષુ-યુદ્ધોમાં અવિતા-રક્ષક, જ્ઞાપક તથા સર્વ વિદ્યાઓમાં પ્રવેશક ભવ-બનો. (૨)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ એક માત્ર, અદ્વિતીય પરમેશ્વરની ઉપાસનાથી જ સંતુષ્ટ રહેવું જોઈએ. વિદ્વાન લોકો કદાપિ ઈશ્વરનાં સ્થાનમાં અન્ય વસ્તુને ઉપાસકનાં રૂપમાં સ્વીકાર કરતા નથી. તેથી તેનો આ સંસારના યુદ્ધોમાં પણ કદી પરાજય જોવામાં આવતો નથી. એ રીતે ઈશ્વરથી ભિન્નના ઉપાસકો તેને જીતવામાં સમર્થ બની શકતા નથી. જેનો રક્ષક ઈશ્વર છે, તેનો પરાજય કેમ સંભવી શકે ? (૨)*

**प्र त्वा दूतं वृणीमहे होतारं विश्ववेदसम्।**
**महस्ते सतो वि चरन्त्यर्चयो दिवि स्पृशन्ति भानवः॥ ३॥**

પદાર્થ : હે વિદ્વાન્ રાજદૂત ! જેમ અમે વિશ્વવેદસમ્-સર્વ શિલ્પ-સાધનોની પ્રાપ્તિ માટે હોતારમ્-ગ્રહણ કરનાર, દૂતમ્-સર્વ પદાર્થોને તપાવનાર અગ્નિને વૃણીમહે-સ્વીકાર કરીએ છીએ, તેમ વિશ્વવેદસમ્-સર્વ પ્રજાના સમાચારને જાણનાર હોતારમ્-ગ્રહણ કરનાર દૂતમ્-આજુ-બાજુ ભ્રમણ કરીને દુષ્ટોને પીડિત કરનાર) ત્વા આપને પણ અમે ગ્રહણ કરીએ છીએ.

જેમ મહસઃ-મહાન ગુણોથી યુક્ત સતઃ-કારણરૂપ અવિનાશી, વિદ્યમાન અગ્નિના ભાનવઃ-કિરણો સર્વ પદાર્થોને સ્પૃશન્તિ-સ્પર્શ કરે છે, અને અર્ચયઃ-પ્રકાશરૂપ જ્વાળાઓ દિવિ-સૂર્યના પ્રકાશમાં વિચરન્તિ-વિચરણ કરે છે, તેમ આપના પણ સર્વ કાર્યો હોવા જોઈએ. (૩)

*ભાવાર્થ : હે પોતાનાં કાર્યમાં કુશળ રાજદૂત ! જેમ સર્વ મનુષ્યો દ્વારા મહાન પ્રકાશ આદિ ગુણયુક્ત અગ્નિને, પદાર્થોની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ કરાવનાર હોવાથી દૂત બનાવીને, શિલ્પકાર્યોને તથા હોમવામાં આવેલા પદાર્થોને આકાશમાં પહોંચાડવાના કાર્યને સિદ્ધ કરીને, સુખોને પ્રાપ્ત કરી શકાય છે.*

*જેમ એ વિદ્યુત્ રૂપ અગ્નિની દીપ્તિઓ સર્વત્ર વર્તમાન છે, પ્રસિદ્ધ અગ્નિથી હલકી હોવાથી તથા વાયુની છેદક હોવાથી અવકાશ ઉત્પન્ન કરનાર હોવાથી પ્રસિદ્ધ (અગ્નિ)ની જ્વાળાઓ ઉપર જાય છે, તેમ તું પણ એ (કાર્ય) કરીને તેના સમાન બન. (૩)*

**देवासस्त्वा वरुणो मित्रो अर्यमा सं दूतं प्रत्नमिन्धते।**
**विश्वं सो अग्ने जयति त्वया धनं यस्ते ददाश मर्त्यः॥४॥**

પદાર્થ : હે अग्ने-ધર્મ, વિદ્યા અને શ્રેષ્ઠ ગુણોથી પ્રકાશમાન સભાપતે ! यः-જે ते-આપના दूतः-દૂત मर्त्यः-મનુષ્ય धनम्-વિદ્યા, રાજ્ય, સુવર્ણ આદિ ધન ददाश-આપે છે; त्वया-જે આપની સાથે શત્રુઓને जयति-જીતે છે; અને मित्रः-મિત્રની સમાન પ્રાણ પ્રદાન કરનાર वरुणः-ઉત્કૃષ્ટ, अर्यमा-ન્યાયકારી, देवासः સભ્ય વિદ્વાન મનુષ્ય જેને समिन्धते-સારી રીતે પ્રશંસિત જાણીને સ્વીકાર ને માટે શુભ ગુણોથી પ્રકાશિત કરે છે; જે त्वा-આપને તથા સર્વ પ્રજાને પ્રસન્ન કરે છે; सः-તે प्रत्नम्-કારણરૂપથી અનાદિ विश्वम्-સમ્પૂર્ણ રાજ્યની સુરક્ષા કરવા યોગ્ય છે-રક્ષા કરી શકે છે. (૪)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય; સર્વ શાસ્ત્રોમાં નિપુણ, રાજ્યધર્મના શ્રેષ્ઠ જ્ઞાતા, શ્રેષ્ઠ-અવરના જ્ઞાતા, ધાર્મિક, દૃઢ, સાહસી અને વીર દૂતો વિના તથા રાજા સહિત સભાસદો વિના રાજ્યને પ્રાપ્ત કરવામાં, તેની રક્ષા કરવામાં, તેની ઉન્નતિ કરવામાં અને તેનો ઉપકાર લેવામાં કોઈ સમર્થ થઈ શકતા નથી માટે સર્વએ સદા એમ જ કરવું જોઈએ. (૪)*

**मन्द्रो होता गृहपतिरग्ने दूतो विशामसि।**
**त्वे विश्वा संगतानि व्रता ध्रुवा यानि देवा अकृण्वत॥५॥**

પદાર્થ : હે अग्ने-શરીર અને આત્માના બળથી સુશોભિત રાજન્ ! જેથી આપ मन्द्रः-પદાર્થોની પ્રાપ્તિ કરાવનાર હોવાથી સુખના હેતુ, होता-સુખોના દાતા, गृहपतिः-ગૃહકાર્યોના પાલક दूतः-પીડિત કરીને દુષ્ટ શત્રુઓને તપ્ત અને છેદન કરનાર અને विशाम्-પ્રજાઓના पतिः-રક્ષક असि-છો, તેથી સર્વ પ્રજા यानि-જે विश्वा-સર્વ ध्रुवा-નિશ્ચલ संगतानि-ધર્મ વ્યવહારથી સંયુક્ત व्रता-સત્યાચરણ આદિ કર્મોને देवाः-ધાર્મિક વિદ્વાન લોક अकृण्वत-કરે છે. તેને त्वे-આપ રાજ્યપાલક-રક્ષક હોવાથી સદા સેવન કરે છે. (૫)

*ભાવાર્થ : ઉત્તમ રાજદૂત અને સભાસદ જ રાજ્યની રક્ષા કરી શકે છે, તેનાથી વિપરીત મનુષ્યો કરી શકતા નથી. (૫)*

त्वे इद॑ग्ने सु॒भगे॑ यविष्ठ्य॒ विश्व॒माहू॑यते ह॒विः।
त्वं नो॑ अ॒द्य सु॒मना॑ उ॒ताप॒रं यक्षि॑ दे॒वान्त्सु॒वीर्या॑॥ ६ ॥

પદાર્થ : હે अविष्ठ्य-વેગથી પદાર્થોને સંયુક્ત કરનાર અથવા સંયુક્ત અત્યંત ભેદન કરનાર अग्ने-સુખોના દાતા રાજન્ ! જેમ હોતા अग्नौ-અગ્નિમાં विश्वम्-સર્વ हविः-ઉત્તમ રીતે સંસ્કાર કરેલ પદાર્થની आहूयते-આહુતિ આપે છે, તેમ જે सुभगे-ઉત્તમ ઐશ્વર્યયુક્ત त्वे-આપમાં ન્યાય કરવાનું કામ સ્થાપિત કરીએ-અધિકાર આપીએ છીએ सः-તે આપ सुमनाः-ઉત્તમ વિજ્ઞાનયુક્ત-મનયુક્ત બનીને अद्य-આજ उत-અને अपरम्-કાલ = બીજા દિવસે પણ नः-અમને सुवीर्या-શ્રેષ્ઠ વીર્ય-પરાક્રમયુક્ત देवान्-વિદ્વાનોનો इत्-જ यक्षि-સંગ કરાવો. (૬)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો અગ્નિમાં હવન કરવા યોગ્ય દ્રવ્યોની આહુતિ આપીને જગતને માટે સુખ ઉત્પન્ન કરે છે, તેમ રાજપુરુષ દુષ્ટોને કારાગારમાં નાખીને ધાર્મિકોને સદા આનંદિત કરે. (૬)*

तं घे॑मि॒त्था न॑म॒स्विन॒ उप॑ स्व॒राज॑मासते।
होत्रा॑भिर॒ग्निं मनु॑षः॒ समि॑न्धते तिति॒र्वांसो॒ अति॒ स्रिधः॑॥ ७॥

પદાર્થ : જે नमस्विनः-ઉત્તમ સત્કાર કરનાર मनुषः-મનુષ્ય होत्राभिः-હવનયુક્ત સત્ય ક્રિયાઓથી स्वराजयम्-પોતાના રાજા अग्निम्-જ્ઞાનવાન સભાધ્યક્ષની ध-જ उपासते-ઉપાસના અને तम्-તેને समिधन्ते-પ્રકાશિત કરે છે, તે મનુષ્ય स्रिधः-હિંસક, વિનાશકારી શત્રુઓને अति तितिर्वासः-સારી રીતે જીતનાર-પાર કરનાર હોય છે. (૭)

*ભાવાર્થ : સભાધ્યક્ષના ઉપાસક સભાસદ અને નોકરો વિના કોઈપણ સ્વરાજ્ય સિદ્ધિને પ્રાપ્ત કરીને શત્રુઓને જીતી શકતા નથી. (૭)*

घ्नन्तो॑ वृ॒त्रमत॑र॒न्रोद॑सी अ॒प उ॒रु क्षया॑य चक्रिरे।
भुव॒त्कण्वे॒ वृषा॑ द्यु॒म्न्याहु॑तः॒ क्रन्द॒दश्वो॒ गवि॑ष्टिषु॥ ८॥

પદાર્થ : હે રાજપુરુષો ! જેમ વિદ્યુત્ સૂર્ય અને તેના કિરણો वृत्रम्-મેઘનુ છેદન કરીને વર્ષા કરીને, આકાશ અને પૃથિવીને જળથી પૂર્ણ કરે છે તથા પ્રાણીઓને સંસારમાં અધિક નિવાસ માટે એ કાર્યો કરે છે, એજ રીતે શત્રુઓને घ्नन्तः-મારતા रोदसी-પ્રકાશ અને અંધકારમાં अपः-કર્મને કરે અને સર્વ જીવોને अतरन्-દુઃખોને પાર કરે તથા गविष्टिषु-ગાય આદિ પશુઓના સમૂહ-ધણમાં क्रन्दत्-હણહણતા अश्वः-ઘોડાઓની સમાન आहुतः-રાજ્ય અધિકારમાં નિયુક્ત કરેલ સભાધ્યક્ષ वृषा-સુખની વૃષ્ટિ કરનાર उरुक्षयाय-ચિરકાલ સુધી નિવાસ માટે कण्वे-બુદ્ધિમાનોમાં द्युम्नी-પુષ્કળ ઐશ્વર્યને ધારણ કરતા સુખી भुवत्-બને. (૮)

*ભાવાર્થ : જેમ વિદ્યુત, ભૌતિક અને સૂર્ય રૂપી અગ્નિઓ મેઘને છિન્ન-ભિન્ન કરીને તથા તેને*

*વરસાવીને સર્વ લોકોને જળથી પૂર્ણ કરે છે અને (તેનું) એ કાર્ય પ્રાણીઓનાં દીર્ઘકાલીન સુખ માટે હોય છે, તેમ સભાધ્યક્ષ આદિ રાજપુરુષોએ કાંટારૂપી શત્રુઓને મારીને પ્રજાઓને નિરંતર તૃપ્ત કરવી જોઈએ. (૮)*

**सं सीदस्व महाँ असि शोचस्व देववीतमः।**

**वि धूममग्ने अरुषं मियेध्य सृज प्रशस्त दर्शतम्॥ ९॥**

પદાર્થ : હે તેજસ્વિન્-વિદ્યા અને વિનયયુક્ત मियेध्य-મેધાયુક્ત अग्ने-વિદ્વાન્ સભાપતે ! જે આપ महान्-મહાન ગુણોથી યુક્ત असि-છો, તે देववीतमः-વિદ્વાનોને અત્યંત વ્યાપ્ત કરનાર બનીને ન્યાયમાં संसीदस्व-સ્થિત રહો અને સર્વ દોષોનો નાશ કરો અને शोचस्व-પ્રકાશિત થાઓ.

હે प्रशस्त-પ્રશંસનીય રાજન્ ! આપ विधूमम्-ધૂમ સમાન મલથી રહિત दर्शतम्-દર્શનીય अरुषम्-સુંદરરૂપથી યુક્ત सृज-બનો. (૯)

*ભાવાર્થ : મેધાવી રાજપુરુષ અગ્નિ સમાન તેજસ્વી, મહાન ગુણોયુક્ત બનીને, દિવ્યગુણોથી યુક્ત પૃથિવી આદિ ભૂતોના તત્ત્વને જાણીને, પ્રકાશમાન થતાં, નિર્મળ દર્શનીય રૂપને ઉત્પન્ન કરે. (૯)*

**यं त्वा देवासो मनवे दधुरिह यजिष्ठं हव्यवाहन।**

**यं कण्वो मेध्यातिथिर्धनस्पृतं यं वृषा यमुपस्तुतः॥ १०॥**

પદાર્થ : હે हव्यवाहन-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરાવનાર સભ્યજન ! यम्-જે મનનશીલ यजिष्ठम्-અત્યંત યજ્ઞ કરનાર त्वा-આપને देवासः-વિદ્વાન मनवे-મનન કરવા યોગ્ય રાજ્ય શાસનને માટે इह-આ સંસારમાં दधुः-ધારણ કરે છે; અને यम्-જે શિક્ષિત धनस्पृतम्-વિદ્યા, સુવર્ણ આદિ ધનથી સેવિત त्वा-આપને मेध्यातिथिः-મેધાવી-પવિત્ર અતિથિઓથી યુક્ત અધ્યાપક कण्वः-મેધાવી-વિદ્વાન પુરુષ दधे-ધારણ કરે છે; અને यम्-સુખની વર્ષા કરનાર त्वा-આપને वृषा-વિદ્યાની વર્ષા કરનાર મનુષ્ય दधे-ધારણ કરે છે; અને यम्-જે સ્તુતિને યોગ્ય આપને उपस्तुतः-સમીપસ્થ સજ્જનોથી સ્તુતિ કરનાર રાજપુરુષ ધારણ કરે છે, તે આપને અમે સભાપતિ રૂપમાં સ્વીકાર કરીએ છીએ-નિયુક્ત કરીએ છીએ. (૧૦)

*ભાવાર્થ : આ સંસારમાં સર્વ મનુષ્યોએ (જાણવું જોઈએ કે) વિદ્વાન અને અન્ય શ્રેષ્ઠજન મળીને જે વિચારશીલ, ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરાવનાર, શુભગુણોથી સંપન્ન, વિદ્યા, સુવર્ણ આદિ ધનથી યુક્ત, સભ્યજનને રાજ્ય શાસન માટે નિયુક્ત કરે; તે જ પિતા સમાન પાલન કરનાર રાજા બને. (૧૦)*

**यमग्निं मेध्यातिथिः कण्व ईध ऋतादधि।**

तस्य॒ प्रेषो॑ दीदियु॒स्तमि॒मा ऋच॒स्तम॒ग्निं वर्धयामसि॥ ११॥

પદાર્થ : मेध्यातिथिः-પવિત્ર અને પૂજક શિષ્ય વર્ગ યુક્ત कण्वः-વિદ્યા અને કર્મકાંડમાં કુશળ વિદ્વાન ! ऋाद् अधि-મેઘ મંડળનાં ઉપરથી સામર્થ્ય હોવા માટે यम्-જે अग्निम्-દાહ ગુણથી યુક્ત અને સર્વ પદાર્થોના છેદક અગ્નિને ईधे-પ્રદીપ્ત કરે છે, तस्य-તે અગ્નિને इषः-ઘૃતાદિ પદાર્થોને મેઘમંડળથી પ્રાપ્ત કરાવનાર કિરણ प्र-અત્યંત दीदियुः-પ્રદીપ્ત થાય છે; અને इमाः-એ ऋचः-વેદના મંત્ર तम्-યજ્ઞના મુખ્ય સાધન તે અગ્નિનું વર્ણન કરે છે; तम्-તે વિદ્યુત્ નામક अग्निम्-સર્વત્ર વ્યાપક અગ્નિ અમે રાજપુરુષો શિલ્પ ક્રિયાની સિદ્ધિ માટે वर्धयामसि-વૃદ્ધિ કરીએ છીએ. (૧૧)

*ભાવાર્થ : સભાધ્યક્ષાદિ રાજપુરુષોને હોતા આદિ વિદ્વાનજન વાયુ અને વૃષ્ટિની શુદ્ધિ હેતુ હવન માટે જે અગ્નિને પ્રદીપ્ત કરે છે, જેના કિરણો ઉપર ચમકે છે, જેના ગુણ વેદ મંત્ર ગાય છે, તેના રાજ્ય વ્યવહારની સાધક શિલ્પક્રિયાની સિદ્ધિ માટે વૃદ્ધિ કરવી જોઈએ. (૧૧)*

रा॒यस्पू॑र्धि स्वधा॒वोऽस्ति॒ हि तेऽग्ने॑ दे॒वेष्वाप्य॑म्।
त्वं वाज॑स्य॒ श्रुत्य॑स्य राजसि॒ स नो॑ मृड म॒हाँ अ॑सि॥ १२॥

પદાર્થ : હે स्वधावः-ભોગવવા યોગ્ય અન્નાદિ પદાર્થોથી યુક્ત अग्ने-અગ્નિ સમાન તેજસ્વી સભાધ્યક્ષ ! हि-જે કારણે ते-આપની देवेषु-વિદ્વાનોમાં आप्यम्-પ્રાપ્ત કરવા યોગ્ય મિત્રતા अस्ति-છે; તેથી આપ रायः-વિદ્યા, સુવર્ણ અને ચક્રવર્તી રાજ્ય આદિ ધનોને पूर्धि-પૂર્ણ કરો.

જે આપ महान्-મહાન ગુણોથી યુક્ત असि-છો; અને श्रुत्यस्य-શ્રવણ યોગ્ય वाजस्य યુદ્ધના મધ્યમાં राजसि-પ્રકાશિત થાઓ છો, सः-તે त्वम्-પુત્રની સમાન પ્રજાની રક્ષા કરનાર આપ नः-અમને मृड-સુખયુક્ત કરો. (૧૨)

*ભાવાર્થ : વેદોના જ્ઞાતા અને જ્ઞાનવૃદ્ધ લોકો સાથે મિત્રતા રાખનાર સભાપતિ આદિ રાજપુરુષોએ અન્ન, ધન આદિ પદાર્થોના ભંડારોને નિરંતર પરિપૂર્ણ કરીને, પ્રસિદ્ધ દસ્યુઓની સાથે યુદ્ધ માટે સમર્થ બનીને પ્રજાને મહાન સુખ પ્રદાન કરવું જોઈએ. (૧૨)*

ऊ॒र्ध्व ऊ॒ षु ण॑ ऊ॒तये॒ तिष्ठा॑ दे॒वो न स॑वि॒ता।
ऊ॒र्ध्वो वाज॑स्य॒ सनि॑ता॒ यद॒ञ्जिभि॑र्वा॒घद्भि॑र्वि॒ह्वया॑महे॥ १३॥

પદાર્થ : હે સભાપતે ! આપ देवः-સર્વ પ્રકાશક सविता-સૂર્યલોકની न-સમાન नः-અમારી ऊतये-રક્ષા આદિ માટે ऊर्ध्वः-ઊંચા આસન પર सु + तिष्ठ-શોભાયમાન થાઓ; उ અને ऊर्ध्वः-ઉન્નત બનીને वाजस्य-યુદ્ધનું सनिता-સેવન કરનાર બનો, यत्-એટલા માટે અમે अञ्जिभिः-યજ્ઞના સાધનોને પ્રકટ કરનાર (શીઘ્ર ધનોને પ્રકટ કરનાર) वाघद्भिः-મેધાવી વિદ્વાનોની (સર્વ ઋતુઓમાં યજ્ઞ કરનાર વિદ્વાનોની) સાથે આપને विह्वयामहे-વિવિધ પ્રકારના શબ્દો = વચનોથી આપની સ્તુતિ

કરીએ છીએ. (૧૩)

*ભાવાર્થ : સૂર્યની સમાન ઉત્તમ તેજસ્વી સભાપતિએ યુદ્ધ કરીને દુષ્ટ શત્રુઓનું નિવારણ કરીને, પ્રાણીઓની રક્ષા માટે, યજ્ઞ સાધક વિદ્વાનોની સાથે અતિ ઉચ્ચ આસન પર બેસવું જોઈએ. (૧૩)*

ऊर्ध्वो नः पाह्यंहसो नि केतुना विश्वं समत्रिणं दह।

कृधी न ऊर्ध्वाञ्चरथाय जीवसे विदा देवेषु नो दुवः॥१४॥

પદાર્થ : હે સભાપતે ! આપ केतुना-બુદ્ધિના દાનથી नः-અમારી अंहसः-પારકા પદાર્થના હરણરૂપ પાપથી नि + पाहि-સર્વથા રક્ષા કરો. विश्वम्-સર્વ अत्रिणम्-અન્યાયથી પદાર્થોને ખાનાર શત્રુભાવને संदह-સારી રીતે ભસ્મ કરો.

ऊर्ध्वः-સર્વથી ઉત્કૃષ્ટ આપ चरथाय-સુખની પ્રાપ્તિ માટે नः-અમને ऊर्ध्वान्-ઉત્કૃષ્ટ ગુણ અને સુખથી યુક્ત कृधि-કરો. देवेषु-ધાર્મિક વિદ્વાનો અથવા ઋતુઓમાં जीवसे-જીવન વૃદ્ધિને માટે दुवः-સેવાને विदाः-પ્રાપ્ત કરાવો. (૧૪)

*ભાવાર્થ : ઉત્તમ ગુણ અને સ્વભાવથી યુક્ત સભાધ્યક્ષ રાજાએ રાજ્યનિયમો અને દંડના ભયથી સર્વ મનુષ્યોને પાપથી પૃથક્ કરીને, સર્વ શત્રુઓને દગ્ધ-બાળીને તથા વિદ્વાનોની સેવા કરીને જ્ઞાનસુખ તથા જીવનની વૃદ્ધિ માટે સદા સર્વ પ્રાણીઓને ઉત્તમ ગુણોથી સંપન્ન કરવા જોઈએ. (૧૪)*

पाहि नो अग्ने रक्षसः पाहि धूर्तेरराव्णः।

पाहि रीषत उत वा जिघांसतो बृहद्भानो यविष्ठ्य॥१५॥

પદાર્થ : હે बृहद्भानो-મહાન વિદ્યાદિ ઐશ્વર્યરૂપ તેજવાળા यविष्ठ्य-અત્યંત તરુણાવસ્થાથી યુક્ત अग्ने-સર્વના અગ્રણી, સર્વના રક્ષક સભાધ્યક્ષ મહારાજ ! આપ धूर्तेः-વિશ્વાસઘાતી (કપટી, અધર્મી) अराव्णः-દાન ધર્મ રહિત, કૃપણ रक्षसः-મહાદુષ્ટ-હિંસક મનુષ્યોથી नः-અમારી पाहि-રક્ષા કરો. रिषतः-દુષ્ટાચારી મનુષ્ય અને હિંસક-દુઃખ આપનાર સિંહ આદિ પ્રાણીથી पाहि-રક્ષા કરો. उत-અને वा-પણ जिघांसतः-મારવાની ઈચ્છા કરનાર શત્રુથી અમારી રક્ષા કરો. (૧૫)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ-સર્વત્રથી રક્ષા માટે, સર્વના રક્ષક, ધર્મની ઉન્નતિની ઈચ્છાવાળા અને દયાળુ સભાધ્યક્ષને સદા પ્રાર્થના કરવી જોઈએ. સ્વયં પણ દુષ્ટ સ્વભાવવાળા મનુષ્ય આદિ પ્રાણીઓથી અને સર્વ પાપોથી શરીર, વાણી અને મનથી દૂર રહેવું જોઈએ. કારણ કે તેમ (આચરણ) કર્યા વિના કોઈ સદા સુખી રહી શકતો નથી. (૧૫)*

घनेव विष्वग्वि जह्यराव्णस्तपुर्जम्भ यो अस्मध्रुक्।

यो मर्त्यः शिशीते अत्यक्तुभिर्मा नः स रिपुरीशत॥१६॥

પદાર્થ : હે तपुर्जम्भ-શત્રુઓને સંતાપ પમાડનાર તથા તેના અંગોને તોડનારા શસ્ત્રોથી યુક્ત સેનાપતે ! विष्वक्-સર્વથા સેનાદિબળથી યુક્ત બનીને આપ अराव्णः-સુખદાન રહિત શત્રુઓને घनेव-લાઠીથી જેમ ઘડાને ફોડવામાં આવે, તેમ वि + जहि-વિનાશ કરો (વિશેષ રૂપથી જીતો) यः-જે मर्त्यः-મનુષ્ય अक्तुभिः-રાત્રિઓથી (મૃત્યુને પ્રાપ્ત કરાવનાર શસ્ત્રોથી) अस्मध्रुक्-અમારા દ્રોહી अतिशिशीते-અતિ હિંસા કરતા હોય (અત્યંત નિર્બળ કરતા હોય) सः તે रिपुः-શત્રુ नः-અમને પીડિત કરવામાં मा + ईशत-સમર્થ ન બને. (૧૬)

*ભાવાર્થ : સેનાપતિ આદિ, જેમ લોકો ઘણથી લોઢું અને પથ્થર આદિને તોડે છે, તેમ શત્રુઓનાં અંગોને તોડીને દિવસ-રાત ધાર્મિક પ્રજાઓનાં પાલનમાં તત્પર રહે, જેથી શત્રુ એ પ્રજાઓને દુઃખી ન કરી શકે. (૧૬)*

अ॒ग्निर्व॑व्ने सु॒वीर्य॑म॒ग्निः कण्वा॑य॒ सौभ॑गम्।

अ॒ग्निः प्राव॑न्मि॒त्रोत मेध्या॑तिथिम॒ग्निः सा॒ता उ॑पस्तु॒तम्॥ १७॥

પદાર્થ : જે વિદ્વાન अग्नि-ભૌતિક અગ્નિ સમાન सातौ-યુદ્ધમાં અથવા શિલ્પકર્મમાં उपस्तुतम्-પ્રાપ્ત ગુણોની સ્તુતિને યોગ્ય सुवीर्यम्-ઉત્તમ શરીર અને આત્માના પરાક્રમ રૂપ બળને તથા अग्निः-વિદ્યુત્‌ની સમાન कण्वाय-ધર્માત્મા મેધાવી શિલ્પીને માટે सौभगम्-ઉત્તમ ઐશ્વર્યને वव्ने-ઇચ્છે છે અને જે अग्निः-પાવક (સર્વના મિત્રની) સમાન मित्रा-મિત્રોથી प्र + आवत्-સારી રીતે પાલન-રક્ષા કરે છે. उत-અને अग्निः-જઠરાગ્નિ સમાન उपस्तुतम्-શુભગુણોથી સ્તુતિ કરવા યોગ્ય मेध्यातिथिम्-કારીગર વિદ્વાન સેવન કરે, તે પુરુષ રાજા બની શકે છે. (૧૭)

*ભાવાર્થ : જેમ એ ભૌતિક અગ્નિ વિદ્વાનો દ્વારા સારી રીતે સેવન કરેલ, તેને બળ અને પરાક્રમો તથા સૌભાગ્ય પ્રદાન કરીને, શિલ્પ વિદ્યામાં નિપુણ વિદ્વાનની તથા તેના મિત્રોની સદા રક્ષા કરે છે, તેમ પ્રજા અને સેનાના ભદ્રપુરુષો દ્વારા યાચના કરવાથી, એ સભાધ્યક્ષ રાજા તેને બળ, પરાક્રમ, ઉત્સાહ અને ઐશ્વર્યની શક્તિ પ્રદાન કરીને યુદ્ધની, વિદ્યા પ્રવીણ વિદ્વાનોની તથા તેના મિત્રોનું સર્વથા પાલન કરે. (૧૭)*

अ॒ग्निना॑ तु॒र्वशं॒ यदुं॑ परा॒वत॑ उ॒ग्रादे॑वं हवामहे।

अ॒ग्निर्न॑यन्नव॑वास्त्वं बृ॒हद्र॑थं तु॒र्वीतिं॒ दस्य॑वे॒ सहः॑॥ १८॥

પદાર્થ : અને જે अग्निना-અગ્નિ સમાન તેજસ્વી સભાધ્યક્ષ રાજાની સાથે મળીને उग्रादेवम्-તેજ સ્વભાવવાળાને જીતવાની ઇચ્છા કરનાર तुर्वशम्-શીઘ્રતાથી બીજાના પદાર્થોની આકાંક્ષા કરનાર यदुम्-બીજાના ધનની ચેષ્ટા કરનાર ડાકૂ મનુષ્યને परावतः-બીજા દેશથી हवामहे-યુદ્ધ માટે આહ્વાન કરે અને તે दस्यवे-પોતાના વિશેષ બળથી પર પદાર્થોને હરનાર ડાકૂના सहः-પરાભવ કરવા યોગ્ય બળને अग्निः-અગ્રણી રાજા नववास्त्वम्-અરણ્ય-એકાન્તમાં નવીન ઘર બનાવનાર बृहद्रथम्-મોટા રમણના સાધન રથોવાળા तुर्वीतिम्-હિંસક દુષ્ટ પુરુષોને અહીં नयत्-કારાગારમાં પહોંચાડે-રાખે. (૧૭)

*ભાવાર્થ : સર્વ ધાર્મિક મનુષ્યોએ તેજસ્વી સભાધ્યક્ષ રાજાની સાથે મળીને પારકા પદાર્થો હરનાર,*

*કુટિલ સ્વભાવવાળા અને પોતાના વિજયને ઈચ્છનાર ડાકૂઓને વેગપૂર્વક પડકાર કરી, પર્વત તથા વન આદિમાં બનાવેલ તેના ઘરોને પાડીને તથા તેને બાંધીને કારાગારમાં રાખે. (૧૮)*

नि त्वाम॑ग्ने मनु॑र्दधे ज्योति॒र्जना॑य॒ शश्व॑ते।

दी॒देथ॒ कण्व॑ ऋ॒तजा॑त उक्षि॒तो यं न॑म॒स्यन्ति॑ कृ॒ष्टयः॑॥ १९॥

પદાર્થ : હે अग्ने-તેજસ્વી જગદીશ્વર ! यम्-જે સર્વ સુખોના દાતા त्वाम्-આપને शश्वते-સ્વરૂપથી અનાદિ जनाय-જીવની રક્ષા માટે कृष्टयः-મનુષ્ય नमस्यन्ति-પૂજે છે, અને જેને હે વિદ્વાનો ! તમે दीदेथ-પ્રકાશિત કરો છો, તે ज्योतिः-જ્યોતિ સ્વરૂપ, સ્વયં પ્રકાશમાન હોવાથી જ્ઞાનના પ્રકાશક પરબ્રહ્મની ऋतजातः-સત્યાચરણથી પ્રસિદ્ધ उक्षितः-આનંદોથી અભિષિક્ત मनुः-વિજ્ઞાનમય ન્યાયથી સર્વ પ્રજા પાલકમાં कण्वे-મેધાવી મનુષ્યમાં निदधे-સ્થાપિત કરું છું, તેની પરબ્રહ્મ સર્વ મનુષ્યો ઉપાસના કરે. (૧૯)

*ભાવાર્થ : પૂજ્ય પરમાત્માની કૃપાથી પ્રજાની રક્ષા માટે રાજ્યાધિકારમાં નિયુક્ત કરેલ મનુષ્યોને, સર્વની સાથે સત્ય વ્યવહારની પ્રસિદ્ધિઓ ધાર્મિકોને આનંદિત કરવા જોઈએ, દુષ્ટોને દંડિત કરવા જોઈએ અને બુદ્ધિમાન મનુષ્યોમાં વિદ્યાની સ્થાપના કરવી જોઈએ. (૧૯)*

त्वे॒षासो॑ अ॒ग्नेरम॑वन्तो अ॒र्चयो॑ भी॒मासो॒ न प्रती॑तये।

र॒क्ष॒स्विनः॒ सद॒मिद्या॑तु॒माव॑तो॒ विश्वं॒ सम॒त्रिणं॑ दह॥ २०॥

પદાર્થ : હે તેજસ્વી સભાપતે ! આપ अग्नेः-સૂર્ય વિદ્યુત્ અને પ્રસિદ્ધ રૂપ અગ્નિની त्वेषासः-પ્રકાશસ્વરૂપ भीमासः-ભયંકર अर्चयः-જ્વાળાઓની न-સમાન જે अमवन्तः-નિંદિત રોગકારક रक्षस्विनः-રાક્ષસ, નિંદિત પુરુષ છે, તેને, તથા अत्रिणम्-બળથી પર પદાર્થોને હરનાર શત્રુને इत्-જ संदह-સારી રીતે ભસ્મ કરો. प्रतीतये-સુખ પ્રાપ્તિ અથવા જ્ઞાનને માટે विश्वम्-સમસ્ત सदम्-જગતની તથા यातुमावतः-આપને પ્રાપ્ત કરનાર અને મારા સમાન ધાર્મિક જનોની રક્ષા કરો. (૨૦)

*ભાવાર્થ : સભાધ્યક્ષ આદિ રાજપુરુષોએ તથા પ્રજાજનોએ જેમ અગ્નિ આદિ રાજપુરુષોએ તથા પ્રજાજનોએ, જેમ અગ્નિ આદિ વન આદિને બાળી નાખે છે, તેમ દુષ્ટાચારી પ્રાણીઓને વિનષ્ટ કરવા જોઈએ. આ રીતે યત્ન કરતા રહીને નિરંતર પ્રજાની રક્ષા કરવી જોઈએ. (૨૦)*

સંગતિ : આ સૂક્તમાં સર્વના રક્ષક ઈશ્વર અને દૂતના દષ્ટાન્તથી-ભૌતિક અગ્નિના ગુણોનું વર્ણન, દૂતના ગુણોનો ઉપદેશ અને અગ્નિના દૃષ્ટાન્તથી રાજપુરુષોના ગુણોનું વર્ણન, સભાપતિનું કાર્ય, સભાપતિરૂપ અધિકારીનો પ્રકાર, અગ્નિ આદિ પદાર્થોનો ઉપયોગ, મનુષ્યોની સભાધ્યક્ષને પ્રાર્થના, સર્વ મનુષ્યોને સભાધ્યક્ષની સહાયથી દુષ્ટોનું હનન અને રાજપુરુષોના સહાયક ઈશ્વરનું વર્ણન છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૩૬)

## સૂક્ત-૩૭

क्री॒ळं वः॒ शर्धो॒ मारु॑तमन॒र्वाणं॒ रथे॑ शु॒भम्। कण्वा॑ अ॒भि प्र गा॑यत॥ १॥

પદાર્થ : હે कण्वाः-મેધાવી વિદ્વાન મનુષ્યો ! તમે જે वः-આપના अनर्वाणम्-ઘોડાઓના યોગથી રહિત रथे-વિમાન આદિ યાનોમાં क्रीडम्-ક્રીડાના હેતુ, ગમન-આગમન ક્રિયામાં शुभम्-શોભનીય मारुतम्-પવનોના સમૂહરૂપ शर्धः-બળ છે; તેનું अभि + प्र + गायत-સારી રીતે શ્રવણ કરો અને ઉપદેશ કરો. (૧)

*ભાવાર્થ : જે પવન પ્રાણીઓની ચેષ્ટા, બળ વેગ, યાન અને મંગલ વગેરે વ્યવહારોને સિદ્ધ કરે છે, તેથી એના અનેક ગુણોની પરીક્ષા કરીને તેનાથી યથાયોગ્ય ઉપકારો ગ્રહણ કરવા જોઈએ. (૧)*

ये पृष॑तीभिर्ऋ॒ष्टिभिः॑ सा॒कं वाशी॑भिर॒ञ्जिभिः॑। अजा॑यन्त॒ स्वभा॑नवः॥ २॥

પદાર્થ : હે વિદ્વાન્-ये-જે पृषितीभिः-પદાર્થોને સિંચનારી, ऋष्टिभिः-કલાયંત્ર આદિ વ્યવહારોને પ્રાપ્ત કરાવનારી અને अञ्जिभिः-પદાર્થોને પ્રકટ કરાવનારી वाशीभिः-વાણીઓની साकम्-સહાયથી ક્રિયાકૌશલમાં પ્રયત્ન કરે છે, તે स्वभानवः-સ્વ ઐશ્વર્યના પ્રકાશથી પ્રકાશિત अजायन्त-થાય છે. (૨)

*ભાવાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! આપ લોકોએ ઈશ્વરે રચેલી સૃષ્ટિમાં કાર્ય અને સ્વભાવને પ્રકટ કરનાર વાયુથી (જે) જળનું સિંચન, ચેષ્ટા કરવી, અગ્નિ આદિની પ્રસિદ્ધિ થવી અને વાયુથી સંબંધિત વ્યવહાર અર્થાત્ કથન, શ્રવણ, સ્પર્શ થાય છે, તેનાથી ક્રિયા, વિદ્યા અને ધર્મ આદિ શુભ ગુણોનો પ્રચાર કરવો જોઈએ. (૨)*

इ॒हेव॑ शृण्व एषां॒ कशा॒ हस्ते॑षु॒ यद्वदा॑न्। नि यामं॑ चि॒त्रमृ॑ञ्जते॥ ३॥

પદાર્થ : હું यत्-જે કારણે एषाम्-એ પવનોની कशाः-રજ્જુ = દોરની સમાન, ચેષ્ટાના સાધન નિયમોને પ્રાપ્ત કરાવનારી ક્રિયા हस्तेषु-હાથ આદિ અંગોમાં છે, તેથી સર્વ ચેષ્ટા અને જેનાથી પ્રાણી વ્યવહાર સંબંધી વચનને वदान् બોલે છે, તેને इहेव-જેમ આ સ્થાનમાં બેસીને સાંભળે છે, તેમ शृण्वे-સાંભળું છું. અને સર્વ પ્રાણી અને અપ્રાણી यामन्-સુખના હેતુ પદાર્થોને પ્રાપ્ત કરાવનાર માર્ગમાં જે चित्रम्-અદ્ભુત કર્મને नि + ऋञ्जते-નિરંતર સિદ્ધ કરે છે; તેને હું પણ કરી શકું છું. (૩)

*ભાવાર્થ : જે જડ અને ચેતન પદાર્થ કાર્યો કરે છે, તેનો નિમિત્ત પવન છે. જો વાયુ ન હોય, તો કોઈ પણ કાંઈ પણ કરવા સમર્થ બની શકે નહિ. વાયુની ચેષ્ટા વિના દૂર રહેલ (પ્રાણી)ના દ્વારા ઉચ્ચારિત શબ્દો સમીપસ્થોની સમાન કોઈપણ બોલી કે સાંભળી શકે નહિ.*

*વીર પુરુષ યુદ્ધ આદિ કાર્યોમાં જેટલા બળ અને પરાક્રમ કરે છે, તે સર્વ વાયુના વેગથી જ થાય છે. વાયુ વિના કોઈ આંખનો પલકારો = મટકું પણ કરી શકતો નથી. તેથી પદાર્થ વિદ્યા પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા સર્વ વિદ્વાનોએ સદા તેના શુભ ગુણોનું અન્વેષણ = શોધ કરવું જોઈએ. (૩)*

प्र वः॒ शर्धा॑य॒ घृष्व॑ये त्वे॒षद्यु॑म्नाय शु॒ष्मिणे॑। दे॒वत्तं॒ ब्रह्म॑ गायत॥ ४॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! જો એ વાયુ वः-તમારા शर्धाय-બળ પ્રાપ્ત કરનારા घृष्वये-જેના માટે પરસ્પર ઘૃર્ષણ = સંચૂર્ણન = લડવું ભીડવું કરે છે, તે शुष्मिणे-અત્યંત પ્રશસ્ત બળયુક્ત વ્યવહારવાળા त्वेषध्युम्नाय-પ્રકાશમાન યશ માટે છે, તમે લોકો તેના નિયોગથી देवत्तम्-ઈશ્વર દ્વારા પ્રદાન કરેલ અને વિદ્વાન અથવા અધ્યાપકથી ભણાવેલ ब्रह्म-વેદને प्रयागत-સારી રીતે ષડ્જાદિ સ્વરોથી સ્તુતિપૂર્વક ગાન કરો. (૪)

*ભાવાર્થ : વિદ્વાન મનુષ્યોએ ઈશ્વરોક્ત વેદોનું અધ્યયન કરીને, વાયુના ગુણોને જાણીને, નિત્ય કીર્તિકારક તથા બળવર્ધક કર્મો કરીને સર્વ પ્રાણીઓને સુખ પ્રદાન કરવું જોઈએ. (૪)*

**प्र शंसा गोष्वघ्न्यं क्रीळं यच्छर्धो मारुतम्। जम्भे रसस्य वावृधे॥५॥**

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! તમે यत्-જે गोषु-પૃથિવી આદિ ભૂત, વાણી અથવા ઈન્દ્રિયો તથા ગાય આદિ પશુઓમાં क्रीडम्-ક્રીડાને નિમિત્ત अघ्न्यं-હનન ન કરવા યોગ્ય અથવા ઈન્દ્રિયોને હિતકારી मारुतम्-વાયુના વિકાર રૂપ रसस्य-ભોજન કરેલ અન્નાદિ પદાર્થોથી ઉત્પન્ન जम्भे-જેથી ગાત્રોનું સંચાલન થાય મુખમાં પ્રાપ્ત થઈને શરીરમાં સ્થિત शर्द्धः-બળની ववृधे-વૃદ્ધિ કરે છે, તેનો મારા માટે प्र + शंस-નિત્ય ઉપદેશ કરો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ શરીર આદિમાં જે વાયુ સંબંધી ક્રીડા અને બળની વૃદ્ધિ છે, તેની નિત્ય વૃદ્ધિ કરવી જોઈએ. જેટલું રસ આદિનું જ્ઞાન છે, તે સર્વ વાયુના સંપર્કથી જ થાય છે. તેથી સર્વેએ પરસ્પર એવું અનુશાસન (= ઉપદેશ) કરવું જોઈએ, કે જેથી સર્વને વાયુના ગુણોની વિદ્યાનું જ્ઞાન થઈ શકે. (૫)*

**को वो वर्षिष्ठ आ नरो दिवश्च ग्मश्च धूतयः। यत्सीमन्तं न धूनुथ॥६॥**

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! धूतयः-શત્રુઓને કંપાવનાર नरः-નીતિયુક્ત यत्-જે તમે दिवः પ્રકાશમાન સૂર્ય આદિ च-તથા ग्मः-પૃથિવી च-અને પ્રકાશ રહિત લોકોને सीम्-સર્વત્રથી અર્થાત્ તૃણ, વૃક્ષ આદિ અવયવો સહિત ગ્રહણ કરીને કંપાવતા પવનોની न-સમાન શત્રુઓનો अन्तम्-નાશ કરીને, દુષ્ટોને જ્યારે आधूनुथ-સર્વત્રથી કંપાવો છો, ત્યારે वः-તમારા મધ્યમાં कः-કોણ वर्षिष्ठ-અત્યંત વૃદ્ધ-શ્રેષ્ઠ વિદ્વાન પ્રસિદ્ધ ન થાય. (૬)

*ભાવાર્થ : વિદ્વાન રાજપુરુષોએ જેમ કોઈ બળવાન મનુષ્ય નિર્બળના કેશ = વાળ પકડીને કંપાવે-ધ્રુજાવે છે, અને જેમ વાયુ સર્વ લોકોને ધારણ કરીને, કંપાવીને, ચલાયમાન કરીને પોત-પોતાની પરિધિમાં પ્રાપ્ત કરાવે છે, એ જ રીતે સર્વ શત્રુગણને કંપાવીને, તેના સ્થાનથી ચલાયમાન કરીને-(કાઢી મૂકીને) પ્રજાની રક્ષા કરવી જોઈએ. (૬)*

**नि वो यामाय मानुषो दध्र उग्राय मन्यवे। जिहीत पर्वतो गिरिः॥७॥**

પદાર્થ : હે પ્રજા અને સેનાના મનુષ્યો ! આપ જે સેનાપતિ રાજાના ભયથી वायोः-વાયુના બળથી गिरिः-જળને રોકનાર અથવા ગર્જના કરનાર पर्वतः-મેઘની સમાન શત્રુગણ जिहीत-ભાગી જાય છે, પોતાના સ્થાનથી ચલાયમાન થઈ જાય છે, તે मानुषः-સભાધ્યક્ષ રાજા वः-તમારો यामाय-યથાર્થ વ્યવહારની ચલાવવા અને मन्यवे-ક્રોધરૂપ उग्राय-તીવ્ર દંડ આપવા માટે રાજ્ય વ્યવસ્થાને दध्रे-ધારણ કરી શકે છે એમ તમે જાણો. (૭)

*ભાવાર્થ : હે પ્રજા અને સેનાના મનુષ્યો ! તમારો સર્વ વ્યવહાર, રાજ્ય વ્યવસ્થાથી જ વાયુની સમાન વ્યવસ્થિત કરવામાં આવે છે, પોતાના નિયમથી વિચલિત થયેલ તમને વાયુની સમાન સભાધ્યક્ષ-રાજા બહુજ દંડ આપે, અને જેમ વાયુથી વાદળાંઓ ચાલે છે, તેમ જેના ભયથી શત્રુ ચલાયમાન થાય, તેને પિતા તુલ્ય માનો. (૭)*

येषामज्मेषु पृथिवी जुजुर्वाँ इव विश्पतिः। भिया यामेषु रेजते॥८॥

પદાર્થ : હે વિદ્વાનો ! येषाम्-જે महताम्-મહાન પવનોથી अज्मेषु-પહોંચાડવા અને ફેંકવા આદિ ગુણો હોવાથી भिया-ભયથી जुजुर्वानिव-વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત विश्पतिः-પ્રજાપાલક રાજાની સમાન पृथिवी-પૃથિવી આદિ લોક-સમૂહ यामेषु-પોતાના ગમનરૂપ-પરિધિ માર્ગોમાં સંપ્રયોગ કરો. (૮)

*ભાવાર્થ : જેમ વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કોઈ રાજા રોગોથી અથવા શત્રુઓના ભયથી કાંપે છે-ધ્રૂજે છે, તેમ પવનો દ્વારા સર્વત્રથી ધારણ કરેલ પૃથિવી લોક પોતાની પરિધિમાં પ્રતિક્ષણ ઘૂમે છે અને એજ રીતે સર્વ લોક ઘૂમે છે. જેમ દોરાથી બંધાયેલ તેમ વાયુથી બંધાયેલ વિના કોઈ પણ લોકની સ્થિતિ અને ભ્રમણ સંભવ નથી. (૮)*

स्थिरं हि जानमेषां वयो मातुर्निरेतवे। यत्सीमनु द्विता शवः॥९॥

પદાર્થ : હે મનુષ્યો ! एषाम्-એ वायूनाम्-પવનોના यत्-જે स्थिरम्-નિશ્ચલ जानम्-જન્મ સ્થાન આકાશ, शवः-બળ અને द्विता-બે શબ્દ અને સ્પર્શ ગુણોનો ભાવ છે, જેના આશ્રયથી वयः-પક્ષી मातुः-અન્તરિક્ષના મધ્યમાં सीम्-સર્વત્રથી निरेतवे-નિરંતર ગતિ કરી શકે છે તે વાયુઓને આપ अनु-અનુક્રમથી જાણો. (૯)

*ભાવાર્થ : જે એ કાર્યરૂપ વાયુ આકાશથી ઉત્પન્ન થઈને અત્ર-તત્ર ગમન-આગમન કરે છે; જ્યાં-જ્યાં આકાશ છે, ત્યાં-ત્યાં જેનું સર્વત્ર ગમન સંભવ છે, સમસ્ત પ્રાણી જેના કારણે જીવન પ્રાપ્ત કરીને બળવાન બને છે, તેનું તમે યુક્તિથી સેવન કરો. (૯)*

उदु त्ये सूनवो गिरः काष्ठा अज्मेष्वत्नत। वाश्रा अभिज्ञु यातवे॥१०॥

પદાર્થ : હે રાજા અને પ્રજાના મનુષ્યો ! આપ त्ये-એ અન્તરિક્ષમાં રહેનાર सूनवः-પ્રાણીઓના ગર્ભને છોડાવનાર વાયુ अभिज्ञु-સન્મુખ જાનુ = ગોઠણવાળી અને वाश्राः-શબ્દ કરતી = ભાંભરતી ગાય વાછરડા તરફ જાય છે (તેમ ગાયની સમાન) गिरः-વાણી અને काष्ठाः-જળના ( काष्ठाः =

दिशः = દિશાઓના) अज्मेषु-જવાના માર્ગોમાં उ-નિશ્ચયથી आयातवे-ગતિ માટે વિસ્તાર કરે છે, તેમ સુખનો उत् + अत्नत-સારી રીતે વિસ્તાર કરો. (૧૦)

*ભાવાર્થ : રાજા અને પ્રજાજનોએ, જેમ એ વાયુ જ વાણી અને જળને ચલાવીને, વિસ્તૃત કરીને, શબ્દો સંભળાવતા, ગમન, આગમન, જન્મ, વૃદ્ધિ અને ક્ષયનું કારણ છે, તેમ તેના દ્વારા શુભ કર્મ કરવા જોઈએ. (૧૦)*

**त्यं चिद् घा दीर्घं पृथुं मिहो नपातममृध्रम्। प्र च्यावयन्ति यामभिः॥ ११॥**

પદાર્થ : હે રાજપુરુષો ! તમે જેમ मिहः-વર્ષાના જળને સીંચનાર વાયુ यामभिः પોતાના ગમન-આગમનના માર્ગોથી घ-જ त्यम्-તે नपातम्-જળને ન પાડનાર-વરસાવનાર अमृध्रम्-ભીનું ન કરનાર पृथुम्-વિસ્તીર્ણ दीर्घम्-સ્થૂળ त्यम्-તે મેઘને चित्-પણ प्र + च्यावयन्ति-ભૂમિ પર વરસાવે છે, તેમ શત્રુઓને પાડીને પ્રજાને આનંદિત કરો. (૧૧)

*ભાવાર્થ : સર્વ રાજપુરુષોએ, જેમ પવન જ મેઘના કારણે પર્યાપ્ત જળને ઉપર પહોંચાડીને, પરસ્પર સંઘર્ષ દ્વારા વિદ્યુત્ ઉત્પન્ન કરીને, જળના અપતશીલ, સુખાકારી, દીર્ઘ અવયવયુક્ત મેઘને ભૂમિ પર પાડે છે, તેમ ધર્મ વિરોધીના સર્વ વ્યવહારોને છોડાવે. (૧૧)*

**मरुतो यद्ध वो बलं जनाँ अचुच्यवीतन। गिरीँरचुच्यवीतन॥ १२॥**

પદાર્થ : હે मरुतः-વાયુની સમાન વર્તમાન સેનાપતિ આદિ રાજપુરુષો ! તમે यत्-જે કારણે वः-તમારું ह-પ્રસિદ્ધ बलम्-સેના આદિ બળ છે, તેથી જેમ વાયુ गिरीन्-મેઘોને अचुच्यवीतन-આકાશ અને ભૂમિ પર પહોંચાડે છે, તેમ जनान्-પ્રજા-જનોને अचुच्यवीतन-પોત-પોતાના વ્યવહારોમાં પ્રેરિત કરો. (૧૨)

*ભાવાર્થ : સભાધ્યક્ષ અને રાજપુરુષો, જેમ વાયુ મેઘને અહીં-તહીં ચલાવે છે, તેમ સર્વ જનોને તેના પોતાનાં કાર્યોમાં ન્યાયવ્યવસ્થાથી પુરુષાર્થથી પ્રેરિત કરો. (૧૨)*

**यद्ध यान्ति मरुतः सं ह ब्रुवतेऽध्वन्ना। शृणोति कश्चिदेषाम्॥ १३॥**

પદાર્થ : જેમ यत्-જે એ मरुतः-વાયુ यान्ति-ગમન-આગમન કરે છે, તેમ अध्वन्-વિદ્યામાર્ગથી શિલ્પી વિદ્વાન ह-સ્પષ્ટ-પ્રસિદ્ધ રૂપમાં सम् + आ + ब्रुवते-મળીને સર્વત્રથી પરસ્પર ઉપદેશ કરે. एषाम्-એ વાયુઓની વિદ્યાને कः-કોઈ વિદ્વાન चित्-જ शृणोति-સાંભળે છે અને જાણે છે; (અર્થાત્ ગ્રહણ કરે છે;) સર્વ સાધારણ નહિ. (૧૩)

*ભાવાર્થ : એ વાયુ વિદ્યાને કોઈ વિદ્યા અને ક્રિયામાં કુશળ વિદ્વાન મનુષ્ય જ જાણી શકે છે; અન્ય મૂર્ખ નહિ. (૧૩)*

प्र यात शीभमाशुभिः सन्ति कण्वेषु वो दुवः। तत्रो षु मादयाध्वै॥ १४॥

પદાર્થ : હે રાજા અને પ્રજાના મનુષ્યો ! તમે आशुभिः-શીઘ્ર ગમન-આગમન કરાવનાર વિમાન આદિ યાનોથી शीभम्-શીઘ્ર વાયુની સમાન प्रयात्-સારી રીતે અભીષ્ટ સ્થાનને પ્રાપ્ત કરો, અને જે कण्वेषु-મેધાવી-બુદ્ધિમાન જનોમાં वः-તમારી दुवः-સત્ ક્રિયા-સત્કાર ભાવ છે तत्रो-તે વિદ્વાનોમાં નિશ્ચયથી તમે सु + मादयाध्वै-સારી રીતે પ્રસન્ન થાઓ-રહો. (૧૪)

*ભાવાર્થ : રાજા અને પ્રજાના સર્વ વિદ્વાનો અભીષ્ટ સ્થાનોમાં શીઘ્ર જવા માટે યાન બનાવીને પોતાના કાર્યોને નિરંતર સિદ્ધ કરે, તથા ધર્માત્માની સેવા અને દુષ્ટોના તાડનમાં સદા આનંદિત રહે. (૧૪)*

अस्ति हि ष्मा मदाय वः स्मसि ष्मा वयमेषाम्। विश्वं चिदायुर्जीवसे॥ १५॥

પદાર્થ : હે વિદ્વાન્ મનુષ્યો ! एषाम्-જેની વિદ્યા જ્ઞાત છે તે પવનોથી हि-જ स्म-નિશ્ચયથી वः-તમારા मदाय-આનંદપૂર્વક जीवसे-જીવનને માટે विश्वम्-સર્વ आयुः-વય अस्ति-છે, તેમ वयम्-આપના ઉપદેશને પ્રાપ્ત કરીને અમે चित्-પણ स्मसि, स्म-નિરંતર બનીએ. (૧૫)

*ભાવાર્થ : જેમ યોગાભ્યાસ દ્વારા પ્રાણવિદ્યાને જાણનારા, વાયુ-વિકારોને જાણનારા તથા પથ્યનું સેવન કરનારા લોકો આનંદપૂર્વક સંપૂર્ણ આયુને ભોગવે છે, એજ રીતે અન્ય મનુષ્યોએ પણ તેઓ પાસેથી તે વિદ્યાને જાણીને સંપૂર્ણ આયુ ભોગવવી જોઈએ. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિના પ્રકાશક, સર્વ ચેષ્ટા, બળ અને આયુને નિમિત્ત વાયુનું તથા વાયુ-વિદ્યાના જ્ઞાતા રાજા અને પ્રજાના વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૩૭)

## સૂક્ત-૩૮

कद्ध नूनं कधप्रियः पिता पुत्रं न हस्तयोः। दधिध्वे वृक्तबर्हिषः॥ १॥

પદાર્થ : હે कधप्रियाः-સત્ય કથાઓથી પ્રેરિત કરનાર वृक्तबर्हिषः-ઋત્વિજ વિદ્વાનો ! આપ न-જેમ पिता-ઉત્પન્ન કરનાર જનક हस्तयोः-હાથોમાં पुत्रम्-પુત્રને ધારણ કરે છે, અને વાયુ લોકોને ધારણ કરે છે, તેમ कद्ध-ક્યારે પ્રસિદ્ધથી नूनम्-નિશ્ચયથી યજ્ઞ કર્મને दधिष्वे-ધારણ કરશો ? (૧)

*ભાવાર્થ : જેમ પિતા પોતાના હાથોમાં પુત્રને ગ્રહણ કરીને, શિક્ષા આપીને, પાલન કરીને, સત્કાર્યોમાં સંયુક્ત કરીને, સુખી બને છે, એજ રીતે જે મનુષ્યો-જેમ વાયુ લોકને ધારણ કરે છે, તેમ વિદ્યાથી યજ્ઞને ગ્રહણ કરીને યુક્તિથી સારી રીતે સેવન કરે છે તેઓ સુખી થાય છે. (૧)*

क्व नूनं कद्वो अर्थं गन्ता दिवो न पृथिव्याः। क्व वो गावो न रण्यन्ति॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે न-જેમ कत्-ક્યારે नूनम्-નિશ્ચયથી पृथिव्याः-ભૂમિની વરાળ અને

दिवः-પ્રકાશ કર્મ કરનાર સૂર્યના गावः-કિરણો अर्थम्-પદાર્થોને गन्त-પ્રાપ્ત થાય છે; તેમ क्व-ક્યાં वः-તમારા દ્રવ્યને गन्त પ્રાપ્ત કરો છો ? જેમ गावः-ગાય આદિ પશુઓ પોતાના વાછરડાં પ્રત્યે रण्यन्ति-શબ્દ કરે છે-ભાંભરે છે, તેમ તમારા ગાય આદિના શબ્દ કરવા સમાન વાયુ ક્યાં શબ્દ કરે છે ? (૨)

*ભાવાર્થ : જેમ સૂર્યનાં કિરણો પૃથિવી પર રહેલાં પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ તમે પણ વિદ્વાનોની સમીપ પહોંચીને વાયુઓની નિયુક્તિ ક્યાં કરવી જોઈએ એમ તેને પૂછીને, અર્થોને પ્રકાશિત કરો.*

*જેમ ગાયો પોતાના વાછરડાં પ્રત્યે ભાંભરીને દોડે છે, તેમ તમે પણ વિદ્વાનોનો સંગ કરવા માટે શીઘ્ર જાઓ, જઈને બોલીને અમારી ઈન્દ્રિયો વાયુની સમાન ક્યાં સ્થિત થઈને (શબ્દ આદિ) વિષયોની તરફ પ્રવૃત્ત થાય છે ? એમ પૂછીને નિશ્ચય કરો. (૨)*

**क्व॑ वः सु॒म्ना नव्यां॑सि॒ मरु॑तः॒ क्व॑ सु॒वि॒ता। क्वो॒३ विश्वा॑नि॒ सौभ॑गा॥ ३॥**

પદાર્થ : હે मरुतः-વાયુની સમાન શીઘ્ર ગમનશીલ મનુષ્યો ! તમે વિદ્વાનોની સમીપ પ્રાપ્ત થઈને वः-આપના विश्वानि-સર્વ नव्यांसि-નવીન सुम्ना-સુખ कव-ક્યાં અને સર્વ सुविता-પ્રેરણા કરનાર ગુણ कव-ક્યાં અને સર્વ નવીન सौभगा-સૌભાગ્ય પ્રાપ્તિ કરાવનાર કર્મ क्वो-ક્યાં છે ? એમ પૂછો. (૩)

*ભાવાર્થ : હે શુભ કર્મમાં વાયુની સમાન શીઘ્ર ચાલનાર મનુષ્યો ! તમે વિદ્વાનોને પૂછીને, જે રીતે ક્રિયા સિદ્ધિને કારણે નવીન કર્મ નિત્ય પ્રાપ્ત થઈ શકે, તેવા પ્રયત્નો કરવા જોઈએ. (૩)*

**यद्यू॒यं पृ॑श्निमातरो॒ मर्ता॑सः॒ स्यात॑न। स्तो॒ता वो॑ अ॒मृतः॒ स्यात्॥ ४॥**

પદાર્થ : હે पृश्निमातरः પૃશ્નિ = આકાશ જેની માતા છે તે વાયુઓની સમાન વર્તમાન मर्त्तासः-મરણ ધર્મી રાજા અને પ્રજાના મનુષ્યો ! આપ પુરુષાર્થ યુક્ત यत्-જે સ્વ કાર્યોમાં स्यातन-થાઓ તો वः-તમારી ( स्तोता- ) રક્ષા કરનાર સભાધ્યક્ષ રાજા अम्रतः-અમૃત સુખ રૂપ स्यात्-બને. (૪)

*ભાવાર્થ : રાજપુરુષોએ આળસ ત્યાગીને વાયુઓની સમાન પોતાના કાર્યોમાં નિયુક્ત રહેવું જોઈએ, જેથી તેના રક્ષક સભાપતિ રાજાને શત્રુઓ મારવામાં સમર્થ ન બની શકે. (૪)*

**मा वो॑ मृ॒गो न यव॑से जरि॒ता भू॒दजो॑ष्यः। प॒था य॒मस्य॑ गा॒दुप॑॥ ५॥**

પદાર્થ : હે રાજા અને પ્રજાજનો ! આપ न-જેમ मृगः-હરણ यवसे-ખાવા યોગ્ય ઘાસના માટે પ્રવૃત્ત થાય છે, તેમ वः-તમારા जरिता-વિદ્યાઓના દાતા अजोष्यः-અસેવનીય અર્થાત્ પૃથક્ मा भूत्-ન થાય તથા यमस्य-નિગ્રહ કરનાર વાયુના पथा-માર્ગથી मोप गात्-કદી અલ્પાયુથી મૃત્યુને પ્રાપ્ત ન થાય, તેવા કામ-ઉપાય કરો. (૫)

*ભાવાર્થ : જેમ હરણ નિરંતર ઘાસ ખાઈને સુખી થાય છે, તેમ પ્રાણ વિદ્યાના જ્ઞાતા મનુષ્યો યુક્તિથી આહાર-વિહાર કરીને, યમના માર્ગ મૃત્યુને પ્રાપ્ત ન કરે. પૂર્ણ આયુ ભોગવીને શરીરનો સુખપૂર્વક ત્યાગ કરે. (૫)*

**मो षु णः॒ परा॑परा॒ निर्ऋ॑तिर्दु॒र्हणा॑ वधीत्। प॒दी॒ष्ट तृष्ण॑या स॒ह॥ ६॥**

પદાર્થ : હે અધ્યાપકો ! આપ જેમ पराऽपरा-પરા = ઉત્કૃષ્ટ અપરા = નિકૃષ્ટ વાયુની બે ગતિ છે. તેમાંથી दुर्हणा-દુઃખથી નિવારણ કરવા યોગ્ય निर्ऋतिः-વાયુઓની પ્રતિકૂળ, રોગકારક, દુઃખપ્રદ ગતિ तृष्ण्या-તૃષા અથવા લોભ ગતિ सह-સહિત नः-અમે કદી मो-ન पदीष्ट-પ્રાપ્ત થઈએ, તથા मावधीत्-વચ્ચે ન મરીએ. પરંતુ એ વાયુઓની જે સુખદાયક ગતિ છે. તે અમને નિત્ય પ્રાપ્ત થાય, એવો પ્રયત્ન કરો. (૬)

*ભાવાર્થ : પવનોની ગતિ બે પ્રકારની-એક સુખદાયી અને બીજી દુઃખદાયી છે. તેમાંથી જે ઉત્તમ નિયમોથી સેવન કરેલી રોગોનો નાશ કરીને શરીર આદિના સુખનું કારણ બને છે એ પ્રથમ (ગતિ છે); અને જે નિયમભંગપૂર્વક પ્રમાદથી ઉત્પન્ન કરેલી, ક્લેષ, દુઃખ અને રોગનાશક છે, તે બીજી (ગતિ) છે.*

*એ બન્ને (ગતિ)માંથી મનુષ્યોએ ઈશ્વરની કૃપાથી, વિદ્વાનોના સંગથી અને પોતાના પુરુષાર્થથી પ્રથમ ગતિને ઉત્પન્ન કરીને, બીજી ગતિનો નાશ કરીને, સુખની વૃદ્ધિ કરવી જોઈએ.*

*જે તૃષા-તરસ આદિ (શારીરિક) ધર્મ છે, તે વાયુના કારણે તથા જે લોભનો વેગ છે, તે અજ્ઞાતથી જ ઉત્પન્ન થાય છે; એમ જાણવું જોઈએ. (૬)*

**स॒त्यं त्वे॒षा अम॑वन्तो॒ धन्व॑ञ्चि॒दा रु॒द्रिया॑सः। मिहं॑ कृण्वन्त्यवा॒ताम्॥ ७॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ धन्वन्-અન્તરિક્ષમાં त्वेषाः-બ્રહ્મ અને આભ્યન્તર ઘર્ષણથી ઉત્પન્ન વિદ્યુત્ રૂપ અગ્નિથી પ્રદીપ્ત अमवन्तः-જેનો રોગો અને ગમનાગમન રૂપવાળા સાથે સંબંધ છે. रुद्रियासः-પ્રાણીઓના જીવનના નિમિત્ત વાયુ अवाताम्-હિંસા રહિત मिहम्-સીંચનારી વૃષ્ટિને आकृण्वन्ति-સારી રીતે સંપાદન કરે છે, અને એનું (વાયુઓનું) सत्यम्-સત્યકર્મ છે, चित्-તેમ સત્યકર્મનું અનુષ્ઠાન કરો. (૭)

*ભાવાર્થ : જે અન્તરિક્ષમાં રહેનાર સત્ય ગુણો અને સ્વભાવવાળો પવન વર્ષાનું કારણ છે, તે જ યુક્તિથી સેવન કરેલ અનુકૂળ બનીને સુખ પ્રદાન કરે છે, અને યુક્તિ વિરુદ્ધ સેવન કરેલ પ્રતિકૂળ બનીને દુઃખ આપે છે, તેમ મનુષ્યોએ યુક્તિપૂર્વક, ધર્માનુકૂળ કર્મોનું સેવન કરવું જોઈએ. (૭)*

**वा॒श्रेव॑ वि॒द्युन्मि॑माति व॒त्सं न मा॒ता सि॑षक्ति। यदे॑षां वृ॒ष्टिरस॑र्जि॥ ८॥**

પદાર્થ : હે મનુષ્યો ! આપ यत्-જે एषाम्-એ વાયુઓના યોગથી ઉત્પન્ન થયેલી विद्युत्-વિદ્યુત્ वाश्रेव-જેમ ગાય પોતાના वत्सम्-વાછરડાની ઈચ્છા કરતી સેવન કરે છે, તેમ मिहम्-વૃષ્ટિને मिमाति-ઉત્પન્ન કરે છે, અને ઈચ્છા કરનારી माता-જનની દૂધથી પુત્ર ને सिषक्ति-સીંચે છે न-તેમ પદાર્થોનું સેવન કરે છે वृष्टिः-વર્ષાને असर्जि-કરે છે, તેમ પરસ્પર શુભ ગુણ કર્મોની વર્ષાથી સુખ કરનાર બનો. (૮)

*ભાવાર્થ : જેમ પોતાના વાછરડાઓને લાડ કરવાની કામનાઓવાળી ગાય રૂપી માતાઓ પોતાના*

*પુત્રો-વાછરડાઓ પ્રત્યે ઊંચા સ્વરથી શબ્દ કરતી દોડે છે, તેમ વિદ્યુત્ મહાન શબ્દ કરતી મેઘ ખંડોનું-વાદળાઓનું સેવન કરવા માટે દોડે છે. (૮)*

**दिवा चित्तमः कृण्वन्ति पर्जन्येनोदवाहेन। यत्पृथिवीं व्युन्दन्ति॥ ९॥**

પદાર્થ : હે વિદ્વાનો ! આપ यत्-જે વાયુ उद्वाहेन-જળને ધારણ અને પ્રાપ્ત કરાવનાર पर्जन्येन-મેઘથી दिवा-દિવસે तमः-અંધકાર રૂપ રાત્રિની चित्-સમાન અંધકાર कृण्वन्ति-કરે છે, पृथिवीम्-વિસ્તીર્ણ ભૂમિને व्युन्दन्ति-મેઘના જળથી આર્દ્ર-ભીની કરે છે, તેનું યુક્તિપૂર્વક સેવન કરો. (૯)

*ભાવાર્થ : વાયુ જ જળના અવયવોને કઠિન બનાવીને ઘટ્ટ આકારયુક્ત મેઘ-વાદળાંઓને (ઉત્પન્ન કરીને), દિવસે પણ અંધકાર ઉત્પન્ન કરીને, ફરી વિદ્યુત્‌ને ઉત્પન્ન કરીને તથા તેથી તે (વાદળાંઓ)ને છિન્ન-ભિન્ન કરીને તથા પૃથિવી પર પાડીને જળથી સર્વને તર સ્નિગ્ધ કરીને અનેક ઔષધિ સમૂહને ઉત્પન્ન કરે છે, એ રીતે વિદ્વાનજનો અન્યને ઉપદેશ કરે. (૯)*

**अध स्वनान्मरुतां विश्वमा सद्म पार्थिवम्। अरेजन्त प्र मानुषाः॥ १०॥**

પદાર્થ : હે मानुषाः-મનનશીલ મનુષ્યો ! તમે જે मरुताम्-પવનો અને વિદ્યુત્‌થી स्वनात्-ઉત્પન્ન શબ્દના अध-પશ્ચાત્ विश्वम्-સર્વ पार्थिवम्-પૃથિવીમાં રહેલ સર્વ વસ્તુ सद्म-ઘર આદિ સ્થાન કંપે છે અને પ્રાણી માત્ર प्रारेजन्त-સારી રીતે કંપે-ધ્રૂજે છે-એમ જાણો. (૧૦)

*ભાવાર્થ : હે જ્યોતિષ શાસ્ત્ર જાણનાર વિદ્વાનો ! આપ, વાયુના યોગથી જ સર્વ મૂર્તિમાન પદાર્થો ચેષ્ટા કરે છે, પ્રાણી વિદ્યુત્‌ના ભયંકર શબ્દથી ડરીને કંપે છે અને પૃથિવી આદિ પ્રતિક્ષણ ભ્રમણ કરે છે. એમ નિશ્ચયથી જાણો. (૧૦)*

**मरुतो वीळुपाणिभिश्चित्रा रोधस्वतीरनु। यातेमखिद्रयामभिः॥ ११॥**

પદાર્થ : હે मरुतः-યોગાભ્યાસી અને વ્યવહારના સાધક મનુષ્યો ! તમે अखिद्रयामभिः-નિરંતર ગમનશીલ वीळुपाणिभिः-દૃઢ બળ રૂપ ગ્રહણના સાધક વ્યવહારવાળા પવનની સહાયથી रोधस्वतीः-અનેક પ્રકારના બાંધ અને આવરણવાળી चित्राः-અદ્‌ભુત ગુણવાળી નદીઓ અથવા નાડીઓને ईम्-અવશ્ય अनुयात-અનુકૂળતાપૂર્વક પ્રાપ્ત કરો. (૧૧)

*ભાવાર્થ : પવનોમાં ગમન, બળ અને વ્યવહારના હેતુવાળા કર્મો સ્વાભાવિક છે, એજ નદીઓને પ્રવાહિત કરનાર (છે) અને (એ) નાડીઓમાં ગતિ કરતા રક્ત, રસ આદિને શરીરના અવયવોને પહોંચાડે છે.*

*તેથી યોગીજને યોગાભ્યાસથી તથા અન્ય મનુષ્યે બળાદિ સાધનોને માટે વાયુથી મહાન ઉપકારો ગ્રહણ કરવા જોઈએ. (૧૧)*

स्थि॒रा वः॑ सन्तु ने॒मयो॒ रथा॒ अश्वा॑स एषाम्। सुसं॑स्कृता अ॒भीश॑वः॥ १२॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! वः-તમારે एषाम्-એ પવનોનો યોગથી सुसंस्कृताः-ઉત્તમ શિલ્પ વિદ્યાથી સંસ્કાર કરેલ-નિષ્પન્ન नेमयः-કલાયક્રયુક્ત रथाः-વિમાન આદિ રથ अभीशवः-માર્ગોને વ્યાપ્ત કરનાર अश्वासः-અગ્નિ આદિ અથવા તુરંગ = ઘોડાની સમાન स्थिराः-દૃઢ બળયુક્ત सन्तु-બને. (૧૨)

*ભાવાર્થ : ઈશ્વર ઉપદેશ કરે છે, કે હે મનુષ્યો ! તમે વિવિધ કલાચક્રયુક્ત યાનોને રચીને, તેમાં શીઘ્ર ચાલવા માટે અગ્નિ અને જળ આદિનો પ્રયોગ તથા વાયુના યોગથી સુખપૂર્વક સર્વત્ર ગમન-આગમન અને શત્રુઓને જીતવા આદિ સર્વ વ્યવહાર સિદ્ધ કરો. (૧૨)*

अच्छा॑ वदा॒ तना॑ गि॒रा ज॒रायै॒ ब्रह्म॑ण॒स्पति॑म्। अ॒ग्निं मि॒त्रं न द॑र्श॒तम्॥ १३॥

પદાર્થ : હે સર્વ વિદ્યાઓના જ્ઞાતા વિદ્વાન્ ! આપ न-જેમ ब्रह्मणः-વેદના અધ્યાપનરૂપ ઉપદેશથી पतिम्-પાલક दर्शतम्-દર્શનીય अग्निम्-બ્રહ્મવર્ચસ્વી-તેજસ્વી मित्रम्-મિત્રની न-સમાન जरायै-સ્તુતિ = યથાર્થ ગુણગાનને માટે तना-ગુણના પ્રકાશનો વિસ્તાર કરનારી गिरा-પોતાની વેદયુક્ત વાણીથી વિમાન આદિ યાન વિદ્યાનો अच्छा वद-સારી રીતે ઉપદેશ કરો. (૧૨)

*ભાવાર્થ : હે વિદ્વાન લોકો ! જેમ પ્રિય મિત્ર પોતાના પ્યારા તેજસ્વી વેદોપદેષ્ટા મિત્રને સેવા અને ગુણની પ્રશંસા દ્વારા પ્રસન્ન કરે છે, તેમ સમસ્ત વિદ્યાઓનો વિસ્તાર કરનારી વેદવાણી દ્વારા વિમાન આદિ યાન બનાવવાની વિદ્યાનો, તેના ગુણોના જ્ઞાનનો સારી રીતે ઉપદેશ કરો. (૧૩)*

मि॒मी॒हि श्लोक॑मा॒स्ये॑ प॒र्जन्य॑इव ततनः। गाय॑ गाय॒त्रमु॒क्थ्य॑म्॥ १४॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્ય ! આપ आस्ये-પોતાના મુખમાં श्लोकम्-વેદની શિક્ષાયુક્ત વાણીને मिमीहि-નિર્માણ કરો-અને તે વાણીનો पर्जन्य इव-જેમ મેઘ ગર્જના સાથે વર્ષા કરે છે, તેમ ततनः-વિસ્તાર કરો, અને उक्थ्यम्-ઉપદેશ કરવા યોગ્ય गायत्रम्-ગાયત્રી છંદવાળા સ્તોત્રરૂપ વૈદિક સૂક્તોનું गाय-પઠન-પાઠન કરો. (૧૪)

*ભાવાર્થ : હે વિદ્વાનોથી અધ્યયન કરેલા મનુષ્યો ! તમે સર્વ પ્રકારના પ્રયત્નથી વાણીને વેદ-વિદ્યાથી સુશિક્ષિત કરીને, વાચસ્પતિ બનીને, પરમેશ્વર અને વાયુ આદિના ગુણોની સ્તુતિ, શ્રવણ અને ઉપદેશ કરો. (૧૪)*

वन्द॑स्व॒ मारु॑तं ग॒णं त्वे॒षं प॑न॒स्युम॒र्किण॑म्। अ॒स्मे वृ॒द्धा अ॑सन्नि॒ह॥ १५॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્ય ! આપ જેમ इह-આ સમસ્ત વ્યવહારમાં अस्मे-અમારા મધ્યમાં वृद्धाः દીર્ઘ વિદ્યા અને આયુથી યુક્ત વૃદ્ધ પુરુષ સત્ય આચરણ કરનાર असन्-હોય, તેમ अर्किणम्-પ્રશંસનીય અર્ચનાવાળા त्वेषम्-અગ્નિ આદિ પ્રકાશમાન દ્રવ્યોથી યુક્ત पनस्युम्-પોતાના આત્માના

વ્યવહારના ઇચ્છુક मारुतम्-વાયુ સંબંધી गणम्-સમૂહની वन्दस्व-કામના કરો. (૧૫)

*ભાવાર્થ : જે રીતે પવન કાર્યોનો સાધક હોવાથી સુખદાયી બને, એ જ રીતે મનુષ્યોએ વિદ્યાઅને પુરુષાર્થપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં વાયુનાં દૃષ્ટાન્તથી વિદ્વાનોના ગુણોનું વર્ણન કરવાથી પૂર્વ સૂક્તની સાથે આ સૂક્તની સંગતિ જાણવી જોઈએ. (૩૮)

## સૂક્ત-૩૯

प्र यदि॒त्था प॑रा॒वतः॒ शोचि॒र्न मान॒मस्य॑थ।
कस्य॒ क्रत्वा॑ मरुतः॒ कस्य॒ वर्प॑सा॒ कं या॑थ॒ कं ह॑ धूतयः॥१॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! આપ यत्-જે धूतयः-સર્વને કંપાવનાર વાયુ शोचिर्न-દૂરથી પડે છે, તેમ परावतः-દૂરથી कस्य કોના मानम्-પરિમાણને अस्यथ-પ્રક્ષિપ્ત-છોડી દે છે, इत्था-એ હેતુથી कस्य-સુખ સ્વરૂપ પરમાત્માના क्रत्वा-કર્મ અને જ્ઞાન તથા वर्पसा-રૂપ સાથે कम्-સુખપ્રદ દેશને याथ-પ્રાપ્ત થાય છે ? એ પ્રશ્નોના ઉત્તર આપો. (૧)

*ભાવાર્થ : સુખ પ્રાપ્તિની ઈચ્છાવાળા વિદ્વાનોએ, જેમ સૂર્યના કિરણો દૂર દેશથી ભૂમિ પર પહોંચીને પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ સર્વ સુખદાતા પરમાત્માની અને ભાગ્યશાળી પરમ વિદ્વાનથી વાયુના ગુણ, કર્મ અને સ્વભાવોને સમ્યક્ જાણીને તેમાં આનંદિત રહેવું જોઈએ. એ વાયુ કારણ માનીને કારણ સ્વરૂપથી પ્રાપ્ત થાય છે. (અર્થાત્ વાયુ પોતાના કારણમાંથી આવે છે, સ્થિર થાય છે અને તેમાં = કારણમાં વિલીન પણ થઈ જાય છે.) એમ જાણો. (૧)*

स्थि॒रा वः॑ स॒न्त्वायु॑धा परा॒णुदे॑ वी॒ळू उ॒त प्र॑ति॒ष्कभे॑।
यु॒ष्माक॑मस्तु॒ तवि॑षी॒ पनी॑यसी॒ मा मर्त्य॑स्य मा॒यिनः॑॥२॥

પદાર્થ : હે ધાર્મિક મનુષ્યો ! वः-તમારા आयुधा-આગ્નેય આદિ અસ્ત્ર-તલવાર, ધનુષ્ય, બાણ, બંદૂક, તોપ આદિ શસ્ત્ર. पराणुदे-શત્રુઓને પીડા કરનાર યુદ્ધ उत અને प्रतिष्कभे-રોકવા, બાંધવા અને હણવા રૂપ કર્મોને માટે स्थिरा-દૃઢ, ચિરસ્થાયી, वीळु-દૃઢ મહાન ઉત્તમ (બળ) યુક્ત तविषी-પ્રશસ્ત સેના पनीयसी-અત્યંત સ્તુતિ કરવા યોગ્ય અને વ્યવહાર સિદ્ધ કરનારી अस्तु-હોય અને પૂર્વોક્ત પદાર્થ मायिनः-કપટ આદિ અધર્માચરણ યુક્ત मर्त्यस्य-દુષ્ટ મનુષ્યોના मा-(તેવા દૃઢ શસ્ત્રાસ્ત્ર અને પ્રબળ સેના) કદી ન હોય. (૨)

*ભાવાર્થ : ધાર્મિક મનુષ્યો જ ઈશ્વરની કૃપાથી વિજય પ્રાપ્ત કરે છે. ઈશ્વર પણ ધર્માત્માઓને જ આશીર્વાદ આપે છે, અન્ય પાપીઓને નહિ. એ (ધર્માત્માજનોએ) શસ્ત્ર-અસ્ત્ર બનાવીને, તેને ચલાવવાનો અભ્યાસ કરીને, ઉત્તમ સેનાને શિક્ષિત કરીને તથા દુષ્ટ શત્રુઓનો વધ, નિગ્રહ અને પરાજય કરીને, ન્યાયપૂર્વક નિત્ય પ્રજાની રક્ષા કરવી જોઈએ. એ સફળતા मायावी = છળ, કપટ કરનાર મનુષ્યો*

*પ્રાપ્ત કરી શકતા નથી. (૨)*

**परा॑ ह॒ यत्स्थि॒रं ह॒थ नरो॑ व॒र्त्तय॑था गु॒रु।**

**वि या॑थन व॒निन॑ः पृथि॒व्या व्याशा॒ः पर्व॑तानाम्॥ ३॥**

પદાર્થ : હે नरः-નીતિયુક્ત મનુષ્યો ! તમે જેમ वनिनः-સમ્યક્ વિભાગ અને સેવન કરનાર કિરણ સંબંધી વાયુ પોતાના બળથી यत्-જે पर्वतानाम्-પર્વત અને મેઘો पृथिव्याः-તથા ભૂમિની व्याशाः-સમસ્ત દિશાઓમાં વ્યાસવત્ વ્યાપ્ત થઈને તે स्थिरम्-દૃઢ અને गुरु-મોટા ભારે પદાર્થોને ધારણ કરે છે અને વેગથી વૃક્ષાદિને ઉખેડીને પાડી નાખે છે, તેમ વિજય માટે શત્રુઓની સેનાઓને पराहथ-સારી રીતે નષ્ટ કરો; અને ह-નિશ્ચયપૂર્વક એ શત્રુઓને विवर्त्तयथ-તોડી-ફોડી, પછાડીને પોતાની કીર્તિ દ્વારા आशाः-દિશાઓને वियाथन-અનેક રીતે વ્યાપ્ત કરો. (૩)

*ભાવાર્થ : જેમ વેગવાન વાયુ વૃક્ષ આદિને તોડે છે અને પૃથિવી આદિને ધારણ કરે છે, તેમ ધાર્મિક, ન્યાયાધીશ અધર્મયુક્ત આચરણને તોડીને ધર્મયુક્ત ન્યાયથી પ્રજાઓને ધારણ કરે.*

*સેનાપતિલોક વિશાળ સેના રાખીને શત્રુઓને મારીને તથા પૃથિવીમાં ચક્રવર્તી રાજ્યનું સેવન કરીને સમસ્ત દિશાઓમાં પુણ્ય કીર્તિને પ્રચારિત કરે.*

*જેમ સર્વને પ્રાણ પ્રિય છે, તેમ એ સેનાપતિ આદિ પોતાના વિનય અને શીલને કારણે પ્રજાઓમાં (પ્રિય) બને. (૩)*

**न॒हि व॒ः शत्रु॑र्विवि॒दे अधि॒ द्यवि॒ न भूम्यां॑ रिशादसः।**

**यु॒ष्माक॑मस्तु॒ तवि॑षी॒ तना॑ यु॒जा रुद्रा॑सो॒ नू चि॑दा॒धृषे॑॥ ४॥**

પદાર્થ : હે रिशादसः-શત્રુનાશક रुद्रासः-અન્યાયકારી મનુષ્યોએ રડાવનાર વીર પુરુષ ! चित्-જે युष्माकम्-તમારા आधृषे-પ્રગલ્ભ થનાર વ્યવહાર માટે तना-વિસ્તૃત युजा-બળાદિ સામગ્રીયુક્ત तविषी-સેના अस्तु-હોય, તો अधिद्यवि-ન્યાયપ્રકાશ કરવામાં वः-તમને शत्रुः-શત્રુ नु-શીઘ્ર नहि-નહિ विविदे-પણ પ્રાપ્ત થાય, भूम्याम्-ભૂમિના રાજ્યમાં પણ તમારો કોઈ મનુષ્ય વિરોધી ઉત્પન્ન ન થાય. (૪)

*ભાવાર્થ : જેમ પવન અજાત શત્રુ છે, (અર્થાત્ તેનો કોઈ શત્રુ નથી) તેમ મનુષ્ય વિદ્યા, ધર્મ, બળ, પરાક્રમયુક્ત ન્યાયાધીશ બનીને, સર્વ પર શાસન કરીને તથા દુષ્ટ શત્રુઓનું નિવારણ કરીને શત્રુરહિત બને. (૪)*

**प्र वे॑पयन्ति॒ पर्व॑ता॒न्वि वि॑ञ्चन्ति॒ वन॒स्पती॑न्।**

**प्रो आ॑रत मरुतो दु॒र्मदा॑ इव॒ देवा॑स॒ः सर्व॑या वि॒शा॥ ५॥**

પદાર્થ : હે मरुतः-વાયુ સમાન બળવાન અને પ્રિય देवासः-ન્યાયાધીશ, સેનાપતિ, સભાધ્યક્ષ

વિદ્વાનો ! આપ જેમ વાયુ वनस्पतीन्-વડ, પીપર આદિ વનસ્પતિને प्रवेपयन्ति-ધ્રૂજાવે છે-કંપાવે છે, અને જેમ पर्वतान्-વાદળાંઓને विचिञ्चन्ति-જુદા પાડી દે છે, તેમ दुर्मदा इव-મદોન્મત સમાન વર્તનાર શત્રુઓને યુદ્ધથી प्रो आरत-સારી રીતે પ્રાપ્ત થાઓ અને सर्वया-સમસ્ત विशा-પ્રજાઓની સાથે સુખપૂર્વક વર્તો. (૫)

*ભાવાર્થ : જેમ રાજ્યધર્મમાં નિષ્ણાત વિદ્વાન દંડ દ્વારા, ઉન્મત ડાકુઓને વશમાં કરીને, ધાર્મિક પ્રજાનું પાલન કરે છે, તેમ તમે પણ તે (પ્રજા)નું પાલન કરો.*

*જેમ વાયુઓ ભૂગોળમાં સર્વત્ર વિચરે છે, તેમ આપ લોકો પણ વિચરણ કરો. (૫)*

उपो रथेषु पृषतीरयुग्ध्वं प्रष्टिर्वहति रोहितः।

आ वो यामाय पृथिवी चिदश्रोदबीभयन्त मानुषाः॥ ६॥

પદાર્થ : હે मानुषाः-વિદ્વાનો ! આપ वः-પોતાના यामाय-સ્થાનાન્તર ગમન માટે प्रष्टि-પ્રશ્નોત્તરાદિ વિદ્યાથી વ્યવહાર જાણવા માટે रोहितः-સુક્તગુણ યુક્ત અગ્નિ पृथिवी-સ્થળ, જળ અને અન્તરિક્ષમાં જેને उपोवहति-સારી રીતે ચલાવે છે, જેના શબ્દોને अश्रोत्-સાંભળીને अबीभयन्त-ભય પામે છે, તે रथेषु-રથોમાં पृवतीः-વાયુઓને अयुग्ध्वम्-યુક્ત કરો. (૬)

*ભાવાર્થ : જો મનુષ્ય, યાનોમાં જળ, અગ્નિ અને વાયુઓને સંયુક્ત કરીને તથા તેમાં બેસીને ગમન-આગમન કરે, તો સર્વત્ર સુખપૂર્વક ગમન-આગમન કરી શકે છે. (૬)*

आ वो मक्षू तनाय कं रुद्रा अवो वृणीमहे।

गन्ता नूनं नोऽवसा यथा पुरेत्था कण्वाय बिभ्युषे॥ ७॥

પદાર્થ : હે रुद्राः-દુષ્ટોને રડાવનાર ચુમાલીસ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્યનું સેવન કરીને સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત કરનાર વિદ્વાનો ! यथा-જેમ અમે वः-આપને માટે अवसा-રક્ષા આદિથી मक्षु-શીઘ્ર नूनम्-નિશ્ચિત कम्-સુખને वृणीमहे-સિદ્ધ-પ્રાપ્ત કરીએ છીએ, इत्था-એમ આપ પણ नः-અમારા માટે अवः-સુખવર્ધક રક્ષાદિ કર્મ गन्त-કરો.

જેમ ઈશ્વર बिभ्युषे-દુષ્ટ પ્રાણીઓ તથા દુઃખોથી ભય પામેલ तनाय-સર્વને સદ્‌વિદ્યા અને ધર્મના ઉપદેશ દ્વારા સુખકારક कण्वाय-આપ્ત વિદ્વાનોની રક્ષા કરે છે, તેમ તમે અને અમે મળીને સમસ્ત પ્રજાની રક્ષા કરીએ. (૭)

*ભાવાર્થ : જેમ બુદ્ધિમાન લોકો વાયુ આદિ દ્રવ્યોનો સમ્યક્ પ્રયોગ કરીને, ભયને દૂર કરીને શીઘ્ર સુખી થાય છે, તેમ આપણે પણ કરવું જોઈએ. (૭)*

युष्मेषितो मरुतो मर्त्येषित आ यो नो अभ्व ईषते।

वि तं युयोत शवसा व्योजसा वि युष्माकाभिरूतिभिः ॥ ८ ॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! આપ यः-જે अभ्वः-મિત્રભાવ રહિત, વિરોધી, युष्मेषितः-આપ લોકોને જીતવા અને मर्त्येषित-મનુષ્યોથી વિજયની-જીતવાની ઈચ્છા કરનારા શત્રુ नः-અમને ईषते-મારે છે, તેને शवसा-બળયુક્ત સેના તથા व्योजसा-અનેક પ્રકારના પરાક્રમ, युष्माकाभि-આપની કૃપા, ऊतिभिः-રક્ષા, પ્રીતિ, તૃપ્તિ અને જ્ઞાન આદિ સેનાઓ દ્વારા वियुयोत-વિશેષતઃ અમારાથી દૂર કરો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે સ્વાર્થી, પરોપકાર રહિત, અન્યોને પીડા આપવામાં સંલગ્ન શત્રુ છે, તેને વિદ્યા અને શિક્ષા દ્વારા દુષ્કર્મોથી નિવૃત્ત કરીને અથવા શ્રેષ્ઠ સેના તથા સામર્થ્ય વધારીને યુદ્ધ દ્વારા જીતીને, દૂર કરીને સર્વના સુખનો તથા હિતનો વિસ્તાર કરવો જોઈએ. (૮)*

असामि हि प्रयज्यवः कण्वं दद प्रचेतसः ।
असामिभिर्मरुत आ न ऊतिभिर्गन्ता वृष्टिं न विद्युतः ॥ ९ ॥

પદાર્થ : હે प्रयज्यवः-શ્રેષ્ઠ પરોપકારી, प्रचेतसः-ઉત્તમજ્ઞાનયુક્ત, मरुतः-વિદ્વાનો ! આપ असामिभिः-નાશ રહિત ऊतिभिः-રક્ષા, સેના આદિથી न-જેમ विद्युतः-સૂર્ય અને વિદ્યુત્ આદિ वृष्टिम्-વર્ષાથી સુખ કરે છે, તેમ नः-અમને असामि-અખંડ સુખ दद-પ્રદાન કરો.

हि-નિશ્ચયપૂર્વક દુષ્ટ શત્રુઓને જીતવા માટે कण्वम्-આપ્ત વિદ્વાનોની સમીપ નિત્ય आगन्त-સારી રીતે જાઓ. (૯)

*ભાવાર્થ : જેમ વાયુઓ, સૂર્ય અને વિદ્યુત્ (એ સર્વ) વરસાદ વરસાવીને સર્વ પ્રાણીઓના સુખને માટે વિવિધ ફળ, પત્ર, પુષ્પ આદિ ઉત્પન્ન કરે છે, તેમ વિદ્વાનજનો સર્વ મનુષ્યોને વેદ વિદ્યા-પ્રદાન કરીને સુખ ઉત્પન્ન કરે. (૯)*

असाम्योजो बिभृथा सुदानवोऽसामि धूतयः शवः ।
ऋषिद्विषे मरुतः परिमन्यव इषुं न सृजत द्विषम् ॥ १० ॥

પદાર્થ : હે धूतयः-દુષ્ટોને કંપાવનાર, सुदानवः-શ્રેષ્ઠ દાતા, मरुतः-વિદ્વાનો ! આપ न-જેમ परिमन्यवः-અત્યંત ક્રોધ યુક્ત શૂરવીર મનુષ્ય द्विषम्-શત્રુ પ્રત્યે इषुम्-બાણ આદિ શસ્ત્ર સમૂહને છોડો છો, તેમ ऋषिद्विषे-વેદ, વેદોના જ્ઞાતા અને ઈશ્વરના વિરોધી દુષ્ટ મનુષ્યોને માટે असामि-સમસ્ત ओजः-વિદ્યા, પરાક્રમ, असामि-સંપૂર્ણ शवः-બળને बिभृथ-ધારણ કરો અને તે શત્રુઓ ઉપર શસ્ત્ર-અસ્ત્ર सृजत-છોડો. (૧૦)

*ભાવાર્થ : જેમ ધાર્મિક અને શૂરવીર મનુષ્ય ક્રોધિત થઈને, શસ્ત્રાસ્ત્રોના પ્રહારોથી શત્રુઓને જીતીને, નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત કરીને, પ્રજાઓને સુખી કરે છે; તેમ સર્વ મનુષ્યોએ વેદ વિદ્યાથી, વિદ્વાનોથી અને ઈશ્વરથી દ્વેષ કરનાર, પ્રત્યે સંપૂર્ણ, બળ અને પરાક્રમથી શસ્ત્રાસ્ત્રોને ચલાવીને, તેને જીતીને,*

*રાજ્યને વેદવિદ્યા અને ઈશ્વરના પ્રકાશથી યુક્ત કરવા જોઈએ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં વાયુ અને વિદ્વાનોના ગુણોનું વર્ણન કરવાથી પૂર્વ સૂક્તના અર્થની સાથે આ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૩૯)

## સૂક્ત-૪૦

उत्तिष्ठ ब्रह्मणस्पते देवयन्तस्त्वेमहे।

उप प्र यन्तु मरुतः सुदानव इन्द्र प्राशूर्भवा सचा॥ १ ॥

પદાર્થ : હે ब्रह्मणस्पते-વેદ જ્ઞાનના રક્ષક, इन्द्र-સમસ્ત વિદ્યાદિ પરમેશ્વરયુક્ત વિદ્વન્ ! જેમ सचा-વિજ્ઞાનથી देवयन्तः-સત્ય વિદ્યાઓની કામના કરનાર, सुदानवः-ઉત્તમ દાન દાતા, मरुतः-વિદ્યાઓના સિદ્ધાન્તના પ્રચારના અભિલાષી અમે त्वा-આપને ईमहे-પ્રાપ્ત થઈએ. જેમ સર્વ ધાર્મિક જનો उपप्रयन्तु-સમીપ આવે તેમ આપ प्राशूः-સમસ્ત સુખોને પ્રાપ્ત કરાવનાર भव-થાઓ, અને સર્વના હિત માટે પ્રયત્ન કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ યત્નપૂર્વક વિદ્વાનોનો સંગ તથા તેની સેવા, યોગ, ધર્મ અને સર્વોપકાર આદિ ઉપાયોથી સમસ્ત વિદ્યાઓના સ્વામી પરમેશ્વરના વિજ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય સંપૂર્ણ સુખોને સ્વયં પ્રાપ્ત કરવા જોઈએ તથા અન્યોને પ્રાપ્ત કરાવવા જોઈએ. (૧)*

त्वामिद्धि सहसस्पुत्र मर्त्य उपब्रूते धने हिते।

सुवीर्यं मरुत आ स्वश्व्यं दधीत यो व आचके॥ २ ॥

પદાર્થ : હે सहसस्पुत्र-બ્રહ્મચર્ય અને વિદ્યાદિ ગુણોથી શરીર અને આત્માના સંપૂર્ણ सहसः = બળ યુક્ત પુત્ર ! यः-જે मर्त्यः-વિદ્વાન મનુષ્ય त्वाम्-તને સર્વ વિદ્યા उपब्रूते-ભણાવે છે અને હે मरुतः-બુદ્ધિમાન જનો ! આપ જે वः-આપ લોકોને हिते-કલ્યાણકારક धने-સત્યવિદ્યાદિ રૂપ ધનથી आचके-દીપ્ત કરે इत्-તે માટે स्वश्व्यम्-શ્રેષ્ઠ વિદ્યાવિષયોમાં ઉત્પન્ન सूवीर्यम्-અત્યંત ઉત્તમ પરાક્રમને તમે ધારણ કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યો અધ્યયન અને અધ્યાપન આદિ વ્યવહારથી જ પરસ્પર ઉપકાર કરીને સુખી બને છે. (૨)*

प्रैतु ब्रह्मणस्पतिः प्र देव्येतु सूनृता।

अच्छा वीरं नर्यं पङ्क्तिराधसं देवा यज्ञं नयन्तु नः॥ ३ ॥

પદાર્થ : હે વિદ્વાન્ ! ब्रह्मणः-વેદોના पतिः-પાલન-કરનાર આપ જે पङ्क्तितराधसम् ધર્માત્મા અને વીર મનુષ્યો સિદ્ધકારક अच्छावीरम्-શુદ્ધ પૂર્ણ શરીર અને આત્મ બળયુક્ત વીરોની પ્રાપ્તિ માટે यज्ञम्-પઠન, પાઠન, શ્રવણ આદિ ક્રિયારૂપ યજ્ઞને प्रैतु-પ્રાપ્ત કરો છો.

હે વિદ્યાયુક્ત સ્ત્રી ! सूनृता-વેદવાણીની શિક્ષા યુક્ત देवी-સમસ્ત વિદ્યા અને સુશીલતાથી પ્રકાશમાન થઈને આપ પણ જે યજ્ઞને પ્રાપ્ત કરો છો, તે યજ્ઞને देवाः-વિદ્વાનો नः-અમને પણ प्रणयन्तु-પ્રાપ્ત કરાવે. (૩)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ એવી ઈચ્છા કરવી જોઈએ, કે જેથી વિદ્યાની વૃદ્ધિ થતી રહે. (૩)*

**यो वाघते ददाति सूनरं वसु स धत्ते अक्षिति श्रवः।**

**तस्मा इळां सुवीरामा यजामहे सुप्रतूर्त्तिमनेहसम्॥ ४॥**

પદાર્થ : यः-જે મનુષ્ય वाघते-વિદ્વાનને માટે सूनरम्-જેથી ઉત્તમ મનુષ્ય બને, તે वसु-ધનને ददाति-પ્રદાન કરે છે, અને જે अनेहसम्-હિંસાને અયોગ્ય सुप्रतूर्त्तिम्-ઉત્તમતાથી શીઘ્ર પ્રાપ્તિ કરાવનાર सुवीराम्-ઉત્તમ શૂરવીર પ્રાપ્ત થાય છે, इळाम्-પૃથિવી અથવા વાણીને અમે आयजामहे-સારી રીતે પ્રાપ્ત કરીએ છીએ, તેથી सः-તે મનુષ્ય अक्षिति-કદી ક્ષય-ક્ષીણતાને પ્રાપ્ત ન થાય श्रवः-ધન અને વિદ્યાના શ્રવણને धर्ते-ધારણ કરે છે. (૪)

*ભાવાર્થ : જે મનુષ્ય શરીર, વાણી અને મનથી વિદ્વાનોની સેવા કરે છે, તે (મનુષ્ય) જ કદી નાશ ન પામનારી વિદ્યાને પ્રાપ્ત કરીને તથા પૃથિવીનાં રાજ્યને ભોગવીને મોક્ષને પ્રાપ્ત કરે છે. જે વાણીની વિદ્યાને પ્રાપ્ત કરે છે, તે વિદ્વાન અન્યોને વિદ્વાન બનાવી શકે છે, અન્ય નહિ. (૪)*

**प्र नूनं ब्रह्मणस्पतिर्मन्त्रं वदत्युक्थ्यम्।**

**यस्मिन्निन्द्रो वरुणो मित्रो अर्यमा देवा ओकांसि चक्रिरे॥ ५॥**

પદાર્થ : ब्रह्मणस्पतिः-જગતના અને વેદોના પતિ-સ્વામી ન્યાયાધીશ ઈશ્વર ! नूनम्-નિશ્ચયપૂર્વક उक्थ्यम्-બોલવા, સાંભળવા યોગ્ય વેદ વચનોમાં સ્થિત मन्त्रम्-વેદ મંત્ર સમૂહનો प्रवदति-ઉપદેશ કરે છે, અને यस्मिन्-જે જગદીશ્વરે इन्द्रः-વિદ્યુત્, वरुणः-સમુદ્ર, ચન્દ્ર-તારા આદિ લોક-લોકાન્તર, मित्रः-પ્રાણ, अर्यमा-વાયુ, देवाः-પૃથિવી આદિ લોક અને વિદ્વાનજનો ओकांसि-સ્થાનોને चक्रिरे-કરેલ છે, તે પરમેશ્વરનો અમે સત્કાર-(ઉપાસના) કરીએ. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે ઈશ્વરે વેદોનો ઉપદેશ કરેલ છે, જે સમસ્ત સંસારમાં વ્યાપ્ત થઈને રહેલ છે, જેમાં સમસ્ત પૃથિવી આદિ લોક રહેલ છે અને મુક્તિકાળમાં વિદ્વાનો તેમાં નિવાસ કરે છે, તે જ સર્વ મનુષ્યો દ્વારા ઉપાસના કરવા યોગ્ય છે, તેથી ભિન્ન અન્ય કોઈ (ઉપાસના યોગ્ય) નથી. (૫)*

**तमिद्वोचेमा विदथेषु शम्भुवं मन्त्रं देवा अनेहसम्।**

**इमां च वाचं प्रतिहर्यथा नरो विश्वेद्वामा वो अश्नवत्॥ ६॥**

પદાર્થ : હે देवाः-વિદ્વાનો ! वः-તમારા માટે અમે विदथेषु-જાણવા યોગ્ય, અધ્યયન અધ્યાપન આદિ વ્યવહારોમાં જે अनेहसम्-હિંસારહિત, સર્વદા રક્ષણીય, દોષરહિત, शम्भुवम्-કલ્યાણકારક, मन्त्रम्-પદાર્થોનું મનન કરાવનાર મંત્ર અર્થાત્ શ્રુતિ સમૂહને वोचेम-ઉપદેશ કરીએ, तम्-તે વેદોને इत्-જ

તમે ગ્રહણ કરો. इत्-જો इमाम्-એ वाचम्-વેદ વાણીને प्रतिहर्यथ-વારંવાર જાણો, તો विश्वा-સર્વ वामा-પ્રશસ્ત વાણી वः-તમને अश्नवत्-પ્રાપ્ત થાય. (૬)

*ભાવાર્થ : વિદ્વાનોએ વિદ્યાના પ્રચાર માટે સર્વ મનુષ્યો માટે સદા અંગો અને ઉપનિષદો સહિત સસ્વર હસ્તક્રિયાજ્ઞાપન-પૂર્વક અર્થસહિત વેદોનો ઉપદેશ કરવો જોઈએ.*

*જો કોઈ મનુષ્ય ઈચ્છે, તો સંગતિથી વેદવિદ્યાને પ્રાપ્ત કરે. તેના વિના કોઈને સાચું સુખ પ્રાપ્ત થતું નથી. તેથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પ્રયત્નથી સમસ્ત વેદ ગ્રહણ કરાવવા અને ગ્રહણ કરવા જોઈએ. (૬)*

**को देवयन्तमश्नवज्जनं को वृक्तबर्हिषम्।**
**प्रप्र दाश्वान्पस्त्याभिरस्थितान्तर्वावत्क्षयं दधे॥ ७॥**

પદાર્થ : कः-કોણ મનુષ્ય देवयन्तम्-વિદ્વાનોની કામના કરનારને, અને कः-કોણ वृक्तबर्हिषम्-સર્વ વિદ્યાઓમાં કુશળનું સર્વ ઋતુઓમાં યજ્ઞ કરનારને, जनम्-સમસ્ત વિદ્યાઓમાં પ્રકાશિત મનુષ્યને अश्नवत्-પ્રાપ્ત થાય છે ? તથા કોણ दाश्वान्-દાનશીલ પુરુષ प्रास्थित-પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરે છે, કોણ पस्त्याभिः-ઉત્તમ ગૃહવાળી ભૂમિમાં अन्तर्वावत्-સર્વની અન્તર્ગત ગતિ કરનાર વાયુથી યુક્ત क्षयम्-નિવાસ કરવા યોગ્ય ગૃહને दधे-ધારણ કરે છે ? (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્ય વિદ્યા પ્રચારની કામના કરનાર વિદ્વાનને પ્રાપ્ત કરી શકતા નથી. સર્વ લોકો દાનશીલ બનીને સર્વ ઋતુઓમાં સુખદાયી ગૃહ રાખી શકતા નથી. પરંતુ કોઈ વિરલ 'ભાગ્યશાળી' જ તેને પ્રાપ્ત કરી શકે છે. (૭)*

**उप क्षत्रं पृञ्चीत हन्ति राजभिर्भये चित्सुक्षितिं दधे।**
**नास्य वर्त्ता न तरुता महाधने नार्भे अस्ति वज्रिणः॥ ८॥**

પદાર્થ : જે મનુષ્ય क्षत्रम्-રાજ્યને पृञ्चीत-સંબંધ તથા सुक्षितिम्-ઉત્તમોત્તમ ભૂમિની પ્રાપ્તિ કરાવનાર વ્યવહારને दधे-ધારણ કરે છે. अस्य-એ સર્વ સભાધ્યક્ષ वज्रिणः-બળવાન राजभिः-રજપૂતોની સાથે भये-યુદ્ધ સમયના ભયમાં પોતાના મનુષ્યોને કોઈ પણ શત્રુ न-નહિ हन्ति-મારી શકે, न महाधने-નહિ મહાધનની પ્રાપ્તિ હેતુ મહાયુદ્ધમાં वर्त्ता-વિપરીત વર્તનવાળા અને न-એ વીર્ય-બળવાળાની સમીપ अर्भे-નાના યુદ્ધમાં चित्-પણ तरुता-બળનું ઉલ્લંઘન કરનાર કોઈ अस्ति-હોય છે. (૮)

*ભાવાર્થ : જે રાજપુરુષ મહા અથવા નાના યુદ્ધમાં શત્રુઓને જીતીને, અથવા બાંધીને તેનું નિવારણ કરીને તથા ધર્મપૂર્વક રાજ્યનું પાલન કરવામાં સમર્થ હોય છે, તે આ સંસારમાં આનંદ ભોગવીને, મૃત્યુ પછી પણ મહાન આનંદને ભોગવે છે. (૮)*

સંગતિ : પૂર્વ ઓગણચાલીસમાં સૂક્તમાં પ્રતિપાદિત વિદ્વાનોના કાર્યરૂપ અર્થની સાથે આ સૂક્તના બ્રહ્મણસ્પતિ આદિ શબ્દોના અર્થોના સંબંધથી પૂર્વ સૂક્તની સંગતિ જાણવી જોઈએ. (૪૦)

## સૂક્ત-૪૧

**यं रक्षन्ति प्रचेतसो वरुणो मित्रो अर्यमा। नूचित्स दभ्यते जनः॥ १ ॥**

પદાર્થ : प्रचेतसः-શ્રેષ્ઠ જ્ઞાનવાન वरुणः-ઉત્તમ ગુણ અને શ્રેષ્ઠતાથી સભાધ્યક્ષને યોગ્ય मित्रः-સર્વના મિત્ર अर्यमा-પક્ષપાત રહિત ન્યાય કરવામાં સમર્થ એ સર્વ यम्-જે મનુષ્ય, રાજ્ય તથા દેશની रक्षन्ति-રક્ષા કરતા હોય, सः चित्-તે પણ जनः-પ્રજા-સેનાસ્થ મનુષ્ય આદિનું नु-શીઘ્ર સર્વ શત્રુઓથી કદાચ दभ्यते-( हिंस्यते ) હનન થાય છે. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, સર્વથી ઉત્તમ મનુષ્યને સેનાધ્યક્ષ અને સભાપતિ, સર્વથી મિત્રતા રાખનારને દૂત, અધ્યાપકને ઉપદેશક અને ધાર્મિક (મનુષ્ય)ને ન્યાયાધીશ બનાવવો જોઈએ. તેનાથી રક્ષા આદિ પ્રાપ્ત કરીને સર્વ શત્રુઓને સંભાળીને સર્વનું હિત કરવું જોઈએ.*

*કોઈએ પણ મૃત્યુનો ભય રાખવો યોગ્ય નથી, કારણ કે જેનો જન્મ થયો છે, તેનું મૃત્યુ અવશ્ય થાય છે. તેથી મૃત્યુથી ડરવું એ મૂર્ખાઓનું કામ છે. (૧)*

**यं बाहुतेव पिप्रति पान्ति मर्त्यं रिषः। अरिष्टः सर्व एधते॥ २ ॥**

પદાર્થ : જે વરુણ આદિ ધાર્મિક વિદ્વાનજન बाहुतेव-જેમ શૂરવીર બાહુબળથી ચોર આદિનું નિવારણ કરીને દુઃખોને દૂર કરે છે, તેમ यम्-मर्त्यम्-મનુષ્યને पिप्रति-સુખોથી પૂર્ણ કરે છે અને रिषः-હિંસક શત્રુઓથી पान्ति-રક્ષા કરે છે. सः-તે सर्वः-સમસ્ત મનુષ્ય માત્ર अरिष्टः-સર્વ પ્રકારના વિઘ્નોથી રહિત બનીને વેદ વિદ્યા આદિ ગુણોથી (સુખ-ઐશ્વર્યાદિ ગુણોથી) નિત્ય एधते-વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. (૨)

*ભાવાર્થ : જેમ સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ આદિ રાજપુરુષો બાહુબળ અને પ્રયત્નો દ્વારા શત્રુઓ, ડાકૂઓ, ચોરો અને દરિદ્રતાનું નિવારણ કરીને, મનુષ્યોની સમ્યક્ રક્ષા કરીને, પૂર્ણ સુખોને ઉત્પન્ન કરીને, સમસ્ત વિઘ્નોને દૂર કરીને તથા સર્વ મનુષ્યોને પુરુષાર્થમાં જોડીને, બ્રહ્મચર્યનું પાલન, વિષય લોલુપતાનો ત્યાગ તથા વિદ્યા અને સુશિક્ષા દ્વારા શરીર અને આત્માની ઉન્નતિ કરે છે; તેમ પ્રજાજનોએ પણ કરવું જોઈએ. (૨)*

**वि दुर्गा वि द्विषः पुरो घ्नन्ति राजान एषाम्। नयन्ति दुरिता तिरः॥ ३ ॥**

પદાર્થ : જે राजानः-ઉત્તમ કર્મ અને ગુણોથી પ્રકાશમાન રાજા एषाम्-એ શત્રુઓના दुर्गा-દુઃખથી જાણી શકાય એવા કિલ્લાઓ અને पुरः-નગરોને ( वि ) घ्नन्ति-છિન્ન-ભિન્ન કરીને તથા द्विषः-શત્રુઓને (તથા दुरिता-દુઃખોને) वि तिरोनयन्ति-નષ્ટ કરી નાખે છે, તે ચક્રવર્તી રાજ્યને પ્રાપ્ત કરવાને સમર્થ બને છે. (૩)

*ભાવાર્થ : જે અન્યાયકારી લોકો ધર્માત્માઓને દુઃખ આપીને કિલ્લામાં છુપાય જાય છે અને ફરી આવીને દુઃખ આપે છે; તેના નાશ માટે અને શ્રેષ્ઠોના પાલન માટે, ધાર્મિક વિદ્વાન રાજપુરુષ તે અન્યાયકારીઓના કિલ્લાઓનો નાશ કરી તથા તેને છિન્ન-ભિન્ન કરીને, યાતના આપીને, મારીને*

*અથવા વશમાં કરીને ધર્મપૂર્વક રાજ્યનું પાલન કરે. (૩)*

**सुगः पन्था अनृक्षर आदित्यास ऋतं यते। नात्रावखादो अस्ति वः॥४॥**

પદાર્થ : જ્યાં आदित्यासः-સમ્યક્ સેવનથી અડતાલીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય દ્વારા શરીર અને આત્માના બળયુક્ત હોવાથી સૂર્ય સમાન પ્રકાશિત અને અવિનાશી ધર્મને જાણનાર વિદ્વાનજન રક્ષા કરનાર હોય, વા એનાથી જે अनृक्षर-કાંટા, ખાડા, ચોર, ડાકૂ, અવિદ્યા અને ધર્માચરણથી રહિત સરળ सुगः-સુખથી જાણવા યોગ્ય पन्थाः-જળ, સ્થળ અને અન્તરિક્ષમાં જવા માટે તથા વિદ્યા, ધર્મ અને ન્યાય પ્રાપ્તિના માર્ગનું સંપાદન કરેલ હોય, તે અને ऋतम्-બ્રહ્મા, સત્ય અને યજ્ઞને यते-પ્રાપ્ત થવા માટે તમે લોકોને-તમને अत्र-એ માર્ગમાં अवखादः-ભય नास्ति-કદી થતો નથી. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ ભૂમિ, સમુદ્ર અને અન્તરિક્ષમાં રથ, નૌકા અને વિમાનોને જવા માટે સરળ-સીધા, દૃઢ તથા કાંટા, ચોર, ડાકૂઓના ભય આદિથી રહિત માર્ગો બનાવવા જોઈએ. જ્યાં કોઈને કાંઈ પણ દુઃખ અને ભય ન થાય તે સર્વ સિદ્ધ કરીને અખંડ ચક્રવર્તી રાજ્યનો ઉપભોગ કરવો અને કરાવવો જોઈએ. (૪)*

**यं यज्ञं नयथा नर आदित्या ऋजुना पथा। प्र वः स धीतये नशत्॥५॥**

પદાર્થ : હે आदित्याः-સમસ્ત વિદ્યાઓથી સૂર્ય સમાન પ્રકાશમાન नरः-ન્યાયયુક્ત રાજ સભાસદો ! આપ धीतये-સુખોને પ્રાપ્ત કરાવનારી ક્રિયાઓ માટે यम्-જે यज्ञम्-રાજધર્મયુક્ત વ્યવહારને ऋजुना-શુદ્ધ સરળ यथा-માર્ગથી नयथ-પ્રાપ્ત થાઓ છો. सः-તે वः-તમને प्रणशत् નષ્ટ કરનાર બનતા નથી. (૫)

*ભાવાર્થ : આ મંત્રમાં પૂર્વ મંત્રથી न-પદની અનુવૃત્તિ છે. જ્યાં વિદ્વાનજન સભાપતિ, સેનાપતિ, સભાસદ અને કર્મચારી બનીને વિજય પ્રાપ્ત કરે છે, ( विनयं कुर्वन्ति-પાઠાન્તરથી વિનયપૂર્વક ન્યાય કરે છે.), ત્યાં કદી પણ સુખનો નાશ થતો નથી. (૫)*

**स रत्नं मर्त्यो वसु विश्वं तोकमुत त्मना। अच्छा गच्छत्यस्तृतः॥६॥**

પદાર્થ : જે अस्तृतः-હિંસા રહિત मर्त्यः-મનુષ્ય છે, सः-તે त्मना-આત્મા, મન અને પ્રાણથી विश्वम्-સર્વ रत्नम्-મનુષ્યોના મનને રમણ કરનાર वसु-સર્વોત્કૃષ્ટ દ્રવ્ય उत-અને तोकम्-સર્વ ઉત્તમ ગુણોથી યુક્ત પુત્રો-સંતાનોને अच्छ गच्छति-સારી રીતે પ્રાપ્ત કરે છે.

*ભાવાર્થ : વિદ્વાન મનુષ્ય દ્વારા સમ્યક્ રક્ષા કરેલ મનુષ્ય આદિ પ્રાણી સમસ્ત ઉત્તમ પદાર્થોને તથા સંતાનોને પ્રાપ્ત કરે છે. તેના વિના કોઈની પણ વૃદ્ધિ થતી નથી. (૬)*

**कथा राधाम सखायः स्तोमं मित्रस्यार्यम्णः। महि प्सरो वरुणस्य॥७॥**

પદાર્થ : અમે सखायः-સર્વના મિત્ર બનીને मित्रस्य-સર્વના મિત્ર अर्यम्णः-ન્યાયાધીશ અને वरुणस्य-

સર્વોત્તમ અધ્યક્ષના महि-મહાન स्तोतम्-ગુણ સ્તુતિ-સમૂહને कथा-કેવી રીતે राधाम-સિદ્ધ કરીએ. કેવી રીતે અમને प्सरः-સુખોનો ભોગ પ્રાપ્ત થાય. (૭)

*ભાવાર્થ : જ્યારે કોઈ કોઈને પૂછે કે અમે કેવી રીતે મિત્રતા, ન્યાય અને ઉત્તમ વિદ્યાને પ્રાપ્ત કરી શકીએ, તો તે તેને આ રીતે કહે, કે પરસ્પર વિદ્યાદાન અને પરોપકારીથી જ એ બધું પ્રાપ્ત કરી શકાય છે. તે સિવાય કોઈ પણ મનુષ્ય કોઈ સુખને પ્રાપ્ત કરી શકતો નથી. (૭)*

**मा वो घ्नन्तं मा शपन्तं प्रति वोचे देवयन्तम्। सुम्नैरिद्व आ विवासे॥८॥**

પદાર્થ : હું वः-મિત્રરૂપ તમને घ्नन्तम्-મારનાર જનથી माप्रतिवोचे-સંભાષણ પણ ન કરુ-वः-તમને शपन्तम्-વ્યર્થ નિંદા વચન કહેનાર મનુષ્યથી પ્રિય मा-ન બોલું, પરંતુ सुम्नैः-સુખોથી સહિત તમારા સુખદાતા इत्-જ देवयन्तम्-દિવ્યગુણોની કામનાઓની आविवासे-સમ્યક્ સેવા સદા કરું. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ, પોતાના મિત્રના શત્રુ પર અને તે શત્રુના મિત્ર પર પણ પ્રેમ કરવો નહિ. મિત્રની સદા રક્ષા કરવી જોઈએ. વિદ્વાનોની અને વિદ્વાનોના મિત્રોની પ્રિયવચન, ધન, ભોજન, વસ્ત્ર અને યાન-વાહન આદિથી નિત્ય સેવા કરવી જોઈએ. મિત્રહીન મનુષ્ય સુખની વૃદ્ધિ કરી શકતો નથી. તેથી વિદ્વાન જનો ધાર્મિકોને મિત્ર બનાવે. (૮)*

**चतुरश्चिद्ददमानाद्बिभीयादा निधातोः। न दुरुक्ताय स्पृहयेत्॥९॥**

પદાર્થ : चतुरः-(૧) મારનાર, (૨) શાપ આપનાર અને ददमानात्-(૩) વિષાદિ આપનાર તથા निधातोः-(૪) અન્યાયથી પરદ્રવ્ય હરનાર એ ચાર પ્રકારના મનુષ્યોનો વિશ્વાસ કરવો નહિ चित्-અને એનાથી बिभीयात्-નિત્ય ડરવુ તથા दुरुक्ताय-(૫) દુષ્ટ વચન બોલનાર મનુષ્યને માટે न स्पृहयेत् એ પાંચેયને મિત્ર બનાવવાની કદી ઈચ્છા કરવી નહિ. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ દુષ્ટ કર્મ કરનારનો તથા દુષ્ટ વચન બોલનારાનો સંગ અને વિશ્વાસ કદી પણ કરવો નહિ. મિત્રનો દ્રોહ, તેનું અપમાન અને વિશ્વાસઘાત કદી પણ કરવા નહિ. (૯)*

સંગતિ : આ સૂત્રમાં પ્રજાની રક્ષા, શત્રુ પર વિજય, માર્ગનું શોધન, યાનોની રચના અને તેને ચલાવવા, દ્રવ્યોની ઉન્નતિ કરવી, શ્રેષ્ઠોની મિત્રતા, દુષ્ટોમાં અવિશ્વાસ અને અધર્માચરણથી નિત્ય ડરવું. આ રીતે કથનથી પૂર્વ-સૂક્તના અર્થની સાથે આ સૂક્તની સંગતિ જાણવી જોઈએ. (૪૧)

## સૂક્ત-૪૨

**सं पूषन्नध्वनस्तिर व्यंहो विमुचो नपात्। सक्ष्वा देव प्र णस्पुरः॥१॥**

પદાર્થ : હે पूषन्-સમસ્ત જગતના પોષક, नपात्-નાશ રહિત, देवः-દિવ્યગુણ સંપન્ન વિદ્વાન્ ! દુઃખના अध्वनः-માર્ગથી वितिर-પાર થઈને અમને પણ પાર કરો, अंहः-રોગ રૂપી દુઃખોના માર્ગને

विमुचः-દૂર કરો, पुरः-પ્રથમ नः-અમને प्रसक्ष्व-સવોત્કૃષ્ટ ગુણોમાં પ્રસક્ત કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ જેમ ઈશ્વરની ઉપાસનાથી અને તેની આજ્ઞાના પાલનથી સમસ્ત દુઃખોને પાર કરીને સર્વ સુખોને પ્રાપ્ત કરવા જોઈએ; તેમ ધાર્મિક, સર્વના મિત્ર અને પરોપકારી વિદ્વાનના સંગ અને ઉપદેશ દ્વારા અવિદ્યા જાળ રૂપી માર્ગને પાર કરીને વિદ્યા રૂપી સૂર્યની પ્રાપ્તિ કરવી જોઈએ. (૧)*

**यो नः पूषन्नघो वृको दुःशेव आदिदेशति। अप स्म तं पथो जहि॥ २॥**

પદાર્થ : હે पूषन्-સર્વ જગતને વિદ્યાથી પુષ્ટ કરનાર વિદ્વાન્ ! આપ यः-જે अघः-પાપ કરનાર, दुशेवः-દુઃખમાં શયન કરવવાને યોગ્ય वृकः-સ્તેન અર્થાત્ દુઃખ દેનાર ચોર नः-અમને आदिदेशति-ઉદ્દેશપૂર્વક પીડા આપે છે, तम्-તે દુષ્ટ સ્વભાવવાળાને पथः-રાજધર્મ અને પ્રજામાર્ગથી अपजहि-નષ્ટ કરો અને દૂર કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ શિક્ષા, વિદ્યા અને સેનાના બળથી પારકું ધન હરનારા ધૂર્તો અને ચોરોને સર્વ રીતે હણવા-મારવા જોઈએ, દૂર ફેંકવા જોઈએ અને નિરંતર બંદીવાન રાખવા જોઈએ. એમ કરીને રાજધર્મ અને પ્રજાના માર્ગોને નિઃશંક અને નિર્ભય બનાવવા જોઈએ. જેમ પરમેશ્વર દુષ્ટોને તેઓના કર્મ અનુસાર શિક્ષા કરે છે, તેમ અમારે પણ દુષ્ટોને શિક્ષા, દંડ અને વેદ દ્વારા સજ્જન બનાવવા જોઈએ. (૨)*

**अप त्यं परिपन्थिनं मुषीवाणं हुरश्चितम्। दूरमधि स्रुतेरज॥ ३॥**

પદાર્થ : હે વિદ્વન્ રાજન્ ! આપ त्यम्-તે परिपन्थिनम्-પ્રતિકૂળ ચાલનાર ડાકૂ मुषीवाणम्-ચોર કર્મથી દીવાલને તોડીને, દૃષ્ટિનું આચ્છાદન કરીને, બીજાઓના પદાર્થોને હરનાર, हुरश्चितम्-ઉતકોચક અર્થાત્ હાથથી બીજાઓના પદાર્થોને ગ્રહણ કરનાર, અનેક પ્રકારના ચોરોને स्रुतेः-રાજધર્મ અને પ્રજામાર્ગથી दूरम्-अध्यपाज-તેને દંડ અને શિક્ષા આપીને દૂર કરો. (૩)

*ભાવાર્થ : કોઈ ડાકૂ, કોઈ કપટપૂર્વક અપહરણ કરનાર, કોઈ મૂર્છિત કરીને પારકા પદાર્થો લેનાર, કોઈ ઉત્કોચક = લાંચ લેનાર, કોઈ રાતે સુરંગ લગાડીને જે પારકા પદાર્થો હરણ કરે છે, કોઈ વિભિન્ન વેપારની દુકાનોમાં બેસીને છળપૂર્વક પદાર્થોને હરે છે, કોઈ (અન્યાયપૂર્વક) શુલ્ક-ધન લેનાર, કોઈ કર્મચારી બનીને સ્વામીના પદાર્થોને હરે છે, કોઈ છળ-કપટ દ્વારા પારકા રાજ્યોને પોતાના બનાવી લે છે, કોઈ ધર્મોપદેશ (રૂપના ઢોંગથી) મનુષ્યોને ભરમાવીને તથા ગુરુ બનીને શિષ્યોના પદાર્થો હરણ કરે છે, કોઈ પ્રાડ્વિવાહ = વકીલ બનીને (મનુષ્યો-અસીલોને) લડાવીને-વિવાદમાં ફસાવીને તેના પદાર્થોને હરે છે અને કોઈ ન્યાયાસને બેસીને (અનુચિત) ધન આદિ લઈને અથવા મિત્ર ભાવથી અન્યાય કરે છે વગેરે (જેટલા છે) તે સર્વને ચોર જાણવા જોઈએ. તેઓનું સર્વ ઉપાયોથી નિવારણ કરીને મનુષ્યોએ ધર્મપૂર્વક રાજ્યશાસન કરવું જોઈએ. (૩)*

त्वं तस्यं द्वयाविनोऽघशंसस्य कस्यं चित्। पदाभि तिष्ठ तपुषिम्॥४॥

પદાર્થ : હે સેના અને સભાના અધ્યક્ષ ! त्वम्-આપ तस्य-તે द्वयाविनः-પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ અન્યોના પદાર્થોને હરનારા कस्यचित्-કોઈ अघशंसस्य-, तपुसिम्-ચોરોની સેનાને पदाभितिष्ठ-બળ દ્વારા વશીભૂત કરો. (૪)

*ભાવાર્થ : ન્યાયધીશ આદિ મનુષ્યોએ, કોઈ અપરાધી અથવા ચોરને દંડ આપ્યા વિના છોડવો નહિ. કારણ કે તેમ ન કરવાથી પ્રજા પીડિત થતી રહેશે. તેથી પ્રજાની રક્ષા માટે દુષ્ટ કર્મ કરનાર પિતા, આચાર્ય, માતા, પુત્ર અને મિત્રને પણ સદા અપરાધ અનુસાર દંડ આપવો જોઈએ. (૪)*

आ तत्ते दस्र मन्तुमः पूषन्नवो वृणीमहे। येन पितॄनचोदयः॥५॥

પદાર્થ : હે दस्र-દુષ્ટોના નાશક, मन्तुमः-પ્રશસ્તજ્ઞાન યુક્ત पूषन्-સર્વથા પુષ્ટિકારક વિદ્વાન્ ! આપ येन-જે રક્ષા આદિથી पितॄन्-વયોવૃદ્ધ અને જ્ઞાનથી વૃદ્ધોને अचोदयः-ધર્મમાં પ્રેરણા કરો तत्-તે ते-આપના अवः-રક્ષાદિને અમે आवृणीमहे-સર્વથા સ્વીકાર કરીએ. (૫)

*ભાવાર્થ : મનુષ્ય જેમ પ્રેમ અને અનુરાગથી સેવા દ્વારા માતા-પિતા અને અધ્યાપક આદિ વયોવૃદ્ધ તથા જ્ઞાનવૃદ્ધ જનોને પ્રસન્ન અર્થાત્ તૃપ્ત કરે, તેમ સમસ્ત પ્રજાઓના સુખને માટે દુષ્ટોને દંડિત કરીને શ્રેષ્ઠોને સુખી કરે. (૫)*

अधा नो विश्वसौभग हिरण्यवाशीमत्तम। धनानि सुषणा कृधि॥६॥

પદાર્થ : विश्वसौभग-સમસ્ત ઐશ્વર્યથી યુક્ત हिरण्यवाशीमत्तम-અત્યંત સત્યની પ્રકાશક, ઉત્તમ રીતિ અને સુશિક્ષિત વાણીયુક્ત સભાધ્યક્ષ ! આપ नः-અમને सुषणा-સુખથી સેવન કરવા યોગ્ય धनानि-વિદ્યારૂપી ધર્મ અને ચક્રવર્તી રાજ્યની શ્રી-લક્ષ્મીથી સિદ્ધ કરેલ ધનને પ્રાપ્ત કરાવીને अध-પશ્ચાત્ અમને સુખી कृधि-કરો. (૬)

*ભાવાર્થ : ઈશ્વરના અનંત સૌભાગ્ય અને ધાર્મિક સભાપતિ, સેનાપતિ અને ન્યાયાધીશના ચક્રવર્તી સુલભ સુખૈશ્વર્યોથી યુક્ત હોવાથી એ બન્નેનો આશ્રય કરીને મનુષ્યોએ અસંખ્ય વિદ્યા અને સુવર્ણ આદિ ધન પ્રાપ્ત કરીને અત્યંત સુખોનો ભોગ કરવો અને કરાવવો જોઈએ. (૬)*

अति नः सश्चतो नय सुगा नः सुपथा कृणु। पूषन्निह क्रतुं विदः॥७॥

પદાર્થ : હે पूषन्-સર્વના પોષક જગદીશ્વર અને પ્રજાના પોષક સભાધ્યક્ષ વિદ્વાન્ ! આપ इह-આ સંસાર અને જન્મમાં सश्चतः-વિજ્ઞાન યુક્ત વિદ્યાધર્મને પ્રાપ્ત કરેલ नः-અમને सुगा-સુખપૂર્વક ગમન-જવાને યોગ્ય सुपथा-ઉત્તમ વિદ્યા ધર્મયુક્ત આપ્ત = વિદ્વાનોના માર્ગથી अतिनय-અત્યંત પ્રયત્નથી ચલાવો અને અમને ઉત્તમ વિદ્યાદિ ધર્મ માર્ગથી क्रतुम्-ઉત્તમ કર્મ અને ઉત્તમ પ્રજ્ઞા = બુદ્ધિથી विदः-જ્ઞાતા કરો. (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ જગદીશ્વરને એવી રીતે પ્રાર્થના કરવી જોઈએ, કે હે જગદીશ્વર ! આપ કૃપા કરીને અમને અધર્મ માર્ગથી દૂર કરીને ધર્મ માર્ગમાં નિત્ય ચલાવો. વિદ્વાનથી પણ પૂછવું જોઈએ અને નિવેદન કરવું જોઈએ, કે આપ અમને વેદ વિદ્યાના શુદ્ધ અને સરળ માર્ગે ચલાવો. (૭)*

**अभि सूयवसं नय न नवज्वारो अध्वने। पूषन्निह क्रतुं विदः॥८॥**

પદાર્થ : હે पूषन्-સભાધ્યક્ષ ! આ સંસાર અને જન્માન્તરમાં अध्वने-શ્રેષ્ઠ માર્ગ માટે અમને सुयवसम्-ઉત્તમ જવ આદિ ઔષધિ ઉત્પન્ન થનાર દેશને अभिनय-સર્વ રીતે પ્રાપ્ત કરાવો; અને क्रतुम्-ઉત્તમ કર્મ અને પ્રજ્ઞા = બુદ્ધિને विदः-કરાવો, જેથી એ માર્ગમાં ચાલીને અમારામાં नवज्वारः-નવા-નવા સંતાપ न-ઉત્પન્ન થાય નહિ. (૮)

*ભાવાર્થ : હે પરમેશ્વર ! આપની કૃપાથી શ્રેષ્ઠ દેશ અને ગુણ અમને પ્રદાન કરો તથા સમસ્ત દુઃખોને દૂર કરીને સુખ પ્રાપ્ત કરાવો.*

*હે વિદ્વાન સભાપતિ ! આપ અમને વિનયપૂર્વક પાલન કરીને તથા વિદ્યાથી શિક્ષિત કરીને એ રાજ્યમાં સુખી કરો. (૮)*

**शग्धि पूर्धि प्र यंसि च शिशीहि प्रास्युदरम्। पूषन्निह क्रतुं विदः॥९॥**

પદાર્થ : હે पूषन्-હે સભાપતિ અને સેનાપતિ ! આપ અમને शग्धि-સુખ આપવાને સમર્થ છો, पूर्धि-સર્વ સુખોની પૂર્તિ કરો, प्रयांसि-દુષ્ટ કર્મોથી પૃથક્ રાખો, शिशीहि-સુખપૂર્વક શયન કરાવો અને દુષ્ટોનું છેદન કરો, प्रासि-સર્વ સેના અને પ્રજાના અંગોને પૂર્ણ કરો અને અમારા उदरम्-ઉદર-પેટને ઉત્તમ અન્નોથી પૂર્ણ કરો, इह-એ પ્રજાના સુખને પૂર્ણ કરો તથા क्रतुम्-યુદ્ધ વિદ્યાને विदः-પ્રાપ્ત કરો. (૯)

*ભાવાર્થ : સભાપતિ રાજા અને સેનાધ્યક્ષ વિના કોઈ પણ આ સંસારમાં સામર્થ્ય પ્રદાતા, સુખી કરનાર, પુરુષાર્થ પ્રદાતા, ચોર-દસ્યુ આદિના ભયના નિવારણ કર્તા, સર્વોત્તમ ભોગોના દાતા અને ન્યાય તથા વિદ્યાના પ્રકાશક નથી. તેથી સર્વેએ તે બન્નેનો આશ્રય કરવો જોઈએ. (૯)*

**न पूषणं मेथामसि सूक्तैरभि गृणीमसि। वसूनि दस्ममीमहे॥१०॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે सूक्तैः-વેદોક્ત સ્તોત્રોથી पूषणम्-સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષની अभिगृणीमसि-ગુણ અને જ્ઞાન પૂર્વક સ્તુતિ કરીએ છીએ, दस्मम्-શત્રુને मेथामसि-મારે છે-હણે છે, वसूनि-ઉત્તમ વસ્તુઓની ईमहे-યાચના કરીએ છીએ અને પરસ્પર દ્વેષ કદાપિ न-કરતા નથી, તેમ તમે પણ કરો. (૧૦)

*ભાવાર્થ : કોઈએ પણ મૂર્ખતાથી સભાપતિ અને સેનાપતિનો આશ્રય ત્યાગ કરીને શત્રુ પાસે યાચના કરવી નહિ. પરંતુ વેદો દ્વારા રાજનીતિ જાણીને, તે (બન્ને)ની સુસહાયથી શત્રુને મારીને, વિજ્ઞાન અને સુવર્ણ આદિ ધન પ્રાપ્ત કરીને તથા સુપાત્રોને દાન આપીને વિદ્યાનો વિસ્તાર કરવો જોઈએ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં 'પૂષન' શબ્દનું વર્ણન, શક્તિની વૃદ્ધિ, દુષ્ટ શત્રુઓનું નિવારણ, સંપૂર્ણ ઐશ્વર્યની પ્રાપ્તિ, સુમાર્ગમાં ચાલવું, બુદ્ધિ અને કર્મની વૃદ્ધિ કહેલ છે, એથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તના અર્થની સાથે જાણવી જોઈએ. (૪૨)

## સૂક્ત-૪૩

कद् रुद्राय प्रचेतसे मीढुष्टमाय तव्यसे। वोचेम शन्तमं हृदे॥ १ ॥

પદાર્થ : અમે कत्-ક્યારે प्रचेतसे-શ્રેષ્ઠ જ્ઞાનયુક્ત मीढुष्टमाय-અત્યંતસેવન કરવા યોગ્ય અને तव्यसे-અત્યંત વૃદ્ધ हृदे-હૃદયમાં રહેનાર रुद्राये-પરમેશ્વર, જીવ અને પ્રાણવાયુને માટે शन्तमम्-અત્યંત સુખ રૂપ વેદનો वोचेम-સારી રીતે ઉપદેશ કરે. (૧)

*ભાવાર્થ : 'रुद्र' શબ્દથી ત્રણ અર્થ ગ્રહણ કરવામાં આવે છે. (૧) પરમેશ્વર, (૨) જીવ અને (૩) વાયુ. તેમાં એક પરમેશ્વર સર્વજ્ઞ હોવાના કારણે જેને જેવા પાપ કર્મો કર્યા હોય, તેને તેનું ફળ આપનાર હોવાથી રુદ્ર = રડાવનાર છે, બીજો જીવ જ્યારે મૃત્યુ સમયે શરીર ત્યાગ કરે છે અને જ્યારે પાપનું ફળ ભોગવે છે, ત્યારે સ્વયં રડે છે. ત્રીજો વાયુ (ઉદર) શૂલ આદિ પીડા કર્મથી કર્મ નિમિત્ત બનીને રડાવે છે, એ રીતે એ ત્રણેય રુદ્ર છે, એમ જાણવું જોઈએ. (૧)*

यथा नो अदितिः करत्पश्वे नृभ्यो यथा गवे। यथा तोकाय रुद्रियम्॥ २ ॥

પદાર્થ : यथा-જેમ तोकाय-ઉત્પન્ન થયેલ = સદ્યોજાત-બાળકને માટે अदितिः-માતા, यथा-જેમ पश्वे-પશુ સમૂહના માટે પશુપાલક, यथा-જેમ नृभ्यः-મનુષ્યોને માટે રાજા, यथा-જેમ गवे-ઇન્દ્રિયોને માટે જીવ અને પૃથિવીને માટે ખેતી કરનાર-ખેડૂત करत्-સુખોને કરે છે, તેમ नः અમારા માટે रुद्रियम्-પરમેશ્વર અને પવનના (સુખ) કર્મ પ્રાપ્ત થાય. (૨)

*ભાવાર્થ : જેમ માતા-પિતા વિના સંતાનોને, ગોવાળ વિના પશુઓને તથા રાજસભા વિના પ્રજાઓને સુખ પ્રાપ્ત થતું નથી, તેમ વિદ્યા અને પુરુષાર્થ વિના (કોઈને) સુખ પ્રાપ્ત થતું નથી. (૨)*

यथा नो मित्रो वरुणो यथा रुद्रश्चिकेतति। यथा विश्वे सजोषसः॥ ३ ॥

પદાર્થ : यथा-જેમ मित्रः-મિત્ર અને પ્રાણ वरुणः-ઉત્તમ ઉપદેષ્ટા અને ઉદાન, यथा-જેમ रुद्रः-પરમેશ્વર नः-અમને चिकेतति-જ્ઞાનયુક્ત કરે છે; यथा-જેમ विश्वे-સર્વ सजोषसः-સ્વસમાન પ્રીતિ સેવન કરનાર વિદ્વાનજનો વિદ્યાઓને જાણનારા હોય છે, તેમ યથાર્થ વક્તા મનુષ્ય સર્વને વિદ્યાયુક્ત કરે. (૩)

*ભાવાર્થ : જેમ સર્વને (તેમ) વિદ્વાનોને પણ મિત્રતા અને શ્રેષ્ઠ આચરણ ધારણ કરીને, સર્વ મનુષ્યોને માટે સત્ય વિદ્યાઓનો ઉપદેશ કરવો જોઈએ.*

*જેમ પરમેશ્વરે વેદ દ્વારા સમસ્ત વિદ્યાઓને પ્રકાશિત કરેલ છે, તેમ અધ્યાપકોએ સર્વ મનુષ્યોને વિદ્યાયુક્ત કરવા જોઈએ. (૩)*

गा॒थप॑तिं मे॒धप॑तिं रु॒द्रं जला॑षभेषजम्। तच्छं॒योः सु॒म्नमी॑महे॥४॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે गाथपतिम्-સ્તુતિ કરનારના પાલક, मेध-पतिम्-યજ્ઞ અને પવિત્ર પુરુષોનાં પાલક, जलाषभेषजम्-જેના સુખને માટે ભેષજ = ઔષધ હોય, તે रुद्रम्-પરમેશ્વરનો આશ્રય કરીને, तत्-તે વિજ્ઞાન અને शंयोः-વ્યાવહારિક, સાંસારિક સુખથી પણ सुम्नम्-મોક્ષના સુખની ईमहे-યાચના કરીએ છીએ, તેમ તમે પણ કરો. (૪)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય, સ્તુતિઓ, ધારણાવતી બુદ્ધિઓ અને દુઃખ નિવારક ઔષધિઓને પ્રાપ્ત કરાવનાર વિદ્વાન વિના તથા પ્રાણાયામ વિના વિજ્ઞાન, સાંસારિક સુખ તથા મોક્ષ સુખને પ્રાપ્ત કરી શકતા નથી. (૪)*

यः शु॒क्र इ॑व॒ सूर्यो॒ हिर॑ण्यमिव॒ रोच॑ते। श्रेष्ठो॑ दे॒वानां॒ वसुः॥५॥

પદાર્થ : यः-જે પૂર્વોક્ત રુદ્ર સેનાપતિ सूर्यः शुक्र इव-શુક્ર = તેજસ્વી, શુદ્ધ ભાસ્કર-સૂર્ય સમાન हिरण्यमिव-સુવર્ણ સમાન પ્રીતિકારક, देवानाम्-સર્વ વિદ્વાનો અને પૃથિવી આદિના મધ્યમાં श्रेष्ठः-અત્યુત્તમ वसुः-સમસ્ત પ્રાણી માત્રને વસાવનાર रोचते-પ્રીતિકારક હોય, તેને સેનાપતિ બનાવવો જોઈએ. (૫)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ જાણવું જોઈએ કે-જેમ પરમેશ્વર સર્વ પ્રકાશોનો પ્રકાશક, આનંદીઓમાં આનંદી, શ્રેષ્ઠોમાં શ્રેષ્ઠ, ઉત્તમોમાં ઉત્તમ, દેવોમાં-વિદ્વાનોમાં દેવ-વિદ્વાન અને આધારોનો આધાર છે; તેમ સભાધ્યક્ષ પ્રકાશવાનોમાં પ્રકાશવાન, ન્યાયકારીઓમાં ન્યાયકારી, આનંદ દાતાઓમાં આનંદદાયક, શ્રેષ્ઠ સ્વભાવવાળાઓમાં શ્રેષ્ઠ સ્વભાવવાળો, વિદ્વાનોમાં વિદ્વાન અને નિવાસ કરાવનારાઓમાં નિવાસ કરાવનાર હોવો જોઈએ. (૫)*

शं नः॑ कर॒त्यर्व॑ते सु॒गं मे॒षाय॑ मे॒ष्यै॑। नृभ्यो॒ नारि॑भ्यो॒ गवे॑॥६॥

પદાર્થ : જે રુદ્ર સ્વામી नः-અમારી अर्वते-અશ્વ-ઘોડા જાતિ मेषाय-મેષ-ઘેટાં જાતિ मेष्ये-ઘેટાં-બકરાં नृभ्यः-મનુષ્ય જાતિ नारिभ्यः-સ્ત્રી જાતિ અને गवे-ગાય જાતિને માટે सुगम्-સરળ शम्-સુખને करति-નિરંતર કરે તેને જ ન્યાયાધીશ બનાવવો જોઈએ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ, સ્વયંના તથા પોતાનાં અને પરાયા મનુષ્યોનાં તથા પશુજાતિનાં સુખને માટે ઈશ્વરની પ્રાર્થના, વિદ્વાનોનો સહયોગ, પ્રાણોનો યથોચિત ઉપયોગ અને પુરુષાર્થ કરવો જોઈએ. (૬)*

अ॒स्मे सो॑म॒ श्रिय॒मधि॒ नि धे॑हि श॒तस्य॑ नृ॒णाम्। महि॒ श्रव॑स्तुविनृ॒म्णम्॥७॥

પદાર્થ : હે सोम-સર્વ સુખપ્રાપક જગદીશ્વર અને સભાધ્યક્ષ ! આપ अस्मे-અમારા માટે અથવા અમારામાં शतस्य-બહુ જ नृणाम्-વીરપુરુષોના तुविनृम्णम्-અનેક પ્રકારના ધન महि-પૂજ્ય અથવા બહુ જ श्रवः-વિદ્યાનું શ્રવણ અને श्रियम्-રાજ્યલક્ષ્મીનું अधि निधेहि-સ્થાપન કરો. (૭)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય ઈશ્વરની કૃપા, સભાપતિની સહાયતા અને પોતાના પુરુષાર્થ વિના પૂર્ણ વિદ્યા, પશુ, ચક્રવર્તી રાજ્ય અને લક્ષ્મી પ્રાપ્ત કરી શકતા નથી. (૭)*

**मा नः सोमपरिबाधो मारातयो जुहुरन्त। आ न इन्दो वाजे भज॥८॥**

પદાર્થ : હે इन्दो-સુશિક્ષાથી આર્દ્ર કરનાર સભાધ્યક્ષ ! नः-અમને सोमपरिबाधः-જે ઉત્તમ પદાર્થોને સર્વ રીતે દૂર કરનારા વિરોધી મનુષ્યો અમારા પર मा जुहुरन्त-પ્રબળ ન બને; તથા अरातयः-જે દાન આદિ ધર્મરહિત શત્રુ હઠાગ્રહી છે, તેઓ नः-અમારા એ શત્રુઓને वाजे-યુદ્ધમાં પરાજ્ય કરવા आभज-સારી રીતે યુક્ત કરો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ, અતિ શ્રેષ્ઠ બળના સહયોગથી અને યુદ્ધથી સર્વ દુષ્ટ શત્રુઓને જીતીને, સત્ય ન્યાયથી યુક્ત રાજ્યનું પાલન કરવું જોઈએ. (૮)*

**यास्ते प्रजा अमृतस्य परस्मिन्धामन्नृतस्य।**
**मूर्द्धा नाभा सोम वेन आभूषन्तीः सोम वेदः॥९॥**

પદાર્થ : હે सोम-વિજ્ઞાન પ્રદાતા, वेनः-કમનીય = સુંદર સ્વરૂપ, मूर्द्धा-સર્વોત્તમ ! તું ऋतस्य-સત્ય સ્વરૂપ અને સત્યપ્રિય अमृतस्य-નાશ રહિત, नाभा-સ્થિર સુખના બંધન રૂપ, वामन्-ન્યાય અને આનંદમય સ્થાનમાં વર્તમાન ઈશ્વરની સમાન ન્યાયકારી, ते-તારી याः-જે प्रजाः-પ્રજા છે, તેને आभूषन्तीः-સર્વ પ્રકારથી ભૂષણયુક્ત-અલંકૃત કરવાની वेनः-ઈચ્છા કર અને તેને वेदः-સર્વ વિદ્યાઓ પ્રાપ્ત કરાવ. (૯)

*ભાવાર્થ : જ્યાં મનુષ્ય અદ્વિતીય ઈશ્વરનો અને તેના ઉપાસક સેનાપતિનો આશ્રય ગ્રહણ કરે છે, ત્યાં તેને લેશ માત્ર પણ દુઃખ પ્રાપ્ત થતું નથી.*

*જેમ પરમેશ્વર અને સભાપતિ શ્રેષ્ઠ આચરણવાળા મનુષ્યોને છે, તેમ પ્રજાજનોએ પણ પરમેશ્વર અને સભાપતિની નિત્ય કામના કરવી જોઈએ. તેની કામના વિના વિસ્તૃત સુખ કદાપિ સંભવ થતું નથી.-પ્રાપ્ત થતું નથી. (૯)*

સંગતિ : આ સૂક્તમાં રુદ્ર શબ્દના અર્થનું વર્ણન, સર્વ સુખોનું પ્રતિપાદન, મિત્રતાનું આચરણ, પરમેશ્વર અને સભાધ્યક્ષના આશ્રયથી સુખોની પ્રાપ્તિ, એક ઈશ્વરની જ ઉપાસના, પરમ સુખની પ્રાપ્તિ અને સભાધ્યક્ષનો આશ્રય કહેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૩)

## સૂક્ત-૪૪

**अग्ने विवस्वदुषसश्चित्रं राधो अमर्त्य।**
**आ दाशुषे जातवेदो वहा त्वमद्या देवाँ उषर्बुधः॥१॥**

પદાર્થ : હે विवस्वत्-સ્વપ્રકાશ સ્વરૂપ અને વિદ્યાપ્રકાશયુક્ત, अमर्त्य-મરણધર્મથી રહિત, સાધારણ મનુષ્ય સ્વભાવથી વિલક્ષણ, जातवेदः-ઉત્પન્ન થયેલ પદાર્થોને જાણનાર અને પ્રાપ્ત કરનાર अग्ने-જગદીશ્વર અને વિદ્વાન્ ! જેથી (त्वम्) આપ अद्य-આજ दाशुषे-પુરુષાર્થી મનુષ્ય માટે उषसः-પ્રાતઃકાળથી चित्रम्-અદ્ભુત विवस्वत्-સૂર્ય સમાન પ્રકાશિત राधः-ધન પ્રદાન કરો છો, તે આપ उषर्बुधः-પ્રાતઃકાળમાં જાગનાર વિદ્વાનોને आवह-સારી રીતે પ્રાપ્ત કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, ઈશ્વરની આજ્ઞાનાં પાલન માટે પોતાના પુરુષાર્થથી ઈશ્વરની અને આળસ રહિત ઉત્તમ વિદ્વાનોનો આશ્રય લઈને, ચક્રવર્તી રાજ્ય, વિદ્યા અને શ્રી = લક્ષ્મી પ્રાપ્ત કરવી જોઈએ.*

*સમસ્ત વિદ્યાઓના જ્ઞાતા = જાણનાર વિદ્વાન જન, પરમ શ્રેષ્ઠ ગુણોથી યુક્ત જે શ્રેષ્ઠ કર્મ સ્વીકાર કરવા યોગ્ય છે, તેને નિત્ય કરે, જે દુષ્ટ કર્મ છે, તે કદાપિ ન કરે. (૧)*

जुष्टो हि दूतो असि हव्यवाहनोऽग्ने रथीरध्वराणाम्।
सजूरश्विभ्यामुषसा सुवीर्यमस्मे धेहि श्रवो बृहत्॥ २ ॥

પદાર્થ : હે अग्ने-રાજ્યવિદ્યામાં વિચક્ષણ વિદ્વાન્ ! हि-જે કારણથી આપ जुष्टः-પ્રસન્ન પ્રકૃતિ અને दूतः-શત્રુઓને તાપ કરાવનાર બનીને अध्वराणाम्-અહિંસનીય યજ્ઞોને સિદ્ધ કરનાર છો, रथीः-પ્રશંસનીય રથયુક્ત છો, हव्यवाहनः-આપવા યોગ્ય વસ્તુઓને પ્રાપ્ત થનાર છો, सजूः-પોતાના સમાનનું સેવન કરનાર असि-છો; એથી अस्मे-અમારામાં अश्विभ्याम्-વાયુ અને જળથી उषसा-પ્રાતઃકાળમાં સિદ્ધ કરેલી વિદ્યાથી સિદ્ધ કરેલ बृहत्-મહાન सुवीर्यम्-ઉત્તમ પરાક્રમકારક श्रवः-સર્વ વિદ્યાના શ્રવણના કારણ અન્નને धेहि-ધારણ કરો. (૨)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય વિદ્વાનોના સંગ વિના સમસ્ત વિદ્યાને પ્રાપ્ત કરીને, શત્રુ પર વિજય, ઉત્તમ પરાક્રમ અને ચક્રવર્તી (રાજ્ય) આદિની લક્ષ્મી પ્રાપ્ત કરી શકતો નથી અને અગ્નિનો જળ આદિની સાથે સંયોગ કર્યા વિના ઉત્તમ વ્યવહારોની સિદ્ધિ પણ પ્રાપ્ત કરી શકતો નથી. (૨)*

अद्या दूतं वृणीमहे वसुमग्निं पुरुप्रियम्।
धूमकेतुं भाऋजीकं व्युष्टिषु यज्ञानामध्वरश्रियम्॥ ३ ॥

પદાર્થ : અમે अद्य-આજ-મનુષ્ય જન્મ તથા વિદ્યાના પ્રાપ્તિ સમયને પ્રાપ્ત થઈને व्युष्टिषु-અનેક પ્રકારની કામનાઓમાં भाऋजीकम्-કામનાઓના પ્રકાશ यज्ञानाम् અગ્નિહોત્રથી લઈને અશ્વમેધ સુધી અને યોગ ઉપાસના જ્ઞાન તથા શિલ્પવિદ્યારૂપ યજ્ઞોના મધ્યમાં, अध्वरश्रियम्-હિંસારહિત યજ્ઞોની શ્રી-શોભારૂપ, धूमकेतुम्-જેનો ધૂમ જ ધ્વજારૂપ છે. वसुम्-સર્વ વિદ્યાઓનો નિવાસ અને પુષ્કળ ધનની પ્રાપ્તિનો હેતુ, पुरुप्रियम्-અનેકોને પ્રિય, दूतम्-પદાર્થોને દૂર પહોંચાડનાર अग्निम्-ભૌતિક અગ્નિની સમાન વિદ્વાન દૂતનો वृणीमहे-અંગીકાર કરીએ-સ્વીકાર કરીએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્યા, રાજ્ય અને સુખની પ્રાપ્તિ માટે ચારેય વેદોના જ્ઞાતા વિદ્વાનને દૂત બનાવીને, અનેક ગુણોથી યુક્ત હોવાના કારણે, અનેક ગુણોની પ્રાપ્તિ કરાવનારી વિદ્યુત્નો સ્વીકાર*

*કરીને સર્વ કાર્યોને સિદ્ધ કરવા જોઈએ. (૩)*

**श्रेष्ठं यविष्ठमतिथिं स्वाहुतं जुष्टं जनाय दाशुषे।**
**देवाँ अच्छा यातवे जातवेदसमग्निमीळे व्युष्टिषु॥४॥**

પદાર્થ : હું व्युष्टिषु-વિશેષ ભણવા યોગ્ય ઈચ્છાઓની यातवे-પ્રાપ્તિ માટે दाशुषे-દાતા, जनाय-ધાર્મિક વિદ્વાન મનુષ્યને માટે, श्रेष्ठम्-અતિ ઉત્તમ, यविष्ठम्-અતિ બળવાન, जुष्टम्-વિદ્વાનથી પ્રસન્ન અને સેવિત स्वाहुतम्-સારી રીતે બોલાવીને, સત્યકાર યોગ્ય, जातवेदसम्-સમસ્ત પદાર્થોમાં વ્યાપ્ત, अतिथिम्-સેવા કરવા યોગ્ય अग्निम्-અગ્નિ સમાન વિદ્યમાન સજ્જન અતિથિ અને देवान्-દિવ્યગુણોયુક્ત વિદ્વાનોનો अच्छ-સારી રીતે સત્કાર કરું. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, શ્રેષ્ઠ, ધર્મરૂપી બળયુક્ત, સર્વ વિદ્વાનો દ્વારા સત્કાર પામેલ, પ્રસન્ન સ્વભાવયુક્ત અને સર્વનો ઉપકાર કરનાર વિદ્વાન અતિથિઓનો સત્કાર કરવો જોઈએ, જેથી સર્વનું હિત થાય છે. (૪)*

**स्तविष्यामि त्वामहं विश्वस्यामृत भोजन।**
**अग्ने त्रातारममृतं मियेध्य यजिष्ठं हव्यवाहन॥५॥**

પદાર્થ : अमृत-અવિનાશી સ્વરૂપ, भोजन-પાલનકર્તા, मियेध्य-પ્રમાણ કરનાર, हव्यवाहन-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરાવનાર, अग्ने-પરમેશ્વર अहम्-હું विश्वस्य-સર્વ જગતના त्रातारम्-રક્ષક, यजिष्ठम्-અત્યંત યજન કરનાર-પૂજનીય, अमृतम्-નિત્ય સ્વરૂપ त्वा-તારી જ स्तविष्यामि-સ્તુતિ કરીશ. (૫)

*ભાવાર્થ : વિદ્વાનોએ; સર્વ જગતના રક્ષક, મોક્ષ પ્રદાતા, વિદ્યા, કામ તથા આનંદના દાતા અને સેવન કરવા યોગ્ય પરમેશ્વરને છોડીને અન્ય કોઈનું પણ ઈશ્વરનાં રૂપમાં આશ્રય તથા સ્તુતિ કદી પણ કરવી જોઈએ નહિ. (૫)*

**सुशंसो बोधि गृणते यविष्ठ्य मधुजिह्वः स्वाहुतः।**
**प्रस्कण्वस्य प्रतिरन्नायुर्जीवसे नमस्या दैव्यं जनम्॥६॥**

પદાર્થ : હે यविष्ठ्य-અત્યંત બળવાન, नमस्य-પૂજવા યોગ્ય વિદ્વાન, मधुजिह्वः-મધુર જ્ઞાનરૂપ જિહ્વાયુક્ત, सुशंसः-ઉત્તમ સ્તુતિથી પ્રશંસિત, स्वाहुतः-સુખપૂર્વક આહ્વાન-બોલાવવા યોગ્ય, प्रस्कण्वस्य-ઉત્તમ મેધાવી વિદ્વાનના जीवसे-જીવનને માટે, आयुः-જીવનને प्रतिरन्-દુઃખોથી પાર કરતા, જે આપ गृणते-સત્યની સ્તુતિ કરતા મનુષ્યના માટે શાસ્ત્રોનો बोधि-બોધ કરો; અને જેથી दैव्यम्-વિદ્વાનોનાં ઉત્પન્ન થયેલ जनम्-મનુષ્યની રક્ષા કરો છો, એથી સત્કારને યોગ્ય છો. (૬)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ, સર્વથી શ્રેષ્ઠ હોવાના કારણે નમસ્કાર કરવા યોગ્ય વિદ્વાન*

*મનુષ્યનો સત્કાર કરવો જોઈએ. એ રીતે એનો આશ્રય કરીને સંપૂર્ણ આયુ અને વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ. (૬)*

होतारं विश्ववेदसं सं हि त्वा विश इन्धते।
स आ वह पुरुहूत प्रचेतसोऽग्ने देवाँ इह द्रवत्॥ ७॥

પદાર્થ : હે पुरुहूत-બહુ જ વિદ્વાનોએ બોલાવેલ अग्ने-વિશિષ્ટ જ્ઞાનયુક્ત વિદ્વાન્ ! प्रचेतसः-ઉત્તમ જ્ઞાનયુક્ત विशः-પ્રજા જે होतारम्-હવન કર્તા विश्ववेदसम्-સમસ્ત સુખ પ્રાપ્ત त्वा-આપને हि-નિશ્ચયપૂર્વક समिन्धते-સમ્યક્ પ્રકાશિત કરે છે; सः-તે આપ इह-એ યુદ્ધ આદિ કાર્યોમાં ઉત્તમ જ્ઞાનવાન देवान्-શૂરવીર વિદ્વાનોને आवह-સારી રીતે પ્રાપ્ત થાઓ. (૭)

*ભાવાર્થ : વિદ્વાનોના સહયોગ વિના પ્રજાને સુખ, દિવ્યગુણોની પ્રાપ્તિ અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત થતો નથી, એટલા માટે સર્વ મનુષ્યોએ તેને પ્રયત્નથી સિદ્ધ કરવા જોઈએ. (૭)*

सवितारमुषसमश्विना भगमग्निं व्युष्टिषु क्षपः।
कण्वासस्त्वा सुतसोमास इन्धते हव्यवाहं स्वध्वर॥ ८॥

પદાર્થ : હે स्वध्वर-ઉત્તમ યજ્ઞવાળા વિદ્વાન ! જે सुतसोमाः-ઉત્તમ પદાર્થોને સિદ્ધ કરતા कण्वासः-મેધાવી વિદ્વાનો व्युष्टिषु-કામનાઓમાં सवितारम्-સૂર્ય પ્રકાશ उषसम्-પ્રાતઃકાળ अश्विना-વાયુ અને જળ भगम्-ઐશ્વર્ય अग्निम्-(વિદ્યુત્) क्षयः-રાત્રિ અને हव्यवाहम्-હોમ કરવા યોગ્ય દ્રવ્યોને પ્રાપ્ત કરાવનાર त्वा-આપને समिन्धते-સારી રીતે પ્રકાશિત કરે છે, તે આપ પણ તેને પ્રકાશિત કરો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ સર્વ ક્રિયાઓમાં દિવસ-રાત (પ્રયત્નથી) સૂર્ય આદિ પદાર્થોનો સમ્યક્ પ્રયોગ કરીને, વાયુ અને વર્ષાની શુદ્ધિ કરનાર શિલ્પ આદિ સમસ્ત કાર્યો કરવા જોઈએ.*

*વિદ્વાનોના સંગ વિના ગુણના જ્ઞાનના અભાવના કારણે કોઈ પણ ક્રિયાની સિદ્ધિ કરી શકાતી નથી. (૮)*

पतिर्ह्यध्वराणामग्ने दूतो विशामसि।
उषर्बुध आ वह सोमपीतये देवाँ अद्य स्वर्दृशः॥ ९॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! જે આપ हि-નિશ્ચયપૂર્વક अध्वराणाम्-યજ્ઞ અને विशाम्-પ્રજાઓના पतिः-પાલક असि-છો, એથી આપ अद्य-આજ सोमपीतये-અમૃતરૂપી રસના પાન રૂપ વ્યવહાર માટે उषर्बुधः-પ્રાતઃકાળમાં જાગૃત થનાર स्वर्दृशः-વિદ્યારૂપી સૂર્યના પ્રકાશથી યથાવત્ નિહાળવા યોગ્ય देवान्-વિદ્વાન અને દિવ્યગુણોને आवह-પ્રાપ્ત કરો. (૯)

*ભાવાર્થ : સભાપતિ અને સેનાપતિ આદિ વિદ્વાન વિદ્યા અધ્યયન અને પ્રજાપાલન આદિ યજ્ઞોની રક્ષા માટે પ્રજાઓમાં દિવ્યગુણોને નિત્ય પ્રકાશિત કરે. (૯)*

अग्ने पूर्वा अनूषसो विभावसो दीदेथ विश्वदर्शतः।
असि ग्रामेष्वविता पुरोहितोऽसि यज्ञेषु मानुषः॥ १०॥

પદાર્થ : હે विभावसो-વિશેષ દીપ્તિને વસાવનાર, अग्ने-વિદ્યાને પ્રાપ્ત કરનાર વિદ્વાન્ ! विश्वदर्शतः-સર્વને જોવા યોગ્ય આપ पूर्वाः-પૂર્વ વ્યતીત अनु-પશ્ચાત્ उषसः-ભવિષ્યની-આવનારી અને વર્તમાન ઉષા = પ્રભાત અને રાત-દિવસોને दीदेथ-જાણીને એક ક્ષણ પણ વ્યર્થ ન વીતાવે. આપ જ ग्रामेषु-મનુષ્યોના નિવાસ યોગ્ય ગામોમાં अविता-રક્ષા કરનાર असि-છો અને यज्ञेषु-અશ્વમેઘથી લઈને શિલ્પ પર્યન્ત ક્રિયાઓમાં मानुषः-મનુષ્ય-વ્યક્તિ पुरोहित-સર્વ સાધનો દ્વારા સર્વ સુખોને સિદ્ધ કરનાર असि-છો.

*ભાવાર્થ : વિદ્વાનો સર્વ દિવસોમાં એક પણ ક્ષણ વ્યર્થ ન વિતાવે. સર્વ દિવસોને સર્વોત્તમ કાર્યો કરવા માટે જાણે. એ રીતે તેને જાણીને નિરંતર પ્રજા રક્ષક અને યજ્ઞોના કર્તા બને. (૧૦)*

नि त्वा यज्ञस्य साधनमग्ने होतारमृत्विजम्।
मनुष्वद्देव धीमहि प्रचेतसं जीरं दूतममर्त्यम्॥ ११॥

પદાર્થ : હે देव-દિવ્ય વિદ્યા સંપન્ન, अग्ने-ભૌતિક અગ્નિ સમાન ઉત્તમ પદાર્થોનું સંપાદન કરનાર મેધાવી = બુદ્ધિમાન વિદ્વાન્ ! અમે यज्ञस्य-ત્રણ પ્રકારના યજ્ઞના साधनम्-મુખ્ય સાધક होतारम्-હવન કરનાર અને ગ્રહણ કરનાર ऋत्विजम्-યજ્ઞ સાધક प्रचेतसम्-ઉત્તમ વિજ્ઞાનયુક્ત जीरम्-વેગવાન્ अमर्त्यम्-સાધારણ મનુષ્ય સ્વભાવથી રહિત અને સ્વરૂપથી નિત્ય दूतम्-પ્રશંસનીય બુદ્ધિયુક્ત અને પદાર્થોને દેશ-દેશાન્તરમાં પ્રાપ્ત કરાવનાર त्वा-આપને मनुष्वत्-મનનશીલ મનુષ્યની સમાન निधीमहि-નિરંતર ધારણ કરે.

*ભાવાર્થ : આઠમા મંત્રથી सुतसोमासः અને कण्वासः-એ બે પદોની અનુવૃત્તિ છે. વિદ્વાન च-અને દ્રવ્ય-સામગ્રી વિના યજ્ઞની સિદ્ધિ કરી શકાતી નથી. (૧૧)*

यद्देवानां मित्रमहः पुरोहितोऽन्तरो यासि दूत्यम्।
सिन्धोरिव प्रस्वनितास ऊर्मयोऽग्नेर्भ्राजन्ते अर्चयः॥ १२॥

પદાર્થ : હે मित्रमहः-મિત્રોમાં મહાન પૂજનીય વિદ્વાન્ ! આપ મધ્યસ્થ બનીને दूत्यम्-દૂત કર્મને यासि-પ્રાપ્ત કરો છો. જે अग्नेः-આત્માની सिन्धोरिव-સમુદ્ર સમાન प्रस्वनितासः-શબ્દ કરતી ऊर्मयः-લહેરો अग्नेः-અગ્નિના देवानाम्-વિદ્વાનોના दूत्यम्-દૂતના સ્વભાવને यासि-પ્રાપ્ત થાઓ છો, તે આપ અમારા સત્કારને યોગ્ય કેમ ન હોઈ શકો ?

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે જેમ પરમેશ્વર સર્વ મનુષ્યોના મિત્ર, પૂજ્ય, પુરોહિત અને અન્તર્યામી બનીને દૂતની સમાન અન્તરાત્મામાં સત્ય અને અસત્ય કર્મને જાણે છે, એ જ રીતે ઈશ્વરની અનંત દીપ્તિઓ-જ્વાળાઓ વિચારે છે, તે જ જગદીશ્વર સર્વના ધારણકર્તા, રક્ષક, પાલક, ન્યાયકારી, મહારાજ અને સર્વના દ્વારા ઉપાસના કરવા યોગ્ય છે, તેમ ઉત્તમ દૂત સત્કાર કરવા યોગ્ય છે.*

*(એમ તમે જાણો). (૧૨)*

**श्रुधि श्रुत्कर्ण वह्निभिर्देवैरग्ने सयावभिः।**
**आ सीदन्तु बर्हिषि मित्रो अर्यमा प्रातर्यावाणो अध्वरम्॥ १३॥**

પદાર્થ : હે श्रुत्कर्ण-શ્રવણ કરનાર, अग्ने-વિદ્યા પ્રકાશક વિદ્વાન્ ! આપ પ્રીતિપૂર્વક सयावभिः-સમાન જાણનાર (જનાર) वन्हिभिः-સત્યાચારનો ભાર વહન-ધારણ કરનાર મનુષ્ય આદિ देवैः-વિદ્વાનો અને દિવ્યગુણો યુક્ત अस्माकम्-અમારી વાર્તાઓને श्रुधि-સાંભળો, તમે અને અમે मित्रः-સર્વના હિતકારી अर्यमा-ન્યાયાધીશ, प्रातर्यावाणः-પ્રતિદિન પુરુષાર્થથી યુક્ત सर्वे-સર્વ अध्वरम्-અહિંસનીય પૂર્વોક્ત યજ્ઞને પ્રાપ્ત થઈને बर्हिषि-ઉત્તમ વ્યવહારમાં आसीदन्तु-જ્ઞાનને પ્રાપ્ત થાઓ અને સ્થિત રહો. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યો, સમસ્ત શ્રવણ વિદ્યાઓમાં અભ્યસ્ત ધાર્મિક લોકોને રાજ કાર્યોમાં નિયુક્ત કરે. વિદ્વાન લોકો સુશિક્ષિત કર્મચારીઓથી સર્વ કાર્યો સિદ્ધ કરાવે. સદા આળશનો ત્યાગ કરીને નિરંતર પુરુષાર્થ કરવામાં પ્રયત્નશીલ રહે તેના વિના વ્યવહાર અને પરમાર્થના કાર્યો સિદ્ધ થતા નથી. (૧૩)*

**शृण्वन्तु स्तोमं मरुतः सुदानवोऽग्निजिह्वा ऋतावृधः।**
**पिबतु सोमं वरुणो धृतव्रतोऽश्विभ्यामुषसा सजूः॥ १४॥**

પદાર્થ : હે મનુષ્યો ! अग्निजिह्वाः-જેની અગ્નિ સમાન શબ્દ વિદ્યાથી પ્રકાશિત જિહ્વા છે, ऋतावृधः-સત્યના વર્ધક, सुदानवः-શ્રેષ્ઠ દાતા मरुतः-વિદ્વાનો ! આપ અમારી स्तोमम्-સ્તુતિ અને ન્યાય પ્રકાશને शृण्वन्तु-શ્રવણ કરો, એ જ રીતે પ્રતિજન (પ્રતિદિન) सजूः-સમાન સેવન, वरुणः-શ્રેષ્ઠ, धृतव्रतः-સત્ય વ્રતને ધારણ કરનારા સર્વ મનુષ્યજન उषसा-પ્રભાત अश्विभ्याम्-વ્યાપનશીલ સભા, સેના, શાલા, ધર્માધ્યક્ષ અધ્વર્યુઓની સાથે सोमम्-પદાર્થ વિદ્યાથી ઉત્પન્ન થયેલ આનંદરૂપી રસનું पिबतु-પાન કરો. (૧૪)

*ભાવાર્થ : (વિદ્યાસભા), ધર્મસભા અને રાજસભાના સદનો-ગૃહો દ્વારા જે આજ્ઞાઓ પ્રકાશિત કરવામાં આવે છે, તેનું સર્વ મનુષ્યોએ શ્રવણ કરીને, તદનુસાર સમ્યક્ આચરણ કરવું જોઈએ.*

*જે તે સભાઓના સભાસદો હોય, તેઓએ પણ પક્ષપાત રહિત બનીને, પ્રતિદિન સર્વેએ મળીને જેમ અવિદ્યા, અધર્મ અને અન્યાયનો નાશ થાય, તેમ પ્રયત્નો કરવા જોઈએ. (૧૪)*

સંગતિ : આ સૂક્તમાં ધર્મની પ્રાપ્તિ, દૂતત્વ સંપાદન, સર્વ વિદ્યાઓનું શ્રવણ, ઉત્તમ શ્રીની પ્રાપ્તિ, શ્રેષ્ઠોનો સંગ, સ્તુતિ અને સત્કાર, પદાર્થ વિદ્યાઓ, સભાધ્યક્ષ, દૂત અને યજ્ઞનું અનુષ્ઠાન, મિત્ર આદિનું ગ્રહણ, પરસ્પર મળીને સર્વ કાર્યોની સિદ્ધિ, ઉત્તમ વ્યવહારમાં સ્થિતિ, પરસ્પર વિદ્યા, ધર્મ, રાજસભાઓને સાંભળીને અનુષ્ઠાન-આચરણ કરવું કહેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૪)

## सूक्त-४५

त्वम॑ग्ने वसूँ॑रिह रु॒द्राँ आ॑दि॒त्याँ उ॒त।

यजा॑ स्वध्व॒रं जनं॒ मनु॑जातं घृत॒प्रुष॑म्॥ १॥

પદાર્થ : હે अग्ने-વિદ્યુત્ સમાન વિદ્યમાન વિદ્વાન્ ! આપ इह-આ સંસારમાં वसून्-જે ચોવીસ વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા પ્રાપ્ત કરેલ પંડિત, रुद्रान्-ચુમાલીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલન પૂર્વક વિદ્યા પ્રાપ્ત કરેલ મહાબળવાન વિદ્વાન અને आदित्यान्-અડતાલીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલન પૂર્વક વિદ્યા પ્રાપ્ત કરેલ મહાવિદ્વાન લોકોને उत-અને પણ घृतप्रुषम्-યજ્ઞથી સિદ્ધ કરેલ ઘૃતનું સેવન કરનાર, मनुजातम्-મનનશીલ મનુષ્યથી ઉત્પન્ન થયેલ स्वध्वरम्-ઉત્તમ યજ્ઞને સિદ્ધ કરનારા जनम्-પુરુષાર્થ મનુષ્યોનો यज-નિરંતર સંગ કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, પોતાના પુત્રોને ઓછામાં ઓછા પચીસ વર્ષની આયુ સુધી અને અધિકથી અધિક અડતાલીસ વર્ષની આયુ સુધી તથા એજ પ્રમાણે કન્યાઓને ઓછામાં ઓછા સોળ વર્ષની અને અધિકથી અધિક ચોવીસ વર્ષની વય સુધી બ્રહ્મચર્યના પાલન પૂર્વક પૂર્ણ વિદ્યાયુક્ત અને સુશિક્ષિત કરીને (અધ્યયન કરાવીને ત્યારપછી) સ્વયંવર નામક વિધિથી તેનો વિવાહ કરવો જોઈએ, જેથી સર્વ સદા સુખી રહે. (૧)*

श्रु॒ष्टी॒वानो॒ हि दा॒शुषे॑ दे॒वा अ॑ग्ने॒ विचे॑तसः।

तान्रो॑हिदश्व गिर्वण॒स्त्रय॑स्त्रिंशत॒मा व॑ह॥ २॥

પદાર્થ : હે रोहिदश्व-વેગ આદિ ગુણયુક્ત, गिर्वणः-વાણીઓથી સેવિત, अग्ने-વિદ્વાન્ ! त्वम्-આપ આ સંસારમાં જે विचेतसः-વિવિધ પ્રકારના શાસ્ત્રોક્ત જ્ઞાનયુક્ત, श्रुष्टीवानः-યથાર્થનું સેવન કરનાર, देवाः-દિવ્યગુણવાન વિદ્વાન दाशुषे-દાનશીલ પુરુષાર્થી મનુષ્યને માટે સુખ પ્રદાન કરે છે, तान्-તે त्रयस्त्रिंशतम्-ભૂમિ આદિ તેત્રીસ ગુણવાળાને हि-નિશ્ચય કરીને आवह-પ્રાપ્ત કરો. (૨)

*ભાવાર્થ : જ્યારે વિદ્વાનજન વિદ્યાર્થીઓને તેત્રીસ દેવતાઓ (પૃથિવી આદિ)ની વિદ્યાઓનો સાક્ષાત્ કરાવે છે, ત્યારે તેઓ વિદ્યુત્ આદિ પદાર્થોથી અનેક ઉત્તમ વ્યવહારોને સિદ્ધ કરી શકે છે. (૨)*

प्रि॒य॒मे॒ध॒वद॑त्रि॒वज्जात॑वेदो वि॒रू॒प॒वत्।

अ॒ङ्गि॒र॒स्वन्म॑हिव्रत॒ प्रस्क॑ण्वस्य श्रुधी॒ हव॑म्॥ ३॥

પદાર્થ : હે जातवेदः-ઉત્પન્ન પદાર્થોના જ્ઞાતા, महिव्रत-મહાનવ્રતયુક્ત વિદ્વાન્ ! આપ प्रियमेधवत्-વિદ્યા પ્રિય બુદ્ધિમાન સમાન, अत्रिवत्-ત્રણ અર્થાત્ શરીર, અન્ય પ્રાણી અને મન આદિ ઇન્દ્રિયોના દુઃખોથી રહિત સમાન, विरूपवत्-વિવિધ પ્રકારના દુઃખોથી રહિત સમાન, विरूपवत्-વિવિધ પ્રકારના

રૂપવાન સમાન, अङ्गिरस्वत्-અંગોના રસરૂપ પ્રાણ સમાન, प्रस्कण्वस्य-ઉત્તમ મેધાવી મનુષ્યના हवम्-આદાન-પ્રદાન અધ્યયન-અધ્યાપન યોગ્ય વ્યવહારનું श्रुधि-શ્રવણ કરો, (૩)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ સર્વનું પ્રિય કરનાર, શારીરિક, વાચિક અને માનસિક દોષોથી રહિત તથા અનેક વિદ્યાઓને પ્રત્યક્ષ કરેલ વિદ્વાનજન પોતાના પ્રાણ સમાન સર્વને જાણીને, મનુષ્યોના પ્રિય કાર્યોને સિદ્ધ કરે છે, તેમ તમે પણ કરો. (૩)*

**महिकेरव ऊतये प्रियमेधा अहूषत।**

**राजन्तमध्वराणामग्निं शुक्रेण शोचिषा॥ ४॥**

પદાર્થ : હે મહાવિદ્વાનો ! महिकेरवः-જેના મહાન શિલ્પવિદ્યાને સિદ્ધ કરનાર શિલ્પી હોય એવા प्रियमेधाः-સત્યવિદ્યા અને વિદ્યાથી પ્રાપ્ત કરાવનારી મેધાબુદ્ધિયુક્ત આપ अध्वराणाम्-પાલનીય વ્યવહાર-આચરણરૂપ કર્મોની ऊतये-રક્ષાદિ માટે शुक्रेण શુદ્ધ, શીઘ્રકારક शोचिषा-તેજથી राजन्तम्-પ્રકાશમાન अग्निम्-પ્રસિદ્ધ અગ્નિ અને વિદ્યુત્ રૂપ અગ્નિની સમાન સભાપતિને अहूषत-ઉપદેશ કરો અને તેથી શ્રવણ કરો. (૪)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય ધાર્મિક વિદ્વાનોના સંગ વિના પરમ ઉત્તમ વ્યવહારોની સિદ્ધિ કરી શકતા નથી, તેથી સર્વએ તેના સંગથી સમસ્ત વિદ્યાઓને સાક્ષાત્ કરવી જોઈએ. (૪)*

**घृताहवन सन्त्येमा उ षु श्रुधी गिरः।**

**याभिः कण्वस्य सूनवो हवन्तेऽवसे त्वा॥ ५॥**

પદાર્થ : હે सन्त्य-સુખોની ક્રિયાઓમાં કુશળ, घृताहवन-ઘૃતને સારી રીતે ગ્રહણ કરનાર વિદ્વાન ! જેમ कण्वस्य-મેધાવી વિદ્વાનના सूनवः-પુત્ર, વિદ્યાર્થી अवसे-રક્ષાદિ માટે याभिः-જે વેદવાણીઓથી જે त्वा-તને हवन्ते-ગ્રહણ કરે છે, તે આપ उ-પણ તેનાથી તેની इमा-એ પ્રત્યક્ષકારક गिरः-વાણીઓને सुश्रुधि-સારી રીતે શ્રવણ કરો અને ગ્રહણ કરો. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો આ સંસારમાં વિદુષી માતા, વિદ્વાન પિતા અને અનુમાન (= ચારેય વેદોના જ્ઞાતા) આચાર્ય દ્વારા શિક્ષા અને વિદ્યા ગ્રહણ કરીને, પરમાર્થ અને વ્યવહારને સિદ્ધ કરીને, વિજ્ઞાન અને શિલ્પની સિદ્ધિ કરવામાં પ્રવૃત્ત થાય છે, તેઓ સમસ્ત સુખોને પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. (૫)*

**त्वां चित्रश्रवस्तम हवन्ते विक्षु जन्तवः।**

**शोचिष्केशं पुरुप्रियाग्ने हव्याय वोढवे॥ ६॥**

પદાર્થ : चित्रश्रवस्तम-અત્યંત અદ્‌ભુત અને શ્રવણોથી વ્યુત્પન્ન, पुरुप्रिय-અનેકોને તૃપ્તિ કરનાર, अग्ने-વિદ્યુત્ સમાન વિદ્યાઓમાં વ્યાપક વિદ્વાન ! જે जन्तवः-પ્રાણીઓ-મનુષ્યો विक्षु-પ્રજાઓમાં वोढवे-

વિદ્યા પ્રાપ્તિ કરાવનાર हव्याय-કરવા યોગ્ય પઠન-પાઠનરૂપ યજ્ઞને માટે જે शोचिष्केशम्-જેનું આચરણ પવિત્ર છે, તે त्वाम्-આપને हवन्ते-ગ્રહણ કરે છે, તે આપ તેને વિદ્યા અને શિક્ષા પ્રદાન કરીને શીઘ્ર વિદ્વાન અને શીલયુક્ત કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ, અનેક ગુણોયુક્ત અગ્નિની સમાન વિદ્વાનને પ્રાપ્ત કરીને વિદ્યાઓને ગ્રહણ કરવી જોઈએ. (૬)*

नि त्वा होतारमृत्विजं दधिरे वसुवित्तमम्।
श्रुत्कर्णं सप्रथस्तमं विप्रा अग्ने दिविष्टिषु॥७॥

પદાર્થ : હે अग्ने-બહુશ્રુત સજ્જન-સત્યપુરુષ ! विप्राः-મેધાવી વિદ્વાન જન दिविष्टिषु-પવિત્ર અધ્યયન-અધ્યાપન રૂપ ક્રિયાઓમાં અગ્નિ સમાન જે होतारम्-ગ્રહણ કારક, ऋत्विजम्-ઋતુઓની સંગત કરનાર, श्रुत्कर्णम्-સમસ્ત વિદ્યાઓનું શ્રવણ કરનાર, सप्रथस्तमम्-અત્યંત વિદ્યા વિસ્તાર સાથે વર્તનાર, वसुवित्तमम्-પદાર્થોને સમ્યક જાણનાર त्वा-તને निदधिरे-ધારણ કરે છે, તું પણ તેને ધારણ કર. (૭)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્યા પ્રચાર આદિ ઉત્તમ કાર્યોની સિદ્ધિ-પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે, ચક્રવર્તી રાજ્યની સંપત્તિ અને વિદ્યારૂપી ધનને સિદ્ધ કરવામાં સમર્થ બને છે, તેઓ શોકને પ્રાપ્ત થતાં નથી. (૭)*

आ त्वा विप्रा अचुच्यवुः सुतसोमा अभि प्रयः।
बृहद्भा बिभ्रतो हविरग्ने मर्त्ताय दाशुषे॥८॥

પદાર્થ : હે अग्ने-વિદ્યુત્ સમાન વિદ્યમાન વિદ્વાન્ ! જે તુ જેમ ક્રિયાઓમાં કુશળ दाशुषे-દાતા માટે प्रयः-અન્ન बृहत्-મહાન સુખકારક हविः-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થ અને भाः-જે પ્રકાશકારક ક્રિયાઓને विभ्रतः-ધારણ કરતા सुतसोमाः-ઐશ્વર્યયુક્ત विप्राः-વિદ્વાનો त्वा-તને अभ्यचुच्यवुः-સર્વ પ્રકારથી પ્રાપ્ત થાય, તેમ તું પણ તેને પ્રાપ્ત થા. (૮)

*ભાવાર્થ : વિદ્વાનજનો, જેથી મનુષ્યોને ઉત્તમ સુખ થાય તેને વિશેષ વિદ્યા અને પરીક્ષા દ્વારા પ્રત્યક્ષ કરીને ક્રમપૂર્વક સર્વને ગ્રહણ કરાવે, જેથી તેના સર્વ કાર્યો સિદ્ધ થાય. (૮)*

प्रातर्याव्णः सहस्कृत सोमपेयाय सन्त्य।
इहाद्य दैव्यं जनं बर्हिरा सादया वसो॥९॥

પદાર્થ : હે सहस्कृत-સર્વને સિદ્ધ કરનાર, सन्त्य-જે સંભજનીય ક્રિયાઓમાં કુશળ વિદ્વાનોમાં

સજ્જન્ वसो-શ્રેષ્ઠ ગુણોમાં વસનાર વિદ્વાન્ ! તું इह-એ વિદ્યા વ્યવહારમાં अद्य-આજ सोमपेयाय-સોમરસના પાન માટે प्रातर्याव्णः-પ્રાતઃકાળ પુરુષાર્થને પ્રાપ્ત થનાર વિદ્વાનો અને दैव्यम्-વિદ્વાનોમાં કુશળ जनम्-પુરુષાર્થયુક્ત ધાર્મિક મનુષ્ય અને बर्हिः-ઉત્તમ આસનને आसादय-પ્રાપ્ત કર. (૯)

*ભાવાર્થ : જે લોકો ઉત્તમ મનુષ્યોને જ ઉત્તમ વસ્તુઓ પ્રદાન કરે છે, તે પ્રકારના મનુષ્યોનો સંગ સર્વેએ કરવો જોઈએ. કોઈ પણ મનુષ્ય વિદ્યાવાન અને પુરુષાર્થી લોકોના સંગ અને ઉપદેશ વિના દિવ્ય સુખને પ્રાપ્ત કરી શકતા નથી. (૯)*

अर्वाञ्चं दैव्यं जनमग्ने यक्ष्व सहूतिभिः।

अयं सोमः सुदानवस्तं पात तिरोअह्न्यम्॥ १०॥

પદાર્થ : હે सुदानवः-ઉત્તમ દાનશીલ વિદ્વાનો ! આપ सहूतिभिः-સમાન આહ્વાનયુક્ત ક્રિયાઓથી अर्वाञ्चम्-વેગ આદિ ગુણવાળા ઘોડાને પ્રાપ્ત કરનાર અને કરાવનાર, दैव्यम्-દિવ્ય ગુણોમાં પ્રવૃત્ત, तिरोअह्न्यम्-ચોર આદિ તિરસ્કાર કરનારા દિવસોમાં પ્રસિદ્ધ, जनम्-પુરુષાર્થમાં પ્રકટ થયેલ મનુષ્યની पात-રક્ષા કરો; અને જેમ अयम्-જે सोमः-પદાર્થોનો સમૂહ સર્વના સત્કાર માટે છે તથા (अग्ने-વિદ્વાન) तम्-તેને તું પણ यक्ष्व-સત્કારમાં સંયુક્ત કર. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે, કે સદા સજ્જનોને બોલાવીને તથા તેમનો સત્કાર કરીને સર્વ પદાર્થોનું વિશેષ જ્ઞાન, તેનું શોધન અને તેનો ઉપકાર લેવાનું કાર્ય કરવું જોઈએ તથા ઉત્તરોત્તર (અધિકાધિક) તેને જાણીને તે વિદ્યાનો પ્રચાર પણ કરવો જોઈએ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં વસુ, રુદ્ર અને આદિત્યોની ગતિ તથા પ્રમાણ આદિનું પ્રતિપાદન કરેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૫)

## સૂક્ત-૪૬

एषो उषा अपूर्व्या व्युच्छति प्रिया दिवः। स्तुषे वामश्विना बृहत्॥ १॥

પદાર્થ : હે વિદુષિ ! જે તું જેમ एषो-એ अपूर्व्या-ન પૂર્વેકૃતા दिवः-સૂર્ય પ્રકાશથી ઉત્પન્ન થયેલી, प्रिया-સર્વની પ્રીતિવર્ધક, उषाः-દાહનિમિત્તશીલા ઊષા અર્થાત્ પ્રભાતવેળા, बृहत्-મહાન દિવસને પ્રકાશિત કરે છે, તેમ મને व्युच्छसि-આનંદિત કરે છે; અને જેમ તે अश्विना (अश्विना-नौ) સૂર્ય અને ચંદ્રમાની સમાન અધ્યયન અને ઉપદેશ કરનારી સ્ત્રીઓના स्तुषे-ગુણોનો પ્રકાશ કરે છે; તેમ હું પણ તને સુખોમાં વાસ કરાવું અને તારી પ્રશંસા પણ કરું. (૧)

*ભાવાર્થ : જે સ્ત્રીઓ સૂર્ય, ચંદ્રમા અને ઉષાની સમાન સર્વ પ્રાણીઓને સુખ પ્રદાન કરે છે, તે જ (સ્ત્રીઓ) આનંદ પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. (૧)*

या दस्रा सिन्धुमातरा मनोतरा रयीणाम्। धिया देवा वसुविदा॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે या-જે दस्रा-દુઃખોના નાશક, सिन्धुमातरा-સમુદ્ર અને નદીઓના પ્રમાણ-કારક, मनोतरा-મનની સમાન પાર કરનારા, धिया-કર્મથી रयीणाम्-ધનના देवा-દાતા, वसुविदा-પુષ્કળ ધનને પ્રાપ્ત કરાવનાર અગ્નિ અને જળની સમાન વર્તમાન અધ્યાપક અને ઉપદેશક છે, તેની સેવા કરો. (૨)

*ભાવાર્થ : જેમ શિલ્પી = કારીગર દ્વારા ઉચિત પ્રકારથી સમ્યક્ પ્રયોગ કરવામાં આવેલ અગ્નિ અને જળ, યાનો = વાહનોને મનના વેગની સમાન ગતિ કરનાર-ચાલનાર તથા પુષ્કળ ધન પ્રાપ્ત કરાવનાર છે, તેમ અધ્યાપક અને ઉપદેશક હોવા જોઈએ. (૨)*

वच्यन्ते वां ककुहासो जूर्णायामधि विष्टपि। यद्वां रथो विभिष्पतात्॥ ३॥

પદાર્થ : હે શિલ્પીઓ ! જે जूर्णायां-વૃદ્ધાવસ્થામાં વિદ્યમાન ककुहासः-મહાન વિદ્વાન वाम्-તમે શિલ્પ વિદ્યા ભણવા-ભણાવનારાઓને વિદ્યાઓનો वच्यन्ते-ઉપદેશ કરો, તો वाम्-આપના રચેલા रथः-વિમાનાદિ વાહનો विभिः-પક્ષીઓની સમાન विष्टपि-અન્તરિક્ષમાં अधि-ઉપર पतात्-ચાલે-ઊડે. (૩)

*ભાવાર્થ : જો મનુષ્યો શ્રેષ્ઠ વિદ્વાનની પાસે શિલ્પ અને શિક્ષાને ગ્રહણ કરીને વિમાન આદિ યાનોની રચના કરે, તો પક્ષીની સમાન આકાશમાં ગમન-આગમનમાં સમર્થ બની શકે છે. (૩)*

हविषा जारो अपां पिपर्त्ति पपुरिर्नरा। पिता कुटस्य चर्षणिः॥ ४॥

પદાર્થ : હે नरा-નીતિ શીખવનાર, ભણાવનાર અને ઉપદેશ કરનારાઓ-અર્થાત્ અધ્યાપકો અને ઉપદેશકો ! તમે જેમ जारः-વિભાગકર્તા, पपुरिः-સમ્યક્ પૂર્તિકર્તા, पिता-પાલક, कुटस्य-કુટિલ માર્ગનો चर्षणिः-દર્શક સૂર્ય हविषा-આહુતિથી વધીને अपाम्-જળના યોગથી पिपर्त्ति-પૂર્ણ કરીને પ્રજાઓનું પાલન કરે છે, તેમ પ્રજાનું પાલન કરો. (૪)

*ભાવાર્થ : જેમ સૂર્ય વર્ષા આદિ દ્વારા પ્રાણીઓ તથા અપ્રાણીઓને પુષ્ટ કરે છે, તેમ મનુષ્યોએ સર્વને પુષ્ટ કરવા જોઈએ. (૪)*

आदारो वां मतीनां नासत्या मतवचसा। पातं सोमस्य धृष्णुया॥ ५॥

પદાર્થ : હે नासत्या-પવિત્ર ગુણ-સ્વભાવયુક્ત मतवचसा-જ્ઞાનથી બોલનાર સભાપતિ અને સેનાપતિ ! તમે જે वाम्-તમારો आदारः-સર્વ પ્રકારથી શત્રુઓને વિદારણ કરવાનો ગુણ છે, તે અને धृष्णुया-પ્રગલ્ભતાથી सोमस्य-ઐશ્વર્ય અને मतीनाम्-મનુષ્યોની पातम्-રક્ષા કરો. (૫)

*ભાવાર્થ : રાજપુરુષો દૃઢ-બળયુક્ત સેનાથી શત્રુઓને જીતીને પોતાનું અને પ્રજાઓનું ઐશ્વર્ય નિત્ય વૃદ્ધિ કરે. (૫)*

या नः पीपरदश्विना ज्योतिष्मती तमस्तिरः। तामस्मे रासाथामिषम्॥ ६॥

પદાર્થ : હે अश्विना-સભા અને સેના અધ્યક્ષો ! જેમ સૂર્ય અને ચંદ્રમાની ज्योतिष्मती-ઉત્તમ

પ્રકાશયુક્ત કાન્તિ तमः-રાત્રિનું નિવારણ કરીને પ્રભાત અને શુક્લપક્ષથી સર્વનું પોષણ કરે છે, તેમ अस्मे-અમારી અવિદ્યાનું નિવારણ અને વિદ્યાનો પ્રકાશ કરીને नः-અમને (ताम्-તે) इषम्-અન્ન આદિને रासाथाम्-પ્રદાન કરો. (૬)

*ભાવાર્થ : જેમ સૂર્ય અને ચંદ્રમા અંધકારને દૂર કરીને પ્રાણીઓને સુખી કરે છે, તેમ સભાપતિ અને સેનાપતિ અન્યાયને દૂર કરીને પ્રજાઓને સુખી કરે. (૬)*

**आ नो नावा मतीनां यातं पाराय गन्तवे। युञ्जाथामश्विना रथम्॥७॥**

પદાર્થ : હે अश्विना-વ્યવહાર કરનાર શિલ્પીઓ ! આપ मतीनाम्-મનુષ્યોને नावा-નૌકા દ્વારા पाराय-પાર गन्तवे-જવા માટે नः-અમારા માટે (आयातम्-પ્રાપ્ત થાઓ અને) रथम्-વિમાન આદિ યાન સમૂહને युञ्जाथाम्-યુક્ત કરીને ચલાવો. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ, રથથી ભૂમિ પર, નૌકાથી સમુદ્રમાં અને વિમાનથી આકાશમાં ગમનાગમન કરવું જોઈએ. (૭)*

**अरित्रं वां दिवस्पृथु तीर्थे सिन्धूनां रथः। धिया युयुज्र इन्दवः॥८॥**

પદાર્થ : હે શિલ્પીઓ ! જે वाम्-આપના (पृथु-વિસ્તૃત) रथः-યાન સમૂહ વિવિધ વાહનો છે, તેને सिन्धूनाम्-સમુદ્રમાં तीर्थे-તરાવવામાં अरित्रम्-વાહન રોકવામાં તથા ઊંડા જળમાં સ્થિર રાખવા માટે લોખંડના સાધનો दिवः-પ્રકાશમાન વિદ્યુત્, અગ્નિ આદિ અને इन्दवः-જળ આદિને (धिया-ક્રિયાથી) युयुज्रे-યુક્ત કરો. (૮)

*ભાવાર્થ : નિશ્ચય જ કોઈ પણ મનુષ્ય અગ્નિ, જળ આદિ દ્વારા સંચાલિત યાનના વિના ભૂમિ, સમુદ્ર અને આકાશમાં સુખપૂર્વક ગમન કરી શકતો નથી. (૮)*

**दिवस्कण्वास इन्दवो वसु सिन्धूनां पदे। स्वं वव्रिं कुह धित्सथः॥९॥**

પદાર્થ : હે कण्वासः-મેધાવી વિદ્વાનો ! તમે એ શિલ્પીઓ = કારીગરોને પૂછો, કે તમે सिन्धूनाम्-સમુદ્રોના पदे-માર્ગમાં જે दिवः-પ્રકાશમાન અગ્નિ અને इन्दवः-જળ આદિ છે, તેને તથા स्वम्-પોતાના वव्रिम्-સુંદર રૂપ યુક્ત वसु-ધનને कुह-ક્યાં धित्सथः-ધારણ કરવાની અર્થાત્ રાખવાની ઈચ્છા કરો છો. (૯)

*ભાવાર્થ : જો મનુષ્યો વિદ્વાનોની શિક્ષા અનુસાર અગ્નિ-જળ આદિના પ્રયોગથી યુક્ત યાનોમાં બેસીને રાજ્યકાર્ય અને વ્યાપારની સિદ્ધિ માટે સમુદ્ર પાર જાય, તો તે પુષ્કળ રૂપ અને ધનને પ્રાપ્ત કરે. (૯)*

**अभूदु भा उ अंशवे हिरण्यं प्रति सूर्यः। व्यख्यज्जिह्वयाऽसितः॥१०॥**

પદાર્થ : હે શિલ્પીઓ ! તમે જેમ असितः-અબદ્ધ = બંધન રહિત भाः-પ્રકાશયુક્ત सूर्यः-સૂર્યના अंशवे-કિરણોના વિભાગ માટે जिह्वया-જીભની સમાન व्यख्यत्-પ્રસિદ્ધતાથી પ્રકાશમાન સન્મુખ अभूत्-થાય છે, તેમ તેના પર યાનનું સ્થાપન કરીને તેમાં ઉચિત સ્થાન પર हिरण्यम् સુવર્ણ આદિ ઉત્તમ પદાર્થોને રાખો.-ગોઠવો. (૧૦)

*ભાવાર્થ : હે યાનોથી યાત્રા કરનાર જનો ! તમે લોકો ધ્રુવ તારા, (દિશા સૂચક) યંત્ર અને સૂર્ય આદિના માધ્યમથી દિશાઓને જાણીને યાનોને ચલાવો અને ઊભા રાખો-થોભાવો. જેથી ભ્રમથી તમારું અન્ય સ્થાન પર ગમન થાય નહિ. (૧૦)*

अभूदु पारमेतवे पन्था ऋतस्य साधुया। अदर्शि वि स्रुतिर्दिवः॥ ११ ॥

પદાર્થ : મનુષ્યોએ સમુદ્રાદિને पारम्-પાર एतवे-જવા માટે જ્યાં दिवः-પ્રકાશમાન સૂર્ય અને ऋतस्य-જળના विस्रुतिः-અનેક પ્રકારના ગમન માટે पन्था-માર્ગો अभूत्-હોય, ત્યાં સ્થિર થઈને साधुया-ઉત્તમ વાહનથી (યાત્રા કરીને) સુખપૂર્વક દેશ-દેશાન્તરને अदर्शि-નિહાળે તો શ્રીમંત કેમ ન બને ? (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, ગમનાગમન માટે સરળ, શુદ્ધ માર્ગોનું નિર્માણ કરીને તથા તેમાં વિમાન આદિ યાનોથી સારી રીતે યાત્રા કરીને અનેક પ્રકારના સુખોને પ્રાપ્ત કરવા જોઈએ. (૧૧)*

तत्तदिदश्विनोरवो जरिता प्रति भूषति। मदे सोमस्य पिप्रतोः॥ १२ ॥

પદાર્થ : જે जरिता-સ્તુતિ કરનાર વિદ્વાન पिप्रतोः-પૂરણ કરનારા अश्विनोः-સભાપતિ અને સેનાપતિથી सोमस्य-ઉત્પન્ન જગતના મધ્યે मदे-આનંદયુક્ત વ્યવહારમાં अवः-રક્ષા આદિને प्रतिभूषति-અલંકૃત કરે છે, तत्तत्-તે-તે સુખોને ( इत्-જ) પ્રાપ્ત કરે છે. (૧૨)

*ભાવાર્થ : કોઈપણ (મનુષ્ય) વિદ્વાનો દ્વારા શિક્ષા અને ક્રિયાને ગ્રહણ કર્યા વિના સર્વ સુખોને પ્રાપ્ત કરી શકતા નથી, તેથી તેની શોધ નિત્ય કરવી જોઈએ. (૧૨)*

वावसाना विवस्वति सोमस्य पीत्या गिरा। मनुष्वच्छंभू आ गतम्॥ १३ ॥

પદાર્થ : वावसाना-અત્યંત સુખમાં વસાવનાર, शम्भू-સુખોને ઉત્પન્ન કરનાર, ભણાવનાર અને સત્યનો ઉપદેશ કરનાર આપ विवस्वति-સૂર્યના પ્રકાશમાં सोमस्य-ઉત્પન્ન જગતના મધ્યમાં पीत्या-રક્ષા રૂપી ક્રિયા અને गिरा-વાણીથી અમને मनुष्वत्-રક્ષક મનુષ્યોની સમાન आ-गतम्-સર્વ પ્રકારથી પ્રાપ્ત થાઓ. (૧૩)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ પરોપકારીજન પ્રાણીઓને માટે નિવાસ, વિદ્યા અને પ્રકાશનાં દાનથી સુખ ઉત્પન્ન કરે છે, એજ રીતે તમે પણ સર્વના માટે પુષ્કળ સુખ ઉત્પન્ન કરો. (૧૩)*

युवोरुषा अनु श्रियं परिज्मनोरुपाचरत्। ऋता वनथो अक्तुभिः॥ १४॥

પદાર્થ : હે ऋता-ઉચિતગુણ, સુંદર સ્વરૂપયુક્ત સભા અને સેનાપતિ ! જેમ उषाः-પ્રભાત વેળા अक्तुभिः-રાતોની સાથે उपाचरत्-પ્રાપ્ત થાય છે, તેમ જે परिज्मनोः-સર્વત્ર ગમનકારક, પદાર્થોના પ્રકાશક સૂર્ય અને ચંદ્રમાની સમાન વિદ્યમાન युवोः-આપનો ન્યાય અને રક્ષા અમને પ્રાપ્ત થાય. આપ श्रियम्-

ઉત્તમ લક્ષ્મીનું अनुवनथः-અનુકૂળતાપૂર્વક સેવન કરો. (૧૪)

*ભાવાર્થ : રાજા આદિ અને પ્રજાજનો પરસ્પર પ્રીતિ કરીને તથા મહાન ઐશ્વર્યને પ્રાપ્ત કરીને, સદા સર્વનો ઉપકાર કરવાનો પ્રયત્ન કરે. (૧૪)*

उभा पिबतमश्विनोभा नः शर्म यच्छतम्। अविद्रियाभिरूतिभिः॥ १५॥

પદાર્થ : હે સભા અને સેનાના ઈશ ! अश्विना-સંપૂર્ણ વિદ્યા અને સુખને વ્યાપ્ત થનાર ! તમે બન્ને અમૃતરૂપ ઔષધિઓના રસનું पिबतम्-પાન કરો; અને उभा-બન્ને अविद्रियाभिः-અખંડિત ક્રિયાયુક્ત ऊतिभिः-રક્ષાઓ દ્વારા नः-અમને शर्म-સુખ यच्छतम्-આપો-પ્રદાન કરો. (૧૫)

*ભાવાર્થ : જો સભાપતિ અને સેનાપતિ આદિ રાજપુરુષો પ્રેમ અને વિનયપૂર્વક પ્રજાઓનું પાલન કરે, તો પ્રજાજન પણ એ રીતે તેઓની રક્ષા કરે. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં ઊષા અને અશ્વિઓનું પ્રત્યક્ષાર્થ વર્ણન કરેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૬)

## સૂક્ત-૪૭

अयं वां मधुमत्तमः सुतः सोम ऋतावृधा।
तमश्विना पिबतं तिरोअह्न्यं धत्तं रत्नानि दाशुषे॥ १॥

પદાર્થ : હે ऋतावृधा-જળ અને યથાર્થ શિલ્પક્રિયા કરીને વૃદ્ધિ કરનાર ! अश्विना-સૂર્ય અને વાયુની સમાન સભા અને સેનાના ઈશ ! वाम्-જે अयम्-એ मधुमत्तमः-અત્યંત મધુરાદિ ગુણયુક્ત सोमः-યાન વ્યાપાર અને વૈદ્યક શિલ્પ ક્રિયાથી અમે सुतः-સિદ્ધ કરેલ છે; तम्-તે तिरो अह्न्यम्-તિરસ્કૃત દિવસમાં ઉત્પન્ન થયેલ રસનું તમે पिबतम्-પાન કરો; અને વિદ્યાદાન કરનાર વિદ્વાનને માટે रत्नानि-સુવર્ણ આદિ અને યાન આદિને धत्तम्-ધારણ કરો. (૧)

*ભાવાર્થ : સભાપતિ આદિ સદા ઔષધિઓના સારભાગ-રસનું સેવન કરીને, બળવાન બનીને, પ્રજાની સંપત્તિઓની વૃદ્ધિ કરે. (૧)*

त्रिबन्धुरेण त्रिवृता सुपेशसा रथेनायातमश्विना।
कण्वासो वां ब्रह्म कृण्वन्त्यध्वरे तेषां सुशृणुतं हवम्॥ २॥

પદાર્થ : अश्विना-અગ્નિ અને જળની સમાન સભાના અને સેનાના ઈશ ! તમે જેમ कण्वासः-મેધાવીજન अध्वरे-અગ્નિહોત્રાદિ અને શિલ્પક્રિયાથી સિદ્ધ યજ્ઞમાં જે त्रिबन्धुरेण-ત્રણ બંધનયુક્ત त्रिवृता-ત્રણ શિલ્પક્રિયાના પ્રકારોથી પૂરિત सुपेशसा-ઉત્તમ રૂપ અથવા સુવર્ણ જડેલ रथेन-વિમાન આદિ યાન દ્વારા દેશ-દેશાન્તરોમાં શીઘ્ર ગમનાગમન કરીને ब्रह्म-અન્નાદિ પદાર્થોને कृण्वन्ति-કરે છે, તેમ તેના

દ્વારા દેશ-દેશાન્તરો અને દ્વીપ-દ્વીપાન્તરોમાં आयातम्-ગમનાગમન કરો, तेषाम्-તે બુદ્ધિમાનોના हवम्-ગ્રહણ કરવા યોગ્ય વિદ્યાઓના ઉપદેશને श्रृणुतम्-શ્રવણ કરો અને અન્નાદિની સમૃદ્ધિની વૃદ્ધિ કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, વિદ્વાનોથી પદાર્થ-વિજ્ઞાનપૂર્વક યજ્ઞમય શિલ્પની હસ્તક્રિયાને પ્રત્યક્ષ કરીને વ્યવહાર કાર્યોને સિદ્ધ કરવા જોઈએ. (૨)*

**अश्विना मधुमत्तमं पातं सोममृतावृधा।**
**अथाद्य दस्रा वसु बिभ्रता रथे दाश्वांसमुपगच्छतम्॥ ३ ॥**

પદાર્થ : હે अश्विना-સૂર્ય અને વાયુની સમાન કર્મ અને दस्रा-દુઃખોને દૂર કરનાર ! वसु-સર્વોત્કૃષ્ટ ધનને बिभ्रता-ધારણ કરનાર તથા ऋतावृधा-યથાર્થ ગુણ સંયુક્ત પ્રાપ્તિ સાધનથી વૃદ્ધિ પામેલ સભાના અને સેનાના પતિ ! આપ अद्य-આજ વિદ્યમાન દિવસમાં मधुमत्तमम्-અત્યંત મધુરાદિ ગુણોથી યુક્ત सोमम्-વીરરસની पातम्-રક્ષા કરો, अथ-તત્પશ્ચાત્ પૂર્વોક્ત रथे-વિમાનાદિ યાનમાં બેસીને दाश्वांसम्-દાતા પુરુષની उपगच्छतम्-સમીપ પ્રાપ્ત થાઓ. (૩)

*ભાવાર્થ : જેમ વાયુથી સૂર્ય અને ચંદ્રમાની પુષ્ટિ અને અંધકારનો નાશ થાય છે, તેમ જ સભાપતિ અને સેનાપતિ દ્વારા પ્રજાઓનાં દુઃખોનો નાશ અને ધનની વૃદ્ધિ થાય છે. (૩)*

**त्रिषधस्थे बर्हिषि विश्ववेदसा मध्वा यज्ञं मिमिक्षतम्।**
**कण्वासो वां सुतसोमा अभिद्यवो युवां हवन्ते अश्विना॥ ४॥**

પદાર્થ : હે विश्ववेदसा-સમસ્ત ધન પ્રાપ્ત કરનાર अश्विना-ક્ષત્રિય ધર્મમાં સ્થિત સભાના અને સેનાઓના રક્ષક ! આપ જેમ अभिद्यवः-સર્વ પ્રકારની વિદ્યાઓના પ્રકાશક અને વિદ્યુત્ આદિ પદાર્થોના સાધક, सुतसोमा-ઉત્પન્ન પદાર્થોને ગ્રહણ કરનાર, कण्वासः-મેધાવી વિદ્વાનો त्रिसधस्थे-ત્રણ-ભૂમિ, જળ અને વાયુની સ્થિતિ માટે, बर्हिषि-અન્તરિક્ષમાં, मध्वा-મધુરરસથી वाम्-આપ અને यज्ञम्-શિલ્પ કર્મને हवन्ते-ગ્રહણ કરે છે, તેમ मिमिक्षतम्-સિદ્ધ કરવાની ઇચ્છા કરો. (૪)

*ભાવાર્થ : જેમ મનુષ્યો વિદ્વાનોથી વિદ્યા ગ્રહણ કરીને, યાનોની રચના કરીને શીઘ્ર ગમન કરી શકે છે, તેમ અન્ય ઉપાયથી નહિ. (તેથી એમાં અવશ્ય પરિશ્રમ કરવો જોઈએ) (૪)*

**याभिः कण्वमभिष्टिभिः प्रावतं युवमश्विना।**
**ताभिः ष्व१स्माँ अवतं शुभस्पती पातं सोममृतावृधा॥ ५ ॥**

પદાર્થ : હે ऋतावृधा-સત્ય અનુષ્ઠાન-આચરણથી વર્ધમાન शुभस्पती-કલ્યાણકારક કર્મ અને શ્રેષ્ઠ ગુણ સમૂહના પાલક ! अश्विना-સૂર્ય અને ચંદ્રમાના ગુણયુક્ત સભાના સેનાધ્યક્ષ ! युवम्-આપ બન્ને याभिः-જે अभिष्टिभिः-ઇચ્છાઓથી सोमम्-પોતાના ઐશ્વર્ય અને कण्वम्-મેધાવી વિદ્વાનની पातम्-

રક્ષા કરો, તેનાથી अस्मान्-અમારી सु-સારી રીતે आवतम्-રક્ષા કરો અને જેનાથી અમારી રક્ષા કરો, તેનાથી સર્વ પ્રાણીઓની आवतम्-રક્ષા કરો. (૫)

*ભાવાર્થ : જેમ સભાપતિ અને સેનાપતિ વગેરે રાજપુરુષો પોતાના ઐશ્વર્યની રક્ષા કરે, તેમ પ્રજા અને સેનાઓની નિરંતર રક્ષા કરે. (૫)*

**सुदासे दस्रा वसु बिभ्रता रथे पृक्षो वहतमश्विना।**
**रयिं समुद्रादुत वा दिवस्पर्यस्मे धत्तं पुरुस्पृहम्॥ ६॥**

પદાર્થ : હે दस्रा-શત્રુનાશક वसु-વિદ્યાદિ ધન સમૂહને विभ्रता-ધારણ કરીને अश्विना-વાયુ અને વિદ્યુત્ સમાન પૂર્ણ ઐશ્વર્યયુક્ત ! આપ જેમ सुदासे-ઉત્તમ દાસ-સેવકયુક્ત रथे-વિમાનાદિ યાનમાં समुद्रात्-સમુદ્ર અને સૂર્યથી उत-અને दिवः-પ્રકાશયુક્ત આકાશથી પાર पृक्षः-સુખ પ્રાપ્તિનું કારણ पुरुस्पृहम्-જે પુષ્કળની ઈચ્છાવાળા હોય, તે रयिम्-રાજ્ય લક્ષ્મીને ધારણ કરે, તેમ अस्मे-અમારા માટે परिधत्तम्-ધારણ કરો. (૬)

*ભાવાર્થ : સભાપતિ આદિ રાજપુરુષોએ સેના અને પ્રજાને માટે અનેક પ્રકારના ધન અને સમુદ્ર આદિની પાર જવા માટે વિમાન આદિ યાન બનાવીને સુખની વૃદ્ધિ કરવી જોઈએ. (૬)*

**यन्नासत्या परावति यद्वा स्थो अधि तुर्वशे।**
**अतो रथेन सुवृता न आ गतं साकं सूर्यस्य रश्मिभिः॥ ७॥**

પદાર્થ : હે नासत्या-સત્ય ગુણ-કર્મ-સ્વભાવયુક્ત સભાધ્યક્ષ અને સેનાપતિ ! આપ यत्-જે सुवृता-ઉત્તમ અંગોથી પરિપૂર્ણ रथेन-વિમાન આદિ યાનથી यत्-જે કારણે परावति-દૂર દેશમાં ગમન કરવા તથા तुर्वशे-વેદ અને શિલ્પ વિદ્યાના જ્ઞાતા વિદ્વાનજનની अधिष्ठः-ઉપર સ્થિત થાઓ છો, अतः-એથી सूर्यस्य-સૂર્યનાં रश्मिभिः-કિરણોના साकम्-સાથે नः-અમને आगतम्-સર્વ પ્રકારથી પ્રાપ્ત થાઓ.

*ભાવાર્થ : રાજા અને સભાપતિ આદિ, જે યાનથી આકાશ માર્ગ દ્વારા બીજા દેશમાં જઈ શકે, તે યાનનું લોકો પ્રયત્નપૂર્વક નિર્માણ કરે. (૭)*

**अर्वाञ्चा वां सप्तयोऽध्वरश्रियो वहन्तु सवनेदुप।**
**इषं पृञ्चन्ता सुकृते सुदानव आ बर्हिः सीदतं नरा॥ ८॥**

પદાર્થ : अर्वाञ्चा-ઘોડા સમાન વેગવાન पृञ्चन्ता-સુખકારક नरा-સભા પતિ અને સેનાપતિ ! આપ જે वाम्-તમારા सप्तयः-વરાળ આદિ અશ્વયુક્ત सुकृते-સુંદર કર્મ કરનાર, सुदानवे-ઉત્તમ દાતા મનુષ્યને માટે इषम्-ધર્મની ઈચ્છા અને ઉત્તમ અન્ન આદિ बर्हिः-આકાશ અને શ્રેષ્ઠ પદાર્થ सवना-યજ્ઞની સિદ્ધિની ક્રિયા अध्वरश्रियः-તથા પાલનીય ચક્રવર્તી રાજ્યની શ્રીલક્ષ્મીઓને आवहन्तु-પ્રાપ્ત કરાવે, તે

પુરુષોનો उपसीदतम्-સંગ સદા કરો. (૮)

*ભાવાર્થ : રાજા લોકો તથા પ્રજાજન પરસ્પર ઉત્તમ પદાર્થોને સમર્પિત કરીને સુખી બને. (૮)*

तेन॑ नास॒त्याग॑तं॒ रथे॑न॒ सूर्य॑त्वचा।

येन॒ शश्व॑दूहथु॑र्दा॒शुषे॒ वसु॒ मध्व॒ः सोम॑स्य पी॒तये॑॥ ९ ॥

પદાર્થ : હે नासत्या-સત્યાચરણ સ્વરૂપ સભાપતિ અને સેનાપતિ ! આપ येन-જે सूर्यत्वचा-સૂર્યનાં કિરણોની સમાન તેજસ્વી रथेन-ગમન કરાવનાર વિમાન આદિ યાનથી आगतम्-સારી રીતે આગમન કરો, तेन-તેથી दाशुषे-દાનશીલ મનુષ્ય માટે मध्वः-મધુર ગુણયુક્ત सोमस्य-પદાર્થ સમૂહના पीतये-પાન અને ભોગ માટે वसु-કાર્યરૂપી દ્રવ્યને ऊहथुः-પ્રાપ્ત કરાવો. (૯)

*ભાવાર્થ : રાજપુરુષો જેમ પોતાના હિત માટે પ્રયત્ન કરે, તેમ પ્રજાના સુખ માટે પણ પ્રયત્ન કરે. (૯)*

उ॒क्थेभि॑र॒र्वागव॑से पुरू॒वसू॑ अ॒र्कैश्च॒ नि ह्व॑यामहे।

शश्व॒त्कण्वा॑नां॒ सद॑सि प्रि॒ये हि कं॒ सोमं॑ प॒पथु॑रश्विना॥ १० ॥

પદાર્થ : હે पुरूवसू-અનેક વિદ્વાનોમાં વાસ કરનાર अश्विना-વાયુ અને સૂર્ય સમાન વિદ્યમાન ધર્મ અને ન્યાયના પ્રકાશક ! अवसे-રક્ષાદિ માટે અમે उक्थेभिः-વેદોક્ત સ્તોત્ર અને વેદ વિદ્યાના જ્ઞાતા વિદ્વાનોના ઈષ્ટ વચનોના अर्कैः-વિચારથી જ્યાં कण्वानाम्-વિદ્વાનોની प्रिये-પ્રિય सदसि-સભામાં આપને निह्वयामहे-અત્યંત શ્રદ્ધાપૂર્વક બોલાવે છે, ત્યાં તમે अर्वाक्-પશ્ચાત્ शश्वत्-સનાતન-અનાદિરૂપમાં कम्-સુખને પ્રાપ્ત કરો; च-અને हि-નિશ્ચયપૂર્વક सोमम्-સોમવલી આદિ ઔષધિઓના રસનું पपथुः-પાન કરો. (૧૦)

*ભાવાર્થ : રાજ પુરુષો અને પ્રજાજનો વિદ્વાનોની સભામાં જઈને ઉપદેશોને નિત્ય સાંભળે, જેથી સર્વને કર્તવ્ય અને અકર્તવ્યનો બોધ થઈ શકે. (૧૦)*

સંગતિ : અહીં રાજા અને પ્રજાના ધર્મનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૭)

## સૂક્ત-૪૮

स॒ह वा॒मेन॑ न उषो॒ व्यु॑च्छा दुहितर्दिवः।

स॒ह द्यु॒म्नेन॑ बृह॒ता वि॑भावरि रा॒या दे॑वि॒ दास्व॑ती॥ १ ॥

પદાર્થ : હે दिवः-સૂર્યપ્રકાશની दुहितः-પુત્રીની સમાન उषः-ઊષા સમાન વિદ્યમાન विभावरि-વિવિધ દીપ્તિયુક્ત देवि-વિદ્યા અને સુશિક્ષાઓથી પ્રકાશમાન કન્યા-પુત્રી दास्वती-પ્રશસ્ત દાનયુક્ત ! તું बृहता-મહાન ગુણ વિશેષથી वामेन-પ્રશંસિત પ્રકાશ સહિત, द्युम्नेन-ન્યાયપ્રકાશ કરવા સહિત,

राया-વિદ્યા, ચક્રવર્તી રાજ્યલક્ષ્મી सह-સહિત, नः-અમને व्युच्छ-વિવિધ પ્રકારથી પ્રેરણા કર. (૧)

*ભાવાર્થ : જેનાથી જે ઉત્પન્ન થાય છે, તે તેના સંતાન સમાન હોય છે. જેમ કોઈ સ્વામીનો ભૃત્ય-નોકર પોતાના સ્વામીને જગાડીને તથા સચેત કરીને તેને વ્યવહારોમાં પ્રયોજે છે; જેમ ઉષા-પ્રભાતવેળા પ્રાણીઓને પુરુષાર્થયુક્ત કરીને તેને વિશાળ પદાર્થ-સમૂહને અથવા સુખથી સંયુક્ત કરીને આનંદિત કરે છે; એજ રીતે જેમ સાંજની ઉષા = સંધ્યાવેળા સર્વને વ્યવહારિક કાર્યોથી નિવૃત્ત કરીને વિશ્રામયુક્ત કરે છે, તેમ માતા-પિતાએ વિદ્યા અને સુશિક્ષા આદિ વ્યવહારોમાં પોતાની કન્યાઓને પ્રેરિત કરવી જોઈએ. (૧)*

**अश्वा॑वती॒र्गोम॑तीर्विश्वसु॒विदो॒ भूरि॒ च्यव॑न्त॒ वस्त॑वे।**
**उदी॑रय॒ प्रति॑ मा सू॒नृता॑ उष॒श्चोद॒ राधो॑ म॒घोना॑म्॥ २॥**

પદાર્થ : હે उषः-ઊષા સમાન સ્ત્રી ! તું જેમ એ શુભગુણયુક્તા ઊષા છે, તેમ अश्वावतीः-પ્રશંસનીય વ્યાપ્તિ યુક્ત, गोमतीः-પુષ્કળ ગાય આદિ પશુઓ સહિત, विश्वसुविदः-સર્વ પદાર્થોને સમ્યક્ જાણનારી, सुनृताः-સારી સત્ય, પ્રિયાદિયુક્ત વાણીઓને वस्तवे-સુખમાં નિવાસ માટે भूरि-બહુશઃ उदीरय-પ્રેરણાકર; અને જે વ્યવહારોથી च्यवन्त-નિવૃત્ત થાય છે, તેને मघोनाम्-ધનવાનોના સાનિધ્યથી राधः-સર્વોત્તમ ધનને चोद-પ્રેરણા કર, તેનાથી मा-મને प्रति-આનંદિત કર. (૨)

*ભાવાર્થ : જેમ સુશોભિત ઊષા સર્વ પ્રાણીઓને સુખ પ્રદાન કરે છે, તેમ સ્ત્રીઓ પોતાના પતિઓને નિરંતર સુખી કરે. (૨)*

**उ॒वासो॒षा उ॒च्छाच्च॒ नु दे॒वी जी॒रा र॒था॑नाम्।**
**ये अ॑स्या आ॒चर॑णेषु दध्रि॒रे स॑मु॒द्रे न श्र॑व॒स्यवः॑॥ ३॥**

પદાર્થ : હે સ્ત્રી ઊષાની સમાન जीरा-વેગ યુક્ત देवी-સુખ આપનારી रथानाम्-આનંદદાયક યાનોમાં उवास-વસે છે, ये-જે अस्याः-એ સતી સ્ત્રીના आचरणेषु-ધર્મયુક્ત આચરણોમાં समुद्रे-न-જેમ સમુદ્રમાં श्रवस्यवः-સ્વયં વિદ્યાને સાંભળનારા વિદ્વાનો ઉત્તમ નૌકાથી ગમનાગમન કરે છે, તેમ दध्रिरे-પ્રીતિ રાખે છે, તે પુરુષ અત્યંત આનંદને પ્રાપ્ત કરે છે. (૩)

*ભાવાર્થ : જેને પોતાના સમાન વિદુષી = પંડિતા અને સર્વથા અનુકૂળ સ્ત્રી પ્રાપ્ત થાય છે, તે જ સુખને પ્રાપ્ત કરે છે. (૩)*

**उषो॒ ये ते॒ प्र यामे॑षु यु॒ञ्जते॒ मनो॑ दा॒नाय॑ सू॒रयः॑।**
**अत्राह॒ तत्कण्व॑ एषां॒ कण्व॑तमो॒ नाम॑ गृणाति नृ॒णाम्॥ ४॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જે सूरयः-સ્તુતિ કરનારા વિદ્વાનો ! ते-આપના દ્વારા ઉપદેશ પ્રાપ્ત કરીને अत्र-એ उषः-પ્રભાતના यामेषु-પ્રહરોમાં दानाय-વિદ્યાદિ દાન માટે मनः-વિજ્ઞાનયુક્ત ચિત્તને प्रयुञ्जते-પ્રયુક્ત કરે છે, તે જીવન્મુક્ત બને છે; અને જે कण्वः-મેધાવી एषाम्-એ नृणाम्-પ્રધાન વિદ્વાનોના

नाम-નામોને गृणाति-પ્રશંસિત કરે છે, તે कण्वतमः-અતિશય મેધાવી = બુદ્ધિમાન બને છે. (૪)

*ભાવાર્થ : જે લોકો એકાન્ત, પવિત્ર, વિઘ્નબાધા રહિત સ્થાનમાં બેસીને યમથી લઈને સંયમ પર્યન્ત ઉપાસનાના નવ અંગોનો અભ્યાસ કરે છે, તેઓ પવિત્ર આત્માયુક્ત બનીને વિશેષ જ્ઞાનવાન, આપ્ત અને સિદ્ધ બની જાય છે; અને જેઓ તેઓનો સંગ કરે છે, તેઓ પણ શુદ્ધ અન્તઃકરણ યુક્ત બનીને આત્મયોગના જિજ્ઞાસુ બની જાય છે. (અર્થાત્ આત્મયોગ જાણવાના અધિકારી બને છે.) (૪)*

**आ घा योषेव सूनर्युषा याति प्रभुञ्जती ।**

**जरयन्ती वृजनं पद्वदीयत उत्पातयति पक्षिणः॥५॥**

પદાર્થ : જે योषेव-સત્સ્ત્રીની સમાન प्रभुञ्जती-સારી રીતે ભોગતી, सनरी-સમ્યક્ પ્રાપ્ત થતી, जरयन्ती-જીર્ણાવસ્થાને કરતી, उषाः-પ્રાતઃકાળ पद्वत्-પગોની સમાન वृजनम्-માર્ગને ईयते-પ્રાપ્ત કરીને, याति-જાતી અને पक्षिणः-પક્ષીઓને उत्पातयति-ઉડાડે છે, તે કાળમાં સર્વેએ યોગાભ્યાસ घ-જ કરવો જોઈએ. (૫)

*ભાવાર્થ : જેમ ઉષા નિર્મળ, સર્વદા સુખદાયિની અને યોગાભ્યાસની હેતુ છે, તેમ સ્ત્રીઓ એ બનવું જોઈએ. (૫)*

**वि या सृजति समनं व्य१र्थिनः पदं न वेत्योदती।**

**वयो नकिष्टे पप्तिवांस आसते व्युष्टौ वाजिनीवती॥६॥**

પદાર્થ : હે યોગાભ્યાસીની સ્ત્રી ! આપ જેમ या-જે ओदती-આર્દ્રતા કરતી, नकिः-શબ્દ ન કરતી, वाजिनीवती-અનેક ક્રિયાઓની હેતુ उषाः-પ્રાતઃ કાળ अर्थिनः-પ્રશસ્ત અર્થવાળાની पदं न-પ્રાપ્તિના યોગ્યની સમાન समनम्-સુંદર સંગ્રામમાં જેમ विवेति-વ્યાપ્તિ થાય છે, જેની व्यष्टौ-દાહક કાન્તિમા-(દિવસના તાપમાં) पप्तिवांस-પતનશીલ वयः-પક્ષી आसते-સ્થિર થાય છે, તે સમય = વેળા ते-તારા યોગાભ્યાસ માટેનો છે, એને તું જાણ. (૬)

*ભાવાર્થ : જેમ સ્ત્રીઓ વ્યવહારથી પોતાના પદાર્થો પ્રાપ્ત કરે છે, તેમ પોતાના પ્રકાશથી પોતાના વ્યવહારના અધિકારને પ્રાપ્ત થાય છે.*

*જેમ એ ઉષા દિવસને ઉત્પન્ન કરીને, સર્વ પ્રાણીઓને જાગૃત કરીને-ઉઠાડીને, તેને પોત-પોતાના કાર્યોમાં સંલગ્ન કરીને રાત્રિની નિવૃત્તિ કરે છે; અને દિવસની ઉત્પત્તિ દ્વારા દાહ (= તીવ્ર તાપ)ને ઉત્પન્ન કરે છે, તેમ સ્ત્રીઓએ બનવું અર્થાત્ કરવું જોઈએ. (૬)*

**एषायुक्त परावतः सूर्यस्योदयनादधि।**

**शतं रथेभिः सुभगोषा इयं वि यात्यभि मानुषान्॥७॥**

પદાર્થ : હે સ્ત્રીઓ ! જેમ एषा-એ उषाः-પ્રાતઃકાળ ( परावतः-દૂર દેશથી) सूर्यस्य-સૂર્ય મંડળના उदयनात्-ઉદય अधि-ઉપરાંત अध्यभ्वयुक्त-ઉપર સન્મુખથી સર્વમાં યુક્ત થાય છે, જેવી રીતે इयम्-

એ सुभगा-ઉત્તમ ઐશ્વર્યયુક્ત रथेभिः-રમણીય યાનોથી शतम्-અસંખ્ય मानुषान्-મનુષ્યાદિને वियाति-વિવિધ રીતે પ્રાપ્ત થાય છે, તેમ તમે પણ થાઓ.

*ભાવાર્થ : જેમ પતિવ્રતા સ્ત્રીઓ નિયમપૂર્વક પોતાના પતિઓનું સેવન કરે છે; તથા જેમ ઊષા અને પદાર્થોનો સંયોગ દૂર દેશથી સ્થાનથી થાય છે, તેમ દૂર-સ્થિત કન્યા અને વરનો વિવાહ કરવો જોઈએ, દૂર દેશમાં પ્રેમની વૃદ્ધિ થાય છે. જેમ સમીપ-દેશ સ્થિત (વર-કન્યાઓ)ના વિવાહ ક્લેશ-કારક બને છે, તેમ દૂર દેશ સ્થિત (વર કન્યાઓ)ના સુખકારક બને છે. (૭)*

**विश्व॑मस्या नानाम॒ चक्ष॑से॒ जग॒ज्ज्योति॑ष्कृणोति सू॒नरी॑।**

**अप॒ द्वेषो॑ म॒घोनी॑ दुहि॒ता दि॒व उ॒षा उ॑च्छद॒प स्रिध॑:॥८॥**

પદાર્થ : હે સ્ત્રીઓ ! તમે જેમ मघोनी-પ્રશંસિત ધન હેતુ, सूनरी-સારી રીતે પ્રાપ્ત કરાવનારી, दिवः-પ્રકાશમાન સૂર્યની दुहिता-પુત્રીની સમાન उषाः-પ્રકાશિત પ્રભાતવેળાને विश्वम्-સમસ્ત જગત नानाम-આદર-નમન કરે છે; અને તેના-તેણીના चक्षसे-દર્શન કરવા અર્થાત જોવા માટે ज्योतिः-પ્રકાશ कृणोति-કરે છે; અને स्त्रिधः-હિંસક, द्वेषः-દ્વેષી શત્રુઓનો अयोच्छत्-દૂર વાસ કરે છે, તેમ પતિ આદિમાં વર્તો-(આચરણ કરો.) (૮)

*ભાવાર્થ : જેમ સુશીલ સ્ત્રી વિઘ્નોને દૂર કરીને કર્તવ્ય કર્મોને સિદ્ધ કરે છે, તેમ ઊષા દસ્યુ, ચોર, શત્રુ આદિને દૂર કરીને કાર્યોની સિદ્ધિ કરાવનારી હોય છે. (૯)*

**उष॒ आ भा॑हि भा॒नुना॑ च॒न्द्रेण॑ दुहितर्दिवः।**

**आ॒वह॑न्ती॒ भूर्य॒स्मभ्यं॒ सौभ॑गं व्यु॒च्छन्ती॒ दिवि॑ष्टिषु॥९॥**

પદાર્થ : હે दिवः-સૂર્યનાં પ્રકાશની दुहितः-પુત્રી સમાન કન્યા ! જેમ उषाः-પ્રકાશમાન ઊષા भानुना-સૂર્ય અને चन्द्रेण-ચંદ્રમાથી अस्मभ्यम्-અમે પુરુષાર્થીને માટે भूरि-બહુ જ सौभगम्-ઐશ્વર્યના સમૂહને आवहन्ती-સર્વત્રથી પ્રાપ્ત કરાવતી, दिविष्टिषु-પ્રકાશિત કાન્તિઓમાં व्युच्छन्ती-નિવાસ કરાવતી, સંસારને પ્રકાશિત કરે છે, તેમ તું વિદ્યા અને શમાદિથી आभाहि-સુશોભિત થા. (૯)

*ભાવાર્થ : જેમ ઉત્તમ કન્યા માતૃકુળ અને પિતૃકુળ બન્નેના નામને ઉજ્જવલ કરે છે, તેમ ઊષા સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને પ્રકારની વસ્તુઓને પ્રકાશિત કરે છે. (૯)*

**विश्व॑स्य॒ हि प्राण॑नं॒ जीव॑नं॒ त्वे वि यदु॒च्छसि॑ सूनरि।**

**सा नो॒ रथे॑न बृह॒ता वि॑भावरि श्रु॒धि चि॑त्रामघे॒ हव॑म्॥१०॥**

પદાર્થ : હે सूनरि-સારી રીતે વ્યવહારને પ્રાપ્ત विभावरि-વિવિધ પ્રકાશયુક્ત चित्रामघे-ચિત્ર = અદ્ભુત મઘ = ધન અર્થાત્ અનેક પ્રકારના ધનથી સુશોભિત સ્ત્રી ! જેમ ઊષા बृहता-મહાન रथेन-

રમણીય સ્વરૂપ વા વિમાનાદિ યાનથી વિદ્યમાન જેમાં विश्वस्य-સમસ્ત પ્રાણીઓના प्राणनम्-પ્રાણ અને जीवनम्-જીવિકાની પ્રાપ્તિનો સંભવ હોય છે, તેમ જ त्वे-તારામાં હોય છે. यत्-જો તું नः-અમને व्युच्छसि-વિવિધ પ્રકારે વાસ કરાવે છે, તે તું અમારા हवम्-સાંભળવા-સંભળાવવા યોગ્ય વાક્યોને श्रुधि-સાંભળ. (૧૦)

*ભાવાર્થ : જેમ ઊષાથી સર્વ પ્રાણીમાત્રને સુખ થાય છે, તેમ ઉત્તમ સ્વભાવવાળી સ્ત્રીથી પ્રસન્ન રહેનારને, સર્વ આનંદ પ્રાપ્ત થાય છે. (૧૦)*

उषो वाजं हि वंस्व यश्चित्रो मानुषे जने।
तेनावह सुकृतो अध्वराँ उप ये त्वा गृणन्ति वह्नयः॥११॥

પદાર્થ : હે उषः-પ્રભાતકાળ સમાન વિદ્યમાન સ્ત્રી ! તું यः-જે चित्रः-અદ્‌ભુત ગુણ-કર્મ-સ્વભાવયુક્ત, सुकृतः-ઉત્તમ કર્મ કરનાર તારો પતિ છે, मानुषे-મનુષ્ય जने-વિદ્યા, ધર્મ આદિ ગુણોથી પ્રસિદ્ધિમાં वाजम्-જ્ઞાન અને અન્નને हि-નિશ્ચયપૂર્વક वस्व-સમ્યક્ રીતે સેવન કર.

ये-જે वह्नयः-પ્રાપ્તિ કરાવનાર વિદ્વાન મનુષ્ય જે કારણે अध्वरान्-અધ્વરયજ્ઞ અથવા અહિંસનીય વિદ્વાનોની उपगृणन्ति-સમ્યક્ સ્તુતિ કરે છે અને તને ઉપદેશ આપે છે, तेन-તેથી તેઓને आवह-સુખોને પ્રાપ્ત કરાવતી રહે છે. (૧૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ સૂર્ય ઊષાને પ્રાપ્ત થઈને, દિવસને ઉત્પન્ન કરીને, સર્વ પ્રાણીઓને સુખી કરે છે; એમ પુરુષ પોતાની સ્ત્રીઓ-પત્નીઓને સુભૂષિત-અલંકૃત કરે તથા પુરુષોને તેની સ્ત્રીઓ પણ અલંકૃત કરે. એ રીતે પરસ્પરના અત્યંત પ્રેમ અને ઉપકાર દ્વારા સદા સુખી રહે. (૧૧)*

विश्वान्देवाँ आ वह सोमपीतयेऽन्तरिक्षादुषस्त्वम्।
सास्मासु धा गोमदश्वावदुक्थ्य१मुषो वाजं सुवीर्यम्॥१२॥

પદાર્થ : હે उषः-પ્રભાત સમાન સ્ત્રી ! હું सोमपीतये-સોમ આદિ પદાર્થોના પાન માટે अन्तरिक्षात्-ઉપરથી विश्वान्-સમસ્ત देवान्-દિવ્યગુણયુક્ત પદાર્થો અને જે તને પ્રાપ્ત થાઉં છુ, તેને તું પણ आवह-સારી રીતે પ્રાપ્ત થા.

હે उषः-ઊષા સમાન હિતકારક અને सा-તું सव-ઇચ્છિત પદાર્થો પ્રાપ્ત કરાવનારી अस्मासु-અમે ઇન્દ્રિય, કિરણ અને પૃથિવી આદિથી अश्वावत्-અને અત્યુત્તમ ઘોડાઓથી યુક્ત सुवीर्यम्-શ્રેષ્ઠ વીર્ય-પરાક્રમકારક वाजम्-વિજ્ઞાન તથા અન્નને धाः-ધારણ કર. (૧૨)

*ભાવાર્થ : જેમ એ ઊષા પોતાના પ્રાદુર્ભાવથી શુદ્ધ જળ, વાયુ, પ્રકાશ આદિ પ્રાપ્ત કરાવીને તથા દોષોનો નાશ કરીને, સર્વ ઉત્તમ પદાર્થોના સમૂહને પ્રકટ કરે છે, તેમ ઉત્તમ સ્ત્રી ગૃહકાર્યોમાં પ્રવૃત્ત થાય. (૧૨)*

यस्या॒ रुश॑न्तो अ॒र्चय॑: प्रति॑ भ॒द्रा अदृ॑क्षत।
सा नो॑ र॒यिं वि॒श्ववा॑रं सु॒पेश॑समु॒षा दद॑ातु॒ सुग्म्य॑म्॥ १३॥

પદાર્થ : હે સ્ત્રી ! यस्या-જેની સાનિધ્યથી એ रुशन्तः-ચોર, ડાકુ, અંધકાર આદિનો નાશ થાય છે; અને भद्राः-કલ્યાણકારિણી, अर्चयः-દીપ્તિ, प्रत्यदृक्षत-પ્રત્યક્ષ થાય છે.

सा-જેમ એ उषा-સુરૂપ આપનારી પ્રભાતવેળા नः-અમારા માટે विश्ववारम्-સમસ્ત આચ્છાદન કરવા = ઢાંકવા યોગ્ય, सुपेशसम्-સુશોભિતરૂપ યુક્ત, रयिम्-ચક્રવર્તી રાજ્ય લક્ષ્મી सुग्म्यम्-સુખ ददाति-પ્રદાન કરે છે, તેવી બનીને તું પણ અમને સુખદાયક બન. (૧૩)

*ભાવાર્થ : જેમ દિવસને ઉત્પન્ન કરનારી ઊષા વિના કાર્યો સુખપૂર્વક સિદ્ધ થતાં નથી અને પદાર્થોના સ્વરૂપની પણ પ્રાપ્તિ થતી નથી, તેમ ઉત્તમ સ્ત્રી વિના એ કાર્યો સિદ્ધ થતાં નથી. (૧૩)*

ये चि॒द्धि त्वामृष॑यः॒ पूर्व॑ ऊ॒तये॑ जु॒हूरेऽव॑से महि।
सा न॒: स्तोमाँ॑ अ॒भि गृ॑णीहि॒ राध॒सोष॑: शु॒क्रेण॑ शो॒चिषा॑॥ १४॥

પદાર્થ : હે ઊષા સમાન વિદ્યમાન महि-મહાગુણ વિશિષ્ટ વિદુષી = પંડિતા સ્ત્રી ! ये-જે पूर्व-જે અધ્યયન કરેલ વેદાર્થના જ્ઞાતા વિદ્વાનો ऊतये-અત્યંત ગુણ પ્રાપ્તિ તથા अवसे-રક્ષા આદિ પ્રયોજનને માટે त्वाम्-તને जुहूरे-પ્રશંસિત કરે, सा-તે તું शुक्रेण-શુદ્ધ કાર્ય હેતુ शोचिषा-ધર્મપ્રકાશથી યુક્ત राधसा-પુષ્કળ ધનથી नः-અમારા चित्-જ स्तोमान्-સ્તુતિ સમૂહોનો हि-નિશ્ચયપૂર્વક अभि-સન્મુખ गृणीहि-સ્વીકાર કર. (૧૪)

*ભાવાર્થ : જેને વેદોનું પૂર્વ અધ્યયન કરેલ છે, તે પ્રાચીન ઋષિ અને જે વેદાધ્યયન કરી રહ્યા છે, તે અર્વાચીન ઋષિ છે, એવા મનુષ્યોને જાણવા જોઈએ.*

*જેમ વિદ્વાનો જે પદાર્થોને જાણીને ઉપકાર કરે છે, તેમ અન્યોને પણ કરવા જોઈએ.*

*જેમ વિદ્વાનો પોતાની વિદ્યાથી પદાર્થોના ગુણોને પ્રકાશિત કરીને વિદ્યા અને ઉપકાર કરે છે; જેમ એ ઊષાવેળા-પ્રભાત સમસ્ત પદાર્થોને સમ્યક્ પ્રકાશિત કરીને સ્ત્રીઓ વિશ્વને સુભૂષિત-અલંકૃત કરે. (૧૪)*

उषो॒ यद॒द्य भा॒नुना॒ वि द्वारा॑ वृ॒णवो॑ दि॒वः।
प्र नो॑ यच्छतादवृ॒कं पृ॒थु छ॒र्दिः प्रदे॑वि॒ गोम॑ती॒रिष॑:॥ १५॥

પદાર્થ : હે देवि-દિવ્યગુણયુક્ત સ્ત્રી ! જેમ उषाः-પ્રભાતકાળ अद्य-આ દિવસમાં भानुना-પોતાના પ્રકાશથી द्वारौ-ગૃહાદિ તથા ઈન્દ્રિયોના પ્રવેશ અને નીકળવાના નિમિત્ત છિદ્રો प्रार्णवः-સારી રીતે પ્રાપ્ત થાય છે; અને જેમ नः-અમારા માટે यत्, अवृकम्-હિંસક પ્રાણીઓથી ભિન્ન पृथु-સર્વ ઋતુઓના

સ્થાન અને અવકાશને યોગ્ય હોવાથી વિશાળ छर्दिः-શુદ્ધ આચ્છાદનથી પ્રકાશમાન ગૃહ છે; અને જેમ दिवः-પ્રકાશાદિ ગુણ गोमतीः-બહુ જ કિરણોથી યુક્ત इषः-ઈચ્છાઓને આપે છે, તેમ (वि) प्रपच्छतात्-સંપૂર્ણ પ્રદાન કર. (૧૫)

*ભાવાર્થ : જેમ ઊષા પોતાના પ્રકાશથી ગત દિવસ, વર્તમાન આજના દિવસે તથા આવનાર દિવસમાં સર્વ માર્ગો અને દ્વારોને પ્રકાશિત કરે છે, તેમ મનુષ્યોએ સર્વ ઋતુઓમાં ગૃહોનું નિર્માણ કરીને, તેમાં સર્વ ભોગ્ય પદાર્થોને સ્થાપિત કરીને તથા એ પ્રકારના સર્વ કાર્યો કરીને પ્રતિદિન સુખનો ઉપયોગ કરવો જોઈએ. (૧૫)*

सन्नो॑ रा॒या बृ॑ह॒ता वि॒श्वपे॑शसा मिमि॒क्ष्वा समिळा॑भि॒रा।
सं द्यु॒म्नेन॑ विश्व॒तुरो॑षो महि॒ सं वाजै॑र्वाजिनीवति॥ १६॥

પદાર્થ : હે उषः-પ્રભાતકાળ સમાન वाजिनीवति-પ્રશંસિત ક્રિયાયુક્ત महि-પૂજનીય વિદ્વાન સ્ત્રી ! તું જેમ उषाः-સમસ્ત રૂપને પ્રકાશિત કરનારી પ્રાતઃકાલીન વેળા = પ્રભાત विश्वपेशसा-સમસ્ત સુંદર રૂપયુક્ત बृहता-મહાન विश्वतुरा-સર્વને પ્રવૃત્ત કરનાર संद्युम्नेन-વિદ્યા, ધર્માદિ ગુણ પ્રકાશયુક્ત राया-પ્રશંસિત ધન समिळाभिः-ભૂમિ, વાણી, નીતિ અને संवाजैः-સારી રીતે યુદ્ધ, અન્ન અને વિજ્ઞાનથી नः-અમને સુખ આપે છે, તેમ એનાથી તું અમને સુખ પ્રદાન કર. (૧૬)

*ભાવાર્થ : જેમ (વિદ્વાનોની) શિક્ષાથી મનુષ્યો ઊષાવેળાનાં ગુણોનાં જ્ઞાનથી સંપન્ન થતાં પુરુષાર્થ સિદ્ધિથી સુખનાં સાધન રૂપ સમસ્ત વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તેમ માતાની શિક્ષાથી સંતાન ઉત્તમ બને છે, અન્ય પ્રકારથી નહીં. (૧૬)*

સંગતિ : આ સૂક્તમાં ઉષાનાં દૃષ્ટાન્તથી કન્યા અને સ્ત્રીઓનાં લક્ષણોનું પ્રતિપાદન કરવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૮)

## સૂક્ત-૪૯

उषो॑ भ॒द्रेभि॒रा ग॑हि दि॒वश्चि॑द्रोच॒नादधि॑।
वह॑न्त्वरु॒णप्स॑व॒ उप॑ त्वा सो॒मिनो॑ गृ॒हम्॥ १॥

પદાર્થ : હે શુભ ગુણોથી પ્રકાશમાન ! જેમ उषः-કલ્યાણ માટે रोचनात्-સમ્યક્ પ્રકાશમાનથી अधि-ઉપર भद्रेभिः-કલ્યાણકારક ગુણોથી સમ્યક્ આવે છે, તેમ તું आगहि-પ્રાપ્ત થા; અને જેમ એ दिवः-પ્રકાશની સમીપ પ્રાપ્ત થાય છે, તેમ त्वा-તને अरुणप्सवः-રક્તગુણ વિશિષ્ટ છેદન કરીને ભોક્તા सोमिनः-ઉત્તમ પદાર્થયુક્ત વિદ્વાનના गृहम्-નિવાસ સ્થાનને उपवहन्तु-સમીપ પ્રાપ્ત કરે. (૧)

*ભાવાર્થ : ભૂમિ સંયુક્ત સૂર્યપ્રકાશથી જે ઊષાની ઉત્પત્તિ થાય છે, તે જેમ દિવસ રૂપમાં પરિવર્તિત થયેલ પદાર્થોને પ્રકટ-પ્રકાશિત કરીને સર્વને આહ્‌લાદિત અર્થાત્ હર્ષિત કરે છે, તેમ બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા*

*ભણેલ સ્ત્રી શ્રેષ્ઠ હોય છે. (૧)*

**सुपेशसं सुखं रथं यमध्यस्था उषस्त्वम्।**
**तेना सुश्रवसं जनं प्रावाद्य दुहितर्दिवः॥ २॥**

પદાર્થ : હે दिवः-પ્રકાશમાન સૂર્યની दुहितः-પુત્રી સમાન उषः-વિદ્યમાન સ્ત્રી ! તું यम्-જેમ सुपेशसम्-સુંદરરૂપ, सुखम्-આનંદકારક, रथम्-ક્રીડાના સાધન યાનની अध्यस्थाः-ઉપર બેસનાર પ્રાણી આનંદની વૃદ્ધિ કરે છે, तेन-તે રથથી सुश्रवसम्-ઉત્તમ શ્રવણયુક્ત जनम्-વિદ્વાન મનુષ્યની प्राव-સારી રીતે રક્ષા આદિ કર. (૨)

*ભાવાર્થ : જેમ પ્રકાશ દ્વારા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, તેમ સૌભાગ્યકારિણી વિદુષી સ્ત્રી દ્વારા ગૃહકાર્યોની સિદ્ધિ અને સંતાનોની ઉત્પત્તિ થાય છે, તેમ જાણીને મનુષ્યોએ તેણીના પ્રત્યે ઉપકારી બનવું જોઈએ. (૨)*

**वयश्चित्ते पतत्रिणो द्विपच्चतुष्पदर्जुनि।**
**उषः प्रारन्नृतूँरनु दिवो अन्तेभ्यस्परि॥ ३॥**

પદાર્થ : હે સ્ત્રી ! જેમ अर्जुनि-સારી રીતે પ્રયત્નના કારણે उषः-ઊષા दिवः-સૂર્ય પ્રકાશની अन्तेभ्यः-સમીપથી ऋतून्-ઋતુઓને સિદ્ધ અને द्विपत्-મનુષ્યાદિનો તથા चतुष्पत्-પશુ આદિનો બોધ કરાવીને સર્વે પ્રાપ્ત થઈને, જેમ એનાથી पतत्रिणः-નીચે, ઊંચે ઉડનારા वयः-પક્ષીઓ प्रारन्-અત્ર-તત્ર જાય છે; चित्-તેમ જ ते-તારામાં ગુણ થાય. (૩)

*ભાવાર્થ : જેમ ઊષા-મુહૂર્ત, પ્રહર, દિવસ, મહિના, ઋતુ અયન (= દક્ષિણાયન, ઉત્તરાયણ) અને વર્ષોનો વિભાગ કરીને પ્રાણીઓના વ્યવહાર અને ચેતનતાનો વિભાગ કરે છે, તેમ સ્ત્રી સમસ્ત ગૃહકાર્યોનો વિભાગ કરે. (૩)*

**व्युच्छन्ती हि रश्मिभिर्विश्वमाभासि रोचनम्।**
**तां त्वामुषर्वसूयवो गीर्भिः कण्वा अहूषत॥ ४॥**

પદાર્થ : હે वसुयवः-જે પૃથિવી આદિ વસુઓનો સંયુક્ત અને વિયુક્ત કરનાર कण्वाः-બુદ્ધિમાનો જેમ उषः-ઊષા व्युच्छन्ती-વિવિધ પ્રકારથી વસાવનારી हि-નિશ્ચયપૂર્વક रश्मिभिः-કિરણોથી रोचनम्-રુચિકારક विश्वम्-સમસ્ત સંસારને आभासि-પ્રકાશિત કરે છે, તેવી ताम्-તે त्वाम्-તને સ્ત્રીને गीर्भिः-વેદશિક્ષાયુક્ત પોતાની વાણીઓથી अहूषत-પ્રશંસિત કરે. (૪)

*ભાવાર્થ : ઊષાના ગુણોની સમાન ગુણવાળી સ્ત્રી શ્રેષ્ઠ હોય છે, એમ વિદ્વાનોએ જાણવું જોઈએ અને સર્વને ઉપદેશ આપવો જોઈએ. (૪)*

સંગતિ : આમાં ઊષાના ગુણોનું વર્ણન કરવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૪૯)

## સૂક્ત-૫૦

उदु त्यं जातवेदसं देवं वहन्ति केतवः। दृशे विश्वाय सूर्यम्॥ १ ॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ केतवः-કિરણો विश्वाय-સર્વને दृशे-જોવા उ-અને દેખાડવાના યોગ્ય-વ્યવહારને માટે त्यम्-તે जातवेदसम्-ઉત્પન્ન કરેલ પદાર્થોને પ્રાપ્ત કરનાર देवम्-પ્રકાશમાન सूर्यम्-રવિમંડળ અર્થાત્ સૂર્યમંડળની उद्वहन्ति-ઉપર વહે છે, તેમ ગૃહાશ્રમને સુખદાયક, સુશોભિત સ્ત્રીઓને વિવાહ વિધિથી પ્રાપ્ત કરો. (૧)

*ભાવાર્થ : જેમ ઘોડાઓ રથનું અને કિરણો સૂર્યનું વહન કરે છે, તેમ ધાર્મિકજન, વિદ્યા અને ધર્મરૂપી પ્રકાશથી સંપન્ન અને સમાન ગુણયુક્ત સ્ત્રીઓનો પુરુષોની સાથે વિવાહ કરે. (૧)*

अप त्ये तायवो यथा नक्षत्रा यन्त्यक्तुभिः। सूराय विश्वचक्षसे॥ २ ॥

પદાર્થ : હે સ્ત્રી-પુરુષો ! તમે यथा-જેમ अक्तुभिः-રાત્રિઓની સાથે नक्षत्रा-નક્ષત્ર આદિ ક્ષયરહિત લોક અને तायवः-વાયુ विश्वचक्षसे-વિશ્વને દેખાડનાર सूराय-સૂર્યલોકને માટે अपयन्ति-સંયુક્ત અને વિયુક્ત થાય છે, તેમ જ વિવાહિત સ્ત્રીઓની સાથે સંયુક્ત-વિયુક્ત થયા કરો. (૨)

*ભાવાર્થ : જે રાતે નક્ષત્ર ચંદ્રમાની સાથે અને પ્રાણ શરીરની સાથે રહે છે, તેમ વિવાહિત સ્ત્રી-પુરુષો સાથે રહે. (૨)*

अदृश्रमस्य केतवो वि रश्मयो जनाँ अनु। भ्राजन्तो अग्नयो यथा॥ ३ ॥

પદાર્થ : यथा-જેમ अस्य-એ સવિતા-સૂર્યના भ्राजन्तः-પ્રકાશમાન अग्नयः-પ્રજ્વલિત केतवः-જણાવનારા रश्मयः-કિરણો जनान्-મનુષ્યાદિ પ્રાણીઓને अनु-અનુકૂળતાથી પ્રકાશિત કરે છે, તેમ હું પોતાની મારી પત્ની અને મારા પતિને જ સમાગમને યોગ્ય દેખું-જાણું, અન્યને નહિ. (૩)

*ભાવાર્થ : જેમ પ્રદીપ્ત અગ્નિ અને સૂર્ય આદિ બહાર સર્વ સ્થાનોમાં પ્રકાશિત થાય છે, તેમ જ અન્તરાત્મામાં ઈશ્વરનો પ્રકાશ છે. તેને જાણવા માટે સર્વ મનુષ્યોએ પ્રયત્ન કરવો યોગ્ય છે, તે (ઈશ્વર)ની આજ્ઞાથી, પારકા સ્ત્રી-પુરુષોની સાથે વ્યભિચારનો સર્વથા ત્યાગ કરીને સ્ત્રી-પુરુષ પોત-પોતાના વિવાહિત સાથે જ ઋતુગામી બને-સમાગમ કરે. (૩)*

तरणिर्विश्वदर्शतो ज्योतिष्कृदसि सूर्य। विश्वमा भासि रोचनम्॥ ४ ॥

પદાર્થ : હે सूर्य-ચરાચર (જગત)ના આત્મા ઈશ્વર ! विश्वदर्शतः-જેથી વિશ્વના દર્શક અને तरणिः-ક્ષિપ = શીઘ્ર અલ્પવિત સંલ્પવિત કરનાર = પાર કરનાર ज्योतिष्कृत्-સ્વપ્રકાશ સ્વરૂપ આપ ! रोचनम्-

રુચિકારક રૂપથી विश्वम्-સર્વ જગતને પ્રકાશિત કરો છો, તેથી આપ સ્વપ્રકાશ સ્વરૂપ છો. (૪)

ભાવાર્થ : જેમ સૂર્ય અને વિદ્યુત્ બહારના અને અંદરના સર્વ સ્થૂળ પદાર્થોને પ્રકાશિત કરી શકે છે, તેમ સૂર્ય = ઈશ્વર સર્વ અખિલ = સર્વ-સમસ્ત સંસારને પ્રકાશિત કરે છે. (૪)

प्रत्यङ् देवानां विशः प्रत्यङ्ङुदेषि मानुषान्। प्रत्यङ् विश्वं स्वर्दृशे॥५॥

પદાર્થ : હે જગદીશ્વર ! જે આપ देवानाम्-દિવ્યપદાર્થો અને વિદ્વાનોને विशः-પ્રજા मानुषान्-મનુષ્યોને प्रत्यङ्ङुदेषि-સારી રીતે પ્રાપ્ત છો અને સર્વના આત્માઓમાં प्रत्यङ्-પ્રાપ્ત થાઓ છો, એથી विश्वं-स्वर्दृशे-સર્વ સુખોને જોવા માટે સર્વના प्रत्यङ्-પ્રત્યગાત્મરૂપથી ઉપાસનીય છો. (૫)

*ભાવાર્થ : જેથી ઈશ્વર સર્વવ્યાપક, સર્વાન્તર્યામી અને સમસ્ત કર્મોના સાક્ષી છે, તેથી એ જ (ઈશ્વર) સજ્જનો દ્વારા ઉપાસના કરવા યોગ્ય છે. (૫)*

येना पावक चक्षसा भुरण्यन्तं जनाँ अनु। त्वं वरुण पश्यसि॥६॥

પદાર્થ : હે पावक-પવિત્રકારક वरुण-સર્વોત્કૃષ્ટ જગદીશ્વર ! આપ येन-જે चक्षसा-વિજ્ઞાન પ્રકાશથી भुरण्यन्तम्-ધારણ અને પોષણ કરતા-કરતા લોકો અને જનાન-મનુષ્યાદિને अनुपश्यसि-સારી રીતે જુઓ છો, તે જ્ઞાન પ્રકાશથી અમને કૃપા કરીને સંયુક્ત કરો. (૬)

*ભાવાર્થ : પરમેશ્વરની ઉપાસના વિના કોઈ પણ (મનુષ્યને) વિજ્ઞાનની (પ્રાપ્તિ) અને પવિત્રતા થવી સંભવ નથી, તેથી સર્વ મનુષ્યોએ એક જ ઈશ્વરની ઉપાસના કરવી જોઈએ. (૬)*

वि द्यामेषि रजस्पृथ्वहा मिमानो अक्तुभिः। पश्यञ्जन्मानि सूर्य॥७॥

પદાર્થ : હે सूर्य-ચરાચરના આત્મા પરમેશ્વર ! આપ, જેમ સૂર્યલોક अक्तुभिः-પ્રસિદ્ધ રાત્રિઓ पृथु-વિસ્તૃત रजः-લોક સમૂહનું અને अहा-દિવસોનું मिमानः-નિર્માણ કરીને पृथु-વિસ્તીર્ણ रजः- લોકોને પ્રાપ્ત થઈને નિયમ-વ્યવસ્થા કરો છો, તેમ અમારા जन्मानि-પૂર્વ, પર અને વર્તમાન જન્મોને पश्यन्-જોઈને व्येषि-અનેક પ્રકારથી જાણવા અને પ્રાપ્ત કરવા યોગ્ય છો. (૭)

*ભાવાર્થ : જે (પરમેશ્વરે) સૂર્ય આદિ લોકોની રચના કરી છે, સર્વ જીવોના પાપ-પુણ્યાદિ કર્મોને જોઈને-કર્માનુસાર યથાયોગ્ય તદનુસાર ફળ પ્રદાન કરે છે, તે જ સર્વના સત્ય ન્યાયકારી રાજા છે, તેમ સર્વ મનુષ્યોએ જાણવું જોઈએ. (૭)*

सप्त त्वा हरितो रथे वहन्ति देव सूर्य। शोचिष्केशं विचक्षण॥८॥

પદાર્થ : હે विचक्षण-સર્વના દ્રષ્ટા, देव-સુખદાતા, सूर्य-જ્ઞાન સ્વરૂપ જગદીશ્વર ! જેમ सप्त-હરિતાદિ સાત हरितः-જેનાથી રસોનું હરણ કરે છે, તે કિરણો शोचिष्केशम्-પવિત્ર દીપ્તિમાન સૂર્યલોકને रथे-રમણીય સુંદર રથમાં वहन्ति-પ્રાપ્ત કરે છે, તેમ त्वा-આપને ગાયત્રી આદિ વેદસ્થ સાત છંદ

પ્રાપ્ત કરાવે છે. (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ કિરણો વિના સૂર્યનું દર્શન થતું નથી, તેમ વેદાભ્યાસ વિના પરમાત્માના દર્શન થતાં નથી, એમ જાણવું જોઈએ. (૮)*

अयु॑क्त स॒प्त शु॒न्ध्युव॒: सूरो॒ रथ॑स्य न॒प्त्य॑: । ताभि॑र्याति॒ स्वयु॑क्तिभिः ॥ ९ ॥

પદાર્થ : હે ઈશ્વર ! જેમ सूरः-સર્વ પ્રકાશક જે सप्त-પૂર્વોક્ત સાત नप्त्यः-નાશ રહિત शुन्ध्युवः-શુદ્ધિકારક કિરણો છે, તેને रथस्य-રમણીય સ્વરૂપમાં अयुक्त-કરતા અને તેના સહિત પ્રાપ્ત થાય છે, તેમ આપ ताभिः-તે स्वयुक्तिभिः-પોતાની યુક્તિથી સમસ્ત સંસારને સંયુક્ત રાખે છે, એવો અમને દૃઢ નિશ્ચય છે. (૯)

*ભાવાર્થ : જે સૂર્યની સમાન સ્વયં પ્રકાશમાન, આકાશની સમાન વ્યાપ્ત અને ઉપાસકોની શુદ્ધિ = પવિત્ર કરનાર પરમેશ્વર છે, તે નિશ્ચય જ સર્વ મનુષ્યો દ્વારા ઉપાસના કરવા યોગ્ય છે. (૯)*

उद्व॒यं तम॑स॒स्परि॒ ज्योति॒ष्पश्य॑न्त॒ उत्त॑रम् ।
दे॒वं दे॑व॒त्रा सूर्य॒मग॑न्म॒ ज्योति॑रुत्त॒मम् ॥ १० ॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ ज्योतिः-ઈશ્વર રચિત પ્રકાશમાન સૂર્યને पश्यन्तः-જોઈને वयम्-અમે तमसः-અજ્ઞાન-અંધકારથી પૃથક્ થઈને ज्योतिः-પ્રકાશ સ્વરૂપ उत्तरम्-સર્વોત્કૃષ્ટ પ્રલયથી ઉર્ધ્વ =પૂર્વ વિદ્યમાન અને પ્રલય કરનાર (અર્થાત્ પ્રલય પૂર્વ રહેલ અને પ્રલય પછી પણ રહેનાર) देवत्रा-દેવ, મનુષ્ય અને પૃથિવી આદિ (લોક)માં વ્યાપક देवम्-સુખદાયક, उत्तमम्-ઉત્કૃષ્ટ ગુણ-કર્મ-સ્વભાવયુક્ત सूर्यम्-સર્વાત્મા ઈશ્વરને पर्युदगन्म-સર્વ પ્રકારથી પ્રાપ્ત કરીએ, તેમ તમે પણ પ્રાપ્ત કરો. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ એ જાણવું જોઈએ, કે ઈશ્વરની સમાન અન્ય કોઈ પણ ઉત્તમ પ્રકાશક પદાર્થ નથી; અને તેની પ્રાપ્તિ વિના કોઈ પણ મનુષ્ય મુક્તિ સુખને પ્રાપ્ત કરી શકતા નથી. (૧૦)*

उ॒द्यन्न॒द्य मि॑त्रमह आ॒रोह॒न्नुत्त॑रां॒ दिव॑म् ।
हृ॒द्रो॒गं मम॑ सूर्य हरि॒माणं॑ च नाशय ॥ ११ ॥

પદાર્થ : હે मित्रमहः-મિત્રોના સત્કારને યોગ્ય, सूर्य-સર્વ ઔષધિ અને રોગ નિવારણના જ્ઞાતા વિદ્વાન ! આપ જેમ अद्य-उद्यन्-ઉદયને પ્રાપ્ત થયેલ તથા उत्तराम्-કારણરૂપી दिवम्-દીપ્તિને आरोहन्-સમ્યક્ રીતે કરીને અંધકારનું નિવારણ કરીને દિવસને પ્રકટ કરો છો, તેમ મારા हृद्रोगम्-હૃદયના રોગો તથા हरिमाणम्-હરણ કરનાર ચોર આદિનો नाशय-નાશ કરો. (૧૧)

*ભાવાર્થ : જેમ સૂર્યના ઉદયથી અંધકાર અને ચોર આદિ પલાયન કરી જાય છે, તેમ ઉત્તમ વૈદ્યની પ્રાપ્તિથી કુપથ્ય અને રોગનું નિવારણ થાય છે. (૧૧)*

शुकेषु मे हरिमाणं रोपणाकासु दध्मसि।
अथो हारिद्रवेषु मे हरिमाणं नि दध्मसि॥ १२॥

પદાર્થ : જેમ શ્રેષ્ઠ વૈદ્ય કહે, તેમ અમે शुकेषु-શુકની સમાન કરેલ કર્મો અને रोपणाकासु-રોપણ-રુજ કરનાર લેપ આદિ ક્રિયાઓથી मे-મારા हरिमाणम्-ચિત્તને ખેંચનાર રોગનાશક ઔષધિઓને दध्मसि-ધારણ કરીએ. अथो-તત્પશ્ચાત્ हारिद्रवेषु-જે સુખહર મલવાહક રોગ છે, તેમાં मे-મારા-हरिमाणम्-હરણશીલ ચિત્તને निदध्मसि-નિરંતર સ્થિર કરું. (૧૨)

*ભાવાર્થ : મનુષ્યો લેપન આદિ ક્રિયાઓથી સમસ્ત રોગોનું નિવારણ કરીને બળને પ્રાપ્ત કરે. (૧૨)*

उदगादयमादित्यो विश्वेन सहसा सह।
द्विषन्तं मह्यं रन्धयन्मो अहं द्विषते रधम्॥ १३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ अयम्-એ आदित्यः-નાશ રહિત સૂર્ય उद्गात्-ઉદયને પ્રાપ્ત થાય છે, તેમ તું विश्वेन-સમસ્ત सहसा-બળની સાથે ઉદય પામ. જેમ તું मह्यम्-ધાર્મિક મનુષ્યનો द्विषन्तम्-દ્વેષ કરનાર શત્રુને रन्धयन्-મારીને વર્તે છે, તેમ अहम्-હું द्विषते-શત્રુ સામે વર્તન કરું. જેમ એ શત્રુ મને મારે છે, તેમ હું પણ मो रधम्-મારુ નહિ. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, અનંત બળયુક્ત જગદીશ્વરના તથા બળની નિમિત્ત અને પ્રાણયુક્ત વિદ્યુત્‌નાં દૃષ્ટાન્તથી પ્રવૃત્ત થઈને, સજ્જનોની સાથે મિત્રતા રાખીને, સમસ્ત સજ્જનોની સાથે મિત્રતા રાખીને, સમસ્ત પ્રજાઓનું પાલન કરવું જોઈએ. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં પરમેશ્વર અને અગ્નિનાં કાર્ય-કારણના દૃષ્ટાન્તથી રાજાના ગુણોનું વર્ણન કરવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૦)

## સૂક્ત-૫૧

अभि त्यं मेषं पुरुहूतमृग्मियमिन्द्रं गीर्भिर्मदता वस्वो अर्णवम्।
यस्य द्यावो न विचरन्ति मानुषा भुजे मंहिष्ठमभि विप्रमर्चत॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે अर्णवम्-સમુદ્ર સમાન त्यम्-તે मेषम्-વૃષ્ટિ દ્વારા સિંચન કરનાર, पुरुहूतम्-બહુજ વિદ્વાનોથી સ્તુત, ऋग्मियम्-ઋચાઓ-મંત્રોથી માન કરવા યોગ્ય, मंहिष्ठम्-ગુણોથી અત્યંત મહાનતમ, इन्द्रम्-સમગ્ર ઐશ્વર્યથી अभिमदत-હર્ષિત-આનંદિત કરો.

સૂર્યના द्यावः-કિરણોની न-સમાન यस्य-જેને भुजे-ભોગ માટે मानुषा-મનુષ્યોના હિતકારક ગુણ विचरन्ति-વિચરે છે, તે वस्वः-ધનના विप्रम्-દાતા વિદ્વાનનો अभ्यर्चत्-સદા સત્કાર કરો. (૧)

*ભાવાર્થ : જે રાજા બહુ ગુણોના યોગથી સૂર્ય સમાન વિદ્વાન હોય, તેનો મનુષ્યોએ સત્કાર કરવો*

*જોઈએ. તેના વિના કોઈને સુખ પ્રાપ્ત થતું નથી. (૧)*

अभीमवन्वन्त्स्वभिष्टिमूतयोऽन्तरिक्षप्रां तविषीभिरावृतम्।
इन्द्रं दक्षास ऋभवो मदच्युतं शतक्रतुं जवनी सूनृताऽरुहत्॥ २॥

પદાર્થ : હે સેનાપતે ! જે આપની ऊतयः-રક્ષા પ્રજાનું પાલન કરે છે; दक्षासः-વિજ્ઞાનવૃદ્ધ શીઘ્ર કાર્યને સિદ્ધ કરનાર ऋभवः-મેધાવી વિદ્વાનો જે स्वभिष्टिम्-ઉત્તમ ઈષ્ટિ = ઈચ્છાયુક્ત अन्तरिक्षप्राम्-પોતાના તેજથી અન્તરિક્ષ અર્થાત્ આકાશમાં સર્વને સુખથી પૂર્ણ કરવા, मदच्युतम्-આનંદ દાતા, शतक्रतुम्-અનેક કર્મોના કર્તા, तविषीभिः-બલ અને આકર્ષણ આદિ ગુણોથી યુક્ત સેનાથી आवृतम्-સંયુક્ત इन्द्रम्-વિદ્યુતની સમાન વિદ્યમાન આપને अभ्यवन्दन्-કાર્યો કરવા માટે સર્વ રીતે વૃદ્ધિયુક્ત કરીએ છીએ. યુક્ત શત્રુઓને વિદારણ કરનાર રાજાને गिभिः-સત્ય प्रशंसित-વાણીઓથી જેને जवनी-વેગયુક્ત सूनृता-અન્નાદિ પદાર્થોને સિદ્ધ કરનારી રાજનીતિ आरुहत्-વધીને પ્રાપ્ત થાય, તે આપની રક્ષા અમે કરીએ. (૨)

*ભાવાર્થ : ધાર્મિક બુદ્ધિમાન લોકો જેનો આશ્રય કરે, તેનો આશ્રય સર્વ મનુષ્યો ગ્રહણ કરે. (૨)*

त्वं गोत्रमङ्गिरोभ्योऽवृणोरपोतात्रये शतदुरेषु गातुवित्।
ससेन चिद्विमदायावहो वस्वाजावद्रिं वावसानस्य नर्त्तयन्॥ ३॥

પદાર્થ : હે ससेन-સેના યુક્ત સેનાધ્યક્ષ ! આપ જેમ સૂર્ય अङ्गिरोभ्यः-પ્રાણ સ્વરૂપ વાયુઓથી अद्रिम्-પર્વત અને મેઘની સમાન વિદ્યમાન अत्रये-જેમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ દુઃખ નથી, તે आजौ-સંગ્રામમાં શત્રુઓના બળને अपावृणोः-દૂર કરી દો છો, वावसानस्य-આવરણ-ઢાંકનાર શત્રુઓની સેનાને नर्त्तयन्-નચાવવા સમાન કંપાવીને, विमदाय-વિવિધ આનંદ માટે, वसु-ધનને आवहः-સારી રીતે પ્રાપ્ત કરીને उत-તથા गातुवित्-ભૂગર્ભ વિદ્યાના જ્ઞાતા આપ शतदूरेषु-અસંખ્ય મેઘના અવયવોમાં-વાદળાંઓમાં ઢંકાયેલ પદાર્થોથી સમાન ઢંકાયેલી પોતાની સેનાને બચાવો છો, તે આપ સત્કારને યોગ્ય છો. (૩)

*ભાવાર્થ : સેનાપતિ આદિ જન જ્યાં સુધી સૂર્ય સમાન પરાક્રમ ગ્રહણ કરી શકે નહિ, ત્યાં સુધી તેઓ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી શકતા નથી. (૩)*

त्वमपामपिधानावृणोरपाधारयः पर्वते दानुमद्वसु।
वृत्रं यदिन्द्र शवसावधीरहिमादित्सूर्यं दिव्यारोहयो दृशे॥ ४॥

પદાર્થ : હે इन्द्र-જગદીશ્વર ! यत्-જે કારણે त्वम्-આપ જેમ સૂર્ય अपाम्-જળનો अपिधाना-આચ્છાદનને દૂર કરે છે, તેમ શત્રુઓના બળને अपावृणोः-દૂર કરે છે, જેમ पर्वते-મેઘ-વાદળાંઓમાં

दानुमत्-ઉત્તમ શિખરયુક્ત वसु-દ્રવ્ય વા જળને अधारयः-ધારણ કરનાર અને शवसा-બળથી अहिम्-વ્યાપ્ત થવા યોગ્ય वृत्रम्-મેઘને अवधीः-મારે છે-હણે છે, તેમ શત્રુઓને છિન્ન-ભિન્ન કરો છો; જેમ કિરણ સમૂહ सूर्यम्-સૂર્યને अरोहयः-સારી રીતે સ્થાપિત કરે છે, તેમ (તમે) ન્યાયના પ્રકાશથી યુક્ત હોવાથી રાજ્ય કરવાને યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ એ જાણવું યોગ્ય છે, કે ઈશ્વર જ એવા સૂર્યને રચીને સ્થાપિત કરેલ છે, જે સર્વ લોકોને આકર્ષિત કરીને, તેને અન્તરિક્ષમાં સ્થાપિત કરીને, વર્ષા કરીને તથા સર્વને પ્રકાશિત કરીને સુખ પ્રદાન કરે છે. (૪)*

त्वं मायाभिरप मायिनोऽधमः स्वधाभिर्ये अधि शुप्तावजुह्वत।
त्वं पिप्रोर्नृमणः प्रारुजः पुरःप्र ऋजिश्वानं दस्युहत्येष्वाविथ॥ ५॥

પદાર્થ : હે नृमणः-મનુષ્યોના મનના જ્ઞાતા સભાધ્યક્ષ ! त्वम्-આપ पुरः-પ્રથમ स्वधाभिः-અન્નાદિ પદાર્થોથી पिप्रोः-ન્યાયને પૂર્ણ કરનાર ન્યાયાધીશોની આજ્ઞા અને ऋजिश्वानम्-જ્ઞાન આદિ સરળ ગુણોથી યુક્તની प्राविथ-રક્ષા કરીને તથા જે मायिनः-નિંદિત બુદ્ધિવાળા मायाभिः-છળ-કપટાદિથી અને शुप्तौ-સૂતેલાઓના પારકા પદાર્થોને अजुह्वत-હરણ-ચોરી કરે છે, તે ડાકુ આદિ દુષ્ટોને अपाधमः-દૂર કરો-અને તેઓને दस्युहत्येषु-ડાકુઓ હણવા યોગ્ય રૂપ સંગ્રામોમાં प्रारुज-છિન્ન-ભિન્ન કરી નાખો. (૫)

*ભાવાર્થ : જે સભા આદિનો અધ્યક્ષ પોતાના સત્ય ન્યાયથી, શ્રેષ્ઠ અને દુષ્ટકર્મ કરનારાઓને યથાવત્ ફળ આપીને તેની રક્ષા કરે છે, તે જ આ લોકમાં માનને યોગ્ય સત્કારને યોગ્ય બને છે. (૫)*

त्वं कुत्सं शुष्णहत्येष्वाविथारन्धयोऽतिथिग्वाय शम्बरम्।
महान्तं चिदर्बुदं निक्रमीः पदा सनादेव दस्युहत्याय जज्ञिषे॥ ६॥

પદાર્થ : હે વિદ્વાન્ ! શૂરવીર મનુષ્ય ! જેથી त्वम्-તું पदा-પગથી આક્રાન્ત કરેલ શત્રુ સમૂહને મારનારની चित्-સમાન शुष्णहत्येषु-શત્રુઓના બળને હણવા યોગ્ય વ્યવહારોમાં महान्तम्-મહાન ગુણ વિશિષ્ટ कुत्सम्-શસ્ત્ર શ્રેષ્ઠ વજ્રને ધારણ કરીને પ્રજાની आविथ-રક્ષા કરીને તથા દુષ્ટોને अरन्धयः-હણો-મારો છો; अतिथिग्वाय-અતિથિઓના આવાગમનના શુદ્ધ માર્ગને માટે अर्बुदम्-અસંખ્ય ગુણ વિશિષ્ટ शम्बरम्-બળની नित्यशः-ક્રમથી વૃદ્ધિ કરો છો; सनात्-સારી રીતે સેવન કરવાથી पदा-પદાક્રાન્ત શત્રુ સેનાનો નાશ કરો છો; दस्युहत्याय-શત્રુઓને મારવા રૂપ વ્યવહાર-આચરણને માટે एव-જ जज्ञिषे-ઉત્પન્ન થયા છો,એથી અમે આપનો સત્કાર કરીએ છીએ. (૬)

*ભાવાર્થ : સભાધ્યક્ષાદિઓએ સૂર્ય સમાન શત્રુઓને મારીને, શ્રેષ્ઠોનું પાલન કરીને, માર્ગોને શુદ્ધ (= નિરાપદઃ કરીને તથા અગણિત સેના ધારણ કરીને શત્રુઓના નાશ માટે પ્રભાવ વધારવો*

જોઈએ. (૬)

त्वे विश्वा॑ तविषी स॒ध्र्य॑ग्घि॒ता तव॒ राधः॑ सोमपी॒थाय॑ हर्षते।
तव॒ वज्र॑श्चिकिते बा॒ह्वोर्हि॒तो वृ॒श्चा शत्रो॒रव॒ विश्वा॑नि॒ वृष्ण्या॑॥ ७॥

પદાર્થ : હે વિદ્વન્ ! त्वे-આપમાં જે विश्वा-સર્વ तविषी-બળ हिता-સ્થાપિત કરેલ सध्र्यक्-સાથે સેવન કરનાર राधः-ધન सोमपीथाय-સુખકારક પદાર્થોના ભોગ માટે हर्षते-આનંદિત કરે છે.

જે तव-આપની बाह्वोः-ભુજાઓમાં हितः-ધારણ કરેલ वज्रः-શસ્ત્રસમૂહ છે, જેથી આપ चिकिते-સુખોને જાણો છો, તેથી અમને विश्वानि-સર્વ वृष्ण्या-વીરોને હિતકારક બળની अव-રક્ષા અને शत्रोः-શત્રુના બળનો નાશ કરો. (૭)

*ભાવાર્થ : જો શ્રેષ્ઠોમાં બળ ઉત્પન્ન થાય, તો સર્વનાં સુખની વૃદ્ધિ થાય અને જો દુષ્ટોમાં બળ ઉત્પન્ન થાય, તો સર્વનું દુઃખની વૃદ્ધિ થાય છે. તેથી શ્રેષ્ઠોનાં સુખ અને બળની વૃદ્ધિ તથા દુષ્ટોનાં બળની હાનિ નિત્ય કરવી જોઈએ. (૭)*

वि जा॑नी॒ह्यार्या॒न्ये च॒ दस्य॑वो ब॒र्हिष्म॑ते रन्धया॒ शास॑दव्र॒तान्।
शाकी॑ भव॒ यज॑मानस्य चोदि॒ता विश्वेत्ता ते॑ सध॒मादे॑षु चाकन॥ ८॥

પદાર્થ : હે મનુષ્ય ! તું बर्हिष्मते-ઉત્તમ સુખાદિ ગુણોના ઉત્પાદક વ્યવહારની સિદ્ધિ માટે आर्यान्-સર્વોપકારક, ધાર્મિક, વિદ્વાન મનુષ્યોને विजानीहि-જાણ; અને ये-જે दस्यवः-પર પીડાકારક અધર્મી, દુષ્ટ મનુષ્યો છે, તેને જાણીને बर्हिष्मते-ધર્મની સિદ્ધિ માટે रन्धय-માર અર્થાત્ હણ તે अव्रतान्-સત્ય ભાષણ આદિ રહિત મનુષ્યોને शासत्-શિક્ષા દંડિત કરીને यजमानस्य-યજ્ઞકર્તાના चोदिता-પ્રેરક અને शाकी-ઉત્તમ શક્તિયુક્ત સામર્થ્યને भव-સિદ્ધ કર; જેથી ते-તારા ઉપદેશ અને સંગથી सधमादेषु-સુખોની સાથે વિદ્યમાન સ્થાનોમાં ता-તે विश्वा-સર્વ કર્મોને સિદ્ધ કરવાની इत्-જ હું चाकन-ઈચ્છા કરું છું. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ દસ્યુસ્વભાવનો ત્યાગ કરીને આર્ય સ્વભાવવાળા નિત્ય બનવું જોઈએ. તેઓ જ આર્ય છે, કે જે સત્યવિદ્યા આદિના પ્રચારથી સર્વના ઉત્તમ ભોગની સિદ્ધિને માટે તથા અધર્મ અને દુષ્ટોના નિવારણ માટે નિરંતર પ્રયત્ન કરે છે.*

*કોઈપણ મનુષ્ય આર્યજનોના સંગ, અધ્યયન અને ઉપદેશ વિના પૂર્ણ વિદ્વાન, ધર્માત્મા અને આર્યસ્વભાવયુક્ત બની શકતા નથી. તેથી સર્વેએ ઉત્તમ ગુણ-કર્મોનું સેવન કરીને તથા દસ્યુ કર્મનો ત્યાગ કરીને સુખી બનવું જોઈએ. (૮)*

अनु॑व्रताय र॒न्धय॒न्नप॑व्रताना॒भूभि॒रिन्द्रः॑ श्न॒थय॒न्नना॑भुवः।
वृ॒द्धस्य॑ चि॒द्वर्ध॑तो॒ द्यामिन॑क्षतः॒ स्तवा॑नो व॒म्रो विज॑घान सं॒दिहः॑॥ ९॥

પદાર્થ : મનુષ્યોને ઉચિત છે, કે જે इन्द्रः-પરમ વિદ્યા આદિ ઐશ્વર્ય સભા, શાલા, સેના અને ન્યાયના અધ્યક્ષ आभूभिः-ઉત્તમ વીરોને શિક્ષા કરનારી ક્રિયાઓની સાથે વિદ્યમાન अनुव्रताय-અનુકૂળ ધર્મયુક્ત વ્રતોને ધારણ કરનાર આર્ય મનુષ્યને માટે अपव्रतान्-મિથ્યા ભાષણાદિ દુષ્ટ કર્મયુક્ત ડાકુ મનુષ્યોને મિથ્યા ભાષણાદિ દુષ્ટ કર્મયુક્ત ડાકુ મનુષ્યોને रन्धयन्-અતિ તાડન-દંડિત કરીને अनाभुवः-જે ધર્માત્માના વિરોધી છે, તે પાપીઓને श्नथयन्-શિથિલ કરીને इनक्षतः-વ્યાપ્તિયુક્ત वर्धतः-ગુણ-દોષોથી વધનાર वृद्धस्य-જ્ઞાન આદિ ગુણોથી શ્રેષ્ઠની स्तवानः-સ્તુતિનાકર્તા वभ्र-અધર્મનો નાશ संदिहः-ધર્મ-અધર્મનો સંદેહથી નિશ્ચય કરનાર द्याम्-સૂર્યપ્રકાશની चित्-સમાન વિદ્યાના પ્રકાશને વિસ્તૃત કરીને દુષ્ટોને विजधान- વિશેષ રૂપથી હણે છે, તે કુળને સુભૂષિત-અલંકૃત કરનાર આર્ય મનુષ્યને સભાધિપતિ રૂપમાં સ્વીકાર કરીને મનુષ્યને સભાધિપતિ પાલન કરે. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ ધાર્મિક બનીને, સર્વ મનુષ્યોને અવિદ્યાથી દૂર કરીને, વિદ્યાવાન બનાવીને, ધર્મ બનાવીને, ધર્મ અને અધર્મના વિષયમાં સંશય કરીને, ફરી નિશ્ચય કરીને, ધર્મનું ગ્રહણ અને અધર્મનો ત્યાગ કરવો અને કરાવવો જોઈએ. સદા આર્યોનો સંગ અને દુષ્ટોના સંગનો ત્યાગ કરીને સર્વોત્તમ વ્યવસ્થામાં ચાલવું જોઈએ. વર્તવું જોઈએ. (૯)*

तक्षद्यत्त उशना सहसा सहो वि रोदसी मज्मना बाधते शवः।
आ त्वा वातस्य नृमणो मनोयुज आ पूर्यमाणमवहन्नभि श्रवः॥१०॥

પદાર્થ : હે नृमणः-મનુષ્યમાં મન આપનાર उशना-કામયમાન વિદ્વાન્ ! આપ सहसा-પોતાના સામર્થ્યથી શત્રુઓના सहः-બળનો નાશ કરીને, જેમ सूर्यः સૂર્ય रोदसी-ભૂમિ સમક્ષ પ્રકાશ કરે છે, તેમ मज्मना-શુદ્ધ બળથી शवः-શત્રુઓના બળને विबाधते-વલોવે છે અને आतक्षत्-છેદન કરો છો; અને ते-આપના मनोयुजः-મનોનુકુળ સેવક त्वा-આપને આશ્રય લઈને ते-આપના वातस्य-બળયુક્ત વાયુ સંબંધી आपूर्यमाणम्-ન્યૂનતારહિત = સંપૂર્ણ श्रवः-શ્રવણ તથા અન્નાદિને अभ्यावहन्-પ્રાપ્ત કરે. (૧૦)

*ભાવાર્થ : વિદ્વાન સેનાપતિ વિના પૃથિવીનાં રાજ્યની વ્યવસ્થા, શત્રુઓનાં બળનો ક્ષય, વિદ્યા તથા સદ્‌ગુણોનો પ્રકાશ અને ઉત્તમ અન્નાદિની પ્રાપ્તિ થતી નથી. (૧૦)*

मन्दिष्ट यदुशने काव्ये सचाँ इन्द्रो वङ्कू वङ्कुतराधितिष्ठति।
उग्रो ययिं निरपः स्रोतसासृजद्वि शुष्णस्य दृंहिता ऐरयत्पुरः॥११॥

પદાર્થ : હે मन्दिष्ठ-અત્યંત સ્તુતિ યોગ્ય, જે उग्रः-દુષ્ટને હણનાર, इन्द्रः-સભાધ્યક્ષ ! આપ-જેમ સૂર્ય स्रोतसा-સ્રોતોથી आपः-જળ વહાવે છે, તેમ उशने-અતીવ સુંદર यत्-काव्ये-કવિઓનાં કર્મમાં જે वङ्कू-કુટિલ वङ्कुतरा-અત્યંત કુટિલ ચાલવાળા શત્રુ અને ઉદાસીન મનુષ્યોનાં अधितिष्ठति-રાજ્યમાં અધિષ્ઠાતા બનો છો.

જેમ સવિતા ( सचा-પોતાના ગુણોથી) ययिम्-મેઘનું निरसृजत्-નિત્ય સર્જન કરે છે, તેમ शुष्णस्य

બળની दंहिताः-વૃદ્ધિ કરનારી ક્રિયાઓને पुरः-પ્રથમ व्यैरयत्-પ્રાપ્ત કરો છો, તે આપ સર્વના સત્કારને યોગ્ય છો. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ જે કવિ, સમસ્ત શાસ્ત્રોના જ્ઞાતા, કુટિલતાના નાશક, દુષ્ટો પર ઉગ્ર, શ્રેષ્ઠો પર કોમળ અને સર્વ પ્રકારથી બળવર્ધક પુરુષ છે, તેઓને સભાના અધિકાર આદિ (પદો પર) નિયુક્ત કરવા જોઈએ. (૧૧)*

**आ स्म रथं वृषपाणेषु तिष्ठसि शार्यातस्य प्रभृता येषु मन्दसे।**

**इन्द्र यथा सुतसोमेषु चाकनोऽनर्वाणं श्लोकमारोहसे दिवि॥ १२॥**

પદાર્થ : હે इन्द्र-ઉત્તમ ઐશ્વર્યયુક્ત સભાધ્યક્ષ ! यथा-જેમ જેમ વિદ્વાનો પદાર્થ વિદ્યાને સિદ્ધ કરીને સુખોને પ્રાપ્ત કરે છે અને જે शार्यातस्य-વીર પુરુષને येषु-જે सुतसोमेषु-ઉત્તમ રસોથી યુક્ત वृषपाणेषु-પુષ્ટિકારક સોમલતાદિ પદાર્થો અર્થાત્ વૈદ્યક શાસ્ત્રાનુસાર અતિ શ્રેષ્ઠ બનાવેલ અને ઉત્તમ વ્યવહારમાં प्रभृताः-ધારણ કરેલ છો, તેમ તેને પ્રાપ્ત થઈને मन्दसे-આનંદિત થઈને, अनर्वाणम्-અગ્નિ આદિ અશ્વ સહિત પશુ આદિ અશ્વ રહિત, श्लोकम्-સર્વ અવયવો યુક્ત રથના મધ્યમાં स्म-જ आतिष्ठसि-સ્થિત અને તેની चाकनः-ઈચ્છા કરો છો; તથા दिवि-પ્રકાશયુક્ત સૂર્યલોકમાં आरोहसे-આરોહણ કરો છો, स्म-એટલા માટે આપ યોગ્ય છો. (૧૨)

*ભાવાર્થ : વિમાનાદિ યાનો અને વિદ્વાનોના સંગ વિના કોઈને પણ સુખ પ્રાપ્ત સંભવ નથી. તેથી વિદ્વાનોની સભા બનાવીને તથા પદાર્થોનું જ્ઞાન અને ઉપયોગ કરીને સર્વેએ આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. (૧૨)*

**अददा अर्भां महते वचस्यवे कक्षीवते वृचयामिन्द्र सुन्वते।**

**मेनाऽभवो वृषणश्वस्य सुक्रतो विश्वेत्ता ते सवनेषु प्रवाच्या॥ १३॥**

પદાર્થ : એ सुक्रतो-શ્રેષ્ઠ-સુંદર કર્મયુક્ત इन्द्र-શિલ્પવિદ્યાના જ્ઞાતા વિદ્વાન્ ! આપ वचस्यवे-પોતાને શાસ્ત્રોપદેશની ઈચ્છા કરનાર અને महते-મહાનગુણ વિશેષ सुन्वते-શિલ્પ વિદ્યાને સિદ્ધ કરનાર कक्षीवते-વિદ્યા પ્રાન્ત આંગળીયુક્ત મનુષ્યને માટે જે वृचयाम्-છેદન-ભેદનરૂપ अर्भाम्-અત્યલ્પ ક્રિયાનું अददाः-પ્રદાન કરે છે, सवनेषु-પ્રેરક કર્મોમાં प्रवाच्या-સમ્યક્ કથન કરવા યોગ્ય मेना-વાણી वृषणश्वस्य-શિલ્પ ક્રિયાના ઈચ્છુક ते-આપનું विश्वा-સર્વ કાર્ય છે, ता-; इत्-તેને જ સિદ્ધ કરવામાં સમર્થ अभवः- બનો. (૧૩)

*ભાવાર્થ : વિદ્વાન મનુષ્યોને અગ્નિ આદિ પદાર્થોની વિદ્યાનું દાન કરીને, સર્વનું હિત સિદ્ધ કરવું જોઈએ. (૧૩)*

**इन्द्रो अश्रायि सुध्यो निरेके पज्रेषु स्तोमो दुर्यो न यूपः।**

अश्वायुर्गव्यूरथयुर्वसूयुरिन्द्र इद्रायः क्षयति प्रयन्ता॥ १४॥

પદાર્થ : જે अश्वयुः-પોતાના અશ્વો गव्युः-પોતાના ( गौ- ) પૃથિવી, ઈન્દ્રિય અને કિરણો; रथयुः-પોતાના રથ અને वसूयुः-પોતાના દ્રવ્યોની ઈચ્છા અને प्रयन्ता-સમ્યક્ નિયમ કરનારની इत्-સમાન इन्द्रः-વિદ્યાદિ ઐશ્વર્યયુક્ત વિદ્વાન रायः-ધનોને क्षयति-નિવાસયુક્ત કરે છે, તે सुध्यः-જે શ્રેષ્ઠ બુદ્ધિમાન મનુષ્ય છે, તેનાથી दर्यः-જે ગૃહસંબંધી यूपः-સભાની न-સમાન इन्द्रः-વિદ્યાદિ ઔશ્વર્યવાન વિદ્વાન निरेके-શંકારહિત पज्रेषु-શિલ્પાદિ વ્યવહારોમાં स्तोमः-સ્તુતિ કરવા યોગ્ય अश्रायि-સેવન યુક્ત બને છે. (૧૪)

*ભાવાર્થ : જેમ સૂર્યના આશ્રયથી અનેક કાર્યો સિદ્ધ થાય છે, (તેમ) વિદ્વાનોના (આશ્રયથી) અગ્નિ, જળ આદિથી યાન નિર્માણ દ્વારા ધન પ્રાપ્તિ થાય છે. (૧૪)*

इदं नमो वृषभाय स्वराजे सत्यशुष्माय तवसेऽवाचि।

अस्मिन्निन्द्र वृजने सर्ववीराः स्मत्सूरिभिस्तव शर्मन्त्स्याम॥ १५॥

પદાર્થ : હે इन्द्र-પરમ પૂજ્ય સભાપતિ ! જેમ सूरिभिः-વિદ્વાનોએ वृषभाय-સુખવર્ષક, सत्यशुष्माय-વિનાશરહિત, બળયુક્ત, तवसे-અતિ બળથી પ્રવૃદ્ધ, स्वराजे-સ્વ પ્રકાશમાન પરમેશ્વરને इदम्-એ नमः-સત્કાર (કરવાનું) अवाचि-કહેલ છે, તેમ અમે પણ કરીએ. એમ કરીને એમ तव-આપના अस्मिन्-આ જગતના અને આ वृजने-દુઃખ દૂર કરનાર બળથી યુક્ત शर्मन्-ગૃહમાં स्मत्-સારી રીતે સુખી स्याम-બનીએ. (૧૫)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ વિદ્વાનોની સાથે રહીને, પરમેશ્વરની ઉપાસના તથા પૂર્ણ રીતે વિદ્વાનોનો સંગ કરીને, આ સંસારમાં પરમ આનંદની પ્રાપ્તિ કરવી અને કરાવવી જોઈએ. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્ય, અગ્નિ અને વિદ્યુત્ આદિ પદાર્થોનું વર્ણન બળાદિની પ્રાપ્તિ તથા અનેક વ્યવહારોના કથનથી વિવિધ અર્થોના વર્ણન અને સભાધ્યક્ષ તથા પરમેશ્વરના ગુણોનું પ્રતિપાદન કહેલ છે. છે. તેથી આ સૂક્તના અર્થની પૂર્વના સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૧)

## સૂક્ત-૫૨

त्यं सु मेषं महया स्वर्विदं शतं यस्य सुभ्वः साकमीरते।

अत्यं न वाजं हवनस्यदं रथमेन्द्रं ववृत्यामवसे सुवृक्तिभिः॥ १॥

પદાર્થ : यस्य-જે પરમ ઐશ્વર્યવાન સભાધ્યક્ષના शतम्-અસંખ્ય सुभ्वः-સુખોત્પાદક શિલ્પીઓ सुवृक्तिभिः-દુઃખ દૂર કરનારી ઉત્તમ ક્રિયાઓની साकम्-સાથે अत्यम्-અશ્વની न-સમાન અગ્નિ અને જળ આદિથી अवसे-રક્ષાદિને માટે हवनस्यदम्-સુખપૂર્વક આકાશ માર્ગને પ્રાપ્ત કરનાર वाजम्-વેગ યુક્ત इन्द्रम्-પરમોત્કૃષ્ટ ઐશ્વર્યના દાતા स्वर्विदम्-જેનાથી આકાશ માર્ગમાં ગમનાગમન થઈ શકે, તે रथम्-વિમાનાદિ યાનને ईरते-પ્રાપ્ત કરે છે; અને જેમાં હું ववृत्याम्-વર્તું છું, त्यम्-તે मेषम्-સુખની

વર્ષા કરનાર હે વિદ્વાન મનુષ્ય ! તું તેઓને सुमहय-સારી રીતે સત્કાર કર. (૧)

*ભાવાર્થ : મનુષ્યો, જેમ ઘોડાને જોડીને રથ આદિને ચલાવે છે, તેમ એ અગ્નિ આદિથી યાનોને ચલાવીને કાર્યોને સિદ્ધ કરે. (૧)*

स पर्वतो न धरुणेष्वच्युतः सहस्रमूतिस्तविषीषु वावृधे।
इन्द्रो यद् वृत्रमवधीन्नदीवृतमुब्जन्नर्णांसि जर्हृषाणो अन्धसा॥ २॥

પદાર્થ : હે ! રાજ-પ્રજાજન ! જેમ धरुणेषु-ધારણ કરનારાઓમાં अच्युतः-સત્ય સામર્થ્યયુક્ત अर्णांसि-જળને, उब्जन्-બળ પકડીને इन्द्रः-સવિતા, नदीवृतम्-નદીઓથી યુક્ત અને નદીઓને વર્તાવનાર वृत्रम्-મેઘને अवधीत्-મારે છે, सः-તે पर्वतः-પર્વતની न-સમાન ववृधे-વધે છે, તેમ यत्-જો તું શત્રુઓને માર, सहस्रमूतिः-અસંખ્ય રક્ષા કરનારા तविषीषु-બળોમાં जर्हृषाणः-વારંવાર હર્ષને પ્રાપ્ત કરીને अन्धसा-અન્નાદિથી સાથે વારંવાર વૃદ્ધિ પામતો રહે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્ય સૂર્ય સમાન સેના આદિને ધારણ કરીને, મેઘ સમાન અન્ન આદિ સામગ્રીથી સંયુક્ત થઈને, બળોની વૃદ્ધિ કરે છે, તે પર્વત સમાન સ્થાયી સુખયુક્ત બનીને, શત્રુઓને હણીને રાજ્યની વૃદ્ધિ કરી શકે છે. (૨)*

स हि द्वरो द्वरिषु वव्र ऊधनि चन्द्रबुध्नो मदवृद्धो मनीषिभिः।
इन्द्रं तमह्वे स्वपस्यया धिया मंहिष्ठरातिं स हि पप्रिरन्धसः॥ ३॥

પદાર્થ : જે ऊधनि-પ્રાતઃકાલમાં द्वरिषु-અંધકારાવૃત્ત વ્યવહારોમાં द्वरः-અંધકારથી આવૃત દ્વાર चन्द्रबुध्नः-બુધ્ન = અન્તરિક્ષમાં સુવર્ણ અને ચંદ્રમાના વર્ણથી યુક્ત मदवृद्धः-હર્ષથી વૃદ્ધિ પામેલ अन्धसः-અન્નાદિને पप्रिः-પૂર્ણ કરનાર वव्रः-કૂવા સમાન મેઘ છે, તેની સમાન मनीषिभिः-મેધાવીઓની સાથે हि-નિશ્ચયપૂર્વક વિદ્યમાન સભાધ્યક્ષ છે. तम्-તે मंहिष्ठरातिम्-અત્યંત પૂજનીય દાનશીલ इन्द्रम्-વિદ્વાનને स्वपस्यया-ઉત્તમ કર્મયુક્ત વ્યવહારમાં થનારી धिया-બુદ્ધિથી હું अह्वे-આહ્વાન કરુ છું. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ; જે મેઘની સમાન પ્રજાઓનું પાલન કરે છે, સૂર્યની સમાન સુખની વર્ષા કરે છે, તે પરમ ઐશ્વર્યવાન મનુષ્યને સભાધ્યક્ષ બનાવવો જોઈએ. (૩)*

आ यं पृणन्ति दिवि सद्मबर्हिषः समुद्रं न सुभ्व१ः स्वा अभिष्टयः।
तं वृत्रहत्ये अनु तस्थुरूतयः शुष्मा इन्द्रमवाता अह्रुतप्सवः॥ ४॥

પદાર્થ : सद्मबर्हिषः-ઉત્તમ સ્થાન-આસનયુક્ત सुभ्वः-ઉત્તમ થનાર મનુષ્ય अवाताः-વાયુના ચલાવવાથી રહિત નદીઓ समुद्रं न-જેમ સમુદ્ર અથવા આકાશને પ્રાપ્ત થઈને સ્થિત થાય છે, તેમ જે इन्द्रम्-સભાસદો સહિત સભાપતિ स्वाः-પોતાના अभिष्टयः-શુભેચ્છાયુક્ત शुष्माः-બળસહિત

अहस्तप्सवः-કુટિલતારહિત ऊतयः-સુરક્ષિત પ્રજા आपृणन्ति-સુખી કરે, तम्-પરમૈશ્વર્યકારક વીર પુરુષને अनुतस्थुः-અનુકૂળ સ્થિર રહે, તે જ ચક્રવર્તી રાજ્ય કરવાને યોગ્ય બને છે. (૪)

*ભાવાર્થ : જેમ નદીઓ સમુદ્રને અથવા જળને પ્રાપ્ત કરીને સ્થિર બને છે, તેમ જ સભાસહિત વિદ્વાનને પ્રાપ્ત કરીને સમસ્ત પ્રજા સ્થિર સુખયુક્ત બને છે. (૪)*

अभि स्ववृष्टिं मदे अस्य युध्यतो रघ्वीरिव प्रवणे सस्रुरूतयः।
इन्द्रो यद्वज्री धृषमाणो अन्धसा भिनद् वलस्य परिधीँरिव त्रितः॥५॥

પદાર્થ : यत्-જે સૂર્યની સમાન स्ववृष्टिम्-પોતાનાં શસ્ત્રોની વૃષ્ટિ કરીને, धृषमाणः-શત્રુને પ્રગલ્ભતા દેખાડનાર, वज्री-શત્રુઓના છેદન કરનારા શસ્ત્રોથી યુક્ત इन्द्रः-સભાધ્યક્ષ मदे-હર્ષમાં अस्य-એ युध्यतः-યુદ્ધ કરતા बलस्य-શત્રુની त्रितः-ઉપર, મધ્ય અને તિર્યક ત્રણ પંક્તિઓથી परिधींरिव-સર્વપ્રકાર ઉપરની ગોળ રેખાની સમાન બળને अभिभिनत्-સર્વ પ્રકારથી ભેદન કરે છે, તેના अन्धसा-અન્નાદિ અથવા જળથી रघ्वीरिव-જેમ જળથી ભરપૂર નદીઓ प्रवणे-નીચેના સ્થાનમાં ગમન કરે છે, તેમ ऊतयः-રક્ષા આદિ सस्रुः-ગમન કરે છે. (૫)

*ભાવાર્થ : જેમ જળ નીચેના સ્થાનની તરફ જાય છે, તેમ સભાધ્યક્ષ = રાજા નમ્ર બનીને વિનયને પ્રાપ્ત કરે. (૫)*

परीं घृणा चरति तित्विषे शवोऽपो वृत्वी रजसो बुध्नमाशयत्।
वृत्रस्य यत्प्रवणे दुर्गृभिश्वनो निजघन्थ हन्वोरिन्द्र तन्यतुम्॥६॥

પદાર્થ : હે इन्द्रः-સૂર્યની સમાન સભાધ્યક્ષ ! જેમ तित्विषे-પ્રકાશ માટે यत्-જે સૂર્યનું शवः-બળ અને घृणा-દીપ્તિ ईम्-જળનું परिचरति-સેવન કરે છે. दुर्गृभिश्वनः-દુઃખથી જેનું સેવન થાય वृत्रस्य-મેઘનું परिचरति बुध्नम्-શરીર रजसः-અન્તરિક્ષના મધ્યમાં आपः-જળનું वृत्वी-આવરણ કરીને अशयत्-શયન કરે છે, તેના हन्वोः-આગળ-પાછળ મુખના અવયવો-જડબામાં तन्यतुम्-વિદ્યુત્‌ને છોડીને તેને प्रवणे-નીચે निजघन्थ-મારીને પાડી દે છે, તમે (તેવા) બનીને ન્યાયમાં પ્રવૃત્ત થાઓ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોને એ યોગ્ય છે, કે તેઓએ સૂર્ય અને મેઘની સમાન પ્રવૃત્ત થઈને વિદ્યા અને ન્યાયની વર્ષા પ્રકાશિત કરવી જોઈએ. (૬)*

हृदं न हि त्वा न्यृषन्त्यूर्मयो ब्रह्माणीन्द्र तव यानि वर्धना।
त्वष्टा चित्ते युज्यं वावृधे शवस्ततक्ष वज्रमभिभूत्योजसम्॥७॥

પદાર્થ : इन्द्र-વિદ્યુત્ સમાન વિદ્યમાન ते-આપની वर्द्धना-વૃદ્ધિ કરનાર, ब्रह्माणि-મહાન અન્ન ऊर्मयः-તરંગો આદિ हृदम्-न-જેમ નદી જળ સ્થાનને પ્રાપ્ત થાય છે, તેમ हि-નિશ્ચયપૂર્વક જ્યોતિઓને न्यृषन्ति-પ્રાપ્ત થાય છે, તે त्वष्टा-મેઘના અવયવો-વાદળાંઓ અને મૂર્તિમાન દ્રવ્યોનું છેદન કરનાર

(शवः-બળ) अभिभूत्योजसम्-ઐશ્વર્યયુક્ત પરાક્રમ તથા युज्यम्-યુક્ત કરવા યોગ્ય वज्रम्-પ્રકાશસમૂહનો પ્રહાર કરીને સમસ્ત પદાર્થોનું ततक्ष-છેદન કરે છે, તેમ આપ પણ બનો. (૭)

*ભાવાર્થ : જેમ જળ નીચાણવાળા સ્થાન પર પહોંચીને સ્થિર અને સ્વચ્છ બની જાય છે, તેમ (રાજપુરુષ) સદ્‌ગુણો અને વિનયશીલ પુરુષોને પ્રાપ્ત કરીને સ્થિર અને શુદ્ધ બની જાય છે. (૭)*

जघन्वाँ उ हरिभिः संभृतक्रतविन्द्र वृत्रं मनुषे गातुयन्नपः।
अयच्छथा बाह्वोर्वज्रमायसमधारयो दिव्या सूर्यं दृशे॥ ८॥

પદાર્થ : હે संभृतक्रतो-ક્રિયા પ્રજ્ઞાઓને ધારણ કરેલ इन्द्र-મેઘના અવયવોનું છેદન કરનાર સૂર્યની સમાન શત્રુઓને તાડિત કરનાર સભાપતિ ! આપ-જેમ સૂર્ય પોતાના કિરણોથી वृत्रम्-મેઘને जघन्वान्-પાડીને-વરસાવીને आपः-જળને मनुषे-મનુષ્યોને गातुयन्-પૃથિવી પર પ્રાપ્ત કરાવી પ્રજાને ધારણ કરે છે, તેમ પ્રજાની રક્ષા માટે बाह्वोः-બળ તથા આકર્ષણોની સમાન ભુજાઓની મધ્યમાં आयसम्-લોખંડના वज्रम्-કિરણસમૂહ સમાન શસ્ત્રોને आधारयः-સારી રીતે ધારણ કરો, વીરોને કરાવો અને સર્વ મનુષ્યોને સુખકારક दिवि-શુદ્ધ વ્યવહારમાં सूर्यम्-સૂર્યમંડળની સમાન ન્યાય અને વિદ્યાના પ્રકાશને दृशे-દેખાડવા માટે अयच्छयाः-સર્વ રીતે પ્રદાન કરો. (૮)

*ભાવાર્થ : જેમ સૂર્યલોક પોતાના બળ અને આકર્ષણ દ્વારા સર્વલોકોને ધારણ કરીને તથા જળને ખેંચીને અને તેને વરસાવીને દિવ્ય સુખ ઉત્પન્ન કરે છે, તેમ સભા સર્વગુણોને ધારણ કરીને તથા લક્ષ્મીને ખેંચીને (પ્રજાથી કર આદિ રૂપમાં ગ્રહણ કરીને) અને તેનું યોગ્ય પાત્રોમાં દાન કરીને પ્રજાઓને માટે આનંદને પ્રકટ કરે. (૮)*

बृहत्स्वश्चन्द्रममवद्यदुक्थ्य१मकृण्वत भियसा रोहणं दिवः।
यन्मानुषप्रधना इन्द्रमूतयः स्वर्नृषाचो मरुतोऽमदन्ननु॥ ९॥

પદાર્થ : જે मानुषप्रधनाः-મનુષ્યોએ ઉત્તમ ધન પ્રાપ્ત કરાવનાર તથા नृषाचः-મનુષ્યોને કર્મમાં સંયુક્ત કરાવનાર मरुतः-પ્રાણ આદિ છે, તે इन्द्रम्-વિદ્યુત્‌ને પ્રાપ્ત થઈને यत्-જે बृहत्-મહાન स्वश्चन्द्रम्-પોતાના આહ્‌લાદક પ્રકાશથી યુક્ત अमवत्-ઉત્તમ જ્ઞાન उक्थ्यम्-પ્રશંસનીય स्वः-સુખને अकृण्वत-સંપાદન કરે છે; અને यत्-જે भियसा-દુઃખના ભયથી दिवः-પ્રકાશમાન મોક્ષ સુખનું रोहणम्-આરોહણ, ऊतयः-રક્ષા આદિ કરીને अन्वमदन्-તેને અનુકૂળ આનંદ કરે છે, તે મનુષ્ય મુખ્ય સુખને પ્રાપ્ત કરે છે. (૯)

*ભાવાર્થ : વિદ્યા, ધન, રાજ્ય, પરાક્રમ, બળ અને પુરુષનો સહયોગ જે ધાર્મિક વિદ્વાનને પ્રાપ્ત થાય છે, તેના માટે (તે) ઉત્તમ સુખ ઉત્પન્ન કરે છે. (૯)*

द्यौश्चिदस्यामवाँ अहेः स्वनादयोयवीद्भियसा वज्र इन्द्र ते।
वृत्रस्य यद्बद्बधानस्य रोदसी मदे सुतस्य शवसाभिनच्छिरः॥ १०॥

પદાર્થ : હે इन्द्र-પરમ ઐશ્વર્યના હેતુ સેનાપતિ ! જે अस्य-એ ते-આપના તથા એ સૂર્યના द्यौः-પ્રકાશને अहेः-बद्बधानस्य-રોકનાર મેઘના सुतस्य-ઉત્પન્ન થયેલ वृत्रस्य-આવરણકારક જળના અવયવોને अयोयवीत्-મિશ્ર અને પૃથક્ કરે છે, चित्-તમે अमवान्-બળકારી वज्रः-વજ્રના स्वनात्-શબ્દોથી भियसा-તથા ભયથી शवसा-બળની સાથે શત્રુઓ ભાગે છે. रोदसी-આકાશ અને પૃથિવીની સમાન मदे-આનંદકારી વ્યવહારમાં શત્રુના शिरः-શિર अभिनत्-કાપે છે; તે આપ અમારું પાલન કરો. (૧૦)

*ભાવાર્થ : જેમ સૂર્યનાં કિરણો અને વિદ્યુત્ મેઘ પ્રત્યે પ્રવૃત્ત થાય છે, તેમ સેનાપતિ આદિએ બનવું જોઈએ. (૧૦)*

**यदिन्न्विन्द्र पृथिवी दशभुजिरहानि विश्वा ततनन्त कृष्टयः।**

**अत्राह ते मघवन्विश्रुतं सहो द्यामनु शवसा बर्हणा भुवत्॥ ११॥**

પદાર્થ : હે मघवन्-ઉત્કૃષ્ટ ધન અને વિદ્યાના ઐશ્વર્યથી इन्द्र-સભાધ્યક્ષ, સેનાધ્યક્ષ ! આપ यत्-જે दशभुजिः-દશ ઇન્દ્રિયોથી पृथिवी-ભૂમિને ભોગવો છો, ते-આપના बर्हणा-સમસ્ત સુખ પ્રાપ્ત કરાવનાર અને ( शवसा-अह-બળથી જ) द्याम्-રાજ્યપાલન अनुविश्रुतम्-અનુકૂળ કીર્તિ કરાવનાર યજ્ઞ सहः-બળ भुवत्-થાય, તેનાથી યુક્ત થઈને આપ પ્રયત્ન કરો, જેથી अत्र-આ રાજ્યમાં कृष्टयः-મનુષ્યો विश्वा-સર્વ अहानि-દિવસોને इत्-સુખથી नु-શીઘ્ર ततनन्त-વિસ્તાર કરે. (૧૧)

*ભાવાર્થ : રાજપુરુષોએ પોતાનાં રાજ્યમાં સુખોની વૃદ્ધિ અને વિવિધ ગુણોની પ્રાપ્તિ જેમ થાય, તેવા જ કર્મો કરવા જોઈએ. (૧૧)*

**त्वमस्य पारे रजसो व्योमनः स्वभूत्योजा अवसे धृषन्मनः।**

**चकृषे भूमिं प्रतिमानमोजसोऽपः स्वः परिभूरेष्या दिवम्॥ १२॥**

પદાર્થ : હે धृषन्मनः-અનંત પ્રગલ્ભ = પ્રતિભાવાન વિજ્ઞાનયુક્ત જગદીશ્વર ! परिभूः-સર્વત્ર स्वभूत्योजाः-પોતાના ઐશ્વર્ય અને પરાક્રમયુક્તથી त्वम्-આપ अवसे-રક્ષા આદિ માટે अस्य-આ સંસારના रजसः-પૃથિવી આદિ લોકો તથા व्योमनः-આકાશના पारे-અપર ભાગમાં પણ एषि-પ્રાપ્ત છો, અને આપે ओजसः-પરાક્રમ આદિના प्रतिमानम्-અવધિ स्वः-સુખ, दिवम्-શુદ્ધ વિજ્ઞાનનો પ્રકાશ, भूमिम्-ભૂમિ અને अपः-જળને आचकृषे-સારી રીતે કરેલ છે, તે આપની અમે ઉપાસના કરીએ છીએ. (૧૨)

*ભાવાર્થ : (જેમ) પરમેશ્વર સર્વથી પરમ શ્રેષ્ઠ અને સમસ્ત દુઃખોથી પૃથક રહીને, પોતાના સામર્થ્યથી સર્વ લોકોને રચીને તેમાં વ્યાપ્ત થઈને, સર્વને વ્યવસ્થિત કરીને, જીવોના પાપ-પુણ્યોની વ્યવસ્થા કરવાના કારણે ન્યાયાધીશ છે, તેમ સભાપતિ =રાજા રાજ્ય કરીને સર્વને સુખ પ્રદાન કરે. (૧૨)*

**त्वं भुवः प्रतिमानं पृथिव्या ऋष्ववीरस्य बृहतः पतिर्भूः।**

विश्वमाप्रा अन्तरिक्षं महित्वा सत्यमद्धा नकिर्न्यस्त्वावान्॥ १३॥

પદાર્થ : હે જગદીશ્વર ! જે त्वम्-આપ पृथिव्याः-વિસ્તૃત આકાશ અને भुवः-ભૂમિના प्रतिमानम्-પરિમાણ = પ્રમાણકર્તા તથા बृहतः-મહાબળવાન, ऋष्ववीरस्य-મહાનગુણયુક્ત જગતના તથા મહાવીર મનુષ્યના पतिः-પાલક भूः-છો; તથા આપ विश्वम्-સમસ્ત જગત अन्तरिक्षम्-અનેક લોકોની મધ્યમાં અવકાશસ્વરૂપ આકાશ અને सत्यम्-કારણ રૂપથી અવિનાશી સમ્યક્ પરીક્ષા કરેલ ચારેય વેદોને महित्वा-મહાન વ્યાપ્તિથી વ્યાપ્ત થઈને श्रद्धाप्राः-સાક્ષાત રૂપમાં પૂરણ કરો છો, એથી त्वावान्-આપના સમાન अन्यः-બીજો नकिः-કોઈ નથી. (૧૩)

*ભાવાર્થ : જેથી ઈશ્વર સમસ્ત સંસારના નિર્માતા, પરિમાણકર્તા, વ્યાપક અને સત્યના પ્રકાશક છે, તેથી ઈશ્વરની સમાન કોઈપણ પદાર્થ થયો નથી, થશે નહિ, એમ માનીને અમે તેની ઉપાસના કરીએ છીએ. (૧૩)*

न यस्य द्यावापृथिवी अनु व्यचो न सिन्धवो रजसो अन्तमानशुः।
नोत स्ववृष्टिं मदे अस्य युध्यत एको अन्यच्चकृषे विश्वमानुषक्॥ १४॥

પદાર્થ : यस्य-જે रजसः-ઐશ્વર્યયુક્ત જગદીશ્વરની अनुव्यचः-અનંત વ્યાપ્તિને અનુકૂળ द्यावापृथिवी-પ્રકાશ, અપ્રકાશયુક્ત લોક અને ચંદ્રમાદિ પણ अन्तम्-અન્ત અર્થાત્ સીમાને न-आनशुः-પ્રાપ્ત કરી શકતા નથી.

હે પરમાત્મન્ ! જેમ स्ववृष्टिम्-પોતાના પદાર્થોની વર્ષાને પ્રત્યે मदे-આનંદમાં युध्यतः-યુદ્ધ કરતા મેઘનો સૂર્યની સામે વિજય થતો નથી, તેમ एकः-અસહાય = અદ્વિતીય જગદીશ્વરે अन्यत्-પોતાનાથી ભિન્ન દ્વિતીય विश्वम्-જગતને आनुषक्-પોતાની વ્યાપ્તિથી યુક્ત કરેલ છે, તેથી આપ ઉપાસનાને યોગ્ય છો. (૧૪)

*ભાવાર્થ : જેમ પરમેશ્વરના કોઈ પણ ગુણનો કોઈ પણ મનુષ્ય અથવા લોક પાર પામી શકતા નથી. જેમ જગદીશ્વર પાપકર્મ કરનારને દુ:ખરૂપ ફળ આપવા દ્વારા પીડિત કરીને, દુષ્ટોની તાડના કરીને, સૂર્ય મેઘના ખંડોને-અવયવોને પૃથક્ પૃથક્ કરીને, યુદ્ધ કરનારની સમાન (પ્રતીત થાય) છે. તેમજ સજ્જનો એ બનવું જોઈએ. (૧૪)*

आर्चन्नत्र मरुतः सस्मिन्नाजौ विश्वे देवासो अमदन्ननु त्वा।
वृत्रस्य यद्भृष्टिमता वधेन नि त्वमिन्द्र प्रत्यानं जघन्थ॥ १५॥

પદાર્થ : હે इन्द्र-પરમ ઐશ્વર્યયુક્ત સભાપતિ, સેનાપતિ ! यत्-જે त्वम्-આપ भृष्टिमता-પ્રશંસિત નીતિમાન અને ન્યાય વ્યવહારથી યુક્ત वधेन-હનનથી वृत्रस्य-અધર્મી મનુષ્યની સમાન आनम्-પ્રાણને जघन्थ-નષ્ટ કરો છો, તે त्वा-આપનો सस्मिन्-સર્વ आजौ-સંગ્રામ અને अत्र-આપમાં શ્રદ્ધા કરનાર विश्वेदेवासः-સમસ્ત વિદ્વાનો અને मरुतः-ઋત્વિજો न्यार्चन्-નિત્ય સત્કાર કરે છે; તેથી તે પ્રજાના પ્રાણી

प्रत्यन्वमदन्-સર્વને આનંદિત કરીને આપ-સ્વયં આનંદિત થાવ છો. (૧૫)

*ભાવાર્થ : જે એક પરમેશ્વરની ઉપાસના કરીને, વિદ્યા ગ્રહણ કરીને, શત્રુઓને જીતીને તથા વિજય પ્રાપ્ત કરીને પ્રજાઓને નિત્ય પ્રસન્ન રાખે છે, તે વિદ્વાનો સુખી થાય છે. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન, વિદ્યુત્ આદિ અગ્નિ અને ઈશ્વરના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૨)

## સૂક્ત-૫૩

न्यू॒३॒षु वाचं॒ प्र म॒हे भ॑रामहे॒ गिर॒ इन्द्रा॑य॒ सद॑ने वि॒वस्व॑तः।
नू चि॒द्धि रत्नं॑ सस॒तामि॒वावि॑द॒न्न दु॑ष्टु॒तिर्द्र॑विणो॒देषु॑ शस्यते॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે महे-મહાસુખદાતા सदने-સ્થાનમાં इन्द्राय-પરમૈશ્વર્યને માટે सु-શુભલક્ષણયુક્ત वाचम्-વાણીને निभरामहे-નિશ્ચિત ધારણ કરીએ છીએ. સ્વપ્નમાં ससतामिव-સૂતેલ મનુષ્ય સમાન विवस्वतः-સૂર્ય પ્રકાશમાં रत्नम्-રમણીય સુવર્ણાદિની સમાન गिरः-સ્તુતિઓને ધારણ કરીએ છીએ; પરંતુ द्रविणोदेषु-સુવર્ણાદિ અને વિદ્યાદિ આપનાર અમારામાં दुष्टुतिः-દુષ્ટ સ્તુતિ અને પાપની કીર્તિ અર્થાત્ નિંદા न प्रशस्यते-પ્રશંસિત-શ્રેષ્ઠ હોતી નથી, તેમ તમે પણ થાઓ. (૧)

*ભાવાર્થ : જેમ નિદ્રામગ્ન મનુષ્ય વિશ્રામ પ્રાપ્ત કરે છે, તેમ મનુષ્યોએ સદા વિદ્યા અને સુરક્ષા દ્વારા સંસ્કારિત વાણી સ્વીકાર કરીને, પ્રશંસનીય કર્મનું સેવન કરીને અને નિદ્રાને દૂર કરીને સ્તુતિના પ્રકાશના માટે પ્રયત્ન કરવો જોઈએ. (૧)*

दु॒रो अश्व॑स्य दु॒र इ॑न्द्र॒ गोर॑सि दु॒रो यव॑स्य॒ वसु॑न इ॒नस्पतिः॑।
शि॒क्षा॒न॒रः प्र॑दि॒वो अका॑मकर्शनः॒ सखा॒ सखि॑भ्य॒स्तमि॒दं गृ॑णीमसि॥ २॥

પદાર્થ : હે इन्द्र-વિદ્વાન ! જે अकामकर्शनः-આળસુ મનુષ્યોને કૃશ કરનાર, शिक्षानरः-શિક્ષાઓને પ્રાપ્ત કરનાર અને सखिभ्यः-મિત્રોના सखा-મિત્ર पतिः-પાલન કરનાર તથા इनः-ઈશ્વર સમાન સામર્થ્યયુક્ત આપ अश्वस्य-વ્યાપ્તિકારક અગ્નિ આદિ અને અશ્વ આદિના દ્વારોને પ્રાપ્ત કરીને સુખદાયક गोः- વાણી અને દૂધ આપનારી ગાયના दुरः-સુખદાયક દ્વારોને જાણીને, यवस्य-ઉત્તમ જવ આદિ અન્ન, प्रदिवः-ઉત્તમ વિજ્ઞાન, પ્રકાશ અને वसुनः-ઉત્તમ ધનદાતા असि-છો. तम्-તે આપની इदम्-પૂજા અથવા સત્કાર પૂર્વક गृणीमसि-સ્તુતિ કરીએ છીએ. (૨)

*ભાવાર્થ : પરમેશ્વર સમાન ધાર્મિક વિદ્વાન વિના કોઈને માટે સમસ્ત પદાર્થો અને સુખોને પ્રદાન કરનાર અન્ય કોઈ નથી. પરંતુ જે સર્વના મિત્ર અને શિક્ષા પ્રાપ્ત કરેલ મનુષ્ય છે, તે જ સમસ્ત સુખ પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. (૨)*

शचीव इन्द्र पुरुकृद् द्युमत्तम तवेदिदमभितश्चेकिते वसु।
अतः संगृभ्याभिभूत आ भर मा त्वायतो जरितुः काममूनयीः॥ ३॥

પદાર્થ : હે सचीवः-પ્રશસ્ત પ્રજ્ઞા, વાણી અને કર્મયુક્ત द्युमत्तम्-અત્યંત સર્વજ્ઞતા, વિદ્યા, પ્રકાશયુક્ત, पुरुकृत्-પુષ્કળ સુખદાતા, इन्द्र-પરમૈશ્વર્યયુક્ત જગદીશ્વર અથવા ઐશ્વર્યદાતા સભાપતિ વિદ્વાન ! આપની કૃપા અને આપની સહાયથી મનુષ્ય अभितः-સર્વત્રથી इदम्-એ वसु-ઉત્તમ ધનને चेकिते-જાણે છે.

હે अभिभूते-શત્રુઓનો પરાજય કરનાર ! જે કારણે આપ त्वायतः-આપ અને તેના આત્માની ઈચ્છા કરતા जरितुः-સ્તુતિ કરનાર ધાર્મિક ભક્તજનની कामम्-ઈચ્છાઓને आभरः-પૂર્ણ કરો. अतः-એ પુરુષાર્થથી આપને संगृभ्य-ગ્રહણ કરીને હું વર્તું છું અને આપ મને સર્વ કામોમાં પૂર્ણ કરો. આપની ઈચ્છા કરતા, સ્તુતિ કરનાર મારી ઈચ્છિત સિદ્ધિ मोनयीः-કદાપિ ક્ષીણ ન કરો. (૩)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા પરમેશ્વરના અથવા આપ્ત-વિદ્વાન પુરુષના સંગ વિના સર્વની કામના-ઈચ્છાઓની પૂર્તિ થઈ શકતી નથી, તેથી એ (પરમેશ્વર)ની જ ઉપાસના કરીને તથા આપ્ત-જનનો સંગ કરીને કામનાઓની પૂર્તિ કરવી જોઈએ. (૩)*

एभिर्द्युभिः सुमना एभिरिन्दुभिर्निरुन्धानो अमतिं गोभिरश्विना।
इन्द्रेण दस्युं दरयन्त इन्दुभिर्युतद्वेषसः समिषा रभेमहि॥ ४॥

પદાર્થ : અમે જે अमतिम्-વિજ્ઞાન અને સુખ દ્વારા અવિદ્યા, દરિદ્રતા અને સુંદર રૂપનો निरुन्धानः-નિરોધ અથવા ગ્રહણ કરીને सुमनाः-ઉત્તમ વિજ્ઞાનયુક્ત સભાધ્યક્ષ છે, તેની પ્રાપ્તિ કરીને તેની સહાય તથા एभिः-એ द्युभिः-પ્રકાશયુક્ત દ્રવ્ય एभिः-એ इन्दुभिः-આહ્લાદકારક ગુણ અને પદાર્થ એ गोभिः-પ્રશંસિત ગાય, પૃથિવી, अश्विना-અગ્નિ, જળ, સૂર્ય, ચંદ્ર આદિ इषा-ઈચ્છાના અન્નાદિ [इन्दुभिः-બળદાયક સોમરસાદિ પાનકો,] इन्द्रेण-વિદ્યુત્ અને તેથી રચેલ વિદારણ કરનાર શસ્ત્રથી दस्युम्-બળપૂર્વક પારકું ધન છીનનાર દુષ્ટનું दरयन्तः-વિદારણ કરીને युतद्वेषसः-દ્વેષથી મુક્ત થનાર શત્રુઓની સાથે યુદ્ધનો સુખથી समारभेमहि-આરંભ કરીએ.

*ભાવાર્થ : જે સભા આદિના અધ્યક્ષ સંપૂર્ણ દરિદ્રતાનો નાશ કરીને, શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરીને તથા સમસ્ત વિદ્યાઓને શીખીને અમને સુખી કરે છે, તેનો સર્વ મનુષ્યોએ આશ્રય ગ્રહણ કરવો જોઈએ. નિશ્ચય જ એની સહાય વિના કોઈ પણ વ્યાવહારિક આનંદ પ્રાપ્ત કરી શકતા નથી, તેથી તેની સહાયતાથી સર્વ ધાર્મિક કાર્યોનો આરંભ તથા નિત્ય સુખનું સેવન કરવું જોઈએ. (૪)*

समिन्द्र राया समिषा रभेमहि सं वाजेभिः२ पुरुश्चन्द्रैरभिद्युभिः।
सं देव्या प्रमत्या वीरशुष्मया गो अग्रयाऽश्वावत्या रभेमहि॥ ५॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! જેમ અમે આપની સહાયથી सम्राया-ઉત્તમ રાજ્ય લક્ષ્મી, समिषा-ધર્મની ઈચ્છા અને અન્નાદિ अभिद्युभिः-વિદ્યા, વ્યવહાર અને પ્રકાશયુક્ત पुरुश्चन्द्रैः-અત્યંત આહ્લાદક સુવર્ણ અને ઉત્તમ ચાંદી આદિ ધાતુ संवाजेभिः-વિજ્ઞાન આદિ ગુણ અને સંગ્રામ તથા प्रमत्या-ઉત્તમ મતિ-બુદ્ધિયુક્ત देव्या-દિવ્યગુણ સહિત વિદ્યાથી યુક્ત સેનાથી गोअग्रया-શ્રેષ્ઠ ઈન્દ્રિય, ગાય અને પૃથિવીથી યુક્ત, वीरशुष्मया-શૂરવીર યોદ્ધાઓના બળથી યુક્ત, अश्वत्या-પ્રશસ્ત વેગ અને બળવાન ઘોડાયુક્ત સેનાને સાથે લઈને શત્રુઓની સાથે संरभेमहि-સમ્યક્ સંગ્રામ કરીએ, એ સર્વ કાર્યો કરીને લૌકિક અને પારમાર્થિક સુખોને रभेमहि-સિદ્ધ-પ્રાપ્ત કરીએ. (૫)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય વિદ્વાનોની સહાયતા વિના પુરુષાર્થની સિદ્ધિને સારી રીતે પ્રાપ્ત કરી શકતા નથી. કોઈપણ મનુષ્ય બળ, સ્વાસ્થ્ય અને સામગ્રીથી સંપન્ન, સુશિક્ષિત તથા ધાર્મિક શૂરવીરો યુક્ત ચતુરંગિણી સેના વિના શત્રુઓનો પરાજય કરીને વિજય પ્રાપ્ત કરી શકતા નથી. તેથી તેની સદા ઉન્નતિ કરવી જોઈએ. (૫)*

**ते त्वा मदा अमदन् तानि वृष्ण्या ते सोमासो वृत्रहत्येषु सत्पते।**
**यत्कारवे दश वृत्राण्यप्रति बर्हिष्मते नि सहस्राणि बर्हयः॥ ६॥**

પદાર્થ : હે सत्पते-સત્પુરુષોના પાલક સભાધ્યક્ષ ! यत्-જે આપ बर्हिष्मते-વિજ્ઞાનયુક્ત कारवे-કર્મ કરનાર મનુષ્યને માટે वृत्राणि-શત્રુઓને રોકનાર કર્મ दश-દશ सहस्राणि-હજાર અર્થાત્ અસંખ્ય સેનાઓની अप्रति-અપ્રતીતિ જેમ થાય, તેમ પ્રતિકૂળ કર્મોની निबर्हयः-નિરંતર વૃદ્ધિ કરો, તેઓ આપના આશ્રિત થઈને ते-તેઓ सोमासः-સર્વોત્કૃષ્ટ પદાર્થોને ઉત્પન્ન કરનાર मदाः-આનંદિત કરનાર શૂરવીર, ધાર્મિક, વિદ્વાનજન त्वा-આપને वृत्रहत्येषु-શત્રુઓને હણવા યોગ્ય સંગ્રામોમાં तानि-તે वृष्ण्या-સુખવર્ષક સર્વોત્તમ કર્મોનું આચરણ કરીને अमदन्-પ્રસન્ન થાય છે. (૬)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ સદા સત્પુરુષોના સંગ દ્વારા અનેક સાધનો પ્રાપ્ત કરીને આનંદિત થવું જોઈએ. (૬)*

**युधा युधमुप घेदेषि धृष्णुया पुरा पुरं समिदं हंस्योजसा।**
**नम्या यदिन्द्र सख्या परावति निबर्हयो नमुचिं नाम मायिनम्॥ ७॥**

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! यत्-જે કારણે તમે धृष्णुया-દઢતા આદિ ગુણયુક્ત संख्या-મિત્ર સમૂહ युधा-યુદ્ધ કરનાર ओजसा-બળની સાથે पुरा-પ્રથમ इदम्-એ पुरम्-શત્રુઓનાં નગરને संसि-નષ્ટ કરીને તથા युद्धम्-યુદ્ધ કરતા શત્રુઓને इत्-પણ घ-નિશ્ચયપૂર્વક एषि-પ્રાપ્ત કરીને તથા नम्या-જેમ રાત્રિ અંધકારથી સર્વ પદાર્થોનું આવરણ કરે છે-ઢાંકી દે છે, તેમ અન્યાયથી અંધકાર કરનાર नाम-પ્રસિદ્ધ ननुचिम्-મુક્તથી રહિત मायिनम्-છળ, કપટયુક્ત, દુષ્ટ કર્મ કરનાર મનુષ્ય અને પશુ આદિને परावति-દૂર દેશમાં निबर्हयः-નિઃસારણ કરો છો, તેથી આપને મુદ્દ્ધાભિષિક્ત કરીને અમે

સભાધ્યક્ષના અધિકારમાં સ્વીકાર કરીને રાજપદવીથી માન્ય કરીએ છીએ. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ અનેક મિત્રો બનાવીને, દુષ્ટ શત્રુઓનું નિવારણ કરીને – દૂર કરીને, દુષ્ટ દળોને-તથા શત્રુઓના નગરોને તોડીને, સમસ્ત અન્યાયકારી મનુષ્ય આદિને પ્રશાસિત કરીને પરમ ઐશ્વર્ય પ્રાપ્ત કરવું જોઈએ. (૭)*

**त्वं कर॑ञ्जमु॒त प॒र्णयं॑ वधी॒स्तेजि॑ष्ठयातिथि॒ग्वस्य॑ वर्त्त॒नी।**

**त्वं श॒ता वङ्गृ॑दस्याभिन॒त्पुरो॑ऽनानु॒दः परि॑षूता ऋ॒जिश्व॑ना॥८॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ ! જે કારણે त्वम्-આપ એ યુદ્ધ વ્યવહારમાં तेजिष्ठया-અત્યંત તીક્ષ્ણ સેના અને નીતિયુક્ત બળથી करञ्जम्-ધર્માત્માઓને દુઃખ આપનાર पर्णयम्-પારકી વસ્તુ પડાવનાર ચોરને उत-પણ वधीः-મારીને તથા જે अतिथिग्वस्य અતિથિઓના આવાગમનને માટે वर्तनी-સત્કાર કરનારી ક્રિયા છે, તેની રક્ષા કરીને अनानुदः-અનુકૂળ ન વર્તનાર वङ्गृदस्य-વિષ આદિ પદાર્થોના દેનાર અને દુષ્ટ વ્યવહારોનો ઉપદેશ કરનાર, દુષ્ટ મનુષ્યોના शता-અસંખ્ય पुरः-નગરોને अभिनत्-ભેદન કરીને તથા જે परिस्रूताः-સર્વ પ્રકારથી ઉત્પન્ન કરેલ પદાર્થ છે, તેની ऋजिश्वना-કોમળ ગુણયુક્ત કૂતરાને શિક્ષા આપનારની સમાન વ્યવહારની સાથે રક્ષા કરો છો, તેથી આપજ સભા આદિના અધ્યક્ષ બનવાને યોગ્ય છો, એવો અમે નિશ્ચય કરીએ છીએ. (૮)

*ભાવાર્થ : રાજપુરુષોએ દુષ્ટ શત્રુઓનું છેદન કરીને તથા પૂર્ણ વિદ્યાવાન પરોપકારી ધાર્મિક અતિથિઓના સત્કાર માટે સર્વ પ્રાણીઓ અને પદાર્થોની રક્ષા કરીને ધર્મમય રાજ્યનું સેવન કરવું જોઈએ. જેમ કૂતરાઓ સ્વામીની રક્ષા કરે છે, તેમ અન્ય (પ્રાણી) રક્ષા કરી શકતા નથી. તેથી તેને સુરક્ષિત કરીને રાખવા જોઈએ. (૮)*

**त्वमे॒ताञ्ज॑न॒राज्ञो॒ द्विर्दशा॑ब॒न्धुना॑ सु॒श्रव॑सोपज॒ग्मुषः॑।**

**ष॒ष्टिं स॒हस्रा॑ नव॒तिं नव॑ श्रु॒तो नि च॒क्रेण॒ रथ्या॑ दु॒ष्पदा॑वृणक्॥९॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ ! જેમ श्रुतः-શ્રવણ કરનાર त्वम्-તમે एतान्-એ अबन्धुना-અબન્ધુ અર્થાત્ મિત્રરહિત અનાથ અને सुश्रवसा-ઉત્તમ શ્રવણ, અન્નયુક્ત મિત્રની સાથે વિદ્યમાન उपजग्मुषः-સમીપ થનાર षष्ठिम्-સાઠ, नवतिम्-નેવુ, नव-નવ दश, सहस्राणि-દશ હજાર, जनराज्ञः-ધાર્મિક રાજાયુક્ત મનુષ્યોને दुष्पदा-દુઃખથી પ્રાપ્ત થવા યોગ્ય रथ्या-રથને પ્રાપ્ત કરનાર चक्रेण-શસ્ત્ર વિશેષ અથવા ચક્રાદિ અંગયુક્ત યાન સમૂહથી द्विः-બે વાર न्यवृणक्-નિત્ય દુઃખોથી પૃથક્ કરો છો તથા દુષ્ટોને દૂર કરો છો, તેમ તું પણ પાપાચરણથી સદા દૂર રહે. (૯)

*ભાવાર્થ : ચક્રવર્તી રાજાએ સર્વ માંડલિક અને મહામાંડલિક રાજાઓ, કર્મચારીઓ, ગૃહસ્થો અથવા વિરક્તોને (પોતાના પ્રત્યે) અનુરાગ-યુક્ત કરીને તથા શરણાગતોનું પાલન કરીને, ધર્મથી યુક્ત સાર્વભૌમ રાજ્યનું શાસન કરવું જોઈએ; અને દશ વગેરે સંખ્યાવાચી શબ્દો ઉપલક્ષણ રૂપ છે, તેથી રાજપુરુષો દ્વારા સર્વનું યથાયોગ્ય રક્ષણ અને દંડ-વિધાન કરવું જોઈએ. (૯)*

त्वमा॑विथ सु॒श्रव॑सं॒ तवो॒तिभि॒स्तव॒ त्राम॑भिरिन्द्र॒ तूर्व॑याणम्।
त्वम॑स्मै॒ कुत्स॑मतिथि॒ग्वमा॒युं म॒हे रा॒ज्ञे यूने॑ अरन्धनायः॥ १०॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ ! त्वम्-આપ अस्मै-એ महे-સર્વોત્કૃષ્ટ ગુણયુક્ત यूने-યુવાવસ્થામાં राज्ञे-ન્યાય, વિનય અને વિદ્યાદિ ગુણોથી દેદીપ્યમાન રાજાને માટે तव-આપના ऊतिभिः-રક્ષણ આદિ કર્મોથી સેનાદિ સહિત અને तव-આપની त्रामभिः-રક્ષા કરનાર ધાર્મિક વિદ્વાનોથી રક્ષા પામેલ જે अतिथिग्वम्-અતિથિઓ પ્રાપ્ત કરનાર અને કરાવનાર तूर्वयाणम्-શત્રુજનોની હિંસા કરનાર યાન સહિત आयुम्-જીવનયુક્ત सुश्रवसम्-ઉત્તમ શ્રવણ અને અન્નાદિ યુક્ત મનુષ્યોથી अरंधनायः-પૂર્ણ ધનયુક્ત મનુષ્યની સમાન આચરણ કરો છો અને त्वम्-આપ જે कुत्सम्-વજ્રની સમાન વીરપુરુષની आविथ-રક્ષા કરો છો, તેને કોઈ પણ દુઃખ પ્રાપ્ત થતું નથી. (૧૦)

*ભાવાર્થ : રાજપુરુષોએ શત્રુઓનું નિવારણ કરીને તથા સર્વની રક્ષા કરીને સર્વને સદા સુખી રાખવા જોઈએ. એ નિશ્ચય રાજાની ઉન્નતિ રૂપી લક્ષ્મીયુક્ત સદા બને. વિદ્યાલયના અધ્યક્ષ સર્વને ઉત્તમ શિક્ષા દ્વારા વિદ્વાન અને શસ્ત્રાસ્ત્રો (ને ચલાવવા)માં નિપુણ કરીને પ્રજાની નિરંતર રક્ષા કરે. (૧૦)*

य उ॒दृची॑न्द्र दे॒वगो॑पाः॒ सखा॑यस्ते शि॒वत॑मा॒ असा॑म।
त्वां स्तो॑षाम॒ त्वया॑ सु॒वीरा॒ द्राघी॑य॒ आयुः॑ प्र॒त॒रं दधा॑नाः॥ ११॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ ! ते-આપના देवगोपाः-વિદ્વાન અને દિવ્ય ગુણ, કર્મોની રક્ષા કરનાર शिवतमाः-અત્યંત કલ્યાણ લક્ષણયુક્ત सखायः-પરસ્પર મિત્રતા અમે असाम-કરીએ. त्वया-આપની સાથે રક્ષા અને શિક્ષા કરેલ सुवीराः-ઉત્તમ વીરયુક્ત प्रतरम्-દુઃખ દૂર કરતા द्राघीयः-અત્યંત વિસ્તૃત સો વર્ષથી અધિક आयुः-વયને दधानाः-ધારણ કરીને उद्दचि-ઉત્તમ ઋચાયુક્ત અધ્યયન વ્યવહારમાં त्वाम्-શુભલક્ષણયુક્ત આપના स्तोषाम-ગુણોનું કીર્તન કરીએ. (૧૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ પરસ્પર નિશ્ચિત મિત્રતા કરીને, સર્વ સ્ત્રી-પુરુષ આદિ લોકોને સુવિધાથી યુક્ત કરીને તથા કરાવીને પૂર્ણ આયુ ભોગવવી જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન, સભાધ્યક્ષ તથા પ્રજાના પુરુષો પરસ્પર પ્રીતિપૂર્વક રહીને સુખને પ્રાપ્ત કરવાનું પ્રતિપાદન કરેલ છે; તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૩)

## સૂક્ત-૫૪

मा नो॑ अ॒स्मिन्म॑घवन्पृ॒त्स्वंह॑सि न॒हि ते॒ अन्तः॒ शव॑सः॒ परी॒णशे॑।
अक्र॑न्दयो न॒द्यो॒३॒॑ रोरु॑व॒द्वना॑ क॒था न क्षो॒णीर्भि॒यसा॒ समा॑रत॥ १॥

પદાર્થ : હે मघवन्-ઉત્તમ ધનયુક્ત જગદીશ્વર ! જે આપ पृत्सु-સેનાઓ अस्मिन्-આ જગત અને परीणशे-સર્વ પ્રકારથી નષ્ટ કરનાર अंहसि-પાપમાં અમને माक्रन्दयः-ફસાવો નહિ, જે ते-આપના शवसः-બળના अन्तः-અન્તને કોઈ પણ नहि-પામી શકતા નથી, તે આપ नद्यः-નદીઓની સમાન અમને ભમાવો નહિ, भियसा-ભયથી मारोस्वत्-વારંવાર રડાવો નહિ જે આપ क्षोणीः-બહુ જ ગુણયુક્ત પૃથિવીનું નિર્માણ અને ધારણ કરવાને સમર્થ છો, તેથી મનુષ્ય આપને कथा-કેમ न, समारत-પ્રાપ્ત ન થાય ? (૧)

*ભાવાર્થ : આ સંસારમાં, પરમેશ્વર અનંત હોવાથી, મનુષ્યો દ્વારા સત્ય ભાવથી ઉપાસના કરેલ એ (ઈશ્વર) દુઃખોને ઉત્પન્ન કરનારા અધર્મ માર્ગથી તેને નિવૃત્ત કરીને-દૂર કરીને સુખી કરે છે. તેનું અનંત સ્વરૂપ અને ગુણવાન હોવાથી કોઈ પણ તેના અન્ત-પારને પામી શકતા નથી. તેથી તેની ઉપાસના છોડીને કોણ અભાગી અન્યની ઉપાસના કરશે ? (૧)*

**अर्चा॑ श॒क्राय॑ शा॒किने॒ शची॑वते शृ॒ण्वन्त॒मिन्द्रं॑ म॒हय॑न्न॒भिष्टु॑हि।**

**यो धृ॒ष्णुना॒ शव॑सा॒ रोद॑सी उ॒भे वृषा॑ वृष॒त्वा वृ॑ष॒भो न्यृ॒ञ्जते॑॥ २ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ वृषा-જળ વરસાવનાર અને वृषभः-વર્ષા માટે વાદળાંઓને પ્રકટ કરનાર સૂર્ય वृषत्वा-સુખોની વર્ષાનું તત્ત્વ અને घृष्णुना-દૃઢતા આદિ ગુણયુક્ત शवसा-આકર્ષણ બળથી उभे-બન્ને रोदसी-દ્યૌ અને પૃથિવીને न्यृण्जते-નિરંતર પ્રકટ-પ્રસિદ્ધ કરે છે, તેમ यः-જે તું રાજ્યનો યથાયોગ્ય પ્રબંધ કરે છે, તે शाकिने-પ્રશંસિત શક્તિ આદિ ગુણયુક્ત शचीवते-પ્રશંસનીય બુદ્ધિમાન शक्राय-સમર્થને માટે अर्च-સત્કાર કરીને, તે સર્વના ન્યાયને श्रृण्वन्तम्-શ્રવણ કરનાર इन्द्रम्-પ્રશંસનીય ઐશ્વર્યયુક્ત સભાધ્યક્ષનો महयन्-સત્કાર કરીને अभिष्टुहि-ગુણોની પ્રશંસા કર. (૨)

*ભાવાર્થ : જે ગુણોની શ્રેષ્ઠતાના કારણે સંપૂર્ણ પૃથિવી પર પ્રસિદ્ધ, સભા આદિના અધ્યક્ષ ધર્મ પર શાસન કરીને, તેને ધર્મમાં સુસ્થિત રાખે છે, તેનો સર્વ મનુષ્યોએ આશ્રય કરવો જોઈએ. (૨)*

**अर्चा॑ दि॒वे बृ॑ह॒ते शू॒ष्यं१॒॑ वचः॒ स्वक्ष॑त्रं॒ यस्य॑ धृष॒तो धृ॒षन्मनः॑।**

**बृ॒हच्छ्र॑वा॒ असु॑रो ब॒र्हणा॑ कृ॒तः पु॒रो हरि॑भ्यां वृष॒भो रथो॒ हि षः॥ ३ ॥**

પદાર્થ : વિદ્વાન્ મનુષ્ય ! તું यस्य-જે धृषतः-અધાર્મિક દુષ્ટોને કર્મો અનુસાર ફળ પ્રાપ્ત કરાવનાર સભાધ્યક્ષના धृषत्-દૃઢકર્મ કરનાર मनः-ક્રિયાસાધક વિજ્ઞાન हि-નિશ્ચય કરીને જે बृहच्छ्रवाः-મહાન શ્રવણયુક્ત असुरः-જેમ પ્રજ્ઞા-બુદ્ધિ પ્રદાતા पुरः-પૂર્વ हरिभ्याम्-હરણ, આહરણ કરનાર તથા અગ્નિ, જળ અને ઘોડાથી યુક્ત મેઘ दिवे-સૂર્યને માટે વર્તે છે, તેમ वृषभः-પૂર્વોક્ત વરસાવનાર, પ્રકાશ કરનાર रथः-યાન સમૂહને बर्हणा-વૃદ્ધિથી कृतः-નિર્મિત કરેલ છે, તે बृहते-વિદ્યાદિ ગુણોથી વૃદ્ધ दिवे-શુભ ગુણોનો પ્રકાશ કરનારને માટે स्वक्षत्रम्-પોતાના રાજ્યની વૃદ્ધિ કર; અને शूष्यम्-બળ તથા નિપુણતાયુક્ત वचः-વિદ્યા અને શિક્ષા પ્રાપ્ત કરનાર વચનનું अर्च-પૂજન અર્થાત્ તેની સહાયયુક્ત શિક્ષા કર. (૩)

*ભાવાર્થ : મનુષ્યોને ઈશ્વર દ્વારા અનુમત, સભાધ્યક્ષ આદિથી શાસિત અને એક જ મનુષ્યનાં*

*રાજ્ય શાસનથી રહિત રાજ્યનું નિર્માણ કરવું જોઈએ. જેથી તે રાષ્ટ્ર કદીપણ દુઃખ, અન્યાય, આળસ, અજ્ઞાન, શત્રુ અને પરસ્પરના વિરોધથી પીડિત બને નહિ. (૩)*

**त्वं दिवो बृहतः सानु कोपयोऽव त्मना धृषता शम्बरं भिनत्।**
**यन्मायिनो व्रन्दिनो मन्दिना धृषच्छितां गभस्तिमशनिं पृतन्यसि॥ ४॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ ! જે धृषत्-શત્રુઓનો ઘર્ષણ =પરાજય કરીને त्वम्-આપ-જેમ સૂર્ય बृहतः-મહાન સત્ય, શુભયુક્ત दिवः-પ્રકાશથી सानु-સેવનને યોગ્ય મેઘના શિખરો પર शिताम्-અતિ તીક્ષ્ણ अशनिम्-છેદન-ભેદન કરનાર વજ સ્વરૂપ વિદ્યુત્ અને गभस्तिम्-વજરૂપ કિરણોનો પ્રહાર કરીને शम्बरम्-મેઘને भिनत्-કાપીને ભૂમિ પર પાડી દે છે, તેમ શસ્ત્ર અને અસ્ત્રોને ચલાવીને પોતાના त्मना-આત્માથી દુષ્ટ મનુષ્યોને अवकोपयः-કોપ કરીને व्रन्दिनः-નિંદિત મનુષ્યાદિ સમૂહયુક્ત मायिनः-કપટાદિ દોષ યુક્ત શત્રુઓને વિદીર્ણ કરીને તથા તેઓના નિવારણ માટે पृतन्यसि-પોતાના ન્યાયાદિ ગુણોની પ્રકાશ-પ્રકટ કરનારી વિદ્યા અને વીરપુરુષોથી યુક્ત સેનાની ઈચ્છા કરો છો, તે આપ રાજ્ય (કરવા)ને યોગ્ય બનો છો. (૪)

*ભાવાર્થ : જેમ જગદીશ્વર પાપ કર્મ કરનારાઓને તેઓના પોતાના પાપો અનુસાર દુઃખરૂપ ફળ આપીને યથાયોગ્ય રૂપથી તેઓને પીડિત કરે છે, એ જ રીતે સભાધ્યક્ષ (= રાજા) શસ્ત્ર-અસ્ત્રોની શિક્ષાથી ધાર્મિક શૂરવીરોની સેનાનું નિર્માણ કરીને દુષ્ટ કર્મ કરનારાઓનું નિવારણ કરીને, પ્રજાનું નિરંતર પાલન કરે. (૪)*

**नि यद् वृणक्षि श्वसनस्य मूर्द्धनि शुष्णस्य चिद् व्रन्दिनो रोरुवद्वना।**
**प्राचीनेन मनसा बर्हणावता यदद्या चित्कृणवः कस्त्वा परि॥ ५॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ વિદ્વાન ! यत्-જે આપ-જેમ સવિતા = સૂર્ય वना-કિરણોયુક્ત મેઘનું નિવારણ કરે છે, તેમ प्राचीनेन-સનાતન बर्हणावता-અનેક પ્રકારની વૃદ્ધિયુક્ત मनसा-વિજ્ઞાનથી श्वसनस्य-પ્રાણ સમાન બળવાન शुष्णस्य-શોષણકર્તાના मूर्द्धनि-ઉત્તમ અંગમાં પ્રહારની चित्-સમાન व्रन्दिनः-નિંદિત કર્મ કરનાર દુષ્ટ મનુષ્યોને रोरुवत्-રડાવતા यत्-જે કારણે अद्य-આજ निवृणक्षि-નિરંતર તે દુષ્ટોને પૃથક કરો છો, એથી चित्-પણ त्वा-આપને कृणवः-મારવા कः-કોઈ પણ સમર્થ परि-થઈ શકતો નથી. (૫)

*ભાવાર્થ : જેમ પરમેશ્વર પોતાના અનાદિ વિજ્ઞાનથી સર્વની ઉપર ન્યાયપૂર્વક શાસન કરે છે અને સૂર્ય મેઘનું હનન કરે છે, તેમ સભાધ્યક્ષ (= રાજા) ધર્મપૂર્વક સર્વ પર શાસન કરે અને શત્રુઓનું હનન કરે. (૫)*

**त्वमाविथ नर्यं तुर्वशं यदुं त्वं तुर्वीतिं वय्यं शतक्रतो।**
**त्वं रथमेतशं कृत्व्ये धने त्वं पुरो नवतिं दम्भयो नव॥ ६॥**

પદાર્થ : હે शतक्रतो-બહુજ બુદ્ધિયુક્ત વિદ્વાન સભાધ્યક્ષ ! જે કારણે त्वम्-આપ नर्यम्-મનુષ્યોમાં કુશળ तुर्वशम्-ઉત્તમ यदुम्-પ્રયત્નશીલ મનુષ્યોની રક્ષા, त्वम्-આપ तुर्वीतिम्-દોષ અને દુષ્ટ પ્રાણીઓના નાશક, वयम्-જ્ઞાનવાનોની રક્ષા અને त्वम्-આપ कृत्व्ये-સિદ્ધ કરવા યોગ્ય धने-વિદ્યા અને ચક્રવર્તી રાજ્યથી સિદ્ધ થયેલ દ્રવ્યના વિષય एतशम्-વેગાદિ ગુણયુક્ત ઘોડા આદિથી યુક્ત रथम्-સુંદર રથની आविथ-રક્ષા કરો છો; અને त्वम्-આપ દુષ્ટોના नव-નવ સંખ્યાયુક્ત नवतिम्-નવાણુ पुरः-નગરોને दम्भयः-નષ્ટ કરો છો, તેથી આ રાજ્યમાં આપનો જ આશ્રય અમારે કરવો જોઈએ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ જે રાજ્યની રક્ષા કરવામાં સમર્થ ન હોય, તેને રાજા કદીપણ બનાવો નહિ. (૬)*

स घा राजा सत्पतिः शूशुवज्जनो रातहव्यः प्रति यः शासमिन्वति।

उक्था वा यो अभिगृणाति राधसा दानुरस्मा उपरा पिन्वते दिवः॥७॥

પદાર્થ : यः-જે रातहव्यः-હવ્ય પદાર્થોના દાતા, सत्पतिः-સત્પુરુષોનું પાલન કરનાર, जनः-ઉત્તમ ગુણ અને કર્મો સહિત વિદ્યમાન राजा-ન્યાય, વિનયાદિ ગુણોથી પ્રકાશમાન સભાધ્યક્ષ प्रतिशासम्-શાસ્ત્ર-શાસ્ત્રનાં પ્રત્યે પ્રજાને इन्वति-ન્યાયમાં વ્યાપ્ત કરનાર वा-અથવા -शूशुवत-રાજ્ય કરવાનું જાણે છે; અને જે राधसा-ન્યાય કરીને પ્રાપ્ત કરેલ ધનથી दानुः-દાનશીલ બની उक्था-કહેવા યોગ્ય વેદસ્તોત્ર અને વચનોનો अभिगृणाति-સર્વ મનુષ્યોને માટે ઉપદેશ કરે છે, अस्मै-એ સભાધ્યક્ષને માટે दिवः-उपरा-જેમ સૂર્યના પ્રકાશથી મેઘ ઉત્પન્ન થઈને ભૂમિને पिन्वते-સીંચે છે, તેમ સમસ્ત સુખોનું पिन्वते-સેવન કરે છે सः-તેજ રાજ્ય કરી શકે છે. (૭)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય ઉત્તમ વિદ્યા, વિનય તથા ન્યાયને ધારણ કર્યા વિના અને વીર પુરુષોની સેનાનું નિર્માણ કર્યા વિના રાજ્ય પર શાસન કરવા, શત્રુઓને જીતવા તથા સર્વ સુખોને પ્રાપ્ત કરવામાં સમર્થ બનતો નથી. તેથી તે સર્વ સભાધ્યક્ષ (= રાજા) એ કરવું જોઈએ. (૭)*

असमं क्षत्रमसमा मनीषा प्र सोमपा अपसा सन्तु नेमे।

ये त इन्द्र ददुषो वर्धयन्ति महि क्षत्रं स्थविरं वृष्ण्यं च॥८॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! જે ददुषः-દાન કરવા સમાન ते-આપના असमम्-સમતારહિત કર્મ અને સાદૃશ્ય રહિત क्षत्रम्-રાજ્ય તથા असमा-સમતા અને ઉપમા રહિત मनीषा-બુદ્ધિ હોય, તો ये-જે नेमे-સર્વ सोमपाः-સોમ આદિ ઔષધી રસોનું પાન કરનાર ધાર્મિક વિદ્વાન પુરુષ अपसा-કર્મથી स्थविरम्-વૃદ્ધ वृष्ण्यम्-શત્રુઓના બળનાશક સુખ વરસાવનારને માટે કલ્યાણકારક महि-મહાનગુણયુક્ત क्षत्रम्-રાજ્યની प्रवर्धयन्ति-વૃદ્ધિ કરે છે, તે સર્વ આપની સભામાં બેસવા યોગ્ય સભાસદ च-અને ભૃત્ય = કર્મચારી सन्तु-બને. (૮)

*ભાવાર્થ : રાજપુરુષોએ પ્રજાનો વિરોધ અને પ્રજાએ રાજપુરુષોનો વિરોધ કદીપણ ન કરવો જોઈએ. પરંતુ પરસ્પર પ્રેમ અને ઉપકારની બુદ્ધિથી સંપૂર્ણ રાજ્યની સુખોની સાથે વૃદ્ધિ કરવી જોઈએ, એમ*

*કર્યા વિના રાજ્યપાલનની વ્યવસ્થા સ્થિર રહી શકતી નથી. (૮)*

तुभ्येदेते बहुला अद्रिदुग्धाश्चमूषदश्चमसा इन्द्रपानाः।
व्यश्नुहि तर्पया काममेषामथा मनो वसुदेयाय कृष्व॥ ९॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! જેમ एते-એ बहुलाः-બહુ જ સુખ અને કર્મોને આપનાર इन्द्रपानाः-પરમૈશ્વર્યના માટે સૂર્ય પ્રાપ્ત થનાર चमसाः-મેઘ સર્વ કામોને પૂર્ણ કરે છે, તેમ अद्रिदुग्धाः-મેઘ અને પર્વતોની પ્રાપ્ત વિદ્યા चमूषदः-સેનાઓમાં રહેલા શૂરવીર પુરુષો तुभ्यम्-આપને તૃપ્ત કરે તથા આપ તેઓને वसुदेयाय-શ્રેષ્ઠ ધન દેવા માટે मनः-મન कृष्व-કરો અને આપ એને तर्पय-તૃપ્ત અને एषाम्-એની कामान्-ઈચ્છાઓ પૂર્ણ કરો अथ-તદનન્તર इत्-જ સર્વ કામનાઓને व्यश्नुहि-પ્રાપ્ત થાઓ. (૯)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષ સુશિક્ષિત, પાલિત અને તૈયાર કરેલ શૂરવીરોની રક્ષા કરીને તથા નિરંતર તેઓનું પાલન કરીને, એને સર્વ પ્રકારનું સુખ આપે અને એ વીર લોકો સભા આદિના અધ્યક્ષોને નિત્ય સંતુષ્ટ કરતા રહે, જેથી સર્વ કામનાઓ પૂર્ણ થાય. (૯)*

अपामतिष्ठद्धरुणह्वरं तमोऽन्तर्वृत्रस्य जठरेषु पर्वतः।
अभीमिन्द्रो नद्यो वव्रिणा हिता विश्वा अनुष्ठाः प्रवणेषु जिघ्नते॥ १०॥

પદાર્થ : હે સભાના ઈશ-સ્વામી ! इन्द्रः-પરમ ઐશ્વર્ય દાતા આપ-જેમ સૂર્ય वृत्रस्य-મેઘ સંબંધી अपाम्-જળની अन्तः-મધ્યસ્થ जठरेषु-જ્યાંથી વર્ષા થાય છે; તેમાં धरुणह्वरम्-ધારણ કરનાર કુટિલ કર્મોનો હેતુ तमः-અંધકાર अतिष्ठत्-સ્થિત છે તેનું નિવારણ કરીને वव्रिणा-રૂપની સાથે વિદ્યમાન જે पर्वतः-પક્ષી સમાન આકાશમાં ઉડનારા મેઘ = વાદળાંઓ ईम्-જળને अभि-સન્મુખ પાડે છે-વરસાવે છે જેથી प्रवणेषु-નીચેના સ્થાનોમાં अनुष्ठाः-અનુકૂળતાથી વહેનારી विश्वा-સર્વ हिताः-પ્રતિક્ષણ ગતિમાન-ચાલનારી नद्यः-નદીઓ जिघ्नते-સમુદ્ર સુધી ગમન કરે છે, તેમ આપ થાઓ. (૧૦)

*ભાવાર્થ : જેમ સૂર્ય જે જળને સીંચીને અન્તરિક્ષમાં પહોંચાડે છે, તેને વાયુ ધારણ કરે છે. જ્યારે એ મળીને પર્વતાકાર બનીને સૂર્યના પ્રકાશને ઢાંકી દે છે, (ત્યારે) તેને વિદ્યુત્ કાપીને ભૂમિ પર પાડી દે છે. તેથી ઉત્પન્ન થયેલી અનેક રૂપવાળી નીચે તરફ જનારી નદીઓ ચાલતી-ગતિ કરતી ભૂમિ, પર્વત અને વૃક્ષ આદિને છિન્ન-ભિન્ન કરીને વહે છે. પુનઃ (તેનું) તે જળ સમુદ્ર અને અન્તરિક્ષમાં પહોંચીને એ જ રીતે વારંવાર વરસે છે, તેમ રાજા આદિ અધ્યક્ષ હોવા જોઈએ. (૧૦)*

स शेवृधमधि धा द्युम्नमस्मे महि क्षत्रं जनाषाडिन्द्र तव्यम्।
रक्षा च नो मघोनः पाहि सूरीन्राये च नः स्वपत्या इषे धाः॥ ११॥

પદાર્થ : इन्द्रः-પરમ ઐશ્વર્ય સંપાદક સભાધ્યક્ષ ! જે जनाषाट्-જનોને સહન કરનાર આપ अस्मे-

અમારા માટે शेवृधम्-સુખ तव्यम्-બળયુક્ત महि-મહા સુખદાયક પૂજનીય क्षत्रम्-રાજ્યને अधि-धा-સારી રીતે સર્વોપરિ ધારણ કરીને मघोनः-પ્રશંસિત ધન અને नः-અમારી रक्ष-રક્ષા च-અને सूरीन्-બુદ્ધિમાન વિદ્વાનોની पाहि-રક્ષા કરો; च-અને नः-અમને राये-ધન च-અને स्वपत्यै-ઉત્તમ અપત્ય-સંતાનયુક્ત इषे-ઈષ્ટરૂપ રાજ્ય લક્ષ્મીને માટે द्युम्नम्-કીર્તિકારક ધનને धाः-ધારણ કરો છો, सः-તે આપ અમારાથી સત્કાર યોગ્ય કેમ ન બનો ? (૧૧)

*ભાવાર્થ : સભાધ્યક્ષે (= રાજાએ) સમસ્ત પ્રજાનું પાલન કરીને, સર્વને સુશિક્ષિત વિદ્વાન બનાવીને ચક્રવર્તી રાજ્ય (ની ઉન્નતિ) અને ધનની વૃદ્ધિ કરવી જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્ય, વિદ્યુત, સભાધ્યક્ષ, શૂરવીર અને રાજ્યનું પાલન આદિનું વિધાન કરેલ છે તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૪)

## સૂક્ત-૫૫

दिवश्चिदस्य वरिमा वि पप्रथ इन्द्रं न मह्ना पृथिवी चन प्रति।
भीमस्तुविष्माञ्चर्षणिभ्य आतपः शिशीते वज्रं तेजसे न वंसगः॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ अस्य-સૂર્યના दिवः ह्ना- પ્રકાશ દ્વારા वरिमा-ઉત્તમના ભાવની मह्ना-વૃદ્ધિ-મહાનતાથી विपप्रथे-વિશેષ કરીને પ્રકટ કરે છે. पृथिवी-જેની બરાબર ભૂમિ चन-પણ સમાન न-નહિ અને ન आतपः-સર્વ પ્રકારે પ્રતાપયુક્ત, वंसगः-બળવાન વિભાગકર્તાની સમાન, पृथिवी-ભૂમિના प्रति-મધ્યમાં तेजसे-પ્રકાશ માટે, वज्रम्-કિરણોને शिशीते-અતિ શીતલ જળમાં પ્રક્ષેપ કરે છે, તેમ જે દુષ્ટોને માટે ભયંકર અને ધાર્મિકોને માટે સુખદાતા બનીને, પ્રજાઓનું પાલન કરે, તે સર્વના સત્કારને યોગ્ય છે; અન્ય નહિ. (૧)

*ભાવાર્થ : જેમ સૂર્ય સર્વ લોકોથી ઉત્તમગુણયુક્ત અને મહાન છે. જેમ સાંઢ-ખૂંટ ગાયોના ધણમાં ઉત્તમ અને અતિ બળવાન હોય છે, તેમ ઉત્તમ ગુણયુક્ત મહાન મનુષ્ય સભા આદિના ધર્માત્મા બનીને દુષ્ટોને ભયપ્રદાતા અને ધાર્મિકોને સુખદાતા બને. (૧)*

सो अर्णवो न नद्यः समुद्रियः प्रति गृभ्णाति विश्रिता वरीमभिः।
इन्द्रः सोमस्य पीतये वृषायते सनात्स युध्म ओजसा पनस्यते॥ २॥

પદાર્થ : જે इन्द्र-સભાધ્યક્ષ સૂર્ય સમાન सोमस्य-વૈદ્યક વિદ્યાથી સંપાદિત અને સ્વાભાવિક ઉત્પન્ન રસના पीतये-પાન માટે वृषायते-બળદની સમાન આચરણ કરે છે, सः- તે युध्मः-યુદ્ધ કરનાર મનુષ્ય न જેમ विश्रिताः-અનેક પ્રકારના દોષોનું સેવન કરવાવાળી नद्यः-નદીઓ अर्णवः-સમુદ્રને પ્રાપ્ત થઈને સ્થિર થાય છે; જેમ समुद्रियः-સમુદ્રમાં ચાલવા યોગ્ય નૌકાદિ યાન સમૂહ પાર પહોંચાડે છે; જેમ सनात्-નિરંતર ओजसा-બળ દ્વારા वरीमभिः-ધર્મ અને શિલ્પ ક્રિયાથી पनस्यते-વ્યવહાર કરનારની

સમાન આચરણ અને પૃથિવી આદિના રાજ્યને प्रतिगृभ्णाति-ગ્રહણ કરી શકે છે, તે રાજ્ય કરવા અને સત્કાર કરવા યોગ્ય છે. તેનો સર્વ મનુષ્યો સ્વીકાર કરે. (૨)

*ભાવાર્થ : જેમ સમુદ્ર અનેક પ્રકારના રત્નોને તથા અનેક નદીઓને પોતાના મહિમાથી પોતાની અંદર સંરક્ષિત રાખે છે, તેમ સભાધ્યક્ષ (= રાજા) વિવિધ પદાર્થોને તથા અનેક પ્રકારની સેનાઓને અપનાવીને તથા દુષ્ટોને પરાજિત કરીને અને શ્રેષ્ઠોને સંરક્ષિત કરીને પોતાના મહિમાનો વિસ્તાર કરે છે. (૨)*

त्वं तमिन्द्र पर्वतं न भोजसे महो नृम्णस्य धर्मणामिरज्यसि।
प्र वीर्येण देवतातिं चेकिते विश्वस्मा उग्रः कर्मणे पुरोहितः॥ ३॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! જે देवता-વિદ્વાન उग्रः-તીવ્રકારી पुरोहितः-પુરોહિતની સમાન ઉપકાર કરનાર છે. त्वम्-આપ-જેમ વિદ્યુત્ पर्वतम्-મેઘનો આશ્રિત વાદળાંઓની न-સમાન वीर्येण-પરાક્રમથી भोजसे-પાલન અને ભોગના માટે तम्-તે શત્રુનું હનન કરીને महः-મહાન नृम्णस्य-ધન અને धर्मणाम्-ધર્મોના યોગથી अतीरज्यसि-અતિશય ઐશ્વર્ય કરો છો. જે આપ विश्वस्मै-સર્વ कर्मणे-કર્મોને માટે प्रचेकिते-જાણો છો, તે આપ અમારા રાજા બનો. (૩)

*ભાવાર્થ : જે મનુષ્ય પ્રવૃત્તિનો આશ્રય લઈને ધન ઉત્પન્ન કરીને ભોગ પ્રાપ્ત કરે છે, સભાધ્યક્ષ-સહિત તે લોકો વિદ્યા, બુદ્ધિ, વિનય તથા ધર્મને તથા વીરપુરુષોની સેનાને પ્રાપ્ત કરીને દુષ્ટો પર ઉગ્ર તથા ધાર્મિકો પર ક્ષમાશીલ બનીને સર્વના 'હિતકારી' બને છે. (૩)*

स इद्वने नमस्युभिर्वचस्यते चारु जनेषु प्रब्रुवाण इन्द्रियम्।
वृषा छन्दुर्भवति हर्यतो वृषा क्षेमेण धेनां मघवा यदिन्वति॥ ४॥

પદાર્થ : यत्-જે અધ્યાપક અને ઉપદેશક वने-એકાન્તમાં એકાગ્ર ચિત્તથી जनेषु-પ્રસિદ્ધ મનુષ્યોમાં चारु-સુંદર इन्द्रियम्-મનને ब्रुवाणः-સારી રીતે કહે છે-ઉપદેશે છે; हर्य्यतः-અને સર્વના ઉત્તમ બોધની કામના કરીને प्रभवति-સમર્થ બને છે, वृषा-દઢ मधवा-પ્રશંસિત ધન અને વિદ્યાયુક્ત छन्दुः-સ્વચ્છન્દ वृषा-સુખ વરસાવનાર क्षेमेण-રક્ષણ સહિત धेनाम्-વિદ્યા, શિક્ષાયુક્ત વાણીને इन्वति-વ્યાપ્ત કરે છે, स इत्-તે જ नमस्युभिः-નમ્ર વિદ્વાનો દ્વારા वचस्यते-પ્રશંસાને પ્રાપ્ત બને છે. (૪)

*ભાવાર્થ : સર્વશ્રેષ્ઠ વિદ્વાન સર્વ મનુષ્યોને સમસ્ત વિદ્યાઓ પ્રાપ્ત કરાવીને તેને વિદ્યાવાન, બહુશ્રુત, સ્વતંત્ર અને સુરક્ષિત કરે, જેથી તે સંશયરહિત બનીને સદા સુખી રહે. (૪)*

स इन्महानि समिथानि मज्मना कृणोति युध्म ओजसा जनेभ्यः।
अधा चन श्रद्दधति त्विषीमत इन्द्राय वज्रं निघनिघ्नते वधम्॥ ५॥

પદાર્થ : જે सः-તે युध्मः-યુદ્ધ કરનાર ઉપદેશક (अविद्याकुटुम्बस्य प्रहर्ता-અવિદ્યારૂપી કુટુંબનો યુદ્ધમાં નાશ કરનાર ઉપદેશક) मज्मना-બળને ओजसा-પરાક્રમથી યુક્ત થઈને जनेभ्यः-મનુષ્યાદિને સુખને માટે ઉપદેશથી महानि-મહા પૂજનીય समिथानि સંગ્રામોને જીતનારની સમાન અવિદ્યા પર વિજયને (પ્રાપ્ત) कृणोति-કરે છે; वज्रम्-વજ્ર પ્રહારની સમાન શત્રુઓને वधम्-મારવા માટે निघनिघ्नते-મારનારની સમાન આચરણ કરે છે; તો अध-ત્યાર પછી इत्-જ अस्मै-એ त्विषीमते-પ્રશંસિત પ્રકાશયુક્ત इन्द्राय-પરમ ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવનારને માટે સર્વ મનુષ્યો चन-પણ श्रद्दधति-પ્રેમથી સત્યને ધારણ કરે છે. (૫)

*ભાવાર્થ : જેમ સૂર્ય મેઘને ઉત્પન્ન કરીને, તેને કાપીને, વર્ષા કરીને પોતાના પ્રકાશથી સર્વને આનંદિત કરે છે, તેમ અધ્યાપક અને ઉપદેશક અંધ પરંપરાનું નિવારણ, વિદ્યા ન્યાયાદિને પ્રકાશિત કરીને, સર્વ પ્રજાઓને સુખી કરે. (૫)*

स हि श्र॒व॒स्युः सद॑नानि कृ॒त्रिमा॑ क्ष्म॒या वृ॑धा॒न ओज॑सा विना॒शय॑न्।
ज्योतीँ॑षि कृ॒ण्वन्न॑वृ॒काणि॑ यज्यवेऽव॑ सु॒क्रतुः॒ सर्त॒वा अ॒पः सृ॑जत्॥ ६ ॥

પદાર્થ : જે सुक्रतुः-શ્રેષ્ઠબુદ્ધિ અને કર્મયુક્ત ओजसा-પરાક્રમથી क्ष्मया-પૃથિવીની સાથે वृधानः-વધીને, श्रवस्युः-પોતાના આત્માને માટે અન્નની ઇચ્છાથી સમસ્ત શાસ્ત્રોનું શ્રવણ કરીને, यज्यवे-રાજ્યના અનુષ્ઠાન માટે, सर्त्तवै-ગમન-આગમનના कृत्रिमाणि-કરેલા अवृकाणि-ચોરાદિ રહિત सदनानि-માર્ગ અને સુંદર ગૃહોને સુશોભિત कृण्वन्-કરીને, अपः-જળની વર્ષા કરાવનાર ज्योतीषि-ચંદ્રમા આદિ તથા નક્ષત્રોને પ્રકાશિત કરનાર સૂર્યની સમાન, विनाशयन्-અવિદ્યાનો નાશ કરીને રાજ્યનું अवसृजत्-નિર્માણ કરે, તેને જ સર્વ મનુષ્યોએ માતા, પિતા, મિત્ર અને રક્ષક માનવા યોગ્ય છે. (૬)

*ભાવાર્થ : જે મનુષ્ય સૂર્યની સમાન વિદ્યા, ધર્મ અને રાજનીતિનો પ્રકાશક બનીને સર્વ મનુષ્યોને ઉત્તમ જ્ઞાનવાન બનાવે છે, તે સમસ્ત મનુષ્ય આદિ પ્રાણીઓનો કલ્યાણકારી છે, એમ સર્વેએ જાણવું જોઈએ. (૬)*

दा॒नाय॒ मनः॑ सोमपावन्नस्तु तेऽ॒र्वाञ्चा॒ हरी॑ वन्दनश्रु॒दा कृ॑धि।
यमि॑ष्ठासः॒ सार॑थयो॒ य इ॑न्द्र ते॒ न त्वा॒ केता॒ आ द॑भ्नुवन्ति॒ भूर्ण॑यः॥ ७॥

પદાર્થ : હે वन्दनश्रुत्-સ્તુતિ અને ભાષણ—શ્રવણ કરનાર અને કરાવનાર તથા सोमपावन्-શ્રેષ્ઠ રસોનું પાન કરનાર इन्द्र-પરમૈશ્વર્યયુક્ત સભાધ્યક્ષ ! ते-આપનું मनः-મન दानाय-પુત્રોને વિદ્યાદિ દાનને માટે अस्तु-સારી રીતે થાય. જેમ વાયુ અને સૂર્યના अर्वाञ्चा-વેગાદિ ગુણોને પ્રાપ્ત કરનારી हरी-ધારણ-આકર્ષણ ગુણ અને જેમ भूर्णयः-પોષક यमिष्ठासः-અત્યંત ગમન કરતા सारथयः-રથોને

ચલાવનાર સારથી ઘોડા આદિને શિક્ષિત કરીને નિયમમાં રાખે છે, તેમ તમે સર્વ મનુષ્યાદિને ધર્મમાં ચલાવો અને સર્વમાં केता:-શાસ્ત્રીય પ્રજ્ઞા = બુદ્ધિને आकृधि-સારી રીતે પ્રાપ્ત કરાવો, આ રીતે કરવાથી ये-જે તમારા શત્રુઓ છે, ते-તમારા વશમાં આવી જાય, જેથી त्वा-તમને न दभ्नुवन्ति-દુઃખી કરી શકે નહિ. (૭)

*ભાવાર્થ : જેમ ઉત્તમ સારથી ઘોડાઓને સારી રીતે શિક્ષિત કરીને તેને નિયંત્રિત કરે છે અને જેમ વાયુ તિરછો-તિર્યક્ ચાલનાર હોય છે, તેમ અધ્યાપક અને ઉપદેશક વિદ્યા અને ઉત્તમ ઉપદેશથી સર્વને આચરણમાં નિયુક્ત કરે, તે બન્ને વિના તેઓ મનુષ્યોને ધાર્મિક બનાવી શકતા નથી. (૭)*

अप्रक्षितं वसु बिभर्षि हस्तयोरषाढं सहस्तन्वि श्रुतो दधे।
आवृतासोऽवतासो न कर्तृभिस्तनूषु ते क्रतव इन्द्र भूरयः॥ ८॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! श्रुत:-પ્રશંસાયુક્ત તું જે अप्रक्षितम्-ક્ષયરહિત वसु-ધન અને अषाढम्-શત્રુઓના અસહ્ય सह:-બળને तन्वि-શરીરમાં हस्तयो:-હસ્તઆમલક સમાન बिभर्षि-ધારણ કરે છે, જે आवृतास:-સુખોથી યુક્ત अवतास:-સમ્યક્ રક્ષિત મનુષ્યોની न-સમાન ते-આપની भूरय:-બહુજ શાસ્ત્રવિદ્યાયુક્ત क्रतव:-બુદ્ધિ અને કર્મોને कर्तृभि:-પુરુષાર્થી મનુષ્ય तनूषु-શરીરોમાં ધારણ કરે છે, તેને હું પણ दधे-ધારણ કરું છું. (૮)

*ભાવાર્થ : જેમ સભ્ય અને વિદ્વાનજનો દ્વારા કદી ક્ષીણ ન પામનાર વિજ્ઞાન, બળ, ધન, શ્રવણ અને અનેક શુભ કર્મો ધારણ કરવામાં આવે છે, તેમ સર્વ પ્રજાજનોએ પણ ધારણ કરવા જોઈએ. (૮)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્ય, પ્રજા અને સભાધ્યક્ષના કાર્યોનું વર્ણન કરેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૫)

## સૂક્ત-૫૬

एष प्र पूर्वीरव तस्य चम्रिषोऽत्यो न योषामुदयंस्त भुर्वणिः।
दक्षं महे पाययते हिरण्ययं रथमावृत्या हरियोगमृभ्वसम्॥ १॥

પદાર્થ : જે एष:-એ भुर्वणि:-ધારણ અને પોષણ કરનાર સભાધ્યક્ષ અને સૂર્ય न-જેમ अत्य:-ઘોડો ઘોડીથી સંયોગ કરે છે, તેમ योषाम्-વિદ્વાન્ સ્ત્રીથી યુક્ત થઈને, तस्य-તે પરમેશ્વરની પ્રાપ્તિ માટે, चम्रिष:-ભોગોને કરનારી, पूर्वी:-સનાતન પ્રજાને प्रावोदयंस्त-સારી રીતે અધર્મ અને નિકૃષ્ટતાથી નિવૃત્ત કરીને, તે પેલી પ્રજાને માટે महे-પૂજનીય માર્ગમાં કર્ણ આદિ ઇન્દ્રિયોને आवृत्य-યુક્ત કરીને, हिरण्यम्-અત્યંત તેજ અને સુવર્ણ ऋभ्वसम्-મનુષ્યાદિને પ્રક્ષેપણ કરનાર, हरियोगम्-અગ્નિયુક્ત અને અશ્વાદિ યુક્ત થયેલ दक्षम्-બળ, ચતુર અને શિલ્પી મનુષ્યયુક્ત रथम्-યાન સમૂહને आवृत्य-સામગ્રીથી

આચ્છાદિત્ કરીને, સુખરૂપી રસોનું पाययते-પાન કરાવે છે. (૧)

*ભાવાર્થ : ઉપદેશક, પોતાની સમાન વિદુષી સ્ત્રી સાથે વિવાહ કરીને, જેમ તે સ્વયં પુરુષોને ઉપદેશ આપે અથવા બાળકોને ભણાવે, તેમ તેની પત્ની સ્ત્રીઓને ઉપદેશ આપે અને કન્યાઓને ભણાવે. એમ કરવાથી ક્યાંયથી પણ તેને અજ્ઞાન અને ભયથી પીડિત કરી શકશે નહિ. (૧)*

तं गर्तयो नेमन्निषः परीणसः समुद्रं न संचरणे सनिष्यवः।

पतिं दक्षस्य विदथस्य नू सहो गिरिं न वेना अधि रोह तेजसा॥ २॥

પદાર્થ : હે કન્યા ! તું संचरणे-સારી રીતે સંગમમાં न-જેમ सनिष्यवः-સમ્યક્ વિવિધ દેશોને સેવન કરનારી નદિઓ समुद्रम्-સમુદ્રને પ્રાપ્ત થાય છે; न-જેમ વાદળો गिरिम्-મેઘને પ્રાપ્ત થાય છે, તેમ જે परिणसः-બહુ જ नेमन्निषः-પ્રાપ્ત થવા-કરવા યોગ્ય ઇચ્છિત સુખદાયક गूर्त्तयः-પુરુષાર્થીની અને બુદ્ધિમતી બ્રહ્મચારિણી તથા वेनाः-બુદ્ધિમાન બ્રહ્મચારી સમાવર્તન (સંસ્કાર) પછી પરસ્પર પ્રેમપૂર્વક વિવાહ કરે.

હે दक्षस्य-કન્યા ! તું સમસ્ત વિદ્યાઓમાં અતિ ચતુર विदथस्य-પૂર્ણ વિદ્યાયુક્ત વિદ્વાનથી વિદ્યા પ્રાપ્ત કરેલ पतिम्-સ્વામી-પતિને अधिरोह-પ્રાપ્ત કર, तेजसा-અત્યંત તેજથી तम्-તેને પ્રાપ્ત કરીને, सहः-બળને नु-શીઘ્ર પ્રાપ્ત કર. (૨)

*ભાવાર્થ : સર્વ બાળક અને કન્યાઓ વિધિપૂર્વક સેવન કરેલ બ્રહ્મચર્યથી સમસ્ત વિદ્યાઓ ભણીને, પૂર્ણ યુવાવસ્થામાં પોતાના સમાન ગુણ, કર્મ અને સ્વભાવોની પરીક્ષા કરીને, પરસ્પર અત્યંત પ્રેમ ઉત્પન્ન થયા પછી વિવાહ કરીને (તેમાંથી યુવતિઓ) જે પૂર્ણ વિદ્યાયુક્ત હોય, તો તે કન્યાઓને ભણાવે અને ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર વર્ણને યોગ્ય હોય, તો તે પોતાના વર્ણાનુસાર કર્મ કરે. (૨)*

स तुर्वणिर्महाँ अरेणु पौंस्ये गिरेर्भृष्टिर्न भ्राजते तुजा शवः।

येन शुष्णं मायिनमायसो मदे दुध्र आभूषु रामयन्नि दामनि॥ ३॥

પદાર્થ : હે શ્રેષ્ઠવરની ઇચ્છુક કન્યા ! જેમ તું જે तुर्वणिः-શીઘ્ર સુખકારી, दुध्रः-બળથી પૂર્ણ, आयसः-વિજ્ઞાનથી યુક્ત, महान्-સર્વોત્કૃષ્ટ, पौंस्ये-પુરુષાર્થયુક્ત વ્યવહારમાં કુશળ, तुजा-દુઃખોના નાશક, आभूषु-સર્વ રીતે સર્વને સુભૂષિત-અલંકૃતકારક, अरेणु-ક્ષયરહિત કર્મને मदे-હર્ષિત થવામાં रामयत्-ક્રીડાના હેતુ शवः-ઉત્તમ બળને પ્રાપ્ત થઈને, न-જેમ गिरेः-મેઘના भृष्टिः-ઉત્તમ શિખરે भ्राजते-પ્રકાશિત થાય છે, તેમ तम्-તે शुष्णम्-બળયુક્ત, मायिनम्-અત્યુત્તમ બુદ્ધિમાન વરને येन-જે બળથી दामनि-સુખદાયક ગૃહાશ્રમમાં સ્વીકાર કરી રહી છો, તેમ सः-તે વર પણ તને તેવાજ બળથી પ્રેમબદ્ધ કરે. (૩)

*ભાવાર્થ : તે વિવાહ સર્વોત્તમ છે, જ્યાં સમાન રૂપ અને સ્વભાવયુક્ત કન્યા અને વર હોય*

*પરંતુ કન્યાથી વરનું બળ તથા આયુ દ્વિગુણ-બેગણી અથવા દોઢગણી હોવી જોઈએ. (૩)*

**दे॒वी यदि॒ तवि॑षी॒ त्वावृ॑धो॒तय॒ इन्द्रं॒ सिष॑क्त्यु॒षसं॒ न सूर्यः॑।**

**यो धृ॒ष्णुना॒ शव॑सा॒ बाध॑ते॒ तम॒ इय॑र्ति॒ रे॒णुं बृ॒हद॑र्हरि॒ष्वणिः॑॥ ४॥**

પદાર્થ : હે સ્ત્રી ! यः-જે अर्हरिष्विणिः-અહિંસક, ધાર્મિક અને પાપીઓનો વિવેકકર્તા પુરુષ धृष्णुना-દૃઢ शवसा-બળથી, न-જેમ सूर्य-સૂર્ય उषम्-પ્રાતઃ કાળને પ્રાપ્ત થઈને बृहत्-મહાન-ઘોર तमः-અંધકારને દૂર કરી દે છે, તેમ તારા દુઃખને દૂર કરી દે છે.

હે પુરુષ ! यदि-જે त्वावृधा-તારી સુખવર્ધક, तविषी-પૂર્ણ બલવતી देवी-વિદુષી અત્યંત પ્રિયા સ્ત્રી रेणुम्-રમણીય સ્વરૂપ તને इयर्ति-પ્રાપ્ત થાય છે; અને ऊतये-રક્ષાદિને માટે इन्द्रम्-પરમ સુખપ્રદ તને सिषक्ति-શ્રેષ્ઠ સુખથી યુક્ત કરે છે, તે તું અને તે સ્ત્રી તમે બન્ને પરસ્પર આનંદમાં સદા વર્તન કરો. (૪)

*ભાવાર્થ : જ્યારે સ્ત્રીને પ્રિય પુરુષ અને પુરુષને પ્રિય પત્ની હોય-મળે, ત્યારે મંગલ વધે. (અર્થાત્ ગૃહાશ્રમમાં નિરંતર આનંદ પ્રાપ્ત થાય.) (૪)*

**वि यत्ति॒रो ध॒रुण॒मच्यु॑तं॒ रजोऽति॑ष्ठिपो दि॒व आता॑सु ब॒र्हणा॑।**

**स्व॑र्मीळ्हे॒ यन्मद॑ इन्द्र॒ हर्ष्याऽह॑न्वृ॒त्रं निर॒पामौ॑ब्जो अर्ण॒वम्॥ ५॥**

પદાર્થ : પરમ ઐશ્વર્યયુક્ત इन्द्र-સભાના ઈશ-સ્વામી જેમ औब्जः-મૃદુ કરનારથી સિદ્ધ થયેલ यत्-જે સૂર્ય दिवः-પ્રકાશ અને આકર્ષણથી आतासु-દિશાઓમાં तिरः-તિર્યક-ત્રાંસા કરેલા बर्हणा-વૃદ્ધિયુક્ત अच्युतम्-કારણરૂપ અને પ્રવાહરૂપથી અવિનાશી धरुणम्-આધારકર્તા रजः-પૃથિવી આદિ સમસ્ત લોકોને व्यतिष्ठियः-વિશેષ કરીને સ્થાપન કરીને તથા मदे-આનંદયુક્ત स्वर्मीढे-અન્તરિક્ષમાં રહેલ हर्ष्या-હર્ષ ઉત્પન્ન કરાવવા યોગ્ય કર્મોને કરીને, यत्-જે वृत्रम्-મેઘને अहन्-નષ્ટ કરીને, आताषु-દિશાઓમાં आपाम्-જલોના સાનિધ્યથી अर्णवम्-સમુદ્રને પ્રાપ્ત કરે છે, તેમ (સભાપતિ) પોતાના રાજ્ય અને ન્યાયને ધારણ કરીને શત્રુઓને મારીને પોતાની સ્ત્રી-પત્નીને આનંદિત કરે. (૫)

*ભાવાર્થ : જે સૂર્ય પોતાના પ્રકાશ અને આકર્ષણ આદિ ગુણોથી સર્વ લોકોને પોત-પોતાની કક્ષમાં ભ્રમણ કરાવે છે, સર્વ દિશાઓમાં પોતાના તેજથી રસને ખેંચીને ફરી વર્ષા કરાવીને પ્રજા પાલનનો નિમિત્ત બને છે, તેમ જ સ્ત્રી-પુરુષોએ વર્તવું જોઈએ-બનવું જોઈએ. (૫)*

**त्वं दि॒वो ध॒रुणं॑ धिष॒ ओज॑सो पृथि॒व्या इ॑न्द्र॒ सद॑नेषु॒ माहि॑नः।**

**त्वं सु॒तस्य॒ मदे॑ अरिणा अ॒पो वि वृ॒त्रस्य॑ स॒मया॑ पा॒ष्या॑रुजः॥ ६॥**

પદાર્થ : હે इन्द्र-પર ઐશ્વર્ય સંપાદક સભાધ્યક્ષ ! माहिनः-પૂજનીય, મહાનગુણયુક્ત त्वम्-આપ

ओजसा-બળથી જેમ સૂર્ય दिवः-દિવ્ય ગુણયુક્ત પ્રકાશથી पृथिव्याः-પૃથિવી અને પદાર્થોનો धरुणम्-આધાર છે, તેમ सदनेषु-ગૃહાદિમાં धिषे-ધારણ કરો છો.

જેમ વિદ્યુત્ वृत्रस्य-મેઘને મારીને अपः-જળને વરસાવે છે, તેમ त्वम्-આપ सुतस्य-ઉત્પન્ન થયેલ વસ્તુઓના मदे-આનંદકારક વ્યવહારમાં समया-સમયમાં अपः-જળની વર્ષાથી સર્વને સુખ પ્રદાન કરો છો. તેમ पाष्या-સારી રીતે ચૂર્ણ કરવા રૂપ સિદ્ધ કરેલ રસના मदे-આનંદ રૂપી વ્યવહારમાં पाष्या-ચૂર્ણકારક ક્રિયાથી શત્રુઓને व्यरूजः-મરણ પ્રાયઃ કરીને अरिणा-સુખને પ્રાપ્ત કરો. (૬)

*ભાવાર્થ : જે વિદ્વાનો સૂર્યની સમાન ન્યાયને પ્રકાશિત કરીને તથા શત્રુઓનું નિવારણ કરીને પ્રજાઓનું પાલન કરે છે, તેમ અમારે પણ કરવું જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્ય અને વિદ્વાનના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૬)

## સૂક્ત-૫૭

प्र मंहिष्ठाय बृहते बृहद्रये सत्यशुष्माय तवसे मतिं भरे।
अपामिव प्रवणे यस्य दुर्धरं राधो विश्वायु शवसे अपावृतम्॥ १॥

પદાર્થ : જેમ હું यस्य-જે સભા આદિના અધ્યક્ષના शवसे-બળ માટે प्रवणे-નીચેના સ્થાનમાં अपामिव-જળની સમાન अपावृतम्-દાન અને ભોગને માટે પ્રસિદ્ધ विश्वायु-પૂર્ણ આયુયુક્ત दुर्धरम्-દુષ્ટજનોને દુઃખથી ધારણ કરવા યોગ્ય राधः-વિદ્યા અને રાજ્યથી સિદ્ધ-પ્રાપ્ત કરેલ ધન છે, તે सत्यशुष्माय-સત્ય બળોના નિમિત્ત तवसे-બળવાન बृहद्रये-સર્વોત્કૃષ્ટ ધનયુક્ત बृहते-ગુણોથી મહાન मंहिष्ठाय-પુષ્કળ દાન કરનાર સભાધ્યક્ષને માટે मतिम्-વિજ્ઞાનને प्रभरे-ઉત્તમ રીતે ધારણ કરું છું, તેમ તમે પણ ધારણ કરો. (૧)

*ભાવાર્થ : જેમ જળ ઊંચા સ્થાનથી આવીને નીચેના સ્થાનમાં સ્થિત જળાશયમાં પહોંચીને સ્થિર ને સ્વચ્છ બની જાય છે, તેમ નમ્ર, ધાર્મિક, બળવાન અને પુરુષાર્થી મનુષ્ય માટે અક્ષયધન સ્થિર બની જાય છે.*

*જે રાજ્ય લક્ષ્મીને પ્રાપ્ત કરીને તેને સર્વના હિતના માટે, વિદ્યાની વૃદ્ધિને માટે અને શરીર તથા આત્માના બલની ઉન્નતિ માટે આપે છે, તે વીર અને દાની પુરુષનો સભાપતિ, શાલાપતિ અને સેનાપતિના રૂપમાં અમે અભિષેક કરીએ. (૧)*

अध ते विश्वमनु हासदिष्टय आपो निम्नेव सवना हविष्मतः।
यत्पर्वते न समशीत हर्यत इन्द्रस्य वज्रः श्नथिता हिरण्ययः॥ २॥

પદાર્થ : यत्-જે हविष्मतः-ઉત્તમ દાન ગ્રહણકર્તા इन्द्रस्य-ઐશ્વર્યવાન સભાધ્યક્ષનું हिरण्ययः-જ્યોતિઃ સ્વરૂપ वज्रः-શસ્ત્રરૂપ કિરણો पर्वते-મેઘમાં न-જેમ स्नथिता-હિંસક હોય છે, તેમ हर्यतः-ઉત્તમ વ્યવહાર समशीत-પ્રસિદ્ધ થાય. अध-તદનન્તર ते-આપના સમઆશ્રયથી विश्वम्-સમસ્ત सवना-ઐશ્વર્ય आपः-જળ निम्नेव-જેમ નીચેના સ્થાનમાં જાય છે, તેમ इष्टये-ઇચ્છિત સિદ્ધિ-પ્રાપ્તિને માટે ह-નિશ્ચયપૂર્વક अन्वसत्-હોય તે સભાધ્યક્ષ અને વિદ્યુત્‌નો આપણે સર્વ મનુષ્યોએ સમાશ્રય અને ઉપયોગ કરવો જોઈએ. (૨)

*ભાવાર્થ : જેમ પર્વત અને મેઘનો આશ્રય લઈને સિંહ આદિ અથવા જળ સુરક્ષિત તથા સ્થિર રહે છે, તેમ જ સભા આદિના અધ્યક્ષના આશ્રયથી પ્રજાઓ સ્થિર આનંદયુક્ત રહે છે. (૨)*

**अ॒स्मै भी॒माय॒ नम॑सा॒ सम॑ध्व॒र उषो॒ न शु॑भ्र॒ आ भ॑रा॒ पनी॑यसे।**
**यस्य॒ धाम॒ श्रव॑से॒ नामे॑न्द्रि॒यं ज्योति॒रका॑रि ह॒रितो॒ नाय॑से॥ ३॥**

પદાર્થ : હે વિદ્વાન મનુષ્ય ! તું यस्य-જે સભાધ્યક્ષના धाम-વિદ્યાદિ સુખોને ધારણ કરનાર श्रवसे-શ્રવણ અને અન્નને માટે છે, જેને अयसे-વિજ્ઞાનને માટે हरितः-દિશાઓની न-સમાન नाम-પ્રસિદ્ધ इन्द्रियम्-પ્રશંસિત બુદ્ધિમાન આદિ અને ચક્ષુ આદિ अकारि-કરેલ છે, अस्मै-એ भीमाय-દુષ્ટ અને પાપીઓને ભય આપનાર पनीयसे-યથાયોગ્ય વ્યવહાર સ્તુતિ કરવા યોગ્ય સભાધ્યક્ષ માટે शुभ्रे-શોભાયમાન, પવિત્રકારક अहिंसनीय-ધર્મયુક્ત યજ્ઞ उषः-પ્રાતઃકાળની न-સમાન नमसा-નમસ્તે વચનની સાથે समाभर-સારી રીતે ધારણ અને પોષણ કર. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, જેમ પ્રભાતવેળા સંપૂર્ણ અંધકારનો નાશ કરીને તથા સર્વને પ્રકાશિત કરીને પ્રસન્ન કરે છે, તેમ જ અન્યાયથી વિનાશકર્તા તથા ગુણોની અધિકતાના કારણે પ્રશંસાયુક્ત મનુષ્યનો સત્કાર કરીને તેને યુદ્ધ આદિ કાર્ય માટે સ્થાપિત કરવો જોઈએ.*

*જેમ દિશાઓ વ્યવહારનું જ્ઞાન કરાવે છે, તેમ જ (જે) વિદ્યા, સુશિક્ષા, સેના, વિનય અને ન્યાયાચરણ આદિ દ્વારા સર્વને અલંકૃત કરીને તથા ધન-અન્ન આદિથી સંપન્ન કરીને નિરંતર સુખી કરે, તેને જ સભા આદિના અધિકાર પર પ્રધાન બનાવવો જોઈએ. (૩)*

**इ॒मे त॑ इन्द्र॒ ते व॒यं पु॑रुष्टु॒त ये त्वा॒रभ्य॒ चरा॑मसि प्रभूवसो।**
**न॒हि त्वद॒न्यो गि॑र्वणो॒ गिरः॒ सघ॑त्क्षो॒णीरि॑व॒ प्रति॒ नो हर्य॒ तद्वचः॑॥ ४॥**

પદાર્થ : प्रभूवसो-સમર્થ અને સુખોમાં વાસપ્રદ, गिर्वणः-વેદવિદ્યાથી સંસ્કૃત વાણીઓથી સેવનીય, पुरुष्टुत-અનેકોથી સ્તુતિ કરવા યોગ્ય, हर्य-કમનીય અને સર્વ સુખ પ્રદાતા इन्द्र-જગદીશ્વર ! ते-આપની કૃપાની સહાયથી અમે सघत्-क्षोणीरिव-જેમ શૂરવીર શત્રુઓને મારીને પૃથિવીનું રાજ્ય પ્રાપ્ત થાય છે, તેમ नः-અમારા માટે गिरः-વેદવિદ્યાથી અધિષ્ઠિત વાણીઓને પ્રાપ્ત કરાવવાની ઇચ્છા કરનાર त्वत्-આપથી अन्यः-ભિન્ન नहि-કોઈ પણ નથી. तत्-તે वचः-વચનોને સાંભળીને અથવા પ્રાપ્ત કરી,

જે इमे-એ સન્મુખ મનુષ્ય તથા यं-જે ते-દૂર રહેનાર મનુષ્ય અને वयम्-અમે પરસ્પર મળીને ते-આપના શરણમાં આવીને, त्वारभ्य-આપના સામર્થ્યનો આશ્રય કરીને, નિર્ભય બનીને प्रतिचरामसि-પરસ્પર સદા સુખપૂર્વક વિચરણ કરીએ છીએ. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો પરમેશ્વરથી ભિન્ન વસ્તુને ઉપાસ્ય રૂપમાં સ્વીકાર કરતા નથી તથા તે ઈશ્વર દ્વારા ઉપદિષ્ટ વેદોક્ત મત સિવાયના અન્ય મતને માનતા નથી, તેઓજ આ સંસારમાં પૂજનીય બને છે. (૪)*

*ભાવાર્થ : ઉપરોક્ત અર્થ સ્વામીજીના મૂળ સંસ્કૃત ભાવાર્થ અનુસાર છે. પરંતુ હિન્દી અનુવાદમાં નિમ્ન રીતે ભિન્ન મળે છે-યથા 'જેવી રીતે શૂરવીરો શત્રુઓનાં બળને હરાવીને, રાજ્ય મેળવીને, સુખ ભોગવે છે, તેવી જ રીતે હે જગદીશ્વર ! અમે પણ અદ્વિતીય એવા આપનો આશ્રય લઈને સર્વ રીતે વિજયી બનીને વિદ્યાની વૃદ્ધિ કરીને સુખી થઈએ છીએ." (૪)*

**भूरि त इन्द्र वीर्यं१तव स्मस्यस्य स्तोतुर्मघवन्काममा पृण।**
**अनु ते द्यौर्बृहती वीर्यं मम इयं च ते पृथिवी नेम ओजसे॥ ५॥**

પદાર્થ : હે मघवन्-ઉત્તમ ધનયુક્ત इन्द्र-સેનાદિ બળયુક્ત સભાધ્યક્ષ ! જે ते-આપનું જે भूरि-અત્યંત वीर्यम्-પરાક્રમ છે, જેથી અમે स्मसि-આશ્રિત અને જે तव-આપની इयम्-એ बृहती-મહાન द्यौः-વિદ્યા, વિનયયુક્ત ન્યાયપ્રકાશ અને રાજ્ય માટે पृथिवी-ભૂમિ ओजसे-બળવાન માટે તથા ભોગવવા માટે नेमे-નમ્રની સમાન છે, તે આપ अस्य-એ स्तोतुः-સ્તુતિકર્તા (ગુણ પ્રકાશ)ના कामम्-કામનાઓને आपृर्ण-પરિપૂર્ણ કરો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ ઈશ્વરના અનંત પરાક્રમનો આશ્રય લઈને કામનાઓથી સિદ્ધિ અને પૃથિવીના રાજ્યની સ્થાપના કરીને નિરંતર સુખી રહેવું જોઈએ. (૫)*

**त्वं तमिन्द्र पर्वतं महामुरुं वज्रेण वज्रिन्पर्वशश्चकर्त्तिथ।**
**अवासृजो निवृताः सर्तवा अपः सत्रा विश्वं दधिषे केवलं सहः॥ ६॥**

પદાર્થ : હે वज्रिन्-પ્રશસ્ત શસ્ત્ર વિદ્યાવિત્, इन्द्र-દુષ્ટોનું વિદારણ કરનાર સભાધ્યક્ષ ! જે त्वम्-આપ महाम्-શ્રેષ્ઠ उरुम्-મહાન વીરપુરુષોની સત્કાર કરવા યોગ્ય ઉત્તમ સેના अवासृजः-બનાવો; અને वज्रेण-વજ્રથી જેમ સૂર્ય पर्वतम्-મેઘને છિન્ન-ભિન્ન કરીને निवृताः-નિવૃત્ત કરેલ अपः-જળને ધારણ કરીને પુનઃ પૃથ્વી પર પાડે છે-વરસાવે છે, તેમ શત્રુ દળને पर्वशः-પ્રત્યેક અંગથી चकर्त्तिथ-છિન્ન-ભિન્ન કરીને શત્રુઓનું નિવારણ કરો છો. सत्रा-કારણરૂપથી સત્યસ્વરૂપ विश्वम्-જગતને અર્થાત્ રાજ્યને ધારણ કરીને केवलम्-એકલા-અસહાય सहः-બળને सर्त्तवै-સર્વને સુખથી ગમન-આગમનના ન્યાય માર્ગમાં ચાલવા दधिषे-ધારણ કરો છો तम्-તે આપને સભા આદિના પતિરૂપે અમે સ્વીકાર કરીએ છીએ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે શત્રુઓના છેદનકર્તા, પ્રજાપાલનમાં સંલગ્ન તથા બળ અને વિદ્યાથી યુક્ત હોય, તેને જ સભા આદિના અધ્યક્ષ બનાવવા જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિ અને સભાધ્યક્ષ આદિના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૭)

## સૂક્ત-૫૮

**नू चित्सहोजा अमृतो नि तुन्दते होता यद्दूतो अभवद्विवस्वतः।**
**वि साधिष्ठेभिः पथिभी रजो मम आ देवताता हविषा विवासति॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે चित्-વિદ્યુત્‌ની સમાન સ્વપ્રકાશ अमृतः-સ્વરૂપના નાશરહિત सहोजाः-બળના ઉત્પાદક होता-કર્મફળના ભોક્તા સર્વ મન અને શરીરના ધર્તા दूतः-સર્વને ચલાવનાર अभवत-હોય છે. देवताता-દિવ્ય પદાર્થોના મધ્યમાં દિવ્યસ્વરૂપ साधिष्ठेभिः-અધિષ્ઠાન સાથે વિદ્યમાન पथिभिः-માર્ગોથી रजः-પૃથિવી આદિ લોકોને नु-શીઘ્ર બનાવનાર विवस्वतः-સ્વપ્રકાશ સ્વરૂપ પરમેશ્વરના મધ્યમાં વિદ્યમાન થઈને हविषा-ગ્રહણ કરેલ શરીર સહિત नि तुन्दते-નિરંતર જન્મ-મરણાદિ પીડિત થઈને તથા પોતાના કર્મોના ફળોનું विवासति-સેવન-ભોગ અને પોતાના કર્મમાં व्याममे-સર્વ પ્રકારથી વર્તે છે, તે જીવાત્મા છે, તેમ તમે જાણો. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમારે જાણવું જોઈએ, કે અનાદિ, સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વ શક્તિમાન, સ્વયં પ્રકાશમાન, સર્વાધાર, સર્વ જગતના ઉત્પાદક દેશ-કાળ-વસ્તુ-પરિમાણોથી રહિત અને સર્વવ્યાપક પરમેશ્વરમાં નિત્ય વ્યાપક સંબંધથી જે અનાદિ, નિત્ય, ચેતન, અલ્પ પરિમાણ યુક્ત-સૂક્ષ્મ અને અલ્પજ્ઞ (તત્ત્વ) છે, તે જ જીવ છે. (૧)*

**आ स्वमद्म युवमानो अजरस्तृष्वविष्यन्नतसेषु तिष्ठति।**
**अत्यो न पृष्ठं प्रुषितस्य रोचते दिवो न सानु स्तनयन्नचिक्रदत्॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે युवमानः-સંયોગ અને વિભાગકર્તા अजरः-જરા-વૃદ્ધત્વથી રહિત દેહ આદિની अविष्यन्-રક્ષા કરનાર બનીને अतसेषु-આકાશ આદિ પદાર્થોમાં तिष्ठति-સ્થિત થઈને प्रषितस्य-પૂર્ણ પરમાત્મામાં કાર્યનું સેવન કરીને न-જેમ अत्यः-ઘોડા पृष्ठम्-પોતાની પીઠ પર ભારનું વહન કરે છે, તેમ દેહાદિનું વહન કરે છે.

नः-જેમ दिवः-પ્રકાશથી सानु-પર્વતનું શિખર અને વાદળાંઓની ઘટા પ્રકાશિત થાય છે, તેમ रोचते- પ્રકાશમાન થાય છે.

જેમ स्तनयन्-વીજળી શબ્દ કરે છે, તેમ अचिक्रदत्-સર્વથા શબ્દ કરે છે.

જે स्वम्-પોતાના કરેલા अद्म-ભોક્તવ્ય કર્મોને तृषु-શીઘ્ર आ-સર્વ પ્રકારથી ભોગવે છે, તે શરીર

ધારણ કરનાર જીવ છે. (દેહી છે) (૨)

*ભાવાર્થ : પૂર્ણ પરમેશ્વર દ્વારા ધારણ કરેલ, આકાશ આદિમાં પ્રયત્નશીલ રહે છે, બુદ્ધિ આદિ સર્વને પ્રકાશિત કરે છે અને ઈશ્વરની વ્યવસ્થા અનુસાર પોતાના કરેલા શુભ-અશુભ આચરણયુક્ત કર્મનું સુખ-દુ:ખરૂપ ફળ ભોગવે છે, તે આ શરીરમાં સ્વતંત્રકર્તા અને ભોક્તારૂપી જીવ છે, એમ મનુષ્યોએ જાણવું જોઈએ. (૨)*

क्राणा रुद्रेभिर्वसुभिः पुरोहितो होता निषत्तो रयिषाळमर्त्यः।
रथो न विक्ष्वृञ्जसान आयुषु व्यानुषग्वार्या देव ऋण्वति॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે રુદ્રેભિઃ-પ્રાણો અને વસુભિઃ-વાસ આપનાર પૃથિવી આદિ પદાર્થોની સાથે નિસત્તઃ-સ્થિત, હરતા-ફરતા હોતા-દેહાદિનું ધારણ કરનાર, પુરોહિતઃ-પ્રથમ ગ્રહણ કરવા યોગ્ય, રયિષાટ્-ધનના સહનકર્તા, અમર્ત્યઃ-મરણ ધર્મ રહિત, क्राणा-કર્મોના કર્તા, ऋञ्जसानः-કરેલા કર્મોને પ્રાપ્ત થઈને વિક્ષુ-પ્રજાઓમાં रथो न-રથની સમાન શરીર યુક્ત બનીને आयुषु-બાલ્યાદિ જીવન અવસ્થાઓ-વયમાં अनुषक्-અનુકૂળતાથી વિદ્યમાન वार्या-ઉત્તમ પદાર્થો અને સુખને व्यृण्वति-વિવિધ પ્રકાર સિદ્ધ કરે છે, તે જ देवः-શુદ્ધ પ્રકાશ સ્વરૂપ જીવાત્મા છે, એમ જાણો. (૩)

*ભાવાર્થ : જે પૃથિવી પર પ્રાણો દ્વારા ચેષ્ટા કરે છે, જેમ મનને અનુકૂળ રથની સમાન, શરીરથી જે સહજ ભાવથી કામ લે છે અને જે શ્રેષ્ઠ વસ્તુઓ અને સુખને ઈચ્છે છે, તે જ જીવે છે, તેમ જાણવું જોઈએ. (૩)*

वि वातजूतो अतसेषु तिष्ठते वृथा जुहूभिः सृण्या तुविष्वणिः।
तृषु यदग्ने वनिनो वृषायसे कृष्णं त एम रुशदूर्मे अजर॥ ४॥

પદાર્થ : હે रुशदूर्मे-પોતાના સ્વભાવની ઊર્મીઓયુક્ત-अजर-વૃદ્ધાવસ્થા રહિત, अग्ने-વિદ્યુત્ સમાન વિદ્યમાન જીવ ! જે તું अतसेषु-આકાશાદિ વ્યાપક પદાર્થોમાં वितिष्ठते-રહીને यत्-જે वातजूतः-વાયુના પ્રેરક અને વાયુ સમાન વેગવાન तुविष्वणिः-અનેક પદાર્થોના સેવક जुहूभिः-ગ્રહણ કરવાના સાધનરૂપ ક્રિયાઓ અને सृण्या-ધારણ તથા હનન રૂપ કર્મની સાથે વિદ્યમાન वनिनः-વિદ્યુત્યુક્ત પ્રાણોને પ્રાપ્ત થઈને તું तृषु-શીઘ્ર वृषायसे-બળવાન થાય છે. જે ते-તારા कृष्णम्-કર્ષણરૂપ ગુણને અમે एम-પ્રાપ્ત થઈએ છીએ; તે તું वृथा-નિરર્થક અભિમાનનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપને જાણ. (૪)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોને ઈશ્વર ઉપદેશ કરે છે, કે-'મેં' જે બતાવેલ છે તે જ તમારું પોતાનું સ્વરૂપ છે, તેમ તમારે જાણવું જોઈએ. (૪)*

तपुर्जम्भो वन आ वातचोदितो यूथे न साह्वाँ अव वाति वंसगः।

अ॒भि॒व्रज॒न्नक्षि॑तं॒ पाज॑सा॒ रजः॑ स्था॒तुश्च॒रथं॑ भयते पत॒त्रिणः॑॥५॥

પદાર્થ : હે મનુષ્યો ! જે वंसगः-વિભિન્ન પદાર્થોને પ્રાપ્ત થઈને वातचोदितः-પ્રાણોથી પ્રેરિત तपुर्जम्भः- જેના મુખની સમાન પ્રતાપ-તાપ, તે જીવ અગ્નિ સમાન, જેમ यूथे-સેનામાં साह्वान्-હનનશીલ જીવ आववाति-સર્વ શરીરની ચેષ્ટા કરે છે. જે વિસ્તૃત થઈને દુઃખોનું હનન કરતા જે अभिव्रजन्-જતાં-આવતાં चरथम्-ચરનાર, अक्षितम्-ક્ષયરહિત, रजः-કારણ સહિત, લોક સમૂહના पाजसा-બળને ધરીને જે स्थातुः- સ્થિર વૃક્ષમાં બેઠેલ पतत्रिणः-પક્ષીની સમાન भयते-ભય પામે છે, તે તમારું આત્મસ્વરૂપ છે; તેને તમે જાણો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ એ જાણવું જોઈએ કે-જે અન્તઃકરણ (= મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર), પ્રાણ (પ્રાણ આદિ દશ વાયુ), ઈન્દ્રિય (શ્રોતાદિ દશ ઈન્દ્રિયો)નો પ્રેરક; સર્વને ધારણ કરનાર, નિયંત્રિત કરનાર તથા તેનો સ્વામી છે. તથા ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન સુખ, દુઃખ અને જ્ઞાન ગુણોથી યુક્ત છે, તે આ શરીરમાં જીવ છે (એમ નિશ્ચિત જાણો.) (૫)*

द॒धुष्ट्वा॒ भृग॑वो॒ मानु॑षे॒ष्वा र॒यिं न चारुं॑ सु॒हवं॒ जने॑भ्यः।
होता॑रमग्ने॒ अति॑थिं॒ वरे॑ण्यं मि॒त्रं न शेवं॑ दि॒व्याय॒ जन्म॑ने॥६॥

પદાર્થ : હે अग्ने-અગ્નિ સમાન સ્વ-પ્રકાશ સ્વરૂપ જીવ ! તું જે त्वा-તને भृगवः-પરિપક્વ જ્ઞાનવાન વિદ્વાન मानुषेषु-મનુષ્યોમાં जनेभ्यः-વિદ્વાનોથી વિદ્યા પ્રાપ્ત કરીને, चारुम्-સુંદર સ્વરૂપ, सुहवम्-સુખપ્રદાતા, रयिम्-ધનની न-સમાન होतारम्-દાનશીલ, अतिथिम्-અનિયમ સ્થિતિ અર્થાત્ અતિથિ સમાન દેહ-દેહાન્તર અને સ્થાન-સ્થાનાન્તરમાં જવાવાળા-જનાર, वरेण्यम्-ગ્રહણ કરવા યોગ્ય, शेवम्-સુખરૂપ જીવને પ્રાપ્ત થઈને दिव्याय-શુદ્ધ-પવિત્ર जन्मने-જન્મ માટે मित्रन्न-મિત્રની સમાન તને आदधुः-સર્વ રીતે ધારણ કરે છે, તેને જીવ જાણ. (૬)

*ભાવાર્થ : જેમ મનુષ્ય વિદ્યા, લક્ષ્મી અને મિત્રોને પ્રાપ્ત કરીને સુખપૂર્વક ઉન્નતિ કરે છે, તેમ જીવના સ્વરૂપના જ્ઞાતા અત્યંત સુખને પ્રાપ્ત કરે છે. (૬)*

होता॑रं स॒प्त जु॒ह्वो॒३ यजि॑ष्ठं॒ यं वा॒घतो॑ वृ॒णते॑ अध्व॒रेषु॑।
अ॒ग्निं विश्वे॑षामर॒तिं वसू॑नां सप॒र्यामि॒ प्रय॑सा॒ यामि॒ रत्न॑म्॥७॥

પદાર્થ : હે મનુષ્યો ! જેના सप्त-સાત जुह्वः-સુખની ઈચ્છાના સાધન છે, તે होतारम्-સુખોના દાતા, यजिष्ठम्-અત્યંત સંગમાં નિપુણ, विश्वेषाम्-સર્વ वसूनाम्-પૃથિવી-આદિ લોકોને अरतिम्-પ્રાપ્ત થનારા, यम्-જેને वाघतः-બુદ્ધિમાનજન प्रयसा-પ્રીતિથી अध्वरेषु-અહિંસનીય ગુણોમાં अग्निम्-અગ્નિની સમાન वृणते-સ્વીકાર કરે છે, તે रत्नम्-રમણીય આનંદસ્વરૂપવાળા જીવને હું यामि-પ્રાપ્ત થાઉં છું અને सपर्यामि-સેવા કરું છું. (૭)

*ભાવાર્થ : જે મનુષ્ય પોતાના આત્માને જાણીને પરબ્રહ્મને જાણે છે તે જ મોક્ષને પ્રાપ્ત કરે છે. (૭)*

अच्छिद्रा सूनो सहसो नो अद्य स्तोतृभ्यो मित्रमहः शर्म यच्छ।
अग्ने गृणन्तमंहस उरुष्योर्जो नपात्पूर्भिरायसीभिः॥ ८॥

પદાર્થ : હે सहसः-પૂર્ણ બ્રહ્મચર્યથી શરીર અને વિદ્યાથી આત્માના બળયુક્ત જનના सूनो-પુત્ર, मित्रमहः-સર્વના મિત્ર અને પૂજનીય अग्ने-અગ્નિ સમાન પ્રકાશમાન વિદ્વાન્ ! नपात्-અધમ-નીચ કક્ષામાં ન પાડનાર તું अद्य-આજ પોતાના આત્મસ્વરૂપના ઉપદેશથી नः-અમને अंहसः-પાપાચરણથી पाहि-પૃથક્ કરીને રક્ષા કર. अच्छिद्रा-છેદ-ભેદરહિત शर्म-સુખોને यच्छ-પ્રાપ્ત કરાવ स्तोतृभ्यः-વિદ્વાનોથી વિદ્યાની પ્રાપ્તિ અમને કરાવ.

હે વિદ્વાન ! તું આત્માની गृणन्तम्-સ્તુતિના કર્તાને आयसीभिः-સુવર્ણ આદિ અલંકારોની ઈશ્વરની રચના રૂપ पूर्भिः-રક્ષા કરવામાં સમર્થ અન્ન આદિ ક્રિયાઓની સાથે ऊर्जः-પરાક્રમના બળથી उरुष्य-દુઃખથી પૃથક્ રાખ. (૮)

*ભાવાર્થ : હે આત્મા અને પરમાત્માને જાણનારા યોગીજનો ! તમે આત્મા અને પરમાત્માના ઉપદેશથી સર્વ મનુષ્યોને દુઃખથી દૂર કરીને સુખી કરો. (૮)*

भवा वरूथं गृणते विभावो भवा मघवन्मघवद्भ्यः शर्म।
उरुष्याग्ने अंहसो गृणन्तं प्रातर्मक्षू धियावसुर्जगम्यात्॥ ९॥

પદાર્થ : હે मघवन्-ઉત્તમ ધનવાન, अग्ने-વિજ્ઞાનાદિ ગુણયુક્ત સભાધ્યક્ષ વિદ્વાન્ ! આપ गृणते-ગુણોનું કીર્તન કરનાર અને मघवद्भ्यः-વિદ્યાદિ ધનયુક્ત વિદ્વાનોને માટે वरूथम्-ઘરને તથા शर्म-સુખને विभावः-પ્રાપ્ત કરાવો તથા આપ પણ ઘર અને સુખને પ્રાપ્ત भव-કરો. गुणन्तम्-સ્તુતિ કરનાર મનુષ્યની अंहसः-પાપથી मक्षु-શીઘ્ર उरुष्य-રક્ષા કરો; આપ પણ પાપથી પૃથક્ भव-થાઓ; એવી જે धियावसुः-પ્રજ્ઞા અને કર્મથી વાસ કરવાને યોગ્ય प्रातः-પ્રતિદિન પ્રજાની રક્ષા કરે છે, તે સુખોને जगम्यात् અત્યંત સુખોને પ્રાપ્ત કરે છે. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે વિદ્વાન ધર્મ અને વિનય દ્વારા સમસ્ત પ્રજા પર પ્રશાસન કરીને તેનું પાલન કરે, તેનોજ સભા આદિના અધ્યક્ષ રૂપે સ્વીકાર કરવો જોઈએ. (૯)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિ અને વિદ્વાનોના ગુણોનું વર્ણન કરવાથી આ સૂકતાર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૮)

## સૂક્ત-૫૯

वया इदग्ने अग्नयस्ते अन्ये त्वे विश्वे अमृता मादयन्ते।
वैश्वानर नाभिरसि क्षितीनां स्थूणेव जनाँ उपमिद्ययन्थ॥ १॥

પદાર્થ : હે वैश्वानर-સંપૂર્ણ નિયમમાં રાખનાર अग्ने-જગદીશ્વર ! જે ते-આપના સાનિધ્યથી જે अन्ये-ભિન્ન विश्वे-સર્વ अमृताः-અવિનાશી अग्नयः-સૂર્ય આદિ જ્ઞાનપ્રકાશક પદાર્થોની સમાન જીવ त्वे-આપમાં वयाः-શાખાની इत्-સમાન વધીને मादयन्ते-આનંદિત થાય છે. જે આપ क्षितीनाम्-મનુષ્યાદિના नाभिः-મધ્યવર્તિ असि-છો, जनान्-મનુષ્યાદિને उपमित्-ધર્મવિદ્યામાં સ્થાપિત કરીને स्थूणेव-ધારણ કરનાર સ્તંભની સમાન ययन्थ-સર્વને નિયમમાં રાખો છો, તે આપજ અમારા ઉપાસ્ય દેવ છે. (૧)

*ભાવાર્થ : જેમ વૃક્ષ શાખાઓને-ડાળીઓને અને સ્તંભ ઘરને ધારણ કરીને સર્વને આનંદિત કરે છે, તેમ પરમેશ્વર ધારણ કરીને આનંદિત કરે છે. (૧)*

मूर्द्धा दिवो नाभिरग्निः पृथिव्या अथाभवदरती रोदस्योः।
तं त्वा देवासोऽजनयन्त देवं वैश्वानर ज्योतिरिदार्याय॥ २॥

પદાર્થ : હે वैश्ववानर-સમસ્ત સંસારના નાયક ! જે આપ अग्निः-વિદ્યુત્‌ની સમાન दित्-પ્રકાશ અને पृथिव्याः-ભૂમિની મધ્ય સમાન मूर्द्धा-ઉત્કૃષ્ટ અને नाभिः-મધ્યવર્તિ વ્યાપક अभवत्-થાઓ છો. अथ-એ સર્વ લોકોની રચના પછી જે रोदस्यो-પ્રકાશ અને અપ્રકાશ રૂપ સૂર્યાદિ અને ભૂમિ આદિ લોકોમાં अरतिः-આપ વ્યાપક થઈને અધ્યક્ષ अभवत्-થાઓ છો.

જે आर्याय-ઉત્તમ ગુણ-કર્મ-સ્વભાવયુક્ત મનુષ્યને માટે ज्योतिः-જ્ઞાનપ્રકાશ અને મૂર્ત-સ્થૂળ દ્રવ્યના પ્રકાશને इत्- જ કરે છે. જે देवम्-પ્રકાશમાન त्वा-આપને देवासः-વિદ્વાનો अजनयन्त-પ્રકાશિત કરે છે અને જે વિદ્યુત્‌રૂપ અગ્નિને વિદ્વાનો "અજયન્ત" પ્રકટ કરે છે, तम्-જે આપની જ અમે ઉપાસના કરીએ. (૨)

*ભાવાર્થ : જે ઈશ્વરે આર્યોને વિશિષ્ટ જ્ઞાન આપવા માટે સમસ્ત વિદ્યાઓનો પ્રકાશ કરનાર વેદોને પ્રકાશિત કર્યા છે તથા જે સર્વત્રથી શ્રેષ્ઠ અને સર્વના આધાર જગદીશ્વર છે, તેને જાણીને તેની ઉપાસના મનુષ્યોએ સદા કરવી જોઈએ. (૨)*

आ सूर्ये न रश्मयो ध्रुवासो वैश्वानरे दधिरेऽग्ना वसूनि।
या पर्वतेष्वोषधीष्वप्सु या मानुषेष्वसि तस्य राजा॥ ३॥

પદાર્થ : હે જગદીશ્વર ! જે આ દ્રવ્યસમૂહ જગતના આપ राजा-પ્રકાશક असि-છો, तस्य-તેના મધ્યમાં या-જે पर्वतेषु-પર્વતોમાં या-જે ओषधीषु-ઔષધિઓમાં જે अप्सु-જલોમાં અને मानुषेषु-જે મનુષ્યોમાં वसूनि-દ્રવ્ય છે, તે સર્વને सूर्ये-સૂર્યલોકમાં रश्मयः-કિરણોની न-સમાન अग्ना, वैश्वानरे-આપમાં ध्रुवासः- નિશ્ચલ પ્રજાઓને વિદ્વાનજનો आदधिरे-ધારણ કરાવે છે. (૩)

*ભાવાર્થ : જેમ પ્રકાશમાન સૂર્યના વિદ્યમાન રહેવાથી સર્વ કાર્યો સંપન્ન થાય છે, તેમ મનુષ્યો*

*દ્વારા ઈશ્વરની ઉપાસના કરવાથી સર્વ કાર્યો સિદ્ધિ થાય છે. એમ કરનાર મનુષ્યોનાં સુખ અને ધનનો કદાપિ નાશ થતો નથી તથા દુઃખ અને દરિદ્રતા કદી પણ ઉત્પન્ન થતા નથી. (૩)*

बृ॒ह॒तीइ॑व सू॒नवे॒ रोद॑सी॒ गिरो॒ होता॑ मनु॒ष्यो॒३॒॑ न दक्षः॑।
स्व॑र्वते स॒त्यशु॑ष्माय पू॒र्वीर्वै॑श्वान॒राय॒ नृत॑माय य॒ह्वीः॥४॥

પદાર્થ : જેમ સૂનવે-પુત્રને માટે બૃહતીઇવ-મહાન ગુણયુક્ત માતા વર્તન કરે છે; જેમ રોદસી-પ્રકાશ, ભૂમિ અને દક્ષઃ-ચતુર મનુષ્યઃ-ભણાવનાર વિદ્વાન મનુષ્ય પિતાની ન-સમાન હોતા-પ્રદાન-આદાન કરનારા વિદ્વાન, ઈશ્વર અને સભાપતિ વિદ્વાનમાં પ્રસન્ન થાય છે; જેમ વિદ્વાનજન એ સ્વર્વતે-પ્રશંસનીય સુખ વિદ્યમાન સત્યશુષ્માય-સત્યબળયુક્ત, નૃતમાય-પુરુષોમાં ઉત્તમ, વૈશ્વાનરાય-પરમેશ્વરને માટે પૂર્વીઃ-સનાતન યહ્વીઃ-મહાન ગુણ લક્ષણયુક્ત, ગિરઃ-વેદવાણીઓને દધિરે-ધારણ કરે છે, તેમ એ પરમેશ્વરના ઉપાસક સભાધ્યક્ષમાં સર્વ મનુષ્યોએ વર્તવું જોઈએ. (૪)

*ભાવાર્થ : જેમ ભૂમિ અને સૂર્યનો પ્રકાશ સર્વને ધારણ કરીને સુખી કરે છે; જેમ પિતા અથવા અધ્યાપક પુત્ર અને શિષ્યના હિત માટે પ્રવૃત્ત થાય છે; જેમ ઈશ્વર પ્રજાના સુખ માટે પ્રવૃત્ત થાય છે; તેમ સભાધ્યક્ષ (= રાજા) પ્રયત્ન કરે, એમ સમસ્ત વેદવાણીઓ પ્રતિપાદન કરે છે-બતાવે છે. (૪)*

दि॒वश्चि॑त्ते बृह॒तो जा॑तवेदो॒ वैश्वा॑नर॒ प्र रि॑रिचे महि॒त्वम्।
राजा॑ कृष्टी॒नाम॑सि॒ मानु॑षीणां यु॒धा दे॒वेभ्यो॒ वरि॑वश्चकर्थ॥५॥

પદાર્થ : હે જાતવેદઃ-જેથી વેદ ઉત્પન્ન-પ્રકટ થયા, વેદોના જાણવા અને તેને પ્રાપ્ત કરાવવા તથા ઉત્પન્ન થયેલ પદાર્થોમાં વિદ્યમાન વૈશ્વવાનર-સર્વને પ્રાપ્ત થનાર પ્રજાયતે-જગદીશ્વર ! જે તે-આપના મહિત્વમ્-મહાન ગુણયુક્ત પ્રભાવ બૃહતઃ-મહાન દિવઃ-સૂર્યાદિ પ્રકાશથી ચિત્-પણ પ્રરિરિચે-અધિક છે. જે આપ કૃષ્ટીનામ્-મનુષ્યાદિ માનુષીણામ્-મનુષ્ય સંબંધી પ્રજાઓના રાજા-પ્રકાશમાન અધીશ્વર-અસિ-છો; અને જે આપ દેવેભ્યઃ-વિદ્વાનોને માટે યુધા-સંગ્રામથી વરિવઃ-સેવાને ચકર્થ-પ્રાપ્ત કરાવો છો, તે આપ જ અમારા ન્યાયાધીશ થાઓ. (૫)

*ભાવાર્થ : સભાસદ લોકોએ પરમેશ્વર અનંત સામર્થ્યવાળા હોવાના કારણે, તેની સર્વાધીશ રૂપમાં ઉપાસના કરવી જોઈએ. સભાધ્યક્ષ મહા શુભ ગુણોથી યુક્ત હોવાના કારણે તેનો સર્વાધિપતિ રૂપમાં આશ્રય લઈને, યુદ્ધ દ્વારા દુષ્ટોને જીતીને, ધાર્મિકોને પ્રસન્ન કરીને તથા પ્રજાનું પાલન કરીને વિદ્વાનોની સેવા અને સંગ નિત્ય જ કરવા જોઈએ. (૫)*

प्र नू म॑हि॒त्वं वृ॑ष॒भस्य॑ वोचं॒ यं पू॒रवो॑ वृत्र॒हणं॒ सच॑न्ते।

वैश्वानरो दस्युमग्निर्जघन्वाँ अधूनोत्काष्ठा अव शम्बरं भेत्॥ ६॥

પદાર્થ : જે तम्-જે પરમેશ્વરને पूरवः-વિદ્વાનો પોતાના આત્માની સાથે सचन्ते-યુક્ત કરે છે; જેમ अग्नि-સર્વત્ર વ્યાપક વિદ્યુત્ वृत्रहणम्-મેઘનાશક સૂર્યનું દર્શન કરાવે છે; જેમ वैश्ववानरः-સંપૂર્ણ પ્રજાને નિયમમાં રાખનાર સૂર્ય दस्युम्-ડાકુની સમાન शम्बरम्-મેઘનું जघन्वान् હનન; अधूनोत्-કંપન અને अवभेत्-વિદીર્ણ કરે છે; જેના વચ્ચે काष्ठाः-દિશા પણ વ્યાપ્ય છે; તે वृषभस्य-સર્વોત્તમ સૂર્યના महित्वम्-મહિમાને હું नु-શીઘ્ર प्रवोचम्-પ્રકાશિત કરું છું, તેમ સર્વ વિદ્વાનો પણ કરે. (૬)

*ભાવાર્થ : આ સમસ્ત સંસાર જ જેનો મહિમા છે, તે જ અનંત શક્તિમાન પરમેશ્વર સર્વને ઉપાસના રૂપમાં માનવા યોગ્ય છે. (૬)*

वैश्वानरो महिम्ना विश्वकृष्टिर्भरद्वाजेषु यजतो विभावा।
शातवनेये शतिनीभिरग्निः पुरुणीथे जरते सूनृतावान्॥ ७॥

પદાર્થ : જે विश्वकृष्टिः-સર્વના ઉત્પાદક; यजतः-પૂજનીય, विभावा-વિશેષતઃ પ્રકાશમાન, सूनृतावान्-પ્રશંસિત અન્નાદિના આધાર, वैश्वानरः-સર્વને પ્રાપ્ત કરાવનાર, अग्निः-સૂર્ય સમાન જગદીશ્વર પોતાના જગત્ રૂપ महिम्ना-મહિમા સાથે भरद्वाजेषु-ધારણ કરવા અને જાણવા યોગ્ય પૃથિવી આદિ પદાર્થોમાં शतिनीभिः-અસંખ્ય ગતિયુક્ત ક્રિયાઓ સહિત, पुरुणीथे-બહુ જ પ્રાણીઓમાં પ્રાપ્ત शातवनेये-અસંખ્ય વિભાગયુક્ત ક્રિયાઓથી સિદ્ધ થયેલ સંસારમાં વર્તે છે, તેનું જે મનુષ્ય जरते-અર્ચન, પૂજન કરે છે, તે નિરંતર સત્કારને પ્રાપ્ત થાય છે. (૭)

*ભાવાર્થ : જે ઈશ્વર અસંખ્ય પદાર્થોમાં અસંખ્ય ક્રિયાઓની હેતુભૂત વિદ્યુત્‌ની સમાન છે, તે જ સમસ્ત સંસારને ધારણ કરે છે. જે મનુષ્ય તે વિદ્યાને જાણે છે, તે નિરંતર મહાન બનતો જાય છે. (૭)*

સંગતિ : આ સૂક્તમાં વૈશ્વાનર શબ્દાર્થ વર્ણનથી એના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૫૯)

## સૂક્ત-૬૦

वह्निं यशसं विदथस्य केतुं सुप्राव्यं दूतं सद्योअर्थम्।
द्विजन्मानं रयिमिव प्रशस्तं रातिं भरद् भृगवे मातरिश्वा॥ १॥

પદાર્થ : હે મનુષ્યો જેમ मातरिश्वा-અન્તરિક્ષમાં શયન કરતો વાયુ भृगवे-શેકવા તથા પકાવવાને માટે विदथस्य-યુદ્ધના केतुम्-ધ્વજની સમાન यशसम्-કીર્તિકારક सुप्राव्यम्-શ્રેષ્ઠતાથી ચલાવવા યોગ્ય दूतम्- દેશ દેશાન્તરને પ્રાપ્ત કરવા रातिम्-દાનને નિમિત્ત प्रशस्तम्-અત્યંત શ્રેષ્ઠ द्विजन्मानम्-વાયુ અને

કારણથી જન્મરહિત वह्निम्-સર્વને વહન કરનાર અગ્નિને रयिमिव-ઉત્તમ લક્ષ્મીની સમાન सद्यो अर्थम्-શીઘ્રગામી પૃથિવ્યાદિ દ્રવ્યને भरत्-ધારણ કરે છે, તેમ તમે પણ કામ કરો. (૧)

*ભાવાર્થ : જેમ વાયુ અગ્નિ આદિ વસ્તુને ધારણ કરીને સર્વ ચેતન (પ્રાણીઓ તથા) અચેતન લોકોને ધારણ કરે છે, તેમ રાજપુરુષોએ વિદ્યા અને ધર્મમાં ધારણ-પૂર્વક પ્રજાઓને ન્યાયમાં સ્થિત રાખવી જોઈએ. (૧)*

अस्य शासुरुभयासः सचन्ते हविष्मन्त उशिजो ये च मर्ताः।
दिवश्चित्पूर्वो न्यसादि होतापृच्छ्यो विश्पतिर्विक्षु वेधाः॥ २॥

પદાર્થ : ये-જે हविष्मन्तः-ઉત્તમ સામગ્રીયુક્ત उशिजः-શુભ ગુણ-કર્મોની કામના કરનાર उभयासः-રાજા અને પ્રજાના मर्त्ताः-મનુષ્ય જે अस्य-એ शासुः-સત્ય, ન્યાયથી શાસન કરનાર विक्षु-પ્રજાઓમાં सचन्ते-સંયુક્ત થાય છે.

જે होता-શુભ કર્મોને ગ્રહણ કરનાર आपृच्छ्यः-સર્વ પ્રકારના પ્રશ્નો પૂછવા યોગ્ય वेधाः-વિવિધ વિદ્યાને ધારણ કરનાર विश्पतिः-પ્રજાઓના સ્વામી दिवः-પ્રકાશના पूर्वः-પૂર્વ સ્થિત સૂર્યની चित्-સમાન ધાર્મિકજનોને જે રાજ્યપાલન માટે નિયુક્ત કરેલ હોય. च-તે જ સર્વ મનુષ્યોને આશ્રય કરવા યોગ્ય છે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્ય વિદ્વાન્ ધાર્મિક ન્યાયાધીશો દ્વારા પ્રશંસિત હોય છે અને જેના વિનયથી સમસ્ત પ્રજાઓ સંતુષ્ટ હોય છે, તે સર્વના દ્વારા પિતાની સમાન સેવન કરવા યોગ્ય છે. (૨)*

तं नव्यसी हृद आ जायमानमस्मत्सुकीर्त्तिर्मधुजिह्वमश्याः।
यमृत्विजो वृजने मानुषासः प्रयस्वन्त आयवो जीजनन्त॥ ३॥

પદાર્થ : હે મનુષ્ય ! જેમ ऋत्विजः-ઋતુઓને યોગ્ય કર્મકર્તા, प्रयस्वन्तः-ઉત્તમ વિજ્ઞાનયુક્ત, आयवः-સત્યાસત્યનો વિવેક કરનાર, हृदः-સર્વના મિત્ર, मानुषासः-વિદ્વાન મનુષ્ય જાણવાની ઈચ્છા કરનારને वृजने-અધર્મ રહિત ધર્મ માર્ગમાં जीजनन्त-વિદ્યાઓથી પ્રકટ કરી દે છે. જે जायमानम्-પ્રસિદ્ધ થયેલ मधुजिह्वम्-સ્વાદિષ્ટ ભોગને नव्यसी-અતિ નૂતન પ્રજા સેવન કરે છે, तम्-તેને अस्मत्-અમારાથી પ્રાપ્ત થયેલી શિક્ષાથી યુક્ત सुकीर्त्तिः-અત્યંત પ્રશંસાને યોગ્ય તું आश्याः-સારી રીતે ભોગ કર. (૩)

*ભાવાર્થ : જેઓ અધર્મનો ત્યાગ કરાવીને ધર્મને ગ્રહણ કરાવે છે, તેઓ મનુષ્યો દ્વારા સર્વ પ્રકારથી સત્કારણીય છે. (૩)*

उशिक्पावको वसुर्मानुषेषु वरेण्यो होताधायि विक्षु।

दमू॑ना गृ॒हप॑ति॒र्दम॒ आँ अ॒ग्निर्भु॑व॒द्र॒यि॒पती॑ र॒यी॒णाम्॥ ४॥

પદાર્થ : મનુષ્યોને ઉચિત છે, કે જે उशिक्-સત્યની કામનાયુક્ત, पावकः-અગ્નિની સમાન પવિત્ર કરનાર, वसुः-વાસ કરનાર, वरेण्यः-સ્વીકાર કરવા યોગ્ય, दमूनाः-દમ અર્થાત્ શાન્તિયુક્ત गृहपति-ગૃહનું પાલન કરનાર તથા रयिपतिः-ધનનું પાલન કરનાર अग्निः-અગ્નિની સમાન मानुषेषु-યુક્તિપૂર્વક આહાર-વિહાર કરનાર મનુષ્ય विक्षु-પ્રજા અને दमे-ગૃહમાં रयीणाम्-રાજ્ય આદિ ધન અને होता-સુખોના દાતા भुवत्-થાય, તે જ પ્રજામાં રાજા રૂપે अधायि-ધારણ કરવા યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ અધર્મી મૂર્ખજનને રાજ્યની રક્ષાનો અધિકાર કદીપણ આપવો નહિ. (૪)*

तं त्वा॑ व॒यं पति॑मग्ने रयी॒णां प्र शं॑सामो म॒तिभि॒र्गोत॑मासः।

आ॒शुं न वा॑जम्भ॒रं म॒र्जय॑न्तः प्रा॒तर्म॒क्षू धि॒याव॑सु॒र्जगम्यात्॥ ५॥

પદાર્થ : હે अग्ने-પાવક સમાન પવિત્ર સ્વરૂપ વિદ્વન્ ! જેમ धियावसुः-બુદ્ધિઓમાં વસાવનાર मतिभिः-બુદ્ધિમાનોની સાથે वाजंभरम्-વેગને ધારણ કરનારને प्रातः-પ્રતિદિન आशुमश्वं न-જેમ શીઘ્ર ચાલનાર ઘોડાને જોડીને સ્થાનાન્તરમાં તુરત જાય છે-આવે છે, તેમ मक्षु-શીઘ્ર रयीणाम्-ચક્રવર્તી રાજ્ય લક્ષ્મી આદિ ધનોનું पतिम्-પાલન કરનારને जगम्यात्-સારી રીતે પ્રાપ્ત થાય. તેમ तम्-તે त्वा-તને मर्जयन्तः-શુદ્ધ-કરાવતા गोतमासः-અતિશય સ્તુતિ કરનાર वयम्-અમે प्रशंसामः-સ્તુતિ દ્વારા પ્રશંસિત કરીએ છીએ. (૫)

*ભાવાર્થ : જેમ મનુષ્ય યાન-વાહનમાં ઘોડાઓને જોડીને શીઘ્ર (દેશ દેશાન્તરમાં) જાય છે, તેમ વિદ્વાનોની સાથે સંગ કરીને તેઓ વિદ્યાના પારને-અન્તને પ્રાપ્ત કરે છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં શરીર અને યાન આદિમાં સંયુક્ત કરવા યોગ્ય અગ્નિના દૃષ્ટાન્તથી વિદ્વાનોના ગુણોના વર્ણનથી સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૬૦)

## સૂક્ત-૬૧

अ॒स्मा इदु॒ प्र त॒वसे॑ तु॒राय॒ प्रयो॒ न ह॑र्मि॒ स्तोमं॒ माहि॑नाय।

ऋची॑षमा॒याध्रि॑गव॒ ओह॒मिन्द्रा॑य॒ ब्रह्मा॑णि रा॒तत॑मा॥ १॥

પદાર્થ : હે વિદ્વાનો ! જેમ હું उ-વિતર્કપૂર્વક प्रयः-તૃપ્તિ કરનાર કર્મની न-સમાન तवसे-બળવાન, तुराय-કાર્ય સિદ્ધિને માટે કરતા, ऋचीषमाय-સ્તુતિ કરવાથી પ્રાપ્ત થનાર તથા अध्रिगवे-શત્રુઓથી અસહ્ય વીરોને પ્રાપ્ત થનાર, माहिनाय-સર્વોત્કૃષ્ટ ગુણોથી મહાન, अस्मै-એ इन्द्राय-સભાધ્યક્ષને માટે इत्-જ ओहम्-પ્રાપ્ત કરનાર स्तोतम्-સ્તુતિને राततमा-અત્યંત કરવા યોગ્ય ब्रह्मणि-સંસ્કારિત અન્ન અને ધનને प्र + हर्मि-પ્રદાન કરું છું, તેમ તમે પણ કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ સ્તુતિયોગ્ય જનોને રાજ્યાધિકારી બનાવીને તથા તેને યથોચિત કર સંબંધી ધન આપીને, ઉત્તમ અન્નાદિથી તેનો સદા સત્કાર કરવો જોઈએ તથા રાજપુરુષોએ પ્રજાજનોનો (સત્કાર કરવો જોઈએ.) (૧)*

**अस्मा इदु प्रयइव प्र यंसि भराम्याङ्गूषं बाधे सुवृक्ति।**

**इन्द्राय हृदा मनसा मनीषा प्रत्नाय पत्ये धियो मर्जयन्त॥ २॥**

પદાર્થ : હે વિદ્વન્ મનુષ્ય ! આપ अस्मै-એ पत्नाय-પ્રાચીન સર્વના મિત્ર पत्ये-સ્વામી इन्द्राय-શત્રુઓનું વિદારણ કરનારને માટે प्रयइव-જેમ પ્રીતિકારક અન્ન અને ધન, તેમ प्रयंसि-સુખ આપો છો.

જે પરમૈશ્વર્યવાન ધાર્મિક માટે હું સર્વ સામગ્રી અર્થાત્ हृदा-હૃદય, मनीषा-બુદ્ધિ, मनसा-વિજ્ઞાનપૂર્વક મનથી सुवृक्ति-ઉત્તમતાથી ગમન કરાવનાર યાનને भरामि-ધારણ અને પુષ્ટ કરું છું.

आङ्गूषम्-જેમ યુદ્ધમાં પ્રાપ્ત થયેલ શત્રુને बाधे-તાડના કરવી, જે વીરને માટે સર્વ પ્રજાના મનુષ્યને धियः-બુદ્ધિ અને કર્મને मर्जयन्त-શુદ્ધ-પવિત્ર કરે છે, તે પુરુષને માટે इत-જ, उ-તર્કપૂર્વક હું પણ બુદ્ધિને શુદ્ધ-નિર્મળ બનાવું. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ-પૂર્વ પરીક્ષા કરેલ, પૂર્ણવિદ્યાયુક્ત, ધાર્મિક, સર્વના ઉપકારક અને પ્રાચીન (= અનુભવી) સભા આદિના અધ્યક્ષનો સ્વીકાર કરવો જોઈએ. તેથી વિપરીતનો સ્વીકાર ન કરવો જોઈએ; અને સર્વેએ પૂર્વોક્ત સભાધ્યક્ષથી પ્રિય આચરણ કરવું જોઈએ. (૨)*

**अस्मा इदु त्यमुपमं स्वर्षां भराम्याङ्गूषमास्येन।**

**मंहिष्ठमच्छोक्तिभिर्मतीनां सुवृक्तिभिः सूरिं वावृधध्यै॥ ३॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું अस्मै-એ સભાધ્યક્ષ માટે मतीनाम्-મનુષ્યોની वावृधध्यै-અત્યંત ઉન્નતિ માટે आस्येन-મુખથી सुवृक्तिभिः-જેમાં સારી રીતે અધર્મ અને અવિદ્યા છોડી શકે अच्छोक्तिभिः-શ્રેષ્ઠ વચન સ્તુતિઓથી इत्-જ उ + त्यम्-તેવી જ उपमा-કરવા યોગ્ય स्वर्षाम्-સુખોને પ્રાપ્ત કરાવનાર, आङ्गूषम्-સ્તુતિને પ્રાપ્ત કરેલ, मंहिष्ठम्-અત્યંત વિદ્યાવૃદ્ધ, सूरिम्-શાસ્ત્રજ્ઞ, વિદ્વાનને भरामि-ધારણ કરું છું, તેમ તમે પણ કરો. (૩)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો દ્વારા મનુષ્યોનાં સુખ માટે સર્વ પ્રકારથી ઉત્તમ અને અદ્વિતીય પ્રયત્ન કરવામાં આવે છે, તેમ એ વિદ્વાનોના સત્કાર માટે મનુષ્યોએ પણ પ્રયત્નો કરવા જોઈએ. (૩)*

**अस्मा इदु स्तोमं सं हिनोमि रथं न तष्टेव तत्सिनाय।**

**गिरश्च गिर्वाहसे सुवृक्तीन्द्राय विश्वमिन्वं मेधिराय॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું मेधिराय-સમ્યક્ જ્ઞાતા गिर्वाहसे-વિદ્યાયુક્ત વાણીઓને પ્રાપ્ત કરાવનાર

अस्मै-આ, इन्द्राय-વિદ્યાની વૃષ્ટિ કરાવનાર વિદ્વાન્, इ-જ માટે उ-તર્કપૂર્વક रथम्-યાન સમૂહની न-સમાન तत्सिनाय-યાન સમૂહના બંધનને માટે तष्टेव-તીક્ષ્ણ કરનાર શિલ્પીની સમાન विश्वमिन्वम्-સમસ્ત વિજ્ઞાનને પ્રાપ્ત કરાવનાર सुवृक्ति- જેથી સમસ્ત દોષો છૂટે છે, તે स्तोमम्-શાસ્ત્રોની અભ્યાસયુક્ત સ્તુતિ च-અને गिरः-વેદવાણીઓની संहिनोमि-સમ્યક્ વૃદ્ધિ કરું છું, તેમ તમે પણ પ્રયત્ન કરો. (૪)

*ભાવાર્થ : જેમ રથ નિર્માતા દૃઢ રથને ચલાવવા માટે બંધનોની સાથે યંત્રકલાઓનું સમ્યક્ નિર્માણ કરીને પોતાના પ્રયોજનોને સિદ્ધ કરે છે અને સુખપૂર્વક ગમનાગમન કરીને પ્રસન્ન રહે છે, તેમ મનુષ્યોએ વિજ્ઞાનનો આશ્રય લઈને, તેના સંપર્કથી વિદ્યાઓ ગ્રહણ કરીને, સુખપૂર્વક ધર્મ-અર્થ-કામ-મોક્ષને સિદ્ધ કરીને, નિરંતર આનંદમાં રહે. (૪)*

**अस्मा इदु सप्तिमिव श्रवस्येन्द्रायार्कं जुह्वा३ समञ्जे।**
**वीरं दानौकसं वन्दध्यै पुरां गूर्तश्रवसं दर्माणम्॥५॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું श्रवस्या-પોતાની શ્રવણની ઈચ્છા जुह्वा-વિદ્યાઓની આદાન-પ્રદાન ક્રિયાઓથી अस्मै-એ इन्द्राय-પરમૈશ્વર્ય પ્રાપ્ત કરનાર, इत्-સભાધ્યક્ષની જ उ-વિશેષ તર્કની સાથે वन्दध्यै-સ્તુતિ કરાવવા માટે सप्तिमिव-વેગયુક્ત ઘોડાઓની સમાન गूर्तश्रवसम्-જેને સમસ્ત શાસ્ત્રોના શ્રવણને ગ્રહણ કરેલ છે, पुराम्-શત્રુઓના નગરોમાં दर्माणम्-વિદારણ કરવા અને दानौकसम्-દાન તથા સ્થાનયુક્ત अर्कम्-સત્કાર હેતુ वीरम्-વિદ્યા, શૌર્ય આદિ ગુણયુક્ત વીરની इत्-જ समञ्जे-સમ્યક્ કામના કરુ છું. તેમ તમે પણ કામના-ઈચ્છા કરો. (૫)

*ભાવાર્થ : જેમ મનુષ્ય રથમાં ઘોડાઓ જોડીને, તેમાં બેસીને ગમન-આગમન દ્વારા કર્મોની સિદ્ધિ કરી શકે છે, તેમ વર્તમાન વિદ્વાન વીર પુરુષોની સાથે સંગ કરીને સર્વ કાર્યો મનુષ્યોએ સિદ્ધ કરવા જોઈએ. (૫)*

**अस्मा इदु त्वष्टा तक्षद्वज्रं स्वपस्तमं स्वर्यं१ रणाय।**
**वृत्रस्य चिद्विदद्येन मर्म तुजन्नीशानस्तुजता कियेधाः॥६॥**

પદાર્થ : મનુષ્યોને યોગ્ય છે, કે જે त्वष्टा-પ્રકાશક, ईशानः-સમર્થ, कियेधाः-કેટલાયને ધારણ કરનાર, શત્રુઓને तुजन्-મારીને वृत्रस्य-મેઘની ઉપર પોતાના કિરણોને છોડીને विदत्-પ્રાપ્ત થતા સૂર્યની સમાન त्वर्यम्-સુખના હેતુ स्वपस्तमम्-અત્યંત ઉત્તમ કર્મોને ઉત્પન્ન કરનાર वज्रम्-કિરણ સમૂહનું तक्षत्-છેદન કરીને સૂર્યની चित्-સમાન अस्मै-એ रणाय-સંગ્રામ માટે જે मर्म-જીવન નિમિત્તનાં સ્થાને तुजता-કાપીને येन-જે વજ્રથી શત્રુઓને જીતે છે, इदु-તેઓને સભા આદિના અધ્યક્ષ બનાવવા જોઈએ. (૬)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાના તેજ-તાપથી મેઘનું છેદન કરીને ભૂમિ પર પાડીને-વરસાવીને તથા*

*જળ ફેલાવીને (સર્વને) સુખી કરે છે, તેમ સભા આદિના અધ્યક્ષ વિદ્યા તથા વિનયથી અને શસ્ત્રાસ્ત્રની શિક્ષાથી સેનાને યુદ્ધો (કરવા)માં નિપુણ બનાવીને તથા શત્રુઓને જીતીને સમસ્ત પ્રાણીઓને આનંદિત કરે છે. (૬)*

अस्येदु मातुः सवनेषु सद्यो महः पितुं पपिवाञ्चार्वन्ना।
मुषायद्विष्णुः पचतं सहीयान्विध्यद्वराहं तिरो अद्रिमस्ता॥ ७॥

પદાર્થ : જે अस्य-એ मातुः-શત્રુ તથા પોતાના બળનું પરિમાણ-માપ કરનાર સભાધ્યક્ષના सवनेषु-ઐશ્વર્યોમાં महः-મહાન, पचतम्-પરિપક્વ, चारु-સુંદર, पितुम्-સંસ્કારિત અન્નને पपिवान्-ખાવા-પીવા તથા सहीयान्-અત્યંત સહનશીલ વીર મનુષ્ય अन्ना-અન્નનું अस्ता-પ્રક્ષેપણ કરવા मुषायत्-પોતાને ચોરની ઈચ્છા કરવા સમાન विष्णुः-સર્વ વિદ્યાઓના અંગોમાં વ્યાપક अद्रिम्-પર્વાતાકાર वराहम्-મેઘને तिरः-નીચે विध्यत्-પાડીને સૂર્યની સમાન શત્રુઓને सद्यः-શીઘ્ર નષ્ટ કરે, इदु-તે જ મનુષ્ય સેનાપતિ બનવા યોગ્ય છે. (૭)

*ભાવાર્થ : જેમ સૂર્ય અન્ન અને જળના રસોને ચોરીને (ફરી તેને વરાળ રૂપમાં) છુપાવીને, પોતાના કિરણોથી મેઘને ઘટ્ટ કરીને તેને પ્રકટ કરીને (તથા ફરી) છિન્ન-ભિન્ન કરીને (ભૂમિ પર) પાડીને વિજયી બને છે, એ જ રીતે સેના આદિના અધ્યક્ષે સેના આદિ ઐશ્વર્યોમાં સ્થિત રહેલ શૂરવીર પુરુષ શત્રુઓનો પરાજય કરે-અર્થાત્ વિજય કરે. (૭)*

अस्मा इदु ग्नाश्चिद्देवपत्नीरिन्द्रायार्कमहिहत्य ऊवुः।
परि द्यावापृथिवी जभ्र उर्वी नास्य ते महिमानं परि ष्ठः॥ ८॥

પદાર્થ : હે સભાપતિ ! જેમ એ સૂર્ય द्यावापृथिवी-પ્રકાશ અને ભૂમિને जभ्रे-ધારણ કરીને અને જેના વશમાં उर्वी-બહુ રૂપ-પ્રકાશ યુક્ત પૃથિવી છે. अस्य-એ સભાધ્યક્ષ अहिहत्ये-મેઘોના હનન વ્યવહારમાં चित्-પ્રકાશભૂમિ महिमानम्-મહિમા न-परिस्तः-સર્વ પ્રકાર છેદનમાં સમર્થ થઈ શકતા નથી,

તેમ તે अस्मै-એ इन्द्राय-ઐશ્વર્ય પ્રાપ્ત કરનાર સભાધ્યક્ષ માટે इदु-જ देवपत्नीः-વિદ્વાનોથી પાલનીય પતિવ્રતા સ્ત્રીઓની સમાન ग्नाः-વેદવાણી अर्कम्-દિવ્યગુણ સંપન્ન અર્ચનીય-પૂજ્ય-વીર પુરુષને पर्यूवुः-સર્વ પ્રકારના તંતુઓની સમાન વિસ્તૃત કરે છે, તે જ રાજ્ય કરવાને યોગ્ય બને છે. (૮)

*ભાવાર્થ : જેમ સૂર્યના તેજ અને મહત્ત્વની સામે પૃથિવી આદિ લોકોની ગણના સ્વલ્પ છે, તેમ પૂર્ણ વિદ્યાયુક્ત મનુષ્યની સામે મૂર્ખની ગણના તુચ્છ છે. (૮)*

अस्येदेव प्र रिरिचे महित्वं दिवस्पृथिव्याः पर्यन्तरिक्षात्।
स्वराळिन्द्रो दम आ विश्वगूर्त्तः स्वरिरमत्रो ववक्षे रणाय॥ ९॥

પદાર્થ : જે विश्वगूर्तः-સમસ્ત ભોજ્ય વસ્તુને ભક્ષણ કરનાર स्वरिः-ઉત્તમ શત્રુયુક્ત अमत्रः-જ્ઞાનવાન અને જ્ઞાનનો હેતુ स्वराट्-સ્વયં પ્રકાશમાન इन्द्र-પરમૈશ્વર્યયુક્ત સૂર્ય અને સભાધ્યક્ષ दमे-ઉત્તમ ગૃહ અને સંસારમાં रणय-સંગ્રામ માટે आववक्षे-રોષ અને સારી રીતે ઘાત કરે છે; અને જેની दिवः-પ્રકાશ पृथिव्याः-ભૂમિ અને अन्तरिक्षात्-અન્તરિક્ષથી इत्-પણ षरि-સર્વ પ્રકાર महित्वम्-પૂજ્ય અને મહાગુણવિશિષ્ટ મહિમા प्ररिरिचे-વિશેષ છે, તે अस्य-એ સૂર્ય અને સભાધ્યક્ષના एव-જ કાર્યોમાં ઉપયોગ અને સભા આદિમાં અધિકાર આપવો જોઈએ. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ-જેમ સૂર્ય પૃથિવી આદિના ગુણો અને પરિમાણના કારણે અધિક (=વિશાળ) છે, તેમ ઉત્તમ ગુણયુક્ત સભા આદિના અધિપતિ રાજાને અધિકાર આપીને, સર્વ કાર્યોની સિદ્ધિ કરવી જોઈએ. (૯)*

अस्येदेव शवसा शुषन्तं वि वृश्चद्वज्रेण वृत्रमिन्द्रः।
गा न व्राणा अवनीरमुञ्चदभि श्रवो दावने सचेताः॥ १०॥

પદાર્થ : જે सचेताः-સમાન જ્ઞાનવાન इन्द्रः-સેનાધિપતિ अस्य-એ સભાધ્યક્ષ एव-ના शवसा-બળ તથા वज्रेण-તેજથી शुषन्तम्-દ્વેષથી ક્ષીણ થયેલ वृत्रम्-પ્રકાશનું આવરણ કરનાર, મેઘની સમાન આવરણ કરનાર શત્રુનું विवृश्चत्-છેદન કરે છે, તે गाः-પશુઓને પશુઓના પાળનારના બંધનથી છોડાવીને વનને પ્રાપ્ત કરાવવાની न-સમાન अवनीः-પૃથિવીનું व्राणाः-આવરણ કરેલ જલની સમાન दावने આપનારને માટે श्रवः-અન્નને इत्-પણ अभ्यमुञ्चत्-સર્વ પ્રકારથી છોડે છે, તે રાજ્ય કરવાને સમર્થ બને છે. (૧૦)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્‌ની સહાયથી સૂર્ય અને સૂર્યની સહાયથી વિદ્યુત્ વૃદ્ધિને પ્રાપ્ત થઈને, જગતને પ્રકાશિત કરીને, મેઘને વિચ્છિન્ન કરીને, તેને ભૂમિ પર પાડે-વરસાવે છે.*

*જેમ ગોવાળ ગાયોને મુક્ત કરીને તેને સુખી કરે છે, તેમ સભાસદ અને સૈનિક ન્યાયની રક્ષા કરીને તથા શત્રુઓને છિન્ન-ભિન્ન કરીને ધાર્મિક જનોને દુઃખરૂપી બંધનથી છોડાવીને તેઓને સુખી કરે. (૧૦)*

अस्येदु त्वेषसा रन्त सिन्धवः परि यद्वज्रेण सीमयच्छत्।
ईशानकृद्दाशुषे दशस्यन्तुर्वीतये गाधं तुर्वणिः कः॥ ११॥

પદાર્થ : अस्य-એ સભાધ્યક્ષના त्वेषसा-વિદ્યા, ન્યાય, બળ પ્રકાશની સાથે જે વિદ્યમાન શૂરવીર વિદ્યુત્‌ની સમાન रन्त-રમણ કરે છે सिन्धवः-સમુદ્રની સમાન वज्रेण-શસ્ત્રથી सीम्-સર્વ પ્રકારથી શત્રુની સેનાઓનો पर्यच्छत्-નિગ્રહ કરે છે, તે दाशुषे-દાનશીલ મનુષ્યને ईशानकृत्-ઐશ્વર્યયુક્ત કરનાર तुर्वीतये-શીઘ્ર કરનારાઓને માટે दशस्यन्-દાતાની સમાન આચરણ કરતા तुर्वणिः-શીઘ્રકારીનું સેવન કરનાર

મનુષ્ય गाधम्-શત્રુઓમાં ઉથલ-પાથલ कः-કરે છે. (૧૧)

*ભાવાર્થ : જે મનુષ્ય જે સભા આદિના અધ્યક્ષની સહાયતાથી શત્રુઓને જીતીને પૃથ્વીનાં રાજ્યનું સેવન કરીને સુખી તથા પ્રતાપી બને છે, તે સમસ્ત શત્રુઓમાં વિલોડન =ઉથલ પાથલ મચાવી શકે છે. (૧૧)*

अ॒स्मा इदु॒ प्र भ॑रा॒ तूतु॑जानो वृ॒त्राय॒ वज्र॒मीशा॑नः किये॒धाः।
गोर्न पर्व॒ वि र॑दा तिर॒श्चेष्य॒न्नर्णां॑स्य॒पां च॒रध्यै॥१२॥

પદાર્થ : હે સભાધ્યક્ષ ! कियेधाः-કેટલાય ગુણોને ધારણ કરનાર ईशानः-ઐશ્વર્યયુક્ત तूतुजानः-શીઘ્રકારી આપ જેમ-સૂર્ય अपाम्-જળના સંબંધથી अर्णांसि-જળના પ્રવાહને चरध्यै-વહાવવા માટે वृत्राय-મેઘને માટે વર્તે છે, તેમ अस्मै-તે શત્રુને માટે શસ્ત્રને प्र-સારી રીતે भर-ધારણ કરીને तिरश्चा-ત્રાંસી ગતિવાળા વજ્રથી गोर्न-વાણીઓના વિભાગની સમાન पर्व-તેના અંગ-અંગને કાપવાની इष्यन्-ઈચ્છા કરીને इदु-એમજ विरद-અનેક પ્રકારથી હનન કરો. (૧૨)

*ભાવાર્થ : હે સેનાપતિ ! જેમ પ્રાણવાયુ દ્વારા તાલુ આદિ (સ્થાનો)માં તાડન કરવાથી વિભિન્ન અક્ષરો અને પદો પૃથક્-પૃથક્ (ઉચ્ચારિત) કરવામાં આવે છે, એ જ રીતે તું શત્રુના બળને છિન્ન-ભિન્ન કરીને તથા તેના અંગોને જુદા-જુદા કરીને વિજય પ્રાપ્ત કર. (૧૨)*

अ॒स्येदु॒ प्र ब्रू॑हि पू॒र्व्याणि॑ तु॒रस्य॒ कर्मा॑णि॒ नव्य॑ उ॒क्थैः।
यु॒धे यदि॑ष्णा॒न आयु॑धान्यृघा॒यमा॑णो निरि॒णाति॒ शत्रू॑न्॥१३॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્ય ! यत्-જે સભા આદિના પતિ જેમ ऋघायमाणः-મરેલ સમાન આચરણ કરનાર आयुधानि-તોપ, બંદુક, તલવાર આદિ શસ્ત્ર-અસ્ત્રોને इष्णानः-પ્રતિદિન સંભાળપૂર્વક તથા શુદ્ધ કરીને नव्यः-નવીન શસ્ત્રાસ્ત્ર વિદ્યા ભણેલા युधे-સંગ્રામમાં शत्रून्-દુષ્ટ શત્રુઓને निरिणाति-મારો છો તે तुरस्य-શીઘ્રતાયુક્ત अस्य-સભાપતિ આદિના इत्-જ उक्थैः-કહેવા યોગ્ય વચનોથી पूर्व्याणि-પ્રાચીન સત્પુરુષોને માટે कर्माणि-કરવા યોગ્ય અને કરનારના અત્યંત ઈષ્ટ કર્મોને કરે છે, તેમ प्रब्रूहि-સારી રીતે કહો. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ સભા આદિના અધ્યક્ષ આદિની વિદ્યા, વિનય તથા શત્રુઓના પરાજય આદિ કાર્યોની પ્રશંસા કરીને, તેને ઉત્સાહિત કરીને તેનો સદા સત્કાર કરવો જોઈએ.*

*એ રાજપુરુષોએ શસ્ત્રાસ્ત્રવિદ્યા અને શિલ્પમાં નિપુણ સૈનિક વીરોનો સંગ્રહ કરીને તથા શત્રુઓને હરાવીને, પ્રજાઓની નિરંતર રક્ષા કરવી જોઈએ. (૧૩)*

अ॒स्येदु॑ भि॒या गि॒रय॑श्च दृ॒ळ्हा द्यावा॑ च॒ भूमा॑ ज॒नुष॑स्तुजेते।

उपो॑ वे॒नस्य॒ जोगु॑वान ओ॒णिं स॒द्यो भु॑वद्वी॒र्या॑य नो॒धाः ॥ १४ ॥

પદાર્થ : જે जोगुवानः-અવ્યક્ત શબ્દ કરનાર नोधाः-સેનાના નાયક સભા આદિના અધ્યક્ષ सद्यः-શીઘ્ર वीर्याय-પરાક્રમને સિદ્ધ કરવા માટે भुवत्-થાઓ. જેમ-સૂર્યથી दृढाः-પુષ્ટ गिरयः-મેઘની સમાન अस्य-એ वेनस्य-મેધાવીના इत्-उ-જ भिया-ભયથી च-શત્રુજન કંપી ઉઠે છે; જેમ द्यावा-પ્રકાશ च-અને ભૂમિ तुजेते-કંપે છે; તેમ जनुषः-મનુષ્યો ભયને પ્રાપ્ત થાય છે; તેમ અમને તે સભાધ્યક્ષની उपो-સમીપ ભય પ્રાપ્ત ન भूम-થાય; અને તે સભાધ્યક્ષ પણ ओणिम्-દુઃખને દૂર કરીને સુખને પ્રાપ્ત થાય છે. (૧૪)

*ભાવાર્થ : વિદ્યા આદિ શુભ ગુણો વિના તથા ઈશ્વર દ્વારા સંસાર ઉત્પન્ન કર્યા વિના સભા આદિના અધ્યક્ષાદિજન પ્રજાઓનું પાલન (કરી શકતા) નથી. તેમજ સૂર્ય સમસ્ત લોકોને પ્રકાશિત તથા ધારણ કરી શકતો નથી. એટલા માટે વિદ્યા આદિ ઉત્તમ ગુણોનું ગ્રહણ તથા પરમેશ્વરની સ્તુતિ કરવી જોઈએ. (૧૪)*

अ॒स्मा इदु॒ त्यदनु॑ दाय्येषा॒मेको॒ यद्व॒व्ने भूरे॒रीशा॑नः ।
प्रैत॑शं॒ सूर्ये॑ पस्पृधा॒नं सौव॑श्व्ये॒ सुष्वि॑माव॒दिन्द्रः॑ ॥ १५ ॥

પદાર્થ : જેમ વિદ્વાનોએ एवाम्-એ મનુષ્યાદિ પ્રાણીઓને સુખ दायि-પ્રદાન કરેલ છે, તેમ જો एकः-ઉત્તમથી ઉત્તમ અભયરહિત भूरेः-અનેક પ્રકારના ઐશ્વર્યના ईशानः-સ્વામી इन्द्रः-સભાદિના પતિ सूर्ये-સૂર્યમંડળમાં છે, તેમ सौवश्व्ये-સર્વોત્કૃષ્ટ ઘોડાઓથી યુક્ત સેનામાં यत्-જેમ पस्पृधानम्-પરસ્પર સ્પર્ધા કરતા सुष्विम्-ઉત્તમ ઐશ્વર્ય પ્રદાતા एतशम्-ઘોડાઓની अनुवव्ने-યથાયોગ્ય યાચના કરે છે, त्यत्-તેને अस्मै-એ इदु-સભાધ્યક્ષને જ માટે प्रावत्-સારી રીતે રક્ષા કરે છે, તે સભાને યોગ્ય હોય છે. (૧૫)

*ભાવાર્થ : મનુષ્યોએ; જે બહુ જ સુખોના દાતા, અશ્વવિદ્યાના જ્ઞાતા, અદ્વિતીય પુરુષાર્થી અને જે વિદ્વાન મનુષ્ય છે, તેને જ રક્ષા કાર્યમાં નિયુક્ત કરવા જોઈએ અને વિદ્યુત્ વિદ્યાનો સંગ્રહ કરવો જોઈએ. (૧૫)*

ए॒वा ते॑ हारियोजना सुवृ॒क्तीन्द्र॒ ब्रह्मा॑णि॒ गोत॑मासो अक्रन् ।
ए॒षु॒ वि॒श्वपे॑शसं॒ धियं॑ धाः प्रा॒तर्म॒क्षू धि॒याव॑सुर्जगम्यात् ॥ १६ ॥

પદાર્થ : હે हारियोजन-યાનોમાં ઘોડા અને અગ્નિ આદિ પદાર્થયુક્ત થાય છે તેને ભણવા અને જાણવાવાળા इन्द्र-પરમ ઐશ્વર્ય પ્રદાતા, धियावसुः-બુદ્ધિ અને કર્મના નિવાસ કરનારા આપ જે एषु-એ સ્તુતિ તથા વિદ્યા ભણનાર મનુષ્યોમાં विश्वपेशसम्-સર્વ વિદ્યારૂપ ગુણયુક્ત, धियम्-ધારણાવતી

બુદ્ધિને, प्रातः-પ્રતિદિન मक्षु-શીઘ્ર आधाः-સારી રીતે ધારણ કરો છો; તો જેને એ વિદ્યા जगम्यात्-વારંવાર પ્રાપ્ત થાય, गोतमासः-અત્યંત સર્વ વિદ્યાઓની સ્તુતિ કરનાર ते-આપને માટે एव-જ सुवृक्ति-સારી રીતે દોષોને પૃથક્ કરનાર શુદ્ધિ-પવિત્ર કરેલ ब्रह्माणि-મહાન સુખ કરનાર અમોને આપવા માટે अक्रन्-સંપાદન કરે છે, તેની સારી રીતે સેવા કરો. (૧૬)

*ભાવાર્થ : પરોપકારી વિદ્વાનોએ, સદા પ્રયત્નપૂર્વક સુશિક્ષા અને વિદ્યાના દાન દ્વારા સર્વ મનુષ્યોને સુશિક્ષિત વિદ્વાન બનાવવા જોઈએ; તથા એ, અધ્યાપક વિદ્વાનોનો મન, વચન અને કર્મથી સત્કાર કરીને સારી રીતે નિર્મિત અન્ન આદિથી તેઓની નિત્ય સેવા કરવી જોઈએ.*

*વિદ્યાનું દાન અને ગ્રહણથી વધીને (અન્ય) કોઈ ઉત્તમ ધર્મ નથી, એટલા માટે સર્વે પરસ્પર પ્રેમથી વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ. (૧૬)*

સંગતિ : આ સૂક્તમાં સભાધ્યક્ષ આદિનું વર્ણન તથા અગ્નિ વિદ્યાના પ્રચાર કરવાનું વર્ણન કરેલ છે, તેથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૬૧)

## સૂક્ત-૬૨

प्र मन्महे शवसानाय शूषमाङ्गूषं गिर्वणसे अङ्गिरस्वत्।
सुवृक्तिभिः स्तुवत ऋग्मियायार्चामार्कं नरे विश्रुताय॥ १ ॥

પદાર્થ : હે વિદ્વાનો ! જેમ અમે सुवृक्तिभिः-દોષોને દૂર કરનારી ક્રિયાઓથી शवसानाय-જ્ઞાન અને બળયુક્ત, गिर्वणसे-વાણીઓથી સ્તુતિઓને યોગ્ય, ऋग्मियाय-ઋચાઓથી પ્રસિદ્ધ, नरे-ન્યાય કરનાર, विश्रुताय-અનેક ગુણોયુક્ત હોવાથી શ્રવણ કરવા યોગ્ય, स्तुवते-સત્યની પ્રશંસાયુક્ત સભાધ્યક્ષને માટે अङ्गिरस्वत्-પ્રાણોનાં બળની સમાન शूषम्-બળ અને अर्कम्-પૂજનીય आङ्गूषम्-વિજ્ઞાન અને સ્તુતિસમૂહની अर्चाम-પૂજા કરીએ અને प्रमन्महे-માનીએ તથા તેનાથી પ્રાર્થના કરીએ, તેમ તમે પણ કર્યા કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા જેમ પરમેશ્વરની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરીને સુખ પ્રાપ્ત કરી શકાય છે. તેમ તેના સભા આદિના અધ્યક્ષનો આશ્રય લઈને વ્યાવહારિક અને પારમાર્થિક સુખો પ્રાપ્ત કરવા જોઈએ. (૧)*

प्र वो महे महि नमो भरध्वमाङ्गूष्यं शवसानाय साम।
येना नः पूर्वे पितरः पदज्ञा अर्चन्तो अङ्गिरसो गा अविन्दन्॥ २ ॥

પદાર્થ : હે મનુષ્યો ! જે वः-તમને અને नः-અમને अङ्गिरसः-પ્રાણવિદ્યા અને पदज्ञाः-ધર્મ-અર્થ-કામ-મોક્ષના જ્ઞાતા महे-મહાન शवसानाय-જ્ઞાન અને બળયુક્ત સભાધ્યક્ષને માટે महि-બહુ જ साम-

દુઃખનાશ કરનાર आङ्गूष्यम्-વિજ્ઞાનયુક્ત नमः-નમસ્કાર અને અન્નનો अर्चन्तः-સત્કાર કરીને पूर्वे-પ્રથમ સર્વ વિદ્યા ભણતા पितरः-વિદ્યાદિ સદ્‌ગુણોના રક્ષક વિદ્વાનો येन-જે વિજ્ઞાન અને કર્મથી गाः-વિદ્યા પ્રકાશયુક્ત વાણીઓથી अविन्दन्-પ્રાપ્ત હોય, તેઓનું તમે प्रभरध्वम्-ભરણ-પોષણ કર્યા કરો. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ વિદ્વાનજનો વેદ, સૃષ્ટિ-ક્રમ અને પ્રત્યક્ષ આદિ પ્રમાણો દ્વારા પ્રતિપાદિત ધર્મયુક્ત માર્ગથી ચાલીને પરમાત્માની ભક્તિ કરીને સર્વનું કલ્યાણ કરે છે, તેમ તમે પણ કરો. (૨)*

इन्द्रस्याङ्गिरसां चेष्टौ विदत्सरमा तनयाय धासिम्।
बृहस्पतिर्भिनदद्रिं विदद्गाः समुस्त्रियाभिर्वावशन्त नरः॥ ३॥

પદાર્થ : હે नरः-સુખોને પ્રાપ્ત કરાવનારા મનુષ્યો ! જેમ सरमा-વિદ્યા, કર્મ આદિ બોધને ઉત્પન્ન કરનારી માતા तनयाय-પુત્રને માટે धासिम्-અન્ન આદિ શ્રેષ્ઠ પદાર્થોને विदत्-પ્રાપ્ત કરે છે.

જેમ बृहस्पतिः-મહાન પદાર્થોના રક્ષક સભાધ્યક્ષ; જેમ સૂર્ય उस्त्रियाभिः-કિરણોથી अद्रिम्-મેઘનું भिनत्-વિદારણ અને જેમ गाः-સુરક્ષિત વાણીઓને विदत्-પ્રાપ્ત કરે છે; તેમ તમે પણ इन्द्रस्य-પરમૈશ્વર્યવાન, પરમેશ્વર, સભાધ્યક્ષ અને સૂર્ય च-તથા अङ्गिरसाम्-વિદ્યા, ધર્મ અને રાજ્યયુક્ત વિદ્વાનોની इष्टौ-ઈચ્છાને પ્રાપ્ત કરનારી નીતિમાં વિદ્યાદિ ઉત્તમ ગુણોનો संवावशन्त-સારી રીતે વારંવાર પ્રકાશ કરો; જેથી સમસ્ત સંસારમાં અવિદ્યાદિ દુષ્ટ ગુણો નાશ પામે. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ-માતાની સમાન પ્રજાઓ-સંતાનોની સાથે વર્તન કરીને, સૂર્યની સમાન વિદ્યાદિ શુભગુણોને પ્રકાશિત કરીને, પરમેશ્વર દ્વારા પ્રોક્ત-કહેલ અને વિદ્વાનો દ્વારા આચરિત નીતિમાં સ્થિત થઈને તથા સર્વના ઉપકારનું કર્મ કરીને સદા સુખી રહેવું જોઈએ. (૩)*

स सुष्टुभा स स्तुभा सप्त विप्रैः स्वरेणाद्रिं स्वर्यो३नवग्वैः।
सरण्युभिः फलिगमिन्द्र शक्र वलं रवेण दरयो दशग्वैः॥ ४॥

પદાર્થ : હે सः-તે इन्द्र-પરમૈશ્વર્યયુક્ત शक्र-શક્તિને પ્રાપ્ત કરનાર સભાધ્યક્ષ ! જે આપ नवग्वैः-નવથી પ્રાપ્ત થયેલી ગતિ અને दशग्वैः-દશે દિશાઓમાં જવા सरण्युभिः-સર્વ શાસ્ત્રોમાં વિજ્ઞાન કરનારી ગતિઓથી યુક્ત विप्रैः-બુદ્ધિમાન વિદ્વાનોની સાથે; જેમ સૂર્ય सुष्टुभा-ઉત્તમ દ્રવ્ય, ગુણ અને ક્રિયાઓથી સ્થિર કરનાર અને स्तुभा-ધારણ કરનાર रवेण-શસ્ત્રોના શબ્દથી, જેમ સૂર્ય सप्त-સાત સંખ્યાયુક્ત સ્વરોના મધ્યમાં વિદ્યમાન स्वरेण-ઉદાત્તાદિ તથા ષડ્‌જાદિ સ્વરથી अद्रिम्-બળયુક્ત फलिगम्-મેઘનું હનન કરે છે, તેમ શત્રુઓનું दरयः-વિદારણ કરો છો; सः-તે આપ અમારા દ્વારા स्वर्यः-સ્તુતિ કરવા યોગ્ય છો. (૪)

*ભાવાર્થ : જેમ મેઘગર્જના-વિદ્યુત્ પોતાના ઉત્તમ ગુણોથી યુક્ત થઈને જીવનના હેતુ-ભૂત મેઘોત્પત્તિ*

*આદિ કર્મને સિદ્ધ કરે છે, તેમ સભા આદિના અધ્યક્ષ (=રાજા) વિદ્યા અને બળથી યુક્ત પરમોત્તમ પુરુષોની સાથે વર્તમાન વિદ્યા અને ન્યાયના પ્રકાશ દ્વારા સમસ્ત અન્યાયનો નાશ કરીને તથા દુષ્ટોનું નિવારણ કરીને ચક્રવર્તી રાજ્યનું શાસન-પાલન કરે. (૪)*

**गृणानो अङ्गिरोभिर्दस्म वि वरुषसा सूर्येण गोभिरन्धः।**

**वि भूम्या अप्रथय इन्द्र सानु दिवो रज उपरमस्तभायः॥५॥**

પદાર્થ : હે इन्द्र-શત્રુઓનો दस्म-નાશ કરનાર સભાધ્યક્ષ ! गृणानः-ઉપદેશ કરીને આપ-જેમ વિદ્યુત્ अङ्गिरोभिः-પ્રાણ उषसा-પ્રાતઃકાળના सूर्येण-સૂર્યનો પ્રકાશ તથા गोभिः-કિરણો अन्धः-અન્નને પ્રકટ કરે છે-પ્રકાશિત કરે છે, તેમ ધર્મરાજ્ય અને સેનાને विवः-પ્રકટ કરો; તેમ વિદ્યુત્‌ને વિવિધ પ્રકારથી વિસ્તૃત કરો.

જેમ સૂર્ય भूम्याः-પૃથિવીમાં શ્રેષ્ઠ दिवः-પ્રકાશને सानु-ઉપરના ભાગ रजः-સર્વ લોકો અને उपरम्-મેઘને अस्तभायः-સંયુક્ત કરે છે, તેમ ધર્મરાજ્યની સેનાનો વિસ્તાર કરો; અને શત્રુઓનું બંધન કરીને, આપ અમારા સર્વની સ્તુતિને યોગ્ય બનો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ-ઉષાકાળની સમાન, સૂર્યની સમાન, કિરણોની સમાન અને પ્રાણોની સમાન ઉત્તમ ગુણોને પ્રકાશિત કરીને દુષ્ટોનું નિવારણ કરવું જોઈએ.*

*જેમ સૂર્ય પોતાનો પ્રકાશ ફેલાવીને તથા મેઘને ઉત્પન્ન કરીને વર્ષા કરે છે, તેમ પ્રજાઓમાં ઉત્તમ વિદ્યા ઉત્પન્ન કરીને સુખની વર્ષા કરવી જોઈએ. (૫)*

**तदु प्रयक्षतममस्य कर्म दस्मस्य चारुतममस्ति दंसः।**

**उपह्वरे यदुपरा अपिन्वन्मध्वर्णसो नद्य१श्चतस्रः॥६॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમને યોગ્ય છે કે अस्य-એ दस्मस्य-દુઃખનાશક સભાધ્યક્ષ અને વિદ્યુત્‌ના उपह्वरे-કુટિલતાયુક્ત વ્યવહારમાં यत्-જે प्रयक्षतमम्-અત્યંત પૂજનીય चारुतमम्-અતિસુંદર दंसः-વિદ્યા અને સુખોને જાણવાના હેતુ कर्म-કર્મ, अस्ति-છે तदु-તેને જાણીને આચરણ કરવું જોઈએ; અને જેના એ પ્રકારના કર્મથી मध्वर्णसः-મધુર જળયુક્ત नद्याः-નદી અને चतस्रः-ચાર उपराः-દિશા अपिन्वत्-સેવન અને સિંચન કરે છે. તે બન્નેનું વિદ્યા દ્વારા સમ્યક્ સેવન કરવું જોઈએ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ-શ્રેષ્ઠતમ કર્મ કરીને, યજ્ઞનું અનુષ્ઠાન કરીને તથા રાજ્યનું પાલન કરીને સર્વ દિશાઓમાં યશની વર્ષા વર્ષાવવી કરવી જોઈએ. (૬)*

**द्विता वि वव्रे सनजा सनीळे अयास्यः स्तवमानेभिरर्कैः।**

**भगो न मेने परमे व्योमन्नधारयद्रोदसी सुदंसाः॥७॥**

પદાર્થ : જેમ વિદ્વાનોથી જે सनीडे-સમીપ स्तवमानेभिः-સ્તુતિયુક્ત अर्कैः-સ્તોત્રોથી सनजा-સનાતન કારણથી ઉત્પન્ન થયેલ द्विता-બે અર્થાત્ પ્રજા અને સભાધ્યક્ષનો विवव्रे-વિશેષતઃ સ્વીકાર કરવામાં આવે છે, તેમ મનુષ્ય अयास्यः-અનાયાસથી સિદ્ધ કરનાર सुदंसाः-ઉત્તમ, કર્મયુક્તમાં, જેમ परमे, व्योमन्-ઉત્તમ અન્તરિક્ષમાં रोदसी-પ્રકાશ અને ભૂમિને भगो न-સૂર્યની સમાન વિદ્વાન मेने-માને છે તથા अधारयत्-ધારણ કરે છે, તેમ તેને (હું) ધારણ કરું છું અને માનું છું. (૭)

*ભાવાર્થ : જેમ સભાપતિ દ્વારા ઐશ્વર્ય ધારણ કરવામાં આવે છે, જેમ સૂર્ય પ્રકાશ અને પૃથિવીને ધારણ કરે છે, તેમ મનુષ્યોએ ન્યાય અને વિદ્યા ધારણ કરવી જોઈએ. (૭)*

सनाद्दिवं परि भूमा विरूपे पुनर्भुवा युवती स्वेभिरेवैः।

कृष्णेभिरक्तोषा रुशद्भिर्वपुर्भिरा चरतो अन्यान्या॥ ८॥

પદાર્થ : હે સ્ત્રી-પુરુષો ! તમે જેમ-सनात्-સનાતન કારણોથી दिवम्-સૂર્યનો પ્રકાશ અને भुमा-ભૂમિને પ્રાપ્ત થઈને, पुनर्भुवा-વારંવાર પર્યાયથી ઉત્પન્ન થઈને, युवती-યુવાવસ્થા પ્રાપ્ત થયેલી સ્ત્રી સમાન विरूपे-વિભિન્ન રૂપથી યુક્ત, अक्ता-રાત્રિ, उषाः-દિવસ, स्वेभिः-ક્ષણ આદિ અવયવ रुशद्भिः-પ્રાપ્તિને માટે રૂપાદિ ગુણોની સાથે वपुभिः-પોતાની આકૃતિ આદિ શરીર અને कृष्णेभिः-પરસ્પર આકર્ષણાદિને एवैः-પ્રાપ્ત કરાવનાર ગુણોની સાથે अन्यान्या-ભિન્ન-ભિન્ન પરસ્પર મળેલા यर्य्याचरतः-જાય-આવે છે, તેમ સ્વયંવર અર્થાત્ પરસ્પરની પ્રસન્નતાથી વિવાહ કરીને એકબીજાની સાથે પ્રીતિપૂર્વક સદા આનંદમાં વર્તો. (૮)

*ભાવાર્થ : જેવી રીતે રાત અને દિવસનું સંયુક્ત ચક્ર ચાલ્યા કરે છે, તેવી રીતે વિવાહિત સ્ત્રી-પુરુષોએ અત્યંત પ્રેમથી સર્વદા વર્તવું જોઈએ. (૮)*

सनेमि सख्यं स्वपस्यमानः सूनुर्दाधार शवसा सुदंसाः।

आमासु चिद्दधिषे पक्वमन्तः पयः कृष्णासु रुशद्रोहिणीषु॥ ९॥

પદાર્થ : જે स्वपस्यमानः-ઉત્તમ કર્મ કરી રહેલાની સમાન सुदंसा-ઉત્તમ કર્મયુક્ત रुशत्-શુભ ગુણોની પ્રાપ્તિ કરીને, તું જેમ-सूनुः-સત્પુત્ર પોતાના માતા-પિતાનું પોષણ કરવાની સમાન રાત્રિ-દિવસ सनेभि-પ્રાચીન सख्यम्-મિત્રતાના કાળ-અવયવોને दाधार-ધારણ કરીને તથા रोहिणीषु-ઉત્પન્નશીલ कुष्णासु-સર્વ રીતે પાકેલી चित्-અને आमासु-કાચી ઔષધિઓના अन्तः-મધ્યમાં पयः-રસને ધારણ કરે છે, તેમ शवसा-બળની સાથે ગૃહાશ્રમને दधिषे-ધારણ કર. (૯)

*ભાવાર્થ : જેમ દિવસ અને રાત પાકા-કાચા રસને ઉત્પન્ન કરનાર તથા ઉત્પન્ન થયેલ પદાર્થોની વૃદ્ધિ અને હ્રાસને કરનાર (થતા) સર્વના મિત્ર સમાન છે, તેમ વિદ્વાનોએ સર્વ મનુષ્યોની સાથે વર્તાવ કરવો જોઈએ. (૯)*

सनात्सनीळा अवनीरवाता व्रता रक्षन्ते अमृताः सहोभिः।
पुरू सहस्रा जनयो न पत्नीर्दुवस्यन्ति स्वसारो अह्रयाणम्॥ १०॥

પદાર્થ : જેમ अवाताः-હિંસારહિત अवनीः-ભૂમિ સર્વની રક્ષા पुरुसहस्रा-અસંખ્ય-હજાર जनयः-ઉત્પન્ન કરનાર પતિ पत्नीः-न-જેમ પોતાની સ્ત્રીઓની રક્ષા કરે છે, તેમ सनीडाः-સમીપમાં વિદ્યમાન अमृता-નાશરહિત વિદ્વાનજનો सहोभिः-વિદ્યા, યોગ ધર્મવાળાથી सनात्-સનાતન व्रता-સત્યધર્મના આચરણોની रक्षन्ते-રક્ષા કરે છે. જેમ स्वसारः-બેનો अह्रयाणम्-લજ્જાને અપ્રાપ્ત પોતાના ભાઈની दुवस्यन्ति-સેવા કરે છે, તેમ વિદ્યા અને ધર્મનું જ સેવન કરે છે, તેઓ મુક્તિને પ્રાપ્ત કરે છે. (૧૦)

*ભાવાર્થ : જેમ પતિ લોકો પોતાની સ્ત્રીઓ, બેનો અને ભાઈઓની તથા વિદ્યાર્થીઓ આચાર્યોની સેવા કરીને સુખ અને વિદ્યાઓ પ્રાપ્ત કરે છે, તેમ ધર્મ પર દૃઢ રહેનાર ધર્માત્મા વિદ્વાન સ્ત્રી પુરુષ ઘરમાં રહેવા છતાં પણ મુક્તિને પ્રાપ્ત કરે છે. (૧૦)*

सनायुवो नमसा नव्यो अर्कैर्वसूयवो मतयो दस्म दद्रुः।
पतिं न पत्नीरुशतीरुशन्तं स्पृशन्ति त्वा शवसावन्मनीषाः॥ ११॥

પદાર્થ : હે शवसावन्-બળયુક્ત दस्म-અવિદ્યા-અંધકાર વિનાશક સભાપતે ! તું જેમ सनायुवः-સનાતન કર્મ કરનારાની સમાન આચરણ કરીને नमसा-અન્ન અને નમસ્કાર તથા अर्कैः-મંત્ર અર્થાત્ વિચારોની સાથે વિદ્યમાન वसूयवः-પોતાના માટે વિદ્યા, ધન અને मनीषाः-વિદ્વાનોની ઈચ્છા કરનાર मतयः-સર્વને જાણનારા વિદ્વાનો न-જેમ नव्यः-નવીન उशन्तीः-કામની ચેષ્ટાથી યુક્ત पत्नीः- સ્ત્રી उशन्तम्-ઈચ્છા કરનાર पतिम्-પતિનું स्पृशन्ति-આલિંગન કરે છે; અને જેમ दद्रुः-કુટિલ ગતિને પ્રાપ્ત થનારને જાણે છે, તેમ त्वा-તારું પ્રજા સેવન કરે. (૧૧)

*ભાવાર્થ : જેમ પત્ની અને પતિનું એક સાથે રહેવાથી સંતાન ઉત્પન્ન થાય છે, તેમ રાત્રિ અને દિવસને સાથે વર્તમાન હોવાથી સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે અને જેમ સૂર્યનો પ્રકાશ અને ભૂમિની છાયા વિના તે બન્નેની ઉત્પત્તિ સંભવ નથી, તેમ પતિ-પત્ની વિના મૈથુની સૃષ્ટિની ઉત્પત્તિ સંભવ નથી. (૧૧)*

सनादेव तव रायो गभस्तौ न क्षीयन्ते नोप दस्यन्ति दस्म।
द्युमाँ असि क्रतुमाँ इन्द्र धीरः शिक्षा शचीवस्तव नः शचीभिः॥ १२॥

પદાર્થ : હે दस्म-શત્રુનાશક शचीवः-ઉત્તમ બુદ્ધિ અને વાણીથી યુક્ત इन्द्र-ઉત્તમ ધનવાન સભાધ્યક્ષ ! જે આપ-द्युमान्-વિદ્યાદિ શ્રેષ્ઠ ગુણોના પ્રકાશથી યુક્ત क्रतुमान्-બુદ્ધિથી વિચાર કરીને કર્મ કરનાર धीरः-ધ્યાની असि-છો. તે तव-આપની गभस्तौ-રાજનીતિના પ્રકાશમાં सनात्-સનાતનથી रायः-ધન नैव-નહિ क्षीयन्ते-ક્ષીણ તથા तव-આપના પ્રબંધમાં न-નહિ उपदस्यन्ति-નષ્ટ થાય છે. (અર્થાત્ નાશ પામતું નથી.) તે આપ આપની शचीभिः-બુદ્ધિ, વાણી અને કર્મથી नः-અમને शिक्ष-ઉપદેશ આપો.

*ભાવાર્થ : જે સનાતન વેદરૂપી વિજ્ઞાનથી શિક્ષા પ્રાપ્ત કરીને, સભા આદિના અધ્યક્ષ બનીને, પ્રજાઓનું પાલન કરે, તે મનુષ્યને ધાર્મિક જાણવો. (૧૨)*

सनायते गोतम इन्द्र नव्यमतक्षद् ब्रह्म हरियोजनाय।
सुनीथाय नः शवसान नोधाः प्रातर्मक्षू धियावसुर्जगम्यात्॥ १३॥

પદાર્થ : शवसान-બળયુક્ત इन्द्र-ઉત્તમ ધનવાન સભાધ્યક્ષ धियावसुः-બુદ્ધિ અને કર્મની સાથે વસનાર, गोतमः-અત્યંત સ્તુતિને યોગ્ય તથા नोधाः-સ્તુતિ કરનાર આપ हरियोजनाय-મનુષ્યોના સમાધાન માટે नव्यम्-નવીન ब्रह्म-મહાન ધનને अतक्षत्-ક્ષીણ કરો છો, नः-અમને, सुनीथाय- સુખોની પ્રાપ્તિ માટે प्रातः-પ્રતિદિન, मक्षू-શીઘ્ર सनायते-સનાતન સમાન આચરણ કરો છો; તથા અમારા સુખોને માટે શીઘ્ર जगम्यात्-પ્રાપ્ત થાઓ. (૧૨)

*ભાવાર્થ : સભા આદિના મનુષ્યોએ-તેઓનાં હિતને માટે પ્રતિદિન નવા નવા ધન અને અન્ન પ્રાપ્ત કરાવે. જેમ પ્રાણરૂપ વાયુ સુખ પહોંચાડે છે, તેમ સર્વને સુખી કરે. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સભાધ્યક્ષ, દિવસ, રાત, વિદ્વાન, સૂર્ય અને વાયુના ગુણોનું વર્ણન હોવાથી પૂર્વ સૂક્તાર્થની સાથે આ સૂક્તાર્થની સંગતિ જાણવી જોઈએ. (૬૨)

## સૂક્ત-૬૩

त्वं महाँ इन्द्र यो ह शुष्मैर्द्यावा जज्ञानः पृथिवी अमे धाः।
यद्ध ते विश्वा गिरयश्चिदभ्वा भिया दृऽळ्हासः किरणा नैजन्॥ १॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યપ્રદ પરમાત્મન્ ! જે त्वम्-આપ महान्-અનંત ગુણયુક્ત जज्ञानः-પ્રસિદ્ધ शुष्मैः-બળાદિના अमे-પ્રકાશમાં ह-નિશ્ચયપૂર્વક द्यावापृथिवी-પ્રકાશ અને પૃથિવીને धाः-ધારણ કરો છો. ते-આપના अभ्वा-ઉત્પન્ન રહિત સામર્થ્યના भिया-ભયથી ह-જ यत्-જે विश्वा-સર્વ गिरयः-પર્વત અને મેઘ दृढासः-દૃઢ થયેલ છે; चित्-અને किरणाः-કાન્તિ नैजन्-કદી પણ કંપનને પ્રાપ્ત થતી નથી. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ એમ સમજવું જોઈએ કે જે પરમેશ્વર પોતાનાં સામર્થ્ય અને બળ આદિથી સમસ્ત જગતને રચીને પોતાનાં સામર્થ્યથી તેનું દૃઢતાપૂર્વક ધારણ કરે છે, તે જ સદા ઉપાસના કરવા યોગ્ય છે.*

*જે સૂર્યલોકનાં દ્વારા પોતાનાં આકર્ષણ ગુણથી પૃથિવી આદિ લોકોનું ધારણ કરવામાં આવે છે, તે પણ પરમેશ્વર દ્વારા રચવામાં આવેલ છે અને ધારણ કરવામાં આવેલ છે. તેમ જાણવું જોઈએ. (૧)*

आ यद्धरी इन्द्र विव्रता वेरा ते वज्रं जरिता बाह्वोर्धात्।

येनाविहर्यतक्रतो अमित्रान्पुर इष्णासि पुरुहूत पूर्वीः ॥ २ ॥

પદાર્થ : હે अविहर्यतकृतो-દુષ્ટબુદ્ધિ અને પાપકર્મોથી રહિત, पुरुहूत-અનેક વિદ્વાનોથી સત્કારને પ્રાપ્ત કરાવનાર સભાધ્યક્ષ ! આપ यत्-જે કારણે विव्रता-અનેક પ્રકારના નિયમોને ઉત્પન્ન કરનાર हरी-સેનાના અને ન્યાયના પ્રકાશને आवेः-સારી રીતે જાણો છો.

येन-જે વજ્ર દ્વારા अमित्रान्-શત્રુઓને મારો છો તથા જેનાથી તેના पूर्वीः-અનેક पुरः-નગરોને इष्णासि-જીતવાની ઈચ્છા કરો છો તથા શત્રુઓનો પરાજય અને પોતાના વિજય માટે પ્રતિક્ષણ જાઓ છો, એથી जरिता-સમસ્ત વિદ્યાઓથી સ્તુતિ કરનાર મનુષ્ય ते-આપની बाह्वोः-ભુજાઓના બળના આશ્રયથી वज्रम्-आधात्-ધારણ કરે છે. (૨)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષ મનુષ્યોએ એવા પ્રકારના શીલ-સ્વભાવ, ગુણ અને કર્મને અપનાવવા-સ્વીકારવા જોઈએ; જેથી સર્વ મનુષ્યો તેના એ શીલ આદિને જોઈને શિષ્ટ બનીને નિષ્કપટ રાજ્યસુખને સદા ભોગવે. (૨)*

त्वं सत्य इन्द्र धृष्णुरेतान्त्वमृभुक्षा नर्यस्त्वं षाट्।

त्वं शुष्णं वृजने पृक्ष आणौ यूने कुत्साय द्युमते सचाहन् ॥ ३ ॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર પ્રદાતા સભાધ્યક્ષ ! त्वम्-આપ-જે કારણે सत्यः-જીવ સ્વરૂપથી અનાદિ છો, જે કારણે त्वम्-આપ धृष्णुः-દૃઢ છો, જે કારણે त्वम्-આપ ऋभुक्षाः-ગુણોથી મહાન છો, नर्यः-મનુષ્યોમાં ચતુર છો તથા षाट्-સહનશીલ છો, वृजने-તેથી જેમાં શત્રુઓને પ્રાપ્ત થાઓ છો, पृक्षे-સંયુક્ત એકત્ર થાઓ છો, જેમાં તે आणौ-સંગ્રામમાં सचा-શિષ્ટોનાં સંબંધથી कुत्साय-શસ્ત્રોને ધારણ કરેલ द्युमते-ઉત્તમ પ્રકાશયુક્ત यूने-શરીર અને આત્માના બળને પ્રાપ્ત કરેલ મનુષ્યને માટે शुष्णम्-પૂર્ણ બળને પ્રદાન કરો છો. જે કારણે આપ શત્રુઓને अहन्-મારીને તથા एतान्-એ ધર્માત્મા શ્રેષ્ઠ પુરુષોનું પાલન કરો છો, તેથી પૂજનીય છો. (૩)

*ભાવાર્થ : સભા અને સભા આદિના અધ્યક્ષ વિના શત્રુઓનો પરાજય અને રાજ્યનું પાલન ઉચિત રૂપમાં થતું નથી, એટલા માટે સર્વ મનુષ્યોએ શિષ્ટ ગુણયુક્ત એ બન્નેના દ્વારા એ બન્ને કાર્યો કરાવવા જોઈએ. (૩)*

त्वं ह त्यदिन्द्र चोदीः सखा वृत्रं यद्वज्रिन्वृषकर्मन्नुभ्नाः।

यद्ध शूर वृषमणः पराचैर्वि दस्यूँर्योनावकृतो वृथाषाट् ॥ ४ ॥

પદાર્થ : હે वज्रिन्-શ્રેષ્ઠ શસ્ત્રધારક તથા इन्द्र-ઉત્તમ ગુણ જ્ઞાતા સભાધ્યક્ષ ! જે કારણે त्वम्-આપ ह-નિશ્ચયપૂર્વક त्यत्-તે वृत्रम्-શત્રુને पराचैः-દૂર चोदीः-કરી દો છો, એ કારણે શ્રેષ્ઠ પુરુષોનું ધારણ અને પાલન કરવાને સમર્થ છો.

હે वृषकर्मन्-શ્રેષ્ઠ મનુષ્યોની સમાન ઉત્તમ કર્મ કરનાર સભાધ્યક્ષ ! यत्-જે કારણે આપ सखा-

સર્વના મિત્ર હોવાથી મિત્રોની રક્ષા કરો છો. હે शूर-નિર્ભય સેનાધ્યક્ષ ! यत्-જે આપ ह-નિશ્ચયપૂર્વક दस्यून्-પારકા પદાર્થોને છીનનારા દુષ્ટોનું अकृतः-દૂરથી वि-વિશેષ કરીને છેદન કરો છો, તેથી પ્રજાની રક્ષા કરવાને યોગ્ય છો.

હે वृषमणः-શૂરવીરોમાં વિચારશીલ સભાધ્યક્ષ ! આપ જે કારણે સુખોને उभ्नाः-પૂર્ણ કરો છો, તેથી સત્કાર કરવા યોગ્ય છો. હે સભાધ્યક્ષ ! જે કારણે આપ वृथाषाट्-સહજ સ્વભાવથી સહન કરનાર છો, તેથી योनौ-ઘરમાં રહેનાર સર્વ મનુષ્યોના સુખોને પૂર્ણ કરો છો. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ (એ જાણવું જોઈએ કે) જેમ સૂર્ય પોતાના પ્રકાશથી સર્વને આનંદિત કરીને, મેઘને ઉત્પન્ન કરીને, તેને વરસાવે છે અને અંધકારને દૂર કરીને પ્રકાશિત થાય છે, એ જ રીતે સભા આદિના અધ્યક્ષ વિદ્યા આદિ શુભ ગુણોથી સર્વને સુખી કરીને, શરીર તથા આત્માના બળને ઉત્પન્ન કરીને; ધર્મ, શિક્ષા તથા અભયની વર્ષા કરીને, અધર્મરૂપી અંધકારનું તથા શત્રુઓનું નિવારણ કરીને રાજ્યમાં પ્રકાશિત બને. (૪)*

त्वं ह त्यदि॒न्द्रारि॑षण्यन्दृ॒ळ्हस्य॑ चि॒न्मर्त्ता॑ना॒मजु॑ष्टौ।
व्य१॒॑स्मदा काष्ठा॒ अर्व॑ते वर्घ॒नेव॑ वज्रि॒ञ्छ्न॑थिह्य॒मित्रा॑न्॥ ५ ॥

પદાર્થ : હે अरिषण्यन्-પોતાના શરીરથી હિંસા અને અધર્મની ઈચ્છા નહીં કરનાર, वज्रिन्-ઉત્તમ આયુધો-શસ્ત્રોથી યુક્ત इन्द्र-સભાપતે ! त्वम्-આપ ह-પ્રસિદ્ધ अस्मत्-અમારી अर्वते-ઘોડા આદિ ધનોથી યુક્ત સેનાને માટે व्यावः-અનેક પ્રકારથી સ્વીકાર કરો છો. त्यत्-તે दृढस्य-સ્થિર રાજ્ય चित्-અને मर्त्तानाम्-પ્રજાના મનુષ્યોને શત્રુઓની अजुष्टौ-અપ્રીતિ થવામાં घनेव-જેમ સૂર્ય મેઘને કાપીને अमित्रान्-ધર્મ વિરોધી શત્રુઓને काष्ठाः-દિશાઓ પ્રતિ श्नथिहि-મારો. (૫)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષો (= સભાપતિ અને સેનાપતિ) રાજ્ય અને સેના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરીને તથા શત્રુઓ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરીને, જેમ સૂર્ય મેઘોને છિન્ન-ભિન્ન કરે છે, તેમ દુષ્ટોને સદા છિન્ન-ભિન્ન કરવા જોઈએ. (૫)*

त्वां ह त्यदि॒न्द्रार्ण॑सातौ॒ स्व॑र्मीळ्हे॒ नर॑ आ॒जा ह॑वन्ते।
तव॑ स्वधाव इ॒यमा स॑म॒र्य ऊ॒तिर्वाजे॑ष्वत॒साय्या॑ भूत्॥ ६ ॥

પદાર્થ : હે स्वधावः-ઉત્તમ અન્ન અને इन्द्र-શ્રેષ્ઠ પદાર્થને પ્રાપ્ત કરાવનાર જગદીશ્વર અને સભાધ્યક્ષ ! नरः-રાજનીતિ જાણનાર મનુષ્ય त्यत्-તે अर्णसातौ-વિજય પ્રાપ્ત કરાવનાર શૂરવીર યોદ્ધા મનુષ્યોનું સેવન હોય, જે स्वर्मीढे-સુખથી સિંચવાથી યુક્ત आजौ-સંગ્રામમાં त्वाम्-આપનું ह-નિશ્ચયપૂર્વક आहवन्ते-આહ્‌વાન કરીએ છીએ.

જે કારણે तव-આપની જે इयम्-એ समर्ये-સંગ્રામ અને वाजेषु-વિજ્ઞાન, અન્ન અને સેનાદિમાં अतसाय्या-નિરંતર સુખોની પ્રાપ્તિ કરાવનારી ऊतिः-રક્ષણ આદિ ક્રિયા છે, તે અમને પ્રાપ્ત भूत्-થાય. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ સર્વ ધર્મ સંબંધી કાર્યોમાં ઈશ્વર અને સભાધ્યક્ષની સહાય લઈને નિત્ય સંપૂર્ણ કાર્યો સિદ્ધ કરવા જોઈએ. (૬)*

त्वं ह॒ त्यदि॑न्द्र स॒प्त युध्य॒न्पुरो॑ वज्रि॒न्पुरु॒कुत्सा॑य दर्दः।
ब॒र्हिर्न यत्सु॒दासे॒ वृथा॒ वर्गं॒हो रा॑ज॒न्वरि॑वः पू॒रवे॒ कः॥७॥

પદાર્થ : હે वज्रिन्-ઉત્તમ શસ્ત્રોથી યુક્ત राजन्-પ્રકાશક તથા इन्द्र-વિજય પ્રદાતા સભાના અધિપતિ ! જે આપના सप्त-સભા, સભાસદ્, સભાપતિ, સેના, સેનાપતિ, કર્મચારી અને પ્રજા એ સાત છે. તેની સાથે પ્રેમથી રહીને, શત્રુઓની સાથે युध्यन्-યુદ્ધ કરીને, જે કારણે તમે તે તે શત્રુઓના पुरः-નગરોનું दर्दः-વિદારણ કરો છો.

જે આપ अंहो-કરવા યોગ્ય રાજ્યના पुरुकुत्साय-અનેક મનુષ્યોને ગ્રહણ કરવા યોગ્ય पूरवे-પૂર્ણ સુખને માટે यत्-જે वरिवः-સેવન કરવા યોગ્ય પદાર્થનું सुदासे-ઉત્તમ દાતા મનુષ્યોથી યુક્ત દેશમાં बर्हिः-અન્તરિક્ષની न-સમાન कः-કરો છો यत्-જે वृथा-વ્યર્થ કામ કરનાર મનુષ્ય હોય, त्यत्-તેને वर्क्-વર્જિત કરો છો, એ કારણે અમારા સર્વના સત્કાર કરવા યોગ્ય છો. (૭)

*ભાવાર્થ : જેમ સૂર્ય સંસારના કલ્યાણ માટે મેઘને નષ્ટ કરી નીચે (જળરૂપમાં) વરસાવે છે, તેમ સર્વના અધિપતિ સભાપતિ (= રાજા) સર્વ પ્રાણીઓનું હિત સિદ્ધ કરે. (૭)*

त्वं त्यां न॑ इन्द्र देव चि॒त्रामिष॒मापो॒ न पी॑पयः परि॑ज्मन्।
यया॑ शूर॒ प्रत्य॒स्मभ्यं॒ यंसि॒ त्मन॒मूर्जं॒ न वि॒श्वध॒ क्षर॑ध्यै॥८॥

પદાર્થ : હે વિદ્યુત્ સમાન परिज्मन्-સર્વત્રથી દુષ્ટોનો નાશ કરનાર, विश्वध-વિશ્વને ધારણ કરનાર, शूर-નિર્ભય देव-વિદ્યા અને શિક્ષાનો પ્રકાશ કરનાર અને इन्द्र-સુખ પ્રદાતા સભાધ્યક્ષ ! જે त्वम्-આપ यया-જેથી नः-અમારા त्मनम्-આત્માને क्षरध्यै-સંચલિત-ચલાયમાન થવા માટે ऊर्जम्-અન્ન અને પરાક્રમની न-સમાન यंसि-દુષ્ટ કર્મથી રોકી દો છો. त्यम्-તે चित्राम्-અદ્ભુત સુખોને કરનારી इषम्-ઈચ્છા તથા અન્નને अस्मभ्यम्-અમારા માટે आपो न-જળની સમાન प्रतिपीपयः-વારંવાર પાન કરાવો છો, તેમ અમે પણ આપને સારી રીતે પ્રસન્ન કરીએ. (૮)

*ભાવાર્થ : જેમ અન્ન ભૂખને અને જળ તરસને નિવૃત્ત કરીને સર્વ પ્રાણીઓને સુખી કરે છે, તેમ સભાધ્યક્ષ આદિ પ્રજાને સુખી કરે. (૮)*

अका॑रि त इन्द्र॒ गोत॑मेभि॒र्ब्रह्मा॒ण्योक्ता॒ नम॑सा॒ हरि॑भ्याम्।

सुपेशसं वाजमा भरा नः प्रातर्मक्षू धियावसुर्जगम्यात्॥ ९॥

પદાર્થ : હે इन्द्र-સભાધ્યક્ષ ! ते-આપની જે गोतमेभिः-વિદ્યાથી ઉત્તમ શિક્ષાને પ્રાપ્ત કરેલ શિક્ષિત પુરુષોથી नमसा-અન્ન અને ધન हरिभ्याम्-બળ અને પરાક્રમથી જે ओक्ता-સારી રીતે પ્રશંસિત ब्रह्माणि-સર્વોત્કૃષ્ટ અન્ન અને ધનને अकारि-કરો છો; તેઓની સાથે नः-અમારા માટે તેઓને જેમ धियावसुः-કર્મ અને બુદ્ધિથી સુખોમાં વસાવનાર વિદ્વાન सुपेशसम्-ઉત્તમરૂપ યુક્ત वाजम्-વિજ્ઞાન સમૂહને प्रातः-પ્રતિદિન जगम्यात्-પુનઃ પુનઃ પ્રાપ્ત કરીએ અને તેને ધારણ કરીએ, તેમ આપ પૂર્વોક્ત સર્વને मक्षु-શીઘ્ર आभर-સર્વત્રથી ધારણ કરો. (૯)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્ સૂર્ય આદિનાં રૂપમાં સમસ્ત સંસારને પુષ્ટ કરે છે, તેમ સભાધ્યક્ષ આદિ પ્રજાને ઉત્તમ ધન આદિથી સંપન્ન કરે. (૯)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સભાધ્યક્ષ અને અગ્નિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની સાથે પૂર્વ સૂક્તાર્થની સંગતિ જાણવી જોઈએ. (૬૩)

## સૂક્ત-૬૪

वृष्णे शर्धाय सुमखाय वेधसे नोधः सुवृक्तिं प्र भरा मरुद्भ्यः।
अपो न धीरो मनसा सुहस्त्यो गिरः समञ्जे विदथेष्वाभुवः॥ १॥

પદાર્થ : હે नोधः-સ્તુતિ કરનાર મનુષ્ય ! आभुवः-સમ્યક્ ઉત્પન્ન થનાર अपः-કર્મ અને પ્રાણીઓની સમાન धीरः-સંયમિત વિદ્વાન ! सुहस्त्यः-ઉત્તમ હસ્તક્રિયાઓમાં કુશળમાં मनसा-વિજ્ઞાન અને मरुद्भ्यः-વાયુના સાનિધ્યથી विदथेषु-યુદ્ધાદિ ચેષ્ટામય યજ્ઞોમાં गिरः-વાણી सुवृक्तिम्-ઉત્તમતાથી દુષ્ટોને રોકનારી ક્રિયાને समञ्जे-પોતાની ઈચ્છાથી ગ્રહણ કરું છું, તેમ તું પણ प्रभर-ધારણ કર. (૧)

*ભાવાર્થ : મનુષ્યોને, જેટલી ચેષ્ટા, ભાવના, બળ, વિજ્ઞાન, પુરુષાર્થ, ધારણ, ત્યાગ, ઉચ્ચારણ શ્રવણ, વૃદ્ધિ, હ્રાસ, ભૂખ અને તરસ આદિ થાય છે. તે સર્વ વાયુના નિમિત્તથી થાય છે, એમ જાણવું જોઈએ. જે રીતે એ વિદ્યાને હું જાણું છું, તેમ તું પણ ગ્રહણ કર, એવો સદા ઉપદેશ કરવો જોઈએ. (૧)*

ते जज्ञिरे दिव ऋष्वास उक्षणो रुद्रस्य मर्या असुरा अरेपसः।
पावकासः शुचयः सूर्या इव सत्वानो न द्रप्सिनो घोरवर्पसः॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે લોકોને ઉચિત છે કે જે रुद्रस्य-જીવ અને પ્રાણ સંબંધી વાયુ दिवः-પ્રકાશથી जज्ञिरे-ઉત્પન્ન થાય છે, જે सूर्याइव-સૂર્યના કિરણોની સમાન ऋष्वासः-જ્ઞાનના હેતુ उक्षणः-સિંચન અને पावकासः-પવિત્ર કરનાર शुचयः-શુદ્ધ, જે सत्वानः-બળ અને પરાક્રમ યુક્ત પ્રાણીઓની न-સમાન, मर्या-મરણધર્મયુક્ત, असुराः-પ્રકાશરહિત, अरेपसः-પાપોથી પૃથક્ द्रप्सिनः-અનેક પ્રકારના મોહથી યુક્ત घोरवर्पसः-ભયંકર (ગુણ) વાયુના છે, ते-તેના સંગથી વિદ્યાદિ ઉત્તમ ગુણોનું ગ્રહણ

કરો. (૨)

*ભાવાર્થ : જેમ ઈશ્વરની સૃષ્ટિમાં સિંહ, હાથી અને મનુષ્ય આદિ બળવાન છે, તેમ પવન છે જેમ સૂર્યનાં કિરણો પવિત્ર કરનાર છે, તેમ વાયુ પણ છે. તેના વિના રોગ, સ્વાસ્થ્ય, મૃત્યુ તથા જન્મ આદિ વ્યવહારો થવા સંભવ નથી, તેથી મનુષ્યોએ તેના ગુણોને જાણીને સર્વ કાર્યોમાં યોગ્ય રીતે તેનો સમ્યક્ પ્રયોગ કરવો જોઈએ. (૨)*

**युवानो रुद्रा अजरा अभोग्घनो ववक्षुरध्रिगावः पर्वता इव।**

**दृळ्हा चिद्विश्वा भुवनानि पार्थिवा प्र च्यावयन्ति दिव्यानि मज्मना॥३॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે એ पर्वताइव-પર્વત અને મેઘની સમાન ધારણ કરનાર युवानः-પદાર્થોના મિશ્રણ અને પૃથક કરવામાં મહાન બળવાન अभोग्घनः-ભોજન કરવા અને મરવાથી પૃથક્, अध्रिगावः-કિરણો નહિ ધારણ કરનાર અર્થાત્ પ્રકાશ રહિત, अजराः-જન્મ લઈને વૃદ્ધ થવું ફરી મરવું વગેરે કાર્યોથી રહિત તથા કારણરૂપથી નિત્ય, रुद्राः-જ્વર આદિની પીડાથી રડાવનાર વાયુ જીવોને ववक्षुः-રુષ્ટ કરે છે. मज्मना-બળથી पार्थिवा-ભૂગોળ આદિ दिव्यानि-પ્રકાશમાં રહેનાર સૂર્યલોક चित्-અને, विश्वा-સર્વ, भुवनानि-લોક दृढा-દૃઢ અને સ્થિરને પણ प्रच्यावयन्ति-ચલાયમાન કરે છે, તે (વાયુ)ને વિદ્યાથી યથાવત્ જાણીને કાર્યોમાં લગાવવો જોઈએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, જેમ મેઘ જળનો આધાર છે અને પર્વત ઔષધિ આદિનો આધાર છે, તેમ એ પવન સંયોગ-વિભાગનો કર્તા, સર્વનો આધાર, સુખ-દુ:ખનો નિમિત્ત, નિત્ય, રૂપરહિત અને સ્પર્શગુણયુક્ત છે, તેમ જાણવું જોઈએ. તેના વિના ભૂગોળ, જળ તથા અગ્નિના સમૂહ અને તેના કણ=પરમાણું જવા-આવવા-સ્થિર રહેવામાં સમર્થ બની શકતા નથી. (૩)*

**चित्रैरञ्जिभिर्वपुषे व्यञ्जते वक्षःसु रुक्माँ अधि येतिरे शुभे।**

**अंसेष्वेषां नि मिमृक्षुर्ऋष्टयः साकं जज्ञिरे स्वधया दिवो नरः॥४॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે એ ऋष्टयः-ગમનાગમનશીલ તથા नरः-પદાર્થોને પ્રાપ્ત કરાવનાર પવન चित्रैः-આશ્ચર્યરૂપ ક્રિયા, ગુણ અને સ્વભાવ તથા अञ्जिभिः-પ્રકટ કરવા આદિ ધનોથી शुभे-સુંદર वपुषे-શરીરના ધારણ અને પોષણને માટે व्यञ्जते-વિશેષ કરીને પ્રાપ્ત થાય છે, જે वक्षःसु-હૃદયોમાં रुक्मान्-વિદ્યુત્ તથા જઠરાગ્નિના પ્રકાશોને अधियेतिरे-યત્નપૂર્વક સિદ્ધ કરે છે स्वधया-પૃથિવી, આકાશ તથા અન્નની साकम्-સાથે जायन्ते-ઉત્પન્ન થાય છે અને दिवः-સૂર્ય આદિના પ્રકાશોને ઉત્પન્ન કરે છે. एषाम्-એ પવનોના યોગથી अंसेषु-બળ અને પરાક્રમનું મૂળ સ્કંધોમાં निमिमृक्षुः-સર્વ પદાર્થ સમૂહને પ્રાપ્ત થઈ શકે છે, તેને યથાવત્ રીતે જાણીને પોતાના કાર્યોમાં પ્રયુક્ત કરો. (૪)

*ભાવાર્થ : વિદ્વાનોએ આ પ્રકારના દિવ્ય ગુણોવાળા પવનોનું જ્ઞાન કરીને શુદ્ધ સુખ ભોગવવા જોઈએ. (૪)*

**ईशानकृतो धुनयो रिशादसो वातान्विद्युतस्तविषीभिरक्रत।**

दुहन्त्यूर्धर्दिव्यानि धूतयो भूमिं पिन्वन्ति पयसा परिज्रयः॥५॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે એ ईशानकृतः-જીવોને ઐશ્વર્યયુક્ત કરનાર,धुनयः-ધૂળને વર્ષાવનાર, વૃક્ષાદિને કંપાવનાર, रिशादसः-જીવોને દુઃખદાયક રોગોનો નાશ કરનાર,धूतयः-સર્વ પદાર્થોને કંપાવનાર અને परिज्रयः-સર્વત્રથી પદાર્થોને જીર્ણ કરનાર વાયુ तविषीभिः-પોતાના બળથી विद्युतः-વિદ્યુત્ આદિને अक्रत-ઉત્પન્ન કરે છે તથા જે पयसा-જળ અને રસથી ऊधः-ઉષાને दुहन्ति-પૂર્ણ કરે છે; જે भूमिम्-પૃથિવી, दिव्यानि-શુદ્ધ જળ આદિ વસ્તુ તથા ઉત્તમ કાર્યોનું पिन्वन्ति-સેવન અને સિંચન કરે છે, वातान्-તે પવનોને જાણો. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમારા માટે ઈશ્વર વાયુના ગુણોનો ઉપદેશ કરે છે. કથિત અને અકથિત ગુણયુક્ત વાયુ, વિદ્યુત્‌નાં ઉત્પાદન દ્વારા, વર્ષા દ્વારા તથા ભૂમિ અને ઔષધિ આદિના સિંચન દ્વારા સર્વ પ્રાણીઓને સુખ પ્રદાન કરે છે, તેમ જાણો. (૫)*

पिन्वन्त्यपो मरुतः सुदानवः पयो घृतवद्विदथेष्वाभुवः।
अत्यं न मिहे वि नयन्ति वाजिनमुत्सं दुहन्ति स्तनयन्तमक्षितम्॥६॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ आभुवः-સારી રીતે ઉત્પન્ન થનાર તથા सुदानवः-ઉત્તમ દાનપ્રદાન હેતુ मरुतः-પવન विदथेषु-યજ્ઞોમાં घृतवत्-ઘીની સમાન पयः-જળ અને રસને पिन्वन्ति-સેવન અને સિંચન કરે છે. मिहे-વીર્ય વૃષ્ટિને માટે अत्यम्-ઘોડાની न-સમાન अपः-પ્રાણ, જળ અને અન્તરિક્ષના અવયવોને विनयन्ति-અનેક પ્રકારે પ્રાપ્ત કરે છે. उत्सम्-અને કૂવાની સમાન अक्षितम्-નાશરહિત स्तनयन्तम्-શબ્દ કરીને वाजिनम्-ઉત્તમવેગયુક્ત પુરુષને दुहन्ति-પૂર્ણ કરે છે, તેમ કરો અને તેને કાર્યોમાં યુક્ત કરો. (૬)

*ભાવાર્થ : જેમ યજ્ઞોમાં (પ્રયોગ માટે) ઘૃત્ આદિની હવિ; ખેતર અને પશુ આદિની દિપ્તિ કુવા અને ઘોડીમાં વીર્ય સેચનને માટે ઘોડો છે, તેમજ વિદ્યાની સાથે સમ્યક્ પ્રયોગ કરેલ પવન સમસ્ત કાર્યોને સિદ્ધ કરે છે. (૬)*

महिषासो मायिनश्चित्रभानवो गिरयो न स्वतवसो रघुष्यदः।
मृगा इव हस्तिनः खादथा वना यदारुणीषु तविषीरयुग्ध्वम्॥७॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે यत्-જેમ महिषासः-મહાન સેવન કરવા યોગ્ય ગુણોથી યુક્ત चित्रभानवः-ચિત્ર-વિચિત્ર દીપ્તિવાળા मायिनः-ઉત્તમ બુદ્ધિ હોવાના કારણે स्वतवसः-પોતાના બળથી બળવાન रघुस्यदः-સારા સ્વાદને કારણે અને ઉત્તમ ચાલન ક્રિયાથી યુક્ત गिरयो न-મેઘોની સમાન જળને તથા हस्तिनः-હાથી અને मृगाइव-બળવાન હરણોની સમાન વેગયુક્ત વાયુ वना-જળ અને વનોનું खादथ-ભક્ષણ કરે છે, તેમ એ तविषीः-બળોને आरुणीषु-પ્રાપ્ત થાય છે (અર્થાત્ જેમાં સુખ પ્રાપ્ત થાય છે.); તે

સેના અને યાનોની ક્રિયાઓમાં अयुग्ध्वम्-ઠીક રીતે વિચારપૂર્વક સંયુક્ત કરો. (૭)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા વાયુ વિના ગમન, ભોજન તથા યાનચાલન આદિ કર્મ કરી શકાતા નથી, એટલા માટે તે વાયુઓનો વિમાન અને નૌકા આદિ (યાનોમાં) સમ્યક્ પ્રયોગ કરીને અગ્નિ અને જળના યોગથી યાનોનું શીઘ્ર સંચાલન કરવું જોઈએ. (૭)*

सिंहा इव नानदति प्रचेतसः पिशा इव सुपिशो विश्ववेदसः।
क्षपो जिन्वन्तः पृषतीभिर्ऋष्टिभिः समित्सबाधः शवसाहिमन्यवः॥८॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે प्रचेतसः-ઉત્તમ વિજ્ઞાન થવા માટે सुपिशः-સુંદર અવયવોને કરનાર सबाधः-પદાર્થોને પોતાના નિયમમાં રાખનાર अहिमन्यवः-મેઘની વર્ષાનું જ્ઞાન કરાવનાર વાયુ इत्-જ ऋष्टिभिः-વ્યવહારોને પ્રાપ્ત કરાવવા અને पृषतीभिः-પોતાના ગમનાગમન વેગાદિ ગુણોથી क्षपः-રાત્રિને संजिन्वन्तः-દિપ્ત કરીને विश्ववेदसः-સર્વ કર્મોને પ્રાપ્ત કરાવનાર પવન शवसा-પોતાના બળથી सिंहा इव-સિંહોની સમાન તથા पिशा इव-મહાન બળયુક્ત હાથીઓની સમાન नानदति-અત્યંત શબ્દ કરે છે, તેઓને કાર્યોની સિદ્ધિ માટે યથાવત્ સંયુક્ત કરો. (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેટલા બળ, પરાક્રમ, જીવન, શ્રવણ અને મનન આદિ કર્મ છે, તે સર્વ પવન દ્વારા જ થાય છે, તેમ તમે જાણો. (૮)*

रोदसी आ वदता गणश्रियो नृषाचः शूराः शवसाहिमन्यवः।
आ वन्धुरेष्वमतिर्न दर्शता विद्युन्न तस्थौ मरुतो रथेषु वः॥९॥

પદાર્થ : गणश्रियः-એકત્ર થઈને શોભાને પ્રાપ્ત થનાર, नृषाचः-મનુષ્યોના કર્મોમાં સંયુક્ત કરનાર અને अहिमन्यवः-પોતાની વ્યાપ્તિને જાણનાર शूराः-શૂરવીરની સમાન मरुतः-શિલ્પવિદ્યાને જાણનાર ઋત્વિજ વિદ્વાનો જે अमतिर्न-જેમ રૂપ તથા दर्शता-દર્શન યોગ્ય विद्युत्-વિદ્યુત્ तस्थौ-વિદ્યમાન રહે છે, તેમ વિદ્યમાન વાયુ बन्धुरेषु-યાન અને યંત્રોના બંધનોમાં જે शवसा-બળથી रोदसी-પ્રકાશ અને ભૂમિને ધારણ કરે છે; તથા જે वः-તમારા रथेषु-રથોમાં સંયુક્ત કરેલ કાર્યોને સિદ્ધ કરે છે, તેનો અમારા માટે आवदत-ઉપદેશ કરો. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ, સર્વ મૂર્ત દ્રવ્યોના આધારરૂપ અને વીરતા તથા શિલ્પવિદ્યા સંબંધી કાર્યોનો નિમિત્ત ભૂત વાયુ જ છે; તેમ જાણવું જોઈએ. (૯)*

विश्ववेदसो रयिभिः समोकसः संमिश्लासस्तविषीभिर्विरप्शिनः।
अस्तार इषुं दधिरे गभस्त्योरनन्तशुष्मा वृषखादयो नरः॥१०॥

પદાર્થ : હે नरः-વિદ્યાને પ્રાપ્ત કરનાર મનુષ્યો ! તમે જે समोकसः-જેનાથી સારી રીતે નિવાસ થાય છે संमिश्लासः-અગ્નિ આદિ ચાર તત્ત્વોની સાથે મળેલ इषुम्-બાણ અને ઈચ્છા વિશેષ છોડીને

वृषखादयः-રસોને વરસાવનાર અને પદાર્થોને ખાનાર अनन्तशुष्माः-અનંત બળવાન विरप्सिनः-મહાન विश्ववेदसः-સર્વ પદાર્થોની પ્રાપ્તિનો હેતુ બનીને સર્વ પદાર્થોને અત્ર-તત્ર ચલાવનાર વાયુ रयिभिः-ચક્રવર્તી રાજ્યની શોભા આદિ તથા तविषीभिः-બળ, પરાક્રમ, સેના આદિ પ્રજા તથા गभस्त्योः-કિરણયુક્ત સૂર્ય અને પ્રસિદ્ધ અગ્નિની સમાન ભુજાઓમાં બળને दधिरे-ધારણ કરે છે, તેના ગુણોને યથાવત્ જાણીને તેના દ્વારા વિદ્યા, શિક્ષા તથા યાન ચલાવવાની ક્રિયાઓને ગ્રહણ કરો. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યો, વિદ્વાનો વિના અને વાયુ આદિ પદાર્થોની વિદ્યા વિના વ્યાવહારિક અને પારમાર્થિક સુખ સિદ્ધ કરી શકતા નથી. (૧૦)*

**हिरण्ययेभिः पविभिः पयोवृध उज्जिघ्नन्त आपथ्यो३ न पर्वतान्।**

**मखा अयासः स्वसृतो ध्रुवच्युतो दुध्रकृतो मरुतो भ्राजदृष्टयः॥ ११॥**

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! તમે आपथ्यो न-સારી રીતે हिरण्येभिः-સુવર્ણ આદિના યોગથી પ્રકાશરૂપ पविभिः-પવિત્ર ચક્રોના રથથી માર્ગમાં ચાલવા સમાન भ्राजदृष्टयः-જેનાથી વ્યવહાર પ્રાપ્ત કરાવનારી કાન્તિ પ્રસિદ્ધ થાય, दुध्रकृतः-ધારણ કરનાર બળ આદિને ઉત્પન્ન કરનાર, ध्रुवच्युतः-નિશ્ચલ આકાશથી ચલાયમાન स्वसृतः-પોતાના ગુણોને પ્રાપ્ત કરીને ચાલનાર, पयोवृधः-જળ અને રાત્રિની વૃદ્ધિ કરનાર, मखाः-યજ્ઞને યોગ્ય अयासः-પ્રાપ્ત થવાના સ્વભાવથી યુક્ત मरुतः-પવન पर्वतान्-મેઘ અને પર્વતોને उज्जिद्मान्ते-નષ્ટ કરે છે, તે પવનોના ગુણોને જાણીને પોતાનાં કાર્યોમાં સંયુક્ત કરો. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, જેના દ્વારા વર્ષા આદિ થાય છે, તે પવનોનું યુક્તિપૂર્વક સેવન કરવું જોઈએ. (૧૧)*

**घृषुं पावकं वनिनं विचर्षणिं रुद्रस्य सूनुं हवसा गृणीमसि।**

**रजस्तुरं तवसं मारुतं गणमृजीषिणं वृषणं सश्चत श्रिये॥ १२॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે हवसा-દાન અને ગ્રહણથી श्रिये-વિદ્યા, શિક્ષા અને ચક્રવર્તી રાજ્યની પ્રાપ્તિને માટે જે रुद्रस्य-મુખ્ય વાયુના सूनुम्-પુત્ર સમાન વિદ્યમાન विचर्षणिम्-ભેદ કરનાર તથા वनिनम्-સંગ્રામ કરનાર घृषुम्-ઘસવાના સ્વભાવયુક્ત पावकम्-પવિત્ર કરનાર तवसम्-મહાબળવાન रजस्तुरम्-લોકોને શીઘ્ર ચલાવનાર ऋजीषिणम्-ઉત્તમ શુદ્ધિ થવા માટે અને वृषणम्-વૃષ્ટિ કરનાર मारुतम्-પવનોના गणम्-સમૂહનો गृणीमसि-ઉપદેશ કરે છે, તેને તમે પણ सश्चत-જાણો. (૧૨)

*ભાવાર્થ : વાયુ સમુદાય વિના કોઈપણ વ્યાવહારિક ક્રિયા થઈ શકતી નથી, એવો નિશ્ચય કરીને મનુષ્યોએ અવશ્ય વાયુવિદ્યા ગ્રહણ કરીને પોતાના કાર્યો સિદ્ધ કરવા જોઈએ. (૧૨)*

प्र नू स मर्त्तः शवसा जनाँ अति तस्थौ व ऊती मरुतो यमावत।
अर्वद्भिर्वाजं भरते धना नृभिरापृच्छ्यं क्रतुमा क्षैति पुष्यति॥१३॥

પદાર્થ : હે मरुतः-યુક્તિથી સેવન કરેલ વાયુની સમાન તમે यम्-જે મનુષ્યની आवत-રક્ષા આદિ કરો છો, सः-તે मर्त्तः-મનુષ્ય ऊती-રક્ષા આદિ સહિત शवसा-વિદ્યા અને ક્રિયાયુક્ત બળ अर्वद्भिः-ઘોડાઓ અને नृभिः-મનુષ્યોની સાથે वाजम्-વેગ, અન્ન वः-તમે जनान्-મનુષ્યાદિ પ્રાણીઓ તથા धना-ધનોને પૂજવા યોગ્ય क्रतुम्-બુદ્ધિ અને કર્મને नु-શીઘ્ર प्रभरते-સારી રીતે ધારણ કરીને, आक्षेति-સારી રીતે નિવાસયુક્ત કરીને શરીર અને આત્મા અન્તઃકરણથી पुष्यति-બળની પુષ્ટિ કરીને तस्थौ-સ્થિર થાય છે. (૧૩)

*ભાવાર્થ : જે મનુષ્ય પ્રાણ વિદ્યાને જાણીને તેનો ઉપયોગ કરે છે, તે બળવાન અને પ્રતિષ્ઠિત બનીને દુઃખો અને શત્રુઓને દૂર કરીને શ્રેષ્ઠ હાથી, ઘોડા, મનુષ્ય, ધન અને બુદ્ધિથી યુક્ત થઈને સદા પુષ્ટ રહે છે. (૧૩)*

चर्कृत्यं मरुतः पृत्सु दुष्टरं द्युमन्तं शुष्मं मघवत्सु धत्तन।
धनस्पृतमुक्थ्यं विश्वचर्षणिं तोकं पुष्येम तनयं शतं हिमाः॥१४॥

પદાર્થ : હે मरुतः-વાયુસમાન વર્તમાન મનુષ્યો ! જેમ અમે पृत्सु-સેનાઓમાં चर्कृत्यम्-વારંવાર કરવા યોગ્ય કાર્યોમાં કુશળ दुष्टरम्-દુઃખથી પાર થવા યોગ્ય द्युमन्तम्-અતિ પ્રકાશયુક્ત शुष्मम्-સુકાવનાર બળને मघवत्सु-પ્રશંસિત ધનયુક્ત રાજકાર્યોમાં धनस्पृतम्-ધનથી પ્રસન્ન અને સેવાને પ્રાપ્ત થયેલ उक्थ्यम्-કહેવા-સાંભળવા યોગ્ય विश्वचर्षणिम्-સર્વને જોવા યોગ્ય तोकम्-પુત્ર તથા तनयम्-વિદ્વાન પૌત્રને પ્રાપ્ત થઈને शतं हिमाः-હેમન્ત ઋતુયુક્ત સો વર્ષ સુધી पुष्येम-બળ અને પરાક્રમ આદિથી પુષ્ટ બનીએ, તેમ કર્મ કરીને તમે પણ સુખને धत्तन-ધારણ કરો. (૧૪)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો દ્વારા વાયુ વિદ્યાના ગ્રહણને માટે યુક્તિપૂર્વક ઉપયોગ (=પ્રયોગ) કરવામાં આવે છે, તેમ અન્ય પણ આચરણ કરે. (૧૪)*

नू ष्ठिरं मरुतो वीरवन्तमृतीषाहं रयिमस्मासु धत्त।
सहस्रिणं शतिनं शूशुवांसं प्रातर्मक्षू धियावसुर्जगम्यात्॥१५॥

પદાર્થ : હે मरुतः-પવન સમાન વિદ્યમાન ! જેમ વિદ્વાનો अस्मासु-અમારામાં स्थिरम्-નિશ્ચલ वीरवन्तम्-પ્રશંસિત વીર પુરુષોથી યુક્ત ऋतिषाहम्-સત્યને સહન કરનાર रयिम्-વિદ્યા, રાજ્ય અને સુવર્ણ આદિ ધનને ધારણ કરે અને धियावसुः-બુદ્ધિ તથા કર્મોથી યુક્ત વિદ્વાન जगम्यात्-શીઘ્ર પ્રાપ્ત

થાય, તેમ તેઓને તમે प्रातः-પ્રતિદિન भक्षुः-શીઘ્ર धत्त-ધારણ કરો. (૧૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ અતિ પ્રશંસનીય, બુદ્ધિમાન અને વિદ્યા તથા પુરુષાર્થથી સંપન્ન વિદ્વાન મનુષ્ય વાયુ આદિ પદાર્થોથી પુષ્કળ સ્થાયી સુખોને સિદ્ધ કરીને આનંદ પ્રાપ્ત કરે છે, તેમ તમે પણ એ વિદ્યાને પ્રાપ્ત કરીને આનંદ ભોગવો. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં વાયુના ગુણોનો ઉપદેશ કરવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૬૪)

## સૂક્ત-૬૫

पश्वा न तायुं गुहा चतन्तं नमो युजानं नमो वहन्तम्।
सजोषा धीराः पदैरनु ग्मन्नुप त्वा सीदन्विश्वे यजत्राः॥ १॥

પદાર્થ : હે સર્વ વિદ્યાયુક્ત સભાપતિ ! विश्वे-સર્વ यजत्राः-સંગતિ પ્રિય सजोषाः-સર્વ સમાન પ્રીતિનું સેવન કરનાર धीराः-બુદ્ધિમાન જનો पदैः-પ્રત્યક્ષ પ્રાપ્ત જે ગુણોના નિયમો તેઓ દ્વારા न-જેમ पश्वा-પશુને લઈ જઈ-જનાર तायुम्-ચોરી કરીને આનંદિત થાય છે; તેમ જે गुहा-ગુફામાં चतन्तम्-વ્યાપ્ત नमः-વજ્રસમાન આજ્ઞાનું युजानम्-સમાધાન કરનાર नमः-સત્કારને वहन्तम्-પ્રાપ્ત કરીને त्वा-આપને अनुग्मन्-અનુકૂળતાપૂર્વક પ્રાપ્ત તથા उपसीदन्-સમીપ સ્થિત થાય છે, તે આપને અમે પણ પ્રાપ્ત થઈને આપની સમીપ સ્થિત થઈએ છીએ. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ ચોરના પગલાં જોઈને, ચોરને પકડીને (તેની પાસેથી) પશુ આદિ પદાર્થો લઈ/પડાવી લેવામાં આવે છે, તેમ આત્માની અંદર ઉપદેશ કરનાર, સર્વાધાર અને જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય પરમેશ્વરને પ્રાપ્ત કરીને તમે સંપૂર્ણ આનંદનો સ્વીકાર કરો/અપનાવો. (૧)*

ऋतस्य देवा अनु व्रता गुर्भुवत्परिष्टिर्द्यौर्न भूम।
वर्धन्तीमापः पन्वा सुशिश्विमृतस्य योना गर्भे सुजातम्॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! न-જેમ વિદ્વાનો परिष्टिः-સર્વ રીતે શોધવા યોગ્ય द्यौर्न-સૂર્યના પ્રકાશની સમાન भुवत्-બનીને સર્વ પદાર્થોને દૃષ્ટિગોચર કરે છે, તેમ ऋतस्य-સત્ય ધર્મ સ્વરૂપ આજ્ઞા વિજ્ઞાન થી व्रता-સત્યભાષણ આદિ વ્રત-નિયમોને अनुगुः-પ્રાપ્ત કરીને આચરણ કરે છે તથા જેમ એ ऋतस्य-કારણરૂપી સત્યની योना-યોનિ અર્થાત્ નિમિત્તમાં સ્થિત सुजातम्-સારી રીતે પ્રસિદ્ધ सुशिश्विम्-શ્રેષ્ઠ અધ્યયન કરાવનાર સભાપતિની पन्वा-સ્તુતિ કરવા યોગ્ય કર્મથી ईम्-પૃથિવીને आपः-જળ અને પ્રાણની वर्धन्ति-વૃદ્ધિ કરીને જ્ઞાનયુક્ત કરી દે છે, તેમ અમે भूम-બનીએ અને તમે પણ બનો. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ સૂર્યના પ્રકાશથી સર્વ પદાર્થો સારી રીતે દૃષ્ટિમાં આવે છે, તેમ વિદ્વાનોના સંગથી વેદવિદ્યાનું જ્ઞાન થતાં અને ધર્માચરણ કરવાથી પરમેશ્વર તથા વિદ્યુત્ આદિ પદાર્થો*

*પોતાનાં ગુણ-કર્મ-સ્વભાવ સહિત સારી રીતે સાક્ષાત્ થઈ જાય છે. એમ તમે જાણો. (૨)*

**पुष्टिर्न र॒ण्वा क्षि॒तिर्न पृ॒थ्वी गि॒रिर्न भुज्म॒ क्षोदो॒ न शं॒भु।**

**अत्यो॒ नाज्म॒न्त्सर्ग॑प्रतक्तः॒ सिन्धु॒र्न क्षोद॒ः क ईं॑ वराते॥३॥**

પદાર્થ : જે મનુષ્ય તે પરમેશ્વરને रण्वा-સુખથી પ્રાપ્ત કરાવનાર पुष्टिः-શરીર, આત્મા અને ઇન્દ્રિયોની પુષ્ટિની न-સમાન क्षोदः-જળ, शम्भु-સુખસમ્પન્ન કરનારની न्-સમાન તથા अज्मन्-માર્ગમાં अत्यः-ઘોડાઓની સમાન सर्गप्रतक्तः-જળનો સંકોચ-શોષિત કરનાર सिन्धुः-સમુદ્ર क्षोदः-જળની न-સમાન ईम्-જાણવા અને પ્રાપ્ત કરવા યોગ્ય પરમેશ્વર અને વિદ્યુત્ રૂપ અગ્નિને कः-કોણ વિદ્વાન મનુષ્ય वराते-સ્વીકાર કરે છે ? (૩)

*ભાવાર્થ : કોઈ વિદ્વાન દુર્લભ મનુષ્ય જ પરમેશ્વરની પ્રાપ્તિ અને વિદ્યુત્ નું વિશેષ જ્ઞાન તથા ઉપયોગ કરી શકે છે. જેમ સર્વોત્તમ પુષ્ટિ, પૃથ્વીનું રાજ્ય, મેઘથી વૃષ્ટિ, ઉત્તમ જળ, શ્રેષ્ઠ ઘોડો અને સમુદ્ર (એ) બહુ જ સુખ આપે છે, તેમ જ પરમેશ્વર અને વિદ્યુત્ સમસ્ત આનંદોને પ્રાપ્ત કરાવે છે. પરંતુ એ બન્નેને જાણનાર મહાવિદ્વાન મનુષ્ય દુર્લભ હોય છે. (૩)*

**जा॒मिः सिन्धू॑नां॒ भ्राते॑व॒ स्वस्रा॒मिभ्या॒न्न राजा॒ वना॑न्यत्ति।**

**यद्वात॑जूतो॒ वना॒ व्यस्था॑द॒ग्निर्ह॑ दाति॒ रोमा॑ पृथि॒व्याः॥४॥**

પદાર્થ : यत्-જે वातजूतः-વાયુથી વેગને પ્રાપ્ત થયેલ अग्निः-અગ્નિ वना-વનોનું दाति-છેદન કરીને તથા पृथिव्याः-પૃથિવીનું ह-નિશ્ચયપૂર્વક रोमा-રોમ-રુંવાડાની સમાન છેદન કરે છે, તે सिन्धूनाम्-સમુદ્ર અને નદીઓને जामिः-સુખ પ્રાપ્ત કરાવનાર બંધુ स्वस्राम्-બેનોના भ्रातेव-ભાઈની સમાન તથા इभ्यान्-હાથીઓની રક્ષા કરનાર માવતને राजेव-રાજાની સમાન व्यस्थात्-સ્થિત થઈને તથા वनानि-વનોનું व्यत्ति-અનેક રીતે ભક્ષણ કરે છે. (૪)

*ભાવાર્થ : જ્યારે મનુષ્યો દ્વારા વાહન ચાલન આદિ કાર્યોમાં વાયુના દ્વારા સમ્યક્ પ્રયુક્ત કરેલ અગ્નિને સંચાલિત કરવામાં આવે છે, ત્યારે તે અનેક કાર્યોને સિદ્ધ કરે છે; એમ જાણવું જોઈએ. (૪)*

**श्वसि॑त्य॒प्सु हं॒सो न सीद॒न्क्रत्वा॒ चेति॑ष्ठो वि॒शामु॑ष॒र्भुत्।**

**सोमो॒ न वे॒धा ऋ॒तप्र॑जातः प॒शुर्न शिश्वा॑ वि॒भुर्दू॒रेभाः॥५॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે अप्सु-જલોમાં हंसः-હંસ પક્ષીની न-સમાન सीदन्-જતાં, આવતાં, ડૂબતાં, ઉછળતાં રહીને विशाम्-પ્રજાઓને उषर्भुत्-પ્રાતઃકાળમાં બોધ કરાવવા તથા क्रत्वा-પોતાની બુદ્ધિ અને કર્મથી चेतिष्ठः-અત્યંત જ્ઞાન કરાવનાર सोमः-ઔષધિ સમૂહની न-સમાન ऋतप्रजातः-

કારણથી ઉત્પન્ન થઈને વાયુ તથા જળમાં પ્રસિદ્ધ वेधाः-પુષ્ટ કરનાર शिशुना-વાછરડાં આદિથી पशुः-ગાય આદિની न-સમાન विभुः-વ્યાપક થઈને दूरेभाः-દૂર દેશમાં દીપ્તિયુક્ત વિદ્યુત્ આદિ અગ્નિની સમાન श्वसिति-પ્રાણ અને અપાન આદિને કરે છે, તેને શિલ્પ આદિ કાર્યોમાં સારી રીતે પ્રયુક્ત કરો. (૫)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્ અગ્નિ વિના કોઈ પણ પ્રાણીની વ્યવહાર સિદ્ધિ થઈ શકતી નથી, તેમ એ (વિદ્યુદગ્નિ) વિદ્યા દ્વારા સમ્યક્ પરીક્ષાપૂર્વક કાર્યોમાં પ્રયુક્ત કરેલ, બહુ જ સુખોને સિદ્ધ કરે છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, અગ્નિરૂપ વિદ્યુત્ નાં વર્ણનથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૬૫)

## સૂક્ત-૬૬

रयिर्न चित्रा सूरो न संदृगायुर्न प्राणो नित्यो न सूनुः।
तक्वा न भूर्णिर्वना सिशक्ति पयो न धेनुः शुचिर्विभावो ॥ १ ॥

પદાર્થ : હે મનુષ્યો ! આપ સર્વજનો रयिर्न-દ્રવ્ય સમૂહની સમાન चित्रा-આશ્ચર્ય ગુણયુક્ત सूरः સૂર્યની न-સમાન संदृक्-સારી રીતે દેખાડનાર आयुः-જીવનની न-સમાન प्राणः-સર્વ શરીરમાં રહેનાર नित्यः-કારણરૂપથી અવિનાશી સ્વરૂપ વાયુની न-સમાન सूनुः-કાર્યરૂપથી વાયુના પુત્રની સમાન વિદ્યમાન पयः-દૂધની न-સમાન धेनुः-દૂધાળી ગાય तक्वा-ચોરની भूर्णिः-ધારણ કરનાર विभावा-અનેક પદાર્થોનો પ્રકાશ કરનાર शुचिः-પવિત્ર અગ્નિ वना-વન અથવા કિરણોને सिशक्ति-સંયુક્ત થઈને તથા સંયોગ કરે છે, તેને યથાવત્ જાણીને કાર્યોમાં ઉપયુક્ત કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે ઈશ્વરે પ્રજાના હિતને માટે વિવિધ ગુણયુક્ત, અનેક કાર્યોમાં ઉપયોગી અને સત્ય સ્વભાવવાળા અગ્નિને રચેલ છે; તેની સદા ઉપાસના કરવી જોઈએ. (૧)*

दाधार क्षेममोको न रण्वो यवो न पक्वो जेता जनानाम्।
ऋषिर्न स्तुभ्वा विक्षु प्रशस्तो वाजा न प्रीतो वयो दधाति॥ २ ॥

પદાર્થ : જે મનુષ્ય ओकः-ઘરની न-સમાન रण्वः-રમણીય સ્વરૂપ पक्वः-પાકા यवः-સુખ કરાવનાર જવની न-સમાન ऋषिः-મંત્રોના અર્થને જાણનાર વિદ્વાનની न-સમાન स्तुभ्वा-સત્કારને યોગ્ય वाजी-વેગવાન ઘોડાઓની સમાન प्रीतः-કમનીય-સુંદર विक्षु-પ્રજાઓમાં प्रशस्तः-શ્રેષ્ઠ जनानाम्-મનુષ્યાદિ પ્રાણીઓને जेता-સુખ પ્રાપ્ત કરાવનાર वयः-જીવન दधाति-ધારણ કરે છે, તે क्षेमम्-રક્ષાને दाधार-ધારણ કરે છે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્ય જીવનના કારણભૂત બ્રહ્મચર્ય આદિને સમ્યક્ જાણીને કાર્યની સિદ્ધિ માટે તેને સમ્યક્ પ્રયોગ કરે છે અને ઉચિત આહાર-વિહાર માટે ઉપયોગી પદાર્થોને ધારણ કરે છે, તે*

*દીર્ઘાયુ બનીને સદા સુખી રહે છે. (૨)*

दुरोकशोचिः क्रतुर्न नित्यो जायेव योनावरं विश्वस्मै।
चित्रो यदभ्राट्श्वेतो न विक्षु रथो न रुक्मी त्वेषः समत्सु॥ ३॥

પદાર્થ : यत्-જે મનુષ્ય क्रतुः-બુદ્ધિ અને કર્મની न-સમાન नित्यः-અવિનાશી સ્વભાવ जायेव-ભાર્યા-પત્નીની સમાન योनौ-કારણરૂપમાં अरम्-અલંકર્તા श्वेतः-શુદ્ધ શુક્લવર્ણની न-સમાન विक्षु-પ્રજાઓમાં શુદ્ધ કરનાર रथः-સુવર્ણાદિથી નિર્મિત વિમાનાદિ યાનની न-સમાન रुक्मी-રુચિકારક કર્મ અને ગુણયુક્ત दुरोकशोचिः-દૂર સ્થાનમાં દીપ્તિયુક્ત विश्वस्मै-સર્વ જગતમાં સુખ કરનાર समत्सु-સંગ્રામોમાં चित्रः-અદ્‌ભુત સ્વભાવયુક્ત अभ्राट्-સ્વયં પ્રકાશમાન હોવાથી શુદ્ધ त्वेषः-પ્રદીપ્ત સ્વભાવયુક્ત છે, તે જ ચક્રવર્તી રાજા થવાને યોગ્ય બને છે. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ (એ જાણવું જોઈએ કે) જે જ્ઞાન અને કર્મની સમાન સદા વર્તમાન રહેનાર, અનુકૂળ સ્ત્રીની સમાન સમસ્ત સુખોના નિમિત્ત સૂર્યની સમાન પ્રકાશ કરનાર, અદ્‌ભુત, રથની સમાન મોક્ષમાર્ગ પર લઈ જનાર અને વીરની સમાન યુદ્ધોમાં વિજય કરનાર હોય છે, તે જ રાજ્ય-લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. (૩)*

सेनेव सृष्टामं दधात्यस्तुर्न दिद्युत्त्वेषप्रतीका।
यमो ह जातो यमो जनित्वं जारः कनीनां पतिर्जनीनाम्॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે સેનાપતિ यमः-નિયમ કરનાર जातः-પ્રકટ यमः-સર્વથા નિયમકર્તા जनित्वम्-જન્માદિ કારણયુક્ત कनीनाम्-કન્યા સમાન રહેલ રાત્રિઓનો जारः-આયુનો હનનકર્તા સૂર્યની સમાન जनीनाम्-ઉત્પન્ન થયેલી પ્રજાઓની पतिः-પાલનકર્તા सृष्टा-પ્રેરિત सेनेव-સારી શિક્ષાને પ્રાપ્ત થયેલી વીરપુરુષોનો વિજય કરનારી સેનાની સમાન अस्तुः-શત્રુઓ પર શસ્ત્ર-અસ્ત્ર ચલાવનાર त्वेषप्रतीका-અપરિપક્વ विद्युन्-વીજળીની સમાન अमम्-વિજ્ઞાનયુક્ત જનને दधाति-ધારણ કરે છે, તેનું સેવન કરો. (૪)

*ભાવાર્થ : જેમ વિદ્યા તથા પૂર્ણ પ્રયત્ન દ્વારા સુશિક્ષિત સેના શત્રુઓને જીતીને વિજય પ્રાપ્ત કરે છે અને જેમ ધનુર્વેદના જ્ઞાતાઓ શત્રુઓ પર શસ્ત્ર અસ્ત્ર ચલાવીને તેને છિન્ન-ભિન્ન કરીને નષ્ટ કરે છે; તેમ ઉત્તમ સેનાપતિ સમસ્ત દુઃખોનો નાશ કરી નાખે છે, તેમ મનુષ્યોએ જાણવું જોઈએ. (૪)*

तं वश्चराथा वयं वसत्याऽस्तं न गावो नक्षन्त इद्धम्।
सिन्धुर्न क्षोदः प्र नीचीरैनोन्नवन्त गावः स्वर्दृशीके॥ ५॥

પદાર્થ : જે चराथा-ચર-ગતિરૂપ वसत्या-વાસ કરવા યોગ્ય પૃથિવીની સાથે વિદ્યમાન गावः-

ગાય न-જેમ अस्तम्-ઘરને नक्षन्ते-પ્રાપ્ત થાય છે.

જેમ गावः-કિરણ स्वर्दृशीके-દર્શન માટે વ્યવહારમાં इद्धम्-સૂર્યને नवन्ते-પ્રાપ્ત થાય છે.

न-જેમ सिन्धुः-સમુદ્ર नीचीः-નીચેના क्षोदः-જળને પ્રાપ્ત થાય છે; તેમ वः-તમે લોકોને प्रैनोत्-પ્રાપ્ત થાઓ છો; તેની સેવા અમે કરીએ. (૪)

*ભાવાર્થ : જે એ રીતે પરમેશ્વરનું સમ્યક્ સેવન કરીને વિદ્યુત્ ને સિદ્ધ કરે છે, તેઓને જેમ ગાય ઘરને તથા કિરણો સૂર્યને પ્રાપ્ત થાય છે, એ જ રીતે સુખ પ્રાપ્ત થાય છે.*

*જેમ મનુષ્ય સમુદ્રને પ્રાપ્ત કરીને અનેક કાર્યો સંપન્ન કરે છે, તેમ સજ્જનોએ પરમેશ્વરની ઉપાસના કરીને તથા વિદ્યુત્ વિદ્યાને (યથાવત્) સિદ્ધ કરીને સર્વને સુશોભિત કરવા જોઈએ (અર્થાત્ તે વિદ્યા દ્વારા પોતાની સર્વ કામનાઓ-ઈચ્છાઓને પૂર્ણ કરવી જોઈએ.) (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર અને અગ્નિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૬૬)

## સૂક્ત-૬૭

वनेषु जायुर्मर्तेषु मित्रो वृणीते श्रुष्टिं राजेवाजुर्यम्।

क्षेमो न साधुः क्रतुर्न भद्रो भुवत्स्वाधीर्होता हव्यवाट्॥ १ ॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે વિદ્વાન वनेषु-સમ્યક્ સેવન કરવા યોગ્ય પદાર્થ जायुः-જીતવા માટે સૂર્યની સમાન अजुर्यम्-યુદ્ધ વિદ્યાની સંગ સેનાની સમાન યોગ્ય श्रुष्टिम्-શીઘ્રતા કરનારને राजेव-રાજાની સમાન क्षेमः-રક્ષક, साधुः-સત્પુરુષની સમાન भद्रः-કલ્યાણકારી, क्रतुर्न-શ્રેષ્ઠ બુદ્ધિ અને કર્મકર્તાની સમાન स्वाधीः-સારી રીતે ધારણ કરનાર, होता-દાતા તથા અનુગ્રહ કરનાર અને हव्यवाट्-આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોને પ્રાપ્ત કરાવનાર भुवत्-હોય; તથા ધર્માત્મા મનુષ્યોનો वृणीते-સ્વીકાર કરે, તેનું સદા સેવન કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે, કે-વિદ્વાનોનો સંગ કરીને સદા આનંદ ભોગવવો જોઈએ. (૧)*

हस्ते दधानो नृम्णा विश्वान्यमे देवान्धाद्गुहा निषीदन्।

विदन्तीमत्र नरो धियंधा हृदा यत्तष्टान्मन्त्राँ अशंसन्॥ २ ॥

પદાર્થ : यत्-જે नरः-પ્રાપ્તિ કરનાર મનુષ્ય જેમ धियन्धाः-પ્રજ્ઞા-બુદ્ધિ અને કર્મને ધારણ કરનાર વિદ્વાનો तष्टान्-વિદ્યાઓને તીક્ષ્ણ કરનાર मन्त्रान्-વેદનાં અવયવો તથા વિચારરૂપી મન્ત્રોને विदन्ति-જાણે છે. अशंसन्-સ્તુતિ કરે છે.

જેમ દાતા-ઉદાર મનુષ્ય हस्ते-હાથમાં विश्वानि-સમસ્ત नृम्णा-ધનને दधानः-ધારણ કરીને અન્ય સુપાત્ર મનુષ્યોને પ્રદાન કરે છે.

જેમ गुहा-સર્વ વિદ્યાઓથી યુક્ત બુદ્ધિમાં निषीदन्-સ્થિત રહેલ ઈશ્વર અથવા યોગી વિદ્વાન अत्र-એ अमे-વિજ્ઞાન આદિમાં देवान्-વિદ્વાન દિવ્ય ગુણોને धात्-ધારણ કરે છે, તેમ-તેવા બને છે, તેઓ અત્યંત આનંદને પ્રાપ્ત કરે છે. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે જે અન્તર્યામી ઈશ્વર આત્મામાં સત્ય અને અસત્યનો ઉપદેશ કરે છે અને જે બહારના અધ્યાપક તથા વિદ્વાન છે તેને છોડીને-સિવાય કોઈપણ અન્યની ઉપાસના અને સંગ કરવો નહિ. (૨)*

**अजो न क्षां दाधार पृथिवीं तस्तम्भ द्यां मन्त्रेभिः सत्यैः।**

**प्रिया पदानि पश्वो नि पाहि विश्वायुरग्ने गुहा गुहं गाः॥ ३॥**

પદાર્થ : હે अग्ने-પૂર્ણ વિદ્યાયુક્ત વિદ્વાન ! તું જેમ પરમાત્મા सत्यैः-સત્ય લક્ષણોથી પ્રકાશિત જ્ઞાનયુક્ત मन्त्रेभिः-વિચારોથી क्षाम्-ભૂમિને दाधार-પોતાના બળથી ધારણ કરે છે, पृथिवीम्-અન્તરિક્ષમાં સ્થિત જે અન્ય લોક द्याम्-તથા પ્રકાશમય સૂર્યાદિ લોકોને तस्तम्भ-પ્રતિબંધયુક્ત કરે છે તથા प्रिया-પ્રીતિકારક पदानि-પ્રાપ્ત કરવા યોગ્ય જ્ઞાનોને પ્રાપ્ત કરાવે છે, गुहा-બુદ્ધિમાં સ્થિત રહેલ गुहम्-ગૂઢ વિજ્ઞાન અંદરના સ્થાનમાં गाः-પ્રાપ્ત થાય અથવા થાય છે, पश्वः-બંધનથી અમારી રક્ષા કરે છે, તેમ ધર્મથી પ્રજાની नियाहि-નિરંતર રક્ષા કર; અને अजो न-ન્યાયકારી ઈશ્વર સમાન બન. (૩)

*ભાવાર્થ : જેમ પરમેશ્વર પોતાના વિજ્ઞાન અને બળાદિ ગુણોથી સમસ્ત સંસારને ધારણ કરે છે, જેમ પ્રિય મિત્ર પોતાના મિત્રને દુઃખબંધનથી પૃથક્ કરીને પ્રિય સુખ પ્રાપ્ત કરાવે છે અને જેમ અન્તર્યામી રૂપથી (= અજ) પરમેશ્વર જીવ આદિને ધારણ કરીને પ્રકાશિત કરે છે, તેમ જ સભાપતિ સત્ય ન્યાયથી રાજ્યને તથા સૂર્ય પોતાનાં આકર્ષણ આદિ ગુણોથી જગતને ધારણ કરે છે. (૩)*

**य ईं चिकेत गुहा भवन्तमा यः ससाद धारामृतस्य।**

**वि ये चृतन्त्यृता सपन्त आदिद्वसूनि प्र ववाचास्मै॥ ४॥**

પદાર્થ : यः-જે મનુષ્ય गुहा-બુદ્ધિ તથા વિજ્ઞાનમાં ईम्-વિજ્ઞાનસ્વરૂપ भवन्तम्-વિજ્ઞાનસ્વરૂપ જગદીશ્વર તથા સભાધ્યક્ષને चिकेत-જાણે છે, यः-જે ऋतस्य-સત્યવિદ્યારૂપ ચારેય વેદો તથા જળની धाराम्-વાણી અને પ્રવાહને आससाद-પ્રાપ્ત કરાવે છે; ये-જે મનુષ્ય ऋता-સત્યને सपन्तः-સંયુક્ત કરીને वसूनि-વિદ્યા, સુવર્ણ આદિ ધનને विचृतन्ति-ગ્રન્થિયુક્ત કરે છે. જે માટે પરમેશ્વરે प्रववाच-કહેલ છે, आत्-એની પાછળ इत्-તેને માટે સર્વ સુખ પ્રાપ્ત થાય છે. (૪)

*ભાવાર્થ : પરમેશ્વરની ઉપાસના તથા વિજ્ઞાન અને સત્ય વિદ્યા તથા આચરણ વિના કોઈને પણ નિર્વિઘ્ન રૂપથી સમ્યક્ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. (૪)*

**वि यो वीरुत्सु रोधन्महित्वोत प्रजा उत प्रसूष्वन्तः।**

चित्ति॒र॒पां दमे॑ वि॒श्वायुः॒ सद्मे॑व॒ धीराः॑ सं॒माय॑ च॒क्रुः॥५॥

પદાર્થ : धीराः-જ્ઞાનવાન વિદ્વાનો ! संमाय-સારી રીતે માનીને सद् मेव-જેમ ઘર અને સંગ્રામને માટે જે લાભ चक्रुः-કરે છે, તેમ यः-જે જગદીશ્વર અને વિદ્યુત્ महित्वा-સત્કાર કરીને वीरुत्सु-રચના વિશેષથી નિરોધ પ્રાપ્ત થયેલ કારણ કાર્ય દ્રવ્યોમાં प्रजाः-પ્રજા विरोधत्-વિશેષ કરીને આચરણ કરે છે, જે उत्-प्रसूषु-ઉત્પન્ન થનારમાં પણ अन्तः-મધ્યમાં વિદ્યમાન છે, જે उत-विश्वायुः-પૂર્ણ આયુયુક્ત પણ चित्तिः-સમ્યક્ જાણનાર दमे-શાન્તિયુક્ત ઘર તથા अपाम्-પ્રાણ અને જળની મધ્યમાં પ્રજાને ધારણ કરે છે, તેની સારી રીતે સેવા કરો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે અન્તર્યામી રૂપથી તથા રૂપ અને વેગ આદિ ગુણો હોવાના કારણે પ્રજાઓમાં વ્યાપ્ત થઈને તેને સમ્યક્ નિયંત્રિત કરે છે, તે જગદીશ્વરની ઉપાસના કરીને તથા કાર્યોમાં વિદ્યુત્ નો સમ્યક્ પ્રયોગ કરીને, જેમ વિદ્વાન જનો ઘરમાં રહીને તથા યુદ્ધમાં શત્રુઓને જીતીને સુખી રહે છે, તેમ સુખી રહેવું જોઈએ. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સભાધ્યક્ષ અને વિદ્યુત્ અગ્નિના ગુણોનું વર્ણન હોવાથી પૂર્વ સૂક્તાર્થની સાથે આ સૂક્તાર્થની સંગતિ જાણવી જોઈએ. (૬૭)

## સૂક્ત-૬૮

श्री॒णन्नुप॑ स्था॒द्दिवं॑ भुर॒ण्युः स्था॒तुश्च॒रथ॑म॒क्तून्व्यू॑र्णोत्।
परि॒ यदे॑षा॒मेको॒ विश्वे॑षां॒ भुव॑द्दे॒वो दे॒वानां॑ महि॒त्वा॥१॥

પદાર્થ : यत्-જે भुरण्युः-ધારણ અને પોષણ કરનાર श्रीणन्-પરિપક્વ કરીને મનુષ્ય दिवम्-પ્રકાશક પરમેશ્વર અને વિદ્યુત્ અગ્નિથી उपस्थात्-ઉપસ્થિત થાય અને स्थातुः-સ્થાવર, चरथम्-જંગમ તથા अक्तून्-પ્રકટ પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થોને पर्यूर्णोत्-આચ્છાદન અને સ્વીકાર કરે છે; તે एषाम्-એ વિદ્યમાન विश्वेषाम्-સમસ્ત देवानाम्-વિદ્વાનોની મધ્યમાં एकः-સહાયરહિત देवः-દિવ્યગુણયુક્ત महित्वा-પૂજાને સત્કારને પ્રાપ્ત થઈને विभुवत्-વૈભવ અર્થાત્ ઐશ્વર્યને પ્રાપ્ત થાય છે. (૧)

*ભાવાર્થ : કોઈપણ મનુષ્ય ઈશ્વરની ઉપાસના કર્યા વિના અને વિદ્યુત્ વિદ્યાનો આશ્રય પ્રાપ્ત કર્યા વિના આધ્યાત્મિક અને સાંસારિક સુખ પ્રાપ્ત કરી શકતો નથી. (૧)*

आदित्ते॒ विश्वे॒ क्रतुं॑ जुषन्त॒ शुष्का॒द्यद्दे॑व जी॒वो जनि॑ष्ठाः।
भज॑न्त॒ विश्वे॑ देव॒त्वं नाम॑ ऋ॒तं सप॑न्तो अ॒मृत॒मेवैः॑॥२॥

પદાર્થ : હે देव-જગદીશ્વર આપનો આશ્રય यत्-જે विश्वे-સર્વ जनिष्ठाः-અતિજ્ઞાન યુક્ત सपन्तः-એક સંમત વિદ્વાનજન एवैः-પ્રાપ્તિકારક ગુણો અને शुष्कात्-ધર્માનુષ્ઠાનના તપથી ते-આપના देवत्वम्-

દિવ્યગુણ પ્રાપ્ત કરનાર क्रतुम्-બુદ્ધિ અને કર્મ नाम-પ્રસિદ્ધ અર્થયુક્ત સંજ્ઞાને સિદ્ધ जुषन्त-પ્રીતિથી સેવા કરે તેઓ ऋतम्-સત્યરૂપનું भजन्त-સેવન કરે છે, તેમ अमृतम्-મોક્ષને जीवः-ઈચ્છાદિ ગુણયુક્ત ચેતન સ્વરૂપ મનુષ્ય आत्-એની અનન્તર इत्-જ એ સર્વને પ્રાપ્ત થાય. (૨)

*ભાવાર્થ : મનુષ્યો પરમેશ્વરની ઉપાસના અને તેની આજ્ઞાના પાલન વિના વ્યાવહારિક અને પારમાર્થિક સુખ પ્રાપ્ત કરી શકતા નથી. (૨)*

**ऋतस्य प्रेषा ऋतस्य धीतिर्विश्वायुर्विश्वे अपांसि चक्रुः।**
**यस्तुभ्यं दाशाद्यो वा ते शिक्षात्तस्मै चिकित्वान्रयिं दयस्व॥ ३॥**

પદાર્થ : જે ઈશ્વર અને વિદ્યુત્ અગ્નિથી विश्वे-સર્વ प्रेषाः-સારી રીતે જેની ઇચ્છા કરવામાં આવે છે, તે બોધસમૂહને પ્રાપ્ત થાય છે. ऋतस्य-સત્યવિજ્ઞાન તથા કારણનું धीतिः-ધારણ અને विश्वायुः-સર્વ આયુ પ્રાપ્ત થાય છે. તેનો આશ્રય કરીને જે ऋतस्य-સ્વરૂપ પ્રવાહથી સત્યની મધ્યમાં વિદ્યમાન વિદ્વાનો अपांसि-ન્યાયયુક્ત કામોને चक्रुः-કરે છે. यः-જે મનુષ્ય એ વિદ્યાને तुभ्यम्-ઈશ્વરોપાસના, ધર્મ, પુરુષાર્થયુક્ત મનુષ્યને માટે दाशात्-પ્રદાન કરે છે અને તેના દ્વારા ગ્રહણ કરે છે. यः-જે चिकित्वान्-જ્ઞાનવાન મનુષ્ય ते-તારા માટે शिक्षात्-શિક્ષા કરે છે અને તારાથી શિક્ષા પ્રાપ્ત કરે છે तस्मै-તેને માટે આપ रयिम्-સુવર્ણાદિ ધન दयस्व-પ્રદાન કરો. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ એ જાણવું જોઈએ, કે ઈશ્વરની રચના વિના જડ કારણથી કોઈ કાર્ય સંપન્ન (થતું નથી) તથા નાશ પામતું નથી. આધાર વિના આધેય રહી શકતું નથી. કોઈપણ (મનુષ્ય) કર્મ વિના (ક્ષરભર) પણ રહી શકતો નથી. જે વિદ્વાન હોવાથી વિદ્યા આદિ શુભ ગુણ પ્રદાન કરે છે અથવા જે તેનાથી ગ્રહણ કરે છે; તે (બન્ને)નો સત્કાર કરવો જોઈએ, અન્યોનો નહિ. (૩)*

**होता निषत्तो मनोरपत्ये स चिन्न्वासां पती रयीणाम्।**
**इच्छन्त रेतो मिथस्तनूषु सं जानत स्वैर्दक्षैरमूराः॥ ४॥**

પદાર્થ : જે निषत्तः-સર્વત્ર સ્થિત मनोः-મનુષ્યનાં अपत्ये-સંતાનમાં रयीणाम्-રાજ્યશ્રી આદિ ધનને होता-દેનાર છે. सः-તે ઈશ્વર, વિદ્યુત્ અગ્નિ आसाम्-એ પ્રજાઓનું पतिः-પાલન કરનાર છે.

હે अमूराः-મૂઢ-મૂર્ખતાદિથી ગુણોથી રહિત જ્ઞાનવાન स्वैः-પોતાના दक्षैः-શિક્ષા સહિત ચતુર આદિ ગુણોની સાથે तनूषु-શરીરોમાં વિદ્યમાન રહીને मिथः-પરસ્પર रेतः-વિદ્યા અને શિક્ષારૂપી વીર્યનો વિસ્તાર કરીને તમે લોકો એની समिच्छन्त-સમ્યક્ શિક્ષા કરો, चित्-તમે સમસ્ત વિદ્યાઓને नु-શીઘ્ર जानत-સારી રીતે જાણો. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ પરસ્પર મિત્ર બનીને સમસ્ત વિદ્યાઓને શીઘ્ર જાણીને નિરંતર આનંદિત*

*રહેવું જોઈએ. (૪)*

**पि॒तुर्न पु॒त्राः क्रतुं॑ जुषन्त॒ श्रोष॒न्ये अ॑स्य॒ शासं॑ तु॒रासः॑।**

**वि राय॑ और्णो॒द्दुरः॑ पुरु॒क्षुः पि॒पेश॒ नाकं॒ स्तृभि॒र्दमू॑नाः॥५॥**

પદાર્થ : ये-જે तुरासः-સારા કર્મોને શીઘ્ર કરનાર મનુષ્ય पितुः-પિતાના पुत्राः-પુત્રોની न-સમાન अस्य-જગદીશ્વર અને સત્પુરુષની शासम्-શિક્ષાને श्रोवन्-શ્રવણ કરે છે, તેઓ સુખી થાય છે.

જે दमूनाः-શાન્તિયુક્ત पुरुक्षुः-બહુ જ અન્નાદિ પદાર્થોથી યુક્ત स्तृभिः-પ્રાપ્ત કરવા યોગ્ય ગુણોથી रायः-ધનના व्यौर्णोत्-સ્વીકારકર્તા તથા नाकम्-સુખનો સ્વીકાર કરીને અને दुरः-હિંસા કરનાર શત્રુઓના पिपेश-અવયવો પૃથક્ પૃથક્ કરે છે, તેની સર્વ મનુષ્યો સેવા કરે. (૫)

*ભાવાર્થ : ઈશ્વર અને આપ્તજનોની આજ્ઞાના પાલન વિના કોઈ મનુષ્યને જરા પણ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. જિતેન્દ્રિયતા આદિ વિના પણ કોઈ સુખ પ્રાપ્ત કરી શકતા નથી. તેથી મનુષ્યોએ એ સર્વનું સદા સેવન કરવું જોઈએ. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર અને અગ્નિના ગુણનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૬૮)

## સૂક્ત-૬૯

**शु॒क्रः शु॑शु॒क्वाँ उ॒षो न जा॒रः प॒प्राः स॑मी॒ची दि॒वो न ज्योतिः॑।**

**परि॑ प्र॒जा॑तः॒ क्रत्वा॑ बभूथ॒ भुवो॑ दे॒वानां॑ पि॒ता पु॒त्रः सन्॥१॥**

પદાર્થ : જે મનુષ્ય उषः-પ્રભાત વેળાના जारः-આયુનાશક સૂર્યની न-સમાન शुक्रः-વીર્યવાન, શુદ્ધ शुशुक्वान्-શુદ્ધ કરનાર पप्राः-પોતાની વિદ્યાથી પૂર્ણ भुवः-ભૂમિનાં મધ્યમાં दिवः-પ્રકાશથી समीची-પૃથિવીને પ્રાપ્ત થયેલ ज्योतिः-દીપ્તિની न-સમાન परि-સર્વ પ્રકારે प्रजातः-પ્રસિદ્ધ, ઉત્પન્ન, क्रत्वा-ઉત્તમ બુદ્ધિ અને કર્મની સાથે देवानाम्-વિદ્વાનોના पुत्रः-પુત્રની સમાન ભણનાર સર્વ વિદ્યાઓને ભણીને पिता-ભણાવનાર वभूथ-બને છે; તેનું સર્વ મનુષ્યોએ સેવન કરવું જોઈએ. (૧)

*ભાવાર્થ : કોઈપણ (મનુષ્ય) વિદ્યાર્થી-ભાવ વિના વિદ્વાન બની શકતો નથી. વિદ્યુત્ આદિની વિદ્યા તથા તેના ઉચિત પ્રયોગ વિના મહાન સુખનો લાભ પ્રાપ્ત કરી શકતો નથી. (૧)*

**वे॒धा अदृ॑प्तो अ॒ग्निर्वि॑जा॒नन्नूध॒र्न गोनां॒ स्वाद्मा॑ पि॒तूनाम्।**

**ज॒ने न शेव॑ आ॒हूर्यः॒ सन्मध्ये॒ निष॑त्तो र॒ण्वो दु॑रो॒णे॥२॥**

પદાર્થ : સર્વ મનુષ્યોએ જે गोमान्-ગાયોના ऊधः-દૂધના સ્થાન (= આવ/આંચળ)ની न-સમાન

जने-ગુણોથી ઉત્તમ સેવવા યોગ્ય મનુષ્યમાં शेवः-સુખ કરનારની न-સમાન वेधाः-પૂર્ણ જ્ઞાનયુક્ત अद्प्तः-મોહરહિત स्वाद्दम्-સ્વાદિષ્ટ पितृनाम्-અન્નોના ભોક્તા दुरोणे-ઘરમાં रण्वः-રમણ કરનાર आहुर्यः-આહ્‌વાન કરવા યોગ્ય સભાની મધ્યમાં निषत्तः-રહેલ विजानन्-સર્વ વિદ્યાનો અનુભવ કરીને अग्निः-અગ્નિની સમાન જ્ઞાનપ્રકાશથી યુક્ત સભાધ્યક્ષ છે; તેનું સદા સેવન કરો. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ ગાયોનું દૂધસ્થાન (=આવ) અને જેમ વિદ્વાન મનુષ્ય સર્વના હિતકારી હોય છે, તેમ શુભ ગુણોથી સંપન્ન, સભા આદિમાં વિરાજમાન સભા આદિના અધ્યક્ષ આદિ તમે સર્વને સુખી કરો. (૨)*

**पुत्रो न जातो रण्वो दुरोणे वाजी न प्रीतो विशो वि तारीत्।**
**विशा यदह्वे नृभिः सनीळा अग्निर्देवत्वा विश्वान्यश्याः॥ ३॥**

પદાર્થ : હે મનુષ્ય ! यत्-જે अग्निः-અગ્નિની સમાન સભાધ્યક્ષ दुरोणे-ઘરમાં जातः-ઉત્પન્ન થયેલ पुत्रः-પુત્રની न-સમાન रण्वः-રમણીય वाजी-અશ્વની न-સમાન प्रीतः-આનંદદાયક विशः-પ્રજાને वितारीत्-દુઃખોથી મુક્ત કરાવે છે, अह्वे-વ્યાપ્ત થનાર વ્યવહારમાં सनीडाः-સમાન સ્થાન विशः-પ્રજાઓને विश्वानि-સર્વ देवत्वा-વિદ્વાનોના ગુણ અને કર્મોને પ્રાપ્ત કરે છે, તેને તું अश्याः-પ્રાપ્ત થા. (૩)

*ભાવાર્થ : મનુષ્યોને વિજ્ઞાન અને વિદ્વાનોના સંગ વિના આશ્રય વિના સર્વ સુખ પ્રાપ્ત થઈ શકતા નથી, એમ જાણવું જોઈએ. (૩)*

**नकिष्ट एता व्रता मिनन्ति नृभ्यो यदेभ्यः श्रुष्टिं चकर्थ।**
**तत्तु ते दंसो यदहन्समानैर्नृभिर्यद्युक्तो विवे रपांसि॥ ४॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જે ते-આપના एता-એ व्रता-વ્રતો છે, તેની કોઈ પણ नकिः मिनन्ति-હિંસા હનન કરી શકતા નથી. यत्-જે આપ एभ्यः-એ नृभ्यः-મનુષ્યોને માટે यत्-જે श्रुष्टिम्-શીઘ્ર સત્ય વિદ્યાસમૂહને चकर्थ-કરો છો; અને अपांसि-સત્કર્મ અને વ્યક્ત ઉપદેશયુક્ત વચનોને विवेः-પ્રાપ્ત કરો છો; તથા यत्-જે ते-આપના इदम्-એ समानैः-વિદ્યાદિ ગુણોની સમાન नृभिः-મનુષ્યોની સાથે दंसः-કર્મ છે, तत्-તેને तु-કોઈ મનુષ્ય नकि + अहन्-હનન કરી શકતા નથી. જે युक्तः-યુક્ત બનીને આપ કરો છો, તેને અમે પણ સત્ય જ જાણીએ છીએ. (૪)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ, જેમ પરમેશ્વર અને આપ્ત વિદ્વાન પક્ષપાતનો ત્યાગ કરીને મનુષ્યાદિ (પ્રાણીઓ) પ્રત્યે સત્ય ઉપકારમય કર્મોની સાથે પ્રવૃત્ત થાય છે, તેમ સદા પ્રવૃત્ત થવું જોઈએ. (૪)*

**उषो न जारो विभावोस्त्रः संज्ञातरूपश्चिकेतदस्मै।**

त्मना वहन्तो दुरो व्यृण्वन्नवन्त विश्वे स्व१र्दृशीके॥५॥

પદાર્થ : જે उषः-પ્રાતઃકાળની न-સમાન जारः-દુઃખનો નાશ કરનાર उस्त्रः-કિરણોની સમાન संज्ञातरूपः-સમ્યક્ રૂપ જાણનાર विभावा-સમસ્ત પ્રકાશ કરનાર છે, તેને મનુષ્ય चिकेतत्-જાણે. अस्मै-તે ઈશ્વર અને વિદ્વાનને માટે સર્વોત્કૃષ્ટ પદાર્થ સમર્પણ કરે.

હે મનુષ્યો ! જેમ આ રીતે કરીને विश्वे-સમસ્ત વિદ્વાનજનો त्मना-આત્માથી स्वः-સુખ પ્રાપ્ત કરાવનાર વિદ્યાસમૂહને वहन्तः-પ્રાપ્ત કરીને दृशीके-દર્શન યોગ્ય વ્યવહારમાં दुरः-શત્રુઓને व्यृण्वन्-મારે છે તથા સજ્જનોની પ્રશંસા કરે છે, તેમ તમે પણ શત્રુઓને મારો અને नवन्त-સજ્જનોની સ્તુતિ કરો. (૫)

ભાવાર્થ : જે સૂર્યની સમાન સમસ્ત વિદ્યાઓના પ્રકાશક અને અગ્નિની સમાન સમસ્ત દુઃખોને બાળનાર-દાહક પરમેશ્વર અથવા વિદ્વાન છે, તેનો આત્મરૂપથી આશ્રય લઈને તથા દુષ્ટ વ્યવહારોનો ત્યાગ કરીને, મનુષ્યોએ સત્યવ્યવહારમાં સદા સદા સુખ પ્રાપ્ત કરવું જોઈએ. (૫)

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન, વિદ્યુત્ અને ઈશ્વરના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૬૯)

## સૂક્ત-૭૦

वनेम पूर्वीरर्यो मनीषा अग्निः सुशोको विश्वान्यश्याः।
आ दैव्यानि व्रता चिकित्वाना मानुषस्य जनस्य जन्म॥१॥

પદાર્થ : અમે જે सुशोकः-ઉત્તમ દીપ્તિયુક્ત चिकित्वान्-જ્ઞાનવાન अग्निः-જ્ઞાનાદિ ગુણયુક્ત अर्यः-ઈશ્વર અથવા મનુષ્ય मनीषा-બુદ્ધિ તથા વિજ્ઞાનથી पूर्वीः-પૂર્વે થયેલી પ્રજા તથા विश्वानि-સર્વ दैव्यानि-દિવ્યગુણ અને કર્મોથી સિદ્ધ થયેલ व्रता-વિદ્યા, ધર્મ અનુષ્ઠાન અને मानुषस्य-મનુષ્ય જાતિમાં થયેલ जनस्य-શ્રેષ્ઠ વિદ્વાન મનુષ્યના जन्म-શરીરધારણથી ઉત્પત્તિને अश्याः-સમ્યક્ પ્રાપ્ત કરે છે, તેઓનું आवनेम्-સારી રીતે વિભાગથી સેવન કરીએ. (૧)

*ભાવાર્થ : જે ઈશ્વરે અથવા જે મનુષ્યે કારણ, કાર્ય તથા જીવ અને શુદ્ધ ગુણ તથા કર્મ વ્યાપ્ત કરેલ છે, તે ઈશ્વરની મનુષ્યોએ ઉપાસના કરવી જોઈએ. અને તે મનુષ્યનો સત્કાર કરવો જોઈએ. તેના વિના મનુષ્ય જન્મની સફળતા થતી નથી. (૧)*

गर्भो यो अपां गर्भो वनानां गर्भश्च स्थातां गर्भश्चरथाम्।
अद्रौ चिदस्मा अन्तर्दुरोणे विशां न विश्वो अमृतः स्वाधीः॥२॥

પદાર્થ : અમે જે જગદીશ્વર અને જીવ अपाम्-પ્રાણ અને જળની अन्तः-મધ્ય गर्भः-સ્તુતિ યોગ્ય અને અંદર રહેનાર वनानाम्-સમ્યક્ સેવા કરવા યોગ્ય પદાર્થ અને કિરણોમાં गर्भः-ગર્ભની સમાન આચ્છાદિત अद्रौ-પર્વત આદિ મહાન પદાર્થોમાં चित्-પણ ગર્ભની સમાન दुरोणे-ઘરમાં ગર્ભની સમાન विश्वः-સમસ્ત ચેતન તત્ત્વસ્વરૂપ अमृतः-નાશરહિત स्वाधीः-પદાર્થોનું સમ્યક્ ચિંતન કરનાર विशाम्-પ્રજાઓની મધ્ય આકાશ અને વાયુની न-સમાન બાહ્ય સ્થાનોમાં પણ સર્વ દિવ્યગુણ, કર્મયુક્ત વ્રતોને अश्याः-પ્રાપ્ત થાય, अस्मै-તેના માટે સર્વ પદાર્થ છે, તેનું आवनेम-સેવન કરીએ. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, એ જાણવું જોઈએ, કે ચેતન પરમેશ્વરથી કોઈ પણ વસ્તુ અવ્યાપ્ત નથી. ચેતન જીવ સારી રીતે કર્મ કરવાથી અને ફળોને ભોગવવાથી એક ક્ષણ પણ રહી શકતો નથી. તેથી તે સર્વવ્યાપક અન્તર્યામી (પરમેશ્વર)ને જાણીને તથા સદા પાપકર્મોનો ત્યાગ કરીને ધર્મયુક્ત કાર્યોમાં પ્રવૃત્ત થવું જોઈએ.*

*જે પૃથિવી આદિ કાર્યરૂપ પ્રજાઓ અનેક તત્ત્વોના સંયોગથી ઉત્પન્ન અને વિયોગથી વિનિષ્ટ થાય છે, તેમ ઈશ્વર, જીવ અને કારણ (પ્રકૃતિ) નામક પદાર્થો અનાદિ હોવાથી સંયોગ અને વિભાગથી પૃથક્ રહેવાના કારણે નિશ્ચય આરંભરહિત છે. તેમ જાણવું જોઈએ. (૨)*

**स हि क्षपावाँ अग्नी रयीणां दाशद्यो३ऽअस्मा अरं सूक्तैः।**

**एता चिकित्वो भूमा नि पाहि देवानां जन्म मर्तांश्च विद्वान्॥ ३॥**

પદાર્થ : હે चिकित्वः-જ્ઞાનવાન જગદીશ્વર અને विद्वान्-જ્ઞાતા ! यः-જે क्षपावान्-જેમાં ઉત્તમ અનેક રાત્રિઓ છે. अग्निः-સર્વ સુખદાયક વિદ્યુત્ ની સમાન अस्मै-એ रयीणाम्-વિદ્યા, રત્ન, રાજ્ય આદિ પદાર્થોની પૂર્ણ પ્રાપ્તિને માટે एता-એ अरम्-પૂર્ણ सूक्तैः-ઉત્તમ વચનોથી भूम-બહુજ देवानाम्-દિવ્યગુણ અને વિદ્વાનોના जन्म-જન્મ मर्त्तान्-મનુષ્ય च-મનુષ્યથી ભિન્નને दाशत्-આપો છો, सः-તે આપ हि-નિશ્ચય કરીને એની निपाहि-નિરંતર રક્ષા કરો. (૩)

*ભાવાર્થ : પરમેશ્વર વેદ દ્વારા, અન્તર્યામી સ્વરૂપ દ્વારા અથવા ઉપદેશો દ્વારા સમસ્ત વિદ્યાઓ સર્વ મનુષ્યોને પ્રદાન કરે છે. મનુષ્યોએ તે (પરમેશ્વર)ની ઉપાસના અને સંગતિ કરવી જોઈએ. (૩)*

**वर्धान्यं पूर्वीः क्षपो विरूपाः स्थातुश्च रथमृतप्रवीतम्।**

**अराधि होता स्व१र्निषत्तः कृण्वन्विश्वान्यपांसि सत्या॥ ४॥**

પદાર્થ : મનુષ્યોએ જે अराधि-સિદ્ધ થયેલ અને यम्-જે પરમેશ્વર તથા જીવને पूर्वीः-સનાતન क्षपः-શાન્તિયુક્ત રાત્રિ विरूपाः-અનેક પ્રકારના રૂપોથી યુક્ત પ્રજા वर्धान्-વૃદ્ધિ કરે છે, જેને स्थातुः-સ્થિત જગતને ऋतप्रवीतम्-સત્ય કારણથી ઉત્પન્ન અને જળથી ચલાવવામાં આવેલ रथम्-રમણ કરવા યોગ્ય સંસાર અને યાનને બનાવેલ છે. જે स्वः-સુખ સ્વરૂપ અને સુખદાયક निषत्तः-નિરંતર સ્થિત होता-ગ્રહણ કરનાર અને પ્રદાન કરનાર विश्वानि-સર્વ सत्या-સત્યધર્મથી શુદ્ધ થયેલ अपांसि-કર્મોને

कृण्वन्-કરીને વર્તે છે, તે જાણો અને સત્સંગ કરો. (૪)

*ભાવાર્થ : જે પરમેશ્વરનું જ્ઞાન કરાવનારી એ સર્વ પ્રજાઓ છે અને જે જીવાત્મા દ્વારા (એ) જાણવા યોગ્ય છે. જે (પરમાત્મા) એ ઉત્પન્ન કર્યા વિના કોઈની ઉત્પત્તિ સંભવ નથી. જે (જીવાત્મા)ના પુરુષાર્થ વિના કોઈપણ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. જે સત્ય માની-માનનાર, સત્યકારી-કરનાર અને સત્યવાદી-બોલનાર છે, તેઓનું સર્વ મનુષ્યોએ સેવન કરવું જોઈએ. (૪)*

**गोषु प्रशस्तिं वनेषु धिषे भरन्त विश्वे बलिं स्वर्णः।**

**वि त्वा नरः पुरुत्रा सपर्यन्पितुर्न जिव्रेर्वि वेदो भरन्त॥५॥**

પદાર્થ : હે भरन्त-સમસ્ત વિશ્વ તથા સર્વ ગુણોને ધારણ કરનાર જગદીશ્વર ! જે કારણે पुरुत्रा-પુષ્કળ દાતા આપ गोषु-પૃથિવી આદિ પદાર્થોમાં बलिम्-સંવરણ स्वः-આદિત્ય वनेषु-કિરણોમાં प्रशस्तिम्-ઉત્તમ વ્યવહાર અને नः-અમને विधिषे-વિશેષ ધારણ કરો છો. विश्वे-સર્વ नरः-એથી વિદ્વાનો જેમ पुत्राः-પુત્ર जिव्रेः-વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયેલ पितुः-પિતાના સાનિધ્યથી वेदः-વિદ્યા ધનને भरन्त-ધારણ કરે, न-તેમ त्वा-આપનું सपर्यन्-સેવન કરીએ છીએ. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે જગદીશ્વરે નિત્ય કારણ (રૂપ પ્રકૃતિ)થી સમસ્ત કાર્યરૂપ પદાર્થોને ઉત્પન્ન કરીને સ્પર્શ આદિ ગુણો પ્રકાશિત કરેલ છે, જેની સૃષ્ટિમાં ઉત્પન્ન (પદાર્થો)ના પિતા, પુત્ર સમાન સમસ્ત જીવ દાયભાગી (ભાગીદાર) છે અને જેના દ્વારા સર્વના માટે સર્વ સુખ આપવામાં આવે છે, તેની તમે સર્વ આત્મા, મન, વાણી, શરીર અને ધનથી નિત્ય સેવા (= ભક્તિ) કર્યા કરો. (૫)*

**साधुर्न गृध्नुरस्तेव शूरो यातेव भीमस्त्वेषः समत्सु॥६॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે गृध्नुः-બીજાના ઉત્કર્ષની ઈચ્છા કરનાર साधुः-પરોપકારી મનુષ્યની न-સમાન अस्ताइव-શત્રુઓની ઉપર શસ્ત્ર પહોંચાડનાર-ફેંકનાર शूरः-શૂરવીરની સમાન भीमः-ભયંકર यातेव-તથા દંડ પ્રાપ્ત કરનારની સમાન समत्सु-સંગ્રામોમાં त्वेषः-પ્રકાશમાન પરમેશ્વર અને સભાધ્યક્ષ છે, તેઓનું નિત્ય સેવન કરો. (૬)

*ભાવાર્થ : હે મનુષ્યો ! પરમેશ્વર અને સભા આદિના ધાર્મિક વિદ્વાન અધ્યક્ષ વિના અન્ય કોઈ આપણો રાજા, શત્રુઓને જીતનાર, દંડદાતા અને સુખોની વૃદ્ધિ કરનાર નથી, એવો નિશ્ચય કરીને તમે સર્વે પરોપકારમય સુખોની વૃદ્ધિ કરો. (૬)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, મનુષ્ય અને સભા આદિ અધ્યક્ષના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૦)

## સૂક્ત-૭૧

उप॒ प्र जि॑न्वन्नुश॒तीरु॒शन्तं॒ पतिं॒ न नित्यं॒ जन॑यः॒ सनी॑ळाः।
स्वसा॑रः॒ श्यावी॒मरु॑षीमजुष्रञ्चि॒त्रमु॒च्छन्ती॑मु॒षसं॒ न गावः॑॥१॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે વિદ્વાન લોકો જે नित्यम्-વ્યભિચાર રહિત સ્વરૂપથી નિત્ય અવિનાશી चित्रम्-આશ્ચર્ય ગુણ, કર્મ અને સ્વભાવયુક્ત પરમેશ્વર અને સભાધ્યક્ષના सनीडाः-એક ઈશ્વરના મધ્યમાં રહેવાથી સમાન સ્થાનવાળા जनयः-પ્રજા અને उशन्तीः-શોભાયમાન स्वसारः-યુવતી, બહેન उशन्तम्-શોભાયમાન પોત-પોતાનાં पतिम्-પાલન કરનાર પતિની न-સમાન તથા गावः-કિરણ અને ગાય श्यावीम्-ધૂમાયિત વર્ણયુક્ત અને अरुषीम्-અત્યંત લાલ વર્ણવાળી उच्छन्तीम्-વિશેષ વાસ કરાવતી उशसम्-પ્રભાવ વેળાની न-સમાન उपाजुषन् સેવન કરીને प्रजिन्वन्-અત્યંત તૃપ્ત રહો. (૧)

*ભાવાર્થ : જેમ ધાર્મિક વિદુષી પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનું ધાર્મિક વિવાહિતા સ્ત્રીનું સેવન કરે છે, તેમ જ પરમેશ્વર અને સભા આદિના અધ્યક્ષનું સર્વ મનુષ્યોએ સેવન કરવું જોઈએ. (૧)*

वी॒ळु चि॑द्दृ॒ळ्हा पि॒तरो॑ न उ॒क्थैरद्रिं॑ रुज॒न्नङ्गि॑रसो॒ रवे॑ण।
च॒क्रुर्दि॒वो बृ॑ह॒तो गा॒तुम॒स्मे अहः॒ स्व॑र्विविदुः के॒तुमु॒स्राः॥२॥

પદાર્થ : અમારે જે पितरः-જ્ઞાની પુરુષ उक्थैः-કહેલ ઉપદેશોથી नः-અમારી दृढा-દૃઢ केतुम्-પ્રજ્ઞા = બુદ્ધિ वीळु-બળ स्वः-ચિત્-અને સુખને उस्राः-કિરણ અને गातुम्-પૃથિવીની સમાન अहः-તથા દિવસ અને बृहतः-મહાન दिवः-પ્રકાશમાન પદાર્થોની સમાન विविदुः-જાણે છે; અને अङ्गिरसः-વાયુ रवेण-સ્તુતિ સમૂહથી अद्रिम्-મેઘને रुजन्-પૃથિવી પર પાડવા-વરસાવવા સમાન अस्मे-અમારા દુઃખોનો चक्रुः-નાશ કરે છે, તેનું સેવન કરીએ. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ આપ્ત વિદ્વાનોની સમ્યક્ સેવા કરીને, વિદ્યા પ્રાપ્ત કરીને, બુદ્ધિ ઉત્પન્ન કરીને ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપી ફળોનું સેવન કરવું જોઈએ. (૨)*

दध॑न्नृ॒तं ध॒नय॑न्नस्य धी॒तिमादिद॒र्यो दि॑धि॒ष्वो॒३॒॑ विभृ॑त्राः।
अतृ॑ष्यन्तीर॒पसो॑ य॒न्त्यच्छा॑ दे॒वाञ्जन्म॒ प्रय॑सा व॒र्धय॑न्तीः॥३॥

પદાર્થ : જે विभृत्राः-વિશેષ ધારણ કરવાવાળી दिधिष्वः-આભૂષણોથી યુક્ત अतृष्यन्तीः-તૃષ્ણા આદિ દોષોથી રહિત वर्धयन्तीः-ઉન્નતિ કરનારી કુમારી કન્યા देवान्-દિવ્યગુણોને પ્રાપ્ત કરીને अर्यः-વૈશ્યની इत्-સમાન ऋतम्-સત્ય વિજ્ઞાનને धनयन्-વિદ્યા, ધન આદિ ધન યુક્ત થઈને आत्-ત્યાર પછી अस्य-બ્રહ્મચર્યની धीतिम्-ધારણાને दधन्-ધારણ કરીને प्रयसा-અન્નની સમાન વર્તમાન अपसः-કર્મ देवान्-વિદ્વાન્ जन्म-અને વિદ્યાની પ્રાપ્તિને अच्छ-સારી રીતે यन्ति-પ્રાપ્ત થાય છે, વેદાદિ શાસ્ત્રોમાં વિદ્વાન બનીને સમસ્ત સુખોને પ્રાપ્ત કરે છે. (૩)

*ભાવાર્થ : જેમ વૈશ્ય જનો ધર્મ ધારણ કરીને ધન સંચય કરે છે-કમાય છે, તેમ કન્યા વિવાહ પૂર્વ ઉત્તમ બ્રહ્મચર્યપૂર્વક વિદુષી અધ્યાપિકાઓને પ્રાપ્ત કરીને, તેની પાસેથી પૂર્ણ સુશિક્ષા અને વિદ્યા ગ્રહણ કરીને તથા વિવાહ કરીને સુસંતાનોના સુખને પ્રાપ્ત કરો. વિદ્યાના અધ્યયનનો સમય વિવાહ પછી સુલભ હોતો નથી. નિશ્ચય જ કોઈ પણ પુરુષ અથવા સ્ત્રીનો વિદ્યાગ્રહણ કરવામાં અનધિકાર નથી. (અર્થાત્ વિદ્યાધિકાર સર્વનો છે.) (૩)*

**मथीद्यदीं विभृतो मातरिश्वा गृहेगृहे श्येतो जेन्यो भूत्।**

**आदीं राज्ञे न सहीयसे सचा सन्ना दूत्यं१ भृगवाणो विवाय॥४॥**

પદાર્થ : भृगवाणः-અનેકવિધ પદાર્થવિદ્યાથી પદાર્થોને વ્યવહારમાં લાવનારાઓની સમાન વિદ્યાગ્રહણ કરેલી કન્યાઓ જેમ-એ विभृतः-અનેક પ્રકારની પદાર્થવિદ્યાને ધારણ કરનાર श्येतः-પ્રાપ્ત થવાનો जेन्यः-તથા વિજયનો હેતુ તથા मातरिश्वा-અન્તરિક્ષમાં શયન આદિ વિહાર કરનાર વાયુ यत्-જે दूत्यम्-દૂતનું કર્મ છે, તેને आविवाय-સારી રીતે સ્વીકાર કરીને તથા गृहे गृहे-ઘર ઘર અર્થાત્ કલાયંત્રના કોષ્ઠમાં ईम्-પ્રાપ્ત થયેલ અગ્નિને मथीत्-મથે છે. आत्-અથવા सहीयसे-યશથી સહન કરનાર राज्ञे-રાજાને માટે न-જેમ ईम्-વિજય સુખ પ્રાપ્ત કરાવનારી સેના सचा-સંગતિની સાથે सन्-વર્તમાન भूत्-થાય છે, તેમ વિદ્યાના યોગથી સુખ કરાવનારી થાઓ. (૪)

*ભાવાર્થ : નિશ્ચય જ વિદ્યાગ્રહણ વિના સ્ત્રીઓને કાંઈપણ (પ્રાપ્ત) થતું નથી. જેમ વિદ્યાહીન પુરુષ, સુલક્ષણા વિદુષી સ્ત્રીઓને દુ:ખ આપે છે, તેમ વિદ્યા-શિક્ષારહિત સ્ત્રીઓ પોતાના પતિઓને દુ:ખ આપે છે. તેથી વિદ્યાગ્રહણ કર્યા પછી જ પરસ્પર પ્રીતિપૂર્વક સ્વયંવર-વિધિથી વિવાહ કરીને નિરંતર સુખી રહેવું જોઈએ. (૪)*

**महे यत्पित्र ईं रसं दिवे करव त्सरत्पृशन्यश्चिकित्वान्।**

**सृजदस्ता धृषता दिद्युमस्मै स्वायां देवो दुहितरि त्विषिं धात्॥५॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ-यत्-જે कः-સુખદાતા, पृशन्यः-સ્પર્શ કરનાર, अस्ता-ફેંકનાર, चिकित्वान्-જાણનાર, देवः-વિદ્યા પ્રકાશને જોનાર સૂર્ય महे-મહાન पित्रे-પ્રકાશ આપવાથી પાલન કરનાર दिवे-પ્રકાશને માટે ईम्-પ્રાપ્ત કરવા યોગ્ય रसम्-ઔષધિના ફળને अवसृजत्-રચીને ईम्-त्सरत्-અંધકાર દૂર કરનાર स्वायाम्-પોતાની दुहितरि-કન્યા સમાન ઊષામાં त्विसिम्-પ્રકાશ અને તેજને धात्-ધારણ કરીને તદનન્તર दिद्युम्-દીપ્તિની धृषता-દઢતાથી સુખ આપે છે, તેમ કર્યા કરો. (૫)

*ભાવાર્થ : સર્વ માતા-પિતા આદિ મનુષ્યોએ પોત-પોતાનાં સંતાનોમાં વિદ્યા સ્થાપન કરવી જોઈએ. જેમ સૂર્ય પ્રકાશયુક્ત થઈને સર્વને પ્રકાશિત કરીને આનંદિત કરે છે, તેમ જ વિદ્યાવાન પુત્ર અને પુત્રીઓ સર્વ સુખ પ્રદાન કરે છે. (૫)*

स्व आ यस्तुभ्यं दम आ विभाति नमो वा दाशादुशतो अनु द्यून्।
वर्धो अग्ने वयो अस्य द्विबर्हा यासद्राया सरथं यं जुनासि॥ ६ ॥

પદાર્થ : હે अग्ने-વિજ્ઞાનપ્રદ ! वर्धो-द्विबर्हाः-વિદ્યા અને શિક્ષાની વારંવાર વૃદ્ધિ કરનાર આપ જેમ સવિતા = સૂર્ય स्वे-પોતાના दमे-ઘરમાં तुभ्यम्-તને नमः-અન્ન आदाशात्-સારી રીતે આપીને आविभाति-અને અત્યંત પ્રકાશ કરીને वा-અથવા अस्य-આ જગતની वयः-અવસ્થાને यासत्-પહોંચાડે છે, તેમ यः-જે શિષ્ય પોતાના ઘરમાં તમારા માટે અન્ન આપીને અર્થાત્ યથાયોગ્ય સત્કાર કરીને તથા આપના ગુણોને પ્રાપ્ત કરીને પ્રકાશિત થઈને અથવા એ પોતાના પુત્ર આદિની અવસ્થાને પહોંચાડે છે. અર્થાત્ ઔષધિ આદિ પદાર્થોથી નીરોગતા પ્રાપ્ત કરે છે; અને राया-વિદ્યાદિ ધન सरथम्-મનોહર કર્મ અને ગુણો સહિત यम्-જે મનુષ્યને जुनासि-વ્યવહારમાં ચલાવો છો, તે સર્વને अनुद्यून्-પ્રતિદિન उशतः-અતિ ઉત્તમ કરો. (૬)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે તમારા પાલનકર્તા પિતૃજન અને આચાર્યજન તમને સુશિક્ષાથી, સૂર્યની સમાન વિદ્યારૂપી પ્રકાશથી અને અન્ન આદિના દાનથી સુખ સંપન્ન બનાવે છે. તે તમારા દ્વારા 'નિત્ય સેવન કરવા યોગ્ય' છે. (૬)*

अग्निं विश्वा अभि पृक्षः सचन्ते समुद्रं न स्रवतः सप्त यह्वीः।
न जामिभिर्वि चिकिते वयो नो विदा देवेषु प्रमतिं चिकित्वान्॥ ७ ॥

પદાર્થ : જે चिकित्वान्-જ્ઞાનવાન-જ્ઞાનના હેતુ नः-અમને देवेषु-વિદ્વાન અને દિવ્યગુણમાં प्रमतिम्-ઉત્તમ જ્ઞાનને विदाः-પ્રાપ્ત કરીને वयः-જીવનનું विचिकिते-વિશેષ જ્ઞાન કરાવે છે તે अग्निम्-અગ્નિની સમાન વિદ્વાન विश्वाः-સર્વ पृक्षः-વિદ્યા સંપર્ક કરનાર પુત્ર અને દીપ્તિ समुद्रम्-સમુદ્ર અને स्रवतः-નદીની સમાન શરીરને ગમન કરાવતા सप्त-સાત અર્થાત્ પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન એ પાંચ અને સૂત્રરૂપ આત્માની તથા यह्वीः-રક્ત અને વિદ્યુત્ આદિની ગતિઓની न-સમાન अपिसचन्ते-સંબંધ કરે છે જેથી અમે મૂર્ખ અને દુઃખ આપનારી जामिभिः-સ્ત્રીઓની સાથે न-વસીએ નહિ. (૭)

*ભાવાર્થ : જેમ સમુદ્રમાં નદીઓ અને પ્રાણોમાં વિદ્યુત્ આદિ મળે છે, તેમ જ મનુષ્યો, સર્વ પુત્ર અને પુત્રીઓને બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા અને વ્રત સંપૂર્ણ સમાપ્ત કરાવીને, તેઓના યુવાવસ્થામાં વિવાહ આદિ દ્વારા સંતાનો ઉત્પન્ન થાય તેઓને પણ વિદ્યા અને સુશિક્ષા ગ્રહણ કરાવે. આની સમાન અથવા આથી વિશેષ-અધિક અન્ય કોઈ ઉપકાર નથી. (અર્થાત્ મહાન ઉપકાર છે.) (૭)*

आ यदिषे नृपतिं तेज आनट् छुचि रेतो निषिक्तं द्यौरभीके।
अग्निः शर्धमनवद्यं युवानं स्वाध्यं जनयत्सूदयच्च॥ ८ ॥

પદાર્થ : હે યુવતિ ! જેમ द्यौः-પ્રકાશસ્વરૂપ अग्निः-વિદ્યુત્ अभीके-સંગ્રામમાં इषे-ઈચ્છાને પૂર્ણ

કરવા માટે यत्-જે निषिक्तम्-સ્થાપન કરેલ शुचि-પવિત્ર रेतः-વીર્ય અને तेजः-પ્રગલ્ભતાને आनट्-પ્રાપ્ત કરે છે, તેનાથી યુક્ત તું તેમ शर्धम्-બળવાન, अनवद्यम्-નિંદારહિત, युवानम्-યુવાવસ્થાયુક્ત, स्वाध्यम्-ઉત્તમ વિદ્યાયુક્ત વિદ્વાન नृपतिम्-મનુષ્યોમાં રાજમાન પતિને સ્વેચ્છાથી પ્રસન્નતાપૂર્વક પ્રાપ્ત કરીને आजनयत्-સંતાનોને ઉત્પન્ન च-તથા અવિદ્યા દુઃખને सूदयत्-દૂર કર. (૮)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ ઉત્તમ વિદ્યા અને શારીરિક બળ વિના વ્યાવહારિક અને પારમાર્થિક (= સાંસારિક અને મોક્ષ સંબંધી) સુખ કદી પણ પ્રાપ્ત થતું નથી. સંતાનોને વિદ્યાનું દાન કર્યા વિના, માતા-પિતા આદિ ઋણમુક્ત બની શકતા નથી, એમ જાણવું જોઈએ. (૮)*

**मनो॒ न योऽध्व॑नः स॒द्य एत्येकः॑ स॒त्रा सू॒रो वस्व॑ ईशे।**
**राजा॑ना मि॒त्रावरु॑णा सुपा॒णी गोषु॒ प्रि॒यम॒मृतं॒ रक्ष॑माणा॥ ९॥**

પદાર્થ : હે સ્ત્રી-પુરુષો ! તમે વિદ્વાન મનુષ્ય જેમ मनः-સંકલ્પ-વિકલ્પરૂપ અન્તઃકરણની વૃત્તિની न-સમાન અને सूरः-પ્રાણીઓના ગર્ભોને બહાર કરનારી પ્રાણસ્થ વિદ્યુત્‌ની સમાન વિમાન આદિ યાનોથી अध्वनः-માર્ગોને सद्यः-શીઘ્ર एति-જાય છે અને यः-જે एकः-સહાયરહિત કેવલ એકાંકી सत्रा-સત્ય ગુણ, કર્મ અને સ્વભાવયુક્ત वस्वः-દ્રવ્યોને શીઘ્ર ईशे-પ્રાપ્ત કરે છે, તેમ गोषु-પૃથ્વી અને રાજ્યમાં प्रियम्-પ્રીતિકારક अमृतम्-સર્વ સુખો અને દુઃખોનો નાશ કરનાર અમૃતની रक्षमाणा-રક્ષા કરનાર सुपाणी-ઉત્તમ વ્યવહારોથી યુક્ત मित्रावरुणौ-સર્વના મિત્ર સર્વથી ઉત્તમ राजाना-સભા અને વિદ્યાના અધ્યક્ષોની સમાન બનીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સિદ્ધ કર્યા કરો. (૯)

*ભાવાર્થ : જેમ મનુષ્યો વિદ્યા અને વિદ્વાનોના સંગ વિના વિમાન આદિને રચીને તથા તેમાં બેસીને અન્ય દેશોમાં ગમનાગમન (કરી શકતા) નથી, સત્ય, વિજ્ઞાન અને ઉત્તમ દ્રવ્યોની પ્રાપ્તિ (કરી શકતા નથી) તથા ધાર્મિક રાજા રાજ્ય ચલાવી શકતો નથી, તેમ સ્ત્રી-પુરુષોમાં વિદ્યા તથા બળની ઉન્નતિ વિના સુખની વૃદ્ધિ (થઈ શકતી) નથી. (૯)*

**मा नो॑ अग्ने स॒ख्या पित्र्या॑णि॒ प्र म॑र्षिष्ठा अ॒भि वि॒दुष्क॒विः सन्।**
**नभो॒ न रू॒पं ज॑रि॒मा मि॑नाति पु॒रा तस्या॑ अ॒भिश॑स्ते॒रधी॑हि॥ १०॥**

પદાર્થ : હે अग्ने-સમસ્ત વિદ્યાપ્રાપ્ત વિદ્વાન્ ! जरिमा-સ્તુતિને યોગ્ય कविः-પૂર્ણ વિદ્યાને विदुः-જાણકાર सन्-થઈને આપ नभोरूपं न-જે આકાશ સર્વ રૂપવાળા પદાર્થોને નાશના સમયે પોતાનામાં ગુપ્ત કરી લે છે, (સમાવી લે છે,) તેમ नः-અમારા पुरा-પ્રાચીન पित्र्याणि-પિતા આદિથી ચાલ્યા આવતા सख्या-મિત્રતા આદિ કર્મોને माभि + प्र + मर्षिठाः-નષ્ટ કરો નહિ; અને तस्या-તે अभिशस्तेः-નાશને अधीहि-સમ્યક્ સ્મરણ રાખો એ રીતે થઈને જે સુખને मिनाति-નષ્ટ કરે છે, તેઓને દૂર કરો. (૧૦)

ભાવાર્થ : જેમ રૂપવાન પદાર્થ સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત થઈને અન્તરિક્ષમાં અદૃશ્ય થઈ જાય છે-દેખાતા નથી, તેમ અમારી મિત્રતાઓ નાશ પામે નહિ, જેથી અમે સર્વ સર્વ પ્રકારના વિરોધનો ત્યાગ

કરીને પરસ્પર મિત્ર બનીને સદા સુખી રહી શકીએ. (૧૦)

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સભાધ્યક્ષ, સ્ત્રી, પુરુષ અને વિદ્યુત્ વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૧)

## સૂક્ત-૭૨

नि काव्या वेधसः शश्वतस्कर्हस्ते दधानो नर्या पुरूणि।
अग्निर्भुवद्रयिपती रयीणां सत्रा चक्राणो अमृतानि विश्वा॥ १ ॥

પદાર્થ : જે अग्निः-અગ્નિ સમાન વિદ્વાન્ મનુષ્ય वेधसः-સમસ્ત વિદ્યાઓને ધારણ અને વિધાન કરનાર शश्वतः-અનાદિ સ્વરૂપ પરમેશ્વરના સંબંધથી પ્રકાશિત થયેલ पुरूणि-બહુજ सत्रा-સત્ય અર્થના પ્રકાશ કરનાર તથા अमृतानि-મોક્ષ સુધી અર્થોને પ્રાપ્ત કરનાર विश्वा-સર્વ नर्या-મનુષ્યોને સુખ થવાના હેતુ काव्या-સર્વજ્ઞ નિર્મિત વેદોના સ્તોત્ર છે, તેને हस्ते-હાથમાં પ્રત્યક્ષ પદાર્થની સમાન दधानः-ધારણ કરીને તથા વિદ્યા પ્રકાશને चक्राणः-કરીને ધર્માચરણને नि कः-નિશ્ચય કરીને સિદ્ધ કરે છે, તે रयीणाम्-વિદ્યા, ચક્રવર્તી રાજ્ય આદિ ધનનું रयिपतिः-પાલન કરનાર શ્રીપતિ भुवत्-બને છે. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! અનન્ત સત્યવિદ્યા યુક્ત અનાદિ સર્વજ્ઞ પરમેશ્વરને તમારા હિતને માટે પોતાની વિદ્યાથી પૂર્ણ અનાદિરૂપ વેદોને પ્રકાશિત કરેલ છે. તેનું અધ્યયન અને અધ્યાપનથી ધાર્મિક વિદ્વાન બનીને તમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સિદ્ધ કરો. (૧)*

अस्मे वत्सं परि षन्तं न विन्दन्निच्छन्तो विश्वे अमृता अमूराः।
श्रमयुवः पदव्यो धियंधास्तस्थुः पदे परमे चार्वग्नेः॥ २ ॥

પદાર્થ : જે विश्वे-સર્વ अमृताः-ઉત્પત્તિ-મૃત્યુ રહિત અનાદિ अमूराः-મૂઢતાદિ દોષરહિત श्रमयुवः-શ્રમથી યુક્ત पदव्यः-સુખોને પ્રાપ્ત धियन्धाः બુદ્ધિ અને કર્મને ધારણ કરનાર इच्छन्तः-શ્રદ્ધાળુ બનીને મનુષ્ય अस्मे-અમને वत्सम्-પુત્ર સમાન સુખોમાં નિવાસ કરાવતી પ્રસિદ્ધ ચારેય વેદોની યુક્ત વાણીના सन्तम्-વર્તમાનને परिविन्दन्-પ્રાપ્ત કરે છે, તેઓ अग्नेः + चारु-શ્રેષ્ઠ જેમ હોય તેમ પરમાત્માના परमे-સર્વોત્કૃષ્ટ पदे-પ્રાપ્ત થવા યોગ્ય સુખરૂપી મોક્ષપદમાં तस्थुः-સ્થિત થાય છે; અને જેઓ જાણતા નથી, તેઓ તે બ્રહ્મપદને પ્રાપ્ત થતા નથી. (૨)

*ભાવાર્થ : સર્વ જીવો અનાદિ છે, તેમાં જે મનુષ્ય-દેહધારી (જીવો) છે, તેને ઈશ્વર ઉપદેશ કરે છે, કે-હે મનુષ્યો ! તમે સર્વ વેદોના અધ્યયન અને અધ્યાપનથી અજ્ઞાનથી રહિત અને જ્ઞાનવાન તથા પુરુષાર્થી બનીને સુખી બનો. વેદાર્થ-જ્ઞાન વિના કોઈ પણ મનુષ્ય સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત કરી શકતો નથી, તેથી તમે વેદવિદ્યાની સારી રીતે વૃદ્ધિ-ઉન્નતિ કરો. (૨)*

तिस्रो यद॑ग्ने श॒रद॒स्त्वामिच्छुचिं॑ घृ॒तेन॒ शुच॑यः सप॒र्यान्।
नामा॑नि चिद्दधिरे य॒ज्ञिया॒न्यसू॑दयन्त त॒न्व१ः सुजा॑ताः॥ ३॥

પદાર્થ : હે अग्ने-વિદ્વન્ ! यत्-જે शुचयः-પવિત્ર सुजाताः-વિદ્યા, ક્રિયાઓમાં ઉત્તમ કુશળતાથી પ્રસિદ્ધ મનુષ્ય शुचिम्-પવિત્ર त्वाम्-તને तिस्रः-ત્રણ शरदः-ઋતુવાળા સંવત્સરોનું सपर्यान्-સેવન કરે, તે इत्-જ यज्ञियानि-કર્મ, ઉપાસના અને જ્ઞાનને સિદ્ધ કરવા યોગ્ય વ્યવહાર नामानि-અર્થ જ્ઞાન સહિત સંજ્ઞાઓને दधिरे-ધારણ કરે चित्-અને घृतेन-ઘૃત અને જળની સાથે तन्वः-શરીરોને પણ असूदयन्त-ચલાવે. (૩)

*ભાવાર્થ : કોઈ પણ (મનુષ્ય) વેદને ભણ્યા વિના વિદ્યાને પ્રાપ્ત કરી શકતો નથી. (વિદ્વાન બની શકતો નથી.) તથા વિદ્યા વિના મનુષ્ય જન્મની સફળતા અને પવિત્રતા પ્રાપ્ત થતી નથી, તેથી સર્વ મનુષ્યોએ પ્રયત્નપૂર્વક એ કર્મ સદા કરવું જોઈએ. (૩)*

आ रोद॑सी बृह॒ती वेवि॑दानाः प्र रु॒द्रिया॑ जभ्रिरे य॒ज्ञिया॑सः।
वि॒दन्मर्तो॑ नेमधि॑ता चिकि॒त्वान॒ग्निं प॒दे प॑र॒मे त॑स्थि॒वांस॑म्॥ ४॥

પદાર્થ : જે रुद्रिया-જે દુષ્ટ શત્રુઓને રડાવનારના સંબંધી वेविदानाः-અત્યંત જ્ઞાનયુક્ત यज्ञियासः-યજ્ઞની સિદ્ધિ કરનાર વિદ્વાનજનો बृहती-મહાન रोदसी-ભૂમિ, રાજ્ય અને વિદ્યાના પ્રકાશને आजभ्रिरे-ધારણ, પોષણ કરે છે અને સમગ્ર વિદ્યાઓને જાણે છે, તેઓના વિજ્ઞાનને પ્રાપ્ત કરીને જે चिकित्वान्-જ્ઞાનવાન नेमधिता-પ્રાપ્ત પદાર્થોને ધારણ કરનાર मर्त्तः-મનુષ્ય परमे-સર્વોત્કૃષ્ટ पदे-પ્રાપ્ત કરવા યોગ્ય મોક્ષપદમાં तस्थिवांसम्-સ્થિત થઈને अग्निम्-પરમેશ્વરને प्रविदत्-જાણે છે, તે જ સુખ ભોગવે છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ વેદજ્ઞાતાથી ઉત્તમ નિયમપૂર્વક વેદવિદ્યા પ્રાપ્ત કરીને, વિદ્વાન બનીને તથા પરમેશ્વરને અને તેની રચનાને જાણીને અન્યોને વિદ્યા નિરંતર આપવી જોઈએ. (૪)*

सं॒जा॒ना॒ना उप॑ सीदन्नभि॒ज्ञु पत्नी॑वन्तो न॒मस्यं॑ नमस्यन्।
रि॒रि॒क्वांस॑स्त॒न्वः कृण्वत॒ स्वाः सखा॒ सख्यु॑र्नि॒मिषि॒ रक्ष॑माणाः॥ ५॥

પદાર્થ : જે संजानानाः-સારી રીતે જાણીને पत्नीवन्तः-પ્રશંસિત વિદ્યાયુક્ત યજ્ઞોને જાણનારી સ્ત્રીઓ સહિત रक्षमाणाः-ધર્મ અને વિદ્યાની રક્ષા કરીને વિદ્વાનજનો रिरिवांसः-વિશેષ કરીને પાપોથી પૃથક્ अभिज्ञु-જેવાઓની उपसीदन्-સન્મુખ સમીપ બેસવા જાણે છે તથા नभस्यम्-નમસ્કાર કરવા યોગ્ય પરમેશ્વર અને અધ્યાપક વિદ્વાનનો नमस्यन्-સત્કાર કરે છે અને निमिषि-અધિક વિદ્યા હોવાથી સ્પર્ધાયુક્ત નિરંતર વ્યવહારમાં પ્રતિક્ષણમાં सख्युः-મિત્રના सखा-મિત્રની સમાન स्वाः-પોતાના तन्वः-શરીરોને

कृण्वत-બલવાન અને રોગરહિત કરે છે, તે મનુષ્ય ભાગ્યશાળી હોય છે. (૫)

*ભાવાર્થ : ઈશ્વર અને વિદ્વાનોના સત્કાર વિના કોઈને પણ વિદ્યાજન્ય સુખ મળી શકતું નથી, તેથી સત્કાર કરવા યોગ્યનો સત્કાર સદા કરવો જોઈએ. (૫)*

त्रिः सप्त यद् गुह्यानि त्वे इत्पदाविदन्निहिता यज्ञियासः।

तेभीं रक्षन्ते अमृतं सजोषाः पशूँश्च स्थातॄँश्चरथं च पाहि॥ ६॥

પદાર્થ : હે વિદ્વાન મનુષ્યો ! જેમ त्वे-કોઈ यज्ञियासः-યજ્ઞને સિદ્ધ કરનાર વિદ્વાન यत्-જે निहिता-સ્થાપિત વિદ્યાદિ ધન રૂપ गुह्यानि-ગુપ્ત અને સર્વ રીતે સ્વીકાર કરનાર पदा-પ્રાપ્ત થવા યોગ્ય सप्त-સાત અર્થાત્ ચાર વેદો અને ત્રણ-ક્રિયા કૌશલ્ય, વિજ્ઞાન અને પુરુષાર્થોને त्रिः-શ્રવણ, મનન અને વિચાર કરવાથી अविन्दन्-પ્રાપ્ત કરે છે, તેમ તમે પણ તેને પ્રાપ્ત કરો.

હે જિજ્ઞાસુ સજ્જન ! જેમ सजोषाः-સમાન પ્રીતિનું સેવન કરનાર तेभिः-તેઓથી अमृतम्-ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી સુખ पशून्-પશુઓની સમાન મૂર્ખતાયુક્ત મનુષ્ય અને પશુ આદિ च-તથા નોકર આદિ स्थातृन्-ભૂમિ આદિ સ્થાવર च-અને રાજ્ય, રત્નાદિ સંપત્તિ चरथम्-મનુષ્ય આદિ જંગમ च-અને સ્ત્રી-પુત્ર આદિની रक्षन्ते-રક્ષા કરે છે, તેમ એની તું इत्-પણ पाहि-રક્ષા કર. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોનું અનુકરણ કરવું જોઈએ મૂર્ખાઓનું નહિ. જેમ સત્પુરુષ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે અને દુષ્ટ કર્મોનો ત્યાગ કરે છે, તેમ સંપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. (૬)*

विद्वाँ अग्ने वयुनानि क्षितीनां व्यानुषक्छुरुधो जीवसे धाः।

अन्तर्विद्वाँ अध्वनो देवयानानतन्द्रो दूतो अभवो हविर्वाट्॥ ७॥

પદાર્થ : હે अग्ने-સમસ્ત સુખ પ્રાપ્ત કરાવનાર જગદીશ્વર જે કારણે अन्तर्विद्वान्-અન્તઃકરણના સર્વ વ્યવહારોને તથા विद्वान्-બાહ્ય કાર્યોને જાણનાર अतन्द्रः-આળસરહિત हविर्वाट्-વિજ્ઞાન આદિ પ્રાપ્ત કરાવનાર આપ क्षितीनाम्-મનુષ્યોના वयुनानि-વિજ્ઞાનોને जीवसे-જીવનને માટે शुरुधः-પ્રાપ્ત કરવા યોગ્ય સુખોને आनुषक्-અનુકૂળતાપૂર્વક विधाः-વિવિધ પ્રકારથી ધારણ કરો છો. વેદ દ્વારા देवयानान्-વિદ્વાનોના ગમનાગમનનાં अध्वनः-માર્ગોનું दूतः-વિજ્ઞાન કરાવનાર अभवः-બનો છો, જેથી અમે આપનો સત્કાર અવશ્ય કરીએ. (૭)

*ભાવાર્થ : જે પ્રાર્થના કરેલ અને સેવન કરેલ પરમેશ્વર અથવા વિદ્વાન ધર્મયુક્ત માર્ગને તથા વિજ્ઞાનને બતાવીને સુખ પ્રદાન કરે છે, તેનું સેવન કેમ ન કરવું જોઈએ ? (૭)*

स्वाध्यो दिव आ सप्त यह्वी रायो दुरो व्यृतज्ञा अजानन्।

विदद् गव्यं सरमा दृढमूर्वं येना नु कं मानुषी भोजते विट्॥ ८॥

પદાર્થ : હે મનુષ્યો જેમ-જેમ स्वाध्यः-સર્વના કલ્યાણને યથાવત્ વિચારનાર ऋतज्ञाः-સત્યના જ્ઞાતા येन-જે પુરુષાર્થથી यह्वीः-મહાન सप्त-સપ્ત સંખ્યાવાળા दिवः-સૂર્યની સમાન વિદ્યા रायः-સર્વોત્કૃષ્ટ ધનના दुरः-પ્રવેશ સ્થાનોને व्यजानन-જાણે છે તથા सरमा-બોધ સમાન કરનારી मानुषी-મનુષ્યોની विट्-પ્રજા दृढम्-દૃઢ-નિશ્ચલ ऊर्वम्-દોષોનો નાશ गव्यम्-પશુ અને ઇન્દ્રિયોનો હિતકારક સુખને नु-શીઘ્ર विदत्-પ્રાપ્ત થાય છે, તેમ એ કર્મનું સદા સેવન કરો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે, કે-તેઓ જેવી વિદ્યા સ્વયં પ્રાપ્ત કરે, તેવી સર્વને નિષ્કપટતાથી સદા પ્રદાન કરે, જેથી મનુષ્યો સર્વ સુખોને પ્રાપ્ત કરી શકે. (૮)*

**आ ये विश्वा स्वपत्यानि तस्थुः कृण्वानासो अमृतत्वाय गातुम्।**
**मह्ना महद्भिः पृथिवी वि तस्थे माता पुत्रैरदितिर्धायसे वेः॥ ९॥**

પદાર્થ : જેમ ये-જે अमृतत्वाय-મોક્ષાદિ સુખને માટે गातुम्-ભૂમિની સમાન બોધ સમૂહને कृण्वानासः-સિદ્ધ કરીને વિદ્વાનજન महद्भिः-અત્યંત સુખકારક ગુણોની સાથે विश्वा-સર્વ स्वपत्यानि-ઉત્તમ શિક્ષાયુક્ત પુત્રાદિને मह्ना-મહાન ગુણોથી धायसे-ધારણને માટે पृथिवी-ભૂમિની સમાન पुत्रैः-પુત્રોની સાથે माता-માતાની સમાન अदितिः-પ્રકાશસ્વરૂપ સૂર્ય સ્થૂલ પદાર્થોમાં वेः-વ્યાપ્તિ કરનાર પક્ષીની સમાન आतस्थुः-સ્થિત થાય છે, તેમ હું એ કર્મનું वितस्थे-વિશેષ કરીને ગ્રહણ કરું છું. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોની સમાન પોતાના સંતાનોને સુશિક્ષા અને વિદ્યાથી યુક્ત કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવા જોઈએ. (૯)*

**अधि श्रियं नि दधुश्चारुमस्मिन्दिवो यदक्षी अमृता अकृण्वन्।**
**अध क्षरन्ति सिन्धवो न सृष्टाः प्र नीचीरग्ने अरुषीरजानन्॥ १०॥**

પદાર્થ : જેમ यत्-જે अमृताः-જન્મ-મરણરહિત મોક્ષને પ્રાપ્ત વિદ્વાનો अस्मिन्-આ લોકમાં श्रियम्-વિદ્યા અને રાજ્યના ઐશ્વર્યની શોભાને अधिनिदधुः-અધિક ધારણ चारुम्-શ્રેષ્ઠ વ્યવહાર दिवः-પ્રકાશ અને વિજ્ઞાનથી अक्षी-બહાર-અંદર જોવાની વિદ્યાને अकृण्वन्-સિદ્ધ કરીને सृष्टाः-ઉત્પન્ન કરેલી सिन्धवः-નદીઓની न-સમાન अध-અનન્તર સુખોને क्षरन्ति-આપે છે. नीचीः-નિરંતર સેવન કરનાર તથા अरुषीः-પ્રભાતની સમાન સમસ્ત સુખ પ્રાપ્ત કરાવનારી વિદ્યા અને ક્રિયાને प्राजानन्-સમ્યક્ જાણે છે, તેમ હે अग्ने-વિદ્વાન મનુષ્ય તું પણ યથાશક્તિ સર્વ કાર્યોને સિદ્ધ કર. (૧૦)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે યથાયોગ્ય રીતે વિદ્વાનોનું આચરણ અપનાઓ, મૂર્ખાઓનું નહિ. જેમ નદીઓ સુખ ઉત્પન્ન કરે છે, તેમ તમે સર્વને માટે સર્વ સુખ ઉત્પન્ન કરો. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર અને વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૨)

## સૂક્ત-૭૩

रयिर्न यः पितृवित्तो वयोधाः सुप्रणीतिश्चिकितुषो न शासुः।
स्योनशीरतिथिर्न प्रीणानो होतेव सद्म विधतो वि तारीत्॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે यः-જે વિદ્વાન્ पितृवित्तः-પિતા, પિતામહ આદિ અધ્યાપકોથી પ્રતીત વિદ્યાયુક્ત થયા रयिः-ધનસમૂહની न-સમાન वयोधाः-જીવનને ધારણ કરનાર सुप्रणीतिः-શ્રેષ્ઠ નીતિયુક્ત તથા चिकितुषुः-શ્રેષ્ઠ વિદ્યાયુક્ત शासुः-ઉપદેશક મનુષ્યની न-સમાન स्योनशीः-વિદ્યા, ધર્મ અને પુરુષાર્થ યુક્ત સુખમાં સૂવા प्रीणानः-પ્રસન્ન તથા अतिथिः-મહાવિદ્વાન, ભ્રમણ અને ઉપદેશ કરનાર, પરોપકારી મનુષ્યની न-સમાન विधतः-અને સર્વ વ્યવહારોનું વિધાન કરે છે. તેના होतेव-આદાન-પ્રદાનવાળા सद्म-ઘરની સમાન વિદ્યમાન શરીરનું वितारीत्-સેવન અને તેનાથી ઉપકાર લઈને સર્વને આપે છે, તેઓનું નિત્ય સેવન અને તેનાથી પરોપકાર કરાવ્યા કરો. (૧)

*ભાવાર્થ : વિદ્યાની પ્રાપ્તિ, ધર્મનું અનુષ્ઠાન, વિદ્વાનોની સંગતિ અને ઉત્તમ વિચારો વિના કોઈ મનુષ્યને વિદ્યા અને સુશિક્ષાનો સાક્ષાત્કાર તથા વિદ્યુત્ આદિ પદાર્થોનું વિશેષ જ્ઞાન થતું નથી અને નિત્ય ભ્રમણશીલ વિદ્વાન અતિથિઓ (= સંન્યાસીઓ)ના ઉપદેશ વિના કોઈ ભ્રમરહિત થઈ શકતો નથી. તેથી એવા કાર્યો સદા કરવા જોઈએ. (૧)*

देवो न यः सविता सत्यमन्मा क्रत्वा निपाति वृजनानि विश्वा।
पुरुप्रशस्तो अमतिर्न सत्य आत्मेव शेवो दिधिषाय्यो भूत्॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે यः-જે सविता-સૂર્ય देवः-દિવ્યગુણની न-સમાન सत्यमन्मा-સત્યને જણાવનાર અને જાણકાર વિદ્વાન क्रत्वा-બુદ્ધિ અને કર્મથી विश्वा-સર્વ वृजनानि-બલની निपाति-રક્ષા કરે છે. पुरुप्रशस्तः-અનેકમાં અતિ શ્રેષ્ઠ अमतिः-ઉત્તમ સ્વરૂપની न-સમાન सत्यः-અવિનાશી સ્વરૂપ दिधिषाय्याः-ધારણ અને પોષણ કરનાર आत्मेव-આત્માની સમાન शेवः-સુખ સ્વરૂપ અધ્યાપક અને ઉપદેશક भूत्-છે, તેનું સેવન કરીને વિદ્યાની ઉન્નતિ કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા વિદ્વાનોના સંગ વિના સત્યવિદ્યા, બલ, સુખ, અને સૌન્દર્ય પ્રાપ્ત કરી શકાતા નથી, તેથી એ (વિદ્વાનો)ની નિત્ય સેવા કરવી જોઈએ. (૨)*

देवो न यः पृथिवीं विश्वधाया उपक्षेति हितमित्रो न राजा।
पुरः सदः शर्मसदो न वीरा अनवद्या पतिजुष्टेव नारी॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે यः-જે देवः-ઉત્તમ સુખોના પ્રદાતા પરમેશ્વર અને વિદ્વાન पृथिवीम्-ભૂમિની સમાન विश्वधायाः-વિશ્વને ધારણ કરનાર हितमित्रः-મિત્રોને ધારણ કરીને राजा-સભા આદિના અધ્યક્ષની न-સમાન उपक्षेति-જાણે છે અને નિવાસ કરે છે તથા पुरः सदः-પ્રથમ શત્રુઓને મારનાર અને યુદ્ધને જાણનાર शर्मसदः-સુખમાં સ્થિર થનાર અને वीराः-યુદ્ધમાં શત્રુઓને ફેંકનારની न-સમાન

તથા अनवद्या-વિદ્યા, સૌંદર્ય આદિ શુભગુણયુક્ત नारी-નરની સ્ત્રી पतिजुष्टेव-જે પતિની સેવા કરનારી તેની સમાન સુખોમાં નિવાસ કરે છે, તેનું સદા સેવન કરો. (૩)

*ભાવાર્થ : મનુષ્યો પરમેશ્વર અને વિદ્વાનોની સાથે પ્રવૃત્ત થયા વિના સમસ્ત બળ અને સુખ પ્રાપ્ત કરી શકતા નથી. તેથી એ બન્નેની સાથે સદા પ્રેમ રાખે. (૩)*

तं त्वा नरो दम आ नित्यमिद्धमग्नेसचन्त क्षितिषु ध्रुवासु।
अधि द्युम्नं नि दधुर्भूर्यस्मिन्भवा विश्वायुर्धरुणो रयीणाम्॥ ४॥

પદાર્થ : હે अग्ने-વિજ્ઞાન કરાવનાર વિદ્વાન ! रयीणाम्-વિદ્યા અને સમસ્ત પૃથ્વિનાં રાજ્યને સિદ્ધ કરેલ ધનને धरुणः-ધારણ કરનાર विश्वायुः-સંપૂર્ણ જીવનયુક્ત આપ अस्मिन्-આ મનુષ્યજન્મ અને જગતમાં સહાયકારી भव-થાઓ. જે भूरि-વિપુલ द्युम्नम्-વિદ્યા પ્રકાશરૂપી ધન અને કીર્તિને ધારણ કરો છો, तम्-તે नित्यम्-નિરંતર इद्धम्-પ્રદીપ્ત त्वा-આપને ध्रुवासु-દૃઢ क्षितिषु-ભૂમિમાં જે नरः-નયન કરનાર સર્વ મનુષ્ય अधिनिदधुः-ધારણ કરે અને दमे-શાન્તિયુક્ત ઘરમાં आसचन्त-કરે, તેનું નિત્ય સેવન કરો. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે પરમેશ્વરે આ સંસારમાં અનેક પદાર્થો રચેલા છે અને જે વિદ્વાન દ્વારા જાણી શકાય છે, તેનું વિજ્ઞાન અને ઉપાસના તથા સંગતિથી સારું સુખ પ્રાપ્ત થાય છે, તેમ તમે જાણો. (૪)*

वि पृक्षो अग्ने मघवानो अश्युर्वि सूरयो ददतो विश्वमायुः।
सनेम वाजं समिथेष्वर्यो भागं देवेषु श्रवसे दधानाः॥ ५॥

પદાર્થ : હે अग्ने-સુખસ્વરૂપ વિદ્વાન આપના ઉપદેશથી જેમ अर्यः-સ્વામી અને વૈશ્ય भागम्-સેવનીય પદાર્થોની સમાન मघवानः-સત્કારયુક્ત ધનવાન ददतः-દાનશીલ सूरयः-મેધાવીજન समिथेषु-સંગ્રામો તથા देवेषु-વિદ્વાન અને દિવ્ય ગુણોમાં वाजम्-વિજ્ઞાનને दधानाः-ધારણ કરીને श्रवसे-શ્રવણ કરવા યોગ્ય કીર્તિને માટે पृक्षः-અત્યુત્તમ અન્ન અને विश्वम्-સંપૂર્ણ आयुः-જીવનને व्यश्युः-વિશેષ કરીને ભોગવે અને विसनेम-વિશેષ કરીને સેવન કરે, તેમ અમે પણ કર્યા કરીએ. (૫)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા ઈશ્વર અને વિદ્વાનોની સહાયતા તથા પુરુષાર્થથી સમસ્ત સુખ પ્રાપ્ત કરી શકાય છે, અન્ય રીતે નહિ. (૫)*

ऋतस्य हि धेनवो वावशानाः स्मदूध्नीः पीपयन्त द्युभक्ताः।
परावतः सुमतिं भिक्षमाणा वि सिन्धवः समया सस्रुरद्रिम्॥ ६॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ वावशानाः-અત્યંત શોભાયમાન स्मदूध्नीः-પુષ્કળ દૂધ દેનારી धेनवः-ગાયો पीपयन्त-દૂધ આદિથી વૃદ્ધિ કરે છે, જેમ द्युभक्ताः-પ્રકાશના વિભિન્ન કિરણો परावतः-

દૂર દેશથી अद्रिम्-મેઘને समया-સમય પર વરસાવે છે, सिन्धवः-નદીઓ सस्तुः-વહે છે, તેમ તમે सुमतिम्-શ્રેષ્ઠ વિજ્ઞાનને भिक्षमाणाः-જિજ્ઞાસાથી वि-વિશેષતઃ જાણીને અન્ય મનુષ્યોને માટે વિદ્યા અને સુશિક્ષાપૂર્વક ऋतस्य हि-મેઘથી ઉત્પન્ન જળની સમાન સત્યની જ વર્ષા કરો. (૬)

*ભાવાર્થ : જેમ અગ્નિથી સમ્યક્ શુદ્ધ કરેલ જળ શક્તિદાયક બનીને વિજ્ઞાનોત્પાદક બની જાય છે, તેમ ધાર્મિક વિદ્વાન બને. (૬)*

**त्वे अग्ने सुमतिं भिक्षमाणा दिवि श्रवो दधिरे यज्ञियासः।**

**नक्ता च चक्रुरुषसा विरूपे कृष्णं च वर्णमरुणं च सं धुः॥७॥**

પદાર્થ : હે अग्ने-વિદ્વાન અધ્યાપક ! જે दिवि-પ્રકાશસ્વરૂપ त्वे-આપની સમીપ રહેલ भिक्षमाणाः-વિદ્યાઓની જ ભિક્ષા કરનાર यज्ञियासः-અધ્યયન રૂપ કર્મ ચતુર વિદ્વાનજન सुमतिम्-શ્રેષ્ઠ બુદ્ધિને दधिरे-ધારણ કરે છે, તથા श्रवः-શ્રવણ અને અન્નને संधुः-ધારણ કરે છે; नक्ता-રાત્રિ च-અને उषसा-દિવસની સાથે कृष्णम्-શ્યામ अरुणम्-લાલ वर्णम्-વર્ણને च-તથા તેનાથી જુદા વર્ણોથી યુક્ત પદાર્થોને ધારણ કરે છે, च-અને विरूपे-વિરુદ્ધ રૂપનું વિજ્ઞાન चक्रुः-કરે છે, તેઓ સુખી થાય છે. (૭)

*ભાવાર્થ : પરમેશ્વરની સૃષ્ટિના વિશેષ જ્ઞાન વિના કોઈપણ મનુષ્ય પૂર્ણ વિદ્વાન બની શકતો નથી. જેમ રાત્રિ અને દિવસ વિરુદ્ધ રૂપવાળા છે, તેમ સાધર્મ્ય-અનુકૂળ અને વૈધર્મ્ય-વિરુદ્ધના વિચાર દ્વારા સર્વ પદાર્થોને (સર્વજન) જાણી લે. (ઉપયોગમાં લે.) (૭)*

**यान् राये मर्त्तान्त्सुषूदो अग्ने ते स्याम मघवानो वयं च।**

**छायेव विश्वं भुवनं सिसक्ष्यापप्रिवान्रोदसी अन्तरिक्षम्॥८॥**

પદાર્થ : હે अग्ने-જગદીશ્વર ! જે આપ यान्-જે सुसूदः-ક્ષય અને વૃદ્ધિ ધર્મયુક્ત मर्त्तान्-મનુષ્યોને राये-વિદ્યાદિ ધનને માટે सिसक्षि-સંયુક્ત કરો છો, ते-તેઓ वयम्-અમે मघवान्ः-પ્રશંસિત ધનયુક્ત स्याम-થઈએ च-અને જે આપ छायेव-શરીરોની છાયાની સમાન विश्वम्-સમસ્ત भुवनम्-જગત અને रोदसी-આકાશ, પૃથિવી અને अन्तरिक्षम्-અન્તરિક્ષને आपप्रिवान्-પૂર્ણ કરનાર છો, તે આપની અમે ઉપાસના કરીએ. (૮)

*ભાવાર્થ : વિદ્વાનોએ ઈશ્વરની ઉપાસના અને પુરુષાર્થ દ્વારા સ્વયં વિદ્યા આદિ ધનોથી સંપન્ન બનીને સર્વ મનુષ્યોને વિદ્યાદિ ધનોથી યુક્ત કરવા જોઈએ. (૮)*

**अर्वद्भिरग्ने अर्वतो नृभिर्नॄन्वीरैर्वीरान्वनुयामा त्वोताः।**

**ईशानासः पितृवित्तस्य रायो वि सूरयः शतहिमा नो अश्युः॥९॥**

પદાર્થ : હે अग्ने-સમસ્ત સુખોને પ્રાપ્ત કરાવનાર પરમેશ્વર ! આપના દ્વારા त्वोताः-રક્ષિત અમે

अर्वंभिद्ः-પ્રશંસિત ઘોડાઓથી अर्वतः-ઘોડાઓને नृभिः-વિદ્યાદિ શ્રેષ્ઠ ગુણયુક્ત મનુષ્યોથી नृन्-શિક્ષા ધર્મવાળા મનુષ્યો અને वीरैः-શૌર્યાદિ યુક્ત શૂરવીરો દ્વારા वीरान्-શૂરતા આદિ ગુણયુક્ત શૂરવીરોની પ્રાપ્તિ वनुयाम-થવા માટે ઈચ્છા અને યાચના કરે. આપની કૃપાથી पितृवित्तस्य-પિતાનાં ભોગવેલા रायः-ધનથી ईशानासः-સમર્થ સ્વામી અમે બનીએ અને सूरयः-મેધાવી વિદ્વાન नः-અમને शतहिमा-સો હેમન્ત ઋતુ સુધી व्यश्युः-પ્રાપ્ત થતા રહે. (૯)

*ભાવાર્થ : ઈશ્વરના ગુણ, કર્મ અને સ્વભાવોને અનુકૂળ આચરણ વિના મનુષ્યોને ઉત્તમ વિદ્યાઓ તથા પદાર્થોની પ્રાપ્તિ અસંભવ છે. તેથી એ કર્મોને નિત્ય પ્રેમથી કરવા જોઈએ. (૯)*

**एता तें अग्न उचथानि वेधो जुष्टानि सन्तु मनसे हृदे च।**
**शकेम रायः सुधुरो यमं तेऽधि श्रवो देवभक्तं दधानाः॥ १०॥**

પદાર્થ : હે वेधः-સર્વના અન્તઃકરણમાં રહેલ હોવાથી સર્વને બુદ્ધિપ્રદધર્તા अग्ने-વિજ્ઞાનદાતા જગદીશ્વર ! ते-આપની કૃપાથી एता-+ उचथानि-વેદવચન અમારા मनसे-મન च-અને हृदे-આત્માને માટે जुष्टानि-સેવન કરેલ પ્રીતિકારક सन्तु-થાય. તે ते-આપના સંબંધથી यमम्-નિયમ કરનાર देवभक्तम्-વિદ્વાનોએ સેવન કરેલ श्रवः-શ્રવણને दधानाः-ધારણ કરીને सुधुरः-ઉત્તમ પદાર્થોને ધારણ કરનાર અમે रायः-ધનને પ્રાપ્ત કરવા માટે अधि-शकेम-સમર્થ બનીએ. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ સમસ્ત સુખ પ્રાપ્ત કરીને, સર્વને પ્રાપ્ત કરાવવા જોઈએ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, અગ્નિ, વિજ્ઞાન અને સૂર્યના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૩)

## સૂક્ત-૭૪

**उपप्रयन्तो अध्वरं मन्त्रं वोचेमाग्नये। आरे अस्मे च शृण्वते॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ उपप्रयन्तः-સમીપ પ્રાપ્ત થનાર અમે એ अस्मे-અમારાથી आरे-દૂર च-અને સમીપમાં शृण्वते-શ્રવણ કરીને अग्नये-પરમેશ્વરને માટે अध्वरम्-હિંસારહિત मन्त्रम्-વિચારનો નિરંતર वोचेम्-ઉપદેશ કરે, તેમ તમે પણ કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, બહાર અને અંદર વ્યાપક તથા અમારાથી દૂર અને સમીપના સમસ્ત વ્યવહારોને જાણનાર પરમાત્માને જાણીને, અધર્મથી ડરીને તથા સત્ય ધર્મનું સેવન કરીને આનંદિત રહેવું જોઈએ. (૧)*

**यः स्नीहितीषु पूर्व्यः संजग्मानासु कृष्टिषु। अरक्षद्दाशुषे गयम्॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! पूर्व्यः-પૂર્વજ વિદ્વાનોએ સાક્ષાત્કાર કરેલ જગદીશ્વર संजग्मानासु-પરસ્પર

સંગત ચાલતી स्त्रीहितीषु-સ્નેહ કરનારી कृष्टिषु-મનુષ્ય આદિ પ્રજામાં दाशुषे-વિદ્યાદિ શુભ ગુણ આપનારને માટે गयम्-ધનની अरक्षत्-રક્ષા કરે છે, તે अग्नये-ઈશ્વરને માટે अध्वरम्-હિંસારહિત मन्त्रम्-વિચારને અમે वोचेम-કહીએ, તેમ તમે પણ કહો. (૨)

*ભાવાર્થ : ..... પ્રજાના કોઈ પણ જીવનું સમ્યક્ રક્ષણ અને સુખ પરમેશ્વર વિના થતું નથી, તેથી એ (પરમેશ્વર)નું જ સર્વેએ સદા સેવન (= ભજન) કરવું જોઈએ. (૨)*

**उत ब्रुवन्तु जन्तव उदग्निर्वृत्रहाजनि। धनञ्जयो रणेरणे॥ ३॥**

પદાર્થ : જે रणे रणे-યુદ્ધ-યુદ્ધમાં धनञ्जयः-ધનથી જીતાડનાર वृत्रहा-મેઘનાશક સૂર્યની સમાન अग्निः-પરમેશ્વર दाशुषे-વિદ્યા, શુભગુણોનું દાન કરનાર મનુષ્યને માટે गयम्-ધનને उदजनि-ઉત્પન્ન કરે છે जन्तवः-સર્વ મનુષ્યો अध्वरम्-હિંસારહિત मन्त्रम्-તેના વિચારનો उतब्रुवन्तु-પરસ્પર ઉપદેશ કરે. (૩)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેના આશ્રયથી શત્રુઓના પરાજયના દ્વારા પોતાનો વિજય અને પોતાના વિજય દ્વારા રાજ્ય તથા ધનની પ્રાપ્તિ થાય છે, તેની તમે નિત્ય સેવા કરો. (૩)*

**यस्य दूतो असि क्षये वेषि हव्यानि वीतये। दस्मत्कृणोष्यध्वरम्॥ ४॥**

પદાર્થ : હે વિદ્વાન્ આપ यस्य-જે મનુષ્યના वीतये-વિજ્ઞાનને માટે અગ્નિની સમાન दूतः-દુઃખ નાશક असि-છે. क्षये-ઘરમાં हव्यानि-હવન કરવા યોગ્ય ઉત્તમ દ્રવ્ય-ગુણ-કર્મોને वेषि-પ્રાપ્ત અને ઉત્પન્ન કરે છે. दस्मत्-દુઃખનાશક अध्वरम्-અગ્નિહોત્રાદિ હવનની સમાન વિદ્યા, વિજ્ઞાનની વૃદ્ધિ કરનાર યજ્ઞની कृणोषि-સિદ્ધિ કરો છો, તેઓનું સર્વ મનુષ્યો સેવન કરે. (૪)

*ભાવાર્થ : જે મનુષ્ય દ્વારા ઈશ્વરની સમાન વિદ્વાન અધ્યાપક તથા ઉપદેશકની અને વિજ્ઞાન દાતાની કામના-ઈચ્છા કરવામાં આવે છે, તેને કદી દુઃખ (પ્રાપ્ત) થતું નથી. (૪)*

**तमित्सुहव्यमङ्गिरः सुदेवं सहसो यहो। जना आहुः सुबर्हिषम्॥ ५॥**

પદાર્થ : હે अङ्गिरः-અંગોના રસરૂપ सहसः-બળના यहो-પુત્રરૂપ વિદ્વાન મનુષ્ય જે તમને વિદ્યુત્ ની સમાન सुदेवम्-દિવ્યગુણોના દાતા सुबर्हिषम्-વિજ્ઞાનયુક્ત सुहव्यम्-શ્રેષ્ઠ ગુણ ગ્રહણ કરનાર આપને जनाः-વિદ્વાન आहुः-કહે છે. तम्-તેનું इत्-જ અમે સેવન કરીએ. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, વિદ્વાનોમાં પ્રસિદ્ધ વિદ્વાનથી પદાર્થ વિદ્યા જાણીને તથા તેનો સમ્યક્ પ્રયોગ કરીને તેને અન્ય મનુષ્યોને જણાવવી જોઈએ. (૫)*

**आ च वहासि ताँ इह देवाँ उप प्रशस्तये। हव्या सुश्चन्द्र वीतये॥ ६॥**

પદાર્થ : હે सुश्चन्द्र-શ્રેષ્ઠ આનંદદાયક વિદ્વાન આપ इह-આ સંસારમાં प्रशस्तये-પ્રશંસા च-અને वीतये-સુખોની પ્રાપ્તિને માટે જે हव्या-ગ્રહણ રચવા યોગ્ય देवान्-દિવ્યગુણો અને વિદ્વાનોની उपावहासि-સમીપમાં સર્વ રીતે પ્રાપ્ત થાઓ છો, तान्-તે આપને અમે પ્રાપ્ત થઈએ-કરીએ. (૬)

*ભાવાર્થ : જ્યાં સુધી મનુષ્યો પરમેશ્વર, આપ્ત વિદ્વાન તથા અગ્નિ આદિની સંગતિને માટે તથા તેના વિજ્ઞાનને માટે પ્રશંસનીય પુરુષાર્થ કરતા નથી, ત્યાં સુધી પૂર્ણ વિદ્યાને પ્રાપ્ત કરી શકતા નથી. (૬)*

**न योरुपब्दिरश्व्यः शृण्वे रथस्य कच्चन। यदग्ने यासि दूत्यम्॥ ७॥**

પદાર્થ : હે अग्ने-અગ્નિની સમાન વિદ્યાથી પ્રકાશિત વિદ્વાન આપ જેમ उपब्दिः-અત્યંત શબ્દ કરનાર अश्व्यः-શીઘ્ર ચાલનાર યાનોમાં અત્યંત વેગકારક यत्-જે અગ્નિયુક્ત અને योः-ચાલનાર અને ચલાવનાર रथस्य-વિમાનાદિ યાન સમૂહની મધ્ય સ્થિર થઈને दूत्यम्-દૂતની સમાન પોતાના કર્મને यासि-પ્રાપ્ત થાય છે, હું તે અગ્નિની સમીપ અને શબ્દોને कच्चन-કદી न-ન श्रृण्वे-સાંભળીને किन्तु-પ્રાપ્ત થાઉં છું, તું પણ ન સાંભળીને પરંતુ પ્રાપ્ત થઈ શકે છે. (૭)

*ભાવાર્થ : મનુષ્યો શિલ્પ વિદ્યાથી સિદ્ધ કરેલ યાન અને યંત્રાદિમાં અત્યંત ગમન કરાવનાર અગ્નિની સમીપસ્થ શબ્દની નિકટ અન્ય શબ્દોને સાંભળી શકતા નથી. (૭)*

**त्वोतो वाज्यह्रयोऽभि पूर्वस्मादपरः। प्र दाश्वाँ अग्ने अस्थात्॥ ८॥**

પદાર્થ : હે अग्ने-વિદ્યાવાન જેમ अह्रयः-શીઘ્ર યાન માર્ગોને પ્રાપ્ત કરાવનાર અગ્નિ આદિ अपरः-અને ભિન્ન દેશ તથા ભિન્ન શિલ્પી = કારીગર त्वोतः-આપના સંગમને પ્રાપ્ત થયેલ वाजी-પ્રશંસાને યોગ્ય વેગવાન दाश्वान्-દાતા पूर्वस्मात्-પ્રથમ સ્થાનથી अभि-સન્મુખ प्रास्थात्-દેશ-દેશાન્તરમાં ચલાવનાર હોય છે, તેમ અન્ય મન આદિ પદાર્થો છે, તેમ તું જાણ. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ, કે શિલ્પવિદ્યાથી બનાવેલા યન્ત્રો વિના અગ્નિ વાહનો બનાવી શકાતા નથી. (૮)*

**उत द्युमत्सुवीर्यं बृहदग्ने विवाससि। देवेभ्यो देव दाशुषे॥ ९॥**

પદાર્થ : હે देव-દિવ્ય ગુણ, કર્મ અને સ્વભાવયુક્ત अग्ने-અગ્નિ સમાન પ્રજ્ઞા =બુદ્ધિથી પ્રકાશિત વિદ્વાન તું दाशुषे-આપવાના સ્વભાવવાળા કાર્યોના અધ્યક્ષ उत-અથવા देवेभ्यः-વિદ્વાનોને માટે द्युमत्-શ્રેષ્ઠ પ્રકાશયુક્ત बृहत्-મહાન सुवीर्यम्-શ્રેષ્ઠ પરાક્રમનું विवासति-સેવન કરે છે, તેમ અમે પણ તેનું સેવન કરીએ. (૯)

*ભાવાર્થ : વિદ્વાનો અને સેવકોએ વિદ્યા અને પુરુષાર્થ દ્વારા કાર્યોના સ્વામી વિદ્વાનોથી મહાન ઉપકાર ગ્રહણ કરવો જોઈએ. (૯)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, વિદ્વાન અને વિદ્યુત્ અગ્નિના ગુણોનું વર્ણન હોવાથી પૂર્વ સૂક્તાર્થની સાથે આ સૂક્તાર્થની સંગતિ જાણવી જોઈએ. (૭૪)

## સૂક્ત-૭૫

**जुषस्व॑ स॒प्रथ॑स्तमं॒ वचो॑ दे॒वप्स॑रस्तमम्। ह॒व्या जुह्वा॑न आ॒सनि॑॥ १ ॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! आसनि-પોતાના મુખમાં हव्या-ભોજન કરવા યોગ્ય પદાર્થોને जुह्वानः-ખાનાર આપ જે વિદ્વાનોના सप्रथस्तमम्-અતિ વિસ્તારયુક્ત देवप्सरस्तमम्-વિદ્વાનોએ અત્યંત ગ્રહણ કરવા યોગ્ય વ્યવહાર અને वचः-વચન છે, तम्-તેનું जुषस्व-સેવન કરો. (૧)

*ભાવાર્થ : જે મનુષ્યો ઉત્તમ ભોજનોથી બ્રહ્મચારી રહે છે, તેઓ શરીર અને આત્માના સુખને પ્રાપ્ત કરે છે. (૧)*

**अथा॑ ते अङ्गिरस्त॒माग्ने॑ वेधस्तम प्रि॒यम्। वो॒चेम॒ ब्रह्म॑ सान॒सि॥ २ ॥**

પદાર્થ : હે अङ्गिरस्तम-સમસ્ત વિદ્યાના જ્ઞાતા અને वेधस्तम-અત્યંત ધારણ કરનાર अग्ने-વિદ્વાન્ ! જેમ અમે વેદોને ભણીને अथ-તદનન્તર ते-તેને सानसि-સદાથી વિદ્યમાન प्रियम्-પ્રીતિકારક ब्रह्म-ચારેય વેદોને वोचेम-ઉપયોગ કરીએ, તેમ તું પણ કર. (૨)

*ભાવાર્થ : ઉપદેશ વિના કોઈ મનુષ્યને ઈશ્વર વિષયક અથવા વિદ્યુત્ આદિ વિષયક જ્ઞાન થવું સંભવ નથી, તેથી સર્વ મનુષ્યોએ ઉપદેશ કરવો અને સાંભળવો જોઈએ. (૨)*

**कस्ते॑ जा॒मिर्जना॑ना॒मग्ने॒ को दा॒श्व॑ध्वरः। को ह॒ कस्मि॑न्नसि॒ श्रि॒तः॥ ३ ॥**

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! जनानाम्-મનુષ્યોની મધ્ય ते-આપનો कः-કોણ મનુષ્ય ह-નિશ્ચય કરીને जामिः-જ્ઞાતા છે ? कः-કોણ दाश्वध्वरः-દાતા અને રક્ષક છે ? તું कः-કોણ છે ? અને कस्मिन्-શેમાં श्रितः-આશ્રિત असि-છે ? તે સર્વ વાતોનો ઉત્તર આપ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોમાં કોઈ દુર્લભ પરમેશ્વરના અને અગ્નિના જ્ઞાતા અને જ્ઞાન કરાવનાર હોઈ શકે છે, શા માટે ? એ બન્નેના અત્યંત આશ્ચર્ય-યુક્ત ગુણ-કર્મ-સ્વભાવ હોવાના કારણે (હોય છે). (૩)*

**त्वं जा॒मिर्जना॑ना॒मग्ने॑ मि॒त्रो अ॑सि प्रि॒यः। सखा॒ सखि॑भ्य॒ ईड्यः॥ ४॥**

પદાર્થ : હે अग्ने-પંડિત ! જે કારણે जनानाम्-મનુષ્યોને जामिः-જળની સમાન સુખ આપનાર मित्रः-સર્વના મિત્ર प्रियः-કામના-ઈચ્છાઓને પૂર્ણ કરનાર યોગ્ય વિદ્વાન त्वम्-આપ सखिभ्यः-સર્વના મિત્ર મનુષ્યોને ईड्यः-સ્તુતિ કરવા યોગ્ય सखा-મિત્ર હોય, તેનાથી સર્વને સેવન કરવા યોગ્ય વિદ્વાન असि-હોય. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે સદા મિત્ર બનીને સર્વેને વિદ્યાદિ શુભ ગુણ અને સુખ પ્રદાન કરે છે, તે (પરમેશ્વર અને વિદ્વાન)નું સેવન કેમ ન કરવું જોઈએ ? (૪)*

**यजा॑ नो मि॒त्रावरु॑णा॒ यजा॑ दे॒वाँ ऋ॒तं बृ॒हत्। अग्ने॒ यक्षि॒ स्वं दम॑म्॥ ५॥**

પદાર્થ : હે अग्ने-પૂર્ણ વિદ્યાવાન મનુષ્ય જે કારણે स्वम्-આપ પોતાના दमम्-ઉત્તમ સ્વભાવરૂપી ઘરને यक्षि-પ્રાપ્ત થાઓ છો; તેથી नः-અમારા માટે मित्रावरुणा-બલ અને પરાક્રમ કરનાર પ્રાણ અને ઉદાનને यज-નીરોગ કરો. बृहत्-મહાન વિદ્યાદિ-ગુણયુક્ત ऋतम्-સત્ય વિજ્ઞાનને यज-પ્રકાશિત કરો. (૫)

*ભાવાર્થ : જેમ પરમેશ્વરનો પરોપકાર માટે ન્યાય આદિ શુભ ગુણ આપવાનો સ્વભાવ છે, તેમ વિદ્વાનોએ પણ પોતાનો સ્વભાવ રાખવો જોઈએ. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, અગ્નિ અને વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૫)

## સૂક્ત-૭૬

**का त॒ उपे॑ति॒र्मन॑सो॒ वरा॑य॒ भुव॑दग्ने॒ शंत॑मा॒ का म॑नी॒षा।**
**को वा॑ य॒ज्ञैः परि॒ दक्षं॑ त आप॒ केन॑ वा ते॒ मन॑सा दाशेम॥ १॥**

પદાર્થ : હે अग्ने-શાન્તિદાયક વિદ્વાન્ ! ते-તું અતિશ્રેષ્ઠ વિદ્વાનની का-કોણ उपेतिः-સુખોને પ્રાપ્ત કરનારી નીતિ मनसः-ચિત્તની वराय-શ્રેષ્ઠતાને માટે भुवत्-થાય છે ? का-કોને शन्तमा-સુખપ્રાપક मनीषा-બુદ્ધિ થાય છે ? कः-કોણ મનુષ્ય वा-નિશ્ચય કરીને ते-આપના दक्षम्-બળને यज्ञैः-ભણવા-ભણાવવા આદિ યજ્ઞોને કરીને परि-સર્વત્રથી आप-પ્રાપ્ત થાય છે ? वा-અથવા અમે केन-કેવી રીતે मनसा-મનથી ते-આપને માટે શું दाशेम-આપીએ. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ પરમેશ્વરથી અથવા વિદ્વાનથી એવી પ્રાર્થના કરવી જોઈએ-'હે ભગવન્ ! આપ કૃપા કરીને અમારી શુદ્ધિને માટે જે શ્રેષ્ઠ કર્મ, શ્રેષ્ઠ બુદ્ધિ અને જે બળ છે, તે સર્વ (અમને) પ્રદાન કરો. જેથી અમે આપને જાણીને તથા પ્રાપ્ત કરીને સુખી બનીએ. (૧)*

**एह्य॑ग्न इ॒ह होता॒ नि षी॒दाद॑ब्धः॒ सु पु॑रए॒ता भ॑वा नः।**
**अव॑तां त्वा॒ रोद॑सी वि॒श्वमि॒न्वे यजा॑म॒हे सौ॑मन॒साय॑ दे॒वान्॥ २॥**

પદાર્થ : હે अग्ने-સર્વના ઉપકારક વિદ્વાન ! अदब्धः-અહિંસક અમારી સેવા કરવા યોગ્ય આપ इह-આ સંસારમાં होता-દાતા नः-અમને आ, इहि-પ્રાપ્ત થાઓ, सु-સારી રીતે नि-નિત્ય सीद-જ્ઞાન આપો, पुर एता-પ્રથમ પ્રાપ્ત કરનાર भव-થાઓ. જે त्वा-આપને विश्वमिन्वे-સમસ્ત સંસારને તૃપ્ત કરનાર रोदसी-વિદ્યા, પ્રકાશ અને ભૂગોળનું રાજ્ય અથવા આકાશ અને પૃથિવી अवताम्-પ્રાપ્ત થાય, તે આપ महे-મહાન सौमनसाय-મનમાંથી વેરભાવ છોડાવવા માટે देवान्-વિદ્વાન, દિવ્યગુણોને પોતાના

આત્મામાં यज-સંગત કરો. (૨)

*ભાવાર્થ : એ રીતે સત્યભાવથી પ્રાર્થના કરેલ પરમેશ્વર અથવા સેવા કરેલ ધાર્મિક વિદ્વાન મનુષ્યોને એ સર્વ સુખ આપે છે. (૨)*

**प्र सु विश्वान्रक्षसो धक्ष्यग्ने भवा यज्ञानामभिशस्तिपावा।**
**अथा वह सोमपतिं हरिभ्यामातिथ्यमस्मै चकृमा सुदाव्ने॥ ३॥**

પદાર્થ : હે अग्ने-દુષ્ટોને શિક્ષા કરનાર સભાધ્યક્ષ જે રીતે આપ विश्वान्-સર્વ रक्षसः-દુષ્ટ મનુષ્યો અથવા દોષોનો प्र-સારી રીતે धक्षि-નાશ કરો છો, તેથી यज्ञानाम्-જે જાણવા યોગ્ય શિલ્પ છે તેના સાધકોની अभिशस्तिपावा-હિંસાથી રક્ષા કરનાર सु-સારી રીતે भव-થાઓ. જેમ સૂર્ય हरिभ्याम्-ધારણ અને આકર્ષણથી સર્વ સુખોને પ્રાપ્ત કરાવે છે, તેમ सोमपतिम्-ઐશ્વર્યના સ્વામીને आवह-પ્રાપ્ત થાઓ. अथ-પશ્ચાત્ अस्मै-એ सुदाव्ने-વિદ્યા, વિજ્ઞાન, સુશિક્ષા અને રાજ્યાદિ ધનના દાતા આપને માટે અમે आतिथ्यम्-સત્કાર चकृम्-કરીએ છીએ. (૨)

*ભાવાર્થ : જેમ ઈશ્વરે સંસારમાં પ્રાણીઓને માટે સર્વ પદાર્થો પ્રદાન કરેલ છે, તેમ જે વિદ્યા અને સુશિક્ષા આપે તેનો સત્કાર મનુષ્યોએ કરવો જોઈએ, અન્યનો નહિ. (૩)*

**प्रजावता वचसा वह्निरासा च हुवे नि च सत्सीह देवैः।**
**वेषि होत्रमुत पोत्रं यजत्र बोधि प्रयन्तर्जनितर्वसूनाम्॥ ४॥**

પદાર્થ : હે यजत्र-દાતા वह्निः-સુખોને પ્રાપ્ત કરાવનાર તું इह-આ સંસારમાં देवैः-વિદ્વાનોની સાથે सत्सि-સભામાં प्रजावता-પ્રજાની સંમતિને અનુકૂળ वचसा-વચનોથી बोधि-બોધ કરાવે છે. જેથી होत्रम्-હવન કરવા યોગ્ય च-અને पोत्रम्-પવિત્ર કરનારી વસ્તુઓને उत-પણ नि-નિરંતર वेषि-પ્રાપ્ત કરે છે. जनितः-સુખોત્પાદક प्रयन्तः-પ્રયત્નથી તું જેમ वसूनाम्-પૃથિવ્યાદિ પદાર્થોને જાણનાર છે, તેમ હું आसा-મુખથી તારી च-અન્ય વિદ્વાનોની પણ आहुवे-સ્તુતિ કરું છું. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ પરમેશ્વરની અને ધાર્મિક વિદ્વાનોની સહાયતાથી પવિત્રતા ઉત્પન્ન કરીને સમસ્ત શ્રેષ્ઠ પદાર્થો પ્રાપ્ત કરવા જોઈએ. (૪)*

**यथा विप्रस्य मनुषो हविर्भिर्देवाँ अयजः कविभिः कविः सन्।**
**एवा होतः सत्यतर त्वमद्याग्ने मन्द्रया जुह्वा यजस्व॥ ५॥**

પદાર્થ : હે सत्यतर-અત્યંત સત્યાચારનિષ્ઠ होतः-સત્ય ગ્રહણ કરનાર દાતા अग्ने-વિદ્વાન यथा-જેમ કોઈ ધાર્મિક વિદ્વાન અથવા વિદ્યાર્થી विप्रस्य-બુદ્ધિમાન અધ્યાપક વિદ્વાન मनुषः-મનુષ્યને અનુકૂળ

બનીને સર્વનો સુખદાયક બને છે, તેમ एव-જ त्वम्-તું अद्य-અત્યારે कविभिः-પૂર્ણ વિદ્યાયુક્ત બહુદર્શી વિદ્વાનોની સાથે कविः-વિદ્વાન બહુદર્શી सन्-બનીને જે हविर्भिः-ગ્રહણ કરવા યોગ્ય ગુણ, કર્મ અને સ્વભાવોની સાથે देवान्-વિદ્વાન અને દિવ્ય ગુણોને अयजः-પ્રાપ્ત થાય છે, તે मन्द्राया-આનંદ કરનારી जुह्वा-દાન ક્રિયાથી અમને यजस्व-પ્રાપ્ત થાય. (૫)

*ભાવાર્થ : જેમ કોઈ મનુષ્ય વિદ્વાનો દ્વારા વિદ્યા પ્રાપ્ત કરીને, સર્વનો ઉપકારી બનીને, સર્વ પ્રાણીઓને સુખી કરીને તથા મનુષ્યોને વિદ્વાન બનાવીને આનંદિત થાય છે, તેમ જ "આપ્ત" મનુષ્ય હોય છે, એમ જાણવું જોઈએ. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર અને વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૬)

## સૂક્ત-૭૭

कथा दाशेमाग्नये कास्मै देवजुष्टोच्यते भामिने गीः।
यो मर्त्येष्वमृत ऋतावा होता यजिष्ठ इत्कृणोति देवान्॥ १ ॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ વિદ્વાનોની સાથે છીએ, તેમ यः-જે मर्त्येषु-મરણધર્મયુક્ત શરીરાદિમાં अमृतः-મૃત્યુરહિત ऋतावा-સત્ય ગુણ, કર્મ, સ્વભાવયુક્ત होता-દાતા અને ગ્રહણકર્તા यजिष्ठः-અત્યંત સત્સંગી देवान्-દિવ્યગુણ, દિવ્યપદાર્થ અને વિદ્વાનોને कृणोति-કરે છે. अस्मै-એ ઉપદેશક भामिने-દુષ્ટોપર ક્રોધકારક अग्नये-સત્યાસત્ય જણાવનારને માટે का-કોણ कथा-કયા હેતુથી देवजुष्टा-વિદ્વાનોની સેવિત गीः-વાણી उच्यते-કહેલ છે, તેને इत्-જ दाशेम-વિદ્યા પ્રદાન કરે, તેમ તમે પણ કરો. (૧)

*ભાવાર્થ : જેમ વિદ્વાન મનુષ્ય ઈશ્વરની સ્તુતિ અને વિદ્વાનોની સેવા કરીને તથા દિવ્ય ગુણોને પ્રાપ્ત કરીને સુખોને પ્રાપ્ત કરે છે, તેમ આપણે પણ (સુખ પ્રાપ્ત) કરવા જોઈએ. (૧)*

यो अध्वरेषु शंतम ऋतावा होता तमू नमोभिरा कृणुध्वम्।
अग्निर्यद्वेर्मर्त्ताय देवान्त्स चा बोधाति मनसा यजाति॥ २ ॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે यः-જે अग्निः-વિજ્ઞાન સ્વરૂપ પરમેશ્વર અથવા વિદ્વાન अध्वरेषु-સદા ગ્રહણ કરવા યોગ્ય યજ્ઞોમાં शन्तमः-અત્યંત આનંદદાતા તથા ऋतावा-શુભ ગુણ, કર્મ, સ્વભાવથી સત્ય છે, होता-સમસ્ત જગત અને વિજ્ઞાનના દાતા છે; તથા यत्-જે मर्त्ताय-મનુષ્યને માટે देवान्-વિજ્ઞાન આદિ શ્રેષ્ઠ ગુણોને बोधाति-સમ્યક જાણે च-અને यजाति-સંગતિ કરે એટલા માટે तम्-उ-તે પરમેશ્વર અથવા વિદ્વાનોને नमोभिः-નમસ્કાર અને અન્નોથી પ્રસન્ન आकृणुध्वम्-કરો. (૨)

*ભાવાર્થ : આપ્ત પુરુષ વિના મનુષ્યોને વિદ્યા ભણાવનાર કોઈ હોતા નથી અને તેને છોડીને અન્ય કોઈ સત્કાર કરવા યોગ્ય પણ હોતા નથી, એમ જાણવું જોઈએ. (૨)*

**स हि क्रतुः स मर्यः स साधुर्मित्रो न भूदद्भुतस्य रथीः।**
**तं मेधेषु प्रथमं देवयन्तीर्विश उप ब्रुवते दस्ममारीः॥ ३॥**

પદાર્થ : देवयन्तीः-કામનાયુક્ત आरीः-જ્ઞાનવાણી विशः-પ્રજા मेधेषु-ભણવા-ભણાવવા અને સંગ્રામ આદિ યજ્ઞોમાં तम्-તે दस्मम्-દુઃખનાશક સભાધ્યક્ષ માનીને प्रथमम्-સર્વોત્તમ उपब्रुवते-કહે છે, કે જે मित्रः-સર્વના મિત્ર न-જેવા भूत्-હોય सः-તે हि-જ સર્વ રીતે क्रतुः-બુદ્ધિ ને સુકર્મથી યુક્ત सः-તે જ मर्यः-માનવતા રાખનાર અને सः-તેજ साधुः-સર્વનો ઉપકાર કરનાર તથા શ્રેષ્ઠ માર્ગમાં ચાલનાર વિદ્વાન अद्भुतस्य-આશ્ચર્ય કર્મોથી યુક્ત સેનાનો रथीः-ઉત્તમ રથવાળો રથી થાય. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે સર્વોત્તમ ગુણ, કર્મ, સ્વભાવયુક્ત સજ્જન અને સર્વનો ઉપકારક મનુષ્ય હોય, તેને જ સભાપતિના રૂપમાં રાજા માનવો જોઈએ. કોઈ એક (મનુષ્ય)ની આજ્ઞામાં રાજ્ય વ્યવહારનો અધિકાર ન આપવો જોઈએ. પરંતુ શિષ્ટ લોકોની સભાને આધીન જ સર્વ કાર્યો રાખવા જોઈએ. (૩)*

**स नो नृणां नृतमो रिशादा अग्निर्गिरोऽवसा वेतु धीतिम्।**
**तना च ये मघवानः शविष्ठा वाजप्रसूता इषयन्त मन्म॥ ४॥**

પદાર્થ : જે नः-અમારી नृणाम्-મનુષ્યોની મધ્યે नृतमः-અતિ શ્રેષ્ઠ મનુષ્ય अग्निः-પાવકની સમાન અધિક જ્ઞાન પ્રકાશયુક્ત अवसा-રક્ષણ આદિથી गिरः-વાણી અને धीतिम्-ધારણાને ઇચ્છે છે. सः-તે મનુષ્ય અમારા મધ્યમાં સભાધ્યક્ષના અધિકારને वेतु-પ્રાપ્ત થાય. જે नृणाम्-મનુષ્યોમાં रिशादाः-શત્રુનાશક वाजप्रसूताः-વિજ્ઞાન આદિ ગુણોથી સુશોભિત शविष्ठाः-અત્યંત બળવાન मघवानः-પ્રશંસિત ધનયુક્ત तना-વિસ્તૃત ધનોની તથા मन्म-વિજ્ઞાન च-વિદ્યા આદિ શ્રેષ્ઠતમ્ ગુણોની इषयन्त-ઇચ્છા કરે છે. તેથી અમારી સભામાં તેઓ સભાસદ બને. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ પરમોત્તમ સભાધ્યક્ષ સહિત મનુષ્યોવાળી સભાનું નિર્માણ કરીને રાજ્ય વ્યવહારના પાલનના વિષયમાં ચક્રવર્તી રાજ્યનું શાસન કરવું જોઈએ. તેના વિના કદી કોઈનું રાજ્ય સ્થિર રહી શકતું નથી, તેથી સદા તેનું આચરણ કરીને, એકને રાજા માનવો જોઈએ નહિ. (૪)*

**एवाग्निर्गोतमेभिर्ऋतावा विप्रेभिरस्तोष्ट जातवेदाः।**
**स एषु द्युम्नं पीपयत्स वाजं स पुष्टिं याति जोषमा चिकित्वान्॥ ५॥**

પદાર્થ : गोतमेभिः-અત્યંત સ્તુતિ કરનારા विप्रेभिः-બુદ્ધિમાનોથી જે जातवेदाः-જ્ઞાન અને પ્રાપ્ત

થનાર ऋतावा-જેના ગુણ, કર્મ અને સ્વભાવ સત્ય છે अग्निः-તે ઈશ્વરની સ્તુતિ કરનાર અને अस्तोष्ट-જેની વિદ્વાન સ્તુતિ કરે છે एव-તે જ एषु-એ ધાર્મિક વિદ્વાનોમાં चिकित्वान्-જ્ઞાનવાન द्युम्नम्-વિદ્યાના પ્રકાશને પ્રાપ્ત કરે છે. सः-તે જ जोषम्-પ્રસન્નતા અને पुष्टिम्-ધાતુઓની સામ્યતાને आ याति પ્રાપ્ત કરે છે. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ ધાર્મિક વિદ્વાન આર્યજનોની સાથે નિવાસ કરીને, તેની સભામાં બેસીને તથા વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરીને સુખોનું સેવન કરવું જોઈએ. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, વિદ્વાન અને અગ્નિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૭)

## સૂક્ત-૭૮

**अभि त्वा गोतमा गिरा जातवेदो विचर्षणे। द्युम्नैरभि प्र णोनुमः॥ १॥**

પદાર્થ : હે जातवेदः-પદાર્થોના જ્ઞાતા विचर्षणे-સર્વ પ્રથમ દર્શન યોગ્ય પરમેશ્વર ! આપની જેમ गोतमाः-અત્યંત સ્તુતિ કરનાર द्युम्नैः-ધન અને વિમાનાદિ ગુણો તથા गिरा-ઉત્તમ વાણીઓની સાથે अभि-સર્વત્રથી સ્તુતિ કરીએ છીએ અને જેમ અમે अभि,-प्रणोनुमः-અત્યંત નમ્ર બનીને त्वा-આપની પ્રશંસા કરીએ છીએ; તેમ સર્વ મનુષ્યો કરે. (૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ પરમેશ્વરની ઉપાસના કરીને તથા આપ્ત વિદ્વાનોની સંગતિ કરીને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ. (૧)*

**तमु त्वा गोतमो गिरा रायस्कामो दुवस्यति। द्युम्नैरभि प्र णोनुमः॥ २॥**

પદાર્થ : હે ધનપતે रायस्कामः-ધનના ઈચ્છુક गोतमः-વિદ્વાન મનુષ્ય गिरा-વાણી દ્વારા त्वा-તારી दुवस्यति-સેવા કરે છે, તેમ तम् उ-તે આપની द्युम्नैः-શ્રેષ્ઠ કીર્તિની સાથે વર્તમાન અમે अभि-સર્વત્રથી प्रणोनुमः-અતિ પ્રશંસા કરીએ છીએ. (૨)

*ભાવાર્થ : પરમેશ્વરની ઉપાસના અને વિદ્વાનોના સંગ વિના મનુષ્યોને ધનની ઈચ્છાની પૂર્તિ શક્ય નથી. (૨)*

**तमु त्वा वाजसातममङ्गिरस्वद्धवामहे। द्युम्नैरभि प्र णोनुमः॥ ३॥**

પદાર્થ : હે વિદ્વન્ ! द्युम्नैः-પુણ્યરૂપી કીર્તિઓની સાથે જે वाजसातमम्-અત્યંત પ્રશંસિત બોધથી યુક્ત વિદ્વાનની તથા त्वा-આપની અમે हवामहे-સ્તુતિ કરીએ છીએ, उ-સારી રીતે अङ्गिरस्वत्-પ્રશંસિત પ્રાણની સમાન अभि-સર્વત્રથી प्रणोनुमः-સત્કાર કરીએ છીએ, તેમ તમે तम्-તેની સ્તુતિ અને પ્રણામ કરો. (૩)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે વિદ્વાનોને ઉક્ત રીતે સત્કારથી સંતુષ્ટ કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સિદ્ધ કરો. (૩)*

तमु त्वा वृत्रहन्तमं यो दस्यूँरवधूनुषे। द्युम्नैरभि प्र णोनुमः॥४॥

પદાર્થ : હે વિદ્વાન્ ! यः-જે त्वम्-તું दस्यून्-મહા દુષ્ટ ડાકુઓને अवधूनुषे-કંપાવીને નષ્ટ કરે છે. तम्-તે वृत्रहन्तमम्-મેઘ વરસાવનાર સૂર્યની સમાન त्वा-તારી द्युम्नैः-કીર્તિકારી શસ્ત્રો સહિત અમે अभि-સન્મુખ આવીને प्रणोनुमः-સ્તુતિ કરીએ. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે અજાતશત્રુ (= જેનો કોઈ શત્રુ ન હોય) સભાધ્યક્ષ = રાજા દુષ્ટાચારી શત્રુઓને પરાજિત કરે છે, તેની તમે સદા સેવા કરો. (૪)*

अवोचाम रहूगणा अग्नये मधुमद्वचः। द्युम्नैरभि प्र णोनुमः॥५॥

પદાર્થ : હે વિદ્વાનો ! रहूगणाः-અધર્મયુક્ત પાપીઓના સમૂહનો ત્યાગ કરનાર તમે જેમ द्युम्नैः-ઉત્તમ કીર્તિની સાથે વર્તમાન अग्नये-વિદ્વાનને માટે मधुमत्-મધુર वचः-વચન બોલો છો, તેમ અમે પણ अवोचाम-બોલીએ. જેમ અમે તેઓને अभि प्रणोनुमः-નમસ્કારાદિથી પ્રસન્ન કરીએ છીએ, તેમ તમે પણ કરો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોને ઉચિત છે, કે ધર્મયુક્ત કીર્તિવાળા મનુષ્યોની જ પ્રશંસા કરે, અન્યની નહિ. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર અને વિદ્વાનોના ગુણ કથનથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૮)

## સૂક્ત-૭૯

हिरण्यकेशो रजसो विसारेऽहिर्धुनिर्वातइव ध्रजीमान्।
शुचिभ्राजा उषसो नवेदा यशस्वतीरपस्युवो न सत्याः॥१॥

પદાર્થ : હે કુમારી બ્રહ્મચારિણી કન્યાઓ ! रजसः-ઐશ્વર્યની विसारे-સ્થિરતામાં हिरण्यकेशः હિરણ્ય-સુવર્ણ સમાન અથવા પ્રકાશમાન ન્યાયનો પ્રકાર કરનાર धुनिः-શત્રુઓને કંપાવનાર अहिः-મેઘની સમાન ध्रजीमान्-શીઘ્ર ચાલવાવાળો वात इव-વાયુની સમાન उषसः-પ્રાતઃકાળની સમાન शुचिभ्राजाः-પવિત્ર વિદ્યા, વિજ્ઞાનથી યુક્ત नवेदाः-અવિદ્યાનો નિષેધ કરનારી વિદ્યાયુક્ત यशस्वतीः-શ્રેષ્ઠ કીર્તિયુક્ત अपस्युवः-પ્રશસ્ત કર્મ કરનારીની न-સમાન તમે सत्याः-સત્ય ગુણ, કર્મ અને સ્વભાવયુક્તવાળી બનો. (૧)

*ભાવાર્થ : જે કન્યાઓ ચોવીસ વર્ષની વય સુધી બ્રહ્મચર્ય અને ઈન્દ્રિય સંયમપૂર્વક અંગો અને ઉપાંગો સહિત વેદ-વિદ્યાનું અધ્યયન કરે છે, તે જ મનુષ્ય જાતિને સુભૂષિત કરનારી હોય છે. (૧)*

आ ते सुपर्णा अमिनन्तँ एवैः कृष्णो नोनाव वृषभो यदीदम्।
शिवाभिर्न स्मयमानाभिरागात्पतन्ति मिहः स्तनयन्त्यभ्रा॥२॥

પદાર્થ : હે વિદ્વન્ ! આપ જેમ सुपर्णाः-કિરણો आऽमिनन्त-સર્વથી વર્ષાને પ્રેરણા કરે છે, एवैः-પ્રાપ્ત થનાર ગુણો સહિત कृष्णः-આકર્ષણ કરીને वृषभः-વરસાવનાર સૂર્ય इदम्-જળને વરસાવે છે, તેમ વિદ્યાની नोनाव-પ્રશંસિત વૃષ્ટિ કરે તથા स्मयमानाभिः-સદા પ્રસન્નમુખ शिवाभिः-શુભ ગુણ, કર્મ યુક્ત કન્યાઓની સાથે તેની સમાન બ્રહ્મચારીઓના વિવાહની न-સમાન સુખની यदि-જે अगात्-પ્રાપ્ત થાય; અને જેમ अभ्रा-મેઘ स्तनयन्ति-ગર્જે છે અને मिहः-વર્ષાથી જળ आपतन्ति-વરસાવે છે, તેમ વિદ્યાને વરસાવે તો ते-તને શું અપ્રાપ્ત થાય-અર્થાત્ સમસ્ત સુખ પ્રાપ્ત થાય. (૨)

*ભાવાર્થ : જે (વિદ્વાન્) બ્રહ્મચારીઓની (વિદુષી) બ્રહ્મચારિણી સ્ત્રી બને, તે કેમ સુખ પ્રાપ્ત ન કરે ? (૨)*

यदी॑मृ॒तस्य॒ पय॑सा॒ पिया॑नो॒ नय॑न्नृ॒तस्य॑ प॒थिभी॒ रजि॑ष्ठैः।
अ॒र्य॒मा मि॒त्रो वरु॑णः॒ परि॑ज्मा॒ त्वचं॑ पृञ्च॒न्त्युप॑रस्य॒ योनौ॑॥ ३ ॥

પદાર્થ : यत्-જ્યારે ऋतस्य-જળના पयसा-રસને पियानः-પીનાર रजिष्ठैः-અત્યંત ધૂળવાળા पथिभिः-માર્ગોથી उपरस्य-મેઘના योनौ-કારણ રૂપ મંડલમાં ईम्-જળને नयन्-પ્રાપ્ત કરાવીને अर्यमा-નિયન્તા સૂર્ય मित्रः-પ્રાણ वरुणः-ઉદાન અને परिज्मा-સર્વત્રથી ગમન-આગમનવાળો જીવ ऋतस्य-સત્યની त्वचम्-ત્વચા રૂપ ઉપરના ભાગથી पृञ्चन्ति-સંબંધ ધરાવે છે, ત્યારે સર્વના જીવનનો સંબંધ થાય છે. (૩)

*ભાવાર્થ : જ્યારે કાર્ય અને કારણમાં રહેલ પ્રાણ અને જળ આદિની સાથે જીવ સંબંધ ધરાવે છે-પ્રાપ્ત કરે છે, ત્યારે તે શરીર ધારણ કરવા માટે સમર્થ બને છે. (૩)*

अग्ने॒ वाज॑स्य॒ गोम॑त॒ ईशा॑नः सहसो यहो। अ॒स्मे धे॑हि जातवेदो॒ महि॒ श्रवः॑ ॥ ४॥

પદાર્થ : હે जातवेदः-પ્રાપ્ત વિજ્ઞાન अग्ने-વિદ્યુત્‌ની સમાન વિદ્યાના પ્રકાશથી યુક્ત વિદ્વાન્ ! सहसः-બળવાન પુરુષના यहो-પુત્ર गोतमः-ધનયુક્ત वाजस्य-અન્નના ईशानः-સ્વામી આપ अस्मे-અમારામાં महि-મહાન श्रवः-વિદ્યા શ્રવણને धेहि-ધારણ કરો. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્વાન માતા-પિતાઓનાં સંતાન બનીને તથા માતા-પિતા અને આચાર્યગણોથી શિક્ષિત બનીને પુષ્કળ અન્ન, ઐશ્વર્ય તથા વિદ્યાવાન બને, તેઓ અન્યોમાં એ સર્વની વૃદ્ધિ કરે. (૪)*

स इ॑धा॒नो वसु॑ष्क॒विर॒ग्निरी॒ळेन्यो॑ गि॒रा। रे॒वद॒स्मभ्यं॑ पुर्वणीक दीदिहि॥ ५॥

પદાર્થ : હે पुर्वणीक-બહુ જ સેનાઓથી યુક્ત જે તું જેમ બળતણથી अग्निः-અગ્નિ પ્રકાશિત થાય છે, તેમ इन्धानः-પ્રકાશમાન गिरा-વાણીથી ईळेन्यः-સ્તુતિ કરવા યોગ્ય वसुः-સુખમાં વાસ કરાવનાર અને कविः-સર્વ શાસ્ત્રનો જ્ઞાતા હોય છે सः-તે अस्मभ्यम्-અમારા માટે रेवत्-પુષ્કળ ધન કરનાર સર્વ વિદ્યાના શ્રવણને दीदिहि-પ્રકાશિત કરે. (૫)

*ભાવાર્થ : ... જેમ વિદ્યુત્, પ્રસિદ્ધ અગ્નિ અને સૂર્ય એ ત્રણેય રૂપોથી અગ્નિ સમસ્ત સ્થૂળ પદાર્થોને પ્રકાશિત કરે છે, તેમ ચારેય વેદોના જ્ઞાતા વિદ્વાન સમસ્ત વિદ્યાઓમાં પ્રકાશિત કરે છે.*

(૫)

क्षपो रा॑जन्नु॒त त्मनाग्ने॒ वस्तो॑रु॒तोषसः॑। स ति॑ग्मजम्भ र॒क्षसो॑ दह॒ प्रति॑॥ ६॥

પદાર્થ : હે तिग्मजम्भ-તીવ્ર મુખથી બોલનાર अग्ने-વિદ્વાન્ राजन्-ન્યાય અને વિનયથી પ્રકાશમાન તું त्मना-પોતાના આત્માથી જેમ સૂર્ય क्षपः-રાત્રિઓને નિવૃત્ત કરીને सः-તે वस्तोः-દિવસ उत-અને उषसः-પ્રભાતને વિદ્યમાન કરે છે, તેમ ધાર્મિક સજ્જનોમાં વિદ્યા અને વિનયનો પ્રકાશ કર उत-અને रक्षसः-દુષ્ટાચારિઓને प्रतिदह-પ્રત્યક્ષ દગ્ધ કર-બાળી નાખ. (૬)

*ભાવાર્થ : જેમ સૂર્ય સમીપસ્થ (= પોતાના ક્ષેત્રમાં રહેલ) જગતને પ્રકાશિત કરીને તથા વર્ષા કરીને સર્વની રક્ષા કરે છે-અને અંધકારનું નિવારણ કરે છે; તેમ રાજા લોકો ધાર્મિકોની રક્ષા કરીને તથા દુષ્ટોને દંડ આપીને રાજ્યની રક્ષા કરે. (૬)*

अवा॑ नो अग्न ऊ॒तिभि॑र्गाय॒त्रस्य॒ प्रभ॑र्मणि। विश्वा॑सु धी॒षु व॑न्द्य॥ ७॥

પદાર્થ : હે वन्द्य-અભિવાદન અને પ્રશંસા કરવા યોગ્ય अग्ने-વિજ્ઞાનસ્વરૂપ સભાધ્યક્ષ આપ ऊतीभिः-રક્ષા આદિથી गायत्रस्य-ગાયત્રીના પ્રગાથ વા આનંદકારક વ્યવહારનો प्रभर्मणि-જેમાં સારી રીતે રાજ્યાદિનું ધારણ હોય તે તથા विश्वासु-સર્વ प्रज्ञासु-બુદ્ધિઓમાં नः-અમારી अव-રક્ષા કરો. (૭)

*ભાવાર્થ : જે સભાધ્યક્ષ-રાજા આદિના દ્વારા બુદ્ધિનું ઉદ્‌બોધન કરવામાં આવે છે, તેનો મનુષ્યોએ સત્કાર કરવો જોઈએ. (૭)*

आ नो॑ अग्ने र॒यिं भ॑र सत्रा॒साहं॒ वरे॑ण्यम्। विश्वा॑सु पृ॒त्सु दु॒ष्टर॑म्॥ ८॥

પદાર્થ : હે अग्ने-દાનદાતા અને દાન અપાવનાર સભાધ્યક્ષ આપ नः-અમારા માટે विश्वासु-સર્વ पृत्सु-સેનાઓમાં सत्रासाहम्-સત્યને સહન કરે છે, જેથી તે वरेण्यम्-શ્રેષ્ઠ ગુણ અને સ્વભાવ થવાના હેતુ दुष्टरम्-શત્રુઓના દુઃખ (થી) તરવા યોગ્ય रयिम्-શ્રેષ્ઠ દ્રવ્ય સમૂહને आभर-સારી રીતે ધારણ કરો. (૮)

*ભાવાર્થ : સભાધ્યક્ષના આશ્રય વિના અને અગ્નિ આદિ પદાર્થોના ઉત્તમ પ્રયોગ વિના સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરી શકાતું નથી, તેમ મનુષ્યોએ જાણવું જોઈએ. (૮)*

आ नो॑ अग्ने सुचे॒तुना॑ र॒यिं वि॒श्वायु॑पोषसम्। मा॒र्डी॒कं धे॑हि जी॒वसे॑॥ ९॥

પદાર્થ : હે अग्ने-વિજ્ઞાન અને સુખ પ્રદાતા વિદ્વાન આપ नः-અમારા जीवसे-જીવન માટે सुचेतुना-શ્રેષ્ઠ વિજ્ઞાનથી યુક્ત विश्वायुपोषसम्-સંપૂર્ણ આયુભર પુષ્ટિકારક मार्डीकम्-સુખોથી સિદ્ધ કરનાર रयिम्-ધનને आधेहि-સર્વ રીતે ધારણ કરો. (૯)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા સારી રીતે સેવા કરેલ વિદ્વાન, સુશિક્ષા પ્રદાન કરીને પૂર્ણ આયુ પ્રાપ્ત કરાવનારી વિદ્યા અને ધનને પ્રદાન કરે છે. (૯)*

**प्र पूतास्तिग्मशोचिषे वाचो गोतमाग्नये। भरस्व सुम्नयुर्गिरः॥ १०॥**

પદાર્થ : હે गोतम्-અત્યંત સ્તુતિ અને सुम्नयुः-સુખની ઈચ્છા કરનાર વિદ્વાન ! તું तिग्मशोचिषे-તીક્ષ્ણ બુદ્ધિ પ્રકાશયુક્ત अग्नये-વિજ્ઞાનરૂપ અને વિજ્ઞાનયુક્ત વિદ્વાનને માટે पूताः-પવિત્ર કરનારી गिरः-વિદ્યાની શિક્ષા અને ઉપદેશથી યુક્ત વાણીઓને ધારણ કરે છે, તે वाचः-વાણીને प्रभरस्व-સર્વ રીતે ધારણ કર. (૧૦)

*ભાવાર્થ : જે કારણે પરમેશ્વર અથવા પરમ વિદ્વાન વિના કોઈ અન્ય સત્ય વિદ્યાઓને પ્રકાશિત કરી શકતા નથી, તેથી તે બન્નેનું સદા સમ્યક્ સેવન કરવું જોઈએ. (૧૦)*

**यो नो अग्नेऽभिदासत्यन्ति दूरे पदीष्ट सः। अस्माकमिद् वृधे भव॥ ११॥**

પદાર્થ : હે अग्ने-વિજ્ઞાનદાતા यः-જે વિદ્વાન આપ अन्ति-સમીપ અને दूरे-દૂર नः-અમારા માટે अभिदासति-અભીષ્ટ વસ્તુઓને આપો છો અને पदीष्ट-પ્રાપ્ત થાઓ છો, सः-તે આપ अस्माकम्-અમારી इत्-જ वृधे-વૃદ્ધિ-ઉન્નતિ કરનાર भव-થાઓ. (૧૧)

*ભાવાર્થ : જે અંદર અને બહાર વ્યાપ્ત પરમેશ્વર જ્ઞાન વિજ્ઞાપતિ કરે છે અને જે વિદ્વાન દૂર અને સમીપ રહીને સત્યોપદેશ દ્વારા વિદ્યાઓ પ્રદાન કરે છે, તેઓનું મનુષ્યોએ સેવન શા માટે ન કરવું જોઈએ ? (૧૧)*

**सहस्राक्षो विचर्षणिरग्नी रक्षांसि सेधति। होता गृणीत उक्थ्यः॥ १२॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ उक्थ्यः-સ્તુતિ કરવા યોગ્ય सहस्राक्षः-અસંખ્ય નેત્રોના સામર્થ્યયુક્ત विचर्षणिः-સાક્ષાત્ જોનાર होता-સર્વોત્તમ વિદ્યા આદિ પદાર્થોના દાતા अग्निः-પરમેશ્વર रक्षांसि-દુષ્ટ કર્મ અને દુષ્ટ કર્મવાળા પ્રાણીઓને सेधति-દૂર અને વેદોના गृणीते-ઉપદેશ કરે છે, તેમ તું પણ બન. (૧૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે એ જાણી લો, કે પરમેશ્વર અથવા વિદ્વાન જે કર્મોને કરવાનો ઉપદેશ આપે છે, તે (કર્મ) કરવા યોગ્ય છે અને જેનો નિષેધ કરે છે, તે ત્યાગ કરવા યોગ્ય છે. (૧૨)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિ, ઈશ્વર અને વિદ્વાનના ગુણોનું વર્ણન હોવાથી એના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૭૯)

## સૂક્ત-૮૦

**इत्था हि सोम इन्मदे ब्रह्मा चकार वर्धनम् ।**

शविष्ठ वज्रिन्नोजसा पृथिव्या निः शशा अहिमर्चन्ननु स्वराज्यम्॥ १ ॥

પદાર્થ : હે शविष्ठ-બળવાન वज्रिन्-શસ્ત્રાસ્ત્રવિદ્યાથી સંપન્ન સભાપતિ જેમ સૂર્ય अहिम्-મેઘને, જેમ ब्रह्मा-ચારેય વેદોના જ્ઞાતા ओजसा-પોતાનાં પરાક્રમથી पृथिव्याः-વિસ્તૃત ભૂમિનાં મધ્યે मदे-આનંદ અને सोमे-ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવનારમાં स्वराज्यम्-પોતાના રાજ્યની अन्वर्चन्-અનુકૂળતાથી સત્કાર કરીને इत्था-એ હેતુથી वर्धनम्-વૃદ્ધિ चकार-કરે છે, તેમ જ તું સમસ્ત અન્યાયાચરણોને इत्-हि-જ निश्शशाः-દૂર કરી દે છે. (૧)

*ભાવાર્થ : મનુષ્ય ચક્રવર્તી રાજ્ય કરવાની સાધન-સામગ્રીનું નિર્માણ કરીને તથા (તે રાજ્યનું) પાલન કરીને વિદ્યા અને સુખની ઉન્નતિ કરે. (૧)*

स त्वामदद् वृषा मदः सोमः श्येनाभृतः सुतः।

येना वृत्रं निरद्भ्यो जघन्थ वज्रिन्नोजसार्चन्ननु स्वराज्यम्॥ २ ॥

પદાર્થ : હે वज्रिन्-શસ્ત્ર અને અસ્ત્રની વિદ્યાને ધારણ કરનાર અને સભાધ્યક્ષ येन-જે ન્યાય વરસાવનાર અને મદ કરનારને જે બાજ પક્ષીની સમાન ધારણ કરવામાં આવે તે ઉત્પાદન કરેલ પદાર્થ સમૂહથી તું ओजसा-પરાક્રમથી स्वराज्यम्-પોતાના રાજ્યને अन्वर्चन्-શિક્ષાને અનુકૂળ કરેલ જેમ સૂર્ય अयभ्यः-જળને પૃથક્ કરી वृत्रम्-જળનો સ્વીકાર અર્થાત્ પથ્થર સમાન કઠિન કરીને મેઘને નિરંતર છિન્ન-ભિન્ન કરે છે, તેમ પ્રજાથી પૃથક્ કરીને પ્રજા સુખનો સ્વીકાર કરીને શત્રુને निर्जघन्थ-છિન્ન-ભિન્ન કરો છો सः-તે वृषा, मदः, श्येनाभृतः, सुतः-ઉક્ત ગુણવાળા सोमः-પદાર્થોનો સમૂહ त्वा-તને अमदत्-આનંદિત કરાવે. (૨)

*ભાવાર્થ : પુરુષોએ જે પદાર્થો અને કર્મોથી પ્રજા પ્રસન્ન થાય, તેથી તેની ઉન્નતિ કરવી જોઈએ. શત્રુઓનું નિવારણ કરીને સદા ધર્મરાજ્યની પ્રશંસા કરવી જોઈએ. (૨)*

प्रेह्यभीहि धृष्णुहि न ते वज्रो नि यंसते।

इन्द्र नृम्णं हि ते शवो हनो वृत्रं जया अपोऽर्चन्ननु स्वराज्यम्॥ ३ ॥

પદાર્થ : હે इन्द्र-પરમ સુખકારક જેમ સૂર્યનો वज्रः-કિરણ સમૂહ वृत्रम्-મેઘને हनः-મારીને તથા अपः-જળને निर्यसते-નિયમમાં રાખે છે, તેમ જે ते-પોતાનાં શત્રુઓ છે તેનું હનન કરીને स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને हि-નિશ્ચયપૂર્વક नृम्णम्-ધનને प्रेहि-પ્રાપ્ત થાય, शवः-બળની अभीहि-સર્વત્રથી વૃદ્ધિ કરે, શરીર અને આત્માના બલથી धृष्णुहि-દૃઢ થાય તથા जयाः-જીતને પ્રાપ્ત કરે, એ રીતે કરવાથી ते-આપનો પરાજય न-થાય નહિ. (૩)

*ભાવાર્થ : જેમ રાજપુરુષ સૂર્યની સમાન પ્રસિદ્ધ યશવાન હોય છે, તે રાજ્યના ઐશ્વર્યનો ઉપભોગ કરનાર બને છે. (૩)*

निरि॑न्द्र भूम्या॒ अधि॑ वृ॒त्रं ज॑घन्थ॒ निर्दि॒वः।
सृ॒जा म॒रुत्व॑तीर॒व जी॒वध॑न्या इ॒मा अ॒पोऽर्च॒न्ननु॑ स्व॒राज्य॑म्॥४॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્ય પ્રદાતા ! તું જેમ સૂર્ય वृत्रम्-મેઘનું તાડન કરીને भूम्याः-પૃથિવીની अधि-ઉપર इमाः-એ जीवधन्याः-જીવોના ધન આદિની સિદ્ધિમાં હિતકારક मरुत्वतीः-મનુષ્યાદિ પ્રજાઓના વ્યવહારોને સિદ્ધ કરનાર अपः-જળને निर्जघन्थ-નિત્ય પૃથિવીમાં પહોંચાડે છે અને दिवः-પ્રકાશોને પ્રકટ કરે છે, તેમ અધર્મીઓને દંડ આપીને ધર્માચારનો પ્રકાશ કરીને स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-યથાયોગ્ય સત્કાર કરીને પ્રજાશાસન કર્યા કર અને અનેક પ્રકારના સુખોને निरवसृज-નિરંતર સિદ્ધ કર. (૪)

*ભાવાર્થ : જે રાજ્ય કરવાની ઈચ્છા કરે તે વિદ્યા, ધર્મ અને વિનયનો પ્રચાર કરીને તથા સ્વયં ધાર્મિક બનીને પ્રજાઓ પ્રત્યે, પિતા સમાન વર્તન કરે. (૪)*

इन्द्रो॑ वृ॒त्रस्य॒ दोध॑तः॒ सानुं॒ वज्रे॑ण हीळि॒तः।
अ॒भि॒क्रम्याव॑ जिघ्नते॒ऽपः सर्मा॑य चो॒दय॒न्नर्च॒न्ननु॑ स्व॒राज्य॑म्॥५॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ इन्द्रः-સૂર્ય वज्रेण-કિરણોથી वृत्रस्य-મેઘના अपः-જળને अभिक्रम्य-આક્રમણ કરીને सानुम्-મેઘના શિખરોનું છેદન કરે છે, તેમ स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને રાજ जिघ्नते-હનન કરનાર सर्माय-પ્રાપ્ત થયેલ શત્રુના પરાજયને માટે પોતાની સેનાઓને चोदयन्-પ્રેરિત કરીને दोधतः-ક્રોધિત શત્રુના બલના આક્રમણથી સેનાને છિન્ન-ભિન્ન કરીને हीळितः-પ્રજાઓથી અનાદરને પ્રાપ્ત થઈને શત્રુ પર ક્રોધ अव-કર. (૫)

*ભાવાર્થ : જે લોકો સૂર્યની સમાન અવિદ્યાને દૂર કરીને, વિદ્યાને પ્રકાશિત કરીને તથા દુષ્ટોને દંડિત કરીને ધાર્મિકોનો સત્કાર કરે છે, તે વિદ્વાનોમાં સન્માનિત થાય છે. (૫)*

अधि॒ सानौ॒ नि जि॑घ्नते॒ वज्रे॑ण श॒तप॑र्वणा।
म॒न्दा॒न इन्द्रो॒ अन्ध॑सः॒ सखि॑भ्यो गा॒तुमि॑च्छ॒त्यर्च॒न्ननु॑ स्व॒राज्य॑म्॥६॥

પદાર્થ : હે રાજન્ ! જેમ इन्द्रः-વિદ્યુત્ અગ્નિ शतपर्वणा-અસંખ્ય સર્વોત્તમ કર્મોથી યુક્ત वज्रेण-પોતાના કિરણોથી મેઘના सानावधि-અવયવો પર પ્રહાર કરીને निजिघ्नते-પ્રકાશને રોકનાર મેઘને માટે સદા પ્રતિકૂળ રહે છે, તેમ જ જે આપ गातुम्-ઉત્તમ રીતે શિક્ષાયુક્ત વાણીની इच्छति-ઈચ્છા કરો છો, તે सखिभ्यः-મિત્રોને માટે मन्दानः-આનંદની વૃદ્ધિ કરીને તથા स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને अन्धसः-અન્નના દાતા બનો. (૬)

*ભાવાર્થ : જેમ સમસ્ત સંસારનો ઉપકારકર્તા સૂર્ય છે, તેમ સભા આદિના અધ્યક્ષ આદિ હોવા*

જોઈએ. (૬)

इन्द्र तुभ्यमिदद्रिवोऽनुत्तं वज्रिन्वीर्यम्।
यद्ध त्यं मायिनं मृगं तमु त्वं माययावधीरर्चन्ननु स्वराज्यम्॥ ७॥

પદાર્થ : હે अद्रिवः-મેઘ શિખર સમાન, પર્વતાદિ યુક્ત સ્વરાજ્યથી અલંકૃત वज्रिन्-અત્યુત્તમ શસ્ત્રાસ્ત્રોથી યુક્ત इन्द्र-સભાના ઈશ ! यत्-જેથી त्यम्-તે मायिनम्-કપટી मृगम्-મૃગની સમાન પદાર્થ ભોગવનારને मायया-બુદ્ધિથી ह-નિશ્ચયપૂર્વક अवधीः-હનન કરે છે. दिवः-સૂર્યની સમાન अनुत्तम्-સ્વાધીન પુરુષાર્થથી ગ્રહણ કરેલ वीर्यम्-પરાક્રમને ગ્રહણ કરીને स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને तमु-તે દુષ્ટને દંડ આપે છે, તે तुभ्यमित्-તારા માટે સર્વોત્તમ ધન અમે આપીએ. (૭)

*ભાવાર્થ : જે પ્રજાના પાલન માટે સૂર્યની સમાન પોતાના બળ, ન્યાય તથા વિદ્યાને પ્રકાશિત કરીને કપટી લોકોને બંધ કરી દે છે-દંડિત કરે છે, તેઓ રાજ્યની વૃદ્ધિ અને 'કર' પ્રાપ્ત કરવાને સમર્થ બને છે. (૭)*

वि ते वज्रासोऽअस्थिरन्नवतिं नाव्याऽअनु।
महत्त इन्द्र वीर्यं बाह्वोस्ते बलं हितमर्चन्ननु स्वराज्यम्॥ ८॥

પદાર્થ : હે इन्द्र ! જે ते-તારી वज्रासः-શસ્ત્રાસ્ત્રયુક્ત દૃઢતર સેના नवतिम्-નેવું नाव्याः-તારનારી નૌકાઓને अनुव्य-स्थिरन्-અનુકૂળતાથી વ્યવસ્થિત કરે છે અને જે ते-તારી बाह्वोः-ભુજાઓમાં महत्-મહાન वीर्यम्-પરાક્રમ અને ते-તારી ભુજાઓમાં बलम्-બળ हितम्-રહેલ છે, તેનાથી स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-યથાવત્ સત્કાર કરીને તું રાજ્ય લક્ષ્મીને પ્રાપ્ત કર. (૮)

*ભાવાર્થ : જે રાજ્યની વૃદ્ધિ-ઉન્નતિ ઈચ્છે, તે વિશાળ અગ્નિ (થી સંચાલિત) અશ્વતરી નામક નૌકાઓનું નિર્માણ કરે અને તેના દ્વારા અન્ય દ્વીપાન્તરોમાં ગમનાગમન કરીને વ્યવહાર સંબંધી લાભોની વૃદ્ધિ કરીને પોતાના રાજ્યને ધન-ધાન્યોથી સુભૂષિત કરે. (૮)*

सहस्रं साकमर्चत परि ष्टोभत विंशतिः।
शतैनमन्वनोनवुरिन्द्राय ब्रह्मोद्यतमर्चन्ननु स्वराज्यम्॥ ९॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે સભાધ્યક્ષ ! स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરતા વર્તમાન રહે છે. एनम्-તેનો આશ્રય કરીને તે પોતાના રાજ્યને સર્વ રીતે અધર્માચરણથી परिष्टोमत રોકો साकम्-પરસ્પર મળીને सहस्त्रम्-અસંખ્ય ગુણોથી યુક્ત પુરુષો સહિત अर्चत्-સત્કાર કરો, જેને विंशतिः-વીસ शता-સો अनु-અનુકૂળતાથી अनोनवुः-સ્તુતિ કરો. જે उद्यतम्-પ્રસિદ્ધ ब्रह्म-વેદ અને અન્નને अर्चन्-સત્કાર કરીને વર્તે છે, તે इन्द्राय-અધિક સંપત્ વાળા સભાધ્યક્ષને માટે અનુકૂળ બનીને

સ્તુતિ કરો. (૯)

*ભાવાર્થ : વિરોધના ત્યાગ વિના પરસ્પર સુખ કદી થઈ શકતું નથી. મનુષ્યોએ વિદ્યા અને ઉત્તમ સુશિક્ષાથી રહિત અને નિંદિત મનુષ્યને સભા આદિનો અધ્યક્ષ બનાવવો નહિ. (૯)*

इन्द्रो वृत्रस्य तविषीं निरहन्त्सहसा सहः।
महत्तदस्य पौंस्यं वृत्रं जघन्वाँ असृजदर्चन्ननु स्वराज्यम्॥ १०॥

પદાર્થ : જે इन्द्रः-વિદ્યુત્ રૂપ સૂર્ય वृत्रम्-મેઘને નષ્ટ કરવા સમાન શત્રુને जघन्वान्-મારતા નિરંતર હનન કરે છે તથા જે सहसा-બળથી સૂર્ય જેમ वृत्रस्य-મેઘના બળને તેમ શત્રુના બલને तविषीम्-બળને निरहन्-નિરંતર હનન કરીને તથા स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને સુખને असृजत्-ઉત્પન્ન કરે છે, तत्-તે જ अस्य-એના महत्-મહાન पौंस्यम्-પુરુષાર્થરૂપ બળના सहः-સહનનો હેતુ છે. (૧૦)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાનાં મહાન બળ અને તેજથી આકૃષ્ટ કરીને પ્રકાશિત થાય છે, તેમ જ સભા આદિના અધ્યક્ષ આદિએ મહાન બળ (= પ્રયત્નથી શુભ ગુણોથી આકૃષ્ણ (= ધારણ) કરીને ન્યાયના પ્રકાશથી રાજ્ય પર શાસન કરવું જોઈએ. (૧૦)*

इमे चित्तव मन्यवे वेपेते भियसा मही।
यदिन्द्र वज्रिन्नोजसा वृत्रं मरुत्वाँ अवधीरर्चन्ननु स्वराज्यम्॥ ११॥

પદાર્થ : હે वज्रिन्-શસ્ત્ર વિદ્યાના સમ્યક્ જ્ઞાતા इन्द्र-સભાધ્યક્ષ રાજન यत्-જે तव-આપની ओजसा-સેનાના બળથી, જેમ સૂર્યના આકર્ષણ અને તાડનથી इमे-એ मही-લોક वेपेते-કંપે છે, તેની સમાન જે આપ भियसा-ભય બળથી मन्यवे-ક્રોધની શાન્તિને માટે શત્રુજન अनु-અનુકૂળ બનીને કંપિત રહે છે જેમ मरुत्वान्-બહુ જ વાયુથી યુક્ત સૂર્ય वृत्रम्-મેઘને મારે છે, તેમ જ स्वराज्यम्-પોતાના રાજ્યનો अर्चन्-સત્કાર કરીને चित्-અને શત્રુને अवधीः-માર્યા કર. (૧૧)

*ભાવાર્થ : જેમ સભા પ્રબંધના કારણે પ્રજાઓ સુખપૂર્વક ઉત્તમ માર્ગ દ્વારા ગમનાગમન કરે છે, તેમ સૂર્યનાં આકર્ષણથી સમસ્ત ભૂગોળ ગમનાગમન કરે છે.*

*જેમ સૂર્ય મેઘને મારીને જળથી પ્રજાઓનું પાલન કરે છે, તેમ સભા અને સભા આદિના અધ્યક્ષ બન્ને, શત્રુ અને અન્યાયનો નાશ કરીને વિદ્યા તથા ન્યાયના પ્રચારથી પ્રજાઓનું પાલન કરે. (૧૧)*

न वेपसा न तन्यतेन्द्रं वृत्रो वि बीभयत्।
अभ्येनं वज्र आयसः सहस्रभृष्टिरायतार्चन्ननु स्वराज्यम्॥ १२॥

પદાર્થ : હે સભાપતે ! स्वराज्यमन्वर्चन्-પોતાના રાજ્યનો સત્કાર કરતા તું જેમ वृत्रः-મેઘ वेपसा-વેગથી इन्द्रम्-સૂર્યને न विबीभयत्-ભય પમાડી શકતો નથી અને તે મેઘ (ગર્જના અને) પ્રકાશ કરેલી

तन्यता-વિદ્યુત્‌થી પણ ભયને न-પમાડી શકતો નથી. एनम्-એ મેઘની ઉપર સૂર્યપ્રેરિત सहस्त्रभृष्टिः-હજારો પ્રકારના દાહથી યુક્ત आयसः-લોહના શસ્ત્ર અથવા આગ્નેયાસ્ત્રની સમાન वज्रः-વજ્ર રૂપ કિરણ अभ्यायत-સર્વત્રથી પ્રાપ્ત થાય છે, તેમ આપ શત્રુઓ પર થાઓ. (૧૨)

*ભાવાર્થ : જેમ મેઘ આદિ સૂર્યનો પરાજય કરી શકતા નથી, તેમ શત્રુઓ ધાર્મિક સભાને તથા સભા આદિના અધ્યક્ષને પરાજિત કરી શકતા નથી. (૧૨)*

यद् वृत्रं तव चाशनिं वज्रेण समयोधयः।
अहिमिन्द्र जिघांसतो दिवि ते बद्बधे शवोऽर्चन्ननु स्वराज्यम्॥ १३॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યયુક્ત સભાપતિ ! स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને તું यत्-જેમ दिवि-આકાશમાં સૂર્ય अशनिम्-વિદ્યુત્‌નો પ્રહાર કરીને वृत्रम्-કુટિલ अहिम्-મેઘનું बद्बधे-હનન કરે છે, તેમ वज्रेण-શસ્ત્રાસ્ત્રો સહિત પોતાની સેનાઓનો શત્રુઓની સાથે समयोधयः-સારી રીતે યુદ્ધ કરીને શત્રુઓને जिघांसतः-મારનાર तव-આપના शवः-બળ અર્થાત્ સેનાનો વિજય થાય એ રીતે કરનાર ते-આપના च-યશની વૃદ્ધિ થશે. (૧૩)

*ભાવાર્થ : જેમ સૂર્ય કિરણ-સમૂહ દ્વારા વિદ્યુત્‌ને મેઘ સાથે લડાવે છે, તેમ જ સેનાધ્યક્ષ આગ્નેયાસ્ત્રથી સંપન્ન સેનાને શત્રુસેના સાથે લડાવે-યુદ્ધ કરાવે. એવા સેનાપતિની કદીપણ હાર થઈ શકતી નથી. (૧૩)*

अभिष्टने ते अद्रिवो यत्स्था जगच्च रेजते।
त्वष्टा चित्तव मन्यव इन्द्र वेविज्यते भियार्चन्ननु स्वराज्यम्॥ १४॥

પદાર્થ : હે अद्रिवः-બહુ મેઘયુક્ત સૂર્યસમાન इन्द्र-પરમૈશ્વર્યયુક્ત સભાધ્યક્ષ यत्-જ્યારે ते-આપના अभिष्टने-સર્વથા ઉત્તમ ન્યાયયુક્ત વ્યવહારમાં स्थाः-સ્થાવર जगच्च-અને જંગમ रेजते-કંપાયમાન થાય છે તથા જે त्वष्टा-શત્રુચ્છેદક સેનાપતિ છે, तव-તેના मन्यवे-ક્રોધને માટે भियाचित्-ભયથી પણ वेविज्यते-ઉદ્વિગ્ન થાય છે, ત્યારે આપ स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-સત્કાર કરીને સુખી બની શકો છો. (૧૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, જેમ સૂર્યના યોગથી પ્રાણીઓ પોતાના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે અને ભૂગોળ અનુક્રમથી (પોતાની કક્ષામાં) ભ્રમણ કરે છે, તેમ જ સભા દ્વારા શાસિત રાજ્યના યોગથી સંપૂર્ણ પ્રાણીઓ ધર્મપૂર્વક પોતાના વ્યવહારમાં વર્તમાન રહીને સન્માર્ગમાં ચાલે છે, એમ જાણવું જોઈએ. (૧૪)*

नहि नु यादधीमसीन्द्रं को वीर्या परः।
तस्मिन्नृम्णमुत क्रतुं देवा ओजांसि सं दधुरर्चन्ननु स्वराज्यम्॥ १५॥

પદાર્થ : જે परः-ઉત્તમ ગુણયુક્ત રાજા स्वराज्यम्-પોતાના રાજ્યનો अन्वर्चन्-અનુકૂળતાથી સત્કાર

કરીને આચરણ કરે છે. જે રાજ્યમાં देवाः-દિવ્યગુણયુક્ત વિદ્વાનો नृम्णम्-ધનને क्रतुम्-અને બુદ્ધિ તથા પુરુષાર્થને उत-અને પણ ओजांसि-શરીર, આત્મા અને મનના પરાક્રમોને संदधुः-ધારણ કરે છે તથા જે પરમાત્માને પ્રાપ્ત થઈને અમે वीर्या-વિદ્યા આદિ વીર્યોને अधिमसि-પ્રાપ્ત થાય તે इन्द्रम्-અનન્ત પરાક્રમી જગદીશ્વર અથવા પૂર્ણ વીર્ય યુક્ત રાજાને પ્રાપ્ત થઈને कः-કોણ પુરુષ ધનને नु-શીઘ્ર नहि-यात्-પ્રાપ્ત થાય તે રાજ્યમાં કોણ પુરુષ ધનને તથા બુદ્ધિ અને પુરુષાર્થ તથા બલને શીઘ્ર ધારણ નથી કરતો ? (૧૫)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય પરમેશ્વર અને વિદ્વાનને પ્રાપ્ત કર્યા વિના વિદ્યા, શુદ્ધ બુદ્ધિ ને શ્રેષ્ઠ સામર્થ્ય પ્રાપ્ત કરી શકતો નથી, તેથી તેઓનો સર્વેએ સદા આશ્રય લેવો જોઈએ. (૧૫)*

यामथर्वा मनुष्पिता दध्यङ् धियमत्नत।
तस्मिन्ब्रह्माणि पूर्वथेन्द्र उक्था समग्मतार्चन्ननु स्वराज्यम्॥ १६ ॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ स्वराज्यम्-પોતાના રાજ્યની ઉન્નતિથી સર્વનું अन्वर्चन्-સત્કાર કરીને दध्यङ्-ઉત્તમ ગુણોને પ્રાપ્ત થનાર अथर्वा-હિંસાદિ દોષ રહિત पिता-વેદના પ્રવક્તા અધ્યાપક અને मनुः-વિજ્ઞાનયુક્ત મનુષ્ય એ याम्-જે धियम्-શુભ વિદ્યા આદિ ગુણ ક્રિયાને ધારણ કરનારની બુદ્ધિને પ્રાપ્ત થઈને જે વ્યવહારમાં સુખોને अत्नत-વિસ્તાર કરે છે તેમ આને પ્રાપ્ત થઈ तस्मिन्-તે વ્યવહારમાં સુખોનો વિસ્તાર કરો; અને જે इन्द्रे-સારી રીતે સેવિત પરમેશ્વરમાં पूर्वथा-પૂર્વ પુરુષોની સમાન ब्रह्माणि-શ્રેષ્ઠ અન્ન, ધન उक्था-કહેવા યોગ્ય વચન પ્રાપ્ત થાય છે, तस्मिन्-તેનું સેવન કરીને તમે પણ તેને समग्मत-પ્રાપ્ત થાઓ. (૧૬)

*ભાવાર્થ : મનુષ્યોએ પરમેશ્વરના ઉપાસકો અને વિદ્વાનોના સંગમાં પ્રીતિ રાખનાર મનુષ્યોનું અનુકરણ કરીને, ઉત્તમ બુદ્ધિ, અતિ શ્રેષ્ઠ અન્ન, ધન અને વેદવિદ્યાથી સિંચિત ભાષણોને પ્રાપ્ત કરીને તેનું સર્વને દાન કરવું જોઈએ. (૧૬)*

સંગતિ : આ સૂક્તમાં સભા આદિના અધ્યક્ષ, સૂર્ય, વિદ્વાન અને ઈશ્વર શબ્દાર્થનું વર્ણન કરવાથી પૂર્વસૂક્તની સાથે આ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૮૦)

## સૂક્ત-૮૧

इन्द्रो मदाय वावृधे शवसे वृत्रहा नृभिः।
तमिन्महत्स्वाजिषूतेमर्भे हवामहे स वाजेषु प्र नोऽविषत्॥ १ ॥

પદાર્થ : અમે જે वृत्रहा-સૂર્યની સમાન इन्द्रः-સેનાપતિ नृभिः-શૂરવીર નાયકોની સાથે शवसे-બળ અને मदाय-આનંદને માટે वावृधे-વધે છે. જે महत्सु-મહાન आजिषु-સંગ્રામોમાં उतापि-અને अर्भे-નાના સંગ્રામોમાં हवामहे-બોલાવે છે અને तमित्-તેને ईम्-સર્વ રીતે સેનાધ્યક્ષ કહે છે. सः-તે वाजेषु- સંગ્રામોમાં नः-અમારી प्राविषत्-સારી રીતે રક્ષા કરે. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ જે પૂર્ણ વિદ્યાવાન, બલિષ્ઠ, ધાર્મિક, સર્વના હિતૈષી, શસ્ત્રાસ્ત્રોને ચલાવવામાં અને તેની શિક્ષા આપવામાં નિપુણ; કર્મચારીઓ, વીરો તથા યોદ્ધાઓ પ્રત્યે પિતા સમાન વ્યવહાર કર્તા અને દેશ-કાળ અનુસાર યુદ્ધ કરવા માટે અવસરને અનુરૂપ કરવા યોગ્ય વ્યવહારનો જ્ઞાતા હોય, તેને સેનાપતિ બનાવવો જોઈએ અન્યને નહિ. (૧)*

**असि॒ हि वी॑र॒ सेन्यो॒ऽसि॒ भूरि॑ पराद॒दिः।**

**असि॑ द॒भ्रस्य॑ चिद् वृ॒धो यज॑मानाय शिक्षसि सु॒न्व॒ते भूरि॑ ते॒ वसु॑॥ २॥**

પદાર્થ : હે વીર સેનાપતે ! જે તું हि-નિશ્ચય કરીને भूरि-બહુ જ सेन्यः-સેનાયુક્ત असि-છે, भूरि-બહુ જ પ્રકારથી परादद्दिः-શત્રુઓના બળને નષ્ટ કરી ગ્રહણ કરનાર છે, दभ्रस्य-નાના चित्-અને महतः-મહાન યુદ્ધને જીતનાર असि-છે, वृधः બળથી વધનાર વીરોને शिक्षसि-શિક્ષા આપનાર છે, તે सुन्वते-વિજયની પ્રાપ્તિ કરનાર यजमानाय-સુખદાતાને ते-તારા માટે भूरि-પુષ્કળ वसु-ધન પ્રાપ્ત થાય. (૨)

*ભાવાર્થ : જેમ સેનાપતિઓ દ્વારા સેનાને સદા શિક્ષિત, પાલન અને હર્ષિત કરવામાં આવે છે, તેમ સૈનિકોના દ્વારા પણ સેનાપતિઓનું પાલન અને તેને આનંદિત કરવા યોગ્ય છે. (૨)*

**यदु॒दीर॑त आ॒जयो॑ धृ॒ष्णवे॑ धीयते॒ धना॑।**

**यु॒क्ष्वा म॑द॒च्युता॒ हरी॒ कं हनः॒ कं वसौ॑ दधो॒ऽस्माँ इ॑न्द्र॒ वसौ॑ दधः॥ ३॥**

પદાર્થ : હે इन्द्र-સેનાના સ્વામી ! यत्-જ્યારે आजयः-સંગ્રામ उदीरते-ઉત્કૃષ્ટતાથી પ્રાપ્ત થાય, ત્યારે धृष्णवे-દૃઢતાને માટે धना-ધનોને धीयते-કરે છે, તે તું मदच्युता-બહુ જ બળવાન हरी-ઘોડાઓને રથાદિમાં युक्ष्व-યુક્ત કર, कं-કોઈ શત્રુને हनः-માર; कं-કોઈ મિત્રને वसौ-ધન કોશમાં दधः-ધારણ કર અને अस्मान्-અમને वसौ-ધનમાં दधः-અધિકારી કર. (૩)

*ભાવાર્થ : જ્યારે યુદ્ધ કરવું હોય, ત્યારે સેનાપતિ લોકો વાહન, શસ્ત્ર, અસ્ત્ર, ભોજન, વસ્ત્ર આદિની સામગ્રી પૂરી સંગ્રહ કરીને, થોડા શત્રુઓને મારીને, થોડાને મિત્ર બનાવીને તથા તેનો સત્કાર કરીને, યુદ્ધ આદિ કાર્યોમાં ધાર્મિકોને સંયુક્ત કરીને, તેને યુક્તિ પર યુદ્ધ કરાવીને અને સ્વયં યુદ્ધ કરીને-લડીને નિરંતર વિજય પ્રાપ્ત કરે. (૩)*

**क्रत्वा॑ म॒हाँ अ॑नुष्व॒धं भी॒म आ वा॑वृधे॒ शवः॑।**

**श्रि॒य ऋ॒ष्व उ॑पा॒कयो॒र्नि शि॒प्री हरि॑वान्दधे॒ हस्त॑यो॒र्वज्र॑माय॒सम्॥ ४॥**

પદાર્થ : જે हरिवान्-બહુ જ શ્રેષ્ઠ ઘોડાઓ યુક્ત शिप्री-શત્રુઓને રડાવનાર भीमः-અને ભય પમાડનાર महान्-મહાન ऋष्वः-પ્રાપ્ત વિદ્યા સેનાપતિ शवः-બળ श्रिये-શોભા અને લક્ષ્મીને માટે उपाकयोः-સમીપમાં પ્રાપ્ત થયેલી પોતાની અને શત્રુઓની સેનાની સમીપ हस्तयोः-હાથોમાં आयसम्-

લોખંડના બનાવેલા वज्रम्-શસ્ત્રસમૂહને ધારણ કરીને શત્રુઓને જીતે છે, તે જ રાજ્યાધિકારી બને છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ જે બુદ્ધિમાન, મહાન ઉત્તમ ગુણોની વિશેષતાઓથી યુક્ત, શત્રુને ભય પમાડનાર, સેનાનો શિક્ષક તથા અત્યંત યોદ્ધો મનુષ્ય હોય, તેને સેનાપતિ બનાવીને ધર્મથી રાજ્ય-શાસન કરવું જોઈએ. (૪)*

**आ पप्रौ पार्थिवं रजो बद्बधे रोचना दिवि।**
**न त्वावाँ इन्द्र कश्चन न जातो न जनिष्यतेऽति विश्वं ववक्षिथ॥ ५॥**

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યયુક્ત ઈશ્વર જેથી कश्चन्-કોઈ પણ त्वावान्-તારી સમાન न जातः-થયો નથી, न जनिष्यते-થશે નહિ અને તું विश्वम्-જગતને वचक्षिथ-યથાયોગ્ય નિયમમાં રાખે છે તથા જે पार्थिवम्-પૃથિવી અને આકાશમાં રહેલ रजः-પરમાણુ અને લોકમાં आपप्रौ-સર્વત્ર વ્યાપક થઈ રહેલ છે. दिवि-પ્રકાશરૂપ સૂર્યાદિ જગતમાં रोचना-પ્રકાશમાન ભૂગોળોને अतिबद्बधे-એક બીજી વસ્તુના ઘર્ષણથી બાંધે છે-જોડે છે, તે સર્વનો ઉપાસ્ય દેવ છે. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે સર્વ, જેના દ્વારા સમસ્ત સંસાર રચીને તથા તેને વ્યાપ્ત કરીને તથા તેનું પાલન કરવામાં આવે છે, જે અજન્મા અને અદ્વિતીય છે તથા તેની સમાન કોઈ પણ વસ્તુ નથી, તો તેનાથી અધિક કોણ હોઈ શકે ? તે (પરમેશ્વર)ની નિરંતર ઉપાસના કરો. તેનાથી ભિન્ન કોઈ વસ્તુને (ઉપાસના માટે) ગ્રહણ ન કરવી જોઈએ અને ન તેની ગણના કરવી જોઈએ. (૫)*

**यो अर्यो मर्त्तभोजनं परादर्दाति दाशुषे।**
**इन्द्रोऽअस्मभ्यं शिक्षतु वि भंजा भूरिं ते वसु भक्षीय तव राधसः॥ ६॥**

પદાર્થ : હે વિદ્વન્ ! यः-જે इन्द्र-પરમ ઐશ્વર્યના દાતા अर्यः-ઈશ્વર ते-તારા दाशुषे-દાતા અને अस्मभ्यम्-અમારા માટે भूरि-વિપુલ वसु-ધનને मर्त्त भोजनम्-અને મનુષ્યોના ભોજન માટે પદાર્થને परादराति-પ્રદાન કરે છે તે ઈશ્વર રચિત પદાર્થોની આપ અમને સદા शिक्षतु-શિક્ષા આપો અને तव-આપના राधसः-શિક્ષિત કાર્યરૂપ ધનનું હું भक्षीय-સેવન કરું. (૬)

*ભાવાર્થ : જો ઈશ્વર આ સંસાર રચીને તથા ધારણ કરીને જીવોને ન આપે, તો કોઈને કિંચિત્ માત્ર પણ ભોગ સામગ્રી સંભવ નથી.*

*જો એ ઈશ્વર વેદ દ્વારા શિક્ષા ન આપે, તો કોઈને પણ લેશ માત્ર વિદ્યા પ્રાપ્ત થાય નહિ, તેથી વિદ્વાનોએ સર્વના સુખ માટે વિદ્યાનો પ્રચાર કરવો જોઈએ. (૬)*

**मदेमदे हि नो ददिर्यूथा गवामृजुक्रतुः ।**
**सं गृभाय पुरू शतोभयाहस्त्या वसु शिशीहि राय आ भर॥ ७॥**

પદાર્થ : હે વિદ્વાન્ ऋजुक्रतुः-સરળ જ્ઞાન અને કર્મયુક્ત ददिः-દાતા આપ ઈશ્વરની આજ્ઞા પાલન અને ઉપાસનાથી मदेमदे-આનંદ-આનંદમાં हि-નિશ્ચયપૂર્વક नः-અમારા માટે उभयाहस्त्या-બન્ને હાથોની ક્રિયામાં ઉત્તમ पुरु-બહુ જ शता-સેંકડો वसु-દ્રવ્યોનો शिशीहि-પ્રબંધ કરો. गवाम्-કિરણો, ઇન્દ્રિયો અને પશુઓના यूथा-સમૂહોને आभर-સર્વત્રથી ધારણ કર, रायः-ધનોને संगृभाय-સમ્યક્ ગ્રહણ કર. (૭)

*ભાવાર્થ : હે મનુષ્યો ! સર્વાનંદ-દાતા તથા સમસ્ત સાધનો અને સાધ્ય (રૂપ પદાર્થો)ના ઉત્પાદક (બનીને) સમસ્ત ધન પ્રદાન કરે છે, તે જ ઈશ્વર અમારા દ્વારા ઉપાસના કરવા યોગ્ય છે, અન્ય કોઈ (વસ્તુ) નહિ. (૭)*

मादयस्व सुते सचा शवसे शूर राधसे।
विद्मा हि त्वा पुरूवसुमुप कामान्त्ससृज्महेऽथा नोऽविता भव॥८॥

પદાર્થ : હે शूर-દુષ્ટ દોષ અને શત્રુઓનું નિવારણ કરનાર અમે सुते-આ ઉત્પન્ન જગતમાં पुरूवसुम्-અનેકોને વસાવનાર त्वा-આપનો उप-આશ્રય કરીને अथ-પશ્ચાત્ कामान्-પોતાની ઈચ્છાઓને ससृज्महे-સિદ્ધ કરીએ છીએ, हि-નિશ્ચય કરીને विद्म-જાણીએ પણ છીએ, તું नः-અમારો अविता-રક્ષક भव-છે; અને આ જગતમાં सचा-સંયુક્ત शवसे-બળકારક राधसे-ધનને માટે मादयस्व-આનંદ પ્રદાન કર-આનંદ કરાવ. (૮)

*ભાવાર્થ : મનુષ્યોના દ્વારા સેનાપતિના આશ્રય વિના શત્રુઓ પર વિજય, ઈચ્છાઓની પૂર્તિ, પોતાની રક્ષા, ઉત્તમ ધન તથા બળ અને પરમ સુખ પ્રાપ્ત કરી શકાતા નથી. (૮)*

एते त इन्द्र जन्तवो विश्वं पुष्यन्ति वार्यम्।
अन्तर्हि ख्यो जनानामर्यो वेदो अदाशुषां तेषां नो वेद आ भर॥९॥

પદાર્થ : હે इन्द्र-પરમેશ્વર ! જે ते-તારી સૃષ્ટિમાં જે एते-એ जन्तवः-જીવ वार्यम्-સ્વીકારને યોગ્ય विश्वम्-જગતને पुष्यन्ति-પુષ્ટ કરે છે, तेषाम्-તે जनानाम्-મનુષ્ય આદિ પ્રાણીઓની अन्तः-મધ્યમાં રહેતા अदाशुषाम्-દાન આદિ કર્મ રહિત મનુષ્યોને अर्यः-ઈશ્વર તું वेदः-જેથી સુખ પ્રાપ્ત થાય છે તેને हि-નિશ્ચય કરીને ख्यः-ઉપદેશ કરે છે, તે તું नः-અમારા માટે वेदः-વિજ્ઞાન રૂપ ધનનું आभर-દાન પ્રદાન કર. (૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે ઈશ્વર અંદર-બહાર સર્વત્ર વ્યાપક બની અંદર-બહારના સમસ્ત વ્યવહારોને જાણે છે, ઉત્તમ ઉપદેશ કરે છે અને સર્વ જીવોનું હિત કરવા ઈચ્છે છે, તેનો આશ્રય લઈને તમે લોકો પારમાર્થિક અને વ્યાવહારિક સુખ પ્રાપ્ત કરો. (૯)*

સંગતિ : આ સૂક્તમાં સેનાપતિ, ઈશ્વર અને સભાધ્યક્ષના ગુણોનું વર્ણન કરવાથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તના અર્થ સાથે જાણવી જોઈએ. (૮૧)

## सूक्त-८२

उपो षु शृणुही गिरो मघवन्मातथाइव।
यदा नः सूनृतावतः कर आदर्थयास इद्योजा न्विन्द्र ते हरी॥ १ ॥

પદાર્થ : હે इन्द्र-સેનાપતે ! જે ते-આપની हरी-ધારણ અને આકર્ષણને માટે ઘોડા અને અગ્નિ આદિ પદાર્થ છે તેને नु-શીઘ્ર योज-યુક્ત કરો, પ્રિયવાણી બોલાનારા વિદ્વાનથી अर्थयासे-યાચના કરો.

હે मघवन-શ્રેષ્ઠ ગુણોને પ્રાપ્ત કરનાર नः-અમારી गिरः-વાણીઓને उपोसु श्रृणुहि-સમીપ આવીને સાંભળો. आत्-પશ્ચાત્ અમારા માટે अतथाइवेत्-વિપરીત આચરણ કરનાર જેમ જ मा-ન બન यदा-જ્યારે અમે તમારાથી સુખોની યાચના કરીએ છીએ, ત્યારે આપ नः-અમને सूनृतावतः-સત્યવાણી યુક્ત करः-કરો. (૧)

*ભાવાર્થ : જેમ રાજા સુસેવિત પરમેશ્વરથી અથવા સેનાપતિના દ્વારા સુસેવિત સેના સેનાપતિથી સુખોને પ્રાપ્ત કરે છે અને જેમ સભા આદિના અધ્યક્ષ પ્રજાજનો અને સૈનિકોની અનુકૂળતાનુસાર વર્તાવ કરે, તેમ એની અનુકૂળતાનુસાર પ્રજાજનો અને સૈનિકોએ વર્તવું જોઈએ. એમ મનુષ્યોએ (જાણવું જોઈએ.) (૧)*

अक्षन्नमीमदन्त ह्यव प्रिया अधूषत।
अस्तोषत स्वभानवो विप्रा नविष्ठया मती योजा न्विन्द्र ते हरी॥ २ ॥

પદાર્થ : હે इन्द्र-સભાપતે ! જે ते-તારા हरी-ધારણ અને આકર્ષણ કરનાર વાહન અથવા ઘોડાઓ છે તેને તું અમારા માટે नुयोज-શીઘ્ર યુક્ત કર, હે स्वभानवः-સ્વપ્રકાશસ્વરૂપ સૂર્યાદિની સમાન विप्राः-બુદ્ધિમાન લોકો ! આપ नविष्ठया-અતિશય નવીન मती-બુદ્ધિ સહિત થઈને प्रियाः-પ્રિય થાઓ, સર્વને માટે શાસ્ત્રોની हि-નિશ્ચયથી अस्तोषत-પ્રશંસા આપ કર્યા કરો અને દુઃખોથી अवाधूषत છોડાઓ, अक्षन्-વિદ્યાદિ શુભ ગુણોમાં વ્યાપ્ત થાઓ, अमीमदन्त-અતિશય કરીને આનંદિત થાઓ અને અમને પણ તેમ (આનંદિત) કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, ઉત્તમ ગુણ, કર્મ અને સ્વભાવવાળા અને સર્વ પ્રકારથી પ્રશંસિત આચરણવાળા સેનાપતિ આદિના દ્વારા નવીન વિજ્ઞાન અને પુરુષાર્થની વૃદ્ધિ કરીને સદા પ્રસન્નતાથી આનંદ ભોગવવો જોઈએ. (૨)*

सुसंदृशं त्वा वयं मघवन्वन्दिषीमहि।
प्र नूनं पूर्णबन्धुरः स्तुतो याहि वशाँ अनु योजा न्विन्द्र ते हरी॥ ३ ॥

પદાર્થ : હે मघवन्-પરમ પૂજિત ધનયુક્ત इन्द्र-સુખપ્રદ ! જેમ वयम्-અને सुसंदृशम्-કલ્યાણ દૃષ્ટિયુક્ત त्वा-આપને वन्दिषीमहि-પ્રશંસિત કરીએ, તેમ અમારાથી पूर्णबन्धुरः-પૂર્ણ સત્ય પ્રેમ બંધન યુક્ત स्तुतः-પ્રશંસાને પ્રાપ્ત થઈને આપ જે પ્રજાના શત્રુ છે, તેને नु-શીઘ્ર वशान्-વશ કરો, જે ते-આપના हरी-ધારણ, આકર્ષણ આદિ ગુણ સમાન સુશિક્ષિત ઘોડાઓ છે તેને अनुयोज-યુક્ત કરો, વિજયને માટે नूनम्-નિશ્ચયપૂર્વક प्रयाहि-શીઘ્ર જાઓ-પ્રયાણ કરો. (૩)

*ભાવાર્થ : જ્યારે મનુષ્ય સર્વના દ્રષ્ટા પરમેશ્વરના પ્રશંસક સભાપતિનો આશ્રય લે છે, ત્યારે તે એ શત્રુઓનો શીઘ્ર નિગ્રહ કરી શકે છે. (૩)*

स घा तं वृषणं रथमधि तिष्ठाति गोविदम्।

यः पात्रं हारियोजनं पूर्णमिन्द्र चिकेतति योजा न्विन्द्र ते हरी॥४॥

પદાર્થ : હે इन्द्र-પરમ વિદ્યા, ધનયુક્ત यः-જે આપ हारियोजनम्-અગ્નિ અને ઘોડાઓથી યુક્ત કરેલ એ पूर्णम्-સમસ્ત સામગ્રીથી યુક્ત पात्रम्-રક્ષા નિમિત્ત रथम्-રથને બનાવવાને चिकेतति-જાણો છો सः-તે એ રથમાં हरी-વેગાદિયુક્ત ઘોડાઓને नुयोज-શીઘ્ર યુક્ત કરો. હે इन्द्र-સેનાપતે ! જે ते-આપના वृषणम्-શત્રુના સામર્થ્યનાશક गोविदम्-જેથી ભૂમિનું રાજ્ય પ્રાપ્ત થાય, तम्-તે રથ પર अधितिष्ठाति-બેસે-વિરાજે, ध-તે વિજયને પ્રાપ્ત કેમ ન થાય ? (૪)

*ભાવાર્થ : સેનાપતિએ પૂર્ણ શિક્ષા તથા બળથી હર્ષિત-હૃષ્ટ-પુષ્ટ હાથી, ઘોડા, રથ તથા શસ્ત્ર આદિ સામગ્રીથી પરિપૂર્ણ સેનાનું નિર્માણ કરીને શત્રુઓને જીતવા જોઈએ. (૪)*

युक्तस्ते अस्तु दक्षिण उत सव्यः शतक्रतो।

तेन जायामुप प्रियां मन्दानो याह्यन्धसो योजा न्विन्द्र ते हरी॥५॥

પદાર્થ : હે इन्द्रः-સર્વના સુખદાતા शतक्रतो-અસંખ્ય ઉત્તમ બુદ્ધિ અને ક્રિયાઓથી યુક્ત ते-આપના જે સુશિક્ષિત हरी-ઘોડાઓ છે તેઓને રથમાં તુ नुयोज-શીઘ્ર યુક્ત કર, જે ते-તારા રથની एकः-એક ઘોડો दक्षिणः-જમણી તરફ उत-અને (બીજો) सव्यः-ડાબી તરફ अस्तु-હોય तेन-તે રથ પર બેસીને શત્રુઓને જીતીને प्रियाम्-અતિપ્રિય जायाम्-સ્ત્રીની સાથે બેસી मन्दानः-આપ પ્રસન્ન બની અને તેને પ્રસન્ન કરીને अन्धसः-અન્નાદિ સામગ્રીની उपयाहि-સમીપસ્થ થઈને તમે બન્ને શત્રુઓને જીતવા માટે જાઓ-પ્રસ્થાન કરો. (૫)

*ભાવાર્થ : રાજાએ પોતાની પત્ની-રાણીની સાથે સુશિક્ષિત ઘોડાઓથી યુક્ત યાન-રથમાં બેસીને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરવો જોઈએ. જ્યાં-જ્યાં યુદ્ધમાં અથવા ક્યાંય ભ્રમણ માટે જાય, ત્યાં-ત્યાં તે ઉત્તમ શિલ્પીઓ-કારીગરો દ્વારા બનાવેલ દૃઢ રથમાં સ્ત્રીની સાથે બેસીને જાય. (૫)*

युनज्मि ते ब्रह्मणा केशिना हरी उप प्र याहि दधिषे गभस्त्योः।

उत्त्वा सुतासो रभसा अमन्दिषुः पूषण्वान्वज्रिन्त्समु पत्न्यामदः॥६॥

પદાર્થ : હે वज्रिन्-ઉત્તમ શસ્ત્રયુક્ત સેનાધ્યક્ષ ! જેમ હું ते-તારા ब्रह्मणा-અન્નાદિથી યુક્ત નૌકા રથમાં केशिना-સૂર્યના કિરણો સમાન પ્રકાશમાન हरी-ઘોડાઓને युनज्मि-જોડું છું, જેમાં બેસીને તું गभस्त्योः-હાથોમાં ઘોડાની લગામ-દોરી दधिषे-ધારણ કરે છે, તે રથથી उप-प्रयाहि-ઇચ્છિત સ્થાનોમાં જા. જેમ બળ અને વેગાદિ યુક્ત सुतासः-સુશિક્ષત भृत्याः-સેવકો, જે त्वा-તને उ-સમ્યક્ उदमन्दिषु-આનંદિત કરે, તેમ તું પણ તેઓને આનંદિત કર અને पूषण्वान्-શત્રુઓની શક્તિઓને રોકનાર તું પોતાની पत्न्या-સ્ત્રીની સાથે सममदः-સારી રીતે આનંદને પ્રાપ્ત કર. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે નોકરો ઘોડાઓને કેળવતા હોય અને રથો ચલાવતા હોય, તે સર્વ સારી રીતે શિક્ષણ પામેલા હોવા જોઈએ અને પોતાની સ્ત્રીઓને પ્રસન્ન રાખીને પોતે પ્રસન્ન રહે એવા હોવા જોઈએ. સ્ત્રીઓ સાથે ધર્મકાર્યો કરવા જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં સેનાપતિ અને ઈશ્વરના ગુણોનું વર્ણન કરવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૮૨)

## સૂક્ત-૮૩

अश्वा॑वति प्रथ॒मो गोषु॑ गच्छति सुप्रा॒वीरि॑न्द्र॒ मर्त्य॒स्तवो॒तिभिः॑।
तमित्पृ॑णक्षि॒ वसु॑ना॒ भवी॑यसा॒ सिन्धु॒मापो॒ यथा॒भितो॒ विचे॑तसः॥ १॥

પદાર્થ : હે इन्द्र-સર્વ રક્ષક રાજન્ ! જે मर्त्यः-શ્રેષ્ઠ શિક્ષાયુક્ત ધાર્મિક મનુષ્ય तव-તારી ऊतिभिः-રક્ષાદિથી રક્ષિત કર્મચારી अश्वावति-ઉત્તમ ઘોડાઓ જોડેલ રથમાં બેસીને गोषु-પૃથિવી વિભાગોમાં યુદ્ધને માટે प्रथमः-પ્રથમ गच्छति-જાય છે, તેથી તું પ્રજાઓની सुप्रावीः-સમ્યક્ રક્ષા કર, तमित्-તેઓને यथा-જેમ विचेतसः-ચેતનતા રહિત જડ आपः-જળ અને વાયુ अभितः-સર્વત્રથી सिन्धुम्-નદીને પ્રાપ્ત થાય છે, જેમ भवीयसा-સર્વોત્તમ वसुना-ધનથી તું પ્રજાને पृणक्षि-યુક્ત કરે છે, તેમ જ સમસ્ત પ્રજા અને રાજપુરુષ પુરુષાર્થ કરીને ઐશ્વર્યથી યુક્ત બને. (૧)

*ભાવાર્થ : સેનાપતિ આદિ રાજપુરુષોએ જે કર્મચારી પોતાના અધિકારના કાર્યોમાં ઠીક રીતે પ્રવૃત્ત ન થાય, તેને યથોચિત દંડ આપીને તથા જે પ્રવૃત્ત રહે છે, તેનું શ્રેષ્ઠ સન્માન કરીને તથા અનેક શ્રેષ્ઠ પદાર્થો અને સત્કારોથી તેને સંતુષ્ઠ કરી રાજ કાર્યોને સિદ્ધ કરવા જોઈએ.*

*કોઈ પણ અપરાધીને તેના અપરાધાનુસાર દંડ આપ્યા વિના તથા શુભ કર્મ કરનારને પારિતોષિક આપ્યા વિના રાજ્ય વ્યવસ્થા સારી રીતે સ્થાપિત કરી શકાતી નથી, તેથી એ કાર્ય સદા કરવા જોઈએ. (૧)*

आपो॒ न दे॒वीरुप॑ यन्ति हो॒त्रिय॑म॒वः प॑श्यन्ति॒ वित॑तं॒ यथा॒ रजः॑।
प्रा॒चैर्दे॒वासः॒ प्र ण॑यन्ति देव॒युं ब्र॑ह्म॒प्रियं॑ जोषयन्ते व॒राइ॑व॥ २॥

પદાર્થ : જે देवासः-વિદ્વાનો મેઘને आपो न-જેમ જળ પ્રાપ્ત થાય છે, તેમ देवीः-વિદુષી સ્ત્રીઓને उपयन्ति-પ્રાપ્ત થાય છે; અને यथा-જેમ प्राचैः-પ્રાચીન વિદ્વાનોની સાથે विततम्-વિશાળ અને જેમ

रजः-પરમાણુ આદિ જગતના કારણ होत्रियम्-પ્રદાન-આદાનને યોગ્ય अवः-રક્ષણને पश्यन्ति-દેખે છે. वरा इव-ઉત્તમ પતિવ્રતા વિદ્વાન સ્ત્રીઓની સમાન ब्रह्मप्रियम्-વેદ અને ઈશ્વરની આજ્ઞામાં પ્રસન્ન देवयुम्-પોતાનો આત્મા વિદ્વાન થવાથી ઈચ્છાયુક્ત प्रणयन्ति-નીતિપૂર્વક કરે છે અને जोषयन्ते-તેનું સેવન કરીને અન્યને તેમ કરાવે છે, તેઓ નિરંતર સુખી કેમ ન થાય ? (૨)

*ભાવાર્થ : કોઈ હેતુમાં એ વિવેચન કરવું જોઈએ, કે આ વિદ્વાન છે, કે આ અવિદ્વાન છે ? આ વિષયમાં કહ્યું છે, કે જે જળની સમાન શાન્ત અને પ્રાણોની સમાન પ્રિય (હોય), ધર્મયુક્ત દિવ્ય કર્મ કરે, સર્વના શરીરો અને આત્માઓની યથાવત્ રક્ષા કરવા જાણે, ભૂગર્ભ આદિની વિદ્યાઓ દ્વારા પ્રાચીન વેદ જ્ઞાતા વિદ્વાનોની સમાન વ્યવહાર કરે અને વેદ દ્વારા ઈશ્વર-પ્રણીત ધર્મનો પ્રચાર કરે, તેને વિદ્વાન જાણવો જોઈએ અને તેથી જે વિપરીત હોય તે અવિદ્વાન છે, એવો નિશ્ચય કરવો જોઈએ. (૨)*

**अधि द्वयोरधा उक्थ्यं१ वचो यतस्त्रुचा मिथुना या संपर्यतः।**
**असंयत्तो व्रते ते क्षेति पुष्यति भद्रा शक्तिर्यजमानाय सुन्वते॥ ३॥**

પદાર્થ : હે મનુષ્ય ! જેમ या-જે यत्रस्त्रुचा-સાધન-ઉપસાધનયુક્ત અધ્યાપક અને ઉપદેશક मिथुना-બન્ને મળીને द्वयोः-પોતાનું અને અન્યોનું કલ્યાણ કરીને જે उक्थ्यम्-પ્રશંસિત वचः-વચનનું सपर्यतः-સેવન કરે છે, તેમ એને તું अदधाः-ધારણ કર.

જે असंयतः-અજિતેન્દ્રિય પણ ते-તારા व्रते-સત્ય ભાષણાદિ નિયમ પાલનમાં क्षेति-નિવાસ કરે છે, તેમાં भद्रा-કલ્યાણકારક शक्तिः-સામર્થ્ય क्षेति-વાસ કરે છે અને તે पुष्यति-પુષ્ટ થાય છે, ત્યારે सुन्वते-ઐશ્વર્ય પ્રાપ્તિ થનાર यजमानाय-સર્વના સુખદાતાને માટે નિરંતર સુખની વૃદ્ધિ કેમ ન થાય ? (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો પરોપકારમય બુદ્ધિથી સર્વના શરીર અને આત્મામાં પુષ્ટિ તથા વિદ્યારૂપી બળ ઉત્પન્ન કરીને, વિરોધનો ત્યાગ કરીને, ધર્મયુક્ત વ્યવહારનું સેવન કરીને નિરંતર સર્વ મનુષ્યોને સત્ય વ્યવહારમાં પ્રવૃત્ત કરે છે, તેઓ મોક્ષ પ્રાપ્ત કરે છે, અન્ય નહિ, તેમ જાણવું જોઈએ. (૩)*

**आदङ्गिराः प्रथमं दधिरे वय इद्धाग्नयः शम्या ये सुकृत्यया।**
**सर्वं पणेः समविन्दन्त भोजनमश्वावन्तं गोमन्तमा पशुं नरः॥ ४॥**

પદાર્થ : હે इद्धाऽग्नय-અગ્નિ વિદ્યાને પ્રદીપ્ત કરનારા ये-नरः-નાયક મનુષ્યો ! આપ જેમ सुकृत्यया-સુકૃતયુક્ત शम्या-કર્મ અને पणेः-પ્રશંસિત વ્યવહાર કરનાર ઉપદેશથી प्रथमम्-वयः-વય બ્રહ્મચર્યને માટે आदधिरे-સર્વ રીતે ધારણ કરે છે, તે सर्वम्-સર્વ भोजनम्-આનંદનો ભોગ અને પાલનને समविन्दन्त-સમ્યક્ પ્રાપ્ત કરે છે, आत्-પશ્ચાત્ જેમ अङ्गिराः-પ્રાણ સમાન પ્રિય વાછરડા पशुम्-પોતાની માતાને પ્રાપ્ત થઈને આનંદિત બને છે, તેમ આપ अश्वावन्तम्-ઉત્તમ ઘોડાઓથી યુક્ત गोमन्तम्-શ્રેષ્ઠ ગાય

અને ભૂમિ આદિ સહિત રાજ્યને પ્રાપ્ત કરીને આનંદિત થાઓ. (૪)

*ભાવાર્થ : કોઈપણ મનુષ્ય બ્રહ્મચર્યના સેવન વિના અંગો અને ઉપાંગો સહિત વિદ્યાઓને પ્રાપ્ત કરી શકતો નથી. વિદ્યા અને શક્તિ વિના રાજ્યના અધિકારને પ્રાપ્ત કરી શકતો નથી અને તેથી રહિત મનુષ્ય સત્ય સુખને પ્રાપ્ત કરી શકતો નથી. (૪)*

**य॒ज्ञैरथ॑र्वा प्रथ॒मः प॒थस्त॑ते त॒तः सूर्यो॑ व्रत॒पा वे॒न आज॑नि।**

**आ गा आ॑जदु॒शना॑ का॒व्यः सचा॑ य॒मस्य॑ जा॒तम॒मृतं॑ यजामहे॥ ५॥**

પદાર્થ : જેમ प्रथमः-પ્રસિદ્ધ વિદ્વાન अथर्वा-હિંસારહિત पथः-સન્માર્ગને तते-વિસ્તૃત કરે છે, જેમ वेनः-બુદ્ધિમાન व्रतपाः-સત્યનું પાલન કરનાર સર્વ રીતે आजनि-પ્રસિદ્ધ થાય છે, જેમ ततः-વિસ્તૃત सूर्यः-સૂર્યલોક गाः-પૃથિવીમાં દેશોને आजत्-ધારણ કરીને ફરે છે, જેમ काव्यः-કવિઓમાં શિક્ષાને પ્રાપ્ત उशना-વિદ્યાના ઈચ્છુક વિદ્વાન વિદ્યાઓને પ્રાપ્ત થાય છે, તેમ અમે यज्ञैः-વિદ્યાને ભણવા, ભણાવવા, સત્સંયોગાદિ ક્રિયાઓથી यमस्य-સર્વ જગતના નિયંતા પરમેશ્વરની सचा-સાથે जातम्-પ્રાપ્ત થયેલ अमृतम्-મોક્ષને आयजामहे-પ્રાપ્ત થઈએ. (૫)

*ભાવાર્થ : જો મનુષ્યો સન્માર્ગમાં સ્થિત થઈને ઉત્તમ કર્મોથી અને વિજ્ઞાનથી પરમેશ્વરને જાણીને મોક્ષ સુખને ઈચ્છે છે, તો તેઓ અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરી લે છે. (૫)*

**ब॒र्हिर्वा॒ यत्स्व॑प॒त्याय॑ वृ॒ज्यते॒ऽर्को वा॒ श्लोक॑मा॒घोष॑ते दि॒वि।**

**ग्रावा॒ यत्र॒ वद॑ति का॒रुरु॒क्थ्य१॒स्तस्येदिन्द्रो॑ अभिपि॒त्वेषु॑ रण्यति॥ ६॥**

પદાર્થ : यत्र-જે दिवि-પ્રકાશયુક્ત વ્યવહારમાં उक्थ्यः-કથનીય વ્યવહારોમાં નિપુણ પ્રશંસનીય શિલ્પ કામોના કર્તા इन्द्रः-પરમ ઐશ્વર્યને પ્રાપ્ત કરાવનાર વિદ્વાન अभिपित्वेषु-પ્રાપ્ત થવા યોગ્ય વ્યવહારમાં यत्-જે स्वपत्याय-સુંદર સંતાન માટે बर्हिः-વિજ્ઞાનને वृज्यते-છોડે છે, अर्कः-પૂજનીય વિદ્વાન श्लोकम्-સત્યવાણીને वा-વિચારપૂર્વક आघोषते-સર્વ રીતે શ્રવણ કરાવે છે, ग्रावा-મેઘની સમાન ગંભીરતાથી वदति-બોલે છે वा-અથવા रण्यति-શ્રેષ્ઠ ઉપદેશો કરે છે, ત્યાં तस्येत्-તે સંતાનને વિદ્યા પ્રાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : વિદ્વાનોએ, જેમ જળ છિન્ન-ભિન્ન થઈને, અન્તરિક્ષમાં જઈને ત્યાંથી વરસીને સુખ ઉત્પન્ન કરે છે, તેમ જ કુવ્યસનોને છિન્ન-ભિન્ન કરીને તથા વિદ્યા ગ્રહણ કરીને સર્વ મનુષ્યોને સુખી કરવા જોઈએ.*

*જેમ સૂર્ય અંધકારનો નાશ કરીને તથા પ્રકાશ ઉત્પન્ન કરીને, સર્વ પ્રાણીઓને સુખી કરે છે, તથા દુષ્ટોને ડરાવે છે, તેમ જ મનુષ્યોએ અજ્ઞાનને નષ્ટ કરીને તથા જ્ઞાનને ઉત્પન્ન કરીને સદા સુખ સંપાદિત કરવું જોઈએ.*

*જેમ મેઘ ગર્જીને, વરસીને તથા દુકાળનો નાશ કરીને સુકાળ કરે છે, તેમ જ (વિદ્વાનોએ) ઉત્તમ*

*ઉપદેશની વર્ષાથી અધર્મનો નાશ તથા ધર્મનો પ્રકાશ કરીને મનુષ્યોને સદા આનંદિત કરવા જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં સેનાપતિ અને ઉપદેશકના કર્તવ્યો-ગુણોનું વર્ણન કરવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૮૩)

## સૂક્ત-૮૪

असा॑वि॒ सोम॑ इन्द्र ते॒ शवि॑ष्ठ धृष्ण॒वा ग॑हि।
आ त्वा॑ पृणक्त्विन्द्रि॒यं रज॒: सूर्यो॒ न र॒श्मिभि॑:॥ १ ॥

પદાર્થ : હે धृष्णो-પ્રગલ્ભ शविष्ठ-પ્રશંસિત બળયુક્ત इन्द्र-પરમૈશ્વર્યદાતા સત્પુરુષ ते-તારા માટે જે सोमः-અનેક રોગનાશક ઔષધિઓનો સાર-સત્ત્વ અમે आसावि-સિદ્ધ કરેલ છે, જે તારી इन्द्रिम्-ઈન્દ્રિયોને सूर्यः-સવિતા रश्मिभिः-કિરણોથી रजः-લોકોને પ્રકાશ કરવા न-સમાન પ્રકાશ કરે તેને તું आगहि-પ્રાપ્ત થા, તે त्वा-તને आपृणक्तु-બળ અને આરોગ્યતાથી યુક્ત કરે. (૧)

*ભાવાર્થ : પ્રજા, સેના, પાઠશાલા અને સભાના મનુષ્યોની સારી રીતે પરીક્ષા કરીને સૂર્ય સમાન ગુણોવાળા પુરુષોને પ્રજા, સેના, પાઠશાલા અને સભાના અધ્યક્ષ બનાવીને તેનો સર્વ રીતે સત્કાર કરવો જોઈએ. સભાસદોની પણ એ રીતે જ સ્થાપના-પ્રતિષ્ઠા કરવી જોઈએ. (૧)*

इन्द्र॒मिद्धरी॑ वह॒तोऽप्र॑तिधृष्टशवसम्।
ऋषी॑णां च स्तु॒तीरुप॑ य॒ज्ञं च॒ मानु॑षाणाम्॥ २ ॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે अप्रतिधृष्टशवसम्-અહિંસિત અત્યંત બળયુક્ત ऋषीणाम्-વેદના અર્થોને જાણનારાની स्तुतीः-પ્રશંસાને પ્રાપ્ત च-મહા ગુણ સંપન્ન मानुषाणाम्-મનુષ્યો च અને પ્રાણીઓને વિદ્યાદાન સંરક્ષણનામ यज्ञम्-યજ્ઞનું પાલન કરનાર इन्द्रम्-પ્રજા, સેના અને સભા આદિ ઐશ્વર્યને પ્રાપ્ત કરાવનારને हरी-દુઃખહરણ સ્વભાવ, શ્રી, બળ, વીર્ય, નામ, ગુણ, રૂપ, અશ્વ उपबहतः-પ્રાપ્ત થાય છે, તેને इत्-જ સદા પ્રાપ્ત થાઓ. (૨)

*ભાવાર્થ : પ્રશંસિત અને સન્માનિત અધિષ્ઠાતા લોકો વિના પ્રાણીઓને સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. તથા ઉત્તમ કર્મ વિના ચક્રવર્તી રાજ્ય આદિની પ્રાપ્તિ તથા રક્ષા થઈ શકતી નથી. એટલા માટે સર્વેએ સદા એ કાર્યો કરવા જોઈએ. (૨)*

आ ति॑ष्ठ वृत्रह॒न्रथं॑ यु॒क्ता ते॒ ब्रह्म॑णा॒ हरी॑।
अ॒र्वा॒ची॒नं सु ते॒ मनो॒ ग्रावा॑ कृणोतु व॒ग्नुना॑॥ ३ ॥

પદાર્થ : હે वृत्रहन्-મેઘને સવિતા = સૂર્યની સમાન શત્રુઓને મારનાર શૂરવીર ते-તારા જે ब्रह्मणा-અન્નાદિ સામગ્રીથી યુક્ત શિલ્પી અને સારથીએ ચલાવેલ हरी-પદાર્થને પહોંચાડનાર જળ-અગ્નિ અને ઘોડા युक्ता-યુક્ત છે, તે अर्वाचीनम्-ભૂમિ અને જળમાં નીચે-ઉપર આદિ સ્થાનોમાં જનાર रथम्-રથમાં તું आतिष्ठ-બેસ, ग्रावा-મેઘની સમાન वग्नुना-સુંદર, મધુર વાણીમાં વક્તૃત્વને सुकृणोतु-સારી રીતે કર, તેથી ते-તારા मनः-વિજ્ઞાન વીરોને સારી રીતે ઉત્સાહિત કર્યા કરે. (૩)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષો દ્વારા સેનામાં બે અધ્યક્ષો રાખવામાં આવે. તેમાંથી એક સેનાપતિ યુદ્ધ કરાવનાર અને બીજો વ્યાખ્યાન દ્વારા ઉત્સાહ ઉત્પન્ન કરવા માટે ઉપદેશ કરનાર (હોવો જોઈએ.)*

*જ્યારે યુદ્ધ થાય, ત્યારે સેનાપતિ સૈનિક કર્મચારીઓની સમ્યક્ પરીક્ષા કરીને તથા તેને ઉત્સાહિત કરીને શત્રુઓ સામે યુદ્ધ કરાવે-લડાવે, જેથી નિશ્ચિત વિજય થાય. જ્યારે યુદ્ધ સમાપ્ત થાય, ત્યારે ઉપદેશક સર્વ યોદ્ધાઓ અને સેવકોને વીરતા, કૃતજ્ઞતા, ધર્મ તથા કર્મના ઉપદેશથી ઉત્તમતા-પૂર્વક ઉત્સાહિત કરે. આવી રીતે કરનારાઓનો કદી પરાજય થઈ શકતો નથી, એમ જાણવું જોઈએ. (૩)*

इममिन्द्र सुतं पिब ज्येष्ठममर्त्यं मदम्।

शुक्रस्य त्वाभ्यक्षरन्धारा ऋतस्य सदने॥ ४॥

પદાર્થ : હે इन्द्र-શત્રુઓનું વિદારણ કરનાર જે त्वा-તને જે धाराः-વાણી ऋतस्य-સત્ય शुक्रस्य-પરાક્રમના सदने-સ્થાનમાં अभ्यक्षरन्-પ્રાપ્ત કરે છે, તેને પ્રાપ્ત કરીને इमम्-એ सुतम्-સમ્યક્ સિદ્ધ કરેલ ઉત્તમ ઔષધિઓના રસનું पिब-પાન કર, તેથી ज्येष्ठम्-પ્રશંસિત अमर्त्यम्-સાધારણ મનુષ્યને અપ્રાપ્ત એવા દિવ્ય સ્વરૂપ मदम्-આનંદને પ્રાપ્ત કરીને શત્રુઓને જીત. (૪)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય વિદ્યા અને ઉત્તમ ભોજન વિના પરાક્રમને પ્રાપ્ત કરી શકતો નથી અને તેના વિના સત્યનું વિશેષ જ્ઞાન તથા વિજય પણ થતો નથી. (૪)*

इन्द्राय नूनमर्चतोक्थानि च ब्रवीतन।

सुता अमत्सुरिन्दवो ज्येष्ठं नमस्यता सहः॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેને सुताः-સિદ્ધ इन्दवः-ઉત્તમ રસયુક્ત પદાર્થ अमत्सु-આનંદિત કરે, જેને ज्येष्ठम्-ઉત્તમ सहः-બલ પ્રાપ્ત હોય તેવા इन्द्राय-સભાધ્યક્ષને नमस्यत-નમસ્કાર કરો અને તેને મુખ્ય કાર્યોમાં યુક્ત કરીને नूनम्-નિશ્ચયપૂર્વક अर्चत-સત્કાર કરો, उक्थानि-સારા વચનોથી ब्रवीतन-ઉપદેશ કરો, તેથી સત્કારોથી च-પણ પ્રાપ્ત થાય. (૫)

*ભાવાર્થ : મનુષ્યો સર્વનો સત્કાર કરે અને શરીર તથા આત્માના બળને પ્રાપ્ત કરીને પરોપકારી હોય તે સિવાયના અન્યને સેના અધિકાર-પદ (સેનાપતિ-પદ) પર સ્થાપિત કરવો નહીં. (૫)*

नकिष्ट्वद्रथीतरो हरी यदिन्द्र यच्छसे।
नकिष्ट्वानु मज्मना नकिः स्वश्व आनशे॥ ६॥

પદાર્થ : હે इन्द्र-સેનાને ધારણ કરનાર સેનાપતિ ! यत्-જે તું रथीतरः-અત્યંત રથયુક્ત યોદ્ધા છે, તે हरी-અગ્નિ આદિ અને ઘોડાને नकिः-यच्छसे-શું રથમાં નથી દેતા-અર્થાત્ યુક્ત નથી કરતા ? શું त्वा-તને मज्मना-બળથી કોઈ પણ नकिः अन्वानशे-વ્યાપ્ત થઈ શકતા નથી ? શું त्वत्-તારાથી અધિક કોઈ પણ स्वश्वः-શ્રેષ્ઠ ઘોડાવાળા नकिः-નથી ? એથી તું સર્વ અંગોથી યુક્ત છે.

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે સેનાપતિને આ રીતે ઉપદેશ કરો-શું તમે તેનાથી અધિક છો ? શું તમારા સમાન (અન્ય) કોઈ છે જ નહિ ? શું તમને કોઈ જીતી શકતા નથી ? તેથી તમારે સાવધાન રહેવું જોઈએ. (૬)*

य एक इद्विदयते वसु मर्त्ताय दाशुषे। ईशानो अप्रतिष्कुत इन्द्रो अङ्ग॥ ७॥

પદાર્થ : હે अङ्ग-મિત્ર મનુષ્ય ! यः-જે इन्द्रः-સભા આદિના અધ્યક્ષ एकः-સહાય રહિત (માત્ર એક) इत्-જ दाशुषे-દાતા मर्त्ताय-મનુષ્યને માટે वसु-દ્રવ્યને विदयते-બહુ જ પ્રકારથી આપે છે અને ईशानः-સમર્થ अप्रतिष्कुतः-નિશ્ચલ છે, તેને સેના આદિમાં અધ્યક્ષ કરો. (૭)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે જે સહાયકોથી રહિત હોવા છતાં પણ નિડર અને યુદ્ધથી નહિ હટનાર અતિ વીર મનુષ્ય હોય, તેને જ સેનાપતિ બનાવો. (૭)*

कदा मर्त्तमराधसं पदा क्षुम्पमिव स्फुरत्। कदा नः शुश्रवद्गिर इन्द्रो अङ्ग॥ ८॥

પદાર્થ : अङ्ग-શીઘ્રકર્તા इन्द्रः-સભા આદિના અધ્યક્ષ पदा-વિજ્ઞાન અને ધનની પ્રાપ્તિથી क्षुम्पमिव-જેમ સર્પ ફેણને स्फुरत्-ડોલાવે છે , ચલાવે છે, તેમ अराधसम्-ધન રહિત मर्त्तम्-મનુષ્યને कदा-કયા સમયમાં ચલાવશો ? कदा-કયા સમયમાં नः-અમને ઉક્ત રીતે અર્થાત્ વિજ્ઞાન અને ધનની પ્રાપ્તિથી જેમ સર્પ ફેણને ચલાવે છે, તેમ गिरः-વાણીઓને शुश्रवत्-સાંભળીને સંભળાવશો ? (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે દરિદ્રને પણ ધન સંપન્ન, આળસુઓને પુરુષાર્થી અને વિદ્યાહીનોને બહુશ્રુત વિદ્વાન બનાવી દે, તેને તમે સભાધ્યક્ષ બનાવો. 'ક્યારે અમારી આ વાત સાંભળશો અને ક્યારે અમે એની વાત સાંભળીશું' એ રીતે અમે પ્રજાજનો આશા રાખીને બેઠા છીએ. (૮)*

यश्चिद्धि त्वा बहुभ्य आ सुतावाँ आविवासति।
उग्रं तत्पत्यते शव इन्द्रो अङ्ग॥ ९॥

પદાર્થ : હે अङ्ग-મિત્ર તું જે सुतावान्-અન્નાદિ પદાર્થોથી યુક્ત इन्द्रः-પરમ ઐશ્વર્ય પ્રદાતા बहुभ्यः-મનુષ્યોથી त्वा-તારી आविवासति સેવા કરે છે, જે શત્રુઓનું उग्रम्-અત્યંત शवः-બળ तत्-તેને चित्-

પણ आपत्यते-પ્રાપ્ત થાય છે, तम्, हि-તેને જ રાજા માનો. (૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે જે શત્રુઓના બળનો નાશ કરીને, તમને દુઃખોથી છોડાવીને સુખયુક્ત કરવામાં સમર્થ હોય તથા જેના ભય અને પરાક્રમથી શત્રુ નાશ પામે છે, તેને સેનાપતિ બનાવીને આનંદને પ્રાપ્ત કરો. (૯)*

स्वादोरित्था विषूवतो मध्वः पिबन्ति गौर्यः।

या इन्द्रेण सयावरीर्वृष्णा मदन्ति शोभसे वस्वीरनु स्वराज्यम्॥ १०॥

પદાર્થ : જેમ वृष्णा-સુખ વર્ષાવનાર इन्द्रेण-સૂર્યની સાથે सयाचरीः-સમાન ગમન કરનારા वस्वीः-પૃથિવી (આદિથી સંબંધ કરનારા) गौर्यः-કિરણો દ્વારા स्वराज्यम्-પોતાના પ્રકાશરૂપ રાજ્યની शोभसे-શોભાને માટે अनुमदन्ति-હર્ષના હેતુ હોય છે, તે इत्था-એ રીતે स्वादोः-સ્વાદયુક્ત विषूवतः-વ્યાપ્તિવાળા मध्वः-મધુર આદિ ગુણોનું पिबन्ति-પાન કરે છે, તેમ તમે પણ વર્તન કરો. (૧૦)

*ભાવાર્થ : પોતાના સેનાપતિ અને વીર સેનાઓ વિના પોતાના રાજ્યની શોભા અને રક્ષા થઈ શકતી નથી. જેમ સૂર્યનાં કિરણો સૂર્ય વિના રહી શકતા નથી અને ન વાયુના દ્વારા જળને ખેંચીને વરસાવી શકે છે, તેમ સેનાપતિ અને રાજા વિના પ્રજાઓ આનંદિત થઈ શકતી નથી. (૧૦)*

ता अस्य पृशनायुवः सोमं श्रीणन्ति पृश्नयः।

प्रिया इन्द्रस्य धेनवो वज्रं हिन्वन्ति सायकं वस्वीरनु स्वराज्यम्॥ ११॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે अस्य-એ इन्द्रस्य-સૂર્ય અને સેનાના અધ્યક્ષની पृश्नायुवः-પોતાને સ્પર્શ કરનારા અર્થાત્ વિપરીત પોતાને સ્પર્શ કરવા ઈચ્છતા पृश्नयः-સ્પર્શ કરનારા તથા प्रियाः-પ્રસન્ન કરનાર धेनवः-કિરણો, ગાય અને વાણી सोमम्-ઔષધિ રસના ઐશ્વર્યને श्रीणन्ति-સિદ્ધ કરતા અને सायकम्-દુર્ગુણોનો ક્ષય કરનાર તાપ તથા શત્રુસમૂહને हिन्वन्ति-પ્રેરણા આપે છે. वस्वीः-અને તે પૃથિવીથી સંબંધ કરનારા स्वराज्यम्-પોતાના રાજ્યને अनु-અનુકૂળ બને છે, તેને પ્રાપ્ત થાઓ. (૧૧)

*ભાવાર્થ : જેમ ગોપાલકની ગાયો જળ પીને, ઘાસ ચરીને-ખાઈને અને નિજ સુખ વધારીને અન્યોના આનંદની વૃદ્ધિ કરે છે, તેમ જ સેનાપતિની સેનાઓ અને સૂર્યના કિરણો ઔષધિઓથી આયુર્વેદની વિધિથી તૈયાર કરેલ અથવા પૂર્ણ પક્વ રસનું પાન કરીને, વિજય અને પ્રકાશ કરીને આનંદિત કરે છે. (૧૧)*

ता अस्य नमसा सहः सपर्यन्ति प्रचेतसः।

व्रतान्यस्य सश्चिरे पुरूणि पूर्वचित्तये वस्वीरनु स्वराज्यम्॥ १२॥

પદાર્થ : હે મનુષ્યો તમે જેમ स्वराज्यम्-પોતાનાં રાજયનો સત્કાર કરીને ન્યાયાધીશ સર્વનું પાલન કરે છે, તેમ अस्य-એ અધ્યક્ષના नमसा-અન્ન અને વજ્રની સાથે વિદ્યમાન प्रचेतसः-ઉત્તમ જ્ઞાનયુક્ત એના सहः-બળનું सपर्यन्ति-સેવન કરે છે, याः-જે अस्य-સેનાધ્યક્ષના पूर्वचित्तये-પૂર્વ જ્ઞાનને માટે पुरूणि-બહુ જ व्रतानि-સત્યભાષણ, નિયમ આદિને सश्चिरे-પ્રાપ્ત થાય છે, ताः-તે वस्वीः-પૃથિવી સંબંધિત દેશોને આનંદ ભોગવવા માટે સેવન કરો. (૧૨)

*ભાવાર્થ : સામગ્રી, બળ અને નિયમો વિના રાજ્ય આદિ અનેક સુખ થતાં નથી, એટલા માટે મનુષ્યોએ યમ-નિયમો અનુસાર એ સર્વનું ચિંતન કરીને, વિજય આદિ સર્વ કર્મોને સિદ્ધ કરવા જોઈએ. (૧૨)*

इन्द्रो दधीचो अस्थभिर्वृत्राण्यप्रतिष्कुतः। जघान नवतीर्नव॥ १३॥

પદાર્થ : હે સેનાપતે ! જેમ अप्रतिष्कुतः-સર્વત્રથી સ્થિર इन्द्र-સૂર્યલોક अस्थभिः-અસ્થિર કિરણોથી नवनवतीः-નવાણુ પ્રકારની દિશાઓનાં અવયવોને પ્રાપ્ત થયેલ दधीचः-જે ધારણકર્તા વાયુ આદિને પ્રાપ્ત થાય છે, તે वृत्राणि-મેઘના સૂક્ષ્મ અવયવ રૂપ જળનું जघान-હનન કરે છે, તેમ તું અનેક અધર્મી શત્રુઓનું હનન કર. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ, કે તે જ સેનાપતિ બનવાને યોગ્ય છે, જે સૂર્ય સમાન શત્રુઓના હિંસક અને પોતાની સેનાનો રક્ષક હોય. (૧૩)*

इच्छन्नश्वस्य यच्छिरः पर्वतेष्वपश्रितम्। तद्विदच्छर्यणावति॥ १४॥

પદાર્થ : જેમ इन्द्रः-સૂર્ય अश्वस्य-શીઘ્રગામી મેઘના यत्-જે शर्यणावति-આકાશમાં पर्वतेषु-પર્વત અને મેઘમાં अपश्रितम्-આશ્રિત शिरः-ઉત્તમાંગની સમાન અવયવનું છેદન કરે છે, તેમ શત્રુની સેનાના ઉત્તમાંગના નાશની इच्छन्-ઈચ્છા કરીને સુખોને સેનાપતિ विदित्-પ્રાપ્ત થાય. (૧૪)

*ભાવાર્થ : જેમ અન્તરિક્ષમાં સૂર્ય મેઘનું છેદન કરીને ભૂમિ પર પાડે છે, તેમ જ (રાજા) પર્વત તથા કિલ્લામાં આશ્રય કરેલા શત્રુઓને મારીને ભૂમિ પર પાડી દે. એ રીતે કર્યા વિના રાજ્ય વ્યવસ્થા સ્થિર થઈ શકતી નથી. (૧૪)*

अत्राह गोरमन्वत नाम त्वष्टुरपीच्यम्। इत्था चन्द्रमसो गृहे॥ १५॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ अत्र-આ જગતમાં नाम-પ્રસિદ્ધ गोः-પૃથિવી અને चन्द्रमसः-ચંદ્રલોકની મધ્યમાં त्वष्टुः-છેદન કરનાર સૂર્યનો अपीच्यम्-પ્રાપ્ત થનારમાં યોગ્ય પ્રકાશરૂપ વ્યવહાર છે इत्था-એ રીતે अमन्वत-માને છે, તેમ अह-નિશ્ચયપૂર્વક જઈને गृहे-ઘરોમાં ન્યાય-પ્રકાશ માટે આચરણ કરો. (૧૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, જાણવું જોઈએ કે ઈશ્વર અને વિદ્યાવૃદ્ધિની હાનિ અને વિપરીતતા થઈ શકતી નથી. સર્વ કાલોમાં સર્વ ક્રિયાઓમાં સૃષ્ટિના નિયમો એક રસ રહે છે. જેમ સૂર્યનો પૃથિવીની સાથે આકર્ષણ અને પ્રકાશ આદિ સંબંધ છે, તેમ અન્ય ભૂગોળોની સાથે પણ છે. કારણ કે ઈશ્વર દ્વારા સ્થાપિત નિયમમાં વ્યભિચાર (અનિયમિતતા, વિપરીતતા) કદી થતો નથી. (૧૫)*

**को अ॒द्य यु॑ङ्क्ते धु॒रि गा ऋ॒तस्य॒ शिमी॑वतो भा॒मिनो॑ दु॒र्हृणा॒यून्।**

**अ॒सन्नि॑षून्हृ॒त्स्वसो॑ मयो॒भून्य ए॑षां भृ॒त्यामृ॒णध॒त्स जी॑वात्॥ १६॥**

પદાર્થ : कः-કોણ अद्य-આજ-આ સમયે ऋतस्य-સત્ય આચરણ સંબંધી शिमीवतः-ઉત્તમ ક્રિયાયુક્ત, भामिनः-શત્રુઓ પર ક્રોધ કરનાર, दुर्हृणायून्-શત્રુઓને જેના દુર્લભ સહસા કર્મ તેના સમાન આચરણ કરનાર, आसन्निषून्-સમ્યક્ સ્થાન બાણ પહોંચાડનાર, हृत्स्वसः-શત્રુઓના હૃદયમાં શસ્ત્ર પ્રહાર કરનાર અને मयोभून्-સ્વરાજ્ય માટે સુખ કરનાર શ્રેષ્ઠ વીરોને धूरि-સંગ્રામોમાં युङ्क्ते-યુક્ત કરે છે. અથવા यः-જે एषाम्-એની જિવિકા માટે गाः-ભૂમિઓને ऋणधत्-સમૃદ્ધિયુક્ત કરે सः-તે जीवात्-બહુ જ સમય સુધી અર્થાત્ દીર્ઘાયુ જીવે. (૧૬)

*ભાવાર્થ : સર્વાધ્યક્ષ રાજા સર્વને પ્રકટ રૂપમાં આજ્ઞા પ્રદાન કરે, સમસ્ત સૈનિક વીરોને સત્ય આચરણથી યુક્ત કરે અને સદા તેઓની જીવિકા વધારીને સ્વયં દીર્ઘાયુયુક્ત બને. (૧૬)*

**क ई॑षते तु॒ज्यते॒ को बि॑भाय॒ को मं॑सते॒ सन्त॒मिन्द्रं॒ को अन्ति॑।**

**कस्तो॒काय॒ क इभा॒यो॒त रा॒येऽधि॑ ब्रवत्त॒न्वे॒३॒॑ को जना॑य॥ १७॥**

પદાર્થ : હે સેનાપતે ! સેનાઓમાં રહેલા કર્મચારીઓમાં कः-કોણ શત્રુઓને ईषते-મારે છે ? कः-કોણ શત્રુઓથી तुज्यते-માર્યા જાય છે ? कः-કોણ યુદ્ધમાં बिभाय-ભય પામે છે ? कः-કોણ सन्तम्-રાજધર્મમાં વિદ્યમાન इन्द्रम्-ઉત્તમ ઐશ્વર્યના દાતાને मंसते-જાણે છે ? कः-કોણ तोकाय-સંતાનોની अन्ति-સમીપ રહે છે ? कः-કોણ इभाय-હાથીને ઉત્તમ બનાવવાની શિક્ષા કરે છે ? उत-અને कः-કોણ राये-ધન વૃદ્ધિ માટે વર્તે છે ? અને तन्वे-શરીર તથા जनाय-મનુષ્યોને માટે अधिब्रवत्-આજ્ઞા આપે, તેનો ઉત્તર આપ કહો. (૧૭)

*ભાવાર્થ : દીર્ઘ (અડતાલીસ વર્ષના) બ્રહ્મચર્યથી, ઉત્તમ શિક્ષાથી અને અન્ય શુભ ગુણોથી યુક્ત (હોય છે) તેઓ એ સર્વ કર્મો કરી શકે છે, અન્ય લોકો નહિ.*

*જેમ રાજા સેનાપતિને પોતાની સંપૂર્ણ સેના અને કર્મચારીઓની વ્યવસ્થા વિષે પૂછે છે, તેમ સેનાપતિ પોતાને આધીન અધ્યક્ષોથી સ્વયં એ વાતને પૂછે. જેમ રાજા સેનાપતિને આજ્ઞા આપે, તેમ સેનાના અન્ય અધ્યક્ષોને સ્વયં આજ્ઞા આપે. (૧૭)*

**को अ॒ग्निमी॑ट्टे ह॒विषा॑ घृ॒तेन॑ स्रु॒चा य॑जाता ऋ॒तुभि॑र्ध्रु॒वेभि॑ः।**

कस्मै॑ दे॒वा आ व॑हाना॒शु होम॒ को मं॑सते वी॒तिहो॑त्रः सु॒दे॒वः ॥ १८ ॥

પદાર્થ : હે વિદ્વાન ! कः-કોણ वीतिहोत्रः-વિજ્ઞાન અને શ્રેષ્ઠ ક્રિયાયુક્ત પુરુષ हविषा-વિચાર અને घृतेन-ઘૃતથી अग्निम्-અગ્નિને इट्टे-ઐશ્વર્ય પ્રાપ્તિના હેતુ કરે છે ? कः-કોણ स्त्रुचा-કર્મથી ध्रुवेभिः-નિશ્ચલ ऋशुभिः-વસંત આદિ ઋતુઓમાં यजातै-જ્ઞાન અને ક્રિયા યજ્ઞને કરે છે ?

देवा-વિદ્વાનો कस्मै-કોને માટે होम-ગ્રહણ અને દાન आशु-શીઘ્ર आवहान्-પ્રાપ્ત કરાવે ? કોણ सुदेवः-ઉત્તમ વિદ્વાન એ સર્વને मंसते-જાણે છે ? એનો ઉત્તર કહો. (૧૮)

*ભાવાર્થ : હે વિદ્વાન્ ! કયા સાધનથી અથવા કર્મથી અગ્નિવિદ્યા અમને પ્રાપ્ત થઈ શકે છે ? કોનાથી યજ્ઞ સિદ્ધ થાય છે ? અને કયા પ્રયોજન માટે વિદ્વાનજનો વિજ્ઞાન યજ્ઞને વિસ્તૃત કરે છે ? (૧૮)*

त्वम॑ङ्ग॒ प्र शं॑सिषो दे॒वः श॑विष्ठ॒ मर्त्य॑म्।

न त्वद॒न्यो म॑घवन्नस्ति मर्डि॒तेन्द्र॒ ब्रवी॑मि ते॒ वचः॑ ॥ १९ ॥

પદાર્થ : હે अङ्ग-મિત્ર शविष्ठ-પરમબળયુક્ત ! જેથી त्वम्-તું देवः-વિદ્વાન છે તેથી मर्त्यम्-મનુષ્યને प्रशंसिषः-પ્રશંસિત કર. હે मघवन् !-શ્રેષ્ઠ ધનદાતા इन्द्र-દુઃખોના નાશક ! જેથી त्वम्-તારાથી अन्यः-ભિન્ન કોઈપણ मर्डिता-સુખદાયક नास्ति-નથી, તેથી ते-તને वचः-ધર્મયુક્ત વચનોનો ब्रवीमि-ઉપદેશ કરું છું. (૧૯)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રશંસિત કર્મવાળા, અદ્વિતીય, નિરંતર સુખદાયી અને ધાર્મિક મનુષ્યોની સાથે જ મિત્રતા કરીને પરસ્પર હિતનો ઉપદેશ કરવો જોઈએ. (૧૯)*

मा ते॒ राधां॑सि॒ मा त॑ ऊ॒तयो॑ वसो॒ऽस्मान्कदा॑ च॒ना द॑भन्।

विश्वा॑ च न उपमिमी॒हि मा॑नुष॒ वसू॑नि चर्ष॒णिभ्य॒ आ ॥ २० ॥

પદાર્થ : હે वसो-સુખમાં વાસ કરનાર ते-આપનું राधांसि-ધન अस्मान्-અમને कदाचन-કદીપણ मा दभन्-દુઃખદાયક ન બને. ते-તારી ऊतयः-રક્ષા अस्मान्-અમને मा-દુઃખદાયી ન બને.

હે मानुष-જેમ તું चर्षणिभ्यः-ઉત્તમ મનુષ્યોને विश्वा-વિજ્ઞાન આદિ સર્વ રીતે वसूनि-ધન આદિ પ્રદાન કરે છે, તેમ અમને પણ આપ च-અને नः-અમને વિદ્વાન ધાર્મિકોની आ-સર્વત્રથી उपमिमीहि-ઉપમાની પ્રાપ્તિ કર. (૨૦)

*ભાવાર્થ : તે જ ધાર્મિક મનુષ્ય છે; જેના તન, મન અને ધન સર્વને સુખી કરે. તેઓજ પ્રશંસિત થાય છે, જે સંસારના ઉપકાર માટે પ્રયત્ન કરે છે. (૨૦)*

સંગતિ : આ સૂક્તમાં સેનાપતિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થની

સાથે જાણવી જોઈએ. (૮૪)

## સૂક્ત-૮૫

**प्र ये शुम्भन्ते जनयो न सप्तयो यामन्रुद्रस्य सूनवः सुदंससः।**
**रोदसी हि मरुतश्चक्रिरे वृधे मदन्ति वीरा विदथेषु घृष्वयः॥ १॥**

પદાર્થ : ये-જે रुद्रस्य-દુષ્ટોને રડાવનાર सूनवः-પુત્ર सुदंससः-ઉત્તમ કર્મ કરનાર घृष्वयः-આનંદયુક્ત वीराः-વીરપુરુષ हि-નિશ્ચય यामन्-માર્ગમાં જેમ અલંકારોથી સુશોભિત जनयः-સુશીલ સ્ત્રીઓની न-સમાન અને सप्तयः-ઘોડાની સમાન શીઘ્ર આવાગમન કરનાર मरुतः-વાયુ रोदसी-પ્રકાશ અને પૃથિવીના ધારણ સમાન वृधे-વૃદ્ધિ માટે રાજ્યનું ધારણ કરીને विदथेषु-સંગ્રામોમાં વિજયને चक्रिरे-કરે છે, તેઓ प्रशुम्भन्ते-સમ્યક્ શોભાયુક્ત અને मदन्ति-આનંદને પ્રાપ્ત થાય છે, તેનાથી તું પ્રજાનું પાલન કર. (૧)

*ભાવાર્થ : જેમ સુશિક્ષિત પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિઓની અને પત્નીવ્રત પતિ પોતાની સ્ત્રીઓની સેવા કરીને તેને સુખી કરે છે તથા જેમ સુંદર અને બળવાન ઘોડાઓ માર્ગમાં શીઘ્ર પહોંચાડીને આનંદિત કરે છે, તેમ ધાર્મિક વીર સમસ્ત પ્રજાઓને પ્રસન્ન કરે છે. (૧)*

**त उक्षितासो महिमानमाशत दिवि रुद्रासो अधि चक्रिरे सदः।**
**अर्चन्तो अर्कं जनयन्त इन्द्रियमधि श्रियो दधिरे पृश्निमातरः॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ उक्षितासः-વૃષ્ટિથી પૃથ્વીનું સિંચન કરનાર पृश्निमातरः-જેની માતા આકાશ છે ते-તે रुद्रासः-વાયુ दिवि-આકાશમાં सदः-સ્થિર महिमानम्-પ્રતિષ્ઠાને अध्याशत-અધિક પ્રાપ્ત થાય છે અને તેને अधिचक्रिरे-અધિક કરે છે અને इन्द्रियम्-ધનને दधिरे-ધારણ કરે છે, તેમ अर्कम्-પૂજનીયનું अर्चन्तः-પૂજન કરીને આપ લોકો श्रियः-લક્ષ્મીને जनयन्तः-વધારીને આનંદિત રહો. (૨)

*ભાવાર્થ : આ જગતમાં (જેમ) વાયુ વર્ષાનો હેતુ બનીને દિવ્ય સુખોને ઉત્પન્ન કરે છે, તેમ સભાધ્યક્ષ આદિ વિદ્યાથી સુશોભિત અને પરસ્પર ઉપકારકર્તા તથા પ્રેમયુક્ત રહે. (૨)*

**गोमातरो यच्छुभयन्ते अञ्जिभिस्तनूषु शुभ्रा दधिरे विरुक्मतः।**
**बाधन्ते विश्वमभिमातिनमप वर्त्मान्येषामनु रीयते घृतम्॥ ३॥**

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે गोमातरः-પૃથિવીની સમાન માતાવાળા विरुक्मतः-વિશેષ અલંકૃત शुभ्राः-શુદ્ધ સ્વભાવયુક્ત શૂરવીરજનો જેમ પ્રાણ तनूषु-શરીરોમાં अञ्जिभिः-પ્રસિદ્ધ વિજ્ઞાનાદિ ગુણ નિમિત્તોથી शुभयन्ते-શુભ કર્મોનું આચરણ કરીને શોભાયમાન કરે છે, विश्वम्-જગત્‌ના સર્વ પદાર્થોને अनुदधिरे-અનુકૂળતાથી ધારણ કરે છે, एषाम्-એના સંબંધથી घृतम्-જળ रीयते-પ્રાપ્ત અને वर्त्मानि-

માર્ગોમાં જાય છે, તેમ अभिमातिनम्-અભિમાનયુક્ત શત્રુગણનો अपबाधन्ते-બાધ કરે છે, તેની સાથે તમે વિજયને પ્રાપ્ત થાઓ. (૩)

*ભાવાર્થ : જેમ વાયુઓની અનેક સુખ (થાય છે) અને પ્રાણબળથી પુષ્ટિ થાય છે, તેમ શુભગુણોથી યુક્ત, વિદ્યાવાન અને શરીર તથા આત્માના બળથી સંપન્ન સભા આદિના અધ્યક્ષ દ્વારા પ્રજાજનો અનેક પ્રકારની રક્ષાઓને પ્રાપ્ત કરે છે. (૩)*

वि ये भ्राजन्ते सुमखास ऋष्टिभिः प्रच्यावयन्तो अच्युता चिदोजसा।
मनोजुवो यन्मरुतो रथेष्वा वृषव्रातासः पृषतीरयुग्ध्वम्॥४॥

પદાર્થ : હે પ્રજા અને સભાના મનુષ્યો ! ये-જે मनोजुवः-મનની સમાન વેગવાન मरुतः-વાયુઓની चित्-સમાન वृषवातासः-શસ્ત્રો અને અસ્ત્રોને શત્રુઓ પર વર્ષાવનાર મનુષ્યોથી યુક્ત सुमखासः-ઉત્તમ શિલ્પવિદ્યા સંબંધી વા સંગ્રામરૂપ ક્રિયાઓને કરનાર ऋष्टिभिः-યંત્ર કલાઓને ચલાવનાર દંડો અને अच्युता-અક્ષય ओजसा-બળ અને પરાક્રમયુક્ત સેના દ્વારા શત્રુની સેનાઓને प्रच्यावयन्तः-નષ્ટ-ભ્રષ્ટ કરીને व्याभ्राजन्ते-સમ્યક્ શોભાયમાન થાય છે, તેની સાથે यत्-જે रथेषु-રથોમાં पृषतीः-વાયુથી યુક્ત જળને अयुग्ध्वम्-સંયુક્ત કરો, તેના દ્વારા શત્રુઓને જીતો. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, મનની સમાન વેગવાન વિમાન આદિ યાનોમાં જળ, અગ્નિ તથા વાયુનો સંપ્રયોગ કરીને, તેમાં બેસીને સર્વત્ર ભૂગોળમાં ગમનાગમન કરીને, શત્રુઓને જીતીને, પ્રજાઓનું સમ્યક્ પાલન કરીને તથા શિલ્પ વિદ્યા સંબંધી કાર્યોની વૃદ્ધિ કરીને સર્વનો ઉપકાર કરવો જોઈએ. (૪)*

प्र यद्रथेषु पृषतीरयुग्ध्वं वाजे अद्रिं मरुतो रंहयन्तः।
उतारुषस्य वि ष्यन्ति धाराश्चर्मेवोदभिर्व्युन्दन्ति भूम॥५॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ શિલ્પીઓ यत्-જે रथेषु-વિમાન આદિ યાનોમાં पृषतीः-અગ્નિ અને શુદ્ધ જળને प्रयुग्ध्वम्-સંયુક્ત કરે उत-અને अद्रिम्-મેઘને रंहयन्तः-પોતાના વેગથી ચલાવીને मरुतः-પવન જેમ अरुस्यः-ઘોડાઓની સમાન वाजे-યુદ્ધમાં चर्मेव-ચામડાની સમાન લાકડું, ધાતુ અને ચામડાથી મઢેલા કલાઘરોમાં उद्भिः-જળની धाराः-તેના પ્રવાહોને विष्यन्ति-કામની સમાપ્તિ કરવા માટે સમર્થ કરે છે અને भूम-ભૂમિને व्युन्दन्ति-ભીની કરે છે અર્થાત્ રથને ચલાવતા જળ ચપકાવતા જાય છે, તેમ તે યાનો દ્વારા અન્તરિક્ષ માર્ગથી દેશ-દેશાન્તર અને દ્વીપ-દ્વીપાન્તરમાં ગમનાગમન કરીને લક્ષ્મીની વૃદ્ધિ કરો. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ વાયુ વાદળાંઓને પરસ્પર ભેગા અને જુદા કરે છે, તેમ શિલ્પીજનો ઉત્તમ શિક્ષાથી અને અગ્નિ આદિના સંપ્રયોગથી (મનુષ્ય આદિને) અન્ય સ્થાનોમાં પહોંચાડીને કાર્યોને સિદ્ધ કરે છે. (૫)*

आ वो वहन्तु सप्तयो रघुष्यदो रघुपत्वानः प्र जिगात बाहुभिः।

सीदता बर्हिरुरु वः सदस्कृतं मादयध्वं मरुतो मध्वो अन्धसः॥६॥

પદાર્થ : હે મનુષ્યો ! જે रघुष्यदः-ગમન કરવા-કરાવનાર रघुपत्वानः-અલ્પ અથવા અધિક ગમન કરનારા मरुतः-વાયુઓની સમાન सप्तयः-શીઘ્ર ચાલનારા ઘોડા वः-તમને वहन्तु-દેશ-દેશાન્તરમાં કરે, તેને बाहुभिः-બળ અને પરાક્રમયુક્ત હાથોથી प्राजिगात-ઉત્તમ ગતિમાન કરો, તેનાથી उरु-બહુ જ बर्हिः-ઉત્તમ આસન પર आसीदत-બેસીને આકાશાદિમાં ગમનાગમન કરો, જેથી તમારું सदः-સ્થાન कृतम्-સિદ્ધ भवेत्-થાય, તેનાથી मध्वः-મધુર अन्धसः-અન્નોને પ્રાપ્ત કરીને અમને मादयध्वम्-આનંદિત કરો. (૬)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષ આદિ મનુષ્ય થવા યોગ્ય કાર્ય કરીને શ્રેષ્ઠ ભોગોને પ્રાપ્ત કરે. આ સંસારમાં પદાર્થ વિજ્ઞાન અને ક્રિયા વિના કોઈને પણ ઉત્તમ ભોગ પ્રાપ્ત થઈ શકતો નથી. એટલા માટે એ કાર્યોને નિત્ય કરવા જોઈએ. (૬)*

तेऽवर्धन्त स्वतवसो महित्वना नाकं तस्थुरुरु चक्रिरे सदः।

विष्णुर्यद्धावद् वृषणं मदच्युतं वयो न सीदन्नधि बर्हिषि प्रिये॥७॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ विष्णुः-સૂર્ય સમાન શિલ્પવિદ્યામાં નિપુણ મનુષ્ય प्रिये-અત્યંત સુંદર बर्हिषि-આકાશમાં वृषणम्-અગ્નિ-જળની વર્ષાયુક્ત વિમાનની अधिसीदन्-ઉપર બેસીને वयो न-જેમ પક્ષી આકાશમાં ઉડે છે અને ભૂમિ પર આવે છે, તેમ यत्-જે मदच्युतम्-હર્ષને પ્રાપ્ત (કરીને) દુષ્ટોને રોકનાર મનુષ્યોની आवत्-રક્ષા કરે છે તેને જે स्वतवसः-સ્વકીય બળયુક્ત મનુષ્ય પ્રાપ્ત થાય છે, ते ह-તેઓ જ महित्वना-મહિમાથી अवर्धन्त-વૃદ્ધિ પામે છે અને જે વિમાનાદિ યાનોમાં आतस्थुः-બેસીને उरु-વિપુલ સુખસાધક सदः-સ્થાનમાં ગમનાગમન કરે છે, તેઓ नाकम्-વિશેષ સુખ ( चक्रिरे- ) (પ્રાપ્ત) કરે છે. (૭)

*ભાવાર્થ : જેમ પક્ષી આકાશમાં સુખપૂર્વક જઈને આવી જાય છે, તેમ જ જે પ્રશસ્ત શિલ્પવિદ્યાના જ્ઞાતા અધ્યાપકોથી અંગો તથા ઉપાંગો સહિત શિલ્પ વિદ્યાનો સાક્ષાત્ કરીને, તેઓના દ્વારા યાનોને સિદ્ધ કરીને તથા સારી રીતે રક્ષા કરીને તેની વૃદ્ધિ કરે છે, તેઓજ ઉત્તમ પ્રતિષ્ઠા અને પ્રશંસનીય ધન પ્રાપ્ત કરીને નિત્ય ઉન્નતિ કરે છે. (૭)*

शूराइवेद्युयुधयो न जग्मयः श्रवस्यवो न पृतनासु येतिरे।

भयन्ते विश्वा भुवना मरुद्भ्यो राजानइव त्वेषसंदृशो नरः॥८॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે વાયુ शूरा इव-શૂરવીરોની સમાન इत्-જ મેઘની સાથે युयुधयो न-યુદ્ધ કરનારની સમાન जग्मयः-જવા-આવવાવાળા पृतनासु-સેનાઓમાં श्रवस्यवः-અન્નાદિ પદાર્થોને પોતાના માટે વધારનારની સમાન येतिरे-યત્ન કરે છે, राजान इव રાજાઓની સમાન त्वेषसंदृशः-

પ્રકાશને દેખાડનાર नरः-નાયકની સમાન છે, જે मरुद्भ्यः-વાયુઓથી विश्वा-સર્વ भुवना-સંસારસ્થ પ્રાણી भयन्ते-ભય પામે છે, તે વાયુઓનો સમ્યક્ યુક્તિપૂર્વક ઉપયોગ કરો. (૮)

*ભાવાર્થ : જેમ નિડર પુરુષ યુદ્ધથી હટતા નથી, જેમ યોદ્ધાઓ યુદ્ધ માટે શીઘ્ર દોડે છે. જેમ ક્ષુધાતુર અન્ન ઇચ્છે છે અને તેમ જ જે સેનાઓમાં (છે તેઓ) યુદ્ધ ઇચ્છે છે.*

*જેમ દંડાધિકારીઓથી તથા સભા આદિના અધ્યક્ષોથી અન્યાયકારી લોકો કંપે છે, તેમ પવનોથી પણ સમસ્ત કુપથ્યો કરનાર તથા તેનું અનુચિત રૂપે સેવન કરનાર પ્રાણી કંપે છે. (અને ત્યારે) પોતાની મર્યાદામાં રહે છે. (૮)*

**त्वष्टा॒ यद्वज्रं॒ सुकृ॑तं हि॒र॒ण्ययं॑ स॒हस्र॑भृष्टिं॒ स्वपा॒ अव॑र्त्तयत्।**

**ध॒त्त इन्द्रो॒ नर्यपां॑सि॒ कर्त्त॒वेऽह॒न्वृत्रं॒ निर॒पामौ॑ब्जदर्ण॒वम्॥ ९॥**

પદાર્થ : પ્રજા અને સેનામાં રહેલ પુરુષો જેમ स्वपाः-ઉત્તમ કર્મ કરતા त्वष्टा-છેદન કરનાર इन्द्रः-સૂર્ય कर्त्तवे-કરવા યોગ્ય अपांसि-કર્મોને તથા यत्-જે सुकृतम्-સારી રીતે સિદ્ધ કરેલ हिरण्ययम्-પ્રકાશયુક્ત सहस्त्रभृष्टिम्-જેનાથી હજાર પદાર્થો પાકે છે તે वज्रम्-વજનો પ્રહાર કરીને वृत्रम्-મેઘનું अहन्-હનન કરે છે, अपाम्-જળોના अर्णवम्-સમુદ્રને निरौब्जत्-નિરંતર સરળ કરે છે, તેમ દુષ્ટોને पर्यवर्त्तयत्-છિન્ન-ભિન્ન કરીને શત્રુઓનું હનન કરીને नरि-મનુષ્યોમાં શ્રેષ્ઠોને आधत्ते-ધારણ કરે છે, તે રાજા બનવાને યોગ્ય હોય છે. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્ય મેઘને ધારણ કરીને તથા તેને વરસાવીને પ્રજાઓનું પાલન કરે છે, તેમ રાજા આદિ અન્યાયથી પૂર્ણ દુષ્ટોને નષ્ટ કરીને, સર્વના હિતને માટે સુખ રૂપી સાગરને સિદ્ધ કરે. (૯)*

**ऊ॒र्ध्वं नु॑नुद्रेऽव॒तं त ओज॑सा दादृहा॒णं चि॑द्बिभिदु॒र्वि पर्व॑तम्।**

**धम॑न्तो वा॒णं म॒रुतः॑ सु॒दान॑वो॒ मदे॒ सोम॑स्य॒ रण्या॑नि चक्रिरे॥ १०॥**

પદાર્થ : જેમ मरुतः-વાયુ ओजसा-બળથી अवतम्-રક્ષણાદિના નિમિત્ત दाद्दहाणम्-વધારવાને યોગ્ય पर्वतम्-મેઘને बिभिदुः-વિદીર્ણ કરીને તથા ऊर्ध्वम्-ઊંચે नुनुद्रे-લઈ જાય છે, તેમ જે वाणम्-બાણથી લઈને શસ્ત્રસમૂહને धमन्तः-કંપાવતા सुदानवः-ઉત્તમ પદાર્થોનું દાન કરનારા सोमस्य-ઉત્પન્ન થયેલ જગતની મધ્યમાં मदे-હર્ષમાં रण्यानि-સંગ્રામોમાં ઉત્તમ સાધનોને विचक्रिरे-કરે છે, ते તેઓ રાજાઓની चित्-સમાન હોય છે. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યો આ સંસારમાં જન્મ પ્રાપ્ત કરીને, વિદ્યા અને સુશિક્ષા લઈને તથા વાયુ સમાન કર્મ કરીને સુખોનો ઉપભોગ કરે. (૧૦)*

जि॒ह्मं नु॑नुद्रेऽव॒तं तया॑ दि॒शासि॑ञ्च॒न्नुत्सं॒ गोत॑माय तृ॒ष्णजे॑।
आ ग॑च्छन्ती॒मव॑सा चि॒त्रभा॑नवः॒ कामं॒ विप्र॑स्य तर्पयन्त॒ धाम॑भिः॥ ११॥

પદાર્થ : જેમ દાતા લોકો अवतम्-નીચેના સ્થાનમાં जिह्मम्-કુટિલ उत्सम्-કુવો ખોદીને तृष्णजे-તૃષાયુક્ત गोतमाय-બુદ્ધિમાન પુરુષને ईम्-જળથી असिंचन्-તૃપ્ત કરીને तया-दिशा-તે અભીષ્ટ દિશાથી नुनुद्रे-તેની તરસને દૂર કરી દે છે, જેમ चित्रभानवः-વિવિધ પ્રકારના પ્રાણોના આધાર સમાન धामभिः-જન્મ, નામ અને સ્થાનોથી विप्रस्य-વિદ્વાનનાં अवसा-રક્ષણની कामम्-ઇચ્છાને तर्पयन्त-પૂર્ણ કરે છે અને સર્વત્રથી સુખને आगच्छन्ति-પ્રાપ્ત કરે છે, તેમ ઉત્તમ મનુષ્યોએ બનવું જોઈએ. (૧૧)

*ભાવાર્થ : જેમ મનુષ્યો કૂવા આદિ ખોદીને, ખેતર, બગીચા-વાડી આદિ સિંચીને, તેથી ઉત્પન્ન થયેલ અન્ન-ફૂલ આદિથી પ્રાણીઓને સમ્યક્ તૃપ્ત કરીને સુખી કરે છે, તેમ જ સભાપતિ આદિ, શાસ્ત્રોના વિશેષજ્ઞ વિદ્વાનોને તેઓની ઈચ્છાઓની પૂર્તિ કરીને સંતૃપ્ત કરીને, એના દ્વારા વિદ્યા, સુશિક્ષા અને ધર્મનો સમ્યક્ પ્રચાર કરીને પ્રાણીઓને આનંદિત કરે. (૧૧)*

या वः॒ शर्म॑ शशमा॒नाय॒ सन्ति॑ त्रि॒धातू॑नि दा॒शुषे॑ यच्छ॒ताधि॑।
अ॒स्मभ्यं॒ तानि॑ मरुतो॒ वि य॑न्त र॒यिं नो॑ धत्त वृषणः सु॒वीर॑म्॥ १२॥

પદાર્થ : હે સભાધ્યક્ષ આદિ મનુષ્યો ! તમે मरुतः-વાયુની સમાન वः-તમારે या-જે त्रिधातूनि-વાત, પિત્ત, કફયુક્ત શરીર અથવા લોખંડ, સોનું, ચાંદી આદિ ધાતુયુક્ત शर्म-ઘર सन्ति-છે तानि-તેને शशमानाय-વિજ્ઞાનયુક્ત दाशुषे-દાતાને માટે यच्छत-આપો અને अस्मभ्यम्-અમારા માટે તેવું ઘર वियन्त-પ્રાપ્ત કરો. હે वृषणः-સુખની વૃષ્ટિ કરનારા ! नः-અમારા માટે सुवीरम्-ઉત્તમ વીરની પ્રાપ્તિ કરાવનાર रयिम्-ધનને अधिधत्त-ધારણ કરો. (૧૩)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષ (= સભાપતિ અને સેનાપતિ) આદિએ સુખ અને દુ:ખની અવસ્થામાં સર્વ પ્રાણીઓને પોતાની સમાન માનીને, સુખ અને ધન આદિથી પુત્રની સમાન તેનુ પાલન કરવું જોઈએ અને પ્રજાજનો તથા સૈનિકોએ એનો પિતા સમાન સત્કાર કરવો જોઈએ. (૧૨)*

સંગતિ : આ સૂક્તમાં વાયુની સમાન સભાધ્યક્ષ-રાજા અને પ્રજાના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થની સાથે જાણવી જોઈએ. (૮૫)

## સૂક્ત-૮૬

मरु॑तो॒ यस्य॒ हि क्षये॑ पा॒था दि॒वो वि॑महसः। स सु॑गो॒पात॑मो॒ जनः॑॥ १॥

પદાર્થ : હે विमहसः-અનેક પૂજનીય કર્મોના કર્તા दिवः-વિદ્યા, ન્યાય, પ્રકાશયુક્ત તમે मरुतः-વાયુની સમાન વિદ્વાનજન यस्य-જેના क्षये-ઘરમાં पाथ-રક્ષક હોય, स हि-તે જ सुगोपातमः-સારી

રીતે जनः-મનુષ્ય બને. (૧)

*ભાવાર્થ : જેમ પ્રાણ વિના શરીરાદિની રક્ષા થઈ શકતી નથી, તેમ સત્ય ઉપદેશક વિના પ્રજાની રક્ષા થતી નથી. (૧)*

**य॒ज्ञैर्वा॑ यज्ञवाहसो॒ विप्र॑स्य वा मती॒नाम्। मरु॑तः शृणु॒ता हव॑म्॥ २॥**

પદાર્થ : હે यज्ञवाहसः-સત્સંકલ્પ પ્રિય યજ્ઞોને પ્રાપ્ત કરાવનારા વિદ્વાનો ! તમે मरुतः-વાયુની સમાન यज्ञैः-પોતાના वा-પારકા ભણવા-ભણાવવા અને ઉપદેશરૂપ યજ્ઞોથી विप्रस्य-વિદ્વાન वा-અથવા मतीनाम्-બુદ્ધિમાનોની हवम्-પરીક્ષાને યોગ્ય પઠન-પાઠન રૂપ વ્યવહારને श्रृणुत-શ્રવણ કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવા અને સમજાવવા રૂપી યજ્ઞોથી અથવા ક્રિયાથી સિદ્ધ યજ્ઞોથી યુક્ત થઈને તથા અન્ય મનુષ્યોને એનાથી યુક્ત કરીને અને પરોપકારથી ઐશ્વર્યની નિરંતર વૃદ્ધિ કરવી જોઈએ. (૨)*

**उ॒त वा॒ यस्य॑ वा॒जिनोऽनु॒ विप्र॒मत॑क्षत। स गन्ता॒ गोम॑ति व्र॒जे॥ ३॥**

પદાર્થ : वाजिनः-ઉત્તમયુક્ત વિદ્વાનો ! તમે यस्य-જે ક્રિયાકુશળ વિદ્વાન वा-ભણાવનારની સમીપથી વિદ્યાને પ્રાપ્ત થયેલ विप्रम्-વિદ્વાનને अन्वतक्षत-સૂક્ષ્મપ્રજ્ઞા = બુદ્ધિ યુક્ત કરો છો, सः-તે गोमति-ઉત્તમ ઈન્દ્રિય, વિદ્યા, પ્રકાશયુક્ત व्रजे-પ્રાપ્ત કરવાના યોગ્ય માર્ગમાં उत-પણ गन्ता-પ્રાપ્ત થાય. (૩)

*ભાવાર્થ : તીવ્ર બુદ્ધિ અને શિલ્પવિદ્યાથી સિદ્ધ કરેલ વિમાન આદિ વિના મનુષ્યો દ્વારા દેશ-દેશાન્તરમાં ગમનાગમન થઈ શકતું નથી, તેથી પુરુષાર્થથી એ (વિમાન) આદિનું નિર્માણ કરવું જોઈએ. (૩)*

**अ॒स्य वी॒रस्य॑ ब॒र्हिषि॑ सु॒तः सोमो॒ दिवि॑ष्टिषु। उ॒क्थं मद॑श्च शस्यते॥ ४॥**

પદાર્થ : હે વિદ્વાનો ! આપના સુશિક્ષિત अस्य-એ वीरस्य-વીરનું सुतः-સિદ્ધ કરેલ सोमः-ઐશ્વર્ય दिविष्टिषु-ઉત્તમ ઈષ્ટિરૂપ કર્મોથી યુક્ત વ્યવહારોમાં उक्थम्-પ્રશંસિત વચન बर्हिषि-ઉત્તમ વ્યવહાર કરવામાં मदः-આનંદ च-અને સદ્વિદ્યાદિ ગુણોનો સમૂહ शस्यते-પ્રશંસિત થાય છે, અન્યનો નહિ. (૪)

*ભાવાર્થ : વિદ્વાનોની શિક્ષા વિના મનુષ્યોમાં ઉત્તમ ગુણો ઉત્પન્ન થતા નથી, તેથી તેનું નિત્ય અનુષ્ઠાન કરવું જોઈએ. (૪)*

**अ॒स्य श्रो॑ष॒न्त्वा भुवो॒ विश्वा॒ यश्च॑र्ष॒णीर॒भि। सूरं॑ चित्स॒स्रुषी॒रिषः॑॥ ५॥**

પદાર્થ : હે મનુષ્યો ! આપ લોકો अस्य-એ સુશિક્ષિત વિદ્વાનની इषः-चित्-સમાન विश्वाः-સર્વ सस्रुषीः-પ્રાપ્ત થવા યોગ્ય आभुवः-સર્વત્રથી સુખયુક્ત चर्षणीः-મનુષ્ય રૂપ પ્રજાને જેમ કિરણો सूरम्-

સૂર્યને પ્રાપ્ત થાય છે, તેમ अभिश्रोषन्तु-સર્વત્રથી સાંભળો. (૫)

*ભાવાર્થ : જે મનુષ્ય સુશિક્ષિત, સુપરીક્ષિત, શુભલક્ષણોયુક્ત, સમસ્ત વિદ્યાઓથી યુક્ત, અતિદૃઢ, અતિ બળવાન, અધ્યાપક, ઉત્તમ સહાયકોયુક્ત, પુરુષાર્થી, ધાર્મિક અને વિદ્વાન છે, તે જ પરિપૂર્ણ ધર્મ-અર્થ-કામ-મોક્ષને પ્રાપ્ત કરીને, પ્રજાના દુઃખોનું નિવારણ કરીને, પરાવિદ્યાને સાંભળીને પ્રાપ્ત થાય છે, તેનાથી વિપરીત મનુષ્ય નહિ. (૫)*

पूर्वीभिर्हि ददाशिम शरद्भिर्मरुतो वयम्। अवोभिश्चर्षणीनाम्॥ ६ ॥

પદાર્થ : હે मरुतः-સભાધ્યક્ષ આદિ સજ્જનો ! જેમ તમે पूर्वीभिः-પ્રાચીન-સનાતન शरद्भिः-સર્વ ઋતુ અને अवोभिः-રક્ષા આદિ સર્વોત્તમ વ્યવહારોથી चर्षणीनाम्-સર્વ મનુષ્યોના સુખ માટે સમ્યક્ પોતાનો વર્તાવ કરે છે, તેમ हि-નિશ્ચયપૂર્વક वयम्-અમે પ્રજા, સભા અને પાઠશાલા આદિ પ્રત્યેક શાળાના પુરુષો આપને સુખ ददाशिम-આપીએ. (૬)

*ભાવાર્થ : જેમ ઋતુઓના વાયુઓ પ્રાણીઓની રક્ષા કરીને તેને સુખી કરે છે, તેમ વિદ્વાનજન સર્વના સુખ માટે પ્રવૃત્ત થાય, કદી કોઈના દુઃખ માટે નહિ. (૬)*

सुभगः स प्रयज्यवो मरुतो अस्तु मर्त्यः। यस्य प्रयांसि पर्षथ॥ ७ ॥

પદાર્થ : હે प्रयज्यवः-સર્વોત્તમ યજ્ઞાદિ કર્મ કરનારા मरुतः-સભાધ્યક્ષ આદિ વિદ્વાનો ! તમે यस्य-જેના માટે प्रयांसि-અત્યંત પ્રીતિ કરવા યોગ્ય મનોહર પદાર્થોને पर्षथ-પિરોસો છો-અર્થાત્ આપો છો, सः-તે मर्त्यः-મનુષ્ય सुभगः-શ્રેષ્ઠ ધન અને ઐશ્વર્યયુક્ત अस्तु-થાઓ. (૭)

*ભાવાર્થ : જે મનુષ્યોના સભા આદિના અધ્યક્ષ આદિ વિદ્વાનજન રક્ષક હોય, તેઓ સુખપૂર્ણ ઐશ્વર્યને કેમ ન પ્રાપ્ત કરી શકે ? (૭)*

शशमानस्य वा नरः स्वेदस्य सत्यशवसः। विदा कामस्य वेनतः॥ ८ ॥

પદાર્થ : હે नरः-મનુષ્યો ! તમે સભાધ્યક્ષ આદિને સંગ वा-પુરુષાર્થથી शशमानस्य-જાણવા યોગ્ય सत्यशवसः-જેમાં નિત્ય પુરુષાર્થ કરવાનો હોય वेनतः-જે સર્વ શાસ્ત્રોથી સાંભળવામાં આવતો હોય તથા કામનાને યોગ્ય તથા स्वेदस्य-પુરુષાર્થથી સિદ્ધ થાય છે, તે कामस्य-કામને विद-જાણો અર્થાત્ તેને સ્મરણપૂર્વક સિદ્ધ કરો. (૮)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય વિદ્વાનોના સંગ વિના સત્ય કામનાઓ તથા સત્ય અને અસત્યને જાણી શકતો નથી, તેથી સર્વેએ એ કાર્ય કરવું જોઈએ. (૮)*

यूयं तत्सत्यशवस आविष्कर्त्त महित्वना। विध्यता विद्युता रक्षः॥ ९ ॥

પદાર્થ : सत्यशवसः-નિત્ય બળયુક્ત સભાધ્યક્ષ આદિ સજ્જનો ! यूयम्-તમે महित्वना-ઉત્તમ યશથી तत्-ઉત્તમ કામને आविः-પ્રકટ कर्त्त-કરો, જેથી विद्युता-વિદ્યુત્‌ના લોખંડથી બનાવેલ શસ્ત્ર

અને આગ્નેયાદિ અસ્ત્રોના સમૂહથી रक्षः-દુષ્ટ કર્મ કરનાર મનુષ્યને विध्यता-તાડના કરતા-મારીને સર્વ કામનાઓ સિદ્ધ થાય. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ પરસ્પર પ્રેમથી પુરુષાર્થપૂર્વક વિદ્યાઓ-(વિદ્યુત્ આદિ પદાર્થ વિદ્યા) પ્રાપ્ત કરીને, દુષ્ટ સ્વભાવ અને ગુણનું નિવારણ કરીને કામનાઓની સિદ્ધિ નિત્ય કરવી જોઈએ. (૯)*

गूहता गुह्यं तमो वि यात विश्वमत्रिणम्। ज्योतिष्कर्त्ता यदुश्मसि॥ १०॥

પદાર્થ : હે सत्यशवसः-નિત્યબળયુક્ત સભાધ્યક્ષ આદિ સજ્જનો ! જેમ તમે महित्वना-પોતાના ઉત્તમ યશથી गुह्यम्-ગુપ્ત કરવા યોગ્ય વ્યવહારને गुहत-ઢાંકો અને विश्वम्-સમસ્ત तमः-અવિદ્યારૂપી અંધકારને જે अत्रिणम्-ઉત્તમ સુખનો વિનાશ કરનાર છે તેને वि + यात-દૂર પહોંચાડો તથા અમે यत्-જે ज्योतिः-વિદ્યાના પ્રકાશને उश्मसि-ઇચ્છીએ છીએ તેને कर्त्त-પ્રકટ કરો. (૧૦)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષ આદિએ પરમ પુરુષાર્થથી નિરંતર રાજ્યની રક્ષા કરવી જોઈએ અને અવિદ્યા તથા અધર્મ રૂપી અંધકારનું અને શત્રુઓનું નિવારણ કરવું જોઈએ તથા 'વિદ્યા, ધર્મ, સજ્જનો તથા સુખ' નો પ્રચાર કરવો જોઈએ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં જેમ શરીરસ્થ પ્રાણ આદિ વાયુ ઇચ્છિત સુખોને સિદ્ધ કરી સર્વની રક્ષા કરે છે, તેમ સભાધ્યક્ષ આદિએ સમસ્ત રાજ્યની યથાવત્ રક્ષા કરવી જોઈએ. એ અર્થના વર્ણનથી આ સૂક્તમાં કહેલ અર્થની તે પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૮૬)

## સૂક્ત-૮૭

प्रत्वक्षसः प्रतवसो विरप्शिनोऽनानता अविथुरा ऋजीषिणः।
जुष्टतमासो नृतमासो अञ्जिभिर्व्यानज्रे के चिदुस्राइव स्तृभिः॥ १॥

પદાર્થ : હે સભાધ્યક્ષ આદિ સજ્જનો ! આપ લોકોએ के, चित्-તેઓની પ્રતિદિન રક્ષા કરવી જોઈએ કે જે પોતાની સેનાઓમાં स्तृभिः-શત્રુઓને લજ્જિત કરવાના ગુણોથી अञ्जिभिः-પ્રકટરક્ષા અને ઉત્તમજ્ઞાન આદિ વ્યવહારોની સાથે વર્તાવ રાખીને તથા उस्रा इव-જેમ સૂર્યના કિરણો જળને છિન્ન-ભિન્ન કરે છે, તેમ प्रत्वक्षसः-શત્રુઓને સારી રીતે છિન્ન-ભિન્ન કરે છે; તથા प्रतवसः-પ્રબળ જેના સેનાજન विरप्शिनः-સમસ્ત પદાર્થોના વિજ્ઞાનથી મહાનુભાવ अनानताः-કદી શત્રુઓની સામે દીન થયા નહિ, અને अविथुराः-કંપન પણ પામ્યા નહિ, ऋजीषिणः-સમસ્ત વિદ્યાઓને જાણે અને ઉત્કર્ષ સેનાના અંગોને એકઠા કરે, जुष्टतमासः-રાજા લોકોએ જેની વારંવાર ચાહના કરી હોય, नृतमासः-સર્વ કર્મોને યથાયોગ્ય વ્યવહારમાં અત્યંત વર્તાવનાર હોય, व्यानज्रे-શત્રુઓના બળોને જુદા કરે, તેઓનો સત્કાર કરો. (૧)

*ભાવાર્થ : જેમ સૂર્યના કિરણો તીવ્ર પ્રતાપવાળા છે, તેમ પ્રતાપી મનુષ્ય જેની પાસે છે, તેનો પરાજય કેમ થઈ શકે ? તેથી સભાધ્યક્ષ આદિએ ઉક્ત લક્ષણોવાળા મનુષ્યોની સમ્યક્ પરીક્ષા કરીને, સુશિક્ષિત કરીને, તેઓનો સત્કાર કરીને અને ઉત્સાહિત કરીને રાખવા જોઈએ. એમ કર્યા વિના કોઈ પણ રાજ્ય કરી શકતા નથી. (૧)*

**उपह्वरेषु यदचिध्वं ययिं वयइव मरुतः केन चित्पथा।**

**श्चोतन्ति कोशा उप वो रथेष्वा घृतमुक्षता मधुवर्णमर्चते॥ २॥**

પદાર્થ : હે **मरुतः**-સભા આદિ કામોમાં નિયત કરેલ મનુષ્યો ! તમે **उपह्वरेषु**-પ્રાપ્ત થયેલ ત્રાંસા-સીધા ભૂમિ અને આકાશાદિ માર્ગોમાં **रथेषु**-વિમાનાદિ રથો પર બેસી **वय इव**-પક્ષીઓની સમાન **केनचित्**-કોઈ **पथा**-માર્ગથી **यत्**-જે **ययिम्**-પ્રાપ્ત થવા યોગ્ય વિજયને **अचिध्वम्**-સંપાદન કરો, જાઓ, આવો, તેઓને **अर्चते**-જેનો સત્કાર કરતા અને સભા આદિ કામોના અધીશ-સ્વામી જેને પ્યારા છે તેને માટે આપો. જે **वः**-તમારો રથ **कोशाः**-મેઘોની સમાન આકાશમાં **श्चोतन्ति**-ચાલે છે તેમાં **मधुवर्णम्**-મધુર અને નિર્મળ જળ **घृतम्**-જળને **उद** + **आ** + **उक्षत्**-સારી રીતે ઉપસિક્ત કરો અર્થાત્ તે રથોના અગ્નિ અને વાયુના કલધરોની સમીપ સમ્યક્ છાંટો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, (ચાહે કે તેઓ) વિમાન આદિ યાન રચીને તેમાં અગ્નિ, વાયુ અને જળના સ્થાનોનું નિર્માણ કરીને, તે-તે (સ્થાનો)માં તેને સંસ્થાપિત કરીને, તેને કલાઓથી સંચાલિત કરીને, વરાળ આદિને રોકીને તથા તેને ઉપર તરફ લઈ જઈને (પ્રેરિત કરીને) પક્ષીની સમાન અને મેઘની સમાન આકાશ માર્ગમાં યથેષ્ટ સ્થાન પર ગમનાગમન કરીને વ્યવહારથી અને યુદ્ધથી વિજય તથા રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરીને તથા તેનાથી પરોપકાર કરીને, નિરાભિમાની બનીને સમસ્ત આનંદોને પ્રાપ્ત કરે અને તે સર્વને પ્રાપ્ત કરાવો. (૨)*

**प्रैषामज्मेषु विथुरेव रेजते भूमिर्यामेषु यद्ध युञ्जते शुभे।**

**ते क्रीळयो धुनयो भ्राजदृष्टयः स्वयं महित्वं पनयन्त धूतयः॥ ३॥**

પદાર્થ : **यत्**-જે **क्रीडयः**-પોતાના સત્ય આચરણના વ્યવહારથી **धुनयः**-શત્રુઓને કંપાવે **भ्राजदृष्ट्यः**-એવા તીવ્ર શસ્ત્રોવાળા **धूतयः**-જે યુદ્ધની ક્રિયાઓમાં વિચરતા તે વીર **शुभे** શ્રેષ્ઠ વિજયને માટે **अज्मेषु**-સંગ્રામોમાં **प्र** + **युञ्जते**-પ્રયુક્ત અર્થાત્ પ્રેરણાને પ્રાપ્ત થાય છે. **ते**-તેઓ **महित्वम्**-મહાનના જેમ હોય, તેમ **स्वयम्**-આપ **ह**-જ **पनयन्त**-વ્યવહાર કરે છે, **एषाम्**-એના **यामेषु**-તે માર્ગોમાં કે જેમાં મનુષ્ય આદિ પ્રાણી જાય છે, ચાલતા રથોની **भूमिः**-ધરતી **विथुरा** + **इव** + **एजते**-એવી કંપે-ધ્રૂજે

છે કે જાણે શીત જ્વર-ટાઢિયા તાવથી પીડિત છોકરી કંપે છે. (૩)

*ભાવાર્થ : જેમ તેજ ગતિમાં ચાલતા વાયુઓ વૃક્ષોને, ઘાસને, ઔષધિઓને ભૂમિ કણો-ધૂળને ધ્રુજાવે છે, તેમ જ વીરોને સેનાના રથોના પૈડાઓના પ્રહારોથી ભૂમિ અને શસ્ત્રોના પ્રહારોથી ભીરુ લોકો કંપે-ધ્રૂજે છે. જેમ વેપારી લોકો વ્યવહારથી ધન પ્રાપ્ત કરીને ખૂબજ ધનાઢ્ય બને છે, તેમ સભા આદિના અધ્યક્ષ આદિ શત્રુવિજય દ્વારા પોતાના મહત્ત્વને પ્રસિદ્ધ કરે છે. (૩)*

**स हि स्वसृत्पृषदश्वो युवा गणोऽ३ या ईशानस्तविषीभिरावृतः।**
**असि सत्य ऋणयावाऽनेद्योऽस्या धियः प्राविताथा वृषा गणः॥ ४॥**

પદાર્થ : હે સેનાપતે ! सः-हि-તે જ તું अया-જેનાથી સમસ્ત વિદ્યા જાણવામાં આવે છે તે બુદ્ધિથી યુક્ત वृषा-શીતલ, મંદ, સુગંધથી સુખ રૂપી વર્ષા કરવામાં સમર્થ गणः-પવનોની સમાન વેગ અને બળયુક્ત स्वसृत्-પોતાના લોકોને પ્રાપ્ત થનાર पृषदश्वः-અને મેઘની સમાન જેમાં ઘોડાઓ છે युवा-તથા યુવાનીમાં પહોંચેલા गणः-શ્રેષ્ઠ સજ્જનોમાં ગણનાપાત્ર ईशानः-પરિપૂર્ણ સામર્થ્યયુક્ત सत्यः-સજ્જનોમાં સરળ સ્વભાવ અને ऋणयावा-અન્યોનું ઋણ ચૂકાવનાર अनेद्यः-પ્રશંસનીય અને अस्याः-એ धियः-બુદ્ધિ અને કર્મની प्राविता-રક્ષા કરનારા तविषीभिः-પરિપૂર્ણ બળયુક્ત સેનાઓથી आवृतः-યુક્ત असि-છે. अथ-તદન્તર અમારાથી સત્કાર કરવા યોગ્ય પણ છે. (૪)

*ભાવાર્થ : બ્રહ્મચર્ય તથા વિદ્યા દ્વારા શરીર અને આત્માને પૂર્ણ બળયુક્ત અને પોતાની સેના દ્વારા રક્ષિત સેનાપતિ, પોતાની સેનાની નિરંતર રક્ષા કરીને તથા શત્રુઓને જીતીને પ્રજાઓનું પાલન કરે. (૪)*

**पितुः प्रत्नस्य जन्मना वदामसि सोमस्य जिह्वा प्र जिगाति चक्षसा।**
**यदीमिन्द्रं शम्यृक्वाण आशतादिन्नामानि यज्ञियानि दधिरे॥ ५॥**

પદાર્થ : ऋक्वाणः-પ્રશંસિત સ્તુતિઓવાળા અમે લોકો प्रत्नस्य-પુરાતન-અનાદિ पितुः-પાલનકર્તા જગદીશ્વરની વ્યવસ્થાથી પોતાના કર્માનુસાર પ્રાપ્ત થયેલ મનુષ્ય દેહના जन्मना-જન્મથી सोमस्य-પ્રકટ સંસારના चक्षसा-દર્શનથી જે यज्ञियानि-શિલ્પ આદિ કર્મોને યોગ્ય नामानि-જળોને वदामसि-તમારા પ્રત્યે ઉપદેશ કરે અને यत्-જે ईम्-પ્રાપ્ત થવા યોગ્ય इन्द्रम्-વિદ્યુત્ અગ્નિના તેજને शमि-કર્મને નિમિત્ત जिह्वा-જીભ અથવા વાણી प्रजिगाति-સ્તુતિ કરે છે, તે સર્વને તમે आशत-પ્રાપ્ત થાઓ અને आत् + इत्-તે જ સમયે તેને दधिरे-ધારણ કરો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, આ શરીરનો આશ્રય કરીને પિતૃભાવથી પરમેશ્વરની આજ્ઞા પાલન પ્રાર્થના કરીને, તેની ઉપાસના કરીને, (તેનો અન્યોને) ઉપદેશ આપીને અને સંસારના પદાર્થો, ગુણો, વિજ્ઞાનો તથા ઉપકારોનો સંગ્રહ કરીને પોતાના જન્મને સફળ બનાવવો જોઈએ. (૫)*

श्रि॒यसे॒ कं भा॒नुभि॒: सं मि॑मिक्षिरे॒ ते र॒श्मिभि॒स्त ऋक्व॑भिः सुखा॒दय॑:।
ते वाशी॑मन्त इ॒ष्मिणो॒ अभी॑रवो वि॒द्रे प्रि॒यस्य॒ मारु॑तस्य॒ धाम्न॑:॥ ६॥

પદાર્થ : જે भानुभिः-પ્રતિદિન कम्-સુખનું श्रियसे-સેવન કરવા માટે ते-તેઓ प्रियस्य-પ્રીતિ ઉત્પન્ન કરાવનારા मारुतस्य-કળાના પવન અને પ્રાણવાયુના धाम्नः-ઘરેથી વિદ્યા અને જળને सम् + मिमिक्षिरे-સારી રીતે છંટકાવ કરવા ઇચ્છે છે, ते-તેઓ શિલ્પવિદ્યાના જ્ઞાતા હોય છે. તથા જે रश्मिभिः-અગ્નિ કિરણોના સુખના સેવનને માટે કળાઓથી યાનોને ચલાવે છે. તેઓ શીઘ્ર એક સ્થાનથી બીજા સ્થાનનો विद्रे-લાભ પામે છે. ऋक्वभिः-જેમાં પ્રશંસિત સ્તુતિ વિદ્યમાન છે તેમાંથી જે સુખનું સેવન કરવા માટે सुखादयः-સર્વોત્તમ પદાર્થોનું ભોજન કરનાર હોય છે. ते-તેઓ આરોગ્ય પ્રાપ્ત કરે છે. वाशीमन्तः-પ્રશંસિત જેની વાણી વા इष्मिणः-વિશેષ જ્ઞાન છે તેઓ अभीरवः-નિર્ભય પુરુષપ્રેમ ઉત્પન્ન કરાવનારા પ્રાણવાયુ અને કળાઓના વાયુ ગૃહથી યુદ્ધમાં પ્રવૃત્ત થાય છે, તેઓ વિજય પ્રાપ્ત કરે છે. (૬)

*ભાવાર્થ : મનુષ્ય પ્રતિદિન સૃષ્ટિની પદાર્થવિદ્યા પ્રાપ્ત કરીને, અનેક પ્રકારના ઉપકાર ગ્રહણ કરીને, તે વિદ્યાને ભણી-ભણાવીને વાત કરવામાં કુશળ બનીને, શત્રુઓને જીતીને શ્રેષ્ઠ આચરણ રાખે છે, તે સર્વ લોકો સુખી થાય છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં રાજા અને પ્રજાના કર્તવ્યકર્મો કહેલ છે. તેથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૮૭)

## સૂક્ત-૮૮

आ वि॒द्युन्म॑द्भिर्मरुतः स्व॒र्कै रथे॑भिर्यात ऋष्टि॒मद्भि॒रश्व॑पर्णैः।
आ वर्षि॑ष्ठया न इ॒षा वयो॒ न प॑प्तता सुमायाः॥ १॥

પદાર્થ : હે सुमायाः-શ્રેષ્ઠ બુદ્ધિમાન मरुतः-સભાધ્યક્ષ અને પ્રજા પુરુષો ! તમે नः-અમારા वर्षिष्ठया-અત્યંત વૃદ્ધત્વથી इषा-ઉત્તમ અન્ન-આદિ પદાર્થો स्वर्कैः-શ્રેષ્ઠ વિચારવાના વિદ્વાનો ऋष्टिमद्भिः-તાર વિદ્યામાં ચલાવવાના દંડા તથા શસ્ત્રાસ્ત્ર अश्वपर्णैः-અન્ન આદિ પદાર્થ રૂપી ઘોડાઓના ગમનની સાથે વર્તમાન विद्युन्मद्भिः-જેમાં તાર વિદ્યુત્ છે, તે रथेभिः-વિમાન આદિ રથોથી वयः-પક્ષીઓની न-સમાન पप्तत-ઉડી જાઓ, आ-ઉડી આવો, यात-જાઓ, आ-આવો.

*ભાવાર્થ : જેમ પક્ષી મળીને ઉપર, નીચે તથા અન્ય ઈચ્છિત સ્થાન પર સુખપૂર્વક ગમનાગમન કરે છે, તેમ મનુષ્યોએ સમ્યક્ સિદ્ધ કરેલ વિદ્યુત્યુક્ત તાર યંત્રોથી તથા વિમાન આદિ યાનોથી ઉપર; નીચે જઈને અથવા ઈચ્છિત સમાચારો (મોકલીને) તથા (વિવિધ) દેશોમાં સુખપૂર્વક ગમનાગમન કરીને પોતાનાં કાર્યો સિદ્ધ કરીને નિરંતર સુખી રહેવું જોઈએ. (૧)*

तेऽरुणेभिर्वरमा पिशङ्गैः शुभे कं यान्ति रथतूर्भिरश्वैः।
रुक्मो न चित्रः स्वधितीवान् पव्या रथस्य जङ्घनन्त भूम॥ २॥

પદાર્થ : જેમ શિલ્પના જ્ઞાતા વિદ્વાનો शुभे-ઉત્તમ વ્યવહારને માટે अरुणेभिः-અગ્નિથી તપ્ત સમ્યક્ લાલ पिशंगैः-વા અગ્નિ અને જળના સંયોગથી ઊઠેલી વરાળથી કિંચિત્ શ્વેત रथतूर्भिः-જે વિમાન આદિ રથોને ચલાવનાર અર્થાત્ અતિ શીઘ્ર તેને પહોંચાડવાના કારણે અગ્નિ અને જળની કળોના ઘરરૂપી अश्वैः-ઘોડાઓ છે, તેની સાથે रथस्य-વિમાનાદિ રથની पव्या-વજ્રની સમાન પૈડાઓની ધારથી स्वधितिवान्-પ્રશંસિત વજ્રથી અન્તરિક્ષ વાયુને કાપવા रुक्मः-અને ઉત્તેજના રાખનાર चित्रः-શૂરતા, ધીરતા, બુદ્ધિમતા આદિ ગુણોથી અદ્‌ભુત મનુષ્યની न-સમાન માર્ગનું जङ्घनन्त-હનન કરીને તથા દેશ-દેશાન્તરમાં આવે જાય છે. ते-તેઓ वरम्-ઉત્તમ कम्-સુખને आयान्ति-સર્વત્રથી પ્રાપ્ત થાય છે, તેમ અમે પણ भूम-એમ કરીને આનંદિત બનીએ. (૨)

*ભાવાર્થ : જેમ શૂરવીર ઉત્તમ શાસ્ત્રોક્ત પુરુષ વેગથી જઈ-આવીને શત્રુઓને મારે છે, તેમ જ મનુષ્ય વેગવાન યાનોમાં બેસીને દેશ-દેશાન્તરમાં જઈને શત્રુઓને જીતે છે. (૨)*

श्रिये कं वो अधि तनूषु वाशीर्मेधा वना न कृणवन्त ऊर्ध्वा।
युष्मभ्यं कं मरुतः सुजातास्तुविद्युम्नासो धनयन्ते अद्रिम्॥ ३॥

પદાર્થ : હે मरुतः-સભાધ્યક્ષાદિ સજ્જનો ! જે वः-તમારા तनूषु-શરીરોમાં श्रिये-લક્ષ્મીને માટે कम्-સુખ ऊर्ध्वा-શ્રેષ્ઠ સુખને પ્રાપ્ત કરનારી वाशीः-વેદવાણી मेधा-શુદ્ધ બુદ્ધિઓને वना-ઊંચા-ઊંચા વનના વૃક્ષોની न-સમાન अधि + कृणवन्ते-અધિકૃત કરે છે અર્થાત્ તેના આચરણ માટે અધિકાર આપે છે.

હે सुजाताः-વિદ્યાદિ શ્રેષ્ઠ ગુણોમાં પ્રસિદ્ધ ઉક્ત સજ્જનો ! જે तुविद्युम्नासः-વિપુલ વિદ્યા પ્રકાશવાળા મહાત્માજન दुष्मभ्यम्-તમારા માટે कम्-જેમ અત્યંત સુખ થાય, તેમ अद्रिम्-પર્વતની સમાન धनयन्ते-પુષ્કળ ધન પ્રકાશિત કરે છે, તે તમારે નિત્ય સેવન યોગ્ય છે. (૩)

*ભાવાર્થ : જેમ મેઘ અથવા કૂવાના જળથી સિંચેલ વન અથવા બગીચાઓ પોતાના ફળોથી પ્રાણીઓને સુખી કરે છે, તેમ વિદ્વાનો વિદ્યા અને સુશિક્ષા પ્રદાન કરીને પોતાના પરિશ્રમના ફળથી સર્વ મનુષ્યોને સુખી કરે છે. (૩)*

अहानि गृध्राः पर्या व आगुरिमां धियं वार्कार्यां च देवीम्।
ब्रह्म कृण्वन्तो गोतमासो अर्कैरूर्ध्वं नुनुद्र उत्सधिं पिबध्यै॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે गृध्राः-સર્વ રીતે સારી આકાંક્ષા કરનારા गोतमासः-અત્યંત જ્ઞાનવાન

સજ્જન ब्रह्म-ધન, અન્ન અને વેદનું પઠન कृण्वन्तः-કરતા अर्कैः-વેદ મંત્રોથી अहनि-પ્રતિદિન ऊर्ध्वम्-ઉત્કર્ષતાથી पिबध्यै-પીવા માટે उत्सधिम्-જે ભૂમિમાં કૂવા નિયત કરવામાં આવે તેની સમાન आ + नुनुदे-સર્વથા ઉત્કર્ષ માટે वः-તમારી સામે આવીને પ્રેરણા કરે છે, તેઓ वार्कार्याम्-જળની સમાન નિર્મળ થવા યોગ્ય देवीम्-પ્રકાશને પ્રાપ્ત કરીને इमाम्-એ धियम्-ધારણાવતી બુદ્ધિ च-અને ધનને परि + आ + अगुः-સર્વ ક્યાંકથી સારી રીતે પ્રાપ્ત થઈને અન્યને પ્રાપ્ત કરાવે છે, તેઓ સદા સેવાને યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : હે જિજ્ઞાસુ મનુષ્યો ! જેમ લોકો તરસ છીપાવવા આદિ પ્રયોજન માટે અતિ પરિશ્રમથી જળાશય બનાવીને પોતાનું કાર્ય સિદ્ધ કરે છે, તેમ આપ લોકો પણ પુરુષાર્થથી વિદ્વાનોના સંગ દ્વારા વિદ્યાભ્યાસ સમ્યક્ રીતે કરીને તથા સમસ્ત વિદ્યાઓના પ્રકાશથી યુક્ત બુદ્ધિ પ્રાપ્ત કરીને તેને અનુકૂળ ક્રિયાઓને સિદ્ધ કરો. (૪)*

**एतत्त्यन्न योजनमचेति सस्वर्ह यन्मरुतो गोतमो वः।**
**पश्यन् हिरण्यचक्रानयोदंष्ट्रान्विधावतो वराहून्॥ ५ ॥**

પદાર્થ : હે मरुतः-મનુષ્યો ! તમે गोतमः-વિદ્વાનની न-સમાન वः-વિદ્યાનું જ્ઞાન ઈચ્છનારા તમને यत्-જે योजनम्-જોડવા યોગ્ય વિમાન આદિ યાન हिरण्यचक्रान्-જેના પૈડાઓમાં સોનાનું કામ વા અતિ ચમક-દમક હોય, તે अयोदंष्ट्रान्-મોટી લોખંડની ખીલીવાળા वराहून्-સારા શબ્દોને કરનાર विधावतः-વિવિધ માર્ગે ચાલનાર વિમાન આદિ રથોને एतत्-પ્રત્યક્ષ पश्यन्-નિહાળીને ह-જ सस्वः-ઉપદેશ કરે છે, त्यत्-તે તેનો ઉપદેશ કરેલ તમે લોકોને अचेति-ચેતાવે છે તેને તમે જાણીને માનો. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો જેમ પરાવર (= અન્ત અને આદિ)ના જ્ઞાતા વિદ્વાન શ્રેષ્ઠ કર્મ કરીને આનંદ ભોગવે છે, તેમ તમે પણ વિદ્વાનોના સંગથી વિદ્યાથી સિદ્ધ ક્રિયાઓ કરીને સુખ ભોગવો. (૫)*

**एषा स्या वो मरुतोऽनुभर्त्री प्रति ष्टोभति वाघतो न वाणी।**
**अस्तोभयद् वृथासामनु स्वधां गभस्त्योः॥ ६ ॥**

પદાર્થ : હે मरुतः-મનુષ્યો ! તમારી જે एषा-એ કહેલી અથવા स्या-કહેવાની તે अनुभर्त्रीः-ઈષ્ટ સુખધારક वाणी-વાણી वाघतः-પ્રત્યેક ઋતુમાં યજ્ઞ કરનાર-કરાવનાર વિદ્વાનની न-સમાન વિદ્યાઓનો प्रति + स्तोभति-પ્રતિબંધ કરતી અર્થાત્ પ્રત્યેક વિદ્યાઓને સ્થિર કરતી आसाम्-વિદ્યાના કામોની गभस्त्योः-ભુજાઓમાં अनु-स्वधाम्-પોતાના સાધારણ સામર્થ્યને અનુકૂળ અતિબંધન કરે છે તથા वृथा-અસત્ય વ્યવહારોને अस्तोभ्यत्-રોકે છે, એ વાણી આપથી અમે સાંભળીએ. (૬)

*ભાવાર્થ : જેમ ઋત્વિકની વાણી યજ્ઞ કાર્યોને પ્રકાશિત કરીને દોષોનું નિવારણ કરે છે, તેમ વિદ્વાનોની વાણી વિદ્યાઓને પ્રકાશિત કરીને અવિદ્યાનું નિવારણ કરે છે. તેથી સર્વેએ વિદ્વાનોનો નિરંતર સંગ*

*કરવો જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં મનુષ્યોએ વિદ્યાની સિદ્ધિ માટે પઠન-પાઠનની રીતિ પ્રકાશિત કરી છે તેના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૮૮)

## સૂક્ત-૮૯

आ नो॑ भ॒द्राः क्रत॑वो यन्तु वि॒श्वतोऽद॑ब्धासो॒ अप॑रीतास उ॒द्भिदः॑।

दे॒वा नो॒ यथा॒ सद॒मिद् वृ॒धे अस॒न्नप्रा॑युवो रक्षि॒तारो॑ दि॒वेदि॑वे॥ १ ॥

પદાર્થ : यथा-જેમ જે विश्वतः-સર્વત્રથી भद्राः-સુખ કરનાર અને क्रतवः-સારી ક્રિયા અને શિલ્પયજ્ઞમાં બુદ્ધિ રાખનાર अदब्धासः-અહિંસક अपरीतासः-ત્યાગ ન કરવા યોગ્ય उद्भिदः-પોતાના ઉત્કર્ષથી દુઃખોનો વિનાશ કરનારા अप्रायुवः-જેની વયનો વૃથા નાશ થવો પ્રતીત ન થાય देवाः-એવા દિવ્ય ગુણયુક્ત વિદ્વાનો જેમ नः-અમને सदम्-વિજ્ઞાન वा-ગૃહે आ + यन्तु-સારી રીતે પહોંચાડે, તેમ दिवे-दिवे-પ્રતિદિન नः-અમારી वृधे-સુખ વૃદ્ધિ માટે रक्षितारः-રક્ષક इत्-જ असन्-થાઓ. (૧)

*ભાવાર્થ : જેમ શ્રેષ્ઠ અને સર્વ ઋતુઓમાં ઉપયોગી ઘર સર્વ સુખ પ્રાપ્ત કરાવે છે, તેમ વિદ્વાન જન, વિદ્યાઓ અને શિલ્પ રૂપી યજ્ઞ, સમસ્ત સુખોને પ્રદાન કરનારા છે, એમ જાણવું જોઈએ. (૧)*

दे॒वानां॑ भ॒द्रा सु॑म॒तिर्ऋ॑जूय॒तां दे॒वानां॑ रा॒तिर॒भि नो॒ नि व॑र्तताम्।

दे॒वानां॑ स॒ख्यमुप॑ सेदिमा व॒यं दे॒वा न॒ आयुः॒ प्र ति॑रन्तु जी॒वसे॑॥ २ ॥

પદાર્થ : वयम्-અમે જે ऋजूयताम्-કોમળતા ઈચ્છતા देवानाम्-વિદ્વાનોની भद्रा-સુખકારક सुमतिः-શ્રેષ્ઠ બુદ્ધિ વા જે પોતાની નિરાભિમાનતા ઈચ્છનારા देवानाम्-દિવ્ય ગુણોની रातिः-વિદ્યાનું દાન અને જે પોતાની સરળતા ઈચ્છતા देवानाम्-દયાથી વિદ્યાથી વૃદ્ધિ કરવા ઈચ્છે છે, તે વિદ્વાનોને જે સુખ આપનાર सख्यम्-મિત્રતા છે એ સર્વ नः-અમારે માટે अभि + नि + वर्त्तताम्-નિત્ય સન્મુખ રહે. અને ઉક્ત સમસ્ત વ્યવહારોને उप + सेदिम-પ્રાપ્ત થાય. અને ઉક્તિ જે देवाः-વિદ્વાનો છે તેઓ नः-અમારા जीवसे-જીવનને માટે आयुः-વયની प्र + तिरन्तु શ્રેષ્ઠ શિક્ષાથી વૃદ્ધિ કરે. (૨)

*ભાવાર્થ : આપ્ત વિદ્વાનોના સંગથી અને બ્રહ્મચર્ય આદિ નિયમો વિના કોઈનાં શારીરિક તથા આત્મિક બળ વધી શકતા નથી, તેથી સર્વ મનુષ્યોએ તેનો નિત્ય સંગ કરવો જોઈએ. (૨)*

तान्पूर्व॑या नि॒विदा॑ हूमहे व॒यं भगं॑ मि॒त्रमदि॑तिं॒ दक्ष॑म॒स्रिध॑म्।

अ॒र्य॒मणं॒ वरु॑णं॒ सोम॑म॒श्विना॒ सर॑स्वती नः सु॒भगा॒ मय॑स्करन्॥ ३ ॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ वयम्-અમે पूर्वया-સનાતન निविदा-વેદવાણી જેથી સર્વ રીતે નિશ્ચિત કરેલ પદાર્થોને પ્રાપ્ત થાય છે તેથી કહેલ અને જે કહેવાશે तान्-તે સર્વ વિદ્વાનોને વા अस्त्रिधम्-અહિંસક અર્થાત્ જે હિંસા નથી કરતો તે भगम्-ઐશ્વર્યયુક્ત मित्रम्-સર્વનો મિત્ર अदितिम्-સમસ્ત વિદ્યાઓનો પ્રકાશ दक्षम्-અને તેની કુશળતાયુક્ત વિદ્વાન अर्यमणम्-ન્યાયકારી वरुणम्-ઉત્તમ ગુણયુક્ત દુષ્ટોનો બંધનકર્તા सोमम्-સૃષ્ટિ ક્રમથી સર્વ પદાર્થોનો નિચોડનાર તથા જે શાન્ત ચિત્ત છે, તે अश्विना-વિદ્યાના પઠન-પાઠનનું કામ રાખનારા વા જળ અને અગ્નિ બે-બે પદાર્થોની हूमहे-સ્તુતિ કરીએ છીએ અને જે સંગથી ઉત્પન્ન થયેલી सरस्वती-વિદ્યા અને सुभगा-શ્રેષ્ઠ શિક્ષાથી યુક્ત વાણી नः-અમને मयः-સુખ करन्-કરે, તેમ તમે પણ કરો; અને વાણી તમારે માટે પણ તેમ કહે. (૩)

*ભાવાર્થ : વેદોક્ત લક્ષણો વિના વિદ્વાનો અને અવિદ્વાનોના લક્ષણો કોઈને જ્ઞાત થઈ શકતા નથી અને વિદ્યા અને સુશિક્ષાથી સિદ્ધ વાણી વિના તે સુખ આપી શકતી નથી. તેથી સર્વ મનુષ્યો વેદાર્થના વિજ્ઞાનથી એના લક્ષણો જાણીને તથા વિદ્વાનોનો સંગ સ્વીકારી અને અવિદ્વાન-મૂર્ખનો સંગ ત્યાગ કરીને સંપૂર્ણ વિદ્યાઓથી યુક્ત બને. (૩)*

**तन्नो वातो मयोभु वातु भेषजं तन्माता पृथिवी तत्पिता द्यौः।**

**तद ग्रावाणः सोमसुतो मयोभुवस्तदश्विना शृणुतं धिष्ण्या युवम्॥४॥**

પદાર્થ : હે धिष्ण्या-શિલ્પ વિદ્યાના ઉપદેશક અને अश्विना-વિદ્યાર્થી અને અધ્યાપકો ! युवम्-તમે બન્ને જે श्रृणुतम्-સાંભળો तत्-તે मयोभु-સુખદાયક ઉત્તમ भेषजम्-સર્વ દુઃખહર ઔષધિને नः-અમારા માટે वातः-વાયુ સમાન વૈદ્ય वातु-પ્રાપ્ત કરે વા पृथिवी-વિસ્તૃત ભૂમિ જે माता-માતાની સમાન માન સન્માન આપવાનું નિદાન છે તે तत्-તે માન કરાવનારા જેથી અત્યંત સુખ થાય અને સમસ્ત દુઃખની નિવૃત્તિ થાય છે ઔષધિ પ્રાપ્ત કરાવે. વા द्यौः-પ્રકાશમય સૂર્ય पिता-પિતા સમાન જે રક્ષાનું નિદાન છે તે तत्-તે રક્ષા કરાવનારા જેથી સમસ્ત દુઃખની નિવૃત્તિ થાય છે ઔષધિને પ્રાપ્ત કરે. વા सोमसुतः-ઔષધિઓને રસ જેનાથી કાઢવામાં આવે तत्-તે કર્મ તથા ग्रावाणः-મેઘ આદિ પદાર્થ तत्-જે તેનાથી રસનું કાઢવું વા જે मयोभुवः-સુખકારક ઉક્ત પદાર્થ છે, તેઓ तत्-તે ક્રિયા કુશળતા અને અત્યંત દુઃખની નિવૃત્તિ કરાવનાર ઔષધિને પ્રાપ્ત કરે. (૪)

*ભાવાર્થ : શિલ્પ વિદ્યાની વૃદ્ધિ કરનાર વિદ્યાર્થી અને અધ્યાપક જેટલું ભણીને જાણે એટલું સર્વ સમસ્ત મનુષ્યોના સુખને માટે નિષ્કપટતાથી નિત્ય પ્રકાશિત કરે, જેથી અમે ઈશ્વરની સૃષ્ટિમાં સ્થિત વાયુ આદિ પદાર્થોના અનેક ઉપકાર ગ્રહણ કરીને સુખી બનીએ. (૪)*

**तमीशानं जगतस्तस्थुषस्पतिं धियञ्जिन्वमवसे हूमहे वयम्।**

**पूषा नो यथा वेदसामसद् वृधे रक्षिता पायुरदब्धः स्वस्तये॥५॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! यथा-જેમ पूषा-પુષ્ટિદાતા પરમેશ્વર नः-અમને वेदसाम्-વિદ્યા આદિ ધનની वृद्ध-વૃદ્ધિ માટે रक्षिता-રક્ષક स्वस्तये-સુખને માટે अदब्धः-અહિંસક पूषा-સમસ્ત પુષ્ટિના દાતા અને पायुः-સર્વ પ્રકારના પાલક असत्-થાય, તેમ તું પણ બન. જેમ वयम्-અમે अवसे-રક્ષા માટે तम्-તે સૃષ્ટિના પ્રકાશક, जगतः-જંગમ અને तस्थुषः-સ્થાવર માત્ર જગતના पतिम्-પાલક, धियम्-સમસ્ત પદાર્થોના ચિંતનકર્તા, जिन्वम्-સુખોથી તૃપ્ત કરનાર, ईशानम्-સમસ્ત સૃષ્ટિની વિદ્યાનું વિધાન કરનાર ઈશ્વરનું हूमहे-આહ્વાન કરીએ છીએ, તેમ તું પણ કર. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ એવા કાર્યો કરવા જોઈએ, જેથી ઈશ્વરના ઉપદેશોથી અનુકૂળતા રહે. જેમ ઈશ્વર સર્વના અધિપતિ છે, તેમ મનુષ્યોએ પણ સર્વોત્તમ વિદ્યા આદિ શુભ ગુણોની પ્રાપ્તિ અને ઉત્તમ પુરુષાર્થથી સર્વની ઉપર અધિપતિત્વ સિદ્ધ કરવું જોઈએ.*

*જેમ ઈશ્વર વિજ્ઞાનમય, પુરુષાર્થમય, સર્વ સુખોના દાતા, જગતના વૃદ્ધિકર્તા અને સર્વના રક્ષક બનીને સુખને માટે પ્રવૃત્ત થાય છે, તેમ જ મનુષોએ પણ કરવું જોઈએ. (૫)*

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः।

स्वस्ति नस्ताक्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु॥६॥

પદાર્થ : वृद्धश्रवाः-સંસારમાં જેની કીર્તિ અને અન્નાદિ સામગ્રી અત્યંત ઉન્નતિને પ્રાપ્ત છે, તે इन्द्रः-પરમ ઐશ્વર્યવાન પરમેશ્વર नः-અમારે માટે स्वस्ति-શરીરના સુખને दधातु-ધારણ કરાવે. विश्ववेदाः-જેને સંસારનું વિજ્ઞાન અને જેનું સર્વ પદાર્થોમાં સ્મરણ છે, તે पूषा-પુષ્ટિ કરનાર પરમેશ્વર नः-અમારે માટે स्वस्ति-ધાતુઓ-(રસ-રક્તાદિ)ની સામ્યતા (આરોગ્ય)ના સુખને ધારણ કરાવે. જે अरिष्टनेमिः-દુઃખોનો વજ્રની સમાન વિનાશ કરનાર ताक्ष्यः-અને જાણવા યોગ્ય પરમેશ્વર છે, તે नः-અમારા માટે स्वस्ति-ઈન્દ્રિયોની શાન્તિરૂપ સુખને ધારણ કરાવે; અને बृहस्पतिः-વેદવાણીના પ્રભુ પરમેશ્વર છે, તે नः-અમને स्वस्ति-વિદ્યાથી આત્માના સુખને ધારણ કરાવે. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ જેમ પોતાના માટે સુખની કામના કરવી જોઈએ, તેમ અન્યોને માટે પણ કરવી જોઈએ. જેમ કોઈ પોતાના માટે દુઃખ નથી ઈચ્છતા, તેમ બીજાઓ માટે પણ તેની કામના ન કરવી જોઈએ. (૬)*

पृषदश्वा मरुतः पृश्निमातरः शुभंयावानो विदथेषु जग्मयः।

अग्निजिह्वा मनवः सूरचक्षसो विश्वे नो देवा अवसा गमन्निह॥७॥

પદાર્થ : शुभंयावानः-જે શ્રેષ્ઠ વ્યવહારની પ્રાપ્તિ કરાવનાર अग्नि-जिह्वाः-તથા અગ્નિને હવન યુક્ત કરનારા मनवः-વિચારશીલ सूरचक्षसः-જેમ પ્રાણ અને સૂર્યમાં પ્રસિદ્ધ વચન અને દર્શન છે पृषदश्वाः-સેના રંગ-બેરંગી ઘોડાઓથી યુક્ત પુરુષ विदथेषु-જે સંગ્રામ અને યજ્ઞોમાં जग्मयः-જાય છે. તેઓ विश्वे-સમસ્ત देवाः-વિદ્વાનો इह-આ સંસારમાં नः-અમને अवसा-રક્ષા આદિ વ્યવહારોથી पृश्निमातरः-આકાશથી

ઉત્પન્ન થનાર मरुतः-વાયુઓની સમાન आ + अगमन्-આવે, પ્રાપ્ત થયા કરે. (૭)

*ભાવાર્થ : જેમ બાહ્ય અને અંદરનો વાયુ સર્વ પ્રાણીઓને સુખને માટે પ્રાપ્ત થાય છે, તેમ વિદ્વાનો સર્વ પ્રાણીઓના સુખને માટે પ્રવૃત્ત થાય. (૭)*

भ॒द्रं कर्णे॑भिः शृणुयाम देवा भ॒द्रं प॑श्येमा॒क्षभि॒र्यजत्राः।
स्थि॒रैरङ्गै॑स्तुष्टु॒वांस॑स्त॒नूभि॒र्व्य॑शेम दे॒वहि॑तं॒ यदायुः॥ ८॥

પદાર્થ : હે यजत्राः-સંગમ કરનાર देवाः-વિદ્વાનો ! આપના સંગ દ્વારા तनूभिः-વિસ્તૃત બળયુક્ત શરીર स्थिरैः-દઢ अङ्गैः-પુષ્ટ શિર આદિ અંગ અથવા બ્રહ્મચર્ય આદિ નિયમોથી तुष्टुवांसः-પદાર્થોના ગુણોની સ્તુતિ કરતા અમે कर्णेभिः-કાનોથી यत्-જે भद्रम्-કલ્યાણકારી ભણવું-ભણાવવું છે, તેને शृणुयाम-સાંભળીએ, સંભળાવીએ. अक्षभिः-બહાર અને અંદરની આંખો (અન્તર ચક્ષુ)થી જે भद्रम्-શરીર અને આત્માનું સુખ છે, તેને पश्येम्-નિહાળીએ. આ રીતે ઉક્ત શરીર અને અંગોથી જે देवहितम्-વિદ્વાનોની હિતકારક आयुः-જીવન છે. તે वि + अशेम-વારંવાર પ્રાપ્ત થાય. (૮)

*ભાવાર્થ : વિદ્વાન સત્પુરુષો અને આપ્તજનોના સંગ વિના કોઈ પણ મનુષ્ય સત્ય વિદ્યા યુક્ત વાણી, સત્ય દર્શન અને સત્યપૂર્ણ આયુ પ્રાપ્ત કરી શકતા નથી અને તેના વિના કોઈના શરીર અને આત્મા દઢ બની શકતા નથી, તેથી સર્વ મનુષ્યોએ તેનું સદા અનુષ્ઠાન કરવું જોઈએ. (૮)*

श॒तमिन्नु श॒रदो॒ अन्ति॑ देवा॒ यत्रा॑ नश्च॒क्रा ज॒रसं॑ त॒नूना॑म्।
पु॒त्रासो॒ यत्र॑ पि॒तरो॒ भव॑न्ति॒ मा नो॑ म॒ध्या री॑रिषता॒युर्गन्तोः॥ ९॥

પદાર્થ : હે अन्ति-વિદ્યા આદિ સુખ સાધનોથી જીવનારા देवाः-વિદ્વાનો ! તમે यत्र-જે સત્ય વ્યવહારમાં तनुनाम्-પોતાના શરીરોને शतम्-સો शरदः-વર્ષ जरसम्-વૃદ્ધત્વને चक्र-વ્યતીત કરી શકો यत्र-જ્યાં नः-અમારા मध्या-મધ્યમાં पुत्रासः-પુત્રો इत्-જ पितरः-અવસ્થા (વય) અને વિદ્યાથી યુક્ત વૃદ્ધ नु-શીઘ્ર भवन्ति-થાય છે, તે आयुः-જીવનને गन्तोः-પ્રાપ્ત થવાને પ્રવૃત્ત થયેલ नः-અમને શીઘ્ર मारीरिषत-નષ્ટ કરો નહિ. (૯)

*ભાવાર્થ : જે વિદ્યાને પ્રાપ્ત કરેલ બાળક પણ વૃદ્ધ (મોટો) બની જાય છે અને જે વ્યવહારમાં શુભ આચરણને કારણે વૃદ્ધાવસ્થા (મોટી વય) હોય છે, તે સર્વ વિદ્વાનોના સંગથી જ બની શકે છે અને વિદ્વાનોએ એને સર્વને પ્રાપ્ત કરાવવા જોઈએ. (૯)*

अदि॑ति॒र्द्यौरदि॑तिर॒न्तरि॑क्षमदि॑तिर्मा॒ता स पि॒ता स पु॒त्रः।
विश्वे॑दे॒वा अदि॑तिः॒ पञ्च॒ जना॒ अदि॑तिर्जा॒तमदि॑ति॒र्जनि॑त्वम्॥ १०॥

પદાર્થ : હે મનુષ્યો ! તમને યોગ્ય છે કે-द्यौः-પ્રકાશયુક્ત પરમેશ્વર વા સૂર્ય આદિ પ્રકાશમય

પદાર્થ अदितिः-અવિનાશી अन्तरिक्षम्-આકાશ अदितिः-અવિનાશી माता-માતા વા વિદ્યા अदितिः-અવિનાશી सः-તે पिता-જનક વા પાલક પિતા सः-તે पुत्रः-ઔરસ અર્થાત્ નિજ વિવાહિત પુરુષથી ઉત્પન્ન વા ક્ષેત્રજ અર્થાત્ નિયોગ કરીને અન્યના ક્ષેત્રમાં થયેલ વા વિદ્યાથી ઉત્પન્ન પુત્ર अदितिः-અવિનાશી છે તથા विश्व-સમસ્ત देवाः-વિદ્વાનો અથવા દિવ્યગુણયુક્ત પદાર્થો अदितिः-અવિનાશી છે पञ्च-પાંચ જ્ઞાનેન્દ્રિયો અને जनाः-જીવ પણ अदितिः-અવિનાશી છે આ રીતે જે કંઈ जातम्-ઉત્પન્ન થયેલ વા जनित्वम्-થનાર છે, તે સર્વ अदितिः-અવિનાશી અર્થાત્ નિત્ય છે. (૧૦)

*ભાવાર્થ : આ મંત્રમાં ( द्यौः ) વગેરેની કારણરૂપથી અથવા પ્રવાહરૂપથી વિનાશ રહિતના માનીને दिव् આદિની અદિતિ સંજ્ઞા કરવામાં આવે છે. વેદોમાં જ્યાં જ્યાં અદિતિ શબ્દ પઠિત છે, ત્યાં પ્રકરણાનુસાર दिव्-આદિમાંથી જેની-જેની યોગ્યતા હોય, તેનું-તેનું ગ્રહણ કરવું જોઈએ. ઈશ્વરની, જીવોની અને કારણાત્મક પ્રકૃતિની (તે) અવિનાશી હોવાના કારણે અદિતિ સંજ્ઞા છે જ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્યાર્થી અને પ્રકાશમય પદાર્થોનું વિશ્વેદેવ પદની અન્તર્ગત હોવાથી વર્ણન કરેલ છે. તેથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૮૯)

## સૂક્ત-૯૦

**ऋजुनीती नो वरुणो मित्रो नयतु विद्वान्। अर्यमा देवैः सजोषाः ॥ १ ॥**

પદાર્થ : જેમ પરમેશ્વર ધાર્મિક મનુષ્યોને ધર્મ પ્રાપ્ત કરાવે છે, તેમ देवैः-દિવ્ય ગુણ, કર્મ અને સ્વભાવયુક્ત વિદ્વાનોથી सजोषाः-સમાન પ્રીતિ કરનાર, वरुणः-શ્રેષ્ઠ ગુણોમાં વર્તનાર, मित्रः-સર્વોપકારી અને अर्यमा-ન્યાયકર્તા विद्वान्-ધર્માત્મા સજ્જન વિદ્વાન ऋजुनीति-સરળ રીતે नः-અમને ધર્મ અને વિદ્યામાર્ગને नयतु-પ્રાપ્ત કરાવે. (૧)

*ભાવાર્થ : પરમેશ્વર અથવા આપ્ત મનુષ્ય સત્ય વિદ્યાને ગ્રહણ કરવાના સ્વભાવવાળા પુરુષાર્થી મનુષ્યને સર્વોત્તમ ધર્મ અને વિદ્યા પ્રાપ્ત કરાવે છે, અન્યને નહિ. (૧)*

**ते हि वस्वो वसवानास्ते अप्रमूरा महोभिः। व्रता रक्षन्ते विश्वाहा ॥ २ ॥**

પદાર્થ : ते-તે પૂર્વોક્ત વિદ્વાનો वसवानाः-પોતાના ગુણોથી સર્વને આચ્છાદન કરતા-ઢાંકતા हि-નિશ્ચયથી महोभिः-પ્રશંસનીય ગુણ અને કર્મોથી विश्वाहा-સર્વ દિવસોમાં वस्वः-ધન આદિ પદાર્થોની रक्षन्ते-રક્ષા કરે છે તથા જે अप्रमूराः-મૂઢતા અને પ્રમાદરહિત ધાર્મિક વિદ્વાન છે, ते-તેઓ પ્રશંસિત ગુણ, કર્મોથી પ્રતિદિન व्रता-સત્યપાલન આદિ નિયમોનું પાલન કરે છે. (૨)

*ભાવાર્થ : વિદ્વાનો વિના કોઈના પણ દ્વારા ધન અને ધર્માચરણોની રક્ષા કરી શકાતી નથી, તેથી*

*સર્વ મનુષ્યોએ નિત્ય વિદ્યાનો પ્રચાર કરવો જોઈએ, જેથી સર્વ વિદ્વાન બનીને ધાર્મિક બની શકે. (૨)*

**ते अस्मभ्यं शर्म यंसन्नमृता मर्त्येभ्यः। बाधमाना अप द्विषः॥ ३॥**

પદાર્થ : જે द्विषः-દુષ્ટોનું अप, बाधमानाः-દુર્ગતિની સાથે નિવારણ કરીને अमृताः-જીવનમુક્ત વિદ્વાનો છે, ते-તેઓ मर्त्येभ्यः-अस्मभ्यम्-અમને-મનુષ્યોને માટે शर्म-સુખ यंसन्-આપે. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોથી શિક્ષા પ્રાપ્ત કરીને તથા દુષ્ટ સ્વભાવોને (સ્વભાવવાળાને) દૂર કરીને નિત્ય આનંદિત રહેવું જોઈએ. (૩)*

**वि नः पथः सुविताय चियन्त्विन्द्रो मरुतः। पूषा भगो वन्द्यासः॥ ४॥**

પદાર્થ : જે इन्द्रः-વિદ્યા અને ઐશ્વર્યયુક્ત અને पूषा-અન્યનુ પાલન અને પોષણ કરનાર भगः-અને ઉત્તમ ભાગ્યશાળી वन्द्यासः-સ્તુતિ અને સત્કાર કરવા યોગ્ય मरुतः-મનુષ્ય છે, તેઓ नः-અમને सुविताय-ઐશ્વર્યની પ્રાપ્તિ માટે पथः-ઉત્તમ માર્ગમાં वि, चियन्तु-નિયત કરે. (૪)

*ભાવાર્થ : વિદ્વાન મનુષ્યોએ ઐશ્વર્ય, પુષ્ટિ અને સૌભાગ્ય પ્રાપ્ત કરીને, અન્યજનોને પણ તેમજ સૌભાગ્યશાળી બનાવવા જોઈએ. (૪)*

**उत नो धियो गोअग्राः पूषन्विष्णवेवयावः। कर्ता नः स्वस्तिमतः॥ ५॥**

પદાર્થ : હે पूषन्-વિદ્યા અને ઉત્તમ શિક્ષાથી પોષણ કરનાર, विष्णो-સમસ્ત વિદ્યાઓમાં વ્યાપક થનાર, एवयावः-જેનાથી સર્વ વ્યવહારને તે અગાધ બોધને પ્રાપ્ત કરનારા વિદ્વાનો ! તમે नः-અમારે માટે गोअग्राः-જેમાં ઇન્દ્રિય અગ્રગામી હોય તે धियः-ઉત્તમ બુદ્ધિ અને ઉત્તમ કર્મોને कर्त्त-પ્રસિદ્ધ કરો, उत-પશ્ચાત્ नः-અમને स्वस्तिमतः-સુખયુક્ત કરો. (૫)

*ભાવાર્થ : વિદ્યાર્થીએ અધ્યાપક જેવી વિદ્યાની શિક્ષા કરે, તેમ તેનું ગ્રહણ કરીને શ્રેષ્ઠ વિચારોથી નિત્ય તેની ઉન્નતિ કરવી જોઈએ. (૫)*

**मधु वाता ऋतायते मधु क्षरन्ति सिन्धवः। माध्वीर्नः सन्त्वोषधीः॥ ६॥**

પદાર્થ : હે પૂર્ણ વિદ્યાવાન વિદ્વાનો ! જેમ તમારા માટે અને ऋतायते-પોતાને સત્ય વ્યવહાર ઇચ્છનાર પુરુષને માટે वाताः-વાયુ मधु-મધુરતા અને सिन्धवः-સમુદ્ર અને નદીઓ मधु-મધુર ગુણની क्षरन्ति-વર્ષા કરે છે, તેમ नः-અમારા માટે ओषधीः-સોમલતા આદિ ઔષધિ माध्वीः-મધુર ગુણ વિશેષનું જ્ઞાન કરાવનારી सन्तु-બને. (૬)

*ભાવાર્થ : હે અધ્યાપકો ! આપ અને અમે એવો પ્રયત્ન કરીએ, જેમાં સંપૂર્ણ આનંદને માટે સર્વ પદાર્થોની વિદ્યા દ્વારા ઉપકાર કરી શકીએ. (૬)*

**मधु नक्तमुतोषसो मधुमत्पार्थिवं रजः। मधु द्यौरस्तु नः पिता॥ ७॥**

પદાર્થ : હે વિદ્વાનો ! જેમ नः-અમારા માટે नक्तम्-રાત્રિ मधु-મધુર उषसः-દિવસ મધુર ગુણ યુક્ત पार्थिवम्-પૃથિવીમાં रजः-અણુ અને ત્રસરેણુ આદિ સૂક્ષ્મ ભૂમિના કણ मधुमत्-મધુર ગુણોથી યુક્ત સુખ કરનાર उत-અને पिता-પાલન કરનારી द्यौः-સૂર્યની કાન્તિ मधु-મધુર ગુણવાળી अस्तु-હોય તેમ તમારા માટે પણ થાય. (૭)

*ભાવાર્થ : જેમ મનુષ્યોને માટે, પૃથિવી-સ્થિત પદાર્થો આનંદદાયક બને, તેવુ ગુણજ્ઞાન અને હસ્તક્રિયાથી વિદ્યાનો ઉપયોગ અધ્યાપકો તથા અન્ય સર્વેએ કરવો જોઈએ. (૭)*

**मधुमान्नो वनस्पतिर्मधुमाँ अस्तु सूर्यः। माध्वीर्गावो भवन्तु नः॥ ८॥**

પદાર્થ : હે વિદ્વાનો ! જેમ नः-અમારા માટે मधुमान्-જેમાં પ્રશંસિત મધુર સુખ છે, એમ वनस्पतिः-વનોમાં રક્ષાને યોગ્ય વડ આદિ વૃક્ષોનો સમૂહ અને મેઘ તથા सूर्यः-બ્રહ્માંડોમાં સ્થિર થનાર સૂર્ય અને શરીરોમાં રહેનાર પ્રાણ मधुमान्-જેમાં મધુર ગુણોનો પ્રકાશ છે, એમ अस्तु-થાઓ; તથા नः-અમારા હિતને માટે गावः-સૂર્યનાં કિરણો माध्वीः-મધુર ગુણ યુક્ત भवन्तु-થાઓ, તેમ તમે અમને શિક્ષા કરો. (૮)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! તમે અને અમે એવી રીતે મળીને પુરુષાર્થ કરીએ, જેથી આપણા સર્વ કાર્યો સિદ્ધ થાય. (૮)*

**शं नो मित्रः शं वरुणः शं नो भवत्वर्यमा।**
**शं न इन्द्रो बृहस्पतिः शं नो विष्णुरुरुक्रमः॥ ९॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમારા માટે उरुक्रमः-જેના બહુજ પરાક્રમ છે તે मित्रः-સર્વનું સુખ કરનાર, नः-અમારા માટે शम्-સુખકારી, વા જેના બહુ જ પરાક્રમ છે તે वरुणः-સર્વમાં અતિ ઉન્નતિવાળા, અમારા માટે शम्-શાન્તિ અને સુખને આપનાર, વા જેના બહુજ પરાક્રમ છે તે अर्यमा-ન્યાય કરનાર, नः-અમારા માટે शम्-આરોગ્ય સુખ પ્રદાતા, જેના બહુ જ પરાક્રમ છે તે बृहस्पतिः-મહાન વેદવિદ્યા પાવક, વા જેના બહુજ પરાક્રમ છે તે इन्द्रः-પરમૈશ્વર્ય પ્રદાતા, नः-અમારા માટે शम्-ઐશ્વર્ય સુખાકારી, વા જેના બહુ પરાક્રમ છે તે विष्णुः-નવ ગુણોથી વ્યાપ્ત થનાર પરમેશ્વર તથા ઉક્ત ગુણોવાળા વિદ્વાન સજ્જન પુરુષ नः-અમારા માટે પૂર્વોક્ત સુખ અને शम्-વિદ્યામાં સુખદાતા भवतु-થાઓ. (૯)

*ભાવાર્થ : પરમેશ્વરની સમાન મિત્ર, શ્રેષ્ઠ, ન્યાયકારી, ઐશ્વર્યવાન, મહાન, સ્વામી, વ્યાપક અને સુખદાયક અન્ય કોઈ નથી અને વિદ્વાનની સમાન પ્રિયકારી, ધાર્મિક, સત્યકારી, વિદ્યાદિ ધન-પ્રદાતા, વિદ્યારક્ષક, શુભ ગુણ-કર્મોમાં વ્યાપ્ત અને મહા પરાક્રમી (અન્ય કોઈ) થઈ શકતા નથી. તેથી સર્વ મનુષ્યોએ ઈશ્વરની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના અને વિદ્વાનોની સેવા તથા સંગતિ નિરંતર કરીને નિત્ય આનંદિત રહેવું જોઈએ. (૯)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્યાર્થી અધ્યાપક અને ઈશ્વરના કર્તવ્ય કામ તથા તેના ફળનું વર્ણન

હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૦)

## સૂક્ત-૯૧

त्वं सो॑म॒ प्र चि॑कितो मनी॒षा त्वं रजि॑ष्ठ॒मनु॑ नेषि॒ पन्था॑म्।
तव॒ प्रणी॑ती पि॒तरो॑ न इन्दो दे॒वेषु॒ रत्न॑मभजन्त॒ धीरा॑ः॥ १॥

પદાર્થ : હે इन्दो-સોમની સમાન सोम-સમસ્ત ઐશ્વર્યયુક્ત त्वम्-પરમેશ્વર વા સર્વોત્તમ વિદ્વાન્! જે मनीषा-મનને વશ કરનારી બુદ્ધિથી चिकितः-જાણો છો વા तव-આપની प्रणीती-શ્રેષ્ઠ નીતિથી धीराः-ધ્યાન અને ધૈર્યયુક્ત पितरः-જ્ઞાનીજનો देवेषु-વિદ્વાન વા દિવ્ય ગુણ, કર્મ અને સ્વભાવોમાં रत्नम्-અત્યુત્તમ ધનનું अभजन्त-प्र-रजिष्ठम्-સેવન કરે છે, તેથી શાન્તિ ગુણ યુક્ત આપ नः-અમને रजिष्ठम्-અત્યંત સીધા पन्थाम्-માર્ગને अनु-અનુકૂળતાથી नेषि-પહોંચાડે છે, એથી त्वम्-આપ અમારા સત્કાર ને યોગ્ય છો. (૧)

*ભાવાર્થ : જેમ પરમેશ્વર અને પરમ વિદ્વાન અવિદ્યાનો નાશ કરીને વિદ્યા તથા ધર્મના માર્ગમાં (સર્વને) પહોંચાડે છે, તેમ વૈદ્યકશાસ્ત્રની વિધિથી સેવન કરેલ સોમ આદિ ઔષધિઓનો સમૂહ, સર્વ રોગોનો નાશ કરીને સુખ પહોંચાડે છે. (૧)*

त्वं सो॑म॒ क्रतु॑भिः सु॒क्रतु॑र्भू॒स्त्वं दक्षै॑ः सु॒दक्षो॑ वि॒श्ववे॑दाः।
त्वं वृषा॑ वृ॒ष॒त्वेभि॑र्महि॒त्वा द्यु॒म्नेभि॑र्द्यु॒म्न्य॑भवो नृ॒चक्षा॑ः॥ २॥

પદાર્થ : હે सोम-શાન્તિગુણયુક્ત પરમેશ્વર વા ઉત્તમ વિદ્વાન ! જે કારણે त्वम्-આપ क्रतुभिः-ઉત્તમ બુદ્ધિ અને કર્મોથી सुक्रतुः-શ્રેષ્ઠ બુદ્ધિમાન વા શ્રેષ્ઠ કર્મ કરનારા તથા दक्षैः-વિજ્ઞાન આદિ શ્રેષ્ઠ કર્મ કરનારા તથા दक्षैः-વિજ્ઞાન આદિ ગુણોથી सुदक्षः-પરમ શ્રેષ્ઠ જ્ઞાની विश्ववेदाः-અને સર્વ વિદ્યા પ્રાપ્ત કરેલ भूः-બનો છો; વા જે કારણે त्वम्-આપ महित्वा-મહાન ગુણવાન હોવાથી वृषत्वेभिः-વિદ્યારૂપી સુખોની वृषा-વર્ષા અને द्युम्नेभिः-કીર્તિ અને ચક્રવર્તી આદિ રાજ્ય ધર્મોથી द्युम्नी-પ્રશંસિત ધની नृचक्षाः-મનુષ્યોમાં દર્શનીય अभवः-બનો છો, એથી त्वम्-આપ સર્વમાં ઉત્તમ ઉત્કર્ષયુક્ત થાઓ. (૨)

*ભાવાર્થ : જેમ ઉત્તમ રીતે સેવન કરેલ સોમ આદિ ઔષધિઓનો સમૂહ બુદ્ધિ, નિપુણતા, વીર્ય અને ધનની વૃદ્ધિ કરે છે, એ જ રીતે શ્રેષ્ઠ રીતે ઉપાસના કરેલ ઈશ્વર અને સમ્યક્ સેવા કરેલ એજ રીતે તે બુદ્ધિ આદિને ઉત્પન્ન કરે છે. (૨)*

रा॒ज्ञो नु ते॒ वरु॑णस्य व्र॒तानि॑ बृ॒हद् ग॑भी॒रं तव॑ सोम॒ धाम॑।
शुचि॒ष्ट्वम॑सि प्रि॒यो न मि॒त्रो द॒क्षाय्यो॑ अर्य॒मेवा॑सि सोम॥ ३॥

પદાર્થ : હે सोम-મહા ઐશ્વર્યયુક્ત પરમેશ્વર વા વિદ્વાન ! જેથી त्वम्-આપ प्रियः-પ્રસન્ન मित्रः-મિત્રની न-સમાન शुचिः-પવિત્ર અને પવિત્રતા કરનાર असि-છો; તથા अर्यमेव-યથાર્થ ન્યાય કરનાર સમાન दक्षाय्यः-વિજ્ઞાન કરનારા असि-છો.

હે सोम-શુભકર્મ અને ગુણોના પ્રેરક वरुणस्य-શ્રેષ્ઠ राज्ञः-સર્વ જગતના સ્વામી વા વિદ્યા અને પ્રકાશયુક્ત ते-આપના व्रतानि-સત્યપ્રકાશ કરનારા કામ છે, જેથી तव-આપના बृहत्-મહાન गभीरम्-અત્યંત અથાહ धाम-જેમાં પદાર્થ ધરવામાં આવે તે સ્થાન છે, એથી આપ नु-શીઘ્ર અને સદા ઉપાસના અને સેવા કરવા યોગ્ય છો. (૩)

*ભાવાર્થ : મનુષ્ય જેમ-જેમ આ સૃષ્ટિમાં રચનાના નિયમોથી ઈશ્વરના ગુણ-કર્મ-સ્વભાવોને જોઈને પ્રયત્ન કરે, તેમ-તેમ વિદ્યા સંબંધી સુખ ઉત્પન્ન થઈ શકે છે તેમ (સર્વેએ) જાણવું જોઈએ. (૩)*

**या ते धामा॑नि दि॒वि या पृ॑थि॒व्यां या पर्व॑ते॒ष्वोष॑धीष्व॒प्सु।**
**तेभि॑र्नो॒ विश्वैः सु॒मना॒ अहे॑ळ॒न्राज॒न्त्सोम॒ प्रति॑ ह॒व्या गृ॑भाय॥४॥**

પદાર્થ : હે सोम्-સર્વના ઉત્પાદક राजन्-રાજા ! ते-આપના या-જે धामानि-નામ, જન્મ અને સ્થાન दिवि-પ્રકાશમય સૂર્ય આદિ પદાર્થ વા દિવ્ય વ્યવહારમાં વા या-જે पृथिव्याम्-પૃથિવીમાં વા या-જે पर्वतेषु-પર્વતોમાં વા औषधीषु-ઔષધિઓમાં વા अप्सु-જલોમાં છે. तेभिः-તે विश्वैः-સર્વનો अहेडन्-અનાદર ન કરીને सुमनाः-ઉત્તમ જ્ઞાનવાન આપ हव्याः-લેવા-દેવા યોગ્ય કામોને नः-અમને प्रति + गृभाय-પ્રત્યક્ષ ગ્રહણ કરાવો. (૪)

*ભાવાર્થ : જેમ ઈશ્વર પોતાની સૃષ્ટિમાં વેદ દ્વારા સૃષ્ટિ ક્રમોને દર્શાવીને સમસ્ત વિદ્યાઓનો પ્રકાશ કરે છે, એજ રીતે વિદ્વાનોએ અધ્યયન કરેલા સાંગોપાંગ વેદો દ્વારા તથા હસ્તક્રિયા દ્વારા કલા-કૌશલ દર્શાવીને સર્વને સમસ્ત વિદ્યા ગ્રહણ કરાવે. (૪)*

**त्वं सो॑मासि॒ सत्प॑ति॒स्त्वं राजो॒त वृ॑त्र॒हा। त्वं भ॒द्रो अ॑सि॒ क्रतुः॥५॥**

પદાર્થ : હે सोम-સમસ્ત સંસારના ઉત્પાદક વા સમસ્ત વિદ્યાદાતા ! त्वम्-પરમેશ્વર વા પાઠશાળા આદિ વ્યવહારોના સ્વામી વિદ્વાન આપ सत्पतिः-અવિનાશી જે જગતના કારણનું વિદ્યમાન કાર્યજગત છે તેના પાલક असि-છો; उत-અને त्वम्-આપ वृत्रहा-દુઃખ આપનાર દુષ્ટોના વિનાશ કરનારા राजा-સર્વના સ્વામી વિદ્યાના અધ્યક્ષ છો, વા જે કારણે त्वम्-આપ भद्रः-અત્યંત સુખકારક છો, વા क्रतुः-સમસ્ત બુદ્ધિયુક્ત વા બુદ્ધિદાતા असि-છો, તેથી આપ સર્વ વિદ્વાનોથી સેવન કરવા યોગ્ય છો.

द्वितीयः सोम-સર્વ ઔષધિઓના ગુણદાતા સોમ ઔષધિ त्वम्-એ ઔષધિઓમાં ઉત્તમ सत्पतिः-સમ્યક્ પથ્ય પાલન કરનારની પાલના કરનાર છે; उत-અને त्वम्-એ સોમ वृत्रहा-મેઘની સમાન દોષોના નાશક राजा-રોગનો વિનાશ કરવાના ગુણોનો પ્રકાશ કરનાર છે, વા જે કારણે त्वम्-એ भद्रः-સેવનને યોગ્ય वा क्रतुः-ઉત્તમ બુદ્ધિનો હેતુ છે, તેથી તે સર્વ વિદ્વાનોને સેવન કરવા યોગ્ય છે. (૫)

*ભાવાર્થ : સોમ (= પરમેશ્વર, વિદ્વાન અથવા સોમલતા આદિ ઔષધિ-સમૂહ) સમસ્ત ઐશ્વર્યના પ્રકાશક, સજ્જનોના રક્ષક, રાજા, દુઃખ વિનાશક, વિજ્ઞાનદાતા અને કલ્યાણકારી છે, તેમ સમ્યક્ જાણીને તેનું સેવન કરવું જોઈએ. (૫)*

**त्वं च सोम नो वशो जीवातुं न मरामहे। प्रियस्तोत्रो वनस्पतिः॥ ६॥**

પદાર્થ : હે સોમ-શ્રેષ્ઠ કામોના પ્રેરક પરમેશ્વર વા (સોમ) શ્રેષ્ઠ કામોનો પ્રેરણા દેતા જે त्वम्-તે એ च-અને આપ नः-અમારા जीवातुम्-જીવનમાં वशः-વશ થવાના ગુણોનો પ્રકાશ કરનાર-કરાવનાર છે વા प्रियस्तोत्रः- જેના ગુણોના કથન પ્રેમ કરનાર – કરાવનાર છે वनस्पतिः-સેવનીય પદાર્થોની પાલના કરનાર વા એ સોમવન ઔષધિઓમાં અત્યંત શ્રેષ્ઠ છે, એ વ્યવસ્થાથી એ બન્ને જાણીને અમે શીઘ્ર न-महामहे-અકાળ મૃત્યુ અને અનાયાસ મૃત્યુ ન પામીએ. (૬)

*ભાવાર્થ : જે મનુષ્યો ઈશ્વરની આજ્ઞાનું પાલન કરનારા તથા વિદ્વાનોની સેવા કરનારા અને ઔષધિઓનું સેવન કરનારા છે, તે પૂર્ણ આયુ પ્રાપ્ત કરે છે. (૬)*

**त्वं सोम महे भगं त्वं यून ऋतायते। दक्षं दधासि जीवसे॥ ७॥**

પદાર્થ : હે સોમ-પરમેશ્વર વા સોમ અર્થાત્ ઔષધિઓનો સમૂહ त्वम्-વિદ્યા અને સૌભાગ્યના દાતા આપવા એ સોમ ऋतायते-પોતાના વિશેષ જ્ઞાનના ઈચ્છુક महे-અતિ ઉત્તમ ગુણયુક્ત युने-બ્રહ્મચર્ય અને વિદ્યાથી શરીર અને આત્માની તરુણ અવસ્થાને પ્રાપ્ત કરેલ બ્રહ્મચારીને માટે भगम्-વિદ્યા અને ધનરાશિ તથા त्वम्-આપ जीवसे-જીવવા માટે दक्षम्-બળને दधासि-ધારણ કરાવવાથી સર્વને ચાહવા યોગ્ય છો. (૭)

*ભાવાર્થ : મનુષ્યોને ઈશ્વર, વિદ્વાનો અને ઔષધિઓના સેવન વિના સુખ મળી શકતુ નથી. તેથી એનું સર્વેએ નિત્ય સેવન કરવું જોઈએ. (૭)*

**त्वं नः सोम विश्वतो रक्षा राजन्नघायतः। न रिष्येत्त्वावतः सखा॥ ८॥**

પદાર્થ : હે सोम-સર્વના મિત્ર વા મિત્રતા આપનાર (કરનાર) त्वम्-આપના વા એ ઔષધિ સમૂહ विश्वतः-સમસ્ત अघायतः-પોતાની દોષની ઈચ્છા કરતા વા દોષકારીથી नः-અમારી रक्ष-રક્ષા કરો વા એ ઔષધિરાજ રક્ષા કરે છે.

હે राजन्-સર્વની રક્ષાનો પ્રકાશ કરનાર ! त्वावतः-તમારા સમાન પુરુષના सखा-કોઈ મિત્ર न + रिष्येत्-વિનાશને પ્રાપ્ત ન થાય વા સર્વના રક્ષક જે ઔષધિગણ એના સમાન ઔષધિનું સેવન કરનાર પુરુષ વિનાશને પ્રાપ્ત ન થાય. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ ઈશ્વરને એ રીતે પ્રાર્થના કરીને પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી ધર્મના ત્યાગની અને અધર્મના ગ્રહણની ઈચ્છા જ ન થાય. ધર્મ અને અધર્મ સંબંધી પ્રવૃત્તિમાં મનની ઈચ્છા જ કારણ છે. ધર્મેચ્છાની પ્રવૃત્તિ થતા અને અધર્મેચ્છાની નિવૃત્તિ થતા કદી પણ ધર્મનો ત્યાગ અને અધર્મના ગ્રહણની*

(ભાવ) ઉત્પન્ન જ થઈ શકતો નથી. (૮)

सोम॒ यास्ते॑ मयो॒भुव॑ ऊ॒तय॒: सन्ति॑ दा॒शुषे॑। ताभि॑र्नोऽवि॒ता भ॑व॥९॥

પદાર્થ : હે सोम-પરમેશ્વર ! याः-જે ते-આપની વા સોમ આદિ ઔષધિગણની मयोभुवः-સુખને ઉત્પન્ન કરનારી ऊतयः-રક્ષા આદિ ક્રિયા दाशुषे-દાની મનુષ્યને માટે सन्ति-છે ताभिः-તેથી नः-અમારી अविता-રક્ષા આદિ કરનારા भव-થાઓ વા જે એ ઔષધિગણ હોય છે, તેનો અમે સદા ઉપયોગ કરીએ. (૯)

*ભાવાર્થ : જે પ્રાણીઓના પરમેશ્વર, વિદ્વાનજન અને સમ્યક્ તૈયાર કરેલ ઔષધિ સમૂહરક્ષક હોય છે, તેઓ કેમ દુઃખ દેખી શકે ? (૯)*

इ॒मं य॒ज्ञमि॒दं वचो॑ जुजुषा॒ण उ॑पा॒गहि॑। सोम॒ त्वं नो॑ वृ॒धे भ॑व॥१०॥

પદાર્થ : હે सोम-પરમેશ્વર વા વિદ્વાન્ ! જેથી इमम्-એ यज्ञम्-યજ્ઞના રક્ષક વા શિલ્પ કર્મોથી સિદ્ધ કરેલ યજ્ઞને તથા इदम्-એ વિદ્યા અને ધર્મ સંયુક્ત वचः-વચનને जुजुषाणः-પ્રીતિથી સેવન કરીને त्वम्-આપ उपागहि-સમીપ પ્રાપ્ત થાઓ છો વા એ સોમ આદિ ઔષધ સમૂહ સમીપ પ્રાપ્ત થાય છે नः-અમારી वृधे-વૃદ્ધિને માટે भव-થાઓ અથવા ઉક્ત ઔષધિ સમૂહ થાય. (૧૦)

*ભાવાર્થ : જ્યારે વિજ્ઞાન દ્વારા ઈશ્વર, સેવા તથા કૃતજ્ઞતા દ્વારા વિદ્વાનજન અને વૈદ્યકવિદ્યા તથા ઉત્તમક્રિયા દ્વારા ઔષધિસમૂહ પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે મનુષ્યોને સુખ થાય છે. (૧૦)*

सोम॑ गी॒र्भिष्ट्वा॑ व॒यं व॒र्द्धया॑मो वचो॒विद॑:। सु॒मृ॒ळी॒को न॒ आ वि॑श॥११॥

પદાર્થ : હે सोम-જાણવા યોગ્ય ગુણ, કર્મ, સ્વભાવયુક્ત પરમેશ્વર ! જે કારણે सुमृडीकः-સમ્યક્ સુખકારક વૈદ્ય આપ અને સોમ આદિ ઔષધિગણ नः-અમને आ + विश-પ્રાપ્ત થાય, એથી त्वा-આપને તથા તે ઔષધિગણને वचोविदः-જાણવા યોગ્ય પદાર્થોને જાણીને वयम्-અમે गीर्भिः-વિદ્યાથી શુદ્ધ કરેલી ઔષધિઓથી નિત્ય वद्र्धयामः-વૃદ્ધિ કરીએ છીએ. (૧૧)

*ભાવાર્થ : ઈશ્વર, વિદ્વાન અને ઔષધિ-સમૂહની સમાન પ્રાણીઓને સુખ આપનાર અન્ય કોઈ નથી. તેથી સુશિક્ષા અને અધ્યયન દ્વારા તેના જ્ઞાનમાં વૃદ્ધિ કરીને, મનુષ્યોએ તેનો ઉપયોગ નિત્ય કરવો જોઈએ. (૧૧)*

ग॒य॒स्फानो॑ अमीव॒हा व॑सु॒वित्पु॑ष्टि॒वर्ध॑नः। सु॒मि॒त्रः सो॑म नो भव॥१२॥

પદાર્થ : હે सोम-પરમેશ્વર વા વિદ્વાન્ ! જે કારણે આપ વા એ ઉત્તમ ઔષધ नः-અમારા गयस्फानः-પ્રાણોને વધારનાર વા अमीवहा-અવિદ્યા આદિ દોષો તથા જ્વર આદિ દુઃખો-રોગોનો વિનાશ કરનાર વા वसुवित्-દ્રવ્ય આદિ પદાર્થોનું જ્ઞાન કરાવનાર વા सुमित्रः-જેથી ઉત્તમ કામો કરનારા મિત્ર હોય છે, તેમ पुष्टिवर्द्धनः-શરીર અને આત્માની પુષ્ટિવર્ધક भव-થાઓ; વા એ ઔષધિસમૂહ અમને યથાયોગ્ય ઉક્ત ગુણ દાતા, બને, એથી આપ અને એ અમારા સેવન યોગ્ય છો. (૧૨)

*ભાવાર્થ : ઈશ્વર અને ઔષધિના સેવન વિના અને વિદ્વાનોના સંગ વિના પ્રાણીઓના ધનની પ્રાપ્તિ અને મિત્રોનું મિલન સંભવ નથી. તેથી સર્વેએ એનો આશ્રય અને સેવા કરવી જોઈએ. (૧૨)*

सोमं रारन्धि नो हृदि गावो न यवसेष्वा। मर्यंइव स्व ओक्ये॥ १३॥

પદાર્થ : હે सोम-પરમેશ્વર ! જે કારણે આપ नः-અમારા हृदि-હૃદયમાં न-જ જેમ यवसेषु-ખાવા યોગ્ય ઘાસ આદિ પદાર્થોમાં गावः-ગાય રમે છે, તેમ વા જેમ स्वे-પોતાના ओक्ये-ઘરમાં मर्य्यइव-મનુષ્ય વિરામ કરે છે, તેમ आ-સારી રીતે रारन्धि રમીએ વા ઔષધિસમૂહ ઉક્ત રીતે રમે, એથી સર્વના સેવન યોગ્ય આપ વા એ છે. (૧૩)

*ભાવાર્થ : હે જગદીશ્વર ! જેમ પ્રત્યક્ષરૂપથી ગાય અને મનુષ્ય પોતાના ભોગના પદાર્થો અથવા સ્થાનમાં (આનંદ લે છે) ક્રીડા કરે છે, તેમ આપ અમારા આત્મામાં પ્રકાશિત થાઓ.*

*જેમ પૃથિવી આદિ કાર્ય દ્રવ્યોમાં પ્રત્યક્ષ રૂપથી કિરણો પ્રદીપ્ત થાય છે, તેમ આપ અમારા આત્મામાં પ્રદીપ્ત થાઓ. આ મંત્રમાં અસંભવ હોવાથી વિદ્વાનનું ગ્રહણ કરવામાં આવેલ નથી. (૧૩)*

यः सोम सख्ये तव रारणद्देव मर्त्यः। तं दक्षः सचते कविः॥ १४॥

પદાર્થ : હે देव-દિવ્ય ગુણોને પ્રાપ્ત કરાવનારા વા શ્રેષ્ઠ ગુણોના હેતુ सोम-વૈદ્યરાજ વિદ્વાન વા ઉત્તમ ઔષધિ यः-જે तव-આપ વા એના सख्ये-મિત્રતા વા મિત્રના કામમાં दक्षः-શરીર અને આત્મ બળયુક્ત कविः-દર્શનીય વા અવ્યાહત પ્રજ્ઞાયુક્ત मर्त्यः-મનુષ્ય रारणत्-સંવાદ કરતા અને सचते-સંબંધ રાખે છે, तम्-તે મનુષ્યને સુખ કેમ પ્રાપ્ત ન થાય ? (૧૪)

*ભાવાર્થ : જે મનુષ્યો પરમેશ્વર, વિદ્વાન અને ઔષધિઓની સાથે મિત્રભાવ રાખે છે, તેઓ વિદ્યા પ્રાપ્ત કરીને કદી દુઃખભાગી બનતા નથી. (૧૪)*

उरुष्या णो अभिशस्तेः सोम नि पाह्यंहसः। सखा सुशेव एधि नः॥ १५॥

પદાર્થ : હે सोम-રક્ષક અને सुशेवः-ઉત્તમ સુખદાતા सखा-મિત્ર ! જે આપ अभिशस्तेः-સુખ વિનાશક કામથી नः-અમને उरुष्य-બચાવો વા अंहसः-અવિદ્યા તથા જ્વરાદિ રોગોથી અમારી नि-નિરંતર पाहि-પાલના કરો અને नः-અમારા સુખકારક एधि-થાઓ, તે આપ અમારા સત્કાર કરવા યોગ્ય કેમ ન બનો ? (૧૫)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા ઉત્તમ પ્રકારથી સેવા કરેલ પરમ વૈદ્ય વિદ્વાન સમસ્ત અવિદ્યા આદિ પૃથક્ કરીને તેને આનંદિત કરે છે. તેથી તેનો સદા સંગ કરવો જોઈએ. (૧૫)*

आ प्यायस्व समेतु ते विश्वतः सोम वृष्ण्यम्। भवा वाजस्य संगथे॥ १६॥

પદાર્થ : હે सोम-અત્યંત પરાક્રમયુક્ત વૈદ્યકશાસ્ત્રના જ્ઞાતા વિદ્વાન ! ते-આપના विश्वतः-સંપૂર્ણ સૃષ્ટિથી वृष्ण्यम्-વીર્યવાનોમાં પરાક્રમ છે, તે અમને सम + एतु-સમ્યક્ પ્રાપ્ત થાય તથા આપ आप्यायस्व-ઉન્નતિને પ્રાપ્ત તથા वाजस्य-વેગવાન સેનાના संगथे-સંગ્રામમાં રોગનાશક भव-બનો. (૧૬)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનો તથા ઔષધિ સમૂહોનુ સમ્યક્ સેવન કરીને, બળ તથા વિદ્યા પ્રાપ્ત કરીને, સમસ્ત સૃષ્ટિની સર્વોત્તમ વિદ્યાઓની ઉન્નતિ કરીને, શત્રુઓને જીતીને, તથા સજ્જનોની રક્ષા કરીને શરીર તથા આત્માની નિરંતર પુષ્ટિ કરવી જોઈએ. (૧૬)*

**आ प्यायस्व मदिन्तम सोम विश्वेभिरंशुभिः।**
**भवा नः सुश्रवस्तमः सखा वृधे॥१७॥**

પદાર્થ : હે मदिन्तम-અત્યંત પ્રશંસિત આનંદયુક્ત सोम-વિદ્યા અને ઐશ્વર્યના દાતા ! જે सुश्रुवस्तमः-બહુશ્રુત વા શ્રેષ્ઠ અન્નાદિ પદાર્થોથી યુક્ત सखा-આપ મિત્ર છો, તે नः-અમારી वृधे-ઉન્નતિને માટે भव-થાઓ અને विश्वेभिः સમસ્ત अंशुभिः-સૃષ્ટિના સિદ્ધાન્ત ભાગો (તત્ત્વાવયવો)થી आ-સારી રીતે प्यायस्व-વૃદ્ધ થઈને પ્રાપ્ત થાઓ. (૧૭)

*ભાવાર્થ : જે પરમ વિદ્વાન સર્વોત્તમ ઔષધિઓના સમૂહને સૃષ્ટિ ક્રમ-સંબંધી વિદ્યાઓથી મનુષ્યોની ઉન્નતિ કરે છે, તેઓનું સર્વેએ અનુકરણ કરવું જોઈએ. (૧૭)*

**सं ते पयांसि समु यन्तु वाजाः सं वृष्ण्यान्यभिमातिषाहः।**
**आप्यायमानो अमृताय सोम दिवि श्रवांस्युत्तमानि धिष्व॥१८॥**

પદાર્થ : હે सोम-ઐશ્વર્યને પહોંચાડનાર વિદ્વાન ! ते-આપના જે वृष्ण्यानि-પરાક્રમવાળા पयांसि-જળ અને અન્ન અમને संयन्तु-સમ્યક્ પ્રાપ્ત થાય, અને समिमातिषाहः-જેનાથી શત્રુઓને સહન કરીએ તેઓ वाजाः-સંગ્રામ सम्-પ્રાપ્ત થાય, તેથી दिवि-વિદ્યાના પ્રકાશમાં अमृताय-મોક્ષને માટે आप्यायमानः-દૃઢ બળયુક્ત આપ વા ઉત્તમ રસને માટે દૃઢ બળકારક ઔષધિગણ उत्तमानि-સવોત્તમ श्रवांसि-વચનો અને અન્નોને संधिष्व-ધારણ કરો વા કરે છે. (૧૮)

*ભાવાર્થ : વિદ્યા અને પુરુષાર્થથી, વિદ્વાનોના સંગથી, ઔષધિઓના સેવનથી અને પથ્યથી જે પ્રશંસનીય કર્મ, પ્રશંસનીય ગુણ અને શ્રેષ્ઠ પદાર્થ પ્રાપ્ત થાય છે, તેને ધારણ કરીને, તેની રક્ષા પ્રાપ્ત થાય છે, તેને ધારણ કરીને, તેની રક્ષા કરીને તથા ધર્મ-અર્થ-કામ સિદ્ધ કરીને મનુષ્યોએ મુક્તિ-મોક્ષની સિદ્ધિ કરવી જોઈએ. (૧૮)*

**या ते धामानि हविषा यजन्ति ता ते विश्वा परिभूरस्तु यज्ञम्।**
**गयस्फानः प्रतरणः सुवीरोऽवीरहा प्र चरा सोम दुर्यान्॥१९॥**

પદાર્થ : सोम-પરમેશ્વર વા વિદ્વાન્ ! ते-આપના વા એ ઔષધસમૂહના या-જે विश्व-સમસ્ત धामानि-સ્થાન વા પદાર્થ हविषा-વિદ્યાદાન વા ગ્રહણ કરવાની ક્રિયાઓથી यज्ञम्-ક્રિયામય યજ્ઞને यजन्ति-સંગત કરે છે ता-તે સર્વ ते-આપના વા એ ઔષધિ-સમૂહ અમને પ્રાપ્ત થાય, જેથી આપ परिभूः-સર્વોપરિ વિરાજમાન થઈને, गयस्फानः-ધન વૃદ્ધિ કરનાર અને प्रतरणः-દુઃખથી પ્રત્યક્ષ તારનાર सुवीरः-સર્વોત્તમ

વીરોથી યુક્ત अवीरहा-શ્રેષ્ઠ શિક્ષા અને વિદ્યાથી કાયરોને પણ સુખ આપનારા अस्तु-થાઓ, એથી અમારા दुर्य्यान्-ઉત્તમ સ્થાનોને चर-પ્રાપ્ત થાઓ. (૧૯)

*ભાવાર્થ : કોઈ પણ મનુષ્ય સૃષ્ટિના પદાર્થોના ગુણોના વિજ્ઞાન વિના તેના દ્વારા ઉપકાર ગ્રહણ કરી શકતા નથી. તેથી વિદ્વાનોના સંગથી પૃથિવીથી લઈને ઈશ્વર પર્યન્ત પદાર્થોથી જાણીને મનુષ્યોએ ક્રિયાની સિદ્ધિ કરવી જોઈએ. (૧૯)*

**सोमो॑ धे॒नुं सोमो॒ अर्व॑न्तमा॒शुं सोमो॑ वी॒रं क॑र्म॒ण्यं॑ ददाति।**

**सा॒द॒न्यं॑ वि॒द॒थ्यं॑ स॒भेयं॑ पितृ॒श्रव॑णं यो ददा॑शदस्मै॥ २० ॥**

પદાર્થ : यः-જે સભાધ્યક્ષ આદિ अस्मै-એ ધાર્મિક પુરુષને सादन्यम्-ઘર બનાવવા યોગ્ય સામગ્રી विदथ्यम्-યજ્ઞ વા યુદ્ધોમાં પ્રશંસનીય તથા सभेयम्-સભામાં પ્રશંસનીય સામગ્રી અને पितृश्रवणम्-જ્ઞાની જનો જેથી સાંભળી શકાય છે એવા વ્યવહારને ददाशत्-આપે છે, તે सोमः-અર્થાત્ સભાધ્યક્ષ આદિ સોમલતાદિ ઔષધિને માટે धेनुम्-વાણીને आशुम्-શીઘ્ર ગમનકારી अर्वन्तम्-ઘોડાને અથવા सोमः-ઉત્તમ કર્મ કર્તા સોમ कर्मण्यम्-સર્વોત્તમ કામોથી સિદ્ધ થયેલ वीरम्-વિદ્યા અને શૂરવીરતા આદિ ગુણોથી યુક્ત મનુષ્યને ददाति-પ્રદાન કરે છે. (૨૦)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો સુશિક્ષિત વાણીનો ઉપદેશ કરીને તથા ઉત્તમ પુરુષાર્થ પ્રાપ્ત કરીને કાર્ય સિદ્ધિ કરાવે છે, તેમ જ સોમલતા તથા અન્ય ઔષધિઓનો સમૂહ, શ્રેષ્ઠ બળોની (વૃદ્ધિ કરે છે) અને પુષ્ટિ કરે છે. (૨૦)*

**अषा॑ळ्हं यु॒त्सु पृत॑नासु॒ पप्रिं॑ स्व॒र्षाम॒प्सां वृ॒जन॑स्य गो॒पाम्।**

**भ॒रे॒षु॒जां सु॑क्षि॒तिं सु॒श्रव॑सं॒ जय॑न्तं॒ त्वामनु॑ मदेम सोम॥ २१ ॥**

પદાર્થ : હે सोम-સેના આદિ કાર્યોના અધિપતિ ! જેમ સોમલતાદિ ઔષધિગણ युत्सु-સંગ્રામોમાં अषाढम्-શત્રુઓના તિરસ્કારને પ્રાપ્ત ન થવા યોગ્ય पृतनासु-સેનાઓમાં पप्रिम्-સર્વ પ્રકારની રક્ષા કરનાર वृजनस्य-પરાક્રમના गोपाम्-રક્ષક भरेषुजाम्-રાજ્ય સામગ્રીના સાધક બાણોને બનાવનારા सुक्षितिम्-જેના રાજ્યમાં સર્વોત્તમ ભૂમિ છે स्वर्षाम्-સર્વના સુખદાતા अप्साम्-જળને આપનાર सुश्रवसम्-જેના ઉત્તમ યશ વચન સાંભળવામાં આવે છે जयन्तम्-વિજયના કરનારા त्वाम्-આપને રોગરહિત કરીને આનંદિત કરે છે, તેમ તેને પ્રાપ્ત થઈને અમે अनुमदेम-અનુમોદનને પ્રાપ્ત થઈએ. (૨૧)

*ભાવાર્થ : સર્વ ગુણ સંપન્ન સેનાપતિ વિના અને સર્વ ગુણકારક સોમ આદિ ઔષધિઓના ગુણોના જ્ઞાન તથા સેવન વિના મનુષ્યોનું ઉત્તમ રાજ્ય અને આરોગ્ય રહી શકતું નથી, તેથી એનો આશ્રય સર્વેએ સદા કરવો જોઈએ. (૨૧)*

त्वमि॒मा ओष॑धीः सोम॒ विश्वा॒स्त्वम॒पो अ॑जनय॒स्त्वं गाः।
त्वमा त॑तन्थो॒र्व१॒॑न्तरि॑क्षं॒ त्वं ज्योति॑षा॒ वि तमो॑ ववर्थ॥ २२॥

પદાર્થ : હે सोम-સમસ્ત ગુણ યુક્ત આરોગ્યતા અને બળ પ્રદાતા ઈશ્વર ! જે કારણે त्वम्-આપ इमाः-પ્રત્યક્ષ विश्वाः-સમસ્ત ओषधीः-રોગ વિનાશક-સોમલતા આદિ ઔષધિઓને अजनयः-ઉત્પન્ન કરો છો, त्वम्-આપ अपः-જળને, त्वम्-આપ गाः-ઈન્દ્રિયો અને કિરણોને પ્રકાશિત કરો છો, त्वम्-આપ ज्योतिषा-વિદ્યા અને શ્રેષ્ઠ શિક્ષાના પ્રકાશથી अन्तरिक्षम्-આકાશને उरु-બહુ જ आ-સારી રીતે ततन्थ-વિસ્તૃત કરો છો અને त्वम्-આપ ઉક્ત વિદ્યાદિ ગુણોથી तमः-અવિદ્યા, નિંદિત શિક્ષા અને અંધકારનો वि ववर्थ-સ્વીકાર કરતા નથી, તેથી આપ સર્વ લોકોથી સેવા-સેવન કરવા યોગ્ય છો. (૨૨)

*ભાવાર્થ : જે ઈશ્વરે આ વિવિધ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી છે, તે જ સર્વ મનુષ્યોને ઉપાસના કરવા યોગ્ય ઈષ્ટદેવ છે. (૨૨)*

दे॒वेन॑ नो॒ मन॑सा देव सोम रा॒यो भा॒गं स॑हसावन्न॒भि यु॑ध्य।
मा त्वा त॑न॒दीशि॑षे वी॒र्य॑स्यो॒भये॑भ्यः॒ प्र चि॑कित्सा॒ गवि॑ष्टौ॥ २३॥

પદાર્થ : હે सहसावन्-અત્યંત બળવાન देव-દિવ્યગુણ સંપન્ન सोम-સર્વ વિદ્યા અને સેનાના અધ્યક્ષ ! આપ देवेन-દિવ્યગુણયુક્ત मनसा-વિચારથી रायः-રાજ્ય ધનના લાભને अभि-શત્રુઓની સન્મુખ युध्य-યુદ્ધ કરો. જે આપ नः-અમારે માટે ધનના भागम्-ભાગના ईशिषे-સ્વામી છો, તે त्वा-તને गविष्टौ-ઈન્દ્રિય અને ભૂમિના રાજ્યના પ્રકાશોની સંગતિઓમાં શત્રુ मा तनत्-પીડા યુક્ત ન કરે. આપ वीर्यस्य-પરાક્રમને उभयेभ्यः-પોતાના અને પારકા યોદ્ધાઓથી मा प्रचिकित्स-સંશય યુક્ત ન બનો. (૨૩)

*ભાવાર્થ : મનુષ્યોએ પરમ શ્રેષ્ઠ સેનાપતિ અથવા ઔષધિસમૂહનો આશ્રય કરીને, યુદ્ધમાં પ્રવૃત્ત થઈને, પોતાની સેનાને ઉત્સાહિત કરીને અને શત્રુ સેનાને પરાજિત કરીને ચક્રવર્તી રાજ્યનું ઐશ્વર્ય પ્રાપ્ત કરવું જોઈએ. (૨૩)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્યાર્થી અને અધ્યાપકો આદિ વિદ્વાને ભણવા આદિ કાર્યોની સિદ્ધિ કરનારા (સોમ) સોમ શબ્દના અર્થના કથનની આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૧)

## સૂક્ત-૯૨

ए॒ता उ॒ त्या उ॒षसः॑ के॒तुम॑क्रत॒ पूर्वे॒ अर्धे॒ रज॑सो भा॒नुम॑ञ्जते।
नि॒ष्कृ॒ण्वा॒ना आयु॑धानीव धृ॒ष्णवः॒ प्रति॒ गावोऽरु॑षीर्यन्ति मा॒तरः॑॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે एताः-પ્રત્યક્ષ उ-અને જે त्याः-અપ્રત્યક્ષ અર્થાત્ દૂર દેશમાં છે તેઓ

उषसः-પ્રાતઃકાલનો સૂર્યનો પ્રકાશ केतुम्-સર્વ પદાર્થોનું જ્ઞાન अक्रतः-કરાવે છે, જે रजसः-ભૂગોળના पूर्वे-અર્ધ ભાગમાં भानुम्-સૂર્યના પ્રકાશને अञ्जते-પહોંચાડે છે અને निष्कृण्वानाः-દિવસ તથા રાતને સિદ્ધ કરે છે, તે आयुधानीव-જેમ વીરોની યુદ્ધ વિદ્યાથી છોડેલા બાણ આદિ શસ્ત્રો સીધા અને તીર્યક જાય-આવે છે, તેમ धृष्णवः-પ્રગલ્ભ્માના ગુણોના દાતા अरुषीः-લાલ ગુણયુક્ત અને मातरः-માતા સમાન સર્વ પ્રાણીઓનું માન કરનારી प्रतिगावः-તે સૂર્યના પ્રકાશના પ્રત્યાગમન અર્થાત્ ક્રમથી વધ-ઘટ થતાં સ્થાનમાં यन्ति-વધી-ઘટીને પહોંચે છે. તે (ઉષા)ને તમે જાણો. (૧)

*ભાવાર્થ : આ સૃષ્ટિમાં સદા સૂર્યનો પ્રકાશ ભૂગોળના અર્ધ ભાગમાં પ્રકાશિત કરે છે અને ભૂગોળના અર્ધ ભાગમાં અંધકાર રહે છે. સૂર્યના પ્રકાશ વિના કોઈ વસ્તુનું વિશેષ જ્ઞાન થતું નથી. સૂર્યના કિરણો પ્રતિક્ષણ ભૂગોળમાં ભ્રમણ કરવાને કારણે ગમન કરતા હોય તેમ જોવામાં આવે છે.*

*જે ઊષાવેળા પોત-પોતાના લોકમાં છે, તે પ્રત્યક્ષ અને જે દૂર લોકમાં છે, તેને અપ્રત્યક્ષ (સમજવી જોઈએ.) એ સર્વ દિશાઓમાં પ્રવિષ્ટ છે. સમાન ગુણોવાળી (છે) અને સર્વ દિશાઓમાં પ્રવિષ્ટ છે.*

*જેમ શસ્ત્ર સામેની તરફ ગમન કરવાથી સીધી-ઉલટી ગતિથી ચાલે છે, તેમ ઊષાઓ અનેક પ્રકારના અન્ય લોકોની ગતિના કારણે સીધી-ઉલટી ગતિયુક્ત થઈને ચાલે છે, તેમ મનુષ્યોએ જાણવું જોઈએ. (૧)*

**उदपप्तन्नरुणा भानवो वृथा स्वायुजो अरुषीर्गा अयुक्षत।**

**अक्रन्नुषासो वयुनानि पूर्वथा रुशन्तं भानुमरुषीरशिश्रयुः॥ २॥**

પદાર્થ : હે વિદ્વાનો ! જે अरुणाः-રક્ત ગુણવાળી स्वायुजः-અને સારી રીતે સર્વ પદાર્થોમાં યુક્ત થાય છે તે उषसः-ઊષા = પ્રભાત કાલીન भानवः-સૂર્યનાં કિરણો वृथा-મિથ્યા સમાન उत्-ઉપર अपप्तन्-પડે છે અર્થાત્ તેમાં તાપ અલ્પ અને શીતલ સમાન હોય છે અને તેનાથી गाः-પૃથિવી આદિ લોક अरुषीः-ઉક્ત ગુણોથી अयुक्षत-યુક્ત થાય છે.

જે अरुषीः-રક્ત ગુણવાળા સૂર્યનાં કિરણો वयुनानि-સર્વ પદાર્થોનું વિશેષજ્ઞાન અને સર્વ કાર્યોને अक्रन्-કરાવે છે, તે पूर्वथा-પાછળ-પાછળના रुशन्तम्-અંધકારના છેદક भानुम्-સૂર્યની સમાન જુદા-જુદા દિવસ કરાવનાર સૂર્યનું अशिश्रयुः-સેવન કરે છે, તેનું સેવન યુક્તિપૂર્વક કરવું જોઈએ. (૨)

*ભાવાર્થ : જે સૂર્યનાં કિરણો ભૂગોળ પર પહોંચીને ક્રમથી (આગળ) જાય છે, તે સાંજે અને સવારે ભૂમિના સંપર્કથી અલ્પ લાલિમા યુક્ત (સોનલ વર્ણી) બનીને આકાશને સુશોભિત કરે છે.*

*જ્યારે એ (ઊષા)ઓ પ્રવૃત્ત થાય છે, ત્યારે પ્રાણીઓને વિશિષ્ટ જ્ઞાન ઉપલબ્ધ થાય છે. જે (સૂર્ય કિરણો) ભૂમિને સ્પર્શ કરીને આછા લાલ બનીને તથા સૂર્યનું સેવન કરીને (તે)ને લાલ જેવા કરીને ઓષધિઓ સુધી પહોંચે છે (ઊષા રૂપ થયેલ) તે કિરણોનું જાગૃત અવસ્થામાં મનુષ્યોએ સેવન કરવું જોઈએ. (૨)*

**अर्चन्ति नारीरपसो न विष्टिभिः समानेन योजनेना परावतः।**

इषं॒ वह॑न्तीः सु॒कृते॑ सु॒दान॑वे॒ विश्वेद॑ह॒ यज॑मानाय सु॒न्व॒ते॥ ३॥

પદાર્થ : સૂર્યના કિરણો विष्टिभिः-પોતાની વ્યાપ્તિઓથી समानेन-સમાન योजनेन-યોગથી અર્થાત્ સર્વ પદાર્થોમાં એક જેવા વ્યાપ્ત થઈને परावतः-દૂર દેશથી न-જેમ नारीः-પુરુષોને અનુકૂળ સ્ત્રીઓ सुकृते-ધર્મિષ્ઠ सुदानवे-ઉત્તમ દાતા सुन्वते-ઓષધિ પદાર્થોનો રસ કાઢીને સેવન કરનાર यजमानाय-અને પુરુષાર્થી પુરુષોને માટે विश्वा-સમસ્ત સર્વોત્તમ अपसः-કર્મો અને इषम्-અન્નાદિ પદાર્થોને आवहन्तीः-સારી રીતે પ્રાપ્ત કરીને તેના अह-દુઃખોના વિનાશથી अर्चन्ति-સત્કાર કરે છે, તેમ ઊષા પણ છે, તેનું યથા યોગ્ય સેવન સર્વેએ કરવું જોઈએ. (૩)

*ભાવાર્થ : જેમ પતિવ્રતા સ્ત્રીઓ પોત-પોતાના પતિઓની સેવા કરીને તેનો સત્કાર કરે છે, તેમ જ સૂર્યનાં કિરણો ભૂમિ પર પહોંચીને તથા ત્યાંથી* निवृत्य-*પાછા ફરીને અન્તરિક્ષમાં પ્રકાશ કરીને તથા સર્વ વસ્તુઓને સારી રીતે પુષ્ટ કરીને સર્વ પ્રાણીઓને સુખી કરે છે. (૩)*

अधि॒ पेशां॑सि वपते नृ॒तूरि॒वापो॑र्णुते॒ वक्ष॑ उ॒स्रेव॒ बर्ज॑हम्।
ज्योति॒र्विश्व॑स्मै॒ भुव॑नाय कृ॒ण्वती॒ गावो॒ न व्र॒जं व्यु॑१॒षा आ॑व॒र्त्तमः॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે उषाः-સૂર્યના કિરણો नृतूरिव-જેમ નાટક કરનાર, નટ, નાચનાર અને બહુરૂપીઓ અનેક રૂપ ધારણ કરે છે, તેમ पेशांसि-અનેક પ્રકારના રૂપોને अधिवपते-સ્થિર કરે છે વા वक्षः + उस्रेव-જેમ ગાય પોતાની છાતીને, તેમ बर्जहम्-અંધકારનો નાશ કરનાર, પ્રકાશના નાશક અંધકારને अप + ऊर्णुते-ઢાંકતી વા विश्वस्मै-સમસ્ત भुवनस्य-ઉત્પન્ન થયેલ લોકને માટે ज्योतिः-પ્રકાશને कृण्वती-કરીને व्रजं, गावो न-જેમ ગાય નિવાસમાં જાય છે, તેમ સ્થાનાન્તરને જતી અને तमः-અંધકારને व्यावः-પોતાના પ્રકાશથી ઢાંકી દે છે, તેમ ઉત્તમ સ્ત્રી પોતાના પતિને પ્રસન્ન કરે. (૪)

*ભાવાર્થ : સૂર્યનો જે શુદ્ધ (= સીધો) પ્રકાશ છે, તે દિવસ અને જે ભૂમિને સ્પર્શતો ત્રાંસો પ્રકાશ છે, તે 'ઊષા' કહેવાય છે. એના વિના સંસારનું પાલન સંભવ નથી. તેથી મનુષ્યોએ તેની વિદ્યા અવશ્ય શીખવી જોઈએ. (૪)*

प्रत्य॒र्ची रुश॑दस्या अदर्शि॒ वि ति॑ष्ठते॒ बाध॑ते कृ॒ष्णमभ्व॑म्।
स्वरुं॒ न पेशो॑ वि॒दथे॑ष्व॒ञ्जञ्चि॒त्रं दि॒वो दु॑हि॒ता भा॒नुम॑श्रेत्॥ ५॥

પદાર્થ : જે अस्याः-એ પ્રાતઃકાલ અંધકારની વિનાશરૂપી ઊષાની रुशत्-અંધકારનો નાશ કરનારી अर्चिः-દીપ્તિ अभ्वम्-મહાનતર कृष्णम्-કાળા વર્ણ રૂપ અંધકારને बाधते-પૃથક કરે છે.

જે दिवः-પ્રકાશરૂપ સૂર્યની दुहिता-પુત્રીની સમાન स्वस्रम्-તપનાર સૂર્યની न-સમાન चित्रम्-અદ્‌ભુત भानुम्-કાન્તિ पेशः-રૂપનો अश्रेत्-આશ્રય કરે છે; વા જેમ ઋત્વિકજનો विदथेषु-યજ્ઞની ક્રિયાઓમાં अञ्जन्-પ્રાપ્ત થાય છે, તેમ वितिष्ठते-વિવિધ રીતે સ્થિર થાય છે, તે પ્રાતઃકાલીન વેળા (ઊષા) અમને

प्रत्यदर्शि-પ્રતીત થાય છે. (૫)

*ભાવાર્થ : જે સૂર્યની દીપ્તિ સ્વયં પ્રકાશિત થઈને સર્વને દેખાય છે, તે 'ઊષા' સૂર્યની પુત્રી સમાન છે, તેમ સર્વેએ જાણવું જોઈએ. (૫)*

**अता॑रिष्म॒ तम॑सस्पा॒रम॒स्योषा॑ उ॒च्छन्ती॑ व॒युना॑ कृणोति।**
**श्रि॒ये छन्दो॒ न स्म॑यते विभा॒ती सु॒प्रती॑का सौमन॒साया॑जीगः॥ ६॥**

પદાર્થ : જે श्रिये-વિદ્યા અને રાજ્યની પ્રાપ્તિને માટે छन्दः-વેદોની न-સમાન उच्छन्ती-અંધકારને દૂર કરીને તથા विभाती-વિવિધ પ્રકારના મૂર્તિમાન પદાર્થોને પ્રકાશિત અને सुप्रतीका-પદાર્થોની પ્રતીતિ કરાવે છે, તે उषाः-પ્રભાતવેળા સર્વ सौमनसाय-ધાર્મિકજનો મનોરંજનને માટે वयुनानि-પ્રશંસનીય અને મનોહર કામોને कृणोति-કરાવીને अजीगः-અંધકારને ગળી જઈને તથા स्मयते-આનંદ આપે છે, તેથી अस्य-એ तमसः-અંધકારથી पारम्-પાર કરીને પ્રાપ્ત થાય છે, તેમ દુઃખથી પાર આનંદને અમે अतारिष्म-પ્રાપ્ત થઈએ છીએ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે, કે જેમ એ ઊષા, કર્મ, જ્ઞાન, આનંદ, પુરુષાર્થ અને ધનની પ્રાપ્તિ જેવી (કરાવનારી), દુઃખથી પાર (પહોંચાડનારી) અને અંધકારના નિવારણની હેતુ છે, તેથી એ ઊષાવેળામાં પુરુષાર્થપૂર્વક પ્રયત્ન કરીને સુખની વૃદ્ધિ અને દુઃખની હાનિ કરવી જોઈએ. (૬)*

**भास्व॑ती ने॒त्री सू॒नृता॑नां दि॒वः स्त॑वे दु॒हि॒ता गोत॑मेभिः।**
**प्र॒जाव॑तो नृ॒वतो॒ अश्व॑बुध्या॒नुषो॒ गोअ॑ग्राँ उप॑ मासि॒ वाजा॑न्॥ ७॥**

પદાર્થ : જેમ सूनृतानाम्-સારા કામો વા અન્નાદિ પદાર્થોને भास्वती-પ્રકાશિત नेत्री-મનુષ્યોને વ્યવહારોની પ્રાપ્તિ કરાવતી વા दिवः-પ્રકાશમાન સૂર્યની दुहिता-કન્યા સમાન उषः-પ્રાતઃકાળની વેળા गोतमेभिः-સમસ્ત વિદ્યાઓને સારી રીતે કહેનાર અને સાંભળનાર વિદ્વાનોથી સ્તુતિ કરાય છે તેમ આની હું स्तवे-પ્રશંસા કરું છું. હે સ્ત્રી ! જેમ આ ઊષા प्रजावतः-પ્રશંસિત પ્રજાયુક્ત नृवतः- वा-સેનાદિ કામોના ઘણા નાયકોથી યુક્ત अश्वबुध्यान्-જેમનાથી વેગવાન ઘોડાઓને વારંવાર ચૈતન્ય કરે गोअग्रान्-જેમનાથી રાજ્યભૂમિ આદિ પદાર્થ મળે તે वाजान्-સંગ્રામોને उपमासि-સમીપ પ્રાપ્ત કરે છે એટલે કે જેમ પ્રાતઃકાળની વેલાથી અંધકારનો નાશ થઈ સર્વ પ્રકારના પદાર્થ પ્રકાશિત થાય છે તેમ તું થા. (૭)

*ભાવાર્થ : જેમ સર્વ ગુણ આગરી સુલક્ષણી કન્યાથી પિતા, માતા, ચાચા આદિ સુખી થાય છે તેવી જ રીતે પ્રાતઃકાળની વેલાના ગુણ અવગુણ પ્રકાશિત કરનારી વિદ્યાથી વિદ્વાન લોકો સુખી થાય છે. (૭)*

**उष॒स्तम॑श्यां य॒शसं॑ सु॒वीरं॑ दा॒सप्र॑वर्गं र॒यिमश्व॑बुध्यम्।**
**सु॒दंस॑सा॒ श्रव॑सा॒ या वि॒भासि॒ वाज॑प्रसूता सुभगे बृ॒हन्त॑म्॥ ८॥**

પદાર્થ : જે वाजप्रसूता-સૂર્યની ગતિથી ઉત્પન્ન થયેલી सुभगा-જેની સાથે શ્રેષ્ઠતમ ઐશ્વર્યના પદાર્થો

સંયુક્ત થાય છે, તે उषः-પ્રાતઃવેળાની છે. તે જે सुदंससा-શ્રેષ્ઠ કર્મવાળા श्रवसा-પૃથિવી આદિ અન્નની સાથે વિદ્યમાન વા अश्वबुध्यम्-જેની સહાયતાથી ઘોડાઓ શિક્ષિત કરવામાં આવે છે, दासप्रवर्गम्-જેથી સેવક = દાસ કામ કરનારા રહી શકે છે, सुवीरम्-જેથી શિક્ષિત વીરજન હોય તે बृहन्तम्-સર્વથા વૃદ્ધિ પામીને તથા यशसम्-સર્વ રીતે પ્રશંસાયુક્ત रयिम्-વિદ્યા અને રાજ્યધનને विभासि-સમ્યક્ પ્રકાશિત કરે છે, तम्-તેને હું अश्याम्-પ્રાપ્ત કરું. (૮)

*ભાવાર્થ : જે ઉષાકાળની વિદ્યાથી પ્રયત્નશીલ બને છે, તેઓ જ એ સર્વ વસ્તુઓને પ્રાપ્ત કરીને તથા સંપન્ન બનીને આનંદિત રહે છે, અન્ય નહિ. (૮)*

विश्वा॑नि दे॒वी भुव॑नाभि॒चक्ष्या॑ प्रती॒ची चक्षु॑रु॒र्वि॒या वि भा॑ति।
विश्वं॑ जी॒वं च॒रसे॑ बो॒धय॑न्ती॒ विश्व॑स्य॒ वाच॑मविदन्मना॒योः॥ ९॥

પદાર્થ : હે સ્ત્રી ! જેમ प्रतीची-સૂર્યની ગતિથી પતીચીન જાય છે અને चरसे-વ્યવહાર કરવા વા સુખ અને દુઃખ ભોગવવા માટે विश्वम्-સર્વ जीवम्-જીવોને बोधयन्ती-ચેતન-જાગૃત કરતી देवी-પ્રકાશને પ્રાપ્ત उषाः-પ્રભાત વેળા मनायोः-માનની સમાન આચરણ કરનારા विश्वस्य-જીવમાત્રની वाचम्-વાણીને अविदत्-પ્રાપ્ત થતી चक्षुः-અને નેત્રની સમાન સર્વ વસ્તુના જોવામાં આવતા નિદાન विश्वानि-સમસ્ત भुवना-લોકોને अभिवक्ष्य-સર્વ રીતે પ્રકાશિત કરીને उर्विया-પૃથિવીની સાથે विभाति-સારી રીતે પ્રકાશિત થાય છે, તેમ તું પણ બન. (૯)

*ભાવાર્થ : જેમ સત્વ સ્વભાવ-ઉત્તમ સ્ત્રી સર્વ રીતે પોતાના પતિને આનંદિત કરે છે, તેમ ઊષા = પ્રભાત વેળા સમસ્ત સંસારને આનંદિત કરે છે. (૯)*

पुनः॑ पुन॒र्जाय॑माना पु॒राणी स॑मा॒नं वर्ण॑म॒भि शुम्भ॑माना।
श्वघ्नी॑व कृ॒त्नुर्विज॑ आमिना॒ना मर्त॑स्य दे॒वी ज॒रय॒न्त्यायुः॑॥ १०॥

પદાર્થ : स्वघ्नीव-જેમ કૂતરાં અને હરણને મારનારી વૃકી = માદા વરુની સમાન વા જેમ कृत्नुः-છેદન કરનારી માદા બાજ विजः-ઉડતા પક્ષીઓનુ છેદન કરે છે-મારે છે, તેમ आमिनाना-હિંસક मर्त्तस्य-મરવા-જીવવાવાળા જીવ માત્રની आयुः-જીવનને जरयन्ती-હિન કરીને पुनः पुनः-પ્રતિદિન जायमाना-ઉત્પન્ન થનારી समानम्-એક સમાન वर्णम्-રૂપને अभि शुम्भमाना-સર્વત્રથી પ્રકાશિત કરીને વા पुराणी-સદાથી વર્તમાન देवी-પ્રકાશમાન પ્રભાતવેળા = ઊષા છે, તે જાગૃત થઈને મનુષ્યોને સેવન કરવા યોગ્ય છે. (૧૦)

*ભાવાર્થ : જેમ છુપાયેલી અથવા બહાર દેખાતી માદા વરુ હરણોને પકડી પાડે છે અથવા જેમ માદા બાજ પક્ષી (અન્ય) પક્ષીઓને મારે છે, તેમ જ ઊષા અમારી આયુને ધીરે ધીરે કાપે છે, તેમ જાણીને આપણે આળસનો ત્યાગ કરીને રાતના ચોથા પ્રહરમાં ઊઠીને વિદ્યા, ધર્મ અને પરોપકાર આદિ વ્યવહારોમાં સમ્યક્ નિત્ય પ્રવૃત્ત થવું જોઈએ. જેઓની આ વિષયમાં એ રીતની બુદ્ધિ હોય, તેઓ આળસ અને અધર્મમાં કેમ પ્રવૃત્ત થઈ શકે ? (૧૦)*

व्यूर्ण्वती दिवो अन्ताँ अबोध्यप स्वसारं सनुतर्युयोति ।
प्रमिनती मनुष्या युगानि योषा जारस्य चक्षसा वि भाति॥ ११ ॥

પદાર્થ : હે મનુષ્યો ! જે પ્રભાતવેળા જેમ योषा-કામિની સ્ત્રી जारस्य-વ્યભિચારી, લંપટ, કુમાર્ગી પુરુષની વચનો નાશ કરે છે, તેમ સર્વ આયુ-જીવનનો सनुतः-નિરંતર प्रमिनती-નાશ કરે છે, स्वसारम्-પોતાની બેન સમાન જે રાત્રિ છે, તેને ण्यूर्णवती-આચ્છાદિત કરીને अपयुयोति-તેને દૂર કરીને અર્થાત્ દિવસથી પૃથક્ કરે છે અને સ્વયં वि-સારી રીતે भाति-પ્રકાશિત થતી જાય છે, चक्षसा-તે ઊષા =પ્રભાતવેળાના કારણે તેના દર્શન दिवः-પ્રકાશવાન સૂર્યના अन्तान्-સમીપના પદાર્થોને તથા मनुष्या-મનુષ્યો સંબંધી युगानि-વર્ષોને अबोधि-જાણે છે, તેનું સેવન તમે યુક્તિપૂર્વક કરો. (૧૧)

*ભાવાર્થ : જેમ વ્યભિચારિણી સ્ત્રી વ્યભિચારી પુરુષની આયુનો નાશ કરે છે, તેમ સૂર્યથી સંબંધિત અંધકારનો નાશ કરવાથી દિવસને રચનારી ઊષા છે, તેમ જાણીને દિવસ અને રાત્રિને યુક્તિથી વર્તીને મનુષ્યોએ પૂર્ણ આયુ ભોગવવી જોઈએ. (૧૧)*

पशून्न चित्रा सुभगा प्रथाना सिन्धुर्न क्षोद उर्विया व्यश्वैत्।
अमिनती दैव्यानि व्रतानि सूर्यस्य चेति रश्मिभिर्दृशाना॥ १२ ॥

પદાર્થ : મનુષ્યોએ न-જેમ पशून्-ગાય આદિ પશુઓને પ્રાપ્ત કરીને વૈશ્ય ઉન્નતિ કરે છે-વૃદ્ધિ પામે છે, न-જેમ सुभगा-સુંદર ઐશ્વર્ય કરનારી प्रथाना-તરંગોથી શબ્દ કરતી सिन्धुः-અત્યંત વેગવાન નદી क्षोदः-જળથી વધે છે, તેમ સુંદર ઐશ્વર્ય કરાવનારી ઊષા કલબલાટ કરનારા પક્ષીઓના શબ્દોથી શબ્દવાળી અને કોશો પ્રસાર પામતી चित्रा-ચિત્ર-વિચિત્ર ઊષા ( उर्विया-પૃથિવીની સાથે) सूर्यस्य-માર્તંડ મંડલ = સૂર્ય મંડળના रश्मिभिः-કિરણોથી हशाना-જે જોવામાં આવે છે, તે अमिनती-સર્વ રીતે રક્ષા કરતી दैव्यानि-વિદ્વાનોમાં પ્રસિદ્ધ व्रतानि-સત્યપાલન આદિ કાર્યોમાં व्यश्वैत्-વ્યાપ્ત થાય અર્થાત્ જેમાં વિદ્વાનો નિયમોનું પાલન કરે છે, તેમ પ્રતિદિન પોતાના નિયમોનું પાલન કરતી चेति-જાણવામાં આવે છે, તે ઊષા = પ્રભાતકાલીન વેળાની વિદ્યાનુસાર વર્તન કરીને નિરંતર સુખી થાઓ. (૧૨)

*ભાવાર્થ : જેમ પશુઓની પ્રાપ્તિ વિના વેપારી અને જળની પ્રાપ્તિ વિના નદી આદિ (જળ પ્રદેશ) સૌભાગ્યશાળી બનતા નથી, તેમ ઊષાકાલની વિદ્યા અને પુરુષાર્થ વિના મનુષ્ય પ્રશંસનીય ઐશ્વર્યવાન બની શકતા નથી, તેમ જાણવું જોઈએ. (૧૨)*

उषस्तच्चित्रमा भरास्मभ्यं वाजिनीवति। येन तोकं च तनयं च धामहे॥ १३ ॥

પદાર્થ : હે સૌભાગ્યકારિણી સ્ત્રી ! वाजिनीवति-ઉત્તમ ક્રિયા અને અન્નાદિ ઐશ્વર્યયુક્ત તું उषः-પ્રભાત સમાન अस्मभ्यम्-અમારા માટે चित्रम्-અદ્ભુત સુખકારક ધનને आभर-ધારણ કર येन-જેથી અમે तोकम्-પુત્ર च-અને તેના પાલન માટે ઐશ્વર્ય तनयम्-પૌત્રાદિ च-સ્ત્રી, નોકર અને ભૂમિના

રાજ્યાદિને धामहे-ધારણ કરીએ. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા પ્રાતઃકાલથી લઈને કાલ વિભાગ અનુસાર કાર્યો કરવાથી જ સુખનાં સર્વ સાધનો પ્રાપ્ત કરી શકાય છે. તેથી મનુષ્યોમાં નિત્ય એમ કરવું જોઈએ. (૧૩)*

**उषो अद्येह गोमत्यश्वावति विभावरि। रेवदस्मे व्युच्छ सूनृतावति॥ १४॥**

પદાર્થ : હે સ્ત્રી ! જેમ गोमति-જેના સંબંધમાં ગાયો હોય છે, अश्वावति-ઘોડાઓ હોય છે તથા सूनृतावति-જેના પ્રશંસનીય કામ છે તે विभावरि-પ્રતિક્ષણ વધતી દીપ્તિયુક્ત उषः-પ્રાતઃકાલની વેળા अस्मे-અમારા માટે रेवत्-જેમાં પ્રશંસિત ધન હોય, તે સુખને वि, उच्छ-પ્રકાશ કરાવે છે, તેથી અમે अद्य-આજ इह-આ જગતમાં સુખોને धामहे-ધારણ કરીએ છીએ. (૧૪)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રતિદિન ઊષાકાલમાં ઊઠીને જ્યાં સુધી સુવે નહિ ત્યાં સુધી આલસ્ય રહિત બનીને પરમ પ્રયત્નથી વિદ્યા, ધન તથા રાજ્યને અને ધર્મ-અર્થ-કામ-મોક્ષને સિદ્ધ કરવા જોઈએ. (૧૪)*

**युक्ष्वा हि वाजिनीवत्यश्वाँ अद्यारुणाँ उषः।**
**अथा नो विश्वा सौभगान्या वह॥ १५॥**

પદાર્થ : હે સ્ત્રી ! જેમ वाजिनीवति-જેમાં જ્ઞાન અને ગમન કરાવનારી ક્રિયા છે તે उषः-પ્રભાતવેળા अरुणान्-લાલ अश्वान्-ચમકતી, ફેલાતી કિરણોનો युक्ष्व-સંયોગ કરે છે अथः-પશ્ચાત્ नः-અમારા માટે विश्वा-સમસ્ત सौभगानि-સૌભાગ્યવાન કાર્યોને સારી રીતે પ્રાપ્ત કરાવે हि-જ છે, તેમ अद्य-આજ તું શુભ ગુણોથી યુક્ત અને आवह-સર્વત્રથી પ્રાપ્ત કર. (૧૫)

*ભાવાર્થ : પ્રતિદિન નિરંતર પુરુષાર્થ વિના મનુષ્યોને ઐશ્વર્યની પ્રાપ્તિ થતી નથી, તેથી તેઓએ એવો નિત્ય પ્રયત્ન કરવો જોઈએ કે જેથી ઐશ્વર્યની વૃદ્ધિ થાય. (૧૫)*

**अश्विना वर्त्तिरस्मदा गोमद्दस्रा हिरण्यवत्।**
**अर्वाग्रथं समनसा नि यच्छतम्॥ १६॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે दस्रा-કલા-કૌશલાદિના કારણથી દુઃખ આદિની નિવૃત્તિ કરનારા समनसा-એક સમાન વિચારની સાથે વિદ્યમાનની સમાન अश्विना-અગ્નિ અને જળ अस्मत्-અમારી गोमत्-જેમાં ઈન્દ્રિયો પ્રસન્ન થાય વા हिरण्यवत्-પ્રશંસિત સુવર્ણાદિ પદાર્થ વા વિદ્યાદિ ગુણોના પ્રકાશથી વિદ્યમાન વા वर्तिः-આવવા-જવાના કામમાં વર્તમાન તે अर्वाक्-નીચે અર્થાત્ જળ સ્થાનો તથા અન્તરિક્ષમાં रथम्-રમણ કરાવનાર વિમાન આદિ રથ સમૂહને न्यायच्छतम्-સમ્યક્ નિયમમાં રાખીએ છીએ, તે ઊષાઃકાલથી યુક્ત અગ્નિ અને જળ તથા તેથી યુક્ત રથ સમૂહને પ્રતિદિન સિદ્ધ કરીએ છીએ, તેમ તમે પણ સિદ્ધ કરો. (૧૬)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રતિદિન ક્રિયા અને નિપુણતા દ્વારા અગ્નિ-જળ આદિથી વિમાન આદિ યાનો સિદ્ધ કરીને અને કદી ક્ષીણ ન થનાર ધનને પ્રાપ્ત કરીને સુખી બનવું જોઈએ. (૧૬)*

**यावित्था श्लोकमा दिवो ज्योतिर्जनाय चक्रथुः।**

**आ न ऊर्जं वहतमश्विना युवम्॥ १७॥**

પદાર્થ : હે શિલ્પવિદ્યાના અધ્યાપક અને ઉપદેશક વિદ્વાનો ! युवम्-તમે જે अश्विना-અગ્નિ અને વાયુ जनाय-મનુષ્ય સમૂહને માટે दिवः-સૂર્યના ज्योतिः-પ્રકાશને आ, चक्रथुः-સારી રીતે સિદ્ધ કરો છો इत्था-એટલા માટે नः-અમારા માટે श्लोकम्-શ્રેષ્ઠ વાણી અને ऊर्जम्-પરાક્રમ અને અન્નાદિ પદાર્થોને आ, वहतम्-સર્વ રીતે પ્રાપ્ત કરાવો. (૧૭)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ, કે વાયુ અને વિદ્યુત્ વિના સૂર્ય પ્રકાશ થતો નથી અને તે બન્નેની વિદ્યા તથા તેનાથી ઉપકાર ગ્રહણ કર્યા વિના કોઈને વિદ્યાની સિદ્ધિ થતી નથી. (૧૭)*

**एह देवा मयोभुवा दस्रा हिरण्यवर्त्तनी। उषर्बुधो वहन्तु सोमपीतये॥ १८॥**

પદાર્થ : હે મનુષ્યો ! આપ જે देवा-દિવ્યગુણયુક્ત मयोभुवा-સુખની ભાવના કરનારા हिरण्यवर्त्तनी-પ્રકાશના વર્તનને રાખીને તથા दस्रा-વિદ્યાના ઉપયોગને પ્રાપ્ત કરીને સમસ્ત દુઃખનો વિનાશ કરનાર અગ્નિ, વાયુ उषर्बुधः-પ્રભાતવેળાને જાગૃત કરનારા સૂર્યના કિરણોને પ્રકટ કરે છે, તેનાથી सोमपीतये-જે વ્યવહારમાં પુષ્ટિ, શાન્તિ આદિ તથા ગુણયુક્ત પદાર્થોનું પાન કરવામાં આવે છે, તેના માટે સર્વ મનુષ્યો સામર્થ્ય इह-આ સંસારમાં आवहन्तु-સારી રીતે પ્રાપ્ત કરે. (૧૮)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા દિવસ ઉગતા-ઉત્પન્ન થતા પણ અગ્નિ અને વાયુ વિના પદાર્થોનો ભોગ પ્રાપ્ત કરી શકાતો નથી, તેથી એ (અગ્નિ અને વાયુથી ઉપકાર ગ્રહણનું) કાર્ય નિત્ય કરવું જોઈએ. (૧૮)*

સંગતિ : આ સૂક્તમાં ઊષા અને અશ્વિ પદાર્થોના ગુણોનાં વર્ણનથી પૂર્વ સૂક્તના અર્થની સાથે આ સૂક્તાર્થની સંગતિ જાણવી જોઈએ. (૯૨)

## સૂક્ત-૯૩

**अग्नीषोमाविमं सु मे शृणुतं वृषणा हवम्।**

**प्रति सूक्तानि हर्यतं भवतं दाशुषे मयः॥ १॥**

પદાર્થ : હે वृषणा-વિદ્યા અને ઉત્તમ શિક્ષાના દાતા अग्नीषोमौ-અગ્નિ અને ચંદ્રમાની સમાન વિશેષ જ્ઞાન અને શાન્તિ ગુણયુક્ત ભણાવનાર અને પરીક્ષા લેનાર વિદ્વાનો ! તમે બન્ને मे-મારા प्रतिसूक्तानि-જેમ શ્રેષ્ઠ અર્થ ઉચ્ચારણ કરવામાં આવે છે તે ગાયત્રી આદિ છંદોથી યુક્ત વેદસ્થ સૂક્તો અને इमम्-એ हवम्-ગ્રહણ કરવા યોગ્ય વિદ્યાના શબ્દ, અર્થ અને સંબંધયુક્ત વચનને सुश्रृणुतम्-સારી રીતે સાંભળો दाशुषे-અને ભણવામાં મન આપનાર મારી વિદ્યાર્થી માટે मयः-સુખની हर्यतम्-

કામના કરો, આ રીતે વિદ્યાના પ્રકાશક भवतम्-થાઓ. (૧)

*ભાવાર્થ : કોઈપણ મનુષ્યને વિદ્યા ભણાવ્યા અને પરીક્ષા લીધા વિના પ્રાપ્ત થતી નથી અને કોઈ પણ મનુષ્ય પૂર્ણ વિદ્યા વિના બીજાને ભણાવી અથવા પરીક્ષા લઈ શકતો નથી; અને એ વિદ્યા વિના સર્વ સુખો મળતાં નથી, તેથી વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ. (૧)*

**अग्नीषोमा यो अद्य वामिदं वचः सपर्यति।**

**तस्मै धत्तं सुवीर्यं गवां पोषं स्वश्व्यम्॥ २॥**

પદાર્થ : હે अग्निषोमौ-અધ્યાપક અને સુપરીક્ષક વિદ્વાનો ! यः-જે ભણનાર अद्य-આજ वाम्-તમારા इदम्-એ वचः-વિદ્યાના વચનને सपर्यति-સેવે तस्मै-તેને માટે स्वश्व्यम्-જે શ્રેષ્ઠ ઘોડાઓથી યુક્ત सुवीर्यम्-સર્વોત્તમ બળ જે વિદ્યાભ્યાસથી થાય તે गवाम्-ઇન્દ્રિય અને ગાય આદિ પશુઓના पोषम्-સર્વથા શરીર અને આત્માની પુષ્ટિ કરનારા સુખને धत्तम्-પ્રદાન કરો. (૨)

*ભાવાર્થ : જે બ્રહ્મચારી વિદ્યા ભણાવનાર અને પરીક્ષા કરનાર પ્રત્યે ઉત્તમ પ્રેમ રાખીને, તે બન્નેનો નિત્ય સંગ કરે છે, તે જ મહાવિદ્વાન બનીને સર્વ સુખને પ્રાપ્ત કરે છે. (૨)*

**अग्नीषोमा य आहुतिं यो वां दाशाद्धविष्कृतिम्।**

**स प्रजया सुवीर्यं विश्वमायुर्व्यश्नवत्॥ ३॥**

પદાર્થ : यः-જે સર્વનું હિત ચાહનાર અને यः-જે યજ્ઞનું અનુષ્ઠાન કરનાર મનુષ્ય अग्नीषोमा-ભૌતિક અગ્નિ અને વાયુ वाम्-એ બન્નેની મધ્યમાં हविष्कृतिम्-હોમ કરવા યોગ્ય પદાર્થોનાં કારણ રૂપ आहुतिम्-ઘૃતાદિ સર્વોત્તમ સુગંધિત આદિ પદાર્થોથી યુક્ત આહુતિ दाशात्-આપે, सः-તે प्रजया-શ્રેષ્ઠ સન્તાનયુક્ત પ્રજાથી सुवीर्यम्-શ્રેષ્ઠ પરાક્રમ યુક્ત विश्वम्-સમગ્ર आयुः-આયુને व्यश्नवत्-પ્રાપ્ત થાય છે. (૩)

*ભાવાર્થ : જે વિદ્વાનો વાયુ, વર્ષા, જળ અને ઔષધિની શુદ્ધિ માટે સુસંસ્કૃત હવિનો અગ્નિમાં હોમ કરીને, ઉત્તમ સોમલતા આદિને પ્રાપ્ત કરીને પ્રાણીઓને સુખી કરે છે, તેઓ શરીર અને આત્માના બળથી યુક્ત થઈને પૂર્ણ સુખકારક આયુને પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. (૩)*

**अग्नीषोमा चेति तद्वीर्यं वां यदमुष्णीतमवसं पणिं गाः।**

**अवातिरतं बृसयस्य शेषोऽविन्दतं ज्योतिरेकं बहुभ्यः॥ ४॥**

પદાર્થ : જે अग्नीषोमा-વાયુ અને વિદ્યુત્-यत्-જે अवसम्-રક્ષા આદિ पणिम्-વ્યવહારને अमुष्णीतम्-ચોરવત્ પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ ગ્રહણ કરીને, गाः-સૂર્યના કિરણોનો વિસ્તાર કરીને, अवातिरतम्-અંધકારનો વિનાશ કરીને, बहुभ्यः-અનેક પદાર્થોથી एकम्-એક ज्योतिः-સૂર્યના પ્રકાશને अविन्दतम्-પ્રાપ્ત કરાવે

છે. જેને वृसयस्य-ઢાંકનાર સૂર્યના शेषः-અવશેષ ભાગ લોકોને પ્રાપ્ત થાય છે; वाम्-તેના तत्-તે वीर्यम्-પરાક્રમ चेति-વિદિત છે-સર્વ કોઈ જાણે છે. (૪)

*ભાવાર્થ : જેટલું (પણ) પ્રસિદ્ધ અંધકારનું નિવારક અને સર્વ લોકોને પ્રકાશિત કરનાર તેજ ઉત્પન્ન થાય છે, તે સર્વ કારણરૂપ વાયુ અને વિદ્યુતથી થાય છે, એમ મનુષ્યોએ જાણવું જોઈએ. (૪)*

युवमेतानि दिवि रोचनान्यग्निश्च सोम सक्रतू अधत्तम्।
युवं सिन्धूँरभिशस्तेरवद्यादग्नीषोमावमुञ्चतं गृभीतान्॥ ५॥

પદાર્થ : युवम्-એ सक्रतू-એક સમાન કામ કરનારા બે અર્થાત્ अग्निः-વિદ્યુત્-च-અને सोम-બહુ જ સુખ ઉત્પન્ન કરનારા વાયુ दिवि-તારાગણમાં જે रोचनानि-પ્રકાશ છે, एतानि-એને अधत्तम्-ધારણ કરે છે. युवम्-તે બન્ને सिन्धून्-સમુદ્રને ધારણ કરીને અર્થાત્ તેના જળને સૂકવે છે, તે गृभीतान्-નદી, મોટી નદીઓ અને સમુદ્રોને તેઓ अग्नीषोमा-વિદ્યુત્ અને વાયુ अवद्यात्-નિંદિત अभिशस्तेः-તેના પ્રવાહરૂપ રમણને રોકનારા હેતુથી अमुञ्चतम्-છોડે છે અર્થાત્ વર્ષાના માટે તેનાથી લીધેલ-શોષિત જળને પૃથિવી પર છોડે છે-વરસાવે છે. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ, કે વાયુ અને વિદ્યુત્ જ સર્વ લોકોનાં સુખ અને ધારણ આદિ વ્યવહારોમાં હેતુ હોય છે. (૫)*

आन्यं दिवो मातरिश्वा जभारामथ्नादन्यं परि श्येनो अद्रेः।
अग्नीषोमा ब्रह्मणा वावृधानोरुं यज्ञाय चक्रथुरु लोकम्॥ ६॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે ब्रह्मणा-પરમેશ્વરથી वावृधाना-ઉન્નતિ પામેલ अग्निषोमा-અગ્નિ અને વાયુ यज्ञाय-જ્ઞાન અને કર્મમય યજ્ઞને માટે उरुम्-અનેક પ્રકાર लोकम्-જોવામાં આવે છે તે લોક સમૂહને चक्रथुः-પ્રકટ કરે છે, તેમાંથી मातरिश्वा-વાયુ જે આકાશમાં શયન કરનાર છે, તે दिवः-સૂર્ય આદિ લોકથી अन्यम्-બીજા અપ્રસિદ્ધ કારણ લોક છે તેને आ, जभार-ધારણ કરે છે; તથા श्येनः-વેગવાન ઘોડા સમાન વર્તનાર અગ્નિ अद्रेः-મેઘથી अमथ्नात्-મંથન કરે છે, તેને જાણીને ઉપયોગ કરો. (૬)

*ભાવાર્થ : હે મનુષ્યો ! એ વાયુ અને વિદ્યુત્‌ના બે સ્વરૂપ છે. એક કારણરૂપ અને બીજું કાર્ય રૂપ. તેમાં જે 'કારણ' નામવાળો છે, તે વિશેષ જ્ઞાન દ્વારા જાણવા યોગ્ય છે અને જે કાર્યનામવાળા છે, તે કાર્યનામક વાયુના દ્વારા અથવા અગ્નિ દ્વારા કારણ નામક (વાયુ અથવા અગ્નિ)માં તમે પ્રવેશ કરો. એજ સરળ માર્ગ છે, કે 'કાર્ય' ના દ્વારા 'કારણ' માં પ્રવેશ કરવામાં આવે, તેમ તમે જાણો. (૬)*

अग्नीषोमा हविषः प्रस्थितस्य वीतं हर्यतं वृषणा जुषेथाम्।
सुशर्माणा स्ववसा हि भूतमथा धत्तं यजमानाय शं योः॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે वृषणा-વર્ષા થવામાં નિમિત્ત सुशर्माणा-શ્રેષ્ઠ સુખ કરનારા अग्नीषोमा-પ્રસિદ્ધ વાયુ અને અગ્નિ प्रस्थितस्य-દેશ દેશાન્તરમાં પહોંચાડનાર हविषः-હોમેલ ઘી આદિને वीतम्-વ્યાપ્ત થતાં, हर्यतम्-પ્રાપ્ત થતાં, जुषेथाम्-સેવન કરતા અને स्ववसा-ઉત્તમ રક્ષક भूतम्-હોય છે. अथ-તદનન્તર हि-એ કારણે यजमानाय-જીવને માટે અનંત शम्-સુખને धत्तम्-ધારણ કરે છે, તથા योः-જે પદાર્થોને પૃથક્-પૃથક્ કરે છે, તેનો સારી રીતે ઉપયોગ કરો. (૭)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા અગ્નિમાં જેટલા પણ સુગંધ આદિથી યુક્ત દ્રવ્યો હોમવામાં આવે છે, તે વાયુ દ્વારા આકાશમાં પહોંચીને મેઘ સમૂહમાં રહેલ જળને શુદ્ધ કરીને, સર્વ પ્રાણીઓનાં સુખના કારણ બનીને ધર્મ-અર્થ-કામ-મોક્ષને સિદ્ધ કરનાર બને છે, એમ જાણવું જોઈએ. (૭)*

यो अग्नीषोमा हविषा सपर्याद्देवद्रीचा मनसा यो घृतेन।
तस्य व्रतं रक्षतं पातमंहसो विशे जनाय महि शर्म यच्छतम्॥ ८॥

પદાર્થ : यः-જે વિદ્વાન મનુષ્ય देवद्रीचा-ઉત્તમ વિદ્વાનોનો સત્કાર કરીને मनसा-મનથી વા घृतेन-ઘી અને જળ તથા हविषा-સુસંસ્કૃત કરેલ હવિથી अग्नीसोमा-વાયુ અને અગ્નિનું सपर्यात्-સેવન કરે તથા यः-જે ક્રિયા કરનાર મનુષ્ય એના ગુણોને જાણે, तस्य-તે બન્નેના व्रतम्-સત્ય ભાષણ આદિ સ્વભાવની એ બન્ને रक्षतम्-રક્ષા કરે છે, अंहसः-ક્ષુધા અને જ્વર આદિ રોગોને पातम्-નષ્ટ કરીને બચાવે છે, विशे-પ્રજા અને जनाय-સેવકજનોને માટે महि-અત્યંત પ્રશંસા કરવા યોગ્ય शर्म-સુખ વા ઘરને यच्छतम्-પ્રદાન કરે છે. (૮)

*ભાવાર્થ : જે મનુષ્યો અગ્નિ હોત્ર-હવન આદિ કર્મથી વાયુ, વર્ષા અને જળની શુદ્ધિ દ્વારા પદાર્થોને શુદ્ધ-પવિત્ર કરે છે, તેઓ પ્રાણીઓને સુખી કરે છે. (૮)*

अग्नीषोमा सवेदसा सहूती वनतं गिरः। सं देवत्रा बभूवथुः॥ ९॥

પદાર્થ : જે सहूती-એક સમાન વાણીવાળા सवेदसा-સમ્યક્-હોમેલ પદાર્થયુક્ત अग्निषोमा-યજ્ઞ ફળને સિદ્ધ કરનારા અગ્નિ અને વાયુ देवत्रा-વિદ્વાન વા દિવ્ય ગુણોમાં सम्बभूवथुः-સંભવિત થાય છે, તેઓ गिरः-વાણીઓનું वनतम्-સમ્યક્ સેવન કરે છે. (૯)

*ભાવાર્થ : યજ્ઞ આદિની ક્રિયાઓ દ્વારા વાયુની શુદ્ધિના વિના પ્રાણીઓને સુખ સંભવ નથી. તેથી મનુષ્યોએ તેને નિત્ય કરવા જોઈએ. (૯)*

अग्नीषोमावनेन वां यो वां घृतेन दाशति। तस्मै दीदयतं बृहत्॥ १०॥

પદાર્થ : यः-જે મનુષ્ય वाम्-એની મધ્યમાં अनेन-એ घृतेन-ઘી વા જળથી આહુતિઓ આપે છે વા वाम्-તેની ઉત્તેજનાથી ઉપકારોને ગ્રહણ કરે છે તેને માટે अग्नीषोमा-વિદ્યુત્ અને વાયુ बृहत्-મહાન વિજ્ઞાન અને સુખને दीदयतम्-પ્રકાશિત કરે છે. (૧૦)

*ભાવાર્થ : જે મનુષ્યો ક્રિયા રૂપી યજ્ઞોનું અનુષ્ઠાન કરે છે, તેઓ આ સંસારમાં અત્યંત સૌભાગ્યને પ્રાપ્ત કરે છે. (૧૦)*

**अग्नीषोमाविमानि नो युवं हव्या जुजोषतम्। आ यातमुप नः सचा॥ ११॥**

પદાર્થ : युवम्-જે अग्नीषोमा-સમસ્ત મૂર્તિમાન પદાર્થોનો સંયોગ કરનારા અગ્નિ અને વાયુ नः-અમને इमानि-એ हव्या-દેવા-અને લેવા યોગ્ય પદાર્થોનું जुजोषतम्-વારંવાર સેવન કરે છે, તેઓ सचा-યજ્ઞનો વિશેષ વિચાર કરનારા नः-અમને उप, आ, यातम्-સારી રીતે મળે છે. (૧૧)

*ભાવાર્થ : જ્યારે યજ્ઞથી સુગંધિત આદિ દ્રવ્યયુક્ત અગ્નિ, વાયુ સર્વ પદાર્થની સમીપ મળીને તેમાં સ્પર્શ કરે છે; ત્યારે સર્વની પુષ્ટિ થાય છે. (૧૧)*

**अग्नीषोमा पिपृतमर्वतो न आ प्यायन्तामुस्रिया हव्यसूदः।**
**अस्मे बलानि मघवत्सु धत्तं कृणुतं नो अध्वरं श्रुष्टिमन्तम्॥ १२॥**

પદાર્થ : હે રાજા-પ્રજાના પુરુષો ! તમે अग्नीषोमा-પાલનને માટે અગ્નિ અને વાયુની સમાન नः-અમારા अर्वतः-ઘોડાઓનું पिपृतम्-પાલન કરો, જેમ हव्यसूदः-દૂધ, દહીં આદિ પદાર્થોને આપનારી उस्त्रियाः-ગાયો आ, प्यायन्तम्-પુષ્ટ થાય છે, તેમ नः-અમને श्रष्टिमन्तम्-શીઘ્ર બહુજ સુખને માટે अध्वरम्-વ્યવહારરૂપી યજ્ઞને मघवत्सु-પ્રશંસિત ધનયુક્ત સ્થાન, વ્યવહાર વા વિદ્વાનોમાં कृणुतम्-પ્રકટ કરો, अस्मे-અમારા માટે बलानि-બળોને धत्तम्-ધારણ કરો. (૧૨)

*ભાવાર્થ : વાયુ અને વિદ્યુત્ વિના કોઈના બળ અને પુષ્ટિ થતાં નથી, તેથી સુવિસ્તારપૂર્વક એનો કાર્યોમાં ઉપયોગ કરવો જોઈએ. (૧૨)*

સંગતિ : આ સૂક્તમાં વાયુ અને વિદ્યુત્‌ના ગુણોનું વર્ણન કરવાથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૩)

## સૂક્ત-૯૪

**इमं स्तोममर्हते जातवेदसे रथमिव सं महेमा मनीषया।**
**भद्रा हि नः प्रमतिरस्य संसद्यग्ने सख्ये मा रिषामा वयं तव॥ १॥**

પદાર્થ : હે अग्ने-વિદ્યાદિ ગુણોથી વિખ્યાત વિદ્વાન ! જેમ वयम्-અમે मनीषया-વિદ્યા, ક્રિયા અને શિક્ષાથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ अर्हते-યોગ્ય जातवेदसे-જે ઉત્પન્ન થયેલ જગતના પદાર્થોને જાણે

છ

वा-ઉત્પન્ન થયેલ કાર્યરૂપ દ્રવ્યોમાં વિદ્યમાન તે વિદ્વાનને માટે रथमिव-જેમ વિહાર કરાવનાર વિમાન આદિ યાનને, તેમ इमम्-કાર્યોમાં પ્રવૃત્ત એ स्तोमम्-ગુણ કીર્તનને संमहेम-પ્રશંસિત કરે; वा अस्य-એ तव-આપના सख्ये-મિત્રતાને માટે संसदि-જેમાં વિદ્વાન સ્થિત થાય છે, તે સભામાં नः-અમારી भद्राः-કલ્યાણકારક प्रमतिः-પ્રબળ બુદ્ધિ છે, તેને हि-જ मा, रिषामा-નષ્ટ ન કરો, તેમ આપ પણ નષ્ટ ન કરો. (૧)

*ભાવાર્થ : જેમ (લોકો) શિલ્પ વિદ્યાથી બનાવેલ વિમાન આદિ યાનોને સમ્યક્ સિદ્ધ કરીને મિત્રોનો સત્કાર કરે, તેમ જ પુરુષાર્થથી વિદ્વાનોનો સત્કાર કરે.*

*જ્યારે-જ્યારે સભાસદ સભામાં બેસે, ત્યારે ત્યારે હઠ અને દુરાગ્રહનો ત્યાગ કરીને સર્વના કલ્યાણકારી કાર્યોનો ત્યાગ ન કરે.*

*જે-જે અગ્નિ આદિ પદાર્થોમાં વિજ્ઞાન છે, તેને સર્વની સાથે મિત્રભાવથી વર્તીને સર્વને બતાવે. તેના વિના મનુષ્યોનું હિત સંભવ નથી. (૧)*

यस्मै त्वमायजसे स साधत्यनर्वा क्षेति दधते सुवीर्यम्।
स तूताव नैनमश्नोत्यंहुतिरग्ने सख्ये मा रिषामा वयं तव॥ २॥

પદાર્થ : હે अग्ने-સર્વ વિદ્યાના વિશેષ જ્ઞાતા વિદ્વાન ! अनर्वा-ઘોડાઓ વિના અગ્નિ આદિથી ચલાવેલ વિમાન આદિ યાનની સમાન त्वम्-આપ यस्मै-જે आयजसे-સર્વથા સુખદાયક જીવને માટે રક્ષાને साधति-સિદ્ધ કરો છો, सः-તે सुवीर्यम्-જે મિત્રોના કામમાં સર્વોત્તમ પરાક્રમ છે, તેને दधते-ધારણ કરે છે અને તે तूताव-તેની વૃદ્ધિ કરે છે, एनम्-એ ઉત્તમ ગુણયુક્ત પુરુષને अंहतिः-દરિદ્રતા न, अश्नोति-પ્રાપ્ત થતી નથી, सः-તે क्षेति-સુખમાં રહે છે, એમ तव-આપના सख्ये-મિત્રભાવમાં वयम्-અમે मा, रिषाम्-દુ:ખી ન થઈએ. (૨)

*ભાવાર્થ : જે લોકો વિદ્વાનોની સભામાં અથવા અગ્નિ વિદ્યામાં મિત્રતાનું આચરણ કરે છે, તેઓ શરીર અને આત્માના પૂર્ણ બળને પ્રાપ્ત કરીને તથા સુખ સંપન્ન બનીને નિવાસ કરે છે, અન્ય નહિ. (૨)*

शकेम त्वा समिधं साधया धियस्त्वे देवा हविरदन्त्याहुतम्।
त्वमादित्याँ आ वह तान् ह्यु१श्मस्यग्ने सख्ये मा रिषामा वयं तव॥ ३॥

પદાર્થ : હે अग्ने-સર્વ વિદ્યાઓમાં કુશળ સભાધ્યક્ષ ! वयम्-અમે त्वा-આપનો આશ્રય લઈને समिधम्-જેથી સમ્યક્ પ્રકાશ થાય છે, તે ક્રિયાને કરી शकेम-શકીએ. त्वम्-આપ અમારી धियः-

બુદ્ધિ અને કર્મોને साधय-સિદ્ધ કરો. त्वे-તમારા હયાતીમા આપના देवः-વિદ્વાનો आहुतम्-સારી રીતે સ્વીકાર કરેલ हविः-ખાવા યોગ્ય અન્નનું अदन्ति-ભોજન કરે છે, તેથી આપ आदित्यान्- અડતાલીસ વર્ષ બ્રહ્મચર્યને પૂરા કરેલ બ્રહ્મચારિયોંને आ, वह-પ્રાપ્ત કરો, तान्-તેઓને हि-જ અમે उश्मसि-ચાહીએ છીએ એવા तव-આપના सख्ये-મિત્ર ભાવમાં मा, रिषाम-દુઃખી ન થઈએ. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્વાનોના સંગનો આશ્રય કરીને વિદ્યા અને અગ્નિ-સંબંધી કાર્યોને સિદ્ધ કરવા માટે સહનશીલતા ધારણ કરે છે, તેઓ બુદ્ધિમાન અને ક્રિયાશીલ બનીને સુખી થાય છે. (૩)*

भरा॑मे॒ध्मं कृ॒णवा॑मा ह॒वींषि॑ ते चि॒तय॑न्तः॒ पर्व॑णापर्वणा व॒यम्।
जी॒वात॑वे प्र॒तरं॑ साधया॒ धियोऽग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥ ४॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! पर्वणापर्वणा-સંપૂર્ણ સાધનોથી चितयन्तः-ગુણોને ચૂંટીને वयम्-અમે ते-આપને માટે વા એ અગ્નિને માટે हवींषि-યજ્ઞને યોગ્ય જે પદાર્થ છે તેને સારી રીતે कृणवाम-કરીએ અને इध्मम्-ઈંધન =બળતણ भराम-લાવીએ. આપ जीवातवे-અમારા જીવનને માટે धियः-ઉત્તમ બુદ્ધિ વા કર્મોને प्रतरम्-અતિ શ્રેષ્ઠતા જેમ થાય તેમ साधय-સિદ્ધ કરો. એમ तव-આપના વા એ ભૌતિક અગ્નિના सख्ये-મિત્ર ભાવમાં वयम्-અમે मा, रिषाम-દુઃખી ન થઈએ. (૪)

*ભાવાર્થ : સેના, સભા અને પ્રજામાં રહેલ પુરુષોને જે સજ્જનને કારણે બુદ્ધિ અને પુરુષાર્થ વધે, તેને માટે સર્વ સાધનો-ઉપકરણોને સિદ્ધ કરવા જોઈએ અને તેઓની સાથે મિત્રતાનો કદી પણ ત્યાગ ન કરવો જોઈએ. (૪)*

वि॒शां गो॒पा अ॑स्य चरन्ति ज॒न्तवो॑ द्वि॒पच्च॒ यदु॒त चतु॑ष्पद॒क्तुभिः॑।
चि॒त्रः प्र॑के॒त उ॒षसो॑ म॒हाँ अ॑स्यग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥ ५॥

પદાર્થ : હે अग्ने-ઉત્તમ સુખોના વિજ્ઞાપક સભા આદિ કાર્યોના અધ્યક્ષ ! આપના રાજ્યમાં વા ઉત્તમ સુખોનું વિજ્ઞાન કરાવનારા अस्य-એ જગદીશ્વરની સૃષ્ટિમાં विशाम्-પ્રજાજનના यत्-જે गोपाः-પાવક ગુણ વા जन्तवः-મનુષ્ય चरन्ति-વિચરે છે; વા अक्तुभिः-પ્રસિદ્ધ કર્મ, પ્રસિદ્ધ માર્ગ અને પ્રસિદ્ધ રાત્રીઓની સાથે उषसः-દિવસોને પ્રાપ્ત થાય છે; વા જે द्विपत्-બે પગા જીવ च-વા પગહીન સર્પ આદિ उत-અને चतुष्पत्-ચોપગા પશુ આદિ વિચરે છે તથા જે चित्रः-અદ્‌ભુત ગુણ-કર્મ-સ્વભાવયુક્ત प्रकेतः-સર્વ વસ્તુઓના જ્ઞાતા જગદીશ્વર વા સભાધ્યક્ષ આપ महान्-સર્વોત્તમ असि-છો, તે तव-આપના सख्ये-મિત્ર ભાવથી वयम्-અમે मा, रिषाम-કદી બેચેન ન થઈએ. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે પરમેશ્વરની અથવા સભાપતિ વિદ્વાનના મહિમાથી કાર્ય જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે, તેની મિત્રતામાં કદી વિઘ્ન ન કરવું જોઈએ. (૫)*

त्वम॑ध्व॒र्युरु॒त होता॑सि पू॒र्व्यः प्र॑शा॒स्ता पोता॑ ज॒नुषा॑ पु॒रोहि॑तः।

विश्वा॑ वि॒द्वाँ आर्त्वि॑ज्या धीर पुष्य॒स्यग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥ ६॥

પદાર્થ : હે धीर-ધારણ આદિ ગુણયુક્ત अग्ने-ઉત્તમ જ્ઞાન દાતા પરમેશ્વર વા સભાધ્યક્ષ ! જે કારણે पूर्व्यः-પૂર્વ મહાશયોને માટે અને ચાહેલ अध्वर्युः-યજ્ઞના યથોક્ત વ્યવહારને યુક્ત વર્તનાર અને ચાહનાર होता-દેનાર, લેનાર प्रशास्ता-ધર્મ, શ્રેષ્ઠ શિક્ષા અને ઉપદેશથી પ્રચાર કરનારા पोता-પવિત્ર અને બીજાઓને પવિત્ર કરનારા पुरोहितः-હિત પ્રસિદ્ધ કરનારા તથા विद्वान्-યથાવત્ જ્ઞાતા त्वम्-આપ असि-છો; उत-અને जनुषा-ઉત્પન્ન થયેલ જગતની સાથે विश्वा-સમસ્ત आर्त्विज्या-ઋત્વિજોના ગુણ પ્રકાશક કામોને पुष्यसि-દૃઢ કરો છો અને કરાવો છો, એથી तव-આપના सख्ये-મિત્રભાવમાં वयम्-અમે मा, रिषाम-કદી દુઃખી ન થઈએ. (૬)

*ભાવાર્થ : સર્વના અધિષ્ઠાતા પરમેશ્વર અથવા વિદ્વાનો વિના સંસારનાં પાલન આદિ કર્મો સંભવ નથી, તેથી મનુષ્યોએ તે (ઈશ્વર)ની દિવસ-રાત ઉપાસના અને એ (વિદ્વાનો)ની સંગતિ કરીને સુખી બનવું જોઈએ. (૬)*

यो वि॒श्वतः॑ सु॒प्रती॑कः स॒दृङ्ङसि॑ दू॒रे चि॒त्सन्त॒ळिदि॒वाति॑ रोचसे।

रात्र्या॑श्चि॒दन्धो॒ अति॑ देव पश्य॒स्यग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥ ७॥

પદાર્થ : હે देव-સત્ય પ્રકાશક અને अग्ने-સમસ્ત જ્ઞાન પ્રદાતા સભાધ્યક્ષ ! જેમ यः-જે सदृङ्-સમાન જોનાર त्वम्-આપ सुप्रतीकः-ઉત્તમ પ્રતીતિ કરાવનાર असि-છો; વા મૂર્તિમાન પદાર્થોને પ્રકાશિત કરનાર दूरे, चित्-દૂરમાં જ सन्-પ્રકટ થનાર સૂર્યરૂપથી જેમ तडिदिव-વિદ્યુત્ ચમકે છે તેમ विश्वतः-સર્વત્રથી अति-અત્યંત रोचसे-પ્રકાશો છો, કે જેના વિના रात्र्याः-રાત્રિમાં अन्धः; चित्-આંધળાની સમાન अति, पश्यसि-અત્યંત દેખો-દેખાડો છો, તે અગ્નિના વા तव-આપના सख्ये-મિત્રભાવમાં वयम्-અમે मा, रिषाम्-કદી પ્રીતિ રહિત ન થઈએ. (૭)

*ભાવાર્થ : દૂર સ્થિત પણ સભાધ્યક્ષ ન્યાય વ્યવસ્થાના-પ્રકાશથી-જેમ વિદ્યુત્ અથવા સૂર્ય પોતાના પ્રકાશથી મૂર્ત દ્રવ્યોને પ્રકાશિત કરે છે-તેમ ગુણહીન પ્રાણીઓને પ્રકાશિત કરે છે. તેની સાથે કયા વિદ્વાનને મિત્રતા ન કરવી જોઈએ, પરંતુ સર્વએ કરવી જોઈએ. (૭)*

पूर्वो॑ देवा भवतु सुन्व॒तो रथो॒ऽस्माकं॒ शंसो॑ अ॒भ्य॑स्तु दू॒ढ्यः॑।

तदा जा॑नीतो॒त पु॑ष्यता॒ वचोऽग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥ ८॥

પદાર્થ : હે देवाः-વિદ્વાનો ! તમે જેથી अस्माकम्-અમે જે શિલ્પ વિદ્યાના જિજ્ઞાસુઓ છીએ તેનું पूर्वः-પ્રથમ સુખ કરનારા रथः-વિમાનાદિ યાન दूढ्यः-જેને અધિકાર નથી તેને દુઃખપૂર્વક વિચારવા યોગ્ય भवतु-છો તથા ઉક્ત ગુણવાળો રથ शंसः-પ્રશંસનીય अभि-આગળ अस्तु-છો, तत्-તે વિદ્યા અને ઉત્તમ શિક્ષાથી યુક્ત वचः-વચનથી आ, जानीत-આજ્ઞા આપો उत-અને તેનાથી આપ पुष्यत-પુષ્ટ થાઓ તથા અમને પુષ્ટ કરો.

હે अग्ने-ઉત્તમ શિલ્પ વિદ્યાના જ્ઞાતા પરમ પ્રવીણ ! सुव्रतः-સુખથી અભિસિક્ત કરીને तव-આપના વા એ ભૌતિક અગ્નિની सख्ये-મિત્રતામાં वयम्-અમે मा, रिषाम-કદી દુઃખી ન થઈએ. (૮)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! જે રીતે મનુષ્યોમાં આત્મવિદ્યા, શિલ્પવિદ્યા અને વ્યવહારવિદ્યા પ્રકાશિત થઈને સુખની વૃદ્ધિ થાય, તેવા તમે પ્રયત્નો કરો. (૮)*

**वधैर्दुःशंसाँ अप दूढ्यो जहि दूरे वा ये अन्ति वा के चिदत्रिणः।**
**अथा यज्ञाय गृणते सुगं कृध्यग्ने सख्ये मा रिषामा वयं तव॥ ९॥**

પદાર્થ : હે સભા, સેના, શાલા આદિના અધ્યક્ષ વિદ્વાન્ ! આપ જેમ दूढ्यः-દુષ્ટ બુદ્ધિવાળા અને दुःशंसान्-જેની દુઃખ આપનારી શિખામણ છે, તે ડાકુ આદિ अत्रिणः-શત્રુજનોને वधैः-તાડનાઓથી अप, जहि-અપઘાત્ અર્થાત્ દુર્ગતિથી દુઃખ આપો અને શરીર वा-વા આત્મભાવથી दूरे-દૂર वा-અથવા अन्ति-સમીપમાં ये-જે केचित्-કોઈ અધર્મી શત્રુ રહેલ હોય તેને अपि-પણ સુશિક્ષા વા પ્રબળ તાડનાઓથી સીધા કરો, એમ કરીને अथ-પશ્ચાત્ यज्ञाय-ક્રિયામય યજ્ઞને માટે गृणते-વિદ્યાની પ્રશંસા કરીને પુરુષને યોગ્ય सुगम्-જે કામમાં વિદ્યા પહોંચે છે તેને कृधि-કરો, એ કારણે એવા સમર્થ तव-આપની सख्ये-મિત્રતામાં वयम्-અમે मा, रिषाम-દુઃખ ન પામીએ. (૯)

*ભાવાર્થ : સભા આદિના અધ્યક્ષ આદિએ પ્રયત્નપૂર્વક પ્રજામાંથી દુષ્ટ ઉપદેશ તથા દુષ્ટ પઠન-પાઠન આદિ કર્મોનું નિવારણ કરીને દુરસ્થ તથા સમીપસ્થ મનુષ્યોને મિત્ર સમાન માનીને, સર્વ રીતે વિરોધ રહિત રાખવા જોઈએ. જેથી પરસ્પર નિશ્ચલ આનંદની વૃદ્ધિ થાય. (૯)*

**यदयुक्था अरुषा रोहिता रथे वातजूता वृषभस्येव ते रवः।**
**आदिन्वसि वनिनो धूमकेतुनाग्ने सख्ये मा रिषामा वयं तव॥ १०॥**

પદાર્થ : अग्ने-સમસ્ત શિલ્પ વ્યવહારનું જ્ઞાન આપનાર ક્રિયાચતુર વિદ્વાન્ ! જે કારણે આપ यत्-જે ते-આપના વા એ અગ્નિના वृषभस्येव-પદાર્થોને લઈ જનારા બળવાન બળદની સમાન વા वातजूता-પવન સમાન વેગવાન अस्रा-સરળ સ્વભાવ रोहिता-દૃઢ બળ આદિથી યુક્ત ઘોડાઓ रथे-વિમાનાદિ યાનોમાં જોડવા યોગ્ય છે, તેને अयुक्थाः-જોડવામાં આવે છે વા એ ભૌતિક અગ્નિ જોડાવામાં આવે છે, તે રથની નીકળેલ જે रवः-શબ્દ =ધ્વનિ તેની સાથે રહેલ धूमकेतुना-જેમાં ધૂમાડાની પતાકા છે, તે રથથી સર્વ વ્યવહારોથી इन्वसि-વ્યાપ્ત થાઓ છો વા એ ભૌતિક અગ્નિ ઉક્ત રીતે વ્યવહારોમાં વ્યાપ્ત થાય છે, તેથી आत्-પશ્ચાત્ वनिनः-જેનો સમ્યક્ વિભાગ વા સૂર્ય કિરણોનો સંબંધ છે तव-તે આપના વા જે ભૌતિક અગ્નિને કિરણોનો સંબંધ છે તેની सख्ये-મિત્રતામાં वयम्-અમે मा, रिषाम-પીડિત ન થઈએ. (૧૦)

*ભાવાર્થ : જેથી શિલ્પી અને ભૌતિક સર્વ હિતકારી કાર્યોને સિદ્ધ કરી શકે છે, તેથી વિમાન આદિ યાનોની સંભાવના કરવી યોગ્ય છે. (૧૦)*

अध॑ स्व॒नादु॒त बि॑भ्युः पत॒त्रिणो॑ द्र॒प्सा यत्ते॑ यव॒सादो॒ व्यस्थि॑रन्।
सु॒गं तत्ते॑ ताव॒केभ्यो॒ रथे॒भ्योऽग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥११॥

પદાર્થ : હે अग्ने-સમસ્ત વિજ્ઞાન દાતા શિલ્પીન્ ! यत्-જ્યારે ते-તમારા यवसादः-અન્નાદિ પદાર્થોને ખાનારાઓ द्रप्साः-હર્ષયુક્ત સેવક વા જ્વાળા આદિ ગુણ सुगम्-તે માર્ગ કે જેમાં સુખપૂર્વક જાય છે वि-અનેક પ્રકારથી अस्थिरन्-સ્થિર થાય. तत्-ત્યારે ते-આપના વા એ ભૌતિક અગ્નિના तावकेभ्यः-જે આપના વા એ અગ્નિના સિદ્ધ કરેલ રથ છે, તે रथेभ्यः-વિમાન આદિ રથોની पतत्रिणः-પક્ષીઓ સમાન શત્રુ बिभ्युः-ભય પામે अध-તદનન્તર उत-એક નિશ્ચયની સાથે જ તે રથોના स्वनात्-શબ્દથી પક્ષીઓની સમાન ભય પામેલ શત્રુ વિલય પામે છે, એમ तव-આપની વા અગ્નિના सख्ये-મિત્રભાવમાં वयम्-અમે मा, रिषाम-અપ્રસન્ન ન થઈએ. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોના દ્વારા જ્યારે આગ્નેય અસ્ત્રો અને વિમાન આદિ યાનોથી યુક્ત સેનાઓનું નિર્માણ કરીને, શત્રુ વિજયને માટે વેગપૂર્વક જઈને શસ્ત્રાસ્ત્રોના પ્રહારથી તથા હર્ષયુક્ત તુમુલ શબ્દોથી શત્રુઓની સાથે યુદ્ધ કરવામાં આવે છે, ત્યારે નિશ્ચિત વિજય થાય છે, એમ જાણવું જોઈએ. આ પ્રકારનો સ્થાયી વિજય નિશ્ચયથી વિદ્વાનોના વિરોધીઓની તથા અગ્નિ આદિની વિદ્યાથી રહિત લોકોથી કદી થઈ શકતો નથી. તેથી આ કાર્યને સદા કરવું જોઈએ. (૧૧)*

अ॒यं मि॒त्रस्य॒ वरु॑णस्य॒ धाय॑सेऽवया॒तां म॒रुतां॒ हेळो॒ अद्भु॑तः।
मृ॒ळा सु नो॒ भूत्वे॑षां॒ मनः॒ पुन॒रग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥१२॥

પદાર્થ : હે अग्ने-સમસ્ત જ્ઞાન દાતા સભા આદિના અધિપતિ ! જે કારણે આપને मित्रस्य-મિત્ર વા वरुणस्य-શ્રેષ્ઠના धायसे-ધારણ વા સંતોષને માટે જે अयम्-એ પ્રત્યક્ષ अवयाताम्-ધર્મ વિરોધી मरुताम्-મરવા-જીવવાવાળા મનુષ્યોના अद्‌भुतः-हेळः-અનાદર કરેલ છે તેથી एषाम्-એ नः-અમારા मनः-મનને पुनः-વારંવાર सुमृड-સારી રીતે આનંદિત કરો એમ भूतु-થાઓ. એથી तव-તમારા सख्ये-મિત્રભાવમાં वयम्-અમે मा, रिषाम-બેચેન ન થઈએ. (૧૨)

*ભાવાર્થ : મનુષ્યોએ સભાપતિના જે 'શ્રેષ્ઠોનું પાલન અને દુષ્ટોનું તાડન' (રૂપ કર્મ છે) તેને જાણીને, સદા તે રીતે આચરણ કરવું જોઈએ. (૧૨)*

दे॒वो दे॒वाना॑मसि मि॒त्रो अद्भु॑तो॒ वसु॒र्वसू॑नामसि॒ चारु॑रध्व॒रे।
शर्म॑न्त्स्याम॒ तव॑ स॒प्रथ॑स्त॒मेऽग्ने॑ स॒ख्ये मा रि॑षामा व॒यं तव॑॥१३॥

પદાર્થ : હે अग्ने-જગદીશ્વર વા વિદ્વાન્ ! જે કારણે આપ अध्वरे-ન છોડવા યોગ્ય ઉપાસના રૂપી યજ્ઞ વા સંગ્રામમાં देवानाम्-દિવ્યગુણોથી પરિપૂર્ણ વા દિવ્યગુણયુક્ત પદાર્થોમાં देवः-દિવ્ય ગુણ સંપન્ન अद्भुतः-આશ્ચર્યરૂપ ગુણ, કર્મ અને સ્વભાવથી યુક્ત चारु-અત્યંત શ્રેષ્ઠ मित्रः-અત્યંત સુખદાયક અને સમસ્ત દુઃખ વિનાશક असि-છો, તથા वसूनाम्-વસવા અને વસાવનાર મનુષ્યોમાં वसुः-વસનાર

અને વસાવનાર असि-છો. એ કારણે तव-આપના सप्रथस्तमे-સારી રીતે વિસ્તૃત ગુણ, કર્મ, સ્વભાવની સાથે વિદ્યમાન शर्मन्-સુખમાં वयम्-અમે સારી રીતે નિશ્ચિત स्याम्-રહીએ અને तव-આપના सख्ये-મિત્રભાવમાં કદી मा, रिषाम-બેચેન ન થઈએ. (૧૩)

*ભાવાર્થ : પરમેશ્વર અને વિદ્વાનોની સુખકારિણી મિત્રતા સારી રીતે સ્થિર હોતી નથી (?) તેથી એમાં અમારે મનુષ્યોએ સુસ્થિર બુદ્ધિની સાથે પ્રવૃત્ત થવું જોઈએ. (૧૩)*

तत्ते भद्रं यत्समिद्धः स्वे दमे सोमाहुतो जरसे मृळयत्तमः।

दधासि रत्नं द्रविणं च दाशुषेऽग्ने सख्ये मा रिषामा वयं तव॥१४॥

પદાર્થ : હે अग्ने-સમસ્ત વિજ્ઞાન પ્રદાતા ઈશ્વર વા વિદ્વાન્ ! यत्-જે કારણે स्वे-પોતાના दमे-દમન કરેલા સંસારમાં समिद्धः-સમ્યક્ પ્રકાશિત सोमाहुतः-તથા ઐશ્વર્યકારક ગુણ અને પદાર્થોથી વૃદ્ધિ પ્રાપ્ત કરેલ અગ્નિની સમાન मुडयत्तमः-અત્યંત સુખદાયક આપ સર્વ વિદ્વાનોથી जरसे-અર્ચન-પૂજનને પ્રાપ્ત થાઓ છો વા दाशुषे-ઉત્તમ સ્વભાવના કારણે પોતાનાં વર્તનથી મનુષ્યને માટે रत्नम्-અતિ રમણીય द्रविणम्-ચક્રવર્તી રાજ્ય આદિ કાર્યોમાં સિદ્ધ ધન च-અને વિદ્યા આદિ શ્રેષ્ઠ ગુણોને दधासि-ધારણ કરો છો, तत्-એ કારણે એવા ते-આપના भद्रम्-સુખકારક સ્વભાવને वयम्-અમે કદી मा, रिषाम-ભૂલીયે નહિ પરંતુ तव-આપની सख्ये-મિત્રતામાં સારી રીતે સ્થિર રહીએ. (૧૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, સૃષ્ટિક્રમ અને પ્રમાણોથી સત્પુરુષોનાં, ઈશ્વરનાં અને વિદ્વાનોનાં કર્મ તથા સ્વભાવને ધારણ કરીને તથા સર્વ પ્રાણીઓની મિત્રતા કરીને સદા વિદ્યા, ધર્મ અને શિક્ષાની ઉન્નતિ કરવી જોઈએ. (૧૪)*

यस्मै त्वं सुद्रविणो ददाशोऽनागास्त्वमदिते सर्वताता।

यं भद्रेण शवसा चोदयासि प्रजावता राधसा ते स्याम॥१५॥

પદાર્થ : હે सुद्रविणः-સર્વોત્તમ ધનના પ્રદાતા અને अदिते-વિનાશ રહિત જગદીશ્વર વા વિદ્વાન્ ! જે કારણે त्वम्-આપ सर्वताता-સમસ્ત વ્યવહારમાં यस्मै-જે મનુષ્યને માટે अनागास्त्वम्-નિરપરાધતાને ददाशः-આપો છો તથા यम्-જે મનુષ્યને भद्रेण-સુખકારક शवसा-શારીરિક અને આત્મિક બળ તથા प्रजावता-જેમાં પ્રશંસિત પુત્ર આદિ છે, તે राधसा-વિદ્યા, સુવર્ણ આદિ ધનથી યુક્ત કરીને સમ્યક્ વ્યવહારમાં चोदयासि-પ્રેરિત કરો છો, તેથી આપની વા વિદ્વાનોની શિક્ષામાં વર્તમાન જે અમે અનેક પ્રકારથી યત્ન કરીએ ते-તે અમે આ કાળમાં સ્થિર स्याम-થઈએ. (૧૫)

*ભાવાર્થ : જે મનુષ્યમાં અન્તર્યામી ઈશ્વર પાપ ન કરવાના ભાવને પ્રકાશિત કરે છે, તે મનુષ્ય વિદ્વાનોના સંગથી પ્રેમ કરવાવાળો બનીને સર્વ પ્રકારના ધન તથા શુભ ગુણોને પ્રાપ્ત કરીને સદા સુખી થાય છે, તેથી એ કાર્યને અમે પણ નિત્ય કરીએ. (૧૫)*

स त्वमग्ने सौभगत्वस्य विद्वानस्माकमायुः प्र तिरेह देव।

तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑ति॒: सिन्धु॑: पृथि॒वी उ॒त द्यौः॥ १६॥

પદાર્થ : હે દેવ-સર્વેએ કામના કરવા યોગ્ય अग्ने-જીવન અને ઐશ્વર્ય પ્રદાતા જગદીશ્વર ! જે त्वम्-આપે ઉત્પન્ન કરેલ વા રોગ મુક્તિની ઓષધિ આપનારા વિદ્વાન જે આપે બતાવેલ मित्रः-પ્રાણ, वरुणः-ઉદાન, अदितिः-ઉત્પન્ન થયેલ પદાર્થો, सिन्धुः-સમુદ્ર, पृथिवी-ભૂમિ उत-અને द्यौः-વિદ્યુત્નો પ્રકાશ છે; તે नः-અમારી मामहन्ताम्-ઉન્નતિનું કારણ બને तत्-અને તે સર્વ વૃત્તાન્ત अस्माकम्-અમને सौभगत्वस्य-સર્વોત્તમ ઐશ્વર્યો આપવામાં आयुः-જીવન વા જ્ઞાન છે, इह-આ કાર્યરૂપ જગતમાં सः-તે विद्वान्-સમસ્ત વિદ્યાની પ્રાપ્તિ કરાવનાર જગદીશ્વર આપ વા પ્રમાણપૂર્વક વિદ્યા દાતા વિદ્વાન તમે બન્ને प्रतिर-સમ્યક્ રીતે દુઃખોથી તારો. (૧૬)

*ભાવાર્થ : મનુષ્યોએ પરમેશ્વર અને વિદ્વાનોના આશ્રયથી પદાર્થવિદ્યા પ્રાપ્ત કરીને, આ સંસારમાં સૌભાગ્ય અને આયુની પ્રયત્નપૂર્વક વૃદ્ધિ કરવી જોઈએ. (૧૬)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સભાધ્યક્ષ અને અગ્નિના ગુણોનું વર્ણન છે, જેથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૪)

## સૂક્ત-૯૫

द्वे विरू॑पे चरत॒: स्वर्थे॒ अ॒न्यान्या॑ व॒त्समुप॑ धापयेते।
हरि॑र॒न्यस्यां॒ भव॑ति स्व॒धावा॑ञ्छु॒क्रो अ॒न्यस्यां॑ ददृशे सु॒वर्चा॑॥ १॥

પદાર્થ : હે મનુષ્ય ! જે विरूपे-પ્રકાશ અને અંધકારના પૃથક્-પૃથક્ રૂપ તથા स्वर्थे-ઉત્તમ પ્રયોજનવાળા द्वे-બે = રાત અને દિવસ પરસ્પર चरतः-વર્તાવ કરીને તથા अन्यान्या-પરસ્પર वत्सम्-ઉત્પન્ન થયેલ સંસારનું उपधापयेते-ભોજન-પાન કરાવે છે. अन्यस्याम्-દિવસથી અન્ય રાતમાં स्वधावान्-જે પોતાના ગુણથી ધારણ કરવામાં આવે છે, તે ઔષધિ આદિ પદાર્થોનો રસ જેમાં રહેલ છે એવા हरिः-ઉષ્ણતા આદિ પદાર્થોનું નિવારણ કરનાર ચંદ્રમા भवति-પ્રકટ થાય છે; વા अन्यस्याम्-રાતથી અન્ય દિવસ થનારી વેળામાં शुक्रः-આતપવાન सुवर्चाः-સમ્યક્ પ્રકાશક સૂર્ય ददृशे-જોવામાં આવે છે તે રાત અને દિવસ સર્વદા વર્તમાન છે, એને રેખા ગણિત આદિ ગણિત વિદ્યાથી જાણીને તેનો મધ્યમાં ઉપયોગ કરો. (૧)

*ભાવાર્થ : દિવસ અને રાત કદી સમાપ્ત થતા નથી, પરંતુ બીજા દેશમાં સદા વર્તમાન રહે છે. જે કાર્ય રાતે કરવા યોગ્ય તથા જે દિવસમાં (કરવા યોગ્ય) હો., તેને આળસ રહિત ભાવથી કરીને મનુષ્યોએ સમસ્ત કાર્યો સિદ્ધ કરવા જોઈએ. (૧)*

दशेमं त्वष्टुर्जनयन्त गर्भमतन्द्रासो युवतयो विभृत्रम्।
तिग्मानीकं स्वयशसं जनेषु विरोचमानं परि षीं नयन्ति॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે अतन्द्रासः-જે એક નિયમથી સાથે રહેવાથી આળસ રહિત આદિ ગુણોથી યુક્ત युवतयः-યુવાન સ્ત્રીઓની સમાન પરસ્પર સાથે મળતા અથવા ન મળવાથી સર્વ ક્યારેક અજર, અમર રહેનારી दश-દશ દિશાઓ त्वष्टुः-વિદ્યુત્ વા વાયુના इमम्-એ પ્રત્યક્ષ અહોરાત્ર-દિવસરાતથી પ્રસિદ્ધ गर्भम्-સમસ્ત વ્યવહારના કારણરૂપ विभृत्रम्-જે અનેક પ્રકારોની ક્રિયાઓને ધારણ કરેલ तिग्मानीकम्-જેમાં અત્યંત તીક્ષ્ણ સેનાજન વિદ્યમાન જે जनेषु-ગણિત વિદ્યાના જાણનારા મનુષ્યોમાં विरोचमानम्-અનેક રીતે પ્રકાશમાન स्वयशसम्-અનેક ગુણ, કર્મ, સ્વભાવ અને પ્રશંસાયુક્ત सीम्-પ્રાપ્ત થવા યોગ્ય તે દિવસ અને રાતના વ્યવહારને जनयन्त-ઉત્પન્ન કરે અને परि-સર્વત્રથી नयन्ति-સ્વીકાર કરે છે, તેને તમે જાણો. (૨)

*ભાવાર્થ : નિશ્ચિત દેશ અને કાળથી રહિત, વ્યાપક સ્વરૂપવાળી, પૂર્વ આદિ ક્રમથી ઉત્પન્ન થનારી અને સર્વ વ્યવહારોને સિદ્ધ કરનારી દશ દિશાઓ છે, તેનાથી મનુષ્યોએ નિયત વ્યવહારોને સિદ્ધ કરવા જોઈએ. આ વિષયમાં કોઈએ વિરુદ્ધ વ્યવહાર ન કરવો જોઈએ. (૨)*

त्रीणि जाना परि भूषन्त्यस्य समुद्र एकं दिव्येकमप्सु।
पूर्वामनु प्र दिशं पार्थिवानामृतून्प्रशासद्वि दधावनुष्ठु॥ ३॥

પદાર્થ : હે ગણિત વિદ્યાવિદ્ મનુષ્યો ! જે દિવસ અને રાત पूर्वाम्-પૂર્વ प्र, दिशम्-પ્રદેશ જેનો મનુષ્ય ઉપદેશ કરે છે, તેને अनुष्ठु-તથા તેને અનુકૂળ पार्थिवानाम्-પૃથિવી અને અન્તરિક્ષમાં વિદિત થયેલા પદાર્થોની મધ્ય ऋतून्-વસંત આદિ ઋતુઓને प्रशासत्-પ્રેરણા કરતા अनु-તદનન્તર તેનું वि, दधौ-વિધાન કરે છે, अस्य-એ દિવસ અને રાતનો एकम्-એક પગ दिवि-સૂર્યમાંસ એક समुद्रे-સમુદ્રમાં અને एकम्-એક अप्सु-પ્રાણ આદિ વાયુઓમાં છે તથા એ દિવસ અને રાતના અંગ त्रिणि-ભૂત, ભવિષ્ય અને વર્તમાનના પૃથક્ ભાવથી ઉત્પન્ન जाना-મનુષ્યોમાં થતા વ્યવહારોને परि, भूषन्ति-શોભિત કરે છે, એ સર્વને જાણે. (૩)

*ભાવાર્થ : દિવસ-રાત આદિ (કાળના) અવયવોની સત્તા વિના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળોનું થવું સંભવ નથી. તેના વિના કોઈ ઋતુનું થવું પણ સંભવ નથી.*

*સૂર્ય અને અન્તરિક્ષ સ્થિત વાયુની ગતિથી કાળના અવયવોનો જે સમૂહ પ્રસિદ્ધ છે, તે સર્વને જાણીને, સર્વ મનુષ્યોએ વ્યવહારની સિદ્ધિ કરવી જોઈએ. (૩)*

क इमं वो निण्यमा चिकेत वत्सो मातॄर्जनयत स्वधाभिः।
बह्वीनां गर्भो अपसामुपस्थान्महान्कविर्निश्चरति स्वधावान्॥ ४॥

પદાર્થ : જે बह्वीनाम्-અનેકો અન્તરિક્ષ અને ભૂમિ તથા દિશાઓ વા अपसाम्-જલોના उपस्थात्-

સમીપસ્થ વ્યવહારથી गर्भः-સમ્યક્ આચ્છાદન કરનાર-ઢાંકનાર स्वधावान्-જેમાં પ્રશંસિત પોતાના અંગો વિદ્યમાન છે महान्-વ્યાપ્તિ આદિ ગુણોથી યુક્ત वत्सः-પરંતુ પોતાની વ્યાપ્તિથી સર્વોપરિ સર્વને ઢાંકનાર વા कविः-અનુક્રમે દૃષ્ટિગત થનાર સમય निः-चरति-નિરંતર ચાલી રહેલ છે અને स्वधाभिः-સૂર્ય વા ભૂમિની સાથે मातॄः-માતા સમાન પાલન કરનારી રાત્રિઓને जनयत-પ્રકટ કરે છે इमम्-આ निण्यम्-નિશ્ચયથી એક-સમાન રહેનાર સમયને कः-કોણ મનુષ્ય आ, चिकेत-સારી રીતે જાણી શકે ? वः-એ સમયના અવયવો અર્થાત્ ક્ષણ, ઘડી, પ્રહર, દિવસ, રાત, માસ, વર્ષ આદિના સ્વરૂપને પણ કોણ જાણી શકે ? (૪)

*ભાવાર્થ : મનુષ્યને, જેનો બોધ પરમ સૂક્ષ્મ છે, જે સમસ્ત કાળ વિભાગોને પ્રકટ કરે છે અને કર્મોને વ્યાપ્ત કરે છે (એવો જે) સર્વત્ર એક રસ (વિદ્યમાન) કાળ છે, તેને કોઈ નિપુણ વિદ્વાન જ જાણી શકે છે, સર્વ નહિ, એમ જાણવું જોઈએ. (૪)*

**आविष्ट्यो वर्द्धते चारुरासु जिह्मानामूर्ध्वः स्वयशा उपस्थे।**
**उभे त्वष्टुर्बिभ्यतुर्जायमानात्प्रतीची सिंहं प्रति जोषयेते॥५॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે जायमानात्-પ્રસિદ્ધ त्वष्टुः-છેદક અર્થાત્ સર્વની અવધિ પૂરી કરનાર સમયથી उभे-બન્ને-દિવસ અને રાત बिभ्यतुः-સર્વને ડરાવે છે વા જેથી प्रतीची-પશ્ચિમ દિશા પ્રકટ થાય છે વા ઉક્ત રાત્રિ-દિવસ સર્વ વ્યવહારોનું प्रति, जोषयेते-સેવન તથા જે સમય उपस्थे-કામ કરનારાઓની સમીપ स्वयशाः-પોતાની કીર્તિ અર્થાત્ પ્રશંસાને પ્રાપ્ત કરતા વા जिह्मानाम्-કુટિલોથી ऊर्ध्वः-ઉપર-ઉપર અર્થાત્ તેના શુભ કર્મોમાં વ્યતીત ન થતા आसु-એ દિશાઓ વા પ્રજાજનોમાં चारुः-સુંદર आविष्ट्यः- પ્રકટ થયેલ વ્યવહારોમાં પ્રસિદ્ધ वर्धते-અને ઉન્નતિને પામે છે, તે सिंहम्-અમને-તમને સર્વના કાપનાર સમયને તમે यथावत्-જાણો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, સૃષ્ટિની ઉત્પત્તિના સમયથી ઉત્પન્ન થયેલ અગ્નિ ઉપર જવાના સ્વભાવ વાળો છે અને જે દિશા આદિમાં પ્રવિષ્ટ રહેવાના વૃદ્ધિ પામીને સૂર્યના રૂપથી દિશાઓનો બોધક છે, તે પણ કાળથી ઉત્પન્ન થઈને કાળથી નષ્ટ પામે છે, એમ જાણવું જોઈએ. (૫)*

**उभे भद्रे जोषयेते न मेने गावो न वाश्रा उप तस्थुरेवैः।**
**स दक्षाणां दक्षपतिर्बभूवाञ्जन्ति यं दक्षिणतो हविर्भिः॥६॥**

પદાર્થ : भद्रे-સુખપ્રદ उभे-રાત અને દિવસ બન્ને मेने-પ્રીતિ કરતી સ્ત્રીઓની न-સમાન यम्-જે સમયનું जौषयेते-સેવન કરે છે, वाश्राः-વાછરડાને ચાહતી गावः-ગાયોની न-સમાન સમયના અને અંગ અર્થાત્ મહિનાઓ, વર્ષ આદિ एवैः-સર્વ વ્યવહારને પ્રાપ્ત કરાવનારા ગુણોની સાથે उपतस्थुः-સમીપ થાય છે વા दक्षिणतः-દક્ષિણાયન કાળના વિભાગથી हविर्भिः-યજ્ઞ સામગ્રી કરીને જે સમયને વિદ્વાનજન अञ्जन्ति-ચાહે છે सः-તે दक्षाणाम्-વિદ્યા અને ક્રિયાની કુશળતાઓમાં ચતુર વિદ્વાન અત્યુત્તમ પદાર્થોમાં दक्षपतिः-વિદ્યા તથા ચતુરાઈને પાળનારા बभूव-થાય છે. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ રાત-દિવસ આદિ કાળના અવયવોનું સમ્યક્ સેવન કરવું જોઈએ. તેમાં ધર્માનુસાર યજ્ઞ કર્મ આદિ શ્રેષ્ઠ વ્યવહારો જ કરવા જોઈએ, અન્ય અધર્મ આદિ નહિ. (૬)*

उद्यंयमीति सवितेव बाहू उभे सिचौं यतते भीम ऋञ्जन्।
उच्छुक्रमत्कमजते सिमस्मान्नवा मातृभ्यो वसना जहाति॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! જે भीमः-ભયંકર ऋञ्जन्-સર્વને પ્રાપ્ત થતો કાળ मातृभ्यः-માન કરનાર ક્ષણ આદિ પોતાના અવયવોથી सवितेव-જેમ સૂર્યલોક પોતાની આકર્ષણ શક્તિથી ભૂગોળ આદિ લોકોને ધારણ કરે છે, તેમ उद्यंयमीति-વારંવાર નિયમમાં રાખે છે. बाहू-બળ અને પરાક્રમ વા उभे-સૂર્ય અને પૃથિવી सिचौ-વા વર્ષા દ્વારા સિંચનાર વાયુ અને અગ્નિને यतते-વ્યવહારમાં લાવે છે તે કાળ अत्कम्-નિરંતર शुक्रम्-પરાક્રમને सिमस्मात्-સમસ્ત જગતથી उद्-ઉપરની શ્રેણીને अजते-પહોંચાડે છે અને नवा-નવીન वसना-આચ્છાદનને जहाति-છોડે છે, એ જાણો. (૭)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે કાળથી સૂર્ય આદિ જગત ઉત્પન્ન થાય છે અને ક્ષણ આદિ દ્વારા સર્વને ઢાંકે છે, સર્વ નિયમોનો નિમિત્ત છે તથા સર્વ પદાર્થોની પ્રવૃત્તિનો આધાર છે, તેને જાણીને તમારે ઠીક સમય પર કાર્યો કરવા જોઈએ. (૭)*

त्वेषं रूपं कृणुत उत्तरं यत्संपृञ्चानः सदने गोभिरद्भिः।
कविर्बुध्नं परि मर्मृज्यते धीः सा देवताता समितिर्बभूव॥ ८॥

પદાર્થ : મનુષ્યોએ यत्-જે संपृञ्चानः-સમ્યક્ પરિચય કરતા-કરાવતા कविः-જેના ક્રમથી દર્શન થાય છે, તે સમય सदने-ઘરમાં गोभिः-સૂર્યનાં કિરણો વા अद्भिः-પ્રાણ આદિ વાયુઓથી उत्तरम्-ઉત્પન્ન થનાર त्वेषम्-મનોહર बुध्नम्- પ્રાણ અને બળ સંબંધી વિજ્ઞાન અને रूपम्-સ્વરૂપને कृणुते-કરે છે તથા જે धीः-ઉત્તમ બુદ્ધિ વા ક્રિયા परि-मर्मृज्यते-સર્વ રીતે શુદ્ધ થાય છે सा-તે देवताता-ઈશ્વર અને વિદ્વાનોની સાથે समितिः-વિશેષ જ્ઞાનની મર્યાદા बभूव-થાય છે, એ સમસ્ત ઉક્ત વ્યવહારને જાણીને બુદ્ધિને ઉત્પન્ન કરે. (૮)

*ભાવાર્થ : કાળ વિના કાર્ય સ્વરૂપ ઉત્પન્ન થઈને લીન થતું નથી. બ્રહ્મચર્ય આદિ કાળના સેવન વિના સમસ્ત શાસ્ત્રોના જ્ઞાનથી યુક્ત બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. તેથી મનુષ્યોએ કાળના પરમ સૂક્ષ્મ સ્વરૂપને જાણીને તેને વ્યર્થ ન ગુમાવવો જોઈએ, પરંતુ આળસ ત્યાગીને સમયાનુસાર વ્યાવહારિક અને પારમાર્થિક કાર્યો સદા કરવા જોઈએ. (૮)*

उरु ते ज्रयः पर्येति बुध्नं विरोचमानं महिषस्य धाम।
विश्वेभिरग्ने स्वयशोभिरिद्धोऽदब्धेभिः पायुभिः पाह्यस्मान्॥ ९॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! ते-આપના સંબંધથી જેમ સૂર્ય તેમइद्धः-પ્રકાશમાન થયેલ સમય

विश्वेभिः-સમસ્ત स्वयशोभिः-પોતાના પ્રશંસિત ગુણ, કર્મ અને સ્વભાવોથી अदब्धेभिः-વા કોઈથી ન મટી શકે એવા पायुभिः-અનેક પ્રકારના રક્ષા આદિ વ્યવહારોથી યુક્ત विरोचमानम्-વિવિધ પ્રકારથી પ્રકાશમાન बुध्नम्-પ્રથમોક્ત અન્તરિક્ષને उरु-વા બહુ જ व्रयः-જેથી આયુ વ્યતીત કરે છે તે વૃત્તને વા अस्मान्-અમને તથા महिषस्य-મહાન લોકને धाम-સ્થાનાન્તરને पर्येति-પર્યાયથી પ્રાપ્ત થાય છે, તેમ અમારી पाहि-રક્ષા કર અને તેની સેવા કર. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ, કે વ્યાપક કાળ વિના સૂર્ય આદિ કાર્ય જગતની વારંવાર અવસ્થિતિ થતી નથી અને તેનાથી પૃથક (રહીને) અમારા કોઈ પણ કામ સંભવ નથી. (૯)*

धन्वन्त्स्रोतः कृणुते गातुमूर्मिं शुक्रैरूर्मिभिरभि नक्षति क्षाम्।
विश्वा सनानि जठरेषु धत्तेऽन्तर्नवासु चरति प्रसूषु॥ १० ॥

પદાર્થ : હે મનુષ્યો ! જે સમય વા વિદ્યુત્ રૂપ અગ્નિ धन्वन्-અન્તરિક્ષમાં स्त्रोतः-જેથી અન્ય-અન્ય વસ્તુ વા જળ પ્રાપ્ત થાય છે તે गातुम्-પ્રાપ્ત થવા યોગ્ય ऊर्मिम्-પ્રભાતવેળા વા જળના તરંગોને कृणुते-પ્રકટ કરે છે વા शुक्रैः-શુદ્ધ ક્રમ વા કિરણો તથા ऊर्मिभिः-પદાર્થ પ્રાપ્ત કરાવનારા તરંગોથી क्षाम्-ભૂમિને પણ अभि, नक्षति-સર્વત્ર વ્યાપ્ત અને પ્રાપ્ત થાય છે વા જે जठरेषु-અંદરના વ્યવહારો અને ઉદરની અંદર અન્ન આદિ પાચનના સ્થાનોમાં विश्वा-સમસ્ત सनानि-સંવિભાગયુક્ત પદાર્થોને धत्ते-સ્થાપિત કરે છે વા જે प्रसूषु-પદાર્થ ઉત્પન્ન થાય છે તેમાં વા नवासु-નવીન પ્રજાજનોમાં अन्तः-અંદર चरति-વિચરે છે, તેને યથાવત્ જાણો. (૧૦)

*ભાવાર્થ : આપ્ત વિદ્વાનોને વ્યાપ્તિ સ્વભાવ વાળા કાળ અને વિદ્યુતરૂપ અગ્નિને જાણીને તેના નિમિત્તથી થનારા અનેક કાર્યોને યથાવત્ રીતે સિદ્ધ કરવા જોઈએ. (૧૦)*

एवा नो अग्ने समिधा वृधानो रेवत्पावक श्रवसे वि भाहि।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ ११ ॥

પદાર્થ : હે पावकः-પવિત્ર अग्ने-વિદ્વાન્ ! કાળ =સમય અને વિદ્યુત્રૂપ ભૌતિક અગ્નિ नः-અમારા समिधा-સમ્યક્ પ્રકાશને પ્રાપ્ત કરેલ પોતાના ભાવથી વા ઈંધન = બળતણ આદિ वृधानः-વધતા વા વૃદ્ધિ કરતા જે रेवत्-પરમ ઉત્તમ ધનવાન श्रवसे-શ્રવણ કરવા તથા અન્નને માટે एव-જ અનેક પ્રકારથી પ્રકાશિત થાય છે उत-અને तत्-તેથી मित्रः-પ્રાણ, वरुणः-ઉદાન, अदितिः-અન્તરિક્ષ આદિ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-ભૂમિ વા द्यौः-વિદ્યુત્નો પ્રકાશ नः-અમારી मामहन्ताम्-વૃદ્ધિ-ઉન્નતિ કરે છે; તેમ આપ અમને वि, भाहि-પ્રકાશિત કરો વા કાળ વા ભૌતિક અગ્નિ પ્રકાશિત થાય છે. (૧૧)

*ભાવાર્થ : કોઈને પણ કાળ વિદ્યા અને અગ્નિ વિદ્યા વિના વિદ્યાયુક્ત ધન પ્રાપ્ત થઈ શકતું નથી.*

*કોઈ પણ સમય અનુસાર કાર્ય કર્યા વિના પ્રાણ આદિથી યથાવત્ રીતે ઉપકાર કરી શકતા નથી. તેથી આ સર્વ જાણીને તથા સમસ્ત કાર્યોની સિદ્ધિ કરીને સદા આનંદિત રહેવું જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં કાળ અને અગ્નિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૫)

## સૂક્ત-૯૬

**स प्रत्नथा सहसा जायमानः सद्यः काव्यानि बळधत्त विश्वा।**
**आपश्च मित्रं धिषणा च साधन्देवा अग्निं धारयन्द्रविणोदाम्॥ १॥**

પદાર્થ : જે **देवाः**-વિદ્વાનો **द्रविणोदाम्**-દ્રવ્યોના દાતા **अग्निम्**-પરમેશ્વર વા ભૌતિક અગ્નિને **धारयन्**-ધારણ કરે છે-કરાવે છે. તે સર્વ કામોને **साधन्**-સિદ્ધ કરે છે-કરાવે છે. તેના **आपः**-પ્રાણ **च**-અને વિદ્યાના અધ્યાપન આદિ કામ **मित्रम्**-મિત્ર **धिषणा**-**च**-અને બુદ્ધિ તથા હસ્તક્રિયાથી સિદ્ધ થાય છે. જે મનુષ્ય **सहसा**-બળથી **प्रत्नथा**-પ્રાચીનોની સમાન **जायमानः**-પ્રકટ થઈને **विश्वा**-સમસ્ત **काव्यानि**-વિદ્વાનોને માટે કાવ્યોને **सद्यः**-શીઘ્ર **बट्**-યથાવત્ **अधत्**-ધારણ કરે છે, **सः**-તે વિદ્વાન બને છે અને સુખી થાય છે. (૧)

*ભાવાર્થ : મનુષ્ય બ્રહ્મચર્ય અને વિદ્યા પ્રાપ્તિ વિના વિદ્વાન બની શકતો નથી અને વિદ્વતા વિના પરમેશ્વર અને વિદ્યુત્‌ને જાણ્યા વિના કાર્ય કરી શકતો નથી, તેથી તેનું નિત્ય અનુષ્ઠાન કરવું જોઈએ. (૧)*

**स पूर्वया निविदा कव्यतायोरिमाः प्रजा अजनयन्मनूनाम्।**
**विवस्वता चक्षसा द्यामपश्च देवा अग्निं धारयन्द्रविणोदाम्॥ २॥**

પદાર્થ : મનુષ્યોએ જે **पूर्वया**-પ્રાચીન **निविदा**-વેદવાણી **कव्यता**-જેથી કવિતા આદિ કાર્યોનો વિસ્તાર કરે તેથી **मनूनाम्**-વિચારશીલ પુરુષોથી સમીપ **आयोः**-સનાતન કારણથી **इमाः**-એ પ્રત્યક્ષ **प्रजाः**-ઉત્પન્ન થનાર પ્રજાજનોને **अजनयन्**-ઉત્પન્ન કરે છે; વા **विवस्वता**-**चक्षसा**-સર્વ કાર્યોના દેખાડનાર સૂર્યથી **द्याम्**-પ્રકાશ, **अपः**-જળ, **च**-પૃથિવી વા ઓષધિ આદિ પદાર્થો તથા જે **द्रविणोदाम्**-ધન આપનારા **अग्निम्**-પરમેશ્વરને **देवाः**-આપ્ત વિદ્વાનજન **धारयन्**-ધારણ કરે છે. **सः**-તે નિત્ય ઉપાસના કરવા યોગ્ય છે. (૨)

*ભાવાર્થ : જ્ઞાન (અર્થાત્ ચેતના) વાન ઉત્પાદક વિના કોઈ જડ કાર્યરૂપ વસ્તુ સ્વયં ઉત્પન્ન થઈ શકતી નથી. તેથી (સર્વ જન) સર્વશક્તિમાન જગદીશ્વરને સમસ્ત સંસારના ઉત્પાદક માને. (૨)*

**तमीळत प्रथमं यज्ञसाधं विश आरीराहुतमृञ्जसानम्।**
**ऊर्जः पुत्रं भरतं सृप्रदानुं देवा अग्निं धारयन्द्रविणोदाम्॥ ३॥**

પદાર્થ : હે મનુષ્યો ! જે प्रथमम्-સમસ્ત ઉત્પન્ન જગતની પૂર્વ વર્તમાન यज्ञसाधम्-વિજ્ઞાન યોગાભ્યાસ આદિ યજ્ઞોથી જાણવામાં આવતા ऋञ्जसानम्-વિવેક આદિ સાધનોથી સમ્યક્ સિદ્ધ કરાતા आहुतम्-વિદ્વાનોથી સત્કારને પ્રાપ્ત आरीः-પ્રાપ્ત કરવા યોગ્ય विशः-પ્રજાજનો અને भरतम्-ધારણ વા પુષ્ટિ કરનાર सूप्रदानुम्-જેનાથી જ્ઞાન પ્રદાન થાય છે, તે ऊर्जः-કારણરૂપ વાયુથી पुत्रम्-પ્રસિદ્ધ થયેલ પ્રાણને ઉત્પન્ન કરનાર અને द्रविणोदाम्-ધન આદિ પદાર્થોના દાતા अग्निम्-જગદીશ્વરને देवाः-વિદ્વાનો धारयन्-ધારણ કરે છે-કરાવે છે, तम्-તે પરમેશ્વરની તમે નિત્ય ईळत-સ્તુતિ કરો. (૩)

*ભાવાર્થ : હે જિજ્ઞાસુ મનુષ્યો ! તમે જે ઈશ્વરને સર્વ જીવોને માટે સર્વ સૃષ્ટિઓને રચીને પ્રાપ્ત કરાવેલ છે અને જેને સૃષ્ટિને ધારણ કરનારા વાયુ અને સૂર્ય નિર્માણ કરેલ છે, તેને છોડીને અન્યની કદાપિ ઈશ્વરના રૂપમાં ઉપાસના કરો નહિ. (૩)*

स मातरिश्वा पुरुवारपुष्टिर्विदद् गातुं तनयाय स्वर्वित्।
विशां गोपा जनिता रोदस्योर्देवा अग्निं धारयन्द्रविणोदाम्॥ ४॥

પદાર્થ : મનુષ્યોએ જે ઈશ્વરે तनयाय-પોતાના પુત્રની સમાન જીવને માટે स्वर्वित्-સુખ પહોંચાડનારી मातुम्-વાણીને विदत्-પ્રાપ્ત કરાવેલ છે, पुरुवारपुष्टिः-જેથી અત્યંત સમસ્ત વ્યવહારનો સ્વીકાર કરવાની પુષ્ટિ થાય છે, તે मातरिश्वा-અન્તરિક્ષમાં શયન કરનાર અને બહાર-અંદર રહેનાર વાયુ રચેલ છે, જે विशाम्-પ્રજાજનોનું गोपाः-પાલન અને रोदस्योः-પ્રકાશ અને અંધકારના દર્શક લોક સમૂહોના जनिता-ઉત્પન્ન કરનાર છે જે द्रविणोदाम्-ધન દાતાની સમાન अग्निम्-જગદીશ્વરને देवाः-ઉક્ત વિદ્વાનો धारयन्-ધારણ કરે છે, કરાવે છે. सः-તેને સર્વ દિવસ ઈષ્ટ દેવ માનવા યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : વાયુરૂપી નિમિત્ત વિના કોઈની પણ વાણી પ્રવૃત્ત થઈ શકતી નથી, તેમજ કોઈની પુષ્ટિ પણ થઈ શકતી નથી. ઈશ્વર વિના જગતની ઉત્પત્તિ અને રક્ષા થઈ શકતી નથી, એમ જાણવું જોઈએ. (૪)*

नक्तोषासा वर्णमामेम्याने धापयेते शिशुमेकं समीची।
द्यावाक्षामा रुक्मो अन्तर्वि भाति देवा अग्निं धारयन्द्रविणोदाम्॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! જેની સૃષ્ટિમાં वर्णम्-સ્વરૂપ અર્થાત્ ઉત્પન્ન માત્રને आमेम्याने-વારંવાર વિનાશ કરતા समीची-સંગને પ્રાપ્ત नक्तोषासा-રાત અને દિવસ વા द्यावाक्षामा-સૂર્ય અને પૃથિવી લોકને शिशुम-બાળકને धाययेते-દૂધ પાન કરાવનારા માતા-પિતાની સમાન રસ આદિનું પાન કરાવે છે, જેની ઉત્પન્ન કરેલી વિદ્યુત્થી યુક્ત रुक्मः-સ્વયં પ્રકાશ સ્વરૂપ પ્રાણ अन्तः-સર્વની મધ્ય वि, भाति-વિશેષ પ્રકાશને પ્રાપ્ત થાય છે. જે द्रविणोयाम्-ધન આદિ પદાર્થ આપનારી સમાન एकम्-અદ્વિતીયમાત્ર સ્વરૂપ अग्निम्-પરમેશ્વરને देवाः-આપ્ત વિદ્વાનો धारयन्-ધારણ કરે છે અને કરાવે છે, તે જ સર્વના પિતા છે. (૫)

*ભાવાર્થ : જે સ્તનપાન કરાવતા બાળકની પાસે રહેલ બે સ્ત્રીઓ દૂધપાન કરાવે છે, તેમ જ દિવસ*

*અને રાત તથા સૂર્ય અને પૃથિવી છે. જેના નિયમથી એમ બને છે, તે (ઈશ્વર) સર્વનો ઉત્પાદક કેમ ન હોય ? (૫)*

**रा॒यो बु॒ध्नः सं॒गम॑नो॒ वसू॑नां य॒ज्ञस्य॑ के॒तुर्म॑न्म॒साध॑नो॒ वेः।**

**अ॒मृ॒त॒त्वं रक्ष॑माणास एनं दे॒वा अ॒ग्निं धा॑रयन्द्रविणो॒दाम्॥ ६ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! वेः-મનોહર यज्ञस्य-સમ્યક સમજાવવા યોગ્ય વિદ્યા બોધને बुध्नः-સમજાવવા અને केतुः-સર્વ વ્યવહારને અનેક પ્રકારથી જ્ઞાપક मन्मसाधनः-વા વિચારયુક્ત કામોને સિદ્ધ કરાવનાર તથા रायः-વિદ્યા, ચક્રવર્તી રાજ્ય, ધન અને वसूनाम्-તેત્રીસ દેવતાઓમાં અગ્નિ, પૃથિવી આદિ આઠ દેવતાઓને संगमनः-સારી રીતે પ્રાપ્ત કરાવનાર છે; વા अमृतत्वम्-મોક્ષ માર્ગને रक्षमाणासः-જે રક્ષે છે, તે देवाः-આપ્ત વિદ્વાનો જે द्रविणोदाम्-ધન આદિ પદાર્થોના દાતાની સમાન સર્વ જગતને આપનારા अग्निम्-પરમેશ્વરને धारयन्-ધારણ કરે છે વા કરાવે છે; एनम्-તેને તમે ઈષ્ટ દેવ માનો. (૬)

*ભાવાર્થ : જીવનમુક્ત અથવા દેહાભિમાન રહિતમુક્ત વિદ્વાન જેનો આશ્રય પ્રાપ્ત કરીને આનંદિત રહે છે, તેની (ઈશ્વરની) સર્વેએ ઉપાસના કરવી જોઈએ. (૬)*

**नू च॑ पु॒रा च॒ सद॑नं र॒यी॒णां जा॒तस्य॑ च॒ जाय॑मानस्य च॒ क्षाम्।**

**स॒तश्च॑ गो॒पां भव॑तश्च॒ भूरे॑र्दे॒वा अ॒ग्निं धा॑रयन्द्रविणो॒दाम्॥ ७ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેને देवाः-વિદ્વાનો नु-શીઘ્ર અને च-વિલંબથી વા पुरा-કાર્યથી પૂર્વ च-અને મધ્યમાં रयीणाम्-વર્તમાન પૃથિવી આદિ કાર્ય દ્રવ્યોની सदनम्-ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશના નિમિત્ત વા जातस्य-ઉત્પન્ન કાર્યજગતના च-નાશ થતાં અને जायमानस्य-કલ્પના અંતમાં પુનઃ ઉત્પન્ન થનાર કાર્યરૂપ જગતના च-પુનઃ એ જ પ્રમાણે જગતનું ઉત્પન્ન અને વિનાશ થવામાં क्षाम्-પોતાની વ્યાપ્તિથી નિવાસના હેતુ વા भूरेः-વ્યાપક सतः-અનાદિ વિદ્યમાન, વિનાશરહિત, કારણભૂત તથા च-કાર્યરૂપ भवतः-વર્તમાન च-ભૂત અને ભવિષ્ય ઉક્ત જગતના गोपाम्-રક્ષક અને द्रविणोदाम्-ધન આદિ પદાર્થોના દાતા अग्निम्-જગદીશ્વરને धारयन्-ધારણ કરે છે વા કરાવે છે, તે એક સર્વ શક્તિમાન જગદીશ્વરને ધારણ કરો વા કરાવો. (૭)

*ભાવાર્થ : ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલને ઈશ્વર વિના જાણવાવાળા પ્રભુ કાર્ય, કારણ વા પાપી અને પુણ્યાત્માજનોના કર્મની વ્યવસ્થા કરનાર અન્ય કોઈ પદાર્થ નથી, એ સર્વ મનુષ્યોએ માનવું જોઈએ. (૭)*

**द्र॒वि॒णो॒दा द्रवि॑णसस्तु॒रस्य॑ द्रविणो॒दाः सन॑रस्य॒ प्र यं॑सत्।**

**द्र॒वि॒णो॒दा वी॒रव॑ती॒मिषं॑ नो द्रविणो॒दा रा॑सते दी॒र्घमायुः॥ ८ ॥**

પદાર્થ : હે મનુષ્યો ! જે द्रविणोदाः-ધન આદિ પદાર્થોના દાતા तुरस्य-શીઘ્ર સુખકારક द्रविणसः-

દ્રવ્ય સમૂહના વિજ્ઞાનને प्र, यसत्-નિયમમાં રાખનાર વા જે द्रविणोदाः-પદાર્થોના વિભાગ દર્શાવનાર सनरस्य-એક બીજાથી જે અલગ કરવામાં આવે તે પદાર્થ વા વ્યવહારના વિજ્ઞાનને નિયમમાં રાખે વા જે द्रविणोदाः-શૂરવીરતા આદિ ગુણોના દાતા वीरवतीम्-જેથી પ્રશંસિત વીર બને તે इषम्-અન્નાદિ પ્રાપ્તિની ચાહનાને નિયમમાં રાખનાર વા જે द्रविणोदाः-આયુર્વેદ અર્થાત્ વૈદ્યક શાસ્ત્રના દાતા नः-અમારા માટે दीर्घम्-દીર્ઘ आयुः-જીવન रासते-પ્રદાન કરે, તે ઈશ્વરની સર્વ મનુષ્યો ઉપાસના કરે. (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે પરમગુરુ પરમેશ્વર દ્વારા વેદના માધ્યમથી સર્વ પદાર્થોનું વિશેષ જ્ઞાન કરાવેલ છે, તેનો આશ્રય કરીને યથાયોગ્ય વ્યવહાર કરવા માટે અને ધર્મ-અધર્મ-કામ-મોક્ષની સિદ્ધિ માટે દીર્ઘાયુષ્યની તમે રક્ષા કરો. (૮)*

एवा नो॑ अग्ने स॒मिधा॑ वृधा॒नो रे॒वत्पा॑वक॒ श्रव॑से॒ वि भा॑हि।
तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑तिः॒ सिन्धुः॑ पृथि॒वी उ॒त द्यौः॥ ९॥

પદાર્થ : હે पावक-આપ પવિત્ર અને સંસારને પવિત્ર કરનાર તથા अग्ने-સમસ્ત મંગલ પ્રકટ કરનાર પરમેશ્વર ! समिधा-જેના સમાન વ્યવહાર પ્રકાશિત થાય છે, તે વેદવિદ્યાથી वृधानः-નિત્ય વૃદ્ધિયુક્ત આપ नः-અમને रेवत्-રાજ્ય આદિ પ્રશંસિત શ્રીમાનને માટે વા श्रवसे-સમસ્ત વિદ્યાના શ્રવણ અને અન્નોની પ્રાપ્તિ માટે एव-જ वि, भाहि-અનેક રીતે પ્રકાશ કરાવો છો, तत्-જે આપના બનાવેલા मित्रः-બ્રહ્મચર્યના નિયમોથી બળને પ્રાપ્ત કરેલ પ્રાણ, वरुणः-ઉપર ગતિમાન ઉદાન વાયુ, अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी, ભૂમિ उत-અને द्यौः-પ્રકાશમાન સૂર્ય આદિ લોક नः-અમારા मामहन्ताम्-સત્કારના હેતુ થાય. (૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેની વિદ્યા વિના યથાર્થ વિશેષ જ્ઞાન થતું નથી અને જેને ભૂમિથી લઈને આકાશ સુધી સૃષ્ટિ રચેલ છે તથા જેની અમે ઉપાસના કરીએ છીએ, તેની તમે ઉપાસના કરો. (૯)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિ શબ્દના ગુણોના વર્ણનથી એના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ છે, એમ જાણવું જોઈએ. (૯૬)

## સૂક્ત-૯૭

अप॑ नः॒ शोशु॑चद॒घमग्ने॑ शुशु॒ग्ध्या र॒यिम्। अप॑ नः॒ शोशु॑चद॒घम्॥ १॥

પદાર્થ : હે अग्ने-સભાપતે ! આપ नः-અમારા अधम्-રોગ અને આલસ્યરૂપી પાપનું अप, शोशुचत्-વારંવાર નિવારણ કરો, रयिम्-ધનને आ-સારી રીતે शुशुग्धि-શુદ્ધ અને પ્રકાશિત કરાવો તથા नः-અમારા अधम्-મન, વચન અને શરીરથી ઉત્પન્ન પાપની अप-, शोशुचत्-શુદ્ધિ માટે દંડ આપો. (૧)

*ભાવાર્થ : સભાધ્યક્ષ (રાજા) સર્વ મનુષ્યો માટે અહિતકારી જે જે પ્રમાદ રૂપ કર્મ છે, તેને દૂર કરીને પુરુષાર્થ દ્વારા લક્ષ્મી પ્રાપ્ત કરવી જોઈએ. (૧)*

**सुक्षेत्रिया सुगातुया वसूया च यजामहे। अप नः शोशुचदघम्॥ २॥**

પદાર્થ : હે अग्ने-સભાધ્યક્ષ ! જે આપને वसूया-જેને પોતાને ધનની ચાહના હોય, सुगातुया-જેમાં સારી પૃથિવી હોય અને सुक्षेत्रिया-બીજ વાવવા યોગ્ય શ્રેષ્ઠ ક્ષેત્ર = ખેતર હોય, તે જે નીતિથી હોય, તેથી च-તથા શસ્ત્ર અને અસ્ત્ર બાંધનારી સેનાથી અમે यजामहे-સંગ કરતા હોય, તે આપ नः-અમારા अधम्-દુષ્ટ વ્યસનને अप, शोशुचत्-દુર કરો. (૨)

*ભાવાર્થ : સભાધ્યક્ષ રાજાએ સામ, દંડ, ભેદ રૂપી ક્રિયાઓથી યુક્ત નીતિ અપનાવીને, પ્રજાઓના દુઃખોને દૂર કરવા માટે નિત્ય ઉદ્યમ કરવો જોઈએ. પ્રજાએ એવો જ સભાધ્યક્ષ બનાવવો જોઈએ. (૨)*

**प्र यद्भन्दिष्ठ एषां प्रास्माकासश्च सूरयः। अप नः शोशुचदघम्॥ ३॥**

પદાર્થ : હે अग्ने-સભાપતે ! यत्-જે આપની સભામાં एषाम्-એ મનુષ્ય આદિ પ્રજાજનોની મધ્ય अस्माकासः-અમારામાંથી प्र, सूरयः-અત્યંત બુદ્ધિમાન વિદ્વાન च-અને વીરપુરુષ હોય, તે સભાસદ બને. भन्दिष्ठः-અતિ કલ્યાણકારક આપ नः-અમારા अधम्-શત્રુજન્ય દુઃખરૂપ પાપને प्र + अप + शोशुचत्-દૂર કરો. (૩)

*ભાવાર્થ : ... જ્યારે વિદ્વાનજન સભા આદિનો અધ્યક્ષ હોય, આપ્તજન સભાસદ હોય અને પૂર્ણ શારીરિક બળયુક્ત કર્મચારી હોય, ત્યારે રાજ્ય આદિની પ્રાપ્તિ અને સારી રીતે વિજય થાય છે. એથી વિપરીતમાં વિપરીત પરિણામ થાય છે. (૩)*

**प्र यत्ते अग्ने सूरयो जायेमहि प्र ते वयम्। अप नः शोशुचदघम्॥ ४॥**

પદાર્થ : હે अग्ने-આપ ઉત્તર-પ્રત્યુત્તરથી કહેનારા ! यत्-જે ते-આપની જેમ सूरयः-પૂર્ણ વિદ્યાવાન વિદ્વાન સભાસદ છે, તે ते-આપના તેવા જ वयम्-અમે પણ प्र, जायेमहि-પ્રજાજન હોય અને એવા તમે नः-અમારા अधम्-વિરોધરૂપ પાપને प्र + अप + शोशुचत्-સમ્યક્ રીતે દૂર કરો.

*ભાવાર્થ : આ સંસારમાં જેવી રીતે ધાર્મિક સભાધ્યક્ષ આદિ મનુષ્ય હોય, તેવા જ પ્રજાજનો પણ હોવા જોઈએ. (૪)*

**प्र यदग्नेः सहस्वतो विश्वतो यन्ति भानवः। अप नः शोशुचदघम्॥ ५॥**

પદાર્થ : હે વિદ્વાનો ! તમે यत्-જે सहस्वतः-પ્રશંસિત બળવાળા अग्नेः-ભૌતિક અગ્નિના भानवः-પ્રદીપ્ત કિરણો विश्वतः-સર્વ સ્થાનથી प्रयन्ति-પ્રસરે છે વા જે नः-અમારા अधम्-દરિદ્રતાને अप + शोशुचत्-દૂર કરે છે, તેને કાર્યમાં સારી રીતે સંયુક્ત કરો-જોડો. (૫)

*ભાવાર્થ : કોઈ પણ મૂર્તદ્રવ્ય એવું નથી જે વિદ્યુત્‌થી વ્યાપ્ત ન હોય, જે અગ્નિ શિલ્પક્રિયા દ્વારા કાર્યોમાં પ્રયોગ કરેલ ધન ઉત્પન્ન કરનાર હોય છે, તેને મનુષ્યોએ સારી રીતે જાણવા જોઈએ.*

त्वं हि वि॑श्वतोमुख वि॒श्वतः॑ परि॒भूरसि॑। अप॑ नः॒ शोशु॑चद॒घम्॥ ६॥

પદાર્થ : હે विश्वतोमुख-સર્વમાં વ્યાપ્ત હોવાથી અને અન્તર્યામીથી સર્વને શિક્ષા = ઉપદેશ આપનાર જગદીશ્વર ! જે કારણે त्वं, हि-આપ જ विश्वतः-સર્વત્રથી परिभूः-સર્વથી ઉપર વિરાજમાન असि-છો એથી नः-અમારા अधम्-દુષ્ટ સ્વભાવ સંગ રૂપ પાપને अप + शोशुचत्-દૂર કરાવો. (૬)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા સત્ય પ્રેમભાવથી પ્રાર્થના કરેલ અન્તર્યામી ઈશ્વર આત્મામાં સત્ય ઉપદેશ દ્વારા પાપથી પૃથક્ કરીને શુભ ગુણ-કર્મ-સ્વભાવોમાં પ્રવૃત્ત કરે છે. તેથી એ નિત્ય ઉપાસના કરવા યોગ્ય છે. (૬)*

द्विषो॑ नो विश्वतोमुखाति॑ ना॒वेव॑ पारय। अप॑ नः॒ शोशु॑चद॒घम्॥ ७॥

પદાર્થ : હે विश्वतोमुख-સર્વોત્તમ ઐશ્વર્યથી યુક્ત પરમાત્મન્ ! આપ नावेव-જેમ નાવથી સમુદ્ર પાર થાય, તેમ नः-અમને द्विषः-ધર્મથી દ્વેષ કરનાર અર્થાત્ તે (ધર્મ)થી વિરુદ્ધ ચાલનાર તેનાથી अति,-पारय-પાર પહોંચાડો-કરો. नः-અમારા अधम्-શત્રુઓથી ઉત્પન્ન થયેલ દુઃખોને अप + शोशुचत् દૂર કરો. (૭)

*ભાવાર્થ : જેમ ન્યાયાધીસ ડાકુ આદિને નૌકા આદિમાં નાખીને સમુદ્રની સામે પાર નિર્જન જંગલ વાળા સ્થાનમાં બંધ કરીને પ્રજાઓનું પાલન કરે છે. તેમજ સમ્યક્ ઉપાસના કરેલ ઈશ્વર ઉપાસકોના કામ, ક્રોધ, લોભ, મોહ, ભય અને શોક આદિ શત્રુઓને શીઘ્ર નિવૃત્ત કરી-હટાવીને તેને જિતેન્દ્રિયાદિ ગુણો પ્રદાન કરે છે. (૭)*

स नः॒ सिन्धु॑मिव ना॒वयाति॑ पर्षा स्व॒स्तये॑। अप॑ नः॒ शोशु॑चद॒घम्॥ ८॥

પદાર્થ : હે જગદીશ્વર ! सः-તે આપ કૃપા કરીને नः-અમારા स्वस्तये-સુખને માટે नावया-નાવથી सिन्धुमिव-જેમ સમુદ્રથી પાર કરાય છે, તેમ દુઃખોથી अति, पर्ष-અત્યંત પાર કરો. नः-અમારા अधम्-અશાન્તિ અને આલસ્યને अप + शोशुचत-નિરંતર દૂર કરો. (૮)

*ભાવાર્થ : (જેમ) પાર લઈ જનાર (નાવિક) મનુષ્ય આદિને સુખપૂર્વક નૌકા દ્વારા સમુદ્રથી પાર કરે છે, તેમ પરમેશ્વર વિજ્ઞાન દ્વારા દુઃખસાગરથી પાર કરે છે અને શીઘ્ર સુખયુક્ત કરે છે. (૮)*

સંગતિ : આ સીૂક્તમાં સભાધ્યક્ષ, અગ્નિ અને ઈશ્વરના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૭)

## સૂક્ત-૯૮

वैश्वानरस्य सुमतौ स्याम राजा हि कं भुवनानामभिश्रीः।
इतो जातो विश्वमिदं वि चष्टे वैश्वानरो यतते सूर्येण॥ १॥

પદાર્થ : જે वैश्वानरः-સમસ્ત જીવોને યથાયોગ્ય વ્યવહારોમાં વર્તાવનાર ઈશ્વર વા જઠરાગ્નિ ! वा इतः-કારણથી जातः-પ્રસિદ્ધ થયેલ इदम्-એ પ્રત્યક્ષ कम्-સુખને विश्वम्-વા સમસ્ત જગતને विचष्टे-વિશેષ ભાવથી દર્શાવે છે અને જે सूर्येण-પ્રાણ વા સૂર્યલોકની સાથે यतते-યત્ન કરનાર હોય છે, વા જે भुवनानाम्-લોકોનું अभिश्रीः-સર્વ પ્રકારનું ધન છે તથા જે ભૌતિક અગ્નિથી સર્વ પ્રકારનું ધન છે તથા જે ભૌતિક અગ્નિથી સર્વ પ્રકારનું ધન થાય છે વા राजा-જે ન્યાયાધીશ સર્વનો અધિપતિ છે તથા પ્રકાશમાન વિદ્યુતૂરૂપ અગ્નિ છે તે वैश्वानरस्य-સમસ્ત પદાર્થોના દાતા ઈશ્વરના ભૌતિક અગ્નિની सुमतौ-શ્રેષ્ઠ મતિમાં અર્થાત્ જે અત્યંત ઈશ્વરની પ્રસિદ્ધ કરેલી મતિ = બુદ્ધિ વા ભૌતિક અગ્નિથી અત્યંત પ્રસિદ્ધ થયેલી મતિ તેમાં हि-જ वयम्-અમે स्याम्-સ્થિર થઈએ. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે વ્યવહાર બનીને સમસ્ત સંસારને પ્રકાશિત કરે છે, તેના ઉત્તમ ગુણોથી પ્રસિદ્ધ તેની આજ્ઞામાં તમે નિત્ય પ્રવૃત્ત થાઓ અને જે એ પ્રકારના સૂર્ય આદિનો પ્રકાશક અગ્નિ છે, તેની વિદ્યાને સિદ્ધ કરવામાં (પણ નિત્ય) પ્રવૃત્ત થાઓ. તેમ કર્યા વિના કોઈ પણ મનુષ્યની પાસે પૂર્ણ સંપત્તિ થઈ શકતી નથી. (૧)*

पृष्टो दिवि पृष्टो अग्निः पृथिव्यां पृष्टो विश्वा ओषधीरा विवेश।
वैश्वानरः सहसा पृष्टो अग्निः स नो दिवा स रिषः पातु नक्तम्॥ २॥

પદાર્થ : જે अग्निः-ઈશ્વર અને ભૌતિક અગ્નિ दिवि-દિવ્ય ગુણ સંપન્ન જગતમાં पृष्टः-વિદ્વાનોને પૂછાતા વા જે पृथिव्याम्-અન્તરિક્ષ અને ભૂમિમાં पृष्टः-પૂછવા યોગ્ય છે વા જે पृष्टः-પૂછવા યોગ્ય वैश्वानरः-સર્વ મનુષ્યમાત્રના સત્ય વ્યવહારમાં પ્રવૃત્ત કરાવનાર अग्निः-ઈશ્વર અને ભૌતિક અગ્નિ विश्वा-સમસ્ત ओषधीः-સોમલતા આદિ ઔષધિમાં आ, विवेश-પ્રવિષ્ટ થઈ અને सहसा-બળ આદિ ગુણોની સાથે રહેલ पृष्टः-પૂછવા યોગ્ય છે, તે नः-सः-અમને दिवा-रिषः-મારનારથી અને नक्तम्-રાતે મારનારથી पातु-બચાવે વા ભૌતિક અગ્નિ બચાવે છે. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોની સમીપ જઈને ઈશ્વરના તથા વિદ્યુત્ આદિના ગુણોને પૂછીને તથા (ઈશ્વરની ઉપાસના અને અગ્નિના ગુણોના) ઉપકારોનો આશ્રય લઈને હિંસામાં પ્રવૃત્ત ન રહેવું જોઈએ. (૨)*

वैश्वानर तव तत्सत्यमस्त्वस्मान् रायो मघवानः सचन्ताम्।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ ३॥

## સૂક્ત-૯૯

**जा॒तवे॑दसे सुनवाम॒ सोम॑मरातीय॒तो नि द॑हाति॒ वेद॑:।**
**स न॑: पर्ष॒दति॑ दु॒र्गाणि॒ विश्वा॑ ना॒वेव॒ सिन्धुं॑ दुरि॒तात्य॒ग्निः॥ १॥**

પદાર્થ : જે जातवेदसे-ઉત્પન્ન થયેલ ચરાચર જગતને જાણનાર અને પ્રાપ્ત થનાર તથા ઉત્પન્ન થયેલ સર્વ પદાર્થોમાં વિદ્યમાન જગદીશ્વરને માટે અમે सोमम्-સમસ્ત ઐશ્વર્યયુક્ત સાંસારિક પદાર્થોનો सुनवाम्-નિચોડ કરીએ છીએ અર્થાત્ યથાયોગ્ય સર્વથી વર્તીએ છીએ અને જે अरातीयतः-અધર્મીઓની સમાન વર્તનાર દુષ્ટજનના वेदः-ધનને नि, दहाति-નિરંતર નષ્ટ કરે છે, सः-તે अग्निः-વિજ્ઞાનસ્વરૂપ ઈશ્વર જેમ નાવિક नावेव-નૌકાથી सिन्धुम्-નદી વા સમુદ્રને પાર કરાવે છે, તેમ नः-અમને अति-અત્યંત दुर्गाणि-દુર્ગતિ અને अतिदुरिता-અતિ દુઃખ દેનાર विश्वा-સમસ્ત પાપાચરણોથી पर्षत्-પાર કરે છે, તે જ આ જગતમાં અન્વેષણીય = શોધ કરવા યોગ્ય છે. (૧)

*ભાવાર્થ : જેમ મહા નૌકા = જહાજ ચાલક જન દુર્ગમ મહાસાગરોમાં જહાજથી મનુષ્ય આદિને સુખપૂર્વક પાર પહોંચાડે છે, તેમ જ ઉત્તમ પ્રકારથી ઉપાસના કરેલ ઈશ્વર દુઃખરૂપી મહાસાગરમાં પડેલ મનુષ્યોને વિજ્ઞાન આદિના દાન દ્વારા સામે પાર પહોંચાડે છે.*

*પરમેશ્વરનો ઉપાસક મનુષ્ય જ શત્રુઓનો પરાજય કરીને પરમ આનંદને પ્રાપ્ત કરી શકે છે, કોઈ અન્યનું એવું સામર્થ્ય કેમ હોઈ શકે ? (૧)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વરના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૯૯)

## સૂક્ત-૧૦૦

**स यो वृषा॒ वृष्ण्ये॑भिः॒ समो॑का म॒हो दि॒वः पृ॑थि॒व्याश्च॑ स॒म्राट्।**
**स॒ती॒नस॑त्वा॒ हव्यो॒ भरे॑षु म॒रुत्वा॑न्नो भव॒त्विन्द्र॑ ऊ॒ती॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે यः-જે वृषा-વર્ષાનો હેતુ समोकाः-જેમાં યોગ્ય નિવાસનું સ્થાન છે, सतीनसत्वा-જે જળને એકત્ર કરે છે, हव्यः-તથા ગ્રહણ કરવા યોગ્ય मरुत्वान्-જેનો પ્રશંસિત વાયુ છે, જે महः-અત્યંત दिवः-પ્રકાશ તથા पृथिव्याः-ભૂમિલોક च-અને સમસ્ત મૂર્તિમાન લોકો અને પદાર્થોની મધ્ય सम्राट्-સમ્યક્ પ્રકાશમાન इन्द्रः-સૂર્યલોક છે, सः-તે જેમ वृष्ण्येभिः-શ્રેષ્ઠતામાં ઉત્પન્ન થનારા કિરણો દ્વારા भरेषु-પાલન અને પુષ્ટિ કરનારા પદાર્થોમાં नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારોને માટે भवतु-થાય છે, તેમ ઉત્તમ યત્ન કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે પરિમાણથી મહાન વાયુરૂપ કારણથી પ્રકટ અને પ્રકાશસ્વરૂપ સૂર્યલોક છે, તેનાથી વિદ્યાપૂર્વક અનેક ઉપકારો ગ્રહણ કરવા જોઈએ. (૧)*

यस्यानाप्तः सूर्यस्येव यामो भरेभरे वृत्रहा शुष्मो अस्ति।
वृषन्तमः सखिभिः स्वेभिरेवैर्मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ २॥

પદાર્થ : यस्य-જે પરમેશ્વર વા વિદ્વાન સભાધ્યક્ષના भरेभरे-ધારન કરવા યોગ્ય-પદાર્થ-પદાર્થ વા યુદ્ધ-યુદ્ધમાં सूर्यस्येव-પ્રત્યક્ષ સૂર્યલોકની સમાન वृत्रहा-પાપીઓને યથાયોગ્ય પાપનું ફળ આપવાથી ધર્મને છૂપાવનારનો વિનાશ કરીને તથા शुष्मः-જેમાં પ્રશંસિત બળ છે તે यामः-મર્યાદા अनाप्तः + अस्ति-મૂર્ખ અને શત્રુઓને પ્રાપ્ત થતા નથી, सः-તે वृषन्तम्-અત્યંત સુખદાયક તથા मरुत्वान्-પ્રશંસિત એના જનયુક્ત વા જેની સૃષ્ટિમાં પ્રશંસિત વાયુ છે, તે इन्द्रः-પરમૈશ્વર્યવાન ઈશ્વર વા સભાધ્યક્ષ સજ્જન स्वेभिः-પોતાના સેવકોએ एवैः-પ્રાપ્ત કરેલ પ્રશંસિત જ્ઞાનો અને सखिभिः-ધર્માનુકૂળ આજ્ઞાનું પાલન કરનારા મિત્રો દ્વારા ઉપાસના અને પ્રશંસા પ્રાપ્ત કરેલ नः-અમારી ऊती-રક્ષા આદિ વ્યવહારોને સિદ્ધ કરવા માટે भवतु-થાય. (૨)

*ભાવાર્થ : મનુષ્યોના દ્વારા જો સૂર્યલોક તથા આપ્ત વિદ્વાનોના ગુણોનો અન્ત જાણવો અતિ કઠિન છે, તો પરમેશ્વરના ગુણોના અન્તની તો વાત જ ક્યાં કરવી ? એ બન્નેના આશ્રય વિના કોઈની પૂર્ણ રક્ષા સંભવ નથી. તેથી એ બન્નેની સાથે મિત્રતા રાખવી જોઈએ. (૨)*

दिवो न यस्य रेतसो दुघानाः पन्थासो यन्ति शवसापरीताः।
तरद् द्वेषाः सासहिः पौंस्यैभिर्मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ ३॥

પદાર્થ : यस्य-જે ઈશ્વર વા સભાધ્યક્ષ વા અધ્યાપક વિદ્વાનોને दिवः-સૂર્યલોકની न-સમાન रेतसः-પરાક્રમની शवसा-પ્રબળતાથી अपरीताः-ન છોડેલ दुघानाः-વ્યવહારોને પૂર્ણ કરનાર तरद् द्वेषाः-જેમાં વિરોધોથી પાર હોય, તે पन्थासः-માર્ગ यन्ति-પ્રાપ્ત થાય છે અને જાય છે વા જે पौंस्येभिः-બળોની સાથે વિદ્યમાન सासाहिः-અત્યંત સહનશીલ मरुत्वान्-જેની સૃષ્ટિમાં પ્રશંસિત પ્રજા છે, તે इन्द्रः-પરમૈશ્વર્યવાન પરમેશ્વર વા સભાધ્યક્ષ नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારને માટે भवतु-થાઓ. (૩)

*ભાવાર્થ : જેમ સૂર્યના પ્રકાશથી સર્વ માર્ગો સ્પષ્ટ જોવા યોગ્ય, જવા યોગ્ય અને ડાકુ, ચોર તથા કાંટાથી રહિત બને છે. તેમ જ વેદ દ્વારા પરમેશ્વર (ની પ્રાપ્તિ) નો તથા વિદ્વાનનો માર્ગ સુપ્રકાશિત થાય છે. તેમાં ગયા (ચાલ્યા) વિના કોઈ પણ મનુષ્ય દ્વેષ આદિ દોષોથી પૃથક્ થઈ શકતો નથી, તેથી સર્વેએ એ માર્ગોથી જવું-ચાલવું જોઈએ. (૩)*

सो अङ्गिरोभिरङ्गिरस्तमो भूद् वृषा वृषभिः सखिभिः सखा सन्।
ऋग्मिभिर्ऋग्मी गातुभिर्ज्येष्ठो मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ ४॥

પદાર્થ : જે अङ्गिरोभिः-અંગોમાં રસરૂપ પ્રાણીની સાથે अङ्गिरस्तमः-અત્યંત પ્રાણની સમાન વા वृषभिः-સુખની વર્ષાનાં કારણોથી वृषा-સુખ સિંચનાર વા सखिभिः-મિત્રોની સાથે सखा-મિત્ર વા ऋग्मिभिः-ઋગ્વેદ ભણેલાઓની સાથે ऋग्मी-ઋગ્વેદી વા गातुभिः-વિદ્યાથી સુશિક્ષાને પ્રાપ્ત થયેલી વાણીઓથી ज्येष्ठः-પ્રશંસનીય सन्-થયેલ भूत्-છે, सः-તે मरुत्वान्-પોતાની સૃષ્ટિમાં, પ્રજાને ઉત્પન્ન કરનાર વા પોતાની સેનામાં પ્રશંસિત વીર પુરુષ રાખનાર इन्द्रः-ઈશ્વર અને સભાપતિ नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારને માટે भवतु-થાઓ. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે યથાર્થ રૂપમાં ઉપકારી અને સર્વથી ઉત્તમ પરમેશ્વર અથવા સભાપતિ વિદ્વાન છે, તેઓની તમે નિત્ય સેવા કરો. (૪)*

**स सूनुभिर्न रुद्रेभिर्ऋभ्वा नृषाह्ये सासह्वाँ अमित्रान्।**
**सनीळेभिः श्रवस्यानि तूर्वन्मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ ५॥**

પદાર્થ : मरुत्वान्-જેની સેનામાં પ્રશંસિત વીર પુરુષ છે વા सासह्वान्-જે શત્રુઓનો તિરસ્કાર કરે છે, તે इन्द्रः-પરમ ઐશ્વર્યવાન સભાપતિ सूनुभिः-પુત્ર વા પુત્રોની સમાન સેવકોની नः-સમાન सनीळेभिः-પોતાની સમીપ રહેનાર रुद्रेभिः-જે શત્રુઓને રડાવનાર છે તેના તથા ऋभ्वा-મહાન બુદ્ધિમાન, મંત્રીની સાથે વિદ્યમાન श्रवस्यानि-ધનાદિ પદાર્થોમાં ઉત્તમ વીરજનોને એકત્ર કરીને नृषाह्ये-જે શૂરવીરોને સહન યોગ્ય છે, તે સંગ્રામમાં अमित्रान्-શત્રુજનોને तूर्वन्-મારીને ઉત્તમ યત્ન કરે છે, सः-તે नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારને માટે भवतु-થાઓ. (૫)

*ભાવાર્થ : જે સેના આદિના અધ્યક્ષ પુત્રની સમાન સત્કાર કરેલ અને શસ્ત્રાસ્ત્રચાલન તથા યુદ્ધવિદ્યામાં સુશિક્ષિત થયેલ (સૈનિકો)થી યુક્ત બળવાન સેનાનું નિર્માણ કરીને, અતિ કઠિન યુદ્ધમાં પણ દુષ્ટ શત્રુઓને પરાજિત કરીને તથા ધાર્મિક મનુષ્યોનું પાલન કરીને ચક્રવર્તી રાજ્ય (નું શાસન) કરી શકે છે, તે જ સમસ્ત સૈનિકો અને પ્રજાજનો દ્વારા સદા સત્કાર કરવા યોગ્ય છે. (૫)*

**स मन्युमीः समदनस्य कर्तास्माकेभिर्नृभिः सूर्यं सनत्।**
**अस्मिन्नहन्त्सत्पतिः पुरुहूतो मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ ६॥**

પદાર્થ : જે मन्युमीः-ક્રોધને મારનાર વાર समदनस्य-જેમાં આનંદ છે તેના कर्त्ता-કરનાર અને सत्पतिः-સજ્જન તથા ઉત્તમ કાર્યોનું પાલન કરનાર पुरुहूतः-વા મહાન વિદ્વાન અને શૂરવીરોએ જેની સ્તુતિ અને પ્રશંસા કરેલ હોય, मरुत्वान्-જેની સેના શ્રેષ્ઠ વીરજન છે, इन्द्रः-તે પરમ ઐશ્વર્યવાન સેનાપતિ अस्माकेभिः-અમારા શરીર, આત્મા અને બળની સમાન બળોથી યુક્ત વીર नृभिः-મનુષ્યોની સાથે વર્તમાન થઈને सूर्यम्-સૂર્યના પ્રકાશની સમાન યુદ્ધ ન્યાયનું सनत्-સમ્યક્ સેવન કરે, सः-તે अस्मिन्-આજના દિવસે नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારને માટે નિરંતર भवतु-થાઓ. (૬)

*ભાવાર્થ : જેમ સૂર્યને પ્રાપ્ત થયેલ સમસ્ત પદાર્થો પૃથક્-પૃથક્ પ્રકાશિત થવા છતાં આનંદપ્રદ*

*હોય છે, તેમ જ ધાર્મિક ન્યાયાધીશોને પ્રાપ્ત કરીને પુત્ર, પૌત્ર, સ્ત્રી, સેવક આદિની સાથે વર્તમાનજન વિદ્યા, ધર્મ અને ન્યાયમાં પ્રસિદ્ધ આચરણયુક્ત બનીને કલ્યાણકારી થાય છે.*

*જે સદા ક્રોધને જીતેલ મનુષ્ય સર્વ રીતે નિત્ય પ્રસન્નતા આપનાર હોય છે, તે જ સેનાપતિના અધિકાર-પદ પર નિયુક્ત કરવા યોગ્ય હોય છે.*

*જે ભૂતકાળના અવશિષ્ટ-બાકીના કાર્યોને જાણનાર અને વર્તમાન કાળમાં શીઘ્ર કાર્ય કરનાર તથા વિચારશીલ છે, તે જ સદા વિજયી બને છે, અન્ય નહિ. (૬)*

**तमूतयो रणयञ्छूरसातौ तं क्षेमस्य क्षितयः कृण्वत त्राम्।**
**स विश्वस्य करुणस्येश एको मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥७॥**

પદાર્થ : જેનો ऊतयः-રક્ષા આદિ વ્યવહાર સેવન કરે, तम्-તે સેના આદિના અધિપતિને शूरसातौ-જેમાં શૂરવીરોનું સેવન થાય છે, તે સંગ્રામમાં क्षितयः-મનુષ્ય त्राम्-પોતાની રક્ષા કરનાર कृण्वत-કરે, જે क्षेमस्य-અત્યંત કુશળતાના કરનાર છે, तम्-તેને પોતાના રક્ષકને ઉક્ત સંગ્રામમાં रणयन्-રટે અર્થાત્ વારંવાર તેની સ્તુતિ (વિનંતી) કરે; જે एकः-કેવલ એક સભાધ્યક્ષ विश्वस्य-સમસ્ત करुणस्य-કરુણારૂપી કાર્ય કરવામાં ईशे-સમર્થ છે, सः-તે मरुत्वान्-પોતાની સેનામાં પ્રશંસિત વીરોને રાખનાર વા इन्द्रः-સેના આદિના રક્ષક नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારને માટે भवतु-થાય. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે એકલો જ અનેક યોદ્ધાઓને જીતી લે છે, તેને યુદ્ધમાં અથવા અન્યત્ર પ્રોત્સાહિત કરવો જોઈએ. વીરોમાં જેવી વીરતા પ્રોત્સાહન દ્વારા ઉત્પન્ન થાય છે, તેવી અન્ય રીતે થઈ શકતી નથી. (૭)*

**तमप्सन्त शवस उत्सवेषु नरो नरमवसे तं धनाय।**
**सो अन्धे चित्तमसि ज्योतिर्विदन्मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥८॥**

પદાર્થ : હે મનુષ્યો ! नरम्-સર્વ કામ યથાયોગ્ય ચલાવનાર જે મનુષ્યને शवसः-વિદ્યા, બળ તથા ધન આદિ અનેક બળ अप्सन्त-પ્રાપ્ત થાય, तम्-તે અત્યંત પ્રબળ યુદ્ધ કરનારથી પણ યુદ્ધ કરનાર સેના આદિના અધિપતિને उत्सवेषु-ઉત્સવ અર્થાત્ આનંદના કામોમાં સત્કાર આપો (કરો). તથા तम्-તેને नरः-શ્રેષ્ઠ અધિકાર પ્રાપ્ત મનુષ્ય अवसे-રક્ષા આદિ વ્યવહાર અને धनाय-ઉત્તમ ધન પ્રાપ્તિ માટે પ્રાપ્ત થાય, જે अन्धे-આંધળાની સમાન કરનાર तमसि-અંધકારમાં ज्योतिः-સૂર્ય આદિના ઉજ્જ્વળ રૂપ પ્રકાશને चित्-જે विदत्-પ્રાપ્ત થાય છે, सः-તે मरुत्वान्-પોતાની સેનામાં ઉત્તમ વીરોને રાખનાર इन्द्रः-પરમૈશ્વર્યવાન સેનાપતિ વા સભાપતિ नः-અમારા ऊती-શ્રેષ્ઠ આનંદને માટે भवतु-થાઓ. (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે શત્રુઓને જીતીને તથા ધાર્મિકોને સંરક્ષણ આપીને વિદ્યા અને ધનની*

*ઉન્નતિ કરે છે તથા જેને પ્રાપ્ત કરીને જેમ સૂર્યનો પ્રકાશ છે, તેમ વિદ્યાના પ્રકાશને પ્રાપ્ત કરે છે, તે મનુષ્યને આનંદોલ્લાસના દિવસોમાં આપ લોકો સન્માનિત કરો. એમ કર્યા વિના કોઈનો પણ શ્રેષ્ઠ કાર્યોમાં ઉત્સાહ થતો નથી. (૮)*

स स॒व्येन॑ यमति॒ व्राध॑तश्चि॒त्स दक्षि॒णे संगृ॑भीता कृ॒तानि॑।
स की॒रिणा॑ चि॒त्सनि॑ता॒ धना॑नि म॒रुत्वा॑न्नो भव॒त्विन्द्र॑ ऊ॒ती॥ ९॥

પદાર્થ : જે सव्येन-સેનાની જમણી બાજુ અને ઊભેલી પોતાની સેનાને व्राधतः-અત્યંત બળવાન શત્રુઓને चित्-પણ यमति-નિયમથી ચલાવે છે, તે શત્રુઓને જીતનાર બને છે. જે दक्षिणे-જમણી તરફ ઊભેલી એ સેનાથી संगृभीता-ગ્રહણ કરેલ સેનાના અંગો તથા कृतानि-કરેલ કાર્યોને યથોચિત નિયમમાં લાવે છે, सः-તે પોતાની સેનાની રક્ષા કરી શકે છે. જે कीरिणा-શત્રુઓના વિક્ષેપના -પાડવાના પ્રબંધથી चित्-પણ તેના सनिता-સમ્યક્ એકત્ર કરેલ धनानि-ધનોને લઈ લે છે - પડાવી લે છે, सः-તે मरुत्वान्-પોતાની સેનામાં સર્વોત્તમ વીરોને રાખનાર इन्द्रः-પરમૈશ્વર્યવાન સેનાપતિ नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારોને માટે भवतु-થાય. (૯)

*ભાવાર્થ : જે સેનાના વ્યુહોની, સેનાનાં અંગોના શિક્ષણ તથા તેનાં રક્ષણ વિજ્ઞાનની અને યુદ્ધની પૂર્ણ સામગ્રીની વ્યવસ્થા કરી શકે છે. તે જ શત્રુના પરાજય દ્વારા વિજયને પ્રાપ્ત કરવામાં અને પ્રજાનું રક્ષણ કરવામાં સમર્થ બને છે. (૯)*

स ग्रामे॑भिः॒ सनि॑ता॒ स रथे॑भिर्वि॒दे विश्वा॑भिः कृ॒ष्टिभि॒र्न्व१॒॑द्य।
स पौंस्ये॑भिरभि॒भूरश॑स्तीर्म॒रुत्वा॑न्नो भव॒त्विन्द्र॑ ऊ॒ती॥ १०॥

પદાર્થ : જે मरुत्वान्-પોતાની સેનામાં ઉત્તમ વીરોને રાખનાર इन्द्रः-પરમૈશ્વર્યવાન સેના આદિના અધીશ = અધિપતિ ग्रामेभिः-ગામોમાં રહેનારા પ્રજાજનોની સાથે सनिता-સમ્યક્ રીતે પૃથક્-પૃથક્ કરેલ ધનને ભોગવે છે, सः-તે આનંદિત થાય છે. જે विदे-યુદ્ધવિદ્યા તથા વિજયોને જેનાથી જાણે તે ક્રિયા માટે रथेभिः-સેનાના વિમાનાદિ અંગો અને विश्वाभिः-સમસ્ત कृष्टिभिः-શિલ્પ ક્રિયામાં અતિ કુશળતાથી પ્રકાશમાન હોય, सः-તે અને જે अशस्तीः-અપ્રશંસનીય શત્રુઓની ક્રિયાને જાણીને તેનો - શત્રુઓનો अभिभूः-તિરસ્કાર કરનાર છે, सः-તે पौंस्येभिः-શ્રેષ્ઠ શરીર અને આત્માના બળની સાથે વર્તમાન नु-શીઘ્ર अद्य-આજ नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારને માટે भवतु-થાય. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ; જે પુર (મહાનગર), નગર તથા ગામોની સારી રીતે રક્ષા કરનાર, સૈનાના સર્વ અંગોની પૂર્ણ સામગ્રીથી યુક્ત, કલા-કૌશલ, શસ્ત્રાસ્ત્ર અને યુદ્ધની ક્રિયાઓના જ્ઞાતા, પૂર્ણ વિદ્યા અને બળથી પુષ્ટ તથા શત્રુઓના પરાજયથી પ્રજા-પાલનમાં પ્રસન્ન રહેનાર હોય, તેને જ સેનાપતિ આદિ બનાવવા જોઈએ, અન્યને નહિ. (૧૦)*

स जा॒मिभि॒र्यत्स॒मजा॑ति मी॒ळ्हेऽजा॑मिभिर्वा पुरुहू॒त एवैः॑।

अपां तोकस्य तनयस्य जेषे मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ ११॥

પદાર્થ : જે अपाम्-પ્રાપ્ત થયેલ મિત્ર, શત્રુ અને ઉદાસીનો વા तोकस्य-બાળકો વા तनयस्य-પૌત્ર આદિની વચ્ચે વર્તાવ રાખીને यत्-જ્યારે मीळ्हे-સંગ્રામોમાં एवैः-પ્રાપ્ત થયેલ जामिभिः-શત્રુજનો સહિત अजामिभिः-બંધુ વર્ગોથી અન્ય શત્રુઓ સહિત वा-અથવા ઉદાસીન મનુષ્યોની સાથે વિરોધ ભાવ પ્રકટ કરીને पुरुहूतः-અનેકોથી પ્રશંસાને પ્રાપ્ત વા યુદ્ધમાં બોલાવેલ मरुत्वान्-પોતાની સેનામાં ઉત્તમ વીરોને રાખનાર इन्द्रः-પરમૈશ્વર્યવાન સેનાપતિ जेषे-ઉક્ત પોતાના ભાઈ-બંધુઓનો ઉત્સાહ ઉત્કર્ષ આપવા વા શત્રુઓને જીતવાના समजाति-સમ્યક્ નિયમ જાણે છે, ત્યારે सः-તે नः-અમારી ऊती-રક્ષા આદિને માટે સમર્થ भवतु-થાઓ. (૧૧)

*ભાવાર્થ : એ રાજ્ય વ્યવહારમાં કોઈ ગૃહસ્થ મનુષ્ય સિવાય અન્ય કોઈ બ્રહ્મચારી, વાનપ્રસ્થી અથવા સંન્યાસીનું પ્રવૃત્ત થવું યોગ્ય નથી.*

*ઉત્તમ મિત્રો અને બંધુવર્ગ વિના યુદ્ધમાં કોઈ શત્રુઓનો પરાજય કરી શકતો નથી. એ રીતે ધાર્મિક મનુષ્ય વિના કોઈ અન્ય સેના આદિ અધિપતિ પદને યોગ્ય નથી, તેમ જાણવું જોઈએ. (૧૧)*

स वज्रभृद्दस्युहा भीम उग्रः सहस्रचेताः शतनीथ ऋभ्वा।
चम्रीषो न शवसा पाञ्चजन्यो मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ १२॥

પદાર્થ : चम्रीषः-જે પોતાની સેનાથી શત્રુઓની સેનાને મારનારાની न-સમાન वज्रभृत्-અતિ વજ્ર સમાન = કરાલ શસ્ત્રોને બાંધનાર दस्युहा-ડાકુ, ચોર, લંપટ, લબાડ આદિ દુષ્ટોને મારનાર भीमः-તેને ભય અને उग्रः-અતિ કઠોર દંડ દેનાર, सहस्रचेताः-હજારો સારી રીતે જ્ઞાન પ્રકટ કરનાર, शतनीथः-જેનાથી સેંકડો યથાયોગ્ય વ્યવહારોનું વર્તન છે, पाञ्चजन्यः-જે સર્વ વિદ્યાઓથી યુક્ત અધ્યાપક, ઉપદેશક, રાજ્ય સંબંધી સભા, સેના અને સર્વ અધિકારીઓના અધિષ્ઠાતાઓમાં ઉત્તમ બનેલ છે; मरुत्वान्-અને પોતાની સેનામાં ઉત્તમ વીરોને રાખનર इन्द्रः-પરમૈશ્વર્યવાન સેના આદિના અધિપતિ ऋभ्वा-અત્યંત शवसा-બળવાન સેનાથી શત્રુઓને સારી રીતે પ્રાપ્ત થાય છે, सः-તે नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારોને માટે भवतु-થાય. (૧૨)

*ભાવાર્થ - કોઈપણ મનુષ્ય ધનુર્વેદના વિશેષ જ્ઞાન અને પ્રયોગ, શત્રુઓનો નાશ, ભયંકર તીવ્ર બળ અને વિશાળ સેના વિના સેનાપતિ બની શકતો નથી અને એમ થયા વિના શત્રુઓનો પરાજય અને પ્રજાનું પાલન પણ સંભવ નથી, એમ જાણવું જોઈએ. (૧૨)*

तस्य वज्रः क्रन्दति स्मत्स्वर्षा दिवो न त्वेषो रवथः शिमीवान्।
तं सचन्ते सनयस्तं धनानि मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥ १३॥

પદાર્થ : જે સભાધ્યક્ષના स्मत्-કામમાં વર્તનની અનુકૂળતાનું स्वर्षाः-સુખથી સેવન અને रवथः-મહાશબ્દકારી शिमीवान्-જેથી પ્રશંસિત કામ થાય છે, તે वज्रः-શસ્ત્ર અને અસ્ત્રોનો સમૂહ क्रन्दति-શ્રેષ્ઠ જનોને બોલાવે અને દુષ્ટોને રડાવે છે. तस्य-તેના दिवः-સૂર્યના त्वेषः-પ્રકાશની न-સમાન ગુણ,

કર્મ અને સ્વભાવ પ્રકાશિત થાય છે, જે એવા છે तम्-તે सनयः-ઉત્તમ સેવા એટલે કે સજ્જનોએ કરેલા ઉત્સાહનું सचन्ते-સેવન કરે છે અને तम्-તે धनानि-સમસ્ત ધનનું સેવન કરે છે, આ રીતે मरुत्वान्-જે સભાધ્યક્ષ પોતાની સેનામાં ઉત્તમ વીરો રાખનાર इन्द्रः-પરમેશ્વર્યવાન તથા नः-અમારી ऊती-રક્ષા આદિ વ્યવહારોને માટે યત્ન કરે છે, તે અમારો રાજા भवतु-થાય. (૧૩)

*ભાવાર્થ : સભાસદો, રાજ્ય કર્મચારીઓ, સૈનિકો અને પ્રજાઓએ એવા ઉત્તમ કર્મોનું સેવન કરવું જોઈએ, જેથી વિદ્યા, ન્યાય, ધર્મ અને પુરુષાર્થ ઉન્નત થઈને, સૂર્યની સમાન પ્રકાશિત થાય. એવા કર્મો વિના સુખનો ઉપભોગ, ધન અને રક્ષા થઈ શકતા નથી, તેથી આ પ્રકારના કર્મ સભા આદિના અધ્યક્ષોએ કરવા જોઈએ. (૧૩)*

**यस्याजस्रं शवसा मानमुक्थं परिभुजद्रोदसी विश्वतः सीम्।**
**स पारिषत्क्रतुभिर्मन्दसानो मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥१४॥**

પદાર્થ : यस्य-જે સભા આદિના અધિપતિના शवसा-શારીરિક તથા આત્મિક બળથી યુક્ત પ્રજાજન मानम्-સત્કાર, उक्थम्-વેદ વિદ્યા તથા सीम्-ધર્મ અને ન્યાયની મર્યાદાને विश्वतः-સર્વત્રથી अजस्रम्-નિરંતર પાલન અને જે रोदसी-વિદ્યાનો પ્રકાશ અને પૃથિવીના રાજ્યને પણ परिभुजत्-સારી રીતે પાલન કરે.

જે क्रतुभिः-ઉત્તમ બુદ્ધિમાનીના કામોની સાથે मन्दसानः-પ્રશંસા આદિથી પરિપૂર્ણ થયેલ સુખોથી પ્રજાઓનું पारिषत्-પાલન કરે છે, सः-તે मरुत्वान्-પોતાની સેનામાં ઉત્તમ વીરોને રાખનાર इन्द्रः-પરમૈશ્વર્યવાન સભાપતિ नः-અમારા ऊती-રક્ષા આદિ વ્યવહારોને સિદ્ધ કરનાર નિરંતર भवतु-થાય. (૧૪)

*ભાવાર્થ : જે સત્પુરુષોનું સન્માન, દુષ્ટોનું અપમાન, પૂર્ણ વિદ્યા તથા ધર્મની મર્યાદા, પુરુષાર્થ અને આનંદ એને કરવામાં સમર્થ હોય, તે જ સભા આદિના અધ્યક્ષ આદિના અધિકારને યોગ્ય બની શકે છે. (૧૪)*

**न यस्य देवा देवता न मर्त्ता आपश्चन शवसो अन्तमापुः।**
**स प्ररिक्वा त्वक्षसा क्ष्मो दिवश्च मरुत्वान्नो भवत्विन्द्र ऊती॥१५॥**

પદાર્થ : यस्य-જે પરમ ઐશ્વર્યવાન જગદીશ્વરના शवसः-બળની अन्तम्-અવધિને देवता-દિવ્ય ઉત્તમજનોમાં देवाः-વિદ્વાનો न-નહિ मर्त्ताः-સાધારણ મનુષ્ય न-નહિ चन-તથા आपः-અન્તરિક્ષ અને પ્રાણ પણ आपुः-પામી શકતા નથી, જે त्वक्षसा-પોતાના બળરૂપ સામર્થ્યથી क्ष्मः-પૃથિવી, दिवः-સૂર્યલોક તથા च-અને લોકોને प्ररिक्वा-રચીને વ્યાપ્ત થઈ રહેલ છે, सः-તે मरुत्वान्-પોતાની પ્રજાને પ્રશંસિત કરનાર इन्द्रः-પરમેશ્વર્યવાન પરમેશ્વર नः-અમે લોકોના ऊती-રક્ષા આદિ અમારા વ્યવહારને માટે નિરંતર ઉદ્યત્ भवतु-થાઓ. (૧૫)

*ભાવાર્થ : શું અનન્ત ગુણ, કર્મ, સ્વભાવવાળા તે પરમાત્માનો અન્ત કોઈ પામી શકે છે જે પોતાની શક્તિથી જ પ્રકૃતિ નામક પરમ સૂક્ષ્મ સનાતન (= નિત્ય) કારણથી સર્વ પદાર્થોને સંઘાત (સ્થૂળ) રૂપમાં કરીને તથા તેનું સંરક્ષણ કરીને પ્રલયકાળમાં તેને છિન્ન-ભિન્ન કરે છે ? તેની સર્વેએ ઉપાસના શા માટે ન કરવી જોઈએ ? (૧૫)*

**रोहिच्छ्यावा सुमदंशुर्ललामीर्द्युक्षा राय ऋज्राश्वस्य।**
**वृषण्वन्तं बिभ्रती धूर्षु रथं मन्द्रा चिकेत नाहुषीषु विक्षु॥ १६ ॥**

પદાર્થ : જે ऋज्राश्वस्य-ઋતુગામિની વેગવાન અશ્વ તે સભાધ્યક્ષથી સંબંધ રાખનાર શિલ્પીઓને सुमदंशुः-જેનું ઉત્તમ જ્વલન ललामीः-જેમાં પ્રશંસિત સૌંદર્ય द्युक्षा-અને જેનો પ્રકાશ જ નિવાસ છે, તે रोहित्-નીચે લાલ, श्यावा-ઉપર કાળી અગ્નિની જ્વાળા धूर्षु-લોખંડની સમ્યક બનેલી કળાઓમાં પ્રયુક્ત કરેલી, वृषण्वन्तम्-વેગવાન, रथम्-વિમાન આદિ યાન સમૂહને बिभ्रती-ધારણ કરીને, मन्द्रा-આનંદ આપનારી, नाहुषीषु-મનુષ્યોના એ विक्षु-સંતાનોને નિમિત્ત राये-ધનની પ્રાપ્તિને માટે વિદ્યમાન છે, તેને જે चिकेत-સારી રીતે જાણે, તે જ ધનવાન બને છે. (૧૬)

*ભાવાર્થ : જ્યારે વિમાનચાલન આદિ કાર્યોમાં સમ્યક્ પ્રયુક્ત કરેલ અગ્નિ, બળતણથી પ્રજ્વલિત થાય છે, ત્યારે બે રૂપમાં જોવામાં આવે છે. એક ચમકદાર અને બીજું કાળું. તેથી અગ્નિનું 'श्यामकर्णाश्व' એવું નામ છે. જેમ ઘોડાના શિર પર બે કાન જોવામાં આવે છે, તેમ અગ્નિની ઉપર કાળી કજ્જલ = કાજલ નામવાળી શિખા હોય છે. તે એ (અગ્નિ) કાર્યોમાં સારી રીતે પ્રયુક્ત કરેલ, બહુવિધ ધનને પ્રાપ્ત કરાવીને પ્રજાઓને આનંદિત કરે છે. (૧૬)*

**एतत्त्यत्त इन्द्र वृष्ण उक्थं वार्षागिरा अभि गृणन्ति राधः।**
**ऋज्राश्वः प्रष्टिभिरम्बरीषः सहदेवो भयमानः सुराधाः॥ १७॥**

પદાર્થ : હે इन्द्र-પરમ વિદ્યા-ઐશ્વર્યયુક્ત સભાધ્યક્ષ ! જે वार्षागिराः-ઉત્તમ પ્રશંસિત વિદ્વાનની વાણીઓથી પ્રશંસિત પુરુષ एतत्-એ પ્રત્યક્ષ ते-આપના उक्थम्-પ્રશંસિત વચન વા કામને સર્વ લોકો अभिगृणन्ति-આપની અભિમુખ કહે છે તે અને त्यत्-અગ્રસ્થ વા અનુમાનિક આપનું राधः-ધન, वृष्णे-શરીર અને આત્માની પ્રસન્નતા માટે હોય છે. તથા જે अम्बरीषः-શબ્દ વિદ્યાના જ્ઞાતા सहदेवः-વિદ્વાનોની સાથે રહેનાર भयमानः-અધર્માચરણથી ડરીને તેથી પૃથક્ વર્તાવ-વર્તન અને દુષ્ટોને ભય પમાડનાર सुराधाः-જે સર્વોત્તમ ધનથી યુક્ત ऋज्राश्वः-જેની સરળ મહાન રાજનીતિ આપે છે, प्रष्टिभिः-પૂછેલા પ્રશ્નોનું સમાધાન આપે છે, તે અમારાથી સેવન યોગ્ય કેમ ન હોય ? (૧૭)

*ભાવાર્થ : જ્યારે વિદ્વાન ઉત્તમ રીતે ઉપદેશ આપે છે, ત્યારે અજ્ઞાનીજન વિશ્વાસ પ્રાપ્ત કરીને તે ઉપદેશનું શ્રવણ કરીને, સુવિદ્યા ધારણ કરીને, ધનાઢ્ય બનીને આનંદિત થાય છે. (૧૭)*

**दस्यूञ्छिम्यूँश्च पुरुहूत एवैर्हत्वा पृथिव्यां शर्वा नि बर्हीत्।**

सनत्क्षेत्रं सखिभिः श्वित्न्येभिः सनत्सूर्यं सनदपः सुवज्रः॥ १८॥

પદાર્થ : હે सुवज्रः-જેના શ્રેષ્ઠ શસ્ત્ર અને અસ્ત્રોનો સમૂહ અને पुरुहूतः-બહુ જ સત્કાર કરેલ છે તે शर्वा-સમસ્ત દુ:ખોનો વિનાશ કરનાર સભા આદિના અધિપતિ श्वित्न्येभिः-શ્વેત અર્થાત્ સ્વચ્છ તેજસ્વી सखिभिः-મિત્રોની સાથે અને एवैः-પ્રશંસિત જ્ઞાન અને કર્મોની સાથે दस्यून्-ડાકુઓને हत्वा-સારી રીતે મારીને शिम्यून्-શાન્ત ધાર્મિક સજ્જનો च-અને નોકર આદિને सनत्-પાળે, દુ:ખોને नि,बर्हीत्-દૂર કરે, જે पृथिव्याम्-પોતાના રાજ્યથી યુક્ત ભૂમિમાં क्षेत्रम्-પોતાનું નિવાસસ્થાન सूर्यम्-સૂર્યલોક, પ્રાણ अपः-અને જળને सनत्-સેવે, તે સર્વને सनत्-સદા સેવનને યોગ્ય બને. (૧૮)

*ભાવાર્થ : જે સજ્જનોથી યુક્ત થયેલ મનુષ્ય અધાર્મિક વ્યવહારોનો ત્યાગ કરીને, ધાર્મિક વ્યવહારોનો પ્રચાર કરીને તથા વિદ્યાની યુક્તિથી સિદ્ધ પદાર્થોનું સેવન કરીને, પ્રજાના દુ:ખોનો નાશ કરે, તેને જ સભાનો અધ્યક્ષ સર્વેએ માનવો જોઈએ, અન્યને નહિ. (૧૮)*

विश्वाहेन्द्रो अधिवक्ता नो अस्त्वपरिह्वृताः सनुयाम वाजम्।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ १९॥

પદાર્થ : હે इन्द्रः-પ્રશંસિત વિદ્યા અને ઐશ્વર્યયુક્ત વિદ્વાન नः-અમારા માટે विश्वाहा-પ્રતિદિન अधिवक्ता-અધિકાધિક ઉપદેશક अस्तु-થાઓ, તેથી अपरिह्वृताः-સર્વ પ્રકારની કુટિલતાનો ત્યાગ કરેલા અને જે वाजम्-વિશેષ જ્ઞાન सनुयाम्-અન્યને આપીએ અને આપ સેવન કરે. नः-અમારા तत्-એ વિજ્ઞાનને मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠ સજ્જન अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, નદી पृथिवी-ભૂમિ उत-અને द्यौः-સૂર્ય આદિ પ્રકાશમાન લોકોનો પ્રકાશ मामहन्ताम्-માન-સત્કારથી વૃદ્ધિ કરીએ. (૧૯)

*ભાવાર્થ : મનુષ્યોને, જે સદા વિદ્યા આપનાર છે, તેની સરળ ભાવથી સેવા કરીને વિદ્યાઓ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ મિત્ર, આકાશ, નદીઓ, ભૂમિ અને દ્યુલોકથી ઉપકાર ગ્રહણ કરીને, સર્વ મનુષ્યોમાં સત્કારની સાથે રહેવું જોઈએ. કદાપિ વિદ્યા ગુપ્ત રાખવી નહિ, પરંતુ સર્વેએ તેને પ્રસિદ્ધ કરવી જોઈએ. (૧૯)*

સંગતિ : આ સૂક્તમાં સભા આદિના અધિપતિ, ઈશ્વર અને અધ્યાપકોના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૦)

## સૂક્ત-૧૦૧

प्र मन्दिने पितुमदर्चता वचो यः कृष्णगर्भा निरहन्नृजिश्वना।
अवस्यवो वृषणं वज्रदक्षिणं मरुत्वन्तं सख्याय हवामहे॥ १॥

પદાર્થ : તમે यः-જે ઉપદેશકો અને અધ્યાપકો ऋजिश्वना-એવા પાઠથી કે જેમાં ઉત્તમ વાણીઓની ધારણ શક્તિની અનેક પ્રકારથી વૃદ્ધિ થાય, તેથી મૂર્ખતાનું निः, अहन्-નિરંતર હનન થાય, તે मन्दिने-

આનંદિત અને આનંદ પ્રદાતાને માટે पितुमत्-શ્રેષ્ઠ બનાવેલ અન્ન અર્થાત્ પુરી, કચોરી, લાડુ, બાલુશાહી (એક મીઠાઈ), જલેબી, ઈમરતી (જલેબી જેવી એક મીઠાઈ) આદિ સર્વોત્તમ પદાર્થોવાળું ભોજન તથા वचः-પ્રિય વાણીથી प्रार्चत-સારી રીતે નિવેદન કરીને તેનો સત્કાર કરો અને अवस्यवः-પોતાના રક્ષા આદિ વ્યવહારોને ચાહીને कृष्णगर्भाः-જેઓએ રેખાગણિત આદિ વિદ્યાઓનો મર્મને પ્રકટ કરેલ છે, તે અમે લોકો सख्या-મિત્રના કામ વા મિત્રતાને માટે वृषणम्-વિદ્યાની વૃદ્ધિ કરનારા वज्रदक्षिणम्-જેથી અવિદ્યાનો વિનાશ કરનારી વા વિદ્યા આદિ ધન આપનારી દક્ષિણા મળે मरुत्वन्तम्-જેની સમીપ પ્રશંસિત વિદ્યાવાન ઋત્વિજ અર્થાત્ આપ યજ્ઞ કરો, અન્યોને કરાવો, એવા ભણનારા હોય, તે અધ્યાપક અર્થાત્ શ્રેષ્ઠ ભણાવનારનો हवामहे-સ્વીકાર કરીએ છીએ, તેનો તમે પણ સારી રીતે સત્કારની સાથે સ્વીકાર કરો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ જેનાથી તેઓ વિદ્યા ગ્રહણ કરે તેઓનો મન, વચન, કર્મ, ધનથી સદા સત્કાર કરવો જોઈએ. જે ભણાવવાને યોગ્ય હોય તેઓએ પ્રયત્નપૂર્વક ઉત્તમ શિક્ષા આપીને વિદ્વાન બનાવવો જોઈએ. સદા શ્રેષ્ઠોની સાથે મિત્રતા કરીને ઉત્તમ કર્મ કરનારાઓની રક્ષા કરવી જોઈએ. (૧)*

**यो व्यंसं जाहृषाणेन मन्युना यः शम्बरं यो अहन्पिप्रुमव्रतम्।**
**इन्द्रो यः शुष्णमशुषं न्यावृणङ्मरुत्वन्तं सख्याय हवामहे॥ २ ॥**

પદાર્થ : यः-જે સભા અને સેના આદિના અધિપતિ इन्द्रः-સમસ્ત ઐશ્વરને પ્રાપ્ત जाहृषाणेन-સજ્જનોને સંતોષ આપનારા मन्युना-પોતાના ક્રોધથી દુષ્ટ અને શત્રુજનોને व्यंसम् नि, अहन्-એવા મારે કે જેથી અંસ - હાંસડીથી - સ્કંધ અલગ થઈ જાય વા यः-જે શૂરવીરતા ગુણોથી યુક્ત વીર शम्बरम्-અધર્મથી સંબંધિતને અત્યંત મારે વા यः-ધર્માત્મા સજ્જન પુરુષ पिप्रुम-જે અધર્મી પેટભરાને માટે નિરંતર મારે અને यः-જે અતિ બળવાન अव्रतम्-જેના કોઈ નિયમ નહિ અર્થાત્ બ્રહ્મચર્ય, સત્યપાલન આદિ વ્રતો કરતા નથી તેને अवृणक्-પોતાથી પૃથક્ કરે, તે शृष्णम्-બળવાન, अशुषम्-શોકરહિત - હર્ષયુક્ત मरुत्वन्तम्-સમ્યક્ પ્રશંસિત ભણનારને રાખનાર સમસ્ત ઐશ્વર્યયુક્ત સભાપતિનો सख्याय-મિત્રોના કામ વા મિત્રતાને માટે અમે हवामहे-સ્વીકાર કરીએ છીએ. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રચંડ ક્રોધથી દુષ્ટોને મારીને, વિદ્યાની ઉન્નતિને માટે બ્રહ્મચર્ય આદિ વ્રતોનો પ્રચાર કરીને તથા અવિદ્યા અને કુશિક્ષાઓનો નિષેધ કરીને સર્વના સુખ માટે નિત્ય પ્રયત્ન કરે છે, તેની મિત્રતા કરવી જોઈએ. (૨)*

**यस्य द्यावापृथिवी पौंस्यं महद्यस्य व्रते वरुणो यस्य सूर्यः।**
**यस्येन्द्रस्य सिन्धवः सश्चति व्रतं मरुत्वन्तं सख्याय हवामहे॥ ३ ॥**

પદાર્થ : અમે यस्य-જે इन्द्रस्य-પરમૈશ્વર્યવાન જગદીશ્વર વા સભાધ્યક્ષ રાજાના व्रते-સામર્થ્ય વા સ્વભાવમાં महत्-અત્યંત ઉત્તમ ગુણ અને पौस्यम्-પુરુષાર્થયુક્ત બળ છે, यस्य-જેના द्यावापृथिवी-સૂર્ય અને ભૂમિ સમાન સહનશીલતા અને નીતિનો પ્રકાશ વિદ્યમાન છે, यस्य-જેના व्रतम्-સામર્થ્ય

વા શીલ = સ્વભાવને तस्णः-ચંદ્રમા વા ચંદ્રમાની શાન્તિ આદિ ગુણ છે; यस्य-જેના સામર્થ્ય અને શીલને सूर्यः-સૂર્યમંડળ અને તેના ગુણ सश्चति-પ્રાપ્ત થાય છે અને सिन्धवः-સમુદ્ર પ્રાપ્ત થાય છે, તે मरुत्वन्तम्-સમસ્ત પ્રાણીઓથી તથા સમય-સમય પર યજ્ઞાદિ કરનારાઓથી યુક્ત સભાધ્યક્ષને सख्याय-મિત્રના કામ વા મિત્રતાને માટે हवामहे-સ્વીકાર કરીએ છીએ. (૩)

*ભાવાર્થ : જેના સામર્થ્ય વિના પૃથિવી આદિ (ના રાજ્ય)ની સ્થિતિ સંભવ નથી, જે સભા આદિના અધ્યક્ષની પ્રકાશની સમાન વિદ્યા, પૃથિવીની સમાન ક્ષમા, ચંદ્રમાની સમાન શાન્તિ, સૂર્યની સમાન નીતિરૂપી જ્યોતિ અને સમુદ્રની સમાન ગંભીરતા છે, તેને છોડીને મનુષ્યે કોઈ અન્યને મિત્ર ન બનાવવો જોઈએ. (૩)*

यो अश्वानां यो गवां गोपतिर्वशी य आरितः कर्मणिकर्मणि स्थिरः।
वीळोश्चिदिन्द्रो यो असुन्वतो वधो मरुत्वन्तं सख्याय हवामहे॥ ४॥

પદાર્થ : यः-જે इन्द्रः-દુષ્ટોનો વિનાશ કરનાર સભા આદિના અધિપતિ, अश्वानाम्-ઘોડાના અધ્યક્ષ, यः-જે गवाम्-ગાય આદિ પશુ વા પૃથિવી આદિની રક્ષા કરનાર, यः-જે गोपतिः-પોતાની ઇન્દ્રિયોનો સ્વામી અર્થાત્ જિતેન્દ્રિય રહીને પોતાની ઇચ્છાનુસાર તે ઇન્દ્રિયોને ચલાવનાર वशी-મનસ, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને યથાયોગ્ય વશમાં રાખનાર, आरितः-સભાની આજ્ઞાને પ્રાપ્ત થયેલ, कर्मणि कर्मणि-કર્મ-કર્મમાં स्थिरः-નિશ્ચિત, यः-જે असुन्वतः-યજ્ઞકર્તાઓનો વિરોધ કરનાર वीळो-બળવાનને वधः चित्-વજ્રની સમાન મારનાર હોય, તે मरुत्वन्तम्-શ્રેષ્ઠ પ્રશંસિત ભણાવનારને રાખનાર સભાપતિને सख्याय-મિત્રતા વા મિત્રના કામને માટે हवामहे-અમે સ્વીકાર કરીએ છીએ. (૪)

ભાવાર્થ : જે સર્વના પાલનકર્તા, જિતેન્દ્રિય, શાન્ત, જ્યાં-જ્યાં સભા દ્વારા નિર્દિષ્ટ કરેલ હોય તે-તે કર્મમાં સ્થિર બુદ્ધિથી પ્રવૃત્ત રહેનાર અને દુષ્ટ તથા બળવાન શત્રુઓ પર વિજય કરનાર છે, તેની સાથે મનુષ્યોએ નિરંતર મિત્રતા કરીને સદા સુખોનો ઉપભોગ કરવો જોઈએ. (૪)

यो विश्वस्य जगतः प्राणतस्पतिर्यो ब्रह्मणे प्रथमो गा अविन्दत्।
इन्द्रो यो दस्यूँरधराँ अवातिरन् मरुत्वन्तं सख्याय हवामहे॥ ५॥

પદાર્થ : यः-જે ઉત્તમ દાનશીલ, प्रथमः-સર્વના વિખ્યાત કરનાર, इन्द्रः-ઇન્દ્રિયોથી યુક્તજીવ, ब्रह्मणे-ચારે વેદોના જ્ઞાતાને માટે गाः-પૃથિવી, ઇન્દ્રિયો અને પ્રકાશયુક્ત લોકોને अविन्दत्-પ્રાપ્ત કરતા, वा यः-જે શૂરતા આદિ ગુણયુક્ત વીર दस्यून्-હઠપૂર્વક અન્યોનું ધન હરનારાઓને अधरान्-નીચતા પ્રાપ્ત કરાવતા, अवातिरत्-અધોગતિને પહોંચાડતા; વા यः-જે સેનાધિપતિ विश्वस्य-સમસ્ત जगतः-જંગમરૂપ प्राणतः-જીવિત જીવસમૂહના पतिः-અધિપતિ = સ્વામી હોય, તે मरुत्वन्तम्-પોતાની સમીપ ભણાવનારને રાખનારને રાખવાવાળા સભાધ્યક્ષને અમે सख्याय-મિત્રતાને માટે हवामहे-સ્વીકાર કરીએ છીએ. (૫)

*ભાવાર્થ : પુરુષાર્થ વિના વિદ્યા, અન્ન અને ધનની પ્રાપ્તિ થતી નથી અને શત્રુનો પરાજય પણ*

*થતો નથી. જે ધાર્મિક સેનાપતિ મિત્રભાવથી પોતાના પ્રાણ સમાન સર્વથી પ્રેમ રાખે છે, તેને કદીપણ દુઃખ થતું નથી, તેથી એ કાર્યો સદા કરવા જોઈએ. (૫)*

**यः शूरेभिर्हव्यो यश्च भीरुभिर्यो धावद्भिर्हूयते यश्च जिग्युभिः।**
**इन्द्रं यं विश्वा भुवनाभि संदधुर्मरुत्वन्तं सख्याय हवामहे॥ ६॥**

પદાર્થ : यः-જે પરમૈશ્વર્યવાન સેના આદિના અધિપતિ शूरेभिः-શૂરવીરોથી हव्यः-આહ્વાન કરવા અર્થાત્ ચાહવા યોગ્ય, यः-જો भीरुभिः-ડરપોક च-અને નિર્ભયોથી તથા यः-જે धावद्भिः-દોડતા મનુષ્યથી વા यः-જે च-બેઠેલા અને ચાલનારા તેનાથી जिग्युभिः-વા જીતનારા લોકોથી हूयते-બોલવામાં આવતા વા यम्-જે इन्द्रम्-ઉક્ત સેનાધ્યક્ષને विश्वा-સમસ્ત भुवना-લોકના પ્રાણી अभि-સન્મુખતાથી संदधुः-સમ્યક્ ધારણ કરે છે, તે मरुत्वन्तम्-શ્રેષ્ઠ અધ્યાપકને રાખનાર સેનાધીશને सख्याय-મિત્રતાને માટે અમે हवामहे-સ્વીકાર કરીએ છીએ, તેનો તમે પણ સ્વીકાર કરો. (૬)

*ભાવાર્થ : જે પરમાત્મા અને સેનાપતિ સર્વ લોકોને તથા સર્વ લોકોને સર્વ તરફથી મિલન કરાવે છે, તે સર્વના દ્વારા સેવન કરવા યોગ્ય અને મિત્રભાવથી માનવા યોગ્ય છે. (૬)*

**रुद्राणामेति प्रदिशा विचक्षणो रुद्रेभिर्योषा तनुते पृथु ज्रयः।**
**इन्द्रं मनीषा अभ्यर्चति श्रुतं मरुत्वन्तं सख्याय हवामहे॥ ७॥**

પદાર્થ : विचक्षणः-પ્રશસ્ત ચાતુર્ય આદિ ગુણોથી યુક્ત વિદ્વાન रुद्राणाम्-પ્રાણોની સમાન દુષ્ટો અને શ્રેષ્ઠોને રડાવનાર વિદ્વાનોના प्रदिशा-જ્ઞાનમાર્ગથી पृथुः-વિસ્તૃત ज्रयः-તેજને = પ્રતાપને एति-પ્રાપ્ત થાય છે અને रुद्रेभिः-પ્રાણ વા નાના વિદ્યાર્થીની સાથે योषा-વિદ્યાથી મળી અને મૂર્ખતાથી પૃથક્ થયેલી સ્ત્રી તેને तनुते-વિસ્તૃત કરે છે, તેથી જે વિચક્ષણ વિદ્વાન मनीषा-પ્રશંસિત બુદ્ધિથી श्रुतम्-પ્રખ્યાત इन्द्रम्-શાળા આદિના અધ્યક્ષનો अभ्यर्चति-સર્વત્રથી સત્કાર કરીને તે मरुत्वन्तम्-પોતાની સમીપ અધ્યાપકને રાખનારને सख्याय-મિત્રતાને માટે અમે हवामहे-સ્વીકાર કરીએ છીએ. (૭)

*ભાવાર્થ : જે મનુષ્યો દ્વારા પ્રાણાયામથી પ્રાણોને, સત્કારથી શ્રેષ્ઠોને અને તિરસ્કારથી દુષ્ટોને જીતીને, સમસ્ત વિદ્યાઓનો વિસ્તાર કરીને, પરમેશ્વર તથા અધ્યાપકની અર્ચના કરીને ઉપકારના દ્વારા સર્વ પ્રાણીઓનો સત્કાર કરવામાં આવે છે, તેઓ સુખી થાય છે. (૭)*

**यद् वा मरुत्वः परमे सधस्थे यद्वावमे वृजने मादयासे।**
**अत आ याह्यध्वरं नो अच्छा त्वाया हविश्चकृमा सत्यराधः॥ ८॥**

પદાર્થ : હે मरुत्वः-પ્રશંસિત વિદ્યાયુક્ત सत्यराधः-વિદ્યા આદિ સત્ય ધનયુક્ત વિદ્વાન ! यत्-જે કારણે આપ परमे-અત્યંત ઉત્કૃષ્ટ सधस्थे-સ્થાનમાં અને यत्-જે કારણે वा-ઉત્તમ अवमे-અધમ

वा-વા મધ્યમ વ્યવહારમાં बृजने-જેમાં મનુષ્ય દુઃખોને ત્યાગી मादयासे-આનંદ આપે છે, अतः-એ કારણે नः-અમને अध्वरम्-ભણવા ભણાવવાના, અહિંસનીય અર્થાત્ ન ત્યાગવા યોગ્ય યજ્ઞને अच्छ-સારી રીતે आ, याहि-આવો, પ્રાપ્ત થાઓ. त्वाया-આપની સાથે અમે हविः-ગ્રહણ કરવા યોગ્ય વિશેષ જ્ઞાનને चकृम्-કરીએ અર્થાત્ એ વિદ્યાને પ્રાપ્ત કરીએ. (૮)

*ભાવાર્થ : જે વિદ્વાન સર્વત્ર આનંદ પ્રદાતા, વિદ્યાદાતા અને સત્ય ગુણ-કર્મ-સ્વભાવવાળા છે, તેઓના સંગથી મનુષ્યોને નિરંતર સમસ્ત વિદ્યાઓ અને શ્રેષ્ઠ શિક્ષાઓ પ્રાપ્ત કરીને સર્વદા આનંદિત રહેવું જોઈએ. (૮)*

**त्वायेन्द्र सोमं सुषुमा सुदक्ष त्वाया हविश्चकृमा ब्रह्मवाहः।**
**अधा नियुत्वः सगणो मरुद्भिरस्मिन् यज्ञे बर्हिषि मादयस्व॥ ९॥**

પદાર્થ : હે इन्द्र-પરમ વિદ્યારૂપી ઐશ્વર્યથી યુક્ત વિદ્વાન ! त्वाया-આપની સાથે અમે सोमम्-ઐશ્વર્ય કરનાર વેદશાસ્ત્રના બોધને सुसुम-પ્રાપ્ત થઈએ.

હે सुदक्ष-શ્રેષ્ઠ ચાતુર્યયુક્ત બળ અને ब्रह्मवाहः-અનન્ત ધન અને વેદ વિદ્યાની પ્રાપ્તિ કરાવનાર વિદ્વાન ! त्वाया-આપના સહિત અમે हविः-ક્રિયા-કૌશલયુક્ત કાર્યોનું चकृम-વિધાન કરીએ.

હે नियुत्वः-સમર્થ ! अधाः-તદનન્તર मरुद्भिः-ઋત્વિજ અર્થાત્ અધ્યાપક અને सगणः-પોતાના વિદ્યાર્થીઓના સમૂહની સાથે વર્તમાન આપ अस्मिन्-એ बर्हिषि-અત્યંત ઉત્તમ यज्ञे-ભણવા-ભણાવવાના સત્કારથી પ્રાપ્ત કરેલ વ્યવહારમાં मादयस्व-આનંદિત થાઓ અને અમને પણ આનંદિત કરો. (૯)

*ભાવાર્થ : વિદ્વાનોના સંગ વિના કોઈપણ મનુષ્ય વિદ્યારૂપી ઐશ્વર્ય અને આનંદ પ્રાપ્ત કરી શકતો નથી, તેથી સર્વ મનુષ્યો વિદ્વાનોનો સત્કાર કરીને તથા તેના દ્વારા વિદ્યા અને સુશિક્ષા સર્વ પ્રકારથી સન્માનિત થાય. (૯)*

**मादयस्व हरिभिर्ये त इन्द्र वि ष्यस्व शिप्रे वि सृजस्व धेने।**
**आ त्वा सुशिप्र हरयो वहन्तूशन् हव्यानि प्रति नो जुषस्व॥ १०॥**

પદાર્થ : હે सुशिप्र-શ્રેષ્ઠ સુખ પહોંચાડનાર इन्द्र-પરમૈશ્વરયુક્ત સેનાપતિ ! ये-જે ते-આપના પ્રશંસિત યુદ્ધમાં અતિ પ્રવીણ અને ઉત્તમતાયુક્ત શિક્ષિત ઘોડાઓ છે, તે हरिभिः-ઘોડાઓથી नः-અમને मादयस्व-આનંદિત કરો; शिप्रे-અને સર્વ સુખ પ્રાપ્તિ કરાવનાર તથા धेने-વાણીની સમાન સમસ્ત આનંદ રસના આપનારા આકાશ અને ભૂમિ લોકને विष्यस्व-પોતાનાં રાજ્યથી નિરંતર પ્રાપ્તિ થાય. विसृजस्य-અને ત્યાગ અર્થાત્ વૃદ્ધાવસ્થામાં તપ કરવા માટે એ રાજ્યનો ત્યાગ કરો. જે हरयः-ઘોડાઓ त्वाम्-આપનું आ, वहन्तु-વહન કરે છે વા જેનાથી उशन्-આપ અનેક પ્રકારની કામનાઓ કરીને हव्यानि-ગ્રહણ કરવા યોગ્ય યુદ્ધ આદિના કાર્યોનું સેવન કરો છો, તે કાર્યોના પ્રત્યે नः-અમને जुषस्व-

પ્રસન્ન કરો. (૧૦)

*ભાવાર્થ : સેનાપતિએ સેનાના સર્વ અંગોને પૂર્ણ બળથી યુક્ત તથા સુરક્ષિત કરીને, સર્વ વિઘ્નોને દૂર કરીને તથા પોતાના રાજ્યનું પાલન કરીને સર્વ પ્રજાઓને નિરંતર પ્રસન્ન રાખવી જોઈએ. (૧૦)*

मरुत्स्तौत्रस्य वृजनस्य गोपा वयमिन्द्रेण सनुयाम वाजम्।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥११॥

પદાર્થ : જે मरूत्स्तोत्रस्य-વાયુ આદિના વેગાદિ ગુણોથી પ્રશંસાને પ્રાપ્ત वृजनस्य-અને દુઃખવર્જિત અર્થાત્ જેમાં ન થાય તેવા વ્યવહારના गोपाः-રાખનાર સેનાધિપતિ છે, તે इन्द्रेण-ઐશ્વર્યદાતા સેનાપતિની સાથે વર્તમાન वयम्-અમે જે કારણે वाजम्-સંગ્રામનું सनुयाम्-સેવન કરીએ तत्-એ કારણે मित्रः-મિત્ર वरूणः-શ્રેષ્ઠ ગુણવાનજન, अदितिः-સમસ્ત વિદ્વાન મંડળી, सिन्धुः-સમુદ્ર, पृथिवी-ભૂમિ उत-અને द्यौः-સૂર્યલોક नः-અમારો मामहन्ताम्-સત્કાર કરવાનો હેતુ થાય. (૧૧)

*ભાવાર્થ : નિશ્ચય જ યુદ્ધમાં કોઈના પણ દ્વારા પૂર્ણ બળવાન સેનાપતિ વિના શત્રુઓનો પરાજય કરી શકાતો નથી. કોઈ સેનાપતિ સુશિક્ષિત, પૂર્ણ બલવાન, અંગો તથા ઉપાંગોથી યુક્ત અને હૃષ્ટ-પુષ્ટ એના વિના શત્રુઓને જીતવા તથા રાજ્યનું પાલન કરવામાં સમર્થ થઈ શકતો નથી. એના વિના મિત્ર આદિ સુખદાયી થઈ શકતા નથી. તેથી એ સર્વ મનુષ્યોને યથાવત્ માનવા જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સભા, સેના અને શાળા આદિના અધિપતિઓના ગુણોનું વર્ણન છે, એથી આ સૂક્તાર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૧)

## સૂક્ત-૧૦૨

इमां ते धियं प्र भरे महो महीमस्य स्तोत्रे धिषणा यत्त आनजे।
तमुत्सवे च प्रसवे च सासहिमिन्द्रं देवासः शवसामदन्ननु॥१॥

પદાર્થ : હે સર્વ વિદ્યાદાતા શાળા આદિના અધિપતિ ! यत्-જે ते अस्य-એ આપની धिषणा-વિદ્યા અને ઉત્તમ શિક્ષા કરેલી વાણી आनजे-સર્વજનોએ ઇચ્છી, પ્રકટ કરી અને સમજી છે. જે ते-આપના इमाम्-એ महः-મહાન महीम्-સત્કાર કરવા યોગ્ય धियम्-બુદ્ધિને स्तोत्रे-પ્રશંસનીય વ્યવહારમાં प्रभरे-અત્યંત ધરે અથવા સત્કાર કરે. વા उत्सवे-ઉત્સવ च-અને સાધારણ કામમાં વા प्रसवे-પુત્ર આદિના ઉત્પન્ન થતા અને च-મરણમાં જે सासहिम-અતિ ક્ષમાપન કરનાર इन्द्रम-વિદ્યા અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવનાર આપને देवासः-વિદ્વાનજનો शवसा-બળથી अनु, अमदन्-આનંદ આપે છે વા આનંદિત થાય છે, तम्-તે આપને હું પણ અનુમોદિત કરું. (૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ સર્વ ધાર્મિક વિદ્વાનોની વિદ્યા, બુદ્ધિ અને કર્મોને ધારણ કરીને સ્તુતિની સાથે વ્યવહારોનું સેવન કરવું જોઈએ.*

*જેઓને વિદ્યા અને સુખ પ્રાપ્ત થાય છે, તેઓ સર્વના સુખના અને દુઃખના વ્યવહારોમાં સન્માનિત કરીને સદા આનંદિત કરે. (૧)*

**अस्य श्रवो नद्यः सप्त बिभ्रति द्यावाक्षामा पृथिवी दर्शतं वपुः।**

**अस्मे सूर्याचन्द्रमसाभिचक्षे श्रद्धे कमिन्द्र चरतो वितर्तुरम्॥ २॥**

પદાર્થ : હે इन्द्र-વિદ્યા અને ઐશ્વર્યપ્રદ ! अस्य-નિશેષ વિદ્યાયુક્ત જગદીશ્વરના વા સમસ્ત વિદ્યા ભણાવનાર આપજનોના श्रवः-સામર્થ્ય વા અન્ન અને सप्त-સાત પ્રકારના સ્વાદયુક્ત જળવાળી नद्यः-નદી दर्शतम्-જોવા અને वितर्त्तुरम्-અનેક પ્રકારની નૌકા આદિ પદાર્થોથી તરવા યોગ્ય મહાનદીમાં તરવા માટે कम्-સુખકારક वयुः-રૂપને-શરીરને बिभ्रति-ધારણ કરતી વા પોષણ કરાવતી તથા द्यावाक्षामा-પ્રકાશ અને ભૂમિ મળીને વા पृथिवी-અન્તરિક્ષ, सूर्याचन्द्रमसा-સૂર્ય અને ચંદ્રમા આદિ લોક ધારણ કરીને પુષ્ટિ કરાવો છો, એ સર્વ अस्मे-અમારા अभिचक्षे-મુખની સન્મુખ જોવા श्रद्धे-અને શ્રદ્ધા કરાવવા માટે પ્રકાશ અને ભૂમિ વા સૂર્ય અને ચંદ્રમા બે - બે चरतः-પ્રાપ્ત થાય છે તથા અન્તરિક્ષ પ્રાપ્ત થાય છે તેમજ અન્ય ઉક્ત પદાર્થો પ્રાપ્ત થાય છે. (૨)

*ભાવાર્થ : પરમાત્માના રચવાથી પૃથિવી આદિ આદિ લોક અને તેમાં રહેલ પદાર્થો પોત-પોતાનાં રૂપને ધારણ કરીને સર્વ પ્રાણીઓને જોવા માટે અને શ્રદ્ધા માટે અવસ્થિત બનીને તથા સુખને ઉત્પન્ન કરીને જવા-આવવા આદિ વ્યવહારોના નિમિત્ત બને છે.*

*વિદ્યા વિના એથી (સાંસારિક) કોઈ પ્રકારનું પણ સુખ થતું નથી. તેથી ઈશ્વરની ઉપાસનાથી અને વિદ્વાનોના સંગથી લોક-વિદ્યાઓને પ્રાપ્ત કરીને સર્વેને સદા સુખી રાખવા જોઈએ. (૨)*

**तं स्मा रथं मघवन् प्राव सातये जैत्रं यं ते अनुमदाम संगमे।**

**आजा न इन्द्र मनसा पुरुष्टुत त्वायद्भ्यो मघवञ्छर्म यच्छ नः॥ ३॥**

પદાર્થ : હે मघवन्-પ્રશસ્ત, પૂજ્ય એ ધનયુક્ત इन्द्र-પરમ ઐશ્વર્યપ્રદ સેનાપતિ ! આપ नः-અમને सातये-બહુ જ ધન પ્રાપ્તિને માટે जैत्रम्-જેથી સંગ્રામોમાં જીતે तम्-તે स्म-અદ્‌ભુત ગુણોને પ્રકાશિત કરનાર रथम्-વિમાન આદિ રથસમૂહ જોડીને आजा-જ્યાં શત્રુઓ વીર જઈ-જઈને મળે, તે संगमे-સંગ્રામમાં प्र;अव-પહોંચાડો અર્થાત્ આપના રથને ત્યાં લઈ જાઓ; કયા રથને ? કે यम्-જે ते-આપના રથની અને अनु, मदाम-પાછળથી પ્રશંસા કરીએ.

હે पुरुष्टुत-બહુ જ શૂરવીરોમાં પ્રશંસા પ્રાપ્ત मघवन्-પ્રશંસિત ધનયુક્ત ! આપ मनसा-વિશેષ જ્ઞાન त्वायद्भ्यः-પોતાનાથી આપની ચાહના કરતા नः-અમારા માટે અદ્‌ભુત शर्म-સુખ यच्छ-પ્રદાન કરો. (૩)

*ભાવાર્થ : જ્યારે શૂરવીર સૈનિક અને સેનાપતિ યુદ્ધ કરવા જાય, ત્યારે તેઓએ એકબીજાને અનુમોદન*

*અને રક્ષણ કરીને શત્રુઓની સાથે યુદ્ધ કરાવીને, તે શત્રુઓનો પરાજય કરીને, પોતના લોકોને હર્ષિત કરીને તથા શત્રુઓને પણ સંતુષ્ટ કરીને સદા વર્તાવ કરવો જોઈએ. (૩)*

वयं जयेम त्वया युजा वृतमस्माकमंशमुदवा भरेभरे।
अस्मभ्यमिन्द्र वरिवः सुगं कृधि प्र शत्रूणां मघवन् वृष्ण्या रुज॥४॥

પદાર્થ : હે इन्द्र-શત્રુ દળ વિદારક સેનાપતિ ! તમે भरेभरे-પ્રત્યેક સંગ્રામમાં अस्माकम्-અમારા वृतम्-સ્વીકાર કરવા યોગ્ય अंशम्-સેવા વિભાગ अव-રાખો, ચાહો, જાણો, પ્રાપ્ત થાઓ, પોતાનામાં રમાઓ, માંગો, પ્રકાશિત કરો, તેનાથી આનંદિત થવા આદિ ક્રિયાઓથી સ્વીકાર કરો; વા ભોજન, વસ્ત્ર, ધન, વાહન, ધનભંડારનો ભાગ વહેંચો તથા अस्मभ्यम्-અમારા માટે वरिवः-પોતાનું સેવન सुगम्-સુગમ कृधि-સરળ કરો.

હે मघवन्-પ્રશસ્ત બળવાન ! તમે वृष्ण्या-શસ્ત્ર વર્ષાવનારાઓની શસ્ત્રવૃષ્ટિને માટે હિતરૂપ પોતાની સેનાથી शत्रूणाम्-શત્રુઓની સેનાઓને प्र, रूज-સમ્યક્ કાપો અને એવા સાથી त्वया, युजा-જે આપ તેઓની સાથે वयम्-યુદ્ધ કરનારા અમે શત્રુઓના બળને उत्-जयेम-સમ્યક રીતે જીતીએ. (૪)

*ભાવાર્થ : રાજપુરુષ જ્યારે જ્યારે યુદ્ધ કરવા પ્રવૃત્ત થાય, ત્યારે ત્યારે ધન, શસ્ત્ર, કોશ (= ધનભંડાર) તથા યાનરૂપી સેનાના સાધનો-ઉપસાધનો પૂર્ણ કરીને અને પ્રશસ્ત સેનાપતિથી રક્ષિત થઈને અન્ય મંત્રણા અને યુક્તિથી શત્રુઓની સાથે યુદ્ધ કરીને શત્રુઓની સેનાને સદા જીતે. આ પ્રકારના પુરુષાર્થ વિના નિશ્ચય જ કોઈની જીત થઈ શકતી નથી. તેથી આ કાર્ય સદા કરવા જોઈએ. (૪)*

नाना हि त्वा हवमाना जना इमे धनानां धर्त्तरवसा विपन्यवः।
अस्माकं स्मा रथमा तिष्ठ सातये जैत्रं हीन्द्र निभृतं मनस्तव॥५॥

પદાર્થ : હે इन्द्र-યથાયોગ્ય વીરોના રક્ષક ! આપ धनानाम्-રાજ્યની વિભૂતિઓને सातये-અલગ વિભાગ-વહેંચવા માટે स्म-આનંદપૂર્વક જેમાં तव-તમારી मनः-વિચાર કરનારી ચિત્તની વૃત્તિ निभृतम्-નિરંતર ધારણ કરેલી હોય તે अस्माकम्-અમારા जैत्रम्-જે મહાન દઢ જેથી શત્રુ જીતી શકાય रथम्-એવા વિજય કરાવનાર વિમાન આદિ યાન हि-જ ને आतिष्ठ-સારી રીતે સ્વીકારી સ્થિત થાઓ.

હે धर्त्तः-ધારણ કરનાર ! તમારી આજ્ઞામાં પોતાનું વર્તન રાખીને अवसा-રક્ષા આદિ આપના ગુણોની સાથે વર્તમાન नाना-અનેક પ્રકાર हवमानाः-ચાહેલ-ઇચ્છેલ विपन्यवः-વિવિધ વ્યવહારોમાં ચતુર બુદ્ધિમાન जनाः-લોકો इमे-એ પ્રત્યક્ષથી પરીક્ષા કરેલ અમે त्वाम्-તમારો અનુકૂળ हि-જ વર્તન રાખીએ. (૫)

गोजिता बाहू अमितक्रतुः सिमः कर्मन्कर्मञ्छतमूतिः खजंकरः।

अकल्प इन्द्रः प्रतिमानमोजसाथा जना वि ह्वयन्ते सिषासवः॥ ६॥

પદાર્થ : હે સભાપતિ ! જે આપની गोजिता-પૃથિવીને જીતાડનારી बाहू-અત્યંત બળ, પરાક્રમયુક્ત ભુજા अथ-તદનન્તર જે આપ इन्द्रः-અનેક ઐશ્વર્યયુક્ત ओजसा-બળથી कर्मन्कर्मन्-પ્રત્યેક કામમાં अमितक्रतुः-અતુલ બુદ્ધિવાળા अकल्पः-અને અતિ સમર્થ જનોથી અધિક सिमः-વ્યવસ્થાથી શત્રુઓને બાંધનાર તથા खजङ्करः-સંગ્રામ કરનારા शतमूतिः-જેથી સેંકડો રક્ષા આદિ ક્રિયા છે. प्रतिमानम्-જેને અત્યંત સામર્થ્યવાનની ઉપમા આપવામાં આવે છે તે આપને सिषासवः-સેવન કરવાની ઈચ્છા કરનારા जनाः-વિદ્વાનો वि, ह्वयन्ते-ચાહે છે. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ; જે સર્વ રીતે સમર્થ, પ્રતિકાર કરવાના જ્ઞાતા, અન્યો દ્વારા અપરાજય, સર્વને જીતનાર, સર્વને ચાહવા યોગ્ય અને દ્વિતીય મનુષ્ય છે; તેને સેનાપતિ બનાવીને વિજય આદિ કાર્યો સિદ્ધ કરવા જોઈએ. (૬)*

उत्ते शतान्मघवन्नुच्च भूयस उत्सहस्राद्रिरिचे कृष्टिषु श्रवः।

अमात्रं त्वा धिषणा तित्विषे मह्यधा वृत्राणि जिघ्नसे पुरन्दर॥ ७॥

પદાર્થ : હે मघवन्-અસંખ્ય ઐશ્વર્યથી યુક્ત સેનાપતિ ! ते-આપના कृष्टिषु-મનુષ્યોમાં श्रवः-કીર્તન, શ્રવણ અને ધન शतात्-સેંકડોથી उत्-ઉપર रिरिचे-નીકળી ગયેલ सहस्रात्-હજારોથી उत्-ઉપર च-અને भूयसः-અધિકથી પણ उत्-ઉપર અર્થાત્ અધિકતમ નીકળી ગયેલ अध-એની પશ્ચાત્ अमात्रम्-પરિમાણરહિત त्वा-આપની मही-મહા ગુણયુક્ત धिषणा-વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરેલી વાણી અને બુદ્ધિ तित्विषे-પ્રકાશિત કરે છે.

હે पुरन्दर-શત્રુઓના નગરોનું વિદારણ કરનાર ! वृत्राणि-જેમ મેઘના અંગ અર્થાત્ વાદળાંઓનું સૂર્ય હનન કરે છે, તેમ આપ શત્રુઓને जिघ्नसे-મારો છો. (૭)

*ભાવાર્થ : જેમ સૂર્ય અંધકાર અને મેઘ આદિને નષ્ટ કરીને પોતાના અપરિમિત તેજને પ્રકાશિત કરીને સર્વ તેજસ્વી પદાર્થોમાં અધિક છે, એ રીતના વિદ્વાનને સભાપતિ માનીને મનુષ્યોએ શત્રુઓનો પરાજય કરવો જોઈએ. (૭)*

त्रिविष्टिधातु प्रतिमानमोजसस्तिस्रो भूमीर्नृपते त्रीणि रोचना।

अतीदं विश्वं भुवनं ववक्षिथाशत्रुरिन्द्र जनुषा सनादसि॥ ८॥

પદાર્થ : હે नृपते-મનુષ્યોના સ્વામી ઈશ્વર વા રાજન્ ! इन्द्र-બહુ જ ઐશ્વર્યયુક્ત अशत्रुः-શત્રુરહિત આપ त्रिविष्टिधातु-જેમાં પૃથ્વી, જળ, તેજ, પવન, આકાશની વ્યાપ્તિ અર્થાત્ પરિપૂર્ણતા છે એ સંસારનું

प्रतिमानम्-પરિમાણ વા ઉપમાન જેમ હોય, તેમ सनात्-સનાતન કારણ વા ओजसः-બળ વા जनुषा-ઉત્પન્ન કરેલ કામથી तिस्रः-ત્રણ પ્રકાર भूमीः-નીચેની, ઉપરની અને મધ્યમ અર્થાત્ ઉત્તમ, અધમ અને મધ્યમ ભૂમિ તથા त्रीणि-ત્રણ પ્રકારના रोचना-પ્રકાશયુક્ત વિદ્યા, શબ્દ અને સૂર્ય; તથા ન્યાય કરવો, બળ અને રાજ્યપાલન આદિ કામોમાં તમે બન્ને યથાયોગ્ય નિર્વાહ કરનારા असि-છો; અને ઉક્ત પંચભૂતમય इदम्-આ विश्वम्-સમસ્ત भुवनम्-જેમાં પ્રાણી હોય છે તે જગતના अति, ववक्षिथ-અત્યંત નિર્વાહ કરવાની ઈચ્છા કરો છો એથી ઈશ્વર ઉપાસના કરવા યોગ્ય અને વિદ્વાન આપ સત્કાર કરવા યોગ્ય છો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે અદ્વિતીય ઈશ્વર દ્વારા કારણથી સમસ્ત કાર્ય જગત રચીને તથા પાલન કરીને સંહાર કરવામાં આવે છે, તેને જ ઈષ્ટ (દેવ) માનવા જોઈએ.*

*જે અનુપમ સામર્થ્યવાળા સભાપતિ પ્રસિદ્ધ ન્યાય આદિ ગુણોથી સમસ્ત રાજ્યને સંતુષ્ટ કરે છે, તેનો સત્કાર કરવો જોઈએ. (૮)*

त्वां देवेषु प्रथमं हवामहे त्वं बभूथ पृतनासु सासहिः।
सेमं नः कारुमुपमन्युमुद्भिदमिन्द्रः कृणोतु प्रसवे रथं पुरः॥ ९॥

પદાર્થ : હે સેનાપતે ! જે કારણે त्वम्-આપ पृतनासु-પોતાની વા શત્રુઓની સેનાઓમાં सासहिः-અત્યંત સહનશીલ बभूथ-હોય છે, તેથી देवेषु-વિદ્વાનોમાં प्रथमम्-પ્રથમ त्वाम्-સમગ્ર સેનાના અધિપતિ આપનો हवामहे-અમે સ્વીકાર કરીએ છીએ.

જે इन्द्रः-સમસ્ત ઐશ્વર્યને પ્રકટ કરનાર આપ प्रसवे-જેમાં વીર જનને પ્રેરિત કરવામાં આવે છે તે રાજ્યમાં उद्भिदम्-પૃથિવીનું વિદારણ કરીને ઉત્પન્ન થનાર કાષ્ઠ વિશેષથી બનાવેલ रथम्-વિમાન આદિ રથને पुरः-પુરઃસરમ અગ્રિમ રહે છે. सः-તે આપ नः-અમારે માટે इमम्-એ उपमन्युम्-સમીપમાં માનવા યોગ્ય कारुम्-ક્રિયા-કૌશલ કરનાર જનને कृणोतु-પ્રસિદ્ધ કરે. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ જે ઉત્તમ વિદ્વાન, સેનાની રક્ષા કરનાર તથા શત્રુ સૈન્યને છિન્ન-ભિન્ન કરવામાં નિપુણ, શિલ્પજ્ઞાતા લોકોના પ્રિય અને યુદ્ધમાં અગ્રગામી થવાના કારણે અતિ યોદ્ધા છે તેને જ સેનાપતિ બનાવવો જોઈએ. (૯)*

त्वं जिगेथ न धना रुरोधिथार्भेष्वाजा मघवन्महत्सु च।
त्वामुग्रमवसे सं शिशीमस्यथा न इन्द्र हवनेषु चोदय॥ १०॥

પદાર્થ : હે मघवन्-પરમ પૂજ્ય ધનાદિ સામગ્રીયુક્ત इन्द्र-શત્રુ વિદારક સેનાપતિ ! જે त्वम्-આપ ચતુરંગ = ચોતરફ નાકાબંધી સેના સહિત अर्भेषु-અલ્પ महत्सु-મહાન च-અને મધ્યમ आजा-સંગ્રામોમાં શત્રુઓને जिगेथ-જીતેલ છો અને ઉક્ત સંગ્રામોમાં धना-ધન આદિ પદાર્થોને न-ન रुरोधिथ-

રોકો છો, તે उग्रम्-શત્રુઓના બળને વિદીર્ણ કરવામાં અત્યંત બલી त्वाम्-આપનો अवसे-રક્ષા આદિને માટે સ્વીકાર કરીને અમે શત્રુઓને संशिशोमसि-સમ્યક્ નિર્મૂળ-નષ્ટ કરીએ છીએ, अथ-તદનન્તર આપ પણ એમ કરો કે हवनेषु-ગ્રહણ કરવા યોગ્ય કામોમાં नः-અમને चादेय-પ્રવૃત્ત કરાવો. (૧૦)

*ભાવાર્થ : જે મનુષ્ય અવસર પામીને શત્રુઓ અને ધનનો વિજેતા, શુભ કર્મોમાં પ્રેરિત કરનાર અને દુષ્ટોને છિન્ન-ભિન્ન કરનાર છે, તે જ સર્વના દ્વારા સેનાપતિ માનવા યોગ્ય છે. (૧૦)*

विश्वाहेन्द्रो अधिवक्ता नो अस्त्वपरिह्वृताः सनुयाम वाजम्।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ ११ ॥

પદાર્થ : अपरिह्वृताः-આજ્ઞા પ્રાપ્ત અમ જે विश्वाहा-સર્વ શત્રુઓને મારનાર इन्द्रः-પરમૈશ્વરયુક્ત સભાધ્યક્ષ नः-અમને अधिवक्ता-યથાવત્ શિક્ષા આપનાર अस्तु-થાય, તેને માટે वाजम्-સુસંસ્કૃત અન્નને सनुयाम्-આપીએ. જેથી तत्-તેને नः-અમારી मित्रः-મિત્રતા, वरुणः-ઉત્તમ ગુણવાન, अदितिः-સમસ્ત વિદ્વાન અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत-અને द्यौः-સૂર્યલોક मामहन्ताम्-વૃદ્ધિ કરે. (૧૧)

*ભાવાર્થ : સર્વ સેવકોની એ રીત હોય, કે જ્યારે જેવી પોતાના સ્વામી આજ્ઞા કરે તે જ સમયે તેનું પાલન કરવામાં આવે. જે સમસ્ત વિદ્યાઓમાં સંપન્ન હોય, તેના દ્વારા ઉપદેશ શ્રવણ કરવો જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં શાળા આદિના અધિપતિ, ઈશ્વર, અધ્યાપક અને સેનાપતિના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતી જાણવી જોઈએ. (૧૦૨)

## સૂક્ત-૧૦૩

तत्त इन्द्रियं परमं पराचैरधारयन्त कवयः पुरेदम्।
क्षमेदमन्यद्दिव्य१न्यदस्य समी पृच्यते समनेव केतुः॥ १ ॥

પદાર્થ : હે જગદીશ્વર ! જે ते-આપ વા જીવસૃષ્ટિમાં इदम्-તે પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ સામર્થ્ય परमम्-પ્રબળ સર્વોત્તમ इन्द्रियम्-પરમૈશ્વર્યયુક્ત આપનું અને જીવનું એક ચિહ્ન જેને कवयः-બુદ્ધિમાન વિદ્વાનો पराचैः-ઉપરના ચિહ્નો સહિત पुरा-પૂર્વ अधारयन्त-ધારણ કરીને क्षमा-સર્વ સહનયુક્ત પૃથિવી. इदम्-એ વર્તમાન ચિહ્નને ધારણ કરતી જે दिवि-પ્રકાશમાન સૂર્ય આદિ લોક વર્તમાન વા જે अन्यत्-તેનાથી ભિન્ન કારણમાં વા अस्य-સંસારના મધ્યમાં છે એને ई-જળ ધારણ કરીને જે अन्यत्-વિલક્ષણ ન દેખાતા કાર્યમાં થાય છે. तत्-તે સર્વને समनेव-જેમ યુદ્ધમાં સેના પ્રવૃત્ત થાય, એમ केतुः-આ જગતમાં संपृच्यते-સંબદ્ધ થાય છે. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે-જે આ સંસારમાં રચના વિશેષથી યુક્ત ઉત્તમ વસ્તુ છે, તે-તે સર્વ*

*પરમેશ્વરની રચનાથી જ પ્રસિદ્ધ છે, એમ માનો. આવો વિચિત્ર સંસાર વિધાતા વિના સંભવ થઈ શકતો નથી, તેથી નિશ્ચય જ આ જગતનો રચયિતા ઈશ્વર છે અને જીવરચિત સૃષ્ટિનો કર્તા જીવ છે. (૧)*

**स धारयत्पृथिवीं पप्रथच्च वज्रेण हत्वा निरपः ससर्ज।**

**अहन्नहिमभिनद्रौहिणं व्यहन्व्यंसं मघवा शचीभिः॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! मघवा-સૂર્યલોક शचिभिः-કામોથી पृथिवीम्-પૃથિવીને धारयत्-ધારણ કરે છે, પોતાના તેજ च-અને વિદ્યુત્ આદિને पप्रथत्-ફેલાવે છે, તે પોતાના તેજથી સર્વ જગતને પ્રકાશિત કરે છે, वज्रेण-પોતાના કિરણ સમૂહથી મેઘને हत्वा-મારીને अपः-જળોને निः, ससर्ज-નિરંતર ઉત્પન્ન કરે છે, ફરી अहिम्-મેઘનું अहन्-હનન કરે છે, रौहिणम्-રોહિણી નક્ષત્રમાં ઉત્પન્ન થયેલા મેઘનું अभिनत्-વિદારણ કરે છે, व्यंसम्-वि, अहन्-માત્ર સાધારણ વિદારણ જ નહિ પરંતુ કટિ, અંસ, ભુજા આદિને જેમ એવા રંડ, મુંડ, મુચંડ, ઉદ્દંડ વીરની સમાન વિશેષ કરીને મેઘોનું હનન કરે છે, सः-તે સૂર્યલોક ઈશ્વરે રચેલ છે, તેમ જાણો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, એ જોવું જોઈએ કે પ્રસિદ્ધ સૂર્યલોક છે, તે છેદન, આકર્ષણ, પ્રકાશન આદિ કર્મોથી વર્ષા કરીને, પૃથિવીને ધારણ કરીને, અવ્યક્ત [=અપ્રકટ] પદાર્થોને પ્રકાશિત કરીને સર્વ પ્રાણીઓને વ્યવહારમાં ચલાવે છે, તે પરમાત્માની રચના વિના કદાપિ સંભવ થઈ શકતું નથી. (૨)*

**स जातूभर्मा श्रद्दधान ओजः पुरो विभिन्दन्नचरद्वि दासीः।**

**विद्वान्वज्रिन्दस्यवे हेतिमस्यार्यं सहो वर्धया द्युम्नमिन्द्र॥ ३॥**

પદાર્થ : હે वज्रिन्-પ્રશંસિત શસ્ત્ર સમૂહયુક્ત इन्द्र-શ્રેષ્ઠ પદાર્થોના દાતા સેના આદિના સ્વામી ! જે जातुभर्मा-ઉત્પન્ન થયેલ સાંસારિક પદાર્થોને ધારણ श्रद्दधानः-અને સારા કાર્યોમાં પ્રીતિ કરનારા विद्वान्-વિદ્વાન આપ अस्य-એ દુષ્ટજનની दासीः-નાશ પામનારી સમાન દાસી પ્રધાન षुरः-નગરીઓના दस्यवे-દુષ્ટ કામ કરતા જનને માટે विभिन्दन्-વિનાશ કરીને व्यचरत्-વિચરે છે, सः-તે આપ શ્રેષ્ઠ સજ્જનોને માટે हेतिम्-અતિ વર્ધક વજ્રને आर्यम्-શ્રેષ્ઠ વા અતિ શ્રેષ્ઠના એ सहः-બળ द्युम्नम्-ધન વા ओजः-પરાક્રમની वर्धय-વૃદ્ધિ કરો. (૨)

*ભાવાર્થ : જે મનુષ્ય દસ્યુઓ (ચોર, ડાકુ, લબાડ, લંપટ, કજિયાખોરો)નો વિનાશ કરીને, શ્રેષ્ઠોને હર્ષિત કરીને તથા શરીર અને આત્માના બળની વૃદ્ધિ કરીને ધન આદિ દ્વારા સુખોની વૃદ્ધિ કરે છે. તેઓ સર્વના દ્વારા 'શ્રદ્ધા કરવા યોગ્ય છે.' (૩)*

**तदूचुषे मानुषेमा युगानि कीर्त्तेन्यं मघवा नाम बिभ्रत्।**

**उपप्रयन्दस्युहत्याय वज्री यद्ध सूनुः श्रवसे नाम दधे॥ ४॥**


પદાર્થ : જે मघवा-પુષ્કળ ધનવાન सूनुः-વીરનો પુત્ર वज्री-પ્રશંસિત શસ્ત્ર-અસ્ત્ર ધારણ કરેલ સેનાપતિ-જેમ સૂર્ય પ્રકાશમાન છે, તેમ પ્રકાશિત થઈને ऊचुषे-કહેવાની યોગ્યતાને માટે વા दस्युहत्याय-જેને

માટે ડાકુઓનું હનન કરવામાં આવે, તે श्रवसे-ધનને માટે इमा-એ मानुषा-મનુષ્યોમાં થનાર युगानि-વર્ષોને તથા कीर्त्तेन्यम्-કીર્તનીય नाम-પ્રસિદ્ધ અને જળને बिभ्रत्-ધારણ કરીને उपप्रयन्-ઉત્તમ મહાત્માની સમીપ જઈને यत्-જે नाम-પ્રસિદ્ધ કામને दधे-ધારણ કરે છે तत्-તે ઉત્તમ કાર્યને ह-નિશ્ચયથી અમે પણ ધારણ કરીએ. (૪)

*ભાવાર્થ : જેમ સૂર્ય (દિવસ-રાત આદિ:કાળ અવયવોને તથા જળને ધારણ કરીને સર્વ પ્રાણીઓનાં સુખને માટે અંધકારનો નાશ કરીને સુખ પ્રદાન કરે છે, તેમ જ સેનાપતિ સુખપૂર્વક વર્ષો અને સુખને ધારણ કરીને શત્રુઓના નાશ દ્વારા સર્વના સુખને માટે ધન ઉત્પન્ન કરે. (૪)*

यदस्येदं पश्यता भूरि पुष्टं श्रदिन्द्रस्य धत्तन वीर्याय।

स गा अविन्दत्सो अविन्ददश्वान्स ओषधीः सो अपः स वनानि॥ ५ ॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सः-તે સેનાપતિ સૂર્યની સમાન गाः-ભૂમિઓને अविन्दत्-પ્રાપ્ત થાય છે, सः-તે अश्वान्-મહાન પદાર્થોને अविन्दत्-પ્રાપ્ત થાય છે, सः-તે ओषधीः-ઔષધિઓ અર્થાત્ ઘઉં, અડદ, મગ, ચણા આદિને પ્રાપ્ત થાય છે; सः-તે अपः-સૂર્ય જેમ જળને તેમ કર્મોને પ્રાપ્ત થાય છે सः-તથા તે સૂર્ય वनानि-જેમ તેમ વનોને પ્રાપ્ત થાય છે, अस्य-એ इन्द्रस्य-સેનાબળયુક્ત સેનાપતિના तत्-તે કર્મને વા इदम्-આ भूरि-બહુ જ पुष्टम्-દૃઢ श्रुत्-સત્યાચરણને તમે पश्यत-જુઓ અને वीर्याय-બળ પ્રાપ્તિ માટે धत्तन-ધારણ કરો. (૫).

*ભાવાર્થ : મનુષ્યોએ તેની પ્રાપ્તિ ઉત્તમ સત્યાચરણથી (થાય) તેને જ ધારણ કરવા જોઈએ. તેના વિના સત્ય પરાક્રમ અને સર્વ પદાર્થોનો લાભ થતો નથી. (૫)*

भूरिकर्मणे वृषभाय वृष्णे सत्यशुष्माय सुनवाम सोमम्।

य आदृत्या परिपन्थीव शूरोऽयज्वनो विभजन्नेति वेदः॥ ६ ॥

પદાર્થ : અમે यः-જે शूरः-નિડર શૂરવીર પુરુષનો आदृत्य-આદર સત્કાર કરીને परिपन्थीव-જેમ સર્વ પ્રકારના માર્ગમાં ચાલતા ડાકુ બીજાઓનાં ધન આદિ સર્વસ્વને હરી લે છે, તેમ ચોરોના પ્રાણ તથા તેના પદાર્થોને છીનવીને હરી લેવા. તે विभजन्-વિભાગ અર્થાત્ શ્રેષ્ઠ અને દુષ્ટ પુરુષોના જુદા-જુદા કરીને તેમાંથી अयज्वनः-જે યજ્ઞ કરતા નથી. તેના वेद-ધનને एति-છીનવી લઈને તે भूरिकर्मणे-બહુ કામ કરનારા वृषभाय-શ્રેષ્ઠ वृष्णे-સુખદાયક सत्यशुष्माय-નિત્ય બળવાન સેનાપતિને માટે જેમ सोमम्-ઐશ્વર્ય સમૂહને सुनवाम्-ઉત્પન્ન કરે, તેમ તમે પણ કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ જે ડાકુની સમાન દૃઢ સાહસી બનીને ચોરોનું સર્વસ્વ હરીને તથા સત્કર્મ કરનારાઓનો આદર કરીને પુરુષાર્થી, બળવાન અને ઉત્તમ મનુષ્ય હોય, તેને જ સેનાપતિ બનાવવો જોઈએ. (૬)*

तदिन्द्र प्रेव वीर्यं चकर्थ यत्ससन्तं वज्रेणाबोधयोऽहिम्।

अनु त्वा पत्नीर्हृषितं वयश्च विश्वे देवासो अमदन्ननु त्वा॥७॥

પદાર્થ : હે इन्द्र-સેનાપતિ ! આપ ससन्तम्-સૂતેલા ચિંતારહિત अहिम्-સર્પ વા શત્રુને यत्-જે वज्रेण-તીક્ષ્ણ શસ્ત્રથી अबोधयः-જગાડો છો तत्-તે वीर्यम्-પોતાના બળને प्रेव-પ્રકટ જેમ चकर्थ-કરો છો अनु-પશ્ચાત્ हृषितम्-ઉત્પન્ન થયેલ છે આનંદ જેને તે त्वा-આપને पत्नी-આપની સ્ત્રીજન અને वयः-જ્ઞાનવાન विश्वे-સમસ્ત देवासश्च-વિદ્વાનજન પણ त्वा-આપને अन्वमदन्-અનુકૂળતાથી પ્રસન્ન કરે છે. (૬)

*ભાવાર્થ : બળવાન સેનાપતિના દ્વારા દુષ્ટ પ્રાણી તથા દુષ્ટ શત્રુ-જન વિધિપૂર્વક મારી નાખવામાં આવે છે. (૭)*

शुष्णं पिप्रुं कुयवं वृत्रमिन्द्र यदावधीर्वि पुरः शम्बरस्य।

तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥८॥

પદાર્થ : હે इन्द्र-સેનાપતિ ! यदा-જ્યારે સૂર્ય शूष्णम्-બળવાન कुयवम्-જેથી જવ આદિ થાય છે અને पिप्रुम्-જળ આદિ પદાર્થોને પરિપૂર્ણ કરે છે, તે वृत्रम्-મેઘ વા शम्बरस्य-અત્યંત વરસનાર બળવાન મેઘની पुरः-સંપૂર્ણ ઘટાટોપ અને ઉભરેલી મંડળીઓ-ખાડાઓ (વાદળાંઓના થર જામેલી રીંછડીઓ જેવી વાદળીઓ ડેકા દેતી હોય તે)નું હનન કરે છે, તેમ શત્રુઓની નગરીઓને वि, अवधीः-મારો છો - નાશ કરો છો, तत्-ત્યારે, मित्रः-મિત્ર, वरुणः-ઉત્તમ ગુણયુક્ત, अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत-અને द्यौः-સૂર્યલોક, नः-અમારાથી मामहन्ताम्-સત્કાર કરાવવાના હેતુ બનો છો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ જેવી રીતના સૂર્યના ગુણો છે, તેની ઉપમા અર્થાત્ અનુસારથી પોતાના ગુણોના દ્વારા સેવક આદિથી તથા પૃથિવી આદિથી ઉપકારો લઈને તથા શત્રુઓને મારીને નિરંતર સુખી રહેવું જોઈએ. (૮)*

સંગતિ : આ સૂક્તમાં ઈશ્વર, સૂર્ય અને સેનાધિપતિના ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૩)

## સૂક્ત-૧૦૪

योनिष्ट इन्द्र निषदे अकारि तमा नि षीद स्वानो नार्वा।

विमुच्या वयोऽवसायाश्वान्दोषा वस्तोर्वहीयसः प्रपित्वे॥१॥

પદાર્થ : હે इन्द्र-ન્યાયાધીશ ! ते-આપના निषदे-બેસવા માટે योनिः-જે રાજ સિંહાસન અમે अकारि-કરેલ છે, तम-તેના પર આપ आ निषीद-બેસો; અને स्वानः-હણહણતા अर्वा-ઘોડાની न-સમાન प्रपित्वे-પહોંચવા યોગ્ય સ્થાનમાં કોઈ સમય જવા ઈચ્છતા આપ वयः-પક્ષી વા આયુની अवसाय-

રક્ષા આદિ વ્યવહારને માટે अश्वान्-દોડતા ઘોડાને विमुच्य-છોડીને दोषा-રાત્રિ વા वस्तोः-દિવસે वहीयसः-આકાશ માર્ગથી શીઘ્ર પહોંચાડનાર અગ્નિ આદિ પદાર્થોને સંયુક્ત કરો અર્થાત્ વિમાન આદિ રથોને અગ્નિ-જળ આદિ કળાઓથી - યંત્રોથી યુક્ત કરો. (૧)

*ભાવાર્થ : ન્યાયાધીશોએ ન્યાયાસન પર બેસીને પ્રસિદ્ધ શબ્દોમાં વાદી અને પ્રતિવાદીને સંબોધન કરીને, પ્રતિદિન યથોચિત્ ન્યાય કરીને તથા તેઓને પ્રસન્ન કરીને સર્વને સુખી કરવા જોઈએ.*

*અતિ પરિશ્રમથી આયુની ક્ષીણતા થાય છે, એ વિચાર કરીને શીઘ્ર જવા માટે ક્રિયા-કૌશલથી અગ્નિ આદિના દ્વારા વિમાન આદિ યાન બનાવવા જોઈએ. (૧)*

**ओ त्ये नर इन्द्रमूतये गुर्नू चित्तान्त्सद्यो अध्वनो जगम्यात्।**

**देवासो मन्युं दासस्य श्चम्नन्ते न आ वक्षन्त्सुविताय वर्णम्॥ २॥**

પદાર્થ : त्ये-જે नरः-સજ્જન ऊतये-રક્ષાને માટે इन्द्रम्-સભા અને સેના આદિના અધિપતિની सद्यः-શીઘ્ર ओ, गुः-સન્મુખ પ્રાપ્ત થાય છે, तान्-તેને चित्-પણ એ સભાપતિ अध्वनः-શ્રેષ્ઠ માર્ગોને जगम्यात्-નિરંતર પહોંચાડે.

જે देवासः-વિદ્વાનો दासस्य-પોતાના સેવકના मन्युम्-ક્રોધને श्म्नन्-નિવૃત્ત કરે, ते-તેઓ नः-અમારી सुविताय-પ્રેરણાને પ્રાપ્ત થયેલ સેવકને માટે वर्णम्-આજ્ઞાપાલન કરવાને नु-શીઘ્ર आ, वक्षन्-પહોંચાડે. (૨)

*ભાવાર્થ : જે પ્રજાજન અને સૈનિક લોકો સત્યની રક્ષાને માટે સભા આદિના અધ્યક્ષ આદિના શરણમાં પહોંચે, તેની એ યથાવત્ રક્ષા કરે.*

*જે વિદ્વાનો વેદ અને ઉત્તમ શિક્ષા દ્વારા મનુષ્યોના દોષોનું નિવારણ કરીને શાન્તિ આદિનું સેવન કરે, તેઓની સર્વેએ સેવા કરવી જોઈએ. (૨)*

**अव त्मना भरते केतवेदा अव त्मना भरते फेनमुदन्।**

**क्षीरेण स्नातः कुयवस्य योषे हते ते स्यातां प्रवणे शिफायाः॥ ३॥**

પદાર્થ : केतवेदाः-( केतः = प्रज्ञातु, वेदो = धनं ) જેણે ધન જાણી લીધું છે, તે રાજપુરુષ त्मना-જાતે પ્રજાના ધનને अव, भरते-પોતાનું કરીને લઈ લે છે, અર્થાત્ અન્યાયપૂર્વક પડાવી લે છે; અને જે પ્રજાપુરુષ त्मना-જાતે જ फेनम्-વ્યાજ પર વ્યાજ = ચક્રવર્તી વ્યાજ લઈને વધારેલ વા અન્ય પ્રકારથી વધારેલ રાજધનને अव भरते-અધર્મથી લે છે, તે બન્ને क्षीरेण-જળથી પૂર્ણ ભરેલ उदन्-જલાશય અર્થાત્ નદ-નદીઓમાં स्नातः-સ્નાન કરે છે, તેથી ઉપરથી-શરીરથી શુદ્ધ થાય છે પણ જેમ कुयवस्य-ધર્મ અને અધર્મથી મળેલા જેનો વ્યવહાર છે, તે પુરુષની गोषे-આગળ-પાછળના વિવાહની પરસ્પર વિરોધ કરતી (નવી-જુની ઝઘડતી) સ્ત્રીઓ शिफायाः-અતિ ભ્રમરવાળી નદીના प्रवणे-પ્રબળ

પ્રવાહમાં પડીને हते-નાશ स्याताम्-પામે છે, તેમ નાશ થાય છે. (૩)

*ભાવાર્થ : જે પ્રજાવિરોધી રાજપુરુષ અથવા રાજવિરોધી પ્રજાજન છે, તે બન્ને સુખની વૃદ્ધિ કરી શકતા નથી.*

*જે રાજપુરુષ પક્ષપાતપૂર્વક પોતાના પ્રયોજનને માટે પ્રજાજનોને પીડિત કરીને ધન સંચિત કરે છે અને જે પ્રજાજન ચોરી અને કપટ દ્વારા રાજકીય ધનને નષ્ટ કરે છે, તે બન્ને તેમ શીઘ્ર નષ્ટ થાય છે, જેમ બે શૌક સ્ત્રીઓ પરસ્પર ઝઘડા અને ક્રોધને કારણે નદીમાં ડૂબીને પ્રાણોને ત્યાગે છે.*

*તેથી રાજપુરુષ પ્રજાજનની સાથે અને પ્રજાજન રાજપુરુષની સાથે વિરોધ છોડીને પરસ્પર સહાયક બનીને સદા વર્તાવ કરે. (૩).*

**युयोप नाभिरुपरस्यायोः प्र पूर्वाभिस्तिरते राष्टि शूरः।**

**अञ्जसी कुलिशी वीरपत्नी पयो हिन्वाना उदभिर्भरन्ते॥ ४॥**

પદાર્થ : જ્યારે शूरः-નિર્ભયતાથી શત્રુઓને મારનાર શૂરવીર प्र; पूर्वाभिः-પ્રજાજનોની સાથે तिरते-રાજ્યનો યથાવત્ ન્યાય કરીને પાર થાય છે અને राष्टि-તે રાજ્યમાં પ્રકાશિત થાય છે, ત્યારે आयोः-પ્રાપ્ત થવા યોગ્ય उपरस्य-મેઘની नाभिः-બંધન-ચોતરફથી ઉમટેલાં વાદળોની વર્ષા युयोप-સર્વને મોહિત કરે છે. અર્થાત્ રાજધર્મથી પ્રજાસુખને માટે જળવર્ષા પણ થાય છે, તે થોડી નહિ પરંતુ अञ्जसी-પ્રસિદ્ધ कुलिशी-જે સૂર્યના કિરણરૂપી વજ્રથી સર્વ રીતે રહેલી અર્થાત્ સૂર્યના પ્રચંડ તાપથી સૂકાવાથી બચેલી वीरपत्नी-મોટી-મોટી નદીઓ જેનાથી મોટો વીર સમુદ્ર જ છે, તે पयः-જળને हिन्वानाः-હિલોરા લેતી उदभिः-જળથી भरन्ते-ભરાઈ જાય છે. (૪)

*ભાવાર્થ : સુરાજ્યમાં સર્વ પ્રકારનું સુખ પ્રજાને થાય છે. સુરાજ્ય વિના દુઃખ થાય છે અને દુકાળ પડે છે. તેથી વીરપુરુષે રીતિથી રાજ્યનું પાલન કરવું જોઈએ. (૪)*

**प्रति यत्स्या नीथादर्शि दस्योरोको नाच्छा सदनं जानती गात्।**

**अध स्मा नो मघवञ्चर्कृतादिन्मा नो मघेव निष्षपी परा दाः॥ ५॥**

પદાર્થ : સભા આદિના સ્વામીએ यत्-જે नीथा-ન્યાય રક્ષાને પહોંચાડેલી પ્રજા दस्योः-પારકું ધન હરનારા ડાકુના ओकः-ઘરની न-સમાન પાલી જેવી अदर्शि-દેખાય છે, स्या-તે अच्छ-સારું जानती-જાણતી सदनम्-ઘરને प्रति, गात्-પ્રાપ્ત થઈને અર્થાત્ ઘરથી પાછી ફરી જાય છે.

હે मघवन्-સભા આદિના સ્વામી ! निष्षपी-સ્ત્રીની સાથે નિરંતર લાગી રહેલ તું नः-અમને मघेव-જેમ ધનને તેમ मा, परा, दाः-બગાડ નહિ अध-તદનન્તર नः-અમને चर्कृतात्-નિરંતર કરવા યોગ્ય કામથી इत्-જ વિરુદ્ધ વ્યવહાર ન स्म-બતાવો. (૫)

*ભાવાર્થ : જેમ સુદૃઢ અને સુરક્ષિત ઘર ચોરોથી તથા ઠંડી, ગરમી અને વર્ષાથી મનુષ્યોની તથા ધન આદિની રક્ષા કરે છે, તેમ જ સભાધ્યક્ષ રાજાઓ દ્વારા સંરક્ષિત પ્રજા એની પાલના કરે છે.*

*જેમ કામી મનુષ્ય પોતાના શરીર, ધર્મ, વિદ્યા અને શિષ્ટાચારોનો નાશ કરે છે, તથા જેમ ઈર્ષા અને અભિમાનના યોગથી મનુષ્ય પ્રાપ્ત કરેલ પુષ્કળ ધનને અન્યાયોમાં ફેંકીને તેને ક્ષીણ કરી દે છે, તેમ (રાજા આદિ) પ્રજાનો વિનાશ ન કરે. પરંતુ પ્રજા દ્વારા નિરંતર કરેલા ઉપકારોને ધ્યાનમાં રાખીને, નમ્રતા અને પ્રેમની સાથે એ (પ્રજાજનો)નું સદા પાલન કરે. દુષ્ટ શત્રુઓથી ડરીને કદીપણ પલાયન ન કરે. (૫)*

**स त्वं न॑ इन्द्र॒ सूर्ये॒ सो ऽअ॒प्स्व॑नागा॒स्त्व आ भ॑ज जीवशं॒से।**
**मान्त॑रां॒ भुज॒मा री॑रिषो न॒: श्रद्धि॑तं ते मह॒त ऽइ॑न्द्रि॒याय॑॥ ६ ॥**

પદાર્થ : હે इन्द्र-સભાના સ્વામી જે ते-આપની महते-બહુ જ અને પ્રશંસા કરવા યોગ્ય इन्द्रियाय-ધનને માટે नः-અમારો श्रद्धितम्-શ્રદ્ધાભાવ છે, सः-તે त्वम्-આપ नः-અમને भुजम्-ભોગ કરવા યોગ્ય પ્રજાને अन्तराम्-મધ્યમાં मा आरीरिषः-રિબાવો નહિ, મારો નહિ અને सः-તે આપ सूर्ये-સૂર્ય, પ્રાણ, अप्सु-જળ अनागास्त्वे-અને નિષ્પાપમાં તથા जीवशंसे-જેમાં જીવોની પ્રશંસા, સ્તુતિ થાય એ વ્યવહારમાં ઉપમાને आ, भज-સમ્યક્ ભજો-સેવા કરો. (૬)

*ભાવાર્થ : જે પ્રજાઓ શ્રદ્ધાપૂર્વક રાજ્ય વ્યવહારની સિદ્ધિ માટે પુષ્કળ ધન પ્રદાન કરે છે, તેની સભાપતિઓએ કદી હિંસા ન કરવી જોઈએ. પરંતુ જે ડાકુ અને ચોરરૂપ પ્રજાઓ છે, તેની સદા હિંસા કરવી જોઈએ.*

*જે સેનાપતિનો અધિકાર પ્રાપ્ત કરે, તે સૂર્યની સમાન ન્યાય અને વિદ્યાના પ્રકાશનું, જળની સમાન શાન્તિ અને તૃપ્તિનું, અન્યાય અને અપરાધના ત્યાગનું તથા પ્રજાની સાથે પ્રશંસનીય વ્યવહારનું સેવન કરીને રાષ્ટ્રને પ્રસન્ન રાખે. (૬)*

**अधा॑ मन्ये॒ श्रत्ते॑ अस्मा अधायि॒ वृषा॑ चोदस्व मह॒ते धना॑य।**
**मा नो॒ अकृ॑ते पुरुहू॒त योना॒विन्द्र॒ क्षुध्य॑द्भ्यो॒ वय॑ आसु॒तिं दा॑॥ ७ ॥**

પદાર્થ : હે पुरुहूत-અનેકોથી સત્કાર પ્રાપ્ત इन्द्र-પરમૈશ્વર્યદાતા અને શત્રુઓનો નાશ કરનાર સેનાપતિ ! वृषा-અતિ સુખ વરસાવનાર આપ अकृते-વિચાર કર્યા વિના योनौ-નિમિત્તમાં नः-અમારા वयः-અભીષ્ટ અન્ન અને आसुतिम्-સંતાનને मा, दाः-છિન્ન-ભિન્ન ન કરો અને क्षुध्यद्भ्यः-ભૂખ્યાઓને અન્ન-જળ આદિ अधायि-ધરો = આપો. અમને महते-બહુ જ પ્રકારના धनाय-ધનને માટે चोदस्व-પ્રેરણા કર. अधः-તદનન્તર अस्मै-એ ઉક્ત કામને માટે ते-તારી श्रत्-શ્રદ્ધા વા સત્ય આચરણમાં मन्ये-માનું છું. (૭)

*ભાવાર્થ : ન્યાયાધીશ આદિ રાજપુરુષો એ નિરપરાધ પ્રજાઓની હિંસા કદી પણ ન કરવી જોઈએ. સદા તેનાથી 'કર' લેવો જોઈએ. તેનું પાલન કરીને તથા તેને ઉન્નત કરીને વિદ્યા તથા પુરુષાર્થમાં*

*પ્રવૃત્ત કરીને આનંદિત કરવા જોઈએ. સભાપતિઓનાં આ સત્ય કામનું પ્રજાજનોએ સદા માન કરવું જોઈએ. (૭)*

मा नो वधीरिन्द्र या परा दा मा नः प्रिया भोजनानि प्र मोषीः।
आण्डा या नो मघवञ्छक्र निर्भेन्मा नः पात्रा भेत्सहजानुषाणि॥८॥

પદાર્થ : હે મઘવન્-પ્રશંસિત ધનયુક્ત शक्र-સર્વ વ્યવહાર કરવામાં સમર્થ इन्द्र-શત્રુઓનો વિનાશ કરનાર સભાના સ્વામી ? આપ नः-અમે પ્રજાસ્થ મનુષ્યોને मा, वधीः-મારો નહિ, मा, परा, दाः-અન્યાયપૂર્વક દંડ આપો નહિ, સ્વાભાવિક કામ અને नः-અમારા सहजानुषाणि-જે જન્મથી સિદ્ધ તેના વર્તમાન प्रिया-પ્રિય भोजनानि-ભોજનના પદાર્થોને मा, प्र, मोषीः-ચોરો નહિ, नः-અમારા आण्डा-ઈંડાના સમાન જે ગર્ભમાં સ્થિત પ્રાણીઓને मा निर्भेत्-વિદીર્ણ કરો નહિ, नः-અમારા पात्राः-સોના-ચાંદીના પાત્રોને मा, भेत्-બગાડો નહિ. (૮)

*ભાવાર્થ : હે સભાપતિ ! તું અન્યાયથી કોઈને હેરાન કરતો નહિ અને કોઈ ધાર્મિક સજ્જનથી વિમુખ પણ બનીશ નહિ. ચોરી આદિ દોષરહિત જનો પર પરમેશ્વર દયા બતાવે છે, તેવી રીતે પોતાના રાજ્યના કામ કરવા લાગેલા રહેવું. આવા વ્યવહાર વિના પ્રજાને રાજાથી સંતોષ થતો નથી. (૮)*

अर्वाङेहि सोमकामं त्वाहुरयं सुतस्तस्य पिबा मदाय।
उरुव्यचा जठर आ वृषस्व पितेव नः शृणुहि हूयमानः॥९॥

પદાર્થ : હે સભાધ્યક્ષ ! જેથી त्वा-આપને सोमकामम्-કુટેલા-પીસેલા પદાર્થોના રસની કામના કરનારા आहुः-બતાવે છે, એથી આપ अर्वाङ्-અંતરંગ વ્યવહારમાં आ, इहि-આવો. अयम्-એ જે सुतः-કાઢેલા પદાર્થોનો રસ છે, तस्य-તેનું मदाय-હર્ષને માટે पिब-પાન કરો. उरुव्यचाः-જેનું બહુ જ અને અનેક પ્રકારનું પૂજન-સત્કાર છે, તે આપ जठरे-જેથી સર્વ વ્યવહાર થાય છે તે ઉદરમાં आ, वृषस्व-આસેચન કરો અર્થાત્ ઉક્ત પદાર્થનું સમ્યક્ પાન કરો તથા અમારાથી हूयमानः-પ્રાર્થનાને પ્રાપ્ત થયેલ આપ पितेव-જેમ પ્રેમ કરતો પિતા પુત્રની વાત સાંભળે છે, તેમ नः-અમારી વાત श्रुणुहि-સાંભળો. (૯)

*ભાવાર્થ : પ્રજાજનો દ્વારા સભાપતિ આદિ રાજપુરુષોને અન્ન, પાન, વસ્ત્ર, ધન, વાહન અને મધુર ભાષણ આદિ દ્વારા સદા પ્રસન્ન કરવા જોઈએ અને રાજપુરુષો દ્વારા પ્રજાના પ્રાણીઓનું પુત્ર સમાન નિરંતર પાલન કરવું જોઈએ. (૯)*

સંગતિ : આ સૂક્તમાં સભાપતિ, રાજા અને પ્રજાએ કરવા યોગ્ય વ્યવહારમાં વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૪)

## સૂક્ત-૧૦૫

**चन्द्रमा अप्स्व१न्तरा सुपर्णो धावते दिवि।**

**न वो हिरण्यनेमयः पदं विन्दन्ति विद्युतो वित्तं मे अस्य रोदसी॥ १॥**

પદાર્થ : હે रोदसी-સૂર્યપ્રકાશ વા ભૂમિની સમાન રાજ અને પ્રજાજન સમૂહ मे-મને પદાર્થ વિદ્યા જાણવાની ઉત્તેજનાથી જે अप्सु-પ્રાણરૂપી વાયુની अन्तः-મધ્ય सुपर्णः-સમ્યક્ ગમન કરનાર વા चन्द्रमा-આનંદદાયક ચંદ્રલોક दिवि-સૂર્યના પ્રકાશમાં आ० धावते-અતિ શીઘ્ર ભ્રમણ કરે છે અને हिरण्यनेमयः-જેની સુવર્ણરૂપી ચમક-દમક ઝળઝળાહટ છે, તે विद्युतः-વિદ્યુત્ લપટ-ઝપટથી દોડતી वः-તમારી पदम्-વિચારયુક્ત શિલ્પ વ્યવહારને न विन्दन्ति-પ્રાપ્ત થતી નથી. અર્થાત્ તમે તેને યથોચિત કામમાં લેતા નથી. अस्य-એ પૂર્વોક્ત વિષયને તમે वित्तम्-જાણો. (૧)

*ભાવાર્થ : હે રાજપુરુષો અને પ્રજાજનો ! જે ચંદ્રમાની છાયા, આકાશ અને જલના સંયોગથી શીતલતાયુક્ત પ્રકાશ છે, તેને તમે જાણો.*

*જે વિદ્યુત્ ચમકે છે, તે નેત્રો દ્વારા ગ્રહણ કરવા યોગ્ય હોય છે. જે છૂપાયેલી હોય છે, તેનું ચિહ્ન નેત્ર દ્વારા ગ્રહણ કરી શકાતું નથી. તે સર્વ જાણીને તમે સુખ સિદ્ધ કરો. (૧)*

**अर्थमिद्वा उ अर्थिन आ जाया युवते पतिम्।**

**तुञ्जाते वृष्ण्यं पयः परिदाय रसं दुहे वित्तं मे अस्य रोदसी॥ २॥**

પદાર્થ : જેમ अर्थिनः-પ્રશંસિત પ્રયોજનવાળા જન अर्थम्-જે પ્રાપ્ત થાય છે તેને वै-જ पतिम्-પતિનો जाया-સંબંધ કરનારી સ્ત્રીની સમાન आ, युवते-સમ્યક્ સંબંધ કરે છે, उ-જે તો જેમ રાજા અને પ્રજા જે वृष्ण्यम्-શ્રેષ્ઠતમ पयः-અન્ન इत्-અને रसम्-સ્વાદિષ્ટ ઔષધિઓથી કાઢેલ રસને परिदाय-સર્વત્રથી આપીને દુઃખોને तुञ्जाते-દૂર કરે છે, તેમ તેઓની હું પણ दुहे-વૃદ્ધિ કરું. શેષ અર્થ પ્રથમ મંત્રમાં કહેલ સમાન જાણવા જોઈએ. (૨)

*ભાવાર્થ : જેમ સ્ત્રી ઈચ્છિત પતિને તથા પુરુષ ઈચ્છિત સ્ત્રીને - પત્નીને પ્રાપ્ત કરીને આનંદિત થાય છે, તેમ પ્રયોજનોને સિદ્ધ કરવામાં સંલગ્ન વિદ્યુત્, પૃથિવી, સૂર્ય અને પ્રકાશની વિદ્યાનો (સાથ) લઈને તથા પદાર્થોને પ્રાપ્ત કરીને સદા સુખ પહોંચાડે છે. તે વિદ્યાના જ્ઞાતાજનોના સંગ વિના એ વિદ્યા પ્રાપ્ત થતી નથી. તથા દુઃખનો વિનાશ પણ સંભવ નથી. તેથી તેનું સર્વેએ પ્રયત્નપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. (૨)*

**मो षु देवा अदः स्व१रव पादि दिवस्परि।**

**मा सोम्यस्य शंभुवः शूने भूम कदाचन वित्तं मे अस्य रोदसी॥ ३॥**

પદાર્થ : હે देवाः-વિદ્વાનો ! તમારાથી दिवः-સૂર્યના પ્રકાશથી परि-ઉપર अदः-તે પ્રાપ્ત થનાર स्वः-સુખ कदा, चन-ક્યારેય मो, अव, पादि-ઉત્પન્ન થયેલ નથી.

અમે सोम्यस्य-ઐશ્વર્યને યોગ્ય शंभुवः-જેથી સુખ થાય તે વ્યવહારની सु, शूने-સુંદર ઉન્નતિમાં વિરુદ્ધભાવથી ચાલનાર કદી मा-भूम-થઈને નહિ. અન્ય અર્થ પ્રથમ મંત્રોક્ત સમાન જાણવો જોઈએ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ આ સંસારમાં ધર્મ અને સુખથી વિરુદ્ધ કામો ન કરવા જોઈએ. પુરુષાર્થ દ્વારા નિરંતર સુખની વૃદ્ધિ કરવી જોઈએ. (૩)*

यज्ञं पृच्छाम्यवमं स तद् दूतो वि वोचति।

क्व ऋतं पूर्व्यं गतं कस्तद्बिभर्त्ति नूतनो वित्तं मे अस्य रोदसी॥४॥

પદાર્થ : હે વિદ્વાન્ ! હું આપના પ્રત્યે જે अवमम्-રક્ષા આદિ કરનારા ઉત્તમ વા નિકૃષ્ટ यज्ञम्-સમસ્ત વિદ્યાથી પરિપૂર્ણ पूर्व्यम्-પૂર્વજોએ સિદ્ધ કરેલ ऋतम्-સત્યમાર્ગ વા ઉત્તમ જલસ્થાન क्व-ક્યાં गतम्-ગયા ? कः-અને કોણ नूतनः-નવીન જન तत्-તેને बिभर्त्ति-ધારણ કરે છે, એ पृच्छामि-પૂછું છું, सः-તે दूतः-ઇતસ્તતઃથી વાતચીત વા પદાર્થોને જાણીને આપ तत्-સર્વ વિષયને विवोचति-વિવેકપૂર્વક કહો. वित्तं मे-આદિના અર્થ પ્રથમ મંત્રોક્ત જાણવા જોઈએ.

*ભાવાર્થ : વિદ્યાની ઇચ્છા કરનારા વિદ્યાર્થીઓ = બ્રહ્મચારીઓએ વિદ્વાનોની પાસે જઈને અનેક પ્રકારના પ્રશ્નો કરીને તથા તેના ઉત્તર પ્રાપ્ત કરીને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.*

*હે અધ્યાપક વિદ્વાનો ! તમે સ્વયં રોકટોક વિના આવો અને મારા દ્વારા આ સંસારના પદાર્થોની વિદ્યાઓને જાણીને તથા અન્ય સર્વેને એ જ રીતે ભણાવીને સત્ય અને અસત્યને યથાર્થરૂપમાં જણાવો. (૪)*

अमी ये देवाः स्थन त्रिष्वा रोचने दिवः।

कद्व ऋतं कदनृतं क्व प्रत्ना व आहुतिर्वित्तं मे अस्य रोदसी॥५॥

પદાર્થ : હે વિદ્વાનો ! તમે दिवः-પ્રકાશક સૂર્યના रोचते-પ્રકાશમાં त्रिषु-ત્રણ અર્થાત્ નામ, સ્થાન અને જન્મમાં अमी-પ્રકટ અને અપ્રકટ ये-જે देवाः-દિવ્યગુણયુક્ત પૃથિવી આદિ લોક आ-સારી स्थन-સ્થિતિ કરે છે, वः-એની મધ્ય ऋतम्-સત્યકારણ कत्-ક્યાં અને अनृतम्-અસત્ય કાર્યરૂપ कत्-ક્યાં અને वः-એમના प्रत्ना-જૂના પદાર્થ અને એમના आहुतिः-હોમ એટલે કે વિનાશ क-ક્યાં થાય છે, તે સર્વ પ્રશ્નોના ઉત્તર કહો. શેષ પૂર્વવત્. (૫)

*ભાવાર્થ : જ્યારે સર્વ લોકોનો હોમ અર્થાત્ પ્રલય થાય છે, ત્યારે કાર્યજગત, કારણજગત અને જીવ ક્યાં રહે છે ? એ પ્રશ્ન છે.*

*ઉત્તર : સર્વવ્યાપક ઈશ્વરમાં અને આકાશમાં કારણરૂપમાં સમસ્ત જગત (રહે છે) અને સમસ્ત જીવ સુષુપ્તવત્ - સૂતેલા સમાન રહે છે.*

*એક-એક સૂર્યના પ્રકાશ અને આકર્ષણના ક્ષેત્રમાં જેટલા-જેટલા લોકો છે, તે-તે સર્વ ઈશ્વરના દ્વારા રચીને તથા ધારણ કરીને વ્યવસ્થિત કરવામાં આવે છે, એમ જાણવું જોઈએ. . પ્રલય અવસ્થામાં*

જગત અને જીવની સ્થિતિના મૂળ શબ્દો સ્વામીજીના ભાવાર્થમાં નિમ્ન છે - *सर्वव्यापक ईश्वर आकाशे च कारणरूपेण सर्वं जगत्, सुषुप्तवज्जीवाश्च वर्तन्त इति*-અર્થ ઉપર આપેલ છે - અનુવાદક) (૫)

**कद्व ऋतस्यं धर्णसि कद्वरुणस्य चक्षणम्।**

**कदर्यम्णो महस्पथाति क्रामेम दूढ्यो वित्तं मे अस्य रोदसी॥६॥**

પદાર્થ : હે વિદ્વાનો ! वः-એ સ્થૂલ પદાર્થોના ऋतस्य-સત્ય કારણને धर्णसि-ધારણ કરનાર कत्-ક્યાં છે ? वरुणस्य-જળ આદિ કાર્યરૂપ પદાર્થોનું चक्षणम्-દર્શન कत्-ક્યાં છે ? તથા महः-મહાન अर्यम्णः-સૂર્યલોકનો જે दूढ्यः-અતિ ગંભીર દુઃખથી ધ્યાનમાં આવવા યોગ્ય વ્યવહાર છે તેને कत्-ક્યા यथा-માર્ગથી અમે अति, क्रामेम-પાર કરીએ અર્થાત્ તે વિદ્યાથી પરિપૂર્ણ બનીએ. શેષ અર્થ પૂર્વવત્ (૬)

*ભાવાર્થ : વિદ્યાના ઈચ્છુકોએ વિદ્વાનોની સમીપ પહોંચીને, કાર્ય-કારણ આદિ વિદ્યાના માર્ગોથી સંબદ્ધ-વિષયક પ્રશ્નો કરીને તથા તેના ઉત્તર પ્રાપ્ત કરીને, ક્રિયા-કૌશલથી કાર્યોને સિદ્ધ કરીને તથા દુઃખોનો નાશ કરીને સુખોને પ્રાપ્ત કરવા જોઈએ. (૬)*

**अहं सो अस्मि यः पुरा सुते वदामि कानि चित्।**

**तं मा व्यन्त्याध्यो३ वृको न तृष्णजं मृगं वित्तं मे अस्य रोदसी॥७॥**

પદાર્થ : હે મનુષ્યો ! यः-જે अहम्-સંસારને ઉત્પન્ન કરનાર सुते-ઉત્પન્ન આ જગતમાં कानि-चित्-કોઈ વ્યવહારોને पुरा-સૃષ્ટિથી પૂર્વ વા હું વિદ્વાન ઉત્પન્ન થયેલ સંસારમાં કોઈ વ્યવહારોને વિદ્યાની ઉત્પત્તિથી પૂર્વ वदामि-કહું છું. सः-તે હું સેવન કરવા યોગ્ય अस्मि-છું, तम्-તે मा-મને आध्यः-સમ્યક્ ચિંતન કરનારા આપ લોકો જેમ वृकः-ચોર વા વ્યાઘ્ર तृष्णजम्-તૃષાતુર मृगम्-હરણની न-સમાન व्यन्ति-ચાહો, શેષ वितं मे-પૂર્વવત્ (૭)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોને ઈશ્વર ઉપદેશ કરે છે, કે - હે મનુષ્યો ! તમે જેમ મેં સૃષ્ટિ રચીને વેદ દ્વારા જેવી રીતે ઉપદેશ આપેલ છે, તેને તેવી જ રીતે સ્વીકાર કરો. મને ઉપાસ્યને છોડીને અન્યની આપ લોકો કદી ઉપાસના કરો નહિ.*

*જેમ મૃગયા = શિકારમાં પ્રવૃત્ત થયેલ ચોર અથવા વાઘ હરણને પ્રાપ્ત કરવાની કામના = ઈચ્છા કરે છે, તેમ સર્વ દોષોનો ત્યાગ કરીને તમે મારી કામના કરો અને એ જ રીતે વિદ્વાનની પણ (કામના કરો.) (૭)*

**सं मा तपन्त्यभितः सपत्नीरिव पर्शवः। मूषो न शिश्ना।**

**व्यदन्ति माध्यः स्तोतारं ते शतक्रतो वित्तं मे अस्य रोदसी॥८॥**

પદાર્થ : હે शतक्रतो-અસંખ્ય ઉત્તમ વિચારવાન વા અનેકો સર્વોત્તમ કર્મ કરનાર ન્યાયાધીશ ! ते-આપની પ્રજા વા સેનામાં રહેનાર તથા स्तोतारम्-ધર્મને ગાનાર હું છું, मा-તેઓને જે पर्शवः-પારકાને-અન્યને મારનાર તથા પાર્શ્વસ્થ મનુષ્ય આદિ પ્રાણી सपत्नीरिव, अभितः, सम्, तपन्ति-જેમ એક પતિને અધિક સ્ત્રીઓ દુઃખી કરે છે, એમ દુઃખ આપે છે.

જે आध्यः-અન્યોના મનમાં વ્યથા ઉત્પન્ન કરનારા मूषः-ઉંદર જેમ शिश्ना-અશુદ્ધ સૂત્રો-દોરાઓને वि, अदन्ति-કાપી-કાપીને ખાય છે न-તેમ मा-મને સંતોષ આપે છે તે અન્યાય કરનારા જનોને તમે યથાવત્ દંડ આપો. वित्तं-શેષ પૂર્વવત્. (૮)

*ભાવાર્થ : હે ન્યાયાધીશ આદિ મનુષ્યો ! જેમ અધિક શૌક સ્ત્રીઓ પોતાના પતિને ક્લેશ પહોંચાડે છે, અથવા જેમ પોતાના પ્રયોજનમાં સફળ અથવા અસફળ થતાં ઉંદરો પારકા દ્રવ્યોને વિનિષ્ટ કરે છે અને જેમ વ્યભિચારિણી વેશ્યા આદિ સ્ત્રીઓ વિદ્યુત્ ની સમાન ચમકદાર (દેખાતી) કામી મનુષ્યના ઉપસ્થેન્દ્રિયના રોગ દ્વારા ધર્મ-અર્થ-કામ-મોક્ષના અનુષ્ઠાનમાં અવરોધક હોવાના કારણે, તે (કામી મનુષ્ય)ને પીડા આપે છે, તેમ જે ડાકુ આદિ લોકો અસત્ય નિશ્ચય, કાર્ય અને વચનથી અમને ક્લેશ આપે છે, તેને યથોચિત દંડિત કરીને તેઓનું તથા અમારું આપ નિરંતર પાલન કરો. એમ કર્યા વિના નિરંતર રાજ્યના ઐશ્વર્યનો યોગ અધિક થઈ શકતો નથી. (૮)*

**अमी ये सप्त रश्मयस्तत्रा मे नाभिरातता।**
**त्रितस्तद्वेदाप्त्यः स जामित्वाय रेभति वित्तं मे अस्य रोदसी॥ ९ ॥**

પદાર્થ : જ્યાં अमी ये-જે सप्त-સાત रश्मयः-કિરણોની સમાન નીતિ પ્રકાશ છે, तत्र-ત્યાં मे-મારી नाभिः-શરીર મધ્યસ્થા સર્વ પ્રાણ બાંધનાર અંગ आतता-પ્રસરેલ છે જેમાં નિરંતર મારી સ્થિતિ છે, तत्-તેને જે आप्त्यः-સજ્જનોમાં ઉત્તમ જન त्रितः-ત્રણેય અર્થાત્ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળથી वेद-જાણે અર્થાત્ રાત-દિવસ વિચારે सः-તે પુરુષ जामित्वाय-રાજ્ય ભોગવવા માટે કન્યાની સમાન रेभति-પ્રજાજનોની રક્ષા, પ્રશંસા અને ચાહના કરે છે. અન્ય અર્થ પૂર્વવત્. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્યની સાથે કિરણોની શોભા અને સંગતિ છે, તેમ જ રાજપુરુષોની સાથે પ્રજાઓની શોભા અને સંગતિ થાય.*

*જે મનુષ્ય કર્મ, ઉપાસના અને જ્ઞાન યથાવત્ જાણે છે, તે પ્રજાપાલનમાં પિતા સમાન બનીને સર્વ પ્રજાઓને પ્રસન્ન કરી શકે છે, અન્ય નહિ. (૯)*

**अमी ये पञ्चोक्षणो मध्ये तस्थुर्महो दिवः।**
**देवत्रा नु प्रवाच्यं सध्रीचीना नि वावृतुर्वित्तं मे अस्य रोदसी॥ १० ॥**

પદાર્થ : હે સભાધ્યક્ષ આદિ સજ્જનો ! તમને જેમ अमी-પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ उक्षणः-જળ સિંચનાર વા સુખ સિંચનાર મહાન पञ्च-અગ્નિ, વાયુ, વિદ્યુત્, મેઘ અને સૂર્યમંડળનો પ્રકાશ महः-મહાન दिवः-દિવ્યગુણ અને પદાર્થયુક્ત આકાશની मध्ये-મધ્યમાં तस्थुः-સ્થિર છે; અને જેમ सध्रीचीनाः-એકત્ર

રહેનાર ગુણ देवत्रा-વિદ્વાનોમાં नि, वावृतुः-નિરંતર વર્તમાન છે, તેમ ये-જે નિરંતર વર્તમાન છે, તે પ્રજા તથા રાજાઓના સંગીઓ પ્રત્યે વિદ્યા અને ન્યાય પ્રકાશની વાત नु-શીઘ્ર प्रवाच्यम्-કરવી જોઈએ. શેષ મંત્રાર્થ પ્રથમ મંત્ર સમાન જાણવા જોઈએ. (૧૦)

*ભાવાર્થ : જેમ સૂર્ય આદિ ઘટ-પટ = ઘડો - વસ્ત્ર આદિ પદાર્થોમાં સંયુક્ત થઈને વર્ષા આદિ દ્વારા મહાન સુખને ઉત્પન્ન કરે છે અને પૃથિવી આદિ સર્વ પદાર્થોમાં આકર્ષણ આદિની સાથે અવસ્થિત રહે છે, તેમ જ સભા આદિના અધ્યક્ષ (= રાજા) આદિ, મનુષ્યોને મહાન સુખી બનાવીને તથા તેની સાથે ન્યાય અને પ્રેમપૂર્વક વર્તાવ કરીને નિરંતર એને સુખી કરે. (૧૦)*

सुपर्णा एत आसते मध्य आरोधने दिवः।
ते सेधन्ति पथो वृकं तरन्तं यह्वतीरपो वित्तं मे अस्य रोदसी॥ ११ ॥

પદાર્થ : હે પ્રજાજનો ! આપ જેમ एते-જે सुपर्णाः-સૂર્યનાં કિરણો दिवः-સૂર્યના પ્રકાશથી યુક્ત આકાશની मध्ये-વચ્ચે आरोधने-અવરોધમાં आसते-સ્થિર છે.

જેમ ते-તે तरन्तम्-પાર કરનારી वृकम्-વિદ્યુત્ ને પાડીને यह्वतीः-મહાનનો વર્તાવ રાખીને अपः-જળ અને पथः-માર્ગોને सेधन्ति-સિદ્ધ કરે છે, તેમ આપ રાજ કામોને સિદ્ધ કરો. શેષ મંત્રાર્થ પૂર્વવત્. (૧૧)

*ભાવાર્થ : જેમ સૂર્યનાં કિરણો આદિ પદાર્થો ઈશ્વરના નિયમમાં યથાવત્ સ્થિર રહે છે - વર્તે છે, તેમ તમે પ્રજાજનોને પણ રાજનીતિના નિયમોમાં સ્થિર રાખવા જોઈએ.*

*જેમ એ સભા આદિના અધ્યક્ષ આદિ, દુષ્ટ મનુષ્યોનું નિવારણ કરીને પ્રજાઓની રક્ષા કરે છે, તેમ તમારે પણ ઈર્ષા આદિનું નિવારણ કરીને એની રક્ષા કરવી જોઈએ. (૧૧)*

नव्यं तदुक्थ्यं हितं देवासः सुप्रवाचनम्।
ऋतमर्षन्ति सिन्धवः सत्यं तातान सूर्यो वित्तं मे अस्य रोदसी॥ १२ ॥

પદાર્થ : હે देवासः-વિદ્વાનો ! આપ જેમ सिन्धवः-સમુદ્ર सत्यम्-જલની अर्षन्ति-પ્રાપ્ત કરાવે છે અને सूर्यः-સૂર્યમંડળ ततान-તેનો વિસ્તાર અર્થાત્ વર્ષા કરાવે છે, તેમ જે ऋतम्-વેદ, સૃષ્ટિક્રમ, પ્રત્યક્ષાદિ પ્રમાણ, વિદ્વાનોનું આચરણ, અનુભવ અર્થાત્ સ્વયં વાત મનમાં ઉત્પન્ન થવી તથા આત્માની શુદ્ધતાને અનુકૂળ नव्यम्-ઉત્તમ નવીન નવીન વ્યવહારો તથા અને उक्थ्यम्-પ્રશંસનીય વચનોમાં થનાર हितम्-સર્વનો પ્રેમપૂર્વક પદાર્થ तत्-તેને सुप्रवाचनम्-સારી રીતે ભણાવવા, ઉપદેશ કરવા જેમ બને તેમ પ્રાપ્ત કરો. શેષ પૂર્વવત્ અર્થ જાણવા. (૧૨)

*ભાવાર્થ : જેમ સમુદ્રથી ઉઠીને જળ ઉપર જઈને સૂર્યના તાપથી ફેલાઈને તથા વરસીને સર્વ પ્રજાજનોને સુખ આપે છે, તેમ વિદ્વાન મનુષ્યોએ નિત્ય નવીન વિચારો દ્વારા ગૂઢ વિદ્યાઓ જાણીને, તેને પ્રકાશિત કરીને, સર્વનું હિત સિદ્ધ કરીને તથા સત્ય ધર્મનો વિસ્તાર કરીને નિરંતર આનંદ કરવો જોઈએ. (૧૨)*

अग्ने तव त्यदुक्थ्यं देवेष्वस्त्याप्यम्।
स नः सत्तो मनुष्वदा देवान्यक्षि विदुष्टरो वित्तं मे अस्य रोदसी॥ १३॥

પદાર્થ : હે अग्ने-સકળ વિદ્યા વિજ્ઞાત વિદ્વાનજન ! तव-આપના त्यत्-તે જે आप्यम्-પ્રાપ્ત કરવા યોગ્ય मनुष्वत्-મનુષ્યોમાં જેવા હોય તેવા उक्थ्यम्-સર્વોત્તમ વિદ્યા વચન देवेषु-વિદ્વાનોમાં अस्ति-છું, सः-તે सत्तः-અવિદ્યા આદિ દોષનાશક विदुष्टरः-અતિશય વિદ્વાન આપ नः-અમને देवान्-વિદ્વાન બનાવતા તેઓની आयक्षि-સંગતિમાં પહોંચાડો અર્થાત્ વિદ્વાનોની પદવીને પમાડો. શેષ મંત્રાર્થ પૂર્વવત્. (૧૩)

*ભાવાર્થ : જે સર્વ વિદ્યાઓને ભણાવીને વિદ્વાનોનું નિર્માણ કરવામાં કુશળ છે, તેઓથી સંપૂર્ણ વિદ્યાઓ તથા ધર્મોપદેશોને સર્વ મનુષ્યો ગ્રહણ કરે, અન્યથી નહિ. (૧૩)*

सत्तो होता मनुष्वदा देवाँ अच्छा विदुष्टरः।
अग्निर्हव्या सुषूदति देवो देवेषु मेधिरो वित्तं मे अस्य रोदसी॥ १४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सत्तः-વિજ્ઞાનવાન, દુઃખનાશક देवान्-વિદ્વાન વા દિવ્ય-દિવ્ય ક્રિયાયોગોને होता-ગ્રહણ કરનાર विदुष्टरः-અત્યંત જ્ઞાની अग्निः-શ્રેષ્ઠ વિદ્યાના જ્ઞાતા અને સમજાવનારા मेधिरः-બુદ્ધિમાન देवेषु-વિદ્વાનોમાં देवः-પ્રશંસનીય વિદ્વાન મનુષ્ય मनुष्वत्-જેમ ઉત્તમ મનુષ્ય શ્રેષ્ઠ કર્મોનું અનુષ્ઠાન કરી પાપોનો ત્યાગ કરી સુખી થાય છે, તેમ हव्या-દેવા-લેવા યોગ્ય પદાર્થોને अच्छ, आ, सुषूदति-સારી રીતે પુષ્કળ આપે છે, તે ઉત્તમ વિદ્વાનથી વિદ્યા અને શિક્ષા ગ્રહણ કરવા જોઈએ. (૧૪)

*ભાવાર્થ : એવા ભાગ્યહીન કોણ મનુષ્ય હશે જે વિદ્વાનોથી વિદ્યા અને શિક્ષા ગ્રહણ ન કરીને તેનો વિરોધી બને ? (૧૪)*

ब्रह्मा कृणोति वरुणो गातुविदं तमीमहे।
व्यूर्णोति हृदा मतिं नव्यो जायतामृतं वित्तं मे अस्य रोदसी॥ १५॥

પદાર્થ : અમે જે ब्रह्म्-સત્યસ્વરૂપ ब्रह्मा-પરમેશ્વર વા वरुणः-સર્વોત્તમ વિદ્વાન गातुविदम्-વેદવાણીને જાણનારને कृणोति-કરે છે, तम्-તેઓને ईमहे-યાચે છે અથવા માગે છે કે તેઓની કૃપાથી જે नव्यः-નવીન વિદ્વાન हृदा-હૃદયથી मतिम्-વિશેષજ્ઞાનને व्यूर्णोति-ઉત્પન્ન કરે છે અર્થાત્ શ્રેષ્ઠતમ રીતે વિચાર કરે છે, તે અમારી વચ્ચે जायताम्-ઉત્પન્ન થાય. શેષ અર્થ પૂર્વવત્. (૧૫)

*ભાવાર્થ : કોઈ મનુષ્યની ઉપર, પૂર્વના સંચિત પુણ્યકર્મો અને વર્તમાનમાં કરવામાં આવતા વિશુદ્ધ કર્મો વિના પરમેશ્વરનો અનુગ્રહ થતો નથી; અને તેના વિના કોઈ પૂર્ણ વિદ્યાને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી અમારી મધ્યમાં પૂર્ણ વિદ્યા પ્રાપ્ત શુભ ગુણ-કર્મ-સ્વભાવવાળા મનુષ્યો સદા થાય, આથી*

*સર્વ લોકોએ પરમેશ્વરને પ્રાર્થના કરવી જોઈએ. એ રીતે નિત્ય પ્રાર્થના કરેલ પરમેશ્વર સર્વ વ્યાપકતાના કારણે તેઓના આત્માને પ્રકાશિત કરે છે, નિશ્ચિત છે. (૧૫)*

**असौ यः पन्था आदित्यो दिवि प्रवाच्यं कृतः।**

**न स देवा अतिक्रमे तं मर्तासो न पश्यथ वित्तं मे अस्य रोदसी॥१६॥**

પદાર્થ : હે देवाः-વિદ્વાનો ! असौ-એ आदित्यः-અવિનાશી સૂર્ય સમાન પ્રકાશક यः-જે पन्थाः-વેદ પ્રતિપાદિત માર્ગ दिवि-સમસ્ત વિદ્યાના પ્રકાશમાં प्रवाच्यम्-સારી રીતે કહેવા યોગ્ય જેમ હોય, તેમ कृतः-ઈશ્વર સ્થાપિત सः-તે તમારે अतिक्रमे-ઉલ્લંઘન કરવા યોગ્ય न-નથી.

હે मर्त्तासः-કેવલ મરવા-જીવવાવાળા વિચારરહિત મનુષ્યો ! तम्-તે પૂર્વોક્ત માર્ગને તમે न, पश्यथ-જોતા નથી. શેષ પૂર્વવત્ (૧૬).

*ભાવાર્થ : મનુષ્યોએ, 'જે વેદોક્ત માર્ગ છે, તે જ સત્ય છે,' તેમ જાણીને સમસ્ત સત્ય વિદ્યાઓને પ્રાપ્ત કરીને સદા આનંદિત રહેવું જોઈએ.*

*એ માર્ગના વિદ્વાનોનું કદી ખંડન કરવું નહિ. એ માર્ગ વિદ્યા વિના જ્ઞાન પણ થતું નથી. (૧૬)*

**त्रितः कूपेऽवहितो देवान्हवत ऊतये।**

**तच्छुश्राव बृहस्पतिः कृण्वन्नंहूरणादुरु वित्तं मे अस्य रोदसी॥१७॥**

પદાર્થ : જે उरु-બહુ જ तत्-તે વિદ્યાના પાઠનું सुश्राव-શ્રવણ કરે છે તે વિજ્ઞાનને कृण्वन्-પ્રકટ કરીને त्रितः-વિદ્યા, શિક્ષા અને બ્રહ્મચર્ય એ ત્રણ વિષયોનો વિસ્તાર કરીને અર્થાત્ તેની ઉન્નતિ કરીને कूपे-કૂવાના આકારના પોતાના હૃદયમાં अवहितः-સ્થિર કરીને તથા बृहस्पतिः-મહાન વેદવાણીના પાલક अंहूरणात्-જે વ્યવહારમાં અધર્મ હોય તેનાથી પૃથક થઈને ऊतये-રક્ષા, આનંદ, કાન્તિ, પ્રેમ, તૃપ્તિ આદિ અનેક સુખોને માટે देवान्-દિવ્યગુણયુક્ત વિદ્વાનો વા દિવ્યગુણોને हवते-ગ્રહણ કરે છે. શેષ મંત્રાર્થ પૂર્વવત્ (૧૭)

*ભાવાર્થ : જે મનુષ્ય-દેહધારી જીવ પોતાની બુદ્ધિ અને પ્રયત્નથી વિદ્વાનો દ્વારા સમસ્ત વિદ્યાઓનું શ્રવણ કરીને, મનન કરીને, નિશ્ચય કરીને, તથા સાક્ષાત્કાર કરીને દુષ્ટ ગુણો તથા સ્વભાવોને તથા પાપોનો ત્યાગ કરીને વિદ્વાન બને છે, તે આત્મા અને શરીરની રક્ષા આદિ પ્રાપ્ત કરીને બહુ જ સુખને પ્રાપ્ત કરે છે. (૧૭)*

**अरुणो मा सकृद् वृकः पथा यन्तं ददर्श हि।**

**उज्जिहीते निचाय्या तष्टेव पृष्ट्यामयी वित्तं मे अस्य रोदसी॥१८॥**

પદાર્થ : જે अरुणः-સમસ્ત વિદ્યાને પ્રાપ્ત કરીને વા પ્રકાશિત કરતા वृकः-શાન્તિ આદિ ગુણયુક્ત ચંદ્રમાની સમાન વિદ્વાન मा, सकृत्-મને એકવાર यथा, यन्तम्-શ્રેષ્ઠ માર્ગથી ચાલતાને ददर्श-

દેખતા વા ઉક્ત ગુણયુક્ત મહિના આદિ કાળ વિભાગોને કરનાર ચંદ્રમાની સમાન વિદ્વાન શ્રેષ્ઠ માર્ગથી ચાલનારને જુએ છે, તે निचाय्य-યથાયોગ્ય સમાધાન આપીને पृष्ट्यामयी-પીઠમાં ક્લેશરૂપ રોગવાન तष्टेव-શિલ્પી વિદ્વાન જેમ શિલ્પ વ્યવહારોને સમજાવે, તેમ उज्जिहिते-ઉત્તમતાથી સમજાવે हि-જ છે. શેષ મંત્રાર્થ પૂર્વવત્. (૧૮)

*ભાવાર્થ : જે વિદ્વાન ચંદ્રમાની સમાન શાન્ત સ્વભાવને તથા સૂર્યની સમાન પ્રકાશને પ્રસિદ્ધ કરવાના સ્વભાવને ધારણ કરીને સર્વેમાં સમસ્ત વિદ્યાને ફેલાવે છે, તે જ 'આપ્ત' છે. (૧૮)*

एनाङ्गूषेण वयमिन्द्रवन्तोऽभि ष्याम वृजने सर्ववीराः।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ १९॥

પદાર્થ : જે एना-એ आङ्गूषेण-પરમ વિદ્વાનથી सर्ववीराः-સમસ્ત વીરજન इन्द्रवन्तः-જેનો પરમૈશ્વર્યયુક્ત સભાપતિ છે અને वयम्-અમે वृजने-વિદ્યા, ધર્મયુક્ત બળમાં अभि, स्याम-અભિમુખ બનીએ અર્થાત્ સર્વ રીતે તેમાં પ્રવૃત્ત થઈને नः-અમને तत्-તે વિજ્ઞાનને मित्रः-પ્રાણ, वरुणः-ઉદાન अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत-અને द्यौः-સૂર્યનો પ્રકાશ વા વિદ્યાનો પ્રકાશ એ સર્વ मामहन्ताम्-ઉન્નત કરે. (૧૯)

*ભાવાર્થ : જેના ભણાવવાથી વિદ્યા અને સુશિક્ષાની વૃદ્ધિ થાય, તેની સંગતિથી, મનુષ્યોએ સમસ્ત વિદ્યાઓમાં સર્વ રીતે નિશ્ચય કરવો જોઈએ. (૧૯)*

સંગતિ : આ સૂક્તમાં સમસ્ત વિદ્વાનોના ગુણ અને કર્મના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૫)

## સૂક્ત-૧૦૬

इन्द्रं मित्रं वरुणमग्निमूतये मारुतं शर्धो अदितिं हवामहे।
रथं न दुर्गाद्वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्त्तन॥ १॥

પદાર્થ : सुदानवः-જેના સર્વોત્તમ દાન આદિ કામ વા वसवः-જે વિદ્યાદિ શુભ ગુણોમાં વસે છે; તે હે વિદ્વાનો ! તમે रथम्-વિમાન આદિ યાનને न-જેમ दुर्गात्-ભૂમિ, જળ અને અન્તરિક્ષના કઠિન માર્ગથી બચાવો છો, તેમ नः-અમને विश्वस्मात्-સમસ્ત अंहसः-પાપના આચરણથી निष्पिपर्त्तन-બચાવો.

અમે ऊतये-રક્ષા આદિ પ્રયોજનને માટે इन्द्रम्-વિદ્યુત્ વા પરમ ઐશ્વર્યવાન સભાધ્યક્ષ मित्रम्-સર્વના પ્રાણરૂપી વાયુ વા સર્વ મિત્ર, वरुणम्-કામ કરનાર ઉદાનવાયુ વા શ્રેષ્ઠ ગુણયુક્ત વિદ્વાન, अग्निम्-સૂર્ય આદિ રૂપ અગ્નિ વા જ્ઞાનવાન જન, अदितिम्-માતા, પિતા, પુત્ર ઉત્પન્ન થયેલ જગતનું કારણ

વા જગતની ઉત્પત્તિ, मारुतम्-વાયુઓ વા મનુષ્યોનો સમૂહ તથા शर्द्धः-બળને हवामहे-પોતાના કાર્યની સિદ્ધિને માટે સ્વીકાર કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : જેમ મનુષ્ય સારી રીતે બનાવેલ વિમાન આદિ યાનથી અત્યંત કઠિન માર્ગથી પણ સુખપૂર્વક આવાગમન કરીને, કાર્યોને સિદ્ધ કરીને તથા સમસ્ત દરિદ્રતા આદિ દુઃખથી છૂટીને જીવે છે, તેમ તે ઈશ્વરની સૃષ્ટિમાં રહેલ પૃથિવી આદિ પદાર્થોને અથવા વિદ્વાનોને જાણીને, ઉપકાર કરીને તથા યથાવત્ સેવન કરીને અનુપમ સુખ પામી શકે છે. (૧)*

त आदित्या आ गता सर्वतातये भूत देवा वृत्रतूर्येषु शंभुवः।
रथं न दुर्गाद्वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्त्तन॥ २॥

પદાર્થ : હે देवाः-દિવ્ય ગુણયુક્ત વિદ્વાનો ! જેમ आदित्याः-કારણરૂપથી નિત્ય દિવ્યગુણવાળા જે સૂર્ય આદિ પદાર્થો છે, ते-તે वृत्रतूर्येषु-મેઘાવયવો અર્થાત્ વાદળાંઓનું હિંસન-વિનાશ કરવું જેમાં હોય છે, તે સંગ્રામોમાં शंभुवः-સુખની ભાવના કરાવનાર હોય છે, તેમ જ આપ અમારી સમીપ आ, गत-આવો અને આવીને જેમાં શત્રુઓનું હનન થાય તે સંગ્રામોમાં सर्वतातये-સમસ્ત સુખને માટે शंभुवः-સુખની ભાવના કરાવનાર भूत-થાઓ. શેષ મંત્રાર્થ પ્રથમ મંત્રની સમાન જાણવા જોઈએ. (૨)

*ભાવાર્થ : જેમ ઈશ્વર દ્વારા રચેલ પૃથિવી આદિ પદાર્થ સમસ્ત પ્રાણીઓના ઉપકાર માટે છે, તેમ સર્વના ઉપકાર માટે વિદ્વાનોએ નિત્ય પ્રવૃત્ત રહેવું જોઈએ.*

*જેમ સુદૃઢ વાહનમાં બેસીને લોક બીજા દેશમાં જઈને વેપાર દ્વારા અથવા વિજય દ્વારા ધન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને તથા દરિદ્રતા અને અપ્રતિષ્ઠાથી મુક્ત બનીને સુખી થાય છે, તેમ વિદ્વાનજન ઉપદેશ દ્વારા વિદ્યા પ્રાપ્ત કરાવીને સર્વને સુખી કરે. (૨)*

अवन्तु नः पितरः सुप्रवाचना उत देवी देवपुत्रे ऋतावृधा।
रथं न दुर्गाद्वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्त्तनः॥ ३॥

પદાર્થ : देवपुत्रे-જેના દિવ્ય ગુણ અર્થાત્ સર્વોત્તમ વિદ્વાન વા દિવ્ય રત્નોયુક્ત પર્વતાદિ પદાર્થો વા પુત્રોના પાલક વા જે ऋतावृधा-સત્ય કારણથી વધે છે; તે देवी-સારા ગુણોયુક્ત ભૂમિ અને સૂર્યનો પ્રકાર જેમ नः-અમારી રક્ષા કરે છે, તેમ सुप्रवाचनाः-જેના સારા અધ્યાપન અને ઉપદેશ છે, તે पितरः-વિશેષ જ્ઞાનવાન મનુષ્યો અમને उत-નિશ્ચયથી अवन्तु-રક્ષા આદિ વ્યવહારોથી પાળે. શેષ મંત્રાર્થ પ્રથમ મંત્રાર્થ સમાન ગણવા જોઈએ. (૩)

*ભાવાર્થ : જેમ ઔષધિ આદિથી તથા પ્રકાશ આદિથી પૃથિવી અને સૂર્ય સર્વના સુખની વૃદ્ધિ કરે છે, તેમ આપ્ત વિદ્વાન જન સર્વ મનુષ્યોને સુશિક્ષા અને અધ્યાપન દ્વારા વિદ્યા આદિ સદ્ગુણોની*

*વૃદ્ધિ કરીને સુખી કરે છે.*

*જેમ મનુષ્ય ઉત્તમ વાહન પર બેસીને દુર્ગમ માર્ગોને પાર સુખથી પહોંચીને સમસ્ત ક્લેશથી છૂટીને સુખી થાય છે, તેમ જ એ (વિદ્વાનો) અમને દુષ્ટ ગુણ-કર્મ-સ્વભાવોથી પૃથક્ કરીને ધર્માચરણમાં ઉન્નત કરે. (૩)*

**नराशंसं वाजिनं वाजयन्निह क्षयद्वीरं पूषणं सुम्नैरीमहे।**
**रथं न दुर्गाद्वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्त्तन॥ ४॥**

પદાર્થ : હે વિદ્વાન ! જેમ वाजयन्-સર્વોત્તમ પદાર્થોનું વિશેષ જ્ઞાન કરાવનાર વા યુદ્ધ કરાવનાર અમે इह- આ સૃષ્ટિમાં सुम्नैः-સુખોથી યુક્ત नराशंसम्-મનુષ્યોએ પ્રાર્થના કરવા યોગ્ય વિદ્વાનને તથા वाजिनम्-વિજ્ઞાન અને યુદ્ધ વિદ્યામાં નિપુણ क्षयद्वीरम्-જેના શત્રુઓને કાપનારા વીર અને જે पूषणम्-શરીર અને આત્માની પુષ્ટિ કરાવનાર છે, તે સભાધ્યક્ષને ईमहे-પ્રાપ્ત થઈએ તેમ તું શુભ ગુણોની યાચના કર. શેષ મંત્રાર્થ પૂર્વવત્. (૪)

*ભાવાર્થ : અમે શુભ ગુણોથી યુક્ત સુખી મનુષ્યોની મિત્રતાને પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ બનીને યાનયુક્ત શિલ્પીઓની સમાન દુઃખથી પાર થઈએ. (૪)*

**बृहस्पते सदमिन्नः सुगं कृधि शं योर्यत्ते मनुर्हितं तदीमहे।**
**रथं न दुर्गाद्वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्तन॥ ५॥**

પદાર્થ : હે बृहस्पते-પરમ અધ્યાપક અર્થાત્ શ્રેષ્ઠ અધ્યાપક ! ते-આપના જે मनुर्हितम्-મનનું હિત કરનાર છે, शम्-સુખ વા योः-ધર્મ, અર્થ અને મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે, તથા यत्-જે सदम्, इत्-સદા તમે नः-અમારે માટે सुगम्-સુખ कृधि-કરો અર્થાત્ સિદ્ધ કરો तत्-તે ઉક્ત સમસ્તને અમે ईमहे-માગીએ છીએ. શેષ મંત્રાર્થ પૂર્વવત્. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, જેમ અધ્યાપકથી વિદ્યા પ્રાપ્ત કરવામાં આવે છે, તેમ જ સર્વ વિદ્વાનોથી વિદ્યા સ્વીકાર કરીને દુઃખોને નષ્ટ કરવા જોઈએ. (૫)*

**इन्द्रं कुत्सो वृत्रहणं शचीपतिं काटे निबाळ्ह ऋषिरह्वदूतये।**
**रथं न दुर्गाद्वसवः सुदानवो विश्वस्मान्नो अंहसो निष्पिपर्तन॥ ६॥**

પદાર્થ : कुत्सः-વિદ્યારૂપી વજ્ર લઈને વા પદાર્થોને છિન્ન-ભિન્ન કરીને निवाढः-નિરંતર સુખોને પ્રાપ્ત કરાવનાર ऋषिः-ગુરુ અને વિદ્યાર્થી काटे-જેમાં સમસ્ત વિદ્યાઓની વર્ષા થાય છે, તે અધ્યાયન વ્યવહારમાં ऊतये-રક્ષા આદિને માટે જે वृत्रहणम्-શત્રુઓનો વિનાશ કરનાર વા शचीपतिम्-વેદવાણીના પાલક इन्द्रम्-પરમૈશ્વર્યવાન શાળા આદિના અધિપતિને अह्वत्-બોલાવીએ; અમે પણ તેઓને બોલાવીએ-

આહ્વાન કરીએ. (૬)

*ભાવાર્થ : વિદ્યાર્થીએ કપટી અધ્યાપક સમીપ ન રહેવું જોઈએ, પરન્તુ વિદ્વાનોની સમીપ રહીને, વિદ્વાન બનીને ઋષિત્વભાવવાન બનવું જોઈએ. પોતાના આત્માની રક્ષાને માટે અધર્મથી ડરીને સદા ધર્મમાં સ્થિત રહેવું જોઈએ. (૬)*

देवैर्नो॑ दे॒व्यदि॑ति॒र्नि पा॑तु दे॒वस्त्रा॒ता त्रा॑यता॒मप्र॑युच्छन्।
तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑तिः सिन्धुः॑ पृथि॒वी उ॒त द्यौः॥७॥

પદાર્થ : જે देवैः-જે વિદ્વાન વા દિવ્ય ગુણોની સાથે વર્તમાન अप्रयुच्छन्-પ્રમાદ ન કરતા त्राता-સર્વની રક્ષા કરનાર देवः-વિદ્વાન છે, તે नः-અમારી नि, पातु-નિરંતર રક્ષા કરે; તથા देवी-દિવ્યગુણ ભરેલ સર્વ જે अदितिः-પ્રકાશયુક્ત વિદ્યા સર્વની त्रायताम्-રક્ષા કરે, तत्-તે પૂર્વોક્ત સમસ્ત કર્મને नः-અને અમને मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠ વિદ્વાન, अदितिः-અખંડિત નીતિ, सिन्धुः-સમુદ્ર पृथिवी-ભૂમિ उत-અને द्यौः-સૂર્યનો પ્રકાશ मामहन्ताम्-વૃદ્ધિ કરે-ઉન્નતિ કરે. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ; જો પ્રમાદરહિત, વિદ્વાનોમાં વિદ્વાન, વિદ્યાના રક્ષક અને વિદ્યાદાન દ્વારા સર્વના સુખોના વર્ધક છે, તેઓનો સત્કાર કરીને વિદ્યા અને ધર્મનો સંસારમાં પ્રસાર કરવો જોઈએ. (૭)*

સંગતિ : આ સૂક્તમાં સમસ્ત વિદ્વાનોના ગુણોનું વર્ણન છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૬)

## સૂક્ત-૧૦૭

य॒ज्ञो दे॒वानां॒ प्रत्ये॑ति सु॒म्नमादि॑त्यासो॒ भव॑ता मृळ॒यन्तः॑।
आ वो॒ऽर्वाची॑ सु॒मति॑र्ववृत्याद॒ंहोश्चि॒द्या व॑रिवो॒वित्त॒रास॑त्॥१॥

પદાર્થ : मुडयन्तः-હે આનંદિત કરતા आदित्यासः-સૂર્યની સમાન વિદ્યાયોગના પ્રકાશને પ્રાપ્ત વિદ્વાનો ! તમે જે देवानाम्-વિદ્વાનોની यज्ञः-સંગતિથી સિદ્ધ કરેલ શિલ્પકામ सुम्नम्-સુખની प्रति, एति-પ્રતીતિ કરાવે છે, તેને પ્રકટ કરનારા भवत-થાઓ.

या-જે वः-તમને अंहोः-વિશેષ જ્ઞાન જેમ થાય, તેમ अर्वाची-તે સમયથી सुमतिः-ઉત્તમ બુદ્ધિ ववृत्यात्-વર્તે છે, તે चित्-પણ અમારે માટે वरिवोवित्तरा-એવી હોય કે જેથી ઉત્તર જનોની સમ્યક્ સુશ્રૂષા आ, असत्-સર્વત્રથી થાય. (૧)

*ભાવાર્થ - આ સંસારમાં વિદ્વાનોએ જે પોતાના પુરુષાર્થથી શિલ્પક્રિયા પ્રત્યક્ષ કરેલ છે, તેને સર્વ મનુષ્યોને માટે પ્રકાશિત કરે, જેથી અનેક મનુષ્યો શિલ્પક્રિયા કરીને સુખી થાય. (૧)*

उप॑ नो दे॒वा अव॒सा ग॑म॒न्त्वङ्गि॑रसां॒ साम॑भिः स्तू॒यमा॑नाः।

इन्द्र॑ इन्द्रि॒यैर्म॒रुतो॑ म॒रुद्भि॑रादि॒त्यैर्नो॒ अदि॑तिः॒ शर्म॑ यंसत्॥ २॥

પદાર્થ : सामभिः-સામવેદના ગાનથી स्तूयमानाः-સ્તુતિની પ્રાપ્તિ થયેલ आदित्यैः-પૂર્ણ વિદ્યાવાન મનુષ્ય વા બાર મહિનાઓ मरुभ्दिः-વિદ્વાનો વા વાયુઓ અને इन्द्रियैः-ધન સહિત इन्द्रः-સભાધ્યક્ષ मरुतः-વા વાયુ अदिः-વિદ્વાનોના પિતા વા સૂર્યપ્રકાશ અને देवाः-વિદ્વાનોના अङ्गिरसाम्-પ્રાણ વિદ્યાના જાણનાર नः-અમે લોકોને अवसा-રક્ષા આદિ વ્યવહારથી उप, आ, गमन्तु-સમીપમાં સર્વ રીતે આવે અને नः-અમારા માટે शर्म-સુખ यंसत्-પ્રદાન કરે. (૨)

*ભાવાર્થ : જિજ્ઞાસુજનો જે વિદ્વાનોની અથવા વિદ્વાનજનો જે જિજ્ઞાસુઓની સમીપ જાય, તેઓ વિદ્યા, ધર્મ અને સુશિક્ષાના વ્યવહારને છોડીને અન્ય કોઈ કાર્ય કદીપણ કરે નહિ. જેથી દુઃખના નાશ સાથે સુખની નિરંતર વૃદ્ધિ થાય. (૨)*

तन्न॒ इन्द्र॒स्तद्वरु॑ण॒स्तद॒ग्निस्तद॑र्य॒मा तत्स॑वि॒ता चनो॑ धात्।

तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑तिः॒ सिन्धुः॑ पृथि॒वी उ॒त द्यौः॥ ३॥

પદાર્થ : જેમ मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠ વિદ્વાન, अदितिः-અખંડિત આકાશ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-ભૂમિ उत-અને द्यौः-સૂર્ય આદિનો પ્રકાશ नः-અમને मामहन्ताम्-આનંદિત કરે છે, तत्-તેમ इन्द्रः-વિદ્યુત્ વા ધનાઢ્યજન नः-અમારા માટે, तत्-તે ધન વા અન્નની અર્થાત્ તેના આપેલા ધનાદિ પદાર્થોને वरुणः-જળ વા ગુણોથી ઉત્કૃષ્ટ, तत्-તે શરીર સુખને अग्निः-પવિત્ર અગ્નિ વા ન્યાયમાર્ગ ચલાવનાર વિદ્વાન, तत्-એ આત્મસુખને अर्यमा-નિયમકર્તા વાયુ વા ન્યાયકર્તા સભાધ્યક્ષ तत्-ઇન્દ્રિયોના સુખને सविता-સૂર્ય વા ધર્મ કાર્યોમાં પ્રેરણા કરનાર ધર્મજ્ઞજન तत्-તે સામાજિક સુખ અને चनः-અન્નને धात्-ધારણ કરતા વા ધારણ કરે. (૩)

*ભાવાર્થ : જેમ સંસારના પૃથિવી આદિ પદાર્થો સુખદાયક છે. તેમ જ વિદ્વાનોએ સુખદાયક બનવું જોઈએ. (૩)*

સંગતિ : આ સૂક્તમાં સમસ્ત વિદ્વાનોના ગુણનું વર્ણન છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૭)

## સૂક્ત-૧૦૮

य इ॑न्द्राग्नी चि॒त्रत॑मो॒ रथो॑ वाम॒भि विश्वा॑नि॒ भुव॑नानि॒ चष्टे॑।

तेना या॑तं स॒रथं॑ तस्थि॒वांसाथा॒ सोम॑स्य पिबतं सु॒तस्य॑॥ १॥

પદાર્થ : यः-જે चित्रतमः-અતિશય આશ્ચર્ય સ્વરૂપ ગુણ અને ક્રિયાયુક્ત रथः-વિમાન આદિ યાનસમૂહ वाम्-એ तस्थिवांसा-સ્થિત થયેલ इन्द्राग्नी-વાયુ અને અગ્નિને પ્રાપ્ત થઈને विश्वानि-સર્વ भुवनानि-

ભૂગોળના સ્થાનોને अभि; चष्टे-સર્વ રીતે દેખાડે છે अथ-ત્યાર પછી જેથી એ બન્ને અર્થાત્ વાયુ અને અગ્નિ सरथम्-રથ આદિ સામગ્રી સહિત સેના વા ઉત્તમ સામગ્રીને आ, यातम्-પ્રાપ્ત થઈને સમ્યક્ ઈચ્છિત સ્થાનને પહોંચાડે છે તથા सुतस्य-ઈશ્વરે ઉત્પન્ન કરેલ सोमस्य-સોમ આદિના રસનું पिबतम्-પાન કરે છે. तेन-તેથી સમસ્ત શિલ્પી મનુષ્યોએ સર્વસ્થાનોમાં જવું-આવવું જોઈએ. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, કલાઓમાં સમ્યકે યુક્ત કરીને સંચાલિત કરેલ વાયુ-અગ્નિથી યુક્ત વિમાન આદિ યાનો આકાશ, સમુદ્ર અને ભૂમિ માર્ગોથી અન્ય દેશોમાં જઈને-આવીને, સદા પોતાના અભિપ્રાયની સિદ્ધિ દ્વારા આનંદરસનો ઉપભોગ કરવો જોઈએ. (૧)*

यावदिदं भुवनं विश्वमस्त्युरुव्यचा वरिमता गभीरम्।
तावाँ अयं पातवे सोमो अस्त्वरमिन्द्राग्नी मनसे युवभ्याम्॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે यावत्-જેટલા उरुव्यचा-બહુ જ વ્યાપ્તિ અર્થાત્ સંપૂર્ણ અને वरिमता-બહુ જ સ્થૂળતાની સાથે વર્તમાન गभीरम्-અગાધ भुवनम्-સર્વ વસ્તુઓને રહેવાનું સ્થાન इदम्-એ પ્રકટ-અપ્રકટ विश्वम्-જગત अस्ति-છે, तावान्-તેટલા अयम्-એ सोमः-ઉત્પન્ન થયેલ પદાર્થોના સમૂહ છે, તેનું मनसे-વિજ્ઞાન કરાવવા इन्द्राग्नी-વાયુ અને અગ્નિ अरम्-પરિપૂર્ણ છે, તેથી તે युवभ्याम्-તે બન્નેથી पातवे-રક્ષા આદિને માટે તેટલો બોધ અને પદાર્થોનો સ્વીકાર કરો. (૨)

*ભાવાર્થ : વિચક્ષણ = અતિ બુદ્ધિમાન મનુષ્યોએ એ જાણી લેવું જોઈએ, કે જ્યાં જ્યાં મૂર્તિમાન (= સ્થૂળ) લોક છે, ત્યાં ત્યાં વાયુ અને વિદ્યુત્ વ્યાપક હોવાના સ્વરૂપથી વિદ્યમાન છે. જેટલું મનુષ્યોનું સામર્થ્ય છે, તેટલા તેના ગુણોને જાણીને તથા પુરુષાર્થથી તેનો ઉપયોગ કરીને પૂર્ણ સુખી થવું જોઈએ. (૨)*

चक्राथे हि सध्र्य१ङ् नाम भद्रं सध्रीचीना वृत्रहणा उत स्थः।
ताविन्द्राग्नी सध्र्यञ्चा निषद्या वृष्णः सोमस्य वृषणा वृषेथाम्॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सध्रीचीना-એકત્ર મળેલા અને वृत्रहणौ-મેઘને હણનારા सध्र्यञ्चा-સહ પ્રશંસનીય निषद्य-નિત્ય સ્થિર થઈને, वृष्णः-પુષ્ટિ કરીને, सोमस्य-રસવાન પદાર્થ સમૂહની वृषणा-પુષ્ટિ કરનારા इन्द्राग्नी-પૂર્વોક્ત વાયુ અને સૂર્યમંડળ भद्रम्-વૃષ્ટિ આદિ કાર્યથી પરમ સુખકારક सध्र्यक्-એક સાથે પ્રકટ થઈને नाम-જળને चक्राथे-કરે છે, उत-અને કાર્ય સિદ્ધિ કરનારા एस्थः-થઈને वृषेथाम्-તથા સુખરૂપી વર્ષા કરે છે, तौ-તે બન્ને (વાયુ + સૂર્ય)ને हि-પણ आ-સમ્યક્ જાણો. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, અત્યંત ઉપયોગી વાયુ અને વિદ્યુત્નું જ્ઞાન પ્રાપ્ત કરીને (એનો) શા માટે ઉપયોગ ન કરવો જોઈએ ? (૩)*

समिद्धेष्वग्निष्वानजाना यतस्रुचा बर्हिरु तिस्तिराणा।
तीव्रैः सोमैः परिषिक्तेभिरर्वागेन्द्राग्नी सौमनसाय यातम्॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે તમે यतस्त्रुचा-જેમાં સ્રુચ અર્થાત્ હોમ કરવાના કામમાં જે સ્રુવો હોય છે તેના સમાન કલાધર વિદ્યમાન तिस्तिराणा-વા જે યંત્રકલાદિથી ઢાંકેલ હોય છે, आनजाना-તે આપ પ્રસિદ્ધ અને પ્રસિદ્ધ કરનાર इन्द्राग्नी-વાયુ અને વિદ્યુત્ तीव्रैः-તીક્ષ્ણ અને વેગાદિ ગુણયુક્ત सोमैः-રસરૂપ જળથી परिषिक्तेभिः-સર્વ રીતે કરેલી સિંચાઈઓ સહિત समिद्धेषु-સમ્યક્ પ્રદીપ્ત अग्निषु-કલાઘરોની અગ્નિઓમાં થઈને अर्वाक्-પછી बर्हिः-અન્તરિક્ષમાં यातम्-પહોંચાડે છે उ-અને सौमनसाय-સર્વોત્તમ સુખને માટે आ-સારી રીતે આવે પણ છે. તેની સમ્યક્ શિક્ષા કરીને કાર્યસિદ્ધિને માટે કલાઓમાં - યંત્રોમાં લગાવવા જોઈએ. (૪)

*ભાવાર્થ : જ્યારે શિલ્પીઓ દ્વારા વાયુ અને વિદ્યુત્ કાર્ય સિદ્ધિને માટે સમ્યક્ પ્રયુક્ત કરવામાં આવે છે, ત્યારે એ બન્ને સુખ લાભ માટે સમર્થ બને છે. (૪)*

यानीन्द्राग्नी चक्रथुर्वीर्याणि यानि रूपाण्युत वृष्ण्यानि।
या वां प्रत्नानि सख्या शिवानि तेभिः सोमस्य पिबतं सुतस्य॥५॥

પદાર્થ : इन्द्राग्नी-સ્વામી અને સેવક वाम्-તમારા यानि-જે वीर्याणि-પરાક્રમયુક્ત કામ છે, यानि-જે रूपाणि-શિલ્પ વિદ્યાથી સિદ્ધ ચિત્ર-વિચિત્ર અદ્ભુત રૂપવાન વિમાન આદિ અને वृष्ण्यानि-પુરુષાર્થયુક્ત કામ છે; या-જ તમારે બન્નેને प्रत्नानि-પ્રાચીન शिवानि-મંગળયુક્ત सख्या-મિત્રોના કામ છે, तेभिः-તેઓથી सुतस्य-કાઢવામાં આવેલ सोमस्य-સંસારી પદાર્થોના રસનું पिबतम्-પાન કરો, उत-અને અમારા માટે चक्रथुः-તેના દ્વારા સુખ હશે. (૫)

*ભાવાર્થ : આ મંત્રમાં ઈન્દ્ર શબ્દથી ધનાઢ્ય અને અગ્નિથી વિદ્યાવાન શિલ્પીનું ગ્રહણ કરવામાં આવે છે. વિદ્યા અને પુરુષાર્થ વિના કદી પણ કાર્ય સિદ્ધિ થતી નથી. અને મિત્રતા વિના કદી વ્યવહાર સિદ્ધ થઈ શકતો નથી, તેથી એ કાર્યો સદા કરવા જોઈએ. (૫)*

यदब्रवं प्रथमं वां वृणानो३ऽयं सोमो असुरैर्नो विहव्यः।
तां सत्यां श्रद्धामभ्या हि यातमथा सोमस्य पिबतं सुतस्य॥६॥

પદાર્થ : હે સ્વામી અને શિલ્પીજનો ! वाम्-તમારા માટે प्रथमम्-પ્રથમ यत्-જે મેં अब्रवम्-કહેલ વા असुरैः-વિદ્યાહીન મનુષ્યોની वृणानः-સ્તુતિ કરેલ विहव्यः-વિવિધ રીતે ગ્રહણ કરવા યોગ્ય अयम्-એ પ્રત્યક્ષ सोमः-ઉત્પન્ન પદાર્થોનો સમૂહ તમારો છે, તેનાથી नः-અમારી ताम्-તે सत्याम्-સત્ય श्रद्धाम्-પ્રીતિને अभि, या, यातम्-સમ્યક્ રીતે પ્રાપ્ત થાઓ अथ-તદનન્તર हि-નિશ્ચયપૂર્વક सुतस्य-કાઢવામાં આવેલ सोमस्य-સંસારી પદાર્થોના રસનું पिबतम्-પાન કરો. (૬)

*ભાવાર્થ : જન્મ સમયે સર્વ અવિદ્વાન હોય છે, પશ્ચાત્ વિદ્યાભ્યાસ કરીને વિદ્વાન બને છે. તેથી વિદ્યાહીન જન મૂર્ખ, વિદ્યાવાન શ્રેષ્ઠ અને અલ્પ વિદ્યાવાન કનિષ્ઠ ગણવામાં-માનવામાં આવે*

*છે. કોઈપણ હોય, પરંતુ તેના પ્રત્યે સત્ય જ બોલવું જોઈએ. કોઈના પ્રત્યે પણ અસત્ય ન બોલવું જોઈએ. (૬)*

**यदिन्द्राग्नी मदथः स्वे दुरोणे यद् ब्रह्मणि राजनि वा यजत्रा।**

**अतः परि वृषणावा हि यातमथा सोमस्य पिबतं सुतस्य॥ ७॥**

પદાર્થ : હે वृषणौ-સુખરૂપી વર્ષા કરનારા यजत्रा-સારી રીતે મળીને સત્કાર કરવા યોગ્ય इन्द्राग्नी-સ્વામી અને સેવકો ! તમે બન્ને यत्-જે કારણે स्वे-પોતાના दुरोणे-ઘરમાં વા यत्-જે કારણે ब्रह्मणि-બ્રાહ્મણોની સભા અને राजनि-રાજાઓની સભા वा-અને સભામાં मदथः-આનંદિત થાઓ છો, अतः-એથી परि, आ, यातम्-સર્વ રીતે આવો, अथ, हि-તદનન્તર એક નિશ્ચયપૂર્વક सुतस्य-ઉત્પન્ન થયેલ सोमस्य-સંસારી પદાર્થોના રસનું पिबतम्-પાન કરો. (૭)

*ભાવાર્થ : જ્યાં - જ્યાં સ્વામી અને શિલ્પી, અધ્યાપક અને વિદ્યાર્થી તથા રાજપુરુષ અને પ્રજાજન જાય અથવા આવે ત્યાં-ત્યાં એ બન્ને સભ્યતાથી સ્થિત થઈને વિદ્યા અને શાન્તિથી યુક્ત વચન બોલીને સુશીલતાથી સત્ય બોલે અને સત્ય શ્રવણ કરે. (૭)*

**यदिन्द्राग्नी यदुषु तुर्वशेषु यद् द्रुह्युष्वनुषु पूरुषु स्थः।**

**अतः परि वृषणावा हि यातमथा सोमस्य पिबतं सुतस्य॥ ८॥**

પદાર્થ : હે इन्द्राग्नी-સ્વામી અને શિલ્પી જનો ! તમે બન્ને यत्-જે કારણે यदुषु-શ્રેષ્ઠ યત્ન કરનાર મનુષ્યોમાં વા तुर्वशेषु-જે હિંસક મનુષ્યોને વશમાં કરે તેમાં વા यत्-જે કારણે द्रुह्युषु-દ્રોહીજનોમાં વા अनुषु-પ્રાણ અથવા જીવન સુખ દાતામાં તથા पुरुषु-જે શ્રેષ્ઠ ગુણ, વિદ્યા અને કામોમાં પરિપૂર્ણ છે તેમાં યથોચિત્ અર્થાત્ જેથી જેવું ઈચ્છીએ તેવા વ્યવહાર વર્તનવાળા स्थः-થાય. अतः-એ કારણે સર્વ મનુષ્યોમાં वृषणौ-સુખરૂપી વર્ષા કરતા आ, यातम्-સમ્યક્ રીતે આવો हि-નિશ્ચયપૂર્વક अथ-તદનન્તર सुतस्य-કાઢવામાં આવેલ सोमस्य-જગતના પદાર્થોના રસનું परि, पिबतम्-સારી રીતે પાન કરો. (૮)

*ભાવાર્થ : જે ન્યાય અને સેનાના અધિકારને પ્રાપ્ત મનુષ્યોમાં યથાયોગ્ય વર્તમાન છે; સર્વ મનુષ્યોએ તેઓને જ તેના કાર્યોમાં સ્થાપન કરીને-માનીને કામોની સિદ્ધિ કરવી જોઈએ. (૮)*

**यदिन्द्राग्नी अवमस्यां पृथिव्यां मध्यमस्यां परमस्यामुत स्थः।**

**अतः परि वृषणावा हि यातमथा सोमस्य पिबतं सुतस्य॥ ९॥**

પદાર્થ : હે इन्द्राग्नी-ન્યાયાધીશ અને સેનાધીશ ! यत्-જે તમે બન્ને अवमस्याम्-નિકૃષ્ટ, मध्यमस्याम्-મધ્યમ उत-અને परमस्याम्-ઉત્તમ ગુણવાળી पृथिव्याम्-પોતાની રાજ્યભૂમિમાં અધિકાર પામેલ स्थः-

છો, તે સર્વ ક્યારેક સર્વની રક્ષા કરવા યોગ્ય છે. अतः-એ કારણે ઉક્ત રાજ્યમાં परि, वृषणौ-સર્વ રીતે સુખરૂપી વર્ષા કરનાર બનીને आ, यातम्-આવો. हि-નિશ્ચયપૂર્વક अथ-ઉપરાંત તે રાજ્યભૂમિમાં सुतस्य-ઉત્પન્ન થયેલ सोमस्य-સંસારી પદાર્થોના રસનું पिबतम्-પાન કરો. આ એક અર્થ છે.

(દ્વિતીય અર્થ :) यत्-જે એ इन्द्राग्नी-વાયુ અને વિદ્યુત્ अवमस्याम्-નિકૃષ્ટ, मध्यमस्याम्-મધ્યમ उत-વા परमस्याम्-ઉત્તમ ગુણવાળી पृथिव्याम्-પૃથિવીમાં स्थः-છો, अतः-એથી અહીં परि, वृषणौ-સર્વ પ્રકારથી સુખરૂપી વર્ષા કરનાર બનીને आ, यातम्-આવો અને अथ-એ ઉપરાંત हि-નિશ્ચયપૂર્વક જે सुतस्य-કાઢવામાં આવેલ सोमस्य-પદાર્થોના રસનું पिबतम्-પાન કરે છે તેઓને કામ સિદ્ધિને માટે કલાઓ-યંત્રોમાં સંયુક્ત કરીને મહાન લાભ સિદ્ધ કરવા જોઈએ. (૯)

*ભાવાર્થ : ઉત્તમ, મધ્યમ, નિકૃષ્ટ ગુણ-કર્મ-સ્વભાવોના ભેદથી જે-જે રાજ્યો છે, ત્યાં-ત્યાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ ગુણ-કર્મ-સ્વભાવવાળા મનુષ્યોને રાખીને ચક્રવર્તી રાજ્ય સ્થાપિત કરીને સર્વેએ આનંદ ભોગવવો જોઈએ.*

*એ રીતે આ સૃષ્ટિમાં સ્થિત અને સર્વ લોકોમાં વર્તમાન વાયુ અને વિદ્યુત્‌ને જાણીને તથા તેનો ઉત્તમ પ્રયોગ કરીને અને કાર્યોની સિદ્ધિ કરીને સર્વ દરિદ્રતા આદિ દુ:ખોને નષ્ટ કરવા જોઈએ. (૯)*

**यदि॑न्द्राग्नी प॒र॒मस्यां॑ पृथि॒व्यां म॑ध्य॒मस्या॑मव॒मस्या॑मु॒त स्थः।**
**अत॒ः परि॑ वृषणा॒वा हि या॒तमथा॒ सोम॑स्य पिबतं सु॒तस्य॑॥ १०॥**

પદાર્થ : આ મંત્રનો અર્થ પૂર્વ (૯) મંત્ર અનુસાર જાણવો જોઈએ. (૧૦)

*ભાવાર્થ : બે પ્રકારના ઈન્દ્ર (= વાયુ) અને અગ્નિ છે. એક તો તે જે ઉત્તમ ગુણ-કર્મ-સ્વભાવોમાં અથવા પવિત્ર ભૂમિમાં સ્થિત છે. તે ઉત્તમ (છે.)અને જે અપવિત્ર ગુણ-કર્મ-સ્વભાવોમાં અથવા અશુદ્ધ ભૂમિ આદિ પદાર્થોમાં રહે છે - તે નિકૃષ્ટ છે.*

*આ બે પ્રકારના વાયુ અને અગ્નિ ઉપરથી નીચે અને નીચેથી ઉપર આવે (જાય) છે તેથી બન્ને મંત્રોમાં પ્રથમ પ્રયુક્ત 'અવમ અને પરમ' શબ્દો દ્વારા એ અર્થ બતાવવામાં આવેલ છે, એમ જાણવું જોઈએ. (૧૦)*

**यदि॑न्द्राग्नी दि॒वि ष्ठो यत्पृ॑थि॒व्यां यत्पर्व॑ते॒ष्वोष॑धीष्व॒प्सु।**
**अत॒ः परि॑ वृषणा॒वा हि या॒तमथा॒ सोम॑स्य पिबतं सु॒तस्य॑॥ ११॥**

પદાર્થ : यत्-જે કારણે इन्द्राग्नी-વાયુ અને વિદ્યુત્ दिवि-પ્રકાશમાન આકાશમાં, यत्-જે કારણે पृथिव्याम्-પૃથિવીમાં, यत्-જે કારણે पर्वतेषु-પર્વતોમાં, अप्सु-જલોમાં અને ओषधीषु-ઔષધિઓમાં स्थः-વર્તમાનછે, अतः-એ કારણે परि, वृषणौ-સર્વ પ્રકારથી સુખની વર્ષા કરનારા તેઓ हि-નિશ્ચયપૂર્વક आ, यातम्-પ્રાપ્ત થાય છે. अथ-તદનન્તર सुतस्य-કાઢવામાં આવેલ सोमस्य-જગતના પદાર્થોના રસનું

पिबतम्-પાન કરે છે. (૧૧)

ભાવાર્થ : જે ધનંજય વાયુ અને કારણ નામક અગ્નિ, એ સર્વ પદાર્થોમાં સ્થિત છે. એ બન્ને સમ્યક્ રીતે જાણીને તથા સમ્યક્ પ્રયુક્ત કરેલ, અનેક કાર્યોને સિદ્ધ કરે છે. (૧૧)

यदिन्द्राग्नी उदिता सूर्यस्य मध्ये दिवः स्वधया मादयेथे।
अतः परि वृषणावा हि यातमथा सोमस्य पिबतं सुतस्य॥१२॥

પદાર્થ : यत्-જે કારણે इन्द्राग्नी-વાયુ અને વિદ્યુત્ उदिता-ઉદયને પ્રાપ્ત થયેલ सूर्यस्य-સૂર્યમંડળના વા दिवः-અંતરિક્ષના मध्ये-મધ્યમાં स्वधया-અન્ન અને જળથી સર્વને मादयेथे-હર્ષ આપે છે. अतः-એથી वृषणा-સુખની વર્ષા કરનારા परि-સર્વ રીતે आ, यातम्-આવે છે અર્થાત્ બહાર અને અંદરથી પ્રાપ્ત થાય છે તથા हि-નિશ્ચયપૂર્વક अथ-તદનન્તર सुतस्य-કાઢવામાં આવેલ सोमस्य-જગતના પદાર્થોના રસનું पिबतम्-પાન કરે છે. (૧૨)

*ભાવાર્થ : વાયુ અને વિદ્યુત્ વિના કોઈપણ લોકનું અથવા પ્રાણીનું રક્ષણ અને જીવન સંભવ નથી; તેથી એ બન્ને જગતના પાલનમાં પ્રમુખ છે. (૧૨)*

एवेन्द्राग्नी पपिवांसा सुतस्य विश्वास्मभ्यं सं जयतं धनानि।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥१३॥

પદાર્થ : मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠ ગુણયુક્ત, अदितिः-ઉત્તમ વિદ્વાન, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत-અને द्यौः-સૂર્યનો પ્રકાશ જેને नः-અમારા માટે मामहन्ताम्-વૃદ્ધિ-ઉન્નત કરે, तत्, एव-તેઓ विश्वा-સમસ્ત धनानि-ધનોને सुतस्य-પદાર્થોથી કાઢવામાં આવેલ રસનું पपिवांसा-પાન કરેલ इन्द्राग्नी-અતિ ધનાઢ્ય વા યુદ્ધવિદ્યામાં કુશળ વીરજન अस्मभ्यम्-અમારા માટે संजयतम्-સારી રીતે જીતે અર્થાત્ સિદ્ધ કરે. (૧૩)

*ભાવાર્થ : વિદ્વાન, બળવાન અને ધાર્મિક કોશાધ્યક્ષ અને સેનાપતિ વિના ઉત્તમ પુરુષાર્થી જનોનાં વિદ્યા આદિ ધન વધારી શકાતા નથી.*

*જેમ મિત્ર આદિ પોતાના મિત્રોને સુખ આપે છે, તેમ કોશાધ્યક્ષ અને સેનાપતિ આદિ પ્રજાના પ્રાણીઓને સુખ આપે છે. તેથી સર્વેએ એ બન્નેનું સદા પાલન કરવું જોઈએ. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં વાયુ અને વિદ્યુત્ આદિના ગુણોના વર્ણનથી તેના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૮)

## सूक्त-१०९

वि ह्यख्यं मनसा वस्य इच्छन्निन्द्राग्नी ज्ञास उत वा सजातान्।

**नान्या युवत्प्रमतिरस्ति मह्यं स वां धियं वाजयन्तीमतक्षम्॥ १ ॥**

પદાર્થ : જેમ इन्द्राग्नी-વિદ્યુત્ અને જે દષ્ટિગોચર અગ્નિ છે તેઓને इच्छन्-ઈચ્છીને वस्यः-જેઓએ ચોવીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલન કરેલ છે તેમાં પ્રશંસનીય હું તથા ज्ञासः-જ્ઞાતાજન છે. તેઓને વા જાણવા યોગ્ય પદાર્થોને सजातान्-વા એક સંગ થયેલ પદાર્થોને उत-અને वा-વિદ્યાર્થી વા જ્ઞાપકોને मनसा-વિશેષ જ્ઞાનથી જાણવાની ઈચ્છા કરીને युवत्-સર્વ વસ્તુઓને યથાયોગ્ય કાર્યોમાં પ્રયુક્ત કરનાર હું એને हि-નિશ્ચયપૂર્વક वि, अख्यम्-અન્યોના પ્રત્યે ઉત્તમતાની સાથે કહું, તેમ તમે પણ કહો. જે મારી प्रमतिः-પ્રબળ મતિ अस्ति-છે, તેમ તમારી પણ થાય, न, अन्या-અન્ય ન થાય.

જેમ હું वाम्-તમે બન્ને અધ્યાપક અને વિદ્યાર્થીથી वाजयन्तीम्-સમસ્ત વિદ્યાઓને જ્ઞાપક કરાવનારી धियम्-ઉત્તમ બુદ્ધિને अतक्षम्-સૂક્ષ્મ કરું અર્થાત્ કઠિન વિષયને સરળતાથી જાણું, તેમ सः-તે અધ્યાપક અને વિદ્યાર્થી मह्यम्-મારા માટે સૂક્ષ્મ કરે. (૧)

*ભાવાર્થ : મનુષ્યોને ઉચિત છે કે સત્ય પ્રીતિ અને પુરુષાર્થના દ્વારા સદ્ વિદ્યા આદિનો બોધ કરાવતા, અતિશ્રેષ્ઠ બુદ્ધિને ઉત્પન્ન કરીને, વ્યવહાર અને અધ્યાત્મની સિદ્ધિ કરનારા કાર્યો અવશ્ય*

* િ સ હ્ર*

*કરે. (૧)*

**अश्रवं हि भूरिदावत्तरा वां विजामातुरुत वा घा स्यालात्।**
**अथा सोमस्य प्रयती युवभ्यामिन्द्राग्नी स्तोमं जनयामि नव्यम्॥ २ ॥**

પદાર્થ : જે वाम्-એ भुरिदावत्तरा-અત્યંત બહુ જ ધનની પ્રાપ્તિ કરાવનારા इन्द्राग्नी-વિદ્યુત્ અને ભૌતિક અગ્નિ છે વા જે ઉક્ત ઇન્દ્રાગ્ની विजामातुः-વિરોધી જમાઈ स्यालात्-સાળાથી उत्, वा-અથવા અને घ-અન્ય જનોથી ધનને અપાવે છે એ હું अश्रवम्-સાંભળી ચૂક્યો છું अथ, हि-અત્યારે युवभ्याम्-એનાથી सोमस्य-ઐશ્વર્ય અર્થાત્ ધનાદિ પદાર્થોની પ્રાપ્તિ કરનારા વ્યવહારને प्रयती-સમ્યક્ રીતે આપવા માટે नव्यम्-નવીન स्तोमम्-ગુણના પ્રકાશને હું जनयामि-પ્રકટ કરું છું. (૨)

*ભાવાર્થ : સર્વ મનુષ્યો (ને માટે એ ઉચિત છે કે તેઓએ) વિદ્યુત્ આદિ પદાર્થોના ગુણગાન અને સમ્યક્ પ્રયોગના દ્વારા નવીન તથા કાર્ય સિદ્ધિ કરનારા કલાયંત્ર આદિનું નિર્માણ કરીને અનેક કાર્યોને સંપન્ન કરીને ધર્મ, અર્થ, કામની સિદ્ધિ કરવી જોઈએ. (૨)*

**मा च्छेद्म रश्मीँरिति नाधमानाः पितॄणां शक्तीरनुयच्छमानाः।**
**इन्द्राग्निभ्यां कं वृषणो मदन्ति ता ह्यद्री धिषणाया उपस्थे॥ ३ ॥**

પદાર્થ : જેમ वृषणः-બળવાન જન જે अद्री-જે કદી વિનાશને પ્રાપ્ત થનાર નથી ता-તે ઇન્દ્ર અને અગ્નિઓને સમ્યક્ રીતે જાણી इन्द्राग्निभ्याम्-એથી धिषणायाः-અતિ વિચારયુક્ત બુદ્ધિની उपस्थे-

સમીપમાં સ્થિર કરવા યોગ્ય અર્થાત્ તે બુદ્ધિની સાથેના યોગ્ય વ્યવહારમાં कम्-સુખને પ્રાપ્ત કરીને मदन्ति-આનંદિત થાય છે વા સુખની ચાહના કરે છે, તેમ पितृणाम्-રક્ષા કરનારા જ્ઞાની વિદ્વાનો વા રક્ષાથી અનુયોગ પ્રાપ્ત થયેલ વસંત આદિ ઋતુઓના रश्मीन्-વિદ્યાયુક્ત જ્ઞાન પ્રકાશીને नाधमानाः-ઐશ્વર્યની સાથે ચાહીને शक्तीः-વા સામર્થ્યને अनु यच्छमानाः-અનુકૂળતાની સાથે નિયમમાં લાવીને અને આનંદિત થઈએ हि-જ છીએ અને इति-એમ જાણીને એ વિદ્યાઓના મૂળને અમે मा, छेदम-કાપીએ નહિ. (૩)

*ભાવાર્થ : ઐશ્વર્યની કામનાવાળા મનુષ્યોએ ક્યારેય પણ વિદ્વાનોની સેવા અને સંગતિનો ત્યાગ કરીને તથા વસંત આદિ ઋતુઓનું યથોચિત વિજ્ઞાન અને સેવનને છોડીને વર્તાવ ન કરવો જોઈએ. વિદ્યા તથા બુદ્ધિની ઉન્નતિ અને વ્યવહારની સિદ્ધિ પ્રયત્નપૂર્વક કરવી જોઈએ. (૩)*

युवाभ्यां देवी धिषणा मदायेन्द्राग्नी सोममुशती सुनोति।
तावश्विना भद्रहस्ता सुपाणी आ धावतं मधुना पृङ्क्तमप्सु॥४॥

પદાર્થ : જે सोमम्-ઐશ્વર્યની उशती-કાન્તિ કરાવનારી देवी-સર્વોત્તમ શિક્ષા અને શાસ્ત્રવિદ્યા આદિથી પ્રકાશમાન धिषणा-બુદ્ધિ मदाय-આનંદને માટે युवाभ्याम्-જેથી કાર્યોને सुनोति-સિદ્ધ કરે છે, તે બુદ્ધિથી જે इन्द्राग्नी-વિદ્યુત્ અને ભૌતિક અગ્નિ अप्सु-કલાધરોમાં જળનાં સ્થાનોમાં मधुना-જળથી पृङ्क्तम्-સંપર્ક અર્થાત સંબંધ કરે છે વા भद्रहस्ता-જેનાથી ઉત્તમ સુખ કરનારા હાથોની સમાન ગુણ सुपाणी-સર્વોત્તમ વ્યવહાર વા अश्विना-જે સર્વમાં વ્યાપ્ત થનાર છે, तौ-તે વિદ્યુત્ અને ભૌતિક અગ્નિ રથોમાં સમ્યક્ પ્રયુક્ત કરીને તેઓને आ, धावतम्-ચલાવે છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યો જ્યાં સુધી બુદ્ધિઓને ઉત્તમ શિક્ષા, ઉત્તમ વિદ્યા અને ક્રિયા-કૌશલથી યુક્ત કરતા નથી, ત્યાં સુધી તેઓ વિદ્યુત્ આદિ પદાર્થોથી ઉપકાર ગ્રહણ કરી શકતા નથી. તેથી એને યત્નપૂર્વક સિદ્ધ કરવા જોઈએ. (૪)*

युवामिन्द्राग्नी वसुनो विभागे तवस्तमा शुश्रव वृत्रहत्ये।
तावासद्या बर्हिषि यज्ञे अस्मिन्प्र चर्षणी मादयेथां सुतस्य॥५॥

પદાર્થ : હું वसुनः-ધનનું विभागे-સેવન વ્યવહારમાં वृत्रहत्ये-વા જેમાં શત્રુઓ અને મેઘોનુ હનન થાય, તે સંગ્રામમાં युवाम्-તે બન્ને इन्द्राग्नी-વિદ્યુત્ અને સાધારણ અગ્નિ तवस्तमा-અત્યંત બળવાન અને બળના આપનારા એ सुश्रव-શ્રવણ કરું છું, એથી तौ-તે બન્ને प्रचर्षणी-સમ્યક્ સુખને પ્રાપ્ત કરનારા अस्मिन्-એ बर्हिषि-સમીપ વર્ધમાન यज्ञे-શિલ્પવ્યવહારના નિમિત્ત सुतस्य-ઉત્પન્ન કરેલ વિમાન આદિ રથને आसद्य-પ્રાપ્ત થઈને मादयेथाम्-આનંદ પ્રદાન કરે છે. (૫)

*ભાવાર્થ : મનુષ્યો જેના દ્વારા ધનોનું વિતરણ કરે છે અથવા શત્રુઓને જીતીને સાર્વભૌમ રાજ્ય કરી શકે છે, તે (વિદ્યુત્ અને અગ્નિ)નો તેઓ કાર્ય સિદ્ધિને માટે શા માટે સમ્યક્ પ્રયોગ*

*કરે નહિ ? (૫)*

प्र च॑र्ष॒णिभ्य॑: पृतना॒हवे॑षु॒ प्र पृ॑थि॒व्या रि॑रिचाथे दि॒वश्च॑।

प्र सिन्धु॑भ्य॒: प्र गि॒रिभ्यो॑ महि॒त्वा प्रेन्द्रा॑ग्नी॒ विश्वा॒ भुव॒नात्य॒न्या॥६॥

પદાર્થ : इन्द्राग्नी-વાયુ અને વિદ્યુત્ अन्या-विश्वा-भुवना-અને સમસ્ત લોકોને महित्वा-પ્રશંસિત કરાવીને पृतनाहवेषु-સેનાઓથી પ્રવૃત્ત થઈને યુદ્ધોમાં चर्षणिभ्यः-મનુષ્યોથી प्र, पृथिव्याः-સારી રીતે પૃથિવી વા प्र, सिन्धुभ्यः-સારી રીતે સમુદ્રો વા प्र, गिरिभ्यः-સારી રીતે પર્વતો વા प्र, दिवश्च-અને સારી રીતે સૂર્યથી प्र, अति-रिरिचाथे-અત્યંત ઉન્નતિ પામીને પ્રતીત થાય છે. અર્થાત્ કલાયંત્રોની સહાયથી ઉન્નતિ કે વૃદ્ધિ પામીને કામ આપે છે. (૬)

*ભાવાર્થ : વાયુ અને વિદ્યુત્‌ની સમાન મહાન (અન્ય) કોઈ લોક થઈ શકતા નથી, કારણ કે એ બન્ને સર્વ લોકોને વ્યાપ્ત કરીને સ્થિત છે. (૬)*

आ भ॑रतं॒ शिक्ष॑तं वज्रबाहू अ॒स्माँ इ॑न्द्राग्नी अवतं॒ शची॑भिः।

इ॒मे नु ते र॒श्मय॒: सूर्य॑स्य॒ येभि॑: सपि॒त्वं पि॒तरो॑ न॒ आस॑न्॥७॥

પદાર્થ : वज्रबाहू-જેના વજ્રની સમાન બળ અને વીર્ય છે, તેઓ इन्द्राग्नी-વિદ્યાર્થી અને અધ્યાપકો ! તમે બન્ને જેમ इमे-એ सूर्यस्य-સૂર્યના रश्मयः-કિરણો છે અને ते-રક્ષા આદિ કરે છે; અને જેમ पितरः-પિતૃજન येभिः-જે કામોથી नः-અમારે માટે सपित्वम्-સમાન વ્યવહારોની પ્રાપ્તિ કરનારા વા વિજ્ઞાનને આપીને ઉપકાર કરનારા आसन्-થાય છે, તેમ शचीभिः-સમ્યક્ કાર્ય વા ઉત્તમ બુદ્ધિઓથી अस्मान्-અમારો आ, भरतम्-સ્વીકાર કરો, सिक्षतम्-શિક્ષા આપો અને नु-શીઘ્ર अवतम्-પાળો. (અર્થાત્ રક્ષણ આદિ કરો.)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે સુશિક્ષાથી મનુષ્યોમાં સૂર્ય સમાન વિદ્યાના પ્રકાશક અને માતા-પિતા સમાન કૃપાપૂર્વક રક્ષા કરનાર અધ્યાપક છે તથા સૂર્ય સમાન પ્રકાશિત બુદ્ધિમાન વિદ્યાર્થી છે, તે બન્નેનો નિત્ય સત્કાર કરો. આ કર્મ વિના વિદ્યાની ઉન્નતિ કદી સંભવ નથી. (૭)*

पु॒रं॒द॒रा शिक्ष॑तं वज्रहस्ता॒स्माँ इ॑न्द्राग्नी अवतं॒ भरे॑षु।

तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑ति॒: सिन्धु॑: पृथि॒वी उ॒त द्यौः॥८॥

પદાર્થ : જે पुरन्दरा-શત્રુઓના નગરોનો વિધ્વંસ કરનારા વા वज्रहस्ता-જેના વિદ્યારૂપી વજ્ર હાથની સમાન છે, તેઓ इन्द्राग्नी-ઉપદેશ શ્રવણ અથવા ઉપદ્રષ્ટા - કરનારી તું જેમ मित्रः-મિત્ર, वरुणः-ઉત્તમ ગુણયુક્ત, अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-उत-અને द्यौः-સૂર્યનો પ્રકાશ नः-અમારી

मामहन्ताम्-ઉન્નતિ કરાવે છે, તેમ अस्मान्-અમને तत्-તે ઉક્ત પદાર્થોના વિશેષ જ્ઞાનની शिक्षतम्-શિક્ષા આપો અને भरेषु-સંગ્રામ આદિ વ્યવહારોમાં अवतम्-રક્ષા આદિ કરો. (૮)

*ભાવાર્થ : જેમ મિત્ર આદિ મિત્રની રક્ષા કરીને તેની ઉન્નતિ કરે છે. અને તેને અનુકૂળ વ્યવહાર કરે છે, તેમ ઉપદેશ લેનાર અને ઉપદેશક પરસ્પર વિદ્યાની વૃદ્ધિ કરીને પ્રેમથી મિત્રતામાં પ્રવૃત્ત રહે. (૮)*

સંગતિ : આ સૂક્તમાં ઈન્દ્ર અને અગ્નિ શબ્દના અર્થનું વર્ણન છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૦૯)

## સૂક્ત-૧૧૦

तृतं मे अपस्तदु तायते पुनः स्वादिष्ठा धीतिरुचथाय शस्यते।
अयं समुद्र इह विश्वदेव्यः स्वाहाकृतस्य समु तृष्णुत ऋभवः॥ १ ॥

પદાર્થ : હે ऋभवः-બુદ્ધિમાન વિદ્વાનો ! તમે જેમ इह-આ લોકમાં अयम्-એ विश्वदेव्यः-સમસ્ત પ્રશસ્ત ગુણોને યોગ્ય समुद्रः-સમુદ્ર છે અને જેમ તમારામાં स्वाहाकृतस्य-સત્યવાણીથી ઉત્પન્ન થયેલ ધર્મની उचथाय-કહેવા યોગ્ય स्वादिष्ठा-અતિ મધુરગુણવાળી धीतिः-બુદ્ધિ शस्यते-પ્રશંસનીય થાય છે उ-વા જેમ मे-મારા ततम्-ફેલાયેલા અર્થાત્ સર્વને વિદિત अपः-કામ तायते-પાલન કરે છે, तत्-उ, पुनः-તેમ ફરી તો અમને सम् तृष्णुत-સમ્યક્ તૃપ્ત કરો. (૧)

*ભાવાર્થ : જેમ સમસ્ત રત્નોથી યુક્ત સમુદ્ર દિવ્યગુણયુક્ત છે, તેમ જ ધાર્મિક અધ્યાપકોએ મનુષ્યોમાં સત્યકર્મો અને સત્ય બુદ્ધિનો પ્રચાર કરીને દિવ્યગુણોને પ્રસિદ્ધ કરવા જોઈએ. (૧)*

आभोगयं प्र यदिच्छन्त ऐतनापाकाः प्राञ्चो मम के चिदापयः।
सौधन्वनासश्चरितस्य भूमनागच्छत सवितुर्दाशुषो गृहम्॥ २ ॥

પદાર્થ : હે प्राञ्चः-પ્રાચીન अपाकाः-રોટલી આદિનો સ્વયં પાક તથા યજ્ઞાદિ કર્મ ન કરનાર સંન્યાસીઓ ! આપ જે के, चित्-કોઈ જન मम-મારી आपयः-વિદ્યામાં સમ્યક્ વ્યાપ્ત થવાની કામના કરી यत्-જે आ भोगयम्-સમ્યક્ ભોગવવાના પદાર્થોમાં પ્રશંસિત ભોગની इच्छन्तः-ઈચ્છા કરે છે તેને તે ભોગને प्र ऐतन-પ્રાપ્ત કરો.

હે सौधन्वनासः-ધનુષ્ય બાણને બાંધનારાઓમાં અત્યંત નિપુણો ! જ્યારે તમે भूमना-બહુ જ चरितस्य-કરેલ કામના सवितुः-ઐશ્વર્યથી યુક્ત दाशुषः-દાતાના गृहम्-ઘર अगच्छत-આવો, ત્યારે જિજ્ઞાસુઓ અર્થાત્ ઉપદેશ શ્રવણ કરનારના પ્રત્યે સત્યધર્મ ગ્રહણ કરવાનો આદેશ કરો. (૨)

*ભાવાર્થ : હે ગૃહસ્થ આદિ મનુષ્યો ! તમે સંન્યાસીઓથી સત્ય વિદ્યાઓને પ્રાપ્ત કરીને, કોઈ દાનશીલ મનુષ્યની સભામાં જઈને ત્યાં યુક્તિથી બેસીને તથા વિનમ્રતાથી વર્તાવ કરીને વિદ્યા અને વિનયનો પ્રચાર કરો. (૨)*

तत्स॑वि॒ता वो॑ऽमृत॒त्वमासु॑व॒दगो॑ह्यं॒ यच्छ्रा॒वय॑न्त॒ ऐत॑न।
त्यं चि॑च्चम॒सम॑सु॒रस्य॒ भक्ष॑ण॒मेकं॒ सन्त॑मकृणुता॒ चतु॑र्वयम्॥ ३॥

પદાર્થ : હે બુદ્ધિમાનો ! તમે જે सविता-ઐશ્વર્ય પ્રદાતા વિદ્વાન वः-તમારે માટે यत्-જે अमृतत्वम्-મોક્ષભાવને आ, असुवत्-સારી રીતે ઐશ્વર્યનો યોગ કરે, तत्-તેને अगोह्यम्-પ્રકટ श्रवयन्तः-સંભળાવતા સર્વ ક્રિયાઓને ऐतन-સમજાવો, असुरस्य-જે પ્રાણોમાં રમી રહ્યો છે, તે મેઘનું चमसम्-જેમાં સર્વ ભોજન કરે છે અર્થાત્ જેનાથી ઉત્પન્ન થયેલ અન્નને સર્વ આરોગે છે. त्यम्-તે भक्षणम्-સૂર્યના પ્રકાશને ગળી જવા चित्-સમાન, चतुर्वयम्-જેમાં ધર્મ-અર્થ-કામ-મોક્ષ છે એવા एकम्-એક सन्तम्-પોતાના વર્તાવને अकृणुत-કરો. (૩)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! જેમ વાદળાંઓ પ્રાણ પોષક અન્ન અને જળ આદિ પદાર્થોનો દાતા બનીને સુખ પહોંચાડે છે, તેમ જ તમે પણ વિદ્યાના દાતા બનીને, વિદ્યાર્થીઓને વિદ્વાન બનાવીને શ્રેષ્ઠ ઉપકાર કરો. (૩)*

विष्ट्वी शमी॑ तरणि॒त्वेन॑ वा॒घतो॒ मर्ता॑सः॒ सन्तो॑ अमृत॒त्वमा॑नशुः।
सौ॒धन्व॒ना ऋ॒भवः॒ सूर॑चक्षसः संवत्स॒रे सम॑पृच्यन्त धी॒तिभि॑ः॥ ४॥

પદાર્થ : જે सौधन्वनाः-શ્રેષ્ઠ જ્ઞાનવાન सूरचक्षसः-અર્થાત્ જેનું જ્ઞાન પ્રબળ છે वाघतः-વા વાણીને સારી રીતે કહેનાર, સાંભળનાર मर्त्तासः-મરવા અને જીવવાવાળા ऋभवः-બુદ્ધિમાન જન संवत्सरे-વર્ષમાં धीतिभिः-નિરંતર પુરુષાર્થયુક્ત કામોથી કાર્ય સિદ્ધિનો समपृच्यन्त-સંબંધ રાખે છે અર્થાત્ કામની રીત રાખે છે, તેઓ तरणित्वेन-શીઘ્રતાથી विष्ट्वी-વ્યાપ્ત થનાર शमी-કામોને सन्तः-કરતા अमृतत्वम्-મોક્ષભાવને आनशुः-પ્રાપ્ત થાય છે - કરે છે. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો પ્રતિ ક્ષણ ઉત્તમ પુરુષાર્થ કરે છે, તેઓ મોક્ષ સુધીના પદાર્થોને પ્રાપ્ત કરીને સુખી થાય છે. આળસુ મનુષ્યો કદાપિ સુખ પ્રાપ્ત કરી શકતા નથી. (૪)*

क्षेत्र॑मिव॒ वि म॑मु॒स्तेज॑नेनँ॒ एकं॒ पात्र॑मृ॒भवो॒ जेह॑मानम्।
उप॑स्तुता उप॒मं नाध॑माना॒ अम॑र्त्येषु॒ श्रव॑ इ॒च्छमा॑नाः॥ ५॥

પદાર્થ : જે उपस्तुताः-કિનારે આવનારાથી પ્રશંસાને પ્રાપ્ત થયેલ नाधमानाः-અન્યોથી પોતાના પ્રિયજનથી યાચના કરેલ अमर्त्येषु-અવિનાશી પદાર્થોમાં श्रवः-અન્નને इच्छमानाः-ઈચ્છીને ऋभवः-બુદ્ધિમાનો तेजनेन-પોતાની ઉત્તેજનાથી क्षेत्रमिव-ખેતરની સમાન जेहमानम्-પ્રયત્નોથી સિદ્ધ કરાવનારા एकम्-એક उपमम्-ઉપમારૂપ અર્થાત્ અતિ શ્રેષ્ઠ पात्रम्-જ્ઞાનોના સમૂહનું वि, ममुः-વિશેષ માન કરે છે, તેઓ સુખને પ્રાપ્ત કરે છે. (૫)

*ભાવાર્થ : જેમ લોકો ખેતરને ખેડીને, (તેમાં) બીજ વાવીને, તેની રક્ષા કરીને, તેથી અન્ન આદિ પ્રાપ્ત કરીને તથા તેનું ભોજન કરીને આનંદિત થાય છે, તેમ વેદોક્ત કલા-કૌશલથી પ્રશંસનીય યાનોને*

*રચીને, તેમાં બેસીને, તેને ચલાવીને, અન્ય દેશમાં જઈને તથા વ્યવહાર દ્વારા અથવા રાજ્ય શાસન દ્વારા ધન પ્રાપ્ત કરીને લોકો સુખી થાય છે. (૫)*

आ म॒नी॒षाम॒न्तरि॑क्षस्य॒ नृभ्यः॑ स्रु॒चेव॑ घृ॒तं जु॑हवाम वि॒द्मना॑।
तर॒णि॒त्वा ये पि॒तुर॑स्य सश्चि॒र ऋ॒भवो॒ वाज॑मरुहन्दि॒वो रजः॑॥ ६॥

પદાર્થ : ये-જે ऋभवः-સૂર્યના કિરણો तरणित्वा-શીઘ્રતાથી वाजम्-પૃથિવી આદિ અન્ન પર अरुहन्-આરોહણ કરીને = ચડીને અને दिवः-પ્રકાશયુક્ત આકાશની મધ્યમાં रजः-લોકસમૂહને सश्चिरे-પ્રાપ્ત થાય છે, અને अस्य-એ अन्तरिक्षस्य-આકાશની મધ્યમાં વિદ્યમાન થઈ नृभ्यः-મનુષ્યોને માટે स्रुचेव-જેમ હવન કરવાના પાત્રથી ઘૃતને હોમે, તેમ घृतम्-જળ તથા पितुः-અન્નને પ્રાપ્ત કરાવે છે, તેના સાનિધ્યથી અમે विद्मना-જેથી વિદ્વાન સત્-અસત્ નો વિચાર કરે છે, તે જ્ઞાનથી मनीषाम्-વિચારવાળી બુદ્ધિને आ, जुहवाम्-ગ્રહણ કરીએ. (૬)

*ભાવાર્થ : જેમ એ સૂર્યનાં કિરણો લોક-લોકાન્તર પર આરોહણ કરીને શીઘ્ર જળ વરસાવીને તથા ઔષધિઓને ઉત્પન્ન સર્વ પ્રાણીઓને સુખી કરે છે, તેમ રાજા આદિ જન પ્રજાઓને સુખી કરે. (૬)*

ऋ॒भुर्न॒ इन्द्रः॒ शव॑सा॒ नवी॑यानृ॒भुर्वाजे॑भि॒र्वसु॑भि॒र्वसु॑र्द॒दिः।
यु॒ष्माकं॑ देवा॒ अव॒साह॑नि प्रि॒ये३॒॑ऽभि ति॑ष्ठेम पृत्सु॒तीरसु॑न्वताम्॥ ७॥

પદાર્થ : જે नवीयान्-અત્યંત નવીન ऋभुः-બહુ જ વિદ્યાઓનો પ્રકાશ કરનાર વિદ્વાન જેમ इन्द्रः-સૂર્ય પોતાના પ્રકાશ અને આકર્ષણથી સર્વને આનંદ આપે છે, તેમ शवसा-વિદ્યા અને સુશિક્ષાના બલથી नः-અમને સુખ આપે વા જે ऋभुः-ધીર બુદ્ધિ આપુ અને સભ્યતાનો પ્રકાશ કરનાર वाजेभिः-વિજ્ઞાન, અન્ન અને સંગ્રામોથી વા वसुभिः-ચક્રવર્તી રાજ્ય આદિ ધનથી वसुः-આપ સુખમાં વાસ કરવા અને ददिः-અન્યોના સુખોના દાતા છો, તેનાથી પોતાના રાજ્યના અને સેનાજનોના अवसा-રક્ષા આદિ વ્યવહારની સાથે વર્તમાન देवाः-વિદ્યા અને સુશિક્ષાને ચાહતા અમે વિદ્વાનો प्रिये-પ્રીતિ ઉત્પન્ન કરનારા अहनि-દિવસમાં असुन्वताम्-શ્રેષ્ઠ ઐશ્વર્યના વિરોધી युष्माकम्-તમે શત્રુજનોની पृत्सुतीः-તે સેનાઓને જે સંબંધ કરાવનારાઓને ઐશ્વર્ય પહોંચાડનારી છે अभि-સન્મુખ तिष्ठेम-સ્થિત થાય અર્થાત્ તિરસ્કાર કરે. (૭)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાના પ્રકાશથી તેજસ્વી બની સર્વ ચેતન-અચેતન પદાર્થોનાં જીવનના નિમિત્તથી આહ્લાદિત કરે છે, તેમ વિદ્વાન શૂરવીરો અને વિદ્વાન નિપુણ સહાયકોથી યુક્ત અમે લોકો સુશિક્ષિત અને હૃષ્ટ-પુષ્ટ પોતાની સેનાઓથી, સેનાઓ સહિત, શત્રુઓને હરાવીને તથા ધાર્મિક પ્રજાઓનું સમ્યક્ પાલન કરીને ચક્રવર્તી રાજ્યનું નિરંતર સેવન કરીએ. (૭)*

निश्चर्म॑ण ऋभवो॒ गाम॑पिंशत॒ सं व॒त्सेना॑सृजता मा॒तरं॒ पुनः॑।

सौधन्वनासः स्वपस्यया नरो जिव्री युवाना पितराकृणोतन॥ ८ ॥

પદાર્થ : હે ऋभवः-બુદ્ધિમાન મનુષ્યો ! તમે चर्मणः-ચારાથી गाम्-ગાયને निरपिंशत-નિરંતર અવયવી કરો અર્થાત્ ચારો વગેરેના ખાન-પાનથી પુષ્ટ કરો पुनः-પશ્ચાત્ वत्सेन-તેના વાછરડાની સાથે मातरम्-માતા ગાયને समसृजत-યુક્ત કરો.

હે सौधन्वनासः-ધનુર્વિદ્યાકુશળ नरः-અને વ્યવહારોને યથાયોગ્ય વર્તનારા વિદ્વાનો ! તમે स्वपस्यया-જેમાં સુંદર કામ બને તે નિપુણતાથી जिव्री-શ્રેષ્ઠ જીવનયુક્ત વૃદ્ધ पितरा-પોતાના માતા-પિતાને युवाना-યુવાવસ્થાવાળા સમાન अकृणोतन-નિરંતર કરો. (૮)

*ભાવાર્થ : પૂર્વોક્ત કર્મ વિના કોઈપણ રાજ્ય કરી શકતા નથી, તેથી એને મનુષ્યોએ સદા કરવા જોઈએ. (૮)*

वाजेभिर्नो वाजसातावविड्ढ्यृभुमाँ इन्द्र चित्रमा दर्षि राधः।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ ९ ॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યયુક્ત સેનાધ્યક્ષ ! ऋभुमान्-જેના પ્રશંસિત બુદ્ધિમાન જન વિદ્યમાન છે, તે આપ नः-અમારે માટે જે राधः-ધનને मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠગુણયુક્ત, अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत-અને द्यौः-સૂર્યનો પ્રકાશ मामहन्ताम्-ઉન્નત બનાવે तत्-તે चित्रम्-અદ્‌ભુત ધનને अविड् ढि-વ્યાપ્ત થાઓ અર્થાત્ સર્વ રીતે સમજો અને नः-અમને वाजेभिः-અન્નાદિ સામગ્રીઓથી वाजसातौ-સંગ્રામમાં आदर्षि-આદરયુક્ત કરો. (૯)

*ભાવાર્થ : કોઈપણ સેનાપતિ બુદ્ધિમાનોના સહયોગ વિના શત્રુઓને જીતી શકતા નથી. (૯)*

સંગતિ : આ સૂક્તમાં બુદ્ધિમાનોનાં કાર્યો અને ગુણોનું વર્ણન છે, એથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૦)

## સૂક્ત-૧૧૧

तक्षन्रथं सुवृतं विद्मनापसस्तक्षन्हरी इन्द्रवाहा वृषण्वसू।
तक्षन्पितृभ्यामृभवो युवद्वयस्तक्षन्वत्साय मातरं सचाभुवम्॥ १ ॥

પદાર્થ : જે पितृभ्याम्-સ્વામી અને શિક્ષા આપનારની યુક્ત विद् मनापसः-જેના અતિ વિચારયુક્ત કર્મ છે, તેઓ ऋभवः-ક્રિયામાં ચતુર મેધાવીજન वृषण्वसू-જેનામાં વિદ્યા અને શિલ્પક્રિયાના બળથી યુક્ત મનુષ્ય નિવાસ કરે છે - કરાવે છે, हरी-તે એક સ્થાનથી બીજા સ્થાને શીઘ્ર પહોંચાડે તથા इन्द्रवाहा-પરમૈશ્વર્યને પ્રાપ્ત કરાવનારા જળ અને અગ્નિને तक्षन्-અતિ સૂક્ષ્મતાની સાથે સિદ્ધ કરે વા सुवृतम्-શ્રેષ્ઠ કોષ્ઠ પર કોષ્ઠયુક્ત रथम्-વિમાન આદિ રથને तक्षन्-વિસ્તૃત કરે તથા वत्साय-સંતાનને માટે सचाभुवम्-વિશેષ જ્ઞાનની ભાવના કરાવતી मातरम्-માતાનું युवत्-મિલન જેમ થાય, તેમ तक्षन्-તેને ઉન્નતિ કરાવે તે અધિક ઐશ્વર્યને પ્રાપ્ત થાય. (૧)

*ભાવાર્થ : વિદ્વાનો જ્યાં સુધી આ સંસારમાં કાર્ય-ગુણોનાં દર્શન તથા પરીક્ષા દ્વારા કારણના પ્રત્યે પ્રવૃત્ત થતા નથી, ત્યાં સુધી તેઓ શિલ્પવિદ્યાની સિદ્ધિ કરી શકતા નથી. (૧)*

**आ नो॑ य॒ज्ञाय॑ तक्षत ऋभु॒मद्वयः॒ क्रत्वे॒ दक्षा॑य सु॒प्र॒जाव॑ती॒मिष॑म्।**

**यथा॒ क्षया॑म॒ सर्व॑वीरया वि॒शा तन्नः॒ शर्द्धा॑य धासथा॒ स्वि॑न्द्रि॒यम्॥ २॥**

પદાર્થ : હે બુદ્ધિમાનો ! તમે नः-અમારી यज्ञाय-જેથી પરસ્પર પદાર્થ મિશ્ર કરવામાં આવે છે તે શિલ્પક્રિયાની સિદ્ધિ માટે વા क्रत्वे-ઉત્તમ જ્ઞાન અને ન્યાયનું કામ અને दक्षाय-બળને માટે ऋभुमत्-જેમાં પ્રશંસિત મેધાવી અર્થાત્ બુદ્ધિમાન જન વિદ્યમાન છે, તે वयः-જીવનને તથા सुप्रजावतीम्-જેમાં સારી પ્રજા વિદ્યમાન હોય અર્થાત્ પ્રજાજન પ્રસન્ન હોય इषम्-તે ઈચ્છેલા અન્નને आतक्षत-સમ્યક્ ઉત્પન્ન કરો, यथा-જેમ અમે सर्ववीरया-સમસ્ત વીરોથી યુક્ત विशा-પ્રજાની સાથે क्षयाम-નિવાસ કરીએ, તમે પણ પ્રજાની સાથે નિવાસ કરો વા જેમ અમે शदर्धाय-બળને માટે तत्-તે सु, इन्द्रियम्-ઉત્તમ વિજ્ઞાન અને ધનને ધારણ કરીએ, તેમ તમે પણ नः-અમારી બળ પ્રાપ્તિ માટે ઉત્તમ જ્ઞાન અને ધનને धासथ-ધારણ કરો. (૨)

*ભાવાર્થ : આ સંસારમાં વિદ્વાનોની સાથે અવિદ્વાન અને અવિદ્વાનોની સાથે વિદ્વાન નિત્ય પ્રેમપૂર્વક વ્યવહાર કરે. એ કર્મ વિના શિલ્પવિદ્યાની સિદ્ધિ, પ્રજામાં બળ અને ઉત્તમ પ્રજાઓ થતી નથી. (૨)*

**आ त॑क्षत सा॒तिम॒स्मभ्य॑मृभवः सा॒तिं रथा॑य सा॒तिमर्व॑ते नरः।**

**सा॒तिं नो॒ जैत्रीं॒ सं म॑हेत वि॒श्वहा॑ जा॒मिमजा॑मिं॒ पृत॑नासु स॒क्षणि॑म्॥ ३॥**

પદાર્થ : હે ऋभवः-શિલ્પવિદ્યામાં અતિ નિપુણ नरः-મનુષ્યો ! તમે अस्मभ्यम्-અમારા માટે विश्वहा-પ્રતિદિન रथाय-વિમાન આદિ યાન સમૂહની સિદ્ધિ માટે सातिम्-અલગ વિભાગ કરવા તથા अर्वते-ઉત્તમ ઘોડાને માટે सातिम्-જુદા-જુદા ઘોડાઓની શિક્ષાને आ, तक्षत-સર્વ રીતે સિદ્ધ કરો અને पृतनासु-સેનાઓમાં सातिम्-વિદ્યાદિ સર્વોત્તમ પદાર્થ વા जामिम्-પ્રસિદ્ધ અને अजामिम्-અપ્રસિદ્ધ सक्षणिम्-સહનશીલ શત્રુઓને જીતીને नः-અમારા માટે जैत्रीम्-જીત આપનારી सातिम्-ઉત્તમ ભક્તિને सम्, महेत-સમ્યક્ પ્રશંસિત કરો. (૨)

*ભાવાર્થ : જે વિદ્વાનો અમારા રક્ષક અને શત્રુના વિજયકર્તા છે, તેઓનો સત્કાર અમે નિરંતર કરીએ. (૩)*

**ऋ॒भु॒क्षण॒मिन्द्र॒मा हु॑व ऊ॒तय॑ ऋ॒भून्वाजा॒न्म॒रुतः॒ सोम॑पीतये।**

**उ॒भा मि॒त्रावरु॑णा नू॒नम॒श्विना॒ ते नो॑ हिन्वन्तु सा॒तये॑ धि॒ये जि॒षे॥ ४॥**

પદાર્થ : હું ऊतये-રક્ષા આદિ વ્યવહારને માટે ऋभुक्षणम्-જે બુદ્ધિમાનોને વસાવે વા સમજાવે છે તે इन्द्रम्-પરમૈશ્વર્યયુક્ત ઉત્તમ બુદ્ધિમાનનો आहुवे-સમ્યક્ સ્વીકાર કરું છું.

હું सोमपीतये-પદાર્થોથી કાઢેલા રસને પાનાર યજ્ઞને માટે वाजान्-જે અત્યંત જ્ઞાનવાન मरुतः-

અને પ્રત્યેક ઋતુમાં અર્થાત્ સમય સમય પર યજ્ઞ કરનાર વા કરાવનાર ऋभून्-ઋત્વિજ છે, તે બુદ્ધિમાનોનો સ્વીકાર કરું છું.

હું उभा-બન્ને मित्रावरुणा-સર્વના મિત્ર, સર્વથી શ્રેષ્ઠ, अश्विना-સમસ્ત સર્વોત્તમ ગુણોમાં રહેનારા, અધ્યાપક અને વિદ્યાર્થીઓનો સ્વીકાર કરું છું, જે धिये-ઉત્તમ બુદ્ધિની પ્રાપ્તિ માટે सातये-વા સંવિભાગને માટે વા जिषे-શત્રુઓને જીતવાને नः-અમને સમજાવવા અને વૃદ્ધિ કરવાને સમર્થ છે, ते-વિદ્વાનજન અમને नूनम्-નિશ્ચયથી हिन्वन्तु-વૃદ્ધિ કરે અને સમજાવે. (૪)

*ભાવાર્થ : જે લોકો, ક્રિયામાં નિપુણ આપ્તજનોની સેવા કરે છે, તેઓ સુશિક્ષા અને વિદ્યાયુક્ત બુદ્ધિને પ્રાપ્ત કરીને તથા શત્રુઓને જીતીને શા માટે ન વૃદ્ધિ કરે-ઉન્નત બને ? (૪)*

**ऋभुर्भराय सं शिशातु सातिं समर्यजिद्वाजो अस्माँ अविष्टु।**

**तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥५॥**

પદાર્થ : હે મેધાવી समर्यजित्-સંગ્રામોમાં જીતનારા ऋभुः-પ્રશંસિત વિદ્વાન ! वाजः-વેગાદિગુણ યુક્ત આપ भराय-સંગ્રામ માટે આવેલ શત્રુઓનો संशिशातु-સારી રીતે નાશ કરો, अस्मान्-અમારી अविष्टु-રક્ષા આદિ કરો, જેમ नः-અમારા માટે જે मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠ ગુણયુક્ત अदितिः-વિદ્વાન सिन्धुः-સમુદ્ર पृथिवी-પૃથિવી उत-અને द्यौः-સૂર્યનો પ્રકાશ मामहन्ताम्-સિદ્ધ કરે, ઉન્નતિ કરાવે, તેમ જ આપ तत्-તે सातिम्-પદાર્થોને પૃથક્-પૃથક્ કરવા અમારા માટે સિદ્ધ કરો. (૫)

*ભાવાર્થ : વિદ્વાનોનું એ પણ મુખ્ય કામ છે કે તેઓ જિજ્ઞાસુ અજ્ઞાની વિદ્યાર્થીને સુશિક્ષા અને વિદ્યાનાં દાનથી ઉન્નતિ કરાવે. જેમ મિત્ર આદિ અથવા પ્રાણ આદિ સર્વની વૃદ્ધિ કરી - ઉન્નતિ કરી સુખી કરે છે, તેમ જ વિદ્વાનો પણ વર્તાવ કરે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં બુદ્ધિમાનોમાં ગુણોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૧)

## સૂક્ત-૧૧૨

**ईळे द्यावापृथिवी पूर्वचित्तयेऽग्निं घर्मं सुरुचं यामन्निष्टये।**

**याभिर्भरे कारमंशाय जिन्वथस्ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥१॥**

પદાર્થ : હે अश्विना-વિદ્યાઓમાં વ્યાપ્ત થનાર અધ્યાપક અને ઉપદેશક ! આપ જેમ यामन्-માર્ગમાં पूर्वचित्तये-પૂર્વ વિદ્વાનોથી સંચિત કરેલ इष्टये-ઇચ્છિત સુખને માટે द्यावापृथिवी-સૂર્યનો પ્રકાશ અને ભૂમિ याभिः-જેની ऊतिभिः-રક્ષાઓથી યુક્ત भरे-સંગ્રામમાં घर्मम्-પ્રતાપયુક્ત सुरुचम्-સમ્યક્ પ્રદીપ્ત અને રુચિકારક अग्निम्-વિદ્યુત્‌રૂપ અગ્નિને પ્રાપ્ત થાય છે, તેમ ताभिः-તે રક્ષાઓથી अंशाय-ભાગને માટે कारम्-જેમાં ક્રિયા કરે છે તે વિષયને सु, जित्वयः-ઉત્તમતાથી પ્રાપ્ત થાય છે उ-તો કાર્ય સિદ્ધિ કરવા માટે आगतम्-સદા આવે એ હેતુથી હું इळे-આપની સ્તુતિ કરું છું. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ પ્રકાશયુક્ત સૂર્યાદિ અને પ્રકાશરહિત ભૂમિ આદિ લોક સર્વના ઘર આદિના ચયન અને આધાર માટે હોય છે, તથા વિદ્યુત્‌ની સાથે એ બન્ને સંબંધ રાખીને સર્વના ધારણકર્તા છે, તેમ તમે પણ પ્રજાઓમાં વર્તાવ કરો. (૧)*

**युवोर्दानाय सुभरा असश्चतो रथमा तस्थुर्वचसं न मन्तवे।**
**याभिर्धियोऽवथः कर्मन्निष्टये ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ २ ॥**

પદાર્થ : હે अश्विना-અધ્યાપક અને ઉપદેશક વિદ્વાનો ! सुभराः-જે સમ્યક્ ધારણ અને પોષણ કર્તા અને આનંદને સિદ્ધ કરનારા છે વા असश्चतः-જે કોઈ નિંદિત કર્મ અને કુસંગમાં ન મળે તે સજ્જન मन्तवे-વિશેષ જાણવા માટે જેમ वचसं, न-સર્વની પ્રશંસાની સાથે વિખ્યાત કરેલ અત્યંત બુદ્ધિમાન વિદ્વાનજનને પ્રાપ્ત થાય, તેમ युवोः-આપના रथम्-જે વિમાન આદિ યાનને आ, तस्थुः-સમ્યક્ પ્રાપ્ત થઈને સ્થિર થાય છે, તેની સાથે उ-અને याभिः-જેનાથી धियः-શ્રેષ્ઠ બુદ્ધિઓને कर्मन्-કામની વચ્ચે इष्टये-ઇચ્છિત સુખને માટે अवथः-રાખે છે, ताभिः-તે ऊतिभिः-રક્ષાઓની સાથે તમે दानाय-સુખ આપવા માટે અમારા પ્રત્યે सु, आ, गतम्-સારી રીતે આવો. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે તમને બુદ્ધિ પ્રાપ્ત કરાવે, તેઓની તમે સર્વથા સુરક્ષા કરો. જેમ આપ લોકો તેઓની સેવા કરે, તેમ તેઓ પણ તમને શુભ વિદ્યાનો બોધ કરાવે. (૨)*

**युवं तासां दिव्यस्य प्रशासने विशां क्षयथो अमृतस्य मज्मना।**
**याभिर्धेनुमस्वं पिन्वथो नरा ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ३ ॥**

પદાર્થ : હે नरा-વિદ્યા, વ્યવહારમાં પ્રધાન अश्विना-અધ્યાપક અને ઉપદેશકજનો ? युवम्-તમે બન્ને दिव्यस्य-અત્યંત શુદ્ધ अमृतस्य-નાશરહિત પરમાત્માના मज्मना-અનંત બળની સાથે જે પરમાત્માના સંબંધમાં પ્રજાજન છે तासाम्-તેઓની विशाम्-પ્રજાઓને प्रशासने-શિક્ષા કરવામાં क्षयथः-નિવાસ કરો છો; उ-અને याभिः-જેઓની ऊतिभिः-રક્ષાઓથી अस्वम्-જે દુષ્ટ કામને ઉત્પન્ન કરતી નથી તે धेनुम्-સર્વ સુખની વર્ષા કરનારી વાણીનું पिन्वथः-સેવન કરો છો, ताभिः-તે રક્ષાઓની સાથે सु, आ, गतम्-અમને સારી રીતે પ્રાપ્ત થાઓ. (૩)

*ભાવાર્થ : તે વિદ્વાનો જ ધન્ય છે, કે જે પ્રજાજનોને વિદ્યા, સુશિક્ષા અને સુખની વૃદ્ધિને માટે પ્રસન્ન કરે છે તથા તેઓના શરીર અને આત્માનાં બળની નિત્ય વૃદ્ધિ કરે છે. (૩)*

**याभिः परिज्मा तनयस्य मज्मना द्विमाता तूर्षु तरणिर्विभूषति।**
**याभिस्त्रिमन्तुरभवद्विचक्षणस्ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ४॥**

પદાર્થ : હે अश्विना-વિદ્યા અને ઉપદેશની પ્રાપ્તિ કરાવનારા વિદ્વાનો ! याभिः-જેનાથી द्विमाता-બન્ને અગ્નિ અને જળનું પ્રમાણ કરનાર तूर्षु-શીઘ્ર કરનારાઓમાં तरणिः-ઉછળવા સમાન વેગવાન परिज्मा-સર્વત્ર ગમન કરતો વાયુ तनयस्य-પોતાનાથી ઉત્પન્ન અગ્નિના मज्मना-બળથી सु, विभूषति-સમ્યક્ સુશોભિત થઈને उ-તથા याभिः-જેનાથી त्रिमन्तुः-કર્મ, ઉપાસના અને જ્ઞાન વિદ્યાને માનનાર विचक्षणः-વિવિધ રીતે સર્વ વિદ્યાઓને પ્રત્યક્ષ કરાવનાર अभवत्-થાય છે, ताभिः-તેની ऊतिभिः-રક્ષાઓની સાથે સર્વ અમને વિદ્યા આપવા માટે आ, गतम्-પ્રાપ્ત થાઓ. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રાણોની સમાન પ્રેમભાવથી અને સંન્યાસીની સમાન ઉપકાર ભાવથી સર્વની વિદ્યા સંબંધી ઉન્નતિ કરવી જોઈએ. (૪)*

याभी रेभं निवृतं सितमद्भ्य उद्वन्दनमैरयतं स्वर्दृशे।
याभिः कण्वं प्र सिषासन्तमावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ५॥

પદાર્થ : अश्विना-અધ્યાપક અને ઉપદેશકો ! તમે याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી सितम्-શુદ્ધ ધર્મયુક્ત निवृतम्-નિરંતર સ્વીકાર કરેલ શાસ્ત્ર બોધની रेभम्-સ્તુતિ અને वन्दनम्-ગુણ પ્રશંસકને स्वः-સુખને दृशे-જોવાને માટે अद् भ्यः-જળથી उत, ऐरयतम्-પ્રેરણા કરો; અને याभिः-જેથી सिषासन्तम्-વિભાગ કરવાની ઈચ્છા કરનાર कण्वम्-બુદ્ધિમાન વિદ્વાન प्र, आवतम्-રક્ષા કરો, ताभि; उः-તેઓની રક્ષાઓની અમારા પ્રત્યે सु, आ, गतम्-શ્રેષ્ઠતાથી આવો. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્વાનોની સુરક્ષા કરીને, તેઓથી વિદ્યા પ્રાપ્ત કરીને તથા જલ આદિ પદાર્થોથી શિલ્પવિદ્યાને સિદ્ધ કરીને વૃદ્ધિયુક્ત બને છે, તેઓ સમસ્ત સુખને પ્રાપ્ત કરે છે. (૫)*

याभिरन्तकं जसमानमारणे भुज्युं याभिरव्यथिभिर्जिजिन्वथुः।
याभिः कर्कन्धुं वय्यं च जिन्वथस्ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ६॥

પદાર્થ : હે अश्विना-સભા અને સેનાના સ્વામી વિદ્વાનો ! આપ याभिः-જેની ऊतिभिः-રક્ષાઓથી आरणे-સર્વત્રથી યુદ્ધ થવામાં अन्तकम्-દુઃખોનો નાશક અને जसमानम्-શત્રુઓને મારીને પુરુષ અને તથા याभिः-જેની अव्यथिभिः-પીડારહિત આનંદકારક રક્ષાઓથી भुज्युम्-પાલન કરનાર પુરુષને जिजिन्वथुः-પ્રસન્ન કરે છે च-અને याभिः-જેની રક્ષાઓથી कर्कन्धुम्-શિલ્પી-કારીગરી કરનારા वय्यम्-જ્ઞાતા પુરુષની जिन्वथः-પ્રસન્નતા કરો છો ताभिः उ-તે રક્ષાઓની સાથે અમારા પ્રત્યે सु, आ, गतम्-સારી રીતે આવો. (૬)

*ભાવાર્થ : રક્ષકો અને અધિષ્ઠાતાઓ વિના નિશ્ચયથી યોદ્ધા લોકો યુદ્ધમાં શત્રુઓની સાથે લડવામાં અને પ્રજાઓના પાલનમાં સમર્થ બની શકતા નથી.*

*જે પ્રબન્ધપૂર્વક વિદ્વાનોની રક્ષા કરતા નથી, તેઓ પરાજયને પ્રાપ્ત થઈને રાજ્ય કરવામાં સમર્થ*

*બની શકતા નથી. (૬)*

याभिः शुचन्तिं धनसां सुषंसदं तप्तं घर्ममोम्यावन्तमत्रये।
याभिः पृश्निगुं पुरुकुत्समावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ७॥

પદાર્થ : હે अश्विना-ઉપદેશક અને અધ્યાપકો ! તમે બન્ને याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી अत्रये-જેમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખ નથી તેવા વ્યવહારને માટે शुचन्तिम्-પવિત્રકારક धनसाम्-ધનના વિભાગકર્તા सुषंसदम्-સારી સભાવાળા तप्तम्-ઐશ્વર્યયુક્ત धर्मम्-શ્રેષ્ઠ યજ્ઞવાન ओम्यावन्तम्-જેના રક્ષકોને પ્રાપ્ત કરનારા પુરુષ પ્રશંસિત છે, તેઓની અને याभिः-જેની રક્ષાઓથી पृश्निगुम्-વિમાનાદિથી અન્તરિક્ષમાં જવાવાળા पुरुकुत्सम्-બહુ જ શસ્ત્રઅસ્ત્રયુક્ત પુરુષની आवतम्-રક્ષા કરે ताभिः, उ-તે રક્ષાઓથી અમને सु, आ, गतम्-શ્રેષ્ઠતાથી પ્રાપ્ત થાઓ. (૭)

*ભાવાર્થ : વિદ્વાનોમાં યોગ્ય છે, કે ધાર્મિકોની રક્ષા અને દુષ્ટોની તાડનાથી સત્ય વિદ્યાઓનો પ્રકાશ કરે. (૭)*

याभिः शचीभिर्वृषणा परावृजं प्रान्धं श्रोणं चक्षस एतवे कृथः।
याभिर्वर्त्तिकां ग्रसितामम्ुञ्चतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ८॥

પદાર્થ : હે वृषणा-સુખવર્ષક अश्विना-સભાપતિ અને સેનાપતિ ! તમે याभिः-જે शचीभिः-રક્ષા સંબંધી કાર્યો અને પ્રજાઓથી परावृजम्-વિરોધ કરનારા अन्धम्-અવિદ્યાન્ધકારયુક્ત श्रोणम्-બહેરા સમાન વર્તમાન પુરુષને चक्षसे-વિદ્યાયુક્ત વાણીના પ્રકાશને માટે एतवे-શુભ વિદ્યા પ્રાપ્ત થવાને प्र, कृथः-સમ્યક્ યોગ્ય કરો; અને याभिः-જે રક્ષાઓથી ग्रसिताम्-ગળેલી वर्त्तिकाम्-નાની ચકલીની સમાન પ્રજાને દુઃખોથી अमुञ्चतम्-છોડાવો, तामिरु-તેઓની ऊतिभिः-રક્ષાઓથી અમને सु, आ, गतम्-સારી રીતે પ્રાપ્ત થાઓ. (૮)

*ભાવાર્થ : સભાપતિ અને સેનાપતિએ પોતાની વિદ્યા અને ધર્મના આશ્રયથી પ્રજાઓમાં વિદ્યા અને વિનયનો પ્રચાર કરીને અવિદ્યા અને અધર્મના નિવારણના દ્વારા સર્વને નિરંતર અભયદાન કરવા જોઈએ. (૮)*

याभिः सिन्धुं मधुमन्तमसश्चतं वसिष्ठं याभिरजरावजिन्वतम्।
याभिः कुत्सं श्रुतर्यं नर्यमावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ ९॥

પદાર્થ : હે अश्विना-અધ્યાપકો અને ઉપદેશકો अजरौ-વૃદ્ધાવસ્થારહિત વિદ્વાનો ! તમે याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી मधुमन्तम्-મધુર ગુણયુક્ત सिन्धुम्-સમુદ્રને असश्चतम्-જાણો; વા याभिः-જે રક્ષાઓથી वसिष्ठम्-જે અત્યન્ત ધર્માદિ કર્મોમાં રહેનાર તેની अजिन्वतम्-પ્રસન્નતા કરો વા याभिः-જેથી कुत्सम्-વજ્ર લઈને श्रुतर्यम्-શ્રવણથી અતિ શ્રેષ્ઠ नर्यम्-મનુષ્યોમાં સર્વોત્તમ પુરુષની आवतम्-

રક્ષા કરો; તાભિર-તે રક્ષાઓની સાથે અમારી રક્ષાને માટે સ્વાગતમ્-સારી રીતે આવ્યા કરો. (૯)

*ભાવાર્થ : મનુષ્યોએ યજ્ઞવિધિ સર્વ પદાર્થોનું સમ્યક્ શોધન કરીને અને તે સર્વનું સેવન કરીને રોગોને દૂર કરીને સદા સુખી રહેવું જોઈએ. (૯)*

याभि॑र्वि॒श्पलां॑ धन॒सामथ॒र्व्यं॑ स॒हस्र॑मीळ्ह आ॒जावजि॑न्वतम्।
याभि॒र्वश॑म॒श्व्यं प्रे॒णिमाव॑तं॒ ताभि॑रू॒ षु ऊ॒तिभि॑रश्वि॒ना ग॑तम्॥ १०॥

પદાર્થ : હે अश्विना-સેના અને યુદ્ધના અધિકારી જનો ! याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી सहस्रमीळ्हे-અસંખ્ય પરાક્રમ આદિ ધન જેમાં છે તે आजौ-સંગ્રામમાં विश्पलाम्-પ્રજાનું પાલન કરનારાઓને ગ્રહણ કરનારી धनसाम्-અને પુષ્કળ ધન આપનારી अथर्व्यम्-નષ્ટ ન કરવા યોગ્ય પોતાની સેનાને अजिन्वतम्-પ્રસન્ન કરો; વા याभिः-જે રક્ષાઓથી वशम्-મનોહર प्रेणिम्-અને ડાકુઓના નાશને માટે પ્રેરણા કરવા યોગ્ય अश्व्यम्-ઘોડાઓ વા અગ્ન્યાદિ પદાર્થોના વેગોમાં ઉત્તમની आवतम्-રક્ષા કરો; ताभिरू-તે રક્ષાઓની સાથે પ્રજાપાલનને માટે स्वागतम्-સારી રીતે આવ્યા કરો. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ એ અવશ્ય જાણવું જોઈએ, કે શરીર તથા આત્માની પુષ્ટિ અને સુશિક્ષિત સેના વિના યુદ્ધમાં (જીત થઈ શકતી નથી) અને તે (જીત) વિના પ્રજાનું પાલન, લક્ષ્મીનો સંચય અને રાજકીય વૃદ્ધિ થઈ શકતી નથી. (૧૦)*

याभि॑ः सु॒दानू॑ औशि॒जाय॑ व॒णिजे॑ दी॒र्घश्र॑वसे॒ मधु॒ कोशो॒ अक्ष॑रत्।
क॒क्षीव॑न्तं स्तो॒तारं॒ याभि॒राव॑तं॒ ताभि॑रू॒ षु ऊ॒तिभि॑रश्वि॒ना ग॑तम्॥ ११॥

પદાર્થ : હે सुदानू-શ્રેષ્ઠ દાન પ્રદાતા अश्विना-અધ્યાપક અને ઉપદેશક વિદ્વાનો ! याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી दीर्घश्रवसे-જેના મહાન વિદ્યાદિ પદાર્થ, અન્ન અને ધન વિદ્યમાન છે તે वणिजे-વ્યવહાર કરનારા औशिजाय-ઉત્તમ બુદ્ધિમાન પુત્રને માટે कोशः-મેઘ मधु-મધુર ગુણયુક્ત જળને अक्षरत्-વર્ષાવે છે, વા તમે याभिः-જે રક્ષાઓથી कक्षीवन्तम्-ઉત્તમ સહાયથી યુક્ત स्तोतारम्-વિદ્યાના ગુણોના પ્રશંસક જનોની आवतम्-રક્ષા કરો; ताभिरू-તે રક્ષાઓની સાથે અમારી રક્ષા કરવા માટે स्वागतम्-સારી રીતે શીઘ્ર આવ્યા કરો. (૧૧)

*ભાવાર્થ : રાજપુરુષોને યોગ્ય છે, કે જે લોકો દ્વીપ-દ્વીપાન્તરમાં અથવા દેશ-દેશાન્તરમાં વેપાર કરવા માટે જાય અને આવે, તેઓની રક્ષા પ્રયત્નપૂર્વક કરવામાં આવે. (૧૧)*

याभी॑ र॒सां क्षोद॑सो॒द्नः पि॑पि॒न्वथु॑रन॒श्वं याभी॒ रथ॒माव॑तं जि॒षे।
याभि॑स्त्रि॒शोक॑ उ॒स्रिया॑ उ॒दाज॑त॒ ताभि॑रू॒ षु ऊ॒तिभि॑रश्वि॒ना ग॑तम्॥ १२॥

પદાર્થ : હે अश्विना-અધ્યાપક અને ઉપદેશકો ! આપ બન્ને याभिः-જે શિલ્પ ક્રિયાઓથી उद्गः-

જળના क्षोदसा-પ્રવાહની સાથે रसाम्-જેમાં પ્રશંસિત જળ વિદ્યમાન હોય, તે નદીને पिपिन्वथुः-પૂરી કરો અર્થાત્ નહેરો આદિ પ્રબંધથી તેમાં જળ પહોંચાડો; વા याभिः-જે આવવા-જવાની ગતિથી जिषे-શત્રુઓને જીતવા માટે अनश्वम्-ઘોડારહિત रथम्-વિમાન આદિ રથસમૂહને आवतम्-રાખો; વા याभिः-જે સેનાઓથી त्रिशोकः-જે દુષ્ટ ગુણ-કર્મ-સ્વભાવમાં શોક છે, તે વિદ્વાન उस्त्रियाः-કિરણોમાં થયેલ વિદ્યુત્ અગ્નિની ચિનગારીને उदाजत-ઉપર પહોંચાડો, ताभिरु-તે ऊतिभिः-સર્વ રક્ષારૂપ ઉક્ત વસ્તુઓથી स्वागतम्-અમારા પ્રત્યે સારી રીતે આવો. (૧૨)

*ભાવાર્થ : જેમ સમસ્ત શિલ્પશાસ્ત્રથી નિપુણ વિદ્વાન વિમાન આદિ યાનોમાં કલાયંત્રોને રચીને, તેમાં જળ અને વિદ્યુત્ આદિને પ્રયુક્ત કરીને તથા યંત્રો દ્વારા કલાઓને સંચાલિત કરીને પોતાના ઈચ્છિત (દેશ)માં જવું-આવવું કરે છે, તેમ જ સભાપતિ અને સેનાપતિ કરે. (૧૨)*

याभिः सूर्यं परियाथः परावति मन्धातारं क्षैत्रपत्येष्वावतम्।
याभिर्विप्रं प्र भरद्वाजमावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १३॥

પદાર્થ - હે अश्विना-શિલ્પ વિદ્યાના સ્વામી અને સેવકો ! તમે બન્ને याभिः-જે ऊतिभिः-રક્ષાદિથી परावति-દૂર દેશમાં सूर्यम्-પ્રકાશમાન સૂર્યની સમાન मन्धातारम्-વિમાન આદિ યાનથી શીઘ્ર દૂર દેશમાં પહોંચાડનાર બુદ્ધિમાનને पर्याथः-સર્વત્રથી પ્રાપ્ત થાઓ; याभिः-જે રક્ષાઓથી क्षैत्रपत्येषु-માંડલિક રાજાઓના કામમાં તેઓની आवतम्-રક્ષા કરો; અને भरद्वाजम्-વિદ્યા અને સદ્‌ગુણોને ધારણ કરનારાઓને સમજાવનાર विप्रम्-મેધાવી પુરુષની प्रावतम्-સારી રીતે રક્ષા કરો; ताभिः, उ-તેઓની રક્ષાઓથી અમારા પ્રત્યે सु, आ, गतम्-પ્રાપ્ત થાઓ. (૧૩)

*ભાવાર્થ : વ્યાવહારિક લોકોના દ્વારા વિમાન આદિ યાનોના દ્વારા દૂર દેશોમાં જવું-આવવું કરી શકાતું નથી. (અને) એટલા માટે મહાન લાભ પણ થઈ શકતો નથી. તેથી એ (વિમાનાદિ યાન-નિર્માણ કાર્ય)ને સદા કરવું જોઈએ. (૧૩)*

याभिर्महामतिथिग्वं कशोजुवं दिवोदासं शम्बरहत्य आवतम्।
याभिः पूर्भिद्ये त्रसदस्युमावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १४॥

પદાર્થ : હે अश्विना-રાજા અને પ્રજામાં શૂરવીર પુરુષો ! તમે બન્ને शम्बरहत्ये-જેમાં સેના વા બીજાઓના બળ અને પરાક્રમ હોય, તે યુદ્ધ આદિ વ્યવહારમાં याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી महाम्-મહાન પ્રશંસનીય अतिथिग्वम्-અતિથિઓને પ્રાપ્ત થવા कशोजुवम्-જળને ચલાવવા અને दिवोदासम्-દિવ્ય વિદ્યારૂપ ક્રિયાઓને આપના સેનાપતિની आवतम्-રક્ષા કરો; વા જે રક્ષાઓથી पुर्भिद्ये-શત્રુઓના નગર વિદીર્ણ થાય, જેથી તે સંગ્રામમાં त्रसदस्युम्-ડાકુઓથી ભય પામેલ શ્રેષ્ઠજનની आवतम्-રક્ષા કરો; ताभिः-તે રક્ષાઓથી અમારી રક્ષાને માટે सु, आ, गतम्-સારી રીતે આવો. (૧૪)

*ભાવાર્થ : પ્રજા અને સેનાના મનુષ્યોએ સમસ્ત વિદ્યાવાન ધાર્મિક પુરુષને સભાપતિ બનાવીને*

*તથા તેઓની રક્ષા કરીને તથા સર્વને ભયભીત કરનારા ડાકુ-ચોરોને મારીને સ્વયં સુખ પ્રાપ્ત કરવું જોઈએ તથા અન્યોને પ્રાપ્ત કરાવવું જોઈએ. (૧૪)*

याभिर्वम्रं विपिपानमुपस्तुतं कलिं याभिर्वित्तजानिं दुवस्यथः।
याभिर्व्यश्वमुत पृथिमावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १५ ॥

પદાર્થ : હે अश्विना-રાજા અને પ્રજાજનો ! તમે याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી विपिपानम्-વિશેષતઃ ઔષધિઓના રસોના પાનના સ્વભાવવાળા उपस्तुतम्-અગ્ર પ્રતીત થયેલ ગુણોથી પ્રશંસાને પ્રાપ્ત कलिम्-સર્વ દુઃખ દૂર કરનાર વા જ્યોતિષ શાસ્ત્રોક્ત ગણિત વિદ્યાને જાણનાર वित्तजानिम्-તથા જેને હૃદયને પ્રિય સુંદર પત્ની પ્રાપ્ત કરી છે એ वम्रम्-રોગ નિવૃત્ત કરવા માટે વમન કરતા પુરુષની दुवस्यथः-સેવા કરો. याभिः-વા જે રક્ષાઓથી व्यश्वम्-વિવિધ ઘોડાઓ વા અગ્નિ આદિ પદાર્થોથી યુક્ત સેના વા યાનની સેવા કરો; उत्-અને याभिः-જે રક્ષાઓથી पृथिम्-વિશાળ બુદ્ધિયુક્ત પુરુષની आवतम्-રક્ષા કરો, ताभिः, उ-તેઓથી આરોગ્યને सु, आ, गतम्-સારી રીતે સર્વત્રથી પ્રાપ્ત થાઓ. (૧૫)

*ભાવાર્થ : મનુષ્યોએ, સદ્ વૈદ્યો દ્વારા ઔષધોનું સેવન કરીને, રોગોનું નિવારણ કરીને, બળ અને બુદ્ધિની વૃદ્ધિ કરીને તથા સેનાપતિની, શિલ્પીની અને વિસ્તૃત પુરુષાર્થ કરનાર મનુષ્યની સારી રીતે સેવા કરીને શારીરિક અને આત્મિકસુખ નિરંતર પ્રાપ્ત કરવું જોઈએ. (૧૫)*

याभिर्नरा शयवे याभिरत्रये याभिः पुरा मनवे गातुमीषथुः।
याभिः शारीराजतं स्यूमरश्मये ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १६ ॥

પદાર્થ : હે नरा-ઉત્તમ કાર્યમાં પ્રવૃત્ત કરાવનાર अश्विना-સમસ્ત વિદ્યાના અધ્યાપક અને ઉપદેશક વિદ્વાનજનો ! તમે બન્ને पुरा-પ્રથમ याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી शयवे-સુખથી શયન કરનારાઓને શાન્તિ , વા याभिः-જે રક્ષાઓથી अत्रये-શરીર, મન અને વાણીના દોષોથી રહિત પુરુષોને માટે સમસ્ત સુખ અને याभिः-જે રક્ષાઓથી मनवे-મનનશીલ પુરુષને માટે गातुम्-પૃથિવી વા ઉત્તમ વાણીને ईषथुः-પ્રાપ્ત કરવાની ઈચ્છા કરો; याभिः-જે રક્ષાઓથી स्यूमरश्मये-સૂર્યની જેમ સંયુક્ત ન્યાય પ્રકાશ કરનાર પુરુષને માટે સુખની ઈચ્છા કરો વા જેથી શત્રુઓને शारीः-બાણોની ગતિઓને आजतम्-પ્રાપ્ત કરાવો, ताभिरु-તે રક્ષાઓથી પોતાની સેનાઓની રક્ષા માટે सु, आ, गतम्-સારી રીતે ઉત્સાહને પ્રાપ્ત થાઓ.

*ભાવાર્થ : અધ્યાપક અને ઉપદેશકોને યોગ્ય છે, કે તેઓ વિદ્યા અને ધર્મના ઉપદેશથી સર્વ મનુષ્યોને વિદ્વાન અને ધાર્મિક બનાવીને તેઓને નિરંતર પુરુષાર્થી બનાવે. (૧૬)*

याभिः पठर्वा जठरस्य मज्मनाग्निर्नादीदेच्चित इद्धो अज्मन्ना।
याभिः शर्यातमवथो महाधने ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १७॥

પદાર્થ : હે अश्विना-સભા અને સેનાના અધિપતિ ! તમે બન્ને याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી

पठर्वा-વિદ્યાર્થીઓને જે પ્રાપ્ત થાય છે, વા मज्मना-બળથી जठरस्य-ઉદરના મધ્યમાં चितः-સંચિત કરેલ इद्धः-પ્રદીપ્ત अग्निः-અગ્નિની न-સમાન अज्मन्-જેમાં શત્રુઓને પતન પાડે છે તે મહાન ધનની પ્રાપ્તિ કરાવનાર યુદ્ધમાં आ, अदीदेत्-સમ્યક્ પ્રદીપ્ત થાય; વા याभिः-જે રક્ષાઓથી शर्यातम्-હિંસા કરનારાઓને પ્રાપ્ત પુરુષની अवथः-રક્ષા કરો; ताभिरु-તે રક્ષાઓથી પ્રજા અને સેનાની રક્ષા માટે सु, आ, गतम्-આવાગમન કરો. (૧૭)

*ભાવાર્થ : જેમ કોઈ વીરતા આદિ ગુણોથી સુશોભિત રાજા રક્ષા યોગ્યની રક્ષા કરે અને હિંસા-યોગ્યને મારે તથા અગ્નિ જેમ વનને બાળે, તેમ શત્રુ સેનાને સળગાવે તથા શત્રુઓનું વિશાળ ધન (પ્રજાને) પ્રાપ્ત કરાવે, તેમ જ સભાપતિ અને સેનાપતિએ કરવું જોઈએ. (૧૭)*

याभिरङ्गिरो मनसा निरण्यथोऽग्रं गच्छथो विवरे गोअर्णसः।
याभिर्मनुं शूरमिषा समावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १८॥

પદાર્થ : હે अङ्गिरः-જાણનાર વિદ્વાન્ ! તું मनसा-વિજ્ઞાનથી વિદ્યા અને ધર્મનો સર્વને બોધ કરાવ.

હે अश्विना-સેનાનું પાલન અને યુદ્ધ કરાવનાર જન ! તમે याभिः-જે ऊतिभिः-રક્ષાઓની સાથે गोअर्णसः-પૃથિવી જળના विवरे-અવકાશમાં निरण्यथः-સંગ્રામ કરતા અને अग्रम्-ઉત્તમ વિજયને गच्छथः-પ્રાપ્ત થાઓ છો; વા याभिः-જે રક્ષાઓથી शूरम्-શૂરવીર मनुम्-મનનશીલ મનુષ્યની समावतम्-સમ્યક્ રક્ષા કરો. ताभिरु-તે રક્ષા અને इषा-ઈચ્છાથી અમારી રક્ષાને માટે सु, आ, गतम्-ઉચિત સમય પર આવ્યા કરો. (૧૮)

*ભાવાર્થ : જેમ વિદ્વાન વિજ્ઞાન દ્વારા સમસ્ત સુખોને સિદ્ધ કરે છે, તેમ જ સર્વ રાજપુરુષોએ અનેક સાધનો દ્વારા પૃથિવી પર તથા નદી, સમુદ્ર અને આકાશમાં શત્રુઓને જીતીને સમ્યક્ સુખ પ્રાપ્ત કરવું જોઈએ. (૧૮)*

याभिः पत्नीर्विमदाय न्यूहथुरा घ वा याभिररुणीरशिक्षतम्।
याभिः सुदास ऊहथुः सुदेव्यं१ ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ १९॥

પદાર્થ : હે अश्विना-વિદ્યાર્થી અને અધ્યાપક બ્રહ્મચારીજનો ! તમે याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી विमदाय-વિવિધ આનંદને માટે पत्नीः-પતિની સાથે યજ્ઞ સંબંધ કરનારી વિદુષી સ્ત્રીઓને न्यूहथुः-નિશ્ચયપૂર્વક ગ્રહણ કરો, वा-વા याभिः-જે રક્ષાઓથી अरुणीः-બ્રહ્મચારીણી કન્યાઓને घ-જ आ, अशिक्षतम्-સમ્યક્ શિક્ષિત કરો; અને याभिः-જે રક્ષા આદિ ક્રિયાઓથી सुदासे-સારી રીતે દાન કરવામાં सुदेव्यम्-ઉત્તમ વિદ્વાનોમાં ઉત્પન્ન થયેલ વિજ્ઞાનને ऊहथुः-પ્રાપ્ત કરાવો, ताभिः-તે રક્ષાઓથી વિદ્યા उ-અને વિનયને सु, आ, गतम्-સારી રીતે પ્રાપ્ત થાઓ. (૧૯)

*ભાવાર્થ : સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા પુરુષો અને સ્ત્રીઓએ ધર્મની સાથે સેવન કરેલ બ્રહ્મચર્યથી પૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરીને યુવાવસ્થા પ્રાપ્ત થતાં પોતાની સદૃશ્યતા અનુસાર જ વિવાહ કરવા જોઈએ*

*અથવા બ્રહ્મચર્ય- અવસ્થામાં જ રહીને નિત્ય સ્ત્રી-પુરુષોને ઉત્તમ શિક્ષા આપવી જોઈએ.*

*સમાન ગુણ-કર્મ-સ્વભાવ વિના ગૃહાશ્રમને ધારણ કરીને કોઈ કાંઈ પણ સુખ અથવા ઉત્તમ સંતાન પ્રાપ્ત કરી શકતા નથી, તેથી એ રીતે વિવાહ કરવો જોઈએ. (૧૯)*

**याभिः शन्ताती भवथो ददाशुषे भुज्युं याभिरवथो याभिरध्रिगुम्।**
**ओम्यावतीं सुभरामृतस्तुभं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ २०॥**

પદાર્થ : હે अश्विना-સભાપતિ અને સેનાપતિ ! તમે બન્ને ददाशुषे-વિદ્યા અને સુખદાતાને માટે याभिः-જે ऊतिभिः-રક્ષા આદિ ક્રિયાઓથી शन्ताती-સુખકર્તા भवतः-થાઓ છો; વા याभिः-જે રક્ષાઓથી भुज्युम्-સુખના ભોક્તા વા પાલન કરનારાઓની अवथः-રક્ષા કરો છો; વા याभिः-જે રક્ષાઓથી अध्रिगुम्-પરમૈશ્વર્યયુક્ત ઇન્દ્ર અને ओम्यावतीम्-રક્ષા કરનારા વિદ્વાનોમાં ઉત્પન્ન જે ઉત્તમ વિદ્યા તેથી યુક્ત सुभराम्-જેથી સમ્યક્ સુખોના ऋतस्तुभम्-અને સત્ય ધારણ થાય છે તે નીતિની રક્ષા કરો છો; ताभिरु-તે રક્ષાઓથી સત્યને सु, आ, गतम्-સારી રીતે પ્રાપ્ત થાઓ. (૨૦)

*ભાવાર્થ : રાજા આદિ રાજપુરુષોએ સર્વને સુખ પહોંચાડનાર બનવું જોઈએ. અને આપ્તજનોની વિદ્યા અને નીતિને ધારણ કરીને મંગલ = કલ્યાણ પ્રાપ્ત કરવું જોઈએ. (૨૦)*

**याभिः कृशानुमसने दुवस्यथो जवे याभिर्यूनो अर्वन्तमावतम्।**
**मधु प्रियं भरथो यत्सरड्भ्यस्ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ २१॥**

પદાર્થ : હે अश्विना-સભાપતિ અને સેનાપતિ ! તમે બન્ને याभिः-જે ऊतिभिः-રક્ષાદિ ક્રિયાઓથી असने-ફેંકવાના कृशानुम्-દુર્બળની दुवस्यथः-સેવા કરો; વા याभिः-જે રક્ષાઓથી जवे-વેગમાં यूनः-યુવાવસ્થાયુક્ત વીરો अर्वन्तम्-અને ઘોડાઓની आवतम्-રક્ષા કરો; उ-અને सरड्भ्यः-યુદ્ધમાં વિજય કરનારા સેનાદિ જનોથી यत्-જે प्रियम्-કામના યોગ્ય તે મધુર અન્ન આદિ પદાર્થોને भरथः-ધારણ કરો; ताभिः-તે રક્ષાઓથી યુક્ત થઈને રાજ્યપાલનને માટે सु, आ, गतम्-સારી રીતે આવો. (૨૧)

*ભાવાર્થ : રાજપુરુષોને ઉચિત છે, કે દુઃખોથી દુર્બળ થયેલા પ્રાણીઓને (દુઃખોથી) અને યુવાવસ્થાવાળા મનુષ્યોને વ્યભિચારથી બચાવે.*

*અશ્વ આદિ સેનાઓની રક્ષા માટે સર્વ આવશ્યક વસ્તુ પરિપૂર્ણ કરે અને પ્રતિક્ષણ નિરીક્ષણ દ્વારા સર્વની વૃદ્ધિ કરે. (૨૧)*

**याभिर्नरं गोषुयुधं नृषाह्ये क्षेत्रस्य साता तनयस्य जिन्वथः।**
**याभी रथाँ अवथो याभिरर्वतस्ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ २२॥**

પદાર્થ : હે अश्विना-સભા અને સેનાના અધ્યક્ષ ! તમે બન્ને नृषाह्ये-વીરોને સહન અને साता-સેવન કરવા યોગ્ય સંગ્રામમાં याभिः-જે ऊतिभिः-રક્ષાઓથી गोषुयुधम्-ભૂમિ પર યુદ્ધ કરનારા नरम्-

નાયકને जिन्वथः-પ્રસન્ન કરો; याभिः-વા જે રક્ષાઓથી क्षेत्रस्य-સ્ત્રી અને तनयस्य-સંતાનને પ્રસન્ન રાખો; उ-અને याभिः-જે રક્ષાઓથી रथान्-રથો अर्वतः-અને ઘોડાઓની अवथः-રક્ષા કરો; ताभिः-તે રક્ષાઓથી સર્વ પ્રજાઓની રક્ષા કરવા सु, आ, गतम्-સારી રીતે પ્રવૃત્ત થાઓ. (૨૨)

*ભાવાર્થ : મનુષ્યોએ યુદ્ધમાં શત્રુઓને મારીને તથા પોતાના (સૈનિક આદિ) કર્મચારીઓની રક્ષા કરીને સેનાના અંગોની વૃદ્ધિ કરવી જોઈએ.*

*સ્ત્રીઓ અને બાળકોને યુદ્ધમાં કદીપણ મારવા ન જોઈએ. તથા યુદ્ધ ન કરનારાઓ, દર્શકો અને દૂતોને પણ ન મારવા જોઈએ. (૨૨)*

**याभिः कुत्समार्जुनेयं शतक्रतू प्र तुर्वीतिं प्र च दभीतिमावतम्।**
**याभिर्ध्वसन्तिं पुरुषन्तिमावतं ताभिरू षु ऊतिभिरश्विना गतम्॥ २३॥**

પદાર્થ : હે शतक्रतू-અસંખ્ય ઉત્તમ બુદ્ધિ, કર્મયુક્ત अश्विना-સભા અને સેનાના પતિ ! આપ બન્ને याभिः-જે ऊतिभिः-રક્ષા આદિથી સૂર્ય અને ચંદ્રમાની સમાન પ્રકાશમાન થઈને आर्जुनेयम्-સુંદર રૂપની સાથે સિદ્ધ કરેલ कुत्सम्-વજ્રનું ગ્રહણ કરીને तुर्वीतिम्-હિંસક, दभीतिम्-દંભી, ध्वसन्तिम्-નીચ ગતિ જનાર પાપીને प्र, आवतम्-સારી રીતે મારો; च-અને याभिः-જે રક્ષાઓથી पुरुषन्तिम्-અનેકોને પૃથક્ ભાગ-વેચનારની प्र, आवतम्-રક્ષા કરો, ताभिः, उ-તે રક્ષાઓથી ધર્મી રક્ષા કરવા માટે सु, आ, गतम्-સારી રીતે તત્પર થાઓ. (૨૩)

*ભાવાર્થ : રાજા આદિ મનુષ્યોએ શસ્ત્ર-અસ્ત્રોના પ્રયોગોને જાણીને, દુષ્ટ શત્રુઓનું નિવારણ કરીને આ જગતમાં જેટલા અધર્મયુક્ત કર્મો છે, તે સર્વને ધર્મોપદેશથી દૂર કરીને, અનેક પ્રકારની રક્ષાઓ કરીને તથા પ્રજાઓનું પાલન કરીને પરમ આનંદ ભોગવવો જોઈએ. (૨૩)*

**अप्नस्वतीमश्विना वाचमस्मे कृतं नो दस्रा वृषणा मनीषाम्।**
**अद्यूत्येऽवसे नि ह्वये वां वृधे च नो भवतं वाजसातौ॥ २४॥**

પદાર્થ : હે वस्रा-સર્વના દુઃખ નિવારક, वृषणा-સુખની વર્ષા કરનારા, अश्विना-અધ્યાપક અને ઉપદેશકજનો ! તમે બન્ને अस्मे-અમારામાં अप्नस्वतीम्-બહુ જ પુત્ર-પૌત્ર કરનારી वाचम्-વાણીને कृतम्-કરો, अध्यूत्ये-છળ આદિ દોષ રહિત વ્યવહારમાં नः-અમારી अवसे-રક્ષાદિને માટે मनीषाम्-યોગ વિજ્ઞાનવાળી બુદ્ધિને કરો. वाजसातौ-યુદ્ધાદિ વ્યવહારમાં नः-અમારી च-અને અન્ય લોકોની वृधे-વૃદ્ધિને માટે નિરંતર भवतम्-પ્રવૃત્ત થાઓ, તે માટે वाम्-તમે બન્નેને હું निह्वये-નિત્ય બોલાવું છું. (૨૪)

*ભાવાર્થ : કોઈપણ મનુષ્ય આપ્ત વિદ્વાનોના સમાગમ વિના પૂર્ણ વિદ્યાયુક્ત વાણી અને બુદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી તથા એ બન્ને વિના શત્રુ વિજય અને સર્વત્રથી વૃદ્ધિ (થઈ શકતી) નથી. (૨૪)*

द्युभि॑र॒क्तुभि॒ः परि॑ पातम॒स्मानरि॑ष्टेभिरश्विना॒ सौभ॑गेभिः।
तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑ति॒ः सिन्धु॑ः पृथि॒वी उ॒त द्यौ॥ २५॥

પદાર્થ : હે अश्विना-અધ્યાપક અને ઉપદેશકજનો ! તમે બન્ને द्युभिः-દિવસ અને अक्तु भिः-રાત્રિ अरिष्टेभिः-હિંસાને અયોગ્ય सौभगेभिः-સુંદર ઐશ્વર્યોની સાથે વર્તમાન अस्मान्-અમારી સર્વદા परि, पातम्-સર્વ રીતે રક્ષા કરો, तत्-તમારા તે કામને मित्रः-મિત્ર, वरुणः-ધર્માદિ કાર્યોમાં શ્રેષ્ઠ, अदितिः-માતા, सिन्धुः-સમુદ્ર વા નદી, पृथिवी-ભૂમિ વા આકાશસ્થ વાયુ उत-અને द्यौः-વિદ્યુત્ વા સૂર્યનો પ્રકાશ नः-અમારા માટે मामहन्ताम्-નિરંતર વૃદ્ધિ કરે. (૨૫)

*ભાવાર્થ : જેમ માતા-પિતા સંતાનોને, મિત્ર મિત્રને અને પ્રાણ શરીરને તૃપ્ત કરે છે, સમુદ્ર ગંભીરતા આદિને, પૃથિવી વૃક્ષ આદિને અને સૂર્ય પ્રકાશને ધારણ કરીને તથા સર્વ પ્રાણીઓને સુખી કરીને ઉપકાર કરે છે, તેમ અધ્યાપક અને ઉપદેશક સમસ્ત સત્ય વિદ્યાઓ તથા સુશિક્ષાઓ પ્રાપ્ત કરાવીને અભીષ્ટ સુખ પ્રાપ્ત કરાવે. (૨૫)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્ય અને પૃથિવી આદિના ગુણો, સભા અને સેનાના અધ્યક્ષોના કર્તવ્યો તથા તેઓને માટે પરોપકાર આદિ કર્મોનું વર્ણન કરેલ છે. તેથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થની સાથે જાણવી જોઈએ. (૧૧૨)

## સૂક્ત-૧૧૩

इ॒दं श्रेष्ठं॒ ज्योति॑षां॒ ज्योति॒राग॑ाच्चि॒त्रः प्र॑के॒तो अ॑जनिष्ट॒ विभ्वा॑।
य॒था॒ प्रसू॑ता सवि॒तुः स॒वाय॑ ए॒वा रा॒त्र्यु॒षसे॒ योनि॑मारैक्॥ १॥

પદાર્થ : यथा-જેમ प्रसूता-ઉત્પન્ન થયેલી रात्री-રાત सवितुः-સૂર્યના સંબંધથી सवाय-ઐશ્વર્યના હેતુ उषसे-પ્રાતઃકાળને માટે योनिम्-પ્રત્યેક ઘરને आरैक्-પૃથક્ - પૃથક્ પ્રાપ્ત થાય છે, તેમ જ चित्रः-અદ્ભુત ગુણ-કર્મ-સ્વભાવયુક્ત प्रकेतः-બુદ્ધિમાન-વિદ્વાન જે इदम्-એ ज्योतिषाम्-પ્રકાશકોની મધ્ય श्रेष्ठम्-સર્વોત્તમ ज्योतिः-પ્રકાશ સ્વરૂપ બ્રહ્મને, आ, आगात्-પ્રાપ્ત થાય છે एव-તે विम्वा-વ્યાપક પરમાત્માની સાથે સુખ-ઐશ્વર્યને માટે अजनिष्ट-ઉત્પન્ન થાય છે અને દુઃખ સ્થાનથી પૃથક્ થાય છે. (૧)

*ભાવાર્થ : જેમ સૂર્યોદયને પામીને અંધકાર નષ્ટ થાય છે, તેમજ ઈશ્વરના જ્ઞાનને પ્રાપ્ત કરીને દુઃખ નષ્ટ પામે છે. તેથી સર્વેએ ઈશ્વરના જ્ઞાન (પ્રાપ્તિ) માટે પ્રયત્ન કરવો જોઈએ. (૧)*

रुश॑द्वत्सा॒ रुश॑ती श्वे॒त्यागा॒दारै॑गु कृ॒ष्णा सद॑नान्यस्याः।
स॒मा॒नब॑न्धू अ॒मृते॑ अ॒नूची॒ द्यावा॒ वर्णं॑ चरत आमिना॒ने॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! જે એ रुशद्वत्सा-પ્રકાશિત સૂર્યરૂપ વાછરડાની કામના કરનારી વા रुशती-

રક્તવર્ણયુક્ત श्वेत्या-શુક્લ વર્ણયુક્ત અર્થાત્ ગુલાબી વર્ણની પ્રભાતવેળા आ, अगात्-પ્રાપ્ત થાય છે. अस्याः-, उ-એ અદ્ભુત ઊષાનાં सदनानि-સ્થાનોને પ્રાપ્ત થયેલી कृष्णा-કાળા વર્ણવાળી રાત आरैक्-સારી રીતે પૃથક્ - પૃથક્ વર્તે છે, તે બન્ને अमृते-પ્રવાહરૂપથી નિત્ય आमिनाने-પરસ્પર એક બીજીને ફેંકવા સમાન अनूची-વર્તમાન द्यावा-પોત-પોતાના પ્રકાશથી પ્રકાશમાન समानवन्धू-બે સહોદર વા બે મિત્રોની સમાન वर्णम्-પોત-પોતાના રૂપને चरतः-પ્રાપ્ત થાય છે, તે બન્નેનું યુક્તિથી સેવન કરો. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે સ્થાનમાં રાત રહે છે, તે સ્થાનમાં થોડા સમય પછી ઊષા રહે છે. એ બન્નેથી ઉત્પન્ન સૂર્ય બે માતાઓવાળા (પુત્ર)ની સમાન છે. એ રાત અને ઊષા સદા બંધુ સમાન જવા-આવવાવાળી છે, એમ તમે જાણો. (૨)*

समानो अध्वा स्वस्रोरनन्तस्तमन्यान्या चरतो देवशिष्टे।
न मेथेते न तस्थतुः सुमेके नक्तोषासा समनसा विरूपे॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! જે स्वस्रोः-બહેનની સમાન વર્તન રાખનારી રાત્રી અને ઊષાના अनन्तः-અર્થાત્ સીમારહિત આકાશ समानः-સમાન अध्वा-માર્ગ છે, જે देवशिष्टे-પરમેશ્વરના શાસન અર્થાત્ યથાવત્ નિયમને પ્રાપ્ત विरूपे-વિરુદ્ધરૂપ समनसा-તથા સમાન ચિત્તવાળા મિત્રોની સમાન વર્તમાન सुमेके-અને નિયમમાં છોડેલી नक्तोषासा-રાત અને પ્રભાતવેળા तम्-તે પોતાના નિયમને अन्यान्या-પૃથક્—પૃથક્ चरतः-પ્રાપ્ત થાય છે અને તે કદાચિત્ न-નહિ मेथेते-નષ્ટ થાય છે તથા न तस्थतुः-ન સ્થિર થાય છે, તેને તમે યથાવત્ જાણો. (૩)

*ભાવાર્થ : જેમ વિરુદ્ધ રૂપવાળા બે મિત્ર સીમારહિત અનંત આકાશમાં ન્યાયાધીશની નિયંત્રિત કરેલ સાથે જ વિચરે છે, તેમ રાત્રિ અને ઊષા પરમેશ્વરના નિયમથી નિયંત્રિત રહીને વર્તમાન રહે છે. (૩)*

भास्वती नेत्री सूनृतानामचेति चित्रा वि दुरो न आवः।
प्रार्प्या जगद्व्यु नो रायो अख्यदुषा अजीगर्भुवनानि विश्वा॥ ४॥

પદાર્થ : હે વિદ્વાન્ મનુષ્યો ! તમને જે भास्वती-અત્યંત ઉત્તમ પ્રકાશવાળી सुनृतानाम्-વાણી અને જાગૃત વ્યવહારોને नेत्री-પ્રાપ્ત કરનાર તથા चित्रा-અદ્ભુત ગુણ-કર્મ-સ્વભાવવાળી उषाः-પ્રભાતવેળા नः-અમારા માટે संसार दुरः-દ્વારોને वि, आवः-પ્રકટ કરતી જેવી વા જે नः-અમારા માટે जगत्-સંસારને प्रार्प्य-સમ્યક્ અર્પણ કરીને, रायः-ધનને वि, अख्यत्-પ્રસિદ્ધ કરે છે उ-અને विश्वा-સમસ્ત भुवनानि-લોકોને अजीगः-પોતાની વ્યાપ્તિથી ગળી જવા સમાન છે, તેને अचेति-અવશ્ય જાણવી છે. (૪)

*ભાવાર્થ : જો કે ઊષા સમસ્ત જગતને પ્રકાશિત કરીને, સર્વ પ્રાણીઓને જગાડીને, સંપૂર્ણ સંસારને વ્યાપ્ત કરીને, સર્વ પદાર્થોને વર્ષા દ્વારા સમર્થ બનાવીને, પુરુષાર્થયુક્તને તથા ધન આદિ પ્રાપ્ત કરાવીને*

*માતાની સમાન સર્વ પ્રાણીઓની રક્ષા કરે છે, તેથી તે (ઊષા) વેળા વ્યર્થ આળસમાં ગુમાવવી ન જોઈએ. (૪)*

जिह्मश्ये३ चरितवे मघोन्याभोगय इष्टये राय उ त्वम्।

दभ्रं पश्यद्भ्य उर्विया विचक्ष उषा अजीगर्भुवनानि विश्वा॥ ५॥

પદાર્થ : હે વિદ્વાન્ ! त्वम्-તું જે उर्विया-અનેક રૂપયુક્ત मघोनि-અધિક ધન પ્રાપ્ત કરાવનારી उषाः-પ્રાતઃવેળા विश्वा-સમસ્ત भुवनानि-લોકોને अजीगः-ગળી જતી जिह्मश्ये-વા જે વક્ર સૂનાર અર્થાત્ સૂવામાં વક્રતાને પ્રાપ્ત થયેલ જનને માટે વા चरितवे-વિચરવા विचक्षे-વિવિધ પ્રકટતાને માટે आभोगये-જેમાં સર્વત્રથી સુખ ભોગ હોય તે પુરુષાર્થથી યુક્ત ક્રિયાને માટે इष्टये-વા જેમાં મળે છે તે યજ્ઞને માટે વા राये-ધનને માટે વા पश्यद्भ्यः-દેખતા મનુષ્યોને માટે दभ्रम्-નાની એવી उ-વસ્તુને પણ પ્રકાશિત કરે છે, તે ઊષાને જાણ. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો રાત્રિના ચોથા પ્રહરમાં જાગૃત થઈને (રાતે) શયન સમય સુધી વ્યર્થ સમય ગુમાવતા નથી, તેઓ જ સુખી થાય છે, અન્ય નહિ. (૫)*

क्षत्राय त्वं श्रवसे त्वं महीया इष्टये त्वमर्थमिव त्वमित्यै।

विसदृशा जीविताभिप्रचक्ष उषा अजीगर्भुवनानि विश्वा॥ ६॥

પદાર્થ : હે વિદ્વાન્ સભાધ્યક્ષ રાજન ! જેમ उषाः-પ્રભાતવેળા પોતાના પ્રકાશથી विश्वा-સમસ્ત भुवनानि-લોકોને अजीगः-ઢાંકી દે છે, તેમ त्वम्- તું अभिप्रचक्षे-સમ્યક્ શાસ્ત્ર બોધથી સિદ્ધ વાણી આદિ વ્યવહારરૂપ क्षत्राय-રાજ્યને માટે અને त्वम्-તું श्रवसे-શ્રવણ અને અન્નને માટે त्वम्-તું इष्टये-ઈષ્ટ સુખ અને महीयै-સત્કારને માટે અને त्वम्-તું इत्यै-સંગ પ્રાપ્તિને માટે विसदृशा-વિવિધ ધર્મયુક્ત વ્યવહારોને અનુકૂળ अर्थमिव-દ્રવ્યોની સમાન जीविता-જીવનાદિને સદા સિદ્ધ કર્યા કર.(૬)

*ભાવાર્થ : જેમ વિદ્યા અને વિનયથી પ્રકાશિત થયેલ સત્પુરુષ, સમસ્ત સમીપસ્થ પદાર્થોને પ્રાપ્ત કરીને તેના ગુણોના પ્રકાશથી સર્વના પ્રયોજનને સિદ્ધ કરનારા હોય છે, તેમ રાજા આદિ જન વિદ્યા, ન્યાય તથા ધન આદિને અપનાવીને સાર્વભૌમ રાજ્યની રક્ષા દ્વારા સંપૂર્ણ આનંદને સિદ્ધ કરે. (૬)*

एषा दिवो दुहिता प्रत्यदर्शि व्युच्छन्ती युवतिः शुक्रवासाः।

विश्वस्येशाना पार्थिवस्य वस्व उषो अद्येह सुभगे व्युच्छ॥ ७॥

પદાર્થ : જેમ शुक्रवासाः-શુદ્ધ પરાક્રમયુક્ત, विश्वस्य-સમસ્ત पार्थिवस्य-પૃથિવીમાં પ્રસિદ્ધ થયેલ, वस्वः-ધનને ईशाना-સમ્યક્ સિદ્ધ કરનારી, व्युच्छन्ती-તથા અનેક પ્રકારના અંધકારોને દૂર કરતી एषा-એ दिवः-સૂર્યની युवतीः-યુવતિ અર્થાત્ અત્યંત પરાક્રમયુક્ત दुहिता-પુત્રી પ્રભાતવેળા प्रत्यदर्शि-વારંવાર જોવામાં આવે છે, તેમ હે सुभगे-શ્રેષ્ઠ ભાગ્યવતી उषः-સુખમાં રહેનારી વિદુષી अद्य-આજ તું इह-

અહીં व्युच्छ-દુઃખોને દૂર કર. (૭)

*ભાવાર્થ : જે બ્રહ્મચર્ય-સંપન્ન વિદ્વાન સજ્જન યુવકના દ્વારા પોતાની સમાન, બ્રહ્મચર્ય સંપન્ના, સુંદર રૂપવાળી, પરાક્રમયુક્તા, સરલ સ્વભાવ અને સુખદાયિની, વીસથી લઈને ચોવીસ વર્ષ વચ્ચેની પૂર્ણ યુવતી કન્યાથી વિવાહ કરે, ત્યારે ઊષાની સમાન ઉત્તમ પ્રકાશથી યુક્ત થઈને, તેઓ વિવાહિત સ્ત્રી-પુરુષ સર્વ સુખોને પ્રાપ્ત કરી શકે. (૭)*

परा॒य॒ती॒नाम॒न्वे॑ति॒ पाथ॑ आय॒ती॒नां प्र॑थ॒मा शश्व॑तीनाम्।
व्यु॒च्छन्ती॑ जी॒वमु॑दी॒रय॑न्त्यु॒षा मृ॒तं कं च॒न बो॒धय॑न्ती॥ ८॥

પદાર્થ : હે ઉત્તમ સૌભાગ્યવર્ધક સ્ત્રી ! જેમ એ उषाः-પ્રભાતવેળા शश्वतीनाम्-પ્રવાહથી અનાદિ સ્વરૂપ परायतीनाम्-પૂર્વ વ્યતીત થયેલી પ્રભાતવેળાએ પછી आयतीनाम्-આવનારી વેળાઓમાં पथमा-પહેલી व्युच्छन्ती-અંધકારનો નાશ કરતી અને जीवम्-જીવને उदीरयन्ती-કામોમાં પ્રવૃત્ત કરાવતી कम्-કોઈ चन-मृतम्-મરેલ સમાન સૂતેલ જનને बोधयन्ती-જગાડતી पाथः-આકાશમાર્ગને अन्वेति-અનુકૂળતાથી જાય છે, તેમ તું પણ પતિવ્રતા બન. (૮)

*ભાવાર્થ : સૌભાગ્યની કામના કરનારી સ્ત્રીઓ ઊષાવેળા સમાન પૂર્વકાળની, ભવિષ્યકાળની અને વર્તમાનકાળની સુશીલ પતિવ્રતા સ્ત્રીઓના શાશ્વત ધર્મનો આશ્રય કરીને પોત-પોતાના પતિઓને સુશોભિત કરતી, સંતાનોને જન્મ આપીને તથા તેઓનું સમ્યક્ પાલન કરીને, તેઓને વિદ્યા અને સુશિક્ષા આપીને નિરંતર આનંદિત બને. (૮)*

उषो॒ यद॒ग्निं स॒मिधे॑ च॒कर्थ॒ वि यदाव॒श्चक्ष॑सा॒ सूर्य॑स्य।
यन्मानु॑षान्यक्ष्यमा॑णाँ॒ अजी॑ग॒स्तद्दे॒वेषु॑ चकृषे भ॒द्रमप्नः॥ ९॥

પદાર્થ : હે उषः-પ્રભાતવેળાની સમાન વર્તમાન વિદુષી સ્ત્રી ! यत्-જે તું सूर्यस्य-સૂર્યના चक्षसा-પ્રકાશથી समिधे-સારી રીતે પ્રકાશને માટે अग्निम्-વિદ્યુત્ અગ્નિને પ્રદીપ્ત चकर्थ-કરે છે; વા यत्-જે તું દુઃખોને દૂર वि, आवः-કરે છે; વા यत्-જે તું यक्ष्यमाणान्-યજ્ઞ કરનારા मानुषान्-મનુષ્યોને अजीगः-પ્રાપ્ત થઈને પ્રસન્ન કરે છે; तत्-તે देवेषु-વિદ્વાન પતિઓમાં વસીને भद्रम्-કલ્યાણકારક अप्नः-સંતાનોને ઉત્પન્ન चकृषे-કર. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્યની સંબંધિની ઊષાવેળા સર્વ પ્રાણીઓની સાથે સંગત કરીને સર્વ જીવોને સુખ પહોંચાડે છે, તેમ સુશીલ વિદુષી સ્ત્રીઓ પતિઓને પ્રસન્ન કરીને, ઉત્તમ સંતાનોને જન્મ આપી શકે છે, અન્ય કુભાર્યા = દુષ્ટ પત્નીઓ નહિ. (૯)*

किया॒त्या यत्स॒मया॒ भवा॑ति॒ या व्यू॒षुर्याश्च॑ नू॒नं व्यु॒च्छान्।

अनु पुर्वाः कृपते वावशाना प्रदीध्याना जोषमन्याभिरेति॥ १०॥

પદાર્થ : હે સ્ત્રી यत्-જે याः-જો पूर्वाः-પ્રથમગત પ્રભાવવેળા સર્વ પદાર્થોને कियति-કેટલોક समया-સમય व्यूषुः-પ્રકાશ કરતી રહી याः च-અને જે व्युच्छान्-સ્થિર પદાર્થોની वावशाना-કામના જેમ કરતી प्रदीध्याना-અને પ્રકાશ કરતી कृपते-અનુગ્રહ કરતી नूनम्-નિશ્ચયપૂર્વક आ, भवाति-સારી રીતે રહેતી અર્થાત્ પ્રકાશ કરતી તેની સમાન એ બીજી વિદ્યાવતી વિદુષી अन्याभिः-અન્ય સ્ત્રીઓની સાથે जोषमन्वेति-પ્રીતિથી અનુકૂળતાથી પ્રાપ્ત થાય છે, તેમ તું મારી સાથે પતિની સાથે સદા વર્તાવ કર. (૧૦)

*ભાવાર્થ : (પ્રશ્ન :) ઊષાકાળ કેટલા સમયનો હોય છે ?*

*(ઉત્તર :) સૂર્યોદયથી પૂર્વ પાંચ ઘડી (બે કલાક)નો ઊષાકાળ હોય છે.*

*(પ્રશ્ન :) કોણ સ્ત્રીઓ સુખ પ્રાપ્ત કરે છે ?*

*(ઉત્તર :) જે અન્ય વિદુષી સ્ત્રીઓ અને જે પોતાના પતિનો સંગ કરે. તે સ્ત્રીઓ પ્રશંસા યોગ્ય પણ બને. જે કરુણા ધારણ કરે છે, તે પતિઓને પ્રસન્ન રાખે છે. જે પતિઓને અનુકૂળ રહે છે, તે સદા આનંદિત રહે છે. (૧૦)*

ईयुष्टे ये पूर्वतरामपश्यन्व्युच्छन्तीमुषसं मर्त्यासः।
अस्माभिरू नु प्रतिचक्ष्याऽभूदो ते यन्ति ये अपरीषु पश्यान्॥ ११॥

પદાર્થ : ये-જે मर्त्यासः-મનુષ્યો व्युच्छन्तीम्-જગાડતી पूर्वतराम्-અતિ પ્રાચીન उषसम्-પ્રભાતવેળા ईयुः-પ્રાપ્ત થઈને ते-તેઓ अस्माभिः-અમારી સાથે સુખને अपश्यन्-દેખે છે, જે પ્રભાતવેળા અમારી સાથે प्रतिचक्ष्या-પ્રત્યક્ષ જોવા યોગ્ય अभूत्-હોય છે, તે नु-શીઘ્ર સુખદાયક હોય છે उ-અને ये-જે अपरीषु-આવનારી ઊષાઓમાં વ્યતીત થયેલી ઊષાને पश्यान्-દેખે ते-તેઓ ओ-જ સુખને यन्ति-પ્રાપ્ત થાય છે - કરે છે. (૧૧)

*ભાવાર્થ : જે મનુષ્યો ઊષાવેળાથી પૂર્વ શય્યાથી ઊઠીને આવશ્યક (નિત્યકર્મ) કરીને પરમેશ્વરનું ધ્યાન કરે છે, તેઓ બુદ્ધિમાન અને ધાર્મિક બની જાય છે.*

*જે સ્ત્રી-પુરુષો જગદીશ્વરનું ધ્યાન કરીને પ્રીતિપૂર્વક (પરસ્પર) સંવાદ કરે છે, તેઓ અનેક પ્રકારના સુખોને પ્રાપ્ત કરે છે. (૧૧)*

यावयद् द्वेषा ऋतपा ऋतेजाः सुम्नावरी सूनृता ईरयन्ती।
सुमङ्गलीर्बिभ्रती देववीतिमिहाद्योषः श्रेष्ठतमा व्युच्छ॥ १२॥

પદાર્થ : હે उषः-ઊષાવત્ વર્તમાન વિદુષી સ્ત્રી यावयद् द्वेषाः-જેઓએ દ્વેષયુક્ત કર્મોને છોડી દીધા, ऋतपाः-સત્યની રક્ષક ऋतेजाः-સત્યના વ્યવહારમાં પ્રસિદ્ધ, सुम्नावरी-જેમાં પ્રશંસિત સુખ વિદ્યમાન, વા सुमङ्गलीः-જેમાં સુંદર મંગલ હોય, તે सूनृताः-વેદાદિ સત્ય શાસ્ત્રોની સિદ્ધાન્ત વાણીઓનો ईरयन्ती-

શીઘ્ર પ્રેરણા કરતી, श्रेष्ठतमा-અતિશય ઉત્તમ ગુણ, કર્મ અને સ્વભાવથી યુક્ત, देववीतिम्-વિદ્વાનોની વિશેષ નીતિને बिभ्रती-ધારણ કરીને, તું इह-અહીં अद्य-આજ व्युच्छ-દુઃખને દૂર કર. (૧૨)

*ભાવાર્થ : જેમ ઊષા અંધકારનું નિવારણ કરીને, પ્રકાશને પ્રકટ કરીને, ધાર્મિકોને સુખી કરીને તથા ચોર આદિને પીડિત કરીને સર્વ પ્રાણીઓને પ્રસન્ન કરે છે, તેમ જ વિદ્યા અને ધર્મરૂપી પ્રકાશથી યુક્ત અને શમ આદિ ગુણોથી સંપન્ન વિદુષી ઉત્તમ સ્ત્રીઓ પોતાના પતિઓથી-સંતાનોને જન્મ આપીને, ઉત્તમ શિક્ષાથી અવિદ્યારૂપી અંધકારને દૂર કરીને તથા વિદ્યારૂપી સૂર્યનો પ્રકાશ પ્રાપ્ત કરીને પોતાનાં કુળને સુભૂષિત-અલંકૃત કરે. (૧૨)*

**शश्वत्पुरोषा व्युवास देव्यथो अद्येदं व्यावो मघोनी।**

**अथो व्युच्छादुत्तराँ अनु द्यूनजरामृता चरति स्वधाभिः॥ १३॥**

પદાર્થ : હે સ્ત્રી ! पुरा-પ્રથમ देवी-અત્યંત પ્રકાશમાન, मघोनी-પ્રશંસિત ધન પ્રાપ્તિ કરનારી अजरा-પૂર્ણ યુવાવસ્થાયુક્ત अमृताः-રોગરહિત, उषाः-પ્રભાતવેળાની સમાન उवास-વાસ કર; અને अथो-તદનન્તર જેમ પ્રભાતવેળા उत्तरान्-આવવા-જવાવાળા अनु, द्यून्-દિવસોને અનુકૂળ स्वधाभिः-પોતાની મેળે ધારણ કરેલ પદાર્થોની સાથે शश्वत्-નિરંતર वि, चरति-વિચરતી અને અંધકારને वि, उच्छात्-દૂર કરતી તથા अद्य-વર્તમાન દિવસમાં इदम्-આ જગતની व्यावः-વિવિધ પ્રકારની રક્ષા કરે છે, તેમ તું બન. (૧૩)

*ભાવાર્થ : હે સ્ત્રી ! જેમ ઊષા કારણ અને પ્રવાહ રૂપથી નિત્ય હોવાના કારણે ત્રણેય કાળોમાં પ્રકાશિત પદાર્થોને પ્રકાશિત કરીને વર્તમાન રહે છે, તેમ આત્મભાવથી નિત્ય સ્વરૂપવાળી તું ત્રણેય કાળોનાં ઉત્તમ વ્યવહારોને વિદ્યા અને સુશિક્ષાથી પ્રકાશિત કરીને તથા સૌભાગ્યવતી બનીને સદા સુખયુક્ત થા-બન. (૧૩)*

**व्य१ञ्जिभिर्दिव आतास्वद्यौदप कृष्णां निर्णिजं देव्यावः।**

**प्रबोधयन्त्यरुणेभिरश्वैरोषा याति सुयुजा रथेन॥ १४॥**

પદાર્થ : હે સ્ત્રીઓ ! તમે જેમ प्रबोधयन्ती-સૂતેલાને જગાડીને देवी-દિવ્યગુણયુક્ત उषाः-પ્રાતઃ સમયની વેળા अञ्जिभिः-પ્રકટ કરનાર ગુણોની સાથે दिवः-આકાશથી आतासु-સર્વત્ર વ્યાપ્ત દિશાઓમાં સમસ્ત પદાર્થોને व्यद्यौत्-વિશેષ પ્રકાશિત કરે છે, निर्णिजम्-વા નિશ્ચયરૂપ कृष्णाम्-કૃષ્ણવર્ણ રાત્રિને अपावः-દૂર કરે છે, વા अरुणेभिः-રક્ત આદિ ગુણયુક્ત अश्वैः-વ્યાપનશીલ કિરણોની સાથે વર્તમાન सुयुजा-સારી રીતે યુક્ત रथेन-રમણીય સ્વરૂપથી आ, याति-આવે છે, તેની સમાન તમે પણ વર્તાવ કરો. (૧૪)

*ભાવાર્થ : જેમ ઊષા દિશાઓમાં વ્યાપ્ત છે, તેમ કન્યાઓ વિદ્યાઓમાં વ્યાપ્ત થાય. જેમ ઊષા પોતાની કાન્તિથી સુશોભિત થઈને રમણીય સ્વરૂપની સાથે પ્રકાશિત થાય છે, તેમ જ કન્યાઓ પોતાના*

*શીલ આદિ તથા સુંદર રૂપથી શોભિત થાય. જેમ ઊષા અંધકારને દૂર કરીને પ્રકાશને ઉત્પન્ન કરે છે, તેમ તે કન્યાઓ મૂર્ખતાનું નિવારણ-દૂર કરીને સુસભ્યતા આદિ ગુણોની સાથે પ્રકાશિત થાય. (૧૪)*

आवहन्ती पोष्या वार्याणि चित्रं केतुं कृणुते चेकिताना।
ईयुषीणामुपमा शश्वतीनां विभातीनां प्रथमोषा व्यश्वैत्॥ १५॥

પદાર્થ : હે સ્ત્રીઓ ! તમે જેમ उषाः-પ્રાતઃવેળા पोष्या-પુષ્ટિ કરાવનાર અને वार्याणि-સ્વીકાર કરવા યોગ્ય ધનાદિ પદાર્થોને आवहन्ती-પ્રાપ્ત કરાવે છે; અને चेकिताना-અત્યંત ચેતના કરતી चित्रम्-અદ્‌ભુત केतुम्-કિરણને कृणुते-કરતી અર્થાત્ પ્રકાશિત કરે છે; विभातीनाम्-વિશેષ કરીને પ્રકાશિત કરતી સૂર્ય કાન્તિઓ અને ईयुषीणाम्-ચાલતી शश्वतीनाम्-અનાદિરૂપ ઘડીઓથી प्रथमा-પહેલી उपमा-દૃષ્ટાન્તરૂપ व्यश्वैत्-વ્યાપ્ત થાય છે, તેમજ (તમે) શુભ ગુણ-કર્મોમાં चरत-વિચરણ કરો. (૧૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે નિશ્ચિત જાણો, કે જેમ ઊષા-કાળથી લઈને કર્મોની ઉત્પત્તિ થાય છે, તેમ સ્ત્રીઓથી આરંભ કરીને જ ગૃહકાર્યોની ઉત્પત્તિ થાય છે. (૧૫)*

उदीर्ध्वं जीवो असुर्न आगादप प्रागात्तम आ ज्योतिरेति।
आरैक्पन्थां यातवे सूर्यायागन्म यत्र प्रतिरन्त आयुः॥ १६॥

પદાર્થ : હે મનુષ્યો ! જે ઊષાની ઉત્તેજનાથી नः-અમારા जीवः-જીવનના ધર્તા ઈચ્છાદિ ગુણયુક્ત असुः-પ્રાણ आ, अगात्-સર્વત્રથી પ્રાપ્ત થઈને, ज्योतिः-પ્રકાશ प्र, अगात्-પ્રાપ્ત થઈને, तमः-રાત્રિ अप, एति-દૂર થઈ જાય છે; અને यातवे-જવા - આવવાના पन्थाम्-માર્ગો अरैक्-અલગ પ્રકટ થાય છે, જેથી અમે सूर्याय-સૂર્યને आ, अगन्-સારી રીતે પ્રાપ્ત કરીને તથા यत्र-જેમાં પ્રાણી आयुः-જીવનને प्रतिरन्ते-પ્રાપ્ત થઈને આનંદથી વિતાવે છે, તેને જાણીને उदीध्वेम्-પુરુષાર્થ કરવામાં ચેષ્ટા કરો. (૧૬)

*ભાવાર્થ : પ્રાતઃ કાળની ઊષા સર્વને જગાડે છે અને અંધકારને દૂર કરે છે, જેમ એ સાયંકાળની ઊષા (= સંધ્યા સમયની આભા) સર્વ પ્રાણીઓને દૈનિક કાર્યોથી નિવૃત્ત કરીને શયન કરાવે છે અને માતાની સમાન સર્વનું પાલન કરીને વ્યવહાર-યુક્ત કરે છે, તેમ જ સત્સ્વભાવ - સજ્જન વિદુષી સ્ત્રી હોય છે. (૧૬)*

स्यूमना वाच उदियर्ति वह्निः स्तवानो रेभ उषसो विभातिः।
अद्या तदुच्छ गृणते मघोन्यस्मे आयुर्नि दिदीहि प्रजावत्॥ १७॥

પદાર્થ : હે मघोनि-પ્રશંસિત ધનયુક્ત સ્ત્રી ! તું अस्मे-અમારા તથા गृणते-પ્રશંસા કરતા पत्ये-પતિને માટે જે प्रजावत्-બહુ જ પ્રજાયુક્ત आयुः-જીવનનો હેતુ અન્ન છે, तत्-તે अद्य-આજ नि, दिदीहि-નિરંતર પ્રકાશિત કર, જે તારા रेभः-स्तवानः-ગુણ પ્રશંસાકર્તા वह्निः-અગ્નિ સમાન નિર્વાહ કરનાર પતિ તારા

માટે विभातीः-પ્રકાશવતી उषसः-પ્રભાતવેળાને જેમ સૂર્ય તેમ स्यूमना-સકળ વિદ્યાઓથી યુક્ત પ્રિય वाचः-વેદવાણીઓને उत्, इयर्ति-શ્રેષ્ઠતાથી જાણે છે, તેનો તું उच्छ-સારી રીતે નિવાસ કરાવ. (૧૭)

*ભાવાર્થ : જ્યારે પતિ અને પત્ની મિત્રતાપૂર્વક પરસ્પર વિદ્યા અને સુશિક્ષાનો સંગ્રહ કરીને, પ્રશંસનીય અન્ન, ધન આદિ વસ્તુઓનો સંચય કરીને તથા સૂર્યની સમાન ધર્મ અને ન્યાયનો પ્રકાશ કરીને સુખપૂર્વક રહે છે, ત્યારે તે ગૃહાશ્રમના પૂર્ણ સુખને પ્રાપ્ત કરે છે. (૧૭)*

**या गोम॑तीरु॒षस॒: सर्व॑वीरा व्यु॒च्छन्ति॑ दा॒शुषे॒ मर्त्या॑य।**

**वा॒योरि॑व सू॒नृता॑नामुद॒र्के ता अ॑श्व॒दा अ॑श्नवत्सोम॒सुत्वा॑॥ १८॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે याः-જે सुनृदतानाम्-શ્રેષ્ઠ વાણી અને અન્નાદિના उदर्के-ઉત્કૃષ્ટતાથી પ્રાપ્તિમાં वायोरिव-જેમ વાયુથી गोमतीः-બહુ જ ગાયો વા કિરણોયુક્ત उषसः-પ્રભાતવેળા વર્તમાન છે, તેમ વિદુષી સ્ત્રી दाशुषे-સુખ આપનાર मर्त्याय-મનુષ્યને માટે व्युच्छन्ति-દુઃખ દૂર કરતી અને अश्वदाः-અશ્વ આદિ પશુઓને આપનારી सर्ववीराः-જેનાથી સમસ્ત વીરજન થાય છે ताः-તે વિદુષી સ્ત્રીઓને सोमसुत्वा-ઐશ્વર્યની સિદ્ધિ કરનાર જન अश्नवत्-પ્રાપ્ત થાય છે, તેમ તેને પ્રાપ્ત થાઓ. (૧૮)

*ભાવાર્થ : બ્રહ્મચારીઓને ઉચિત છે, કે તેઓ સમાવર્તન પશ્ચાત્ પોતાની સમાન વિદ્યા, સુશીલતા, રૂપ અને લાવણ્ય = સૌંદર્યતાથી યુક્ત હૃદયને પ્રિય લગાડનારી તથા પ્રભાતવેળાની સમાન પ્રશંસનીયા બ્રહ્મચારિણીઓથી વિવાહ કરીને ગૃહાશ્રમમાં સુખથી રહે. (૧૮)*

**मा॒ता दे॒वाना॒मदि॑ते॒रनी॑कं य॒ज्ञस्य॑ के॒तुर्बृ॑ह॒ती वि भा॑हि।**

**प्र॒श॒स्ति॒कृद् ब्रह्म॑णे नो॒ व्यु१॒॑च्छा नो॒ जने॑ जनय विश्ववारे॥ १९॥**

પદાર્થ : હે विश्ववारे-સમસ્ત કલ્યાણનો સ્વીકાર કરનારી કુમારી ! यज्ञस्य-ગૃહાશ્રમ વ્યવહારમાં વિદ્વાનોના સત્કાર આદિ કર્મને केतुः-જ્ઞાયચિત્રી પતાકા સમાન પ્રસિદ્ધ अदितेः-ઉત્પન્ન થયેલ સંતાનની રક્ષા માટે अनीकम्-સેનાની સમાન प्रशस्तिकृत्-પ્રસંશા કરનાર અને बृहती-મહાન સુખ વધારનારી देवानाम्-વિદ્વાનોની माता-જનની ब्रह्मणे-વેદ વિદ્યા વા પરમેશ્વરના જ્ઞાનને માટે પ્રભાત વેળાની સમાન विभाहि-વિશેષ પ્રકાશિત થાય. नः-અમારા जने-પરિવારજનોમાં પ્રીતિને आ, जनय-સારી રીતે ઉત્પન્ન કર અને नः-અમને સુખમાં व्युच्छ-સ્થિર કર. (૧૯)

*ભાવાર્થ : સજ્જન પુરુષોએ સજ્જન સ્ત્રીની સાથે જ વિવાહ કરવો જોઈએ, જેથી ઉત્તમ સંતાન અને ઐશ્વર્યની નિત્ય વૃદ્ધિ થાય. પત્ની સંબંધથી ઉત્પન્ન દુઃખની સમાન આ સંસારમાં અન્ય કોઈ મહાન કષ્ટ નથી. તેથી પુરુષની પરીક્ષા કરીને ઉત્તમ લક્ષણો યુક્ત સ્ત્રીની સાથે વિવાહ કરવો જોઈએ અને સ્ત્રીએ પણ હૃદયને પ્રિય અને પ્રશંસનીય રૂપ તથા ગુણોથી યુક્ત પુરુષનું જ ગ્રહણ કરવું જોઈએ. (૧૯)*

यच्चि॒न्नमप्न॑ उ॒षसो॒ वह॑न्तीजा॒नाय॑ शशमा॒नाय॑ भ॒द्रम्।
तन्नो॑ मि॒त्रो वरु॑णो मामहन्ता॒मदि॑ति॒ः सिन्धु॑ः पृथि॒वी उ॒त द्यौः॥ २०॥

પદાર્થ : હે મનુષ્યો ! જે उषसः-ઊષાની સમાન સ્ત્રી शशमानाय-પ્રશંસિત ગુણયુક્ત ईजानाय સંગશીલ પુરુષને માટે તથા नः-અમારે માટે यत्-જે चित्रम्-અદ્‌ભુત भद्रम्-કલ્યાણકારી अप्नः-સંતાનને वहन्ति-પ્રાપ્તિ કરાવતી વા જે સ્ત્રીઓથી मित्रः-મિત્ર, वरुणः-ઉત્તમ પિતા, अदितिः-શ્રેષ્ઠ માતા, सिन्धुः-સમુદ્ર વા નદી, पृथिवी-ભૂમિ उत-અને द्यौः-વિદ્યુત્ વા સૂર્ય આદિ પ્રકાશમાન પદાર્થ પાલન કરવા યોગ્ય છે, તે સ્ત્રીઓ વા तत्-તે સંતાનને નિરંતર मामहन्ताम्-ઉપકારમાં પ્રવૃત્ત કરો. (૨૦)

*ભાવાર્થ : શ્રેષ્ઠ પંડિત સ્ત્રીઓ જ સંતાનોને ઉત્પન્ન કરીને તથા તેની સમ્યક્ રક્ષા કરીને ઉત્તમ શિક્ષાથી તેની ઉન્નતિ કરી શકે છે.*

*જે પુરુષો સ્ત્રીઓનો સત્કાર કરે છે અને જે સ્ત્રીઓ પુરુષોનો સત્કાર કરે છે, તેના કુળમાં સમસ્ત સુખ નિવાસ કરે છે અને દુઃખ ત્યાંથી पलायन्ते-ભાગી જાય છે. (૨૦)*

(સંગતિ :) આ સૂક્તમાં રાત્રિ અને ઊષાના ગુણોનું વર્ણન તથા તેના દષ્ટાન્તથી સ્ત્રી-પુરુષોનાં કર્તવ્ય-કર્મનો ઉપદેશ કરેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૩)

## સૂક્ત-૧૧૪

इ॒मा रु॒द्राय॑ त॒वसे॑ कप॒र्दिने॑ क्ष॒यद्वी॑राय॒ प्र भ॑रामहे म॒तीः।
यथा॒ शमस॑द् द्वि॒पदे॒ चतु॑ष्पदे॒ विश्वं॑ पु॒ष्टं ग्रामे॑ अ॒स्मिन्न॑नातु॒रम्॥ १॥

પદાર્થ : હે અધ્યાપક અને ઉપદેશકો ! यथा-જેમ द्विपदे-મનુષ્યાદિ चतुष्पदे-અને ગાય આદિને માટે शम्-સુખ असत्-થાય अस्मिन्-એ ग्रामे-બહુજ ઘરવાળા નગર આદિ ગામોમાં विश्वम्-સમસ્ત ચરાચર જીવાદિ अनातुरम्-રોગ-પીડારહિત पुष्टम्-પુષ્ટિને પ્રાપ્ત असत्-થાય; તથા तवसे-બળયુક્ત क्षयद्वीराय-જેમાં દોષોનો નાશ કરનારા વીરપુરુષો વિદ્યમાન रुद्राय-તે ચુમાલીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાલન કરનારા कपर्दिने-બ્રહ્મચારી પુરુષને માટે इमाः-પ્રત્યક્ષ આપ્તોનો ઉપદેશ તથા વેદાદિ શાસ્ત્રોના બોધથી સંયુક્ત मतीः-શ્રેષ્ઠ પ્રજ્ઞા = બુદ્ધિથી प्र, भरामहे-ધારણ કરે છે. (૧)

*ભાવાર્થ : જ્યારે આપ્ત વેદજ્ઞાતા અધ્યાપક અને ઉપદેશક તથા અધ્યાપિકાઓ અને ઉપદેશિકાઓ, બ્રહ્મચારીઓ અને શ્રોતાઓને તથા બ્રહ્મચારિણીઓ તથા શ્રવણ કરનારી સ્ત્રીઓને વિદ્યા-સંપન્ન કરે છે, ત્યારે તેઓ શરીર અને આત્માના બળને પ્રાપ્ત કરીને સમસ્ત સંસારને સુખી બનાવે છે. (૧)*

मृ॒ळा नो॑ रुद्रो॒त नो॒ मय॑स्कृधि क्ष॒यद्वी॑राय॒ नम॑सा विधेम ते।
यच्छं च॒ योश्च॒ मनु॑राये॒जे पि॒ता तद॑श्याम॒ तव॑ रुद्र॒ प्रणी॑तिषु॒॥ २॥

પદાર્થ : હે रुद्र-દુષ્ટ શત્રુઓને રડાવનાર રાજન્ ! જે અમે क्षयद्वीराय-વિનાશ કરેલ શત્રુસેનાના વીર જેને તે ते-આપને માટે नमसा-અન્ન વા સત્કારથી विधेम-વિધાન કરીએ અર્થાત્ સત્કાર કરીએ તે नः-અમને मृड-સુખી કરો તથા नः-અમારા માટે मयः-સુખ कृधि-કરો.

હે रुद्र-ન્યાયાધીશ ! मनुः-મનનશીલ पिता-પિતાની સમાન આપ यत्-જે રોગોનું शम्-નિવારણ च-જ્ઞાન योः-દુઃખોને પૃથક કરવા च અને ગુણોની પ્રાપ્તિનો आयेजे-સર્વ રીતે સંગ કરાવો છો तत्-તેને अश्याम-પ્રાપ્ત થઈએ. उत-તેઓજ અમે तव-તમારી प्रणीतिषु-ઉત્તમ નીતિઓમાં પ્રવૃત્ત થઈને નિરંતર સુખી થઈએ. (૨)

*ભાવાર્થ : રાજપુરુષ સ્વયં સુખી થઈને સમસ્ત પ્રજાઓને સુખી કરે, એ વિષયમાં આળસ ન કરે અને પ્રજાજન રાજનીતિના નિયમોમાં રહીને રાજપુરુષોને સદા પ્રસન્ન રાખે. (૨)*

अ॒श्याम॑ ते सु॒म॒तिं दे॑वय॒ज्यया॑ क्ष॒यद्वी॑रस्य॒ तव॑ रुद्र मीढ्वः।
सु॒म्ना॒यन्निद्वि॒शो॑ अ॒स्माक॒मा च॒रारि॑ष्टवीरा जुहवाम ते ह॒विः॥ ३॥

પદાર્થ : હે मीढ्वः-પ્રજાને સુખથી સિંચન કરવા અને रुद्र-સત્યોપદેશ કરનાર સભાધ્યક્ષ રાજન્ ! અમે देवयज्यया-વિદ્વાનોની સંગતિ અને સત્કાર દ્વારા क्षयद्वीरस्य-વીરોનો નિવાસ કરાવનારા तव-તારી सुमतिम्-શ્રેષ્ઠ પ્રજ્ઞા अश्याम-પ્રાપ્ત થાય.

જે सुम्नायन्-સુખ કરાવતા તું अस्माकम्-અમારી अरिष्टवीरा-હિંસારહિત વીરોવાળી विशः-પ્રજાઓને आ, चर-સર્વત્રથી પ્રાપ્ત થા, તે ते-તારી પ્રજાઓને અમે इत्-પણ પ્રાપ્ત થઈએ અને ते-તારા માટે हविः-આપણા યોગ્ય પદાર્થોને जुहवाम्-આપે-પ્રદાન કરે. (૩)

*ભાવાર્થ : રાજા દ્વારા પ્રજાઓને નિરંતર સુખી કરવી જોઈએ અને પ્રજા પણ રાજાને આનંદિત કરે. જે રાજા પ્રજા પાસેથી કર લઈને તેનું પાલન ન કરે તો રાજાને ડાકુ સમાન જાણવો જોઈએ અને જો પાલન કરેલી પ્રજા રાજભક્ત ન હોય, તો તેને ચોર સમાન જાણવી જોઈએ. તેથી પ્રજાઓ રાજાને કર આપે છે, કે જેથી તે અમારું પાલન કરે. રાજા પણ એ પ્રયોજનથી પ્રજાનું પાલન કરે છે, કે તેઓ મને કર આપે. (૩)*

त्वे॒षं व॒यं रु॒द्रं य॑ज्ञ॒साधं॑ व॒ङ्कुं क॒विमव॑से॒ नि ह्व॑यामहे।
आ॒रे अ॒स्मद्दैव्यं॒ हेळो॑ अस्यतु सु॒म॒तिमिद्व॒यम॒स्या वृ॑णीमहे॥ ४॥

પદાર્થ : वयम्-અમે अवसे-રક્ષા આદિને માટે જે त्वेषम्-વિદ્યા, ન્યાય પ્રકાશવાન वङ्कुम्-દુષ્ટ શત્રુઓ પ્રત્યે કુટિલ कविम्-સમસ્ત શાસ્ત્રોને ક્રમશઃ જોનાર અને यज्ञसाधम्-પ્રજા પાલનરૂપ યજ્ઞને સિદ્ધ કરનારા दैव्यम्-વિદ્વાનોમાં કુશળ रुद्रम्-શત્રુઓને રોકનારાને नि, ह्वयामहे-પોતાના સુખ-દુઃખનું નિવેદન કરે તથા वयम्-અમે જે अस्य-એ રુદ્રની सुमतिम्-ધર્માનુકૂળ ઉત્તમ પ્રજાને आ, वृणीमहे-

સર્વત્રથી સ્વીકાર કરીએ, इत्-તે જ સભાધ્યક્ષ हेडः-ધાર્મિકજનોના અનાદર કરનારા અધાર્મિક જનોને अस्मत्-અમારાથી आरे-દૂર अस्यतु-કાઢી મૂકે. (૪)

*ભાવાર્થ : જેમ પ્રજાજન રાજાની આજ્ઞાનો સ્વીકાર કરે છે, તેમ રાજપુરુષ પણ પ્રજાની આજ્ઞા માને. (૪)*

**दिवो वराहमरुषं कपर्दिनं त्वेषं रूपं नमसा नि ह्वयामहे।**

**हस्ते बिभ्रद्भेषजा वार्याणि शर्म वर्म छर्दिरस्मभ्यं यंसत्॥ ५॥**

પદાર્થ : અમે नमसा-અન્ન અને સેવાથી જે हस्ते-હાથમાં भेषजा-રોગ નિવારક ઔષધ वार्याणि-અને ગ્રહણ કરવા યોગ્ય સાધનોને बिभ्रत्-ધારણ કરીને शर्म-ઘર, સુખ वर्म-કવચ छर्दिः-પ્રકાશયુક્ત શસ્ત્ર-અસ્ત્રાદિને अस्मभ्यम्-અમારે માટે यंसत्-નિયમથી રાખે તે कपर्दिनम्-જટાજૂટ બ્રહ્મચારી વૈદ્ય, વિદ્વાન વા दिवः-વિદ્યા-ન્યાય પ્રકાશિત વ્યવહારો વા वराहम्-મેઘની સમાન अरुषम्-ઘોડા આદિની त्वेषम्-વા પ્રકાશમાન रूपम्-સુંદર રૂપની निह्वयामहे-નિત્ય સ્પર્ધા કરે. (૫)

*ભાવાર્થ : જે મનુષ્ય વૈદ્યનો મિત્ર, પથ્યસેવી, જિતેન્દ્રિય અને સુશીલ હોય છે, તે જ આ સંસારમાં નીરોગ રહીને તથા રાજ્ય આદિ પ્રાપ્ત કરીને સુખપૂર્વક વૃદ્ધિ પામે છે. (ઉન્નત બને છે.) (૫)*

**इदं पित्रे मरुतामुच्यते वचः स्वादोः स्वादीयो रुद्राय वर्धनम्।**

**रास्वा च नो अमृत मर्त्तभोजनं त्मने तोकाय तनयाय मृळ॥ ६॥**

પદાર્થ : હે अमृत-મૃત્યુ દુઃખ દૂર કરનાર તથા આયુવર્ધક વૈદ્યરાજ વા ઉપદેશક વિદ્વાન્ ! આપ नः-અમારા त्मने-શરીર तोकाय-નાના બાળ-બચ્ચા तनयाय-યુવાન પુત્ર च અને સેવક વૈતનિક વા આયુધિક નોકર-ચાકરોને માટે स्वादोः-સ્વાદિષ્ટથી स्वादीयः-સ્વાદિષ્ટ અર્થાત્ સર્વ રીતે સ્વાદયુક્ત જે ખાવામાં બહુજ સારા લાગે તે इदम्-એ मर्त्यभोजनम्-માણસોના ભોજન કરવાના પદાર્થોને रास्व-આપો જે मरुताम्-પ્રત્યેક ઋતુમાં યજ્ઞ કરનારા વિદ્વાનોના वर्धनम्-વર્ધક वचः-વચન पित्रे-પાલન કરનાર रुद्राय-અને દુષ્ટોને રડાવનાર સભાધ્યક્ષને માટે उच्यते-કહેવામાં આવે છે તેથી અમને मृड-સુખી કરો. (૬)

*ભાવાર્થ : વૈદ્ય અને ઉપદેશકને યોગ્ય છે, કે તેઓ સ્વયં નીરોગ અને સત્યાચરણશીલ રહીને સર્વ મનુષ્યોને ઔષધદાનથી અને ઉપદેશથી ઉપકાર કરીને, સર્વની નિરંતર રક્ષા કરે. (૬)*

**मा नो महान्तमुत मा नो अर्भकं मा न उक्षन्तमुत मा न उक्षितम्।**

**मा नो वधीः पितरं मोत मातरं मा नः प्रियास्तन्वो रुद्र रीरिषः॥ ७॥**

પદાર્થ : रुद्र-ન્યાયાધીશ દુષ્ટોને રડાવનાર સેનાપતિ नः-અમારામાંથી महान्तम्-વૃદ્ધ અને ભણેલા મનુષ્યોને मा, वधीः-મારો નહિ, उत-અને नः-અમારા अर्भकम्-બાળકને मा-મારો નહિ, नः-અમારા उक्षन्तम्-સ્ત્રી સંગ કરવામાં સમર્થ યુવાવસ્થા પૂર્ણ મનુષ્યથી માણસને मा-મારો નહિ उत्-અને नः-

અમારા उक्षितम्-વીર્ય સિંચનથી સ્થિત થયેલ ગર્ભને मा-મારો નહિ, नः-અમારા पितरम्-પાલક અને જનક પિતા વા ઉપદેશકને मा-મારો નહિ उत-અને मातरम्-માન, સન્માન તથા જનની માતા વા વિદુષી સ્ત્રીને मा-મારો નહિ, नः-અમારી प्रियाः-સ્ત્રી આદિના પ્રિય तन्वः-શરીરોને मा-મારો નહિ અને અન્યાયકારી દુષ્ટોને रीरिषः-મારો. (૭)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ ઈશ્વર પક્ષપાત છોડીને ધાર્મિકોને ઉત્તમ ફળ પ્રદાન દ્વારા સુખ આપે છે અને પાપીઓને પાપ (ના દુઃખરૂપ) ફળ પ્રદાન કરીને પીડા આપે છે, તેમ તમે પણ પ્રયત્ન કરો. (૭)*

**मा नस्तोके तनये मा न आयौ मा नो गोषु मा नो अश्वेषु रीरिषः।**
**वीरान्मा नो रुद्र भामितो वधीर्हविष्मन्तः सदमित्त्वा हवामहे॥ ८॥**

પદાર્થ : હે रुद्र-દુષ્ટોને રડાવનાર સભાપતિ ! हविष्मन्तः-જેના પ્રશંસાયુક્ત સંસારનો ઉપકાર કરવાનું કામો છે તે અમે જે કારણે सदम्-સ્થિર વર્તમાન જ્ઞાનને પ્રાપ્ત त्वाम्-इत्-આપને જ हवामहे-સ્વીકારીએ છીએ એથી भामितः-ક્રોધને પ્રાપ્ત આપ नः-અમારા तोके-સદ્ય ઉત્પન્ન બાળક વા तनये-બાળાઓથી જે ઉપર છે તે બાળકનો मा-रीरिषः-ઘાત કરો નહિ, नः-અમારા आयौ-જીવન વિષયમાં मा-હિંસા કરો નહિ, नः-અમારા गोषु-ગાય આદિના પશુસંઘાત = ધણનો मा-ઘાત કરો નહિ, नः-અમારા अश्वेषु-ઘોડાઓને मा-મારો નહિ, नः-અમારા वीरान्-વીરોને मा-वधीः-મારો નહિ. (૮)

*ભાવાર્થ : રાજપુરુષોએ ક્રોધિત થઈને કદીપણ અન્યાયથી કોઈની હત્યા કરવી નહિ. ગાય આદિ પશુઓની રક્ષા કરવી જોઈએ અને પ્રજાજનોએ રાજાના આશ્રયથી જ સદા આનંદિત રહેવું જોઈએ. સર્વએ મળીને ઈશ્વરને આ રીતે પ્રાર્થના કરવી જોઈએ, કે હે જગદીશ્વર ! આપની કૃપાથી અમે બાલ્યાવસ્થામાં વિવાહ આદિ કુકર્મોથી પુત્ર આદિનો વિનાશ કદી ન કરીએ અને પુત્ર આદિ પણ અમારાથી અપ્રિય આચરણ ન કરે; તથા સંસારના ઉપકારક ગાય આદિ પશુઓની અમે કદી હત્યા ન કરીએ. (૮)*

**उप ते स्तोमान्पशुपाइवाकरं रास्वा पितर्मरुतां सुम्नमस्मे।**
**भद्रा हि ते सुमतिर्मृळयत्तमाथा वयमव इत्ते वृणीमहे॥ ९॥**

પદાર્થ : હે मरुताम्-પ્રત્યેક ઋતુમાં યજ્ઞ કરાવનારી पितः-પાલના કરીને દુષ્ટોને રડાવનાર સભાપતિ ! हि-જે કારણે હું पशुपा इव-જેમ પશુઓના પાલક ચારનારા ગાય આદિ પશુઓથી દૂધ, દહીં, ઘૃત, છાસ આદિ લઈને પશુઓના સ્વામીને આપે છે, તેમ स्तेमान्-પ્રશંસનીય રત્નાદિ પદાર્થોને ते-આપને માટે उप, आ, अकरम्-આગળ કરું છું એ કારણે આપ अस्मे-મારા માટે सुम्नम्-સુખ रास्व-પ્રદાન કરો, अथ-તદનન્તર જે ते-આપની मृडयत्तमा-સર્વ પ્રકારની સુખ કરનારી भद्रा-કલ્યાણરૂપી सुमतिः-શ્રેષ્ઠ બુદ્ધિ અને જે ते-આપની अवः-રક્ષા કરનારી તે મતિ-બુદ્ધિ અને રક્ષા કરવાની वयम्-અમે જેમ वृणीमहे-સ્વીકાર કરીએ છીએ, इत्-તેમ આપ પણ અમારો સ્વીકાર કરો. (૯)

*ભાવાર્થ : પ્રજાજન રાજપુરુષોથી રાજનીતિને અને રાજપુરુષો પ્રજાજનોથી પ્રજા વ્યવહારને જાણીને,*

*જાણવા યોગ્ય વિષયોથી જાણકાર બનીને શાશ્વત ધર્મનો આશ્રય કરે. (૯)*

**आरे ते गोघ्नमुत पूरुषघ्नं क्षयद्वीर सुम्नमस्मे ते अस्तु।**

**मृळा च नो अधि च ब्रूहि देवाधा च नः शर्म यच्छ द्विबर्हाः॥ १०॥**

પદાર્થ : હે क्षयद्वीर-શૂરવીરજનોનો નિવાસ કરાવનાર અને देव-દિવ્ય સર્વોત્તમ કર્મ કરાવનાર વિદ્વાન્ સભાપતિ ! पुरुषघ्नम्-પુરુષોને મારવા च-અને गोघ्नम्-ગાય આદિ ઉપકારક પશુઓનો વિનાશ કરનારા પ્રાણીનું નિવારણ કરીને ते-આપના च-અને अस्मे-અમારા માટે सुम्नम्-સુખ अस्तु-થાઓ, अधा-તદનન્તર नः-અમને मृड-સુખી કરો च-અને હું આપને સુખ આપું આપ અમને अधिब्रूहि-અધિક ઉપદેશ આપો च-અને હું આપને અધિક ઉપદેશ કરું द्विबर्हाः-વ્યવહાર અને પરમાર્થની વૃદ્ધિ કરનાર આપ नः-અમારા માટે शर्म-ઘરનું સુખ यच्छ-પ્રદાન કરો च-અને આપના માટે હું સુખ આપું. સર્વ અમે ધર્માત્માઓની आरे-નિકટ અને દુરાચારીઓથી દૂર રહીએ. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રયત્ન-પૂર્વક પશુ ઘાતકોથી અને મનુષ્યોના હત્યારાઓથી દૂર નિવાસ કરવો જોઈએ તથા પોતાનાથી તેઓનો દૂર નિવાસ કરાવવો જોઈએ.*

*રાજા અને રાજપુરુષોએ પરસ્પર ઉપદેશ કરીને, સભા બનાવીને તથા રક્ષા કરીને વ્યવહાર અને પરમાર્થને સિદ્ધ કરવા જોઈએ. (૧૦)*

**अवोचाम नमो अस्मा अवस्यवः शृणोतु नो हवं रुद्रो मरुत्वान्।**

**तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ ११॥**

પદાર્થ : अवस्यवः-પોતાની રક્ષા ઇચ્છતા અમે अस्मै-એ માન કરવા યોગ્ય સભાધ્યક્ષને માટે नमः-"નમસ્તે" એવા વાક્યને अवोचाम-બોલે અને તે मरुत्वान्-બળવાન रुद्रः-વિદ્યાવાન સભાપતિ तन्-તે नः-અમારા हवम्-બોલવવા રૂપ પ્રશંસા વાક્યને शृणोतु-શ્રવણ કરે.

હે મનુષ્યો ! જે नः-અમારા "નમસ્તે" શબ્દને मित्रः-મિત્ર, वरुणः-શ્રેષ્ઠ વિદ્વાન્, अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत्-અને द्यौः-પ્રકાશની વૃદ્ધિ કરે છે અર્થાત્ ઉક્ત પદાર્થોને જાણનાર સભાપતિને વારંવાર "નમસ્તે" શબ્દ કહેતા તેને આપ मामहन्ताम्-વારંવાર પ્રશંસાયુક્ત કરે. (૧૧)

*ભાવાર્થ : પ્રજાજનોએ રાજાજનોને પ્રિય આચરણ નિત્ય કરવું જોઈએ અને રાજાઓએ પ્રજાજનોના વચન સાંભળવા જોઈએ. આ રીતે મળીને ન્યાયની વૃદ્ધિ કરીને અન્યાયનું નિવારણ કરવું જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં બ્રહ્મચારી, વિદ્વાન્, સભાધ્યક્ષ અને સભાસદ્ આદિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૪)

## સૂક્ત-૧૧૫

चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः।
आप्रा द्यावापृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! જે अनीकम्-નેત્રથી જોવામાં આવતો નથી તથા देवानाम्-વિદ્વાનો અને સર્વોત્તમ પદાર્થો વા मित्रस्य-મિત્રની સમાન વર્તમાન સૂર્ય વા वरुणस्य-આનંદદાયક જળ, ચંદ્રલોક અને પોતાની વ્યાપ્તિ આદિ પદાર્થો વા अग्नेः-વિદ્યુત્ આદિ અગ્નિ વા અન્ય સર્વ પદાર્થોને चित्रम्-અદ્‌ભુત चक्षुः-દર્શક છે, તે બ્રહ્મ उद्गात्-ઉત્કર્ષતાથી પ્રાપ્ત છે.

જે જગદીશ્વર सूर्यः-સૂર્યની સમાન જ્ઞાનનો પ્રકાશ કરનાર, વિજ્ઞાનથી પરિપૂર્ણ जगतः-જંગમ च-અને तस्थुषः-અન્તર્યામી અર્થાત્ જેણે જગતના आत्मा-અન્તર્યામી અર્થાત્ જેણે अन्तरिक्षम्-આકાશ, द्यावापृथिवी-પ્રકાશ અને ભૂમિ લોકને आ, अप्राः-સમ્યક્ રીતે પરિપૂર્ણ કરેલ છે અર્થાત્ જેને સ્વયં પૂર્ણ ભરેલ છે, તે પરમાત્માની તમે ઉપાસના કરો. (૧)

*ભાવાર્થ : જે પરિમાણવાળો પદાર્થ છે, તે પરમાત્મા ન હોઈ શકે. તે અવ્યક્ત, સર્વશક્તિમાન પરમેશ્વર સિવાય સમસ્ત જગતને ઉત્પન્ન કરી શકતો નથી અને સર્વવ્યાપક, સચ્ચિદાનંદ સ્વરૂપ, અનંત, અન્તર્યામી, ચરાચર જગતના આત્મા પરમેશ્વર વિના અન્ય કોઈ સંસારને ધારણ કરનાર, જીવોના પાપ-પુણ્યોના સાક્ષી અને તે અનુસાર જીવોને સુખ-દુ:ખ ફળ આપનાર અન્ય કોઈ નથી. એવા પરમેશ્વરની ઉપાસના વિના ધર્મ - અર્થ - કામ - મોક્ષ પ્રાપ્ત કરવા કોઈ જીવ = મનુષ્ય સમર્થ નથી. તેથી એ પરમેશ્વર ઉપાસના કરવા યોગ્ય સમર્થ નથી. તેથી એ પરમેશ્વર ઉપાસના કરવા યોગ્ય ઈષ્ટ દેવ છે, તેમ સર્વેએ માનવું જોઈએ. (૧)*

सूर्यो देवीमुषसं रोचमानां मर्यो न योषामभ्येति पश्चात्।
यत्रा नरो देवयन्तो युगानि वितन्वते प्रति भद्राय भद्रम्॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! જે ઈશ્વરે ઉત્પન્ન કરીને कक्षा-નિયમમાં સ્થાપિત કરેલ એ सूर्यः-સૂર્યમંડળ रोचमानाम्-રુચિ કરાવનાર देवीम्-અને સર્વ પદાર્થોને પ્રકાશિત કરનારી उषसम्-પ્રાતઃકાલની વેળાને તેના થવાના पश्चात्-પછી જેમ मर्यः-પતિ योषाम्-પોતાની સ્ત્રીને પ્રાપ્ત થાય છે, न-તેમ अभ्येति-સર્વત્રથી દોડી રહ્યો છે. यत्र-જે વિદ્યમાન સૂર્યમાં देवयन्तः-મનોહર ગતિથી સુંદર ગણિત વિદ્યાને જાણતા-જણાવતા नरः-જ્યોતિષ વિદ્યાના ભાવોને અન્યોની સમજમાં પહોંચાડનાર જ્યોતિષીજન युगानि-પાંચ-પાંચ સંવત્સરો-વર્ષોની ગણનાથી જ્યોતિષમાં યુગ વા સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગને જાણીને भद्राय-શ્રેષ્ઠ સુખને માટે भद्रम्-તે શ્રેષ્ઠ સુખના प्रति, वितन्वते-પ્રત્યે વિસ્તાર કરે છે, તે પરમેશ્વર સર્વને ઉત્પન્ન કરનાર છે, તેમ તમે જાણો. (૨)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! જે ઈશ્વરે સૂર્ય રચીને પ્રત્યેક બ્રહ્માંડની મધ્યમાં સ્થાપિત કરેલ છે, જેના*

*આશ્રયથી ગણિત આદિ સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે, તેનું સેવન આપ લોકો દ્વારા કેમ ન કરવામાં આવે ? (૨)*

**भद्रा अश्वा हरितः सूर्यस्य चित्रा एतग्वा अनुमाद्यासः।**

**नमस्यन्तो दिव आपृष्ठमस्थुः परि द्यावापृथिवी यन्ति सद्यः॥ ३॥**

પદાર્થ : भद्राः-સુખકારક अनुमाद्यासः આનંદદાયક ગુણથી પ્રશંસા યોગ્ય नमस्यन्तः-સત્કાર કરીને વિદ્વાનજન જે सूर्यस्य-સૂર્યલોકની चित्राः-અદ્ભુત અનેક વર્ણ एतग्वाः-એ પ્રત્યક્ષ પદાર્થોની પ્રાપ્ત થઈને अश्वाः-બહુ જ વ્યાપ્ત થનારા કિરણો हरितः-દિશા અને द्यावापृथिवी-આકાશ અને ભૂમિને सद्यः-શીઘ્ર परि, यन्ति-સર્વત્રથી પ્રાપ્ત થાય છે. दिवः-તથા પ્રકાશિત કરવા યોગ્ય પદાર્થોના पृष्ठम्-પાછળના ભાગ પર आ, अस्थुः-સમ્યક્ સ્થિર થાય છે, તેની વિદ્યાને ઉપકારમાં લાવો. (૩)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે, કે શ્રેષ્ઠ આપ્ત અધ્યાપકોની પાસે પહોંચીને તથા તેઓને નમસ્કાર કરીને, તેઓથી ગણિત આદિ ક્રિયા-કૌશલને ગ્રહણ કરીને, સૂર્ય સંબંધી વ્યવહારના અનુષ્ઠાનથી કાર્યની સિદ્ધિ કરે. (૩)*

**तत्सूर्यस्य देवत्वं तन्महित्वं मध्या कर्तोर्विततं सं जभार।**

**यदेदयुक्त हरितः सधस्थादाद्रात्री वासस्तनुते सिमस्मै॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! यदा-જ્યારે तत्-તે પ્રથમ મંત્રોક્ત सूर्यस्य-સૂર્યમંડળની मध्या-મધ્યમાં विततम्-વ્યાપ્ત બ્રહ્મ એ સૂર્યનો देवत्वम्-પ્રકાશની महित्वम्-મહાનતાને कर्तोः-અને કામને संजभार-સંહાર કરીને - અર્થાત્ પ્રલય સમયમાં સૂર્યના સમસ્ત વ્યવહારને હરી લે છે आत्-અને ફરી જ્યારે સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, ત્યારે સૂર્યને अयुक्त-યુક્ત અર્થાત્ ઉત્પન્ન કરીને નિયમ કક્ષામાં સ્થાપન કરે છે.

સૂર્ય सधस्थात्-એક સ્થાનથી हरितः-દિશાઓને પોતાના કિરણોથી વ્યાપ્ત થઈને सिमस्मै-સમસ્ત લોકને માટે वासः-પોતાના નિવાસનો तनुते-વિસ્તાર કરીને તથા જે બ્રહ્મના તત્ત્વથી रात्री-રાત્રિ થાય છે, तत्, इत्-તે બ્રહ્મની ઉપાસના તમે કરો અને તેને જગતના કર્તા જાણો. (૪)

*ભાવાર્થ : હે સજ્જનો ! જો કે સૂર્ય આકર્ષણ દ્વારા પૃથિવી આદિ પદાર્થોને ધારણ કરે છે, પૃથિવી આદિથી મહાન-મોટો પણ છે અને સર્વને પ્રકાશિત કરીને વ્યવહાર યુક્ત કરે છે, તેમ છતાં એ (સૂર્ય) પરમેશ્વર દ્વારા કરેલ ઉત્પાદન, ધારણ અને આકર્ષણ વિના ઉત્પન્ન થઈ શકતો નથી, ટકી શકતો નથી અને આકર્ષણ કરી શકતો નથી. એ ઈશ્વર વિના એવા લોકલોકાન્તરોનું નિર્માણ, ધારણ અને પ્રલય કરવામાં કોઈ સમર્થ બની શકતા નથી. (૪)*

तन्मित्रस्य वरुणस्याभिचक्षे सूर्यो रूपं कृणुते द्योरुपस्थे।
अनन्तमन्यद्रुशदस्य पाजः कृष्णमन्यद्धरितः सं भरन्ति॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેના સામર્થ્યથી मित्रस्य-પ્રાણ અને वरुणस्य-ઉદાનના अभिचक्षे-સન્મુખ દર્શન કરવા માટે द्यौः-પ્રકાશની उपस्थे-સમીપમાં રહેલ सूर्यः-સૂર્યલોક અનેક પ્રકારના रूपम्-પ્રત્યક્ષ જોવા યોગ્ય રૂપને कृणुते-પ્રકટ કરે છે.

अस्य-એ સૂર્યના अन्यत्-સર્વથી જુદા रुशत्-લાલ અગ્નિ સમાન સળગતા पाजः-બળ તથા રાત્રિના अन्यत्-જુદા कृष्णम्-કાળા-કાળા અંધકાર રૂપને हरितः-દિશા વિદિશા सं, भरन्ति-ધારણ કરે છે तत्-તે अनन्तम्-દેશ, કાળ અને વસ્તુના વિભાગથી શૂન્ય-રહિત પરબ્રહ્મનું સેવન કરો. (૫)

*ભાવાર્થ : જેના સામર્થ્યથી રૂપ, દિવસ, રાત્રિની પ્રાપ્તિના નિમિત્તભૂત સૂર્ય શ્વેત અને કાળા રૂપનો વિભાગ કર્તા થઈને દિવસ અને રાત્રિને ઉત્પન્ન કરે છે, તે અનન્ત બ્રહ્મને છોડીને કોઈ અન્યની ઉપાસના મનુષ્ય ન કરે, એમ વિદ્વાનોએ નિરંતર ઉપદેશ કરવો જોઈએ. (૫)*

अद्या देवा उदिता सूर्यस्य निरंहसः पिपृता निरवद्यात्।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः॥ ६॥

પદાર્થ : હે देवाः-વિદ્વાનો ! सूर्यस्य-સમસ્ત જગત્‌ના ઉત્પાદક જગદીશ્વરની ઉપાસનાથી उदिता-ઉદય અર્થાત્ સર્વ રીતે ઉત્કર્ષની પ્રાપ્તિમાં પ્રકાશમાન થયેલા તમે निः-નિરંતર अवद्यात-નિન્દિત अंहसः-પાપ આદિ કર્મોથી निष्पिपृत-નિર્ગત થાઓ અર્થાત્ પોતાના આત્મા, મન અને શરીર આદિને દૂર રાખો તથા જેને मित्रः-પ્રાણ, वरुणः-ઉદાન, अदितिः-અન્તરિક્ષ, सिन्धुः-સમુદ્ર, पृथिवी-પૃથિવી उत-અને द्यौः-પ્રકાશ આદિ પદાર્થ સિદ્ધ કરે છે तत्-તે વસ્તુ વા કર્મ नः-અમને સુખ આપે છે, તેને તમે अद्य-આજ मामहन्ताम्-વારંવાર પ્રશંસિત કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ પાપથી દૂર રહીને, ધર્મનું આચરણ કરીને તથા ઈશ્વરની ઉપાસના કરીને શાન્તિપૂર્વક ધર્મ-અર્થ-કામ-મોક્ષની પૂર્તિ કરવી જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં સૂર્ય શબ્દથી ઈશ્વર અને સૂર્યલોકના અર્થનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૫)

## સૂક્ત-૧૧૬

नासत्याभ्यां बर्हिरिव प्र वृञ्जे स्तोमाँ इयर्म्यभ्रियेव वातः।
यावर्भगाय विमदाय जायां सेनाजुवा न्यूहतू रथेन॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! नासत्याभ्याम्-સાચા પુણ્યાત્મા શિલ્પી = કારીગરે જોડેલ रथेन-વિમાનાદિ

રથથી यौ-જે सेनाजुवा-વેગપૂર્વક સેનાને ચલાવનારા બે સેનાપતિ अर्भगाय-નાના બાળક વા विमदाय-જેથી વિશેષ આનંદ થાય તે યુવાનને માટે जायाम्-સ્ત્રીની સમાન પદાર્થોને न्यूहतुः-નિરંતર એક દેશથી બીજા દેશમાં પહોંચાડે છે, તેમ સમ્યક્ યત્ન કરતા હું स्तोमान्-માર્ગને પાર કરવા માટે મોટા મોટા પૃથિવી, પર્વતો આદિને बर्हिरिव-જેમ વૃદ્ધિ પામેલા જળને તેમ प्र, वृञ्जे-છિન્ન-ભિન્ન કરતા તથા वातः-વાયુ જેમ अभ्रियेव-વાદળોને પ્રાપ્ત થાય, તેમ એક દેશમાં इयर्मि-જવું છું. (૧)

*ભાવાર્થ : યાનો-વાહનોમાં પ્રયુક્ત પૃથિવીથી બનેલા પદાર્થો તથા જળ અને અગ્નિ આદિ (પદાર્થો) શું શું અદ્દભુત્ કાર્ય સિદ્ધ નથી કરી શકતા ? (૧)*

वी॒ळु॒पत्म॑भिराशु॒हेम॑भिर्वा दे॒वानां॒ वा जू॒तिभिः॒ शाश॑दाना।
तद्रास॑भो नासत्या स॒हस्र॑मा॒जा य॒मस्य॑ प्र॒धने॑ जिगाय॥ २॥

પદાર્થ : હે शाशदाना-પદાર્થોને યથાયોગ છિન્ન-ભિન્ન કરનારા नासत्या-સત્ય સ્વભાવના સભાપતિ અને સેનાપતિ ? આપ જેમ वीडुपत्मभिः બળપૂર્વક પડતા અને आशुहेमभिः-શીઘ્ર પહોંચાડતા પદાર્થોથી वा-અથવા देवानाम्-વિદ્વાનોની जूतिभिः-જેને પોતાની ઈચ્છાનુકૂળ મળેલ કાર્ય સિદ્ધ થાય તે યુદ્ધની ક્રિયાઓથી वा-નિશ્ચયપૂર્વક પોતાના કાર્યોને નિરંતર તર્ક-વિતર્કથી સિદ્ધ કરો છો, તેમ तत्-તે આચરણ કરતા रासभः-કહેલ ઉપયોગને જે પ્રાપ્ત તે પૃથિવી આદિ પદાર્થ સમૂહની સમાન પુરુષ प्रधने-સર્વોત્તમ ગુણ જેમાં પ્રાપ્ત થાય તે आजा-સંગ્રામમાં यमस्य-સમીપ આવેલ મૃત્યુની સમાન શત્રુઓના सहस्त्रम्-અસંખ્ય વીરોને जिगाय-જીતે. (૨)

*ભાવાર્થ : જેમ અગ્નિ અને જળ વનમાં અથવા પૃથિવીમાં પ્રવિષ્ટ થઈને, તેને બાળી નાખે છે અથવા કાપી નાખે છે, તેમ અત્યંત વેગથી ઉત્પન્ન કરનારા વિદ્યુત્ આદિ (પદાર્થો) સિદ્ધ કરેલા શસ્ત્રાસ્ત્રોથી શત્રુઓને જીતવા જોઈએ. (૨)*

तुग्रो॑ ह भु॒ज्युम॑श्विनोदमे॒घे र॒यिं न कश्चि॑न्ममृ॒वाँ अवा॑हाः।
तमू॑हथुर्नौ॒भिरा॑त्म॒न्वती॑भिरन्तरिक्षप्रु॒द्भिरपो॑दकाभिः॥ ३॥

પદાર્થ : હે अश्विना-વાયુ અને વિદ્યુત્ સમાન બળવાન સેનાપતિઓ ! તમે तुग्रः-શત્રુઓને મારનાર સેનાપતિ શત્રુજનને મારવા માટે જે भुज्युम्-રાજ્યની પાલના કરનાર વા સુખ ભોગનાર પુરુષને उदमेघे-જેના જળોથી સંસાર સિંચવામાં આવે છે એ સમુદ્રમાં જેમ कश्चित्-કોઈ ममृवान्-મરતા रयिम्-ધનને છોડો, न-તેમ अवाहाः-છોડે છે. तम्-ह-તેને अपोदकाभिः-જેમાં જળ આવે - જાય છે. अन्तरिक्षप्रुभ्दिः-અવકાશમાં ચાલતી आत्मन्वतीभिः-અને પ્રંશસાયુક્ત વિચારવાળા ક્રિયા કરવામાં નિપુણ જેમાં વિદ્યમાન છે, તે नौभिः-નૌકાઓથી ऊहथुः-એક સ્થાનથી બીજા સ્થાનમાં પહોંચાડો. (૩)

*ભાવાર્થ : જેમ કોઈ મરણાસન્ન મનુષ્ય ધન, પુત્ર આદિના મોહથી વિરક્ત થઈને શરીરથી નીકળી*

*જાય છે, તેમ યુદ્ધના ઈચ્છુક વીરોએ અનુભવ કરવો જોઈએ.*

*જ્યારે મનુષ્ય બીજા દ્વીપોમાં સમુદ્રને પાર કરીને શત્રુ વિજય માટે જવા ઈચ્છે, ત્યારે દૃઢ, વિશાળ અંદર જળ પ્રવેશ આદિ દોષોથી રહિત, આત્મીયજનો સાથે વિરાજિત-બેસી અને શસ્ત્રાસ્ત્ર આદિ સાધન સામગ્રીથી સુશોભિત નૌકાઓની સાથે જાય. (૩)*

**तिस्रः क्षपस्त्रिरहातिव्रजद्भिर्नासत्या भुज्युमूहथुः पतङ्गैः।**

**समुद्रस्य धन्वन्नार्द्रस्य पारे त्रिभी रथैः शतपद्भिः षळश्वैः॥ ४॥**

પદાર્થ : હે नासत्या-સત્યથી પરિપૂર્ણ સભાપતિ અને સેનાપતિ ! તમે બન્ને तिस्रः-ત્રણ क्षपः-રાત્રિ अहा-ત્રણ દિવસ अतिव्रजभ्दिः-અત્યંત ચાલતા પદાર્થ पतङ्गैः-જે ઘોડા સમાન વેગવાન છે તેની સાથે વર્તમાન षडश्वैः-જેમાં શીઘ્ર લઈ જનારા છ કાળના ઘર વિદ્યમાન છે, તે शतपद्भिः-સેંકડો પગોની સમાન વેગયુક્ત त्रिभिः-ભૂમિ, અન્તરિક્ષ અને જળમાં ચાલનારા रथैः-રમણીય, સુંદર, મનોહર વિમાન આદિ રથોથી भुज्युम्-રાજ્યનું પાલન કરનારાઓએ समुद्रस्य-જેમાં સારી રીતે પરમાણુરૂપ જળ જાય છે, તે અન્તરિક્ષ વા धन्वन्-જેમાં બહુજ રેતી છે તે ભૂમિ વા आर्द्रस्य-કાદવયુક્ત જે સમુદ્ર તેઓની पारे-પાર त्रिः-ત્રણવાર ऊहथुः-પહોંચાડો. (૪)

*ભાવાર્થ : અહો ! મનુષ્ય જ્યારે ત્રણ દિવસ-રાતમાં સમુદ્ર આદિને પેલે પાર જશે અને આવશે, ત્યારે કોઈ પણ દુઃખ રહેશે ખરું ? કોઈ પણ નહિ. (૪)*

**अनारम्भणे तदवीरयेथामनास्थाने अग्रभणे समुद्रे।**

**यदश्विना ऊहथुर्भुज्युमस्तं शतारित्रां नावमातस्थिवांसम्॥ ५॥**

પદાર્થ : अश्विनौ-વિદ્યામાં વ્યાપ્ત થનારા સેનાપતિ અને સભાપતિ ! यत्-જે તમે બન્ને अनारम्भणे-જેમાં આવવા-જવાનો આરંભ, अनास्थाने-રહેવાનું સ્થાન અને अग्रभणे-ગ્રહણ - પકડવાનું નથી, તે समुद्रे-અન્તરિક્ષ વા સાગરમાં शतारित्राम्-જેમાં જળનો તાગ લેવા સો હલેસાં વા સો થાંભલાઓ લાગેલા રહે છે અને नावम्-જેને બાળતા વા પાઠવતા-મોકલતા તે નાવને વિદ્યુત્ અને વાયુના વેગની સમાન ऊहथुः-વહાવો અને अस्तम्-જેમાં દુઃખોને દૂર કરે તેવા ઘરમાં आतस्थिवांसम्-ધરેલ-રાખેલ भुज्यम्-ખાવા-પીવાના પદાર્થ સમૂહને अवीरयेथाम्-એક દેશથી બીજા દેશમાં લઈ જાઓ, तत्-તે તમારો અમે સદા સત્કાર કરીએ. (૫)

*ભાવાર્થ : રાજપુરુષોએ આધાર રહિત માર્ગમાં વિમાન આદિથી જવું જોઈએ. જ્યાં યોદ્ધાઓને યથાવત્ સંરક્ષિત કરવામાં આવતા નથી, ત્યાં સુધી શત્રુને જીતી શકાતા નથી.*

*જેમાં સો અરિત્ર = હલેસાં હોય છે, એવી અતિ વિશાળ નૌકા બનાવી શકાય છે. આ મંત્રમાં 'શત' શબ્દ અસંખ્યાવાચી પણ લઈ શકાય છે. તેથી અતિ વિશાળ નૌકાનું વિધાન અહીં પ્રતીત થાય*

*છે. મનુષ્ય જેવડી (મોટી) નૌકા બનાવી શકે એવડી (મોટી) નૌકા બનાવવી જોઈએ. આ રીતે શીઘ્ર જવાના સ્વભાવવાળા મનુષ્ય ભૂમિ અને અન્તરિક્ષમાં જવા-આવવા યોગ્ય અન્ય યાન પણ બનાવે. (૫)*

यमश्विना ददथुः श्वेतमश्वमघाश्वाय शश्वदित्स्वस्ति।
तद्वां दात्रं महि कीर्त्तेन्यं भूत्पैद्वो वाजी सदमिद्धव्यो अर्यः॥ ६ ॥

પદાર્થ : હે अश्विना-જળ અને પૃથિવીની સમાન શીઘ્ર સુખદાયક સભા-સેનાપતિ ! તમે બન્ને अधाश्वाय-જે ન મારવા યોગ્ય અને શીઘ્ર પહોંચાડનાર છે, તે વૈશ્યને માટે यम्-જે श्वेतम्-સારી રીતે વધેલ अश्वम्-માર્ગમાં વ્યાપ્ત પ્રકાશમાન વિદ્યુત્‌રૂપ અગ્નિને ददथुः-આપો છો તથા જેથી शश्वत्-નિરંતર स्वस्ति-સુખને પ્રાપ્ત કરીને वाम्-તમે બન્નેની कीर्त्तेन्यम्-કીર્તિને માટે महि-મોટા રાજપદ दात्रम्-અને આપવા યોગ્ય इत्-જ પદાર્થને ગ્રહણ કરી पैद्धः-સુખથી લઈ જનાર वाजी-સમ્યક્ જ્ઞાનવાન પુરુષ તે सदम्-જેમાં બેસે છે તે રથને રચીને अर्यः-વણિકજન (વાણીયા) हव्यः-પદાર્થોને લેવા યોગ્ય भूत्-થાય છે. तत्, इत्-તે પૂર્વોક્ત વિમાન આદિને બનાવો. (૬)

*ભાવાર્થ : જે સભાપતિ અને સેનાપતિ વેપારીઓની રક્ષા કરીને તથા તેને યાનો-વાહનો પર બેસાડીને દ્વીપ-દ્વીપાન્તરમાં મોકલે, તે બન્ને લક્ષ્મી સંપન્ન બનીને સુખી થાય છે. (૬)*

युवं नरा स्तुवते पज्रियाय कक्षीवते अरदतं पुरन्धिम्।
कारोतराच्छफादश्वस्य वृष्णः शतं कुम्भाँ असिञ्चतं सुरायाः॥ ७॥

પદાર્થ : હે नरा-વિનયને પ્રાપ્ત સભાપતિ અને સેનાપતિ ! युवम्-તમે બન્ને पज्रियाय-પદોમાં પ્રસિદ્ધ થનારા कक्षीवते-પ્રશસ્ત શાસનયુક્ત અને स्तुवते-સ્તુતિ કરતા વિદ્યાર્થીને માટે पुरन्धिम्-બહુ જ પ્રકારની બુદ્ધિ અને સારા માર્ગને अरदतम्-ચિંતાઓ તથા वृष्णः-બળવાન अश्वस्य-ઘોડાની સમાન અગ્નિ સંબંધી કલા ઘરના कारोतरात्-જેથી વ્યવહારોને કરીને શિલ્પીજનો તર્કની સાથે પાર થાય છે, તે शफात्-ખરીની સમાન જળ સિંચવાના સ્થાનથી सुरायाः-ખેંચેલા રસથી ભરેલ शतम्-સો कुम्भान्-ઘડાઓ લઈને असिञ्चतम्-સિંચન કરો. (૭)

*ભાવાર્થ : આપ્ત અધ્યાપક પુરુષ-યુગલ જે શાન્તિ આદિ ગુણોથી યુક્ત સજ્જન વિદ્યાર્થીને માટે, શિલ્પકાર્ય-હેતુ હસ્તક્રિયાથી યુક્ત બુદ્ધિને ઉત્પન્ન કરે છે, તે (વિદ્યાર્થી) ઉત્તમ શિલ્પી બનીને યાનોની રચના કરી શકે છે.*

*શિલ્પીજન જે યાનમાં જળ સંસ્થાપિત કરીને અને તેની નીચે અગ્નિ પ્રજ્વલિત કરીને (જળ) વરાળથી યાન ચલાવે છે તે (યાન)થી તેઓ - જેમ કોઈ ઘોડાઓથી તેમ - વિદ્યુત્ આદિ પદાર્થોથી શીઘ્ર અન્ય દેશમાં જઈ શકે છે. (૭)*

हिमेनाग्निं घ्रंसमवारयेथां पितुमतीमूर्जमस्मा अधत्तम्।

ऋ॒बीसे॒ अत्रि॑माश्विनाव॑नीतमुन्नि॑न्यथुः सर्व॑गणं स्व॒स्ति॥ ८॥

પદાર્થ : હે अश्विना-યજ્ઞાનુષ્ઠાન કરનારા પુરુષો ! તમે બન્ને हिमेन-શીતલ જળથી अग्निम्-અગ્નિ અને घ्रंसम्-રાત્રિની સાથે દિવસને अवारयेथाम्-નિર્વારો અર્થાત્ વિનાવો अस्मै-એ માટે पितुमतीम्-પ્રશંસિત અન્નયુક્ત ऊर्जम्-બળ રૂપી નીતિને अधत्तम्-પુષ્ટ કરો અને ऋबीसे-દુઃખથી જેની આભા જતી રહી તે વ્યવહારમાં अत्रिम्-ભોગવનારા अवनीतम्-પશ્ચાત્ પ્રાપ્ત કરીને सर्वगणम्-જેમાં સમસ્ત ઉત્તમ પદાર્થોનો સમૂહ છે, તે स्वस्ति-સુખની उन्निन्यथुः-ઉન્નતિ કરો. (૮)

*ભાવાર્થ : વિદ્વાનોએ આ સંસારના ઉપકાર માટે યજ્ઞ શોધિત જળથી તથા વનોના સંરક્ષણથી પરિતાપ = ઉષ્ણતાનું નિવારણ કરવું જોઈએ. સારી રીતે તૈયાર કરેલ અન્નથી બળ ઉત્પન્ન કરવું જોઈએ અને યજ્ઞના અનુષ્ઠાનથી ત્રણે પ્રકારના દુઃખોનું નિવારણ કરીને સુખની વૃદ્ધિ કરવી જોઈએ. (૮)*

परा॑व॒तं ना॑सत्यादेथामु॒च्चाबु॒ध्नं च॑क्रथुर्जि॒ह्मबा॑रम्।

क्षर॒न्नापो॒ न पा॒यना॑य रा॒ये स॒हस्रा॑य तृष्य॑ते गोत॑मस्य॥ ९॥

પદાર્થ : હે नासत्या-અગ્નિ અને વાયુ સમાન વર્તમાન સભાપતિ અને સેનાધિપતિ ! તમે બન્ને जिह्मवारम्-જેની કુટિલ વરણ અને उच्चाबुध्नम्-તેથી જેમાં ઊંચું અન્તરિક્ષ અર્થાત્ અવકાશ છે તે રથ આદિને अवतम्-રાખો અને અનેક કામોની સિદ્ધિ चक्रथुः-કરો અને તેને યથાયોગ્ય વ્યવહારમાં परा, अनुदेथाम्-પ્રેરિત કરો, જે गोतमस्य-અત્યંત સ્તુતિ કરનારાઓના રથ આદિ ઉપર तृष्यते-તરસ્યાને માટે पायनाय-પીવા માટે आपः-વરાળ રૂપ જન જેમ क्षरन्-પડે છે, न-તેમ सहस्राय-અસંખ્ય राये-ધનને માટે અર્થાત્ ધન આપવા માટે પ્રસિદ્ધ થાય છે, તેવા રથ આદિને બનાવો. (૯)

*ભાવાર્થ : શિલ્પીઓ વિમાન આદિ યાનોમાં પ્રચુર માત્રામાં મધુર જળ રાખવા માટે કુંડ બનાવીને અગ્નિથી સંચાલિત કરીને, તેમાં ઉપકરણ અને સામગ્રી ભરીને, અન્ય દેશમાં જઈને તથા અસંખ્ય ધન પ્રાપ્ત કરીને પરોપકાર કરવો જોઈએ. (૯)*

जु॒जु॒रुषो॑ नासत्यो॒त व॒व्रिं प्रामु॑ञ्चतं द्रा॒पिमि॑व च्यवा॑नात्।

प्राति॑रतं जहि॒तस्यायु॑र्दस्रादित्पति॑मकृणुतं क॒नीना॑म्॥ १०॥

પદાર્થ : હે नासत्या-રાજસભા અને ધર્મસભાના પતિ ! તમે બન્ને च्यवानात्-પલાયમાનના द्रापिमिव-કવચની સમાન वव्रिम्-સમ્યક્ વિભાગ કરનારાને प्रामुञ्चतम्-સારી રીતે દુઃખથી પૃથક્ કરો, उत-અને जुजुरुषः-વૃદ્ધ વિદ્યાવાન શાસ્ત્રજ્ઞ અધ્યાપકથી कनीनाम्-યુવાનીથી તેજ ધારિણી બ્રહ્મચારિણી કન્યાઓને શિક્ષા अकृणुतम्-કરો, आत्-તદનન્તર નિયત સમયની પ્રાપ્તિમાં તેમાંથી એક-એક इत्-જ ના એક એક पतिम्-રક્ષક પતિ કરો.

હે दस्रा-વૈદ્યોની સમાન પ્રાણ આપનારા ! जहितस्य-ત્યાગીની आयुः-જીવનને प्रातिरतम्-સારી રીતે પાર કરીને પહોંચાડો. (૧૦)

*ભાવાર્થ : રાજપુરુષો અને ઉપદેશકોએ દાતાઓનું દુઃખ નષ્ટ કરવું જોઈએ, વિદ્યામાં પ્રવૃત્ત કુમાર અને કુમારીઓની રક્ષા કરીને, તેઓને વિદ્યા અને સુશિક્ષા અપાવવી જોઈએ. બાલ્યાવસ્થા અર્થાત્ પચ્ચીસમાં વર્ષ પૂર્વ પુરુષનાં અને સોળમાં વર્ષ પૂર્વ સ્ત્રીઓના વિવાહનું નિવારણ કરીને - રોકીને, ત્યાર પછી અડતાલીસમાં વર્ષ સુધી પુરુષનો તથા ચોવીસમાં વર્ષ સુધી સ્ત્રીનો સ્વયંવર વિવાહ કરાવીને સર્વના આત્મા અને શરીરનાં બળની વૃદ્ધિ કરવી જોઈએ. (૧૦)*

**तद्वां नरा शंस्यं राध्यं चाभिष्टिमन्नासत्या वरूथम्।**

**यद्विद्वांसा निधिमिवापगूढमुद्दर्शतादूपथुर्वन्दनाय॥ ११॥**

પદાર્થ : હે नराः-ધર્મની પ્રાપ્તિ, नासत्या-અને સદા સત્યનું પાલન તથા विद्वांसा-સમસ્ત વિદ્યાના જ્ઞાતા ધર્મરાજ, સભાપતિ વિદ્વાનો ! वाम्-તમારા બન્નેના यत्-જે शंस्यम्-પ્રશંસનીય च-અને राध्यम्-સિદ્ધ કરવા યોગ્ય, अभिष्टिमत्-જેમાં ઈચ્છિત સુખ છે, वरूथम्-જે સ્વીકાર કરવા યોગ્ય, अपगूढम्-જેમાં ગુપ્ત-ધન અલગ થઈ ગયું એવું જે પૂર્વોક્ત ગૃહાશ્રમ સંબંધી કર્મ છે. तत्-તેને निधिमिव-ધનના ભંડાર ની સમાન दर्शतात्-દેખાવા રૂપથી वन्दनाय-સર્વત્રથી સત્કાર કરવા યોગ્ય સંતાન અને પ્રશંસાને માટે उत्, ऊपथुः-ઊંચ્ચ શ્રેણીને પહોંચાડો અર્થાત્ ઉન્નતિ કરો. (૧૧)

*ભાવાર્થ : હે મનુષ્યો વિદ્યારૂપી ભંડારથી વધીને સુખદાયક ધન તમે બીજા કોઈને જાણો નહિ. એ કર્મ વિના ઈચ્છિત સંતાન અને સુખ પ્રાપ્ત કરી શકતા નથી અને સમીક્ષા (સત્યાસત્યના વિચાર) વિના વિદ્યાની વૃદ્ધિ થઈ શકતી નથી, એમ જાણો. (૧૧)*

**तद्वां नरा सनये दंस उग्रमाविष्कृणोमि तन्यतुर्न वृष्टिम्।**

**दध्यङ्ह यन्मध्वाथर्वणो वामश्वस्य शीष्णा प्र यदीमुवाच॥ १२॥**

પદાર્થ : હે नरा-સુનીતિયુક્ત સભાપતિ અને સેનાપતિ ! वाम्-તમે બન્નેથી दध्यङ्-વિદ્યા ધર્મને ધારણ કરનારાઓનો આદર કરનાર आथर्वणः-રક્ષા કરનારનું સંતાન હું सनये-સુખનું સમ્યક્ સેવન કરવા માટે જેમ तन्यतुः-વિદ્યુત્ वृष्टिम्-વર્ષાને, न-તેમ यत्-જે उग्रम्-ઉત્કૃષ્ટ दंसः-કર્મને आविष्कृणोमि-પ્રકટ કરું છું, જે यत्-વિદ્વાન वाम्-તમારા બન્નેને માટે અને મારા માટે अश्वस्य-શીઘ્ર ગમનકારક પદાર્થના शीष्णा-શિરની સમાન ઉત્તમ કામથી मधु-મધુર ईम्-શાસ્ત્રના બોધને ह-प्रोवाच-કહે तत्-તેને તમે બન્ને લોકમાં નિરંતર પ્રકટ કરો. (૧૨)

*ભાવાર્થ : જેમ વર્ષા વિના કોઈને સુખ થતું નથી, તેમ વિદ્વાન અને વિદ્યા વિના સુખ તથા બુદ્ધિની વૃદ્ધિ અને તેના વિના ધર્મ આદિ પદાર્થ સિદ્ધ થતા નથી. તેથી એ કર્મો મનુષ્યોએ સદા કરવા જોઈએ. (૧૨)*

**अजोहवीन्नासत्या करा वां महे यामन्पुरुभुजा पुरन्धिः।**

**श्रुतं तच्छासुरिव वध्रिमत्या हिरण्यहस्तमश्विनावदत्तम्॥ १३॥**

પદાર્થ : હે नासत्या-અસત્ય અજ્ઞાનના વિનાશથી સત્યનો પ્રકાશ કરનાર, पुरुभुजा-બહુજ આનંદોને

ભોગવવા તથા अश्विनौ-શુભગુણ અને વિદ્યામાં વ્યાપ્ત થનારા અધ્યાપકો ! જે पुरन्धिः-બહુ વિદ્યાયુક્ત વિદ્વાન वध्रिमत्याः-જેની પ્રશંસિત વૃદ્ધિ છે, તે ઉત્તમ સ્ત્રીના करा-કર્મ કરતા બે પુત્રોને महे-અત્યંત यामन्- સુખ ભોગવવા માટે अजोहवीत्-નિરંતર ગ્રહણ કરે; અને वाम्-તમારા બન્નેના જે श्रुतम्-સાંભળેલા तत्-તેના शासुरिव-જેમ પૂર્ણ વિદ્યા ભણાવનારથી શિષ્ય ગ્રહણ કરે, તેમ નિરંતર ગ્રહણ કરે, તેઓ તમે બન્ને વિદ્યા ઇચ્છુક સર્વ જનોને માટે જે એમ છે કે हिरण्यहस्तम्-જેના હાથમાં સુવર્ણ આવે છે તે ભણેલા, શીખેલા બોધને अदत्तम्-નિરંતર આપો. (૧૩)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! જેમ વિદ્વાન પુરુષ વિદુષી સ્ત્રીનું પાણિગ્રહણ-વિવાહ કરીને ગૃહાશ્રમમાં વ્યવહારને સિદ્ધ કરે છે, તેમ આપ બુદ્ધિમાન વિદ્યાર્થીઓનો સંગ્રહ કરીને, વિદ્યાનો પૂર્ણ પ્રચાર કરો અને જેમ ભણનાર-વિદ્યાર્થી, અધ્યાપકથી વિદ્યાનો સંગ્રહ કરીને આનંદિત થાય છે, તેમ વિદ્વાન સ્ત્રી-પુરુષ પોતાનાં તથા અન્યોનાં સંતાનોને સુશિક્ષાપૂર્વક વિદ્યા પ્રદાન કરીને પ્રસન્ન થાય. (૧૩)*

आस्नो वृकस्य वर्तिकामभीके युवं नरा नासत्यामुमुक्तम्।
उतो कविं पुरुभुजा युवं ह कृपमाणमकृणुतं विचक्षे॥ १४॥

પદાર્થ : पुरुभुजा-બહુજનોને સુખનો ભોગ કરાવનાર नासत्या-અસત્યથી પૃથક્ રહેનાર नरा-અને સુખોને પહોંચાડનારા સભાપતિ અને સેનાપતિઓ ! युवम्-તમે બન્ને अभीके-ઇચ્છિત વ્યવહારમાં वृकस्य-વરુના आस्नः-મુખથી वर्तिकाम्-બટેર પક્ષીની સમાન સર્વ મનુષ્યોને અવિદ્યાજન્ય દુઃખથી अमुमुक्तम्-છોડાવો; उतो-અને ह-પણ युवम्-તમે બન્ને સર્વ વિદ્યાઓને विचक्षे-વિખ્યાત કરવા માટે कृपमाणम्-કૃપા કરનારા कविम्-વિદ્યાના પારંગત પુરુષને अकृणुतम्-સિદ્ધ કરો. (૧૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, સુખ પરિણામવાળા અને સર્વના અભિલાષિત વિદ્યા ગ્રહણ નામક વ્યવહારમાં સર્વ જનોને પ્રવૃત્ત કરીને, દુઃખ રૂપી ફળ આપનાર અન્યાયયુક્ત કર્મથી તેને દૂર કરીને તથા સર્વ પ્રાણીઓની ઉપર દયા કરીને તેઓને સુખી કરવા જોઈએ. (૧૪)*

चरित्रं हि वेरिवाच्छेदि पर्णमाजा खेलस्य परितक्म्यायाम्।
सद्यो जङ्घामायसीं विश्पलायै धने हिते सर्त्तवे प्रत्यधत्तम्॥ १५॥

પદાર્થ : હે સભાપતિ અને સેનાપતિ ! તમે બન્નેથી आजा-સંગ્રામમાં परितक्म्यायाम्-રાત્રિમાં खेलस्य-શત્રુના ખંડના चरित्रम्-સ્વાભાવિક ચરિત્ર અર્થાત્ શત્રુજનોની જુદી-જુદી બનેલી ટુકડીઓની ચાલાકીઓ वेरिव-ઉડતા પંખીની જેમ पर्णम्-પંખો કાપવામાં આવે, તેમ सद्यः-શીઘ્ર अच्छेदि-છિન્ન-ભિન્ન કરવામાં આવે તથા તમે हिते-સુખવર્ધક धने-સુવર્ણ આદિ ધનને નિમિત્ત विश्पलायै-પ્રજાજનોને સુખદાયક નીતિને માટે आयसीम्-લોખંડના વિકારથી બનેલી जङ्घाम्-જેથી મારે છે તેની ખાલને सर्त्तवे-શત્રુઓ પર જવા અર્થાત્ ચડાઈ કરવા માટે हि-જે प्रत्यधत्तम्-પ્રત્યક્ષ ધારણ કરો. (૧૫)

*ભાવાર્થ : પ્રજાપાલનમાં સંલગ્ન શ્રેષ્ઠ રાજા આદિ જનોએ પક્ષીની પાંખોની સમાન દુષ્ટોના પગોને યુદ્ધમાં કાપી નાખવા જોઈએ. શસ્ત્રાસ્ત્રોને ધારણ કરીને પ્રજાઓનું પાલન કરવું જોઈએ. કારણ કે પ્રજાથી*

*જે 'કર' લેવામાં આવે છે, તેનો પ્રત્યુપકાર 'તેઓની રક્ષા કરવી' એ જ છે. એમ સમજવું જોઈએ. (૧૫)*

शतं मेषान्वृक्ये चक्षदानमृज्राश्वं तं पितान्धं चकार।
तस्मा अक्षी नासत्या विचक्ष आधत्तं दस्रा भिषजावनर्वन्॥ १६॥

પદાર્થ : જે વૃક્યે-વૃકી અર્થાત્ ચોરની સ્ત્રીને માટે શતમ્-સેંકડો મેષાન્-ઈર્ષા કરનારાને આપવા વા જે એવો ઉપદેશ કરવો અને જે ચોરોમાં સરળ ઘોડાવાળા છે તમ્-તે ચક્ષદાનમ્-સ્પષ્ટ ઉપદેશ કરનાર વા ऋज्राश्वम्-સરળ ઘોડાવાળાને પિતા પ્રજાજનોનું પાલન કરનાર રાજા જેમ अन्धम्-આંધળો દુઃખી થાય, તેમ દુઃખી चकार-કરે.

હે नासत्या-સત્યની સાથે વર્તાવ રાખનાર અને दस्रा-રોગનાશક ધર્મ રાજ અને સભાપતિ भिषजौ-વૈદ્યજનોની સમાન વર્તાવ રાખનારા ! તમે બન્ને જે આજ્ઞાની, કુમાર્ગગામી, વ્યભિચારી અને રોગી છે, तस्मै-તે अनर्वन्-અજ્ઞાનીને માટે विचक्षे-અનેક વિધ જોવાને अक्षी-વ્યવહાર અને પરમાર્થ વિદ્યારૂપી નેત્રોને आ, अधत्तम्-સારી રીતે પોઢી (= પુષ્ટ) કરો. (૧૬)

*ભાવાર્થ : સભાપતિ સહિત રાજા હિંસક, ચોર અને લંપટ મનુષ્યોને કારાગૃહમાં અંધ સમાન બનાવીને તથા ઉપદેશ અને વ્યાવહારિક શિક્ષા દ્વારા તેને ધાર્મિક બનાવીને, ધર્મ અને વિદ્યાનો પ્રેમી બનાવે તથા પથ્ય અને ઔષધિ પ્રદાન દ્વારા નીરોગી કરે. (૧૬)*

आ वां रथं दुहिता सूर्यस्य कार्ष्मेवातिष्ठदर्वता जयन्ती।
विश्वे देवा अन्वमन्यन्त हृद्भिः समु श्रिया नासत्या सचेथे॥ १७॥

પદાર્થ : હે नासत्या-સમ્યક્ વિજ્ઞાનનો પ્રકાશ કરનારા સભા અને સેનાપતિજનો ! सूर्यस्य-સૂર્યની दुहिता-જે ઉપદેશમાં હિત કરનારી કન્યા જેવી કાન્તિ પ્રભાતવેળા અને कार्ष्मेव-કાષ્ઠ આદિ પદાર્થોની સમાન वाम्-તમારી जयन्ती-શત્રુઓને જીતનારી સેના अर्वता-ઘોડા જોડેલા रथम्-રથને आ, अतिष्ठत्-સ્થિત થાય અર્થાત્ રથ પર સ્થિત થાય વા જેને विश्वे-સમસ્ત देवाः-વિદ્વાનો हृद्भिः-પોતાનાં ચિત્તથી अनु, अमन्यन्त-અનુમાન કરે તેને उ-જો श्रिया-શુભ લક્ષણયુક્ત લક્ષ્મી અર્થાત્ શ્રેષ્ઠ ધનથી યુક્ત સેનાને તમે सं, सचेथे-સમ્યક્ એકત્ર કરો. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! સમસ્ત વિદ્વાનો દ્વારા પ્રશંસિત અને શસ્ત્રાસ્ત્ર, વાહન તથા ઉપકરણ આદિથી યુક્ત લક્ષ્મી સંપન્ન ધર્મયુક્ત ન્યાયને પ્રકાશિત કરો. (૧૭)*

यदयातं दिवोदासाय वर्तिर्भरद्वाजायाश्विना हयन्ता।
रेवदुवाह सचनो रथो वां वृषभश्च शिंशुमारश्च युक्ता॥ १८॥

પદાર્થ : હે हयन्ता-ચાલનાર, युक्ता-યોગાભ્યાસ કરનાર અને अश्विना-શત્રુસેના વ્યાપ્ત થનાર સભા અને સેનાના પતિઓ ! તમે બન્ને दिवोदासाय-ન્યાય અને વિદ્યા પ્રકાશના દાતા भरद्वाजाय-

જેના પુષ્ટ થઈને પુષ્ટિમાન વેગવાળા યોદ્ધા છે, તેને માટે यत्-જે वर्त्तिः-વર્તમાન रेवत्-અત્યંત ધનયુક્ત ગૃહ આદિ વસ્તુને अयाताम्-પ્રાપ્ત થાઓ च-અને જે वाम्-તમારા બન્નેના वृषभः-વિજયની વર્ષા કરનાર शिंशुमारः-જેથી ધર્મનું ઉલ્લંઘન કરનારનો વિનાશ કરે છે, જે सचनः-સમસ્ત પોતાની સેનાના અંગોથી યુક્ત रथः-મનોહર વિમાનાદિ રથ તેમને ઈચ્છિત સ્થાનમાં उवाह-પહોંચાડે છે, તેની च-તથા ઉક્ત ગૃહ આદિની રક્ષા કરો. (૧૮)

*ભાવાર્થ : રાજા આદિ રાજપુરુષોએ સર્વ પોતાની સામગ્રી ન્યાયપૂર્વક રાજ્યપાલનના માટે જ સંગ્રહિત કરવી જોઈએ. (૧૮)*

रयिं सुक्षत्रं स्वपत्यमायुः सुवीर्यं नासत्या वहन्ता।
आ जह्नावीं समनसोप वाजैस्त्रिरह्नो भागं दधतीमयातम्॥ १९॥

પદાર્થ : હે समनसा-સમાન વિજ્ઞાનયુક્ત, वहन्ता-શ્રેષ્ઠ સુખને પ્રાપ્ત થયેલ, नासत्या-સત્ય ધર્મપાલક સેનાપતિ અને સભાપતિ ! તમે બન્ને સનાતન ન્યાયના સેવનથી रयिम्-ધન સમૂહ, सुक्षत्रम्-શ્રેષ્ઠ રાજ્ય, स्वपत्यम्-શ્રેષ્ઠ સંતાન, आयुः-દીર્ઘાયુ सुवीर्य-શ્રેષ્ઠ પરાક્રમને તથા वाजैः-જ્ઞાન વા વેગયુક્ત નોકરોની સાથે વર્તમાન जह्नावीम्-છોડવા યોગ્ય શત્રુઓની સેનાની વિરોધી એ સેનાને તથા अह्नः-દિવસના भागम्-સેવન યોગ્ય વિભાગ અર્થાત્ સમયને તથા त्रिः-ત્રણવાર दधतीम्-ધારણ કરતી સેનાની उप, आ, आयातम्-સમીપ સમ્યક્ પ્રાપ્ત થાઓ. (૧૯)

*ભાવાર્થ : વિદ્યા, સત્ય અને ન્યાયના સેવન વિના કોઈપણ મનુષ્ય એ ધન આદિને પ્રાપ્ત કરીને તથા રાખીને સુખ પ્રાપ્ત કરી શકતો નથી, તેથી ધર્મનાં સેવનથી જ રાજ્ય આદિ પ્રાપ્ત કરી શકાય છે. (૧૯)*

परिविष्टं जाहुषं विश्वतः सीं सुगेभिर्नक्तमूहथू रजोभिः।
विभिन्दुना नासत्या रथेन वि पर्वताँ अजरयू अयातम्॥ २०॥

પદાર્થ : હે नासत्या-સત્ય ધર્મનું પાલન કરનારા સભા અને સેનાધીશો ! તમે બન્ને જેમ अजरयू-જીર્ણતા આદિ દોષોથી રહિત સૂર્ય અને ચંદ્રમા सुगेभिः-સુખ ગમન માર્ગ અને रजोभिः-લોકોની સાથે नक्तम्-રાત્રિ અને पर्वतान्-મેઘ વા પહાડોને યથાયોગ્ય વ્યવહારોમાં લાવે છે, તેમ विभिन्दुना-વિવિધ રીતે છિન્ન-ભિન્ન કરનારા रथेन-રથથી સેનાને યથાયોગ્ય કાર્યમાં ऊहथुः-પહોંચાડો, विश्वतः-સર્વત્રથી सीम्-મર્યાદાને परिविष्टम्-વ્યાપ્ત થાઓ, जाहुषम्-પ્રાપ્ત થવા યોગ્ય નગર આદિના રાજ્યને પ્રાપ્ત કરીને પર્વતની સમાન શત્રુઓને वि, अयातम्-વિભેદ કરીને પ્રાપ્ત થાઓ. (૨૦)

*ભાવાર્થ : જેમ રાજસભાના સદસ્યો ધર્મયુક્ત માર્ગોથી (ઉપાયોથી) રાજ્ય પ્રાપ્ત કરીને કિલ્લાઓ તથા પર્વત આદિમાં પણ રહેનારા શત્રુઓને વશમાં કરીને પોતાના પ્રભાવને પ્રકાશિત કરે છે, તેમ સૂર્ય અને ચંદ્રમા પૃથિવી પર સ્થિત પદાર્થોને પ્રકાશિત કરે છે. જેમ એ (સૂર્ય અને ચંદ્રમા) ઉપસ્થિત*

*ન રહેતા અંધકાર વ્યાપી જાય છે, તેમ એ (રાજસભાસદો)ના અભાવમાં અન્યાય રૂપ અંધકાર પ્રવૃત્ત થઈ જાય છે. (૨૦)*

एकस्या वस्तोरावतं रणाय वशमश्विना सनये सहस्रा।

निरहतं दुच्छुना इन्द्रवन्ता पृथुश्रवसो वृषणावरातीः॥ २१॥

પદાર્થ : હે वृषणौ-શસ્ત્રાસ્ત્રની વર્ષા કરનારા, इन्द्रवन्ता-બહુ જ ઐશ્વર્યયુક્ત, अश्विना-સૂર્ય અને ચંદ્રમાની સમાન સભા અને સેનાના અધીશો दुच्छुनाः-જેથી સુખ નીકળી ગયેલ તે શત્રુ સેનાઓને જેમ અંધકાર અને મેઘોની સૂર્ય જીતે છે, તેમ एकस्याः-એક સેનાના रणाय-સંગ્રામને માટે જે મોકલવી છે તેથી वस्तोः-એક દિવસની વચ્ચે आवतम्-પોતાની સેનાનો વિજયને ઇચ્છો અને તે સેનાઓને પોતાના वशम्-વશમાં કરીને सहस्रा-सनये હજારો ધનાદિ પદાર્થો ભોગવવા માટે पृथुश्रवसः-જેના પુષ્કળ અન્ન આદિ પદાર્થ છે અને अरातीः-જે કોઈને સુખ ન આપતી તે શત્રુ સેનાઓને निरहतम्-નિરંતર મારો. (૨૧)

*ભાવાર્થ : જેમ સૂર્ય અને ચંદ્રમાના ઉદયથી અંધકાર દૂર થતાં સર્વ પ્રાણીઓ આનંદિત થાય છે, તેમ ધર્મયુક્ત વ્યવહારના કારણે શત્રુઓ અને અધર્મ દૂર થતાં ધાર્મિકજનો સુરાજ્યમાં સુખી થાય છે. (૨૧)*

शरस्य चिदार्चत्कस्यावतादा नीचादुच्चा चक्रथुः पातवे वाः।

शयवे चिन्नासत्या शचीभिर्जसुरये स्तर्यं पिप्यथुर्गाम्॥ २२॥

પદાર્થ : હે नासत्या-સત્ય વિજ્ઞાનયુક્ત સભા અને સેનાધીશો ! તમે બન્ને शचीभिः-પોતાની બુદ્ધિઓથી शरस्य-મારનારની તરફથી આવેલ नीचात्-નીચ કામોનું સેવન કરીને अवतात्-હિંસા કરનારાથી चित्-અને आर्चत्कस्य-અન્યોની પ્રશંસા કરનાર વા સત્કાર કરીને શિષ્ટજનની તરફથી આવેલ उच्चा-ઉત્તમ કર્મનું સેવન કરીને રક્ષા કરનારાઓથી પ્રજાજનોના पातवे-પાલન કરીને રક્ષા કરનારાઓથી પ્રજાજનોના पातवे-પાલન માટે બળને आ, चक्रथुः-સારી રીતે કરો; चित्-અને शयवे-સૂતેલા અને जसुरये-હિંસક જનોને માટે स्तर्यम्-જે નૌકા આદિમાં સારી છે, તે वाः-જળ અને गाम्-પૃથિવીને पिप्यसुः-વધારો. (૨૨)

ભાવાર્થ : હે મનુષ્યો ! તમે શત્રુઓના નાશક અને મિત્રોના પૂજક (= પ્રશંસક) મનુષ્યોનો સત્કાર કરો અને તેઓને ભૂમિ પ્રદાન કરો.

જેમ વાયુ અને સૂર્ય ભૂમિ અને વૃક્ષોથી જળ ખેંચીને તથા તેને વરસાવીને સર્વની વૃદ્ધિ કરે છે, તેમ તમે શ્રેષ્ઠ કર્મોથી સંસારની વૃદ્ધિ કરો. (૨૨)

अवस्यते स्तुवते कृष्णियाय ऋजूयते नासत्या शचीभिः।

पशुं न नष्टमिव दर्शनाय विष्णाप्वं ददथुर्विश्वकाय॥ २३॥

પદાર્થ : હે नासत्या-અસત્યનો ત્યાગ અને સત્યનું ગ્રહણ કરનારા અધ્યાપકો અને ઉપદેશકો ! તમે બન્ને शचीभिः-સારી શિક્ષા કરનારી વાણીઓથી अवस्यते-પોતાની રક્ષા અને स्तुवते-ધર્મને ઈચ્છીને ऋज्ञुयते-સરળ સ્વભાવથી વર્તનાર कृष्णियाय-આકર્ષણને યોગ્ય અર્થાત્ બુદ્ધિ જેને ચાહે છે તે विश्वकाय-સંસાર પર દયા કરનારા दर्शनाय-ધર્મ-અધર્મને જોનારા મનુષ્યને માટે पशुम्, न-જેમ પશુઓને પ્રત્યક્ષ બતાવે તેમ અને જેમ नष्टमिव-ખોવાયેલી વસ્તુને શોધીને બતાવે, તેમ विष्णाप्वम्-વિદ્યામાં રમણ કરતા વિદ્વાનોને જે બોધ પ્રાપ્ત થાય છે, તેને ददथुः-આપો. (૨૩)

*ભાવાર્થ : આપ ઉપદેશક અને અધ્યાપકજન-જેમ (કોઈ) પ્રત્યક્ષ ગાય આદિને અથવા અદ્રષ્ટ વસ્તુને બતાવીને તેનો સાક્ષાત્ કરાવે છે - તેમ શમાદિ ગુણોથી યુક્ત બુદ્ધિમાન શ્રોતાઓ અને અધ્યેતાઓ (= ભણનારાઓ) ને પૃથિવીથી લઈને પરમેશ્વર સુધીની, અંગો અને ઉપાંગો સહિત વિદ્યાઓ સાક્ષાત્ કરાવવી. એ વિષયમાં તેઓ કપટ, આળસ આદિ નિંદિત કર્મ કદી પણ કરે નહિ. (૨૩)*

दश रात्रीरशिवेना नव द्यूनवनद्धं श्नथितमप्स्व१न्तः।
विप्रुतं रेभमुदनि प्रवृक्तमुन्निन्यथुः सोममिव स्रुवेण॥ २४॥

પદાર્થ : नासत्या-અસત્યનો ત્યાગ અને સત્યનું ગ્રહણ કરનાર અધ્યાપકો અને ઉપદેશકો ! તમે બન્ને જેમ शचीभिः-સારી શિક્ષા કરનારી વાણીઓથી अशिवेन-અમંગલ કરનારા યુદ્ધની સાથે વર્તમાન શિલ્પીજન अवनद्धम्-નીચેથી બાંધેલી, श्नथितम्-ઢીલી કરેલી, उदनि-જળમાં विप्रुतम्-ચલાવેલી प्रवृक्तम्-અને ગમે ત્યાં જતી રોકીને નૌકા આદિને दश-દશ रात्रीः-રાત્રિ नव-નવ द्यून्-દિવસો સુધી अप्सु-જળમાં अन्तः-અંદર સ્થિર કરીને પછી ઉપર પહોંચાડવી એ રીતે અને જેમ स्रुवेण-ઘી વગેરેને ઉઠાવવાનું સાધન સ્રુવાથી सोममिव-સોમલતાદિ ઔષધિઓને ઉઠાવે છે, તેમ रेभम्-સર્વના પ્રશંસકો શ્રેષ્ઠ સજ્જનોની उन्निन्यथुः-ઉન્નતિ કરો. (૨૪)

*ભાવાર્થ : .....હે મનુષ્યો ! જેમ જળની અંદર નૌકા આદિમાં બેઠેલી સેનાઓ શત્રુઓ દ્વારા મારી શકાતી નથી, તેમ વિદ્યા, સત્ય અને ધર્મોપદેશમાં સ્થાપિત જનો અવિદ્યાથી ઉત્પન્ન દુઃખથી પીડિત થતાં નથી.*

*જેમ ઉચિત સમય શિલ્પીજન નૌકા આદિને જળમાં ઈતસ્તતઃ આમ-તેમ લઈ જઈને શત્રુઓને જીતે છે, તેમ વિદ્યાદાનથી તમે અવિદ્યાને જીતો.*

*જેમ યજ્ઞમાં હોમેલ દ્રવ્ય વાયુ અને જળની શુદ્ધિ કરનાર હોય છે, તેમ ઉત્તમ ઉપદેશ આત્માને શુદ્ધ કરનાર હોય છે. (૨૪)*

प्र वां दंसांस्यश्विनाववोचमस्य पतिः स्यां सुगवः सुवीरः।
उत पश्यन्नश्नुवन्दीर्घमायुरस्तमिवेज्जरिमाणं जगम्याम्॥ २५॥

પદાર્થ : હે अश्विनौ-સર્વ શુભ કર્મ અને વિદ્યા વ્યાપિન સજ્જનો ! હું वाम्-તમે બન્ને ઉપદેશકો અને અધ્યાપકોના दंसांसि-ઉપદેશ અને અધ્યાપન આદિ કર્મોને प्र,-अवोचम्-કહું તેથી सुगवः-સર્વોત્તમ ગાયો અને સર્વોત્તમ વાણી આદિ પદાર્થોવાળા सुवीरः-પુત્ર, પૌત્ર આદિ નોકર યુક્ત पश्यन्-સત્ય-અસત્યને જોઈને उत-અને दीर्घम्-દીર્ઘ आयुः-જીવનને अश्नुवत्-સુખથી વ્યાપ્ત કરીને अस्य-એ રાજ્ય વા વ્યવહારને पतिः-પાલન કરનાર स्याम्-બનું તથા સંન્યાસી મહાત્મા જેમ अस्तमिव-ઘરને પામીને નિર્લોભતાથી ત્યાગી દે છે, તેમ जरिमाणम्-વૃદ્ધિ શરીરનો ત્યાગ કરીને સુખપૂર્વક इत्-જ जगभ्याम्-શીઘ્ર ચાલ્યો જાઉં. (૨૫)

*ભાવાર્થ : મનુષ્ય સદા ધાર્મિક આપ્તજનોના કર્મોનું સમ્યક્ સેવન કરીને, ધર્મ અને જિતેન્દ્રિયતા દ્વારા વિદ્યાઓ પ્રાપ્ત કરીને તથા આયુની વૃદ્ધિ કરીને ઉત્તમ સહાયકોથી યુક્ત બનીને સંસારનું પાલન કરે. યોગાભ્યાસ દ્વારા જીર્ણ શરીરનો ત્યાગ કરીને વિજ્ઞાનથી મુક્તિને પ્રાપ્ત કરે. (૨૫)*

સંગતિ : આ સૂક્તમાં પૃથિવી આદિ પદાર્થોના ગુણોના દૃષ્ટાન્ત તથા અનુકૂળતાથી સભા અને સેનાના અધિપતિ આદિના ગુણ-કર્મોના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૬)

## સૂક્ત-૧૧૭

मध्वः सोमस्याश्विना मदाय प्रत्नो होता विवासते वाम्।
बर्हिष्मती रातिर्विश्रिता गीरिषा यातं नासत्योप वाजैः॥ १॥

પદાર્થ : હે अश्विना-વિદ્યામાં રમણ કરતા नासत्या-અસત્યથી પૃથક્ રહેનારા સભાપતિ અને સેનાપતિ ! તમે બન્ને इषा-પોતાની ઈચ્છાથી प्रत्नः-પ્રાચીન વિદ્યા અધ્યેતા = ભણનાર होता-સુખદાતા જેમ वाजैः-વિજ્ઞાન આદિ ગુણોની સાથે मदाय-રોગ નિવૃત્તિના આનંદને માટે वाम्-તમે બન્નેની मध्वः-મધુર सोमस्य-સોમલતા આદિ ઔષધિની જે बर्हिष्मती-પ્રશંસિત વૃદ્ધિયુક્તા रातिः-દાન ક્રિયા અને विश्रिता-વિવિધ પ્રકારના શાસ્ત્રવક્તા વિદ્વાનોએ સેવન કરેલી गीः-વાણી છે તેનું જે आ, विवासते-સમ્યક્ સેવન કરે છે. તેની સમાન उप, यातम्-સમીપ આવીને રહો અર્થાત્ ઉક્ત પોતાની ક્રિયા અને વાણીનો તેવી રીતે પ્રચાર કરતા રહો. (૧)

*ભાવાર્થ : હે સભાપતિ અને સેનાપતિ ! આપ બન્ને આપ્તજનોના ગુણો અને કર્મોના સેવન દ્વારા વિજ્ઞાન આદિને પ્રાપ્ત કરીને તથા શરીરના રોગોના નિવારણને માટે સોમ આદિ ઔષધિઓ અને અવિદ્યામાં નિવારણને માટે વિદ્યાઓનું સેવન કરીને અભીષ્ટ સુખની સિદ્ધિ કરો. (૧)*

यो वामश्विना मनसो जवीयान्रथः स्वश्वो विश आजिगाति।
येन गच्छथः सुकृतो दुरोणं तेन नरा वर्तिरस्मभ्यं यातम्॥ २॥

પદાર્થ : હે नरा-ન્યાયની પ્રાપ્તિ કરાવનારાઓ अश्विना-વિચારશીલ સભા અને સેનાધીશો ! यः-જે सुकृतः-શ્રેષ્ઠ સાધનોથી બનાવેલ स्वश्वः-જેમાં શ્રેષ્ઠ વેગવાન વિદ્યુત્ આદિ પદાર્થ વા ઘોડાઓ લાગેલા-જોડાયેલા છે, તે मनसः-વિચારશીલ અત્યંત વેગવાન મનથી પણ जवीयान्-અધિક વેગયુક્ત અને रथः-યુદ્ધની અત્યંત રમત કરનાર રથ છે, તે विशः-પ્રજાજનોની आजिगाति-સારી રીતે પ્રશંસા કરાવતા અને वाम्-તમે બન્ને येन-જે રથમાં वर्त्तिः-વર્તમાન दुरोणम्-ઘરે गच्छथः-જાઓ છો, तेन-તેથી अस्मभ्यम्-અમને यातम्-પ્રાપ્ત થાઓ. (૨)

*ભાવાર્થ : રાજપુરુષોએ મનની સમાન વેગવાન અને વિદ્યુત્ આદિથી યુક્ત અનેક પ્રકારના યાનો પર આરૂઢ થઈને પ્રજાઓને સંતુષ્ટ કરવી જોઈએ. જે-જે કાર્યથી પ્રશંસા થાય, તેનું સેવન કરવું જોઈએ, અન્યનું નહિ. (૨)*

ऋषिं नरावंहसः पाञ्चजन्यमृबीसादत्रिं मुञ्चथो गणेन।
मिनन्ता दस्योरशिवस्य माया अनुपूर्वं वृषणा चोदयन्ता॥ ३॥

પદાર્થ : હે नरौ-વિદ્યા પ્રાપ્તિ કરાવનારા, वृषणा-સુખ વર્ષાવનારા, चोदयन्ता-વિદ્યા આદિ શુભ ગુણોમાં પ્રેરણા કરનારા તથા अशिवस्य-સર્વને દુઃખ આપનારા दस्योः-દસ્યુઓની मायाः-કપટ ક્રિયાઓને मिनन्ता-કાપનારા સભા અને સેનાધીશો ! તમે બન્ને अनुपूर्वम्-અનુકૂળ વેદોમાં કહેલ અને શ્રેષ્ઠ વિદ્વાનોએ માનેલ સિદ્ધાન્ત જેના તે पाञ्चजन्यम्-પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાનમાં સિદ્ધ કરેલ યોગ સિદ્ધિને તથા જેના સંબંધમાં अत्रिम्-આત્મા, મન અને શરીરના દુઃખો નાશ પામે છે, તે गणेन-ભણવા ભણાવનારાઓની સાથે વર્તમાન ऋषिम्-વેદોના પારંગત અધ્યાપકોને ऋबीसात्-જેમાં વિદ્યાનો પ્રકાશ નાશ પામેલ છે તે અવિદ્યારૂપ અંધકાર अंहसः-અને વિદ્યા ભણવાથી રોકનાર રૂપ અત્યંત પાપથી मुञ्चथः-પૃથક્ રાખો છો. (૩)

*ભાવાર્થ : રાજપુરુષોનું એ સર્વોત્તમ કાર્ય છે, કે વિદ્યા પ્રચાર કરનારાઓની દુઃખથી રક્ષા કરવી અને તેઓને સુખમાં સ્થાપિત કરતા તથા ચોર આદિનું નિવારણ કરવું (તેઓ) સ્વયં વિદ્યા અને ધર્મથી યુક્ત બનીને વિદ્વાનોને વિદ્યા અને ધર્મ પ્રચારમાં પ્રેરિત કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સારી રીતે સિદ્ધ કરે. (૩)*

अश्वं न गूळ्हमश्विना दुरेवैर्ऋषिं नरा वृषणा रेभमप्सु।
सं तं रिणीथो विप्रुतं दंसोभिर्न वां जूर्यन्ति पूर्व्या कृतानि॥ ४॥

પદાર્થ : હે नरा-સુખની પ્રાપ્તિ वृषणा-અને વિદ્યાની વૃદ્ધિ કરનારા अश्विना-સભા અને સેનાપતિઓ ! તમે બન્ને दुरेवैः-દુઃખ દેનાર દુષ્ટ મનુષ્ય આદિ પ્રાણીઓ दंसोभिः-અને શ્રેષ્ઠ વિદ્વાનોએ આચરણ કરેલ કર્મોથી તાડનાને પ્રાપ્ત अश्वम्-અતિ ગતિમાન વિદ્યુત્‌ની સમાન विप्रुतम्-વિવિધ રીતે શ્રેષ્ઠ વ્યવહારોને

જાણનાર रेभम्-સમસ્ત વિદ્યા ગુણોની પ્રશંસા કરનાર अप्सु-વિદ્યામાં વ્યાપ્ત થવા અને વેદાદિ શાસ્ત્રોમાં નિશ્ચય રાખનારા तम्-તે પૂર્વ મંત્રોક્ત ऋषिम्-વેદ પારંગત વિદ્વાનની न-સમાન गूढम्-પોતાના આશયને ગુપ્ત રાખનાર સજ્જન પુરુષને સુખથી सं, रिणीयः-સમ્યક્ યુક્ત કરો, જેથી वाम्, पूर्व्या, कृतानि-તમારા પૂર્વજોએ કરેલ વિદ્યા પ્રચારરૂપ કાર્ય તેઓ न-નહિ जूर्यन्ति-જીર્ણ થાય અર્થાત્ નાશને પ્રાપ્ત થાય નહિ. (૪)

*ભાવાર્થ : રાજપુરુષો દ્વારા, જેમ ચોરો દ્વારા ચોરેલ અને ગુપ્ત સ્થાનમાં રાખેલ પીડિત ઘોડાને લઈને તેની સુખપૂર્વક રક્ષા કરી શકાય છે, તેમ મૂર્ખ અને દુષ્ટકર્મ કરનારાથી અપમાનિત વિદ્યા પ્રચારકજનોને સમસ્ત પીડાઓથી બચાવીને તેની પૂજા = સત્કાર તથા સંગતિ કરીને તેઓની સેવા કરી શકાય છે, તેઓના જે વિદ્યુત્ વિદ્યાના પ્રચાર સંબંધી કાર્યો છે, તે અજર અને અમર છે, એમ જાણવું જોઈએ. (૪)*

सुषुप्वांसं न निर्ऋतेरुपस्थे सूर्यं न दस्रा तमसि क्षियन्तम्।
शुभे रुक्मं न दर्शतं निखातमुदूपथुरश्विना वन्दनाय॥ ५॥

પદાર્થ : હે दस्त्र-દુઃખ વિનાશક अश्विना-ખેતી કાર્યની વિદ્યામાં પરિપૂર્ણ સભા અને સેનાના અધીશો ! તમે બન્ને वन्दनाय-પ્રશંસા કરવા માટે निर्ऋतेः-ભૂમિના उपस्थे-ઉપર तमसि-રાત્રિમાં क्षियन्तम्-નિવાસ કરો છો અને सुषुप्वांसम्-સુખથી સૂતેલાની न-સમાન વા सूर्यम्-સૂર્યની न-સમાન અને शुभे-શોભા માટે रुक्मम्-સુવર્ણની न-સમાન दर्शतम्-જોવા યોગ્ય રૂપ निखातम्-હળની કોસથી ખેડેલ ખેતરમાં उदूपथुः-ઉપરથી વાવો. (૫)

*ભાવાર્થ : જેમ પ્રજાના સમસ્ત પ્રાણીઓ સુરાજ્યને પામીને, રાતે સુખથી સૂઈને, દિવસે પોતાના ઈચ્છિત કર્મોને કરે છે, ઉત્તમ શોભા માટે સુવર્ણ આદિને પ્રાપ્ત કરે છે અને ખેતી આદિ કર્મો કરે છે, તેમ ઉત્તમ પ્રજાઓને પ્રાપ્ત કરીને રાજપુરુષ મહાન બની જાય છે. (૫)*

तद्वां नरा शंस्यं पज्रियेण कक्षीवता नासत्या परिज्मन्।
शफादश्वस्य वाजिनो जनाय शतं कुम्भाँ असिञ्चतं मधूनाम्॥ ६॥

પદાર્થ : હે पज्रियेण-પ્રાપ્ત થવા યોગ્યમાં પ્રસિદ્ધ થયેલ कक्षीवता-શિક્ષક વિદ્વાનની સાથે વર્તમાન नासत्या-સત્ય વ્યવહાર કરનારા नरा-મનુષ્યોમાં શ્રેષ્ઠ સર્વને પોતપોતાની રીતે સંલગ્ન કરનારા સભા ને સેનાધીશો ! તમે બન્ને જે परिज्मन्-જેમાં સર્વ રીતે જાય છે, તે માર્ગને वाजिनः-વેગવાન अश्वस्य-ઘોડાની शफात्-ખરી કે તો સમાન વિદ્યુત્ વેગથી जनाय-શ્રેષ્ઠ ગુણો અને ઉત્તમ વિદ્યાઓમાં પ્રસિદ્ધ વિદ્વાનને માટે मधूनाम्-જળના शतम्-સેંકડો कुम्भान्-ઘડાઓને असिञ्चतम्-સુખથી સિંચો અર્થાત્ ભરો तत्-તે वाम्-તમારી शंस्यम्-પ્રશંસા કરવા યોગ્ય કાર્યને અમે જાણીએ છીએ. (૫)

*ભાવાર્થ : રાજપુરુષોએ મનુષ્ય આદિના સુખને માટે માર્ગમાં અનેક ઘોડાઓના જળથી પ્રતિદિન*

*સિંચન કરાવવું જોઈએ, જેથી ઘોડાની ખરી-ડાબલાથી ધૂળ ન ઉડે, જેથી પોતાની સેનાના લોકો સુખપૂર્વક ગમનાગમન કરી શકે. એવી રીતે એવા પ્રશંસનીય કર્મ કરીને પ્રજાઓને નિરંતર પ્રસન્ન રાખવી જોઈએ. (૬)*

युवं नरा स्तुवते कृष्णियाय विष्णाप्वं ददथुर्विश्वकाय।
घोषायै चित्पितृषदे दुरोणे पतिं जूर्यन्त्या अश्विनावदत्तम्॥ ७॥

પદાર્થ : હે नरा-સર્વ કાર્યોમાં પ્રધાન અને अश्विनौ-સર્વ વિદ્યાઓમાં વ્યાપ્ત સભા અને સેનાધીશો ! युवम्-તમે બન્ને कृष्णियाय-ખેતીના કામની યોગ્યતા રાખનાર અને स्तुवते-સત્યવાદી पितृषदे-જેની સમીપ વિદ્યા વિજ્ઞાનદાતા સ્થિત હોય विश्वकाय-અને જે સર્વ પર દયા કરે છે, તે રાજાને માટે दुरोणे-ઘરમાં विष्णाप्वम्-ખેતીમાં વ્યાપ્ત કાર્યોમાં પ્રાપ્ત થઈને ખેતી કરનાર મનુષ્યને ददथुः-આપો चित्-અને जूर्यन्त्यै-વૃદ્ધત્વને કરનારી घोषायै-જેમાં પ્રશંસિત શબ્દ વા ગાય રહેવાના વિશેષ સ્થાન છે, તે ખેતીને માટે पतिम्-સ્વામી અર્થાત્ તેની રક્ષા કરનારાઓને अदत्तम-આપો. (૭)

*ભાવાર્થ : રાજા આદિ ન્યાયાધીશજન ખેતી આદિ કર્મ કરનારા મનુષ્યોને માટે સર્વ સાધનો તથા રક્ષક પુરુષ અને પ્રજાઓને માટે સત્ય ન્યાય આપીને તેઓને પુરુષાર્થમાં પ્રવૃત્ત કરે. તથા કાર્ય સિદ્ધિને પ્રાપ્ત થયેલ તે પ્રજાઓને ધર્માનુસાર પોતાનો ભાગ યથોચિત્ રૂપથી ગ્રહણ કરે. (૭)*

युवं श्यावाय रुशतीमदत्तं महः क्षोणस्याश्विना कण्वाय।
प्रवाच्यं तद् वृषणा कृतं वां यन्नार्षदाय श्रवो अध्यधत्तम्॥ ८॥

પદાર્થ : હે वृषणा-બળવાન अश्विना-બહુજ જ્ઞાન-વિજ્ઞાની વાતો, શ્રવણ અને જાણેલ સભા અને સેનાધીશો ! युवम्-તમે બન્ને महः-મહાન क्षोणस्य-અધ્યાપકથી श्यावाय-જ્ઞાની कण्वाय-બુદ્ધિમાનને માટે रुशतीम्-પ્રકાશ કરનારી વિદ્યાને अदत्तम्-પ્રદાન કરો તથા यत्-જે वाम्-તમે બન્નેના प्रवाच्यम्-યથોચિત્ કહેવા યોગ્ય શાસ્ત્ર कृतम्-કરવા યોગ્ય કામ श्रवः-શ્રવણ કરવા છે, तत्-તેને તથા नार्षदाय-સર્વોત્તમ વ્યવહારોમાં મનુષ્ય આદિને પહોંચાડનારા જનોમાં સ્થિત થઈને બાળકને अध्यधत्तम्-પોતાના પર ધારણ કરો. (૮)

*ભાવાર્થ : સભાધ્યક્ષ દ્વારા જેવો ઉપદેશ બુદ્ધિમાનોને કરવામાં આવે, તેવો જ ઉપદેશ સર્વ લોકોના સ્વામીને માટે પણ કરવામાં આવે. એ રીતે મનુષ્યો પ્રત્યે વર્તાવ કરવો જોઈએ. (૮)*

पुरू वर्पांस्यश्विना दधाना नि पेदव ऊहथुराशुमश्वम्।
सहस्रसां वाजिनमप्रतीतमहिहनं श्रवस्यं तरुत्रम्॥ ९॥

પદાર્થ : હે अश्विना-શિલ્પીજનો ! पुरु-બહુ જ वर्पांसि-રૂપોને दधाना-ધારણ કરેલ તમે બને पेदवे-શીઘ્રગમન માટે श्रवस्यम्-પૃથિવી આદિ પદાર્થોમાં થયેલ अप्रतीतम्-ગુપ્ત, वाजिनम्-વેગવાન,

अहिहनम्-મેઘને મારનાર, सहस्त्रसाम्-હજારો કર્મોનું સેવન કરનાર, आशुम्-શીઘ્ર પહોંચાડનાર तस्त्रम्-અને સમુદ્ર આદિ પાર ઉતારનારા अश्वम्-વિદ્યુત્ રૂપ પાર અગ્નિને न्यूहथुः-ચલાવો. (૯)

*ભાવાર્થ : એ રીતે શીઘ્ર ગતિ આપનાર વિદ્યુત્ અગ્નિ આદિ વિના અન્ય દેશમાં સુખપૂર્વક જવા-આવવામાં અને શીઘ્ર સમાચારોને ગ્રહણ કરવામાં કોઈ પણ સમર્થ થઈ શકતા નથી. (૯)*

एतानि॑ वां श्रव॒स्या॑ सुदानू ब्रह्मा॑ङ्गू॒षं सद॑नं॒ रोद॑स्योः।
यद्वां॑ प॒ज्रासो॑ अश्विना॒ हव॑न्ते या॒तमि॒षा च॑ वि॒दुषे॑ च॒ वाज॑म्॥ १०॥

પદાર્થ : હે सुदान्-સુંદર દાનશીલ अश्विनौ-સભા સેનાધીશો ! वाम्-તમે બન્નેના एतानि-એ श्रवस्या-અન્ન આદિ પદાર્થોમાં ઉત્તમ પ્રશંસા યોગ્ય કર્મ છે એ કારણે वाम्-તમે બન્ને पज्रासः-વિશેષ જ્ઞાનદાતા, મિત્ર જન, यत्-જે रोदस्योः-પૃથિવી અને સૂર્યના सदनम्-આધાર રૂપ, आङ्गूषम्-વિદ્યાઓના જ્ઞાનદાતા ब्रह्म-સર્વજ્ઞ પરમેશ્વરને हवन्ते-ધ્યાન માર્ગથી ગ્રહણ કરીને च-અને જેને તમે લોકો यातम्-પ્રાપ્ત થાઓ છો તેઓના वाजम्-વિજ્ઞાનને इष-ઈચ્છા અને च-સમ્યક્ યત્ન તથા યોગાભ્યાસથી विदुषे-વિદ્વાનને માટે યથોચિત્ પહોંચાડો. (૧૦)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ, સર્વના આધાર સ્થાન, સર્વના દ્વારા ઉપાસના કરવા યોગ્ય અને સર્વના રચયિતા પરમેશ્વર જે ઉપાયોથી જાણી શકાય છે, તે ઉપાયોથી તેને જાણીને તથા અન્યોને પણ એવી રીતે જણાવીને સંપૂર્ણ આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. (૧૦)*

सू॒नोर्माने॑नाश्विना गृणा॒ना वाजं॒ विप्रा॑य भुरणा॒ रद॑न्ता।
अ॒गस्त्ये॒ ब्रह्म॑णा वावृधा॒ना सं वि॒श्पलां॑ नासत्यारिणीतम्॥ ११॥

પદાર્થ : હે रदन्ता-સારી રીતે લખનાર ! सूनोः-પોતાના સંતાનની સમાન मानेन-સત્કારથી विप्राय-મેધાવીજનને માટે वाजम्-સત્ય બોધને गृणाना-ઉપદેશ અને भुरणा-સુખ ધારણ કરીને नासत्या-સત્યથી પરિપૂર્ણ वावृधाना-બુદ્ધિને પ્રાપ્ત અને ब्रह्मणा-વેદથી अगस्त्ये-જાણવા યોગ્ય વ્યવહારોમાં શ્રેષ્ઠ કામના કારણે विश्पलाम्-પ્રજાજનોની પાલક વિદ્યાને अश्विना-પ્રાપ્ત થઈને સભા-સેનાધીશો ! તમે બન્ને મિત્રતાથી પ્રજાની સાથે समरिणीतम्-મળો. (૧૧)

*ભાવાર્થ : જેમ માતા-પિતા સંતાનોને અને સંતાનો માતા-પિતાને, અધ્યાપક શિષ્યોને અને શિષ્ય અધ્યાપકોને, પતિજનો પત્નીઓને અને પત્નીઓ પતિઓને તથા મિત્ર મિત્રોને પરસ્પર પ્રસન્ન રાખે છે, તેમ જ રાજાઓએ પ્રજાજનોને અને પ્રજાઓ રાજાઓને પ્રસન્ન રાખે. (૧૧)*

कुह॒ यान्ता॑ सुष्टु॒तिं का॒व्यस्य॒ दिवो॑ नपाता वृषणा शयु॒त्रा।
हिर॑ण्यस्येव क॒लशं॒ निखा॑त॒मुदू॑पथुर्दश॒मे अ॑श्वि॒नाह॑न्॥ १२॥

પદાર્થ : यान्ता-ગમન કરનાર, नपाता-ન પડનાર, वृषणा-શ્રેષ્ઠ કામનાઓની વર્ષા કરાવનાર

તથા शयुत्रा-સૂતેલા પ્રાણીઓની રક્ષા કરનારા अश्विना-સભા-સેનાધીશો ! તમે બન્ને दशमे-દશમાં अहन्-દિવસે हिरण्यस्येव-સુવર્ણના निखातम्-વચ્ચે પોલા कलशम्-ઘડાની સમાન दिवः-વિજ્ઞાનયુક્ત काव्यस्य-કવિતાઓની सुष्टुतिम्-પ્રશસ્ત સ્તુતિને कुह-ક્યાં उदूपथुः-ઉત્કર્ષથી વાવો છો ? (૧૨)

*ભાવાર્થ : જેમ ધનાઢ્યજન સુવર્ણ આદિના (ધાતુઓના) પાત્રોમાં દૂધ આદિ રાખીને તથા પકાવીને ખાઈને, પ્રશંસિત થાય છે, તેમ બન્ને શિલ્પીજન એ વિદ્યાના તથા ન્યાયના માર્ગમાં પ્રજાને પ્રવૃત્ત કરીને ધર્મ તથા ન્યાયના ઉપદેશોથી તેઓને પરિપક્વ બનાવીને રાજ્ય લક્ષ્મીનું સુખ ભોગવતા ક્યાં પ્રશંસિત થઈ શકે છે ? (એ પ્રશ્નનો) 'ધાર્મિક વિદ્વાનોમાં' ઉત્તર છે. (૧૨)*

**युवं च्यवानमश्विना जरन्तं पुनर्युवानं चक्रथुः शचीभिः।**
**युवो रथं दुहिता सूर्यस्य सह श्रिया नासत्यावृणीत॥ १३॥**

પદાર્થ : હે नासत्या-સત્યાચરણયુક્ત अश्विना-શરીર અને આત્માના બળથી યુક્ત સભા-સેનાધીશો ! युवम्-તમે બન્ને शचीभिः-શ્રેષ્ઠ બુદ્ધિ અને કર્મોની સાથે વર્તમાન પોતાના સંતાનોની યથોચિત્ સેવા કરીને યુવાન चक्रथुः-કરો. पुनः-પછી युवोः-તમે બન્નેની યુવતિ અર્થાત્ યૌવનાવસ્થાને પ્રાપ્ત सूर्यस्य-સૂર્યની કરેલી ઉષાવેલાની સમાન दुहिता-કન્યા श्रिया-ધન, શોભા, વિદ્યા વા સેવાની सह-સાથે વર્તમાન च्यवानम्-ગમન અને जरन्तम्-પ્રશંસિત युवानम्-યુવાનીથી પરિપૂર્ણ रथम्-રમણ કરવા યોગ્ય મનોહર પતિને अवृणीत-વરે અને પુત્ર પણ એવો યુવાન થતાં યુવતી સ્ત્રીને વરે - વિવાહ કરે. (૧૩)

*ભાવાર્થ : માતા-પિતા આદિને અત્યંત ઉચિત છે, કે તેઓ પોતાના સંતાનોને ઉપદેશ આપે કે - જ્યારે એ પૂર્ણ સુશિક્ષા, વિદ્યા, શરીર અને આત્માનું બળ, સુંદર રૂપ, સૌંદર્ય, સદાચાર, સ્વાસ્થ્ય, ધર્મ અને ઈશ્વર સંબંધી વિજ્ઞાન અને શુભ ગુણોથી યુક્ત બને, ત્યારે પોતાની ઈચ્છિત અને પરીક્ષા દ્વારા સ્વયંવર વિધિથી સમાન ગુણ, કર્મ, સ્વભાવયુક્ત, પૂર્ણ યુવાવસ્થામાં પહોંચેલ અને બળવાન કુમાર અને કુમારીઓ વિવાહ કરીને ઋતુગામી બનીને તથા ધર્મપૂર્વક વર્તીને શ્રેષ્ઠ રીતે સંતાનોને ઉત્પન્ન કરે. તેના વિના કદાપિ કુળની ઉન્નતિ થઈ શકતી નથી. તેથી સજ્જનોએ એ રીતે સદા કરવું જોઈએ. (૧૩)*

**युवं तुग्राय पूर्व्येभिरेवैः पुनर्मन्यावभवतं युवाना।**
**युवं भुज्युमर्णसो निः समुद्राद्विभिरूहथुर्ऋज्रेभिरश्वैः॥ १४॥**

પદાર્થ : હે पुनर्मन्यौ-વારંવાર જાણનારા, युवाना-યુવાવસ્થાને પ્રાપ્ત વિદ્યા ભણેલા સ્ત્રી-પુરુષો ! युवम्-તમે બન્ને तुग्राय-બળને માટે पूर्वेभिः-પૂર્વ સજ્જનોએ કરેલ एवैः-વિજ્ઞાન આદિ ઉત્તમ વ્યવહારોથી સુખી अभवतम्-થાઓ, युवम्-તમે બન્ને विभिः-આકાશમાં ઉડનારા પક્ષીઓની સમાન બન્ને ऋज्रेभिः-જેની જાણ પણ ન થાય તેવા જોડેલા સરળ ગતિથી ચલાવનાર અને अश्वैः-શીઘ્ર ગમનશીલ વિદ્યુત્

આદિ પદાર્થોથી નિર્મિત વિમાનાદિ યાનોથી अर्णसः-અગાધ જળ ભરેલ समुद्रात्-સમુદ્રથી પાર भुज्युम्-શરીર અને આત્માનું પાલન કરનારા પદાર્થોને निरूहथुः-નિર્વાહો અર્થાત્ નિરંતર પહોંચાડો. (૧૪)

*ભાવાર્થ : સ્ત્રી અને પુરુષ પૂર્વકાલમાં આપ્તજનો દ્વારા કરેલ કર્મોને કરીને - આચરણ કરીને, ધર્મયુક્ત બ્રહ્મચર્યથી સંપૂર્ણ વિદ્યાઓને પ્રાપ્ત કરીને, ક્રિયા-કૌશલથી વિમાનાદિ યાનોનું નિર્માણ કરીને તથા ભૂગોળમાં સર્વત્ર વિચરણ કરીને નિત્ય આનંદિત થાય. (૧૪)*

**अजोहवीदश्विना तौग्र्यो वां प्रोढः समुद्रमव्यथिर्जगन्वान्।**
**निष्टमूहथुः सुयुजा रथेन मनोजवसा वृषणा स्वस्ति॥ १५॥**

પદાર્થ : હે वृषणा-શ્રેષ્ઠ બળવાન, अश्विना-વિદ્યા અને ઉત્તમ શીલમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! તમે બન્ને वाम्-તમારા तौग्रयः-બળથી સિદ્ધ કરેલ प्रोढः-ઉત્તમતાથી પ્રાપ્ત अव्यथिः-વ્યથા-કષ્ટ રહિત जगन्वान्-જે નિરંતર ગમનશીલ સેનાનો સમૂહ છે, તે समुद्रम्-સમુદ્રનો अजोहवीत्-વારંવાર તિરસ્કાર કરે અર્થાત્ તેનાથી પાર થતાં તેની ગંભીરતા ન માને, तम्-તે ઉક્ત સેના સમૂહને सुयुजा-સુંદરતાથી જોડેલ मनोजवसा-મન સમાન વેગથી ગમન કરતા रथेन-રમણીય વિમાન આદિ યાન સમુદાયથી स्वस्ति-સુખપૂર્વક निरूहथुः-નિર્વાહ અર્થાત્ દેશાન્તરમાં પહોંચાડો. (૧૫)

*ભાવાર્થ : જ્યારે બ્રહ્મચર્ય પાલન કરેલ પુરુષ શત્રુવિજયને માટે સમુદ્ર પાર જવા ઈચ્છે, ત્યારે તે પત્નીસહિત અને સેના સહિત જ વેગવાન યાનોથી જાય અને આવે. (૧૫)*

**अजोहवीदश्विना वर्त्तिका वामास्नो यत्सीममुञ्चतं वृकस्य।**
**वि जयुषा ययथुः सान्वद्रेर्जातं विष्वाचो अहतं विषेण॥ १६॥**

પદાર્થ : હે अश्विना-શીઘ્ર જનારા સભા-સેનાધીશો ! वर्त्तिका-સંગ્રામમાં વર્તમાન સેના यत्सीम्-જે સમય वाम्-તમે બન્નેને अजोहवीत्-નિરંતર બોલાવે, ત્યારે તેને वृकस्य-જેમ વરુના आस्नः-મુખમાંથી તેમ શત્રુમંડળથી अमुञ्चतम्-છોડાવો અર્થાત્ તેઓને જીતો અને પોતાની સેનાને બચાવો.

તમે બન્ને जयुषा-જય આપનાર પોતાના રથથી अद्रेः-પર્વતના सानु-શિખરે वि, ययथुः-વિવિધ રીતે જાઓ અને विष्वाचः-વિવિધ ગતિવાળા શત્રુમંડળના जातम्-ઉત્પન્ન બળને विषेण-તેથી વિપરીત કરનાર વિષરૂપ પોતાના બળથી अहतम्-વિનાશ – નષ્ટ કરો. (૧૬)

*ભાવાર્થ : જેમ બળવાન, દયાળુ, શૂરવીર મનુષ્ય વાઘના મુખમાંથી બકરીને છોડાવે છે, તેમ રાજપુરુષ ડાકુઓના ભયથી પ્રજાઓને પૃથક્-સુરક્ષિત રાખે.*

*જ્યારે શત્રુઓ પર્વતોમાં હોવાના કારણે મારી ન શકાય, ત્યારે તેઓના અન્ન-જળ આદિ દૂષિત કરીને તેઓને વશમાં લાવવા જોઈએ. (૧૬)*

शतं मेषान्वृक्ये मामहानं तमः प्रणीतमशिवेन पित्रा।
आक्षी ऋज्राश्वे अश्विनावधत्तं ज्योतिरन्धाय चक्रथुर्विचक्षे॥ १७॥

પદાર્થ : હે अश्विनौ-સભા-સેનાધીશો ! તમે બન્ને જે अशिवेन-અમંગળકારી पित्रा-પ્રજાપાલક ન્યાયાધીશો तमः-દુઃખ રૂપ અંધકાર प्रणीतम्-યથોચિત્ પહોંચાડ્યા તે वृक्ये-વરુની માદાને માટે शतम्-સેંકડો मेषान्-ઘેટાઓને मामहानम्-આપવા સમાન પ્રજાજનોને પીડા આપતા રાજ્યાધિકારીને છોડાવો-પૃથક્ કરો.

ऋज्राश्वे-સુશિક્ષિત ઘોડા આદિ પદાર્થોથી યુક્ત સેનામાં अक्षी-નેત્રોનું आ, अधत्तम्-આઘાત કરો અર્થાત્ દૃષ્ટિ કરો ત્યાંના બનેલા-બગાડેલા વ્યવહારને વિચારો અને अन्धाय-અંધની સમાન અજ્ઞાનીને માટે विचक्षे-વિજ્ઞાનપૂર્વક નિહાળવા ज्योतिः-વિદ્યા પ્રકાશને चक्रथुः-પ્રકાશિત કરો. (૧૬)

*ભાવાર્થ : હે સભાપતિ અને સેનાપતિ આદિ રાજપુરુષો ! તમે લોકો, વરુ માદા = સ્ત્રી સ્વાર્થ સિદ્ધિ માટે જેમ ઘેંટાઓ પર પ્રવૃત્ત થાય છે, તેમ પ્રજામાં અન્યાયથી પ્રવૃત્ત થનાર પોતાના કર્મચારીઓને સમ્યક્ દંડ આપીને, જેમ નેત્રોવાળો-દેખતો મનુષ્ય કૂવાથી, અંધ મનુષ્યને દૂર રાખીને તેને સુખી કરે છે, તેમ અન્યાયકારી કર્મચારીઓથી પીડિત પ્રજાઓને પૃથક રાખો. (૧૭)*

शुनमन्धाय भरमह्वयत्सा वृकीरश्विना वृषणा नरेति।
जारः कनीनइव चक्षदान ऋज्राश्वः शतमेकं च मेषान्॥ १८॥

પદાર્થ : હે वृषणा-સુખવર્ષક અને नरा-ધર્મ અને અધર્મનો વિવેક કરનારા अश्विना-સભા-સેનાધીશો ! सा-તે वृकीः-ચોરની સ્ત્રી शतम्-એકસો च-અને एकम्-એક मेषान्-ઘેંટાઓને अह्वयत्-હાકલ કરીને જેમ બોલાવે इति-એ રીતે વા ऋज्राश्वः-સરળ ગતિ ચાલનાર ઘોડાવાળો चक्षदानः-જેથી વિદ્યા વચન આપવામાં આવે છે તે जारः-વૃદ્ધ વા જાર કર્મ કરનારા ચાલક कनीनइव-પ્રકાશમાન મનુષ્યની સમાન તમે अन्धाय-અંધને માટે भरम-પોષણ અર્થાત્ તેનું પાલન અને शुनम्-સુખ ધારણ કરો. (૧૮)

*ભાવાર્થ : રાજપુરુષ અવિદ્યાના કારણે અંધ (= અજ્ઞાની) મનુષ્યોને અન્યાય કરનારાઓથી અને સચરિત્રા સ્ત્રીઓને વ્યભિચારીઓના સંપર્કથી, જેમ વરુઓથી ઘેટાં-બકરાંઓને છોડાવે, તેમ છોડાવીને તેઓનું નિરંતર પાલન કરે. (૧૮)*

मही वामूतिरश्विना मयोभूरुत स्रामं धिष्ण्या सं रिणीथः।
अथा युवामिदह्वयत्पुरन्धिरागच्छतं सीं वृषणावोभिः॥ १९॥

પદાર્થ : હે वृषणौ-સુખવર્ષકો, धिष्ण्या-બુદ્ધિમાન अश्विना-સભા અને સેનાના અધિકાર પ્રાપ્ત જનો ! वाम्-તમારા બન્નેની જે मही-મહાન उत-અને मयोभूः-ઉત્પન્ન કરાવનારી ऊतिः-રક્ષા આદિ

યુક્ત નીતિ છે, તેથી स्त्रामम्-દુઃખ આપનાર સુખ અન્યાયને युवाम्-તમે બન્ને सं, रिणीथः-સારી રીતે દૂર કરો, अथ-તદનન્તર જે पुरन्धिः-અત્યંત બુદ્ધિમાન યૌવનથી પૂર્ણ યુવતી-સ્ત્રીને अह्वयत्-બોલાવે इत्-તેની સમાન अवोभिः-રક્ષા આદિ સાથે सीम्-જ आ, अगच्छतम्-આવો. (૧૯)

*ભાવાર્થ : રાજપુરુષોએ ન્યાયથી અન્યાયને પૃથક્ કરીને તથા ધર્મમાં પ્રવૃત્ત અને શરણાગત લોકોની રક્ષા કરીને સર્વ રીતે કૃતકૃત્ય થવું જોઈએ. (૧૯)*

**अधेनुं दस्रा स्तर्यं१ विषक्तामपिन्वतं शयवे अश्विना गाम्।**
**युवं शचीभिर्विमदाय जायां न्यूहथुः पुरुमित्रस्य योषाम्॥ २०॥**

પદાર્થ : હે दस्राः-દુઃખ કરનારા अश्विना-ભૂગર્ભ વિદ્યાને જાણતા સ્ત્રી-પુરુષો ! युवम्-તમે બન્ને शचीभिः-કર્મોની સાથે विषक्ताम्-વિવિધ પ્રકારના પદાર્થોથી યુક્ત स्तर्यम्-સુખોને ઢાંકનારી નૌકા વા अधेनुम्-ન દોવાનારી गाम्-ગાયને अपिन्वतम्-જળથી સિંચો विमदाय-વિશેષ મદયુક્ત અર્થાત્ પૂર્ણ યુવાન शयवे-સૂતેલ પુરુષને માટે पुरुमित्रस्य-બહુ મિત્રવાળાની योषाम्-યુવતિ કન્યાને जायाम्-પત્ની રૂપમાં न्यूहथुः-નિરંતર પ્રાપ્ત કરાવો. (૨૦)

*ભાવાર્થ : હે રાજપુરુષો ! જેમ તમે સર્વના મિત્ર બનેલ મનુષ્યની ઉત્તમ લક્ષણોયુક્ત, હૃદયને પ્રિય, બ્રહ્મચારિણી, વિદુષી, સુશીલ, સુખદાયિની અને ધાર્મિક કુંવારી કન્યાને પત્નીના રૂપમાં વિવાહ કરીને તેની સુરક્ષા કરો છો, તેમ જ સામ (દામ-દંડ) આદિ રાજકર્મોથી સર્વ ભૂમિનાં રાજ્યને પ્રાપ્ત કરીને તેનું સદા ધર્મપૂર્વક પાલન કરો. (૨૦)*

**यवं वृकेणाश्विना वपन्तेषं दुहन्ता मनुषाय दस्रा।**
**अभि दस्युं बकुरेणा धमन्तोरु ज्योतिश्चक्रथुरार्याय॥ २१॥**

પદાર્થ : दस्रा-દુઃખ દૂર કરનારા अश्विना-સુખમાં રમણ કરતા સભા-સેનાધીશો ! તમે બન્ને मनुषाय-વિચારવાન મનુષ્યને માટે वृकेण-છિન્ન-ભિન્ન કરનાર હળ આદિ શસ્ત્ર અસ્ત્રથી यवम्-યવ આદિ અન્નની સમાન वपन्ता-વાવતાં અને इषम्-અન્નને दुहन्ता-પૂર્ણ કરતાં તથા आर्याय-ઈશ્વરના પુત્રની સમાન વર્તમાન ધાર્મિક મનુષ્યને માટે वकुरेण-પ્રકાશમાન સૂર્યે કરેલ ज्योतिः-પ્રકાશ જેમ અંધકારને તેમ दस्युम्-ડાકુ દુષ્ટ પ્રાણીઓને अभि-धमन्ता-અગ્નિથી બાળતા उरु-અત્યંત મહાન રાજ્યને चक्रथुः-કરો. (૨૧)

*ભાવાર્થ : રાજપુરુષોએ પ્રજાને માટે કાંટા સમાન, વ્યભિચારી, ચોર, અસત્યભાષી અને કઠોર વાણીવાળા દુષ્ટોને નિયંત્રિત કરીને અને ખેતી આદિ કામોમાં પ્રવૃત્ત પ્રજાના વૈશ્યોની રક્ષા કરીને તથા ખેતી આદિ કામોની ઉન્નતિ કરીને વિસ્તૃત રાજ્યનું સેવન કરવું જોઈએ. (૨૧)*

**आथर्वणायाश्विना दधीचेऽश्व्यं शिरः प्रत्यैरयतम्।**

**सं वां मधु प्र वोचदृतायन्त्वाष्ट्रं यद्दस्त्रावपिकक्ष्यं वाम्॥ २२॥**

પદાર્થ : હે दस्त्रौ-દુઃખની નિવૃત્તિ કરનારા અને अश्विना-શ્રેષ્ઠ કર્મોમાં પ્રવૃત્ત કરાવનારા સભા-સેનાધીશો ! वाम्-તમે બન્ને यत्-જે आथर्वणाय-જેના સંકટ ટળી ગયેલ તેના પુત્રને માટે તથા दधीचे-વિદ્યા અને ધર્મને ધારણ કરેલ મનુષ્યોની પ્રશંસા કરનારાઓને માટે अश्व्यम्-ઘોડાઓમાં થયેલ शिरः-ઉત્તમ અંગને प्रत्यैरयतम्-પ્રાપ્ત કરો. सः-તે ऋतायन्-પોતાના સત્ય વ્યવહારને ઈચ્છતા वाम्-તમારા બન્નેને માટે अपिकक्ष्यम्-વિદ્યાની કક્ષાઓમાં થયેલ બોધના પ્રત્યે જે વર્તમાન તે त्वाष्ट्रम्-શીઘ્ર સમસ્ત વિદ્યાઓમાં વ્યાપ્ત થનારા વિદ્વાનના मधु-મધુ વિજ્ઞાનનો प्र, वोचत्-ઉપદેશ કરે. (૨૨)

*ભાવાર્થ : સભાપતિ અને સેનાપતિ આદિ રાજપુરુષો પર શ્રદ્ધા રાખી અને શુભ કર્મોમાં પ્રેરિત કરતા રહે તથા તે વિદ્વાનો તેમને સત્યનો ઉપદેશ આપીને પ્રમાદ અને અધર્મથી નિવૃત્ત કરે. (૨૨)*

**सदा कवी सुमतिमा चके वां विश्वा धियो अश्विना प्रावतं मे।**
**अस्मे रयिं नासत्या बृहन्तमपत्यसाचं श्रुत्यं रराथाम्॥ २३॥**

પદાર્થ : હે नासत्या-સત્ય વ્યવહારયુક્ત कवी-સર્વ પદાર્થોમાં બુદ્ધિનો ઉપયોગ કરનારા અને अश्विना-વિદ્યાની પ્રાપ્તિ કરાવનારા સભા-સેનાધીશો ! वाम्-તમારી सुमतिम्-ધર્મયુક્ત શ્રેષ્ઠ બુદ્ધિને હું आ, चके-સમ્યક્ શ્રવણ કરું. તમે બન્ને मे-મારા માટે विश्वाः-સમસ્ત धियः-ધારણાવતી બુદ્ધિઓને सदा-સદા प्र, अवतम्-પ્રવેશ કરાવો તથા अस्मे-અમારા માટે बृहन्तम्-અતિ પ્રવૃદ્ધ अपत्यसाचम्-પુત્ર-પૌત્રાદિ યુક્ત श्रुत्यम्-શ્રવણ યોગ્ય रयिम्-ધનને रराथाम्-પ્રદાન કરો. (૨૩)

*ભાવાર્થ : વિદ્યાર્થીઓ અને રાજા આદિ ગૃહસ્થોએ આપ્ત વિદ્વાનોની સમીપથી ઉત્તમ બુદ્ધિઓને પ્રાપ્ત કરવી જોઈએ અને એ વિદ્વાનો તેઓને વિદ્યા આદિ ધન પ્રદાન કરીને નિરંતર સુશિક્ષિત અને ધાર્મિક વિદ્વાન બનાવે. (૨૩)*

**हिरण्यहस्तमश्विना रराणा पुत्रं नरा वध्रिमत्या अदत्तम्।**
**त्रिधा ह श्यावमश्विना विकस्तमुज्जीवस ऐरयतं सुदानू॥ २४॥**

પદાર્થ : હે रराणा-ઉત્તમ ગુણોના આપનારા, नरा-શ્રેષ્ઠ પદાર્થોની પ્રાપ્તિ કરાવનારા તથા अश्विना-રક્ષા આદિ કર્મોમાં વ્યાપ્ત થનારા અધ્યાપકો ! તમે બન્ને हिरण्यहस्तम्-જેના હાથમાં સુવર્ણ આદિ ધન વા હાથની સમાન, વિદ્યા અને તેજ આદિ પદાર્થો છે, તે वध्रिमत्याः-વૃદ્ધિ આપનારી વિદ્યાની पुत्रम्-રક્ષકજનને મારા માટે अदत्तम्-આપો.

હે सुदानू-સુંદર દાનશીલ સજ્જનોની સમાન વર્તમાન अश्विना-ઐશ્વર્યવાન અધ્યાપકો ! તમે બન્ને श्यावम्-વિદ્યા પ્રાપ્ત विकस्तम्-અનેક રીતે વિદ્યા પ્રદાન કરનારા મનુષ્યને जीवसे-જીવનને માટે ह-જ त्रिधा-ત્રણ પ્રકાર અર્થાત્ મન, વાણી અને શરીરની શિક્ષા આદિની સાથે उद्, ऐरयतम्-પ્રેરિત કરો અર્થાત્ સમજાવો. (૨૪)

*ભાવાર્થ : અધ્યાપકો પુત્રોને અને અધ્યાપિકાઓ પુત્રીઓને બ્રહ્મચર્યથી યુક્ત કરીને, તેઓના દ્વિતીય વિદ્યારૂપી જન્મને સંપન્ન કરીને અને તેને જિવિકા-સાધનોને શીખવીને સમય પર તેઓના માતા-પિતાને સોંપી દે અને તેઓ ઘરે પહોંચીને પણ પોતાની શિક્ષાને ભૂલે નહિ. (૨૪)*

एतानि वामश्विना वीर्याणि प्र पूर्व्याण्यायवोऽवोचन्।
ब्रह्म कृण्वन्तो वृषणा युवभ्यां सुवीरासो विदथमा वदेम॥ २५॥

પદાર્થ : હે वृषणा-વિદ્યાને વર્ષાવનારા અને अश्विनौ-પ્રશંસિત કર્મોમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! वाम्-તમે બન્નેના જે एतानि-એ પ્રશંસિત पूर्व्याणि-પૂર્વ વિદ્વાનોથી નિયત કરેલ वीर्याणि-પરાક્રમયુક્ત કામ છે તેને आयवः-મનુષ્ય प्रावोचन्- સારી રીતે કહે, युवभ्याम्-તરુણ અવસ્થાયુક્ત તમે બન્ને ब्रह्म-અન્ન અને ધનને कृण्वन्त-સિદ્ધ કરીને सुवीरासः-જેની ઉત્તમ શિક્ષા અને ઉત્તમ વિદ્યાયુક્ત વીર પુત્ર-પૌત્ર અને સેવકવાળા અમે विदथम्-વિજ્ઞાન કરાવનાર ભણવા-ભણાવવા રૂપ યજ્ઞનો आ, वदेम-ઉપદેશ કરીએ. (૨૫)

*ભાવાર્થ : જે વિદ્વાનો દ્વારા લોકોપકાર કરનારા વિદ્યા અને ધર્મોપદેશ તથા પ્રચારરૂપી કાર્ય કરેલ છે અથવા કરી રહ્યા છે, તેઓની પ્રશંસા અને અન્ન આદિથી અથવા ધનથી તેઓની સેવા મનુષ્ય કરે.*

*કોઈપણ મનુષ્ય વિદ્વાનોના સંગ વિના વિદ્યા આદિ રત્નોને પ્રાપ્ત કરી શકતા નથી. કોઈ કપટ આદિ દોષોથી રહિત આપ્ત વિદ્વાનોના સંગ વિના તથા તેઓ દ્વારા અધ્યયન કર્યા વિના કોઈ સુશીલતા અને વિદ્યાની વૃદ્ધિ કરવામાં સમર્થ બની શકતા નથી. (૨૫)*

સંગતિ : આ સૂક્તમાં રાજા, પ્રજા અને વિદ્યા ભણવા-ભણાવવા આદિ કાર્યોના વર્ણનથી પૂર્વ સૂક્તાર્થની સાથે આ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૧૧૭)

## સૂક્ત-૧૧૮

आ वां रथो अश्विना श्येनपत्वा सुमृळीकः स्ववाँ यात्वर्वाङ्।
यो मर्त्यस्य मनसो जवीयान्त्रिबन्धुरो वृषणा वातरंहाः॥ १॥

પદાર્થ : હે वृषणा-બળવાન अश्विना-શિલ્પ કાર્યોના જ્ઞાતા સ્ત્રી-પુરુષો ! वाम्-તમે બન્નેને यः-જે त्रिबन्धुरः-જેમાં નીચે, વચ્ચે અને ઉપર બંધન હોય श्येनपत्वा-બાજ પક્ષીની સમાન જનાર वातरंहाः-જેનો વાયુ સમાન વેગ मर्त्यस्य-મનુષ્યના मनसः-મનથી પણ जवीयान्-અત્યંત ગતિમાન અને सुमृडीकः-શ્રેષ્ઠ સુખદાતા स्ववान्-જેમાં પ્રશંસિત નોકર વા પોતાના પદાર્થો વિદ્યમાન છે એવો रथः-રથ છે, તે अर्वाङ्-નીચે आ, यातु-આવે. (૧)

*ભાવાર્થ : સ્ત્રી-પુરુષ જ્યારે એ રીતે જ્ઞાનને પ્રાપ્ત કરીને તેનો ઉપયોગ કરે, ત્યારે કયું એવું સુખ છે, જેને સિદ્ધ ન કરી શકે ? (૧)*

त्रिबन्धुरेण त्रिवृता रथेन त्रिचक्रेण सुवृता यातमर्वाक्।
पिन्वतं गा जिन्वतमर्वतो नो वर्धयतमश्विना वीरमस्मे॥ २॥

પદાર્થ : હે અશ્વિના-સભા-સેનાધીશો ! તમે બન્ને ત્રિબન્ધુરેણ-જે ત્રણ પ્રકારના બંધનોથી યુક્ત, ત્રિચક્રેણ-જેમાં કલના ત્રણ ચક્ર લાગેલ ત્રિવૃત-અને ત્રણ ઓઢવાના વસ્ત્રોથી યુક્ત જે સુવૃતા-સર્વોત્તમ મનુષ્ય વા શ્રેષ્ઠ શૃંગારોની સાથે વર્તમાન રથેન-રથ છે, તેથી અર્વાક્-ભૂમિની નીચે આ, યાતમ્-આવો, નઃ-અમારી ગાઃ-પૃથિવીમાં જે ભૂમિ છે તેનું પિન્વતમ્-સેવન કરો, અર્વતઃ-રાજ્ય પ્રાપ્ત કરેલ મનુષ્ય વા ઘોડાઓને જિન્વતમ્-જીવાડો-સુખ આપો, અસ્મે-અમને તથા અમારા વીરમ્-શૂરવીર પુરુષોની વર્દ્ધયતમ્-વૃદ્ધિ કરો - ઉન્નતિ કરો. (૨)

*ભાવાર્થ : રાજપુરુષ ઉત્તમ સાધનોવાળા તથા આપ્ત સહાયકોવાળા થઈને અને સર્વ સ્ત્રી-પુરુષોને સમૃદ્ધિયુક્ત કરીને પ્રશંસિત થાય. (૨)*

प्रवद्यामना सुवृता रथेन दस्राविमं शृणुतं श्लोकमद्रेः।
किमङ्ग वां प्रत्यवर्त्तिं गमिष्ठाहुर्विप्रासो अश्विना पुराजाः॥ ३॥

પદાર્થ : હે પ્રવદ્યામના-સારી રીતે ચાલનાર, સુવૃતા-સાધનોથી યુક્ત, રથેન-વિમાનાદિ રથથી અદ્રેઃ-પર્વત પર જવા અને દસ્રૌ-દાન આદિ શ્રેષ્ઠ કર્મો કરનારા અશ્વિના-સભા-સેનાધીશો વા સ્ત્રી-પુરુષો ! વામ્-તમે બન્ને ઇમમ્-એ શ્લોકમ્-વાણીને શ્રૃણુતમ્-સાંભળો કે અઙ્ગ-હે ઉક્ત સજ્જનો ! પુરાજાઃ-પૂર્વ વૃદ્ધ વિપ્રાસઃ-શ્રેષ્ઠ બુદ્ધિમાન વિદ્વાનો ગમિષ્ઠા-અતિ ચાલતા તમે બન્નેના પ્રતિ-પ્રત્યે કિમ્-કોણ અવર્ત્તિમ્-ન વર્તનાર ન કહેવા યોગ્ય નિંદિત વ્યવહારનો આહુઃ ઉપદેશ કરે છે ? અર્થાત્ કોઈ નહિ. (૩)

*ભાવાર્થ : હે રાજા આદિ સ્ત્રી-પુરુષો ! તમે લોકો, જે-જે આપ્તજન ઉપદેશ કરે, તેનો જ સ્વીકાર કરો. સજ્જનોના ઉપદેશ વિના સંસારમાં મનુષ્યોની ઉન્નતિ થતી નથી.*

*જ્યાં આપ્તજનોનો ઉપદેશ થતો નથી, ત્યાં (મનુષ્ય અજ્ઞાનરૂપી) અંધકારમાં ડૂબેલ પશુઓની સમાન વર્તાવ કરીને, દુઃખનો સંચય કરે છે. (૩)*

आ वां श्येनासो अश्विना वहन्तु रथे युक्तास आशवः पतङ्गाः।
ये अप्तुरो दिव्यासो न गृध्रा अभि प्रयो नासत्या वहन्ति॥ ४॥

પદાર્થ : હે નાસત્યા-સત્યની સાથે વર્તમાન અશ્વિના-સર્વ વિદ્યાઓમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! યે-જે અપ્તુરઃ-અન્તરિક્ષમાં શીઘ્રતા કરનાર દિવ્યાસઃ-અને સારી રીતે રમનાર ગૃધ્રાઃ-ગીધ પંખીઓની ન-સમાન પ્રયઃ-પ્રીતિયુક્ત અર્થાત્ ઈચ્છિત સ્થાનને અભિ, વહન્તિ-સર્વત્રથી પહોંચાડે છે તે શ્યેનાસઃ-

બાજ પક્ષીની સમાન ચાલનાર पतङ्गाः-સૂર્યની સમાન નિરંતર પ્રકાશમાન आशवः-અને શીઘ્રતા યુક્ત ઘોડાઓની સમાન અગ્નિ આદિ પદાર્થ रथे-વિમાનાદિ રથમાં युक्तासः-યુક્ત કરેલ वाम्-તમને બન્નેને आ, वहन्ति-પહોંચાડે છે. (૪)

*ભાવાર્થ : હે સ્ત્રી-પુરુષો ! જેમ આકાશમાં પોતાની પાંખોથી ઉડતા ગીધ આદિ પક્ષીઓ સુખપૂર્વક આવે-જાય છે, તેમ તમે સુસાધિત વિમાન આદિ ચયાનોથી અન્તરિક્ષમાં આવો-જાઓ. (૪)*

**आ वां रथं युवतिस्तिष्ठदत्र जुष्ट्वी नरा दुहिता सूर्यस्य।**
**परि वामश्वा वपुषः पतङ्गा वयो वहन्त्वरुषा अभीके॥ ५॥**

પદાર્થ : હે नरा-સર્વના નેતા સભા-સેનાધીશો ! वपुषः-સુંદર રૂપની जुष्ट्वी-પ્રીતિને પામીને વા સુંદર રૂપનું સેવન કરતી સુંદરી युवतिः-નવયૌવના दुहिता-કન્યા सूर्यस्य-સૂર્યનાં કિરણોને પ્રાતઃ કાળની વેળા જેમ પૃથિવી પર સ્થિત, તેમ वाम्-તમે બન્નેના रथम्-રથ પર आ, तिष्ठत्-આવીને બેસે अत्र-એ अभीके-સંગ્રામમાં पतङ्गाः-ગમન કરીને अरुषा-લાલ રંગવાળા वयः-પક્ષીઓની સમાન अश्वाः-શીઘ્રગામી અગ્નિ આદિ પદાર્થ वाम्-તમે બન્નેને परि, वहन्तु-સર્વત્ર પહોંચાડે. (૫)

*ભાવાર્થ : જેમ સૂર્યનાં કિરણો સર્વત્ર વિચરે છે, જેમ પતિવ્રતા સ્ત્રી પતિને સુખ પહોંચાડે છે અને જેમ પક્ષી ઉપર-નીચે ગતિ કરે છે, તેમ યુદ્ધમાં શ્રેષ્ઠ યાન અને ઉત્તમ વીર ઈચ્છિત (કાર્યો) સિદ્ધ કરે છે. (૫)*

**उद्वन्दनमैरतं दंसनाभिरुद्रेभं दस्रा वृषणा शचीभिः।**
**निष्टौग्र्यं पारयथः समुद्रात् पुनश्च्यवानं चक्रथुर्युवानम्॥ ६॥**

પદાર્થ : હે दस्रा-દુઃખ દૂર કરનારા અને वृषणा-સુખવર્ષક સભા-સેનાધીશો ! તમે બન્ને शचीभिः-કર્મ અને બુદ્ધિઓ વા दंसनाभिः-વચનોની સાથે જેમ तौग्र्यम्-બળવાન મારનાર રાજાનો પુત્ર च्यवानम्-જે ગમનકર્તા બલી युवानम्-યુવાન છે, તેને समुद्रात्-સાગરથી निः, पारयथः-નિરંતર પાર કરીને पुनः-ફરી આ પાર આવેલ ને उत्, चक्रथुः-ત્યાં પહોંચાડો છો, તેમ જ वन्दनम्-પ્રશંસિત યાન અને रेभम्-પ્રશંસિત મનુષ્યને उदैरतम्-અહીં - ત્યાં પહોંચાડો. (૬)

*ભાવાર્થ : જેમ જહાજ ચાલક મનુષ્યને સમુદ્ર પાર કરાવીને સુખી કરે છે, તેમ રાજસભા શિલ્પીકારો અને ઉપદેશકોને દુઃખથી પાર કરીને નિરંતર આનંદિત કરે. (૬)*

**युवमत्रयेऽवनीताय तप्तमूर्जमोमानमश्विनावधत्तम्।**
**युवं कण्वायापिरिप्ताय चक्षुः प्रत्यधत्तं सुष्टुतिं जुजुषाणा॥ ७॥**

પદાર્થ : હે जुजुषाणा-સેવા અને પ્રીતિને પ્રાપ્ત अश्वनौ-સમસ્ત ગુણોમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! युवम्-

તમે બન્ને अवनीताय-અવિદ્યા-અજ્ઞાન દૂર કરવા અને अपिरिप्ताय-સમસ્ત વિદ્યાઓથી વૃદ્ધિને માટે अत्रये-જેને ત્રણ પ્રકારનું દુઃખ નથી તે कण्वाय-બુદ્ધિમાનને માટે तप्तम्-તપસ્યાથી ઉત્પન્ન ओमानम्-રક્ષા આદિ શ્રેષ્ઠ કામોના પાલન કરનારા ऊर्जम्-પરાક્રમને अधत्तम्-ધારણ કરો અને युवम्-તમે બન્ને તેથી चक्षुः-સમસ્ત વ્યવહારનું દર્શક ઉત્તમ જ્ઞાન અને सुष्टुतिम्-સુંદર પ્રશંસાની प्रति, अधत्तम्-પ્રતીતિ સાથે ધારણ કરો. (૭)

*ભાવાર્થ : સભાધ્યક્ષ અને સેનાધ્યક્ષ આદિ રાજપુરુષોએ વેદ આદિની વિદ્યાના પ્રચારને માટે પ્રયત્નશીલ ધાર્મિક વિદ્વાનોની રક્ષા કરીને તથા તેઓથી વિનય પ્રાપ્ત કરીને પ્રજાઓનું પાલન કરવું જોઈએ. (૭)*

युवं धेनुं शयवे नाधितायापिन्वतमश्विना पूर्व्याय।
अमुञ्चतं वर्त्तिकामंहसो निः प्रति जङ्घां विश्पलाया अधत्तम्॥ ८॥

પદાર્થ : હે अश्विना-સુશિક્ષિત સમસ્ત વિદ્યાઓમાં રમણ કરતા સ્ત્રી-પુરુષો ! युवम्-તમે બન્ને नाधिताय-ઐશ્વર્યયુક્ત पूर्व्याय-પૂર્વ વિદ્વાનોએ કરેલ शयवे-કે જે સુખપૂર્વક સૂવે છે તે વિદ્વાનને માટે धेनुम्-સુશિક્ષિત વાણીનું अपिन्वतम्-સેવન કરો, જેને अंहसा-અધર્મના આચરણથી निरमुञ्चतम्-નિરંતર છોડાવો, તેથી विश्पलायाः-પ્રજાજનોનાં પાલન માટે जङ्घाम्-સમસ્ત સુખ ઉત્પાદક वर्तिकाम्-વિનય, નમ્રતા આદિ ગુણોયુક્ત શ્રેષ્ઠ નીતિને प्रत्यधत्तम्-પ્રીતિથી ધારણ કરો. (૮)

*ભાવાર્થ : હે રાજપુરુષો ! પરસ્પરના વ્યવહારથી ઐશ્વર્ય-સંપન્ન અને ધનવાન કુળમાં ઉત્પન્ન સર્વ પ્રજાજનો સત્ય ન્યાયથી સંતુષ્ટ કરીને, બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા-ગ્રહણને માટે તમે લોકો પ્રવૃત્ત કરો. જેથી કોઈનો પણ પુત્ર અને પુત્રી વિદ્યા અને સુશિક્ષાથી વંચિત રહે નહિ. (૮)*

युवं श्वेतं पेदव इन्द्रजूतमहिहनमश्विनादत्तमश्वम्।
जोहूत्रमर्यो अभिभूतिमुग्रं सहस्रसां वृषणं वीड्वङ्गम्॥ ९॥

પદાર્થ : હે अश्विना-યજ્ઞાદિ કર્મ કરાવનારી સ્ત્રી અને સમસ્ત લોકોના અધિપતિ પુરુષ ! युवम्-તમે બન્ને पेदवे-જવા-આવવાને માટે જે अर्यः-સર્વના સ્વામી સર્વ સભાઓના પ્રધાન રાજા इन्द्रजूतम्-સભાધ્યક્ષ રાજાને પ્રેરણા માટે जोहूत्रम्-અત્યંત ઈર્ષા કરતા વા શત્રુઓની સ્પર્ધા કરતા वृषणम्-શત્રુઓની સેના પર શસ્ત્રાસ્ત્રની વર્ષા કરાવનાર वीड्वङ्गम्-બળવાન દૃઢ અંગોથી યુક્ત उग्रम्-દુષ્ટ શત્રુઓથી અસહનીય अभिभूतिम्-અને શત્રુઓનો તિરસ્કાર કરનાર सहस्रसाम्-વા હજારો કામોનું સેવન કરનાર श्वेतम्-સફેદ अश्वम्-સર્વમાં વ્યાપ્ત વિદ્યુતરૂપ અગ્નિને अहिहनम्-મેઘને છિન્ન-ભિન્ન કરનાર સૂર્યની સમાન તમારા બન્ને માટે આપે છે, તેને માટે નિરંતર સુખ अदत्तम्-આપો. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્ય મેઘને વરસાવીને સર્વ પ્રજાને સુખ આપે છે, તેમ શિલ્પવિદ્યાના જ્ઞાતા સ્ત્રી-*

*પુરુષ સંપૂર્ણ પ્રજાને સુખ પ્રદાન કરે અને પોતાની મધ્યમાં જે શ્રેષ્ઠ રથી વીર સ્ત્રી-પુરુષ હોય, તેઓનો સદા સત્કાર કરે. (૯)*

ता वां नरा स्ववसे सुजाता हवामहे अश्विना नाधमानाः।
आ न उप वसुमता रथेन गिरो जुषाणा सुविताय यातम्॥ १०॥

પદાર્થ : હે सुजाता-શ્રેષ્ઠ વિદ્યા ગ્રહણ કરવા આદિમાં ઉત્તમ કર્મોમાં પ્રસિદ્ધ થયેલ गिरः-શુભ વાણીનું जुषाणा-સેવન અને अश्विना-પ્રજાના અંગોનું પાલન કરનારા नरा-ન્યાયમાં પ્રવૃત્ત સ્ત્રી-પુરુષો ! नाधमानाः-જેને બહુ જ ઐશ્વર્ય પ્રાપ્ત છે તે અમે જે वाम्-તમારી अवसे-રક્ષા આદિને માટે सु, हवामहे-સુંદરતાથી બોલાવે ता-તે તમે वसुमता-જેમાં પ્રશંસિત સુવર્ણ આદિ ધન વિદ્યમાન છે તે रथेन-મનોહર વિમાન આદિ યાનથી नः-અમને सुविताय-ઐશ્વર્યને માટે उप, आ, यातम्-આવીને મળો. (૧૦)

*ભાવાર્થ : પ્રજાના સ્ત્રી-પુરુષો જે રાજપુરુષોને પ્રસન્ન કરે, તેઓ પ્રજાજનોને નિરંતર પ્રસન્ન રાખે, જેથી પરસ્પરની રક્ષા દ્વારા ઐશ્વર્ય-સમૂહની નિત્ય વૃદ્ધિ થાય. (૧૦)*

आ श्येनस्य जवसा नूतनेनास्मे यातं नासत्या सजोषाः।
हवे हि वामश्विना रातहव्यः शश्वत्तमाया उषसो व्युष्टौ॥ ११॥

પદાર્થ : હે नासत्या-સત્યયુક્ત अश्विना-સમસ્ત ગુણોયુક્ત સ્ત્રી-પુરુષો વા સભા-સેનાધીશો ! सजोषाः-જેનો એકતાપ્રેમ रातहव्यः-વા જેને સમ્યક્‌હોમની सामग्री-આપી તે હું शश्वत्तमायाः-અત્યંત અનાદિરૂપ उषसः-પ્રભાતવેળાને व्युष्टौ-વિશેષ ઈચ્છતા સમયમાં જે वाम्-તમને हवे-સ્તુતિ દ્વારા આહ્‌વાન કરું તે તમે हि-નિશ્ચયપૂર્વક श्येनस्य-બાજ પક્ષીના जवसा-વેગની સમાન नूतनेन-નવીન રથથી अस्मे-અમને आ, यातम्-આવીને મળો. (૧૧)

*ભાવાર્થ : સ્ત્રી-પુરુષ રાત્રિના ચોથા પ્રહરમાં ઉઠીને આવશ્યક નિત્ય કર્મ કરીને, જગદીશ્વરની ઉપાસના અને યોગાભ્યાસ કરીને, રાજકાર્ય અને પ્રજાકાર્ય કરવામાં પ્રવૃત્ત થાય.*

*રાજા આદિએ પ્રશંસનીય પ્રજાજનોનો સત્કાર કરવો જોઈએ અને પ્રજાજનોએ પણ સ્તુતિ યોગ્ય રાજપુરુષોની સ્તુતિ કરવી જોઈએ. કોઈ પણ અધર્મનું આચરણ કરનારાઓની નિંદા કરવી ઉચિત નથી. તેથી સર્વ ધર્મ વ્યવસ્થા અનુસાર આચરણ કરે. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં સ્ત્રી-પુરુષ અને રાજા-પ્રજાના ધર્મનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૮)

## સૂક્ત-૧૧૯

आ वां रथं पुरुमायं मनोजुवं जीराश्वं यज्ञियं जीवसे हुवे।

सहस्रकेतुं वनिनं शतद्वसुं श्रुष्टीवानं वरिवोधामभि प्रयः॥ १॥

પદાર્થ : હે સમસ્ત ગુણોમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! प्रयः-પ્રીતિ કરનારમાં जीवसे-જીવનને માટે वाम्-તમે બન્નેની पुरुमायम्-બહુજ બુદ્ધિથી બતાવેલ, जीराश्वम्-જેથી પ્રાણધારી જીવોને પ્રાપ્ત થાય વા તેઓને એકત્ર કરતાં, यज्ञियम्-જે યજ્ઞના દેશમાં જવા યોગ્ય, सहस्रकेतुम्-જેમાં હજારો પતાકાઓ લાગેલી હોય, शतद्वसुम्-સેકંડો પ્રકારનું ધન હોય, वनिनम्-અને પુષ્કળ જળ વિદ્યમાન હોય, श्रुष्टीवानम्-જે શીઘ્ર ગતિથી ચાલનાર, मनोजुवम्-મન સમાન વેગવાન, वरिवोधाम्-જેથી મનુષ્ય સુખ સેવનને ધારણ કરીને रथम्-તે મનોહર વિમાન આદિ યાનની अभ्याहुवे-સર્વ રીતે પ્રશંસા કરું છું. (૧)

*ભાવાર્થ : ...... પ્રયત્નશીલ વિદ્વાન શિલ્પી લોકો જો ઈચ્છે, તો તેઓના દ્વારા (બુદ્ધિમત્તાપૂર્વક નિર્મિત, અનેક પ્રાણીઓના વાહક, યજ્ઞીય દેશને પ્રાપ્ત કરાવનાર, સહસ્રો પતાકાઓ યુક્ત, ધનથી પરિપૂર્ણ, જળ પ્રબંધયુક્ત અનેક શીઘ્ર ગતિઓયુક્ત, મન સમાન વેગવાન અને સંપૂર્ણ સુખ દાયક) બનાવી શકાય છે. (૧)*

ऊर्ध्वा धीतिः प्रत्यस्य प्रयामन्यधायि शस्मन्त्समयन्त आ दिशः।
स्वदामि घर्मं प्रति यन्त्यूतय आ वामूर्जानी रथमश्विनारुहत्॥ २॥

પદાર્થ : હે अश्विना-સભા-સેનાધીશો ! वाम्-તમારી બન્ને शस्मन्-પ્રશંસાને યોગ્ય प्रयामनि-અતિ ઉત્તમ યાત્રામાં જે ऊर्जानी-પરાક્રમયુક્ત નીતિ અને ऊर्ध्वाः, धीतिः-ઉન્નતિયુક્ત ધારણ વા ઊંચ્ચ ધારણ જે મનુષ્યોએ अधायि-ધારણ કરી છે તેઓ दिशः-દાન આદિ ઉત્તમ કર્મ કરનારા મનુષ્યો सम, आ, अयन्ते-સારી રીતે આવે છે.

જે रथम्-મનોહર વિમાન આદિ યાનમાં શિલ્પીકાર જન आ, अरुहत्-આરોહણ કરે છે. તેના પર તમે પણ આરોહણ કરો-ચડો.

જે धर्मम्-ઉજ્જવળ સંગુધીયુક્ત ભોજન કરવા યોગ્ય પદાર્થોને ऊतयः-મનોહર રક્ષાદિ વ્યવહાર અમારે માટે यन्ति-પ્રાપ્ત કરે છે, તેઓને प्रति-તમે પ્રાપ્ત થાઓ. અને જે ઉજ્જવળ સુગંધિયુક્ત ભોજન કરવા યોગ્ય પદાર્થોનો હું स्वदामि-સ્વાદ ચાખું अस्य-તે સ્વાદને તમે प्रति-પ્રતીતિથી પ્રાપ્ત થાઓ. (૨)

*વિદ્યોદય : હે મનુષ્યો ! તમે સુસંસ્કૃત, રોગ નિવારક અને બલકારક અન્નોનું ભોજન કરો. યાત્રામાં સંપૂર્ણ સામગ્રી લઈને પરસ્પર પ્રેમ અને રક્ષા કરીને દેશ-દેશાન્તરમાં જાઓ (પરંતુ) ક્યાંક પણ નીતિનો ત્યાગ કરો નહિ. (૨)*

सं यन्मिथः पस्पृधानासो अग्मत शुभे मखा अमिता जायवो रणे।
युवोरह प्रवणे चेकिते रथो यदश्विना वहथः सूरिमा वरम्॥ ३॥

પદાર્થ : હે अश्विना-સ્ત્રી-પુરુષો ! यत्-જે વિદ્વાન चेकिते-યુદ્ધ કરવાને જાણે છે વા જે युवोः-

તમે બન્નેના रथः-અતિ સુંદર રથ मिथः-પરસ્પર યુદ્ધની વચ્ચે લડાઈ કરનાર છે વા જે वरम्-અતિશ્રેષ્ઠ सूरिम्-યુદ્ધ વિદ્યાના જ્ઞાતા ધાર્મિક વિદ્વાનને તમે वहथः-પ્રાપ્ત થતા તેની સાથે વર્તમાન अह-શત્રુઓને બાંધવા વા તેઓને હરાવવામાં यन्-જે शुभे-શુભ ગુણ પ્રાપ્ત કરવા માટે प्रवणे-જેમાં વીર જાય છે તે रणे-સંગ્રામમાં पस्पृधानासः-ઈર્ષાથી એક-બીજાને બોલવતાં मखाः-યજ્ઞ સમાન ઉપકારક अमिताः-પાડેલ નહિ जायवः-શત્રુઓને જીતનાર વીર પુરુષ समग्मत्-સારી રીતે જાય, તેને માટે आ-ઉત્તમ યત્ન પણ કરો. (૩)

*ભાવાર્થ : રાજપુરુષ જ્યારે શત્રુઓને જીતવા માટે પોતાની સેનાઓને મોકલે, ત્યારે લક્ષ્મી-સંપન્ન, કૃતજ્ઞ, યુદ્ધ કુશળ અને યુદ્ધ કરાવી શકે તેવા વિદ્વાનો સેનાઓની સાથે અવશ્ય જાય. સમસ્ત સેના તેઓને અનુમતીથી જ યુદ્ધ કરે, જેથી નિશ્ચિત્ વિજય થાય.*

*જ્યારે યુદ્ધ સમાપ્ત થઈ જાય અને વીર લોકો પોત-પોતાના સ્થાનો પર સ્થિત થઈ જાય, ત્યારે તેઓને એકત્રિત કરીને અતિ હર્ષ અને વિજય-ભાવના ઉત્પન્ન કરનાર વ્યાખ્યાન (વિદ્વાનો) આપે. જેથી તેઓ સર્વ યુદ્ધ માટે ઉત્સાહિત થઈને શત્રુઓને અવશ્ય જીતે. (૩)*

**युवं भुज्युं भुरमाणं विभिर्गतं स्वयुक्तिभिर्निवहन्ता पितृभ्य आ।**
**यासिष्टं वर्तिर्वृषणा विजेन्यं दिवोदासाय महि चेति वामवः॥ ४॥**

પદાર્થ : वृषणा-સુખવર્ષક અને સર્વ ગુણોમાં રમણ કરનારા સભા-સેનાધીશો ! युवम्-તમે બન્ને वाम्-પોતાની भुरमाणम्-પુષ્ટિકારક भज्युम्-ભોજન કરવા યોગ્ય પદાર્થોને विभिः-પક્ષીઓએ गतम्-પ્રાપ્ત કરેલ સમાન स्वयुक्तिभिः-પોતાની રીતે पितृभ्यः-રાજ્યનું પાલન કરનારા વીરોને માટે निवहन्ता-નિરંતર પહોંચાડતા महि-અત્યંત अवः-રક્ષક પદાર્થો અને वर्त्तिः-જે સેના સમૂહ चेति-જાણી શકાય તેને પણ લઈને दिवोदासाय-વિદ્યાના પ્રકાશક સેનાધ્યક્ષને માટે विजेन्यम्-જીતવા યોગ્ય શત્રુસેના સમૂહને आ, यासिष्टम्-થાઓ. (૪)

*ભાવાર્થ : સેનાપતિઓ જે સેનાને હૃષ્ટ-પુષ્ટ અર્થાત્ સરસ ખાન-પાનથી પુષ્ટ બનેલ અને પોતાના ચાહનાર સેનાને સારી રીતે ખાન-પાન આપી, સુશિક્ષા આપી અને તેઓને એવા પદાર્થો આપે જેનાથી આગળ લાભ થવાનો હોય તેવી પ્રવૃત્તિઓ કરીને, તે સેનાથી શત્રુઓને જીતી શકે. (૪)*

**युवोरश्विना वपुषे युवायुजं रथं वाणी येमतुरस्य शर्ध्यम्।**
**आ वां पतित्वं सख्याय जग्मुषी योषावृणीत जेन्या युवां पती॥ ५॥**

પદાર્થ : હે अश्विना-સભા-સેનાધીશો ! युवोः તમે પોતાના शर्ध्यम्-બળથી યુક્ત युवायुजम्-તમે જોડેલ रथम्-મનોહર સેના આદિ યુક્ત યાનને अस्य-એ રાજકાર્યની વચ્ચે સ્થિર થયેલ वाणी-ઉપદેશ કરનારાની સમાન वयुषे-શ્રેષ્ઠ રૂપ થવા માટે येमतुः-નિયમમાં રાખો છો. वाम्-તમારા બન્નેના

सख्याय-મિત્રભાવ અર્થાત્ અત્યંત પ્રીતિને માટે जेन्या-નિયમ પાલન કરનારામાં શ્રેષ્ઠ पती-પાલન કરનાર युवाम्-તમારી સાથે पतित्वम्-પતિભાવને जग्मुषी-પ્રાપ્ત થનારી योषा-યૌવનથી પરિપૂર્ણ બ્રહ્મચારિણી યુવતી સ્ત્રી તમારામાંથી પોતાના મનથી ઈચ્છિત એક પતિને आ अवृणीत-સારી રીતે વરે-વિવાહ કરે. (૫)

ભાવાર્થ : જેમ બ્રહ્મચર્ય પાલનપૂર્વક યુવાવસ્થાને પ્રાપ્ત વિદુષી કુમારી પોતાને પ્રિય પતિને પામીને નિરંતર તેની સેવા કરે છે અને જેમ બ્રહ્મચર્ય પાલન કરેલ યુવક પોતાની ઈચ્છિત સ્ત્રી પામીને આનંદિત થાય છે, તેવા જ સભાપતિ અને સેનાપતિ સદા થાય. (૫)

युवं रेभं परिषूतेरुरुष्यथो हिमेन घर्मं परितप्तमत्रये।
युवं शयोरवसं पिप्यथुर्गवि प्र दीर्घेण वन्दनस्तार्यायुषा॥ ६॥

પદાર્થ : સર્વ વિદ્યાઓમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! જેમ युवम्-તમે બન્ને अत्रये-આધ્યાત્મિક, આધિ ભૌતિક અને આધિ દૈવિક એ ત્રણ પ્રકારનાં દુઃખથી રહિત જે ઉત્તમ સુખને માટે परिसूतेः-સર્વત્રથી બીજા વિદ્યા જન્મમાં પ્રસિદ્ધ થયેલ વિદ્વાનથી વિદ્યાને પ્રાપ્ત કરેલ परितप्तम्-સર્વ પ્રકાર સંકિલષ્ટ = ક્લેશને પ્રાપ્ત रेभम्-સમસ્ત વિદ્યાની પ્રશંસા કરનાર વિદ્વાન મનુષ્યને हिमेन-શીતથી घर्मम्-ઉષ્ણતા સમાન उरुष्यथः-રક્ષા કરો. અર્થાત્ શીત દ્વારા ગરમીથી જેમ બચી શકાય, તેમ રક્ષા કરો. युवम्-તમે બન્ને गवि-પૃથિવીમાં शयोः-શયન કરેલાની अवसम्-રક્ષા આદિની पिप्यथुः-વૃદ્ધિ કરો, वन्दनः-પ્રશંસા યોગ્ય વ્યવહાર, दीर्घेण-પ્રલંબિત- દીર્ઘ - आयुषा-આયુને જેમ તમે બન્નેએ तारि-પાર કરી, તેમ અમે પણ प्र-પ્રયત્ન કરીએ. (૬)

*ભાવાર્થ : હે વિવાહિત સ્ત્રી પુરુષો ! જેમ શીતથી ઉષ્ણતાનો નાશ કરવામાં આવે છે, તેમ તમે વિદ્યાથી અવિદ્યાનો નાશ કરો. જેથી આધ્યાત્મિક, આધિભૌતિક અને આદિદૈવિક દુઃખ નષ્ટ પામે.*

*જેમ ધાર્મિક રાજપુરુષ ચોર આદિનું નિવારણ કરીને સૂતેલાં પ્રજાજનોની રક્ષા કરે છે અને જેમ સૂર્ય અને ચંદ્રમા સમસ્ત સંસારને પુષ્ટ કરીને જીવનદાતા છે, તેમ તમે આ સંસારમાં પ્રવૃત્ત થાઓ. (૬)*

युवं वन्दनं निर्ऋतं जरण्यया रथं न दस्रा करणा समिन्वथः।
क्षेत्रादा विप्रं जनथो विपन्यया प्र वामत्र विधते दंसना भुवत्॥ ७॥

પદાર્થ : હે करणा-ઉત્તમ કર્મ કરનાર વા दस्रा-દુઃખ દૂર કરનાર સ્ત્રી-પુરુષો ! युवम्-તમે બન્ને जरण्यया-વિદ્યા વૃદ્ધિ અર્થાત્ અત્યંત વિદ્યા ભણેલ વિદ્વાનોને યોગ્ય વિદ્યાથી યુક્ત निर्ऋतम्-જેમાં નિરંતર સત્ય વિદ્યમાન, वन्दनम्-પ્રશંસા કરવા યોગ્ય, विप्रम्-વિદ્યા અને સુશિક્ષાના યોગથી શ્રેષ્ઠ બુદ્ધિમાન વિદ્વાનને रथम्-વિમાન આદિ યાનથી न-સમાન समिन्वथः-સમ્યક્ પ્રાપ્ત થાઓ. क्षेत्रात्-ગર્ભાશય - ઉદર નિવાસ સ્થાનથી અર્થાત્ ગર્ભાશયથી ઉત્પન્ન સંતાનની સમાન પોતાના નિવાસથી ઉત્તમ કામને

आ, जनथः-સમ્યક્ પ્રકટ કરો, જે अत्र-આ સંસારમાં वाम्-તમારા બન્નેના ગૃહા-શ્રમની મધ્યના સંબંધ प्र,भुवत्-પ્રબળ થાય, તેમાં विपन्यया-પ્રશંસિત ધર્મથી નીતિથી યુક્ત दंसना-કામોને विधते-વિધાન કરવા પ્રવૃત્ત થયેલ મનુષ્યને માટે ઉત્તમ રાજ્યના અધિકારોને આપો. (૭)

*ભાવાર્થ : મનનશીલ સ્ત્રી-પુરુષ જન્મથી લઈને જ્યાં સુધી બ્રહ્મચર્યપૂર્વક સમસ્ત વિદ્યાઓ પ્રાપ્ત કરે, ત્યાં સુધી સંતાનોને સુશિક્ષા આપીને યથાયોગ્ય વ્યવહારોમાં નિરંતર નિયુક્ત કરે. (૭)*

**अगच्छतं कृपमाणं परावति पितुः स्वस्य त्यजसा निबाधितम्।**
**स्वर्वतीरित ऊतीर्युवोरह चित्रा अभीके अभवन्नभिष्टयः॥ ८॥**

પદાર્થ : હે વિદ્યાના વિચારોમાં રમણ કરતા સ્ત્રી-પુરુષો ! આપ स्वस्य-પોતાના पितुः-પિતા સમાન વર્તમાન અધ્યાપકથી परावति-દૂર દેશમાં સ્થિત અને त्यजसा-સંસારના સુખના ત્યાગથી, निबाधितम्-કષ્ટ સહન કરતા, कृप-माणम्-કૃપાકારક સ્વભાવયુક્ત સંન્યાસીને નિત્ય अगच्छतम्-પ્રાપ્ત થાઓ; इतः-એ યતિથી युवोः-તમારા બન્નેના अभीके-સમીપમાં अह-નિશ્ચયપૂર્વક, चित्राः-અદ્ભુત, अभिष्टयः-ઈચ્છિત, स्वर्वतीः-પ્રશંસિત સુખ જેમાં વિદ્યમાન છે, ऊतीः-તે રક્ષા આદિ કામના अभवत्-સિદ્ધ થાય. (૮)

*ભાવાર્થ : જ્યારે મનુષ્યો પૂર્ણ વિદ્યાવાન, આપ્ત, રાગ-દ્વેષ તથા પક્ષપાત રહિત, સર્વની પર કૃપા કરનાર, સર્વથા સત્યમય, અસત્યનો ત્યાગ કરનાર, જિતેન્દ્રિય, યોગ સિદ્ધાન્તને પ્રાપ્ત કરેલ પર તથા અવરના જ્ઞાતા જીવનમુક્ત, સંન્યાસ આશ્રમમાં વિદ્યમાન ઉપદેશ આપવા માટે ભ્રમણશીલ અને વેદોના જ્ઞાતા મનુષ્યને પ્રાપ્ત કરીને ધર્મ-અર્થ-કામ-મોક્ષની વિધિ-સહિત સિદ્ધિઓ પ્રાપ્ત કરે. એવા પ્રકારના મનુષ્યોનો સંગ અને ઉપદેશ-શ્રવણ વિના કોઈપણ યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. (૮)*

**उत स्या वां मधुमन्मक्षिकारपन्मदे सोमस्यौशिजो हुवन्यति।**
**युवं दधीचो मन आ विवासथोऽथा शिरः प्रति वामश्व्यं वदत्॥ ९॥**

પદાર્થ : હે મંગલયુક્ત રાજા અને પ્રજાજનો ! युवम्-તમે બન્ને જે औशिजः-મનોહર ઉત્તમ પુરુષના પુત્ર સંન્યાસી मदे-હર્ષને નિમિત્ત પ્રવર્તમાન स्या-તે मक्षिका-શબ્દ કરનારી માખી જેમ अरपत्-ગૂંજે છે, તેમ वाम्-તમે બન્નેને मधुमत्-જેમાં પ્રશંસિત ગુણ છે, તે વ્યવહારની સમાન हुवन्यति-પોતાના આપવા-લેવા ઈચ્છે છે, તે सोमस्य-ધર્મની પ્રેરણા કરનાર અને दधीचः-વિદ્યા ધર્મની ધારણા કરનારના તીરથી मनः-વિજ્ઞાનનું आ, विवासथः-સારી રીતે સેવન કરો. अथ-તદનન્તર उत-તર્ક-વિતર્કથી તે वाम्-તમારા બન્નેના પ્રત્યે પ્રીતિપૂર્વક એ જ્ઞાનને તથા अश्व्यम्-વિદ્યામાં વ્યાપ્ત થયેલ વિદ્વાનોમાં ઉત્તમ शिरः-શિરની સમાન પ્રશંસિત વ્યાખ્યાન प्रति, वदत्-કહો. (૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ મધમાખીઓ પાર્થિવ (પુષ્પ આદિ)થી રસ ચૂસીને મધપૂડામાં સંચય કરીને આનંદિત રહે છે, તેમ જ યોગવિદ્યારૂપી ઐશ્વર્યથી સંપન્ન, સત્યોપદેશથી સુખ ઉપજાવનાર,*

*બ્રહ્મ- નિષ્ઠ વિદ્વાન સંન્યાસીથી સત્ય શિક્ષા શ્રવણ કરીને, માનીને અને ધ્યાનમાં લાવીને તમે સદા સુખી થાઓ. (૯)*

**युवं पेदवे पुरुवारमश्विना स्पृधां श्वेतं तरुतारं दुवस्यथः।**
**शर्यैरभिद्युं पृतनासु दुष्टरं चर्कृत्यमिन्द्रमिव चर्षणीसहम्॥ १०॥**

પદાર્થ : હે अश्विना-સમસ્ત વિદ્યાઓમાં વ્યાપ્ત સભા - સેનાધીશો ! युवम्-તમે બન્ને पेदवे-પહોંચાડવા વા જવા માટે स्पृधाम्-શત્રુઓને ઈર્ષાથી બોલાવનારની पृतनासु-સેનાઓમાં चर्कृत्यम्-નિરંતર કરવા યોગ્ય श्वेतम्-અત્યંત ગમન કરવા વૃદ્ધિ પામેલ पुरुवारम्-જેનાથી બહુજ લેવા યોગ્ય કામો થાય છે, दुष्टरम्-જે શત્રુઓનું દુઃખ સાથે ઉલ્લંઘન કરી શકાય છે, चर्षणीसहम्-જેથી મનુષ્યો શત્રુઓને સહન કરે છે, જે शर्यैः-તોડવા - ફોડવા યોગ્ય યંત્રોથી બાંધેલ વા अभिद्युम्-જે સર્વત્ર વિદ્યુત્‌ની અગ્નિ ચમકતી એ इन्द्रमिव-સૂર્યના પ્રકાશની સમાન વર્તમાન तरुतारम्-સંદેશાના તારનો અર્થાત્ ગમે ત્યાં પહોંચાડનાર તાર યંત્રનું दुवस्यथः-સેવન કરો. (૧૦)

*ભાવાર્થ : જેમ મનુષ્યો દ્વારા વિદ્યુત્ (તાર) વિદ્યાથી ઈચ્છિત કાર્યો સિદ્ધ કરી શકાય છે, તેમ પરિવારના સંગથી સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત કરીને ધર્મ આદિ કાર્યો સિદ્ધ કરી શકાય છે. એ બન્ને દ્વારા જ સાંસારિક અને પામાર્થિક કાર્યોની સિદ્ધિ કરી શકાય છે, તેથી પ્રયત્નપૂર્વક વિદ્યુત્ (તાર) વિદ્યા અવશ્ય સિદ્ધ કરવી જોઈએ. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં રાજા-પ્રજા, સંન્યાસી-મહાત્માઓની વિદ્યાના વિચારનું આચરણ કહેવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૧૯)

## સૂક્ત-૧૨૦

**का राधद्धोत्राश्विना वां को वां जोष उभयोः। कथा विधात्यप्रचेताः॥ १॥**

પદાર્થ : હે अश्विना-ગૃહાશ્રમ ધર્મમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! वाम्-તમે उभयोः-બન્નેની का-કોણ होत्रा-સેના શત્રુઓના બળને છીનવીને તથા ઉત્તમ જીત આપવાની राधत्-સિદ્ધિ કરે ? वाम्-તમારા બન્નેના जोषे-પ્રીતિ ઉત્પન્ન કરનાર વ્યવહારમાં कथा-કેવી રીતે कः-કોણ अप्रचेताः-વિદ્યા, વિજ્ઞાન રહિત અર્થાત્ મૂઢ શત્રુ પરાજયનું विधाति વિધાન કરે ? (૧)

*ભાવાર્થ : સભાપતિ અને સેનાપતિ વીરો અને વિદ્વાનોના વ્યવહારોના જ્ઞાતા લોકોની સાથે વ્યવહાર કરે, તો પછી તે બન્નેનો પરાજય કરનાર અને તેઓના વિજયને રોકવામાં કોઈ સમર્થ બની શકે નહિ.*

*ક્યારેય પણ કોઈનું પ્રયોજન મૂર્ખોની સહાયતાથી સિદ્ધ થતું નથી, તેથી સદા વિદ્વાનોની મિત્રતાનું સેવન કરો. (૧)*

विद्वांसाविदुरः पृच्छेदविद्वानित्थापरो अचेताः। नू चिन्न मर्त्ते अक्रौ॥ २॥

પદાર્થ : જેમ अचेताः-અજ્ઞાન अविद्वान्-મૂર્ખ विद्वांसौ-બે વિદ્યાવાન પંડિતોને दुरः-શત્રુઓને મારવા વા મનમાં અત્યંત ક્લેશ કરનારી વાતોને पृच्छेत्-પૂછે, इत्था-એમ अपरः-અને વિદ્વાન મહાત્મા પોતાની રીતે इत्-જે नु-શીઘ્ર પૂછે, अकौ-ન કરનારા मर्त्ते-મનુષ્યના નિમિત્ત चित्-પણ नु-શીઘ્ર પૂછે જેથી એ આળસ છોડીને પુરુષાર્થમાં પ્રવૃત્ત થાય. (૨)

*ભાવાર્થ : જેમ વિદ્વાનજન વિદ્વાનોની સંમતિથી વર્તાવ કરે, તેમ અન્ય પણ વર્તાવ કરે. સદા વિદ્વાનોને પૂછીને તથા સત્ય-અસત્યનો નિર્ણય કરીને સત્યનું આચરણ કરે અને અસત્યનો ત્યાગ કરે. આ વિષયમાં કોઈએ કદાપિ આળસ કરવી નહિ, કારણ કે, 'પૂછ્યા વિના કોઈપણ જાણી શકતા નથી' કોઈએ પણ મૂર્ખોના ઉપદેશ પર વિશ્વાસ કરવો નહિ. (૨)*

ता विद्वांसा हवामहे वां ता नो विद्वांसा मन्म वोचेतमद्य।
प्रार्चद्दयमानो युवाकुः॥ ३॥

પદાર્થ : જે विद्वांसा-સંપૂર્ણ વિદ્યા ભણેલ શ્રેષ્ઠ આપ્ત અધ્યાપક તથા ઉપદેશક વિદ્વાન अद्य-આ સમયમાં नः-અમારા માટે मन्म-માનવા યોગ્ય ઉત્તમ વેદોમાં કહેલ જ્ઞાનનો वोचेतम्-ઉપદેશ કરે. ता-તે સમસ્ત વિદ્યાથી ઉત્પન્ન પ્રશ્નોનો ઉત્તર આપવા અને विद्वांसा-સર્વ વિદ્યાના વિજ્ઞાપકો वाम्-તમે બન્ને વિદ્વાનોનો અમે हवामहे-સ્વીકાર કરીએ છીએ, જે दयमानः-સર્વની ઉપર દયા કરતા युवाकुः-મનુષ્યોને સમસ્ત વિદ્યાઓની સાથે સંયોગ કરાવનાર મનુષ્ય ता-તે તમે બન્ને વિદ્વાનોનો प्र, आर्चत्-સત્કાર કરે, તેનો તમે પણ સત્કાર કરો. (૩)

*ભાવાર્થ : આ સંસારમાં જે જેને સત્ય વિદ્યાઓ પ્રદાન કરે, તેની તે મન-વચન-શરીરથી સેવા કરે. જે કપટથી વિદ્યાને ગુપ્ત રાખે તેનો નિરંતર તિરસ્કાર કરે.*

*આ રીતે સર્વે મળીને વિદ્વાનોનું સન્માન અને મૂર્ખોનું અપમાન નિરંતર કરે, જેથી સત્કાર કરેલ વિદ્વાન, વિદ્યાનો પ્રચાર કરવામાં પ્રયત્ન કરે અને સત્કાર ન કરેલ મૂર્ખ પણ વિદ્યામાં પ્રયત્ન કરે. (૩)*

वि पृच्छामि पाक्या३ न देवान्वषट्कृतस्याद्भुतस्य दस्रा।
पातं च सह्यसो युवं च रभ्यसो नः॥ ४॥

પદાર્થ : હે दस्रा-દુઃખ દૂર કરનાર અધ્યાપક અને ઉપદેશક વિદ્વાનો ! હું युवम्-તમને બન્નેને सह्यसः-અતિશય વિદ્યા બળથી પૂર્ણ, रभ्यसः-અત્યંત ઉત્તમ પુરુષાર્થયુક્ત, पाक्या-વિદ્યા અને યોગના અભ્યાસથી પરિપક્વ બુદ્ધિયુક્ત તે देवान्-વિદ્વાનોની न-સમાન वषट्कृतस्य-ક્રિયાથી સિદ્ધ કરેલ શિલ્પ વિદ્યાથી ઉત્પન્ન થનાર अद्भूतस्य-આશ્ચર્યરૂપ કામના વિજ્ઞાનને માટે પ્રશ્નોને वि, पृच्छामि-પૂછું છું च-અને તમે બન્ને તેના ઉત્તર આપો જેથી હું તમારી સેવા કરું છું च-અને તમે नः-અમારી पातम्-

રક્ષા કરો. (૪)

*ભાવાર્થ : વિદ્વાનજન નિત્ય બાળકથી લઈને વૃદ્ધ સુધી સર્વને સિદ્ધાન્ત વિદ્યાઓનો ઉપદેશ કરે, જેથી તેઓની રક્ષા અને ઉન્નતિ થઈ શકે અને તે (શ્રોતાજન) તેઓની સેવા કરીને સુશીલતાપૂર્વક પૂછીને સમાધાન પ્રાપ્ત કરે. આ રીતે પરસ્પરના ઉપકારથી સર્વ સુખી થાય. (૪)*

**प्र या घोषे भृगवाणे न शोभे यया वाचा यजति पज्रियो वाम्।**

**प्रैषयुर्न विद्वान्॥ ५ ॥**

પદાર્થ : હે સમસ્ત વિદ્યાઓમાં રમણ કરનારા અધ્યાપકો અને ઉપદેશકો ! पज्रियः-પ્રાપ્ત કરવા યોગ્ય બોધોને પ્રાપ્ત इषयुः-સર્વ જનોના ઇચ્છિત સુખને પ્રાપ્ત થનાર મનુષ્ય विद्वान्-વિદ્યાવાન સજ્જનની न-સમાન यया-જે वाचा-વાણીથી वाम्-તમારો प्र, यजति-સુંદર સત્કાર કરે છે, તે વાણીથી હું शोभे-શોભા પામું प्र-જે વિદુષી સ્ત્રી भृगवाणे-શ્રેષ્ઠ ગુણોથી પરિપક્વ બુદ્ધિમાન વિદ્વાનોની સમાન આચરણ કરનાર घोषे-ઉત્તમ વાણીને નિમિત્ત સત્કાર કરતી न-જેવી દેખાય છે, તે વાણીથી હું ઉક્ત સ્ત્રીનો प्र-સત્કાર કરું. (૫)

*ભાવાર્થ : હે અધ્યાપક અને ઉપદેશક મહાનુભાવો ! આપ બન્ને આપ્તની સમાન સર્વના કલ્યાણ માટે સદા પ્રવૃત્ત રહો. એજ રીતે વિદુષી સ્ત્રી પણ (રહે.)*

*સર્વ મનુષ્યો વિદ્યા, ધર્મ, સુશીલતા આદિથી યુક્ત થઈને નિરંતર સુશોભિત બને.*

*કોઈ પણ વિદ્વાન મૂર્ખ સ્ત્રીની સાથે વિવાહ ન કરે અને કોઈપણ વિદુષી (સ્ત્રી) મૂર્ખની સાથે વિવાહ ન કરે. પરંતુ મૂર્ખ મૂર્ખોની સાથે અને વિદ્વાન વિદુષીની સાથે સંબંધ કરે. (૫)*

**श्रुतं गायत्रं तकवानस्याहं चिद्धि रिरेभाश्विना वाम्।**

**आक्षी शुभस्पती दन्॥ ६ ॥**

પદાર્થ : હે अक्षौ-રૂપ પ્રકાશક નેત્રોની સમાન વર્તમાન शुभस्पती-ધર્મનું પાલન અને अश्विना-વિદ્યાની પ્રાપ્તિ કરાવનારા વા ઉપદેશ કરનારા વિદ્વાનો वाम्-તમારા પાસેથી तकवानस्य-વિદ્યા પ્રાપ્ત વિદ્વાનના चित्-પણ गायत्रम्-તે જ્ઞાનને જે ગાનારની રક્ષા કરે છે વા श्रुतम्-સાંભળેલ ઉત્તમ વ્યવહારને आ, दन्-ગ્રહણ કરતા अहम्-હું हि-જ रिरेभ-ઉપદેશ કરું. (૬)

*ભાવાર્થ : મનુષ્યોને આપ્તો દ્વારા જે-જે ભણાવામાં અને શ્રવણ કરવામાં આવે છે, તેને બીજાઓને નિત્ય ભણાવવા જોઈએ અને ઉપદેશ કરવો જોઈએ. જેમ બીજાઓથી સ્વયં વિદ્યા ગ્રહણ કરે, તેમ તે બીજાઓને આપવી જોઈએ. નિશ્ચય જ विद्या-દાનથી સમાન (શ્રેષ્ઠ) બીજું કોઈ મહાન દાન નથી. (૬)*

**युवं ह्यास्तं महो रन् युवं वा यन्निरततंसतम्।**

**ता नो वसू सुगोपा स्यातं पातं नो वृकादघायोः॥ ७॥**

પદાર્થ : હે वसू-નિવાસ કરાવનારા અધ્યાપકો-ઉપદેશકો ! रन्-અન્યોને સુખ દેતા જે युवम्-

તમે यत्-જેના પર आस्तम्-બેસો वा-અથવા युवम्-તમે બન્ને नः-અમારી सुगोपा-સમ્યક્ રક્ષા કરનારા स्यातम्-થાઓ, તે महः-મહાન अघायोः-જે પોતાને અન્યાય કરવાથી પાપ ઈચ્છતા वृकात्-તે ચોર, ડાકુથી नः-અમારું पातम्-પાલન કરો અને ता-તેઓ हि-જ આપ બન્ને निरततंसतम्-વિદ્યા આદિ ઉત્તમ અલંકારોથી પરિપૂર્ણ શોભાયમાન કરો. (૭)

*ભાવાર્થ : જેમ સભાપતિ અને સેનાપતિ ચોર આદિના ભયથી પ્રજાઓની રક્ષા કરે, તેમ એ બન્નેનું સર્વેએ પાલન કરવું જોઈએ. ધર્મ-કર્મમાં સંલગ્ન સર્વ અધ્યાપક, ઉપદેશક અને શિક્ષક અધર્મનો નાશ કરે. (૭)*

मा कस्मै धातमभ्यमित्रिणे नो माकुत्रा नो गृहेभ्यो धेनवो गुः।
स्तनाभुजो अशिश्वीः॥ ८॥

પદાર્થ : હે રક્ષક સભા-સેનાધીશો ! તમે कस्मै-કોઈ अमित्रिणे-જેનો કોઈ મિત્ર નહિ અર્થાત્ સર્વનો શત્રુ એવા મનુષ્યને માટે नः-અમને मा-ન अभिधातम्-કહો, આપની રક્ષા દ્વારા नः-અમારી स्तनाभुजः-દૂધ ભરેલ સ્તનોથી પોતાના વાછરડાઓ સહિત મનુષ્ય આદિ પ્રાણીઓનું પાલન કરતી धेनवः-ગાયો अशिश्वीः-વાછરડાથી રહિત અર્થાત્ - વંધ્યા मा-ન રહે અને તે અમારા गृहेभ्यः-ઘરોથી अकुत्र-વિદેશમાં ન गुः-પહોંચે - જાય. (૮)

*ભાવાર્થ : પ્રજાજન રાજપુરુષોને આ રીતે કહે 'અમને શત્રુ પીડિત ન કરી શકે તથા અમારી ગાય આદિ પશુઓનું અપહરણ ન કરી શકે, એવો આપ લોકો પ્રયત્ન કરો. (૮)*

दुहीयन्मित्रधितये युवाकु राये च नो मिमीतं वाजवत्यै।
इषे च नो मिमीतं धेनुमत्यै॥ ९॥

પદાર્થ : હે સર્વ વિદ્યાઓમાં વ્યાપ્ત સભા-સેનાધીશો ! તમે બન્ને જે ગાયો दुहीयन्-દૂધ આદિથી પૂર્ણ કરે છે તેઓને न-અમારા मित्रधितये-જેથી મિત્રોની ધારણા થાય તથા युवाकु-સુખથી મિલન અને દુઃખથી અલગ થાય તે राये-ધનને च-અને જીવનને માટે मिमीतम्-માનો, वाजवत्यै-જેમાં પ્રશંસિત જ્ઞાન વા धेनुमत्यै-ગાયના સંબંધ વિદ્યમાન છે તેને च-તથા इषे-ઈચ્છા માટે नः-અમને मिमीतम्-પ્રેરિત કરો અર્થાત્ પહોંચાડો. (૯)

*ભાવાર્થ : જે ગાય આદિ પશુઓ મિત્રપાલન, જ્ઞાન અને ધનને નિમિત્તભૂત હોય, તેઓની મનુષ્યો નિત્ય રક્ષા કરે, સર્વને પુરુષાર્થ માટે પ્રવૃત્ત કરે, જેથી સુખનો સંયોગ અને દુઃખનો વિયોગ થાય. (૯)*

अश्विनोरसनं रथमनश्वं वाजिनीवतोः। तेनाहं भूरि चाकन॥ १०॥

પદાર્થ : अहम्-હું वाजिनीवतोः-જેની પ્રશંસિત વિજ્ઞાનયુક્ત સભા અને સેના વિદ્યમાન છે તે

अश्विनोः-સભા-સેનાધીશોના अनश्वम्-જેમાં ઘોડા વગેરે જોડાતા નથી. रथम्-તે રમણ કરવા યોગ્ય વિમાનાદિ યાનનું असनम्-સેવન કરું અને तेन-તેના દ્વારા भूरि-બહુ જ चाकन-પ્રકાશિત બનું. (૧૦)

*ભાવાર્થ : ભૂમિ, જળ અને આકાશમાં ગમન કરવા માટે જે યાન બનાવવામાં આવે છે, તેમાં પશુ જોડવામાં આવતા નથી, પરંતુ તે (યાન) જળ-અગ્નિ અને કલાયંત્ર આદિ દ્વારા ચાલે છે. (૧૦)*

**अ॒यं स॑मह मा तनूह्याते॒ जनाँ॒ अनु॑। सो॒म॒पेयं॑ सु॒खो रथः॑॥ ११॥**

પદાર્થ : હે समह-સત્કાર સાથે વર્તમાન વિદ્વાન્ ! આપ જે अयम्-એ सुखः-સુખ અર્થાત્ જેમાં સુંદર અવકાશ તથા रथः-રમણ વિહાર કરવા માટે જેમાં સ્થિત થાય તે વિમાન આદિ યાન છે જેથી અધ્યાપક અને ઉપદેશકોને अनूह्याते-અનુકૂળ એક દેશથી બીજા દેશમાં પહોંચાડવામાં આવે છે તેથી मा-મને जनान्-વા મનુષ્યો અથવા सोमपेयम्-ઐશ્વર્યયુક્ત મનુષ્યોને પીવા યોગ્ય ઉત્તમ રસને तनु-વિસ્તૃત કરો અર્થાત્-ઉન્નતિ કરાવો. (૧૧)

*ભાવાર્થ : જે શ્રેષ્ઠ યાનને બનાવનાર શિલ્પી હોય, તેનો સર્વેએ સત્કાર કરવો જોઈએ. (૧૧)*

**अध॒ स्वप्न॑स्य॒ निर्वि॒देऽभु॑ञ्जतश्च रे॒वतः॑। उ॒भा ता बस्त्रि॑ नश्यतः॥ १२॥**

પદાર્થ : હું स्वप्नस्य-નિદ્રા अभुञ्जतः-આપ પણ નથી ભોગતા તે च-અને रेवतः-ધનવાન પુરુષની નિકટથી निर्विदे-ઉદાસીન ભાવને પ્રાપ્ત થાવું. अध-તદનન્તર જે उभा-બે પુરુષાર્થહીન છે ता-તે બન્ને वस्त्रि-સુખના સ્તંભન-રોકાવાથી नश्यतः-નાશ પામે છે. (૧૨)

*ભાવાર્થ : જે ઐશ્વર્યવાન હોવા છતાં દાતા નથી, જે દરિદ્ર હોવા છતાં મોટી-મોટી અભિલાષો યુક્ત છે, એ બન્ને આળસુ બનીને નિરંતર દુઃખભાગી બને છે. તેથી સર્વેએ પુરુષાર્થમાં પ્રયત્ન કરવો જોઈએ. (૧૨)*

સંગતિ : આ સૂક્તમાં પ્રશ્નોત્તર, ભણવા-ભણાવવા અને રાજધર્મના વિષયનું વર્ણન હોવાથી આના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૦)

## સૂક્ત-૧૨૧

**कदि॒त्था नॄँः पात्रं॑ देव॒य॒तां श्रव॒द् गिरो॒ अङ्गि॑रसां तु॒र॒ण्यन्।**
**प्र यदान॒ड्विश॒ आ ह॒र्म्यस्यो॒रु क्रं॑सते अध्व॒रे यज॑त्रः॥ १॥**

પદાર્થ : હે પુરુષ ! તુ अध्वरे-ન વિનાશ કરવા યોગ્ય પ્રજાપાલનરૂપ વ્યવહારમાં यजत्रः-સંગ કરનાર तुरण्यन्-શીઘ્ર કરતા જેમ જ્ઞાન ઈચ્છનાર नृन्-પ્રાપ્તવ્ય શિક્ષાને યોગ્ય બાલક વા મનુષ્યનું पात्रम्-પાલન કરે તથા देवयताम्-ઈચ્છતા अङ्गिरसाम्-અને વિદ્યાના સિદ્ધાન્તરસને પ્રાપ્ત વિદ્વાનોની यत्-જે गिरः-વેદ વિદ્યાની શિક્ષારૂપ વાણીઓને श्रवत्-સાંભળે તેને इत्था-એ રીતે कत्-ક્યારે સાંભળશે અને જેમ ધર્માત્મા રાજા हर्म्यस्य-ન્યાયાલયની મધ્યમાં વર્તમાન થઈને વિનયથી विशः-પ્રજાજનોને

प्रानट्-પ્રાપ્ત થાય उरु-અને બહુ જ आ, क्रंसते-આક્રમણ કરે અર્થાત્ તેના વ્યવહારોમાં દોડાવે, એમ ક્યારે થશે ? (૧)

*ભાવાર્થ : હે સ્ત્રી-પુરુષો ! જેમ આપ્તજન સર્વ મનુષ્યોને સત્ય સમજાવતા અને અસત્યથી તેઓને નિવૃત્ત કરતા સુશિક્ષા પ્રદાન કરે છે, તેમ તમે લોકો પોતાના સંતાન આદિને નિરંતર સુશિક્ષા આપો. જેથી તમારા કુળમાં અયોગ્ય સંતાન કદીપણ થાય નહિ. (૧)*

**स्तम्भीद्ध द्यां स धरुणं प्रुषायदृभुर्वाजाय द्रविणं नरो गोः।**

**अनु स्वजां महिषश्चक्षत व्रां मेनामश्वस्य परि मातरं गोः॥ २॥**

પદાર્થ : જેમ महिषः-મહાન સૂર્ય गोः-ભૂમિને ધારણ કરનાર છે, તેમ ऋभुः-સમસ્ત વિદ્યાઓથી યુક્ત આપ્ત બુદ્ધિ મેધાવી नरः-ધર્મ અને વિદ્યાની પ્રાપ્તિ કરાવનાર સજ્જન वाजाय-વિજ્ઞાન વા અન્નને માટે अश्वस्य-પ્રાપ્ત થવા યોગ્ય રાજ્યની स्वजाम्-આપથી ઉત્પન્ન કરેલી व्राम्-સ્વીકાર કરવા યોગ્ય मातरम्-માતા સમાન પાલન કરનારી मेनाम्-વિદ્યા અને સુશિક્ષાથી પ્રાપ્ત વાણીને परि, चक्षत-સર્વત્રથી કહે વા જેમ સૂર્ય धाम्-પ્રકાશને स्तम्भीत्-ધારણ કરે તેમ स, ह-તે જ गोः-પૃથિવી પર द्रविणम्-ધન વધારીને ખેતરને धस्रणम्-જળની સમાન अनु-प्रुषायत्-સિંચન કરે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્ય આપ્ત વિદ્વાનોના સંગ દ્વારા વિદ્યા, વિનય અને ન્યાયને ધારણ કરે, તે સુખ- પૂર્વક વધી શકે છે અને મહાન તથા પૂજ્ય બની શકે છે. (૨)*

**नक्षद्धवमरुणीः पूर्व्यं राट् तुरो विशामङ्गिरसामनु द्यून्।**

**तक्षद्वज्रं नियुतं तस्तम्भद् द्यां चतुष्पदे नर्याय द्विपादे॥ ३॥**

પદાર્થ : જે तुरः-તુરંત આલસ્ય ત્યાગી વિદ્વાન મનુષ્ય चतुष्पदे-ગાય આદિ પશુઓ द्विपादे-મનુષ્ય આદિ પ્રાણીઓ વા नर्याय-મનુષ્યોમાં અતિ શ્રેષ્ઠ મહાત્મજનને માટે अनु,द्यून्-પ્રતિદિન पूर्व्यम्-પૂર્વ વિદ્વાનોએ અનુષ્ઠાન કરેલ हवम्-દેવા-લેવા યોગ્ય અને अरुणीः-રાજનીતિઓને नक्षत्-પ્રાપ્ત થાય, नियुतम्-નિત્ય કાર્યયુક્ત કરેલ वज्रम्-શસ્ત્ર-અસ્ત્રોને तक्षत्-તિક્ષ્ણ કરીને શત્રુઓને મારે તથા તેઓના द्याम्-વિદ્યા અને ન્યાયના પ્રકાશનું तस्तम्भत्-સ્તંભન કરે, તે अङ्गिरसाम्-અંગોના રસ અથવા પ્રાણની સમાન પ્રિય विशाम्-પ્રજાજનોની મધ્યમાં राट्-પ્રકાશમાન રાજા થાય છે. (૩)

*ભાવાર્થ : જે લોકો વિનય આદિ દ્વારા મનુષ્ય આદિ તથા ગાય આદિ પશુઓની અતીત = ભૂતકાળના આપ્ત રાજાઓની સમાન પાલન કરે છે તથા અન્યાયથી કોઈને મારતા નથી, તે જ સુખ પામે છે, અન્ય નહિ. (૩)*

**अस्य मदे स्वर्यं दा ऋतायापीवृतमुस्त्रियाणामनीकम्।**

यद्ध प्रसर्गे त्रिककुम्निवर्त्तदप द्रुहो मानुषस्य दुरो वः॥ ४॥

પદાર્થ : यत्-જે त्रिककुप्-મનુષ્યો એવા છે કે જેની પૂર્વ આદિ દિશા વા અધ્યાપકો અને ઉપદેશકોથી યુક્ત છે अस्य-એ પ્રત્યક્ષ मानुषस्य-મનુષ્યના उस्त्रियाणाम्-ગાયોની प्रसर्गे-ઉત્તમતાથી ઉત્પન્ન કરાવવારૂપ मदे-આનંદને નિમિત્ત ऋजाय-સત્ય વ્યવહાર વા જળને માટે अपीवृतम्-સુખ અને બળથી યુક્ત स्वर्यम्-વિદ્યા અને સુશિક્ષા વચનોમાં શ્રેષ્ઠ अनीकम्-સેનાને दाः-આપે તથા એ द्रुहः-ગાય આદિ પશુઓના દ્રોહી અર્થાત્ મારનારા પશુહિંસક મનુષ્યોને निवर्त्तत्-રોકે હિંસા ન થવા દે दुरः-તે દુષ્ટોના દ્વારા अपः-वः બંધ કરી દે, ह-તે જ ચક્રવર્તી રાજા થવાને યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : એ જ રાજપુરુષ ઉત્તમ હોય છે, જે પ્રજાસ્થિત મનુષ્યો અને ગાય આદિ પ્રાણીઓનાં સુખને માટે હિંસક મનુષ્યોનું નિવારણ કરીને ધર્મમાં સ્થિત થાય છે અને પરોપકારી હોય છે. જે અધર્મના માર્ગોને બંધ કરીને ધર્મના માર્ગોને ખોલે છે, તે જ રાજકર્મોને યોગ્ય બને છે. (૪)*

तुभ्यं पयो यत्पितरावनीतां राधः सुरेतस्तुरणे भुरण्यू।
शुचि यत्ते रेक्ण आयजन्त सबर्दुघायाः पय उस्त्रियायाः॥ ५॥

પદાર્થ : ...હે સજ્જન ! यत्-જે तुरणे-દૂધ આદિ પદાર્થોને પીવા શીઘ્રતા કરતા तुभ्यम्-તારા માટે भुरण्यू-ધારણ અને પુષ્ટિ કરનારા पितरौ-માતા-પિતા सुरेतः-જેનાથી ઉત્તમ વીર્ય ઉત્પન્ન થાય છે, તે पयः-દૂધ અને राधः-શ્રેષ્ઠ સિદ્ધિકારક ધનની अनीताम्-પ્રાપ્તિ કરાવે; તથા જેમ यत्-દૂધ આદિ પીવાની શીઘ્રતા કરતાં જે ते-તારા માટે દયાળુ ગાય આદિ પશુઓને રાખનાર મનુષ્ય सबर्दुधायाः-જેથી એક સમાન સુખ ધારણ કરનાર થાય છે તે દૂધને પૂરા કરનારી उस्त्रियायाः-ઉત્તમ પુષ્ટિ આપતી ગાયનું शुचि-શુદ્ધ-પવિત્ર पयः-પીવા યોગ્ય દૂધને रेक्णः-પ્રશંસિત ધનની સમાન आ, अयजन्त-સારી રીતે આપે, તેમ તે મનુષ્યોની તું નિરંતર સેવા કર અને તેઓના ઉપકારને કદાપિ ન ભૂલ. (૫)

*ભાવાર્થ : મનુષ્યે જેમ માતા-પિતા અને વિદ્વાનોની સેવા રૂપી ધર્મથી સુખ પ્રાપ્ત કરે, તેમ જ ગાય આદિની રક્ષા રૂપી ધર્મથી સુખ પ્રાપ્ત કરે. તેઓનું અપ્રિય આચરણ કદી ન કરે. કારણ કે તે સર્વના ઉપકારકર્તા છે, એટલા માટે. (૫)*

अध प्र जज्ञे तरणिर्ममत्तु प्र रोच्यस्या उषसो न सूरः।
इन्दुर्येभिराष्ट स्वेदुहव्यैः स्त्रुवेण सिञ्चञ्जरणाभि धाम॥ ६॥

પદાર્થ : હે શ્રેષ્ઠ કર્મોનું અનુષ્ઠાન કરનાર મનુષ્ય ! આપ उषसः-પ્રભાત સમયથી सूरः-સૂર્યની न-સમાન येभिः-જેનાથી स्वेदुहव्यै-પોતાના દેવા-લેવા યોગ્ય દૂધ આદિ પદાર્થોથી ઐશ્વર્ય અર્થાત્ ઉત્તમ પદાર્થ સિદ્ધ થાય છે, તેનાથી અને स्त्रुवेण-સ્રુવા આદિના યોગથી धाम-યજ્ઞ ભૂમિને अभिसिञ्चन्-સર્વત્રથી સિંચતા સજ્જનોની સમાન अस्याः-એ ગાયના દૂધ આદિ પદાર્થોથી प्र, रोचि-સંસારમાં સમ્યક્

પ્રકાશમાન થાય અને इन्दुः-ઐશ્વર્યયુક્ત जरणा-પ્રશંસિત કામોને आष्ट-પ્રાપ્ત થાય, तरणिः-દુઃખને પાર કરેલ સુખનો વિસ્તાર કરનાર અર્થાત્ વધારનાર આપ ममत्तु-આનંદ ભોગવો अध-તદન્તર प्र, जज्ञे-પ્રસિદ્ધ થાઓ. (૬)

*ભાવાર્થ : મનુષ્યે ગાય આદિની રક્ષા કરીને તથા તેની વૃદ્ધિ કરીને વૈદ્યકશાસ્ત્ર અનુસાર તેના દૂધ આદિનું સેવન કરીને બળવાન તથા અત્યંત ઐશ્વર્યયુક્ત નિરંતર બને.*

*જેમ કોઈ સાધનથી યુક્તિપૂર્વક ખેતર તૈયાર કરી જળથી તેને સિંચીને તથા અન્ન આદિથી યુક્ત થઈને બળ અને ઐશ્વર્યથી સૂર્ય સમાન પ્રકાશિત થાય છે, તેમ જ એ પ્રશંસનીય કાર્યોને કરતા સર્વ પ્રકાશિત થાય. (૬)*

स्विध्मा यद् वनधितिरपस्यात्सूरो अध्वरे परि रोधना गोः।
यद्ध प्रभासि कृत्व्याँ अनु द्यूननर्विशे पश्विषे तुराय॥ ७॥

પદાર્થ : હે સજ્જન મનુષ્ય ! તે यत्-જે એવી ઉત્તમ ક્રિયા કરી स्विध्मा-જેથી સુંદર સુખનો પ્રકાશ થતાં તે वनधितिः-વનોનું ધારણ અર્થાત્ રક્ષા કરી અને જે गोः-ગાયની रोधना-રક્ષા કરવાને માટે કામ કરેલ છે તેથી તું अध्वरे-જેમાં હિંસા આદિ દુઃખ નથી, તે રક્ષાને કારણે कृत्व्यान्-શ્રેષ્ઠ કામોનું अनु, द्युन्-પ્રતિદિન सूरः-પ્રેરક સૂર્યલોકની સમાન अनर्विशे-બળદ ગાડી આદિમાં જે બેસનાર તેને માટે અને पश्विषे-પશુઓની વૃદ્ધિની ઈચ્છાને માટે તથા तुराय-શીઘ્ર જવા માટે यत्-જે ह-નિશ્ચયપૂર્વક प्रभासि-પ્રકાશિત થાય છે, તે આપ पर्यपस्यात्-પોતાના સર્વોત્તમ કામોની ઈચ્છા કરો. (૭)

*ભાવાર્થ : જે લોકો પશુઓનાં પાલન અને વર્ધનને માટે વનોની રક્ષા કરીને, તેમાં તેઓને ચરાવીને તથા દૂધ આદિનું સેવન કરીને ખેતી આદિ કાર્યોને યથાવત્ કરે, તે રાજ્યરૂપી ઐશ્વર્યથી સૂર્યની સમાન પ્રકાશમાન થાય છે; અન્ય ગાય આદિના હિંસક લોકો નહિ. (૭)*

अष्टा महो दिव आदो हरी इह द्युम्नासाहमभि योधान उत्सम्।
हरिं यत्ते मन्दिनं दुक्षन्वृधे गोरभसमद्रिभिर्वाताप्यम्॥ ८॥

પદાર્થ : હે રાજન્ ! ते-તમારા यत्-જે योधानः-યુદ્ધ કરનારા वृधे-સુખ વર્ધનને માટે જેમ आदः-રસ આદિ પદાર્થોનું ભક્ષણ કરનાર અને अष्टा-સર્વત્ર વ્યાપ્ત થનાર સૂર્યલોક महः-મહાન दिवः-દીપ્તિથી પોતાના हरी-પ્રકાશ અને આકર્ષણને अद्रिभिः-મેઘ વા પર્વતોની સાથે પ્રચરિત કરે છે, તેમ इह-આ સંસારમાં उत्सम्-કૂવાને બનાવી द्युम्नसाहम्-જેથી ધન મળે તે हरिम्-ઘોડા અને मन्दिनम्-મનોહર वाताप्यम्-શુદ્ધ વાયુથી પામવા યોગ્ય गोरभसम्-ગાયોના મહત્ત્વને अभि, दुक्षन्-સર્વ રીતે પૂર્ણ કરે, તે આપ સત્કાર કરવા યોગ્ય છો. (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે જેમ સૂર્ય પોતાના પ્રકાશથી સમસ્ત સંસારને આનંદિત કરીને, આકર્ષણથી ભૂગોળને ધારણ કરે છે, તેમ નદી, સ્રોત અને કૂવા આદિ બનાવીને તથા વનોમાં ઘાસ આદિ વધારીને ગાય અને ઘોડા આદિની રક્ષા તથા વૃદ્ધિ કરીને દૂધ આદિના સેવનથી નિરંતર આનંદિત થાઓ. (૮)*

त्वमा॒य॒सं प्रति॑ वर्त्तयो॒ गोर्दि॒वो अश्मा॑न॒मुप॑नीत॒मृभ्वा॑।

कुत्सा॑य॒ यत्र॑ पुरुहूत॒ व॒न्वञ्छुष्ण॑म॒नन्तैः॑ प॒रि॒यासि॑ व॒धैः॥ ९॥

પદાર્થ : હે वन्वन्-સારી રીતે સેવન કરનાર અને पुरुहूत-અનેક મનુષ્યોને ઈર્ષાથી બોલાવેલ મનુષ્ય ! त्वम्-તું જેમ સૂર્ય दिवः-દિવ્ય સુખ આપનાર પ્રકાશથી અંધકારને દૂર કરીને, अश्मानम्-વ્યાપ્ત થનાર, उपनीतम्-પોતાની સમીપ આવેલ મેઘને છિન્ન-ભિન્ન કરીને સંસારમાં પહોંચાડે છે, તેમ ऋभ्वा-મેધાવી અર્થાત્ ધીરબુદ્ધિ યુક્ત પુરુષની સાથે आयसम्-લોખંડના બનાવેલ શસ્ત્ર-અસ્ત્ર લઈને कुत्साय-વજ્રને લઈને शुष्णम्-શત્રુઓના પરાક્રમને શુષ્ક કરનાર બળને ધારણ કરીને यत्र-જ્યાં ગાયોને મારનારા છે, ત્યાં તેઓને अनन्तैः-જેની અસીમ સંખ્યા છે તે वधैः-ગાયને મારનારને મારવાના ઉપાયોથી परियासि-સર્વથી પ્રાપ્ત થાય છે, તેઓને गोः-આદિ પશુઓની સમીપથી प्रति, वर्त्तयः-પણ પાછા વાળો. (૯)

ભાવાર્થ : હે મનુષ્યો ! તમે જેમ સૂર્ય મેઘને વરસાવીને તથા અંધકારને દૂર કરીને સર્વને આહ્‌લાદિત કરે છે, તેમ ગાય આદિની રક્ષા કરીને, તથા તેઓના હિંસકોને રોકીને નિરંતર સુખી થાઓ. આ કર્મ બુદ્ધિમાનોની સહાયતા વિના સંભવ નથી, તેથી બુદ્ધિમાનોના સહયોગથી જ તેને કરો. (૯)

पु॒रा यत्सूर॒स्तम॑सो॒ अपी॑ते॒स्तम॑द्रिवः फलि॒गं हे॒तिम॑स्य।

शुष्ण॑स्य चि॒त्परि॑हितं॒ यदोजो॑ दि॒वस्परि॒ सुग्र॑थितं॒ तदादः॑॥ १०॥

પદાર્થ : હે अद्रिवः-જેના રાજ્યમાં પ્રશંસિત પર્વત વિદ્યમાન છે, તેવા વિખ્યાત હે રાજન્ ! આપ જેમ सूरः-સૂર્ય फलिगम्-મેઘને છિન્ન-ભિન્ન કરીને तमसः-અંધકારનો अपीतेः-વિનાશ કરનાર दिवः-પ્રકાશથી પ્રકાશમાન થાય છે, તેમ પોતાની સેનાથી तम्-એ શત્રુબળનો आ, अदः-વિદારો અર્થાત્ વિનાશ કરો, यत्-જેને पुरा-પૂર્વ નિવૃત્ત કરતા રહ્યા છો તેને सुग्रथितम्-ઠીક બાંધીને રોકો, यत्-જે अस्य-એના परिहितम्-સર્વત્રથી સુખ આપનાર ओजः-બળ છે तत्-તેને નિવૃત્ત કરીને शुष्णस्य-શોષક શત્રુને परि-સર્વત્રથી चित्-પણ हेतिम्-તેના હાથથી વજ્રને પાડી નાખો, જેથી તે ગાયોને મારનાર ન બની શકે. (૧૦)

*ભાવાર્થ : હે રાજપુરુષો ! જેમ સૂર્ય મેઘને મારીને તથા તેને ભૂમિ પર પાડીને - વરસાવીને સર્વ પ્રાણીઓને તૃપ્ત કરે છે, તેમ તમે ગાયના હિંસકો-મારનારને પાડીને ગાય આદિને નિરંતર સુખી કરો. (૧૦)*

अनु॑ त्वा म॒ही पाज॑सी अ॒चक्रे॒ द्यावा॒क्षामा॑ मदतामिन्द्र॒ कर्म॑न्।

त्वं वृ॒त्रमा॒शया॑नं सि॒रासु॑ म॒हो वज्रे॑ण सिष्वपो व॒राहु॑म्॥ ११॥

પદાર્થ : હે इन्द्र-પરમ ઐશ્વર્ય પ્રાપ્ત સભાધ્યક્ષ આદિ સજ્જનપુરુષ ! त्वम्-આપ સૂર્ય જેમ वृत्रम्-મેઘને છિન્ન-ભિન્ન કરે છે, તેમ सिरासु-બંધુરૂપ નાડીઓમાં महः-મહાન वज्रेण-શસ્ત્ર અને અસ્ત્રોના સમૂહથી वराहुम्-ધર્મયુક્ત ઉત્તમ વ્યવહાર વા ધાર્મિક જનોને મારનારા દુષ્ટ શત્રુને મારીને आशयानम्-સંપૂર્ણ ગાઢ નિદ્રાથી સમાન सिष्वपः-સુવડાવો જેથી मही-મહાન पाजसी-રક્ષક અને પોતાનો પ્રકાશ કરવામાં अचक्रे-ન રોકાયેલ द्यावाक्षामा-સૂર્ય અને પૃથિવી त्वा-આપને પ્રાપ્ત થઈને તેમાંથી પ્રત્યેક कर्मन्-રાજ્યના કાર્યમાં તમને અનુકૂળતાથી આનંદ પ્રદાન કરે. (૧૧)

*ભાવાર્થ : રાજપુરુષોએ વિનય અને પરાક્રમથી દુષ્ટ શત્રુઓને બાંધીને, મારીને તથા દૂર કરીને મિત્રોને ધાર્મિક બનાવીને તથા સર્વ પ્રજાજનોને ઉત્તમ કર્મમાં પ્રવૃત્ત કરીને, આનંદિત થવું જોઈએ. (૧૧)*

**त्वमिन्द्र नर्यो याँ अवो नॄन्तिष्ठा वातस्य सुयुजो वहिष्ठान्।**
**यं ते काव्य उशना मन्दिनं दाद् वृत्रहणं पार्यं ततक्ष वज्रम्॥ १२॥**

પદાર્થ : હે इन्द्र-પ્રજાપાલક काव्यः-ધીર શ્રેષ્ઠ મેધાવીના પુત્ર, उशना-ધર્મની કામના કરનાર, नर्यः-મનુષ્યોમાં શ્રેષ્ઠ-સાધુજન ! त्वम्-આપ यान्-જે वहिष्ठान्-અત્યંત વિદ્યા ધર્મની પ્રાપ્તિ કરાવનાર वातस्य-પ્રાણની મધ્ય યોગાભ્યાસથી सुयुजः-શ્રેષ્ઠયુક્તયોગી नॄन्-ધાર્મિક જનોની अवः-રક્ષા કરો છો તેની સાથે ધર્મની મધ્યમાં तिष्ठ-સ્થિર થાઓ, જે ते-આપના માટે यम्-જે वृत्रहणम्-શત્રુનાશક વીર मन्दिनम्-પ્રશંસાને યોગ્ય पार्यम्-જેથી પૂર્ણ કામ બને તે મનુષ્યને दात्-આપે वा-જે શત્રુઓ પર वज्रम्-અતિ તેજ શસ્ત્રો અને અસ્ત્રોને ततक्ष-ફેંકે ते-તેની સાથે પણ ધર્મથી વર્તો. (૧૨)

*ભાવાર્થ : જેમ રાજપુરુષ પરમેશ્વરના ઉપાસકો, અધ્યાપકો, ઉપદેશકો તથા અન્ય શ્રેષ્ઠ વ્યવહાર કરનાર પ્રજાજનો અને સૈનિકોની રક્ષા કરે, તેમ જ તેની (રાજપુરુષોની) તેઓ પણ નિરંતર રક્ષા કરે. (૧૨)*

**त्वं सूरो हरितो रामयो नॄन्भरच्चक्रमेतशो नायमिन्द्र।**
**प्रात्यं पारं नवतिं नाव्यानामपि कर्त्तमवर्त्तयोऽयज्यून्॥ १३॥**

પદાર્થ : હે इन्द्र-પરમ ઐશ્વર્યદાતા સભાધ્યક્ષ ! त्वम्-આપ अयम्-એ सूरः-સૂર્યલોક જેમ हरितः-કિરણોને વા જેમ एतशः-શ્રેષ્ઠ ઘોડાને चक्रम्-જેથી રથ ચાલે છે તે પૈડાને યથાયોગ્ય કામમાં યુક્ત થાય છે. न-તેમ अयज्यून्-વિષયોમાં સંગ ન કરનારા અને नॄन्-પ્રજાજનોને ધર્મની પ્રાપ્તિ કરાવનારા મનુષ્યોની भरत्-પુષ્ટિ અને પાલન કરો તથા नाव्यानाम्-નૌકાઓથી પાર કરવા યોગ્ય જે नवतिम्-જળમાં ચાલનાર નેવું રથ છે તેને पारम्-સમુદ્રથી પાર प्रास्य-ઉત્તમતાથી પહોંચાડો તથા તે ઉક્ત પુરુષાર્થી પુરુષોને अपि-પણ कर्त्तम्-કૂવા ખોદવા તથા કર્મ કરવા अवर्त्तयः-પ્રવૃત્ત કરાવો અને આપ અહીં અમને

સદા रमयः-આનંદમાં રમણ કરાવો. (૧૩)

*ભાવાર્થ : જેમ સૂર્ય સર્વને પોત-પોતાના કર્મમાં પ્રેરિત કરે છે, તેમ આપ્ત વિદ્વાનજન અવિદ્વાનોને શાસ્ત્રમાં અને શરીર સંબંધી કર્મમાં પ્રવૃત્ત કરીને સર્વ સુખોને સિદ્ધ કરે. (૧૩)*

त्वं नो॑ अ॒स्या इ॑न्द्र दुर्हणा॑याः पा॒हि व॑ज्रिवो दुरि॒ताद॒भीके॑।

प्र नो॒ वाजा॑न्र॒थ्यो३ अश्व॑बुध्यानि॒षे य॑न्धि॒ श्रव॑से सू॒नृता॑यै॥ १४॥

પદાર્થ : वज्रिवः-જેની પ્રશંસિત વિશેષ જ્ઞાનયુક્ત વિદ્યમાન છે, તે इन्द्र-અધર્મ વિનાશક હે સેનાધ્યક્ષ ! रथ्यः-રથને લઈ જનાર યુક્ત બનીને त्वम्-તું अभीके-સંગ્રામમાં अस्याः-એ પ્રત્યક્ષ दुर्हणायाः-દુઃખથી મારવા યોગ્ય શત્રુઓની સેના અને दुरितात्-દુષ્ટ આચરણથી नः-અમારી पाहि-રક્ષા કર તથા इषे-ઈચ્છા अवसे-સાંભળવું વા અન્ન અને सूनृतायै-ઉત્તમ સત્ય અને પ્રિયવાણીને માટે नः-અમારા अश्वबुध्यान्-અન્તરિક્ષમાં થયેલ અગ્નિ આદિ પદાર્થોને ચલાવવા વા વધારવા જે જાણે છે તને તથા वाजान्-વિશેષ જ્ઞાન વા વેગયુક્ત સંબંધીઓને प्र, यन्धि-સારી રીતે આપ. (૧૪)

*ભાવાર્થ : સેનાપતિએ પોતાની સેના શત્રુઓ દ્વારા મારી જાય તથા દુષ્ટ આચરણ કરવાથી પૃથક્ રાખવી જોઈએ, વીરોને બળ, ઈચ્છાનુસાર બળવર્ધક પીવાના પદાર્થો તથા પુષ્કળ અન્ન આપીને, તેને પ્રસન્ન કરીને, શત્રુઓને જીતીને પ્રજાઓનું નિરંતર પાલન કરવું જોઈએ. (૧૪)*

मा सा ते॑ अ॒स्मत्सु॑म॒तिर्वि द॑स॒द्वाज॑प्रमहः॒ समिषो॑ वरन्त।

आ नो॑ भज मघव॒न्गोष्व॒र्यो मंहि॑ष्ठास्ते सध॒मादः॑ स्याम॥ १५॥

પદાર્થ : હે वाजप्रमहः-વિજ્ઞાન વા વિદ્વાનોએ સારી રીતે સત્કાર કરેલ मघवन्-અને પ્રશંસિત ધનથી યુક્ત જગદીશ્વર ! ते-આપની કૃપાથી જે सुमतिः-શ્રેષ્ઠ બુદ્ધિ છે, सा-જે अस्मत्-અમારી निकटथी मा, वि, दसत्-વિનાશને પ્રાપ્ત ન થાય, સર્વ મનુષ્યો इषः-ઈચ્છા અને અન્ન આદિ પદાર્થોને सं, वरन्त-સમ્યક્ સ્વીકાર કરે, अर्यः-સ્વામી ઈશ્વર આપ नः-અમને गोषु-પૃથિવી, વાણી, ધેનુ = ગાય અને ધર્મના પ્રકાશોમાં आ, भज-ચાહો, જેથી मंहिष्ठाः-અત્યંત સુખ અને વિદ્યા આદિ પદાર્થોથી વૃદ્ધિને પ્રાપ્ત થયેલ અમે ते-આપના सधमादः-અત્યંત આનંદ સાથે स्याम-અર્થાત્ આપના વિચારમાં મગ્ન રહીએ. (૧૫)

*ભાવાર્થ : મનુષ્યોએ ઉત્તમ બુદ્ધિ આદિની પ્રાપ્તિને માટે પરમેશ્વરને સ્વામી માનવા જોઈએ અને તેઓથી પ્રાર્થના કરવી જોઈએ. જેથી ઈશ્વરના જેવા ગુણ-કર્મ-સ્વભાવ છે, તેવા પોતાનામાં (પ્રાપ્ત) કરીને પરમાત્માની સાથે આનંદમાં નિરંતર રહે. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં સ્ત્રી-પુરુષ અને રાજ-પ્રજા આદિના ધર્મનુ વર્ણન હોવાથી પૂર્વ સૂક્તાર્થની સાથે આ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૧૨૧)

## सूक्त-१२२

प्र वः पान्तं रघुमन्यवोऽन्धो यज्ञं रुद्राय मीढुषे भरध्वम्।
दिवो अस्तोष्यसुरस्य वीरैरिषुध्येव मरुतो रोदस्योः॥ १॥

પદાર્થ : હે रघुमन्यवः-અલ્પ ક્રોધવાળા મનુષ્યો ! જેમ रोदस्योः-ભૂમિ અને સૂર્યમંડળમાં मरुतः-વાયુ વિદ્યમાન છે, જેમ इषुध्येव-ધનુષ્યમાં બાણ ચડાવવામાં આવે છે, તેમ वीरैः-વીર મનુષ્યોની સાથે વર્તમાન તમે मीढुषे-સજ્જનો પ્રત્યે સુખ રૂપી વૃષ્ટિ કરનાર અને रुद्राय-દુષ્ટોને રડાવનાર સભાધ્યક્ષાદિને માટે वः-તમારી पान्तम्-રક્ષા કરતા यज्ञम्-સંગ કરવા યોગ્ય ઉત્તમ વ્યવહાર અને अन्धः-અન્નને તથા दिवः-વિદ્યા પ્રકાશો જે असुरस्य-અવિદ્વાનોના સંબંધમાં વર્તમાન ઉપદેશ આદિ તેઓને જેમ प्र, भरध्वम्-ધારણ અને પુષ્ટ કરો, તેમ હું તેથી તમારા વ્યવહારની अस्तोषि-સ્તુતિ કરું છું. (૧)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા જ્યારે યોગ્ય પુરુષોની સાથે મળીને પુરુષાર્થ કરવામાં આવે છે, ત્યારે કઠિન કાર્ય પણ સહજ ભાવથી સિદ્ધ કરી શકાય છે. (૧)*

पत्नीव पूर्वहूतिं वावृधध्या उषासानक्ता पुरुधा विदाने।
स्तरीर्नात्कं व्युतं वसाना सूर्यस्य श्रिया सुदृशी हिरण्यैः॥ २॥

પદાર્થ : હે સરલ સ્વભાવયુક્ત શ્રેષ્ઠ સ્ત્રી ! તું पत्नीव-જેમ યજ્ઞાદિ કર્મમાં સાથે રહેનારી વિદ્વાનની ववृधध्यै-વૃદ્ધિ કરવા અર્થાત્ ગૃહસ્થાશ્રમ આદિ વ્યવહારોને વધારવા માટે पूर्वहूतिम्-જેને પ્રથમ બોલાવવા અર્થાત્ સર્વ કાર્યોમાં જેની પ્રથમ સેવા કરવાની હોય તે પોતાના પતિનો સ્વીકાર કરીને पुरुधा-જે બહુજ વ્યવહાર અને પદાર્થોથી ધારણ કરનારા विदाने-જાણવામાં આવતા તે उषासानक्ता-રાત્રિ-દિવસની સમાન વર્તે, તેમ વર્તન કર; તથા सूर्यस्य-સૂર્ય મંડળની हिरण्यैः-સુવર્ણ સમાન ચમકતી જ્યોતિઓ અને श्रिया-ઉત્તમ શોભાથી सुदृशी-જે તારુ સુંદર દર્શન તે अत्कम्-કૂવાની સમાન व्युतम्-અનેક પ્રકારની બનેલ વિસ્તારયુક્ત વસ્ત્રને वसाना-મહેકતી स्तरीः-જેમ કલાયંત્રાદિના સંયોગથી ઢાંકેલ નાવ હોય, न-તેવી નિરંતર બન. (૨)

*ભાવાર્થ : પતિવ્રતા પત્ની સુશીલ પતિને પ્યાર કરે છે અને પત્નીવ્રત પતિ સુશીલ પત્નીને (પ્યાર કરે છે) તે બન્ને જેમ દિવસ અને રાત સંબંધ છે, તેમ વર્તન કરીને વસ્ત્રો અને આભૂષણોથી સુશોભિત થઈને ધર્મ-વ્યવહારમાં યથોચિત્ રૂપથી પ્રયત્ન કરે. (૨)*

ममत्तु नः परिज्मा वसर्हा ममत्तु वातो अपां वृषण्वान्।
शिशीतमिन्द्रापर्वता युवं नस्तन्नो विश्वे वरिवस्यन्तु देवाः॥ ३॥

પદાર્થ : જેમ वसर्हा-નિવાસ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરીને તથા परिज्मा-પ્રાપ્ત પદાર્થોને સર્વત્રથી

ખાતો અને બાળતો અગ્નિ नः-અમને ममत्तु-આનંદિત કરે, વા अपाम्-જળની वृषण्वान्-વર્ષા કરાવનાર वातः-વાયુ અમને ममत्तु-આનંદયુક્ત કરે.

હે इन्द्रापर्वता-સૂર્ય અને મેઘની સમાન વર્તમાન અધ્યાપકો અને ઉપદેશકો ! युवम्-તમે બન્ને नः-અમને शिशीतम्-અતિ તીક્ષ્ણ બુદ્ધિથી યુક્ત કરો; વા विश्वे-સર્વ देवाः-વિદ્વાનો नः-અમારે માટે वरिवस्यन्तु-સેવન અર્થાત્ આશ્રય કરે, તેમ तत्-તે સર્વને અમે નિરંતર સત્કારયુક્ત કરીએ. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો જેમ અમને પ્રસન્ન કરે, તેમ અમે પણ તેઓને પ્રસન્ન કરીએ. (૩)*

**उत त्या मे यशसा श्वेतनायै व्यन्ता पान्तौशिजो हुवध्यै।**

**प्र वो नपातमपां कृणुध्वं प्र मातरा रास्पिनस्यायोः॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! मे-મારા यशसा-ઉત્તમ યશથી, श्वेतनायै-પ્રકાશને માટે, व्यन्ता-અનેક પ્રકારના બળથી યુક્ત, पान्ता-રક્ષા કરનારા, त्या-તેઓ પૂર્વોક્ત અધ્યાપકો અને ઉપદેશકો हुवध्यै-અમને ગ્રહણ કરવા मातरा-માન કરનારા रास्पिनस्य-ગ્રહણ કરવા યોગ્ય आयोः-જીવન અર્થાત્ આયુને વૃદ્ધિ માટે प्र-પ્રવૃત્ત થાય છે; તથા જેમ તમે अपाम्-જળને नपातम्-વિનાશ રહિત માર્ગને વા જળ ન પાડવાને प्र, कृणुध्वम्-સિદ્ધ કરો, તેમ उत-નિશ્ચયથી औशिजः-કામના કરનારના સંતાનમાં वः-તમારી આયુની નિરંતર વૃદ્ધિ કરું. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ ઉત્તમ શિક્ષાથી તમે અમારી આયુની વૃદ્ધિ કરો છો, તેમ અમે પણ તમારા જીવનની વૃદ્ધિ કરીએ. (૪)*

**आ वो रुवण्युमौशिजो हुवध्यै घोषेव शंसमर्जुनस्य नंशे।**

**प्र वः पूष्णे दावन आँ अच्छा वोचेय वसुतातिमग्नेः॥ ५॥**

પદાર્થ : હે વિદ્વાનો ! औशिजः-વિદ્યાની કામના કરનારનો પુત્ર હું वः-તમારા रुवण्युम्-સુંદર કહેલ ઉત્તમ ઉપદેશને आ, हुवध्यै-ગ્રહણ કરવા માટે अर्जुनस्य-રૂપના शंसम्-પ્રશંસિત વ્યવહારને વા घोषेव-વિદ્વાનોની વાણીની સમાન દુઃખનો नंशे-નાશ અને वः-તમારી पूष्णे-પુષ્ટિ કરનાર તથા दावने-બીજાઓને આપવા માટે अग्नेः-અગ્નિના સાનિધ્યથી જે वसुतातिम्-ધન તેને જ प्र, आ, अच्छा, वोचेय-ઉત્તમતાથી સારી રીતે કહું. (૫)

*ભાવાર્થ : જેમ વૈદ્યો સર્વને આરોગ્ય પ્રદાન કરીને રોગોની શીઘ્ર નિવૃત્તિ કરે છે, તેમ સર્વ વિદ્વાનજન સર્વને સુખી કરીને સુપ્રતિષ્ઠિત બનાવે. (૫)*

**श्रुतं मे मित्रावरुणा हवेमोत श्रुतं सदने विश्वतः सीम्।**

**श्रोतु नः श्रोतुरातिः सुश्रोतुः सुक्षेत्रा सिन्धुरद्भिः॥ ६॥**

પદાર્થ : હે मित्रावरुणा-મિત્ર અને શ્રેષ્ઠ જન सुश्रोतुः-मे-સારું સાંભળનાર મને इमा-એ हवा-આપવા યોગ્ય વચનોને श्रुतम्-સાંભળો उत-જ અને सदने-સભા વા विश्वतः-સર્વત્રથી सीम्-મર્યાદામાં श्रुतम्-સાંભળો અર્થાત્ ત્યાંની ચર્ચાને સમજો તથા अभ्दिः-જળથી જેમ सिन्धुः-નદી सुक्षेत्रा-ઉત્તમ ખેતરોને પ્રાપ્ત થાય, તેમ श्रोतुरातिः-જેનું સાંભળેલું બીજાને આપવું છે, તે नः-અમારા વચનોને श्रोतु-સાંભળે છે. (૬)

*ભાવાર્થ : વિદ્વાનોએ સર્વના પ્રશ્નો સાંભળીને, તેનું યથોચિત સમાધાન કરવું જોઈએ. (૬)*

स्तुषे सा वां वरुण मित्र रातिर्गवां शता पृक्षयामेषु पज्रे।
श्रुतरथे प्रियरथे दधानाः सद्यः पुष्टिं निरुन्धानासो अग्मन्॥ ७॥

પદાર્થ : જેમ વિદ્વાનજન ! पज्रे-પદાર્થોને પહોંચાડનાર श्रुतरथे-સાંભળેલ રમણ કરવા યોગ્ય રથ વા प्रियरथे-અતિ મનોહર રથમાં सद्यः-શીઘ્ર पुष्टिम्-પુષ્ટિને दधानाः-ધારણ કરીને તથા દુઃખને निरुन्धानासः-રોકીને अग्मन्-જાય, તેમ હે वरुण-ગુણોથી શ્રેષ્ઠતાને પ્રાપ્ત અને मित्र-મિત્ર તમે पृक्षयामेषु-પૂછવામાં આવતા યમ, નિયમોમાં गवां, शता-સેંકડો વચનોને પ્રાપ્ત થાઓ અને જે તમારી रातिः-દાન આપનારી સ્ત્રી છે, सा-તે वाम्-તમારી બન્નેની स्तुषे-સ્તુતિ કરે છે, તેમ હું પણ સ્તુતિ કરું. (૭)

*ભાવાર્થ : જેમ આ જગતમાં વિદ્વાન લોકો પુરુષાર્થથી અનેક અદ્ભુત યાનોને બનાવે છે, તેમ અન્ય મનુષ્યોએ પણ બનાવવા જોઈએ. (૭)*

अस्य स्तुषे महिमघस्य राधः सचा सनेम नहुषः सुवीराः।
जनो यः पज्रेभ्यो वाजिनीवानश्वावतो रथिनो मह्यं सूरिः॥ ८॥

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ अस्य-આ अश्वावतः-પુષ્કળ ઘોડાઓથી યુક્ત रथिनः-પ્રશંસિત રથ અને महिमघस्य-પ્રશંસિત ઉત્તમ ધનવાનના राधः-ધનની तुषे-સ્તુતિ અર્થાત્ પ્રશંસા કરો છો તે આપના એ કાર્યને सुवीराः-સુંદર શૂરવીર મનુષ્યો યુક્ત અમે सचा-સંબંધથી सनेम-સમ્યક્ સેવન કરીએ. यः-જે नहुषः-શુભ-અશુભ કામોમાં બંધાયેલ जनः-મનુષ્ય पज्रेभ्यः-અનેક સ્થાનમાં પહોંચાડનાર યાનોથી वाजिनीवान्-પ્રશંસિત વેદોક્ત ક્રિયાયુક્ત હોય છે, તે सूरिः-વિદ્વાન मह्यम्-મારા માટે એ વેદોક્ત શિલ્પવિદ્યા આપે. (૮)

*ભાવાર્થ : જેમ પુરુષાર્થી મનુષ્ય સમૃદ્ધિવાન્ બને છે, તેમ સર્વેએ બનવું જોઈએ. (૮)*

जनो यो मित्रावरुणावभिध्रुगपो न वां सुनोत्यक्ष्णयाध्रुक्।
स्वयं स यक्ष्मं हृदये नि धत्त आप यदीं होत्राभिर्ऋतावा॥ ९॥

પદાર્થ : હે સત્ય ઉપદેશકો અને યજ્ઞ કરનારાઓ ! यः-જે जनः-વિદ્વાન્ वाम्-તમે બન્નેને अपः-પ્રાણ અર્થાત્ બળને मित्रावरुणा-જેમ પ્રાણ અને ઉદાન તેમ अभिध्रुक्-પ્રથમ દ્રોહ કરતા વા अक्षणयाध्रुक्-કુટિલ રીતિથી દ્રોહ કરતા न-નહિ सुनोति-ઉત્પન્ન કરતા सः-તે स्वयम्-આપ हृदये-પોતાના હૃદયમાં यक्ष्मम्-રાજરોગ (યક્ષ્મા) ને नि, धत्ते-નિરંતર ધારણ કરતા વા यत्-જે ऋतावा-સત્ય ભાવથી સેવન કરનાર होत्राभिः-ગ્રહણ કરવા યોગ્ય ક્રિયાઓથી ईम्-સર્વત્રથી આપના વ્યવહારને પ્રાપ્ત થાય છે, તે आप-પોતાના હૃદયમાં સુખને નિરંતર ધારણ કરે છે. (૯)

*ભાવાર્થ : જે મનુષ્ય પરોપકારી વિદ્વાનોથી દ્રોહ કરે છે, તે સદા દુઃખી અને જે તેઓથી પ્રેમ કરે છે, તે સુખી થાય છે. (૯)*

स व्राधतो नहुषो दंसुजूतः शर्धस्तरो नरां गूर्त्तश्रवाः।
विसृष्टरातिर्याति बाढसृत्वा विश्वासु पृत्सु सदमिच्छूरः॥ १०॥

પદાર્થ : જે दंसुजूतः-વિનાશ કરનારા વીરોને પ્રેરિત કરેલ, शर्धस्तरः-અત્યંત બળવાન, गूर्त्तश्रवाः-જેના પુરુષાર્થની સાથે સાંભળવા અને અન્ન આદિ પદાર્થ, विसृष्टरातिः-જેને અનેક પ્રકારના દાન આદિ સર્વોત્તમ કામ સિદ્ધ કરેલ, वाढसृत्वा-જે પ્રશંસિત બળથી ચાલનાર शूरः-અને શત્રુઓને મારનાર नहुषः-મનુષ્ય नराम्-નાયક વીરોની विश्वासु-સમસ્ત पृत्सु-સેનાઓમાં सदम्-શત્રુનાશક વીર સેનાજનને इत्-જ ગ્રહણ કરીને व्राधतः-વિરોધ કરનારાઓને યુદ્ધને માટે याति-પ્રાપ્ત થાય છે, सः-તે વિજય પ્રાપ્ત કરે છે. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ શત્રુઓની અધિક યુદ્ધની સામગ્રી તૈયાર કરીને ઉત્તમ સહયોગથી તે શત્રુઓને જીતવા જોઈએ. (૧૦)*

अध ग्मन्ता नहुषो हवं सूरेः श्रोता राजानो अमृतस्य मन्द्राः।
नभोजुवो यन्निरवस्य राधः प्रशस्तये महिना रथवते॥ ११॥

પદાર્થ : હે मन्द्राः-આનંદકારક राजानः-પ્રકાશમાન સજ્જનો ! તમે अमृतस्य-આત્મરૂપથી મરણ ધર્મ રહિત सूरेः-સમસ્ત વિદ્યાવિદ नहुषः-વિદ્વાનના हवम्-ઉપદેશને श्रोत-સાંભળો. नभोजुवः-વિમાનાદિથી આકાશમાં ગમન કરતા તમે यत्-જે निरवस्य-રક્ષાહીનનું राधः-ધન છે તેને ग्मन्त-પ્રાપ્ત થાઓ. अध-તદનન્તર महिना-મહાન प्रशस्तये-પ્રશંસિત रथवते-પુષ્કળ રથવાળાઓને ધન પ્રદાન કરો. (૧૧)

*ભાવાર્થ : જે લોકો પરમેશ્વર, પરમ વિદ્વાન અને પોતાના આત્માના વિરોધી નથી હોતા અને તેઓના ઉપદેશોને ગ્રહણ કરે છે, તેઓ વિદ્યા પ્રાપ્ત કરેલ 'મહાશય' (મહાન ભાવવાળા) બની જાય છે. (૧૧)*

एतं शर्द्धं धाम यस्य सूरेरित्यवोचन् दशतयस्य नंशे।
द्युम्नानि येषु वसुताती रारन्विश्वे सन्वन्तु प्रभृथेषु वाजम्॥ १२॥

પદાર્થ : वसुतातिः-ધન આદિ ઐશ્વર્યયુક્ત હું જેમ વિદ્વાન્ यस्य-જે दशतयस्य-દશ પ્રકારની વિદ્યાઓથી યુક્ત सूरेः-વિદ્વાનનાં સાનિધ્યથી જે शद्‌र्धम्-બળયુક્ત धाम-સ્થાનને अवोचन्-કહે; વા જે विश्वे-સર્વ વિદ્વાનો वाजम्-જ્ઞાન વા અન્નને रारन्-આપે, येषु-જેઓ प्रवृथेषु-શ્રેષ્ઠ ધારણ કરેલ પદાર્થોમાં द्युम्नानि-યશ વા ધનનું सन्वन्तु-સેવન કરે, इति-એ રીતે તે જ્ઞાન અને एतम्-એ પૂર્વોક્ત સર્વ પદાર્થોનું સેવન કરીને દુઃખોનો नंशे-નાશ કરું. (૧૨)

*ભાવાર્થ : જે વિદ્વાનજનો સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત કરીને સંપૂર્ણ વિદ્યાઓના જ્ઞાતા (બનીને) અન્યોને તેનો ઉપદેશ કરે છે, તે 'યશસ્વી' બને છે. (૧૨)*

मन्दामहे दशतयस्य धासेर्द्विर्यत्पञ्च बिभ्रतो यन्त्यन्ना।
किमिष्टाश्व इष्टरश्मिरेत ईशानासस्तरुष ऋञ्जते नॄन्॥ १३॥

પદાર્થ : यत्-જે पञ्च-અધ્યાપક, ઉપદેશક અને ભણનાર અને ઉપદેશ શ્રવણ કરનાર તથા સામાન્યજન दशतयस्य-દશ પ્રકારના धासेः-વિદ્યા, સુખને ધારણ કરનારા વિદ્વાનની વિદ્વાને તથા अन्ना-સુસંસ્કારથી સિદ્ધ કરેલ અન્નોને द्विः-બે વાર यन्ति-પ્રાપ્ત થાય છે; વા જે एते-એ ईशानासः-સમર્થ तस्त्रः-અવિદ્યા, અજ્ઞાનમાં ડૂબાડનારને ऋञ्जते-પ્રસિદ્ધ કરે છે, તે बिभ्रतः-વિદ્યા સુખથી સર્વની પુષ્ટિ नॄन्-અને વિદ્યાઓની પ્રાપ્તિ કરાવનારા મનુષ્યોની અને मन्दामहे-સ્તુતિ કરીએ છીએ, તેઓની શિક્ષા પ્રાપ્ત કરીને મનુષ્ય इष्टाश्वः-જેને ઘોડાઓ પ્રાપ્ત થયા વા इष्टरश्मिः-જેઓએ કલા યંત્રાદિના કિરણો સંયુક્ત કર્યા એથી किम्-શું ન થઈ શકે ? (૧૩)

*ભાવાર્થ : જે સુશિક્ષા દ્વારા સર્વને વિદ્વાન બનાવીને, સાધનો દ્વારા ઈષ્ટને સિદ્ધ કરનારા સમર્થ વિદ્વાનોનું સેવન કરતા નથી, તેઓ અભીષ્ટ સુખ પણ પ્રાપ્ત કરી શકતા નથી. (૧૩)*

हिरण्यकर्णं मणिग्रीवमर्णस्तन्नो विश्वे वरिवस्यन्तु देवाः।
अर्यो गिरः सद्य आ जग्मुषीरोस्राश्चाकन्तूभयेष्वस्मे॥ १४॥

પદાર્થ : જે विश्वे-देवाः-સમસ્ત વિદ્વાન नः-અમારા માટે जग्मुषीः-પ્રાપ્ત થવા યોગ્ય गिरः-વાણીઓની सद्यः-શીઘ્ર आ, चाकन्तु-સમ્યક્ કામના કરે; વા उभयेषु-પોતાના તથા બીજાઓના કારણે તથા अस्मे-અમારામાં જે अर्णः-સારું બનેલું જળ છે તેની કામના કરે, જે अर्थः-વૈશ્ય પ્રાપ્ત થવા યોગ્ય સર્વ દેશ, ભાષાઓ અને उस्त्राः-ગાયોની કામના કરે, તે हिरण्यकर्णम्-કાનોમાં કુંડલ અને मणिग्रीवम्-ડોકમાં મણી પહેરેલ વૈશ્યને तत्-તથા તે ઉક્ત વ્યવહાર અને અમારી आ, वरिवस्यन्तु-સારી રીતે

સેવા કરે, તે સર્વની અમે પ્રતિષ્ઠા કરાવીએ. (૧૪)

*ભાવાર્થ : જે વિદ્વાન ને વિદુષીઓ પુત્રો અને પુત્રીઓને શીઘ્ર વિદ્વાન અને વિદુષી બનાવે છે તથા જે વૈશ્ય = વેપારીઓ સર્વ દેશોની ભાષાઓને જાણીને દેશ-દેશાન્તર અને દ્વીપ-દ્વીપાન્તરથી ધન લાવીને લક્ષ્મીવાન બને છે, તેઓનો સર્વેએ સર્વ રીતે સત્કાર કરવો જોઈએ. (૧૪)*

**चत्वारो मा मशर्शारस्य शिश्वस्त्रयो राज्ञ आयवसस्य जिष्णोः।**
**रथो वां मित्रावरुणा दीर्घाप्साः स्यूमगभस्तिः सूरो नाद्यौत्॥ १५॥**

પદાર્થ : હે मित्रावरुणा-મિત્ર અને શ્રેષ્ઠધન ! જે वाम्-તમારા रथः-રથ છે, તે मा-મને પ્રાપ્ત થાય જે मशर्शारस्य-દુષ્ટ શબ્દોનો વિનાશ કરીને आयवसस्य-પૂર્ણ સામગ્રીયુક્ત जिष्णोः-શત્રુઓને જીતનારા राज्ञः-ન્યાય અને વિનયથી પ્રકાશમાન રાજાના स्यूमगभस्तिः-બહુ જ કિરણોથી યુક્ત सूरः-સૂર્યના न-સમાન રથ अद्यौत्-પ્રકાશ કરીને તથા જેઓની दीर्घाप्साः-જે શ્રેષ્ઠ ગુણોમાં બહુજ વ્યાપ્તિ છે, તેઓ चत्वारः-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર વર્ણો અને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ એ ચાર આશ્રમો તથા त्रयः-સેના આદિકામોમાં અધિપતિ, પ્રજાજન અને નોકર એ ત્રણ शिश्वः-શાસનીય-શીખવવા યોગ્ય હોય, તે રાજ્ય કરવા યોગ્ય છે. (૧૫)

*ભાવાર્થ : જે રાજાના રાષ્ટ્રમાં વિદ્યા અને સુશિક્ષાથી યુક્ત ગુણ-કર્મ-સ્વભાવ અનુસાર નિશ્ચિત કરેલ અને ધર્મ પર ચાલનારા ચાર વર્ણો અને ચાર આશ્રમો તથા સેના, પ્રજા અને ન્યાયાધીશ એ ત્રણ (હોય) છે, તે સૂર્ય સમાન યશથી સુશોભિત બને છે. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં રાજા, પ્રજા અને સામાન્ય મનુષ્યોના ધર્મનાં વર્ણનથી આ સૂક્તમાં કહેલ અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૨)

## સૂક્ત-૧૨૩

**पृथू रथो दक्षिणाया अयोज्यैनं देवासो अमृतासो अस्थुः।**
**कृष्णादुदस्थादर्या३ विहायाश्चिकित्सन्ती मानुषाय क्षयाय॥ १॥**

પદાર્થ : જે मानुषाय-મનુષ્યોના એ क्षयाय-ઘરને માટે चिकित्सन्ती-રોગોને દૂર કરતી विहायाः-મહાન પ્રશંસિત अर्या-વૈશ્યની કન્યા જેમ પ્રાતઃકાળની વેળા कृष्णात्-અંધકારથી उदस्थात्-ઉપર ઊઠીને ઉદય કરે છે, તેમ વિદ્વાને अयोजि-સંયુક્ત કરેલી અર્થાત્ પોતાની સંગિની અને તે एनम्-એ વિદ્વાનને પતિભાવથી યુક્ત કરતી, પોતાનો પતિ માનતી તથા જે સ્ત્રી-પુરુષોનો दक्षिणायाः-દક્ષિણ દિશાથી पृथुः-વિસ્તૃત रथः-રથ ચાલે છે, તેનો अमृतासः-વિનાશ રહિત देवसः-શ્રેષ્ઠ-શ્રેષ્ઠ ગુણ आ-अस्थुः-ઉપસ્થિત થાય છે. (૧)

*ભાવાર્થ : જે ઊષા સમાન ગુણયુક્ત સ્ત્રી અને ચંદ્રમા સમાન ગુણવાન પુરુષ હોય, તે બન્નેનો વિવાહ થતાં નિરંતર સુખ થાય છે. (૧)*

पूर्वा विश्वस्माद् भुवनादबोधि जयन्ती वाजं बृहती सनुत्री।
उच्चा व्यख्यद्युवतिः पुनर्भूरोषा अगन्प्रथमा पूर्वहूतौ॥ २॥

પદાર્થ : पूर्वहूतौ-પૂર્વ વિદ્યમાન (વિદ્યાવૃદ્ધ, વયોવૃદ્ધ)જનોના આદર થાય છે, તે ગૃહસ્થાશ્રમમાં જે पुनर्भूः-વિવાહ કરેલી પતિના મૃત્યુ પશ્ચાત્ નિયોગથી ફરી સંતાન ઉત્પન્ન કરનારી તે वाजम्-ઉત્તમ જ્ઞાનને जयन्ती-જીતીને बृहती-મહાન सनुत्री-સર્વ વ્યવહારોને પૃથક કરનારી અને प्रथमा-પ્રથમ युवतिः-યુવાવસ્થાને પ્રાપ્ત થનારી નવોઢા સ્ત્રી સમાન उषाः-ઊષાકાળની વેળા विश्वस्मात्-સમસ્ત भुवनात्-જગતના પદાર્થોથી पूर्वा-પ્રથમ अबोधि-જાણવામાં આવતી અને उच्चा-ઊંચી વસ્તુઓને वि, अख्यत्-સમ્યક્ પ્રકટ કરતી, તેમ आ, अगन् આવે છે તે વિવાહને યોગ્ય છે. (૨)

*ભાવાર્થ : સર્વ કન્યાઓ સોની ચતુર્થાંશ (= ૨૫ વર્ષની) વય વિદ્યાભ્યાસમાં વ્યતીત કરીને, પૂર્ણ વિદ્યાવતી બનીને, પોતાના સમાન પતિથી વિવાહ કરીને ઊષા-પ્રભાતવેળાની સમાન ઉત્તમ સ્વરૂપવાળી થાય. (૨)*

यदद्य भागं विभजासि नृभ्य उषो देवि मर्त्यत्रा सुजाते।
देवो नो अत्र सविता दमूना अनागसो वोचति सूर्याय॥ ३॥

પદાર્થ : હે सुजाते-ઉત્તમ કીર્તિથી પ્રકાશિત અને देवि-શ્રેષ્ઠ લક્ષણોથી શોભાને પ્રાપ્ત સુલક્ષણી કન્યા ! તું अद्य-આજ नृभ्यः-વ્યવહારોની પ્રાપ્તિ કરાવનારા મનુષ્યોને માટે उषः-ઊષાની સમાન यत्-જે भागम्-સેવન કરવા યોગ્ય વ્યવહારનું विभजासि-શ્રેષ્ઠ રીતે સેવન કરતી અને જે अत्र-એ ગૃહાશ્રમમાં दमूनाः-મિત્રોમાં ઉત્તમ मर्त्यत्रा-મનુષ્યોમાં सविता-સૂર્યની સમાન देवः-પ્રકાશમાન તારો પતિ सूर्याय-પરમાત્માના વિજ્ઞાનને માટે नः-અમને अनागसः-અપરાધ રહિત વ્યવહારોને वोचति-કહે, તે તમે બન્નેનો અમે નિરંતર સત્કાર કરીએ. (૩)

*ભાવાર્થ : જ્યારે સ્ત્રી અને પુરુષ બન્ને વિદ્યાવાન, ધાર્મિક, વિદ્યા પ્રચારક અને પરસ્પર સદા પ્રસન્ન રહેનાર હોય, ત્યારે તેઓ ગૃહાશ્રમમાં અત્યંત સુખના ભાગી બને છે. (૩)*

गृहंगृहमहना यात्यच्छा दिवेदिवे अधि नामा दधाना।
सिषासन्ती द्योतना शश्वदागादग्रमग्रमिद्भजते वसूनाम्॥ ४॥

પદાર્થ : જે સ્ત્રી જેમ ઊષા = પ્રાતઃકાલીન વેળા अहना-દિવસ વા વ્યાપ્તિથી गृहंगृहम्-ઘર-ઘરમાં अच्छाधियाति-શ્રેષ્ઠ રીતે સારી રીતે ઉપરથી આવતી दिवेदिवे-અને પ્રતિદિન नाम-નામ दधाना-ધરે છે = ધારણ કરે છે અર્થાત્ પ્રતિદિનના નામ રવિવાર, સોમવાર વગેરે ધરીને द्योतना-પ્રકાશમાન वसूनाम्-પૃથિવી આદિ લોકોના अग्रमग्रम्-પ્રથમ-પ્રથમ સ્થાનને भजते-ભજે = સેવે છે અને शश्वत्-નિરંતર इत्-જ आ, अगात्-આવે છે, તેમ सिषासन्ती-શ્રેષ્ઠ પદાર્થો પતિ આદિને આપવા ઇચ્છે છે,

તે ઘરના કાર્યોને સુશોભિત કરનારી છે. (૪)

*ભાવાર્થ : જેમ સૂર્યની જ્યોતિ સામેના પદાર્થ પર પડે છે અને નિયમપૂર્વક સમય અનુસાર પ્રાપ્ત થાય છે, તેમ સ્ત્રીએ પણ થવું જોઈએ. (૪)*

भर्गस्य स्वसा वरुणस्य जामिरुषः सूनृते प्रथमा जरस्व।

पश्चा स दध्या यो अघस्य धाता जयेम तं दक्षिणया रथेन॥ ५॥

પદાર્થ : હે સૂનૃતે-સત્ય આચરણયુક્ત સ્ત્રી ! તું ઉષઃ-પ્રાતઃકાલીનવેળાની સમાન વા ભગસ્ય-ઐશ્વર્યની સ્વસા-બહેન સમાન વા વરુણસ્ય-ઉત્તમ પુરુષની જામિઃ-કન્યા સમાન પ્રથમા-પ્રખ્યાતિ પ્રશંસાને પ્રાપ્ત થયેલી વિદ્યાની જરસ્વ-સ્તુતિ કર.

યઃ-જે અઘસ્ય-પાપને ધાતા-ધારણ કરનાર હોય તમ્-તેને દક્ષિણયા-સુશિક્ષિત સેના અને રથેન-વિમાન આદિ યાનથી જેમ અમે જયેમ-જીતીએ, તેમ તું દધ્યાઃ-તેનો તિરસ્કાર કર, જે મનુષ્ય પાપી હોય, સઃ-તે પશ્ચા-પાછળ કરવા અથવા તિરસ્કાર કરવા યોગ્ય છે. (૫)

*ભાવાર્થ : સ્ત્રીઓએ પોત-પોતાના ઘરમાં ઐશ્વર્યની વૃદ્ધિ, શ્રેષ્ઠ રીતિ(નું પ્રચલન) અને દુષ્ટોનું તાડન નિરંતર કરવું જોઈએ. (૫)*

उदीरतां सूनृता उत्पुरन्धीरुदग्नयः शुशुचानासो अस्थुः।

स्पार्हा वसूनि तमसापगूळ्हाविष्कृण्वन्त्युषसो विभातीः॥ ६॥

પદાર્થ : હે સત્પુરુષો ! સૂનૃતા-સત્યભાષણ આદિ ક્રિયાવાન બનીને તમે જેમ પુરન્ધીઃ-શરીરને આશ્રિત ક્રિયાને ધારણ કરતી અને શુશુચાનાસઃ-નિરંતર પવિત્ર કરનાર અગ્નયઃ-અગ્નિઓની સમાન ચમકતી-દમકતી સ્ત્રીઓ ઉદીરતામ્-શ્રેષ્ઠ પ્રેરણા પ્રદાન કરે વા સ્પાર્હા-ઈચ્છવા યોગ્ય વસૂનિ-ધન આદિ પદાર્થો ઉદસ્થુઃ-ઉન્નતિથી પ્રાપ્ત થાય વા જેમ ઉષસઃ-પ્રભાતકાલ તમસા-અંધકારથી અપગૂઢા-આવૃત્ત-ઢંકાયેલા પદાર્થોને તથા વિભાતીઃ-સમ્યક્ પ્રકાશને ઉદાવિષ્કૃણ્વન્તિ-ઉપરથી પ્રકટ કરે છે, તેમ (તમે) બનો. (૬)

*ભાવાર્થ : જ્યારે સ્ત્રીઓ ઊષાની સમાન વ્યવહાર કરતી અવિદ્યા તથા મલિનતાને દૂર કરીને તથા વિદ્યા-પવિત્રતા આદિને સારી રીતે પ્રકાશિત કરીને ઐશ્વર્યની વૃદ્ધિ કરે છે, ત્યારે તે નિરંતર સુખ-યુક્ત બને છે. (૬)*

अपान्यदेत्यभ्य१न्यदेति विषुरूपे अहनी सं चरेते।

परिक्षितोस्तमो अन्या गुहाकरद्यौदुषाः शोशुचता रथेन॥ ७॥

પદાર્થ : જે વિષુરૂપે-સંસારમાં વ્યાપ્ત અહની-રાત અને દિવસ એક સાથે સં, ચરેતે-સંચાર કરતા

અર્થાત્-આવાગમન કરે છે તેમાં परिक्षितोः-સર્વત્રથી વસનાર અંધકાર અને પ્રકાશની મધ્યમાં गुहा-અંધકારથી સંસારને ઢાંકનારી तमः-રાત્રી अन्या-અને કાર્યોને अकः-કરતી તથા उषाः-સૂર્યના પ્રકાશથી પદાર્થોને તપાવનાર દિવસ शोशुचता-અત્યંત પ્રકાશ અને रथेन-રમણ કરવા યોગ્ય રૂપથી अद्यौत्-અજવાળું કરતા अन्यत्-પોતાથી ભિન્ન પ્રકાશને अप, एति-દૂર કરતા તથા अन्यत्-અન્ય પ્રકાશને अभ्येति-સર્વત્રથી પ્રાપ્ત થાય છે. (તેમ)એ સર્વ વ્યવહારની સમાન સ્ત્રી-પુરુષો પોતાનો વર્તાવ કરે. (૭)

*ભાવાર્થ : આ સંસારમાં અંધકાર અને પ્રકાશરૂપ બે પદાર્થો છે, જેથી સદા (પૃથિવીઆદિ) લોકમાં અર્ધ ભાગમાં દિવસ અને રાત થાય છે. જે વસ્તુ અંધકારને ત્યાગે છે, તે પ્રકાશને ગ્રહણ કરે છે. પ્રકાશ જેટલા અંધકારને ત્યાગે છે, તેટલાને રાત લઈ લે છે. બન્ને વારાફરતી સદા પોતાની વ્યાપકતા દ્વારા પ્રત્યેક પ્રાપ્ત દ્રવ્યને આચ્છાદિત કરે છે અને સાથે જ વર્તમાન રહે છે.*

*એ બન્નેનો જ્યાં-જ્યાં સંયોગ થાય છે ત્યાં-ત્યાં સંધ્યા અને જ્યાં-જ્યાં વિયોગ (થાય છે) ત્યાં-ત્યાં રાત અને દિવસ (થાય છે)*

*જે સ્ત્રી અને પુરુષ એ રીતે સંયુક્ત અને વિયુક્ત થઈને દુઃખના કારણોમાં ત્યાગ કરે છે અને સુખ કારણોને ગ્રહણ કરે છે, તેઓ સદા આનંદિત રહે છે. (૭)*

**सदृशीरद्य सदृशीरिदु श्वो दीर्घं सचन्ते वरुणस्य धाम।**

**अनवद्यास्त्रिंशतं योजनान्येकैका क्रतुं परि यन्ति सद्यः॥ ८॥**

પદાર્થ : જે अद्यः-આજના દિવસે अनवद्याः-પ્રશંસિત सदृशीः-એક સમાન उ-અથવા તો श्वः-આગળના દિવસે सदृशीः-એક સમાન રાત અન પ્રભાતવેળા वरुणस्य-વાયુના दीर्घम्-મહાન સમય વા धाम-સ્થાનને सचन्ते-સંયોગને પ્રાપ્ત થતી અને एकैका-તેમાંથી પ્રત્યેક त्रिंशतम्-योजनानि-એકસોવીસ ગાઉ અને क्रतुम्-કર્મને सद्यः-શીઘ્ર परि, यन्ति-પર્યાયથી પ્રાપ્ત થાય છે, તે इत्-કોઈએ વ્યર્થ ન ગુમાવવા જોઈએ. (૮)

*ભાવાર્થ : જેમ ઈશ્વરના નિયમથી નિયત વિતેલ, વર્તમાન અને ભવિષ્યના રાત-દિવસની વિપરીતતા થતી નથી, તેમજ સમસ્ત સૃષ્ટિક્રમની વિપરીતતા થતી નથી; અને તેમ મનુષ્ય આળસનો ત્યાગ કરીને સૃષ્ટિક્રમ અનુસાર પ્રયત્ન કરે છે, તેઓ પ્રશંસિત વિદ્યા અને ઐશ્વર્યવાન બને છે. જેમ એ રાત-દિવસ યથા સમય જાય અને આવે છે, તેમ જ મનુષ્યોએ સદા વ્યવહારમાં આચરણ કરવું જોઈએ. (૮)*

**जानत्यह्नः प्रथमस्य नाम शुक्रा कृष्णादजनिष्ट श्वितीची।**

**ऋतस्य योषा न मिनाति धामाहरहर्निष्कृतमाचरन्ती॥ ९॥**

પદાર્થ : હે સ્ત્રી ! જેમ प्रथमस्य-વિસ્તરિત પ્રથમ अह्नः-દિવસ વા દિવસના પ્રથમ-આરંભ ભાગનું

नाम-નામ जानती-જણાવતી शुक्रा-શુદ્ધિ કરનારી श्वितीची-શ્વેત વર્ણને પ્રાપ્ત થયેલી પ્રાતઃકાલીન વેળા कृष्णात्-કાળા રંગના અંધકારથી अजनिष्ट-પ્રસિદ્ધ-પ્રકટ થાય છે, વા ऋतस्य-સત્ય આચરણવાળા મનુષ્યની योषा-સ્ત્રીની સમાન अहरहः-પ્રતિદિન आचरन्ति-આચરણ કરતી निष्कृतम्-ઉત્પન્ન થયેલ વા નિશ્ચયને પ્રાપ્ત धाम-સ્થાનને न,-मिनाति-નષ્ટ કરતી નથી, તેમ તું પણ બન. (૯)

*ભાવાર્થ : જેમ ઊષા અંધકારથી ઉત્પન્ન થઈને દિવસને પ્રકટ કરે છે અને દિવસની વિરોધી નથી, તેમ સ્ત્રી સત્યાચરણથી પોતાના માતા-પિતા અને પતિના કુળને ઉત્તમ યશથી સંપન્ન અને પ્રશંસનીય બનાવે તથા પોતાના શ્વસુર અને પતિના પ્રત્યે કોઈ પણ અપ્રિય આચરણ કરે નહિ. (૯)*

कन्येव तन्वा३ शाशदानाँ एषि देवि देवमियक्षमाणम्।
संस्मयमाना युवतिः पुरस्तादाविर्वक्षांसि कृणुषे विभाती॥ १०॥

પદાર્થ : હે देवि-કામના કરનારી કુંવારી ! જે તું तन्वा-શરીરથી कन्येव-કન્યાની સમાન વર્તમાન शाशदाना-વ્યવહારોમાં અતિ તેજી બતાવતી इयक्षमाणम्-અત્યંત સંગ કરતા देवम्-વિદ્વાન પતિને एषि-પ્રાપ્ત થઈને पुरस्तात्-અને સન્મુખ विभाति-અનેક પ્રકારના સદ્‌ગુણોથી પ્રકાશમાન युवतिः-યુવાનીને પ્રાપ્ત થયેલી संस्मयमाना-મંદ-મંદ હાસ્યયુક્ત वक्षांसि-છાતી આદિ અંગોને आविः, कृणुषे-પ્રસિદ્ધ કરે છે, તે તું ઊષાકાલની ઉપમાને પ્રાપ્ત થાય છે. (૧૦)

*ભાવાર્થ : જેમ વિદુષી બ્રહ્મચારિણી પૂર્ણ વિદ્યા અને શિક્ષાને તથા પોતાની સમાન એવું હૃદયને પ્રિય પતિને પામીને સુખી થાય છે, તેમ અન્ય બ્રહ્મચારિણીઓએ પણ કરવું જોઈએ. (૧૦)*

सुसंकाशा मातृमृष्टेव योषाविस्तन्वं कृणुषे दृशे कम्।
भद्रा त्वमुषो वितरं व्युच्छ न तत्ते अन्या उषसो नशन्त॥ ११॥

પદાર્થ : હે કન્યા ! सुशंकाशा-સુશિક્ષાથી સમ્યક્ શિક્ષિત योषा-યુવતી मातृमृष्टेव-વિદુષી માતાએ સત્યશિક્ષા પ્રદાન કરીને શુદ્ધ-પવિત્ર સમાન કરેલ જે दृशे-જોવાને तन्वम्-પોતાના શરીરને आविः-પ્રકટ कृणुषे-કરતી भद्रा-અને મંગલરૂપ આચરણ કરતી कम्-સુખસ્વરૂપ પતિને પ્રાપ્ત કરે છે. તે त्वम्-તું वितरम्-સુખદાયક પદાર્થ અને સુખનો व्युच्छ-સ્વીકાર કર.

હે उषः-ઊષા સમાન વર્તમાન સ્ત્રી ! જેમ अन्याः-અને उषसः-પ્રભાતકાળ न-નહીં नशन्त-વિનાશને પ્રાપ્ત થતો નથી, તેમ ते-તારા तत्-ઉક્ત સુખો વિનાશને પ્રાપ્ત થાય નહિ. (૧૧)

*ભાવાર્થ : જેમ ઊષા-વેળા નિયમથી પોત-પોતાના સમય અને દેશને પ્રાપ્ત થાય છે, તેમ સ્ત્રીઓ પોત-પોતાના પતિને પ્રાપ્ત કરીને ઋતુકાળને સફળ બનાવે. (૧૧)*

अश्वावतीर्गोमतीर्विश्ववारा यतमाना रश्मिभिः सूर्यस्य।
परा च यन्ति पुनरा च यन्ति भद्रा नाम वहमाना उषासः॥ १२॥

પદાર્થ : હે સ્ત્રી ! જે सूर्यस्य-સૂર્યમંડળની रश्मिभिः-કિરણોની સાથે ઉત્પન્ન यतमानाः-શ્રેષ્ઠ યત્ન કરતી अश्वावतीः-જેની પ્રશંસિત વ્યાપ્તિઓ गोमतीः-જે બહુ પૃથિવી આદિ લોક કિરણોથી યુક્ત विश्ववाराः-સમસ્ત જગતને પોતાનામાં લેતી અને भद्रा-કલ્યાણકારક नाम-નામોને वहमानाः-સર્વની બુદ્ધિમાં પહોંચાડતી उषसः-પ્રભાતવેળા નિયમપૂર્વક परा, यन्ति-પાછળ જાય છે च-અને पुनः-ફરી च-પણ आ-यन्ति-આવે છે, તેમ નિયમથી તમે પોતાનું આચરણ કરો. (૧૨)

*ભાવાર્થ : જેમ ઊષા-સૂર્યના સંયોગથી નિયમને પ્રાપ્ત છે, તેમ વિવાહિત સ્ત્રી-પુરુષ પરસ્પર પ્રેમને સ્થિર કરનાર બને. (૧૨)*

ऋतस्य रश्मिमनुयच्छमाना भद्रंभद्रं क्रतुमस्मासु धेहि।

उषो नो अद्य सुहवा व्युच्छास्मासु रायो मघवत्सु च स्युः॥ १३॥

પદાર્થ : હે उषः-પ્રાતઃ સમયની વેળા સમાન અલબેલી સ્ત્રી ! તું अद्य-આજ જેમ ऋतस्य-જલની रश्मिम्-કિરણને પ્રભાત સમયની વેળા સ્વીકાર કરેલી છે, તેમ મનથી પ્યારે પતિને अनुयच्छमाना-અનુકૂળતાપૂર્વક પ્રાપ્ત થઈને अस्मासु-અમારામાં भद्रं भद्रम्-क्रतुम्-કલ્યાણ-કલ્યાણકારક બુદ્ધિ વા કલ્યાણ-કલ્યાણકારક કામને धेहि-ધર આપ. सुहवा-અને ઉત્તમ સુખદાયક બનીને नः-અમને व्युच्छ-સ્થિર કર જેથી मघवत्सु-પ્રશંસિત ધનયુક્ત अस्मासु-અમારામાં रायः-શોભા-(શ્રિય) च-પણ स्युः-થાય. (૧૩)

*ભાવાર્થ : જેમ ઉત્તમ સ્ત્રીઓ પોત-પોતાના પતિ આદિની યથોચિત સારી રીતે સેવા કરીને પ્રજા, ધર્મ અને ઐશ્વર્યની નિત્ય વૃદ્ધિ કરે છે, તેમ જ ઊષા-વેળા પણ છે. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં ઊષાકાળના દૃષ્ટાન્તથી સ્ત્રીઓના ધર્મનું વર્ણન કરવાથી આ સૂક્તમાં કહેલ અર્થની પૂર્વ સૂક્તમાં રહેલ અર્થની સાથે સંગતિ છે, એમ જાણવું જોઈએ. (૧૨૩)

## સૂક્ત-૧૨૪

उषा उच्छन्ती समिधाने अग्ना उद्यन्त्सूर्य उर्विया ज्योतिरश्रेत्।

देवो नो अत्र सविता न्वर्थं प्रासावीद् द्विपत्प्र चतुष्पदित्यै॥ १॥

પદાર્થ : જ્યારે समिधाने-પ્રદીપ્ત अग्नौ-અગ્નિના નિમિત્ત सूर्यः-સૂર્યમંડળ उद्यन्-ઉદય પામીને उर्विया-પૃથિવીની સાથે ज्योतिः-પ્રકાશનો अश्रेत्-સંયોગ થાય છે, ત્યારે उच्छन्ती-અંધકારનું નિઃસરણ કરીને उषाः-પ્રાતઃકાલીન વેળા ઉત્પન્ન થાય છે; તેમ अत्र-આ સંસારમાં सविता-કર્મમાં પ્રેરણ કરનાર देवः-ઉત્તમ પ્રકાશક ઉક્ત સૂર્યમંડળ नः-અમારા अर्थम्-પ્રયોજનને इत्यै-પ્રાપ્ત કરાવવા માટે प्रासावीत्-સારાંશને ઉત્પન્ન કરે છે તથા द्विपत्-બે પગવાળા મનુષ્ય આદિ વા चतुष्पत्-ચારપગા પશુ આદિ પ્રાણીઓને नु-શીઘ્ર प्र-ઉત્તમતાથી ઉત્પન્ન કરે છે. (૧)

*ભાવાર્થ : પૃથિવીનો સૂર્યના કિરણોની સાથે સંયોગ થાય છે તે જ તિર્યક્ થઈને ઊષા વેળાનું*

*કારણ બને છે. જો સૂર્ય ન હોય તો વિવિધ રૂપોવાળા પદાર્થોનું દર્શન થતું નથી. (૧)*

अमिनती दैव्यानि व्रतानि प्रमिनती मनुष्या युगानि।

ईयुषीणामुपमा शश्वतीनामायतीनां प्रथमोषा व्यद्यौत्॥ २॥

પદાર્થ : હે સ્ત્રી ! જેમ उषाः-પ્રાતઃકાલીન વેળા दैव्यानि-દિવ્યગુણયુક્ત व्रतानि-સત્યપદાર્થો વા સત્યકર્મોને अमिनती-ન છેડતી અને मनुष्या-મનુષ્યોના સંબંધી युगानि-વર્ષોને प्रमिनती-સારી રીતે વ્યતીત કરીને शश्वतीनाम्-સનાતન પ્રભાતવેળા વા પ્રકૃતિઓ અને इयुषीणाम्-ભૂતકાલીન પ્રભાતવેળાની उपमा-ઉપમા દૃષ્ટાન્ત અને आयतीनाम्-ભવિષ્યની પ્રભાતવેળાઓમાં प्रथमा-પ્રથમ સંસારને व्यद्यौत्-અનેક રીતે પ્રકાશિત કરે છે અને જાગૃત અર્થાત્ વ્યવહાર કરતા મનુષ્યોને યુક્તિની સાથે સદા સેવન કરવા યોગ્ય છે, તેમ તું પોતાનું વર્તન રાખ. (૨)

*ભાવાર્થ : જેમ એ ઊષા વિસ્તૃત પૃથિવી અને સૂર્યના સંયોગની સાથે સંયુક્ત થઈને જેટલા પૂર્વના સ્થાનને છોડે છે; તેટલા બાકીના સ્થાનને ગ્રહણ કરીલે છે.*

*વર્તમાન અને ભૂતકાલીન ઊષાઓની સમાન રૂપવાળી (એ ઊષા) ભવિષ્યની ઊષાઓની આદિમાં (પ્રથમ) બનીને, કાર્ય અને કારણનું જ્ઞાન કરાવતી, સત્યધર્મના આચરણના નિમિત્તરૂપ કાળનું અવયવ (સમયનું અંગ) હોવાથી, આયુનો હ્રાસ કરતી જાય છે, એ ઊષાનું સેવન કરવાથી બુદ્ધિ અને આરોગ્ય આદિ શુભગુણો પ્રદાન કરે છે, તેમ વિદુષી સ્ત્રીઓ બને. (૨)*

एषा दिवो दुहिता प्रत्यदर्शि ज्योतिर्वसाना समना पुरस्तात्।

ऋतस्य पन्थामन्वेति साधु प्रजानतीव न दिशो मिनाति॥ ३॥

પદાર્થ : જેમ एषा-ઊષાકાળ ज्योतिः-પ્રકાશને वसाना-ગ્રહણ કરીને समना-સંગ્રામમાં दिवः-સૂર્યના પ્રકાશની दुहिता-કન્યા સમાન અમે पुरस्तात्-દિવસમાં પ્રથમ प्रत्यदर्शि-પ્રતીતિથી જોઈ-નિહાળી વા જેમ સમસ્ત વિદ્યા ભણેલ વીર જન ऋतस्य-સત્ય કારણના पन्थाम्-માર્ગને अन्वेति-અનુકૂળતાથી પ્રાપ્ત થઈને વા साधु-સમ્યક્ જેમ થાય, તેમ प्रजानतीव-વિજ્ઞાનવતી વિદુષી સ્ત્રીની સમાન ઊષા વેળા दिशः-દિશાઓનો न, मिनाति-ત્યાગ કરતી નથી, તેમ પોતાનું આચરણ કરતી સ્ત્રી શ્રેષ્ઠ બને. (૩)

*ભાવાર્થ : જેમ ઊષા-વેળાઓ નિયમથી પોત-પોતાના સમયે અને દેશને પ્રાપ્ત થાય છે, તેમ સ્ત્રીઓ પોત-પોતાના પતિને પ્રાપ્ત કરીને ગૃહસ્થ ધર્મ-ઋતુકાલને સફળ કરે. (૩)*

उपो अदर्शि शुन्ध्युवो न वक्षो नोधाइवाविरकृत प्रियाणि।

अद्मसन्न ससतो बोधयन्ती शश्वत्तमागात्पुनरेयुषीणाम्॥ ४॥

પદાર્થ : જેમ ઊષાકાળ वक्षः-પ્રાપ્ત વસ્તુને शुन्ध्युवः-સૂર્યના કિરણોની न-સમાન વા प्रियाणि-પ્રિય વચનોની नोधा इव-સર્વ શાસ્ત્રોની પ્રશંસા કરનારા વિદ્વાનોની સમાન વા अदमसत्-ભોજનના

પદાર્થોને પકાવનારી न-સમાન ससतः-સૂતેલા પ્રાણીઓને बोधयन्ती-નિરંતર જાગૃત કરતી અને एयुषीणाम्-સર્વત્રથી વ્યતીત થયેલી ઊષાવેળાની शस्वत्तमा-અતિશય સનાતન થઈને पुनः-ફરી आ, अगात्-આવે છે અને आविरकृत-સંસારને પ્રકાશિત કરે છે તે અમે उपो-સમીપમાં अदर्शि-દેખી; તેવી સ્ત્રીઓ ઉત્તમ હોય છે. (૪)

*ભાવાર્થ : જે સ્ત્રી ઊષા-વેળાની સમાન, સૂર્યની સમાન અને વિદ્વાનોની સમાન પોતાના સંતાનોને ઉત્તમ શિક્ષાથી વિદ્વાન બનાવે છે, તે સર્વના દ્વારા સત્કારને યોગ્ય છે. (૪)*

पूर्वे अर्द्धे रजसो अप्त्यस्य गवां जनित्र्यकृत प्र केतुम्।
व्यु प्रथते वितरं वरीय ओभा पृणन्ती पित्रोरुपस्था॥ ५॥

પદાર્થ : જેમ ઊષા-વેલા કન્યાની સમાન उभा-બન્ને લોકોને पृणन्ती-સુખ પૂર્ણ કરે છે અને पित्रोः-પોતાના માતા-પિતાની સમાન ભૂમિ અને સૂર્યમંડળની उपस्था-ગોદ-ખોળામાં વિરાજમાન થાય છે वितरम्-જેનાથી વિવિધ પ્રકારના દુઃખોને પાર કરીએ છીએ, તે वरीयः-અત્યુત્તમ કામને वि, उ, प्रथते-વિશેષરૂપથી વિસ્તૃત કરતી તથા गंवाम्-સૂર્યના કિરણોને जनित्री-ઉત્પન્ન કરનારી अप्त्यस्य-વિસ્તૃત સંસારમાં થયેલ रजसः-લોક સમૂહના पूर्वे-પ્રથમ આગળ-પૂર્વે વર્તમાન अर्द्धे-અર્ધ ભાગમાં केतुम्-કિરણોને प्र, आ, अकृत-પ્રસિદ્ધ કરે છે, તેમ વર્તન કરતી સ્ત્રી ઉત્તમ હોય છે. (૫)

*ભાવાર્થ : ઊષાથી ઉત્પન્ન થયેલ સૂર્યનો પ્રકાશ અર્ધ ભૂગોળમાં સદા પ્રકાશિત રહે છે. ભૂગોળના બીજા અર્ધ ભાગમાં રાત્રી હોય છે. એ બન્નેના મધ્યમાં સદા ઊષા વિરાજમાન રહે છે. એ રીતે નિરંતતાથી રાત, ઊષા અને દિવસ ક્રમપૂર્વક વર્તમાન રહે છે.*

*આથી શું સાર નીકળ્યો, કે ભૂગોળમાં જેટલો ભાગ સૂર્યની સમીપ (= સન્મુખ હોય છે) તેટલામાં દિવસ, જેટલો (ભાગ) દૂર (= વિપરીત દિશામાં હોય છે) તેમાં રાત અને સંધ્યા સમયમાં ઊષા (હોય છે.) આ રીતે લોકોના ભ્રમણના કારણે (દિવસ આદિ) ઘૂમતા-ફરતા જોવામાં આવે છે. (૫)*

एवेदेषा पुरुतमा दृशे कं नाजामिं न परि वृणक्ति जामिम्।
अरेपसा तन्वा३ शाशदाना नार्भादीषते न महो विभाती॥ ६॥

પદાર્થ : જેમ अरेपसा-કંપરહિત નિર્ભય तन्वा-શરીરથી शाशदाना-અતિ સુંદરી पुस्तमा-બહુ પદાર્થોને ઇચ્છતી સ્ત્રી दृशे-જોવાને માટે कम्-સુખને પતિની न-સમાન परि वृणक्ति-સર્વત્રથી न-ત્યાગતી નથી. પતિ પણ जामिम्-પોતાની સ્ત્રીની न-સમાન સુખનો न-ત્યાગ કરતો નથી અને अजामिम्-જે પોતાની સ્ત્રી નથી, તેનો સર્વ રીતે ત્યાગ કરે છે, તેમ एव-જ एषा-ઉષાવેળા अर्भात्-અલ્પ इत्-પણ महः-મહાન સૂર્યના તેજનો विभाति-પ્રકાશ કરાવતી અતિ વિસ્તૃત સૂર્યના પ્રકાશનો ત્યાગ કરતી નથી. પરંતુ સમસ્તને ईषते-પ્રાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને છોડીને-ત્યાગીને બીજાનો સંગ કરતી નથી અને પત્નીવ્રત પુરુષ પોતાની પત્નીથી ભિન્ન અન્ય સ્ત્રીનો સંગ કરતો નથી; જેમ વિવાહિત સ્ત્રી-પુરુષ નિયમાનુસાર*

*અને સમયાનુસાર સમાગમ કરે છે, તેમ જ ઊષા-વેળા નિયત સ્થાન અને સમય સિવાય અન્યત્ર પ્રવૃત્ત થતી નથી. (૬)*

अभ्रातेव पुंस एति प्रतीची गर्त्तारुगिव सनये धनानाम्।

जायेव पत्य उशती सुवासा उषा हस्रेव नि रिणीते अप्सः॥ ७॥

પદાર્થ : એ उषाः-ઊષા प्रतीची-પ્રત્યેક સ્થાનમાં પહોંચીને अभ्रातेव-ભાઈ રહિત કન્યા જેમ पुंसः-પુરુષને પ્રાપ્ત થાય, તેની સમાન વા જેમ गर्त्तारुगिव-દુઃખ રૂપી ખાડામાં પડેલ જન धनानाम्-ધન આદિ પદાર્થોનો सनये-વિભાગ કરવા માટે રાજગૃહને પ્રાપ્ત થાય છે, તેમ સર્વ ઊંચા-નીચા પદાર્થોને एति-પહોંચાડે છે તથા पत्ये-પોતાના પતિને માટે उशती-કામના કરતી सुवासाः-અને સુંદર વસ્ત્રોવાળી जायेव-વિવાહિતા સ્ત્રીની સમાન પદાર્થોનું સેવન કરતી અને हस्रेव-હસતી સ્ત્રીની સમાન अप्सः-રૂપને नि, रिणीते-નિરંતર પ્રાપ્ત થાય છે. (૭)

*ભાવાર્થ : જેમ ભાઈ વગરની કન્યા, પોતાના પ્રિય પતિને સ્વયં પ્રાપ્ત કરી લે છે, જેમ ન્યાયાધીશ રાજા (અને) રાણી ધનના વિભાગને માટે ન્યાયાસન પ્રાપ્ત કરે છે અને જેમ પ્રસન્ન મુખવાળી સ્ત્રી આનંદમગ્ન પતિને પ્રાપ્ત કરે છે તથા સુંદરરૂપની સાથે હાવ-ભાવ પ્રકટ કરે છે, તેમ જ ઊષા છે, એમ જાણવું જોઈએ. (૭)*

स्वसा स्वस्त्रे ज्यायस्यै योनिमारैगपैत्यस्याः प्रतिचक्ष्येव।

व्युच्छन्ती रश्मिभिः सूर्यस्याञ्ज्यङ्क्ते समनगाइव व्राः॥ ८॥

પદાર્થ : હે કન્યા ! જેમ व्युच्छन्ती-અંધકારનું નિવારણ કરનારી व्राः-પદાર્થોનો સ્વીકાર કરનારી ઊષા सूर्यस्य-સૂર્યમંડળનાં रश्मिभिः-કિરણોની સાથે अञ्जि-પ્રસિદ્ધ રૂપને समनगा इव-નિશ્ચિત સ્થાને જનારી સ્ત્રીની સમાન अङ्क्ते-પ્રકાશ કરે છે વા જેમ स्वसा-બહેન ज्यायस्यै-મોટી स्वस्त्रे-બહેનને માટે योनिम्-પોતાના સ્થાનને अरैक्-ત્યાગતી અર્થાત્ ઉત્થાન દેતી તથા अस्याः-જેમ એ પોતાની બહેનની વર્તમાન સ્થિતિને प्रतिचक्ष्येव-પ્રત્યક્ષ જોઈને તેમ વિવાહને માટે अपैति-દૂર જાય છે, તેમ તું પણ બન. (૮)

*ભાવાર્થ : નાની બહેન પોતાની મોટી બહેનનો વર્તમાન વૃતાન્ત જાણીને, સ્વયંવર-વિધિને માટે દૂર દેશમાં પણ રહેલ યોગ્ય પતિને ગ્રહણ કરે.*

*જેમ શાન્ત સ્વભાવવાળી પતિવ્રતા સ્ત્રીઓ પોત-પોતાના પતિની સેવા કરે છે, તેમ તે પોતાના પતિની સેવા કરે.*

*જેમ સૂર્ય પોતાની કાન્તિની સાથે અને કાન્તિ સૂર્યની સાથે નિત્ય અનુકૂળતાથી વર્તે છે, તેમ જ સ્ત્રી અને પુરુષે વર્તન કરવું જોઈએ. (૮)*

आसां पूर्वासामहसु स्वसॄणामपरा पूर्वामभ्येति पश्चात्।

ताः प्र॒त्नव॒न्नव्य॑सीर्नू॒नम॒स्मे रे॒वदु॑च्छन्तु सु॒दिना॑ उ॒षासः॑॥ ९॥

પદાર્થ : જેમ आसाम्-એ पूर्वासाम्-પ્રથમ ઉત્પન્ન મોટી स्वसृणाम्-બહેનોમાં अपरा-અન્ય પછી જન્મેલી નાની બહેન अहसु-કોઈ દિવસોમાં પોતાની पूर्वाम्-મોટી બહેનની अभ्येति-આગળ જાય અને पश्चात्-પછી પોતાના ઘરે ચાલી જાય, તેમ सुदिनाः-જેનાથી શ્રેષ્ઠ દિવસો થાય છે તે उषसः-ઊષા-વેળા अस्मे-અમારા માટે नूनम्-નિશ્ચયયુક્ત प्रत्नवत्-જેમાં પ્રાચીન ધનની નિધિ છે, તે रेवत्-પ્રશંસિત પદાર્થયુક્ત ધનને नव्यसीः-પ્રતિદિન અત્યંત નવીન બનીને પ્રકાશ કરે, ताः-તે उच्छन्तु-અંધકારનું નિવારણ કરે. (૯)

*ભાવાર્થ : જેમ ઘણી-અધિક દૂર-દૂર દેશોમાં વિવાહ કરેલી બહેનો ક્યારેક કોઈની સાથે મળીને પોતાના વ્યવહારને બતાવે છે, તેમ પહેલાંની ઊષા વેળાઓ વર્તમાન ઊષા વેળાની સાથે મળીને પોતાના વ્યવહારને પ્રકટ કરે છે. (૯)*

प्र बो॑धयोषः पृण॒तो म॑घो॒न्यबु॑ध्यमानाः प॒णयः॑ ससन्तु।

रे॒वदु॑च्छ म॒घव॑द्भ्यो मघोनि रे॒वत्स्तो॒त्रे सू॑नृते जा॒रय॑न्ती॥ १०॥

પદાર્થ : હે मघोनि-શ્રેષ્ઠ ધનયુક્ત उषः-ઊષાની સમાન વર્તમાન સ્ત્રી તું જે अबुध्यमानाः-અચેતન નિદ્રાધીન વા पणयः-વ્યવહારયુક્ત પ્રાણી ઊષાકાળ અથવા દિવસમાં ससन्तु-સૂવે તેનું पृणतः-પાલન કરનાર પુષ્ટ પ્રાણીઓને ઊષાના પ્રકાશની સમાન प्र, बोधय-બોધ કરાવ-જાગૃત કરાવ.

હે मघोनि-પુષ્કળ ધન એકત્ર કરનારી सूनृते-શ્રેષ્ઠ સત્યસ્વભાવયુક્ત યુવતી ! તું ઊષાકાળ સમાન जारयन्ती-વય વ્યતીત કરાવતી मघवद्भ्यः-પ્રશંસિત ધનયુક્ત रेवत्-ઉત્તમ ધનયુક્ત વ્યવહાર જેમ થાય, તેમ स्तोत्रे, સ્તુતિ-પ્રશંસા કરનારાને માટે रेवत्-સ્થિર ધનની उच्छ-પ્રાપ્તિ કરાવ. (૧૦)

*ભાવાર્થ : કોઈએ પણ રાત્રિના અન્તિમ પ્રહરમાં અથવા દિવસે સૂવું ન જોઈએ. કારણકે નિદ્રા અને દિવસ અધિક ઉષ્ણતાકારક હોવાથી રોગ ઉત્પન્ન થાય છે તેમજ કાર્ય અને આયુનો હ્રાસ થાય છે.*

*જેમ પુરુષાર્થપૂર્વક યુક્તિથી મનુષ્ય પુષ્કળ ધન પ્રાપ્ત કરે છે, તેમ સૂર્યોદય પૂર્વ ઊઠીને યત્ન કરનાર મનુષ્ય દરિદ્રતાનો जहाति-ત્યાગ કરે છે. (૧૦)*

अवे॒यम॑श्वैद्युव॒तिः पु॒रस्ता॑द्यु॒ङ्क्ते गवा॑मरु॒णाना॒मनी॑कम्।

वि नू॒नमु॑च्छादस॑ति॒ प्र के॒तुर्गृ॒हंगृ॑हमुप तिष्ठाते अ॒ग्निः॥ ११॥

પદાર્થ : જેમ इयम्-એ પ્રભાતવેળા अरुणानाम्-લાલાશ પડતા गवाम्-સૂર્યનાં કિરણોને अनीकम्-સેનાની સમાન સમૂહને युङ्क्ते-સંયુક્ત કરે-જોડે છે અને पुरस्तादवाश्वैत्-પ્રથમથી વધે છે, તેમ युवतिः-પૂર્ણ ચોવીસ વર્ષની યુવા સ્ત્રી લાલ રંગની ગાય આદિ પશુઓના સમૂહને જોડે છે પછી ઉન્નતિને પ્રાપ્ત થાય છે, એથી प्र, केतुः-જેની શિખા ઊઠેલી છે તે વધતી ઊષા असति-થાય અને नूनम्-નિશ્ચયથી व्युच्छात्-સર્વને પ્રાપ્ત થાય. अग्निः-તથા સૂર્યમંડળનો તરુણ તાપ ઉત્કટ તડકો गृहं गृहम्-

ઘર-ઘરમાં उप, तिष्ठाते-ઉપસ્થિત થાય, યુવતી પણ શ્રેષ્ઠ બુદ્ધિમાન થઈને નિશ્ચય સર્વ પદાર્થોને પ્રાપ્ત થાય અને તેનો ઉત્કટ પ્રતાપ પ્રત્યેક ઘરમાં ઉપસ્થિત થાય અર્થાત્ સર્વ સ્ત્રી-પુરુષ જાણે છે અને માને છે. (૧૧)

*ભાવાર્થ : જેમ ઊષાવેલા અને દિવસ સદા સંયુક્ત રહે છે, તેમ વિવાહિત સ્ત્રી-પુરુષ વર્તાવ કરે અને આવશ્યક્તાનુસાર સર્વ પદાર્થોને પ્રાપ્ત કરે, ત્યારે તે બન્નેના તેજ અને પ્રભાવની વૃદ્ધિ થાય છે. (૧૧)*

**उत्ते वयश्चिद्वसतेरपप्तन्नरश्च ये पितुभाजो व्युष्टौ।**
**अमा सते वहसि भूरि वाममुषो देवि दाशुषे मर्त्याय॥ १२॥**

પદાર્થ : હે नरः-મનુષ્યો ! ये-જે पितुभाजः-અન્નનો વિભાગ કરનારા તમે चित्-પણ જેમ वयः-અવસ્થાને वसतेः-નિવાસથી उत् अप्तन्-શ્રેષ્ઠતાથી પ્રાપ્ત થાય છે, તેમ જ व्युष्टौ-વિશેષ નિવાસમાં अमा-સમીપનું ઘર વા सते-વર્તમાન વ્યવહારને માટે થાય.

હે उषः-પ્રાતઃકાલીન પ્રકાશની સમાન વિદ્યાપ્રકાશયુક્ત देवि-ઉત્તમ વ્યવહારની દાત્રિ સ્ત્રી ! જે તું च-પણ दाशुषे-દેનાર मर्त्याय-પોતાના પતિને માટે તથા સમીપસ્થ ઘર તથા વર્તમાન વ્યવહારને માટે भूरि-બહુ वामम्-પ્રશંસનીય વ્યવહારની वहसि-પ્રાપ્તિ કરતી તે ते-તારા માટે ઉક્ત વ્યવહારની પ્રાપ્તિ તારો પતિ પણ કરે. (૧૨)

*ભાવાર્થ : જેમ પક્ષીઓ ઉપર અને નીચે જાય છે, તેમ ઊષા રાત અને દિવસની ઉપર અને નીચે જાય છે. જેમ સ્ત્રી પતિથી પ્રિય આચરણ કરે, તેમ પતિ પણ સ્ત્રીથી પ્રિય ચારણ કરે. (૧૨)*

**अस्तोढ्वं स्तोम्या ब्रह्मणा मेऽवीवृधध्वमुशतीरुषासः।**
**युष्माकं देवीरवसा सनेम सहस्रिणं च शतिनं च वाजम्॥ १३॥**

પદાર્થ : હે उषासः-ઊષાની સમાન स्तोभ्याः-સ્તુતિ કરવા યોગ્ય देवीः-દિવ્ય વિદ્યા ગુણયુક્તા પંડિતા ! ब्रह्मणा-વેદથી उशतीः-કામના અને કાન્તિને પ્રાપ્ત થઈને તમે मे-મારા માટે વિદ્યાઓની अस्तोढ्वम्-સ્તુતિ પ્રશંસા કરો અને अवीवृधध्वम्-અમારી ઉન્નતિ કરાવો તથા युष्माकम्-તમારી अवसा-રક્ષા આદિથી सहस्त्रिणम्-જેમાં હજારો ગુણ વિદ્યમાન च-અને જે शतिनम्-સેંકડો પ્રકારની વિદ્યાઓથી યુક્ત च-અને वाजम्-અંગો, ઉપાંગો અને ઉપનિષદો સહિત વેદાદિ શાસ્ત્રોનો બોધ-જ્ઞાન તેઓને બીજાઓ માટે અમે सनेन-પ્રદાન કરીએ. (૧૩)

*ભાવાર્થ : જેમ ઊષા-વેળાઓ શુભ ગુણ-કર્મ-સ્વભાવ યુક્ત છે, તેમ જ સ્ત્રીઓ પણ બને તથા તેમજ પુરુષો અતિ શ્રેષ્ઠ બને.*

સંગતિ : આ સૂક્તમાં ઊષાના દૃષ્ટાન્તથી સ્ત્રીઓના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની

પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૪)

## સૂક્ત-૧૨૫

प्राता रत्नं प्रातरित्वा दधाति तं चिकित्वान्प्रतिगृह्या नि धत्ते।
तेन प्रजां वर्धयमान आयू रायस्पोषेण सचते सुवीरः॥ १॥

પદાર્થ : જે चिकित्वान्-વિશેષ જ્ઞાનવાન प्रातरित्वा-પ્રાતઃકાળમાં જાગનાર सुवीरः-સુંદર વીર પુરુષ प्रातः रत्नम्-પ્રભાતકાળમાં રમણ કરવા યોગ્ય આનંદમય પદાર્થને दधाति-ધારણ કરતા તથા प्रतिगृह्य-આદાન-પ્રદાન કરીને ફરી तम्-તેને नि, धत्ते-નિત્ય ધારણ વા तेन-તે रायस्पोषेण-ધનની પુષ્ટિથી प्रजाम्-પુત્ર-પૌત્રાદિ સંતાનો તથા आयुः-વયને वद्‌र्धयमानः-વિદ્યા અને શિક્ષાથી વધારીને सचते-તેનો સંબંધ કરે છે, તે નિરંતર સુખી થાય છે. (૧)

*ભાવાર્થ : જે આળસનો ત્યાગ કરીને, ધર્મયુક્ત વ્યવહારથી ધન પ્રાપ્ત કરીને તથા તેની સમ્યક્ રક્ષા કરીને સ્વયં ભોગ કરીને બીજાને ભોગ કરાવીને તથા દઈને-લઈને નિરંતર ઉત્તમ પ્રયત્ન કરે, તે સમસ્ત સુખોને પ્રાપ્ત કરી શકે છે. (૧)*

सुगुरसत्सुहिरण्यः स्वश्वो बृहदस्मै वय इन्द्रो दधाति।
यस्त्वायन्तं वसुना प्रातरित्वो मुक्षीजयेव पदिमुत्सिनाति॥ २॥

પદાર્થ : હે प्रातरित्वः-પ્રાતઃ સમયથી લઈને શ્રેષ્ઠ યત્ન કરનાર यः જે इन्द्रः-ઐશ્વર્યવાન પુરુષ वसुना-ઉત્તમ ધનની સાથે अयन्तम्-આવીને त्वा-તને दधाति-ધારણ કરીને अस्मै-એ કાર્ય માટે बृहत्-બહુ જ वयः-ચિરકાલ સુધી જીવન તથા मुक्षीजयेव-જે મુંજ (વાસ) ઉત્પન્ન થયેલ તેથી જેમ બાંધવાનું થાય, તેવા સાધનો पद्रिम्-પ્રાપ્ત થતાં ધનને उत्सिनाति-અત્યંત બાંધીને અર્થાત્ સંબંધ કરીને તે सुगुः-સુંદર ગાયો सुहिरण्यः-શ્રેષ્ઠ સુવર્ણ આદિ ધન તથા स्वश्वः-શ્રેષ્ઠ ઘોડાવાળા असत्-બને. (૨)

*ભાવાર્થ : જે વિદ્વાન પોતાની પાસે આવેલા શિષ્યોને ઉત્તમ શિક્ષા દ્વારા અને અધર્મ તથા વિષય લાલસાના ત્યાગના ઉપદેશથી તેને દીર્ઘાયુ, વિદ્યાવાન્ અને શ્રીમાન બનાવે છે, તે આ સંસારમાં પુણ્ય-યશવાન બને છે. (૨)*

आयमद्य सुकृतं प्रातरिच्छन्निष्टेः पुत्रं वसुमता रथेन।
अंशोः सुतं पायय मत्सरस्य क्षयद्वीरं वर्द्धय सूनृताभिः॥ ३॥

પદાર્થ : હે ધાત્રી - હું अद्य-આજ वसुमता-પ્રસંશિત ધનયુક્ત रथेन-રમણ કરવા યોગ્ય રથ આદિ યાનથી प्रातः-પ્રભાત કાળ इष्टेः-ઈચ્છેલ ગૃહાશ્રમના સ્થાનથી सुकृतम्-ધર્મયુક્ત કામની इच्छन्-ઈચ્છા કરતા જે पुत्रम्-પવિત્ર બાળકને आयम्-પ્રાપ્ત કરું, તે सुतम्-ઉત્પન્ન થયેલ પુત્રને मत्सरस्य-

આનંદ કરાવનાર જે अंशोः-સ્ત્રી શરીરના તેના અવયવથી જે રસ અર્થાત્ દૂધ ઉત્પન્ન થાય છે તે દૂધનું पायय-પાન કરાવ.

હે વીર ! सूनृताभिः-વિદ્યા, સત્યભાષણ આદિ શુભ ગુણયુક્ત વાણીઓથી क्षयद्वीरम्-શત્રુઓના ક્ષય કરનાર પ્રશંસિત વીર પુરુષની वर्द्धय-ઉન્નતિ કર. (૩)

*ભાવાર્થ : સ્ત્રી-પુરુષ પૂર્ણ બ્રહ્મચર્યથી વિદ્યાનો સંગ્રહ કરીને તથા પરસ્પરની પ્રસન્નતાથી વિવાહ કરીને ધાર્મિક વ્યવહારથી પુત્ર આદિ ઉત્પન્ન કરે. તેની રક્ષા માટે તેને ધાર્મિક ધાત્રીને સોંપી દે અને તે એને સુશિક્ષાથી સંપન્ન કરે. (૩)*

**उप॑ क्षरन्ति॒ सिन्ध॑वो मयो॒भुव॑ ईजा॒नं च॑ य॒क्ष्यमा॑णं च धे॒नवः॑।**
**पृ॒णन्तं॑ च॒ पपु॑रिं च श्रव॒स्यवो॑ घृ॒तस्य॒ धारा॒ उप॑ यन्ति वि॒श्वतः॑॥ ४॥**

પદાર્થ : જે सिन्धवः-મોટી નદીઓની સમાન मयोभुवः-સુખની ભાવના કરનાર મનુષ્ય અને धेनवः-દૂધાળી ગાયોની સમાન વિવાહિત સ્ત્રી વા ધાત્રી ईजानम्-યજ્ઞ કરનાર च-અને धेनव-દૂધાળી ગાયોની સમાન વિવાહિત સ્ત્રી વા છાત્રી ईजानम्-યજ્ઞ કરનાર च-અને यक्ष्यमाणम्-યજ્ઞ કરવા ઉત્સુક પુરુષની उप, क्षरन्ति-સમીપ આનંદ વર્ષાવે છે વા જે श्रवस्यवः-સ્વયં શ્રવણને ઈચ્છુક વિદ્વાન च-અને વિદુષી સ્ત્રી पृणन्तम्-(સ્વયં) પુષ્ટિ પામેલ च-અને पपुरिम्-(સ્વયં) પુષ્ટિ પામેલ च-પણ પુરુષને શિક્ષા આપે છે, તે विश्वतः-સર્વત્રથી घृतस्य-જળની धाराः-ધારાઓની સમાન સુખોને उप, यन्ति-પ્રાપ્ત કરે છે. (૪)

*ભાવાર્થ : જે પુરુષ અને સ્ત્રીઓ ગૃહાશ્રમમાં પરસ્પર પ્રિય આચરણ કરીને તથા વિદ્યાઓનો અભ્યાસ કરીને સંતાનોને અભ્યાસ કરાવે છે, તેઓ નિરંતર સુખ પ્રાપ્ત કરે છે. (૪)*

**नाक॑स्य पृ॒ष्ठे अधि॑ तिष्ठति श्रि॒तो पृ॒णाति॒ स ह॑ दे॒वेषु॑ गच्छति।**
**तस्मा॒ आपो॑ घृ॒तम॑र्षन्ति॒ सिन्ध॑व॒स्तस्मा॑ इ॒यं दक्षि॑णा पिन्वते॒ सदा॑॥ ५॥**

પદાર્થ : यः-જે મનુષ્ય देवेषु-દિવ્યગુણ વા ઉત્તમ વિદ્વાનોમાં गच्छति-જાય છે, सः, ह-તે જે વિદ્યાના श्रितः-આશ્રયને પ્રાપ્ત થાય છે. नाकस्य-જેમાં કિંચિત્ દુઃખ નથી તેવા ઉત્તમ સુખના पृष्ठे-આધાર अधि, तिष्ठति-સ્થિર થાય છે. વા पृणाति-વિદ્યા, સુશિક્ષા અને સંસ્કૃત અન્ન આદિ પદાર્થોથી સ્વયં પુષ્ટ થાય છે અને સંતાનને પુષ્ટ કરે છે, तस्मै-તેને માટે आपः-પ્રાણ વા જળ सदा-સદા घृतम्-ઘી अर्षन्ति-વરસાવે છે તથા तस्मै-તેને માટે इयम्-એ (અધ્યાપકને) ભણાવવાથી મળેલી दक्षिणा-દક્ષિણા અને सिन्धवः-મહા નદી सदा-સદા पिन्वते-પ્રસન્નતા કરે છે. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો માનવ શરીર પ્રાપ્ત કરીને સત્પુરુષોનો સંગ અને ધર્માચરણ સદા કરે છે, તેઓ સદા સુખી થાય છે. જે વિદ્વાન અને જે વિદુષીઓ બાળકો તથા વૃદ્ધોને અને બાળાઓ, યુવતીઓ*

*તથા વૃદ્ધાઓને નિષ્કપટ ભાવથી વિદ્યા અને સુશિક્ષા નિરંતર પ્રાપ્ત કરાવે છે, તેઓ આ સંસારમાં સમસ્ત સુખોને પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત થાય છે. (૫)*

दक्षिणावतामिदिमानि चित्रा दक्षिणावतां दिवि सूर्यासः।
दक्षिणावन्तो अमृतं भजन्ते दक्षिणावन्तः प्रतिरन्त आयुः॥ ६॥

પદાર્થ : दक्षिणावताम्-જેઓની પાસે ધર્મપૂર્વક ઉપાર્જિત ધન, વિદ્યા આદિ પુષ્કળ પદાર્થો વિદ્યમાન છે, તે મનુષ્યોને इमानि-એ પ્રત્યક્ષ चित्रा-અનેક પ્રકારના અદ્‌ભુત સુખ પ્રાપ્ત થાય છે. दक्षिणावताम्-જેઓને પ્રશંસિત ધર્મને અનુકૂળ ધન અને વિદ્યાની દક્ષિણાનું દાન મળે છે, તે સજ્જનોને दिवि-ઉત્તમ પ્રકાશમાં सूर्यासः-સૂર્ય સમાન તેજસ્વી જન પ્રાપ્ત થાય છે. दक्षिणावन्तः-બહુ જ વિદ્યાદાન યુક્ત સત્પુરુષ इत्-જ अमृतम्-મોક્ષનું भजन्ते-સેવન કરે છે અને दक्षिणावन्तः-અનેક પ્રકારથી અભય આપનાર જન आयुः-આયુ = પ્રાણધારણ, प्रतिरन्ते-સારી રીતે પાર કરે છે અર્થાત્ પૂર્ણ આયુ ભોગવે છે. (૬)

*ભાવાર્થ : જે બ્રાહ્મણ સાર્વજનિક સુખને માટે વિદ્યા અને સુશિક્ષાનું દાન, જે ક્ષત્રિય ન્યાય-વ્યવહાર દ્વારા અભયદાન, જે વૈશ્ય ધર્મપૂર્વક ઉપાર્જિત ધનનું દાન અને જે શૂદ્ર સેવાનું દાન કરે છે, તેઓ પૂર્ણ આયુષ્યવાન થઈને આ લોક અને પરલોકમાં આનંદને નિરંતર ભોગવે છે. (૬)*

मा पृणन्तो दुरितमेन आरन्मा जारिषुः सूरयः सुव्रतासः।
अन्यस्तेषां परिधिरस्तु कश्चिदपृणन्तमभि सं यन्तु शोकाः॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! આપ पृणवन्तः-સ્વયં અને પોતાના સંતાન આદિને પુષ્ટ કરીને दुरितम्-દુઃખને માટે પ્રાપ્ત થાય છે અર્થાત્ एनः-પાપાચરણ मा, आ, क्षरन्-કરો નહિ અને દુઃખકારક પાપાચરણ જેથી થાય તેવા मा, जारिषुः-અસત્ય કર્મો કરો નહિ, પરંતુ सुव्रतासः-શ્રેષ્ઠ સત્ય આચરણયુક્ત सूरयः-વિદ્વાન બનીને ધર્મનું જ આચરણ કરો; અને જે તમારા અધ્યાપક હોય तेषाम्-તે ધાર્મિક વિદ્વાનો તથા તમારી વચ્ચે कष्चित्-કોઈ अन्यः-ભિન્ન परिधिः-મર્યાદા અર્થાત્ તમને સર્વને આવરણ કરનાર-ઢાંકનાર, ગુપ્ત રાખનાર મૂર્ખાઈથી બચાવનાર પ્રકાર अस्तु-થાય; અને अपृणन्तम्-ધર્મથી ન પુષ્ટ થનાર અને ન અન્યોને પુષ્ટ કરનાર પરંતુ અધર્મથી પુષ્ટ થનાર તથા અધર્મથી જ અન્યોને પુષ્ટ કરનાર મનુષ્યને शोकाः-શોક-વિલાપ अभि, सम्, यन्तु-સર્વત્રથી પ્રાપ્ત થાય છે. (૭)

*ભાવાર્થ : આ સંસારમાં એક ધાર્મિક અને બીજા પાપી એમ બે પ્રકારના મનુષ્યો છે. તેઓ ભિન્ન-ભિન્ન સ્થાન અને આચરણયુક્ત છે. અર્થાત્ જેઓ ધાર્મિક છે, તેઓ ધાર્મિક મનુષ્યોના અનુસરણથી ધર્મમાર્ગ પર ચાલે છે અને જેઓ દુષ્ટ છે, તેઓ અધાર્મિકના અનુસરણથી અધર્મ પર ચાલે છે.*

*ધાર્મિકોએ કદીપણ અધાર્મિકોના માર્ગ પર ન ચાલવું જોઈએ (જ્યારે) અધાર્મિકોએ તો ધર્મમાર્ગ*

*પર (અધર્મ ત્યાગીને) ચાલવું યોગ્ય છે. આ રીતે પ્રત્યેક જાતિમાં ધાર્મિક અને અધાર્મિક બે માર્ગ છે. તેમાં ધાર્મિકોને સુખ અને અધાર્મિકોને દુઃખ સદા પ્રાપ્ત થાય છે. (૯)*

સંગતિ : આ સૂક્તમાં ધર્માનુકૂળ આચરણનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૫)

## સૂક્ત-૧૨૬

**अमन्दान् स्तोमान् प्र भरे मनीषा सिन्धावधि क्षियतो भाव्यस्य।**
**यो मे सहस्रममिमीत सवानतूर्तो राजा श्रव इच्छमानः॥ १॥**

પદાર્થ : यः-જે अतूर्त्तः-હિંસા આદિથી દુઃખને ન પ્રાપ્ત અને श्रवः-શ્રેષ્ઠ ઉપદેશ શ્રવણની इच्छमानः-ઇચ્છા કરતા राजा-પ્રકાશમાન સભાધ્યક્ષ सिन्धौ-નદીની સમીપ क्षियतः-નિરંતર નિવાસ કરીને भाव्यस्य-પ્રસિદ્ધ થવા યોગ્ય मे-મારી નજીક सहस्रम्-હજારો सवान्-ઐશ્વર્ય યોગ્ય अमन्दान्-મંદભાવ રહિત તીવ્ર અને स्तोमाम्-પ્રશંસા કરવા યોગ્ય વિદ્યા સંબંધી વિશેષજ્ઞાનોનું मनीषा-બુદ્ધિ દ્વારા अमिमीत-નિરંતર માન કરે છે, તેને હું अधि-મારા મનમાં प्र, भरे, સમ્યક રીતે ધારણ કરું. (૧)

*ભાવાર્થ : જ્યાં સુધી સમસ્ત શાસ્ત્રોને જાણનાર વિદ્વાનની આજ્ઞાથી પુરુષાર્થી વિદ્વાન ન થાય, ત્યાં સુધી તેને રાજ્યના અધિકારમાં સ્થાન ન કરે. (૧)*

**शतं राज्ञो नाधमानस्य निष्काञ्छतमश्वान्प्रयतान्त्सद्य आदम्।**
**शतं कक्षीवाँ असुरस्य गोनां दिवि श्रवोऽजरमा ततान॥ २॥**

પદાર્થ : જે कक्षीवान्-વિદ્યાના બહુ જ વ્યવહારોને જાણનાર વિદ્વાન असुरस्य-મેઘ સમાન શ્રેષ્ઠ ગુણી नाधमानस्य-ઐશ્વર્યવાન राज्ञः-રાજાના शतम्-સો निष्कान्-સુવર્ણ મહોરો, प्रयतान्-સુશિક્ષિત शतम्-સો अश्वान्-ઘોડાઓ અને दिवि-આકાશમાં अजरम्-અવિનાશી गोनाम्-शतम्-સૂર્યમંડળના સેંકડો કિરણોની સમાન श्रवः-શ્રવણ કરવા યોગ્ય યશને आ-; ततान-વિસ્તૃત્ કરે છે, તેને હું सद्यः-શીઘ્ર आदम्-સ્વીકાર કરું છું. (૨)

*ભાવાર્થ : જે લોકો ન્યાયકારી વિદ્વાન રાજાથી સત્કાર પામે છે, તેઓ યશનો વિસ્તાર કરે છે. (૨)*

**उप मा श्यावाः स्वनयेन दत्ता वधूमन्तो दश रथासो अस्थुः।**
**षष्टिः सहस्रमनु गव्यमागात्सनत्कक्षीवाँ अभिपित्वे अह्नाम्॥ ३॥**

પદાર્થ : જે स्वनयेन-પોતાના ધન આદિ પદાર્થોને પહોંચાડવા અર્થાત્ આપનાર-દાતાને श्यावाः-સૂર્યનાં કિરણોની સમાન दत्ताः-આપેલ दश-જ दश-દસ रथासः-રથ वधूमन्तः-જેમાં પ્રશંસિત વધૂ-

વહુઓ વિદ્યમાન છે, તે મા-મને સેનાપતિની ઉપાસ્થુઃ-સમીપ સ્થિત થાય છે તથા જે કક્ષીવાન્-યુદ્ધમાં પ્રશંસિત કક્ષાવાળા અર્થાત્ જેની તરફ શ્રેષ્ઠ વીર યોદ્ધાઓ છે, તે અભિપિત્વે-સર્વત્રથી પ્રાપ્તિને માટે અહ્નામ્, સહસ્રમ્-હજાર દિવસ ગવ્યમ્-ગાયોના દૂધ આદિ પદાર્થોને અન્વાગાત્-પ્રાપ્ત થાય છે અને જેની ષષ્ટિઃ-પાછળ સાંઠ પુરુષો ચાલે છે, તે સનત્-સદા સુખની વૃદ્ધિ કરનાર છે. (૩)

*ભાવાર્થ : જે કારણે સર્વ યોદ્ધાઓ રાજાથી ધન આદિ પદાર્થોની પ્રાપ્તિ ઈચ્છે છે, તેથી રાજાએ તેઓને યથાયોગ્ય આપવું જોઈએ. તેમ કર્યા વિના ઉત્સાહ રહેતો નથી. (૩)*

चत्वारिंशद्दशरथस्य शोणाः सहस्रस्याग्रे श्रेणिं नयन्ति।
मदच्युतः कृशनावतो अत्यान्कक्षीवन्त उदमृक्षन्त पज्राः॥ ४॥

પદાર્થ : જે દશરથસ્ય-દશ રથોથી યુક્ત સેનાપતિના ચત્વારિંશત્-ચાલીસ શોણાઃ-લાલ ઘોડાઓ, સહસ્રસ્ય-હજાર યોદ્ધાઓ અને હજાર રથોની અગ્રે-આગળ શ્રેણિમ્-પોતાની પંક્તિને નયન્તિ-પહોંચાડે છે અર્થાત્ એક સાથે મળીને આગળ ચાલે છે વા જે સેનાપતિ ના નોકરો એવા છે પજ્રાઃ-કે જેની સાથે માર્ગોમાં જાય છે અને કક્ષીવન્તઃ-જેની પ્રશંસિત કક્ષા વિદ્યમાન છે અર્થાત્ જેના સાથી વીર લડનારા છે, તે મદચ્યુતઃ-જે મદ ઝરતા તે કૃશનાવતઃ-સુવર્ણ આદિના અલંકારો-ઘરેણાંઓ પહેરેલાં તથા અત્યાન્-જે માર્ગોથી રમતાં-પહોંચતાં તે ઘોડા, હાથી, રથ આદિને ઉદમૃક્ષન્ત-ઉત્કર્ષતાથી સહે છે, તે શત્રુઓને જીતવાને યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : જેના ચાર ઘોડાઓવાળા રથ દશેય દિશાઓમાં છે, જેના હજારો ઘોડે સવારો, લાખો પાયદળ સૈનિક, અક્ષય કોશ, પૂર્ણ વિદ્યા અને વિનય આદિ ગુણો છે, તે જ સામ્રાજ્ય કરી શકે છે. (૪)*

पूर्वामनु प्रयतिमा ददे वस्त्रीन् युक्ताँ अष्टावरिधायसो गाः।
सुबन्धवो ये विश्याइव व्रा अनस्वन्तः श्रव ऐषन्त पज्राः॥ ५॥

પદાર્થ : યે-જે એવા છે કે સુબન્ધવઃ-જેના ઉત્તમ બંધુજન અનસ્વન્તઃ-યાન, શકટ વિદ્યમાન છે વ્રાઃ-તથા જે ગમન કરનારા અને પજ્રાઃ-બીજાઓને પ્રાપ્ત તે વિશ્યાઇવ-પ્રજાજનોમાં ઉત્તમ વણિક-વૈશ્યજનોની સમાન શ્રવઃ-અન્નને ઐષન્ત-ઈચ્છે તે વઃ-તમારા ત્રીન્-ત્રણ યુક્તાન્-આજ્ઞા આપેલ અને અધિકાર પામેલ નોકરો, અષ્ટૌ-આઠ સભાસદો, અરિધાયસઃ-જેથી શત્રુઓ ધારણ કરતા સમજતા તે વીરો અને ગાઃ-બળદ આદિ પશુઓને તથા એ સર્વની પૂર્વામ્-પૂર્વની પ્રયતિમ્-ઉત્તમ યત્નની રીતિને હું અનુ, આ, દદે-અનુકૂળતાથી ગ્રહણ કરું છું. (૫)

*ભાવાર્થ : જે લોકો સભાપતિ, સેનાપતિ તથા શાલાધ્યક્ષને, નિપુણ આઠ સભાસદોને, શત્રુ વિનાશક વીરોને, ગાય આદિ પશુઓને, મિત્રોને, ધન સંપન્ન વેપારીઓને તથા ખેડૂતોને સંરક્ષિત કરીને અન્ન*

*આદિ ઐશ્વર્યની વૃદ્ધિ કરે છે, તેઓ 'મનુષ્યશિરોમણિ' છે. (૫)*

आगंधिता परिंगधिता या कशीकेव जङ्गहे।

ददांति मह्यं यादुंरी याशूंनां भोज्यां शता॥ ६॥

પદાર્થ : या-જે आगधिता-સમ્યક્ ગ્રહણ કરેલ परिगधिता-સર્વત્રથી શ્રેષ્ઠતમ ગુણયુક્ત जङ्गहे-અત્યંત ગ્રહણ કરવા યોગ્ય વ્યવહારમાં कशीकेव-પશુઓને તાડન કરવા માટેની કશીકાની સમાન याशूनाम्-શ્રેષ્ઠ યત્નશીલની यादुरी-શ્રેષ્ઠ યત્નયુક્ત નીતિ भोज्या-ભોગવવા યોગ્ય शता-સેંકડો વસ્તુઓ मह्यम्-મને ददाति-આપે છે, તે સર્વને સ્વીકાર કરવા યોગ્ય છે. (૬)

*ભાવાર્થ : જે નીતિથી અગણિત સુખ થાય, તે સર્વેએ પ્રાપ્ત કરવી જોઈએ. (૬)*

उपोंप मे परां मृश मा मे दभ्राणिं मन्यथाः।

सर्वाहमंस्मि रोमशा गन्धारीणामिवाविका॥ ७॥

પદાર્થ : હે પતિ રાજન્ ! જે अहम्-હું गन्धारीणाम् इव-પૃથિવીનું રાજ્ય ધારણ કરનારીઓમાં જે अविका-રક્ષા કરનારીઓ હોય છે, તેમ रोमशा-પ્રશંસિત રોમ-રૂંવાડાવાળી सर्वा-સર્વ પ્રકારની अस्मि-હું તે मे-મારા ગુણોને परा मृश-વિચારો मे-મારા दभ्राणि-કામોને નાના मा, उपोप-પોતાની પાસે ન मन्यथाः-માનો. (૭)

*ભાવાર્થ : રાણી રાજાને કહે, કે હું તમારાથી ન્યૂન નથી. જેમ તમે પુરુષોનાં ન્યાયાધીશ છો, તેમ હું સ્ત્રીઓનો ન્યાય કરનારી છું. જેમ પહેલાની રાણીઓ પ્રજાસ્થિત સ્ત્રીઓનો ન્યાય કરનારી હતી, તેમ હું પણ છું. (૭)*

સંગતિ : આ સૂક્તમાં રાજાઓના ધર્મનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૬)

## સૂક્ત-૧૨૭

अग्निं होतांरं मन्ये दास्वन्तं वसुं सूनुं सहंसो जातवेदसं विप्रं न

जातवेदसम्। य ऊर्ध्वया स्वध्वरो देवो देवाच्यां कृपा।

घृतस्य विभ्राष्टिमनु वष्टि शोचिषाऽऽजुह्वानस्य सर्पिषः॥ १॥

પદાર્થ : હે કન્યા જેમ હું यः-જે ऊर्ध्वया-ઉત્તમ વિદ્યાથી स्वध्वरः-સુંદર યજ્ઞનું અનુષ્ઠાન અર્થાત્ આરંભ કરનારી છે, તે देवाच्या-જે વિદ્વાનોને પ્રાપ્ત થાય છે અને જેનાથી વ્યવહારને સમર્થ કરે છે, તે कृपा-કૃપાથી देवः-જે મનોહર અતિ સુંદર છે; અને તે જનને आजुह्वा-नस्य-સારી રીતે હોમવા અને सर्पिषः-પ્રાપ્ત કરવા યોગ્ય घृतस्य-ઘીના शोचिषा-પ્રકાશની સાથે विभ्राष्टिम्-જેથી અનેકના પ્રકારના

પદાર્થોને પકવવામાં આવે છે તે અગ્નિની સમાન अनुवष्टि-અનુકૂળતાથી ઇચ્છે છે. વા જે अग्निम्-અગ્નિની સમાન होतारम्-ગ્રહણ કરનાર दास्वन्तम्-દેનાર वसुम्-તથા બ્રહ્મચર્યથી વિદ્યાની મધ્યમાં નિવાસ કરેલ सहसः-બળવાન પુરુષના सूनुम्-પુત્રને जातवेदसम्-જેની પ્રસિદ્ધ વેદ વિદ્યા છે, તે विप्रम्-મેધાવીની न-સમાન जातवेदसम्-પ્રકટ વિદ્યાવાળા વિદ્વાનને પતિ मन्ये-માનું છું, તેમ એવા પતિનો તું પણ સ્વીકાર કર. (૧)

*ભાવાર્થ : જેની શુભ, ગુણ અને સ્વભાવોમાં બહુ જ પ્રશંસા હોય અને જેના શરીરબળ અને આત્મબળ શ્રેષ્ઠ હોય, તેવા પુરુષને સ્ત્રી પતિ રૂપમાં સ્વીકાર કરે. એ જ રીતે પુરુષ પણ એ રીતની સ્ત્રીનો પત્ની રૂપમાં સ્વીકાર કરે. (૧)*

**यजिष्ठं त्वा यजमाना हुवेम ज्येष्ठमङ्गिरसां विप्र मन्मभिर्विप्रेभिः**

**शुक्र मन्मभिः। परिज्मानमिव द्यां होतारं चर्षणीनाम्।**

**शोचिष्केशं वृषणं यमिमा विशः प्रावन्तु जूतये विशः॥ २॥**

પદાર્થ : હે विप्र-મેધાવી વિદ્વાન્ ! यजमानाः-વ્યવહારોનો સંગ કરનાર લોકો, मन्मभिः-માન કરનારાઓ, विप्रेभिः-વિચક્ષણ વિદ્વાનોની સાથે, अङ्गिरसाम्-પ્રાણીઓની મધ્યમાં, ज्येष्ठम्-અતિ પ્રશંસિત, यजिष्ठम्-અત્યંત યજ્ઞ કરનારા त्वा, हुवेम-તમને પ્રશંસિત કરે છે. शुक्र-શુદ્ધ આત્માવાળા, ધર્માત્માજન यम्-જે मन्मभिः-વિદ્વાનોની સાથે, चर्षणीनाम्-મનુષ્યોની મધ્યે, होतारम्-દાન દાતા, परिज्मानमिव-સર્વત્રથી ભોગનારની સમાન, द्याम्-પ્રકાશરૂપ शोचिष्केशम्-જેના લટ જેમ ચળકતા કેશ છે, તે वृषणम्-બળવાન તને इमाः-એ विशः-પ્રજાજન प्रावन्तु-સમ્યક્ રીતે પ્રાપ્ત થાય, તે તું जूतये-રક્ષા આદિને માટે विशः-પ્રજાજનોને સમ્યક્ પ્રાપ્ત થા અને પાલન કર. (૨)

*ભાવાર્થ : મનુષ્યો જે વિદ્વાનની પ્રશંસા કરે અને સર્વ પ્રજાજનો (પણ જેની પ્રશંસા કરે), તે આપ્તજનનો સર્વ આશ્રય કરે. (૨)*

**स हि पुरू चिदोजसा विरुक्मता दीद्यानो भवति द्रुहन्तरः**

**परशुर्न द्रुहन्तरः। वीळु चिद्यस्य समृतौ श्रुवद्वनेव यत्स्थिरम्।**

**निःषहमाणो यमते नायते धन्वासहा नायते॥ ३॥**

પદાર્થ : હે મનુષ્યો ! यस्य-જેની समृतौ-સારી રીતે પ્રાપ્તિ કરાવનાર ક્રિયાને નિમિત્ત चित्-જ वनेव-વનોની સમાન वीडु-દૃઢ स्थिरम्-નિશ્ચળ બળને निः सहमानः-નિરંતર સહનશીલ વીરોવાળા श्रुवत्-શ્રવણ કરતા શત્રુઓને यमते નિયમનમાં લાવે અર્થાત્ તેના સાંભળેલા તે બળને છિન્ન-ભિન્ન કરીને તેને શત્રુતા કરવાથી રોકે વા જેને શત્રુજન नायते-નહિ પ્રાપ્ત થતા વા धन्वासहा-જે પોતાના ધનુષ્યથી શત્રુઓને સહન કરનાર શત્રુજનોને સારી રીતે જીતે, વા यत्-જેના વિજયને શત્રુજન नायते-

નહિ પ્રાપ્ત થતા, વા જે दुहन्तरः-દ્રોહ કરનારને મારતા તે परशुः-ફરસી વા કુહાડાની न-સમાન पुरु-તીવ્ર બહુ જ પ્રકારથી જેમ-તેમ विस्क्मता-જેનાથી અનેક પ્રકારની પ્રીતિઓ થાય તે ओजसा-બળની સાથે दीद्यानः-પ્રકાશમાન दुहन्तरः-દુહન્તર भवति-થાય છે અર્થાત્ જેની સહાયથી અતિ દ્રોહ કરનાર શત્રુને જીતે છે सः, हि, चित्-તે જ ક્યારેક વિજયી થાય છે. (૩)

*ભાવાર્થ : જે શત્રુઓથી હારતો નથી પરંતુ પોતાના પ્રશંસિત બળ (ઉત્તમ સેના) દ્વારા તેને જીતી શકે છે, તે જ પ્રજાપાલક જનોમાં સર્વ શ્રેષ્ઠ = શિરોમણિ છે, એમ મનુષ્યોએ જાણવું જોઈએ. (૩)*

दृळ्हा चिदस्मा अनु दुर्यथा विदे। तेजिष्ठाभिररणिभिर्दाष्ट्यवसेऽग्नये दाष्ट्यवसे।
प्र यः पुरूणि गाहते तक्षद्वनेव शोचिषा।
स्थिरा चिदन्ना नि रिणात्योजसा नि स्थिराणि चिदोजसा॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! यथा-જેમ વિદ્વાન तेजिष्ठाभिः-અત્યંત તેજસ્વી अरणिभिः-અરણીઓથી अस्मै-એ विदे-શાસ્ત્રવેતા अवसे-રક્ષક अग्नये-અગ્નિ સમાન વર્તમાન સભાધ્યક્ષના માટે दाष्टि-અરણીના રગડવાથી કાપતા વા વિદ્વાનજન दृळा-स्थिरा-નિશ્ચલ चित्-પણ વિજ્ઞાનોને अनु, दुः-અનુક્રમથી આપે, તેમ यः-જે अवसे-રક્ષાદિ કરવાને માટે दाष्टि-કાપતા અથવા ઉક્ત ક્રિયા કરતા વા तक्षत्-પોતાના તેજથી જળ આદિને છિન્ન-ભિન્ન કરતા સૂર્યમંડળ वनेव-જેમ કિરણોને તેમ शोचिषा-ન્યાય અને સેનાના પ્રકાશથી पुरूणि-બહુ જ શત્રુદળોને प्र, गाहते-સારી રીતે વિલોડન અર્થાત્ વલોવતા વા ओजसा-પરાક્રમથી स्थिराणि-સ્થિર કર્મોને नि-નિરંતર પ્રાપ્ત થતા चित्-અને ओजसा-કોમળ કામથી अन्ना-ખાવા યોગ્ય અન્નોને चित्-પણ नि, रिणाति-નિરંતર પ્રાપ્ત થાય છે-કરે છે. (૪)

*ભાવાર્થ : જેમ વિદ્વાન જન વિદ્યાના પ્રચારથી મનુષ્યોના આત્માઓને પ્રકાશિત કરીને સર્વને પુરુષાર્થમાં પ્રવૃત્ત કરે છે, તેમ વિદ્વાન ન્યાયાધીશ પ્રજાઓને ઉદ્યમી બનાવે છે. (૪)*

तमस्य पृक्षमुपरासु धीमहि नक्तं यः सुदर्शतरो दिवातरादप्रायुषे दिवातरात्।
आदस्यायुर्ग्रभणवद्वीळु शर्म न सूनवे।
भक्तमभक्तमवो व्यन्तो अजरा अग्नयो व्यन्तो अजराः॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! यः-જે सुदर्शतरः અત્યંત સુંદર દર્શન યોગ્ય સંપૂર્ણ કલાઓથી યુક્ત-ખીલેલ ચંદ્રમાની સમાન રાજા अस्य-આ સંસારના दिवातरात्-અત્યંત પ્રકાશમાન સૂર્યથી अप्रायुषे-જે વ્યવહાર (રાતે) પ્રાપ્ત થતો નથી તેથી नक्तम्-રાતે સર્વ પદાર્થોને બતાવે છે. तम्-તે पृक्षम्-ઉત્તમ કામોનો સંબંધ કરનારાઓને दिवातरात्-અત્યંત પ્રકાશમાન સૂર્યની સમાન તેનાથી उपरासु-દિશાઓમાં અમે धीमहि-ધારણ કરીએ અર્થાત્ શ્રવણ કરીએ. आत्-તદનન્તર अस्य-એ મનુષ્યના ग्रभणवत्-જેમાં

પ્રશંસિત સર્વ વ્યવહારનું ગ્રહણ તે वीकु-દૃઢ भक्तम्-સેવનને માટે વા अमक्तम्-સેવન ન કરેલ अवः-રક્ષા આદિ યુક્ત કર્મ અને आयुः-જીવનને सूनवे-જેમ પુત્રને માટે, न-તેમ शर्म-ઘરને व्यन्तः-વિવિધ પ્રકારથી પ્રાપ્ત થઈને अजराः-પૂર્ણ આયુવાળા વા अग्नयः-વિદ્યુત્ રૂપ અગ્નિની સમાન व्यन्तः-વયહાનિરહિત = अजराः-વૃદ્ધાવસ્થા થઈ રહિત અમે ધારણ કરીએ. (૫)

*ભાવાર્થ : જેમ ચંદ્રમા તારાગણ અને ઔષધિઓને પુષ્ટ કરે છે, તેમ સજ્જનોએ પ્રજાજનોનું પાલન-પોષણ કરવું જોઈએ. જેમ સંતાનોને માતા-પિતા તૃપ્ત કરે છે, તેમ સર્વ પ્રાણીઓને અમે તૃપ્ત કરીએ. (૫)*

**स हि शर्धो न मारुतं तुविष्वणिरप्नस्वतीषूर्वरास्विष्टनिः आर्त्तनास्विष्टनिः।**

**आदद्धव्यान्याददिर्यज्ञस्य केतुरर्हणा।**

**अध स्मास्य हर्षतो हृषीवतो विश्वे जुषन्त पन्थां नरः शुभे न पन्थाम्॥ ६॥**

પદાર્થ : હે विश्व-સર્વ नरः-વ્યવહારોની પ્રાપ્તિ કરાવનારા મનુષ્યો ! हृषीवतः-જે બહુ જ આનંદથી પૂર્ણ हर्षतः-અને જેનાથી સર્વ પ્રકારનો આનંદ પ્રાપ્ત થયો अस्य-એ यज्ञस्य-સંગ કરવા યોગ્ય અર્થાત્ પ્રાપ્ત કરવા યોગ્ય વ્યવહારની शुभे-શ્રેષ્ઠતાને માટે न-જેમ બને, તેમ पन्थाम्-ધર્મયુક્ત માર્ગનું जुषन्त-સેવન કરો. अथ-એ પછી જે केतुः-જ્ઞાનવાન आददिः-ગ્રહણ કરનાર अर्हणा-સત્કાર કરેલ અર્થાત્ નમ્રતાની સાથે કરેલ हव्यानि-ભોજન યોગ્ય પદાર્થોનું आदत्-સેવન કરે. વા मारुतम्-વાયુના शर्धः-બળની न-સમાન अप्नस्वतीषु-જેના પ્રશંસિત સંતાનો વિદ્યમાન છે, તો उर्वरासु-સુંદરી आर्त्तनासु-સત્યાચરણયુક્ત સ્ત્રીઓની સમીપ तुविष्वणिः-જેની બહુ જ ઉત્તમ નિરંતર બોલ-ચાલ इष्टनिः-અને જે સત્કાર કરવા યોગ્ય છે, सः, स्म-તે જ વિદ્વાન इष्टनिः-ઈચ્છા કરનાર हि-નિશ્ચયની સાથે पन्थाम्-ન્યાયમાર્ગને પ્રાપ્ત થવા યોગ્ય હોય છે. (૬)

*ભાવાર્થ : જે મનુષ્યો ધર્મથી ઉપાર્જિત પદાર્થોનો ઉપભોગ પ્રજાઓમાં ધર્મયુક્ત વિદ્યાઓનો પ્રચાર કરે છે, તેઓ ધર્મ માર્ગનો પ્રચાર કરી શકે છે. (૬)*

**द्विता यदीं कीस्तासो अभिद्यवो नमस्यन्त उपवोचन्त भृगवो मथ्नन्तो**

**दाशा भृगवः। अग्निरीशे वसूनां शुचिर्यो धर्णिरेषाम्।**

**प्रियाँ अपिधीर्वनिषीष्ट मेधिर आ वनिषीष्ट मेधिरः॥ ७॥**

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે कीस्तासः-મેધાવી વિદ્વાન अभिद्यवः-જે અગ્રવિદ્યા આદિ ગુણોથી પ્રકાશિત, नमस्यन्तः-જે ધર્મનું આચરણ કરનાર, भृगवः-તથા અવિદ્યા અને અધર્મનો નાશ કરનાર જ્ઞાનને मथ्नन्तः-મથીને भृगवः-તથા દુઃખભંજક છે, તેઓ दाशा-વિદ્યા દાન માટે વિદ્યાર્થીઓને द्विता-જેમ બે નું હોવું થાય, તેમ અર્થાત્ એક પછી એક ईम्-સન્મુખ પ્રાપ્ત થયેલી વિદ્યા उपवोचन्त-અને

ગુણનો ઉપદેશ કરે; વા જેમ एषाम्-એ वसूनाम्-પૃથિવી આદિ લોકોની મધ્યમાં यः-જે धर्णिः-શિલ્પવિદ્યા વિષયક કામોને ધારણ કરનાર, शुचिः-પવિત્ર તથા અન્યોને શુદ્ધ કરનાર, अग्निः-અગ્નિ છે; વા જેમ मेधिरः-મેધાવી प्रियान्-પ્રસન્ન ચિત્ત અને अपिधीन्-શ્રેષ્ઠ ગુણોને ધારણ કરનાર તથા દુઃખોને ઢાંકનાર વિદ્વાનોની वनिषीष्ट-યાચના કરે અર્થાત્ તેની પાસેથી કોઈ પદાર્થ માંગે; વા मेधिरः-સંગ કરનાર પુરુષ આપનારની आ, वनिषीष्ट-સારી રીતે યાચના કરે વા વિદ્યાની ईशे-ઈશ્વરતા પ્રકટ કરે, અર્થાત્ વિદ્યાધિકારને પ્રકાશિત કરે, તેમ તમે તે વિદ્વાન અને અગ્નિ આદિ પદાર્થોનું સેવન કરો. (૭)

*ભાવાર્થ : જે વિદ્યાર્થી વિદ્વાનોથી નિત્ય વિદ્યા માંગે, તેને વિદ્વાન નિત્ય વિદ્યા આપે. એ (વિદ્યાના) આપનાર અને લેનારની સમાન (અન્ય) કોઈ પણ ઉત્તમ કર્મ નથી. (૭)*

**विश्वासां त्वा विशां पतिं हवामहे सर्वासां समानं दम्पतिं भुजे सत्यगिर्वाहसं भुजे। अतिथिं मानुषाणां पितुर्न यस्यासया।**
**अमी च विश्वे अमृतास आ वयो हव्या देवेष्वा वयः॥ ८॥**

પદાર્થ : હે મનુષ્ય ! જેમ અમે भुजे-શરીરમાં વિદ્યાનું विश्वासाम्-સર્વ विशाम्-પ્રજાજનોનું વા सर्वासाम्-સમસ્ત ક્રિયાઓનું पतिम्-પાલન કરનાર અધિપતિ त्वा-તારો हवामहे-સ્વીકાર કરે છે; च-અને જેમ अमी-જે देवेषु, વિદ્વાનોમાં आ-સમ્યક્ वयः-વિદ્યાદિ ગુણોની કામનાવાળા हव्या-ગ્રહણ કરવા યોગ્ય જ્ઞાનને ગ્રહણ કરીને તથા आ, वयः-સમ્યક્ વિદ્યાદિ ગુણોને પ્રાપ્ત કરેલ विश्वे-સર્વ अमृतासः અમર અર્થાત્ વિદ્યા પ્રકાશથી મૃત્યુરૂપી દુઃખથી રહિત બનેલ અને यस्य-જેની आसया-બેઠકની, पितुः-અન્નની न-સમાન भुजे-વિદ્યાનંદ ભોગવવા માટે मानुषाणाम्-મનુષ્યોના समानम्-પક્ષપાતરહિત अतिथिम्-અતિથિ સમાન સત્કાર કરવા યોગ્ય सत्यगिर्वाहसम्-સત્યવાણીની પ્રાપ્તિ કરાવનાર, તારું પાલન કરનારનો સ્વીકાર કરીએ છીએ, તેમ दम्पतिम्-સ્ત્રી-પુરુષનું સેવન કરીએ છીએ. (૮)

*ભાવાર્થ : જ્યાં સુધી પક્ષપાત રહિત આપ્ત વિદ્વાન રાજ્યાધિકારી બનતાં નથી, ત્યાં સુધી રાજા અને પ્રજાની ઉન્નતિ થતી નથી. (૮)*

**त्वमग्ने सहसा सहन्तमः शुष्मिन्तमो जायसे। देवतातये रयिर्न देवतातये।**
**शुष्मिन्तमो हि ते मदो द्युम्निन्तम उत क्रतुः।**
**अध स्मा ते परि चरन्त्यजर श्रुष्टीवानो नाजर॥ ९॥**

પદાર્થ : હે अजर-તરુણ વય-વૃદ્ધના દોષરહિતની न-સમાન अजर-અજન્મા પરમેશ્વરમાં રમણ કરતા अग्ने-શૂરવીર વિદ્વાન્ ! देवतातये-વિદ્વાનને માટે रयिः-ધન જેમ न-તેમ देवतातये-વિદ્વાનોના સત્કારને માટે सहन्तम्-અતિ સહનશીલ शुष्मिन्तमः-અત્યંત પ્રશંસિત બળવાન त्वम्-આપ सहसा-

બળથી जायसे-પ્રકટ થાય છે. ते-આપના शुष्मिन्तम्-અત્યંત બળયુક્ત द्युम्निन्तम्-જેના સંબંધમાં બહુ જ ધન હોય, તે અતિ ધની मदः-હર્ષ उत्-અને क्रतुः-યજ્ઞ हि-જ છે. अध-અનન્તર ते-આપની श्रृष्टीवानः-શીઘ્ર ક્રિયાવાળા स्म-જ परिचरन्ति-સર્વ તરફથી ચાલતા અને આપની પરિચર્યા કરતા તે આપનો અમે આશ્રય કરીએ. (૯)

*ભાવાર્થ : જે મનુષ્યો શરીર તથા આત્માનાં બળથી યુક્ત, વિદ્વાન્ અને ઐશ્વર્યવાન પ્રજાઓવાળા છે તેઓ જ 'સુખકારક' બને છે. (૯)*

प्र वो॑ म॒हे सह॑सा॒ सह॑स्वत उष॒र्बुधे॑ पशु॒षे नाग्नये॒ स्तोमो॑ बभूत्व॒ग्नये॑।

प्रति॒ यदीं॑ ह॒विष्मा॒न् विश्वा॑सु॒ क्षासु॒ जोगु॑वे।

अग्रे॑ रे॒भो न ज॑रत ऋषू॒णां जू॒र्णिर्होत॑ ऋषू॒णाम्॥ १०॥

પદાર્થ : હે મનુષ્યો ! वः-તમારા सहस्वते-બહુ બળયુક્ત, उषर्बुधे-પ્રત્યેક પ્રભાત સમય = ઊષાકાળમાં જાગનાર અને पशुषे-પ્રબંધ બાંધનાર महे-મહાન जोगुवे-નિરંતર ઉપદેશક अग्नये-વિદ્યુત્‌ની न-સમાન अग्नये-પ્રકાશમાનને માટે विश्वासु-સર્વ क्षासु-ભુમિઓમાં हविष्मान्-જેમાં પ્રશંસિત ગ્રહણ કરેલ વ્યવહાર વિદ્યમાન છે, તે स्तोमः-પ્રશંસા सहसा-બળ દ્વારા प्र, बभूतु-સમર્થ બને. रेभः-ઉપદેશકની न-સમાન अग्रे-પ્રથમ ऋभूणाम्-જેને વિદ્યા પ્રાપ્ત કરેલ હોય અથવા જે વિદ્યાને જાણવા ઈચ્છે છે, તેની વિદ્યાઓની ईम्-સર્વત્રથી प्रति, जरते-પ્રત્યક્ષ સ્તુતિ કરનાર यत्-જે होता-ભોજન કરનાર जूर्णिः-રોગી હોય તે ऋभूणाम्-પ્રાપ્ત કરેલ વૈદ્યવિદ્યા અર્થાત્ ઉત્તમ વૈદ્ય છે, તેની સમીપ જઈને રોગરહિત બને. (૧૦)

*ભાવાર્થ : જેમ વિદ્વાનજન વિદ્યાની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે, તેમ એ વિષયમાં સર્વ મનુષ્યોએ પ્રયત્ન કરવો જોઈએ. (૧૦)*

स नो॒ नेदि॑ष्ठं॒ दद्द॑शान॒ आ भ॒राग्ने॑ दे॒वेभि॒ः सच॑नाः सुचे॒तुना॑ म॒हो रा॒यः सु॑चे॒तुना॑।

महि॑ शविष्ठ नस्कृधि सं॒चक्षे॑ भु॒जे अ॒स्यै।

महि॑ स्तो॒तृभ्यो॑ मघवन्त्सु॒वीर्यं॒ मथी॑रु॒ग्रो न शव॑सा॥ ११॥

પદાર્થ : હે मघवन्-પ્રશંસિત ધનયુક્ત, शविष्ठ-અત્યંત બલવાન વિદ્યાદિ ગુણોને પ્રાપ્ત, अग्ने-અગ્નિ સમાન પ્રકાશણાન सः-તે ददृशानः-જોયેલ વિદ્વાન ! આપ सुचेतुना-સુંદર સમજદાર અને देवेभिः-વિદ્વાનોની સાથે नः-અમારા માટે महः-બહુ જ सचनाः-સંબંધ કરવા યોગ્ય रायः-ધનને आ, भर-સમ્યક્ ધારણ કરે.

अस्यै-એ પ્રજાને માટે संचक्षे-શ્રેષ્ઠતાથી કહેવા ઉપદેશ આપવા અને भुजे-એનું પાલન કરવા માટે शवसा-પોતાના પરાક્રમથી उग्रः-પ્રચંડ પ્રતાપવાનની न-સમાન मथीः-દુષ્ટોને મંથનાર આપ नेदिष्ठम्-અત્યંત સમીપ महि-બહુ सुवीर्यम्-ઉત્તમ પરાક્રમને સારી રીતે ધારણ કરો અને એ सुचेतुना-સુંદર

જ્ઞાન આપનાર ગુણથી महि-અધિકતાથી જેમ બને, તેમ स्तोतृभ्यः-સ્તુતિ, પ્રશંસા કરનારાઓથી नः-અમને વિદ્યાવાન कृधि-કરો. (૧૧)

*ભાવાર્થ : વિદ્યાર્થીઓએ આપ્ત અધ્યાપકોથી સારી રીતે પ્રાર્થના કરીને તથા તેઓની સેવા કરીને પૂર્ણ વિદ્યાઓ પ્રાપ્ત કરવી જોઈએ. જેથી રાજપુરુષ અને પ્રજાજન વિદ્યાવાન બનીને નિરંતર ધર્મનું આચરણ કરે. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન અને રાજધર્મનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૭)

## સૂક્ત-૧૨૮

**अयं जायत मनुषो धरीमणि होता यजिष्ठ उशिजामनु व्रतमग्निः स्वमनु व्रतम्।**
**विश्वश्रुष्टिः सखीयते रयिरिव श्रवस्यते।**
**अदब्धो होता नि षददिडस्पदे परिवीत इडस्पदे॥ १॥**

પદાર્થ : જે अयम्-એ મનુષ્ય इळः-જેમ સ્તુતિને યોગ્ય જગદીશ્વરને पदे-પ્રાપ્ત કરવા યોગ્ય વિજ્ઞાનમાં, તેમ इळः-પ્રશંસિત ધર્મના पदे-પ્રાપ્ત કરવા યોગ્ય વ્યવહારમાં अदब्धः-હિંસા આદિ દોષ રહિત, होता-ઉત્તમ ગુણોને ગ્રહણ કરનાર, परिवीतः-જે સર્વત્રથી વિજ્ઞાન પ્રાપ્ત કરીને બનેલા नि, षदत्-સ્થિર થઈને, रयिरिव-વા ધનની સમાન विश्वश्रुष्टिः-જેની સમસ્ત શીઘ્ર ગતિવાન श्रवस्यते-સાંભળનારને માટે अग्निः-અગ્નિની સમાન વા उशिजाम्-કામના કરનાર મનુષ્યોને अनु-અનુકૂળ व्रतम्-સ્વભાવની સમાન अनु, व्रतं, स्वम्-પોતાના અનુકૂળ આચરણને પ્રાપ્ત વા धरीमणि-સુખોને ધારણ કરતા વ્યવહારોમાં होता-દાતા यजिष्ठः-અત્યંત સંગ કરીને जायत-પ્રકટ થાય છે, તે मनुषः-મનનશીલ વિદ્વાન સર્વની સાથે सखीयते-મિત્રની સમાન આચરણ કરનાર અને સર્વના સત્કારને યોગ્ય બને છે. (૧)

*ભાવાર્થ : જે વિદ્યાની ઈચ્છા કરનારના અનુગામી, સુશીલ, ધર્મયુક્ત વ્યવહારમાં પૂર્ણ નિષ્ઠાવાન, સર્વના મિત્ર અને શુભગુણ પ્રદાતા હોય, તે જ 'મનુષ્યમુકુટમણિ' બની શકે છે. (૧)*

**तं यज्ञसाधमपि वातयामस्यृतस्य पथा नमसा हविष्मता देवताता हविष्मता।**
**स न ऊर्जामुपाभृत्यया कृपा न जूर्यति।**
**यं मातरिश्वा मनवे परावतो देवं भाः परावतः॥ २॥**

પદાર્થ : જેમ यम्-જે देवम्-ગુણદાતાને परावतः-દૂરથી જે भाः-સૂર્યની કાન્તિની સમાન मनवे-મનુષ્યને માટે मातरिश्वा-વાયુ परावतः-દૂરથી ધારણ કરનાર सः-જે દાતા વિદ્વાન अया-એ कृपा-કલ્પનાથી नः-અમને ऊर्जाम्-પરાક્રમયુક્ત પદાર્થોની उपाभृति-સમીપ આવેલ આભૂષણ અર્થાત્ જેમ

સુંદરતા થાય, તેમ न-નહિ जूर्यति-રોગી કરતા અને તે જેમ देवताता-વિદ્વાનની સમાન हविष्मता-પુષ્કળ દાન દાતા ऋतस्य-સત્યના पथा-માર્ગ પર ચાલે છે, તેમ हविष्मता-બહુ જ ગ્રહણકર્તા नमसा-સત્કારની સાથે तम्-તે અગ્નિ સમાન પ્રતાપી यज्ञसाधम्-યજ્ઞ સાધનાર વિદ્વાનને अपि-નિશ્ચયપૂર્વક સાથે અમે वातयामसि-વાયુની સમાન સર્વ કાર્યોમાં પ્રેરણા કરીએ. (૨)

*ભાવાર્થ : જેમ વાયુ સર્વ મૂર્તિમાન પદાર્થોને ધારણ કરીને પ્રાણીઓને સુખી કરે છે, તેમ વિદ્વાન મનુષ્યના વિદ્યા અને ધર્મને ધારણ કરીને સર્વ મનુષ્યોને સુખી કરે. (૨)*

एवेन॑ स॒द्यः पर्ये॑ति॒ पार्थि॑वं मुहु॒र्गी रेतो॑ वृ॒ष॒भः कनि॑क्रद॒द्द॒ध॒द्रेत॑ः कनि॑क्रदत्।
श॒तं चक्षा॑णो अ॒क्षभि॑र्दे॒वो वने॑षु तु॒र्वणि॑ः।
सदो॑ दधा॒न उप॑रेषु सानु॒ष्व॒ग्निः परे॑षु सानु॑षु॥ ३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ જેમ मुहुर्गीः-વારંવાર વાણીને પ્રાપ્ત, रेतः-જળને कनिक्रदत्-નિરંતર ગર્જાવનાર, रेतः-પરાક્રમને कनिक्रदत्-અત્યંત શબ્દાયમાન કરનાર અને दधत्-ધારણ કરીને वृषभः-વર્ષા કરનાર તથા वनेषु-કિરણોમાં तुर्वणिः-અંધકાર અને શીતનો વિનાશ કરીને, देवः-નિરંતર પ્રકાશમાન उपरेषु-મેઘ અને सानुषु-પૃથક પર્વતોનાં શિખરો વા परेषु-ઉત્તમ सानुषु-પર્વતોનાં શિખરોમાં सदः-જેમાં જન બેસે છે, તે સ્થાનોને दधानः-ધારણ કરીને अग्निः-વિદ્યુત્ તથા સૂર્યરૂપ અગ્નિ एवेन-પોતાની લપટ-ઝપટ ચાલથી पार्थिवम्-પૃથિવીમાં જઈને પદાર્થોને सद्यः-શીઘ્ર पर्येति-બધી બાજુથી પ્રાપ્ત થતું તેમ अक्षभिः-ઈન્દ્રિયોથી शतम्-અસંખ્ય ઉપદેશોને चक्षाणः-કરનાર બનીને પ્રસિદ્ધ થાઓ (૩)

*ભાવાર્થ : જેમ સૂર્ય અને વાયુ સર્વને ધારણ કરીને તથા મેઘને વરસાવીને સમસ્ત સંસારને આનંદિત કરે છે, તેમ વિદ્વાનો વેદવિદ્યાને ધારણ કરીને તથા અન્ય મનુષ્યોના આત્માઓમાં વર્ષા કરીને સર્વ મનુષ્યોને સુખી કરે છે. (૩)*

स सु॒क्रतु॑ः पु॒रोहि॑तो॒ दमे॑दमे॒ऽग्निर्य॒ज्ञस्या॑ध्व॒रस्य॑ चेतति॒ क्रत्वा॑ य॒ज्ञस्य॑ चेतति।
क्रत्वा॑ वे॒धा इ॑षूय॒ते विश्वा॑ जा॒तानि॑ पस्पशे।
यतो॑ घृत॒श्रीरति॑थि॒रजा॑यत॒ वह्नि॑र्वे॒धा अजा॑यत॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सुक्रतुः-શ્રેષ્ઠ બુદ્ધિ અને કર્મવાળા पुरोहितः-પૂર્વે જેણે હિત સંપાદન કરેલ છે અને अग्निः-અગ્નિની સમાન પ્રતાપી વર્તમાન दमेदमे-ગૃહે-ગૃહે क्रत्वा-શ્રેષ્ઠ બુદ્ધિ વા કર્મથી यज्ञस्य-વિદ્વાનોના સત્કારરૂપની चेतति-જ્ઞાપન કરાવવા સમાન अध्वरस्य-ન છોડવા यज्ञस्य-પરંતુ સંગ કરવા યોગ્ય શ્રેષ્ઠ યજ્ઞ આદિ કામનું चेतति-વિજ્ઞાન કરાવતા વા જે क्रत्वा-શ્રેષ્ઠ બુદ્ધિ વા કર્મથી वेधाः-મેધાવી इषूयते-બાણની સમાન વિષયોમાં પ્રવેશ કરીને તથા विश्वा-સમસ્ત जातानि-ઉત્પન્ન થયેલ પદાર્થોનો पस्पशे-પ્રબંધ કરીને વા यतः-જેથી घृतश्रीः-ઘીનું સેવન કરીને अतिथिः-જેની કોઈ રહેવાની

તિથિ નિશ્ચિત નથી તે સત્કારને યોગ્ય વિદ્વાન अजायत-પ્રસિદ્ધ થાય; અને वह्निः-વસ્તુના ગુણાદિની પ્રાપ્તિ કરાવનાર અગ્નિની સમાન वेधाः-મેધાવી = ધીર પુરુષ अजायत-પ્રસિદ્ધ થાય सः તે જ વિદ્વાન વિદ્યાના ઉપદેશને માટે સર્વને સમ્યક્ આશ્રય કરવાને યોગ્ય છે. (૪)

*ભાવાર્થ : જે વિદ્વાન લોકો, દેશ-દેશોમાં, નગર-નગરમાં દ્વીપ-દ્વીપમાં, ગામ-ગામમાં અને ઘર-ઘરમાં સત્યનો ઉપદેશ કરે છે, તે સર્વના દ્વારા 'સત્કાર કરવાને યોગ્ય' બને છે. (૪)*

क्रत्वा यदस्य तविषीषु पृञ्चतेऽग्नेरवेण मरुतां न भोज्येषिराय
न भोज्या। स हि ष्मा दानमिन्वति वसूनां च मज्मना।
स नस्त्रासते दुरितादभिहुतः शंसादघादभिहुतः॥ ५॥

પદાર્થ : यत्-જે अस्य-એ સેનાપતિની क्रत्वा-બુદ્ધિ અને अवेन-રક્ષા આદિ કામથી मरुताम्-વાયુ અને अग्नेः-વિદ્યુત્‌ની इषिराय-વિદ્યાને પ્રાપ્ત કરેલ પુરુષને માટે भोज्या-ભોજન કરવા યોગ્ય પદાર્થોની न-સમાન વા भोज्या-પાલન યોગ્ય પદાર્થોની न-સમાન પદાર્થોને तविषीषु-પ્રશંસિત બળયુક્ત સેનાઓમાં पृञ्चते-સંબંધ કરીને વા જે हि-ઠીક-ઠીક मज्मना-બળથી वसूनाम्-પ્રથમ કક્ષા પ્રવિષ્ટ વિદ્વાનો તથા च-પૃથિવી આદિ લોકોનું दानम्-આપવામાં આવતા જે પદાર્થ તેને इन्वति-પ્રાપ્ત થતા વા જે नः-અમને अभिहुतः-અભિમુખ પ્રાપ્ત કુટિલ दूरितात्-દુઃખદાયી अभिहुतः-સર્વત્રથી વક્ર-વાંકા-ચૂંકા, નાનાં મોટાં अघात्-પાપથી त्रासते-ઉદ્વેગ કરીને અર્થાત્ ઉઠાવીને વા शंसात्-પ્રશંસાથી સંયોગ કરીને सः, स्म-તે જ સુખને પ્રાપ્ત કરીને તથા सः-તે સુખ કરનાર બનીને તથા તે જ વિદ્વાન સર્વથી સત્કાર કરવા યોગ્ય અને તે સર્વ તરફથી રક્ષા કરનાર બને છે. (૫)

*ભાવાર્થ : જે (મનુષ્યોને) ઉત્તમ શિક્ષા અને વિદ્યાનાં દાન દ્વારા દુષ્ટ સ્વભાવો અને દુર્ગુણોથી તથા અધર્માચરણથી નિવૃત્ત કરીને - દૂર કરીને શુભ ગુણોમાં પ્રવૃત્ત કરાવે છે, તે જ આ સંસારમાં કલ્યાણકારી 'આપ્ત' લોક બને છે. (૫)*

विश्वो विहाया अरतिर्वसुर्दधे हस्ते दक्षिणे तरणिर्न शिश्रथच्छ्रवस्यया न
शिश्रथत्। विश्वस्मा इदिषुध्यते देवत्रा हव्यमोहिषे।
विश्वस्मा इत्सुकृते वारमृण्वत्यग्निर्द्वारा व्यृण्वति॥ ६॥

પદાર્થ : विश्व-સમસ્ત विहायाः-વિદ્યા આદિ શુભ ગુણોમાં વ્યાપ્ત, अरतिः-ઉત્તમ વ્યવહારોની પ્રાપ્તિ કરાવનાર અને तरणिः-તારણહાર वसुः-પ્રથમ શ્રેણીનો બ્રહ્મચારી વિદ્વાન श्रवस्यया-પોતાને ઉત્તમ ઉપદેશ શ્રવણની ઈચ્છાથી જેમ अग्निः-વિદ્યુત્ शिश्रयत्-શિથિલ ન થાય, તેમ न शिश्रयत्-શિથિલ થાય નહિ; વા दक्षिणे-જમણા हस्ते-હાથમાં જેમ આમળું ધારણ કરે - (હસ્તામલકવત્) તેમ देवत्रा-વિદ્વાનોમાં હું વિદ્યાને दधे-ધારણ કરું; વા विश्वस्मै-સર્વ इषुध्यते-ધનુષ્યની સમાન આચરણ કરતા

જનસમૂહને માટે તું हव्यम्-આપવા યોગ્ય પદાર્થનો आ, ऊहिषे-તર્ક-વિતર્ક કરીને इत्-તેમજ જે विश्वस्मै-સર્વ सुकृते-સુકર્મ કરનારા જનસમૂહને માટે द्वारा-ઉત્તમ વ્યવહારોના દ્વારોને ऋण्वति-પ્રાપ્ત થાય છે, તે સુખ इत्-જ નો वारम्-સ્વીકાર પ્રાપ્ત થાય છે, તે સુખ इत्-જ નો वारम्-સ્વીકાર કરવા विः ऋण्वति-વિશેષતાને પ્રાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : જેમ સૂર્ય સમસ્ત અભિવ્યક્ત પદાર્થોને પ્રકાશિત કરીને સર્વને માટે સમસ્ત સુખોને ઉત્પન્ન કરે છે, તેમ અહિંસક વિદ્વાનજન વિદ્યાઓનો પ્રકાશ કરીને સર્વને આનંદિત કરે છે. (૬)*

**स मानु॑षे वृ॒जने॒ शन्त॑मो हि॒तो३॒॑ऽग्निर्य॒ज्ञेषु॒ जेन्यो॒ न वि॒श्पतिः॑ प्रि॒यो य॒ज्ञेषु॑ वि॒श्पतिः॑। स ह॒व्या मानु॑षाणामि॒ळा कृ॒तानि॑ पत्यते।**

**स न॑स्त्रासते॒ वरु॑णस्य धू॒र्तेर्म॒हो दे॒वस्य॑ धू॒र्तेः॥ ७॥**

પદાર્થ : જે प्रियः-પ્રીણન = તૃપ્તિકારક છે, તે विश्पतिः-પ્રજાઓના પાલક રાજા नः-અમને धूर्त्तेः-હિંસકથી त्रासते-ઉદ્વેગ તથા सः-તે धूर्त्तेः-અવિદ્યાનો નાશ કરાવે તથા महः-મહાન देवत्य-વિદ્યાદાતા वरुणस्य-ઉત્તમ વિદ્વાનની પાસેથી જે यज्ञेषु-સંગ કરવા યોગ્ય વ્યવહારોમાં मानुषाणाम्-મનુષ્યોને इळा-શ્રેષ્ઠ સંસ્કારોથી યુક્ત कृतानि-સિદ્ધ કરેલ શુદ્ધ વચન हव्या-જે ગ્રહણ કરવા યોગ્ય છે, તેને સ્થિર કરે છે તથા सः-તે સર્વને पत्यते-પ્રાપ્ત કરે છે; વા यज्ञेषु-અગ્નિહોત્ર આદિ યજ્ઞોમાં अग्निः-અગ્નિની સમાન વા जेन्यः-વિજયશીલની न-સમાન विश्पतिः-પ્રજાજનોના પાલક मानुषे-મનુષ્યોના वृजने-તે માર્ગમાં કે જેમાં ગમન કરતા हितः-હિત સિદ્ધ કરનાર शन्तम्ः-અત્યંત સુખકારી થાય છે, सः-તે વિદ્વાન સર્વના સત્કારને યોગ્ય બને છે. (૭)

*ભાવાર્થ : જે લોકોને ઉપદેશ દ્વારા ધર્મમાર્ગમાં પ્રવૃત્ત કરે છે અને જે લોકો ન્યાયાધીશ રાજાની સમાન પ્રજાપાલક, ડાકુ આદિના ભયના નિવારક તથા વિદ્વાનોના મિત્ર છે, તે જ 'અંધપરંપરાઓ' ને રોકનાર બની શકે છે. (૭)*

**अ॒ग्निं होता॑रमीळते॒ वसु॑धितिं प्रि॒यं चेति॑ष्ठमर॒तिं न्ये॑रिरे ह॒व्य॒वाहं॒ न्ये॑रिरे। वि॒श्वायुं॑ वि॒श्ववे॑दसं॒ होता॑रं यज॒तं क॒विम्।**

**दे॒वासो॑ र॒ण्वमव॑से वसू॒यवो॑ गी॒र्भी र॒ण्वं व॑सू॒यवः॑॥ ८॥**

પદાર્થ : હે મનુષ્યો ! જે देवासः-વિદ્વાનજન જે अग्निम्-અગ્નિની સમાન વર્તમાન, होतारम्-દાતા, वसुधितिम्-જેનાથી ધનની ધારણ છે अरतिम्-અને જે વિદ્યા પ્રાપ્ત કરેલ છે, તે हव्यवाहम्-આદાન-પ્રદાન યોગ્ય વ્યવહારની પ્રાપ્તિ કરાવનાર, चेतिष्ठम्-ચેતનાવાળા અને प्रियम्-પ્રીતિકારક વિદ્વાનને જાણવાની ઇચ્છા કરેલ न्येरिरे-નિરંતર પ્રેરણા આપે છે; વા विश्वायुम्-જે સર્વ વિદ્યાદિ ગુણોના બોધને

પ્રાપ્ત કરે છે, विश्ववेदसम्-જેનું સમગ્ર વેદ ધન તે होतारम्-ગ્રહણ કરનાર, यजतम्-સત્કાર કરવા યોગ્ય, कविम्-પૂર્ણ વિદ્યાયુક્ત અને रण्वम्-સત્યોપદેશક, સત્યવાદી પુરુષને वसूयवः-જે ધન આદિ પદાર્થોથી ઈચ્છા કરે છે, તેની સમાન न्येरिरे-નિરંતર પ્રાપ્ત થાય છે; વા જે वसूयवः-ધન આદિ પદાર્થોના ઈચ્છુક अवसे-રક્ષા આદિને માટે गीर्भिः-સુસંસ્કૃત વાણીઓથી रण्वम्-સત્યવાદીની ईळते-સ્તુતિ કરે છે, તે સર્વની તમે પણ સ્તુતિ કરો. (૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! વિદ્વાન લોકોની જેની સેવા અને સંગતિથી વિદ્યા પ્રાપ્ત કરે છે, તેઓની સેવા અને સંગતિથી તમારે પણ એ વિદ્યાઓ પ્રાપ્ત કરવી જોઈએ. (૮)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૮)

## સૂક્ત-૧૨૯

यं त्वं रथमिन्द्र मेधसातयेऽपाका सन्तमिषिर प्रणयसि प्रानवद्य नयसि।
सद्यश्चित्तमभिष्टये करो वशश्च वाजिनम्।
सास्माकमनवद्य तूतुजान वेधसामिमां वाचं न वेधसाम्॥ १॥

પદાર્થ : હે इषिर-ઈચ્છા કરનાર इन्द्र-વિદ્વાન સભાપતિ ! त्वम्-આપ मेधसातये-પવિત્ર પદાર્થોનો સમ્યક્ વિભાગ કરવા માટે यम्-જે अपाका-પૂર્ણ જ્ઞાની सन्तम्-વિદ્યમાન रथम्-વિદ્વાનને રમણ કરવા યોગ્ય રથને प्रणयसि-પ્રાપ્ત કરાવવા સમાન વિદ્યાને प्रणयसि-પ્રાપ્ત કરો છો; च-અને હે अनवद्य-પ્રશંસાયુક્ત वशः-કામના કરતા આપ अभिष्टये-ઈચ્છિત પદાર્થની પ્રાપ્તિને માટે वाजिनम्-પ્રશંસિત જ્ઞાનવાનની चित्-સમાન तम्-તેને सद्यः-શીઘ્ર करः-સિદ્ધ કરો; વા હે तूतुजान-શીઘ્ર કાર્યોના કર્તા अनवद्य-પ્રશંસિત ગુણો થી યુક્ત सः-તે આપ अस्माकम्-અમે वेधसाम्-મેધાવીની न-સમાન वेधसाम्-બુદ્ધિમાનોની इमाम्-એ वाचम्-સુશિક્ષિત વાણીને સિદ્ધ કરો અર્થાત્ તેનો ઉપદેશ કરો. (૧)

*ભાવાર્થ : જે વિદ્વાન સર્વ મનુષ્યોને વિદ્યાઓમાં અને વિનયમાં પ્રવૃત્ત કરે છે, તે અભીષ્ટ-ઈચ્છિત કાર્ય સિદ્ધ કરી શકે છે. (૧)*

स श्रुधि यः स्मा पृतनासु कासु चिद्दक्षाय्य इन्द्र भरहूतये नृभिरसि प्रतूर्तये
नृभिः। यः शूरैः स्वः सनिता यो विप्रैर्वाजं तरुता।
तमीशानास इरधन्त वाजिनं पृक्षमत्यं न वाजिनम्॥ २॥

પદાર્થ : હે इन्द्र-પરમ ઐશ્વર્યયુક્ત સેનાપતિ ! यः-જે આપ प्रतूर्तये-શીઘ્ર આરંભ કરવા માટે नृभिः-નાયક = મુખ્ય અગ્રણી મનુષ્યોની સમાન नृभिः-પોતાના અધિકારી કર્મચારી મનુષ્યોથી भरहूतये-અન્યોનું પાલન કરનાર રાજા જનોની સ્પર્ધા અર્થાત્ તેની હાર કરવા માટે कासु चित्-કોઈ પણ पृतनासु-

સેનાઓમાં તથા दक्षाय्यः-રાજ કાર્યોમાં અતિ ચતુર असि-હોય; વા यः-જે આપ शूरैः-નિડર શૂરવીરોની સાથે स्वः-સુખનો सनिता-સમ્યક્ વિભાગ કરનાર; વા यः-જે विप्रैः-મેધાવીની સાથે वाजम्-વિશેષ જ્ઞાનને तस्ता-પાર કરનાર, वाजिनम्-વિશેષ જ્ઞાનવાન, अत्यम्-વ્યાપ્ત થનારની न-સમાન पृक्षम्-સુખને સિંચનાર वाजिनम्-ઘોડાઓને ધારણ કરે છે, तम्-તે આપને ईशानासः-સમર્થજન इरधन्त-જે પ્રેરણા કરનારને ધારણ કરે છે, તેની સમાન આચરણ કરે અર્થાત્ પ્રેરણા કરે; અને सः स्म-તે જ આપ સર્વના ન્યાયને श्रुधि-સાંભળે. (૨)

*ભાવાર્થ : જે વિદ્વાન ન્યાયધીશોની સાથે રાજધર્મને (સર્વત્ર) પ્રાપ્ત કરાવે છે, તે પ્રજાઓમાં આનંદદાયી બને છે. (૨)*

**दस्मो हि ष्मा वृषणं पिन्वसि त्वचं कं चिद्यावीररुं शूर मर्त्यं परिवृणक्षि मर्त्यम्। इन्द्रोत तुभ्यं तद्दिवे तद् रुद्राय स्वयशसे। मित्राय वोचं वरुणाय सप्रथः सुमृळीकाय सप्रथः॥ ३॥**

પદાર્થ : હે शूर-શત્રુનાશક इन्द्र-સભાપતિ ! हि-જે કારણ दस्मः-શત્રુ વિનાશક આપ જે कञ्चित्-કોઈ त्वचम्-ધર્મને ઢાંકનારને यावीः-પૃથક્ કરીને તથા वृषणम्-વિદ્યાદિ ગુણોની વર્ષા કરીને अरस्म्-વા અન્યોને તેની પ્રાપ્તિ કરાવનાર मर्त्यम्-મનુષ્યની સમાન मर्त्यम्-મનુષ્યને परिवृणक्षि-સર્વ રીતે છોડીને સ્વતંત્રતા આપીને વા पिन्वसि-તેનું સેવન કરો છો; એ કારણે તે स्वयशसे-સ્વકીર્તિથી યુક્ત मित्राय-સર્વના મિત્રને માટે વા तुभ्यम्-આપને માટે तत्-તે વ્યવહારને वोचम्- હું કહું વા दिवे-કામના કરનાર रुद्राय-દુષ્ટોને રડાવનાર वरुणाय-શ્રેષ્ઠ ધર્માચરણ કરનાર सुमृळीकाय-અને ઉત્તમ સુખ કરનારને માટે सप्रथः-સર્વ રીતે વિસ્તૃત મનુષ્યની સમાન सप्रथः-પ્રસિદ્ધિ અર્થાત્ શ્રેષ્ઠ કીર્તિયુક્ત तत्-તે ઉક્ત આપના શ્રેષ્ઠ વ્યવહારને उत-તર્ક-વિતર્કથી स्म-જ કહું. (૩)

*ભાવાર્થ : જે લોકો સર્વ મનુષ્યોને મિત્રભાવથી સત્યનો ઉપદેશ કરે છે અને ધર્મનું સેવન કરે છે, તેઓ જ 'સુખકારક' બને છે. (૩)*

**अस्माकं व इन्द्रमुश्मसीष्टये सखायं विश्वायुं प्रासहं युजं वाजेषु प्रासहं युजम्। अस्माकं ब्रह्मोतयेऽवा पृत्सुषु कासु चित्। नहि त्वा शत्रुः स्तरते स्तृणोषि यं विश्वं शत्रुं स्तृणोषि यम्॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે अस्माकम्-અમારા અને वः-તમારા इन्द्रम्-પરમ ઐશ્વર્યયુક્ત વા वाजेषु-રાજજનનો પ્રાપ્ત થવા યોગ્ય पृत्सुषु, कासु, चित्-કોઈ સેનાઓમાં प्रासहम्-ઉત્તમતાથી સહનશીલ युजम्-અને યોગાભ્યાસયુક્ત ધર્માત્મા પુરુષની સમાન प्रासहम्-અત્યંત સહનાર युजम्-અને યોગ કરનાર विश्वायुम्-સમસ્ત શુભ ગુણ પ્રાપ્ત કરેલ सखायम्-મિત્રજનની इष्टये-ઇચ્છિત પદાર્થની

પ્રાપ્તિને માટે उश्मसि-કામના કરીએ છીએ, તેમ તમે પણ કામના કરો.

હે વિદ્વાન્ ! अस्माकम्-અમારી ऊतये-રક્ષા આદિ માટે આપ ब्रह्म-વેદની अव-રક્ષા કરો, તેમ કર્યા પછી यम्-જે विश्वम्-સમગ્ર शत्रुम्-શત્રુગણને स्तृणोषि-આચ્છાન કરીને અર્થાત્ પોતાના પ્રતાપથી ઢાંકીને તથા यम्-જે વિરોધ કરનારને स्तृणोषि-ઢાંકીને અર્થાત્ પોતાના પ્રચંડ પ્રતાપથી રોકીને તે शत्रुः-શત્રુ त्वा-આપને नहि-નહિ, स्तरते-ઢાંકી શકતો નથી. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ જ્યાં સુધી બની શકે, ત્યાં સુધી બહુ જ મિત્રો બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ અધાર્મિક મિત્ર ન બનાવવા જોઈએ અને દુષ્ટો પ્રત્યે મિત્રતાનું આચરણ ન કરવું જોઈએ. તેમ કરવાથી શત્રુઓનું બળ વધી શકતું નથી. (૪)*

**नि षू नमातिमतिं कयस्य चित्तेजिष्ठाभिररणिभिर्नोतिभिरुग्राभिरुग्रोतिभिः।**
**नेषि णो यथा पुरानेनाः शूर मन्यसे।**
**विश्वानि पूरोरप पर्षि वह्निरासा वह्निर्नो अच्छ॥ ५॥**

પદાર્થ : હે उग्र-તેજસ્વી शूर-દુષ્ટને મારનાર વિદ્વાન્ ! तेजिष्ठाभिः-અત્યંત પ્રતાપયુક્ત अरणिभिः-સુખ આપનારી, उग्राभिः-તીવ્ર ऊतिभिः-રક્ષા આદિ ક્રિયાઓની न-સમાન ऊतिभिः-રક્ષાઓ દ્વારા, अतिमतिम्-અત્યંત વિચારવાળી બુદ્ધિને नि, नम-નમો અર્થાત્ નમ્રતાપૂર્વક વર્તો; વા यथा-જેમ अनेनाः-પાપરહિત મનુષ્ય पुरा-પૂર્વ શ્રેષ્ઠ કર્મોની પ્રાપ્તિ કરે છે, તેમ नः-અમને આપ मन्यसे-જાણીને તથા सु, नेषि-સુંદરતાથી શ્રેષ્ઠ કામોને પ્રાપ્ત કરાવો છો; વા आसा-પોતાની પાસે वह्निः-પહોંચાડનારની સમાન नः-અમને अच्छ, पर्षि-સમ્યક્ સિંચન વા कयस्य-વિશેષ જ્ઞાન આપવા તથા पूरोः-પૂર્ણ વિદ્વાન મનુષ્યને चित्-પણ वह्निः-પહોંચાડનાર આપ विश्वानि-સમસ્ત દુઃખોને अप-દૂર કરો છો, તે આપ અમોને સેવન કરવા યોગ્ય છો. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યોની બુદ્ધિને સુરક્ષાથી વધારીને પાપોમાં અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે, તે જ સર્વને સુખ પહોંચાડી શકે છે. (૫)*

**प्र तद्वोचेयं भव्यायेन्दवे हव्यो न य इषवान्मन्म रेजति रक्षोहा मन्म रेजति।**
**स्वयं सो अस्मदा निदो वधैरजेत दुर्मतिम्।**
**अव स्त्रवेदघशंसोऽवतरमव क्षुद्रमिव स्त्रवेत् ॥ ६॥**

પદાર્થ : હું स्वयम्-આપ જેમ हव्यः-સ્વીકાર કરવા યોગ્ય रक्षोहा-દુષ્ટ ગુણ-કર્મ-સ્વભાવવાળાને મારનાર मन्म-વિચાર કરવા યોગ્ય જ્ઞાનનો रेजति-સંગ્રહ કરનારની न-સમાન यः-જે इषवान्-જ્ઞાનવાન मन्म-જાણવા યોગ્ય વ્યવહારનો रेजति-સંગ્રહ કરે છે, तत्-તે ઉપદેશ કરવા યોગ્ય જ્ઞાનને भव्याय-

જે વિદ્યા ગ્રહણની ઈચ્છા કરનાર હોય છે, તે इन्दवे-આર્દ્ર અર્થાત્ કોમળ હૃદયવાળાને માટે प्र, वोचेयम्-શ્રેષ્ઠતાથી કહું. જે अस्मत्-અમારાથી શિક્ષા પામીને वधैः-મારવાના ઉપાયોથી निदः-નિંદા કરનારાઓ તથા दुर्मतिम्-દુષ્ટ બુદ્ધિવાળા જનને अजेत-દૂર કરે, सः-તે अवतरम्-અધોમુખી લજ્જાયુક્ત મુખવાળા પુરુષને क्षुद्रमिव-તુચ્છ આશયવાળાની સમાન अव, स्त्रवेत्-તેના સ્વભાવથી વિપરીત દંડ આપવો અને अघशंसः-જે પાપના પ્રશંસક તે ચોર, ડાકુ, લંપટ, લબાડ આદિ જન अव, आ, स्त्रवेत्-પોતાના સ્વભાવથી સારી રીતે વિપરીત ગમન કરે. (૬)

*ભાવાર્થ : જે શુભ ગુણ-કર્મ-સ્વભાવવાળા વિદ્યાર્થીઓ છે, તેઓને વિદ્વાન પ્રેમથી વિદ્યા પ્રદાન કરે. નિંદા કરનારા ચોરોને કાઢી મૂકે અને સ્વયં પણ સદા ધાર્મિક બને. (૬)*

**वनेम तद्धोत्रया चितन्त्या वनेम रयिं रयिवः सुवीर्यं रण्वं सन्तं सुवीर्यम्।**
**दुर्मन्मानं सुमन्तुभिरेमिषा पृचीमहि।**
**आ सत्याभिरिन्द्रं द्युम्नहूतिभिर्यजत्रं द्युम्नहूतिभिः॥ ७॥**

પદાર્થ : હે रयिवः-ધનવાન ! જેમ અમે होत्रया-ગ્રહણ કરવા યોગ્ય चितन्त्या-ચેતાવનારી બુદ્ધિમતીથી જે જ્ઞાનનું वनेम-સમ્યક્ સેવન કરે; વા सुवीर्यम्-શ્રેષ્ઠ પરાક્રમયુક્ત रयिम्-ધન તથા सन्तम्-વર્તમાન रण्वम्-ઉપદેશક सुवीर्य्यम्-વિદ્યા અને ધર્મથી ઉત્તમ આત્માના બળનું वनेम-સેવન કરે; વા सुमन्तुभिः-શ્રેષ્ઠ વિદ્યાવાન પુરુષો અને ईम्-પામવા યોગ્ય इषा-ઈચ્છાથી दुर्मन्मानम्-દુષ્ટજન માન કરનારને જે મારનાર છે તેનો आ, पृचीमहि-સારી રીતે સંબંધ કરે તથા द्युम्नहूतिभिः-ધન વા યશની વાતચીતોથી यजत्रम्-સારી રીતે સંગ કરવા યોગ્ય વ્યવહારની સમાન सत्याभिः-સત્ય આચરણ યુક્ત द्युम्नहूतिभिः-ધન વિષયક વાતોથી इन्द्रम्-પરમ ઐશ્વર્યનો आ-સારી રીતે સંબંધ કરે, તેમ तत्-ઉક્ત સમસ્ત વ્યવહારને આપ ભજો અને તેનાથી સંબંધ કરો. (૭)

*ભાવાર્થ : માતા-પિતા આદિએ અથવા વિદ્વાનોએ પોતાનાં સંતાનોને એ રીતે ઉપદેશ આપવો જોઈએ- અમારા ધર્મયુક્ત કર્મો છે, તેનું આચરણ કરવું જોઈએ અન્યોનું નહિ. આ રીતે સત્ય આચરણોથી અને પરોપકારથી ઐશ્વર્યની નિરંતર વૃદ્ધિ કરવી જોઈએ. (૭)*

**प्रप्रा वो अस्मे स्वयशोभिरूती परिवर्ग इन्द्रो दुर्मतीनां दरीमन्दुर्मतीनाम्।**
**स्वयं सा रिषयध्यै या न उपेषे अत्रैः।**
**हतेमसन्न वक्षति क्षिप्ता जूर्णिर्न वक्षति॥ ८॥**

પદાર્થ : હે મિત્રો ! वः-તમારા માટે अस्मे-અને અમારા માટે इन्द्रः-ઐશ્વર્યવાન વિદ્વાન दुर्मतीनाम्-દુષ્ટ બુદ્ધિયુક્ત દુષ્ટ મનુષ્યોના परिवर्गे-સર્વ તરફના સંબંધમાં અને दुर्मतीनाम्-દુષ્ટ બુદ્ધિવાળા દુરાચારી મનુષ્યોને दरीमन्-અત્યંત વિદારણમાં स्वयशोभिः-પોતાની પ્રશંસા અને ऊती-રક્ષા દ્વારા प्रप्र, वक्ष्यति-

શ્રેષ્ઠતાથી ઉપદેશ કરે, या-જે સેના नः-અમારી उपेषे-સમીપ આવવા માટે अत्रैः-આતતાયી શત્રુજનોએ क्षिप्ता-પ્રેરિત કરેલી અર્થાત્ શીખવેલી છે, सा-તે रिषयध्यै-બીજાઓનું હનન કરાવવા માટે પ્રવૃત્ત થયેલ स्वयम्-આપ ईम्-સર્વત્રથી हता-નષ્ટ असत्-થાય પરન્તુ તે जूर्णिः-શીઘ્રતા કરનારની न-સમાન न, वक्षति- પ્રાપ્ત થાય નહિ અર્થાત્ શીઘ્રતા કરી જ શકે નહિ પરંતુ ત્યારે નાશ જ પામે. (૮)

*ભાવાર્થ : જેઓ દુષ્ટોના સંગ છોડીને તથા સત્સંગ દ્વારા યશસ્વી બનીને, અતિ પ્રશંસિત સેના દ્વારા પ્રજાજનોની રક્ષા કરે છે, તેઓ ઉત્તમ ઐશ્વર્યવાન બની જાય છે. (૮)*

**त्वं न इन्द्र राया परीणसा याहि पथाँ अनेहसा पुरो याह्यरक्षसा।**

**सचस्व नः पराक आ सचस्वास्तमीक आ।**

**पाहि नो दूरादारादभिष्टिभि सदा पाह्यभिष्टिभिः॥ ९॥**

પદાર્થ : હે इन्द्र-વિદ્યા વા ઐશ્વર્યયુક્ત વિદ્વાન્ ! त्वम्-આપ परीणसा-બહુ જ राया-ધનથી नः-અમને याहि-પ્રાપ્ત થાઓ; અને अनेहसः-રક્ષામય જે ધર્મ છે તેથી अरक्षसा-અને જેમાં દુષ્ટ પ્રાણી વિદ્યમાન નથી તે पथा-માર્ગ દ્વારા पुरः-પ્રથમ જે વર્તમાન છે તેને याहि-પ્રાપ્ત થાઓ; અને नः-અમને पराके-દૂર દેશમાં आ, सचस्व- સારી રીતે પ્રાપ્ત થાય અને अस्तमीके-સમીપમાં અમોને सचस्व-સમ્યક્ પ્રાપ્ત થાઓ, મળો; અને જે अभिष्टिभिः-સર્વત્રથી ક્રિયાઓથી સંગ કરીએ તે दूरात्-દૂર અને आरात्-સમીપથી नः-અમારી पाहि-રક્ષા કરો; અને सदा-સર્વકાળમાં अभिष्टिभिः-સર્વત્રથી ઇચ્છિત ક્રિયાઓથી અમારી पाहि-રક્ષા કરો. (૯)

*ભાવાર્થ : ઉપદેશકોએ ધર્મયુક્ત માર્ગમાં પ્રવૃત્ત બનીને તથા સર્વને પ્રવૃત્ત કરીને, ઉપદેશ દ્વારા સમીપના અને દૂરના મનુષ્યોનો સંગ કરીને તેઓના ભ્રમનો નાશ કરીને તથા તેઓને સત્ય પ્રાપ્ત કરાવવા દ્વારા સર્વની નિરંતર રક્ષા કરવી જોઈએ. (૯)*

**त्वं न इन्द्र राया तरूषसोग्रं चित्त्वा महिमा सक्षदवसे महे मित्रं नावसे।**

**ओजिष्ठ त्रातरविता रथं कं चिदमर्त्य।**

**अन्यमस्मद्रिरिषेः कं चिदद्रिवो रिरिक्षन्तं चिदद्रिवः॥ १०॥**

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વરયુક્ત રાજન ! त्वम्-આપ तरूषसा-જેથી શત્રુઓનાં બળને પાર કરવામાં આવે તે કાળ અને राया-શ્રેષ્ઠ લક્ષ્મીથી महे-અત્યંત अवसे-રક્ષા આધિ સુખને માટે વા मित्रम्-મિત્રની न-સમાન अवसे-રક્ષા આદિ વ્યવહારને માટે જે त्वा-આપનો महिमा-મહાન ભાવ પ્રતાપ सक्षत्-સંબંધે અર્થાત્ મળે તે આપ चित्-પણ नः-અમારી રક્ષા કરો.

હે ओजिष्ठ-અત્યંત પ્રતાપી अवितः-રક્ષા કરનાર अमर्त्य-પોતાની કીર્તિ કલાપથી મરણ ધર્મ રહિત त्रातः-રાજ્યપાલક कं, चित्-કોઈ પણ रथम्-રમણ કરવા યોગ્ય રથને પ્રાપ્ત થાઓ.

હે अद्रिवः-પુષ્કળ મેઘો-વાદળાંઓવાળા સૂર્યની સમાન તેજસ્વી આપ अस्मत्-અમારાથી कं, चित्-કોઈ પણ अन्यम्-બીજાઓને रिरिषेः-મારો.

હે अद्रिवः-પર્વત અને ભૂમિઓનાં રાજ્યથી યુક્ત આપ रिरिक्षन्तम्-હિંસા કરવાની ઇચ્છા કરનારા उग्रम्-તીવ્ર પ્રાણીઓને चित्-પણ મારો, તાડના આપો. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોનું એજ મહત્ત્વ છે કે જે શ્રેષ્ઠોનું પાલન કરવું અને દુષ્ટોનો નાશ કરવો. (૧૦)*

**पाहि न इन्द्र सुष्टुत स्त्रिधोऽवयाता सदमिद्दुर्मतीनां देवः सन् दुर्मतीनाम्।**

**हन्ता पापस्य रक्षसस्त्राता विप्रस्य मावतः।**

**अधा हि त्वा जनिता जीजनद्वसो रक्षोहणं त्वा जीजनद्वसो॥ ११॥**

પદાર્થ : હે सुष्टुत-શ્રેષ્ઠ પ્રશંસિત इन्द्र-સભાપતિ ! अवयाता-વિરુદ્ધ માર્ગે જતાં અને देवः-સત્ય ન્યાયની કામના અર્થાત્ શોધ કરતાં सन्-થયેલ दुर्मतीनाम्-દુષ્ટ મનુષ્યોનો सदम्-સ્થાનની इत्-સમાન दुर्मतीनाम्-દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યોના પ્રચારનો વિનાશ કરીને स्त्रिधः-દુઃખનો હેતુ પાપથી नः-અમારી पाहि-રક્ષા કરો.

હે वसो-સજ્જનોમાં વાસ કરનારાઓ ! जनिता-ઉત્પન્ન કરનારા પિતા, ગુરુ જે रक्षोहणम्-દુષ્ટનાશક त्वा-આપને जीजनत्-ઉત્પન્ન કરે.

હે वसो-વિદ્યાઓમાં વાસ અર્થાત્ પ્રવેશ કરનારાઓ ! જે રક્ષક त्वा-આપને जीजनत्-ઉત્પન્ન કરે, તે हि-જ આપ अथ-એથી અનન્તર पापस्य-પાપ આચરણ કરનારા रक्षसः-અર્થાત્ અન્યોને પીડા આપનારાને हन्ता-મારવાવાળા તથા मावतः-મારા સમાન विप्रस्य-બુદ્ધિમાન ધર્માત્મા પુરુષની त्राता-રક્ષા કરનારા બનો. (૧૧)

*ભાવાર્થ : વિદ્વાનોનું એ જ પ્રશંસનીય કર્મ છે, કે પાપનું ખંડન કરવું અને ધર્મનું મંડન કરવું. કોઈએ પણ દુષ્ટ મનુષ્યનો સંગ અને શ્રેષ્ઠ મનુષ્યના સંગનો ત્યાગ ન કરવો જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનો અને સજ્જનોના ધર્મોનું વર્ણન હોવાથી આ સૂક્તમાં કહેલ અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૨૯)

## સૂક્ત-૧૩૦

**एन्द्र याह्युप नः परावतो नायमच्छा विदथानीव सत्पतिरस्तं राजेव सत्पतिः।**

**हवामहे त्वा वयं प्रयस्वन्तः सुते सचा।**

**पुत्रासो न पितरं वाजसातये मंहिष्ठं वाजसातये॥ १॥**

પદાર્થ : હે इन्द्र-પરમેશ્વર્યવાન રાજન્ ! अयम्-એ શત્રુજન विदथानीव-જેમ સંગ્રામોમાં આવે

તેમ આવીને પ્રાપ્ત થાય છે એથી આપ नः-અમારી સમીપ परावतः-દૂર દેશથી न उपायाहि-આવો નહિ પરંતુ નજીકથી આવો. सत्पतिः-ધાર્મિક સજ્જનોના પતિ राजेव-જે પ્રકાશમાનની સમાન सत्पतिः-સત્યાચરણના રક્ષક આપ અમારા अस्तम्-ઘરને પ્રાપ્ત થાઓ. प्रयस्वन्तः-અત્યંત પ્રયત્નશીલ वयम्-અમે सचा-સંબંધથી सुते-ઉત્પન્ન થયેલા સંસારમાં वाजसातये-યુદ્ધના વિભાગને માટે અને वाजसातये-પદાર્થોના વિભાગને માટે पुत्रासः-પુત્રજન જેમ पितरम्-પિતાને न-તેમ मंहिष्ठम्-અતિ સત્કારયુક્ત त्वा-આપની अच्छ-સારી રીતે हवामहे-સ્તુતિ કરીએ છીએ. (૧)

*ભાવાર્થ : સર્વ રાજા લોકો અને પ્રજાજન આ સંસારમાં પિતા-પુત્ર સમાન વર્તન કરીને પુરુષાર્થી બને. (૧)*

**पिबा॒ सोम॑मिन्द्र सु॒वान॒मद्रि॑भिः॒ कोशे॑न सि॒क्तम॑व॒तं न वंस॑गस्तातृषा॒णो**

**न वंस॑गः। मदा॑य हर्य॒ताय॑ ते तु॒विष्ट॑माय॒ धाय॑से।**

**आ त्वा॑ यच्छन्तु ह॒रितो॒ न सूर्य॒मह॒ विश्वे॑व॒ सूर्य॑म्॥ २॥**

પદાર્થ : હે इन्द्र-સભાપતિ ! तातृषाणः-અત્યંત તૃષાતુર वंसगः-વૃષભની न-સમાન બળવાન वंसगः-સમ્યક્ વિભાગ કરનાર આપ अद्रिभिः-શિલાખંડોથી सुवानम्-કાઢવા યોગ્ય कोशेन-મેઘથી अवतम्-વધેલ सिक्तम्-અને સંયુક્ત કરેલની न-સમાન सोमम्-સુંદર ઔષધિઓના રસનું पिब-સમ્યક્ પાન કરો. तुविष्टमाय-અત્યંત બહુ જ પ્રકારથી धायसे-ધારણ કરનાર मदाय-આનંદને માટે हर्य्यताय-અને કામના કરેલ ते-આપના માટે એ દિવ્ય ઔષધિઓનો રસ પ્રાપ્ત થાય અર્થાત્ ઈચ્છિત सूयम्-સૂર્યને अहा-विश्वेव-સર્વ દિવસની જેમ વા सूर्यम्-સૂર્યમંડળની જેમ हरितः-દિશા વિદિશા न-તેમ त्वा-આપને જે લોકો आ, यच्छन्तु-સારી રીતે નિરંતર ગ્રહણ કરે, તેઓ સુખને પ્રાપ્ત થાય. (૨)

*ભાવાર્થ : જે સાધનો અને ઉપકરણોથી આયુર્વેદની રીત મહાઔષધિઓનો રસ તૈયાર કરીને તથા તેનું સમ્યક્ સેવન કરે છે, તેઓ નીરોગ રહીને પ્રયત્ન કરી શકે છે. (૨)*

**अवि॑न्दद्दि॒वो निहि॑तं॒ गुहा॑ नि॒धिं वेर्न गर्भं॒ परि॑वीत॒मश्म॑न्यन॒न्ते अ॒न्तरश्म॑नि।**

**व्र॒जं व॒ज्री गवा॑मिव॒ सिषा॑स॒न्नङ्गि॑रस्तमः।**

**अपा॑वृणो॒दिष॒ इन्द्रः॒ परी॑वृता॒ द्वार॒ इषः॒ परी॑वृताः॥ ३॥**

પદાર્થ : જે वज्री-શાસન માટે દંડ ધારણ કરેલ व्रजंगवामिव-જેમ ગાયનો સમૂહ ગૌશાળામાં ગમન કરતા આવે જાય છે, તેમ सिषासन्-જનોને તાડન કરવા અર્થાત્ દંડ આપવાની ઈચ્છા કરતા અથવા જેમ જેમ अङ्गिरस्तमः-અતિ શ્રેષ્ઠ इन्द्रः-પરમૈશ્વર્યવાન સૂર્ય इषः-ઈચ્છા કરવા યોગ્ય परीवृताः-છૂપી અર્થાત્ ઢંકાયેલી इषः-ઈચ્છાઓને તથા द्वारः-દ્વારોને अपावृणोत्-ખોલે તથા अनन्ते-દેશ, કાળ, વસ્તુ ભેદથી પ્રતીત ન થતા अश्मनि-આકાશમાં अश्मनि-વર્તમાન મેઘની अन्तः-વચ્ચે परिवीतम्-સર્વત્રની

વ્યાપ્ત અને અતિ મનોહર જળ વા वेः-પક્ષીના गर्भम्-ગર્ભની न-સમાન गुहा-બુદ્ધિમાં निहितम्-સ્થિત निधिम्-જેમાં નિરંતર પદાર્થ ધરવામાં આવે તે નિધિરૂપ પરમાત્માને दिवः-વિજ્ઞાનના પ્રકાશથી अविन्दत्-પ્રાપ્ત થાય છે, તે અતુલ સુખને પ્રાપ્ત કરે છે. (૩)

*ભાવાર્થ : જે યોગના અંગો, ધર્મ, વિદ્યા અને સત્સંગના અનુષ્ઠાનથી પોતાના આત્મામાં સ્થિત પરમાત્માને જાણી લે છે, તે જેમ સૂર્ય અંધકારને (દૂર કરે છે), તેમ પોતાની સંગતિ કરનારાઓની આ વિદ્યાનું નિવારણ કરીને તથા વિદ્યારૂપી પ્રકાશને ઉત્પન્ન કરીને, સર્વને મોક્ષ માર્ગમાં પ્રવૃત્ત કરીને આનંદિત કરી શકે છે. (૩)*

दादृहाणो वज्रमिन्द्रो गभस्त्योः क्षद्मेव तिग्ममसनाय सं श्यदहिहत्याय
सं श्यत्। संविव्यान ओजसा शवोभिरिन्द्र मज्मना।
तष्टेव वृक्षं वनिनो नि वृश्चसि परश्वेव नि वृश्चसि॥ ४॥

પદાર્થ : હે વિદ્વાન ! આપ જેમ સૂર્ય अहिहत्याय-મેઘને મારવા तिग्मम्-પોતાનાં તીવ્ર કિરણરૂપી વજ્રને सं, श्यत्-તીક્ષ્ણ કરે છે, તેમ गभस्त्योः-પોતાની ભુજાઓના क्षद्मेव-જળની સમાન असनाय-ફેંકવા માટે તીવ્ર वज्रम्-શસ્ત્રને નિરંતર ધારણ કરીને दादृहाणः-દોષોનો વિનાશ કરે છે. इन्द्रः-અને વિદ્વાન બનીને શત્રુઓને सं, श्यत्-અતિ સૂક્ષ્મ કરે છે અર્થાત્ તેનો વિનાશ કરે છે.

હે इन्द्र-દુષ્ટોના દોષનાશક ! આપ वृक्षम्-વૃક્ષને मज्मना-બળથી तष्टेव-જેમ સુથાર આદિ કાપનાર તેમ ओजसा-પરાક્રમ અને शवोभिः-સેના આદિ બળની સાથે संविव्यानः-સારી રીતે પ્રાપ્ત થઈને वनिनः-વન વા બહુ જ કિરણો જેના વિદ્યમાન તેથી સમાન દોષોને नि, वृश्चसि-નિરંતર કાપે છે વા परश्वेव-જેમ કુહાડાથી કોઈ પદાર્થ કાપે, તેમ અવિદ્યા અર્થાત્ મૂર્ખતાને પોતાના જ્ઞાનથી नि वृश्चसि-કાપો છો, તેમ અમે પણ કરીએ. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો પ્રમાદ, આલસ્ય આદિ દોષોને પૃથક્ કરીને સંસારમાં ગુણોને ધારણ કરે છે, તેઓ સૂર્યનાં કિરણોની સમાન આ જગતમાં શોભાયમાન બને છે. (૪)*

त्वं वृथा नद्य इन्द्र सर्तवेऽच्छा समुद्रमसृजो रथाँइव वाजयतो रथाँइव।
इत ऊतीरयुञ्जत समानमर्थमक्षितम्।
धेनूरिव मनवे विश्वदोहसो जनाय विश्वदोहसः॥ ५॥

પદાર્થ : હે इन्द्र-વિદ્યાના અધિપતિ ! त्वम्-આપ જેમ नद्यः-નદી समुद्रम्-સમુદ્રને वृथा-પ્રયોજન વિના ભરી દે છે, તેમ रथानिव-રથો પર બેસનારાની સમાન वाजयतः-સંગ્રામ કરી રહેલાઓને रथानिव-રથોની સમાન જ सर्त्तवे-જવાને अच्छ, असृजः-ઉત્તમ રીતે કલાયંત્રોથી યુક્ત માર્ગોને બનાવે છે;

વા जनाय-ધર્મયુક્ત વ્યવહારમાં પ્રસિદ્ધ મનુષ્યોને માટે જે विश्वदोहसः-સમસ્ત જગતને પોતાના ગુણોથી પરિપૂર્ણ કરે તેની સમાન मनवे-વિચારશીલ મનુષ્યને માટે विश्वदोहसः-સંસાર સુખને પરિપૂર્ણ કરનાર બનીને આપ धेनूरिव-દૂધાળી ગાયોની સમાન इतः-પ્રાપ્ત થયેલી ऊतीः-રક્ષાદિ ક્રિયાઓ તથા अक्षितम्-અક્ષય समानम्-સમાન અર્થાત્ કામની સમાન अर्थम्-પદાર્થનો अयुञ्जत-સંયોગ કરે છે, તે અત્યંત આનંદને પ્રાપ્ત કરે છે. (૫)

*ભાવાર્થ : જે ગાયોની સમાન સુખનું અને રથની સમાન માર્ગનું અવલંબન કરીને, ધાર્મિક ન્યાયાધીશની સમાન બનીને સર્વને પોતાની સમાન બનાવે છે, તે આ લોકમાં 'પ્રશંસિત' બની જાય છે. (૫)*

इमां ते वाचं वसूयन्त आयवो रथं न धीरः स्वपा अतक्षिषुः सुम्नाय त्वामतक्षिषुः।

शुम्भन्तो जेन्यं यथा वाजेषु विप्र वाजिनम्।

अत्यमिव शवसे सातये धना विश्वा धनानि सातये॥ ६॥

પદાર્થ : હે विप्र-મેધાવી ધીર બુદ્ધિમાન જન ! જે ते-આપની નજીક इमाम्-એ वाचम्-વિદ્યા, ધર્મ અને સત્યયુક્ત વાણીને પ્રાપ્ત आयवः-વિદ્વાનજન वसूयन्तः-પોતાને માટે વિજ્ઞાન આદિ ધનની ઈચ્છા કરતા स्वपाः-જેના ઉત્તમ ધર્માનુકૂળ કામ છે, તે धीरः-ધીર પુરુષ रथम्-પ્રશંસિત રમણ કરવા યોગ્ય રથને न-જેમ, તેમ अतक्षिषुः-સૂક્ષ્મબુદ્ધિનો સ્વીકાર કરે છે; વા शुम्भन्तः-શોભાને પ્રાપ્ત થયેલ यथा-જેમ वाजेषु-સંગ્રામોમાં जेन्यम्-જે શત્રુઓને જીતે છે, તે वाजिनम्-અતિ ચતુર વા સંગ્રામયુક્ત પુરુષને अत्यमिव-ઘોડાની સમાન शवसे-બળને માટે તથા सातये-સમ્યક્ વિભાગ કરવા માટે धनानि-દ્રવ્યાદિ પદાર્થોની સમાન विश्वा-સમસ્ત धना-વિદ્યાદિ પદાર્થોને પ્રાપ્ત કરીને सुम्नाय-સુખ અને सातये-સમ્યક્ ભોગને માટે त्वाम्-આપને अतक्षिषुः-ઉત્તમતાથી સ્વીકાર કરે વા પોતાના ગુણોથી ઢાંકે, તે સુખી થાય છે. (૬)

*ભાવાર્થ : જેઓ ચતુર્વેદ જ્ઞાતા આપ્ત વિદ્વાનથી સમસ્ત વિદ્યાઓને પ્રાપ્ત કરીને વિસ્તૃત બુદ્ધિવાળા બને છે, તેઓ સંપૂર્ણ ઐશ્વર્યને પ્રાપ્ત કરીને, રથની સમાન, ઘોડાની સમાન અને ધીર પુરુષની સમાન ધર્મના માર્ગ પર ચાલીને કૃતકૃત્ય બની જાય છે. (૬)*

भिनत्पुरो नवतिमिन्द्र पूरवे दिवोदासाय महि दाशुषे नृतो वज्रेण दाशुषे नृतो।

अतिथिग्वाय शम्बरं गिरेरुग्रो अवाभरत्।

महो धनानि दयमान ओजसा विश्वा धनान्योजसा॥ ७॥

પદાર્થ : હે नृतो-પોતાના અંગોને યુદ્ધ આદિમાં ચલાવનાર, વા नृतो-વિદ્યાપ્રાપ્તિમાં સ્વ શરીરની ચેષ્ટા કરનાર અને इन्द्र-દુષ્ટ વિદારક ! જે આપ वज्रेण-શસ્ત્ર વા ઉપદેશથી શત્રુઓનાં नवतिम्-નેવું

पुरः-નગરોનું भिनत्-વિદારણ, નષ્ટ-ભ્રષ્ટ કરો છો; વા महि-મહાનતાથી સત્કારયુક્ત दिवोदासाय-ઇચ્છિત પદાર્થોને સારી રીતે આપનાર અને दाशुषे-વિદ્યાદાન કરેલ पूरवे-પૂર્ણ સાધનાથી યુક્ત મનુષ્યને માટે સુખને ધારણ કરો છો; તથા अतिथिग्वाय-અતિથિઓને પ્રાપ્ત કરીને અને दाशुषे-દાન કરવાવાળાને માટે उग्रः-તીક્ષ્ણ સ્વભાવ અર્થાત્ પ્રચંડ પ્રતાપવાન સૂર્ય गिरेः-જેમ પર્વત આગળ शम्बरम्-મેઘને તેમ ओजसा-પોતાના પરાક્રમથી महः-વિપુલ धनानि-ધન આદિ પદાર્થોને दयमानः-આપનાર ओजसा-પરાક્રમથી विश्वा-સમસ્ત धनानि-ધનોને अवाभरत्-ધારણ કરો છો, તે આપ કિંચિત્ પણ દુઃખને પ્રાપ્ત કેમ થઈ શકો ? (૭)

*ભાવાર્થ : આ મંત્રમાં नवति-શબ્દ 'બહુ'નું ગ્રહણ થાય છે. જે શત્રુઓને જીતીને, અતિથિઓનો સત્કાર કરીને તથા ધાર્મિકોને વિદ્યા પ્રદાન કરીને વર્તમાન છે, તે સૂર્ય જેમ મેઘને (ધારણ કરે છે), તેમ સંપૂર્ણ ઐશ્વર્યને ધારણ કરે છે. (૭)*

**इन्द्रः॑ स॒मत्सु॒ यज॑मान॒मार्यं॒ प्राव॒द्विश्वे॑षु श॒तमू॑तिरा॒जिषु॒ स्व᳖र्मीळ्हेष्वा॒जिषु॑।**
**मन॑वे॒ शास॑दव्र॒तान्त्वचं॑ कृ॒ष्णाम॑रन्धयत्।**
**दक्ष॒न्न विश्वं॑ ततृषा॒णमो॑षति॒ न्य॑र्शसा॒नमो॑षति॥ ८॥**

પદાર્થ : જે शतमूतिः-જેથી અસંખ્ય રક્ષા થાય તે इन्द्रः-પરમ ઐશ્વર્યવાન રાજા स्वर्मीढेषु-જેમાં સુખ સિંચન કરવામાં આવે તે आजिषु-પ્રાપ્ત થયેલ आजिषु-સંગ્રામોમાં ધાર્મિક શૂરવીરોની સમાન विश्वेषु-સમગ્ર समत्सु-સંગ્રામમાં यजमानम्-અભય પ્રદાતા आर्यम्-શ્રેષ્ઠ ગુણ-કર્મ-સ્વભાવયુક્ત પુરુષનું प्रावत्-સારી રીતે પાલન કરે; વા मनवे-વિચારશીલ ધાર્મિક મનુષ્યની રક્ષા માટે अव्रतान्-દુષ્ટ આચરણ કરનારા ડાકુઓને शासत्-શિક્ષા આપે તથા તેની त्वचम्-સંબંધિત ત્વચાનો कृष्णाम्-ખેંચીને अरन्धयत्-નાશ કરે; વા અગ્નિ જેમ विश्वम्-સર્વ પદાર્થ માત્રને दक्षन्-બાળે છે અને ततृषाणम्-તૃષાતુર પ્રાણીને ओषति-બાળે છે, અતિ દહન કરે છે, न-તેમ अर्शसानम्-પ્રાપ્ત થયેલ શત્રુગણને न्योषति-નિરંતર બાળે તે જ ચક્રવર્તિ રાજ્ય કરવાને યોગ્ય હોય છે. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ આર્ય (= શ્રેષ્ઠ) ગુણ-કર્મ-સ્વભાવને સ્વીકારીને, દસ્યુ (= નિકૃષ્ટ) ગુણ-કર્મ-સ્વભાવનો ત્યાગ કરીને, શ્રેષ્ઠોની રક્ષા કરીને તથા દુષ્ટોને દંડિત કરીને ધર્મથી રાજ્ય કરવું જોઈએ. (૮)*

**सूर॑श्च॒क्रं प्र बृ॑ह॒ज्जात ओज॑सा प्रपि॒त्वे वाच॑मरु॒णो मु॑षाय॒तीशा॑न आ मु॑षायति।**
**उ॒शना॒ यत्प॑रा॒वतोऽज॑ग॒न्नूत॑ये कवे।**
**सु॒म्नानि॒ विश्वा॒ मनु॑षेव तु॒र्वणि॒रहा॒ विश्वे॑व तु॒र्वणिः॑॥ ९॥**

પદાર્થ : હે कवे-વિદ્વાન્ ! यत्-જે ओजसा-પોતાના બળથી अरुणः-લાલ રંગયુક્ત तुर्वणिः-મેઘને છિન્ન-ભિન્ન કરે છે; તથા जातः-પ્રકટ થઈને सूरः-સૂર્યમંડળ જેમ विश्वेवाहा-સર્વ દિવસોને વા

प्रपित्वे-ઉત્તરાયણથી बृहत्-મહાન चक्रम्-ચાકડાની સમાન વિદ્યમાન જગતને प्र-પ્રકટ કરે છે, તેમ तुर्वणिः-દુષ્ટોની હિંસા કરનારા ઉત્તમોત્તમ मनुषेव-મનુષ્યની સમાન विश्वा-સમસ્ત सुम्नानि-સુખ અને वाचम्-વાણીને आ-સારી રીતે પ્રકટ કરે છે; વા જેમ સૂર્ય मुषायति-ખંડન કરનારની સમાન આચરણ કરે છે, તેમ ईशानः-સમર્થ બનીને उशना-વિદ્યાદિ ગુણોથી કાન્તિમાન આપ ऊतये-રક્ષા આદિ વ્યવહારને માટે परावतः-પરે અર્થાત્ દૂરથી अजगत्-પ્રાપ્ત થાઓ અને દુષ્ટોને मुषायति-ખંડ-ખંડ કરો, તે સર્વના સત્કારને યોગ્ય છે. (૯)

*ભાવાર્થ : જે સૂર્યની સમાન વિદ્યા, વિનય અને ધર્મના પ્રકાશક લોકો સર્વની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે, તેઓ સ્વયં પણ 'ઉન્નત' બને છે. (૯)*

स नो नव्येभिर्वृषकर्मन्नुक्थैः पुरां दर्तः पायुभिः पाहि शग्मैः।
दिवोदासेभिरिन्द्र स्तवानो वावृधीथा अहोभिरिव द्यौः॥ १०॥

પદાર્થ : वृषकर्मन्-જેના વરસવાના મેઘની સમાન કામ છે, તે पुराम्-શત્રુ-નગરોને दर्तः-વિદારક-વિનાશક અને इन्द्र-સર્વના રક્ષક કે સભાપતિ ! दिवोदासेभिः-જે પ્રકાશ આપનારી स्तवानः-સ્તુતિ પ્રશંસાને પ્રાપ્ત થયેલ છે, सः-તે આપ नव्येभिः-નવીન उक्थैः-પ્રશંસા કરવા યોગ્ય शग्मैः-સુખો અને पायुभिः-રક્ષાઓથી द्यौः-જેમ સૂર્ય अहोभिरिव દિવસોથી, તેમ नः-અમારી पाहि-રક્ષા કરો અને वावृधीथाः-વૃદ્ધિને પ્રાપ્ત થાઓ. (૧૦)

*ભાવાર્થ : રાજપુરુષોએ સૂર્યની સમાન, વિદ્યા, સુશિક્ષા અને ધર્મોપદેશ દ્વારા પ્રજાઓને ઉત્સાહિત કરવી જોઈએ અને તેની પ્રશંસા કરવી જોઈએ, એજ રીતે પ્રજાજનોએ પણ રાજપુરુષોની (કરવી જોઈએ.) (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં રાજા અને પ્રજાજનના કામોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૦)

## सूक्त-१३१

इन्द्राय हि द्यौरसुरो अनम्नतेन्द्राय मही पृथिवी वरीमभिर्द्युम्नसाता वरीमभिः।
इन्द्रं विश्वे सजोषसो देवासो दधिरे पुरः।
इन्द्राय विश्वा सवनानि मानुषा रातानि सन्तु मानुषा॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! જે इन्द्राय-પરમેશ્વર્ય- યુક્ત ઈશ્વરને માટે द्यौः-સૂર્ય અને असुरः-મેઘ વા જે इन्द्राय-પરમેશ્વર્યયુક્ત ઈશ્વરને માટે महीं-મહાન પ્રકૃતિ અને पृथिवी-ભૂમિ वरीमभिः-સ્વીકાર કરવા યોગ્ય વ્યવહારોથી द्युम्नसाता-પ્રશંસાના વિભાગ અર્થાત્ અલગ-અલગ પ્રતીતિ થવાને નિમિત્ત अनम्नत-નમે-નમ્રતાને ધારણ કરે; વા જે इन्द्रम्-સર્વ દુઃખ વિનાશક પરમેશ્વરને सजोषसः-એક સમાન પ્રીતિ

કરનાર विश्वे-સમસ્ત देवासः-વિદ્વાનજન पुरः-સત્કારપૂર્વક दधिरे-ધારણ કરે, તે इन्द्राय-પરમેશ્વરને માટે हि-જ मानुषा-મનુષ્યોના એ વ્યવહારોની સમાન वरीमभिः-સ્વીકાર કરવા યોગ્ય ધર્મોથી विश्वा-સમસ્ત सवनानि-ઐશ્વર્ય જે मानुषा-મનુષ્ય સંબંધી છે, તે रातानि-આપેલ सन्तु-થાય, તેને જાણો. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ જાણવું જોઈએ, કે જેટલો પણ કાર્ય અને કારણરૂપ સંસાર છે અને જેટલા જીવ છે, તો સર્વ પરમેશ્વરનું જ રાજ્ય છે. (૧)*

**विश्वेषु हि त्वा सवनेषु तुञ्जते समानमेकं वृषमण्यवः पृथक् स्वः सनिष्यवः पृथक्। तं त्वा नावं न पर्षणिं शूषस्य धुरि धीमहि। इन्द्रं न यज्ञैश्चितयन्त आयवः स्तोमेभिरिन्द्रमायवः॥ २॥**

પદાર્થ : હે પરમેશ્વર ! पृथक्-पृथक्-અલગ-અલગ सनिष्यवः-ઉત્તમતાથી સેવનારા वृषमण्यवः-જેનો વૃષભના ક્રોધ સમાન ક્રોધ છે તે અમે જે समानम्-સર્વત્ર એક રસ વ્યાપ્ત एकम्-જેનો કોઈ બીજો સહાયક નથી. (અદ્વિતીય છે.) તે स्वः-સુખ સ્વરૂપ त्वा-આપને विश्वेषु-સમગ્ર सवनेषु-ઐશ્વર્ય આદિ પદાર્થોમાં વિદ્વાન લોકો જેમ तुञ्जते-રાખે છે, માને છે, જાણે છે, તેમ हि-જ तम्-તે त्वा-આપને शूषस्य-બળવાન પુરુષની धुरि-ધારણ કરનાર કાષ્ઠ પર पर्षणिम्-સિંચવા યોગ્ય नावम्-નૌકાની न-સમાન धीमहि-ધારણ કરીએ; વા इन्द्रम्-પરમ ઐશ્વર્યકારક સૂર્યમંડળને જેમ તેની आयवः-ચોતરફ ભ્રમણ કરતા લોક તેમ વા જેમ यज्ञैः-વિદ્વાનોના સંગ અને સેવનથી इन्द्रम्-પરમ ઐશ્વર્યને न-તેમ चितयन्तः-સમ્યક્ ચિંતન કરતા आयवः-પુરુષાર્થને પ્રાપ્ત થનાર અમે स्तोमेभिः-સ્તુતિઓ દ્વારા આપની પ્રશંસા કરીએ. (૨)

*ભાવાર્થ : વિદ્વાનો જેમ સચ્ચિદાનંદ સ્વરૂપ, નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત સ્વભાવ, સર્વત્ર એક સમાન વ્યાપક, સર્વાધાર, સમસ્ત ઐશ્વર્યના દાતા અને એક માત્ર અદ્વિતીય પરમાત્માની ઉપાસના કરે છે, તે જ પરમેશ્વર (અન્ય) મનુષ્યો દ્વારા (પણ) નિરંતર ઉપાસના કરવા યોગ્ય છે. (૨)*

**वि त्वा ततस्रे मिथुना अवस्यवो व्रजस्य साता गव्यस्य निःसृजः सक्षन्त इन्द्र निःसृजः। यद् गव्यन्ता द्वा जना स्वर्यन्ता समूहसि। आविष्करिक्रद् वृषणं सचाभुवं वज्रमिन्द्र सचाभुवम्॥ ३॥**

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યપ્રદ જગદીશ્વર ! सक्षन्तः-સહતા निःसृजः-નિરંતર અનેકાનેક વ્યવહારોને ઉત્પન્ન કરનારા अवस्यवः-અને પોતાની રક્ષા ઇચ્છનારા निःसृजः-અત્યંત સંપન્ન मिथुना-સ્ત્રી અને પુરુષ બે-બેજન त्वा-આપને પ્રાપ્ત થઈને व्रजस्य-જવા યોગ્ય गव्यस्य-ગાયોને માટે હિતકારક અર્થાત્

જેમાં ગાયો આરામ માટે જાય તે ગમાણ આદિ સ્થાનના साता-સેવનમાં જેમ દુઃખ છૂટે, તેમ દુઃખોનો विततस्त्रे-ત્યાગ કરે છે.

હે इन्द्र-દુઃખ વિદારક ! यत्-જે गव्यन्ता-ગાયોની સમાન આચરણ કરતા द्वा-બે स्वः-સુખ સ્વરૂપ આપને यन्ता-પ્રાપ્ત કરીને जना-સ્ત્રી-પુરુષોને आविष्करिक्रत्-પ્રકટ કરતા આપ समूहसि-તેઓને સારી રીતે ચેતના પ્રદાન કરો છો, તે सचाभुवम्-સમવાય સંબંધથી પ્રસિદ્ધ થઈને वज्रम्-દુષ્ટોને વજની સમાન દંડ આપવા वृषणम्-સર્વને સિંચન અને सचाभुवम्-સત્યની ભાવના કરાવનાર આપની બન્ને નિત્ય ઉપાસના કરે. (૩)

*ભાવાર્થ : જે પુરુષ અને સ્ત્રીઓ સમસ્ત સંસારના પ્રકાશક, રચયિતા, ધારણકર્તા, દાતા અને સર્વના અન્તર્યામી ઈશ્વરનું જ સેવન કરે છે, તેઓ નિરંતર સુખી રહે છે. (૩)*

**विदुष्टे अस्य वीर्यस्य पूरवः पुरो यदिन्द्र शारदीरवातिरः सासहानो अवातिरः।**
**शासस्तमिन्द्र मर्त्यमयज्युं शवसस्पते।**
**महीममुष्णाः पृथिवीमिमा अपो मन्दसान इमा अपः॥ ४॥**

પદાર્થ : હે इन्द्र-સર્વના ધર્તા ! જેમ पूरवः-મનુષ્ય ते-આપના अस्य-એ वीर्यस्य-પરાક્રમના पुरः-પ્રથમ પ્રભાવને विदुः-જાણે, તેમ અન્ય પણ જાણે; તથા यत्-જે सासहानः-સહન કરતાજન इमाः-એ પ્રજા અને शारदीः-શરદ્ ઋતુ સંબંધી अपः-જળને अवातिरः-પ્રકટ કરે, તેમ આપ પણ જાણો અને अवातिरः-પ્રકટ કરો.

હે शवसः-બળના पते-સ્વામી इन्द्र-સર્વ રક્ષક ! જેમ આપ જે अयज्युम्-યજ્ઞ (न) કરનાર मर्त्यम्-મનુષ્યને शासः-શીખવો; વા જે मन्दसानः-કામના ફરતા महीम्-મહાન पृथिवीम्-પૃથિવીને પામીને इमाः-એ अपः-પ્રાણોની સમાન વર્તમાન પ્રજાજનોને પીડિત કરે, तम्-તેને આપ अमुष्णा-ચોરાવો, છૂપાવો અને એમ પણ શીખવીએ. (૪)

*ભાવાર્થ : જે આપ્તજનોના પ્રભાવને જાણીને ધર્મનું આચરણ કરે છે, તે દુષ્ટો પર શાસન કરી શકે છે. (૪)*

**आदित्ते अस्य वीर्यस्य चर्किरन्मदेषु वृषन्नुशिजो यदाविथ सखीयतो यदाविथ।**
**चकर्थ कारमेभ्यः पृतनासु प्रवन्तवे।**
**ते अन्यामन्यां नद्यं सनिष्णत श्रवस्यन्तः सनिष्णत॥ ५॥**

પદાર્થ : હે वृषन्-આનંદવર્ષક વિદ્વાન્ ! यत्-જે ધર્માત્માજન ते-આપના अस्य-એ वीर्यस्य-પરાક્રમના પ્રભાવથી मदेषु-આનંદોમાં વર્તમાન उशिजः-ધર્મની કામના કરતા જન चर्किरन्-દુષ્ટોથી નિરંતર દૂર કરે; વા श्रवस्यन्तः પોતાને માટે અન્નની ઈચ્છા કરતા प्रवन्तवे-સમ્યક્ વિભાગ કરવા

માટે पृतनासु-મનુષ્યોમાં सनिष्णत-સેવન કરે અર્થાત્ अन्यामन्याम्-અલગ-અલગ नद्यम्-નદીને જેમ મેઘ તેમ कारम्-જે કરવામાં આવે તે કામનું सनिष्णत-સેવન કરે; તે सखीयतः-મિત્રની સમાન આચરણ કરતા લોકોનું આપ आविथ-પાલન કરો, यत्-જે કારણે જેનું आदिथ-પાલન કરો તેથી તેને પુરુષાર્થવાન चकर्थ-જ કરો. एभ्यः-એ ધાર્મિક સજ્જનોથી સર્વ રાજ્યનું પાલન કરો અને જે આપના કર્મચારી પુરુષો હોય ते-તેઓ પણ ધર્મથી आदित्-જ પ્રજાજનોનું પાલન કરે. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો પ્રજાપાલનના કાર્યમાં અધિકૃત કરવામાં આવેલ હોય, તેઓ ધર્મપૂર્વક પ્રજાપાલન કરવાની ઈચ્છા કરતા (તે માટે) ઉત્તમ પ્રયત્ન કરે. (૫)*

उतो नो अस्या उषसो जुषेत ह्य१र्कस्य बोधि हविषो हवीमभिः स्वर्षाता हवीमभिः। यदिन्द्र हन्तवे मृधो वृषा वज्रिञ्चिकेतसि।
आ मे अस्य वेधसो नवीयसो मन्म श्रुधि नवीयसः॥ ६॥

પદાર્થ : હે वज्रिन्-પ્રશંસિત શસ્ત્રયુત વિદ્વાન્ ! इन्द्र-દુષ્ટવિદારક આપ જેમ अर्कस्य-સૂર્ય અને अस्याः-એ उषसः-ઊષાના પ્રભાવથી જન સંચેત બનીને જાગે છે, તેમ नः-અમને बोधि-સચેત કરો. हि, उतो-અને નિશ્ચયપૂર્વક स्वर्षाता-સુખોને અલગ-અલગ કરવામાં हवीमभिः-સ્પર્ધા કરવા યોગ્ય કામોની સમાન हवीमभिः-પ્રશંસા યોગ્ય કામોથી हविषः-આપવા યોગ્ય પદાર્થોનું जुषेत-સેવન કરો.

यत्-જે वृषा-સાંઢની સમાન બળવાન આપ मृधः-સંગ્રામોમાં સ્થિત શત્રુઓને हन्तवे-મારવાનું चिकेतसि-જાણો. नवीयसः-અત્યંત નવીન વિદ્યા ભણનાર वेधसः-બુદ્ધિમાન मे-હું વિદ્યાર્થી અને अस्य-એ नवीयसः-અત્યંત નવીન અધ્યાપક વિદ્વાનના मन्म-વિજ્ઞાન ઉત્પન્ન કરનારા શાસ્ત્રને आश्रुधि-સારી રીતે શ્રવણ કરો. (૬)

*ભાવાર્થ : જેમ સૂર્યથી ઉત્પન્ન ઊષાની જાગેલ લોકો પ્રકાશમાં પોત-પોતાનો વ્યવહાર કરે છે, તેમ વિદ્વાનો દ્વારા જગાડેલ. (બોધ યુક્ત કરેલ) લોકો વિજ્ઞાન રૂપી પ્રકાશમાં પોત-પોતાના કર્મ કરે છે.*

*જે દુષ્ટોની નિવૃત્તિ કરીને હટાવીને તથા શ્રેષ્ઠોની સેવા કરીને નવીન ભણેલ વિદ્વાનોની વિદ્યાઓને ગ્રહણ કરે છે, તે અભીષ્ટ-ઈચ્છિતની પ્રાપ્તિમાં સફળ બને છે. (૬)*

त्वं तमिन्द्र वावृधानो अस्मयुरमित्रयन्तं तुविजात मर्त्यं वज्रेण शूर मर्त्यम्।
जहि यो नो अघायति शृणुष्व सुश्रवस्तमः।
रिष्टं न यामन्नप भूतु दुर्मतिर्विश्वाप भूतु दुर्मतिः॥ ७॥

પદાર્થ : હે तुविजात्-અનેકોમાં પ્રસિદ્ધ शूर-શત્રુઓને મારનાર इन्द्र-વિદ્યા અને ઐશ્વર્યથી યુક્ત सुश्रवस्तमः-અત્યંત સુંદરતાથી શ્રવણ કરનાર અને वावृधानः-વર્ધમાન अस्मयुः-અમારામાં પોતાની ઈચ્છા કરનાર त्वम्-આપ वज्रेण-શસ્ત્રથી अमित्रयन्तम्-શત્રુતા કરતા मर्त्यम्-મનુષ્યને जहि-મારો. यः-

જે નઃ-અમારા માટે અઘાયતિ-પોતાનું દુષ્કર્મ-પાપ ઇચ્છે છે, તમ્-તે મર્ત્યમ્-મનુષ્યને મારો; અને જે યામન્-રાત્રિમાં દુર્મતિઃ-દુષ્ટ મતિવાળા મનુષ્ય અપ ભૂતુ-અપ્રસિદ્ધ અર્થાત્ છુપાયેલ હોય તેને રિષ્ટમ્-બે મારનારા ન-જેમ મારે, તેમ જહિ-મારો અર્થાત્ અતિ (કઠોર) દંડ આપો. જે દુર્મતિઃ-દુષ્ટમતિ હોય તે વિશ્વા-સમસ્ત અમારાથી અપ ભૂતુ-છુપાયેલ દૂર હોય એ આપ શ્રુણુષ્વ-શ્રવણ કરો. (૭)

*ભાવાર્થ : જે ધાર્મિક રાજા, રાજપુરુષો અને પ્રજાજનો હોય, તે સર્વ, નિપુણતાઓથી દ્વેષકર્તાઓને તથા પરધનનું અપહરણકર્તાઓને મારીને, ધર્મરાજ્યનું શાસન કરીને તથા માર્ગોને ભયરહિત કરીને વિદ્યાની વૃદ્ધિ કરે. (૯)*

સંગતિ : આ સૂક્તમાં શ્રેષ્ઠ અને દુષ્ટ મનુષ્યોનો સત્કાર અને તાડન-દંડનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૧)

## સૂક્ત-૧૩૨

त्वया व॒यं म॑घव॒न्पूर्व्ये॑ धन॒ इन्द्र॑त्वोताः सासह्याम पृतन्य॒तो व॑नु॒याम॑ वनुष्य॒तः।
नेदि॑ष्ठे अ॒स्मिन्नह॒न्यधि॑ वोचा॒ नु सु॑न्व॒ते।
अ॒स्मिन्य॒ज्ञे वि च॑येमा॒ भरे॑ कृ॒तं वा॑ज॒यन्तो॒ भरे॑ कृ॒तम्॥ १॥

પદાર્થ : હે मघवन्-પરમ પ્રશંસિત બહુ ધનયુક્ત इन्द्रत्वोताः-અતિ શ્રેષ્ઠ ઐશ્વર્યયુક્ત જે આપ તેઓનું પાલન કરેલ वयम्-અમે त्वया-આપની સાથે पूर्व्ये-પૂર્વ મહાશયોને માટે धने-ધનના નિમિત્ત पृतन्यतः-મનુષ્યોની સમાન આચરણ કરતા મનુષ્યોને सासह्याम-નિરંતર સહન કરે; वनुष्यतः-તથા સેવન કરનારાઓનું वनुयाम्-સેવન કરીએ; તથા भरे-રક્ષામાં कृतम्-પ્રસિદ્ધ થયેલાઓને वाजयन्तः-સમજાવતા અમે अस्मिन्-એ यज्ञे-યજ્ઞમાં તથા भरे-રક્ષામાં कृतम्-ઉત્પન્ન વ્યવહારને विचयेम्-વિશેષ ખોજે અને नेदिष्ठे-અતિ સમીપ अस्मिन्-એ अहनि-આજના દિવસે सुव्वते-વ્યવહારોની સિદ્ધિ કરનારાઓને માટે આપ સત્ય ઉપદેશ नु-શીઘ્ર अधिवोच-સર્વના ઉપરાંત કરો. (૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ ધાર્મિક સેનાપતિની સાથે પ્રેમ કરીને તથા ઉત્સાહપૂર્વક શત્રુઓને જીતીને સર્વોત્તમ ધનનો સંગ્રહ કરવો જોઈએ અને સેનાપતિ સમયોચિત વ્યાખ્યાન દ્વારા વીરતા આદિ ગુણોનો ઉપદેશ આપે અને શત્રુઓની સાથે સેનાઓનું યુદ્ધ કરાવે. (૧)*

स्व॒र्जे॑षे भर॑ आ॒प्रस्य॑ वक्म॑न्युष॒र्बुधः॑ स्वस्मि॒न्नञ्ज॑सि क्रा॒णस्य॒ स्वस्मि॒न्नञ्ज॑सि।
अह॒न्निन्द्रो॒ यथा॑ वि॒दे शी॒र्ष्णाशी॑र्ष्णोप॒वाच्यः॑।
अ॒स्म॒त्रा ते॑ स॒ध्र्य॑क् सन्तु रा॒तयो॑ भ॒द्रा भ॒द्रस्य॑ रा॒तयः॑॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! यथा-જેમ सध्र्यक्-સાથે જનાર इन्द्रः-સૂર્યમંડળ स्वर्जेषे-સુખથી જીતનાર

विदे-જ્ઞાનવાન પુરુષને માટે शीर्ष्णाशीर्ष्णा-શિર માથે उपवाच्यः-સમીપ રહેનાર યોગ્ય છે, તેમ भरे-સંગ્રામમાં आप्रस्य-પૂર્ણ બળ क्राणस्य-કરીને સમયના વિભાગ उपर्बुधः-ઊષઃકાળ અર્થાત્ રાત્રિના ચોથા પ્રહરમાં જાગૃત થયેલ તમે वक्मनि-ઉપદેશમાં જેમ स्वस्मिन्-પોતાના अञ्जसि-પ્રસિદ્ધ વ્યવહારને માટે, તેમ स्वस्मिन्-પોતાના अञ्जसि-ઇચ્છિત વ્યવહારમાં જેમ મેઘને સૂર્ય अहन्-મારે છે, તેમ શત્રુઓને મારો. જે अस्मत्रा-અમારી મધ્ય भद्रा-કલ્યાણ કરનારા रातयः-દાન આદિ કામ ते-તમે भद्रस्य-કલ્યાણ કરનારાના रातयः-દાનની સમાન થાય, ते-તમારા सन्तु-બને. (૨)

*ભાવાર્થ : જે સભાપતિ સર્વ શૂરવીરોનો પોતાની સમાન સત્કાર કરે છે, તે શત્રુઓને જીતીને સર્વને સુખ આપી શકે છે. સંગ્રામમાં પોતાના પદાર્થો અન્યોને માટે અને અન્યોના પદાર્થો પોતાના માટે માનવા જોઈએ. એ રીતે પરસ્પર પ્રીતિથી વિરોધ છોડીને વિજય પ્રાપ્ત કરવો જોઈએ. (૨)*

**तत्तु प्रयः प्रत्नथा ते शुशुक्वनं यस्मिन्यज्ञे वारमकृण्वत क्षयमृतस्य वारसि क्षयम्। वि तद्वोचेरध द्वितान्तः पश्यन्ति रश्मिभिः।**
**स घा विदे अन्विन्द्रो गवेषणो बन्धुक्षिद्भ्यो गवेषणः॥ ३॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! गवेषणः-જે વાણીની ઇચ્છા કરે છે, તે इन्द्रः-ઐશ્વર્યવાનની સમાન ते-આપના प्रत्नथा-પ્રાચીન यस्मिन्-જે यज्ञे વ્યવહારમાં ऋतस्य-સત્યનો शुशुक्वनम्-અતિ પ્રકાશિત क्षयम्-નિવાસનો वारम्-સ્વીકાર કરવા માટે वाः-જળ અને क्षयम्-પ્રાપ્ત થવા યોગ્ય પદાર્થની સમાન જે प्रयः-પ્રીતિકારક વચનને अकृण्वत्-ઉચ્ચારણ કરે, તેના तत्-તે પૂર્વોક્ત વચનને तु-તો આપ પ્રાપ્ત असि-છો.

अध-તદનન્તર द्विता-જેમ બેનું થવું બને તેમ रश्मिभिः-કિરણોની સાથે अन्तः-અંદર જેને पश्यन्ति-દેખે છે, तत्-તેને તું वि, वोचेः-સમ્યક્ કહે; અને सः-તે बन्धुक्षिद्भ्यः-બંધુઓને નિવાસ કરાવતા પુરુષોને માટે गवेषणः-કિરણોને ઈષ્ટ સૂર્યની સમાન ઐશ્વર્યવાનમાં अनु, विदे-અનુકૂળતાથી જાણું છું. घ-તેને આપ પણ જાણો. (૩)

*ભાવાર્થ : જેઓ સત્યગુણોથી પ્રેમ કરે છે, તેઓ વિદ્વાન બને છે, જે વિદ્વાન હોય, તો સૂર્યના પ્રકાશથી સર્વ પદાર્થોને 'હસ્તામલકવત્' - હાથમાં રાખેલ આંમળા સમાન પ્રત્યક્ષ જોઈ શકે છે. (૩)*

**नू इत्था ते पूर्वथा च प्रवाच्यं। यदङ्गिरोभ्योऽवृणोरप व्रजमिन्द्र शिक्षन्नप व्रजम्। ऐभ्यः समान्या दिशाऽस्मभ्यं जेषि योत्सि च।**
**सुन्वद्भ्यो रन्धया कं चिदव्रतं हृणायन्तं चिदव्रतम्॥ ४॥**

પદાર્થ : હે इन्द्र-અધ્યાપનથી અજ્ઞાન નાશ કરનાર ! शिक्षन्-વિદ્યા ગ્રહણ કરાવતા આપ अप, व्रजम्-ન જાણવાયોગ્ય કુટિલગામીની સમાન व्रजम्-અધર્મમાર્ગીજનનો अपावृणोः-સ્વીકાર ન કરો.

अङ्गिरोभ्यः-પ્રાણ સમાન વિદ્વાનજનોએ यत्-જે पूर्वथा-પ્રાચીન પદ્ધતિ = રીતથી प्रवाच्यम्-સમ્યક્ કહેવા યોગ્યને च-પણ नु-શીઘ્ર ગ્રહણ કરો. જે આપ एभ्यः-એ વિદ્વાન અને सुन्वद्भ्यः-પદાર્થોના સારને ખેંચીને अस्मभ्यम्-અમારા માટે समान्या-એક સમાન વર્તમાન दिशा-દિશાઓથી શત્રુઓને आ, योत्सि-સારી રીતે લડતા-લડતા च-અને जेषि-જીતે છે; વા हणायन्तम्-હરણની સમાન ઉછળતા-કૂદતા अव्रतम्-સત્યભાષણાદિ વ્યવહાર રહિત પુરુષની चित्-સમાન अव्रतम्-અસત્યાચરણથી યુક્તજનને रन्धय-મારો; च-અને તેમ कं, चित्-કોઈ દુષ્ટને દંડ આપ્યા વિના છોડો નહિ. इत्था-એમ વર્તીને ते-આપના આ જન્મ અને પરજન્મમાં આનંદની સિદ્ધિ થશે, એને જાણો. (૪)

*ભાવાર્થ : જેના રાજ્યમાં દુષ્ટવાણીવાળા ચોર અને દુષ્ટવાણીવાળા વ્યભિચારી નથી, તે સામ્રાજ્ય કરવામાં સમર્થ બને છે. (૪)*

**सं यज्जनान् क्रतुभिः शूर ईक्षयद्धने हिते तरुषन्त श्रवस्यवः प्र यक्षन्त श्रवस्यवः। तस्मा आयुः प्रजावदिद् बाधे अर्चन्त्योजसा।**
**इन्द्र ओक्यं दिधिशन्त धीतयो देवाँ अच्छा न धीतयः॥ ५॥**

પદાર્થ : હે વિદ્વાનો ! श्रवस्यवः-સ્વયં શ્રવણની ઈચ્છા કરનારાની સમાન વર્તમાન श्रवस्यवः-સ્વયં શ્રવણની ઈચ્છા કરનાર તમે જેમ क्रतुभिः-બુદ્ધિ વા કર્મોથી यत्-જે जनान्-ધાર્મિક જનોને हिते-સુખ કરનારા धने-ધનના નિમિત્ત तरुषन्त-પાર કરો, ઉદ્ધાર કરો; અને प्रयक्षन्त-દુષ્ટોને દંડ આપો. જે शूरः-નિર્ભય શૂરવીર પુરુષ समीक्षयत्-જ્ઞાન કરાવે, વ્યવહાર દર્શાવે तस्मै-તેના માટે प्रजावत्-જેમાં બહુ સંતાનો વિદ્યમાન હોય તેવી आयुः-આયુ થાય.

હે શ્રેષ્ઠ વિચારશીલ પુરુષો ! તમે धीतयः-ધારણ કરેલાની न-સમાન धीतयः-ધારણ કરનાર બનેલ પરમૈશ્વર્યયુક્ત પરમેશ્વરમાં ओक्यम्-ઘરોમાં શ્રેષ્ઠ વ્યવહારને સિદ્ધ કરો, देवान्-વિદ્વાનોને अच्छ-શ્રેષ્ઠ दिधिवन्त-ઉપદેશ કરીને સમજાવો છો તે આપ बाधे-દુષ્ટ વ્યવહારની બાધાઓ માટે ओजसा-પરાક્રમથી अर्चन्ति-સત્કાર કરનારાની સમાન કષ્ટમાં इत्-જ રક્ષા કરો. (૫)

*ભાવાર્થ : જેઓ વિદ્વાનોની સંગતિ અને સેવાથી વિદ્યાઓને પ્રાપ્ત કરીને પુરુષાર્થથી પરમ ઐશ્વર્યની ઉન્નતિ કરે છે, તેઓ સર્વને બુદ્ધિમાન અને સુખી કરી શકે છે. (૫)*

**युवं तमिन्द्रापर्वता पुरोयुधा यो नः पृतन्यादप तन्तमिद्धतं वज्रेण तन्तमिद्धतम्।**
**दूरे चत्ताय छन्त्सद् गहनं यदिनक्षत्।**
**अस्माकं शत्रून् परि शूर विश्वतो दर्मा दर्षीष्ट विश्वतः॥ ६॥**

પદાર્થ : હે पुरोयुधा-પૂર્વ યુદ્ધ કરનારા इन्द्रापर्वता-સૂર્ય અને મેઘની સમાન વિદ્યમાન સભાપતિ, સેનાધીશો ! युवम्-તમે यः-જે नः-અમારી पृतन्यात्-સેનાને ઈચ્છે तम्-તેને वज्रेण-ધારદાર તીક્ષ્ણ

શસ્ત્ર વા અસ્ત્ર અર્થાત્ કલાકૌશલથી બનેલ શસ્ત્રથી अप, हतम्-અત્યંત મારો. જેમ તમે બન્ને જેને-જેને हतम्-મારો तंतम्-તેને તેને इत्-જ અમે પણ મારીએ અને જેને-જેને મારીએ तंतम्-તેને-તેને इत्-જ તમે મારો.

હે शूर-શૂરવીર ! दर्मा-શત્રુઓને વિદીર્ણ કરતા આપ જે अस्माकम्-અમારા शत्रून्-શત્રુઓને विश्वतः-સર્વત્રથી दर्षीष्ट-દળી નાખો, વિદીર્ણ કરો, તેને અમે પણ विश्वतः-સર્વત્રથી परि-સર્વ રીતે દળીએ, વિદીર્ણ કરી નાખીએ. यत्-જે चत्ताय-યાચિતને માટે गहनम्-કઠિન વ્યવહારને दूरे-દૂરમાં छन्त्सत्-સ્વીકાર—સ્વીકાર કરો અને શત્રુની સેનાથી इनक्षत्-વ્યાપ્ત હોય, તેની તમે નિરંતર રક્ષા કરો. (૬)

*ભાવાર્થ : સૈનિકોએ જે સેનાપતિ આદિના શત્રુ છે, તેઓને પોતાનાં પણ શત્રુ જાણવા જોઈએ. તે શત્રુઓ દ્વારા કરવામાં આવેલી પરસ્પરની ફૂટથી રહીને, શત્રુઓને વિદીર્ણ કરીને પ્રજાજનોની સમ્યક્ રક્ષા કરવી જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં રાજધર્મનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૨)

## સૂક્ત-૧૩૩

उभे पुनामि रोदसी ऋतेन द्रुहो दहामि सं महीरनिन्द्राः।
अभिव्लग्य यत्र हता अमित्रा वैलस्थानं परि तृळ्हा अशेरन्॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું अनिन्द्राः-જેમાં અવિદ્યમાન રાજધન છે તે महीः-પૃથિવી-ભૂમિઓનો अभिव्लम्य-સર્વત્રથી સંગ કરીને અર્થાત્ તેને પ્રાપ્ત કરીને ऋतेन-સત્યથી उभे-બન્ને रोदसी-પ્રકાશ અને પૃથિવીને पुनामि-પવિત્રકર્ત્તા છું અને द्रुहः-દ્રોહ કરનારાઓને संदहामि-સારી રીતે બાળું છું यत्र-જ્યાં वैलस्थानम्-પડવાન = ખાડાઓના સ્થાનને પ્રાપ્ત परि, तृढाः-સર્વત્રથી મારેલા हताः-મરેલને अमित्राः-મિત્રભાવ રહિત શત્રુજન अशेरन्-સૂવે, તેમ હું યત્ન કરું છું, તેમ તમે પણ આચરણ કરો. (૧)

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ નિરંતર એવી કામના = ઇચ્છા કરવી જોઈએ, કે સત્ય વ્યવહારથી રાજ્યની વૃદ્ધિ, પવિત્રતા, શત્રુઓનું નિવારણ અને નિષ્કંટક રાજ્ય બને. (૧)*

अभिव्लग्या चिदद्रिवः शीर्षा यातुमतीनाम्।
छिन्धि वटूरिणा पदा महावटूरिणा पदा॥ २॥

પદાર્થ : હે अद्रिवः-મેઘની સમાન વર્તમાન શૂરવીર તું પ્રશંસિત બળને अभिव्लग्य-સર્વત્રથી પ્રાપ્ત કરીને यातुमतीनाम्-જેમાં અત્યંત હિંસક માર-ફાડ કરનારા વિદ્યમાન હોય તે સેનાઓના महावटूरिणा-મહા વર્ણયુક્ત पदा-ચતુર્થ ભાગથી જેમ चित्-તેમ वटूरिणा-વીંટાળેલ पदा-શસ્ત્રોના ચોથાભાગથી વા

પોતાના પગથી દબાવીને शीर्षा-શત્રુઓના માથાઓને छिन्धि-છિન્ન-ભિન્ન કર. (૨)

*ભાવાર્થ : જે પોતાના બળની ઉન્નતિ-વૃદ્ધિ કરીને, શત્રુઓના બળને છિન્ન-ભિન્ન કરીને, તેને પગથી દબાવે છે, તે રાજ્ય કરવાને યોગ્ય બને છે. (૨)*

**अवासां मघवञ्जहि शर्धो यातुमतीनाम्।**

**वैलस्थानके अर्मके महावैलस्थे अर्मके॥ ३॥**

પદાર્થ : હે मघवन्-પરમ ધનયુક્ત રાજન્ ! अर्मके-જે દુઃખ આપનારા અને वैलस्थानके-જેમાં ખાડાઓયુક્ત સ્થાને છે તેની સમાન अर्मके-દુઃખ આપનાર महावैलस्थे-મોટા-મોટા ખાડાઓથી યુક્ત આ સ્થાનમાં आसाम् यातुमतीनाम्-હિંસક સેનાઓના शर्धः-બળને अव, जहि-છિન્ન-ભિન્ન કરો. (૨)

*ભાવાર્થ : સૈનિક વીરોએ શત્રુઓની સેનાઓને અતિ દુર્ગમ અને ખાડાઓ આદિથી યુક્ત સ્થાનમાં પાડીને - પછાડીને મારવી જોઈએ. (૩)*

**यासां तिस्रः पञ्चाशतोऽभिव्लङ्गैरपावपः।**

**तत्सु ते मनायति तकत्सु ते मनायति॥ ४॥**

પદાર્થ : હે પરમ શ્રેષ્ઠ ધનયુક્ત રાજન્ ! यासाम्-જે શત્રુસેનાઓની વચ્ચે तिस्रः-ત્રણ વા पञ्चाशतः-પચાસ સેનાઓને अभिव्लङ्गैः-ચોતરફથી જવા-આવવા આદિ વ્યવહારોથી अपावपः-દૂર પહોંચાડો તે સેનાઓનું ( तत्- ) ત્યાં પહોચવું ते-તારા માટે सुमनायति-પોતાના શ્રેષ્ઠ મનની સમાન આચરણ કરે છે, પરંતુ तकत्-તે ते-તારા માટે सुमनायति-પોતાના શ્રેષ્ઠ મનની સમાન આચરણ કરે છે. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ એવું બળ વધારવું જોઈએ, જેથી એકલો (વીર) सार्धशतस्य-દોઢસો દુષ્ટોને જીતી શકે અને પોતાનું બળ સુરક્ષિત રાખે. (૪)*

(અત્રે મંત્રમાં पञ्चाशतः-પદનો પચાસ અર્થ કરેલ છે. પરંતુ तिस्रः-पञ्चाशतः-પચાસની ત્રણ ટુકડી સેના એવા સંયુક્ત અર્થથી દોઢસોનું ગ્રહણ થાય છે. જેને સ્વામીજીએ સંસ્કૃત ભાવાર્થમાં सार्धशतस्य-લખેલછે. જેથી દોઢસો એવો અર્થ થઈ શકે છે. - અનુવાદક)

**पिशङ्गभृष्टिमम्भृणं पिशाचिमिन्द्र सं मृण। सर्वं रक्षो नि बर्हय॥ ५॥**

પદાર્થ : હે इन्द्र-દુષ્ટ વિદારક રાજન્ ! આપ पिशङ्गभृष्टिम्-સમ્યક્ પીતવર્ણ બનતા જેનો પાક થાય છે अम्भृणम्-તે નિરંતર ભયંકર पिशाचिम्-પીસનાર, દુઃખદાયક જનને सम्मृण-સારી રીતે મારો અને सर्वम्-સમસ્ત रक्षः-દુષ્ટજનને निबर्हय-બહાર કાઢો. (૫)

*ભાવાર્થ : રાજપુરુષોએ દુષ્ટોનું મૂળ સહિત નિવારણ કરીને, સર્વ સજ્જનોની નિરંતર વૃદ્ધિ કરવી જોઈએ. (૫)*

अ॒वर्म॒ह इन्द्र॑ दादृहि श्रु॒धी नः॑ शु॒शोच॒ हि द्यौः क्षा न भी॒षाँ अ॑द्रिवो घृ॒णान्न भी॒षाँ अ॑द्रिवः। शु॒ष्मिन्त॑मो॒ हि शु॒ष्मिभि॑र्व॒धैरु॒ग्रेभि॒रीय॑से।
अपू॑रुषघ्नो अप्रतीत शूर॒ सत्व॑भिस्त्रिस॒प्तैः शू॑र॒ सत्व॑भिः॥ ६॥

પદાર્થ : હે अद्रिवः-પ્રશંસિત મેઘયુક્ત સૂર્યની સમાન વર્તમાન इन्द्र-શ્રેષ્ઠ ગુણોથી પ્રકાશિત પુરુષ ! આપ अवः-અધોમુખી કુટિલને दाद्दहि-વિદારો-મારો नः-અમારા शुशोच-ન્યાયને વિચારો, श्रुधि-સાંભળો અને द्यौः-જેમ પ્રકાશ क्षाः-ભૂમિની, न-તેમ महः-અત્યંત રક્ષા કરો.

હે अद्रिवः-પ્રશંસિત પર્વતોવાળા ! આપ हि-જ भीषा-ભયથી घृणात्-પ્રકાશિત સમાન ન્યાયનો પ્રકાશ કરો અને भीषा-ભય દ્વારા દુષ્ટોને દંડ આપો.

હે शूर-નિર્ભય-નિડર-શૂરવીર પુરુષ ! शुष्मिन्तमः-જેમાં અત્યંત - બહુજ બળ વિદ્યમાન છે, अपूरुषघ्नः-જે પુરુષોને ન મારનાર આપ उग्रेभिः-તીક્ષ્ણ સ્વભાવવાળા शुष्मिभिः-બળવાન પુરુષોની સાથે તીક્ષ્ણ શત્રુઓને वधैः-મારવાના ઉપાયોથી ईयसे-જાઓ છે, તે આપ त्रिसप्तैः-એકવીસ सत्वभिः-વિદ્વાનોની સાથે જ વર્તાવ રાખો. હે अप्रतीत-પ્રતીત ન થનાર ગૂઢ વિચારયુક્ત शूरः-દુષ્ટોને મારનાર આપ हि-જ सत्वभिः-પદાર્થોથી યુક્ત થાઓ. (૬)

*ભાવાર્થ : ધાર્મિક જનોએ નીચતાનું નિવારણ કરીને, શ્રેષ્ઠતાનો પ્રચાર કરીને, ઉત્તમ બળની વૃદ્ધિ માટે શૂરવીર પુરુષો દ્વારા પ્રજાઓની રક્ષા કરીને, દશ પ્રમાણ તથા એક જીવાત્માથી દશ ઈન્દ્રિયોની સમાન પુરુષાર્થ કરીને પદાર્થોની યથાયોગ્ય વૃદ્ધિ કરવી જોઈએ. (૬)*

व॒नोति॒ हि सु॒न्वन्क्षयं॒ परी॑णसः सु॒न्वा॒नो हि ष्मा॒ यज॒त्यव॒ द्विषो॑ दे॒वाना॒मव॒ द्विषः॑। सु॒न्वा॒न इत्सि॑षासति स॒हस्रा॑ वा॒ज्यवृ॑तः।
सु॒न्वा॒नायेन्द्रो॑ ददात्या॒भुवं॑ र॒यिं द॑दात्या॒भुव॑म्॥ ७॥

પદાર્થ : હે इन्द्रः-સુખ પ્રદાતા सुन्वानाय-પદાર્થોનો સાર કાઢનાર પુરુષને आभुवम्-જેમાં સમ્યક્ સુખ થાય તે रयिम्-ધનને ददाति-આપે છે, તે सुन्वानः-પદાર્થોના સારને પ્રકટ કરીને अवृतः-પ્રકટ वाजी-પ્રશસ્ત જ્ઞાનવાન પુરુષ सहस्रा-હજારો देवानाम्-વિદ્વાનોના अव, द्विषः-અતિ શત્રુને इत्-જ सिषासति-અલગ કરવા ઈચ્છે છે, જે अव, द्विषः-અત્યંત વેર કરનારને અલગ કરવા ઈચ્છે છે, તે સર્વને માટે आभुवम्-જેમાં શ્રેષ્ઠ સુખ હોય તે ધનને ददाति-આપે છે અને જે हि-નિશ્ચયથી सुन्वानः-પદાર્થોના સારને સિદ્ધ કરીને यजति-સંગ કરે છે, स्म-તે જ परीणसः-બહુ પદાર્થો અને क्षयम्-ઘરને सुन्वन्-સિદ્ધ કરીને हि-જ સુખ वनोति-ભોગવે છે. (૭)

*ભાવાર્થ : જે સર્વથી મિત્રતા કરાવીને સર્વના શત્રુઓનું નિવારણ કરે છે, તે સર્વના 'કલ્યાણકારી' બનીને સર્વને બહુ જ સુખ આપી શકે છે. (૭)*

સંગતિ : આ સૂક્તમાં શ્રેષ્ઠોનું પાલન, દુષ્ટોની નિવૃત્તિથી રાજ્યની સ્થિરતાનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૩)

## સૂક્ત-૧૩૪

आ त्वा जुवो रारहाणा अभिप्रयो वायो वहन्त्विह पूर्वपीतये सोमस्य पूर्वपीतये।
ऊर्ध्वा ते अनु सूनृता मनस्तिष्ठतु जानती।
नियुत्वता रथेना याहि दावने वायो मखस्य दावने॥ १॥

પદાર્થ : હે वायो-વાયુ સમાન વર્તમાન વિદ્વાન્ ! इह-આ સંસારમાં सोमस्य-ઔષધિ આદિ પદાર્થોના રસને पूर्वपीतये-પૂર્વ સજ્જનોના પીવા સમાન पूर्वपीतये-જેને પીવો છે, તેને માટે जुवः-વેગવાન रारहाणाः-છોડનાર વાયુ त्वा-આપને प्रयः-પ્રીતિપૂર્વક अभि; आ, वहन्तु-ચોતરફથી પહોંચાડે છે.

હે वायो-જ્ઞાનવાન પુરુષ ! જે ते-આપની ऊर्ध्वा-ઉન્નતિયુક્ત અતિ શ્રેષ્ઠ सूनृता-પ્રિયવાણી जानती-અને જ્ઞાનવતી થયેલી સ્ત્રી मनः-મનને अनु, तिष्ठतु-અનુકૂળ રહેલ હોય, તે આપ मखस्य-યજ્ઞના સંબંધમાં दावने-જેમ દાન કરનારને માટે તેમ दावने-દેનારને માટે नियुत्वता-જેમાં બહુ જ ઘોડાઓ વિદ્યમાન છે, તે रथेन-રમણ કરવા યોગ્ય વાહનથી आ, याहि-આવો. (૧)

*ભાવાર્થ : વિદ્વાન લોકો સર્વ પ્રાણીઓમાં પ્રાણોની સમાન પ્રિય બનીને, અનેક ઘોડાઓવાળા યાનો = વાહનોથી જાય અને આવે = ગમનાગમન કરે. (૧)*

मन्दन्तु त्वा मन्दिनो वायविन्दवोऽस्मत्क्राणासः सुकृता अभिद्यवो गोभिः
क्राणा अभिद्यवः। यद्ध क्राणा इरध्यै दक्षं सचन्त ऊतयः।
सध्रीचीना नियुतो दावने धिय उप ब्रुवत ईं धियः॥ २॥

પદાર્થ : હે वायो-વાયુની સમાન મનોજ્ઞ વિદ્વાન્ ! यत्-જે अस्मत्-અમારાથી क्राणासः-શ્રેષ્ઠ કર્મ કરતા अभिद्यवः-જેની ચોતરફ વિદ્યાનો પ્રકાશ વિદ્યમાન सुकृताः-જે સુંદર શ્રેષ્ઠ કર્મવાળા अभिद्यवः-અને સર્વત્રથી સૂર્યનાં કિરણો સમાન અત્યંત પ્રકાશમાન इन्दवः-આર્દ્રચિત્ત क्राणाः-પુરુષાર્થ કરતા સજ્જનોની સમાન मन्दिनः-અને સુખની કામના કરતા त्वा-આપને मन्दन्तु-ચાહે. તે ह-જ ऊतयः-રક્ષા આદિ ક્રિયાવાન क्राणाः-કર્મ કરનારા दक्षम्-બળને गोभिः-ભૂમિઓની સાથે इरध्यै-પ્રાપ્ત થવા सचन्त-યુક્ત થાય છે અર્થાત્ સંબંધ જોડે છે. જે दावने-દાનને માટે सध्रीचीनाः-સાથ-સત્કાર પ્રાપ્ત કરવા વા આવવા-જવાવાળા नियुतः-નિયુક્ત કરેલ અર્થાત્ કોઈ વિષયમાં લગાવેલી धियः-બુદ્ધિઓને उप, ब्रुवते-ઉપદેશ કરે છે, તેઓ ईम्-સર્વત્રથી धियः-કર્મોને પ્રાપ્ત થાય છે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્વાનોની સેવા કરે છે અને સત્યનો ઉપદેશ કરે છે, તેઓ શરીર અને આત્માનાં બળને કેમ પ્રાપ્ત ન કરી શકે ? (૨)*

**वायुर्युङ्क्ते रोहिता वायुररुणा वायू रथे अजिरा धुरि वोळ्हवे वहिष्ठा धुरि वोळ्हवे। प्र बोधया पुरन्धिं जार आ ससतीमिव।**

**प्र चक्षय रोदसी वासयोषसः श्रवसे वासयोषसः॥ ३॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! धुरि-સર્વના આધારભૂત જગતમાં वोळ्हवे-પદાર્થોને પહોંચાડવા वहिष्ठा-અત્યંત પહોંચાડનાર वायुः-વાયુ वोळ्हवे-દેશાન્તરમાં પહોંચાડવા માટે धुरि-ચલાવવાના મુખ્ય ભાગમાં रोहिता-લાલ-લાલ રંગના અગ્નિ આદિ પદાર્થોને વા वायुः-વાયુ अरुणा-પદાર્થોને વહન કરવામાં સમર્થ જળ, ધુમાડો આદિ પદાર્થોને वायुः-વાયુ अजिरा-ફેંકવા યોગ્ય પદાર્થોને रथे-રથમાં युङ्क्ते-જોડે છે. અર્થાત્ કલાકૌશલથી પ્રેરિત તે પદાર્થોનો સંબંધ કરે છે, એથી આપ जारः-પ્રિય પુરુષ જેમ ससतीमिव-સૂતેલી સ્ત્રીને જગાડે, તેમ पुरन्धिम्-બહુજ ઉત્તમ બુદ્ધિમતી સ્ત્રીને प्राबोधय-સમ્યક્ બોધ કરાવો, रोदसी-પ્રકાશ અને પૃથિવીનું प्र, चक्षय-ઉત્તમ વ્યાખ્યાન કરો અર્થાત્ તેના ગુણોનું વર્ણન કરો. उषसः-દહન આદિ કરનારના પદાર્થો અર્થાત્ અગ્નિ આદિને કલાયંત્રાદિમાં वासय-વસાવો-સ્થાપન કરો અને श्रवसे-સંદેશાદિ સાંભળવા માટે उषसः-દિવસોને वासय-તાર, વિદ્યુત્‌ની વિદ્યાને સ્થિર કરો. (૩)

*ભાવાર્થ : જેઓ વાયુની સમાન પ્રયત્ન કરે છે અને આપ્તોની સમાન લોકોને બોધયુક્ત કરે છે, તેઓજ સૂર્યની સમાન અને પૃથિવીની સમાન પ્રકાશયુક્ત અને 'सोढारो'-'સહનશીલ' હોય છે. (૩)*

**तुभ्यमुषासः शुचयः परावति भद्रा वस्त्रा तन्वते दंसु रश्मिषु चित्रा नव्येषु रश्मिषु। तुभ्यं धेनुः सबर्दुघा विश्वा वसूनि दोहते।**

**अजनयो मरुतो वक्षणाभ्यो दिव आ वक्षणाभ्यः॥ ४॥**

પદાર્થ : હે મનુષ્ય ! જેમ शुचयः-શુદ્ધ उषासः-પ્રાતઃ કાલીન વાયુ परावति-દૂર દેશમાં दंसु-જેમાં મનુષ્ય મનનું દમન કરે છે, તે रश्मिषु-કિરણોમાં અને नव्येषु-નવીન रश्मिषु-કિરણોમાં તેમ तुभ्यम्-તારા માટે चित्रा-ચિત્ર-વિચિત્ર અદ્ભુત भद्रा-સુખકારક वस्त्रा-વસ્ત્ર વા ઢાંકવાના અન્ય પદાર્થોને तन्वते-વિસ્તૃત કરે છે; વા જેમ सबर्दुधा-સર્વ કાર્યોને પૂર્ણ કરે છે धेनुः-વાણી तुभ्यम्-તારા માટે विश्वा-સમસ્ત वसूनि-ધનોને दोहते-પૂર્ણ કરે છે; વા જેમ अजनयः-ઉત્પન્ન ન થનાર मरुतः-વાયુ वक्षणाभ्यः-જે જળ આદિ પદાર્થોને વહાવનારી નદીઓમાં दिवः-પ્રકાશની મધ્ય वक्षणाभ्यः-વહાવનારા કિરણોથી જળનો आ-સારી રીતે વિસ્તાર કરે છે, તેમ તું બન. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો કિરણોની સમાન ન્યાય પ્રકાશનું, સુશિક્ષિત વાણીની સમાન વક્તૃત્વતાનું અને નદીની સમાન શુભ ગુણોનું વહન કરે છે, તેઓ સંપૂર્ણ કલ્યાણને પ્રાપ્ત કરે છે. (૪)*

**तुभ्यं शुक्रासः शुचयस्तुरण्यवो मदेषूग्रा इषणन्त भुर्वण्यपामिषन्त भुर्वणि।**

**त्वां त्सारी दसमानो भगमीट्टे तक्ववीये।**

**त्वं विश्वस्माद्भुवनात्पासि धर्मणासुर्यात्पासि धर्मणा॥ ५॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જે त्वम्-આપ धर्मणा-ધર્મથી असुर्यात्-દુષ્ટોના નિજ વ્યવહારથી पासि-રક્ષા કરો છો; વા धर्मणा-ધર્મની સાથે विश्वस्मात्-સમગ્ર भुवनात्-સંસારની पासि-રક્ષા કરો છો; તથા त्सारी-કુટિલગામી અને दसमानः-શત્રુઓનો સંહાર કરીને આપ तक्ववीये-જેમાં ચોરોનો સંબંધ નથી તે માર્ગમાં भगम्-ઐશ્વર્યની ईट्टे-પ્રશંસા કરો છો, તે त्वाम्-આપને જે अपाम्-જળ વા કર્મોની भुर्वणि-ધારણાયુક્ત વ્યવહારમાં इषन्त-ચાહે છે, તે तुरण्यवः-પાલન અને शुचयः-પવિત્રતા કરનારા शुक्रासः-શુદ્ધ વીર્ય उग्राः-તીવ જન मदेषु-આનંદોમાં भुर्वणि-અને પાલન પોષણ કરનારા વ્યવહારમાં तुभ्यम्-તમારા માટે इषणन्त-ઇચ્છા કરે. (૫)

*ભાવાર્થ : મનુષ્યોને યોગ્ય છે - કે જે જેની રક્ષા કરે તેની તેઓ પણ રક્ષા કરે. દુષ્ટોના નિવારણ દ્વારા ઐશ્વર્યની કામના કરે. દુષ્ટો પર કદી વિશ્વાસ કરે નહિ. (૫)*

**त्वं नो वायवेषामपूर्व्यः सोमानां प्रथमः पीतिमर्हसि**

**सुतानां पोतिमर्हसि। उतो विहुत्मतीनां विशां ववर्जषीणाम्।**

**विश्वा इत्ते धेनवो दुह आशिरं घृतं दुहृत आशिरम्॥ ६॥**

પદાર્થ : હે वायो-પ્રાણ સમાન વર્તમાન બળવાન ! अपूर्व्यः-પૂર્વોએ પ્રસિદ્ધ ન કરેલ તે અપૂર્વ ગુણી त्वम्-આપ नः-અમારી सुतानाम्-શ્રેષ્ઠ ક્રિયાથી કાઢવામાં આવેલ सोमानाम्-ઐશ્વર્યકારક મહા ઔષધિઓના રસનું पीतिम्-પાન કરવાને अर्हसि-યોગ્ય છો; અને प्रथमः-પૂર્વ વિખ્યાત આપ एषाम्-એ ઉક્ત પદાર્થોના રસોને पीतिमर्हसि-પાન કરવાને યોગ્ય છો; જે ते-આપની विश्वाः-સમસ્ત धेनवः-ગાયો इत्-જ आशिरम्-ભોગવવાને घृतम्-કાન્તિયુક્ત ઘીને दुहते-પુરુ કરે છે; અને आशिरम्-સારી રીતે ભોજન કરવા યોગ્ય દૂધ આદિ પદાર્થોને दुह्रे-પૂરા પાડીને તેની અને ववर्जुषीणाम्-નિરંતર દોષોનું વર્જન કરીને विहुत्मतीनाम्-જેમાં વિશેષતાથી હોમ કરનાર વિચારશીલ મનુષ્ય વિદ્યમાન છે, તે विशाम्-પ્રજાઓનું उतो-નિશ્ચયથી પાલન કરો. (૬)

*ભાવાર્થ : રાજપુરુષોએ બ્રહ્મચર્ય, ઉત્તમ ઔષધોનું સેવન અને ઉચિત આહાર-વિહારથી શરીર અને આત્માના બળની વૃદ્ધિ કરીને ધર્મપૂર્વક પ્રજા પાલનમાં સ્થિર રહેવું જોઈએ. (૬)*

સંગતિ : આ સૂક્તમાં વાયુના દષ્ટાન્તથી શૂરવીરોના ન્યાય વિષયમાં પ્રજાકર્મનું વર્ણન હોવાથી

આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૪)

## સૂક્ત-૧૩૫

स्तीर्णं बर्हिरुप नो याहि वीतये सहस्रेण नियुता नियुत्वते
शतिनीभिर्नियुत्वते । तुभ्यं हि पूर्वपीतये देवा देवाय येमिरे।
प्र ते सुतासो मधुमन्तो अस्थिरन्मदाय क्रत्वे अस्थिरन्॥ १॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જે देवाय-દિવ્યગુણને માટે तुभ्यम्-हि-આપને જ पूर्वपीतये-પૂર્વ રસ આદિ પીવાને देवाः-વિદ્વાનો येमिरे-નિયમ કરે તેઓ ते-આપના मदाय-આનંદ અને क्रत्वे-શ્રેષ્ઠ બુદ્ધિને માટે मधुमन्तः-પ્રશંસિત મધુર ગુણયુક્ત सुतासः-ઉત્પન્ન કરેલ પદાર્થ प्रास्थिरन्-સારી રીતે સ્થિત થાય અને સુખ રૂપ अस्थिरन्-સ્થિર થાય, તેમ તે આપ नः-અમારા स्तीर्णम्-ઢંકાયેલા बर्हिः-શ્રેષ્ઠ વિશાળ ઘરને वीतये-સુખ પ્રાપ્ત કરવા માટે उप, याहि-પાસે પહોંચો. नियुत्वते-જેના બહુ જ ઘોડાઓ વિદ્યમાન છે તેને માટે सहस्रेण-હજારો नियुता-નિશ્ચિત વ્યવહારથી પાસે પહોંચો; અને शतिनीभिः-જેમાં સેંકડો વીરો વિદ્યમાન છે, તે સેનાઓની સાથે नियुत्वते-બહુ જ બળથી મળેલાને માટે અર્થાત્ અત્યંત બળવાનને માટે પાસે પહોંચો. (૧)

*ભાવાર્થ : વિદ્યા અને ધર્મના જિજ્ઞાસુ મનુષ્યોમાં વિદ્વાનોનું સદા આહ્વાન કરવું જોઈએ અને તેઓની સેવા તથા સંગતિ દ્વારા વિજ્ઞાનની ઉન્નતિ કરીને નિત્ય આનંદિત રહેવું જોઈએ. (૧)*

तुभ्यायं सोमः परिपूतो अद्रिभिः स्पार्हा वसानः परि कोशमर्षति शुक्रा
वसानो अर्षति। तवायं भाग आयुषु सोमो देवेषु हूयते।
वह वायो नियुतो याह्यस्मयुर्जुषाणो याह्यस्मयुः॥ २॥

પદાર્થ : હે वायो-વિદ્વાન્ ! આપ नियुतः-કલાકૌશલથી નિયત કરેલ ઘોડાઓને જેમ વાયુ તેમ પોતાના વાહનોને એક દેશથી બીજા દેશમાં वह-પહોંચાડો અને जुषाणः-પ્રસન્ન ચિત્ત अस्मयुः-મારી સમાન આચરણ કરીને याहि-પહોંચો, अस्मयुः-મારી સમાન આચરણ કરીને આવો. જે આવો જે तव-આપનું अयम्-એ आयुषु-જીવન અને देवेषु-વિદ્વાનોમાં सोमः-ઔષધિગણ સમાન भागः-સેવન કરવા યોગ્ય ભાગ છે; વા જે આપ हूयते-સ્તુતિ કરો છો તે वसानः-વસ્ત્ર આદિ ઓઢીને शुक्रा-શુદ્ધ વ્યવહારોને अर्षति-પ્રાપ્ત થાઓ છો.

જે अयम्-એ अद्रिभिः-મેઘોથી परिपूतः-સર્વત્રથી પવિત્ર થયેલ सोमः-ચંદ્રમાની સમાન પ્રશંસા કરવામાં આવેલ વા कोशम्-મેઘને पर्यर्षति-સર્વત્રથી પ્રાપ્ત થાય તેની સમાન स्पार्हा-ઇચ્છિત વસ્ત્રોને वसानः-ધારણ કરેલ આપ પ્રાપ્ત થાઓ, તે तुभ्यं-આપને માટે ઉક્ત સર્વ વસ્તુ પ્રાપ્ત થાઓ. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો સુંદર વસ્ત્ર, આભૂષણ અને વેશ ધારણ કરીને શુભ કાર્ય કરે છે, તેઓ*

*સર્વત્ર પ્રશંશા પ્રાપ્ત કરે છે. (૨)*

आ नो॑ नियु॒द्भिः श॒तिनी॑भिरध्व॒रं स॑ह॒स्रिणी॑भि॒रुप॑ याहि वी॒तये॑ वायो॑ ह॒व्यानि॑ वी॒तये॑। तवा॒यं भा॒ग ऋ॒त्वियः॒ सर॑श्मिः॒ सूर्ये॑ सचा॑। अ॒ध्व॒र्युभि॒र्भर॑माणा अयंसत॒ वायो॑ शु॒क्रा अ॑यंसत्॥ ३॥

પદાર્થ : હે वायो-વિદ્વાન્ ! तव-આપના જે अध्वर्युभिः-સ્વયં યજ્ઞની ઇચ્છા કરનારાઓએ भरमाणाः-ધારેલ કરેલ મનુષ્ય अयंसत-નિવૃત્ત થયેલ સુખ જેમ હોય, તેમ अयंसत-નિવૃત્ત થાય અર્થાત્ સાંસારિક સુખનો ત્યાગ કરે. જે આપનો सूर्ये-સૂર્યની વચ્ચે सचा-સમ્યક્ સંયોગ કરેલ शुक्राः-શુદ્ધિ કિરણોની સમાન सरश्मिः-પ્રકાશની સાથે વર્તમાન ऋत्वियः-જેનો ઋતુ સમય પ્રાપ્ત થયો તે अयम्-એ भागः-ભાગ છે, તે આપ वीतये-વ્યાપ્ત થવા માટે हव्यानि-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોની उपयाहि-સમીપ પહોંચીને પ્રાપ્ત થાઓ.

હે वायो-પ્રશંસિત બળયુક્ત જે शतिनीभिः-પ્રશંસિત સેંકડો અંગોથી યુક્ત સેનાઓની સાથે વા सहस्त्रिणीभिः-જેમાં અનેક હજાર શૂરવીરોના સમૂહયુક્ત સેનાઓની સાથે વા नियुभ्दिः-વાયુના ગુણની સમાન ઘોડાઓથી वीतये-કામનાને માટે नः-અમારા अध्वरम्-રાજ્ય પાલન રૂપ યજ્ઞને પ્રાપ્ત થાય છે, તેને आ-આવીને પ્રાપ્ત થાઓ. (૩)

*ભાવાર્થ : રાજપુરુષોએ શત્રુના બળથી ચારગણું અથવા તેથી પણ અધિક બળ વધારીને અધાર્મિક શત્રુઓની સાથે યુદ્ધ કરવું જોઈએ. તે રાજપુરુષો પ્રજાજનોથી પ્રતિવર્ષ જેટલો કર ગ્રહણ કરવા યોગ્ય હોય, તેટલો જ ગ્રહણ કરે તથા સદા ધાર્મિક વિદ્વાનોની સેવા કરે. (૩)*

आ वां॒ रथो॑ नि॒युत्वा॑न्वक्ष॒दव॑सेऽभि प्रयां॑सि सु॒धि॑तानि वी॒तये॒ वायो॑ ह॒व्यानि॑ वी॒तये॑। पिब॑तं॒ मध्वो॒ अन्ध॑सः पूर्व॒पेयं॒ हि वां॑ हि॒तम्। वाय॒वा च॒न्द्रेण॒ राध॒सा ग॑त॒मिन्द्र॑श्च॒ राध॒सा ग॑तम्॥ ४॥

પદાર્થ : હે સભા-સેનાધીશો ! જે वाम् તમારા नियुत्वान्-વાયુ સમાન વેગવાન रथः-રથ पीतये-આનંદની પ્રાપ્તિને માટે सुधितानि-સારી રીતે ધારણ કરેલ प्रयांसि-પ્રીતિને અનુકૂળ પદાર્થોને अभ्यावक्षत्-ચોતરફથી સારી રીતે પહોંચે અને अवसे-વિજયની પ્રાપ્તિ વા वीतये-ધર્મની પ્રવૃત્તિને માટે हव्यानि-આપવા યોગ્ય પદાર્થોને સર્વત્ર સમ્યક્ પહોંચાડે, તે તમે જેમ इन्द्रः-વિદ્યુત્ રૂપી અગ્નિ च-અને વાયુ આવે, તેમ राधसा-જેથી સિદ્ધિ પ્રાપ્ત થાય તે પદાર્થની સાથે आ, गतम्-આવો.

જે मध्वः-મધુર अन्धसः-અન્નનો पूर्वपेयम्-પૂર્વ મનુષ્યોને પીવા યોગ્ય वाम्-અને તમારા બન્ને માટે हितम्-સુખરૂપ બાગ છે, તેનું पिबतम्-પાન કરો અને चंद्रेण-સુવર્ણરૂપ राधसा-શ્રેષ્ઠ સિદ્ધિકારક ધનની સાથે आगतम्-આવો.

હે वायो-વાયુની સમાન પ્રિય ! આપ ઉત્તમ સિદ્ધિકારક સુવર્ણની સાથે સુખભોગને आ-પ્રાપ્ત

થાઓ.

હે वायो-દુષ્ટોની હિંસા - નાશ કરનાર ! આદાન-પ્રદાન યોગ્ય પદાર્થોને પણ आ-પ્રાપ્ત થાઓ. (૪)

*ભાવાર્થ : જેમ વાયુ અને વિદ્યુત્ સર્વમાં વ્યાપક બનીને સર્વ વસ્તુઓનો સંપર્ક કરે છે, તેમ સજ્જનોએ ઐશ્વર્યની પ્રાપ્તિ માટે સર્વ સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. (૪)*

**आ वां धियो ववृत्युरध्वराँ उपेममिन्दुं मर्मृजन्त वाजिनमाशुमत्यं न वाजिनम्।**

**तेषां पिबतमस्मयू आ नो गन्तमिहोत्या।**

**इन्द्रवायू सुतानामद्रिभिर्युवं मदाय वाजदा युवम्॥ ५॥**

પદાર્થ : હે इन्द्रवायू-સૂર્ય અને વાયુની સમાન સભા-સેનાધીશો ! જે ઉપદેશકો અને અધ્યાપકો વિદ્વાનજનો वाम्-તમારા धियः-બુદ્ધિ અને કર્મો વા अध्वरान्-હિંસા ન કરનારાજનો इमम्-એ इन्दुम्-પરમ ઐશ્વર્ય અને वाजिनम्-પ્રશંસિત વેગયુક્ત आशुम्-કામમાં શીઘ્રતા કરનારા वाजिनम्-અનેક શુભ લક્ષણોયુક્ત अत्यम्-નિરંતર ગમન કરતા ઘોડાઓની न-સમાન आ, ववृत्युः-સારી રીતે વર્તે, કાર્યમાં લાવે અને પરમ ઐશ્વર્યને उप, मर्मृजन्त-સમીપમાં અત્યંત શુદ્ધ કરે तेषाम्-તેના अद्रिभिः-સારી રીતે પર્વતનો ટૂકડો = પથ્થર વા ખાંડણિયા સાંબેલાથી सुतानाम्-સિદ્ધ કરે અર્થાત્ કૂટીને પીસીને પદાર્થોના રસને मदाय-આનંદને માટે युवम्-તમે બન્ને पिबतम्-પાન કરો; તથા अस्मयू-અમારી સમાન આચરણ કરીને वाजदा-વિજ્ઞાન પ્રદાતા युवम्-તમે બન્ને આ સંસારમાં ऊत्या-રક્ષા આદિ ઉત્તમ ક્રિયાથી नः-અમને आगन्तम्-પ્રાપ્ત થાઓ. (૫)

*ભાવાર્થ : જે ઉપદેશકો અને અધ્યાપકો મનુષ્યોની બુદ્ધિને શુદ્ધ કરીને સુશિક્ષિત ઘોડાઓની સમાન તેનાથી પરાક્રમ કરાવે છે તેઓ આનંદના ભાગી બને છે. (૫)*

**इमे वां सोमा अप्स्वा सुता इहाध्वर्युभिर्भरमाणा अयंसत वायो शुक्रा अयंसत।**

**एते वामभ्यसृक्षत तिरः पवित्रमाशवः।**

**युवायवोऽति रोमाण्यव्यया सोमासो अत्यव्यया॥ ६॥**

પદાર્થ : હે પરમ ઐશ્વર્યવાન અને वायो-વાયુની સમાન બળવાન પુરુષ ! જે इमे-इह-આ સંસારમાં अद्वर्युभिः-યજ્ઞના ઈચ્છુકોને अप्सु-જળમાં सुताः-ઉત્પન્ન કરેલી सोमाः-મહાન ઔષધિ भरमाणाः-પુષ્ટિ કરીને તમે બન્ને ને अयंसत-આપે અને शुक्राः-શુદ્ધ તે अयंसत-ગ્રહણ કરે; વા જે एते-એ आशवः-એકત્ર થાય અને युवायवः-તમારા બન્નેની ઈચ્છા કરતા सोमासः-ઐશ્વર્યયુક્ત अव्यया-નાશ રહિત अति रोमाणि-અત્યંત રોમ અર્થાત્ નાળિયેરની જટા - છોતાના આકાર अति, अव्यया-સનાતન સુખોની સમાન तिरः-તિર્યક્ पवित्रम्-શુદ્ધિકારક પદાર્થો અને वाम्-તમે બન્ને अभि-असृक्षत-સર્વત્રથી સિદ્ધ કરે, તેનું તમે પાન કરે અને સારી રીતે પ્રાપ્ત થાઓ.(૬)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેના સેવનથી દઢ તથા સ્વસ્થ શરીર અને આત્મા થાય છે તથા જે*

*અન્તઃકરણને શુદ્ધ કરે છે, તેનું તમે નિત્ય સેવન કરો. (૬)*

अति वायो ससतो याहि शश्वतो यत्र ग्रावा
वदति तत्र गच्छतं गृहमिंद्रश्च गच्छतम्।
वि सूनृता ददृशे रीयते घृतमा पूर्णया नियुता
याथो अध्वरमिन्द्रश्च याथो अध्वरम् ॥ ७॥

પદાર્થ : હે वायो-વાયુ સમાન બલિષ્ઠ વિદ્વાન ! આપ ससतः-અવિદ્યાનું ઉલ્લંઘન કરેલ અને शश्वतः-સનાતન વિદ્યાથી યુક્ત પુરુષોને याहि-પ્રાપ્ત થાઓ.

यत्र-જ્યાં ग्रावा-મેધાવી = ધીરબુદ્ધિ પુરુષ अति,वदति-અત્યંત ઉપદેશ કરે છે, तत्र-ત્યાં આપ च-અને इन्द्रः-ઐશ્વર્યયુક્ત મનુષ્ય गच्छतम्-જાઓ, અને गृहम्-ગૃહમાં गच्छतम्-જાઓ, सूनृता-ઉત્તમ શિક્ષિત સત્યપ્રિય વાણી, वि,ददृशे-વિશેષતાથી જોવામાં આવે છે અને घृतम्-પ્રકાશિત વિજ્ઞાનનો आ, रीयते-સમ્યક્ સંબંધ થાય અર્થાત્ મળે ત્યાં पूर्णया-પૂર્ણ नियुता-અખિલ અંગયુક્ત વાયુની ગતિ સમાન ગતિથી જે આપ इन्द्रः-च-અને ઐશ્વર્યવાન જન अध्वरम्-અહિંસા આદિ લક્ષણ ધર્મને याथः-પ્રાપ્ત થાઓ છો, તે તમે બન્ને अध्वरम्-યજ્ઞને પ્રાપ્ત યજ્ઞને याथः-પ્રાપ્ત થાઓ છો. (૭)

*ભાવાર્થ : મનુષ્યો, જે દેશમાં અથવા સ્થાનમાં આપ્ત વિદ્વાનો સત્યનો ઉપદેશ કરે, તે સ્થાન પર જઈને તેઓના ઉપદેશનું નિત્ય શ્રવણ કરે. જેથી તેઓ વિદ્યાયુક્ત વાણી, સત્યવિજ્ઞાન અને ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે. (૭)*

अत्राह तद्वहेथे मध्व आहुतिं यमश्वत्थमुपतिष्ठन्त
जायवोऽस्मे ते सन्तु जायवः।
साकं गावः सुवते पच्यते यवो न ते वाय उप दस्यन्ति
धेनवो नाप दस्यन्ति धेनवः॥ ८॥

પદાર્થ : હે वायो-વાયુ સમાન વિદ્વાન ! જે અધ્યાપક અને ઉપદેશક अत्राह-અહિં નિશ્ચયથી तत्-તે વિષયને वहेथे-પ્રાપ્ત કરાવે છે; વા જેમ अश्वत्थम्-પીપળવૃક્ષને પક્ષીઓ, તેમ जायवः-જીતનારા यम्-જે આપની उपतिष्ठन्त-સમીપ સ્થિત હોય; અને मध्वः-મધુર વિજ્ઞાનને आहुतिम्-સર્વ રીતે ગ્રહણ કરવાને ઉપસ્થિત થાય, ते-તેઓ अस्मे-અમારી મધ્યમાં जायवः-જીતનારા શૂર सन्तु-થાય, એમ સારી રીતે આચરણ કરીને ते આપની गावः-ગાયો साकम्-સાથે सुवते-વિયાતી यवः-મળેલ વા પૃથક્-પૃથક્ વ્યવહાર સાથે पच्यते-સિદ્ધ થાય તથા धेनवः-ગાયો જેમ अप, दस्यन्ति-નષ્ટ થતી નથી, न-તેમ धेनवः-વાણી न;उप, दस्यन्ति-નષ્ટ થતી નથી. (૮)

*ભાવાર્થ : જો સર્વ મનુષ્યો દ્વારા શ્રેષ્ઠજનોના સંગની કામના અને પરસ્પર પ્રીતિ કરવામાં આવે,તો તેની વિદ્યાનો તથા બળનો હ્રાસ અને ભેદ બુદ્ધિ ઉત્પન્ન થાય નહિં. (૮)*

**इमे ये ते सु वायो बाह्वोजसोऽन्तर्नदी ते पतयन्त्युक्षणो महि व्राधन्त उक्षणः।**
**धन्वञ्चिद् ये अनाशवो जीराश्चिदगिरौकसः।**
**सूर्यस्येव रश्मयो दुर्नियन्तवो हस्तयोर्दुर्नियन्तवः॥ ९॥**

પદાર્થ : હે वायो-વિદ્વાન ! ये-જે इमे-એ યોદ્ધાજન ते-આપની સહાયથી बाह्वोजसः-ભુજાઓના બળની अन्तः-મધ્યે सु, पतयन्ति-પાલકની સમાન આચરણ કરે છે, તેને उक्षणः-સિંચવામાં સમર્થ કરો.

ये- જે ते-આપના ઉપદેશથી मही-બહુજ व्राधन्तः-વર્ધમાન વધીને સારી રીતે પાલકની સમાન આચરણ કરે છે તેઓને उक्षणः-બળપ્રદાન કરો.

જે धन्वन्-અન્તરિક્ષમાં नदी-નદીની चित्-સમાન વર્તમાન્ अनाशवः-કોઈમાં વ્યાપ્ત નહિ जीराः-વેગવાન अगिरौकसः-જેનું અવિદ્યમાન પાણીની સાથે રહેવાનું સ્થાન-ગૃહ दुर्नियन्तव-દુઃખથી ગ્રહણ કરવા યોગ્ય તે रश्मयः-કિરણ જેમ सूर्यस्येव-સૂર્યને તેમ चित्-અને हस्तयोः-પોતાના બાહુબળથી શત્રુઓને दुर्नियन्तवः-દુઃખથી ગ્રહણ કરવા યોગ્ય સારી પાલના કરનારાની સમાન આચરણ કરે, તે વીરોનો નિરંતર સત્કાર કરો. (૯)

*ભાવાર્થ :- રાજપુરુષોએ બહુજ બળયુક્ત અને શત્રુઓથી ન ડરનારા વીર પુરુષોને સદા સેનામાં રાખવા જોઈએ; જેથી રાજાનું તેજ સદા વધતું રહે. (૯)*

સંગતિ : આ સૂક્તમાં મનુષ્યોનાં પરસ્પરના વર્તાવનાં વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૫)

## સૂક્ત-૧૩૬

**प्र सु ज्येष्ठं निचिराभ्यां बृहन्नमो हव्यं मतिं भरता मृळयद्भ्यां स्वादिष्ठं मृळयद्भ्याम्। ता सम्राजा घृतासुती यज्ञेयज्ञ उपस्तुता।**
**अथैनोः क्षत्रं न कुतश्चनाधृषे देवत्वं नू चिदाधृषे॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે मृडयद्भ्याम्-સુખદાતાઓની સમાન, निचिराभ्याम्-નિરંતર સનાતન मृडद्भ्याम्-સુખકારક અધ્યાપક અને ઉપદેશકની સાથે ज्येष्ठम्-અત્યંત પ્રશંસાને યોગ્ય, स्वादिष्ठम्-અત્યંત સ્વાદ, हव्यम्-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થ,बृहत्-બહુ જ नमः-અન્ન અને मतिम्-બુદ્ધિને नु-શીઘ્ર प्र,सु,भरत-સમ્યક્ સુંદરતાથી સ્વીકાર કરો. यज्ञे यज्ञे-પ્રત્યેક યજ્ઞમાં उपस्तुता-પ્રાપ્ત ગુણોથી પ્રશંસિત घृतासुती-જેનો ઘીની સાથે પદાર્થોનો સાર કાઢવો, सम्राजा-જે સમ્યક્, પ્રકાશમાન, ता-તે ઉક્ત મહાશયોને

સારી રીતે ગ્રહણ કરો. अथ-અનન્તર एनोः-બન્ને क्षत्रम्-રાજ્ય आधृषे-ધૃષ્ટતાથી चित्-અને देवत्वम्-વિદ્વતા आधृषे-ધૃષ્ટતાથી = ધિક્કારથી कुतश्चन-ક્યારેક न-નાશ પામે નહિ. (૧)

*ભાવાર્થ : જેઓ બહુજ સમયથી પ્રવૃત થયેલ અધ્યાપકો અને ઉપદેશકોની પાસે વિદ્યા અને ઉત્તમ ઉપદેશોને શીઘ્ર ગ્રહણ કરે છે, તેઓ ચક્રવર્તી રાજા બની શકે છે. આ સંસારમાં એવા લોકો ને ઐશ્વર્યનો કદી હ્રાસ થતો નથી. (૧)*

**अदर्शि गातुरुरवे वरीयसी पन्था ऋतस्य समयंस्त रश्मिभिश्**
**चक्षुर्भगस्य रश्मिभिः। द्युक्षं मित्रस्य सादनमर्यम्णो वरुणस्य च।**
**अथा दधाते बृहदुक्थ्यं वय उपस्तुत्यं बृहद् वयः॥ २॥**

પદાર્થ : જેથી उरवे-બહુ જ વિસ્તારને માટે वहीयसी-અત્યંત શ્રેષ્ઠ गातुः-ભૂમિ अदर्शि-દેખાતી, વા જ્યાં સૂર્યના रश्मिभिः-કિરણો સમાન रश्मिभिः- કિરણોની સાથે चक्षुः-નેત્ર, ऋतस्य-જળ અને भगस्य-સૂર્યની સમાનધનનો पन्था-માર્ગ समयंस्त-મળે છે, વા मित्रस्य-મિત્ર, अर्यम्णः-ન્યાયાધીશ અને वरुणस्य-શ્રેષ્ઠ પુરુષનો द्युक्षम्-પ્રકાશ લોકમાં सादनम्-જેમાં સ્થિર થાય તે ઘર પ્રાપ્ત થાય છે. अथ-અથવા જેમ वयः-બહુજ પક્ષીઓ बृहत्-એક મોટા કામને, તેમ જે वयः-મનોહર જન उपस्तुत्यम्-સમીપમાં પ્રશંસિત बृहत्-મહાન અને उक्थ्यम्-કહેવા યોગ્ય કામને ધારણ કરે છે च-અને જે બે મળીને કોઈ કામને दधाते-ધારણ કરે છે, તેઓ સુખ પ્રાપ્ત કરે છે. (૨)

*ભાવાર્થ : જેમ સૂર્યના પ્રકાશથી પૃથિવી પર માર્ગ દેખાય છે, તેમ જ ઉત્તમ વિદ્વાનોના સંગથી સત્યવિદ્યાઓ પ્રકાશિત થાય છે.*

*જેમ પક્ષી ઉત્તમ આશ્રય પ્રાપ્ત કરીને આનંદિત થાય છે, તેમ સદ્ વિદ્યાઓ પ્રાપ્ત કરીને મનુષ્યો સદા સુખી રહે છે. (૨)*

**ज्योतिष्मतीमदितिं धारयत्क्षितिं स्वर्वतीमा सचेते दिवेदिवे जागृवांसा दिवेदिवे।**
**ज्योतिष्मत् क्षत्रमाशाते आदित्या दानुनस्पती।**
**मित्रस्तयोर्वरुणो यातयज्जनोऽर्यमा यातयज्जनः॥ ३॥**

પદાર્થ : જેમ आदित्या-સૂર્ય અને પ્રાણ दिवे दिवे-પ્રતિદિન स्वर्वतीम्-બહુ સુખકારી धारयत्क्षितिम्-અને ભૂમિને ધારણ કરીને, ज्योतिष्मतीम्-બહુ પ્રકાશન अदितिम्-દ્યુલોકનો आसचेते-સર્વત્રથી સંબંધ કરે છે, તેમ यातयज्जनः-જેના શ્રેષ્ઠ પ્રયત્ન કરનારા મનુષ્ય છે, તે अर्यमा-ન્યાયાધીશ, वरुणः-શ્રેષ્ઠ પ્રાણ તથા यातयज्जनः-પુરુષાર્થવાન પુરુષ मित्रः-સર્વનો પ્રાણ અને दानुनः-દાનનું पती-પાલન કરનારા जागृवांसा-સર્વ કાર્યોમાં જાગૃત સભા અને સેનાધીશ दिवे दिवे-પ્રતિદિન ज्योतिष्मत्-બહુ ન્યાયયુક્ત क्षत्रम्-રાજ્યને आशाते-પ્રાપ્ત થાય છે, तयोः-તે બન્નેના પ્રભાવથી સમસ્ત પ્રજા અને સૈનિકો અત્યંત સુખને પ્રાપ્ત થાય છે. (૩)

*ભાવાર્થ : જેઓ સૂર્ય અને પ્રાણની સમાન તથા યોગીની સમાન સચેતન બનીને, વિદ્યા, વિનય અને ધર્મ દ્વારા સેનાઓ અને પ્રજાઓને પ્રસન્ન રાખે છે, તેઓ અત્યધિક યશને પ્રાપ્ત કરે છે. (૩)*

**अयं मित्राय वरुणाय शन्तमः सोमो भूत्ववपानेष्वाभगो देवो देवेष्वाभगः।**
**तं देवासो जुषेरत विश्वे अद्य सजोषसः।**
**तथा राजाना करथो यदीमह ऋतावाना यदीमहे॥ ४॥**

પદાર્થ : જેમ अयम्-એ अवयानेषु-અત્યંત રક્ષા આદિ વ્યવહારોમાં मित्राय-સર્વના મિત્ર અને वरुणाय-સર્વની ઉત્કૃષ્ટતાને માટે अभगः-સમસ્ત ઐશ્વર્ય, शन्तमः-અત્યંત સુખ सोमः-અને સુખયુક્ત ઐશ્વર્યકારક ન્યાય भूतु-બને, તેમ જે देवः-સમ્યક સુખ પ્રદાતા, देवेषु-દિવ્ય વિદ્વાનો અને દિવ્યગુણોમાં आभगः-સમસ્ત સૌભાગ્ય યુક્ત હોય, तम्-તેને अद्य-આજ सजोषसः-સમાન ધર્મનું સેવન કરનારા विश्वे-સમસ્ત देवासः-વિદ્વાનજન્ जुषेरत-સેવન કરે ;વા તેનાથી પ્રીતિ કરે અને જેમ यत्-જે વ્યવહારને राजाना-પ્રકાશમાન સભા - સેનાપિત करथः-કરે, तथा-તેમ તે વ્યવહારને અને ईमहे-માંગીએ અને જેમ ऋतावाना-સત્યનો સંબંધ કરનારા यत्-જે કામને કરે, તેમ તેને અમે પણ ईमहे-યાચના કરીએ, માંગીએ. (૪)

*ભાવાર્થ : આ સંસારમાં જેમ આપ્તજન ધર્મયુક્ત વ્યવહારથી ઐશ્વર્યની વૃદ્ધિ કરીને તેનો સર્વના ઉપકારક કાર્યમાં ખર્ચ કરે છે અને જેમ સત્યના જિજ્ઞાસુઓ વિદ્વાનોથી યાચના કરે છે, તેમ સર્વ મનુષ્ય પોતાના ઐશ્વર્યને ઉત્તમ કાર્યોમાં ખર્ચ કરે તથા વિદ્વાનોથી વિદ્યાની યાચના કરે. (૪)*

**यो मित्राय वरुणायाविधज्जनोऽनर्वाणं तं परि पातो अंहसो दाश्वांसं मर्त्तमंहसः।**
**तमर्यमाभि रक्षत्यृजूयन्तमनु व्रतम्।**
**उक्थैर्य एनोः परिभूषति व्रतं स्तोमैराभूषति व्रतम्॥ ५॥**

પદાર્થ : હે સભા - સેનાધીશો ! यः-જે जनः-યશથી પ્રસિદ્ધ પામેલ मित्राय-સર્વોપકારક वरुणाय-સર્વોત્તમ સ્વભાવવાળા મનુષ્યને માટે તમે બન્ને अविधत्-સેવા કરે, तम्-તે अनर्वाणम्-વેર આદિ દોષોથી રહિત मर्त्तम्-મનુષ્યને अंहसः-દુષ્ટ આચરણથી તમે બન્ને परिपातः-સર્વથી બચાવો તથા तम्-તે दाश्वांसम्-વિદ્યાદાતા મનુષ્યને अंहसः-પાપથી બચાવો यः-જે अर्यमा-ન્યાયકારી સજ્જન व्रतम्-સત્યાચરણ કરવા અને ऋजूयन्तम्- પોતે કોમલતા ઇચ્છનાર મનુષ્યની अभिरक्षति-સર્વત્રથી રક્ષા કરે છે તેની તમે બન્નેના अनु-પછી રક્ષા કરો જે एनोः-એ वृतम्-સુંદરશીલને परिभूषति-સર્વત્રથી સુશોભિત કરે છે, વા स्तोमैः-પ્રશંસા કરવા યોગ્ય વ્યવહારોથી व्रतम्-સુંદરશીલને आभूषति-સારી રીતે શોભિત કરે છે, તેઓનું સર્વ વિદ્વાનો નિરંતર પાલન કરે. (૫)

*ભાવાર્થ : જેઓ ધર્મ અને અધર્મને જાણવા ઇચ્છે તથા ધર્મનું ગ્રહણ અને અધર્મનો ત્યાગ કરવા*

*ઈચ્છે, તેઓને વિદ્વાનો ભણાવીને તથા ઉપદેશ આપીને વિદ્યા ધર્મ આદિ શુભ ગુણ-કર્મ-સ્વભાવોથી સર્વત્રથી સુભૂષિત કરે છે. (૫)*

**नमो॑ दि॒वे बृ॑ह॒ते रोद॑सीभ्यां मि॒त्राय॑ वोचं॒ वरु॑णाय मी॒ळ्हुषे॑ सुमृ॒ळी॒काय॑ मी॒ळ्हुषे॑। इन्द्र॑म॒ग्निमुप॑ स्तुहि द्यु॒क्षम॑र्य॒मणं॒ भग॑म्।**
**ज्योग्जीव॑न्तः प्र॒जया॑ सचेमहि॒ सोम॑स्यो॒ती स॑चेमहि॥ ६॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ હું बृहते-બહુ જ दिवे-પ્રકાશકને માટે વા रोदसीभ्याम्-પ્રકાશ અને પૃથિવીથી मित्राय-સર્વના મિત્ર, वरुणाय-શ્રેષ્ઠ, मीढुषे-શુભ ગુણોનું સિંચન કરનાર, सुमृळीकाय-સુખ કરનાર અને मीढुषे-સુખ પ્રદાતાને માટે नमः-સત્કાર વચન वोचम्-કહું, તેમ આપ પણ કહો.

જેમ હું इन्द्रम्-પરમૈશ્વર્યવાન अग्निम्-અગ્નિની સમાન વર્તમાન, द्युक्षम्-પ્રકાશયુક્ત, अर्यमणम्-ન્યાયાધીશ અને भगम्-ધર્મનું સેવન કરનારને કહું, તેમ આપ उप, स्तुहि-તેની સમીપ પ્રશંસા કરો.

જેમ जीवन्तः-પ્રાણ ધારણ માટે જીવતા અમે प्रजया-સુસંતાન આદિ સહિત પ્રજાની સાથે ज्योक्-નિરંતર सचेमहि-સંબંધ થાય અને सोमस्य-ઐશ્વર્યની ऊती-રક્ષા આદિ ક્રિયાની સાથે सचेमहि-સંબંધ થાય, તેમ આપનો પણ સંબંધ થાઓ. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોનું અનુકરણ કરીને, (સ્વયંને) પદાર્થ વિદ્યાને માટે પ્રવૃત્ત કરીને તથા પ્રજા અને ઐશ્વર્યને પ્રાપ્ત કરીને નિરંતર પ્રસન્ન રહેવું જોઈએ. (૬)*

**ऊ॒ती दे॒वानां॑ व॒यमिन्द्र॑वतो मंसी॒महि॒ स्वय॑शसो म॒रुद्भिः॑।**
**अ॒ग्निर्मि॒त्रो वरु॑णः॒ शर्म॑ यंसन् तद॑श्याम म॒घवा॑नो व॒यं च॥ ७॥**

પદાર્થ : હે मरुद्भिः-પ્રાણોની સાથે શ્રેષ્ઠ अग्निः-વિદ્યુત્ રૂપ અગ્નિ, मित्रः-મિત્ર, वरुणः-ચંદ્રમા, शर्म-સુખ यंसन्-આપે છે, તેમ तत्-તે સુખને इन्द्र वन्तः-બહુ જ ઐશ્વર્યયુક્ત स्वयशसः-જેને પોતાનો યશ વિદ્યમાન છે, તે वयम्-અમે देवानाम्-સત્યની કામના કરનાર વિદ્વાનોની ऊती-રક્ષા આદિ ક્રિયાથી मंसीमहि-જાણીએ; च-અને એથી वयम्-અમે मघवानः-પરમ ઐશ્વર્યયુક્ત કલ્યાણને अश्याम-ભોગવીએ. (૭)

*ભાવાર્થ : જેમ આ સંસારમાં પૃથિવી આદિ પદાર્થ સુખ અને ઐશ્વર્ય કરનારા છે, તેમ વિદ્વાનોની શિક્ષા અને સંગતિ છે. તેના દ્વારા સુખ અને ઐશ્વર્યવાન બનીને નિરંતર પ્રસન્ન રહીએ. (૭)*

સંગતિ : આ સૂક્તમાં વાયુ અને ઈન્દ્ર આદિ પદાર્થોના દૃષ્ટાન્તથી મનુષ્યોને માટે વિદ્યા અને સુશિક્ષાનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૬)

## सूक्त-१३७

सुषुमा यातमद्रिभिर्गोश्रीता मत्सरा इमे सोमासो मत्सरा इमे।
आ राजाना दिविस्पृशास्मत्रा गन्तमुप नः।
इमे वां मित्रावरुणा गवाशिरः सोमाः शुक्रा गवाशिरः॥ १॥

પદાર્થ : હે मित्रावरुणा-પ્રાણ અને ઉદાનની સમાન વર્તમાન दिविस्पृशा-શુદ્ધ વ્યવહારમાં સ્પર્શ કરનારા राजाना-પ્રકાશમાન સભા-સેનાધીશો ! જે इमे-એ अद्रिभिः-મેઘોથી गोश्रीताः-કિરણોને પ્રાપ્ત मत्सराः-આનંદ પ્રાપ્ત અમે सुषुम-કોઈ વ્યવહારને સિદ્ધ કરે તેઓને वाम्-તમે બન્ને आयतम्-આવો, સારી રીતે પ્રાપ્ત થાઓ.

જે इमे-એ मत्सराः-આનંદ પહોંચાડનારી सोमासः-સોમવલ્લી આદિ ઓષધી છે, તેને अस्मत्रा-અમને સારી રીતે પહોંચાડો.

જે इमे-गवाशिरः-ગાયો વા ઇન્દ્રિયોમાં વ્યાપ્ત થાય તેની સમાન शुक्राः-શુદ્ધ सोमाः-ઐશ્વર્ય-યુક્ત પદાર્થ અને गवाशिरः-ગાયો વા કિરણોથી વ્યાપ્ત થાય તેની તથા नः-અમારી उपागन्तम्-સમીપ પહોંચો. (૧)

*ભાવાર્થ : આ સંસારમાં જેમ પૃથિવી આદિ પદાર્થો જીવનના હેતુ છે, તેમ મેઘ અત્યંત પ્રાણદાયી છે. જેમ એ વર્તાવ કરે છે, તેમ મનુષ્ય કરે. (૧)*

इम आ यातमिन्दवः सोमासो दध्याशिरः सुतासो दध्याशिरः।
उत वामुषसो बुधि साकं सूर्यस्य रश्मिभिः।
सुतो मित्राय वरुणाय पीतये चारुर्ऋताय पीतये॥ २॥

પદાર્થ : હે વિદ્યાર્થી અને અધ્યાપક ! જે चारु-સુંદર मित्राय-મિત્રને માટે पीतये-પીવાને તથા वरुणाय-ઉત્તમજનને માટે ऋताय-સત્યાચરણ અને पीतये-પીવાને उषसः-પ્રભાતકાળના बुधि-પ્રબોધમાં સૂર્યમંડળના रश्मिभिः-કિરણોની साकम्-સાથે ઔષધિઓનો રસ सुतः-સર્વત્રથી સિદ્ધ કરેલ છે, તેને તમે आयातम्-પ્રાપ્ત કરો; તથા वाम्-તમારા માટે इमे-એ इन्दवः-આર્દ્ર અને ટપકતો सोमासः-દિવ્ય ઓષધિઓનો રસ તથા दध्याशिरः-જે પદાર્થનું દહીં સાથે ભોજન કરવામાં આવે છે તેની સમાન दध्याशिरः-દહીંયુક્ત ભોજન सुतासः-સિદ્ધ કરે છે, उत-તેને પણ પ્રાપ્ત કરો. (૨)

*ભાવાર્થ : મનુષ્યો દ્વારા આ સંસારમાં જેટલા રસ અને ઔષધિઓ બનાવવા યોગ્ય હોય, તે સર્વને; મિત્રતા, ઉત્તમકર્મોથી સેવન અને આલસ્ય આદિના નાશને માટે સમર્પિત કરી દેવા જોઈએ. (૨)*

तां वां धेनुं न वासरीमंशुं दुहन्त्यद्रिभिः सोमं दुहन्त्यद्रिभिः।

अस्मत्रा गन्तमुप नोऽर्वाञ्चा सोमपीतये।
अयं वां मित्रावरुणा नृभिः सुतः सोम आ पीतये सुतः॥ ३॥

પદાર્થ : હે मित्रावरुणा-પ્રાણ અને ઉદાનની સમાન સર્વમિત્ર અને સર્વોત્તમ સજ્જનો ! नः-અમારી अर्वाञ्चा-અભિમુખ થઈને તમે वाम्-તમારી જે वासरीम्-નિવાસ કરનારી धेनुम्-ગાયોની न-સમાન अद्रिभिः-પથ્થરોથી अंशुम्-વધેલી સોમવલ્લીને दुहन्ति-દોહીને, જલાદિથી પૂર્ણ કરીને વા अद्रिभिः-મેઘોથી सोमपीतये-શ્રેષ્ઠ ઔષધિ રસનું જે પાન કરવામાં આવે, તેને માટે सोमम्-ઐશ્વર્યને दुहन्ति-પરિપૂર્ણ કરીને ताम्-તેને अस्मत्रा-અમારી उपागन्तम्-સમીપ પહોંચાડો જે अयम्-એ नृभिः-મનુષ્યોએ सोमः-સોમવલ્લી આદિ લતાઓનો રસ सुतः-સિદ્ધ કરેલ છે, તે वाम्-તમારા માટે आपीतये-સારી રીતે પીવા માટે सुतः-સિદ્ધ કરવામાં આવેલ છે. (૩)

*ભાવાર્થ : જેમ દૂધાળી ગાયો સુખોને સોમલતા આદિનો રસ સર્વ રોગોને નષ્ટ કરે છે. (૩)*

સંગતિ : આ સૂક્તમાં સોમલતાના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની સાથે પૂર્વ સૂક્તના અર્થની સંગતિ જાણવી જોઈએ. (૧૩૭)

## सूक्त-१३८

प्रप्र पूष्णस्तुविजातस्य शस्यते महित्वमस्य तवसो न तन्दते स्तोत्रमस्य न तन्दते। अर्चामि सुम्नयन्नहमन्त्यूतिं मयोभुवम्।
विश्वस्य यो मन आयुयुवे मखो देव आयुयुवे मखः॥ १॥

પદાર્થ : જે अस्य-એ तुविजातस्य-બહુઓમાં પ્રસિદ્ધ पूष्णः-પ્રજા પોષક રાજપુરુષનો महित्वम्-મહિમા प्रप्र, शस्यते-અત્યંત પ્રશંસિત કરવામાં આવે છે; વા જે अस्य-એના तवसः-બળની स्तोत्रम्-સ્તુતિ न, तदन्ते-પ્રશંસકજન નષ્ટ કરતા નથી અર્થાત્ છોડતા નથી અને વિદ્વાને न तन्दते-નષ્ટ કરતા નથી; વા यः-જે मखः-વિદ્યા પ્રાપ્ત કરેલ देवः-વિદ્વાન विश्वस्य-સંસારના मनः-અન્તઃકરણને आयुयुवे-સર્વત્રથી બાંધીને અર્થાત્ પોતાની તરફ ખેંચે છે; વા જે मखः-યજ્ઞની સમાન વર્તમાન સુખનો आयुयुवे-સારી રીતે બાંધે છે, તે अनययूतिम्-પોતાની નજીક રક્ષા આદિ ક્રિયા રાખનાર અને मयोभुवम्-સુખની ભાવના કરાવનારા પ્રજાપોષકનું सुम्नयन्-સુખ ઇચ્છીને अहम्-હું अर्चामि-સત્કાર કરું છું. (૧)

*ભાવાર્થ : જેઓ શુભ કર્મ કરે છે, તેઓ અત્યંત પ્રશંસિત બને છે. જે સુશીલતા અને વિનય દ્વારા સર્વના ચિત્તને ધર્મયુક્ત કર્મોમાં બાંધે છે, તેઓનો સર્વેએ સત્કાર કરવો જોઈએ. (૧)*

प्र हि त्वा पूषन्नजिरं न यामनि स्तोमेभिः कृण्व ऋणवो यथा मृध उष्ट्रो न पीपरो मृधः। हुवे यत्त्वा मयोभुवं देवं सख्याय मर्त्यः।
अस्माकमाङ्गूषान् द्युम्निनस्कृधि वाजेषु द्युम्निनस्कृधि॥ २॥

પદાર્થ : હે पूषन-પુષ્ટિકર્તા ! यथा-જેમ આપ मृधः-સંગ્રામોને ऋणवः-પ્રાપ્ત કરો અર્થાત્ અમને પહોંચાડો, વા उष्ट्रः-ઊંટની न-સમાન मृधः-સંગ્રામોને पीपरः-પાર કરાવો અર્થાત્ તેનાથી ઉદ્ધાર કરો, તેમ स्तोमेभिः-સ્તુતિઓથી यामनि-પહોંચાડનારા વ્યવહારમાં अजिरम्-જ્ઞાનવાન અર્થાત્ અતિ પ્રવીણની न-સમાન त्वा-આપને प्र, कण्वे-પ્રશંસિત કરું છું અને આપને હું हुवे-હઠથી બોલાવું છું यत्-જે કારણે सख्याय-મિત્રતાને માટે मयोभुवम्-સુખકારક देवम्-મનોહર त्वा-આપને मर्त्यः-મરણ ધર્મા મનુષ્યમાં હઠથી બોલાવું છું. એ કારણે अस्माकम्-અમારા आङ्गूषान्-વિદ્યા પામેલ વીરોને द्युम्निनः-યશસ્વી कृधि-કરો અને वाजेषु-સંગ્રામોમાં द्युम्निः-પ્રશંસિત કીર્તિમાન हि-જ कृधि-કરો. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો બુદ્ધિમાન વિદ્યાર્થીઓને વિદ્યાવાન બનાવે અને શત્રુઓને જીતી લે, તેઓ કીર્તિની સાથે 'માનનીય' થાય. છે. (૨)*

यस्य ते पूषन्त्सख्ये विपन्यवः क्रत्वा चित्सन्तोऽवसा बुभुज्रिर इति क्रत्वा बुभुज्रिरे। तामनु त्वा नवीयसीं नियुतं राय ईमहे।
अहेळमान उरुशंस सरी भव वाजेवाजे सरी भव॥ ३॥

પદાર્થ : હે पूषन्-પુષ્ટિકર્તા વિદ્વાન્ ! यस्य-જેની ते-આપની सख्ये-મિત્રતામાં क्रत्वा-શ્રેષ્ઠ બુદ્ધિથી अवसा-રક્ષા આદિની સાથે विपन्यवः-વિશેષરૂપથી પોતાની પ્રશંસાના ઇચ્છુક જન नियुतम्-અસંખ્ય रायः-રાજ્ય લક્ષ્મીઓને बुभुज्रिरे-ભોગવે છે, इति-એ રીતે चित्-જ सन्तः-બનીને क्रत्वा-શ્રેષ્ઠ બુદ્ધિથી જે અસંખ્ય રાજ્યલક્ષ્મીને बुभुज्रिरे-ભોગે છે ताम्-તે नवीयसीम्-અત્યન્ત નવીન ઉક્તશ્રીને તથા अनु-અનુકૂળતાથી त्वा-આપને અમે ईमहे-માંગીએ છીએ.

હે उरुशंस-બહુ જ પ્રશંસિત વિદ્વાન્ ! અમારાથી अहेडमानः-અનાદર ન પામીને આપ वाजेवाजे-પ્રત્યેક સંગ્રામમાં सरी-પ્રશંસિત જ્ઞાતાજન જેના વિદ્યમાન છે એવા भव-થાઓ અને ધર્મયુક્ત વ્યવહારમાં પણ सरी-ઉક્ત ગુણવાન भव-બનો. (૩)

*ભાવાર્થ : જેઓ બુદ્ધિમાનોની સંગતિ તથા મિત્રતાથી નવી-નવી વિદ્યાઓ પ્રાપ્ત કરે છે, તેઓ બુદ્ધિમાન બનીને વિજયી થાય છે. (૩)*

अस्या ऊ षू ण उप सातये भुवोऽहेळमानो ररिवाँ अजाश्व श्रवस्यतामजाश्व।
ओ षू त्वा ववृतीमहि स्तोमेभिर्दस्म साधुभिः।

नहि त्वा पूषन्नतिमन्य आघृणे न ते सख्यमपह्नुवे॥ ४॥

પદાર્થ : હે पूषन्-પુષ્ટિકારક ! अजाश्व-જેના બકરાં અને ઘોડાઓ વિદ્યમાન છે એવા श्रवस्यताम्-પોતાને ધન ઈચ્છનારમાં अजाश्व-જેના બકરાં-ઘોડાંઓના તુલ્ય તેની સમાન હે વિદ્વન્ ! આપ नः-અમારા માટે अस्याः-એ શ્રેષ્ઠ બુદ્ધિનો सातये-વિભાગ કરવા ररिवान्-દાતા અને अहेडमानः-સત્કાર યુક્ત सूप, भुवः-ઉત્તમતાથી સમીપ થાઓ. मरि-હે आघृणे-સર્વત્ર પ્રકાશમાન પુષ્ટિકારક પુરુષ ! હું ते-આપનો सख्यम्-મિત્રભાવ અને મિત્રતાના કામને न, अपह्नुवे-છૂપાવું નહિ त्वा-આપનું नहि, अतिमन्ये-અત્યંત માન ન કરું પરંતુ આપને યથાયોગ્ય માનું उ-અને ओ-હે दस्म-દુ:ખનાશક स्तोमेभिः-સ્તુતિઓથી યુક્ત साधुभिः-સજ્જનોની સાથે વર્તમાન અમે त्वा-આપશ્રી सु, ववृतीमहि-સારી રીતે નિરંતર વર્તન કરીએ અર્થાત્ આપને અનુકૂળ બનીએ. (૪)

*ભાવાર્થ : ધાર્મિક વિદ્વાનોની સાથે પ્રસિદ્ધ રૂપમાં મિત્રતા રાખીને અનેક પ્રકારની બુદ્ધિઓ સર્વ મનુષ્યોએ પ્રાપ્ત કરવી જોઈએ. કદીપણ શિષ્ટ મનુષ્યોનું અપમાન ન કરવું જોઈએ. (૪)*

સંગતિ : આ સૂક્તમાં પુષ્ટિકર્તા વિદ્વાન તથા ધાર્મિક સામાન્યજનની પ્રશંસાનું વર્ણન હોવાથી આસૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૮)

## સૂક્ત-૧૩૯

अस्तु श्रौषट् पुरो अग्निं धिया दध आ नु तच्छर्धो दिव्यं वृणीमह इन्द्रवायू
वृणीमहे। यद्ध क्राणा विवस्वति नाभा सन्दायि नव्यसी।
अध प्र सू न उप यन्तु धीतयो देवाँ अच्छा न धीतयः॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! धीतयः-આંગળીઓની न-સમાન धीतयः-ધારણ કરનાર આપ धिया-કર્મથી नः-અમને देवान्-વિદ્વાનોને अच्छ-સારી રીતે उप, यन्तु-થાઓ. જેઓએ विवस्वति-સૂર્યમંડળમાં नाभा-મધ્યભાગની આકર્ષણ વિદ્યા અર્થાત્ સૂર્યમંડળના પ્રકાશમાં બહુ જ પ્રકાશને યન્ત્ર કલાઓથી ખેંચીને તેની ઉષ્ણતા એકત્ર કરવામાં नव्यसी-અત્યંત નવીન શ્રેષ્ઠ બુદ્ધિ વા કર્મ संदायि-સમ્યક્ આપ્યા તે क्राणा-કર્મ કરવાના હેતુ इन्द्रवायू-વિદ્યુત્ અને પ્રાણ ह-જ ને અમે सु, वृणीमहे-સુંદર રીતે ધારણ કરીએ. હું જે श्रौषट्-હવિષ પદાર્થ આપનારી વિદ્યા બુદ્ધિ पुरः-પૂર્ણ अग्निम्-વિદ્યુત્ અને दिव्यम्-શુદ્ધ પ્રાણીમાં થયેલ शर्धः-બળને आ, दधे-સારી રીતે ધારણ કરું. यत्-જે પ્રાણ વિદ્યુત્જન્ય સુખને અમે प्र, वृणीमहे-સારી રીતે સ્વીકાર કરીએ अध-તદન્તર तत्-તે સુખ સર્વને नु अस्तु-શીઘ્ર પ્રાપ્ત થાય.

*ભાવાર્થ : હે મનુષ્યો જેમ આંગળીઓ સર્વ કામોમાં ઉપયુક્ત બને છે, તેમ તમે પણ પુરુષાર્થમાં (ઉપયુક્ત) બનો. જેથી તમારામાં બળની વૃદ્ધિ થાય. (૧)*

यद्ध त्यन्मित्रावरुणावृतादध्याददाथे अनृतं स्वेन मन्युना दक्षस्य स्वेन मन्युना।

युवोरित्थाधि सद्मस्वपश्याम हिरण्ययम्।
धीभिश्चन मनसा स्वेभिरक्षभिः सोमस्य स्वेभिरक्षभिः॥ २॥

પદાર્થ : હે मित्रावरुणौ-પ્રાણ અને ઉદાનની સમાન વર્તમાન સભા-સેનાધીશો ! सदमसु-ઘરોમાં मनसा-શ્રેષ્ઠ બુદ્ધિથી धीभिः-કામોથી सोमस्य-ઐશ્વર્યનું स्वेभिः-નિજ ઉત્તમોત્તમ જ્ઞાન વા अक्षभिः-પ્રાણની સમાન स्वेभिः-નિજ अक्षभिः-ઇન્દ્રિયોની સાથે વર્તાવ રાખીને અમે युवोः-તમારા ઘરોમાં हिरण्ययम्-સુવર્ણમય ધનને अधि, अपश्याम-અધિક નિહાળીએ चन-અને પણ यत्-જે સત્ય છે, त्यत् ह-તેને જ ऋतात्-સત્ય જે ધર્માનુકુળ વ્યવહાર હોય તેને ગ્રહણ કરીએ. स्वेन-નિજ मन्युना-ક્રોધના વ્યવહારના दक्षस्य-બળની સાથે अनृतम्-મિથ્યા વ્યવહારને છોડીએ, તમે પણ स्वेन-પોતાના मन्युना-ક્રોધ રૂપી મિથ્યા વ્યવહારને છોડો. જેમ આપ સત્ય વ્યવહારથી સત્યને अभि, आ ददाथे-અધિક રૂપમાં ગ્રહણ કરો. इत्था-એ રીતે અમે પણ ગ્રહણ કરીએ. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરીને તથા પોતાના પુરુષાર્થથી પૂર્ણ બળ અને ઐશ્વર્ય (પ્રાપ્ત) કરીને પોતાના અન્તઃકરણ અને પોતાની ઈન્દ્રિયોને સત્ય કર્મમાં પ્રવૃત્ત કરવી જોઈએ. (૨)*

युवां स्तोमेभिर्देवयन्तो अश्विनाश्रावयन्तइव श्लोकमायवो३ युवां हव्याभ्या३ यवः। युवोर्विश्वा अधि श्रियः पृक्षश्च विश्ववेदसा।
प्रुषायन्ते वां पवयो हिरण्यये रथे दस्रा हिरण्यये॥ ३॥

પદાર્થ : હે अश्विना-વિદ્યા અને ન્યાયનો પ્રકાશ કરનારા વિદ્વાનો ! श्लोकम्-તમારા યશનું आश्रावन्यतइव-સર્વત્રથી શ્રવણ કરનારા स्तोमेभिः-સ્તુતિઓથી युवाम्-તમારી देवयन्तः-કામના કરનારા જન युवाम्-તમારી अभि-સન્મુખ हव्या-લેવા યોગ્ય હોમના પદાર્થોને आयवः-પ્રાપ્ત કરેલ વળી માત્ર એટલું જ નહિ પરંતુ હે दस्रा-દુઃખ દૂર કરનારા विश्ववेदसा-સમસ્ત જ્ઞાનયુક્ત ઉક્ત વિદ્વાનો ! જેમ वाम्-તમારા हिरण्यये-સુવર્ણમય रथे-વિહારની સિદ્ધિ કરનારા રથમાં पवयः-ચક્ર વા પૈડાની સમાન प्रुषायन्ते-મધુરતા આદિને ભરે છે, તેમ युवोः-તમારી સહાયથી हिरण्यये-સુવર્ણરથમાં विश्वाः-સમગ્ર अधि-અધિક श्रियः-સંપત્તિઓને च-તથા पृक्षः-અન્નાદિ પદાર્થોને आयवः-પ્રાપ્ત થયેલ છે. (૩)

*ભાવાર્થ : જે લોકો પૂર્ણ વિદ્યાવાન આપ્ત પુરુષોનો આશ્રય કરે છે, તેઓ ધન-ધાન્ય આદિ ઐશ્વર્યોથી પૂર્ણ બની જાય છે. (૩)*

अचेति दस्रा व्यू१नाकमृण्वथो युञ्जते वां रथयुजो दिविष्टिष्वध्वस्मानो दिविष्टिषु। अधि वां स्थाम बन्धुरे रथे दस्रा हरिण्यये।

पथेव यन्तावनुशासता रजोऽञ्जसाशासतारजः॥ ४॥

પદાર્થ : હે दस्रा-દુઃખ કરનારા વિદ્વાનો ! આપ જે नाकम्-દુઃખ રહિત વ્યવહારને व्यृण्वथः-પ્રાપ્ત કરાવો છો તથા दिविष्टिषु-આકાશ માર્ગોમાં वाम्-તમારા रथयुजः-રથને યુક્ત કરનારા અગ્નિ આદિ પદાર્થ વા दिविष्टिषु-દિવ્ય વ્યવહારોમાં अध्वस्मानः-નીચે દશામાં ન પડનાર જન युञ्जते-રથને યુક્ત કરે છે, તે अचेति-જ્ઞાન થાય છે, જાણવામાં આવે છે એથી उ-જ હે दस्रा-દુઃખ દૂર કરનારા रजः-લોકોને अनुशासता-અનુકૂળ શિક્ષા આપવા अञ्जसा-સાક્ષાત્ रजः-ઐશ્વર્યની शासता-શિક્ષા આપવા पथेव-જેમ માર્ગમાં, તેમ આકાશમાર્ગમાં यन्तौ-ચલાવનારાઓ वाम्-તમારા हिरण्यये-સુવર્ણમય बन्धुरे-દઢ બંધનોથી યુક્ત रथे-વિમાન આદિ રથમાં અમે अधि ष्ठाम-અધિષ્ઠિત થઈએ = બેસીએ. (૪)

*ભાવાર્થ : જે વિદ્વાનોને પ્રાપ્ત કરીને (તેઓથી) શિલ્પ વિદ્યા ભણીને વિમાનાદિ યાનનું નિર્માણ કરીને અન્તરિક્ષમાં જાય છે, તેઓ સુખ પ્રાપ્ત કરે છે. (૪)*

शचीभिर्नः शचीवसू दिवा नक्तं दशस्यतम्।
मा वां रातिरुप दसत्कदा चनास्मद्रातिः कदा चन॥ ५॥

પદાર્થ : હે शचीवसू-શ્રેષ્ઠ બુદ્ધિનો વાસ કરાવનારા વિદ્વાનો ! તમે दिवा-દિવસ વા नक्तम्-રાત્રિમાં शचिभिः-કર્મોથી नः-અમને વિદ્યા दशस्तम्-પ્રદાન કરો वाम्-તમારા रातिः-પ્રદાન कदा, चन-કદી પણ નાશ પામે નહિ. (૫)

*ભાવાર્થ : આ સંસારમાં અધ્યાપક અને ઉપદેશક સુશિક્ષિત વાણીથી દિવસ-રાત વિદ્યાઓનો ઉપદેશ કરે, જેથી કોઈની પણ ઉદારતા નાશ પામે નહિ. (૫)*

वृषन्निन्द्र वृषपाणास इन्दव इमे सुता अद्रिषुतास उद्भिदस्तुभ्यं सुतास उद्भिदः।
ते त्वा मदन्तु दावने महे चित्राय राधसे।
गीर्भिर्गिर्वाहः स्तवमान आ गहि सुमृळीको न आ गहि॥ ६॥

પદાર્થ : હે वृषन्-સિંચન સમર્થ અતિ બળવાન ! इन्द्र-પરમૈશ્વરયુક્ત જન જે इमे-એ तुभ्यम्-તમારા માટે वृषपाणासः-મેઘ જેથી વર્ષે છે, તે વર્ષા બિન્દુથી પાન કરનાર એવા अद्रिषुतासः-જે મેઘથી ઉત્પન્ન उभ्दिदः-પૃથિવીનું વિદારણ કરીને-ફાડીને પ્રસિદ્ધ થનાર इन्दवः-અને રસવાન વૃક્ષ सुताः-ઉત્પન્ન થયેલ તથા उभ्दिदः-વિદારણ ભાવને પ્રાપ્ત અર્થાત્ કૂટી પીસીને બનાવેલ ઓષધ આદિ પદાર્થ सुतासः-ઉત્પન્ન થયેલ છે, ते-તેઓ दावने-સુખદાયક, महे-મહાન, चित्राय-અદ્‌ભુત राधसे-ધનને માટે त्वा-આપને मदन्तु-આનંદિત કરે.

હે गिर्वाहः-ઉપદેશરૂપી વાણીઓની પ્રાપ્તિ કરાવનાર આપ गीर्भिः-શાસ્ત્રયુક્ત વાણીઓથી स्तवमानः-ગુણોનું કીર્તન કરતા नः-અમારા પ્રતિ आ, गहि-આવો તથા सुमृडीकः-ઉત્તમ સુખદાયક બનીને અમારી પાસે आ, गहि-આવો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ એવી ઔષધિના રસનું અને ઓષધિઓનું સેવન કરવું જોઈએ, જે પ્રમાદ ઉત્પન્ન ન કરે, જેનાથી ઐશ્વર્યની વૃદ્ધિ થાય. (૬)*

**ओ षू णो॑ अग्ने शृणुहि॒ त्वमी॑ळितो दे॒वेभ्यो॑ ब्रवसि य॒ज्ञियेभ्यो॒ राज॑भ्यो यज्ञियेभ्यः। यद्ध॒ त्यामङ्गि॑रोभ्यो धे॒नुं दे॑वा॒ अद॑त्तन।**
**वि तां दु॑ह्रे अर्य॒मा क॒र्त्तरि॒ सचाँ॑ ए॒ष तां वे॑द मे॒ सचा॑॥ ७॥**

પદાર્થ : હે अग्ने-વિદ્વાન ! અમે ईडितः-સ્તુતિ પ્રશંસા યુક્ત કરેલ त्वम्-આપ यज्ञियेभ्यः-યજ્ઞાનુષ્ઠાન કરવાને યોગ્ય देवेभ्यः-વિદ્વાનો તથા यज्ञियेभ्यः-અશ્વમેધાદિ યજ્ઞ કરવાને યોગ્ય राजभ्यः-રાજ્ય કરનારા ન્યાયાધીશોને માટે ब्रवसि-કહો છો એ કારણે આપ नः-અમારા વચનને ओ, षु, श्रुणुहि-જેમ શોભે તેમજ સાંભળો.

હે देवाः-વિદ્વાનો यत्-ह, त्याम्-જે પ્રસિદ્ધ જ धेनुम्-ગુણોને પરિપૂર્ણ કરનારી વાણીને તમે अङ्गिरोभ्यः-પ્રાણ વિદ્યાના જ્ઞાતાને માટે अदत्तन-આપો. ताम्-તેને તથા જેને कर्त्तरि-કર્મ કરનારને નિમિત્ત सचा-સહાનુભૂતિ કરનાર अर्यमा-ન્યાયાધીશ वि, दुह्रे-પૂરણ કરે છે, ताम्-તે વાણીને मे મારા सचा-સહાયી एष-એ ન્યાયાધીશ वेद-જાણે છે. (૭)

*ભાવાર્થ : અધ્યાપકોની એ યોગ્યતા છે, કે સર્વ વિદ્યાર્થીઓને નિષ્કપટતાથી સમસ્ત વિદ્યા પ્રતિદિન ભણાવીને પરીક્ષાને માટે તે ભણેલને સાંભળે, જેથી ભણેલ વિદ્યાર્થીઓ તેને ભૂલે નહિ. (૭)*

**मो षु वो॑ अ॒स्मद॒भि तानि॒ पौंस्या॒ सना॑ भूवन् द्युम्नानि॒ मोत जा॑रिषुर॒स्मत्पु॒रोत जा॑रिषुः। यद् व॑श्चि॒त्रं यु॒गेयु॑गे॒ नव्यं॒ घोषा॒दम॑र्त्यम्।**
**अ॒स्मासु॒ तन्म॑रुतो॒ यच्च॑ दु॒ष्टरं॑ दिधृ॒ता यच्च॑ दु॒ष्टर॑म्॥ ८॥**

પદાર્થ : હે मरुतः-પ્રત્યેક ઋતુમાં યજ્ઞ કરનારા વિદ્વાનો ! वः-તમારા तानि-તે मना-સનાતન पौंस्या-પુરુષોમાં ઉત્તમ બળ अस्मत्-અમારાથી मो, अभि, भूवन्-તિરસ્કૃત ન થાય, જે पुरा उत-પહેલાં પણ जारिषुः-નષ્ટ થયેલ उत-તે પણ द्युम्नानि-યશ વા ધન अस्मत्-અમારાથી मा, जारिषुः-ફરી નષ્ટ ન થાય, यत्-જે वः-તમારા युगे युगे-પ્રત્યેક યુગમાં चित्रम्-અદ્‌ભુત अमर्त्यम्-અવિનાશી नव्यम्-નવીનોમાં થયેલ યશ यत्, च-અને જે दुस्तरम्-શત્રુઓને દુઃખથી પાર થવા યોગ્ય બળ, यत्-च-અને જે दुस्तरम्-શત્રુઓને દુઃખથી પાર કરવા યોગ્ય કામ घोषात्-વાણીથી તમે दिधृत्-ધારણ કરો तत्-તે अस्मासु-અમારામાં सु-જેમ શ્રેષ્ઠતા થાય, તેમ ધારણ કરો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ એવી કામના કરવી જોઈએ અને પ્રયત્ન કરવો જોઈએ કે જેથી બળ, કીર્તિ, ધન, આયુ અને રાજ્યની નિત્ય વૃદ્ધિ થાય. (૮)*

**दध्यङ् ह मे जनुषं पूर्वो अङ्गिराः प्रियमेधः कण्वो अत्रिर्मनुर्विदुस्ते मे पूर्वे मनुर्विदुः। तेषां देवेष्वायतिरस्माकं तेषु नाभयः।**

**तेषां पदेन मह्या नमे गिरेन्द्राग्नी आ नमे गिरा॥ ९॥**

પદાર્થ : જે दध्यङ्-ધારણ કરનારાઓને પ્રાપ્ત થનાર पूर्वः-શુભ ગુણોથી પરિપૂર્ણ अङ्गिराः-પ્રાણ વિદ્યાના જ્ઞાતા प्रियमेधः-જેને ધારણાવતી બુદ્ધિ પ્રિય છે, તે अत्रिः-સુખોને ભોગનાર, मनुः-વિચારશીલ અને कण्वः-મેધાવીજન मे-મારા महि-મહાન जनुषम्-વિદ્યારૂપ જન્મને ह-પ્રસિદ્ધ विदुः-જાણે છે, તેઓ मे-મારા पूर्वे-શુભ ગુણોથી પરીપૂર્ણ પૂર્વજન એ मनुः-જ્ઞાનવાન છે એ પણ विदुः-જાણે છે; ते-તેઓ मे-મારા पूर्वे-શુભ ગુણોથી પરિપૂર્ણ પૂર્વજન એ मनुः-જ્ઞાનવાન છે. એ પણ विदुः-જાણે છે, तेषाम्-તેઓનો देवेषु-વિદ્વાનોમાં आयतिः-સમ્યક્ વિસ્તાર છે, अस्माकम्-અમારો तेषु-તેઓમાં नाभयः-સંબંધ છે. तेषाम्-તેઓને पदेन-પ્રાપ્ત કરવા યોગ્ય વિજ્ઞાન અને गिरा-વાણીથી હું आ, नभे-સારી રીતે નમ્ર બનું છું, જે इन्द्राग्नी-પ્રાણ અને વિદ્યુત્‌ના અધ્યાપક અને ઉપદેશક હોય, તેને હું गिरा-વાણીથી आ, नभे-નમસ્કાર કરું છું. (૯)

*ભાવાર્થ : સંસારમાં જે વિદ્વાનો છે, તે જ વિદ્વાનોના પ્રભાવને જાણી શકે છે, તુચ્છ હૃદયવાળા નહિ. જેઓ જેનાથી વિદ્યાઓ ગ્રહણ કરે, તેઓ તેઓનું સદા પ્રિયાચરણ કરે. અન્ય સર્વ મનુષ્યોએ આપ્ત વિદ્વાનોના માર્ગ પર જ ચાલવું જોઈએ, અન્ય મૂર્ખાઓનો (માર્ગ) પર નહિ. (૯)*

**होता यक्षद् वनिनो वन्त वार्यं बृहस्पतिर्यजति वेन उक्षभिः पुरुवारेभिरुक्षभिः।**

**जगृभ्मा दूरआदिशं श्लोकमद्रेरध त्मना।**

**अधारयदरिन्दानि सुक्रतुः पुरू सद्मानि सुक्रतुः॥ १०॥**

પદાર્થ : होता-સદ્‌ગુણ ગ્રહણ કરનાર જન पुरुवारेभिः-જેનો સ્વીકાર કરવા યોગ્ય ગુણ છે, તે उक्षभिः-મહાત્માઓની સાથે જે वार्यम्-સ્વીકાર કરવા યોગ્યજનનો यक्षत्-સંગ કર; વા જેનો સ્વીકાર કરવા યોગ્ય ગુણ તે उक्षभिः-મહાત્માજનોની સાથે વર્તમાન वेनः-કામના કરનાર અને बृहस्पतिः-મહાન વાણીના પાલક વિદ્વાન જે સ્વીકાર કરવા યોગ્યનો यजति-સંગ કરે છે सुक्रतुः-સુંદર બુદ્ધિવાળા જન त्मना-આપથી જે पुरु-બહુ જ सदमानि-પ્રાપ્ત થવા યોગ્ય પદાર્થોને अधारयत्-ધારણ કરાવે; વા सुक्रतुः-શ્રેષ્ઠ કર્મ કરનાર જન अद्रेः-જેમ મેઘથી अररिन्दानि-જળને, તેમ दूर आदिशम्-દૂરથી જે કહેવામાં આવે તે વિષય અને श्लोकम्-વાણીને ધારણ કરાવે, તે સર્વમાં वनिनः-પ્રશંસનીય વિદ્યા કિરણો જેના વિદ્યમાન છે, તે સજ્જન वन्त-સારી રીતે સેવન કરે, अधः-એના પછી ઉક્ત સમસ્ત વિષયને અમે પણ जगृभ्म-ગ્રહણ કરીએ. (૧૦)

*ભાવાર્થ : જેમ મેઘથી ચ્યુત જળ સર્વ પ્રાણીઓ તથા અપ્રાણીઓને જીવાડે છે, તેમ વેદ આદિ વિદ્યાઓને ભણાવનાર ભણનારથી પ્રાપ્ત કરેલ સર્વ મનુષ્યોની વૃદ્ધિ-ઉન્નતિ કરે છે.*

*જેમ મહાન આપ્તજનોની સાથે સંપર્ક કરવાથી સજ્જન લોકો જાણવા યોગ્યને જાણી લે છે, તેમ વિદ્યાના સંસર્ગથી મનુષ્ય ઈચ્છિત (વિષય)ને પ્રાપ્ત કરી લે છે. (૧૦)*

ये दे॑वासो दि॒व्येका॑दश॒ स्थ पृ॑थि॒व्यामध्येका॑दश॒ स्थ।
अ॒प्सु॒क्षितो॑ महि॒नैका॑दश॒ स्थ ते दे॑वासो य॒ज्ञमि॒मं जु॑षध्वम्॥ ११ ॥

પદાર્થ : હે देवासः-વિદ્વાનો ! તમે ये-જે दिवि-સૂર્યાદિ લોકમાં एकादश-દશ પ્રાણ અગિયારમો જીવ स्थ-છે; વા જે पृथिव्याम्-પૃથિવીમાં एकादश-ઉક્ત અગિયાર ગણનું अधि, स्थ-સ્થાન છે; વા જે महिना-મહત્ત્વની સાથે अप्सुक्षितः-અન્તરિક્ષ વા જળમાં નિવાસ કરનારા एकादश-દશ ઈન્દ્રિય અને એક મન स्थ-છે, ते-તેમને જેમ છે, તેમ તેઓને જાણીને હે देवासः-વિદ્વાનો ! તમે इमम्-એ यज्ञम्-સંગ કરવા યોગ્ય વ્યવહાર રૂપ યજ્ઞનું जुषध्वम्-પ્રીતિપૂર્વક સેવન કરો. (૧૧)

*ભાવાર્થ : ઈશ્વરની આ સૃષ્ટિમાં જે પદાર્થો સૂર્યાદિ લોકમાં છે અર્થાત્ જે અન્યત્ર છે, તે જ અહીં છે અને જેટલા અહીં છે, તેટલા જ ત્યાં છે. તેને યથાવત્ જાણીને મનુષ્યોએ નિરંત યોગ ક્ષેમ કરવા જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના શીલનું વર્ણન હોવાથી તેના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૩૯)

## સૂક્ત-૧૪૦

वे॒दि॒षदे॑ प्रि॒यधा॑माय सु॒द्युते॑ धा॒सिमि॑व॒ प्र भ॑रा॒ योनि॑म॒ग्नये॑।
वस्त्रे॑णेव वासया॒ मन्म॑ना॒ शुचिं॑ ज्यो॒तीर॑थं शु॒क्रव॑र्णं तमो॒हन॑म्॥ १ ॥

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ मन्मना-જેનાથી માનતા, જાણતા તે વિચારથી वेदिषदे-જે વેદીમાં સ્થિર થાય તે अग्नये-અગ્નિને માટે धासिमिव-જેથી પ્રાણોને ધારણ કરાય તે અન્નની સમાન જેમ હવન કરવા યોગ્ય પદાર્થોને, તેમ प्रियधामाय-જેને સ્થાન પ્રિય તે सुद्युते-સુંદર કાન્તિમાન વિદ્વાનને માટે योनिम्-ઘરને प्र, भर-સમ્યક્ ધારણ કરીને તે ज्योतीरथम्-જ્યોતિની સમાન तमोहनम्-અંધકાર વિનાશક शुक्रवर्णम्-શુદ્ધ સ્વરૂપ शुचिम्-પવિત્ર મનોહર યાનને वस्त्रेणेव-વસ્ત્રથી वासय-ઢાંકો. (૧)

*ભાવાર્થ : જેમ હોતાજન અગ્નિમાં કાષ્ઠ રાખીને તથા ઘી આદિ હવિ હોમીને એ (અગ્નિ)ની વૃદ્ધિ કરે છે, તેમ પવિત્ર મનુષ્યોએ ભોજન અને વસ્ત્રોથી વિદ્વાનની વૃદ્ધિ કરવી જોઈએ. (૧)*

अ॒भि द्वि॒जन्मा॑ त्रि॒वृदन्न॑मृज्यते संव॒त्स॒रे वा॑वृधे ज॒ग्धमी॑ पुन॑ः।

अ॒न्यस्या॒सा जि॒ह्वया॒ जेन्यो॒ वृषा॒ न्य१॒॑न्येन॒ व॒निनो॑ मृष्ट वा॒र॒णः॥ २॥

પદાર્થ : જેઓએ संवत्सरे-સંવત્સરના અન્તે त्रिवृत्-જ્ઞાન, કર્મ અને ઉપાસના વિષયમાં જે સાધન રૂપથી વર્તમાન તે अन्नम्-ભોગવવા યોગ્ય પદાર્થ વા ऋञ्यते-ઉપાર્જન કર્યા કર अन्यस्य-અન્યના आसा-મુખ અને जिह्वया-જીભની સાથે ईम्-તે જ અન્ન पुनः-વારં-વાર जग्धम्-ભોજન કરેલ હોય, તે द्विजन्मा-વિદ્યામાં દ્વિતીય જન્મવાળા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય કુળના જન अभि, वावृधे-સર્વત્રથી વધીને जेन्यः-વિજયશીલ અને वृषा-બળદની સમાન અત્યંત બળવાન બને છે, એથી अन्येन-અને મિત્રવર્ગની સાથે वारणः-સમસ્ત દોષોની નિવૃત્તિ કરનાર તું वनिनः-જળને नि, मृष्ट-નિરંતર શુદ્ધ કર. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો અન્ન આદિ પદાર્થોનો પુષ્કળ માત્રામાં સંચય કરીને, તેને સુસંસ્કૃત કરીને ખાય છે તથા અન્યોને ખવડાવે છે અને હવન આદિ દ્વારા વર્ષાની શુદ્ધિ કરે છે, તેઓ બળવાન બને છે. (૨)*

कृ॒ष्ण॒प्रु॒तौ वे॑वि॒जे अ॒स्य स॒क्षिता॑ उ॒भा त॑रेते अ॒भि मा॒तरा॒ शिशु॑म्।
प्रा॒चाजि॑ह्वं ध्व॒सय॑न्तं तृषु॒च्यु॒तमा साच्यं॒ कुप॑यं॒ वर्ध॑नं पि॒तुः॥ ३॥

પદાર્થ : જે प्राचाजिह्वम्-દૂધ આદિ પ્રદાન પૂર્વે સારી રીતે જીભ કાઢવી, ध्वसयन्तम्-ચંચળતાથી નીચે પડવું વા तृषुच्युतम्-શીઘ્ર પડેલ आ, साच्यम्-સમ્યક્ સંબંધ કરનાર અર્થાત્ ઉપાડી લેનાર कुपयम्-ગુપ્ત રાખવા યોગ્ય અને पितुः-પિતાના वद्र्धनम्-યશ અને પ્રેમ વધારનાર शिशुम्-બાળકને सक्षितौ-એક સાથે રહેનારી मातरा-ધાત્રી અને માતા अभि, तरेते-દુઃખથી ઉત્તીર્ણ કરતી अस्य-એ બાળકની તે उभा-બન્ને માતાઓ कृष्णप्रुतौ-વિદ્વાનોના ઉપદેશથી ચિત્તના આકર્ષણ ધર્મને પ્રાપ્ત કરીને वेविजे-નિરંતર કંપે છે અર્થાત્ ડરે છે, કે બાળકને જરા પણ દુઃખ ન થાય. (૩)

*ભાવાર્થ : વિદ્વાનોએ સદ્ અસદ્ = સારા ખરાબ જ્ઞાનને વધારનારા, રોગ આદિ ક્લેશોનો નાશ કરનારા અને પ્રેમને ઉત્પન્ન કરનારા ઉપદેશને પ્રાપ્ત કરેલી બાળકી બન્ને માતા (જન્મદાત્રી અને ધાત્રી) પોતાના પ્રેમના કારણે સદા ડરતી રહે છે. (૩)*

मु॒मु॒क्ष्वो॒३॒ मन॑वे मानवस्य॒ते र॑घु॒द्रुवः॑ कृ॒ष्णसी॑तास ऊ॒ जुवः॑।
अ॒स॒म॒ना अ॑जि॒रासो॑ रघु॒ष्यदो॒ वात॑जूता॒ उप॑ युज्यन्त आ॒शवः॑॥ ४॥

પદાર્થ : જેઓ मुमुक्ष्वः-સંસારથી મુક્તિના ઇચ્છુક છે, તેઓ रघुद्रुवः-સ્વાદિષ્ટ અન્નને પ્રાપ્ત થનારા, जुवः-વેગવાન, असमनाः-અસમાન મનયુક્ત, अजिरासः-જેને શીઘ્ર પ્રાપ્ત છે, रघुस्यदः-સન્માર્ગગામી वातजूताः-પવન સમાન વેગવાન, आशवः-શુભ ગુણોમાં વ્યાપ્ત, कृष्णसीतासः-જેનાથી ખેતીના કામ ખેડૂત ખેતીના કામોમાં उ-તર્ક-વિતર્કની સાથે उप, युज्यन्ते-ઉપયોગ કરે છે, તેમ मानवस्यते-પોતાને મનુષ્યોની ઇચ્છા કરનારાઓ मनवे-મનનશીલ વિદ્વાન યોગી પુરુષને માટે ઉપયોગ કરે. (૪)

*ભાવાર્થ : જેમ ખેડૂત ખેતરને સારી રીતે ખેડીને, તૈયાર કરીને તથા બીજ વાવીને (અન્નરૂપી)*

*ફળયુક્ત બને છે, તેમ મુમુક્ષુજન દમથી ઈન્દ્રિયોને વશમાં કરીને, શમથી મનને શાન્ત કરીને તથા પોતાના આત્માને પવિત્ર કરીને બ્રહ્મજ્ઞાની જનોની સેવા કરે. (૪)*

**आदस्य ते ध्वसयन्तो वृथेरते कृष्णमभ्वं महि वर्पः करिक्रतः।**

**यत्सीं महीमवनिं प्राभि मर्मृशदभिश्वसन्स्तनयन्नेति नानदत्॥ ५॥**

પદાર્થ : यत्-જે कृष्णम्-કાળા રંગના अभ्वम्-ન થનારા महि-મહાન वर्पः-રૂપને ध्वसयन्तः-વિનાશ કરવા સમાન करिक्रतः-અત્યંત કાર્ય કરનારા જન वृथा-મિથ્યા प्ररते-પ્રેરણા કરે છે, ते-તેઓ अस्य-એ મોક્ષની પ્રાપ્તિને યોગ્ય નથી.

જે महीम्-મહાન अवनिम्-પૃથિવીને अभि, मर्मृशत्-સર્વત્રથી અત્યંત સહન કરતાં, अभिश्वसन्-ચોતરથી શ્વાસ લેતા, नानदत्-અત્યંત બોલતા અને स्तनयन्-વિદ્યુત્ સમાન ગર્જના કરતા શ્રેષ્ઠ ગુણોને सीम्-સર્વત્રથી एति-પ્રાપ્ત કરે છે आत्-એ પછી તે મુક્તિને પ્રાપ્ત થાય છે. (૫)

*ભાવાર્થ : જે મનુષ્યો આ સંસારમાં શરીરને માટે અધર્મનું આચરણ કરે છે, તેઓ દૃઢ બંધનને પ્રાપ્ત થાય છે. પરંતુ જે શાસ્ત્ર ભણીને, યોગનો અભ્યાસ કરીને ધર્મનું આચરણ કરે છે, તેઓની મુક્તિ થાય છે. (મોક્ષ પ્રાપ્ત કરે છે.) (૫)*

**भूषन् न योऽधि बभ्रूषु नम्नते वृषेव पत्नीरभ्यैति रोरुवत्।**

**ओजायमानस्तन्वश्च शुम्भते भीमो न शृङ्गा दविधाव दुर्गृभिः॥ ६॥**

પદાર્થ : यः-જે भूषन्-અલંકૃત કરવાની न-સમાન बभ्रूषु-ધર્મ ધારિણીઓમાં अधि, नम्नते-અધિક નમ્ર થઈને વા पत्नीः-યજ્ઞ સંબંધીની સ્ત્રીઓને रोरुवत्-અત્યંત વાતચીત કહી સંભળાવે વા वृषेव-જેમ બળદની સમાન બળને તથા दुर्गृभिः-દુઃખથી પકડવા યોગ્ય भीमः-ભયંકર સિંહ शृङ्गा-શિંગડાઓને न-તેમ ओजायमानः-બળદની સમાન આચરણ કરીને तन्वः-શરીરને च-પણ शुम्भते-સુંદર સુશોભિત કરીને વા दविधाव-નિરંતર ચલાવતા અર્થાત્ ચેષ્ટા કરતા અત્યંત સુખને अभि, एति-પ્રાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : જે સિંહની સમાન મુશ્કેલીથી પકડમાં આવનાર, વૃષભ = સાંઢ (બળદ)ની સમાન બળવાન, પુષ્ટ અને નીરોગ શરીરવાળા એ મહા ઓષધિઓનું સેવન કરનારા મનુષ્યો સર્વ સજ્જનો સુશોભિત કરે, તેઓ આ સંસારમાં સુશોભિત થાય છે. (૬)*

**स संस्तिरो विष्टिरः सं गृभायति जानन्नेव जानतीर्नित्य आ शये।**

**पुनर्वर्धन्ते अपि यन्ति देव्यमन्यद् वर्षः पित्रोः कृण्वते सचा॥ ७॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ सः-તે संस्तिरः-સમ્યક આચ્છાદક = ઢાંકનાર विष्टिरः-સુખ વિસ્તારક

વિદ્વાન सं, गृभायति-સુંદરતાથી સારા પદાર્થોને ગ્રહણ કરે છે, તેમ जानन्-જાણીને नित्यः-નિત્ય હું जानतीः-જ્ઞાનવતી શ્રેષ્ઠ સ્ત્રીઓની एव-જ आ, शये-પાસે શયન કરું છું.

જેઓ पित्रोः-માતા-પિતાના अन्यत्-અને देव्यम्-વિદ્વાનોમાં પ્રસિદ્ધ वर्षः-રૂપને अपि, यन्ति-નિશ્ચયથી પ્રાપ્ત થાય છે, તેઓ पुनः-વારંવાર वर्द्धन्ते-વૃદ્ધિ પામે છે અને कृण्वते-શ્રેષ્ઠ કાર્યોને પણ કરે છે, તેમ તમે પણ सचा-સોંપેલ અર્થાત્ મળેલ કામ કરો. (૭)

*ભાવાર્થ : જે વિદ્યાવાન પુરુષોની સાથે વિદુષી સ્ત્રીઓનો વિવાહ થાય છે, તેની સદા વૃદ્ધિ = ઉન્નતિ થાય છે. જે ઉત્તમ ગુણોને ગ્રહણ કરે છે, તે આ જન્મમાં પુરુષાર્થી બનીને પરજન્મમાં પણ સુખી થાય છે. (૭)*

**तमग्रुवः केशिनीः सं हि रेभिर ऊर्ध्वास्तस्थुर्मम्रुषीः प्रायवे पुनः।**
**तासां जरां प्रमुञ्चन्नेति नानदसुं परं जनयञ्जीवमस्तृतम्॥ ८॥**

પદાર્થ : જે अग्रुवः-અગ્રણી केशिनीः-પ્રશંસિત કેશયુક્ત યુવાવસ્થા પ્રાપ્ત કન્યા तम्-તે વિદ્વાન પતિને सं रेभिरे-સુંદરતાથી કહે છે, તે हि-જ प्रायवे-મોકલવા અર્થાત્ અન્ય દેશ તે પતિને પહોંચાડવા मम्रुषी-મરવા સમાન બનીને पुनः-ફરી તેના ઘરે આવવા સમયે ऊर्ध्वाः-ઊંચ્ચ પદવી પ્રાપ્ત કરેલ સમાન तस्थुः-સ્થિર થાય છે.

જે अस्तृतम्-નાશ ન પામેલ परम्-સર્વને ઈષ્ટ असुम्-એવા પ્રાણને વા जीवम्-જીવાત્માને नानदत्-નિરંતર રટાવે અને तासाम्-ઉક્ત તે કન્યાઓની जराम्-વૃદ્ધાવસ્થાને प्रमुञ्चन्-સારી રીતે છોડે છે તથા વિદ્યાઓને जनयन्-ઉત્પન્ન કરીને ઉત્તમ શિક્ષાઓનો પ્રચાર કરાવે છે, તે ઉત્તમજન एति-પ્રાપ્ત કરે છે. (૮)

*ભાવાર્થ : જે કન્યાઓ બ્રહ્મચર્યપૂર્વક સમસ્ત વિદ્યાઓનો અભ્યાસ કરે છે, તે આ જન્મમાં પ્રશંસિત બનીને તથા બહુજ સુખ ભોગવીને જન્માતર = પરજન્મમાં પણ શ્રેષ્ઠ સુખને પ્રાપ્ત કરે છે.*

*જે વિદ્વાનો પણ શરીર અને આત્માના બળને નષ્ટ પામવા દેતા નથી, તેઓ વૃદ્ધાવસ્થા આદિ રોગોથી રહિત રહે છે. (૮)*

**अधीवासं परि मातू रिहन्नह तुविग्रेभिः सत्वभिर्याति वि ज्रयः।**
**वयो दधत् पद्वते रेरिहत् सदानु श्येनी सचते वर्त्तनीरह॥ ९॥**

પદાર્થ : હે વીર ! જેમ ज्रयः-વેગયુક્ત અગ્નિ मातुः-માન પ્રદાતી પૃથિવીને अधिवासम्-ઉપરથી શરીરને જેનાથી ઢાંકવામાં આવે તે વસ્ત્રની સમાન ઘાસ આદિનો परि, रिहन्-પરિત્યાગ કરીને अह-પ્રસિદ્ધમાં तुविग्रेभिः-બહુ જ શબ્દોવાળા सत्वभिः-પ્રાણીઓની સાથે वि, याति-વિવિધ રીતે પ્રાપ્ત થાય છે અને જેમ वर्त्तनिः-વર્તમાન श्येनी-બાજ પક્ષીની સ્ત્રી બાજિની वयः-આયુને दधत्-ધારણ કરીને

पद्वते-પગોવાળા દ્વિપદ અને ચોપગા પ્રાણીઓને માટે सचते-પ્રાપ્ત થાય છે, તેમ દુષ્ટોને अनु, रेरिहत्-અનુક્રમથી વારંવાર છોડીને આપ सदा-સદા अह-જ તેને નિગ્રહ સ્થાનમાં પહોંચાડો. (૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ અગ્નિ જંગલોને બાળે છે અને પર્વતોને તોડે છે, તેમ તમે અન્યાય અને અધર્મીઓનું નિવારણ કરીને તથા દુષ્ટોનાં અભિમાનને તોડીને સત્યધર્મનો પ્રચાર કરો. (૯)*

अस्माकमग्ने मघवत्सु दीदिह्यध श्वसीवान् वृषभो दमूनाः।
अवास्या शिशुमतीरदीदेर्वर्मेव युत्सु परिजर्भुराणः॥ १०॥

પદાર્થ : હે अग्ने-અગ્નિ સમાન વર્તમાન વિદ્વાન્ वृषभः-શ્રેષ્ઠ दमूनाः-ઇન્દ્રિયોનું દમન કરનાર, श्वसीवान्-પ્રાણવાન અને परिजर्भुराणः-સર્વ રીતે પુષ્ટ થઈને આપ अस्माकम्-અમારા युत्सु-સંગ્રામ અને मधवत्सु-બહુ જ ધન જે ઘરોમાં વા મિત્રવર્ગોમાં वर्भेव-કવચની સમાન शिशुमतीः-પ્રશંસિત બાળકોવાળી સ્ત્રી વા પ્રજાઓને दीदिहि-પ્રકાશિત કરો. अध-એ પછી દુઃખોને अधास्थ-વિરુદ્ધતાથી દૂર ફેંકીને સુખને अदीदेः-પ્રકાશિત કરો.

*ભાવાર્થ : હે વિદ્વાન્ ! યુદ્ધમાં જેમ કવચથી શરીર સુરક્ષિત કરવામાં આવે છે, તેમ તું ન્યાયથી પ્રજાઓની રક્ષા કર. યુદ્ધમાં સ્ત્રીઓને માર નહિ. જેમ ધનવાનોની સ્ત્રીઓ નિત્ય પ્રસન્ન રહે છે, તેમ તું પ્રજાઓની રક્ષા કર. (૧૦)*

इदमग्ने सुधितं दुर्धितादधि प्रियादु चिन्मन्मनः प्रेयो अस्तु ते।
यत्ते शुक्रं तन्वो३ रोचते शुचि तेनास्मभ्यं वनसे रत्नमा त्वम्॥ ११॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન ! दूर्धितात्-દુઃખની સાથે ધારણ કરેલ વ્યવહાર उ-જે તો प्रियात्-પ્રિય વ્યવહારથી सुधितम्-સુંદર ધારણ કરેલ इदम्-એ मन्मनः-મારું મન ते-તમને प्रेयः-અત્યંત પ્રિય अस्तु-થાય.

यत्-જે ते-તમારા चित्-નિશ્ચયપૂર્વક तन्वः-શરીરને शुचि-પવિત્ર કરનાર शुक्रम्-શુદ્ધ પરાક્રમ अधिरोचते-અધિકતર પ્રકાશમાન થાય છે तेन-તેથી अस्मभ्यम्-અમારા માટે त्वम्-આપ रत्नम्-મનોહર ધનનું आ, वनसे-સમ્યક્ સેવન કરો છો. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ દુઃખમાં શોક ન કરવો જોઈએ અને સુખમાં હર્ષિત ન થવું જોઈએ, જેથી પરસ્પરના ઉપકારને માટે ચિત્ત લાગી શકે અને જે ઐશ્વર્ય છે, તે સર્વના સુખ માટે વહેંચવામાં આવે. (૧૧)*

रथाय नावमुत नो गृहाय नित्यारित्रां पद्वतीं रास्यग्ने।
अस्माकं वीराँ उत नो मघोनो जनाँश्च या पारयाच्छर्म या च॥ १२॥

પદાર્થ : હે अग्ने-શિલ્પવિદ્યા પ્રાપ્ત વિદ્વાન ! આપ या-જે अस्माकम्-અમારા वीरान्-વીરો उत-

અન્ય પણ मघोनः-ધનવાન जनान्-મનુષ્યો તથા नः-અમને च-પણ સમુદ્રને पारयात्-પાર ઉતારે च-અને या-જે અમે शर्म-સુખને સમ્યક્ પ્રાપ્ત કરીએ તે नित्यारित्राम्-નિત્યદૃઢ બંધનયુક્ત જળની ઊંડાઈની પરીક્ષા કરીને સ્તંભો તથા पद्वतीम्-પગોની સમાન પ્રશંસિત પૈડાઓથી યુક્ત नावम्-મોટી નૌકાને नः-અમારા रथाय-સમુદ્ર આદિમાં રમણને માટે उत-વા गृहाय-ઘરને માટે रासि-આપો છો. (૧૨)

*ભાવાર્થ : વિદ્વાનોએ, જેવી રીતે મનુષ્ય અને ઘોડાઓ આદિ પગ દ્વારા જાય છે, તેવી મોટી નૌકા બનાવીને અન્ય દ્વીપોમાં અથવા સમુદ્રમાં યુદ્ધને માટે અને વ્યવહારને માટે આવાગમન કરીને ઐશ્વર્યની નિરંતર ઉન્નતિ કરવી જોઈએ. (૧૨)*

**अभी नो अग्न उक्थमिज्जुगुर्या द्यावाक्षामा सिन्धवश्च स्वगूर्त्ताः।**
**गव्यं यव्यं यन्तो दीर्घाहेषं वरमरुण्यो वरन्त॥ १३॥**

પદાર્થ : જેમ द्यावाक्षामा-અન્તરિક્ષ અને ભૂમિ सिन्धवः-સમુદ્ર અને નદી તથા अरुण्यः-ઊષઃ કાળ च-અને वरम्-શ્રેષ્ઠ રત્નાદિ પદાર્થો इषम्-અન્ન उक्थम्-પ્રશંસનીય गव्यम्-ગાયનું દૂધ આદિ વા यव्यम्-જવ થનાર ખેતરને यन्तः-પ્રાપ્ત થઈને स्वगूर्त्ताः-પોત-પોતાના સ્વાભાવિક ગુણોથી ઉદ્યત दीर्घा-બહુ જ अहा-દિવસોનો वरन्त-સ્વીકાર કરવામાં આવે, તેમ હે अग्ने-વિદ્વાન્ ! नः-અમને अभि, इत्, जुगुर्याः-સર્વત્રથી ઉદ્યમ = પુરુષાર્થમાં જ લગાવો. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ સદા પુરુષાર્થી બનવું જોઈએ. જે વાહનોથી ભૂમિ, સમુદ્ર અને નદીમાં સુખપૂર્વક શીઘ્ર જઈ શકાય, તે વાહનોમાં બેસીને, પ્રતિદિન રાતના ચોથા પ્રહરમાં ઊઠીને તથા દિવસે ન સૂઈને સદા પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે પુરુષાર્થી લોકો જ ઐશ્વર્ય પ્રાપ્ત કરી શકે છે. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના પુરુષાર્થ અને ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૦)

## સૂક્ત-૧૪૧

**बळित्था तद् वपुषे धायि दर्शतं देवस्य भर्गः सहसो यतो जनि।**
**यदीमुप ह्वरते साधते मतिर्ऋतस्य धेना अनयन्त सस्रुतः॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે दर्शतम्-દર્શન યોગ્ય देवस्यः-વિદ્વાનના भर्गः-શુદ્ધ તેજ પ્રત્યે મારી मतिः-બુદ્ધિ उपह्वरते-જઈને કાર્ય સિદ્ધિ કરે છે તથા सस्रुतः-જે સમાન સત્ય માર્ગને પ્રાપ્ત થાય છે, તે ऋतस्य-સત્ય વ્યવહારની धेनाः-વાણીઓને ईम्-સર્વત્રથી अनयन्त-સત્યતાને પહોંચાડે છે તથા यतः-જે કારણે तत्-તે તેજ सहसः-વિદ્યાબળથી जनि-ઉત્પન્ન થાય છે, તે કારણે बडित्था-તે સત્ય તેજ અર્થાત્ વિદ્વાનોના ગુણોનો પ્રકાશ એ રીતે અર્થાત્ ઉક્ત રીતે वपुषे-પોતાના સ્વરૂપને માટે તમારાથી धायि-ધારણ કરવામાં આવે છે.

*ભાવાર્થ : હે મનુષ્યો ! બુદ્ધિથી, વચનથી અને સત્ય આચારણથી વિદ્યમાન મનુષ્યોના દર્શનીય સ્વરૂપ ધારણ કરાવમાં આવે છે અને કામના સિદ્ધ કરવામાં આવે છે, તે વાણીનો તથા તે સત્યનો તમે સદા સ્વીકાર કરો. (૧)*

पृक्षो वपुः पितुमान्नित्य आ शये द्वितीयमा सप्तशिवासु मातृषु।
तृतीयमस्य वृषभस्य दोहसे दशप्रमतिं जनयन्त योषणः॥ २॥

પદાર્થ : नित्यः-નિત્ય पितुमान्-પ્રશંસિત અન્નયુક્ત હું પ્રમથ पृक्षः-પૂછવા-કહેવા યોગ્ય वपुः-સુંદર રૂપનો आ शये-આશય લઈને અર્થાત્ આશ્રિત બનું છું. अस्य-એ वृषभस्य-યજ્ઞાદિ કર્મ દ્વારા જળ વરસાવનારનું મારું द्वितीयम्-બીજું સુંદર રૂપ सप्तशिवासु-સાત પ્રકારની કલ્યાણ કરનારી मातृषु-અને માન કરનારી માતાઓની સમીપ आ-સારી રીતે વર્તમાન અને तृतीयम्-ત્રીજા दशप्रमतिम्-દશ પ્રકારની ઉત્તમ મતિ જેમાં હોય છે, તે સુંદર રૂપને दोहसे-કામોની પરિપૂર્ણતાને માટે योषणः-પ્રત્યેક વ્યવહારનું મિશ્રણ કરનારી સ્ત્રી जनयन्त-પ્રકટ કરે છે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો આ સાત પ્રકારના લોકોમાં બ્રહ્મચર્યથી પ્રથમ, ગૃહાશ્રમથી દ્વિતીય અને વાનપ્રસ્થ તથા સંન્યાસની તૃતીય કર્મ-ઉપાસના-વિજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે દશ ઈન્દ્રિયોનું, પ્રાણોનું અને વિષય, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તથા જીવોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. (૨)*

निर्यदीं बुध्नान्महिषस्य वर्पस ईशानासः शवसा क्रन्त सूरयः।
यदीमनु प्रदिवो मध्व आधवे गुहा सन्तं मातरिश्वा मथायति॥ ३॥

પદાર્થ : यत्-જે ईशानासः-ઐશ્વર્યયુક્ત सूरयः-વિદ્વાનજન शवसा-બળથી જેમ आधवे-સર્વત્રથી અન્ન આદિને પૃથક્ કરવા માટે मातरिश्वा-પ્રાણવાયુ જઠરાગ્નિનું मथायति-મંથન કરે છે, તેમ महिषस्य-મહાન वर्पसः-રૂપ અર્થાત્ સૂર્યમંડળના સંબંધમાં સ્થિત बुघ्नात्-અન્તરિક્ષથી ईम्-આ પ્રત્યક્ષ વ્યવહારને अनुक्रन्त-અનુક્રમથી પ્રાપ્ત થાય; વા मध्व-વિશેષ જ્ઞાનયુક્ત प्रदिवः-કાન્તિમાન આત્માના गुहा-ગુહાશયમાં અર્થાત્ બુદ્ધિમાં सन्तम्-વર્તમાન ईम्-પ્રત્યક્ષ यत्-જે જ્ઞાનને निष्क्रन्त-નિરંતર ક્રમથી પ્રાપ્ત થાય, તેથી તેઓ સુખી થાય છે. (૩)

*ભાવાર્થ : તેઓ જ બ્રહ્મજ્ઞાની બને છે, જે ધર્માચરણપૂર્વક યોગાભ્યાસ તથા સત્સંગ કરીને તથા પોતાના આત્માને જાણીને પરમાત્માને જાણે છે (અને) તેઓ જ મુમુક્ષુજનોને આ વાત જણાવી શકે છે. (૩)*

प्र यत्पितुः परमान्नीयते पर्या पृक्षुधो वीरुधो दंसु रोहति।
उभा यदस्य जनुषं यदिन्वत आदिद्यविष्ठो अभवद् घृणा शुचिः॥ ४॥

પદાર્થ : પુરુષ દ્વારા परमात्-ઉત્કૃષ્ટ-ઉત્તમ યત્નની સાથે यत्-જે अस्य-પ્રત્યક્ષ વૃક્ષજાતિનું સંબંધી पितुः-અન્ન प्रणीयते-પ્રાપ્ત કરવામાં આવે છે, વા જે दंसु-બીજાઓને દબવવા આદિ કારણે पृक्षुधः-

અત્યંત ભોગવવાને ઈષ્ટ वीरुधः-અત્યંત ફેલાયેલી લતાઓ પર पर्यारोहति-ચોતરફથી ફેલાય છે; आत्-અને इन्वतः-પ્રિય આ યજમાનનો यत्-જે जनुषम्-જન્મ अभवत्-થાય; તથા यत्-જે शुचिः-પવિત્ર घृणा-ચમક-દમક હોય તે उभा-બન્નેને इत्-જ यविष्ठः-અત્યંત તરુણજન પ્રાપ્ત થાય. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, અન્ન અને ઔષધનું સર્વત્રથી ગ્રહણ કરવું જોઈએ, તેને સંસ્કૃત કરીને ખાવાથી સમસ્ત સુખ થાય છે. એમ માનવું જોઈએ. (૪)*

आदिन्मातृराविशद्यास्वा शुचिरहिंस्यमान उर्विया वि वावृधे।
अनु यत्पूर्वा अरुहत्सनाजुवो नि नव्यसीष्ववरासु धावते॥ ५॥

પદાર્થ : જે यासु-જેઓ नव्यसीषु-અત્યંત નવીન અને अवरासु-અર્વાચીન ઔષધિઓને નિમિત્ત नि, धावते-નિરંતર શીઘ્ર જાય છે; વા यत्-જે सनाजुवः-સનાતન વેગવાળી पूर्वाः-પૂર્વ ઔષધિઓની अनु; अरुहत्-વૃદ્ધિ કરે છે, તે તે ઔષધિઓમાં आ-शुचिः-સારી રીતે પવિત્ર અને अंहिस्यमानः-વિનાશને પ્રાપ્ત ન થતાં उर्विया-બહુ જ પ્રકારથી विवावृधे- વિશેષતાથી વધે છે, आत्-તદનન્તર इत्-જ मातृः-માતા સમાન માન કરનારી ઔષધિઓનો आ, अविशत्-સારી રીતે પ્રવેશ કરે છે. (૫)

*ભાવાર્થ : જે પુરુષો વૈદ્યક વિદ્યા ભણીને મહૌષધોનું યુક્તિપૂર્વક સેવન કરે છે, તેઓ બહુ વૃદ્ધિ પામે છે. ઔષધિઓ બે પ્રકારની હોય છે. જૂની અને નવી. તે ઔષધિઓ (ના વિષય)માં જે લોકો વિશેષ જ્ઞાની હોય છે, તેઓ જ નીરોગ રહે છે. (૫)*

आदिद्धोतारं वृणते दिविष्टिषु भगमिव पपृचानास ऋञ्जते।
देवान्यत्क्रत्वा मज्मना पुरुष्टुतो मर्तं शंसं विश्वधा वेति धायसे॥ ६॥

પદાર્થ : यत्-જે पुरुष्टुतः-બહુ જ પ્રશંસિત विश्वधा-વિશ્વને ધારણ કરનાર क्रत्वा-કર્મ વા વિશેષ બુદ્ધિથી અને मज्मना-બળથી धायसे-ધારણાને માટે शंसम्-પ્રશંસાયુક્ત मर्त्तम्-મનુષ્યને તથા देवान्-દિવ્ય ગુણોને वेति-પ્રાપ્ત થાય છે, તેઓને आत्-અને होतारम्-દેનારને જડે पपृचानासः-સંબંધ કરીને જન दिविष्टिषु-સુંદર યજ્ઞોમાં भगमिव-ધન-ઐશ્વર્યથી સમાન वृणते-સેવન કરે છે, તેઓ इत्-જે દુઃખને ऋञ्जते-ભુંજી અર્થાત્ સળગાવી નાખે છે. (૬)

*ભાવાર્થ : જે લોકો ઉત્તમ વૈદ્યનું રત્નની સમાન સેવન કરે છે, તેઓ શરીર અને આત્માના બળથી યુક્ત બનીને સુખી થાય છે. (૬)*

वि यदस्थाद्यजतो वातचोदितो ह्वारो न वक्वा जरणा अनाकृतः।
तस्य पत्मन्दक्षुषः कृष्णजंहसः शुचिजन्मनो रज आ व्यध्वनः॥ ७॥

પદાર્થ : यत्-જે यजत्- સંગ કરનાર અને वक्वा-કહેનાર अनाकृतः-અવરોધને ન પ્રાપ્ત થયેલ

वातचोदितः-પ્રાણ વા વાયુથી પ્રેરિત વિદ્વાન ह्वारः-કુટિલતા કરતા અગ્નિની न-સમાન व्यस्थात्-વિશેષતાથી સ્થિર છે. तस्य-તે शुचिजन्मनः-પવિત્ર જન્મા વિદ્વાનના यत्मन्-ચાલ-ચલનમાં कृष्णजंहसः-જેના કાળા મારવા છે તે दक्षुषः-બાળતા आ, व्यध्वनः-અનેક પ્રકાર વિરુદ્ધ માર્ગવાળા અગ્નિના रजः-કણની સમાન जरणाः-પ્રશંસા-સ્તુતિ થાય છે. (૭)

*ભાવાર્થ : જેઓ ધર્મ પર સ્થિર રહે છે, તેઓ સૂર્યની સમાન પ્રસિદ્ધ થાય છે, તેઓના દ્વારા અર્જિત યશ સર્વ દિશાઓમાં પ્રસિદ્ધ થાય છે. (૭)*

**रथो न यातः शिक्वभिः कृतो द्यामङ्गेभिररुषेभिरीयते।**

**आदस्य ते कृष्णासो दक्षि सूरयः शूरस्येव त्वेषथादीषते वयः॥ ८॥**

પદાર્થ : જે कृष्णासः-જે ખેંચે છે તેઓ सूरयः-વિદ્વાનજન જેમ शिक्वभिः-ખીલા અને બંધનોથી कृतः-સિદ્ધ કરેલ द्याम्-આકાશને अरुषेभिः-લાલ વર્ણયુક્ત अङ्गेभिः-અંગો સાથે यातः-પ્રાપ્ત થયેલ रथः-રથ ईयते-ચાલે છે, न-તેમ વા वयः-પક્ષી અને शूरस्येव-त्वेषथात्-જેમ શૂરવીરના પ્રકાશિત વ્યવહારથી તેમ કલાકૌશલ્યથી ईषते-દેખે છે, તેઓ સુખ પામે છે. હે વિદ્વન્ ! आत्-એના પછી જે આપ અગ્નિની સમાન પાપોને धक्षि-બાળો છો अस्य-એથી ते-આપને સુખ થાય છે. (૮)

*ભાવાર્થ : જેમ ઉત્તમ વાયુ યાનથી મનુષ્ય સુખપૂર્વક આકાશમાં ગમન-આગમન કરે છે, તેમ વિદ્વાન જન વિદ્યાથી ધર્મમાર્ગમાં વિચરવાને સમર્થ બને છે. (૮)*

**त्वया ह्यग्ने वरुणो धृतव्रतो मित्रः शाशद्रे अर्यमा सुदानवः।**

**यत्सीमनु क्रतुना विश्वथा विभुररान्न नेमिः परिभूरजायथाः॥ ९॥**

પદાર્થ : હે अग्ने-વિદ્વાન ! જેમ त्वया-તમારી સાથે यत्-જે वरुणः-શ્રેષ્ઠ धृतव्रतः-સત્યવ્રતને ધારણ કરેલ, मित्रः-સર્વના મિત્ર અને अर्यमा-ન્યાયાધીશ सुदानवः-શ્રેષ્ઠ દાનશીલ हि-જ બને છે તેમ તેઓના સંગથી આપ જેમ नेमिः-પૈડાં अरान् न-આરાને, તેમ विश्वथा-વા જેમ સર્વ રીતે विभुः-ઈશ્વર વ્યાપક છે, તેમ क्रतुना-ઉત્તમ બુદ્ધિથી परिभूः-સર્વોપરિ सीम्-સર્વત્રથી अनु, अजायथाः-અનુક્રમથી થાઓ, જેથી દુઃખને शाशद्रे-નષ્ટ કરો. (૯)

*ભાવાર્થ : જેમ ઈશ્વર ન્યાયકારી અને સર્વ વિદ્યાઓમાં પ્રવીણ છે, તેમ વિદ્વાનોના સંગથી બુદ્ધિમાન મનુષ્યો ન્યાયકારી અને પૂર્ણ વિદ્યાવાન બને. (૯)*

**त्वमग्ने शशमानाय सुन्वते रत्नं यविष्ठ देवतातिमिन्वसि।**

**तं त्वा नु नव्यं सहसो युवन्वयं भगं न कारे महिरत्न धीमहि॥ १०॥**

પદાર્થ : હે सहसः-બળ સંબંધ युवन्-યૌવન-ભાવને પ્રાપ્ત, यजिष्ठ-અત્યંત તરુણ, महिरत्न-પ્રશંસિત

ગુણોથી રમણીય, अग्ने-અગ્નિ સમાન વર્તમાન વિદ્વાન્ ! જે त्वम्-આપ शशमानाय-અધર્મના ઉલ્લંઘનથી ધર્મને પ્રાપ્ત થયેલ सुन्वते-અને ઐશ્વર્યને ઉત્પન્ન કરનારા ઉત્તમ જનને માટે रत्नम्-રમણીય જ્ઞાન વા તેના સાધનને તથા देवतातिम्-પરમેશ્વરને इन्वसि-ધ્યાનયોગથી વ્યાપ્ત થાઓ છો तम्-તે नव्यम्-નવીન વિદ્વાનોમાં પ્રસિદ્ધ त्वा-આપને कारे-કર્તવ્ય વ્યવહારમાં भगम्-ઐશ્વર્યની न-સમાન वयम्-અમે नु-શીઘ્ર धीमहि-ધારણ કરીએ. (૧૦)

*ભાવાર્થ : જેઓ અધર્મનો ત્યાગ કરીને, ધર્મનું અનુષ્ઠાન કરીને, પરમાત્માને પ્રાપ્ત કરે છે, તેઓ મનોહર આનંદને પ્રાપ્ત કરે છે. (૧૦)*

अ॒स्मे र॒यिं न स्व॒र्थं॑ दमू॑नसं॒ भगं॒ दक्षं॒ न प॑पृचासि धर्ण॒सिम्।
र॒श्मीँरि॑व॒ यो यम॑ति॒ जन्म॑नी उ॒भे दे॒वानां॒ शंस॑मृ॒त आ च॑ सु॒क्रतुः॑॥ ११॥

પદાર્થ : જે सुक्रतुः-શ્રેષ્ઠ બુદ્ધિવાન વિદ્વાન્ ! अस्मे-અમારા માટે स्वर्थम्-જે સારુ પ્રયોજન હોય વા જે અનર્થ સાધનો રહિત તે रयिम्-ધનની न-સમાન दमूनसम्-ઇન્દ્રિયોને વિષયોમાં દબાવી દેવાની સમાન રૂપ भगम्-ઐશ્વર્યનો અને दक्षम्-ચતુરની न-સમાન धर्णसिम्-ધારણ કરનારાઓનો पपृचासि-સંબંધ કરે છે; વા रश्मींरिव-જેમ કિરણોને, તેમ ऋते-સત્ય વ્યવહારમાં देवानाम्-વિદ્વાનોના उभे-બે जन्मनी પૂર્વ-અપર જન્મ च-અને शंसम्-પ્રશંસાને यः-જે आ, यमति-વધારે છે, તે અમારાથી સત્કાર કરવા યોગ્ય છે. (૧૧)

*ભાવાર્થ : જે સૂર્યનાં કિરણોની સમાન સર્વને ધર્મયુક્ત પુરુષાર્થમાં સંયુક્ત કરે છે અને સ્વયં પણ તેમ વર્તે છે, તેઓ પૂર્વ અને પર જન્મને પવિત્ર કરે છે. (૧૧)*

उ॒त नः॑ सु॒द्योत्मा॑ जी॒राश्वो॒ होता॑ म॒न्द्रः शृ॑णवच्च॒न्द्ररथः।
स नो॑ नेष॒न्नेष॑तमै॒रमू॑रो॒ऽग्निर्वा॒मं सु॑वि॒तं वस्यो॒ अच्छ॑॥ १२॥

પદાર્થ : જે मन्द्रः-પ્રશંસાયુક્ત चन्द्ररथः-જેના રથમાં સોના ચાંદી વિદ્યમાન, જે सुद्योत्मा-ઉત્તમ પ્રકાશયુક્ત, जीराश्वः-જેના વેગવાન બહુ જ ઘોડાઓ છે, તે होता-દાનશીલજન नः-અમને श्रृणवत्-સાંભળે; उत-અને જે अमूरः-ગમનશીલ, वस्यः-નિવાસ કરવા યોગ્ય, अग्निः-અગ્નિ સમાન પ્રકાશમાન જન सुवितम्-ઉત્પન્ન કરેલા वामम्-સુરૂપને नेषतमैः-અત્યંત પ્રાપ્તિ કરાવનારા ગુણોથી अच्छ-શ્રેષ્ઠ नेषत्-પ્રાપ્ત કરે, सः-તે नः-અમારી મધ્યે પ્રશંસિત થાય છે. (૧૨)

*ભાવાર્થ : જે સર્વના ન્યાયનું શ્રવણ કરનાર, અંગો અને ઉપાંગોથી યુક્ત સામગ્રીયુક્ત અને વિદ્યારૂપી પ્રકાશથી યુક્ત મનુષ્ય, વિદ્યા માટે ઉત્સુક સર્વ લોકોને વિદ્યાવાન બનાવે છે, તે પ્રકાશવાન આત્માવાન હોય છે. (૧૨)*

अस्ता॑व्य॒ग्निः शिमी॑वद्भिर॒र्कैः साम्रा॑ज्याय प्र॒त॒रं दधा॑नः।

अमी च ये मघवानो वयं च मिहं न सूरो अति निष्टतन्युः॥ १३॥

પદાર્થ : જે शिमिवभ्दिः-પ્રશંસિત કર્મોથી યુક્ત अर्कैः-સત્કાર કરવા યોગ્ય વિદ્વાનોની સાથે प्रतरम्-શત્રુબળોને જેનાથી તરે તે સેનાગણને दधानः-ધારણ કરીને अग्निः-સૂર્યની સમાન સુશીલતાથી પ્રકાશિત साम्राज्याय-ચક્રવર્તી રાજ્યને માટે अस्तावि-સ્તુતિ પ્રાપ્ત કરે છે च-અને ये-જેઓ अमी-તેઓ मघवानः-પરમ પૂજિત ધનયુક્ત જન જેમ सूरः-સૂર્ય मिहम्-વર્ષાને न-તેમ વિદ્યાને अति, नि, ततन्युः-અત્યંત નિરંતર વિસ્તૃત કરે છે, તે પૂર્વોક્ત સજ્જન च-(અને) પૂર્વોક્ત જનોની वयम्-અમે પ્રશંસા કરીએ. (૧૩)

*ભાવાર્થ : મનુષ્યોએ; જેઓ ધાર્મિક વિદ્વાનો દ્વારા સુશિક્ષિત બનીને ધર્મપૂર્વક રાજ્યનો વિસ્તાર કરીને પ્રયત્નશીલ રહે છે, તેઓને જ રાજ્યમાં તથા વિદ્યા અને ધર્મોપદેશનાં કાર્યમાં સ્થાપિત કરવા જોઈએ. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ વર્તમાન છે, એમ જાણવું જોઈએ. (૧૪૧)

## સૂક્ત-૧૪૨

समिद्धो अग्न आ वह देवाँ अद्य यतस्त्रुचे।
तन्तुं तनुष्व पूर्व्यं सुतसोमाय दाशुषे॥ १॥

પદાર્થ : હે अग्ने-અગ્નિની સમાન શ્રેષ્ઠ પ્રકાશયુક્ત समिद्धः-વિદ્યાથી પ્રકાશિત અધ્યાપક વિદ્વાન્ ! આપ अद्य-આજના દિવસે सुतसोमाय-જેઓએ મહાન ઓષધિઓનો રસ નિષ્પાદન કરેલ છે અને यतस्त्रुचे-યજ્ઞ પાત્ર ઊઠાવેલ છે, તે યજમાન दाशुषे-દાનશીલ જનને માટે देवान् વિદ્વાનોની आ, वह-પ્રાપ્તિ કરો અને पूर्व्यम्-પ્રાચીનોએ કરેલ तन्तुम्-વિસ્તારને तनुष्व-વિસ્તૃત કરો. (૧)

*ભાવાર્થ : જેમ બાળપણ અને યુવાવસ્થામાં માતા-પિતા આદિ સંતાનોને સુખી કરે, તેમ પુત્રો (= સંતાનો) બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા ભણીને, યુવાવસ્થા થતાં વિવાહ કરીને પોતાનાં માતા-પિતા આદિને આનંદિત કરે. (૧)*

घृतवन्तमुप मासि मधुमन्तं तनूनपात्।
यज्ञं विप्रस्य मावतः शशमानस्य दाशुषः॥ २॥

પદાર્થ : હે तनूनपात्-શરીરને નષ્ટ ન કરનાર વિદ્વાન્ ! આપ मावतः-મારા સમાન दाशुषः-દાનશીલ शशमानस्य-અને દુઃખ ઉલ્લંઘનને માટે विप्रस्य-મેધાવી જનના घृतवन्तम्-બહુ જ ઘૃત અને मधुमन्तम्-પ્રશંસિત મધુર આદિ ગુણોથી યુક્ત यज्ञम्-યજ્ઞનું उप, मासि-પરિમાણ કરનાર છો. (૨)

*ભાવાર્થ : વિદ્યાર્થીઓએ વિદ્વાનોની સંગતિ કરીને વિદ્વાનોની સમાન બનવું જોઈએ. (૨)*

शुचिः पावको अद्भुतो मध्वा यज्ञं मिमिक्षति।
नराशंसस्त्रिरा दिवो देवो देवेषु यज्ञियः॥ ३॥

પદાર્થ : જે पावकः-પવિત્ર કરનાર અગ્નિની સમાન अद्भुतः-આશ્ચર્ય ગુણ-કર્મ-સ્વભાવ યુક્ત, शुचिः-પવિત્ર, यज्ञियः-યજ્ઞ કરવા યોગ્ય, नराशंसः-નરોથી પ્રશંસાને પ્રાપ્ત થતા देवः-કામના કરતા જન देवेषु-વિદ્વાનોમાં दिवः-કામનાથી मध्वा-મધુર સાકર વા મધથી यज्ञम्-યજ્ઞને त्रिः-ત્રણ વાર आ, मिमिक्षति-સારી રીતે સિંચવા વા પૂરા કરવાની (કામના) કરે છે, તે સુખ પ્રાપ્ત કરે છે. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો કુમાર = બાલવય, યુવાની અને વૃદ્ધાવસ્થામાં વિદ્યાપ્રચારરૂપી વ્યવહાર કરે છે, તેઓ કાયિક, વાચિક અને માનસિક સુખોને પ્રાપ્ત કરે છે. (૩)*

ईळितो अग्न आ वहेन्द्रं चित्रमिह प्रियम्।
इयं हि त्वा मतिर्ममाच्छा सुजिह्व वच्यते॥ ४॥

પદાર્થ : હે सुजिह्व-મધુર ભાષી જિહ્વાયુક્ત अग्ने-સૂર્ય સમાન પ્રકાશસ્વરૂપ વિદ્વાન્ ! ईडितः-પ્રશંસિત આપ इह-આ જન્મમાં प्रियम्-પ્રીતિ કરનારા चित्रम्-અનેક પ્રકારના इन्द्रम्-પરમૈશ્વર્યને आ, वह-પ્રાપ્ત કરો. જે मम-મારી इयम्-આ मतिः-પ્રજ્ઞા બુદ્ધિ તમારાથી अच्छ-શ્રેષ્ઠ वच्यते-કહેવાય છે हि-તે જ त्वा-આપને પ્રાપ્ત થાય. (૪)

*ભાવાર્થ : સર્વેએ પુરુષાર્થ દ્વારા વિદ્વાનોની પ્રજ્ઞા = બુદ્ધિ પ્રાપ્ત કરીને મહાન ઐશ્વર્યનો શ્રેષ્ઠ સંગ્રહ કરવો જોઈએ. (૪)*

स्तृणानासो यतस्रुचो बर्हिर्यज्ञे स्वध्वरे।
वृञ्जे देवव्यचस्तममिन्द्राय शर्म सप्रथः॥ ५॥

પદાર્થ : જે स्वध्वरे-શ્રેષ્ઠ શોભાયુક્ત यज्ञे-વિદ્યાદાનરૂપી યજ્ઞમાં इन्द्राय-પરમ ઐશ્વર્યને માટે सप्रथः-પ્રખ્યાત ગુણોની સાથે વર્તમાન बर्हिः-બૃહત્ देवव्यचस्तमम्-વિદ્વાનોની અત્યંત વ્યાપ્ત शम्-ઘરને स्तृणानासः-ઢાંકીને यतस्रुचः-પુરુષાર્થને પ્રાપ્ત થાય છે, તેઓ દુઃખ અને દરિદ્રતાનો वृञ्जे-ત્યાગ કરી દે છે. (૫)

*ભાવાર્થ : પુરુષાર્થી લોકો સિવાય અન્યોને ધન અને રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થતી નથી. જેઓ વિદ્વાનોના નિવાસથી યુક્તધામમાં વાસ કરે છે, તે લોકો અવિદ્યા અને દરિદ્રતાને નષ્ટ કરી નાખે છે. (૫)*

वि श्रयन्तामृतावृधः प्रयै देवेभ्यो महीः।
पावकासः पुरुस्पृहो द्वारो देवीरसश्चतः॥ ६॥

પદાર્થ : હે મનુષ્યો ! देवेभ्यः-વિદ્વાનોને માટે જે पावकासः-પવિત્ર કરનારી, ऋतावृधः-સત્ય આચરણ અને શ્રેષ્ઠ જ્ઞાન વધારેલી, पुरुस्पृहः-અનેકોએ ઈચ્છેલી, द्वारः-દ્વારોની સમાન देवीः-મનોહર असश्चतः-પરસ્પર વિલક્ષણ महीः-પ્રશંસનીય વાણી વા પૃથિવી જેની प्रयै-પ્રીતિને માટે વિદ્વાનો કામના કરે છે તેનો આપ લોકો विश्रयन्ताम्-વિશેષરૂપથી આશ્રય કરો. (૬)

*ભાવાર્થ : મનુષ્યોએ સર્વના ઉપકારને માટે વિદ્યા-સુશિક્ષા-યુક્ત વાણીઓની તથા રત્ન પ્રદાન કરનારી ભૂમિઓની કામના કરવી જોઈએ અને તેના આશ્રયથી પવિત્રતા રાખવી જોઈએ. (૬)*

आ भन्दमाने उपाके नक्तोषासा सुपेशसा।
यह्वी ऋतस्य मातरा सीदतां बर्हिरा सुमत्॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! આપ જેમ ऋतस्य-સત્ય વ્યવહારનું मातरा-માન કરાવનારી, यह्वी-કારણથી ઉત્પન્ન થયેલી, उपाके-પરસ્પરની સાથે વર્તમાન, सुपेशसा-શ્રેષ્ઠ રૂપયુક્ત અને भन्दमाने-કલ્યાણ કરનારી नक्तोषासा-રાત અને પ્રભાતવેળા आ, सीदताम्-સમ્યક્ પ્રાપ્ત થાય, તેમ आ, सुमत्-જેમાં બહુ જ આનંદ પ્રાપ્ત થાય છે, તે बर्हिः-ઉત્તમ ગૃહને પ્રાપ્ત થાઓ. (૭)

*ભાવાર્થ : જેમ દિવસ-રાત રૂપી કાલ ખંડ સર્વ પ્રાણીઓ તથા અપ્રાણીઓને નિયમથી પોત-પોતાની ક્રિયાઓમાં પ્રવૃત્ત કરે છે, તેમ સર્વ વિદ્વાનોએ સર્વ મનુષ્યોને ઉત્તમ ક્રિયાઓમાં પ્રવૃત્ત કરાવવા જોઈએ. (૭)*

मन्द्रजिह्वा जुगुर्वणी होतारा दैव्या कवी।
यज्ञं नो यक्षतामिमं सिध्रमद्य दिविस्पृशम्॥ ८॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ अद्य-આજ मन्द्रजिह्वा-જેની જીભ પ્રશંસિત છે, તેઓ जुगुर्वणी-અત્યંત પુરુષાર્થી, होतारा-ગ્રહણ કરનારા, दैव्या-દિવ્ય ગુણોમાં પ્રસિદ્ધ, कवी-પ્રબળ પ્રજ્ઞાવાન અધ્યાપક અને ઉપદેશક લોકો नः-અમારા માટે दिविस्पृम्-પ્રકાશમાં સંલગ્નતા કરાવવા તથા सिध्रम्-મંગલકારી इमम्-એ यज्ञम्-વિદ્યાદિની પ્રાપ્તિના સાધક વ્યવહારનો यक्षताम्-સંગ કરે છે, તેમ તમે પણ સંગ કરો. (૮)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો ધર્મયુક્ત વ્યવહારની સાથે પરસ્પર સંગ કરે છે, તેમ અન્યોએ પણ કરવો જોઈએ. (૮)*

शुचिर्देवेष्वर्पिता होत्रा मरुत्सु भारती।
इळा सरस्वती मही बर्हिः सीदन्तु यज्ञियाः॥ ९॥

પદાર્થ : જે देवेषु-વિદ્વાનોમાં अर्पिता-સમર્પણ કરેલી, होत्रा-આપવા યોગ્ય ક્રિયા વા मरुत्सु-સ્તુતિ કરનારાઓમાં भारती-ધારણ, પોષણ કરવાવાળી, शुचिः-પવિત્ર, इला-પ્રશંસાને યોગ્ય सरस्वती-પ્રશંસિત વિજ્ઞાનો સંબંધ રાખનારી અને मही-મહાન यज्ञियाः-યજ્ઞ સિદ્ધ કરાવવાની યોગ્ય ક્રિયા बर्हिः-સમીપ

પ્રાપ્ત વધેલ વ્યવહારને सीदन्तु-પ્રાપ્ત થાય, તેને સમસ્ત વિદ્યાર્થીઓ પ્રાપ્ત થાય. (૯)

*ભાવાર્થ : વિદ્યાર્થીઓએ એવી ઈચ્છા કરવી જોઈએ-'વિદ્વાનોમાં જે વિદ્યાયુક્ત વાણી છે, તે અમને પ્રાપ્ત થાય. (૯)*

तन्नस्तुरीपमद्भुतं पुरु वारं पुरु त्मना।
त्वष्टा पोषाय वि ष्यतु राये नाभा नो अस्मयुः॥ १०॥

પદાર્થ : હે વિદ્વાન્ ! अस्मयुः-અમારી કામના त्वष्टा-વિદ્યા અને ધર્મથી પ્રકાશમાન આપ नः-અમારું पुरु-બહુ જ पोषाय-પોષણ કરવા માટે તથા राये-ધન થવા માટે नाभा-નાભિમાં પ્રાણની સમાન वि, ष्यतु-પ્રાપ્ત થાય અને त्मना-આત્માથી જે तुरीपम्-તુરંત રક્ષા કરનાર अद्भुतम्-અદ્ભુત-આશ્ચર્યરૂપ पुरु, वा, अरम्-બહુ જ વા પૂર્ણ ધન છે, तत्-તેને नः-અમારા માટે પ્રાપ્ત કરાવો. (૧૦)

*ભાવાર્થ : જે વિદ્વાન અમને ચાહે તેને અમે પણ ચાહીએ, જે અમને ન ચાહે તેને અમે પણ ન ચાહીએ. તેથી એક-બીજાની વિદ્યા અને સુખની કામના કરનાર = ચાહનાર આચાર્ય તથા વિદ્યાર્થીઓ વિદ્યાની ઉન્નતિ કરી શકે છે. (૧૦)*

अवसृजन्नुप त्मना देवान्यक्षि वनस्पते।
अग्निर्हव्या सुषूदति देवो देवेषु मेधिरः॥ ११॥

પદાર્થ : હે वनस्पते-કિરણોના પતિ સૂર્યની સમાન વર્તમાન ! આપ જે કારણે त्मना-આત્માની देवान्-વિદ્યાની કામના કરનારાઓને उपावसृजन्-પોતાની સમીપ વિવિધ વિદ્યાથી પરિપૂરિત કરીને, देवेषु-પ્રકાશમાન લોકોમાં, देवः-અત્યંત દેદીપ્યમાન, मेधिरः-સંગ કરાવનાર अग्निः-જેમ અગ્નિ हव्या-હોમમાં આપવા યોગ્ય પદાર્થોને सुषूदति-સુંદરતાથી ગ્રહણ કરી પરમાણુરૂપ કરે છે, તેમ વિદ્વાનો यक्षि-સંગ કરો છો. એથી સત્કારને યોગ્ય છો. (૧૧)

*ભાવાર્થ : જેમ સૂર્ય, પૃથિવી આદિ દિવ્ય પદાર્થ રૂપી દેવોમાં, દિવ્ય સ્વરૂપવાળું બનીને જળ વરસે છે, તેમ વિદ્વાન લોકો જગતમાં વિદ્યાર્થીઓમાં વિદ્યા વરસાવે. (૧૧)*

पूषण्वते मरुत्वते विश्वदेवाय वायवे।
स्वाहा गायत्रवेपसे हव्यमिन्द्राय कर्त्तन॥ १२॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે स्वाहा-સત્યક્રિયાથી पूषण्वते-જેના બહુ જ પુષ્ટિકારક ગુણ, मरुत्वते-જેમાં પ્રશંસાયુક્ત વિદ્યાની સ્તુતિ કરવાવાળા વા विश्वदेवाय-સમસ્ત વિદ્વાનો વિદ્યમાન वायवे-પ્રાપ્ત થવા યોગ્ય गायत्रवेपसे-ગાનારની રક્ષા કરતા જેથી રૂપ પ્રકટ થાય છે, તે इन्द्राय-પરમૈશ્વર્યને માટે

हव्यम्-ગ્રહણ કરવા યોગ્ય કર્મને कर्त्तन-કરો. (૧૨)

*ભાવાર્થ : જે ધનથી પુષ્ટિ, વિદ્યા અને વિદ્વાનોનો સત્કાર, વેદ વિદ્યાની પ્રવૃત્તિ અને સર્વનો ઉપકાર થાય, તે જ ધર્મયુક્ત ધન છે, અન્ય નહિ. (૧૨)*

स्वाहाकृतान्या गह्युप हव्यानि वीतये।

इन्द्रा गहि श्रुधी हवं त्वां हवन्ते अध्वरे॥ १३॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્ય યોજક વિદ્વાન્ ! આપ अध्वरे-અહિંસનીય વ્યવહારમાં वीतये-વિદ્યાની પ્રાપ્તિને માટે स्वाहाकृतानि-સત્યક્રિયાથી हव्यानि-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને उपागहि-પ્રાપ્ત થાઓ. જે त्वाम्-તમારી हवन्ते-વિદ્યાનું જ્ઞાન ઈચ્છતા વિદ્યાર્થીઓ સ્તુતિ કરે છે, તે આપ आ, गहि-આવો વિદ્યાર્થીઓ સ્તુતિ કરે છે, અને हवम्-સ્તુતિનું श्रुधि-શ્રવણ કરો. (૧૩)

*ભાવાર્થ : અધ્યાપક જેટલું શાસ્ત્ર (વિદ્યાર્થીઓને) ભણાવે તેની પ્રતિદિન અથવા પ્રતિમાસ પરીક્ષા કરે. વિદ્યાર્થીઓમાં જે જેને વિદ્યા આપે; તેઓની તે તન-મન-ધનથી સેવા કરે. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં અધ્યાપક અને વિદ્યાર્થીઓના ગુણો તથા વિદ્યાની પ્રશંસા હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૨)

## સૂક્ત-૧૪૩

प्र तव्यसीं नव्यसीं धीतिमग्नये वाचो मतिं सहसः सूनवे भरे।

अपां नपाद् यो वसुभिः सह प्रियो होता पृथिव्यां न्यसीददृत्वियः॥ १॥

પદાર્થ : હું अपां, नपात्-જેમ જળની મધ્યમાં यः-જે પડતો નથી તે સૂર્ય पृथिव्याम्-પૃથિવી પર, તેમ જે वसुभिः-પ્રથમ કક્ષાના વિદ્વાનોની सह-સાથે प्रियः-પ્રીતિયુક્ત होता-ગ્રહણ કરનાર ऋत्वियः-ઋતુઓની યોગ્યતા રાખીને नि, असीदत्-નિરંતર સ્થિર રહે છે, તે सहसः-શરીર અને આત્માના બળયુક્ત અધ્યાપકના સાનિધ્યથી अग्नये-અગ્નિની સમાન તીક્ષ્ણ બુદ્ધિ सूनवे-પુત્ર વા શિષ્યને માટે वाचः-વાણીની तव्यसीम्-અત્યંત બળવતી नव्यसीम्-અત્યંત નવીન धीतिम्-જેથી વિજયને ધારણ કરે અને તે ધારણ તથા मतिम्-ઉત્તમ બુદ્ધિને प्र, भरे-શ્રેષ્ઠ રીતે ધારણ કરું છું. (૧)

*ભાવાર્થ : વિદ્વાનોને યોગ્ય છે, કે જેમ સૂર્ય જળને ધારણ કરનાર છે; તેમ તેઓ પવિત્ર બુદ્ધિમાન, પ્રિય આચરણયુક્ત અને શીઘ્ર વિદ્યાઓને ધારણ કરનારા વિદ્યાર્થીઓને ગ્રહણ કરીને વિદ્યાનું વિજ્ઞાનને શીઘ્ર ઉત્પન્ન કરાવે. (૧)*

स जायमानः परमे व्योमन्याविरग्निरभवन्मातरिश्वने।

अ॒स्य क्रत्वा॑ समिधा॒नस्य॑ म॒ज्मना॒ प्र द्यावा॑ शो॒चिः पृ॑थि॒वी अ॑रोचयत्॥ २॥

પદાર્થ : જે मातरिश्वने-અન્તરિક્ષસ્થ વાયુને માટે अग्निः-અગ્નિની સમાન परमे-શ્રેષ્ઠ व्योमनि-આકાશની સમાન સર્વમાં વ્યાપ્ત અને સર્વની રક્ષા કરવા આદિ ગુણોથી યુક્ત બ્રહ્મમાં जायमानः-ઉત્પન્ન થયેલ અમારા માટે आविः-પ્રકટ अभवत्-થાય, તે अस्य-પ્રત્યક્ષ समिधानस्य-શ્રેષ્ઠતાથી પ્રકાશમાનજનના शोचिः-પવિત્રભાવ कृत्वा-પ્રજ્ઞા અને કર્મ વા मज्मना-બળની સાથે द्यावा, पृथिवी-અન્તરિક્ષ અને પૃથિવીને प्रारोचयत्-પ્રકાશિત કરાવે, सः-તે ભણેલ જન સર્વનો કલ્યાણકારી બને છે. (૨)

*ભાવાર્થ : જો વિદ્વાન લોકો વિદ્યાર્થીઓને પ્રયત્નપૂર્વક ઉત્તમ વિદ્યા, ઉત્તમ શિક્ષા અને ધર્મથી યુક્ત કરે તો તેઓ સદા કલ્યાણના ભાગી બને. (૨)*

अ॒स्य त्वे॒षा अ॒जरा॑ अ॒स्य भा॒नवः॑ सु॒सं॒दृशः॑ सु॒प्रती॑कस्य सु॒द्युतः॑।

भात्व॑क्षसो अ॒त्य॒क्तुर्न सिन्ध॑वो॒ऽग्ने रे॑जन्ते॒ अस॑सन्तो अ॒जराः॑॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! सुसंदृशः-સત્ય અને અસત્યને જ્ઞાનદ્રષ્ટિથી જોનાર, सुप्रतीकस्य-સુંદર પ્રીતિયુક્ત, सुद्युतः-સર્વત્રથી પ્રકાશમાન, अग्नेः-સૂર્યના भानवः-કિરણોની સમાન अस्य-આ અધ્યાપકના अजराः-વિનાશરહિત, त्वेषा-વિદ્યા અને શીલનો પ્રકાશ થાય છે; અને તેઓ अस्य-આ મહાશયના અજર, અમર अससन्तः-જાગૃત, भात्वक्षसः-વિદ્યા પ્રકાશરૂપી બળયુક્ત, सिन्धवः-પ્રવાહરૂપ ઉક્ત તેજ अक्तुः-રાત્રિની न-સમાન અવિદ્યા અંધકારનું अति, रेजन्ते-અતિક્રમણ કરે છે. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો સૂર્યની સમાન વિદ્યાના પ્રકાશક, અવિદ્યા રૂપી અંધકારના નાશક અને સર્વને આનંદદાયક છે, તેઓ જ 'મનુષ્યશિરોમણિ' બને છે. (૩)*

यमे॑रि॒रे भृग॑वो वि॒श्ववे॑दसं॒ नाभा॑ पृथि॒व्या भुव॑नस्य म॒ज्मना॑।

अ॒ग्निं तं गी॒र्भिर्हि॑नुहि॒ स्व आ दमे॒ य एको॒ वस्वो॒ वरु॑णो॒ न राज॑ति॥ ४॥

પદાર્થ : હે જિજ્ઞાસુ પુરુષ ! यम्-જે विश्ववेदसम्-સમગ્ર સંસારના વેત્તા પરમાત્માને भृगवः-વિદ્યા દ્વારા અવિદ્યાને ભૂંજનાર-બાળનાર एरिरे-સર્વત્રથી જાણનાર વા यः-જે एक-એક અતિ શ્રેષ્ઠ આપ્ત ઈશ્વર मज्मना-અત્યંત બળથી वरुणः-અતિ શ્રેષ્ઠની न-સમાન पृथिव्या-અન્તરિક્ષ વા भुवनस्य-લોકમાં ઉત્પન્ન થયેલ वस्वः-ધન રૂપ પદાર્થની नाभा-મધ્યમાં પોતાની વ્યાપ્તિથી राजति-પ્રકાશમાન છે. तम्-તે अग्निम्-સૂર્યની સમાન ઈશ્વર જો કે स्वे-પોતાના અર્થાત્ તમારા दमे-ગૃહરૂપ હૃદયાકાશમાં વિદ્યમાન છે, તેને गीर्भिः-પ્રશંસિત વાણીઓથી आ, हिनुहि-જાણો. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે વિદ્વાનો દ્વારા જાણવા યોગ્ય, સર્વવ્યાપક, પ્રશંસા યોગ્ય, સચ્ચિદાનંદ આદિ લક્ષણોવાળા સર્વશક્તિમાન, અનુપમ, અતિ સૂક્ષ્મ સ્વયં પ્રકાશ સ્વરૂપ અને અન્તર્યામી પરમેશ્વર*

*છે, તેને યોગના અંગોના અનુષ્ઠાનની સિદ્ધિ દ્વારા તમે લોકો પોતાની અંદર જાણો. (૪)*

न यो वराय मरुतामिव स्वनः सेनेव सृष्टा दिव्या यथाशनिः।
अग्निर्जम्भैस्तिगितैरत्ति भर्वति योधो न शत्रून्त्स वना न्यृञ्जते॥ ५॥

પદાર્થ : यः-જે अग्निः-અગ્નિ मरुतामिव-વાયુ વા વિદ્વાનોના स्वनः-શબ્દની સમાન सृष्टा, सेनेव-શત્રુસેનામાં ચક્રવ્યૂહાદિ રચનાથી રચેલી સેનાની સમાન વા यथा-જેમ दिव्या-કારણ વા વાયુ આદિ કાર્યદ્રવ્યમાં ઉત્પન્ન થયેલી अशनिः-વિદ્યુતને, તેમ वराय-સ્વીકાર કરવા માટે न-બની શકતા નથી અર્થાત્ તેજ ગતિના કારણે રોકી શકતા નથી. सः-તે तिगितैः-તીક્ષ્ણ जम्भैः-સ્ફૂર્તિઓથી अत्ति-ભક્ષણ કરે છે અર્થાત્ લાકડાને ખાય છે. योधः-યોદ્ધાની नः-સમાન शत्रून्-શત્રુઓનો भर्वति-નાશ કરે છે અર્થાત્ ધનુર્વિદ્યા પ્રવિષ્ટ કરેલ શત્રુદળને ભૂંજી નાખે છે અને वना-વનોને नि, ऋञ्जते-નિરંતર સિદ્ધ કરે છે. (૫)

*ભાવાર્થ : પ્રચંડ વાયુથી પ્રેરિત થયેલ અગ્નિ શત્રુઓની હિંસા સમાન પદાર્થોને (એવા) બાળે છે (કે) તે એકાએક ઠારી શકવાને યોગ્ય હોતો નથી. (૫)*

कुविन्नो अग्निरुचथस्य वीरसद्वसुष्कुविद्वसुभिः काममावरत्।
चोदः कुवित्तुतुज्यात्सातये धियः शुचिप्रतीकं तमया धिया गृणे॥ ६॥

પદાર્થ : જે कुवित्-મહાન अग्निः-વિદ્યુત્ રૂપ અગ્નિ नः-અમારા માટે उचथस्य-ઉચિત પદાર્થોનો वीः-વ્યાપક असत्-થાય; વા वसुभिः-વસાવનારની સાથે कुवित्-મહાન वसुः-વસાવનાર कामम्-કામને आवरत्-સમ્યક્ સ્વીકાર કરે; વા सातये-વિભાગને માટે कुवित्-મહાન પ્રશંસિત જન चोदः-પ્રેરણા આપે; વા धियः-બુદ્ધિઓને तुतुज्यात्-બળવતી બનાવે तम्-તે शुचिप्रतीकम्-પવિત્ર પ્રતીતિ આપનાર જનની अया-એ धिया-બુદ્ધિથી વા કર્મથી गृणे-હું સ્તુતિ કરું છું. (૬)

*ભાવાર્થ : જે વિદ્યુત્‌ની સમાન ઉચિત્ કામનાઓને પ્રાપ્ત કરાવનારા અને બુદ્ધિ તથા બળના દાતા મહાન વિદ્વાન પોતાની બુદ્ધિથી સર્વ મનુષ્યોને વિદ્વાન બનાવે છે, તેઓની સર્વે પ્રશંસા કરે. (૬)*

घृतप्रतीकं व ऋतस्य धूर्षदमग्निं मित्रं न समिधान ऋञ्जते।
इन्धानो अक्रो विदथेषु दीद्यच्छुक्रवर्णामुदु नो यंसते धियम्॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! જે समिधानः-સમ્યક્ પ્રકાશમાન વિદ્વાન वः-તમારા માટે धूर्षदम्-હિંસકોમાં સ્થિર થઈને घृतप्रतीकम्-જે ઘૃતને પ્રાપ્ત થઈને તે अग्निम्-અગ્નિને ऋतस्य-સત્ય વ્યવહાર વર્તનારા मित्रम्-મિત્રની न-સમાન ऋञ्जते-પ્રસિદ્ધ કરે છે; उ-અને જે इन्धानः-પ્રકાશવાન થઈને વા अक्रः-અન્યથી આક્રાન્ત ન થયેલ તે विदथेषु-સંગ્રામોમાં दीद्यत्-નિરંતર પ્રકાશિત થઈને नः-અમારી शुक्रवर्णाम्-

શુદ્ધ સ્વરૂપ धियम्-પ્રજ્ઞા = બુદ્ધિને उद्यंसते-શ્રેષ્ઠ રાખે છે, તેનું તમે અને અમે = આપણે પિતાની સમાન સેવન કરીએ. (૭)

*ભાવાર્થ : જે વિદ્યુત્ સમાન સર્વ શ્રેષ્ઠ ગુણોનો ભંડાર, મિત્રની સમાન સુખ પ્રદાતા, યુદ્ધોમાં વીરની સમાન શત્રુઓને જીતનાર અને દુ:ખનો વિનાશ કરનાર છે; તે વિદ્વાનનો આશ્રય કરીને સર્વ મનુષ્યો વિદ્યાઓ પ્રાપ્ત કરે. (૭)*

अप्रयुच्छन्नप्रयुच्छद्भिरग्ने शिवेभिर्नः पायुभिः पाहि शग्मैः।
अदब्धेभिरदृपितेभिरिष्टेऽनिमिषद्भिः परि पाहि नो जाः॥ ८॥

પદાર્થ : હે इष्टे-સત્કાર કરવા યોગ્ય તથા अग्ने-વિદ્યા વિજ્ઞાનના પ્રકાશયુક્ત અગ્નિ સમાન વિદ્વાન ! આપ अप्रयुच्छन्-પ્રમાદ ન કરતા अप्रयुच्छभ्दिः-પ્રમાદરહિત વિદ્વાનોની સાથે વા शिवेभिः-કલ્યાણકારી पायुभिः-રક્ષક शग्मैः-સુખ આપનાર વિદ્વાનોની સાથે नः-અમારી पाहि-રક્ષા કરો તથા जाः-સુખોના જનક આપ अनिमिषद्भिः-નિરંતર આલસ્યરહિત अदब्धेभिः-હિંસા અને अदृपितेभिः-મોહ આદિ દોષ રહિત વિદ્વાનોની સાથે नः-અમારી परि, पाहि-સર્વત્રથી રક્ષા કરો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ નિરંતર એવી કામના કરવી જોઈએ અને પ્રયત્ન કરવો જોઈએ, કે ધાર્મિક વિદ્વાનોની સાથે (મળીને) ધાર્મિક વિદ્વાનો અમારી નિરંતર રક્ષા કરે. (૮)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન અને ઈશ્વરના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૩)

## સૂક્ત-૧૪૪

एति प्र होता व्रतमस्य माययोर्ध्वां दधानः शुचिपेशसं धियम्।
अभि स्रुचः क्रमते दक्षिणावृतो या अस्य धाम प्रथमं ह निंसते॥ १॥

પદાર્થ : જે होता-સદ્‌ગુણોને ગ્રહણ કરનાર પુરુષ मायया-શ્રેષ્ઠ બુદ્ધિથી अस्य-આ શિક્ષકના व्रतम्-સત્યાચરણ શીલને ऊर्ध्वाम्-અને ઉત્તમ शुचिपेशसम्-પવિત્ર धियम्-બુદ્ધિ વા કર્મને दधानः-ધારણ કરીને प्र, क्रमते, વ્યવહારોમાં ચાલે છે; વા याः-જે अस्य-એની स्रुचः-વિજ્ઞાનયુક્ત दक्षिणावृतः-દક્ષિણને ઢાંકનારી બુદ્ધિ છે, તેને તથા प्रथमम्-પ્રથમ धाम-ધામને निंसते-જે પ્રીતિથી પહોંચાડે છે, ह-તે જ અત્યંત બુદ્ધિમાન બને છે. (૧)

*ભાવાર્થ : જે મનુષ્યો આપ્ત વિદ્વાન વિદ્વાનના ઉપદેશ અને અધ્યાપનથી વિદ્યાયુક્ત બુદ્ધિ પ્રાપ્ત કરે છે, તેઓ સુશીલ બને છે. (૧)*

अ॒भीमृ॒तस्य॑ दो॒हना॑ अनूषत॒ योनौ॑ दे॒वस्य॒ सद॑ने॒ परी॑वृताः।
अ॒पामु॒पस्थे॒ विभृ॑तो॒ यदाव॑स॒दध॑ स्व॒धा अ॑धय॒द्याभि॒रीय॑ते॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ ऋतस्य-સત્યવિજ્ઞાનને दोहनाः-પૂરા કરનારી परिवृताः-વસ્ત્રાદિથી ઢંકાયેલી અર્થાત્ લજ્જાવતી વિદુષી = પંડિતા સ્ત્રી देवस्य-વિદ્વાનના सदने-સ્થાન વા योनौ-ગૃહમાં अभ्यनूषत-સન્મુખમાં પ્રશંસા કરે છે; વા यत्-જે વાયુ अपाम्-જળને उपस्थे-સમીપમાં विभृतः-વિશેષતાથી ધારણ કરેલ आवसत्-સારી રીતે વસેલ अध-તદનન્તર જેમ વિદ્વાન स्वधाः-જળોનું अधयत्-પાન કરે; વા याभिः-જે ક્રિયાઓથી ईम्-સર્વત્રથી તેને ईयते-પ્રાપ્ત થાય છે, તેમ તે સર્વની સમાન તમે પણ વર્તો. (૨)

*ભાવાર્થ : જેમ આકાશમાં જળ સ્થિર થઈને તથા ફરી વરસીને સમસ્ત સંસારને પુષ્ટ કરે છે, તેમ વિદ્વાન ચિત્તમાં વિદ્યાને સ્થિર કરીને સર્વ મનુષ્યોને પુષ્ટ કરે. (૨)*

यु॒यू॒षतः॒ सव॑यसा॒ तदिद्वपुः॑ समा॒नमर्थं॑ वि॒तरि॑त्रता मि॒थः।
आदीं॒ भगो॒ न हव्यः॒ समा॒स्मदा वोढु॒र्न र॒श्मीन्त्सम॑यंस्त॒ सार॑थिः॥ ३॥

પદાર્થ : જ્યારે सवयसा-સમાન વયના બે શિષ્યો समानम्-સમાન वपुः-સ્વરૂપને युयूषतः-મિશ્ર અર્થાત્ પરસ્પર ઉન્નતિ કરવા ઈચ્છે છે, तदित्-ત્યારે वितरित्रता-અત્યંત અનેક પ્રકારથી તેઓ मिथः-પરસ્પર अर्थम्-ધનાદિ પદાર્થને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે आत्-તદનન્તર ईम्-સર્વત્રથી भगः-ઐશ્વર્યવાન પુરુષ જેમ हव्यः-સ્વીકાર કરવા યોગ્ય હોય, न-તેમ ઉક્ત વિદ્યાર્થીઓમાંથી પ્રત્યેક सारथिः-સારથી જેમ वोढुः-પદાર્થ પહોંચાડનારા ઘોડાઓ આદિની रश्मिन्-લગામને દોરીને न-તેમ अस्मत्-અમે અધ્યાપકો આદિ જેનાથી અધ્યયનનો समायंस्त-સમ્યક્ સ્વીકાર કરીને ઉપદેશોનો सम्-સમ્યક્ સ્વીકાર કરીએ છીએ. (૩)

*ભાવાર્થ : જે અધ્યાપકો અને ઉપદેશકો નિષ્કપટતાથી બીજાઓને પોતાની સમાન બનાવવાની ઈચ્છાથી વિદ્વાન બનાવે તેઓ ઉત્તમ ઐશ્વર્યને પ્રાપ્ત કરીને જિતેન્દ્રિય બને. (૩)*

यमीं॒ द्वा सव॑यसा स॒पर्य॑तः समा॒ने योना॑ मिथु॒ना समो॑कसा।
दिवा॒ न नक्तं॒ पलि॒तो युवा॑जनि पु॒रू चर॑न्न॒जरो॒ मानु॑षा यु॒गा॥ ४॥

પદાર્થ : सवयसा-સમાન વયના, द्वा-બે समान-સમાન योना-ઉત્પત્તિ સ્થાનમાં, मिथुना-મૈથુન કર્મ કરનાર દંપતિ, समोकसा-સમાન ગૃહની સાથે વિદ્યમાન, दिवा-દિવસ, नक्तम्-રાત્રિની न-સમાન यम्-જે ईम्-પ્રત્યક્ષ બાળકનું सपर्यतः-સેવન કરે, તેનું પાલન કરે, તે अजरः-જરાવસ્થા રૂપી રોગથી રહિત मानुषा-મનુષ્ય સંબંધી युगा-વર્ષોને पुरु-બહુ જ चरन्-ચાલતા, ભોગવતા पलितः-સફેદ વાળવાળો હોવા છતાં युवा-યુવના તરુણ વયવાળા अजनि-પ્રકટ થાય છે-દેખાય છે. (૪)

*ભાવાર્થ : જેમ પ્રેમ પૂર્વક વર્તન કરનારા સ્ત્રી-પુરુષો ધર્મથી સંતાન ઉત્પન્ન કરીને, તેને શ્રેષ્ઠ શિક્ષા આપીને તથા સદાચારથી સંસ્કૃત કરીને કલ્યાણ કાર્ય કરે છે, તેમ સમાન યોગ્યતાવાળા અધ્યાપકો અને ઉપદેશકો શિષ્યોને સુશીલ બનાવે છે.*

*જેમ દિવસ રાત્રિની સાથે વર્તમાન હોવા છતાં પણ પોતાનાં સ્થાનમાં રાત્રિનું નિવારણ કરે છે, તેમ અજ્ઞાનીઓની સાથે રહેવાં છતાં અધ્યાપકો અને ઉપદેશકો મોહમાં સંલગ્ન થતા નથી = મોહ પામતા નથી.*

*જેમ પૂર્ણ બ્રહ્મચર્ય પાલન કરેલ સ્ત્રી-પુરુષ રૂપ, સૌંદર્ય, બળ આદિ ગુણોથી સંપન્ન સંતાનોને ઉત્પન્ન કરે છે, તેમ એ અધ્યાપકો અને ઉપદેશકો સત્ય અધ્યાપન અને ઉપદેશ દ્વારા સર્વમાં પૂર્ણ આત્મબળ ઉત્પન્ન કરે છે. (૪)*

**तमीँ हिन्वन्ति धीतयो दश व्रिशो देवं मर्त्ता ऊतये हवामहे।**

**धनोरधि प्रवत आ स ऋण्वत्यभिव्रजद्भिर्वयुना नवाधित॥ ५॥**

પદાર્થ : હે મનુષ્યો ! मर्त्तासः-મરણધર્મા મનુષ્ય અમે ऊतये-રક્ષા આદિને માટે જે देवम्-વિદ્વાનનો हवामहे-સ્વીકાર કરીએ છીએ; વા दश-દશ धीतयः-હાથ-પગની આંગળીઓની સમાન व्रिशः-પ્રજા જેને हिन्वन्ति-પ્રસન્ન કરે છે, तम्, ईम्-તેઓને તમે ગ્રહણ કરો.

જે ધનુર્વિદ્યાનો જ્ઞાતા धनोः-ધનુષ્યની अधि-ઉપર ચઢાવીને प्रवतः-છોડવામાં આવતા બાણોને अधित-ધારણ કરે છે અર્થાત્ તેનું સંધાન કરે છે, सः-તે अभिव्रजद्भिः-સર્વત્રથી જતા વિદ્વાનોની સાથે नवा-નવીન वयुना-શ્રેષ્ઠત્તમ જ્ઞાનોને आ, ऋण्वति-સમ્યક્ પ્રાપ્ત કરે છે. (૫)

*ભાવાર્થ : જેમ હાથની આંગળીઓ દ્વારા ભોજન આદિની ક્રિયાથી શરીરની વૃદ્ધિ થાય છે, તેમ વિદ્વાનોની અધ્યયન અને ઉપદેશરૂપી ક્રિયાઓથી પ્રજાઓ વૃદ્ધિ પામે છે.*

*જેમ ધનુર્વેદનો જ્ઞાતા શત્રુઓને જીતીને રત્નોને પ્રાપ્ત કરે છે, તેમ વિદ્વાનોના સંગના ફળનો જ્ઞાતા મનુષ્ય વિજ્ઞાનોને પ્રાપ્ત કરે છે. (૫)*

**त्वं ह्यग्ने दिव्यस्य राजसि त्वं पार्थिवस्य पशुपाइव त्मना।**

**एनी त एते बृहती अभिश्रिया हिरण्ययी वक्वरी बर्हिराशाते॥ ६॥**

પદાર્થ : હે अग्ने-સૂર્યની સમાન પ્રકાશમાન વિદ્વાન્ ! त्वं, हि-આપ જ पशुपाइव-પશુપાલકની સમાન त्मना-પોતાનાથી दिव्यस्य-અન્તરિક્ષમાં થયેલી વૃષ્ટિ આદિના વિજ્ઞાનને राजसि-પ્રકાશિત કરો છો; વા त्वम्-આપ पार्थिवस्य-પૃથિવીમાં જાણેલાં પદાર્થોના વિજ્ઞાનનો પ્રકાશ કરો છો. एते-એ પ્રત્યક્ષ एनी-પોત-પોતાની કક્ષામાં ભ્રમણ કરનાર बृहती-અત્યંત વિસ્તૃત अभिश्रिया-સર્વત્રથી સુશોભિત हिरण्ययी-પ્રભૂત હિરણ્યમયી वक्वरी-પ્રશંસિત સૂર્યમંડળ અને ભૂમંડળ વા ते-આપના જ્ઞાનને અનુકૂળ बर्हिः-વૃદ્ધ થઈને आशाते-વ્યાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : જેમ ઋદ્ધિઓ અને સિદ્ધિઓ પૂર્ણ લક્ષ્મી ઉત્પન કરે છે, તેમ આત્મવાન પુરુષ પરમેશ્વરમાં*

*અને પૃથિવી રાજ્યમાં સુપ્રકાશિત થાય છે. જેમ પશુપાલક પોતાના પશુઓની પ્રેમથી રક્ષા કરે છે, તેમ સભાપતિ = રાજા પોતાની પ્રજાની રક્ષા કરે. (૬)*

**अग्ने जुषस्व प्रति हर्य तद्वचो मन्द्र स्वधाव ऋतजात सुक्रतो।**

**यो विश्वतः प्रत्यङ्ङसि दर्शतो रण्वः संदृष्टौ पितुमाँइव क्षयः॥ ७॥**

પદાર્થ : હે मन्द्र-પ્રશંસનીય स्वधावः-પ્રશંસિત અન્નવાળા ऋतजात-સત્ય વ્યવહારથી ઉત્પન્ન થયેલ सुक्रतो-સુંદર કર્મોથી યુક્ત अग्ने-વિદ્યુત્ સમાન વર્તમાન વિદ્વાન્ यः-જે विश्वतः-સર્વના प्रत्यङ्-પ્રત્યેકથી વા સર્વથી સત્કાર લેનાર संदृष्टो-સમ્યક્ દર્શનમાં दर्शतः-દર્શનીય रण्वः-શબ્દશાસ્ત્રના જ્ઞાતા વિદ્વાન આપ જેવા क्षयः-નિવાસને માટે ગૃહ पितुमां इव-અન્નયુક્ત છો, તેવા असि-છો. તે આપ જે મારી અભિલાષાનું वचः-વચન છે, तत्-તેનું जुषस्व-સેવન કરો અને प्रति, हर्य-મારા પ્રત્યે કામના કરો. (૭)

*ભાવાર્થ : જે પ્રશંસિત બુદ્ધિવાળા, યુક્ત આહાર વિહારવાળા, સત્ય વ્યવહારમાં પ્રસિદ્ધ અને ધર્મયુક્ત કર્મોમાં બુદ્ધિ રાખનારા મનુષ્યો આપ્ત વિદ્વાનોથી વિદ્યાઓની તથા ઉપદેશોની કામના કરે છે તથા તેઓની સેવા કરે છે, તેઓ 'સર્વોત્કૃષ્ટ' બની જાય છે. (૭)*

સંગતિ : આ સૂક્તમાં અધ્યાપકો અને ઉપદેશકોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૪)

## સૂક્ત-૧૪૫

**तं पृच्छता स जगामा वेद स चिकित्वाँ ईयते सा न्वीयते।**

**तस्मिन्त्सन्ति प्रशिषस्तस्मिन्निष्टयः स वाजस्य शवसः शुष्मिणस्पतिः॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! सः-તે વિદ્વાન સત્યમાર્ગમાં जगाम-ચાલે છે, सः-તે वेद-બ્રહ્મને જાણે છે, सः-તે चिकित्वान्-વિજ્ઞાનયુક્ત સુખોને ईयते-પ્રાપ્ત કરે છે, सः-તે नु-શીઘ્ર પોતાના કર્તવ્યને ईयते-પ્રાપ્ત કરે છે.

तस्मिन्-તેમાં प्रशिषः-શ્રેષ્ઠતમ શિક્ષા सन्ति-વિદ્યમાન છે, तस्मिन्-તેમાં इष्टयः-સત્સંગ વિદ્યમાન છે, सः-તે वाजस्य-વિજ્ઞાનમય शवसः-બળ વા शुष्मिणः-બળયુક્ત સેનામય शवसः-બળ વા शुष्मिणः-બળયુક્ત સેના-સમૂહ વા રાજ્યનો पतिः-પાલક સ્વામી છે, तम्-તેને તમે पृच्छत-પૂછો. (૧)

*ભાવાર્થ : જે વિદ્યા અને ઉત્તમ શિક્ષાથી યુક્ત ધાર્મિક, પ્રયત્નશીલ, સર્વનો ઉપકારકર્તા, સત્યનો પાલક અને આપ્ત વિદ્વાન હોય, તેના આશ્રયથી અધ્યાપન અને ઉપદેશ દ્વારા સર્વ મનુષ્ય અભીષ્ટ વિનયને પ્રાપ્ત કરે. (૧)*

**तमित्पृच्छन्ति न सिमो वि पृच्छति स्वेनेव धीरो मनसा यदग्रभीत्।**

**न मृष्यते प्रथमं नापरं वचोऽस्य क्रत्वा सचते अप्रदृपितः॥ २॥**

પદાર્થ : अप्रहृपितः-જે અત્યંત મોહ રહિત તે धीरः-ધ્યાનવાન વિચારશીલ વિદ્વાન स्वेनेव-પોતાની સમાન मनसा-વિજ્ઞાનથી यत्-જે वचः-વચનને अग्रभीत्-ગ્રહણ કરે છે; વા જે अस्य-આ શાસ્ત્રજ્ઞ ધર્માત્મા વિદ્વાનની क्रत्वा-બુદ્ધિ વા કર્મની સાથે सचते-સંબંધ કરે છે, તે प्रथमम्-પ્રથમ न, मृष्यते-સંશયને પ્રાપ્ત થતો નથી; અને તે अपरम्-પછી પણ न-સંશયને પ્રાપ્ત થતો નથી, જેને सिमः-મનુષ્ય માત્ર न, वि, पृच्छति-વિશેષતાથી પૂછતો નથી, तमित्-તેને વિદ્વાનજનો पृच्छन्ति-પૂછે છે. (૨)

*ભાવાર્થ : મોહ આદિ દોષોથી રહિત આપ્ત વિદ્વાનજનો, યોગાભ્યાસી પવિત્ર કરેલ આત્માથી જે-જે સત્ય અને અસત્યનો નિશ્ચય કરે છે, તે-તે સુનિશ્ચિત છે, તેમ અન્ય પુરુષોએ માનવું જોઈએ. જેઓ તેઓની સંગતિ ન કરીને, સત્ય તથા અસત્યનો નિર્ણય જાણવા ઈચ્છે છે, તેઓ કદી પણ સત્ય અને અસત્યનો નિર્ણય કરી શકતા નથી. તેથી આપ્તોના ઉપદેશથી સત્ય અને અસત્યનો નિર્ણય કરવો જોઈએ. (૨)*

तमिद्गच्छन्ति जुह्वस्तमर्वतीर्विश्वान्येकः शृणवद्वचांसि मे।
पुरुप्रैषस्ततुरिर्यज्ञसाधनोऽच्छिद्रोतिः शिशुरादत्त सं रभः॥ ३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ एकः-એકલા मे-મારા विश्वानि-સમસ્ત वचांसि-વચનોને श्रृणवत्-સાંભળો. જે रभः-મહાન મહાત્મા पुरुप्रैषः-જેને બહુજ સજ્જનોને પ્રેરણા આપી હોય, ततुरिः-જે દુઃખથી સર્વને તારનાર, यज्ञसाधनः-વિદ્વાનોના સત્કાર જેના સાધન અર્થાત્ કરાવનાર, अच्छिद्रोतिः-જેનાથી રક્ષણાદિ ક્રિયા ખંડિત ન થઈ હોય शिशुः-અને જે અવિદ્યાદિ દોષોને છિન્ન-ભિન્ન કરે, સર્વના ઉપકારનો સમ્યક્ યત્ન કરે, समादत्त-સમ્યક્ ગ્રહણ કરે, तम्-તેને अर्वतीः-બુદ્ધિમતી કન્યા गच्छन्ति-પ્રાપ્ત થાય છે, तमित्-અને તેને जुह्वः-વિદ્યાવિજ્ઞાનને ગ્રહણ કરનારી કન્યા પ્રાપ્ત થાય છે. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ જે-જે ક્રિયાઓ કરી હોય અને જે-જે અધ્યયન કરેલ હોય, તે-તેની, તેઓ જેમ આપ્ત વિદ્વાનની પરીક્ષા આપે, તેમ કન્યાઓએ પણ પોતાની અધ્યાપિકાને પરીક્ષા આપવી. તેના વિના સત્ય અને અસત્યનો સમ્યક્ નિર્ણય કરી શકાતો નથી. (૩)*

उपस्थायं चरति यत्समारत सद्यो जातस्तत्सार युज्येभिः।
अभि श्वान्तं मृशते नान्द्ये मुदे यदीं गच्छन्त्युशतीरपिष्ठितम्॥ ४॥

પદાર્થ : હે જિજ્ઞાસુજનો ! यत्-જે युज्येभिः-યુક્ત કરવા યોગ્ય પદાર્થોની સાથે सद्यः-શીઘ્ર जातः-પ્રસિદ્ધ થયેલ उपस्थायम्-પ્રતિ ક્ષણ ઉપસ્થાન કરવા चरति-જાય છે, વા तत्सार-કુટિલતાથી જાય છે, વા श्वान्तम्-પરિપક્વ પૂર્ણ જ્ઞાનથી જાય છે अभिमृशते-સર્વત્રથી વિચરે છે; વા બુદ્ધિમાન જન यत्-જે नान्द्ये-અત્યંત આનંદજ અને मुदे-સામાન્ય હર્ષ થવા માટે अपिस्थितम्-સ્થિર થયેલને તથા उशतीः-કામના કરતી પંડિતાઓને ईम्-સર્વત્રથી गच्छन्ति-પ્રાપ્ત થાય છે, તેને તમે समारत સમ્યક્ પ્રાપ્ત થાઓ. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે પુરુષો અને જે સ્ત્રીઓ શીઘ્ર પૂર્ણ વિદ્યા યુક્ત બની જાય છે અને*

*કુટિલતા આદિ દોષોનો ત્યાગ કરીને તથા શાન્તિ આદિ ગુણોને પ્રાપ્ત કરીને સર્વના વિદ્યાજન્ય સુખને માટે વારંવાર બહુ જ પ્રયત્ન કરે છે, તેઓ 'સંસારને આનંદદાયક' બને છે. (૪)*

स ईं मृगो अप्यो वनर्गुरुप त्वच्युपमस्यां नि धायि।

व्यब्रवीद्वयुना मर्त्येभ्योऽग्निर्विद्वाँ ऋतचिद्धि सत्यः॥ ५॥

પદાર્થ : વિદ્વાનોથી જે अप्यः-જળને યોગ્ય वनर्गुः-વનગામી मृगः-હરણની સમાન उपमस्याम्-ઉપમા રૂપ त्वचि-ત્વક્ ઇન્દ્રિયમાં उप, नि, धायि-સમીપ નિરંતર ધરવામાં આવે છે વા જે ऋतचित्-સત્ય વ્યવહારને એકત્ર કરનાર अग्निः-અગ્નિની સમાન વિદ્યાદિ ગુણોથી પ્રકાશમાન विद्वान्-સર્વ વિજ્ઞાનનો જ્ઞાતા પંડિત मर्त्येभ्यः-મનુષ્યોને માટે वयुना-શ્રેષ્ઠ જ્ઞાનોનો ईम्-જ वि, अब्रवीत्-વિશેષ કરીને ઉપદેશ આપે છે, सः-हि-તે જ सत्यः-સજ્જનોમાં સાધુ છે. (૫)

*ભાવાર્થ : જેમ તૃષાતુર હરણ જળ પીવા માટે વનમાં ભ્રમણ કરીને જળ પામીને પ્રસન્ન થાય છે, તેમ વિદ્વાનો શુભ આચરણવાળા વિદ્યાર્થીઓને પામીને આનંદિત થાય છે. જે વિદ્યા પ્રાપ્ત કરીને તેઓ = બીજાઓને આપતા નથી, તેઓ સંકીર્ણ હૃદયના લોકો 'મહાપાપી' છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં ઉપદેશ કરનાર અને ઉપદેશ સાંભળનારાઓના કર્તવ્ય કર્મોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૫)

## સૂક્ત-૧૪૬

त्रिमूर्द्धानं सप्तरश्मिं गृणीषेऽनूनमग्निं पित्रोरुपस्थे।

निषत्तमस्य चरतो ध्रुवस्य विश्वा दिवो रोचनापप्रिवांसम्॥ १॥

પદાર્થ : હે ધારણાવતી શ્રેષ્ઠ બુદ્ધિવાનજન ! જેથી તું पित्रोः-પાલન કરનાર વાયુ અને આકાશના उपस्थे-સમીપમાં निषत्तम्-નિરંતર પ્રાપ્ત त्रिमूर्द्धानम्-નિકૃષ્ટ, મધ્ય અને ઉત્તમ એ ત્રણેય પદાર્થોમાં શિર રાખનારાसप्तरश्मिम्-સાત ગાયત્રી આદિ છંદો અથવા ભૂ આદિ સાત લોકોમાં જેના પ્રકાશરૂપ કિરણો છે, એવા अनुनम्-હિનરહિત અને अस्य-એ चरतः-પોતાની ગતિથી વ્યાપ્ત ध्रुवस्य-નિશ્ચળ दिवः-સૂર્યમંડળના विश्वा-સમસ્ત रोचना-પ્રકાશોને आपप्रिवांसम्-જેને સર્વત્રથી કરેલ છે, તે अग्निम्-વિદ્યુત્‌ની સમાન વર્તમાન વિદ્વાનની गृणीषे-સ્તુતિ કરે છે, તેથી તું વિદ્યા પ્રાપ્ત કરવા યોગ્ય બને છે. (૧)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્, સૂર્ય અને પ્રસિદ્ધ (= પાર્થિવ) અગ્નિ એ ત્રણેય રૂપમાં અગ્નિ ચરાચર જગતનાં કાર્યોને સિદ્ધ કરનારા છે, તેમ જ વિદ્વાનો સમસ્ત સંસારનો ઉપકાર કરનારા બને છે. (૧)*

उक्षा महाँ अभि ववक्ष एने अजरस्तस्थावितऊतिर्ऋष्वः।

उर्व्याः पदो नि दधाति सानौ रिहन्त्यूधो अरुषासो अस्य॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ उर्व्याः-પૃથિવીથી महान्-મહાન, उक्षा-વર્ષાના જલનું સિંચન કરનાર, अजरः-હાનિરહિત, ऋष्वः-ગતિમાન સૂર્ય एने-એ અંતરિક્ષ અને ભૂમંડળને अभि, ववक्षे-સંયુક્ત કરે છે; इत ऊतिः-વા જેનાથી રક્ષા આદિ ક્રિયા પ્રાપ્ત થાય છે, તેવો બનીને पदः-પોતાના અંશોને नि, दधाति-નિરંતર સ્થાપિત કરે છે, अस्य-એ સૂર્યનાં अस्मासः-અહિં સમાન કિરણો सानौ-પૃથક જગતમાં ऊधः-જળસ્થાનને रिहन्ति-પ્રાપ્ત થાય છે, વા જે બ્રહ્માંડના મધ્યમાં तस्थौ-સ્થિર છે, તેના સમાન તમે બનો. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ; જે સૂત્રાત્મા વાયુ ભૂમિ અને સૂર્યને ધારણ કરીને સંસારની રક્ષા કરે છે અથવા જેમ સૂર્ય પૃથિવીથી મહાન છે, તેમ વર્તાવ કરવો જોઈએ. (૨)*

समानं वत्समभि संचरन्ती विष्वग्धेनू वि चरतः सुमेके।
अनपवृज्याँ अध्वनो मिमाने विश्वान्केताँ अधि महो दधाने॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ સૂર્યલોક અને ભૂમંડળ બન્ને समानम्-સમાન वत्सम्-વાછરડાની સમાન વર્તમાન દિવસ-રાત્રિને अभि-सं, चरन्ती-સર્વત્રથી સમ્યક્ પ્રાપ્ત થઈને सुमेके-સુંદર જેનો ત્યાગ કરવાના अध्वनः-માર્ગથી अनपवृज्यान्-દૂર ન કરવા યોગ્ય પદાર્થોને मिमाने-નિર્માણ કરનારા महः-મહાન विश्वान्-સમગ્ર केतान्-બોધને अधि, दधाने અધિકારપૂર્વક ધારણ કરીને धेनू-ગાયોની સમાન विष्वक्, वि, चरतः-સર્વત્રથી વિચરી રહેલ છો, તેમ તેઓને જાણી, પક્ષપાત છોડી સર્વ કાર્યોને પૂરા કરો. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો સૂર્યની સમાન ન્યાય અને ગુણોનું ગ્રહણ કરનારા અને તેઓ પ્રકાશિત કરનારા બનીને અનેક પ્રકારના માર્ગોનું નિર્માણ કરીને તથા ગાયોની સમાન સર્વને પુષ્ટ કરીને તથા ગાયોની સમાન સર્વને પુષ્ટ કરતા સમસ્ત વિદ્યાઓને ધારણ કરે છે, તેઓ દુઃખ રહિત બની શકે છે. (૩)*

धीरासः पदं कवयो नयन्ति नाना हृदा रक्षमाणा अजुर्यम्।
सिषासन्तः पर्यपश्यन्त सिन्धुमाविरेभ्यो अभवत्सूर्यो नॄन्॥ ४॥

પદાર્થ : જે धीरास-ધ્યાનવાન कवयः-વિક્રાન્ત પ્રજ્ઞાવાન શાસ્ત્રવિદ્ વિદ્વાન हृदा-હૃદયથી नाना-અનેક नॄन्-નાયકો = મુખીઓની रक्षमाणाः-રક્ષા કરે છે અને सिषासन्तः-અનેક પ્રકારના વિભાગ કરવાની ઈચ્છા કરીને सूर्यः-સૂર્યની સમાન અર્થાત્ જેમ સૂર્યમંડલ सिन्धुम्-નદીના જળનો સ્વીકાર કરે છે, તેમ अजुर्यम्-હાનિરહિત पदम्-પ્રાપ્ત કરવા યોગ્ય પદને नयन्ति-પ્રાપ્ત થાય છે, તેઓ પરમાત્માનું परि, अपश्यत-સર્વત્રથી દર્શન કરે છે અર્થાત્ સર્વ પદાર્થોમાં (તેનું) ચિંતન કરે છે, જે एभ्यः-તેઓથી વિદ્યા અને ઉત્તમ શિક્ષાને પ્રાપ્ત કરીને आविः-પ્રકટ अभवत्-થાય છે, તે પણ તે પદને પ્રાપ્ત કરે

છે. (૪)

*ભાવાર્થ : જે લોકો સુખ દુઃખની વ્યવસ્થા સર્વને स्वात्मवत् = પોતાની સમાન જાણીને ન્યાયનો આશ્રય કરે છે, તેઓ અવ્યય પદ (= મોક્ષ)ને પ્રાપ્ત કરે છે. જેમ સૂર્ય જળ વરસાવીને નદીઓને પૂર્ણ કરે છે, તેમ વિદ્વાનો સત્ય વચન વરસાવીને મનુષ્યોના આત્માઓને પરિપૂર્ણ કરે છે. (૪)*

दिदृक्षेण्यः परि काष्ठासु जेन्य ईळेन्यो महो अर्भाय जीवसे।
पुरुत्रा यदभवत्सूरहैभ्यो गर्भेभ्यो मघवा विश्वदर्शतः॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે अह-જ एभ्यः-એ गर्भेभ्यः-સ્તુતિ કરવા યોગ્ય વિદ્વાનો દ્વારા महः-બહુજ અને अर्भाय-અલ્પ जीवसे-જીવનને માટે पुरुत्रा-અનેકોમાં मघवा-પરમ પ્રતિષ્ઠિત ધનયુક્ત विश्वदर्शतः-સમસ્ત વિદ્વાનોથી દર્શન યોગ્ય दिदृक्षेण्यः-વા દર્શનની ઈચ્છાથી ચાહવા યોગ્ય काष्ठासु-દિશાઓમાં जेन्यः-જીતનાર અર્થાત્ દિગ્વિજયી इळेन्यः-અને સ્તુતિ-પ્રશંસા કરવા યોગ્ય सूः-સર્વત્રથી ઉત્પન્ન परि, अभवत्-થાય, તે સર્વના સત્કારને યોગ્ય છે. (૫)

*ભાવાર્થ : જેઓ દિશાઓમાં વ્યાપ્ત યશવાળા શત્રુઓના વિજેતા, શ્રેષ્ઠ વિદ્વાનોથી વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરેલા તથા શુભ ગુણોને કારણે દર્શનીય જનો છે. તેઓ સંસારનાં મંગળને માટે સમર્થ બને છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિ અને વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૬)

## સૂક્ત-૧૪૭

कथा ते अग्ने शुचयन्त आयोर्ददाशुर्वाजेभिराशुषाणाः।
उभे यत्तोके तनये दधाना ऋतस्य सामन्रणयन्त देवाः॥ १॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! ददाशुः-દાતા आयोः-વિદ્વાન્ ! જે આપ ते-તે તમારા यत्-જે वाजेभिः-વિજ્ઞાનાદિ ગુણોની સાથે आशुषाणाः-શીઘ્ર વિભાગ કરનારા तनये-પુત્ર અને तोके-પૌત્ર આદિને માટે उभे-બે પ્રકારના ચરિત્રોને दधानाः-ધારણ કરેલ शुचयन्तः-પવિત્ર વ્યવહાર સ્વયં ઈચ્છતા देवाः-વિદ્વાનો છે, તેઓ सामम्-સામવેદમાં ऋतस्य-સત્ય વ્યવહારનો कथा-કેમ रणयन्त-વાદ વિવાદ કરે. (૧)

*ભાવાર્થ : સર્વ વિદ્વાન અધ્યાપકો, ચતુર્વેદ જ્ઞાતા, આપ્ત વિદ્વાનોથી પૂછે કે અમે કેવી રીતે ભણાવીએ ? તે તેઓને સમ્યક્ રીતે શિક્ષિત કરે, જે રીતે એ વિદ્યાર્થીઓ વિદ્યા અને ઉત્તમ શિક્ષા પ્રાપ્ત કરીને, જિતેન્દ્રિય અને ધાર્મિક બને, તેમ આપ લોકો ભણાવો; એ જ ઉત્તર છે. (૧)*

बोधा मे अस्य वचसो यविष्ठ मंहिष्ठस्य प्रभृतस्य स्वधावः।

**पीर्यति त्वो अनु त्वो गृणाति वन्दारुस्ते तन्वं वन्दे अग्ने॥ २॥**

પદાર્થ : હે स्वधावः-પ્રશસ્ત અન્નવાળા यविष्ठ-અત્યંત તરુણ ! તું मे-મારા अस्य-આ मंहिष्ठस्य-અત્યંત બુદ્ધિયુક્ત प्रभृतस्य-શ્રેષ્ઠતાથી ધારણ કરેલ वचसः-વચનને बोध-જાણ.

હે अग्ने-વિદ્વત્તમ = વિદ્વાનોમાં શ્રેષ્ઠ વિદ્વાન્ ! જેમ वन्दारु-વંદના કરનાર હું ते-તારા तन्वम्-શરીરને वन्दे-અભિવાદન કરું છું. જેમ त्वः-અન્ય કોઈ જન पीयति-જળ આદિનું પાન કરે છે; વા જેમ त्वः-અન્ય કોઈ જન अनुगृणाति-અનુકૂળતાથી સ્તુતિ-પ્રશંસા કરે છે, તેમ હું પણ બનું. (૨)

*ભાવાર્થ : જ્યારે આચાર્યની પાસે શિષ્ય ભણે, ત્યારે પ્રથમ ભણેલની પરીક્ષા આપે. ભણતા પહેલાં આચાર્યને પ્રણામ કરે જેમ બીજા બુદ્ધિમાન વિદ્યાર્થીઓ યુક્તિપૂર્વક ભણે, તેમ તે સ્વયં ભણે. (૨)*

**ये पायवो मामतेयं ते अग्ने पश्यन्तो अन्धं दुरितादरक्षन्।**

**ररक्ष तान्त्सुकृतो विश्ववेदा दिप्सन्त इद्रिपवो नाह देभुः॥ ३॥**

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! ते-આપના ये-જે पश्यन्तः-સમ્યક્ જોનારા पायवः-રક્ષા કરનારા मामतेयम्-પ્રજાના સંતાનો જો अन्धम्-અવિદ્યાયુક્ત હોય, તેઓને दुरितात्-દુષ્ટ આચરણથી अरक्षन्-બચાવે છે, तान्-તેઓ सुकृतः-સુકૃત-ઉત્તમ કર્મ કરનારાજનોની विश्ववेदः-સમસ્ત વિજ્ઞાનના જ્ઞાતા આપ ररक्ष-રક્ષા-પાલન કરો, જેથી दिप्सन्तः-અમને મારવાની ઈચ્છા કરતા इत्-પણ रिपवः-શત્રુજન न, अह-देभुः-મારી શકે નહિ. (૩)

*ભાવાર્થ : જેઓ વિદ્યારૂપી નેત્રવાળા લોકો, જેમ આંધળાને કૂવાથી (બચાવે છે,) તેમ જ મનુષ્યોને અધાર્મિક આચરણથી રક્ષા કરે, તેઓનું સર્વ લોકો પિતાની સમાન સત્કાર કરે અને જે લોકો વ્યસનમાં પાડે, તેઓનો દૂરથી ત્યાગ કરે. (૩)*

**यो नो अग्ने अररिवाँ अघायुररातीवा मर्चयति द्वयेन।**

**मन्त्रो गुरुः पुनरस्तु सो अस्मा अनु मृक्षीष्ट तन्वं दुरुक्तैः॥ ४॥**

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! यः-જ જે अररिवान्-દુઃખોને પ્રાપ્ત કરીને, अघायुः-સ્વ અપરાધની ઈચ્છા કરનાર, अरातीवा-ન આપનારની સમાન આચરણ કરનાર, द्वयेन-બે પ્રકારના કર્મ વા दुरुक्तैः-દુષ્ટ ઉક્તિઓથી नः-અમને मर्चयति-કહે છે તેથી જે અમારા तन्वम्-શરીરને अनु, मृक्षीष्ट-પશ્ચાત્ પવિત્ર કરે सः-તે અમારા અને अस्मै-ઉક્ત વ્યવહારને માટે पुनः-વારંવાર मन्त्र-વિચારશીલ गुरु-ઉપદેશ કરનાર अस्तु-બને. (૪)

*ભાવાર્થ : મનુષ્યોમાંથી જે, દુષ્ટ શિક્ષા આપે છે, તેઓ ત્યાગ કરવા યોગ્ય અને સત્ય શિક્ષા આપે છે, તેઓ માન કરવા યોગ્ય બને છે. (૪)*

उत वा यः सहस्य प्रविद्वान् मर्त्तो मर्त्तं मर्चयति द्वयेन।
अतः पाहि स्तवमान स्तुवन्तमग्ने माकिर्नो दुरिताय धायीः॥ ५॥

પદાર્થ : सहस्य-બળ આદિમાં પ્રસિદ્ધ અને स्तवमान-સજ્જનોના પ્રશંસક अग्ने-વિદ્વાન્ ! તું यः-જે प्रविद्वान्-શ્રેષ્ઠતાથી જ્ઞાતા मर्त्तः-મનુષ્ય द्वयेन-અધ્યાપન અને ઉપદેશરૂપથી मर्त्तम्-મનુષ્યને मर्चयति-કહે છે અર્થાત્ પ્રશંસિત કરે છે, अतः-એથી स्तुवन्तम्-સ્તુતિ-પ્રશંસા કરનાર જનનું पाहि-પાલન કરો उत, वा-અથવા नः-અમારું दुरिताय-દુષ્ટ આચરણ માટે माकिः-धायीः-કદી પાલન કરો નહિ. (૫)

*ભાવાર્થ : જે વિદ્વાનજન સુશિક્ષા અને અધ્યાપન દ્વારા મનુષ્યોના આત્મિક અને શારીરિક બલની વૃદ્ધિ કરીને તેઓને અવિદ્યા અને પાપાચરણથી પૃથક્ કરે છે તેઓ 'વિશ્વશોધક' બને છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં મિત્ર અને અમિત્રોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થની સાથે જાણવી જોઈએ. (૧૪૭)

## સૂક્ત-૧૪૮

मथीद्यदीं विष्टो मातरिश्वा होतारं विश्वाप्सुं विश्वदेव्यम्।
नि यं दधुर्मनुष्यासु विक्षु स्व१र्ण चित्रं वपुषे विभावम्॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે विष्टः-પ્રવિષ્ટ मातरिश्वा-અન્તરિક્ષમાં શયન કરનાર વાયુ विश्वदेव्यम्-સમસ્ત પૃથિવી આદિ પદાર્થોમાં થયેલ विश्वाप्सुम्-સમગ્રરૂપ જ જેનો ગુણ છે, તે होतारम्-સર્વ પદાર્થોને ગ્રહણ કરનાર અગ્નિને मथीत्-મથે છે-મંથન કરે છે; વા વિદ્વાનજન मनुष्यासु-મનુષ્ય સંબંધીની विक्षु-પ્રજાઓમાં स्वः-સૂર્યની न-સમાન चित्रम्-અદ્ભુત અને वपुषे-રૂપને માટે विभावम्-વિશેષતાથી ભાવના કરનાર यम्-જે અગ્નિને ईम्-સર્વત્રથી नि, दधुः-નિરંતર ધારણ કરે છે, તે અગ્નિને તમે ધારણ કરો. (૧)

*ભાવાર્થ : જે મનુષ્યો વાયુની સમાન વ્યાપક વિદ્યુત્‌ને મથીને કાર્ય સિદ્ધ કરે છે, તેઓ અદ્ભુત કાર્યો કરી શકે છે. (૧)*

ददानमिन्न ददभन्त मन्माग्निर्वरूथं मम तस्य चाकन्।
जुषन्त विश्वान्यस्य कर्मोपस्तुतिं भरमाणस्य कारोः॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! આપ જે अग्निः-વિદ્વાન मम-મારા અને तस्य-તેના वरूथम्-मन्म-વિજ્ઞાનને ददानम्-દેનારની चाकन्-કામના કરે છે, તેને नेत्-ददभन्त-મારો નહિ, अस्य-એ भरमाणस्य-ભરણપોષણ કરીને कारोः-શિલ્પવિદ્યાને સિદ્ધ કરવા યોગ્ય કામોને કરનારા તેઓના विश्वानि-સમસ્ત कर्म-કર્મોની उपस्तुतिम्-સમીપ પ્રાપ્ત થયેલી પ્રશંસાની આપ जुषन्त-સેવા કરો. (૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે લોકો જેઓને વિદ્યા આપે, તેઓની તેઓ નિરંતર સેવા કરે અને*

*સર્વ અવશ્ય વેદાભ્યાસ કરે. (૨)*

नित्ये चिन्नु यं सदने जगृभ्रे प्रशस्तिभिर्दधिरे यज्ञियासः।
प्र सु नयन्त गृभयन्त इष्टावश्वासो न रथ्यो रारहाणाः॥ ३॥

પદાર્થ : यज्ञियासः-શિલ્પયજ્ઞને યોગ્ય સજ્જન प्रशस्तिभिः-પ્રશંસિત ક્રિયાઓથી नित्ये-નિત્ય = નાશ રહિત सदने-બેસે જે આકાશમાં અને इष्टौ-પ્રાપ્ત થવા યોગ્ય ક્રિયામાં यम्-જે અગ્નિનું जगृभ्रे-ગ્રહણ કરે. चित्-અને नु-શીઘ્ર दधिरे-ધારણ કરે તેના આશ્રયથી रारहाणाः-જઈ રહેલ જે रथ्यः-રથોમાં શ્રેષ્ઠ પ્રશંસિત अश्वासः-સમ્યક્ શિક્ષિત ઘોડાઓ છે, તેઓની न-સમાન અને गृभयन्तः-પદાર્થોને ગ્રહણ કરનારાઓની સમાન આચરણ કરતા રથોની सु, प्र, नयन्त-શ્રેષ્ઠ રીતે પ્રાપ્ત થાય. (૩)

*ભાવાર્થ : જે નિત્ય આકાશમાં સ્થિત વાયુ અને અગ્નિ આદિ પદાર્થોને ઉત્તમ ક્રિયાઓ દ્વારા કાર્યોમાં પ્રયુક્ત કરે છે, તેઓ વિમાન આદિ યાનો બનાવી શકે છે. (૩)*

पुरूणि दस्मो नि रिणाति जम्भैराद्रोचते वन आ विभावा।
आदस्य वातो अनु वाति शोचिरस्तुर्न शर्यामसनामनु द्यून्॥ ४॥

પદાર્થ : જે विभावा-વિશેષ દીપ્તિ કરનાર તથા दस्मः-દુઃખનાશક અગ્નિ जम्भः-ચલાવવા આદિ પોતાના ગુણોથી पुरूणि-બહુ જ વસ્તુઓને अनु, द्यून्-પ્રતિદિન नि, रिणाति-નિરંતર પહોંચાડે છે, आत् તદન્તર वने-વનમાં आ, रोचते-સમ્યક્ પ્રકાશમાન થાય છે आत्-અને अस्य-એનો સંબંધી वातः-વાયુ अनु, वाति-તેની પાછળ વહે છે જેની शोचिः-દીપ્તિ-પ્રકાશમાન अस्तुः-પ્રેરક શિલ્પીની असनाम्-પ્રેરણાની न-સમાન शर्याम्-વાયુના તાડનને પ્રાપ્ત થાય છે, તેનાથી શ્રેષ્ઠતમ કાર્યો મનુષ્યોએ સિદ્ધ કરવા જોઈએ. (૪)

*ભાવાર્થ : જે લોકો વિદ્યા, ઉત્પાદન તથા તાડન આદિ ક્રિયાઓથી વિદ્યુત્ વિદ્યા સિદ્ધ કરે છે, તેઓ પ્રતિદિન ઉન્નતિને પ્રાપ્ત થાય છે. (૪)*

न यं रिपवो न रिषण्यवो गर्भे सन्तं रेषणा रेषयन्ति।
अन्धा अपश्या न दभन्नभिख्या नित्यास ईं प्रेतारो अरक्षन्॥ ५॥

પદાર્થ : यम्-જેનો रिपवः-શત્રુઓ न रेषयन्ति-નાશ કરાવી શકતા નથી; વા गर्भे, सन्तम्-મધ્યમાં વર્તમાન જેનો रेषणाः-હિંસક रिषण्यवः-સ્વ નષ્ટ થવાના ઇચ્છુક न-નષ્ટ કરાવી શકતા નથી; વા नित्यासः-અવિનાશી अभिख्या-સર્વત્રથી ખ્યાતિ કરનાર અને अपश्याः-ન દેખનારની न-સમાન अन्धा, दमन्-જ્ઞાન દૃષ્ટિ રહિત નષ્ટ કરી શકે નહિ જે प्रेतारः-પ્રીતિકારક ईम्-સર્વત્રથી अरक्षन्-રક્ષા કરે, તે અગ્નિને અને તેને સર્વ સત્કારયુક્ત કરે. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેને શત્રુઓ મારી શકતા નથી અને જે ગર્ભમાં પણ ક્ષીણ થતો નથી. તે આત્મા જાણવા યોગ્ય છે. (૫)*

સંગતિ : સૂક્તમાં વિદ્વાન અને અગ્નિ આદિ પદાર્થોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૪૮)

## સૂક્ત-૧૪૯

मुहः स राय एषते पतिर्दन्निन इनस्य वसुनः पुद आ।
उप ध्रजन्तमद्रयो विधन्नित्॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે इनस्य-મહાન ઐશ્વર્યના સ્વામીના इनः-ઈશ્વર वसुनः-સામાન્ય ધનના અને महः-મહાન रायः-ધનના दन्-દાતા पतिः-સ્વામી आ, ईषते-સારા પ્રકારના હોય છે; વા જે વિદ્વાનજન આની पदे-પ્રાપ્તિ માટે ध्रजन्तम्-પહોંચનારને अद्रयः-મેઘોની इत्-સમાન उपाविधन्-સમીપ જઈને सः-સમ્યક્ વિધાન કરવા યોગ્ય છે. (૧)

*ભાવાર્થ : આ સંસારમાં જેમ સુપાત્રને દાન આપવાથી યશ મળે છે, તેમ અન્ય ઉપાયથી નહિ. તે સંપૂર્ણ ધન પ્રાપ્ત કરે છે. (૧)*

स यो वृषा नरां न रोदस्योः श्रवोभिरस्ति जीवपीतसर्गः।
प्र यः संस्राणः शिश्रीत योनौ॥ २॥

પદાર્થ : यः-જે श्रवोभिः-અન્ન આદિ પદાર્થોની સાથે જેમ नराम्-મનુષ્યોમાં न-તેમ रोदस्योः-આકાશ અને પૃથિવીની મધ્ય जीवपीतसर्गः-જેને જીવોની સાથે સૃષ્ટિક્રમ પાન કરેલ છે અર્થાત્ વિદ્યાના બળથી પ્રત્યેક જીવના ગુણ-દોષોને ઉત્પત્તિની સાથે જાણેલ છે; વા यः-જે सस्राणः-સર્વ પદાર્થોના ગુણ-દોષોને પ્રાપ્ત કરીને योनौ-કારણમાં અર્થાત્ સૃષ્ટિના નિમિત્તમાં प्र,शिश्रीत-આશ્રય કરે તેમાં આરુઢ થાય, सः-તે वृषा-શ્રેષ્ઠ બળવાન अस्ति-છે.

*ભાવાર્થ : જે નાયકોમાં નાયક અને પૃથિવી આદિમાં કાર્ય તથા કારણનો જ્ઞાતા મનુષ્ય વિદ્યાનો આશ્રય કરે છે, તે જ સુખી થાય છે. (૨)*

आ यः पुरं नार्मिणीमदीदेदत्यः कविर्नभन्योऽ नार्वा।
सूरो न रुरुक्वाञ्छतात्मा॥ ३॥

પદાર્થ : यः-જે अत्यः-વ્યાપ્ત થનાર नभन्यः-આકાશમાં પ્રસિદ્ધ વાયુ તેની न-સમાન कविः-

અનુક્રમે પદાર્થોમાં વ્યાપ્ત થનારી બુદ્ધિવાળા (= કાન્તપ્રજ્ઞ) अर्वा-ઘોડા અને सूरः-સૂર્યની न-સમાન रुक्वान्-રુચિમાન शतात्मा-અસંખ્ય પદાર્થોમાં વિશેષ જ્ઞાન રાખનાર જન नार्मिणीम्-ક્રીડા વિલાસી આનંદ ભોગવનારા જનોની पुरम्-પુરીને आदीदेत्-સમ્યક્ પ્રકાશિત કરે છે, તે ન્યાય કરવા યોગ્ય બને છે. (૩)

*ભાવાર્થ : જે અગણિત પદાર્થોની વિદ્યાઓનો જ્ઞાતા મનુષ્ય સુશોભિત નગરને વસાવી શકે, તે ઐશ્વર્યો દ્વારા સૂર્ય સમાન પ્રકાશયુક્ત બની શકે છે. (૩)*

**अभि द्विजन्मा त्री रोचनानि विश्वा रजांसि शुशुचानो अस्थात्।**

**होता यजिष्ठो अपां सधस्थे॥ ४॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ द्विजन्मा-બે અર્થાત્ આકાશ વાયુથી જેનો જન્મ એવા होता-આકર્ષણ શક્તિથી પદાર્થોને ગ્રહણ કરનાર અને यजिष्ठः-અત્યંત સંગ કરનાર અગ્નિ अपाम्-જળના सधस्थे-સાથેના સ્થાનમાં त्री-ત્રણ रोचनानि-અર્થાત્, સૂર્ય, વિદ્યુત્ અને ભૂમિના પ્રકાશોને તથા विश्वा-સમસ્ત रजांसि-લોકોને शुशुचानः-પ્રકાશિત કરીને अभ्यस्थात्-સર્વત્રથી સ્થિત થઈ રહેલ છે, તેમ તમે પણ થાઓ. (૪)

*ભાવાર્થ : જેઓ વિદ્યા અને ધર્મયુક્ત કર્મોના વિદ્વાનોના સંગથી પ્રકાશિત સ્થાનમાં અનુષ્ઠાન કરે છે, તેઓ સમસ્ત ગુણ-કર્મ-સ્વભાવોને ગ્રહણ કરી શકે છે. (૪)*

**अयं स होता यो द्विजन्मा विश्वा दधे वार्याणि श्रवस्या।**

**मर्तो यो अस्मै सुतुको ददाश॥ ४॥**

પદાર્થ : यः-જે सुतुकः-જે સુંદર વિદ્યાવૃદ્ધ અર્થાત્ ઉન્નતિને પ્રાપ્ત થયેલ मर्त्तः-મનુષ્ય अस्मै-આ વિદ્યાર્થીને માટે વિદ્યાને ददाश-પ્રદાન કરે છે; વા यः-જે द्विजन्मा-ગર્ભ અને વિદ્યા તથા સુશિક્ષાથી ઉત્પન્ન થયેલ होता-શ્રેષ્ઠ ગુણગ્રાહી विश्वा-સમસ્ત श्रवस्या-શ્રવણમાં પ્રસિદ્ધ થયેલ वार्याणि-સ્વીકાર કરવા યોગ્ય વિષયોને दधे-ધારણ કરે છે, सः अयम्-એ પુણ્યવાન બને છે. (૫)

*ભાવાર્થ : જેના વિદ્યા અને સુશિક્ષાયુક્ત માતાપિતાથી પ્રથમ જન્મ અને આચાર્ય અને વિદ્યાથી બીજો જન્મ થાય, તે દ્વિજ બનીને વિદ્વાન બની શકે છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન અને અગ્નિ આદિ પદાર્થોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થ સાથે જાણવી જોઈએ. (૧૪૯)

## સૂક્ત-૧૫૦

पुरु त्वा दाश्वान्वोचेऽरिरग्ने तव स्विदा। तोदस्येव शरण आ महस्य॥ १॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! दाश्वान् દાતા અને अरिः-વ્યવહારોની પ્રાપ્તિ કરાવનાર હું महस्य-મહાન तोदस्येव-જેમ વ્યથા આપનાર તેમ तव-આપના स्वित्-જ आ, शरणे-સારી રીતે ઘરમાં त्वा-આપને पुरु, आ, वोचे-બહુ જ સમ્યક્ કહું. (૧)

*ભાવાર્થ : જે જેનો સેવક હોય, તે તેની આજ્ઞાનું પાલન કરીને કૃતાર્થ = કર્તવ્યપૂરક બને. (૧)*

व्यनिनस्य धनिनः प्रहोषे चिदररुषः। कदा चन प्रजिगतो अदेवयोः॥ २॥

પદાર્થ : હું अदेवयोः-અદેવ = અવિદ્વાનને प्रजिगतः-શ્રેષ્ઠતાથી નિરંતર પ્રાપ્ત થઈને अररुषः-અહિંસક व्यनिनस्य-વિશેષતાથી પ્રશંસિત પ્રાણના નિમિત્ત धनिनः-બહુ ધનયુક્ત જન છે, प्रहोषे-તેના સમ્યક્ ગ્રહણ કરનારાઓને માટે कदा, चन-ક્યારેક પ્રિય વચન ન કહું, એવા चित्-તું પણ બોલ નહિ. (૨)

*ભાવાર્થ : જે અવિદ્વાન અધ્યાપકો અને ઉપદેશકોના સંગનો ત્યાગ કરીને વિદ્વાનોનો સંગ કરે છે, તે સુખથી પરિપૂર્ણ બને છે. (૨)*

व चन्द्रो विप्र मर्त्यो महो व्राधन्तमो दिवि। प्रप्रेत्ते अग्ने वनुषः स्याम॥ ३॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! જેમ અમે वनुषः-સમ્યક્ વિભાગ કરનારા ते-આપનો ઉપકાર કરનારા प्रप्र, इत्, स्याम-શ્રેષ્ઠ પ્રકારથી બનીએ.

હે विप्र-મેધાવીજન જેમ सः-તે मर्त्यः-મનુષ્ય व्राधन्तमः-અત્યંત ઉન્નતિ પ્રાપ્ત, જેમ महः-મહાન चन्द्रः-ચંદ્રમા दिवि-આકાશમાં વિદ્યમાન છે, તેમ તું પણ તારો વર્તાવ રાખ. (૩)

*ભાવાર્થ : જેમ પૃથિવી આદિ પદાર્થોના જ્ઞાતા વિદ્વાન વિદ્યાના પ્રકાશનમાં પ્રવૃત્ત થાય છે, તેમ અન્યોએ પણ પ્રવૃત્ત થવું જોઈએ. (૩)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થ સાથે જાણવી જોઈએ. (૧૫૦)

## સૂક્ત-૧૫૧

मित्रं न यं शिम्या गोषु गव्यवः स्वाध्यो विदथे अप्सु जीजनन्।
अरेजेतां रोदसी पाजसा गिरा प्रति प्रियं यजतं जनुषामवः॥ १॥

પદાર્થ : प्रियम्-જે પ્રસન્ન કરનાર વા यजतम्-સંગ કરવા યોગ્ય यम्-જે અગ્નિને जनुषाम्-મનુષ્યોની अवः-રક્ષા આદિને प्रति-પ્રત્યે, વા स्वाध्यः-જેની ઉત્તમ ધીર બુદ્ધિ છું, તેઓ गोषु-ગાયોમાં गव्यवः-

ગાયોની ઈચ્છા કરનારા मित्रं, न-મિત્રની સમાન विदथे-યજ્ઞમાં शिम्या-કર્મથી अप्सु-પ્રાણીઓના પ્રાણોમાં जीजनन्-ઉત્પન્ન કરાવે અર્થાત્ તે યજ્ઞ કર્મ દ્વારા વર્ષા અને વર્ષાથી અન્ન થાય અને તે અન્નથી પ્રાણીઓની જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, તે અગ્નિના पाजसा-બળ गिरा-રૂપ ઉત્તમ શિક્ષિત વાણીથી रोदसी-સૂર્યમંડળ અને પૃથિવીમંડળ अरेजेताम्-કંપાયમાન થાય છે. (૧)

*ભાવાર્થ : જે વિદ્વાન પ્રજાપાલન કરવા ઈચ્છે છે, તે મિત્રતા કરીને સમસ્ત જગતની 'स्वात्मवत्' = પોતાના આત્માની સમાન રક્ષા કરો. (૧)*

**यद्ध त्यद्वां पुरुमीळ्हस्य सोमिनः प्र मित्रासो न दधिरे स्वाभुवः।**
**अध क्रतुं विदतं गातुमर्चत उत श्रुतं वृषणा पस्त्यावतः॥ २॥**

પદાર્થ : હે वृषणा-સુખ આદિની વર્ષા કરીને, દુષ્ટોની શક્તિને બાંધીને = રોકીને અધ્યાપકો અને ઉપદેશકો ! તમે બન્ને पुरुमीढस्य-બહુ જ ગુણોથી સીંચેલ पस्त्यावतः-પ્રશંસિત ગૃહવાળા सोमिनः-પુષ્કળ ઐશ્વર્યયુક્ત સજ્જનની क्रतुम्-બુદ્ધિને यत्, ह-જે નિશ્ચયપૂર્વક स्वाभुवः-શ્રેષ્ઠતાથી પરોપકારમાં પ્રસિદ્ધ થનારા જનો मित्रासः-મિત્રોની न-સમાન प्र, दधिरे-સમ્યક્ ધારણ કરે, त्यत्-તેઓ गातुम्-પૃથિવીને विदतम्-પ્રાપ્ત થાઓ, अधोत-તદનન્તર પણ वाम्-તમારા બન્નેનો अर्चते-સત્કાર કરતા જનોને श्रुतम्-સાંભળો. (૨)

*ભાવાર્થ : જેઓ મિત્રનો સત્કાર સમાન સર્વ મનુષ્યોમાં બુદ્ધિની વૃદ્ધિ કરીને વિદ્યા સ્થાપિત કરે છે, તે 'સૌભાગ્યવાન' બને છે. (૨)*

**आ वां भूषन्क्षितयो जन्म रोदस्योः प्रवाच्यं वृषणा दक्षसे महे।**
**यदीमृताय भरथो यदर्वते प्र होत्रया शिम्या वीथो अध्वरम्॥ ३॥**

પદાર્થ : वृषणा-વિદ્યાની વર્ષા કરાવનારા यत्-જે रोदस्योः-અન્તરિક્ષ અને પૃથિવીની મધ્ય વિદ્યમાન क्षितयः-મનુષ્ય महे-અત્યંત दक्षसे-આત્મબળને માટે वाम्-તમારા બન્નેના प्रवाच्यम्-સારી રીતે કહેવા યોગ્ય जन्म-જન્મને भूषन्-સુશોભિત કરે છે, તેઓના સંગથી यत्-જે કારણે अर्वते-પ્રશંસિત વિજ્ઞાનયુક્ત ऋताय-સત્યવિજ્ઞાનયુક્ત સજ્જનને માટે होत्रया-ગ્રહણ કરવા યોગ્ય शिम्या-સમ્યક્ કાર્યોથી યુક્ત ક્રિયાથી अध्वरम्-અહિંસા ધર્મયુક્ત વ્યવહારને તમે आ, भरथः-સારી રીતે ધારણ કરો છો; અને ईम्-સર્વત્રથી તેને प्रः, वीथः-વ્યાપ્ત થાઓ છો, એથી આપ પ્રશંસા કરવા યોગ્ય છો. (૩)

*ભાવાર્થ : જે વિદ્વાનો બાલ્યાવસ્થાથી લઈને પુત્રો અને કન્યાઓના વિદ્યારૂપી જન્મની વૃદ્ધિ = ઉન્નતિ કરે છે, તેઓ સત્ય વિદ્યાઓના પ્રચાર દ્વારા સર્વને સુભૂષિત કરે છે. (૩)*

**प्र सा क्षितिरसुर या महि प्रिय ऋतावानावृतमा घोषथो बृहत्।**
**युवं दिवो बृहतो दक्षमाभुवं गां न धुर्युप युञ्जाथे अपः॥ ४॥**

પદાર્થ : હે ऋतावानौ-સત્ય આચરણ કરનારા, असुर-પ્રાણની સમાન બળવાન મિત્ર-વરુણ =

રાજા-પ્રજાજન ! युवम्-તમે બન્ને જે કારણે बृहतः-અત્યંત ઉન્નતિને પ્રાપ્ત दिवः-પ્રકાશ, दक्षम्-બળ અને अपः-કર્મને धुरि-ગાડી ચલાવવાની ધરાને નિમિત્ત, आभुवम्-સારી રીતે થનારા गाम्-પ્રબળ બળદની न-સમાન उप, युञ्जाथे-ઉપયોગમાં લાવો છો; અને बृहत्-અત્યંત ऋतम्-સત્ય વ્યવહારને आघोषथः-વિશેષતાથી શબ્દાયમાન કરીને પ્રખ્યાત કરો છો, તેથી તમે બન્ને या-જે महि-અત્યંત प्रिया-સુખકારિણી क्षितिः-ભૂમિ છે, सा-તે प्र-પ્રાપ્ત થાય. (૪)

*ભાવાર્થ : જેઓ સત્યનું આચરણ અને સત્યનો ઉપદેશ કરે છે. તેઓ અગણિત બળ પ્રાપ્ત કરીને મહા = પૃથિવીનું રાજ્ય ભોગવે છે. (૪)*

मही अत्र महिना वारमृण्वथोऽरेणवस्तुज आ सद्मन्धेनवः।
स्वरन्ति ता उपरताति सूर्यमा निम्रुच उषसस्तक्ववीरिव॥ ५॥

પદાર્થ : હે અધ્યાપક અને ઉપદેશક સજ્જનો ! તમે બન્ને तक्ववीरिव-સૈનિકોની વ્યાપ્તિ સમાન अत्र-આ मही-પૃથિવીમાં महिना-મહાનતાથી उपरताति-મેઘોના અવકાશયુક્ત અર્થાત્ જેમાં મેઘ આવે-જાય છે, તે અન્તરિક્ષમાં सूर्यम्-સૂર્યમંડળને आ, निम्रुचः-મર્યાદા માની નિરંતર ગમન કરતી उषसः-ઊષા સમાન अरेणवः-દુષ્ટોને અપ્રાપ્ત तुजः-સજ્જનોએ ગ્રહણ કરેલી धेनवः-જે દુઝણી ગાયો सद्मन्-પોતાના ગૃહમાં = વાડામાં वारम्-સ્વીકાર કરવા યોગ્ય आ, स्वरन्ति-સર્વત્ર થઈ શબ્દ કરે છે = ભાંભરે છે. ताः-તેને ऋण्वथः-પ્રાપ્ત થાઓ. (૫)

*ભાવાર્થ : જેમ દુઝણી ગાયો સર્વને તૃપ્ત કરે છે, તેમ અધ્યાપકો અને ઉપદેશકો વિદ્યા અને સુશિક્ષા આપીને સર્વને સુખી કરે. (૫)*

आ वामृताय केशिनीरनूषत मित्र यत्र वरुण गातुमर्चथः।
अव त्मना सृजतं पिन्वतं धियो युवं विप्रस्य मन्मनामिरज्यथः॥ ६॥

પદાર્થ : હે मित्र-મિત્ર અને वरुण-શ્રેષ્ઠ વિદ્વાનો ! यत्र-જ્યાં ऋताय-સત્યાચરણને માટે केशिनीः-ચમક-દમકવતી સુંદરી સ્ત્રી वाम्-તમારી બન્નેની अनूषत-સ્તુતિ કરે, ત્યાં युवम्-તમે બન્ને गातुम्-સત્ય સ્તુતિને आ, अर्चथः-સમ્યક્ પ્રશંસિત કરો છો त्मना-પોતાનાથી विप्रस्य-મેધાવીની धियः-શ્રેષ્ઠ બુદ્ધિને अव, सृजतम्-નિરંતર ઉત્પન્ન કરો અને पिन्वतम्-ઉપદેશ દ્વારા સીંચો मन्मनाम्-અને માન કરનારીને इरज्यथः-ઐશ્વર્યયુક્ત કરો. (૬)

*ભાવાર્થ : આ જગતમાં જે પ્રશંસિત સ્ત્રીઓ અને પુરુષો હોય, તેઓ પોતાના સમાન ગુણવાળાઓની સાથે સંબંધ કરે અને બ્રહ્મચર્ય તથા વિજ્ઞાનથી વિજ્ઞાનની ઉન્નતિ કરીને ઐશ્વર્યની વૃદ્ધિ કરે. (૬)*

यो वां यज्ञैः शशमानो ह दाशति कविर्होता यजति मन्मसाधनः।
उपाह तं गच्छथो वीथो अध्वरमच्छा गिरः सुमतिं गन्तमस्मयू॥ ७॥

પદાર્થ : હે અધ્યાપકો અને ઉપદેશકો ! यः-જે शशमानः-સર્વ વિષયોને પાર કરીને कविः-અત્યંત

બુદ્ધિયુક્ત होता-સર્વ વિષયોને ગ્રહણ કરનાર मन्मसाधनः-જેનું વિજ્ઞાન સાધન છે, તે સજ્જન यज्ञैः-મળીને કરેલા કામોથી वाम्-તમને બન્નેને સુખ दाशति-આપે છે અને यजति-તમારો સત્કાર કરે છે, तं, ह-તેનાથી જ अस्मयू-અમારી ઈચ્છા કરીને તમે उप, गच्छथः-સંગ પહોંચેલા છો, તેઓ આપ अह-રોક-ટોક વિના अध्वरम्-હિંસા રહિત વ્યવહારને गन्तुम्-પ્રાપ્ત થાઓ; અને गिरः-સુશિક્ષિતવાણી તથા सुमतिम्-શ્રેષ્ઠ વિશેષ બુદ્ધિને अच्छ-ઉત્તમ રીતે वीथः-ઈચ્છો. (૭)

*ભાવાર્થ : જેઓ સત્ય વિદ્યાના ઈચ્છુક, આ સંસારમાં સર્વને વિદ્યાદાન દ્વારા સુશીલ બનાવીને સુખ પ્રદાન કરે છે, તેઓ સર્વના દ્વારા સત્કાર કરવા યોગ્ય છે. (૭)*

युवां यज्ञैः प्रथमा गोभिरञ्जत ऋतावाना मनसो न प्रयुक्तिषु।
भरन्ति वां मन्मना संयता गिरोऽदृप्यता मनसा रेवदाशाथे॥ ८॥

પદાર્થ : હે અધ્યાપક-ઉપદેશક સજ્જનો ! જે यज्ञैः-યજ્ઞોથી गोभिः-સુશિક્ષિત વાણીઓથી अञ्जते-કામના કરે છે અને ऋतावाना-સત્યાચરણથી સંબંધ રાખનારા प्रथमा-આદિમાં થનાર તમે બન્ને જેમ मनसः-અન્તઃકરણના प्रयुक्तिषु-પ્રયોગોને ઉલ્લાસોમાં न-તેમ વ્યવહારોમાં भरन्ति-પુષ્ટ કરે છે; તથા वाम्-તમારી શિક્ષાઓને પામીને संयता-સંયમયુક્ત अदृप्यता-હર્ષ અને મોહ રહિત मन्मना-વિજ્ઞાનરૂપ मनसा-મનથી गिरः-વાણી અને रेवत्-પુષ્કળ ધનથી પરિપૂર્ણ ઐશ્વર્યને પુષ્ટ કરે છે અને તમને आशाथे-પ્રાપ્ત થાય છે, તેઓને તમે નિત્ય ભણાવો અને સુશિક્ષા આપો. (૮)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! જેઓ વિદ્યા પ્રાપ્તિને માટે શ્રદ્ધાપૂર્વક તમારી પાસે આવે અને જે જિતેન્દ્રિય તથા ધાર્મિક હોય, તેઓને તમે વિદ્યાવાન તથા ધાર્મિક બનાવો. (૮)*

रेवद्वयो दधाथे रेवदाशाथे नरा मायाभिरितऊति माहिनम्।
न वां द्यावोऽहभिर्नोत सिन्धवो न देवत्वं पणयो नानशुर्मघम्॥ ९॥

પદાર્થ : હે नरा-અગ્રગામી જનો ! જે તમે मायाभिः-માનવા યોગ્ય બુદ્ધિઓથી माहिनम्-અત્યંત પૂજ્ય અને મહાન પણ इतऊति-અહીંથી રક્ષા જેથી તે वयः-અતિ રમ્ય-મનોહર रेवत्-પ્રશંસિત ધનયુક્ત ઐશ્વર્યને दधाथे-ધારણ કરો છો, તે रेवत्-બહુ જ ઐશ્વર્યયુક્ત વ્યવહારને आशाथे-પ્રાપ્ત થાઓ છો, તે वाम्-આપની देवत्वम्-વિદ્વતાને द्यावः-પ્રકાશ न-નહિ अहभिः-દિવસોએ અર્થાત્ એક રસમય न-નહિ उत-અને सिन्धवः-મહા નદી न-નહિ आनशुः-વ્યાપ્ત થાય અર્થાત્ પોત પોતાના ગુણોથી તિરસ્કાર કરી શકતા નથી, જીતી શકતા નથી, અધિક બની શકતા નથી તથા पणयः-વ્યવહાર કરતા જન मघम्-તમારા મહાન ઐશ્વર્યને न-વ્યાપ્ત થતા નથી જીતી શકતા નથી. (૯)

*ભાવાર્થ : જેને-જેને વિદ્વાનો પ્રાપ્ત કરે છે, તેને-તેને અન્ય પ્રાપ્ત કરી શકતા નથી. વિદ્વાનોની ઉપમા વિદ્વાન જ હોય છે, અન્ય નહિ. (૯)*

સંગતિ : આ સૂક્તમાં મિત્ર-વરુણના લક્ષણ અર્થાત્ મિત્ર-વરુણ શબ્દથી લક્ષિત અધ્યાપક અને

ઉપદેશક આદિનું વર્ણન કરેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૧)

## સૂક્ત-૧૫૨

युवं वस्त्राणि पीवसा वसाथे युवोरच्छिद्रा मन्तवो ह सर्गाः।
अवातिरतमनृतानि विश्व ऋतेन मित्रावरुणा सचेथे॥ १ ॥

પદાર્થ : હે मित्रावरुणा-પ્રાણ-ઉદાનની સમાન વર્તમાન અધ્યાપકો અને ઉપદેશકો ! જે युवम्-તમે पीवसा-સ્થૂલ वस्त्राणि-વસ્ત્રોને वसाथे-ઓઢો છો; વા જે युवोः-તમારા अच्छिद्राः-છિદ્ર-ભેદનરહિત मन्तवः-જાણવા યોગ્ય ह-જ પદાર્થ सर्गाः-રચવા યોગ્ય છે. જો તમે विश्वा-સમસ્ત अनृतानि-મિથ્યાભાષણ આદિ કામોનું अवातिरतम्-ઉલ્લંઘન કરીને પાર કરીને ऋतेन-સત્યથી सचेथे-સંગ કરો છો, તેઓ તમે અમારાથી કેમ સત્કાર કરવા યોગ્ય ન બનો ? (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ સદા સ્થૂળ = જાડા અને છિદ્રરહિત વસ્ત્રો ધારણ કરીને, જાણવા યોગ્ય તથા દોષરહિત વસ્ત્ર આદિ પદાર્થો બનાવવા જોઈએ. સદા ધારણ કરેલ સત્ય આચરણ દ્વારા અસત્ય આચરણનો ત્યાગ કરીને ધર્મ-અર્થ-કામ-મોક્ષ સિદ્ધ કરવા જોઈએ. (૧)*

एतच्चन त्वो वि चिकेतदेषां सत्यो मन्त्रः कविशस्त ऋघावान्।
त्रिरश्रिं हन्ति चतुरश्रिरुग्रो देवनिदो ह प्रथमा अजूर्यन्॥ २ ॥

પદાર્થ : त्व-કોઈ જ एषाम्-એ વિદ્વાનોમાં જે એવા છે, કે ऋघावान्-બહુ જ સ્તુતિ અને સત્ય-અસત્યની વિવેચના કરનારી બુદ્ધિથી યુક્ત कविशस्तः-મેધાવી કવિઓએ પ્રશંસિત કરેલ सत्यः-અવ્યભિચારી मन्त्रः-વિચાર છે; एतत्-એને विचिकेतत्-વિશેષતાથી જાણે છે.

જે चतुरश्रिः-ચારેય વેદોને પ્રાપ્ત થતા તે उग्रः-તીવ્ર સ્વભાવવાળા देवनिदः-જે વિદ્વાનોની નિંદા કરે છે, તેઓને हन्ति-મારે છે અને त्रिरश्रिम्-જે ત્રણે અર્થાત્ વાણી, મન અને શરીરથી પ્રાપ્ત કરવામાં આવે છે એવા ઉત્તમ પદાર્થોને જાણે છે તેઓ ઉક્ત સર્વ प्रथमाः-પ્રથમા અર્થાત્ અગ્રગામી ह-જ છે અને તેઓ પ્રથમ चन-જ अजूर्यन्-વૃદ્ધ થાય છે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્વાનોની નિંદાનો ત્યાગ કરીને, નિંદકોને દૂર કરીને, સત્યજ્ઞાનને પ્રાપ્ત કરીને સત્ય-વિદ્યાઓને ભણાવીને, સત્યનો ઉપદેશ કરતા વિસ્તૃત સુખને પ્રાપ્ત કરે છે, તેઓ ધન્ય છે. (૨)*

अपादेति प्रथमा पद्वतीनां कस्तद्वां मित्रावरुणा चिकेत।
गर्भो भारं भरत्या चिदस्य ऋतं पिपर्त्यनृतं नि तारीत्॥ ३ ॥

પદાર્થ : હે मित्रावरुणा-શ્રેષ્ઠ મિત્ર અધ્યાપકો અને ઉપદેશકો ! જે पद्वतीनाम्-પ્રશંસિત વિભાગો વાળી ક્રિયાઓમાં प्रथमा-પ્રથમ अपात्-વિભાગ વિનાની વિદ્યા एति-પ્રાપ્ત થાય છે, तत्-તેને वाम्-તમારાથી कः-કોણ आ, चिकेत-જાણે.

જે गर्भः-ગ્રહણ કરનાર જન भारम्-પુષ્ટિને आ, भरति-સુશોભિત કરે છે વા સમ્યક્ રીતે ધારણ કરે છે चित्-અને પણ अस्य-આ સંસારમાં ऋतम्-સત્ય વ્યવહારને पिपर्त्ति-પૂર્ણ કરે છે, તે अनृतम्-અસત્ય ભાષણ આદિ કામોનું नि, तारीत्-નિરંતર ઉલ્લંઘન કરી જાય છે. (૩)

*ભાવાર્થ : જેઓ અસત્યનો ત્યાગ કરીને, સત્યને ધારણ કરીને સાધનોનો સંગ્રહ કરે છે, તેઓ સત્ય વિદ્યાને પ્રાપ્ત કરે છે. (૩)*

प्रयन्तमित्परि जारं कनीनां पश्यामसि नोपनिपद्यमानम्।
अनवपृग्णा वितता वसानं प्रियं मित्रस्य वरुणस्य धाम॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ અમે कनीनाम्-કામના કરતી પ્રજાઓની जारम्-વયહાનિ કરનારા प्रयत्नम्-શ્રેષ્ઠ યત્ન કરે છે, उपनिपद्यमानम्-સમીપ પ્રાપ્ત થાય છે, अनवपृग्णा-સંબંધ રહિત અર્થાત્ પૃથક પદાર્થો જે वितता-વિસ્તૃત છે, તેનું वसानम्-આચ્છાદન કરીને અર્થાત્ પોતાના પ્રકાશથી પ્રકાશિત કરતા સૂર્યની સમાન मित्रस्य-મિત્ર વા वरुणस्य-શ્રેષ્ઠ વિદ્વાનના इत्-જ प्रियम्-પ્રિય धाम-સુખસાધક ઘરને परि, पश्यामसि-જુએ છે આથી વિરુદ્ધ न-બને, તેમ તમે પણ એને પ્રાપ્ત થાઓ. (૪)

*ભાવાર્થ : મનુષ્યો જેમ રાત્રીઓના નાશક અને પોતાના પ્રકાશના વિસ્તારપૂર્વક સૂર્યને જોઈને કાર્ય સિદ્ધ કરે છે તેમ અવિદ્યારૂપી અંધકારના નાશક અને વિદ્યાપ્રકાશક, આપ્ત અધ્યાપકો અને ઉપદેશકોના સંગને પ્રાપ્ત કરીને ક્લેશોને નષ્ટ કરે. (૪)*

अनश्वो जातो अनभीशुरर्वा कनिक्रदत्पतयदूर्ध्वसानुः।
अचित्तं ब्रह्म जुजुषुर्युवानः प्र मित्रे धाम वरुणे गृणन्तः॥ ५॥

પદાર્થ : જે युवानः-યુવાવસ્થા પ્રાપ્ત જન अनभीशुः-નિયામક કિરણોરહિત अनश्वः-જેના જલદી ન ચાલનારા ઘોડાઓ कनिक्रदत्-અને વારંવાર શબ્દ કરે છે; વા पतयत्-ગમન કરતા जातः-પ્રસિદ્ધ થયા છે અને ऊर्ध्वसानुः-જેના ઉપરની શિખા अर्वा-પ્રાપ્ત થનાર સૂર્યની સમાન मित्रे-મિત્ર વા वरुणे-ઉત્તમ જનના નિમિત્ત धाम-સ્થાનની गृणन्तः-પ્રશંસા કરીને अचित्तम्-ચિત્તરહિત ब्रह्म-વૃદ્ધિને પ્રાપ્ત ધન આદિ પદાર્થોથી યુક્ત અન્નનું प्र, जुजुषुः-સેવન કરે, તેઓ બળવાન બને છે. (૫)

*ભાવાર્થ : જેમ ઘોડા અને યાન આદિથી રહિત તથા આકાશમાં ઉપર રહેલ સૂર્ય ઈશ્વરના આધારથી શોભિત થાય છે, તેમ વિદ્વાનોની વિદ્યારૂપી આધારવાળા મનુષ્યો પુષ્કળ ધન તથા અન્ન પ્રાપ્ત કરીને*

*ધર્મયુક્ત વ્યવહારમાં વિરાજમાન રહે છે. (૫)*

आ धेनवो मामतेयमवन्तीर्ब्रह्मप्रियं पीपयन्त्सस्मिन्नूधन्।
पित्वो भिक्षेत वयुनानि विद्वानासाविवासन्नदितिमुरुष्येत्॥ ६॥

પદાર્થ : જેમ धेनवः-ગાયો सस्मिन-પોતાના ऊधन्-આંચળમાં-આવમાં રહેલ દૂધથી વાછરડાઓને પુષ્ટ કરે છે, તેમ જે સ્ત્રી ब्रह्मप्रियम्-જેને વેદાધ્યયન પ્રિય તે मामतेयम्- મમતાથી પોતાના પુત્રની अवन्तीः-રક્ષા કરીને आ, पीपयन्-તેની વૃદ્ધિ = ઉન્નતિ કરે છે.

જેમ विद्वान्-વિદ્યાવાન જન आसा-મુખથી पित्वः-અન્નની भिक्षेत-યાચના કરીને अदितिम्-નાશ રહિત વિદ્યાનું आविवासन्-સર્વત્રથી સેવન કરીને,वयुनानि-ઉત્તમજ્ઞાનોનું उरुष्येत्-સેવન કરે, તેમ અધ્યાપકો અન્યોને વિદ્યા અને સુશિક્ષા ગ્રહણ કરાવે. (૬)

*ભાવાર્થ : જેમ માતાઓ પોતાના સંતાનોની દૂધ આદિના દાનથી વૃદ્ધિ કરે છે, તેમ વિદુષી સ્ત્રીઓ અને વિદ્વાનો બાળાઓ અને બાળકોની વિદ્યા અને સુશિક્ષા દ્વારા વૃદ્ધિ કરે. (૬)*

आ वां मित्रावरुणा हव्यजुष्टिं नमसा देवाववसा ववृत्याम्।
अस्माकं ब्रह्म पृतनासु सह्या अस्माकं वृष्टिर्दिव्या सुपारा॥ ७॥

પદાર્થ : હે देवौ-દિવ્ય સ્વભાવવાળા मित्रावरुणा-મિત્ર અને શ્રેષ્ઠજન ! જેમ હું वाम्-તમારી नमसा-અન્નથી हव्यजुष्टिम्-ગ્રહણ કરવા યોગ્ય સેવાને आ, ववृत्याम्-સારી રીતે વર્તું, તેમ તમે બન્ને अवसा-રક્ષા આદિ કામથી अस्माकम्-અમારા पृतनासु-મનુષ્યોમાં ब्रह्म-ધનની વૃદ્ધિ કરાવો.

હે વિદ્વન્ ! જે अस्माकम्-અમારી दिव्या-શુદ્ધ सुपारा-જેથી સુખપૂર્વક સર્વ કાર્યો પરિપૂર્ણ થાય એવી वृष्टिः-દુષ્ટોની શક્તિને બાંધનારી શક્તિ છે, તેને सह्याः-સહન કરો. (૭)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો અતિ પ્રેમપૂર્વક અમને વિદ્યાઓ પ્રદાન કરે, તેમ અમે તેઓની અતિ શ્રદ્ધાપૂર્વક સેવા કરીએ. જેથી અમારી વિશુદ્ધ પ્રશંસાની સર્વત્ર જાણ થાય. (૭)*

સંગતિ : આ સૂક્તમાં અધ્યાપકો અને ઉપદેશકો તથા શિષ્યોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની સંગતિ પૂર્વ સૂક્તાર્થ સાથે જાણવી જોઈએ. (૧૫૨)

## સૂક્ત-૧૫૩

यजामहे वां महः सजोषा हव्येभिर्मित्रावरुणा नमोभिः।
घृतैर्घृतस्नू अध यद्वामस्मे अध्वर्यवो न धीतिभिर्भरन्ति॥ १॥

પદાર્થ : હે घृतस्नू-ઘૃતનો સ્રાવ કરનારાઓ मित्रावरुणा-મિત્ર અને શ્રેષ્ઠજનો ! वाम्-તમારા બન્નેની

सजोषाः-સમાન પ્રીતિ કરેલ અમે धीतिभिः-આંગળીઓથી अध्वर्यवः-અહિંસા ધર્મની કામનાવાળાઓની न-સમાન हव्येभिः-આપવા યોગ્ય नमोभिः-અન્નાદિ પદાર્થોથી અને घृतैः-ઘી આદિ રસોથી महः-અત્યંત यजामहे-સત્કાર કરીએ છીએ.

अध-અનન્તર यत्-જે વ્યવહારને वाम्-તમારા બન્ને માટે અને अस्मे-અમારા માટે વિદ્વાનો भरन्ति-ધારણ કરે છે, તે વ્યવહારને ધારણ કરો. (૧)

*ભાવાર્થ : (જેમ) યજમાનો અગ્નિહોત્ર આદિના અનુષ્ઠાનથી સર્વના સુખની વૃદ્ધિ કરે છે, તેમ સર્વ વિદ્વાનો આચરણ કરે. (૧)*

**प्रस्तुतिर्वां धाम न प्रयुक्तिरयामि मित्रावरुणा सुवृक्तिः।**

**अनक्ति यद्वां विदथेषु होता सुम्नं वां सूरिर्वृषणावियक्षन्॥ २॥**

પદાર્થ : હે वृषणौ-સુખની વર્ષા કરનારાઓ मित्रावरुणा-મિત્ર અને શ્રેષ્ઠજનો ! इयक्षन्-પ્રાપ્ત થવાની ઈચ્છા કરતા सूरिः-વિદ્વાન सुवृक्तिः-સુંદર રોકવું અને प्रस्तुतिः-શ્રેષ્ઠ સ્તુતિ होता-ગ્રહણ કરનાર प्रयुक्तिः-ઉત્તમ યુક્તિથી धाम-સ્થાનની न-સમાન वाम्-તમે બન્ને अयामि-પ્રાપ્ત થાઉં છું.

यत्-જે વિદ્વાન वाम्-તમારા બન્નેથી विदथेषु-વિજ્ઞાનોમાં अनक्ति-કામના કરે છે; વા वाम्-તમારા બન્ને માટે सुम्नम्-સુખ આપે છે. તેને હું પ્રાપ્ત થાઉં છું. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો પાપોનું હરણ કરનારા પ્રશંસિત ગુણોને ગ્રહણ કરનારા, વિદ્વાનોના સંગના પ્રેમી અને સર્વને સુખ આપનારા હોય છે, તેઓ 'કલ્યાણના ભાગી' બને છે. (૨)*

**पीपाय धेनुरदितिर्ऋताय जनाय मित्रावरुणा हविर्दे।**

**हिनोति यद्वां विदथे सपर्यन्त्स रातहव्यो मानुषो न होता॥ ३॥**

પદાર્થ : હે मित्रावरुणा-સત્યનો ઉપદેશ કરનારા મિત્ર-વરુણ यत्-જે अदितिः-અખંડિત-અવિનાશી धेनुः-દૂધાળી ગાયની સમાન हविर्दे-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોના દાતા તે ऋताय-સત્ય વ્યવહારને પ્રાપ્ત થયેલ जनाय-પ્રસિદ્ધ વિદ્વાનના નિમિત્ત सुम्नम्-સુખની पीपाय-વૃદ્ધિ કરીને તથા विदथे-વિજ્ઞાનને નિમિત્ત वाम्-તમારા બન્નેની सपर्यन्-સેવા કરતા रातहव्यः-જેને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થો આપ્યા તેઓ होता-લેનારાઓ मानुषः-મનુષ્યની न-સમાન हिनोति-વૃદ્ધિને પ્રાપ્ત કરાવે છે અને सः-તે જન શ્રેષ્ઠ બને છે. (૩)

*ભાવાર્થ : જેઓ વિદ્યા દાતા અને ગ્રહણ કરવામાં કુશળ અધ્યાપક અને ઉપદેશક સર્વની વૃદ્ધિ = ઉન્નતિ કરે છે, તેઓ શુભ ગુણોની સાથે સર્વત્રથી વૃદ્ધિ = ઉન્નતિ પામે છે. (૩)*

**उत वां विक्षु मद्यास्वन्धो गाव आपश्च पीपयन्त देवीः।**

**उतो नो अस्य पूर्व्यः पतिर्दन्वीतं पातं पयस उस्रियायाः॥ ४॥**

પદાર્થ : હે મિત્ર અને વરુણ = શ્રેષ્ઠજનો ! જેમ देवी:-દિવ્ય गाव:-વાણી आप:, च-અને જળ मद्यासु-આનંદિત કરવા યોગ્ય विक्षु-પ્રજાજનોમાં वाम्-તમારી-બન્નેની पीपयन्त-ઉન્નતિ કરે છે उत-અને अन्ध:-અન્ન સારી રીતે આપે છે उतो-અને पूर्व्य:-પૂર્વજોએ નિયત કરેલ पति:-પાલક न:-અમારા अस्य-અધ્યયન સંબંધી उस्त्रियाया:-દૂધાળી ગાયોનાં पयस:-દૂધને दन्-આપતા વર્તમાન છે, તેમ તમે બન્ને વિદ્વાને वीतम्-વ્યાપ્ત કરો અને पातम्-દૂધનું પાન કરો. (૪)

*ભાવાર્થ : જેઓ આ સંસારમાં ગાયોની સમાન સુખદાયી અને પ્રાણોની સમાન પ્રિયજનો પ્રજાઓમાં છે, તેઓ અનુપમ આનંદ પ્રાપ્ત કરે છે. (૪)*

સંગતિ : આ સૂક્તમાં મિત્ર અને વરુણના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૩)

## સૂક્ત-૧૫૪

**विष्णोर्नु कं वीर्याणि प्र वोचं यः पार्थिवानि विममे रजांसि।**
**यो अस्कभायदुत्तरं सधस्थं विचक्रमाणस्त्रेधोरुगायः॥ १॥**

પદાર્થ : હે મનુષ્યો ! यः-જે पार्थिवानि-પૃથિવીમાં વિદિત रजांसि-લોકોને અર્થાત્ પૃથિવીમાં વિખ્યાત સર્વ સ્થાનોથી नु-શીઘ્ર विममे-અનેક પ્રકારથી પ્રાર્થિત, વા यः-જે उरुगायः-બહુ જ વેદમંત્રોથી સ્તુત્ય, ઉત્તરમ્-પ્રલય પશ્ચાત્ सधस्थम्-સહ સ્થાનને त्रेधा-ત્રણ પ્રકારથી विचक्रमाण:-વિશેષ કરીને ચલાયમાનને अस्कभायत्-રોક છે-સ્તંભન કરે છે. એ विष्णो:-સર્વવ્યાપક થનાર પરમેશ્વરના वीर्याणि-પરાક્રમને प्र वोचम्-સારી રીતે કહું = વર્ણન કરું અને તેના દ્વારા कम्-સુખ પ્રાપ્ત કરું, તેમ તમે પણ કરો. (૧)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાનાં આકર્ષણથી સર્વ ભૂગોળને ધારણ કરે છે, તેમ સૂર્ય આદિ લોકોને, (તેની) કારણભૂત પ્રકૃતિને તથા જીવોને જગદીશ્વર ધારણ કરે છે. જેણે આ અસંખ્ય લોકોનું શીઘ્ર નિર્માણ કર્યું અને જેમાં સર્વ પ્રલયને પ્રાપ્ત થાય છે, તે જ સર્વના દ્વારા ઉપાસના કરવા યોગ્ય છે. (૧)*

**प्र तद्विष्णुः स्तवते वीर्येण मृगो न भीमः कुचरो गिरिष्ठाः।**
**यस्योरुषु त्रिषु विक्रमणेष्वधिक्षियन्ति भुवनानि विश्वा॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! यस्य-જે જગદીશ્વરે નિર્માણ કરેલ त्रिषु-જન્મ, નામ અને સ્થાન એ ત્રણ विक्रमणेषु-વિવિધ પ્રકારના સૃષ્ટિક્રમોમાં विश्वा-સમસ્ત भुवनानि-લોક-લોકાન્તર अधिक्षियन्ति-આધાર રૂપથી નિવાસ કરે છે, तत्-તે विष्णु:-સર્વવ્યાપી ઈશ્વર પોતાના वीर्येण-પરાક્રમથી कुचर:-કુટિલગામી અર્થાત્-ઊંચા-નીચા અનેક વિધ વિષમ સ્થાનોમાં ચાલનાર અને गिरिष्ठा:-પર્વતો તથા કંદરાઓમાં સ્થિર થનારા मृग:-ગુણની न-સમાન भीम:-ભયંકર સમસ્ત લોક-લોકાન્તરને प्रस्तवते-પ્રશંસિત કરે છે. (૨)

*ભાવાર્થ : કોઈ પદાર્થ ઈશ્વરની સૃષ્ટિના નિયમો અને ક્રમનું ઉલ્લંઘન કરી શકતો નથી. જે ધાર્મિકોને મિત્ર સમાન આનંદ દાતા, દુષ્ટોને સિંહ સમાન ભય દાતા અને ન્યાય આદિ ગુણોને ધારણ કરનાર પરમાત્મા છે, તે જ સર્વના અધિષ્ઠાતા અને ન્યાયાધીશ છે, તેમ જાણવું જોઈએ. (૨)*

**प्र विष्णवे शूषमेतु मन्म गिरिक्षित उरुगायाय वृष्णे।**
**य इदं दीर्घं प्रयतं सधस्थमेको विममे त्रिभिरित्पदेभिः॥ ३॥**

પદાર્થ : હે મનુષ્યો ! यः-જે एकः-એક इत्-જ પરમાત્મા त्रिभिः-ત્રણ અર્થાત્ સ્થૂળ, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ पदेभिः-જાણવા યોગ્ય અંશોથી इदम्-આ दीर्घम्-બૃહદ્ प्रयतम्-શ્રેષ્ઠ યત્ન સાધ્ય सधस्थम्-સિદ્ધાન્તાવયવોથી સહસ્થાનને प्रविममे-વિશેષતાથી રચે છે, તે वृष्णे-અનન્ત પરાક્રમી गिरिक्षिते-મેઘ વા પર્વતોને પોત-પોતાનામાં સ્થિર રાખનાર उरुगायाय-બહુ જ પ્રાણીઓથી વા અનેક પ્રકારથી પ્રશંસિત विष्णवे-વ્યાપક પરમાત્માનું मन्म વિજ્ઞાન અને शूषम्-બળ एतु-પ્રાપ્ત કરીએ. (૩)

*ભાવાર્થ : અનન્ત બળવાન પરમેશ્વર વિના કોઈ પણ આ વિચિત્ર જગતનું સર્જન, ધારણ અને પ્રલય કરી શકતા નથી, તેથી એવા પરમેશ્વરને છોડીને અન્ય કોઈની ઉપાસના કોઈએ પણ ન કરવી જોઈએ. (૩)*

**यस्य त्री पूर्णा मधुना पदान्यक्षीयमाणा स्वधया मदन्ति।**
**य उ त्रिधातु पृथिवीमुत द्यामेको दाधार भुवनानि विश्वा॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! यस्य-જે ઈશ્વરમાં मधुना-મધુરાદિ ગુણથી पूर्णा-પૂર્ણ अक्षीयमाणा-વિનાશ રહિત त्री-ત્રણ पदानि-પ્રાપ્ત કરવા યોગ્ય પદ અર્થાત્ લોક स्वधया-પોત-પોતાના રૂપને ધારણ કરવા રૂપ ક્રિયાથી मदन्ति-આનંદને પ્રાપ્ત થાય છે.

यः-જે एकः-उ-એક જ પરમાત્મા पृथिवीम्-પૃથિવીમંડળ उत-અને द्याम्-સૂર્યમંડળ તથા त्रिधातु-જેમાં સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ધાતુ વિદ્યમાન છે, તે विश्वा-સમસ્ત भुवनानि-લોક-લોકાન્તરોને दाधार-ધારણ કરે છે, તે જ પરમાત્મા સર્વને માનવા યોગ્ય છે.

*ભાવાર્થ : જે અનાદિ કારણ (= પ્રકૃતિ)થી સૂર્ય આદિ પ્રકાશની સમાન પૃથિવીઓને ઉત્પન્ન કરીને સમસ્ત ભોગ્ય પેદાર્થોની સાથે (તેને) સંયુક્ત કરીને (સર્વને) આનંદિત કરે છે, તેના ગુણ-કર્મોની ઉપાસનાથી સર્વેએ આનંદની વૃદ્ધિ કરવી જોઈએ. (૪)*

**तदस्य प्रियमभि पाथो अश्यां नरो यत्र देवयवो मदन्ति।**
**उरुक्रमस्य स हि बन्धुरित्था विष्णोः पदे परमे मध्व उत्सः॥ ५॥**

પદાર્થ : હે મનુષ્યો ! यत्र-જેમાં देवयवः-દિવ્ય લોકોની કામના કરનારા नरः-અગ્રણી શ્રેષ્ઠજન मदन्ति-આનંદિત થાય છે, तत्-તે अस्य-એ उरुक्रमस्य-અનન્ત પરાક્રમયુક્ત विष्णोः-વ્યાપક પરમાત્માના प्रियम्-પ્રિય पाथः-માર્ગને अभ्यश्याम्-સર્વત્રથી પ્રાપ્ત કરું.

જે પરમાત્માના परमे-અત્યુત્તમ पदे-પ્રાપ્ત કરવા યોગ્ય મોક્ષ પદમાં मध्वः-મધુરાદિ ગુણયુક્ત પદાર્થ (મધુર આનંદ રસ) उत्सः-કૂપ = કુવા સમાન (સ્રોત સમાન) તૃપ્તિ કરાવનારા ગુણ રહેલા છે, सः, हि-તે જ इत्था-એ રીતે અમારા बन्धुः-ભાઈની સમાન દુઃખ વિનાશક હોવાથી સુખ પ્રદાન કરનાર છે. (૫)

*ભાવાર્થ : જે લોકો ઈશ્વર દ્વારા વેદના માધ્યમથી આપવામાં આવેલ આજ્ઞાનું અનુસરણ કરે છે, તેઓ મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે.*

*જે લોકો બંધુ-ભાઈને પ્રાપ્ત કરીને તૃપ્ત થાય છે, તેમ ( उरुक्रम् ) ઈશ્વરને પ્રાપ્ત કરીને પૂર્ણ આનંદયુક્ત બની જાય છે. (૫)*

ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिशृङ्गा अयासः।
अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमव भाति भूरि॥ ६॥

પદાર્થ : હે શાસ્ત્રવેત્તા વિદ્વાનો ! यत्र-જ્યાં अयासः-પ્રાપ્ત થયેલ भूरिश्रृङ्गाः-બહુ જ શિંગડાઓની સમાન શ્રેષ્ઠ તેજવાળા गावः-કિરણો છે, ता-તે वास्तूनि-સ્થાનોને वाम्-તમે અધ્યાપકો અને ઉપદેશકો પરમ યોગીજનોને गमध्यै-પ્રાપ્ત કરવા અમે उश्मसि-ઇચ્છીએ છીએ.

જે उरुगायस्य-અનેક રીતે પ્રશંસિત वृष्णः-સુખપૂર્વક પરમાત્માના परमम्-પ્રાપ્ત કરવા યોગ્ય पदम्-મોક્ષ પદ भूरिः-અત્યંત अव, भाति-ઉત્કૃષ્ટ પ્રકાશમાન છે, तत्-તેને अत्राह-અહીં જ અમે ઇચ્છીએ છીએ. (૬)

*ભાવાર્થ : જ્યાં વિદ્વાનો મુક્તિ પ્રાપ્ત કરે છે, ત્યાં જરા પણ અંધકાર નથી, મોક્ષ પ્રાપ્ત કરેલા આત્માઓ તેજસ્વી હોય છે, તે જ આપ્તોનું મુક્તિપદ છે, તે સર્વત્ર વિસ્તૃત બ્રહ્મ સર્વના પ્રકાશક છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં પરમેશ્વર અને મુક્તિનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૪)

## સૂક્ત-૧૫૫

प्र वः पान्तमन्धसो धियायते महे शूराय विष्णवे चार्चत।
या सानुनि पर्वतानामदाभ्या महस्तस्थतुरर्वतेव साधुना॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! धियायते-પ્રજ્ઞા ધારણના ઈચ્છુક महे-મહાન અને शूराय-વીરતા આદિ ગુણોથી યુક્ત विष्णवे, च-અને શુભ ગુણોમાં વ્યાપ્ત મહાત્મા માટે वः-તમારા अन्धसः-દ્રવ અન્ન આદિ પદાર્થોના पान्तम्-પાનને તમે प्र, अर्चत-શ્રેષ્ઠતાથી સત્કારપૂર્વક આપો તથા या-જે अदाभ्या-હિંસાને અયોગ્ય મિત્ર અને વરુણ અર્થાત્ અધ્યાપક અને ઉપદેશક पर्वतानाम्-જેમ પર્વતોના सानुनि-શિખર પર अर्वतेव-જનાર ઘોડાઓની સમાન તેમ साधुना-શ્રેષ્ઠ શિક્ષિત શિષ્યથી महः-મહાન तस्थतुः-સ્થિત થાઓ. અર્થાત્ જેમ ઘોડાથી ઉચ્ચ સ્થાન પર પહોંચી જાય, તેમ વિદ્યાધ્યયનથી કીર્તિના શિખર પર પહોંચી જાય છે. તેઓના પણ ઉત્તમ સત્કાર કરે. (૧)

*ભાવાર્થ : જેઓ વિદ્યાદાનથી અને સુશિક્ષાથી મનુષ્યોની વિજ્ઞાનની સાથે વૃદ્ધિ = ઉન્નતિ કરે છે, તેઓ 'મહાન' બને છે. (૧)*

त्वेषमित्था समरणं शिमीवतोरिन्द्राविष्णू सुतपा वामुरुष्यति।
या मर्त्याय प्रतिधीयमानमित्कृशानोरस्तुरसनामुरुष्यथः॥ २॥

પદાર્થ : જે शिमीवतोः-પ્રશસ્ત કર્મયુક્ત અધ્યાપક અને ઉપદેશકની ઉત્તેજનાથી समरणम्-સમ્યક્ પ્રાપ્તિ કરાવનારા त्वेषम्-પ્રકાશને પ્રાપ્ત કરીને मर्त्याय-મનુષ્યને માટે प्रतिधीयमानम्-સમ્યક્ ધારણ કરેલ વ્યવહારની उरुष्यति-વૃદ્ધિ કરે છે, તે सुतपाः-સુંદર તપસ્વી સજ્જન પુરુષ या-જે इन्द्राविष्णू-વિદ્યુત્ અને સૂર્ય સમાન અધ્યયન કરાવનારા અને ઉપદેશ કરનારા તમે બન્ને अस्तुः-એક દેશથી બીજા દેશમાં પદાર્થ પહોંચાડનારા कृशानोः-વિદ્યુત્ રૂપ અગ્નિની असनाम्-પહોંચાડવાની ક્રિયાની જેમ इत्-જ उरुष्यथः-સેવન કરે છે, इत्था-એજ રીતે वाम्-તમારા બન્નેનું સેવન કરીએ. (૨)

*ભાવાર્થ : જેઓ તપસ્વી અને જિતેન્દ્રિય રહીને વિદ્યાનો અભ્યાસ કરે છે, તેઓ સૂર્ય અને વિદ્યુત્‌ની સમાન પ્રકાશવાન આત્માયુક્ત બને છે. (૨)*

ता ईं वर्द्धन्ति मह्यस्य पौंस्यं नि मातरा नयति रेतसे भुजे।
दधाति पुत्रोऽवरं परं पितुर्नाम तृतीयमधि रोचने दिवः॥ ३॥

પદાર્થ : જે વિદુષીઓ अस्य-એ પુત્રોના रेतसे-વૃદ્ધિ કરવા માટે અને भुजे-ભોગાદિ પદાર્થો પ્રાપ્ત કરવા માટે महि-અત્યંત पौंस्यम्-પુરુષાર્થને ईम्-સર્વત્રથી वर्द्धन्ति-વધારે છે, તે ताः-તેને नयति-પ્રાપ્ત કરે છે. એમા એ કારણે છે કે જેથી पुत्रः-પુત્ર पितुः-પિતા અને માતાની ઉત્તેજનાથી શિક્ષાને પ્રાપ્ત કરીને दिवः-પ્રકાશમાન સૂર્ય-મંડળના अधि, रोचने-ઉપરના પ્રકાશમાં अवरम्-અર્વાચીન परम्-વા પ્રકૃષ્ટ અને तृतीयम्-ત્રીજા नाम-નામને તથા नि, मातरा-નિરંતર માન કરનારા માતા-પિતાને दधाति-ધારણ કરે છે. (૩)

*ભાવાર્થ : તે જ માતા-પિતા હિતૈષી હોય છે, કે જે પોતાના સંતાનોને દીર્ઘ સમય બ્રહ્મચર્યપૂર્વક*

*પૂર્ણ વિદ્યાઓ, ઉત્તમ શિક્ષાઓ અને યુવાવસ્થા પ્રાપ્ત કરાવીને વિવાહિત કરે છે. તેઓ જ પ્રથમ, દ્વિતીય અને તૃતીય પદાર્થોને પ્રાપ્ત કરીને સૂર્ય સમાન શ્રેષ્ઠ પ્રકાશમાન બને છે. (૩)*

**तत्तदिदस्य पौंस्यं गृणीमसीनस्य त्रातुरवृकस्य मीढुषः।**

**यः पार्थिवानि त्रिभिरिद्विगामभिरुरु क्रमिष्टोरुगायाय जीवसे॥ ४॥**

પદાર્થ : यः-જે विगामभिः-વિવિધ પ્રશંસાયુક્ત त्रिभिः-ત્રણ-સત્વ, રજ અને તમોગુણોની સાથે उरुगायाय-બહુ જ પ્રશંસિત जीवसे-જીવન માટે पार्थिवानि-પૃથ્વીના વિકારથી ઉત્પન્ન થયેલ इत्-જ પદાર્થોને उरु, क्रमिष्ट-ક્રમથી અત્યંત પ્રાપ્ત થાય છે, तत्तत्-તે-તે त्रातुः-રક્ષા કરનારા इनस्य-સમર્થ ઈશ્વરની સમાન अस्य-બ્રહ્મચર્ય-જિતેન્દ્રિય એ अवृकस्य-ચોરી આદિ દોષ રહિત मीढुषः-વીર્ય સેચન સમર્થ પુરુષના पौंस्यम्-પુરુષાર્થની इत्-જ અમે गृणीमसि-પ્રશંસા કરીએ છીએ. (૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, દીર્ઘકાળ સુખપૂર્વક જીવવા માટે ચિરકાળ સુધી બ્રહ્મચર્યનું પાલન કરીને નીરોગતા દ્વારા અને ધાતુઓની સમતાની વૃદ્ધિ દ્વારા શારીરિક બળ તથા વિદ્યા અને યોગાભ્યાસની ઉન્નતિ દ્વારા આત્મિક બળની વૃદ્ધિ કરીને સદા સુખી રહેવું જોઈએ.*

*જેઓ ઈશ્વરની આ આજ્ઞાનું પાલન કરે છે, તેઓ બાલ્યાવસ્થામાં સ્વયંવર વિવાહ કદીપણ કરતા નથી. આમ કર્યા વિના પુરુષાર્થથી પૂર્ણ સિદ્ધિ સંભવ નથી. (૪)*

**द्वे इदस्य क्रमणे स्वर्दृशोऽभिख्याय मर्त्यो भुरण्यति।**

**तृतीयमस्य नकिरा दधर्षति वयश्चन पतयन्तः पतत्रिणः॥ ५॥**

પદાર્થ : જે मर्त्यः-મનુષ્ય स्वर्दृशः-સુખદાતા अस्य-આ બ્રહ્મચારીના द्वे, क्रमणे-બે અનુક્રમથી ચાલનારા અર્થાત્ વર્તનારા શરીરબળ અને આત્મબળને अभिख्याय-સર્વત્રથી પ્રખ્યાત કરવા भुरण्यति-ધારણ કરે છે, તે पतयन्तः-ઉપર-નીચે જતા पतत्रिणः-પાંખોવાળા वयः-પક્ષીઓ चन-પણ इत्-જેમ કોઈ પદાર્થનો વિસ્તાર કરે, તેમ પણ अस्य-આ બ્રહ્મચારીના तृतीयम्-ત્રીજા વિદ્યાજન્મનો नकिः; आ, दधर्षति-તિરસ્કાર કરતા નથી. (૫)

*ભાવાર્થ : જે માતા-પિતા પોતાના સંતાનોને વિદ્યા રૂપી જન્મની બ્રહ્મચર્યને અનુરૂપ વૃદ્ધિ = ઉન્નતિ કરે છે, તેઓ પોતાના સંતાનોને દીર્ઘાયુ, બળવાન અને સુશીલ બનાવીને નિત્ય પ્રસન્ન રહે છે. (૫)*

**चतुर्भिः साकं नवतिं च नामभिश्चक्रं न वृत्तं व्यतीँरवीविपत्।**

**बृहच्छरीरो विमिमान ऋक्वभिर्युवाकुमारः प्रत्येत्याहवम्॥ ६॥**

પદાર્થ : જે विमिमानः-વિશેષતાથી ધાતુઓની વૃદ્ધિ કરીને बृहच्छरीरः-બળવાન સ્થૂળ શરીરયુક્ત अकुमारः-પચ્ચીસ વર્ષથી અધિક युवा-પરંતુ યુવાવસ્થાને પ્રાપ્ત બ્રહ્મચારી वृत्तम्-ગોળ चक्रम्-ચક્રની

न-સમાન चतुर्भिः-ચાર नामभिः-નામોની साकम्-સાથે नवतिं, च-નેવું અર્થાત્ ચોરાણું નામોથી व्यतीन्-વિશેષતાથી જેને બળ પ્રાપ્ત થયેલ તે બળવાન યોદ્ધાઓને એકલો પણ अवीविपत्-અત્યંત ભમાવે-ફેરવે છે, તે ऋक्वभिः-પ્રશંસિત ગુણ-કર્મ-સ્વભાવથી आहवम्-પ્રતિષ્ઠાપૂર્વક બોલવવાને प्रति, एति-પ્રાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : જે અડતાલીસ વર્ષો સુધી અખંડ બ્રહ્મચર્યનું સેવન કરે છે, તે એકલો નિઃસહાય પણ ગોળ ચક્રની સમાન ચોરાણુ યોદ્ધાઓને ચક્કર લગાવવામાં સમર્થ બને છે.*

*મનુષ્યોમાં-દશ વર્ષ સુધી બાલ્યાવસ્થા, પચ્ચીસ વર્ષ સુધી કુમારાવસ્થા (અને) ત્યારપછી છવીસમા વર્ષથી યુવાવસ્થાનો આરંભ પુરુષનો (થાય છે.) અને સત્તર વર્ષથી કન્યાની યુવાવસ્થાનો આરંભ થાય છે. ત્યાર પછી જેઓ સ્વયંવર વિવાહ કરે છે અને કરાવે છે, તેઓ 'મહાન ભાગ્યશાળી' બને છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં અધ્યાપક, ઉપદેશક અને બ્રહ્મચર્યનાં ફળના વર્ણનથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૫)

## સૂક્ત-૧૫૬

भवा॑ मि॒त्रो न शेव्यो॑ घृ॒तासु॑ति॒र्विभू॑तद्युम्न एव॒या उ॑ स॒प्रथाः॑।
अधा॑ ते विष्णो वि॒दुषा॑ चि॒दर्ध्यः॒ स्तोमो॑ य॒ज्ञश्च॒ राध्यो॑ ह॒विष्म॑ता॥ १॥

પદાર્થ : હે विष्णो-સમગ્ર વિદ્યાઓમાં વ્યાપ્ત ! ते-તમારો જો अर्द्ध्यः-ઉન્નતિ અને स्तोमः-સ્તુતિ કરવા યોગ્ય વ્યવહાર, यज्ञः, च-અને સંગ કરવા યોગ્ય બ્રહ્મચર્ય નામ રૂપ યજ્ઞ, हविष्मता-પ્રશસ્ત વિદ્યાદાન અને ગ્રહણ કરવા યોગ્ય વ્યવહાર, राध्यः-સમ્યક્ સિદ્ધ કરવા યોગ્ય છે; તેનું અનુષ્ઠાન આરંભ કરીને अध-અનન્તર शेव्यः-સુખી કરવા યોગ્ય मित्रः-મિત્રની न-સમાન एवयाः-રક્ષા કરવાવાળાને પ્રાપ્ત થનાર उ-તર્ક-વિતર્કની સાથે सप्रथाः-શ્રેષ્ઠ પ્રસિદ્ધિયુક્ત विदुषा-અને આપ્ત શ્રેષ્ઠ વિદ્વાનની સાથે चित्-પણ घृतासुतिः-જેની ઘૃત ઉત્પન્ન થાય છે અને विभूतद्युम्नः-જેથી વિશેષ ધન વા યશ થાય છે, તેમ તું भव-બન. (૧)

*ભાવાર્થ : વિદ્વાનો જેમ બ્રહ્મચર્ય-પાલન નામક યજ્ઞની વૃદ્ધિ, પ્રશંસા અને સિદ્ધિ કરવા ઈચ્છે છે, તેનું સમ્યક્ સેવન કરીને મનુષ્ય, વિદ્વાન બનીને સર્વનો મિત્ર બને. (૧)*

यः पू॒र्व्याय॑ वे॒धसे॒ नवी॑यसे सु॒मज्जा॑नये॒ विष्ण॑वे॒ ददा॑शति।
यो जा॒तम॑स्य मह॒तो महि॒ ब्रव॒त्सेदु॒ श्रवो॑भि॒र्युज्यं॑ चि॒द॒भ्य॑सत्॥ २॥

પદાર્થ : यः-જે नवीयसे-અત્યંત વિદ્યા ભણેલ નવીન सुमज्जानये-સુંદરતાથી પ્રાપ્ત વિદ્યાથી પ્રસિદ્ધ पूर्व्याय-પૂર્વજ વિદ્વાનોની સુશિક્ષા સંપન્ન वेधसे-મેધાવી અર્થાત્ ધીર विष्णवे-વિદ્યામાં વ્યાપ્ત થવાનો સ્વભાવ રાખનારને માટે વિજ્ઞાન ददाशति-પ્રદાન કરે છે.

यः-જે अस्य-આ महतः-સત્કાર કરવા યોગ્ય જનના महि-મહાન પ્રશંસિત जातम्-ઉત્પન્ન થયેલ વિજ્ઞાનને ब्रवत्-પ્રકટ કહે; उ-અને श्रवोभिः-શ્રવણ, મનન અને નિદિધ્યાસન અર્થાત્ અત્યંત ધારણ કરવા, વિચારવા અને અત્યંત ઉત્પન્ન થયેલ युज्यम्-સમાધાન યોગ્ય વિજ્ઞાનનો अभ्यसत्-અભ્યાસ કરે सः, चित्-તે જ વિદ્વાન બને છે અને इत्-તે જ અધ્યાપનને યોગ્ય બને છે. (૨)

*ભાવાર્થ : જેઓ નિષ્કપટ ભાવથી બુદ્ધિમાન વિદ્યાર્થીઓને ભણાવે છે અને ઉપદેશ કરે છે તથા જેઓ ધર્મપૂર્વક ભણે છે અને અભ્યાસ કરે છે, તેઓ મહાન વિદ્વાન અને ધાર્મિક બનીને 'મહાસુખ'ને પ્રાપ્ત કરે છે. (૨)*

**तमु स्तोतारः पूर्व्यं यथा विद ऋतस्य गर्भं जनुषा पिपर्त्तन।**
**आस्य जानन्तो नाम चिद्विवक्तन महस्ते विष्णो सुमतिं भजामहे॥ ३॥**

પદાર્થ : હે स्तोतारः-સમસ્ત વિદ્યાઓની સ્તુતિ કરનારા સજ્જનો ! यथा-જેમ તમે जनुषा-વિદ્યાજન્મથી पूर्व्यम्-પૂર્વ વિદ્વાનોએ કરેલ तम्-તે આપ્ત અધ્યાપક વિદ્વાનને विद-જાણો; ऋतस्य-સત્ય વ્યવહારના गर्भम्-વિદ્યા સંબંધી બોધને उ-તર્ક-વિતર્કથી पिपर्त्तन-પાળો વા વિદ્યાઓથી અને સેવાથી પૂર્ણ કરો; તથા अस्य-એના चित्-પણ नाम-નામ आ, जानन्तः-સમ્યક્ જાણીને विवक्तन-કહો-ઉપદેશ કરો, તેમ અમે પણ પાળીએ અને પૂર્ણ કરીએ.

હે विष्णो-સમગ્ર વિદ્યાઓમાં વ્યાપ્ત વિદ્વાન્ ! અમે જે ते-આપથી महः-મહાન सुमतिम्-સુંદર બુદ્ધિનું भजामहे-સેવન કરીએ છીએ, તે આપ અમને સુશિક્ષા પ્રદાન કરો. (૩)

*ભાવાર્થ : મનુષ્યો વિદ્યાની વૃદ્ધિ માટે ચતુર્વેદજ્ઞાતા અધ્યાપકને પ્રાપ્ત કરીને અને તેની સારી રીતે સેવા કરીને સત્ય વિદ્યાઓને પ્રયત્નથી ગ્રહણ કરીને પૂર્ણ વિદ્વાન બને. (૩)*

**तमस्य राजा वरुणस्तमश्विना क्रतुं सचन्त मारुतस्य वेधसः।**
**दाधार दक्षमुत्तममहर्विदं व्रजं च विष्णुः सखिवाँ अपोर्णुते॥ ४॥**

પદાર્થ : જે सखिवान्-બહુ જ વાયુરૂપ મિત્રોવાળા विष्णुः-પોતાની દીપ્તિથી વ્યાપક સૂર્યમંડળ उत्तमम्-પ્રશંસિત दक्षम्-બળને दाधार-ધારણ કરે છે અને अहर्विदम्-જે દિવસોને પ્રાપ્ત થાય છે અર્થાત્ જ્યાં દિવસ હોય છે તે व्रजं, च-પ્રાપ્ત થયેલ દેશને अपोर्णुते-પ્રકાશિત કરે છે, તે अस्य-એ मरुतस्य-વાયુરૂપ મિત્રોવાળા वेधसः-વિધાતા સૂર્યમંડળના तम्-તે क्रतुम्-કર્મને वरुणः-શ્રેષ્ઠ राजा-પ્રકાશમાન સજ્જન અને तम्-તે કર્મને अश्विना-અધ્યાપકો અને ઉપદેશકો सचन्त-પ્રાપ્ત થાઓ. (૪)

*ભાવાર્થ : જેમ અન્ય સજ્જન, આપ્ત વિદ્વાનની વિદ્યાઓ ગ્રહણ કરીને તથા બુદ્ધિની ઉન્નતિ-વૃદ્ધિ કરીને પૂર્ણ બળ પ્રાપ્ત કરે છે (અને) જેમ જ્યાં-જ્યાં સૂર્ય અંધકારનું નિવારણ કરે છે, તેમ ત્યાં-ત્યાં તેના મહત્ત્વને જોઈને, સર્વ મનુષ્ય પૂર્ણ વિદ્યાઓના વિદ્વાન દ્વારા વિદ્યા અને શિક્ષા પ્રાપ્ત કરીને અવિદ્યારૂપી અંધકારને દૂર કરે. (૪)*

आ यो विवाय सचथाय दैव्य इन्द्राय विष्णुः सुकृते सुकृत्तरः।
वेधा अजिन्वत्त्रिषधस्थ आर्यमृतस्य भागे यजमानमाभजत्॥ ५॥

પદાર્થ : यः-જે दैव्यः-વિદ્વાનોના સંબંધી त्रिसधस्थः-કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણેયમાં સ્થિત सुकृत्तरः-અત્યંત ઉત્તમ કર્મયુક્ત विष्णुः-વિદ્યા પ્રાપ્ત वेधाः-મેધાવી-ધીર બુદ્ધિ સજ્જન सयथाय-ધર્મ સંબંધને પ્રાપ્ત सुकृते-ધર્માત્મા इन्द्राय-પરમૈશ્વર્યવાન જનને માટે ऋतस्य-સત્યના भागे-સેવન નિમિત્ત आर्यम्-સમસ્ત ગુણ-કર્મ-સ્વભાવોમાં વિદ્યમાન यजमानम्-વિદ્યાદાતાનું आ, अभजत्-સારી રીતે સેવન કરે તથા જે સર્વને વિદ્યા અને શિક્ષા આપીને अजिन्वत्-પ્રાણ-પોષણ કરે, તે પૂર્ણ સુખને आ, विवाय-સારી રીતે પ્રાપ્ત થાય છે. (૫)

*ભાવાર્થ : જેઓ વિદ્વાનોના પ્રિય, કૃતજ્ઞ, શુભ કર્મ-કર્તા તથા સમસ્ત વિદ્યાઓના જ્ઞાતા (બનીને) સત્યધર્મ અને વિદ્યાની પ્રાપ્તિ કરાવવાથી સર્વજનોને સુખ આપે છે, તેઓ સમસ્ત સુખોને પાત્ર હોય છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન અધ્યાપક અને વિદ્યાર્થીઓના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૬)

## સૂક્ત-૧૫૭

अबोध्यग्निर्ज्म उदेति सूर्यो व्यु१षाश्चन्द्रा मह्यावो अर्चिषा।
आयुक्षातामश्विना यातवे रथं प्रासावीद्देवः सविता जगत्पृथक्॥ १॥

પદાર્થ : જેમ अग्निः-વિદ્યુત્તાદિ અગ્નિ अबोधि-જાણવામાં આવે છે, ज्मः-પૃથિવીથી પૃથક્ सूर्यः-સૂર્યનો उदेति-ઉદય થાય છે, मही-મહાન चन्द्रा-આનંદપ્રદ उषाः-ઊષાકાળ व्यावः-પ્રસરીને પ્રકાશ પ્રદાન કરે છે.

જેમ सविता-ઐશ્વર્યકારક देवः-દિવ્યગુણી સૂર્યમંડળ अर्चिषा-પોતાનાં કિરણ સમૂહથી जगत्-મનુયાદિ પ્રાણીમાત્ર જગતને पृथक्-પૃથક્ प्रासावीत् સમ્યક્ પ્રેરણા આપે છે, તેમ अश्विना-અધ્યાપક અને ઉપદેશક વિદ્વાન यातवे-જવા માટે रथम्-વિમાનાદિ વાહનને अयुक्षाताम-યુક્ત કરે છે. (૧)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્, સૂર્ય અને ઊષા રાત્રિને દૂર કરીને પ્રકાશને ઉત્પન્ન કરે છે, તેમ જ અધ્યાપક અને ઉપદેશક વ્યાપ્ત પદાર્થોને જોઈને, સરળતાથી મનુષ્યોના શરીર અને આત્મામાં બળને ઉત્પન્ન કરે. (૧)*

यद्युञ्जाथे वृषणमश्विना रथं घृतेन नो मधुना क्षत्रमुक्षतम्।
अस्माकं ब्रह्म पृतनासु जिन्वतं वयं धना शूरसाता भजेमहि॥ २॥

પદાર્થ : હે अश्विना-સભા અને સેનાધીશો ! તમે यत्-જેનાથી वृषणम्-શત્રુઓની શક્તિને રોકનારા रथम्-વિમાન આદિ વાહનોને युञ्जाथे-યુક્ત કરો છો, એથી घृतेन-જળ અને मधुना-મધુર આદિ ગુણયુક્ત રસથી नः-અમારા क्षत्रम्-ક્ષત્રિયકુળને उक्षतम्-સીંચો, अस्माकम्-અમારી पृतनासु-સેનાઓમાં ब्रह्म-બ્રાહ્મણકુળને जिन्वतम्-પ્રસન્ન કરો અને वयम्-અમે પ્રજા-સેનાજન शूरसाता-વીરોને સેવવા યોગ્ય સંગ્રામમાં धना-ધનોનું भजेमहि-સેવન કરીએ. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, રાજનીતિના અંગોથી રાજ્યની રક્ષા કરીને, ધન આદિની વૃદ્ધિ કરીને તથા સંગ્રામોને જીતીને સર્વના સુખની વૃદ્ધિ = ઉન્નતિ કરવી જોઈએ. (૨)*

**अर्वाङ् त्रिचक्रो मधुवाहनो रथो जीराश्वो अश्विनोर्यातु सुष्टुतः।**
**त्रिवन्धुरो मघवा विश्वसौभगः शं न आ वक्षद् द्विपदे चतुष्पदे॥ ३॥**

પદાર્થ : જે अश्विनोः-વિદ્વાનોની ક્રિયામાં કુશળ સજ્જનોની ઉત્તેજનાથી सुष्टुतः-સુંદર પ્રશંસિત मधुवाहनः-જળથી વહાવવા યોગ્ય त्रिचक्रः-જેમાં ત્રણ ચક્ર, जीराश्वः-વેગરૂપ ઘોડાઓ અને त्रिबन्धुरः-ત્રણ બંધન વિદ્યમાન હોય; વા विश्वसौभगः-જેનાથી સમસ્ત સુંદર ઐશ્વર્ય ભોગ થાય, તે अर्वाङ्-અધઃ દેશ અર્થાત્ જળમાં ચાલનાર मघवा-પ્રશંસિત ધનયુક્ત रथः-રથ नः-અમારા द्विपदे-દ્વિપાદ મનુષ્યાદિ વા चतुष्पदे-ચોપગા-ગાય આદિ પ્રાણીઓને માટે शम्-સુખનું आ, वक्षत्-આહ્વાન કરાવે અને અમને यातु-પ્રાપ્ત થાય. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, એવો પ્રયત્ન કરવો જોઈએ, જેથી તેઓ પદાર્થવિદ્યા દ્વારા પ્રશંસનીય યાન-વાહન બનાવી શકે. એમ કર્યા વિના સમસ્ત સુખ મળી શકતું નથી. (૩)*

**आ न ऊर्जं वहतमश्विना युवं मधुमत्या नः कशया मिमिक्षतम्।**
**प्रायुस्तारिष्टं नी रपांसि मृक्षतं सेधतं द्वेषो भवतं सचाभुवा॥ ४॥**

પદાર્થ : હે अश्विना-અધ્યાપક અને ઉપદેશક ! युवम्-તમે બન્ને मधुमत्या-બહુ જ જળની વરાળના વેગોથી યુક્ત कशया-ગતિ વા શિક્ષાથી नः-અમારા માટે ऊर्जम्-પરાક્રમની आ, वहतम्-પ્રાપ્તિ કરો, मिमिक्षतम्-પરાક્રમની પ્રાપ્તિ કરાવવાની ઈચ્છા नः-અમારી आयुः-વયને प्र, तारिष्टम्-સમ્યક્ રીતે પાર પહોંચાડો, द्वेषः-વેરભાવયુક્ત रयांसि-પાપોથી निः-सेधतम्-દૂર કરો, અમને मृक्षतम्-શુદ્ધ-પવિત્ર કરો અને અમારા सचाभुवा-સહકારી भवतम्-બનો. (૪)

*ભાવાર્થ : અધ્યાપક અને ઉપદેશક એવી શિક્ષા આપે, જેથી અમે સર્વના મિત્ર બનીને, પક્ષપાતથી ઉત્પન્ન પાપોનો ત્યાગ કરીને, અભીષ્ટને સિદ્ધ કરનારા બનીએ. (૪)*

**युवं ह गर्भं जगतीषु धत्थो युवं विश्वेषु भुवनेष्वन्तः।**
**युवमग्निं च वृषणावपश्च वनस्पतीँरश्विनावैरयेथाम्॥ ५॥**

પદાર્થ : હે वृषणा-જળની વર્ષા કરાવનારા अश्विनौ-સૂર્ય અને ચંદ્રમાની સમાન અધ્યાપક અને ઉપદેશક युवम्-તમે બન્ને जगतीषु-વિભિન્ન પૃથિવી આદિ સૃષ્ટિઓમાં गर्भम्-ગર્ભની સમાન વિદ્યાના બોધને धत्थः-ધરો છો, युवं, ह-તમે જ विश्वेषु-સમસ્ત भुवनेषु-લોક-લોકાન્તરોના अन्तः-મધ્યે अग्निम्-અગ્નિને च-પણ ऐरयेथाम्-ચલાવો છો તથા युवम्-તમે अपः-જળ અને वनस्पतीन्-વનસ્પતિ આદિ વૃક્ષોને च-ડોલાવો છો. (૫)

*ભાવાર્થ : જેમ આ જગતમાં સૂર્ય અને ચંદ્રમા વિરાજમાન થઈને પૃથિવીમાં વર્ષા દ્વારા ગર્ભ ધારણ કરાવીને સર્વ પદાર્થોને ઉત્પન્ન કરે છે, તેમ મનુષ્ય વિદ્યારૂપી કાર્યને ધારણ કરાવીને સર્વ સુખોને ઉત્પન્ન કરે. (૫)*

**युवं ह स्थो भिषजा भेषजेभिरथो ह स्थो रथ्या३ राथ्यैभिः।**
**अथो ह क्षत्रमधि धत्थ उग्रा यो वां हविष्मान्मनसा ददाश॥ ६ ॥**

પદાર્થ : હે વિદ્યાદિ સદ્ગુણોમાં વ્યાપ્ત સજ્જનો ! युवं, ह-તમે જ भेषजेभिः-રોગ નિવારક વૈદ્યોની સાથે भिषजा-રોગ દૂર કરનારા स्थः-છો अथो-અનન્તર ह-નિશ્ચયપૂર્વક राथ्येभिः-રથ પહોંચાડનારા અશ્વ આદિની સાથે रथ्या-રથમાં પ્રવીણ રથવાળા स्थः-છો अथो-અનન્તર उग्रा-તીવ્ર સ્વભાવવાળા સજ્જનો ! यः-જે हविष्मान्-બહુ દાનયુક્ત જન वाम्-તમારા બન્ને માટે मनसा-વિજ્ઞાન દ્વારા ददाश-પ્રદાન કરે છે અર્થાત્ પદાર્થોને અર્પણ કરે છે ह-તેને માટે क्षत्रम्-રાજ્યને अधि-धत्थः-અધિકતાથી ધારણ કરો છો. (૬)

*ભાવાર્થ : જ્યારે મનુષ્યો વિદ્વાન વૈદ્યોનો સંગ કરે છે, ત્યારે તે વૈદ્યક વિદ્યા પ્રાપ્ત કરી શકે છે.*

*જ્યારે વીર લોકો દાની બને છે, ત્યારે તેઓ રાજ્ય ધારણ કરીને, પ્રશંસિત થઈને નિરંતર સુખી રહે છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં અશ્વિઓના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૭)

## સૂક્ત-૧૫૮

**वसू रुद्रा पुरुमन्तू वृधन्ता दशस्यतं नोवृषणावभिष्टौ।**
**दस्रा ह यद्रेक्ण औचथ्यो वां प्र यत्सस्राथे अकवाभिरूती॥ १ ॥**

પદાર્થ : હે સભા અને શાલાધીશો ! यत्-જે वाम्-તમારા બન્નેનું औचथ्यः-ઉચિત અર્થાત્ પ્રશંસિતોમાં થયેલ रेक्णः-ધન છે, તે ધનને यत्-જે તમે બન્ને अक वाभिः-પ્રશંસિત ऊती-રક્ષાઓથી અમારા માટે सस्राथे-પ્રાપ્ત કરાવો છો, તે ह-જ वृधन्ता-વૃદ્ધિ પામીને, पुरुमन्तू-અનેકોને માનવા યોગ્ય दस्रा-દુઃખનાશક वृषणौ-બળવાન, वसु-નિવાસ આપનારા, रुद्रा-ચાલીસ વર્ષ સુધી બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા અધ્યયન

કરેલ સજ્જનો अभिष्टौ-ઇચ્છિત સિદ્ધિ માટે नः-અમારા માટે સુખ प्र, दशस्यतम्-શ્રેષ્ઠતાથી પ્રદાન કરો. (૧)

*ભાવાર્થ : જેઓ સૂર્ય અને વાયુ સમાન સર્વનો ઉપકાર કરે છે, તેઓ ધનવાન બને છે. (૧)*

**को वां दाशत्सुमतये चिदस्यै वसू यद्धेथे नमसा पदे गोः।**
**जिगृतमस्मे रेवतीः पुरन्धीः कामप्रेणेव मनसा चरन्ता॥ २॥**

પદાર્થ : यत्-જે वसू-સુખોમાં નિવાસ કરાવનારા સભા-શાલાધીશો તમે अस्यै-પ્રત્યક્ષ सुमतये-સદ્‌બુદ્ધિને માટે नमसा-અગ્નિ આદિથી गोः-પૃથિવીના पदे-પ્રાપ્ત થવા યોગ્ય સ્થાનમાં पुरन्धीः-પુર-ગામને ધારણ કરતા रेवतीः-પ્રશંસિત ધનયુક્ત નગરોને धेथे-ધારણ કરો છો.

कामप्रेणेव-કામના પૂર્ણ કરનારા मनसा-વિજ્ઞાનવાન અન્તઃકરણથી चरन्ता-પ્રાપ્ત થતા તમે બન્ને अस्मे-અમારા માટે जिगृतम्-જાગૃત થાઓ, તે वाम्-આપના માટે એ મતિને चित्-પણ कः-કોણ दाशत्-આપે ? (૨)

*ભાવાર્થ : જેઓ પૂર્ણ વિદ્યાવાન અને પૂર્ણ કામનાવાળા લોકો, મનુષ્યોને ઉત્તમ બુદ્ધિશાળી બનાવવાનો પ્રયત્ન કરે છે, તેઓ પૃથિવી પર પૂજિત થાય છે. (૨)*

**युक्तो ह यद्वां तौग्र्याय पेरुर्वि मध्ये अर्णसो धायि पज्रः।**
**उप वामवः शरणं गमेयं शूरो नाज्म पतयद्भिरेवैः॥ ३॥**

પદાર્થ : હે સભા-શાલાધીશો ! वाम्-તમારા બન્નેમાં यत्-જે तौग्र्याय-બળોમાં ઉત્તમ બળ છે તેના માટે युक्तः-યુક્ત पेरु-સર્વનું પાલન કરનાર पज्रः-બલવાનમાં अर्णसः-જળની मध्ये-મધ્યમાં वि, धायि-વિધાન કરવામાં આવે છે અર્થાત્ જળ સંબંધી કામને માટે યુક્ત કરવામાં આવે છે તથા अज्म-બળને शूरः-વીર જેમ न-તેમ पतयद्भिः-આમ-તેમ દોડતા एवैः-પદાર્થોની પ્રાપ્તિ કરાવનારાઓની સાથે वाम्-તમારા अवः-રક્ષા આદિ કામને તથા शरणम्-આશ્રયને उप, गमेयम्-સમીપ પ્રાપ્ત થાઉં, તે મને ह-જ તમે વૃદ્ધિ આપો = ઉન્નતિ કરાવો. (૩)

*ભાવાર્થ : જે જિજ્ઞાસુઓ સાધનો અને ઉપસાધનોની સાથે ભણાવનારા આપ્ત વિદ્વાનોના શરણમાં જાય છે, તેઓ વિદ્વાન બની જાય છે.*

*જેઓ પ્રેમપૂર્વક વિદ્યાઓ અને સુશિક્ષાઓની વૃદ્ધિ કરે છે, તેઓ આ સંસારમાં પૂજનીય બને છે. (૩)*

**उपस्तुतिरौचथ्यमुरुष्येन्मा मामिमे पतत्रिणी वि दुग्धाम्।**
**मा मामेधो दशतयश्चितो धाक् प्र यद्वां बद्धस्त्मनि खादति क्षाम्॥ ४॥**

પદાર્થ : હે સભા-શાલાધીશો ! वाम्-તમારા બન્નેના यत्-જે दशतयः-દશગુણો एधः-ઈંધન = બળતણ बद्धः-નિરંતર યુક્ત કરેલ અને चितः-સંચિત કરેલ અગ્નિ क्षाम्-ભૂમિને प्र, धाक्-બાળે છે, તેમ त्मनि-પોતાનામાં माम्-મને मा, खादति-ખાવો નહિ, इमे-એ पतत्रिणी-નષ્ટ કરાવવા માટે કુશિક્ષા औचथ्यम्-ઉચિત કામોમાં ઉત્તમ माम्-મને मा, वि, दुग्धाम्-અપૂર્ણ કરે નહિ, મારી પરિપૂર્ણતાને નષ્ટ કરે નહિ અને उपस्तुतिः-સમીપ પ્રાપ્ત થયેલી સ્તુતિ પણ उरुष्येत्-સેવે. (૪)

*ભાવાર્થ : જેમ બળતણ દ્વારા વાયુરહિત સ્થાનમાં સુપ્રજ્વલિત અગ્નિ પૃથિવીને અથવા કાષ્ઠ આદિને ભસ્મ કરી નાખે છે, તેમ મને શોક રૂપી અગ્નિ ભસ્મ કરે નહિ. અજ્ઞાન અને દુષ્ટ આચરણ પ્રાપ્ત થાય નહિ, પરંતુ શાન્તિ અને વિદ્યાની નિરંતર વૃદ્ધિ થાય. (૪)*

न मा गरन्नद्यो मातृतमा दासा यदीं सुसमुब्धमवाधुः।
शिरो यदस्य त्रैतनो वितक्षत्स्वयं दास उरो अंसावपि ग्ध॥ ५॥

પદાર્થ : હે વિદ્વાનો ! दासाः-સુખદાતા દાસજન सुसमुब्धम्-અત્યંત સરળ સ્વભાવયુક્ત यत्-જે મને ईम्-સર્વત્રથી अबाधुः-પીડિત કરે, તે मा-મને मातृतमाः-માતાઓની સમાન માન કરનારી-કરાવનારી नद्यः-નદીઓ न, गरन्-ડૂબાડે નહિ-ગળી જાય નહિ.

यत्-જે त्रैतनः-ત્રણ-શારીરિક, માનસિક અને આત્મિક સુખોનો વિસ્તાર કરનાર दासः-સેવક अस्य-એ મારા शिरः-શિરને वितक्षत्-વિવિધ પ્રકારની પીડા આપે તે स्वयम्-આપ પોતાના ऊरः-વક્ષસ્થળ = છાતી અને अंसौ-સ્કંધો-ખંભાઓને अपि, ग्ध-કાપે.

*ભાવાર્થ : મનુષ્યોએ એવો પ્રયત્ન કરવો જોઈએ, જેથી નદી અને સમુદ્ર નિમગ્ન-ડૂબાડે નહિ. શૂદ્ર આદિ સેવક સેવા કાર્ય માટે રાખેલ હોય તે પણ, અતિ સરળ સ્વભાવવાળા સ્વામીને પોતાના આળસુ સ્વભાવથી દુઃખી કરે છે, તેથી તેને સારી રીતે શિક્ષા આપે તથા અનુચિત કાર્ય કરતા તાડના પણ કરે. મનુષ્યોએ સદા પોતાના શરીરના અંગોને પુષ્ટ કરવા-રાખવા જોઈએ.*

दीर्घतमा मामतेयो जुजुर्वान् दशमे युगे।
अपामर्थं यतीनां ब्रह्मा भवति सारथिः॥ ६॥

પદાર્થ : दीर्घतमा-જેથી ઘોર અંધકાર પ્રકટ થાય, તે मामतेयः-મમતામાં કુશળજન दशमे-દશમા युगे-વર્ષમાં जुजुर्वान्-રોગી બની જાય છે.

જે सारथिः-સારથીની સમાન अपाम्-વિદ્યા, વિજ્ઞાન અને યોગશાસ્ત્રમાં પારંગત यतीनाम्-સંન્યાસીઓના अर्थम्-પ્રયોજનને પ્રાપ્ત થાય છે, તે ब्रह्मा-સકળ વેદવિદ્યાનો જ્ઞાતા भवति-બને છે. (૬)

*ભાવાર્થ : જેઓ આ સંસારમાં અત્યંત અજ્ઞાની અને લોભી છે, તેઓ શીઘ્ર રોગી બની જાય છે.*

*જેઓ પક્ષપાતરહિત સંન્યાસીઓની (સમાન) હર્ષ-શોક તથા નિંદા-સ્તુતિથી રહિત વિજ્ઞાનમય આનંદને પ્રાપ્ત કરી લે છે, તેઓ સ્વયં દુઃખથી પારગામી બનીને અન્યોને પણ દુઃખ સાગરથી પાર કરે છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં શિષ્ય અને શિક્ષા આપનારાઓના કામનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૮)

## સૂક્ત-૧૫૯

**प्र द्यावा॑ य॒ज्ञैः पृ॑थि॒वी ऋ॑ता॒वृधा॑ म॒ही स्तु॑षे वि॒दथे॑षु॒ प्रचे॑तसा।**

**दे॒वेभि॒र्ये दे॒वपु॑त्रे सु॒दंस॑से॒त्था धि॒या वार्या॑णि प्र॒भूष॑तः॥ १॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! ये-જે ऋतावृधा-કારણથી વૃદ્ધિ પામેલ प्रचेतसा-ઉત્તમતાથી પ્રબળજ્ઞાન કરાવનારા देवपुत्रे-દિવ્ય પ્રકૃતિના અંશોથી પુત્રો સમાન ઉત્પન્ન થયેલ सुदंससा-પ્રશંસિત કર્મવાળા मही-મહાન द्यावापृथिवी-સૂર્યમંડળ અને ભૂમિમંડળ यज्ञैः-સંગતિ વ્યવહારોથી विदथेषु-જાણવા યોગ્ય પદાર્થોમાં देवेभिः-દિવ્ય જળ આદિ પદાર્થો અને धिया-કર્મની સાથે वार्याणि-સ્વીકાર કરવા યોગ્ય પદાર્થોને प्रभूषतः-સુભૂષિત કરે છે અને આપ તેની प्र, स्तुषे-પ્રશંસા કરો છો, इत्था-એ રીતે અમે પણ તેની પ્રશંસા કરીએ. (૧)

*ભાવાર્થ : જે મનુષ્યો ! પ્રયત્નથી ભૂમિ અને સૂર્યના ગુણ-કર્મ-સ્વભાવોને યથાવત્ જાણે છે, તેઓ અતુલ સુખથી સુભૂષિત બને છે. (૧)*

**उ॒त म॑न्ये पि॒तुर॒द्रुहो॒ मनो॑ मा॒तुर्महि॒ स्वत॑व॒स्तद्धवी॑मभिः।**

**सु॒रेत॑सा पि॒तरा॒ भूम॑ चक्रतुरु॒रु प्र॒जाया॑ अ॒मृतं॒ वरी॑मभिः॥ २॥**

પદાર્થ : હું એકલો हवीमभिः-સ્તુતિ કરવા યોગ્ય ગુણોની સાથે જે अद्रुहः-દ્રોહરહિત मातः-માતા उत-અને पितुः-પિતાના स्वतवः-પોતાના બળવાળા महि-મહાન मनः-મનને उरू-બહુ જ मन्ये-જાણું; तत्-તેને सुरेतसा-શ્રેષ્ઠ પરાક્રમવાળા पितरा-માતા-પિતાની સમાન વર્તમાન ભૂમિ અને સૂર્ય वरीमभिः-સ્વીકાર કરવા યોગ્ય ગુણોથી प्रजायाः-મનુષ્ય આદિ સૃષ્ટિને માટે अमृतम्-અમૃત સમાન વર્તમાન भूम-અતિ ઉત્સાહિત चक्रतुः-કરીએ છીએ અર્થાત્ શિલ્પકારોથી પ્રોત્સાહિત કરીએ છીએ, મલિન રહેવા દેતા નથી. (૨)

*ભાવાર્થ : જેમ માતા-પિતા સંતાનોની રક્ષા કરીને તેઓની વૃદ્ધિ = ઉન્નતિ કરે છે, તેમ ભૂમિ અને સૂર્ય પ્રજાઓને માટે સુખની વૃદ્ધિ કરે છે. (૨)*

**ते सू॒नवः॒ स्वप॑सः सु॒दंस॑सो म॒ही ज॑ज्ञुर्मा॒तरा॑ पू॒र्वचि॑त्तये।**

स्थातुश्च सत्यं जगतश्च धर्मणि पुत्रस्य पाथः पदमद्वयाविनः॥ ३॥

પદાર્થ : જે स्वपसः-સુંદર કર્મ અને सुदंससः-શોભન કર્મયુક્ત વ્યવહારવાળા જન पूर्वचित्तये-પૂર્વ જે ચિત્ત અર્થાત્ કોઈ પદાર્થોને એકત્ર કરવા માટે जज्ञुः-પ્રસિદ્ધ થાય છે-ते-તેઓ मही-મહાન मातरा-માન કરનારી માતાઓને જાણે.

હે માતા-પિતાઓ ! જે તમે स्थातुः-સ્થાવર ધર્મવાળા च-અને जगतः-જંગમ જગતના च-પણ धर्मणि-સાધર્મ્યમાં अद्वयाविनः-કેવળ એકલા पुत्रस्य-પુત્રને सत्यम्-સત્ય पदम्-પ્રાપ્ત થવા યોગ્ય પદાર્થોની पाथः-રક્ષા કરો છો, તેઓની सूनवः-પુત્રો નિરંતર સેવા કરે. (૩)

*ભાવાર્થ : શું ભૂમિ અને સૂર્ય સર્વના પાલનના કારણ નથી ? જે પિતર લોકો ચેતન અને જડ જગતનું વિજ્ઞાન પુત્રોને ગ્રહણ કરાવે છે, તેઓ કૃતકૃત્ય કેમ ન બને ? (૩)*

ते मायिनो ममिरे सुप्रचेतसो जामी सयोनी मिथुना समोकसा।
नव्यंनव्यं तन्तुमा तन्वते दिवि समुद्रे अन्तः कवयः सुदीतयः॥ ४॥

પદાર્થ : જે सुप्रचेतसः-સુંદર પ્રસન્નચિત્ मायिनः-પ્રશંસિત્ બુદ્ધિ વા सुदीतयः-સુંદર વિદ્યાના પ્રકાશવાળા कवयः-વિદ્વાનો समोकसा-સમીચીન જેનો નિવાસ मिथुना-એવા બે सयोनी-સમાન વિદ્યા વા કારણ जामी-સુખ ભોગવનારાને પ્રાપ્ત થાય વા જાણીને दिवि-વિદ્યુત્ અને સૂર્યના તથા समुद्रे-અન્તરિક્ષ વા સમુદ્રના अन्तः-મધ્ય नव्यंनव्यम्-નવીન-નવીન तन्तुम्-વિસ્તૃત વસ્તુ વિજ્ઞાનને ममिरे-ઉત્પન્ન કરે છે, ते-તેઓ સર્વ વિદ્યા અને સુખોનો आ, तन्वते-સમ્યક્ વિસ્તાર કરે છે. (૪)

*ભાવાર્થ : જે મનુષ્યો આપ્ત અધ્યાપક અને ઉપદેશકની સમીપ જઈને, વિદ્યાઓને પ્રાપ્ત કરીને, ભૂમિ અને વિદ્યુત્‌ને જાણીને, સર્વ વિદ્યા પ્રક્રિયાને, 'હસ્તામલકવત્' સાક્ષાત્ કરીને અન્યોને ઉપદેશ કરે છે, તેઓ સંસારને સુભૂષિત કરનારા હોય છે. (૪)*

तद्राधो अद्य सवितुर्वरेण्यं वयं देवस्य प्रसवे मनामहे।
अस्मभ्यं द्यावापृथिवी सुचेतुना रयिं धत्तं वसुमन्तं शतग्विनम्॥ ५॥

પદાર્થ : હે અધ્યાપકો અને ઉપદેશકો ! वयम्-અમે अद्य-આજ सवितुः-જગત્ ઉત્પાદક देवस्य-અને પ્રકાશક ઈશ્વરના प्रसवे-ઉત્પન્ન કરેલા આ જગતમાં જે वरेण्यम्-સ્વીકાર કરવા યોગ્ય राधः-દ્રવ્યને मनामहे-જાણીએ છીએ, तत्-તે शतग्विनम्-સેંકડો ગાયોવાળા वसुमन्तम्-અનેક પ્રકારના ધનોથી યુક્ત रयिम्-ધનને सुचेतुना-સુંદર જ્ઞાનથી अस्मभ्यम्-અમારા માટે द्यावापृथिवी-ભૂમિ અને સૂર્યની સમાન તમે धत्तम्-ધારણ કરો. (૫)

*ભાવાર્થ : જેમ દ્યુલોક અને પૃથિવીલોક સર્વ પ્રાણીઓને સુખી કરે છે, તેમ વિદ્વાન જન સર્વને*

*વિદ્યા અને ધનની ઉન્નતિથી સુખી કરે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્યુત્ અને ભૂમિની સમાન વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૫૯)

## સૂક્ત-૧૬૦

**ते हि द्यावापृथिवी विश्वशंभुव ऋतावरी रजसो धारयत्कवी।**
**सुजन्मनी धिषणे अन्तरीयते देवो देवी धर्मणा सूर्यः शुचि॥ १॥**

પદાર્થ : હે વિદ્વાનો ! જે विश्वशम्भुवा-સંસારમાં સુખની ભાવના કરનારા-કરીને ऋतावरी-સત્ય કારણથી યુક્ત धारयत्कवी-અનેક પદાર્થોને ધારણ કરાવતા અને પ્રબળ જેનું જોવું सुजन्मनी-સુંદર જન્મવાળા धिषणे-ઉત્કૃષ્ટ સહનશીલ देवी-નિરંતર દેદીપ્યમાન द्यावापृथिवी-વિદ્યુત્ અને અન્તરિક્ષલોક धर्मणा-પોતાના ધર્મથી અર્થાત્ પોતાના ભાવથી रजसः-લોકોને अन्तः-પોતાના મધ્યમાં ધારણ કરે છે.

જે ઉક્ત દ્યાવા પૃથિવીઓમાં शुचिः-પવિત્ર देवः-દિવ્યગુણવાળા सूर्यः-સૂર્યલોક ईयते-પ્રાપ્ત થાય છે, ते-તે બન્નેને हि-જ તમે સમ્યક્ જાણો. (૧)

*ભાવાર્થ : જેમ વાયુ, વિદ્યુત્ અને આકાશ સર્વ લોકોના આધાર છે, તેમ ઈશ્વર વાયુ આદિનો આધાર છે.*

*આ સૃષ્ટિમાં એક-એક બ્રહ્માંડની મધ્યમાં એક-એક સૂર્યલોક છે, તેમ સર્વ જાણે. (૧)*

**उरुव्यचसा महिनी असश्चता पिता माता च भुवनानि रक्षतः।**
**सुधृष्टमे वपुष्येऽ न रोदसी पिता यत्सीमभि रूपैरवासयत्॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! पिता-પાલન કરનારા વિદ્યુત્-અગ્નિ यत्-જે रोदसी-સૂર્ય અને ભૂમિમંડળને रूपैः-શુક્લ, કૃષ્ણ, હરિત પીતાદિ રૂપોથી सीम्-સર્વત્રથી अभ्यवासयत्-ઢાંકે છે, તે असश्चता-વિલક્ષણ રૂપવાળા महिनी-મહાન, उरिव्यचसा-બહુ જ વ્યાપ્ત થનાર, सुधृष्टमे-સુંદર અત્યંત ઉત્કર્ષતાથી સહન કરનારા वपुष्ये-રૂપમાં પ્રસિદ્ધ થયેલ સૂર્યમંડળ અને ભૂમિ મંડળોની न-સમાન मातः-માન્ય કરનારી સ્ત્રી पितः, च-અને પાલન કરનાર જન भुवनानि-જેમાં પ્રાણીઓ હોય છે, તે લોકોની रक्षतः-રક્ષા કરે છે. (૨)

*ભાવાર્થ : જેમ સર્વ પ્રાણીઓની ભૂમિ અને સૂર્ય રક્ષા કરે છે અને તેને ધારણ કરે છે, તેમ માતા-પિતા સંતાનોનું પાલન અને તેની રક્ષા કરે છે.*

*જે જળમાં, પૃથિવીમાં અને તેનાથી બનેલા પદાર્થોમાં રૂપ જોવામાં આવે છે, તે વ્યાપ્ત અગ્નિનું જ છે, તેમ જાણવું જોઈએ. (૨)*

स वह्निः पुत्रः पित्रोः पवित्रवान् पुनाति धीरो भुवनानि मायया।
धेनुं च पृश्निं वृषभं सुरेतसं विश्वाहा शुक्रं पयो अस्य दुक्षत॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! पवित्रवान्-જેમાં બહુ જ શુદ્ધ-પવિત્ર કર્મ વિદ્યમાન છે पित्रोः-તથા જે વાયુ અને આકાશના पुत्रः-સંતાનની સમાન વિદ્યમાન છે, सः-તે वह्निः-પદાર્થોની પ્રાપ્તિ કરાવનાર અગ્નિ भुवनानि-લોકોને पुनाति-પવિત્ર કરે છે.

જે धेनुम्-ગાયોની સમાન વર્તમાન વાણી सुरेतसम्-જેનું શ્રેષ્ઠ બળ છે, જે वृषभम्-સર્વ લોકોને રોકનાર पृश्निम्-સૂર્ય છે, તે शुक्रम्-શીઘ્રતા કરનારને તથા पयः-દૂધને च-અને विश्वाहा-સર્વ દિવસોને પવિત્ર કરે છે, જેને धीरः-ધ્યાનવાન પુરુષ मायया-શ્રેષ્ઠ બુદ્ધિથી જાણે છે अस्य-એ અગ્નિની ઉત્તેજનાથી અભીષ્ટ સિદ્ધિને તમે दुक्षत-પૂર્ણ કરો. (૩)

*ભાવાર્થ : જેમ સૂર્ય સમસ્ત લોકોને ધારણ અને પવિત્ર કરે છે, તેમ સુપુત્ર કુળને 'शुन्धन्ति' પવિત્ર કરે છે. (૩)*

अयं देवानामपसामपस्तमो यो जजान रोदसी विश्वशंभुवा।
वि यो ममे रजसी सुक्रतूययाजरेभिः स्कम्भनेभिः समानृचे॥ ४॥

પદાર્થ : જે अयम्-આ देवानाम्-પૃથિવી આદિ લોકોના अपसाम्-કર્મોની अपस्तम्-અત્યંત ક્રિયાવાન છે; વા यः-જે विश्वशम्भुवा-સર્વમાં સુખની ભાવના કરાવનાર કર્મથી रोदसी-સૂર્ય અને પૃથિવી લોકને जजान-પ્રકટ કરે છે; વા यः-જે सुक्रतुयया-શ્રેષ્ઠ બુદ્ધિ, કર્મ અને स्कम्भनेमिः-સ્તંભન-અવરોધ અને अजरेभिः-હાનિરહિત પ્રબંધોની સાથે रजसी-ભૂમિ અને સૂર્યલોક તથા ભૂમિલોકનું वि, ममे-વિવિધ રીતે માન કરે છે, તેની હું समानृचे-સમ્યક્ સ્તુતિ કરું છું. (૪)

*ભાવાર્થ : સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવા આદિનાં કર્મો જે જગદીશ્વરનાં છે અને જે કારણ (પ્રકૃતિ)થી સમસ્ત તથા અનેક પ્રકારના કાર્ય સમૂહને રચીને તેને અનન્ત બળથી ધારણ કરે છે, તેની સર્વ સદા પ્રશંસા કરે. (૪)*

ते नो गृणाने महिनी महि श्रवः क्षत्रं द्यावापृथिवी धासथो बृहत्।
येनाभि कृष्टिस्ततनाम विश्वहा पनाय्यमोजो अस्मे समिन्वतम्॥ ५॥

પદાર્થ : જે गृणाने-સ્તુત્યમાન = સ્તુતિયોગ્ય महिनी-મહાન द्यावापृथिवी-ભૂમિ અને સૂર્યલોક છે, ते-તેઓ नः-અમારા માટે बृहत्-અત્યંત माहि-પૂજ્ય = પ્રશંસનીય છે, श्रवः-અન્ન અને क्षत्रम्-રાજ્યને धासथः-ધારણ કરે છે, येन-જેથી અમે विश्वहा-સર્વ દિવસો कृष्टीः-મનુષ્યોનો अभि, ततनाम-સર્વત્રથી વિસ્તાર કરીએ, અને पनायम्-પ્રશંસા કરવા યોગ્ય ओजः-પરાક્રમની अस्मे-અમારા માટે

समिन्वतम्-સમ્યક્ વૃદ્ધિ કરે. (૫)

*ભાવાર્થ : જે લોકો ભૂમિના ગુણોના જ્ઞાતા (વિદ્વાન) વિદ્યાને જાણીને તેનો ઉપયોગ કરવાને જાણે છે; તેઓ મહાન બળને પ્રાપ્ત કરીને સાર્વભૌમ રાજ્ય કરી શકે છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં દ્યાવા પૃથિવીનાં દૃષ્ટાન્તથી મનુષ્યોએ ઉપકાર ગ્રહણ કરવાનું કહેલ છે, તેથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૦)

## સૂક્ત-૧૬૧

किमु श्रेष्ठः किं यविष्ठो न आजगन्किमीयते दूत्यं१ कद्यदूचिम।
न निन्दिम चमसं यो महाकुलोऽग्ने भ्रातर्द्रुण इद्भूतिमूदिम॥ १॥

પદાર્થ : હે भ्रातः-બંધુ अग्ने-વિદ્વાન્ ! यः-જે महाकुलः-મહાન કુલવાળા द्रुणः-શીઘ્રગામી પુરુષ चमसम्-મેઘને પ્રાપ્ત થાય છે, તેની અમે न, निन्दिम-નિંદા કરતા નથી नः-અમને किम्-શું श्रेष्ठः-શ્રેષ્ઠ किम्-શું उ-તો यविष्ठः-અત્યંત જુવાન પુરુષ आजगन्-વારંવાર પ્રાપ્ત થાય છે.

यत्-જેને અમે ऊचिम-કહીએ તે किम्-શું दूत्यम्-દૂતપણું વા દૂતના કર્મને ईयते-પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત થઈને इत्-જ कत्-ક્યારે भूतिम्-ઐશ્વર્યને ऊदिम-કહે. (૧)

*ભાવાર્થ : જેઓ પરસ્પર પ્રેમથી વિદ્યાના વિષયોને સાંભળે છે અને સંભળાવે છે, તેઓ વિદ્વાન બને. (૧)*

एकं चमसं चतुरः कृणोतन तद्वो देवा अब्रुवन्तद्व आगमम्।
सौधन्वना यद्येवा करिष्यथ साकं देवैर्यज्ञियासो भविष्यथ॥ २॥

પદાર્થ : હે सौधन्वनाः-ઉત્તમ ધનુષ્યોમાં કુશળ ! જે एकम्-એકલા चमसम्-મેઘને देवाः-વિદ્વાનો वः-તમારા પ્રત્યે अब्रुवन्-કહે અર્થાત્ તેના ગુણોનો ઉપદેશ કરે, तत्-તેને તમે कृणोतन-કરો; અને જેને वः-તમારા સમીપથી હું आगमम्-પ્રાપ્ત થાઉં, तत्-તેને કરો. यदि-જો देवैः-વિદ્વાનોની साकम्-સાથે चतुरः-વાયુ, અગ્નિ, જળ અને ભૂમિ આ ચારને પૂછો તો પોતાના કામને સિદ્ધ एव જ करिष्यथ-કરો અને यज्ञियासः-યજ્ઞના અનુષ્ઠાનને યોગ્ય भविष्यथ-થાઓ = બનો. (૨)

*ભાવાર્થ : જેઓ વિદ્વાનોની સમીપથી પ્રશ્નોત્તરો દ્વારા વિદ્યાઓને પ્રાપ્ત કરીને તેઓએ બતાવેલ કર્મો કરે છે, તેઓ વિદ્વાન બને છે.*

*પૂર્વ મંત્રોક્ત પ્રશ્નોત્તર ઉત્તર એ છે-જે અમારાથી અધિક વિદ્વાન છે, શ્રેષ્ઠ છે. જે જિતેન્દ્રિય છે, તે બળવાન છે. જે અગ્નિ છે, તે દૂત છે અને જે પુરુષાર્થની સિદ્ધિ છે, તે વિભૂતિ છે. (૨)*

अग्निं दूतं प्रति यदब्रवीतनाश्वः कर्त्वो रथ उतेह कर्त्वः।

धेनुः कर्त्त्वी युवशा कर्त्त्वा द्वा तानि भ्रातरनु वः कृत्व्येमसि॥ ३॥

પદાર્થ : હે भ्रातः-બંધુ વિદ્વાન્ ! यत्-જે अश्वः-શીઘ્રગામી कर्त्त्वः-કરવા યોગ્ય અર્થાત્ કલા યંત્રાદિ સિદ્ધ થનારા અનેક વિધ શિલ્પક્રિયાજન્ય પદાર્થ उत-વા इह-અહિંયા रथः-રમણ કરવાનું સાધન कर्त्त्वः-કરવા યોગ્ય વિમાન આદિ યાન-વાહન છે, તેને अग्निम्-વિદ્યુત્ આદિ दूतम्-દૂત કાર્ય કરનારા અગ્નિના प्रति-પ્રત્યે જે अब्रतीतन-કહે છે તેના ઉપદેશથી જે कर्त्त्वा-કરવા યોગ્ય धेनुः-વાણી છે; વા જે कर्त्त्वा-કરવા યોગ્ય युवशा-મિશ્રિત અમિશ્રિત વ્યવહારો દ્વારા વિસ્તૃત કામ છે; વા જે અગ્નિ અને વાણી द्वा-બે છે, तानि-તે સર્વને वः-તમારી સમીપતાથી સિદ્ધ कृत्वी-કરીને અમે अनु, आ, इमसि-અનુક્રમથી ઉક્ત પદાર્થોને પ્રાપ્ત કરીએ છીએ. (૩)

*ભાવાર્થ : જે જેને સત્ય વિદ્યા ભણાવે અને અગ્નિ આદિની પ્રક્રિયાનો ઉપદેશ કરે, તેને તે બંધુ સમાન જાણે. તે કરવા યોગ્ય કાર્યોને સિદ્ધ કરી શકે છે. (૩)*

चकृवांस ऋभवस्तदपृच्छत क्वेदभूद्यः स्य दूतो न आजगन्।
यदावाख्यच्चमसाञ्चतुरः कृतानादित्त्वष्टा ग्नास्वन्तर्न्यानजे॥ ४॥

પદાર્થ : હે चकृवांसः-કર્મ કરનારા ऋभवः-મેધાવી સજ્જનો ! यः-જે दूतः-દૂત नः-અમારા પ્રત્યે आ, अजगन्-વારંવાર પ્રાપ્ત થાય છે, स्यः-તે क्व-ક્યાં अभूत्-ઉત્પન્ન થયેલ છે, तत्, इत्-તેને જ વિદ્વાનોને આપ अपृच्छत-પૂછો.

જે त्वष्टा-સૂક્ષ્મકર્તા यदा-જ્યારે चमसान्-મેઘોને अवाख्यत्-વિખ્યાત કરે છે, ત્યારે તે चतुरः-ચાર પદાર્થોને અર્થાત્ વાયુ, અગ્નિ, જળ અને ભૂમિને कृतान्-કરેલ અર્થાત્ પદાર્થ વિદ્યા દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ જાણે છે, यत्र आत्-અને इत्-તે જ ग्नासु-ગમન કરવા યોગ્ય ભૂમિઓની अन्तः-મધ્ય યાનોને नि, आनजे-ચલાવે છે. (૪)

*ભાવાર્થ : જેઓ વિદ્વાનોની સમીપ સુશિક્ષા અને વિદ્યા પ્રાપ્ત કરીને તથા સમસ્ત સિદ્ધાન્તોના ઉત્તર જાણીને કાર્ય કરે છે, તેઓ બુદ્ધિમાન = મેધાવી બને છે. (૪)*

हनामैनाँ इति त्वष्टा यदब्रवीच्चमसं ये देवपानमनिन्दिषुः।
अन्या नामानि कृण्वते सुते सचाँ अन्यैरेनान् कन्या३ नामभिः स्परत्॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! त्वष्टा-છિન્ન-ભિન્ન કરનાર સૂર્યની સમાન વિદ્વાન્ ! यत्-જે देवपानम्-કિરણો વા ઇન્દ્રિયોથી પાન કરવા યોગ્ય चमसम्-મેઘ જળને अब्रवीत्-કહે છે, ये-જે એની अनिन्दिषुः-નિંદા કરે છે તે एनान्-એને અમે हनाम-મારીએ-નષ્ટ કરીએ.

જે सचान्-સંયુક્ત अन्यैः-અન્ય नामभिः-નામોથી अन्या-અન્ય नामानि-નામોને सुते-ઉત્પન્ન કરેલ વ્યવહારમાં कृण्वते-પ્રસિદ્ધ કરે છે, एनान्-એ જનોને कन्या-કુમારી કન્યા स्परत्-પ્રસન્ન કરે, इति-

એ રીતે તેઓના પ્રત્યે તમે પણ વર્તો. (૫)

*ભાવાર્થ : જેઓ વિદ્વાનોની નિંદા કરે અને વિદ્વાનોમાં અવિદ્વાનોની અને અવિદ્વાનોમાં વિદ્વાનોની બુદ્ધિ રાખે, તેઓ જ 'खल' = દુષ્ટ મનુષ્ય સર્વના દ્વારા તિરસ્કાર કરવા જોઈએ. (૫)*

**इन्द्रो हरी युयुजे अश्विना रथं बृहस्पतिर्विश्वरूपामुपाजत।**
**ऋभुर्विभ्वा वाजो देवाँ अगच्छत स्वपसो यज्ञियं भागमैतन॥ ६॥**

પદાર્થ : હે મનુષ્યો ! इन्द्रः-વિદ્યુત્‌ની સમાન પરમૈશ્વર્યકારક સૂર્ય हरी-ધારણ-આકર્ષણ કાર્યોની વિદ્યાને युयुजे-યુક્ત કરે છે, अश्विना-શિલ્પવિદ્યા વા તેની ક્રિયા-હસ્ત કૌશલ્ય શિખવનાર વિદ્વાનજન रथम्-રમણ કરવા યોગ્ય વિમાન આદિ વાહનને જોડે છે, बृहस्पतिः-મહાન પદાર્થોનું પાલન કરનાર સૂર્ય સમાન તમે विश्वरूपाम्-જેમાં સમસ્ત અર્થાત્ નાના-મોટાં, જાડાં-પાતળાં, વાંકા-ચૂંકાં, કાળાં-પીળાં, રંગીન, ચમકદાર રૂપ વિદ્યમાન છે, તે પૃથિવીને उप, आजत-શ્રેષ્ઠતાપૂર્વક જાણો.

ऋभुः-ધનંજય સૂત્રાત્મા વાયુની સમાન विभ्वा-જેમ પોતાનાં વ્યાપ્તિ બળથી वाजः-અન્નને, તેમ देवान्-વિદ્વાનોને अगच्छत-પ્રાપ્ત થાઓ બનીને स्वपसः-જેના સુંદર ધર્મ સંબંધી કામ છે એવા બનીને તમે यज्ञियम्-જે યજ્ઞને યોગ્ય भागम्-સેવન કરવા યોગ્ય ભોગ છે, તેને ऐतन-જાણો. (૬)

*ભાવાર્થ : (જેઓ) વિદ્યુત્‌ની સમાન કાર્યોના સંયોજન, શિલ્પવિદ્યાઓની સમાન સર્વ કાર્યોના સંપાદક, સૂર્યની સમાન રાજ્યના ભરણકર્તા, બુદ્ધિમાનની સમાન વિદ્વાનોનો સંગ કરનારા અને ધાર્મિકજનોની સમાન કર્મ કરનારા મનુષ્યો છે, તેઓ 'સૌભાગ્યવાન' બને છે. (૬)*

**निश्चर्मणो गामरिणीत धीतिभिर्या जरन्ता युवशा ताकृणोतन।**
**सौधन्वना अश्वादश्वमतक्षत युक्त्वा रथमुप देवाँ ऽअयातन॥ ७॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે धीतिभिः-આંગળીઓની સમાન ધારણથી चर्मणः-શરીરની ત્વચાની સમાન શરીરના ઉપરના ભાગનો સંબંધ રાખનારી गाम्-પૃથિવીને अरिणीत-પ્રાપ્ત થાઓ.

या-જે जरन्ता-સ્તુતિ-પ્રશંસા કરતા युवशा-યુવાન વિદ્યાર્થીઓની સમીપ રાખનાર શિલ્પી બને છે, ता-તેઓ શિલ્પી કામોમાં સારી રીતે પ્રવૃત્ત થયેલ निरकृणोतन-નિરંતર તે શિલ્પ કાર્યોને કરે છે.

सौधन्वनाः-ઉત્તમ ધનુષ્યમાં કુશળ બનેલા સજ્જન अश्वात्-વેગવાન પદાર્થોની अश्वम्-વેગવાળા પદાર્થોને अतक्षत-જુદા કરો અને વેગવાન કરવા ઠીક કરો; અને रथम्-રથને युक्तवा-જોડીને देवान्-દિવ્યભોગ વા દિવ્યગુણોને उपायातन्-ઉપગત થાઓ-પ્રાપ્ત થાઓ. (૭)

*ભાવાર્થ : જે મનુષ્યો આંગળીઓની સમાન કર્મ કરનારા તથા શિલ્પવિદ્યાના પ્રેમી (બનીને) પદાર્થોને તથા પદાર્થોના ગુણોને જાણીને યાન આદિ કાર્યોમાં તેનો ઉપયોગ કરે છે, તેઓ દિવ્યભોગોને પ્રાપ્ત કરે છે. (૭)*

इदमुदकं पिबतेत्यब्रवीतनेदं वा घा पिबता मुञ्जनेजनम्।
सौधन्वना यदि तन्नेव हर्यथ तृतीये घा सवने मादयाध्वै॥ ८॥

પદાર્થ : હે सौधन्वनाः-ઉત્તમ ધનુષ્યવાળામાં કુશળ શ્રેષ્ઠ વૈદ્યો ! તમે પથ્ય ભોજન ઈચ્છનારાઓથી इदम्-આ उदकम्-જળનું पिबत-પાન કરો, इदम्-આ मुञ्जनेजनम्-મુંજ નામના ઘાસથી શુદ્ધ કરેલ જળનું પાન કરો; वा-અથવા नेव, पिबत-પાન કરો નહિ. इति-આ રીતે घ-જ अब्रवीतन-કરો, અન્યોને ઉપદેશ કરો. यदि-જો तत्-તેને हर्यथ-ચાહો તો तृतीये-ત્રીજા सवने-ઐશ્વર્યમાં घ-જ નિરંતર मादयाध्यै-આનંદિત થાઓ. (૮)

*ભાવાર્થ : વૈદ્યો દ્વારા અથવા માતા-પિતાઓ દ્વારા સર્વ રોગીઓને તથા સંતાનોને "તમારે શરીર અને આત્માનાં સુખને માટે અમુક વસ્તુનું સેવન કરવું જોઈએ અને અમુકનું સેવન ન કરવું જોઈએ, આમ આચરણ કરવું જોઈએ અને આમ આચરણ ન કરવું જોઈએ" એવો ઉપદેશ પ્રથમથી જ કરી દેવો જોઈએ. જેથી તેઓ નિરંતર શરીર અને આત્માથી પૂર્ણ સુખયુક્ત બને. (૮)*

आपो भूयिष्ठा इत्येको अब्रवीदग्निर्भूयिष्ठ इत्यन्यो अब्रवीत्।
वधर्यन्तीं बहुभ्यः प्रैको अब्रवीदृता वदन्तश्चमसाँ अपिंशत॥ ९॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જેમ एकः-એક પુરુષ સંયુક્ત પૃથિવી આદિમાં आपः-જળ भूयिष्ठा-અધિક છે इति-એમ अब्रवीत्-કહે છે, अन्यः-અને બીજો अग्निः-અગ્નિ भूयिष्ठः-અધિક છે इति-એમ प्राब्रवीत्-ઉત્તમતાથી કહે છે તથા एकः-કોઈ बहुध्यः-બહુ જ પદાર્થોમાં वधर्यन्तीम्-વધતી ભૂમિને અધિક अब्रवीत्-કહે છે-બતાવે છે. આ રીતે ऋता-સત્યવાતોને वदन्तः-કહેતા સજ્જન चमसान्-મેઘોની સમાન પદાર્થોને अपिंशत-વિભક્ત કરો. (૯)

*ભાવાર્થ : આ સંસારમાં સ્થૂલ પદાર્થોમાં ; 'કોઈ જળ અધિક છે', 'કોઈ અગ્નિ અધિક છે' અને 'કોઈ ભૂમિ અધિક છે' (એમ) બતાવે છે. પરંતુ સ્થૂલ પદાર્થોમાં ભૂમિ જ અધિક છે.*

*સત્ય વિજ્ઞાની મેઘોના અવયવોના વિવેકની સમાન સર્વ પદાર્થોને વિભક્ત કરીને તત્ત્વોની સર્વ લોકો સમ્યક્ પરીક્ષા કરે એના વિના પદાર્થ વિદ્યાને યથાર્થ જાણી શકતા નથી. (૯)*

श्रोणमेकं उदकं गामवाजति मांसमेकः पिंशति सूनयाभृतम्।
आ निम्रुचः शकृदेको अपाभरत्किं स्वित्पुत्रेभ्यः पितरा उपावतुः॥ १०॥

પદાર્થ : જેમ एकः-વિદ્વાન श्रोणाम्-શ્રવણ યોગ્ય गाम्-ભૂમિ અને उदकम्-જળને अवाजति-જાણીને કલાયંત્રોથી તેને પ્રેરિત કરે છે; વા જેમ एकः-એકલા सूनया-હિંસાથી आभृतम्-સમ્યક્ ધારણ કરેલ मांसम्-મૃત શરીરના અવયવોને पिंशति-પૃથક્ કરે છે; વા જેમ एकः-એક निम्रुचः-નિત્ય પ્રાપ્ત પ્રાણીના शकृत्-મળની સમાન अप, आ, अभरत्-પદાર્થને ઉપાડે છે, તેમ पितरौ-માતા-પિતા पुत्रेभ्यः-

પુત્રોને માટે किं स्वित्-શું उपावतुः-સમીપમાં ચાહે. (૧૦)

*ભાવાર્થ : જે માતા-પિતા જેમ નવપ્રસૂતા ગાય વાછરડાનું (સુખ ઈચ્છી દુઃખથી બચાવે), વ્યાધ માંસને (લઈને અનિષ્ટને છોડે), વૈદ્ય રોગીના મળનું નિવારણ-દૂર કરે, તેમ સંતાનોના દુર્ગુણોને દૂર કરીને શિક્ષા અને વિદ્યાથી સંપન્ન કરે છે, તેઓ 'સંતાન સુખ' પ્રાપ્ત કરે છે. (૧૦)*

**उद्वत्स्वस्मा अकृणोतना तृणं निवत्स्वपः स्वपस्यया नरः।**
**अगोह्यस्य यदसस्तना गृहे तदद्येदमृभवो नानु गच्छथ॥ ११॥**

પદાર્થ : હે नरः-નેતા-અગ્રણી જનો ! તમે स्वपस्यया-પોતાના ઉત્તમ કામની ઈચ્છાથી, अस्मै-આ ગાય આદિ પશુઓને માટે, निवत्सु, નીચા અને उद्वत्सु-ઊંચા પ્રદેશોમાં, तृणम्-કાપવા યોગ્ય ઘાસને તથા अपः-જળને अकृणोतन-ઉત્પન્ન કરો.

હે ऋभवः-મેધાવી જનો ! તમે यत्-જે अगोह्यस्य-ગુપ્ત ન રાખવા યોગ્યના गृहे-ઘરમાં વસ્તુ છે, तत्-તેને न, असस्तन-નષ્ટ કરો નહિ, अद्य-આ ઉત્તમ સમયમાં इमम्-એની अनु, गच्छथ-પાછળ ચાલો. (૧૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, ઊંચા-નીચા સ્થાનોમાં પશુઓની રક્ષા માટે જળ અને ઘાસ આદિને સુરક્ષિત રાખવા જોઈએ. અરક્ષિત પારકાં પદાર્થોની પણ અન્યાયથી લેવાની ઈચ્છા કદી કરવી નહિ અને ધર્મયુક્ત વિદ્યા અને બુદ્ધિમાનોનો સંગ સદા કરવો જોઈએ. (૧૧)*

**संमील्य यद्भुवना पर्यसर्पत क्व स्वित्तात्या पितरा व आसतुः।**
**अशपत यः करस्नं व आददे यः प्राब्रवीत्प्रो तस्मा अब्रवीतन॥ १२॥**

પદાર્થ : હે વિદ્યાર્થીઓ ! તમે संमील्य-નેત્રથી સમ્યક્ નિમેષણ કરીને यत्-જે भुवना-ભૂમિ આદિ લોક છે, તેને पर्यसर्पत-સર્વત્રથી જાણો, ત્યારે वः-તમારા तात्या-તે સમયે થનારા पितरा-માતા-પિતા અર્થાત્ વિદ્યાધ્યયન વખતના માતા-પિતા क्व-स्वित्-ક્યાંક आसतुः-નિરંતર વસે છે; यः-અને જે वः-તમારી करस्नम्-ભુજાને आददे-પકડે છે; વા જેનો अशपत-અપરાધ થતા તેના પર ઠપકો આપે છે, यः-જે આચાર્ય તમને प्र, अब्रवीत्-ઉપદેશ આપે तस्मै-તેના માટે प्रो, अब्रवीत्-પ્રિય વચન બોલો. (૧૨)

*ભાવાર્થ : જ્યારે અધ્યાપકોની પાસે વિદ્યાર્થીઓ આવે, ત્યારે તેઓને એમ પૂછવું જોઈએ-તમે લોકો ક્યાંના છો ? તમારું નિવાસ સ્થાન ક્યાં છે, તમારા માતા-પિતાના નામ શું છે ? શું ભણવા ઈચ્છો છો ? અખંડ બ્રહ્મચર્યનું પાલન કરશો કે નહિ ? વગેરે. આ રીતે પૂછીને તેઓને વિદ્યા ગ્રહણ કરવા માટે બ્રહ્મચર્યની દીક્ષા આપવી. શિષ્યોએ અધ્યાપકોની નિંદા અને તેઓને અપ્રિય આચરણ કદી પણ કરવું નહિ. (૧૨)*

सुषुप्वांस ऋभवस्तदपृच्छतागोह्य क इदं नो अबूबुधत्।
श्वानं बस्तो बोधयितारमब्रवीत्संवत्सर इदमद्या व्यख्यत॥ १३॥

પદાર્થ : હે सुसुप्वांसः-શયન કરનારા ऋभवः-બુદ્ધિમાન જનો ! તમે જે કામનું अपृच्छत-પૂછો અને જેને वि, अख्यत-પ્રસિદ્ધ કહો तत्, इदम्-તે એ કામને नः-અમને कः-કોણ अबूबुधत् જણાવે ? अगोह्य-ન ગુપ્ત રાખવા યોગ્ય वस्तः-ઢાંકવા છૂપાવવાવાળા श्वानम्-કાર્યોમાં પ્રેરણા આપનાર અને बोधियितारम्-શુભાશુભ વિષય જણાવનારાને જેમ જે વિષય अब्रवीत्-કહે, તેમ તે इदम्-પ્રત્યક્ષ વિષયને संवत्सरे-એક વર્ષમાં વા अद्य-આજ તું બોલ-કહે. (૧૩)

*ભાવાર્થ : બુદ્ધિમાન લોકો જે-જે (વિષય)ને વિદ્વાનોને પૂછીને નિશ્ચય કરી શકે છે, તે તેનો મૂર્ખ લોકો નિશ્ચિત કરી શકતા નથી. જડબુદ્ધિ (વિદ્યાર્થી) જેટલું એક વર્ષમાં ભણે છે, તેટલું બુદ્ધિમાન એક દિવસમાં ગ્રહણ કરી શકે છે. (૧૩)*

दिवा यान्ति मरुतो भूम्याग्निरयं वातो अन्तरिक्षेण याति।
अद्भिर्याति वरुणः समुद्रैर्युष्माँ इच्छन्तः शवसो नपातः॥ १४॥

પદાર્થ : હે शवसः-બળવાનના સંતાન नपातः-પતન રહિત એવી વિદ્વાનો તમે જેમ मरुतः-વાયુ दिवा-સૂર્યમંડળની સાથે यान्ति-જાય છે. अयम्-આ अग्निः-વિદ્યુત્ રૂપ અગ્નિ भूम्या-પૃથિવીની સાથે (જાય છે) અને वातः-લોકોની મધ્યનો વાયુ अन्तरिक्षेण-અન્તરિક્ષની સાથે याति-જાય છે, તેમ वरुणः-ઉદાન વાયુ अद्भिः-જળ અને समुद्रैः-સાગરોની સાથે याति-જાય છે, તેમ युष्मान्-તમને इच्छन्तः-ઈચ્છનારા લોકો જાય. (૧૪)

*ભાવાર્થ : જેમ સૂર્ય અને વાયુનો, ભૂમિ અને અગ્નિનો, વાયુ અને અન્તરિક્ષમાં તથા વરુણ અને જળનો એક સાથે નિવાસ છે, તેમ મનુષ્યો વિદ્યા અને વિદ્વાનોની સાથે નિવાસ કરીને નિત્ય સુખી અને બળવાન બને. (૧૪)*

સંગતિ : આ સૂક્તમાં મેધાવીના કર્મોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૧)

## સૂક્ત-૧૬૨

मा नो मित्रो वरुणो अर्यमायुरिन्द्र ऋभुक्षा मरुतः परि ख्यन्।
यद्वाजिनो देवजातस्य सप्तेः प्रवक्ष्यामो विदथे वीर्याणि॥ १॥

પદાર્થ : પ્રત્યેક ઋતુમાં યજ્ઞ કરનારા અને विदथे-સંગ્રામમાં यत्-જે वाजिनः-વેગવાન देवजातस्य-વિદ્વાનો વા દિવ્યગુણોથી પ્રકટ થયેલ सप्तेः-ઘોડાઓના वीर्याणि-પરાક્રમોથી प्रवक्ष्यामः-કહીશું, તે नः-અમારા ઘોડાઓના પરાક્રમોને मित्रः-મિત્ર वरुणः-શ્રેષ્ઠ अर्यमा-ન્યાયાધીશ आयुः-જ્ઞાતા, इन्द्रः-ઐશ્વર્યવાન, ऋभुक्षा-બુદ્ધિમાન અને मरुतः-ઋત્વિજો मा, परि, ख्यन्-છોડીને કહે નહિ, તેને અનુકૂળ તેની પ્રશંસા કરે. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ પ્રશંસિત બળવાન અને સુશિક્ષિત ઘોડાઓ રાખવા જોઈએ, જે સર્વત્ર વિજય અને પૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત કરાવે છે. (૧)*

**यन्निर्णिजा रेक्णसा प्रावृतस्य रातिं गृभीतां मुखतो नयन्ति।**

**सुप्राङजो मेम्यद्विश्वरूप इन्द्रा पूष्णोः प्रियमप्येति पाथः॥ २॥**

પદાર્થ : यत्-જે निर्णिजा-નિત્યશુદ્ધિ रेक्णसा-ધનથી प्रावृतस्य-આચ્છાદિત गृभीताम्-ગ્રહણ કરેલ रातिम्-આપવા मुखतः-મુખથી नयन्ति-પ્રાપ્ત કરે છે અર્થાત્ મુખથી કહે છે; જે मेभ्यत्-અજ્ઞાનીઓને નિરંતર મારતા विश्वरूपः-જેના સર્વરૂપ વિદ્યમાન सुप्राङ्-સુંદરતાથી પૂછતા અને अजः-ઉત્પન્ન ન થતા અર્થાત્ એકવાર પૂર્ણ ભાવથી વિદ્યા ભણીને વારંવાર વિદ્વતાથી ઉત્પન્ન ન થતા તે વિદ્વાન જન इन्द्रापूष्णोः-ઐશ્વર્યવાન અને પુષ્ટિમાન પ્રાણીઓના प्रियम्-મનોહર पाथः-જળને अप्येति-નિશ્ચયથી પ્રાપ્ત થાય છે, તેઓ સર્વ સુખોને પ્રાપ્ત થાય છે-કરે છે. (૨)

*ભાવાર્થ : જેઓ ન્યાયપૂર્વક ઉપાર્જિત ધનથી મુખ્ય ધર્મ સંબંધી કાર્યો કરે છે, તેઓ 'પરોપકારી' બને છે. (૨)*

**एष छागः पुरो अश्वेन वाजिना पूष्णो भागो नीयते विश्वदेव्यः।**

**अभिप्रियं यत्पुरोळाशमर्वता त्वष्टेदेनं सौश्रवसाय जिन्वति॥ ३॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જે પુરુષે वाजिना-વેગવાન अश्वेन-ઘોડાની સાથે एषः-આ પ્રત્યક્ષ विश्वदेव्यः-સમસ્ત દિવ્ય ગુણોમાં ઉત્તમ पूष्णः-પુષ્ટિનો भागः-ભાગ छागः-બકરી पुरः-પૂર્વ नीयते-પહોંચાડેલ છે; વા यत्-જે त्वष्टा-શ્રેષ્ઠ રૂપ સિદ્ધ કરનારા જન सौश्रवसाय-સુંદર અન્નોમાં પ્રસિદ્ધ અન્નને માટે अर्वता-વિષેષ જ્ઞાનની સાથે एनम्-એ अभिप्रियम्-સર્વત્રથી પ્રિય पुरोडाशम्-સુંદર બનાવેલ અન્નને इत्-જ जिन्वति-પ્રાપ્ત કરે છે, તે સુખી થાય છે. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો ઘોડાઓની પુષ્ટિ માટે બકરીનું દૂધ પાય છે અને જે (સ્વયં) સુસંકૃત ભોજન ખાય છે, તેઓ સુખી બને છે. (૩)*

**यद्धविष्यमृतुशो देवयानं त्रिर्मानुषाः पर्यश्वं नयन्ति।**

**अत्रा पूष्णः प्रथमो भाग एति यज्ञं देवेभ्यः प्रतिवेदयन्नजः॥ ४॥**

પદાર્થ : यत्-જે मानुषाः-મનુષ્યો ऋतुशः-અનેક ઋતુઓમાં हविष्यम्-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોમાં

ઉત્તમ देवयानम्-વિદ્વાનોની યાત્રા સિદ્ધ કરાવનારા अश्वम्-શીઘ્રગામી રથને त्रिः-ત્રણ વાર परिणयन्ति-સર્વત્રથી પ્રાપ્ત અર્થાત્ સ્વીકાર કરે છે; વા જે अत्र-આ જગતમાં देवेभ्यः-દિવ્યગુણો માટે पूष्णः-પુષ્ટિ કરનારાનો प्रथमः-પ્રથમ भागः-સેવન યોગ્ય ભાગ प्रतिवेदयन्-પોતાના ગુણોને પ્રત્યક્ષ રીતે જણાવતા अजः-પ્રાપ્તવ્ય બકરી यज्ञम्-સંગ કરવા યોગ્ય વ્યવહારને एति-પ્રાપ્ત થાય છે, તેને તથા એ બકરીને સર્વ સજ્જન યથાયોગ્ય સત્કારયુક્ત કરે. (૪)

*ભાવાર્થ : જેઓ સર્વ ઋતુઓમાં સુખદાયી વાહનો બનાવીને તથા ઘોડા અને બકરી આદિ પશુઓની વૃદ્ધિ કરીને સંસારનું કલ્યાણ કરે છે, તેઓ શરીર, આત્મા અને મનને અનુકૂળ ત્રણ પ્રકારના સુખનો ઉપભોગ કરે છે. (૪)*

होताध्वर्युरावया अग्निमिन्धो ग्रावग्राभ उत शंस्ता सुविप्रः।
तेन यज्ञेन स्वरंकृतेन स्विष्टेन वक्षणा आ पृणध्वम्॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! જે होता-યજ્ઞ સાધક, अध्वर्युः-સ્વનાશની ઈચ્છા ન કરનાર, आवयाः-શ્રેષ્ઠ સંગ કરનાર, अग्निमिन्धः-અગ્નિ પ્રદીપક, ग्रावग्राभः-પ્રશંસા ગ્રહણ કરવનાર उत-અને शंस्ता-પ્રશંસા કરનાર सुविप्रः-શ્રેષ્ઠ મેધાવી વિદ્વાન છે; तेन-તેના દ્વારા स्विष्टेन-શ્રેષ્ઠ ઈચ્છનીય અને स्वरङ्कृतेन-સમ્યક્ પૂર્ણ કરેલ यज्ञेन-યજ્ઞકર્મથી वक्षणाः-નદીઓને તમે आ, पृणध्वम्-સારી રીતે પૂર્ણ કરો.-ભરો.

*ભાવાર્થ : સર્વ મનુષ્યોએ દુર્ગંધના નિવારણ અને સુખની ઉન્નતિ માટે યજ્ઞનું અનુષ્ઠાન કરીને, સર્વ દેશોમાં સુગંધિત જળની વર્ષા કરીને, નદીઓને પરિપૂર્ણ કરવી જોઈએ અર્થાત્ જળથી ભરવી જોઈએ. (૫)*

यूपव्रस्का उत ये यूपवाहाश्चषालं ये अश्वयूपाय तक्षति।
ये चार्वते पचनं संभरन्त्युतो तेषामभिगूर्तिर्न इन्वतु॥ ६॥

પદાર્થ : ये-જેઓ यूपव्रस्काः-સ્તંભ માટે કાષ્ઠ કાપનારા उत-અને પણ ये-જેઓ यूपवाहाः-સ્તંભને પ્રાપ્ત કરાવનારાઓ अश्वयूपाय-ઘોડાઓને બાંધવા માટે चषालम्-કોઈ વિશેષ વૃક્ષને तक्षति-કાપે છે; ये, च-અને જેઓ अर्वते-ઘોડાઓને માટે पचनम्-પરિપક્વ અન્ન-ઘાસ संभरन्ति-ધારણ કરે છે (સંગ્રહ કરે છે) અને પુષ્ટિ કરે છે, જેઓ तेषाम्-તેઓની મધ્ય उतो-નિશ્ચયથી अभिगूर्तिः-સર્વત્રથી પુરુષાર્થી છે, તેઓ नः-અમને इन्वतु-પ્રાપ્ત થાઓ. (૬)

*ભાવાર્થ : જે મનુષ્યો ઘોડા આદિ પશુઓને બાંધવા માટે કાષ્ઠના સ્તંભ અથવા ખૂંટો બનાવે છે અથવા ઘોડાઓના પાલન માટે ઘાસ, અનાજ આદિ પદાર્થોને ગ્રહણ કરે છે, તેઓ પુરુષાર્થી બનીને સુખ પ્રાપ્ત કરે છે. (૬)*

उप॒ प्रागा॑त्सु॒मन्मे॑ऽधायि॒ मन्म॑ दे॒वाना॒माशा॒ उप॑ वी॒तपृ॑ष्ठः।
अन्वे॑नं॒ विप्रा॒ ऋष॑यो मदन्ति दे॒वानां॑ पु॒ष्टे च॑कृमा सु॒बन्धु॑म्॥ ७॥

પદાર્થ : હે જેણે देवानाम्-વિદ્વાનોના અને मे-મારા मन्म-વિજ્ઞાન અને आशाः-પ્રાપ્તિની ઈચ્છાઓને उप, अधायि-સાનિધ્યથી ધારણ કરેલ છે; વા જે सुमत्-સુંદર માનતા-જાણતા वीतपृष्ठः-સિદ્ધાન્તમાં વ્યાપ્ત વિદ્વાનો જ્ઞાન અને ઉક્ત આશાઓને उप, प्र, अगात्-સમીપ જઈને સમ્યક્ પ્રાપ્ત થાય છે; વા જે ऋषयः-વેદાર્થ જ્ઞાનવાન विप्राः-મેધાવી सुबन्धुम्-જેના સુંદર ભાઈ છે, તેને अनु, मदन्ति-અનુમોદિત કરે છે. एनम्-એ સુબંધુ સજ્જનને ઉક્ત देवानाम्-વ્યાપ્ત સાક્ષાત્ કૃતશાસ્ત્ર સિદ્ધાન્ત વિદ્વાનોને पुष्टे-પુષ્ટિયુક્ત વ્યવહારમાં અમે चकृम्-કરીએ-નિયત કરીએ. (૭)

*ભાવાર્થ : જે લોકો વિદ્વાનોએ સિદ્ધાન્ત કરેલ વિજ્ઞાનનું ધારણ કરીને, તેને અનુકૂળ બનીને વિદ્વાનો બને છે, તેઓ શરીર અને આત્માથી પુષ્ટિયુક્ત બને છે. (૭)*

यद्वा॒जिनो॒ दाम॑ सं॒दान॒मर्व॑तो॒ या शी॑र्ष॒ण्या॑ रश॒ना रज्जु॑रस्य।
यद्वा॑ घास्य॒ प्रभृ॑तमा॒स्ये॒३॒॑ तृणं॒ सर्वा॒ ता ते॒ अपि॑ दे॒वेष्व॑स्तु॥ ८॥

પદાર્થ : હે વિદ્વાન્ ! अस्य-આ अर्वतः-શીઘ્ર અન્ય સ્થાનમાં પહોંચાડનારા वाजिनः-બળવાન ઘોડાની यत्-જે संदानम्-લગાવવામાં આવતી दाम्-અને ઘોડાનું દમન-કરતી અર્થાત્ તેના બળનું નિયંત્રણ કરતી લગામ છે; या-જે शीर्षण्या-શિરમાં ઉત્તમ रशना-વ્યાપ્ત થનારી रज्जुः-દોરી છે, यत्, वा-અથવા જે अस्य, घ-એના आस्ये-મુખમાં तृणम्-ઘાસ प्रभृतम्-સારી રીતે ભરેલ अस्तु-છે, ता-તે सर्वा-સમસ્ત ते-તમારા પદાર્થો देवेषु-વિદ્વાનોમાં अपि-પણ થાય. (૮)

*ભાવાર્થ : જેઓ ઘોડાઓને સુશિક્ષિત, ઉત્તમ નિયંત્રણયુક્ત, ઉત્તમ આભૂષણોથી સુસજ્જ અને પુષ્ટ કરીને તેનાથી કાર્ય સિદ્ધ કરે છે, તેઓ વિજય આદિ સર્વ (લક્ષ્યો)ને સિદ્ધ કરી શકે છે. (૮)*

यदश्व॑स्य क्र॒विषो॒ मक्षि॒काश॒ यद्वा॒ स्वरौ॒ स्वधि॑तौ रि॒प्तमस्ति॑।
यद्धस्त॑योः शमि॒तुर्यन्न॒खेषु॒ सर्वा॒ ता ते॒ अपि॑ दे॒वेष्व॑स्तु॥ ९॥

પદાર્થ : હે વિદ્વાન્ ! क्रविषः-ક્રમણશીલ અર્થાત્ રેવાલ ચાલવાળા अश्वस्य-ઘોડાની यत्-જે रिप्तम्-લીધેલા મળને मक्षिका-શબ્દ કરતી એટલે કે ગણગણતી માખી आश-ખાય છે; वा-અથવા यत्-જે स्वधितौ-આપે ધારણ કરેલ स्वरौ-શબ્દનો ઉપતાપ છે. शमितुः-યજ્ઞનું અનુષ્ઠાન કરનારાઓના हस्तयोः-હાથોમાં यत्-જે છે અને यत्-જે नखेषु-જેમાં આકાશ વિદ્યમાન નથી તે નખોમાં अस्ति-છે; ता-તેઓ सर्वा-સમસ્ત પદાર્થો ते-તમારા થાઓ અને એ સર્વ देवेषु-વિદ્વાનોમાં अपि-પણ अस्तु-થાઓ.

*ભાવાર્થ : કર્મચારીઓએ ઘોડાઓને દુર્ગંધિત લેપરહિત, સ્વચ્છ અને માખી વગેરેના ડંખથી સુરક્ષિત*

રાખવા જોઈએ. પોતાના હાથે દોરી-લગામ આદિથી સુનિયંત્રિત કરીને યથોચિત માત્રામાં તેઓને ચલાવતા રહેવા જોઈએ. એમ કરવાથી ઘોડાઓ દિવ્ય કાર્ય કરે છે. (૯)

यदूवध्यमुदरस्यापवाति य आमस्य क्रविषो गन्धो अस्ति।
सुकृता तच्छमितारः कृणवन्तूत मेधं शृतपाकं पचन्तु॥ १०॥

પદાર્થ : હે વિદ્વાનો ! शमितारः-પ્રાપ્ત અન્નને સિદ્ધ કરનાર-બનાવનાર આપ यः-જે उदरस्य-ઉદરમાં રહેલ आमस्य-કાચા-અપકવ क्रविषः-ક્રમથી નીકળવા યોગ્ય અન્નની गन्धः-ગંધ अपवाति-અપાન વાયુ દ્વારા પ્રેરિત થઈને નીકળે છે; વા यत्-જે ऊवध्यम्-તાડન કરવા યોગ્ય अस्ति-છે, तत्-તેને कृण्वन्तु-કાપો उत-અને मेधम्-પ્રાપ્ત श्रृतपाकम्-પરિપક્વ પદાર્થને पचन्तु-પકાવો એમ તેને સિદ્ધ કરીને सुकृता-સુંદર રીતે બનાવેલ પદાર્થને આરોગો-ખાઓ. (૧૦)

*ભાવાર્થ : જે મનુષ્યો ઉપરોગના નિવારણ માટે સુસંસ્કૃત અન્ન અને ઔષધિઓનું સેવન કરે છે, તેઓ સુખી થાય છે. (૧૦)*

यत्ते गात्रादग्निना पच्यमानादभि शूलं निहतस्यावधावति।
मा तद्भूम्यामा श्रिषन्मा तृणेषु देवेभ्यस्तदुशद्भ्यो रातमस्तु॥ ११॥

પદાર્થ : હે વિદ્વાન્ ! निहतस्य-નિરંતર ચલાયમાન ते-તમારા अग्निना-ક્રોધાગ્નિથી पच्यमानात्-તપાવેલ गात्रात्-હાથથી यत्-જે શસ્ત્ર अभि, शूलम्-લક્ષ્યથી શૂલ સમાન પીડાકારક શત્રુની સન્મુખ अव, धावति-ચલાવવામાં આવે છે, तत्-તે भूम्याम्-ભૂમિમાં मा, आ, श्रिषत्-ન પડે વા ન લાગે અને તે तृणेषु-ઘાસ આદિમાં मा-આશ્રિત ન થાય-ન પડે, પરંતુ उशद्भ्यः-આપના પદાર્થોની ઈચ્છા કરનારા देवेभ्यः-દિવ્ય ગુણી શત્રુને માટે रातम्-આપેલ अस्तु-થાય (અર્થાત્ શત્રુને મારનાર બને.) (૧૧)

*ભાવાર્થ : વિદ્વાન બળવાનજનોએ યુદ્ધમાં શસ્ત્ર ચલાવવાના અવસર પર વિચારપૂર્વક જ શસ્ત્ર ચલાવવું જોઈએ. જેથી ક્રોધપૂર્વક નીકળેલું-ચલાવેલું શસ્ત્ર ભૂમિ આદિ પર ન પડે, પરંતુ શત્રુઓ પર જ પ્રયુક્ત થાય. (૧૧)*

ये वाजिनं परिपश्यन्ति पक्वं य ईमाहुः सुरभिर्निर्हरेति।
ये चार्वतो मांसभिक्षामुपासत उतो तेषामभिगूर्तिर्न इन्वतु॥ १२॥

પદાર્થ : ये-જે લોકો वाजिनम्-બહુ જ અન્નાદિ પદાર્થયુક્ત ભોજનને पक्वम्-પકાવવાથી સુસંસ્કૃત બનેલ परिपश्यन्ति-સર્વત્રથી જોવામાં આવે છે; વા ये-જે ईम्-જળને પકવ आहुः-કહે છે ये, च-અને જે अर्वतः-પ્રાપ્ત થયેલ પ્રાણીના मांसभिक्षाम्-માંસને ન પ્રાપ્ત થવાને उतो-તર્ક-વિતર્કથી उपासते-સેવન કરે છે, तेषाम्-તેનો अभिगूर्तिः-પુરુષાર્થ અને सुरभिः-સુગંધ नः-અમને इन्वतु-વ્યાપ્ત વા પ્રાપ્ત થાય.

હે વિદ્વાન્ ! તું इति-આ રીતે અર્થાત્ માંસાદિ અભક્ષ્યના ત્યાગથી રોગોનું निर्हर-નિરંતર નિર્હરણ-દૂર કર. (૧૨)

*ભાવાર્થ : જે લોકો અન્ન અને જળને શુદ્ધ કરવા, પકાવવા અને તેનું ભોજન કરવાનું જાણે છે, તથા માંસનો ત્યાગ કરીને (અન્ય) વસ્તુનું ભોજન કરે છે, તેઓ પુરુષાર્થી બને છે. (૧૨)*

**यन्नीक्षणं मांस्पचन्या उखाया या पात्राणि यूष्ण आसेचनानि।**
**ऊष्मण्यापिधाना चरूणामङ्काः सूनाः परि भूषन्त्यश्वम्॥ १३॥**

પદાર્થ : यत्-જે मांस्पचन्याः-માંસાહાર જેમાં માંસ પકાવે છે તે उखायाः-પકાવનારી તપેલીને नीक्षणम्-નિરંતર નિરીક્ષણ કરીને તેમાં વૈમનસ્ય કરીને या-જે यूष्णः-રસનાં आसेचनानि-સમ્યક્ સિંચનનો આધાર વા पात्राणि-પાત્ર વા उष्मण्या-ઉષ્ણ ઉત્તમ પદાર્થ अपिधाना-તપેલીનું મુખ ઢાંકવાનાં ઢાંકણા, चरूणाम्-અન્ન આદિ પકવવાના આધાર તપેલી, કડાઈ વગેરે વાસણોનાં अङ्काः-લક્ષણ છે તેને જાણે છે અને अश्वम्-ઘોડાને परिभूषन्ति-સુશોભિત કરે છે, તેઓ सूनाः-પ્રત્યેક કામમાં પ્રેરિત થાય છે. (૧૩)

*ભાવાર્થ : જે મનુષ્યો માંસ આદિના પકાવવાના દોષથી રહિત પાકપાત્ર-તપેલી આદિને રાખવાનું, તેમાં જળ આદિ દ્રવ પદાર્થોને નાખવાનું, અગ્નિને પ્રગટાવવાનું અને (ખાદ્ય વસ્તુને) પાત્રથી ઢાંકવાનું (આદિ ક્રિયાઓને) જાણે છે, તેઓ પાક વિદ્યામાં કુશળ બને છે.*

*જેઓ ઘોડાઓને સુશિક્ષિત કરીને અને તેને સજાવીને ચલાવે છે, તેઓ સુખપૂર્વક માર્ગને પાર કરે છે. (૧૩)*

**निक्रमणं निषदनं विवर्त्तनं यच्च पड्बीशमर्वतः।**
**यच्च पपौ यच्च घासिं जघास सर्वा ता ते अपि देवेष्वस्तु॥ १४॥**

પદાર્થ : હે અશ્વ શિક્ષક ! अर्वतः-શીઘ્રગામી ઘોડાનું यत्-જે निक्रमणम्-નિશ્ચિત ચાલવું, निषदनम्-નિશ્ચિત બેસવું, विवर्त्तनम्-વિવિધ વર્તન-ચાલવું-ફરવું पड्वीशम्; च-અને પાદ બંધન, આચ્છાદન-સજાઈ છે અને આ ઘોડાઓ यत् च-અને જે पपौ-પીવે છે यत् घासिम्-च-અને જે ઘાસ जघास-ખાય છે, ता-તે सर्वा-સમસ્ત ઉક્ત કામો ते-તમારા છે અને એ સમસ્ત देवेषु-વિદ્વાનોમાં अपि-પણ अस्तु-થાય. (૧૪)

*ભાવાર્થ : જેમ સુશિક્ષિત ઘોડાઓ સુશીલ અને ઉત્તમ ચાલવાળા = રેવાલ ચાલવાળા હોય છે, તેમ વિદ્વાનો દ્વારા શિક્ષિત મનુષ્ય સભ્ય બને છે.*

*જેમ ઘોડાઓ માત્રામાં પાન અને આહાર કરી પચાવી દે છે, તેમ અતિ બુદ્ધિમાન મનુષ્ય પણ બને. (૧૪)*

मा त्वाऽग्निर्ध्वनयीद् धूमगन्धिर्मोखा भ्राजन्त्यभि विक्त जघ्रिः।
इष्टं वीतमभिगूर्तं वषट्कृतं तं देवासः प्रति गृभ्णन्त्यश्वम्॥ १५॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જે इष्टम्-ઈષ્ટ અર્થાત્ જેમાં યજ્ઞ વા સંગ કરવામાં આવે છે, वषट्कृतम्-જે ક્રિયાથી સિદ્ધ કરેલ वीतम्-વ્યાપ્ત થનાર अभि-गूर्त्तम्-સર્વત્રથી પુરુષાર્થી अश्वम्-ઘોડાની સમાન શીઘ્ર પહોંચાડનાર વિદ્યુત્ રૂપ અગ્નિને देवासः-વિદ્વાનો त्वा-તમને प्रतिः, गृभ्णन्ति-પ્રતીતિથી ગ્રહણ કરાવે છે, तम्-તેને તમે ગ્રહણ કરો. તે धूमगन्धि-ધૂમમાં ગંધ રાખનાર अग्निः-અગ્નિ मा; ध्वनयीत्-ધ્વનિ ન કર બહુ શબ્દ ન કર અને भ्राजन्ती-પ્રકાશમાન उखा-અન્ન પકાવવાની તપેલી जघ्रिः-અન્નની ગંધ લઈને અર્થાત્ જેથી અંદર વરાળ ઊઠીને પાછી ફરીને તેમાં જાય છે, તે मा, अभि, विक्त-પોતાનામાંથી અન્નને સર્વત્રથી અલગ ન કરે, ઉફાળે ન ચઢાવે. (૧૫)

*ભાવાર્થ : જે મનુષ્યો અગ્નિ અથવા અશ્વના દ્વારા વાહન ચલાવે છે, તેઓ લક્ષ્મીથી દેદીપ્યમાન બને છે.*

*જેઓ અગ્નિમાં સુગંધિત દ્રવ્યો હોમે છે, તેઓ રોગો અને દુઃખપૂર્ણ શબ્દોથી પીડિત થતા નથી. (૧૫)*

यदश्वाय वास उपस्तृणन्त्यधीवासं या हिरण्यान्यस्मै।
सन्दानमर्वन्तं पड्वीशं प्रिया देवेष्वा यामयन्ति॥ १६॥

પદાર્થ : જે વિદ્વાનો अस्मै-આ अश्वाय-ઘોડાઓને માટે यत्-જે वासः-ઓઢવાના વસ્ત્રોને उपस्तृणन्ति-ઊઠાવે છે; વા अधीवासम्-એવા (ઘોડાનું) જીન-પલાણ આદિને જેના ઉપર ઢાંકવાનું વસ્ત્ર રહે છે; વા संदानम्-સમીચીન જેનાથી દાન બને છે, તે યજ્ઞ આદિને अर्वन्तम्-પ્રાપ્ત કરીને, पड्वीशम्-પ્રાપ્ત પદાર્થનું વિભાજન કરનાર છિન્ન-ભિન્ન કરનારા અગ્નિને ઊઠાવીને, ઢાંકીને કલાઘરોમાં લગાવે છે અને તેથી या-જે प्रिया-પ્રિય-મનોહર हिरण्यानि-પ્રકાશમય પદાર્થોને देवेषु-વિદ્વાનોમાં आ, यामयन्ति-વિસ્તૃત કરે છે, તેઓ તે પદાર્થોને પ્રાપ્ત કરીને શ્રીમાન બને છે. (૧૬)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્યુત્ આદિ અગ્નિસ્વરૂપવાળા અગ્નિનો ઉપયોગ કરવાનું તથા તેની વૃદ્ધિ કરવાનું જાણે, તો તેઓ બહુ જ સુખ પ્રાપ્ત કરી શકે છે. (૧૬)*

यत्ते सादे महसा शूकृतस्य पाष्ण्या वा कशया वा तुतोद।
स्रुचेव ता हविषो अध्वरेषु सर्वा ता ते ब्रह्मणा सूदयामि॥ १७॥

પદાર્થ : હે વિદ્વાન્ ! यत्-જે ते-તારા सादे-સ્થિત થવામાં महसा-અત્યંત બળથી शूकृतस्य-શીઘ્ર ઉત્પન્ન થયેલ પદાર્થને पार्ष्ण्या-સ્પર્શકારક પદાર્થથી, वा-વા कशया-જેનાથી પ્રેરણા દેવામાં આવે તે ચાબૂકથી ઘોડાને तुतोद-પ્રેરિત કરે; वा-વા अध्वरेषु-નષ્ટ ન કરવા યોગ્ય યજ્ઞોમાં हविषः-હોમવાની વસ્તુને स्रुचेव-જેમ સ્રુવાથી કામ થાય, તેમ ता-તે કામોને પ્રેરિત કરે. ता-તે सर्वा-સર્વ ते-તારા કામોને

ब्रह्मणा-ધનથી હું सूदयामि-અલગ-અલગ કરું છું. (૧૭)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો ચાબુક અથવા સોટીથી ઘોડાને, નાથ નાખીને બળદને અને અંકુશથી હાથીને સમ્યક્ તાડિત કરીને શીઘ્ર ચલાવે છે, તેમ જ કલાયંત્રોને અગ્નિથી સંચાલિત કરીને વિમાન આદિ યાનોને શીઘ્ર ચલાવવા જોઈએ. (૧૭)*

चतु॑स्त्रिंशद्वा॒जिनो॑ दे॒वब॑न्धो॒र्वङ्क्री॒रश्व॑स्य॒ स्वधि॑तिः॒ समे॑ति।
अच्छि॑द्रा॒ गात्रा॑ व॒युना॑ कृणोत॒ परु॑ष्परुरनु॒घुष्या॒ वि श॑स्त॥ १८॥

પદાર્થ : હે વિદ્વાનો ! તમે देवबन्धोः-પ્રકાશમાન પૃથિવી આદિના સંબંધી वाजिनः-વેગવાન अश्वस्य-શીઘ્રગામી અગ્નિ આદિની જે स्वधितिः-વિદ્યુત્ समेति-સમ્યક્ રીતે જાય છે, તેને તથા चतुस्त्रिंशत्-ચોત્રીસ પ્રકારની वङ्क्रीः-વાંકી-ચૂકી ગતિઓને वि, शस्त-તાડના કરો અર્થાત્ કલોને તાડના (ઝટકો) આપી તે ગતિઓને કાઢો-પ્રેરિત કરો. તથા परुष्परु-પ્રત્યેક મર્મસ્થલ (મધ્યકેન્દ્ર) પર अनुघुष्य-અનુકૂળતાથી કલાયન્ત્રોને ધ્વનિત કરીને अच्छिद्रा-દ્વિધાભાવ રહિત = છિન્ન-ભિન્ન થવાથી રહિત गात्रा-અંગો અને वयुना-ઉત્તમ જ્ઞાન, કર્મોને कृणोत-કરો. (૧૮)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે કારણથી વિદ્યુત્ ઉત્પન્ન થાય છે, તે (કારણ) સર્વ પૃથિવી આદિમાં વ્યાપ્ત છે. તેથી વિદ્યુત્‌ની તાડના-ઝટકાથી કોઈના અંગ-ભંગ ન થાય, એ રીતે તમે તેનો પ્રયોગ કરો.*

*જો અગ્નિના ગુણોને જાણીને લોકો ક્રિયાપૂર્વક તેનો પ્રયોગ કરે, તો કયુ કાર્ય અસાધ્ય રહે ? (સર્વ કામ બની શકે છે.) (૧૮)*

एक॒स्त्वष्टु॒रश्व॑स्या विश॒स्ता द्वा य॒न्तारा॑ भवत॒स्तथ॑ ऋ॒तुः।
या ते॒ गात्रा॑णामृतु॒था कृ॒णोमि॒ ताता॒ पिण्डा॑नां॒ प्र जु॑होम्य॒ग्नौ॥ १९॥

પદાર્થ : હે વિદ્વાન્ ! ते-તારી વિદ્યા અને ક્રિયાથી સિદ્ધ કરેલ त्वष्टुः-વિદ્યુત્‌રૂપ अश्वस्य-વ્યાપ્ત અગ્નિ एकः-એક ऋतुः-વસંત આદિ ઋતુ विशस्ता-છિન્ન-ભિન્ન કરનાર અર્થાત્ વિભિન્ન પદાર્થોમાં લગાવનાર અને द्वा-બે यन्तारा-તેને નિયમમાં રાખનાર भवतः-થાય છે. तथा-એજ રીતે या-જે गात्राणाम्-શરીરોના ऋतुथा-પ્રત્યેક ઋતુમાં કામ છે. તેને તથા पिण्डानाम्-અનેક પદાર્થોના સંઘાતોના જે-જે અંગો છે, ताता-તે તે કામમા પ્રયોગ હું कृणोमि-કરું છું અને अग्नौ-અગ્નિમાં प्र, जुहोमि-હોમું છું. (૧૯)

*ભાવાર્થ : જે લોકો સર્વ પદાર્થોના છેદક અને ઋતુ-ઋતુમાં પ્રાપ્ત પદાર્થોમાં વ્યાપ્ત અગ્નિનું નિયંત્રણ કરનારા કાળ અને સૃષ્ટિ ક્રમને તથા પ્રશંસિત ગુણોને જાણીને અભીષ્ટ કાર્યોને સિદ્ધ કરીને સ્થૂલ કાષ્ઠ આદિ અગ્નિમાં નાખીને અનેક કાર્યોને સિદ્ધ કરે છે, તેઓ શિલ્પવિદ્યાના જ્ઞાતા કેમ ન બને ? (૧૯)*

मा त्वा॑ तपत्प्रि॒य आ॒त्मापि॒यन्तं॒ मा स्वधि॑तिस्त॒न्व१॒ आ ति॑ष्ठिपत्ते।

मा ते॑ गृध्नुर॑विश॒स्ताति॒हाय॑ छि॒द्रा गात्रा॑ण्य॒सिना॒ मिथू॑ कः॥ २०॥

પદાર્થ : હે વિદ્વાન્ ! ते-તારો प्रियः-પ્રિય आत्मा-આત્મા अपियन्तम्-મ્રિયમાણમ્ = મૃત્યુ સમયે અર્થાત્ શરીરને છોડીને જવા સમયે त्वा-તેને मा, तपत्-સંતપ્ત ન કરે-કષ્ટ ન આપે, स्वधितिः-વજ્રની સમાન વિદ્યુત્ તારા तन्वः-શરીરને मा, आ, तिष्ठिपत्-સ્થાપિત કરનારા ન બનાવે, (અર્થાત્ આત્મા શરીર પર આસ્થા કે મમતા ન રાખે) गृध्नुः-ઈચ્છા કરનાર પ્રાણી असिना-તલવારથી ते-તેને अविशस्ता-ન મારે, ઘાયલ ન કરે તથા छिद्रा-છિદ્ર-ઈન્દ્રિયો સહિત गात्राणि-અંગોને अतिहाय-અત્યંત છોડીને मिथू-પરસ્પર એકતા मा कः-ન કરે. (૨૦)

*ભાવાર્થ : જે મનુષ્યો યોગાભ્યાસ કરે છે, તેઓને મૃત્યુ પીડિત કરતું નથી અને જીવનમાં રોગ અને દુઃખ થતાં નથી. (અર્થાત્-રોગો દુઃખકારક બનતા નથી.) (૨૦)*

न वा उ॑ ए॒तन्म्रि॑यसे॒ न रि॑ष्यसि दे॒वाँ इदे॑षि प॒थिभि॑ः सु॒गेभि॑ः।
हरी॑ ते॒ युञ्जा॒ पृष॑ती अभूता॒मुपा॑स्थाद्वा॒जी धु॒रि रास॑भस्य॥ २१॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જ્યારે જે ते-તમારા મન વા આત્મા યથાયોગ્ય કરવામાં युञ्जा-યુક્ત हरी-ધારણ અને આકર્ષણ ગુણયુક્ત पृषती-વા સિંચન કરનાર જળનો ગુણ રાખનાર अभूताम्-બને છે, તેનું જે उपास्थात्-ઉપસ્થાન કરે છે; વા रासभस्य-શબ્દ કરતા રથ આદિના धुरि-ધરામાં वाजी-વેગ સમાન હોય, તો एतत्-એ ઉક્ત રૂપને પામીને न, वै, म्रियसे-મરતા નથી, न, उ-અથવા તો ન रिष्यसि-કોઈને મારે છે; તથા सुगेभिः-જેનાથી સુખપૂર્વક જાય છે તે पथिभिः-માર્ગોથી इत्-જ देवान्-વિદ્વાનોને વા દિવ્ય પદાર્થોને एषि-પ્રાપ્ત થાય છે. (૨૧)

*ભાવાર્થ : જે યોગાભ્યાસ દ્વારા સમાધિયુક્ત આત્માવાળા બનીને અને દિવ્ય યોગીઓનો સંગ કરીને ધર્મયુક્ત માર્ગ પર ચાલીને પોતાના આત્માને પરમાત્મામાં યુક્ત કરે છે, તેઓ મોક્ષને પ્રાપ્ત કરી લે છે. (૨૧)*

सु॒गव्यं॑ नो वा॒जी स्वश्व्यं॑ पुं॒सः पु॒त्राँ उ॒त वि॑श्वा॒पुषं॑ र॒यिम्।
अ॒ना॒गा॒स्त्वं नो॒ अदि॑तिः कृणोतु क्ष॒त्रं नो॒ अश्वो॑ वनतां ह॒विष्मा॑न्॥ २२॥

પદાર્થ : જેમ આ वाजी-વેગવાન અગ્નિ नः-અમારા सुगव्यम्-સુંદર ગાયોમાં રહેલ પદાર્થ જેમાં છે, તેને स्वश्व्यम्-સુંદર ઘોડાઓમાં ઉત્પન્ન થયેલને पुंस-પુરુષત્વવાળા पुत्रान्-પુત્રો उत-અને विश्वापुषम्-સર્વને પુષ્ટિ આપનાર रयिम्-ધનને कृणोतु-કરે છે, તે अदितिः-અખંડિત-નાશને પ્રાપ્ત ન થયેલ नः-અમારા अनागास्त्वम्-નિષ્પાપ ભાવ = પાપ ભાવથી રહિત क्षत्रम्-રાજ્યને પ્રાપ્ત કરે છે, તે हविष्मान्-જેમાં હોમ યોગ્ય પદાર્થ સંબદ્ધ-મળેલ છે. તે अश्वः-વ્યાપ્તશીલ અગ્નિ नः-અમને वनताम्-સેવે, તેમ અમે તેને સિદ્ધ કરીએ. (૨૨)

*ભાવાર્થ : જે લોકો પૃથિવી આદિની વિદ્યાથી ગાયોની, ઘોડાઓની, મનુષ્યોની અને સંતાનોની*

*પૂર્ણ દષ્ટિ અને સંપન્ના કરીને 'अश्व' નામક અગ્નિ વિદ્યાથી રાજ્યની વૃદ્ધિ કરીને તથા નિષ્પાપ બનીને સુખી બને છે, તેઓ અન્યોને પણ એવા જ (સુખી) બનાવે. (૨૨)*

સંગતિ : આ સૂક્તમાં અશ્વરૂપ અગ્નિની વિદ્યાનું પ્રતિપાદન કરવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૨)

## સૂક્ત-૧૬૩

यदक्रन्दः प्रथमं जायमान उद्यन्त्समुद्रादुत वा पुरीषात्।
श्येनस्य पक्षा हरिणस्य बाहू उपस्तुत्यं महि जातं ते अर्वन्॥ १॥

પદાર્થ : હે अर्वन्-વિજ્ઞાનવાન વિદ્વન્ ! यत्-જે કારણે તું समुद्रात्-અન્તરિક્ષથી उत-પણ वा-વા पुरीषात्-પૂર્ણ કારણથી उद्यन्-ઉદય પામતા સૂર્યની સમાન जायमानः-ઉત્પન્ન થતા प्रथमम्-પૂર્વે अक्रन्दः-શબ્દ કરે છે. જે ते-તારા श्येनस्य-બાજ પક્ષીની पक्षा-પાંખોની સમાન, हरिणस्य-હરણની बाहू-બાધક ભુજાઓની સમાન, उपस्तुत्यम्-સમીપથી પ્રશંસા કરવા યોગ્ય महि, जातम्-મહાન, ઉત્પન્ન થયેલ કામ સાધક અગ્નિ છે, તે સર્વને સત્કાર કરવા યોગ્ય છે. (૧)

*ભાવાર્થ : જેઓ ધર્મયુક્ત બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા ભણે છે, તેઓ સૂર્ય સમાન પ્રકાશમાન, બાજ સમાન વેગવાન અને હરણ સમાન ઉત્પ્લવમાન = કૂદવા અર્થાત્ સ્ફૂર્તિમાન બનીને પ્રશંસિત બને છે. (૧)*

यमेनं दत्तं त्रित एनमायुनगिन्द्र एणं प्रथमो अध्यतिष्ठत्।
गन्धर्वो अस्य रशनामगृभ्णात्सूरादश्वं वसवो निरतष्ट॥ २॥

પદાર્થ : હે वसवः-ચોવીસ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય સેવનપૂર્વક વિદ્યાને પ્રાપ્ત કરેલ સજ્જનો ! તેમ જેમ यमेन-નિયામક વાયુથી दत्तम्-આપેલ एनम्-આ પૂર્વોક્ત પ્રશંસિત અગ્નિને त्रितः-અનેક પદાર્થો વા અનેક વ્યવહારોને તરનાર (પાર કરનાર) इन्द्रः-વિદ્યુત્ રૂપ અગ્નિ आयुनक्-શિલ્પ કાર્યોમાં નિયુક્ત કરે = લગાવે; प्रथमः-વા પ્રખ્યાતિમાન (શ્રેષ્ઠ) પુરુષ एनम्-એ ઉક્ત પ્રશંસિત અગ્નિના अध्यतिष्ठत-અધિષ્ઠાતા બને; વા गन्धर्वः-પૃથિવીને ધારણ કરનાર વાયુ अस्य-એની रशनाम्-સ્નેહ ક્રિયાને તથા सूरात्-સૂર્ય દ્વારા अश्वम्-શીઘ્ર ગમનશીલ અગ્નિને अगृभ्णत्-ગ્રહણ કરે, તેને निरतष्ट-નિરંતર કામમાં લાવો. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યોએ; વિદ્વાનોના ઉપદેશથી પ્રાપ્ત કરેલી તે વિદ્યાને ગ્રહણ કરીને, વિદ્યુત્‌થી ઉત્પન્ન કારણથી વિસ્તૃત થઈને, વાયુ દ્વારા ધારણ કરેલ, સૂર્ય દ્વારા પ્રકટ કરેલ અને શીઘ્ર ગતિમાન અગ્નિને પ્રયોગમાં લાવે છે, તેઓ દરિદ્રતાના નાશક બને છે. (૨)*

असि यमो अस्यादित्यो अर्वन्नसि त्रितो गुह्येन व्रतेन।

असि॒ सोमे॑न स॒मया॒ विपृ॑क्त आ॒हुस्ते॒ त्रीणि॑ दि॒वि बन्ध॑नानि॥ ३।

પદાર્થ : હે મનુષ્યો ! જે यमः-નિયંતા असि-છે, आदित्य-અંતરિક્ષ પ્રકટ થનાર સૂર્યરૂપ असि-છે, अर्वन्-સર્વત્ર પ્રાપ્ત છે, गुह्येन-ગુપ્ત કરવા યોગ્ય वृतेन-શીલથી त्रितः-સમ્યક્ વ્યવહાર કરનાર असि-છે, सोमेन-ચંદ્રમા અથવા ઔષધિગણ દ્વારા समया-સમીપમાં विपृक्तः-સ્વ-પોતાનાં રૂપથી સંપર્ક રહિત-પૃથક असि-છે, ते-તે અગ્નિના दिवि-દિવ્ય પદાર્થમાં त्रीणि-ત્રણ बन्धनानि-પ્રયોજન પૂર્વ જનોએ आहुः-કહેલ છે, તેને તમે જાણો. (૩)

*ભાવાર્થ : જે ગૂઢ-છુપાયેલ અગ્નિ પૃથિવી આદિ તથા વાયુ અને ઔષધિઓમાં વિદ્યમાન છે અને જેના પૃથિવી, અન્તરિક્ષ તથા સૂર્યમાં બંધન છે, તેને સર્વ મનુષ્યો વિશેષરૂપી જાણે. (૩)*

त्रीणि॑ त आहुर्दि॒वि बन्ध॑नानि॒ त्रीण्य॒प्सु त्रीण्य॒न्तः स॑मु॒द्रे।

उ॒तेव॑ मे॒ वरु॑णश्छन्त्स्यर्व॒न् यत्रा॑ त आ॒हुः प॑र॒मं ज॒नित्र॑म्॥ ४॥

પદાર્થ : હે अर्वन् વિજ્ઞાન = વિશેષ જ્ઞાનવાન સજ્જન यत्र-જ્યાં ते-તારો परमम्-ઉત્તમ् जनित्रम्-જન્મ आहुः-કહે છે, ત્યાં મારો પણ ઉત્તમ જન્મ છે. वरुणः-જેમ તું શ્રેષ્ઠ छन्त्सि-બળવાન છે, તેમ હું પણ બળવાન છું. જેમ ते-તારા त्रीणि-ત્રણ अन्तः-અંદર समुद्रे-અંતરિક્ષમાં त्रीणि-ત્રણ अप्सु-જળમાં त्रीणि-ત્રણ दिवि-પ્રકાશમાન અગ્નિમાં પણ बन्धनानि-બંધનો आहुः-પૂર્વ જનોએ કહેલ છે, उतेव-તેની સમાન मे-મારામાં પણ છે. (૪)

*ભાવાર્થ : જેમ અગ્નિના; કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ એ (ત્રણ) સ્વરૂપ છે તથા (તેમજ) વાયુ, અગ્નિ, જળ અને પૃથિવીના છે એજ રીતે સર્વ ઉત્પન્ન થયેલ પદાર્થોના ત્રણ સ્વરૂપ છે.*

*હે વિદ્વાન્ ! જેમ તારો વિદ્યારૂપી જન્મ શ્રેષ્ઠ છે. એમ મારા પણ બનો. (૪)*

इ॒मा तें॑ वाजिन्नव॒मार्ज॑नानी॒मा श॒फानां॑ सनि॒तुर्नि॒धाना॑।

अत्रा॑ ते भ॒द्रा र॑श॒ना अ॑पश्यमृ॒तस्य॒ या अ॑भि॒रक्ष॑न्ति गो॒पाः॥ ५॥

પદાર્થ : હે वाजिन्-વિજ્ઞાનવાન સજ્જન ! જે इमा-આ ते-આપના शफानाम्-કલ્યાણદાયક વ્યવહારોનું अवमार्जनानि-શોધન વા इमा-આ सनितुः-સમ્યક્ વિભાજન કરતા આપના निधाना-પદાર્થોનું સ્થાપન કરે છે અને याः-જે ते-આપના ऋतस्य-સત્ય ધારણના भद्राः-સેવન કરનારા અને रशनाः-સ્વાદ લેવા યોગ્ય પદાર્થોની गोपाः-રક્ષા કરનારા अभिरक्षन्ति-સર્વત્રથી પાલન (પોષણ) કરે છે, તે સર્વ પદાર્થોને अत्र-અહીં હું अपश्यम्-દેખું-નિહાળું. (૫)

*ભાવાર્થ : જે લોકો અનુક્રમથી સર્વ પદાર્થોના કારણ અને સંયોગને જાણે છે, તેઓ પદાર્થોના જ્ઞાતા બને છે. (૫)*

आ॒त्मानं॑ ते॒ मन॑सा॒राद॑जानाम॒वो दि॒वा प॒तय॑न्तं पत॒ङ्गम्।

शिरो॑ अपश्यं प॒थिभि॑ः सु॒गेभि॑ररे॒णुभि॒र्जेह॑मानं पत॒त्रि॥ ६॥

પદાર્થ : હે વિદ્વન્ ! જેમ હું ते-તારા आत्मानम्-સર્વના અધિષ્ઠાતા આત્માને मनसा-વિજ્ઞાનથી आरात्-દૂરથી વા નિકટથી अपश्यम्-દેખું, તેમ તું મારા આત્માને જો-દેખ.

જેમ હું તારા अवः-પાલનને વા पतत्रि-પતનના સ્વભાવને જાણું-દેખું, જેમ शिरः-જે સેવન કરવામાં આવતા શિરને દેખું, તેમ તું મારા ઉક્ત પદાર્થોને દેખ-જો.

જેમ अरेणुभिः-ધૂળથી રહિત सुगेभिः-સુખપૂર્વક જેમાં જાય છે, તે पथिभिः-માર્ગોથી जेहमानम्-શ્રેષ્ઠ યત્નથી दिवा-અન્તરિક્ષમાં पतयन्तम्-જતા पतङ्गम्-પ્રત્યેક સ્થાનમાં પહોંચાડનારા અગ્નિરૂપ ઘોડાને अजानाम्-દેખું, તેમ તું પણ દેખ-નિહાળ. (૬)

*ભાવાર્થ : જે પોતાના પારકાના આત્માના જ્ઞાતા લોકો, વિજ્ઞાનના માધ્યમથી ઉત્પન્ન થયેલ કાર્યોની પરીક્ષા દ્વારા કારણસ્થ ગુણોને જાણે છે, તેઓ સુખપૂર્વક વિદ્વાન બને છે.*

*જે લોકો આવરણરહિત તથા ધૂળના સંપર્કથી મુક્ત આકાશમાં અગ્નિ આદિના સંપ્રયોગથી વિમાનોને ચલાવે છે, તેઓ દૂરસ્થ દેશમાં પણ શીઘ્ર જઈ શકે છે. (૬)*

**अत्रा ते रूपमुत्तममपश्यं जिगीषमाणमिष आ पदे गोः।**
**यदा ते मर्त्तो अनु भोगमानळादिद् ग्रसिष्ठ ओषधीरजीगः॥ ७॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! यदा-જ્યારે ग्रसिष्ठः-અત્યંત ખાનાર मर्त्तः-મનુષ્ય अनु, भोगम्-અનુકૂળ ભોગને आनट्-પ્રાપ્ત થાય છે, ત્યારે आत्-इत्-એજ સમયે ओषधीः-યવાદિ ઓષધિઓને अजीगः-નિરંતર પ્રાપ્ત થાય છે-કરે છે.

જેમ अत्र-આ વિદ્યા અને યોગાભ્યાસ વ્યવહારમાં હું ते-તમારા जिगीषमाणम्-જીતવાની ઈચ્છા કરનારા उत्तमम्-શ્રેષ્ઠ रूपम्-રૂપને आअपश्यम्-સમ્યક્ રીતે દેખું અને गोः-પૃથિવીના पदे-પ્રાપ્તવ્ય સ્થાનમાં ते-આપના इषः-અન્નાદિને પ્રાપ્ત થાઉં, તેમ આપ પણ એમ વિધાન કરીને એ ઉક્ત વ્યવહાર આદિને પ્રાપ્ત થાઓ. (૭)

*ભાવાર્થ : પુરુષાર્થીને જ ભોગ પ્રાપ્ત થાય છે, આળસુને થતો નથી. જેઓ પ્રયત્નથી પદાર્થ-વિદ્યા ગ્રહણ કરે છે, તેઓ અતિશ્રેષ્ઠ પ્રતિષ્ઠાને પામે છે. (૭)*

**अनु त्वा रथो अनु मर्यो अर्वन्ननु गावोऽनु कनीनाम्।**
**अनु व्रातासस्तव सख्यमीयुरनु देवा ममिरे वीर्यं ते॥ ८॥**

પદાર્થ : હે अर्वन्-ઘોડાની સમાન વિદ્યમાન ! જે त्वा-તારા अनु-પાછળ रथः-વિમાનાદિ પથ ફરી अनु-પાછળ मर्य्यः-મરણધર્મા મનુષ્ય, ફરી પાછળ अनु-પાછળ गावः-ગાયો અને कनीनाम्-કામના કરતા સજ્જનોને अनु-પાછળ भगः-ઐશ્વર્ય તથા व्रातास-સત્યાચરણમાં પ્રસિદ્ધ देवाः-વિદ્વાનો ते-તારા वीर्यम्-પરાક્રમને अनु, ममिरे-અનુકૂળતાથી સિદ્ધ કરે છે, તે ઉક્ત વિદ્વાન तव-તારી सख्यम्-મિત્રતા વા મિત્રના કામને अनु, ईयुः-અનુકૂળતાથી પ્રાપ્ત થાઓ. (૮)

*ભાવાર્થ : મનુષ્યો જેમ અગ્નિને અનુકૂળ યાનોને પ્રાપ્ત કરે છે, તેમ તેઓ અધ્યાપક અને ઉપદેશકને*

*અનુરૂપ જ વિજ્ઞાનને પ્રાપ્ત કરે છે.*

*જેઓ વિદ્વાનોને મિત્ર બનાવે છે, તેઓ સત્ય આચરણયુક્ત અને પરાક્રમી બને છે. (૮)*

हिरण्यशृङ्गोऽयो अस्य पादा मनोजवा अवर इन्द्र आसीत्।
देवा इदस्य हविरद्यमायन्यो अर्वन्तं प्रथमो अध्यतिष्ठत्॥ ९॥

પદાર્થ : હે મનુષ્યો ! જે એમ છે કે हिरण्यशृङ्गः-જેનો તેજ પ્રકાશ શ્રૃંગોની સમાન છે તથા જે अस्य-એ વિદ્યુત્‌રૂપ અગ્નિના मनोजवाः-મન સમાન વેગવાળા अयः-પ્રાપ્તિ સાધક ધાતુ पादाः-જેમાં ચાલે તે પગોની સમાન છે, તે अवरः-એક નિરાલો इन्द्रः-સૂર્ય आसीत्-છે.

यः-જે प्रथमः-વિખ્યાત अर्वन्तम्-વેગવાન અશ્વરૂપ અગ્નિના अध्यतिष्ठत्-અધિષ્ઠાતા બને છે. જે अस्य-આના સંબંધમાં हविरद्यम्-ખાવા યોગ્ય હોમવાના પદાર્થો इत्-જ ને देवाः-વિદ્વાનો વા ભૂમિ આદિ તેત્રીસ દેવો आयन्-પ્રાપ્ત છે તે અનેકોમાં વ્યાપ્ત થનાર વિદ્યુત્‌ની સમાન અગ્નિ છે, એમ જાણો.

*ભાવાર્થ : આ સંસારમાં અગ્નિ ત્રણ પ્રકારનો છે. એક અતિ સૂક્ષ્મ કારણ નામક, બીજો સૂક્ષ્મ મૂર્ત દ્રવ્યોમાં વ્યાપ્ત રહેનાર અને ત્રીજો સ્થૂલ સૂર્ય આદિ રૂપવાળો છે. જેઓ તેના ગુણ-કર્મ-સ્વભાવને જાણીને એનો સમ્યક્ પ્રયોગ કરે છે, તેઓ નિરંતર સુખી બને છે. (૯)*

ईर्मान्तासः सिलिकमध्यमासः सं शूरणासो दिव्यासो अत्याः।
हंसाइव श्रेणिशो यतन्ते यदाक्षिषुर्दिव्यमज्ममश्वाः॥ १०॥

પદાર્થ : હે વિદ્વાનો ! यत्-જે शिलिकमध्यमासः-સ્થાનમાં પ્રસિદ્ધ થયેલ ईर्मान्तासः-કંપન જેનો અન્ત सूरणासः-હિંસક અર્થાત્ કલાયંત્રને પ્રબળતાથી ઘર્ષણ (ઝાટકો-આંચકો) આપતા પ્રકાશમાન दिव्यासः-દિવ્ય ગુણ-કર્મ-સ્વભાવવાળા अत्याः-નિરંતર જનારા अश्वाः-શીઘ્ર જનારા અગ્નિ આદિ રૂપ ઘોડાઓ हंसा-इव-હંસોની સમાન श्रेणिशः-પંડિત-હારની સમાન બનીને વિદ્યમાન सं, यतन्ते-સમ્યક્ પ્રયત્ન કરાવે છે અને दिव्यम्-અન્તરિક્ષમાં થયેલ अज्मम्-માર્ગને आक्षिषुः-વ્યાપ્ત થાય છે, તે વાયુ, અગ્નિ અને જળાદિને કાર્યોમાં સમ્યક્ પ્રયુક્ત કરો. (૧૦)

*ભાવાર્થ : જે 'સિલક' આદિ (જેમાં કલાઓના કોષ્ઠો હોય છે તે) યંત્રોના દ્વારા ઘર્ષણ કરેલ પદાર્થોથી વિદ્યુત્ આદિ પદાર્થો ઉત્પન્ન કરીને તથા તેઓનો યાન આદિમાં પ્રયોગ કરીને કાર્યોને સિદ્ધ કરે છે, તેઓ 'महती श्रियं'-મહાન સંપત્તિને પ્રાપ્ત કરે છે. (૧૦)*

तव शरीरं पतयिष्ण्वर्वन् तव चित्तं वातइव ध्रजीमान्।
तव शृङ्गाणि विष्ठिता पुरुत्रारण्येषु जर्भुराणा चरन्ति॥ ११॥

પદાર્થ : હે अर्वन्-ગમનશીલ ઘોડા સમાન વર્તાવ રાખનારા ! જેમ पतयिष्णु-ગમનશીલ વિમાન આદિ યાન વા तव-તારું शरीरम्-શરીર વા ध्रजीमान्-ગતિવાળા वातइव-લાયુની સમાન તારું चित्तम्-ચિત્ત વા पुरुत्रा-બહુ જ अरण्येषु-વનોમાં विष्ठिता-વિશેષતાથી સ્થિત-રહેલ जर्भुराणा-અત્યંત પુષ્ટ शृङ्गाणि-શિંગડા સમાન ઊંચા વા ઉત્કૃષ્ટ અત્યત્તમ કામ અગ્નિથી चरन्ति-ચાલે છે, તેમ तव-તારી ઇન્દ્રિયો અને પ્રાણ વર્તમાન છે. (૧૧)

*ભાવાર્થ : જેના દ્વારા સંચાલિત વિદ્યુત્ મન સમાન ગતિ કરે છે, (જેના દ્વારા) પર્વતોના શિખર સમાન આકારવાળા યાનોનું નિર્માણ કરવામાં આવે છે અને જે અગ્નિશાલાઓમાં વનની અગ્નિ = દાવાનલ સમાન, અગ્નિને પ્રદીપ્ત કરીને યાનોને ચલાવે છે, તેઓ ભૂગોળમાં સર્વત્ર વિચરણ કરે છે. (૧૧)*

उप॒ प्रागा॒च्छस॑नं वा॒ज्यर्वा॑ देव॒द्रीचा॒ मन॑सा॒ दीध्या॑नः।

अ॒जः पु॒रो नी॑यते॒ नाभि॑र॒स्यानु॑ प॒श्चात्क॒वयो॑ यन्ति रे॒भाः॥ १२॥

પદાર્થ : જે दीध्यानः-દેદીપ્યમાન अजः-કારણરૂપથી અજન્મા वाजी-વેગવાન अर्वा-ઘોડાઓની સમાન અગ્નિ देवद्रीचा-વિદ્વાનોનો સત્કાર કરતા मनसा-મનથી अस्य-આ કલાધરના शसनम्-તાડનને-ઘર્ષણને उप, प्रागात्-સર્વત્રથી પ્રાપ્ત કરવામાં આવે છે, જેથી એના नाभिः-બંધન पुरः-પ્રથમથી અને पश्चात्-પાછળથી नीयते-પ્રાપ્ત કરવામાં આવે છે, જેને रेभाः-શબ્દ વિદ્યાના જ્ઞાતા कवयः-મેધાવીજન अनु,यन्ति-અનુગ્રહપૂર્વક ઇચ્છે છે, તેનું સર્વે સેવન કરે. (૧૨)

*ભાવાર્થ : કર્ષણ, તાડન અને શિલ્પવિદ્યા વિના અગ્નિ આદિ પદાર્થ, કાર્યોના સાધક બનતા નથી. (૧૨)*

उप॒ प्रागा॑त्पर॒मं यत्स॒धस्थ॒मर्वाँ॒ अच्छा॑ पि॒तरं॑ मा॒तरं॑ च।

अ॒द्या दे॒वाञ्जुष्ट॑तमो॒ हि ग॒म्या अथा शास्ते॑ दा॒शुषे॒ वार्या॑णि॥ १३॥

પદાર્થ : यत्-જે देवान्-વિદ્વાન વા દિવ્યભોગ તથા ગુણોનું जुष्टतमः-અત્યંત સેવન કરતા अर्वान्-અગ્નિ આદિ પદાર્થરૂપી ઘોડાઓને अद्य-આજના દિવસે परमम्-ઉત્તમ सधस्थम्-એક સાથેના સ્થાનને मातरम्-ઉત્પન્ન કરનારી માતા पितरं; च-અને જન્મ કરાવનાર પિતા વા અધ્યાપકને अच्छ, उप, प्रागात्-સારી રીતે સર્વત્રથી પ્રાપ્ત થાય છે, अथ-અથવા दाशुषे-દાતાને માટે वार्य्याणि-સ્વીકાર કરવા યોગ્ય સુખ અને हि-નિશ્ચયથી गम्याः-ગમન કરવા યોગ્ય પ્યારી સ્ત્રીઓ વા પ્રાપ્ત થવા યોગ્ય ક્રિયાઓની आ, शास्ते-આશા કરે છે, તે અત્યંત સુખને પ્રાપ્ત કરે છે. (૧૩)

*ભાવાર્થ : જેઓ માતા, પિતા તથા આચાર્યથી શિક્ષા પ્રાપ્ત કરેલ, પ્રશસ્ત સ્થાન પર રહેનારા, વિદ્વાનોના સંગના પ્રેમી અને સર્વને સુખ આપનારા છે, તેઓ સર્વ સંસારમાં ઉત્તમ આનંદ પ્રાપ્ત કરે છે. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન અને વિદ્યુત્‌ના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૩)

## સૂક્ત-૧૬૪

अस्य वामस्य पलितस्य होतुस्तस्य भ्राता मध्यमो अस्त्यश्नः।
तृतीयो भ्राता घृतपृष्ठो अस्यात्रापश्यं विश्पतिं सप्तपुत्रम्॥ १॥

પદાર્થ : वामस्य-શિલ્પના ગુણોથી પ્રશંસિત पलितस्य-વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત अस्य-એ સજ્જનના વિદ્યુત્ રૂપ પ્રથમ છે, होतुः-દાતા વા હવન કરનાર तस्य-તેના भ्राता-બંધુની સમાન अश्नः-પદાર્થોનું ભક્ષણ કરનાર मध्यमः-પૃથિવી આદિ લોકોમાં પ્રસિદ્ધ થયેલ બીજા છે અને घृतपृष्ठः-ઘૃત અથવા જળ જેની પીઠ પર અર્થાત્ ઉપર રહે છે, તે अस्य-એના भ्राता-ભ્રાતાની સમાન तृतीयः-ત્રીજા अस्ति છે. अत्र-અહીં सप्तपुत्रम्-સાત પ્રકારના તત્ત્વોથી ઉત્પન્ન विश्पतिम्-પ્રજાજનોનું પાલન કરનાર સૂર્યને હું अपश्यम्-દેખું. (૧)

*ભાવાર્થ : આ સંસારમાં અગ્નિ ત્રણ પ્રકારનો છે એક વિદ્યુત્ રૂપવાળો, બીજો કાષ્ઠ આદિથી પ્રજ્વલિત થનાર અને ત્રીજો (જે) સૂર્યમંડળમાં સ્થિત રહીને સમસ્ત સંસારનું પાલન કરે છે. (૧)*

सप्त युञ्जन्ति रथमेकचक्रमेको अश्वो वहति सप्तनामा।
त्रिनाभि चक्रमजरमनर्वं यत्रेमा विश्वा भुवनाधि तस्थुः॥ २॥

પદાર્થ : यत्र-જ્યાં एकचक्रम्-એક સર્વકલાઓને ફરવા માટે જેમાં ચક્ર છે, તે रथम्-વિમાન આદિ યાનને सप्तानामा-સાત નામો વાળા एकः अश्वः-શીઘ્રગામી વાયુ વા અગ્નિ वहति-પહોંચાડે છે; વા જ્યાં सप्त-સાત કલનું ગૃહ युञ्जन्ति-યુક્ત થાય છે; વા જ્યાં इमा-આ विश्वा-સમસ્ત भुवना-લોક-લોકાન્તર अधि, तस्थुः-અધિષ્ઠિત થાય છે, ત્યાં अनर्वम्-પ્રાકૃતિ પ્રસિદ્ધ ઘોડાઓથી રહિત અને अजरम्-જીર્ણતા-વૃદ્ધતાથી રહિત त्रिनाभि-જેમાં ત્રણ બંધન છે, તે चक्रम्-એક ચક્રને શિલ્પીજન સ્થાપિત કરે. (૨)

*ભાવાર્થ : જે લોકો વિદ્યુત્, અગ્નિ તથા જળ આદિ રૂપ ઘોડાઓથી યુક્ત યાન રચીને, સમસ્ત લોકોના આધાર આકાશમાં સુખપૂર્વક ગમનાગમન કરે, તેઓ સંપૂર્ણ ઐશ્વર્યને પ્રાપ્ત કરી શકે છે. (૨)*

इमं रथमधि ये सप्त तस्थुः सप्तचक्रं सप्त वहन्त्यश्वाः।
सप्त स्वसारो अभि सं नवन्ते यत्र गवां निहिता सप्त नाम॥ ३॥

પદાર્થ : यत्र-જેમાં गवाम्-કિરણોના सप्त-સાત नाम-નામ निहिता-નિરંતર કરીને સ્થાપિત કરેલ છે અને ત્યાં स्वसारः-બહેનોની સમાન વર્તમાન सप्त-સાત કળા अभि, सं, नवन्ते-સામે જાય છે-મળે છે, सप्त-સાત अश्वाः-શીઘ્રગામી અગ્નિ પદાર્થ वहन्ति-પહોંચાડે છે, તે इमम्-આ सप्तचक्रम्-સાત ચક્રવાળા रथम्-રથને ये-જેઓ सप्त-સાત જન अधि, तस्थुः-અધિષ્ઠિત થાય છે, તેઓ આ સંસારમાં સુખી થાય છે. (૩)

*ભાવાર્થ : જેઓ સ્વામી, અધ્યાપક, વિદ્યાર્થી, નિર્માતા, નિયંત્રણકર્તા તથા ચાલક લોકો અનેક ચક્રો તથા તત્ત્વ આદિથી યુક્ત યાનોની રચના જાણે છે, તેઓ પ્રશંસિત બને છે. જ્યાં છેદન અને આકર્ષણ આદિ ગુણવાળા કિરણો છે, ત્યાં પ્રાણ પણ છે. (૩)*

को ददर्श प्रथमं जायमानमस्थन्वन्तं यदनस्था बिभर्त्ति।
भूम्या असुरसृगात्मा क्व स्वित्को विद्वांसमुप गात्प्रष्टुमेतत्॥ ४॥

પદાર્થ : यत्-જે प्रथमम्-પ્રખ્યાત્ પ્રથમ અર્થાત્ સૃષ્ટિની પૂર્વે जायमानम्-ઉત્પન્ન થઈને अस्थन्वन्तम्-અસ્થિયુક્ત દેહને भूम्याः-ભૂમિની મધ્ય अनस्था-અસ્થિરહિત असुः-પ્રાણ असृक्-રક્ત અને आत्मा-જીવ बिभर्त्ति-ધારણ કરે છે, તેને क्व स्वित्-ક્યાંય પણ कः-કોણ ददर्श-દેખી શકે છે, कः-અને કોણ एतत्-એ ઉક્ત વિષયને प्रष्टुम्-પૂછવા विद्वांसम्-વિદ્વાનની उप, गात्-સમીપ જાય છે. (૪)

*ભાવાર્થ : જ્યારે સૃષ્ટિના પ્રારંભમાં ઈશ્વરે સર્વના શરીરની રચના કરી, ત્યારે કોઈ પણ જીવ તેને જોનાર હતો નહિ. જ્યારે એ શરીરોમાં જીવાત્માને પ્રવિષ્ટ કર્યો, ત્યારે પ્રાણ આદિ વાયુ રક્ત આદિ ધાતુ અને જીવ મળીને શરીરને ધારણ કરતા હતા વગેરે (જ્ઞાન)ની પ્રાપ્તિ માટે વિદ્વાન પાસે કોઈ (વિરલ) જ પૂછવા જાય છે, પરંતુ સર્વ નહિ. (૪)*

पाकः पृच्छामि मनसाऽविजानन् देवानामेना निहिता पदानि।
वत्से बष्कयेऽधि सप्त तन्तून्वि तत्निरे कवय ओतवा उ॥ ५॥

પદાર્થ : જે कवयः-મેધાવીજન ओतवै-વિસ્તાર માટે बष्कये-જોવા યોગ્ય वत्से-સંતાનના માટે सप्त-સાત तन्तून्-વિસ્તૃત ધાતુઓને व्यधि, तत्निरे-અનેક રીતે અધિકાધિક વિસ્તૃત કરે છે. उ-તેઓ देवानाम्-દિવ્ય વિદ્વાનોના एना-એ निहिता-સ્થાપિત કરેલ पदानि-પ્રાપ્ત થવા વા જાણવા યોગ્ય પદોના અધિકારોને अविजानन्-ન જાણતો पाकः-બ્રહ્મચર્યાદિ તપસ્યાથી પરિપક્વ થવા યોગ્ય હું मनसा-અન્તઃકરણથી पृच्छामि-પૂછું છું. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ બાલ્યાવસ્થાથી લઈને, અજ્ઞાત શાસ્ત્રોને વિદ્વાનોથી ભણીને અધ્યાપનના દ્વારા સર્વ વિદ્યાને પ્રસારિત કરવી જોઈએ. (૫)*

अचिकित्वाञ्चिकितुषश्चिदत्र कवीन्पृच्छामि विद्मने न विद्वान्।
वि यस्तस्तम्भ षळिमा रजांस्यजस्य रूपे किमपि स्विदेकम्॥ ६॥

પદાર્થ : अचिकित्वान्-અવિદ્વાન હું चित्-પણ अत्र-આ વિદ્યા વ્યવહારમાં चिकितुषः-અજ્ઞાનરૂપી રોગને દૂર કરનારા कवीन्-પૂર્ણ વિદ્યાવાન આપ્ત વિદ્વાનોને विद्वान्-વિદ્યાવાન विद्मने-વિશેષ જાણવા માટે न-જેમ પૂછે, તેમ पृच्छामि-પુછું છું.

यः-જે षट्-છ इमा-આ रजांसि-પૃથિવી આદિ સ્થૂળ તત્ત્વોને नि, तस्तम्भ-એકત્ર કરે છે. अजस्य-પ્રકૃતિ અર્થાત્ જગતનું કારણ વા જીવના रूपे-રૂપમાં किम्-શા માટે स्वित् अपि-જ एकम्-એક થયેલ છે, એને તમે કહો. (૬)

*ભાવાર્થ : જેમ વિદ્વાન લોકો વિદ્વાનોથી પૂછીને વિદ્વાન બને છે, તેમ વિદ્વાન લોકો પણ પરમ વિદ્વાનોને પૂછીને વિદ્યાની વૃદ્ધિ કરે. (૬)*

इह ब्रवीतु य ईमङ्ग वेदास्य वामस्य निहितं पदं वेः।
शीर्ष्णः क्षीरं दुह्रते गावो अस्य वव्रिं वसाना उदकं पदापुः॥ ७॥

પદાર્થ : હે अङ्ग-પ્યારા यः-જે अस्य-આ वामस्य-પ્રશંસિત वेः-પક્ષીના निहितम्-સ્થાપિત पदम्-પદને वेद-જાણે છે, તે इह-આ પ્રશ્નનો ईम्-સમસ્ત ઉત્તર ब्रवीतु-કહે.

જેમ वसानाः-ઝૂલ ઓઢેલ गावः-ગાયો क्षीरम्-દૂધને दुह्रते-પુરું કરે છે અર્થાત્ દોહાવે છે; વા વૃક્ષ पदा-પગથી उदकम्-જળનું अपुः-પાન કરે છે, તેમ शीर्ष्णः, अस्य-એના શિરનો वव्रिम्-સ્વીકાર કરવા યોગ્ય સર્વ વ્યવહારને જાણીએ. (૭)

*ભાવાર્થ : જેમ પક્ષી અન્તરિક્ષમાં ભ્રમણ કરે છે, તેમ જ સમસ્ત લોક અન્તરિક્ષમાં ભ્રમણ કરે છે.*

*જેમ ગાયો વાછરડાને દૂધ આપીને વૃદ્ધિ કરે છે, તેમ કારણ-તત્ત્વ કાર્ય પદાર્થોની વૃદ્ધિ કરે છે અથવા જેમ વૃક્ષ મૂળ દ્વારા જલ પીને વૃદ્ધિ પામે છે, તેમ કાર્ય પદાર્થ કારણ તત્ત્વથી વૃદ્ધિ પામે છે. (૭)*

माता पितरमृत आ बभाज धीत्यग्ने मनसा सं हि जग्मे।
सा बीभत्सुर्गर्भरसा निविद्धा नमस्वन्त इदुपवाकमीयुः॥ ८॥

પદાર્થ : बिभत्सुः-જે ભયપ્રદ गर्भरसा-જેના ગર્ભમાં રસરૂપ વિદ્યમાન निविद्धा-નિરંતર બંધાયેલ सा-તે माता-પૃથિવી धीती-ધારણથી अग्रे-સૃષ્ટિ પૂર્વે पितरम्-સૂર્યના ऋते-વિના સર્વનું आ, बभाज-સમ્યક્ સેવન કરે છે, જેને हि-નિશ્ચયથી मनसा-વિજ્ઞાનથી सं, जग्मे-સંગ થતાં-પ્રાપ્ત થતાં તેને પ્રાપ્ત

થઈને नमस्वन्तः-પ્રશંસિત અન્નયુક્ત બનીને इत्-જ उपवाकम्-જેમાં વચન મળે છે, તે ભાગને ईयुः-પ્રાપ્ત થાય છે. (૮)

*ભાવાર્થ : જે સૂર્ય વિના પૃથિવી સંભવ હોય, તો તે પોતાની શક્તિથી સર્વને કેમ ધારણ કરી શકતી નથી ?*

*જો પૃથિવી ન હોય, તો (સૂર્ય (માત્ર) પોતાના પ્રકાશથી (સ્વયં) યુક્ત કેમ ન બને ? તેથી આ સૃષ્ટિમાં પોત-પોતાના સ્વભાવથી સર્વ પદાર્થો સ્વતંત્ર છે અને સાપેક્ષ વ્યવહારમાં પરતંત્ર છે. (૮)*

युक्ता मातासीद् धुरी दक्षिणाया अतिष्ठद् गर्भो वृजनीष्वन्तः।
अमीमेद् वत्सो अनु गामपश्यद् विश्वरूप्यं त्रिषु योजनेषु॥ ९॥

પદાર્થ : જે गर्भः-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થ वृजनीषु-વર્જનીય કક્ષાઓમાં अन्तः-અંદર अतिष्ठत्-સ્થિર થાય છે, જેના दक्षिणायाः-જમણી धुरि-ધારણ કરનારી ધુરીમાં माता-પૃથિવી युक्ता-યુક્ત आसीत् છે.

જેમ वत्सः-વાછરડો गाम्-ગાયને, તેમ अमीमेत्-પ્રક્ષેપ કરે છે તથા त्रिषु-ત્રણ योजनेषु-બંધનોમાં विश्वरूप्यम्-સમસ્ત પદાર્થોમાં રહેલા ભાવોને अन्वपश्यत्-અનુકૂળતાથી જુએ છે, તે પદાર્થ વિદ્યાથી જાણવાને યોગ્ય છે. (૯)

*ભાવાર્થ : જેમ ગર્ભ રૂપ (સૂક્ષ્મ) મેઘ, સ્થૂળ, મેઘોના ચાલ્યા ગયા પછી (પણ) વર્તમાન રહે છે, તેમ સર્વને માન્ય પ્રદાન કરનારી ભૂમિ આકર્ષણોમાં યુક્ત છે.*

*જેમ વાછરડો ગાયનું અનુગમન કરે છે, તેમ આ પૃથિવી સૂર્યને અનુકૂળ રહીને ભ્રમણ કરે છે. જેમાં સમસ્ત શ્વેત આદિ રૂપ છે, તે જ સર્વનું પાલન કરનારી છે. (૯)*

तिस्रो मातृस्त्रीन्पितॄन्बिभ्रदेक ऊर्ध्वस्तस्थौ नेमव ग्लापयन्ति।
मन्त्रयन्ते दिवो अमुष्य पृष्ठे विश्वविदं वाचमविश्वमिन्वाम्॥ १०॥

પદાર્થ : જે तिस्रः-ત્રણ मातृः-ઉત્તમ, મધ્યમ, અધમ ભૂમિ તથા त्रीन्-વિદ્યુત્ અને સૂર્ય રૂપ ત્રણ पितॄन्-પાલક અગ્નિઓને ईम्-સર્વત્રથી बिभ्रत्-ધારણ કરીને ऊर्ध्वः-ઉપર-ઉંચ્ચે; एकः-એક સૂત્રાત્મા વાયુ तस्थौ-સ્થિર થાય છે, જે વિદ્વાનો તેને अव, ग्लापयन्ति-કહેતા, સાંભળતા અર્થાત્ તેના વિષયમાં વાર્તાલાપ કરે છે; તથા अविश्वमिन्वाम्-જે સર્વની સેવન ન કરેલી विश्व मिदम्-સર્વ લોકો તેને પ્રાપ્ત થાય છે, તે वाचम्-વાણીને मन्त्रयन्ते-સર્વત્રથી વિચારપૂર્વક ગુપ્ત કહે છે, તેઓ अमुष्य-તે દૂરસ્થ दिवः-પ્રકાશમાન સૂર્યના पृष्ठे-પર ભાગમાં વિરાજમાન થાય છે, તેઓ न-દુઃખને પ્રાપ્ત થતા નથી. (૧૦)

*ભાવાર્થ : જે સૂત્રાત્મા વાયુ; અગ્નિ, જળ અને પૃથિવીને ધારણ કરે છે, તેને અભ્યાસથી જાણીને સત્યવાણીનો અન્યોને ઉપદેશ કરે. (૧૦)*

द्वाद॑शारं न॒हि तज्जरा॑य॒ वर्व॑र्त्ति च॒क्रं परि॒ द्यामृ॒तस्य॑।
आ पु॒त्रा अ॑ग्ने मिथु॒नासो॒ अत्र॑ स॒प्त श॒तानि॑ विंश॒तिश्च॑ तस्थुः॥ ११॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! अत्र-આ સંસારમા જે द्वादशारम्-જેના બાર અંગો છે, તે चक्रम्-ચક્રની સમાન વિદ્યમાન સંવત્સર द्याम्-પ્રકાશમાન સૂર્યની परि, वर्वर्त्ति-સર્વત્રથી નિરંતર વિદ્યમાન છે, तत्-તેની जराय-ક્ષતિ = હાનિ नहि-થતી નથી.

જે આ સંસારમાં ऋतस्य-સત્યકારણથી सप्त-સાત शतानि-સો विंशतिः-વીસ च-પણ मिथुनासः-સંયોગથી ઉત્પન્ન થયેલ पुत्राः-પુત્રોની સમાન વિદ્યમાન તત્ત્વો વિષય आ, तस्थुः-પોત-પોતાના વિષયોમાં રહેલ છે, તેને જાણ. (૧૧)

*ભાવાર્થ : કાળ અનંત, પરિણામરહિત અને વ્યાપક છે. તેની કદીપણ ઉત્પત્તિ અને ક્ષતિ થતી નથી.*

*આ સંસાર(ની ઉત્પત્તિ)ના કારણમાં જે સાતસોવીસ તત્ત્વો, તેઓ મળીને ઈશ્વરની વ્યવસ્થાથી સ્થૂળ થયેલ છે. તેનું કારણ અજન્મા અને નિત્ય છે. જ્યાં સુધી તેને પૃથક્-પૃથક્ પ્રત્યક્ષ રૂપમાં જાણી લેવામાં ન આવે, ત્યાં સુધી વિદ્યા વૃદ્ધિ માટે મનુષ્ય પ્રયત્ન કરવો જોઈએ. (૧૧)*

पञ्च॑पादं पि॒तरं॑ द्वाद॑शाकृतिं दि॒व आ॑हुः॒ परे॒ अर्द्धे॑ पुरी॒षिण॑म्।
अथे॒मे अ॒न्य उप॑रे विचक्ष॒णं स॒प्तच॑क्रे॒ षळ॑रं आहु॒रर्पि॑तम्॥ १२॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે पञ्चपादम्-ક્ષણ, મુહુર્ત, પ્રહર, દિવસ, પક્ષ આ પાંચ પગ જેના पितरम्-પિતા સમાન પાલન કરાવનારા, द्वादशाकृतिम्-બાર મહિના જેનો આકાર અને पुरिषिणम्-મળેલા પદાર્થોની પ્રાપ્તિ વા હિંસા કરાવનારા અર્થાત્ તેના મિશ્રણને પૃથક્-પૃથક્ કરાવનારા સંવત્સરને दिवः-પ્રકાશમાન સૂર્યની परे-(= ઉત્કૃષ્ટ સ્થાન) अर्द्धे-અર્ધા ભાગમાં વિદ્વાન आहुः-કહે છે-બતાવે છે.

अथ-અનન્તર इमे अन्ये-અન્ય વિદ્વાનો षडरे-જેમાં આરારૂપ છ ઋતુ અને सप्तचक्रे-સાત ચક્ર ઘૂમવાની પરિધિ વિદ્યમાન તે उपरे-મેઘમંડળમાં विचक्षणम्-વાણીના વિષયને अर्पितम्-સ્થાપિત आहुः-કહે છે, તેને જાણો. (૧૨)

*ભાવાર્થ : હે મનુષ્યો ! આ મંત્રમાં કાળના અવયવોનું કથન ઈષ્ટ છે. જે વ્યાપક, નિત્ય અને અનન્ત કાળમાં સમસ્ત જગત ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય (પર્યન્ત પરિમાણ)ને પ્રાપ્ત થાય છે, તે કાળ સૂક્ષ્મ હોવાથી તેનું જ્ઞાન (પ્રાપ્ત કરવું) કઠિન છે. તેથી તમે તેને પ્રયત્નથી જાણો. (૧૨)*

पञ्चा॑रे च॒क्रे प॑रि॒वर्त्त॑माने॒ तस्मि॒न्ना त॑स्थु॒र्भुव॑नानि॒ विश्वा॑।
तस्य॒ नाक्ष॑स्तप्यते॒ भूरि॑भारः स॒नादे॒व न शी॑र्यते॒ सना॑भिः॥ १३॥

પદાર્થ : હે વિદ્વાનો ! पञ्चारे-જેમાં પાંચ તત્ત્વ આરા રૂપ છે परिवर्त्तमाने-અને સર્વત્રથી વર્તમાન तस्मिन्-તે चक्रे-પૈડાંની સમાન ફરતા પંચતત્ત્વના પંચીકરણમાં विश्वा-સમસ્ત भुवनानि-લોકો आ, तस्थुः-સમ્યક્ સ્થિર રહે છે, तस्य-તેના अक्षः-પૂર્વ ભાગ અર્થાત્ જે તેનાથી પૂર્વ-પ્રથમ ઈશ્વર છે, તે न, तप्यते-સંતપ્ત થતો નથી અર્થાત્ સુખ-દુઃખનો અનુભવ કરતો નથી. सनाभिः-અને જેની નાભિ બંધન સમાન છે. અર્થાત્ ક્રિયા સાથે સંલગ્ન છે અને भूरिभारः-જેમાં બહુ જ ભાર છે, બહુ જ કાર્ય-કારણ આરોપિત છે, તે કાળ सनात्-સનાતનથી नैव, शीर्यते-નાશ પામતો નથી. (૧૩)

*ભાવાર્થ : જેમ આ કારણ (પ્રકૃતિ), કાળ, આકાશ અને દિશાઓવાળા સંસારરૂપી ચક્ર પરમેશ્વરમાં વ્યાપ્ત છે, તેમ જ કાળ, આકાશ અને દિશાઓમાં (સ્થિત) કાર્ય-કારણરૂપ સંસાર વ્યાપ્ત છે. (૧૩)*

सनेमि चक्रमजरं वि वावृत उत्तानायां दश युक्ता वहन्ति।

सूर्यस्य चक्षू रजसैत्यावृतं तस्मिन्नार्पिता भुवनानि विश्वा॥ १४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सनेमि-સમાન નેમિ-નાભિવાળા अजरम्-વૃદ્ધત્વ દોષરહિત चक्रम्-ચક્રની સમાન વર્તમાન કાળચક્ર उत्तानायाम्-ઉત્કૃષ્ટતાથી વિસ્તૃત થયેલ જગતમાં वि, ववृते-વિશેષ કરીને પુનઃ-પુનઃ આવે છે અને તે કાળચક્રને दश-દસ પ્રાણ युक्ताः-યુક્ત वहन्ति-વહાવે છે.

જે सूर्यस्य-સૂર્યનો चक्षुः-વ્યક્તિકારક-પ્રકટતા કરનાર ભાગ रजसा-લોકોની સાથે आवृतम्-સર્વત્રથી આવરણને एति-પ્રાપ્ત થાય છે અર્થાત્ ઢંકાઈ જાય છે, तस्मिन्-તેમાં विश्वा-સમસ્ત भुवनानि-ભૂગોળ आर्पिता-સ્થાપિત છે, એમ તમે જાણો. (૧૪)

*ભાવાર્થ : જે વ્યાપક, નિત્ય અને સમસ્ત લોકોનો આધાર કાળ છે, તેની ગતિથી સૂર્ય આદિ લોકો પ્રકાશિત થાય છે, તેમ સર્વેએ જાણવું જોઈએ. (૧૪)*

साकंजानां सप्तथमाहुरेकजं षळिद्यमा ऋषयो देवजा इति।

तेषामिष्टानि विहितानि धामशः स्थात्रे रेजन्ते विकृतानि रूपशः॥ १५॥

પદાર્થ : હે વિદ્વાનો ! તમે साकंजानाम्-એક સાથે ઉત્પન્ન થયેલા પદાર્થોના મધ્યમાં જે एकजम्-એક કારણથી ઉત્પન્ન મહત્ત્વને सप्तथम्-સાતમું आहः-કહે છે. જ્યાં षट्-છ देवजाः-દેદીપ્યમાન વિદ્યુત્‌થી ઉત્પન્ન થયેલ यमाः-નિયંતા અર્થાત્ સર્વને યથાયોગ્ય વ્યવહારોમાં વર્તાવનારા ऋषयः-આપ સર્વમાં મળનાર ઋતુ વર્તમાન છે, तेषाम्-તેની મધ્યમાં જે धामशः-પ્રત્યેક સ્થાનમાં इष्टानि-મળેલા-મિશ્ર પદાર્થોને ઈશ્વરે विहितानि-રચેલ છે અને જે रूपशः-રૂપોની સાથે विकृतानि-અવસ્થાન્તરને પ્રાપ્ત થયેલ स्थात्रे-સ્થિત કારણની મધ્યમાં रेजन्ते-કંપન થાય છે-ચલાયમાન થાય છે, તે સર્વને इत्-જ इति-એ પ્રકારથી જ જાણો. (૧૫)

*ભાવાર્થ : જે આ સંસારમાં પદાર્થો છે, તે સર્વ ઈશ્વરની વ્યવસ્થાથી યુગપત્ = ક્રમની અપેક્ષા નથી. શા માટે ? અર્થાત્ કેમ નથી ? કારણ કે ઈશ્વરની સર્વ-વ્યાપકતા અને અનન્ત સામર્થ્યતા કારણ*

*છે. તેથી તે સ્વયં અચળ રહેવા છતાં સર્વ લોકોને ચલાવે છે. તે ઈશ્વર વિકારરહિત (રૂપાન્તર રહિત) રહીને સર્વને વિકારયુક્ત (રૂપાન્તર યુક્ત) કરે છે.*

*જેમ ઋતુઓ ક્રમથી વર્તમાન રહે છે અને પોત-પોતાના લક્ષણોને પ્રકટ કરે છે, તેમ જ પદાર્થો ઉત્પન્ન થઈને પોત-પોતાના ગુણોને પ્રાપ્ત થાય છે. (૧૫)*

**स्त्रियः सतीस्ताँ उ मे पुंस आहुः पश्यदक्षण्वान्न वि चैतदन्धः।**

**कविर्यः पुत्रः स ईमा चिकेत यस्ता विजानात्स पितुष्पितासत्॥ १६॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેને अक्षण्वान्-વિજ્ઞાની पश्यत्-દેખે, अन्धः-અને અંધ = અજ્ઞાની न-દેખે નહિ, वि, चेतत्-વિવિધ પ્રકારથી જાણે. જેને सतीः-વિદ્યા, સુશિક્ષા અને શુભ ગુણોથી યુક્ત स्त्रियः-સ્ત્રીઓ आहुः-કહે છે, तानु-તેને मे-મારા पुंसः-પુરુષોને જાણો.

यः-જે कविः-વિક્રાન્ત પ્રજ્ઞ = પ્રત્યેક પદાર્થમાં ક્રમ-ક્રમથી પહોંચાડનારી બુદ્ધિ રાખનાર पुत्रः-પવિત્ર વૃદ્ધિને પ્રાપ્ત પુરુષ ता-તે ઈષ્ટ પદાર્થોને ईम्-સર્વત્રથી आ, विजानात्-સમ્યક્ જાણે છે, सः-તે વિદ્વાન છે; અને यः-જે વિદ્વાન છે, सः-તે पितुः-પિતાના પણ पिता-પિતા असत्-છે-થવાને યોગ્ય છે, એમ તમે चिकेत-જાણો. (૧૬)

*ભાવાર્થ : જેને વિદ્વાનો જાણે છે, તેને અવિદ્વાન જાણી શકતા નથી.*

*જેમ વિદ્વાન પુરુષ પુત્રોને ભણાવીને વિદ્વાન બનાવે, તેમ વિદુષી સ્ત્રીઓ કન્યાઓને વિદુષી બનાવે.*

*જેઓ પૃથિવીથી લઈને પરમેશ્વર-પર્યન્ત પદાર્થોના ગુણ, કર્મ, સ્વભાવોને જાણીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સિદ્ધ-પ્રાપ્ત કરે છે, તેઓ યુવક હોવા છતાં વૃદ્ધોના પિતરો-પિતા (સમાન) બને છે. (૧૬)*

**अवः परेण पर एनावरेण पदा वत्सं बिभ्रती गौरुदस्थात्।**

**सा कद्रीची कं स्विदर्द्धं परागात् क्व स्वित्सूते नहि यूथे अन्तः॥ १७॥**

પદાર્થ : જે वत्सम्-ઉત્પન્ન થયેલ મનુષ્યાદિ સંસારને बिभ्रती-ધારણ કરતી गौः-ગમન કરનારી, परेण-ઉપર વા अवरेण-નીચે पदा-પ્રાપ્ત કરનારા ગમનરૂપ ચરણોથી अवः-નીચેથી उदस्थात्-ઊઠે છે, एना-એથી परः-પાછળથી ઊઠે છે. જે यूथे-સમૂહના अन्तः-મધ્યમાં कम्, स्वित्-કોઈને अर्द्धम्-અર્ધા सूते-ઉત્પન્ન કરે છે, सा-તે कद्रीची-અપ્રત્યક્ષ ગમન કરનારી क्व, स्वित्-કોઈમાં नहि, परा, अगात्-પાછળ ફરી જતી નથી. (૧૭)

*ભાવાર્થ : આ પૃથિવી સૂર્યની નીચે, ઉપર, દક્ષિણ તથા ઉત્તર તરફ ગતિ કરે છે એની ગતિ વિદ્વાન સિવાય અન્ય જાણી શકતા નથી. તેના પાછળના અર્ધ ભાગમાં સદા અંધકાર અને આગળના અર્ધ ભાગમાં પ્રકાશ રહે છે. મધ્યમાં સર્વ પદાર્થો રહે છે. તે આ પૃથિવી માતાની સમાન સર્વનું*

પાલન કરે છે. (૧૭)

अवः परेण पितरं यो अस्यानुवेद पर एनावरेण।

कवीयमानः क इह प्र वोचद् देवं मनः कुतो अधि प्रजातम्॥ १८॥

પદાર્થ : હે વિદ્વાન્ ! अस्य-એના अवः-અધો-નીચેના ભાગથી તથા परेण-પર ભાગથી વિદ્યમાન पितरम्-પાલન કરનાર સૂર્યને अनुवेद-વિદ્યા ભણ્યા પછી જાણે છે; यः-જે परः-પર અને एना-એ ઉક્ત अवरेण-નીચેના માર્ગથી જાણે છે, તે कवीयमानः-અત્યંત વિદ્વાન છે. कुतः-ક્યાંથી આ देवम्-દિવ્યગુણ સંપન્ન मनः-અન્તઃકરણ प्रजातम्-ઉત્પન્ન થયેલ છે, એમ इह-આ વિદ્યા વા જગતમાં कः-કોણ अधि, प्र, वोचत-અધિકતર કહે છે. (૧૮)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્યુત્થી લઈને સૂર્ય પર્યન્ત અગ્નિને પિતા સમાન પાલક જાણે, (તેઓ) જેના ઉત્તમ અને સામાન્ય કારણ તથા કાર્ય નામક સ્વરૂપ છે. તેનો ઉપદેશ, દિવ્ય અન્તઃકરણયુક્ત બનીને આ સંસારમાં કહે. (૧૮)*

ये अर्वाञ्चस्ताँ उ पराच आहुर्ये पराञ्चस्ताँ उ अर्वाच आहुः।

इन्द्रश्च या चक्रथुः सोम तानि धुरा न युक्ता रजसो वहन्ति॥ १९॥

પદાર્થ : હે सोम-ઐશ્વર્યયુક્ત વિદ્વાન્ ! ये-જે अर्वाञ्चः-નીચે જનાર પદાર્થ છે, तान्, उ-તેને पराचः-ઉપર પહોંચેલ आहुः-કહે છે ये-જે पराञ्चः-ઉપર ભાગમાં પહોંચનાર છે, तान्-उ-તેને તર્ક-વિતર્કથી अर्वाचः-નીચે જનાર आहुः-કહે છે, તેને જાણો.

इन्द्रः-સૂર્ય च-અને વાયુ या-જે ભુવનોને ધારણ કરે છે, तानि-તેને युक्ताः-યુક્ત અર્થાત્ તેમાં સંબંધ કરેલ પદાર્થ धुरा-ધારણ કરનારી ધરીમાં જોડેલ ઘોડાઓની न-સમાન रजसः-લોકોને वहन्ति-વહાવે-ચલાવે છે, તેને હે અધ્યાપકો અને ઉપદેશકો ! તમે વિદિત चक्रथुः-કરો-જાણો. (૧૯)

*ભાવાર્થ : હે મનુષ્યો ! આ સંસારમાં જે નીચે-ઉપર, દૂર-સમીપ, સ્થૂળ-સૂક્ષ્મ, લઘુ-ગુરુ (આદિ) વ્યવહાર છે, તે સાપેક્ષ છે. જે 'આ આનાથી ઉપર છે' (એમ) કહેવામાં આવે છે, તે બન્ને નામો (સંજ્ઞાઓ) ને પ્રાપ્ત થાય છે. જે આનાથી પરે = દૂર (છે), સ્થૂળ (છે), તે બીજાથી સૂક્ષ્મ (છે), જે આનાથી લઘુ છે, તે બીજાથી ગુરુ છે, એમ તમે જાણો. આ સંસારમાં કોઈ પણ વસ્તુ નિરપેક્ષ = અપેક્ષા રહિત નથી અને નિરાધાર પણ નથી. (૧૯)*

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परि षस्वजाते।

तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभि चाकशीति॥ २०॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सुपर्णा-સુંદર પાંખોવાળા सयुजा-સમાન સંબંધ રાખનારા सखाया-

મિત્રોની સમાન વિદ્યમાન द्वा-બે પંખીઓ समानम्-એક वृक्षम्-કાપવામાં આવતા તે વૃક્ષનો परि, सस्वजाते-આશ્રય કરે છે-રહેલ છે; तयोः-તેમાંથી अन्यः-એક પંખી पिप्यलम्-એ વૃક્ષના પાકેલા ફલને स्वादु-મધુરતાથી अत्ति-ખાય છે-સેવન કરે છે અને अन्यः-બીજું પંખી अनश्नत्-ખાતું નથી પરંતુ अभि, चाकशीति-સર્વત્રથી જુએ છે.

સુંદર ચાલતા-ફરતા વા ક્રિયાજન્ય કામને જાણનારા વ્યાપ્ય-વ્યાપકભાવથી સાથે સંબંધ રાખનારા મિત્રોની સમાન વર્તમાન જીવ અને ઈશ્વર છે.

ઈશ્વર સમાન કાર્ય-કારણરૂપ બ્રહ્માંડ દેહનો આશ્રય કરે છે, તે બન્ને જીવ અને બ્રહ્મ અનાદિ છે, તેમાં જીવ પાપ-પુણ્યથી ઉત્પન્ન સુખ-દુઃખાત્મક ભોગને સ્વાદુપણા-મધુરતાથી ભોગવે છે અને બીજો જે બ્રહ્માત્મા કર્મફળનો ભોકતા નથી. પરંતુ તે ભોક્તા જીવને સર્વત્રથી જુએ છે અર્થાત્ સાક્ષી છે. એમ તમે જાણો.

*ભાવાર્થ : જીવ, ઈશ્વર અને જગતનું કારણ (= પ્રકૃતિ) એ ત્રણ પદાર્થો અનાદિ અને નિત્ય છે. તેમાં જીવ અને ઈશ્વર ક્રમશઃ અલ્પ પરિણામવાળા અને અનંત પરિણામવાળા છે, ચેતન અને વિજ્ઞાન સંપન્ન છે તથા વિલક્ષણ (કર્મોવાળા) છે. તેઓ ક્રમશઃ વ્યાપ્ય અને વ્યાપક ભાવથી સંયુક્ત રહીને મિત્ર સમાન વર્તમાન છે.*

*એજ રીતે અવ્યક્ત પરમાણુરૂપ કારણ (= પ્રકૃતિ) થી કાર્યરૂપ જગત ઉત્પન્ન થાય છે, તે પણ અનાદિ અને નિત્ય છે.*

*સમસ્ત જીવ પાપ અને પુણ્યરૂપી કર્મ કરીને તેનાં ફળોને ભોગવે છે, તથા ઈશ્વર એકલો અભિવ્યાપક થઈને, ન્યાયપૂર્વક પાપ-પુણ્યનું ફળ આપવાના કારણે, ન્યાયાધીશની સમાન નિરીક્ષણ કરે છે. (૨૦)*

**यत्रा सुपर्णा अमृतस्य भागमनिमेषं विदथाभिस्वरन्ति।**

**इनो विश्वस्य भुवनस्य गोपाः स मा धीरः पाकमत्रा विवेश॥ २१॥**

પદાર્થ : यत्र-જે विदथा-વિજ્ઞાનમય પરમેશ્વરમાં सुपर्णाः-શોભન કર્મવાળા જીવ अमृतस्य-મોક્ષના भागम्-સેવન કરવા યોગ્ય અંશને अनिमेषम्-નિરંતર अभिस्वरन्ति-સન્મુખ કહે છે અર્થાત્ પ્રત્યક્ષ કહે છે; વા જે પરમેશ્વરમાં विश्वस्य-સમસ્ત भुवनस्य-લોક-લોકાન્તરનો गोपाः-પાલક इनः-સ્વામી સૂર્યમંડળ आ, विवेश-પ્રવેશ કરે છે-અર્થાત્ સૂર્યાદિ લોક-લોકાન્તર સર્વ લયને પ્રાપ્ત થાય છે-જે એને જાણે છે, सः-તે धीरः-ધ્યાનવાન પુરુષ अत्र-એ પરમેશ્વરમાં पाकम्-પરિપક્વ વ્યવહારવાળા मा-મને ઉપદેશ કરે. (૨૧)

*ભાવાર્થ : જ્યાં સૂર્ય આદિ લોક-લોકાન્તર અને દ્વીપ-દ્વીપાન્તર, એ સર્વ લયને પ્રાપ્ત થાય છે, તેના ઉપદેશથી જ સાધકજન મોક્ષ પ્રાપ્ત કરે છે, અન્યથા નહિ. (૨૧)*

**यस्मिन् वृक्षे मध्वदः सुपर्णा निविशन्ते सुवते चाधि विश्वे।**

तस्येदाहुः पिप्पलं स्वाद्वग्रे तन्नोन्नशद्यः पितरं न वेद॥ २२॥

પદાર્થ : હે વિદ્વાનો ! यस्मिन्-જે विश्वे-સમસ્ત वृक्षे-વૃક્ષ પર मध्वदः-મધને ખાનાર सुपर्णाः-સુંદર પાંખોયુક્ત ભમરા આદિ પક્ષી नि, विशन्ते-સ્થિર થાય છે अधि, सुवते, च-અને આધારભૂત બનીને પોતના બાળકોને ઉત્પન્ન કરે છે, तस्य; इत्-તેના જ पीप्पलम्-જળની સમાન નિર્મળ ફળને अग्ने-આગળ स्वादु-સ્વાદિષ્ટ आहुः-કહે છે અને तत्-તે न, उत्, नशत्, નષ્ટ પામતા નથી અર્થાત્ વૃક્ષ રૂપ આ જગતમાં મધુર કર્મ ફળોને ખાનારાઓ ઉત્તમ કર્મયુક્ત જીવ સ્થિર રહે છે અને તેમાં સંતાનોને ઉત્પન્ન કરે છે, તેને જળની સમાન નિર્મળ કર્મફળ સંસારમાં થતા તેને આગળ ઉત્તમ કહે છે અને નષ્ટ થતા નથી અર્થાત્ પછી અશુભ કર્મો કરવાથી સંસારરૂપ વૃક્ષનું જે ફળ જોઈએ તે મળતું નથી.

यः-જે પુરુષ पितरम्-પાલક પરમાત્માને न, वेद-જાણતો નથી, તે આ સંસારના ઉત્તમ ફળને પામતો નથી. (૨૨)

*ભાવાર્થ : અનાદિ-અનંત કાળથી આ સંસાર ઉત્પન્ન અને નષ્ટ થતો રહ્યો છે તથા જીવ (શારીરિક દૃષ્ટિએ) જન્મ લે છે અને મૃત્યુ પામે છે.*

*આ સંસારમાં જીવો દ્વારા જેવા કર્મો કરેલ છે, તેમ જ ઈશ્વરકૃત ન્યાય અનુસાર તેઓને ફળ ભોગવવા પડે છે. કર્મ અને જીવનો પણ નિત્ય સંબંધ છે.*

*જેઓ પરમાત્માને જાણતા નથી અને તેના ગુણ, કર્મ, સ્વભાવને અનુકૂળ આચરણ કરતા નથી અને પોતાની ઈચ્છાનુસાર કરે છે, તેઓ નિરંતર દુઃખી થાય છે અને જે તેથી વિપરીત (ગુણ, કર્મ, સ્વભાવ અનુસાર આચરણ કરનારા) છે, તેઓ સદા આનંદિત રહે છે. (૨૨)*

यद् गायत्रे अधि गायत्रमाहितं त्रैष्टुभाद् वा त्रैष्टुभं निरतक्षत।
यद् वा जगज्जगत्याहितं पदं य इत्तद् विदुस्ते अमृतत्वमानशुः॥ २३॥

પદાર્થ : ये-જે લોકો यत्-જે गायत्रे-ગાયત્રી છંદો વાચ્ય વૃત્તિમાં गायत्रम्-ગાનારની રક્ષા કરનાર अधि, आहितम्-સ્થિત છે; त्रैष्टुभात्, वा-અથવા ત્રિષ્ટુપ છંદોવાચ્ય વૃત્તિથી त्रैष्टुभम्-ત્રિષ્ટુપમાં પ્રસિદ્ધ થયેલ અર્થને निरतक्षत-નિરંતર વિસ્તૃત કરે છે; वा-વા यत्-જે जगति-સંસારમાં जगत्-પ્રાણી આદિ જગત पदम्-જાણવા યોગ્ય आहितम्-સ્થિત છે तत्-તેને विदुः-જાણે છે, ते-તેઓ इत्-જ अमृतत्त्वम्-મોક્ષભાવને आनशुः-પ્રાપ્ત થાય છે-કરે છે. (૨૩)

*ભાવાર્થ : જેઓ સૃષ્ટિના પદાર્થોને અને તેમાં સર્વના સ્વામી પરમેશ્વરને જાણીને તથા પરમાત્માનું ધ્યાન કરીને વિદ્યા અને ધર્મની ઉન્નતિ કરે છે, તેઓ મોક્ષ પ્રાપ્ત કરે છે. (૨૩)*

गायत्रेण प्रति मिमीते अर्कमर्केण साम त्रैष्टुभेन वाकम्।
वाकेन वाकं द्विपदा चतुष्पदाक्षरेण मिमते सप्त वाणीः॥ २४॥

પદાર્થ : વિદ્વાનો ! જે જગદીશ્વર गायत्रेण-ગાયત્રી છંદથી अर्कम्-ઋક્ अर्केण-ઋચાઓના સમૂહથી साम-સામ त्रैष्टुभेन-ત્રિષ્ટુપ છંદ વા ત્રણ વેદોની વિદ્યાઓની સ્તુતિઓથી वाकम्-યજુર્વેદ द्विपदा-બે પદો જેમાં વિદ્યમાન છે વા चतुष्पदा-ચાર પદોવાળા अक्षरेण-નાશરહિત वाकेन-યજુર્વેદથી वाकम्-અથર્વવેદ અને सप्त-ગાયત્રી આદિ સાત છંદયુક્ત वाणीः-વેદવાણીને प्रति, मिमीते-પ્રતિમાન કરે છે અને જે તેના જ્ઞાનનું मिमते-માન કરે છે, તેઓ કૃતકૃત્ય બને છે. (૨૪)

*ભાવાર્થ : જે જગદીશ્વરે વેદના અક્ષર, પદ, વાક્ય, છંદ અને અધ્યાય આદિ રચેલ છે, તેને સર્વ મનુષ્યો ધન્યવાદ આપે. (૨૪)*

**जग॑ता॒ सिन्धुं॑ दि॒व्य॑स्तभायद्रथन्त॒रे सूर्यं॒ पर्य॑पश्यत्।**
**गा॒य॒त्रस्य॑ स॒मिध॑स्ति॒स्र आ॑हु॒स्ततो॑ म॒ह्ना प्र रि॑रिचे महि॒त्वा॥ २५॥**

પદાર્થ : જે જગદીશ્વર जगता-સંસારની સાથે सिन्धुम्-નદી આદિને दिवि-પ્રકાશ रथन्तरे-અને અન્તરિક્ષમાં सूर्यम्-સૂર્યલોકને अस्तभायत्-રોકે છે; વા સર્વને पर्यपश्यत्-સર્વત્રથી દેખે છે; વા જે गायत्रस्य-ગાયત્રી છંદથી સમ્યક્ સિદ્ધ ઋગ્વેદના સાનિધ્યથી तिस्रः, समिधः-સમ્યક્ પ્રદીપ્ત ત્રણ પદાર્થોને અર્થાત્ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળના સુખોને आहुः-કહે છે, ततः-તેનાથી मह्ना-મહૌન महित्वा-પ્રશંસનીય ભાવથી प्र, रिरिचे-પૃથક્ થાય છે અર્થાત્ પૃથક્ ગણવામાં આવે છે, તે સર્વને પૂજવા-સત્કાર કરવા યોગ્ય છે. (૨૫)

*ભાવાર્થ : જ્યારે ઈશ્વરે સંસારની રચના કરી, ત્યારે નદી, સમુદ્ર આદિ બનાવ્યા.*

*જેમ સૂર્ય આકર્ષણથી ભૂગોળોને ધારણ કરે છે, તેમ સૂર્ય આદિને ઈશ્વર ધારણ કરે છે.*

*જે સર્વ જીવોને સમસ્ત પાપ-પુણ્યરૂપ કર્મોને જાણીને ફળ પ્રદાન કરે છે, તે (ઈશ્વર) સર્વ પદાર્થોથી મહાન છે. (૨૫)*

**उप॑ ह्वये सु॒दुघां॑ धे॒नुमे॒तां सु॒हस्तो॑ गो॒धुगु॒त दो॑हदेनाम्।**
**श्रेष्ठं॑ स॒वं स॑वि॒ता सा॑विषन्नो॒ऽभीद्धो॑ घ॒र्मस्तदु॒ षु प्र वो॑चम्॥ २६॥**

પદાર્થ : જેમ सुहस्त-જેના સુંદર હાથ અને गोधुक्-ગાયને દોહતા હું एताम्-એ सुदुधाम्-સારી રીતે દોવાતી અર્થાત્ કામોને પૂરા કરતી धेनुम्-દૂધ દેનારી ગાયરૂપી વિદ્યાનો उप, ह्वये-સ્વીકાર કરું છું उत-અને एनाम्-એ વિદ્યાને આપ પણ दोहत्-દોહો; વા જે श्रेष्ठम्-ઉત્તમ सवम्-ઐશ્વર્યને सविता-ઐશ્વર્ય દાતા नः-અમારા માટે साविषत्-ઉત્પન્ન કરે; વા જેમ अभीद्धः-સર્વત્રથી પ્રદીપ્ત અર્થાત્ અત્યંત તપતો घर्मः-તાપ વર્ષા કરે છે तदु-તે સર્વને જેમ હું सु, प्र, वोचम्-સારી રીતે કહું, તેમ તમે પણ એને સારી રીતે કહો. (૨૬).

*ભાવાર્થ : અધ્યાપક વિદ્વાનો પૂર્ણ વિદ્યાયુક્ત વાણી સારી રીતે આપે. જેથી શિષ્ય ઉત્તમ ઐશ્વર્યને*

*પ્રાપ્ત કરી શકે.*

*જેમ સૂર્ય સમસ્ત સંસારને પ્રકાશિત કરે છે, તેમ ઉપદેશકો સર્વ વિદ્યાઓને પ્રકાશિત કરે. (૨૬)*

**हि॒ङ्कृ॒ण्व॒ती व॑सु॒पत्नी॒ वसू॑नां व॒त्समि॒च्छन्ती॒ मन॑सा॒भ्याग॑त्।**

**दु॒हाम॒श्विभ्यां॒ पयो॑ अ॒घ्न्येयं सा व॑र्द्धतां म॒ह॒ते सौभ॑गाय॥ २७॥**

પદાર્થ : જેમ हिङ्कृण्वती-ભાંબરતી અને मनसा-મનથી वत्सम्-વાછરડાને इच्छन्ती-ઈચ્છતી इयम्-એ अघ्न्या-મારવાને અયોગ્ય ગાય अभि, आ, आगात्-સર્વત્રથી આવે છે.

જે अश्विभ्याम्-સૂર્ય અને વાયુથી पयः-જળ વા દૂધને दुहाम्-દોહતા પદાર્થોમાં વર્તમાન પૃથિવી છે, सो-તે वसूनाम्-અગ્નિ આદિ વસુ સંજ્ઞકોમાં वसुपत्नी-વસ્તુઓની પાલિકા महते-અત્યંત सौभगाय-સુંદર ઐશ્વર્યને માટે वर्द्धताम्-વૃદ્ધિ પામે, ઉન્નતિને પ્રાપ્ત થાય. (૨૭)

*ભાવાર્થ : જેમ પૃથિવી મહાન ઐશ્વર્યની વૃદ્ધિ કરે છે, તેમ ગાયો મહાન સુખ આપે છે. તેથી તેને કોઈએ કદીપણ ન મારવી જોઈએ. (૨૭)*

**गौर॑मीमे॒दनु॑ व॒त्सं मि॒षन्तं॑ मू॒र्द्धानं॒ हिङ्ङ॑कृणो॒न्मात॒वा उ।**

**सृक्वा॑णं घ॒र्मम॒भि वा॑वशा॒ना मिमा॑ति मा॒युं पय॑ते॒ पयो॑भिः॥ २८॥**

હે મનુષ્યો ! જેમ वावशाना-નિરંતર કામના કરતી गौः-ગાય मिषन्तम्-શબ્દ કરતી वत्सम्-વાછરડાને તથા मूर्द्धानम्-મસ્તકને अनु, हिङ्, अकृणोत्-સુંઘતી, મસ્તકને ચાટતી, શબ્દ કરે છે-ભાંભરે છે અને मातवै-માન-પ્રેમ કરવા માટે उ-જ તે વાછરડાના દુઃખનો अमीमेत्-નાશ કરે છે, તેમ पयोभिः-જળોની સાથે વર્તમાન પૃથિવી घर्मम्-તાપને सृक्वाणम्-રચીને દિવસને તથા मायुम्-વાણીને પ્રસિદ્ધ કરીને पयते-પોતાના ભૂચક્રમાં જાય છે અને સુખનો अभि, मिमाति-સર્વત્રથી માન અર્થાત્ તોલ-વજન કરે છે. (૨૮)

*ભાવાર્થ : જેમ ગાયોની પાછળ વાછરડાઓ અને વાછરડાઓની પાછળ ગાયો જાય છે, તેમ પૃથિવીઓની અનુસાર પદાર્થ અને પદાર્થોને અનુસાર પૃથિવીઓ ચાલે છે. (૨૮)*

**अ॒यं स शि॑ङ्क्ते॒ येन॒ गौर॒भीवृ॑ता॒ मिमा॑ति मा॒युं ध्व॒सना॒वधि॑ श्रि॒ता।**

**सा चि॒त्तिभि॒र्नि हि च॒कार॒ मर्त्यं॑ वि॒द्युद्भव॑न्ती॒ प्रति॑ व॒व्रिमौ॑हत॥ २९॥**

પદાર્થ : सः-તે अयम्-આ વાછરડાઓની સમાન મેઘ ભૂમિમાં शिङ्क्ते-ગર્જનાનો અવ્યક્ત શબ્દ કરે છે. કોણ ? કે येन-જેથી ध्वसनौ-ઉપર, નીચે અને મધ્યમાં જવાને પરિધિ તેમાં अधि, श्रिता-આશ્રિત થઈને अभीवृता-સર્વત્ર વાયુથી આવૃત્ત गौः-પૃથિવી मायुम्-પરિમિત માર્ગ प्रति, मिमाति-પ્રત્યે જાય છે, सा-તે चित्तिभिः-પરમાણુઓના સમૂહોથી मर्त्यम्-મરણધર્મા મનુષ્યને चकार-કરે છે, તે પૃથિવી हि-જ માં भवन्ती-વર્તમાન विद्युत्-વિદ્યુત્ वव्रिम्-પોતાના રૂપને नि, औहत-નિરંતર તર્ક-

વિતર્કથી પ્રાપ્ત થાય છે. (૨૯)

*ભાવાર્થ : જેમ પૃથિવીથી ઉત્પન્ન થઈને તથા અન્તરિક્ષમાં પ્રચુરતાને પ્રાપ્ત થઈને મેઘ પૃથિવી પર વૃક્ષ આદિને સમ્યક્ સિંચીને વૃદ્ધિ કરે છે, તેમ પૃથિવી સર્વની વૃદ્ધિ કરે છે અને ત્યાં વર્તમાન વિદ્યુત્ રૂપને પ્રકાશિત કરે છે.*

*જેમ શિલ્પીજનો ક્રમથી (પદાર્થનું) ચયન કરીને વિજ્ઞાનપૂર્વક ગૃહ આદિનું નિર્માણ કરે છે, તેમ પરમેશ્વરે આ સૃષ્ટિ નિર્માણ કરી છે. (૨૯)*

**अनच्छये तुरगातु जीवमेजद् ध्रुवं मध्य आ पस्त्यानाम्।**
**जीवो मृतस्य चरति स्वधाभिरमर्त्यो मर्त्येना सयोनिः॥ ३०॥**

પદાર્થ : જે બ્રહ્મ तुरगातु-શીઘ્ર ગમનને अनत्-પુષ્ટ કરીને जीवम्-જીવને एजत्-કંપાવે છે અને पस्त्यानाम्-ગૃહોની અર્થાત્ જીવોના શરીરની मध्ये-મધ્યમાં ध्रुवम्-નિશ્ચલ થઈને शये-શયન કરે છે.

જ્યાં अमर्त्यः-અનાદિત્વથી મૃત્યુધર્મરહિત जीवः-स्वधाभिः-અન્નાદિ અને मर्त्यैन-મરણધર્મા શરીરની સાથે सयोनिः-સમાન સ્થાનસ્થ થઈને मृतस्य-મરણ સ્વભાવવાળા જગતની મધ્યમાં आ, चरति-જાય છે-આચરણ કરે છે, તે બ્રહ્મમાં સમસ્ત જગત વસેલ છે. એમ જાણવું જોઈએ. (૩૦)

*ભાવાર્થ : જે ચલાયમાન પદાર્થો સ્થિર, અનિત્યોમાં નિત્ય અને વ્યાપ્યોમાં વ્યાપક ઈશ્વર છે. તેની વ્યાપકતાથી રહિત અતિ સૂક્ષ્મ વસ્તુ પણ નથી, તેથી સર્વ જીવાત્માઓએ એ અન્તર્યામી રૂપથી સ્થિત (ઈશ્વર)ની નિત્ય ઉપાસના કરવી જોઈએ. (૩૦)*

**अपश्यं गोपामनिपद्यमानमा च परा च पथिभिश्चरन्तम्।**
**स सध्रीचीः स विषूचीर्वसान आ वरीवर्त्ति भुवनेष्वन्तः॥ ३१॥**

પદાર્થ : હું गोपाम्-સર્વ રક્ષક, अनिपद्यमानम्-મન આદિ ઈન્દ્રિયોને પ્રાપ્ત ન થનાર અને पथिभिः-માર્ગો દ્વારા आ, च-આગળ અને परा, च-પાછળ चरन्तम्-પ્રાપ્ત થનાર પરમાત્મા વા વિચરણ કરતા જીવને अपश्यम्-દેખું છું. सः-તે જીવાત્મા सध्रीचीः-સાથે જતી ગતિઓને सः-તે જીવ અને विषूचीः-અનેક પ્રકારની કર્માનુસાર ગતિઓનું वसानः-આચ્છાદન કરીને भुवनेषु-લોક-લોકાન્તરોની अन्तः-મધ્યમાં आ, वरीवर्त्ति-નિરંતર સમ્યક્ રીતે વર્તમાન છે.

*ભાવાર્થ : સર્વના દ્રષ્ટા પરમેશ્વરને જીવ (નેત્રોથી) જોઈ શકતો નથી, પરંતુ પરમાત્મા સર્વને યથાર્થ રીતે દેખે છે.*

*જેમ વસ્ત્ર આદિથી આવૃત્ત-ઢંકાયેલ પદાર્થ દેખાતો નથી, તેમ જીવ પણ સૂક્ષ્મ હોવાના કારણે દેખાતો નથી.*

*એ જીવ કર્મ ગતિ અનુસાર સર્વ લોકોમાં ભ્રમણ કરે છે. તેની અંદર અને બહાર સ્થિત રહીને પરમાત્મા પાપ અને પુણ્યના ફળ આપવા રૂપ ન્યાય દ્વારા સર્વને સર્વ સ્થાનોમાં જન્મ આપે છે. (૩૧)*

य ईं चकार न सो अस्य वेद य ईं ददर्श हिरुगिन्नु तस्मात्।
स मातुर्योना परिवीतो अन्तर्बहुप्रजा निर्ऋतिमा विवेश॥ ३२॥

પદાર્થ : यः-જે જીવ ईम्-ક્રિયા માત્ર चकार-કરે છે, सः-તે अस्य-એ પોતાના રૂપને न, वेद-જાણતો નથી.

यः-જે ईम्-સમસ્ત ક્રિયાઓને ददर्श-જોતા અને પોતાના રૂપને જાણે છે, सः-તે तस्मात्-તેનાથી हिरुक्-પૃથક્ થઈને मातुः-માતાના योना-ગર્ભાશયની अन्तः-મધ્યમાં परिवीतः-સર્વત્રથી ઢંકાયેલ बहुप्रजाः-અનેક વાર જન્મ લેનાર निर्ऋतिम्-ભૂમિમાં इत्-જ नु-શીઘ્ર आ, विवेश આવે છે-પ્રવેશ કરે છે. (૩૨)

*ભાવાર્થ : જે જીવો માત્ર કર્મ કરે છે અને ઉપાસના તથા જ્ઞાનને પ્રાપ્ત થતા નથી, તેઓ પોતાનાં સ્વરૂપને પણ જાણતા નથી.*

*જે (જીવો) કર્મ, ઉપાસના અને જ્ઞાનમાં નિપુણ છે, તેઓ પોતાના અને પરમાત્માના સ્વરૂપને જાણી શકે છે.*

*જીવોના પૂર્વજન્મોનો આરંભ અને પુનર્જન્મોનો અન્ત નથી.*

*જ્યારે (જીવ) શરીરનો ત્યાગ કરે છે, ત્યારે આકાશમાં સ્થિત થઈને, પૃથિવી પર ચેષ્ટાયુક્ત બને છે. (૩૨)*

द्यौर्मे पिता जनिता नाभिरत्र बन्धुर्मे माता पृथिवी महीयम्।
उत्तानयोश्चम्वो३र्योनिरन्तरत्रा पिता दुहितुर्गर्भमाधात्॥ ३३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જ્યાં पिता-પિતૃસ્થાની સૂર્ય दुहितुः-કન્યારૂપ ઊષામાં गर्भम्-કિરણરૂપી વીર્યને आ, अधात्-સ્થાપિત કરે છે, ત્યાં चम्वोः-બે સેનાઓની સમાન સ્થિત उत्तानयोः-ઉપરિસ્થ-ઊંચે સ્થાપિત કરેલ પૃથિવી અને સૂર્યના अन्तः-મધ્યમાં મારું योनिः-ઘર છે.

अत्र-આ જન્મમાં मे-મને जनिता-ઉત્પન્ન કરનાર पिता-પિતા, द्यौः-પ્રકાશમાન સૂર્ય, વિદ્યુત્‌ની સમાન છે, अत्र-અહીં मे-મારા नाभिः બંધનરૂપ बन्धुः-ભાઈની સમાન પ્રાણ છે અને इयम्-આ मही-મહાન पृथिवी-ભૂમિની સમાન माता-માન્યપ્રદા જનની-માતા વિદ્યમાન છે, એમ જાણવું જોઈએ. (૩૩)

*ભાવાર્થ : ભૂમિ અને સૂર્ય સર્વના માતા-પિતા અને બંધુ સમાન છે. આ જ અમારું નિવાસ સ્થાન છે.*

*જેમ સૂર્ય પોતાની ઉત્પન્ન થયેલી ઊષામાં કિરણરૂપી વીર્ય સ્થાપિત કરીને દિવસરૂપી પુત્ર ઉત્પન્ન કરે છે, તેમ જ માતા-પિતા પ્રકાશમાન પુત્ર ઉત્પન્ન કરે. (૩૩)*

पृच्छामि त्वा परमन्तं पृथिव्याः पृच्छामि यत्र भुवनस्य नाभिः।
पृच्छामि त्वा वृष्णो अश्वस्य रेतः पृच्छामि वाचः परमं व्योम॥ ३४॥

પદાર્થ : હે વિદ્વાન્ ! त्वा-આપને पृथिव्याः-પૃથિવીથી परम्-પર अन्तम्-અન્તને पृच्छामि-પૂછું છું. यत्र-જ્યાં भुवनस्य-લોહ સમૂહનું नाभिः-બંધન છે તેને पृच्छामि-પૂછું છું. वृष्णः-વીર્યવર્ષક अश्वस्य-ઘોડાની સમાન વીર્યવાનના रेतः-વીર્યનું त्वा-આપને पृच्छामि-પૂછું છું અને वाचः-વાણીના परमम्-પરમ व्योम-વ્યાપક અવકાશ અર્થાત્ આકાશનું આપને पृच्छामि-પૂછું છું.

*ભાવાર્થ : આ મંત્રમાં ચાર પ્રશ્નો છે. [(૧) પૃથિવીથી પર અન્ત ક્યાં છે ? (૨) લોક સમૂહ = બ્રહ્માંડની નાભિ શું છે ? (૩) વીર્યવાનનું વીર્ય શું છે ? અને (૪) વાણીનો પરમ અવકાશ શું છે.] આના ઉત્તરો હવે પછીના મંત્રમાં છે. આ રીતે જિજ્ઞાસુઓએ વિદ્વાનોથી નિત્ય પૂછવું જોઈએ. (૩૪)*

**इयं वेदिः परो अन्तः पृथिव्या अयं यज्ञो भुवनस्य नाभिः।**
**अयं सोमो वृष्णो अश्वस्य रेतो ब्रह्मायं वाचः परमं व्योम॥ ३५॥**

પદાર્થ : હે મનુષ્યો ! તમે (૧) पृथिव्या-ભૂમિના परः-પર अन्तः-ભાગ इयम्-આ वेदिः-જેમાં શબ્દોને જાણીએ તે આકાશ અને વાયુ રૂપ વેદિ છે (૨) अयम्-આ यज्ञः-(સૂર્ય) યજ્ઞ भुवनस्य-ભૂગોળ સમૂહનું नाभिः-આકર્ષણથી બંધન છે, (૩) अयम्-આ सोमः-સોમલતાદિ રસ વા ચંદ્રમા वृष्णः-વર્ષા કરનાર અને अश्वस्यः-શીઘ્રગામી સૂર્યના रेतः-વીર્યની સમાન છે તથા (૪) अयम्-આ ब्रह्मा-ચારેય વેદોના પ્રકાશક વિદ્વાન વા પરમાત્મા वाचः-વાણીનો परमम्-ઉત્તમ व्याम-અવકાશ છે, તેને યથાવત્ જાણો. (૩૫)

*ભાવાર્થ : પૂર્વ મંત્રમાં સ્થિત પ્રશ્નોના આ મંત્રમાં ક્રમથી ઉત્તર જાણવા જોઈએ. (૧) પૃથિવીની ચોતરફ આકાશયુક્ત વાયુ છે. (૨) એક એક બ્રહ્માંડની મધ્યમાં સૂર્ય છે. (૩) વીર્યને ઉત્પન્ન કરનારી ઔષધિઓ છે અને (૪) પૃથિવીમાં વિદ્યાની અવધિ = સીમા સમસ્ત વેદોનું અધ્યપન અને પરમાત્માનું વિશેષ જ્ઞાન છે, એમ નિશ્ચય કરવો જોઈએ. (૩૫)*

**सप्तार्द्धगर्भा भुवनस्य रेतो विष्णोस्तिष्ठन्ति प्रदिशा विधर्मणि।**
**ते धीतिभिर्मनसा ते विपश्चितः परिभुवः परि भवन्ति विश्वतः॥ ३६॥**

પદાર્થ : જે सप्त-સાત अर्द्धगर्भाः-અર્ધ ગર્ભરૂપ અર્થાત્ પંચીકરણને પ્રાપ્ત મહત્ત્વ, અહંકાર પૃથિવી, જળ, તેજ, વાયુ અને આકાશના સૂક્ષ્મ અવયવ રૂપ શરીરધારી भुवनस्य-સંસારના रेतः-બીજને ઉત્પન્ન કરીને विष्णोः-વ્યાપક પરમાત્માની प्रदिशा-આજ્ઞાથી અર્થાત્ તેની આજ્ઞારૂપ વેદોક્ત વ્યવસ્થાથી विधर्मणि-ચેતનથી વિરુદ્ધ ધર્મવાળા આકાશમાં तिष्ठन्ति-સ્થિત રહે છે. ते-તે धीतिभिः-કર્મ અને ते-તેઓ मनसा-વિચારની સાથે परिभुवः-સર્વત્રથી વિદ્યામાં કુશળ विपश्चितः-વિદ્વાનો विश्वतः-સર્વત્રથી परि, भवन्ति-તિરસ્કૃત કરે છે અર્થાત્ તેના યથાર્થ ભાવને જાણવા વિદ્વાનો પણ કષ્ટ પામે છે. (૩૬)

*ભાવાર્થ : જે મહત્ત્વ, અહંકાર અને પાંચ સૂક્ષ્મભૂત એ સાત પદાર્થો છે, તે પંચીકૃત થઈને,*

*સમસ્ત સ્થૂળ જગતના કારણ છે. ચેતનથી વિરુદ્ધ ધર્મયુક્ત જડ અન્તરિક્ષમાં એ સર્વ રહે છે.*

*જેઓ યથાવત્ સૃષ્ટિક્રમને જાણે છે, તે વિદ્વાનો સર્વત્ર પૂજાય છે = સત્કાર પામે છે અને નથી જાણતા તેઓ સર્વત્રથી તિરસ્કૃત થાય છે. (૩૬)*

न वि जा॑नामि॒ यदि॑वे॒दमस्मि॒ नि॒ण्यः संन॑द्धो॒ मन॑सा चरामि।

य॒दा माग॑न् प्रथम॒जा ऋ॒तस्यादिद् वा॒चो अ॑श्नुवे भा॒गम॒स्याः॥ ३७॥

પદાર્થ : यदा-જ્યારે प्रथमजाः-ઉપાદાનકારણ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ પૂર્વોક્ત મહત્તત્ત્વાદિ मा-મને-જીવને आ, अगन्-પ્રાપ્ત થયા અર્થાત્ સ્થૂળ શરીરાવસ્થા બનીને आत्, इत्-ત્યાર પછી જ ऋतस्य-સત્ય અને अस्याः-આ वाचः-વાણીના भागम्-ભાગને વિદ્યા વિષયને હું अश्नुवे-પ્રાપ્ત થાઉં છું.

જ્યાં સુધી इदम्-अस्मि-આ શરીરને પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી વિષયને यदिव-જેવો છે તેવો न, वि, जानामि-વિશેષતાથી જાણતો નથી પરંતુ मनसा-વિચારથી संनद्धः-સમ્યક્ બંધાયેલ निण्यः-અન્તર્હિત અર્થાત્ અંદર તે વિચારને સ્થિત કરીને चरामि-વિચરણ કરું છું. (૩૭)

*ભાવાર્થ : જીવ અલ્પજ્ઞાન અને અલ્પશક્તિમાન હોવાથી સાધનો (ઈન્દ્રિયો) વિના સાધ્ય (સિદ્ધ કરવા યોગ્ય પદાર્થ)ને ગ્રહણ કરી શકતો નથી. જ્યારે (તે) શ્રોતાદિ (ઈન્દ્રિયો)ને પ્રાપ્ત થાય છે, ત્યારે જાણવામાં સમર્થ બને છે.*

*જ્યાં સુધી (જીવ) વિદ્યા દ્વારા સત્યને જાણી લેતાં નથી, ત્યાં સુધી અભિમાન કરીને પશુની સમાન વિચરણ કરે છે. (૩૭)*

अपा॒ङ् प्राङे॑ति स्व॒धया॑ गृभी॒तोऽम॑र्त्यो॒ मर्त्ये॑ना॒ सयो॑निः।

ता शश्व॑न्ता विषू॒चीना॑ वि॒यन्ता॒ न्य१॒॑न्यं चि॒क्युर्न नि चि॑क्यु॒रन्य॑म्॥ ३८॥

પદાર્થ : જે स्वधया-જળ આદિ પદાર્થોની સાથે વર્તમાન अपाङ्-વિપરીત प्राङ्-સીધા एति-પ્રાપ્ત થાય છે અને જે गृभीतः-ગ્રહણ કરેલ अमर्त्यः-મરણ ધર્મ રહિત જીવ मर्त्येन-મરણધર્મ યુક્ત શરીરાદિની સાથે सयोनिः-સમાન સ્થાનવાળો થઈ રહ્યો છે. ता-તે બંને शश्वन्ता-સનાતન विषूचीना-સર્વત્ર જનાર અને वियन्ता-અનેક પ્રકારથી પ્રાપ્ત થનાર વર્તમાન છે, તેમાંથી તે अन्यम्-એક જીવ અને શરીર આદિને વિદ્વાનો नि, चिक्युः-નિરંતર જાણે છે અને અવિદ્વાન अन्यम्-તે એકને न, नि, चिक्युः-તેમ જાણતા નથી. (૩૮)

*ભાવાર્થ : આ સંસારમાં જડ અને ચેતન એ બે પદાર્થો છે. તેમાંથી જડ પોતાના તથા અન્યના સ્વરૂપને જાણતો નથી. ચેતન પોતાના તથા અન્યના સ્વરૂપને જાણે છે. બન્ને ઉત્પન્ન ન થનારા, અનાદિ અને અવિનાશી છે.*

*જડ (શરીરાદિ પરમાણુના) સંયોગથી સ્થૂલ અવસ્થાને પ્રાપ્ત (થાય છે) ચેતન જીવ સંયોગ અને વિયોગથી પોતાના સ્વરૂપનો ત્યાગ કરતો નથી, પરન્તુ સ્થૂળ અને સૂક્ષ્મના યોગથી સ્થૂળ અને સૂક્ષ્મ*

*જેવો ભાસે છે-પ્રતીત થાય છે. (વાસ્તવમાં તે) કુટસ્થ રહીને જેવો છે, તેવો જ રહે છે. (૩૮)*

ऋचो अक्षरे परमे व्योमन्यस्मिन् देवा अधि विश्वे निषेदुः।
यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते॥ ३९॥

પદાર્થ : यस्मिन्-જે ऋचः-ઋગ્વેદાદિ વેદ માત્રથી પ્રતિપાદિત अक्षरे-નાશ રહિત परमे-ઉત્તમ व्योमन्-આકાશમાં વ્યાપક પરમેશ્વરમાં विश्वे-સમસ્ત देवाः-પૃથિવી, સૂર્યલોક આદિ દેવ अधि, निषेदुः-આધેયરૂપથી સ્થિત થાય છે.

यः-જે तत्-તે પરબ્રહ્મ પરમેશ્વરને न, वेद-જાણતો નથી, તે ऋचा-ચાર વેદથી किम्-શું करिष्यति-કરી શકે છે અને ये-જે तत्-તે પરબ્રહ્મને विदुः-જાણે છે, ते, इमे, इत्-તે જ બ્રહ્મમાં समासते-સમ્યક્ સ્થિર થાય છે. (૩૯)

*ભાવાર્થ : જે સમસ્ત વેદના પરમ પ્રમેય અને પ્રતિપાદિત બ્રહ્મ (છે), બીજો જીવ (છે) અને કાર્યરૂપ તથા કારણરૂપ જગત છે. તેમાંથી સર્વના વ્યાપક પરમાત્મા આકાશની સમાન વ્યાપક છે અને જીવ તથા કાર્ય-કારણરૂપ જગત વ્યાપ્ય છે. તેથી જીવ આદિ સર્વ પદાર્થો પરમેશ્વરમાં નિવાસ કરે છે.*

*જેઓ વેદોને ભણીને એ પ્રમેય (= જ્ઞાતવ્ય)ને જાણતા નથી, તેઓ વેદોથી કાંઈ પણ ફળ પ્રાપ્ત કરી શકતા નથી અને જે વેદોને ભણીને જીવોને, કાર્ય-કારણ રૂપ (જગત)ને તથા ઈશ્વરના ગુણ, કર્મ, સ્વભાવને જાણે છે, તેઓ સર્વ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ થવાથી આનંદિત બને છે. (૩૯)*

सूयवसाद्भगवती हि भूया अथो वयं भगवन्तः स्याम।
अद्धि तृणमघ्न्ये विश्वदानीं पिब शुद्धमुदकमाचरन्ती॥ ४०॥

પદાર્થ : હે अघ्न्ये-હનનને અયોગ્ય ગાયની સમાન વર્તમાન વિદુષી ! તું सुयवसात्-સુંદર સુખોને ભોગવનારી भगवती-બહુ જ ઐશ્વર્યવતી भूयाः-બન. हि જે કારણે वयम्-અમે भगवन्तः-બહુ જ ઐશ્વર્યવાન स्याम-બનીએ.

જેમ ગાય तृणम्-ઘાસ ખાઈને शुद्धम्-શુદ્ધ उदकम्-જળ પીને તથા દૂધ આપી વાછરડા આદિને સુખી કરે છે, તેમ विश्वदानीम्-જેમાં સમસ્ત દાન ક્રિયાનું आचरन्ती-સત્ય આચરણ કરીને अथो-અનન્તર સુખને अद्धि-ભોગવ અને વિદ્યારસનું पिब-પાન કર. (૪૦)

*ભાવાર્થ : જ્યાં સુધી માતાઓ વેદને જાણનારી ન બને, ત્યાં સુધી તેના સંતાનો પણ વિદ્યાવાન બનતા નથી.*

*જે સ્ત્રીઓ વિદુષી બનીને, સ્વયંવરથી વિવાહ કરીને, સંતાનોને જન્મ આપીને તથા તેને સુશિક્ષિત કરીને વિદ્વાન બનાવે છે, તે ગાયોની સમાન સમસ્ત સંસારને પ્રસન્ન-આનંદિત કરે છે. (૪૦)*

गौरीर्मिमाय सलिलानि तक्षत्येकपदी द्विपदी सा चतुष्पदी।
अष्टापदी नवपदी बभूवुषी सहस्राक्षरा परमे व्योमन्॥ ४१॥

પદાર્થ : હે સ્ત્રી-પુરુષો ! જે एकपदी-એક વેદનો અભ્યાસ કરનારી, વા द्विपदी-બે વેદનો અભ્યાસ કરેલી, વા चतुष्पदी-ચારેય વેદોની અધ્યાપિકા, अष्टापदी-ચાર વેદ અને ચાર ઉપવેદની વિદ્યાથી યુક્ત, વા नवपदी-ચાર વેદ, ચાર ઉપવેદ અને વ્યાકરણાદિ શિક્ષાયુક્ત, बभूवुषी-અતિશય વિદ્યાઓમાં પ્રસિદ્ધ અને सहस्राक्षरा-અસંખ્ય અક્ષરોવાળી બનીને, परमे-સર્વોત્કૃષ્ટ व्योमन्-આકાશની સમાન વ્યાપ્ત નિશ્ચળ પરમાત્માને માટે પ્રયત્ન કરે છે; અને गौरीः-ગૌરવર્ણયુક્ત વિદુષી સ્ત્રીઓને मिमाय-શબ્દ કરાવતી અર્થાત્ सलिलानि-જળની સમાન નિર્મળ વચનોને तक्षती-અવિદ્યાદિ દોષોને પૃથક્ કરતી सा-તે વિશ્વકલ્યાણકારિકા = સંસારને માટે અત્યંત સુખકારી બને છે. (૪૧)

*ભાવાર્થ : જે સ્ત્રીઓ સાંગોપાંગ = અંગો અને ઉપાંગો સહિત સમસ્ત વેદોને ભણીને ભણાવે છે, તે સર્વ મનુષ્યોને ઉન્નતિ-યુક્ત કરે છે. (૪૧)*

तस्याः समुद्रा अधि वि क्षरन्ति तेन जीवन्ति प्रदिशश्चतस्रः।
ततः क्षरत्यक्षरं तद्विश्वमुप जीवति॥ ४२॥

પદાર્થ : હે મનુષ્યો ! तस्याः-તે વાણીના समुद्राः, अधि, वि, क्षरन्ति-શબ્દરૂપી અર્ણવ = સમુદ્ર અક્ષરોની વર્ષા કરે છે तेन-તે કામથી चतस्रः-ચારેય प्रदिशः-દિશા અને ચારેય ઉપદિશાઓ जीवन्ति-જીવે છે અને ततः-તેનાથી જે अक्षरम्-નાશ ન પામનાર અક્ષરમાત્ર क्षरति-વર્ષે છે, तत्-તેનાથી विश्वम्-સમસ્ત જગત उप, जीवति-ઉપજીવિકાને પ્રાપ્ત થાય છે. (૪૨)

*ભાવાર્થ : સમુદ્રની સમાન આકાશ છે, તેમાં રત્નો સમાન શબ્દો છે અને જ્યાં શબ્દોના પ્રયોગ કરનારા ગ્રહણ કરનારા લોકો (વિદ્યમાન) છે. તેઓના ઉપદેશના શ્રવણથી સર્વનું જીવન સંભવ બને છે. (૪૨)*

शकमयं धूममारादपश्यं विषूवता पर एनावरेण।
उक्षाणं पृश्निमपचन्त वीरास्तानि धर्माणि प्रथमान्यासन्॥ ४३॥

પદાર્થ : હે મનુષ્યો ! હું आरात्-સમીપથી शकमयम्-શક્તિમય સમર્થ धूमम्-બ્રહ્મચર્ય કર્માનુષ્ઠાનના અગ્નિના ધૂમને अपश्यम्-દેખું છું; एना, अवरेण-તેની નીચે જ્યાં-ત્યાં જતાં विषूवता-વ્યાપ્તિમાન્-ધૂમથી परः-પાછળ वीराः-વિદ્યાઓમાં વ્યાપ્ત પૂર્ણ વિદ્વાન पृश्निम्-આકાશ અને उक्षाणम्-સિંચનવાળા મેઘને अपचन्त-પચાવે છે અર્થાત્ બ્રહ્મચર્ય વિષયક અગ્નિહોત્રાદિ તપે છે, तानि-તે धर्माणि-ધર્મ प्रथमानि-પ્રથમ બ્રહ્મચર્યસંજ્ઞક आसन्-થયેલ છે. (૪૩)

*ભાવાર્થ : વિદ્વાનજનો અગ્નિ હોત્રાદિ યજ્ઞો દ્વારા મેઘ સમૂહમાં રહેલ જલની શુદ્ધિ કરીને સર્વ વસ્તુઓની શુદ્ધિ કરે છે. તેથી બ્રહ્મચર્યના પાલનથી સર્વના શરીરોને તથા આત્મા અને મનને શુદ્ધ કરે.*

*સર્વ (સામાન્ય) મનુષ્ય સમીપ સ્થિત ધૂમ, અગ્નિ અને અન્ય પદાર્થ પ્રત્યક્ષ રૂપમાં દેખે છે.*

*સ્થૂળ અને સૂક્ષ્મ તથા દૂરસ્થ અને સમીપસ્થ પદાર્થોના જ્ઞાતા વિદ્વાન તો ભૂમિથી લઈને પરમેશ્વર પર્યન્ત પદાર્થોનો સાક્ષાત્ કરી શકે છે. (૪૩)*

**त्रयः केशिन ऋतुथा वि चक्षते संवत्सरे वपत एक एषाम्।**

**विश्वमेको अभि चष्टे शचीभिर्ध्राजिरेकस्य ददृशे न रूपम्॥ ४४॥**

પદાર્થ : હે ભણવા-ભણાવનાર લોકોના પરીક્ષકો ! તમે જેમ केशिनः-પ્રકાશવાન વા પોતાના ગુણોના યથા સમયે જ્ઞાપકો त्रयः-ત્રણ અર્થાત્ સૂર્ય, વિદ્યુત્ અને વાયુ संवत्सरे-સંવત્સર અર્થાત્ વર્ષમાં ऋतुथा-વસંતાદિ ઋતુના પ્રકારથી शचीभिः-જે કર્મ તેનાથી वि, चक्षते-બતાવે છે અર્થાત્ યથા સમય વ્યવહારને પ્રકાશિત કરાવે છે. एषाम्-આ ત્રણેયમાં एकः-એક વિદ્યુત્ રૂપ અગ્નિ वपते-જીવોને ઉત્પન્ન કરાવતા, एकः-સૂર્ય विश्वम्-સમગ્ર જગતને अभि चष्टे-પ્રકાશિત કરતા અને एकस्य-વાયુની ध्राजिः-ગતિ અને रूपम्-રૂપ न, ददृशे-દેખાતું નથી, તેમ તમે અહીં પ્રવૃત્તમાન થાઓ. (૪૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તમે વાયુ, સૂર્ય અને વિદ્યુત્‌ની સમાન અધ્યયન તથા અધ્યાપન આદિ દ્વારા વિદ્યાઓની વૃદ્ધિ કરો. જેમ પોતાના (આત્માનું) રૂપ નેત્રથી જોવામાં આવતું નથી, તેમ વિદ્વાનોની ગતિ (પણ) દેખાતી નથી.*

*જેમ ઋતુઓ વર્ષનો આરંભ કરનાર સમયને વિભક્ત કરે છે, તેમ આપ લોકો કર્મના આરંભને, વિદ્યા તથા અવિદ્યાને અને ધર્મ તથા અધર્મને વિભક્ત કરો. (૪૪)*

**चत्वारि वाक्परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः।**

**गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति॥ ४५॥**

પદાર્થ : ये-જેઓ मनीषिणः-મનને રોકનાર ब्राह्मणाः-વ્યાકરણ, વેદ અને ઈશ્વરના જ્ઞાતા વિદ્વાનો वाक्-વાણીના परिमिता-પરિણામયુક્ત જે चत्वारि-નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત ચાર पदानि-જાણવા યોગ્ય પદો છે, तानि-તેને विदुः-જાણે છે તેમાંથી त्रिणि-ત્રણ गुहा-બુદ્ધિમાં निहिता-ધારણ કરેલ છે, न, इङ्गयन्ति-ચેષ્ટા કરતા નથી.

જે मनुष्याः-સાધારણ મનુષ્યો છે તેઓ वाचः-વાણીના तुरीयम्-ચતુર્થ ભાગ અર્થાત્ નિપાતમાત્રને वदन्ति-કહે છે. (૪૫)

*ભાવાર્થ : વિદ્વાનો અને અવિદ્વાનોમાં એટલો જ ભેદ છે, કે જે વિદ્વાનો છે, તેઓ નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત એ ચારેયને જાણે છે. તેમાંથી ત્રણ જ્ઞાનમાં સ્થિત રહે છે. અને ચોથા સિદ્ધ શબ્દસમૂહને તેઓ વ્યવહારમાં બોલે છે.*

*જેઓ અવિદ્વાન છે. તેઓ નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત (એ ચારેય)ને જાણતા નથી, પરંતુ નિપાતરૂપી સિદ્ધ શબ્દોનો, સાધન પદ્ધતિથી અનભિજ્ઞ રહીને જ પ્રયોગ કરે છે. (૪૫)*

इन्द्रं मित्रं वरुणमग्निमाहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान्।
एकं सद्विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः॥ ४६॥

પદાર્થ : विप्राः-મેધાવીજનો इन्द्रम्-પરમૈશ્વર્યયુક્ત मित्रम्-મિત્ર સમાન વર્તમાન वरुणम्-શ્રેષ્ઠ अग्निम्-સર્વ વ્યાપ્ત વિદ્યુત્તાદિ લક્ષણયુક્ત અગ્નિને बहुधा-અનેક રીતે અનેક નામોથી आहुः-કહે છે.

अथो-અનન્તર सः-તે दिव्यः-પ્રકાશમાં દિવ્ય પ્રકાશમય सुपर्णः-જેના સુંદર પાલન આદિ કર્મ गरुत्मान्-મહાન આત્માવાન છે વગેરે અનેક રીતે અનેક નામોથી वदन्ति-કહે છે.

તેઓ અન્ય વિદ્વાનો एकम्-એક सत्-વિદ્યમાન પરબ્રહ્મ પરમેશ્વરને अग्निम्-સર્વવ્યાપ્ત પરમાત્મારૂપ यमम्-સર્વ નિયંતા અને मातरिश्वानम्-વાયુના લક્ષણથી લક્ષિત પણ आहुः-કહે છે. (૪૬)

*ભાવાર્થ : જેમ અગ્નિ આદિના ઈન્દ્ર આદિ નામો છે, તેમ એક પરમાત્માના અગ્નિ આદિ સહસ્રો નામો છે. જેટલા પરમાત્માના ગુણ, કર્મ, સ્વભાવ છે તેટલા જ તેના નામો છે, એમ જાણવું જોઈએ. (૪૬)*

कृष्णं नियानं हरयः सुपर्णा अपो वसाना दिवमुत्पतन्ति।
त आववृत्रन्त्सदनादृतस्यादिद् घृतेन पृथिवी व्युद्यते॥ ४७॥

પદાર્થ : હે મનુષ્યો ! अपः-પ્રાણ વા જળને वसानाः-ઢાંકતા हरयः-હરણશીલ सुपर्णाः-સૂર્યના કિરણો कृष्णम्-કર્ષણ-ખેંચવા યોગ્ય नियानम्-નિત્ય પ્રાપ્ત ભૂગોળ વા વિમાનાદિ યાનને વા दिवम्-પ્રકાશમય સૂર્યના उत्, पतन्ति-ઉપર પડે છે અને ते-તે आववृत्रन्-સૂર્યની સર્વ તરફથી વર્તમાન છે. ऋतस्य-સત્ય કારણના सदनात्-સ્થાનથી પ્રાપ્ત घृतेन-જળથી જળ દ્વારા पृथिवी-ભૂમિ वि, उद्यते-વિશેષતર આર્દ્ર = ભીની કરવામાં આવે છે, તેને आत्, इत्-એ પછી જ યથાવત્ જાણો. (૪૭)

*ભાવાર્થ : જેમ સુશિક્ષિત ઘોડાઓ યાનોને શીઘ્ર લઈ જાય છે, તેમ અગ્નિ આદિ પદાર્થો વિમાન યાનને, ઉપર આકાશમાં લઈ જાય છે.*

*જેમ સૂર્યના કિરણો ભૂમિના તળિયેથી જળને ખેંચીને તથા તેને વરસાવીને સર્વ વૃક્ષ આદિને આર્દ્ર = ભીના કરે છે, તેમ વિદ્વાનો સર્વ મનુષ્યોને આનંદિત કરે છે. (૪૭)*

द्वादश प्रधयश्चक्रमेकं त्रीणि नभ्यानि क उ तच्चिकेत।
तस्मिन्त्साकं त्रिशता न शङ्कवोऽर्पिताः षष्टिर्न चलाचलासः॥ ४८॥

પદાર્થ : હે મનુષ્યો ! જે રથમાં त्रिशता-ત્રણસો शंकवः-બાંધવાના ખીલાઓની न-સમાન साकम्-સાથે अर्पिताः-લગાવેલ षष्टिः-સાંઠ ખીલાઓ न-જેવા ખીલાઓ જે चलाचलासः-ચલ-અચલ અર્થાત્ ચાલતા અને ન ચાલતા તથા तस्मिन्-તેમાં एकम्-એક चक्रम्-ચક્ર = પૈડું જેમ ગોળ ચક્કર, द्वादश-બાર प्रधयः-પરિધિઓ અને त्रीणि-ત્રણ नभ्यानि-પૈડાની વચ્ચે-નાભિમાં ઉત્તમતાથી સ્થિત ધરી સ્થાપિત

કરેલ હોય, तत्-તેને कः-કોણ उ-તર્ક-વિતર્કથી चिकेत-જાણે છે. (૪૮)

*ભાવાર્થ : કોઈ જ વિદ્વાનો (એવા છે કે) જેમ (તેઓ) શરીર રચનાને જાણે છે, તેમ વિમાન આદિ યાનોની રચનાને (પણ) જાણે છે.*

*જ્યારે જળ, સ્થળ અને આકાશમાં શીઘ્ર ગમન માટે યાન બનાવવાની ઈચ્છા થાય, ત્યારે તેમાં અનેક જળ તથા અગ્નિના ચક્ર, અનેક બંધન, અનેક આધાર અને અનેક કીલક = ખીલા (અર્થાત્ વર્તમાન કાળાનુસાર કિલક = પણ કહી શકાય છે) બનાવવા જોઈએ. એમ કરવાથી ઈચ્છિત સિદ્ધિ થઈ શકે છે. (૪૮)*

**यस्ते स्तनः शशयो यो मयोभूर्येन विश्वा पुष्यसि वार्याणि।**
**यो रत्नधा वसुविद्यः सुदत्रः सरस्वति तमिह धातवे कः॥ ४९॥**

પદાર્થ : હે सरस्वति-વિદુષી સ્ત્રી ! ते-તારા यः-જે शशयः-સૂતેલ, શાન્ત અને यः-જે मयोभूः-સુખની ભાવના કરનાર स्तनः-સ્તન સમાન વર્તમાન શુદ્ધ વ્યવહાર येन-જેમાં તું विश्वा-સમસ્ત वार्याणि-સ્વીકાર કરવા યોગ્ય વિદ્યા વા ધનને पुष्यसि-પુષ્ટ કરે છે.

यः-જે रत्नधाः-રમણીય વસ્તુઓને ધારણ કરનાર અને वसुवित्-ધનને પ્રાપ્ત થનાર તથા यः-જે सदत्रः-સુદત્ર અર્થાત્ શ્રેષ્ઠ દાન છે, तम्-તે તારા સ્તનને इह-અહીં ગૃહાશ્રમમાં धातवे-સંતાનોને (ધાવણ) પીવા માટે कः-કર. (૪૯)

*ભાવાર્થ : જેમ માતા સ્તનોના દૂધ = ધાવણથી સંતાનનું પાલન કરે છે, તેમ વિદુષી સ્ત્રી સંપૂર્ણ કુટુંબની રક્ષા કરે છે.*

*જેમ શ્રેષ્ઠ ભોજનથી શરીર પુષ્ટ થાય છે, તેમ માતાની શ્રેષ્ઠ શિક્ષાને પ્રાપ્ત કરીને આત્મા પુષ્ટ થાય છે. (૪૯)*

**यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्।**
**ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः॥ ५०॥**

પદાર્થ : જે देवाः-વિદ્વાનો यज्ञेन-અગ્નિ આદિ દિવ્ય પદાર્થોના સમૂહથી यज्ञम्-ધર્મ, અર્થ, કામ અને મોક્ષના વ્યવહારને अयजन्त-સંગ-મળીને પ્રાપ્ત થાય છે અને જે બ્રહ્મચર્ય આદિ धर्माणि-ધર્મ प्रथमानि-પ્રથમ आसन्-છે तानि-તેનું સેવન કરે છે અને કરાવે છે, ते-ह-તેઓ જ यत्र-અહીં पूर्वे-પૂર્વે અર્થાત્ જેઓએ વિદ્યા ભણી લીધી साध्याः-તથા અન્યોને વિદ્યા સિદ્ધિને માટે સેવન કરવા યોગ્ય देवाः-વિદ્વાનો सन्ति-છે ત્યાં महिमानः-સત્કારને પ્રાપ્ત થયેલ છે-દુઃખરહિત સુખને सचन्त-પ્રાપ્ત થાય છે. (૫૦)

*ભાવાર્થ : જેઓ પ્રથમાવસ્થામાં બ્રહ્મચર્ય અને સુશિક્ષા આદિ સેવન કરવા યોગ્ય કર્મોને પ્રથમ કરે છે, તેઓ આપ્ત વિદ્વાનોની સમાન વિદ્વાન બનીને, વિદ્યાના આનંદને પ્રાપ્ત કરીને સર્વત્ર સત્કૃત બને છે. (૫૦)*

समानमेतदुदकमुच्चैत्यव चाहभिः।

भूमिं पर्जन्या जिन्वन्ति दिवं जिन्वन्त्यग्नयः॥ ५१॥

પદાર્થ : જે उदकम्-જળ अहभिः-બહુ જ દિવસોથી उत्-ऐति-ઉપર જઈને અર્થાત્ સૂર્યના તાપથી અણુ રૂપ બનીને તથા વાયુના બળથી ઊઠીને અન્તરિક્ષમાં સ્થિત થાય છે च-અને अव-નીચે च-પણ આવે છે અર્થાત્ વર્ષાકાળ પ્રાપ્ત થતાં ભૂમિ પર આવે છે અર્થાત્ વર્ષાકાળ પ્રાપ્ત થતા ભૂમિ પર વર્ષે છે, તેના एतत्-એ પૂર્વોક્ત વિદ્વાનોના બ્રહ્મચર્ય, અગ્નિહોત્ર આદિ ધાર્મિક વ્યવહારની समानम्-સમાન છે.

આથી पर्जन्यः-મેઘ भूमिम्-ભૂમિને जिन्वन्ति-તૃપ્ત કરે છે, अग्नयः-વિદ્યુત્ આદિ અગ્નિ दिवम्-અન્તરિક્ષને जिन्वन्ति-તૃપ્ત કરે છે અર્થાત્ વર્ષાથી ભૂમિ પર ઉત્પન્ન પ્રાણીઓ જીવે છે અગ્નિથી અન્તરિક્ષ, વાયુ અને મેઘ આદિ શુદ્ધ થાય છે. (૫૧)

*ભાવાર્થ : બ્રહ્મચર્ય આદિ આશ્રમોમાં કરવામાં આવતા હવન આદિથી વાયુ અને વર્ષા-જળની શુદ્ધિ થાય છે, ત્યારે શુદ્ધ જળની વર્ષાથી ભૂમિમાં ઉત્પન્ન થનારી ઓષધિ-વનસ્પતિઓ તૃપ્ત થાય છે. તેથી વિદ્વાનોના એ પૂર્વોક્ત કર્મો જલની સમાન છે. (૫૧)*

दिव्यं सुपर्णं वायसं बृहन्तमपां गर्भं दर्शतमोषधीनाम्।

अभीपतो वृष्टिभिस्तर्पयन्तं सरस्वन्तमवसे जोहवीमि॥ ५२॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું अवसे-રક્ષા આદિને માટે दिव्यम्-દિવ્ય ગુણ-સ્વભાવયુક્ત सुपर्णम्-જેમાં સુંદર ગમનશીલ કિરણો વિદ્યમાન છે, वायसम्-જે અત્યંત જનાર, बृहन्तम्-સર્વથી મહાન अपाम्-અન્તરિક્ષમાં गर्भम्-ગર્ભની સમાન સ્થિત, ओषधीनाम्-સોમ આદિ ઔષધિઓ दर्शतम्-દર્શાવનાર, वृष्टिभिः-વર્ષાથી अभीपतः-બંને તરફ આગળ-પાછળ જળથી યુક્ત જે મેઘ આદિને तर्पयन्तम्-તૃપ્તિ કરનાર, सरस्वन्तम्-જેમાં બહુ જ જળ વિદ્યમાન છે, તે સૂર્યની સમાન વર્તમાન વિદ્વાનનું जोहवीमि-નિરંતર ગ્રહણ કરું છું, તેમ તમે પણ ગ્રહણ કરો. (૫૨)

*ભાવાર્થ : જેમ સૂર્યલોક ભૂગોળોની મધ્યમાં રહીને સર્વને પ્રકાશિત કરે છે, તેમ વિદ્વાન સર્વ લોકોની મધ્યમાં રહીને સર્વના આત્માઓને પ્રકાશિત કરે છે.*

*જેમ સૂર્ય વર્ષાથી સર્વને સુખી કરે છે, તેમ જ વિદ્વાન વિદ્યા, સુશિક્ષા અને ઉપદેશ રૂપી વર્ષાથી સર્વ મનુષ્યોને આનંદિત કરે છે. (૫૨)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિ, કાળ, સૂર્ય, વિમાન આદિ પદાર્થો, ઈશ્વર, વિદ્વાન અને સ્ત્રી આદિના

ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૪)

## સૂક્ત-૧૬૫

कया शुभा सवयसः सनीळाः समान्या मरुतः सं मिमिक्षुः।

कया मती कुत एतास एतेऽर्चन्ति शुष्मं वृषणो वसूया॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! सवयसः-સમાન વયવાળા सनीळाः-સમીપસ્થ मरुतः-વાયુ સમાન વર્તમાન વિદ્વાનો ! कया-કઈ समान्या-સમાન ક્રિયાની સાથે शुभा-શુભ-ગુણ-કર્મથી संमिमिक्षुः-સમ્યક્ સેચન આદિ કર્મ કરે છે. તથા एतासः-સમ્યક્ પ્રાપ્ત થયેલ वृषणः-વર્ષનાર एते-એ वसूया-પોતાને ધનની ઈચ્છા સાથે कया-કઈ मती-મતિથી कुतः-ક્યાંથી शुष्मम्-બળને अर्चन्ति-પ્રાપ્ત થાય છે ? (૧)

*ભાવાર્થ : પ્રશ્ન : જેમ વાયુ વર્ષા કરીને સર્વને તૃપ્ત કરે છે, તેમ વિદ્વાનો રાગ-દ્વેષથી રહિત કઈ ક્રિયાથી મનુષ્યોની ઉન્નતિ કરે અને કયા વિજ્ઞાનથી તથા કઈ ઉત્તમ ક્રિયાથી સર્વનો સત્કાર કરે ?*

*ઉત્તર : વેદોક્ત આપ્તરીતિથી કરે. (અર્થાન્તર આપ્તની રીતિ અને વેદોક્ત ક્રિયાથી કરે.) (૧)*

कस्य ब्रह्माणि जुजुषुर्युवानः को अध्वरे मरुत आ ववर्त्त।

श्येनाँइव ध्रजतो अन्तरिक्षे केन महा मनसा रीरमाम॥ २॥

પદાર્થ : જે मरुतः-વાયુની સમાન વેગયુક્ત युवानः-બ્રહ્મચર્ય અને યુવાવસ્થા પ્રાપ્ત વિદ્વાન कस्य-શેનાથી ब्रह्माणि-વૃદ્ધિને પ્રાપ્ત થાય છે ? જે અન્ન અને ધનનું जुजुषुः-સેવન કરે છે. कः-કોણ આ अध्वरे-નાશ ન કરવા યોગ્ય ધર્મયુક્ત વ્યવહારમાં आ, ववर्त्त-સમ્યક્ વર્તે છે ? અમે લોકો. કોણ महा-મહાન मनसा-મનથી ध्रजतः-જનારા श्येनानिव-ઘોડાઓની સમાન કોને લઈને अन्तरिक्षे-અન્તરિક્ષમાં रीरमाम-સર્વને રમણ કરાવે છે ?

*ભાવાર્થ : જેમ વાયુ જગતના પદાર્થોનું સેવન કરે છે, તેમ બ્રહ્મચર્ય અને વિદ્યા પ્રાપ્તિના દ્વારા (આપ લોકો) ઉત્તમ લક્ષ્મીનું સેવન કરો.*

*જેમ અન્તરિક્ષમાં ઉડતા બાજ આદિ પક્ષીઓને (લોકો) દેખે છે, તેમ જ ભૂગોળ સહિત અમે આકાશમાં રમણ કરીએ અને સર્વને રમણ કરાવીએ. આને જાણવામાં વિદ્વાનો જ સમર્થ બને છે. (૨)*

कुतस्त्वमिन्द्र माहिनः सन्नेको यासि सत्पते किं त इत्था।

सं पृच्छसे समराणः शुभानैर्वोचेस्तन्नो हरिवो यत्ते अस्मे॥ ३॥

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યયુક્ત सत्पते-સજ્જનોના પાલક ! माहिनः-મહિમાયુક્ત एकः-એકલો

सन्-હોવા છતાં त्वम्-આપ સૂર્યની સમાન कुतः-ક્યાંથી यासि-જાઓ છો. ते-આપનું इत्था-આ પ્રકારથી किम्-શું છે.

હે हरिवः-પ્રશંસિત ગુણવાળા ! समराणः-સમ્યક્ પ્રાપ્ત થયેલ આપ यत्-જે ते-આપના મનમાં अस्मे-અમારા માટે વર્તે છે, तत्-તેને शुभानैः-શ્રેષ્ઠ વચનોથી नः-અમારા પ્રત્યે वोचेः-કહો. જેથી આપ संपृच्छसे-સમ્યક્ પૂછો પણ છો અર્થાત્ અમારી વ્યવસ્થા આપ પૂછો છો. (૩)

*ભાવાર્થ : (પ્રશ્ન :) જેમ સૂર્ય એકલો જો સર્વને આકૃષ્ટ કરીને પ્રકાશિત કરે છે, જેમ આપ્ત વિદ્વાન ભ્રમણ કરીને સર્વને સત્યપાલક બનાવે છે. તેમ 'તું ક્યાં જઈ રહ્યો છે ? શું કરે છે ? એમ પૂછું છું.' તેનો ઉત્તર આપ.*

*(ઉત્તર :) ધર્મયુક્ત માર્ગે જાઉં છું, ગુરુકુલથી આવું છું, અધ્યાપન અને ઉપદેશ કરું છું. આ સમાધાન છે. (૩)*

**ब्रह्माणि मे मतयः शं सुतासः शुष्म इयर्ति प्रभृतो मे अद्रिः।**
**आ शासते प्रति हर्यन्त्युक्थेमा हरी वहतस्ता नो अच्छ॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ प्रभृतः શાસ્ત્ર-વિજ્ઞાનથી પૂર્ણ, शुष्मः-બળવાન अद्रिः-મેઘની સમાન मे-મારો ઉપદેશ સર્વને इयर्ति-પ્રાપ્ત થાય છે; વા જેમ सुतासः-પ્રાપ્ત થયેલ मतयः-મનનશીલ મનુષ્ય मे-મારા ब्रह्माणि-ધનો અને અન્નોને તથા शम्-સુખને आशासते-ઈચ્છે છે; વા इमा-એ उक्था-કહેવા યોગ્ય પદાર્થોની प्रति, हर्यन्ति-પ્રીતિપૂર્વક કામના કરે છે; વા જેમ ता-તે हरी-ધારણ અને આકર્ષણ ગુણ नः-અમને अच्छ-સમ્યક્ वहतः-પ્રાપ્ત થાય છે, તેમ તમે સર્વ બનો. (૪)

*ભાવાર્થ : જે 'ઉદાર' મનુષ્ય છે, તે મેઘની સમાન સર્વને માટે સુખની વર્ષા કરે છે અને સર્વને માટે વિદ્યાદાનની કામના કરે છે.*

*જેમ લોકો પોતાનું સુખ ઈચ્છે છે, તેમ અન્યોના સુખને સિદ્ધ કરવા અને દુઃખ નષ્ટ કરવા સર્વ ઈચ્છે. (૪)*

**अतो वयमन्तमेभिर्युजानाः स्वक्षत्रेभिस्तन्वः शुम्भमानाः।**
**महोभिरेताँ उप युज्महे न्विन्द्र स्वधामनु हि नो बभूथ॥ ५॥**

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યવાન પુરુષ ! જે કારણે આપ हि-જ नः-અમારા स्वधाम्-અન્ન અને જળનો अनु, बभूथ-અનુભવ કરો છો. अतः-એથી वयम्-અમે एतान्-એ પદાર્થોને युजानाः-યુક્ત અને स्वक्षत्रेभिः-પોતાના રાજ્યોથી तन्वः-શરીરોને शुम्भमानाः-શુભ ગુણ યુક્ત કરીને अन्तमेभिः-સમીપસ્થ महोभिः-અતિ મહાન કાર્યોથી नु-શીઘ્ર उप, युज्महे-ઉપયોગમાં લઈએ છીએ. (૫)

*ભાવાર્થ : જેઓ શરીરથી બળ અને સ્વાસ્થ્ય-સંપન્ન તથા ધાર્મિક અતિ બળવાન વિદ્વાનોની સાથે*

*સમસ્ત કર્મોને કરનારા લોકો, સર્વના સુખને માટે વિશાળ રાજ્ય સંબંધી ન્યાયને માટે ઉપયુક્ત બને છે; તેઓ શીઘ્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે. (૫)*

**क्व१ स्या वो मरुतः स्वधासीद्यन्मामेकं समधत्ताहिहत्ये।**

**अहं ह्यु१ग्रस्तविषस्तुविष्मान्विश्वस्य शत्रोरनमं वधस्नैः॥ ६॥**

પદાર્થ : હે મરુતઃ-પ્રાણની સમાન વર્તમાન વિદ્વાનો ! યત્-જેથી મામ્-મને એકમ્-એકને અહિહત્યે-મેઘની વર્ષા થવામાં સમધત્ત-સમ્યક્ ધારણ કરો, સ્યા-તે વઃ-આપના સ્વધા-અન્ન અને જળ ક્વ-ક્યાં આસીત્-છે, તેમ તુવિષ્માન્-બળવાન, ઉગ્રઃ-તીવ્ર સ્વભાવવાળો અહમ્-હું જે તવિષઃ-બળવાન વિશ્વસ્ય-સમગ્ર શત્રોઃ-શત્રુના વધસ્નૈઃ-વધથી નવડાવનારા શસ્ત્ર તેની સાથે અનમમ્-નમું છું. હિ-તે મને તમે સુખમાં ધારણ કરો. (૬)

*ભાવાર્થ : જે મનુષ્યો વિદ્યાઓને ધારણ કરીને સૂર્ય જેમ મેઘનું, તેમ શત્રુબળનું નિવારણ કરે, તેઓ સર્વ વિદ્વાનોથી પૂછે, કે જે સર્વને ધારણ કરનારી શક્તિ છે, ત્યાં ક્યાં છે ? ઉત્તર : 'સર્વત્ર સ્થિત છે.' (૬)*

**भूरि चकर्थ युज्यैभिरस्मे समानेभिर्वृषभ पौंस्यैभिः।**

**भूरीणि हि कृणवामा शविष्ठेन्द्र क्रत्वा मरुतो यद्वशाम॥ ७॥**

પદાર્થ : હે વૃષભ-ઉપદેશવર્ષક ! જેમ આપ સમાનેભિઃ-સમાન યુજ્યેભિઃ-યોગ્ય કર્મો વા પૌંસ્યેભિઃ-પુરુષાર્થોથી અસ્મે-અમારા માટે ભૂરિ-બહુ જ સુખ ચકર્થ-કરો છો, તે આપને માટે અમે ભૂરીણિ-બહુ જ સુખ કૃણવામ-કરીએ.

હે શવિષ્ઠ-બળવાન ઇન્દ્ર-સર્વને સુખપ્રદ ! જેમ આપ ક્રત્વા-શ્રેષ્ઠ બુદ્ધિથી અમને વિદ્વાન કરો છો, તેમ અમે પણ આપની સેવા કરીએ.

હે મરુતઃ-વિદ્વાન મનુષ્યો ! તમે યત્-જેની કામના કરો છો, તેની અમે પણ વશામ્, હિ-કામના જ કરીએ. (૭)

*ભાવાર્થ : જેમ આ જગતમાં વિદ્વાનો પુરુષાર્થથી સર્વને વિદ્યા અને આ જગતમાં વિદ્વાનો પુરુષાર્થથી સર્વને વિદ્યા અને સુશિક્ષાથી યુક્ત કરે છે, તેમ તેઓનો સર્વ લોકો સત્કાર કરે.*

*જેઓ સમસ્ત વિદ્યાઓના અધ્યાપકો સર્વના સુખના ઇચ્છુક હોય, તેઓ અધ્યાપન અને ઉપદેશ કરવામાં પ્રધાન બને. (૭)*

**वधीं वृत्रं मरुत इन्द्रियेण स्वेन भामेन तविषो बभूवान्।**

**अहमेता मनवे विश्वश्चन्द्राः सुगा अपश्चकर वज्रबाहुः॥ ८॥**

પદાર્થ : હે मरुतः-પ્રાણ સમાન પ્રિય વિદ્વાનો वज्रबाहुः-જેના હાથમાં વજ્ર છે बभूवान्-એવો બનવા अहम्-હું જેમ સૂર્ય वृत्रम्-મેઘને મારીને अपः-જળને सुगाः-સુંદર ગમન કરાવે છે, તેમ स्वेन-પોતાના भामेन-ક્રોધથી અને इन्द्रियेण-મનથી तविषः-બળથી શત્રુઓને वधीम्-મારું છું અને मनवे-વિચારશીલ મનુષ્યને માટે विश्वचन्द्राः-સમસ્ત સૂર્ય આદિ ધન જેના દ્વારા થાય છે, एताः-તે લક્ષ્મીઓને चकर-કરું છું. (૮)

*ભાવાર્થ : જેમ સૂર્ય દ્વારા પ્રેરિત વર્ષાથી સમસ્ત સંસાર જીવિત રહે છે, તેમ શત્રુરૂપી વિઘ્નોના નિવારણથી સમસ્ત પ્રાણીઓ જીવિત રહે છે. (૮)*

अनुत्तमा ते मघवन्नकिर्नु न त्वावाँ अस्ति देवता विदानः।

न जायमानो नशते न जातो यानि करिष्या कृणुहि प्रवृद्ध॥ ९॥

પદાર્થ : હે मघवन्-પરમ ધનવાન વિદ્વાન્ ! ते-આપના अनुत्तम्-અપ્રેરિત नकिः-કોઈ વિદ્યમાન નથી અને त्वावान्-આપની સમાન અન્ય देवता-દિવ્ય ગુણવાળા विदानः-न, अस्ति-વિદ્વાન છે નહિ, जायमानः-ઉત્પન્ન થનાર नु-શીઘ્ર न, नशते-નષ્ટ પામતો નથી. जातः-ઉત્પન્ન થયેલ પણ न-નષ્ટ થતો નથી.

હે प्रवृद्ध-અત્યંત વિદ્યા દ્વારા પ્રતિષ્ઠાને પ્રાપ્ત આપ यानि-જે करिष्या-કરવા યોગ્ય કામ છે તેને શીઘ્ર आ, कृणुहि-સમ્યક્ રીતે કરો. (૯)

*ભાવાર્થ : જેમ અન્તર્યામી ઈશ્વરથી કોઈપણ અવ્યાપ્ત નથી, તેની સમાન કોઈ ઉત્પન્ન થતો નથી, ઉત્પન્ન થયો નથી અને ઉત્પન્ન થશે નહિ; જે નાશ પામતો નથી અને જે કરવા યોગ્ય કાર્યોને કરે છે, તેમ જ વિદ્વાનોએ (પણ) બનવું જોઈએ અને જાણવું જોઈએ. (૯)*

एकस्य चिन्मे विभ्व१स्त्वोजो या नु दधृष्वान्कृणवै मनीषा।

अहं ह्यु१ग्रो मरुतो विदानो यानि च्यवमिन्द्र इदीश एषाम्॥ १०॥

પદાર્થ : હે मरुतः-વાયુ સમાન વર્તમાન સજ્જનો ! જેમ एकस्य-એક चित्-જ मे-મારામાં विभु-વ્યાપક ओजः-બળ अस्तु-થાય અને या-જેને दधृष्वान्-સારી રીતે સહન કરનાર હું બનુ, તેમ તે બળ हि-નિશ્ચયથી તમારું થાય અને તેને તમે સહન કરો.

જેમ अहम्-હું मनीषा-બુદ્ધિથી नु-શીઘ્ર कृणवै-વિદ્યા (પ્રાપ્ત) કરી શકું અને उग्रः-તીવ્ર विदानः-વિદ્વાન इन्द्र-દુઃખ છેદક બનીને यानि-જે પદાર્થોને च्यवम्-પ્રાપ્ત કરું અને एषाम्; इत्-એનો જ ईशे-સ્વામી બનું, તેમ તમે વર્તો. (૧૦)

*ભાવાર્થ : જેમ ઈશ્વર અનંત પરાક્રમવાન અને વ્યાપક છે, તેમ વિદ્વાનો સર્વ શાસ્ત્રોમાં તથા ધર્મ કર્મોમાં વ્યાપ્ત થાય અને ન્યાયાધીશ બનીને, એ મનુષ્ય આદિના સુખોને સંપાદન કરે. (૧૦)*

अमन्दन्मा मरुतः स्तोमो अत्र यन्मे नरः श्रुत्यं ब्रह्म चक्र।

इन्द्राय वृष्णे सुमखाय मह्यं सख्ये सखायस्तन्वे तनूभिः॥ ११॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! જેમ मे-મારા માટે यत्-જે श्रुत्यम्-શ્રવણ યોગ્ય ब्रह्म-વેદ અને स्तोमः-સ્તુતિ સમૂહ છે, તે अत्र-અહીં मा-મને अमन्दत्-આનંદિત કરે, તેમ તમને પણ આનંદિત કરાવે.

હે नरः-અગ્રણી = નાયકો ! જેમ તમે सुमखाय-શ્રેષ્ઠ અનુષ્ઠાન કરનારા, वृष्णे-બળવાન इन्द्राय-વિદ્યાથી પ્રકાશિત सख्ये-સર્વના મિત્ર मह्यम्-મારા માટે सखायः-સર્વના સુહૃદ = મિત્ર બનીને तनूभिः-શરીરોની સાથે મારા तन्वे-શરીરના માટે સુખ चक्र-કરો, તેમ હું પણ એને કરું. (૧૧)

*ભાવાર્થ : વિદ્વાનો, જેમ ભણેલ અને શબ્દ-અર્થ-સંબંધની દ્રષ્ટિથી વિશેષ રૂપથી જાણેલ વેદ પોતાને સુખ પહોંચાડે છે, તેમ જે અન્યોને સુખી કરશે, એમ માનીને તેઓ શિષ્યને ભણાવે.*

*જેમ સ્વયં બ્રહ્મચર્યથી સ્વસ્થ અને પરાક્રમી બનીને દીર્ઘાયુ બને, તેમ અન્યોને પણ કરે. (૧૧)*

एवेदेते प्रति मा रोचमाना अनेद्यः श्रव एषो दधानाः।

संचक्ष्या मरुतश्चन्द्रवर्णा अच्छान्त मे छदयाथा च नूनम्॥ १२॥

પદાર્થ : હે मरुतः-પ્રાણ પ્રિય વિદ્વાનો ! જેમ इषः-ઈચ્છાઓને आ, दधानाः-સમ્યક્ ધારણ કરીને मा, इत्-મારા જ प्रति, रोचमानाः-પ્રતિ પ્રકાશમાન થઈને एते-એ તમે अनेद्यः-પ્રશંસનીય श्रवः-શ્રવણના સાધન શાસ્ત્રને संचक्ष्य-ભણાવો વા તેનો ઉપદેશ માત્ર કરીને चन्द्रवर्णाः-ચંદ્રમા સમાન ધવલ કાન્તિમાન થયેલ મને अच्छान्त-વિદ્યાથી આચ્છાદન-ઢાંકો છો, તેમ एव-જ હવે च-પણ नूनम्-નિશ્ચયપૂર્વક मे, छदयाथ-વિદ્યાથી આચ્છાદિત કરો, મારી અવિદ્યા દૂર કરો અને વિદ્યા પ્રદાન કરો. (૧૨)

*ભાવાર્થ : જે લોકો સ્ત્રી-પુરુષોને વિદ્યાથી પ્રકાશિત કરીને તથા પ્રશંસનીય ગુણ-કર્મ-સ્વભાવયુક્ત બનાવીને તેઓને ધર્મયુક્ત કર્મોમાં પ્રયુક્ત કરે છે, તેઓ 'સંસારને સુભૂષિત = અલંકૃત કરનારા' બની શકે છે. (૧૨)*

को न्वत्र मरुतो मामहे वः प्र यातन सखीँरच्छा सखायः।

मन्मानि चित्रा अपिवातयन्त एषां भूत नवेदा म ऋतानाम्॥ १३॥

પદાર્થ : હે मरुतः-પ્રાણવત્ પ્રિય વિદ્વાનો ! अत्र-આ સ્થાનમાં वः-તમને कः-કોણ नु-શીઘ્ર मामहे-સત્કારયુક્ત કરે છે ? હે सखायः-મિત્ર વિદ્વાનો ! તમે सखीन्-પોતાના મિત્રોને अच्छ-સમ્યક્ રીતે प्र, यातन-પ્રાપ્ત થાઓ.

હે चित्राः-અદ્‌ભુત કર્મ કરનારા વિદ્વાનો ! मन्मानि-વિજ્ઞાનોને अपिवातयन्तः-શીઘ્ર પહોંચડતા તમે मे-મારા एषाम्-આ ऋतानाम्-સત્ય વ્યવહારોમાં नवेदाः-નવેદ અર્થાત્ જેમાં દુઃખ નથી એવા भूत-થાઓ. (૧૩)

*ભાવાર્થ : મનુષ્ય સર્વના પ્રત્યે મિત્ર બનીને વિદ્યા પ્રાપ્ત કરાવીને, સર્વને ધર્મયુક્ત પુરુષાર્થમાં સંયુક્ત કરે, જેથી એ સર્વ સત્કારયુક્ત થાય. સત્ય અને અસત્યને જાણીને, બીજાઓને ઉપદેશ કરે. (૧૩)*

आ यद्दुवस्याद्दुवसे न कारुरस्माञ्चक्रे मान्यस्य मेधा।

ओ षु वर्त्त मरुतो विप्रमच्छेमा ब्रह्माणि जरिता वो अर्चत्॥ १४॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! यत्-જે કારણે दुवस्यात्-સેવન કરનારાઓથી दुवसे-સેવન કરનારા અર્થાત્ એકથી અધિક બીજાઓને માટે જેમ न-તેમ અમારા માટે પ્રાપ્ત થયેલી मान्यस्य-માન = સત્કારને યોગ્ય યોગ્યતાને પ્રાપ્ત સજ્જનની कारु-શિલ્પકાર્યોને સિદ્ધ કરનારી मेधा-બુદ્ધિ अस्मान्-અમને आ, चक्रे-કરે છે અર્થાત્ શિલ્પ કાર્યોમાં નિપુણ બનાવે છે. આથી તમે विप्रम्-મેધાવી બુદ્ધિવાળા પુરુષની ओ, षु, वर्त्त-સન્મુખ વિદ્યમાન થાઓ. શા માટે ? जरिता-સ્તુતિ કરનાર इमा-એ ब्रह्माणि-વેદોનો સંગ્રહ કરીને अच्छ-સમ્યક્ वः-તમારો अर्चत्-સત્કાર કરે. (૧૪)

*ભાવાર્થ : જેમ શિલ્પી લોકો શિલ્પવિદ્યાથી સિદ્ધ કરેલ વસ્તુઓનો પ્રયોગ કરે છે, તેમ વેદોના અર્થો અને તેના વિશેષ જ્ઞાનનું સર્વેએ સેવન કરવું જોઈએ. વેદ વિદ્યા વિના અતિ પૂજનીય વિદ્વાન (કોઈ) બની શકતા નથી. (૧૪)*

एष वः स्तोमो मरुत इयं गीर्मान्दार्यस्य मान्यस्य कारोः।

एषा यासीष्ट तन्वे वयां विद्यामेषं वृजनं जीरदानुम्॥ १५॥

પદાર્થ : હે मरुतः-શ્રેષ્ઠ વિદ્વાનો ! एषः-આ वः-તમારા માટે स्तोमः-સ્તુતિઓનો સમૂહ અને मान्दार्यस्य-સ્તુતિને યોગ્ય વા ઉત્તમ ગુણ-કર્મ-સ્વભાવવાળા मान्यस्य-માન = સત્કારને યોગ્ય कारोः-કાર (= કાર્ય) કરનારા પુરુષાર્થીજનોની इयम्-આ गीः-વાણી છે. એથી તમારામાંથી પ્રત્યેકની तन्वे-વિસ્તારને માટે इषा-ઇચ્છાની સાથે आ, यासीष्ट-આવો, પ્રાપ્ત થાઓ. वयाम्-અને અમે इषम्-અન્ન, वृजनम्-બળ जीरदानुम्-અને જીવનને विद्याम-પ્રાપ્ત કરીએ. (૧૫)

*ભાવાર્થ : જે આપ્ત અને પ્રયત્નશીલ વિદ્વાનો દ્વારા વિદ્યા અને શિક્ષા પ્રાપ્ત કરીને ધર્મયુક્ત વ્યવહારનું આચરણ કરે છે, તેઓના 'जन्मसाफल्यम्-' જન્મની સફળતા છે, એમ જાણવું જોઈએ. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૫)

## સૂક્ત-૧૬૬

तन्नु वोचाम रभसाय जन्मने पूर्वं महित्वं वृषभस्य केतवे।

ऐधेव यामन्मरुतस्तुविष्वणो युधेव शक्रास्तविषाणि कर्त्तन॥ १॥

પદાર્થ : હે तुविष्वणः-બહુ પ્રકાશના શબ્દોવાળા शक्राः-શક્તિમાન मरुतः-મનુષ્યો ! તમારા પ્રત્યે

ऋभसस्य-શ્રેષ્ઠ સજ્જનનું रभसाय-વેગયુક્ત અર્થાત્ પ્રબળ केतवे-વિજ્ઞાન जन्मने-જે ઉત્પન્ન થયેલ છે, તેના માટે જે पूर्वम्-પૂર્વે महित्वम्-મહાત્મ્ય્ तत्-તેને અમે वोचाम-કહીએ, ઉપદેશ કરીએ. તમે ऐधेव-કાષ્ઠોની સમાન વા यामन्-માર્ગમાં युधेव-યુદ્ધની સમાન પોતાના કર્મોથી तविषाणि-બળોને नु-શીઘ્ર कर्त्तन-કરો. (૧)

*ભાવાર્થ : વિદ્વાનો જિજ્ઞાસુઓના વર્ત્તમાન જન્મોનાં તથા પૂર્વજન્મોનાં સંચિત નિમિત્ત જ્ઞાનને અને કાર્યને જોઈને ઉપદેશ કરે, કે જે પ્રકારથી બ્રહ્મચર્ય અને જિતેન્દ્રિયતા આદિના દ્વારા મનુષ્યોનાં શારીરિક અને આત્મિક બળ પરિપૂર્ણ થાય, તેમ તમે પણ કરો. (૧)*

नित्यं न सूनुं मधु बिभ्रत उप क्रीळन्ति क्रीळा विदथेषु घृष्वयः।
नक्षन्ति रुद्रा अवसा नमस्विनं न मर्द्धन्ति स्वतवसो हविष्कृतम्॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે જે नित्यम्-નાશરહિત જીવની न-સમાન मधु-મધુરાદિ ગુણયુક્ત સમાન बिभ्रतः-ધારણ કરીને सूनुम्-પુત્રની સમાન उप, क्रीडन्ति-સમીપ રમો છો; વા विदथेषु-સંગ્રામોમાં घृष्वयः-શત્રુના બળને સહનાર અને क्रीडाः-રમનારા नक्षन्ति-પ્રાપ્ત થાઓ છો; વા रुद्राः-પ્રાણોની સમાન अवसा-રક્ષા આદિ કર્મથી नमस्विनम्-બહુ જ અન્નયુક્ત જનને न, मर्द्धन्ति-લડાવતા નથી અને स्वतवसः-પોતાનું બળ પૂર્ણ રાખીને हविष्कृतम्-દાનથી સિદ્ધ કરેલ પદાર્થને રાખો છો, તેનું નિત્ય સેવન કરો. (૨)

*ભાવાર્થ : જેઓ સર્વના ઉપકારમાં પ્રાણોની સમાન, તર્પણમાં જળ અને અન્નની સમાન અને આનંદમાં ઉત્તમ લક્ષણોયુક્ત સંતાનની સમાન છે, તેઓ શ્રેષ્ઠોની વૃદ્ધિ અને દુષ્ટોનો ક્ષય કરવામાં સમર્થ બને છે. (૨)*

यस्मा ऊमासो अमृता अरासत रायस्पोषं च हविषा ददाशुषे।
उक्षन्त्यस्मै मरुतो हिताइव पुरू रजांसि पयसा मयोभुवः॥ ३॥

પદાર્થ : હે विद्वानो ! अमृताः-નાશ રહિત ऊमासः-રક્ષાદિ કર્મવાળા આપ જેમ मयोभुवः-સુખની ભાવના કરનારા हिता इव-હિત સિદ્ધ કરનારાઓની સમાન मरुतः-વાયુ अस्मै-એ પ્રાણીને માટે पयसा જલથી पुरु-બહુ જ रजांसि-લોકો વા સ્થાનોને उक्षन्ति-સિંચો છો, તેમ यस्मै-જે ददाशुषे-દાતાને માટે हविषा-વિદ્યાદિ દાનથી रायः-ધર્મયુક્ત ધનની पोषम्-પુષ્ટિને च-અને વિદ્યાને अरासत-આપો છો, તે પણ એમજ વર્તે. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ વાયુની સમાન સર્વના સુખોને સિદ્ધ કરીને વિદ્યા અને સત્યોપદેશથી જળથી જેમ વૃક્ષોનું (સિંચન થાય છે), તેમ મનુષ્યોને સિંચિત કરીને તેઓની ઉન્નતિ કરવી જોઈએ. (૩)*

आ ये रजांसि तविषीभिरव्यत प्र व एवासः स्वयतासो अध्रजन्।
भयन्ते विश्वा भुवनानि हर्म्या चित्रो वो यामः प्रयतास्वृष्टिषु॥ ४॥

પદાર્થ : હે વિદ્વાનો ! ये-જે वः-તમારા एवासः-ગમનશીલ स्वयतासः-પોતાના બળથી નિયમને પ્રાપ્ત અર્થાત્ અશ્વાદિ વિના સ્વયં ગમન કરવામાં સન્નદ્ધ રથ तविषीभिः-બળોની સાથે रजांसि-લોકોને आ, अव्यत-સમ્યક્ પ્રાપ્ત થાય છે, તેઓ प्र, अध्रजन्-અત્યંત દોડે છે, તેના દોડવાથી विश्वा-સમસ્ત भुवनानि-લોકો हर्म्या-ઉત્તમોત્તમ ઘર भयन्ते-કંપે છે. એ કારણે प्रयतासु-નિયત ऋष्टिषु-પ્રાપ્તિઓમાં चित्रः-અદ્ભુત वः-તમારું यामः-પહોંચવું છે. (૪)

*ભાવાર્થ : વિદ્વાનો પોતાના અદ્ભુત શાસ્ત્રીય બળથી રથ આદિ બનાવીને, નિયમ માર્ગોમાં આવાગમન કરીને તથા સત્ય વિદ્યાથી અધ્યાપન અને ઉપદેશો દ્વારા સર્વ મનુષ્યોનું પાલન કરીને, અસત્યવિદ્યા અને અસત્ય ઉપદેશોથી નિવૃત્ત કરે-દૂર કરે. (૪)*

**यत्त्वेषयामा नदयन्त पर्वतान्दिवो वा पृष्ठं नर्या अचुच्यवुः ।**

**विश्वो वो अज्मन्भयते वनस्पती रथीयन्तीव प्र जिहीत ओषधिः ॥ ५ ॥**

પદાર્થ : હે વિદ્વાનો ! यत्-જ્યારે त्वेषयामाः-અગ્નિનો પ્રકાશ થતા ગમન કરનારા नर्याः-મનુષ્યોને માટે અત્યંત સાધક તમારા રથ दिवः-અન્તરિક્ષમાં पर्वतान्-મેઘોને नदयन्त-શબ્દ-નાદ કરે છે અર્થાત્ તમારા રથના વેગથી પોતાના સ્થાનથી વિખરાયેલ મેઘ ગર્જના આદિ શબ્દ કરે છે-ગડગડાટ કરે છે.

वा-અથવા પૃથિવીના पृष्ठम्-પૃષ્ઠ ભાગને अचुच्यवुः-પ્રાપ્ત થાય છે, ત્યારે विश्वः-वनस्पतिः-સમસ્ત વૃક્ષો, रथियन्तीव-પોતાના રથીને ઈચ્છતી સેનાની સમાન वः-તમારા अज्मन्-માર્ગમાં भयते-કંપે છે અર્થાત્ જે વૃક્ષો માર્ગમાં આવે છે તે કંપે = ડોલી ઊઠે છે અને ओषधिः-સોમ આદિ ઓષધિ प्र, जिहीते-સમ્યક્ સ્થાન છોડીને અર્થાત્ પોતાના સ્થાનથી વિખરાઈ જાય છે. (૫)

*ભાવાર્થ : અન્તરિક્ષ-સ્થાનમાં વિદ્વાનો દ્વારા પ્રયુક્ત વિમાનના અતિ તીવ્ર વેગના કારણે મેઘોનું વિખરાઈ જવું સંભવ છે, તેમજ પૃથિવીના કાંપવાથી વૃક્ષ આદિનું કંપન પણ સંભવ છે. (૫)*

**यूयं न उग्रा मरुतः सुचेतुनारिष्टग्रामाः सुमतिं पिपर्त्तन।**

**यत्रा वो दिद्युद्रदति क्रिविर्दती रिणाति पश्वः सुधितेव बर्हणा॥ ६ ॥**

પદાર્થ : હે उग्राः-તીવ્ર ગુણ-કર્મ-સ્વભાવયુક્ત मरुतः-વાયુની સમાન શીઘ્રતા કરનારા વિદ્વાનો ! यूयम्-તમો अरिष्टग्रामाः-જેનાથી અનેક ગામો અહિંસક બને છે અર્થાત્ પશુ આદિ પ્રાણીઓને તાડન કરવાનું છોદી દે છે. એવા બનીને नः-અમારી सुमतिम्-પ્રશસ્ત ઉત્તમ બુદ્ધિને सुचेतुना-સુંદર વિજ્ઞાનથી पिपर्त्तन-પૂર્ણ કરો.

यत्र-જ્યાં क्रिविर्दती-હિંસક રૂપ દાંત છે જેનાથી તે वः-તમારા સંબંધથી दिद्युत्-અત્યંત પ્રકાશવાન વિદ્યુત્ रदति-પદાર્થોનું છેદન-લેખન કરે છે, ત્યાં सुधितेव-સમ્યક્ ધારણ કરેલ વસ્તુની સમાન बर्हणा-વૃદ્ધિ પામીને पश्वः-પશુઓને અર્થાત્ પશુભાવો रिणाति-પ્રાપ્ત થાય છે. જેમ પશુઓ-ઘોડાઓ, બળદો આદિ રથાદિમાં જોડતા તેને ચલાવે છે, તેમ તે રથોને અતિ વેગથી ચલાવે છે. (૬)

*ભાવાર્થ : શિલ્પ વ્યવહારથી સિદ્ધ કરેલ વિદ્યુત્ ઘોડા આદિ પશુઓની સમાન કાર્યોને સિદ્ધ કરનારા બને છે. તે (વિદ્યુત્)ની ક્રિયાના જ્ઞાતા વિદ્વાનો અન્યોને પણ એ વિદ્યામાં નિપુણ બનાવે. (૬)*

**प्र स्कुम्भदेष्णा अनवभ्रराधसोऽलातृणासो विदथेषु सुष्टुताः।**
**अर्चन्त्यर्कं मदिरस्य पीतये विदुर्वीरस्य प्रथमानि पौंस्या॥ ७॥**

પદાર્થ : જે स्कम्भदेष्णा-સ્તંભન = રોકનારા, अनवभ्रराधसः-જેનું ધન વિનાશ ન પામેલ હોય, अलातृणासः-પૂર્ણ શત્રુનાશક, सुष्टुताः-શ્રેષ્ઠ પ્રશંસાને પ્રાપ્તજનો, विदथेषु-સંગ્રામોમાં वीरस्य-શૂરતા આદિ ગુણયુક્ત યોદ્ધાઓના, प्रथमानि-પ્રથમ पौंस्या-પુરુષાર્થ બળોને विदुः-જાણે છે; તેઓ मदिरस्य-આનંદપ્રદ રસનું पीतये-પાન કરવા अर्कम्-સત્કાર કરવા યોગ્ય વિદ્વાનનો प्र, अर्च्चन्ति-સમ્યક્ સત્કાર કરે છે. (૭)

*ભાવાર્થ : જે યુક્ત આહાર-વિહારયુક્ત તથા વીરજનોને પ્રિય બનીને પોતાની સેનાના બળની વૃદ્ધિ કરે છે, શત્રુઓથી રહિત, પુષ્કળ ધનવાન, પ્રચુર વસ્તુઓના દાતા અને પ્રશંસાને પ્રાપ્ત કરનારા બને છે. (૭)*

**शतभुजिभिस्तमभिह्रुतेरघात्पूर्भी रक्षता मरुतो यमावत।**
**जनं यमुग्रास्तवसो विरप्शिनः पाथना शंसात्तनयस्य पुष्टिषु॥ ८॥**

પદાર્થ : હે तनयस्य-સંતાનની पुष्टिषु-પુષ્ટિ કરનારા કામોમાં પ્રયત્ન કરીને, उग्राः-તેજસ્વી, તીવ્ર પ્રતાપયુક્ત, तवसः-અત્યંત વધેલ બળથી યુક્ત, विरप्शिनः-પૂર્ણ વિદ્યા, શિક્ષા અને પરાક્રમવાળા मरुतः-વાયુની સમાન વર્તમાન વિદ્વાનો ! તમે शतभुजिभिः-અસંખ્ય સુખ ભોગવવા જેનું શીલ पूर्भिः-પૂર્ણ પાલન અને સુખયુક્ત નગરોની સાથે यम्-જેની अभिह्रुतेः-સર્વત્રથી કુટિલ अघात्-પાપથી रक्षत-રક્ષા કરો-બચાવો.

यम्-જે जनम्-જનનું आवत-પાલન કરો વા જેનું शंसात्-આત્મ પ્રશંસારૂપ દોષથી पाथन-પાલન-રક્ષા કરો, तम्-તેની અમે પણ સર્વત્રથી રક્ષા કરીએ. (૮)

*ભાવાર્થ : જે મનુષ્યો યુક્ત આહાર, વિહાર, સુશિક્ષા, બ્રહ્મચર્ય અને વિદ્યા દ્વારા પોતાના સંતાનોને પુષ્ટિયુક્ત, સત્યના પ્રશંસક અને પાપથી રહિત બનાવે છે તથા પ્રાણોની સમાન પ્રજાઓને આનંદિત કરે છે, તેઓ 'અનન્ત સુખવાળા' બને છે. (૮)*

**विश्वानि भद्रा मरुतो रथेषु वो मिथस्पृध्येव तविषाण्याहिता।**
**अंसेष्वा वः प्रपथेषु खादयोऽक्षो वश्चक्रा समया वि वावृते॥ ९॥**

પદાર્થ : હે मरुतः-વાયુ સમાન બળવાન સજ્જનો ! वः-તમારા रथेषु-રમણીય યાનોમાં विश्वानि-

સમસ્ત भद्रा-કલ્યાણ કરનારા मिथस्पृध्येव-સંગ્રામોમાં જેમ પરસ્પર સેના છે, તેમ तविषाणि-બળ आहिताः-સર્વત્રથી ધારણ કરેલ છે वः-તમારા अंसेषु-સ્કંધોમાં ઉક્ત બળ છે તથા प्रपथेषु-શ્રેષ્ઠ સરળ માર્ગોમાં खादयः-ભોજન યોગ્ય વિશેષ ભક્ષ્ય-ભોજ્ય પદાર્થો છે, वः-તમારા अक्षः-રથની અક્ષ-ધુરી चक्रा-પૈડાની समया-સમીપ आ, वि, ववृते-વિવિધ રીતે પ્રત્યય વર્તમાન છે. (૯)

*ભાવાર્થ : જે સ્વયં બળવાન, કલ્યાણયુક્ત આચરણવાળા, સન્માર્ગ પર ચાલનારા અને પરિપૂર્ણ ધન તથા સેના આદિથી યુક્ત છે, તેઓ સરળતાથી શીઘ્ર શત્રુઓને જીતી શકે છે. (૯)*

भूरीणि भद्रा नर्येषु बाहुषु वक्षःसु रुक्मा रभसासो अञ्जयः।
अंसेष्वेताः पविषु क्षुरा अधि वयो न पक्षान् व्यनु श्रियो धिरे॥ १०॥

પદાર્થ : જેઓના नर्येषु-મનુષ્યોને માટે હિતકારક પદાર્થોમાં भूरीणि-બહુ જ भद्रा-સેવન કરવા યોગ્ય ધર્મયુક્ત કર્મ, વા बाहुषु-પ્રચંડ ભુજદંડો અને वक्षस्सु-વક્ષ સ્થલો = છાતીમાં रुक्माः-સુવર્ણ અને રત્નાદિ યુક્ત અલંકારો, अंसेषु-સ્કંધોમાં एताः-વિદ્યાની શિક્ષા પ્રાપ્ત रभसासः-વેગ જેમાં વિદ્યમાન છે, એવા अञ्जयः-પ્રસિદ્ધ પ્રશંસાયુક્ત પદાર્થો, पविषु, अधि-સુશિક્ષિત વાણીઓમાં क्षुराः-ધર્માનુકૂળ શબ્દો વિદ્યમાન છે, તેઓ જેમ वयः-પક્ષીઓ पक्षान्-પાંખોને न-તેમ श्रियः-લક્ષ્મીઓને वि, अनु, धिरे-વિશેષતાથી અનુકૂળ ધારણ કરે છે. (૧૦)

*ભાવાર્થ : જે લોકો બ્રહ્મચર્યથી વિદ્યા પ્રાપ્ત કરેલ; ગૃહસ્થાશ્રમમાં આભૂષણધારી, પુરુષાર્થી અને પરોપકારી; વાનપ્રસ્થમાં વૈરાગ્યવાન બનીને અધ્યાપન કાર્યમાં તલ્લીન તથા સંન્યાસાશ્રમમાં સર્વ તત્ત્વોને યથાર્થરૂપમાં પ્રાપ્ત કરીને, સર્વને સત્ય ગ્રહણ-પરાયણ બનીને સર્વત્ર વિચરણ કરીને, સર્વને સત્ય ગ્રહણ કરાવીને તેઓને અસત્યનો ત્યાગ કરાવીને સર્વ મનુષ્યોની વૃદ્ધિ-ઉન્નતિ કરે છે, તેઓ મોક્ષને પ્રાપ્ત કરે છે. (૧૦)*

महान्तो मह्ना विभ्वो३ विभूतयो दूरेदृशो ये दिव्याइव स्तृभिः।
मन्द्राः सुजिह्वाः स्वरितार आसभिः संमिश्ला इन्द्रे मरुतः परिष्टुभः॥ ११॥

પદાર્થ : જે વિદ્વાનો मह्ना-પોતાના મહિમાથી महान्तः-મહાન, विभ्वः-સમર્થ विभूतयः-અનેક ઐશ્વર્યોના દાતા, दूरेद्रशः-દૂરદર્શી, इन्द्रे-વિદ્યુત્ વિષયમાં संमिश्लाः-સમ્યક્ મિશ્રિત, स्तृभिः-આચ્છાદન કરનાર સંસાર પર છાયા કરનારા તારાગણોની સાથે વર્તમાન परिष्टुभः-સર્વત્રથી ધારણ કરનારા, मरुतः-વાયુઓની સમાન તથા दिव्याइव-સૂર્યના કિરણોની સમાન मन्द्राः-સુંદર-મનોહર, सुजिह्वा-સત્ય વાણી બોલનારા, स्वरितारः-અધ્યાપકો અને ઉપદેશકો બનીને आसभिः-મુખોથી અધ્યાપન અને ઉપદેશ કરે છે, તેઓ નિર્મળ વિદ્યાવાન બને છે. (૧૧)

*ભાવાર્થ : જે વિદ્વાન પુરુષાર્થ દ્વારા મહાન ઐશ્વર્ય પ્રાપ્ત કરીને, તે અન્યોને પ્રદાન કરે છે, તે જ સર્વનો ઈશ્વર (= રાજા) બને છે. (૧૧)*

तद्वः सुजाता मरुतो महित्वनं दीर्घं वो दात्रमदितेरिव व्रतम्।
इन्द्रश्चन त्यजसा वि ह्रुणाति तज्जनाय यस्मै सुकृते अराध्वम्॥ १२॥

પદાર્થ : હે सुजाता-સુંદર પ્રસિદ્ધ मरुतः-વાયુની સમાન વર્તમાન ! જે वः-તમારું आदितेरिव-અન્તરિક્ષ જેમ (વિસ્તૃત છે) महित्वनम्-મહિમા दीर्घम्-વિસ્તૃત છે, दात्रम्-દાન (વિસ્તૃત) છે અને वः-તમારું व्रतम्-શીલ શાંત છે तत्-તેને તથા જે इन्द्र-વિદ્યુત્ चन-પણ त्यजसा-ત્યાગથી અર્થાત્ એક પદાર્થ છોડીને બીજા પર પડવાથી वि, ह्रुणाति-તિર્યક્ જાય છે, तत्-તે વૃત્તને પણ यस्मै-જે सुकृते-સુંદર ધર્મ કરનારા जनाय-સજ્જનને માટે अराध्वम्-આપો, તે સંસારનો ઉપકાર કરી શકે. (૧૨)

*ભાવાર્થ : જેનો પ્રાણ સમાન મહત્તા છે, જેનું વિસ્તૃત વિદ્યાદાન છે, આકાશની સમાન શાન્ત શીલ = સ્વભાવ છે અને વિદ્યુત્‌ની સમાન દુષ્ટ આચરણનો ત્યાગ છે, તેઓ સર્વને સુખ આપી શકે છે. (૧૨)*

तद्वो जामित्वं मरुतः परे युगे पुरू यच्छंसममृतास आवत।
अया धिया मनवे श्रुष्टिमाव्या साकं नरो दंसनैरा चिकित्रिरे॥ १३॥

પદાર્થ : હે अमृतासः-મૃત્યુધર્મરહિત मरुतः-પ્રાણોની સમાન અત્યંત પ્રિય વિદ્વાનો ! परे, युगे-પર વર્ષમાં વા પરજન્મમાં यत्-જે वः-તમારો पुरु-બહુજ जामित्वम्-સુખ-દુઃખનો ભોગ વર્તમાન છે, तत्-તેને शंसम्-પ્રશંસારૂપ आवत-રાખો; અને अया-એ धिया-બુદ્ધિથી मनवे-મનુષ્યને માટે श्रुष्टिम्-પ્રાપ્ત થવા યોગ્ય વસ્તુની आव्य-રક્ષા કરીને नरः-ધર્મયુક્ત વ્યવહારોમાં મનુષ્યોને પહોંચાડનારા મનુષ્યો साकम्-તમારી સાથે दंसनैः-શુભ-અશુભ, સુખ-દુઃખ ફળોની પ્રાપ્તિ કરાવનારા કર્મોથી आ, चिकित्रिरे-સર્વને સમ્યક્ જાણે. (૧૩)

*ભાવાર્થ : જેમ વાયુઓ આ સૃષ્ટિમાં વર્તમાન સમયમાં તથા પ્રલય સમયમાં પણ રહે છે. તેમ નિત્ય જીવ પણ રહે છે. જેમ વાયુઓ જડ વસ્તુને નીચે-ઉપર લઈ જાય છે, તેમ જીવ પણ કર્મોની સાથે પૂર્વના, મધ્યના અને આવનારા સમયમાં કાળ અનુસાર તથા કર્મો અનુસાર ભ્રમણ કરે છે. (૧૩)*

येन दीर्घं मरुतः शूशवाम युष्माकेन परीणसा तुरासः।
आ यत्ततनन्वृजने जनास एभिर्यज्ञेभिस्तदभीष्टिमश्याम्॥ १४॥

પદાર્થ : तुरासः-શીઘ્રતા કરનારા मरुतः-વાયુની સમાન વિદ્યાબળયુક્ત વિદ્વાનો ! અમે येन-જેના દ્વારા युष्माकेन-આપના સંબંધથી परीणसा-બહુ જ ઉપદેશથી दीर्घम्-અત્યંત દીર્ઘ બ્રહ્મચર્યને પ્રાપ્ત કરીને शूशवाम-વૃદ્ધિને પ્રાપ્ત કરીએ. જેથી जनासः-વિદ્યાથી પ્રસિદ્ધ મનુષ્ય वृजने-બળના નિમિત્ત यत्-જે ક્રિયાનો आ, ततनन्-વિસ્તાર કરે છે, तत्-તે अभीष्टिम्-સર્વ પ્રકારથી ઇચ્છિત ક્રિયાને एभिः-એ यज्ञेभिः-વિદ્વાનોના સંગરૂપ યજ્ઞોથી હું अश्याम्-પ્રાપ્ત કરું. (૧૪)

*ભાવાર્થ : જેઓની સહાયતાથી મનુષ્યો બહુ જ વિદ્યા, ધન અને બળવાળા થાય, તેની નિત્ય વૃદ્ધિ કરે. વિદ્વાનો જેમ ધર્મનું આચરણ કરે, તેમ બીજાઓ પણ આચરણ કરે. (૧૪)*

एष वः स्तोमो मरुत इयं गीर्मान्दार्यस्य मान्यस्य कारोः।
एषा यासिष्ट तन्वे वयां विद्यामेषं वृजनं जीरदानुम्॥ १५॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! वः-તમારા જે एषः-આ स्तोमः-સ્તુતિ અને मान्दार्यस्य-આનંદ કરનારા ધર્માત્મા मान्यस्य-સત્કાર કરવા યોગ્ય कारोः-અત્યંત યત્ન કરનારા જનની इयम्-આ गीः-વાણી અને જે ક્રિયાને तन्वे-શરીરને માટે इषा-ઈચ્છાની સાથે કોઈ आ, यासीष्ट-સમ્યક્ પ્રાપ્ત થાય છે, તે ક્રિયા इषम्-અન્ન वृजनम्-બળ અને जीरदानुम्-જીવનને वयाम्-અમે विद्याम-પ્રાપ્ત કરીએ. (૧૫)

*ભાવાર્થ : મનુષ્યોએ વિદ્વાનોની સ્તુતિ કરીને, આપ્તજનની વાણી સાંભળીને તથા શરીર અને આત્માના બળની વૃદ્ધિ કરીને દીર્ઘ જીવન પ્રાપ્ત કરવું જોઈએ. (૧૫)*

સંગતિ : આ સૂક્તમાં મરુત શબ્દાર્થથી વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તના અર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૬)

## સૂક્ત-૧૬૭

सहस्रं त इन्द्रोतयो नः सहस्रमिषो हरिवो गूर्त्ततमाः।
सहस्रं रायो मादयध्यै सहस्रिण उप नो यन्तु वाजाः॥ १॥

પદાર્થ : હે हरिवः-ધારણ-આકર્ષણાદિ યુક્ત इन्द्र-પરમૈશ્વર્યવાન વિદ્વાન્ ! જે ते-આપની सहस्रम्-હજારો (= અસંખ્ય) ऊतयः-રક્ષાઓ, सहस्रम्-હજારો इषः-અન્નાદિ પદાર્થો, सहस्रम्-હજારો गूर्त्ततमाः-અત્યંત ઉદ્યમ વા रायः-ધન છે, તે नः-અમારા થાય અને सहस्रिणः-જેમાં હજારો પદાર્થ વિદ્યમાન છે, તે वाजाः-બોધ मादयध्यै-આનંદિત કરવા માટે नः-અમારી उप, यन्तु-સમીપ પ્રાપ્ત થાઓ. (આ મંત્રમાં 'सहस्रम्' પદ અસંખ્યનો વાચક છે-અનુ.) (૧)

*ભાવાર્થ : મનુષ્યોને, જે ભાગ્યશાળીઓને સર્વોત્તમ સામગ્રી અને યથોચિત ક્રિયાથી અસંખ્ય સુખ થાય છે, તે અમને પણ થાય એવો વિચાર કરીને (તેના માટે) નિરંતર પ્રયત્ન કરવો જોઈએ. (૧)*

आ नोऽवोभिर्मरुतो यान्त्वच्छा ज्येष्ठेभिर्वा बृहद्दिवैः सुमायाः।
अध यदेषां नियुतः परमाः समुद्रस्य चिद्धनयन्त पारे॥ २॥

પદાર્થ : यत्-જે सुमायाः-સુંદર બુદ્ધિવાળા 'बृहद्दिवैः'-જેની અસંખ્ય વિદ્યા પ્રસિદ્ધ છે, તે ज्येष्ठेभिः-વિદ્યા અને વયોવૃદ્ધોના वा-અથવા अवोभिः-રક્ષા આદિ કર્મોની સાથે मरुतः-વાયુઓની સમાન સજ્જન नः-અમને अच्छ-સમ્યક્ आ, यान्तु-પ્રાપ્ત થાય.

अध-અનન્તર एषाम्, चित्-એના પણ समुद्रस्य-સાગરની पारे-પાર परमाः-અત્યંત ઉત્તમ नियुतः-વાયુની સમાન વિદ્યુત્ આદિ અશ્વ धनयन्त-સ્વયં ધનની ઈચ્છા કરે છે, તેનો અમે સત્કાર કરીએ. (૨)

*ભાવાર્થ : જેઓ અતિ વિશાળ નૌકાઓ દ્વારા, વાયુની સમાન વેગથી વ્યવહારને માટે સમુદ્રની આરપાર ગમન-આગમન કરીને સંપત્તિની વૃદ્ધિ કરે છે, તેઓ અનુપમ સુખને પ્રાપ્ત કરે છે. (૨)*

**मिम्यक्ष येषु सुधिता घृताची हिरण्यनिर्णिगुपरा ऋष्टिः।**
**गुहा चरन्ती मनुषो न योषा सभावती विदथ्येव सं वाक्॥ ३॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ येषु-જેમાં घृताची-જલની શીતલતા છાંટનારી રાત્રિની સમાન, વા सुधिता-સમ્યક્ ધારણ કરેલી उपरा-ઉપરની દિશાની न-સમાન, વા ऋष्टिः-પ્રત્યેક પદાર્થને પ્રાપ્ત કરાવનારી हिरण्यनिर्णिक्-જે સુવર્ણથી પુષ્ટિ થાય છે; અને गुहा, चरन्ती-ગુપ્ત સ્થાનોમાં વિચરણ કરતી मनुषः-મનુષ્યની योषा-સ્ત્રી न-તેની સમાન, વા विदथ्येव-સંગ્રામ વા વિજ્ઞાનોમાં થયેલી ક્રિયા આદિની સમાન सभावती-સભા સંબંધીની वाक्-વાણી છે, તેને सम्, मिम्यक्ष-સમ્યક્ પ્રાપ્ત થાઓ. (૩)

*ભાવાર્થ : જે મનુષ્યો સત્ય અને અસત્યના નિર્ણય માટે સમસ્ત શુભ ગુણ-કર્મ-સ્વભાવ વાળી અને વિદ્યા-સુશિક્ષાયુક્ત આપ્તવાણીને પ્રાપ્ત કરે છે, તેઓ બહુ જ ઐશ્વર્યવાન બનીને સર્વ દિશાઓમાં ઉત્તમ યશસ્વી બને છે. (૩)*

**परा शुभ्रा अयासो यव्या साधारण्येव मरुतो मिमिक्षुः।**
**न रोदसी अप नुदन्त घोरा जुषन्त वृधं सख्याय देवाः॥ ४॥**

પદાર્થ : જેમ शुभ्राः-સ્વચ્છ अयासः-શીઘ્રગામી मरुतः-વાયુ यव्या-મિશ્રિત-અમિશ્રિત ગતિથી रोदसी-આકાશ અને પૃથિવીને मिमिक्षुः-સિંચે છે તથા घोराः-વિદ્યુત્‌ના યોગથી ભયંકર બનીને न, परा, अप, नुदन्त-તેને પરાવૃત્ત = ઉલટા કરતો નથી, તેમ देवाः-વિદ્વાનો वृधम्-વૃદ્ધિને सख्याय-મિત્રતાને માટે જેમ साधारण्येव-સાધારણ ક્રિયાથી સેવન કરે તેમ जुषन्त-સેવન કરે. (૪)

*ભાવાર્થ : જેમ વાયુ અને વિદ્યુત્‌ના યોગથી ઉત્પન્ન થયેલ વર્ષા અનેક ઔષધિઓને ઉત્પન્ન કરીને, સર્વ પ્રાણીઓને જીવિત રાખીને દુઃખોને દૂર કરે છે.*

*જેમ ઉત્તમ પતિવ્રતા સ્ત્રી પતિને પ્રસન્ન રાખે છે, તેમ જ વિદ્વાનો વિદ્યા અને સુશિક્ષાની વર્ષાથી અને ધર્મના સેવનથી સર્વ મનુષ્યોને પ્રસન્ન રાખે. (૪)*

**जोषद्यदीमसुर्या सचध्यै विषितस्तुका रोदसी नृमणाः।**
**आ सूर्येव विधतो रथं गात्त्वेषप्रतीका नभसो नेत्या॥ ५॥**

પદાર્થ : यत्-જે असुर्या-મેઘોમાં પ્રસિદ્ધ, विषितस्तुका-વિવિધ પ્રકારની જેની સ્તુતિ સંબંધી અને नृमणाः-જે અગ્રગામી જનોના મનમાં રમતી, ईम्-જળના सचध्यै-સંયોગના માટે, सूर्येव-સૂર્યની દીપ્તિની સમાન, रोदसी-આકાશ અને પૃથિવીને जोषत्-સેવે અર્થાત્ તેના ગુણોમાં રમે; વા त्वेषप्रतीका-પ્રકાશની પ્રતિતીકારિકા અને इत्या-પ્રાપ્ત કરવા યોગ્ય બનેલી नभसः-જળ સંબંધી रथम्-રમણ કરવા યોગ્ય રથની न-સમાન વ્યવહાર કરીને विधतः-તાડના કરનારાઓને आ, गतू-પ્રાપ્ત થાય છે, તે સ્ત્રી પ્રવર છે. (૫)

*ભાવાર્થ : જેમ અગ્નિ વિદ્યુત્ રૂપમાં સર્વ વસ્તુઓને વ્યાપ્ત કરીને પ્રકાશિત કરે છે, તેમ સ્ત્રી સમસ્ત વિદ્યાઓ અને સુશિક્ષાઓને પ્રાપ્ત કરીને સંપૂર્ણ કુળને પ્રશંસિત કરે છે. (૫)*

**आस्थापयन्त युवतिं युवानः शुभे निमिश्लां विदथेषु पज्राम्।**
**अर्को यद्वो मरुतो हविष्मान्गायद्गाथं सुतसोमो दुवस्यन्॥ ६॥**

પદાર્થ : હે मरुतः-વિદ્યાયુક્ત પ્રાણ સમાન પ્રિય સજ્જનો ! युवानः-યુવાવસ્થાને પ્રાપ્ત આપ शुभे-શુભગુણ-કર્મ-સ્વભાવ ગ્રહણ કરવા માટે निमिश्लाम्-નિરંતર પૂર્ણ વિદ્યા અને સુશિક્ષાયુક્ત તથા विदथेषु-ધર્મયુક્ત વ્યવહારોમાં पज्राम्-જનારી युवतिम्-યુવતી સ્ત્રીને आ, अस्थापयन्त-સારી રીતે સ્થાપિત કરે છે.

यत्-જે वः-તમારું अर्कः-સત્કાર કરવા યોગ્ય અન્ન છે, તેને સ્થાપિત કરો છો; તથા જે हविष्मान्-બહુ જ વિદ્યાવાન सुतसोमः-જેણે ઐશ્વર્ય ઉત્પન્ન કરેલ છે અને गायत्-સ્તુતિ કરે છે, તે गाथम्-પ્રશંસનીય ઉપદેશનું दुवस्यन्-આચરણ કરીને નિરંતર આનંદ કરે. (૬)

*ભાવાર્થ : સર્વે રાજપુરુષ આદિએ અત્યંત ઉચિત છે, કે તેઓ પોતાની પુત્રીઓ તથા પુત્રોને દીર્ઘકાળ સુધી બ્રહ્મચર્યમાં રાખીને તેઓને વિદ્યા અને સુશિક્ષા ગ્રહણ કરાવીને, પૂર્ણ વિદ્યા પ્રાપ્ત કર્યા પછી અને પરસ્પર પ્રસન્ન થયેલ તે લોકોના સ્વયંવરથી વિવાહ કરાવે, જેથી તેઓ જ્યાં સુધી જીવે ત્યાં સુધી આનંદિત રહે. (૬)*

**प्र तं विवक्मि वक्म्यो य एषां मरुतां महिमा सत्यो अस्ति।**
**सचा यदीं वृषमणा अहंयुः स्थिरा चिज्जनीर्वहते सुभागाः॥ ७॥**

પદાર્થ : यः-જે एषाम्-આ मरुताम्-વાયુની સમાન વિદ્વાનોનું वक्म्यः-કહેવા યોગ્ય सत्य-સત્ય महिमा-મહાન अस्ति-છે. तम्-તેને અને यत्-જે अहंयुः-અહંકારયુક્ત-અભિમાની वृषमनाः-જેનું મન વીર્ય સિંચનમાં છે, તે ईम्-સર્વત્રથી सचा-સંબંધની સાથે स्थिरा, चित्-સ્થિર જ सुभागाः-સુંદર સેવન કરનારી जनीः-સંતાનોને ઉત્પન્ન કરનારી સ્ત્રીઓને वहते-પ્રાપ્ત કરે છે, તેને પણ હું प्र, विवक्मि-સારી રીતે વિશેષતાથી કહું છું. (૭)

*ભાવાર્થ : મનુષ્યોનું એજ મહત્ત્વ છે, કે જે દીર્ઘકાળ સુધીના બ્રહ્મચર્યથી બાલક અને બાલિકાઓ*

*પૂર્ણ આયુ તથા શરીર અને આત્માના બળને માટે વિદ્યા અને સુશિક્ષા ગ્રહણ કરીને દીર્ઘાયુ, દૃઢ શરીર તથા મનયુક્ત અને ભાગ્યશાળી સંતાનોને ઉત્પન્ન કરીને તેઓને પ્રશંસિત કરે. (૭)*

पान्ति मित्रावरुणाववद्याच्चयत ईमर्यमो अप्रशस्तान्।

उत च्यवन्ते अच्युता ध्रुवाणि वावृध ईं मरुतो दातिवारः॥ ८॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો આપ અને मित्रवरुणौ-મિત્ર અને શ્રેષ્ઠ સજ્જન વા અધ્યાપકો અને ઉપદેશકો अवद्यात्-નિંદ્ય પાપાચરણથી पान्ति-મનુષ્યોની રક્ષા કરો છો; તથા अर्यमो-ન્યાયકારી રાજા अप्रशस्तान्-દુરાચારીઓને ईम्-પ્રત્યેક चयते-એકત્ર કરે છે; उत-અને તેઓ अच्युता-વિનાશરહિત ध्रुवाणि-દૃઢ કર્મોને च्यवन्ते-પ્રાપ્ત થાય છે અને दातिवारः-દાન લેનાર ईम्-સર્વત્રથી ववृधे-વૃદ્ધિ પામે છે. (૮)

*ભાવાર્થ : જે મનુષ્ય વિદ્યા, ધર્મ અને સુશિક્ષાના દાનથી અજ્ઞાનીઓને અધર્મથી નિવૃત્ત કરીને ધ્રુવ = સ્થાયી શુભ કર્મ પ્રાપ્ત કરાવે છે, તેઓ સુખથી પૃથક્ થતાં નથી. (૮)*

नही नु वो मरुतो अन्त्यस्मे आरात्तच्चिच्छवसो अन्तमापुः।

ते धृष्णुना शवसा शूशुवांसोऽर्णो न द्वेषो धृषता परि ष्ठुः॥ ९॥

પદાર્થ : હે मरुतः-મહાબળવાન વિદ્વાનો ! જે वः-તમારા અને अस्मे-અમારા अन्ति-સમીપ शवसः-બળની अन्तम्-સીમાને नु-શીઘ્ર नहि, आपुः-પ્રાપ્ત થતા નથી.

જે आरात्तात्-દૂરથી चित्-પણ धृष्णुना-દૃઢ शवसा-બળથી शूशुवांसः-વૃદ્ધિ પામીને अर्णः-જળની न-સમાન धृषता-પ્રગલ્ભતાથી द्वेषः-વેદ આદિ દોષ વા ધર્મવિરોધી મનુષ્યોને परि, स्थुः-સર્વત્રથી ત્યાગ કરવામાં સ્થિત હોય, ते-તેઓ આપ્ત બને છે. (૯)

*ભાવાર્થ : જો આપણે શરીર અને આત્માના પૂર્ણ બળને પ્રાપ્ત કરીએ, તો શત્રુ અમારો અને તમારો પરાજય કરી શકે નહિ.*

*જેઓ દુષ્ટોનો તથા લોભ આદિ દોષોનો ત્યાગ કરે, તેઓ બળવાન બનીને દુઃખથી પાર જઈ શકે છે. (૯)*

वयमद्येन्द्रस्य प्रेष्ठा वयं श्वो वोचेमहि समर्ये।

वयं पुरा महि च नो अनु द्यून्तन्न ऋभुक्षा नरामनु ष्यात्॥ १०॥

પદાર્થ : હે વિદ્વાનો ! वयम्-અમે अद्य-આજ इन्द्रस्य-પરમ વિદ્યા અને ઐશ્વર્યયુક્ત ધાર્મિક વિદ્વાનના प्रेष्ठाः-અત્યંત પ્રિય છીએ.

वयम्-અમે श्वः-આગામી-આવતીકાળના દિવસે समर्ये-સંગ્રામમાં वोचेमहि-કહીએ. च-અને पुरा-

પ્રથમ જે नः-અમારી महि-મહાનતા છે, तत्-તેને वयम्-અમે अनु, द्यून्-પ્રતિદિન કહીએ અને नराम्-મનુષ્યોમાં नः-અમારા માટે ऋभुक्षाः-મેધાવી બુદ્ધિમાન વીર પુરુષ अनु, ष्यात्-અનુકૂળ બને. (૧૦)

*ભાવાર્થ : જેઓ વિદ્વાનોથી પ્રેમ, યુદ્ધોમાં ઉત્સાહ અને લોકોનું પ્રિય આચરણ પ્રથમ કરે છે, તેઓ 'सर्वेषां प्रिया' સર્વના પ્રિય બને છે. (૧૦)*

एष वः स्तोमो मरुत इयं गीर्मान्दार्यस्य मान्यस्य कारोः।

एषा यासीष्ट तन्वे वयां विद्यामेषं वृजनं जीरदानुम्॥ ११॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો एषः-આ वः-તમારી स्तोमः-સ્તુતિ અને मान्दार्यस्य-આનંદપ્રદ ઉત્તમ मान्यस्य-માન-સત્કાર કરવા યોગ્ય कारोः-સર્વના સુખકારક સજ્જનની इमम्-આ गीः-વેદ વિદ્યાની ઉત્તમ શિક્ષાયુક્ત વાણી છે, તેની જે इषा-ઇચ્છાની સાથે आ, यासीष्ट-પ્રાપ્તિ થાય. वयाम्-અમે तन्वे-શરીરને માટે इषम्-ઇચ્છા जीरदानुम्-જીવનને માટે અને वृजनम्-બળને विद्याम-જાણીએ. (૧૧)

*ભાવાર્થ : જેઓ સર્વત્રથી પ્રશંસનીય ગુણોને પ્રાપ્ત કરીને તથા આપ્તોનો સત્કાર કરીને શારીરિક અને આત્મિક બળને માટે વિદ્યા અને પરાક્રમનો સંચય કરે છે, તેઓ સુખથી જીવે છે. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં વાયુના દૃષ્ટાન્તથી સજ્જન વિદ્વાન જનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વે સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૭)

## સૂક્ત—૧૬૮

यज्ञायज्ञा वः समना तुतुर्वणिर्धियंधियं वो देवया उ दधिध्वे।

आ वोऽर्वाचः सुविताय रोदस्योर्महे ववृत्यामवसे सुवृक्तिभिः॥ १॥

પદાર્થ : હે વિદ્વાનો જેમ देवयाः-જેઓ દિવ્યગુણોને પ્રાપ્ત થાય છે, તેઓ પ્રાણવાયુ वः-તમારા धियं धियम्-કામ-કામને ધારણ કરે છે, તેમ उ-જ તમે તેમને दधिध्वे-ધારણ કરો.

જેમ તે વાયુઓની यज्ञायज्ञा-યજ્ઞ-યજ્ઞમાં અને समना-સમાન વ્યવહારોમાં तुतुर्वणि-શીઘ્ર ગતિ છે, તેમ वः-તમારી ગતિ થાઓ.

જેમ અમે रोदस्योः-આકાશ અને પૃથિવી સંબંધી सुविताय-ઐશ્વર્યને માટે તથા महे-અત્યંત अवसे-રક્ષાને માટે वः-તમારા सुवृक्तिभिः-સુંદર ત્યાગોની સાથે अर्वाचः-નીચે આવવા-જવાવાળા વાયુના आ; ववृत्याम्-સમ્યક્ વહેવા માટે ઇચ્છીએ છીએ, તેમ તમે ઇચ્છો. (૧)

*ભાવાર્થ : જેમ વાયુઓ નિયમથી અનેક પ્રકારની ગતિઓ યુક્ત બનીને જગતને ધારણ કરે છે, તેમ વિદ્વાનો વિદ્યા અને શિક્ષાથી યુક્ત બનીને વિદ્યાર્થીઓને ધારણ કરે. જેથી અસંખ્ય ઐશ્વર્ય પ્રાપ્ત થાય. (૧)*

वव्रासो न ये स्वजाः स्वतवस इषं स्वरभिजायन्त धूतयः।
सहस्त्रियासो अपां नोर्मय आसा गावो वन्द्यासो नोक्षणः॥ २॥

પદાર્થ : હે વિદ્વાનો ! ये-જે स्वजाः-પોતાનાં જ કારણથી ઉત્પન્ન, स्वतवसः-પોતાના બળથી બળવાન, धूतयः-જનારા વા બીજાઓને કંપાવનારા મનુષ્યો वव्रासः-શીઘ્ર ગામીઓની न-સમાન; વા अपाम्-જળની सहस्त्रियासः-હજારો ऊर्मयः-તરંગોની न-સમાન, आसा-સુખથી वन्द्यासः-વંદના અને કામનાને યોગ્ય गावः-ગાયો જેમ उक्षणः-બળદોને न-તેમ इषम्-જ્ઞાન અને स्वः-સુખને अभिजायन्त-પ્રકટ કરે છે, તેને તમે જાણો. (૨)

*ભાવાર્થ : જેઓ વાયુની સમાન બળવાન, તરંગોની સમાન ઉત્સાહી, ગાયોની સમાન ઉપકારી, કારણની સમાન સુખોત્પાદક અને દુષ્ટોને કંપિત કરનારા મનુષ્યો છે, તેઓ આ સંસારમાં 'धन्याः'-ધન્ય બને છે. (૨)*

सोमासो न ये सुतास्तृप्तांशवो हृत्सु पीतासो दुवसो नासते।
ऐषामंसेषु रम्भिणीव रारभे हस्तेषु खादिश्च कृतिश्च सं दधे॥ ३॥

પદાર્થ : હું ये-જે વાયુ સમાન વિદ્વાન तृप्तांशवः-જેનાથી સૂર્ય કિરણ આદિ પદાર્થ તૃપ્ત થાય છે. અને તેઓ सुताः-કુટી-પીસીને કાઢેલ सोमासः-સોમાદિ ઓષધિ રસ हृत्सु-હૃદયોમાં पीतासः-પાન કરેલ હોય તેઓની न-સમાન; વા दुवसः-સેવન કરનારાઓની न-સમાન आसते-બેસીને સ્થિર થાય છે, एषाम्-તેઓના अंसेषु-ભુજ સ્કંધોમાં रम्भिणीव-જેમ પ્રત્યેક કામનો આરંભ કરનારી સ્ત્રી સંલગ્ન હોય છે, તેમ आ, रारभे-સંલગ્ન બનું છું. જેઓએ हस्तेषुः-હાથોમાં खादिः-ભોજન च-અને कृतिः-ક્રિયા च-પણ ધારણ કરેલ છે, તેઓની સાથે ક્રિયાઓને सम्, दधे-સમ્યક્ ધારણ કરું છું. (૩)

*ભાવાર્થ : જે સજ્જનો ઓષધિની સમાન કુશિક્ષા અને દુષ્ટાચાર વિનાશક, સેવકની સમાન સુખદાયી, પતિવ્રતા સ્ત્રીની સમાન પ્રિય આચરણયુક્ત અને ક્રિયાકુશળ છે, તેઓ આ સૃષ્ટિમાં સમસ્ત વિદ્યાઓને સમ્યક્ ધારણ કરી શકે છે. (૩)*

अव स्वयुक्ता दिव आ वृथा ययुरमर्त्याः कशया चोदत त्मना।
अरेणवस्तुविजाता अचुच्यवुर्दृढानि चिन्मरुतो भ्राजदृष्टयः॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! તમે त्मना-આત્માથી कशया-શિક્ષા અથવા ગતિથી જેમ स्वयुक्ताः-સ્વ ગમન કરનારા अमर्त्याः-મરણ ધર્મરહિત अरेणवः-જેમાં રેણુ = રેતી વિદ્યમાન નથી तुविजाताः-બળની સાથે પ્રસિદ્ધ અને भ्राजदृष्टयः-જેની પ્રકાશમાન ગતિ છે, તેઓ मस्तः-વાયુ दिवः-આકાશથી आ, ययु-આવીને પ્રાપ્ત થાય છે અને दृढानि-પુષ્ટ चित्-પદાર્થોને वृथा-નિષ્કામ अव, अचुच्यवुः-પ્રાપ્ત થાય છે, તેમ એને चोदत-પ્રેરણા આપો. (૪)

*ભાવાર્થ : જેમ વાયુઓ સ્વયં જાય અને આવે છે અને અગ્નિ આદિને ધારણ કરીને દૃઢતાપૂર્વક પ્રકાશિત કરે છે, તેમ વિદ્વાનો સ્વયં અધ્યાપન અને ઉપદેશ આપવામાં નિયુક્ત થઈને, વ્યર્થ કાર્યને છોડીને અને છોડાવીને વિદ્યા અને સુશિક્ષાઓથી સર્વ મનુષ્યોને પ્રકાશિત કરે છે. (૪)*

को वोऽन्तर्मरुत ऋष्टिविद्युतो रेजति त्मना हन्वेव जिह्वया।

धन्वच्युत इषां न यामनि पुरुप्रैषा अहन्यो३ नैतशः॥ ५॥

પદાર્થ : पुरुप्रैषाः-અનેકોથી પ્રેરિત ऋष्टिविद्युत-ઋષ્ટિ બે ધારી તલવારને વિદ્યુત્‌ની સમાન તીવ્ર રાખનારા मरुतः-વિદ્વાનો ! वः-તમારા अन्तः-મધ્યમાં कः-કોણ रेजति-કંપે છે ?

जिह्वया-વાણીથી हन्वेव-જડબું જેમ હલાવવામાં આવે, તેમ त्मना-પોતાથી કોણ તમારી વચ્ચે કંપે છે.

इषाम्-ઈચ્છાઓના સંબંધમાં धन्वच्युतः-અન્તરિક્ષમાં પ્રાપ્ત મેઘોની न-સમાન વા अहन्यः-દિવસમાં પ્રસિદ્ધ થનાર एतषः-ઘોડાની न-સમાન यामिन-માર્ગમાં તમને કોણ સંયુક્ત કરે છે ? (૫)

*ભાવાર્થ : જ્યારે જિજ્ઞાસુ લોકો વિદ્વાનોને પૂછે, ત્યારે વિદ્વાનો તેઓને યથાર્થ ઉત્તર આપે. (૫)*

क्व स्विदस्य रजसो महस्परं क्वावरं मरुतो यस्मिन्नायय।

यच्च्यावयथ विथुरेव संहितं व्यद्रिणा पतथ त्वेषमर्णवम्॥ ६॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! अस्य-આ रजसः-ભૂગોળનું महः-મહાન परम्-કારણ क्व स्वित्-નિશ્ચયથી ક્યાં અને क्व-ક્યાં अवरम्-કાર્ય વર્તમાન છે અને અમે પૂછીએ છીએ.

यस्मिन्-જેમાં તમે आयय-આવો, यत्-જેને च्यावयथ-ચલાવો, જેમાં विथुरेव-દબાવેલ પદાર્થોની સમાન संहितम्-સંહત = મળેલ આ જગત છે, જેથી अद्रिणा-મેઘસમૂહ સાથે પવન, त्वेषम्-સૂર્યનો પ્રકાશ અને अर्णवम्-સમુદ્રને वि, पतथ-નીચે પ્રાપ્ત થાય છે, તે જ પરબ્રહ્મ સર્વ જગતનું મહત્ કારણ છે, એ જ પ્રશ્નોના ઉત્તર છે. (૬)

*ભાવાર્થ : જેમાં આ ભૂગોળ આદિ (પદાર્થ) આવે-જાય છે અને કંપિત થાય છે, તે (ઈશ્વર) જ આકાશની સમાન કારણ જાણો.*

*જેમાં આ લોકો ઉત્પન્ન થાય છે, વર્તમાન રહે છે અને પ્રલયને પ્રાપ્ત થાય છે, તે પરમ 'નિમિત્ત કારણ' બ્રહ્મ છે. (૬)*

सातिर्न वोऽमवती स्वर्वती त्वेषा विपाका मरुतः पिपिष्वती।

भद्रा वो रातिः पृणतो न दक्षिणा पृथुज्रयी असुर्येव जञ्जती॥ ७॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! वः-તમારી જે पिपिष्वती-બહુ જ અંગોવાળી, अमवती-જ્ઞાનવતી, स्वर्वती-જેમાં સુખ વિદ્યમાન છે, विपाका-વિવિધ ગુણોથી પરિપક્વ, त्वेषा-ઉત્તમ દીપ્તિ, सातिः-લોકોની વિભક્તિ અર્થાત્ વિશેષ ભાગની न-સમાન છે.

वः-તમારી જે पृणतः-પાલનની વા વિદ્યાદિ ગુણોથી પરિપૂર્ણ કરનારાની दक्षिणा-આપવા યોગ્ય દક્ષિણાની न-સમાન पृथुज्रयी-બહુ જ વેગવાની असुर्येव-પ્રાણોમાં થનારી વિદ્યુત્ સમાન વા जञ्झती-યુદ્ધમાં પ્રવૃત્ત ચોંકાવતી સેનાની સમાન भद्रा-કલ્યાણ કરનારી रातिः-દેવા યોગ્ય છે. તેનાથી સર્વની વૃદ્ધિ કરો. (૭)

*ભાવાર્થ : જે આ જીવોના પાપ અને પુણ્યથી ઉત્પન્ન થનારી સુખ-દુઃખ રૂપી ફળવાળી ગતિ છે, તેની સાથે સર્વ જીવ વિચરે છે.*

*જે પુરુષાર્થી લોકો, સૈનિકો જેમ શત્રુઓને તેમ પાપોને જીતીને તથા તેને દૂર કરીને ધર્મનું આચરણ કરે છે, તેઓ સદા સુખી બને છે. (૭)*

प्रति ष्टोभन्ति सिन्धवः पविभ्यो यदभ्रियां वाचमुदीरयन्ति।
अव स्मयन्त विद्युतः पृथिव्यां यदी घृतं मरुतः प्रुष्णुवन्ति॥ ८॥

પદાર્થ : હે વિદ્વાનો ! यत्-જ્યારે मरुतः-વાયુ अभ्रियाम्-મેઘોમાં થયેલી ગર્જનારૂપ वाचम्-વાણીને उदीरयन्ति-પ્રેરિત કરીને અર્થાત્ વાદળાંઓને ગર્જાવે છે, ત્યારે सिन्धवः-નદીઓ पविभ्यः-વજ્ર સમાન કિરણોથી અર્થાત્ વિદ્યુત્‌ની તીવ્રતાથી प्रति, ष्टोभन्ति-ક્ષોભિત થાય છે અને यदि-જ્યારે વાયુ घृतम्-વાદળાંઓનું જળ प्रुष्णुवन्ति-વરસાવે છે, ત્યારે विद्युतः-વિજળીઓ पृथिव्याम्-ભૂમિ પર अव, स्मयन्त-સ્મિત કરતી જણાય છે, તેમ તમે થાઓ. (૮)

*ભાવાર્થ : જે મનુષ્યો નદીની સમાન આર્દ્ર અને વિદ્યુત્‌ની સમાન તીવ્ર બનીને વિદ્યા ભણીને (બીજાઓને) ભણાવે છે, તેઓ સૂર્યની સમાન સત્ય અને અસત્યના પ્રકાશક બને છે. (૮)*

असूत पृश्निर्महते रणाय त्वेषमयासां मरुतामनीकम्।
ते सप्सरासोऽजनयन्ताभ्वमादित्स्वधामिषिरां पर्यपश्यन्॥ ९॥

પદાર્થ : एषाम्-એ अयासाम्-ગમનશીલ मरुताम्-મનુષ્યોના पृश्निः-આદિત્ય = સૂર્યની સમાન પ્રચંડ પ્રતાપવાન त्वेषम्-પ્રદીપ્ત अनीकम्-સૈન્ય महते-મહાન रणाय-સંગ્રામને માટે असूत-ઉત્પન્ન થાય છે. आत्-તદનન્તર इत्-જ ते-તેઓ इषिराम्-પ્રાપ્ત થવા યોગ્ય પદાર્થોમાં स्वधाम्-અન્નને अजनयन्त-ઉત્પન્ન કરે છે અને सप्सरासः-ગમન કરીને अभ्वम्-અવિદ્યમાન અર્થાત્ પ્રત્યક્ષ વિદ્યાવાન નથી તેને पर्यपश्यन्-સર્વત્રથી જુએ છે. (૯)

*ભાવાર્થ : જે અતિ બુદ્ધિમાન રાજપુરુષો વિજયને માટે પ્રશંસનીય સેનાનો સ્વીકાર કરીને, અન્ન આદિ ઐશ્વર્યની ઉન્નતી કરે છે, તેઓ તૃપ્તિને પ્રાપ્ત થાય છે. (૯)*

एष वः स्तोमो मरुत इयं गीर्मान्दार्यस्य मान्यस्य कारोः।
एषा यासीष्ट तन्वे वयां विद्यामेषं वृजनं जीरदानुम्॥ १०॥

પદાર્થ : હે मरुतः-શ્રેષ્ઠ વિદ્વાનો ! જે एषः-આ वः-તમારા स्तोमः-પ્રશ્નોત્તરરૂપ આલાપ-કથન मान्दार्यस्य-સર્વને માટે આનંદપ્રદ ઉત્તમ मान्यस्य-જાણવા યોગ્ય છે, कारोः-ક્રિયાકુશળ સજ્જનની જે इयम्-આ गीः-સત્યપ્રિય વાણી છે અને જે इषा-ઇચ્છાની સાથે तन्वे-શરીર સુખને માટે आ, यासीष्ट-પ્રાપ્ત થાય છે, તેથી वयाम्-અમે इषम्-અન્ન, वृजनम्-શત્રુઓને દુઃખ આપનાર બળ અને जीरादानुम्-જીવોની દયાને विधाम-પ્રાપ્ત થઈએ. (૧૦)

*ભાવાર્થ : જેઓ સમસ્ત વિદ્યાઓના પ્રશંસક, આપ્તવાણીયુક્ત અને વિશેષરૂપથી જીવો પર દયા કરનારાઓ છે, તેઓ सर्वेषां सुखजनका भवन्ति-સર્વને માટે સુખ ઉત્પન્ન કરનારા બને છે. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં વાયુનાં દૃષ્ટાન્તથી વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૮)

## સૂક્ત-૧૬૯

महश्चित्त्वमिन्द्र यत एतान्महश्चिदसि त्यजसो वरूता।

स नो वेधो मरुतां चिकित्वान्त्सुम्ना वनुष्व तव हि प्रेष्ठा॥ १॥

પદાર્થ : હે इन्द्र-દુઃખ વિદારક ! અત્યંત વિદ્યાબળ સંપન્ન ! यतः-જે કારણે त्वम्-આપ एतान् એ વિદ્વાનોને महः-અત્યંત चित्-પણ त्यजसः-ત્યાગથી वरूता-સ્વીકાર કરનારા असि-છો, એ કારણે महश्चित्-મહાન પણ છો.

હે मरुताम्-વિદ્વાન સજ્જનોમાં वेधः-અત્યંત બુદ્ધિમાન ! सः-તે चिकित्वान्-જ્ઞાનવાન આપ જે सुम्ना-સુખ तव-આપને प्रेष्ठा-અત્યંત પ્રિય છે, તેને नः-અમારા માટે वनुष्व, हि-નિશ્ચયથી પ્રદાન કરો. (૧)

*ભાવાર્થ : જે લોકો વિરક્ત સંન્યાસીઓના સંગથી મેધાવી = બુદ્ધિમાન બને છે, તેઓનું કદી અનિષ્ટ થતું નથી. (૧)*

अयुज्रन्त इन्द्र विश्वकृष्टीर्विदानासो निष्षिधो मर्त्यत्रा।

मरुतां पृत्सुतिर्हासमाना स्वर्मीढस्य प्रधनस्य सातौ॥ २॥

પદાર્થ : હે इन्द्र-સુખપ્રદ વિદ્વાન ! જે निष्षिधः-અધર્મનો નિષેધ કરનારા मर्त्यत्रा-મનુષ્યોમાં विदानासः-વિદ્વાન બનીને, स्वर्मीढस्य-સુખોનું સેચન કરનારા, प्रधनस्य-ઉત્તમ ધનના सातौ-સમ્યક્ ભાગમાં, विश्वकृष्टीः-સર્વ મનુષ્યોને अयुज्रन्-યુક્ત કરે છે, ते-તેઓ જે मरुताम्-મનુષ્યોની हासमाना-આનંદમયી पृत्सुतिः-વીર સેના છે, તેને પ્રાપ્ત થાઓ. (૨)

*ભાવાર્થ : જેઓ પ્રથમ બ્રહ્મચર્યપૂર્વકવિદ્યા અધ્યયન કરીને, આપ્તોના સંગથી સંપૂર્ણ શિક્ષા પ્રાપ્ત કરીને ધાર્મિક બને છે; તેઓ विश्वस्य सुखप्रदा' સંસારને સુખ આપનારા બને છે. (૨)*

अभ्यक्सा त इन्द्र ऋष्टिरस्मे सनेम्यभ्वं मरुतो जुनन्ति।
अग्निश्चिद्धि ष्मातसे शुशुक्वानापो न द्वीपं दधति प्रयांसि॥ ३॥

પદાર્થ : હે इन्द्र-દુષ્ટ વિદારક ! જેથી मरुतः-મનુષ્યો सनेमि-પ્રાચીન અને अभ्वम्-નેત્ર દ્વારા પ્રત્યક્ષ જોવામાં અપ્રસિદ્ધ ઉત્તમ વિષયને जुनन्ति-પ્રાપ્ત થાય છે, सा-તેઓ ते-આપની ऋष्टिः-પ્રાપ્તિ अस्मे-અમારા માટે अभ्यक्-સરળ ગતિથી પ્રાપ્ત થાય છે અર્થાત્ આપ સરળતાથી અમને પ્રાપ્ત થાઓ છો.

शुशुक्वान्-શુદ્ધ કરનાર अग्निः-અગ્નિની સમાન चित्-જ આપ हि-નિશ્ચયપૂર્વક स्म-જેમ આશ્ચર્યવત્ आपः-જળ द्वीपम्-બે પ્રકારથી જેમાં જળ આવે-જાય તે મહા નદીને પ્રાપ્ત થાય, न-તેમ સર્વના અનાદિ કારણને अतसे-નિરંતર પ્રાપ્ત થાય છે, એથી સર્વ મનુષ્યો प्रयांसि-સુંદર-મનોહર ઈચ્છિત વસ્તુઓને दधति-ધારણ કરે છે. (૩)

*ભાવાર્થ : જે અનાદિ કારણને વિદ્વાનો જાણે છે, તેને અન્ય મનુષ્યો જાણી શકતા નથી. (૩)*

त्वं तू न इन्द्र तं रयिं दा ओजिष्ठया दक्षिणयेव रातिम्।
स्तुतश्च यास्ते चकनन्त वायोः स्तनं न मध्वः पीपयन्त वाजैः॥ ४॥

પદાર્થ : હે इन्द्र-બહુ જ પદાર્થોના દાતા ! त्वम्-આપ तु-તો नः-અમારા માટે ओजिष्ठया-અત્યંત બળવતી दक्षिणयेव-દક્ષિણાની સાથે જેમ દાન આપવામાં આવે, તેમ रातिम्-દાનને તથા तम्-તે रयिम्-દૂધ આદિ ધનને दाः-આપો, જેથી ते-આપની અને वायोः-વાયુની च-પણ याः-જે स्तुतः-સ્તુતિ કરનારી છે, તે मध्वः-મધુર ઉત્તમ स्तनम्-દૂધ પૂર્ણ સ્તનની न-સમાન चकनन्त-ઈચ્છતી અને वाजैः-અન્ન આદિની સાથે पीपयन्त-વાછરડાઓને પાન કરાવે છે. (૪)

*ભાવાર્થ : જેમ બહુ જ આપનાર યજમાન ઋત્વિક (યજ્ઞાદિ કરાવનાર પુરોહિત)ને પુષ્કળ ધન આપીને તૃપ્ત કરે છે, અથવા જેમ પુત્ર માતાનું દૂધ પીને પુષ્ટ થાય છે, તેમ સભાધ્યક્ષના પારિતોષિકથી નોકર-સેવકજનો પર્યાપ્ત ધનવાન અને ભોજન આદિના દાનથી બળવાન બની જાય છે. (૪)*

त्वे राय इन्द्र तोशतमाः प्रणेतारः कस्य चिदृतायोः।
ते षु णो मरुतो मृळयन्तु ये स्मा पुरा गातुयन्तीव देवाः॥ ५॥

પદાર્થ : હે इन्द्र-દાતા ! ये-જે कस्य, चित्-કોઈ ऋतायोः-જાતે-પોતે સત્યના ઈચ્છુક प्रणेतारः-શ્રેષ્ઠ સાધક तोशतमाः-અતિ પ્રસન્ન ચિત્ત બનીને, मरुतः-વાયુ વિદ્યાના જ્ઞાતા देवाः-વિદ્વાનો त्वे-તમારા સહાયક અર્થાત્ રક્ષક બનીને, रायः-ધનની પ્રાપ્તિ કરાવીને, नः-અમને सु, मृणयन्तु-સમ્યક સુખી કરે; વા पुरा-પૂર્વ गातुयन्तीव-પોતાને પૃથિવી ઈચ્છતા પ્રયત્ન કરે છે, તે, स्म-તેઓજ રક્ષા કરનારા બને. (૫)

*ભાવાર્થ : જેઓ વાયુ વિદ્યા આદિના જ્ઞાતા અને પરોપકાર તથા વિદ્યાદાન પ્રેમી (બનીને) પૃથિવી સમાન સર્વને પુરુષાર્થમાં સ્થાપિત કરે છે, તેઓ સદા સુખી બને છે. (૫)*

**प्रति प्र याहीन्द्र मीढुषो नृन्महः पार्थिवे सदने यतस्व।**

**अध यदेषां पृथुबुध्नास एतास्तीर्थे नार्यः पौंस्यानि तस्थुः॥ ६॥**

પદાર્થ : હે इन्द्र-પ્રયત્નવાન્ ! આપ यत्-જે पृथुबुध्नासः-વિસ્તીર્ણ અન્તરિક્ષવાળા જન एताः-એ સ્ત્રીજન અને एषाम्-એના पौंस्यानि-બળ तीर्थे-જેનાથી સમુદ્રરૂપ જલ સમૂહને તરાય-પાર કરાય તે નૌકામાં अर्यः-વૈશ્યની न-સમાન तस्थुः-સ્થિર થાય છે, તે मीढुषः-સુખોથી સિંચનારા नृन्-અગ્રણી મનુષ્યોને प्रति, प्र,याहि-પ્રાપ્ત થાઓ. अध-તદન્તર महः-મહાન पार्थिवे-પૃથિવીમાં વિદિત सदने-ઘરમાં यतस्व-યત્ન કરો. (૬)

*ભાવાર્થ : જે પુરુષો અને સ્ત્રીઓ બ્રહ્મચર્યથી બળ વધારીને આપ્ત સજ્જનોની સેવા કરે છે, તે (પુરુષો અને સ્ત્રીઓ) વિદ્વાન અને વિદુષી બને છે. (૬)*

**प्रति घोराणामेतानामयासां मरुतां शृण्व आयतामुपब्दिः।**

**ये मर्त्यं पृतनायन्तमूमैर्ऋणावानं न पतयन्त सर्गैः॥ ७॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ હું घोरानाम्-મારનારી एतानाम्-એ પૂર્વોક્ત अयासाम्-પ્રાપ્ત થયેલ વા आयताम्, मरुताम्-વાયુ સમાન શીઘ્રકારી મનુષ્ય સ્ત્રીઓની જે उपब्दिः-વાણી છે, તેને प्रति, श्रृण्वे-વારંવાર સાંભળું છું.

ये-જે पृतनायन्तम्-પોતે સેનાની ઈચ્છા કરીને मर्त्यम्-મનુષ્યને ऋणावानम्-ઋણયુક્તને જેમ न-તેમ ऊमैः-રક્ષણાદિ सर्गैः-સંસર્ગથી યુક્ત વિષયોની સાથે पतयन्त-સ્વામીની સમાન માને તેનું સેવન કરું છું, તેમ તમે પણ આચરણ કરો. (૭)

*ભાવાર્થ : જેઓ દુષ્ટ પુરુષો અને સ્ત્રીઓના કઠોર શબ્દો સાંભળીને શોક કરતા નથી, તેઓ शूरवीरा-શૂરવીર બને છે. (૭)*

**त्वं मानेभ्य इन्द्र विश्वजन्या रदा मरुद्भिः शुरुधो गोअग्राः।**

**स्तवानेभिः स्तवसे देव देवैर्विद्यामेषं वृजनं जीरदानुम्॥ ८॥**

પદાર્થ : હે देव-વિદ્વાન इन्द्र-સભાપતિ ! જેમ અમે मानेभ्यः-સત્કારો દ્વારા स्तवसे-સ્તુતિને માટે स्तवानेभिः-સમસ્ત વિદ્યાઓની સ્તુતિ-પ્રશંસા કરનારા मरुभ्दिः-વાયુની વિદ્યાના જ્ઞાતા देवैः-વિદ્વાનોથી विश्वजन्या-વિશ્વને ઉત્પન્ન કરનારા અને शुरुधः-નિજ હિંસક કિરણોને ધારણ કરનારા गो; अग्राः-જેના સૂર્ય કિરણો આગળ વિદ્યમાન છે, તે જળ અને इषम्-અન્ન वृजनम्-બળ અને जीरदानुम्-જીવન

સ્વરૂપને विद्याम-જાણીએ, તેમ એ જળ અને અન્નાદિને त्वम्-આપ रद-પ્રત્યક્ષ જાણો અર્થાત્ તેના નામ-ધામ રૂપ સર્વ પ્રકાર જાણો. (૮)

*ભાવાર્થ : મનુષ્યોએ, વિદ્વાનોના સત્કાર દ્વારા વિદ્યાઓ ભણીને પદાર્થવિદ્યાનું વિજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. (૮)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાન આદિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૬૯)

## सूक्त-१७०

न नूनमस्ति नो श्वः कस्तद्वेद यदद्भुतम्।
अन्यस्य चित्तमभि संचरेण्यमुताधीतं वि नश्यति॥ १॥

પદાર્થ : હે મનુષ્યો ! यत्-જે अन्यस्य-બીજાઓના सञ्चरेण्यम्-સમ્યક્ જાણવા યોગ્ય चित्तम्-અન્તઃકરણની સ્મરણાત્મિકાવૃત્તિ उत-અને आधीतम्-સર્વત્રથી ધારણ કરેલ વિષય न, अभि, वि, नश्यति-વિનાશને પ્રાપ્ત થતો નથી; नूनम्-अस्ति, આજ નિશ્ચિત્ રહેતો નથી અને नो, श्वः-આગળના દિવસે નિશ્ચિત્ રહેતો નથી तत्-તે अद्भुतम्-આશ્ચર્ય સ્વરૂપની સમાન વર્તમાનને कः-કોણ वेद-જાણે છે ? (૧)

*ભાવાર્થ : જે જીવ થઈને ઉત્પન્ન થતો નથી, નાશ પામતો નથી અને જે નિત્ય, આશ્ચર્યયુક્ત ગુણ, કર્મ, સ્વભાવયુક્ત, અનાદિ અને ચેતન છે, તેને જાણનાર પણ કોઈ આશ્ચર્ય-યોગ્ય (વિરલ) જ હોય છે. (૧)*

किं न इन्द्र जिघांससि भ्रातरो मरुतस्तव।
तेभिः कल्पस्व साधुया मा नः समरणे वधीः॥ २॥

પદાર્થ : હે इन्द्र-સભાપતિ વિદ્વાન્ ! જે અમે मरुतः-મનુષ્યો तव-આપના भ्रातरः-ભાઈઓ છીએ તે नः-અમને किम्-શું जिघांससि-મારવાની ઇચ્છા કરો છો ? तेभिः-તેઓ અમારી સાથે साधुया-ઉત્તમ કામથી कल्पस्व-સમર્થ બનો અને समरणे-સંગ્રામમાં नः-અમને मा, वधीः-મારો નહિ. (૨)

*ભાવાર્થ : જેઓ પોતાના ભાઈઓને પીડિત કરવા ઇચ્છે છે, તેઓ સદા સ્વયં પીડિત રહે છે અને જે બંધુઓની રક્ષા કરવા ઇચ્છે છે, તેઓ સમર્થ બને છે, જેઓ સર્વના ઉપકારક હોય છે, તેઓનું કાંઈ પણ અપ્રિય = બૂરું થતું નથી. (૨)*

किं नो भ्रातरगस्त्य सखा सन्नति मन्यसे।

विद्मा हि ते यथा मनोऽस्मभ्यमिन्न दित्ससि॥ ३॥

પદાર્થ : હે अगस्त्य-વિજ્ઞાનમાં શ્રેષ્ઠ भ्रातः-ભાઈ વિદ્વાન सखा-મિત્ર सन्-બનીને આપ नः-અમને किम्-શું अति, मन्यसे-અત્યંત માન કરો છો ? અર્થાત્ અમારા માનનો ત્યાગ કરીને વર્તો છો ? यथा-જેમ ते-તમારા પોતાનું मनः-અન્તઃકરણ अस्मभ्यम्-અમારા માટે हि-જ न, दित्ससि-આપવા ઈચ્છતા નથી અર્થાત્ અમારા માટે પોતાના અન્તઃકરણને ઉત્સાહિત કરવા ઈચ્છતા નથી ? તેમ इत्-જ તમને અમે विद्म्-જાણીએ. (૩)

*ભાવાર્થ : જેઓ જેઓના મિત્ર હોય, તેઓ મન, વચન, કર્મથી તેનું પ્રિય આચરણ કરે, જેટલું પોતાનું જ્ઞાન હોય, તેટલું મિત્રને સમર્પિત કરે. (૩)*

अरं कृण्वन्तु वेदिं समग्निमिन्धतां पुरः।
तत्रामृतस्य चेतनं यज्ञं ते तनवावहै॥ ४॥

પદાર્થ : હે મિત્ર ! જેમ વિદ્વાનો જ્યાં पुरः-પ્રથમ वेदिम्-જેથી પ્રાણી વિષયને જાણે છે, તે પ્રજ્ઞા અને अग्निम्-અગ્નિની સમાન દેદીપ્યમાન વિજ્ઞાનને समिन्धताम्-પ્રદીપ્ત કરે છે વા अरम्-कृण्वन्तु-સુશોભિત કરે છે, तत्र-ત્યાં अमृतस्य-વિનાશરહિત જીવમાત્ર ते-આપના चेतनम्-ચેતન અર્થાત્ જેથી જીવ સારી રીતે જાણી શકે છે અને यज्ञम्-વિષયોને પ્રાપ્ત થાય છે, તેમ તેનો અમે અધ્યાપકો અને ઉપદેશકો तनवावहै-વિસ્તાર કરીએ. (૪)

*ભાવાર્થ : જેમ ઋત્વિક અને યજમાન યજ્ઞમાં સુગંધિત આદિ દ્રવ્યોને હોમીને વાયુ તથા જળની શુદ્ધિ કરીને સંસારને સુખથી સંતૃપ્ત કરે છે, તેમ અધ્યાપકો અને ઉપદેશકો બીજાઓના અન્તઃકરણોમાં વિદ્યા અને સુશિક્ષા સંસ્થાપિત કરીને, સર્વના સુખનો વિસ્તાર કરે-વિસ્તૃત કરે. (૪)*

त्वमीशिषे वसुपते वसूनां त्वं मित्राणां मित्रपते धेष्ठः।
इन्द्र त्वं मरुद्भिः सं वदस्वाध प्राशान ऋतुथा हवींषि॥ ५॥

પદાર્થ : वसूनाम्-જેણે ચોવીસ વર્ષ બ્રહ્મચર્ય ધારણ કરેલ છે અને પૃથિવ્યાદિની સમાન સહનશીલ છે તે वसुपते-હે ધનોના સ્વામી ! त्वम्-તમે ईशिषे-ઐશ્વર્યવાન છો વા ઐશ્વર્ય વધારો છો.

હે मित्राणाम्-મિત્રોમાં मित्रपते-મિત્રોના પાલક શ્રેષ્ઠ મિત્ર ! त्वम्-તમે धेष्ठः-અત્યંત ધારણ કરનાર છો.

હે इन्द्र-પરમૈશ્વર્યપ્રદ ! त्वम्-તમે मरुद्भिः-વાયુની સમાન વર્તમાન વિદ્વાનોની સાથે संवदस्व-સંવાદ કરો. अध-તદનન્તર ऋतुथा-પ્રત્યેક ઋતુને અનુકૂળ हवींषि-ભોજન યોગ્ય અન્નનું प्र, अशान-સેવન કરો-ખાઓ. (૫)

*ભાવાર્થ : જે ધનવાન લોકો સર્વના મિત્ર બનીને બહુ જ લોકોની સાથે સુસંસ્કૃત ભોજન કરે*

*છે અને વિદ્યા વૃદ્ધ વિદ્વાનોની સાથે સંવાદ કરે છે, તેઓ સમર્થ અને ઐશ્વર્યવાન બને છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૧)

## સૂક્ત-૧૭૧

प्रति व एना नमसाहमेमि सूक्तेन भिक्षे सुमतिं तुराणाम्।
रराणता मरुतो वेद्याभिर्नि हेळो धत्त वि मुचध्वमश्वान्॥ १ ॥

પદાર્થ : હે मरुतः-વિદ્વાનો ! अहम्-હું एना આ नमसा-નમસ્કાર, સત્કાર વા અન્નથી वः-તમારા प्रति, एमि-પ્રતિ આવું છું અને सूक्तेन-સુંદર કહેલ વિષયથી तुराणाम्-શીઘ્રકારી જનોની सुमतिम्-ઉત્તમ મતિને भिक्षे-માગું છું.

હે વિદ્વાનો ! તમે रराणता-રમણ કરતા મનથી वेद्याभिः-બીજાઓને બતાવવા યોગ્ય ક્રિયાઓથી हेडः-અનાદરને नि, धत्त-ધારણ કરો અર્થાત્ સત્કાર-અસત્કારના વિચારથી હર્ષ-શોક ન કરો અને अश्वान्-અત્યંત ઉત્તમ વેગવાન પોતાના ઘોડાને वि, मुचध्वम्-છોડો. (૧)

*ભાવાર્થ : જે (મનુષ્યો) શુદ્ધ અન્તઃકરણથી વિજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેઓ ક્યાંય પણ અનાદર પ્રાપ્ત કરતા નથી. (૧)*

एष वः स्तोमो मरुतो नमस्वान्हृदा तष्टो मनसा धायि देवाः।
उपेमा यात मनसा जुषाणा यूयं हि ष्ठा नमस इद् वृधासः॥ २ ॥

પદાર્થ : હે देवाः-કામના કરનાર मरुतः-વિદ્વાનો ! જેથી एषः-આ वः-તમારા नमस्वान्-સત્કારાત્મક हृदा-હૃદયસ્થ વિચારથી तष्टः-વિધાન કરેલ स्तोमः-સત્કારાત્મક સ્તુતિ વિષય मनसा-મનથી धायि-ધારણ કરવામાં આવે हि-તેનું मनसा-મનથી जुषाणाः-સેવન કરીને यूयम्-તમે લોકો उप, आ यात-સમીપ આવો અને नमसः-અન્નાદિ ઐશ્વર્યની इत्-જ ईम्-સર્વત્રથી वृधासः-વૃદ્ધિને પ્રાપ્ત વા તેની વૃદ્ધિ કરનારા स्थ-થાઓ. (૨)

*ભાવાર્થ : જેઓ ધાર્મિક વિદ્વાનોનાં શીલનો સ્વીકાર કરે છે, તેઓ 'પ્રશંસિત' બને છે. (૨)*

स्तुतासो मरुतो मृळयन्तूत स्तुतो मघवा शंभविष्ठः।
ऊर्ध्वा नः सन्तु कोम्या वनान्यहानि विश्वा मरुतो जिगीषा॥ ३ ॥

પદાર્થ : હે मरुतः-બળવાન વિદ્વાનો ! અમારાથી स्तुतासः-સ્તુતિ કરેલ આપ नः-અમને मृळयन्तु-સુખી કરો; उत-અને स्तुतः-પ્રશંસાને પ્રાપ્ત કરીને मघवा-સત્કાર કરવા યોગ્ય પુરુષ शम्भविष्ठः-અત્યંત સુખની ભાવના કરનાર થાય.

હે मरुत:-શૂરવીરો ! જેમ नः-અમારા विश्वा-સમસ્ત कोम्या-પ્રશંસનીય जिगीषा-જીતવા અને वनानि-સેવન કરવા યોગ્ય अहानि-દિવસો ऊर्ध्वा-ઉત્કૃષ્ટ છે, તેમ તમારા सन्तु-થાઓ. (૩)

*ભાવાર્થ : મનુષ્યોએ, જેઓમાં જેવા ગુણ-કર્મ-સ્વભાવ હોય, તેની તેવી જ પ્રશંસા કરવી જોઈએ. તેઓ જ 'પ્રશંસિત' બની શકે છે, જે અન્યોના સુખની વૃદ્ધિને માટે પ્રયત્ન કરે.*

*જેઓ આ સંસારમાં પાપાચરણનો ત્યાગ કરીને ધાર્મિક બને છે, તેઓ પ્રતિદિન વિદ્યા અને સુશિક્ષાની વૃદ્ધિવાળા અને પુરુષાર્થી બને છે. (૩)*

**अस्मादहं तविषादीषमाण इन्द्राद्भिया मरुतो रेजमानः।**
**युष्मभ्यं हव्या निशितान्यासन्तान्यारे चकृमा मृळता नः॥ ४॥**

પદાર્થ : હે मरुत:-પ્રાણ સમાન પ્રિય સભાસદો ! अस्मात्-આ तविषात्-અત્યંત બળવાનથી ईषमाणः-ઐશ્વર્ય કરીને તથા इन्द्रात्-પરમૈશ્વર સભાપતિ અને સેનાપતિથી भिया-સર્વની સાથે रेजमानः-કમ્પીને अहम्-હું આ નિવેદન કરું છું, કે જે युष्मभ्यम्-તમારા માટે हव्या-ગ્રહણ કરવા યોગ્ય निशितानि-શસ્ત્ર-અસ્ત્ર તીવ્ર आसन्-છે, तानि-તેને અમે आरे-સમીપ चकृम-કરીએ અને તેનાથી नः-અમને તમારા જેવા मृळत-સુખી કરો, તેમ અમે પણ તમને સુખી કરીએ. (૪)

*ભાવાર્થ : જ્યારે કોઈ રાજપુરુષ દ્વારા અન્યાયપૂર્વક પીડિત થયેલ પ્રજાજન સભામાં પોતાનું દુઃખ નિવેદિત કરે, ત્યારે તેના હૃદયના (દુઃખ રૂપ) શૂલને (ન્યાયાધીશ) કાઢી નાખે. જેથી રાજપુરુષ ન્યાય પર ચાલે અને પ્રજાજન પ્રસન્ન રહે. જેટલા સ્ત્રી પુરુષો હોય, તેઓ શસ્ત્રાસ્ત્રનો અભ્યાસ કરે. (૪)*

**येन मानासश्चितयन्त उस्रा व्युष्टिषु शवसा शश्वतीनाम्।**
**स नो मरुद्भिर्वृषभ श्रवो धा उग्र उग्रेभिः स्थविरः सहोदाः॥ ५॥**

પદાર્થ : येन-જેના शवसा-બળથી વર્તમાન शश्वतीनाम्-સનાતન व्युष्टिषु-અનેક પ્રકારની વસ્તિઓમાં उस्राः-મૂળ રાજ્યમાં પરંપરાથી નિવાસ કરીને मानासः-વિચારવાન વિદ્વાનજન પ્રજાજનોને चितयन्ते-ચેતન કરે છે.

હે वृषभ-સુખોની વર્ષા કરનાર સેનાપતિ ! उग्रेभिः-તેજસ્વી मरुद्भिः-વિદ્વાનોની સાથે उग्रः-તીવ્ર સ્વભાવ स्थविरः-કૃતજ્ઞવૃદ્ધ सहोदाः-બળ પ્રદાતા આપ श्रवः-અન્ન આદિ પદાર્થોને धाः-ધારણ કરો અને सः-તે આપ नः-અમારા રાજા થાઓ. (૫)

*ભાવાર્થ : જે સભામાં રાજ્ય સ્થાપનમાં સહયોગી અથવા તેના કુળમાં ઉત્પન્ન, શાસ્ત્રવેત્તા, ધાર્મિક સભાસદ સત્ય ન્યાય કરે અને જ્યાં વિદ્યાવૃદ્ધ તથા વયોવૃદ્ધ સભાપતિ હોય, ત્યાં અન્યાયનો પ્રવેશ થતો નથી. (૫)*

त्वं पा॑हीन्द्र॒ सही॑यसो॒ नॄन्भवा॑ म॒रुद्भि॒रव॑यातहेळाः।
सु॒प्रके॒तेभि॑ः सास॒हिर्दधा॑नो वि॒द्यामे॒षं वृ॒जनं॑ जी॒रदा॑नुम्॥ ६॥

પદાર્થ : હે इन्द्र-સભાપતિ ! त्वम्-આપ सुप्रकेतेभिः-સુંદર ઉત્તમ જ્ઞાનવાન मरुद्भिः-પ્રાણની સમાન રક્ષક વિદ્વાનોની સાથે सहीयसः-અત્યંત બળયુક્ત સહનારા नॄन्-મનુષ્યોની पाहि-રક્ષા કરો અને अवयातहेळाः-જેનાથી દૂર થયેલ અનાદર અપકીર્તિભાવ એવા भव-થાઓ.

જેમ इषम्-વિદ્યાયોગથી ઉત્પન્ન થયેલ બોધ, वृजनम्-બળ અને जीरदानुम्-જીવાત્માને दधानः-ધારણ કરીને सासहिः-સહનશીલ બનો છો, તેવા બનીને અમે એને विद्याम-જાણીએ. (૬)

*ભાવાર્થ : જે મનુષ્યો ક્રોધ આદિ દોષોથી રહિત; વિદ્યા, વિજ્ઞાન તથા ધર્મથી યુક્ત અને ક્ષમાશીલ બનીને સજ્જનોની સાથે અદંડનીયોની (નિરપરાધીઓની) રક્ષા કરે છે અને દંડનીયોને દંડ આપે છે, તેઓ જ રાજ્ય કર્મચારી બની શકે છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના કૃત્યોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૧)

## સૂક્ત-૧૭૨

चि॒त्रो वो॑ऽस्तु॒ याम॑श्चि॒त्र ऊ॒ती सु॑दानवः। मरु॑तो॒ अहि॑भानवः॥ १॥

પદાર્થ : હે ऊति-રક્ષા આદિની સાથે વર્તમાન अहिभानवः-મેઘના પ્રકાશક सुदानवः-સમ્યક્ દાનશીલ અને मरुतः-પ્રાણ સમાન વર્તમાનજનો ! જેમ વાયુનું चित्रः-અદ્ભુત यामः-(કાર્ય) કરવું વા चित्रः-ચિત્ર-વિચિત્ર સ્વભાવ છે, તેમ वः-તમારો अस्तु-થાય. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ વાયુના જીવન પ્રદાન, વર્ષા કરાવવી આદિ અદ્ભુત કાર્યો છે, તેમ તમારા પણ થાઓ. (૧)*

आ॒रे सा वः॑ सुदानवो॒ मरु॑त ऋञ्ज॒ती शरुः॑। आ॒रे अश्मा॒ यमस्य॑थ॥ २॥

પદાર્થ : હે सुदानवः-પ્રશસ્ત દાનકર્તા मरुतः-વાયુની સમાન બળવાન વિદ્વાનો ! वः-તમારી જે ऋञ्जती-પચાવતી, સળગાવતી शरुः-દુષ્ટોનો વિનાશ કરતી બે ધારી તલવાર છે, सा-તે અમારાથી आरे-દૂર રહે અને यम्-જે વિશેષ શસ્ત્રને अश्मा-તમે મેઘની સમાન अस्यथ-છોડો છો, તે અમારી आरे, સમીપ રહે. (૨)

*ભાવાર્થ : જે મનુષ્યો મેઘની સમાન સુખદાયી અને દુષ્ટોનો ત્યાગ કરનાર (બનીને) શ્રેષ્ઠોની સમીપ તથા દુષ્ટોથી દૂર વસે છે, તેઓ સંગ કરવા યોગ્ય હોય છે. (૨)*

तृ॒ण॒स्क॒न्दस्य॒ नु विशः॒ परि॑ वृङ्क्त सुदानवः। ऊ॒र्ध्वान्नः॑ कर्त्त जी॒वसे॑॥ ३॥

પદાર્થ : હે સુદાનવઃ-ઉત્તમદાતા ! તમે તૃણસ્કન્દસ્ય-જે તૃણ = ઘાસને પ્રાપ્ત અર્થાત્ તણખલા જેવો લોભ કરનાર વા બીજાઓને તે લોભમાં પહોંચાડનારા તેની વિશઃ-પ્રજાને નુ-શીઘ્ર પરિ, વૃઙ્ક્ત-સર્વત્રથી ત્યાગો અને જીવસે-જીવનને માટે નઃ-અમને ऊर्ध्वान्-ઉત્કૃષ્ટ कर्त्त-કરો. (૩)

*ભાવાર્થ : જેમ વાયુ સર્વ પ્રજાઓની રક્ષા કરે છે, તેમ સભાપતિ (= રાજા) વર્તાવ કરે. જે રીતે પ્રજાની પીડા (દુઃખ) નાશ પામે અને મનુષ્યો શ્રેષ્ઠ અને દીર્ઘજીવી બને, તેવા કાર્યો સર્વેએ કરવા જોઈએ. (૩)*

સંગતિ : આ સૂક્તમાં વાયુની સમાન વિદ્વાનોના ગુણોની પ્રશંસા હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૨)

## સૂક્ત-૧૭૩

**गायत्साम नभन्यं१ यथा वेरर्चाम तद्वावृधानं स्वर्वत्।**
**गावो धेनवो बर्हिष्यदब्धा आ यत्सद्मानं दिव्यं विवासान्॥ १॥**

પદાર્થ : હે यत्-જે स्वर्वत्-સુખ સંબંધી વા સુખોત્પાદક ववृधानम्-અત્યંત વૃદ્ધિને પ્રાપ્ત नभन्यम्-આકાશમાં સાધુ અર્થાત્ ગગનમંડળમાં વ્યાપ્ત साम-સામ ગાનને વિદ્વાન આપ यथा-જેમ वेः-સ્વીકાર કરો, તેમ गायत-ગાન કરો.

बर्हिषि-અન્તરિક્ષમાં જે गावः-કિરણો છે તેની સમાન જે अदब्धाः-અહિંસનીય धेनवः-દૂધારી ગાયો दिव्यम्-મનોહર सद् मानम्-જેમાં સ્થિત થાય છે-તે ઘરનું आ, विवासान्-સારી રીતે સેવન કરે, तत्-તે સામગાન અને તે ગાયોને અમે अर्चाम-સત્કાર કરીએ. (૧)

*ભાવાર્થ : જેમ કિરણો અન્તરિક્ષમાં ફેલાઈને સર્વને પ્રકાશિત કરે છે, તેમ અમારે વિદ્યાથી સર્વના અન્તઃકરણને પ્રકાશિત કરવા જોઈએ.*

*જેમ પક્ષીઓ આધાર વિના આકાશમાં જાય-આવે છે, તેમ વિદ્વાનોની અને ભૂગોળોની ગતિ છે. (૧)*

**अर्चद्वृषा वृषभिः स्वेदुहव्यैर्मृगो नाश्नो अति यज्जुगुर्यात्।**
**प्र मन्दयुर्मनां गूर्त्त होता भरते मर्यो मिथुना यजत्रः॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ वृषा-સત્યોપદેશ રૂપી શબ્દોની વર્ષા કરનાર, अश्नः-શુભ ગુણોમાં વ્યાપ્ત, मन्दयुः-પોતાની પ્રશંસા ઈચ્છનાર, होता, દાનશીલ, यजत्रः-સંગ કરનાર, मर्यः-મરણ ધર્મી મનુષ્ય, स्वेदुहव्यैः-સ્વયં પ્રકાશિત કરેલ દાન-આદાનના વ્યવહારો અને वृषभिः-ઉપદેશકોની સાથે यत्-જે मृगः-હરણની न-સમાન अति,-जुगुर्यात्-અત્યંત ઉદ્યમ = પુરુષાર્થ કરે અને भरते-ધારણ કરીને, मनाम्-મનનશીલોનો સંગ अर्चत्-પ્રશંસિત કરે; વા જેમ मिथुना-સ્ત્રી પુરુષ બન્ને મળીને સંગ ધર્મને

કરે, તેમ તમે प्र, गूर्त्त-ઉત્તમ પુરુષાર્થ કરો. (૨)

*ભાવાર્થ : જેમ સ્વયંવર-વિધિથી વિવાહિત સ્ત્રી-પુરુષ પરસ્પર ઉદ્યોગ કરીને હરણની સમાન વેગથી ગૃહકાર્યોને સિદ્ધ કરીને, વિદ્વાનોના સંગથી સત્યનો સ્વીકાર કરીને તથા અસત્યનો ત્યાગ કરીને પરમેશ્વરની (ઉપાસના) અને વિદ્વાનોનો સત્કાર કરે છે, તેમ સર્વ મનુષ્યો એ રીતે સંગ કરનારા થાય. (૨)*

नक्षद्धोता परि सद्म मिता यन्भरद्गर्भमा शरदः पृथिव्याः।
क्रन्ददश्वो नयमानो रुवद्गौरन्तर्दूतो न रोदसी चरद्वाक्॥ ३॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ होता-ગ્રહણ કરનાર मिता-પ્રમાણયુક્ત पद्म-ઘરોને नक्षत्-પ્રાપ્ત થાય છે; વા शरदः-શરદ્ ઋતુ સંબંધી पृथिव्याः-પૃથિવીનાં गर्भम्-ગર્ભને आ, भरत्-પૂર્ણ કરે છે, વા नयमानः-પદાર્થોને પહોંચાડીને अश्वः-ઘોડાની સમાન क्रन्दत्-શબ્દ હણહણે છે; વા गौः-વૃષભની સમાન रुवत्-શબ્દ કરે છે; વા दूतः-સમાચાર પહોંચાડનાર દૂતની न-સમાન વા वाग्-વાણીની સમાન रोदसी-આકાશ અને પૃથિવીના अन्तः-મધ્યમાં चरत्-વિચરણ કરે છે, તેમ આપ परियन्-પર્યટન કરો.

*ભાવાર્થ : જેમ ઘોડા અને ગાયો પરિમિત માર્ગ પર જાય છે, તેમ અગ્નિ નિયત દેશ સુધી જાય છે. જેમ ધાર્મિકજનો પોતાની વસ્તુ ગ્રહણ કરે છે, તેમ ઋતુઓ પોતાના લક્ષણોને પ્રાપ્ત થાય છે. જેમ દ્યુલોક અને પૃથિવીલોક સાથે વર્તમાન છે, તેમ વિવાહિત સ્ત્રી-પુરુષો વર્તાવ કરે. (૩)*

ता कर्माषतरास्मै प्र च्यौत्नानि देवयन्तो भरन्ते।
जुजोषदिन्द्रो दस्मवर्चा नासत्येव सुग्म्यो रथेष्ठाः॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ देवयन्तः-પોતાને વિદ્વાનોની ઈચ્છા કરનારા સજ્જનો अस्मै-જે अषतरा-અત્યંત પદાર્થો અને च्यौत्नानि-એ આગળ કહેવા યોગ્ય ઐશ્વર્ય ઈચ્છુક સભાપતિ આદિને માટે સ્તુતિઓને प्र, भरन्ते-સમ્યક્ ધારણ કરે છે, ता-તેના दस्मवर्चाः-શત્રુઓમાં જેનું પરાક્રમ વર્તે છે, તે सुग्म्यः-સુખ-સાધન પદાર્થોમાં ઉત્તમ रथेष्ठाः-રથમાં બેસનાર इन्द्रः-ઐશ્વર્ય ઈચ્છુક नासत्येव-સૂર્ય અને ચંદ્રમાની સમાન जुजोषत्-સેવે, તેમ અમે कर्म-કરીએ. (૪)

*ભાવાર્થ : જે સૂર્ય અને ચંદ્રમાની સમાન શુભ ગુણ-કર્મ-સ્વભાવોથી પ્રકાશિત થઈને આપ્તોની સમાન આચરણ કરે છે, તેઓ શું સુખ પ્રાપ્ત કરી શકતા નથી ? (૪)*

तमु ष्टुहीन्द्रं यो ह सत्वा यः शूरो मघवा यो रथेष्ठाः।
प्रतीचश्चिद्योधीयान्वृषण्वान्ववव्रुषश्चित्तमसो विहन्ता॥ ५॥

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ यः-જે सत्वा-બળવાન यः, चित्-અને જે शूरः-શૂર मघवा-પરમ પૂજિત ધનયુક્ત यः चित्-અને જે रथेष्टाः-રથમાં સ્થિર થનાર योधीयान्-અત્યંત યુદ્ધશીલ, वृषण्वान्-બળવાન, प्रतीचः-પ્રતિ પદાર્થ પ્રાપ્ત કરનાર, ववब्रुषः-રૂપયુક્ત, तमसः-અંધકારનો विहन्ता-વિનાશ

કરનાર સૂર્યની સમાન છે, तम्, उ, ह-તેવા જ इन्द्रम्-ઐશ્વર્યવાન સેનાપતિની स्तुहि-પ્રશંસા કરો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ જે પ્રશંસિત કર્મ કરે તેની સ્તુતિ કરવી જોઈએ અને જે નિંદનીય કર્મ કરે તેની નિંદા કરવી જોઈએ.*

*સત્ય ભાષણ કરવું એ સ્તુતિ છે અને કોઈ વિષયમાં મિથ્યા પ્રલપન-બકવું તે નિંદા છે. (૫)*

प्र यदित्था महिना नृभ्यो अस्त्यरं रोदसी कक्ष्येऽ३ नास्मै।
सं विव्य इन्द्रो वृजनं न भूमा भर्ति स्वधावाँ ओपशमिव द्याम्॥ ६॥

પદાર્થ : यत्-જે इन्द्रः-સૂર્યના वृजनम्-બળની न-સમાન भूम-બહુ જ પદાર્થોને सम्, विव्ये-સમ્યક્ સ્વીકાર કરનાર અને स्वधावान्-અન્ન આદિ પદાર્થોવાળું આ સૂર્યમંડળ ओपशमिव-અત્યંત એકમાં મળેલ-પદાર્થની સમાન द्याम्-પ્રકાશને प्र, भर्त्ति-ધારણ કરીને अस्मै-એને માટે कक्ष्ये-પોત-પોતાની કક્ષામાં પ્રસિદ્ધ થયેલ रोदसी-દ્યુલોક અને પૃથિવીલોક न, अरम्-પરિપૂર્ણ થતા નથી. इत्था-એ રીતે महिना-પોતાના મહિમાથી नृभ्यः-અગ્રણી મનુષ્યોને માટે પરિપૂર્ણ अरमस्ति-સમર્થ છે. (૬)

*ભાવાર્થ : જેમ પ્રકાશરહિત પૃથિવી આદિ પદાર્થો સર્વને ઢાંકી દે છે, તેમ સૂર્ય પોતાના પ્રકાશથી સર્વને આચ્છાદિત કરી દે છે. જેમ પાર્થિવ પદાર્થોને પૃથિવી ધારણ કરે છે, તેમ સૂર્ય ભૂગોળોને ધારણ કરે છે. (૬)*

समत्सु त्वा शूर सतामुराणं प्रपथिन्तमं परितंसयध्यै।
सजोषस इन्द्रं मदे क्षोणीः सूरिं चिद्ये अनुमदन्ति वाजैः॥ ७॥

પદાર્થ : હે शूर-દુષ્ટોને મારનાર સેનાધીશ ! ये-જેઓ सजोषसः-સમાન પ્રીતિ સેવનારા समत्सु-સંગ્રામોમાં परितंसयध्यै-સર્વત્રથી આભૂષિત કરવા માટે सताम्-સત્પુરુષોમાં उराणम्-અધિક બળ કરીને प्रपथिन्तमम्-આવશ્યકતાથી ઉત્તમ પથગામી इन्द्रम्-સેનાપતિ त्वा-તને मदे-હર્ષ-આનંદને માટે क्षोणीः-ભૂમિઓને सूरिम्-વિદ્વાનની चित्-સમાન वाजैः-વેગાદિ ગુણયુક્ત વીર વા અશ્વાદિની સાથે अनु, मदन्ति-અનુમોદ-આનંદ આપે છે, તેને તું પણ આનંદિત કર. (૭)

*ભાવાર્થ : તેઓ જ વેર-રહિત મનુષ્યો છે, જે પોતાની સમાન અન્ય પ્રાણીઓને જાણે છે. તેઓના જ રાજ્યની વૃદ્ધિ-ઉન્નતિ થાય છે, જે સત્યપુરુષોની જ સંગતિ પ્રતિદિન કરે છે. (૭)*

एवा हि ते शं सवना समुद्र आपो यत्त आसु मदन्ति देवीः।
विश्वा ते अनु जोष्या भूद् गौः सूरीँश्चिद्यदि धिषा वेषि जनान्॥ ८॥

પદાર્થ : હે સભાપતિ ! समुद्रे-અન્તરિક્ષમાં आपः-જળની સમાન ते-આપનાં हि-જ सवना-ઐશ્વર્ય शम्-સુખ एव-જ કરે છે; વા ते-આપની देवीः-દિવ્યગુણ સંપન્ન વિદુષી यत्-જ્યારે आसु-

એ જળમાં मदन्ति-હર્ષિત થાય છે.

આપ यदि-धिषा-ઉત્તમ બુદ્ધિથી सूरीन्-વિદ્વાન્ चित्-માત્ર जनान्-જનોને वेषि-ચાહો છો, ત્યારે ते-આપની विश्वा-સમસ્ત गौः-વિદ્યા, સુશિક્ષાયુક્ત વાણી अनु, जोष्या-અનુકૂળતાથી સેવન યોગ્ય भूत्-બને છે. (૮)

*ભાવાર્થ : જેમ સૂર્ય આકાશમાં મેઘને પહોંચાડીને સર્વને સુખી કરે છે, તેમ સત્પુરુષનું ઐશ્વર્ય વૃદ્ધિ પામીને સર્વને આનંદિત કરે છે. જેમ પુરુષો વિદ્વાન બને છે, તેમ સ્ત્રીઓ પણ બને. (૮)*

**असा॑म॒ यथा॑ सुष॒खाय॑ एन स्वभि॒ष्टयो॑ न॒रां न शंसैः॑।**

**अस॒द्यथा॑ न॒ इन्द्रो॑ वन्दने॒ष्ठास्तु॒रो न कर्म॒ नय॑मान उ॒क्था॥ ९॥**

પદાર્થ : હે एन-પુરુષાર્થથી સુખોને પ્રાપ્ત વિદ્વાન્ ! यथा-જેમ स्वभिष्टयः-સુંદર અભિપ્રાય અને सुसखायः-જેના ઉત્તમ મિત્ર છે, તે અમે नराम्-અગ્રણી પ્રશંસિત પુરુષોની शंसैः-પ્રશંસાઓની न-સમાન ઉત્તમ ગુણોથી આપને પ્રાપ્ત असाम-થઈએ.

यथा-જેમ वन्दनेष्ठाः-સ્તુતિમાં સ્થિર થઈને तुरः-શીઘ્રકારી इन्द्रः-પરમૈશ્વર્યયુક્ત મિત્ર कर्म-ધર્મયુક્ત કર્મની न-સમાન नः-અમારા उक्था-પ્રશંસિત વિદ્વાનોને नयमानः-પ્રાપ્ત કરતા વા કરાવતા असत्-હોય તેવું આચરણ અમે કરીએ. (૯)

*ભાવાર્થ : જે લોકો સર્વ પ્રાણીઓ પ્રત્યે મિત્ર ભાવથી વર્તાવ રાખે છે, તેઓ સર્વના દ્વારા 'અભિનંદનીય' બને છે.*

*જે સર્વને ઉત્તમ બોધ પ્રાપ્ત કરાવે છે, તેઓ 'અત્યુત્તમ વિદ્યાવાન્' બને છે. (૯)*

**विष्प॑र्धसो न॒रां न शंसै॑र॒स्माका॑स॒दिन्द्रो॒ वज्र॑हस्तः।**

**मि॒त्रा॒यु॒वो॒ न पू॒र्प॑तिं॒ सु॒शिष्टौ॑ मध्या॒यु॒व॒ उप॑ शिक्षन्ति य॒ज्ञैः॥ १०॥**

પદાર્થ : वज्रहस्तः-જેના હાથમાં શસ્ત્ર અને અસ્ત્રોની શિક્ષા છે તે इन्द्रः-સભાપતિ अस्माक-અમારા असत्-હોય અર્થાત્ અમારા રક્ષક હોય એવી नराम्-ધર્મની પ્રાપ્તિ કરાવનારા પુરુષોની शंसैः-પ્રશંસાયુક્ત વિવાદોની न-સમાન વાદાનુવાદથી विष्पर्द्धस;-પરસ્પર વિશેષતાથી સ્પર્ધા-ઈર્ષા કરે છે.

मित्रायुवः-પોતાના મિત્ર ઈચ્છતા જનોની न-સમાન मध्यायुवः-મધ્યસ્થ ઈચ્છતા વિદ્વાનજનો सुशिष्टौ-સુશિક્ષાને નિમિત્ત यज्ञैः-અધ્યયન, અધ્યાપન અને ઉપદેશ કરવો અને સંગ-મેળમિલાપ કરવો વગેરે કર્મોથી पूर्पतिम्-પુરી-નગરીઓના પાલક સભાપતિ-રાજાને उप, शिक्षन्ति-ઉપ શિક્ષા આપે છે. અર્થાત્ તેની સમીપ જઈને તેને ભલા-બૂરાનાં ભેદ શિખવે છે. (૧૦)

*ભાવાર્થ : જેમ સત્ય આચરણમાં સ્પર્ધા કરનારા, સર્વના મિત્ર, પક્ષપાતરહિત અને સત્ય કાર્ય કરનારા લોકો સત્યનો ઉપદેશ કરે છે, તેમ સભાપતિ-રાજા પ્રજાઓની પ્રત્યે વર્તાવ કરે. (૧૦)*

यज्ञो हि ष्मेन्द्रं कश्चिदृन्धञ्जुहुराणश्चिन्मनसा परियन्।
तीर्थे नाच्छा तातृषाणमोको दीर्घो न सिध्रमा कृणोत्यध्वा॥ ११॥

પદાર્થ : कश्चित्-કોઈ यज्ञः-રાજધર્મ हि, ष्म-નિષ્ચયથી જ इन्द्रम्-સભાપતિની ऋन्धन्-ઉન્નતિ કરીને; વા मनसा-વિચારની સાથે जुहुराणः-દુષ્ટજનોમાં કુટિલ ક્રિયા અર્થાત્ કુટિલતાથી વર્તીને चित्-તે परियन्-સર્વત્રથી પ્રાપ્ત થઈને तीर्थे-જળાશયના न-સમાન સ્થાનમાં अच्छ-સમ્યક્ तातृषाणम्-જેમ નિરંતર તૃષાતુરને दीर्घः-બૃહત્ ओकः-સ્થાન મળે, न-તેમ अध्वा-સન્માનમાર્ગરૂપ થઈને सिध्रम्-શીઘ્રતાને आ, कृणोति-સારી રીતે કરે છે. (૧૧)

*ભાવાર્થ : પૂર્વ મંત્રમાં અતિ શીઘ્રતાથી રક્ષા ઈચ્છતા વિદ્વાન-બુદ્ધિમાનજન શિક્ષા કરવા રૂપ આદિ યજ્ઞોથી પોતાની પુરી-નગરીના પાલક રાજાની સમીપ જઈને શીક્ષા આપે છે, એ જે વિષય કહેલ ત્યાં યજ્ઞથી શીઘ્રતાનો ઉપદેશ કરતા यज्ञो हि-એ મંત્રથી ઉપદેશ કરે છે.*

*સુખની વૃદ્ધિ ઈચ્છે, તે સર્વે ધર્મનું આચરણ કરે, જો પરોપકાર કરવા ઈચ્છે, તો સત્યનો ઉપદેશ કરે. (૧૧)*

मो षू ण इन्द्रात्र पृत्सु देवैरस्ति हि ष्मा ते शुष्मिन्नवयाः।
महश्चिद्यस्य मीढुषो यव्या हविष्मतो मरुतो वन्दते गीः॥ १२॥

પદાર્થ : હે इन्द्र-વિદ્યા અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવનાર વિદ્વાન્ ! આપ अत्र-અહીં देवैः-વિદ્વાન વીરોની સાથે नः-અમારા पृत्सु-સંગ્રામોમાં ही-જે કારણે सु, अस्ति-સમ્યક્ સહાયકારી છો. स्म-જ.

હે शुष्मिन्-અત્યંત બળવાન अवयाः-જે વિરુદ્ધ પ્રાપ્ત થતા નથી એવા આપ यस्य-જે मीढुषः-સિંચનારા हविष्मतः-બહુ જ વિદ્યાદાન સંબંધી महः-મહાન ते-આપ मरुतः-વિદ્વાનની यव्या-નદીની સમાન गीः-સત્યગુણોથી યુક્ત વાણી वन्दते-સ્તુતિ કરતી અર્થાત્ સર્વ પદાર્થોની પ્રશંસા કરતી चित्-જેવી વર્તમાન છે. આપ मो-મારો નહિ. (૧૨)

*ભાવાર્થ : જે બળને પ્રાપ્ત કરે, તે સજ્જનોના પ્રત્યે શત્રુની સમાન વ્યવહાર ન કરવો. સદા આપ્તનો ઉપદેશ સ્વીકાર કરવો, અન્યનો નહિ. (૧૨)*

एषः स्तोम इन्द्र तुभ्यमस्मे एतेन गातुं हरिवो विदो नः।
आ नो ववृत्याः सुविताय देव विद्यामेषं वृजनं जीरदानुम्॥ १३॥

પદાર્થ : હે देव-સુખદાતા इन्द्र-પ્રશંસિત ઐશ્વર્યવાન્ ! જે एषः-આ अस्मे-અમારી स्तोमः-સ્તુતિપૂર્વક ચાહના છે, તે तुभ्यम्-તમારા માટે છે.

હે हरिवः-પ્રશંસિત ઘોડાવાળા ! આપ एतेन-એ ન્યાયથી गातुम्-ભૂમિ અને नः-અમને विदः-પ્રાપ્ત થાઓ. नः-અમારા सुविताय-ઐશ્વર્યને માટે आ, ववृत्याः-આ વર્તમાન થાઓ, જેથી અમે इषम्-

ઈચ્છાસિદ્ધિ, वृजनम्-સન્માર્ગ અને जीरदानुम्-દીર્ઘ જીવનને विद्याम्-પ્રાપ્ત કરીએ. (૧૩)

*ભાવાર્થ : કોઈ ભદ્ર-ભલા મનુષ્યોએ, પોતાના મોઢે પોતાની પ્રશંસા ન કરવી જોઈએ. અન્ય દ્વારા કરેલી પોતાની પ્રશંસા સાંભળીને પ્રમાદ ન કરવો જોઈએ.*

*જેમ પોતાની ઉન્નતિની કામના કરવામાં આવે, તેમ અન્યોની ઉન્નતિની સદા કામના કરવી જોઈએ. (૧૩)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના વિષયનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૩)

## સૂક્ત-૧૭૪

**त्वं राजेन्द्र ये च देवा रक्षा नॄन्पाह्यसुर त्वमस्मान्।**
**त्वं सत्पतिर्मघवा नस्तरुत्रस्त्वं सत्यो वसवानः सहोदाः॥ १॥**

પદાર્થ : હે इन्द्र-પરમૈશ્વર્યયુક્ત ! त्वम्-આપ सत्पतिः-વેદ વા સજ્જનોના પાલક मघवा-પરમ પ્રશંસિત ધનવાન नः-અમને तस्त्रः-દુઃખ રૂપી સમુદ્રથી પાર ઉતારનારા છો; त्वम्-આપ सत्यः-સજ્જનોમાં ઉત્તમ वसवानः-ધન પ્રાપ્તિ કરાવનાર છો, सहोदाः-બળપ્રદ છો તથા त्वम्-આપ राजा-ન્યાય અને વિનયથી પ્રકાશમાન રાજા છો, એથી એ असुर-મેઘની સમાન त्वम्-આપ अस्मान्-અમારું नॄन्-મનુષ્યોનું पाहि-પાલન કરો. ये, च-અને જે देवाः-સદ્‌ગુણોવાળા ધર્માત્મા વિદ્વાનો છે, તેઓની रक्ष-રક્ષા કરો. (૧)

*ભાવાર્થ : જે રાજા બનવા ઈચ્છે, તે ધાર્મિક વિદ્વાન સત્પુરુષોને અમાત્ય = મંત્રી રાખીને તેના દ્વારા પ્રજાઓનું પાલન કરાવે. જે સત્યાચારી, બળવાન અને સત્સંગી હોય છે, તે રાજ્યને પ્રાપ્ત કરે છે. (૧)*

**दनो विश इन्द्र मृध्रवाचः सप्त यत्पुरः शर्म शारदीर्दर्त्।**
**ऋणोरपो अनवद्यार्णा यूने वृत्रं पुरुकुत्साय रन्धीः॥ २॥**

પદાર્થ : હે इन्द्र-વિદ્યુત્ અગ્નિની સમાન વર્તમાન ! यत्-જે આપ सप्त-સાત शारदीः-શરદ્ ઋતુ સંબંધી पुरः-શત્રુઓનાં નગર અને शर्म-શત્રુનાં ઘરને दर्त्-વિદારણ કરનાર છો. मृध्रवाचः-જેની પ્રવૃદ્ધ વાણી છે, તે विशः-પ્રજાઓને दनः-શિક્ષા આપીને રાજ્યને અનુકૂળ શાસન આપો છો.

હે अनवद्य-પ્રશંસાને પ્રાપ્ત રાજન્ ! જેમ સૂર્યમંડળ पुरुकुत्साय-બહુ જ વજ્રરૂપી પોતાના કિરણો જેમાં વિદ્યમાન છે, તે यूने-તરુણ પ્રબળતર વા સુખ-દુઃખથી મળતા ન મળતા સંસારને માટે वृत्रम्-મેઘને પ્રાપ્ત કરાવીને अर्णाः-નદી સંબંધી अपः-જળને વર્ષાવે છે, તેમ આપ ऋणोः-પ્રાપ્ત થાઓ. रन्धीः-સારી રીતે કાર્ય સિદ્ધિ કરાવનારા થાઓ. (૨)

*ભાવાર્થ : રાજાએ શત્રુઓના નગરો અને વીરોના સ્થાનાદિને નષ્ટ કરીને તેનું (શત્રુઓનું) નિવારણ*

*કરવું જોઈએ.*

*જેમ સૂર્ય જળથી સંસારની રક્ષા કરે છે, તેમ રાજાએ પ્રજાની રક્ષા કરવી જોઈએ. (૨)*

**अजा वृत इन्द्र शूरपत्नीर्द्यां च येभिः पुरुहूत नूनम्।**

**रक्षो अग्निमशुषं तूर्वयाणं सिंहो न दमे अपांसि वस्तोः॥ ३॥**

પદાર્થ : હે पुरुहूत-બહુજનોથી સત્કૃત, इन्द्र-શત્રુદળના નાશક, वृतः-રાજ્યાધિકારમાં સ્વીકૃત રાજન્! આપ येभिः-જેની સાથે शूरपत्नीः-શૂરોની પત્ની તથા द्याञ्च-પ્રકાશને नूनम्-નિશ્ચિત્ अज-જાણો. તેની સાથે सिंहः-સિંહની न-સમાન दमे-ઘરમાં अपांसि-કામોને वस्तोः-રોકવા માટે तूर्वयाणम्-શીઘ્ર ગમનશીલ યાન જેનાથી સિદ્ધ થાય છે, તે अशुषम्-શોષ રહિત જેમાં અર્થાત્ લોઢું, ત્રાંબુ, પીતળ આદિ ધાતુઓ ઓગાળીને દ્રવ થાય તે अग्निम्-અગ્નિને रक्षो-અવશ્ય રાખો. (૩)

*ભાવાર્થ : જેમ સિંહ પોતાના ઘર (= સ્થાન) માં બળપૂર્વક સર્વને રોકી લે છે, (તેમ) રાજા પોતાનાં બળથી પોતાનાં ઘર (= રાજ્ય)માં પ્રયત્ન કરે.*

*સમ્યક્ પ્રકારથી પ્રયોગ કરેલ જે અગ્નિથી યાન શીઘ્ર ચાલે છે, તેથી સંયુક્ત યાનમાં બેસીને (રાજા આદિ) પત્ની સહિત ઈતસ્તતઃ આવાગમન કરે. (૩)*

**शेषन्नु त इन्द्र सस्मिन्योनौ प्रशस्तये पवीरवस्य मह्ना।**

**सृजदर्णांस्यव यद्युधा गास्तिष्ठद्धरी धृषता मृष्ट वाजान्॥ ४॥**

પદાર્થ : હે इन्द्र-સેનાપતિ ! प्रशस्तये-તારી ઉત્કર્ષતાને માટે सस्मिन्-તે योनौ-સ્થાનમાં વા સંગ્રામમાં ते-તારા पवीरवस्य-વજ્રની ધ્વનિના मह्ना-મહિમાથી नु-શીઘ્ર शेषन्-શત્રુજન સૂઈ જાય.

यत्-જે સંગ્રામમાં સૂર્ય જેમ अर्णांसि-જલને अव, सृजत्-ઉત્પન્ન કરે અર્થાત્ મેઘને વરસાવે, તેમ युधा-યુદ્ધથી गाः-ભૂમિ અને જે યાનોને લઈ જનારા ઘોડાઓને तिष्ठत्-અધિષ્ઠિત થાય છે અને હે मृष्ट-શત્રુબળને સહનાર ! धृषता-દઢબળથી वाजान्-શત્રુઓના વેગોને અધિષ્ઠિત થાય છે. (૪)

*ભાવાર્થ : જેઓ સ્વાભિમાની સ્વભાવના શૂરવીરો છે, તેઓ પોત-પોતાના અધિકારોમાં ન્યાયપૂર્વક વ્યવહાર કરીને અને શત્રુઓને સમાપ્ત કરીને પોતાનાં ધર્મયુક્ત મહત્ત્વને પ્રકટ કરે. (૪)*

**वह कुत्समिन्द्र यस्मिञ्चाकन्त्स्यूमन्यू ऋज्रा वातस्याश्वा।**

**प्र सूरश्चक्रं वृहतादभीकेऽभि स्पृधो यासिषद्वज्रबाहुः॥ ५॥**

પદાર્થ : હે इन्द्र-સભાપતિ ! આપ यस्मिन्-જે સંગ્રામમાં वातस्य-પવન જેવી શીઘ્ર અને સરળ ગતિ स्यूमन्यू-ઈચ્છનાર અને ऋज्रा-સરળ ચાલ ચાલનાર अश्वा-ઘોડાઓને चाकन्-ઈચ્છો છો તેમાં कुत्सम्-વજ્રને वह-પહોંચાડો વજ્ર ચલાવો અર્થાત્ વજ્રથી શત્રુઓનો સંહાર કરો.

सूरः-સૂર્યની સમાન પ્રતાપવાન वज्रबाहुः-શસ્ત્ર-અસ્ત્રોને ભુજાઓમાં ધારણ કરેલ આપ चक्रम्-પોતાના રાજ્યની प्र, वृहताम्-વૃદ્ધિ ઉન્નતિ કરો અને अभीके-ના સંગ્રામમાં स्पृधः-ઈર્ષા કરતા શત્રુઓની अभि, यासिषत्-સન્મુખ જવાની ઈચ્છા કરો. (૫)

*ભાવાર્થ : જેમ સૂર્ય (પ્રતાપવાન છે,) તેમ પ્રતાપી રાજા શસ્ત્રાસ્ત્રોના પ્રહારોથી સંગ્રામમાં શત્રુઓને જીતીને પોતાના રાજ્યની વૃદ્ધિ કરે. (૫)*

**जघन्वाँ इन्द्र मित्रेरूञ्चोदप्रवृद्धो हरिवो अदाशून्।**

**प्र ये पश्यन्नर्यमणं सचायोस्त्वया शूर्ता वहमाना अपत्यम्॥ ६॥**

પદાર્થ : હે हरिवः-બહુ ઐશ્વર્યયુક્ત इन्द्र-સૂર્યની સમાન સભાપતિ ! चोदप्रवृद्धः-સદ્દુપદેશની પ્રેરણાથી સમ્યક્ પ્રવૃદ્ધ આપ अदाशून्-દાન ન દેનાર અને मित्रेरून्-મિત્રોની હિંસા કરનારા શત્રુઓને जघन्वान्-મારનાર છો, એથી ये-જે आयोः-બીજાઓને સુખ પહોંચાડનારા સજ્જનોના अपत्यम्-સંતાનને वहमाना-પહોંચાડવા અર્થાત્ અન્યત્ર લઈ જનાર ધૂર્તજન त्वया-આપે शूर्त्ताः-છિન્ન-ભિન્ન કરેલ તેઓ सचा-તે સંબંધથી તમે अर्यमणम्-ન્યાયાધીશને प्र, पश्यन्-જુઓ છો. (૬)

*ભાવાર્થ : જે મિત્રની જેમ વાર્તાલાપ કરનારા ભેદી ચતુર શત્રુજન સજ્જનોને ઉદ્વેગ કરે છે, તેઓનો રાજા મૂલ રહિત નાશ કરી નાખે. ન્યાયાસન પર બેસીને રાજા મૂલ રહિત નાશ કરી નાખે. ન્યાયાસન પર બેસીને સારી રીતે સમીક્ષા કરીને અન્યાયનું નિવારણ કરે. (૬)*

**रपत्कविरिन्द्रार्कसातौ क्षां दासायोपबर्हणीं कः।**

**करत्तिस्रो मघवा दानुचित्रा नि दुर्योणे कुयवाचं मृधि श्रेत्॥ ७॥**

પદાર્થ : હે इन्द्र-સૂર્ય સમાન સભાપતિ ! જે कविः-સર્વ શાસ્ત્રવિત્ अर्कशातौ-અન્નોના સમ્યક્ વિભાગમાં दासाय-શૂદ્ર વર્ગને માટે उपबर्हणीम्-સારી વૃદ્ધિ આપનારી क्षाम्-ભૂમિને कः-નિયત કરતા તે સત્ય સ્પષ્ટ रपत्-કહે. જે मघवा-ઉત્તમ ધનનો સંબંધ રાખનાર तिस्रः-ઉત્તમ, મધ્યમ અને નિકૃષ્ટનું दानुचित्राः-અદ્ભુત દાન જેમાં હોય તે ક્રિયાઓને करत्-નિયત કરે, તે दुर्योणे-સમરભૂમિ વિષયક मृधि-યુદ્ધમાં कुयवाचम्-કુત્સિત યવોની પ્રશંસા કરનારા સામાન્ય જનનો नि, श्रेत्-આશ્રય કરે. (૭)

*ભાવાર્થ : શાસ્ત્રોના જ્ઞાતા સભાપતિ શૂદ્ર-વર્ગને માટે શાસ્ત્રોની શિક્ષા દ્વારા ઉત્તમ અન્ન આદિની વૃદ્ધિ કરનારી ભૂમિની વ્યવસ્થા કરે. સત્ય, સદાચાર, દાન તથા વિચિત્રતાની પ્રવૃત્તિને માટે ઉત્તમ, મધ્યમ અને નિમ્ન દાન-વ્યવહારોની વ્યવસ્થા કરે તથા સદા યુદ્ધ આદિની ભૂમિમાં શત્રુઓનો સંહાર કરીને રાજ્યની વૃદ્ધિ કરે. (૭)*

**सना ता त इन्द्र नव्या आगुः सहो नभोऽविरणाय पूर्वीः।**

**भिनत्पुरो न भिदो अदेवीर्ननमो वधरदेवस्य पीयोः॥ ८॥**

પદાર્થ : હે इन्द्र-સૂર્ય સમાન પ્રતાપવાન રાજન્ ! આપ अविरणाय-યુદ્ધની નિવૃત્તિને માટે नभः-હિંસક શત્રુઓને सहः-સહો છો.

આપ જેમ पूर्वीः-પ્રાચીન पुरः-શત્રુઓનાં નગરોને भिनत्-છિન્ન-ભિન્ન કરે છે, न-તેમ भिदः-ભિન્ન પૃથક્-પૃથક્ अदेवीः-શત્રુ વર્ગોના દુષ્ટ નગરોને ननमः-નમાવો, પાડો છો. તેથી अदेवस्य, पीयोः-રાક્ષસપણાનો સંચારી કરતા શત્રુગણનો वधः-નાશ થાય છે. આ જે ते-આપની सना-પ્રસિદ્ધ શૂરવીરતાનું કામ છે ता-તેને नव्याः-નવીન પ્રજાજનો आयुः-પ્રાપ્ત થાય. (૮)

*ભાવાર્થ : રાજાઓ યુદ્ધ આદિમાં એવી જાતની વીરતા-પ્રદર્શક કાર્ય કરે, કે જેને જોઈને, એવા કર્મ જેઓએ પ્રથમ જોયા નથી, તેવા નવા દુષ્ટ પ્રજાજનો ભયભીત થાય. (૮)*

त्वं धुनिरिन्द्र धुनिमतीर्ऋणोरपः सीरा न स्रवन्तीः।
प्र यत्समुद्रमति शूर पर्षि पारया तुर्वशं यदुं स्वस्ति॥ ९॥

પદાર્થ : હે इन्द्र-સૂર્યની સમાન વર્તમાન धुनिः-શત્રુઓને કંપાવનાર ! त्वम्-આપ વિદ્યુત્ રૂપ, સૂર્ય-મંડળસ્થ અગ્નિ જેમ धुनिमतौः-કંપીને अपः-જળોને વા વિદ્યુતરૂપ જઠરાગ્નિ જેમ स्रवन्तीः-ચાલતી सीराः-નાડીઓને न-તેમ પ્રજાજનોને प्रार्णोः-પ્રાપ્ત થાઓ.

હે शूरः-શત્રુનાશક ! यत्-જે આપ समुद्रम्-સમુદ્રનું अति, पर्षि-અતિક્રમણ કરીને પાર પહોંચો છો, તે यदुम्-યત્નશીલ અને तुर्वशम्-જે શીઘ્ર કાર્યકર્તા પોતાના વશને પ્રાપ્ત થઈને તે જનનું स्वस्ति-કલ્યાણ જેમ થાય, તેમ पारय-સમુદ્રાદિ તટથી બીજા તટને શીઘ્ર પહોંચાડો. (૯)

*ભાવાર્થ : જેમ વિદ્યુત્ શરીરની નાડીઓમાં રક્તને પ્રવાહિત કરે છે અને સૂર્ય જળને જગતમાં પહોંચાડે છે, તેમ (રાજા) પ્રજાઓમાં સુખ પહોંચાડે અને દુષ્ટોને કંપિત કરે. (૯)*

त्वमस्माकमिन्द्र विश्वध स्या अवृकतमो नरां नृपाता।
स नो विश्वासां स्पृधां सहोदा विद्यामेषं वृजनं जीरदानुम्॥ १०॥

પદાર્થ : હે इन्द्र-સુખપ્રદાતા त्वम्-આપ अस्माकम्-અમારામાં विश्वध-સર્વ પ્રકારથી नराम्-મનુષ્યોમાં नृपाता-મનુષ્યોની રક્ષા કરનારા અર્થાત્ પ્રજાજનોના પાલક તથા अवृकतमः-જેના સંબંધમાં ચોરજન નથી એવા स्यः-થાઓ તથા सः-તે આપ नः-અમારી विश्वासा-સમસ્ત स्पृधाम्-યુદ્ધ ક્રિયાઓમાં सहोदाः-બળપ્રદ થાઓ, જેથી અમે जीरदानुम्-જીવ રૂપમાં वृजनम्-ધર્મયુક્ત માર્ગને તથા इषम्-શાસ્ત્રવિજ્ઞાનને विद्याम-સમ્યક્ જાણીએ-પ્રાપ્ત કરીએ.

*ભાવાર્થ : જે યમ (સંજ્ઞક ગુણોથી) યુક્ત, જિતેન્દ્રિય, પ્રજારક્ષક અને ચોરી આદિ કર્મોનો ત્યાગ કરેલ (રાજપુરુષ) (રાજ્યમાં) નિવાસ કરે, તેઓ મહાન ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં રાજાઓના કર્મોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની

સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૪)

## સૂક્ત-૧૭૫

मत्स्यपायि ते महः पात्रस्येव हरिवो मत्सरो मदः।
वृषा ते वृष्ण इन्दुर्वाजी सहस्रसातमः॥ १॥

પદાર્થ : હે हरिवः-પ્રશસ્ત ઘોડાવાળા ! महः-મહાન पात्रस्येव-જેમ પાત્રમાં રાખેલ હોય, તેમ ते-આપના मत्सरः-હર્ષ કરનાર मदः-નીરોગતાની સાથે જેનાથી જન આનંદિત થાય છે, તે ઓષધિઓના સારનું આપે अपायि-પાન કરેલ છે, તેથી આપ मत्सि-આનંદિત થાઓ છો અને તે वाजी-વેગવાન सहस्रसातमः-અત્યંત હજારો લોકોનો વિભાગ કરનાર वृष्णे-સિંચનાર બળનાર જે ते-આપ તેને માટે वृषा-બળ અને इन्दुः-ઐશ્વર્ય કરનાર થાય છે. (૧)

*ભાવાર્થ : જેમ ઘોડાઓ દૂધ આદિ પીને તથા ઘાસ આદિ ખાઈને બળવાન અને વેગવાન બને છે. તેમ પથ્ય તથા ઓષધિઓનું સેવન કરનારા (લોકો) આનંદિત બને છે. (૧)*

आ नस्ते गन्तु मत्सरो वृषा मदो वरेण्यः।
सहावाँ इन्द्र सानसिः पृतनाषाळमर्त्यः॥ २॥

પદાર્થ : હે इन्द्र-સભાપતિ ! ते-તે આપના જે मत्सरः-સુખ કરનાર, वरेण्यः-સ્વીકાર કરવા યોગ્ય, वृषा-વીર્યકારી, सहावान्-જેમાં બહુ જ સહનશીલતા વિદ્યમાન છે, सानसिः-જે સારી રીતે રોગોનો વિભાગ કરનાર, पृतनाषाट्-જેનાથી મનુષ્યોની સેનાને સહન કરે છે અને अमर्त्यः-જે મનુષ્ય સ્વભાવથી વિલક્ષણ मदः-ઔષધિઓનો રસ છે, તે नः-અમને आ, गन्तु-પ્રાપ્ત થાય.

*ભાવાર્થ : મનુષ્યોએ, 'આપ્ત ધર્માત્માઓનો ઔષધિરસ અમને પ્રાપ્ત થાય' એવી સદા કામના કરવી જોઈએ. (૨)*

त्वं हि शूरः सनिता चोदयो मनुषो रथम्।
सहावान्दस्युमव्रतमोषः पात्रं न शोचिषा॥ ३॥

પદાર્થ : હે સેનાપતિ ! हि-જે કારણે शूर-શૂરવીર, નીડર सनिता-સેનાનો સંવિભાગ કરનાર અર્થાત્ पद्यादि-વ્યૂહ રચનાથી વિભાગ કરનાર त्वम्-આપ मनुषः-મનુષ્યો અને रथम्-યુદ્ધ માટે પ્રયુક્ત કરેલ રથને चोदयः-પ્રેરિત કરે-અર્થાત્ યુદ્ધ સમયે આગળ ધપાવે અને सहावान्-બળવાન આપ शोचिषा-દીપ્ત અગ્નિની જ્વાળાથી જેમ पात्रम्-કાષ્ઠ આદિ પાત્રને न-તેમ अव्रतम्-દુઃશીલ-દુરાચારી दस्युम्-હઠપૂર્વક પારકા ધનને હરનાર દુષ્ટજનને ओषः-બાળો, તેથી મૌનના ભાગી બનો. (૩)

*ભાવાર્થ : જે સેનાપતિ આદિ યુદ્ધ સમયે રથ આદિ યાનો તથા યોદ્ધાઓનો યુદ્ધના માટે સંચાલિત*

*કરવાનું તથા પ્રેરિત કરવાનું જાણે છે, તેઓ જેમ કાષ્ઠને અગ્નિ (બળે છે) તેમ ડાકુઓને ભસ્મ કરી શકે છે. (૩)*

**मुषाय सूर्यं कवे चक्रमीशान ओजसा।**

**वह शुष्णाय वधं कुत्सं वातस्याश्वैः॥ ४॥**

પદાર્થ : હે कवे-ક્રમ-ક્રમથી દૃષ્ટી આપનાર સમસ્ત વિદ્યાઓને જાણનાર સભાપતિ ! ईशानः-ઐશ્વર્યવાન સમર્થ ! આપ सूर्यम्-સૂર્યમંડળની સમાન ओजसा-બળથી યુક્ત चक्रम-ભૂગોળના રાજ્યને मुषाय-હરીને शुष्णाय-અન્યોના હૃદયને શુષ્ક કરનારા દુષ્ટને માટે वातस्य-વાયુના अश्वैः-વેગાદિ ગુણોની સમાન પોતાના બળોથી कुत्सम्-વજ્રને ઘૂમાવીને वधम्-વધને वह-પહોંચાડો અર્થાત્ તે દુષ્ટને મારો. (૪)

*ભાવાર્થ : જેઓ ચક્રવર્તી રાજ્ય કરવા ઈચ્છે, તેઓ ડાકુઓ અને દુષ્ટાચારી મનુષ્યોનું નિવારણ કરીને ન્યાયને પ્રવૃત્ત કરે-કરાવે. (૪)*

**शुष्मिन्तमो हि ते मदो द्युम्निन्तम उत क्रतुः।**

**वृत्रघ्ना वरिवोविदा मंसीष्ठा अश्वसातमः॥ ५॥**

પદાર્થ : હે સર્વના ઈશ્વર સભાપતિ ! हि-જે કારણે ते-આપના शुष्मिन्तमः-અત્યંત બળવાન मदः-આનંદ उत-અને द्युम्निन्तमः-અત્યંત યશયુક્ત क्रतुः-પરાક્રમરૂપ કર્મ છે, તેથી वृत्रघ्ना-મેઘનું હનન કરનાર સૂર્યની સમાન પ્રકાશમાન वरिवोविदा-જેથી સેનાને પ્રાપ્ત થાય તે પરાક્રમથી अश्वसातमः-અત્યંત અશ્વ આદિનો સમ્યક્ વિભાગ કરનાર આપ બીજાના વિષયને मंसीष्ठाः-જાણો. (૫)

*ભાવાર્થ : જે સૂર્યસમાન તેજસ્વી, વિદ્યુત્ સમાન પરાક્રમી, યશસ્વી અને બળવાન (બનીને) વિદ્યા, વિનય અને ધર્મનું સેવન કરે છે, તેઓ સુખ પ્રાપ્ત કરે છે. (૫)*

**यथा पूर्वेभ्यो जरितृभ्य इन्द्र मयइवापो न तृष्यते बभूथ।**

**तामनु त्वा निविदं जोहवीमि विद्यामेषं वृजनं जीरदानुम्॥ ६॥**

પદાર્થ : હે इन्द्र-વિદ્યા-ઐશ્વર્યયુક્ત ! यथा-જે રીતે નિત્ય વિદ્યાથી पूर्वेभ्यः-પ્રથમ વિદ્યા અધ્યયન કરેલ जरितृभ्यः-સમસ્ત વિદ્યા ગુણોની સ્તુતિ કરનારા જનોને માટે मयइव-સુખની સમાન વા तृष्यते-તૃષાથી પીડિત મનુષ્યને માટે आपः-જળની न-સમાન આપ बभूथ-થાઓ.

ताम्-તે निविदम्-નિત્ય વિદ્યાથી अनु-અનુકૂળ त्वा-આપની હું जोहवीमि-નિરંતર સ્તુતિ કરું છું અને તેથી અમે इषम्-ઈચ્છાસિદ્ધિ, वृजनम्-બળ અને जीरदानुम्-આત્મ સ્વરૂપને विद्याम-પ્રાપ્ત કરીએ. (૬)

*ભાવાર્થ : જેઓ બ્રહ્મચર્યપૂર્વક આપ્તજનોની વિદ્યા અને શિક્ષા પ્રાપ્ત કરીને અન્યોને આપે છે, તેઓ સુખથી તૃપ્ત થઈને પ્રશંસાને પ્રાપ્ત કરે છે.*

*જેઓ વિરોધ ત્યાગ કરીને પરસ્પર ઉપદેશ આપે છે, તેઓ વિજ્ઞાનના બળને અને જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપને જાણે છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં રાજવ્યવહારનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૫)

## सूक्त-१७६

मत्सि नो वस्यइष्टय इन्द्रमिन्दो वृषा विश।

ऋघायमाण इन्वसि शत्रुमन्ति न विन्दसि॥ १॥

પદાર્થ : હે इन्द्रो-ચંદ્રમાની સમાન શીતલ શાન્ત-સ્વરૂપવાળા ન્યાયાધીશ ! જે वृषा-બળવાન वृघायमाणः-વર્દ્ધમાન આપ नः-અમારા वस्यइष्टये-અત્યંત ધનની સંગતિને માટે इन्द्रम्-પરમેશ્વર્યને પ્રાપ્ત થઈને मत्सि-આનંદને પ્રાપ્ત થાઓ છો અને शत्रुम्-શત્રુને इन्वसि-વ્યાપ્ત થાઓ છો અર્થાત્ તેઓના કરેલા દુરાચારને પ્રથમથી જાણો છો, પરંતુ अन्ति-પોતાના સમીપ न, विन्दसि, શત્રુને પામતા નથી, તે આપ સેનાને आ, विश-સમન્તાત પ્રાપ્ત થાઓ. (૧)

*ભાવાર્થ : જે પ્રજાઓના ઈષ્ટ સુખને માટે દુષ્ટોનું નિવારણ કરે છે અને સત્ય આચરણનું પૂર્ણ પાલન કરે છે, તેઓ મહાન ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. (૧)*

तस्मिन्ना वेशया गिरो य एकश्चर्षणीनाम्।

अनु स्वधा यमुप्यते यवं न चर्कृषद् वृषा॥ २॥

પદાર્થ : હે વિદ્વાન્ ! तस्मिन्-તેમાં गिरः-ઉપદેશરૂપ વાણીઓને आ, वेशय-સમગ્ર રીતે પ્રવિષ્ટ કરાવો. यः-જે चर्षणीनाम्-મનુષ્યોમાં एकः-એકલો અસહાય દીનજન છે અને यम्-જેનું अनु-પછી લક્ષ્ય કરીને चर्कृषत्-નિરંતર ભૂમિને ખેડીને वृषा-ખેતી કામમાં કુશળ ખેડૂત જેમ यवम्-યવ અન્નને न-વાવે, તેમ स्वधा-અન્ન उप्यते-વાવેલું અર્થાત્ ભોજનરૂપ આપવામાં આવે છે. (૨)

*ભાવાર્થ : જેમ ખેડૂતો ખેતરોમાં બીજ વાવીને ધન પ્રાપ્ત કરે છે, તેમ વિદ્વાનો જિજ્ઞાસુઓના આત્મામાં વિદ્યા અને સુશિક્ષા પ્રવિષ્ટ કરાવીને સુખ પ્રાપ્ત કરે છે. (૨)*

यस्य विश्वानि हस्तयोः पञ्च क्षितीनां वसु।

स्पाशयस्व यो अस्मध्रुग्दिव्येवाशनिर्जहि॥ ३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! यस्य-જેના આપ हस्तयोः-હાથોમાં पञ्च-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને નિષાદ એ જાતિઓના क्षितीनाम्-મનુષ્યોના विश्वानि-સમસ્ત वसु-વિદ્યાધન છે, તે આપ यः-જે अस्मध्रुक्-

અમારો દ્રોહ કરનારને स्पाशयस्व-પીડા આપો અને જેમ अशनिः-વિદ્યુત્ दिव्येव-આકાશમાં ઉત્પન્ન થઈને ભૂમિમાં પડીને સંહાર કરે છે તેની સમાન जहि-નષ્ટ કરો.

*ભાવાર્થ : જેના અધિકારમાં સમસ્ત વિદ્યાઓ છે અને જે ઉત્પન્ન થયેલ શત્રુઓને મારે છે, તે દિવ્ય ઐશ્વર્યને પ્રાપ્ત કરનાર બને છે. (૩)*

**असुन्वन्तं समं जहि दूणाशं यो न ते मयः।**

**अस्मभ्यमस्य वेदनं दद्धि सूरिश्चिदोहते॥ ४॥**

પદાર્થ : હે રાજન્ ! આપ તે असुन्वन्तम्-પદાર્થોનો સાર ખેંચવા આદિ પુરુષાર્થથી રહિત दुणाशम्-અને દુઃખથી વિનાશને યોગ્ય समम्-સમસ્ત આળસુજનોને जहि-મારો, દંડ આપો.

यः-જે सूरिः-વિદ્વાનની चित्-સમાન ओहते-વ્યવહારોની પ્રાપ્તિ કરે છે અને ते-તમારા मयः-સુખને न-પહોંચાડતો નથી તથા આપ अस्य-એના वेदनम्-ધનને अस्मभ्यम्-અમારા માટે दद्धि-ધારણ કરો. (૪)

*ભાવાર્થ : જે આળસુ હોય તેને રાજા તાડના કરે. જેમ વિદ્વાન સર્વને સુખ આપે છે, તેમ જેટલું બની શકે તેટલું સર્વને સુખ આપ. (૪)*

**आवो यस्य द्विबर्हसोऽर्केषु सानुषगसत्।**

**आजाविन्द्रस्येन्दो प्रावो वाजेषु वाजिनम्॥ ५॥**

પદાર્થ : હે इन्दो-પોતાની પ્રજાઓમાં ચંદ્રમાની સમાન વર્તમાન ! यस्य-द्विबर्हसः-વિદ્યા-પુરુષાર્થથી ઉન્નત થયેલને अर्केषु-સમ્યક્ સત્કારથી અન્નાદિ પદાર્થોમાં सानुषक्-સાનુકૂળતા જ असत्-થાય જેની આપ अग्वः-રક્ષા કરો, તે इन्द्रस्य-પરમેશ્વર્ય સંબંધી आजौ-સંગ્રામમાં वाजेषु-વેગોમાં વર્તમાન वाजिनम्-બળવાન આપની प्र, आवः-સારી રીતે રક્ષા કરે અર્થાત્ આપની નિરંતર રક્ષા કરે. (૫)

*ભાવાર્થ : જેમ સેનાપતિ સર્વ સૈનિકોની રક્ષા કરે તેમ સૈનિકો પણ તેની નિરંતર રક્ષા કરે. (૫)*

**यथा पूर्वेभ्यो जरितृभ्य इन्द्र मयइवापो न तृष्यते बभूथ।**

**तामनु त्वा निविदं जोहवीमि विद्यामेषं वृजनं जीरदानुम्॥ ६॥**

પદાર્થ : હે इन्द्र-ઐશ્વર્યના જિજ્ઞાસુજન ! यथा-જેમ યોગ જાણવાના ઇચ્છુક पूर्वेभ्यः-જેણે યોગાભ્યાસ કરેલ છે તે પ્રાચીન जरितृभ्यः-યોગ ગુણ સિદ્ધિઓને જાણનારા વિદ્વાનોને પ્રાપ્ત કરીને તથા સિદ્ધ કરીને સંપન્ન થાય છે તેવા બનીને मयइव-સુખની સમાન અને तृष्यते-તૃષિતને માટે आपः-જળની न-સમાન बभुथ-થાઓ. અને ताम्-તે વિદ્યાને अनु-અનુવર્તમાન निविदम्-અને નિશ્ચિત પ્રતિજ્ઞા જેણે કરી છે, તે त्वा-આપને जोहवीमि-નિરંતર કહું છું એમ કર અમે इषम्-ઇચ્છા સિદ્ધિ वृजनम्-દુઃખ ત્યાગ અને जीरदानुम्-જીવદયાને विद्याम-પ્રાપ્ત કરીએ. (૬)

*ભાવાર્થ : જે લોકો યોગારૂઢ = નિષ્ણાતજનો દ્વારા યોગશિક્ષાને પ્રાપ્ત કરીને તથા પુરુષાર્થ કરીને, योगमभ्यस्य सिद्धा जायन्ते-યોગનો અભ્યાસ કરીને સિદ્ધ બની જાય છે, તેઓ પૂર્ણ સુખને પ્રાપ્ત કરે છે તથા જે તેઓની સેવા કરે છે, તેઓ પણ સુખ પામે છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્યા, પુરુષાર્થ અને યોગનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૬)

## સૂક્ત-૧૭૭

आ चर्षणिप्रा वृषभो जनानां राजा कृष्टीनां पुरुहूत इन्द्रः।
स्तुतः श्रवस्यन्नवसोप मद्रिग्युक्त्वा हरी वृषणा याह्यर्वाङ्॥ १॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ वृषभः-અત્યંત બળવાન जनानाम्-શુદ્ધ ગુણોમાં પ્રસિદ્ધ થયેલ જનોમાં चर्षणिप्राः-મનુષ્યોને વિદ્યાઓથી પૂર્ણ કરનાર राजा-પ્રકાશમાન અને कृष्टीनाम्-મનુષ્યોમાં पुरुहूतः-બહુ જ સત્કાર પામેલ स्तुतः-પ્રશંસિત श्रवस्यन्-પોતે અન્નની ઈચ્છા કરીને मद्रिक्-જે કામને પ્રાપ્ત થાય છે, તે इन्द्रः-ઐશ્વર્યપ્રદ वृषभा-અતિ બળી हरी-હરણશીલ ઘોડાઓને युक्त्वा-જોડીને अर्वाङ्-અધો દેશ-નીચેની ભૂમિમાં જાય છે, તેમ अवसा-રક્ષા આદિની સાથે આપ અમારી उप, आ, याहि સમીપ આવો. (૧)

*ભાવાર્થ : જેવી રીતે શુભ ગુણ, કર્મ, સ્વભાવવાળા સભાધ્યક્ષ પ્રજાઓ પ્રત્યે વ્યવહાર કરે, તેમ પ્રજાજનોએ પણ વ્યવહાર કરવો જોઈએ.*

*જેમ કોઈ વિમાન પર ચઢીને ઉપર જઈને નીચે આવે છે, તેમ વિદ્વાનજન પરાવર (= દૂરસ્થ અને સમીપસ્થ તથા સૂક્ષ્મ અને સ્થૂળના જ્ઞાતા બને. (૧)*

ये ते वृषणो वृषभास इन्द्र ब्रह्मयुजो वृषरथासो अत्याः।
ताँ आ तिष्ठ तेभिरा याह्यर्वाङ् हवामहे त्वा सुत इन्द्र सोमे॥ २॥

પદાર્થ : હે इन्द्र-વિદ્યુત્ સમાન સેનાપતિ ! ते-આપના ये-જે वृषणः-પ્રબળ યુવાન, वृषभासः-પરિશક્તિ બંધક = વૃષભ, ब्रह्मयुजः-ઉત્તમ અન્નનો યોગ કરનારા, वृषरथासः-શક્તિબંધક અને રમણ સાધનરથ अत्याः-અને નિરંતર ગમનશીલ ઘોડાઓ છે; तान्-તેને आ, तिष्ठ-યત્નવાન કરો અર્થાત્ તેના પર ચઢો અને કાર્યરત્ કરો.

હે इन्द्र-સૂર્ય સમાન વર્તમાન રાજન્ ! અમે सुते-ઉત્પન્ન થયેલ सोमे-ઔષધિ આદિના ગુણની સમાન ઐશ્વર્યને માટે त्वा-આપનો हवामहे-સ્વીકાર કરીએ છીએ. આપ तेभिः-તેઓની સાથે अर्वाङ्-સન્મુખ आ, याहि-આવો. (૨)

*ભાવાર્થ : જે રાજજનો સમસ્ત સાધનોથી સિદ્ધ કરવા યોગ્ય રથો, અતિ બળવાન ઘોડાઓ અને*

*બળદોને કાર્યોમાં પ્રયુક્ત કરે છે, તેઓ પ્રશસ્ત યાન આદિથી યુક્ત બનીને ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે. (૨)*

आ ति॑ष्ठ रथं॒ वृष॑णं॒ वृषा॑ ते सु॒तः सोम॒ः परि॑षिक्ता॒ मधू॑नि।
यु॒क्त्वा वृष॑भ्यां वृषभ क्षिती॒नां हरि॑भ्यां याहि प्र॒वतोप॑ मद्रिक्॥ ३॥

પદાર્થ : હે वृषभ-બીજાઓના સામર્થ્યને રોકનાર બલિષ્ઠ રાજન્ ! मद्रिक्-અમને પ્રાપ્ત થઈને અને वृषा-રસ આદિથી પરિપૂર્ણ થઈને આપ જે ते-પોતાના માટે सोमः-સોમલતા આદિનો રસ सुतः-ઉત્પન્ન કરવામાં આવેલ છે. તેમાં मधूनि-મધુરાદિ પદાર્થો परिषिक्ता-સર્વત્રથી સિંચેલ છે, તે રસનું પાન કરીને क्षितीनाम्-મનુષ્યોના वृषभ्याम्-પ્રબળ हरिभ्याम्-હરણશીલ ઘોડાઓને वृषणम्-દૃઢ रथम्-રથમાં युक्त्वा-જોડીને યુદ્ધનો आ, तिष्ठ-યત્ન કરો, વા યુદ્ધની પ્રતિજ્ઞા પૂર્ણ કરો અને प्रवता-નીચેના માર્ગથી उप, याहि-સમીપ આવો. (૩)

*ભાવાર્થ : જેઓ યુક્ત આહાર-વિહારવાળા, સોમ આદિ ઓષધિઓના રસનું સેવન કરનારા, દીર્ઘકાળ સુધી બ્રહ્મચર્યનું પાલન કરનાર અને શરીર તથા આત્માના બળયુક્ત રાજાજનો વિદ્યુત્ આદિ પદાર્થોના વેગથી યુક્ત યાનોનું નિર્માણ કરાવીને તથા દંડ દ્વારા દુષ્ટોનું નિવારણ કરીને ન્યાયપૂર્વક રાજ્યની રક્ષા કરે છે, તેઓજ સુખી થાય છે. (૩)*

अ॒यं य॒ज्ञो दे॑व॒या अ॒यं मि॒येध॑ इ॒मा ब्रह्मा॑ण्य॒यमि॑न्द्र॒ सोम॑ः।
स्ती॒र्णं ब॒र्हिरा तु श॑क्र॒ प्र या॑हि॒ पिबा॑ नि॒षद्य॒ वि मु॑चा॒ हरी॑ इ॒ह॥ ४॥

પદાર્થ : હે शक्र-શક્તિમાન્ इन्द्र-સભાપતિ ! अयम्-આ देवयाः-જેથી દિવ્યગુણ વા ઉત્તમ વિદ્વાનોનું પ્રાપ્ત થવું બને છે, તે यज्ञः-રાજધર્મ અને શિલ્પની સંગતિથી ઉન્નતિને પ્રાપ્ત થયેલ યજ્ઞ; વા अयम्-આ मियेधः-જેની પદાર્થોના નાખવાથી વૃદ્ધિ થાય છે, તે अयम्-આ सोमः-મહાન ઔષધિનો રસ વા ઐશ્વર્ય तु-અને જે स्तीर्णम्-ઢંકાયેલ बर्हिः-ઉત્તમ આસન છે निषद्य-એ આસન પર બેસીને इमा-એ ब्रह्माणि-ધનને प्रायाहि-ઉત્તમતાથી પ્રાપ્ત કરો.

એ ઉક્ત ઔષધિનું पिब-પાન કરીને इह-અહીં हरी-વિદ્યુત્‌ના ધારણ અને આકર્ષણરૂપી ઘોડાઓનો સ્વીકાર કર અને દુઃખને विमुच-છોડ. (૪)

*ભાવાર્થ : સર્વ જનોએ વ્યવહારમાં પ્રયત્ન કરીને, જ્યારે રાજા, સ્નાતક, વિદ્યાવૃદ્ધ અને વયોવૃદ્ધ મનુષ્ય આવે, ત્યારે આસન આદિથી સત્કાર કરીને તેઓથી પ્રશ્નો કરવા જોઈએ. તે તેઓને યથોચિત્ ધર્મયુક્ત અને વિદ્યા પ્રાપ્તિ = વૃદ્ધિ કરાવનાર વચન કહે. જેથી દુઃખની હાનિ, સુખની વૃદ્ધિ અને વિદ્યુત્ આદિ પદાર્થોની સિદ્ધિ થાય. (૪)*

ओ सु॑ष्टुत इन्द्र याह्य॒र्वाङुप॒ ब्रह्मा॑णि मा॒न्यस्य॑ का॒रोः।

विद्याम वस्तोरवसा गृणन्तो विद्यामेषं वृजनं जीरदानुम्॥ ५॥

પદાર્થ : ओ, इन्द्र-ધનપ્રદ સભાપતિ ! જેમ અમે मान्यस्य-સત્કાર કરવા યોગ્ય कारोः-કરનારાઓના ब्रह्माणि-ધનોને वस्तोः-પ્રતિદિન उप, विद्याम-સમીપમાં જાણીએ; વા જેમ अवसा-રક્ષા આદિની સાથે गृणन्तः-સ્તુતિ કરીને અમે इषम्-પ્રાપ્તિ वृजनम्-ઉત્તમ ગતિ અને जीरयानुम्-જીવાત્માને विद्याम-જાણીએ, તેમ આપ सुष्टुतः-પ્રશંસિત સ્તુતિને પ્રાપ્ત થઈને अर्वाङ्-याहि-સન્મુખ આવો. (૫)

*ભાવાર્થ : જેઓ ધન પ્રાપ્ત કરે, તેઓ અન્યોનો સત્કાર કરે. જેઓ ક્રિયાઓમાં કુશળ શિલ્પીજનો ઐશ્વર્ય પ્રાપ્ત કરે, તેઓ સર્વને માટે સન્માનીય બને. જેમ-જેમ વિદ્યાદિ ગુણો અધિક થાય, તેમ-તેમ તમે લોકો અભિમાન રહિત બનો. (૫)*

સંગતિ : અહીં (સૂક્તમાં) રાજા આદિ વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૭)

## સૂક્ત-૧૭૮

यद्ध स्या त इन्द्र श्रुष्टिरस्ति यया बभूथ जरितृभ्य ऊती।
मा नः कामं महयन्तमा धग्विश्वा ते अश्यां पर्याप आयोः॥ १॥

પદાર્થ : હે इन्द्र-સેનાપતિ ! यत्-જે स्या-આ ते-આપની श्रुष्टिः-શ્રવણ યોગ્ય વિદ્યા अस्ति-છે, यया-જેથી આપ जरितृभ्यः-સમસ્ત વિદ્યાની સ્તુતિ કરનારાઓને માટે ઉપદેશ કરનારા वभूथ-થાઓ છો, તે ऊती-રક્ષાદિ કર્મથી યુક્ત વિદ્યાથી नः-અમારા महयन्तम्-સત્કાર-પ્રશંસા કરવા યોગ્ય कामम्-કામને मा, आ, धक्-સળગાવો નહિ, ते-આપના ह-જ आयोः-જીવનનું જે आपः-પ્રાણબળ છે, તે विश्वा-સર્વને હું पर्यश्याम्-સર્વત્રથી પ્રાપ્ત કરું. (૧)

*ભાવાર્થ : જેઓ સેનાપતિ આદિ રાજપુરુષો (છે, તેઓ) પોતાના પ્રયોજન માટે કોઈ પણ કાર્યને વિનિષ્ટ કરે નહિ અને સદા અધ્યાપકો અને વિદ્યાર્થીઓની રક્ષા કરે, જેથી સર્વ લોકો બળવાન અને દીર્ઘાયુ થાય. (૧)*

न घा राजेन्द्र आ दभन्नो या नु स्वसारा कृणवन्त योनौ।
आपश्चिदस्मै सुतुका अवेषन्गमन्न इन्द्रः सख्या वयश्च॥ २॥

પદાર્થ : હે મનુષ્યો ! જેમ इन्द्रः-પરમૈશ્વર્યયુક્ત राजा-વિદ્યા અને વિનયથી પ્રકાશમાન રાજા नः-અમને न-ન आ, दभत्-મારે, ન દંડ આપે, તેમ અમે नु-પણ તેને ध-દુઃખ ન જ આપીએ; જેમ या-જે स्वसारा-બે બહેનોની સમાન બે સ્ત્રીઓ योनौ-ઘરમાં બંધુને ન મારે, તેમ તેની સમાન અમે કોઈને પણ મારીએ નહિ; જેમ વિદ્વાનો હિંસા ન કરે, તેમ સર્વજનો ન कृणवन्त-કરે; જેમ

इन्द्रः-પરમેશ્વર્યવાન अस्मै-એ સજ્જનને માટે सख्या-મિત્રતાનું કામ, वयः-જીવન च-અને सुतुकाः-સુંદર ગ્રહણ કરનારી સ્ત્રી आपः-જળને अवेषन्-વ્યાપ્ત થાય છે चित्-તેની સમાન नः-અમને गमत्-પ્રાપ્ત થાય, તેમ તેને અમે પણ પ્રાપ્ત થઈએ. (૨)

*ભાવાર્થ : જેમ દયાળુ આપ્તજન કોઈની હિંસા કરતા નથી, તેમ સર્વ આચરણ કરે. (૨)*

जेता नृभिरिन्द्रः पृत्सु शूरः श्रोता हवं नाधमानस्य कारोः।

प्रभर्त्ता रथं दाशुषं उपाक उद्यन्ता गिरो यदि च त्मना भूत्॥ ३॥

પદાર્થ : यदि-જે नृभिः-નાયક વીરોની સાથે शूरः-શત્રુઓની હિંસા કરનાર जेता-વિજયશીલ नाधमानस्य-યાચમાનના कारोः-કાર્યકારી પુરુષના हवम्-ગ્રહણ કરવા યોગ્ય વિદ્યાબોધને श्रोता-સાંભળનાર प्रभर्त्ता-પ્રકૃષ્ટ વિદ્યાઓનો धर्ता दाशुषः-દાનશીલની उपाके-સમીપ गिरः-વાણીઓનો उद्यन्ता-ઉદ્યમ કરનાર इन्द्रः-સેનાપતિ તું त्मना-જાતે पुत्सु-સંગ્રામોમાં रथम्-રથને च-પણ ગ્રહણ કરીને પ્રવૃત્ત भूत्-થાય તેનો દૃઢ વિજય થાય.

*ભાવાર્થ : જેઓ વિદ્યાની યાચના કરે, તેઓને નિરંતર આપવી. જેઓ જિતેન્દ્રિય અને સત્યવાદી હોય છે, તેને જ વિદ્યા પ્રાપ્ત થાય છે. જેઓ વિદ્યા અને શરીરબળથી યુક્ત થઈને શત્રુઓની સાથે યુદ્ધ કરે છે, તેનો પરાજય કેમ થઈ શકે ? (૩)*

एवा नृभिरिन्द्रः सुश्रवस्या प्रखादः पृक्षो अभि मित्रिणो भूत्।

समर्य इषः स्तवते विवाचि सत्राकरो यजमानस्य शंसः॥ ४॥

પદાર્થ : नृभिः-વીર પુરુષોની સાથે इन्द्रः-સેનાપતિ सुश्रवस्या-ઉત્તમ અન્નની ઈચ્છાથી पृक्षा-દૂરથી બતાવવાને ઈચ્છીને અન્ન તેને प्रखाद-અતિ ખાનારા અને मित्रिणः-જેના વર્તમાન મિત્ર હોય તેના अभि, भूत्-સન્મુખ થાય તથા विवाचि-અનેક પ્રકારની વિદ્યા અને ઉત્તમ શિક્ષાયુક્ત વીરજનના નિમિત્ત सत्राकरः-સત્ય વ્યવહાર કરનાર અને यजमानस्य-આપનાર शंसः-પ્રશંસક समर्य्ये-ઉત્તમ વણિકને નિમિત્ત इषः-અન્નોની स्तवते-સ્તુતિ-પ્રશંસા કરે एव-જ છે. (૪)

*ભાવાર્થ : જે પુરુષાર્થી અને સત્યવાદી લોકો સત્યનો ઉપદેશ કરે છે, તેઓ નાયક-નેતા બને છે. (૪)*

त्वया वयं मघवन्निन्द्र शत्रूनभि ष्याम महतो मन्यमानान्।

त्वं त्राता त्वमु नो वृधे भूर्विद्यामेषं वृजनं जीरदानुम्॥ ५॥

પદાર્થ : હે मघवन्-પરમ પ્રશંસિત ધનયુક્ત इन्द्र-શત્રુઓને વિદીર્ણ કરનાર ! त्वया-આપની સાથે વર્તમાન वयम्-અમે महतः-પ્રબળ मन्यमानान्-અભિમાની शत्रून्-શત્રુઓને જીતનારા अभि, श्याम-

સર્વત્રથી બનીએ. त्वम्-આપ नः-અમારા त्राता-રક્ષક, સહાયક અને त्वम्, उ-આપ જ वृधे:-વૃદ્ધિને માટે भूः-થાઓ, જેથી અમે इषम्-પ્રત્યેક કામની પ્રેરણા, वृजनम्-બળ અને जीरदानुम्-જીવ સ્વભાવને विद्याम-પામીએ. (૫)

*ભાવાર્થ : જેઓ યુદ્ધના અધિકારીગણ, (સૈનિકો) કર્મચારીઓનો સર્વથા સત્કાર અને ઉત્સાહિત કરીને યુદ્ધ કરાવે છે, તેઓ યુદ્ધ કરનારાઓની નિરંતર રક્ષા અને મૃત પામેલાના સંતાનો તથા સ્ત્રીઓનું પાલન કરી શકે છે, તેઓ સર્વત્ર વિજયી બની શકે છે. (૫)*

સંગતિ : આ સૂક્તમાં સેનાપતિના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૮)

## સૂક્ત-૧૭૯

पूर्वीरहं शरदः शश्रमाणा दोषा वस्तोरुषसो जरयन्तीः।
मिनाति श्रियं जरिमा तनूनामप्यू नु पत्नीर्वृषणो जगम्युः॥ १॥

પદાર્થ : જેમ अहम्-હું पूर्वीः-પૂર્વે થયેલા शरदः-વર્ષો, दोषाः-રાત્રિ, वस्तोः-દિવસો जरयन्तीः-સર્વની અવસ્થાને જીર્ણ કરતી उषसः-સંધ્યાભર शश्रमाणा-શ્રમ કરું છું. अपि, उ-અને પણ જેમ तनूनाम्-શરીરોની जरिमा-અત્યંત અવસ્થાને નષ્ટ કરનાર કાળ श्रियम्-લક્ષ્મીનો मिनाति-વિનાશ કરે છે, તેમ वृषणः-વીર્ય સિંચનાર पत्नीः-પોત-પોતાની સ્ત્રીઓને नु-શીઘ્ર जगम्युः-પ્રાપ્ત થાઓ.

*ભાવાર્થ : જેમ બાલ્યાવસ્થાની સમાપ્તિથી લઈને વિદુષી સ્ત્રીઓ દ્વારા પ્રતિદિન પ્રાતઃકાળથી ગૃહકાર્ય તથા પતિસેવા આદિ કાર્યો કરવામાં આવેલ છે, તેમ બ્રહ્મચર્ય પાલન કરેલ સ્ત્રી-પુરુષોને સર્વ કાર્યો કરવા જોઈએ. (૧)*

ये चिद्धि पूर्व ऋतसाप आसन्त्साकं देवेभिरवदन्नृतानि।
ते चिदवासुर्नह्यन्तमापुः समू नु पत्नीर्वृषभिर्जगम्युः॥ २॥

પદાર્થ : ये-જે ऋतसापः-સત્ય વ્યવહારમાં વ્યાપક વા બીજાઓને વ્યાપ્ત કરાવનારા पूर्वे-પૂર્વ વિદ્વાન देवेभिः-વિદ્વાનોની साकम्-સાથે ऋतानि-સત્ય વ્યવહારોને अवदन्-કહીને ते, चित्, हि-તેઓ પણ સુખી आसन्-થયા છે.

જે नु-શીઘ્ર पत्नीः-સ્ત્રીઓ वृषभिः-વીર્યવાન પતિઓની સાથે सम्-जगम्युः-નિરંતર જાય चित्-તેની સમાન अवासुः-દોષોને દૂર કરે, તેઓ उ, अन्तम्-અન્તને नहि आपुः-પ્રાપ્ત થતા નથી. (૨)

*ભાવાર્થ : બ્રહ્મચારી વિદ્યાર્થીઓએ તેઓ દ્વારા વિદ્યા અને શિક્ષા ગ્રહણ કરવી જોઈએ, જે પહેલાંથી વિદ્યા ભણેલ, સત્યાચરણવાળા અને જિતેન્દ્રિય હોય. તેઓ ફરી તે બ્રહ્મચારિણીઓની સાથે વિવાહ*

*કરે, જે પોતાની સમાન ગુણ-કર્મ-સ્વભાવવાળી અને વિદુષી હોય. (૨)*

**न मृषा श्रान्तं यदवन्ति देवा विश्वा इत्स्पृधो अभ्यश्नवाव।**
**जयावेदत्र शतनीथमाजिं यत्सम्यञ्चा मिथुनावभ्यजाव॥ ३॥**

પદાર્થ : देवाः-વિદ્વાનજન यत्-જે કારણે अत्र-આ સંસારમાં मृषा-મિથ્યા श्रान्तम्-ખેદ કરનારાઓની न; अवन्ति-રક્ષા કરતા નથી, એથી અમે विश्वा, इत्-સર્વ स्पृधः-યુદ્ધોને अभि, अश्नवाव-સન્મુખ થઈને यत्-જે કારણે ગૃહાશ્રમને सम्यञ्चा-સમ્યક્ પ્રાપ્ત થઈને मिथुनौ-સ્ત્રી-પુરુષ અમે બન્ને अभ्यजाव-સર્વત્રથી તેઓના વ્યવહારોને પ્રાપ્ત થઈએ એવી शतनीथम्-જે સેંકડોથી પ્રાપ્ત થવા યોગ્ય आजिम्-સંગ્રામને यजावेत्-જીતે જ છે. (૩)

*ભાવાર્થ : કારણ કે આપ્ત વિદ્વાનો મિથ્યા આચરણ કરનારા મૂર્ખ વિદ્યાર્થીઓને ભણાવતા નથી, પરંતુ ત્યાગી દે છે. તેથી સ્ત્રી-પુરુષ વ્યભિચાર આદિ આચરણનો ત્યાગ કરી દે છે. જેથી ગૃહાશ્રમની ઉન્નતિ થાય તેવા પ્રયત્નો, સ્ત્રી-પુરુષ પરસ્પર ધાર્મિક બનીને કરે. (૩)*

**नदस्य मा रुधतः काम आगन्नित आजातो अमुतः कुतश्चित्।**
**लोपामुद्रा वृषणं नी रिणाति धीरमधीरा धयति श्वसन्तम्॥ ४॥**

પદાર્થ : इतः-આ બાજુથી વા अमुतः-પેલી બાજુથી વા कुतश्चित्-ક્યાંયથી आजातः-સર્વત્રથી પ્રસિદ્ધ रुधतः-વીર્ય રોકનાર વા नदस्य-અવ્યક્ત શબ્દ કરનારા વૃષભ આદિનું कामः-કામ मा-મને आगन्-પ્રાપ્ત થાય છે અર્થાત્ તેની સમાન કામદેવ ઉત્પન્ન થાય છે. એવું अधीरा-ધીરજરહિત વા लोपामुद्रा-જેનું લોપ થઈ જવો જ પ્રતીતનું ચિહ્ન છે. તે એ સ્ત્રી वृषणम्-વીર્યવાન धीरम्-ધૈર્યયુક્ત श्वसन्तम्-શ્વાસ લેતા અર્થાત્ શયન આદિ અવસ્થામાં નિમગ્ન પુરુષને नीरिणाति-નિરંતર પ્રાપ્ત થાય છે અને धयति-તેનાથી ગમન પણ કરે છે. (૪)

*ભાવાર્થ : જે લોકો વિદ્યા અને ધૈર્ય આદિ ગુણોથી રહિત સ્ત્રીઓની સાથે વિવાહ કરે છે, તેઓ સુખ પામતા નથી. જે વર કામનારહિત કન્યાને અને જે કન્યા કામના રહિત વરની સાથે વિવાહ કરે, તો ત્યાં જરા પણ સુખ (પ્રાપ્ત) થતું નથી. તેથી જ્યાં પરસ્પર પ્રેમયુક્ત અને સમાન ગુણોવાળા વિવાહ કરે, ત્યાં જ મંગલ થાય છે. (૪)*

**इमं नु सोममन्तितो हृत्सु पीतमुप ब्रुवे।**
**यत्सीमागश्चकृमा तत्सु मृळतु पुलुकामो हि मर्त्यः॥ ५॥**

પદાર્થ : यत्-જે इमम्-આ हृत्सु-હૃદયોમાં पीतम्-પાન કરેલ सोमम्-ઓષધિઓના રસને उप, ब्रुवे-ઉપદેશપૂર્વક કહું છું, તેને पुलुकामः-બહુ જ કામનાવાળા मर्त्यः-પુરુષ हि-જ सुमृळतु-સુખ સંયુક્ત કરે અર્થાત્ પોતાના સુખમાં તેનો સંયોગ કરે.

જે आगः-અપરાધને અમે चकृम-કરીએ तत्-તેને नु-શીઘ્ર सीम्-સર્વત્રથી अन्तितः-સમીપથી સર્વ લોકો છોડે અર્થાત્ ક્ષમા કરે. (૫)

*ભાવાર્થ : જેઓ મહૌષધિઓના રસનું પાન કરે છે, તેઓ નીરોગ અને બલિષ્ઠ બને છે. જેઓ કુપથ્ય કરે છે, તેઓ રોગો દ્વારા પીડિત થાય છે. (૫)*

**अगस्त्यः खनमानः खनित्रैः प्रजामपत्यं बलमिच्छमानः।**
**उभौ वर्णावृषिरुग्रः पुपोष सत्या देवेष्वाशिषो जगाम॥ ६॥**

પદાર્થ : જેમ खनित्रैः-કોદાળી, પાવડા, હળ આદિ ખોદવાના સાધનોથી ભૂમિ-ખેતરને खनमानः-ખોદીને ખેડૂત ધાન્ય આદિ અનાજ પાકતા સુખી થાય છે, તેમ બ્રહ્મચર્ય અને વિદ્યાર્થી प्रजाम्-રાજ્ય, अपत्यम्-સંતાન અને बलम्-બળના इच्छमानः-ઇચ્છુક, अगस्त्यः-નિરપરાધિઓમાં ઉત્તમ, ऋषिः-વેદાર્થવેત્તા, उग्रः-તેજસ્વી વિદ્વાન पुपोष-પુષ્ટ થાય છે. देवेषु-અને વિદ્વાનોમાં વા કામોમાં सत्याः-શ્રેષ્ઠ કર્મોમાં ઉત્તમ સત્ય અને आशिषः-સિદ્ધ ઇચ્છાઓને जगाम-પ્રાપ્ત થાય છે, તેમ उभौ-બન્ને वर्णौ-પરસ્પર એક-બીજાનો સ્વીકાર કરીને સ્ત્રી-પુરુષ થાઓ.

*ભાવાર્થ : જે ખેડૂત ઉત્તમ ખેતરોમાં ઉત્તમ બીજોને વાવીને તેના ફળોને પ્રાપ્ત કરે છે અને જેમ ધાર્મિક વિદ્વાન સત્ય કામનાઓને પૂર્ણ કરી લે છે, તેમ જો લોકો બ્રહ્મચર્યથી યુવાવસ્થાને પ્રાપ્ત થઈને સ્વેચ્છાથી વિવાહ કરે, તો તેઓ ઉત્તમ ક્ષેત્ર અને ઉત્તમ બીજથી જેમ ઉત્તમ ફલ (પ્રાપ્ત થાય છે,) તેમ ઉત્તમ સંતાન રૂપી ફળથી યુક્ત થાય છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં વિદુષી સ્ત્રી અને વિદ્વાન પુરુષોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૭૯)

## સૂક્ત-૧૮૦

**युवो रजांसि सुयमासो अश्वा रथो यद्वां पर्यर्णांसि दीयत्।**
**हिरण्यया वां पवयः प्रुषायन्मध्वः पिबन्ता उषसः सचेथे॥ १॥**

પદાર્થ : હે સ્ત્રી-પુરુષો ! यत्-જ્યારે युवोः-તમે બન્ને सुयमासः-સંયમયુક્ત अश्वाः-વેગવાન અગ્નિ આદિ પદાર્થ रजांसि-લોક-લોકાન્તરોમાં તથા वाम्-તમારો रथः-રથ अर्णांसि-જળ અને સ્થળોમાં परि; दीयत्-સર્વત્રથી જાય, वाम्-તમારા બન્નેના રથના हिरण्ययाः-બહુ જ સુવર્ણયુક્ત पवयः-ચક્રો = પૈડાં प्रुषायन्-ભૂમિને છેદે-ભેદે છે તથા मध्वः-મધુર રસનું पिबन्तौ-પાન કરીને આપ उषसः-ઉષાકાળનું सचेथे-સેવન કરો છો. (૧)

*ભાવાર્થ : જે પુરુષ-સ્ત્રીઓ લોકના વિશેષ જ્ઞાનથી યુક્ત, પદાર્થોથી સુરચિત વાહન દ્વારા યાત્રા*

*કરનારા, અલંકારોથી સુશોભિત, દૂધ આદિ દ્રવ પદાર્થોનું પાન કરનારા અને સમયાનુસાર કાર્ય કરનારા છે, તેઓ જ ઐશ્વર્યને પ્રાપ્ત કરી શકે છે. (૧)*

युवमत्यस्यावं नक्षथो यद्विपत्मनो नर्यस्य प्रयज्योः।
स्वसा यद्वां विश्वगूर्त्ती भराति वाजायेट्टे मधुपाविषे च॥ २॥

પદાર્થ : હે સ્ત્રી-પુરુષો ! यत्-જે युवम्-તમે બન્ને प्रयज्योः-પ્રયોગ કરવા યોગ્ય અર્થાત્ કાર્ય સંચારમાં વર્તવા યોગ્ય नर्यस्य-મનુષ્યોમાં ઉત્તમ विपत्मनः-વિશેષ ગમનશીલ अत्यस्य-ઘોડાઓને अव, नक्षथः-પ્રાપ્ત થાઓ છો. यत्-જે विश्वगूर्त्ती-સમગ્ર પુરુષાર્થ કરનારા वाम्-તમને બન્નેને स्वसा-બહેન તમારું भराति-પાલન-પોષણ કરે वाजाय, च-અને વિજ્ઞાન થવા માટે ईट्टे-તમારી બન્નેની સ્તુતિ કરતી અર્થાત્ પ્રશંસા કરતી તેનું मधुपौ-મધુર પાન કરતાં તમે બન્ને इषे-અન્નાદિ પદાર્થો માટે ઉત્તમ યત્ન કરો. (૨)

*ભાવાર્થ : જે સ્ત્રી અને પુરુષ અગ્નિ આદિની 'અશ્વવિદ્યા' (શીઘ્રગામી કરવાની વિદ્યા)ને જાણી લે, તો તેઓ ઈચ્છાનુસાર (યથેષ્ઠ સ્થાન) જઈ શકે છે. જેની બહેન વિદુષી હોય, તેની પ્રશંસા કેમ થાય ? (૨)*

युवं पय उस्त्रियायामधत्तं पक्वमामायामव पूर्व्यं गोः।
अन्तर्यद्वनिनो वामृतप्सू ह्वारो न शुचिर्यजते हविष्मान्॥ ३॥

પદાર્થ : હે ऋतप्सू-જળપાન-આહાર કરનારા સ્ત્રી-પુરુષો ! युवम्-તમે બન્ને शुचिः-પવિત્ર हविष्मान्-શુદ્ધ સામગ્રીયુક્ત ह्वारः-ક્રોધનું નિવારણ કરનાર સજ્જનની न-સમાન वाम्-તમે બન્ને उस्त्रियायाम्-ગાયમાં यत्-જે पयः-દૂધ વા आमायाम्-અપ્રૌઢે = જે યુવાવસ્થાને અપ્રાપ્ત તે ગાયમાં पक्वम्-અવસ્થાથી પરિપક્વ ભાગ गोः-ગાયને पूर्व्यम्-પૂર્વજ લોકોએ પ્રસિદ્ધ કરેલ છે; વા वनिनः-કિરણોયુક્ત સૂર્યમંડળની अन्तः-અંદર અર્થાત્ પ્રકાશરૂપ यजते-પ્રાપ્ત થાય છે, તેને अवाधत्तम्-સારી રીતે ધારણ કરો. (૩)

*ભાવાર્થ : જેમ સૂર્યમંડળ રસને ખેંચે છે અને ચંદ્રમા વરસાવે છે તથા પૃથિવીને પુષ્ટ કરે છે, તેમ અધ્યાપક અને ઉપદેશક વર્તાવ કરે.*

*જેમ ક્રોધ આદિ દોષોથી રહિત મનુષ્યો શાન્તિ દ્વારા સુખોને પ્રાપ્ત કરે છે, તેમ (હે અધ્યાપક અને ઉપદેશક) તમે બન્ને પણ થાઓ. (૩)*

युवं ह घर्मं मधुमन्तमत्रयेऽपो न क्षोदोऽवृणीतमेषे।
तद्वां नराविश्वना पश्वइष्टी रथ्येव चक्रा प्रति यन्ति मध्वः॥ ४॥

પદાર્થ : હે नरौ-નાયક-અગ્રણીઓ अश्विना-વિદ્યુતાદિ વિદ્યાઓમાં વ્યાપ્ત સ્ત્રી-પુરુષો ! युवम्-

તમે બન્ને एषे-સર્વત્રથી ઈચ્છા કરતા अत्रये-અને ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેય કાળોમાં જેને દુઃખ નહિ એવા સર્વદા સુખયુક્ત રહેનારા પુરુષોને માટે मधुमन्तम्-મધુરાદિ ગુણયુક્ત घर्मम्-દિવસ અને क्षोदः-જળને अपः-પ્રાણોની न-સમાન अवृणीतम्-સ્વીકાર કરો, જે કારણે वाम्-તમારા બન્નેની पश्वइष्टिः-પશુકુળની સંગતિ रथ्येव-રથોમાં ઉત્તમ चक्रा-પૈડાઓની સમાન मध्वः-મધુર ફળોને प्रति, यन्ति-પ્રતિ-પ્રાપ્ત થાય છે, तत्-ह-એ કારણ પ્રાપ્ત થાઓ. (૪)

*ભાવાર્થ : જો સ્ત્રી અને પુરુષ ગૃહાશ્રમમાં મધુર આદિ રસોથી યુક્ત દ્રવ્ય, ઉત્તમ પશુ અને રથ આદિ વાહન પ્રાપ્ત કરી લેશે, તો તે બન્નેના સર્વ દિવસો સુખથી વિતશે. (૪)*

आ वां दानाय ववृतीय दस्रा गोरोहेण तौग्र्यो न जिव्रिः।
अपः क्षोणी सचते माहिना वां जूर्णो वामक्षुरंहसो यजत्रा॥ ५॥

પદાર્થ : હે दस्रा-દુઃખ દૂર કરનારા અને यजत्रा-સર્વ વ્યવહારની સંગતિ કરનારા સ્ત્રી-પુરુષો ! जिव्रिः-જીર્ણ-વૃદ્ધ तौग्र्यः-બળવાનોમાં બળી જનની न-સમાન હું गोरोहेण-પૃથિવીના બીજ સ્થાપનથી वाम्-તમને બન્નેને दानाय-આપવાને માટે आववृतीय-સારી રીતે વર્તું. જે माहिना-મહાન હોવાથી क्षोणी-ભૂમિ अपः-જળનો सचते-સંબંધ કરે છે, તેમ जूर्णः-હું રોગી वाम्-તમારો સંબંધ કરુ અને अक्षुः-વ્યાપ્ત થવાના શીલ-સ્વભાવવાળો હું अंहसः-દુષ્ટાચારથી वाम्-તમને-બન્નેને પૃથક રાખું. (૫)

*ભાવાર્થ : વિદ્વાનો સ્ત્રી-પુરુષોને એવો ઉપદેશ કરે કે જેમ અમે તમને વિદ્યા આપીએ અને દુષ્ટ આચરણથી પૃથક્ રાખીએ, તેમ તમારે પણ આચરણ કરવું જોઈએ અને પૃથિવીની સમાન ક્ષમા અને ઉપકાર આદિ કર્મો કરવા જોઈએ. (૫)*

नि यद्युवेथे नियुतः सुदानू उप स्वधाभिः सृजथः पुरंन्धिम्।
प्रेषद्वेषद्वातो न सूरिरा महे ददे सुव्रतो न वाजम्॥ ६॥

પદાર્થ : यत्-જ્યારે હે सुदानू-સુંદર દાનશીલ સ્ત્રી-પુરુષો ! नियुतः-વાયુના વેગ આદિ ગુણોની સમાન નિશ્ચિત પદાર્થોને नियुवेथे-એક-બીજાથી મેળવો છો, ત્યારે स्वधाभिः-અન્નાદિ પદાર્થોથી જેનાથી पुरन्धिम्-પ્રાપ્ત થવા યોગ્ય વિજ્ઞાનને उप, सृजथः-ઉત્પન્ન કરો છો; તે सूरिः-વિદ્વાન प्रेषत्-પ્રસન્ન થાય, वातः-વાયુની न-સમાન वेषत्-સર્વત્રથી ગમન કરે અને सुव्रतः-સુંદર વ્રત અર્થાત્ ધર્માનુકૂળ નિયમો યુક્ત સજ્જન પુરુષની न-સમાન महे-મહાનતાને માટે वाजम्-વિશેષ જ્ઞાનને आददे-ગ્રહણ કરું છું. (૬)

*ભાવાર્થ : પિતા આદિ જન, શિલ્પના ક્રિયાકૌશલને પુત્રોમાં સ્થાપિત કરે. શિક્ષા પ્રાપ્ત કરેલ પુત્ર આદિ સર્વ પદાર્થોનું વિશેષજ્ઞાન પ્રાપ્ત કરે. કલાયંત્રોથી ચાલનારા અને વાયુની સમાન વેગવાન યાન દ્વારા જ્યાં-ક્યાંય અભીષ્ટ પ્રદેશમાં જાય. (૬)*

वयं चिद्धि वां जरितारः सत्या विपन्यामहे वि पणिर्हितावान्।
अधा चिद्धि ष्माश्विनावनिन्द्या पाथो हि ष्मा वृषणावन्तिदेवम्॥ ७॥

પદાર્થ : હે अनिन्द्या-નિંદાને અયોગ્ય वृषणौ-બળવાન अश्विनौ-સમસ્ત પદાર્થગુણ વ્યાપી સ્ત્રી-પુરુષો ! તમે જેમ हितावान्-જેનું હિત વિદ્યમાન તે विपणिः-વિશેષતર વ્યવહાર કરનાર જન वाम्-તમારી બન્નેની પ્રશંસા કરે છે, તેમ અમે પ્રશંસા કરીએ.

જેમ चित्-हि-જ जरितारः-સ્તુતિ કરનાર અને सत्याः-સત્ય વ્યવહાર વર્તનારા वयम्-અમે તમારી બન્નેની સ્તુતિ विपन्यामहे-ઉત્તમ સ્તુતિ કરીએ છીએ, તેમ स्म, हि-જ अन्तिदेवम्-વિદ્વાનોમાં વિદ્વાનજનની સેવા કરીએ; વા જેમ हि, स्म-જ આશ્ચર્યરૂપ पाथः-જળ चित्-નિશ્ચયથી તૃપ્તિ કરે છે, તેમ अध-એથી અનન્તર વિદ્વાનોનો સત્કાર કરીએ. (૭)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો પ્રશંસનીયોની પ્રશંસા કરે છે અને નિંદનીયોની નિંદા કરે છે, તેમ અન્ય મનુષ્યોએ પણ કરવું જોઈએ. (૭)*

युवां चिद्धि ष्मांश्विनानु द्यून्विरुंद्रस्य प्रस्त्रवंणस्य सातौ।
अगस्त्यों नरां नृषु प्रशंस्तः कारांधुनीव चितयत्सहस्त्रैः॥ ८॥

પદાર્થ : હે अश्विनौ-સૂર્ય અને ચંદ્રમા સમાન ગુણયુક્ત સ્ત્રી-પુરુષો ! જેમ युवां, चित्-તમે જ हि, स्म-જે કારણે विरुद्रस्य-વિવિધ પ્રકારથી પ્રાણ વિદ્યમાન તે प्रसवणस्य-ઉત્તમતાથી જનારા શરીરની सातौ-સંવિભક્તમાં अनु, द्युन्-પ્રતિદિન પોતાના સંતાનોને ઉપદેશ આપો, તેમ એ કારણે नराम्-મનુષ્યોમાં नृषु-શ્રેષ્ઠ મનુષ્યોમાં प्रशस्तः-ઉત્તમ अगस्त्यः-અપરાધને દૂર કરનાર જન सहस्त्रैः-હજારો પ્રકારથી काराधुनिव-શબ્દોને કંપાવતા વાજિંત્ર આદિની સમાન સર્વને चितयत्-ઉત્તમ સંજ્ઞાયુક્ત કરે-જાગૃત કરે. (૮)

*ભાવાર્થ : જે દિવસ-રાત સૂર્ય અને ચંદ્રની સમાન સંતાનોને વિદ્યા અને ઉપદેશ દ્વારા પ્રકાશિત કરે છે, તેઓ પ્રશંસિત થાય છે. (૮)*

प्र यद्वहेथे महिना रथंस्य प्र स्पंन्द्रा याथो मनुंषो न होतां।
धत्तं सूरिभ्यं उत वा स्वश्व्यं नासंत्या रयिषाचंः स्याम॥ ९॥

પદાર્થ : હે स्पन्द्रा-ઉત્તમ પ્રચલિત અને नासत्या-સત્ય સ્વભાવયુક્ત સ્ત્રી-પુરુષો ! यत्-જે તમે होता-દાતા मनुषः-મનુષ્યની न-સમાન महिना-મહાનતાથી સાથે रथस्य-રમણ કરવા યોગ્ય વિમાનાદિ રથને प्रवहेथे-પ્રાપ્ત કરીને તથા प्रयाथः-દેશાન્તરમાં પહોંચાડો છો, તે આપ सूरिभ्यः-વિદ્વાનોને માટે धत्तम्-ધનને ધારણ કરો. उत, वा-અથવા स्वश्व्यम्-જેમાં વિરાજમાન સુંદર ઘોડાઓ અને ઉત્તમ ધનાદિ વૈભવને પ્રાપ્ત થાઓ. જેથી અમે रयिसाचः-ધનની સાથે સંબંધ કરનારા स्याम-બનીએ. (૯)

*ભાવાર્થ : મનુષ્ય જેમ પોતાના સુખ માટે જે સાધનોને ઈચ્છે, તે અન્યોના આનંદને માટે પણ ઈચ્છે. જે સુપાત્ર અધ્યાપકોને દાન આપે છે, તે લક્ષ્મીવાન્ બને છે. (૯)*

तं वां रथं वयमद्या हुवेम स्तोमैरश्विना सुविताय नव्यम्।
अरिष्टनेमिं परि द्यामियानं विद्यामेषं वृजनं जीरदानुम्॥ १०॥

પદાર્થ : હે अश्विना-સર્વ ગુણવ્યાપી પુરુષો ! वयम्-અમે अद्य-આજ सुविताय-ઐશ્વર્યને માટે स्तोमैः-પ્રશંસાઓથી अरिष्टनेमिम्-દુઃખ નિવારક नव्यम्-નવીન द्याम्-આકાશને परि इयानम्-સર્વત્રથી જતાં तम्-પૂર્વ મંત્રોક્ત वाम्-તમારા બન્નેના रथम्-રથનો हुवेम-સ્વીકાર કરીએ તથા इषम्-પ્રાપ્તવ્ય સુખ वृजनम्-ગમન અને जीरदानुम्-જીવને विद्याम-પ્રાપ્ત થઈએ. (૧૦)

*ભાવાર્થ : મનુષ્યોએ સદા નવા-નવા વિદ્યા કાર્યો સિદ્ધ કરવા જોઈએ, જેથી આ લોકમાં પ્રશંસા થાય અને આકાશ આદિમાં જવાની ઈચ્છા પૂર્ણ થાય. (૧૦)*

સંગતિ : આ સૂક્તમાં સ્ત્રી-પુરુષોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૦)

## સૂક્ત-૧૮૧

कदु प्रेष्ठाविषां रयीणामध्वर्यन्ता यदुन्निनीथो अपाम्।
अयं वां यज्ञो अकृत प्रशस्तिं वसुधिती अवितारा जनानाम्॥ १॥

પદાર્થ : હે इषाम्-અન્ન અને रयीणाम्-ધનાદિ પદાર્થોના વિષય प्रेष्ठौ-અત્યંત પ્રીતિવાળા जनानाम्-મનુષ્યોની अवितारा-રક્ષા અને वसुधिती-ધનાદિ પદાર્થોને ધારણ કરનાર અધ્યાપકો અને ઉપદેશકો ! તમે कत्, उ-ક્યારેક अध्वर्यन्ता-પોતાને યજ્ઞની ઈચ્છા કરીને यत्-જે अपाम्-જળ વા પ્રાણોની उत्-निनीथः-ઉન્નતિને પહોંચાડતા અર્થાત્ અત્યંત વ્યવહારમાં લાવો છો, તે अयम्-આ वाम्-તમારો यज्ञः-દ્રવ્યમય વા વાણીમય યજ્ઞ प्रशस्तिम्-પ્રશંસાને अकृत-કરે છે. (૧)

*ભાવાર્થ : જ્યારે વિદ્વાનો, મનુષ્યોને વિદ્યાઓ પ્રાપ્ત કરાવે છે, ત્યારે તેઓ સર્વના પ્રિય બનીને ઐશ્વર્યવાન બની જાય છે.*

*જ્યારે તેઓ ભણવા-ભણાવવા તથા સુગંધિત પદાર્થોના હોમ દ્વારા જીવાત્માઓને તથા જલને શુદ્ધ કરે છે, ત્યારે પ્રશંસાને પ્રાપ્ત બને છે. (૧)*

आ वामश्वासः शुचयः पयस्पा वातरंहसो दिव्यासो अत्याः।
मनोजुवो वृषणो वीतपृष्ठा एह स्वराजो अश्विना वहन्तु॥ २॥

પદાર્થ : હે વિદ્વાનો ! જે अश्वासः-શીઘ્રગામી ઘોડાઓ शुचयः-પવિત્ર पयस्पाः-જળ પીનારા, दिव्यासः-દિવ્ય वातरंहसः-વાયુ સમાન વેગ વા मनोजुवः-મનવત્ વેગવાળા, वृषणः-પારકાની શક્તિના બંધક, वीतपृष्ठाः-જેઓથી પૃથિવીતલ વ્યાપ્ત, स्वराजः-જે સ્વયં પ્રકાશમાન, अत्याः, आ-નિરંતર સારી

રીતે જનારા છે, તેઓ इह-આ સ્થાનમાં वाम्-તમને अश्विना-અધ્યાપકો અને ઉપદેશકોને आ, वहन्तु-પહોંચાડે. (૨)

*ભાવાર્થ : જે વિદ્વાનો જે વિદ્યુત્ આદિ પદાર્થોને ગુણ-કર્મ-સ્વભાવથી જાણે, તેનો અન્યોને પણ ઉપદેશ કરે. જ્યાં સુધી મનુષ્યો સૃષ્ટિના પદાર્થોની વિદ્યાને જાણતા નથી, ત્યાં સુધી તેઓ સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરતા નથી. (૨)*

**आ वां रथोऽवनिर्न प्रवत्वान्त्सृप्रवन्धुरः सुविताय गम्याः।**
**वृष्णः स्थातारा मनसो जवीयानहंपूर्वो यजतो धिष्ण्या यः॥ ३॥**

પદાર્થ : હે स्थातारा-સ્થિત થનારા धिष्ण्या-ધૃષ્ટ પ્રગલ્ભ અધ્યાપકો અને ઉપદેશકો ! यः-જે वाम्-તમારા अवनिः-પૃથિવીની न-સમાન प्रवत्वान्-જેમાં પ્રશસ્ત વેગાદિ ગુણ વિદ્યમાન્ છે, सृप्रवन्धुरः-જે મળેલા બંધનોથી યુક્ત, मनसः-મનથી પણ जवीयान्-અત્યંત વેગવાન अहं पूर्वः-એ હું છું, એવા આત્મજ્ઞાનથી પૂર્ણ यजतः-સંગત મળેલ रथः-રથ सुविताय-ઐશ્વયને માટે થાય છે. જેમાં वृष्णः-બળવાન आ, गम्याः-ચલાવવાને યોગ્ય અગ્ન્યાદિ પદાર્થો સમ્યક્ સંયુક્ત કરવામાં આવે છે, તેને હું સિદ્ધ કરું. (૩)

*ભાવાર્થ : (જે) મનુષ્યો દ્વારા ઐશ્વર્યની ઉન્નતિ માટે પૃથિવી સમાન (દૃઢ) અને મનના વેગની સમાન વેગવાન યાન બનાવવામાં આવે છે, તેઓ આ સંસારમાં દૃઢ અને સ્થિર સુખવાળા થાય છે. (૩)*

**इहेह जाता समवावशीतामरेपसा तन्वा३ नामभिः स्वैः।**
**जिष्णुर्वामन्यः सुमखस्य सूरिर्दिवो अन्यः सुभगः पुत्र ऊहे॥ ४॥**

પદાર્થ : હે अरेपसा-નિષ્પાપ સર્વગુણવ્યાપી અધ્યાપકો અને ઉપદેશકો ! इहेह-આ જગતમાં जाता-પ્રસિદ્ધ થયેલ આપ લોકો પોતાના तन्वा-શરીરથી અને स्वैः-પોતાના नामभिः-નામોની સાથે सम्, अवावशीताम्-નિરંતર કામના કરનારા થાઓ.

वाम्-તમારામાંથી जिष्णुः-જીતવાના સ્વભાવવાળા, अन्यः-અન્ય सुमखस्य-સુખના दिवः-પ્રકાશથી सूरिः-વિદ્વાન, अन्यः-અન્ય सुभगः-સુંદર ઐશ્વર્યવાન पुत्रः-પવિત્ર કરે છે, તેને ऊहे-તર્કથી કહું છું. (૪)

*ભાવાર્થ : હે મનુષ્યો ! આ સંસારમાં ભૂગર્ભ આદિની વિદ્યાને જાણીને જે વિજયશીલ અધ્યાપક બહુ જ ઐશ્વર્યવાન તથા સર્વના રક્ષક બનીને પદાર્થ-વિદ્યાને તર્કથી જાણી શકે છે, તે પ્રસિદ્ધ બની જાય છે. (૪)*

**प्र वां निचेरुः ककुहो वशाँ अनु पिशङ्गरूपः सदनानि गम्याः।**
**हरी अन्यस्य पीपयन्त वाजैर्मथ्ना रजांस्यश्विना वि घोषैः॥ ५॥**

પદાર્થ : હે अश्विना-વાયુ અને સૂર્ય સમાન અધ્યાપકો અને ઉપદેશકો ! જે वाम्-તમારા જેમ पिशङ्गरूपः-પીળું સુવર્ણ આદિથી મળેલ રૂપ છે, જેનું તે ककुहः-સર્વ દિશાઓમાં निचेरुः-વિચરનારા वशान्-વશવર્ત્તિજનોને દિશાઓમાં अनु-અનુકૂળ વર્તે છે, તેમાંથી પ્રત્યેક તમે सदनानि-લોકોને प्र, गम्याः-સમ્યક્ પ્રાપ્ત થાઓ.

જેમ अन्यस्य-અન્ય અર્થાત્ પોતાની ભિન્ન પદાર્થ हरी-ધારણ અને આકર્ષણની સમાન બળ, પરાક્રમ वाजैः-વેગાદિ ગુણો તથા घोषैः-શબ્દોથી मथ्ना-સમ્યક્ મંથન કરેલ रजांसि-લોકોની વૃદ્ધિ કરે છે, તેમ મનુષ્ય તેને वि, पीपयन्त-વિશેષ કરીને પરિપૂર્ણ કરે છે. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ વાયુ સર્વને વશ કરે છે તથા વાયુ અને સૂર્ય લોકોને ધારણ કરે છે, તેમ તમે વિદ્યા અને ધર્મને ધારણ કરીને સુખી થાઓ. (૫)*

**प्र वां शरद्वान्वृषभो न निष्षाट् पूर्वीरिषश्चरति मध्व इष्णन्।**
**एवैरन्यस्य पीपयन्त वाजैर्वेषन्तीरूर्ध्वा नद्यो न आगुः॥ ६॥**

પદાર્થ : હે અધ્યાપકો-ઉપદેશકો ! જેમ वाम्-તમારા शरद्वान्-શરદ્ જે ઋતુઓ તે જેમાં વિદ્યમાન वृषभः-વર્ષા કરાવનાર જે સૂર્યમંડળ તેની न-સમાન निष्षाट्-નિરંતર સહનશીલ જન पूर्वीः-પૂર્વ સમયમાં પ્રાપ્ત થયેલ પ્રજા इषः-અને જાણવા યોગ્ય પ્રજાજનોને चरति-પ્રાપ્ત થાય છે; વા मध्वः-મધુર પદાર્થોને इष्णन्-ઈચ્છીને एवैः-પ્રાપ્તિ કરાવનારા પદાર્થોથી अन्यस्य-બીજાઓની પાછળની તથા જાણવા યોગ્ય આગળની પ્રજાઓને પ્રાપ્ત થાય છે, તેમ वाजैः-વેગોની સાથે વર્તમાન ऊर्ध्वाः-ઉપર જનારી જ્વાળાઓ વા वेषन्तीः-આજુ-બાજુમાં વ્યાપ્ત થનારી नद्यः-નદીઓ नः-અમને प्र, पीपयन्त-વૃદ્ધિ આપે છે-કરે છે અને आगुः-પ્રાપ્ત થાય છે. (૬)

*ભાવાર્થ : જેઓ આપ્ત અધ્યાપક અને ઉપદેશકથી વિદ્યાઓ પ્રાપ્ત કરીને બીજાઓને આપે છે, તેઓ અગ્નિ સમાન તેજસ્વી અને શુદ્ધ બનીને સર્વત્ર વર્તમાન રહે છે. (૬)*

**असर्जि वां स्थविरा वेधसा गीर्बाढे अश्विना त्रेधा क्षरन्ती।**
**उपस्तुतावव्रतं नाधमानं यामन्नयामञ्छृणुतं हवं मे॥ ७॥**

પદાર્થ : હે वेधसा-પ્રાજ્ઞ-ઉત્તમબુદ્ધિમાન अश्विना-સત્યોપદેશવ્યાપી અધ્યાપકો-ઉપદેશકો ! वाम्-તમારી જે स्थविरा-સ્થૂળ અને વિસ્તારને પ્રાપ્ત त्रेधा-ત્રણ પ્રકારથી क्षरन्ती-પ્રાપ્ત થતી गीः-વાણી बाढे-પ્રાપ્તિ કરાવનારા વ્યવહારમાં असर्जि-રચેલી તેને उपस्तुतौ-પોતાની સમીપ બીજાઓથી પ્રશંસાને પ્રાપ્ત થઈને તમે બન્ને अवतम्-પ્રાપ્ત થાઓ તમે બન્નેને नाधमानम्-વિદ્યા અને ઐશ્વર્યયુક્ત સંપાદિત કરીને અર્થાત્ તમારા ઐશ્વર્યનું વર્ણન કરીને मे-મારા हवम्-શ્રવણ યોગ્ય શબ્દને यामन्-સત્યમાર્ગ अयामन्-અને અગંતવ્ય માર્ગમાં श्रृणुतम्-સાંભળો. (૭)

*ભાવાર્થ : જે લોકો આપ્તજનોની વાણીને સાંભળે છે, તેઓ કુમાર્ગનો ત્યાગ કરીને સુમાર્ગ પ્રાપ્ત*

*કરે છે, જેઓ મન અને કર્મથી અસત્ય બોલવા ઇચ્છતા નથી તેઓ 'માનનીય' બને છે. (૭)*

उत स्या वां रुशतो वप्ससो गीस्त्रिबर्हिषि सदसि पिन्वते नॄन्।
वृषा वां मेघो वृषणा पीपाय गोर्न सेके मनुषो दशस्यन्॥ ८॥

પદાર્થ : હે वृषणा-દુષ્ટ સામર્થ્યબંધક અધ્યાપકો-ઉપદેશકો ! वाम्-તમે બન્ને रुशतः-પ્રકાશિત वप्ससः-રૂપની જે गीः-વાણી છે, स्या-તે त्रिबर्हिषि-ત્રણ વેદવેત્તા વૃદ્ધ જેમાં તે सदसि-સભામાં नॄन्-અગ્રણી મનુષ્યોને पिन्वते-સેવે છે અને वाम्-તમે બન્નેના જે वृषा-સેચનમાં સમર્થ मेघः-મેઘ સમાન વાણી વિષય दशस्यन्-ઇચ્છિત ફળ આપતા गोः-પૃથિવીના सेके-સેચનમાં न-જેમ, તેમ પોતાના વ્યવહારમાં मनुषः-મનુષ્યોની पीपाय-ઉન્નતિ કરાવે છે, તેને उत-પણ અમે સેવીએ. (૮)

*ભાવાર્થ : મનુષ્ય જ્યારે સત્ય બોલે છે, ત્યારે મુખનો આકાર મલિન બનતો નથી અને જ્યારે અસત્ય બોલે છે, ત્યારે મુખ મલિન બને છે.*

*જેમ પૃથિવી પર વર્તમાન ઔષધો (ઓષધિ સમૂહ)ની વૃદ્ધિ કરનાર મેઘ છે, તેમ સભાસદો અને શ્રોતાઓની સત્ય ભાષણથી વૃદ્ધિ થાય છે, તેઓ સર્વના હિતૈષી હોય છે. (૮)*

युवां पूषेवाश्विना पुरन्धिरग्निमुषां न जरते हविष्मान्।
हुवे यद्वां वरिवस्या गृणानो विद्यामेषं वृजनं जीरदानुम्॥ ९॥

પદાર્થ : હે अश्विना-સત્યોપદેશ અને રક્ષક વિદ્વાનો ! अग्निम्-અગ્નિ અને उषाम्-ઊષાને यत्-જે पुरन्धिः-જગત્‌ને ધારણ કરનાર અને पूषेव-પુષ્ટિ કરનાર સૂર્યની સમાન हविष्मान्-પ્રશસ્તદાન જેમાં વિદ્યમાન છે, તે જન युवाम्-તમારા બન્નેની न-જેમ जरते-સ્તુતિ કરે છે, તેમ वाम्-તમારી બન્નેની वरिवस्या-સેવામાં કરેલ કર્મોની गृणानः-પ્રશંસા કરતા હું તમને हुवे-સ્વીકાર કરું છું. એમ કરતા અમે इषम्-વિજ્ઞાન, वृजनम्-બળ અને जीरदानुम्-દીર્ઘ જીવનને विद्याम-જાણીએ. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્ય સર્વની પુષ્ટિ કરનાર છે અને તે અગ્નિ તથા પ્રભાતકાળ = ઊષાને પ્રકટ કરે છે, તેમ પ્રશસ્ત દાનશીલ પુરુષો વિદ્વાનોના ગુણોને પ્રસિદ્ધ કરે છે. (૯)*

સંગતિ : આ સૂક્તમાં અશ્વિના દ્રષ્ટાન્તથી અધ્યાપકો અને ઉપદેશકોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૧)

## સૂક્ત-૧૮૨

अभूदिदं वयुनमो षु भूषता रथो वृषण्वान्मदता मनीषिणः।
धियंजिन्वा धिष्ण्या विश्पलावसू दिवो नपाता सुकृते शुचिव्रता॥ १॥

પદાર્થ : ओ-એ मनीषिणः-બુદ્ધિમાનો ! જેનાથી इदम्-આ वयुनम्-ઉત્તમજ્ઞાન अभूत्-થાય છે અને वृष्णवान्-યાનોની વેગ શક્તિને બાંધનાર रथः-થયો છે તે सुकृते-સુકર્મ રૂપ શોભન માર્ગમાં धियं-जिन्वा-બુદ્ધિને તૃપ્ત રાખીને दिवः-વિદ્યાદિ પ્રકાશને नपाता-પ્રપાત રહિત धिष्ण्या-દઢ-પ્રગલ્ભ शुचिव्रता-પવિત્ર કર્મ કરવાના સ્વભાવથી યુક્ત विश्पलावसू-પ્રજાજનોનું પાલન કરનારા અને વસાવનારા અધ્યાપકો અને ઉપદેશકોને તમે सु, भूषत-સુશોભિત કરો અને તેઓના સંગથી मदत-આનંદિત થાઓ. (૧)

*ભાવાર્થ : હે મનુષ્યો ! તે અધ્યાપક અને ઉપદેશકો શ્રેષ્ઠ નથી, કે જેના સંગથી પ્રજાપાલન, સુશીલતા, ઈશ્વરભક્તિ, ધર્મ, શિલ્પ અને વ્યવહાર-વિદ્યાની વૃદ્ધિ ન થાય. (૧)*

इन्द्रतमा हि धिष्ण्या मरुत्तमा दस्रा दंसिष्ठा रथ्या रथीतमा।
पूर्णं रथं वहेथे मध्व आचितं तेन दाश्वांसमुप याथो अश्विना॥ २॥

પદાર્થ : હે अश्विना-અધ્યાપકો-ઉપદેશકો ! हि-તમે જ इन्द्रतमा-અત્યંત ઐશ્વર્યયુક્ત धिष्ण्या-પ્રગલ્ભ मरुत्तमा-અતિ વિદ્વાનોને સાથે લઈને दस्रा-દુઃખ દૂર કરનારા दंसिष्ठा-અત્યંત પરાક્રમી रथ्या-રથ ચલાવવામાં શ્રેષ્ઠ અને रथीतमा-પ્રશંસિત પરાક્રમયુક્ત છો. मध्वः-મધથી आचितम्-ભરેલ, पूर्णम्-શસ્ત્ર અને અસ્ત્રોથી પરિપૂર્ણ જે रथम्-રથને वहेथे-પ્રાપ્ત થાઓ છો तेन-અને તેથી दाश्वांसम्-વિદ્યા દાતા જનની उप, याथः-સમીપ જાઓ છો, તે અમારા દ્વારા નિત્ય સત્કાર કરવા યોગ્ય છે. (૨)

*ભાવાર્થ : જેઓ વિદ્યુત્, જળ તથા વાયુ દ્વારા સંચાલિત રથ પર બેસીને દેશ-દેશાન્તરોમાં જાય છે, તેઓ પર્યાપ્ત અને વિજયવાન બને છે. (૨)*

किमत्र दस्रा कृणुथः किमासाथे जनो यः कश्चिदहविर्महीयते।
अति क्रमिष्टं जुरतं पणेरसुं ज्योतिर्विप्राय कृणुतं वचस्यवे॥ ३॥

પદાર્થ : હે दस्रा-દુઃખનાશક અધ્યાપકો-ઉપદેશકો ! તમે यः-જે कः, चित्-કોઈ એવા છે કે अहविः-જેનાથી લેવા અને ભોજન કરવા વિદ્યમાન નથી, તે जनः-મનુષ્ય महीयते-પોતાના ત્યાગ બુદ્ધિથી મહાન માને છે; તે वचस्यवे-પોતાના વચનની ઈચ્છા કરીને विप्राय-મેધાવી-ઉત્તમ ધીરબુદ્ધિ પુરુષને માટે ज्योतिः-પ્રકાશ कृणुतम्-કરો અર્થાત્ વિદ્યાદિ સદ્‌ગુણોનો આવિર્ભાવ કરો અને पणेः-સત્ અને અસત્ પદાર્થોનો વ્યવહાર કરનારાઓની असुम्-બુદ્ધિને अति, क्रमिष्टम्-અતિક્રમણ કરો અને जुरतम्-નાશ કરો અર્થાત્ તેની શ્રેષ્ઠ = સત્ કામમાં લાગેલ બુદ્ધિની વિવેચના કરો અને અસત્ કામમાં લાગેલ બુદ્ધિનો વિનાશ કરો તથા किम्-શું अत्र-આ વ્યવહારમાં आसाथे-સ્થિર થાઓ છો ? અને किम्-શું कृणुथः-કરો છો ? (૩)

*ભાવાર્થ : અધ્યાપક અને વિદ્યાર્થી, જેમ આપ્ત વિદ્વાન સર્વના સુખ માટે પ્રયત્ન કરે છે, તેમ*

વર્તાવ કરે. (૩)

जम्भयतमभितो रायतः शुनो हतं मृधो विदथुस्तान्यश्विना।
वाचंवाचं जरितू रत्निनीं कृतमुभा शंसं नासत्यावतं मम॥ ४॥

પદાર્થ : હે नासत्या-સત્ય વ્યવહારયુક્ત અને अश्विना-વિદ્યાબળમાં વ્યાપ્ત થનારા સજ્જનો ! જે તમે रायतः-ભસતાં મનુષ્યભક્ષી દુષ્ટ शुनः-કૂતરાઓનો अभितः, जम्भयतम्-સર્વત્રથી વિનાશ કરો છો તથા मृधः-સંગ્રામોનો हतम्-વિનાશ કરો છો અને तानि-તે સર્વ કામોને विदथुः-જાણો છો તથા जरितुः-સ્તુતિ-પ્રશંસા કરનારા અધ્યાપકો અને ઉપદેશકોથી रत्निनीम्-રમણીય वाचंवाचम्-વાણી-વાણીને જાણો છો અને शंसम्-સ્તુતિ कृतम्-કરો, તે उभा-બન્ને તમે मम-મારી વાણીને अवतम्-તૃપ્ત કરો. (૪)

*ભાવાર્થ : જે લોકોનું દુષ્ટોને બાંધવાનું, શત્રુઓને જીતવાનું અને વિદ્વાનોના ઉપદેશનો સ્વીકાર કરવાનું સામર્થ્ય છે તેઓ જ અમારા 'રક્ષક' બને. (૪)*

युवमेतं चक्रथुः सिन्धुषु प्लवमात्मन्वन्तं पक्षिणं तौग्र्याय कम्।
येन देवत्रा मनसा निरूहथुः सुपप्तनी पेतथुः क्षोदसो महः॥ ५॥

પદાર્થ : હે ઉક્ત ગુણયુક્ત અધ્યાપકો-ઉપદેશકો ! युवम्-તમે सिन्धुषु-નદી વા સમુદ્રોમાં तौग्र्याय-બળવાનોમાં પ્રસિદ્ધ જનને માટે एतम्-એ आत्मन्वन्तम्-સ્વજનોથી યુક્ત पक्षिणम्-અને પક્ષ જેમાં વિદ્યમાન છે એવા कम्-સુખકારી प्लवम्-તે નૌકા આદિ યાનથી પાર-અવાર અર્થાત્ આ પાર પેલી પાર જઈએ છીએ चक्रथुः-સિદ્ધ કરો કે येन-જેથી देवत्रा-દેવામાં मनसा-વિજ્ઞાનની સાથે सुपप्तनी-જેનું સુંદર ગમન છે તે આપ निरूहथुः-નિરંતર તે નૌકા આદિ યાનોને વહાવો અને महः-બહુ જ क्षोदसः-જળની पेतथुः-પાર જઈએ-કરીએ.

*ભાવાર્થ : જેઓ વિશાળ અને દૃઢ નૌકાઓ રચીને સમુદ્રની મધ્યમાં ગમનાગમન કરે છે, તેઓ સ્વયં સુખી થઈને બીજાને સુખી કરે છે. (૫)*

अवविद्धं तौग्र्यमप्स्व१न्तरनारम्भणे तमसि प्रविद्धम्।
चतस्रो नावो जठलस्य जुष्टा उदश्विभ्यामिषिताः पारयन्ति॥ ६॥

પદાર્થ : જે अश्विभ्याम्-વાયુ અને અગ્નિથી इषिताः-પ્રેરિત અર્થાત્ વાયુ અને અગ્નિના બળથી ચાલેલી એક-એક ચોતરફી चतस्रः-ચાર-ચાર नावः-નૌકાઓ जठलस्य-ઉદરની સમાન સમુદ્રમાં जुष्टाः-સેવન કરેલી अनारम्भणे-જેનું અવિદ્યમાન આરંભણ તે तमसि-અંધકારમાં प्रविद्धम्-સમ્યક્ વ્યથિત अप्सु-જળોની अन्तः-અંદર अवविद्धम्-વિશેષ પીડા પામેલ तौग्र्यम्-બળને ગ્રહણ કરનારાઓમાં પ્રસિદ્ધ

જનને उत्पारयन्ति-ઉત્તમતાથી પાર પહોંચાડે છે. તેવી વિદ્વાનોએ (નૌકાઓ) બનાવવી જોઈએ. (૬)

*ભાવાર્થ : મનુષ્યો જ્યારે નૌકામાં બેસીને સમુદ્ર-માર્ગથી જવા ઈચ્છે, ત્યારે મોટી નૌકાની સાથે નાની નૌકા બાંધીને સમુદ્રમાં ગમનાગમન કરે. (૬)*

**कः स्विद् वृक्षो निष्ठितो मध्ये अर्णसो यं तौग्र्यो नाधितः पर्यषस्वजत्।**
**पर्णा मृगस्य पतरोरिवारभ उदश्विना ऊहथुः श्रोमताय कम्॥ ७॥**

પદાર્થ : હે अश्विना-જળ અને અગ્નિ સમાન વિમાનાદિ યાનોના રચનારા અને પહોંચાડનારા વિદ્વાનો ! अर्णसः-જળની मध्ये-મધ્યમાં कः-स्वित्-કોણ वृक्षः-વૃક્ષ निष्ठितः-નિરંતર સ્થિર થઈ રહેલ છે ? यम्-જેને नाधितः-કષ્ટને પ્રાપ્ત तौग्र्यः-બળવાનોમાં પ્રસિદ્ધ થયેલ પુરુષ पर्यषस्वजत्-લાગે અર્થાત્ જેમાં અટકે છે અને मृगस्य-શુદ્ધ કરવા યોગ્ય पतरोरिव-ગમનશીલ પ્રાણીના पर्णा-પાંખોની સમાન श्रोमताय-પ્રશસ્ત કીર્તિયુક્ત વ્યવહારને માટે आरभे-આરંભ કરવા માટે कम्-કોણ યાનને उत्; ऊहथुः-ઉપરના માર્ગે પહોંચાડે છે ? (૭)

*ભાવાર્થ : હે નૌકાથી જનારાઓ ! (શું) સમુદ્રની વચ્ચે કોઈ વૃક્ષ છે, જેથી બાંધેલી નૌકા ઉભી રહે ? ત્યાં કોઈ વૃક્ષ નથી કોઈ આધાર નથી, પરંતુ નૌકા જ આધાર છે અને ચરિત્ર = હલેસા જ થાંભલા છે. એ જ રીતે જેમ પક્ષી ઉપર જઈને નીચે આવે છે, તેમજ વિમાન છે. (૭)*

**तद्वां नरा नासत्यावनु ष्याद्यद्वां मानास उचथमवोचन्।**
**अस्मादद्य सदसः सोम्यादा विद्यामेषं वृजनं जीरदानुम्॥ ८॥**

પદાર્થ : હે नरा-નાયક-અગ્રણી नासत्यौ-અસત્ય આચરણથી રહિત અધ્યાપકો-ઉપદેશકો ! यत्-જે वाम्-તમને બન્નેને अनु, ष्यात्-ઈચ્છતા અનુકૂળ થાય, तत्-તે આપ લોકોને થાય અર્થાત્ પરિપૂર્ણ થાય અને मानासः-વિચારશીલ સજ્જન પુરુષ यत्-જે उचथम्-કહેવા યોગ્ય વિષયને अवोचन्-કહે, તેને તમે બન્ને ગ્રહણ કરો.

જેમ अद्य-આજ तस्मात्-તે सोम्यात्-સોમ ગુણ સંપન્ન सदसः-સભાસ્થાનથી इषम्-ઈચ્છા સિદ્ધિ वृजनम्-બળ जीरदानुम्-જીવનના ઉપાયને અમે आ, विद्याम-પ્રાપ્ત થઈએ-કરીએ. (૮)

*ભાવાર્થ : મનુષ્યોને એ સમુચિત છે, કે તે જે પોતાના માટે ઈચ્છે, તે બીજાઓને માટે પણ ઈચ્છે. વિદ્વાનો જે-જે ઉપદેશ કરે, તે-તે પ્રેમપૂર્વક ગ્રહણ કરે. (૮)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના કાર્યોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૨)

## સૂક્ત-૧૮૩

तं युञ्जाथां मनसो यो जवीयान् त्रिवन्धुरो वृषणा यस्त्रिचक्रः।
येनोपयाथः सुकृतो दुरोणं त्रिधातुना पतथो विर्न पर्णैः॥ १॥

પદાર્થ : હે वृषणा-બળવાન સર્વ વિદ્યા સંપન્ન શિલ્પવિદ્યાના અધ્યાપકો-ઉપદેશકો ! તમે यः-જે पर्णैः-પાંખોથી विः, न-પંખીની સમાન मनसः-મનથી जवीयान्-અત્યંત વેગવાન त्रिवन्धुरः-અને ત્રણ બંધન જેમાં વિદ્યમાન છે यः-તથા જે त्रिचक्रः-ત્રણ ચક્રવાળો રથ છે. येन-જે त्रिधातुना-ત્રણ ધાતુવાળા રથથી सुकृतः-ધર્માત્મા પુરુષના दुरोणम्-ઘરની उपयाथः-નિકટ જાઓ છો, तम्-તેને युञ्जाथाम्-જોડો-યોજો.

*ભાવાર્થ : જે લોકો શીઘ્ર પહોંચાડનાર, પક્ષીની સમાન આકાશમાં જવાના સાધનરૂપ અને અંગો તથા ઉપાંગો સહિત સારી રીતે નિર્મિત યાનને સિદ્ધ કરી શકતા નથી, તેઓ ઐશ્વર્ય કેમ પ્રાપ્ત કરી શકે ? (૧)*

सुवृद्रथो वर्त्तते यन्नभि क्षां यत्तिष्ठथः क्रतुमन्तानु पृक्षे।
वपुर्वपुश्या सचतामियं गीर्दिवो दुहित्रोषसा सचेथे॥ २॥

પદાર્થ : હે क्रतुमन्ता-બહુ જ ઉત્તમ બુદ્ધિયુક્ત રથોને ચલાવવા અને સિદ્ધ કરનારા વિદ્વાનો ! તમે सुवृत्-સુંદરતાથી સ્વીકાર કરવા रथः-અને રમણ કરવા યોગ્ય રથ क्षाम्-પૃથિવીમાં यन्-જતા अभि-સર્વત્રથી वर्त्तते-વર્તમાન છે.

यत्-જેમાં पृक्षे-બીજાઓના સંબંધમાં તમે तिष्ठथः-સ્થિર થાઓ છો અને જે वपुः-રૂપ છે અર્થાત્ જે ચિત્ર જેવું બની રહેલ છે તે સર્વત્રથી वपुष्या-સુંદર રૂપમાં પ્રસિદ્ધ થયેલ વ્યવહારોનો अनु, सचताम्-અનુકૂળતાથી સંબંધ કરો.

જેમ इयम्-આ गीः-સુશિક્ષિત વાણી અને કહેનાર મનુષ્ય दिवः-સૂર્યની दुहित्रा-કન્યાની સમાન વર્તમાન उषसा-પ્રભાતવેળાથી તમે બન્ને सचेथे-સંયુક્ત થાઓ છો, તેથી તમે કેમ ભાગ્યશાળી ન બનો ? (૨)

*ભાવાર્થ : મનુષ્ય જે યાનથી જવા ઈચ્છે તે સુંદર પૃથિવી આદિ પર શીઘ્ર ચાલવા યોગ્ય અને ઉષાની સમાન પ્રકાશમાન જે રીતે બની શકે, તેમ તેને વિચારપૂર્વક બનાવે. (૨)*

आ तिष्ठतं सुवृतं यो रथो वामनु व्रतानि वर्त्तते हविष्मान्।
येन नरा नासत्येषयध्यै वर्त्तिर्याथस्तनयाय त्मने च॥ ३॥

પદાર્થ : હે नरा-અગ્રણીનાયક नासत्या-સત્યવિદ્યા ક્રિયાયુક્ત પુરુષો ! यः-જે हविष्मान्-બહુ ખાવા યોગ્ય પદાર્થોવાળો रथः-રથ वाम्-તમારા બન્નેને अनुवर्त्तते-અનુકૂળ વર્તમાન છે. येन-જેથી इषयध्यै-

લઈ જવાને व्रतानि-શીલ-ઉત્તમ ભાવોની વૃદ્ધિ કરીને तनयाय-સંતાનને માટે च-અને त्मने-પોતાને માટે પણ वर्त्तिः-માર્ગને याथः-જાઓ છો, सुवृतम्-તે સર્વાંગ સુંદર રથમાં તમે બન્ને आ, तिष्ठतम्-સારી રીતે સ્થિર થાઓ. (૩)

*ભાવાર્થ : મનુષ્યો પોતાના સંતાન આદિની સુખમય ઉન્નતિ માટે સુદૃઢ, વિશાળ સાંગોપાંગ, સમસ્ત સાધનોથી પરિપૂર્ણ, શીઘ્રગામી અને ભક્ષ્ય, ભોજ્ય, પેહ્ય અને ચોષ્ય આદિ (ખાદ્ય પદાર્થો)થી યુક્ત યાનથીભૂમિ, સમુદ્ર અને આકાશ માર્ગોમાં અત્યંત એકાગ્રતાથી જાય અને આવે. (૩)*

मा वां वृको मा वृकीरा दधर्षीन्मा परि वर्क्तमुत माति धक्तम्।

अयं वां भागो निहित इयं गीर्दस्राविमे वां निधयो मधूनाम्॥ ४॥

પદાર્થ : હે दस्रौ-દુઃખનાશક શિલ્પવિદ્યા અધ્યાપકો-ઉપદેશકો ! वाम्-તમારા બન્નેના इमे-એ मधूनाम्-મધુરાદિ ગુણયુક્ત પદાર્થોનો निधयः-રાશી સમૂહ वाम्-તમારા બન્નેનો अयम्-એ भागः-સેવન કરવા યોગ્ય અધિકાર निहितः-સ્થાપિત અને इयम्-આ गीः-વાણી છે. તમે બન્ને અમને मा, परि, वर्क्तम्-ત્યાગો નહિ. उत-અને मा, अति, धक्तम्-વિનાશ કરો નહિ અને જેથી वाम्-તમારા બન્નેનો वृकः-ચોર, ઠગ, ખીસાકાતરુ-ગઠીયા આદિ દુષ્ટજન मा-વિનાશ કરે નહિ वृकीः-ચોરી કરનાર, ઠગારી, ખીસા કાતરનારી આદિ દુષ્ટ સ્ત્રીઓ मा, आ दघर्षीत्-વિનાશ કરે નહિ, નષ્ટ કરે નહિ. (૪)

*ભાવાર્થ : મનુષ્યો જ્યારે ઘરમાં નિવાસ કરે અથવા યાનોમાં (બેસીને) વનમાં પ્રસ્થાન કરે, ત્યારે ભોગ અને ઉપભોગ યોગ્ય પદાર્થોની, શસ્ત્રાસ્ત્રોની તથા વીરસેનાની વ્યવસ્થા કરીને ત્યારે નિવાસ કરે અથવા જાય, તેથી કોઈ વિઘ્ન ન આવે-ઉત્પન્ન ન થાય. (૪)*

युवां गोतमः पुरुमीळ्हो अत्रिर्दस्रा हवतेऽवसे हविष्मान्।

दिशं न दिष्टामृजूयेव यन्ता मे हवं नासत्योप यातम्॥ ५॥

પદાર્થ : હે दस्रा-દુઃખ દારિદ્ર્ય વિનાશક नासत्या-સત્યપ્રિય શિલ્પ વિદ્યાના અધ્યાપક ઉપદેશક વિદ્વાનો ! युवाम्-તમે બન્ને यः-જે हविष्मान्-પ્રશંસિત ગ્રહણ કરવા યોગ્ય पुरुमीढा-બહુ જ પદાર્થોથી સિંચેલ अत्रिः-નિરંતર ગમનશીલ गोतमः-મેધાવજન अवसे-રક્ષા આદિને માટે हवते-ઉત્તમ પદાર્થોને ગ્રહણ કરે છે, તેમ અને જેમ यन्ता-નિયમકર્તાજન ऋजूयेव-જેમ સરળ માર્ગથી, તેમ दिष्टाम्-નિર્દેશ કરેલ दिशम्-દિશાની न-સમાન मे-મારા हवम्-દાનને उप, आ, यातम्-સારી રીતે સમીપ પ્રાપ્ત થાઓ. (૫)

*ભાવાર્થ : જેમ નૌકા આદિ યાનોની યાત્રા કરનારા સરળ માર્ગથી અભીષ્ટ દિશામાં જાય છે, તેમ જિજ્ઞાસુ લોકો આપ્ત વિદ્વાનોની સમીપ જાય. (૫)*

अतारिष्म तमसस्पारमस्य प्रति वां स्तोमो अश्विनावधायि।
एह यातं पथिभिर्देवयानैर्विद्यामेषं वृजनं जीरदानुम्॥ ६॥

પદાર્થ : હે अश्विनौ-શિલ્પવિદ્યાવ્યાપી સજ્જનો ! જેમ इह-અહીં वाम्-તમારા બન્નેનો स्तोमः-સ્તુતિ યોગ્ય વ્યવહાર अधायि-ધારણ કરેલ છે; તેમ તમારા प्रति-પ્રત્યે અમે अस्य-આ तमसः-અંધકારને पारम्-પાર કરીને अतारिष्म-તરીએ પહોંચીએ. જેમ અમે इषम्-ઇચ્છા સિદ્ધિ, वृजनम्-બળ અને जीरदानुम्-જીવનને विद्याम-પ્રાપ્ત કરીએ, તેમ તમે બન્ને देवयानैः-વિદ્વાનો જે માર્ગોથી જાય, पथिभिः-તે માર્ગોથી અમને आ, यातम्-પ્રાપ્ત થાઓ. (૬)

*ભાવાર્થ : જેઓ શિલ્પવિદ્યાના શ્રેષ્ઠ જ્ઞાતા હોય, તેઓ જ નૌકા આદિ યાનો દ્વારા પૃથિવી, સમુદ્ર અને આકાશ માર્ગોથી (મનુષ્ય આદિને) પેલી પાર અને આ પાર મોકલી શકે છે. તેઓ જ વિદ્વાનો (ના દ્વારા નિર્ધારિત) માર્ગોમાં અગ્નિયાન આદિથી જવામાં યોગ્ય = સમર્થ બને છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોની શિલ્પવિદ્યાના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૩)

## સૂક્ત-૧૮૪

ता वामद्य तावपरं हुवेमोच्छन्त्यामुषसि वह्निरुक्थैः।
नासत्या कुह चित्सन्तावर्यो दिवो नपाता सुदास्तराय॥ १॥

પદાર્થ : હે नपाता-જેનો પાત = નાશ વિદ્યમાન નથી તેઓ नासत्या-મિથ્યા વ્યવહારથી પૃથક્ થયેલ સત્ય પ્રિય વિદ્વાનો ! અમે अद्य-આજ उच्छन्त्याम्-અનેક પ્રકારના વાસ આપનારી उषसि-પ્રભાતવેળામાં ता-તે वाम्-તમે બન્ને મહાશયોનો हवेम-સ્વીકાર કરીએ, तौ-અને તે આપનો अपरम्-પશ્ચાત્ પણ સ્વીકાર કરીએ, તમે कुह, चित्-કોઈ સ્થાનમાં सन्तौ-થયા છો અને જેમ वह्निः-પદાર્થોને એક સ્થાનમાં પહોંચાડનાર અગ્નિની સમાન अर्य्यः-વણિકજન सुदास्तराय-અત્યંત સુંદરતાથી ઉત્તમ આપનારને માટે उक्थैः-પ્રશંસનીય વચનોથી दिवः-વ્યવહારમાં વર્તમાન છે, તેમ અમે પણ વર્તીએ. (૧)

*ભાવાર્થ : જેમ વિદ્વાનો દ્યુલોક અને પૃથિવીલોકથી ઉપકાર ગ્રહણ કરે છે, તેમ અમે વિદ્વાનોથી ઉપકૃત બનીએ (ઉપકાર ગ્રહણ કરીએ.) (૧)*

अस्मे ऊ षु वृषणा मादयेथामुत्पणीँर्हतमूर्म्या मदन्ता।
श्रुतं मे अच्छोक्तिभिर्मतीनामेष्टा नरा निचेतारा च कर्णैः॥ २॥

પદાર્થ : वृषणा-બળવાન निचेतारा-નિત્ય જ્ઞાનવાન અને જ્ઞાનદાતા नरा-અગ્રણી વિદ્વાનો ! તમે पणीन्-પ્રશંસિત વ્યવહારવાળા अस्मे-અમને सु, मादयेथाम्-સુંદરતાથી આનંદિત કરો. उर्म्या-અને રાત્રિની સાથે मदन्ता-આનંદિત થઈને તમે દુષ્ટોનો उत्, हतम्-ઉદ્ધાર કરો અર્થાત્ તેઓને તે દુષ્ટતાથી બચાવો અને मतीनाम्-મનુષ્યોની अक्छोक्तिभिः-શ્રેષ્ઠ ઉક્તિઓ અર્થાત્ સુંદર વચનોથી જે હું एष्टा-વિવેક કરનાર છું, તે च, मे-મારી પણ સુંદર ઉક્તિને कर्णैः-કાનોથી उ, श्रुतम्-તર્ક-વિતર્કપૂર્વક સાંભળો. (૨)

*ભાવાર્થ : જેમ અધ્યાપક અને ઉપદેશક, ભણનારા અને ઉપદેશ લેનારાઓને વેદ-વચનોથી સમજાવીને વિદ્વાન બનાવે છે, તેમ તેઓનાં વચનને સાંભળીને સર્વેએ તેઓને સદા આનંદિત કરવા યોગ્ય છે. (૨)*

श्रिये पूषन्निषुकृतेव देवा नासत्या वहतुं सूर्यायाः।
वच्यन्ते वां ककुहा अप्सु जाता युगा जूर्णेव वरुणस्य भूरेः॥ ३॥

પદાર્થ : હે पूषन्-પોષક ! તું देवा-દાતા नासत्या-મિથ્યા વ્યવહારના વિરોધી અધ્યાપકો-ઉપદેશકો सूर्यायाः-સૂર્યની કાન્તિની वहतुम्-પ્રાપ્તિ કરનાર વ્યવહારને इषुकृतेव-જેમ વાણીથી સિદ્ધ કરેલ બે પદાર્થ હોય, તેમ श्रिये-લક્ષ્મી માટે પ્રયત્ન કર.

હે અધ્યાપકો-ઉપદેશકો ! अप्सु-અન્તરિક્ષ પ્રદેશોમાં जाताः-પ્રસિદ્ધ થયેલી ककुहाः-દિશા वरुणस्य-શ્રેષ્ઠ સજ્જન વા જળના भूरेः-બહુ જ ઉત્કર્ષથી युगा-વર્ષો જે जूर्णेव-પુરાતન વ્યતીત થયેલ તેની वाम्-તમારા બન્નેની वच्यन्ते-પ્રશંસા કરે છે અર્થાત્ દિક્-દિગાન્તરોમાં તમારી પ્રશંસા થાય છે. (૩)

*ભાવાર્થ : જેમ બાણોથી સજ્જ સેના શત્રુઓને જીતે છે, તેમ ધન (પ્રાપ્તિ)નો ઉત્તમ ઉપાય મનુષ્ય શીઘ્ર જ કરે.*

*દિવસ રૂપી કાળ-વિશેષોમાં કરવા યોગ્ય કર્મ રાત્રિ-ભાગોમાં કરાતા નથી. ઉત્તમ ગુણોની તો સર્વત્ર પ્રશંસા થાય છે. (૩)*

अस्मे सा वां माध्वी रातिरस्तु स्तोमं हिनोतं मान्यस्य कारोः।
अनु यद्वां श्रवस्या सुदानू सुवीर्याय चर्षणयो मदन्ति॥ ४॥

પદાર્થ : હે सुदानू-શ્રેષ્ઠદાતા ! જે वाम्-તમારા બન્નેનું माध्वी-મધુર આદિ ગુણયુક્ત रातिः-દાન દેવાનું વર્તમાન છે, सा-તે अस्मे-અમારા માટે अस्तु-થાય. અને તમે मान्यस्य-પ્રશંસાને યોગ્ય कारोः-કરનારાઓની स्तोमम्-પ્રશંસાને हिनोतम्-પ્રાપ્ત થાઓ અને श्रवस्या-પોતાની સાંભળવાની ઈચ્છાથી यत्-જે वाम्-તમને सुवीर्य्याय-ઉત્તમ પરાક્રમને માટે चर्षणयः-સાધારણ મનુષ્ય अनु, मदन्ति-અનુમોદન કરે છે, તમારી કામના કરે છે, તેને અમે પણ અનુમોદન કરીએ. (૪)

*ભાવાર્થ : જે આપ્તજનોની નીતિ અને વિદ્વાનજનોની સ્તુતિ મનોહર હોય, તે ઉત્તમ પરાક્રમને માટે સમર્થ હોય છે. (૪)*

**एष वां स्तोमो अश्विनावकारि मानेभिर्मघवाना सुवृक्ति।**
**यातं वर्त्तिस्तनयाय त्मने चागस्त्ये नासत्या मदन्ता॥ ५॥**

પદાર્થ : હે मघवाना-પરમપૂજિત અધ્યાપકો-ઉપદેશકો ! एषः-આ वाम्-તમારી બન્નેની स्तोमः-પ્રશંસાને मानेभिः-જેઓ માને છે, તેઓના सुवृक्ति-જેમ સુંદર ત્યાગ હોય, તેમ अकारि-કરેલ છે અર્થાત્ માત્ર મોઢેથી મિથ્યા પ્રશંસા કરી નથી.

હે नासत्या-સત્યમાં નિરંતર સ્થિર રહેનારા अश्विनौ-અધ્યાપકો-ઉપદેશકો ! अगस्त्ये-અપરાધરહિત માર્ગમાં मदन्ता-શુભ કામના કરતા તમે तनयाय-ઉત્તમ સંતાન અને त्मने, च-પોતાના માટે वर्त्तिः-સન્માર્ગને यातम्-પ્રાપ્ત થાઓ. (૫)

*ભાવાર્થ : તે જ સ્તુતિ હોય છે, જેને વિદ્વાનો માને છે. તેવું જ (કાર્ય) પરોપકાર હોઈ શકે છે, જેમ કે પોતાના સંતાનને માટે અથવા પોતાના માટે ઈચ્છવામાં આવે છે. તે જ ધર્મમાર્ગ હોઈ શકે છે, જેમાં આપ્ત લોકો જાય છે. (૫)*

**अतारिष्म तमसस्पारमस्य प्रति वां स्तोमो अश्विनावधायि।**
**एह यातं पथिभिर्देवयानैर्विद्यामेषं वृजनं जीरदानुम्॥ ६॥**

પદાર્થ : હે अश्विनौ-વિશેષ ઉપદેશ આપનારા ! इह-આ જાણવા યોગ્ય વ્યવહારમાં જે स्तोमः-પ્રશંસા वाम्-તમારા બન્નેના प्रति-પ્રત્યે अधायि-ધારણ કરેલી તેથી अस्य-આ तमसः-અવિદ્યા-અંધકારની पारम्-પાર તટે अतारिष्म-પહોંચે. જેમ તમે देवयानैः-આપ્ત વિદ્વાન જે માર્ગમાં જાય છે, તે पथिभिः-માર્ગોથી इषम्-ઈષ્ટ સુખ वृजनम्-શારીરિક અને આત્મિક બળ તથા जीरदानुम्-જીવાત્માને आ, यातम्-પ્રાપ્ત થાઓ, તેમ એને અમે પણ विद्याम-પ્રાપ્ત થઈએ. (૬)

*ભાવાર્થ : તે જ મનુષ્યોને વિદ્યાની પેલે પાર પહોંચાડી શકે છે, જેઓ ધર્મ માર્ગ પર જ ચાલે છે અને યથાર્થના ઉપદેશકર્તા હોય છે. (૬)*

સંગતિ : આ સૂક્તમાં અધ્યાપકો અને ઉપદેશકોના લક્ષણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૪)

## सूक्त-१८५

**कतरा पूर्वा कतरापरायोः कथा जाते कवयः को वि वेद।**

विश्वं त्मना बिभृतो यद्ध नाम वि वर्त्तेते अहनी चक्रियेव॥ १॥

પદાર્થ : હે कवयः-વિદ્વાનો ! अयोः-દ્યાવા-પૃથિવીમાં વા કાર્ય-કારણોમાં कतरा-કોણ पूर्वा-પૂર્વ कतरा-કોણ अपरा-પશ્ચાત્ છે. એ દ્યાવા-પૃથિવી વા સંસારના કારણ અને કાર્યરૂપ પદાર્થો कथा-કેવી રીતે जाते-ઉત્પન્ન થયા છે, એ વિષયને कः-કોણ वि, वेद-વિવિધ રીતે જાણે છે.

त्मना-આપ પ્રત્યેક यत्-જે ह-નિશ્ચિત विश्वम्-સમસ્ત જગત્ नाम-પ્રસિદ્ધ છે, તેને बिभृतः-ધારણ કરો છો વા પુષ્ટ કરો છો અને તે अहनि-દિવસ-રાત્રિ चक्रियेव-ચાકડાની સમાન ઘૂમે છે, તેમ वि, वर्त्तेते-વિવિધ પ્રકારથી વર્તમાન છે. (૧)

*ભાવાર્થ : હે વિદ્વાનો ! જે આ સંસારમાં દ્યુલોક અને પૃથિવીલોક છે તથા પૂર્વના કારણ નામક અને પશ્ચાતના કાર્ય નામક પદાર્થો છે, જે આધાર-આધેય રૂપી સંબંધી દિવસ-રાતની સમાન વર્તમાન છે, તેને તમે જાણો. (૧)*

भूरिं द्वे अचरन्ती चरन्तं पद्वन्तं गर्भमपदी दधाते।

नित्यं न सूनुं पित्रोरुपस्थे द्यावा रक्षतं पृथिवी नो अभ्वात्॥ २॥

પદાર્થ : હે द्यावापृथिवी-દ્યાવાપૃથિવીની સમાન વર્તમાન માતા-પિતરો ! જેમ अचरन्ती-આમ-તેમ પોતાની કક્ષા છોડીને ન જનાર अपदी-પગોથી રહિત द्वे-બન્ને દ્યાવા પૃથિવી भूरिम्-બહુ જ पद्वन्तम्-પગવાળા चरन्तम्-ચાલીને गर्भम्-કાર્યરૂપ જગતને पित्रोः-માતા-પિતાની उपस्थे-ગોદમાં નિત્ય सूनुम्-પુત્રની न-સમાન दधाते-ધારણ કરે છે, તેમ अभ्वात्-મિથ્યાચરણથી ઉત્પન્ન થયેલ દુઃખથી नः-અમારી रक्षतम्-રક્ષા કરો. (૨)

*ભાવાર્થ : જેમ ભૂમિ અને સૂર્ય દૃઢ રહીને જડ અને ચેતન જગતનું અનેક રીતે પાલન કરી તેની વૃદ્ધિ કરે છે, તેમ માતા-પિતા અને અતિથિ તથા આચાર્ય સંતાનોને તથા શિષ્યોને સંરક્ષિત કરીને વિદ્યા અને સુશિક્ષા દ્વારા વૃદ્ધિ-ઉન્નતિ કરે. (૨)*

अनेहो दात्रमदितेरनर्वं हुवे स्वर्वदवधं नमस्वत्।

तद्रोदसी जनयतं जरित्रे द्यावा रक्षतं पृथिवी नो अभ्वात्॥ ३॥

પદાર્થ : હું अदितेः-પૃથિવી વા સૂર્યના अनेहः-ન વિનાશ યોગ્ય अनर्वम्-જેમાં અશ્વનો સંબંધ નથી એવા स्वर्वत्-સુખયુક્ત તથા अवधम्-જેનો નાશ નથી नमस्वत्-જેમાં પ્રશંસિત અન્ન વિદ્યમાન છે, તે दात्रम्-દાનપાત્ર માત્રનો हुवे-સ્વીકાર કરું છું.

હે रोदसी-દિવસ-રાત્રિની સમાન વર્તમાન માતા-પિતાઓ ! तत्-તે દાન કર્મની जरित्रे-સ્તુતિ કરીને મારા માટે जनयतम्-ઉત્પન્ન કરો.

હે द्यावापृथिवी-દ્યાવા પૃથિવીની સમાન વર્તમાન માતા-પિતાઓ ! नः-અમને अभ्वात्-અધર્મથી

रक्षतम्-બચાવો. (૩)

*ભાવાર્થ : જે એ ભૂમિ, સૂર્ય અને અન્ય પ્રત્યક્ષ પદાર્થ દેખાય છે, તે અવિનાશી અનાદિકારણ (= પ્રકૃતિ) થી ઉત્પન્ન થયેલ છે, એમ જાણવું જોઈએ. (૩)*

**अतप्यमाने अवसावन्ती अनु ष्याम रोदसी देवपुत्रे।**

**उभे देवानामुभयेभिरह्नां द्यावा रक्षतं पृथिवी नो अभ्वात्॥ ४॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ अतप्यमाने-સંતાપરહિત अवसा-રક્ષા આદિ अवन्ती-રક્ષા કરતી देवपुत्रे-દેવ જે પરમાત્મા તેની પુત્રની સમાન વર્તમાન उभे-બન્ને रोदसी-પ્રકાશભૂમિ अह्नाम्-દિવસોમાં उभयेभिः-સ્થાવર અને જંગમોની સાથે देवानाम्-દિવ્ય જલાદિ પદાર્થોથી જીવન રક્ષા કરે છે, તેમ-હે द्यावापृथिवी-આકાશ અને પૃથિવીની સમાન વર્તમાન માતા-પિતાઓ ! તમે બન્ને अभ्वात्-અપરાધથી नः-અમારી रक्षतम-રક્ષા કરો, જેથી અમે अनु, स्याम-પાછળથી સુખી થઈએ. (૪)

*ભાવાર્થ : જેમ પૃથિવી આદિ પદાર્થો સર્વ સ્થાવર = જડ જંગમ = ચેતનનું પાલન કરે છે, તેમ માતા, પિતા, આચાર્ય અને રાજા આદિ પ્રજાઓની રક્ષા કરે. (૪)*

**संगच्छमाने युवती समन्ते स्वसारा जामी पित्रोरुपस्थे।**

**अभिजिघ्रन्ती भुवनस्य नाभिं द्यावा रक्षतं पृथिवी नो अभ्वात्॥ ५॥**

પદાર્થ : पित्रोः-માતા-પિતાની उपस्थे-ગોદમાં संगच्छमाने-સહગામિની जामी-બે કન્યાઓની સમાન વા युवती-તરુણ બે સ્ત્રીઓની સમાન વા समन्ते-પૂર્ણ સિદ્ધાન્ત જેના છે તે બે स्वसारा-બહેનોની સમાન भुवनस्य-સંસારના नाभिम्-મધ્યસ્થ આકર્ષણને अभि, जिघ्रन्ती-ગંધની સમાન સ્વીકાર કરીને द्यावा, पृथिवी-આકાશ અને પૃથિવીની સમાન માતા-પિતાઓ ! તમે नः-અમારી अभ्वात्-અપરાધથી रक्षतम्-રક્ષા કરો. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જેમ બ્રહ્મચર્યપૂર્વક વિદ્યા ભણેલ યુવાવસ્થાયુક્ત અને પ્રેમયુક્ત કન્યા અને વર સુખી થાય છે, તેમ દ્યુલોક અને પૃથિવીલોક પણ સંસારના કલ્યાણના માટે વર્તમાન છે. (૫)*

**उर्वी सद्मनी बृहती ऋतेन हुवे देवानामवसा जनित्री।**

**दधाते ये अमृतं सुप्रतीके द्यावा रक्षतं पृथिवी नो अभ्वात्॥ ६॥**

પદાર્થ : હે માતા-પિતાઓ ! ये-જે उर्वी-બહુ વિસ્તીર્ણ सद्मनी-સર્વની નિવાસસ્થાન बृहती-મહાન ऋतेन-જળથી અને अवसा-રક્ષા આદિની સાથે देवानाम्-વિદ્વાનોની जनित्री-ઉત્પન્ન કરનારી सुप्रतीके-સુંદર પ્રતીતિનો વિષય द्यावा पृथिवी-આકાશ અને પૃથિવી अमृतम्-જળને दधाते-ધારણ કરે છે અને

હું તેની हुवे-પ્રશંસા કરુ છું, તેમ अभ्वात्-અપરાધથી नः-અમારી તમે रक्षतम्-રક્ષા કરો. (૬)

*ભાવાર્થ : જેમ માતા-પિતા સત્ય ઉપદેશથી સૂર્ય સમાન વિદ્યારૂપી પ્રકાશથી યુક્ત (બનીને) જેમ પૃથિવી જળથી વૃક્ષોની (વૃદ્ધિ કરે છે), તેમ (સંતાનોની) શારીરિક બળની વૃદ્ધિ કરે છે, તેઓ સર્વની રક્ષા કરી શકે છે. (૬)*

**उ॒र्वी पृ॒थ्वी ब॑हु॒ले दू॒रेअ॑न्ते॒ उप॑ ब्रुवे॒ नम॑सा य॒ज्ञे अ॒स्मिन्।**
**द॒धा॒ते ये सु॒भगे॑ सु॒प्रतू॑र्त्ती॒ द्यावा॒ रक्ष॑तं पृथिवी नो॒ अभ्वा॑त्॥ ७॥**

પદાર્થ : दूरे अन्ते-દૂરમાં અને સમીપમાં बहुले-બહુ વસ્તુઓને ગ્રહણ કરનારી उर्वी-બહુ જ પદાર્થયુક્ત पृथ्वी-વિસ્તીર્ણ આકાશ અને પૃથિવીનો अस्मिन्-આ સંસારનો વ્યવહાર यज्ञे-જે સંગ કરવા યોગ્ય તેમાં नमसा-અન્નની સાથે હું उप, ब्रुवे-ઉપદેશ કરું છું.

ये-જે सुभगे-સુંદર ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવનારી सुप्रतूर्त्ती-અતિ શીઘ્ર ગતિયુક્ત આકાશ અને પૃથિવી दधाते-સમસ્ત પદાર્થોને ધારણ કરે છે, તે द्यावापृथिवी-આકાશ અને પૃથિવીની સમાન વર્તમાન માતા-પિતાઓ ! नः-અમને अभ्वात्-અપરાધથી रक्षतम्-બચાવો-રક્ષા કરો. (૭)

*ભાવાર્થ : જેમ ચંદ્રલોકની ભૂમિ પૃથિવીની સમીપ છે, તેમ સૂર્યલોકની ભૂમિ (તેનાથી) દૂર છે, એ રીતે સર્વત્ર જ પ્રકાશમય અને અંધકારમય લોકોના યુગલ છે. તેનાથી જે રીતે ઉન્નતિ થઈ શકે, તેમ સર્વેએ પ્રયત્ન કરવો જોઈએ. (૭)*

**दे॒वान्वा॒ यच्च॑कृ॒मा कच्चि॒दाग॑ः सखा॑यं वा॒ सद॒मिज्जास्प॑तिं वा।**
**इ॒यं धीर्भू॑या अव॒यान॑मेषां॒ द्यावा॒ रक्ष॑तं पृथिवी नो॒ अभ्वा॑त्॥ ८॥**

પદાર્થ : यत्-જે कच्चित्-કોઈ देवान्-વિદ્વાન वा-વા सखायम्-મિત્ર वा-વા सदमित्-સદા वा-વા जास्पतिम्-સ્ત્રીનું પાલન કરનારના પ્રતિ आगः-અપરાધ चकृम-કરે, एषाम्-એ સર્વ અપરાધોને इयम्-આ धीः-કર્મ વા તત્ત્વજ્ઞાન अवयानम्-દૂર કરનારા भूयाः-થાય.

હે द्यावा, पृथिवी-આકાશ અને પૃથિવીની સમાન વર્તમાન માતા-પિતાઓ ! नः-અમને अभ्वात्-અપરાધથી रक्षतम्-બચાવો-રક્ષા કરો. (૮)

*ભાવાર્થ : જે માતા-પિતા સંતાનોનું અન્ન અને જળની સમાન પાલન કરતા નથી, તેઓ પોતાના ધર્મથી પતિત થાય છે અને જે (સંતાનો) માતા-પિતાની રક્ષા કરતા નથી, તેઓ પણ ધર્મથી વિમુખ બને છે. (૮)*

**उ॒भा शंसा॒ नर्या॒ माम॑विष्टामु॒भे मामू॒ती अव॑सा सचेताम्।**
**भूरि॑ चि॒दर्यः॑ सु॒दास्त॑राये॒षा मद॑न्त इषयेम देवाः॥ ९॥**

પદાર્થ : उभा-બન્ને शंसा-પ્રશંસાને પ્રાપ્ત नर्य्या-મનુષ્યોમાં ઉત્તમ દ્યાવાપૃથિવી સમાન માતા-પિતા माम्-મારી अविष्टाम्-રક્ષા કરે અને माम्-મને उभे-બન્ને ऊती-રક્ષાઓ अवसा-અન્યોની રક્ષા આદિની સાથે सचेताम्-પ્રાપ્ત થાય.

હે देवाः-વિદ્વાનો ! अर्यः-વણિકજન = વૈશ્ય सुदास्तराय-જેમ પુષ્કળ દાતાને માટે भूरि, चित्-બહુ જ આપે, તેમ मदन्तः-સુખી થઈને અમે इषा-ઈચ્છાથી इषयेम-પ્રાપ્ત થઈએ. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્ય અને ચંદ્રમા સર્વથી સંયુક્ત થઈને પ્રાણીઓને સુખી કરે છે અને જેમ વાસ્તવિક ધનવાન વૈશ્ય બહુ જ અન્ન આદિ આપીને ભિક્ષુકોને તૃપ્ત કરે છે, તેમ વિદ્વાનો સર્વને તૃપ્ત કરવામાં પ્રવૃત્ત થાય. (૯)*

**ऋतं दिवे तदवोचं पृथिव्या अभिश्रावाय प्रथमं सुमेधाः।**
**पातामवद्यादुरितादभीके पिता माता च रक्षतामवोभिः॥ १०॥**

પદાર્થ : હે મનુષ્યો ! જેમ सुमेधाः-ઉત્તમ પ્રજ્ઞાવાન હું अभिश्रावाय-જે સર્વત્રથી સાંભળે અને સંભળાવે તેને માટે पृथिव्यै-પૃથિવી સમાન વર્તમાન ક્ષમાશીલ સ્ત્રીને માટે જે प्रथमम्-પ્રથમ ऋतम्-સત્ય अवोचम्-ઉપદેશ કરું અને કહું. तत्-તેને दिवे-ઉત્તમ દિવ્યવાળાના માટે પણ ઉપદેશ કરું અને કહું.

જેમ अभीके-કામના માટે કરેલ વ્યવહારમાં વર્તમાન अवद्यात्-નિંદાને યોગ્ય दुरितात्-દુષ્ટ આચરણથી યુક્ત ઉક્ત બન્ને पाताम्-રક્ષા કરે, તેમ पिता-પિતા च-અને माता-માતા अवोभिः-રક્ષા આદિ વ્યવહારોથી મારી रक्षताम्-રક્ષા કરે. (૧૦)

*ભાવાર્થ : ઉપદેશકોએ શ્રોતાઓ પ્રતિ આ રીતે કહેવું જોઈએ-જેવા પ્રિય અને લોક કલ્યાણકારી સત્યવચન મારા દ્વારા બોલવામાં આવે, તેમ તમારે પણ બોલવા જોઈએ.*

*જેમ માતા-પિતા પોતાના સંતાનોની સેવા કરે છે, તેમ સંતાનોએ પણ તેઓની સેવા કરવી જોઈએ. (૧૦)*

**इदं द्यावापृथिवी सत्यमस्तु पितर्मातर्यदिहोपब्रुवे वाम्।**
**भूतं देवानामवमे अवोभिर्विद्यामेषं वृजनं जीरदानुम्॥ ११॥**

પદાર્થ : હે द्यावापृथिवी-આકાશ અને પૃથિવીની સમાન વર્તમાન मातः, पितः-માતા-પિતાઓ ! देवानाम्-વિદ્વાનોના अवमे-રક્ષા આદિ વ્યવહારોમાં भूतम्-ઉત્પન્ન થયેલ यत्-જે વ્યવહારથી इह-અહીં वाम्-તમારી उपब्रुवे-સમીપ કહું છું. तत्-તે इदम्-આ सत्यम्-સત્ય अस्तु-થાય જેથી અમે તમારી अवोभिः-પાલનાઓથી इषम्-ઈચ્છા સિદ્ધિ, वृजनम्-બળ અને जीरदानुम्-જીવનને विद्याम-પ્રાપ્ત કરીએ. (૧૧)

*ભાવાર્થ : પિતા આદિ સંતાનો પ્રતિ આ રીતે ઉપદેશ આપે-'જે અમારા ધાર્મિક કાર્યો છે, તેઓનું જ તમારે સેવન કરવું જોઈએ. બીજાઓનું નહિ.'*

*સંતાનો પિતા આદિને પ્રતિ કહે-'જે અમારા સત્ય આચરણ છે, તેઓનું જ આપ લોકોએ આચરણ કરવું જોઈએ, તેનાથી વિપરીત નહિ.' (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં દ્યાવાપૃથિવીના દ્રષ્ટાન્તથી ઉત્પન્ન થવા યોગ્ય અને ઉત્પાદક કર્મોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૫)

## સૂક્ત-૧૮૬

**आ न॒ इळा॑भिर्वि॒दथे॑ सुश॒स्ति वि॒श्वान॑रः सवि॒ता दे॒व ए॑तु।**
**अपि॒ यथा॑ युवानो॒ मत्स॑था नो॒ विश्वं॒ जग॑दभिपि॒त्वे म॑नी॒षा॥ १॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! આપ જેમ विश्वानरः-સર્વ પ્રાણીઓને પહોંચાડનાર અર્થાત્ તેઓના શુભાશુભ કર્મોનું પરિણામ કરનાર देवः-દેદીપ્યમાન અર્થાત્ सविता-સૂર્ય સમાન આપ પ્રકાશમાન ઈશ્વર सुशस्ति-સુંદર પ્રશંસાઓથી अभिपित्वे-સર્વત્રથી પ્રાપ્તવ્ય विदथे-વિજ્ઞાનમય વ્યવહારમાં विश्वम्-સમગ્ર जगत्-જગતને પ્રાપ્ત છે, તેમ इडाभिः-અન્નાદિ પદાર્થ વાણીની સાથે नः-અમને आ, एतु-પ્રાપ્ત થઈ આવે.

હે युवानः-યુવાવસ્થા પ્રાપ્ત તરુણજનો ! यथा-જેમ તમે मनीषा-ઉત્તમ બુદ્ધિથી આ વ્યવહારમાં मत्सथ-આનંદિત થાઓ, તેમ नः-અમને अपि-પણ આનંદિત કરો. (૧)

*ભાવાર્થ : જેમ પરમાત્મા પક્ષપાતરહિત સર્વનો ન્યાય કરે છે અને સર્વમાં સમાન પ્રેમ રાખે છે, તેમ વિદ્વાનોએ પણ થવું જોઈએ.*

*જેમ યુવક પોતાની સમાન અને હૃદયને પ્રિય યુવતીઓ સાથે વિવાહ કરીને સુખી થાય છે, તેમ વિદ્વાનો વિદ્યાર્થીઓને વિદ્વાન બનાવીને પ્રસન્ન થાય છે. (૧)*

**आ नो॒ विश्व॒ आस्क्रा॑ गमन्तु दे॒वा मि॒त्रो अ॑र्य॒मा वरु॑णः स॒जोषा॑ः।**
**भुव॒न्यथा॑ नो॒ विश्वे॑ वृ॒धासः॒ कर॑न्त्सु॒षाहा॑ विथु॒रं न शवः॑॥ २॥**

પદાર્થ : હે મનુષ્યો ! તેમ मित्रः-પ્રાણની સમાન વર્તમાન-अर्य्यमा-ન્યાયકારી, वरुणः-અતિ શ્રેષ્ઠ, सजोषाः-સમાન પ્રીતાદિ સેવન રાખનાર અને आस्क्राः-શત્રુદળને પાદાક્રાન્ત કરીને પગ નીચે દબાવનાર विश्वे-સમસ્ત देवाः-વિદ્વાનો नः-અમને आ, गमन्तु-સર્વત્રથી પ્રાપ્ત થાય.

यथा-જેમ विश्वे-સમસ્ત તે વિદ્વાનો नः-અમારા वृधासः-સુખવર્ધક भुवन्-થાય અને सुषाहा-સુંદર જેના સહન, ક્ષમા, શાન્તિકારક તે જન विथुरम्-વ્યર્થ પીડાદાયક પદાર્થની न-સમાન તીવ્ર शवः-બળ करन्-કરે. (૨)

*ભાવાર્થ : જે માર્ગથી વિદ્વાન જાય, તેના પર સર્વ જાય. જેમ આપ્તજન પોતાના આત્માની સમાન અન્યોના સુખ-દુઃખોને જાણે છે, તેમ જ સર્વે એ બનવું જોઈએ. (૨)*

**प्रेष्ठं॑ वो॒ अति॑थिं गृणीषे॒ऽग्निं श॒स्तिभि॑स्तु॒र्वणि॑ः स॒जोषा॑ः।**

असद्यथा नो वरुणः सुकीर्त्तिरिषश्च पर्षदरिगूर्त्तः सूरिः॥ ३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ तुर्वणिः-શીઘ્રગામી અને सजोषाः-સમાન પ્રીતિકારક આપ शस्तिभिः-પ્રશંસાઓથી अग्निम्-અગ્નિની સમાન વર્તમાન વિદ્યાથી પ્રકાશિત प्रेष्ठम्-અતિ પ્રિય अतिथिम्-અતિથિસમાન વર્તમાન વિદ્વાનની गृणीषे-પ્રશંસા કરો છો; વા यथा-જેમ अरिगूर्त्तः-શત્રુઓમાં ઉદ્યમ કરનાર અને सुकीर्त्तिः-પુણ્ય પ્રશંસનીય वरुणः-ઉત્તમ વિદ્વાન नः-અમને इषः-અન્નાદિ પદાર્થ च-અને ઈચ્છાઓને पर्षत्-સીંચે; વા सूरिः-અત્યંત પ્રવીણ વિદ્વાન असत्-થાય, તેમ वः-તમારા પ્રતિ વર્તે. (૩)

*ભાવાર્થ : જે ગૃહસ્થો આપ્ત વિદ્વાનો તથા અતિથિઓની સેવા કરે છે અને ધાર્મિક વ્યવહારોમાં પરિશ્રમ કરે છે, તેઓ યથાર્થ વિજ્ઞાનને પ્રાપ્ત કરીને શ્રીમાન બને છે. (૩)*

उप व एषे नमसा जिगीषोषासानक्ता सुदुघेव धेनुः।

समाने अहन्विमिमानो अर्कं विषुरूपे पयसि सस्मिन्नूधन्॥ ४॥

પદાર્થ : समाने-એક જેવા अहन्-દિવસમાં अर्कम्-સત્કાર કરવા યોગ્ય અન્ન विमिमानः-વિશેષતાથી નિર્માણ કરનાર હું उषासानक्ता-દિવસ-રાત્રિની સમાન વા धेनुः-વાણી જે सुदुधेव-સુંદર કામના પૂર્ણ કરનારી તેની સમાન नमसा-અન્નાદિ પદાર્થથી जिगीषा-જીતવાની ઈચ્છા જેમ હોય, તેમ विषुरूपे-અનેક પ્રકારના રૂપવાળા पयसि-જળ અને सस्मिन्-સમાન ऊधन्-દૂધને માટે वः-તમારી उप, आ, ईषे-સમીપ સર્વત્રથી પ્રાપ્ત થાઉં છું. (૪)

*ભાવાર્થ : જે રાત અને દિવસની સમાન વર્તમાન વિદ્યા અને અવિદ્યાને જાણીને, સર્વ કાળમાં ઉદ્યોગ કરીને તથા ગાયની સમાન પ્રાણીઓ પર ઉપકાર કરીને દુષ્ટોને જીતે છે, તેઓ દૂધમાં જ ઘીની સમાન સંસારમાં 'सार भूता भवन्ति; સારભૂત હોય છે. (૪)*

उत नोऽहिर्बुध्न्यो३ मयस्कः शिशुं न पिप्युषीव वेति सिन्धुः।

येन नपातमपां जुनाम मनोजुवो वृषणो यं वहन्ति॥ ५॥

પદાર્થ : હે મનુષ્યો ! અમે येन-જેથી अपाम्-જળથી नपातम्-પતનને ન પ્રાપ્ત પદાર્થને जुनाम-બાંધીએ. વા मनोजुवः-મન સમાન વેગવાન વિદ્યુત્ આદિ वृषणः-વૃષ્ટિકારક यम्-જેને वहन्ति-પ્રાપ્ત થાય છે, તે बुघ्न्यः-અન્તરિક્ષસ્ય अहिः-વ્યાપ્તિશીલ મેઘ पिप्युषीव-વર્ધયતિ જેમ ઉન્નતિ કરતી સ્ત્રી शिशुम्-બાળકને न-તેમ नः-અમને वेति-વ્યાપ્ત થઈને उत-અને सिन्धुः-નદી मय-સુખને कः-કરે છે.

*ભાવાર્થ : જો મેઘ ન હોય તો માતાની સમાન પ્રાણીઓનું કોણ પાલન કરે ? જો સૂર્ય, વિદ્યુત્ અને વાયુ ન હોય, તો એ (મેઘ)ને કોણ ધારણ કરે ? (૫)*

उत न ईं त्वष्टा गन्त्वच्छा स्मत्सूरिभिरभिपित्वे सजोषाः।

आ वृ॒त्र॒हेन्द्र॑श्चर्षणि॒प्रास्तु॑वि॒ष्टमो॑ न॒रां न॑ इ॒ह गम्याः॥ ६॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ इह-અહીં वृत्रहा-મેઘનું હનન કરનાર, चर्षणिप्राः-મનુષ્યોના સુખોને પૂર્ણ કરનાર, तुविष्टमः-અત્યંત બળવાન त्वष्टा-પ્રકાશમાન, इन्द्रः-સૂર્ય ईम्-જળ-વરસાવે છે, તેમ તમે नराम्-સર્વ મનુષ્યોમાં नः-અમને आ, गम्याः-સમ્યક્ પ્રાપ્ત થાઓ; उत-અને स्मत्-પ્રશંસાયુક્ત अभिपित्वे-સર્વત્રથી પ્રાપ્તવ્ય વ્યવહારમાં सजोषाः-સમાન પ્રીતિ રાખનારા આપ सूरभिः-વિદ્વાનોની સાથે नः-અમારા પ્રતિ अच्छ, आ, गन्तु-સારી રીતે આવો. (६)

*ભાવાર્થ : જે લોકો સૂર્યની સમાન વિદ્યાને પ્રકાશિત કરે છે અને પોતાના આત્મા સમાન સર્વને માનીને તેઓને સુખી કરે છે, તેઓ જ 'बलवन्तो जायन्ते'-બળવાન બને છે. (६)*

उ॒त न॑ ईं म॒तयोऽश्व॑योगाः शिशुं॒ न गावस्तरु॑णं रिहन्ति।
तमीं॒ गिरो॒ जन॑यो॒ न पत्नीः सु॒र॒भिष्ट॑मं न॒रां न॑सन्त॥ ७॥

પદાર્થ : હે મનુષ્યો ! જેઓ अश्वयोगाः-અશ્વયોગ અર્થાત્ અશ્વોનો યોગ કરાવે છે, તેઓ मतयः-મનુષ્ય तरुणम्-તરુણ शिशुम्-વાછરડાને न-જેમ गावः-ગાયો તેમ नः-અમને ईम्-સર્વત્રથી रिहन्ति-પ્રાપ્ત થાય છે.

જે नराम्-મનુષ્યોમાં सुरभिष्टमम्-અત્યંત સુગંધિત, સુંદર, કીર્તિમાનની जनयः-ઉત્પત્તિ કરાવનારાઓ पत्नीः-પોતાની પત્નીઓને જેમ न-તેમ नसन्त-પ્રાપ્ત થાય, તે ईम्-સર્વત્રથી गिरः-વાણીને પ્રાપ્ત થાય છે, तम्-તેને उत-જ અમે સેવીએ. (૭)

*ભાવાર્થ : જેમ ઘોડેસવાર શીઘ્ર બીજા સ્થાનને અથવા જેમ ગાયો વાછરડાઓને અથવા જેમ પત્નીવ્રતજનો પોતાની પત્નીઓને પ્રાપ્ત થાય છે, તેમ વિદ્વાનો વિદ્યા અને આપ્તજનોની વાણીને પ્રાપ્ત થાય છે. (૭)*

उ॒त न॑ ईं म॒रुतो॑ वृ॒द्धसे॑नाः स्मद्रोद॑सी॒ सम॑नसः सदन्तु।
पृष॑दश्वासो॒ऽवन॑यो॒ न रथा॑ रि॒शाद॑सो मित्र॒युजो॒ न दे॒वाः॥ ८॥

પદાર્થ : જેમ मरुतः-વાયુ ईम्-જળને તેમ वृद्धसेनाः-વધેલી, પ્રૌઢ, તરુણ, પ્રચંડબળ વેગવાળી જેની સેના તેઓ नः-અમને सदन्तु-પ્રાપ્ત થાય. उत-અને समनसः-જેનું મન સમાન છે, તે પરોપકારી વિદ્વાન स्मत्-જ रोदसी-આકાશ અને પૃથિવીને પ્રાપ્ત થાય. पृषदश्वासः-જેઓના ઘોડાઓ પુષ્ટ છે, તે વિદ્વાનો વા अवनयः-ભૂમિ रथाः-રમણીય યાનોની न-સમાન रिशादसः-શત્રુઓનો નાશ કરે છે અને मित्रयुजः-મિત્રોની સાથે સંયોગ રાખે છે, તેઓ देवाः-વિદ્વાનોની न-સમાન બને છે. (૮)

*ભાવાર્થ : જે વીર સેનાવાળા, સમાન બુદ્ધિવાળા, વિશાળ યાનોવાળા, પૃથિવીની સમાન ક્ષમાશીલ*

*અને મિત્રોના પ્રિય વિદ્વાન જન સર્વને પ્રિય કાર્ય કરે છે, તેઓ 'प्रसन्ना भवन्ति' પ્રસન્ન રહે છે. (૮)*

**प्र नु यदे॑षां महि॒ना चि॑कि॒त्रे प्र यु॑ञ्जन्ते प्र॒युज॒स्ते सु॒वृ॑क्ति।**

**अध॒ यदे॑षां सु॒दिने॒ न शरु॒र्विश्व॒मेरि॑णं प्रषा॒यन्त सेना॑ः॥ ९॥**

પદાર્થ : यत्-જે एषाम्-એ વિદ્વાનોના महिम्ना-મહિમાથી प्र, चिकित्रे-ઉત્તમતાથી વિશેષ જ્ઞાનવાન વિદ્વાનને માટે प्रयुजः-ઉત્તમતાથી યોગ કરે છે તેને नु-શીઘ્ર प्रयुञ्जन्ते-સમ્યક્ યુક્ત કરે છે. अध-તદનન્તર यत्-જે જન एषाम्-એ સમ્યક્ યોગ કરનારાઓને सुदिने-ઉત્તમ સમયમાં विश्वम्-સમસ્ત इरिणम्-કંપાયમાન જગતને शरु-મારનાર વીર જન सेनाः-સેનાઓને જેમ न-તેમ आ, प्रषायन्त-સેવન કરે ते-તેઓ सुवृक्ति-સુંદર ગમન જેમાં હોય તે ઉત્તમ સુખવાળા માર્ગને પ્રાપ્ત થાય છે. (૯)

*ભાવાર્થ : જે રાજા લોકો, પૂર્ણ વિદ્યાવાન અધ્યાપકોને વિદ્યાના પ્રચારમાં પ્રવૃત્ત કરે છે, તેઓ મહિમાને પ્રાપ્ત કરે છે.*

*જેઓ કૃતજ્ઞ અને કુલીન શૂરવીરોની સેનાઓને પુષ્ટ કરે છે, તેઓ સદા વિજય પ્રાપ્ત કરે છે. (૯)*

**प्रो अ॒श्विना॒वव॑से कृणु॒ध्वं प्र पू॒षणं॒ स्वत॑वसो॒ हि सन्ति॑।**

**अ॒द्वेषो॒ विष्णु॒र्वात॑ ऋभु॒क्षा अच्छा॑ सु॒म्नाय॑ ववृतीय दे॒वान्॥ १०॥**

પદાર્થ : હે રાજા-પ્રજાજનો ! તમે જે हि-જ स्वतवसः-સ્વબળ રાખનારા अद्वेषः-નિર્વૈર વિદ્વાન જન सन्ति-છે, તેને જે अश्विनौ-વિદ્યા વ્યાપ્ત અધ્યાપક અને ઉપદેશક મુખ્ય પરીક્ષક છે, તેઓ વિદ્યાની अवसे-રક્ષા, ભણાવવી, વિચારવી, ઉપદેશ કરવો વગેરેને માટે प्र, कृणुध्वम्-સારી રીતે નિયત કરે અને જેમ वातः-વાયુની સમાન विष्णुः-ગુણ વ્યાપ્તિશીલ ऋभुक्षाः-મેધાવી હું सुम्नाम्-સુખને માટે देवान्-વિદ્વાનોને अच्छ, ववृतीय-સમ્યક્ વર્તન કરાવું; તેમ તમે पूषणम्-પુષ્ટિ કરનારાઓને प्रो-ઉત્તમતાથી નિયત કરો. (૧૦)

*ભાવાર્થ : જેઓ રાગ અને દ્વેષથી રહિત, વિદ્યા અને પ્રચારમાં પ્રેમ રાખનાર, શરીર અને આત્માનાં પૂર્ણ બળથીયુક્ત અને ધાર્મિક વિદ્વાન છે, તેઓને સર્વ લોકો વિદ્યાના પ્રચાર માટે રાખે, જેથી સુખની વૃદ્ધિ થાય. (૧૦)*

**इ॒यं सा वो॑ अ॒स्मे दीधि॑तिर्यजत्रा अपि॒प्राणी॑ च॒ सद॑नी च भूयाः।**

**नि या दे॒वेषु॒ यत॑ते वसू॒युर्वि॒द्याम॒ेषं॑ वृ॒जनं॑ जी॒रदा॑नुम्॥ ११॥**

પદાર્થ : હે यजत्राः-વિદ્વાનોને પૂજનારા ! या-જે वसूयुः-ધનને ઇચ્છનારી અર્થાત્ જેનાથી ધન આદિ ઉત્તમ પદાર્થ સિદ્ધ થાય છે, તે વિદ્યાની ઉત્તમ દીપ્તિ-કાન્તિ देवेषु-વિદ્વાનોમાં नि, यतते-નિરંતર

યત્ન કરે છે, કાર્યકારિણી હોય છે. सा, इयम्-તે એ वः-તમારી दीधितिः-ઉક્તિ કાન્તિ अस्मे-અમારા માટે अपिप्राणी-નિશ્ચિત પ્રાણ-બળને આપનાર च-અને सदनी-દુઃખ વિનાશથી સુખ આપનારી च-પણ भूयाः-બને, જેથી અમે इषम्-ઈચ્છાસિદ્ધિ વા અન્નાદિ પદાર્થ, वृजनम्-બળ અને जीरदानुम्-જીવનને विद्याम-પ્રાપ્ત કરીએ. (૧૧)

*ભાવાર્થ : વિદ્યા જ મનુષ્યને સુખપ્રદા છે. જેણે વિદ્યારૂપી ધન પ્રાપ્ત કરેલ નથી, તે અંદરથી સદા દરિદ્ર જેમ જ રહે છે. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૬)

## સૂક્ત-૧૮૭

पितुं नु स्तोषं महो धर्माणं तविषीम्।
यस्य त्रितो व्योजसा वृत्रं विपर्वमर्दयत्॥ १॥

પદાર્થ : यस्य-જેના त्रितः-મન, વચન, કર્મથી वि, ओजसा-વિવિધ પ્રકારના પરાક્રમથી विपर्वम्-વિવિધ પ્રકારના અંગ અને ઉપાંગોથી પૂર્ણ वृत्रम्-સ્વીકાર કરવા યોગ્ય ધનને अर्दयत्-પ્રાપ્ત કરે, તેને માટે नु-શીઘ્ર पितुम्-અન્ન महः-બહુ જ धर्माणम्-ધર્મ કરનારા અને तविषीम्-બળની હું स्तोषम्-પ્રશંસા કરું. (૧)

*ભાવાર્થ : જેઓ પુષ્કળ અન્ન લઈને, સુસંસ્કૃત કરીને, તેના ગુણોને જાણીને અને યથાયોગ્ય બીજા દ્રવ્ય સાથે સંયુક્ત કરીને ખાય છે, તેઓ ધર્માચરણશીલ બનીને શારીરિક અને આત્મિક બળ પ્રાપ્ત કરીને પુરુષાર્થ દ્વારા લક્ષ્મીની વૃદ્ધિ કરી શકે છે. (૧)*

स्वादो पितो मधो पितो वयं त्वा ववृमहे। अस्माकमविता भव॥ २॥

પદાર્થ : હે પરમાત્મન્ ! આપના રચેલ स्वादो-સ્વાદિષ્ટ पितो-પીવા યોગ્ય જળ તથા मधो-મધુર पितो-પાલન કરનાર त्वा-તે અન્નને वयम्-અમે ववृमहे-સ્વીકાર કરીએ છીએ. એથી આપ તે અન્નપાનના દાનથી अस्माकम्-અમારી अविता-રક્ષા કરનારા भव-થાઓ. (૨)

*ભાવાર્થ : મનુષ્યોએ, મધુર આદિ રસોનાં યોગથી સ્વાદિષ્ટ અન્ન અને વ્યંજનને આયુર્વેદની રીતે બનાવીને સદા ખાવા જોઈએ, જે રોગનાશક હોવાથી આયુવર્ધક હોવાના કારણે રક્ષક બને. (૨)*

उप नः पितवा चर शिवः शिवाभिरूतिभिः।
मयोभुरद्विषेण्यः सखा सुशेवो अद्वयाः॥ ३॥

પદાર્થ : હે पितो-અન્ન વ્યાપી પરમાત્મન્ ! मयोभुः-સુખની ભાવના કરનારા अद्विषेण्यः-નિર્વૈર सुशेवः-સુંદર સુખયુક્ત अद्वयाः-જેમાં દ્વન્દ્વભાવ નથી सखा-જે મિત્ર આપ शिवाभिः-સુખકારિણી

ऊतिभिः-રક્ષા આદિ ક્રિયાઓની સાથે नः-અમારા માટે शिवः-સુખાકારી उप, आ, चर-સમીપ સારી રીતે પ્રાપ્ત થાઓ. (૩)

*ભાવાર્થ : અન્નાદિ અને પદાર્થોમાં વ્યાપક પરમેશ્વર આરોગ્યદાયિની રક્ષણરૂપી ક્રિયાઓથી સર્વના મિત્ર ભાવનું પાલન કરીને સર્વના સખા = મિત્ર છે જ. (૩)*

**तव त्ये पितो रसा रजांस्यनु विष्ठिताः। दिवि वाताइव श्रिताः॥ ४॥**

પદાર્થ : હે पितो-અન્ન વ્યાપિન્ પરમાત્મન્ ! तव-તે અન્નમાં જે रसाः-મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત, કષાય આદિ છ પ્રકારનો રસ दिविः-અન્તરિક્ષમાં वाताइव-વાયુની સમાન श्रिताः-આશ્રયને પ્રાપ્ત થઈ રહેલ છે, त्ये-તે रजांसि-લોક-લોકાન્તરોમાં अनु, विष्ठिताः-પાછળથી પ્રવિષ્ટ થાય છે. (૪)

*ભાવાર્થ : આ સંસારમાં પરમાત્માની વ્યવસ્થાથી લોક-લોકાન્તરોમાં ભૂમિ, જળ અને વાયુને અનુરૂપ રસ આદિ થાય છે. પરંતુ સર્વ પદાર્થો સર્વત્ર થતા નથી, એ અભિપ્રાય છે. (૪)*

**तव त्ये पितो ददतस्तव स्वादिष्ठ ते पितो।**

**प्र स्वाद्मानो रसानां तुविग्रीवाइवेरते॥ ५॥**

પદાર્થ : હે पितो-અન્ન વ્યાપી પાલક પરમાત્મન્ ! ददतः-આપીને तव-આપનો જે અન્ન વા त्ये-તે પૂર્વોક્ત રસ છે.

હે स्वादिष्ठ-અત્યંત મધુરતાયુક્ત पितो-પાલક અન્ન વ્યાપક પરમાત્મન્ ! तव-આપના તે અન્ન સહિત ते-તે રસ रसानाम्-મધુરાદિ રસોમાં स्वाद्मानः-અત્યંત સ્વાદિષ્ટ तुविग्रीवाइव-જેની પ્રબળ ગ્રીવા તે જીવોની સમાન प्रेरते-પ્રેરિત કરતા અર્થાત્ જીવોને પ્રીતિ ઉત્પન્ન કરાવે છે. (૫)

*ભાવાર્થ : સમસ્ત પદાર્થોમાં વ્યાપક પરમાત્મા જ સર્વને અન્ન આદિ પદાર્થો આપે છે, તેઓના રચેલા જે પદાર્થો પોતાના ગુણો અનુસાર કોઈ સ્વાદિષ્ટ કોઈ સ્વાદુત્તર છે, તેમ સર્વએ જાણવું જોઈએ. (૫)*

**त्वे पितो महानां देवानां मनो हितम्।**

**अकारि चारु केतुना तवाहिमवसावधीत्॥ ६॥**

પદાર્થ : હે पितो-અન્નવ્યાપી પાલક ઈશ્વર ! तव-જે આપની अवसा-રક્ષા આદિથી સૂર્ય अहिम्-મેઘનો अवधीत्-નાશક છે, તે આપના केतुना-વિજ્ઞાનથી જે चारु-શ્રેષ્ઠતર अकारि-કરવામાં આવે છે, તે महानाम्-મહાત્મા પૂજ્ય देवानाम्-વિદ્વાનોનું मनः-મન त्वे-આપમાં हितम्-ધૃત છે. વા પ્રસન્ન છે. (૬)

*ભાવાર્થ : જો અન્ન-ભોજન ન ખાવામાં આવે, તો મન અન્નમય હોવાના કારણે, કોઈનું પણ મન પ્રસન્ન થાય નહિ. તેથી જેની ઉત્પત્તિને માટે મેઘ નિમિત્ત છે, તે અન્નને સારી રીતે સંસ્કૃત (કરીને) ખાવું જોઈએ. (૬)*

यद॒दो पि॑तो॒ अज॑गन्वि॒वस्व॒ पर्व॑तानाम्।
अत्रा॑ चिन्नो मधो पि॒तोऽरं॑ भ॒क्षाय॑ गम्याः॥ ७॥

પદાર્થ : હે पितो-અન્ન વ્યાપિન્ પરમેશ્વર ! यत्-જે अदः-પ્રત્યક્ષ અન્નને વિદ્વાનજન अजगन्-પ્રાપ્ત થાય છે તેમાં विवस्व-વ્યાપ્તિમાન થાઓ.

હે मधो-મધુર पितो-પાલક અન્નદાતા ઈશ્વર ! अत्र, चित्-એ पर्वतानाम्-મેઘોને પણ જે અન્નના નિમિત્ત કહેલ છે. नः-અમને भक्षाय-ભક્ષણ કરવા માટે અન્નને अरम्-પરિપૂર્ણ गम्याः-પ્રાપ્ત કરાવો. (૭)

*ભાવાર્થ : સર્વ પદાર્થોમાં વ્યાપ્ત પરમેશ્વરને ભોજન આદિના સમયે (મનુષ્યો) સારી રીતે સ્મરણ કરે. જે પરમાત્માની કૃપાથી અનેક પ્રકારનું અન્ન સર્વત્ર દિશા, દેશ અને કાળને અનુકૂળ છે, તે પરમાત્માનું જ સ્મરણ કરીને સર્વ પદાર્થો ગ્રહણ કરવા જોઈએ. (૭)*

यद॒पामोष॑धीनां परि॒ंशमा॑रि॒शाम॑हे। वाता॑पे॒ पीव॒ इद्भ॑व॥ ८॥

પદાર્થ : હે वातापे-વાયુની સમાન સર્વ પદાર્થ વ્યાપક પરમેશ્વર ! અમે अपाम्-જળ અને ओषधीनाम्-સોમ આદિ ઓષધિઓના यत्-જે परिंशम्-સર્વત્રથી પ્રાપ્ત થનાર અંશ आरिशामहे-સારી રીતે (પ્રાપ્ત) થાય છે, તેથી આપ पीवः-ઉત્તમ વૃદ્ધિકારક इत्-જ भव-થાઓ. (૮)

*ભાવાર્થ : જળ, અન્ન અને ઘૃતથી સંસ્કારના દ્વારા ઉત્તમ અન્ન અને વ્યંજન બનાવીને તેને ખાનારા લોકો ઉચિત આહાર-વિહારથી પુષ્ટ બની શકે છે. (૮)*

यत्ते॑ सोम॒ गवा॑शिरो॒ यवा॑शिरो॒ भजा॑महे। वाता॑पे॒ पीव॒ इद्भ॑व॥ ९॥

પદાર્થ : હે सोम-જળ આદિ ઓષધિ રસવ્યાપી ઈશ્વર ! गवाशिरः-ગોરસથી બનાવેલ વા यवाशिरः-જવ આદિ ઓષધિઓના સંયોગથી સંસ્કૃત = બનાવેલ ते-તે અન્નના यत्-જે સેવનીય અંશનું અમે भजामहे-સેવન કરીએ છીએ તેથી હે वातापे-વાયુની સમાન સર્વ પદાર્થોમાં વ્યાપક પરમેશ્વર ! पीवः-ઉત્તમ વૃદ્ધિદાયક इत्-જ भव-થાઓ. (૯)

*ભાવાર્થ : જેમ લોકો અન્ન આદિ પદાર્થોમાં તે-તેની પાક ક્રિયાને અનુકૂળ સર્વ સંસ્કારો કરે છે, તેમ જ રસોને પણ રસયોગ્ય સંસ્કારોથી તૈયાર કરે. (૯)*

क॒र॒म्भ ओ॑षधे भव॒ पीवो॑ वृ॒क्क उ॑दार॒थिः। वाता॑पे॒ पीव॒ इद्भ॑व॥ १०॥

પદાર્થ : હે ओषधे-ઓષધિ વ્યાપી પરમેશ્વર ! આપ करम्भः-કર્તા = કરનારા उदारथिः-જઠરાગ્નિના પ્રદીપક वृक्कः-રોગીઓનો વર્જન કરાવનાર અને पीबः-ઉત્તમ વૃદ્ધિ કરાવનાર भव-થાઓ.

હે वातापे-વાયુની સમાન સર્વ વ્યાપક પરમાત્મન્ ! આપ पीवः-ઉત્તમ વૃદ્ધિદાયક इत्-જ भव-થાઓ. (૧૦)

*ભાવાર્થ : જેમ સંયમી મનુષ્ય શુભ આચરણથી શરીર અને આત્માને બળવાન બનાવે છે, તેમ સંયમથી સર્વ પદાર્થોને સર્વ લોકો વર્તે. (૧૦)*

**तं त्वा॑ व॒यं पि॑तो॒ वचो॑भि॒र्गावो॒ न ह॒व्या सु॑षूदिम।**

**दे॒वेभ्य॑स्त्वा सध॒माद॑म॒स्मभ्यं॑ त्वा सध॒माद॑म्॥ ११॥**

પદાર્થ : હે પિતો-અન્ન વ્યાપી પરમેશ્વર ! તમ્-તે પૂર્વોક્ત ત્વા-આપનો આશ્રય કરીને વચોભિઃ-સ્તુતિ વાક્યો-પ્રશંસાઓથી ગાવઃ-દૂઝણી ગાયો ન-જેમ દૂધ, દહીં ઘી આદિ પદાર્થો આપે છે, તેમ તે અન્નથી વયમ્-અમે જેમ હવ્યા-ભોજન કરવા યોગ્ય પદાર્થોનો સુષૂદિમ-સાર ભાગ કાઢીએ તથા અમે દેવેભ્યઃ-વિદ્વાનોની સધમાદમ્-સાથે આનંદદાયક ત્વા-આપનો વિદ્વાનજન આશ્રય કરે. (૧૧)

*ભાવાર્થ : જેમ ગાય આદિ ઘાસ ખાઈને રત્ન સમાન દૂધ આપે છે, તેમ અન્ન આદિ પદાર્થોથી શ્રેષ્ઠતર ભાગ (= સાર) કાઢવો જોઈએ.*

*જે પોતાના સાથીઓનો અન્ન આદિથી સત્કાર કરે છે અને પરસ્પર આનંદની અભિલાષાથી પરમાત્માનો આશ્રય કરે છે, તેઓ પ્રશંસિત બને છે. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં અન્નના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૭)

## સૂક્ત-૧૮૮

**समि॑द्धो अ॒द्य रा॑जसि दे॒वो दे॒वैः स॑हस्रजित्। दू॒तो ह॒व्या क॒विर्व॑ह॥ १॥**

પદાર્થ : હે સહસ્રજિત્-હજારો શત્રુઓને જીતનાર રાજન્ ! સમિદ્ધઃ-સળગતી પ્રકાશયુક્ત અગ્નિ સમાન પ્રકાશમાન દેવૈઃ-વિજય ઇચ્છતા વીરોની સાથે દેવઃ-વિજય ઇચ્છનાર અને દૂતઃ-શત્રુઓના ચિત્તોને સંતાપ આપનાર કવિઃ-પ્રબળ જ્ઞાનવાન આપ અદ્ય-આજ રાજસિ-અધિકતર શોભાયમાન થઈ રહ્યા છો, તે આપ હવ્યા-ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને વહ-પ્રાપ્ત કરો. (૧)

*ભાવાર્થ : જે અગ્નિની સમાન દુષ્ટોને સંતપ્ત કરે છે, સજ્જનોના સંગથી શત્રુઓને જીતે છે અને વિદ્વાનોની સંગતિથી બુદ્ધિમાન બનીને પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુઓને પ્રાપ્ત કરે છે, તે (રાજા) રાજ્ય કરવા યોગ્ય બને છે. (૧)*

**तनू॑नपादृ॒तं य॒ते मध्वा॑ य॒ज्ञः सम॑ज्यते। दध॑त्सह॒स्रिणी॒रिषः॑॥ २॥**

પદાર્થ : જે સહસ્રિણીઃ-હજારો ઇષઃ-અન્નાદિ પદાર્થોને દધત્-ધારણ કરીને તનૂનપાત્-શરીરોનું પતન ન કરનાર-નાશ ન કરનાર અર્થાત્ પાલનહાર યજ્ઞઃ-પદાર્થોમાં સંયુક્ત કરવા યોગ્ય અગ્નિ ઋતમ્-યજ્ઞ સત્ય વ્યવહારમાં અને જળ આદિ પદાર્થને મધ્વા-મધુરતા આદિની સાથે યતે-પ્રાપ્ત થતા જનને

માટે समज्यते-સમ્યક્ પ્રકટ થાય છે, તેને સર્વ સિદ્ધ કરે. (૨)

*ભાવાર્થ : જે કર્મથી અતુલ ધન-ધાન્ય પ્રાપ્ત થાય છે, તેનું અનુષ્ઠાન મનુષ્યો નિરંતર કરે. (૨)*

आजुह्वानो न ईड्यो देवाँ आ वक्षि यज्ञियान्। अग्ने सहस्रसा असि॥ ३॥

પદાર્થ : હે अग्ने-અગ્નિ સમાન વર્તમાન વિદ્વાન્ ! જે કારણે અમારાથી જે રીતે आजुह्वानः-હોમને પ્રાપ્ત ईड्योः-શોધવા યોગ્ય सहस्रसाः-હજારો પદાર્થોનો વિભાગ કરનાર અગ્નિ છે, તેમ આમંત્રણથી બોલાવેલને પ્રાપ્ત સ્તુતિ-પ્રશંસાને યોગ્ય હજારો પદાર્થોને આપનાર असि-છો; એથી नः-અમારા यज्ञियान्-યજ્ઞ સિદ્ધ કરાવનાર देवान्-વિદ્વાન વા દિવ્યગુણોને आ, वक्षि-સમ્યક્ પ્રાપ્ત કરાવે છે. (૩)

*ભાવાર્થ : જેમ ગુણ, કર્મ, સ્વભાવ અનુસાર સમ્યક્ સેવન કરેલ અગ્નિ અનેક કાર્યોને સિદ્ધ કરે છે, તેમ સેવા કરેલ આપ્ત વિદ્વાન સર્વ શુભ ગુણોને તથા કાર્યોની સિદ્ધિને પ્રાપ્ત કરે છે. (૩)*

प्राचीनं बर्हिरोजसा सहस्रवीरमस्तृणन्। यत्रादित्या विराजथ॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! यत्र-જે સનાતન કારણમાં आदित्याः-સૂર્યાદિ લોક ओजसा-પરાક્રમ વા પ્રતાપથી सहस्रवीरम्-હજારો જેમાં વીર તે प्राचीनम्-પુરાતન बर्हिः-સારી રીતે વર્ધિત તેજ સમાન વિજ્ઞાનનું अस्तृणन्-આચ્છાદન કરે છે-ઢાંકે છે, ત્યાં તમે विराजथ-વિશેષતાથી પ્રકાશિત થાઓ. (૪)

*ભાવાર્થ : જે સનાતન કારણમાં સૂર્ય આદિ લોક પ્રકાશિત થાય છે, ત્યાં તમે અને અમે પ્રકાશિત થઈએ છીએ. (૪)*

विराट् सम्राड्विभ्वीः प्रभ्वीर्बह्वीश्च भूयसीश्च याः। दुरो घृतान्यक्षरन्॥ ५॥

પદાર્થ : હે વિદ્વાન્ ! विराट्-જે વિવિધ પ્રકારના ગુણો અને કર્મોમાં પ્રકાશમાન વા सम्राट्-જે ચક્રવર્તીની સમાન વિદ્યાઓમાં સુંદરતાથી પ્રકાશમાન તે આપ याः-જે विभ्वीः-વ્યાપ્ત થનારી प्रभ्वीः-સમર્થ ह्वीः-બહુ જ અનેક भूयसीः च-અને અધિકથી અધિક સૂક્ષ્મ માત્રા दुरः-દ્વારે અર્થાત્ સર્વ કાર્યો સુખોને તથા घृतानि, च-જળોને अक्षरन्-પ્રાપ્ત થાય છે, તેને જાણો. (૫)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે સંપૂર્ણ જગતની અનેક તત્ત્વોથી ભરપૂર ત્રણ ગુણવાળી માત્રાઓ (કારણભૂત સૂક્ષ્મ પંચ તન્માત્રાઓ) નિત્ય રૂપથી સદા વર્તમાન રહે છે, તેનાથી લઈને પૃથિવી સુધીના પદાર્થોને વિશેષ રૂપથી જાણીને સમસ્ત કાર્યો સિદ્ધ કરવા જોઈએ. (૫)*

सुरुक्मे हि सुपेशसाधि श्रिया विराजतः। उषासावेह सीदताम्॥ ६॥

પદાર્થ : હે અધ્યાપકો અને ઉપદેશકો ! જેમ इह-આ કાર્ય-કારણ વિદ્યામાં सुरुक्मे-સુંદર રમણીય सुपेशसा-પ્રશંસિત સ્વરૂપ કાર્યકારણ श्रिया-શોભાથી अधि, विराजतः-દેદીપ્યમાન થાય છે, हि-તેને

જાણીને उषासौ-રાત-દિવસની સમાન આપ લોકો પરોપકારમાં आ, सीदताम्-સારી રીતે સ્થિર થાઓ. (૬)

*ભાવાર્થ : જેઓ આ સંસારમાં વિદ્યા અને સુશિક્ષા પ્રાપ્ત કરીને કાર્યજ્ઞાનપૂર્વક કારણજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેઓ સૂર્ય અને ચંદ્રમાની સમાન પરોપકારમાં રત રહે છે. (૬)*

**प्रथमा हि सुवाचसा होतारा दैव्या कवी। यज्ञं नो यक्षतामिमम्॥ ७॥**

પદાર્થ : હે મનુષ્યો ! हि-જે કારણે होतारा-ગ્રહણકર્તા, दैव्या-દિવ્ય બોધમાં કુશળ, प्रथमा-પ્રથમ વિદ્યાબળના વર્ધક, सुवाचसा-જેના સુંદર વચન कवी-જે સમગ્ર વિદ્યાનો જ્ઞાતા અધ્યાપકો અને ઉપદેશકો છે, તેઓ नः-અમારા इमम्-આ પ્રત્યક્ષતાથી વર્તમાન यज्ञम्-ધનાદિ પદાર્થોનો સંગમ = મેળ કરાવનાર વા વ્યવહારનો यक्षताम्-સંગ કરાવે. (૭)

*ભાવાર્થ : આ સંસારમાં જેઓ જેનો ઉપકાર કરે છે, તેઓ તેના સત્કારને યોગ્ય બને છે. (૭)*

**भारतीळे सरस्वति या वः सर्वा उपब्रुवे। ता नश्चोदयत श्रिये॥ ८॥**

પદાર્થ : હે भारति-સમસ્ત વિદ્યા ધારણ કરનારી વા इळे-હે પ્રશંસાવતી વા सरस्वति-હે વિજ્ઞાન અને ઉત્તમ ગતિવાળી ! याः-જે वः-તમે सर्वाः-સર્વની સમીપમાં उपब्रुवे-ઉપયોગ કરનારા વચનનો ઉપદેશ કરું, ताः-તે તમે नः-અમને श्रिये-લક્ષ્મી પ્રાપ્ત કરવાને-થવાને માટે चोदयत-પ્રેરણા આપો-પ્રેરિત કરો. (૮)

*ભાવાર્થ : જે પ્રશંસિત સૌંદર્યવાળી, શુભ લક્ષણોવાળી અને પ્રશંસનીય શાસ્ત્રોના વિજ્ઞાનમાં નિમગ્ન રહેનારી કન્યાઓ હોય, તે પાણિગ્રહણ કરવાની યોગ્યતાવાળા પતિઓને પ્રાપ્ત કરીને ધર્મપૂર્વક ધન આદિ પદાર્થોની ઉન્નતિ કરે. (૮)*

**त्वष्टा रूपाणि हि प्रभुः पशून्विश्वान्त्समानजे।**
**तेषां नः स्फातिमा यज॥ ९॥**

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ त्वष्टा-સર્વ જગતનું નિર્માણ કરનાર प्रभुः-સમર્થ ઈશ્વર हि-જ विश्वान्-સમસ્ત पशून्-ગાય આદિ પશુઓ અને रूपाणि-સમસ્ત વિવિધ પ્રકારથી સ્થૂલ વસ્તુઓને समानजे-સમ્યક્ પ્રકટ કરે છે અને तेषाम्-તેઓની स्फातिम्-વૃદ્ધિને પ્રકટ કરે છે, તેમ આપ नः-અમારી વૃદ્ધિને आ, यज-સમ્યક્ પ્રાપ્ત કરો. (૯)

*ભાવાર્થ : જેમ ઈશ્વરે ઈન્દ્રિયોથી અગ્રાહ્ય તથા અતિ સૂક્ષ્મ કારણ (= પ્રકૃતિ) થી વિચિત્ર સૂર્ય, ચંદ્ર, પૃથિવી, ઔષધિ અને મનુષ્ય શરીરોના અવયવ આદિની રચના કરેલ છે, તેમ મનુષ્યોએ આ સૃષ્ટિના ગુણ, કર્મ અને સ્વભાવોના ક્રમથી અનેક વ્યવહારોને સિદ્ધ કરનારા પદાર્થો બનાવવા જોઈએ. (૯)*

**उप त्मन्या वनस्पते पाथो देवेभ्यः सृज। अग्निर्हव्यानि सिष्वदत्॥ १०॥**

પદાર્થ : હે वनस्पते ! વનોના પાલક ! त्मन्या-પોતાનામાં ઉત્તમ ક્રિયાથી જેમ अग्निः-અગ્નિ

देवेभ्यः-વિદ્વાન વા દિવ્યગુણોને માટે हव्यानि-ભોજન કરવા યોગ્ય પદાર્થોને सिष्वदत्-સ્વાદિષ્ટ કરે છે, તેમ આપ વિદ્વાન વા દિવ્ય ગુણોને માટે पाथः-અન્નને उप, सृज-તેઓને માટે આપો. (૧૦)

*ભાવાર્થ : જેઓ વન આદિની રક્ષાના દ્વારા ઘાસ અને ઔષધિની વૃદ્ધિ કરે છે, તેઓ સર્વનો ઉપકાર કરવા યોગ્ય બને છે. (૧૦)*

**पुरोगा अग्निर्देवानां गायत्रेण समज्यते। स्वाहाकृतीषु रोचते॥ ११॥**

પદાર્થ : જેઓ પરોપકારી જન છે, તેઓ જેમ देवानाम्-દિવ્યગુણ વા પૃથિવી આદિમાં पुरोगाः-અગ્રગામી अग्निः-અગ્નિ गायत्रेण-ગાયત્રી છંદથી કહેલ બોધથી स्वाहाकृतीषु-સ્વાહા શબ્દથી જે વ્યવહારોમાં ક્રિયાઓ થાય છે તેમાં समज्यते-પ્રકટ કરવામાં આવે છે એને તે रोचते-પ્રદીપ્ત થાય છે, તેમ અગ્રગામી બનીને સર્વત્ર સત્કારને પ્રાપ્ત થાય છે. (૧૧)

*ભાવાર્થ : જો મનુષ્યો અગ્નિપ્રધાન દિવ્ય પદાર્થોનો, વ્યવહારની સિદ્ધિને માટે સમ્યક્ પ્રયોગ કરે, તો તેઓ ઐશ્વર્ય સંપન્ન બનીને માનનીય બની જાય છે, એમ જાણવું જોઈએ. (૧૧)*

સંગતિ : આ સૂક્તમાં અગ્નિના દ્રષ્ટાન્તથી રાજા, અધ્યાપક, ઉપદેશક, સ્ત્રી પુરુષ ઈશ્વર અને દાતાના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૮)

## સૂક્ત-૧૮૯

**अग्ने नय सुपथा राये अस्मान्विश्वानि देव वयुनानि विद्वान्।**
**युयोध्य१स्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नमउक्तिं विधेम॥ १॥**

પદાર્થ : હે देव-મનોહર આનંદપ્રદ अग्ने-સ્વપ્રકાશ સ્વરૂપેશ્વર विद्वान्-સમગ્ર શાસ્ત્રવેત્તા ! આપ अस्मान्-અમને અર્થાત્ મોક્ષ ઈચ્છુકજનોને राये-ધનાદિની પ્રાપ્તિને માટે सुपथा-ધર્મયુક્ત સરળ માર્ગ દ્વારા विश्वानि-સમસ્ત वयुनानि-પ્રજ્ઞાઓને नय-પ્રાપ્ત કરાવો. जुहुराणम्-કુટિલ ગતિજન્ય एनः-પાપને अस्मत्-અમારાથી युयोधि-પૃથક્ કરો. જેથી અમે ते-આપની भूयिष्ठाम्-અધિકતર नमउक्तिम्-સત્કારની સાથે સ્તુતિનું विधेम-વિધાન કરીએ. (૧)

*ભાવાર્થ : મનુષ્યોએ, ધર્મ અને વિજ્ઞાનની માર્ગની પ્રાપ્તિ માટે અને અધર્મની નિવૃત્તિ માટે પરમેશ્વરની સારી રીતે પ્રાર્થના કરવી જોઈએ.*

*સદા ઉત્તમ માર્ગથી જવું જોઈએ અર્થાત્ અધર્મ-યુક્ત માર્ગથી પૃથક્ રહેવું જોઈએ.*

*જેમ વિદ્વાનજનો ઈશ્વરમાં પરમ અનુરાગ રાખે છે, તેમ અન્યોએ પણ રાખવો જોઈએ. (૧)*

**अग्ने त्वं पारया नव्यो अस्मान्त्स्वस्तिभिरति दुर्गाणि विश्वा।**

पूश्च पृथ्वी बहुला न उर्वी भवा तोकाय तनयाय शं योः॥ २॥

પદાર્થ : હે अग्ने-પરમેશ્વર त्वम्-આપ स्वस्तिभिः-સુખોથી अस्मान्-અમને विश्वा-સમસ્ત अति, दुर्गाणि-અત્યંત દુર્ગ-દુઃખ વ્યવહારોથી पारय-પાર કરો.

જેમ नव्यः-નવીન વિદ્વાન અને पूः-પુરરૂપ बहुला-બહુ જ પદાર્થોને લેનારી उर्वी-વિસ્તૃત पृथिवी, च-ભૂમિ પણ છે, તેમ नः-અમારા तोकाय-અત્યંત નાના અને तनयाय-થોડા મોટા બાળકોને માટે शं, योः-સુખને પ્રાપ્ત કરાવનાર भव-થાઓ. (૨)

*ભાવાર્થ : જેમ પરમેશ્વર પુણ્યાત્મા લોકોને દુષ્ટાચરણથી પૃથક્ રાખે છે અને પૃથિવીની સમાન તેઓનું પાલન કરે છે, તેમ વિદ્વાન સર્વ શુભ કર્મો કરનારાઓને દુષ્ટાચરણથી પૃથક્ કરીને ઉત્તમ વ્યવહાર દ્વારા તેઓની રક્ષા કરે છે. (૨)*

अग्ने त्वमस्मद्युयोध्यमीवा अनग्नित्रा अभ्यमन्त कृष्टीः।

पुनरस्मभ्यं सुविताय देव क्षां विश्वेभिरमृतेभिर्यजत्र॥ ३॥

પદાર્થ : હે यजत्र-સંગ કરતા देव-કામના કરનારા अग्ने-ઈશ્વરની સમાન વિદ્વાન વૈદ્યજન ! त्वम्-આપ જે अनग्नित्राः-એવા છો કે જો તેની સાથે જ્વર ન વિદ્યમાન હોય, તો અવિદ્યમાન જ્વરથી શરીરની રક્ષા કરનાર છો. (અર્થાત્ રોગરહિત-સ્વસ્થના સ્વાસ્થ્યની રક્ષા કરનાર છો.)

તે अमीबाः-રોગ कुष्टीः-મનુષ્યોને अभ्यमन्त-સર્વત્રથી રોગી બનાવીને કષ્ટ આપે છે, તેને अस्मत्-અમારાથી युयोधि-પૃથક કરો. पुनः-પશ્ચાત્ विश्वेभिः-સમસ્ત अमृतेभिः-અમૃતરૂપ ઔષધિઓથી अस्मभ्यम्-અમારા માટે सुविताय-ઐશ્વર્ય પ્રાપ્ત થવા માટે क्षाम्-પૃથિવીનું રાજ્ય પ્રાપ્ત કરાવો. (૩)

*ભાવાર્થ : જેમ ઈશ્વર વેદ દ્વારા અવિદ્યારૂપી રોગોથી મનુષ્યોને પૃથક્ કરે છે, તેમ સદ્ વૈદ્ય મનુષ્યોને રોગોથી નિવૃત્ત કરીને અમૃતરૂપી ઔષધોથી તેઓની વૃદ્ધિ કરીને ઐશ્વર્યને પ્રાપ્ત કરાવે છે. (૩)*

पाहि नो अग्ने पायुभिरजस्त्रैरुत प्रिये सदन आ शुशुक्वान्।

मा ते भयं जरितारं यविष्ठ नूनं विदन्मापरं सहस्वः॥ ४॥

પદાર્થ : હે अग्ने-અગ્નિની સમાન વિદ્વાન્ ! शुशुक्वान्-વિદ્યા અને વિનયથી પ્રકાશને પ્રાપ્ત अजस्त्रैः-નિરંતર पायुभिः-રક્ષાના ઉપાયોથી प्रिये-મનોહર सदने-સ્થાન उत-વા શરીરમાં વા બહાર नः-અમારું आ, पाहि-સમ્યક્ પાલન કરો. જેથી હે यविष्ठ-અત્યંત યુવાવસ્થાવાળા सहस्वः-સહનશીલ વિદ્વાન્ ! ते-આપની जरितारम्-સ્તુતિ કરનારાઓને भयम्-ભય मा, विदत्-પ્રાપ્ત થાય નહિ. नूनम्-નિશ્ચયથી अपरम्-અન્યોને ભય मा-પ્રાપ્ત થાય નહિ. (૪)

*ભાવાર્થ : त एव 'प्रशंसनीयां' તેઓ જ 'પ્રશંસનીય' મનુષ્યો છે, જે નિરંતર પ્રાણીઓની રક્ષા કરે છે અને કોઈને માટે પણ ભય અથવા નિર્બળતા ઉત્પન્ન કરતા નથી. (૪)*

मा नो॑ अ॒ग्नेऽव॑ सृजो अ॒घाया॑वि॒ष्यवे॑ रि॒पवे॑ दु॒च्छुना॑यै।
मा द॒त्वते॒ दश॑ते॒ माद॒ते नो॒ मा रीष॑ते सहसाव॒न्परा॑ दाः॥ ५॥

પદાર્થ : હે अग्ने-વિદ્વાન્ ! આપ नः-અમને अघाय-પાપીજનથી अविष्यवे-વા જે ધર્મમાં વ્યાપ્ત નથી, તે रिपवे-શત્રુઓ અથવા दुच्छुनाऐ-જેની દુષ્ટ ગતિ ચાલ-ચલગત છે તેનાથી मावसृजः-સંયોજો નહિ (ભેટો કરાવો નહિ).

હે सहसावन्-બહુ જ બળ વા બહુ જ સહનશીલતાયુક્ત વિદ્વાન दत्वते-દાંતોવાળા અને दशते-દાઢોથી વિદીર્ણ કરનારાને मा-નહિ તથા अदते-દાંતોરહિત દુષ્ટને માટે मा-નહિ અને रिषते-હિંસા કરનારાઓને માટે नः-અમને मा, परा, दाः-ન દૂર કરો અર્થાત્ ન અલગ કરી તેઓને આપો. (૫)

*ભાવાર્થ : મનુષ્યોએ; વિદ્વાન, રાજા, અધ્યાપક અને ઉપદેશકોના પ્રતિ આ રીતે પ્રાર્થના કરવી જોઈએ, કે આપ લોકો દુર્વ્યસન અને દુષ્ટસંગને માટે અમને પ્રેરિત કરો નહિ, પરંતુ સદા શ્રેષ્ઠ આચરણ, ધર્મમાર્ગ અને સત્સંગમાં અમને સંયુક્ત કરો-જોડો. (૫)*

वि घ॑ त्वावाँ॑ ऋतजात यंसद् गृ॒णा॒नो अ॑ग्ने त॒न्वे॒३ वरू॑थम्।
विश्वा॑द्रिरि॒क्षोरु॒त वा॑ निनि॒त्सोर॑भि॒ह्रुता॒मसि॒ हि दे॑व विष्पट्॥ ६॥

પદાર્થ : હે ऋतजात्-સત્ય આચાર પ્રસિદ્ધિ પામેલ देव-વિજયના ઈચ્છુક ! अग्ने-વિદ્યુત્ સમાન ચંચળ તાપયુક્ત त्वावान्-તમારી સમાન गृणानः-સ્તુતિ કરીને વિદ્વાન तन्वे-શરીરને માટે वरूथम्-સ્વીકાર કરવા યોગ્ય घ-જ પદાર્થને वि, यंसत्-આપે.

विष्पट्-વ્યાપ્તિમાનોને પ્રાપ્ત થયેલ આપ विश्वात्-સમસ્ત रिरिक्षोः-હિંસા કરવા ઈચ્છતા उत, वा-અથવા निनित्सोः-નિંદા કરવા ઈચ્છનારાથી અલગ આપે हि-એથી આપ अभिह्रुताम-સર્વત્રથી કુટિલ આચરણ કરનારાઓને શિક્ષા આપનાર असि-છો. (૬)

*ભાવાર્થ : જેઓ ગુણ દોષોને જાણનારા અને સત્ય આચરણવાળા જન સર્વ હિંસક, નિંદક અને કુટિલ મનુષ્યોથી પૃથક્ રહે છે, તેઓ સમસ્ત 'भद्रमाप्नुयन्ति' ભદ્ર (= કલ્યાણ)ને પ્રાપ્ત કરી લે છે. (૬)*

त्वं ताँ अ॑ग्न उ॒भया॒न्वि वि॒द्वान्वेषि॑ प्रपि॒त्वे मनु॑षो यजत्र।
अ॒भि॒पि॒त्वे मन॑वे॒ शास्यो॑ भूर्मर्मृ॒जेन्य॑ उ॒शिग्भि॒र्नाक्रः॥ ७॥

પદાર્થ : હે यजत्र-સત્કાર કરવાને યોગ્ય अग्ने-દુષ્ટોને શિક્ષા આપનાર विद्वान् ! વિદ્વાનજન ! જે त्वम्-આપ तान्-તે उभयान्-બન્ને પ્રકારના કુટિલ, નિંદક વા હિંસક मनुषः-મનુષ્યોને प्रपित्वे-ઉત્તમતાથી પ્રાપ્ત સમયમાં वि, वेषि-પ્રાપ્ત થનાર તે આપ अभिपित्वे-સર્વત્રથી પ્રાપ્ત વ્યવહારમાં मनवे-વિચારશીલ મનુષ્યને માટે शास्यः-શિક્ષા કરવા યોગ્ય भूः-થાઓ. અને उशिग्भिः-કામના કરતા જનોથી मर्मजेन्यः-અત્યત અલંકૃત = શોભા કરવા યોગ્ય આપ नाक्रः-દુષ્ટોને ઉલ્લંઘતા નથી, છોડતા નથી અર્થાત્ તેઓની દુષ્ટતાનું નિવારણ કરીને તેઓને શિક્ષા કરો છો. (૭)

*ભાવાર્થ : જે વિદ્વાન મનુષ્યો યથા સંભવ હિંસક, ક્રૂર અને જુગુપ્સુ = ઘૃણા કરનારાઓને પોતાની શક્તિથી મસળીને તથા દૂર કરીને, સત્યની કામના કરનારાઓને પ્રસન્ન કરે છે, તેઓ શાસક બનીને શુદ્ધ થઈ જાય છે. (૭)*

अवोचाम निवचनान्यस्मिन्मानस्य सूनुः सहसाने अग्नौ।
वयं सहस्त्रमृषिभिः सनेम विद्यामेषं वृजनं जीरदानुम्॥ ८॥

પદાર્થ : હે મનુષ્યો ! જે मानस्य-વિજ્ઞાનવાન જનના सूनुः-સંતાન છે તેના પ્રતિ अस्मिन्-આ सहसाने-સહન કરીને अग्नौ-અગ્નિની સમાન વિદ્વાનને માટે निवचनानि-પરીક્ષાથી નિશ્ચિત કરેલ વચનોને જેમ वयम्-અમે अवोचाम-ઉપદેશ કરીએ વા ऋषिभिः-વેદાર્થના જ્ઞાતાથી सहस्त्रम्-અસંખ્ય સુખનું सनेम-સેવન કરીએ વા इषम्-ઈચ્છાસિદ્ધિ, वृजनम्-બળ અને जीरदानुम्-જીવનને विद्याम-પ્રાપ્ત કરીએ, તેમ તમે પણ આચરણ કરો. (૮)

*ભાવાર્થ : જેમ આપ્ત અને શાન્ત ઉપદેશક શ્રોતાઓને સત્ય તત્ત્વોને ઉપદેશ કરીને, સુખી કરે છે (અને) તેઓની સાથે અન્ય પણ વિદ્વાન બની જાય છે, તેમ ઉપદેશ કરીને તથા શ્રવણ કરીને સર્વ લોકો વિદ્યાની વૃદ્ધિ કરે. (૮)*

સંગતિ : આ સૂક્તમાં પરમેશ્વર, વિદ્વાન અને શિક્ષા આપનારના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થની સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૮૯)

## સૂક્ત-૧૯૦

अनर्वाणं वृषभं मन्द्रजिह्वं बृहस्पतिं वर्धया नव्यमर्कैः।
गाथान्यः सुरुचो यस्य देवा आशृण्वन्ति नवमानस्य मर्ताः॥ १॥

પદાર્થ : હે વિદ્વાન ગૃહસ્થ ! देवाः-દાતા मर्त्ताः-મનુષ્ય यस्य-જે नवमानस्य-સ્તુતિ કરવા યોગ્ય सुरुचः-સુંદર ધર્મયુક્ત કામમાં પ્રીતિ રાખનાર गाथान्यः-ધર્મોપદેશોની પ્રાપ્તિ કરનાર અર્થાત્ અન્યોના પ્રતિ કહેવાવાળા સજ્જનોની પ્રશંસા आ, शृण्वन्ति-સર્વત્રથી કરે છે, તે अनर्वाणम्-અનર્વા અર્થાત્ અશ્વની સવારી ન કરતા પરંતુ પગવાળા પ્રત્યેક દેશ ફરવાવાળા वृषभम्-શ્રેષ્ઠ मन्द्रजिह्वम्-હર્ષકારિણી જિહ્વા જેની તે बृहस्पतिम्-અત્યંત શાસ્ત્રબોધની પાલના કરનારા नव्यम्-નવીન વિદ્વાનોની પ્રતિષ્ઠાને પ્રાપ્ત અતિથિઓની अर्कैः-અન્ન, રોટી, દાળ, ભાત આદિ શ્રેષ્ઠતમ પદાર્થોની તેની वर्द्धय-વૃદ્ધિ કરો. ઉન્નતિ કરો, તેની સેવા કરો. (૧)

*ભાવાર્થ : ગૃહસ્થ લોકો જે પ્રશંસિત, ધાર્મિક અને વિદ્વાન અતિથિઓની પ્રશંસા સાંભળે, તેઓને દૂરથી બોલાવીને અતિ પ્રેમથી તેઓને અન્ન, પાન, વસ્ત્ર, ધન આદિથી સન્માનિત કરીને તથા તેનો સંગ કરીને વિદ્યાની વૃદ્ધિ દ્વારા શરીર અને આત્માના બળની વૃદ્ધિ કરીને, ન્યાયપૂર્વક સર્વને સુખમાં સંયુક્ત કરે. (૧)*

तमृत्विया उप वाचः सचन्ते सर्गो न यो देवयतामसर्जि।
बृहस्पतिः स ह्यञ्जो वरांसि विभ्वाभवत्समृते मातरिश्वा॥ २॥

પદાર્થ : यः-જે मातरिश्वा-વાયુની સમાન ऋते-સત્ય વ્યવહારમાં अञ्जः-સર્વને કામના કરવા યોગ્ય बृहस्पतिः-અનન્ત વેદવાણીના પાલક विभ्वा-વ્યાપક પરમાત્માએ બનાવેલ समभवत्-સારી રીતે થાય, અને જે वरांसि-ઉત્તમ કર્મો કરનાર થાય, स, हि-તે જ देवयताम्-પોતાને વિદ્વાન કરનારાઓમાં असर्जि-સિદ્ધ કરવામાં આવે છે. तम्-તેની ऋत्वियाः-જે ઋતુ સમયને યોગ્ય હોય, તે वाचः-વિદ્યા, સુશિક્ષાયુક્ત વાણી सर्गः-સંસારની न-સમાન જ उप, सचन्ते-સંબંધ કરે છે. (૨)

*ભાવાર્થ : જેમ જળ નીચાણવાળા માર્ગથી જઈને નીચેના સ્થાન પર સ્થિર થઈ જાય છે, તેમ જેને વિદ્યા અને શિક્ષા પ્રાપ્ત થાય છે, તે અભિમાન છોડીને તથા વિનમ્ર બનીને વિદ્યાનો ભંડાર બને અને ઉચિત વક્તા તથા પ્રસિદ્ધ બને.*

*જેમ સર્વવ્યાપક ઈશ્વરે યથોચિત રૂપથી અનેક પ્રકારનો સંસાર રચેલ છે, તેમ વિદ્વાનોનું સેવન કરનાર 'વિશ્વકર્મા' અર્થાત્ (પોતાના) સમસ્ત કર્મ કરનાર બની શકે છે. (૨)*

उपस्तुतिं नमस उद्यतिं च श्लोकं यंसत्सवितेव प्र बाहू।
अस्य क्रत्वाहन्यो३ यो अस्ति मृगो न भीमो अरक्षसस्तुविष्मान्॥ ३॥

પદાર્થ : यः-જે नमसः-નમ્ર જનની उपस्तुतिम्-પ્રાપ્ત થયેલી પ્રશંસા उद्यतिम्-પુરુષાર્થ તથા श्लोकम्-સત્યવાણીને તથા सवितेव-સૂર્યથી જેમ જલ ભૂગોળોને, તેમ बाहू, च-પોતાની ભુજાઓને પણ प्रयंसत्-પ્રેરિત કરે, अस्य-આ अरक्षसः-શ્રેષ્ઠ પુરુષની क्रत्वा-ઉત્તમ બુદ્ધિની સાથે જે अहन्यः-દિવસમાં પ્રસિદ્ધ अस्ति-છે, તે मृगः-સિંહની न-સમાન વીર भीमः-ભયંકર तुविष्मान्-બહુ જ જેથી બળવાન વીર પુરુષ વિદ્યમાન હોય, એવો હોય છે.

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે મનુષ્યમાં સૂર્યના પ્રકાશ સમાન વિદ્યા, કીર્તિ, પુરુષાર્થ, બુદ્ધિ અને બળ હોય, તે સત્યવાદીનું સર્વેએ સેવન કરવું જોઈએ. (૩)*

अस्य श्लोको दिवीयते पृथिव्यामत्यो न यंसद्यक्षभृद्विचेताः।
मृगाणां न हेतयो यन्ति चेमा बृहस्पतेरहिमायाँ अभि द्यून्॥ ४॥

પદાર્થ : હે મનુષ્યો ! अस्य-એ આપ્ત વિદ્વાનની श्लोकः-વાણી અને पृथिव्याम्-પૃથિવી પર अत्यः-ઘોડાઓ न-જેમ दिवि-દિવ્ય વ્યવહારમાં ईयते-જાય છે તથા જે यक्षभृत्-પૂજ્ય વિદ્વાનોને ધારણ કરનાર विचेताः-જેની વિવિધ પ્રકારની બુદ્ધિ છે, તે વિદ્વાન मृगाणाम्-મૃગોની हेतयः-ગતિઓની न-સમાન यंसत्-ઉત્તમ જ્ઞાન આપે च-અને જે इमाः-એ बृहस्पतेः-પરમ વિદ્વાનની વાણી अभि, द्यून्-સર્વત્રથી વર્તમાન દિવસોમાં अहिमायान्-મેઘની સમાન જેની બુદ્ધિ તે સજ્જનોને यन्ति-પ્રાપ્ત થાય છે, તે સર્વનું મનુષ્યો સેવન કરે. (૪)

*ભાવાર્થ : જે મનુષ્ય દિવ્ય વિદ્યા અને પ્રજ્ઞાથી સંપન્ન વિદ્વાનોની સેવા કરે છે, તે ઘટાટોપ વાદળાઓથી યુક્ત દિવસની સમાન વર્તમાન અજ્ઞાની મનુષ્યોને, સૂર્ય જેમ પ્રકાશને (આપે છે), તેમ વિદ્યા આપીને પવિત્ર કરી શકે છે. (૪)*

**ये त्वा देवोस्रिकं मन्यमानाः पापा भद्रमुपजीवन्ति पज्राः।**
**न दूढ्ये३ अनु ददासि वामं बृहस्पते चयस इत्पियारुम्॥ ५॥**

પદાર્થ : હે देव-વિદ્વાન્ ! ये-જે मन्यमानाः-વિજ્ઞાનવાન पापाः-અધર્માચારી पज्राः-પ્રાપ્ત થયેલ જન उस्रिकम्-ગાયોની સાથે વિચરે છે, તે भद्रम्-કલ્યાણરૂપી त्वा-આપની उप, जीवन्ति-સમીપ જીવિત છે, તેઓ આપની શિક્ષા પ્રાપ્ત કરવા યોગ્ય છે.

હે बृहस्पते-મહાન વિદ્વાનોનું પાલન કરનારા આપ दूढ्ये-દુષ્ટ-ખરાબ વિચાર કરનારાઓને न, अनु, ददासि-અનુક્રમથી સુખ આપતા નથી. वामम्-પ્રશંસિત पियारुम्-પાનની ઇચ્છા કરનારાઓને इत्-જ चयसे-પ્રાપ્ત થાઓ છો, તે આપ સર્વને ઉપદેશ આપો. (૫)

*ભાવાર્થ : જે વિદ્વાનો પોતાના સમીપસ્થ અજ્ઞાનીઓ, અભિમાનીઓ અને પાપીઓને ઉપદેશ આપીને ધર્માત્મા બનાવે છે, તેઓ કલ્યાણને પ્રાપ્ત કરે છે. (૫)*

**सुप्रैतुः सूयवसो न पन्था दुर्नियन्तुः परिप्रीतो न मित्रः।**
**अनर्वाणो अभि ये चक्षते नोऽपीवृता रपोर्णुवन्तो अस्थुः॥ ६॥**

પદાર્થ : ये-જેઓ अनर्वाणः-ધર્મથી અન્યત્ર અધર્મમાં પોતાની ગતિ રાખતા નથી अपीवृताः-અને સમસ્ત પદાર્થોના નિશ્ચયથી વર્તમાન नः-અમને अपोर्णुवन्तः-અવિદ્યા આદિ દોષોને ન ઢાંકનારા જન सुयवसः-જેનું સુંદર અન્ન વિદ્યમાન છે, તે सुप्रैतुः-જેમ ઉત્તમ વિદ્યાયુક્ત વિદ્વાનોના पन्थाः-માર્ગ છે, न-તેમ તથા दुर्नियन्तुः-જે દુઃખથી નિયમ કરનાર તેના परिप्रीतः-સર્વત્રથી પ્રસન્ન मित्रः-મિત્રની न-સમાન अभि, चक्षसे-સત્યનો ઉપદેશ કરે છે, તેઓને અમારા ઉપદેશકો अस्थुः-બનાવવામાં આવે. (૬)

*ભાવાર્થ : જે વિદ્વાનો પર્યાપ્ત સાધનો અને ઉપકરણોથી યુક્ત બનીને ઉત્તમ માર્ગથી અજ્ઞાનીઓને વિદ્યા જિતેન્દ્રીયતા પ્રદાન કરાવે છે તથા શિષ્યો પર મિત્રોની સમાન અનુશાસન રાખે છે, તેઓ જ અહીં = સંસારમાં અધ્યાપકો અને ઉપદેશકો બને છે. (૬)*

**सं यं स्तुभोऽवनयो न यन्ति समुद्रं न स्रवतो रोधचक्राः।**
**स विद्वाँ उभयं चष्टे अन्तर्बृहस्पतिस्तर आपश्च गृध्रः॥ ७॥**

પદાર્થ : બુદ્ધિમાન વિદ્યાર્થીજન स्तुभः-જળાદિને રોકનારી अवनयः-કિનારાની ભૂમિઓની न-

સમાન समुद्रम्-સમુદ્રમાં स्रवतः-જતી रोध्रचकाः-જેમાં ભમરીઓ ઉઠે છે, તે નદીઓની न-સમાન यम्-જે અધ્યાપકને सम्, यन्ति-સમ્યક્ પ્રાપ્ત થાય છે. सः-તે तपः-સર્વ વિષયોને પાર કરવા गृध्रः-અને સર્વના સુખને ઈચ્છનાર विद्वान्-વિદ્વાન बृहस्पतिः-અત્યંત મહાન વાણી અર્થાત્ વેદ વાણીના પાલકજન તેને उभयम्-બન્ને અર્થાત્ વ્યાવહારિક અને પારમાર્થિક વિજ્ઞાનનો चष्टेः-ઉપદેશ આપે છે તથા अन्तः-અંદર च-અને બહારના आपः-જળોની સમાન અન્તઃકરણની અને બહારની ચેષ્ટાઓને શુદ્ધ કરે છે, સુખનો અનુભવ કરનાર બને છે. (૭)

*ભાવાર્થ : જેમ સર્વની આધારભૂત પૃથિવીઓ સૂર્યની ચોતરફ ભ્રમણ કરે છે અને જેમ નદીઓ સાગરમાં પ્રવેશ કરે છે, તેમ સજ્જન આપ્ત વિદ્વાનોની પાસે જઈને, વિદ્યા પ્રાપ્ત કરીને તથા ધર્મમાં પ્રવિષ્ટ થઈને બહારના તથા અંદરના વ્યવહારોને શુદ્ધ કરે. (૭)*

एवा म॒हस्तु॑विजा॒तस्तुवि॑ष्मा॒न्बृह॒स्पति॑र्वृष॒भो धा॑यि दे॒वः।

स नः॑ स्तु॒तो वी॒रव॑द्धातु॒ गोम॑द्वि॒द्यामे॒षं वृ॒जनं॑ जी॒रदा॑नुम्॥ ८॥

પદાર્થ : વિદ્વાનોથી જે महः-મહાન, तुविजातः-વિદ્યા વૃદ્ધજનથી પ્રસિદ્ધ વિદ્યાવાળા, तुविष्यान्-શરીર અને આત્માના બળથી યુક્ત वृषभः-વિદ્વાનોમાં શિરોમણિ, देवः-અતિ મનોહર स्तुतः-પ્રશંસાયુક્ત, बृहस्पतिः-વેદોનું અધ્યાપન અને ઉપદેશ કરવાથી પાલન કરનાર વિદ્વાનજનને धायि-ધારણ કરવામાં આવે છે. सः, एव-તે જ नः-અમારા માટે वीरवत्-જેમાં બહુ જ વીરો વિદ્યમાન વા गोमत्-પ્રશંસિત વાણી વિદ્યમાન તે વિજ્ઞાનને धातु-ધારણ કરે જેથી અમે इषम्-વિજ્ઞાન वृजनम्-બળ અને जीरदानुम्-જીવનને विद्याम-પ્રાપ્ત કરીએ. (૮)

*ભાવાર્થ : વિદ્વાનોએ સમસ્ત શાસ્ત્રોના વિચારોના સાર દ્વારા વિદ્યાર્થીઓને શાસ્ત્રોથી યુક્ત કરવા જોઈએ, જેથી તેઓ શારીરિક અને આત્મિક બળને તથા વિજ્ઞાનને પ્રાપ્ત કરી શકે. (૮)*

સંગતિ : આ સૂક્તમાં વિદ્વાનોના ગુણ, કર્મ અને સ્વભાવોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૯૦)

## સૂક્ત-૧૯૧

अङ्क॑तो॒ न कङ्क॑तो॒ऽथो॑ स॒तीन॑कङ्कतः।

द्वावि॑ति॒ प्लु॒षी इति॒ न्य१॒॑दृष्टा॑ अलिप्सत॥ १॥

પદાર્થ : જે મનુષ્ય कङ्कतः-વિષયવાળા પ્રાણીની न-સમાન कङ्कतः-ચંચળ છે अथो-અને જે सतीन-कङ्कतः-જળની સમાન ચંચળ છે, તે द्वाविति-બન્ને એ રીતે કે જેમ प्लुषी, इति-દાહક દુઃખપ્રદ બીજાઓને સંગ લાગે, તેમ अदृष्टाः-જે દેખાય નહિ તે વિષધારી જીવ नि, अलिप्सत-નિરંતર ચિપકે છે. (૧)

*ભાવાર્થ : જેમ કોઈ ચંચળ મનુષ્યો અધ્યાપક અને ઉપદેશકોને પ્રાપ્ત કરીને ચંચળતા અને અશિષ્ટતા કરે છે, તેમ અદૃશ્ય વિષધારી સૂક્ષ્મ અને નાના જીવ = પ્રાણીઓ વારંવાર દૂર કરવા છતાં ઉપર પડે છે. (૧)*

**अदृष्टान्हन्त्यायत्यथो हन्ति परायती।**

**अथो अवघ्नती हन्त्यथो पिनष्टि पिंषती॥ २॥**

પદાર્થ : आयती-સારી રીતે પ્રાપ્ત કરેલી ઓષધિ अदृष्टान्-અદૃષ્ટ વિષધારી જીવોને हन्ति-નષ્ટ કરે છે. अथो-અનન્તર परायती-પ્રાપ્ત કરેલી ઓષધિ हन्ति-વિષધારીઓને દૂર કરે છે. अथो-અનન્તર अवघ्नती-અત્યંત દુઃખ દેનારી ઓષધિ हन्ति-વિષધારીઓને નષ્ટ કરે છે. अथो-અનન્તર-पिंषती-પાન કરાતી ઔષધિ पिनष्टि-વિષધારીઓને પીસી નાખે છે. (૨)

*ભાવાર્થ : જેઓ આવેલ, ન આવેલ અને આવનાર વિષધારીઓને પ્રાચીન તથા નવીન ઓષધિઓના પ્રયોગ દ્વારા દૂર કરે છે, તેઓ વિષધારીઓના વિષથી યુક્ત બનતા નથી. (૨)*

**शरासः कुशरासो दर्भासः सैर्या उत।**

**मौञ्जा अदृष्टा वैरिणाः सर्वे साकं न्यलिप्सत॥ ३॥**

પદાર્થ : જે शरासः-જે વાંસ સમાન અંદર છિદ્રયુક્ત ઘાસમાં રહેનાર વા જે कुशरासः-નિંદિત ઉક્ત ઘાસમાં રહેનાર વા दर्भासः-દાભડા (ઘાસ)માં રહેનાર વા सैर्याः-તળાવોના કિનારે પ્રાપ્ય ઘાસોમાં રહેનાર વા मौंजाः-મૂંજ (પાન બાજરીયું)માં રહેનાર उत-અને वैरिणाः-વિરણ (ઘાસ)માં થનાર સૂક્ષ્મ अदृष्टाः-અદૃષ્ટ જીવ-છે, તે सर्वे-સમસ્ત साकम्-એક સાથે न्यलिप्सत-નિરંતર મળે છે. (૩)

*ભાવાર્થ : જેઓ અનેક પ્રકારના ઘાસોમાં કોઈ સ્થાન આદિમાં લોભથી તો કોઈ તે (ઘાસ)ની ગંધ સૂંઘવા માટે પૃથક્-પૃથક્ ક્ષુદ્રના-નાના વિષધારી સૂક્ષ્મ જીવ રહે છે, તેઓ અવસર પામીને મનુષ્ય આદિ પ્રાણીઓને બાધા = પીડા આપે છે. (૩)*

**नि गावो गोष्ठे असदन्नि मृगासो अविक्षत।**

**नि केतवो जनानां न्यदृष्टा अलिप्सत॥ ४॥**

પદાર્થ : જેમ गोष्ठे-ગૌશાળા અથવા ગમાણોમાં गावः-ગાયો न्यसदन्-સ્થિત રહે છે વા વનમાં मृगासः-વરુ, હરણ આદિ પ્રાણીઓ न्यविक्षत-નિરંતર પ્રવેશ કરે છે વા जनानाम्-મનુષ્યોના केतवः-જ્ઞાન, બુદ્ધિ, સ્મૃતિ આદિ नि-નિવાસ કરી જાય છે અર્થાત્ કાર્યોમાં પ્રવેશ કરી જાય છે, તેમ अदृष्टाः-અદૃષ્ટ-છૂપા વિષધારી જીવ વા વિષધારી જંતુઓ વિષ नि, अलिप्सत-પ્રાણીઓને મળી

જાય છે. (૪)

*ભાવાર્થ : જે અનેક પ્રકારના જીવ પોત-પોતાના સુખ ભોગવવાના સ્થાનમાં પ્રવિષ્ટ થાય છે, તેમ વિષધારી સુખ ભોગવવાની સ્થાનમાં પ્રવિષ્ટ થાય છે, તેમ વિષધારી અને બીજા જીવો જ્યાં-ત્યાં સ્થાન પામીને ઘૂસી જાય છે. (૪)*

एत उ त्ये प्रत्यदृश्रन्प्रदोषं तस्कराइव।
अदृष्टा विश्वदृष्टाः प्रतिबुद्धा अभूतन॥ ५॥

પદાર્થ : त्ये-તે एते, उ-પૂર્વોક્ત વિષધર વા વિષ प्रदोषम्-રાત્રિના આરંભમાં तस्कराइव-જેમ ચોર તેમ प्रत्यदृश्रन्-પ્રતીતિથી જોવામાં આવે છે. હે अदृष्टाः-ન જોવામાં આવનાર વા विश्वदृष्टाः-સર્વના જોવામાં આવતા વિષધારીઓ ! તમે प्रतिबुद्धाः-પ્રતીત જ્ઞાનથી અર્થાત્ ઠીક સમયથી યુક્ત अभूतन-થાઓ. (૫)

*ભાવાર્થ : જેમ ચોરોમાં ડાકુ જોવામાં આવે છે અને અન્ય જોવામાં આવતા નથી, તેમ મનુષ્યો અનેક પ્રકારના પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ વિષધારીઓને તથા વિષોને જાણે. (૫)*

द्यौर्वः पिता पृथिवी माता सोमो भ्रातादितिः स्वसा।
अदृष्टा विश्वदृष्टास्तिष्ठतेलयता सु कम्॥ ६॥

પદાર્થ : હે अदृष्टाः-દષ્ટિગોચર ન થનારા અને विश्वदृष्टाः-સર્વના જોવામાં આવતા વિષધારીઓ ! જેના द्यौः-સૂર્યની સમાન સંતાપ કરનાર वः-તમારા पिता-પિતા, पृथिवी-પૃથિવીની સમાન माता-માતા, सोमः-ચંદ્રમાની સમાન भ्राता-ભ્રાતા અને अदितिः-વિદ્વાનોની અદીન સમાન स्वसा-બહેન છે, તે તમે सु, कम्-ઉત્તમ સુખ જેમ तिष्ठत-સ્થિત રહો અને પોતાના સ્થાનમાં इलयत-જાઓ. (૬)

*ભાવાર્થ : જે વિષધારી જીવો છે તેઓને સંશમન આદિ ઉપાયોથી દૂર કરવા જોઈએ અને ઔષધિ આદિથી વિષોનું નિવારણ કરવું જોઈએ. (૬)*

ये अंस्या ये अङ्ग्याः सूचीका ये प्रकङ्कताः।
अदृष्टाः किं चनेह वः सर्वे साकं नि जस्यत॥ ७॥

પદાર્થ : હે अदृष्टाः-અદષ્ટ વિષધારી જીવો ! इह-આ સંસારમાં ये-જે वः-તમારામાં अंस्याः-સ્કંધોમાં પ્રસિદ્ધ થનાર ये-જે अङ्ग्याः-અંગોમાં પ્રસિદ્ધ થનાર અને सूचीकाः-સોય (ભોંકાવા) સમાન વ્યથા કરનાર વીંછી આદિ વિષધારી જીવ તથા ये-જે प्रकङ्कताः-અતિ પીડા આપનાર ચંચળ છે અને જે किञ्चन्-કોઈ વિષ આદિ છે, એ सर्वे-સર્વે તમે साकम्-એક સાથે અર્થાત્ વિષ સહિત नि, जस्यत-અમને છોડી દો વા છોડાવી દો. (૭)

*ભાવાર્થ : મનુષ્યોએ, પ્રયત્નપૂર્વક શરીર અને આત્માને દુઃખ આપનાર વિષોને દૂર કરવા જોઈએ. જેથી આ સંસારમાં નિરંતર પુરુષાર્થની વૃદ્ધિ થાય. (૭)*

उत्पुरस्तात्सूर्य एति विश्वदृष्टो अदृष्टहा।
अदृष्टान्त्सर्वाञ्जम्भयन्त्सर्वाश्च यातुधान्यः॥ ८॥

પદાર્થ : હે વૈદ્યજનો ! તમને જેમ सर्वान्-સર્વ પદાર્થો अदृष्टान्-અદષ્ટને जम्भयन्-અંગ-અંગની સાથે દેખાતા अदृष्टहा-જે ન દેખાતા અંધકારનો વિનાશ કરનાર विश्वदृष्टः-સંસારમાં દેખેલ सूर्यः-સૂર્ય મંડળ, पुरस्तात्-પૂર્વ દિશામાં उदेति-ઉદયને પ્રાપ્ત થાય છે, તેમ सर्वाः-च-यातुधान्यः-સર્વ દુરાચારીઓને ધારણ કરનારી દુર્વ્યથાનું નિવારણ કરવું જોઈએ. (૮)

*ભાવાર્થ : જેમ સૂર્ય અંધકારનું નિવારણ કરીને પ્રકાશને ઉત્પન્ન કરે છે, તેમ વૈદ્યો દ્વારા વિષ-નિવારક ઓષધિઓ દ્વારા સમસ્ત વિષોને નિર્મૂળ કરવા જોઈએ. (૮)*

उदपप्तदसौ सूर्यः पुरु विश्वानि जूर्वन्।
आदित्यः पर्वतेभ्यो विश्वदृष्टो अदृष्टहा॥ ९॥

પદાર્થ : હે विद्वन् ! જેમ असौ-આ सूर्यः-સૂર્યમંડળ विश्वानि-સમસ્ત અંધકારજન્ય દુઃખોનો पुरु-બહુ જ जूर्वन्-વિનાશ કરતા उत्, अपप्तन्-ઉદય થાય છે; અને જેમ आदित्यः-સૂર્ય पर्वतेभ्यः-પર્વત વા મેઘોથી ઉદયને પ્રાપ્ત થાય છે; તેમ अदृष्टहा-ગુપ્ત વિષોનો વિનાશ કરનાર विश्वदृष्टः-સૌએ જોયેલું વિષ હરનાર વૈદ્ય વિષનું નિવારણ કરવાનો પ્રયત્ન કરે. (૯)

*ભાવાર્થ : જેમ સૂર્ય પોતાના પ્રકાશથી સર્વ પદાર્થોને પ્રાપ્ત થાય છે, તેમ વિષ દૂર કરવામાં નિપુણ વૈદ્યજન વિષાક્ત વાયુ આદિ પદાર્થોને દૂર કરે છે અને સર્વ પ્રાણીઓને સુખ પહોંચાડે છે. (૯)*

सूर्ये विषमा सजामि दृतिं सुरावतो गृहे। सो चिन्नु न मराति
नो वयं मरामारे अस्य योजनं हरिष्ठा मधु त्वा मधुला चकार॥ १०॥

પદાર્થ : હું सुरावतः-સૂરા ખેંચનાર (અર્થાત્ સૂરા = આસવ બનાવનાર કે વેચનાર કલાલ)ના गृहे-ઘરમાં दृतिम्-જેમ ચામડાનું સુરાપાત્ર (હોય) તેમ सूर्ये-સૂર્યમંડળમાં विषम्-વિષનું आ, सजामि-આરોપણ કરું છું, सः, चित्-नु-તે પણ न, मराति-न-નષ્ટ થાય અને नो, वयम्, मराम-ન અમારો પણ પ્રાણ ત્યાગ થાય अस्य-આ વિષનો योजनम्-યોગ, आरे-(વિષને) દૂર કરે છે.

હે વિષધારી हरिष्ठाः-જે હરણમાં અર્થાત્ વિષ હરણમાં સ્થિર છે, વિષહરણવિદ્યા જાણે છે, તે त्वा-તને मधु-મધુરતાને પ્રાપ્ત चकार-કરે છે, એ मधुला-એની મધુરતાને ગ્રહણ કરનારી વિષહરણ મધુવિદ્યા છે. (૧૦)

*ભાવાર્થ : જે સૂર્યના રોગ નિવારક પ્રકાશના સંયોગથી મહૌષધિઓ દ્વારા, વિષહરણ કરનારા લોકો (વૈદ્યો) વિષનું નિવારણ કરે છે અને મધુરતા સંપન્ન કરે છે, તે આ (કાર્ય) સૂર્ય (પ્રકાશ) નાશક હોતું નથી અને તે (વિષ હરણ કરનાર-વૈદ્ય) પણ દીર્ઘાયુ બને છે. (૧૦)*

इ॒य॒त्ति॒का श॑कुन्ति॒का स॒का ज॑घास ते वि॒षम्। सो चि॒न्नु न म॑राति॒

नो व॒यं म॑रामा॒रे अ॒स्य योज॑नं हरि॒ष्ठा मधु॑ त्वा मधु॒ला च॑कार॥ ११॥

પદાર્થ : હે વિષના ભયથી ડરતા લોકો ! જે इयत्तिका-આ વિશેષ દેશમાં થતી शकुन्तिका-કપિઞ્જલી પક્ષિણી છે, सका-તે ते-તારા विषम्-વિષને जघास-ખાઈ લે છે. सो, चित्, नु-તે પણ શીઘ્ર न मराति-ન મરે અને वयम्, नो, मराम-અમે પણ ન મરીએ અને अस्य-આ ઉક્ત પક્ષિણીના સંયોગથી વિષનો योजनम्-યોગ आरे-દૂર થાય છે.

હે વિષધારી हरिष्ठाः-વિષહરણમાં સ્થિર વિષ હરનારા વૈદ્ય ! त्वा-તને मधु-મધુરતાને चकार-પ્રાપ્ત કરે છે એની मधुला-મધુરતા ગ્રહણ કરનારી અને વિષહરણ કરનારી વિદ્યા છે. (૧૧)

*ભાવાર્થ : જે વિષ હરનારા પક્ષીઓ છે, તેઓનું સંરક્ષણ કરીને મનુષ્યો વિષને દૂર કરાવે. (૧૧)*

त्रिः स॒प्त वि॑ष्पुलि॒ङ्ग॒का वि॒षस्य॒ पुष्य॑मक्षन्। ता॒श्चि॒न्नु न म॑रन्ति॒

नो व॒यं म॑रामा॒रे अ॒स्य योज॑नं हरि॒ष्ठा मधु॑ त्वा मधु॒ला च॑कार॥ १२॥

પદાર્થ : જે त्रि, सप्त, विष्पुलिङ्गकाः-એકવીસ પ્રકારની નાની નાની પક્ષીઓ-ચકલીઓ विषस्य-વિષથી पुष्यम-પ્રબળ-પુષ્ટ કરનાર પુષ્પને अक्षन्-ખાય છે ताः, चित्, नु-તે પણ न-નહિ मरन्ति-મરતી નથી. वयम्-અમે नो मराम-અમે પણ મરવાથી બચી જઈએ છીએ. हरिष्ठाः-વિષહરણ કરનાર વૈદ્યહવ अस्य-આ વિષનો योजनम्-યોગસંપર્ક आरे-દૂર કરે છે, તે હે વિષધારી ! त्वा-તને मधु-મધુરતાને चकार-પ્રાપ્ત કરે છે (એ વિષને મધુ બનાવી દેવું એજ) मधुला-વિષહરણ મધુ ગ્રહણ કરનારી મધુવિદ્યા છે. (૧૨)

*ભાવાર્થ : જેમ જલૌકા (જળો) વિષહર છે, તેમ એકવીસ નાની ચકલીઓ વિષ ખાનારી છે, તેનાથી તથા ઔષધિથી જેઓ વિષયુક્ત રોગોને નષ્ટ કરે છે, તેઓ ચિરકાળ સુધી જીવે છે. (૧૨)*

न॒वा॒नां नव॑ती॒नां वि॒षस्य॒ रोपु॑षीणाम्। सर्वा॑सामग्र॒भं

नामा॒रे अ॒स्य योज॑नं हरि॒ष्ठा मधु॑ त्वा मधु॒ला च॑कार॥ १३॥

પદાર્થ : હે વિદ્વાન્ ! જેમ હું विषस्य-વિષની सर्वासाम्-સર્વ रोपुषीणाम्-વિમોહન = લોપ કરનારી नवानाम्-નવ नवतीनाम्-નેવું = નવાણુ વિષ સંબંધી પીડાના તરંગોના नाम-નામ अग्रभम्-લઉં. (નામ હું ગ્રહણ કરુ છું.) अस्य-આ વિષના योजनम्-યોગ-સંપર્કને आरे-હું દૂર કરું છું, તેમ હે વિષધારિન્ ! हरिष्ठाः-વિષ હરણ (કરનારાઓમાં જેનું વિશિષ્ઠ સ્થાન છે તે)માં સ્થિર વૈદ્ય ! त्वा-તને मधु-મધુરતાને चकार-પ્રાપ્ત કરે છે, તે જ એને मधुला-મધુરતાને ગ્રહણ કરનારી વિષહરણવિદ્યા છે. (૧૩)

*ભાવાર્થ : હે મનુષ્યો ! જે આ સંસારમાં નવાણુ પ્રકારના વિષ છે, તેના નામોને તથા ગુણ, કર્મ, સ્વભાવોને જાણીને અને તેનું નિવારણ કરીનારી ઔષધિઓને જાણીને તથા તેનું સેવન કરીને, અમે વિષસંબંધી રોગોને દૂર કરીએ. (૧૩)*

त्रिः स॒प्त म॑यू॒र्य॑ः स॒प्त स्वसा॑रो अ॒ग्रुवः॑।
तास्ते॑ वि॒षं वि ज॑भ्रिर उ॒द॒कं कु॒म्भिनी॑रिव॥ १४॥

પદાર્થ : હે મનુષ્યો ! જે सप्त-સાત स्वसारः-સ્વયં શરણશીલ અર્થાત્ વહેવાની સમાન अग्रुवः-આવવા-જવાવાળી (વહેતી) નદીઓની સમાન त्रिः सप्त-એકવીસ मयूर्यः-મયૂરી = મોર જાતિની પક્ષીણીઓ છે ताः તે उदकम्-જળને कुम्भि-नीरिव-જલનો જેનો અધિકાર છે તે કહારિન = ઘડા લઈ જનારીની સમાન ते-તારા विषम-વિષને वि, जभ्रिरे-વિશેષતાથી હરે. (૧૪)

*ભાવાર્થ : મનુષ્યોએ, જે એકવીસ પ્રકારની મયૂરીઓ (મોર જાતિની પક્ષીણીઓ) છે, તેને ન મારવી જોઈએ, પરંતુ સદા વૃદ્ધિ કરવી જોઈએ.*

*જે નદીઓ સ્થિર જળવાળી હોય, તેનો રોગ કરનાર હોવાના કારણે ઉપયોગ ન કરવો જોઈએ. જે વહેતું જળ હોય અને સૂર્યકિરણોનો તથા વાયુનો સ્પર્શ કરે છે, તે ઉત્તમ અને રોગહર હોય છે. (૧૪)*

इ॒य॒त्त॒कः कु॑षु॒म्भ॒कस्त॒कं भि॑न॒द्म्यश्म॑ना।
ततो॑ वि॒षं प्र वा॑वृ॒ते परा॑ची॒रनु॑ सं॒वतः॑॥ १५॥

પદાર્થ : જે इयत्तकः-મેલા, કુત્સિત, નિંદ્ય कुषुम्भकः-નાના-અલ્પ પ્રમાણ નોળિયા વિષયુક્ત છે. तकम्-તે દુષ્ટને अश्मना-વિષહર પથ્થરથી હું भिनद्मि-પૃથક્ કરું છું. ततः-એ કારણે विषम्-તે વિષને છોડીને संवतः-વિભાગવાળી पराची-દૂર-દૂર જનારી-પ્રાપ્ત થતી એ દિશાઓને अनु-લક્ષ્ય કરીને प्र, वावृते-વિષ પ્રવૃત્ત થાય છે. તેથી પણ નીકળી જાય છે. (અર્થાત્ તે વિષનું દિશાઓમાં વહન થતા મારી તરફ આવતું નથી.) (૧૫)

*ભાવાર્થ : જે મનુષ્યો વિષહારક રત્નોથી વિષ દૂર કરે છે, તેઓ વિષથી ઉત્પન્ન રોગોનો નાશ કરીને બળવાન બનીને શત્રુ-ભૂત રોગો પર વિજય પ્રાપ્ત કરી લે છે. (૧૫)*

कु॒षु॒म्भ॒कस्तद॑ब्रवीद् गि॒रेः प्र॑वर्त्तमान॒कः।
वृश्चि॑कस्यार॒सं वि॒षम॑र॒सं वृ॑श्चिक ते वि॒षम्॥ १६॥

પદાર્થ : गिरेः-પર્વતથી प्रवर्त्तमानकः-પ્રવૃત્ત થયેલ-શીઘ્રતાથી આવતો कुषुम्भकः-નાનો નોળિયો वृश्चिकस्य-વીંછીનું विषम्-વિષને अरसम्-નીરસ જે अब्रवीत्-વાત કહે છે અર્થાત્ ચેષ્ટાથી બીજાઓને ચેતવે છે અર્થાત્ નીરસ છે. तत्-એ કારણે હે वृश्चिक-વીંછી અર્થાત્ અંગોનું છેદન કરનાર પ્રાણી ते-તારું अरसम्-વિષરહિત છે. (અર્થાત્ નોળિયાના વિષની સામે વીંછીનું વિષ અત્યંત તુચ્છ છે.) (૧૬)

*ભાવાર્થ : મનુષ્યો, વીંછી આદિના વિષને દૂર કરનાર પર્વતીય નોળિયાનું સંરક્ષણ કરે. જેથી તેઓ વિષ સંબંધી રોગોનું નિવારણ કરવામાં સમર્થ બની શકે. (૧૬)*

સંગતિ : આ સૂક્તમાં વિષ હર ઓષધિ, વિષહર જીવ અને વિષહર વૈદ્યોના ગુણોનું વર્ણન હોવાથી આ સૂક્તના અર્થની પૂર્વ સૂક્તાર્થ સાથે સંગતિ જાણવી જોઈએ. (૧૯૧)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्याणां परमविदुषां विरजानन्द सरस्वती स्वामिनां शिष्येण श्रीमद्दयानन्द सरस्वती स्वामिना समन्विते सुप्रमाणयुक्ते सुभाषा विभूपिते ऋग्वेद भाष्ये प्रथम मण्डलं समाप्तम् ॥

અહીં એકસો એકાણું સૂક્ત અને સોળમો વર્ગ.
ચોવીસમો અનુવાદક અને પ્રથમ મંડળ સમાપ્ત થયો.

■ ■ ■